॥ श्री गणेशाय नमः ॥ ॥ श्री हरये नमः ॥

श्री हरिलीलासिंधु !!

**પ્રથમ શ્રી હરિલીલાસિંધૌ ગ્રંથે પ્રથમ અવતાર રત્ન પ્રારંભ્યતે !!**

# તરંગ-૧

આ પૃથ્વી ઉપર અધર્મનો નાશ કરવા અને સદ્ધર્મની સ્થાપના કરવા ધર્મદેવના ઘેર પરબ્રહ્મ પરાત્પર શ્રી સહજાનંદસ્વામી મંગલરૂપ ચરણ કમળને સ્થાપન કરી, મંગલમય વાતાવરણ કરી ભક્તજનોના મનને હરનારા, પોતાના આશ્રિતજનોને પોતાના ચરણકમળનું મહાસુખ આપી સર્વને મહાસુખીયા કર્યા, એવા સમર્થ સહજાનંદ સ્વામીના ચરણકમળ મંગલકર્તા છે. તે ચરણકમળ મારા મન અંતઃકરણમાં ધારણ કરીને જેવી રીતે ભમરો ફૂલની સુગંધ લઈને મસ્ત બને છે, તેમ હું પણ ભગવાનશ્રી પુરષોત્તમ નારાયણના ચરણકમળમાં મસ્ત બની તેમના લીલા ચરિત્રોનું ગાન કરું છું. શ્રી પુરષોત્તમ નારાયણના ચરણના તળ, કમળ સમાન કોમળ છે. તેમાં સુંદર સોળ ચિહ્નો ઉપસેલાં છે. તે ખૂબ શોભી રહ્યાં છે. તેમાં જમણા ચરણમાં અષ્ટકોણ, ઉર્ધ્વરેખા, સ્વસ્તિક, જાંબુ, જવ, વજ્ર, અંકુશ, કેતુ અને પદ્મ આ નવ ચિહ્નો છે અને ડાબા ચરણમાં ત્રિકોણ, કળશ, ગૌપદ, ધનુષ્ય, મીન, અર્ધચંદ્ર અને વ્યોમ આ સાત ચિહ્નો શોભી રહ્યાં છે. શ્રી પરબ્રહ્મ નારાયણના મંગલકારી ચરણ કમળનું ચિંતવન કરીને આ શ્રી હરિના લીલા ચરિત્રોનું ગ્રંથના રૂપમાં આલેખન કરવા તથા અયોધ્યાપ્રસાદ અને એકાન્તિક ભક્ત જિજ્ઞાસુ આનંદભાઈ રાજાના સંવાદ રૂપમાં કથા થયેલી તે હું વર્ણન કરી લખું છું.

એક સમયે માણસાપુરના રાજા આનંદભાઈ અમદાવાદ નગરમાં શ્રી નરનારાયણદેવના મંદિરમાં આવી, શ્રી હરિએ સ્વહસ્તે સ્થાપન કરેલા શ્રી નરનારાયણદેવ, રાધાકૃષ્ણદેવ તથા ધર્મદેવ, ભક્તિમાતા, હરિકૃષ્ણ મહારાજ આદિ દેવનાં દર્શન કરી, મનમાં પરમ આનંદ પ્રાપ્ત કરીને ઊભા થયા ત્યાં પરંપરાભૂત સભામંડપમાં સંતોની સભામાં જઈને આચાર્ય મહારાજશ્રી અયોધ્યાપ્રસાદજીને ખૂબ ભાવપૂર્વક દંડવત્ કરવા લાગ્યા અને આંખમાંથી પ્રેમાશ્રુને વહેવડાવી ખૂબ જ રાજી થયા. સભામંડપમાં આવેલા માણસાપુરના રાજા આનંદભાઈની નમ્રતાયુક્ત સ્થિતિ જોઈને તેમનું સારી રીતે સન્માન કરીને બહુમાન કર્યું. ત્યાર પછી તે આનંદભાઈ રાજા ખૂબ જ નમ્રતાથી આચાર્ય મહારાજને પ્રશ્નો પૂછવા લાગ્યા. આનંદભાઈ રાજા પૂછે છે, હે મહારાજ ! શ્રી સ્વામિનારાયણ ભગવાન આ પૃથ્વી ઉપર અવતાર ધારણ કરીને આવ્યા. તેમનું ધામ કયું છે ? અને તે ધામ ક્યાં છે ? તથા અહીં પ્રગટ થઈને ભગવાને કેવાં કેવાં અને ક્યાં ક્યાં ચરિત્રો કર્યા તે સર્વે મને ખૂબ જ વિસ્તાર કરીને કથા કહો.

અયોધ્યાપ્રસાદજી મહારાજે રાજાના આ રીતના પ્રશ્ન સાંભળીને તેમનો આદર કરીને તેમના પ્રશ્નના ઉત્તર ખૂબ સમજણ પાડીને કહેવા લાગ્યા. તો રાજાને નિશ્ચય દૃઢ કરાવવા માટે મહારાજશ્રી એમને ભગવાનના બ્રહ્મપુર અક્ષરધામની કથા તથા ભગવાનનું પૃથ્વી ઉપર અવતાર ધરીને જે જે લીલા ચરિત્રો કર્યાં

તેની વાર્તા ખૂબ જ વિસ્તાર કરીને કહેવા લાગ્યા. હે રાજન્ ! જે કથાને મારકંડેય ઋષિએ શતાનંદ સ્વામીને સંભળાવેલી, તેજ કથા ફરીથી સવ્રતમુનિએ પ્રતાપસિંહ રાજાને સંભળાવેલી. તેની પરંપરામાં પ્રશ્ન ઉત્તર કરીને ખૂબ સંવાદના રૂપમાં કહી હતી. એ પ્રવિત્ર શ્રી હરિ ચરિત્રની કથાનો કોઈ પાર આવતો જ નથી. ગિરનાર પર્વતની તળેટીમાં શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી ગોપાળાનંદ સ્વામીએ શ્રી ગુણાતીતાનંદ સ્વામીને જે શ્રી હરિનાં લીલા ચરિત્રોનું વર્ણન કરીને સંભળાવેલ તેજ કથા પરંપરામાં કહેવાય છે. અયોધ્યાપ્રસાદ કહે છે કે હે રાજન્ ! તમે ખૂબ જ સાવધાન થઈને સાંભળો. તમે જે પ્રશ્ન પૂછ્યા છે તે ભગવાનના ઐશ્વર્ય પ્રતાપયુક્ત, સર્વ ધામના ધામી આદિ પરંપરાના પ્રશ્ન પૂછ્યા તેના ઉત્તરો તમો સાંભળો.

હે રાજન્ ! જે પુરષોત્તમનારાયણ સર્વના સ્વામી અક્ષરધામના ધામી જે કોઈ કહેવાય છે તે પોતે સ્વામિનારાયણ ભગવાન જ છે અને એ જ પોતે સર્વ નામના નામી જેનમે કહે છે, તે બદરીપતિ નરનારાયણદેવ પોતે જ છે. જેમનું અનંત મુક્તો અનન્ય ભક્તિ ભાવથી ભજન કરે છે અને તેજ પોતે સર્વ કારણના કારણ છે. કાળ, માયા સર્વે તેમની આજ્ઞા પ્રમાણે જ કાર્ય કરે છે. એવા પરબ્રહ્મ નારાયણનું અમે નિષ્કામ ભાવથી અખંડ ભજન કરીએ છીએ. હે રાજન્ ! આ પુરષોત્તમ ભગવાન પિંડ બ્રહ્માંડ મચ્છ, કચ્છ, આદિ આકૃતિને ધરનાર છે. નીચે ઉપર આજુબાજુમાં શિશુમાર સુધી સર્વત્ર અંત્ય સુધી પોતે જ સાક્ષાત્ છે અને તે જ ભગવાન પોતાના ભક્તોની રક્ષા માટે સુદર્શન ચક્રને ધારણ કરે છે. એવા ધામના ધામી પ્રભુની શેષ આજ્ઞા પાલન કરીને પૃથ્વીને મસ્તક ઉપર ધારણ કરે છે. અગ્નિ, વાયુ, મેઘ સર્વના નિયંતા, પ્રકૃતિ અહં મમતા સર્વના નિયંતા છે. મૂળ પ્રકૃતિ (માયા) બ્રહ્મા, કાળ, માયા, ઈન્દ્રાદિ અક્ષર પર્યંત સર્વે પુરષોત્તમ નારાયણની કટાક્ષ માત્રમાં લય પામી જાય છે. સર્વ અવતારના અવતારી નારાયણનું વેદો મૂર્તિમાન થઈને ગ્રંથોરૂપે પૃથ્વી ઉપર અવતાર ધારણ કરવા માટે સ્તુતિ કર્યા કરે છે. જે અક્ષરધામના અધિપતિ શ્રી હરિને વાસુદેવાદિ ચતુર્વ્યહ સ્વરૂપે નિત્ય સેવે છે. તેજ પ્રભુ રામ, કૃષ્ણ વરાહ આદિ અનેક અવતારો ધારણ કરી પોતાના ઐશ્વર્યથી પાપીઓનો વધ કરી સધર્મ સ્થાપે છે. તેજ વિષ્ણુ નારાયણ વાસુદેવ આદિ સ્વરૂપે પ્રકાશિત થાય છે. તે અક્ષરધામના નિવાસી પોતે જ છે. એજ આ સહજાનંદ સ્વામી, સ્વામિનારાયણ મહાપ્રભુ સર્વના સુખનિધિ પોતે જ કાયમ અક્ષરધામમાં નિવાસ કરીને અલૌકિક સુખ આપે છે. તે જ પોતે અક્ષરધામના અધિપતિ આદિ યુગમાં ધર્મદેવ અને ભક્તિ દેવી થકી નરનારાયણ રૂપે પ્રગટ થયા તેજ અત્યારે બદ્રિકાશ્રમમાં કાયમ તપ કરી રહ્યા છે અને તપસ્વીઓને યાત્રીઓને દર્શન જ્ઞાન આપ્યા કરે છે. તેજ નરનારાયણ ભગવાન અનંત મુક્તો સહિત તીવ્ર તપસ્યા કરે છે. તેમનાથી વિંટાયા થકા દઢ નૈષ્ટિકવ્રત ધારનારા તપસ્વીના વેશને ધારી રહેલ તે નરનારાયણ ભગવાન શ્વેત વસ્ત્ર ધારનારા, મસ્તક ઉપર શ્યામ પીળી જટાને ધારનારા, મુનિના રૂપવાળા, દંડ કમંડળને ધારણ કરીને, વૃક્ષની છાલને ધારણ કરીને મરકટમણીની સમાન શોભતા હતા. એવા તે નરનારાયણ દેવની સિદ્ધો અને મુનિઓ અખંડ ધ્યાન ઉપાસના કરી રહેલા છે. તે જ પોતે સર્વ ઈશ્વરોના ઈશ્વર સર્વોપરિ અનંત અપાર છે. તે નરનારાયણ ભગવાન જે તપ કરે છે તે તો કેવળ ભરતખંડના મનુષ્યોની ઉપર કૃપા કરીને સુખ આપે છે. તે જ ઉગ્ર તપસ્યાનું ફળ છે. તેનાથી સાત્ત્વિકજનોના મન નિર્મળ બને છે અને તેમના તપના પ્રતાપથી પાપીઓ અધર્મીઓનો નાશ થાય છે અને ભગવાનના ભક્તો ખૂબ જ સુખી થાય

તે માટે નરનારાયણ ભગવાન કાયમ માટે વિશાલા વૃક્ષ નીચે બદ્રિકાશ્રમમાં બન્ને ભાઈઓ નિવાસ કરીને રહે છે. નરનારાયણદેવ પોતે જ અક્ષરધામના ધામી છે અને મુક્ત સ્થિતિને પાંમેલા અક્ષર મુક્તોના નાથ છે. સર્વના સુખદાતા છે. તેથી જીવાત્મા તેમની ઉપાસના ભક્તિ કરે છે. તેથી તેમને સુખ આપી દુઃખોનો નાશ કરે છે. નરનારાયણ પ્રભુ તત્કાળ ફળ આપનારા છે. સર્વના સ્વામી નાયક છે. ભગવાન તપના પ્રતાપથી સુખ આપે છે. તે અમૃત સમાન અખંડ સુખને અનંતકાળ સુધી ભોગવે છે. શ્રી નરનારાયણ ભગવાન ઉગ્ર તપસ્યા કરે છે. તેનું ફળ મુનિઓ તપસ્વીઓ આનંદપૂર્વક ભોગવે છે. આ અમૃત વૃક્ષની નીચે બેસીને તપના ફળને ભોગવે છે. ફળ ખાય છે તેને જ્ઞાતિજનો જુએ છે. ભગવાનના મુખથી નીકળેલ અમૃતકથાના રસનું પાન કરતાં શેષ રહેલ અમૃતનું મુનિઓના સ્વામીના મુખથી દેવતાઓ પાન કરે છે અને દેવતાઓ મુનિઓથી બચેલું રસામૃતનું પાન આ ભૂતળના પવિત્ર મુક્ત પુરુષો પાન કરે છે.

નરનારાયણ ભગવાન બન્ને ભાઈઓ બોરસડીના વૃક્ષ નીચે મુનિઓના કષ્ટોનું નિવારણ કરવા તપ કરે છે. તે બન્ને ભાઈઓ આકાશમાં ગ્રહમંડળ મધ્યે ચંદ્રની જેમ ખૂબ જ શોભી રહ્યા છે. તેમની જટા પીળા રંગવાળી આકાશમાં વીજળીની માફક તેમના મુખારવિંદના પ્રકાશથી શોભે છે. તે ભગવાનનું મેઘ સમાન શ્યામ સ્વરૂપ મેઘવર્ષાની જેમ સંતોષ આપે છે. તેમ ભગવાન પોતાના ભક્તોને દર્શન સુખ આપી શાન્તિ આપે છે.

જે કાળમાં અધર્મ, પાખંડ, હઠયોગ, આડંબર, મિથ્યા સિધ્ધતા આદિના આટાટોપથી જગતમાં વાહ વાહ બોલાય અને મુનિઓ દેવતાઓના સત્યાદિનું પાલન કરવામાં પૂજન ભક્તિ કરવામાં લોકોને સંકોચ થવા લાગે, ભગવદ્ ભક્તોને પીડા થવા લાગે. તે સમયે ગુપ્ત સ્થળે રહેવું પડે તે સમયે સત્ય, ધર્મ, નૈતિકતાની રક્ષા કરવા નરનારાયણ ભગવાન અવતાર ધારણ કરી ભક્તોના મનોરથ પૂર્ણ કરે છે. જ્યારે આ પૃથ્વીલોકમાં અધર્મ પાખંડ વ્યાપવાથી ધર્મનો ભંગ થયો, વર્ણાત્શ્રમના ધર્મો નાશ પામ્યા અને રાજાઓ સર્વે આસુરી પ્રકૃતિના થઈ ગયા. પૃથ્વી ઉપર પાપી આસુરી વાતાવરણના ભારથી ત્રાસ પામેલી પૃથ્વી ગાયના રૂપને ધારણ કરીને દેવો પાસે ગઈ, આર્તનાદથી વિનવવા લાગી ત્યારે ઋષિઓ, દેવો, પૃથ્વી, બ્રહ્માજી સહિત સર્વે ભગવાન વિષ્ણુ પાસે ગયા અને પૃથ્વીની પરિસ્થિતિ તથા પીડાની સર્વે વાત કરી ત્યારે સર્વે દેવો બ્રહ્મા, વિષ્ણુ, શિવ, પૃથ્વી વગેરે સર્વે ક્ષીર સાગરને કાંઠે જઈને ભગવાન નારાયણની આરાધના કરીને ખૂબ જ કઠિન તપસ્યા કરવા લાગ્યા. સર્વે દેવોએ પૃથ્વી ક્ષીરસાગરના તટે જઈને દેવોના એકસો વર્ષો સુધી ઉગ્ર તપસ્યા કરી. તેથી તેમની ઉપર પ્રસન્ન થઈ અતિશય તેજાયમાન દિવ્ય કિશોર અવસ્થાવાળા સ્વરૂપે તે દેવોને જોતા હતા. ત્યારે સર્વે દેવો બ્રહ્મા, ઈન્દ્ર, વિષ્ણુ વિગેરે તેમને સાષ્ટાંગ પ્રણામ કરતા હતા અને પ્રાર્થના કરવા લાગ્યા. હે દેવ ! આપ તો અમારા આદિકારણ છો અને અમો આપની પાસે વિનંતી કરવા આવ્યા છીએ. તો આપ અમોને સહાય કરો. આ ભૂમિદેવીને ખૂબ જ પીડા થાય છે. તેથી તેમની રક્ષા કરો. અમો આપને શરણે આવ્યા છીએ. સર્વે દેવોએ આ રીતે વિનંતી કરી ત્યારે ભગવાન શ્રીહરિ પુરષોત્તમ કહેવા લાગ્યા. હે દેવો તમારાં રક્ષણ કરવા માટે મારે પૃથ્વી ઉપર વસુદેવ દેવકીના ઉદર થકી શ્રીકૃષ્ણ નામે પ્રગટ થશે. મારું બીજું સ્વરૂપ નર તે કુરુકુળમાં પ્રગટ થઈને અર્જુનના નામથી પ્રસિદ્ધ થશે. તે બન્ને મળીને પૃથ્વીનો ભાર ઉતારીશું. તમો ચિંતા

ન કરશો. આ રીતે કહીને તે ભગવાન તે દેવોના વચનને સત્ય કરવા અદૃશ્ય થયા અને સર્વે દેવો ભગવાનના દર્શનથી રાજી થઈ ગયા.

હે રાજન્ ! ત્યાર પછી ભગવાન પુરષોત્તમ નારાયણે પૃથ્વી ઉપર શ્રીકૃષ્ણ સ્વરૂપે પ્રગટ થઈને લીલા ચરિત્ર માત્રમાં જ સર્વે અસુરાંશજીવોનો નાશ કરવા સત્યધર્મની સ્થાપના માટે જેલમાં પ્રગટ થઈ ગોકુળ વૃંદાવનમાં પૂતના, શકટાસૂર, બકાસૂર, અરિષ્ટાસૂર આદિનો નાશ કર્યો. કંસનો વધ કરીને ભીમસેન દ્વારા મગધ નરેશ જરાસંઘનો નાશ કરાવ્યો. શિશુપાલ અઘાસૂર કેશી તથા કુરુક્ષેત્રમાં ભયંકર યુદ્ધ કરીને અનેક અસુરોનો નાશ કર્યો. અંતે પ્રભાસપાટણમાં યાદવોનો સંહાર કરાવીને સર્વે પૃથ્વીનો ભાર ઉતારી નાખ્યો અને સત્યધર્મની સ્થાપના કરીને દેવમુનિઓ સર્વેને આપેલ વચન પૂર્ણ કર્યું. હે રાજન્ આ રીતે બદ્રીપતિ નરનારાયણ ભગવાન અક્ષરધામાધિપતિ આ ભરતખંડની પ્રજા ઉપર જ્યારે જ્યારે આપત્તિ અત્યાચાર અતિશય પીડા થાય ત્યારે ત્યારે વારંવાર અવતાર ધારણ કરે છે. તેમની સંભાળ રાખે છે. તેજ પ્રમાણે આ સમયે કળીકાળના અધમ દુષ્ટો પાપીઓ પાખંડીઓનો વિનાશ કરવા માટે તથા પવિત્ર રાજાઓ ઋષિમુનિઓ ભક્તજનોનું રક્ષણ કરવા માટે તથા ભૂમિ ઉપર સ્વધર્મની સ્થાપના કરવા માટે તથા જીવાત્માઓની મુક્તિ કરવાનો સંકલ્પ કર્યો. એજ શ્રી હરિ અક્ષરધામના સ્વામી સ્વયં પોતાના દિવ્ય સ્વરૂપના તેજ સમૂહમાં ખૂબ જ શોભાયમાન દેખાય છે. તે જ ભગવાનના આ ચરિત્રોને ભવ બ્રહ્માદિ દેવો અખંડ સેવ્યા કરે છે. અનંત મુક્તો તેમની ઉપાસના ભક્તિ કર્યા કરે છે. શેષ શારદા ગુણગાન કર્યા કરે છે. જેમના ગુણોને વેદો પુરાણોમા વર્ણવેલા છે. તે જ પ્રભુ સ્વતેજથી પ્રભાવિત થયેલા સર્વે ગુણોથી પૂર્ણ સ્વયં પૃથ્વી ઉપર ધર્મદેવના ઘરને વિષે પ્રગટ થવા માતા ભક્તિ દેવીના ગર્ભમાં પ્રવેશ કરવા વિચાર કર્યો. અધર્મમય કળિકાળના પ્રભાવથી અસુરોના અંશભૂત અધર્મનો વંશ ખૂબ જ વિકાસ પામ્યો. રાજાઓ નીતિ માર્ગને ચૂકીને પાપ માર્ગમાં વર્તવા લાગ્યા. પાખંડી ગુરુઓના આડંબર પ્રભાવવાળા થયા. હિંસા પાપકર્મ કરવા લાગ્યા. કામ, ક્રોધ, લોભ, મોહ આદિના વંશમાં થઈ ગયા. માયામય વાતાવરણ થઈ ગયું ત્યારે બધા અનીતિ વ્યભિચાર આદિ અધર્મ વશમાં પ્રવેશ કરી ચારે બાજુ ફેલાઈ ગયા. હે રાજન્ ! તે અક્ષર ધામાધિપતિ ધર્મદેવ ભક્તિમાતાને ત્યાં પુત્રરૂપે પ્રગટ થઈને પોતાના ઐશ્વર્ય પ્રતાપથી સર્વત્ર ખ્યાતિને વિસ્તારતા થકા સર્વ પ્રકારના દુઃખો, પીડાઓને નાશ કરતા હતા. એવા તે ભગવાન પોતાના નામો ઘનશ્યામ, નારાયણ, હરિ, હરિકૃષ્ણ નારાયણમુનિ, મુનિપતિ અને સ્વામિનારાયણ નામથી પ્રસિદ્ધ થયા. તે નામનો જપ કરવાથી તેમના ભાગ્યનો ઉદય થાય, સર્વ સંકટોનો નાશ થાય અને જે શ્રી સ્વામિનારાયણ મંત્રનો પ્રેમપૂર્વક જાપ કરે છે. તેને તેમના પ્રતાપથી તન-મનના તાપો શાંત થાય છે અને અંતે ભગવાનની કૃપાથી મોક્ષગતિને પામે છે.

પરબ્રહ્મ પુરષોત્તમ નારાયણ ભગવાનના પ્રગટ થવાના સર્વે પ્રયોજનને સર્વે મનુષ્યો જાણી શકે, સમજી શકે તે માટે ધર્મદેવ ભક્તિમાતાને ત્યાં પ્રગટ થયા. તેનું વર્ણન કરીને જણાવું જેથી સર્વેને અનુભવ થાય. ભગવાનના ચરિત્રની કથા જે કહેવાય છે તેના વક્તાઓ મુક્તો અને જ્ઞાનીઓ કથા ત્રણ પ્રકારે વર્ણવે

છે. ભૂતકાળની કથા, ભવિષ્યકાળની કથા અને વર્તમાનકાળની કથાનું વર્ણન કરે છે. ભગવાનના ભવિષ્યકાળમાં થવાના કાર્યો લીલાઓની વાત મારકંડેય મુનિએ ધર્મદેવના ઘેર ભગવાનના દર્શન કરવા આવેલ તે સમયે નામકરણ સંસ્કારમાં ખાસ કહેલી તે પૂછ્યા પ્રમાણે સર્વે કહી હતી. મારકંડેય મુનિએ ધર્મદેવને ઘનશ્યામ પ્રભુના જન્માક્ષર સમયે જે ચર્ચા થઈ પ્રશ્નો પૂછ્યા એની જે વાર્તાઓ થઈ તેની કથા પ્રસંગ આવ્યાના સમયે આગળ કહીશ. ભગવાનના ચરિત્રની કથા વર્તમાનકાળમાં શતાનંદમુનિ સર્વે વર્ણવે છે. તે ખૂબ જ વિસ્તારથી કહે છે અને ભૂતકાળની કથા જે કહેલ છે તે સર્વે સુવ્રત મુનિએ પ્રતાપસિંહ રાજાને ખૂબ જ ભાવપૂર્વક કહેલી છે. મારકંડેય મુનિએ ધર્મદેવને ઘનશ્યામ પ્રભુના જન્માક્ષર કરવાના સમયે જે ભવિષ્યવાણી કહેલી તે સર્વે સત્ય થઈ. તે લીલા ચરિત્રની કથા વિસ્તારપૂર્વક આ લિલાસિંધુગ્રંથમાં વર્ણવેલી છે.

આ લીલાસિંધુગ્રંથનો મહિમા એટલો બધો છે કે તેને મનુષ્ય પોતાના મુખથી વર્ણવી શકે તેમ નથી. કેમકે આ ગ્રંથમાં દેવના દેવ સ્વામિનારાયણ ભગવાનનાં લીલાચરિત્રોને સાંભળી તે મનુષ્ય ખૂબ આનંદિત થઈ જાય છે. આ લીલાચરિત્રગ્રંથના ચરિત્રો ગાવા સાંભળવામાં એકાગ્ર થઈને ડુબી જાય છે તેને ફરી આ જગતમાં જન્મમરણનો કોઈ ભય રહેતો નથી કેમકે તેનો તો જરૂર મોક્ષ થઈ જાય છે. અમૃત કરતાં પાણી ખૂબ જ વધારે છે. છતાં જે જીવાત્મા આ ભગવાનના લીલાચરિત્ર અમૃતનું ભાવપૂર્વક પાન કરે છે. તે જનને માયાની ત્રણ પ્રકારની આધિ, વ્યાધિ, ઉપાધિ ક્યારેય થતી નથી. ભગવાનના ચરિત્રની કથા સર્વેને સુખ આપનારી થાય છે. જે મુમુક્ષુ જીવાત્મા આ લીલાસિંધુગ્રંથને ધ્યાનપૂર્વક એકાગ્રતાથી વાંચે છે. તેના સર્વ પાપ બળીને ભસ્મ થઈ જાય છે અને પવિત્ર ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યવાન બને છે અને ભાવપૂર્વક આ ગ્રંથ બીજાને સંભળાવે છે. તેને પરમપદ શ્રી હરિના બ્રહ્મપુરધામની પ્રાપ્તિ થાય છે. જે જીવાત્મા આ ગ્રંથની આગ્રહપૂર્વક ભક્તિભાવથી પૂજા આરાધના કરશે તેને સર્વે સુખ સાધનોની પ્રાપ્તિ થાય છે અને પ્રગટ પરબ્રહ્મ પુરષોત્તમ નારાયણમાં અનન્ય ભાવ પેદા થાય છે. ભગવાનના સ્વરૂપના પ્રતાપથી જગતમાં જય જયકારને પામે છે. સર્વત્ર આવકાર મળે છે. અંતે મોક્ષ મળે છે. જે જીવાત્માને મહાત્મ્યસહિત ભગવાનના સ્વરૂપનો દૃઢ નિશ્ચય થાય છે અને ભક્તિ કરે છે, તે જીવાત્મા પોતાના પૂર્વના અને ભવિષ્યના કુળનો ઉદ્ધાર કરે છે. ભગવાનના મહાત્મ્ય સહિત નિશ્ચયવાળાને સર્વે ભક્તજનોના સમુદાયમાં તેનાં ખૂબ જ વખાણ થાય છે. તેની પ્રતિષ્ઠા વધે છે.

આ લીલાસિંધુગ્રંથમાં પ્રથમ મંગલાચરણ કરે છે અને ત્યાર પછી ભગવાનના સ્વરૂપના મહિમા સહિત ઐશ્વર્યપ્રતાપનું વર્ણન કરેલ છે. ત્યાર પછી જે હેતુ માટે ભગવાને અવતાર ધારણ કર્યો જે કાર્યો કર્યા તેનું વર્ણન કરેલ છે. ત્યાર પછી બદ્રિકાશ્રમનું વર્ણન કરીને તેમાં તપસ્યા કરતાં નરનારાયણ ભગવાનનું વર્ણન કરી બદરીવનનું વર્ણન કરેલ છે.

**આ પ્રમાણે શ્રી હરિલીલાસિંધુમાં પ્રથમ અવતાર રત્નમાં વેષ્ણવાનંદવર્ણી રચેલ છંદ ભાષામાં પુરષોત્તમ ભગવાનના ધામનું વર્ણન તેનો મહિમા તથા અવતાર ધરવાનું કારણ કહેવારૂપ પ્રથમ તરંગ સંપૂર્ણ. ॥૧॥**

# તરંગ-૨

ગ્રંથનો મહિમા ત્યારે નક્કી થાય છે જ્યારે આ ગ્રંથમાં પરંપરામાં ચર્ચા થઈ હોય તેનું યોગ્યતાથી વર્ણન આવે ત્યારે જ એ પ્રમાણ થાય માટે આ ભગવાનના લીલાસિંધુગ્રંથમાં પ્રથમ રત્નમાં ભગવાનનો અવતાર થવાનું કહે છે. તે અવતાર કેટલા તરંગ પછી આવે છે તે કહો. આ શ્રી હરિલીલાસિંધુ ગ્રંથનો અભ્યાસ કરવાથી ક્યારેય પાર આવતો જ નથી. આ ગ્રંથની અંદર ભગવાનના ગુણ અને ચરિત્રથી અગાધ ભરેલ છે. તેથી તેના તાગને કોઈ પાર પામી શકતાં જ નથી. જેમ વાંચે શ્રવણ કરે તેમ અધિક અધિક ભાવ જાગે છે. આ લીલાસિંધુ ગ્રંથમાં પ્રગટ ભગવાન સ્વામિનારાયણનો મહિમા ખૂબ જ વર્ણવેલ છે. તેથી ભગવાનનું સ્વરૂપ ખૂબ જ સુંદર રીતે શોભાયુક્ત જણાઈ આવે છે. ભગવાનનું સ્વરૂપ મહિમા સહિત દ્રઢ થઈ જાય છે. તેના પ્રતાપથી જીવાત્માને કોઈ પ્રકારના સુખની ખામી રહેતી નથી. આ ચરિત્ર ગ્રંથ સાંભળવાથી તે જીવાત્માના મનમાં ભગવાનનાં લીલાચરિત્રોનું ખૂબ જ્ઞાન મળે છે. ભગવાનના નામ મંત્રનો ખૂબ ગુંજારવ થાય છે. જેમ સમુદ્રમાં મોજા ઉછળે છે તેમજ ભક્તના મનમાં પણ ખૂબ જ આનંદના ઓઘો ઉછળે છે. વારંવાર ભગવાનના ચરિત્રોનું શ્રવણ કરવાથી ભગવાનના સ્વરૂપનું સ્મરણ થવા લાગે છે. ધ્યાનાવસ્થામાં પોતાના અંતઃકરણમાં નીલા-પીલા પ્રકારના પુંજ નીલમણીમય સિંહાસનમાં કૌસ્તુભમણિ સમાન ભગવાનના સ્વરૂપનું દર્શન થવા લાગે છે.

ભગવાનની સમીપમાં શ્રદ્ધારૂપ લક્ષ્મી શોભી રહ્યાં છે અને ઘનશ્યામ સ્વરૂપ ધનવંતરિ ભગવાન શોભી રહ્યા છે. ભક્તને જ્યારે ભગવાનનો દ્રઢ મહિમા થાય છે. ત્યારે તેમને જન્મમૃત્યુનો ભય જતો રહે છે અને ભગવત્ સ્વરૂપના નિશ્ચયના પ્રતાપથી ભક્તને ભાગવતી સ્વરૂપ, આપી પોતાની નિકટ રાખે છે. જેવી રીતે સૂર્યનારાયણને વહન કરનારા સાત અશ્વ કહેવાય છે, તેવી રીતે કાવ્યશાસ્ત્રને પણ સપ્તમુખી કહેવાય છે. તેથી આ ગ્રંથમાં પ્રગટ સ્વરૂપ પરમાત્માના સ્વરૂપનું વર્ણન જે છે, તેને પણ શુદ્ધ યશના ઓઘ સમાન અલૌકિક કહેવાય છે. જેમ સ્વર્ગમાં પવિત્ર શોભાયમાન પારિજાતનાં વૃક્ષો ઇચ્છિત ફળ આપે છે, તેમ ભગવાનનાં લીલા ચરિત્રોનો ગ્રંથ પણ આ પૃથ્વી ઉપર વિચરતા મુમુક્ષુ જીવાત્માઓને ભક્તિ જ્ઞાનનું સુખ આપી ખૂબ જ શીતળતા આપે છે અને મુક્તિ આપે છે.

શ્રી હરિ પુરષોત્તમ નારાયણના મુખમાંથી કહેવાયેલાં વચનો અમૃત સમાન મધુર અભયપદ આપનારાં છે. જેમ કામધેનુ ગાય સર્વ પ્રકારના ઇચ્છિત પદાર્થ આપે છે અને ક્ષણિક સુખ આપે છે, તેમ ભગવાનની ભક્તિ અને નવ પ્રકારની છે. તે ભક્તિ અલૌકિક છે. અને આત્યંતિક મોક્ષદાત્રી છે. વિંધ્યવાસિની દેવી જે કહેવાય છે. તે દેવીનાં ઉપાસકો વામ માર્ગને માનનારાં પાપાચરણ કરનારાં અસુરો તે દેવીને સૂરા (દારૂ) પાન કરાવે છે તથા કળિકાળનાં અધર્મી પાપી મનુષ્યો તેને મહાન પુણ્ય માને છે. તે કુબુદ્ધિવાળાં મનુષ્યો તે ઝેરને અતિ મનોહર માની તેનું પાન કરી પાપ કરે છે. ભગવાનના એકાન્તિક ભક્તો તેને મહા ઝેર માને છે. ભગવાનના ભક્તો ભગવાનનાં અલૌકિક લીલા ચરિત્રને જાણનારા એકાન્તિક જનો વિષય વાસનાના અંગભૂત સ્ત્રીઓના અંગોના વર્ણનને નથી માનતા. પરંતુ ભગવાનના પવિત્ર અંગો કંઠ, ભ્રૂકુટિ, ચરણકમળ આદિ અંગો અને ચરણમાં શંખ, ધનુષ્ય, ઉર્ધ્વરેખા, વજ્ર, અંકુશ આદિ ચિહ્નોને પવિત્ર માને છે. તેનું જ સ્મરણ કરે છે. આ લીલાસિંધુ ગ્રંથમાં ભગવાન પુરષોત્તમ નારાયણનાં લીલા ચરિત્રરૂપ ઘણાં રત્નો ભરેલાં છે. તેનો કોઈ અંત આવી

શકે નહિ. જે બુદ્ધિશાળી મનુષ્ય આ ભવસાગરમાં કરોડો જન્મમરણના ફેરાને ટાળવાને માટે તેમાંથી છુટવા માટે ભગવાનના ચરણકમળના આશ્રયમાં જાય છે. તે ભગવાનનો મહિમા સમજી લીલાચરિત્રો ગાય છે. જે જીવાત્માને પોતાના કરોડો જન્મના પુણ્યનો સમૂહ ઉદય થયો હોય તે પુણ્યના પ્રતાપથી જીવાત્મા ભગવાનના લીલા ચરિત્રના રત્નસિંધુને પ્રાપ્ત કરીને જ્ઞાન મેળવે છે. તે જ્ઞાન બીજા જીવાત્માઓને પણ પીરસે છે. આ લીલાસિંધુ ગ્રંથમાં ભગવાનના અવતારને સર્વશ્રેષ્ઠ કહેલ છે. ભગવાનનો અવતાર પ્રથમ રત્નમાં કહેલ છે. જેના આશ્રયથી મનુષ્યો ભક્તિ કરે છે. તેમનો આત્યાંતિક મોક્ષ થાય છે.

કવિ કહે છે કે આ અવતાર રત્નસિંધુનો જે આશ્રય કરે છે તેને અહંમમત્વ મટી જાય છે. તેજ જીવાત્મા રત્નસિંધુના ભાવને મેળવી ભગવાનને પ્રાત કરે છે. એવું મારા માનવામાં છે. જેમ નાની કીડી દહીંના મોટા જથ્થાને જોઈને તેને ખાવા માટે શક્તિમાન ન કહેવાય, પરંતુ તે તો ખૂબ જ ઊંચે આસમાન ચઢીને રહેવાના બંગલા બનાવીને રહેવા જેવી વાત છે. આ ચરિત્ર રત્નને જીવનમાં ઉતારવું ખૂબ જ કઠિન છે. એટલા માટે મારા સાવ સામાન્ય બળ સામર્થ્યથી આ લીલાસિંધુ રૂપ દહીંના જથ્થાને પાર કરવો કઠણ છે. પરંતુ પ્રગટ ભગવાન શ્રી હરિના સ્વરૂપના બળના પ્રતાપથી ચરિત્ર રત્નસાગરને પાર કરવા સમર્થ થવાશે. હે રાજન્ ! આ ભગવાનના સ્વરૂપના મહિમાને પુરેપુરો મનબુદ્ધિથી સમજીને તે ભગવાનના પ્રતાપથી આત્મસ્થિતિને મેળવીને તે ભગવાનના ચરણકમળની રજને પોતાના શરીર ઉપર ધારણ કરીને અભિષેક કરીને પૂર્ણતાને પામી શકાય. જે અવતારી પ્રભુના ચરણકમળના પ્રતાપથી તેના સ્પર્શથી આવેલી ગંગાજી તેની પવિત્રતાથી ત્રણે લોકમાં સન્માનને પાત્ર પૂજાય છે. તેમાં સ્નાન કરી પાપમુક્ત થવાય છે. તે પ્રભુના ચરણકમળનો પ્રતાપ છે. જે ભગવાનના ચરણકમળના આશ્રયથી અનેક જીવાત્મા પાપમુક્ત બની જાય છે અને જન્મમરણના ભયથી મુક્ત બની જાય છે. આ પ્રમાણે ભગવાનના ચરણકમળનો આશ્રય કરી મારા હૃદયમાં ધારી અને લીલાસિંધુ રચના કરવાનો પ્રારંભ કરું અને અવતાર રત્નને પ્રાર્થના કરું કે હે પ્રભુ ! મને કાર્ય પૂર્ણ કરવા સહાય કરો. જે ચરણકમળના પ્રતાપથી શેષનારાયણ હજાર ફેણવાળા થયા છે, તેમજ જે ચરણકમળના પ્રતાપથી સૂર્યનારાયણની સન્મુખ સનકાદિને સુખ મળ્યું. જે ચરણકમળના આશ્રયથી અઠ્યાસી હજાર ઋષિઓ થયા છે, તેમજ જે ચરણકમળના આશ્રય ઉપાસના પ્રતાપથી યોગીઓ સંન્યાસીઓ પૂજાવા યોગ્ય થયા, એવા પ્રતાપી ભગવાનના ચરણકમળને હૃદયમાં ધારી, મસ્તક ઉપર ચરણરજને ધારણ કરી આ ગ્રંથની રચના કરવાનો પ્રારંભ કરું છું. એજ પ્રમાણે અયોધ્યાપ્રસાદજી અને શ્રીહરિની આજ્ઞા મેળવી પામર જીવાત્માના અજ્ઞાનને નાશ કરનારી કથાનો પ્રારંભ કરું છું. જે પ્રભુના ચરણકમળના આશ્રયના પ્રતાપથી લંગડો પર્વત ઉપર ચડી જાય છે. જે ચરણકમળના આશ્રયના પ્રતાપથી મૂંગો વેદવાણી બોલવા લાગે છે, જેના ચરણકમળના આશ્રયના પ્રતાપથી નાનું બાળક પણ વેદની શ્રુતિઓના અર્થને વર્ણવે છે. જે ચરણકમળના પ્રતાપથી તેના આશ્રયથી ભગવાનના સ્વરૂપનો દૃઢ નિશ્ચય સહિત મહિમા સર્વોપરિ સ્થાને પહોંચાડે છે, તે જ ચરણકમળના પ્રતાપથી પ્રગટ સ્વરૂપ શ્રી હરિ ભગવાનનાં ચરણકમળની રજ મસ્તક ઉપર ધારણ કરી આ ગ્રંથની રચના કરવા માટે ભગવાનનાં ઉર્ધ્વરેખાયુક્ત ચરણકમળનું હૃદયમાં ધારણ કરીને પ્રારંભ કરું. જે ચરણકમળના આશ્રયના પ્રતાપથી પામર જીવાત્મા સો જોજન લાંબો સાગર તરીને પાર કરે છે. જે ચરણકમળના આશ્રયના પ્રતાપથી સ્વરૂપને હૃદયમાં ધારીને સો કરોડ અર્ણવોને પાર કરી જવાય છે. જે ચરણકમળના આશ્રયથી તેને હૃદયમાં ધારીને છંદ ચોપાઈના પદો રચ્યાં છે. તેનું વર્ણન કરેલ છે. જે ચરણકમળના

પ્રતાપથી ઈતિહાસ, જ્યોતિષ આદિ દશ ગ્રંથોનાં વર્ણન કરી શકાય છે. તે હરિના ચરણકમળને હૃદયમાં ધારણ કરી અને સંતજનોનાં ચરણકમળને મસ્તક ઉપર ધારણ કરીને પ્રાર્થના કરું. સર્વ પ્રકારના વિઘ્નોમાંથી મને મુક્તિ અપાવો અને મારા હૃદયમાં બળ આપો. જેથી હું આ ગ્રંથની રચનાનો પ્રારંભ કરું. આ લીલાસિંધુ ગ્રંથમાં પ્રથમ રત્નમાં તરંગ ચોવીસ સુધી તેમાં ભગવાનના અવતારની લીલાની જુદી જુદી વાતોનું વર્ણન કરેલ છે. રાજા કહે છે હે અયોધ્યાપ્રસાદ, વર્ણિરાજ આપ લીલાસિંધુ ગ્રંથમાં પ્રથમ મને સંક્ષેપ કરીને કહો. તેમાં પરસ્પર પ્રશ્ન ઉત્તર કરીને વર્ણન કરીને સંભળાવો અને પછીથી વિસ્તાર કરીને કહેજો. આ લીલાસિંધુના પ્રથમ રત્નમાં પુરષોત્તમ પરબ્રહ્મ શ્રી સહજાનંદ સ્વામીનો મહિમા સહિત ભગવાનના ચરિત્રો મને સંભળાવો. જે આપને જાણમાં હોય તે સર્વે કહો.

અયોધ્યાપ્રસાદ કહે છે, હે રાજન્ ! તમે જગતના જીવોના હિત કરવા તેમના ઉદ્ધાર માટે જે પ્રશ્ન પૂછો છો, તે પ્રશ્નના ઉત્તરોમાં ભગવાનના પ્રગટ સ્વરૂપના લીલા ચરિત્રોની કથા ધ્યાન કરીને સંક્ષેપમાં કહું છું. તેને તમે પ્રેમપૂર્વક ધ્યાન દઈને સાંભળો. ધ્યાન દઈને ભગવાનનાં લીલા ચરિત્રોની કથા સાંભળવાથી જન્મમરણના ફેરા ટળી જાય છે અને સાંભળીને તેનું મનન કરવાથી મનની શુદ્ધિ થાય છે અને મહિમાએ સહિત શ્રવણ મનન ચિંતન કરવાથી તે જીવાત્મા મુક્તાત્મા બને છે. પરમ જ્ઞાની થઈ પરમ ધામને પામે છે. શ્રી હરિ લીલાસિંધુના પ્રથમ અવતારમાં પ્રથમ તરંગમાં શ્રી હરિ પુરષોત્તમ નારાયણના નિવાસધામ અક્ષરધામ તથા તેમના ઐશ્વર્ય પ્રતાપનું તથા તેમના અવતાર ધરવાનું કારણ ઉદાહરણ સાથે કહેલ છે. શ્રી હરિના મહિમાનું વર્ણન લીલાસિંધુમાંથી પ્રમાણ લઈને અરસપરસ ચર્ચા કરીને રત્ન સિદ્ધાંતનું વર્ણન સર્વે લીલાસિંધુના બીજા તરંગમાં કરેલ છે. સોરઠ પ્રાંતની પૃથ્વી ઉપર રાજા પ્રતાપસિંહે પરમ શુભ ગુણવાળા એકાન્તિક સંત સુવ્રત મુનિ પાસેથી ભગવાનની કથા સાંભળી તેનું વર્ણન ત્રીજા તરંગમાં કહેલ છે. અને ભગવાન શ્રી હરિએ જે અવતારો ધરીને જે લીલાચરિત્રો કર્યા તેનું વર્ણન બરદિસપતિ રાજાને મુક્તાનંદ મુનિએ સંભળાવી છે. તેનું વર્ણન ચોથા તરંગમાં કહેલ છે. માર્કંડેય મુનિ આશ્રમમાં યજ્ઞશાળામાં ભગવાનની આરાધના કરવા યજ્ઞ કરતા હતા. તેમને યજ્ઞશાળામાં શ્રી હરિ પુરષોત્તમ ભગવાને દર્શન આપ્યાં તેમનો મનોરથ પૂર્ણ કર્યો તે પાંચમા તરંગમાં કહેલ છે. તે જાણો.

બદ્રિકાશ્રમનું વર્ણન જ્યાં અનેક તપસ્વી મુનિઓ નિવાસ કરીને રહેલા છે તે તથા શ્વેતદ્વિપધામની સાથે સમાનતાનું વર્ણન છઠ્ઠા તરંગમાં કહેલ છે. તે બદ્રિકાશ્રમનો મહિમા જાણીને ત્યાં તપ કરી રહેલા નરનારાયણ ભગવાનના દર્શન કરવા પૃથ્વી ઉપર તીર્થયાત્રા કરતાં તપસ્વીઓ બદ્રિકાશ્રમમાં ગયા. ત્યાં નરનારાયણ ભગવાન સાથે સંવાદ થયો તેનું વર્ણન સાતમા તરંગમાં વર્ણવે છે.

હે રાજન્ ! આવેલા મુનિઓએ નરનારાયણ ભગવાનનાં નખશિખા પર્યંત દર્શન કર્યા તથા ભગવાનનું ભાવપૂર્વક પૂજન કર્યું તેનું વર્ણન આઠમા તરંગમાં કહેલ છે. ત્યાર પછી નવમા તરંગમાં નરનારાયણ ભગવાને તે મુનિઓને ભરતખંડની પરિસ્થિતિનું વર્ણન પૂછ્યું અને તે મુનિઓએ કળિકાળના વેગનું વર્ણન કર્યું. એટલામાં ત્યાં ધર્મભક્તિ પણ આવ્યાં. તેઓ ત્યાં ભગવાનના દર્શન કરીને બેઠા. દશમા તરંગમાં ભગવાનના મુખથી નીકળતાં અમૃત વાક્યોને સાંભળતા મુનિઓને દુર્વસા મુનિએ આવીને શ્રાપ આપ્યો અને શ્રાપના અનુગ્રહ માટે વિનંતી કરી. તેથી ભગવાન શ્રી નારાયણ પ્રભુએ પૃથ્વી ઉપર અવતાર ધરવાનું વચન આપ્યું અને મુનિઓને પૃથ્વી પર જન્મ લેવાની આજ્ઞા કરી.

ભગવાન આ પૃથ્વી ઉપર અવતાર ધરવાના છે. એવી વાત સાંભળીને ભગવાનના દ્વેષી એવા અસુરો પૃથ્વી ઉપર જન્મ ધરીને ભગવાનના ભક્તોને પીડા આપવા માટે રાજાઓ તથા ધર્મગુરુઓમાં જવાનો વિચાર કર્યો. આ વાત અગિયારમા તરંગમાં વર્ણન કરેલ છે. બારમા તરંગમાં ધર્મદેવ અને ભક્તિમાતાના વંશના વર્ણન સાથે જન્મસ્થળનો મહિમા વર્ણવીને માર્કંડેય મુનિએ કહેલ છે. તેરમા તરંગમાં ધર્મદેવ ભક્તિમાતાના વિવાહનાં સમયનું વર્ણન કરેલ છે. જમાઈ પક્ષના માતાપિતા તથા ભક્તિમાતા પક્ષના માતાપિતા આનંદનું વર્ણન ખૂબ વિસ્તારથી વર્ણવેલ છે. આ ચૌદમા તરંગમાં ધર્મભક્તિના પ્રથમ પુત્ર રામપ્રતાપભાઈનો જન્મ થયો તે સમયનું મહિમા સહિત વર્ણન. ત્રણે લોકમાં સારી રીતે જાણી શકાય તેમ વર્ણન કરેલ છે. ધર્મદેવ અને ભક્તિમાતાને છપૈયામાં અસુરો અતિશય પીડા આપવા લાગ્યા. તેથી અયોધ્યામાં મકાન લઈને ત્યાં શાંતિયજ્ઞ કર્યો. ત્યાં પણ અસુરોના ત્રાસથી કાશી તથા પ્રયાગમાં ગયા. ત્યાં રામાનંદસ્વામીનો મેળાપ પરિચય થયો તેમના દર્શન કર્યા. તે પંદરમી લહરીમાં વર્ણન કરેલ છે.

સદ્‌ગુરુ રામાનંદસ્વામીનો જન્મ ઈતિહાસ વર્ણન તથા રામપ્રતાપજીભાઈને જનોઈ સંસ્કાર આપ્યા. તેનું વર્ણન, ધર્મદેવના ઘરની સંપત્તિ ભગવાનના પ્રતાપથી સારી થઈ. તેનું વર્ણન સત્તરમા તરંગમાં ખૂબ કહેલ છે. અયોધ્યામાં અસુરોનો અતિ ત્રાસ થવાથી પીડાયેલાં ધર્મદેવ અને ભક્તિમાતા હનુમાનજી મહારાજના કહેવાથી વૃંદાવનમાં ગયાં. ત્યાં આવેલા સર્વે મુનિઓનો મેળાપ થયો. સર્વેને મળીને અરસપરસ દુઃખોનું વર્ણન કર્યું. ત્યાર પછી તે દુઃખના નિવારણ માટે ભગવાન શ્રીકૃષ્ણ નારાયણની આરાધના, જપ, યજ્ઞ, સ્તોત્ર પઠન આદિ કર્યો. તેથી પરબ્રહ્મ નારાયણ પ્રભુએ દર્શન આપ્યાં. તેનું વર્ણન અઢારમી લહરીમાં વર્ણવેલ છે. જ્યારે સર્વે મુનિઓ ધર્મ, ભક્તિની સાથે આરાધના કરી ત્યારે ભગવાને એમને દર્શન આપ્યાં અને ધર્મદેવના ઘેર અવતાર ધરીને આવવાનું વચન આપ્યું અને ધર્મભક્તિએ ભગવાનની સ્તુતિ કરી. ઘર તરફ જતાં માર્ગમાં અશ્વત્થામાએ શ્રાપ આપ્યો. એ વર્ણન ઓગણીસમા તરંગમાં કરેલ છે. શ્રાપ થવાથી ધર્મભક્તિ ખૂબ જ દુઃખી થયાં અને તેના નિવારણ માટે હનુમાનજીને સાંભાર્યા. હનુમાનજીએ પ્રત્યક્ષ દર્શન આપી આશ્વાસન આપ્યું. ધીરજ આપી બન્ને ધર્મભક્તિ અયોધ્યા પોતાના ઘેર આવ્યાં. ત્યાં ભગવાને આપેલા વચન પ્રમાણે ભક્તિમાતાના ગર્ભમાં પ્રવેશ કર્યો તેનું વર્ણન વીસમી લહરીમાં વર્ણવેલ છે. ભગવાન પૃથ્વી ઉપર અવતાર ધરવાના એવું જાણીને અસુરો વિંધ્યવાસીની દેવીની આરાધના કરવા ગયા અને ત્યાં ઉધ્ધતાઈ કરીને દેવી કોપાયમાન થયાં. તે દેવીએ એમને શ્રાપ આપ્યો અને તેમને સમજણ આપી તેનું વર્ણન એકવીસમા તરંગમાં કરેલ છે. ભક્તિદેવીના ગર્ભમાં ભગવાન પધાર્યા તે જાણીને વિરાટ પુરુષાદિ બ્રહ્માંડ પતિઓએ ગર્ભસ્થ ભગવાની સ્તુતિ પ્રાર્થના કરી તથા પરબ્રહ્મ જ્ઞાનની વાર્તાને બાવીસ, તેવીસ તરંગમાં કહેલ છે.

ભગવાન પોતાના ત્યાં પધારવાના છે. એટલે ધર્મભક્તિના ઘરની શોભા ખૂબ જ વધી ગઈ છે. તે જોઈને દેવતાઓ સંતમુનિજનો છપૈયામાં ધર્મભક્તિના ઘેર આવવા લાગ્યા અને ભગવાનના જન્મના સમયે પ્રકૃતિનું વાતાવરણ તેમજ ગ્રહ નક્ષત્ર સર્વે શુભ થઈ ગયાં તેનું વર્ણન એકવીસમી લહરીમાં વર્ણવેલ છે. ધર્મદેવે ભગવાનના જન્મ પછી જાતકર્મ સંસ્કાર જન્માક્ષર સંસ્કાર કરાવ્યા. તેનો ખૂબ જ મોટો ઉત્સવ કર્યો. ગાયોના દાન કર્યા તથા દેવોએ ભગવાનની ખૂબ સ્તુતિ કરી. મુનિઓએ ભગવાનની પ્રાર્થના સ્તુતિ કરી તેનું વર્ણન પચીસમી લહરીમાં કરેલ છે.

રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદ ! આ સંસારસાગરને પાર ઉતારવા માટે ભગવાનના લીલા ચરિત્રો રૂપ નૌકા દ્વારા જીવાત્મા આ મનુષ્ય દેહને પાર કરી શકે. તે માટે આ ગ્રંથની પરંપરાનું વર્ણન કરીને ભૂતકાળમાં ચરિત્રો કોને કહ્યાં. ભવિષ્યમાં ચરિત્રોની કોણ વાત કરશે તે આપ ત્રણે નૌકાના કર્ણધાર છો તેથી કૃપા કરીને કહો. હે રાજન્ ! તમે સાંભળો આ પૃથ્વી ઉપર શ્રી પુરષોત્તમ નારાયણ ભગવાન દુર્વાસા મુનિને શ્રાપના નિમિત્ત બનાવીને સ્વયં પ્રગટ થયા અને અનંત મુનિઓ પણ જન્મ લઈને જીવોનો ઉદ્ધાર કરવા ઉપદેશ આપ્યો. તેમાં માર્કંડેય મુનિ તથા શતાનંદમુનિ મુખ્ય છે.એમને ભગવાનના ચરિત્રોનું વર્ણન કરેલ છે. હે રાજન્ ! આ બંનેમાં જે શતાનંદમુનિ જે છે. તેમની સાથે સુવ્રત મુનિએ પ્રેમથી ભગવાનના ચરિત્રોનું શ્રવણ કર્યું અને સૂવ્રત મુનિએ શ્રી હરિની આજ્ઞા થવાથી ભગવાનના ચરિત્રોની કથા પ્રતાપસિંહ રાજાને કહી. હે રાજન્ ! ફરીથી તે માર્કંડેય મુનિ સાથે થયેલો સંવાદ તેને ફરી શતાનંદ સ્વામીએ વિસ્તાર કરીને આનંદાનંદ મુનિએ જે કહ્યો તે સંવાદને છંદ દોહા ચોપાઈના રૂપમાં હું તમને કહું છું. હે રાજન્ ! માર્કંડેય મુનિએ સંવાદ કરીને ભગવાનના ભવિષ્યના ચરિત્રો સંભળાવ્યાં હતાં તે મર્મવાણી ધર્મદેવે મારા પિતા રામપ્રતાપજી મહારાજને સમજાવીને પાવન કર્યા. તે પ્રેમપૂર્વક સાંભળો. તે કથા મારા પિતા રામપ્રતાપજી મહારાજ મારી ઉપર કૃપા કરીને મને કહી. તે જ તમે મને પૂછેલ છે. તેથી તેની સંવાદના રૂપમાં ચર્ચા કરીને કહીશ તેને તમો સાંભળો. તે ભગવાનના લીલા ચરિત્રોમાં પ્રથમ તમને ભગવાનનાં બ્રહ્મપુરધામનો ઐશ્વર્યપ્રતાપ તથા તેનું મહાત્મ્ય તે ધામનું તમને વર્ણન કરીને કહું છું. તેને ધ્યાન દઈને સાંભળો.

હે રાજન્ ! જેમ ગંગાજી ત્રણ પ્રકારના પ્રવાહથી જીવોને પાવન કરી એમનો ઉદ્ધાર કરીને સ્વર્ગમાં વાસ થયો. તેમ આ ભગવાન પુરષોત્તમ નારાયણના ચરિત્રરૂપ અમૃતસાગરમાં ત્રણે પ્રકારના સંવાદથી જીવને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય છે. હે રાજન્ ! ગંગાજી ભગવાનના ચરણના સ્પર્શથી અતિશય પવિત્ર રહેલાં છે. તેને બ્રહ્મ કમંડળના જળની ઉપમા આપેલ છે. એવા પવિત્ર ગંગાજીના પ્રવાહને ભગવાન સદાશિવજીએ મહિમા ધ્યાનમાં લઈ પોતાની જટામાં ધારણ કરેલ છે. એ ગંગાજીનો મોટો મહિમા કહેલ છે.

એજ પુરષોત્તમ નારાયણે આ પૃથ્વી પર ચરણસ્પર્શ કર્યો છે. તેથી પૃથ્વી અતિ પવિત્ર થઈ છે. અનેક સરોવર, તળાવો, નદીઓ, સાગરોને ચરણનો સ્પર્શ કરાવીને પવિત્ર તીર્થ બનાવ્યાં, એજ ભગવાનના ચરણકમળને ભગવાનના ભક્તો તથા સંતો સ્પર્શ કરીને પોતાના અંતઃકરણ હૃદયમાં ધારણ કરીને ધન્ય ભાગ્યવાળાં થઈને અતિશય આનંદ પ્રાપ્ત કરે છે. જે પરોક્ષનાં તીર્થસ્થાન છે. તેને ઘણા કાળ સુધી સેવન સ્પર્શ દર્શન કરવા છતાં પણ આત્યંતિક મોક્ષ થતો નથી. પરંતુ પ્રગટ ભગવાનના લીલાચરિત્રોના જલ (અમૃત)નું પાન કરવાથી જીવાત્માને આ જન્મે જ મોક્ષ મળી જાય છે. મેઘસમાન મનોહર મૂર્તિ શ્રી ઘનશ્યામ પ્રભુના મનોહર લીલાચરિત્રનું એક જ ટીપું મહાન છે. તેથી તે લીલા ચરિત્રના ટીંપે ટીંપાને સંગ્રહીને મોટો સાગર સમાન મહાગ્રંથ થાય છે. તે સર્વોપરિ છે. તે લીલા સાગર ગ્રંથમાંથી એક અંજલિ ભરીને જે જીવાત્મા ચરિત્રનું પાન કરે છે. તે અધમમાં અધમ જીવાત્મા હોય તો પણ ભવસાગર તરી જાય છે. માટે હે રાજન્ ! જે એકાગ્ર ચિત્તથી મહિમાસહિત ભક્તિ વૈરાગ્યવાન થઈને કથાપાન કરે તેની તો વાત જ ન થાય. હે અયોધ્યાપ્રસાદ ! આપે ભગવાનના ચરિત્રોનો મહિમા ખૂબ જ ગાયો છે. તેમાં આપે રત્ન બનાવેલ છે. તેમાંથી મને પ્રથમ અવતારના ચરિત્રનું વર્ણન કરીને

સમજાવો. હે અયોધ્યાપ્રસાદ ! પ્રતાપસિંહ રાજા અને મહામુનિ સુવ્રત મુનિની સાથે જે સંવાદ થયો તે કેવી રીતે થયો તેની કથા મને ખૂબ વિસ્તાર કરીને સમજાવો જે સાંભળવાથી મારા મનમાં ખૂબ જ આનંદ થાય છે.

અયોધ્યાપ્રસાદ આનંદભાઈ રાજાને ભગવાનનાં ચરિત્રની કથા સંભળાવતાં કહે છે. હે રાજન્ ! તમે ખૂબ જ ધન્ય ભાગ્યવાળા છો. તમારું મન ભગવાનના ચરિત્રો સાંભળવામાં રત છે. જે પુરષોત્તમ નારાયણ ભગવાનનાં અવતારની કથા મને જેમ સ્ફૂર્ણામાં આવે તેમ તમને કહું છું.

**ઈતિશ્રી હરિલીલાસિંધુમાં અવતાર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદવર્ણિએ રચેલા છંદભાષામાં સાગરરૂપ ગ્રંથનો મહિમા રત્નમાં પ્રથમ રત્ન સંવાદ થયો તે નામનો બીજો તરંગ થયો. ॥૨॥**

# તરંગ-૩

સોરઠની મનોહર ધરા ઉપર ગિરનારની પવિત્ર છાયામાં ભગવાનના ભક્તિભાવવાળા રાજા રહેતા હતા. જે ભગવાનના ભક્તોના સમૂહમાં જેમને ભગવાનના પ્રત્યે અતિશય લાગણી થઈ, તેથી તેમની રાજનીતિમાં ધર્મ મર્યાદાયુક્ત ખૂબ જ ન્યાયપૂર્વક વર્તતા હતા. તે પવિત્ર દેશની ધરા ઉપર નગર અને ગામમાં તળાવો, નદીઓ, કૂવાઓ પાણીથી ભરપૂર છે. જાતજાતના અનાજો પાકોથી ભરપૂર છે. તે રાજાના કાર્યો ધર્મનીતિના ફલશ્રુતિ કહેવાય. જે ધરા ઉપર ધરાપતિ દૃઢ ધર્મ પાળે તેની પ્રજા પણ ખૂબ જ ધાર્મિક વૃત્તિવાળી હોય. ત્યાંની પ્રજા પણ વર્ણાશ્રમના ધર્મ તથા વૈદિક ધર્મ દૃઢપણે પાળનારા ધર્મમર્યાદામાં રહી ભગવાનનું ભજન કરતી હતી. તે રાજા એક જ પત્નીવ્રત પાળનારા મુખથી ક્યારે પણ અસત્ય વાણી બોલતા ન હતા. સત્યમર્યાદા પાલતા. મુખથી ક્યારેય પણ મોળુ વચન બોલતા નહીં. કોઈનું અહિત વિચારતા નહીં. ગાયો, બ્રાહ્મણો, સાધુપુરુષો, દીનદુખિયા જીવો તેઓનું ખૂબ જ ભાવથી, પ્રેમથી પોષણ કરતા એવા ભગવાનના ભક્તોનું ખૂબ જ પ્રેમથી સેવન કરતા હતા. તે પોતે વિષયવિકાર રહિત થઈને પોતાના મનને વૈરાગ્યયુક્ત કરીને સર્વે વ્રતનિયમ દૃઢતાથી પાળતા. ભગવાનની એકાંતિક ભક્તિ કરતા. તેથી તે ભગવાનના ખૂબ જ કૃપાપાત્ર બન્યા. મનમાં ખૂબ જ સત્સંગ પ્રત્યે અતિશય ભાવ જાગ્યો અને ભગવાનના લીલાચરિત્રોનું શ્રવણ કરવા મન ખૂબ જ આતુર થયું.

જ્યારે રામાનંદ સ્વામીના સંતો આ સોરઠની ધરા પર ગામોગામ ફરીને સત્સંગ કરાવતા ત્યારે તે રાજા સંતોના સમાગમમાં આવ્યા. તે સંતો પાસેથી ભગવાનના ચરિત્રોની કથા સાંભળી તેમને ભગવાનનો દૃઢ નિશ્ચય થયો. તે સંતોના ઉપદેશથી તે રાજા એકાન્તિક ધર્મના નિયમો, વ્રત, ઉપવાસ સર્વે દૃઢતાથી પાળતા. પવિત્રતાને જાળવતા. સદ્ગુણ સંપન્ન અહિંસા વૃત્તિવાળા તે રાજા ભગવાનનો આશ્રય કરીને ગુણથી પવિત્ર મંદિર સમાન બન્યા. સત્સંગમાં ખૂબ જ પ્રસિદ્ધ થયા.

તે પ્રતાપસિંહ રાજા પ્રગટ ભગવાનમાં ખૂબ જ પ્રેમભાવ હતો. તેથી તેઓ પાખંડ, અધર્મ સર્ગને જીતીને સત્ય ધર્મમાં રહેતા હતા. તેમના ભાયાતો સર્વે અધર્મ માર્ગને આચરનારા હતા. તેઓ સર્વે રાજાને સત્સંગ માટે ખૂબ જ વિરોધ કરી પરેશાન કરતા હતા. કાયમ માટે લાગ જોયા કરતા હતા અને વાતવાતમાં ઝઘડા કરતા હતા. તેથી રાજાને રાજ્યકાર્યો અને સંસારકાર્યોમાંથી વૈરાગ્ય થયો હતો. તેમને અધર્મ, અન્યાય, હિંસાચાર જોઈને ત્રાસ થતો હતો. તેથી તેમને પુત્ર પરિવાર પત્ની તરફથી ખૂબ જ વૈરાગ્ય થયો. તે રાજાના સંબંધીઓ તેમની ઉપર

ખૂબ જ દ્વેષ રાખીને હેરાન પરેશાન કરતા હતા. રાજનીતિ મર્યાદાની વાતો કરતા તોય પણ તેઓ તેમનું કંઈ માનતા ન હતા. તેઓ ગમારની માફક વર્તતા હતા. તે પાપીઓ ભગવાનના એકાન્તિક સંતો ઉપર ખૂબ જ દ્વેષ કરતા હતા. તેમને પીડતા હતા અને રાજા પ્રતાપસિંહને મારવાના પ્રયત્નો કરતા હતા. તેમના મનોભાવ જાણીને રાજાએ ગૃહત્યાગ કર્યો. સંતોના શરણમાં જવાનો નિર્ણય કર્યો.

સંબંધીઓના ત્રાસથી તે પ્રતાપસિંહ રાજા ઘેરથી ઉદાસ થઈને સદ્‌ગુરુ રામાનંદસ્વામીના શરણમાં આવ્યા. તેઓ રામાનંદ સ્વામીના ચરણકમળમાં પોતાના મસ્તકને ટેકાવીને પોતાને વીતેલી સર્વ વાત વર્ણવી અને રામાનંદસ્વામીએ પ્રેમથી સાંભળી. રામાનંદસ્વામીએ તે રાજાને ખૂબ હેતભાવથી પોતાની પાસે રાખ્યા. તેઓ રામાનંદસ્વામી તથા ભગવાનના સંતોનો ખૂબ જ મહિમા જાણતા હતા. રામાનંદસ્વામી તથા બીજા સંતોની સાથે સંતસમાગમ કરીને સત્સંગની ખૂબ જ દૃઢતા થઈ. રાજાને પણ અતિશય ઉમંગ વધવા લાગ્યો. તે રાજા રામાનંદસ્વામી પાસે રહેતા હતા. તે સમયમાં રામાનંદસ્વામી પાસે બટુક સ્વરૂપ મનોહર આકૃતિવાળા પૂર્ણકામ ઘનશ્યામ પ્રભુ આવેલા હતા. તેઓ ધર્મમર્યાદાવાળા અને શાસ્ત્રજ્ઞાનના ભંડારરૂપ હતા. તેમના અંગોમાં નવધા ભક્તિ દૃઢ હતી. ઘનશ્યામ પ્રભુને મુનિઓ રોજ રોજ નવા ગંભીર પ્રશ્નો પૂછતા હતા. તેના ઉત્તરો આપતા હતા. પ્રતાપસિંહ રામનું મન શ્રી નિલકંઠ વર્ણિના સ્વરૂપમાં અત્યંત ખેંચાવા લાગ્યું. તેમના ત્યાગ, તપ, વૈરાગ્ય, જ્ઞાન આદિથી ભરપૂર પ્રભુના સ્વરૂપને નિરખીને સ્વામીને પૂછવા લાગ્યા. સદ્‌ગુરુના શરણમાં મસ્તકને નમાવીને પ્રતપાસિંહ રાજા પૂછે છે હે સ્વામિન્ ! આ ઘનશ્યામ પ્રભુ સર્વ સંતોમાં મને શ્રેષ્ઠ લાગે છે. તેમનું દર્શન કરીને મને ખૂબ જ આકર્ષણ થાય છે. આવા સ્વરૂપને મેળવવું દુર્લભ છે. તેથી હે સ્વામિન્ ! આ ઘનશ્યામ પ્રભુ કયા દેશમાં કયા ગામમાં પ્રગટ થયા અને કયા કયા સ્થાનો પર ભ્રમણ કરી આવ્યા. તે સર્વે વાતો મને સાંભળવાની ખૂબ જ આતુરતા થઈ છે. તે કથા મને જણાવો.

હે રાજન્ ! આ ઘનશ્યામ પ્રભુ પોતે અક્ષરધામના અધિપતિ પરબ્રહ્મ પુરષોત્તમનારાયણ પોતે જ છે. તેઓ અત્યારે આ પૃથ્વી ઉપર અવતાર ધરીને પધાર્યા છે. તેમનો જન્મ ઉત્તર કૌશલ દેશમાં છપૈયા ગામમાં થયો છે. એમના પિતા ધર્મદેવ અને માતા ભક્તિમાતા છે. એ પ્રમાણે જાણો. એમને બાલ્યાવસ્થામાં ઘણા બાલચરિત્રો કર્યો. ત્યાર બાદ માતાપિતા થકી ઉપવિત સંસ્કાર મેળવ્યા. પિતા પાસેથી શાસ્ત્રજ્ઞાન મેળવી માતાપિતાની સેવા કરીને સદ્‌ગતિ આપી. ત્યારબાદ વનમાં વિચરણ કરી તીર્થોને પાવન કરતા થકા અત્યારે આ લૉજપુરના આશ્રમમાં પધાર્યા છે. વેદ, શ્રુતિ, પુરાણ તેમજ બીજા સત્શાસ્ત્રો તથા યોગધારણ કરનાર યોગીઓ સર્વે એમના ગુણ ગાયા કરે છે તથા ધ્યાન ધર્યા કરે છે. વ્યાસ વાલ્મિકી આદિ કવિઓ એમના ચરિત્રોનું આલેખન કરીને લોકોને સ્વરૂપની ઓળખાણ કરાવે છે. એવા સમર્થ ઘનશ્યામ પ્રભુ છે. આ ઘનશ્યામ પ્રભુનું ઐશ્વર્ય પ્રતાપ યુક્ત મનોહર સ્વરૂપ જોઈને, તેમનાં દર્શન કરીને, અનેક પામર જીવાત્માઓ આશ્રિત થઈને જન્મમરણના ફેરામાંથી મુક્ત થઈ પરમધામને પામશે. તે જ પરમાત્મા તમારા જેવા અજ્ઞાની જીવાત્માઓને ચૈતન્યપદ પમાડશે અને કળિયુગના સમયે સત્યમય નૈષ્ટિક ધર્મની સ્થાપના કરશે. પૃથ્વી ઉપર મોટાં મોટાં મંદિર બનાવી અને તેમાં પોતાની સર્વોપરિ સ્વરૂપોની વૈદિક વિધિથી સ્થાપના કરાવશે. પૃથ્વી ઉપર એકાન્તિક ધર્મની સ્થાપના કરશે અને તે ધર્મની પૃષ્ટિ માટે સત્શાસ્ત્રોની રચના કરાવશે અને પોતાના ભક્તોને સુખ આપવા માટે પોતાના સ્થાને

આચાર્યોની સ્થાપના કરી ભક્તજનોને મુક્તિ આપશે.

આવી રીતે રામાનંદ સ્વામીએ પ્રતાપસિંહ રાજાને શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરિત્રોની રહસ્ય વાત કરીને એમને આજ્ઞા કરી કે હવે તમે પણ આ દેશનો ત્યાગ કરીને વિદેશમાં જઈ રહો. તેમાં તમારું સારું થાશે. ગુરુ રામાનંદ સ્વામીએ જવાની આજ્ઞા કરી એટલે તે પ્રતાપસિંહ રાજા ગુરુના ચરણકમળમાં વંદન કરીને બન્ને હાથ જોડી વિનયપૂર્વક કહેવા લાગ્યા. હે સ્વામી ! મારી ઉપર રાજી છો. તેથી મારા અંતઃકરણમાં કોઈ જાતના અંતઃશત્રુઓ ઉપદ્રવ કરતા નથી. તેથી આવી કૃપા મારી ઉપર રાખજો. આ રીતે કહીને ફરીથી સર્વે સંતોને ચરણ સ્પર્શ કરવા લાગ્યા અને ઘનશ્યામ પરભુને દંડવત્ પ્રણામ કરીને ભગવાનના સ્વરૂપને પોતાના અંતઃકરણમાં ઉતારીને દૃઢ કરીને પૂર્ણ મનોરથ થયો. પ્રગટ સ્વરૂપ ઘનશ્યામ પ્રભુના સ્વરૂપને પોતાના ઉરમાં ઉતારીને અને મુનિ રામાનંદ સ્વામીની આજ્ઞાથી પોતાના રાજ્ય ગામમાં ગયા. ત્યાં જઈને ખર્ચ માટે ધન, ઘોડા, સેવકો ત્રણેય લઈને તીર્થયાત્રાના નિમિત્તે વિદેશ જવા નીકળ્યા.

તે પ્રતાપસિંહ રાજા પોતાના ગામ ગરાસ રાજપાટ સર્વેનો ત્યાગ કરીને રામાનંદ સ્વામીની આજ્ઞાથી, પરદેશમાં નિવાસ કરવા માટે નીકળ્યા. તીર્થોમાં ફરતા ફરતા સર્વે તીર્થો કરીને પ્રતાપસિંહ રાજા જગન્નાથપુરી નિવાસ કરીને રહેવા લાગ્યા. પ્રગટ ભગવાન સ્વામિનારાયણનું ભજન કરવા લાગ્યા. અહિંસામય દૃઢ ધર્મનું પાલન કરતા થકા ભગવાનનું ધ્યાન કરવા લાગ્યા. ત્યાં રહેતા થકા ગુજરાતમાંથી કોઈ યાત્રાળુ આવે તો તેમને અહીંના સમાચાર પૂછતા હતા. ગુરુ રામાનંદ સ્વામીની આજ્ઞાથી ત્યાં રહેતા થકા પણ મન તો ગુજરાતમાં ફરવા માગતું હતું. આવી રીતે ઈન્તેજારી કરતાં ઘણો સમય ગયો ત્યારે રામાનંદ સ્વામીનો અક્ષરવાસ થયો. ત્યાર પછી સર્વે સંતો હરિભક્તોને સ્વામિનારાયણ ભગવાને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવીને આજ્ઞા કરી કે તમે મારું ભજન કરો. એજ સમયે સ્વામિનારાયણ ભગવાને સુવ્રત મુનિને બોલાવ્યા ને આજ્ઞા કરી કે તમો અહીંથી જગન્નાથપુરીમાં જઈને પ્રતાપસિંહ રાજાને રામાનંદ સ્વામીના અક્ષરવાસની તથા અમારા સ્વરૂપના ઉપદેશની વાતો કરો.

સ્વામિનારાયણ ભગવાન સુવ્રત મુનિને કહે છે, સ્વામી રામાનંદજીએ જે પ્રતાપસિંહ રાજાને વિદેશમાં રહેવાની આજ્ઞા કરેલ, તે રાજા અત્યારે મારા વિરહને લીધે ખૂબ જ દુઃખી છે. તમો જઈને મારા સ્વરૂપનો જ્ઞાન ઉપદેશ આપીને રાજી કરો. આ રીતે ભગવાને આજ્ઞા કરી એટલે સ્વામી ભગવાનના આવા દિવ્ય ચરિત્રને જોઈ વિચારી ઉદાસ થયા, પણ ભગવાનની આજ્ઞા થવાથી પોતાના સંત મંડળને લઈને ચાલતા થયા. ગામ નગરોમાં ફરતા ફરતા ઉપદેશ આપતા જ્યાં રાજા પ્રતાપસિંહ રહેતા હતા ત્યાં જવા લાગ્યા. શ્રી હરિની આજ્ઞાથી સુવ્રત મુનિ જગન્નાથપુરી જતાં માર્ગમાં આવતાં ગામોમાં રોકાણ કરતા થકા ત્યાંના જીવોને પાવન કરવા ભગવાનનો ઉપદેશ આપી સત્સંગી કરતા થકા આગળ જતા. આ રીતે સંતો પરોપકાર કરતા જીવોને પાવન કરતા હતા. સુવ્રત મુનિ મંડળ સાથે ફરતા ફરતા પુરુષોત્તમપુરીમાં પહોંચ્યા. તે નગર અતિ રમ્ય લાગતું હતું. જ્યાં સમુદ્ર કાયમ ગર્જના કર્યા કરે છે. જે પુરમાં ભગવાન પુરુષોત્તમ નારાયણ મૂર્તિમાં નિવાસ કરીને, ભક્તોના મનોરથ પૂર્ણ કરે છે અને અુસરોનો પરાભવ કર્યા કરે છે. સ્વામિનારાયણ ભગવાને આ જગ્યાએ રહીને અસુરોનો પરાભવ કરાવેલ.

તે જગન્નાથપુરીમાં યાત્રાળુઓનો કાયમ ખૂબ જ સમુદાય આવ્યા કરે છે. એવા તે પુરમાં સુવ્રતમુનિ પ્રતાપસિંહ રાજા જ્યાં રહેતા હતા તેમના ઘેર પધાર્યા. જ્યારે સ્વામી આવવાની ખબર પ્રતાપસિંહ રાજાને થઈ. એટલે તેઓ એકદમ ઉત્સાહથી એમની પાસે ગયા. તે સ્વામીને સાષ્ટાંગ દંડવત્ કરીને એમના ચરણમાં સ્પર્શ કરી વંદન કર્યા. સુવ્રત મુનિને રહેવા માટે એક સ્વચ્છ પવિત્ર ઘરની વ્યવસ્થા કરીને ખૂબ જ સંભાળપૂર્વક સરભરા કરવા લાગ્યા. દરરોજ અનેક પ્રકારની સામગ્રીથી સ્વામીનું સન્માન પૂજન કરતા હતા. તે ઘરે જાતજાતના અનેક ફળફૂલની શોભાવાળાં વૃક્ષો વેલીઓના જૂથો હતાં તથા બાજુમાં પાણીનો કૂવો તથા તળાવો પણ આશ્રમની બાજુમાં હતાં. તેથી વાતાવરણમાં ખૂબ જ શીતળતા લાગતી હતી. ઉતારો કર્યા પછી નિત્ય ક્રિયા, શૌચ, સ્નાનાદિ કરીને પરવારીને ભગવાનનું ધ્યાન કરતા. ધ્યાનમાંથી જાગ્રત થયા એટલે ભગવાનની પૂજા માટે રાજાએ પત્ર, ફૂલ, ફળ સર્વે લાવીને આપ્યાં. સ્વામી ભગવાનની પૂજા કરીને પરવાર્યા. પછી પ્રતાપસિંહ રાજાએ સ્વામીને સારાં ભોજન બનાવીને પ્રેમભાવથી જમાડ્યા. ત્યાર પછી સુગંધી પુષ્પોના હારો બનાવી ચંદન આદિ પદાર્થો વડે પૂજન કરી ખૂબ જ રાજી થયા. ત્યાર પછી સુવ્રત મુનિ અને પ્રતાપસિંહ રાજા બન્ને સંતભક્ત પવિત્ર આશ્રમ સ્થાનમાં એકાન્તમાં બેસીને સ્વામી પ્રતાપસિંહ રાજાને મળે ઘણા દિવસ વીતી જવાથી કુશળતાના સમાચાર પૂછવા લાગ્યા. રાજા કહે છે. હે સ્વામી ! લોજપુરમાં તમે સર્વે સંતો અને રામાનંદ સ્વામી તથા ઘનશ્યામ પ્રભુ સર્વે સુખના સાગર તેમની સાથે આપણે બધા રહેતા હતા ત્યારે ખૂબ જ આનંદ હતો તે સર્વે મને યાદ છે. પરંતુ રામાનંદ સ્વામીએ એ દિવસોમાં મને આજ્ઞા કરી તે ગુરુવચનમાં હું વિદેશમાં વસતો થકો વિરહને ભોગવી રહ્યો છું. હવે આપ પધાર્યા, કંઈક સંદેશો લાવ્યા હશો તે મને કહો. હે સ્વામી ! આપ રામાનંદ સ્વામીના કુશળક્ષેમ સમાચાર કહો. ઘનશ્યામ મહારાજના કુશળ સમાચાર કહો તથા સર્વે સંતો તથા હરિભક્તો બાઈભાઈ સર્વેના કુશળ સમાચાર મને સંભળાવો એવી મારી વિનંતી છે.

હે રાજન્ ! આ જગતમાં શરીર ઘર આ બધું કર્માધિન પ્રાપ્ત થાય છે. નાશવંત છે. એનો કોઈ નિરધાર રહેતો નથી. એ સર્વે ઉપર તો પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુનો જ અધિકાર છે. એની ઇચ્છા મુજબ જ સર્વે થાય છે. કોઈનું કર્યું થતું નથી એ પ્રમાણે જાણો. રાજા કહે છે, હે સ્વામી ! રામાનંદ સ્વામી અને સ્વામિનારાયણ ભગવાનનો મારે જ્યારથી વિયોગ થયો ત્યાર પછીની વાત સર્વે મને કહો. તે વિસ્તારથી સાંભળવાની ખૂબ જ ભાવના છે.

**આ પ્રમાણે હરિલીલાસિંધુમા પ્રથમ અવતારરત્નમાં સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારી રચિત છંદ ભાષામાં સુવ્રત મુનિ અને પ્રતાપસિંહ રાજાના સંવાદમાં સદ્‌ગુણ કથન નામનો ત્રીજો તરંગ થયો. ॥૩॥**

# તરંગ-૪

સુવ્રત મુનિ કહે છે હે રાજન્ ! રામાનંદ સ્વામી સર્વે મુનિમંડળની સાથે દેશોદેશ વિચરણ કરતા હતા. સોરઠ દેશ, કચ્છ, હાલાર, ગુજરાત આદિ ભૂમિ ઉપર વિચરણ કરતા થકા ભક્તજનોને ઉપદેશ સુખ આપતા હતા. અને પછી થોડા સમયમાં પોતાની ધર્મધુરાની ગાદી સહજાનંદ સ્વામી ઘનશ્યામ પ્રભુને સોંપી અને સર્વે સંતજનોને સહજાનંદ સ્વામીની આજ્ઞામાં વર્તવાનું ભારપૂર્વક કહેતા હતા. સર્વે સંતો સત્સંગીઓ એમની આજ્ઞા પ્રમાણે રહેતા હતા. રામાનંદ સ્વામી કહે છે — હે સર્વે સંતો ભક્તો ! હવે આ પૃથ્વી ઉપર મારે જે કામ હતું તે મેં પૂર્ણ કરેલ

છે. હવે આ ઘનશ્યામ પ્રભુને જવાબદારી સોંપી છે. તે સર્વેના કર્તા છે. આ રીતે કહી સ્વામી પોતે દેહત્યાગી પુરુષોત્તમ નારાયણના બ્રહ્મપુર ધામમાં પધાર્યા. પોતાની સ્વતંત્રતાથી જ પોતે પધાર્યા એમ જાણો. સુવ્રત મુનિ કહે છે હે પ્રતાપસિંહ રાજન્ ! રામાનંદ સ્વામી ધામમાં ગયા પછી પુરુષોત્તમ નારાયણ પ્રભુ પોતાનો ઐશ્વર્ય પ્રતાપ જનોને બતાવી જનોના મનને હરી લીધાં, પોતાના સામર્થથી સત્સંગને દૃઢ કરી ભક્તોને સુખી કર્યા. ભગવાન વિચરણ કરીને કચ્છ, સોરઠ, હાલાર, સોભીર, ભાલ, કાઠીયાવાડ આદિ પ્રદેશોમાં વારંવાર વિચરીને પાવન કર્યા. પંચાલ, નળકાંઠા, ગુજરાત, કાનમ આદિ દેશોમાં સંતો વિચરણ કરીને તેમજ દંઢાવ્ય આદિ દેશોમાં ફરીને પ્રભુ વરતાલમાં તેમજ ચરોતર ભૂમિમાં પ્રવેશ કરીને ઉપદેશ આપ્યો. ધર્મપુત્ર ભગવાન સ્વામિનારાયણ ધર્મપુર આદિ પવિત્ર ભૂમિમાં જઈને અધર્મ, પાખંડીઓના માર્ગને ખોટો કરીને સત્યધર્મની સ્થાપના કરી. પોતાના એકાન્તિક ધર્મને પવર્તાવ્યો. તે સર્વેના મનમાં સુખરૂપ થયો. પોતાના આશ્રિતજનોને અગિયાર પ્રકારના નિયમ રખાવ્યા, તેમાં પોતાના દેહને મિથ્યા મનાવ્યો. મનની મમતા છોડાવી નિસ્વાદ, નિર્માન, નિર્લોભ, નિષ્કામ, નિર્ક્રોધ, નિર્મોહ આદિ દેહમાં એકાદશ દોષોને રહેવા ન દીધા.

માયિક સર્વે કાર્યોથી ઉદાસ થઈને આત્મભાવના બનાવીને ભગવાનના ચરણકમળના આશ્રિત બનાવ્યા ઈશ્વર, માયા, જીવ તેના ત્રણ પ્રકારના ભેદો તથા સંબંધોથી જીવાત્માને સ્વતંત્ર બનાવીને અજ્ઞાનથી મુક્ત કર્યો. ધર્મ જ્ઞાન વૈરાગ્યયુક્ત ભક્તિ દૃઢ કરાવી ભગવાનના સ્વરૂપનું મહાત્મ્ય સમજાવી આઠ પ્રકારે બ્રહ્મચર્યને દૃઢ કરાવી અષ્ટાંગયોગને સિદ્ધ કરાવી ત્યાગી આશ્રિતોને યોગ્ય કર્યા. ઊંચા સ્થાને બેસાડ્યા. પોતાના પ્રિય એકાન્તિક આશ્રિતોને દૃઢ આત્મનિષ્ઠાવાળા કેવળ પરબ્રહ્મ પરમાત્મામાં દૃઢ નિષ્ઠાવાળા બનાવી, જગતના માયિક સુખો કાગડાની વિષ્ટા સમાન નકામા છે. તેનાથી નિસ્પૃહ બનાવી કેવળ સત્શાસ્ત્રોનું વાંચન જ્ઞાન ચર્ચા કરતા થકા, સતત તેના મનમાં રહે તેવા દૃઢ ધીરજવાળા, મહાગંભીર જગતના જીવોના કર્ણધાર બનાવ્યા. સ્વામિનારાયણ ભગવાને જગતના જીવોને સમજાવવા માટે સમાધિ કરાવી. તેમાં જીવના નાડી, પ્રાણ ખેંચીને એક જગ્યાએ સ્થિર કરીને પોતાના સ્વરૂપ વિષે જોડી દીધાં. પોતાના ઇચ્છિત ધામનાં દર્શન કરાવી ધર્મની દૃઢતા કરાવી. આવા અનેક જીવોને સમાધિ કરાવી આશ્રિત કર્યા. અકોન્તિક ભક્ત બનાવ્યા. સ્વામિનારાયણ ભગવાને ભક્તજનોને કર્મયોગ રાખી એકાન્તિક ભક્ત બનાવ્યા તથા કર્મયોગીઓને માર્ગદર્શન આપવા શુદ્ધ સ્વરૂપ સાંખ્યયોગી ત્યાગી વર્ગ બનાવ્યો. તે ત્યાગી વર્ગને નૈષ્ઠિક વ્રત ધરાવીને અનેક વખત જુદાં જુદાં એકસો આઠ વર્તમાન ફેરવીને શુદ્ધ નૈષ્ઠિક બનાવ્યા.

જે સ્વરૂપની ઉપાસના કરતા હોય તે સ્વરૂપની અંતઃકરણમાં દૃઢતા હોય તેથી તેને તે સ્વરૂપે દર્શન આપી ઉપાસના દૃઢ કરાવે છે. અંત સમયે તેવા જ સ્વરૂપે દર્શન આપી ધામમાં લઈ જાય. પોતે સ્વામિનારાયણ ભગવાને દશ અવતાર તથા ચોવીસ અવતારો ધરેલા છે. એના સ્વરૂપે પોતે દર્શન આપી સર્વોપરિ નિશ્ચય દૃઢ કરાવતા હતા. જગતના જીવો જુદા જુદા દેવોને પોતાના ઇષ્ટદેવ માનતા હતા. તેઓને તે તે રૂપે દર્શન આપીને પોતાના દિવ્ય અક્ષરધામમાં સર્વોપરિ સ્વરૂપની દૃઢતા બતાવતા હતા અને મતવાદીઓને ભિન્નતા બતાવતા હતા. સ્વામિનારાયણ ભગવાને આ જગતના ભવબંધનથી મુક્ત કરવા માટે પોતાના આશ્રિતોને પરમ એકાન્તિક વર્ણીઓ સંતોને પોતાના અનુચર બનાવ્યા. આંત્યંતિક મોક્ષના માર્ગના દૃષ્ટા બનાવી લોકોને બોધ આપ્યો. જીવોને મોક્ષ આપવા માટે મોટાં મોટાં સત્શાસ્ત્રો બનાવ્યાં. સાંખ્યયોગ, વેદાન્ત શાસ્ત્રોના સારરૂપ શાસ્ત્રો બનાવી જીવોના મોક્ષનું માર્ગદર્શન બનાવેલ છે. એમણે પૃથ્વી ઉપર મોટાં મોટાં દેવમંદિર બનાવીને તેમાં પોતાના

સર્વોપરિ સ્વરૂપોની સ્થાપના કરી તથા બ્રાહ્મણોને સારાં સારાં ભોજન બનાવીને મોટાં બ્રહ્મભોજન ચોર્યાશીઓ કરીને બ્રાહ્મણોને તૃપ્ત કર્યા તથા મોટા મોટા વિષ્ણુયાગ, મહારુદ્રયાગા કરીને બ્રાહ્મણોને ખૂબ દક્ષિણા આપીને રાજી કર્યા. મોટા મોટા ઉત્સવ સમૈયા કરી હજારો જીવોને મોક્ષ માર્ગમાં વાળ્યા અને ધર્મના માર્ગને દઢતાથી ચલાવવા માટે ધર્મધુરા ઉપર પોતાના બન્ને ભાઈઓના પુત્રોને દત્તક લઈને પોતાના સ્થાને બેસારી આચાર્યની સ્થાપના કરી. બન્ને આચાર્યોની સ્થાપના કરી તેમની સેવામાં મોટા મોટા સંતોને બન્ને દેશમાં વિભાગ કરી આપ્યો. બન્ને આચાર્યોને દેવસેવાની આજ્ઞા કરી, સંતો હરિભક્તોને આચાર્યની આજ્ઞા પ્રમાણે રહી તેમની સેવા સુશ્રુષા કરવાની આજ્ઞા કરી. ત્યારબાદ સર્વે જનોને બોલાવી ખૂબ જ શિક્ષા ઉપદેશ આપ્યો. સર્વેને કાયિક, વાચિક, માનસિક જ્ઞાન આપી આજ્ઞા પ્રમાણે રહેવાનો આદેશ આપ્યો.

મારા આશ્રિતોએ મારાં સ્થાપેલાં હરિકૃષ્ણ આદિ સ્વરૂપોનો ઓછામાં ઓછા વર્ષમાં બબ્બેવાર મોટા ઉત્સવો કરવા. આવી રીતે સ્વામિનારાયણ ભગવાને પોતાના સ્વરૂપની દઢતા કરાવવા માટે પોતાના અંતર્ધાન થયા પછી કોઈ આઘા પાછા ન થાય તે માટે સર્વને ખૂબ જ પ્રતિબંધ કરીને આજ્ઞા કરેલ છે. સ્વામિનારાયણ ભગવાન કહે છે હે ભક્તો ! મને તમો સર્વે સર્વોના અંતઃકરણમાં રહેનાર તેના ભવને જાણનાર માનો. સર્વેના મનોભાવ પ્રમાણે ફળ આપનાર સર્વકાળ મને જ જાણો અને મારી મૂર્તિ, સંતો તથા મારા પુત્રો બન્ને આચાર્યોમાં હું કાયમ પ્રગટ રહેનારો છું તથા મારાં ચરિત્રો, ઉપદેશો, આજ્ઞાઓ લખેલા શાસ્ત્રોમાં હું કાયમ પ્રગટ પ્રમાણ રહું છું. હે રાજન્ ! શ્રીજી મહારાજ આ પ્રમાણે કહીને મૌન રહ્યા ત્યારે સર્વે સંતસભા તથા ભક્તજનો સર્વે સાવ શૂન્યમનસ્ક બની ગયા. ત્યારે ભગવાન પોતાના ભૌતિક દેહથી દિવ્ય દેહે રહેવા લાગ્યા. સર્વત્ર તે સમયે ભૂમંડળમાં મહાતેજનો અંબાર દેખાવા લાગ્યો. સર્વત્ર તેજોમય દેખાવા લાગ્યું. સ્વામિનારાયણ ભગવાન સ્વધામ જવા તૈયાર થયા ત્યારે અનંત કોટિ અક્ષરમુક્તો ભગવાનને તેડવા આવ્યા. તે દિવ્ય રથો, પાલખીઓ તથા વિમાનો આદિ અનેક સાધનો લઈને પ્રભુને તેડવા આવ્યા. આવેલા દિવ્યમુક્ત પાર્ષદોની સાથે પ્રભુ સ્વધામ પધાર્યા ત્યારે નરનારીઓ સંતો સર્વેને અનાથ કરીને ગયા. સર્વે ઉદાસ થઈ ગયા તથા દુર્ગપુર (ગઢડા) તે પણ ભગવાન જવાથી નિહાલ થયું. સૂનકાર થઈ ગયું. સર્વના મનમાં ઉદાસીનતા શોકમય વાતાવરણ થઈ ગયું.

ભગવાન સ્વધામ પધાર્યા પછી સર્વે શોકાતુર થઈ ગયા, સર્વે સ્ત્રીપુરુષો ઘનશ્યામ પ્રભુ ક્યાં ગયા ? ક્યાં ગયા ? આમ શોકમગ્ન થઈ બોલવા લાગ્યા. કેટલાક ભક્તો પોતાના ગામમાં ઉદાસ થઈને બેસી રહ્યા. ધીરજ ધરી રહ્યા. કેટલા ભક્તો ઉદાસ થઈને ચારે બાજુ ભૂમિ ઉપર ફરવા લાગ્યા. કોઈને શાન્તિ ન હતી. કેટલાક ભક્તો ભગવાનના વિરહમાં ઘરસંસારનો ત્યાગ કરીને દુઃખરૂપ જગતને માનીને ઉદાસ થઈ ચાલી નીકળ્યા. સુવ્રત મુનિ કહે છે કે, અમો પણ ભગવાનની મૂર્તિમાં મન પરોવીને વ્યર્થ સમય નહીં વીતાવીને સાવધાન રહ્યા.

સંતો ભગવાનની આજ્ઞાને માનીને દઢ ધીરજ ધારણ કરીને ભગવાનના શરણમાં રહેવા લાગ્યા. કેટલાક સંતો દેવમંદિર કરવાના કામમાં જોડાયા. કેટલાક જગતના જીવોને ઉપદેશ આપીને જહાજ રૂપ થઈ જગતને પાર કરનાર થયા. સ્વામિનારાયણ ભગવાને અક્ષરધામમાં જતાં પહેલાં બોલાવીને આજ્ઞા કરેલી કે, રાજા પ્રતાપસિંહ જ્યાં હોય ત્યાં જઈને મારા દિવ્ય મનુષ્ય ચરિત્રની મારા વર્તનની સર્વે વાતો તેમને કહો. એમની પાસે જઈ મુનિમંડળ સહિત તમો રહેજો અને ઉપદેશ આપજો. હે રાજા ! અમો ભગવાનની આજ્ઞાથી આજે આવ્યાં છીએ, મનમાં એમ જાણજો કે આજે તમારા સર્વે સમાચાર મળ્યા. તમે પૂછેલા સર્વે સમાચાર ભગવાનના પશ્ચિમ

ભારતના વિચરણના સર્વે લીલા ચરિત્રો સંક્ષેપમાં વર્ણવીને કહ્યાં તે તમે જાણી લેજો.

આગળ કહ્યા એ રીતે ભગવાનના અંતર્ધાન થયાના સમાચાર સાંભળીને પ્રતાપસિંહ રાજા તથા (શતાનંદ) સુવ્રત મુનિ પણ લીલા વર્ણન કરીને બન્ને અતિશય ઉદાસ થઈ ગયા. કંઠ રૂંધાઈ ગયા. તેથી બોલવામાં પણ અશક્ત થયા. ત્યારે પ્રતાપસિંહ રાજા નિસાસા નાખીને શ્વાસ રૂંધાવાથી આંખોમાં વિરહનાં આંસુ આવ્યા. અતિશય દુઃખના નિસાસા નાખીને ગંભીર થઈ ગયા. ઉદાસીનતામાં રાજા અતિ સ્થિર થઈ ગયા. મુખમાંથી એક શબ્દ પણ બોલવા સમર્થ રહ્યા નહીં. જીવ અતિ દિલગીર થઈ ગયો. અતિશય શોકના સાગરમાં ડૂબી ગયા. ત્યારે તે રાજાને સુવ્રત મુનિ ફરી ધીરજથી કહેવા લાગ્યા. સુવ્રત મુનિ કહે છે હે રાજન્ ! તમો ભગવાનના ચરિત્રો સાંભળીને અતિ ઉદાસ ન થાઓ. બાલ ઘનશ્યામ પ્રભુ તો સર્વ જીવના કર્ણધાર છે. પોતાના ભક્તના તથા શરણમાં આવેલા જીવાત્માના રક્ષણ કરનારા છે. હે રાજા ! તમો બધા જ માયિક કાર્યો તો જગતની કેવળ જંજાળ છે. એ કાંઈ કામ આવતી નથી. તે તો સર્વે કાળનું ભક્ષ્ય છે. તેનો તો નાશ થઈ જાય છે. માટે ધીરજ રાખો. ભગવાનનું સ્વરૂપ તો કાયમ માટે દિવ્ય હોય છે. એમની ઈચ્છા મુજબનું કાર્ય પૂર્ણ કરીને પોતાની ઈચ્છાથી સ્વયં પોતાના દિવ્ય બ્રહ્મપુરધામમાં પધાર્યા છે. તે છતાં ભગવાન તો પોતાના પ્રિય ભક્તથી તસુ માત્ર પણ દૂર નથી રહી શકતા. ભગવાન સ્નેહને વશ થઈને પોતાના પ્રિયજનને ઈચ્છિત ફળ આપે છે. સર્વ જીવાત્માઓના ભગવાન કૃપાદાતા રહેલા છે. પ્રેમીની પાસે જ રહે છે. શ્રી હરિ પોતે જ કહી ગયા છે હું તમારાથી દૂર છું. તેમ છતાં તમારાથી દૂર નથી હોતો. હું બધાની પાસે જ રહું છું, તમે વિરહસાગરના બંધનમાંથી નિવૃત્ત થઈને સ્ફૂર્તિવાળા થાઓ. ભગવાનના વચનો ભવસાગરમાં નૌકા સમાન થાય છે. એટલા માટે આ ભગવાનના વચનરૂપી નૌકામાં બેસીને તમો સંસારસાગરને પાર કરો. આ રીતે સુવ્રત મુનિએ તે રાજાને બોધનાં વચનો કહ્યાં.

કવિ કહે છે કે આ રીતે સુવ્રત મુનિના વચનો સાંભળીને પોતે વિરહાનલ અગ્નિમાં બળતા હતા. તે છતાં વચનો સાંભળી પ્રફુલ્લિત મન થયાં. રાજા કહે છે હે મુનિદેવ ! હું હવે ખૂબ જ સ્વસ્થ થઈ ગયો છું. તેથી આપ મારી ઉપર કૃપા કરીને મારા હિતનાં જે વચન હોય તે કહો અને ઘનશ્યામ પ્રભુનાં સમગ્ર ચરિત્રો કહો. મારા પ્રિય કાર્ય કરવાવાળા મારી ઉપર કૃપા કરીને કહો.

હે સ્વામી ! આપ અહીં પધાર્યા છો તે મને આ સંસારબંધનથી છોડાવી ભવ પાર કરાવવા માટે પધાર્યા છો. તેથી પરબ્રહ્મ પરમાત્માના રહસ્યમય ચરિત્રો કહીને મને પાર પમાડો. જેવી રીતે પરિક્ષિત રાજાને શુકદેવજી મુક્તિદાતા મળ્યા તેમ આપ મને પણ અત્યારે સંસારના તનતાપને મટાડી ભવપાર પમાડો. હે સ્વામી ! આપ મને સુખના સાગર, સર્વના દુઃખોને દૂર કરનારા એવા સર્વના સ્વામી મહાપ્રભુને નેત્રથી દર્શન કરું અર્થાત્ મને ભગવાનના દર્શન થાય એવાં અલૌકિક ચરિત્રો મને કહો જેથી મારો આત્યંતિક મોક્ષ થઈ જાય. એના માટે મારી ઉપર કૃપા કરીને મને સમજાવો. હે સ્વામી ! આપ મુનિઓનો ઉદ્ધાર કરવા ભક્તજનો ઉપર કૃપા કરીને પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ આ પૃથ્વી ઉપર અવતાર ધરીને વિચરણ કર્યાં તથા ઉદ્ધવમૂર્તિ રામાનંદ સ્વામી પ્રગટ થયા. સ્વામિનારાયણ ભગવાને જે દિવ્યચરિત્ર કર્યાં તે સર્વે મને કહો.

આચાર્ય મહારાજશ્રી કહે છે હે આનંદરાજા ! પ્રતાપસિંહ રાજાએ સુવ્રત મુનિને આવી રીતે વચનોથી કહ્યું. એટલે સુવ્રત મુનિ રાજાને કહે, હે રાજન્ ! તમો ધ્યાનથી કથા સાંભળો. સુવ્રત મુનિ કહે છે, હે રાજા ! શતાનંદ સ્વામી મારા ગુરુ થાય છે. તે શતાનંદ સ્વામીને સર્વે સંત ગણે એકઠા થઈને પૂછ્યું. તે ભગવાનના ચરિત્રો સંતોને

કથારૂપે કહ્યાં તે જ કથા હું તમને હે રાજન્ ! કહું છું. તે તમો ધ્યાન દઈને સાંભળો જેથી તમને સુખ થાય. શતાનંદ સ્વામીએ એ સંતોને જે કથા સંભળાવી તે ભગવાન પુરુષોત્તમ નારાયણના અવતારની કથામૃતનો સાગરરૂપ મહાગ્રંથ થયો. તેજ લીલાચરિત્રોને મેં શતાનંદ સ્વામીના મુખેથી સાંભળીને ગ્રહણ કર્યા છે. તે તમને કહું છું. તે મારા ગુરુ શતાનંદ સ્વામી તેઓ સ્વયં સિદ્ધ સ્થિતિને પામેલા, સર્વે આવરણને ભેદનાર નિરાવરણ વૃત્તિવાળા હતા. તેઓ ભગવાનની ઇચ્છા મુજબ સ્વતંત્ર સર્વલોકમાં ગતિવાળા, નિર્વિકલ્પ સમાધિવાળા હતા. તેઓને કોઈ આવરણ નડતું નહોતું.

હે રાજન્ ! તેજ અમૃતના સાગરમાં અગાધ જળમાં રત્ન અવતારો રહેલાં છે. તે અવતાર ચરિત્રને જોવા માટે જે જન ચાહે તે દેખે છે. તે ચરિત્રને ગ્રહણ કરીને સુખ પમાય છે. જેમ મનુષ્ય આ રત્નાકરમાંથી વારંવાર ચરિત્ર રત્નને ગ્રહણ કરે છે. તેમ આ લીલાસાગરના તરંગમાંથી અનેક અવતારનાં ચરિત્રો પ્રાપ્ત થાય છે. હે રાજન્ ! આપે જે પ્રશ્ન પૂછેલા તે પ્રશ્નના ઉત્તર આ હરિલીલાસિંધુ ગ્રંથમાંથી લહરી કરીને તમને કહી તેમાં પ્રથમ રત્ન અવતારમાં સર્વે ઉત્તરો આવે છે. તમો જે જે પ્રશ્ન પૂછો છો તે સર્વેના સમાધાન રૂપે આજ રત્નસિંધુમાં બધા જ પ્રશ્નોનું સમાધાન આદિ મધ્ય કે અંતમાં તમને મળશે જ.

હે રાજન્ ! તે લીલાસિંધુમાંથી કાનના પડીયા બનાવીને જેટલું પાન કરવું છે તેટલું પીરસીશ. તે ચરિત્ર અમૃતરૂપી દહીંને જેમ પાન કરે તેમ તમે પણ તમારી રૂચિ પ્રમાણે શ્રવણ કરીને પાન કરો તો તમો પણ તૃપ્ત થઈ જશો. આ અમૃતરસનું પાન કરીને ભગવાનના સ્વરૂપના પ્રતાપથી જીવની ગતિ સ્વતંત્ર થઈ જાય છે. ભગવાનના ચરિત્રને પાન કરીને જ્ઞાનસિદ્ધ બની જાય છે અને તે જીવાત્મા નારાયણના ચરણને પામે છે.

પ્રતાપસિંહ રાજા સુવ્રત મુનિના મુખથી કથામૃતનું પાન કરી અતિ આનંદ મગ્ન થઈ મન વચન અને શરીરને એકદમ દઢ કરીને ફરીથી આગળના સંવાદ પૂછવા લાગ્યા. આ રીતે સુવ્રત મુનિએ ભગવાનના લીલા ચરિત્રોની કથા કહી. તેથી પ્રતાપસિંહ રાજા સાંભળીને એકાગ્ર ચિત્ત થઈને પરમ ભાગવત સ્થિતિને પામ્યા અને ભગવાનના ચરણના આશ્રયને પામી ખૂબ જ આનંદ અને સુખને પામ્યા.

**આ પ્રમાણે શ્રી હરિલીલાસિંધુમાં પ્રથમ અવતાર રત્નમાં શ્રી સહજાનદ સ્વામી શિષ્ય વૈષ્ણવાનંદવર્ણી રચિત છંદભાષામાં શ્રી હરિના આદિ અંત સુધી સંક્ષેપ લીલા કહી તે નામનો ચોથો તરંગ થયો. ॥૪॥**

# તરંગ-૫

પ્રતાપસિંહ રાજા કહે છે હે મુનિવર્ય ! આપ મને સંવાદ કહ્યો ત્યાર પછીનો જે સંવાદ લીલાચરિત્ર હોય તે મને કહો, જે રીતે તમે જાણ્યો હોય તે પ્રમાણે કહો, કેમકે હરિલીલારૂપી દહીંનું થોડું રસપાન કરીને જીવત્મા પાવન થઈ જાય છે. રાજાનાં પૂછેલા પ્રશ્નનો સંવાદ સુવ્રત મુનિએ સાંભળી લીધો અને તેમાંથી મુખ્ય પ્રબંધ હતો તે રાજાને કહેવા લાગ્યા. જે સંવાદ પૂર્વે માર્કંડેય મુનિ અને શતાનંદની સાથે થયેલો એ સંવાદ અત્યારે મને કહો. જે રીતે તમે ગુરૂના મુખથી સાંભળ્યા હોય તેને સ્મરણ કરીને કહો. હું દઢાસન કરીને તૈયાર બેઠો છું. તેમાં અનુક્રમ પ્રમાણે પ્રથમ સર્વે મુનિજનોનો પાદુર્ભાવ (જન્મ) થયો તે મને સંભળાવો. હે સ્વામી ! માર્કંડેય મુનિના જન્મસ્થળનું વર્ણન કરો. જે આશ્ચર્ય ઉપજાવનારું છે. તે માર્કંડેય મુનિ અને શતાનંદનો મેળાપ તે કઈ જગ્યાએ

થયા તે કહો. માર્કંડેય મુનિ પાસે શતાનંદને મોકલવામાં કયા મુનિએ પ્રેરણા કરીને આજ્ઞા કરેલી તથા તે શતાનંદે કયા કયા પ્રશ્નો માર્કંડેય મુનિને પૂછ્યા અને તેના ઉત્તરો આપ્યા તે મને સંભળાવો.

અયોધ્યાપ્રસાદજી કહે છે, હે આનંદરાજ ! રાજા મંગલરૂપ છે તથા તેના પૂછેલા સુવર્ણ જેવા પ્રશ્નો મંગલરૂપ છે. ભગવાનની કથા સર્વોપરિ મંગલરૂપ છે કારણ કે સર્વેનું મંગલ કરનારી આધિ, વ્યાધિ, ઉપાધિથી મુક્ત કરાવનારી છે. બીજા પણ ઘણા મંગલમય છે. જે વદે છે. સાંભળે છે તે પણ મંગલમય છે. જે મંગલમય કથા કહે અને સાંભળે તેના માતાપિતા પણ મંગલમય છે. કેમકે તેની કૃપાથી તે જીવ મંગલ સ્થાને પહોંચે છે. મુક્ત આત્માઓનો પ્રાદુર્ભાવ મંગલમય હોય છે. ભગવાનના ભક્તોને ભગવદ્ ભાવના ઉત્પન્ન થવી તે પણ મંગલમય છે. ભગવાન પુરુષોત્તમ શ્રી ઘનશ્યામ પ્રભુ પણ મંગલમય છે અને તે ઘનશ્યામ પ્રભુ પણ સર્વેને કહે છે. તમે સર્વે મંગલમય કાર્યો કરો જેથી અનેકનો ઉદ્ધાર થાય.

અયોધ્યાપ્રસાદજી કહે છે હે આનંદરાજા ! તે માર્કંડેય મુનિ મહાન વ્યક્તિ હતા. તેઓ ઉદાર પ્રકૃતિના એ સારા ભગવદીય ગુણવાળા, મહાન સિદ્ધિવાળા, મુક્ત અવસ્થાવાળા, આદિ અનાદિની વાતો જાણનારા હતા. તે માર્કંડેય મુનિ નારાયણમુનિ ભગવાનમાં ખૂબ જ પ્રીતિવાળા હતા. તેમના અંતઃકરણમાં ક્યારેય અનીતિ સ્પર્શી શકે તેમ હતી નહિ એવા મહાન હતા. માર્કંડેય મુનિ મુનિઓ મધ્યે અતિ શોભતા હતા. તેઓ નરનારાયણ ભગવાનના બદ્રિકાશ્રમમાં નિવાસ કરતા હતા. ત્યાં રહીને પ્રગટ ભગવાનના ચરત્રોનું ગાન કરતા હતા. યોગશક્તિથી ભગવાનનું સ્વરૂપ ધારણ કરવામાં શક્તિશાળી અને શ્રદ્ધાવાન હતા. એક વખત સર્વે મુનિમંડળની સાથે ધર્મભક્તિના તે બે પુત્રો નારાયણ મુનિ અને નર મુનિ તે મુનિઓની મધ્યમાં બદ્રિકાશ્રમમાં સભા ભરીને બેઠા હતા અને નારાયણ ભગવાનના મુખકમળમાંથી નિકળતા અમૃતવાર્તાને શ્રવણ કરી રહ્યા હતા. સર્વે મુનિઓ સભામાં વાત સાંભળવામાં એકાગ્ર હતા. તેવામાં ભગવાનની ઈચ્છાથી દુર્વાસા મુનિ આવ્યા અને સન્માન ન થવાથી બધા સભાસદોને શ્રાપ આપ્યો. તેમાં ભગવાન નારાયણ પ્રભુનો પૃથ્વી ઉપર ધર્મદેવ અને ભક્તિમાતાના ઘેર અવતાર થાય તેવો આશય હતો.

તમો સર્વે મુનિમંડળ સહિત પૃથ્વી ઉપર મનુષ્ય અવતારને ધારણ કરો. ત્રણે વર્ણના મનુષ્યોમાં જન્મ ધારણ કરો. આ રીતે શ્રાપ દુર્વાસાના મુખથી સાંભળીને સર્વે મુનિઓ ઉદ્વેગ મનવાળા થઈને દુઃખ પામવા લાગ્યા. બધા મુનિઓમાં એક જ માર્કંડેય મુનિને આનંદ થયો. કેમ કે જે થયું તે સર્વે ભગવાનની ઈચ્છાને આધિન થાય છે. તે નારાયણ ભગવાન જ મનુષ્ય અવતાર ધારણ કરીને દિવ્ય તથા મનુષ્ય ચરિત્રો કરશે. તે ભગવાનના મનુષ્ય ચરિત્રોને હું કાયમ માટે ગાઉં તેવો મને લાભ મળો તથા તે ભગવાનના ચરણકમળનાં દર્શન કરીને મારા મનમાં આનંદ પામું. એનો લાભ મળે એવા ભગવાનના ચરિત્રોને ગાવામાં એનું સ્મરણ કરવામાં કોઈ મુનિનું મન રોકાવા છતાં રોકાતું નથી. એવાં મનોહર ચરિત્ર છે.

આ રીતે માર્કંડેય મુનિ રોમાંચિત અંગોવાળા તથા રોમાવલિવાળા થઈ ગયા અને નવીન અવતાર ધારણ કરનારા ભગવાનના ચરિત્રોને ગાવા માટે મનમાં ભાવ કર્યો. પૃથ્વી ઉપર જન્મ ધરવાનો વિચાર કર્યો. તેઓ ભગવાનની ઈચ્છાથી ઉત્તર કૌશલ દેશમાં મનુષ્ય જન્મ ધારણ કર્યો. ત્યારે તેમને પૂર્વજન્મની સ્મૃતિ જાગ્રત રહેલી હતી. તે માર્કંડેય મુનિએ પૃથ્વી ઉપર જન્મ ધારણ કર્યો ત્યારે તેમને બાળ અવસ્થામાં તીવ્ર વૈરાગ્યની ભાવના મનમાં ખૂબ જ થયા કરતી હતી. કેમ કે તેઓ પૂર્વના સિદ્ધ હતા. તેની સ્મૃતિ હતી. કુમાર અવસ્થામાં બાલ

રમતોનો ત્યાગ કરીને કેવળ ભગવાનને મેળવવાની જ મનમાં અભિલાષા રહ્યા કરતી હતી. તે માર્કંડેય મુનિએ કૌશલ દેશમાં પરકોટા નામના શુભ ગામમાં ઋગ્વેદી બ્રાહ્મણ પરિવારમાં જન્મ ધર્યો. માતા નિરંજની અને પિતા સોમપ્રસાદ થકી નિરંદેવ નામના પુત્ર રૂપે જન્મ ધારણ કર્યો. તેઓ બાલ્યાવસ્થામાં અજ્ઞાનમય વિતાવી અને પૌંગડ અવસ્થા થઈ ત્યારે પિતા થકી ઉપવિત સંસ્કાર પ્રાપ્ત કરી નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રત ધારણ કર્યું. તેમને કોઈનો સંગદોષ લાગી શકતો નહોતો. નમ્ર ભાવના યુક્ત રહી બ્રહ્મચર્ય પાળતા હતા. ભગવાનના દર્શન કરવા તે તે બ્રહ્મનિષ્ઠ ઋષિવર્ય ભરતખંડના બધાં જ તીર્થોમાં ફર્યો. દેવોનાં દર્શન કર્યાં. ભગવાનના પ્રગટ સ્વરૂપનું ધ્યાન ધરીને ભગવાનના લીલા ચરિત્રોનું ગાન કરવા માટે મનમાં વિચાર કરવા લાગ્યા. જ્યારે ભગવાનના સ્વરૂપમાં એકાગ્રતા થાય ત્યારે ભગવાનના સ્વરૂપનું દર્શન થાય. ભગવદી એકઠા થાય ત્યારે ભગવાનની ઈચ્છાથી તેમનાં લીલાચરિત્રોને લખેલાં હોય તે સર્વે જીવોને જાણવા મળો. આ રીતે મુનિરાય ભગવાનનાં અનંત ચરિત્રોને લખી રાખેલાં તેથી તેઓ ભગવાનને પૃથ્વી ઉપર પધારવાની રાહ જોતાં થકા ક્યારે પ્રભુ પધારે ને હું તેમનાં દર્શન કરું એ રીતે પોતાની દૃષ્ટિને દૃઢ કરીને જોયા કરતા હતા.

તેઓ મખોડા નામના તીર્થ આશ્રમમાં ભગવાનના પવિત્ર મંદિરમાં રહેવા લાગ્યા. તે મખોડા તીર્થ છપૈયાથી આશરે ચાર ગાઉ ઉપર આવેલ છે. તે મખોડા તીર્થ આશ્રમથી પૂર્વ દિશામાં સુંદર મનોરમાં નામની નદી છે. તે મનોહર પવિત્ર નદીમાં માર્કંડેય મુનિ સ્નાન કરી ભગવાનનું ધ્યાન કરતા હતા. નિત્ય પ્રત્યે ભગવાનનું સ્મરણ કરતા હતા. માર્કંડેય મુનિ પાસે ધર્મજ્ઞાન જિજ્ઞાસુ જીવાત્માઓ બધા જ દેશોમાંથી કાયમ માટે આવ્યા કરતા હતા. તેઓને મુનિ ભગવાનના લીલા ચરિત્રોનો ઉપદેશ આપીને માયાના પાશમાંથી છોડાવતા હતા. એકાન્તિક ભક્ત બનાવીને મોક્ષમાર્ગી બનાવતા હતા. તે મનોરમા નદીનો સુંદરઘાટ બાંધેલો હતો ત્યાં માર્કંડેય મુનિ નિત્ય પ્રત્યે સ્નાન કરવા જતા હતા. દેશો દેશથી આવનારા યાત્રીઓ પણ ત્યાં કાયમ માટે સ્નાન કરવા આવતા હતા.પોતાના પાપોથી મુક્ત થતા હતા.

આ સરયુ નદીના તટ પાસે મખોડા ઘાટ ઉપર ભગવાન રામચંદ્રજીના ચૌલ સંસ્કાર કરવામાં આવ્યા હતા. તે નિમિત્તે દર વર્ષે કારતક સુદ પૂનમ ઉપર એ તિથિએ અનેક શ્રદ્ધાળુઓ આવીને સ્નાન કરે છે. પોતાના મનોરથ પૂર્ણ કરે છે. નદીમાં તીર્થસ્નાન કરીને પછી મંદિરમાં દર્શન કરવા માટે જાય છે. દર્શન કરીને પછી મુનિજનો પાસે બેસીને જ્ઞાનઉપદેશ માટે સમાગમ કરવા બહુ લોકો આવે છે. સમાગમ કરીને પોતે મોક્ષ ભાગી થયા છે. સર્વ ભાવિકજનો ભક્તિમય વૃત્તિવાળા જીવો, જ્ઞાન, વૈરાગ્ય, ધર્મમય વૃત્તિવાળા થઈને કાયમ માટે ભક્તિમાં તલ્લીન થઈને દૃઢતાને પામે છે. તે ભક્તજનો કાયમ માટે ભગવાનના સ્વરૂપમાં પ્રેમપૂર્વક જોડાઈને પરમ સુખાનંદને પામે છે. કાયાનું મુક્તિમય રૂપ પામે છે.

હે રાજન્ ! તે માર્કંડેય મુનિ એક વખત પોતાના સર્વે નાડી પ્રાણને ખેંચીને ભગવાનના ધ્યાનમાં બેઠા હતા. ત્યારે તેમને સમાધિમાં ભગવાનના સ્વરૂપનાં દર્શન થયાં. તે નરનારાયણ ભગવાનનાં દર્શન કરતાં ભગવાનની દૃષ્ટિ સામે પોતાની દૃષ્ટિ એક કરીને જોયું ત્યાં તો એમને બ્રહ્મની એકતાને લીધે તે નરનારાયણ ભગવાનના સ્વરૂપમાં અક્ષરધામનાં દર્શન થયાં તે અક્ષરધામની મર્યાદા અપાર અનંત રૂપમાં જોઈ. જેને જોઈને કોઈ પાર પામી શકતા જ નથી એવું ધામ જોવામાં આવ્યું. તે અક્ષરધામનો મહિમા અગણિત જોજન કહેવાય છે તથા તેનું તેજોમય વિસ્તારની પણ કોઈ મર્યાદા માપી શકાય તેવી નથી. અમાપ છે. જેના રૂપને સચ્ચિદાનંદ

રૂપ કહેવાય છે. તે બ્રહ્મ સર્વનું કારણ કહેવાય છે. પરબ્રહ્મનું આધાર આધેય કહેવાય છે.

એવા અક્ષરધામથી પર તે પુરુષોત્તમ નારાયણને વેદ વેદાંત ગાતાં થાકી જાય છે. એવા પરબ્રહ્મ શ્રી હરિ અમૂલ્ય દિવ્ય રત્નોથી જડેલા શોભાયમાન થઈ રહેલ છે. તે શ્વેત પ્રકાશમાન છે. એવું તે દિવ્ય સિંહાસન શોભી રહ્યું છે. તે અતિશય દેદીપ્યમાન સિંહાસન ઉપર સર્વ સુખોના સ્વામી, સર્વ ધામના ધામી, સર્વજન પૂરણકામ એવા દિવ્ય આભૂષણને ધારણ કરેલા કિશોર બાલવયવાળા એવા શ્રી ઘનશ્યામ પ્રભુ વિરાજમાન હતા. તેમના હસ્તકમળની આંગળીઓની નખમણિની શોભા રક્ત વર્ણવાળી ઉપડતી, કરોડો સૂર્યની કિરણોની શોભાથી પણ અધિકપણે શોભતી મનોહર લાગતી હતી. નંગ જડેલું અંગરખું શોભતું હતું. હાથની ફૈણાથી અભય વરદાન આપી રહેલા અતિશય શોભતા હતા. મનને મોહ પમાડતા હતા.

શ્રી ઘનશ્યામ પ્રભુના ચરણકમળના તળનો ભાગ ચિહ્નોથી ખૂબ જ શોભી રહ્યા છે. ચરણોના નખ નીલમણીની માફક શોભે છે. ગોળ-કેળના થાંભલા જેવી બન્ને જંઘાઓ, બન્ને જાનુઓ આદિ ભગવાનના અંગઉપાંગો ખૂબ જ શોભી રહ્યાં હતાં. ભગવાનના ઉરુ (સાથળ) કેળના થાંભલા જેવા લાગતા હતા. તેમનો કટિભાગ ચિહ્ન સહિત જોઈને આશ્ચર્ય થાય તેવું લાગતું હતું. પીળાં વસ્ત્રોને ધારણ કરવાથી અંગોની શોભા વીજળીની માફક પ્રકાશિત શોભતાં હતાં. ઉન્નત નિતંબનો ભાગ શોભતો હતો ગોળ ઊંડી નાભિકમળ જાણે પાણીનો ઊંડો કુવો હોય કે શું ? એવું સુંદર લાગતું હતું અને ઉદરની વિશાળતા કોમળતાથી જાણે કમળનું પત્ર હોય તેમ મનોહર લાગતું હતું. ઉર કમળમાં છાતી ઉપર રહેલું શ્રી વત્સનું ચિહ્ન મનોહર શોભા આપતું હતું. અર્ધ ચંદ્રાકાર રોમાવલિ વક્ષસ્થળમાં શોભા આપતી હતી. શંખ સમાન મનોહર કંઠમાં વનમાળા પુષ્પોની શોભતી હતી. કૌસ્તુકમણિની માળાઓને ધારણ કરેલા ભગવાનની છબિ અલૌકિક લાગતી હતી. અરધ બિંબાકાર મુખ કમળ ઉપર અધરોષ્ટ ખૂબ જ શોભતા હતા અને મુખ કમળમાં શ્વેત દાડમની કળી સમાન દંતાવલી બીજના ચંદ્રની સમાન શોભતી હતી. દાંતોની કળીઓની શોભા હોઠ ઉપર છવાયેલી ખૂબ જ શોભતી હતી. લાલ મનોહર રસના (જીભ) કોમળ શોભતી હતી. જ્યારે બોલતા ત્યારે શુદ્ધ વચનો નીકળતાં હતાં. જેમ કે અમૃતસાગરને ઉલેચવા માટેનું સુંદર પાત્ર હોય તેમ જાણો. મનુષ્યોને પોષણ કરવા છ રસોનો પ્રવાહ વહેવડાવવા માટે સુંદર હાથો હોયને શું ? ભગવાનના ચિબુક જે છે તે આમ્રફળ (કેરી) જેવું લાગે છે. ગોળ કપોળ અર્ધબિંબની ક્રાંતિ ખૂબ જ શોભે છે. ભગવાનનું રૂપ ખૂબ જ સુંદર લાગે છે. તે સ્વપ્ન સાગરમાં દૃષ્ટિ જોડી દેવાથી વારંવાર જોવા છતાં તૃપ્તિ નથી થાતી. કમળની પાંખડી સમાન અણિયાળાં નેત્રકમળ અરુણ ક્રાંતિ સમાન ચંચળતાથી જોનારાના ચિતને ચોરનાર નેત્રો, તે ખૂબ જ શોભે છે. નેત્ર ઉપર ભ્રકુટિ તે કામદેવને દંડ દેનાર ખૂબ જ શોભાયમાન છે. તે ભ્રકુટિ ઉપર ભાલમાં તિલકની બે રેખાઓ ખૂબ જ શોભે છે. મસ્તક ઉપર સફેદ રત્નોનો મુગટ ધારણ કરીને મનુષ્યોનાં ચિત્ત સ્થિર થઈ જાય છે. એવા મનોહર મૂર્તિ પ્રભુના મુખકમળથી મધુર અમૃત રસને વેરતા થકા, મંદહાસ્ય કરતા થકા દર્શન આપે છે.

આ રીતે તે માર્કંડેય મુનિ ભગવાન શ્રી ઘનશ્યામ મહારાજના નખશિખ પર્યંત સમગ્ર સ્વરૂપનાં દર્શન કરી, પ્રેમ મગ્ન થઈને રોમાંચિત ગાત્રવાળા થઈને ગદ્ગદ્ વાણીથી કહેવા લાગ્યા. હે પ્રભુ ! આપ તો પરના પણ પર છો. સર્વને પાર કરનારા છો. પરબ્રહ્મ પરાત્પર પરમાત્મા પરમેશ્વર આપતો સર્વથી પુરાતન છો. સર્વથી પવિત્ર છો. પરબ્રહ્મ પુરુષોત્તમ પરમપ્રિય પ્રભુ મારી ઉપર કૃપા કરો. હે મારા નાથ ! હું હાથ જોડીને આપને

કહું છું, હે પ્રભુ ! આપના ચરિત્રોને ગાયા કરું છું, આપ સર્વની ઉપર હેત રાખનારા, તમારા પાસે તમારા શરણમાં આવ્યો છું મને નિભાવજો. હે પ્રભુ ! આપની આ દિવ્યમૂર્તિ તેના સર્વ ચિહ્નો સહિત મારા અંતઃકરણમાં રહો, હું તમારો દાસ છું. હે પ્રભુ ! આપ સર્વ અવતારને ધરનાર છો. સર્વ ધામના ધામી છો અને મુક્તમંડળ લઈને અવતારો ધારણ કરો છો. એવા હે પ્રભુ ! મને દર્શનનું સુખ આપ્યા કરજો એવી મારી પ્રાર્થના છે.

હે રાજન્ ! આ રીતે તે માર્કંડેય મુનિ ભગવાનની સ્તુતિ કરીને નમસ્કાર કરીને ઊભા રહ્યા ત્યારે પુરુષોત્તમ પ્રભુ બોલ્યા હે મુનિ ! તમારા જે વચનો કહ્યાં તે સર્વે વચનો થોડા સમયમાં જ સત્ય થશે. એમ તમો જાણો. સમય અનુકૂળ થશે એટલે પૂર્ણ થશે. માર્કંડેય મુનિને સમાધિમાં ભગવાન કહે છે, કે હું પોતે જ ઐશ્વર્ય સામર્થિની સાથે અદ્‌ભૂત અવતારને ધારણ કરીશ. ધર્મદેવના ઘેર ભક્તિમાતા થકી અવતાર ધરીને, મુનિનો અવધૂત વેશે કાર્ય કરીશ. હું આ બદ્રિપતિ નરનારાયણ ભગવાન બે સ્વરૂપે છે. તે એક જ સ્વરૂપ ધારણ કરીશ. જ્યારે હું ધર્મભક્તિ થકી અવતાર ધારણ કરીને અલૌકિક ચરિત્રો કરીશ તે તમો ગુણગાન ગાશો એ લોકોને સમજાવશો. ભગવાન કહે છે કે મારા સર્વે ગુણો તમને સ્ફુર્યા કરે એવું હે મુનિ તમને વરદાન આપું છું. જ્યારે હું જન્મ લઈને મનુષ્ય દિવ્ય ચરિત્ર કરું તે સર્વે ચરિત્રનું ગાન કર્યા કરો. લોકોને સમજાવ્યા કરો. આ પ્રમાણે કહીને ભગવાને આજ્ઞા કરી એટલે માર્કંડેય ઋષિ પાછા વળ્યા. ત્યારે તેઓના અંગોમાં ખૂબ જ આનંદની છોળો ઉછળતી હતી. એટલામાં ભગવાનની દૃષ્ટિ એમની પર પડી. ભગવાનની આજ્ઞાથી તે મુનિ જ્યારે જાગ્રત થયા ત્યારે મુનિ ભગવાનના નામનું રટણ કરવા લાગ્યા અને અક્ષરધામમાં મેં જે જોયું હતું તેનું મનમાં નિર્ધાર કરીને મનન કરવા લાગ્યા.

એજ સમયે બદરિકાશ્રમમાં એક ઋષિવર આવ્યા. એ ઋષિને રામાનંદ સ્વામીએ પ્રેરણા કરેલ કે તમો આ તીર્થયાત્રા કરતા થકા ભગવાનનું સ્મરણ કરજો. શતાનંદ સ્વામી પોતે સ્વયં સિદ્ધ થઈને તીર્થાટન કરવા લાગ્યા. જિજ્ઞાસાવાળા જનોને ભગવાનના ચરિત્રોનો ઉપદેશનો બોધ આપતા થકા મહાન તપસ્વી પૃથ્વી ઉપર વિચરણ કરવા લાગ્યા. તે શતાનંદ સ્વામી જ્યારે કુરુક્ષેત્રમાં આવ્યા ત્યારે ત્યાં રહેતા થકા પ્રગટ ભગવાનનાં દર્શન કરવા માટે મનમાં વિચાર કરવા લાગ્યા. તેઓ તીર્થોમાં ફરતા થકા શતાનંદ સ્વામી મખોડાઘાટ નામના આશ્રમમાં આવ્યા. ત્યાં આવી સરયૂ નદીના ઘાટ ઉપર જઈને સ્નાન વિધિ કર્યો. ત્યાર પછી દેવાલયોમાં દર્શન કર્યાં. દર્શન કરીને શતાનંદ સ્વામી મખોડા ઘાટે આશ્રમમાં આવ્યા અને માર્કંડેય મુનિને મળ્યા. ત્યારે શતાનંદ મુનિ માર્કંડેય મુનિને દંડવત્ કરવા લાગ્યા. એટલે માર્કંડેય મુનિ ઊભા થઈને તેમની સામે ચાલીને જવા લાગ્યા. શતાનંદ મુનિને ઊભા કરીને તેમને માર્કંડેય મુનિ ભેટીને મળ્યા. તેઓ આવેલ શતાનંદ મુનિને મહાન પુરુષ માનતા હતા. તેમને મધુર વાણીથી સન્માન કરી, આસન પાથરીને બેસાડ્યા. જળપાન કરાવ્યું. ત્યાર પછી વનફળ લાવેલા તેનાથી શતાનંદ મુનિનું સન્માન કર્યું. કહેવાય છે કે જ્યારે સંત પુરુષોનાં દર્શન થાય ત્યારે બધાં જ તીર્થનું ફળ સંતના ચરણથી મળે છે અને જે જન તેમનો સમાગમ કરે છે. તેને અનંતઘણું ફળ પ્રાપ્ત થાય છે. સંત તેમને ઉપદેશ આપી મુક્ત બનાવે છે. એટલા માટે જ સર્વે મુમુક્ષુઓ સંતપુરુષોનો સમાગમ કરે છે. મન, કર્મ વચને કરીને અમને રાજી કરે છે. સંતની સાથે આત્મસ્નેહ કરીને ભગવાનની એકાન્તિકી ભક્તિ કરે છે અને અંતે તે મોક્ષગતિ પ્રાપ્ત કરે છે. સંસારના જન્મમૃત્યુના બંધનથી મુકાવે છે. જ્યારે માર્કંડેય મુનિને મળ્યા ત્યારે શતાનંદ મુનિને મનમાં અતિશય આનંદ થઈ ગયો. માર્કંડેય મુનિએ તેમને કંદમૂળ તથા ફળો મધુરાં જમાડીને ખૂબ તૃપ્ત કર્યા.

ત્યાર પછી મુનિઓ પોતાના આસન પર જઈ બેઠા. આસન ઉપર બેઠા પછી શતાનંદ મુનિ કહેવા લાગ્યા. હે મુનિવર્ય ! આપ ભગવાનના લીલાચરિત્રોના સાગર રૂપ છે, કેમ કે તમારો પ્રસંગ થયો એટલામાં જ અતિ આનંદ થઈ ગયો છે. જેમ અતિશય પીડાતા જીવને ગંગાજીનો મેળાપ થઈ જાય અને આનંદ થાય તેમ મને તમને મળી આનંદ થયો છે. હે મુનિવર્ય ! આપના મુખની કથા સાંભળવા માટે જ અહીં આવ્યો છું. એટલા માટે મને ભગવાનનાં નવાં લીલાચરિત્રો કહો. અનેક ધામોના અધિપતિ ભગવાનના અનેક અવતારો થઈ ગયા. તેમનાં લીલાચરિત્રો મને સંભળાવો. તમો તો ભગવાનના ખૂબ જ પ્રિય છો. ભગવાનની કૃપાને મેળવેલ છે. તેથી ભગવાનની સાથે જે તમારો મેળાપ થયો તેની કથા મને કહો. હું પ્રગટ ભગવાનના દર્શન કરવાની ઈચ્છા રાખું છું તે કૃપા કરીને પૂર્ણ કરો. જે પુરુષોત્તમ નારાયણ જેને પરબ્રહ્મ કહેવાય છે તે આપ પોતે જ અવતાર ધરવાના છે. તેથી એમનાં ઐશ્વર્ય પ્રતાપ, સામર્થ્ય, એમનું દિવ્યધામ તથા અવતાર ધરવાનું નિમિત્ત તથા ધામમાંથી આવનારા અનાદિ મુક્તો જે હોય તેમના નામ સાથે સર્વે કથા મને કહો એવી વિનંતી છે. હે મુનિરાય ! આપ અવતારનાં ચરિત્ર તથા ભગવાનના શિશુ અવસ્થા, પૌંગાંડ અવસ્થા, કિશોર અવસ્થાનાં જેમ જેમ ચરિત્ર કરવાનાં હોય તેમ મને કહો તથા પ્રભુના માતાપિતા કોણ હશે ? કોના ઘેર અવતાર ધરવાના છે ? કયા ગામમાં જન્મ ધરશે ? તથા તે સમયે કેવો મહોત્સવ થવાનો છે એ સર્વે સુખના સ્વામી પુરુષોત્તમનાં સર્વે ચરિત્રની કથા મને સંભળાવો.

હે મુનિરાજ ! આપ જે કહો તે હું સાંભળવા માટે તૈયાર છું અને આપ મારાથી ઘણા મોટા છો આપ ભગવાનના ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાલીન સર્વે વાતો જાણનારા છો. તેથી મને કહેવા માટે યોગ્ય છો.

**આ પ્રમાણે શ્રી હરિલીલાસિંધુમાં પ્રથમ અવતાર રત્નમાં સહજાનંદ સ્વામીના શિષ્ટ વૈષ્ણવાનંદ વર્ણી રચેલાં છંદ ભાષામાં માર્કંડેય મુનિ અક્ષરધામનાં દર્શન કર્યા તથા શતાનંદ સ્વામીનો મેળાપ થયો. તેમના સંવાદ વર્ણન નામનો પાંચમો તરંગ થયો. ॥૫॥**

## તરંગ-૬

માર્કંડેય મુનિ શતાનંદને પૂછે છે. હે શતાનંદમુનિ ! આપ અત્યારે ક્યાંથી આવો છો અને આપને અહીં આવવા માટે કોણે પ્રેરણા આપી. આ મખોડાઘાટ આશ્રમમાં તમે કેવી રીતે આવ્યા તે વૃતાંત મને કહો. હે માર્કંડેય મુનિ ! મને તીર્થરાજ પ્રયાગરાજમાં રામાનંદ સ્વામી મળ્યા હતા. ત્યાં મારે રામાનંદ સ્વામીનો સમાગમ થયો. તેઓ પરમ ઉદાર મુક્તરાજ છે. તેમની પાસેથી મેં દીક્ષા ગ્રહણ કરી છે. હું તેમનો શિષ્ય છું. મને ખૂબ જ સુખ મળેલ છે. રામાનંદ મુનિવરે મને ભગવાનના ષડાક્ષરી મંત્ર અને અષ્ટાક્ષરી મંત્રની દીક્ષા આપી. બન્ને મંત્રનો ઉપદેશ આપ્યો અને ભગવાનના પરમધામને પમાડનાર આ મંત્રનો અખંડ જાપ કરશો તો મનોકામના પૂર્ણ થશે. અને મેં રામાનંદ સ્વામી પાસે ષડાક્ષરીમંત્રનો અર્થ મેં પૂછ્યો. જે પુરાતની અર્થ હોય તે મને કહો, ત્યારે તે મુનિ કહે કે આ જેનો મંત્ર છે તે પુરુષોત્તમ નારાયણ ભગવાન તે હવે પૃથ્વી ઉપર પ્રગટ થવાના છે. આ રીતે રામાનંદ સ્વામીએ મને કહ્યું ત્યારથી મારું મન પ્રગટ ભગવાનનાં દર્શન કરવા, તેમનાં ચરણનો સ્પર્શ કરવાની ઝંખના રાખે છે. પરબ્રહ્મ પુરુષોત્તમનાં લીલા ચરિત્રો સાંભળવાની મને ખૂબ જ ચાહના લાગી છે. મારે પરબ્રહ્મને મળવું છે. તે રામાનંદ સ્વામી ત્રણેય કાળમાં ભગવાનના

સ્વરૂપમાં મગ્ન રહે છે. જ્ઞાની મહાસિદ્ધ છે. સર્વને જાણનાર, સર્વ જીવોના સુખકર્તા એવા એમના સમાગમથી જ અજ્ઞાનરૂપી અંધકાર નાશ પામી જાય છે. જ્ઞાનપ્રાપ્ત થાય છે.

આવી રીતના અનંત સામર્થ્યવાળા પ્રતાપવાળા રામાનંદ સ્વામી જ્ઞાન વૈરાગ્યયુક્ત ભગવાન પુરુષોત્તમ નારાયણની દૃઢ ભક્તિયુક્ત એમની સાથે સંતમંડળ રાખીને રહે છે. રામાનંદ સ્વામી પોતાની પાસે આજ્ઞાપાલક થોડાક સંતો રાખી, મંગલકારી ધર્મધુરા સંભાળતા. જનોના કલ્યાણ માટે પૃથ્વી ઉપર વિચરણ કરે છે. એક દિવસ મેં રામાનંદ સ્વામીને પૂછ્યું કે મારા મનમાં ભગવાનનાં પ્રગટ પ્રમાણ દર્શન કરવાની તથા પ્રગટ ભગવાનનાં લીલાચરિત્રો સાંભળવાની તૃષા લાગી છે. તો તે તૃષાને શાન્ત કરવા કથારૂપી અમૃતનું પાન કરાવો. ત્યારે રામાનંદ સ્વામી મારી ઉપર ખૂબ જ કૃપા કરીને મધુર વાણીથી કહેવા લાગ્યા. તમો મારી આજ્ઞાને શિરોમાન્ય કરીને અત્યારે મખોડા તીર્થમાં જાઓ ત્યાં તમારા મનોરથ પૂર્ણ થશે.

માર્કંડેય મુનિ ખૂબ જ ઉત્સાહવાળા છે. તેઓ સર્વજ્ઞ છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રિકાળ જ્ઞાની છે તેમને મળો. તેઓ નારાયણ ભગવાનના સ્વરૂપના સેવન કરનારા છે. નારાયણના ધ્યાનપરાયણ છે. તેઓ જ્ઞાનસિદ્ધ છે. તેથી તમો તેમની પાસે જાઓ અને એમને કહો કે મને તમો પુરુષોત્તમ નારાયણ ભગવાનના ચરિત્ર કહો.

આ રીતે શતાનંદ સ્વામીના વચનો સાંભળીને તે માર્કંડેય મુનિને સત્ય સમજાયું કે તે મુક્ત કોટિના હતા. તેથી કહેવા લાગ્યા ઉદ્ધવજી જે હતા તે જ રામાનંદ સ્વામી થયા છે. તેઓ ભગવાનની ઈચ્છાથી જ જીવોને ભગવાનના માર્ગમાં જોડી જનકલ્યાણનું કાર્ય કરે છે. તે રામાનંદ સ્વામીમાં ભગવાનના સિદ્ધજ્ઞાનથી ઈશ્વર જેવા જ ગુણ છે. એમના જેવા બીજા કોઈ એકાંતિક નથી. તે રામાનંદ સ્વામીએ તેમને મારા દ્વારા ભગવાનના લીલાચરિત્રો ગાવા માટે તમોને પ્રેરણા આપીને શ્રોતા બનાવ્યા અને ભગવાનના ગુણ ગાવા યોગ્ય કર્યા. માર્કંડેય મુનિ કહે છે ભગવાનની એવી ઈચ્છા હશે તેથી હું ભગવાનના લીલાચરિત્રનો કહેનારો વક્તા બન્યો હોઈશ. ભગવાન પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રી હરિમાં પ્રેમવાળા થઈને શતાનંદમુનિને કહેવા લાગ્યા. માર્કંડેય મુનિ ભગવાનના સ્વરૂપમાં એકાગ્રચિત્ત થઈને જીવને ભવતારવા માટે બ્રહ્મરૂપ થઈને શતાનંદને કહેવા લાગ્યા. ભગવાનનાં ચરિત્રોનો ઉપદેશ આપવા લાગ્યા. હે શતાનંદ મુનિ ! તમને ધન્ય ધન્ય છે. કેમકે તમે પરબ્રહ્મ પરમાત્માના લીલાચરિત્રો સાંભળવા માટે પ્રશ્ન પૂછ્યા. તે ભગવાનના લીલાચરિત્રો સાંભળીને હૃદયમાં અતિ શીતળતા થાય છે. મનમાં અતિ આનંદ આવે છે. ભગવાનનાં ચરિત્ર સાંભળવાથી ત્રણેય પ્રકારના પુરુષાર્થ પ્રાપ્ત થાય છે. કલ્યાણ થાય છે. પુરુષ ત્રણ ગુણ રહિત થઈને પરમધામને પામે છે. ભગવાનના ચરિત્ર સર્વલોકનું સુખ કરનાર છે. કલ્યાણ કરનાર છે, મનોનિગ્રહ કરનાર છે અને તમે પૂછ્યા તે સવાલોમાં ભગવાનના મહિમાની જ અધિકતા રહેલી છે. તેથી સર્વ રીતે સુખકારી છે. હે શતાનંદ મુનિ ! તમે મારી આગળ જે વાતો પૂછી તેના નિવારણમાં તો સર્વધામના ધામીના ગુણ કહેવાય છે. તે પરાત્પર નારાયણ બ્રહ્મપુરધામી પ્રભુ તો આ ભૂમંડલમાં ક્યારેય આવ્યા નથી. પરંતુ તે ધામના ધામી પ્રભુ તો આ વખતે પૃથ્વી પર પ્રગટ થવાના છે. તે ભગવાન સર્વોપરિ છે. પરબ્રહ્મ પરમેશ્વર સર્વના કલ્યાણ સુખદાતા છે. સર્વે કારણના પ્રેરક છે. તે તો સર્વ અવતારના અવતારી છે. પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ જીવોને બ્રહ્મના પદની પ્રાપ્તિ કરાવે છે. એવા મહાન છે. તે પરબ્રહ્મ પરમાત્માનું સ્થાન અક્ષર બ્રહ્મપુરધામ છે. સત્‌ચિત આનંદમય એમ નિરઉપાધિક છે. સર્વે ઈશ્વરોને આત્યાંતિક મોક્ષ મળવો દુર્લભ છે. મંગલ સુખ દુર્લભ છે. તે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અક્ષરધામીના ભોગો દિવ્ય છે અને અમાપ

છે. એ અક્ષરપતિના દિવ્ય તનુના સર્જક માતાપિતા ધર્મભક્તિ છે. એ પ્રભુ તો અગણિત બ્રહ્માંડોના સ્વામી છે. અક્ષરબ્રહ્મ એવા સર્વે મુક્તો એમની સેવાભક્તિ કર્યા કરે છે. એવા તે મોટા છે. સર્વ ધામના ધામી પ્રભુ છે. તે જ સર્વના સ્વામી કહેલા છે. તે જ સર્વ નામના નામી છે. તેમને જ સર્વ સ્થાન દેવતા તથા લોકપાલો ભૂપાલો સર્વે નમન કરે છે. એમનાં અદ્‌ભૂત કાર્યો ક્રિયાઓ સર્વે દિવ્ય આશ્ચર્યકારક છે. તે પોતાના દિવ્ય બ્રહ્મપુરધામથી આ પૃથ્વી ઉપર પ્રગટ થયેલા છે. આ પૃથ્વી ઉપર ક્યારેક ગોલોકના ધામી પ્રભુ પ્રગટ થાય છે. ક્યારેક શ્વેતદ્વિપના સ્વામી અવતાર ધરીને આવે છે. તો ક્યારેક ભગવાન નરનારાયણ બદ્રીપતિ અવતાર ધરીને આવે છે. ક્યારેક હિરણ્યમય મૂર્તિ કહેવાય છે. તે પોતે અવતાર ધરે છે. આ ચારે અવતારો પુરુષોત્તમ નારાયણ પરબ્રહ્મ પ્રભુને સ્મરણ કર્યા કરે છે. તે વિના બીજા અંશ અવતારો, કલા અવતારો સર્વે આ પુરુષોત્તમ પ્રભુનું સ્મરણ કરે છે તથા પ્રદ્યુમન, અનિરુદ્ધ, શેષ, શારદા આદિ પુરુષોત્તમ પ્રભુના આશ્રયમાં રહી તેમના ગુણો કાયમ ગાયા કરે છે. ભૂમાપુરુષ, વિરાટનારાયણ અને શેષનારાયણ, સદાશિવ, વિષ્ણુ ભગવાન, બ્રહ્મદેવ, ઈન્દ્રાદિ સર્વ દેવો આ પુરુષોત્તમ નારાયણનું ભજન કર્યા કરે છે. ભગવાનની આજ્ઞાથી જ્યાં જેવું કાર્ય હોય ત્યાં તેવા સ્વરૂપ ધારે છે. જુદા જુદા સ્વરૂપે સર્વે ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તે છે. આ સર્વે સ્વરૂપોના રાજા એવા અલૌકિક મૂર્તિ પોતે જ આ વખતે પધારવાના છે. પરાત્પર અક્ષરધામાધિપતિ પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાનના ધામની સ્વયં જ્યોતિ સ્વરૂપ તે જ જ્યોતિ બદરિપતિ નરનારાયણ ભગવાનના સ્વરૂપને પામીને ધર્મદેવ ભક્તિમાતા ઘર પ્રત્યે જાય છે. અર્થાત્ એકાત્મકતા છે. પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુ પ્રાગટ્ય અવતારથી તે જ્યોતિ તે જ નરનારાયણ ભગવાનના દ્વાર પ્રત્યે આવે છે. તે નરનારાયણ ભગવાનનો શું મહિમા છે તે હું તમને કહું છું. તે તમો સાંભળો.

માર્કંડેય મુનિ કહે છે હે શતાનંદમુનિ નરનારાયણદેવ સર્વ દેવના દેવ છે. તે નરનારાયણ દેવના ચરણકમળની સેવા કરી સર્વે ઋષિઓ સુખને પ્રાપ્ત કરે છે. આ નરનારાયણ ભગવાન આદિ સત્યયુગમાં ધર્મભક્તિ થકી પ્રગટ થયા હતા. તે જ નરનારાયણ ભગવાને શુદ્ધ સત્ય સનાતનવાદને માનનારા પરબ્રહ્મવાદી સંતો ભક્તો સેવે છે. પૂજે છે. તે બન્ને રૂપો નરનારાયણ એક મળી મહાપ્રભુ કળિકાળમાં જનના મેલ ધોવા પ્રગટ થયા છે. તે જ પોતે સહજાનંદ સ્વામી અશરણ શરણ પોતે જ છે. તે જ સર્વ ધામના ધામી સહજાનંદ સ્વામી પોતે સર્વમુનિઓના સ્વામી મુનિપતિ છે. તે પોતે એકાન્તિક ભક્તોની સેવાને અંગિકાર કરે છે. તે જ પ્રભુ સર્વે જીવોના જીવનપ્રાણ છે અને સર્વ દેવોના પોતે દેવાધિદેવ છે. તે સહજાનંદ સ્વામી સર્વ ઈશ્વરોના ઈશ્વર છે. સર્વ ધામોના પોતે ધામી છે. આજ ભગવાન ધર્મભક્તિના પુત્ર શ્રી હરિ પોતે જ સર્વ અવતારોને ધારણ કરે છે. તે નારાયણમુનિ નરનારાયણદેવ ભરત ખંડના પોતાના જ પ્રિય ભક્તોના સુખ માટે બદ્રિકાશ્રમમાં રહીને તપ કરે છે અને પોતાના અક્ષરધામમાં અનંત કોટિ મુક્તોથી સેવાતા થકા નિવાસ કરે છે અને ત્રણેય કાળમાં તે મુક્તોને દર્શન આપે છે. અને દિવ્ય અલૌકિક તેજમાં નિવાસ કરે છે. તે જ ભગવાન મુનિજનોને અષ્ટાંગયોગની શિક્ષા આપી સિદ્ધ પદવીને પમાડે છે. તે ભગવાનના પ્રતાપથી સર્વે મુનિઓ ભગવાનના સ્વરૂપના જ્ઞાનને દૃઢ કરીને ચિરંજીવી સિદ્ધો બની જાય છે. તેમને સર્વે મુનિઓ ચિરંજીવી કહે છે. જે જનો ઉગ્ર તપસ્યા કરે છે તેમને તેનું ફળ ભગવાન આપે છે. એવા આ ભગવાન ગરીબ નિવાજ મહાન છે. જ્યાં નરનારાયણ ભગવાન બદ્રિકાશ્રમમાં છે ત્યાં શ્વેતવર્ણવાળો બરફનો પહાડ છે તેની ચારેબાજુ સૂર્યના પ્રકાશથી કરોડો સૂર્યના જેવો શ્વેત પ્રકાશ ફેલાય છે. તે પર્વતનાં હિમ શિખરો ઊંચા અને ખૂબ જ ફેલાયેલાં હોવાથી મુનિગણો ત્યાં નિવાસ કરે છે. તે પર્વત કોઈક

જગ્યાએ કાળા વર્ણનો છે તો ક્યાંક ભૂખરા રંગનો દેખાય છે. કંદરાઓ અને કોતરોના પ્રભાવથી તે પર્વત વિવિધ જાતનો દેખાય છે. ક્યાંક પીળા વર્ણનો દેખાય છે તો ક્યાંક લાલ રંગનો દેખાય છે. ક્યાંક સફેદ વર્ણનો દેખાય છે. ક્યાંક પહોળાઈ તો ક્યાંક ઊંચાઈથી ખૂબ જ શોભે છે. નિર્મળ જળનાં ઝરણાં તે આશ્રમની નજીકથી વહે છે. તે આશ્રમની પાસેથી જ દેવનદી મંદાકિની ગંગા નિર્મળ જળથી ભરપૂર વહેતી રહે છે. તે નિર્મળ જળના પ્રવાહથી નીકળતા રંગથી ભમરીઓના વર્તુળો સુંદર શોભે છે.

તે મંદાકિની નદીમાં સફેદ લાલ પીળાં કમળો અરુણ વર્ણનાં કમળો ખીલેલાં રહે છે. તે કમળોની ઉપર ભમરાઓ ખૂબ જ સંખ્યામાં તેની પરાગરજમાંથી મધુરરસને ચોર્યા કરે છે. કલાપ ગામના મુનિજનો સ્નાન, ધ્યાન, સંધ્યા આદિ ક્રિયાઓ કર્યા કરે છે. તેનાથી તે નદીનો તટપ્રદેશ ઉપર મુનિઓ મંત્રજાપ, મહાજાપ કરે છે. તેથી ખૂબ જ શોભે છે. જળસર્પો, કરચલાં, જળકુંકડાં, સારસહંસો જે કહેવાય છે તે સર્વે પ્રાણીઓ જુદા જુદા શબ્દોથી વાતાવરણ ગુંજતું હતું. તેમજ ઘાટા વૃક્ષોની છાયાથી શોભા વધતી હતી. તે પર્વત ઉપર બદ્રિકાશ્રમની નજીકમાં ભાતભાતનાં વૃક્ષોથી શોભા વધતી હતી. તે સઘન વનમાં વૃક્ષો જાતજાતનાં ફળોથી લચી પડ્યાં હતાં. કેળના થાંભલા, આંબા, કદંબ, નાળિયેરી ફળના ભારથી નમેલી હતી. ફણસ આદિ ફળનાં વૃક્ષો તથા નારંગી દાડમ આદિ વૃક્ષ નમેલાં શોભા વધારતાં હતાં. તે વનમાં ફૂલનાં વૃક્ષો બકુલ, ચંપો, સુભગ, હરસિંગાર, ચમેલી, મલિકા, માલતી, કેતકી, કેતક, જાઈ, જુઈ, ગુલાબ, ગુલબસ, પારિજાત આદિ અનેક છોડ છે. આ રીતે જ્યાં ફલફૂલોની શોભા ખૂબ જ દેખાય છે. એવા તે વિસ્તારમાં પશુપક્ષીઓ પણ રહે છે. તેમાં નિલકંઠ, પોપટ, ચક્રવાક (ચાતક), મોર, કબૂતર, કોયલ, કાગડા વગેરે પક્ષીઓ તથા હાથી, સિંહ, વાઘ, ભૂંડ, પાડા, મૃગ, ગનસૂર, ભિરોઝ, રુકિઆ આદિ પશુપક્ષીઓ ઘણાં બધાં રહે છે. તેનું વર્ણન કરતાં પાર આવે તેમ નથી. તે સર્વે પક્ષીઓ, પશુઓમાં ક્યારેય વૈરભાવ થતો જ નથી. સર્વે પક્ષીઓ એક સાથે જ મળીને રહે છે. ભગવાનના ચરણના આશ્રયમાં સર્વેનો નિર્વાહ થાય છે. સર્વે વૃક્ષોનો રાજા બદ્રિવૃક્ષ કહેવાય છે. કેમ કે તેની નીચે મુનિપતિ નારાયણપ્રભુ વસે છે. તે ભગવાનની સેવા કરવા માટે અક્ષરધામમાંથી લક્ષ્મીજી બદ્રિવૃક્ષનું રૂપ ધરીને સેવામાં આવ્યાં છે. તે બદ્રિવૃક્ષો ખૂબ જ ઊંચાં અને ઘાટાં શોભે છે. તેમાં કાયમ માટે મીઠાં મધુરાં ફળો રહે છે. તેનાથી વૃક્ષો ઝુકી જાય છે. આ વિશાલા આશ્રમનું નામ યુગધર્મ પ્રમાણે જુદાંજુદાં કહેલાં છે. તેમાં સત્યુગમાં યોગસિદ્ધદા કહેવાય છે. ત્રેતાયુગમાં મુક્તિદાતા સુખધામ નામથી પ્રસિદ્ધ હતું. દ્વાપરમાં આને વિશાલા કહેતા હતા અને કળિયુગમાં બદ્રિકાશ્રમ માત્રથી પ્રસિદ્ધ પામેલ છે.

આ બદ્રિકાશ્રમમાં કળિયુગનો પ્રવેશ થતો નથી. મુનિઓ કાયમ શાન્તિથી શ્રીહરિ પ્રભુનું ધ્યાન કર્યા કરે છે. સાવરણી મુનિ આદિ અનેક આત્માઓ તપ કરવાનું નિયમ લઈને ભગવાનની આરાધના કર્યા કરે છે. ભગવાનના ચરિત્રોનું ગાન કર્યા કરે છે. નરનારાયણદેવ અક્ષરધામાધિ પતિનું સ્મરણ કરવાથી સર્વ પ્રકારના આધિ, વ્યાધિ, ઉપાધિ મટી જાય છે અને દર્શન કરવાથી તેનાં સર્વ પાપાદિ કૂકર્મો મટે છે. ચૌદ લોકમાં આવું પવિત્ર નિર્ગુણ અલૌકિક સ્થળ બીજું નથી. તે નિષ્પાપ અને અતિશય શુદ્ધ પવિત્ર છે. વૈકુંઠ આદિ ધામો કરતાં પણ બદ્રીધામ શ્રેષ્ઠ છે. આ ધામને મેળવીને ભવનાં દુઃખોથી મુક્ત બની જાય છે. બદ્રિવન ધામમાં મુનિજનો કાપાલ વેશે રહે છે અને ભગવાનના ચરિત્રોને છંદના ધ્વનિથી આલાપે છે. તેઓ વૃક્ષછાલને વલ્કલકોપિન અને કંથાને ધારણ કરે છે. તે સર્વ પાપથી મુક્ત થઈ આત્મા રૂપ થઈ પરમાત્માને ભજે છે. મૃગાજીનને ધારણ કરીને

ઇન્દ્રિયોને વશમાં કરીને કામ, ક્રોધ, લોભાદિકથી પર થાય છે. થોડા પુન્યવાળા પ્રાણીઓ ત્યાં મહદ્ પુન્યવાળા બની ભગવાનનાં દર્શન કરે છે. તે પુન્યાત્માઓ પવિત્ર દિવ્યપુરુષોના હાર બનાવીને, સુગંધયુક્ત, સુંદર પવિત્ર ગંધલેપથી ભગવાનનું પ્રેમથી પૂજન કરીને મહામુક્ત નિર્બંધ થઈને વિચરે છે. બદ્રિધામવાસી મુનિવરોના દેહ અતિશય તેજોમય, સુંદર પાતળું કૃશ થયેલું શરીર હોય છે. મસ્તક પર મોટી જટા ધારેલા તેમાંથી કેટલા અગમનિગમ બોલતા હતા. તેમાંથી નિપુણતાને પામેલા કેટલાક ઉપનિષદના આગમોને ઉચારતા હતા. તેમાં કેટલાક તપસ્વી મુનિઓ પવનનો આહાર કરીને રહેતા હતા. કેટલાક મુનિઓ ગરમ પાણીના ફીણનો આહાર કરતા હતા. કેટલાક મુનિઓ ચંદ્રકિરણનો આહાર ધારણ કરીને સૂકાં પાંદડાંનો આહાર કરીને રહેતા હતા. કેટલાક મુનિઓ લીલાં પાંદડાં, ફળ, મૂળનો આહાર કરીને રહેતા હતા. કેટલાક ઉપવાસ કરીને રહેતા હતા. તે સર્વના સ્વામી નરનારાયણ ભગવાન નિષ્કામી દોષરહિત સદા રહે છે. શ્વેતદ્વિપધામના મુક્તો કાયમ માટે બદ્રિપતિ નરનારાયણ ભગવાનના દર્શન કરવા આવે અને સતત એકાગ્ર દૃષ્ટિથી દર્શન કર્યા કરે. ત્યાંના મુનિઓ ભગવાનની સામે સ્થિર દૃષ્ટિ કરીને દર્શન કરતા એ રીતે દર્શનનો આનંદ લેતા હતા. જ્યારે જ્યારે બદ્રિધામવાસી મુક્તો શ્વેતદ્વિપધામમાં જાય ત્યારે યોગકળા કરીને જાય છે અને જ્ઞાનપૂર્વક મુખથી જય જય નારાયણ સ્વામીના મંત્રોનો જાપ કરતા જાય છે.

ત્યાં શ્વેતદ્વિપધામમાં વાસુદેવ નારાયણ ભગવાન શ્વેત મુક્તોની સાથે વાસ કરે છે. ત્યાં કાયમ રહે છે. તે ભગવાનને બદ્રિમુક્તો કાયમ આવીને હંમેશાં પૂજા અર્ચન કરે છે. સર્વે બદ્રિમુક્ત સમુદાય ખૂબ જ આનંદને પામે છે. પૂજન કર્યા પછી તે મુક્તો ઊંચે સ્વરે નરનારાયણ ભગવાનની પ્રેમભાવથી સ્તુતિ પ્રાર્થના કરે છે. આ રીતે નારાયણ વાસુદેવની એકતા દર્શાવે છે. પછી દર્શન આનંદ મેળવીને આકાશ માર્ગે ચાલે છે. ત્યારે આવતાં જતાં શ્વેતદ્વિપવાસી મુક્તો અને બદ્રિવનવાસી મુક્તો પ્રેમથી ભેટે છે. શ્વેતદ્વિપધામના મુક્તો જ્યારે નરનારાયણ ભગવાનના બદ્રિકાશ્રમમાં દર્શન કરવા પોતાની ઈચ્છાથી મોટા મોટા જૂથમાં આવે છે. અને નરનારાયણ ભગવાનનાં દર્શન કરી ચરણસ્પર્શ કરીને ખૂબ જ આનંદ પામે છે. ત્યારે શ્વેતપુરવાસી મુક્તો પોતાના મુખે વાસુદેવ નારાયણ ભગવાનની જય હો એમ વાસુદેવના નારાથી ઉચ્ચારે છે. વાસુદેવ ભગવાનની સ્તુતિ કરે છે. આ રીતે પ્રેમપૂર્વક અભિન્ન અંતરની પ્રતીતિ કરાવે છે. બન્ને ધામના મુક્તો અસરપસર ખૂબ જ પ્રેમથી મળે છે અને અતિ આનંદ પામે છે. તે શ્વેતધામના મુક્તો ભારે પોપ સુગંધી પદાર્થોથી નરનારાયણ ભગવાનનું પૂજન કરે છે. ત્યારપછી નમસ્કાર કરીને જય જય બદ્રીપતિ નામનું સ્તવન કરે છે અને નમસ્કાર કરી પાછા શ્વેતદ્વિપ ધામમાં જાય છે.

નરનારાયણ ભગવાન જ્યારે ગંગાનદીમાં સ્નાન કરવા જાય ત્યારે બધા જ દર્શન કરવા આવે છે ત્યારે ભગવાનને આવ્યા પહેલાંથી રાહ જોતા ઊભા રહે છે અને નારાયણ ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ જોડીને માર્ગમાં ઊભા રહે છે. તેમાં પશુ, પક્ષીઓ, મૃગો, નાગો, આદિ અનેક જીવો પોતાના દુઃકૃત્યોને ધોવા માટે દર્શન કરે છે. મનમાં આનંદ પામે છે. આ નરનારાયણ ભગવાન સર્વ જગતના સ્વામી છે અને પોતે પોતાના ભક્તના કલ્યાણ માટે ઉગ્ર તપસ્યા કરે છે. જ્યારે મનમાં નિવૃત્તિ હોય ત્યારે નિવૃત્તિ માર્ગવાળા નારદમુનિ નૈષ્ઠિકવ્રતને ધારનારા ભગવાનનું પૂજન કરીને ચરણરજ લે છે અને પ્રભુને અતિ પ્યારા એવા એકાન્તિક ભક્ત ઉદ્ધવજી ભગવાન નારાયણમાં વૃત્તિ જોડીને કાયમ સેવા કર્યા કરે છે. આ બદ્રિકાશ્રમમાં જે મનુષ્યો રહે છે તે કાયમ ભગવાનના ચરણકમળનું ભાવપૂર્વક પૂજન કર્યા કરે છે અને ત્રણે કાળમાં સતત દર્શન કરીને નિષ્કામ ભાવથી

ભગવાનના ચરણકમળની સેવા કરીને મુક્તો આનંદ પામે છે. બદ્રિધામના મુનિઓની અંદર અધર્મ સર્ગ ક્યારેય આવતો નથી. તેઓ ભગવાનના ચરણકમળને ખૂબ પ્રેમભાવથી નિષ્કામ ભાવે પૂજીને અતિશય આનંદ મેળવ્યા કરે છે. અહર્નિશ ભગવાનના ચરણમાં વાસ કરે છે. જે જીવાત્મા ભગવાનના અહો અહો ભાવથી એક લવ માત્ર જ દર્શન કરે છે. તેના કરોડો જન્મનાં કરેલાં કર્મોનાં પાપો દર્શન માત્રથી જ પળમાં નાશ થઈ જાય છે. તે ભક્ત નિષ્પાપ થઈ જાય છે. જ્યારે વત્રાસુર અસુરનો વધ થયો ત્યારે બ્રહ્મહત્યારાએ અહીં વાસ કરીને ભગવત્ પ્રાર્થના કરી. તેથી આજ આશ્રમમાં તે પાપકર્મનો નાશ થઈ ગયો તે સર્વે જગજાહેર વાત છે.

નરનારાયણ પ્રભુના આ બદ્રિકાશ્રમનો યશ ગુણ શેષનારાયણ ગાય છે છતાં પૂર્ણ થતાં નથી. અગમનિગમ જે વેદો, શારદા, બ્રહ્મપદ પામેલા ગાય છે તોય પાર નથી પાંમતા આના મહિમાને સામાન્ય મતિથી હું ક્યાં પાર કરી શકું ? આના મહિમાને કોઈ જાણી જ ન શકે.

**આ પ્રમાણે હરિલીલાસિંધુમાં પ્રથમ અવતારરત્નમાં વૈષ્ણવાનંદ વર્ણિએ રચેલ છંદભાષામાં બદ્રિકાશ્રમમાં મુનિમંડળના જ્ઞાનવૈરાગ્યદાતા ભગાવનનાં વર્ણનનો છઠ્ઠો તરંગ થયો ॥૬॥**

# તરંગ-૭

શતાનંદ મુનિ કહે છે હે માર્કંડેય મુનિ ! આપે મુક્તિ આપનારાં ચરિત્રોનું મારી આગળ વર્ણન કર્યું. તે બરોબર છે. પણ હવે બીજા ચરિત્રો જે હોય તે મને આપની સ્મૃતિમાં જે આવે તે કહો. હે મુનિરાજ ! કયાં કયાં તીર્થો મુક્તિ આપનારાં છે જેનો મહિમા કહો જેથી સુખ થાય.

સુવ્રત મુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! શતાનંદ મુનિએ પૂછેલા પ્રશ્નોના જવાબ શતાનંદને માર્કંડેય મુનિ પોતે કહેવા લાગ્યા કે મહાદેવજીને બ્રહ્મકપાલ લાગ્યો તથા અગ્નિ સર્વેને બાળવા લાગ્યો તેનું વર્ણન કરવા લાગ્યા.

આનંદરાજા અયોધ્યાપ્રસાદજીને પૂછે છે, હે અયોધ્યાપ્રસાદ ! આપ મુને વર્ણન કરીને કહો જે બ્રહ્મકપાલ થયો તથા અગ્નિ બળવાથી જે પાપ લાગ્યાં તેની કથાવિસ્તારથી મને કહી સંભળાવો.

અયોધ્યાપ્રસાદ કહે છે હે આનંદરાજ ! એક વખત પ્રજાપિતા બ્રહ્માજી પોતાની પુત્રી સરસ્વતીને જોઈને તેની ઉપર કામવાસના જાગ્રત થઈ. તેથી પોતાની પુત્રી સાથે પ્રસંગ કરીને કામવાસના પૂર્ણ કરવાની ઇચ્છા રાખતા હતા. તેથી બ્રહ્માજી પુત્રી પાસે જવા લાગ્યા ત્યારે પુત્રી સરસ્વતીએ તેમને રોકવા પ્રયત્ન કર્યો. તે છતાં માન્યા નહિ. પુત્રી સાથે વાદવિવાદ કરી તેને પકડવા ગયા. બ્રહ્માજી, પુત્રી સરસ્વતી પાછળ દોડવા લાગ્યા ત્યારે બ્રહ્માજીને વચમાં મહાદેવ બાધારૂપ થયા. એટલે બ્રહ્માજી મહાદેવજી પર અતિ કોપાયમાન થયા અને બ્રહ્માજીનું પાંચમુ મુખ ભારે થઈ ગયું. મહાદેવ સદાશિવને બ્રહ્માજીના પાંચમા મુખે આકરા ઉચ્ચારો કરીને બકવાસ કરવા લાગ્યું. મહાદેવજીએ તેમને સમજાવવા છતાં ગાળો બોલવા લાગ્યા ત્યારે મહાદેવજી ક્રોધિત થયા.

બ્રહ્માજીના મુખે ક્રોધ કરીને મહાદેવજીને ગાળ દીધી એટલે શંકરભગવાને ત્રિશૂળથી માથામાં પ્રહાર કર્યો. માથું કપાઈને મહાદેવજીના હાથે ચૂંટી ગયું અને બ્રહ્માજી ફરીથી પુત્રી સરસ્વતીની પાછળ દોડવા લાગ્યા. કામવાસનાથી ખૂબ જ આતુર થયેલા હતા. બ્રહ્માજી પાછળ પડ્યા એટલે પુત્રી દોડી ન શકી ત્યારે સરસ્વતીએ હરણીનું રૂપ લઈને જવા લાગી. પુત્રીને હરણી થયેલી જોઈને પિતા બ્રહ્માજી મૃગના રૂપને ધારણ કરીને

સરસ્વતીની પાછળ દોડવા લાગ્યા. મહાદેવજીના કપોલમાં લાગેલું બ્રહ્માજીનું પાંચમુ મુખ ખરાબ બોલ બોલ કરતું હતું. તેથી બ્રહ્માજીના ભૂંડા મુખ કપોલમાં લાગેલું રહેવાથી ખૂબ જ અકળાઈ ગયા હતા. જ્યારે મહાદેવજી અકળાઈ ગયા ત્યારે દુર્જટી નૈષ્ઠિક બ્રહ્મચર્ય ધારણ કરીને પવિત્ર યોગધારણા કરીને ભગવન મંત્ર જાપ કરીને તપ કરવા લાગ્યા. ત્યાર પછી ત્રણે લોકનાં તીર્થોની યાત્રા કરી. તો પણ મહાદેવજી બ્રહ્મહત્યાના પાપથી મુક્ત ન થયા. મહાદેવજીએ પાપથી છુટવા માટે અનેક અનેક પ્રકારના કષ્ટ નિવારણ યાગ કરાવ્યા તે છતાં દુઃખમાંથી મુક્ત થાવા સમર્થ થયા નહીં. ત્યારે મહાદેવજી દુઃખથી મુક્ત થવા માટે વૈકુંઠમાં વિષ્ણુ ભગવાન પાસે ગયા. ભગવાનને મહાદેવજીએ કહ્યું, હે હરિ, બ્રહ્મહત્યાના પાપથી મુક્ત થવાનો માર્ગ બતાવો, તેના યોગ તીર્થ બતાવો. જેથી હું પાપથી મુક્ત થઈ શકું.

મહાદેવજી ભગવાન વિષ્ણુને કહેવા લાગ્યા કે અહીં વૈકુંઠમાં આવ્યો છતાં, બ્રહ્મહત્યાનો દોષ નાશ નથી પામતો, તેનો કોઈ ઉપાય બતાવો. ત્યારે ભગવાન વિષ્ણુ કહેવા લાગ્યા હે વામ ! તમે સાંભળો પાપ મટાડવા માટેનો ઉપાય બતાવું. ભરતખંડમાં પવિત્રમાં પવિત્ર મહાન સ્થળ એ છે જ્યાં દેવો મુનિઓ જેનું સેવન કરે છે. જ્યાં નર ભગવાન નારાયણ ભગવાન એકાત્મપણે નિવાસ કરીને બૃહદ્ નૈષ્ઠિક વ્રત ધારણ કરીને રહે છે. બદ્રિકાશ્રમની અંદર બોરડીનું વૃક્ષ છે તે અક્ષરબ્રહ્મ સ્વરૂપે નરનારાયણ ભગવાનની સેવા માટે હાજર રહે છે. આ બદરિ વૃક્ષ અક્ષરધામનું વૃક્ષ છે. તમો ત્યાં જાઓ ત્યાં જાશો એટલે તમારું દુઃખ નાશ પામી જશે. જ્યાં વર્ણિઓના સ્વામી નિર્મળ નિર્ગુણ સ્વરૂપે વિરાજમાન છે, એવા, દુઃખીઓના દુઃખ મટાડનાર ગરીબોના બેલી નારાયણ ભગવાન વિરાજમાન છે એવા, જ્યાં દક્ષ પ્રજાપતિના યજ્ઞ સમયે તમે તે યજ્ઞમાં ગયા હતા ત્યારે તમારી સાથે વિવાદ થયો. તેથી દક્ષ તમારે શત્રુ થયો ત્યારે તે તમારા ભયથી મુક્ત થવા તે ત્યાં ગયો હતો. ત્યારે તે યજ્ઞમાં યજ્ઞપુરુષ જ્યાં ગયા ત્યારે તમે બાણથી તેમનું મસ્તક છેદી નાંખ્યું. તે પાપ તમને લાગ્યું ત્યારે તેના નિવારણ કરવા તમે નરનારાયણ ભગવાનના ઘેર ગયા હતા. તમારા પાપનો અંત આવ્યો હતો. માટે હે શિવ ! તમારો ત્યાં સર્વે સંતાપ નાશ પામી ગયો હતો. તે સર્વે વાતને હું જાણું છું. માટે તમે પણ ત્યાં જાવ. આ પ્રમાણેનાં વિષ્ણુ ભગવાનનાં વચનો સાંભળીને ભગવાન સદાશિવ પણ તુરતજ નરનારાયણ ભગવાનના બદ્રીધામ આશ્રમમાં ગયા. મહાદેવજી બદ્રિવનમાં ગયા એટલે આશ્રમ દૂરથી જોયો. તેથી હૃદયમાં ખૂબ ખુશી થઈ. તરત જ લાગલું જે બ્રહ્મહત્યાનું પાપ તે નષ્ટ થઈ ગયું. મહાદેવજીને ખૂબ જ આનંદ આનંદ થઈ ગયો અને નિષ્પાપ થઈ ગયા. પાપનો ભાર ગયો એટલે શંકર ભગવાન ઉતાવળે પગે ચાલીને બદ્રિકાશ્રમ આશ્રમમાં પ્રવેશ કર્યાં. નરનારાયણ ભગવાનનાં દર્શન કર્યાં. આવી રીતે અદ્ભુત બદ્રિકાશ્રમધામનો મહિમા માર્કંડેય મુનિએ કહ્યો. શિવજીનું બધું દુઃખ ગયું અને સુખ થયું ત્યારે શંકર ભગવાન બદ્રિવનમાં નિવાસ કરવા લાગ્યા. માતા પાર્વતીની સાથે ભવ અને ભવાની બન્ને ઉમંગથી હિમાલયમાં કૈલાસધામને માન્ય કરીને રહેવા લાગ્યા. સર્વ પ્રકારે શાંતિ થવાથી ભગવાન શંકર પાર્વતીજીની સાથે હિમાલયમાં જ નિવાસ કરીને રહેવા લાગ્યા. તેથી તેમનું નામ કેદારનાથ પર્વતના નામથી પ્રસિદ્ધ થયા. નરનારાયણ ભગવાનની આગળ કામદેવ કાયમ થરથર કંપતો ફરે છે અને લાંબા કાળ સુધી લાંબા આયુષ્યવાળા યોગીઓ કાયમ સમાગમ કરતા થકા નિવાસ કરીને રહે છે.

જ્યારે અગ્નિ સર્વભક્ષી થઈને બધું જ બાળવા લાગ્યો. તેથી તેને પાપનો દોષ લાગ્યો. અતિ કૃષ થઈ ગયો. અજીર્ણ થયો ત્યારે તેના દોષને દૂર કરવા માટે તે અગ્નિ ઉતાવળો થકો વિશાલામાં ગયો. દુઃખી થયેલા અગ્નિએ

જોઈને વ્યાસજીને પૂછ્યું ત્યારે વ્યાસ ભગવાને તેને નરનારાયણ ભગવાનના શરણમાં જવાની વાત કરી. તે ત્યાં ગયો એટલે તે અગ્નિ પાપથી મુક્ત થયો અને તેજાયમાન થઈ ગયો. તે વાત વેદમાં પ્રસિદ્ધ છે. તેમાં ગારુડી, શિલા, મારકંડી, નૃસિંગા તથા નારદી તથા વરાહી નામથી જુદા જુદા વાસ કરે છે અને જુદા જુદા નામથી પ્રસિદ્ધ છે. આ પ્રમાણે પાંચ તીર્થો નરનારાયણ ભગવાનની સમીપમાં રહીને તેમની સેવા કરતાં થકાં જીવોના પાપોનો નાશ કરવા માટે ત્યાં બદરિવનમાં સ્થિર થયાં. તેઓએ જેવી રીતે દેવની માફક તત્પરતાથી સેવા ભક્તિ કરી તો તેથી તેઓ પાંચે શિલાના નામે મહાતીર્થ થયાં છે. નારદ ઋષિ જે શિલા ઉપર બેસીને તપ કરતા કરતા બદ્રિનાથ ભગવાનની અતિભાવથી ઘણા કાળ સુધી ભક્તિ કરતા રહ્યા. તો તેમના યોગસાધનાથી તે શિલા નારદી નામથી પ્રસિદ્ધ થઈ છે. પનંગારી (ગારુડિએ જ્યાં બેસીને અષ્ટાંગ યોગને સિદ્ધ કરીને આરાધના કરી તેથી તે રોગથી મુક્ત થઈને અરોગી થયો. તેની બાજુમાં જ શ્રી બદ્રિનાથધામ આવેલ છે. તે ખૂબ જ શોભે છે. તેમના યોગથી એ શીલાને ગારુડી શીલા તીર્થ કહેવાય છે. માર્કંડેય મુનિએ જે જગ્યા પર રહીને સાચા ભાવથી યોગસાધના કરી અખંડ ભગવાનનું આરાધન કર્યું તેનાથી તેનું અલ્પાયુ હતું. તે ચિરંજીવી આયુષ્યવાળા થયા તે ભગવાનની કૃપાથી થયું. તે શિલા માર્કંડી શિલા નામથી પ્રસિદ્ધ થઈ છે. હિરણ્યાક્ષ રાક્ષસ પૃથ્વીને રસાતાળ નામના પાતાળમાં લઈ ગયો હતો તેની સાથે યુદ્ધ કરી તેને મારીને પૃથ્વીને પોતાની ડાઢો ઉપર રાખીને બહાર લાવ્યા. ત્યાર પછી વરાહ ભગવાને જ્યાં બેસીને પોતાનો થાક ઉતાર્યો. વિશ્રાન્તિ લીધી તે શિલા વારાહીશિલા નામથી પ્રસિદ્ધ થયેલી છે. પોતાના ભક્તની નિષ્ઠાને વશ થઈને થાંભલામાંથી પ્રગટ થયેલા નૃસિંહ ભગવાને હિરણ્યકશિપુની સાથે યુદ્ધ કરીને કરેલી પ્રતિજ્ઞા મુજબ વરદાન મેળવ્યું તે મુજબ નૃસિંહ ભગવાને રૂપ લઈને દૈત્ય સાથે યુદ્ધ કરીને સંધ્યા સમયે હિરણ્યકશિપુને માર્યો. ત્યાર પછી નૃસિંહ ભગવાને જ્યાં આવીને સુખેથી થાક ઉતાર્યો. જે શિલા પર બેઠેલા તે શિલા નારસિંહ શિલા નામથી ઓળખાય છે.

બીજું પણ બદ્રિકાશ્રમની પાસે એક તીર્થરાજના નામથી પ્રસિસદ્ધ માનસરોવર નામનું તીર્થ છે. તે સરોવર આગાધ જળથી ભરેલું છે. તે અતિ સફેદ જોઈ આશ્ચર્ય થાય છે. તેની અંદરથી શત સુગંધયુક્ત હવા વહ્યા કરે છે. માનસરોવરના સ્પર્શવાળી હવાનો સ્પર્શ થાય તો પણ પાપથી મુક્ત થઈ જાય છે. તો તેમાં સ્નાન કરવાથી તો ત્રિવિધ તાપમાંથી મુક્તિ થઈ જાય તેમાં શું આશ્ચર્ય હોય એવું મહાન પવિત્ર તીર્થ છે. મનોહર કમળની પરાગરજની સુગંધથી મત્ત થયેલા ભમરા મદથી ગુંજારવ કરે છે તથા તે સરોવરના તટ ઉપર મુક્ત મુનિઓ ગુણ ગાય છે. તે પણ સરોવરના કમળરજની સુગંધથી પ્રફુલ્લિત થઈ ગાય છે. શ્વેત રાજહંસોના અનેક યુથો વિહાર કરતાં થકાં ખૂબ જ શોભી રહ્યાં છે. તે રાજહંસની વાણી મુનિઓ અને દેવો સાંભળીને તેમના મનને લોભાવનારી થાય છે. એવું મનોહર માનસરોવર તીર્થ છે. તે માનસરોવરમાં હંસો સુંદર તાલથી મોતીનો ચારો ચરતા હોય ત્યારે દેવો અને મુનિઓ જોયા કરે છે. નવાઈને પામે છે. સરોવરના તટ ઉપરથી તે કમળનાં પાંદડાં ઉપર બિંદુઓમાં પંચરંગી દૃશ્ય જણાય છે. ત્યાં આગળ દેવતાના જૂથો, મુનિઓના નાથ નારાયણ ભગવાનના પૂજન માટે જાય છે. કેટલાક નરનાથ ભગવાનનું પ્રેમપૂર્વક પૂજન કરીને મનોવાંછિત ફળને પ્રાપ્ત કરે છે. માનસરોવર આદિ આઠ તીર્થ સમૂહમાં સર્વના કષ્ટને હરનાર છે. પૃથ્વી ઉપર ચૌદ તીર્થ એવાં નથી જેવાં આ ષષ્ઠિકાર સમષ્ટિમાં છે. તે તો ભગવાન નરનારાયણના પ્રતાપથી બધાં જ જ્ઞાનસિદ્ધ થાય છે. બધા જ ધામોના શિરતાજ તો બદ્રિકાશ્રમ ધામ છે. જેના મહિમાને મહામુનિઓ ગાયા કરે છે. બદ્રિકાશ્રમથી નજીકમાં કલાપ નામનું સુંદર

ગામ પવિત્ર તીર્થ છે. ધર્મદેવ આદિ તપસ્વીઓ ત્યાં રહીને મુનિઓનું કર્તવ્ય કરતા થકા, આત્મસંયમ પ્રગટાવતા થકા, મનોનિગ્રહ કરી અંતઃકરણ શુદ્ધ કરીને, આત્મજ્ઞાનથી મનને ષટ્ચક્રમાં જીવને જોઈ ત્યાર પછી બ્રહ્મરંધમાં જીવને લાવીને યોગસમાધિ કરતા. ધર્મદેવ યોગસમાધિમાં અનંત પ્રકારની મનોહર મંગલ મોહની મૂર્તિને જોતા હતા. ત્યાર પછી તે પોતે સુખસિંધુમાં ડૂબતા થકા મુક્ત આનંદમાં વિચરતા હતા. આવા મુક્તોથી સેવાયેલા તે કલાપ ગામથી નરનારાયણ ભગવાનના દર્શન કરવા ત્રણે કાલ જઈને દર્શન કરતા તે ભગવાનની મૂર્તિને શુદ્ધઃ અંતઃકરણમાં ધારી લેતા.

ત્યાં આશ્રમમાં ફૂલ ઝાડોમાં નવાં ખીલેલાં કમળ પત્તાંવાળાં બાગમાં ચારેબાજુ ગંધ સુગંધમય વાતાવરણ રહે છે. તેમાં અનેક ફૂલોનાં ઝાડો અનેક પ્રકારનાં છે. તેમાં ગુલદાવદી અને ગુલાબ મોગરો માલતી મલયાગરુ ચંદનની અગરબત્તી ખૂબ જ સુવાસ ફેલાવતી હતી. જુઈ, જાયજુથી, ચમેલી અથવા મકરકંદચંપો આદિ મંદ સુગંધવાળી બોરસલી બાવનાલત લૂગ ફૂલ એલચી આદિ તથા નવરંગ ફૂલ પુંગીફલ (સોપારી) આદિ તથા રસફળમાં જામફળ, સિંતુર, અંજીર આદિ રસભર્યા રસાલના થાંભલા આમ્રવૃક્ષ (આંબો) તથા રસથી ભરપૂર રાયણનાં વૃક્ષો ખૂબ જ શોભતાં હતાં. બીજાં ફળ ઝાડમાં રામફળ, સીતાફળ, ફનસ, નારંગી, દાડમ વિગેરેનાં તથા કંદમૂળ ફળફૂલની અતિ સમૃદ્ધિવાળા તે ઝાડોની ડાળથી શોભતાં હતાં. તે ગામની નજકથી ગંગા નદી પોતાના પ્રવાહમાં ખળખળ કરતા અવાજથી વહે છે. મુનિજનો કાયમ સ્નાન ધ્યાન તેના કિનારે કરતા હતા. નજીકના તીર્થોની સાથે શોભાયમાન એવા તે નરનારાયણ ભગવાન સર્વેના ભાવ પૂર્ણ કરવા, પાપી જીવોના પાપને દૂર કરીને ઇન્દ્રિયો, મન, દેહથી કામ, ક્રોધ, મોહ, મદ, લોભ, સંકોચ આદિથી નિર્લેપ કરીને શુદ્ધ કરે છે અને અધર્મ સર્ગના પાયાને ઉખાડીને જડમૂળથી નાશ કરે છે અને ધર્મસર્ગને હૃદયથી બળ આપીને સર્વે મુનિગણ સર્વેના મંગળ હેતુ સર્વના કલ્યાણ માટે તે બદ્રિકાશ્રમમાં કાયમ વિચરતા જનોને ઉપદેશ આપે છે.

નરનારાયણ ભગવાનના આશ્રમમાં રહેનારા મુનિવરો મહા અજ્ઞાન અંધકારમાં ઘેરાયેલા જીવોને ભગવાનનો મહિમા સમજાવે છે. તેને સાંભળીને નરનારાયણ ભગવાનના મહિમાના પ્રતાપથી તેઓ ભગવાનના આ આશ્રમમાં જાય છે.

**આ પ્રમાણે શ્રી હરિલીલાસિંધુમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ વર્ણીએ રચેલા છંદ ભાષામાં બદ્રિકાશ્રમ, કેદારેશ્વર, અગ્નિતીર્થ, વારાહ, નૃસિંહ, નારદ, માર્કંડેય, શિલા માનસ કલાપ વર્ણન નામનું સાતમું તરંગ થયું ||૭||**

# તરંગ-૮

પ્રતાપસિંહ રાજા કહે છે હે મુનિવર્ય ! આપે કહેલ મુક્તિ આપનાર ભગવાનનાં તીર્થોનું વર્ણન કરીને મને સંભળાવ્યું તેને સાંભળીને હું કૃતાર્થ થયો છું. પણ હજુ પણ બીજું પૂછું તે સંભળાવવા કૃપા કરો.

હે મુનિવર્ય ! આ ભારતવર્ષની ભૂમિનાં તીર્થોમાં મુનિજનો કયાં કયાં તીર્થમાં ફર્યા. ત્યાર પછી બદ્રિકાશ્રમમાં કેમ ગયા ત્યાં નર ભગવાનને મળ્યા તેની કથા મને કહો. સુવ્રત મુનિ કહે હે પ્રતાપસિંહ રાજન, તમને ધન્યાવાદ છે. કેમકે તમે જે પ્રશ્ન પૂછેલ છે. તે કથા તો પરમ સુખ આપનારી છે. જે કથા માર્કંડેય મુનિએ શતાનંદમુનિને

કહી છે તે કથા સંવાદના રૂપમાં તમને કહું છું. મુનિઓ તપસ્વીઓ ભગવાનનાં સ્મરણની સાથે પૃથ્વી ઉપર ભરતખંડમાં કાયમ વિચરણ કરે છે. પવિત્ર અને દુર્લભ સ્થળોમાં દેવનાં દર્શન કરતા થકા ત્યાંના વાતાવરણનો ખ્યાલ કરતા થકા વિચરણ કરતા હતા. કેટલાક મુનિઓ પૃથ્વી ઉપર દર્શન કરવાના વિચારથી તીર્થસ્થળોમાં ગયા. કેટલાક મુનિઓએ પૃથ્વી ઉપર સમ્યા ગામમાં પરિભ્રમણ કરવાનું દિલથી વિચાર્યું. કેટલાક મુનિઓ કુલગિરિ નામના સ્થાનેથી ફરતા ફરતા આવ્યા. કેટલાક મુનિઓ વિંધ્યાચલ પર્વતથી મળીને આવ્યા. તેઓ સર્વેનો એક જ જગ્યાએ મેળાપ થયો. કેટલાક મુનિઓ ગોવર્ધન પર્વત વિસ્તારથી આવ્યા. કેટલાકે કૈલાસ પર્વત જોયો. કેટલાક મુનિઓ ગિરનાર પર્વતથી કેટલાક નવલખા પર્વતથી આવ્યા તે બધા મુનિ મળ્યા. મોટા મોટા તીર્થરાજ નામના સ્થળોના કેટલાક સિદ્ધો કહેવાતા હતા. તે મુનિઓ સર્વે ભેગા થઈને ભૂમંડળની તીર્થયાત્રા કરવા નીકળ્યા.

તેઓ સર્વે મુનિઓ ઉત્તર વિભાગનાં તીર્થયાત્રા કરીને પછી પૂર્વ દિશાના તીર્થો તરફ આવ્યા. તેમાં પુરુષોત્તમપુરીની યાત્રા કરીને દક્ષિણ દિશા તરફ ગયા. ત્યાં રામેશ્વર આદિ તીર્થયાત્રા કરીને પછી પશ્ચિમ દિશાના તીર્થો તરફ ગયા. ત્યાં દ્વારિકા, ગિરનાર તીરથ તથા પંચધારા તીરથમાં ગયા. ગંગા આદિ બધી નદીઓ સરોવરો આદિના દર્શન, સ્નાન, સ્પર્શ કરીને ફરીથી તે સર્વે મુનિઓનો સમુદાય સાથે મળીને અહીં ઉત્તરમાં આવ્યા. આવેલા સર્વે સિદ્ધો સાથે મળીને બદ્રિકાશ્રમવાસી મુનિજનોને કહેવા લાગ્યા. અમને બદ્રિપતિ નારાયણ ભગવાનનાં દર્શન કરાવો. તે ભરતખંડના અધિષ્ઠાતા મહાવ્રત ધારણ કરીને અખંડ તપસ્યા કરે છે. તેઓ સર્વોપરિ હોવા છતાં મહાયોગ નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતને ધરીને ઉગ્ર તપસ્યા કરે છે. વૈરાગ્યની ખાણરૂપ નિર્મળ સ્વરવાળા એમણે અષ્ટાંગયોગને સિદ્ધ કરનારા, ત્યાગીઓના તીર્થફળને આપનારા એવા નરનારાયણ ભગવાનના ચરણકમળને શિર ઉપર ધારણ કરવા આવ્યા છીએ. આગળ કહ્યા પ્રમાણે કહીને તે મુનિઓ કલાપ ગામના મુનિઓને કહેવા લાગ્યા કે અમારી સાથે મહાપ્રસિદ્ધ પ્રભુ શ્રી નારાયણનાં દર્શન કરવા ચાલો. આ રીતે કહેવાથી ગામના તે મુનિઓના પ્રેમવચન સાંભળી દર્શન કરવા ચાલ્યા. બધા જ તીર્થોનું ફળ લેવા માટે આપ આ ગંગા નદીમાં સ્નાન કરવા ચાલો. જે સ્નાન કરવાથી માયાના બંધનથી છૂટી શકાય. જે સાથે મળીને આવ્યા તે મુનિઓનાં હવે નામ કહું છું. તે સાંભળો. મરિચિ, અત્રિ, વશિષ્ટ, ભૃગુ, કર્દમ, જગત્રાતસ, કશ્યપ કુહુક કૌભાંડક હતા. માર્કંડેય મુનિ કહે છે, મારી સાથે પરાશર મુનિ, શ્રૃગમુનિ, પાણિની, પરવતનેંગ, ઉદારલક, અંગીરા, આરુણિક, સૌરવ, અષ્ટાવક્ર, પુલહ, પુલસ્ત, અહિ, પંચશિખ, પર્મ, રચેતા, શતકૃશી આદિ મુનિઓ હતા. શુમંકિ, શરદ્વાન, શન, સનક, સનંદ, સુજાન, સનાતન, શશિ, પીપલાયન, જૈમુનિ, અંસુમાન, વિતંડી, પૈલ, ઉતંક, ગાલવ, જાતુ કરન, કવય, ભાગુરુતપ, વંકા, શૌભરી, નારદ, કક્ષીવાન, ઈષ્મવાન, મેઘાતિથિ, મૌજીપન, મુદ્ગલ, વેદ, શિરા, વેતહણ્ય, સાવેત ઈથિ. ભુરીષેન, સાવરની, મુનિ, કાશ્યપ, નાચિકેત, ભાર્ગવ, સુતપ, અગસ્તમુનિ આ સર્વે મુનિઓ બદ્રિકાશ્રમમાં આવ્યા. આ સર્વે મુનિઓ પોતાના શિષ્યમંડળ સહિત પરમ ભાગવત ધર્મવાળા બ્રહ્મનિઠ એવા પરબ્રહ્મ નારાયણના દર્શન માટે અતિ આતુર હતા. તેઓ ભગવાનના મુખારવિંદના દર્શન માટે અતિ ઉત્કંઠ મનોભાવનાવાળા થઈ દેહભાન ભુલેલા પ્રેમની હ્રદયભરતીથી એકાગ્ર ચિત્તવાળા થઈ આવ્યા હતા. બદ્રિકાશ્રમમાં પહેલાં નર ભગવાનનાં દર્શન થયાં. જેમણે મુખારવિંદની કાંતિ સુવર્ણમાન પ્રકાશિત થઈ રહેલ છે. મસ્તક ઉપર સુંદર જટા શોભે છે. સફેદ વસ્ત્રો તે શરીર ઉપર શોભે છે. બન્ને બાજુ પુષ્પમાળા ગળાના ભાગે ઝૂકી રહ્યાં છે. લલાટમાં ચંદનનું તિલક તથા મધ્યે ચાંદલો કરેલ છે. મુખકમળ ખૂબ શોભે છે. કવિ, હરિ, અંતરિક્ષ, અત્રય,

પ્રબુધ, દ્રિમિલ, રામસ, કરભાજ, પિપલ અબ, આવિરહોત્ર બરવાન આદિ મુનિઓ. આ સર્વે મુનિઓના સમુહના મધ્યમાં નર ભગવાન ખૂબ જ શોભતા હતા. મનોહર ક્રાંન્તિવાળા દ્વિભૂજવાળા એમના પ્રતાપથી દર્શન આપતા હતા.

કૃષ શરીરવાળા, તપસ્વી વેષવાળા, પ્રસન્ન મુખવાળા તે નર ભગવાન સર્વે મુનિઓને જોઈને ઊભા થયા. તરત જ સર્વે મુનિઓને ભેટીને મળ્યા. પછી નર ભગવાને સર્વે મુનિઓનું નમન કર્યા અને એમનું સન્માન કર્યું. ત્યાર પછી નર ભગવાન બેસીને તે સર્વે મુનિઓનું ખુશીથી પૂજન કર્યું. તેમને યથાયોગ્ય આસનો આપી તેમનું અતિથિ સન્માન કરવા લાગ્યા. તે નરભગવાન જે રીતના આતિથ્ય સત્કારને જાણતા હતા. તે રીતે તેમનો સત્કાર કર્યો. નર ભગવાન તે મુનિને જોઈને મુખથી મંદ હાસ્ય કરતા થકા કહેવા લાગ્યા. આજે અમને ખૂબ જ આનંદ થયો. કેમકે જગતમાં બધું જ સરળતાથી મળે છે. પણ ભગવાન અને ભગવાનના ભક્તો આ રીતે મળવા ખૂબ જ કઠિન છે તથા સંત સમાગમ પણ ખૂબ જ દુર્લભ છે.

તમે સર્વે જગતના જીવોના હિત કરનારા છો અને ઋષિના રૂપને ધરીને રહેલ પરબ્રહ્મ પ્રભુમાં અખંડ વૃત્તિને જોડી રાખનારા છે. જેના હૃદયકમળમાં બદ્રિપતિ નારાયણને કાયમ માટે ધારણ કરીને રાખનારા એવા તપસ્વીઓ છો. એવા આપના દર્શન માત્રથી જીવોના પાપનું નિવારણ કરો છો. હે મુનિઓ એવો તમારો પ્રભાવ છે અને તમો સર્વે પોતાના દેહ તથા ગેહ (પરિવાર)ને અવગણીને અખંડ ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ જોડી રાખનારા એવા તમો સર્વેના હિતકર્તા છો. હવે નારાયણ ભગવાન આપ સૌને દર્શન દેવા માટે પધારશે. ભગવાન બ્રહ્મનિષ્ઠ પોતાના આશ્રિતના ગુણને જાણે છે. તેથી તેમને દર્શન થાય છે. અન્યને નથી થતાં.

સર્વના કર્યા કૃતને જાણનારા પોતે ભગવાન છે. તેના ફળને આપનારા પોતે જ છે. તે ભગવાન સર્વના અંતઃકરણના ભાવને જાણે છે. આવા ભગવાનના ગુણ મહિમાને જાણનારા ભક્તો જ ભગવાનના સ્વરૂપને જોઈ શકે છે. તે વિના બીજા જીવો તો ભગવાનને ઓળખી શકતા જ નથી.

હવે નારાયણ ભગવાન નિત્યવિધિ પૂર્ણ કરીને પરવાર્યા છે. તેથી હવે આપને દર્શન આપીને સનાથ કરશે. પોતાના ભક્તનું પ્રિય કરનારા ભક્તવત્સલ દયાના સાગર નારાયણ ભગવાન તમારા આવવાના સમાચાર જાણે છે. તેથી જરૂર પધારશે. માટે તમો અત્યારે થોડી ધીરજ રાખો. સત્પુરુષના અંતરના ભાવને જોઈને પોતાના ભક્તને મનવાંછિત ફળને આપનારા તે ભગવાન છે. જ્યારે તે નર ભગવાન આ પ્રકારના વચન બોલ્યા ત્યારે બધા મુનિઓ મનમાં દુઃખ પામતા થકા નરભગવાનને કહેવા લાગ્યા. હે પ્રભુ ! અમે તો આપને જ ભગવાન જાણીએ છીએ. હે સ્વામી ! આપતો સર્વ પીંડ બ્રહ્માંડના સર્વ કર્તા હર્તા જાણીએ છીએ. કેમકે આપ મહાન તપ કરતા દેવની અખંડ સેવા કરો છો. તેથી આપને નારાયણ ભગવાન જેવા જ જાણીએ છીએ. આપ દેખાઓ છો બે છતાં આપ બંને એક જ છો. તમો કાયમ માટે સ્વતંત્ર છો અને એક જ સ્વરૂપે છો. સર્વના કારણ એક જ છો. આ ભરતખંડની પૃથ્વી પવિત્ર થયેલી છે. કેમકે નારાયણ ભગવાનના ચરણકમળ એની પર પડેલાં છે. આના જેવી બીજી કોઈ પવિત્ર જગ્યા નથી. કોઈનું મકાન ગમે તેવું સુંદર હોય તો પણ તેમાં ભગવાનના ચરણોની રેખા પડી નથી તેથી તેનું કાંઈ મહત્ત્વ નથી.

જે બદ્રિકાશ્રમમાં રહે છે અને નરનારાયણ ભગવાનના ચરણકમળની કાયમ સેવા કર્યા કરે છે. તેના

મહાત્મ્યને કહેવા કોઈ સમર્થ જ નથી. માર્કંડેય મુનિએ શતાનંદ મુનિને નરભગવાનની સાથે થયેલો સંવાદ બધો જ કહ્યો એ મેં સાંભળ્યો. હવે નારાયણ ભગવાનની સાથે મુનિઓનો જે મેળાપ થયો તેની કથા મારે સાંભળવાની ખૂબ જ ઉત્કંઠા થઈ છે. તો તે કથા મને સંભળાવો.

**આ પ્રમાણે હરિલીલા સિંધુમાં અવતાર રત્નમાં વૈષ્ણવાનંદ વર્ણીએ રચેલ છંદ ભાષામાં મુનિસમુદાય કથા નરમુનિ મિલાપ વર્ણન નામનો આઠમો તરંગ થયો. ॥૮॥**

# તરંગ-૯

પ્રતાપસિંહ રાજા કહે છે, હે સુવ્રત મુનિ ! આપ મને નારાયણ ભગવાનના સ્વરૂપનું વર્ણન કરીને તે તે મુનિઓનો સમુદાય ક્યારે મળ્યો, એમને ભગવાનને વંદન નમસ્કાર કર્યા એમનું પૂજન કરી પ્રાર્થના સ્તુતિ કરી તેનું વર્ણન કહો.

સુવ્રત મુનિ કહે છે હે રાજન ! તમે સાંભળો જ્યારે નર ભગવાનની સાથે મુનિઓ વાતો કરતા હતા. તે જ સમયે નારાયણ ભગવાન પૂજાપાઠ વિધિક્રિયા કાર્ય પૂર્ણ કરીને આવતા જોઈને. તરત જ સર્વે મુનિઓ જલદીથી ઊભા થઈને એકદમ નારાયણ સન્મુખ જવા લાગ્યા. નારાયણ ભગવાન આગળ આવતા જોયા ત્યારે સામા જઈને તેમને મળ્યા ત્યારે યોગસિદ્ધ એવા નારાયણની સેવકો સેવા કરતા હતા. દેવતાઓનાં મંડળો ચરણરજ લેવા જલદી ચાલતા હતા. માર્ગમાં આવતા પ્રભુને વંદન કરતા હતા. સ્તુતિ કરતા હતા. પૂજન કરીને ભેટ ધરતા હતા. સુગંધીદાર પુષ્પો માર્ગમાં પડેલાં હતાં. તેની સુવાસ ફેલાતી હતી. એવા માર્ગ ઉપર પ્રભુને આવતા જોતા હતા. આ રીતે આવી રહેલા નારાયણ પ્રભુને નિષ્કામ ભક્ત એવા બન્ને હાથ જોડીને પ્રણામ કરતા થકા એકાંતિક સેવક ઉદ્ધવજી કાયમ ભગવાનના ચરણ કમળની સેવા કરવામાં નિષ્કામ ભાવથી તૈયાર રહે છે. પરબ્રહ્મ પરમાત્માના સ્વરૂપનું વર્ણન કરોડો સૂર્યચંદ્રના તેજ સમાન છે અને કાયમ માટે ઉગ્ર તપસ્યા કરતા રહે છે. તેથી ભગવાનનું શરીર મેઘસમાન વર્ણવાળું થયેલું છે. બન્ને કરકમળ અજાન બાહુ છે અને તે હાથ અભયવર દાન આપવા મસ્તક ઉપર ભક્તને ધારે છે. શરદઋતુના કમળની પાંખડી જેવી કોમળ દૃષ્ટિ અમૃતસમાન સુખ આપનાર છે. તમાલપત્ર જેવાં શ્વેત વસ્ત્રોને શરીર ઉપર ધારણ કરેલા શ્યામ શરીરવાળા, સુવર્ણના પીળા વર્ણના મુગટને મસ્તક ઉપર ધારણ કરવાથી મુનિઓ પોતાના મનને મુગુટ સહિત પૂર્ણ સ્વરૂપનું ધ્યાન કરે છે.

પૂર્ણ રીતે ખીલેલા સૂર્યચંદ્રની માફક ભગવાનના મુખારવિંદની સ્વયં પ્રભા દેખાય છે. કાનની શોભા કોઈ ગોળ ગુંથેલા પ્રભાકર જેવી લાગે છે. નાસિકાની શોભા જાણે અતિશે ઊર્મિઓથી ભરપુર જાણે સુગંધનું મનોહર ઘર લાગે છે. ભગવાનની ટેઢી ભ્રકુટી જાણે કામદેવને પરાભવ કરનાર જેવી લાગે છે. વિશાળ ભાલની શોભા ઊંચી ઉપડતી સુંદર લાગે છે. ભાલમાં ઊભી બન્ને ઉર્ધ્વરેખાઓ તથા તેની મધ્યમાં ગોળ ચંદ્ર આકાર જેવાં ચાંદલો કરેલો ખૂબ શોભા વધારે છે. આવી ભગવાનના સ્વરૂપને વિષે અલૌકિકતા જોવાથી આનંદનો સમુદ્ર ઉછાળા મારે તેમ મનમાં આનંદ થાય છે. ભગવાનનું મુખારવિંદ જાણે કે પ્રાતઃકાળમાં અરુણોદયનું મનોહર વાતાવરણ જેવું લાગે છે. અધરોષ્ટ અમૃતરસ ભર્યા લાગે છે. વિશાળ વક્ષસ્થળ છાતી બ્રહ્મદેવનું ઘર હોય કે શું ? તેવું શોભે છે. મુખકમળમાં બન્ને બાજુનાં દાંત દાડમના બીજ સમાન શ્વેત શોભા વધારે છે. હોઠોની અંદર શોભે છે. જીહ્વા

અમૃત ભરેલાં વચનોથી વર્ણન કરે છે. ત્યારે શુદ્ધ ઉચ્ચાર કરે છે. શાસ્ત્રો અઢાર પુરાણ, ચાર વેદોના સારને નેત્ર દ્વારા પાન કરીને તેના વર્ણનમાં કહેલી શોભા ભગવાનના વર્ણન આગળ પાંગળી બની જાય છે. મૂંછનો દોરો અને દાઢીનો ભાગ જાણે આમ્રફળ હોય એવું શોભે છે. ભગવાનની વિશાળ છાતી ઉપડતી મૃગેન્દ્ર સમાન શોભે છે. બન્ને ખભાઓ મહા બળવાન જેવા ખૂબ જ શોભે છે. અર્ધચંદ્રની માફક મનોહર પુષ્પમાળા ઉર ઉપર શોભી રહી છે. જાણે કે સ્નાન કરાવવા ગંગા અમૃત લઈને લોકોની સેવા કરવા વહી રહી છે કે શું ? પેટ ઉપરની ત્રિવળી જાણે કે ત્રણ નદીઓ છે કે શું ? એમ શોભી રહી છે. ભગવાનનું મુખ કમળ શરદઋતુના પૂનમના ચંદ્રની પોયણી સમાન જોવાથી મુનિઓના મન ખેંચાય છે. ગોળ નાભિ ગંભીર જાણે નિર્મળ પાણીનું ગોળ કુંડાળુ હોયને શું ? ચિહ્નો સહિત કટિપ્રદેશ શ્વેત વસ્ત્ર જાણે મન હરતું હોય ને શું ? આજાનુ બાહુ ઉરુ જાનું ને જાણે લોકો ઉરમાં ધારતાં હોય ને શું ? બન્ને જાંઘની છબીને મનમાં બાંધીને વશ કરીને અંતઃકરણમાં પૂરતા હોય ને શું ? ગોળ પાનીઓ કોમળ જાણે કમળની પાંખડીઓનો દળ હોય ને શું ? તેવાં શોભે છે. ઉપડેલી નસો જાણે કે કોમળ રેખાઓ સહિત સોળે ચિહ્નનો ધારણા કરનાર છે. નારાયણ ભગવાને પોતાના કંઠમાં તુલસીની કંઠી ધારણ કરેલી હતી. હાથમાં કમંડળ ધારણ કરેલ હતું. દ્વિજત્વના પ્રતિક રૂપે ડાબે ખભે બ્રહ્મસૂત્ર ધારણ કરેલ હતું. જમણા ખભા ઉપર ખેસ નાખેલ હતો અને હાથમાં ધર્મની સાદડી લીધેલી હતી. દૃઢ (નૈષ્ઠિક) બ્રહ્મચર્ય વ્રતને ધારણ કરીને પવિત્ર સર્વશ્રેષ્ઠ વર્ણીના રૂપને ધારણ કરેલા કાયમ માટે તરુણ અવસ્થાવાળા અંગોવાળા તથા અમૃતમય પવિત્ર દૃષ્ટિથી જોતા થકા આવતા હતા. ત્યાં જે મુનિઓ હતા તે પણ આવવા લાગ્યા. નજીક આવ્યા એટલે સર્વે મુનિઓએ નારાયણ ભગવાનને જોઈને આનંદના ઉછાળા આવવા લાગ્યા. સામા જઈને એક દૃષ્ટિથી જોવા લાગ્યા. ખુલેલી આંખોથી જોતા થકા મુખથી મધુર શબ્દો બોલતા હતા, તેવામાં જ તે છબિને પોતાના અંતઃકરણમાં ધારી લેતા હતા. ભગવાનના સ્વરૂપના દર્શન કરીને પ્રેમવશ થઈ આંખોમાંથી આંસુવાળા શરીરની રોમાવલી ખડી થઈ ગઈ છે એવા મુનિઓ થયા. ગદ્‌ગદ્ કંઠ થવાથી મુખથી બોલી શકતા નથી. ચરણ સ્પર્શ કરી ચરણરજ શરીર પર ધરતા હતા, તે સમયે ઊંચા સ્વરથી જય જય બોલીને બ્રહ્માંડમાં શબ્દ વ્યાપી ગયો. ભગવાન અને સંતો મળીને ખૂબ જ આનંદવાળા થયા.

મુનિઓને ભગવાનના દર્શન વિના તાપ થયો હતો તે દર્શન કરીને ચરણ સ્પર્શ કરીને ભગવાનનો મેળાપ થયો. તેથી સર્વ રીતે શાંતિ થઈ ગઈ. ત્યાર પછી સનમાન કરીને બધાયને સુખ આપીને પછી બોરડીના વૃક્ષ નીચે આવ્યા. ત્યારે તે બોરડી નીચે મધ્યમાં વેદી છે. ત્યાં દર્ભાસન પર ભગવાન બેઠા દર્ભના આસનને પથરાવી તેના ઉપર સર્વે મુનિ મંડળને વેદ વિદોને બેસવા આપ્યું. નારાયણ ભગવાન ઉત્તર દિશાના મુખે બેઠા અને સામે બેઠેલ મુનઓને જોઈને આનંદ પામવા લાગ્યા અને મુનિઓ ભગવાનના કરુણામય સ્વરૂપને જોઈને તરત જ વંદન કરવા લાગ્યા. ત્યાર પછી બધા જ મુનિઓ સાથે મળીને ભગવાન નારાયણના પૂજન કરવા માટે પૂજા સામગ્રી લાવીને સર્વના અંતરભાવને જાણનારા નારાયણ દેવનું પૂજન કરવા લાગ્યા. પ્રથમ કુંમકુંમથી પૂજન કરી કેશર કસ્તુરીની સુગંધથી ભરપૂર ચંદનથી પૂજન કર્યું. ત્યારે ભગવાન શ્યામવરણ સ્વરૂપ ખૂબ જ શોભવા લાગ્યું. જેમ આકાશમાં વાદળો સંધ્યા સમયે શોભે તેમ ભગવાનનું સ્વરૂપ શોભવા લાગ્યું. ચંપા, મોગરા, જુઈ, ચમેલી, ગુલદાવદિ, ગુલાબ આદિના હારો બનાવી તથા માંજર 'તુલસીદલ'થી તથા અનેક ફૂલોથી સર્વે મુનિઓએ ક્રમ પ્રમાણે ભગવાનનું પૂજન કર્યું. કંઠમાં ફુલના હાર ધારણ કરાવ્યા. ફૂલના ગુચ્છ કાન ઉપર ધારણ કરાવ્યા. બીજા

ગુચ્છ તોરાઓ શિર ઉપર ધારણ કરાવ્યા. બાજુ બંધ બાહુમાં બાંધીને તે સ્વરૂપને નિરખી નિરખીને જોવા લાગ્યા. તે સ્વરૂપ નવીનને નવીન દેખાવા લાગ્યું. ભગવાન આગળ ધૂપ, દીપ, સુગંધી પદાર્થો છાંટ્યા, ત્યાર પછી કંદમૂળ ફળોના થાળ ભરીને ભક્તિભાવ પૂર્વક અર્પણ કર્યો અને ભગવાન પ્રેમપૂર્વક થાળ જમવા લાગ્યા. થાળ જમીને તૃપ્ત થયા એટલે જળથી ચરણ હાથ મુખ ધોઈને પછી પ્રભુએ બાકી વધેલો પ્રસાદ સર્વે મુનિઓને ખોબે ખોબે વહેંચી દીધો. ત્યારપછી સર્વે મુનિઓ આનંદપૂર્વક ભગવાનની આરતી કરીને મનની તૃપ્તિ કરી લીધી.

ભગવાનની પૂજા આરતીનાં દર્શન કરવા આકાશમાં દેવતાઓ આવેલ તેઓ દિવ્ય દુદુંભિ નાદ કરવા લાગ્યા. ભગવાનનાં દર્શન કરીને આનંદ પામવા લાગ્યા. દુદુંભીના નાદને સાંભળીને દર્શનાર્થીઓના મનને આનંદ આવવા લાગ્યો. જે રીતે તે લોકોએ પ્રણામ કર્યા તે દૃશ્યને ધ્યાન કરવા અંતરમાં ઉતારી લીધું. ભગવાનના દર્શન કરવામાં સ્થિર દૃષ્ટિથી નરનારાયણ ભગવાનના દર્શનનો લાંબા સમયનો વિરહ વિયોગના દુઃખને ત્યાગી દીધું. પ્રાણપ્યારા ભગવાનના સ્વરૂપને અંતરમાં ઉતારી એકાત્મકતાને પામ્યા. ત્યારે પોતાના અંતઃકરણમાં ખૂબ જ પ્રકાશ દેખાવા લાગ્યો. તે પ્રકાશના મધ્યમાં પોતાના હૃદયમાં જે મૂર્તિ જોઈ તે મૂર્તિમાં અક્ષરધામનાં દર્શન થયાં. તે જ સમૂહમાં દિવ્ય કિશોર મૂર્તિ મનોહર શોભતી હતી. તેમની બાજુમાં ચારે બાજુ મુક્તો દર્શન કરતા હતા. પૂજા અર્ચન કરીને દર્શન કરીને પૂર્ણાનંદને પામેલા તે મુનિઓ પોતાના મનમાં વિચાર કરવા લાગ્યા કે ભગવાને કૃપા કરીને દર્શનનું સુખ આપ્યું. ત્યાર પછી બહારની દૃષ્ટિથી દર્શન કરીને નરનારાયણ ભગવાનની સર્વેમુનિ ગણે સ્તુતિ કરી. તે ઘનશ્યામ પ્રભુના સ્વરૂપના મનોહર દર્શન કરી મુખ કમળના દર્શન કર્યા. ત્યારે મનમાં જ્ઞાન જાગ્રત થયું, તે ભગવાનના ગુણનાં વર્ણન કરવા લાગ્યા. હે પ્રભુ ! આપના દર્શન સર્વેને નથી થાતાં. જેને ધર્મ જ્ઞાન વૈરાગ્ય યુક્ત ભક્તિ હોય તેને લાંબા સમયે દર્શન થાય છે. એવા હે પ્રભુ ! આપના ચરિત્ર પુણ્યશાળી જીવાત્મા કાયમ ગાયા કરે છે અને આપને સર્વોપરિ નિર્ગુણ સ્વરૂપે ઓળખે છે. ત્યારે જ દર્શન થાય છે. એ સિવાય દર્શન દુર્લભ છે.

આ રીતે સર્વે મુનિઓએ સ્તુતિ કરીને પછી બન્ને હાથ મસ્તક સાથે જોડીને ભગવાનના ચરણકમળમાં નમાવી કહેવા લાગ્યા હે પ્રભુ ! અમારી બુદ્ધિ અંતઃકરણમાંથી ક્યારેય દૂર ન થશો. કાયમ અમારી બુદ્ધિમાં વસજો.

**આ પ્રમાણે શ્રી હરિલીલાસિંધુમાં પ્રથમ અવતારરત્નમાં વૈષ્ણવાનંદ વર્ણીએ રચેલ છંદભાષામાં નારાયણ નર ભગવાનનું સ્વરૂપ વર્ણન મુનિઓના મિલન કથન નામનો નવમો તરંગ થયો ॥૯॥**

# તરંગ-૧૦

ભક્ત વત્સલ ભગવાન નારાયણ પ્રભુ બધા જ મુનિઓને જોઈને સર્વ પ્રકારના વાતાવરણને જાણનારા ભગવાને તે મુનિઓને મધુર અમૃત વચનથી કહેવા લાગ્યા. નારાયણ ભગવાન કહે છે, હે મુનિઓ ! તમે અત્યારે અહીં આવીને સારું કર્યું છે. મારા મનમાં તમારાં દર્શન કરવાની ઇચ્છા હતી ને તમે મને દર્શન આપ્યા. તમારા દર્શનનું મહાત્મ્ય હું જાણું છું. તેથી તમને કહું છું તે સાચું જ કહું છું. મારાં ગોલોક વૈકુંઠાદિ ધામો મારાં બનાવેલાં છે. બધાં ધામો મેં રચેલાં છે. બ્રહ્મા, વિષ્ણુ, શંકર બધા જ મારા સેવકો છે. મારા આજ્ઞાપાલક છે. તે છતાં તમારા જેવા પ્રિય મને કોઈ જ નથી. એ પ્રમાણે માનો. મારા મનમાં કાયમ માટે ચિંતા થયા કરે છે કે મારા ભક્તને

કોઈ ઉપાધિ કે દુઃખ નથી ને ? એ રીતે તમો મને પ્રાણથી પણ પ્રિય છો. કેમ કે તમો અજ્ઞાની જીવો ઉપર દયા કરીને એમને ઉપદેશ આપીને કલ્યાણના માર્ગનું જ્ઞાન આપો છો. તમો વેદપુરાણને ઇતિહાસને વાંચીને તેની અંદર સર્વે પત્રપુષ્પ દ્રવ્ય આદિ દાનોમાં અભયદાન સર્વશ્રેષ્ઠ કહેલ છે. તે અભયદાન આપનાર તમો છો. તેથી તમે જગતમાં બધે જ પ્રસિદ્ધ થયેલા છો. તમારા જેવા જગતના જીવોનો ઉપકાર કરનાર આખા જગતમાં મેં ક્યારેય નથી જોયા. કેમકે તમે ભુમિના ઉપકાર માટે ઉપદેશ આપવા માટે જગતમાં વિચરણ કરો છો. તે લોકોના આધિ, વ્યાધિ, ઉપાધિ ત્રણેય પ્રકારના તાપથી મુક્ત કરનારા છો. તમે લોકો દશે લોકમાં વિચરણ કરનારા છો. તમારે ક્યાંય બંધન નથી. તેથી તમો અત્યારે કયા લોકમાંથી ક્યાંથી આવ્યા ? એ સર્વે મારા પ્યારા ભક્તો વિષે મને સર્વે કહો.

મુનિઓ કહે છે હે મહારાજ ! આપ સાંભળો. સર્વેના સુખસાગર સર્વેના અંતરને જાણનારા આપ બન્ને દેવો છો. તેમ છતાં હે મહારાજ ! આપ પૂછો છો તેથી હે મારા પ્રભુ ! આપને મસ્તક નમાવીને હું વંદન કરીને કહું છું આપ સાંભળો. હે મહારાજ ! સર્વે દેવોના દેવ અમે પૃથ્વી લોકમાં બધાં તીર્થો કરતા થકા ભરતખંડમાંથી અત્યારે આવીએ છીએ. હે મહારાજ ! હે મારા સ્વામી આપના દર્શન વિના વિરહાતુર થયેલા અમે આજે આપનાં દર્શન કરીને બધાં જ તીર્થનું ફળ પામી ગયા છીએ. અમારે હવે કાંઈ બાકી નથી. શ્રી ભગવાન કહે છે હે મુનિઓ! કહો જોઈએ અમો ભરતખંડના અધિષ્ઠાતા દેવ છીએ. તેથી અમારી ભરતખંડની પ્રજા અત્યારે કેવી સ્થિતિમાં છે ? કેવી રીતે વર્તે છે ? અમે નક્કી કરેલ ધર્મ મર્યાદાનું પાલન કરે છે ? તથા કહેલા નિયમોને પ્રજા પાલન કરે છે કે નહિ ? તે કહો. ભરતખંડની પ્રજા માટે અમે ઉગ્ર તપશ્ચર્યા કરીએ છીએ તે તપસ્યાનું ફળ પ્રજાને માટે આપીએ છીએ. એમની પીડાઓ ઓછી થાય ઋષિઓ કહે છે હે પ્રભુ ! હે દયાળુ ! આજકાલ ભારતવર્ષમાં રાજાઓ તથા પ્રજા પરસ્પર દુઃખમાં પીડાય છે. ત્યાંના જનોની અંદર અરાજકતા વ્યાપેલ છે. તેથી પીડાય છે. હે પ્રભુ ! અત્યારે કળિકાળના બળની ઓથ લઈને લોકો પાપ કરવામાં અચકાતા નથી. વાતે વાતે પાપ કર્યા કરે છે. સર્વત્ર અધર્મ વ્યાપી ગયો છે. અતિ અધર્મને કારણે પોતાના પરિવાર સહિત સર્વે પાપના માર્ગમાં ચાલે છે. ભગવાન કહે છે હે મુનિઓ ! કળિયુગનું સ્વરૂપ જ અધર્મનું છે. તમે કઈ કઈ જગ્યાએ રહ્યા છો તે મને કહો. આ સર્વે વાત મને ખૂબ વિસ્તાર કરીને કહો. જે સમસ્યા પૃથ્વી લોકોમાં ચાલી રહી છે તે મને કહો. મુનિઓ કહે છે હે પ્રભુ ! અત્યારે પાપી રાજાઓ અધર્મનું પાલન કરે છે અને પળે પળે મદિરા (દારૂ)નું પાન કરે છે. રાજાઓ ચોર બન્યા છે. વ્યભિચારી થઈને અધર્મના માર્ગ ઉપર ચાલે છે. એ પ્રમાણે જાણો. અત્યારે લોકો બળજબરીપૂર્વક નારીઓને પકડીને તેની ઉપર બળાત્કાર કરે છે. માણસો અતિશય લોલુપતા અને કામુકતાને લીધે મંદબુદ્ધિથી પાપ, અનીતિ, અત્યાચાર કરવામાં પાછા નથી પડતા. મહા લંપટ થયા છે. જીવોને મારવામાં કોઈ પ્રકારના પાપને માનતા નથી. પાંચ પ્રકારના 'મ'કારને ખાવામાં પાછા પડતા નથી. ત્રણ પ્રકારની મદિરાનું પાન કરે છે. ન્યાય-અન્યાયનો વિવેક રહ્યો નથી. જુગટુ ચોપાટ આદિ ખેલો ખેલે છે. બુદ્ધિથી બધા ખોટું બોલવામાં અચકાતા નથી. દંભી સાધુઓએ કળિકાળનો ઓથ લઈને બધા વર્ણાશ્રમના ધર્મ બગાડી નાખ્યા છે. કાયમ માટે ગાંજા પીને તથા ભાંગ તમાલપત્ર (તમાકુ) પીને ધર્મ ઉપદેષ્ટાઓ વિપરિત મતિના થયા છે. કેફ કરીને ક્રોધને લીધે આંખોને લાલ કરીને સાચા જ્ઞાનના ઉપદેશને મિથ્યા કરીને લોકોને ભરમાવે છે. બ્રહ્મ નિરંજનનો ઉપદેશ આપે એવા ઓઠાની (બહાના) નીચે વિચારોને મેલા કરીને લોભાવે છે. વિધવા સ્ત્રીઓને

ચેલી બનાવીને સાથે ફરે અને તેની સાથે બંધન બાંધીને ફેલ કરતા ફરે. બધા જ દંભી સાધુઓ લોભ લાલચ રસાસ્વાદમાં નિયમ ધર્મને પાળતા નથી ને પ્રમાદી બન્યા છે. ત્યાગીના સ્વરૂપમાં પણ રૂપની શોધમાં ફરે છે. મુખેથી અપશબ્દો બોલે છે. લોકોને પીડે છે. સાધુ લોકો કપટી, ઠગ, કામી, લંપટ થઈને ધન સ્ત્રી માટે દલાલીના સોદા કરવામાં પાછા પડતા નથી. બધા જ બાહ્ય નિશાનો સાધુનાં રાખે છે અને મનની અંદર ક્રૂરતા અને અત્યાચાર ભરેલા હોય છે. બ્રાહ્મણો બધા જ શાક્ત મતના આશ્રિત થયા છે. તેથી લોભથી મદ્યપાન કરે છે. તેમાં સહેજપણ સંકોચ નથી રાખતા. પોતાના ધર્મનો ત્યાગ કરીને બધા જ શક્તિપૂજાના ગુણોને લઈને ફરનારા થયા છે. બ્રાહ્મણોએ તમારો ડર નહીં રાખીને પાંચ વખતના પાપ કરે છે. સ્ત્રી-પુરુષો કોઈ મર્યાદા નથી રાખતા. સ્ત્રીઓ ધનના લોભમાં ધર્મમર્યાદાનો ત્યાગ કરીને વર્તે છે અને અંતે નરકના કૂવામાં જઈ પડે છે. પીડાય છે.

બ્રાહ્મણો પોતાના સંબંધ માટે કોઈ ગોત્ર કે અગોત્રનો નિયમ રાખેલ નથી. જાત કજાતના લોકોનો મેળ નથી રાખેલ. તેથી વર્ણાશ્રમના ધર્મના કોઈ અંશ અત્યારે રહ્યો નથી. અત્યારે તો કળિયુગના પ્રતાપથી અધર્મમય વાતાવરણ થયું છે.

બધા લોકો અત્યારે જમપુરીના માર્ગે ખૂબ જ જોરથી જઈ રહ્યા છે. તેથી આપ એમની રક્ષા કરો. તો રોકાય તેમ છે. આપ ભરતખંડના સ્વામી હિતકારક છો. તેથી અમારી અરજી સાંભળીને કાંઈક સુખ કરો. હે પ્રભુ ! આપ ભરતખંડના સ્વામી છો. તેથી હે નાથ આપ એમની ઉપર દયા કરીને ભૂખંડના જનોને સન્માર્ગે લાવવા, તેમના દુઃખોને દૂર કરવા, કૃપા કરીને મંગલ કરવાના ઉપાય કરો, કારણ કે આપ સર્વનું મંગલ હિત કરનારા છો. જીવમાત્રના આત્મા એવા આપ અખંડ સર્વના નિયંતા સ્વામી છો અને અક્ષરધામના ધામી છો માટે ઉપાય કરો. માર્કંડેય મુનિ કહે છે આ રીતે મુનિનાથ શ્રીહરિને મુનિઓની અરજ સાંભળીને અનંત જીવો ઉપર અતિશય કરુણા દયા આવવા લાગી. પૃથ્વી ઉપર પાપાચારનો ભાર ખૂબ વધી ગયો છે. તેને દૂર કરવા માટે અવતાર ધરવાનો છે. મારું પરમાત્મ તત્ત્વ સત્ય કરવા માટે આ મુનિઓનો કોલ સમાચાર છે. એવું હું જાણું છું. જ્યારે મુનિનાથ પ્રભુ મુનિઓને સાંભળી સમજાવી રહ્યા હતા તેવામાં મુનિમંડળની વચ્ચે ભગવાનનાં માતા-પિતા આવીને ઊભાં રહ્યાં ત્યારે તેમના બન્નેના શરીરમાં તપના પ્રતાપથી તેજ ખૂબ જ શોભી રહ્યું હતું. ત્યારે માતાપિતાએ બન્ને પુત્રોને જોઈને ખૂબ જ આનંદ થયો અને બન્ને પુત્રોને પણ આનંદ થયો. એમના શરીર ઉપર તપનું તેજ શોભતું હતું. શરીર કૃષ હતું. મસ્તક ઉપર પીળા ભુરા વાળની જટા શોભતી હતી. અંગ ઉપર સફેદ વસ્ત્રો ધારેલાં હતાં. આ રીતે શોભતાં હતાં. મુખારવિંદનો ભાવ પૂર્ણ ચંદ્ર જેવો હતો. તે તપનો પ્રભાવ હતો અને દૃષ્ટિ પણ શાંત હતી તથા મુખકમળથી મંત્ર જપતા હતા. શરીર ઉપર ઉપવિતને ધારણ કરેલ શરીર શોભતું હતું અને ઘણા કાળથી શરીરમાં દયા ધારીને રહેતા હતા. તપના પ્રભાવથી મુનિઓના ઈષ્ટ પ્રિય એવી મુદ્રામાં રહેતા હતા. કરુણામય નેત્રો વાળા શાંત આકૃતિ મનોહર શોભાથી લોકોના દુઃખો હરી લેતા હતા.

ધર્મદેવની શોભાને જોઈને કોણ એવું બુદ્ધિશાળી છે કે ધર્મદેવના શરીર ઓષ્ટવના મરાલને પાછી પાડી શકે ? દુઃખીના દુઃખને હરિને તેમની ઉપર દયા કરે જાણે દયાનો સાગર હોય ! એવી મનોહર છે. ધર્મદેવના બધા અંગોમાં જે મનોહરતા દેખાય છે તે જોઈને કમળની કમનીયતા પણ ઘટી જાય છે. એવા બન્ને ધર્મભક્તિ મુનિઓના મંડળમાં શોભતાં થકા બધાના હૃદયના દુઃખોને હરતાં હતાં. ભગવાન માતાપિતાને મળીને તેમને આખા જગતના માલીક પણ વંદન કરે છે. એમનું સન્માન કરી બન્ને ભાઈઓ હાથ જોડી મધુર વાણીથી નવાજે છે.

સન્માન કર્યા પછી બેસવા માટે સુંદર આસન આપ્યું. બેસાડી પછી ફળ-ફૂલથી સન્માન કર્યું. ગંધોપચારથી પૂજન કર્યું. ભગવાને પિતાના ખૂબ મહિમા જાણીને ખૂબ જ સન્માન કર્યું. પછી મુનિઓએ પણ ખૂબ જ મનના ભાવથી બને ધર્મભક્તિનું પૂજન કર્યું. ભગવાને પોતાના માતાપિતાનું સન્માન કરીને પૂજન કર્યું ત્યારે માતાપિતાએ તેમને ખૂબ લાંબા કાળ જીવોના આશીર્વાદ આપ્યા. ત્યાર પછી માતાપિતા સારા આસન ઉપર બેઠાં હતાં ત્યારે ધર્મદેવ અને ભક્તિમાતાને કુશળ સમાચાર પૂછતા હતા.

ત્યાર પછી મુનિઓએ અધર્મ સર્ગની જે વાત કહેલી તે સર્વે વાતો ધર્મદેવ પોતાના પિતાને ભગવાન યથાયોગ્ય રીતે વિસ્તારથી કહેવા લાગ્યા. ત્યારે નારાયણ ભગવાનની મુખવાણી સાંભળવા મધુર વચનોના અમૃતને ગ્રહણ કરવા બધાને ઉત્કંઠા જાગેલી તરસ લાગેલી, તેથી એકાગ્ર ચિત્ત દઈને જાણે સમાધિ થઈ હોય તેમ એકાગ્ર થઈ ગયા. જેના ભાગ્યમાં લખેલું હોય તેને જ ભગવાન કરુણા સાગરનો ભેટો થાય છે. તેમ આ મુનિઓના મંડળની વચ્ચે જેમ આકાશમાં ચંદ્રમા શોભે છે. તેમ ભગવાન સર્વના મધ્યમાં શોભે છે. મુનિઓને ભગવાનના દર્શન મિલનનો મહિમા હતો અને પૃથ્વી ઉપર અધર્મ વ્યાપેલો તેની વાત કરવાની હતી. તે સર્વે થઈ તથા ધર્મદેવ મળ્યા અને ભગવાને તે વાતનું વર્ણન કર્યું તથા માતાપિતાને કુશળ સમાચાર પૂછ્યા.

**આ પ્રમાણે શ્રી હરિલીલાસિંધુમાં પ્રથમ અવતારરત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ટ વૈષ્ણવાનંદવર્ણી રચિત છંદ ભાષામાં અધર્મ વર્ણન, ધર્મદેવમિલન, નારાયણમુનિ સંવાદ કહ્યો એ નામે દશમો તરંગ થયો ॥૧૭॥**

# તરંગ-૧૧

ભગવાનની ઈચ્છાથી મુનિઓએ મારું અપમાન કર્યું તેથી શાપ આપ્યો. ત્યારે ભગવાને એમની ઉપર કૃપા કરીને અવતાર ધરવાની વાત કરી. પ્રથમ ભગવાને પોતે પુરુષોત્તમ પૂર્ણ સ્વરૂપે ચાહે તેમ કરવા સર્મથ છે. આ સર્વે વાત પ્રથમ કહેલી છે. તેથી સર્વને અવતાર ધરવા માટે આજ્ઞા કરી. આ કથા મને કહો. ભગવાન શ્રી હરિની વાત સાંભળવામાં ધર્મદેવ અને બધા જ મુનિઓ એકાગ્ર ચિત્તે બેઠેલા હતા અને એકાગ્ર ચિત્ત મનદષ્ટિ સર્વે ભગવાનના મુખારવિંદ સામે હતાં અને એમના દેહના ભાનને ભૂલી ગયા હતા. અને નારાયણ ભગવાન સર્વે મુનિઓના સ્વામી વાત કરવામાં એકાગ્ર ચિત્તવાળા હતા. તેવામાં ભગવાનની ઈચ્છાથી દુર્વાસા મુનિ આવ્યા તે વાત તમને કહું છું. તે દુર્વાસા ઋષિ કૈલાસ પર્વતથી સવારમાં નિત્ય કર્મ કરીને પરવારી સ્નાન, ધ્યાન આદિ સર્વ કાર્યથી પરવારી નરનારાયણ ભગવાનના બદ્રિકાશ્રમમાં આવ્યા. દુર્વાસા મુનિએ ત્યાં સભામાં જોયું તો મુનિમંડળની વચ્ચે બંને નર, નારાયણ ભગવાનને જોયા. ત્યાં મુનિઓની સાથે ધર્મદેવ ભક્તિદેવી, મુનિમંડળ તથા ઉદ્ધવજી આદિ અપાર સમુદાય બેઠેલો જોયો. તેઓ સર્વે ભગવાનના મુખ કમળમાંથી નીકળતી અમૃતવાણી સાંભળવામાં એકાગ્ર થયેલા હતા. તેથી એમને દુર્વાસા મુનિને આવેલા જોયા ન હતા. એકાગ્ર ચિત્ત હતા. તેથી ખ્યાલ ન રહ્યો. દુર્વાસા મુનિ આવ્યા તેનું સન્માન કોઈએ પણ ન કર્યું ત્યારે બધી સભાના સમુદાયને જોઈને દુર્વાસા મુનિને મનમાં ક્રોધ ઉત્પન્ન થયો. મુનિ દુર્વાસા ક્રોધ ના આવેગમાં આવેલા તેથી એમના હાથો ઊંચા ઉઠાવી રહેલા, તેમનાં નેત્રો લાલ થયેલાં. ક્રોધના આવેગને લીધે શરીર કંપવા લાગ્યું. તે મહાપુરુષે શ્રાપ દીધો. હવે હું તમારી આ આડોડાઈને જોઈ લઉં છું. કેમકે મને જોઈને તમને બધાને હાંસી ઉડાવા જેવું થાય છે પણ

તમે લોકો સત્પુરુષના માર્ગથી અવળે માર્ગે ચાલો છો તેથી તમને અવળું સૂઝ્યું છે. તમે બધાંય વિદ્યાના મદથી અભિમાનવાળા થયા છો. તેથી વૃદ્ધ એવો હું તેમને જોઈને અપમાન કર્યું છે.એટલા માટે તમને બધાયને શિક્ષા કરવા માટે મારા જેવાની જ જરૂર છે. મારા સિવાય તમને બીજો કોઈ શિક્ષા ન કરી શકે. સત્ય ધર્મના માર્ગે ચાલનારા ધર્મદેવ પણ મને વૃદ્ધને જોઈ પોતે પાપના માર્ગે ચાલ્યા છે. એટલા માટે આજે બધાનો મદ અભિમાન ઉતારી નાખીને સીધા કરી દઉં. ફરીવાર મારા જેવા વૃદ્ધનું ક્યારેય અપમાન ન કરે, દુર્વાસા ઋષિ પોતાના બન્ને હાથો ઊંચા રાખીને બધાયને શાપ આપવા લાગ્યા છે. ધર્માદિક સર્વે મુનિઓ તથા ઉદ્ધવ તમો સર્વે આ પૃથ્વી ઉપર મનુષ્યદેહને ધારણ કરો. તમે બધા જ પૃથ્વી ઉપર મનુષ્ય દેહ ધરીને અસુરોના ઉપદ્રવથી ત્રાસ પામો, કારણ કે મારી અવજ્ઞાના કારણે તમારે માટે આજ દુખ થવાનું નિર્ધાર કરેલ છે. પોતાના મોટપ માનના કારણે જો કોઈ મને દુભાવે છે. મારું અપમાન કરે છે. તેથી તમો આ જગતમાં નિર્મોહી રહીને દુઃખને સહન કરશો તો જ તમારું પોષણ થશે. અન્યથા પીડા સહન કરો. આ રીતે દુર્વાસા મુનિ શાપ આપીને મૌન થઈને શાંત થયા ત્યારે તેમના રૂદ્રતાનો શબ્દ આખા ગગનમંડળમાં ફેલાઈ ગયો. ક્રોધ તો આખા બ્રહ્માંડને ડોલાવી નાંખે છે. હવે કેવી રીતે પાછા વળાય. ક્રોધરૂપ મહાભયંકર અગ્નિથી મુનિઓ પણ બચી શકતા નથી. ક્રોધને વશ નથી કરી શકતા. નરનારાયણ ભગવાન, ભક્તિમાતા, ધર્મદેવ તથા બધા જ મુનિઓ તથા ભગવાનના પરમ એકાન્તિક ભક્ત ઉદ્ધવજી, તનુઋષિ, ધ્રુમિલ, સાવરની મુનિ આદિ બધા મુનિઓ બોરડીના વૃક્ષ નીચે બેઠેલા હતા. ત્યારે એકદમ મહાભયંકર શબ્દ બધાયના કાને પડ્યો ત્યારે બધા મુનિઓ દુઃખ પામતા થકા મુનિઓ મનમાં વિચારતા હતા. સામે જોયું તો ભ્રુકુટિને ચઢાવીને લાલ અંગારા જેવા નેત્રથી અગ્નિ વર્ષાવતા થકા તથા ક્રોધથી શરીર થરથર ધ્રુજતું હતું.

ત્યારે મુનિઓ દુર્વાસાને, દાંતને છેદને જોઈને અરજ કરતા થકા દૂરથી નજીક ચાલ્યા આવ્યા ને કહેવા લાગ્યા. હે મુનિદેવ ! આપ શાન્ત થાઓ. આ પ્રમાણે કહીને દુર્વાસા મુનિના પગમાં પડીને કહેવા લાગ્યા હે મુનિદેવ ! આપ અમારી ઉપર કૃપા કરી શાંત થાઓ. આ પ્રમાણે દુર્વાસા મુનિની પ્રાર્થના કરીને બધા થાક્યા તોય પણ તેમનો ક્રોધ શાંત થયો નહીં ત્યારે ધર્મદેવે વિચાર કરીને શાપના દોષનું નિવારણ કરાવવાનો વિચાર કર્યો. ધર્મદેવ નમ્રતાથી દુર્વાસાને દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. બને હાથ જોડીને પ્રાર્થના કરવા લાગ્યા તોય શાંત થતા ન હતા. અક્કડ જ રહેતા હતા. દુર્વાસા મુનિને મનાવવા માટે ધર્મદેવ થોડાંક વિનયનાં મધુર વચનો બોલી મીઠી વાણીથી કહેવા લાગ્યા કે હે પરમ ભગવાન ઋષિ મહારાજ ! અમે તમારો અપરાધ નથી કર્યો. પરંતુ તમે આવ્યા તે સમયે અમે એકાગ્ર ચિત્તથી ભગવાનના મુખની મધુર વાત સાંભળવામાં એકાગ્ર થયેલા હતા. તેથી બીજું કાંઈ ધ્યાન હતું જ નહીં. અમે જાણીબુજીને તમારું અપમાન નથી કર્યું. તમે આવ્યા તેને અમે જાણતા જ ન હતાં. તેથી અમને આપેલ શાપને નિવારણ કરો. કેમકે મનુષ્યનો જન્મ લેવડાવવામાં તમે કારણરૂપ છો. તેથી તમે આવ્યા તેનું અમને કાંઈ જાણવા ન મળ્યું. અમે ઊભા ન થયા તે બધું એક નિમિત્ત માત્ર છે. હે મુનિદેવ આપનો અપરાધ જે થયો તે તો પરવશતાથી થયો હશે. તમારું પૂજન ન કરવાનું અમારા મનમાં ક્યારેય ન થાય. એટલા માટે હૃદયમાં દયા લાવીને શાપને ટાળી નાંખો.

હે વીપ્રવર ! આપનું હૃદય તો અતિ કોમળ છે. માટે હવે આપ મારો આ અપરાધ માફ કરો. મારી ઉપર કૃપા કરો. બ્રાહ્મણનું હૃદય તો અતિ કોમળ માખણ સમાન કહેલ છે અને અતિ મોટા દોષો પણ માફ કરાવેલા

છે. તેથી આપ મને ક્ષમા આપો. ધર્મદેવ દુર્વાસા મુનિને નીતિયુક્ત મધુર વચનો કહ્યાં ત્યારે દુર્વાસા મુનિએ ધર્મદેવની વાણીને નિષ્કપટ વાણી માનવા લાગ્યા. જેમ અતિ તરસ્યા માણસને થોડુંક જ પાણી મળી જાય તો તેની તૃષા શાંત થાય તેમ દુર્વાસા મુનિ થોડા શાંત થવા લાગ્યા. દુર્વાસાને ક્રોધનો આવેગ થોડો મંદ થયો. વિચારવા લાગ્યા. જેમ દહીંમાં રવૈયો ભરાવીને ફેરવે તેમ ચિત્ત ફરવા લાગ્યું અને ધર્મદેવ પ્રત્યે કહેવા લાગ્યા. દુર્વાસા કહે છે હે ધર્મદેવ ! મારે તો ક્રોધરૂપી મારું પ્રિય આભુષણ છે. તેથી મેં ક્રોધને કાયમ મારી પાસે રાખેલ છે. મારો ક્રોધ અતિવેગથી આવે છે. તેથી ચૌદે લોકમાં મારા યશને લોકો ગાયા કરે છે અને મને સંભારે છે. હું જ્યારે ક્રોધસાગરમાં ડૂબું છું ત્યારે મને નાશ કર્યા વગર બીજું કાંઈ સૂઝતું નથી. જેને કોઈને હું શાપ દઉં છું તેને માફ નથી કરતો અને નાશ કર્યા વિના હું શાંત નથી પડતો.

દુર્વાસા મુનિ ધર્મદેવના સ્વરૂપમાં ધર્મમય વાતાવરણ જોઈને એમના મનમાં થોડાક નિષ્પાપ જણાયા તેથી કહેવા લાગ્યા આ શાપ તો ભગવાનની ઈચ્છાથી જ થયો છે. તે હું સાચું જ કહું છું તે તમે જાણો. હે ધર્મદેવ! મારો શાપ તો નિષ્ફળ તો નહિ જાય, તમારે પૃથ્વી ઉપર મનુષ્ય જન્મ લેવાનો જ છે. પરંતુ તમારી ઉપર શાપના બદલામાં એક અનુગ્રહ કૃપા કરૂં છું કે, તમે બન્ને પૃથ્વી ઉપર પતિ-પત્ની રૂપે થઈને રહેશો. તમારે ત્યાં તમને પરમ વિવેકયુક્ત પુત્ર થશે. હે ધર્મદેવ ! તમારી પ્રેમવતી પત્ની તમે બન્ને પવિત્ર પતિ-પત્ની તરિકે થશો અને નરનારાયણદેવ બને સ્વરૂપો એક રૂપે થઈને તમારા એક પુત્રરૂપે થશે અને તમારું અનેકનું પાલનપોષણ કરશે. આ પ્રભુ બધા પ્રકારના અસુરોના ભ્રમથી તમારું રક્ષણ કરશે. તમને ખૂબ સુખ આપશે. રાજાઓ અને મુનિઓ સર્વે તમારા પુત્રનું ધર્મમય વાતાવરણ જોઈને સર્વનું પોષણ રક્ષણ કરશે. આ નારાયણ પ્રભુ તો વારંવાર અવતારો ધારે છે અને દેવો અને સત્પુરુષો સંતોને ખૂબ જ સુખો આપે છે તેથી પુત્રરૂપે થયેલા ભગવાનમાં તમને ખૂબ જ પ્રેમ થશે. તેથી તમે બન્ને જગમાં ખૂબ જ સુખને પામશો. ભગવાનના સ્વરૂપમાં ચિત્તનો નિરોધ થવાથી પ્રેમ અતિ થવાથી કામક્રોધાદિ દોષો આપો. આપ જીતાઈ જાય છે. તેથી તમો પણ ભગવાનના પ્રેમમાં બંધાઈ એમના પ્રતાપથી તમારી શાપ થકી રક્ષણ કરીને ત્યાર પછી ભગવાન તમને દિવ્યગતિ આપશે.

હે ધર્મદેવ ! તમારા પુત્ર રૂપે થયેલા શ્રી હરિકૃષ્ણ પ્રભુનો મહિમા ખૂબ જ હશે. તેથી જગના મનુષ્યોનો ભક્તિ કરાવીને ઉદ્ધાર કરશે. હે મુખ્ય મુનિ ! ઉદ્ધવ તમો તથા બધા ઋષિમુનિઓ સર્વે પૃથ્વી ઉપર મનુષ્ય શરીરને ધારણ કરી ભગવાનના પરમ કલ્યાણકારી સુખને પ્રાપ્ત કરો. તમે મનુષ્યદેહ ધારણ કરશો એટલે તમારે ભગવાનની સાથે અત્યંત મિત્રભાવ થશે. એ મિત્રતાથી ભક્તિ કરશો ત્યાર પછી તમોને આત્યાંતિક મોક્ષ આપશે. આ રીતે કહીને તે દુર્વાસા મુનિ કૈલાસ પર્વત પ્રત્યે ગયા. તે જાણીને સવે મનમાં ખૂબ જ વિસ્મય પામવા લાગ્યા. ત્યારે ધર્મદેવ તથા ઉદ્ધવજી અને મુનિસમુદાય સર્વેને કોઈપણ જાતના દોષ વિના જ શાપ થયો. તે સ્વછંદતાથી થયો. કેમ કે દુર્વાસા મુનિને કોઈએ રોક્યા નહીં. તેથી બધા જ મનમાં સંકોચ પામ્યા તથા ખૂબ જ દુઃખ પામવા લાગ્યા. આ રીતે થયું તે નરનારાયણ ભગવાનની મરજીથી જ થયું છે. એ પ્રમાણે વધારે પ્રમાણમાં માનવા લાગ્યા. આ પ્રમાણે વિચારતા હતા ત્યારે ધર્મદેવ તથા સર્વે મુનિઓ નારાયણ ભગવાનને પ્રેમવચનથી કહેવા લાગ્યા.

હે પ્રભુ ! હે પરમકૃપાળુ ! આપ અમને અધર્મ સર્ગની પીડાથી તથા અસુરોના ઉપદ્રવથી અમારું રક્ષણ કરો. રક્ષણ કરો આ રીતે જ્યારે બોલ્યા ત્યારે નરનારાયણ ભગવાન ધર્મદેવ પ્રત્યે ગંભીર વાણીથી જ્ઞાનમય વચનો કહેવા લાગ્યા. હે ધર્મદેવ ! ઉદ્ધવજી તથા સર્વે મુનિઓ તમે આજે શાપ થયો તે સર્વે મારી ઈચ્છાથી જ

થયો છે. એ પ્રમાણે જાણજો. કેમકે આજે પૃથ્વી ઉપર પાપનો ખૂબ જ વધારો થયો છે તથા અધર્મ સર્ગનો પરિવાર પણ ખૂબ જ વધી ગયો છે. તેના નિવારણ માટે શાપ થયો છે. તમારા પ્રિયજન, ગરીબો, ગાયો, સંતો વિગેરેનું મારા વિના કોણ રક્ષણ કરે છે. તે સર્વેના રક્ષણ કરવા અનાદિથી તમારો પુત્ર થતો આવ્યો છું તો આ વખતે તમારો પુત્ર થઈશ. એ મારું અનાદિ વચન સત્ય જ થશે એ પ્રમાણે બ્રહ્મવાક્ય માનજો. નરનારાયણ ભગવાન ધર્મદેવને કહે છે કે, તમે આ વખતે પૃથ્વી ઉપર જન્મ ધરો. ત્યાર પછી હું તમારો પુત્ર થઈને પ્રગટ થઈશ અને નારાયણ મુનિ નામથી પ્રસિદ્ધ થઈશ. ફરી બીજાં હરિકૃષ્ણ તથા કૃષ્ણહરિ એવાં નામે પણ જાહેર થઈશ. બીજાં પણ નમો હશે તેમાં ઘનશ્યામ, નિલકંઠ આદિ અનેક નામોથી પ્રસિદ્ધ થઈશ અને સર્વને સુખ આપીશ. બધા જ પ્રકારના અધર્મ સર્ગનો નાશ કરીને દુર્વાસાના શાપથી સર્વેને મુક્ત કરી બધા પ્રકારના દુઃખોને ટાળીને મુક્ત કરીશ. જ્ઞાનવૈરાગ્ય સહિત ધર્મના અંગોને દઢ કરાવી ભક્તિ સત્સંગનો ખૂબ જ વિસ્તાર કરી સુખ આપીશ. આ વખતે તમને સતત મારો સંગ સહવાસ રહેશે માટે તમે બધા જ પ્રકારની ચિંતાને ટાળી નાંખો. ભરતખંડમાં કૌશલ દેશ, વ્રજભૂમિ, પૂર્વ પંજાબ, ગુજરાત સોરઠ, સોભિર, કચ્છ આદિ ચારે ધામોની અંદર તમો જન્મધારણ કરીને હે મુનિઓ મારા શરણને પામીને સુખ પામશો.

હે ધર્મદેવ ! તમે પૃથ્વી ઉપર જઈને દ્વિજવર્ણમાં જન્મધારણ કરો. તમે મનની અંદર ખૂબ જ શાંતિ ધારણ કરો અને હે ઉદ્ધવ ! તમે તથા મારાં પિતા ધર્મદેવ અને માતા ભક્તિદેવી તથા માર્કંડેય મુનિ આદિ સર્વે પૃથ્વી ઉપર જન્મ ધારણ કરો. શતાનંદ મુનિ સુવ્રત મુનિ સાવરની મુનિ તમે બધા પૃથ્વી ઉપર જન્મ લઈને મારા દિવ્ય ગુણને ગાવો. જેથી હું સંપૂર્ણ ઐશ્વર્ય સહિત પૃથ્વી ઉપર આવું ત્યારે પુરુષોત્તમ પૂર્ણકામ પૂર્ણ પુરુષોત્તમ નામથી પ્રસિદ્ધિને પામું. અમારા આશ્રય વિના કરોડો કાળ સુધી જપ, તપ, વ્રત આદિ કરતા થકા આ બ્રહ્મચર્યાશ્રમ આદીના નિયમોનું પાલન કર્યા કરે. તો પણ મોક્ષ ન થાય થોડો સમય અમારી પાસે રહે. તેઓને થોડા સમયમાં જ અહંતા, મમતારહિત શુધ્ધ જ્ઞાન સિધ્ધ થઈ જાય કહેવાય છે. તે મુનિ પુરુષોત્તમ પદને પ્રાપ્ત કરે છે. મોક્ષગતિને પામે છે.

**હે સંતો ! હવે તમો તો સર્વ પ્રકારના જ્ઞાનને પ્રાપ્ત કરીને લોકમાં મહાન સિદ્ધતાને પામેલ છો. તેથી બધાને હું નિશ્ચિંત કરું છું. જે મારા સ્વરૂપનું પૂર્ણતયા જ્ઞાનથી સિદ્ધ થાય છે તે મારું જે શ્વેતદ્વિપધામ છે તેને પામે છે. તે જ મારો આશ્રમ છે. ત્યાં હું કાયમ વાસુદેવ નારાયણ સ્વરૂપે વાસ કરું છું. તે વગર પણ જ્યારે હું ભરતખંડમાં જાઉં છું ત્યારે ત્યાં જ્યારે હું પુરુષોત્તમપણાને જણાવું ત્યારે હું મારી સાથે રહેનાર જીવોને મારા સ્વરૂપનું જ્ઞાન સિદ્ધ કરાવીને સીધા જ અક્ષરધામને પમાડી દઉં છું ને મહામુક્તાત્મા કરી દઉં છું.** મારા સ્વરૂપના પૂર્ણ સ્વરૂપ જ્ઞાન સિદ્ધ કર્યા સિવાય અક્ષરધામને કોઈ પ્રાપ્ત કરી શકતા જ નથી. પરંતુ જે પૂર્ણ જ્ઞાનને પ્રાપ્ત નથી કરતા. તે તો અન્ય કોઈપણ ધામમાં જાય છે. અક્ષરધામને નથી પામતો. એટલા માટે હવે તમે તો મારા ચરણના અધિકારી છો. તેથી તમો કોઈ જાતના ભયને રાખ્યા સિવાય ભરતખંડમાં જન્મને ધારણ કરો. પછી સર્વે મુનિઓ હાથ જોડી ભગવાનના ચરણમાં મસ્તકને ટેકાવીને નરનારાયણ ભગવાનના સ્વરૂપને પોતાના અંતઃકરણમાં ઉતારી, ભગવાનનું સ્મરણ કરતા કરતા પોતપોતાના આશ્રમ સ્થાને ગયા. બધાય મુનિઓને ગયા પછી મેં ભગવાનના ચરણમાં મસ્તક નમાવ્યું ત્યારે ભગવાને મને કહ્યું કે તમે મારા ચરિત્રને ગાયા કરજો. ત્યારથી હું બધી જ વાતને કાયમ મનમાં સ્ફૂરણા કરીને સંભાર્યા કરું છું. મને બધું જ સ્ફુરે છે. તે તો નરનારાયણ ભગવાનની

કૃપાથી જ છે એ પ્રમાણે હું માનું છું. માર્કંડેય મુનિ કહે છે, ધર્મદેવ અને ભક્તિમાતાની સાથે કોશલદેશમાં જન્મધારણ કરીને પ્રગટ થયા અને ઉદ્ધવજી પણ આજ દિશામાં કોશલદેશમાં જન્મ લઈને પ્રસિદ્ધ થયા તે કથા મેં તમને આગળ કહેલ છે. બીજા મુનિઓ ભગવાનની આજ્ઞા પ્રમાણે શરીરો ધારીને જીવોના કલ્યાણ કરવા માટે અને તે જીવોના સુખ માટે અનેક સ્થળોએ જન્મ લઈને વિચરવા લાગ્યા.

ધર્મદેવ તથા સર્વે મુનિજનોને શાપના નિમિત્તથી પૃથ્વી ઉપર જન્મ લેવો નથી પડેલ, પરંતુ ભગવાનની ઈચ્છાથી અનેક જીવોના કલ્યાણ હિત કરવા માટે જ પ્રગટ થયા છે.

**આ પ્રમાણે શ્રી હરિલીલાસિંધુમાં પ્રથમ અવતારરત્નમાં શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય વૈણવાનંદ વરણીકૃત ભાષાછંદમાં દુર્વાસા શાપ અનુગ્રહ કરી પુરુષોત્તમ અવતાર કથન ધર્માદિક મુનિ મનુષ્યાકૃતિને ધારણ કરશે તે નિરૂપણ નામનું અગિયારમું તરંગ થયું ॥૧૧॥**

# તરંગ-૧૨

રાજા પૂછે છે હે મુનિદેવ ! અસુરો આ પૃથ્વી ઉપર જન્મ્યા તેનો શો હેતુ હતો તે કહો. તેમના ભારથી તેની ગતિ-અગતિ જે કાંઈ થયું હોય તે મને કહો.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન ! ધર્મદેવ તથા મુનિઓ તે આ પૃથ્વી ઉપર જન્મ લઈને આવ્યા છે. આ પ્રમાણે જ્યારે જાણ્યું ત્યારે તે અસુરો ભગવાનના ભક્તો મુનિઓનો દ્રોહ કરવા પૃથ્વી પર પ્રગટ થવા લાગ્યા. તે અસુરો યક્ષ, રાક્ષસ, વૈતાલ, દાનવ, દૈત્ય અનેક રૂપે આ પૃથ્વી ઉપર પ્રગટ થયા તે સર્વે ભગવાનની સાથે વૈર હોવાથી ભગવાનના ભક્તોને પીડા આપીને વેરનો બદલો લેવા માટે નિર્ધાર કરેલ છે. હે રાજન ! દેવો અને અસુરોને પ્રથમ યુદ્ધ થયું ત્યારે ભગવાને તે અસુરોને મારીને તેનો નાશ કર્યો. તે સમયથી જ અતિશય ક્રોધ કરીને વેર લેવા માટે મનમાં નિર્ધાર કરીને ભગવાનના ભક્તોને પીડા આપ્યા કરે છે. ભગવાન, ભગવાનના ભક્તો, મુનિઓ, દેવો સર્વને સનાતન ધર્મ સત્ય અહિંસામય જીવન અતિશય સુખ આપનાર છે. તેથી ભગવદ્ ભક્તોને સંતોને તે ખૂબ જ પ્રિય છે. તેથી તેમનો નાશ કરવા માટે અત્યારે પૃથ્વી ઉપર જન્મ લઈને ઉપદ્રવ કરવા લાગ્યા. તે અસુરો જન્મ લઈને અહંકાર, અભિમાન રૂપે પ્રગટ થઈને હરિભક્તોને અતિશય દુઃખના દરિયા જેવા થવા લાગ્યા. હિંસા, દ્રોહ, છળકપટ, આદિથી ભયંકર આપતા થકા મુખેથી અસત્યના આધારથી પીડવા લાગ્યા. તે સર્વે અસુરો દ્વાપરયુગ અને કળિયુગના સંધિ સમયે પૃથ્વી ઉપર પ્રગટ થયા. તેઓ મનુષ્યો, વાનર જાતિમાં, પશુઓમાં, પક્ષીઓમાં પ્રગટ થઈને મનમાં આવે તે પ્રમાણે વર્તીને પીડવા લાગ્યા. વેદો, દેવો, ઋષિઓ આદિનો દ્રોહ કરી પીડા આપીને ભૂમિને ભાર આપનારા થયા. તેઓને અતિશય અધર્મમય ચાલનારા અધમ પાપી જાણીને તેના નાશ માટે ભગવાન પ્રગટ થયા. અસુરોનો નાશ કરવા, ધર્મની સ્થાપના કરવા, ભગવાન નારાયણ યદુકુળમાં શ્રીકૃષ્ણ ભગવાન રૂપે થયા અને નર ભગવાન કુરુકુળમાં અર્જુનરૂપે થયા. સંકર્ષણ ભગવાન યદુકુળમાં બલરામજી રૂપે થયા અને તે દૈત્યનો નાશ કરવા માટે જ આવ્યા અને કાર્ય કર્યું. શ્રીકૃષ્ણ ભગવાને પોતે લીલા માત્રમાં જ કેટલાક અસુરોનો નાશ કર્યો. કેટલાક અસુરોને અર્જુન દ્વારા મરાવડાવ્યા અને કેટલાક અસુરોને મહા બળવાન બુદ્ધિ વિશાદ એવા બલરામજી પાસે નાશ કરાવ્યા. તેમાં કેટલાક અસુરોને ભગવાને મુક્તિ આપી અને કેટલાકને તો મુક્તિ ન આપી. આ પ્રમાણે ભગવાન પુરુષત્તમનાં અનંત પ્રકારના લીલાચરિત્રોનો ક્યારેય અંત

આવતો જ નથી. તે તો કાયમ નવાં નવાં થતાં જ રહે છે.

શતાનંદ મુનિ માર્કંડેય મુનિને કહે છે, હે મુનિરાજ ! આ પ્રકારે મને સંશય થાય છે. તેથી આ કથા મને ફરીથી કહો કેમકે કેટલાક અસુરોનો ઉદ્ધાર થયો અને કેટલાકને આ પૃથ્વી ઉપર કાયમ રાખ્યા. તેનું મને સમાધાન કરી આપો. માર્કંડેય મુનિ કહે છે, હે શતાનંદ મુનિ ! અસુરયોનિને પામેલો જીવ મન, કર્મ, વચને જીવનપર્યંત જાગ્રત સ્વપ્ન સુપ્રાપ્તિ ત્રણે અવસ્થામાં ભગવાનની સાથે દ્વેષભાવથી અખંડ સ્મરણ રાખે છે. ત્રણે કાળમાં ભયથી જીવ્યા કરે. સતત ઝંખ્યા કરે તે અસુરોને મુક્તિ થાય છે. બીજાને તો મુક્તિ માટેનો બીજો ઉપાય છે. શ્રાપથી છુટવા માટે અનુગ્રહ કરાવવાથી મુક્તિનો માર્ગ ખુલ્લો થાય છે. જ્યારે અનુગ્રહ થયો હોય તેનો અંત સમય આવે ત્યારે જ તે શ્રાપિત જીવાત્માની મુક્તિનો સમય પાકે છે અને મોક્ષને પામે છે. ભગવાનના સ્વરૂપના અનુસંધાન વિના કેવળ પંચવિષયમાં મનવાળા આસક્ત આત્મા કેવળ કામ, ક્રોધ, મદ, લોભમાં જ સતત આશક્ત જીવાત્માનું મન થોડો સમય જ ભગવાનનું સ્મરણ, કે કરવાથી થોડો કે સમય ભગવાનનાં દર્શન કરવાથી કોઈને મુક્તિ મળતી જ નથી. તેથી એવા આસુરી જીવાત્માને મુક્તિ નથી આપી. કર્ણ, દુર્યોધન, બીજો મગધનો રાજા શકુની આ સર્વે પોતાની પ્રતિજ્ઞામાં દૃઢ ન રહ્યા. મનમાં ડગમગાટ રહ્યો તેથી તેઓ અહંકારમય જીવનમાં જીવતા હતા. તેથી એવા જીવાત્માને મુક્તિ નથી મળતી. આપણાં જેવા બુદ્ધિવાળા કોઈ નથી. જે ભગવાનના સ્વરૂપમાં આસક્ત રહીને દાન, ધર્મ કરનારા કોઈ નહતા. કેમકે તેઓ પ્રગટ ભગવાનને સર્વના કર્તા હર્તા નહીં જાણીને કેવળ કર્મ કરનારા જાણીને ભગવાનને ક્યારેય પ્રણામ કરતા ન હતા. કેવળ પંચ વિષયમાં આસક્ત રહિને પોતાના જીવનમાં મલિન વાસનાઓથી લપેટાયેલા. અનંત પાપી જીવોને યુદ્ધમાં માર્યા. તેઓ સર્વે અત્યારે કળિયુગમાં દ્વેષી અનુસરો થઈને આવ્યા છે. તે અસુરોએ દેવો, મુનિઓ, ધર્મદેવ આદિ સર્વને દુર્વાસા ઋષિનો શાપ થયો છે. તેથી ભગવાને પણ એમની સાથે મનુષ્યયોનિમાં અવતાર ધરશે એમ માનીને વેર લેવા માટે અસુરો પણ મનુષ્યજન્મ લઈને પૃથ્વી ઉપર પાપાચાર કરવા લાગ્યા. અને ઉદ્ધવજી, ભક્તિમાતા, ધર્મદેવ, મુનિગણોના સમૂહને પીડવા લાગ્યા. કેમકે આ સર્વ પ્રભુના પ્રિય છે. તેથી પીડતા હતા, જ્યારથી ધર્મ આદિ સર્વે પ્રગટ થયા તે પહેલાં જ અસુરો પ્રગટ થવા લાગ્યા. તે અસુરો કેટલાક મનુષ્યોના ગુરુરૂપે કેટલાક રાજાના રૂપે બનાવટી વેશ ધારણ કરીને પોતાના કપટમય કાર્યો કરવા માટે તેના ઢંકણાંરૂપ, કેટલાક વૈષ્ણવી દિક્ષા લઈને, કેટલાક શિવમાર્ગની દિક્ષા લઈને, કેટલાક શક્તિ ઉપાસકની દિક્ષા લઈને તેના આડંબરને કરતા થકા પીડા આપવા લાગ્યા.

અસુરોના આગમનથી પૃથ્વી ઉપર ચારેબાજુ વ્યભિચાર જૂઠું બોલવું વિગેરે સર્વે દોષો વૈષ્ણવી દિક્ષામાં વ્યાપી ગયો છે. મદીરાપાન આદિ શિવઉપાસના તેમજ શક્તિઉપાસના વાળામાં છવાઈ ગયેલ છે. એક બ્રહ્મ આખા જગતમાં વ્યાપીને રહેલ છે. આ પ્રમાણે જીવોને જ્ઞાનઉપદેશ આપવા ગુરુના વેશમાં રહે છે. ધર્મ, કર્મ, ઉપાસના આદિને એક બાજુ મુકી તે બધા દંભમય જીવનમાં રહેતા હતા. આ બાજુ તે વખત લોકો દંભી લોકો ધર્મ, ભક્તિ, માતા તથા મુનિઓને દુઃખ આપવા લાગ્યા. આ સર્વે કૃષ્ણના જ અંગો છે. એ પ્રમાણે નિર્ણય કરીને તેમને ખૂબ જ પીડતા હતા. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય વૃત્તિવાળા ધર્મભક્તિ દેવીને જોઈને એમને ધર્મ સર્ગના જાણી એમનો ધર્મ

સર્ગનો માર્ગ છોડાવવા માટે બધા જ અસુરો સાથે મળીને પીડા આપવા લાગ્યા. તે ધૂતારાવેશવાળા અસુરો વેદના ખોટા અર્થ કરેલા શાસ્ત્રોથી ઉપદેશ આપીને જગતના જીવોને ધર્મના માર્ગથી ઉતારી નાખી મદિરાપાન કરીને અસત્ય ઉપદેશ આપીને અવળે માર્ગે દોરવા લાગ્યા. અસુરો લોકોને ધર્મમાર્ગમાંથી પાડવા માટે ફરીફરીને માંસ ભક્ષણ તથા મદિરાપાનનો પ્રચાર કરતા ફરે અને કહે કે સો જન્મ સુધી આવું સુખ મળવાનું નથી. માટે આ ભવમાં ભોગવો તો જ મુક્તિ મળશે. આ રીતે ઉપદેશ આપીને લોકોને ભરમાવવા લાગ્યા. પાપીઓ પોતાની મલિન બુદ્ધિ અનુસાર વેદશાસ્ત્રપુરાણના અર્થને સમજતા હતા અને લોકોને સમજાવતા હતા અને ભગવાન શ્રીકૃષ્ણ નારાયણના ભક્તિમાર્ગમાંથી પાડવા માટે આવો દુષ્ટ પ્રચાર કરતા હતા. તેઓ હિંસક યજ્ઞ કરીને ભૈરવ, ભૂત આદિની આરાધના કરતા હતા તથા જંત્રમંત્રને જાણી વિધિ મેળવીને કૃત્યાવીર વિગેરેની સાધના કરતા હતા. લોકોને છેતરતા હતા. તેઓ ખાતાં, પીતાં, મદિરાપાન કરીને મલિન બુદ્ધિવાળા તે સર્વે જગતમાં વ્યભિચારમય બની ગયા. કપટ, દ્વેષ, પાખંડ, છળથી અસુરોએ વૈદિક સનાતન ધર્મને ટાળી દઈને મલિન ધર્મનો પ્રચાર કરીને સનાતન સત્યધર્મને પાડી દીધો. રાજાઓ અને નોકરો તથા ગુરુઓ અને તેમના શિષ્યો બધાય મળીને સ્ત્રીઓ અને તેમના પતિઓ બધાય લોભી લુચ્ચા થઈ ગયા. તેથી બીજાના ધનસંપત્તિને છેતરીને ચોરતા હતા. પાપી સ્ત્રીઓ, પુરુષો અતિ પ્રમાણમાં બળજબરીથી કુકર્મ કરીને જગમાં ફરતા હતા. તેથી પૃથ્વી ઉપર ભાર વધી ગયો. તેથી વારંવાર ધરતીકંપ થતા હતા. મોટા ઉત્પાત્તો થવા લાગ્યા. અતિ વાયરા-વંટોળિયા આવવા લાગ્યા. અનેક મકાનો ઝાડવાઓ પડવા લાગ્યાં. વરસોવરસ દુકાળ પડવા લાગ્યા અને આકાશમાંથી વીજળીના ઓળા પડવા લાગ્યા. આ રીતે ઉપદ્રવ થવા લાગ્યો. જ્યારે ધર્મદેવ ભક્તિમાતા, મુનિઓ અને સ્વામિનારાયણ ભગવાન પૃથ્વી ઉપર પ્રગટ થવાના હતા તેવા સમયમાં પૃથ્વી ઉપર ઇતિના ભયથી તથા અનેક પ્રકારના ઉપદ્રવો થયા હતા.

ભગવાનને પ્રગટ થયા પહેલાં ભગવાનના શત્રુઓ અસુરો પ્રથમથી જ જન્મી ચૂક્યા હતા. જેઓ ભગવાનના હાથે મૃત્યુ પામ્યા અને જેમને મુક્તિ ન મળી તેઓ દ્વેષ કરીને જમ્યા છતાં દ્વેષ કરવાના અત્યારે લક્ષણ સહિત પ્રગટ થયા છે.

**આ પ્રમાણે શ્રીહરિ લીલાસિંધુરત્નમાં પ્રથમ અવતારરત્નમાં વૈષ્ણવાનંદ વરણિએ થયેલ છંદ, ભાષામાં અસુર પ્રગટ થયા તેનું નિરૂપણ નામનો બારમો તરંગ થયો ॥૧૨॥**

# તરંગ-૧૩

પ્રતાપસિંહ રાજા કહે છે હે મુનિરાય ! આપ ધર્મદેવ ભક્તિમાતાની કુળ પરંપરા તથા તેમના જન્મસ્થાનની કથા મને સંભળાવો. તેના ગુણો, સંપત્તિ, અવસ્થા આદિની વિકિતપૂર્વક વિસ્તાર કરીને મને સંભળાવો.

હે રાજન્ ! તમે જે ભગવાનના વંશની વાત પૂછી તે તો આ જગતના ભૂષણ રૂપ છે. કેમકે જેમ ત્રણે લોકમાં જ્યારે સૂર્ય ઉદય થાય ત્યારે સર્વત્ર વ્યાપેલ અંધકારનો નાશ થઈ જાય છે અને પ્રકાશમય વાતાવરણ થઈ જાય છે. હે રાજન્ ! જ્યારે દુર્વાસા મુનિનો બદ્રિકાશ્રમમાં શાપ થયો ત્યાર પછી નારદજી પિતાના લોક સત્યલોકમાં ગયા ત્યારે બ્રહ્માજીએ એમને નરનારાયણ ભગવાનના કુશળ સમાચાર પૂછ્યા તથા ભૂમંડળના સમાચાર પૂછ્યા. ત્યારે નારદજીએ બ્રહ્માજીને બદ્રિકાશ્રમમાં થયેલ શ્રાપની સર્વ વાત કહી ભગવાનને ધર્મભક્તિ તથા સર્વે

ઋષિમુનિએ પોતાને ઈચ્છિત સ્થાને જન્મ લેવાની વાત કરી. ત્યાર પછી બ્રહ્માજીને કહેવા લાગ્યા કે તમે તથા બીજા દેવો તે સર્વેને ખબર આપવા માટે મને મોકલ્યો છે અને કહ્યું છે કે તમો જ્યાં ઈચ્છા હોય ત્યાં પૃથ્વી ઉપર જન્મધારણ કરો. આ પ્રમાણે નારદજીએ કહ્યું ત્યારે બ્રહ્માજીએ સર્વે દેવોને આ નરનારાયણ ભગવાનની આજ્ઞાની વાત કહી. તમે બધા ઈચ્છિત સ્થાને જન્મ ધારણ કરો એ પ્રમાણે નારદજી સમાચાર લાવ્યા છે. આ પ્રમાણે બ્રહ્માજીએ સર્વ દેવોને કહ્યું. નરનારાયણ ભગવાનની આજ્ઞાને દેવો ઈશ્વરો અને મુનિઓએ શિર પર ધારણ કરીને તે સર્વે દેવો પૃથ્વી ઉપર જન્મ લઈને આવ્યા. વિષ્ણુ, શિવ, બ્રહ્મા આદિ સર્વે દેવો આવ્યા. જુદા જુદા દેવો મુનિઓ આદિનો પૃથ્વી ઉપર જન્મ થયો તેમાં તેઓના જન્મના ગામો નામો, કુળનાં નામો, હે રાજન્ ! તમને વિગતવાર સંભળાવું છું. કેટલાક તીરથરાજ પ્રયાગમાં થયા, કેટલાક માથુર દેશમાં થયા, કેટલાક વૃંદાવનમાં થયા, કેટલાક કૌશલદેશમાં જન્મ લઈને પ્રસિદ્ધ થયા. કેટલાક મુનિ, દેવો પુરુષોત્તમપુરીમાં અને કેટલાક અયોધ્યા પ્રાંતમાં અને કેટલાક ઉજ્જૈન બાજુ થયા. કેટલાક દેવો મુનિઓ ગંડકી નદીના કાંઠા ઉપર પ્રગટ થયા. મુક્તનાથમાં જન્મ્યા. કેટલાક ગંગા નદીના કાંઠાના ગામોમાં પ્રગટ થયા, કેટલાક સરયૂ નદીના તટના ગામો-શહેરોમાં પ્રગટ થયા, કેટલાક યમુના નદીના તટ ઉપરના ગામોમાં નગરોમાં દેવો મુનિઓ પ્રગટ થયા. કેટલાક દક્ષિણ દેશમાં રામેશ્વર સુધીમાં પ્રગટ થયા કેટલાક ગોદાવરી તટનાં ગામો-નગરોમાં દેવો મુનિઓ જન્મ લઈને પ્રસિદ્ધ થયા. કેટલાક દેવો મુનિઓ વડોદરા પ્રાંતમાં ગામો-નગરોમાં તથા કેટલાક સુરત નગરમાં તેમજ બુરાનપુર બાજુના ગામો-નગરોમાં પ્રગટ પ્રગટ્યા. કેટલાક મહી નદીના કાંઠાના દેશમાં મહા સમર્થ દેવો, મુનિઓ પ્રગટ થઈને ખૂબ જ ખ્યાતિને પામ્યા. કેટલાક દેવો મુનિઓ સાબરમતી નદીના તટના નગરો-ગામમાં પ્રગટ થયા. કેટલાક માળવા દેશમાં થયા, કેટલાક નિમાડમાં દેવો-મુનિઓએ મનુષ્યદેહને ધારણ કર્યો. ગુજરાતની ભૂમિ ઉપર ઘણા બધા મુનિઓ પ્રગટ્યા. તેમાં નળકાંઠા, વઢીયારમાં થયા તથા સૌભીર (ઝાલાવાડ), ભાલકાંઠામાં, કાઠિયાવાડમાં, હાલારમાં દેવોમુનિઓ પ્રગટ્યા. કેટલાક કચ્છ દેશના ગામો-નગરોમાં મુનિઓ, દેવો પ્રગટ થયા. કેટલાક ગિરનાર પર્વતની છાયામાં તથા સમુદ્રકિનારાના ગામો-નગરોમાં દેવોમુનિઓએ જન્મ ધારણ કર્યો. આ પ્રમાણે દેવો-મુનિઓનાં જુથો ચારે ધામની વચમાં પ્રગટ થયા. કેમકે ભગવાન પુરુષોત્તમ નારાયણના અવતાર થવાના આનંદમાં, મનમાં ખૂબ જ હરખાતાં હતાં.

હે રાજન્ ! આ રીતે દેવો મુનિઓના જન્મ લેવાના ગામો-વિસ્તારોનું વર્ણન કર્યું. હવે હું ધર્મદેવના જન્મવિશેનું વિસ્તારથી વર્ણન કરીને કહું છું. પવિત્ર દેશ શરવારમાં ત્યાંના રાજા સુમતિ નામના હતા. તેમની અટક સુર્નેતસ હતી. એમની જાતિ ક્ષત્રિય હતી. તે ખૂબ જ વખણાતી હતી. તે રાજાએ ગુણવાન એવા બુદ્ધિશાળી વિદ્વાન પાંડેના પગ પૂજીને એમને ઈટાર ગામ વર્ષાસન માટે આપ્યું અને ગુણના ભંડાર એવા તે રાજાએ તે વિપ્રવર્યને પોતાના રાજ્યના ગુરુસ્થાને સ્થાપન કર્યા. રાજાએ ગામ ઈટાર આપ્યા પછીથી લોકો એમને ઈટારના પાંડેના નામથી કહે લાગ્યા. તેઓ સરયુ નદીના ઉત્તરકાંઠાના સર્વેમાં ઉત્તમ બ્રાહ્મણ વર્ણમાં વખણાવવા લાગ્યા. ઈટારવાશિ સુશિલ પાંડેના જે પુત્ર તે લક્ષ્મણ પાંડેના નામથી પ્રસિદ્ધ થયા. લક્ષ્મણ પાંડેના પુત્ર વંશીધર નામના થયા. તે વંશિધરના પુત્ર વેદમાન થયા એ પ્રમાણે જાણો. તે વેદમાનના પુત્ર કનૈયારામ પાંડે થયા. તે કનૈયારામના પુત્ર અજ થયા. અજ તે બાળક રામના નામથી પ્રસિદ્ધિને પામીને ખૂબ જ વિખ્યાત થયા. બાલશર્માને લોકો અજ નામથી બોલાવતા હતા. તે બાલશર્માના દેવશર્મા નામના પુત્ર થયા. જેમના પુત્ર નરશ્રેષ્ઠ હોય. તેમના કુળની ખ્યાતિ ઉત્તમ કુળ તરીકે મુનિજનો ગાયા કરે છે. તે દેવશર્માની સરવરીયા જ્ઞાતિ કહેવાય છે અને સાવરની નામનું

ગોત્ર કહેવાય છે. તેના ત્રણ પર્વને આખું જગત ગાયા કરે છે. સામેતશ, ભાર્ગવ અને ત્રીજું વૈતહવ્ય નામે સામવેદનાં આ ત્રણ પર્વ કહેવાય છે. તે એમના ગોત્રના પર્વો છે. એમની શાખા કોથમી નામથી પ્રસિદ્ધ છે. એમની અટક પાંડેથી પ્રસિદ્ધ થયેલ છે. તેથી પાંડેના નામથી જ લોકો બોલાવે છે. હે વર્ણિ ! સતિ સાવિત્રી જેવી એમની પત્ની એમનું નામ ભાગ્યવતી નામથી જગતમાં પ્રસિદ્ધ થયેલ છે. તે દંપતિ અતિશય શુભ ગુણવાળાં શોભતાં હતાં. જેમના પુત્ર ધર્મદેવ પોતે થયા છે તે પવિત્ર વિભૂતિ છે. તે ભાગ્યવતી દેવી પતિવ્રતાના ધર્મને દઢતાથી પાળનારી તથા સાચા ધર્મનું પાલન કરનારી હતી. એમનામાં દંભ, કપટ જેવા દોષ ન હતા તથા કામ, ક્રોધ, અભિમાન, લોભ જેવા કોઈ દોષો પણ આવેલા ન હતા. એવાં પવિત્રાત્મા હતાં.

સદાચારનું પાલન કરતાં થકાં વૈદિક શ્રુતિના માર્ગને અનુસાર વર્તતા થકાં ભગવદ્ ભક્તિ કરતાં થકાં દઢપણે વ્રતનું પાલન કરતાં હતાં એવાં સુંદર પવિત્ર મનોહર જ્ઞાતિમાં અજ, ભાગ્યવતીના ઘરમાં ધર્મદેવે મનુષ્ય અવતારમાં જન્મ ધારણ કર્યો. વિક્રમ સંવત સત્તરસો છન્નુની સાલમાં પ્રમોદ નામના સંવત્સરમાં શરદઋતુમાં કારતક સુદ એકાદશીના દિવસે બુધવારે દક્ષિણાયન વિઘટન નામના શુભ લગનમાં પવિત્ર ઉત્તર વિસ્તારમાં સૂર્યનારાયણ મધ્યાહ્નમાં વિચરતા હતા. તે સમયે અજય પાંડેને ત્યાં પુત્રનો જન્મ થયો તે સમયે મોટો આનંદ થતો હતો. પુત્રજન્મ થયાના સમાચાર પિતાએ જાણ્યા એટલે નગરના બ્રાહ્મણોને બોલાવ્યા. બ્રાહ્મણોએ આ દિવસે વૈદિક મંત્રોથી જાતકર્મ સંસ્કાર કર્યા અને જય જય નાદ કર્યો. આશીર્વચન આપ્યાં. પિતાએ બ્રાહ્મણોને દાન આપ્યાં. ધર્મદેવે પૃથ્વી ઉપર જન્મ ધારણ કર્યા. આ સમાચાર જાણીને દેવો બધાય ત્યાં આવ્યા. આકાશમાં વિમાનો છવાઈ ગયાં. દુંદુભિ આદિ વાજિંત્રો વાગવા લાગ્યાં. જય જયનો નાદ કરવા લાગ્યા. મંગલ ગીતોને ગાતા થકા પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા. અપ્સરાઓ નૃત્ય કરવા લાગી અને ગંધર્વો ગાન કરવા લાગ્યા. તે સમયે આકાશમાં સર્વત્ર મનોહર વાતાવરણ થયું. બાલશર્માએ પુત્રનો જન્મ મહોત્સવ ખૂબ જ વિધિપૂર્વક કર્યો અને બ્રાહ્મણોને અનેક પ્રકારના દાનો આપ્યાં અને યાચકો આવેલા તેમને સન્માન કરીને રાજી કર્યા. બાલશર્માએ પુત્રના જાતકર્મ સંસ્કાર સારી રીતે પૂર્ણ કર્યો અને સ્નાનાદિ સર્વકાર્યથી પરવાર્યા એટલે દેવો સર્વે પુત્રધર્મદેવનાં દર્શન કરીને તે દેવો સર્વે પોતપોતાના નિવાસસ્થાને ગયાં.

પુત્રનું કમળસમાન કોમળ મનોહર મુખ જોઈને માતાપિતાને ખૂબ જ આનંદ થતો હતો. કોમળ કમળસમાન મનોહર ક્રાન્તિ ખૂબ જ શોભાયમાન લાગતી હતી. પુત્રના રૂપને જોઈને તથા તેના ગુણને જોઈને માતાપિતાને પુત્રની અંદર દેવનાં દર્શન થતાં. સુખ પામતાં હતાં. બાલશર્માએ પુત્રનું નામ પાડ્યું ત્યારે દેવશર્મા કહીને બોલાવતા હતા. ચંદ્રની માફક પોતાનો બાળક દિનપ્રતિદિન વધે તે માટે બન્ને માતાપિતા તેનું પોષણ કરતાં હતાં. બન્ને પોતાના બાળકને ખોળામાં ખૂબ જ રમાડતાં હતાં અને માતાપિતા આનંદ પામતાં હતાં. બાળક વધતાં વાર ન લાગી કેમકે તેની સાથે રમતાં ખેલતાં તે પૌગાંડ અવસ્થામાં પહોંચ્યો તોય કોઈને ખ્યાલ ન આવ્યો. ત્યારે માતાપિતા પુત્રના ગુણને જોઈને અતિશય આનંદને પામતાં હતાં. બાલ્ય અવસ્થાના ખેલમાં બાળક હરિનું મંદિર બનાવે. ભગવાનના સ્વરૂપની આગળ ધૂપ, દીપ નૈવેદ્ય ધરી આનંદ કરતા થકા બીજાને આનંદ ઉપજાવતા હતા. પુત્ર દેવશર્માની ઉંમર કુમાર અવસ્થા આવી એટલે, પિતાએ પુત્રને ઉપવિત સંસ્કાર કરવાનો નિર્ધાર કર્યો ત્યારે ઘરને સાફસૂફ કરાવ્યાં. તેને સારી રીતે સજાવીને સારા વૈદિક બ્રાહ્મણોને બોલાવ્યા. પોતાનાં જાતિનાં સંબંધીઓ તથા પરિવારજનો સર્વને બોલાવ્યાં. પુત્રના સંસ્કાર માટે માતાપિતાને મનમાં ખૂબ જ આનંદ આવતો હતો. સંવત

અઢારસો ચારના વર્ષમાં માધ માસમાં કૃષ્ણપક્ષની સાતમના રોજ વૈદિક મંત્રોચ્ચાર સાથે પુત્રને ઉપવિત સંસ્કાર ધારણ કરાવીને ભાગ્યવતીનંદનના સંસ્કાર કર્યા. તે સમયે પિતા અજે સર્વ સંબંધીઓને તથા સાધુ બ્રાહ્મણ આદિને ખૂબ જ જમાડ્યા યોગ્ય સન્માન કર્યા. ત્યાર પછી પિતા બાલશર્માએ પુત્રને વેદ, વેદાંત, ન્યાય, મીમાંશા આદિ શાસ્ત્રો ભણાવ્યાં. તથા ઉપનિષદો, ઇતિહાસો તથા જુના વૈદિક સામાજિક ધર્મોનું જ્ઞાન આપ્યું. વર્ણાશ્રમના ધર્મો સમજાવ્યા. દેવશર્મા થોડા સમયમાં જ બધા ગ્રંથોને ભણી ગયા અને સર્વ શાસ્ત્રના પારંગત થઈ ગયા. આ રીતે થોડા સમયમાં આટલાં શાસ્ત્ર ભણવાં તે શક્યતો નથી જ. થોડા સમયમાં આટલાં બધાં શાસ્ત્ર ભણી પણ ન શકાય પણ દેવશર્માને પૂર્વના જ્ઞાનના પ્રતાપથી થોડા સમયમાં બધા જ શાસ્ત્રોના જ્ઞાનને જાણતા હતા. પરંતુ આ તો લોકોને સમજાવવા માટે આ એક ચરિત્ર માત્ર જ કાર્ય હતું.

માર્કંડેય મુનિ કહે છે હે શતાનંદ મુનિ ! મેં આપને પૂછ્યા પ્રમાણે ધર્મદેવના જનમ કર્મ તથા ઉપવિત સંસ્કારની કથા તમને કહી હવે હું મૂર્તિ દેવીના જન્મસ્થળ તથા તેના જન્મની વાત તમને કહીશ. કૌશલદેશમાં એક ગામ બહુ જૂનું પ્રસિદ્ધ છે. અયોધ્યાથી ઉત્તર દિશામાં તે ગામ આવેલ છે. તેની નજીકમાં મનોરમા નદી વહી રહી છે. તેનો કાંઠો તે ખૂબ જ મનોહર લાગે છે. નજીકમાં મખોડાઘાટની પાસે મહાપવિત્ર આશ્રમ આવેલ છે. તે આશ્રમમાં હું ખૂબ જ પ્રેમથી રહું છું. આ મખોડાઘાટ આશ્રમનો મહિમા ખૂબ જ છે. કેમકે આ જગ્યાએ અનેક યજ્ઞો થયેલા છે. તેથી પવિત્ર ભૂમિ છે. અને આ ભૂમિ સુખાકારી છે. આ આશ્રમમાં યાત્રાળુઓ સરલતાથી આવે છે અને મુનિજનો તો કાયમ માટે આવ્યા જ કરે છે. તેથી સંતોનો કાયમ ભરાવો રહે છે. તે મખોડાઘાટ આશ્રમથી ઉત્તર દિશામાં ચાર ગાઉ ઉપર છપૈયા ગામના નામથી બોલાવાય છે. તેની ચારેબાજુ સુંદર બગીચા શોભે છે. અમૃત જેવા મીઠાં ફળોવાળા આંબા ત્યાં શોભી રહ્યાં છે. નવાં ખીલેલાં પાંદડાંવાળાં વૃક્ષનાં વન નજીકમાં જ છે. તે વૃક્ષોમાં ખીલેલાં ફૂલોની સુગંધને ચારેબાજુ ફેલાવે છે. તે ગામની નજીકમા મોટું સરોવર, શોભે છે. તેમાં ખીલેલાં કમળો મુનિઓના મનને મોહ ઉપજાવે છે. તે બગીચાઓ અને ઉપવનો તથા તળાવ આદિના વચમાં શોભી રહેલ છપૈયાપુર બધી જગ્યાએ ખૂબ જ પ્રકાશમાન શોભે છે. તે ભૂમિ ખૂબ જ પવિત્ર થયેલી છે. એના જેવી ભરતખંડમાં કોઈ જગ્યા છે જ નહીં. એવું પવિત્ર આ સ્થળ છે. એટલા માટે આ છપૈયાપુરનો મહિમા તો અપાર છે. જેને કહેવામાં અમો તો સમર્થ છીએ નહીં પણ દેવી શારદા, નારદજી, શેષનારાયણ, શિવજી સર્વે દેવતાઓ જેના ગુણને કાયમ ગાયા જ કરે છે. તે છપૈયાપુર નાના નાના રસ્તાઓથી અને વચ્ચે ચોકોથી તથા સારાં સારાં ઘરોથી ખૂબ જ શોભાયમાન દેખાતું હતું અને નાના નાના બગીચાઓ ઘરની પાછળના ભાગમાં શોભતા હતા. ચારે બાજુ તુલસીનાં છોડવાના જુથો શોભતા હતા.

હે મુનિ ! તે છપૈયાપુરમાં જુદા જુદા ફૂલોની મનોહર સુવાસ ઘરોની ચારેબાજુ ફેલાયા કરે છે. તેનાથી તે પૂર ખૂબ જ શોભાયમાન રહે છે. તેથી પૂર્વકાળથી જ મનોહર લાગે છે. તેથી મુનિઓ પણ દોડીદોડીને આવવાના મનોભાવ કર્યા કરે છે. આ છપૈયાપુરમાં મુનિઓ અને બ્રાહ્મણો રહેતા આવે છે. તેમાં સરવરીયા જ્ઞાતિના બ્રાહ્મણો શિરતાજ તરિકે રહેલા છે. તે શરવરીયા જ્ઞાતિમાં કાલુ તીવારી નામના કહેવાય છે. એમના ભાઈ પણ ખૂબ જ સારા છે. ખૂબ જ પવિત્ર છે. તે બન્ને ભાઈઓ ખૂબ જ પવિત્ર પુણ્યવાળા છે. કેમકે તે બન્ને ભાઈઓ સાચા ધર્મના પાલનમાં ખૂબ જ હોંશિયાર છે. તેઓ બહારથી અને અંતઃકરણમાંથી ખૂબ જ પવિત્ર રહે છે. સતત શ્રીકૃષ્ણ

ભગવાનની ભક્તિ કર્યા કરે છે. એમના નાના ભાઈ કૃષ્ણશર્મા અને તેમના પત્નિ એમનું નામ ભવાની દેવી સુંદર યુવતી છે. તેણીની પતિદેવના પતિવ્રતા ધર્મવાળી છે. તે ધર્મને દૃઢતાથી પાળે છે. કાયમ માટે સતત ભગવાનના ભજનમય જ જીવન વિતાવે છે. તે કૃષ્ણશર્મા અને ભવાનીદેવી બન્ને દંપતિ દેવ સમાન છે. એ પ્રમાણે લોકો કહેવા લાગ્યાં. તેના જન્મનો સમય પણ બહુ સારો હતો. કેમકે તે બાલાનો જન્મ સંવત સત્તરસો અઠાણુની સાલમાં થયો. કારતક સુદ પૂનમના રોજ કૃતિકા નક્ષત્રમાં બુધવારને દિવસે સંધ્યા સમયે જન્મ થયો ત્યારે બધા લોકો અતિ આનંદ મનાવવા લાગ્યાં. જયારે મૂર્તિએ (ભક્તિ) પૃથ્વી ઉપર જન્મ ધારણ કર્યો છે એવા સમાચાર સંતો અને મુનિઓ દેવોએ જાણ્યા ત્યારે આનંદના ઉભરાટમાં આકાશમાંથી પુષ્પોનો વરસાદ થવા લાગ્યો અને દેવો પ્રણવપુંગી આદિના નાદ સાથે જાતજાતનાં વાજિંત્રો વગાડવા લાગ્યા. અને ગંધર્વો ગાન કરવા લાગ્યા. દુંદુભિના નાદ સાથે અપ્સરાઓ નૃત્ય કરવા લાગ્યાં. આ રીતે સર્વે દેવો મુનિઓ, સંતો ભગવાનના ગુણ ગાતા થકા સેવા કરવા લાગ્યાં. પુત્રી જન્મથી પિતાએ જાતકર્મ સંસકાર પોતાના કુળના રિવાજ પ્રમાણે કર્યા. ત્યાર પછી તે પુત્રીનું નામ બાળા એ પ્રમાણે જાહેર કર્યું. મૂર્તિ (બાળા) એ જયારે આ પૃથ્વી ઉપર જન્મધારણ કર્યો ત્યારથી જગતમાં ભક્તિનો વધારો થવા લાગ્યો. વૈરાગ્ય, જ્ઞાન અને ધર્મના વિચારો વધવા લાગ્યા અને જીવોમાં દયા, ધર્મ ચારે પગે થઈને વિચરવા લાગ્યા. અને હરિના મંદિરોમાં જયારથી બાળાનો જન્મ થયો ત્યારથી જ્ઞાન ભાવના વધવા લાગી. અને નરનારીઓના મન અતિશય નિર્મળ ભાવનાવાળાં થયાં અને પાપી, જીવો અતીશય સંકોચાવા લાગ્યા. મુર્ઝાવા લાગ્યાં. બાલાની અંદર રૂપ, શીલ, સજ્જનતાના ગુણ જોઈને એના માતાપિતા ખૂબ ખંત-પ્રેમથી પાલનપોષણ કરતાં હતાં અને તે બાલા ધર્મ, નિયમ, તપ, વ્રત, ઉપવાસ આદિ અનેક સદ્‌ગુણોથી પૂર્ણ થયેલાં હતાં. એમની અંદર એકે ગુણ અધુરા ન હતા.

માર્કંડેય મુનિ કહે છે હે શતાનંદ મુનિ ! મેં તમને ભક્તિધર્મના જન્મની કથા કહી તથા છપૈયાપુરનો મહિમા પણ ખૂબ કહ્યો. હવે ધર્મદેવ ભક્તિમાતાના વિષાદની વાત હું તમને બહુ વિસ્તારથી નહીં કહીને સંક્ષેપમાં કહું તો સારું લાગે તેમ મને જણાય છે.

**આ પ્રમાણે શ્રી હરિ લીલાસિંધુમાં પ્રથમ અવતારરત્નમાં સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ વાણીએ રચેલ છંદભાષામાં દેવો, મુનિઓના સ્થાનો કહ્યાં તથા ધર્મ, ભક્તિના જન્મસ્થળો તથા તેમના જન્મનું વર્ણન કર્યું તે નામે તેરમો તરંગ થયો ॥૧૩॥**

# તરંગ-૧૪

બાળા (ભક્તિદેવી)માં ભગવાનની નવ પ્રકારે ભક્તિ કરતાં તથા દિનપ્રતિદિન તેના માટે ભાવના વધવાથી ભક્તિમય થવાથી તેમનાં માતાપિતાએ પુત્રીનું નામ બાલાને બદલે ભક્તિના નામથી બોલાવવા લાગ્યાં. ભક્તિ પોતાની સખીને કહે છે કે હે સખિ મને અતિ જે પ્રિય હોય તો કેવળ ભગવાનની ભક્તિ પ્રિય છે. રમવાની જગ્યાએ ભક્તિ કર્યા કરે. પોતાના હાથે માટીની મૂર્તિ બનાવીને તે મૂર્તિનું નામ પોતે જ રાધાકૃષ્ણા આપતી હતી. એની પૂજાસેવા કરતી હતી. ભક્તિને જ્યારે પાણી, દૂધ આદિ પીવું હોય તો પહેલાં તે પ્રતિમાને પાય, પછી પોતે પાન કરે. આ પ્રમાણે એની ક્રિયા જોઈને પુત્રીને કુળદીપક તરીકે માનવા લાગ્યા. બાલા માતાપિતાની

આજ્ઞાનનું દ્રઢપણે પાલન કરતી હતી. રાતદિવસ એ ભગવાનના કાર્યમાં જ રહેતી હતી એવાં કુમારીનાં લક્ષણ જોઈને. એક દિવસ બાલાના માતાપિતાએ વિચાર કર્યો કે ભક્તિનો વિવાહ કરિ નાંખીએ. પોતાના નાના ભાઈ દૂન તિવારી કૃષ્ણશર્માના ઘેર આવ્યા ત્યારે એમને કૃષ્ણશર્માએ પુત્રની વિવાહસંબંધી બધી વાત સમજાવી ત્યારે દૂનતિવારીએ ભક્તિદેવીને યોગ્ય વર ઈટારપુરમાં પાંડે કહેવાય છે તેમના પુત્ર આપણી પુત્રીને યોગ્ય વર થાય તેવા છે. તેથી એમને ત્યાં નક્કી કરીએ. તે ઈટારપુરના બાલકરામપાંડેના (દેવશર્મા)પુત્ર થાય છે. ખૂબ જ ઉદાર વિચારોના છે. એમને લોકો ધર્મ ધર્મ કહીને બોલાવે છે. આ પ્રમાણે વાત સાંભળીને બન્ને પતિપત્નીએ મનમાં નક્કી થયું. અતિ આનંદ થવા લાગ્યો અને દૂનભૈયાને નક્કી કરવા માટે મોકલવા નિર્ણય કર્યો. બાલકરામનું ઘર સારા ગુણોથીયુક્ત હોવાથી ધર્મદેવની સાથે વિવાહનું દૂનતિવારી નક્કી કરીને છપૈયા આવ્યા. ત્યાર પછી શુભ દિવસ જોઈને લગ્નનું નિર્ધાર કરીને લગ્ન લખાવ્યાં અને લગ્નનું નક્કી જોઈ બધાને ખૂબ જ આનંદ થયો પોતાના જ્ઞાતિસંબંધીઓને બોલાવ્યા. તેઓ સર્વે મળીને બાલકરામ પાંડેના ઘેર આવ્યા. ખૂબ જ આનંદ પામ્યા અને બાલકરામે એમને સન્માન આપી આવકાર્યા. લગ્ન આવ્યા વધાવ્યા ત્યારે નગરથી સર્વે સ્ત્રીઓ મંગલ ગીતો ગાવા આવવા લાગી અને ભાગ્યવતીના ઘેર આનંદનો વધારો થવા લાગ્યો. આવેલ લગ્નપત્રિકાને સ્વીકાર્યા પછી જાતજાતનાં વાજિંત્રો વાગવા લાગ્યાં. મનમાં આનંદ થવા લાગ્યો. જાતજાતની વધાઈઓ આવવા લાગી. ત્યાર પછી દેશના રિવાજ મુજબ શ્રીફળ અને સાકર આદિક મિઠાઈઓ આપવા માંડી અને કુટુંબ અને જ્ઞાતિના લોકો તે મિઠાઈ લેવા લાગ્યા. પોતાના સંબંધીઓને જમાડવાનું કરીને પોતાના જ્ઞાતિ ભાઈઓ તથા કુટુંબીજનો બધા તૈયાર થઈને જાનમાં જવા લાગ્યા.

ઈટારપુરથી જાન ચાલી માર્ગમાં એક રાતનો વિશ્રામ કરીને બીજા દિવસે બધી જાન છપૈયાપુર પહોંચી ત્યારે દૂરથી જ તે પુરની શોભા જોઈને બધા જાનૈયાના મનમાં ખૂબ જ આનંદ આવ્યો. તે છપૈયાપુરનાં બગીચાઓ, તળાવ, સારી રીતે ખીલેલાં વનો, ફૂલોથી ખીલેલાં તથા નવાં પાંદડાંથી શોભાયમાન વેલીઓ બનેલી આ સર્વે જોઈને મનમાં ખૂબ જ આનંદ પામવા લાગ્યા. ત્યાં તો દૂનતિવારી પોતાના સંબંધીઓની સાથે જાનને આવકારવા નગરની બહાર સામા આવ્યા. મહેમાનોને અરસપરસ નમસ્કાર કરી અને દૂનતિવારી સર્વે જાનને લઈને નગરમાં જવા લાગ્યા. નગરની અંદર સારું અને વિશાળ એક ઘરને જાતજાતના શોભાયમાન રંગોથી સજાવેલ હતું. એના ચોકમાં મોટો ઉલેચ બાંધીને ચોકને પણ સારો શોભાયમાન કરેલ હતો. તે સજાવેલા ઘરમાં જાનને ઉતારો આપ્યો. ત્યાર પછી સારાં ભોજનો બનાવી સારી રીતે જમાડી તેમનું સન્માન કર્યું તથા જ્યાં સુધી જાન રહી ત્યાં સુધી રોજેરોજ નવાં નવાં ભોજનો જમાડતા. જાનૈયાઓ આ રીતનો પ્રેમભાવ સન્માન જોઈને ખૂબ જ હેત થઈ ગયું.

આ રીતે આનંદ મોજ કરતાં કરતાં જ્યારે લગ્નનો દિવસ આવ્યો ત્યારે બધાના મનમાં ખૂબ જ આનંદ ઉભરાવા લાગ્યો ત્યારે દૂનભૈયાએ સારા વૈદિક વિધિને જાણનારા વિદ્વાન વિપ્રોને બોલાવ્યા. બ્રાહ્મણોએ વેદમંત્રોથી લગ્નની વિધિ ચાલુ કર્યો. તેથી સર્વેના મનમાં આનંદ થઈ ગયો. લગ્નવિધિ ચાલુ થયો એટલે વરની સાથે જાનૈયાઓને બોલાવ્યા ત્યારે લગ્નમંડપમાં વરરાજા ખૂબ જ શોભવા લાગ્યા. કન્યા પધરાવવાના સમયે ભક્તિદેવીને સુંદર શણગાર સજીને મંડપમાં પાટ પાથરેલી હતી તેની ઉપર કન્યાને પધરાવી. બ્રાહ્મણોએ ઘીનો હોમ કરીને અગ્નિદેવને અધિક પ્રકાશમાન કર્યા અને વૈદિકમંત્રનો ઊંચેથી ઉચ્ચાર કરીને મોટો ઉદ્‌ઘોષ કર્યો અને છપૈયાપુરની

સ્ત્રીઓ પણ વિવાહનાં ગાણાં ગાવા લાગી કૃષ્ણશર્મા સોનાની થાળી અને જળની ઝારી લઈને ધર્મદેવના પગનું પૂજન કરી, ભક્તિનો હાથ ધર્મના હાથમાં અર્પણ કરીને હસ્ત મિલાપ કરાવ્યો. અને ભક્તિદેવી અને ધર્મદેવને વરમાળા ધારણ કરાવી. ત્યારે બન્ને દંપતિ ખૂબ જ શોભતાં હતાં. ત્યારે કાલુ તિવારીએ બધા બ્રાહ્મણો, જાનૈયાઓ, મુનિવર્યો સર્વેનું ખૂબ જ ભાવપૂર્વક પૂજન કર્યું તે ખૂબ જ મનોહર દશ્ય હતું. ખૂબ ભાવથી ગણપતિ આદિક જે દેવો હતા તેમનું પૂજન કર્યું તેથી તે દેવો શાંત થયા અને લોકો મંગળ ગીતો ગાતાં હતાં. ત્યારે સર્વે દેવો મળીને દુંદુભિનો નાદ કરવા લાગ્યા અને પુષ્પની વર્ષા કરી સેવા કરવા લાગ્યા. મધુર કંઠવાળી બાળાઓ ગીતો ગાતી હતી. યુવતીઓ અરસપરસ હાસ્ય વિનોદ કરતી હતી. બ્રાહ્મણો વૈદિક મંત્રોનો નાદ કરતા હતા. તે મંત્રો સાથે ધર્મ અને બાલા અગ્નિને ફેરા ફરતાં હતાં. આવી રીતે ચાર ફેરા ફેરાવીને (નેગ) લાગ વિધિ, વિધિ પ્રમાણે બોલાવીને આપવામાં આવ્યો. ખૂબ ધામધૂમ કરવામાં આવી.

જ્યારે લગ્નવિધિ થયો ત્યારે ત્રણે લોકમાં જયજયકાર થયો અને દેવો મુનિજનોના મનમાં તથા સંતોના મનમાં શાંતિ થઈ. આ રીતે કૃષ્ણશર્માએ વેદવિધિ પ્રમાણે પુત્રીના વિવાહ કર્યા. એને એમનો મનમાં ખૂબ જ આનંદ થવા લાગ્યો. લગ્ન થયા પછી કૃષ્ણશર્મા આભૂષણો, વસ્ત્રો, સાધનસામગ્રી લાવીને સર્વ જાનૈયાની પહેરામણી કરી દીધી. ત્યાર પછી અનેક પ્રકારનાં ભોજનો બનાવીને ખૂબ ભાવથી જમાડ્યા. પાનનાં બીડાં તથા મુખવાસો ખવડાવ્યા. રાજી કર્યાં. વિવાહ પૂર્ણ થયા પછી કલુ તિવારી (કૃષ્ણશર્મા) બાલશર્માને હાથ જોડીને વિનયપૂર્વક નમ્રવાણીથી કહેવા લાગ્યા. હે ભાઈ ! તમે તે અમારાં કરતાં ઘણા મોટા છો. તેથી અમને પોતાના નિકટના જાણીને કાયમ માટે રાખજો. તમારી સાથે સંબંધ બાંધીને હું કૃતાર્થ થયો છું. આજે મેં બધા પુરુષાર્થ પ્રાપ્ત કરી લીધા છે. માટે આપ તો અત્યારે મહાસમર્થ દેવ જેવા છો. હવે હું આપની શું સેવા કરું. આજ્ઞા કરો.

હે વેવાઈરાજ ! હું આપની પાસે આપના પુત્રની માગણી કરું છું. તે મારી ઉપર કૃપા કરીને મારા ઘેર રહેવાની તમારા પુત્રને આજ્ઞા કરો. હે બાલશર્મા ! આપ મારી આ વિનંતીને સ્વીકારો. ત્યારે બાલશર્મા કહેવા લાગ્યા હે વેવાઈ ! થોડા દિવસ અમારે ઘેર આવો. પછી પાછા આવીને તમારે ઘરે કાયમ માટે રહેશે એવું હું વચન આપું છું. બાલશર્માએ પોતાના પુત્ર ધર્મદેવને નીતિયુક્ત ધર્મનિયમનાં વચનો કહ્યાં. તેને પ્રેમપૂર્વક ધારણ કરી લીધાં. ત્યાર પછી બધા જ જાનૈયાઓ ઈટારપુરથી આવેલા તે સર્વે પોતાના વતને પાછા પધાર્યા. ધર્મદેવની માતા ભાગ્યવતીને પોતાના પુત્ર તથા પુત્રવધુના ગુણ સ્વભાવને જોઈને ખૂબ જ આનંદ થયો. આવા સદ્‌ગુણયુક્ત પવિત્રતાના લક્ષણો જોઈને પોતાને મનમાં મનુષ્ય જન્મ કૃતાર્થ થયો છે. એ પ્રમાણે માનવા લાગ્યાં. બાલકરામે (બાલાશર્મા) ધર્મદેવ તથા ભક્તિદેવી બન્નેને સારા ગુણથી ભરેલને પણ શ્રુતિ સ્મૃતિના ધર્મો, વર્ણાશ્રમના ધર્મો સમજાવ્યા. દરેક એકાદશીનાં વ્રત કરવાં તથા ભગવાનના જન્મદિવસે પરશ્રદ્ધાથી વ્રત કરવાં તથા શ્રદ્ધાપૂર્વક નિર્ણયયુક્ત સર્વે વ્રતો પ્રેમભક્તિથી કરવાં. એ પ્રમાણે ભક્તિસહિત આજ્ઞાનું પાલન કરવું. વાયુપુત્ર હનુમાનજી આપણા કુળદેવ છે અને કમળાદેવી આપણી કુળ સ્થાપક છે. તેથી આસો વદ ચૌદશના દિવસે આપણા કુળદેવ હનુમાનજીનું પૂજન કરવું. તેથી તે આપણાં કષ્ટોને દૂર કરશે. હે પુત્રવધુ ! આપણે આપણા કુળપરિવારમાં ધર્મવિરુદ્ધનું કોઈ પણ પ્રકારનું કાર્ય થવું ન જોઈએ. કાયમ સત્કર્મ ધર્મમય કરવાં એજ આપણા કુળનો મહિમા છે. આપણા કુળના રીતરિવાજોને સર્વે જાણે છે તેથી મર્યાદામાં રહેવું. હે પુત્ર ! આપણા કુટુંબમાં ભગવાન પ્રગટ

થવાના છે. તે સત્પુરુષોને ભક્તજનોને સુખ દેવા આવવાના છે. તે સર્વ માર્કંડેય મુનિ જાણે છે અને મખોડાઘાટ આશ્રમમાં કાયમ માટે નિવાસ કરીને રહેલા છે. ત્યાર પછી બાલશર્મા કહેવા લાગ્યા કે હવે હું માર્કંડેય મુનિની પાસે થોડાક દિવસ તીર્થમાં જઈને નિવાસ કરું. આમ વાત કરી એટલે ધર્મદેવ અને ભક્તિદેવી બન્ને જણાંએ પ્રેમપૂર્વક પિતાને પગે લાગ્યાં.

ત્યાર પછી બાલકરામ પોતાના સંતાનો થકી વિદાય લઈને તેઓ પ્રેમપૂર્વક મખોડાતીર્થ તરફ જવા લાગ્યા. ત્યાં મખોડાતીર્થ આશ્રમમાં બાલશર્મા કેટલાક દિવસ રહીને સમાગમ કરીને પછી પોતાના ઈટારપુર ગામે ગયા.

**આ પ્રમાણે શ્રીહરિ લીલાસિંધુમાં અવતારરત્નમાં વૈષ્ણવાનંદવર્ણી રચિત છંદભાષામાં ધર્મદેવના વિવાહનું કથન કર્યું. તે નામે ચૌદમો તરંગ થયો ॥૧૪॥**

# તરંગ-૧૫

રાજા કહે છે, હે મુનિદેવ ! આપે ધર્મદેવ ભક્તિદેવીનાં જન્મચરિત્ર કહ્યાં. ત્યાર પછી ઉપવિત સંસ્કારનાં ચરિત્રો કહ્યાં. વિવાહનાં પણ કહી દીધાં. ઈટારપુર તથા છપૈયાપુરનાં મહાત્મ્ય કહ્યાં. હવે પૃથ્વી ઉપર થયેલા ઉપદ્રવો થયાં તેનું પણ વર્ણન કરો. હે મુનિદેવ ! આપ હવે ધર્મદેવ ભક્તિના સંસારની વાત કહો તથા રામપ્રતાપના જન્મની કથા કહો.

હે રાજા ! ધર્મભક્તિ બન્ને ગૃહસ્થાશ્રમના ધર્મો પૂર્ણ રીતે પાળતાં હતાં. ક્યારેય પણ ભૂલતાં ન હતાં. વ્રતઉપવાસો કરીને ખૂબ જ સંયમ પાળતાં સતાં નિયમ દ્રઢપણે પાળતાં હતાં. ભગવાનના ચરિત્રગાન સિવાય ફોગટ વાણી ક્યારેય નહોતાં બોલતાં. સુખ અને દુઃખ પર્યાય લાભ અને હાનિ બધું જ જગતમાં સ્વપ્ના જેવું જ છે. એ પ્રમાણે માનીને વૈરાગ્ય જ્ઞાનવિચારોથી ધર્મસહિત એકાન્તિકી ભક્તિ કરતાં હતાં. કાયમ માટે ભગવાનના ચરિત્રના ગુણોને ગાતાં થકાં અંતઃકરણથી ભગવાન શ્રીકૃષ્ણના સ્વરૂપનું ધ્યાન કરતા થકાં સ્વતંત્રતા રાખતાં હતાં. તેઓ બન્ને ગમે તેવા આપત્કાળનું વાતાવરણ હોય તે છતાં ક્યારેય ડગતાં ન હતાં. મુખેથી ક્યારેય પણ પરપુરુષ સાથે બોલે પણ નહીં એવાં ટેકવાળાં હતાં. ધર્મદેવ સતત ધર્મમય વાતાવરણમાં જ રહ્યા કરે. સતત ધર્મની જ વાતો કર્યા કરે. તેથી એમને લોકો ધર્મ ધર્મના નામથી જ કહેવા લાગ્યા. ભક્તિ પણપોતાના પતિની માફક જ વ્રતો, ઉપવાસો કરવામાં તત્પર રહેતાં. પતિવ્રતા ધર્મ દ્રઢપણે પાળતા. પતિના ચરણમાં ખૂબ જ પ્રેમમય રહેતાં હતાં.

ભક્તિદેવી હંમેશ અપવિત્રતા અને આળસનો ત્યાગ કરીને કાયમ માટે મનકર્મવચનથી પતિની સેવા કર્યા કરતી હતી. પ્રેમસહિત પોતાના પતિના મુખથી કથાવાર્તા ભગવાનના ચરિત્રો પ્રેમથી સાંભળ્યા કરતી હતી. પોતાનો ધર્મ જે છે તે પ્રમાણે રહીને ભગવાનની ચેષ્ટિત ભાવે અડગ આત્મવૃત્તિમાં જ રહ્યા કરતાં હતાં. પતિની પરાયણ રહેતાં હતાં. તેથી છપૈયાપુરની સ્ત્રીઓ તે બાલાને પ્રેમવતિ નામથી કહેવા લાગી. સ્ત્રીઓ કહે છે અરે સખી આવાં દંપતિ કોઈ જગતમાં થયા છે ? જેમને ધર્મને વિષે આવી દ્રઢભાવના હોય, આમનો સંગ કરવાથી આપણો જન્મ સફળ થઈ જાય એવા તે પવિત્ર છે. જેમ ગંગાજીમાં સ્નાન કરવાથી પ્રવિત્ર થાય તેમ આમનો સંગ કરવાથી પણ પૂણ્ય મળે. પુરના જાતિના કે પર જાતિના સર્વે મનુષ્યો કહેવા લાગયાં કે આવાં દંપતિ મનુષ્ય થઈને વિચરે છે પણ તે સામાન્ય મનુષ્ય ન હોય. કેમકે આ બન્ને કલ્યાણકારી મૂર્તિ છે. જેમકે

સતિ અનસૂયાને અત્રિ મુનિ ન હોય ! એવાં પવિત્ર છે. આ રીતે બધાં મનુષ્યો સ્ત્રીઓ અને પુરુષો ધર્મભક્તિની પ્રશંસા કરી વખાણ કર્યા કરતાં હતાં. એ રીતે કેટલાક દિવસો વિત્યા ત્યારે ભક્તિદેવીના ગર્ભમાં ભગવાન શંકર્ષણ આવ્યા.

ભક્તિદેવીના ગર્ભમાં ભગવાનની આજ્ઞાથી અનંત ભગવાન શેષજી આવ્યા. ભક્તિદેવીએ એમને ધારણ કર્યા. ગર્ભમાં આવ્યા ત્યારથી તે બાલા ખૂબ જ શોભવા લાગ્યાં. જેમ રોહિણીના ગર્ભમાં બળરામજી મહારાજ પધાર્યા ! ત્યારે શોભતાં હતાં તેવાં ભક્તિમાતા શોભવા લાગ્યાં. શંકર્ષણ ભગવાન બળદેવજી ભગવાનનું ઐશ્વર્ય એવું છે એની કાંઈ વાત જ ન થઈ શકે. કેમકે અનંત કોટિબ્રહ્માંડમાં એ એક જ છે. જેમના એક એક મસ્તક ઉપર એક એક બ્રહ્માંડને ધારણ કરે આવાં અનેક અગણિત બ્રહ્માંડોને અનંત કહેવાય છે. આ શંકર્ષણ ભગવાન જેની ઉપર ઐશ્વર્ય મૂર્તિ રાજી થાય છે. તેના કાર્યો તરત જ પૂર્ણસિદ્ધ થઈ જાય છે. એવા મહાસમર્થ પ્રભુ માતા ભક્તિના ઉદરને વિષે આવ્યા છે. તેના આગમનથી તે દેવી ખૂબ જ શોભવા લાગ્યાં. હે રામ ! થોડાંક બ્રહ્માંડો ઉત્પન્ન કરવા શંકર્ષણમાં આવેશ થયો. તેના વિના બીજાં જુદાં જુદાં રૂપ થયાં. તેનું હું વર્ણન કરીને કહું છું. તે નિર્ગુણ સ્વરૂપ ભગવાનની શક્તિ ત્રણ રૂપે સૃષ્ટિના કાર્ય માટે તે ગુણ રૂપ થઈ. તેના યોગથી અનંત ઈંડમાં પ્રવેશથી તેમાં તેનું સગુણ રૂપ છે. પ્રાકૃત સૃષ્ટિ ઉત્પન્ન કરવા માટે પુરુષોત્તમ ભગવાને મનમાં સંકલ્પ કર્યો. તેનાથી કાળપુરુષની ઉત્પત્તિ થઈ. તે જગતનો નાશ કરનાર થાય છે. મહાપુરુષ, માયા, આ ભગવાન પુરુષો તેમના અંતરગુણ છે તેણે સર્વકાળનો ક્ષય કરીને ઈંડનો સંકોચ કરી નાંખ્યો. ફરી એનું પરિણામ એ આવ્યું કે તેનાથી ત્રણ ગુણની ઉત્પત્તિ થઈ. આ પુરુષોત્તમ ભગવાનની ઈચ્છાથી આ ચતુર્વિદ્યાની મહારચના થઈ છે. સંકર્ષણ ભગવાનની અહંકારથી ઉત્પત્તિ થઈ. બુદ્ધિથી અનિરુદ્ધની ઉત્પત્તિ થઈ, મનમાંથી પ્રદ્યુમનની ઉત્પત્તિ થઈ, ચિત્તશુદ્ધિથી વાસુદેવની ઉત્પત્તિ થઈ. આ રીતે ચતુર્વ્યહ કહેવાય છે.

આ પ્રમાણે શંકર્ષણ આદિ ત્રણ તે વાસુદેવનું ભજન સેવન કરે છે. તે સેવાના પ્રતાપથી અનંત ઈંડની ઉત્પત્તિ કરવાની સામર્થી તે મેળવે છે. શંકર્ષણ આદિ ત્રણ ગુણોથી મહાપુરુષ પ્રધાન થયા. તેનાથી અનંત જોડકાં ઉત્પન્ન થયાં. તેને પુરુષોત્તમ પ્રધાન કહેવાય છે. એ પ્રમાણે જાણવું. તે છંદથી મહાતત્ત્વો થયાં. તેમાં ત્રણ પ્રકારનો અહંકાર તે ત્રણથી ત્રણ પ્રકારના આવેશ થયા. તે ત્રણ પ્રકારના આવેશથી તત્ત્વસાર થયાં. તે તત્ત્વસારથી વિરાટ થયા. તે વિરાટથી વિષ્ણુ, બ્રહ્મા અને મહેશ (શિવ) થયા. તે સર્વે સંકર્ષણ આદિ દેવોને જુદાજુદા સેવ્યા કરે છે. એમનું ભજન કરે છે. તે ત્રણ પ્રકારે ઉપાસના કરવાથી ત્રણ પ્રકારની સૃષ્ટિ થઈ. તે સર્વના ફળ આપનારા સર્વના કારણ શ્રી હરિ પુરુષોતમ પ્રભુ ત્રણ પ્રકારની મુક્તિને આપનારા છે. એમનાથી ત્રણે પ્રકારની મુક્તિ મળે છે. તે અનંત ભગવાન પોતે ઈલાવ્રત કાયમ નિવાસ કરે છે. તેમનું પૂજનસેવન શિવજી પ્રેમથી કર્યા કરે છે. લોકાલોકના અંતમાં દક્ષિણ દિગ્ગજો છે. તેની ઉપર શંકર્ષણ ભગવાન કાયમ માટે ધ્યાન રાખે છે. ભૂમંડળનું રક્ષણ કર્યા કરે છે. આ રીતે ઈલાવ્રત ખંડમાં નિવાસ કરનારા સર્વ દિગ્ગજોના નિયંતા અનંત ઈંડોને ધારનારા સર્વ સૃષ્ટિના કારક શેષજી જગતના કલ્યાણ માટે માતા ભક્તિના ઉદરે ગર્ભમાં પધાર્યા. આ પ્રમાણે વાતાવરણમાં ગર્ભને નવ માસ અને ઉપર દસ દિવસ થયા. એટલે ભક્તિમાતાના ઘરે પુત્રનો જન્મ થયો. તે પુત્ર સાક્ષાત્ અનંત પોતે શેષનારાયણ પધાર્યા.

સંવત અઢારસો અઢારમાં શ્રાવણ વદ આઠમને ગુરુવાર યોગ લગ્ન હતું. શુભ નક્ષત્ર હતું. એવા જન્મ સમયે સારા યોગો હતા ત્યારે ભગવાનના મોટા ભાઈ અનંત રૂપે જન્મ્યા. શંકર્ષણ ભગવાનનો જન્મ મધ્યરાત્રિએ

વર્ષાઋતુના વાતાવરણમાં થયો અને માતાપિતાની પીડાને હરનારા ભગવાન શંકર્ષણ પ્રગટ થયા. પુત્રના જન્મ થયા પછી ચારેબાજુ તેજ તેજ છવાઈ ગયું. તે તેજને જોઈને માતાને કાંઈક શંકા જેવું થયું. ફરી પોતાના પુત્રને નાના બાળક રૂપે જોતાં હતાં. મનની શંકાઓ શાંત થઈ. આનંદ પામતી માતાને તેજ સમયે સ્મરણ થયું અને તે લક્ષ્યમાં પોતાના પુત્રને અતિશય ઐશ્વર્ય પ્રતાપ યુક્ત જોતાં હતાં. પુત્રને હજારો મુખ હોય એ પ્રમાણે જોયું. એમનું શરીર ખૂબ જ ઉજ્જવળ ક્રાંતિવાળા લીલાં વસ્ત્રો ધારણ કરેલાં, મસ્તક ઉપર મુગટ ધારણ કરેલા. કિશોર અવસ્થાવાળા પુત્રનાં દર્શન થયાં. હાથથી અભય વરદાનને દેતા જોયા. એમનાં નેત્ર લાલ કમળપાંખડી જેવાં તથા મુખકમળ સુખ આપનાર મનોહર, વિશાળ દઢ લાંબા હાથ, ચતુરર્ભૂજ જોઈને માતા અતિશય આનંદ પામ્યાં. મસ્તક ઉપર નાના નાના વાળ દિગંબર શરીરવાળા આ સ્વરૂપને ચારે દિશાએ જોયું ત્યારે માતા બન્ને હાથ જોડીને મસ્તક નમાવીને પ્રેમમય મધુર વાણીથી સ્તુતિ કરવા લાગ્યાં.

આવા ધર્મભક્તિના પુત્ર ગંભીર મૂરતિ રામપ્રતાપના ચરણરજને પોતાના મસ્તક ઉપર ધારણ કરીને જેનો અતિશય પ્રતાપ છે. એમના આશ્રયથી જન્મમરણના ફેરાનો ભય ટળી જાય છે. મુક્તિ પ્રાપ્ત કરે છે. શેષનારાયણ એ જ શંકર્ષણ છે અને એમના ગુણો અનંત છે. તેથી એમને અનંત કહેવાય છે. રામના નાના ભાઈ એટલે રામાનુજ. રામાનુજ એ જ રામપ્રતાપ છે. એ પ્રમાણે કહેવાય છે. પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પ્રભુએ સૃષ્ટિ કરવા માટે પ્રથમ અહંકારને ઉત્પન્ન કર્યો. અહંકારથી મહાપુરુષની ઉત્પત્તિ થઈ. મહાપુરુષથી કાળમય મહાશક્તિ થઈ. તેમાંથી ફરીથી પ્રધાનપુરુષ થયા. મહતત્ત્વમાંથી જેમ અહંકાર અને અહંકારથી વૈરાટ નારાયણ થયા તેમાંથી ચોવીસ તત્ત્વ થયાં. તેના શંકર, બ્રહ્મા, વિષ્ણુ, ઈન્દ્રાદિ દેવતા તથા ક્ષરઅક્ષર પદાર્થ તથા નાગો, દેવો, અસુરો આદિ સર્વે થયા.

હે પુત્ર ! તમે બ્રહ્માંડમાંથી નીકળી એકલા જ વસો છો. જડ, ચેતન સર્વે અહંકારમાંથી થાય છે. તમે અનંત ગુણને અનંત સ્વરૂપને ધારણ કરીને એક પુરુષોત્તમ પ્રભુને ચિત્તમાં ધારો છો. તમારું મન પુરુષોત્તમાં જોડી દો છો. શેષ સ્વરૂપને ધારી મસ્તક ઉપર પૃથ્વીને ધારણ કરીને હજાર ફેણેથી ભગવાનના ગુણને વારંવાર ગાયા જ કરો છો. પચાસ કરોડ યોજનવાળા પૃથ્વી, પર્વતો, વિશાળ સરોવરો, નદીઓ, વૃક્ષો, જળથી ભરપૂર સાગરો સર્વને આપ ધારો છો. મહાશક્તિની આકૃતિવાળા, દઢ વ્રતવાળા, પર્વત સમાન ઉદાર, પૃથ્વીથી ઉપર સાત લોક અને નિચે સાતલોક એમ ચૌદેલોકના ભારથી ભરેલ. એવા ભુવન ભારને પોતાના એક જ શિર પર ધારણ કરીને રહેલા છો. તે છતાં તમને તો એનો ભાર કેવળ ફૂલની પાંખડી સમાન જ લાગે છે. દસ હજાર નાગ કન્યાઓ, તનુઆદિક દેવો એ સર્વે તમારા ચરણકમળની સેવા કાયમ કર્યા કરે છે એવા, અનંત આપને વંદન કરું છું. જ્યારે આપ કોપ કરો છો ત્યારે નાશ કરનારો મુખમાંથી અગ્નિનો વરસાદ કરો છો. આપના મુખમાંથી નીકળેલો ફૂંફાડો દશ લોક સુધી ફેલાઈ જાય છે ત્યારે સંભ્રૂતક નામના મેઘો સાંબેલાધાર વરસાદ વરસાવે છે અને સાગરો કિનારાની મર્યાદા મૂકીને ગગન ઉપર ચઢી જાય છે. પોતાના લોકનો ત્યાગ કરીને ઉપર આવે છે ત્યારે ભગવાન દૂધના ફિણ જેવી શરીરની આકૃતિને ધારણ કરીને સર્વે બ્રહ્માંડોનો નાશ (લય) કરવા માટે પધારે છે ત્યારે તે નારાયણ ભગવાન તમારા શરીર ઉપર શય્યા કરવા પધારે છે. ભગવાન શેષશયામાં પોઢ્યા ત્યારે સંકર્ષણનું સ્વરૂપ ધારણ કરીને. ભગવાન ઉપર છત્ર ધારણ કરીને રહો છો. શરીર ઉપર અશેષને ધારણ કરીને રહેનારા હે શેષ ! તમો એક મસ્તક ઉપર પૃથ્વી ધારેલી છે અને રામાવતારમાં લક્ષ્મણ રૂપે થઈને મહાપરાક્રમી યોદ્ધા મેઘનાદને માર્યો.

રામ થઈને યુદ્ધ કરીને દ્વિવિદ વાનરને માર્યો. એવા પરાક્રમી રામના નાના ભાઈ લખન થઈને રહ્યા. છતાં હજારો પ્રશ્નોના ઉત્તરો આપ્યા એવા હે સંકર્ષણ પ્રભુ ! આપ આ સમયે રામપ્રતાપ તમે શાંત સ્વરૂપ એવા મનુષ્ય શરીરને ધારણ કરો એ પ્રાર્થના છે.

આ રીતે સ્તુતિ કરીને મુનિઓ ભગવાનને નમસ્કાર કરીને ચરણ સ્પર્શ કરીને સર્વે મુક્ત સભામાં બેઠા તે સમયે ખૂબ જ આનંદ થયો. અનંત મુક્તોથી સ્તુતિ કરાયેલા શેષનારાયણના ચરણને મહાદેવો સેવતા જોઈને તેમની આરતી ઉતારી રાજી થયા. આ રીતના ચરિત્રને જોઈને માતા પ્રેમવતી મનમાં ખૂબ જ આનંદ પામ્યાં. જેમ અમૃત જેવા રસનું પાન કરીને તેનો સ્વાદ કહી શકાતો નથી તેમ, માતા રાજી થઈને રહ્યાં. ત્યાર પછી માતા સ્મૃતિમાં આવ્યાં ત્યારે પુત્રને બાળક જેવા જ જોયા. પિતા પણ પુત્રનો જન્મ થયો જાણીને આનંદના સાગરમાં ઉતરી ગયા અને પોતાના સંબંધીઓને તેડાવીને આનંદ કરવા લાગ્યા. ત્યારે પ્રણવ આદિના નાદ કરીને અનેક પ્રકારના વાજાં વાગવા લાગ્યાં. પુત્રના મુખને જોવા માટે છપૈયા પુરની સ્ત્રીઓ દોડીને ત્યાં પ્રેમથી આવવા લાગી. સર્વે મંગળ ગીતોને ગાતી થકી મધુર કંઠના સૂરને રેલાવવા લાગી. પિતાએ પુત્રનો જાતકર્મ સંસ્કાર કરીને બ્રાહ્મણોને ખૂબ જ દાન આપવા લાગ્યા. ત્યારે આકાશમાં દેવોનાં વિમાનો છવાઈ ગયાં. અને આકાશમાંથી પુષ્પનો વરસાદ કરી ભગવાનને વધાવવા લાગ્યા. અપ્સરાઓ નૃત્ય કરીને ભાવ પૂર્ણ કરવા લાગી. ગંર્ધવો મનોહર ગીતો ગાવા લાગ્યા. આ રીતે ત્રણે લોકમાં જયજયકાર થવા લાગ્યો અને સર્વેના ચિત્તમાં નિર્મળતા આવી ગઈ. માતાપિતા બન્ને ખૂબ જ મનમાં આનંદ પામતાં થકાં પાલનપોષણ કરતાં હતાં, દરરોજ ખૂબ જ રમાડતાં હતાં. ક્યારેક પારણામાં, ક્યારે ખોળામાં રાખીને ખૂબ જ સાચવતા હતાં. તે બન્ને પતિપત્ની નિત્ય પ્રત્યે ભગવાનની ભક્તિ કરતાં હતાં અને આનંદપૂર્વક રહેતાં હતાં ત્યારે પોતાના ગામ ઈટારપુરમાં પત્ર લખીને પુત્રના જન્મ સમાચાર મોકલ્યા. સુવ્રત મુનિ કહે છે હે રાજન્ ! મેં તમને ધર્મદેવ ભક્તિના ચરિત્રો કહ્યાં તથા પુત્રના જન્મની વાત કહી તથા સનકાદિકે સ્તુતિ કરી તથા જે મહોત્સવ થયો તેની વાત કહી.

અનંત એવા રામપ્રતાપજીનો જન્મ મહોત્સવની કથાને જે કોઈ ગાશે તથા સાંભળશે, ને ભાવથી તેનું સ્મરણ કરશે. તે જન્મમરણના ભયમાંથી નીકળીને ભગવાનના ચરણને જ પામે તે નિશ્ચય વાત છે.

**આ પ્રમાણે શ્રીહરિ લીલાસિંધુમાં અવતારરત્નમાં વૈષ્ણવાનંદ બ્રહ્મચારી રચિત છંદભાષામાં ભગવાનશંકર્ષણ (રામપ્રતાપજી) જન્મ ઐશ્વર્યની કથા નામે પંદરમો તરંગ થયો ॥૧૫॥**

# તરંગ-૧૬

રાજા કહે છે હે સુવ્રત મુનિ ! ધર્મદેવે પોતાના કુટુંબપરિવારની સાથે રહીને શાંતિયાગ કર્યો તે કથા, તથા અતિ ઉપદ્રવ થયો ત્યારે વૈરાગ્યથી તીર્થયાત્રા કરી તેની કથા, હવે મને કહો.

સુવ્રત મુનિ કહે છે હે રાજા ! એક વખત ધર્મદેવ અને બાલા બન્ને પોતાના ઘેર બેઠાં હતાં. શાંતિથી ભગવાનનું ભજન તેમજ ધર્મજ્ઞાનની ચર્ચા કરે, કાયમ ભગવાનના ચરિત્રો સાંભળ્યા કરે. ધર્મદેવ પાસે ભગવાનની કથા સાંભળવા માટે છપૈયાપુરનાં માણસો આવતાં હતાં. તેમાં પોતાના સંબંધીઓ અને બીજા પણ આવતા. એમને ભગવાનના સ્વરૂપમાં પ્રીતિ કરાવીને ધર્મજ્ઞાનનો ઉપદેશ આપીને ધર્મ પાળવાના નિયમો નીતિશાસ્ત્ર મુજબ

શીખવતા હતા. આ રીતે ધર્મદેવ રોજે સત્સંગની વાર્તાઓ કરતા તે સત્સંગથી તે શ્રોતાજનોનાં અંગો સંશય વિનાનાં થઈ ગયાં. ત્યારે દેવશર્માએ એક દિવસ વિચાર કર્યો કે મારે યજ્ઞ કરવો છે. તે યજ્ઞ અયોધ્યાનગરીમાં કરવો છે. એ પ્રમાણે નિર્ણય કરીને. યજ્ઞ કરવા માટે પોતાના સંબંધીઓ તથા તેના સેવકો તથા પુત્રોની વધુઓ, સ્ત્રીઓ સર્વે અયોધ્યા નગરીમાં આવ્યાં. તે યજ્ઞમાં બધા જ દેશોના બ્રાહ્મણો મળવા આવ્યા. સર્વેનાં મન અયોધ્યાપુરીમાં યજ્ઞ કરવાનું સાંભળીને યજ્ઞમાં જવા માટે થનગની રહ્યા હતા. બ્રાહ્મણ જાતિના તથા પોતાના નાતભાઈઓ સર્વે મળ્યા. તેઓ યજ્ઞમંડપમાં સારા શોભતા હતા. વેદ ભણેલા બ્રાહ્મણો વેદનો ઉચ્ચાર કરવા લાગ્યા. અગ્નિને પ્રગટ રાખવા માટે ઘીની આહુતિઓ આપીને પ્રગટ રાખતા હતા. ધર્મદેવે જે બ્રાહ્મણો યજ્ઞના વિધિને જાણતા હતા એમને જ યજ્ઞમાં વરુણી કરીને બેસાડવા માટે નક્કી કર્યા. તેઓને દરરોજ નવાં નવાં ભોજનો જમાડતા હતા અને અરસપરસ એકબીજાને ખવડાવીને ખૂબ જ આનંદ કરતા હતા. સ્ત્રીઓ મનોહર ગીતો ગાઈને આનંદ વધારતી હતી. કન્યાકુળવાળાને ખૂબ જ રાહત રહેતી હતી. જાતિના તથા નાતવાળા માણસો સૌ સંબંધીઓ સર્વે સમાજ સાથે મળીને કહેતા હતા કે આ દેવશર્મા આપણી જ્ઞાતિના મુગટમણિ છે. આ રીતે ધામધૂમથી યજ્ઞ થતો હતો. તેની પૂર્ણાહુતિનો દિવસ આવ્યો ત્યારે ધર્મદેવ ભક્તિમાતાને ખૂબ જ મનમાં આનંદ થવા લાગ્યો. બધાને દાન દક્ષિણા યોગ્યતા પ્રમાણે આપ્યાં અને યથાયોગ્ય સર્વનાં સન્માન કરીને રાજી કર્યા. બધા મહેમાનો અરસપરસ મળીને વિદાય મેળવી ચાલતા થયા. ચાલતાં માર્ગમાં યજ્ઞના વિધિનાં વખાણ કરતાં જતાં હતાં. કાલુ તિવારી અને બાલકરામ બન્ને મળ્યા અને મનમાં સંતોષ પામ્યા. કાલુ તિવારી હાથ જોડીને બાલશર્માને કહેવા લાગ્યા હે દેવ ! હવે ધર્મદેવને અમારે ઘેર રહેવું હોય તો રહેવા દો. અમે એમને સારી રીતે રાખીશું. સર્વે અરસપરસ મળીને ધર્મદેવનું કુળપરિવાર પોતાના ગામ ઈટાર ગામ તરફ જવા લાગ્યાં અને ધર્મદેવ તથા બાળાનો પરિવાર બધો સાથે મળી સસરાનું ઘર છપૈયા તરફ જવા લાગ્યાં.

તે ધર્મદેવ ભક્તિમાતા પુત્ર ત્રણે સસરાના ઘરમાં જઈને રહેવા લાગ્યાં. કાલુ તિવારી અને દૂન તિવારી બન્ને તેઓને પોતાના પ્રાણ કરતાં વિશેષ સાચવતા હતાં. ધર્મદેવ રોજે ભગવાનના ચરિત્રની કથા લોકોને સંભળાવતા હતા. બધા માણસો એમના મુખની વાણીને ખૂબ જ પ્રેમભાવથી સાંભળતાં હતાં. નવા નવા જ્ઞાનને પ્રાપ્ત કરતાં હતાં. ધર્મદેવ કાયમ ગૃહસ્થાશ્રમના ધર્મનું દૃઢતાપૂર્વક વૈદિક રીત પ્રમાણે પાલન કરતા હતા. ભક્તિમાતા દૃઢ પતિવ્રતાનો ધર્મ પાળતાં થકાં પતિને દેવ સમાન માનતાં હતાં. આ બન્ને પતિપત્નીને જોઈને લોકો પોતાના અનુભવ પ્રમાણે જુદાજુદા ભાવોથી કહે છે. આ ધર્મદેવ અને ભક્તિમાતા ભલે મનુષ્ય શરીરે છે ભલે પણ તે તો સાક્ષાત્ દેવ છે. સામાન્ય મનુષ્ય નથી. તે મનુષ્યો ધર્મભક્તિને દેવ જેવા માનતાં હતાં તેથી એમના વચન અનુસાર રહેતાં હતાં. તેઓને ધર્મ, જ્ઞાન, વૈરાગ્યનો ઉપદેશ ખૂબ જ આપતાં હતાં. ઉપદેશ આપીને એમને પ્રેમના બંધનથી બાંધી રાખતા હતા એવા સમયમાં કાંઈક અસુરોનો ઉપદ્રવ થવા લાગ્યો. નિષ્ઠાવાનજનોને પોતાની સામાન્ય રૂચિ તો વૈરાગ્યથી વનમાં કે કોઈ આશ્રમમાં રહેવાની જ હોય, તેથી ઉપદ્રવના નિમિત્તને લઈને ધર્મદેવ આનંદથી પોતાના મનને દૃઢ કરીને તીર્થયાત્રા કરવાના નિમિત્તે ચાલતા થયા. પોતાના પુત્ર રામપ્રતાપ પણ પાંચ વરસના થઈ ગયા છે તેઓ રોજે બાળકોની સાથે રમતો રમતા થકાં પોતાનો બાલસહજ સ્વભાવમાં પણ ખૂબ જ પ્રતાપ દેખાડતા હતા. ધર્મદેવ પોતાના પુત્રને સાથે લઈને ચાલતા થયા. પ્રથમ સર્વને પ્રણામ કરીને પછી પ્રયાણ કર્યું ત્યારે પ્રથમ કેટલાક દિવસો સુધી આ મખોડાતીર્થના આશ્રમમાં રહ્યા. પછી અયોધ્યાપુરમાં રહેવા

ગયા. ત્યાં અયોધ્યામાં રામપ્રભુની જન્મભૂમિનાં દર્શન કરીને તેને સર્વ તીર્થમાં શ્રેષ્ઠ માનતા હતા. ત્યાં સરયૂ નદીમાં પુત્ર સહિત ત્રણે વખત સ્નાન કરતા હતા. આ રીતે ધર્મદેવ, ભક્તિમાતા અને રામપ્રતાપજી પરિવાર અયોધ્યામાં નિવાસ કરીને રહેતા હતા.

ધર્મદેવ દરરોજ પોતાના નિયમ પ્રમાણે સર્વ ક્રિયાઓ કરતા. ત્યાર પછી દરેક મંદિરોમાં દર્શન કરવા જતા. જ્યાં ધર્મદેવ દર્શન કરવા જાય ત્યાં સર્વે એમનો સત્કાર કરતા તથા સેવા કરતા. એમને મહાવિદ્વાન જાણીને બુદ્ધિશાળી મનુષ્યો એમના મુખથી ભગવાનના ચરિત્રની કથા સાંભળતા. એમની કથા સાંભળવા બ્રાહ્મણો આવવા લાગ્યા. ધર્મદેવના મુખની વાણી ખૂબ જ મધુર લાગવા માંડી. ધર્મદેવનું ઘર પ્રિયજનો ભક્તજનોથી આખો દિવસ ભરેલું રહેતું. તેથી કેટલાક દંભી દુર્જનોને ભય થવા લાગ્યો કે અમારા શિષ્યોને આ બધા જ પોતાના તરફ ફેરવી નાખશે. તેના માટે કાંઈક ઉપાય કરવો જોઈએ. આ પ્રમાણેની દુર્જનોની બધી જ વાતો ધર્મદેવે જાણી લીધી. તેથી ધર્મદેવે તે અયોધ્યાપુરીનો ત્યાગ કરીને સહેજે સહેજે તીર્થમાં મનને જોડીને પોતાના દેહને નાશવંત જાણીને દેહનો મોહ નહીં રાખીને યાત્રા કરવા ચાલ્યા. ધર્મદેવ જ્યાં જ્યાં જાય છે ત્યાં તીરથમાં સ્નાન કરે છે અને દૈવિ જીવોને ભગવાનના ચરિત્રનો જ્ઞાનઉપદેશ કરે છે તથા ભગવાનના ભક્તો, સંતો તથા ભગવાનનાં મંદિરોમાં ભગવાનના સ્વરૂપનાં દર્શન કરે છે તથા ખૂબ જ ભાવથી સ્નાન કરે છે. તીર્થનો મહિમા વધારે છે. ફરતા ફરતા ગંગાસ્નાન કરવા માટે કાશીમાં ગયા. જ્યાં કાયમ અનેક સંન્યાસીઓ નિવાસ કરીને રહે છે. ત્યાં રહેતા સંન્યાસીમાં કેટલાક આસુરી વૃત્તિના જિજ્ઞાસુઓ રહેતા હતા. તેઓ ભગવાનની ઉપાસના ભક્તિ કરતા હતા, પરંતુ તેઓ તો ભૈરવ ભૂતપ્રેતની ઉપાસના કરીને સાધના કરતા હતા અને લોકોના માનસમાં ભેદ ભરતા હતા. ધર્મદેવ કેટલાક દિવસ કાશીના મઠમાં રહ્યા. ત્યાર પછી ધર્મદેવ ત્યાંથી આગળ જવા માટે ચાલતા થયા. તીરથરાજ પ્રયાગમાં જવા માટેનો વિચાર કરીને ચાલ્યા ત્યારે માર્ગમાં વચ્ચે વચ્ચે રોકાણ કરતા હતા. માર્ગમાં કોઈ જગ્યાએ જો કોઈ લોકો ભક્તિભાવવાળાં હોય તો એમને ઉપદેશ આપતાં હતાં તથા તે સ્થળની ખૂબ જ પ્રશંસા કરતા હતાં. ધર્મદેવ ભક્તિમાતા જ્યાં જ્યાં ચાલતાં હતાં તથા નિવાસ કરતાં હતાં ત્યાંની પૃથ્વીમાં ભૂમિતળ પવિત્ર થઈ જતું હતું. જે સ્થળમાં ભગવાનના એકાન્તિક ભક્તો અથવા સંતો વાસ કરે, તે સર્વે સ્થળ ભગવાનના સ્વરૂપના યોગથી તીર્થભૂમિ થઈ જાય છે. પ્રગટ ભગવાનના આશ્રિતો અથવા ભગવાન જ્યાં જ્યાં જાય અથવા પ્રગટ ભગવાનને મળેલા ભક્તો જ્યાં રહે તે તીર્થ કહેવાય, એવા ભગવાનના સંતો ભક્તોની સેવા કરવાથી જીવાત્માને તેના ફળરૂપે આત્મકલ્યાણ થાય છે. મુનિઓના રાજા ભગવાનના દર્શન માટે તીર્થ કરતા કરતા થકાં ધર્મદેવ ભક્તિમાતા બન્ને ફરતાં થકાં તીર્થરાજ પ્રયાગમાં આવ્યાં. જ્યાં મહાતપસ્વી મુનિઓ નિવાસ કરે છે . પ્રયાગમાં આવીને ધર્મભક્તિ રહેવા લાગ્યાં અને સંતસમાગમ કરવા લાગ્યાં. સંતો મળે એટલે સંતોના ચરણની રજનો સ્પર્શ કરીને આનંદ મેળવે. એવામાં ઉદ્ધવના અવતાર એવા રામાનંદ સ્વામીનાં દર્શન થયાં. એમનાં દર્શન કરીને સુખ પામ્યા. રામાનંદ સ્વામી પાસે અનેક ભક્તો બેઠા હતા. ત્યાં ધર્મભક્તિ ઉત્સાહથી પાસે ગયાં ત્યારે રામાનંદ સ્વામીના લલાટમાં જોયું તો કેસરનું તિલક કરેલું હતું તે શોભતું હતું. વચમાં ચાંદલો કરેલો શોભતો હતો. કંઠમાં બે સેરવાળી તુલસીની કંઠી ધારણ કરેલી શોભતી હતી. કમળની માળા ધારણ કરેલી શોભતી હતી. વૈષ્ણવ સંપ્રદાયનાં છાપોનાં ચિહ્નો શરીર પર ધારેલાં. તેના દર્શન કરીને ભક્તને ભગવાન ઉપર પ્રેમ પ્રગટે એવું આકર્ષણ હતું. તેથી ધર્મભક્તિને પણ ભાવ જાગ્યો. આ રીતનાં દર્શન કરીને ધર્મભક્તિ બન્ને રામાનંદ સ્વામીનાં સ્વરૂપને જોઈને તેમની પાસે જઈને મુનિને દંડવત્ પ્રણામ કર્યા ત્યારે તે રામાનંદ સ્વામી ધર્મભક્તિનો મહિમા સમજી ગયા અને તેઓ ઊભા

થઈને સામા ગયા. ધર્મદેવને ઊભા કરીને બાથમાં લઈને ભેટ્યા અને ધર્મદેવ છે એ પ્રમાણે જાણીને મનમાં ખૂબ જ રાજી થયા. ત્યાર પછી ભક્તિમાતાએ મુનિને ચરણમાં મસ્તક નમાવીને પ્રણામ કર્યા ત્યારે મુનિએ એમને ખૂબ જ આશીર્વાદ દીધા. ત્યાર પછી ધર્મદેવ ભક્તિમાતાને આસન ઉપર બેસાડીને પ્રસાદ જમાડીને જળપાન કરાવ્યું. મુનિએ ભાવપૂર્વક અનેક પદાર્થથી સન્માન કર્યું. ત્યાર પછી રામાનંદ સ્વામી પાસે બેસાડીને પૂછવા લાગ્યા હે દંપતિ ! તમે ક્યાંથી આવ્યાં. ક્યાં જવાનાં છો. અત્યારે ક્યાં રહેશો. કયા દેશમાં તમારો જનમ થયો છે. તમારા ગુરુ કોણ છે ? ઉપદેશ આપનારા કોણ છે ? એ સર્વે કહો. રામાનંદ સ્વામીએ પૂછ્યું એટલે ધર્મદેવ રામાનંદ સ્વામીને મસ્તક નમાવીને કહેવા લાગ્યા હે સ્વામિ ! અમો આજે કૃતાર્થ થયા છીએ. આજે સનાથ થયા છીએ. કેમકે આપ તો ત્રિકાળ જ્ઞાની છો. તેથી આપ સર્વ જાણો છો. આપ તો પામર જીવને મહાન ભક્ત કરનારા સમર્થ છો. તેથી જાણો છો. ઈટારપુરમાં મારો જન્મ થયો ત્યાંથી છપૈયા રહ્યા. અયોધ્યામાં યજ્ઞ કરીને છપૈયા આવ્યા. ત્યાંથી અયોધ્યામાં આવ્યા. ત્યાર પછી કાશીયાત્રા કરીને પ્રયાગતીર્થમાં આવ્યા છીએ.

જે જીવાત્મા આ ચરિત્રને ભાવનાથી ગાશે તથા પ્રેમપૂર્વક મનથી આ ચરિત્ર સાંભળશે તેને સંતનો મેળાપ થશે અને ભવ સાગરને તરીને ભગવાનધામને પામશે.

**આ પ્રમો શ્રીહરિ લીલાસિંધુમાં અવતારરત્નમાં વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ કરેલાં છંદભાષામાં ધર્મભક્તિ પ્રયાગતીર્થમાં રામાનંદ સ્વામી મેળાપ થયો. એ નામે સોળમો તરંગ થયો ॥૧૬॥**

## તરંગ-૧૭

ધર્મદેવ કહે છે હે રામાનંદ સ્વામી ! હાથ જોડીને ખૂબ જ નમ્રતાથી વિનયપૂર્વક રામાનંદ સ્વામીને પૂછવા લાગ્યા. હે સ્વામી ! આપ તો સર્વજ્ઞ છો. અતિ જ્ઞાની છો. તેથી હે મુનિદેવ આપ મારા મનના સંશયોને તોડી નાખો. પોતાની જાત, નાત, કુલપરિવાર, દેશ, નગર આ સર્વે જ્યાં સુધી મનમાંથી છૂટતાં નથી ત્યાં સુધી ગમે તેટલાં ભક્તિજ્ઞાન, વૈરાગ્ય રાખીને ઉપદેશ ભજન કરે તે વ્યર્થ થાય છે. હે મુનિ ! મેં એવું સાંભળેલું છે. મારા મનમાં આવો ભાવ છે. હે સ્વામી ! માતા, પિતા, પુત્ર, ભાઈ, પુત્રી, ધન, સ્ત્રી ઘરબાર જે કહેવાય છે તેના બંધનથી મુક્તિ મળતી નથી અને બંધન કેમ રહે છે તે મને કાંઈ ખ્યાલ નથી આવતો. તેથી આપ સમજાવીને મારો સંશય તોડો. સરવારમાં ઈટારપુરમાં સરવરિયા જ્ઞાતિના પાંડે પરિવારમાં બાલકરામ પિતા તથા સુભાગ્યવતી માતા કહેવાય છે. એ મારા માતાપિતા તરીકે પ્રસિદ્ધ છે. અમારા કુળના ઉપદેષ્ટા ગુરુ રામાનુજીય કહેવાય છે. એ અમારી ઓળખાણ છે. પણ મારે તો પ્રગટ પ્રમાણ ભગવાન, ગુરુ ન મળે ત્યાં સુધી મારે શોધવા છે. માટે હે મુનિરાય ! અમારા મનની ભાવના છે તેને પૂર્ણતયા સિદ્ધ કરી સમજાવો. રામાનંદ સ્વામી કહે છે હે ધર્મદેવ ! તમને ધન્ય ધન્યવાદ છે. તમારી ભક્તિ તો બરોબર છે તે છતાં પ્રશ્ન પૂછો છો તે તો કલ્યાણને યોગ્ય જ છે. પરમ સુખ આપનાર છે. તમારા માતાપિતા કૃતાર્થ થયાં છે. તમે મનુષ્ય જન્મ પામ્યા. તેને પણ ધન્યવાદ છે. તમારા પુરુષાર્થને પણ ધન્યવાદ છે. હે ધર્મદેવ ! ગૂઢ રહસ્યને જાણો છો તે છતાં તમે પૂછો છો તેથી હું તમને અદ્‌ભૂત વાત કહું છું. તેને તમે સાંભળો. તમે અતિશય બળવાન બુદ્ધિવાળા મુમુક્ષુ કહેવાઓ. કેમકે તમે જાણવા છતાં શ્રદ્ધાસહિત ફરી પૂછવા આવો છો. તેથી કહું છું. જે વક્તા હોય તે પોતે ધર્મનિયમમાં પુરો દઢ

હોય. સારા પવિત્ર ગુણોથી યુક્ત હોય. તેમાં સહેજ પણ કચાશ ન હોય એવા ગુરુમાં પોતાના આશ્રિત જીવોના કલ્યાણ કરવાના હેતુથી ઉદ્ધાર કરવા માટે તે પ્રગટ સાક્ષાત્ સંત વિચરણ કરે છે. એવા નિર્મોહી સંતના મુખનાં વચનો તલવારની ધાર જેવાં કડક હોય છે. તેના વચનના પ્રહારને જે સહન કરે છે તેને જ તે સંતના મુખથી જ્ઞાન પ્રાપ્ત થાય છે. તે જીવાત્મા બધાને ઓળખવામાં શક્તિમાન થાય છે અને સત્ય-અસત્યના ભેદને જાણે છે. સત્ય જાણીને એ સંતપુરુષનો સંગ કરે, જ્ઞાન મેળવે, અસત્ય જાણી તેનો ત્યાગ કરે તેનાથી દૂર રહે એવા વિવેકની બુદ્ધિ સંતપુરુષ આપે છે. તે જ સંતનો સમાગમ કરવા બુદ્ધિશાળી આત્માઓ આગ્રહ કરે છે. એવા સ્વભાવવાળાને જ ભગવાન સ્વીકારે છે. પ્રમાણે છે અને બીજા સર્વે પ્રપંચી માયાના જીવો છે. એને ભગવાન માન્ય નથી રાખતા. તેથી એકાન્તિકના સમાગમથી મનન ચિંત્વન કરવાથી વૈરાગ્ય થાય છે. એજ એના માટે પરમાત્માનું જોડાણ કરવા સત્ય રૂપ હોય અને પ્રેમભક્તિ દોરો છે. એ જ સાચા સંતની રીત છે.

આવી રીતે જે કોઈ સાચો ઉપદેશ જગતમાં જે કોઈ કરે. તેને લોકો પ્રગટ ભગવાનના સંત અને ગુરુ જાણે છે એમનું સેવન કરે છે. એમનો જે કોઈ સમાગમ કરે છે. તે જીવાત્મા પાપકર્મથી મુક્ત થઈ જાય છે અને જગતના તાપ થકી મહુટીને તેને પરબ્રહ્મનું સુખ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે ઉપદેશ આપીને રામાનંદ સ્વામી મૌન રહ્યા ત્યારે ધર્મભક્તિએ પોતાનાં મસ્તક રામાનંદ સ્વામીના ચરણમાં ટેકાવીને પ્રણામ કર્યા. કહેવા લાગ્યા હે સ્વામી ! આજે અમે કૃતાર્થ થયાં. હે મુનિનાયક ! આપના સમાગમથી અમારા મનનાં દુઃખો મટી ગયાં અને સુખો પ્રાપ્ત થયાં. આપનો સમાગમ સુખદાયક થયો. સાંજનો સમય થવાથી સર્વે ભક્ત સંત સમાજ સ્નાન કરવા માટે તીરથરાજમાં જવા લાગ્યા. તે નદી ઉપર ખૂબ જ સારા ઘાટો બનાવેલા હતા. તેમાં સંતો નિત્ય પ્રત્યે સવાર-સાંજ બન્ને સમયે સ્નાન કરતા. સર્વે સમાજ તે નદીના ત્રિવેણી ઘાટ ઉપર નિર્મલ પવિત્ર જળમાં નાહ્યા. ગંગા-યમુના અને સરસ્વતી આ ત્રણે નદીઓનો સંગમ તેમાંથી સતત નવાં નવાં તરંગો ઉઠતાં હતાં. તેમાં સ્નાન કરવાથી પાપરહિત કરે છે અને જીવાત્માને સત્સંગી બનાવે છે. ગંગા, યમુના, સરસ્વતીમાં રામાનંદ સ્વામી સ્નાન કરીને સંધ્યાવંદન આદિ નિત્યક્રિયા સર્વે કરીને ત્યાર પછી તે દેવનાં દર્શન કરવા માટે ચાલતા થયા. મંદિરમાં ઉપર ચઢીને ગર્ભદ્વારમાં માધવરાય ભગવાનનાં દર્શન કરીને પ્રણામ કરીને ભગવાન પાસે પ્રેમીભક્તો સંતોનો સમાગમનો પ્રેમ-ભાવ માગ્યો. રામાનંદ સ્વામી માધવ ભગવાનનાં દર્શન કરીન પોતાના આશ્રમમાં આવ્યા. ખોટો સમય નહિ બગાડીને નિત્ય પ્રત્યે ભગવાનનાં ચરિત્રની કથા કરતા હતા. આ રીતે ધર્મભક્તિ બન્ને રોજે સત્સંગ કરીને મનમાં ખૂબ જ પ્રેમ જાગ્યો. નિત્ય સવારમાં વહેલા ઊઠીને સ્નાન પૂજન કરીને પછી મુનિઓની સાથે વટમાધવ ભગવાનનાં દર્શન કરવા જતાં. ત્યાર પછી મુનિઓનાં દર્શન કરતા.

એક દિવસ ધર્મદેવે રામાનંદ સ્વામીને ધ્યાન કરવાની વાત પૂછી. ત્યારે રામાનંદ સ્વામીએ ટૂંકમાં જ એ વાત ધર્મદેવને સમજાવી દીધી અને ધ્યાનની રીત શીખીને ધર્મદેવ-ભક્તિમાતા બન્ને ભગવાનનું ધ્યાન કરવા લાગ્યાં. ત્યારે એમણે ધ્યાનમાં એકદમ તેજ દેખાણું. તે તેજના સમૂહમાં. શ્રીકૃષ્ણ ભગવાનની નટવર સુંદર સુખરૂપ મૂર્તિનાં દર્શન થયાં, તે સ્વરૂપ નવીન મેઘસમાન શ્યામસ્વરૂપ અતિ તેજાયમાન વસ્ત્ર, આભૂષણોને ધારણ કરેલા તે ખૂબ શોભાયમાન દૃષ્ટિને આકર્ષનારા હતાં. કમળના દળની માફક ચરણમાં શુભ રેખાઓ શોભે છે. ચણતરમાં સોળ ચિહ્નો શોભે છે. તે મનને હરે છે. ગુલફાં, જંઘા, જાનું, સાથળ સર્વે અતિ મનોહર લાગે છે. કેડ ઉપર કટિમેખલાને ધારણ કરેલા છે તે શોભે છે. ગોળનાભિ સુંદર ઉદરમાં શોભે છે. ઉદર મનોહર લાગે

છે. વક્ષસ્થળમાં ભ્રુગુ ઋષિની લાતનું ચિહ્ન શોભે છે. લાંબા હાથો બન્ને અભય વરદાનને આપે છે. મત્સ, ધ્વજ, ધનુષ્ય એ ચિહ્નો આનંદ આપનારાં ખૂબ જ શોભે છે. શ્વેત શોભાયમાન મુકુટને ધારણ કરેલા. મનને મોહ પમાડતા થકાં કાન ઉપર મત્સ્યાકાર કુંડળને ધારણ કરેલા મુખકમળ ચંદ્રમાનાં મનોહર બિંબસમાન તેજાયમાન હૃદયમાં ઉતારી લીધું. કમળની પાંખડી જેવા મનોહર નેત્રો શોભે છે તેની અંદર લાલ અરુણ સમાન રેખાઆ ખૂબ જ શોભાયમાન લાગે છે. સુગંધયુક્ત તૈલી ફૂલની માળાઓને ધારણ કરેલા મુખકમળની છબિને મુનિઓ ધ્યાનમાં ઉતારે છે. ચંદ્રબિંબની આકૃતિ સમાન મુખકમળમાં અધરોષ્ટની શોભાવાળા લાલ કળીની સમાન મનોહર શોભાવાળા તે લોકો તેની અંદર દાંતની અંદર મનોહર જીભ તેનાથી મધુર અમૃત સમાન મનોહર વચનોને મંદહાસ્ય મુખકમળમાંથી વહેવડાવતા. સોના મણિઓથી જડેલો મણિમુકુટને ધારણ કરેલા મનોહર શોભતા સ્વરૂપને ધર્મભક્તિએ પોતાના હૃદયમાં ઉતારી લીધું. એવી મનોહર છબિને જોઈને. અમૃતસમાન સાગરની માફક દેહના ભાનને ભૂલી પરબ્રહ્મના ભાવને પ્રાપ્ત કરે છે.

આ રીતે ધર્મભક્તિએ ભગવાનનાં સમાધિમાં દર્શન કર્યાં ત્યારે ભગવાન ધર્મભક્તિ પ્રત્યે કહેવા લાગ્યા. હે દેવી ! તમે મારી માતા છો. તમે મારા પિતા છો. હે માં ! હું તમારો પુત્ર છું. હવે તમારે ત્યાં જ પુત્રરૂપે થવાનો છું. આ રામાનંદ સ્વામી તેજ ઉદ્ધવ પોતે જ છે. માર્કંડેય મુનિ તથા શતાનંદમુનિ આદિક અનેક મુનિઓ આ પૃથ્વી ઉપર વિચરણ કરે છે. ભગવાન કહે છે હું મારા પૂર્ણ ઐશ્વયની સાથે પૃથ્વી ઉપર આવવાનો છું. હે ભક્તિદેવી તમે મારા માતા છો. તમારે ઉદરે જ આવવાનો છું. આવીને તમને અક્ષરધામ જેવાં જ સુખો આપીશ. એ મારા વચનો નિશ્ચય માનજો. મનમાં કાંઈ શંકા ન રાખશો. ભગવાન ધર્મદેવને આ પ્રમાણે કહીને અદશ્ય થયા. ત્યાર પછી ધર્મદેવ ભક્તિમાતા બન્ને ધ્યાનમાંથી જાગૃત થયાં અને તરત જ રામાનંદ સ્વામીના ચરણમાં પોતાનાં મસ્તક નમાવીને પગે લાગ્યાં.

રામાનંદ સ્વામી ધીરે ધીરે મધુર વાણીથી અમૃતમય વચનો કહેવા લાગ્યા. હે ધર્મદેવ ! તમે સમાધિમાં જે જોયું તે સર્વ મને કહી સંભળાવો. ધર્મદેવ કહે છે હે મુનિ ! આપે જે મને પૂછ્યું તથા સમાધિમાં મેં જે કાંઈ જોયું તે સર્વને તમે જાણો જ છો. તેથી તમારી આગળ હું શું કહું. આપ તો સર્વજ્ઞ છો. તે છતાં કહું છું. ધર્મદેવે સમાધીમાં જે જોયું તેને વિગતવાર રામાનંદમુનિને કહ્યું, તે સાંભળીને રામાનંદ સ્વામીને મનમાં આનંદ થયો. અને રાજી થતા થકાં પ્રેમથી કહેવા લાગ્યા. રામાનંદ સ્વામી ધર્મદેવને કહેવા લાગ્યા. ધર્મદેવ તમે ઘેર જઈને શાંતિથી રહો. ત્યારે ધર્મદેવ ભક્તિમાતા રામાનંદ સ્વામીને કહેવા લાગ્યા કે અમને તમો ભાગવતી દિક્ષા આપો અને તમારા આશ્રિત કરો. અમને ગુરુમંત્ર આપો. ધર્મદેવે કહ્યું ત્યારે રામાનંદ સ્વામીએ તે બન્નેને અષ્ટાક્ષર મંત્રથી દિક્ષામંત્ર કહીને શ્રેષ્ઠ બનાવ્યા. ત્યાર પછી મુનિએ ધર્મભક્તિને મહામંત્ર આપ્યો. ત્યાર પછી બીજો શણમંત્ર આપ્યો અને પોતાના આશ્રિત બનાવીને સેવક કર્યા. ત્યાર પછી ધર્મદેવ ભક્તિમાતાને સર્વ પ્રકારની દિક્ષા વિધિ કરીને જગતના જીવોને મંત્રદિક્ષા આપવા માટે યોગ્ય કર્યા અને આજ્ઞા કરી તમો બીજાને મંત્ર આપજો. ધર્મદેવને રામાનંદ સ્વામીએ સંપ્રદાયના સ્વધર્મ સંબંધી સર્વે ધર્મ સમજાવ્યા તથા નિયમો કહ્યા તથા ભગવાન શ્રીકૃષ્ણની સેવા કરવાની વિધિ સમજાવી ધર્મનું રહસ્ય સમજાવી. નિશંશય કર્યા અને કહ્યું કે તમે અમારા બધા જ શિષ્યોમાં મુખ્ય છો અને તમે હવે બધાને ઉપદેશ કરો. ત્યારે રામપ્રતાપને પણ દિક્ષાવિધિ લેવડાવી દીધી. તેમાં તુલસીની કંઠી ગળામાં ધારણ કરીને દિક્ષામંત્ર અપાવ્યો. ઉર્ધ્વ પૂંડ તિલ ચાંદલો કરાવ્યો. ભાલ બે હાથ છાતીમાં આ રીતે

ચારે જગ્યાએ તિલકચાંદલા કરીને ચતુર્વ્યૂહ ભગવાનનું પ્રતિક છે એ પ્રમાણે નક્કી કરી દીધું. તમારે બ્રહ્મચર્ય આદિ નિયમ પાળવા અને બીજાને પણ પળાવવા તથા વિધિનિષેધના ધર્મો જે સદ્‌ગ્રંથમાં કહેલા હોય તેને વાંચીને તે પ્રમાણે પાળવા. પળાવવા. રામાનંદ સ્વામી કહે છે ધરમભક્તિ તમારો આ પુત્ર છે. તે સંકર્ષણનો સ્વયં અવતાર છે. તેથી હવે ભગવાન શ્રીહરિ તમારા પુત્ર જરૂર થશે જ એ વાત નક્કી. તમારા મનમાં ધારી રાખજો. તે હરિ અવતાર ધરીને તમારૂં અને અમારૂં એ પાલનપોષણ કરશે. એ વાત જગતમાં પ્રસિદ્ધ છે જ. પૃથ્વી ઉપર ધર્મની સ્થાપના કરશે અને અસુરોનો જરૂર નાશ કરશે એ નિશ્ચય જાણો. ત્યાર પછી ધર્મદેવ ભક્તિમાતા મુનિને નમસ્કાર કરીને ચરણમાં મસ્તક નમાવીને પુત્રને લઈને ચાલતા થયા અને પોતાને ઘેર પહોંચીને ભગવાનનું ભજન કરવા લાગ્યા.

ધર્મદેવને ઉધ્ધવરૂપ રામાનંદ સ્વામી તથા બીજા મુનિઓનો સમાગમ થયો તથા દિક્ષા વિધિ લઈને પોતાના નિવાસસ્થાને આવ્યા તે બધી વાત મેં તમોને કહી દીધી. ધર્મદેવને ધ્યાનમાં જ ભગવાનના સ્વરૂપનાં દર્શન થયાં તે વાત પણ કહી. એ જ રીતે ભગવાનનાં ચરિત્રો ગાતાં સાંભળતાં જીવાત્માને ભગવાનના ચરણનો આશ્રય થાય છે. સુખને પામે છે.

હે શતાનંદ મુનિ ! હું તમને હવે રામાનંદ સ્વામીના જન્મની કથા કહું છું તથા ધર્મદેવને ત્યાં ઘરમાં સંપત્તિ વધી તથા શિષ્યો વધ્યા. રામપ્રતાપનો જનોઈ સંસ્કાર આ કથા કહું તેને તમે સાંભળો. તથા ધર્મદેવની સર્વ સંપત્તિનો નાશ થયો. ધર્મભક્તિ બન્ને વૃંદાવનમાં ગયાં ત્યાં વિષ્ણુયાગ કર્યો તથા ભગવાને દર્શન આપ્યાં તેની કથા તમને કહીશ.

**આ પ્રમાણે શ્રીહરિ લીલાસિંધુમાં અવતારરત્નમાં વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ કરેલા છંદભાષામાં ધર્મભક્તિને શ્રીહરિનાં દર્શનવિધિ નિરૂપણ નામનો સત્તરમો તરંગ થયો ॥૧૭॥**

# તરંગ-૧૮

રાજા કહે છે, હે મુનિદેવ ! આપ મને ઉદ્ધવજીના જન્મની કથા કહો અને રામપ્રતાપજીને ઉપવિત સંસ્કાર થયા તેની કથા તથા ધર્મદેવના ઘેર સંપત્તિનો વધારો થયો અને તેજ સંપત્તિનો નાશ થઈ ગયો. આ કથા તે મને વિસ્તારથી કહો. ધર્મદેવ ભક્તિમાતા વૃંદાવન ગયાં. ત્યાં સર્વે મુનિઓની સાથે મળીને વિષ્ણુયાગ કર્યો. એમાં ભગવાને દર્શન દીધાં. અને વરદાન દીધું તે કથા મને સંભળાવવા કૃપા કરો. સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! અયોધ્યા પુરધામમાં નિવાસ કરીને રહેનારા ગુણવાન બ્રાહ્મણસમાજમાં શ્રેષ્ઠ અજય નામના વિપ્ર સરવરીયા જ્ઞાતિ ઋગ્વેદની શાખાવાળા કાશ્યપ ગોત્રના હતા તેમનાં પત્નીનું નામ સુમતિદેવી. તેમના ઉદરથી ઉર્ધ્વજીએ સંવત સત્તરસો પંચાણુના શ્રાવણ વદી આઠમના રોજ જન્મ ધારણ કર્યો. તેના જન્મના દિવસે અજયપિતાએ પુત્ર ઉદ્ધવનો જાતકર્મ સંસ્કાર સારી રીતે કર્યા. ત્યાર પછી પુત્ર દિવસે દિવસે વધવા લાગ્યા. પછી ઉંમરલાયક થવાથી પિતાએ તે પુત્રને યોગ્ય જાણીને તેમને ઉપવિત સંસ્કાર કરાવ્યા. ઉપવિત સંસ્કાર થયા પછી (ઉદ્ધવ) રામશર્મા વિદ્યાઅભ્યાસ કરવાના બહાને ઘરનો ત્યાગ કરીને તીર્થમાં દર્શન કરતા કરતા અને સંતોનો સમાગમ કરતા આગળ જતા હતા તે સમયે શ્રી આત્માનંદા સ્વામીનો મેળાપ થયો. એમની પાસે ભાગવતી દિક્ષા ગ્રહણ કરી લીધી. નીરાકાર બ્રહ્મનાં દર્શન થયાં તેથી તેનો ત્યાગ કર્યો. તે રામાનંદ સ્વામીને શ્રીકૃષ્ણ દર્શનની તૃષ્ણા હતી. રામાનુજ સ્વામી પાસેથી

વૈષ્ણવ દિક્ષા લીધા પછી શાંતિ થઈ. તેઓ તીર્થોમાં ફરતા થકાં ભગવતી ભાવવાળા જીવોને ઉપદેશ આપી નિષ્કામી બનાવ્યા. આ રીતે પ્રચાર કરીને ઉદ્ધવજી સમાજમાં પ્રસિદ્ધ થયા. નિષ્કામ સહિત કલ્યાણમૂર્તિ શ્રીકૃષ્ણની ભક્તિ કરતા થકાં જીવોને ઉપદેશ કરતા હતા. સ્વાર્થ વિના સર્વત્ર વિચરતા જીવોને ભગવાનના માર્ગમાં જોડતા આ રીતે પરમાર્થના કાર્યો કરતા થકાં જીવોના કલ્યાણ માટે વિચરતા હતા. ઉદ્ધવ (રામાનંદ સ્વામી) ફરતા ફરતા પ્રયાગ તિર્થીમાં આવ્યા. ત્યાં ભક્તિધર્મને પ્રેમથી મળ્યા. ધર્મભક્તિને ઉદ્ધવ સંપ્રદાયનું જ્ઞાન, કહીને આશ્રિત બનાવ્યા. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહિત શ્રીકૃષ્ણ ભગવાનમાં એકાન્તિક ભક્તિનો ઉપદેશ આપીને એમને દિક્ષા આપી. ઉપદેશ કરવાનો ગુરુમંત્ર આપવાની આજ્ઞા કરીને પછી ધર્મભક્તિને ઘેર જવાની આજ્ઞા કરી. પોતે રામાનંદ સ્વામી પશ્ચિમ દિશા તરફ જવા લાગ્યા. રામાનંદ સ્વામીની આજ્ઞા થવાથી ધર્મભક્તિ પોતાને ઘેર આવ્યા ત્યારે છપૈયાપુરમાં સજ્જનો ખૂબ જ હેતથી મળવા આવ્યા. તેઓને ભગવાનના ચરિત્રની વાતો કરીને સાચા ધર્મની વાતોનું જ્ઞાન આપ્યું તથા અધર્મનું સ્વરૂપ સમજાવ્યું. તેથી ભક્તોમાં ભાવ વધ્યો.

રામાનંદ સ્વામીનો ઉપદેશ સાંભળી તેમાં સત્ય વાતાવરણનો ખ્યાલ આવ્યો. અસત્ય ધર્મનો ત્યાગ કરાવીને સત્ય ધર્મનું પાલન કરાવીને એકાન્તિક ભક્તિ ફેલાવી. તેથી તે રામાનંદ સ્વામી પ્રસિદ્ધ થયા. સાચો ઉપદેશ લાગવાથી ધર્મદેવના શિષ્યો ઘણા બધા થઈ ગયા. તેમાં ચારે વર્ણના લોકો આશ્રિત થયા. સ્ત્રીઓને ઉપદેશ બાલા (ભક્તિમાતા) દેતાં હતાં. સાચા જ્ઞાનના ઉપદેશથી અજ્ઞાનનાં તાળાં ઉઘડી જતાં હતાં અને એકાન્તિક ભક્તો થતાં હતાં. સ્ત્રીઓને ભક્તિમાતા ઉપદેશ આપીને પતિવ્રતાના ધર્મમાં રખાવતાં હતાં. સાચા ધર્મમાં પ્રેમ ઉત્પન્ન થવાથી અનર્થ પાપાચારમાંથી છોડાવતાં હતાં. સંયમ નિયમો સહિત કાયમ માટે ત્રણે કાળમાં દ્રઢ રહેવા માટે ભક્તિમાતા સ્ત્રીઓને વચનથી બંધાવતાં હતાં. ધર્મદેવ ભગવાનના ચરિત્રની જ્ઞાનઉપદેશ કથાવાર્તા જ્યારે જ્યારે કરતા હતા ત્યારે કથા સાંભળવા આવનાર લોકો સેવા (અમુલ્ય ભેટ)લઈને આવતાં હતાં. ધર્મદેવ સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિમાં પ્રેમસહિત ભક્તજનોને ઉપદેશ આપીને રાજી કરતા હતા.

ધર્મદેવ વેદમાં જે શ્રુતિ બ્રહ્મચર્ય વ્રતનું પ્રતિપાદન કરતી હતી તે ગાય (સંભળાવે)ત્યારે લોકો તેના યોગ્ય વરતવા માટે તત્પર થઈ જતા ને ઉત્કંઠાથી પૂછતાં. ગુરુના ઉપદેશના જ્ઞાનને સર્વે મનુષ્યો મસ્તકે ધારતાં અને દ્રઢતાથી વર્તતાં હતાં ત્યારે તે ભક્તજનો ધર્મદેવને સમૃદ્ધિથી સેવા કરતાં હતાં. સેવકોના ભાવથી ધર્મદેવના ઘેર સંપત્તિ ખૂબ જ થઈ ગઈ. જાણે અષ્ટસિધિ નવનિધિ સેવા કરવા આવી હોય તેમ જણાતું હતું. પોતાના ઘરમાં સંપત્તિ થવાથી ધર્મ-ભક્તિ ખર્ચ કરવાનો વિચાર કરવા લાગ્યાં.

તે સંપત્તિથી પોતાના પુત્ર રામપ્રતાપને જનોઈ સંસ્કાર કરવાનો વિચાર કર્યો. મોટો બ્રહ્મભોજન કરવો. ધર્મભક્તિએ પોતાનાં નાતભાઈઓ, કુળના સંબંધીઓને આમંત્રણ આપીને તેડાવ્યાં. તેઓ સર્વે ભેગા થઈને ઘણા બધા આવ્યા. વિક્રમ સંવત અઢારસો છવ્વીસની સાલમાં મહા સુદ સાતમ  રવિવારના રોજ રામપ્રતાજીને એ દિવસે યજ્ઞોપવિત સંસ્કારનો યજ્ઞ હવન કરીને કર્યા હતા. તે સમયે જાતજાતના પકવાનો, બનાવીને સારી રસોઈ કરીને વિધિ પ્રમાણે સંબંધીઓને ખૂબ જ જમાડ્યા. અને બટુક તે સમયે ઘનશ્યામ પ્રભુના ભૈયા થયા. તેથી માતાપિતાને અતિ આનંદ થવા લાગ્યો. ઉપવિત સંસ્કારમાં આવેલા બ્રાહ્મણોને દક્ષિણા આપી વિદાય કર્યા. તેથી તેઓ પોતપોતાના ઘેર ગયા. આ રીતે રામપ્રતાપને જનોઈસંસ્કાર કર્યા. તેથી પૃથ્વી ઉપર જયજયકાર થઈ ગયો. ઉપવિત સંસ્કારમાં આવેલા સગાસંબંધીઓ સૌ પોતપોતાને ઘેર જવા

લાગ્યા. માર્ગમાં સર્વે અરસપરસ ચર્ચા પ્રશંસા કરતા થકાં સૌ પોતાને ઘેર ગયા. ત્યાર પછી રામપ્રતાપ પોતાના પિતા ધર્મદેવ પાસે જ વિદ્યાઅભ્યાસ કરવા લાગ્યા. ધર્મદેવ અતિશય ઉદાર મનવાળા સત્યનું આચરણ કરનારા અતિશય વિશ્વાસ વૃત્તિવાળા સર્વને પ્રધાનતા આપી સર્વેને માન્ય કરનારા. ધર્મ નિયમ પ્રમાણે સૌ રાતદિવસ ભગવાનનું ભજન કરતા હતા. તેના અતિ પ્રતાપ તેજને લીધે ધર્મદેવ ખૂબ જ શોભાયમાન લાગતા હતા. સુખે રહેતા હતા.

આ રીતે ધર્મદેવના ઘેર સંપત્તિનો વધારો થયેલો જોઈને આસુરી જીવો રોજે રોજ જોતા હતા. અને મનમાં ખૂબ જ બળતા હતા. તેથી સર્વે ભેગા થઈને સાથે મળીને બધી સંપત્તિને બળજબરીથી ઉઠાવીને લઈ ગયા. દુષ્ટ આસુરી લોકો ધર્મદેવના સેવકોને અધર્મ કરી ધર્મની નિંદા કરીને પીડા આપવા લાગ્યા. છેતરપીંડી જુગાર રમીને બીજાની સ્ત્રીયોને બળજબરીથી લઈ જાય. આ રીતે અસુરો દારૂ મદિરાનું પાન કરીને લોકોને પરેશાન કરવા લાગ્યા. અમારાથી હવે ઉપદ્રવ સહન થતો નથી. એટલા માટે એ લોકોને કાંઈ કહો અથવા આનાકારણને ટાળવાનો કાંઈ માર્ગ બતાવો ત્યારે ધર્મદેવ તે સર્વને પ્રેમથી ઉપદેશ કરીને સમજાવવા લાગ્યા અને કષ્ટ સહન કરનારની કથા કહેવા લાગ્યા. ધનસંપત્તિનું સુખ તો સજ્જન પરિવારોમાં જ હોય છે. આત્મજ્ઞાનથી એને સ્થિર રાખી શકતા નથી. એ તો નાશવંત છે. દેવો, મનુષ્યો, મુનિઓ, રાજાઓ સર્વેમાં જે સમર્થ છે તેઓ પણ પરાધિન હોવાથી પીડાને બધા ભોગવતા હતા. પાંડુ રાજાના પુત્રો સર્વની સાથે ભગવાનની કથાચરિત્ર ગાય છે. વિદુરજી, શ્રુતદેવરામ, સુદામા તથા સીતાજીએ ઘણાં કષ્ટોને સહન કર્યાં છે તે સૌ જાણે છે તો આપણે પણ સહન કરવું પડે, તો જ ભગવાન રાજી થાય. તથા સતિ કુંતાજી તથા બીજાં દ્રૌપદી, દેવકી, વસુદેવના બાળકોને મારી નાખ્યાં. બલરામ, પ્રહ્લાદ, વિભીષણ આ બધાયે ભગવાનનું ભજન કરવામાં કષ્ટ પડ્યાં તેને સહન કર્યાં છે ત્યારે ભગવાનને પ્રિય થયાં છે. તેથી આ લોકોએ જે દુઃખને સહન કર્યાં છે તેથી તઓને બધા કરતાં શ્રેષ્ઠ ઊંચામાં ઊંચા સ્થાન મેળવેલ છે. એટલા માટે તમે પણ સર્વે ધીરજ રાખીને ભગવાનનું ભજન કરો. એના મનની બધી જ પીડાનો ત્યાગ કરો અને ભજન કરો.

આ પ્રમાણે ભગવાનના પિતા ધર્મદેવના મુખથી જ્ઞાનઉપદેશની વાતો સાંભળીને બધાય હરિભક્તોના મનમાં શાંતિ થઈ. ધર્મદેવને ચરણે મસ્તક નમાવીને સૌ પોતપોતાના ઘરે ગયા એ મનમાં નિશ્ચિંત થયા. આ બાજુ ધર્મદેવ સર્વ વાત જાણી પોતાના મનમાં નિર્ણય કર્યો કે આના માટે કાંઈક ઉપાય કરવો જોઈએ ત્યારે ધર્મદેવને પિતાના ઉપદેશનાં વચનો યાદ આવ્યાં કે દુઃખના સમયે હનુમાનજીને યાદ કરજો. તે તમારાં સર્વ સંકટને ટાળશે. એટલે ધર્મદેવે નિર્ણય કર્યો કે હનુમાનજીની આરાધના કરવી. એવું નક્કી કરીને ધર્મદેવે હનુમાનજીની દઢ મનથી બે માસ સુધી ઉગ્ર આરાધના કરી ત્યારે હનુમાનજીએ પ્રત્યક્ષ દર્શન આપ્યાં અને કહેવા લાગ્યા તમને શું દુઃખ છે તે મને કહો. હું તે દુઃખનું નિવારણ જરૂર બતાવીશ. ત્યારે ધર્મદેવ હનુમાનજીને કહેવા લાગ્યા અસુરો સાથે મળીને સંતો અને હરિભક્તોને ખૂબ જ પીડા દુઃખ આપે છે. તેથી આપના સિવાય એ દુઃખ પીડાનું બીજું કોઈ મટાડી શકે તેમ નથી. તેથી આપ આ અસુરોના ત્રાસ થકી અમારી રક્ષા કરો એ જ વિનંતિ છે.

હનુમાનજી કહેવા લાગ્યા – હે ધર્મદેવ ! અસુરોના ત્રાસની પીડાથી રક્ષા કરવા તો ભગવાન શ્રી હરિ મુનિઓ તથા દેવ્યાએ આવવાના છે. એટલા માટે તો મુનિઓ તથા દેવોએ મનુષ્ય શરીર ધારણ કર્યાં છે તે તમે જાણો. તમારાં સર્વે દુઃખોને હું ટાળીશ પણ તમો અત્યારે વૃંદાવન જાવ. ત્યાં મરિચ્યાદિક મુનિઓ તમને મળશે. ત્યાં સર્વે ભેગા થઈને દુઃખમાંથી ઉગરવાનો કાંઈક ઉપાય શોધજો. આ પ્રમાણે કહીને મારુતનંદન

હનુમાનજી અંર્તધ્યાન થઈ ગયા ત્યારે ધર્મદેવે હનુમાનજીના વ્રતની સમાપ્તિ કરીને ભક્તિમાતાની સાથે વૃંદાવન જવા તૈયાર થયા. રામપ્રતાપને છપૈયાપુર મોસાળમાં મૂકી આવ્યા અને ધર્મભક્તિ બન્ને જલદી જલદી વૃંદાવન વ્રજભૂમિમાં રમણસ્થળમાં ગયા. ત્યાં દુર્વાસા મુનિના શાપથી મુનિઓ અને દેવોને જન્મ લેવાનો હતો. તે સર્વે જન્મ લઈને આવ્યા અને અત્યારે ફૂલદોલના ઉત્સવ ઉપર બધા વૃંદાનમાં આવ્યા હતા તે સર્વે મળ્યા. તે સર્વેને જોઈને સૌ અરસપરસ એકબીજાને ઓળખીને મળ્યા. પૂર્વજન્મની ઓળખાણ સર્વને ભગવાનની ઈચ્છાથી જ થઈ. તેથી વિચારવા લાગ્યા. આવેલા સર્વને ઓળખાણ થવાથી અરસપરસ ખૂબ જ સ્નેહ થઈ ગયો. તેથી મનમાં અતિશય આનંદ થવા લાગ્યો અને જે જે અસુરોથી પીડાઓ થઈ તેનું સર્વેએ વર્ણન કર્યું. એકબીજાને જણાવી દીધું. ત્યાર પછી સર્વે ભેગા મળીને ચોખ્ખો વિચાર કર્યો કે આ પીડાને કેવી રીતે મટાડવી. તેના માટે વિષ્ણુયાગ કરવાનો ચાલુ કર્યો અને ભગવાન શ્રીકૃષ્ણ તરત જ થોડા સમયમાં જ પ્રસન્ન થયા હતા. જપ તેમાં કોઈ અષ્ટાક્ષર મંત્રનો જપ કરતા હતા તથા કોઈ પંચાધ્યાનનું પઠન કરતા હતા. અષ્ટાધ્યાનું પાઠ કરવા માટે મનને એકાગ્ર કરીને એક ચિત્તથી કરતા હતા. કોઈક વિષ્ણુ સહસ્ત્ર નામનો પાઠ કરતા હતા. કોઈક હરિ કવચનો પાઠ કરતા હતા. કોઈ શ્રીમદ્ ભાગવતનો પંચમ સ્કંધ તથા દશમ સ્કંધનો પાઠ કરતા હતા. તે નિર્મળ મનકર્મથી કરતા હતા. કેટલાક મુનિવરો ભગવાનના સ્વરૂપનું ધ્યાન ધરીને મનને ભગવાનના સ્વરૂપમાં એકાગ્ર કરીને ભગવાનના નામનો મંત્રોજાપ કરતા હતા. કેટલાક વેદમંત્રનો પાઠ કરીને તેનો સ્પષ્ટ અર્થ ઉચ્ચાર કરતા હતા. હે નારાયણનાથ ! આપ તો અનાથના નાથ છો. તેથી હે પ્રભુ ! આપ અમને અસુરોના ત્રાસથી રક્ષણ કરવા સહાય કરવા પધારો. અસુરોના દુષ્કૃત્યોથી અમારૂ રક્ષણ કરવા કૃપા કરો. આ રીતે સર્વે એક ચિત્ત થઈ પ્રેમપૂર્વક પ્રભુના નામનો જાપ કરતા હતા. વિનંતી કરતા હતા. હે પ્રભુ ! તમે તો અંતરયામી છો. સર્વના સ્વામી, સર્વ ધામના ધામી છો. સર્વ નામના નામી છો. હે ભક્તવત્સલ ! પ્રભુ કલ્પતરુ રૂપ કરૂણા નિર્ધારક કૃપાલુ આપ અમારી અરજી સાંભળીને હે દિન દયાળુ દર્શન આપો.

ત્યારે વૈશાખ સુદ એકાદશીના દિવસે જેનું નામ મોહનિ એકાદશી છે. તે દિવસે કરુણાના નિધાન પરબ્રહ્મ શ્રી ઘનશ્યામ પ્રભુ એમનું તેજ અંબાર પ્રથમ દેખાયો. તે કરોડો સૂર્યનો પ્રભાતી પ્રકાશ હોય તેમ પ્રકાશ વ્યાપી રહ્યો. તે ખૂબ જ મનોહર હતો. તેની અંદર શાંતમૂર્તિ એવા મનમોહની શ્રીકૃષ્ણ હરિની મૂર્તિ શોભાયમાન દર્શન આપવા પ્રગટ થયા. સર્વ આરાધકોએ અદ્‌ભૂત મનોહર ક્રાંતિવાળું અલૌકિક રસભરપૂર ભગવાનના સ્વરૂપનાં દર્શન કર્યાં. તે સ્વરૂપ સર્વે ઐશ્વર્ય સહિત એકાન્તિક ભક્તજનોએ સેવાયેલ એવા મનોહર સ્વરૂપ ભગવાનના દર્શન થયાં.

મુનિ કે છે, હે રાજન્ ! ભગવાન શ્રીહરિના સ્વરૂપનાં નખશિખા પર્યંત સર્વે અંગેઅંગના વર્ણન કરીને તેને ધ્યાન ધરવામાં તે મનોહર સ્વરૂપને દઢ ધારીને અંતઃકરણમાં ધારી રાખે તેને ખૂબ જ સુખાનુભવ થાય. અતિશય શાંતિ મળે.

**આ પ્રમાણે શ્રીહરિલીલાસિંધુમાં અવતારરત્નમાં વૈષ્ણવાનંદ વર્ણિરચિત છંદભાષામાં શ્રી વૃંદાવનમાં શ્રી વિષ્ણુયાગ કર્યો. તેમાં ધર્મદેવ તથા મુનિએ ઉત્સવ કર્યો. તે વર્ણન નામે અઢારમો તરંગ થયો ॥૧૮॥**

# તરંગ-૧૯

સુવ્રત મુનિ કહે છે હે રાજન્ ! ભગવાનનું સ્વરૂપ નવીન મેઘસમાન શ્યામ તમાલપત્ર જેવું છે. ભગવાનના સ્વરૂપના તેજની છટા મનોહર છે સુંદર મુકટને મસ્તક ઉપર ધારણ કરેલ છે. તેમનું ભાલતિલકની ઉભી રેખાઓ ને ધારણ કરેલા ખૂબ જ શોભતાં હતાં. શિર ઉપરથી કેશની લટાઓ છૂટી. તેથી શીરની શોભા વધતી હતી. કાનનાં કુંડળ ખૂબ શોભતાં હતાં. જાણે ચંદ્રમાનું મુખ જેવાં ભાસતાં હતાં. ભ્રૂકુટિ કામદેવને મોહ પમાડે તેવા બાણ જેવી અરુણ વર્ણવાળી શોભતી હતી, કર્ણ ઉપર મકરાકાર કુંડલ શોભતાં હતાં. નાસિકા જાણે દીવાની જ્યોતસમાન લાગતી હતી. ભગવાનના હોઠ જાણે અરુણ વર્ણના પરવાળાનાં બિંબ જેવા લાગતા હતા. દાંત દાડમના બીજના જેવા મનોહર શોભતા હતા. ભગવાનની દાઢી જાણે આમ્રફળનો અર્ધો ભાગ હોય તેવી લાગતી હતી. મનોહર કંઠમાં કૌસ્તુભ મણિની માળાને ધારણ કરેલા, શોભાયમાન ખભાનો ભાગ જાણે ચંદ્રમાનો ભાલપ્રદેશ હોય તેવા શોભતા હતા. લાંબા હસ્તકમળ જાણે હાથીના બચ્ચાંની સૂંઢ હોય ને શું તેવા લાગતા હતા. ભગવાનની છાતી જાણે સિંહના જેવી લાગતી હતી. તેમાં વક્ષસ્થલમાં ભૃગુ ઋષિનાપગના પ્રહારનું શ્રી વત્સનું ચિહ્ન શોભે છે. ભગવાનના ઉદર ઉપર ત્રણ રેખાઓ ખૂબ જ શોભે છે અને ત્રણ કાળનું જ્ઞાન કરાવે છે. ઉદરમાં નાભિકમળ જાણે ઊંડો કુવો હોય તેમ દેવોને સુખ આપનાર છે. કટિમેખલાના ઘસારાના ચિહ્નસહિત કટિમાળા તથા ઉરૂ ભાગ જાણે કે કેળના થાંભલા જેવો લાગે છે. બન્ને જાનુઓ જાણે કે કુંભારના માટીના પિંડા જેવાં લાગે છે. બન્ને જાંઘો જાણે બાણના ભાથાં હોય ને શું એવાં લાગે છે. બન્ને ચરણકમળ ચિત્તમાં ધારણ કરવાથી સુખ આપે છે. તેનું ચિત્તમાં ધારવાથી પાપના સમૂહને સમાન હાથીના નાના બચ્ચાને જાણે સિંહના નાના બે બચ્ચા મારતા હોય તે શું તેવાં મનોહર લાગે છે. કામક્રોધ, અભિમાન, લોભરૂપી મહાભયંકર શત્રુઓ તેને જીતીને વશમાં કરવા માટે પરબ્રહ્મનાં ચરણરજ સોળ ચિહ્નયુક્ત સર્વે તીર્થનો ભંડાર રૂપ કાયમ માટે અગણિત સુખોને આપનાર ચરણકમળનો આશ્રય જ છે. પરમકલ્યાણને આપનાર છે.

ત્યાર પછી ભગવાનના સ્વરૂપને ધર્મભક્તિ અને સર્વે મુનિજનોએ જોયા. તે સ્વરૂપ તે જનસમૂહમાં મનોહર, અલૌકિક સ્વરૂપે અનંત ઐશ્વર્યયુક્ત તે સ્વરૂપનાં દર્શન કર્યાં. દર્શન કરીને વારંવાર દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. ત્યાર પછી વિનયપૂર્વક મનોહર વાણીથી ગદ્‌ગદ્ કંઠે સ્તુતિ કરવા લાગ્યા. હે જગનાયક ! હે પ્રભુ ! આપનો જયજય થાય. હે પ્રભુ ! આપ તો સર્વ જીવ માત્રના સુખદાતા છો. સંતના રક્ષણ કરતા હે કૃષ્ણ ! પ્રભુ આપનો જયજયકાર થાય. હે સર્વના નાયક ! હે સ્વામી ! સર્વને સમાવનાર, હે પ્રભુ ! પાછા પડિગયેલાને બળ આપનાર રક્ષણ કરનારા આપનો જયજયકાર થાય. હે જગતના ગવડાવનારા, હે વૃષ્ણિ હરે ! આપનો જયજયકાર થાય. જેના ચરિત્રનાં પદો ગવાય છે. એવા વેદવાણીને વિસ્તારનારા વૈદિક ધર્મના સ્થાપક તેના પગને દૃઢતાથી જમાવનારા જેનાથી ત્રાસ ટળે છે. હે પ્રભુ ! આપનો જયજયકાર થાય. હે પ્રભુ ! આપ તો અલખ નિરંજન કોઈના સાથે ન રહેનારા નહીં દેખનારા હે પ્રભુ ! આપ તો દેવોમુનિઓના મનને આનંદ આપનારા આપ નેત્રનાં અંજનરૂપ સુખરૂપ ગર્વના હરનારા એવા છો. ગર્વ ગંજન ગર્વના હરનારા એવા હે પ્રભુ આપનો જયજયકાર થાય. હે પ્રભુ ! મનુષ્યોના મનને આનંદ આપનારા, ભીડને ભાંગનારા, નેત્રોને સુખરૂપ આપનાં દર્શનભક્તિથી જનના તાપ ટળે છે. દુઃખો ટળી જાય. એવા હે પ્રભુ ! આપ વારંવાર સ્વરૂપને ધરનારા પાપીઓનો નાશ કરનારા,

પાપીજનો આપના મંત્રનો જાપ કરનારા, પાપનો નાશ કરનારા, સંતોને સુધારનારા, હરિભક્તોને તારનારા તથા પ્રત્યક્ષ પ્રગટ સ્વરૂપને ધરનારા એવા આપનો સર્વત્ર જયજયકાર થાઓ. હે પ્રભુ ! આપ જ્યારે જ્યારે સંતો ભક્તોને આપત્તિ આવી ત્યારે ત્યારે આપ અવતાર ધારણ કરીને રક્ષા કરેલ છે. આપના અવતારની ગણતરી કરતાં દશ અવતાર, ચોવીસ અવતાર અને અનંત અવતાર ધારણ કરેલ છે તેનો ગણનાં પાર આવે તેમજ નથી. આ રીતે પ્રાર્થના કરી એટલે ભગવાન શ્રીકૃષ્ણ હરિ પ્રભુ, ધર્મદેવ ઉપર રાજી થઈને કહેવા લાગ્યા કે તમારા મનમાં જે ઈચ્છા હોય તે વર માગો. જે માંગશો તે બધું જ આપીશ. તમે વિચારીને જે લાભમાં હોય તે માંગો.

સુવ્રત મુનિ કહે છે હે પ્રતાપસિંહ રાજન ! પ્રાર્થના કર્યા પછી ભગવાન શ્રીકૃષ્ણ પ્રસન્ન થઈને ધર્મદેવને કહે ત્યારે ધર્મદેવ કહે છે, હે પ્રભુ ! અમારા સંતોનું અસુરોના ત્રાસ પીડાથી રક્ષણ કરો. અસુરો ભગવાનના ભક્તોને ખૂબ જ પીડા આપે છે. તેથી આપ અમારા હાથ ઝાલીને રક્ષણ કરો. ભગવાન કહે છે હે ધર્મદેવ ! તમે કોઈ ડરશો નહિ. તમારે ભય પામવાની હવે જરૂર નથી. આ પ્રમાણે ભગવાન બોલ્યા. તે અસુરોને મારી સાથે પૂર્વજન્મના વેર બંધાયેલ છે. તેથી તમે બધા ભક્તો મારા છો એ પ્રમાણે તે કુસંગીઓ તમને દુઃખ દે છે. આ પ્રમાણે ધર્મદેવને શ્રીહરિ ભગવાન કહે છે. હવે અસુરોનો દોષ દેખાવા માંડ્યો છે. હવે એમનો પાપનો ઘડો પૂરો ભરાઈ ગયો છે. તે હવે ફૂટી જશે અને સર્વે દુઃખો જતાં રહેશે. તે અસુરો દંભનું ઢાંકણું કરીને પાપને ઢાંકે છે. બગલાની માફક ધ્યાન ધરે છે. આવા અસુરો વેષ બદલીને સિદ્ધો થઈને લોકોને ભરમાવતા થકા ફરે છે. એમનાં અભિમાનને હું હરી લઈશ. આવા પાપી અધમ અસુરોને હું જરૂર મારીશ. આ પ્રમાણે મારા મનમાં મેં નિર્ણય કરેલ છે. તે અવશ્ય કાર્ય માટે મેં નિર્ધાર કર્યો છે તે જરૂર થશે જ. પ્રથમ બદ્રિકાશ્રમમાં જ્યારે તમને મને અને બધા મુનિઓને જ્યારે શ્રાપ થયો ત્યારે શ્રાપના મધ્યમાં તો હું હતો જ. એટલા માટે તમને તેનાથી મુક્ત કરવા માટે હું અવતાર લઈને તમને મુક્ત કરીશ.

હે ધર્મદેવ ભક્તિમાતા ! હું આપનો પુત્ર થઈને આવીશ અને અસુરના વંશનો નાશ કરી નાંખીશ. મૂળ ઉખેડી નાંખીશ. તેઓને મોહ પમાડીને અરસપરસ લડાવીને મારી નાખીને આ પૃથ્વીના ભારને ઉતારીશ.. આ પ્રમાણે પાપીઓને મારવામાં મને સહેજે પ્રયાસ નથી થવાનો વગર હથિયારે બધા અસુરોનો નાશ કરીશ. તે અનાયાસ જ થશે. આ અસુરોથી તમારો ઉદ્ધાર કરીશ અને સંતો તથા હરિભક્તોના સમુદાયને પણ મુક્ત કરીશ. હે પિતાજી ! મુનિઓને શ્રાપથી મુક્ત કરીને હું આ પૃથ્વી ઉપર મારા ઐશ્વર્ય પ્રતાપથી પ્રસિદ્ધ થઈશ. પૃથ્વી ઉપર એકાંતિક ધર્મને સ્થાપેલ છે. તે મંદ પડેલ છે. તેને પુષ્ટ કરીને સર્વ દોષોનો નાશ કરીને આશ્રિતોના કષ્ટને દૂર કરીશ. સુવ્રત મુનિ કહે છે હે રાજન ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ પોતાના મુખથી એમ કહીને પછી પોતે તેજની અંદર અંતર્ધ્યાન થયા. ભક્તોના મનને આનંદ આપનારા શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન કરીને ધર્મદેવને ખૂબ જ આનંદ થયો. મનમાં રાજીરાજી થઈ ગયા. ત્યાર પછી લીધેલ વ્રતની સમાપ્તિ કરીને સર્વે સંતો બ્રાહ્મણોને ખૂબ જમાડ્યા. બધાને જમાડીને પછી ધર્મભક્તિ બન્ને જમ્યાં. ત્યાર છી સર્વે એકબીજાને ખૂબ જ પ્રેમથી મળ્યાં.

સર્વે પ્રેમસહિત મળીને વિદાય માગીને સૌ પોતપોતાના આશ્રમ તરફ જવા લાગ્યા. આ દૃશ્યને જોઈને આનંદપૂર્વક સર્વથા બધા જ મનોરથ ભગવાનનાં દર્શન કરીને પૂર્ણ થયાં અને હવે ખૂબ જ સાન્તિ થશે. આ પ્રમાણે વિચારતા થકા જવા લાગ્યા. જ્યારે ધર્મભક્તિ પોતાના મનની ઈચ્છા પ્રમાણે વરદાન મેળવી લીધું ત્યારે પોતાના નિવાસસ્થાને જવા ઉતાવળા થયા. ત્યારે સાથે કોઈ ન હતાં બાળક કે વૃધ્ધ અને મનમાં ખૂબ જ ઉમંગ ભરેલો

હતો. તે બન્ને ધર્મભક્તિ ચાલતાં ચાલતાં નૈમિષારણ્યક્ષેત્રના વનમાં આવ્યાં. ત્યાં સિંહ, વાઘ તથા અસુરનો ખૂબ જ ભય હતો. તેથી માર્ગમાં ક્યાંક અસુર મળવાના ભયથી તે માર્ગનો ત્યાગ કરીને બીજે પગ રસ્તે જવા લાગ્યા. મૂળ માર્ગનો ત્યાગ કરીને વનના માર્ગે સૂર્યના પ્રકાશમાં ચાલતાં હતાં પણ સૂર્ય અસ્ત થયા પછી જંગલમાં માર્ગ જડતો ન હતો. તેથી અંધારામાં કોઈ દિશાનું ભાન ન રહ્યું એટલે ચારે બાજુ ભમતાં હતાં. જંગલમાં ભમતાં ભમતાં રાત પડી ગઈ. કોઈ ગામ ન આવ્યું ત્યારે વિચાર કરવા લાગ્યાં. એક જગ્યાએ બેઠાં અને ત્યારે એમણે એક મહા ભય પમાડે તેવો તપસ્વી જોયો. તે તપસ્વીનું શરીર કાળું અને આંખો લાલ અંગારા જેવી બ્રહ્મચારીના વેષમાં મસ્તક ઉપર જટા ધારણ કરેલો. રૂપમાં ભયંકર વિકરાળ કાળ જેવો લાગે. મસ્તક ઉપર લોહી ટપકતું ખોપરી ચળકતી હતી. તેથી ચંદ્રસમાન ભાસે. જ્યારે દ્રૌપદીના પુત્રોને મારી નાખ્યાં ત્યારે અર્જુન દ્રૌપદી પાસે લાવ્યા ત્યારે એના ખોપરી સહિત ચામડી ઉતારી નાંખી હતી. ત્યારથી આ ચાંદ સમાન કહેવાય છે. આવી રીતના વિચિત્ર રૂપને જોઈને તેને ધર્મદેવ મોટા સિંધ્ધ માનતા થકાં ઉદાર ભાવનાવાળા બન્ને હાથ જોડીને ભય પામતા થકા વારંવાર નમન કરવા લાગ્યા. ત્યારે તે તપસ્વી ધર્મદેવને જોઈને તે વિકરાળ રૂપવાળા તપસ્વી કહેવા લાગ્યા. સ્ત્રીની સાથે તમો કોણ છો. આ વનમાં તમે શા માટે આવેલાં છો. તમે લોકો ગ્રહસ્થાશ્રમના રીતરિવાજનો ત્યાગ કરીને સૌ ઘોરજંગલમાં રાતના સમયે કેમ આવ્યાં છો. તમે કયા દેશના, કયા ગામના, તમારી કઈ જાતિ, આ સર્વે હું તમને પૂછું છું તે એ સર્વે વિગતવાર મને કહો.

ધર્મદેવ કહે છે હે તપસ્વી દેવ ! તમે સાંભળો. અમારો કૌશલ દેશ છે. અવધપુર અમારું ગામ છે. સરવરીયા જ્ઞાતિ છે. બ્રાહ્મણ વર્ણના અમે છીએ. ધર્મભક્તિ અમારાં બન્નેનાં નામ છે. અમે શ્રીહરિનું ભજન કર્યા કરીએ છીએ. રાતદિવસ આજ કાર્ય છે. અમારા મનમાં અસુરોનો ખૂબ જ ત્રાસ થયો ત્યારે અસુરોના ત્રાસને ટાળવા માટે અમો ઘર ત્યાગીને વૃંદાવનમાં પીડાને મટાડવા માટે ગયાં હતાં. વૃંદાવનમાં જઈને અમે વિષ્ણુયાગ કર્યો. તેમાં આરાધના અનુસાર જપ યજ્ઞ કર્યો, મહામંત્રનો જાપ કર્યો. તેથી ભગવાન શ્રીકૃષ્ણ અમારી ઉપર રાજી થયા. અમારી ઉપર કૃપા કરીને અમને દર્શન આપ્યાં. હે મુનિરાય ! અમને ભગવાને રાજી થઈને મનમાં માનેલાં વરદાનો મળેલ છે. તેથી અતિ આનંદમાં અમે ઘેર જઈએ છીએ પણ માર્ગ ભૂલી ગયાં છીએ. તેથી અત્યારે અંધારાને લીધે રોકાણા છીએ. હવે તમે આવ્યા છો તો તમારાં દર્શન કરીને અમને મનમાં ખૂબ જ આનંદ થયો છે. આપ અમને ભગવાન શ્રીકૃષ્ણના ભક્ત જાણીને સહાયતા કરો. ધર્મદેવના મુખેથી શ્રીકૃષ્ણનું નામ સાંભળીને તે અશ્વત્થામા ખૂબ જ ક્રોધાયમાન થયો. મનમાં ગુપ્ત રહેલો ક્રોધનો આવેશ થયો. તેથી તે વર્ણી ખૂબ જ લાલ રૂપવાળો થઈ ગયો. ધર્મદેવ પ્રત્યે અતિ આકળો થઈને ક્રોધાવેશમાં જ બોલ્યો કે તમે શ્રીકૃષ્ણ પાસેથી જે વર મેળવ્યો હોય તે સર્વે વિગત મને કહો. ધર્મદેવ કહે છે, હે મુનિવર ! તમે સાંભળો. અમારી ઉપર ભગવાન જ્યારે રાજી થયા ત્યારે શ્રીકૃષ્ણ ભગવાનને મેં બધાં જ કષ્ટની વાત કરી. ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન દયા કરીને મારા પ્રત્યે કહેવા લાગ્યા કે તમને જે અસુરો દુઃખ આપે છે. તેમનો હવે કાળ આવી રહ્યો છે. હવે એમનો નાશ થવાનો છે. દુર્યોધને કળિયુગના રૂપે છે તે જ દુષ્ટનો પક્ષ કરનારા એમને મેં યુદ્ધમાં સર્વને માર્યા છે. તે વૈરના લીધે અત્યારે મારા ઉપર દ્વેષ રાખીને પ્રગટ થયા છે અને તે લોકો તમને પીડે છે અને પૃથ્વીના ભાર રૂપ છે. ભીમ તથા અર્જુને મહાયુદ્ધમાં કેટલાક અસુરોને માર્યા અને કેટલાક મેં અને કેટલાક બળદેવજીએ માર્યા હતા. તે સર્વ અસુરો વૈર લેવા આવ્યા. તેમાંથી કેટલાક વૈર ભાવે ભજીને પ્રગટ ભગવાનના પ્રેમને પ્રાપ્ત કરેલ છે.

કેટલાક દર્શન સ્પર્શ કરીને મુક્તિને પામેલા છે. તેમાં કેટલાક અસુરો વિષયવાસનામાં આસક્ત રહ્યા. તે સર્વે મારી સાથે વૈરભાવ રાખેલ છે. એમને મુક્તિ નથી મળી. તે સર્વે અત્યારે કુસંગમાં જન્મ લઈને આવ્યા છે. તે સર્વે અસુરો તમને દુઃખ આપે છે. અવિશ્વસનીય દૂષ્ટ સ્વભાવના છે. મારા આશ્રિત હરિભક્તો અને તમને મારા જાણીને પીડા આપે છે. અને પોતે આનંદ મેળવે છે. મારી સાથે વૈર લેવામાં અસમર્થ તમને પીડા દુઃખ આપે છે.

શ્રી હરિ કહેતા હતા કે હું તમારા થકી પ્રગટ થઈને સર્વે અસુરોનો નાશ કરીને. તમારી રક્ષા કરીશ. આ પ્રમાણે વરદાન દઈને શ્રીકૃષ્ણ દયાળુ પછી અંતર્ધ્યાન થયા. હે વર્ણિ ! અમે ઘેર જઈએ છીએ. તમારા દર્શન કરવાથી અમારાં ભાગ્ય ઉઘડી ગયાં. શ્રીકૃષ્ણ ભગવાનના મહાપ્રતાપથી અસુર પક્ષના નાશની વાત સાંભળીને તે બળવા લાગ્યો. ધર્મદેવની વાત સાંભળી તેનું મનન કરીને તે બ્રહ્મચારી ખૂબ જ ઉકળી ઉઠ્યો. ક્રોધાયમાન થઈ ગયો. ભ્રૂકુટિ ટેઢી થઈ ગઈ. અંગારા બળતા હોય તેમ બળવા લાગ્યો. દાંત, હોઠ આખું શરીર ધ્રુજવા માંડ્યું. ત્યારે તે અશ્વત્થમા વચન બોલ્યો. તેથી ધર્મને ભય થવા માંડ્યો. કાર્ય સફળ થવા આવ્યું ને લોકમાં લાજ જવા જેવું થયું. બ્રહ્મચારી કહે છે હે દ્વિજ ! તારો પુત્ર જો કૃષ્ણ જ થશે તો તેના દોષને તો હું જાણું છું. મારા જેવો બીજો કોઈ નહીં હોય પણ કૃષ્ણ તો મહાકપટી અને લુચ્ચો પણ થયો છે એમ કહેવાય છે. કેમકે મારો પ્રાણ કરતાં પ્રિય દુર્યોધનને પાંડવ અને શ્રીકૃષ્ણે ખૂબ જ દ્રોહ કરેલ છે. અર્જુનનો સારથી એવો કૃષ્ણ તે ખૂબ જ કઠોર, કપટ કરનારો અને એના બળમાં પાંડુપુત્રોનું એને બળ મળ્યું. અમારા ગુરુદેવ ખૂબ જ બુદ્ધિશાળી કહેવાતા. એમનું આ લોકોએ અપમાન કરેલું અને કરાવેલું.

હે બ્રહ્મદેવ ! હું દ્રોણાચાર્યનો પુત્ર દ્રૌણિક કહેવાઉં છું. પ્રગટ કૃષ્ણનો મુખ્ય શત્રુ છું. કેમકે મારા મિત્ર એવા અનેક અસુરો મોટા મોટા છે. તેમાંનો હું એક જ છું. પૂર્વનો વૈરી મારો કૃષ્ણ કહેવાય તેથી હું દૈત્ય પક્ષનો થયો. તેથી હું શ્રાપ આપું છું કે હે બ્રાહ્મણ ! તમારો પુત્ર જે કોઈ થાય તે યુધ્ધમાં હથિયારને ધારણ નહીં કરે એવો હું શ્રાપ આપું છું. જો ક્યારેય અહંકાર કરીને હથિયાર ધારણ કરશે ત્યારે તે જરૂર પરાભવને પામશે. હે વિપ્ર! શત્રુને શસ્ત્ર વિના મારનારો આ જગતમાં કોઈ પેદા થયો નથી. કોઈ જોયો નથીને સાંભળ્યો પણ નથી. આ પ્રમાણે શાપ આપીને તે તપસ્વી અદર્શ થયા. એમ ભૂતનું આચરણ કરી ગયો. આ બાજુ ધર્મદેવ તથા બાલાને શાપની ચિંતા થવા લાગી. ભક્તિમાતા કહે છે હે અમારા ભાગ્ય તમેં કેમ આવાં કરડાં થયાં છો.

વરણી રૂપે સર્વે ભેગા થઈને ભગવાનની પ્રાર્થના સ્તુતિ કરી ભગવાને ધર્મદેવને વરદાન આપ્યું. ઘર આવતાં માર્ગમાં વનમાં ભૂલા પડ્યા. ભાગ્ય ભુલું પડ્યું. દ્રૌણિએ (અશ્વત્થામાં) શ્રાપ કેમ આપ્યો.

**આ પ્રમાણે શ્રીહરિ લીલાસિંધુમાં અવતારરત્નમાં વૈષ્ણવાનંદવર્ણી રચિત છંદભાષામાં ભક્તિધર્મને દ્રૌણિ (અશ્વત્થામા)નો શ્રાપ થયો. તેના વર્ણન રૂપ ઓગણીસમો તરંગ થયો ॥૧૯॥**

# તરંગ-૨૦

રાજા પ્રતાપસિંહ સુવ્રત મુનિને કહે છે હે મુનિરાજ ! ભક્તિધર્મને શ્રાપ થયો તેની મૂંઝવણમાં વાયુપુત્ર હનુમાને આવીને એમને ધીરજ આપી તથા ભક્તિમાતાના ગર્ભમાં ભગવાન શ્રીહરિ આવ્યા ત્યારે ભક્તિમાતા કેવાં શોભતાં હતાં તે બન્ને કથા ! આપ મને કહો.

ધર્મદેવ જ્યારે કામ સિદ્ધ થયું ત્યારે વૃંદાવનથી આનંદ કરતાં થકાં ચાલતા થયાં ત્યારે માર્મગાં નિમિશારણ્ય જંગલમાં વિઘ્ન આવ્યું. આ રીતે બન્ને દંપત્તિ વિચાર કરતાં હતાં. ત્યાં તો નીચ અશ્વત્થામા શાપ દઈને ચાલ્યો ગયો. ધર્મભક્તિ દુઃખ પામ્યાં. ધર્મદેવ ભક્તિમાતા બન્ને વિચાર કરતાં કરતાં વિઘ્ન વિનાયકદેવ ગણપતિ મહારાજનું વ્રત કરવાનો વિચાર કરતાં હતાં અને ગણપતિ મહારાજનો મહિમા ગાતાં હતાં. તેમાં વ્રત કરવાનો નિશ્ચય કર્યો. મનમાં શોકનિવારણ કરવા માટે મનમાં વિચાર કરવા લાગ્યાં ત્યારે રામલક્ષ્મણ અને જાનકીજી એમણે પણ વનમાં જઈને નિવાસ કર્યો હતો. વનમાં એમને પણ ઘણાં કષ્ટો પડ્યાં હતાં તે તો લોકમાં જગજાહેર જ છે. આ પ્રમાણે ધર્મદેવ ભક્તિમાતાને કહી સંભળાવતા હતા અને સમજાવતા હતા. રામલક્ષ્મણ જાનકીની વાત કરતાં કરતાં વચમાં હનુમાનજીનો ખૂબ જ મહિમા યાદ આવ્યો અને હનુમાનજી તો આપણા કુળદેવ છે. તેથી તે આપણી સંભાળ જરૂર લેશે. કેમકે ભગવાન રામચંદ્રજીના સેવકોમાં હનુમાનજી મહારાજ મુખ્ય છે. તે તો મારુતનંદન વીર આપણાં દુઃખના નિરાકરણ માટે હે મારુતનંદનવીર ! આપતો દુઃખ ભાંગનારા શત્રુનો નાશ કરનારા છો. તેથી હે વીર અમારી રક્ષા કરો. અમને શાંતિ કરો. હે રામના દૂત હનુમાન ! તમે જ દ્રોણાચલ પર્વત લાવીને રામલક્ષ્મણની પીડા ટાળી હતી. તેથી તમે જ રામના મનમાં પ્રિય થયા છો. હે રામના દૂત હનુમાન ! તમે જ સીતાજીને શોધીને સમાચાર લાવ્યા અને લંકાને બાળીને મેઘનાદની સાથે યુદ્ધ કરીને બંધાણા અને સર્વે વાનરોનું સંકટ ટાળીને રહ્યા. હે અંજનિનંદન ! આપ અંગદના મિત્ર છો એવા, હે મહાવીર ! આપ અમારી શત્રુઓથી રક્ષા કરો. આપ તો નૈષ્ટિક બ્રહ્મચારી છો. પ્રાર્થના કરી એટલે હનુમાનજી બ્રાહ્મણનું રૂપ લઈને ધર્મદેવ ભક્તિમાતાને દર્શન દીધાં અને રાજી થઈને ધર્મભક્તિને કહેવા લાગ્યા ત્યારે શોકસાગરમાં ડુબેલાં ધર્મભક્તિને નૌકારૂપ આશ્વાસનના શબ્દો મળ્યા.

હનુમાનજી કહે છે હે ધર્મદેવ ! તમો શોકનો ત્યાગ કરો. હે બ્રહ્મબાલા ! તમને હવે તો ભગવાન શ્રીકૃષ્ણ કૃપાળુ જ સહાય કરશે. તમને દ્રોણીનો જે શાપ થયો છે જે, તમારો પુત્ર હથિયાર ધારણ નહીં કરે તેથી શું એ તો પોતાના જોર પરાક્રમથી નાશ કરશે. જે પોતાના બુદ્ધિબળથી જ ત્રણે લોકને જીતવા માટે સમર્થ છે જ એ નિશ્ચિત વાત છે. જેના દષ્ટિના કટાક્ષ માત્રમાં જ સર્વ લોકનું જગતનું સર્જન કરે છે. મહામાયા આદિને સર્જે છે. એનો એક રમત માત્ર જ છે. એવા એ સમર્થ છે. એવા સમર્થ ભગવાન તમારા પુત્ર રૂપે થવાના છે અને અમારા ઈષ્ટદેવ જગતના કર્તા હર્તા પાલન કરનારા ઘનશ્યામ સર્વના અંતર્યામી પોતે જ આવવાના છે. એમને કયો અસુર જીતવો કઠણ છે. એ તો સર્વને જીતનારા છે. માટે તમે કોઈ ચિંતા ન કરો. હે ધર્મદેવ ! હું તમારા કુળનો દેવતા છું. તેથી તમને જ્યારે જ્યારે ભીડ પડે ત્યારે હું આવીશ. તમને મદદ કરીશ. આટલું કહીને હનુમાન અદશ્ય થયા. જેમ દિવસનો અંત થાય ત્યારે સૂર્ય અસ્ત પામે તેમ તે વર્ણી પણ અદશ્ય થયા. સુવ્રત મુનિ કહે છે, હે રાજન ! ધર્મભક્તિ મનમાં આનંદ પામતાં થકાં જઈ રહ્યાં હતાં ત્યારે માર્ગમાં ગણપતિના મહિમાનું ગાન

કરતાં જતાં હતાં અને જ્યારથી ગણપતિના વ્રત કરવાનો સંકલ્પ કર્યો ત્યારથી બધાં જ સંકટોનો વિરામ થઈ ગયો. કોઈ ઉપાધિ ન થઈ. ધર્મભક્તિ બંને માર્ગમાં શ્રીકૃષ્ણ શ્રીકૃષ્ણ શ્રી ઘનશ્યામના મંત્રનું સ્મરણ કરતાં થકાં ચાલતાં હતાં. આ રીતે ગામથી ગયા પછી દોઢ માસે પાછા ગામમાં આવ્યાં ત્યારે સંબંધીઓ, પાડોશીઓ તથા નગરના મનુષ્યો જ્ઞાતીના મનુષ્યો સર્વે ધર્મભક્તિને મળવા આવ્યાં. સમાચાર પૂછવા લાગ્યાં. ગામગામના સેવકો આશ્રિતો સર્વે મળવા માટે આવ્યાં. ધર્મભક્તિને મળ્યા. બધા બેસીને કુશળ સમાચાર પૂછવા લાગ્યાં અને ગયાં હતાં તે કામ સિધ્ધ થઈ ગયું. એ પ્રમાણે સૌ કહેતાં હતાં. સેવકોએ પૂછ્યું ત્યારે ધર્મદેવ કહે છે, વૃંદાવનમાં અમને સર્વે મુનિઓ મળ્યા. એમની સાથે મળીને વિષ્ણુયાગ કર્યો. ભગવાને પ્રસન્ન થઈને દર્શન દીધાં. વરદાન આપ્યું. અહીં આવતાં વચમાં કાંઈક વિઘ્ન આવ્યું. ભગવાન સદાશિવનો પુત્ર ગણપતિદેવ એમણે આવીને વિઘ્ન ટાળી દીધું.

સુવ્રત મુનિ કહે છે હે પ્રતાપસિંહ રાજન ! ધર્મદેવે સર્વેજનોને આવી અનેક વાતો કરી સંભળાવી. તેનાથી ભક્તજનો આનંદના સમુદ્રમાં નાહ્યા હોય તેવો આનંદ આવ્યો અને ભગવાન શ્રીકૃષ્ણની વાતો મહિમા સહિત સંભળાવી તેને સાંભળતાં સાંભળતાં થાકતા જ નથી એવા પ્રેમવાળા ભક્તો હતા. આ રીતે બન્ને ધર્મભક્તિએ અનેક વાતો સારી પ્રેમથી કરી. તેને એકાગ્ર ચિત્તથી સાંભળતા હતા. આ રીતે તે નગરના જનો ધર્મભક્તિ પ્રેમપૂર્વક માનતાં હતાં અને ગુરુભાવથી એમની વાતોને સાંભળીને ભક્તિ કરતાં હતાં. ધર્મદેવ નિત્ય પ્રત્યે કથાવાર્તા કરતા હતા. તેને સાંભળીને બધા મનુષ્યોને ખૂબ જ આનંદ થતો હતો. ધર્મદેવ લોકોને ભગવાનનું ભજન કેવી રીતે કરવું તેનું માર્ગદર્શન આપતા હતા. ભક્તિ કેમ કરવી તેને જાણવા શીખવા સર્વે લોકો આવતાં હતાં. ભક્તિ કરતાં હતાં. રોજેરોજ નવા નવા ભાવથી કરતા હતા તેથી ભગવાનના પ્રતાપથી આસુરી પ્રકોપ સર્વે શાંત થઈ ગયો. તેથી લોકોએ આ પ્રમાણે ભગવાન પુરુષોત્તમ નારાયણનો પ્રતાપ જોઈને જેમ સૂર્ય ઉદય થવાથી ઘુવડનું તેજ નાશ પામે તેમ સર્વે આસુરોનો વેગ શાંત થઈ ગયો. સર્વે અસુરો ગર્વથી રહિત થઈ. નમાલા થઈ ગયા. જ્યારે સૂરજનો ઉદય થાય, અજવાળું થાય એટલે રાત્રિના અંધકારનો નાશ થાય છે તેમ અતિશય પ્રતાપવાળા આ ધર્મદેવ છે. તેથી જ આ સર્વે વાતાવરણમાં શાંતિ થઈ છે. આ પ્રમાણે ધર્મદેવ કાયમ રાતદિવસ ભગવાનના ભજનમાં જ દૃઢ રહેતા હતા. અનંત કોટિ બ્રહ્માંડના સ્વામી સર્વના કર્તા હર્તા સર્વના અંતરમાં રહીને જાણનારા પોતે એક જ છે. તે પોતે સર્વોપરિ અક્ષરધામના નિવાસી છે. સર્વથી ઉપર અક્ષરધામ જ છે. ધર્મદેવ અખંડ અક્ષરધામી પ્રભુનું સ્મરણ કરતા હતા. ધર્મદેવ કાયમ અનંત કોટિ જીવોના કલ્યાણના કારણ એવા પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રી નરનારાયણ ભગવાનના સ્વરૂપમાં જ કાયમ ઓતપ્રોત રહેતા હતા. તે પ્રભુ પોતે સ્વયં ધર્મદેવના હૃદયકમળમાં આવેશ થયો. તે પ્રભુનો જ્યારથી ધર્મદેવમાં આવેશ થયો છે ત્યારથી તે ધર્મદેવ ખૂબ જ શોભાયમાન દેખાવા લાગ્યા.

જ્યારથી ધર્મદેવમાં ભગવાનનો આવેશ થયો ત્યારથી ગાયો, ભેંસો, ઘોડા, ધનધાન્ય વિગેરે લાવીને આપવા લાગ્યાં. ધર્મદેવને ત્યાં પૂજન કરીને વસ્ત્રો, આભૂષણો ખૂબ જ આપવા માંડ્યાં. તેથી ધર્મદેવને ત્યાં સમૃદ્ધિ ખૂબ જ વધી ગઈ. ધર્મદેવને શ્રદ્ધાળુ ભક્તો સર્વે દેવ જેવા માનતા હતા. શ્રીહરિની પ્રસન્નતા જ્યારે થઈ ત્યારથી લોકો ધર્મદેવને હરિપ્રસાદના નામથી કહેવા લાગ્યા. શ્રીહરિ ભગવાન પોતાના અંતઃકરણમાં પ્રત્યક્ષ આવ્યા ત્યારે ધર્મદેવને ખ્યાલ આવ્યો. ધર્મદેવ ભગવાનનું સતત ધ્યાન ધરતા હતા. પોતાના શરીરમાં ભગવાનનો આવેશ થયો

છે અને પુરુષોત્તમ ભગવાનનું તેજ છવાઈ ગયું છે. તે જ સમયે બાલાને (ભક્તિને) રુતુકાળ આવેલો ત્યારે બાલાદેવીએ પુરુષોત્તમ નારાયણ ભગવાનને પોતાના શરીરમાં ધારણ કર્યા. જ્યારે ભગવાનને ભક્તિમાતાએ ઉદરમાં ધારણ કર્યા ત્યારથી પ્રેમવતી ખૂબ જ દિવ્ય રૂપવાળાં દેખાવા લાગ્યાં. બાલા ત્યારથી નિત્ય સતત શ્રીકૃષ્ણના સ્વરૂપનો જાપ જપ્યા કરતાં હતાં. જેમ દિવસ જતા હતા તેમ બાલાનો પ્રતાપ વધતો જતો હતો. નગરની સ્ત્રીઓ પ્રેમવતીને જોઈને એકબીજાને પરસ્પર કહેવા લાગી, અવારનવાર ધર્મદેવના ઘેર આવવા લાગી અને ભક્તિદેવીના રૂપગુણના લક્ષણનું વર્ણન કરવા લાગી. કે ગર્ભવતી સ્ત્રીઓ અનેક જોઈ હશે પણ હે સખી આના જેવી તો બીજી કોઈ ન હોઈ શકે. એવી રૂપાળી છે. માટે આપણે બધાં મળીને આમની સેવા કરીએ તો દેવના દેવ આપણી ઉપર રાજી થશે. ત્યારે બીજી એક બાઈ કહેવા લાગી અરે બાઈઓ હું પણ એક સાચી ઘટના તમને કહું. દેવહુતિ જે હતાં તે સેવા કરીને દેવકી માતા બન્યાં તેમજ અદિતિ જે કહેવાય છે તે પણ સેવા કરીને કૌશલ્યા માતા થયાં. દેવહુતિના કપિલદેવ ભગવાન, દેવકીના શ્રીકૃષ્ણ ભગવાન, કૌશલ્યા માતાના રામ ભગવાન, અદિતિના વામન ભગવાન થયા. આ સર્વે માતાઓએ પોતાની કુખમાં ધારણ કર્યા હતા. તેથી તેઓ પ્રસિદ્ધિને પામ્યા. એમ કવિઓ કહે છે. ત્યારે બીજી એક સ્ત્રી કહેવા લાગી. હું તમને સાચું જ કહું છું. તે તમે સાંભળો. જુઓ ધર્મભક્તિ બન્ને મુકત આત્માઓ છે. એમણે બદ્રિકાશ્રમમાં ખૂબ જ આકરું તપ કરેલ છે. ત્યાં તેઓને દુર્વાસા ઋષિનો શાપ થયો છે. તેથી ભગવાન શ્રીહરિ એમના પુત્ર થવાના છે. તે નક્કી જ છે.

અને અત્યારે તે ધર્મભક્તિ બન્ને વૃંદાવનમાં જઈને અરાધના કરી તેથી ભગવાન રાજી થઈને દર્શન દીધાં. તે શ્રીકૃષ્ણ ભગવાને વરદાન આપીને ધર્મદેવને કીધેલું છે કે હું તમારો પુત્ર થવાનો છું. આ પ્રમાણે વાત શ્રીકૃષ્ણ ભગવાને કહેલ છે. જુઓ આ રામપ્રતાપ છે તે પોતે બલરામ ભૈયા જ છે અને આ ભક્તિદેવીના ગર્ભમાં જે આવ્યા છે તે પોતે શ્રીકૃષ્ણનારાયણ જ છે. હે બહેન તને ધન્યવાદ છે અને તારી વાર્તાને પણ ધન્યવાદ છે અને તારા મુખની વાણી પણ ખૂબ જ અમૃત સમાન છે. જેથી કરીને અમને ખૂબ જ આનંદ આનંદ થયો. ત્યારે એક સ્ત્રી કહે છે હે સખી આની વાત મન દઈને સાંભળી હોય અને તેનું મનન કરેલ જન્મ મૃત્યુનો ફરી વારો ન આવે એવી વાત છે. આવી રીતે એકબીજાને મળીને ઘારોઘર વાતોની ચર્ચા થાય તો કાયમ માટે રોજેરોજ આનંદ થયા જ કરે એવી વાત છે. હે મુનિરાજ ! આ પ્રમાણે દેશમાં, ગામમાં, નગરમાં અને પ્રદેશમાં પણ આ વાત ચર્ચાવા લાગી. લોકો પરસ્પર એકબીજાને કહેવા લાગ્યા. આ રીતે ધર્મદેવના આશ્રિતો ધર્મદેવનો મહિમા સૌને સમજાવતા હતા તેમ સાંભળનાર જીવાત્માને પણ ખૂબ જ આનંદ મળતો હતો. ભક્તિમાતાના ઉદરમાં રહેતા ગર્ભને કાંઈ વિઘ્ન ન નડે એના માટે ધર્મદેવે ગણપતિદેવના વ્રતનો પ્રારંભ કરાવ્યો. તેમાં મંત્રના જપ પુરશ્ચરણ બ્રાહ્મણો પાસે કરાવતા હતા. અગ્નિકુંડમાં ઘીની આહુતિ સાથે પુરશ્ચરણ કરીને દેવને રીઝવતા હતા. યજ્ઞ પૂર્ણ કર્યા પછી સંતો બ્રાહ્મણોને ભોજન કરાવીને તૃપ્ત કરી અનેકને જમાડ્યા. રાજી કર્યા. ત્યાર પછી વ્રતની પૂર્ણાહુતિના દિવસ જ્યારે આવ્યો ત્યારે ધર્મદેવે જ્ઞાતિભાઈઓ તથા સર્વે બ્રાહ્મણને ખૂબ જ જમાડી આનંદ મેળવ્યો. ઉત્સવ પૂરો થયો ત્યારે જાતિના, નાતના, નગરના તથા કુટુંબના સર્વે મનુષ્યો મળીને વખાણ કરવા લાગ્યા અને ધર્મદેવનું ઘર જે શોભતું હતું તે તો જેમ દેવોમાં કુબેરભંડારી શોભે છે તેમ અત્યારે ધર્મદેવનું ઘર પણ શોભતું હતું. જ્યારે ગણપતિદેવનાં દર્શન થયાં ત્યાર પછી સર્વકુટુંબ ધર્મદેવના ઘેર આવીને પ્રેમથી મળ્યા. પણ ભગવાનની કૃપાથી ભગવાન ગર્ભમાં આવ્યા ત્યારથી સુખસંપત્તિ ખૂબ શોભા વધારતિ હતિ ઘર મનોહર લાગતું હતું.

સુવ્રત મુનિ પ્રતાપસિંહ રાજાને કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ભક્તિદેવીના ગર્ભની વાત તથા ગણપતિના વ્રતની વાત તે સર્વ મેં તમને કહી સંભળાવી તે જ વાર્તા શતાનંદ મુનિને માર્કંડેય મુનિ ખૂબ જ વિસ્તારથી સંભળાવતા હતા તે જ વાર્તા મેં તમને સંભળાવેલ છે.

**આ પ્રમાણે શ્રી હરિ લીલાસિંધુમાં અવતારરત્નમાં સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારી રચિત છંદ ભાષામાં ભક્તિધર્મને હનુમાનદર્શન તથા સુખસંપત્તિ પ્રાપ્ત થઈ. શ્રી પુરુષોત્તમ ભગવાન ગર્ભમાં પધાર્યા તે નામે વીસમો તરંગ થયો ॥૨૦॥**

# તરંગ-૨૧

માર્કંડેય મુનિ કહે છે શતાનંદ મુનિ ! તમે સાંભળો. અસુરોએ જે ઉપદ્રવ કર્યો હતો તે જ અસુરો દેવીપૂજન કરવા ગયા અને દેવીપૂજન કર્યું ત્યારે દેવીએ તેઓ ને ખળ જાણીને શાપ દીધો.

પ્રતાપસિંહ રાજા સુવ્રત મુનિને કહે છે. દેવર્ષિવર અસુરોનો જે સંવાદ પોતે શાપ થયો. તે કેવી રીતે શાપ થયો એ તો પૂજા કરવા ગયા હતા. તે કેવી રીતે શાપ આપ્યો. કથા મને ફરી સમજાવો. આપ તો જ્ઞાની છો. માટે સમજાવો. તે અસુરોને પૂજા કરતાં કેવી રીતે શાપ થયો તે કથા વિસ્તારથી મને કહો. પૂજામાં પાપ કેવી રીતે બને તે કહો. આસો સુદ નોમના દિવસે એ અંતિમ દિવસ આવે છે. તે દિવસ સમાપનનો દિવસ હતો. લોકો પૂજન કરવા ગયા હતા.

સુવ્રત મુનિ કહે છે હે પ્રતાપસિંહ રાજન્ ! તે જ નગરમાં વિંધ્યવાસિની દેવીનું મંદિર છે. તેમાં માંસભોગનો સામાન લઈને ગયા. તેઓ અઢારે વર્ણ બની ઠનિને શણગાર સજીને બધા દેવીમંદિરમાં ગયા.માછલાં, ઘેટાં, પાડો, બકરાં, કુકડાં આદિને મારવા માટે તૈયાર કરીને આગળ રાખ્યાં. ઘી, સિંદુર, ફૂલના હારો, છૂટાં ફૂલો, દારૂ પીવા માટે દારૂના ઘડાઓ ભરીને લીધાં. પશુઓને મારી નાખ્યાં. તેના માંસને દેવીને અર્પણ કરીને બધા જ રાજી થવા લાગ્યાં. અસુરો મોજ કરવા લાગ્યા. દેવીને નૈવેદ્ય કરીને તે પ્રસાદ ખૂબ જ ખાધાં. દારૂને વારંવાર પીવા લાગ્યા.તે જ સમયે સ્ત્રીઓ તે દેવીનાં ભાવથી દર્શન કરવા આવી. સર્વે જુથમાં આવી હતી. તે જ સમયે અસુરો મદિરાનું પાન કરીને છટકા થયેલા હતા. તેથી તેઓએ આવેલ સ્ત્રીઓને પકડીને વ્યભિચાર કરવા લાગ્યાં. સ્વૈરિણી, પુંશ્ચલી, કામિની આ પ્રમાણે ત્રણ પ્રકારની નીચ ક્રિયા કરનારી તેના રીતે મદ્યપાન કરાવીને અતિ માત્રામાં હદ બાર ગયેલ તે નારી જગતમાં માતા સમાન તે નારીઓ અને પુરુષો દારૂના મદમાં કામવાસનાવાળા થયા. મર્યાદા લોપવા લાગ્યા. તે અસુરો દેવીનાં મંદિરમાં જ દેવીની મર્યાદા નહિ રાખીને વિષય ભોગ કરવા લાગ્યા. આ રીતે અનર્થ, પાપાચાર કરતા તે ખળ લોકો વેદની વૈદિક મર્યાદાને લોપીને અસુરો દુષ્ટ કર્મ કરતા હતા. તેઓ અરસપરસ મદિરા પાતાં હતાં. માંસ ભક્ષણ કરતાં હતાં. તે પણ દેવીની આગળ જ કરતાં હતાં. આ રીતે મર્યાદાનો લોપ કરતાં થકાં અધર્મ પાપાચાર દેવીની દૃષ્ટિ આગળ જ કરતાં હતાં. તે પણ અનેક પ્રકારના દુષ્કર્મો કરતાં હતાં. તેથી દેવી ખૂબ જ ક્રોધ કરીને વિકરાળ રૂપવાળી થઈને તેઓને કહેવા લાગી. મર્યાદાલોપી એટલે દેવી અષ્ટ ભુજાનું રૂપ લઈને મહાભયંકર આયુધોને ધારણ કરીને ત્રિશૂળ, ખડગ આદિ આયુધોથી અસુરોને બીવડાવવા લાગી અને કહેવા લાગી. શાક્તપંથિના મુખી આસુરી માયામાં ખૂબ જ ભરાયેલો અસુરનો સરદાર

કાલિદત્તના નામથી કહેવાતો હતો. તે આ સત્પુરુષો અને શ્રી હરિનો દ્વેષી હતો. તે કલિદત્ત ઉપર દેવી કોપ કરીને ત્રિશૂળને લઈને તેની છાતી ઉપર ચઢી ગઈ દબાવ્યો.

કવિ કહે છે, દેવી કાલિદત્તને કહેવા લાગી કે હે અધમ પતિત તું તો સ્ત્રીનો દાસ લંપટ છે. મારી મર્યાદાને તોડીને તેં કુકર્મ કર્યાં. તેથી તારા અસુર સમુદાયનો નાશ થશે. સર્વ નાશ થઈ જશે. લાલ નેત્રવાળી, વિકરાળ મુખવાળી દેવી બિવડાવતી થકી તે કાળિદત્તને કહે છે. તું કુટુંબસહિત અસુરના કામ કરનારો થયો છે તથા સંતો અને હરિભક્તોનો તે દ્રોહ કર્યો છે. તું બ્રાહ્મણનાં ચિહ્નોને ધારણ કરતો હતો તે મારા બહાને મને અર્પણ કરવાના બહાને પંચમકારના ઓથ લઈને દુરાચારમય આચરણ કરે છે. નરપશુની હિંશા કરે છે. પરસ્ત્રીનો સંગ કરે છે તથા દારૂ મદિરાનું પાન કરીને કુસંગનું આચરણ કરે છે. દેવી કહે છે અરે નિર્દય મહાભયંકર પાપ કરનાર તારો અત્યારે જ વંશસહિત સર્વનાશ કરી નાખીશ. તારાં ધન આજીવિકા મકાનો મિલકતો તેમજ તારા સર્વ પરિવારનો સર્વનો અત્યારે જ નાશ કરી નાંખીશ. સહેજ પણ તારી ઉપર દયા નહીં આવે. પણ હવે આજથી આરંભીને રીતરિવાજનો ત્યાગ કરીને ખોટા આડંબરો કરીને દંભનો દેખાવ કરીશ તથા મારા આચરણનું અનુકરણ કરશે તો તેના કુળસહિત તેનો નાશ કરી નાંખીશ. તેનું નક્કી જાણજે. આજે તને આખરી જાણ કરું છું. તને મર્યા પછી અનંત દુઃખો, પીડાઓ થશે તથા લખચોર્યાશીમાં વારંવાર જનમરણમાં ભટકવું પડશે અને તારા પૂર્વના શત્રુ શ્રીકૃષ્ણ ભગવાન અત્યારે ધરમભક્તિને ત્યાં પ્રગટ થવાના છે. પ્રગટ થઈને તે ખળપાપી અસુરોનો નાશ કરશે. તે પ્રભુ સર્વના ઇષ્ટ છે. સર્વ દેવોના દેવ છે. અનાદિ છે. તે પોતે બ્રાહ્મણના કુળમાં જે બ્રહ્મવાદિ છે એમના ત્યાં જ જન્મ ધરે છે. ભગવાન તે અહિંસામય ધર્મમાં પ્રેમવાળા છે. પરસ્ત્રી, ચોરી આદિથી રહિત સત્યનીતિ સદાચારનું આચરણ કરનારાં મોહ, મદિરા, અભિમાન, ગાંજો, તમાકુ, આત્મઘાત, આદિ કર્મોને ત્યાગ કરનારા છે. એવા એમના આશ્રિતો હશે. તે ભગવાન લોકવેદથી મિશ્ર એવો પવિત્ર સંપ્રદાય પૃથ્વી ઉપર ચલાવશે અને સદ્‌ગ્રંથોની રચના કરાવશે. અનંત મુક્તોની સાથી અવતાર ધરશે. એ જ તમારા શત્રુ પોતે જ છે. એમની આજ્ઞામાં સર્વે દેવો, દેવીઓ એમની સેવામાં હાજર રહે છે. સર્વે ઈશ્વરોપણ એમની પરિચર્યા કરે છે. સર્વ દેવો દેવીઓ એમને વંદના કરે છે. એ જ ભગવાન મારુતનંદન હનુમાનના ઇષ્ટદેવ છે. કુડાપંથિ, શાક્તપંથિ, બ્રહ્મવાદિ, પાખંડી આ સર્વ ઉપર એ પરબ્રહ્મ પ્રભુ એક જ દંડો રાખનારા છે. આ કળિયુગમાં સત્યયુગના ધર્મ સ્થાપશે. સાચા ધર્મની સ્થાપના કરીને સ્ત્રીપુરુષોનાં અંતકરણને શુદ્ધ કરી દૃઢ નિષ્ઠાવાળાં કરશે. દેવી કહે છે, તું ખળ છે. તેથી એ ભગવાનની પ્રથાને નહીં જાણી શકે. એ જ ભગવાન તારા જેવાને વશ કરશે. પણ તારા જેવા અધર્મ અનાચાર લંપટતા વ્યભીચાર આદિક કર્મ કરનારાને હરિ તે સર્વેને મારવાના જ છે.

એ ભગવાન આ ભૂમિ ઉપર મુક્તોના મંડળની સાથે આ ભરતખંડની પૃથ્વી ઉપર અખંડ વિચરણ કર્યા કરશે. તારા જેવા પાપીઓને ખોળી ખોળીને નાશ કરશે. તે ભગવાન પોતાના બુદ્ધિકૌશલ્યના પ્રતાપથી કોઈ હથિયાર ધારણ નહીં કરે તો પણ બધા શત્રુઓનો પરાભવ કરીને શોક વિનાના સુખી કરશે. જે જે ભૂમિ ઉપર પાપી પાખંડી નહીં માને તેમનો જે રાજા પક્ષ લેનાર હશે તો પણ. તેને વશ કરવા નિયંત્રણમાં રાખવા માટે ભરતખંડમાં એ રાજાઓના માથા ઉપર બીજા રાજાની સ્થાપના કરશે. તે ત્રાંબા જેવા ભુરા રંગના, (અંગ્રેજો) અને એ લોકો ઉત્તર દિશામાંથી આવીને રહેશે. તે રાજા નીતિમાં હોંશિયાર ન્યાય આપવામાં દૃઢ બધા કાયદાને

જાણનાર રાજનીતિને ખૂબ જ સારી રીતે જાણનાર, ગરીબ, ધનવાન, મજબૂત બધાને એક સમાન જોનાર એ રાજા તમારા જેવા ખળોને પોતાના જુતાં નીચે રાખશે. ભગવાન અભિમાની મૂર્ખમતવાદીઓના માનને હરી લેશે અને સનાતન સત્યધર્મનો પ્રચાર કરશે. અધર્મનો નાશ કરવા ભગવાન સંતોને સાથે રાખીને ભૂમંડળમાં વિચરણ કરશે. સત્યધર્મનું જ્ઞાન ઉપદેશ આપશે. સત્સંગના આશ્રય વિના દૃઢસત્સંગ કર્યા વગર કલ્યાણ થતું નથી. સત્સંગ કર્યા વગર ધર્મ-ભક્તિનું જ્ઞાન નથી થતું. ધર્મના પાલન વગર સત્સંગ તેનો કેવળ આભાસ માત્ર જ છે. સાચો ધર્મ તો સત્સંગના દાસ થઈને વર્તે તો જ જાણવામાં આવે છે. તેથી જ કલ્યાણ થાય છે. તે કહે તે પ્રમાણે કરશે, વર્તશે. તેનો ઉદ્ધાર થશે. તે સિવાયના અંધારા કૂવામાં પડશે. જન્મમરણના ફેરા ફર્યા કરશે. મેં જે કહ્યું તે નિશ્ચય જ થવાનું છે. તે પ્રમાણે વર્તશે. મારી આજ્ઞા પાળશે. તે સુખી થશે. નહીં માને તેનાં શરીર, ધન, માલમિલકત, ઝરઝવેરાત સર્વે નાશ પામશે. આ પ્રમાણે પોતના વચનની સ્થાપના કરીને દેવી સમજણ પાડીને અદૃશ્ય થઈ ગઈ અને પોતાના લોકમાં ચાલી ગઈ અને આ બાજુ કાલિદત્ત આદિ અસુરો કંપવા લાગ્યા.

આ પ્રમાણે તે માતા વિંધ્યાવાસિનીએ કાલિદત્ત ખળને કઠોર ક્રોધયુક્ત થઈને સંભળાવ્યાં. તેથી કાલિદત્ત નિરાશ થયો ત્યાર પછી બધા અસુર સમુહ ભેગા મળીને વિચારવા લાગ્યાં કે દેવીને ફરી જલદી રાજી કરીને આપણે શત્રુનો નાશ કરવા માટે પ્રયત્ન કરવો. આ પ્રમાણે નક્કી કર્યું. જો આપણો શત્રુ યુવાન થયો હોય તો તેને જીતી ન શકાય. બહુ પ્રયત્ન નિષ્ફળ થઈ જશે. તેથી જલદીથી એનો નાશ કરવાના ઉપાય કરો. તેથી એનો નાશ થશે. જે શત્રુ નાનો હોય, ત્યારે તેને કોઈ જ્ઞાન ન હોય ત્યારે તેને હોંશયારીથી મારી શકાય. કૃત્યાઓને ઉત્પન્ન કરી તેને અશુદ્ધ મંત્રથી સાધીને મારવા માટે મોકલવી. આ પ્રમાણે કાર્ય કરવું. અને મલિનમંત્રથી કૃત્યાને ઉત્પન્નકરીને બધા જ સાથે મળીને તાજો જન્મેલ અબુધ ગમાર બાળકને કૃત્યાઓ દ્વારા મરાવવો. તે આપણો શત્રુ પોતાના ઐશ્વર્ય તેજના સમુહમાં અસ્ત્ર-શસ્ત્ર સજ્જ હોય તો તેના માટે. મંત્રજંત્રની આરાધના કરીને મહાવીરને વશ કરી રાખવો અને ભૈરવ ભૂતપ્રેતના જપથી વશ કરીને આપણા મનના સંકેતથી એમને મારવા પ્રેરવાં. આ રીતે આપણાં શત્રુને મારવા માટે વીર, ભૂત, પ્રેત, ભૈરવ સર્વને તૈયાર રાખી તત્કાળ હુમલો કરવો. અને એને મારી નાંખવો. આ પ્રમાણે નિર્ણય કર્યો પણ ભગવાન શ્રીહરિના ગૂઢ ઐશ્વર્ય પ્રતાપને તે ખળ લોકો જાણતા જ નથી. આ પ્રમાણે શ્રીહરિને મારવા માટેનો ઉપાય કરીને બધા અસુરો પોતપોતાના ઘેર ગયા. ભગવાનના પ્રગટ થવાના સમયની રાહ જોતા થકાં સાધારણ હવાનો પડઘો પડે તોય ડોલવા લાગતા હતા. ભડકતા હતા. જે ક્રૂર નીચ ઉપાય કરે છે તે પોતાના નાશનો ઉપાય કરે છે. જ્ઞાનની આંખો બંધ કરીને ભમ્યા કરે છે. પણ સમજતો નથી. જેમ ઘૂવડ સૂર્યને જોઈ શકતો નથી. તેથી તેના માંન્યામાં સૂર્ય છે જ નહીં તે મૂર્ખ માને છે. મૂર્ખ ખળ જે ડાળ ઉપર બેઠા હોય તેને જ કાપે છે. તે અજ્ઞાની છે. તેમ સર્વના ફળદાતા જે ભગવાન છે એમને પાપી મૂરખ કાંઈ ઓળખતો જ નથી. તે જ પાપનો પડદો છે.

ભગવાનને મારવા માટે દેવીની પૂજાઆરાધના કરી દેવીનો અપરાધ કર્યો. તેથી દેવીએ ક્રોધ કરીને શ્રાપ આપ્યો. એમને સાચી વાત જણાવી તોય ન સમજ્યા અને વ્યર્થ વલખાં મારવા લાગ્યા.

**આ પ્રમાણે શ્રીહરિ લીલાસિંધુમાં શ્રી અવતારરત્નમાં શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય વૈષ્ણવાનંદવર્ણી રચિત છંદભાષામાં દેવીએ અસુરોને શ્રાપ દીધો. એ નામે એકવીસમો તરંગ થયો ॥૨૧॥**

# તરંગ-૨૨

પ્રતાપસિંહ રાજા સુવ્રત મુનિને કહે છે હે મુનિ ! ગર્ભમાં રહેલા ભગવાનની સ્તુતિ વૈરાટ નારાયણે ક્યારે કરી. તે વાર્તા મને આપ સમજાવીને વિસ્તારથી કહો તે સાંભળવાથી મને સુખ થાય છે.

સુવ્રત મુનિ કહે છે હે રાજા ! તમને ધન્યવાદ છે. કેમકે તમે બહુ જ સુંદર પૂછ્યું. કેમકે પિતામહ બ્રહ્માજીએ ભગવાનની સ્તુતિ કરી તેનું જે પૂછ્યું તે બહુ સુંદર પૂછેલ છે. તે કથા શતાનંદજીના મુખથી સાંભળીને તમને સંભળાવીશ. કેમકે ભગવાનના મહિમાનો પાર આવે તેમ નથી. એ તો અપાર છે. ભગવાન શ્રીહરિ તે માતા ભક્તિના ઉદરમાં આવ્યા. ગર્ભરૂપે રહ્યા. તેને આઠ માસ થયા ત્યારે જ સત્યલોકમાંથી બ્રહ્મા, શિવ આદિ દેવો આવ્યા. આમ માર્કંડેય મુનિ, શતાનંદ મુનિને કહે છે. એમણે ભક્તિમાતાના સ્વરૂપની શોભા તેજ જોઈને ભક્તિમાતાને બન્ને હાથ જોડીને પ્રણામ કર્યા. માતાના ઉદરમાં ગર્ભનાં દર્શન કરીને જગતના કલ્યાણ કરનારા ભગવાનને વારંવાર નમન કરતા હતા. સ્તુતિ કરતા હતા. બ્રહ્માદિ દેવો ભગવાન પુરુષોત્તમનારાયણના પવિત્ર મનોહર સ્વરૂપનાં દર્શન કરીને અતિશય આનંદ પામ્યા. બ્રહ્માજી બે હાથ જોડીને સ્તૃતિ કરતા કહે છે. હે સર્વના સ્વામી ! તમો સર્વના અધિપતિ છો. હું તો સમય નિમિત્તે આપના ભાવથી દર્શન કરવા આવ્યો છું. હે મુનિઓના સ્વામી અમે અનાથ છીએ. તેથી આપ અમારી ઉપર છો. અત્યારે આપ દેવો અને સંતભક્તોના રક્ષણ કરવા આવ્યા છો. હે પ્રભુ ! આપ જ અમારી ઉપર અમારા સ્વામી આપ જ છો. તે છતાં અત્યારે તો આપને અમે તો બ્રાહ્મણશ્રેષ્ઠ દેવશર્માના પુત્ર જ કહીશું. હે પ્રભુ ! અતિશય વિનયપૂર્વક આપને કહું છું. આપ અમોને દૂર કેમ કરો છો ? તમે તો અનંતકોટિ બ્રહ્માંડના સ્વામી છો. નિયંતા છો. હે અધિરાજ ! હે નારાયણ ! પ્રભુ આપ તો એની ઉપર જ રહો છો. અમે તો આપની આગળ રંક છીએ. એટલા માટે ક્યાં ચિંતામણિ અને ક્યાં કાચનો ટુકડો એ પ્રમાણે છે. આપ તો સર્વના સુખદાતા છો. હે પ્રભુ આપના નિવાસસ્થાન રૂપ અક્ષરના એક એક રોમછિદ્રમાં અનંત ઈંડ બ્રહ્માંડો અણુની માફક ઉડ્યા કરે છે. એવા બ્રહ્મધારી ઉપર આપ સ્વયં પરબ્રહ્મ સ્વરૂપ સર્વોપરી છો. આપને પામવા અમારા માટે દુર્લભ છો. હે પ્રભુ આપ નવાં નવાં ચરિત્રો કરીને અનેકને ઐશ્વર્ય પ્રતાપ જણાવો છો. પરંતુ આપ તો સ્વયં સ્વતેજથી પ્રકાશમય દેખાવ છો. હે પ્રભુ ! કાળ આદિ આપની મૂળ માયા છે અને આપની મહાશક્તિ તેમાં સંલગ્ન રહે છે એ એમની કળા છે. હે પ્રભુ ! આપનું નિવાસસ્થાન એવું દિવ્ય અક્ષરધામ તે તો અનંત છે. વ્યાપક છે અને સત, ચિત, આનંદરૂપ, અલૌકિક તેજાયમાન છે. તે અક્ષર તે તો અનંત ઇંડ બ્રહ્માંડોનો આધાર છે. છતાં તે જાણાતું નથી. એનો કોઈ અંશ બાકી નથી. તે બ્રહ્માંડના બ્રહ્મા, વિષ્ણુ, મહેશ આ ત્રણે દેવો દરેક બ્રહ્માંડમાં નિવાસ કરે છે. આ અક્ષરધામના ધામી સર્વના સ્વામી આપ અત્યારે બાળક થઈને જગતના જીવોનું કલ્યાણ કરવા ભક્તિમાતાના ગર્ભમાં પધાર્યા છો. તેથી આગળ કહેવાયા એવા અમે બ્રહ્માંડોના નિયંતા હોવા છતાં સર્વાન્તર્યામિ આપને અમે શીશ નમાવીને વંદન કરીએ છીએ. એક એક બ્રહ્માંડના અમે ઈશ છીએ તો પણ આપની આગળ તો કાંઈ ગણતરીમાં જ ન હોય. કેમકે બ્રહ્માંડ રૂપ જે ગામો તે દરેક ગામમાં અમે હરિ, હર-બ્રહ્મા દરેક બ્રહ્માંડમાં છીએ. આપને તો તે કાંઈ ગણતરી જ ન હોય. કેમકે આવાં તો આપ નજર આગળ કરોડો ઇંડો અણુની માફક ઉડ્યા જ કરે છે. તેમાં અમારાં શરીર કેવાં દેખાતાં હશે. જેવું બ્રહ્માંડ તેવું જ શરીર તે આપની આગળ તો કાંઈ ગણતરી જ ન હોય. હે પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુ ! અમે આપને

વિનંતી કરી એ છીએ. આપ સર્વે ઉપર અતિશય દયા કરીને ધર્મદેવના ઘેર પધાર્યા છો તે પોતાના ભક્તજનોના કલ્યાણાદિક કાર્યો કરવા પધાર્યા છો. તે આપ ધર્મધુરંધરને યોગ્ય જ છે.

હે પ્રભુ ! આ ધર્મની પ્રવૃત્તિ બીજાને કરવાની જવાબદારી જેમકે આ મહર્ષિઓ અને વિષ્ણુ, બ્રહ્મા, શિવ જેવા કરવા સમર્થ નથી, બ્રહ્મા કહે છે. કે હું સાચું કહું છું કે અમો વર્ણાશ્રમ ધર્મને દૃઢ પણે ન રખાવી શકીએ. એ તો આપનાથી જ સ્થિર રહે છે. કેમકે ચાર વેદો, છ શાસ્ત્રો, ત્રણ પ્રકારની ગતિવિધિ તથા સૂર્ય યજ્ઞયાગાદિ કર્મ, તપ, ધર્મ તથા દેવો, મનુષ્યો, તપસ્વી મુનિઓ તથા હું પણ આપની જ આજ્ઞાનું પાલન કરતો થકો રહું છું. તે આપની મર્યાદાનું કારણ છે. અત્યારે ભરતખંડમાં ધર્મ મંદ થયો છે. ત્યાં ઋષિ તપસ્વી દુર્લભ થયા છે. કેમકે પુરુષો બધાં વિષયવાસનાથી લંપટ થયા છે. વર્ણાશ્રમ ધર્મ નાશને આરે છે. સનાતન ધર્મ પણ ખતમ થયો છે. તેને ફરી સજીવન કરવા માટે ગમે તેટલા વેદના પાઠ કરીને સમજાવીએ તોય કાંઈ થાય તેમ નથી. માટે હે પ્રભુ ! આપ આના ભેદને જાણો છો. તેથી આપના પધારવાથી પુનઃ વિકાસ થશે. હે પ્રભુ ! આપ તો પ્રત્યેક યુગમાં અવતાર ધારણ કરીને ભાગવત ધર્મ સ્થાપન કરતા હતા તોય એનો લય થયો છે. તે માટે આપ અત્યારે ધર્મદેવના ઘેર જન્મધારણમાં કરી વામમાર્ગનો નાશ કરી ભક્તિયુગ ધર્મની સ્થાપના કરશો અને ધર્મની ધૂરાને ધારશો ત્યારે જ તે કાર્ય સફળ થશે. હે નારાયણનાથ ! આપ સર્વ કરવા સમર્થ છો. જીવાત્માને સત્ય કર્મ કરાવીને ફળ આપનારા છો. સર્વેના સ્વામી પરબ્રહ્મ છો. તેને સર્વ જગત જાણે છે. કેમકે આપ સર્વ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનો નાશ કરનારા સર્વજ્ઞ છો. માટે સર્વના દુઃખોને હરનારા આશ્રિત ભક્તોના મનના ભાવને પોષણ કરનાર આપ જ છો. આપને હું વારંવાર નમન કરું છું. આ પ્રમાણે જગતના પિતા બ્રહ્માજી ભક્તિમાતાના ગર્ભમાં રહેલા ભગવાનની સ્તુતિ કરીને ગયા. ત્યાર પછી વિરાટ નારાયણ ભગવાનને આ પ્રમાણે વચન કહેવા લાગ્યા.

હે પ્રભુ ! આપ તો સર્વ ઈશ્વરોના ઈશ્વર પરમેશ્વર છો. અમારા સર્વેના મુગટ મણિ રૂપ છો અને અમારાં સર્વના મંગળને કરનારા છો. હે ધર્મકુમાર ! તમે તો સર્વના કારણ એવા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ સર્વના અવતારી છો. હે પ્રભુ ! આ ભૂમિ ઉપર સૂર્યનારાયણ ઉદય થઈને વાતાવરણમાં પ્રકાશ પાથરીને નવોદયતા વર્તાવે છે તેમ. હે ધર્મના ઘરને વિષે ધારતા પુરુષોત્તમ નારાયણ આપ આપનાં પ્રથમ ચરણ સ્થાપો ત્યારે અમે આપના દર્શન માટે બ્રહ્માંડ રૂપે ભગવાનના રહીને આનાં દર્શન કરીએ. હે પ્રભુ ! આપની લીલા અલૌકિક જ છે. કેમકે નિત્યનૈમિત્તિક આપનાં અપાર કાર્યો છે. જે નિત્ય છે તેનો ક્યારેય અંત આવતો જ નથી અને જે નૈમિત્તિક છે એનું અમે ક્યારેય નિત્ય રહેલું જોયું જ નથી. એ આપની લીલા જ છે. હે પ્રભુ ! અમારા દેહનો અવધિકાળ બે પરાર્ધ વર્ષનો છે. તેમાંથી અમારું આયુષનો કાળ અડધો વિત્યો છે. તેમાં આપનો આ નિમિત્ત અવતારો થાય છે. તે તો પૃથ્વીના ભારને હળવો કરવા માટે જ થાય છે. કેમકે અધર્મનો છેદ કરી સધર્મને સ્થાપશો તેથી ભાર હળવો થાય. આ અમારા દેહમાં પ્રથમ અરધા દિવસ કરો, તેમાં છ, સો સાઠ, ઓછા કરો એટલામાં આપના નિમિત્ત અવતારો તો અનેક થઈ ગયા. તે તો નિમિત્ત માત્ર થયા પણ આપ તો સ્વયં સર્વ અવતારના અવતારી પોતે જ પધાર્યા છો. તે તો ખૂબ જ કૃપા છે. હે પ્રભુ ! હવે મારા આયુષમાં જ એક નહીં પરંતુ આપના સમાન રૂપવાળા અનેક અવતાર થયા. તેમાં જીવો ઉપર દયા કરીને સાચો સંકલ્પ કરીને આવ્યા. અનેક નાના મોટા કાર્યો કરી, થોડાંક જ જીવોને તેનું જ્ઞાન થાય. તેથી

આપના આશ્રયમાં કોઈ ન આવ્યા. તે તો પોતાના કાર્ય કરીને થોડો સમય કાર્ય કર્યા પછી માયા સંકેલે કાર્ય પૂર્ણ થાય. પોતાના લોકમાં પધારે. અક્ષરધામના સ્વામી શ્રીહરિને અનંત મુક્તો તથા એકાન્તિક ભક્ત કાયમ સેવામાં હાજર જ રહે છે. એવા પ્રભુના એક એક રોમમાંથી તેજનો અંબાર (પ્રકાશનો જોશ) સતત નીકળ્યા જ કરે છે. જેમ પાણીનો મોટો ફૂવારો છૂટતો હોય તેમ તેજ છૂટ્યા જ કરે છે. જમણા ચરણના દર્શન કર્યા ત્યારે જાણે ઉછાળા મારતો પ્રવાહ વહેતો હોયને શું તેમ સામાન્ય નહીં પરંતુ ખૂબ જ વેગથી જાણે દૂધના સાત સમુદ્ર વહેતા હોય ને શું. જેમ અંડકટાહ ફૂટતું હોય ને શું તેમ ફટાકા જેવા શબ્દ થવા લાગે છે સતત પ્રવાહનો અવાજ આવ્યા કરે છે. એ જ પ્રમાણે શ્રીહરિના રોમમાંથી તેજનો પ્રવાહ અખંડ વહ્યા કરે છે. એ ભગવાનની અલૌકિકતા છે. બ્રહ્મને પ્રકાશિત કરનારા પરબ્રહ્મ પરમાત્મા છે. પરબ્રહ્મ પરમાત્માને કોટિ મુક્તો અર્પિત થયેલ છે. તે ભગવાન પુરુષોત્તમ પોતાના ઐશ્વર્ય પ્રતાપથી અનંત મુક્તોના જુથથી શોભતા રહે છે. તે જ ભગવાન પરબ્રહ્મ ધર્મદેવના ઘેર પ્રગટ થઈને શોભશે. હે પ્રભુ ! આપ મને જો અવ્યાકૃતના ઈશ્વર કહો તો પણ ફરી તો સૂત્રાત્મકના આત્મા એવા છે હરિ (વિષ્ણુ), હર (શંકર), અજ (બ્રહ્માજી) અધિષ્ઠાતા કહો તો. તો તમને હું કહું છું હે પ્રભુ ! આપ સાંભળો. આપની આગળ તો હું વિરાટનું વૃક્ષ છું અને પ્રકૃતિ રૂપ પૃથ્વીમાં અંકુર ઉદય થયું હોય ને શું એ રીતે જણાવે છે.

વિરાટ રૂપી માઈક વૃક્ષ છે. તેની બે ડાળીઓ છે. તેનાં મૂળ તેનાથી ત્રણ ગણાં કરિને મહાન છે. ચાર વર્ગના રસો, પંચવિષય છે. લક્ષણ છ પ્રકારનાં છે. છ કરણ છે. સુખ આપનારાં છે. સાત ધાતુઓ છે. આઠ કંધરો છે. નવ દરવાજા છે. દસ પત્રો તે દશ ઇંદ્રિયો છે. જીવરુદ્રરૂપ ઈશ્વર પક્ષીરૂપ બન્ને પાંખો છે. આ રીતે આ સર્વના આપ કારણના કારણ છો. હે પ્રભુ ! આપની માયાથી તો અનંત અંડ ઉત્પન્ન થયા છે. તેના જન્મ, સ્થિતિના પ્રેરક તો સર્વના આપ છો. તમે સર્વમાં નિર્લેપ છો. આપ સર્વથી પર છો. જો તમે કહેશો જે હું તો પ્રેમવતિ માતાનો પુત્ર છું તો વિરાટ કેમ બડાઈ મારે છે. સચ્ચિત આનંદ સ્વરૂપ જ્ઞાનસ્વરૂપ, દાનસ્વરૂપ સર્વના અંતર્યામિ સ્વરૂપ તો હું જ છું. સ્વરાટ થકો રહું છું અને રક્ષક રૂપે મત્સ, કચ્છ,વરાહ, નૃસિંહ, રૂપવામન સ્વરૂપ, વિરાટ સ્વરૂપ, રામજ, રામજ, રામજ ઉત્તમ પુત્ર છે. એમાં કોણ શંકા કરે તેમ છે. હું તો સર્વનો નિયંતા છું. કેશવ આદિક ભગવાનના વિષ અને ચાર એમ ન કહેવાય. પરંતુ ચોવીસ અવતાર કહેવાય. નિત્યનૈમિત્તિક આદિ ગુણો તો આપણી અંદર અનેક છે. તે તો સર્વે જીવોના કલ્યાણ માટે જ ગણવા જોઈએ. પવિત્ર સત્વ ગુણાદિક તો ધર્મસર્ગની સાથે જોડાયેલાં છે. તે તો સર્વે ગુણો સુખરૂપ છે. ભગવાનના ધામ રૂપ છે. ભગવાનના ભક્તો સંતપુરુષોના મનને અતિ પ્રિય છે અને કામક્રોધાદિક અધર્મ સર્ગ છે. તો દુઃખરૂપ છે. પીડા આપનાર છે. નર્કના દ્વાર છે.

હે કમળનયન પ્રભુ ! ભક્તના મનના નિવાસ રૂપ આપના ચરણકમળ તો ભવસાગરમાં તરવા માટેનું નૌકારૂપ છે. તે જ ચરણને સિધો દેવો, મુનિઓ, ભગવાન મહેશ્વર આદિ કાયમ માટે સેવ્યા કરે છે તે પરમ સુખરૂપ જગને પરબ્રહ્મધામ માટે જ સેવે છે. અનંત મુક્તો એકાન્તિક ભક્તો સેવતા થકાં કારણ સ્વરૂપ આપના પરમ સુખને પામવા માટે સેવે છે. પરમનિર્મળતાથી આપનાં ચરણકમળને સેવે છે તેમને શ્રીવત્સના ચિહ્નનું જેને દર્શન થાય છે તેને ફરી ભવસાગરમાં આવવું નથી પડતું. હે પ્રભુ ! આ ભવસાગરમાં ભય અને દુઃખના વાતાવરણમાં આપના ચરણકમળનો આશ્રય ભવસાગરને તરવા માટે નૌકા સમાન છે. કેમકે આગળ સમયમાં

અનેક જીવો તરી ગયા છે. એટલા માટે આપના ચરણકમળનો આશ્રય હોય તો દિવ્યધામમાં સ્થાન મળે. આપના ચરણકમળનો મહિમા સમજી વિચારીને આપના સ્વરૂપની અનન્ય ભાવથી ભક્તિ કરે છે. માયાને તરીને તે જીવો પરમ દિવ્યધામમાં જાય છે. અડગ નિશ્ચયસહિત ભક્તિવાળાને જ ધામમાં વાસ છે. હે મહારાજ ! એકાન્તિક મહાન નિષ્ઠાવાન ભક્તોને કેવળ તમારી આજ્ઞા, ઉપાસના ન લોપાય તેનો ભય રહે છે અને માનમોટપવાળા મૂર્ખા લોકો કાંઈ સમજતા નથી. તમારા ચરણકમળના આશ્રયના બળથી જીવે છે અને આત્મનિષ્ઠાના બળના જોરે જીવતા લોકો અભિમાનથી જીવે છે. એને આપના ચરણનો આશ્રય નથી. તે આત્મજ્ઞાનવાળા જપ, યોગ, તપ તેને ખૂબ લાંબા સમયપર્યંત કર્યા કરે છે તો પણ તેના ઉપર ભગવાનની કૃપા થતી જ નથી. કેમકે આત્માભિમાનને લીધે ભગવાનના ચરણકમળનો તે આશ્રય કરતો નથી. તેથી તે વારંવાર જન્મમરણના ફંદામાં પડ્યો રહે છે પણ તેનો મોક્ષ નથી થતો. હે મહારાજ ! આપના ચરણકમળમાં મનને જોડે છે. અભિમાન તજેછે. તેને ફરી જન્મ નથી લેવો પડતો. આપના અનન્યાશ્રયને મેળવે છે. ચરણકમળ આશ્રયવાળાની આપ રક્ષા કરો છો. તે ક્યારેય પાછો પડતો નથી તે તો ધામને જ પામે છે. જે જીવ અધર્મ સર્ગની સાથે જોડાયેલો હોય તેમને આપના ચરણકમળમાં રજમાત્ર ભાવ નથી થતો. તેથી જે આ કલ્યાણકારક ચરણકમળને શત્રુતાના ભાવથી સેવતો નથી. તેને જનમમરણના ભવાટવીના ફેરા મટતા નથી.

આ પ્રમાણે વિરાટ નારાયણે વિનયપૂર્વક હાથ જોડીને કરગરીને સ્તુતિ પ્રાર્થના કરી, અને ભગવાનને પોતાના ધામમાં લઈ જવા માટે ખૂબ જ કરગરવા લાગ્યા અને ભક્તિનંદન પ્રભુ ધર્મકુમારને રાજી કર્યા.

**આ પ્રમાણે શ્રીહરિ લીલાસિંધુમાં પ્રથમ અવતારરત્નમાં શ્રીવૈષ્ણવાનંદ બ્રહ્મચારીરચિત છંદભાષામાં બ્રહ્મા અને વિરાટ નારાયણે ગર્ભમાં રહેલા પ્રભુની સ્તુતિ પ્રાર્થના કરી એનું વર્ણન કર્યું. એ નામે બાવીસમો તરંગ થયો ॥૨૨॥**

# તરંગ-૨૩

શ્રી વિષ્ણુ ભગવાન કહે છે – ભગવાન જીવોનું રક્ષણ કરવા તથા જગતની સ્થિતિની સ્થિરતા કરવાના નિમિત્તને લઈને પવિત્ર સત્યાત્મક અલૌકિક સ્વરૂપને ધારણ કરીને સ્વયં વિષ્ણુ નારાયણ ભગવાન પધારે છે. વર્ણાશ્રમીજનો તે ભગવાન જે કાંઈ ક્રિયા કર્મ કરે તે ભગવાનને પ્રિય પૂજન યજન વ્રત આદિ સારા કાળના યોગમાં કરે છે. પરમ પદને પામે છે. હે પુરુષોત્તમ નારાયણ પ્રભુ ! આપ તો સર્વ ઉપર રાજી નથી થતા પરંતુ આપની સન્મુખ ધ્યાન ધરે છે. તેની ઉપર રાજી થાવ છો. કેમકે આપના સ્વરૂપનું સંપૂર્ણ જ્ઞાન તો બધાને ક્યારેય નથી થતું. તે તો જે પુણ્યવાન હોય તેને જ થાય છે. ભગવાનના પ્રગટપણાનું જ્ઞાન ત્યારે જ થાય છે જયારે સ્વરૂપને ઓળખીને તેનો નિશ્ચય કરે ત્યારે જ તેનો ભેદ છૂટે છે ને પ્રગટને ઓળખે છે. ભગવાન કહે છે કે ભગવાનના સ્વરૂપની ઓળખાણ સત્શાસ્ત્રોથી અથવા વેદશાસ્ત્રના જ્ઞાનથી જ સ્વરૂપને જાણી શકે છે. હે પ્રભુ ! આપના સ્વરૂપનું અનુમાનથી અનેકને જ્ઞાન થાય પરંતુ સાક્ષાત્ પ્રગટ સ્વરૂપનું જ્ઞાન સ્વતંત્ર રીતે થઈ શકતું નથી. ભગવાનના ચરિત્ર ગુણનો પ્રકાશ તો અનુમાનથી જણાય છે. તે તો બ્રહ્મસમાન છે. તે બ્રહ્મસ્થિતિને પામે છે. હે પ્રભુ ! આપ તો અત્યારે અર્ભક રૂપે માતાના ગર્ભની અંદર વિરાજો છો તેને કોઈ મહાત્મ્યથી પણ ન કહી શકે. માટે હે સર્વ અંતર્યામી પ્રભુ તમારા નામ, રૂપ, કર્મગુણ આદિનું વર્ણન આપને પ્રગટ થયા વિના મારાથી પણ ન કહી શકાય તો સામાન્ય જીવાત્મા કેવી રીતે કહે છે. હે પ્રભુ !

આપનાં તો જન્મ, કર્મ અનંત છે. ગુણો અનંત છે. તેને અનંત એવા શેષથી પણ કહી શકતા નથી. અંતને પામતા જ નથી. એવા અતિ અનંત રૂપ અપારનો પાર ક્યારેય આવતો નથી એવા આપની ઉપાસના કરનારા ભક્તિમાર્ગવાળા ભક્તિથી પારને પામે છે. તમારા ચરણને પામે છે. જે મનુષ્ય આપના ચરણકમળમાં પોતાના ચિત્તને જોડી દઈને ધર્મધ્યાનાદિક સર્વે ક્રિયાઓ કરવાનું જાણતો હોય તથા સર્વ ક્રિયામાં પણ આપના મનોહર સ્વરૂપનું સ્મરણ કરતો થકો આપના મંત્રનો જાપ કરતો હોય, ચરિત્રનું શ્રવણ કરતો હોય તેને તમારા રૂપને પામે છે. મુક્ત બને છે.જે અખંડ આપનું ચિંત્વન કર્યા કરતો હોય. આપના સ્વરૂપમાં મનને અખંડ જોડી રાખતો હોય તેને જન્મમરણના ફેરા રહેતા જ નથી. ભગવાન પ્રગટ થયા એમ કહીને પોતાના મનમાં કૃતકૃત્ય થાય તેને એવા તો અનેક પ્રકારના ભક્તો હોય છે.

આપનો અવતાર થાય ત્યારે પૃથ્વી પોતાના ભારથી મુક્ત થાય છે અને પુરુષોત્તમ નારાયણના ચરણના ચિહ્નોથી અંકિત થાય છે. આપ જેની ઉપર દયા કરો છો. દીનને પણ ઉત્તમ બનાવો છો. એ સર્વ ક્રિયાને અમને જોવાનો લ્હાવો આપ્યો એ અમારી ઉપર ખૂબ જ કૃપા છે. જગતમાં દેવનો જેમ જન્મ થાય છે તે જગતના જીવના દિલમાં નથી હોતું. તેઓ સમજવામાં પણ અસક્ત હોય છે. તેની માફક હે પ્રભુ ! આપનો પ્રાદુર્ભાવ તો પોતાની ઈચ્છા મુજબ જણાવો છો. આપ તો સ્વતંત્ર છો. આપની દિવ્ય લીલા કાર્યને તો સંતપુરુષો કાયમ માટે ગાયા જ કરે છે. ભક્તજનોને સમજાવે છે. હે પ્રભુ ! માયા આપનો આશ્રય કરીને આપની ઈચ્છાથી ખૂબ જ જગતનો વિકાસ, જનવૃદ્ધિ, ઉદ્‌ભવ, સ્થિતિ, લય ખૂબ જ જોર કરીને વધારે છે. હવે થોડા દિવસમાં જ જીવોના સુખ માટે પરમાત્મા નારાયણે ધર્મદેવના ઘેર ધર્મની ધુર સંભાળવા માટે મનુષ્ય અવતાર ધારણ કરશો. ઋષિઓ, દેવો, સંતોના જગતના ઈષ્ટદેવ રક્ષક એ તો પ્રભુ વિના બીજું કોઈ નથી. જો વિરાટ નારાયણ નામ તો સમાન છે પણ સામર્થ્ય બરોબર નથી. કેમકે તમારું સામર્થ્ય તમારું જ છે. તે સામર્થ્યથી જનસમાજનું રક્ષણ કરો છો. હે પ્રભુ! આપ જ્યાં સુધી મારા ચિત્તમાં સ્થિર રહો ત્યાં સુધી નારાયણ નામનો સ્વર સાંભળીશ અને આપ કહો જે હું હરિ સપ્રમાણ ઐશ્વવર્ય તે જનો, સમુહ તથા પરબ્રહ્મ એવા આપની આગળ તો હું પરમ તત્ત્વ જેવો જ છું. હે પ્રભુ ! આપનો મહિમા ગુણો અદ્‌ભૂત છે. એનું કોઈ પ્રમાણ જ નથી. આપનો આશ્રય કરીને જન અદ્‌ભુત લાગે છે. માટે હે ધર્મદેવ તમે ધન્ય ભાગ્યવાળા છો. ભક્તિમાતા તમે પણ ધન્ય છો. કેમકે ક્લેશ રહિત સર્વના ઈશ્વર સ્વામી મનુષ્ય દેહ ધારવા માટે આપના ઉદરની અંદર પધાર્યા છે. માટે તમે ધન્યભાગ્ય છે. શંકર્ષણ ધન્યભાગ્ય છે. કેમકે શ્રીહરિ મહાપ્રભુ ધર્મદેવના ઘેર ભાગવતધર્મની સ્થાપના માટે પ્રગટ થવાના છે. તેને મેં મારી દૃષ્ટિથી જોયું અને તે સ્વરૂપનું મેં સ્તુતિ કરી વારંવાર વંદન કર્યા.

નમ્રતાપૂર્વક વિનયથી વિષ્ણુ ભગવાન સ્તુતિ કરી રહ્યા ત્યારે ભગવાન શંકર આવ્યા. ધર્મદેવના બાળ લાલના દર્શન કરીને વિનયપૂર્વક શ્રી હરિની સ્તુતિ કરવા લાગ્યા.

શિવ ભગવાન કહે છે — જગતના જીવોને સુખ આપનારા આપનો જયજયકાર થાવ. હે જગતના નાયક! આપનો જય જય થાવ. સર્વ જગતના દેવ આપનો જય થાય. સર્વ જીવનના આધાર એવા હે પ્રભુ ! આપનો જય જય થાવ. આ પ્રમાણે મહાદેવજી હાથ જોડીને ભગવાનને વિનવે છે. હે અજર અમર ! અખિલ જગતના સ્વામી ક્યારેય પણ જન્મલયને નહીં પામનારા સર્વમાં આપ એક જ અકિંચન છો. નિર્વિકાર ભક્તજનોના સુખને માટે અત્યારે પૃથ્વી ઉપર જીવોના કલ્યાણ કરવા સધર્મની સ્થાપના કરવા આપ પધાર્યા છો. હે પ્રભુ ! આપ

નિરાધારના આધાર છો. નિરન્ન મુક્તથી સેવાતા એવા સર્વના સ્વામી આપને નિરાકાર કહે છે. સાકાર કહે છે. આપ સકારણના માયિક નથી. હે નવીનના નાથ ! હે નરવીર ! નરોત્તમ છો. નિર્લેપ છો. નિરંજન છો. કાયમ માટે નવા જ છો. નિર્વિકાર છો. કલંકરહિત છો. કોઈને અપેક્ષ અસારપણતા નથી, કોઈનો આધાર રાખતા નથી. નિત્ય માટે ઉન્નતિને કરનારા છો. બીજાના સંકલ્પથી પર એવા બીજાના જીવનની પ્રાપ્તિ કરાવનારા જળને આપનારા, સર્વોપરિ ધર્મને સ્થાપનારા પરમેશ્વર એવા સર્વના પરમ એવા સર્વને કર્મ કરાવનારા, સર્વ જીવમાત્રનાં ઉત્પન્ન કરાવનારા, સર્વના અંતર્યામિ, સર્વ ઉપરીના ઉપરી, સર્વ ઉપર પરમકૃપાની દૃષ્ટિ રાખનારા, સર્વોપરિ ભક્તિવાળા પરથી પર એવા પરબ્રહ્મ પરમેશ્વર બ્રહ્મથી પર એવા છે. પ્રભુ આપને હું વંદન કરું છું. ધર્મરૂપ પોતાના સિદ્ધાન્ત સિદ્ધ કરનારા, ધર્મદેવનાં ઘરમાં ધર્મ પરાયણતાવાળા છો. ધર્મનું પૃથ્વી ઉપર સ્થાપવા માટે ધર્મમાર્ગ ઉપર સર્વને ચલાવનારા, પૃથ્વી ઉપર ધર્મ કર્મને ચલાવનારા, ધાર્મના આશ્રિતજનો નારાયણના નામનો જપ કરતા, ધર્મદેવના પુત્ર દઢતાવાળા, ધીરજ ધર્મવાળા, સર્વોપરિ ધર્મ ચલાવનારા, ધાર્મિકજનો ધર્મના જ આશ્રય રહેતા. ધર્મસર્ગનો વિસ્તાર કરતા, ધર્મપ્રિય ભક્તોના સુખ માટે ધર્મની ધૂરાને ગ્રહણ કરનારા, એવા ધર્માત્મજ ધર્મના પુત્ર મુક્તોને જીવોના કલ્યાણમાર્ગ સમજાવવા પૃથ્વી ઉપર લાવ્યા એવા પરબ્રહ્મ પરમાત્મા નારાયણને વારંવાર વંદન કરું છું. સત્યરૂપ એવા સત્ય છે. પ્રિય જેમને સેવા, સત્યધામમાં રહેનારા, સર્વના સ્વામી, સત્ય છે કીર્તિ જેમની સેવા, સાચા કર્મને કરનારા, સાચા સુખને આપનારા એવા પરમેશ્વર શ્રીહરિ, સત્યથી મળનારા, સાચા વર્તો કરનારા સર્વના શ્રાપરૂપ એવા સત્યને ધારનારા, સાચા ધર્મને સ્થાપનારા, સત્કાર રૂપ સત્યનું પાલન કરનારા જનોને સહાય કરનારા, સત્યસિદ્ધ જ્ઞાનથી જીવને મુક્ત કરનારા, જ્ઞાનવાળા, સત્યરૂપ, કળિયુગમાં સત્યધર્મ દઢ કરીને સત્સંગની સ્થાપના કરનારા, સત્, ચિત, આનંદરૂપ એવા સત્યને દઢ કરનારા, સત્યના સાગર રૂપ, અસત્યનો પરાભવ કરીને સત્યને દઢ કરનારા એવા શ્રીહરિને વંદન કરું છું. આલોકમાં ન હોય તેવી અલૌકિક અનેક અસંખ્ય મનોહર ન ભુતો ન ભવિષ્યતિ એવા દિવ્યસ્વરૂપવાળા, સર્વના આત્મા કોઈના આત્મા ન હો તોય પોતે જેના આત્મા છે એવા કોઈથી પર લિન નહિ પામનારા જેનો વિકટ કે છેદ નથી થતો. કાયમ રહેનારા અનંત ગુણોના ભંડાર, ગુણના સાગર રૂપ, દિવ્ય સ્વરૂપવાળા, આખા જગતને જોનારા સર્વને દૃષ્ટિમાં રાખનારા પરમાત્મા કહેવાય છે. તે જ અસંખ્ય બ્રહ્માંડો જેમને એક દેશ સમાન છે એવા જેમના એક રોમ ઉપર અણુની માફક અનંત બ્રહ્માંડો ઊઠ્યા કરે છે. સર્વેના આત્મા, કોઈ પ્રકારનો ક્લેશજનથી સર્વેના ઈશ્વર જેમનું કોઈ પ્રમાણ જ નથી. કોઈ બીજો નથી. સર્વથી પર સર્વ અવતારોના અવતારી, અક્ષરધામના અધિપતિ, અજિત એવા, સર્વથી નિર્લેપ સ્વતંત્ર સર્વના અંતઃકરણમાં વસનારા એમને કોઈ પારકુંજ નથી એવા અલૌકિક મૂર્તિ શ્રીહરિને વંદન કરું છું. મિનિટનો સાઈઠમો ભાગ, એક મટકું માત્ર, સમયનો ભાગ, ત્રણ કલાકનો સમય પ્રહારના ત્રીજો ભાગ, અહર્નિસ રાતદિવસ, પંદર દિવસ, મહિનો, વર્ષ યુગના સમય પ્રમાણે, સમય ઉપર વિતેલો સમય અમારામાં વાર કરે છે.

જ્યારે આ મૃત્યુલોકનાં ચાર હજાર યુગોની ચોકડી જાય ત્યારે પિતામહ બ્રહ્માજીનો એક દિવસ થાય. એવી જ રાત્રિ થાય. જ્યારે પિતામહ બ્રહ્માજીના હજાર યુગો જાય ત્યારે વિષ્ણુ ભગવાનની એક ઘડી થાય. એ રીતે વિષ્ણુ ભગવાન બાર લાખ વર્ષ સુધી થાય છે. વિષ્ણુ ભગવાનના બાર લાખ વર્ષ થાય ત્યારે પરમશિવની બે પળ થાય છે. એ રીતે શિવ પોતાના બાર લાખ વર્ષ રહે છે. શિવનાં બાર લાખ વર્ષ થાય ત્યારે શક્તિનાં માયાના

પળ બે થાય. આ પ્રમાણે કહેવાય છે. શક્તિના બાર લાખ વર્ષ થાય ત્યારે કાળપુરુષને એક પળ થાય છે. આ પ્રમાણે અનેક કાળનો લય થાય ત્યારે (નાસ થાય) અક્ષર પુરુષ તે લવ માત્ર સમજાય છે. આ પ્રમાણે કાળનું વર્ણન કરેલ છે.

મહાદેવજી શિવ ભગવાન આ પ્રમાણે ધર્મદેવના પુત્ર શ્રીહરિની મૂર્તિને હૃદયમાં ધારણ કરીને વિનયપૂર્વક સ્તુતિ કરીને ભગવાનના ચરણમાં મસ્તકથી વંદન કરીને પોતાના નિવાસસ્થાને ગયા.

**આ પ્રમાણે શ્રીહરિ લીલાસિંધુમાં અવતારરત્નમાં શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય વૈષ્ણવાનંદવર્ણીએ રસેલ છંદ ભાષામાં ભગવાન વિષ્ણુ, બ્રહ્મા, શિવે શ્રીહરિની ગર્ભમાં સ્તુતિ કરી એ નામે ત્રેવીસમો તરંગ થયો ॥૨૩॥**

# તરંગ-૨૪

રાજા કહે છે હે મુનિરાય ! આપે અનંત કોટિ બ્રહ્માંડનાં ઉત્પત્તિ, સ્થિતિ તથા લય નાશનો ઇતિહાસ તો જાણ્યો પણ હવે ભક્તિમાતા થકી જન્મ લેવા માટે પધારેલા. શ્રીહરિના જન્મની કથા સંક્ષેપથી કહી સંભળાવો તેનો મહિમા સમજાવો. જે મનુષ્ય પોતાના મન, કર્મ, વચનથી એકાગ્ર થઈને શાંતચિત્તે ભગવાનના જન્મની કથા સાંભળે છે તે મનુષ્યને ફરી આ જન્મમરણના ફેરામાં નથી આવવું પડતું તે તો ભગવાનના ધામને પામે છે. ધર્મદેવ ભગવાનની ભક્તિ શાંત સ્વભાવે પવિત્રપણે મન, કર્મ, વચનથી ક્યારેય કોઈનો દ્રોહ ન થાય તે રીતે કરતા હતા. એમણે પાપનો તો ક્યારેય સ્પર્શ નથી કર્યો. મનથી સતત સત્સંગ જ કર્યા કરતા હતા.ધર્મદેવ દરરોજ કથાવાર્તા કર્તા હતા. જીભથી કાયમ ભગવાનના નામનો જપ કર્યા કરતા હતા. નારાયણ કવચનો પાઠ કરતા હતા. તે શત્રુના પરાભવ માટે કરતા હતા. શત્રુના કર્મો તૂટી જાય એ માટે કરતા હતા. ભક્તિમાતા ગર્ભમાં કોઈ વિઘ્ન ન આવે તે માટે પાર્વતીય સૂત્રનો પાઠ કરતાં હતાં. ગણપતિને રીઝવતાં હતાં. કોઈ પ્રકારનો ભય ઉત્પનન થાય તેના માટે અંજનીપુત્ર હનુમાનજીના મંત્રનો સ્તોત્રનો પાઠ કરતાં હતાં. સૂર્યનારાયણ વર્મનો પાઠ જપ કરતા હતા. તે પોતાના પુત્ર ગર્ભમાંથી જ પુત્ર તપસ્વી થાય તેવાં સંસ્કાર માટે કરતાં હતાં. પવિત્ર સંસ્કાર પણ તે માટે કરતાં હતાં. ધર્મદેવ આખો દિવસ ભક્તિમાતાના ગર્ભમાં રહેલા શ્રીહરિની સેવા મનથી કર્યા કરતા હતા. અખંડ સ્મરણ કરતા હતા. ધર્મદેવની સાથે જેમ ભક્તિમાતા શોભે છે. જેમ શિવની સાથે પાર્વતીથી કૈલાસ શોભે છે વરની સાથે વધુ શોભે છે. જેમ પોતાનું ગામ શોભે છે તેમ છપૈયાપુર ગામ પણ ધર્મભક્તિના નિવાસથી શોભે છે. ભગવાન શંકરને અષ્ટ સિદ્ધિઓ સેવે છે. તે જ રીતે ધર્મદેવને એમની બાર પત્નીઓ અખંડ સેવે છે. અનંત સિદ્ધો જેમ શંકરને સદાશિવને સેવે છે તેમજ અનંત અક્ષર મુકતો ધર્મદેવને સેવે છે. ભગવાન શંકર જેમ દેવોને મુનિઓને સુખદાયક છે. તેમ જ ધર્મદેવ અભય પદ આપે છે. ભગવાનનું ધામ આપે છે. ગર્ભગૃહમાં જેમ દક્ષસુના પાર્વતી શોભે છે તે જ રીતે હરિકૃષ્ણ પ્રભુ ગર્ભમાં રહેવાથી ધર્મદેવ અને બાળા શોભે છે. ગોરા શરીર ઉપર જેમ આભુષણોથી શોભે છે તેમજ ધર્મદેવ કીર્તિસ્વરુપી આભૂષણોથી શોભે છે. ગંગાજીમાં સ્નાન કરવાથી પાપને શાંત કરે છે. તે જ રીતે ધર્મનું પાલન કરવાથી પાપનો તાપ નાશ થાય છે. સર્પના આભૂષણથી શિવજી શોભે છે તે જ રીતે રામપ્રતાપ જેવા પુત્રથી ધર્મદેવ શોભે છે. શિવશંકર ભગવાન કૈલાસમાં શોભે છે. તેમજ છપૈયા પુરધામમાં ધર્મભક્તિ વિરાજે છે. ભગવાનના આવવાથી હરિની માતા કેવી શોભે છે. જેમ અગ્નિ હોય ત્યાં સ્વાહાનો ભવરો શોભે

તેવાં શોભે છે. પોતાના શરીરના તેજથી મહાદેવ શોભે છે. તેમ ધર્મદેવના ઘરમાં શ્રીહરિના પ્રતાપના તેજ શોભે છે. ભક્તિદેવીના પ્રકાશમય રૂપ જોઈને નગરની સ્ત્રીઓ નગરમાં જઈને વાતો કરે છે. એમનાં મન ભમી જાય છે. અનંત કોટિ બ્રહ્માંડના સ્વામી શ્રીહરિ આ ભક્તિમાતાના ગર્ભમાં આવ્યા છે. તે સર્વને સુખ આપનાર છે. એના પ્રતાપથી શોભે છે. ભક્તિમાતા ભગવાનના ચરિત્રની કથા કરતાં હતાં. તેથી છપૈયાપુરની સ્ત્રીયોને ખૂબ જ જ્ઞાનવાર્તાનો લાભ મળેલ તથા ભક્તિમાતાનો પ્રેમ મળેલો. તેથી ભગવાનનો મહિમા હતો. દેવતાઓ, મુનિઓ ત્રણે દેવો સર્વે સાથે મળીને ભક્તિમાતાનાં દર્શન કરવા ભાવનાથી આવતા હતા.

કોઈક બહેનો કહે આ વામનની માતા અદિતિ છે એમ કહે છે અને કોઈ કહે છે કે આ નિગમની માતા ગાયત્રી દેવી જેવી લાગે છે. કેટલાંક કહે છે કે આ તો કપિલદેવની માતા દેવહુતિ જેવાં લાગે છે. કોઈ કહે છે શ્રીકૃષ્ણની માતા દેવકીજી જેવાં લાગે છે. આ રીતે ચર્ચા કરે છે. દેવો મુનિઓની સ્ત્રીઓ આ પ્રમાણે અરસપરસ પોતપોતાની રીતે જુદી જુદી વાતો કરતાં હતાં અને બધા સાથે મળીને નક્કી કરવામાં પણ મોટી શંકામાં પડી ગયાં. પૂરાં ન ઓળખી શક્યાં. આવેલી સર્વે બાઈઓ સાથે મળીને સારી વાત પૂછવા આવી અને કહેવા લાગી. ભક્તિમાતાના ગર્ભમાં આવેલ ગર્ભ ક્યાંથી આવ્યો એ કોણ છે ? એમનું શું નામ છે ? એમનું ધામ ક્યાં છે ? આ પ્રમાણે સર્વે પૂછવા લાગી. ત્યારે જગતની માતા ભક્તિમાતા સાચું કહેવા લાગ્યાં. હે દેવ મુનિઓના પત્નીઓ હું કહું તે સાંભળો. આમને કયા પ્રતાપથી હોંશિયારી છે તેની વાત કહું છું તેને તમો સર્વે સાંભળો. હું તો સત્ય જ કહીશ. બધાની ઉપર સર્વોપરિ એક અક્ષરધામ જ છે. જેને સત્યસ્વરૂપ અનંત વેદ શ્રુતિઓ જેના મહિમાઓ ગાયા કરે છે. જેને બ્રહ્મપુર કહે છે. જેને ચિદાકાશ અક્ષર એવા નામથી કહેવાય છે. જેનો ક્યારેય નાશ નથી થતો એવું અનંત કોટિ સૂર્યચંદ્રના પ્રકાશ કરતાં પણ અધિક પ્રકાશવાન એવું અક્ષર બ્રહ્મધામ છે. પોતાના તેજથી તેજાયમાન એવા આનંદ સ્વરૂપવાન એવું એ જ ધામ સુખરૂપ છે. એ પ્રમાણે જાણો. એ જ ધામના વાસી એવા ભગવાન શ્રીહરિ નારાયણ તે તમને અમને બધાને દર્શન આપે છે. સર્વને દર્શન થાય છે. સર્વમાં વ્યાપીને રહેલા છે. એ જ ભગવાન દિવ્ય ઐશ્વર્યવાળા છે. દિવ્ય દેહવાળા છે. ખાનપાનાદિક ભોગો સર્વે દિવ્ય છે. વસ્ત્રો સર્વ દિવ્ય છે. રહેવાના મહેલો દિવ્ય છે. અને અપાર છે. તેજ પ્રભુ આ પૃથ્વી ઉપર અવતાર ધરવાના છે. એ ભગવાનની સેવા કરીને અખંડ એમનું સ્મરણ કરવાથી ભક્તિ કરવાથી એકાન્તિક મુક્ત થાય છે. લક્ષ્મી રાધા આદિ સર્વે સખીઓ રૂપે છે. પરંતુ તેઓ અખંડ એમનું સેવન ભક્તિ કરે છે. એમના ચરણકમળની સેવા કરે છે અને પરમસુખને પામે છે. એ પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાનનાં ચરણકમળનું સેવન અનંત મુક્તો કર્યા કરે છે એવા તે પોતે જ અક્ષરધામના સ્વામી પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીહરિ નારાયણ ઘનશ્યામ સ્વયં છે. કિશોર અવસ્થાવાળા સુંદર વેશધારીને શોભતા ગરીબોના સ્વામી પ્રગટ ભગવાનના ભક્તના ઘેર પ્રગટ થવાના છે. જેમને ભવ બ્રહ્મા યા ઇંદ્રાદિક દેવો હંમેશાં સેવા માટે તત્પર રહે છે. તેનો નામનું સ્મરણ કર્યા કરે છે એવાતે પરબ્રહ્મ પ્રભુને બાલા પોતાના (જઠર) ઉદરમાં ધારણ કરીને ફર્યા કરે છે.

એવા અક્ષરવાસી પ્રભુનું ભાગ્યશાળી આત્માઓ ભજન કરે છે અને તેઓ પરમ પદને પ્રાપ્ત કરે છે. હે સયાનિ હું લખાણને વાંચીને તમને સાચું જ કહીશ. જગતના પિતા બ્રહ્માજીનું વચન ખોટું ન હોય. હે બહેન બાલા ! તમે ઘરની બહાર ન જશો. કેમકે તમારાં રૂપને જોઈને દર્શન કરીને લોકો અકળાય છે. તમને પણ

અકળાવે છે. કેમકે તમારા મુખની કાંતિ એટલી બધી તેજાયમાન છે. ચંદ્રના તેજને પણ શરમાવે તેવું છે. તેને જોઈને બધાંના મનને અતિશય આનંદ આપે છે. હે દેવી ! તમારા જેવી આવાં રૂપવાળી ત્રણે લોકમાં કોઈ નથી. જેવી શ્રીહરિની માતા શોભે છે. એવી કોઈ નથી. હે સખી આવી રીતે આનાથી તો જગતનો નાથ ઉત્પન્ન થવાનો છે. તે તો પુરુષોત્તમ ભગવાનની માતા બનશે એટલા માટે એ જગતમાં શ્રેષ્ઠ છે. આવી રીતે પ્રગટ પુરુષોત્તમ પ્રભુની માતાનો ભક્તિદેવીના અતિશય મહિમા સાંભળીને દેવો મુનિઓની સ્ત્રીયો પોતાને ધન્ય ભાગ્ય માનની થકી કૃતાર્થ માનતી હતી.

માર્કંડેય મુનિ કહે છે હે મુનિનાથ ! શ્રીહરિના પ્રાદુર્ભાવ માટેની ગાથા. ચૌદ લોકના જીવાત્માઓ ગાયા કરે છે. જેના ગર્ભમાં મારા નાથ પ્રભુ રહ્યા છે. એનો મહિમા કોઈ ઓછો ન હોય. ભક્તિમાતાનો ગર્ભદ્વારમાં વધતો જતો હતો પણ તેનો ભાર માતાને ફૂલના જેવો પોતાના પુત્રનો લાગતો હતો ત્યારે જ્યારે ગર્ભને દશ માસ થયો ત્યારે બધાની આશાઓ નિર્મળ શાંત થઈ. સર્વને શાંતિ થઈ ગઈ. આકાશની અંદર ચંદ્રમંડળ શાંત નિર્મળ શોભતું હતું. આકાશમાં ચંદ્રમા ઉદય થવાથી ખૂબ જ શોભાયમાન લાગતું હતું. ઊંડુરાજ પોતાના નક્ષત્રમંડળની સાથે નીચા આવીને શાંત શોભતા હતા. જાણે કે ભગવાન શ્રીહરિ આવવાના છે તે માટે અમૃતનું છંટકાવ કરતા હોય ને શું. સરોવરો, નદીઓનાં પાણી નિર્મળ શાંત શોભતાં હતાં. ખીલેલાં કમળોની સાથે તે નીર ખૂબ જ મનોહર લાગતાં હતાં. નવાં પાંદડાં ખીલેલાં વૃક્ષો શોભતાં હતાં. વેલી લતાઓ નવાં પાંદડાં આવવાથી ખૂબ જ શોભતાં હતાં. ભગવાનના પ્રાદુર્ભાવ સમયે ઋતુઓનો રાજા વસંત ઋતુ પોતાના અઢાર ભાર શોભાથી શોભતો હતો જ્યારે શ્રીહરિના (ઉદ્ભવના) પ્રાદુર્ભાવના આનંદની સાથે જાણે સર્વ સમાજ ન આવ્યો હોય તેમ તે શોભતાં હતાં. ભગવાન પ્રાદુર્ભાવ સમયે શીતળ, શાંત, સુગંધી વાયૂ સાનુકૂળ થઈને વાયા કરતો. તે સમયે ભગવાનના પધારવાની સૂચના લઈને અનંત ધામથી જાણે અમરો આવતા હતા. એ સમયે અગ્નિઓ અતિ પ્રકાશવાન થવા ઘી અને હવિષી સિવાય જ ઘરોમાં તે અગ્નિ શોભતાં હતાં. અનેક ઘરો શોભતાં હતાં. સ્વયં જાણે યજ્ઞનારાયણ પ્રગટ થયા હોય ને શું ? તેમ અગ્નિઓ શોભતાં હતાં. આ રીતે અગ્નિ તેજ થયા ત્યારે અગ્નિહોત્રિ બ્રાહ્મણો સાથે મળીને કહેવા લાગ્યા કે ભગવાન પ્રગટ થાય છે. ત્યારે મુનિજનોનાં મનો નિર્મળ શાંત થયાં. ત્યારે બધાં મુનિઓએ પોતપોતાની આત્મખોજથી માની લીધું કે ભગવાન પ્રગટ થયા.

પ્રભુ પધારવાના છે એમ માનીને પૃથ્વી કાંટા-કાંકરા વગરની થઈ ગઈ. અતિ કોમળ થઈ ગઈ. બાળક (પુત્ર)ના લીધે ભક્તિદેવી મેઘ શોભે તેમ શોભતાં હતાં. ભગવાનમાં અતિશય નિર્લેપ થયેલાં હતાં. કોઈપણ જાતનો સંગ કે દોષ એમનામાં ન હતો. અમારામાં બધી ઉપાધિઓ થાય છે તે બધી ઉપાધિઓ અમારામાં રહેલી જ છે. સંગ દોષના ગુણો, અવગુણો પ્રભુ આવવાથી અમને સ્પર્શતા જ નથી. ભક્તિમાતાને જ્યારે પ્રસુતિનો સમય થવા આવ્યો ત્યારે ભક્તિમાતા સૂતિકાગૃહમાં ગયાં ત્યારે ચારે બાજુ પડદા ઉલેચો બાંધીને સારી રીતે શણગાર્યું તથા સુગંધી અત્તરની શીશીઓ છાંટી. ભક્તિમાતા સૂતિકા ઘરમાં તકીયાના ઓઠીકણના આધારે આરામથી બેઠાં હતાં અને સુખેથી વાતો કરતાં હતાં. તે સમયે બહેનોએ પ્રસુતિ સમયે પીડા શાંત કરનારાં ઔષધો ત્યાં તૈયાર રાખેલાં હતાં તે દ્રવ્યો સ્ત્રીયો લઈને બેઠી હતી. પ્રસુતિ કરાવવામાં એક દાયણ હોંશિયાર હતી. તે ભક્તિમાતા જ્યાં બેઠાં હતાં ત્યાં અંદર ગઈ ત્યારે ભક્તિમાતા સામાન્ય રીતે ભગવાનનું ભજન સ્મરણ કરતાં હતાં. તે જ સમયે ભક્તિમાતાના ઘરમાં દેવો પ્રગટ થયા ત્યારે તેમના શરીરમાંથી તેજના અંબારો નીકળતા હતા.

તે તેજમાં પોતાને જોઈ શકતા ન હતા એવું તેજ હતું. તેથી તે સમયે અતિ આશ્ચર્યકારક વાતાવરણ દેખાતું હતું. તે પ્રકાશિત થયેલા તેજના સમૂહમાં માતા ભક્તિદેવી ભગવાન બાલમુકુંદને જોતાં હતાં. તે બાલમુકુંદ પ્રભુ સર્વને સુખ આપનારા સર્વ જગતના સ્વામી પોતે પ્રગટ થયા તે દર્શન માતાને થયાં. પ્રગટ થયેલા નારાયણમુનિ પ્રભુનાં રૂપને જોઈને દર્શન કરનારના મનમાં ખૂબ જ આનંદ થતો હતો. કરોડો બ્રહ્માંડોના કરનારા સર્જનહાર પ્રભુ અત્યારે ભક્તિમાતા કહે છે, મારા પુત્રરૂપે પ્રગટ થયા છો. હે પ્રભુ ! સર્વનું સુખ કરનારા, સર્વના દુઃખોને હરનારા, સર્વના હૃદયમાં વિરામ કરનારા, હે અવિનાશી ! આપનો જય જય થાવ. આપનાં દર્શનથી સર્વ દેવો આનંદ પામે છે. સંતો ભક્તોને અભય સુખ આપનારા આપનો જયજયકાર થાઓ. જગતના જીવોનું મંગળ કરનારા અમંગળને હરનારા એવા વનમાં વાસ કરનારાને પ્રિય એવા વનવાસી પ્રભુ આપનો જયજયકાર થાઓ. સર્વ પુરુષોમાં શ્રેષ્ઠ, સર્વની પીડાને હરનારા, અવિનાશી ચલાયમાન ન થનારા, સમર્થ કાયમ ઉપવાસ કરનારા એવા પ્રભુ આપનો જયજયકાર થાવ. હે પ્રભુ ! આપ ચતુર્ભૂજ સ્વરૂપને ધારણ કરનારા, આયુધોને ધારનારા, અમારી રક્ષા કરનારા, હે હરિ ! આપનો જયજયકાર થાવ. હે મારા પુત્ર ! બાળક અતિ બળ ચલાવનારા, જીવોના પાલનપોષણ કરનારા આપનો જયજયકાર થાવ. કોમળ અંગવાળા જીવોના મનને રંગનારા આપનાથી કામદેવ ભય પામે છે એવા હે કૃષ્ણહરિ ! આપનો જય થાય. મુનિઓના સ્વામી સર્વોપરિ દિવ્ય સ્વરૂપને ધારનારા, અલૌકિક તેજોના સમુહવાળા, હે હરિ ! હું આપને પડેલ છું. તો મારી રક્ષા કરો.

ભક્તિમાતા જ્યારે ભગવાનની સ્તુતિ કરી રહ્યાં ત્યારે બાળમુકુંદ ભગવાન કહેવા લાગ્યા કે હે માતા હું સર્વનાં દુઃખોને દૂર કરીને મારા પ્રતાપથી સુખ આનંદ આપીશ. ત્યારે પ્રસુતિ કરાવનાર દાઈ તેણે શય્યા ઉપર પોઢેલાં બાલમુકુંદ ભગવાનને જોયા ત્યારે તે ભગવાન પોતાની નજરથી ચારે બાજુ નજર ફેરવીને પછી નેત્ર બંધ કરી એને પોઢેલા જોયા. આ રીતે ઘરમાં ભગવાનના ચરિત્રને જોઈને તે દાઈ બહાર જઈને તે બાલાના પુત્ર લાલનાં પ્રતાપનો મહિમા કહેવા લાગી. દેવી દેવો મેં મારી નજરે જોયું કે બાલાનો બાળક જન્મ્યો ને તરત જ પલંગ શજ્યા પર બેસીને પોતાના કૃપા કટાક્ષથી નજરને ચારેબાજુ ફેરવતો હતો. તે મેં પ્રત્યક્ષ જોયું. ત્યાર પછી તે સ્ત્રીસમુદાયને દાયણ કહે છે કે હે બહેનો મેં તો અહિયાં એટલા બધા તેજનો ઉજાસ જોયો કે જેનાથી કેટલીકવાર સુધી તો હું અંજાઈ જ ગઈ. તેથી બાલમુકુંદ સિવાય કાંઈ દેખાય જ નહીં. આવું મને જોવા મળ્યું. પ્રસુતી સુખ રીતે સરલતાથી થાય તે માટે તૈયાર કરેલી બધી જ ઔષધિઓ હાથમાં જ રહી અને કોઈ તકલીફ નથી. તેથી ઔષધિઓ હાથમાં ને હાથમાં રહી ગઈ. માતા એ બાળકને જોઈને ધન્ય ધન્ય થઈ ગયો.

ત્યાર પછી તે બાલમુકુંદને જોઈને તેનું સ્વરૂપ તો અદ્‌ભૂત છે. તેને તો આખું જગત વંદન કરે એવા મનોહર છે. તે બાળક જન્મ્યા ત્યારે કોઈ પ્રકારનું મળમૂત્ર ન હતાં. ભક્તિમાતા પણ પુત્રની સાથે આનંદ માણતા હતાં. કોઈ જાતની તકલીફ નથી. સર્વે બાઈઓ ઊભાં થઈને બાલમુકુંદની સાથે ભક્તિમાતાને વંદન કર્યાં અને પોતાના જન્મને આજે ધન્યભાગ્ય જાગ્યાં. એ પ્રમાણે માનતી હતી. મનમાં આનંદ પામવા લાગી. ત્યાર પછી સૌ પોતપોતાના ઘેર આનંદ પામતી થકી ગઈ અને મંગલ સાજ તૈયાર કરી મંગળ વાધાઈનાં ગીતો આનંદપૂર્વક ગાવા લાગી. મનમાં ખૂબ જ આશ્ચર્ય થવા લાગ્યું. તે સમયે ભગવાનનો જન્મ થયો ત્યારે ધર્મ ઘરમાં બેઠા થકા ભગવાનનું ભજન કરતા હતા અને ભગવાનના દિવ્ય સ્વરૂપનાં દર્શન થયાં ત્યારે કિશોરવયના સ્વરૂપનાં દર્શન થયાં. તે પ્રસન્ન મુદ્રામાં દર્શન થયાં. મનોહર રૂપને ધારણ કરનારા ભક્તનું રક્ષણ કરનારા પ્રભુ આપના વક્ષસ્થળમાં ચિહ્નને ધારણ કરનારા કરુણામય દૃષ્ટિથી જોનારા હે પ્રભુ ! આપને હું નમન કરું છું. કમરને કસીને

બાંધેલ છે. રત્નથી જડેલાં કુંડળને ધારણ કરેલા વિશાળ ભાલની રેખાઓવાળા દર્શન કરનારના મનને ખેંચનારા એવા, આપને વંદન કરું છું. આપના નેત્રમાં લાલ રેખાઓ શોભે છે. જોનારને મોહ પમાડે છે. હે પ્રભુ ! આપના બાહુ બહુ જ લાંબા છે. અતિ પરાક્રમ કરનારા હે પ્રભુ ! આપને વંદના કરું છું. આપ પીળાં વસ્ત્રોને ધારણ કરનારા આપના ખભા ઉપર કાળી કામળી શોભી રહી છે. મસ્તક ઉપર મુકુટને ધારણ કરેલ છે. અધરોષ્ઠ ઉપર વેણુને ધારણ કરીને વગાડો છો એવા હે પ્રભુ ! હું વંદન કરું છું. હે પ્રભુ ! આપના કંઠમાં સુંદર જડેલો હાર શોભે છે. તેમાં નંગો ખૂબ જ કળાથી ભરેલાં છે. તે હાર અતિ ભારે મૂલ્યવાન શોભે છે. આપના સ્વરૂપના ધ્યાન ભજનમાં અનંત મુક્તો કાયમ આનંદમાં રહે છે. એવા કિશોર સ્વરૂપને ધારણ કરેલા કામદેવના ગર્વને હરનારા પ્રભુ આપને વંદન કરું છું. આપ અનંત અવતારનાં રૂપોને ધારણ કરીને અનંત ભક્તોનાં કલ્યાણ કરીને ઉદ્ધાર કર્યો છે. અસુરના સમુદાયને હરાવનારા અને સંતના મનને આનંદ આપનારા આપને વંદુ છું. આપ આ પૃથ્વી ઉપર સધર્મની સ્થાપના કરો છો અને અનંત મુક્ત આપના સ્વરૂપનું ભજન કર્યા કરે છે. એવા હે પ્રભુ ! આપને હું એ જ અરજ કરું છું. આપ મારા અંતઃકરણમાં નિત્ય રહો. ધર્મદેવે ભગવાનની સ્તુતિ કરીને ભગવાનની પાસે વરદાન માંગ્યું કે હે પ્રભુ ! આપ મારા જીવનપ્રાણ છો. એટલા માટે આપના સ્વરૂપનું અખંડ સુખ આપજો. અખંડ દર્શન આપજો. માર્કંડેય મુનિ કહે છે, ભગવાનના ગર્ભમાં પધાર્યા. તેની શોભા કહી તથા ભક્તિમાતાના ગર્ભના જીવનની કથા કહી તથા જન્મ મહોત્સવની કથા કહી તથા માતાપિતાએ સ્તુતિ કરી તેની કથા કહી.

જે જીવાત્મા આ જન્મ મહોત્સવની કથા સાંભળશે એમાં પૂરો ભાવ રાખશે તો તેને બધાં જ ઇચ્છિત ફળ મળશે અને અંત સમયે ભગવાન તેને અચળ પદનું સ્થાન આપશે. ધામમાં લઈ જશે.

**આ પ્રમાણે શ્રીહરિ લીલાસિંધુમાં અવતારરત્નમાં સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં ભગવાન પુરુષોત્તમ નારાયણના જન્મ સમયે દિવ્ય આશ્ચર્ય તથા ભક્તિધર્મે સ્તુતિ કરી તેનું વર્ણન કર્યું. તે નામે ચોવીસમો તરંગ થયો ॥૨૪॥**

# તરંગ-૨૫

આચાર્ય વર્ય અયોધ્યાપ્રસાદ મહારાજશ્રી કહે છે, હે આનંદ રાજન ! આ લીલાસિંધુ ગ્રંથમાં રત્નઅવતાર થઈ ગયો. તેના જન્મ સમયે પંચાંગ હતો. તેની કથામાં સાર હું કહું છું. જ્યારે કળિયુગના ચાર હજાર આઠસો એક્યાસી વર્ષ ગયાં ત્યારે અને જ્યારે વિક્રમ સંવત પૂરું થયું ત્યારે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ ભગવાન પ્રગટ થયા.

વિક્રમ સંવત અઢારસો સાડત્રીસની સાલને સુભગ વર્ષ કહેવાય છે અને વસંતઋતુમાં અવિરોધ સંવત્સર નામથી શોભાયમાન કહેવાય છે કેમકે તેમાં ભગવાન પ્રગટ્યા છે. અમલ નામનો મધુ માસ (ચૈતર માસ)માં કૌલવ નામના કર્ણમાં વૃશ્ચિક લગ્નમાં સુયોગમાં, સુકરમા યોગમાં બધી વિધિ કરી નાંખી. સુભગ નામના સૂર્યનારાયણ હતા અને ઉત્તરાયન હતા. ચંદ્રમા પ્રગટ થયા હતા. નવમિની રાત્રી હતી. દસ ઘડી ગઈ ત્યારે સિદ્ધયોગમાં હરિપ્રસાદ (ધર્મદેવ)ના પુત્ર રૂપે શ્રીકૃષ્ણ નારાયણ શ્રી સહજાનંદ સ્વામી પ્રગટ થયા. ત્રેવીસ અંશ વિત્યા પછી મીનસંક્રાંતિ આવતી હતી અને પુનર્વસુ અને પુષ્ય નક્ષત્રોને જન્મ નક્ષત્ર કહેવાય છે. પ્રથમ સ્થાનમાં ગુરુ શનિ છે, મંગળ ધનસ્થાનમા રહેલો છે. ભ્રૂગુ, સૂર્ય, બુધ સંતાન પાંચમાં સ્થાનમાં છે. છઠ્ઠો રાહુ શત્રુ સ્થાને સુખ આપનાર છે. નવમો ચંદ્રમા ભાગ્યસ્થાનમાં છે. બારમો વ્યસ્થાપનમાં કેતુ આવેલ છે. આઠમા સ્થાનમાં ખસીને

ચંદ્રમા આયુષમાં આવ્યા છે. નવમા સ્થાને શુક્ર છે તે સુખ આપનાર છે. આ પ્રમાણે કુંડળીયોગ આવે છે. ભગવાનના જન્મ સમયના ગ્રહયોગોના પંચાગ કુંડળીનાં યોગો ખૂબ જ ઊંચા કહેવાય. ભગવાન શ્રી ઘનશ્યામના શુભમંગળ ગુણો કહેવામાં ખામી ન રાખવી કહેવા જ જોઈએ. ભગવાન પ્રગટ્યા એટલે જાતિ નાતિ ભાઈઓ તથા કુટુંબ પરિવારના મનુષ્યોને હૃદયમાં ખૂબ જ આનંદ માતો ન હતો ત્યારે ધર્મદેવના ઘેર આવીને બધા સાથે મળીને આશિષ આપતા હતા. જન્મ થયા પછી ધર્મદેવ પુત્રની જાતકકર્મ વિધિ જે કરવાની થાય તે મંગળદેવની આરાધના કરી સ્થાપન કરીને વૈદિક વિધિથી કરતા હતા. હે મુનિ ! તમે ભગવાન શ્રીહરિની જાતકર્મ વિધિ જે થાય છે તેને તમે સાંભળો. પુત્રના નાલછેદ વિધિનું દાન કરીને પછી ધર્મદેવ સ્નાન કરતા હતા. ઔષધિ તથા સુવર્ણ રજ જળમાં નાખીને પૂર્ણ સ્નાન કરીને પવીત્ર થઈને ધર્મદેવે (આમ) વૃધિ શ્રાદ્ધ કરાવ્યું. ગ્રહો પિત્રુઓને તૃપ્ત કરી તર્પણા કરી પુત્રને સ્વસ્તિ વાચન કરાવ્યું. ત્યાર પછી માતાના સ્તનને શુદ્ધ કરીને પુત્રને સ્તનપાન કરાવતાં હતાં. સ્તનપાન કરાવ્યા પછી ધર્મદેવ પુત્ર ઘનશ્યામને પોતાના ખોળામાં લઈને પૂર્વ દિશાના મુખ કરીને બેઠા દોષરહિત સંસ્કાર કરવા માટે માનસિક સંકલ્પવિધિ કરીને સુંદર વિધિ કરવા લાગ્યા.

પ્રથમ ત્રણ જવને પથર પર ઘસીને તેના વાસણમાં પાવડર લઈ લીધો. અનામિકા (પહેલી આંગળી) અને અંગુઠાથી ચપટી ભરીને તે ઘનશ્યામ પ્રભુના મુખમાં આહુતિ આપી. ફરી ઘીની આહુતિ બીજા ડાબા હાથથી લઈને એ પણ અનામિકા અને અંગુઠાથી હિરન્ય મંત્રથી મુખમાં આપી. ત્યાર પછી પ્રગલ્લ નામના અગ્નિ વડે પુત્રના મુખમાં ભોગ આપ્યો અને મિત્રા વરુણ મંત્રનો જપ કરીને સર્પિપ્રાસ વિનિયોગ વિધિ કર્યો. ત્યાર પછી ફરીથી દુજણી ગાયને પૃથ્વીને તલ-સોનું વિગેરે અર્પણ કરીને જન્મ સમયના દુઃખદ ગ્રહોની પીડાની શાંતિ માટે આ વિધિ કરવામાં આવે છે.

ત્યાર પછી ધર્મદેવ ઉદારતાથી દાનો આપવા લાગ્યા ત્યારે બ્રાહ્મણો આનંદિત મનવાળા થઈને તે લેવા આવવા લાગ્યા. તેઓને વસ્ત્ર, આભૂષણ, ધન, અનાજ જે જોઈએ તે પ્રમાણે ઉદારતાથી ધર્મદેવ અનેકને આપતા હતા. ત્યારે આનંદ ઉત્સવ થતો હતો. તેમાં પ્રણવ, શંખો, ગોમુખ, શહનાઈ, ઝાંઝ, મૃદંગ, ઝાલર, ઘડિયાળ આદિ નગારાં નિશાન અવાજો ખૂબ જ ઊંચા થતા હતા. તે ભગવાનને નવાજતા હતા. તેના પડઘાથી દેવની દુંદુભિ પણ લાજ પામતી હતી એવા મનોહર ઉત્સવનો આનંદ કરતા હતા. સર્વેજનો આનંદ માણતા હતા. ચંદન અગરના ગારા કરીને તથા ગેરુનો ઘરના દરવાજા ઉપર લેપ કરતાં હતાં અને પ્રત્યેક ઘેર આસોપાલવનાં તોરણો બાંધ્યાં હતાં. કેળના થાંભલા તથા સોપારીનાં થાંભલાથી ઘરનાં આંગણાં ખૂબ જ શોભતાં હતાં. ત્યારે પુરની નારીઓ મંગળ ગીતોને ગાતી થકી હાથમાં વધાવવાનો સાજ થાળીમાં લઈને આવતી હતી. ભગવાનનાં મુખનાં દર્શન કરવા ટોળે વળીને આવતી હતી તે પણ ગીતો ગાવામાં ખૂબ જ પ્રેમથી લાગેલી જ હતી. બાળપ્રભુને જોવા માટે નરનારીઓ આવતાં જતાં હતાં એટલે ધર્મદેવના ઘેર ખૂબ ભીડ થતી હતી. તેઓ આવતાં હતાં ત્યારે હૃદયમાં ખૂબ જ આનંદથી આવતાં હતાં. દહીં હળદી કેસર કસ્તુરીથી ભરેલાં ઘડામાટલાં લઈને આવવા લાગ્યાં. તેમાં કેટલાંક અરસપરસ છાંટતાં હતાં અને ભગવાનના પધારવાની વધાઈનાં ગીતો ગાઈને આનંદ કરતાં હતાં. કોઈ મુખ ઉપર જોરજોરથી લેપ કરતાં હતાં ત્યારે માટલું એમની પાસેથી છીનવી લઈને માથે રેડતાં હતાં. એકબીજા ઉપર નાંખતાં હતાં તથા દહીં હળદી કેસર ઢોળાવવાથી ધર્મદેવના આંગણામાં ખૂબ જ કીચડ થઈ ગયો. પુરુષોત્તમ નારાયણ પધાર્યા છે એટલે એમના જન્મમહોત્સવમાં ખૂબ જ ઊંચા સ્વરે ગાઈને ઉજવે છે. તેથી ત્રણે લોકમાં ચૌદે ભુવનોમાં નિશંક થઈને જયજયકાર કરવા લાગ્યાં.

આ પ્રમાણે ધર્મદેવના ઘેર જે કોઈ મનુષ્યો આવે છે. તેઓ પરમાનંદને પામે છે. કેમકે તેઓ અનંત બ્રહ્માંડોના રાજાધિરાજનાં દર્શન કરીને તેઓ આનંદપૂર્વક આશિષ આપી, રાજી થતાં હતાં. ગામેગામમાં ઘરેઘરમાં પ્રત્યેક જગ્યાએ ભગવાનના જન્મનાં મંગળ મુક્તનું ગાન થતું હતું. પ્રગટ ભગવાનના જન્મમહોત્સવ આનંદ આખા જગતમાં છવાઈ ગયો. ભગવાનના જન્મથી છપૈયાપુરનાં સ્ત્રીઓ, પુરુષો, વૃદ્ધો, કિશોરો સર્વને મનમાં પ્રેમનો સમુદ્ર ઉછાળા મારતો હતો. ભગવાન બાલમુકુંદના મુખનાં દર્શન કરીને ઉમંગના પૂર ચારેબાજુ વહેવા લાગ્યાં. ભગવાનના પ્રાગટ્યના પ્રેમજળથી પચાસ કરોડ યોજન વિસ્તારની પૃથ્વી પૂર્ણ ભરાઈ ગઈ. આનંદનો સમુદ્ર ઉછાળા મારીને સ્વર્ગલોકને ઉલંઘીને ઋષિલોકથી સત્યલોકમાં પહોંચ્યો. ત્યાંથી વૈકુંઠધામથી આગળ ચાલ્યો. ચૌદે લોકને પૂર્ણ ભરાવાથી બધી ઇંદ્રિયોની તાકાત કરીને જોરથી બ્રહ્માંડને ફોડી નાંખ્યો. ત્યાંથી ગૌલોકમાં પ્રેમજળથી બોળી દઈને ઊંચે ઊંચે રહી અક્ષર બ્રહ્મધામની સાથે પ્રેમરસ મેળવીને એકરસ કરી નાંખ્યાં. આકાશની અંદર દેવોના વિમાનો આવીને ચારે બાજુ છવાઈ ગયાં. ભગવાનના પ્રગટ થયાના સમાચાર સર્વલોકમાં ફેલાઈ ગયા. શેષલોક પાતાળમાંથી પણ શેષજી દર્શને આવ્યા. ચારે બાજુ આકાશમાં દેવોનાં વિમાનો છવાઈ ગયાં. વારંવાર પુષ્પનો વરસાદ થવા લાગ્યો. ચંદન, અગર, કેસર-કસ્તુરી વિગેરેનો મિશ્રણ કરેલા દ્રવ્યોનો વરસાદ કરવા લાગ્યા. દેવો વારંવાર દુંદુભિ વગાડતા હતા. વારંવાર ચંદન પુષ્પની વૃષ્ટિ કરતા હતા. જગતના મંગળ કરનારાં પ્રભુ પ્રગટનાં મંગળ સ્વરથી મંગળ ગીતોને પ્રેમસભર થઈને ગાવા લાગ્યા. દેવરાજ ઈન્દ્રાદિ દેવતાઓ આનંદમય થઈને મંગળવાજાં વગાડવા લાગ્યા. અપ્સરાઓ આનંદ મંગળ વાતાવરણમાં નૃત્ય કરવા લાગી અને ગાંધર્વો ભગવાનના ચરિત્રનાં ગીતોને ગાવા લાગ્યા. નૃત્યગાનની સાથે તાલ, મૃદંગ, નગારાં, ઝાંઝર, ખંજરી તથા સતારા, શ્રીમંડલ, સારંગી, સરોદા આદિ વાજિંત્રોના મનોહર કલરવતા પ્રમાણે ગાન કરતા હતા. હે મુનિરાજ ! આ ભગવાન બાલમુકુંદના જન્મમહોત્સવમાં આવેલા દેવોનાં વિમાનો આકાશમંડળમાં છવાઈ રહ્યાં હતાં. તે જ સમયે ગરીબોના રક્ષક કરોડો ભુવનોના સ્વામી ભગવાન વિષ્ણુ પ્રગટ થયા. તે વિમાનમાં આવ્યા. ત્યારે બાલમુકુંદ ભગવાનના ઉત્સવ કરવામાં બધાં રોકાયેલાં હતાં. એ પ્રમાણે દેવોએ જોયું. ત્યારે દેવરાજે પ્રથમ દર્શન કરી લેવાનો વિચાર કરીને જવાનો વિચાર કરતા હતા. ત્યાં તો લોકાની ભીડ થયેલી જોઈ લીધું. આમાં ક્યાં જવું. બધા લોકો અને સર્વ લોકના સ્વામીઓ દર્શન કરવા આવતા હતા. તેઓ વિચારતા હતા કે ફરી દર્શન કરવાનો સમય ક્યારેય મળે તેમ નથી. તેથી અત્યારે જ દર્શન કરી લઈએ. આ પ્રમાણે ભક્તિમાતાને વિનંતી કરીને કહેવા લાગ્યા. અમને કૃપા કરીને દર્શન કરાવો. આ પ્રમાણે વિનંતી કરીને બધા દેવો જન્મભુવન ઉપર જ્યારે આવ્યા ત્યારે સર્વ દેવો ભગવાનના જયજયકારનો શબ્દ કરવા લાગ્યા. ભાવનાથી બોલવા લાગ્યા. ત્યારે તે દેવોને નિરાવરણ દૃષ્ટિ થઈ અને માઈક કોઈ આડ કરનાર ન હતું. તેથી દર્શન થવા લાગ્યાં. નિરાવરણ દૃષ્ટિ થઈ એટલે દેવો ભગવાન બાલઘનશ્યામને નખથી શિખાપર્યંત દર્શન કરીને તેમનો કોમળ કમળ પાંખડી જેવાં અંગો કોમળ જોઈને ખૂબ જ આનંદને પામ્યા. બાલ ભગવાનને જોઈને દેવના ગુરુ તથા ઈન્દ્રાદિ દેવો મનમાં આનંદ પામતા થકાં દેવગુરુ હાથ જોડીને સ્તુતિ કરવા લાગ્યા અને એકાગ્ર ચિત્ત થઈ ગયા. હે દેવાધિ દેવ ! સર્વ જીવમાત્ર આપના ચરણકમલની સેવા કરે છે એવા આપનો જય જયકાર થાય. મુનિઓમાં સર્વ શ્રીકૃષ્ણ હંસ સમાન પ્રભુ મુનિઓ આપના સ્વરૂપના ધ્યાનમાં કોમળ ચરણ કમળનું ધ્યાન ધરે છે એવા હે પ્રભુ ! આપનો જય જય જય થાઓ. હે પ્રભુ ! ધર્મના સેતુ રૂપ બાંધીને તેના રૂપ બાલપાંડેની સાથે સંબંધ બાંધીને આપે બાળક રૂપે પ્રગટ થયા. તેથી આપનો જય જય જયકાર થાવ. આપ જીવોની પીડાને હરવા માટે બાળકના રૂપને ધારીને સર્વના સ્વામી એવા હે પ્રભુ આપનો જય જય

જયકાર થાય. હે પ્રભુ ! આપ તો કોઈ નિમિત્ત લઈને અવતાર ધારીને આપના કોમળ ચરણ કમળની રેખાને ધારણ કરનારા આપનો જય જય જયકાર થાય. હે પ્રભુ ! આપ જગતના જીવો અને દેવો માટે આપ બધી જ ક્રિયાઓને કરો છો. એવા સમર્થ હોવા છતાં મનુષ્ય શરીરને ધારણ કરો છો. એવા હે પ્રભુ ! આપનો સર્વત્ર જય જયકાર થાય. આપ તો ગરીબોના સુખદાતા છો. એવા હે પ્રભુ આપનો જય જયકાર થાય. હે મુનિઓના ચંદ્રરૂપ ! આપ આજે પ્રગટ થયા છો અને અજ્ઞાન, રુપિ અંધકારને નાશ કરવા અને સાચા જ્ઞાનને આપવા પધાર્યા છો એવા, હે પ્રભુ ! આપનો જય જયકાર થાય. હે પ્રભુ ! આપ તો કરોડો બ્રહ્માંડોના નિયંતા છો. તેમ છતાં અત્યારે આપ આ ભૂમંડળમાં પ્રગટ થયા છો. એ આપની કૃપા જ છે. આ પ્રમાણે દેવોના ગુરુ સ્તુતિ કરીને સર્વ સમાજની સાથે પોતાના સ્થાને ગયાં. ત્યાર પછી ભૃગુ આદિ મુનિઓની સાથે સપ્તર્ષિઓ ત્યાં આવ્યા. ભગવાનનાં દર્શન કરીને હાથ જોડીને શ્રી બાલપ્રભુની સ્તુતિ કરવા લાગ્યા.

સપ્તર્ષિયો સ્તુતિ કરે છે. સર્વના નાથોના નાથ એવા આપ ઉત્પત્તિ, સ્થિતિ અને લયને કરનારા છો. આપના સિવાય કોઈ સમર્થ નથી. આપનો જય જય જયકાર થાય. બ્રહ્માંડના જીવોને પીડતા અસુરોનો આપના ચરિત્ર બળથી નાશ કરનારા હે પ્રભુ ! આપનો જય જય જયકાર થાય. હે ઘનશ્યામ પ્રભુ ! આપ ભક્તોના સૂર્યરૂપે પ્રગટ થઈને અનેક બાળ પરાક્રમને કરશો એવા બાલપ્રભુ આપ જય જયકારને પામો. હે હરિ ! આપ ઉપદેશ આપીને અતિ જ્ઞાનવાન બનાવીને જીવોના મનને પવિત્ર બનાવો છો એવા પ્રભુ આપનો જય જયકાર થાય. આપ તો સર્વથી ઉપર અતિ દૂર રહેનારા છો તે છતાં કૃપા કરીને પ્રગટ થઈને કલ્યાણકારી સુખ આપનારા પ્રભુ આપનો જય જયકાર થાય. હે પ્રભુ ! આપ સર્વ ઈશના ઈશ છો. સર્વ જગતના સ્વામી આપે બાલસ્વરૂપ ધારીને કળિકાળના પાપકાર્યને નાશ કરવાના નિમિત્તે અવતાર ધરનારા આપનો જય જયકાર થાય. કળિના કર્મોનું ખંડન કરીને પોતાના મત મુજબ સત્યયુગના ધર્મોનું પ્રતિપાદન કરીને પોતાના સર્વોપરી ખંડનું પ્રકાશન કરનારા હે પ્રભુ ! આપ સર્વત્ર જય જયકારને પામો. હે દેવ ! આપ તો કાયમ પરબ્રહ્મ છો. તેથી આપના મહિમાને વેદો, સૂક્તિઓ ગાયા કરે છે એવા મહાન છો.

ત્યાર પછી તપલોક અને સત્યલોકના નિવાસી સર્વે બ્રહ્માજીની સાથે આવ્યા અને બાલઘનશ્યામ પ્રભુના ચરણને વંદન કરીને એમના ગુણને. ઊંચા આલાપે ગાવા લાગ્યા. બ્રહ્મા ભગવાનની સ્તુતિ કરે છે. હે અક્ષરાતીત પ્રભુ ! આપ તો અનંતના નાથ છો. તેથી ભવસાગરથી તારવા માટે આપે અનેક દેહ ધાર્યા છે. તેમાં આ દેહના કોમળ ચરણકમળને માતા સેવે છે. આપને બાલસ્વરૂપે દેખીને એમને મનમાં ખૂબ જ આનંદ થાય છે. એવા દિવ્યરૂપે રહેનારા આદિ અનાદિના આપ એક જ છો. આપની ઇચ્છાથી જ વૈદિક ધર્મ પાલન કરાવીને અનેકને પવિત્ર બનાવનારા પ્રભુ આપને નમન કરું છું. મને આપ પ્રભુએ લોકપાલ બનાવ્યો અને હું બધાંયને માથે કાળમાયાના બળને પ્રેરું છું. ચાર પ્રકારના કાળના ભેદ છે. તેમા મારા સમયમાં સર્વનો નાશ થાય છે. હું પણ નથી રહેતો એવી આપની શક્તિ છે. આ પ્રમાણે આપે માયાના આવરણમાં ઊંધા માથે રાખ્યા. તેમા કેટલાક જીવ વૈરાગ્ય પામીને તમારી ઉપાસના કરે છે. હે પ્રભુ ! તેઓ આપને એકાંતિક થઈને અખંડ ભજન કરે. નિષ્કામી થઈને આપના શરણને પામે છે. સ્વચ્છંદી મતવાદીઓ વેદની મર્યાદા તોડીને ચાલવા માંડ્યા. અને સંતોને પીડા આપવા લાગ્યા ત્યારે મુનિઓએ આપને અરજ કરી તેને આપે ઉરમાં ધારી લીધી. ત્યાર પછી આપ બાલાના ગર્ભમાં આવ્યા. અલૌકિક બાળકરૂપે ત્રણે લોકના લોકપાલો તમારી પ્રાર્થના કરી હે ઈશના ઈશ ! હે અંતર્યામી પ્રભુ ! હું આપના મહિમાને કેટલાંક ગાઈ શકું. આપ તો સર્વના સ્વામી છો. વેદચારીઓ ષડ્શાસ્ત્રને જ સેવે છે.


પુરાણના પ્રચાર કરનારા ષટ્શાસ્ત્રને જ સેવે છે. અને તેનો પ્રચાર કરે છે. ભક્તજનો આપને હાથ જોડીને કળિને કાઢવા પ્રાર્થના કરે છે તે જ પ્રભુને બાલા દશ માસ સુધી ગર્ભમાં ધારે છે. આ પ્રમાણે ભગવાનના મહિમાના જ્ઞાનની વાત કોઈ જ્ઞાની કરે અને એનું સ્મરણ કરે છે. તેને ફરી ગર્ભમાં આવવું નથી પડતું. આ પ્રમાણે ચતુર્મુખ બ્રહ્માજીએ હાથ જોડીને સ્તુતિ કરી ત્યારે શ્રીહરિ બાલપ્રભુએ આંખો ખોલીને સૃષ્ટા જે બ્રહ્માજી તેમના સામું જોયું ત્યારે બ્રહ્માજી પોતે પોતાને કૃતાર્થ માનતા થકાં મારો જન્મ સફળ થયો એ પ્રમાણે માનવા લાગ્યા.

આ પ્રમાણે સર્વે ઇંદ્રાદિક દેવતા ભૃગુ આદિક ઋષિઓ સર્વે તથા બ્રહ્માદિ દિગપાળો સૌ પોતપોતાની પત્નીઓની સાથે ભગવાન બાલપ્રભુના ગુણ ગાતા થકા જવા લાગ્યાં. **આ શ્રીહરિ લીલાસિંધુમાં અવતારરત્ન પ્રથમ સંપૂર્ણ થયો. વિક્રમ સંવત ઓગણીસો આઠના અષાઢ સુદ બીજના દિવસ રથયાત્રાના દિવસથી પ્રસિદ્ધ છે. તે દિવસે આ અવતારરત્નગ્રંથ પૂર્ણ થયો. તેને જે કોઈ ધ્યાનપૂર્વક સાંભળશે તે ભગવાનના ચરણકમળને પામશે. આ અવતારરત્નને વિષ્ણુ કહેવાય છે. તેથી તેને સાંભળવાથી પાપ ધોઈ નાખે છે અને મનને નિર્મળ કરે છે.** આ સંપ્રદાયમાં આ અવતારરત્ન અતિશય પવિત્ર છે. આનું પૂજન કરે તો વિષ્ણુ ભગવાનના પૂજન જેવું ફળ મળે છે. આ બધા જ ધર્મોનો વંશ વૃક્ષ છે. પવિત્ર ગુણવાન વંશ પૂર્વ દિશા જેવો પવિત્ર છે તે જ રીતે છપૈયાપુર સર્વોપરી છે. ચૌદેલોકના અજ્ઞાન અંધકારને હરવા માટે ભગવાન જગમાં પ્રગટ થયા છે. સૂર્યનારાયણ બહારના અંધકારને હરે છે. પરંતુ દિલનો અંધકારને તો ઘનશ્યામ પ્રભુ દૂર કરે છે. એટલા માટે આમને બીજો સૂર્ય કહે છે તે પ્રભુનું નામ આઠે જામ નામ રટન કર્યા કરવું. વૈકુંઠધામ કરતાં છપૈયાધામ અધિક છે. ગોલોકધામ જે લોકોના દુ:ખોને હરે છે તે તો અક્ષરધામને બરોબર શ્રેષ્ઠ ગણે છે. બધા જ ધામોના જે વાસીઓ હતા તે ભરતખંડમાં જન્મ લઈને છપૈયાપુરમાં ભગવાનનાં દર્શન કરવા નિત્ય પ્રત્યે આવતા હતા.

બ્રહ્માજી, શંકર ભગવાન, વિષ્ણુ ભગવાન આદિ સર્વે દેવો રોજ આ છપૈયાપુર ધામમાં ભગવાનનાં દર્શન કરવા અને ભગવાનનું મુખ જોવા આવતા હતા. તેનો મહિમા આ એક મુખે કહેવાથી ક્યારેય પાર ન આવે એવાં ભગવાનનાં લીલાચરિત્રો અદ્ભૂત છે.

**આ પ્રમાણે શ્રીહરિ લીલાસિંધુમાં પ્રથમ અવતારરત્નમાં વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદ ભાષામાં દેવો, મુનિઓ, બ્રહ્માજીએ સ્તુતિ કરી તથા જન્મમહોત્સવ ઉજવ્યા તે કથન નામે પચીસમો તરંગ થયો ॥૨૫॥**

## ॥ પ્રથમ અવતારરત્ન પૂર્ણ થયું ॥



**શ્રી સહજાનંદ સ્વામીને નમોનમઃ**

**અથ દ્વિતીય શૈશવરત્ન પ્રારભ્યતે**

# તરંગ-૧

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે હે રાજન્ ! ભગવાન બાલમુકુંદના એ મંગળકારી ચરણકમળને મુનિજનોનાં ભમરારૂપી મનધ્યાનમાં ચુમે છે તે પરમ કલ્યાણકારી ચરણને હું મારા હૃદયમાં ધારું છું. ભગવાન બાલમુકુંદનાં કલ્યાણકારી બાલચરિત્રોને કહેવાનું ચાલુ કરું છું. તે પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુ જગતના કલ્યાણ કરવા પ્રગટ થયા છે. પુરુષોત્તમપુરી જગન્નાથપુરી તેને વિષે પ્રતાપસિંહ રાજા નિવાસ કરીને રહે છે. તે રાજા સુવ્રતમુનિને ભગવાન બાલમુકુંદના બાલચરિત્રની કથા સાંભળવાની ઇચ્છા કરે છે. હે રાજન્ ! નવા માસથી ભગવાનના ચરિત્રની કથા એક રત્નમાં તમને કહી સંભળાવું છું. તેમાં ચૌદ તરંગ આવશે. તેમાં જુદાંજુદાં બાલભગવાનનાં ચરિત્રો કહેવામાં આવશે. હે રાજન્ ! આ પ્રથમ લહરીમાં ભગવાનના મહિમાનું વર્ણન આવે છે. તેમાં પ્રથમ ષષ્ટિ પૂજનના વિધિનાં દર્શન કરીને ઊભા રહ્યા ત્યારે સૂર્યચંદ્રને આશ્ચર્ય થયું. તેથી સૂર્યનારાયણે વૈદિક મંત્રની રૂચાઓથી ભગવાનની સ્તુતિ કરી તેનું વર્ણન છે. હે રાજન ! બીજા તરગમાં ભગવાન બાલમુકુંદનાં દર્શન કરવા સમાજના મનુષ્યો આવવા લાગ્યાં અને કહેવા લાગ્યાં કે હે ધર્મભક્તિ ! તમારા વિના અમને આવો સમાગમ કોણ કરાવે ? આ ત્રીજા તરંગમાં બાલમુકુંદ ભગવાનને મારવા માટે કૃત્યાઓ આવી. તે મોટાં ટોળાંમાં આવેલી કૃત્યાઓ ભગવાનને ભક્તિમાતાના ખોળામાથી બળજબરીથી ઉપાડી ગઈ. તેને હનુમાનજીએ છોડાવીને ભક્તિમાતાને સોંપ્યા. તેના મહિમાની કથા હનુમાનજીએ કહી તે આ તરંગમાં છે. હેરાજન્ ! ચોથી ઉર્મિતરંગમાં બાલપ્રભુને પારણાંમાં પોઢાડ્યા તથા ચંદ્રનાં પ્રભુને દર્શન કરાવ્યાં, તેનું વર્ણન કરવામાં આવેલ છે. પાંચમી ઉર્મિ તરંગમાં હરિ પુરુષોત્તમ નારાયણના ધામનું વર્ણન કરવામાં આવેલ છે.

છઠ્ઠા તરંગમાં મુનિઓ કૃતનામ યજ્ઞનો હોમ કરતા હતા ત્યારે મુનિઓને ભગવાન બાલપ્રભુનાં દર્શન થયાં તથા ભગવાન નીલકંઠ પ્રભુનાં તથા અનંત બાળનાં (રામપ્રતાપના)નામકરણ સંસ્કાર કર્યા તેનું વર્ણન આવે છે. સાતમા તરંગમાં બન્નેનાં નામનું વર્ણન તથા તેઓના ગુણપરાક્રમનું વર્ણન કરેલ છે તથા ભગવાન બાલમુકુંદના મહિમા પ્રમાણે એમનાં (૧૦૮) એકસો ને આઠ નામનું વર્ણન આઠમાં તરંગમાં કરેલ છે. નવમા તરંગમાં ભગવાન બાલમુકુંદના કર્ણવેધ સંસ્કાર તથા સય્યા ઉપર શયન કરાવ્યું તેનું વર્ણન કરેલ છે તથા પૃથ્વીએ અધર્મનું નિવેદન કર્યું તેનો ઉત્તર વરાહ રૂપે દર્શન આપીને કર્યો તે સર્વે નવમી ઉર્મિ તરંગમાં કહેલ છે. હે રાજન ! દશમા તરંગમાં ભગવાન બાલમુકુંદને અન્નનું પાન કરાવ્યું. તથા શ્રીહરિની જન્મતિથિ આવી તેનું વર્ણન કરવામાં આવેલ છે અને અંતિમ છેલ્લા તરંગમાં ભગવાનના ભવિષ્યનાં જે ચરિત્રલીલાઓ તેની વાત કહેલ છે.

હે રાજન્ ! ભગવાન હરિકૃષ્ણનો જ્યારે જન્મ થયો ત્યારે જે આશ્ચર્યનું વાતાવરણ થયું તે વાત સર્વ કોઈ જનને તથા મુનિજનોને પણ મનમાં પ્રેમ પ્રાપ્ત થાય તેવી છે તે વાત કહું છું. હે રાજન્ ! જ્યારે બાલપ્રભુનો પ્રાદુર્ભાવ થયો ત્યારે સર્વત્ર લોકમાં આનંદનો ઉછાળો ફેલાઈ ગયો હતો ત્યારે પ્રત્યેક ઘરમાં અલૌકિક અગરબત્તીના

ધૂપ, ઘીના દીવા ચારેબાજુ થયા હતા અને લોકો આનંદના ઓઘમાં અબીલ-ગુલાબ એકબીજા ઉપર ઉડાડતાં હતાં. તે સમયે બધાય લોકમાંથી દેવો ભગવાન બાલપ્રભુના મુખકમળનાં દર્શન કરવા અને સમય પ્રમાણે સેવા કરવા ત્યાં આવ્યા ત્યારે અબીલ-ગુલાલ અને ધૂપની ડમરી ઉડી તેમાં દેવવિમાનનું તેજ ખૂબ જ પ્રકાશમાન દેખાતું હતું તે તેજ ખૂબ જ ભારે દેખાતું હતું. આવેલાં વિમાનોમાં કેટલાક દેવોનાં વિમાનો સૂર્યની સમાન પ્રકાશવાન હતાં. તેથી ચંદ્રમાને ભ્રાન્તિ થઈ. કેમકે બીજા દેવોનાં તેજ ઓછાં હોય છે. તે અરુણ જેવાં લાલાશ પડતો હોય છે અને સૂર્યનું મુખ જોઈને દેવો થાકી જાય છે. કેમકે આકાશમાં વિચરનારનાં પણ રૂપગુણને આકાશમાં વિચરતા હોય તે જાણે છતાં પણ બન્નેના તેજરૂપમાં ભેદ હોય છે. તેથી સૂર્ય ચંદ્ર બન્ને ભ્રાંત મનવાળા થયા. સૂર્યનારાયણ અને ચંદ્રમાં બન્ને પોતાના રથ સહિત આવ્યા હતા. છઠ્ઠીના ઉત્સવમાં રાત દિન વીતી જશે. એ પ્રમાણે જાણેલ નહીં તેથી તેઓ દેવોના વિમાનોથી મુંઝાણા. આ રીતે સૂર્યનારાયણ અને ચંદ્ર બન્ને રથ લઈને આવેલા. સમય ઘણો થયો. તેથી થાકી ગયા. એ મર્મને કોઈ જાણી શકતું ન હતું. કેમકે સંધ્યાની માફક જ પ્રભાતના સમયે વાતાવરણ હોય છે. તેથી છઠ્ઠીનો ઉત્સવ રાતદિવસનો થયો. તેથી થાકી ગયા અને ભ્રાંતિવાળા થયા.

સર્વલોકને ધામ જ કહેવાય છે. પરંતુ ઈશ્વરો, દેવો અને મુનિઓને રહેવાના ધામો જુદાંજુદાં છે. સર્વે જુદાજુદા રહે છે અને ભગવાનના મહોત્સવનાં દર્શને આવતાં જતાં હોય તેથી છઠ્ઠીનો ઉત્સવ દિવસ-રાતનો લાંબો થશે એ કોઈ જાણતું ન હતું. ત્યારે સૂર્યદેવ અને ચંદ્રે અન્નદેવને પૂછ્યું કે તમારે બધાને શા કાર્ય માટે આવવાનું થયું તે અમને કહો ? ત્યારે દેવો કહેવા લાગ્યા – કૌશલદેશમાં છપૈયા નામનું ગામ છે. તેમાં ધર્મભક્તિ નિવાસ કરીને રહે છે. તે ધર્મ-ભક્તિ થકી સર્વ અવતારના અવતારી પ્રભુ પ્રગટ થયા છે. તેથી બધા લોકમાં ખૂબ જ ભારે ઉત્સવો થયા છે. તેમાં અબીલગુલાલ, અગરબત્તીઓના ધૂપ થયા. તેની આ સર્વે ડમરી ઉપર ચડેલ છે. તે અરુણ વર્ણની દેખાય છે. આ રીતે જ્યારે અન્નદેવે કીધું ત્યારે મર્મ જાણી લીધો અને બન્ને દેવો નિઃશંક થયા. ભગવાનના ગુણને ગાતા થકા ચાલવા લાગ્યા. આ બાજુ મહોત્સવનાં દર્શન કરીને દેવો, મુનિઓ અને ઈશ્વરો, સંતો, સર્વે દેવનાં દર્શન કરીને પોતાના ભાગ્યને મહાન માનતા થકા ચાલવા લાગ્યા. સર્વે ચાલતા થકા જ્યાં ભગવાન બાલમુકુંદની છઠ્ઠીની વિધિ થતી હતી ત્યાં ગયા ત્યારે સર્વેએ આ કાર્યમાં આવવાનો બધો મર્મ જાણી લીધો. પ્રત્યક્ષ દર્શન વિનાતો સંતસમાગમ કરીને ભગવાનના ચરિત્ર સાંભળવાથી જણાય છે.

આ પ્રમાણે દિવસનો સ્વામી અને રાત્રિનો રાજા બન્ને ભગવાનના મુખનાં દર્શન કરવા માટે જ્યાં મનુષ્ય સ્વરૂપને ધારણ કરીને નારાયણપ્રભુ પૃથ્વી ઉપર ધર્મદેવના ઘેર પધાર્યા છે ત્યાં આવ્યા દર્શન કર્યાં. હે પ્રભુ ! આપના સ્વરૂપના તેજનું માપ થાય તેમ નથી. કેમકે તેની ઉર્મિ તરંગો અપાર છે. તેથી પ્રમાણ ન થાય, તે તેજનો થોડો અંશ અક્ષબ્રહ્મમાં આપનો પ્રકાશ માત્ર છે તે સાર રૂપ છે. તે અંશના લેશમાંથી લેશ તેમાંથી લેશ તેમાંથી લેશ માત્ર અમારામાં તેજનો અંશ આપે આપેલ છે. તે જગતમાંથી અંધકારને મટાડવા માટે આપેલ છે. તેજ અક્ષરધામનું સત્ ચિત્ આનંદ સ્વરૂપ તેજને ગુપ્ત રાખીને આપે અમારા જેવા માયિક જીવોના કલ્યાણ કરવા પૃથ્વી ઉપર મનુષ્ય રૂપે રહેલા છો. આ રીતે ચંદ્રદેવ અને સૂર્યનારાયણ બન્ને ભગવાન શ્રીહરિની સ્તુતિ કરીને તે બાલમુકુંદ પ્રભુના બાલસ્વરૂપને પોતાના ઉરમાં ધારણ કરીને પોતાના લોકમાં ગયા.

સૂર્ય ચંદ્ર ગયા પછી તેજ સમયે બ્રાહ્મણના રૂપને ધારણ કરીને વેદો આવ્યા ત્યારે ધર્મદેવે એમનું સન્માન કરીને પોતાના ઘરની ઓસરીમાં બેસાર્યા. ત્યાર પછી તે બ્રાહ્મણો સ્વસ્તી વાચન કરીને ભગવાનની સ્તુતિ કરવા

લાગ્યા અને ભગવાન બાલમુકુંદનું રૂપ જોઈને એમના મનમાં ખૂબ જ આનંદ થવા લાગ્યો. હે બાલમુકુંદ પ્રભુ આપ તો બાલસ્વરૂપને ધારીને ધર્મના માર્ગને દઢ કરીને સનાતન એકાંતિક ધર્મ સ્થાપીને તેનું રક્ષણ કરો છો. કાળા સર્પ રૂપિ કાળ કર્મથી પોતાના એકાંતિક ભક્તની રક્ષા કરો છો. આપ અનેક રૂપોને ધારણ કરનારા છો. આ સમયે પૃથ્વીના ભારને ટાળવા અનેક મહા ભયંકર અસુરોને મારીને એનો ઘટાડો કરવા માટે પધારો છો.

હે પ્રભુ ! આપનાં ઐશ્વર્ય પ્રતાપ તો અલૌકિક જ છે. એને કોઈ પાર પામી શકતું જ નથી. કેમકે શેષ નારાયણ સરસ્વતી એ તો શું પણ અમે વેદો પણ પાર નથી પામતા તો બીજું કોણ પાર પામે. પરંતુ હે પ્રભુ આપ ધર્મદેવના પુત્રરૂપે પ્રગટ થઈને સર્વ મુનિઓના સ્વામી અત્યારે આપ તો અલૌકિક જ છો. કેમકે કામ, ક્રોધ, લોભ, મોહ આ સર્વને મારીને તેના મૂળને ઉખેડનારા છો. તમારા અનેક ભક્તો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય યુક્ત પ્રેમલક્ષણા સહિત નવ પ્રકારની ભક્તિ કરતા થકા આપના સ્વરૂપને અંતકરણમાં ધારે છે. આપના સ્વરૂપનું જ્ઞાન મેળવીને પોતાના આત્માને સ્વતંત્ર બ્રહ્મરૂપ માને છે. હે પ્રભુ ! આપ આ પૃથ્વી ઉપર અનંત અક્ષરમુક્તો અને અનંત ભક્તોની સાથે વિચરણ કરીને સત્સંગ દઢ કરાવશો. એવા પ્રભુ આપ નવાં નવાં ચરિત્રો કરનારા આપના અલૌકિક કલ્યાણકારી ચરણકમળમાં ચિહ્નોને જોઈને તેનો આશ્રય કરીને આપને પ્રણામ કરું છું. હે પ્રભુ ! આપ એક જ સર્વના સ્વામી છો. એકલા હોવા છતાં કટપુતળીની માફક જીવો અનેક છે અને તેના સૂત્રધાર આપ એક જ છો. એ અમે જાણીએ છીએ. આ પ્રમાણે ચારે વેદો ભગવાન બાલમુકુંદ પ્રભુની સ્તુતિ કરીને પોતાના લોકમાં ચાલ્યા ગયા. માર્કંડેય મુનિ શતાનંદ મુનિને કહે છે વેદો ભગવાનનાં દર્શન કરીને ગયા પછીની વાર્તા હું હવે કહું છું. તેને તમે સાંભળો. માર્કંડેય મુનિ કહે છે જ્યારે ભગવાન બાલમુકુંદની છઠ્ઠીનો દિવસ આવ્યો ત્યારે બન્ને માતાપિતાએ પૂજન કર્યું. તેમાં રક્ષક જે દેવ તેમનું પ્રથમ પૂજન તે વિધિ પ્રમાણે કર્યું તેની વાત કહું છું.

પ્રથમ ધર્મદેવે પવિત્ર જળથી સ્નાન કર્યું. ત્યાર પછી પવિત્ર સફેદ વસ્ત્રો ધાર્યાં. ત્યાર પછી બધા પ્રકારની પૂજા સામગ્રીને લઈને હરિપ્રસાદે પોતાના હાથમાં દર્ભને લીધો. ધર્મદેવે દર્ભ લઈને સુતિકાગૃહના દરવાજા પાસે ભક્તિમાતાની સાથે પૂજન કરવાનો સંકલ્પ કર્યો. તેમાં લાંબુ આયુષ્ય પુત્રનું થાય તથા સારું આરોગ્ય રહે તથા પુત્રના જીવનમાં કોઈ ઉપદ્રવ ન થાય. આ પ્રમાણે સંકલ્પ કર્યો. સર્વે મળીને અમારા પુત્રનું રક્ષણ કરો. આ રીતે ધર્મદેવે પૂજા કરવા માટે આહ્‌વાન કર્યું ત્યારે સર્વે દેવો પૂજા સ્વીકારવા માટે મૂર્તિમાન આવ્યા. તેનાં હવે હું નામ દઉં છું. તે સાંભળો. ગણપતિ આવ્યા, શિવજી આવ્યા, વિષ્ણુ ભગવાન તથા નવ ગ્રહો આવ્યા. પ્રીતિ, સાનતિ, સંભૂતિક આદિ આવ્યા હતા. ક્ષમા કાર્તિક સ્વામી, આનસૂયા માતા, ખડગ, શંખ મંથન આદિ સર્વે કહેવાય છે તે પ્રમાણે દેવો પૂજા સ્વીકારવા આવ્યા હતા. આ રીતે સર્વે મળીને છવ્વીસ દેવો મૂર્તિમાન પૂજામાં આવ્યા. એમને ધર્મદેવે અર્ઘ્ય, પાદ્ય, આસન આપ્યાં. ત્યાર પછી પૂજન કરીને સન્માન કરી તૃપ્ત કર્યાં. આવેલા બધા દેવોનું ધર્મદેવે ગંધ, પુષ્પ, ચોખા આદિ વડે પૂજન કર્યું. અગરબત્તીના ધૂપ, દીવો, આરતી, નૈવેદ્ય આદિ સર્વ વૈદિક પૌરાણિક મંત્રોચ્ચારથી પૂજન સન્માન કર્યું.

હે દેવો ! તમે સર્વે મારા પુત્રનું નિત્ય પ્રત્યે રક્ષણ કર્યા કરો. એટલા માટે તમને જગતમાં ઈશ્વરો માનીને પૂજન કરીએ છીએ. ત્યારે બધા દેવો ધર્મદેવને કહેવા લાગ્યા કે તમારા પુત્ર તો જન્મથી જ નિસ્પૃહિ જીવનવાળા અલૌકિક છે. આ તમારા બાળક જે પ્રગટ થયા છે તે જ આપણું બધાનું પાલનપોષણ કરનારા છે. અમે તો લોકપતિ છીએ. પરંતુ આ બાળક તો સર્વના નિયંતા છે. જેમણે માયાની ઉત્પત્તિ કરીને આવું જગત બનાવ્યું

છે તેમાં જીવ, ઈશ્વરના દેહો બનાવ્યા. તેમાંય જુદાં જુદાં રૂપો ચિત્રવિચિત્ર બનાવ્યાં છે તથા અમને જુદાજુદા લોકોના દેવતાઓ બનાવ્યા છે. જગતમાં મોટા બનાવ્યા છે. પરંતુ આપ પોતેજ સર્વથી મોટા છો. જીવ અને અમે ઈશ્વરો તો માયિક જડ શક્તિથી જે કાંઈ થાય તે કરીએ કરાવીએ છીએ પણ તે કર્મ કર્યાં તેનું ફળ આપનારા તો સર્વ નાયક એવા આ તમારા પુત્રરૂપે રહેલા બાલમુકુંદ એજ સર્વના અધીશ છે. જેનાં દર્શન કે સ્પર્શ કરવાથી જીવ પવિત્ર મંગળકારક થઈ જાય છે અને કરોડો જનમનાં દૂષ્કર્મોને બાળીને પવિત્ર બનાવે છે. એવા દિવ્ય રૂપવાળા સંતપુરુષોના રાજા એવા અક્ષર ધામાધિપતિ નારાયણ પ્રભુ જ તે આ તમારા પુત્રરૂપ પ્રગટ થઈને અત્યારે બાળક રૂપે શોભે એ જ અલૌકિક છે.

હે ધર્મદેવ ! જેની કટાક્ષ દૃષ્ટિ માત્રમાં સર્વ લોકમાત્ર સ્થિતિ પાલન થાય છે. તેની સામે કેવી રીતે રક્ષા કરી શકીએ. અમે તો એમના દાસ છીએ. આ સર્વ અવતારના અવતારી પ્રભુ તો અનંત જીવોનાં ઉદ્ધાર કરવા માટે પધાર્યા છે. અમાપ સામર્થ્યવાળા અનંત સિદ્ધોના સ્વામી સર્વના દેવ એવા ઐશ્વર્ય સહિત અત્યારે પ્રગટ થયા છે. સામાન્ય દેખાય છે. તે તો જીવોના સુખ કરવા પ્રગટ થયાં છે. જીવોના ભયથી રક્ષા કરનાર આવા બાળરૂપ જોઈને અમે પણ એમને પામી શકતા નથી. જેણે આ મનુષ્ય શરીરથી થોડું પણ જો ભક્તિનું સાધન કરેલું હોય, પુણ્ય કરેલું હોય તેને જ આ બાળપ્રભુ મળે છે. ઘણાં ભાગ્યવાળો હોય તો જ આમનો સમાગમ મળે છે. જેઓ ભાગી ગયા છે તે તો આમને ઓળખી જ ન શકે તો પામે તો ક્યાંથી ? આ રીતે બાલમુકુંદ ભગવાનનો અપાર મહિમા ગાઈને તે દેવો સર્વે ધર્મદેવના બાલપુત્રનાં દર્શન કરીને સ્તુતિ કરવા લાગ્યા. હે અખિલ જગતના સ્વામી ! સર્વ ગુણથી પર એવા હે અક્ષરધામના સ્વામી ! આપને અમે નમન કરીએ છીએ. આપ અનંત ઐશ્વર્યવાન સેવકોથી સદાય વિંટાયેલા રહેતા હે ધર્મદેવના પુત્ર ! આપને અમો નમન કરીએ છીએ.

આપનાં ઐશ્વર્ય પરાક્રમયુક્ત ચરિત્રને અમો પાર પામીએ તેમ નથી આપના ચરણકમળમાં એકાગ્ર થઈને એકાંતિક ભક્તિવાળા મુક્ત જીવાત્માને દર્શન સુખ આપનારા નંદ સુનંદાદિ પાર્ષદોથી સેવાતા એવા હે હરિકૃષ્ણ પ્રભુ, હે ધર્મપુત્ર આપને અમે પ્રણામીએ છીએ. આપનું અમે ગાન કરીએ એવી કૃપા કરજો. ઘનશ્યામ પ્રભુના રોજ નવાં નવાં આશ્ચર્યકારક ચરિત્રને જોઈને માતાપિતા પ્રેમના બંધનથી બંધાયેલાં છે. તેથી દરરોજ અધિક પ્રેમ વધતો જતો હતો. બાળપ્રભુના છઠ્ઠીના પૂજનના સમયે અનેક દેવો દર્શન કરવા આવ્યા. તેને માતાપિતાએ જોયા. મહિમા ગાયો. તેથી માતાપિતાને પોતાનાં પુત્ર સર્વોપરી છે એ પ્રમાણે પ્રતીતિ થઈ. સર્વ અવતારના અવતારી છે એમ જણાણું.

આ ધર્મદેવના બાળપ્રભુ ઘનશ્યામનાં બાલચરિત્રને જોઈને એમના આશ્ચર્યકારક દર્શન કરીને એના ગુણ ગાશે તે આલોકને તજીને પરમ બ્રહ્મપુર અક્ષરધામને જરૂર પામશે જ તે નિશ્ચય વાત માનજો.

**આ પ્રમાણે શ્રીહરિલીલાસિંધુમાં બીજા શૈશવરત્નમાં શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં સૂર્યચંદ્રને આશ્ચર્ય થયું સ્તુતિ કરી. છઠ્ઠીના દિવસે પૂજનવિધિ કરી તે કથન નામનો પ્રથમ તરંગ થયો. ॥૧॥**

# તરંગ-૨

હે મુનિરાજ ! પાર્વતી અને ભક્તિમાતા તથા ધર્મદેવ અને મહાદેવજીને જે સમાગમ થયો તેની કથા મહાત્મ્ય સહિત મને કહો. તે મારે સાંભળવાની ઇચ્છા છે.મહાદેવજી અને પાર્વતીજી ધર્મદેવને ઘેર કેવી રીતે આવ્યા તે કથા મને કહો. સુવ્રત મુનિ પ્રતાપસિંહ રાજાને કહે, ભગવાન બાલમુકુંદનાં દર્શન કરી ધર્મદેવના ઘેરથી સર્વે દેવો તે ભગવાનનાં નખશિખ પર્યંતનાં ખૂબ જ પ્રેમથી દર્શન કર્યાં. સ્તુતિ કરીને દેવો ગયા. ત્યાર પછી તેઓએ બધે જ પ્રચાર કર્યો.

માર્કંડેય મુનિ શતાનંદ મુનિને કથા સંભળાવતાં કહે છે હે મુનિરાજ ! શંકર ભગવાન પોતાના કૈલાસધામમાં હતા. તેજ સમયે બધા દેવોના શિરતાજ શિવજી યોગસમાધિમાં બેઠા હતા. દેવો મુનિઓ જેમના ચરણ સેવે છે. એવા ભગવાન શિવના તથા પાર્વતીના ચરણની સેવા કરતા ગણપતિ તથા નાંદી આદિ ગણો ત્યાં હતા. પાર્વતી માતાની પરિચર્યા કરતા હતા.

તેજ સમયે આકાશમંડળમાં કૈલાસ પાસે દેવતાઓનાં વિમાનો છવાઈ ગયાં ત્યારે દેવી પાર્વતી તે વિમાનો જોઈને કહેવા લાગ્યાં. આ ક્યાંનો ઉત્સવ થાય છે. નંદીને કહેતાં હતાં એટલામાં ત્યાં દેવો આવ્યા અને કહેવા લાગ્યા અમે અત્યારે પૃથ્વી ઉપર ધર્મકુમાર બાલમુકુંદના દર્શન કરીને આવીએ છીએ અને આદિ શિવ પ્રભુનાં દર્શન કરીને પછી પોતપોતાનાં લોકમાં જઈએ છીએ. સર્વે દેવો આવીને ભગવાન શિવનાં દર્શન કરીને પાર્વતીજીનાં દર્શન કર્યાં. ત્યારપછી દેવતાઓની પત્નીઓ સર્વે મળીને પાર્વતીજીના ચરણમાં વંદન કર્યાં. ત્યારે પાર્વતીજી દેવોની સ્ત્રીઓને કહેવા લાગ્યાં કે ઉત્સવ કેવો સારો થયો ? તમે દર્શન કરી આવ્યા છો તો મને કહો. આ પ્રમાણે પૂછ્યું.

દેવાંગનાઓ કહે છે હે દેવી ! હે માતા ! અમે પૃથ્વી ઉપર કૌશલદેશમાં છપૈયાપુર છે. તેમાં ધર્મદેવ ભક્તિમાતા રહે છે. એમને ઘેર પરબ્રહ્મ પુરુષોતમ નારાયણ પ્રભુ પ્રગટ થયા છે. એમનાં દર્શન કરીને અત્યારે આવ્યાં છીએ. ત્યાં તો બ્રહ્માદિક સર્વ દેવો ગયા હતા અને વૈકુંઠમાંથી વિષ્ણુ ભગવાન પણ આવ્યા હતા. અમો બધાં લોકલોકનાં પતિઓ ત્યાં આવ્યા હતા. તે સર્વે અમે છપૈયાપુરમાં મળ્યાં હતાં અને બધાએ બાલાના પુત્ર બાલમુકુંદનાં દર્શન કર્યાં અને એ વિશાલા પતિ નરનારાયણ મનવાંછિત ફળને આપનારા છે. એનાં દર્શન કરીને આવ્યા છીએ.

પાર્વતીજીને સર્વ દેવ પત્નીઓએ વાત કરીને તેઓ સૌ પોતપોતાના નિવાસ સ્થાને ગયા. ત્યાર પછી પાર્વતીજી વિચાર કરવા લાગ્યાં. મારા સ્વામી મારા ઇષ્ટદેવ પુરુષોત્તમ પ્રભુ પ્રગટ થયા છે. તે સર્વેને સુખ આપનારા છે. ત્યારે શિવજીએ સમાધિમાં બાલમુકુંદ ભગવાનનાં દર્શન કર્યાં તેઓ સમાધિમાંથી જાગ્યા ત્યારે એમને પ્રગટ પ્રભુનાં દર્શન કરવાની લાલસા થવા લાગી. સુખરૂપ નારાયણનાં દર્શન કરવાનો વિચાર કરવા લાગ્યા. શંકર ભગવાન સમાધિમાંથી જાગ્યા ત્યારે પાર્વતીજી પોતાના પુત્રની સાથે શંકર ભગવાનના ચરણમાં વંદન કર્યાં અને નંદી આદિ ગણો હાથ જોડીને ઊભા રહ્યા તથા ભૃંગી આદિ ગણો પણ શંકર ભગવાન આગળ ઊભા રહ્યા અને એમનાં દર્શન કરવા દેવો મુનિઓ સૌ દોડીને આવે છે. ત્યારે શંકર ભગવાન સમાધિમાંથી જાગ્યા એટલે શ્રીકૃષ્ણ નારાયણનું રટન કરતા થકા સમાધિમાંથી જગાડનાર પણ પ્રગટ પ્રભુ જ છે. એવા સર્વના ઇષ્ટદેવ

નારાયણ પ્રભુ સર્વના સ્વામી અત્યારે પૃથ્વી ઉપર સર્વના અંતરયામી પ્રભુ પ્રગટ થયા છે.

હવે હું એ પ્રગટ થયેલા પ્રભુનાં દર્શન કરવા માટે જવું છું પણ તેના માટે મારાં પુત્ર પરિવારને સમજાવીને પછી જઈશ. અનેકવાર સમાધિ લગાવતો હતો. કાયમ સમાધિમાં પ્રભુનું ધ્યાન કરતો હતો. પરંતુ આજના દિવસની સમાધિમાં મને ચિંતામણિ પ્રાપ્ત થયેલ છે. કેમકે જે ચિંતામણિ માટે હું નિસ્પ્રેહિ થઈને કરું છું તે પોતે પ્રભુ અત્યારે પૃથ્વી ઉપર પ્રગટ થયા છે. મનુષ્ય શરીર ધારણ કરેલ છે. હે પ્રભુ ! સર્વ રાજાઓના રાજાધિરાજ છે અને સર્વ રૂપોના નિધિ છે. સર્વ ધામોના એ ધામી શ્રીહરિ પોતે જ છે. એ સ્વયં મનુષ્યના રૂપને ધારણ કરીને અત્યારે ભારત વર્ષની જનતાનાં કલ્યાણ કરવા પધાર્યા છે. અમે સર્વ લોકના લોકપાળો કહેવાઈએ. હું બ્રહ્મા અને વિષ્ણુ ત્રણે લોકપાળો છીએ. પરંતુ અમારા પિતા એમના પિતાના પિતા એમના પિતા આ પ્રગટ થયા તે પ્રભુને ભજે છે. એમની સેવામાં હાજર રહે છે. એવા મોટા એ આવ્યા છે. અક્ષરબ્રહ્મથી પર પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પ્રભુ પોતે છે. તે જ પોતે અત્યારે છપૈયાપુરમાં ધર્મભક્તિના ઘેર પ્રગટ થયા છે.

એમનાં દર્શન કરવા તમે બધાંય ચાલો અને નંદી આદિ તમે સૌ તૈયાર થાવ ત્યારે ભગવાન શિવજી પાર્વતીજી તથા બન્ને પુત્રો સર્વે ભગવાનના સ્વરૂપને હૃદયમાં ધારીને સ્મરણ કરતા થકા જવા લાગ્યા. ત્યારે શંકર ભગવાનનો પરિવાર જ્યારે છપૈયાપુરમાં આવ્યો ત્યારે એમણે મનુષ્યનાં રૂપને ધારણ કર્યાં હતાં અને ધર્મદેવના ઘરનું પૂછતા થકા ઉરમાં ભગવાનનાં દર્શનની લાલશાવાળા જતા હતા. તે જ છપૈયાપુરની માર્ગ ગલીઓમાં ચાલતા થકા ઈશના પરિવારે જગતના જીવોને આશ્ચર્યમાં નાખયા. ચાલતા થકા ધર્મદેવના ઘેર આવ્યા. ધર્મદેવને આનંદ થયો. એમનું સ્વાગત કર્યું. ત્યારે ધર્મદેવે તેઓને ભાવસહિત આવકાર આપ્યો. જલપાન કરાવી, આસન ઉપર બેસાડ્યા. પ્રેમથી ધર્મદેવે શંકરજીને બન્ને હાથ જોડીને કહેવા લાગ્યા, તમે કૃપા કરીને અમારે ત્યાં પધાર્યા તે બહુ સારું કર્યું. ત્યારે ધર્મદેવને ભગવાન શંકર કહેવા લાગ્યા. તમારા પ્રેમભાવને તો આખું જગત વખાણે છે અને તમારા મહિમાને કહેવામાં હું ક્યાં સમર્થ છું. તમને હું સાચું જ કહું છું. હું તમારા મહિમાને કહી શકતો જ નથી એવા છો. સ્વયં વ્યાસ શેષનારાયણ, બ્રહ્માજી, શારદા ચાર વેદો તે બધાય મળીને કાયમ માટે તમારા પુત્રના ગુણ ગાયા કરે છે. તોય પાર પામતા જ નથી. સનકાદિકો, નારદ હું પણ ગાઉં તથા નવ યોગેશ્વરો યોગીયો સર્વ ઋષીઓ દેવો આ સર્વે ધ્યાન કરતા થકતા ભગવાનના ગુણનું ગાન કરતાં થકા તમારા પુત્રનું જ ધ્યાન ધરીએ છીએ. સર્વલોકના લોકપાલો એમના સ્વામી એવા સર્વદેવના દેવ સર્વના અંતર્યામિ નિરંજન, નિર્વિકાર, અલૌકિક મૂર્તિ. જેમના અનંત ગુણો છે. સર્વણના કલ્યાણદાતા મંગળમય મૂર્તિને જે સ્મૃતિથી સ્વરૂપને શોધ્યા કરે છે એવા અલૌકિક.

એવાં જ એજ પ્રભુ જેમનું સંતો ધ્યાન ધરે છે. હે પ્રભુ ! તમારા પુત્રરૂપે પધાર્યા છે. એના મહિમાને કહેવા કોણ સમર્થ થઈ શકે ? એજ પ્રભુ અત્યારે તમારા ઘેર બાળકરૂપે થઈને આવ્યા છે. એમનાં દર્શન કરવા અમે બધાય આવ્યાં છીએ. શંકર ભગવાન કહે છે હે ધર્મદેવ ! હવે તમે અમને તમારા પુત્રનાં દર્શન કરાવો તો અમે જાણીશું કે તમે બધા પ્રકારની ખૂબ જ સેવા કરેલી છે. ત્યારે આ બાજુ પાર્વતીજી અંદર ઘરમાં જ્યાં ભક્તિમાતા હતાં ત્યાં ગયા. ત્યાં ભક્તિમાતાએ એમનો ખૂબ જ આવકાર આપીને સત્કાર

કર્યો. અને ભક્તિમાતા પાર્વતીને કહેવા લાગ્યાં અહો દેવિ તમે અત્યારે ક્યાંથી આવ્યાં ? અમારી ઉપર કૃપા કરીને અમારે ઘેર પધાર્યાં. તે તો અમારી ઉપર ખૂબ જ પ્રેમભાવ છે. તેથી આવ્યાં હશો એમ લાગે છે. ત્યારે પાર્વતીને કહે છે હે દેવિ ! આજે તો હું કૃતાર્થ થઈ ગઈ. કેમકે તમે અમારે ઘરે પધાર્યા તે અમારાં મોટા ભાગ્ય છે.

પાર્વતી કહે છે, હે ભક્તિદેવી ! હું સાચું જ કહું છું હું ક્યારેય જુઠું વચન બોલતી જ નથી. જ્યારે આ જગતમાં આદિ સૃષ્ટિ થઈ ત્યારે હું અને તમે બધાં જ એક જ હતાં એવું મારું માનવું છે. જે પુરુષોત્તમ પરબ્રહ્મ કહેવાય છે તેજ અક્ષર (માયા) તેથી પર અક્ષર જેને (બ્રહ્મ) કહેવાય છે. તેમાં રહેનારા જે પ્રભુ તે જ જગતના ઉદ્ભવ કરનારા જગતના સર્જન માટે પ્રથમ મહાપુરુષની ઉત્પત્તિ કરી તેના દ્વારા માયામાં વીર્યને ધારણ કર્યું. તેના થકી પુરુષ પ્રકૃતિ જોડલાં અનંત કોટિ થયાં. આ પ્રમાણે કહેવાય છે. તેમાંથી મહાતત્ત્વ, ત્રણ ગુણ કહેવાય છે તે ઉત્પન્ન થયાં. રજોગુણથી, બુદ્ધિ, ઇન્દ્રિય, દસ પ્રાણો થયાં. તમો ગુણથી પાંચ ભૂત થયાં. મન, ચિત્ત આદિ થયાં. ત્યાર પછી સત્ત્વગુણથી ચોવીસ તત્ત્વો થયાં. આ પ્રમાણે માયામાંથી થયાં. તેજ ચોવીસ તત્ત્વો ભેગાં થઈને તેમાંથી એક શરીર તૈયાર થયું. તે વૈરાજ પુરુષ કહેવાય છે. તે વૈરાજ પુરુષના ભાલપ્રદેશ (લલાટ)માંથી મારા પતિ શંકર ભગવાન થયા જે જગતના ઈશ્વર તરીકે પ્રખ્યાત થયા. આ પ્રમાણે સૃષ્ટિ છે.

તેજ મહાપુરુષના શરીરમાંથી વિષ્ણુ ભગવાનની ઉત્પત્તિ થઈ અને એ જ શેષશાપી મહાપુરુષના નાભિ કમળમાંથી અજ બ્રહ્માજી પ્રગટ થયા. તે બ્રહ્માજીના હૃદયમાંથી તમારા પતિ જે ધર્મદેવ તે થયા. જેને ધર્મ કહેવાય છે. તેજ અજના પુત્ર દક્ષ થયા છે. તેજ તમારા અને મારા પિતા થયા છે. એમણે સાંઈઠ પુત્રીઓ ઉત્પન્ન કરી હતી તે પુત્રીઓ કશ્યપ પ્રજાપતિને આપી તથા મહાદેવજીને તથા ધર્મદેવને તથા ચંદ્રને આપી. મારા પતિ ઉપર પિતા દક્ષજીએ ઈર્ષા કરીને યજ્ઞમાંથી યજ્ઞનો ભાગ કાઢી નાંખ્યો. પિતાએ યજ્ઞ કર્યો. તેમાં મને મારા પતિએ રોકી છતાં બળપૂર્વક યજ્ઞમાં ગઈ પિતાને ઘેર ગઈ. પતિનો ભાગ ન જોઈને એ અગ્નિથી મારા દેહને બાળી નાંખ્યો. ફરી હું હિમાલયની પત્નીનાઘેર જન્મ લીધો અને ઉગ્ર તપસ્યા કરીને શિવજીને પતિ કર્યા તે જ શિવજી થકી મારે બે પુત્રો થયા છે. તેમાં ગૃહ જે કાર્તિક સ્વામી અને ગજાનન આ બન્ને મને ખૂબ જ વહાલા છે. પ્રાણ કરતાં પણ પ્રિય છે.

હે બેન આપણે બન્ને દક્ષની પુત્રી તરીકે તમે મારી બહેન થાવ તથા તમે જુગોજુગ ધર્મદેવનાં પત્ની તરીકે ધર્મને ખૂબ જ પ્રિય છો અને તમે અને ધર્મદેવ બન્ને જગતના કલ્યાણ કરવા માટે સર્વ કરો છો. બ્રહ્માજીની આજ્ઞાથી તમે બન્નેએ ધર્મભક્તિએ ખૂબ જ ઉગ્ર કઠોર તપસ્યા કરી. ભગવાનને રાજી કર્યા ત્યારે તમારે ત્યાં આદિ સત્યુગમાં નર નારાયણ હરિ, કૃષ્ણ આ ચાર પુત્રરૂપે પ્રગટ થયા. તેમાં પ્રથમ નરનારાયણ આ બન્ને પુત્ર બદ્રિકાશ્રમમાં રહે છે અને ઉગ્ર તપસ્યા કરે છે. કૃષ્ણ ભગવાન ગોલોક ધામમાં રહે છે અને હરિ ભગવાન વૈકુંઠ ધામમાં રહે છે. આ ચારેય સ્વરૂપો અખિલેશ કહેવાય છે. જ્યારે જ્યારે આ પૃથ્વીનો ભાર ઉતારવા આવ્યા ત્યારે ત્યારે તમારાં બેના થકી જ અવતાર ધરીને આવ્યા છે. આ વખતે ભગવાને અવતાર ધરવા માટે ઋષિના શાપને નિમિત્ત બનાવીને મનુષ્ય સ્વરૂપને ધારણ કરેલ છે. તમને જ સુખ આપેલ છે. તેજ પ્રભુ પુરુષોત્તમ નારાયણ તમારા પુત્ર છે અને અમારા ઈષ્ટદેવ છે. એમનાં દર્શન કરવા માટે જ અમે આવ્યાં છીએ. હે ભક્તિદેવી તમારી

પરમભક્તિને યાદ કરીને સંભારી તેથી ભૂતકાળનું પણ મને જ્ઞાન થયું છે તે ખૂબ યાદ આવેલ છે. તેને સંભાર્યા કરીશ.

ત્યારે ભક્તિમાતાને પુત્રના મહિમાનાં વખાણ સાંભળીને એમના મનમાં ખૂબ જ આનંદ થયો અને રોમાંચ અંગોવાળાં થયાં ત્યારે ભક્તિમાતાએ ખૂબ જ વહાલથી પુત્રને સ્તનપાન કરાવીને ત્યારપછી તે ઘનશ્યામ પ્રભુ ઉમાદેવીને આપ્યાં. મનમાં આનંદ થયો. ત્યારે પાર્વતીજીએ ભક્તિમાતા પાસેથી પોતાના હાથમાં લીધા અને નખશિખ સહીત પૂરાં રૂપને નીરખીને દર્શન કર્યાં. એટલામાં પ્રેમભાવમાં પડી ગઈ. સ્વરૂપને ઉતારી લીધું. જ્યાં મહાદેવજી પુત્રપરિવાર સાથે ઊભા હતા ત્યાં લઈને આવ્યાં ત્યારે તે બાલમુકુંદ પ્રભુના પ્રકાશમાન મુખકમળ તથા શ્યામ વાળ યુક્ત સ્વરૂપને જોઈને ખૂબ જ નીરખીને જોયા. ઘનશ્યામ પ્રભુના સ્વરૂપને જોઈને મહાદેવજી દૃષ્ટિના લોભથી દર્શનનું સુખ લુંટવા લાગ્યા ત્યારે ઉમાદેવી ભગવાનના વસ્ત્રો ખુલ્લાં કરીને ભગવાનનાં અંગોનાં દર્શન કરાવવા લાગ્યાં. ત્યારે તે પ્રભુના સુંદર સ્વરૂપનાં દર્શન કરવા દસ પાંચ દૃષ્ટિઓથી તે સ્ત્રીઓ જોવા આતુર થઈ અને કાર્તિક સ્વામી બાર નેત્રોથી દૃષ્ટિમાં ઉતારી ભગવાનના રૂપ સમુદ્રમાંથી અમૃતનું પાન કરવા લાગ્યા.

ત્યારે ગણપતિ સ્થિર દૃષ્ટિ કરીને પ્રેમપૂર્વક ભગવાનના સ્વરૂપનું હૃદયમાં પાન કરવા લાગ્યા અને નંદિ, ભૃંગી તથા ગણો અને સ્વયં મહાદેવજી ભાવપૂર્વક ઊર્મિઓથી ભગવાનના સ્વરૂપનાં દર્શન કરીને આનંદ પામવા લાગ્યા. ત્યારે મહાદેવજીને હૃદયમાં અતિ આનંદ થયો. ભગવાનના આ રૂપમાં એકાગ્ર થયા એટલે સામાન્ય સમાધિના સુખમાં તલ્લિન થઈ ગયા. ત્યારે ભગવાનના ચરણકમળના તળિયામાં કોમળ રેખાઓનાં ચિહ્નોની શોભા જોઈને તેને નિરખીને નેત્રો દ્વારા હૃદયમાં ચોરી લીધાં. જેનું મુનિઓ ધ્યાન કરીને પોતાના અંતકરણમાં ધારણ કરે છે એવાં કોમળ પાનીયુક્ત ચરણકમળની આંગળીઓના લાલ નખ ઊંચા ઉપડતા શોભે છે. તે હંસ જેમ કમળ વનમાં મોતી શોધીને ચારો કરે છે તેમ મુનિઓ આ ભગવાનના કોમળ ચરણકમળને પોતાના ચિત્તમાં ધારણ કરે છે. આનંદ મેળવે છે. ગોળ ગુલ્ફને તથા બે જંઘા અને બન્ને જાનુને જોઈને મહાદેવજી અંતકરણમાં ઉતારી ધ્યાનમાં રમવા લાગ્યા. ભગવાનના સાથળ કરંભની માફક શોભતાં હતાં. ભગવાનનાં ગુહ્ય અંગો નાનાં નાનાં મનને આનંદ આપનારાં હતાં.

ચિહ્ન સહિત કમરના ભાગને જોઈને ત્યાર પછી કોમળ સ્વચ્છ નાભિકમળને જોઈ શ્વેત કમળ સમાન કોમળ મનોહર ઉદરને જોઈને નીખતાં તેનાથી મનમાં ખૂબ જ આનંદ ઉપજતો હતો. બાલમુકુંદ ભગવાનના વક્ષસ્થળમાં ભૃગુઋષિના ચરણ પ્રહારનું ચિહ્ન તથા લક્ષ્મીજીનું નિવાસસ્થળ શ્રીવત્સનું ચિહ્ન જોઈને તે બાલમુકુંદ ભગવાનનું સ્વરૂપ અંતકરણમાં સ્થિર થાય તે ભગવાનના હાથ, ચરણ તથા હાથપગની આંગળીના નખ સર્વેનાં અલૌકિક દર્શન થયાં. રેખાઓ સહિત અંગોની શોભા જોઈને નાના શંખ સમાન ડોકની શોભા જોઈ તથા મુખકમળની શોભા તો કામદેવને હરાવે તેવી સુંદર તથા અધર ઓષ્ટની તથા તેની ઉપરના ભાગમાં દાઢી પણ ખૂબ જ સુંદર લાગતી હતી. ગોળ કપોળનો ભાગ તથા નાસિકા જાણે દીવાની જ્યોત જેવું અણિયાળું કમળની પાંખડી જેવાં બન્ને નેત્રકમળ શોભે છે. નાની વાંકી ભ્રૂકુટિ જાણે કામદેવનાં ધનુષ્ય જેવાં લાગે. વિશાળ લલાટમાં ઉપડતી ત્રીવળીની રેખાઓ શોભે છે.

અગરનાં ફૂલની સમાન કાનો શોભે છે. મસ્તક ઉપર સુંદર છત્ર સમાન કેશો શોભાયમાન છે. આ પ્રમાણે

બાલાના કોમળ બાલકુમારના કોમળ સ્વરૂપને જોઈ દર્શન કરીને ચંદ્રમૌલિ ભગવાન ભોળાનાથ ખૂબ જ પ્રફુલ્લિત થયા. તૃપ્ત થયા. બાળપ્રભુના ચરણમાં સોળે ચિહ્નોનાં દર્શન કર્યાં. મસ્તકેથી શરીરનો સ્પર્શ કરીને ઉમા પોતાને ધન્યભાગ્ય માનવા લાગી. ચંદ્રમૌલી પોતાને ભાગ્યશાળી કહે છે. સર્વ બહેનોના પક્ષ લેવા લાગ્યા. ત્યારે રોહિણિ આદિક સર્વ સ્ત્રીઓ કહેવા લાગી કે અમે તો મંદ ભાગ્યવાળી છીએ. પતિની અમને સેવા નથી મળતી. તેથી અને ગંગા તથા ઉમાદેવીને એમના વખાણ કરતી હતી. રોતી થકી એમને ભાગ્યશાળી કહેતી હતી. ધિક્કાર છે તમારામાં અમૃત ગુણ છે તેને અને ધિક્કાર છે અમારા પિતા દ્વિજરાજ (અત્રિમુનિને) અને ધિક્કાર છે શીતળતા કરનારી ચંદ્રિકાને કેમકે એમણે પુરુષોત્તમ મહારાજના ચણનો સ્પર્શ થયો જ નથી. તેથી ધિક્કાર છે. ફરીથી શંકર ભગવાન ધર્મદેવને કહેવા લાગ્યા, હે ધર્મદેવ ! તમે સાંભળો. આ બાલમુકુંદના ચરણકમળની સેવા મારે કે બ્રહ્માદિ દેવોને દુર્લભ છે. અમને એની સેવા પ્રાપ્ત નથી થતી. આ પગથી ઉપર અનેકને બાંધ્યા છે. આ પગથી બ્રહ્માંડને ભેદીને ગંગાની ધારાને સ્પર્શ આપેલ છે. તેથી ભાગ્યશાળી છે. આજ ચરણકમળને અજ બ્રહ્માજીએ પાન કરેલ છે. ધાવેલ છે. એ જ ગંગાના જળને હું શિર ઉપર ધારણ કરું છું. આજ ચરણકમળથી બલીરાજાને પાતાળમાં દબાવ્યા છે. આજ ચરણકમળને હજાર મુખવાળા શેષજી પૂજે છે. સેવે છે.

આજ ચરણકમળને સનક સનંદ આદિ પાર્ષદો સેવે છે. આજ ચરણકમળને દેવો મુનિઓ જુદી જુદી રીતે પૂજે છે. આજ ચરણકમળને કમળા લક્ષ્મીજી પોતાના સ્તન ઉપર ધારણ કરે છે. આજ ચરણકમળમાંથી કાયમ પ્રણવનો નાદ થયા કરે છે. તેજ ચરણને અક્ષરબ્રહ્મ અનંત મુક્તો ઉપાસના ભક્તિ કર્યા કરે છે. તેજ પ્રભુ તમારા પુત્ર આ બાળક રૂપે છે. એજ અમારા પરમ ઈષ્ટદેવ છે. પરમપ્રિય છે. ગણપતિ, એકવદન, ખટવદન કાર્તિક સ્વામી બન્ને ભાવસહિત પ્રભુતા ચરણકમળનો સ્પર્શ કરીને રહ્યા ત્યારે ભવાની દેવી પ્રભુને લઈ જઈને માતા પ્રેમવતીને પ્રેમપૂર્વક આપવા ગયાં. ભવાનીએ બાલપ્રભુને ચુંબન કરીને પલંગ ઉપર પોઢયા અને બન્ને બહેનો ઉત્સાહથી ખૂબ જ મળ્યાં. ભક્તિમાતા ગદ્‌ગદ્ કંઠવાળાં થઈ ગયાં અને ઉમાના મુખમાં તો બોલવાનું સામર્થ્ય જ ન રહ્યું ત્યારે ભક્તિમાતા કહે હે બહેન ફરીથી જરૂર આવજો. આટલું કહેતાં. આંખમાં આંસુ આવી ગયાં. શંકર અને પાર્વતી પુત્રો દેવોમુનિઓ સર્વે વંદન કરીને તેઓ ચાલવા લાગ્યાં. ભક્તિધર્મના ભાગ્યના વખાણ કરતાં કરતાં જવા લાગ્યાં.

શંકર પાર્વતી અને ધર્મભક્તિના સમાગમનાં ચરિત્રને સંભારશે, ગાશે, પ્રેમથી મનન કરશે તેમનું જરૂર આત્યંતિક કલ્યાણ થશે જ.

**આ પ્રમાણે હરિલીલાસિંધુમાં બીજા શૈશવ રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારી રચિત છંદ ભાષામાં શિવ શિવા શ્રીહરિનાં દર્શન કરવા આવ્યાં તે ઉત્સમાં ધર્મભક્તિનો સમાગમ થયો. તે નામે બીજો તરંગ થયો. ॥૨॥**

# તરંગ-૩

હે ઋષિરાય ! આ ત્રીજા તરંગમાં ભગવાન બાલમુકુંદને મારવા માટે કોટરા નામની ભયંકર રાક્ષસીઓનું ટોળું છપૈયાપુરમાં આવ્યું. આ પ્રમાણે મારકંડમુનિ શતાનંદને કહે છે. આ બાજુ પ્રતાપસિંહ રાજા સુવ્રતમુનિને પૂછે છે, હે મુનિવર્ય ! છ દિવસના બાળપ્રભુએ શું શું ચરિત્રો કર્યા મને આનંદપૂર્વક શાન્તિથી કહો. હે મુનિવર્ય! આપના જાણવામાં આવેલાં ચરિત્રો વિસ્તારથી મને કહો. આ મહાભયંકર કોટરા રાક્ષસીઓ તો મહાક્રૂર હતી. એમણે ભગવાન બાલકૃષ્ણને શા માટે મારવા આવી તે મને વિસ્તારથી કહો. આ ભગવાન પુરુષોત્તમ શ્રીહરિ બાલપ્રભુનાં બાલચરિત્રોને ભાવપૂર્વક સાંભળીને તેને ગાયા કરશે. અખંડ સ્મરણમાં રાચશે તેને જન્મમરણના સંકટો ટળી જાય છે તેને પરબ્રહ્મ પ્રગટ પ્રભુના ચરણમાં વાસ થાય છે. અસુરોએ ભગવાન પૃથ્વી ઉપર પ્રગટ થયા છે. એ પ્રમાણે જાણીને ભગવાનને પોતાના શત્રુ માનતા હતા. તેથી ભગવાનને મારી નાંખવા જન્મ લીધો અને અખંડ હરિ પ્રભુનું ચિંતવન કર્યા કરે છે. તે અસુરનો સરદાર ખૂબ જ કષ્ટપીડાને પામે છે.

અસુરનો સરદાર હોવાથી તેનાં શરીરમાં બેચેની થઈ જાય છે. ભય પામતો થકો એનાં ડાબાં અંગો ફરકતાં હતાં. એ સરદારને રાત્રે ખરાબ ભયંકર સ્વપ્નાં આવે છે. તેમાં માથા વિનાના કેવળ ધડને જ જુવે છે. ગધેડાના વાહનમાં બેસીને ધડને ખભા ઉપર લઈને જાય છે. તથા શિયાળીયા દેખાતાં હતાં આવાં સ્વપ્નો તેને દેખાતાં હતાં. આવી રીતે તે દુષ્ટ અસુરને તેના સમુદાયને અપશકન થતાં હતાં. છતાં મનમાં કાંઈ સારો વિચાર આવતો જ ન હતો. કેમકે અસુરો ભગવાનના ભક્તો હરિજનોનો ખૂબ જ દ્રોહ કાયમ કર્યા કરે છે. તેથી એમને મનમાં વિચારવાનું તો ભૂલી ગયા. એમને પોતાના હિતનું કાંઈ સૂઝતું જ નથી.

મારકંડેય મુનિએ શતાનંદ મુનિને આ વાતો કહેવા માંડી કે કાલીદતે ઉત્પાત્ત કરવા માટે અતિભયંકર ક્રોધ કરીને અતિશય ભયંકર મહા ક્રૂર મહા પાપી કૃત્યાના સમુદાયને ઉત્પન્ન કરી. તેનો વેશ મહાભયંકર હતો. મોં વિકરાળ હતું. તેના હાથમાં રુધિરનાં પાત્રો લીધેલાં હતાં. માણસના આંતરની ગળામાં માળા પહેરી હતી. હાથમાં એમણે લોહીનું ખપ્પર ધારણ કરેલું હતું. તે કૃત્યાઓનું શરીર કાળું મેશ હતું. માથા ઉપર વિખરાયેલા કેશવાળી, લાલ અંગાર જેવાં નેત્રોવાળી ભયંકર વેશવાળી જગતને ગળતી હોય ને શું એમ મુખને ફાડેલું રાખેલ. મહાભયંકર શબ્દને કરતી મહાભયંકર કોટરા હતી. આ રીતે તે કાલિદૈત્યે, ભૂત, પ્રેત, વૈતાલ આદિની સાધના કરીને વીરને તૈયાર કર્યો. તેને મનવચનના ક્રમથી તૈયાર કરીને તે કાળીદત્ત અસુરે ખૂબ જ ઉત્પાત્ત કરવા પ્રયત્ન કર્યો હતો. સર્વ અસુરોમાં કોટરા રાક્ષસીઓને મુખ્ય કરીને તે કોટરાઓ બધાની આગેવાની લઈને પ્રથમ જવા લાગી. ત્યારે તે કોટરાઓએ શરીર ઉપર એકે વસ્ત્ર ધારણ કરેલ ન હતું. તે નગ્ન હતી અને સર્વ અસુરોનાં હિત કરનારી તેનું સારું ચાહતી હતી. ત્યારે કાળીદત્તે પ્રેરણા કરેલી કૃત્યાઓ બધી છપૈયામાં ઉત્પાત્ત કરવા આવી ત્યારે શ્રહીરિને જન્મ લીધે છ જ દિવસ થયા હતા ત્યારે અડધી રાત વીતી ગઈ ત્યારે બૂમ બરાડા પાડતી થકી આવી.

હે મુનિ ! ત્યારે છપૈયામાં મોટો હાહાકાર મચી ગયો. જ્યારે કૃત્યાઓ પુરમાં આવી ત્યારે બધા જ મનુષ્યો શાંતિથી સૂઈ રહ્યા હતા. જ્યારે બખાળો થયો ત્યારે જાગ્યા ત્યારે સામે કૃત્યાઓને જોઈ. ત્યારે તે કૃત્યાઓએ છપૈયાની ચારેબાજુથી ઘેરી લીધું હતું તથા ચારે દિશાઓ અને આકાશ સર્વને રુંધેલું હતું. તેમાંથી નગ્ન કોટરાઓ આગળ જઈને સુતિકા ગૃહમાં ભગવાન શ્રીહરિની પાસે ગઈ. તે કૃત્યાઓ ક્રોધ કરતી થકી મોઢાં ઊંચાં કરીને

ત્રિશૂળ, સાંગ, ખાપવા હાથમાં લઈને તથા મુદ્‌ગર, ખડગ, કટવાર, કટારી આદિક આયુધો લઈને. ધરું ધરું તથા મારું મારું જોરજોરથી બુમો પાડતી કોઈ કહે, જીવતો પકડીને લઈ લો. આમ બોલતી થકી સુતિકા ગ્રહની ફરતો ઘેરો ઘાલ્યો અને કૃત્યાઓ દોડતી આવવા લાગી. પોતાના શરીરને જુદા જુદા હાવભાવથી લોહીથી ખરડાયેલા ચહેરાવાળી લાલનેત્રોથી અંગાર જલાવતી આવતી હતી ત્યારે ભક્તિમાતાની બહેનપણી પરિચારિકા કહે, એલી આ કોણ છે ? આ શું કરવા આવી છે. હવે હું શું કરું. આ પ્રમાણે કહેવા લાગી. ત્યારે આ પ્રમાણે ભયંકર વેશ ચરિત્રવાળો અસુરગણને જોઈને સર્વે નારીઓમાં ધીર ન રહી ત્યારે ભક્તિમાતા પુત્ર પ્રભુને પોતાના ખોળામાં લઈને તે કૃત્યાઓની સામે વસ્ત્ર પહોળું કરીને રાંકાની જેમ બાળકને ન લઈ જવા માટે વિનંતિ આજીજી કરવા લાગ્યાં.

દિવ્ય તેજોમય સ્વરૂપવાળા પોતાના બાળકને જોઈને તેને લેવા માટે કોટરાઓ ભયંકર શબ્દોને બોલતી થકી મોઢાંને પહોળાં કરીને બિહામણાં ચેનચાળા કરીને લેવા આવી. કોટરા કહે છે, હું તો બાળકોને પકડવામાં ઘેરવામાં મુખ્ય કહેવાઉ છું અને તારા પુત્રને તો ગળી લેવામાં સહેજ પણ વાર નહીં લાગે. એમ લઈ લઈશ. તે કોટરા આમ બોલીને પોતાના દાંતને કચકચાવવા લાગી એટલે ભક્તિમાતા પોતાના પુત્ર બાલપ્રભુને પોતાના ખોળામાં છુપાવી દેતાં હતાં. ભક્તિમાતા કહે છે, અમે બધાં સ્ત્રીઓનું ટોળું છે ત્યાં સુધી પુત્ર તને ન મળો. તું આવી રીતે ક્યાંથી આવી છે ? શું કરવા આવી ટોળી બનાવીને આવે છે ? મારું નામ કોટરા રાક્ષસી છે અને તમારો પુત્ર તે વિષ્ણુ અમારો શત્રુ છે. તેથી તમે સાચું જ કહી દો. હવે તમે શા માટે છુપાવો છો. આમ કહીને ત્રિશુળ ઉગામવા માટે હાથ ઊંચો કર્યો. એવામાં સર્વના અંતર્યામિ પ્રભુ બાલમુકંદે લીલા કરવાનું વિચારીને તરત જ અત્યારે મારે જાહેર થવું છે. તે રીતે પોતાનો ચરણકમળનો પ્રહાર કરીને વસ્ત્રને ખસેડી નાંખ્યું. જેમ ચંદ્ર વાદળીથી ઘેરાયો હોય અને પછી છૂટી જાય તેમ વસ્ત્ર ખસી ગયું. શરીર ખૂલું થયું.

ભયથી માતા કાંપે છે. ગભરાય છે. આ પ્રમાણે સર્વના જીવન પ્રાણ જાણી ગયા. તેથી રુદન કરવા લાગ્ય અને શત્રુની આગળ પોતે જાહેર થવા માટે આ પ્રમાણે ચરિત્રને કરવા લાગ્યા. ત્યારે તે દૂષ્ટા રાક્ષસી રોષ કરીને બોલવા લાગી કે તારા પુત્રને લીધા વિના મને સંતોષ નહિ થાય માટે તમે જુઠું નબોલો આ રુદન કરે છે તે કોણ છે એ તમારો પુત્ર નથી શું તે ક્યાં છે. આ રીતે બોલીને તે કોટરા નગ્ન શરીરવાળી ઘરમાં પ્રવેશ કરીને માતા ભક્તિની ગોદમાંથી પ્રભુ પુત્રને દગો કરીને લીધા ત્યારે ભક્તિમાતાએ પોતાના હાથથી રોકવા લાગ્યાં તો પણ બળજબરીથી દાંતને કચકચાવીને માતાના હાથમાંથી છીનવી લીધા. કહેવા લાગી કે તારી સહાય કરનારને તું સંભાર. જે દેવ તને મદદ કરે તે તારી મદદે આવે અને આને તો મારી નાખીને હું જરૂર લઈ જ જઈશ. આને છોડીશ નહીં ત્યારે ભક્તિમાતાએ પુત્ર પ્રભુને પકડી લીધા તો પણ ક્રૂર કૃત્યા તે ખૂબ જ બળ કરીને લઈ જવા લાગી. ત્યારે ભક્તિમાતાની સાથે બીજી સર્વે સ્ત્રીયો વિલાપ કરવા લાગી. જેમ શરીરમાંથી જીવ દૂર થાય તેમ સર્વે મનથી મૂર્છિત થઈને પૃથ્વી ઉપર પડી ગઈ. જેમ જીવ પ્રાણને ખોઈને પીડા પામવા લાગી.

ત્યારે તે કોટરાઓ ભક્તિમાતા પાસેથી લઈને ઘરની બહાર આવીને ભગવાનનું રૂપ જોઈને મનમાં મોહ પામી ગઈ. જોવા જ લાગી. એનું મન પાછું વળતું જ નહતું. તેથી સાથે આવેલ સહાયકોને બોલાવવા લાગી. એટલે તે દોડીને આવી જોયું તો અતિ મનોહર સ્વરૂપ અને અતિ કોમળ ચરણકમળ તેની અંદર સુંદર રેખાઓ જોઈને મન ખેંચાય, નખની શોભાને જોઈને તથા મુખની શોભા પણ શરદઋતુના ચંદ્રને મોહ પમાડે તેવું સુંદર

છે. કૃત્યા કહે છે, આ બાળકને આપણે નથી મારવો. આને જીવતો જ લઈ જવો છે. આપણો સરદાર જે કહેવું હોય તે કહે, બધું સહન કરીશું આમ કરતાં પુરની બહાર આવ્યાં ત્યારે શ્રીહરિનો ભાર વધારે લાગવા માંડ્યો. ઉપાડવા પણ સમર્થ ન રહ્યાં. ત્યારે પોતાના આસુરી અભિમાનથી — અતિજોરથી ઉપાડવા માંડ્યાં પણ ન ઉપડ્યાં. જેમ જોર કરે તેમ પ્રભુ કઠોર થવા લાગ્યા. બળ કરીકરીને એમનાં અંગો ઠંડાં થઈ ગયાં તોય બાળપ્રભુને ઉપાડવા માટે સમર્થ ન થયાં. અને ભગવાનને છોડવા મથ્યાં તોય છૂટ્યા પણ નહીં અને બાળકનો ભાર સહન કરી શક્યાં નહીં આ બાળકમાં પર્વત જેટલો ભાર થઈ ગયો છે. ઘરની બહાર લાવ્યાં તેથી તો બેહાલ થઈ ગયાં. પૃથ્વી ઉપર મૂક્યા પછી છૂટવા માટે મથ્યાં પણ છૂટ્યા નહિ અને બળ કરીને ધમની નાડીઓ ઢીલી થઈ ગઈ. તે કોટરા રાક્ષસો અતિ જોર કરવાથી અંગો ઢીલાં થઈ ગયાં અને પૃથ્વી ઉપર પડી ગઈ. મૂર્છા આવી ગઈ, નેત્રો બહાર નીકળી ગયાં, જીવ પણ શરીરમાંથી બહાર જતો રહ્યો.

આકાશમાં દેવતાઓ હાહાકાર કરવા લાગ્યા ત્યારે અસુરો ત્યાં બહુ જ દોડીને આવ્યા અને સૌ સેનાપતિને ઠપકો આપતા થકા બળાપો કરવા લાગ્યા. ત્યારે તે મૂર્ખઅસુરો પાંચ-દસ ભેગા મળીને બાળકને ઉપાડવા માટે મથ્યા પણ કોઈ પ્રયત્ને ન ઉઠાવી શક્યા. ઉલટા ઉઠાવતાં ઉઠાવતાં બાળક કઠોર થતા ગયા તો પણ સૌ ભેગા થઈને જોર કરવા લાગ્યા. તોય ઉપાડવા સમર્થ ન થયા. બસો ભેગા થઈને ઉપાડવા લાગ્યા તોય ન ઉપડ્યા. ચારસો ભેગા થઈને ઉપાડ્યા તો ન ઉપડ્યા. અતિ જોર કર્યું તોય ન ઉપડ્યા. બાલમુકુંદ ભગવાન પહાડ કરતાં વધારે વજનવાળા થઈ ગયા. બળ કરવા છતાં જેમ પર્વત ઉપાડવા જાય તે ન ઉપડે તેમ પ્રભુ પણ ન ઉપડ્યા. જ્યારે ઉપાડવા છતાં બાલપ્રભુ ન ઉપડ્યા ત્યારે તે મતિમંદ એવા ભુતસમુદાય પ્રભુને મારવા માટે તૈયાર થયા ત્યારે સર્વે કૃત્યાગણ સાથે મળીને હથિયારો લઈને ત્યાં આવી, તેજ સમયે બાલપ્રભુએ આંખો ખોલીને જરા જોયું તો સર્વે ભૂતો કૃત્યાઓ બળવા લાગ્યાં ત્યારે સર્વે કૃત્યા ગણ હતો. તે દૂર જતો રહ્યો અને મુખથી અશુભ બોલતી થકી ગાળો બોલવા લાગ્યાં.

મુનિ કહે છે કે નગર બહાર લઈ ગયા. તેની આટલી વાત મેં કહી, હવે ગામની અંદર ધર્મદેવના ઘરમાં ઉત્પાત્ત થયો તે જોઈને બધાં ઘરોમાં પણ કોલાહલ થયો. ધર્મદેવના ઘરમાં ભક્તિમાતાની સાથે બેઠેલી સર્વે સ્ત્રીઓ રોવા લાગી ત્યારે ધર્મદેવ તરત જ ત્યાં આવ્યા અને પૂછ્યું ત્યારે જાણવા મળ્યું કે પુત્ર બાલને અસુરો ઉપાડીને લઈ ગયા છે. ત્યારે તરત જ ધર્મદેવ યોગ્ય કરવા માટે ઉપાય કરવા લાગ્યા. ત્યારે ધર્મદેવ હાથપગ ધોઈને પછી આચમન કર્યું ત્યારે મન શુદ્ધ થઈ ગયું ત્યારે પોતાના કુળદેવ હનુમાનજીનું આહ્વાન કર્યું ત્યારે તરત જ તે અંજનિ પુત્ર આવીને સન્મુખ ઊભા રહ્યા. હનુમાનજી કહે છે, હે ધર્મદેવ તમારે અત્યારે તાત્કાલિક શું કામ પડ્યું ? જે કામ હોય તે કહો હું તે કાર્યને તરત જ કરી લાવું. કેમકે હું બ્રાહ્મણોનો શિરતાજ છું. તેથી અત્યારે જ કાર્ય કરી આવું ત્યારે ધર્મદેવ કહેવા લાગ્યા. અસુર જાતિની કૃત્યાઓનું મોટું ટોળું અહીં આવ્યું હતું. એનું નામ કોટરા છે તે સાવ નગ્ન હતી. તે સૈન્યની આગેવાન છે અને બાળઘાતિની કહેવાય છે. તે પાછી આમ બોલી હતી આ હરિ તો મારો શત્રુ છે. તેને માર્યા વિના નહિ મેલું એ વિના અમારો ઉદ્ધાર જ નથી. એટલા માટે તમારી પાસે સહાયતા માગું છું. એના માટે જ આજે આપને સંભાર્યા છે. માટે એ અસુરોને મારીને પુત્રને લાવો ત્યારે હનુમાનજી કહે છે, હે ધર્મદેવ ! તમે ધીરજ રાખો. હું જરૂર જગતના તાત હરિ હમણાં જ લાવું છું.

આમ કહીને મારુતિનંદન તરત જ ઉપડ્યા ઉપવનમાં જઈને જોયું તો પ્રભુનો મહા ભીમકાય થયેલા સુતેલા

જોવામાં આવ્યા ત્યારે પુરની બહાર જઈને જોયું તો સર્વે કૃત્યના ટોળાંને પણ જોતા હતા. બહાર તે કૃત્યાઓ જાતજાતનાં હથિયારોને ધારણ કરેલાં છે અને મોટાં મુખથી અસભ્ય વાણી બોલતી હતી. મહાભયંકર ગાળો પણ બોલતી હતી તથા દશે દિશાને રુંધતી હતી તે સર્વે અસ્ત્ર-શસ્ત્રને ચારેબાજુ ઘુમેડતી હતી. ત્યારે હનુમાનજીએ જોરથી તાડુકો કરીને મોટી ગર્જના કરી એટલે સર્વે અસુર મંડળીનો તો અંત જ આવી ગયો. એ પ્રમાણે માનતી થકી શબ્દ સાંભળીને જ હથિયારો નાંખી દઈને પોતાના જીવને લઈને શ્રીહરિથી ખૂબ જ દૂરઝવા લાગી. કૃત્યાઓ ભાગવા લાગી ત્યારે હનુમાનજીએ પોતાના શરીરને મંદરાચળ પર્વત જેવું વધારીને અસુરો આકાશ માર્ગે ભાંગતા હતા. તેમને ઘડીકમાં જ પકડી લીધા. સર્વને ભયભીત કરી નાંખ્યા. પછી પોતાના પૂંછડે બધાને બાંધીને સ્વયં હનુમાનજીએ પૃથ્વી ઉપર જોરથી પછાડ્યા. દશે દિશામાં ક્યાંય કોઈને રહેવા જ ન દીધું. બધાંને જકડી લીધાં. હનુમાનજીએ નીચે પછાડ્યા પછી નીચે પૃથ્વી ઉપર નજર કરી તો કૃત્યાઓને જોઈ ત્યારે હનુમાનજી વેગપૂર્વક દોડ્યા. જેમ કાલાગ્નિ લાગે ને ઝડપમાં બાળી દે તેમ હનુમાનજી કૃત્યા તરફ દોડ્યા.

ત્યારે તે કૃત્યાઓ ખૂબ જ ભયથી કંપવા લાગી. હાથ જોડીને સાવ નમાલાં થઈને કરગરવા લાગી. હે મહારાજ ! અમને જીવતી જવા દો તો આ જગ્યાએ ફરી કોઈ દિવસ નહિ આવીએ. આ દિશામાં નજર જ નહીં કરીએ. ત્યારે મારુતનંદનને તેઓ ઉપર દયા આવી એમને છોડી જવા દીધી. તેઓનો નવો જન્મ થયો એ પ્રમાણે કૃત્યાઓ માનવા લાગી ત્યારે તે કૃત્યાઓ દૂર જઈને મોં ખોલીને બોલવા લાગી. અમે ઉગરી ગઈ ત્યારે ફરી મારુતનંદન જોરથી એમની પાછળ દોડ્યા. અને તેને પૂંછડાથી વીંટીને દબાવી કેટલીકને જોરથી લાત મારીને પછાડીને ફંગોળી નાખી. કેટલીકને હાથથી પકડીને ખૂબ જ ખંખેરી હાડકાં સાવ ઢીલાં કરી નાંખ્યાં. એમના જોરનો નાશ કરીને સાવ નિર્બળ બનાવી નાંખ્યાં. ત્યારે મારુતનંદન વીર તે સર્વે કૃત્યાઓને મારતા મારતા જ્યાં બાલપ્રભુ સુતા હતા એમના નજીકમાં આવ્યા. પાસે આવેલા જોઈને તેઓ આશ્ચર્ય પામવા લાગ્યા. જે જોવામાં આવ્યું કે મહાભયંકર નગ્ન અવસ્થાવાળું મોટું સ્વરૂપ જોયું તેમાં નાંક ગુફા જેવું મુખ પર્વતની ખીણ જેવું શરીર કાળા પર્વત જેવું, મસ્તક શિખર જેવું આંખ્યો કૂવા જેવી હાથને પગ તે સરોવરો, તળાવો જેવાં પડેલાં જોઈને મારુતનંદનને ખૂબ જ આશ્ચર્ય થવા લાગ્યું. તેની નજીકમાં જ શ્રીહરિ શત્રુના હાથ ઉપર સુતેલા મારુતિનંદને બાલપ્રભુને જોયા.

અરે આ તો પાપનો મોટો ભાર છે. પરંતુ હાથ ઉપર પરબ્રહ્મ પ્રભુને સુતેલા જોઈને એમનું ધ્યાન કરીને પોતાની નજર આગળ પ્રભુને પ્રગટ સ્વરૂપે જોઈને જ પરમ સુખને મેળવી લીધું. ત્યારે ભગવાન બાળને જોઈને મારુતનંદન ખૂબ જ આનંદ પામ્યા અને બન્ને હાથોથી બાળમુકુંદ પ્રભુને ઉપાડી લીધા અને શરીર ઉપર ચોંટેલી ધૂળને પોતાના પૂંછના બ્રશથી લૂછવા લાગ્યા ત્યારે પ્રભુ રુદન કરવા લાગ્યા. બાળકના સામાન્ય ભાવ બતાવવા લાગ્યા. ભગવાનને જોઈને હનુમાનજીને મનમાં ખૂબ જ આનંદ થવા લાગ્યો. ભગવાનનાં ચરિત્રને જોઈને તથા મનમાં સંભારીને તે પવનપુત્ર ખૂબ જ મહિમા સહિત ભગવાનનાં ચરિત્રોનું સ્મરણ કરવા લાગ્યા અને બાલપ્રભુને નિહાળવા લાગ્યા. કોટરા આદિ જે ભૂતપ્રેત ગણ છે તે તો કેવળ પાપમય જ છે અને એમની ગતિ ઘોર નરકતુલ્ય જ છે. પ્રભુએ એમને પણ દિવ્ય ગતિ આપી એ તો પ્રભુનો જ પરમપ્રતાપ છે. મારુતનંદને બાલપ્રભુને પોતાના બન્ને હાથ ઉપર ધારણ કરીને તે ભગવાનના કોમળ ચરણકમળનેપોતાના શિર ઉપર ધારણ કર્યાં. નેત્રને સ્પર્શ કર્યાં. હનુમાનજીએ પ્રભુને પ્રેમપૂર્વક સ્પર્શ કરીને પછી ચુંબન કર્યું અને પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ ભગવાનને

પોતાના ઈષ્ટદેવ માનતા હતા.

ભગવાન બાલપ્રભુના લીલા ચરિત્રોનું સ્મરણ કરતા થકા પોતાના અંતકરણમાં ખૂબ જ પ્રફુલ્લિત થઈને આનંદ પામતા થકા પવનકુમાર ભક્તિધર્મના ઘર પ્રત્યે આવ્યા. આ બાજુ ધર્મભક્તિ બન્ને ભગવાનના વિયોગથી ખૂબ જ રોતા હતાં ત્યારે હનુમાનજી પોતાના હાથમાં આનંદસિંધુમાં ડુબકાં ખાતા થકા પવનસુત નિવાસસ્થાને આવી પહોંચ્યા. ભક્તિમાતા પોતાના દિલમાં ગુપ્ત અગ્નિમાં બળતાં હતાં ત્યારે હનુમાને તત્કાળ આવીને બાળપ્રભુ ધર્મભક્તિને સોંપ્યા. ત્યારે તે કહે. હે દેવ હનુમાન તમે તો અમારી ખૂબ જ સહાય કરી છે. એ ક્યારેય નહીં ભુલાય કારણ કે, તમે અમારા પુત્રને કૃત્યાના મુખમાં ગયેલો પાછો લાવીને આપ્યો એ મુખ્ય કારણ છે. તમે અમને નવીન જ પુત્ર લાવીને આપ્યો. અમને મળ્યો તેથી આપ અમારા અતિ બળવાન દેવ છો. અરે હે દેવ ! આ અમારા પુત્રને અમે તપના પરિણામ રૂપ મેળવેલ છે. અને આની ઉપર તો અમારે ખૂબ જ મમત્વ છે. તેને તમે આજે નવું જીવન આપેલ છે. માટે અમને તમે પણ વહાલા છો.

ત્યારે હનુમાન ભક્તિમાતાને કહે છે, હે માતા ! આ તમારા પુત્રનું પરાક્રમ તો કાંઈ કહેવાય એવું જ નથી. તે તો ભારે પરાક્રમી છે. કેમકે એ રાક્ષસીઓ તો મહાભીમ સમાન બળવાળી હતી. તે છતાં આ તમારા પુત્રના ભારથી એ નારીઓ પણ થાકી ગઈ એવા પરાક્રમ છે. હે માતા ! તે કૃત્યાઓ બેહાલ થઈને પોતાના પ્રાણ પણ ખોઈ નાંખ્યા. તેતો તમારા પુત્રનો જ પરાક્રમ છે. એનાથી વિશેષ શું કહું. આ તમારા પુત્રમાં શત્રુનો નાશ કરવાની તો ખૂબ જ હોંશિયારી છે. તે તો મેં જોયું છે. હે દેવી ! આ તમારો પુત્ર તો આ બાળ છે. તમે તો સજ્જન છો અને પાલક છો પણ આ તમારો બાળક તો શત્રુને મારનારો છે. નાશ કરનાર છે. આનો દેહ જ દિવ્ય અપ્રાકૃત છે. એ પ્રમાણે જાણો. આનાં ગુણ પરાક્રમનાં ચરિત્રનો તો પાર જ નથી આ તમારો પુત્ર સર્વ બ્રહ્માંડોના સ્વામી છે. જીવ ઈશ્વરોના તો આ અંતરર્યામી છે. સર્વના કારણ દેવ છે. સર્વ કર્મના ફળ દાતા છે. એજ આ છે એવું આપને સાચું જ કહું છું. બ્રહ્મા, શંકર, વિષ્ણુ સર્વદેવના આ દેવ છે. તેજ તમારા પુત્રરૂપ થયેલા છે. તે સાચું જ માનો. આ તમારા પુત્ર તો અક્ષરધામના પોતે જ ધામી સ્વામી કહેવાય છે. પરબ્રહ્મ પુરુષોત્તમ સર્વોપરિ આમને જ કહેવાય છે. એ પ્રમાણે તમે સત્ય જ માનો.

અગણિત જીવો જેના શરણમાં રહે છે તે જ સર્વના સર્વ પ્રકારે રક્ષણ કરનારા છે. આ તમારા પુત્ર અલૌકિક તે જે મૂર્તિ છે તે જગતમાં અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરીને જ્ઞાનમય વાતાવરણ કરીને સર્વત્ર પ્રકાશને વિસ્તારશે. હે માતા ! તમારા પુત્ર ઘનશ્યામનાં ભજનકીર્તન મુનિઓ જે મને કરે છે તથા બધા જ ધામોમાં ચૌદે લોકમાં જેમના ગુણને ગાયા કરે છે એ જ આપના પુત્ર સર્વના સ્વામી છે. હે માતા ! તમે આ બાળકનું સ્નેહસહિત પ્રેમથી પાલનપોષણ કર્યા કરો. કેમકે આ તમારા પુત્ર જ સર્વે જગતનું પાલનપોષણ પોતે જ કરે છે. એ જ પોતે સાક્ષાત્ છે. આ રીતે અંજનીપુત્ર હનુમાને જે ભગવાન બાલપ્રભુનો મહિમા ધર્મભક્તિ આગળ ગાયો. તેને માતાપિતા સાંભળીને અતિશય આનંદવિભોર થઈ ગયાં. ત્યાર પછી હનુમાનજી ભગવાનના સ્વરૂપને પોતાના હૃદયમાં ઉતારીને ભગવાનના ચરણમાં સ્પર્શ કરી મારુતિનંદન અદશ્ય થયા અને ભક્તિધર્મને પીડામુક્ત કર્યા. ત્યાર પછી પવનસુતે છપૈયાપુરની બહાર જઈને જોયું તો ત્યાં કોટરાનો પહાડી દેહ પડ્યો હતો. તેને ઉઠાવીને ત્યાંથી તરત જ જઈને મોટા જંગલમાં નાંખી દીધો. ત્યારથી ભક્તિમાતા પણ કુલદેવ હનુમાનજીનું પૂજન કરતાં હતાં. આંકડાનાં ફૂલ સિંદુરથી વિધિપૂર્વક પૂજન કરીને નિવેદો ધરીને પૂજન કરતાં હતાં.

ધર્મનંદન મહાપ્રભુ જ્યારે કૃત્યાઓના બંધનથી મુક્ત થયા ત્યારે ધર્મદેવે સાધુ બ્રાહ્મણોને જમાડીને સર્વને ખૂબ જ દાન આપીને તૃપ્ત કર્યા.

**આ પ્રમાણે શ્રીહરિલીલાસિંધુમાં બીજા શૈશવ રત્નમાં વૈષ્ણવાનંદ વર્ણિકૃત છંદભાષામાં શ્રીહરિ કૃત્યા ગણમુક્ત થયા તેનાં દર્શનરૂપ ઉચ્છવનાં વર્ણનરૂપ ત્રીજો તરંગ પૂરો થયો. ॥૩॥**

# તરંગ-૪

શ્રીહરિ બાલમુકુંદ ભગવાનને પ્રથમ પારણાંમાં પોઢાડ્યા તથા પ્રથમ ચંદ્રદર્શન કરાવી અર્ચન કર્યું તથા ચંદ્રની પત્નીને ધર્મભક્તિની સાથે સત્સંગ થયો તેનું વર્ણન આવશે. યોગીઓના સ્વામી મહાપ્રભુનાં લીલાચરિત્રો તો અનંત છે. એનો કોઈ માપ જ નથી. તેથી એનો મહિમા તો સત્સંગના સમુદાયમાંથી આપોઆપ જણાઈ જાય છે. એવાં પરબ્રહ્મનાં અદ્‌ભૂત ચરિત્રો છે. ભગવાનનાં અદ્‌ભૂત ચરિત્રને મારકંડેય મુનિ શતાનંદ મુનિને સંભળાવ્યા જ કરે છે. શતાનંદ આનંદરાજાને સંભળાવે છે તોય ખૂટતાં જ નથી. એ તો અમાપ જ છે. વૈશાખ સુદ ત્રીજના દિવસે ભૃગુકુળમાં સૂર્યસમાન કીર્તિવાન પરશુરામ ભગવાનનો પ્રાદુર્ભાવ દિવસ તેનો ઉત્સવ અતિ ઉત્સાહથી કર્યો. ખૂબ જ આનંદ કર્યો. આ અખાત્રીજના દિવસે પ્રભુને પારણામાં પોઢાડવાનો મુહૂર્તનો શુભ દિવસ નક્કી કર્યો હતો. તેથી તે દિવસે પોતાના પ્રિય સંબંધીજનો બધાં આવી ગયાં અને ધર્મદેવના ઘર આંગણામાં ખૂબ ભીડ થવા લાગી. સંકડાશ થવા માંડી. મારકંડેય મુનિ શતાનંદ મુનિને કહે છે હે મુનિ ! ભગવાનને પારણાંમાં પોઢાડવાના સમયે ભગવાનના મુખારવિંદનાં દર્શન કરવા બધા દેવો આવ્યા, આ બાજુ ભગવાનને અનેક રંગોથી શોભાયમાન પારણાંમાં ઝુલાવવા માટે છપૈયાપુરની અનેક બહેનો આવી છે.

તે પારણાંમાં સોનાનાં દાડમ લટકાવેલાં હતાં. તે ખૂબ જ શોભતાં હતાં નંગ જડેલાં તે દાડમ દેવો મુનિઓના મનને હરતાં હતાં આકર્ષતાં હતાં. મુલાયમ પાતળાં રેશમનો ચોરસો બનાવેલો હતો. જેને ચારે બાજુના ભાગે જાળી પાડીને સુંદર પાસાંદાર ભરત ભરેલું હતું. નાની મખમલની ગાદી બનાવીને એ પારણાંની અંદર પાથરેલી હતી. દૂધના ફીણથી પણ ઉજળાં વસ્ત્રો ઓઢાડેલું હતું. ત્યારે માતાભક્તિ દેવી પુત્રને પાતળું કોમળ ઉપરણું ધારણ કરાવીને વચમાં કોમળ ફૂલની પાંખડીયો પાથરેલી ચારેબાજુ કરેલી હતી. ત્યારે માતાજીએ અતિશય સુગંધિત પાણીથી બાળપ્રભુને નવરાવીને કોમળ વસ્ત્રથી શરીરને ભાવથી લૂછીને વસ્ત્ર પહેરાવીને નેત્રમાં અંજન આંજીને મસ્તકના વાળ સમારીને પારણાંમાં પધરાવતાં હતાં. પ્રભુને પારણાંમાં પોઢાડ્યા તેજ સમયે મોટેથી જયજયકારનો નાદ થયો અને દુંદુભી વાગવા લાગી. નિશાન ડંકા વાગવા લાગ્યાં ત્યારે આનંદ પામતા દેવતાઓ ઉપરથી પુષ્પ વર્ષાવવા લાગ્યા અને ગુણીજનો વખાણ કરવા લાગ્યાં.

ત્યારે ધર્મદેવ રાજી થઈને બ્રાહ્મણોને બંદીજનોને વસ્ત્ર આભૂષણોનાં દાન આપતા હતા. તેઓ બાળકને આશિષના વાક્યો કહેતા હરિના ગુણ ગાતા થકા જતાં હતાં. તેથી ગુણનું વર્ણન કરતાં હતાં. ત્યારે માતા રેશમની દોરીથી પારણું ઝુલાવતાં હતાં અને અન્ય સ્ત્રીઓની સાથે હાલરડાં ગાતાં હતાં ત્યારે પુરના લોકો અને નારીઓ આવીને કહેવા લાગી. ભગવાનનાં ચરિત્ર સાથે હાલરડાં ગાવાં જોઈએ તો સારું લાગે આમ કહીને ગાવા લાગ્યાં. હાલરડાં ગાવામાં સ્ત્રીઓની ટોળી ગાતી જાય ને ધર્મકુંવર પ્રભુ કરોડો વર્ષ જીવવાનાં ગાણાં ગાતાં જાય તથા

તમારા બધા જ શત્રુઓનો નાશ થઈ જાય અને સજ્જનોના હૃદય જ્ઞાનનો ઉપદેશ આપીને પ્રકાશ કરો. આ રીતે ભાવનાથી ગાતાં હતાં. કામી, ક્રોધી, અભિમાની, લોભી આદિ જે ક્રૂર કર્મ તેનો આપના પ્રગટ થવાથી નાશ થશે તમે દૂર કરશો. વિષયવાસનાઓથી લંપટ માયાજાળ આદિ દૂષ્કર્મો હવે નહીં ચાલે. આપના પ્રતાપથી તે પણ નાશ થશે. વિનય વિવેક વિનાના જ્ઞાનથી દૂર રહેવું કેમકે તે તો કેવળ ઘૂવડના જેવા જ્ઞાનની વાતો જ કરે છે. સત્ય નથી. તેનો વિશ્વાસપાત્ર કોઈ તત્ત્વજ નથી તે તો વરૂ, ચોર, શિયાળ એને ભજને કોઈનું કલ્યાણ નથી થવાનું. કલ્યાણ તો પરબ્રહ્મનું એકાન્તિક ભક્તિથી જ થાય છે. ભક્તિમાતા અને છપૈયાપુરની સ્ત્રીઓ ભગવાનનાં હાલરડાં ગાતાં હતાં. ત્યાર પછી ફરીથી સ્તનપાન કરાવીને પછી ભગવાનના મુખનાં દર્શન કરીને સર્વે આનંદ પામવા લાગ્યાં.

આ રીતે દરરોજ શ્રીહરિની લીલા થતી જ રહેતી હતી. કમળ ફૂલ સમાનનો હાર મૂર્તિનાં સજ્જનોનાં માન શોક નાશ પામતા હતા તથા અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થાય અને જ્ઞાનરૂપી પ્રકાશ પથરાય છે. તે પ્રભુ બાળસ્વરૂપે અલૌકિક છે. એના મહિમાના પારને વેદો પણ પામતા નથી. તો સામાન્ય જીવ ક્યાંથી પામે. બાલપ્રભુના મુખને જોઈને માતાપિતા આનંદ પામતાં હતાં. સતત સામી દૃષ્ટિ રાખીને જોઈ જ રહેતાં.

જ્યારે ભગવાનને જન્મથી બીજો માસ થયો એટલે માતાજીએ ભાઈની પાસે શુભમૂહુર્ત જોવડાવીને સાકર અને પાણીને ભેગાં કરીને માતા શ્રીહરિને પાતાં હતાં. ત્યારે માતા પ્રેમવતી પુત્ર શ્રીહરિને પોતાના ખોળામાં સુવડાવી ને પછી શંખથી બાલપ્રભુને પ્રેમથી તૈયાર કરેલ રસ પાતાં હતાં. પાન કરાવ્યા પછી કોમળ પવિત્ર વસ્ત્રથી મુખ લૂછીને જગતના તાત પ્રભુને પારણાંમાં પોઢાડતાં હતાં. જ્યારે પ્રભુને જન્મનો ત્રીજો માસ આવ્યો ત્યારે સારો પવિત્ર દિવસ જોઈને માતા પ્રેમવતી પ્રભુને નવાં સુંદર વસ્ત્રો, આભૂષણો તૈયાર કરાવીને નવાં નવાં પ્રભુને ધરાવતાં હતાં. અષાઢ સુદી ત્રીજનો દિવસ સારો હતો. તે દિવસે વસ્ત્ર અલંકારોને ધારણ કરાવ્યાં. પ્રાતઃકાળમાં પંચામૃત કરીને માતા બાળાએ શ્રીહરિને સ્નાન કરાવ્યું. સ્નાન કરાવીને વસ્ત્રથી શ્રીહરિનાં અંગોને લૂછીને પછી કમળનયન પ્રભુને નેત્રમાં અંજન આંજીને સુગંધીદાર અત્તર અગર ચંદનનો છંટકાવ કર્યો. ત્યાર પછી વસ્ત્ર, આભૂષણો ધારણ કરાવ્યાં. તેમાં પીળું ઝભલું ધારણ કરાવ્યું તે પણ અતિશય પાતળું સુંદર ધરાવ્યું. સર્વને મન ભાવ્યું. ત્યાર પછી સોનાની કાંસકીથી વાળ સરખા કરીને સુંદર મુખ દેખાડ્યું. સુગંધયુક્ત તેલ મસ્તકના કેશમાં નાંખી માતાએ તેને સુંદર તૈયાર કર્યા. ત્યાર પછી સુંદર જરીયાનિ બુટાદાર નાની ટોપી પ્રભુના શીર ઉપર ધારણ કરાવી તૈયાર કર્યાં. નાનાં ઝાંઝર પગમાં પહેરાવ્યાં. નાનાં કડાં કંકણ હસ્તકમળમાં ધારણ કરાવ્યાં. કેડ ઉપર કંદોરો ધારણ કર્યો તે ખૂબ જ શોભતો હતો. બાલમુકુંદ પ્રભુને કંઠમાં આભૂષણ ખૂબ જ શોભતાં હતાં. ભગવાનનાં નખથી લઈને શિખા પર્યંતનાં આભૂષણથી પ્રભુનું સ્વરૂપ જોઈને દેવો, માનવો, મુનિઓ સર્વનાં મન લોભાયાં.

દર્શનમાંથી પાછાં વળતાં જ ન હતાં. તેથી ભોજન પણ થોડુંક જ કર્યું. મનમાં પ્રભુ વિના કાંઈ ભાવતું જ નહતું ત્યારે ધર્મદેવે સંતો, બ્રાહ્મણોને ખૂબ જ પ્રેમથી જમાડ્યા. તે દિવસથી મૌનિ સંધ્યા સમયે બાલાએ પુત્રને ચંદ્રનાં દર્શન કરાવ્યાં ત્યારે ધર્મદેવે સ્નાન કરીને પ્રથમ દેવની આરાધના કરીને નાંદિ મુખ કરી શ્રાદ્ધવિધિ કરી. માતૃકાઓનું પૂજન કરીને પુત્રને ચંદ્રનાં દર્શન કરાવ્યાં. પુત્રને સ્નાન કરાવીને ઉત્કર્ષ કર્યો. પછી પૂર્વ દિશા તરફ મુખ રાખીને ચંદ્ર સન્મુખ રહે તેમ બેસાડ્યા. ત્યાર પછી જળની અંજલિથી સંકલ્પ કહેવા લાગ્યા. ત્યારે પ્રથમ

પુત્રને ચંદ્રદર્શન કરાવ્યાં. ત્યાર પછી પૂજા કરાવી. તેમાં ગંધ, પુષ્પ જળથી અંજલિ પિતાએ પુત્રની માતાને આપીને વિધિ કર્યો. પુત્રના જન્મથી એક વર્ષ સુધીના સુદ સુદનું પખાડીયું કહેવાય તે પક્ષની અંજલિ પુત્ર અને પિતાએ મનમાં આનંદ લાવીને અર્પણ કરી પૂજા કરી. આ રીતે સર્વ સંસ્કાર કરવાથી પુત્ર બ્રહ્મ સામર્થ્યવાળો થાય તે માટે કરતા હતા પણ આ પુત્ર તો સ્વયં પરબ્રહ્મ જ છે તે છતાં પિતા વૈદિક વિધિ કરતા જ હતા.

આ તો બાળક પોતે અનંત કોટિ બ્રહ્માંડોના સ્વામી નિયંતા છે. એમણે જ પોતે આ મનુષ્ય શરીર ધારણ કરીને શોભે છે. એમની સન્મુખ જોયું. અત્યારે ન આવું તો મારાં બેય બગડે અને બન્ને લોકવાળા તો ચંદ્ર જ કહેવાના છે. ચંદ્રમાં પોતાના મનમાં વિચાર કરીને ઉત્સાહ સહિત પોતાની સ્ત્રીને લઈને મનુષ્ય સ્વરૂપ ધારણ કરીને ધર્મદેવના ઘેર આવ્યા અને શ્રીહરિ અને બાલાનાં દર્શન કર્યાં. ત્યારે ધર્મદેવે તેમને પ્રેમથી આદરસત્કારનાં વચનથી આવકાર્યાં અને ધર્મદેવે પૂર્વના બાલપ્રભુના પ્રિયસેવક જાણતા હતા. તેથી ધર્મદેવે સત્કાર્યાં. ચંદ્રે ધર્મદેવના પુત્ર પ્રભુને પ્રણામ કર્યા. નેત્રરૂપ પડિયાથી પ્રભુના મનોહર રૂપને પાન કરતા હતા. ચરણકમળ તથા હસ્તકમળ, કોમળ કમળ સમાન નેત્રો પણ કમળ સમાન તે કરુણાથી ભરપુર તથા નાભિ કમળ, મુખ કમળ તથા શ્રવણ કમળ આ સર્વે મનોહર શોભે છે. તેને સંતપુરુષો કમળાની ઉપમા આપે છે તેઓ યોગ્યજ છે.

આ રીતે બાલપ્રભુને ચંદ્રમાએ નખથી શિખાપર્યંત નીરખીને દર્શન કર્યાં. હૃદયમાં ધારણ કર્યાં. જય જય જય ધર્મકુમાર ધર્મની આંખનો જયજયકાર થાવ. આ પ્રમાણે બોલીને કોમળ ચરણકમળનો સ્પર્શ કરીને શશિ મનમાં ખૂબ ઉત્કર્ષને પામવા લાગ્યા.

ત્યાર પછી ચંદ્રમાની સત્યાવીશ પત્નીઓ ઉમંગથી પોતાના પ્રિય સંબંધી જાણીને પુત્ર પ્રભુને ઉપાડી લીધા. એમને પ્રેમથી ચુંબન કરીને ચરણનો સ્પર્શ કરતી હતી. ત્યાર પછી ખૂબ જ નિરખીને પુત્રને પ્રાપ્ત કરવાથી તે સર્વે ચંદ્રપત્નીઓ બાલા ભક્તિમાતાના ખૂબ જ ભાગ્યનાં વખાણ કરવા લાગી. ચંદ્રની પત્નીઓ ભક્તિમાતાને કહે છે હે બેન ! તમારા ભાગ્યરેખાની વાત જ થાય તેમ નથી. તમારા ભાગ્યમાં તો અક્ષરધામનું સુખ લખેલ છે. તમારું તપ નિષ્ઠા તો અનંત ઉદાર છે. આખા જગતનાં અજ્ઞાન અંધકારને દૂર કરી સત્યજ્ઞાનનું અજવાળું કરે છે.

તમારા જેવું અત્યાર સુધીમાં કોઈ એવું અનંત કાળ પર્યંત તપ કર્યા કરે તો પણ તમારા તપને ન પહોંચે. તમારા બેના જેવી હોંશિયાર, જીર્ણ બુદ્ધિ, તમારા બેના સિવાય તમારા પારને પામે તેમ કોઈ છે જ નહીં. તમારા ગુણને ચૌદે લોકમાં દેવો મનુષ્યો, ઋષિયો, ઈશ્વરો સૌ ગાતાં થાકે છે. તમારી કીર્તિથી કલંકને બાળી નાખીને સર્વ કલંકો, દુઃખો દૂર થઈ ગયાં છે. એવું લોકોના માનસમાં ગણાય છે. તમે બન્ને કુળમાં કમળસમાન આ તમારા પુત્રનું પાલનપોષણ કરો છો તે તમારી સેવા ભવતરવા તરણી સમાન છે. હે મોટી બહેન ! તમે તો શિરના મુગુટ સમાન છો અને તમારા સમાન અમે એકે ન આવીએ. એ સત્ય જ છે. તમારી કોઈ વાત થાય તેમ જ નથી. જેનાં ભજનકીર્તનને આખા અનંત લોકમાં ચલ અને અચલ ભજન કર્યા કરે છે અને દેવોમુનિઓ મનમાં સ્મરણ કરીને ધ્યાન ધર્યા કરે છે. તેજ પ્રભુ આ તમારા પુત્ર રૂપે થયા છે. તે તો અનંત છે. જેના મહિમાને સંતો કાયમ ગાયા જ કરે છે. તે તો તમારા સમાન કોઈ ન આવે. દેવો સમાન છો. તમારા પુત્ર જુગોજુગ તમારા થકી જ થયા છે. એ તો સર્વોપરી છે. હે બહેન ! તમારે તો એ જ લાભ મોટો છે. એ લાભ બીજા કોઈને મળે તેમ જ નથી. તેથી તમારા બન્નેના મહિમાને કોઈ પાર પામીશકે

તેમ જ નથી. એવો તમારો બન્નેનો લાભ યોગ છે.

ચંદ્રની પત્નીઓ ભક્તિમાતા ધર્મદેવના ભાગ્યની ભક્તિની આટલી વાતો કરીને બધી સ્ત્રીઓ ભક્તિમાતાને પરસ્પર મળીને બંનેના ભાગ્યનાં વખાણ કરતાં થકાં સર્વે અદશ્ય થયાં.

**આ પ્રમાણે શ્રીહરિલીલાસિંધુમાં બીજા શૈશવ રત્નમાં વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિ પારણાંમાં પોઢાડ્યા. પ્રથમ સમયે ત્યારે ચંદ્રદર્શન કરવા આવ્યા એ મહોત્સવનું વર્ણન કર્યું. તે નામે ચોથો તરંગ થયો. ।।૪।।**

# તરંગ-૫

પ્રતાપસિંહ રાજા સુવ્રત મુનિને પૂછે છે કે, ધર્મદેવના પુત્રને નામકરણ સંસ્કાર કરવા મુનિઓની સાથે દેવો છપૈયાપુરમાં આવ્યા તેની કથા મને દયા કરીને કહો. માર્કંડેય મુનિએ શતાનંદ મુનિને શ્રીહરિ પ્રભુનો તથા પ્રભુની જન્મભૂમિ છપૈયાપુરનો મહિમા કહ્યો. તેને સાંભળીને તે સંતો ધર્મદેવને મળ્યા. તે સંતોનો મહિમા કહ્યો. સંતોએ ધર્મદેવને પ્રભુનો મહિમા કહ્યો. બાલમુકુંદ પ્રભુને જ્યારે ચાર માસના થયા ત્યારે ચોથા માસમાં જ નામકરણ સંસ્કાર માટે ધર્મદેવે પોતાના મનમાં વિચાર કર્યો અને શતાનંદ મુનિને માર્કંડેય મુનિએ મહિમા કહ્યો ત્યારે ધર્મદેવને મળવાનો વિચાર કર્યો. હવે સંતોએ વિચાર કર્યો દર્શન કરવા માટે બાલપ્રભુ પણ ચાર માસના થયા છે. એટલે દર્શન કરવાં આ પ્રમાણે શતાનંદ આદિ સંતો મનમાં ખૂબ આનંદ પામવા લાગ્યા. ભગવાનને વિષે મન ખેંચાવા લાગ્યાં. ત્યારે ઘણા મુનિઓ ભગવાનનાં દર્શન માટે ઘણા ઉત્સાહવાળા થયા હતા કે બાલ પ્રભુનાં દર્શન કરીએ એટલે તેઓ નિત્ય સ્નાન કરવાના નિયમ પ્રમાણે પ્રાતકાળમાં શિષ્યમંડળની સાથે બધા ચાલ્યા. માર્ગમાં ચાલતાં વિચાર કરતા જાય કે આજે પ્રગટ પ્રભુનાં દર્શન કરીને ધન્ય ભાગ્યવાળા થઈશું. આજનો દિવસ પણ આપણો શુભ ઉગ્યો છે. તેથી શ્રીહરિનો મેળાપ આપણને થશે. કરોડો જન્મનાં પુણ્ય પૂજાપાઠનું ફળ ભેગું થયું હોય તો જ જીવનમાં પ્રગટ પ્રભુના સ્વરૂપનો યોગ થાય અને એમનાં દર્શન કરીને પુણ્યનું ફળ મળે અને ભોગવે ને જીવન ધન્ય બની જાય.

જે સ્વરૂપને દિવ્ય સચ્ચિદાનંદ રૂપ અક્ષરધામમાં જોવામાં આવે છે. તેજ પ્રભુના રૂપને નેત્રથી ખૂબ જ નિરખીને જોઈશું. આજે બાલસ્વરૂપ એવા ધર્મોના જીવન નાવરૂપ પ્રત્યક્ષ મળશે.માર્કંડેય મુનિરાય માર્ગમાં ચાલતાં ભગવાનને મેળવવાના મનોરથ મહિમા સહિત કરતા ચાલે છે. તેમાં મન ખૂબ જ આનંદમય થયું અને પ્રેમાનંદ થવાથી નેત્રમાં પણ આનંદાશ્રુ આવી ગયાં. ત્યારે માર્કંડેય મુનિ શતાનંદ મુનિને કહેવા લાગ્યા કે હે મુનિ ઉદાર મૂર્તિ તમારા મનમાં કેવાં કેવાં આશ્ચર્યનાં ઘાટ થવા લાગ્યા તે મને પ્રેમથી કહો તે મારે જાણવા છે. ત્યારે શતાનંદ મુનિ માર્કંડેય મુનિને કહે છે હે મુનિ આપને આશ્ચર્યની વાત જોઈને આજે જ અત્યારે તમને કહું તેનો તમારા નેત્રકમળમાં જળ જોવાથી પ્રત્યક્ષ દેખાય છે. કેમકે જે જગતના જીવો જપ, તપ, વ્રત, દાનો કરે છે તથા અડસઠ તીરથો કરે છે તો પણ પ્રગટ પ્રભુનાં દર્શન નથી થતાં. પણ મનની વૃત્તિને નિયમમાં કરીને વૈરાગ્યથી વિરક્ત થાય છે અને એ રીતે થોડા સમય ભજન, ધ્યાન, ભક્તિ કરે છે. તેને થોડા સમયમાં દર્શન થાય છે. તો પણ જે સ્વરૂપને ન મળે તે આજે પ્રભુને જોઈને પ્રેમથી દર્શન કરીને સુખ પામશું.

કેમકે અક્ષરધામાધિપતિ પોતે પૃથ્વીના ભારને ઉતરવા માટે અનેક નરનાટક સ્વરૂપો ધારીને વિચર્યા છે.

તે તો સર્વથી પાર જ રહે છે. એમનાં લીલાચરિત્રો તો અલૌકિક જ હોય છે. તેજ સ્વરૂપને આજે જોઈશું તે સ્વરૂપને મેળવવા ભવ બ્રહ્માદિ બહુ જ પ્રયત્ન કરે છે. છતાં નથી પામતા તે સુખ આજે અત્યારે થવાનું જ છે તે આપને આશ્ચર્યરૂપ દેખાય છે. જે ચરણકમળને પૂજવા માટે અનેક દેવમુનિઓના સમુહો ઈચ્છે છે તે છતાં નથી મળતાં તે જ પ્રભુના કોમળ ચિહ્નો યુક્ત ચરણકમળને આજ દર્શન કરીને મનમાં ખૂબ જ સુખ પામશું. લાલ કમળ સમાન નેત્રકમળ સહિત, દાઢી, કપાળ, નાસિકા સહિત લાલ અધરોષ્ઠથી મુખકમળ ખૂબ જ શોભે છે. તેજ સ્વરૂપને આજે ધર્મકુમારનાં દર્શન કરીશું. એમના વિશાળ ભાલમાં ત્રણ રેખાઓ શોભાયમાન એમની વાંકી ભ્રૂકુટિ તે કામદેવના ધનુષ્ય સમાન મદને હરનારી શોભાયમાન મનને લોભાવે છે. નાનાં નાનાં ગુંથાયેલા કેશ શોભે છે. એ સ્વરૂપને જોઈને પોતાના જીવને સફળ કરવા મનમાં ધારણ કરે છે. સર્વ કારણના કારણ પોતાની દૃષ્ટિમાત્રથી જ અનંત બ્રહ્માંડોને ઉત્પન્ન કરે છે. ધારણ કરે છે તે છતાં એનું સેજ પણ અભિમાનજનથી સર્વના અહંકારનો નાશ કરનારા એવા પ્રગટ પ્રભુ ધર્મકુમારનાં આજે પ્રત્યક્ષ દર્શન કરીશું.

એ પ્રભુએ પોતાના સ્વરૂપના તેજના પ્રતાપથી અલૌકિકતાથી અનેક મિથ્યા જ્ઞાનના આડંબરને ભેદીને દિવ્ય સ્વરૂપ જ્ઞાનથી અજ્ઞાનના ભેદને તોડી નાંખ્યા તેજ દૃષ્ટિના યોગ કળાથી પોતાના અલૌકિક સ્વરૂપે અનંત કોટિ બ્રહ્માંડોને આવ્રણ સહિત ધારણ કરે છે એવા ધર્મકુમારને આજે પ્રાપ્ત કરીશું. જેમણે પોતાની દૃષ્ટિ માત્રથી જ ઈશ્વર જીવોની અનેકની રચના કરી છે. તેજ ભક્તિના ઉદરમાં પ્રગટ થયેલા એમના ખોળામાં બેઠેલા પરમકલ્યાણ સ્વરૂપને જોઈશું, પામીશું. જેમનાં કરેલાં લીલા ચરિત્રોના ગુણને ગાઈને અનંત જીવો તરી ગયા છે. પોતાની દૃષ્ટિ માત્રથી જે ત્રણે લોકને તારનારા એવા પરમકૃપાળુ ધર્મ બાલનાં આજે દર્શન કરીશું. જેમની બનાવેલી મર્યાદા તેનું ઈશ્વરો દેવો મુનિઓ કાયમ પાલન કર્યા કરે છે. એવા પ્રભુ સુશીલ પાંડે કુળના કમળ સમાન સૂર્ય ઉદય થયા છે. તેમને હું આજે જોઈશ. પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુ પર એકાન્તિક ભક્તના ગતિરૂપ છે અને સર્વ ઈશ્વરોના ઈશ્વર એવા કમલાલક્ષ્મી એ જે સ્વરૂપની પરમ સેવા કરેલ છે. એજ પરબ્રહ્મ પ્રભુએ અત્યારે મનુષ્ય અવતાર ધરેલ છે. તેને મુનિઓ દૃષ્ટિ સાંધીને જોયા જ કરશે.

આમ વિચારતાં વિચારતાં ચાલ્યા ત્યારે જ્યારે ધર્મદેવના ઘરે આવ્યા તે સમયે ધર્મદેવ પ્રભુના મોટાભાઈ અનંત બાલા આ સર્વને નમસ્કાર કરીશું. ત્યારપછી કોમળ ચરણકમળના તળમાં રેખાઓ સાથે દર્શન કરું તથા પ્રભુનાં દર્શન કરીને નેત્રથી નખથી શીખાપર્યંત ખૂબ જ નીરખી લઉં. હૃદયમાં ઉતારી લઉં. આ રીતે વિચાર કરતા કરતા ચાલ્યા ત્યારે તે ઋષિરાય તથા સહાયકો સર્વે છપૈયાની ભાગોળ સુધી આવ્યા ત્યારે પ્રથમપુરનો પ્રવેશ ભાગ સુંદર લાગ્યો. ચારેબાજુ જોયું તો બહુ સારું લાગ્યું. શિવ સનકાદિકો દેવો, મુનિઓ અનેક વિમાનોમાં બેસીને બ્રહ્મા ઇંદ્રાદિક વિમાનોમાં બેસીને આવતા હતા. જે પુરમાં તે દેવો રોજ આવતા હતા તેથી તે પુરને જોઈને સર્વના મનમાં આનંદ થયો. આ છપૈયાપુર અવધપુરથી મોટું મહાન છે અને મથુરામાં તો મારું મન પણ નથી માનતું. તેનાથી પણ છપૈયાપુર મહાન છે અને દ્વારામતિથી તો આ દિવ્યધામ છે. પુરુષોત્તમપુરી પણ આના બરોબર તો ન જ આવે. આ તો મહાન પુર છે. આ છપૈયાનો તો મહિમા પ્રગટ હરિનો સંબંધ જ છે. એ પ્રમાણે કહેવાય છે અને આ પુરમાં પ્રભુએ મનુષ્ય અવતાર ધારણ કરેલ છે. જેમનું બધા દેવો અને મુનિજનો જપ કર્યા કરે છે અને આ છપૈયાપુરમાં પ્રભુ પ્રગટ થયા છે તે સંબંધ જ મોટો છે. એટલા માટે જ આ છપૈયાપુર સર્વોપરી છે. તે સાત સ્વર્ગના લોકો નીચેના લોકોમાં સર્વોપરી સ્થાન ધરાવે છે. જે જીવ એક લવ જેટલો સમય દર્શન કરે

છે અને જે ગતિ પામે છે તે સ્વર્ગ નહિ પણ એનાથી પણ શ્રેષ્ઠ ગતિ મેળવે છે.

પ્રભુને મારવા આવેલ કોટરા ગણ ભૂતપ્રેત છે તો પણ એક નિમિત્ત માત્ર યોગમાં આવી તો એનો ઉદ્ધાર કર્યો. એટલા માટે જે પ્રેમ સહિત ભગવાનનાં દર્શન કરે તો દર્શનના તરસ્યા મુનિ પ્રભુના સ્થાનને કેમ ન પામે? જરૂર પામે જ. હે મુનિરાજ ! વૈકુંઠ, કૈલાસ કે સત્યલોક સ્વર્ગલોક તેનાથી પણ છપૈયાપુર અધિક જ છે. કેમકે ત્યાં તો દરરોજ શ્રીહરિના દર્શન કરવા છપૈયાપુર તથા આજુબાજુના ગામનાં લોકો દર્શન કરવા આવ્યા કરે છે. એટલા માટે આ છપૈયાધામ. અને તેમાં રહેનારા મહાપ્રભુ તે પણ સર્વોપરિ છે. બધાને માટે તે દુર્લભ છે. તેજ પ્રભુ આ છપૈયાપુરમાં પ્રગટ થયા છે. એટલા માટે છપૈયાપુરનો મહિમા કેમ ન હોય ? શ્રીહરિનાં સ્વરૂપનાં તથા શ્રીહરિ નિવાસપુરનાં વખાણ કરતા થકા માર્કંડેય મુનિ તથા સંતગણે પ્રવેશ કર્યો ત્યારે ધર્મદેવ પણ પોતાના મનમાં ઈચ્છા કરતા હતા. કોઈ સંતો આવે તો સારું. એટલામાં જ તે મુનિઓ ધર્મદેવના ઘેર પહોંચ્યા. ધર્મદેવે તે વર્ણિ વેષવાળા અતિ તેજાયમાન સ્વરૂપવાળા તપસ્વી દૂરથી જોઈને આનંદ થયો. તેઓ ત્રણે કાળના જ્ઞાનવાળા હોવા છતાં એમના મનમાં કોઈ પ્રકારના માન અભિમાનના વિકારો ન હતા એવા બુદ્ધિવાન હતા. આત્મનિષ્ઠાવાળા, ધર્મના જ્ઞાનવાળા, વૈરાગ્યવાન, પ્રગટ પ્રભુનાં ચરણકમળના પ્રેમવાળા ભગવાનના દર્શનની આશાવાળા, ઉત્સાહવાળા એમની સાથે શિષ્યસમુદાય તથા શતાનંદ મુનિ પણ સાથે આવેલા હતા.

સર્વે સંતો સદ્‌ગુણવાળા પવિત્ર હતા. તેમાં માર્કંડેય મુનિ ખૂબ જ જ્ઞાનના ભંડાર હતા. તેઓ ધર્મદેવના ઘરની શોભાના વખાણ કરવા લાગ્યા. અમે અત્યારે જ આવીએ છીએ. તરસથી આકુળ થયેલા સરોવર જોઈને તે સરોવરે સૌ આવે છે. તેની તૃષા શાંત થાય છે. એ જ રીતે સર્વે મુનિજનો ધર્મદેવના ઘર પ્રત્યે આવે છે તે પ્રભુદર્શનની તૃષાથી આવે છે. ત્યારે ધર્મદેવ પ્રેમપૂર્વક પ્રફુલ્લિત મનવાળા યજ્ઞના પુણ્યને મેળવવા શાસ્ત્ર મર્યાદા મુજબ મુનિ સન્મુખ ગયા. દંડવત્ પ્રણામ કર્યા ત્યારે ધર્મદેવને માર્કંડેય મુનિએ ઉભા કરીને છાતીએ લાવીને ખૂબ જ બાહુથી ભેટ્યા. આનંદ પ્રાપ્ત કર્યો. ધર્મદેવે આવેલ મુનિઓને સાફ કરેલું, બાજુમાં જ ઘર આપ્યું. તેમાં આસનો પાથરીને બેસાર્યા. ત્યાર પછી ધર્મદેવ મુનિગણનું પૂજન કરવા માટે તાજાં સારાં ગંધયુક્ત સામગ્રી લાવ્યા. ધર્મદેવે તે મુનિઓને અર્ઘ્ય, પાદ્ય, જળ વડે કરીને સર્વે સંતોનું ક્રમથી પૂજન કર્યું. તેમની સેવા કરી એમના પગ ધોઈને પાણી મસ્તક ઉપર ચડાવીને બાકીનું મકાનમાં પવિત્ર કરવા રાખ્યું. ત્યાર પછી બધા જ મુનિઓને ચંદન ચર્ચીને સુંદર મોટાં હાર પહેરાવીને અર્ચના કરી. ત્યાર પછી જાત જાતનાં ભોજનો બનાવીને જમાડીને તૃપ્ત કર્યા અને મુનિઓના મનમાં પણ અતિ આનંદ થયો.

ત્યાર પછી ધર્મદેવ સંતોને નમ્રતાપૂર્વક મધુરવાણીથી કહેવા લાગ્યા. હે મુનિદેવ ! હું ધન્ય ધન્ય ભાગ્યવાળો થયો છું. કેમકે તમારા જેવા મહાન સંતોનો યોગ થયો. એ જ મોટાં ભાગ્ય છે. થોડાંક જન્મોનાં સુકૃત ભેગાં થાય તો પણ તમારા જેવા સંતો મળતા જ નથી. અમારું ગૃહસ્થનું જીવન પંચવિષયમાં બંધાયેલું હોય. પુત્ર કલત્ર ધનમાં આસક્ત થયેલું હોય. આ સંસાર તો અતિશય અસાર જ છે. અખૂટ છે. તેનો તો પાર ક્યારેય આવતો જ નથી. એ સંસારમાં તો એટલો જ સાર છે કે હે મુનિદેવ ! તમારા જેવા સંતોનાં ઘરમાં પગલાં પડે તે ગૃહસ્થાશ્રમીને ગૃહસ્થાશ્રમનું ફળ મળે અને સુખી થાય છે. બીજા બધા શિયાળ જેવા છે. એનાં ભાગ્યમાં તો શુન્ય જ આવવાનું છે. હે મુનિરાય ! આપે મારી ઉપર ખૂબ જ દયા કરી છે. કેમકે આપ અમારા ઘરે પધાર્યા છો એ જ ભાગ્ય છે. તમે મુનિ સર્વે વિષયોથી વિરક્ત છો. તમારે કોઈ બંધન જ નથી. પરમાર્થ માટે જ તમે

વિચરીને સુખ આપો છો. હે માર્કંડેય મુનિ અંધારા કૂવામાં ગ્રહસંસારમાં પડ્યા છીએ. અમને એમાંથી છોડાવવા માટે આપ આ ભૂમિ ઉપર વિચરણ કરો છો એ જ આપનું મહત્ત્વ છે.

હે મુનિરાજ ! આ જગતના વિષય વાસનાની નદીમાં સર્વ જગતના જીવો તણાતા જાય છે. એમને તારવા માટે આપ જહાજના રૂપમાં વિચરણ કરીને જીવોને તારીને ભગવાનમાં જોડો છો. આવી રીતનાં ધર્મદેવનાં વચનો સાંભળીને માર્કંડેય મુનિ ! રાજી થયા. ધર્મદેવ મુનિઓના મહિમાનું ગ્રહણ કરીને પોતાના મસ્તક ઉપર ગ્રહણ કરતા હતા. પછીથી માર્કંડેય મુનિ ધર્મદેવને કહેવા લાગ્યા, હે ધર્મદેવ ! આ સર્વે મુનિગણ તમારે ઘેર આવેલ છે. તે તો તમારા પુત્ર બાલપ્રભુનાં દર્શન કરવાના કામે આવ્યા છે. દર્શન કરીને પછી અમારો સમાજ અહીંથી ચાલતો થશે. તો અમને દર્શન કરાવી દ્યો. અમારે અહીંથી તીર્થરાજ પ્રયાગમાં જઈને રહેવું છે. એવો સર્વનો વિચાર છે ત્યાં વટમાધવ દેવનાં દર્શન કરવાં તથા બીજા દેવોનાં દર્શન કરવાં અને ત્રિવેણી સંગમમાં સ્નાન કરવાં આ રીતે અમો દર્શન કરીને આગળ જઈશું. ધર્મદેવે મારાં વચનો સાંભળીને મનમાં વિચાર કર્યો કે મને દરરોજ સંતોનો સમાગમ નથી મળતો પણ અત્યારે આવ્યા છે તેથી એમની સાથે થોડો સમાગમનો લાભ લેવો. આવી રીતે વિચારીને ધર્મદેવે અમારા પગમાં માથું નમાવીને કહેવા લાગ્યા, હે મુનિનાથ ! કરોડો ઉપાય કરીએ તોય આપ જેવા સંતોનો યોગ મળતો નથી. તેથી આપને હું સાચું જ કહું છું. હમણાં તો તમને જવા નહીં જ દઉં. તમારા જેવા સંતની તો મારે સતત સેવા સમાગમ કરવો છે. તેથી હમણાં અહીં રહો. ધર્મદેવના આગ્રહભર્યા વચન સાંભળીને મુનિવર રોકાઈ ગયા. રાત્રે મોડે સુધી જ્ઞાનચર્ચા કરી અડધી રાતે સંતો શયન કરવા ગયા અને નિંદ્રાધિન થયા.

ભગવાનના સ્વરૂપનો મહિમા તથા શ્રીહરિના નિવાસરૂપ હરિપુરનો મહિમા સંતના મુખે કહેવાયો હોય તેને સાંભળીને પોતાના અંતકરણમાં ઉતાર્યો હોય તેનું સ્મરણ કરે તે જીવ જરૂર પ્રભુના ધામને પામે છે.

**આ પ્રમાણે શ્રીહરિલીલાસિંધુમાં બીજા શૈશવ રત્નને શ્રી સહજાનદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારી રચિત છંદભાષામાં હરિ, હરિપુરના મહિમા કથનમાં ધર્મદેવના ઘરે મુનિઓનું આગમન થયું તે વર્ણન નામનો પાંચમો તરંગ થયો. ॥૫॥**

## તરંગ-૬

બધાંય મુનિજનોએ બાલમુકુંદ ભગવાનનાં દર્શન કર્યાં. ત્યાર પછી નામકરણ સંસ્કાર કરવા માટે તૈયારી કરી તેનું વર્ણન આ તરંગમાં જ જોવા મળશે. માર્કંડેય મુનિએ બાલપ્રભુ તથા અનંતના નામકરણ કર્યાં. તેનો મહિમા કહ્યો તથા યજ્ઞવિધિ કર્યો. તેનાં દર્શન કરવા તથા મુનિમંડળનાં દર્શન કરવા ઘણાં બધાં માણસો આવ્યાં. તેમને સંતોનો મહિમા સમજાયો તેનું વર્ણન કરેલ છે. અયોધ્યાપ્રસાદજી કહે છે, હે આનંદરાજ ! મુનિવર્ય બ્રાહ્મમુહૂર્ત (પ્રાતઃકાળ)માં જાગીને શ્રી ઘનશ્યામ પ્રભુનું સ્મરણ કરીને શૌચક્રિયા કરવા માટે પૂર્વ દિશામાં જ્યાં નારાયણ સરોવર છે તે તરફ ગયા. તે નારાયણ સરોવર નિર્મળ પાણીથી ભરેલું હતું. તેને બાંધેલા ઘાટોથી ખૂબ જ શોભતું હતું. તે સરોવરમાં જળકુકડાં કલરવ કરતાં હતાં અને પક્ષીઓ સૂરથી ગાતાં હતાં. તે સરોવરમાં ખીલેલાં કમળો ખૂબ જ પ્રમાણમાં છે તે કમળોના રંગો પાંચ રંગોવાળાં છે. તે કમળોમાંથી સુગંધ મહેકે છે. તે સુગંધમાં મદમસ્ત થયેલા ભમરા ગુંજારવ કરે છે. સરોવરમાં ખીલેલાં ચંદ્રકમળો સફેદ કમળોની સાથે ખૂબ જ શોભતાં

હતાં તથા સરોવનાં સેતું ઉપર આંબા, અશોકવૃક્ષ, દાડમનાં વૃક્ષો ઝુકેલાં હતાં તે શોભતાં હતાં.

મુનિએ આ સર્વે શોભા જોઈ મનમાં ખૂબ જ આનંદ થયો. પોતે શૌચક્રિયા કરીને, સ્નાનક્રિયા કરી નિત્ય વિધિ કરી સર્વ કાર્ય કરીને પુર પ્રત્યે આવ્યા. સ્નાન ધ્યાન કરવા માટે એકાંતનું સ્થળ જોઈને માર્કંડેય મુનિનું મન લોભાણું, કેમકે નિત્ય પ્રત્યે ભગવાન બાલપ્રભુનાં દર્શન થાય એ મોટું લાભનું કામ અહીં થાય. આ પ્રમાણે વિચાર કરતા હતા. ધર્મદેવે પૂજા કરવા માટે ફળ, ફૂલ, પત્ર વિગેરે ખૂબ જ લાવીને મૂક્યાં. ત્યાર પછી ધર્મદેવે મુનિના પગમાં વંદન કર્યાં. આનંદથી મનોહર વચનો કહેવાં લાગ્યાં. મુર્નિવર્યને ધર્મદેવ ફરીથી કહેવા લાગ્યા હે મુનિવર્ય ! તમે સંતસમાજ સાથે અમારા ઘેર રહો. ચાતુર્માસમાં ક્યારેય પણ બીજે જવાનું નહિ. આમ નિર્ણય કરીને સર્વે સંતો સાથે અહીં રહો. હે મુનિરાજ ! અહીં અનાજ, ધન, વસ્તુ, પદાર્થ બધું જ છે તે અનેક સેવકો કાયમ માટે ધ્યાન રાખીને આપે છે. માટે હે મુનિશ ! આપ અમારી ઉપર દયા કરીને અનુગ્રહ રાખો એવો આગ્રહ છે. હે મુનિરાજ આપ અત્યારે મારા બાલપ્રભુના નામકરણ કરવાનું છે તે સમયે જ આપ પધાર્યા છો. તેથી આપ હવે અમારા બન્ને પુત્રોની પહેલાં જનમપત્રિકા બનાવો. ત્યાર પછી અમને આપ જણાવજો. આપ જ્યોતિષ વિદ્યાના જ્ઞાતા છો તથા શ્રુતિ, સ્મૃતિ, ઈતિહાસ સર્વે શાસ્ત્રના વિદ્વાન છો. આપ સર્વ જાણો છો તેથી બાળકોની જન્મપત્રિકા બનાવો. તમારા જેવા જ્ઞાની બીજા અમને નથી જણાતાં માટે તમે જ બનાવો. તમારા જેવા બીજા કોઈ અમને માન્ય નથી લાગતા. તેથી તમને આગ્રહ કરેલ છે. હે મુનિરાજ ! તમે ભૂત, ભવિષ્ય, વર્તમાન સર્વને જાણનારા છો. આ વાત મેં મારા પિતા બાલકરામના મુખેથી સાંભળેલી છે. તે તમારા મહિમાને હું જાણું છું. ગુપ્ત રહસ્યની વાતને જેને જાણવી હોય તેમણે સંત સમાગમ કરવો પડે તો જ જાણવા મળે. એટલા માટે જ હું કાયમ માટે સાવધાન રહું છું અને સંતસમાગમ કર્યા કરું છું. આ રીતે મારકંડ મુનિ ધર્મદેવના મુખેથી ગૂઢ રહસ્યની વાત કહેવાયેલી જાણી તથા જુનો પરિચય મળ્યો. તેથી મનની અંદર હર્ષ થયો અને જાણવાની થોડી લાલસાથી જે વાત મુખે કહેવાતી ન હતી તે સામેથી આવીને ઊભી રહી.

આ બાજુ ધર્મદેવ મોટા પુત્ર રામપ્રતાપને કહેવા લાગ્યા. તમે ઘનશ્યામને તેડીને અહીં લાવો. એમને મુનિના પગનો ફરીથી સ્પર્શ કરાવીને પૂર્ણ કામ થઈ જવાય. તેજ સમયે ભક્તિમાતા પુત્રને શુદ્ધ જળથી નવડાવતાં હતાં. ત્યાર પછી નવડાવીને કોમળ કપડાંથી બધાં જ અંગોને સારી રીતે લૂછીને પછી સારિકા જળ નેત્રકમળમાં આંજી દીધી. પાતળાં કોમળ વસ્ત્રની અંગરખી ધારણ કરાવી. તેથી રૂપની સુંદરતા દેખાણી. મસ્તકના કેશમાં સુગંધી તેલ નાખી, સોનાની કાંસકીથી ઓળ્યા. મુલાયમ હાથ પગનાં કડાં, કંકણ ધારણ કરાવીને સુંદર કંટિકા (કંદોરો)કમરમાં પહેરાવીને ત્યાર પછી સ્તનપાન કરાવીને માતાએ ઘનશ્યામ પ્રભુ રામપ્રતાપને તેડવા આપ્યા. રામપ્રતાપ પિતા પાસે જવા લાગ્યા. રામપ્રતાપ નાના ભાઈ ઘનશ્યામને રમાડતા રમાડતા તેડીને લાવ્યા. આ બાજુ સંતોને ભગવાન બાલપ્રભુના દર્શનની લાલસાવૃત્તિ તે પૂર્ણ કરવા સમયસર અનંત તેડીને લાવ્યા ને દર્શન કરાવ્યાં. ઘનશ્યામ પ્રભુના સ્વરૂપને જોઈને મુનિરાજ ખૂબ જ આનંદ પામ્યા. દેહના ભાનને ભૂલીને કેવળ નેત્રથી ભગવાનના રૂપનું પાન કરવા લાગ્યા. નેત્રરૂપી ચકોર પક્ષી ચંદ્રસમાન પ્રભુના મુખકમળરૂપી અમૃત તેનું પાન કરવા લાગ્યા. દર્શન કરીને બધા મુનિજનોનાં હૃદય શીતળ થયાં અને બાલપ્રભુમાં ખૂબ જ પ્રીત થઈ ગઈ. રામપ્રતાપે ત્યારે બધા જ મુનિઓના પગે લગાડ્યા. ત્યાર પછી પોતાના પિતા ધર્મદેવને બાલપ્રભુ આપ્યા. ત્યાર

પછી અનંત પોતે બધા જ સંતોને મહાત્મ્ય સહિત સંતોને મોટા જાણીને પ્રેમથી પગે લાગ્યા.

ત્યાર પછી તે બલ ભૈયા પિતાની બાજુમાં બેઠા. એ જ સમયે પોતાનાં માતાજી ભક્તિમાતા ત્યાં આવ્યાં. એ આવીને સંતોને દૂરથી જ પગે લાગ્યાં. મસ્તક નમાવીને વંદન કર્યાં. મુનિઓએ એમને દુરથી ખૂબ ખૂબ આશિષો આપ્યા. ત્યારે હરિપ્રસાદ કહે, હે મુનિવર્ય ! મારા પુત્રનાં ભાગ્યનો ઉદય ક્યારે થાય છે. એ કહો ત્યારે તે મુનિવર્ય કહેવા લાગ્યા, હે ધર્મદેવ ! તમે સાંભળો. તમારા પુત્રના ભાગ્ય કોઈ કાંઈ ક્યારેય ન કહી શકે. જે હજાર ફેણવાળા શેષજી શિવ, શારદા, વ્યાસ, ભગવાન આદિક બ્રહ્મપદને પામેલા. બ્રહ્માજી, નારદજી તેઓ હજારો લાખો વર્ષ સુધી ગાયા કરે તોય પારને કરી શકતા જ નથી એવા તમારા પુત્ર છે. ધર્મદેવ તમારા પુત્રના ભાગ્યના ઉદયથી બધાયનું મંગળ જ થાય છે. કેમકે આ તમારા પુત્ર જ બધાના અમંગળ રૂપ દુઃખોને નાશ કરે છે. જે જનો વિવેકપૂર્વક એનો આશ્રય કરે છે તેના કષ્ટને જરૂર હરી લે છે. તમારા પુત્રના ભાગ્યના ઉદયને ચાહનારા તો ભગવાન વિષ્ણુ, શંકર ચાહે છે, સેવે છે તે જ ઉદય પામે છે. ભગવાન વિષ્ણુ તો પ્રકૃતિના પતિ સ્વામી આદિપુર જેને કહેવાય છે તે જ આમનાં ભાગ્યનાં ઉદયને ચાહે છે.

સર્વની ઉપર તો અક્ષરધામ આવેલું છે તે અક્ષરધામમાં જ રહેનારા છે. માટે હે ધર્મદેવ ! એમના ભાગ્યને જાણવાનું ચાહો તો એ જ સર્વના ભાગ્યના કરનારા છે. એ જ સમજવાનું છે. એ તો પોતે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છે. જેથી સર્વની ઉપર તો શ્રુતિગાન મુખ્ય છે. તેથી એ જ પુરુષોત્તમ પ્રભુ જ તમારા પુત્રરૂપે બાલહરિ છે. તેથી એમના મહિમાને કોઈ કહી જ ન શકે એ જ એમની મહાનતા છે. હે ધર્મદેવ ! તમને અને બાલા બન્નેને ધન્ય ધન્ય છો. કેમકે તમારા જે પુત્ર છે તે શંકર્ષણ અને મુનિઓનું પાલન કરેલ છે, રક્ષણ કરેલ છે એવા એ જ તમારા પુત્ર છે. તમે બન્ને તો પણ ભાગ્યના મૂર્ધન્ય છો તો તમારા ભાગ્યની શા માટે ગાન કરવાની જરૂર જ છે. એનાં ગાણાં શા માટે ગાઓ છો. તમારા પુત્ર તો સર્વ કારણના કારણ દેવ છે. એજ નિર્લેપ નિરંજન નારાયણ જ તમારા પુત્ર થયા છે. જેમના એક જ કટાક્ષથી અનંત કોટિ બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ નાશ થાય છે એવા અનંત અંડના સ્વામી પોતે જ છે તો તમારે એનો જ મહિમા ગાવાનો છે.

તમારા પુત્ર તો સર્વથી પર છે અને સર્વમાં વ્યાપીને રહ્યા છે અને તમારા પુત્રનો મહિમા તો કોઈ પૂરો જાણી શકતું જ નથી. કેમકે જીવ કે ઈશ્વરો જે કોઈ જે પ્રકારનાં જેવાં કર્મ કરે છે તેના ફળને આપનારા તો આ સર્વના અધિષ્ઠાતા જ છે. સર્વ વિશ્વનું ભરણપોષણ તથા સર્વ જીવોનું પાલન કરનારા તો આજ બાળક સુંદર ડોકવાળા તમારા પુત્ર નિર્ગુણ, સગુણ બન્ને રૂપને ધારણ કરીને સોળે ચિહ્નોથી શોભતા ચરણકમળની શોભાવાળા તમારા પુત્ર જ છે. એમનામાં સર્વ સુખો દુઃખો સમાયેલાં જ છે. પ્રપંચી અને અપ્રપંચી ક્રિયાઓથી તમારો પુત્ર તો જુદા જ કહેવાય છે. એ તો પોતે જ અનંત જીવોના કલ્યાણ માટે મનુષ્ય સ્વરૂપને ધારણ કરીને ચરિત્રો કરે છે. સર્વ કોઈને અનુકૂળ દર્શન થાય, હેત થાય તે માટે દ્વિભુજાવાળું સૌમ્ય સ્વરૂપને ધારણ કરેલ છે. તે છતાં તમારા પુત્ર તો દિવ્યમૂર્તિ સત્ ચિત્ આનંદ ઘનથી પર પરબ્રહ્મ પોતે જ છે તે જ તમારાં પુત્ર બાળક થઈને તમારે ત્યાં આવ્યા છે. હે ધર્મદેવ ! તમારા પુત્રના ભાગ્ય તો અપાર છે. કેમકે શ્રુતિઓ અને સદગ્રંથોથી તો પાર જ નથી આવતો તથા ઉપનિષદો, ઈતિહાસો, પુરાણો નિત્ય નવા નવા ચરિત્રોને ગાયા જ કરે છે. જ્યોતિષ શાસ્ત્રો આંકડાના ગુણાંકન કર્યા જ કરે છે. તોય તેનો તો છેડો આવે છે. પરંતુ તમારા પુત્રના ગુણનો તો અંત આવતો જ નથી અને વિષ્ણુ, બ્રહ્મા, શિવજી સર્વે ગુણને ગાયા જ કરે છે. દેવો, સિદ્ધો, મુનિજનો સર્વે ગુણનું ગાન કરી

કરીને થાક્યા તોય આ તમારા પુત્ર સર્વના સ્વામીના ગુણનો પાર ન આવ્યો.

અલખ નિરંજન રૂપને કેમ કરીને જોવાય (દર્શન થાય) દિવ્યચક્ષુ પ્રાપ્ત થાય તો જ ભગવત કૃપાથી જ જોઈ શકાય. એ જ પ્રભુના ભાગ્યના ઉદયના પારને પામેલો હે ધર્મદેવ ! એ ભાગ્યને તપાસવાનું કોઈનાંથી પાર ન આવે તેવું છે. પોતાના મુખની વાણીને શુદ્ધ રીતે બોલતા થકા ભગવાનના ગુણ ચરિત્રને મુનિઓ, મહાત્માઓ ગાયા કરે છે. તે તો આજ મનુષ્ય સ્વરૂપના પ્રતાપથી ગાય છે. જેના પ્રતાપથી ગાય છે તે જ આ પ્રભુ સાંભળે છે અને ગાય છે. એટલા માટે હે ધર્મદેવ ! તમારા પુત્રના ગુણનો મોટો સાગર ભરેલો છે. તે તો અપાર છે. તેને એક ચાંચ ભરીને ચુસ્યા કરે તેનાથી ક્યારેય પાર ન જ આવે. થોડાક જીવો આ ગુણનું પાન કરે છે. તેથી શ્રવણ કરીને થાકે છે છતાં થોડું પણ ખૂટતું નથી. ભગવાનના લીલાસિંધુને થોડું લેવાથી તેમાં કોઈ ઘટાડો થતો જ નથી.

આજ જ્ઞાનરૂપી દહીંથી મેં ચાંચ ભરી રાખેલ હતી. તે ઘણા સમયથી પાત્રની રાહ જોતો હતો. તે તમે આજે પાત્ર યોગ્ય મળ્યા. શુદ્ધ ઉપાસના, જ્ઞાનવાળા તમે છો. તેથી તમને સત્યજ્ઞાનનો માર્ગ મહિમાનું વર્ણન કરું છું. આટલું કહીને તે માર્કંડેય મુનિ મૌન રહ્યા અને ધ્યાનયોગથી સ્મરણ કરીને ભગવાનના મહિમાની સ્મૃતિ કરતા હતા તે સ્થિતિમાં ભગવાનના મહિમાના પ્રેમસાગરમાં ડુબકો ખાતા હતા. અંતઃકરણમાંથી મુખમાં નહિ આવતું તે વચનો શોધતા હતા. આ રીતે એકાગ્ર ચિત્ત થયેલા મુનિને ભગવાનના કોમળ રેખાઓ યુક્ત ચરણકમળનાં નેત્રોમાં દર્શન થયાં. બે ઘડી સુધી દર્શન કરીને અતિ ઉત્સાહથી તે જ રીતે બાલસ્વરૂપ પ્રભુનાં દર્શન થયાં. મનમાં આનંદના ઓઘ આવ્યો. હૃદયમાં આનંદ થયો. રોમાવલી ખડી થઈ ગઈ. ગદ્‌ગદ્‌ કંઠસ્થ થઈ ગયો. તેથી બોલવામાં અસમર્થ થઈ ગયા. ભગવાનના બાલસ્વરૂપને જોઈને એ સ્વરૂપની મનોહરતાથી મુનિજનોના મન પણ લોભાયાં.

હે રાજન ! તે જ સમયે ધર્મદેવે નામકરણવિધિ કરવા માટે પૂજા યજ્ઞ માટેનાં પવિત્ર મંગળકારી દ્રવ્યો સર્વે લાવ્યા તે હોમ કરવા માટેનાં સમિધા સાથે લાવ્યા. ત્યાર પછી ધર્મદેવ સ્નાન કરીને તૈયાર થઈને પૂજામાં પ્રથમ માતૃકાનું પૂજન કરીને નાંદિ શ્રાદ્ધ કર્યાં. ત્યાર પછી સંકલ્પવિધિ કર્યો ને પૂજાવિધિ ચાલુ કર્યો. આ રીતે થયેલ વિધિ કરીને લૌકિક વિધિમાં પાર્થ અગ્નિ નામના નામ કરીને અગ્નિની પ્રતિષ્ઠા કરીને પૂર્વ મુખે વિધિ કરવા માટે બેસાડ્યા. પુત્રને પણ સફેદ વસ્ત્રો પવિત્ર પહેરાવ્યાં. ધર્મદેવે પૂર્વ મુખે પોતાની પાસે બેસાડ્યા. તે શ્રીહરિને માતા ભક્તિદેવી પોતાના ખોળામાં બેસાડીને પિતાની દક્ષિણ બાજુમાં બેઠાં. માતાએ પુત્ર ધર્મદેવને આપ્યા અને ત્યાર પછી અગ્નિને આહુતિ આપતા હતા ત્યારે ત્રણથી પાંચ વ્યાહૃતિનો જપ કરીને આહુતિ આપી એટલો અગ્નિદેવ પ્રગટ થયા. આહુતિ લેવા માંડ્યા. નોમનો દેવતા ચંદ્રમા છે. પુષ્યનક્ષત્રના દેવતા ગુરુ કહેવાય છે. અને તિથિ નક્ષત્ર તેના દેવતાઓની આહુતિઓ આપીને ધર્મદેવે પૂજાવિધિ કર્યો. ડાબા હાથે જળનો સ્પર્શ કરીને જ્ઞાનઇન્દ્રિયનો સ્પર્શ કર્યો અને તેને દેવોના મંત્ર બોલીને વિધિ કર્યો. નામકરણવિધિનો પ્રારંભ કર્યો. નામકરણ કરવાનો નિશ્ચય કરીને પંચાંગ પત્રકમાં જોવા લાગ્યા. તેમાં દોષોનું નિવારણ કરીને તેનો ત્યાગ કરીને ચંદ્ર રાશિ નક્કી કર્યાં.

આદિથી અંત સુધીમાં જો છ અંક આવે તો તે વર્જિત છોડવાનો હોય છે. દીર્ઘ કે વિસર્ગ મધ્યમાં આવે તો તે વર્જીત ન કહેવાય છે. એ નામ ન લેવું. ચારે વર્ણ નામમાં બેજ નામવર્ણ શુદ્ધ ગણાય છે. તેનું પ્રથમ માતાને

સંભળાવે છે અને પછીથી પોતાના પ્રિયજનને કહેવામાં આવે છે. ત્યારે માર્કંડેય મુનિએ આ રીતે કહીને આગળ ઉપર વિસ્તારથી શ્રીહરિના નામો કહ્યાં. તેનાં વચમાં મોટાભાઈનાં ટૂંકમાં નામ કહી દઉં તેને તમે સાંભળો. મારકંડ મુનિ ધર્મદેવને કહે છે કે પહેલાં મોટા પુત્રના ભાગ્યનું લખાણ કરી વર્ણન કરીને નાનાનું નામકરણ ભાગ્યવર્ણન થાય તો તે યોગ્ય કહેવાય. માટે પ્રથમ જ્યેષ્ઠ બંધુના નામ કહું. આ મોટા પુત્રને બધાય કહે છે કે રૂપાળા બળદેવ છે. તે પોતે કાયમ આનંદમાં રહ્યા કરે છે અને ભગવાનનું ભજન કર્યા કરે એવી એક એમની ટેવ છે. પોતાના સંબંધથી બધાના દુઃખોના તાપને હરે. બીજાને સુખ કરે અને અતિશય પ્રતાપથી રાજાને પણ જીતી લે. તેથી એને રામપ્રતાપ કહેવાય.

પૂર્વના જનમમાં આ રામપ્રતાપ દેવકી માતાના ગર્ભમાંથી ખેંચાઈને રોહિણી માતાના ગર્ભમાં ગયો. તેથી એમને સંકર્ષણના નામથી બોલાવે છે. વર્ષાઋતુમાં આનો જન્મ થયો છે. તે ખૂબ જ સારું છે. તે શ્રેષ્ઠ કહેવાય છે. તેમાંય શ્રાવણ મહિનો જગતના જીવોનાં કલ્યાણ કરનારો છે. પુણ્યનો મહિનો છે. તે બહુ જ પવિત્ર છે. આના જન્મના સમયે શ્રાવણ વદી આઠમનો દિવસ હતો. ઉત્સવનો દિવસ આનંદનો દિવસ છે. તેથી આ ઉત્સવ વલ્લભ છે. તેથી પૂર્ણાનંદ દિવસ છે. ધર્મ જ્ઞાનવૈરાગ્ય ગુણના દાતા અતિ ઉદાર છે અને શ્રવણ ભક્તિ અને કીર્તન ભક્તિ તે શેષસમાન તેનો સાર થાય છે. એમાં અતિશય સંત સમાન ગુણ છે. હરિભક્તો ઉપર ખૂબ જ હેત રાખનારા છે. આમને ભક્તિ વિના એક ક્ષણ પણ જવા નહીં દે એવો અલૌકિક લાભ લેનારા છે. આ રામપ્રતાપ પોતાના નાના ભાઈ ઉપર ખૂબ જ હેત રાખનારા છે. આ રીતે તમારા મોટા પુત્રના ગુણ કહ્યા. હવે નાના પુત્ર કૃષ્ણ (ઘનશ્યામ)ના ગુણનું તમને વર્ણન કરીને કહું.

હે રાજન ! આ ભગવાનનાં ગુણને જે ગાય અથવા સાંભળે તો તેના અંતઃકરણમાં નિર્મળતા આવે છે. એને ભગવાનના સ્વરૂપની જલદી સ્મૃતિ થાય છે. અંતરમાં આનંદ રહ્યા કરે છે.

**આ પ્રમાણે શ્રીહરિ લીલાસિંધુમાં બીજા શૈશવ રત્નમાં વૈષ્ણવાનંદ બ્રહ્મચારી રચિત છંદભાષામાં શ્રીહરિ અનંતના નામકરણ કર્યાં તેના હોમવિધિનો મહિમા કહ્યો તે નામે છઠ્ઠો તરંગ થયો. ॥૬॥**

## તરંગ-૭

રાજા કહે છે, હે સુવ્રત ! મુનિરાજ માર્કંડેય મુનિએ બાલમુકુંદ ભગવાનના નામનો મહિમા કહ્યો. હવે હે મુનિદેવ મંગળ કરનારાં ભગવાન પુરુષોત્તમનાં ગુણચરિત્રો વિસ્તારથી મને કહીને સંભળાવો. સુવ્રત મુનિ પ્રતાપસિંહ રાજાને કહે છે હે રાજન ! માર્કંડેય મુનિ પંચાંગમાં જોઈને પછી ભગવાનના સ્વરૂપને પોતાના હૃદયમાં જોડી રાખ્યું અને ધર્મદેવને મુનિ કહેવા લાગ્યા. બાલપ્રભુનો જન્મ કર્ક રાશિમાં થયો છે. પોતે કોઈનાથી ડરતા નથી. તેથી સર્વ ભક્તજન સમુદાયને ભયમુક્ત બનાવનારા થશે. કાળરૂપી સર્પના ભયથી લોકો મરે છે. તેમને તમારા પુત્ર અભય વરદાનથી નિર્ભય બનાવશે. જેની મરજીથી આખું જગત હલન ચલન કરી શકે છે તે જ પ્રભુ પોતાના આશ્રિતોને અડગ નિશ્ચયવાળા કરશે. હે ધર્મદેવ ! આ તમારા પુત્ર પોતાની મરજી પ્રમાણે સર્વનો સ્વચ્છંદ નહિ રહેવા દે એમની આજ્ઞા પ્રમાણે વરતાવશે. મતવાદીઓ શાક્ત જન કુડાપંથી જન એમને તમારા પુત્ર પોતાના પ્રતાપથી ડંડ આપીને મતવાદી જુંડને ઠીક કરશે. બુદ્ધિથી, મનથી પોતે અધર્મ સર્ગનો નાશ કરીને સત્ય ધર્મને દૃઢ કરશે. પોતે સર્વોપરિ જ રહેશે.

હે ધર્મદેવ ! આ પ્રમાણે પ્રથમ કર્કરાશિમાં ડ, હ પ્રમાણેના ગુણ હોય છે. હ અક્ષર છે તેના પ્રતાપથી બધાની આપત્તોને હરશે. બધાને સુખ, સંપત્તિ આપી. આનંદિત કરશે, પોતાનો હક્ક ચલાવશે, મર્યાદા બાંધશે. ધર્મને પોતાની માર્મિક વાતોથી બચાવશે. હંમેશાં આનંદમાં રહેશે. મનમાં ક્યારેય અધૂરાશ નહીં રહે. મુખે મંદ મંદ હાસ્ય કરતા રહેશે. ક્યાંયથી પાછા નહિ હટે અને બધા જ પ્રશ્નોના ઉત્તર આપશે. શત્રુઓનો પરાભવ કરશે. બધાના શત્રુને હરી લેશે અને બધા જીવોના સત્યના માર્ગ ઉપર ચલાવડાવશે. બધાના મનની હામોને પૂર્ણ કરશે. માટે હે ધર્મદેવ ! આ તમારા પુત્ર આવી રીતે અલૌકિક ગુણવાળા છે. એનું તમારે ખાસ ધ્યાન રાખવાનું. આની બધી જ વાતોમાં હા હા જ કરવી. એની વાતને ટાળશો નહિ. અતિ પ્રમાણીજનો જ એમનો આશ્રય કરીને વર્તશે. હેતપૂર્વક લોકોના મનને હરિ લેશે. એટલા માટે એમનું નામ હરિ એવું પાડ્યું. હરિના નામથી બોલાવતાં આ તમારા પુત્રનો જે રકાર છે તે રીષરહિત, રીપુરહિત (શત્રુરહિત) તે પોતે સૌની રક્ષા કરનારા છે. તેથી બધાય ઉપર રાજી થશે. બધાય આશ્રિતોને રિદ્ધિ સિદ્ધિ આપશે. એવા મહાન થશે. ભક્તજનો આમનું હરિ હરિ નામથી ભજન કરશે અને હરિના નામ ઉપર ધ્યાન ધારણા કરશે. એટલા માટે હરિનામનું માર્કંડેય મુનિએ ખૂબ જ વર્ણન કરીને હરિ નામ નક્કી કરી દીધું. માર્કંડેય મુનિ કહે છે હે ધર્મદેવ તમે સાંભળો. આ તમારા પુત્રના ગુણો મેં તમને જણાવ્યા. તે બીજા કોઈ જાણતા નથી. એટલા માટે તમને સાચું જ કહું છું.

હે ધર્મદેવ ! આ તમારા પુત્ર યુગ યુગ પ્રત્યે મનુષ્ય અવતાર ધારણ કરે છે. એટલે પ્રગટ દેવ કહેવાય છે. સતયુગમાં શ્વેત વર્ણોથી અને ત્રેતાયુગમાં લાલ વર્ણવાળા સ્વરૂપે શોભાયમાન થયા છતાં લોકોને આનંદ આપતા હતા. દ્વાપર યુગમાં પીળા વર્ણવાળા શ્રીકૃષ્ણ રૂપે થઈને લોકોને મન આનંદ આપ્યું. કળિયુગમાં કૃષ્ણવર્ણ કળિનું તન પણ કાળું છે. તેથી આ તમારા પુત્રનું કૃષ્ણ નામ થશે અને હરિનામ સાથે જોડીને હરિકૃષ્ણ એવા નામથી પણ કહેશે. આ તમારા પુત્રનો જન્મ ચૈત્ર માસમાં થયો છે. તેથી કૃષ્ણવર્ણ વાળા હોવાથી ઘણા મનુષ્યો ઘનશ્યામ નામથી પણ બોલાવશે. ઘનશ્યામ નામનું ભજન કરીને જીવો અતિશય પરમસુખને પામશે. આના અનેક નામો કહેલાં છે. તેમાં હરિ, કૃષ્ણ વળી કેટલાંક જનો હરિકૃષ્ણ તથા ઘનશ્યામ એવા નામથી એના કાર્ય અનુસાર નામ પાડશે. મહાભયંકર કોલસાથી યે કાળી મહાબળવાન એવી કૃત્યાઓનો નાશ કરીને એ સર્વને તરત જ ઉત્તમ ગતિ આપીને અક્ષરધામમાં મોકલી દીધી. એવા દયાળુ છે. મહાક્રૂર, મહાકપટી, માયાવી, અતિઅધમ એવા કાળિદત્તના ક્રોધરૂપી કટારને કાપી નાંખીને એને મારીને આવા ભયંકર કઠણ કામ કરનારા, અધર્મના મૂળને ઉખેડીને સદ્ધર્મની સ્થાપના કરનારા મહા ઐશ્વર્યવાળા આ તમારા પુત્ર બાળપ્રભુ પોતે જ છે.

હે બહેન ! આ તમારા પુત્ર કૃપાયુક્ત, કરુણામય નેત્ર કરીને શીતળશાંત અમૃતમય સ્વભાવના છે. કીર્તિવાળા હોવા છતાં પણ પોતે કોઈ જાતના ક્લેશ વિનાના નિર્દોષ શુદ્ધ શરીરવાળા ધર્મ પાળવામાં પળાવવામાં બડભાગી છે. કૃષ્ણ અક્ષરની સાથે રનો યોગ કરીને રથી રક્ષણ કરનારા પોતાના જનનું હરિજનોનો પરાભવ કરીને રક્ષા કરે છે. કકારાદિ સર્વે કુળનો ઉદ્ધાર કરનારો એવા ગુણ આપના પુત્રના છે. કૃષ્ણ જોડાયેલા વર્ણથી એનું વર્ણન થાય. સુખ કરનારો સર્વજનના સર્વ કાળમાં એ પ્રમાણે થાય. પોતાના સર્વ આશ્રિતજનોને સુખી કરવા માટે એના બધા જ શત્રુનો નાશ કરનારા એવો અર્થ થાય છે. આ પ્રમાણે માર્કંડેય મુનિએ કૃષ્ણ નામના ગુણનું વર્ણન કરીને પછી ધર્મદેવને ઘનશ્યામ નામનું વર્ણન કરીને એ નામની શ્રેષ્ઠતા સમજાવશે.

હે ભાઈ ! જેવી રીતે પૃથ્વી ઉપર મેઘ વર્ષે છે ને બધાને તૃપ્ત કરે છે તેમ આ સુખદાયી પ્રભુ બધા મનુષ્યોને

તૃપ્ત કરે છે. આ પ્રભુ બધા ઉપર કરુણામય દૃષ્ટિ કરીને બધા જીવોનું મંગળ કરનારા છે. સમાન દૃષ્ટિથી જેવી રીતે પાણી વર્ષે છે તેવી જ રીતે આ બાલપ્રભુ બધાનાં દોષો, કષ્ટોને હરીને સુખી કરે છે. એવા આ શ્યામ પ્રભુ સર્વના ઉપરી સર્વના સ્વામી છે અને પોતે અક્ષરધામના ધામી છે. બધાનું પાલન કરે છે. પોષણ કરે છે. બધાના મનના ભાવને ભરે છે. એટલા માટે એમને સર્વે મુનિવરોના સ્વામી કહેવાય છે. મેઘસમાન શ્યામ શરીરની શોભા મનોહર છે. જેમ મોરનું જુથ સર્વનાં મનને ખેંચે છે તેમ આ શ્યામસ્વરૂપ મુનિઓના મનને પોતામાં ખેંચે છે. તેથી એમને ઘનશ્યામ કહેવાય છે. આ તમારા બાળક બધાના મનના ઘાટોને જાણે છે. દરેક નામના પ્રતિભાવને જોઈ તેનું પાલન કરનારા છે. અધર્મીઓને શરીરમાં ભયંકર ઘા થાય ને ખટકે તે આ ઘનશ્યામ એમના મનમાં ખટકે છે અને સંતજનોના મનમાં કાયમ આમના મંત્રનું રટન થયા જ કરે છે. બધા જ મનુષ્યોના રૂપોમાં શ્રેષ્ઠ રૂપ છે. તેથી નટખટ કહેવાય છે. આ બાળક ચૈત્ર માસમાં જન્મ્યા છે. એટલે ચિત્તને ચોરનારા નેત્રોની ચંચળતાવાળા બાલમુકુંદ છે. ચતુર હોંશિયાર ચપળ છે. તેથી બધા ચાહના કરે છે. એમની ચાલવાની ગતિ પણ ખૂબ જ ચપળ છે. તેથી હાથી અને હંસ પણ એનાથી આભા પામે છે. આ બધાના મનને નિર્મળ કરનાર છે. શુદ્ધ નિર્મળ મનોહર બોધ આપનારા છે. તેને જીવો પોતાના મનમાં ધારે છે. કાયમ બહારનાં વસ્ત્રો શ્વેત, સ્વચ્છ ધારણ કરે છે. અંતકરણ પણ સ્વચ્છ જ રાખે છે. તેથી બધા માણસો સંતો ગરીબોનું પાલનપોષણ કરનારા કહેવાય છે. મધુમાસ ચૈત્રમાસમાં આનો જન્મ થયો છે. મધુ હારિપ જન્મ ગુણ હોવાથી આ સર્વના પાપને હરીને સુખી કરનાર છે. અને ઋતુરાજા વસંતમાં જન્મ્યા. તેથી બધા સંતો આમને મહારાજા કહે છે. ફૂલ પોતે સુગંધવાળું છે. તેથી બીજાના શરીરને સુગંધમય બનાવે છે. સુગંધ શરીરવાળા કાયમ સદાકાળ ફૂલના ભારમાં જ રહેનારા છે. નવાં નવાં વસ્ત્રો, આભૂષણો ધારણ કરાવીને જનો રાજા મહારાજા સમાન વેષ ધારણ કરાવે છે. આ ઘનશ્યામ મલિન કાળ પછી પ્રગટ થયા છે. એટલે લોકોનાં પંચવિષના દોષોને હરનારા થશે. ખ્યાતિને પામશે. જેમ સૂર્યનારાયણ રાત્રીના અંધકારને દૂર કરી પ્રકાશ ફેલાવે છે તેમ આ તમારા પુત્રપોતાના સ્વરૂપ તેજના પ્રતાપથી જ્ઞાનમય તેજને ફેલાવશે.

ચંદ્રવાસવાળાં નક્ષત્રમાં જન્મ થયો. તેથી જ્ઞાનનો ઉપદેશ આપીને લોકોને શુદ્ધ જ્ઞાનવાન કરશે. મુમુક્ષુ જીવોને સાચા માર્ગમાં લાવીને સુધારીને મુનિજનોના મનને પણ શુદ્ધ સાત્ત્વિકતાવાળાં કરશે. નવમીના રોજ પ્રગટ થયા. તેથી નવાં નવાં સ્થળે જ્યાં જાય ત્યાં ત્યાં પૂજન થશે. નવાં નવાં રૂપે દર્શન આપીને હરિભક્તો સંતોનાં મનને હરનારા થશે. આનંદ ઉપજાવશે. સુકરમા નામના યોગમાં જન્મ થયો છે. તેથી આ બાળક મનોહર પવિત્ર કલ્યાણકારી રૂપથી શોભશે. દેહધારી જીવોને દોષોથી મુક્ત કરીને એમને સુકૃત કરતા કરશે. તેથી શ્રીહરિ પરમાર્થ કરીને આનંદ પમાડશે. આમના જન્મના સમયમાં પુનર્વસુ પછી પુષ્ય નક્ષત્ર આવ્યું. તે તેમના માટે યોગ્ય જ છે. કેમકે આમના બધા જ ગુણો મંગલ કરનારા છે. તે ગુણો આમનામાં કાયમ માટે રહેવાના છે. આ વૃશ્ચિક લગનમાં પ્રગટ થયા છે. તેથી એમના અલૌકિક ચિહ્નો શરીરમાં અનંત હશે. તેમાં ઉર્ધ્વરેખા આદિ ચિહ્નો મુખ્ય છે. તેથી ચરણ કમળમાં ચોખાં જણાય છે. આ પુત્ર ત્યાગ, જ્ઞાન, જપ, તપ, યોગ આદિ કરીને શીવજીથી પણ વિશેષ થશે તેથી આ નીલકંઠના નામથી જગતમાં ખ્યાતિને પામશે. આમનાં દર્શન કરીને લોકો પરમ સુખને પામશે.

હે બાલા ! આ તમારા પુત્ર રાત્રે આકાશમાં ચંદ્ર ઉદય પામેલો (કમલિની ખીલેલા). ત્યારે મધ્યરાત્રિ પહેલાં

જન્મ થયો છે. માટે સુંદર તીખા ગોરા કંઠવાળા થશે. મધુર સ્વરથી બોલનારા થશે. બધાના નાડીને એવી રીતે ખેંચીને તાણશે. કોઈને ખ્યાલ જ નહિ આવે. આ બધા જ આશ્રિતોને પોતાના આજ્ઞા ઉપાસનાના નિયમમાં રાખશે. તેથી સર્વના નિયંતા થશે. તે નીતિ, આગમ નિગમના જ્ઞાનમાં પ્રવિણ એવા સંતોના પણ મનને ખેંચનારા થશે. પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવશે. નિષ્કામ ભાવથી ભક્તિ કરાવશે. તેથી સર્વે મનુષ્યો આમને પરબ્રહ્મ પુરુષોત્તમ માનશે. લક્ષ્મી જેવી પવિત્ર સ્ત્રીઓ આમનું ભજન કરશે તેથી તેમને લક્ષ્મી સમાન એમને ઉપમા ગુણમાન આપશે. તેવા સામર્થ્યવાળાં થશે. લોકપતિ બ્રહ્માદિક આમના થોડાક જ લીલા ચરિત્રોને જોઈને એમની મનોહરતા તથા એમના ગુણ ચરિત્રોનું શારદા આલેખન કરશે. નીલકંઠ ભગવાન શંકરને ચારે વર્ણનાં લોકો જાણે છે. આમના ગુણને પણ એ સજ્જનો જાણે છે. આ પ્રમાણે નામના પ્રભાવથી બધા વર્ણના એ પ્રમાણે ગુણો પણ કહેવાય છે.

હે ધર્મદેવ ! તમારા આ પુત્રના ગુણો બહુ જ છે. તેમાંથી થોડા કહું છું. તેને તમે ઉરમાં ધારીને સાંભળો. તમારા પુત્રનો લવ માત્રમાં જેને ગુણ આવ્યો. પ્રભુના ગુણ ગાતાં પ્રભુમાં પ્રેમ જેને જાગ્યો. એને અલૌકિક સુખ મળ્યું. લવમાત્રનું ફળ પ્રથુ રાજાને આવ્યું તો એમણે કથા સાંભળવા માટે દસ હજાર કાનની માંગણી કરી. સૃષ્ટિ કરનાર પ્રજાપતિને લવ માત્ર ચતુરાઈ આવી તે તમારા પુત્રના પ્રતાપથી જ આવી. જગતના નાશ કરવા માટે લવ માત્રમાં કરવાની હોંશિયારી તમારા પુત્રની કૃપાથી જ થાય છે. અનેક બ્રહ્માંડમાં જીવોનું ભરણપોષણ તથા રક્ષણ કરવાનું બળ વિષ્ણુએ ઉપાસના કરી તો તમારા પુત્રની કૃપાથી જ પામ્યા છે. નીતિનિયમના શાસ્ત્રના જ્ઞાન વર્ણોમાં થોડોક જ ગુણ આવ્યો. તો તે જ સમયમાં તમારા પુત્રના પ્રતાપથી શુકદેવ વૈરાગ્ય રૂપ થયા.

હે ધર્મદેવ ! નારદજી જે બ્રહ્મવિદ્યા તથા તેના મહિમાને જે જાણે છે તે પણ તમારા પુત્ર શ્રીહરિના એક લવમાત્ર ગુણના પ્રતાપથી છે. દયાસિંધુ પ્રભુની અતિશય દયા છે.તે દયા રંતિદેવ રાજામાં સહેજ એક અંજલિ જેટલી જ ઉતરી તથા શરણાગત વત્સલ ભગવાન રામચંદ્રમાં જે ગુણ આવેલો તે પણ આ તમારા પુત્રની કૃપા માત્ર હતું. જીવ અને ઈશ્વર જે છે તે માયિક જે ચોવીસ તત્ત્વ તેનાથી જુદા જ છે. તે જીવ ઈશ્વરના તત્ત્વને સંપૂર્ણ રીતે જાણનારા તથા એ ગુણમાં રહેનારા કપિલદેવ ભગવાન છે. તે પણ એમની કૃપાથી જ જાણે છે. દત્તાત્રેયની અંદર પણ જે ભગવાન શ્રીહરિની કૃપાથી જ દોષનો ત્યાગ કરીને ગુણને ગ્રહણ કરવા, તેને પોતાના જીવનમાં ઉતારવા, એ સર્વ કૃપાનું જ કારણ છે તથા અર્જુનને જે અંતશત્રુઓને જીતીને તેનાથી પર રહેવાનો જે ગુણ આવ્યો તે પણ આ તમારા પુત્રનો જ પ્રતાપ છે. જ્યારે બાળક કાંઈક બોલવા શક્તિમાન થાય ત્યારે તે પ્રશ્ન ઉત્તરની યુક્તિ પ્રયુક્તિને જાણવામાં સમર્થ થાય છે. અને ગુરુના જ્ઞાનને ગ્રહણ કરે એવો થાય છે. બલી રાજામાં જે ધીરતાએ પ્રવેશ કર્યો તે સર્વે આ બાલપ્રભુના પ્રતાપથી જ થયો હતો. તથા ઉદ્ધવજીમાં જે ભગવાનના મહાત્મ્ય ગુણની ગ્રાહતા રૂપ જે જ્ઞાન આવ્યું તે આના પ્રતાપથી જ આવ્યું એમ જાણવું. જે માયાએ કાર્યો કર્યાં તેમાં જે ચિત્રવિચિત્રતા આવી છે તે તો આ પ્રભુનાં બળ માત્ર થોડા પ્રતાપથી જ આવી છે. ફળ, ફૂલ, ત્રૃણ, ઝાડ, એનાં પાંદડાં તથા પાણીના બિંદુમાંથી માનવની ઉત્પત્તિ જે થાય છે તે સર્વે માયાનાં કાર્યો છે. તેમાં પ્રભુના લવમાત્ર ગુણનો જ પ્રતાપ છે.

આ જે કાળના ક્રમમાં બધાની વૃદ્ધિ થાય છે. તે હે બાલા ! તમારા પુત્રના પ્રતાપથી જ થાય છે. જુદી જુદી જાતિ, જુદી જુદી વિજાતિના જે ભેદ કર્યાં તથા સાદશ પ્રમાણથી બધાંને એકસરખાં ન કર્યો ને દરેકને જુદાં જુદાં

કર્યાં તે આ તમારા પુત્રના પ્રતાપથી જ થયાં છે. દેવો, મનુષ્યો, દાનવો, મુનિઓ, નાગો, તેનાં સ્થાનો, ભોગો, તથા તેમના લોકસ્થાનો, વિભાગો રચવામાં જે ચતુરતાનો જેટલો ભાગ છે તે તમારા બાળપુત્રના ગુણનો પ્રતાપ આવેલ છે. એ પ્રમાણે માનો. બધા જ પ્રકારના કર્મની ગતિને તમારા પુત્ર બાલમુકુંદ જાણે છે. કેમકે બધાના ફળ આપનાર બધાના નાયક આ જ છે. તે તમારા સર્વના સંસારમાં જન્મવાના ફેરા ટાળનારા છે. અક્ષરબ્રહ્મના અનંતપણાના સર્વના જાણનારા જે છે તે જ પોતે છે. તે અક્ષરબ્રહ્મના પ્રકાશનારા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ તમારા પુત્ર જ છે. આ બાળપ્રભુના બે હાથ અને બન્ને ચરણ જે છે તેમાં બન્ને ચરણમાં ઉધ્વરેખા દેખાય છે. તેથી તે તમારા બધાયનું આ બાળક રક્ષણ કરશે. બધા જ ઈશ્વરો આમની જ આજ્ઞાનું પાલન કરનારા હાજર જ છે. હાથમાં જે પદ્મ છે તેથી તે સર્વે જનસમુદાયમાં જે અધર્મ સર્ગ છે તે અસુરોનો નાશ કરીને રક્ષણ કરશે. અંતકરણને કાયમ નિર્મળ કરીને જનોના મનને નિર્મળ કરશે. મનને પ્રફુલ્લિત રાખીને સર્વ જનોને આનંદ આપશે. વસ્ત્રો ધન ગમે તેટલું આવશે તેને આશાવાનને તરત જ આપી દેશે. શૌર્યવાળા, ત્યાગવાળા આમના જેવા કોઈની ઉપમા આમને આપી જ ન શકાય એવા છે. માયિક પદાર્થોમાં એમનું મન માનશે નહિ. એ તો પોતાના સ્વરૂપમાં જ પૂર્ણતાવાળા છે. જ્ઞાતિ મનુષ્યો એમને મહાજ્ઞાન દાતા સમજશે. આમનો સ્વભાવ ખૂબ જ સરલ શાંત રહેનારો છે.

આ બાળમુકુંદ તમારી બધી જ રીતે પીડાને હરનારા છે અને ઇંદ્રાદિક જે દેવો છે તેમનું રક્ષણ કરવા માટે વિષ્ણુ ભગવાનને જવાબદારી આપેલ છે. તેથી આમના હાથથી રક્ષણ કરે છે. હે ધર્મભક્તિ ! આ બાળને બન્ને ચરણ તળમાં ઉર્ધ્વરેખા શોભે છે. તેથી જીવને ઉર્ધ્વગતિ આપી. ગરીબનીવાજ પ્રભુ સુખ આપશે. આદિથી અંત સુધી અને મધ્યમા એમ ત્રણે કાળમાં જ્ઞાનને સિદ્ધ કરેલ એવા આ તમારા પુત્ર સર્વે સિદ્ધોના સિદ્ધ છે. હે ધર્મદેવ ! આ તમારા પુત્રના ચરણકમળનું આરાધન કરોડો સંતો, હરિભક્તો મળીને ખૂબ જ ભાવ પ્રેમ ઉત્સાહથી કરે છે અને મન, કર્મ, વચનને દઢતાથી એકાંતિકી ભક્તિ કરે છે અને શ્રીહરિના પરમપદને પ્રાપ્ત કરે છે. તમારા પુત્ર ઘનશ્યામ જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં એમને પરમ ઉપાસ્યદેવ માનીને એમની પરમભાવથી સેવા કરશે અને આ તમારા પુત્ર પોતાના આશ્રિતોની અને શત્રુઓ થકી રક્ષા કરશે. માટે હે ધર્મદેવ ! તમારા પુત્ર મહા ઉત્તમ ભાગ્યવાળા છે. હે ધર્મદેવ ! આ તમારા પુત્ર સર્વ બ્રહ્માંડોમાં પ્રસિદ્ધ થશે અને તમારા પુત્ર જેવી આ જગતમાં કોઈ સિધ્ધની સિદ્ધતા આવી જ નહિ શકે. અસંખ્ય સિદ્ધો આમની આગળ શરણમાં આવશે. કોઈ સંતસિદ્ધોનું આમની આગળ કાંઈ ચાલશે જ નહીં. આ સર્વની આગળ સર્વોપરિ જ રહેવાના. હે ધર્મદેવ ! આ તમારા પુત્ર સિદ્ધોના સિદ્ધ કહેવાશે. યોગકળામાં સર્વથી પ્રવિણ થશે. રાજ્યયોગના પ્રતાપથી આમની યશરેખા ખૂબ જ ઉજ્જવળ છે. તેથી એમના ગુણ ખૂબ જ ગવાશે.

હે રાજન ! આ પ્રમાણે માર્કંડેય મુનિએ નામકરણ ગુણનું વર્ણન કહ્યું, તે જ ચરિત્ર નામકરણ ગુણનું મેં તમને હે રાજન ! કહી સંભળાવ્યું. તેને ચિત્તમાં ધારીને મનન કરવું.

**આ પ્રમાણે શ્રીહરિલીલાસિંધુમાં બીજા શૈશવ રત્નમાં વૈષ્ણવાનંદ વર્ણિએ રચેલ છંદ ભાષામાં શ્રીહરિના નામ ગુણનું વર્ણન કર્યું. એ નામો સાતમો તરંગ થયો. ॥૭॥**

# તરંગ-૮

પ્રતાપસિંહ રાજા કહે છે, હે મુનિવર ! આપે મને અતિ ભવ્ય કથા સંભળાવી. તેમાં ભગવાન બાલમુકુંદના પાંચ નામ આપ્યાં. તે કથા સાંભળી પણ હજી એકસો આઠ જે નામ છે તેની મને કથા સંભળાવો. તે સાંભળવા માટે હું સાવધાન છું.

સુવ્રત મુનિ કહે છે હે રાજન ! તમે પૂછેલાં એકસો આઠ તે હું તમને ગુણચરિત્રની અનુસાર કહું છું અને આગળ ઉપર આ ભગવાનનાં અનંત નામોનો અનંત લોકો જપ પાઠ કરશે. તે તમને કહું છું. ભગવાન તો કલ્પવૃક્ષ જેવા દયાળુ છે. તે ધર્મભક્તિ થકી પ્રગટ થયા છે. બુદ્ધિબળના દાતા સર્વના કારણ પ્રભુને હું વંદન કરું છું. પ્રણામ કરું છું. ફૂલ સુગંધી દ્રવ્યોથી અનંત હારોને ધારણ કરાવીને અનેક પૂજા દ્રવ્યોથી અનેક ભક્તો જેમનું પૂજન કરે છે એવા શ્વેત વસ્ત્રોને ધારણ કરેલા પ્રભુ શોભાયમાન છે. 'આઠ ઉપર એકસો એમ એકસો આઠ' નામનો શ્રીહરિના સ્વરૂપની આરાધની સાથે જો કરે તો તેને તરત જ ફળ મળે છે. ધર્મ, અર્થ, મોક્ષની ઇચ્છા રાખનારા જનો તે ઇચ્છિત ફળને પામે છે. આ ભગવાન શ્રીહરિના એકસો આઠ નામનો જનમંગલસ્તોત્ર તે ભગવાનના શોભાયમાન ચરિત્રો પ્રમાણે નામોનો સ્તોત્ર છે. તે મંત્ર, સ્તોત્ર, અનુષ્ટુપ છંદમાં શતાનંદ સ્વામીએ ભક્તજનોના મનોરથ પૂર્ણ કરવા આધિ, વ્યાધિ, ઉપાધિને મટાડવા માટે રચના કરીને તૈયાર કરેલ છે. આ સ્તોત્રની અંદર ધર્મનંદન શ્રીહરિ દેવતા આ સ્તોત્રના છે. શક્તિ બૃહદવ્રતધર કહેવાય છે. ધાર્મિક સ્તોત્રનું બીજ મંત્ર છે. એ પ્રમાણે કહેવાય છે. ભક્તિનંદન કિલકમ કહેવાય છે. આ મંત્રમાં શ્રીહરિનો સારજ છે. તે નિશ્ચિત છે. ચારે વર્ગ પોતાના મનોરથની સિદ્ધિ માટે ભગવાન શ્રીહરિના સ્વરૂપનું પોતાના હૃદયમાં ધારણ કરીને આનો જપ કરવાથી મનોરથ પૂર્ણ કરે છે.

વર્ણિ બ્રહ્મચારીના જેવો વેશ જેમનો છે, મનોહર જેમનું દર્શન છે, સુંદર કમલસમાન મનોહર મંદહાસ્ય કરતા એવા પ્રભુને દેવો મનુષ્યો મુનિજનોથી પૂજા પામેલા અલૌકિક દેહવાળા મંગળમૂર્તિ ધર્મનંદન ભગવાનનું ચિંતન કરું છું. વાસુદેવ શ્રીકૃષ્ણ કહેવાય છે. નરનારાયણ ભગવાનનું સૌ ભજન કરે છે. ભક્તિ ધર્મના પુત્ર, ભક્તજનોના પ્રિય એવા આ જન્મમાં જે ક્યારેય માયિક જન્મ નથી લેતા એવા શ્રીકૃષ્ણ નારાયણ હરિને નમું છું. હરિકૃષ્ણ પ્રભુ ઘનશ્યામ કહેવાય છે. ધાર્મિક ભક્તિનંદન નામથી ગાય છે. શ્વેત સ્વરૂપ મહાન વ્રતને ધારનારા કહેવાય છે. સર્વના પ્રિય એવા પરબ્રહ્મ પુરુષોત્તમ નામ ખૂબ જ ભાવે છે. મારુત સુત હનુમાનજીની ભક્તિ જેમને અતિ પ્રિય છે એવા સર્વના ધામરૂપ એવા શ્રીહરિ કાળ ભૈરવ આદિને અતિ ભય આપનારા એવા અનામી, ઇંદ્રિયને જીતનારા આ હરિને જીતેલા છે. જેમણે એવા કઠોર વૈરાગ્યવાળા આસ્તિક સ્વભાવવાળા કહેવાય છે એવા તે પ્રભુ. યોગકળાને પ્રવર્તાવનારા યોગેશ્વર પ્રભુ અતિ ધૈર્યવાન તીર્થ કરનારા મનોરથ તીર્થ જેમને પ્રિય છે એવા હમંશે પૂજવા યોગ્ય પરમ હંસોમાં શ્રેષ્ઠ એવા શ્રીહરિ. જ્ઞાની, ક્ષમાનિધિ, સદાય અનિંદ્રા, ધ્યાનનિષ્ઠ, તપપ્રિય, રાજીંદ્રો, સિદ્ધેશ્વર, સ્વતંત્ર રહેનારા બ્રહ્મવિદ્યા પ્રવર્તક કહેવાય છે. જેમાં પાંખડને (તોડનાર) છેદન કરવામાં તત્પરતાવાળા. પ્રિયસ્વસ્વરૂપ નિર્મળ સ્થિતિવાળા, નિર્દોષ સ્થિતિવાળા, મૂર્તિપૂજાના પ્રવર્તાવનારા, અસુર ગુરુઓને મોહ ઉપજાવનારા, એવા પ્રભુ. અતિ કરુણામય નેત્રવાળા, સુખના ધામરૂપ, ઉધ્ધવ માર્ગના પ્રવર્તાવનારા, શાંતસ્વરૂપ એવા પ્રભુ સાધુના સ્વભાવવાળા, મહા વ્રતો કરનારા, સાધુ વિપ્રોનું પૂજન ભાવથી

કરનારા. અહિંસામય યજ્ઞ કરાવનારા, તેની પ્રવૃત્તિ કરનારા, સાકાર બ્રહ્મના સ્વરૂપનું પ્રમાણ કરનારા, સ્વામિનારાયણ પ્રભુ, સર્વના સ્વામી કાળદોષનું નાશ કરનારા, અનામી.

સતશાસ્ત્રનું શ્રવણ કરવાના વ્યસનવાળા, તત્કાળ સમાધિ કરાવનારા, સર્વની સ્થિતિ કરનારા, શ્રીકૃષ્ણ આદિની મૂર્તિઓ સ્થાપનારા, કૌલમતનો નાશ કરનારા, કળિકાળમાં ભક્તોને ઉધારનારા. દંભરહિત, પ્રકાશયુક્ત સ્વરૂપવાળા, સર્વજીવોના હિત કરનારા, એવા રૂપવાળા, ભક્તિનું પોષણ થાય એવી મનોહર વાણી બોલનારા, ચારે વર્ણના જીવોને અતિશય ફળ આપનારા એવા પ્રભુ.

મત્સર રહિત, ભક્તોને પ્રિય કરનારા, વિમલ બુદ્ધિ આપનારા, અતિશય પવિત્ર અબુદ્ધિને હરનારા, બ્રહ્મધામનાં દર્શન કરાવનારા, કોઈનાથી નહીં જીતાનારા, પોતાના એકાન્તિક મતને દૃઢ બનાવનારા. સમુદ્રની પાર સુધી જેમનો મહિમા ફેલાયો છે એવા સર્વ આશ્રિતોના જન્મમરણના દુઃખો ટાળનારા, શ્રી સહજાનંદ સ્વામી ઉદાર રહેનારા સાધુના ધર્મને પ્રવર્તાવનારા એવા. કામના ગર્વને મારનારા, ક્રોધનો નાશ કરનારા, નૈષ્ઠિક વૃત્તનું પોષણ કરનારા, પાપને હરનારા, વિષ્ણુ યાગોને વારંવાર કરનારા, પંચદેવનું ખૂબ ભાવપૂર્વક પૂજન કરનારા એવા શ્રીહરિ. અતિ ગંભીર પ્રકૃતિ, પ્રતિજ્ઞામાં સત્ય રહેનારા, પવિત્ર ભક્તોને અતિપ્રિય નિષ્દ્રોહ સ્વભાવવાળા, છ ઊર્મિઓને જીતનારા, સમર્થ એવા લાંબા વિચારો કરનારા, સારી દૃષ્ટિવાળા. અતિ સરલ પ્રકૃતિવાળા, રોષરહિત કોઈનો દ્રોહ નહીં કરનારા, બધા ઉપર ઉપકાર કરનારા, અહંકાર રહિત શોભતા એવા સર્વેના નિયામક ઉપસમ સ્થિતિમાં રહેનારા, વિનયવાળા, સર્વના ગુરુસ્થાને રહેલા. અજાતરિપુ જેમનો કોઈ શત્રુ નથી, લોભ વિનાના, મહાપુરુષ એવા સર્વને આત્મજ્ઞાન આપનારા, અખંડ મર્યાદામાં રાખનારા, વ્યાસ ભગવાનના સિદ્ધાંતનો બોધ આપનારા એવા. મનને નિગ્રહમાં રાખનારા, યુક્તિ-પ્રયુક્તિ જાણનારા, યમદૂતના ભયથી મુકાવનારા, પૂર્ણ કામનાવાળા, સત્યનું પાલન કરનારા શોભતા હતા. ગુણનું ગ્રહણ કરનારા, ગર્વથી રહિત કહેવાતા એવા. સદાચાર જેમને પ્રિય છે એવા અતિશય શાંત, પુણ્ય શ્રવણ કીર્તનના સુખને આપનારા, અનેક ગુણોથી યુક્ત ચેષ્ટા કરનારા, શુભ નામવાળા, સર્વનું મંગળ કરનારા, સત્યસ્વરૂપ એવા નિષ્કામ ભાવવાળા.

આ રીતે આ સ્તોત્ર છે. જેને જનમંગલ સ્તોત્ર કહે છે તે સર્વનું શુભ સુખ આપનાર તથા કલ્યાણના માર્ગરૂપ છે. આનો પાઠ કરે તથા નિષ્ઠાથી અનુષ્ઠાન કરે તો તેનું જરૂર કલ્યાણ થાય છે. જે વાંચી ન શકે તે બીજાની પાસે સાંભળે. શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરવાથી તેનું મન ત્રણે કાળમાં ભક્તિમાં રહે છે. આ મંત્રના જપથી સર્વ પાપનો નાશ થાય છે. પરમસુખ મળે છે. આ પ્રમાણે પ્રભુ જરૂર કહે છે. જે પુરુષ આ જનમંગળ પાઠનું જે કાયમ સેવન કરે છે તેને ચારે પુરુષાર્થની જરૂર પ્રાપ્તિ થાય છે. દુર્લભ એવા આ આશીર્વાદનો પ્રસાદ તે શ્રીહરિ કૃષ્ણ પ્રભુના ચરણકમળમાં વાસ મળે છે. તે જ છે. અર્થાત્ ભગવાનના ધામની પ્રાપ્તિ થાય છે. ભૂત, પ્રેત, પિશાચ આદિક તથા ડાકીનિ બ્રહ્મરાક્ષસી તે સર્વેથી તથા યોગિની, બાળ ગ્રહો, નાના ગ્રહો જે કૃત્યો આદિકનો જ્યારે ભય જણાય ત્યારે આ સ્તોત્રનો સતત પાઠ કર્યો હોય તો શાંતિ થાય છે. કોઈ દુશ્મને જંત્ર, મંત્રનો ઉપદ્રવ કર્યો હોય, અભિચાર મંત્ર કર્યો હોય, કોઈ રોગાદિક ઉપદ્રવ થયો હોય તો આ મંત્રસ્તોત્રનો અને લાંબા સમય સુધી અનંત વારના પાઠ કરવા-કરાવવા. તેથી જરૂર દુઃખનો નાશ થાય જ છે. જે પુરુષ આ સ્તોત્રનો પાઠ દરરોજ દસ દસ કર્યા કરે તો તેના ઈચ્છિત સર્વે મનોરથો સિધ્ધ થાય છે. તેનાં સર્વે દુઃખો નાશ પામે છે. આ જનમંગળ સ્તોત્રનો જે વિસ્તાર કરેલ છે તેનાથી ભગવાન તે જનોનું જરૂર મંગળ કરશે. જનમંગલ સ્તોત્રના જપ કરવાથી સુખો મળે

છે અને વિષ્ણુ પણ આ જનમંગલ સ્તોત્રનો કાયમ પાઠ કર્યા કરે છે.

એ જનમંગલ સ્તોત્ર બધા જ જગતના પાપોને હરવામાં ખૂબ જ સમર્થ છે. આ જનમંગલ સ્તોત્રને શતાનંદ મુનિના મુખથી સાંભળીને સુવ્રત મુનિ પ્રતાપસિંહ રાજાને કહે છે, હે રાજન ! તમે આ કથાને તમારા હૃદયમાં ધારીને રાખજો. તેનો પાઠ કરજો તો તમને પણ સુખશાંતિ મળશે.

**આ પ્રમાણે શ્રીહરિલીલાસિંધુમાં બીજા શૈશવ રત્નમાં વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિના એકસો આઠ નામનો જનમંગલ સ્તોત્ર કહ્યો એ નામે આઠમો તરંગ થયો. ॥૮॥**

## તરંગ-૯

સુવ્રત મુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન તમે સાંભળો. ભગવાન ઘનશ્યામ પ્રભુ પ્રથમ શય્યામાં પોઢ્યા તે કથા તથા ઘનશ્યામ પ્રભુના કાન વિંધાવ્યા તે કથા કહું છું તથા પૃથ્વીને પાપના ભારથી જે પીડા થતી હતી તેના પ્રશ્નના નિરાકરણ વારાહ ભગવાને કર્યું તે કથા તમે ધ્યાનથી સાંભળો.

પ્રતાપસિંહ રાજા કહે છે, હે મુનિવર્ય ! ભગવાને પથારીમાં શયન કર્યું તથા કાન વીંધવાનું જે કામ કર્યું તથા પૃથ્વીને જે પ્રશ્નો પૂછ્યા તેના ઉત્તરો આપ્યા તે સર્વે કથા મને સમજાવીને કહો. સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! ભગવાન બાળપ્રભુને નામકરણ સંસ્કાર કર્યા. તેને સોળ અંશ ગયા પછી સારા નક્ષત્રનો યોગ સમયે ધર્મદેવે કુળદેવતાઓનું આહ્વાન કરીને પૂજન અર્ચન કર્યું. ત્યાર પછી પુત્રને અલંકારો ધારણ કરાવીને કુંકુમ ચંદન પૂજા દ્રવ્યોથી પ્રભુને પલંગ ઉપર પૂર્વ બાજુના મુખે સુવડાવ્યા. તે સમયે દેવો આકાશની અંદર જાતજાતનાં વાજિંત્રોનો નાદ કરવા લાગ્યા અને જયજયનો નાદ કરવા લાગ્યા. માતાને પણ ખૂબ જ આનંદ થયો.

હે રાજન્ ! મનોહર મૂરતિ બાલમુકુંદ ભગવાનના કર્ણવેધ સંસ્કારની વિધિની કથા હું શતાનંદ મુનિના મુખે સાંભળીને તમને કહું છું તે તમે તમારા અંતરમાં ધારણ કરજો. યોગનો ઉત્તમ સમય જાણીને સારો સમય છે તે રીતે ધર્મદેવે પોતાના પુત્રની જન્મતિથિ નજીકમાં આવતી હોવાથી, તે સમયે ગણપતિ, અગ્નિદેવ, પોતાના કુળદેવતાએ આદિનું વિધિ કરીને પૂજન અર્ચન કરીને પછી ધર્મદેવે એ દિવસે વિશેષ સેવા કરી તેનું વર્ણન કરું છું. ધર્મદેવે બ્રાહ્મણો અને સંતોને ખૂબ જ જમાડીને તૃપ્ત કર્યા. બધાનું ગંધ પુષ્પથી પૂજન કરીને ત્યારપછી સફેદ ગાયોને આભૂષણોથી શણગારીને બહુ ગાયો દાનમાં આપી. ત્યાર પછી જ્યાં આગળ સૂર્યની કિરણો પડતી હતી ત્યાં ભક્તિમાતા અને બાળપ્રભુ બેઠાં હતાં. આજે મોટાભાઈ રામપ્રતાપે ઘનશ્યામ પ્રભુને અલંકારોથી શણગાર્યા હતા. તે માતાના ખોળામાં બેઠા હતા.

ત્યારે થોડું ગરમ કરેલ જળથી પ્રભુ ચરણને જળથી ધોઈને તેના ચરણને સારાં વસ્ત્રથી લૂછી નાંખ્યો. તે ઉર્ધ્વરેખાયુક્ત ચરણકમળનું દેવો, મુનિઓ એની ઝંખના કરે છે તથા સ્વજનો અને માતાને પોતાની પાસે સમૃદ્ધિ હોવા છતાં રાંક જેવા થાય છે. ત્યાર પછી બાળપ્રભુને શરીરે સુંદર સુગંધયુક્ત પદાર્થોથી લેપ કર્યો અને કર્ણવેધ કરવાના સ્થળે (ચોકો) સલોટ કરીને તૈયાર કરેલ ત્યાં લઈ ગયા. તે જ સમયે માર્કંડેય મુનિ ત્યાં પધાર્યા. શોભા વધારી એમણે મંત્રપાઠ વિનિયોગનો કર્યો. ત્યાર પછી ગોત્રમંત્રિષ્ઠુ પવિશ્વે દેવા નામના દક્ષિણ કર્ણને મંત્રિત કરીને પવિત્ર કર્યો. મુનિવર જ્યારે મંત્રપાઠ કરી રહ્યા ત્યારે પુત્રને મીઠાઈ ખાવા માટે આપી. ત્યાર પછી નાની સોનાની

સોયમાં બનાવે તેમાં ડબલ હારનો દોરો તૈયાર કરીને તે સોયમાં પરોવ્યો. પૂર્વ દિશા તરફ માતા મુખ રાખીને બેઠાં. એમનાં ખોળામાં પ્રભુ બેઠા હતા ત્યારે જ કર્ણવેધ ખોળામાં જ કરી નાખ્યો. અગતના ફૂલથી કાનની શોભા વધારે છે. તે રીતે કાન વીંધવામાં નિપુણતા (હોશિયારી) કહેવાય છે. ચોખ્ખાં જળને થોડું ગરમ કરીને તેનાથી શ્રીહરિ પ્રભુના કાનને ધોતાં હતાં. ત્યાર પછી પિતા ધર્મદેવ પ્રભુ ઉપર વિછાવાટી જાપ કરતા હતા. ઝીણાં વસ્ત્રથી કાનને લૂછીને ભક્તિમાતા પ્રભુ ફરીથી સ્તનપાન કરાવવા માટે સ્તનમુખમાં આપતાં હતાં અને અજાતશત્રુ એવા પ્રભુ સ્તનપાન કરતા હતા.

હે રાજન્ ! ધર્મદેવે પુત્રના કર્ણવેધ ત્રીજા કૃતિકા નક્ષત્રમાં કરાવેલો હતો. તે શ્રી ઘનશ્યામ પ્રભુના કર્ણવેધની કથા મેં તમને ખૂબ જ પ્રેમભાવથી કહી છે. હે રાજન્ ! ધર્મદેવે પુત્રના સંસ્કારનાં ચરિત્રને વિધિ પ્રમાણે લખ્યાં. માર્કંડેય મુનિએ મારા ગુરુને કહ્યાં. મારા ગુરુએ મને કહ્યાં. હે રાજન્ ! ધર્મદેવ પૃથ્વી ઉપર જ બેસીને ધર્મદેવના પુત્રનાં વિધિ સહિત બધાં જ કહું છું. પાંચ મહિનાની અંદરના સમયને ભોદો સુક્લ કહેવાય છે. તે વિધિ કરવા માટે તિથી બીજના દિવસે શુભનક્ષત્ર ચંદ્રલગ્નના શુભયોગમાં આવેલ. તેમાં સ્વસ્તિવાચક કરાવીને જે પ્રમાણે શાસ્ત્રોમાં કહ્યા તે પ્રમાણે ગાત્ર શુદ્ધિ કરાવતા હતા. શાસ્ત્રના નિયમ પ્રમાણે ધર્મદેવે જળ અને માટી ભેગાં કરીને અંગોને ધોયાં. ચોખ્ખાં કર્યાં. ત્યાર પછી ભૂમિ ઉપર શુદ્ધ કરીને તે જ સમયે અલંકારોની સાથે ભૂમિ ઉપર મંડળ પૂર્યું. તેમાં વારાહાદિક પૃથ્વીના દેવોની સ્થાપના કરી ધર્મદેવે આવાહન કર્યું. ત્યારે દેવો દેહ ધારણ કરીને સ્થાપન કરેલા સ્થાન ઉપર શ્રીહરિ આગળ બેઠા થકા શોભવા લાગ્યા. ત્યાર પછી ગુરુદેવને તથા બ્રાહ્મણ સમુદાયને ધર્મદેવે આનંદથી પૂજ્યા ત્યારે સંગ, તૂરા, શંખ, ભેરી, શહનાઈ, પ્રણવ, આક, દુંદુભિ, વધાઈના વાજીંત્રો, સૂરો સાથે વાગવા લાગ્યાં. જ્યારે મંગળ ધ્વનિનાં બધાં વાજીંત્રો વાગવા લાગ્યાં ત્યારે રાજા કહે, આ સમયનું વર્ણન કરો. ત્યારે માતાએ ભગવાનના કોમળ અંગો ઉપર આભૂષણો, અલંકારો ધારણ કરાવ્યાં. શ્રીહરિ ત્યારે બેઠા હતા તે છબી જોઈને કોમળ કમળ દળની સમાન મુખ કમળને જોઈ દેવો, મનુષ્યો, મુનિવરોને ખૂબ જ આનંદ થવા લાગ્યો. પ્રભુ મુખકમળથી મંદ હાસ્ય કરતા હતા અને નાશિકાથી દીવાની જ્યોતને શરમાવતા હતા. અધરામૃત ઓષ્ટ અરુણ કિરણની સમાન લાલ શોભતા હતા. ગોળ કપોળ પણ ખૂબ જ સારાં લાગતાં હતાં. અગતના ફૂલ જેવા બંને કર્ણ અલંકાર ધારણ કરાવવાથી ખૂબ જ શોભતા હતા. ત્યાર પછી માતાએ પ્રભુનાં મસ્તક ઉપર સુગંધીયુક્ત તેલ કેશ પર લગાવીને ઓળવીને તૈયાર કર્યાં.

ત્યાર પછી પ્રભુએ સોનાની કિનારી લગાવેલ ઝભલાં પાયજામા પહેરીને શરીર ઢાંકીને મસ્તક ઉપર સોનાના તાર જડેલ બુટાદાર ટોપી ધારણ કરીને જોનારના નેત્રને ખેંચતા હતા. આ રીતે સર્વ અલંકારોને ધારણ કરવાથી શોભતા નખશિખ પર્યંત મનોહર શોભાવાળા પ્રભુ અભય કરનારા હાથોને આમતેમ વારંવાર ફેરવતા થકા આ સ્વરૂપને જે પોતાના હૃદયમાં ધારે છે તેનો ઉદ્ધાર કરે છે.

ત્યારે ધર્મદેવે વેદના મંત્રોનો પાઠ કરીને પૃથ્વીને પ્રાર્થના કરીને કહે છે, વસુધા તમે મારા બાળકનું રક્ષણ કરો કેમકે તમે સર્વના આધાર રૂપ છો. સર્વને ધારો છો. તમે અચલ છો. એટલા માટે મારા પુત્રનું જરૂર રક્ષણ કરો. આ બાળપ્રભુના શત્રુઓ આયુષ્ય વિનાના છે. આને દુઃખી પરેશાન કરવા ઘણા પ્રયત્નો કરે છે. તે શત્રુઓથી રક્ષણ માટે બ્રાહ્મણો વેદમંત્રો દ્વારા ઉચ્ચારણ કરીને કુમારોને સ્તુતિ કરે છે. હે બ્રહ્માજી તમે સર્વ સૃષ્ટિના સર્જન કરનારા (ઉત્પન્ન) છો એ પ્રમાણે કહેવાય છે. એટલા માટે હે બ્રહ્માજી ! તમે અમારી વિનંતિને માનો. કેમ

કે તમે દેવો, મનુષ્યો, મુનિઓના તમે દેવ છો. એટલા માટે વેદના મંત્રો વડે તમારું પૂજન કરીએ છીએ. સેવા કરીએ છીએ. શ્રીહરિ પ્રભુ પોતે આદિ પુરુષ છે. અચલ છે. તમે દૈત્યને મારીને પૃથ્વીને ધારણ કરી લાવ્યા. તેથી તમને જગત પુરુષ કહે છે. તેથી અમારા બાલકુમારનું રક્ષણ કરો. આ પ્રમાણે વેદના ઉચ્ચારણ પૂર્વકનાં વચનો સાંભળીને બ્રહ્માજી વારાહ, ભગવાન, ઈન્દ્રદેવ સર્વે મહારાજને ઘનશ્યામ પ્રભુને સુવ્રત મુનિ પ્રતાપસિંહ રાજાને કહે છે કે તમે હવે સાંભળો. વેદમંત્રના શબ્દો સાંભળીને પૃથ્વી કહે છે, હે પ્રભુ ! મારી ઉપર તો અધર્મ અતિશય વ્યાપેલ છે. તેનો મને ખૂબ જ ભાર લાગે છે. એવામાં તમે બાળરૂપે પ્રગટ થયા છો તે તમારી માયાના જોરથી આપ અમારું રક્ષણ કરો પ્રભુ.

પૃથ્વી કહે છે, મારી ઉપર પાપનો ભાર ખૂબ જ વધી ગયેલ છે. હે પ્રભુ ! આપ મારી ઉપર કૃપા કરીને તે પાપના ભારરૂપ એવા અસુરોનો જ્યારે જ્યારે અતિ ઉપદ્રવ થયો ત્યારે ત્યારે આપે એમને પરાજીત કર્યા છે. તે કાંટારૂપ દ્વેષીઓને ઉખાડીને કાઢી નાંખીને તેઓને ખૂબ જ દુઃખ આપો છો. તેથી થોડી રાહ થાય છે પણ અત્યારે તો હમણાં હમણાં તો તે પરિવાર સાથે એનું બળ વધેલ છે. તેનો નાશ કરવા માટે હે પ્રભુ ! આપ ધર્મદેવના પુત્રરૂપે થયા છો. આપના ગુણને ભક્તો ગાયા જ કરે છે. ભારત વર્ષનાં ભક્તજનો મનમાં ત્રિવિધ તાપો ઓછા થવા લાગ્યા છે. ત્યારે પાપીઓ બધા ઘેર ફરી ફરીને કપટ ફંદ કર્યા કરે છે. તમારો વિરોધ કર્યા કરે છે. તે અસુરોમાં ત્રણ ઉમરાવો તેના મુખ્ય નેતાઓ ત્રણ છે. કામ, ક્રોધ અને લોભ. આ ત્રણે દુનિયાને સાવ ગરીબ જાણીને તે તેની ઉપર જોર જમાવે છે. મોટા મહારાજાઓને પોતાના મોહમાં બાંધે છે. તમારી સાથે વેર બાંધે છે. ભક્તોને પીડે છે. વનમાં તપસ્વીઓને માર મારે છે. લોભની લાળ ચારેબાજુ ફેલાય છે ને ક્રોધ પણ વાતવાતમાં પોતાનો પ્રભાવ જમાવે છે. પોતે જાગે છે. બધાને એ જગાડતો ફરે છે. બીજાની ઉપર બળ કરીને પોતાનું જોર જમાવે છે. પોતાની રીતે બળ કરે છે. પણ જ્યારે ભક્તજનોમાં જે શુભ ઘાટ છે તેની પાસેથી તેના ઘરેથી ભાગે છે. દૂર ભાગી જાય છે. ચંદ્ર અને ઈન્દ્ર કામના સપાટામાં આવ્યા, તે ચોરી કરી મહાદેવજીએ બ્રહ્મચર્ય વ્રત રાખેલ તોડ્યું. મોહિનીમાં મોહ પામ્યા, બ્રહ્માજી પોતાની પુત્રી સરસ્વતીમાં મોહ પામ્યા. તેથી માર પડ્યો. સૌભરી ઋષિ પણ કામમાં પીડાણા. પરવત અને નારદ અમરીશની પુત્રીમાં મોહ પામ્યા. મુખ વાંદરા જેવા કાળાં થયાં. તે છતાં ભગવાન ત્યાં રાજ રહ્યા. એકલ શ્રૃંગિન સ્ત્રી પુરુષનું ભાનજ ન હતું અને તે વનમાં રહેતાં હતાં. તે છતાં કામમાં મોહ પામ્યા, પારાશર ઋષિ દીન સ્ત્રીમાં મોહ પામ્યા. ધર્મભંગ થયા. આ રીતે ધર્મકુંવર બાળપ્રભુને કહેતાં ધરણી થાકી ગઈ. મુનિઓને માન મારે છે, ભાન ભુલે છે. ધ્યાનીઓ ધ્યાન ભૂલે છે. માયામાં પડે છે. જ્ઞાનિઓ જ્ઞાન ભુલે છે ને પડે છે. આ રીતે અસુરોના બંધનમાં આવે છે. જેનો જગતમાં અતિશય પ્રભાવ છે, બળ છે તે મનુષ્યોને જકડે છે અને ત્રિવિધ તાપમાં બાળે છે. કેટલાયનાં એમાં માથા કપાણાં છે. તેનો પાર જ નથી. મોટા મોટાનાં ય મસ્તક કપાય છે. જોગી, જતિ, મોટા સિદ્ધો તથા બ્રહ્મજ્ઞાનવાળાને પણ ભાંગી નાંખ્યા છે. એમનાં દિલને તોડ્યાં. બધાને સારા સારાને તાપમાં બાળ્યા છે. અતલ, વિતલ, સુતલ, તલાતલ, જગતનાં તલનાં બધાં મનુષ્યો ભુવરલોક, સ્વર્ગલોક પર્યંત સર્વને સર્વ લોકને સપાટામાં લીધા છે. મહરલોક આદિક લોકને મલિન કર્યા તથા જનલોક, તપલોક, સત્યલોકને પણ માયાએ જીતેલું છે. પોતાના વશમાં કરેલ છે. પ્રત્યેક લોકમાં, પ્રત્યેક ઘરોમાં જુદા જુદા પ્રકારે ત્રિવિધ તાપે જકડ્યા છે ને પોતાને વશ કરી લીધા છે. આ રીતનાં અદ્‌ભુત જે પરાક્રમો છે તો આપની માયાના પ્રતાપે જ થાય છે. માટે હે નાથ ! જે જન આપને ઓળખે છે, આપને સર્વે ભજે છે તે આ માયાના ફંદામાંથી ઉગરે છે. તેને પરાભવ કરવા સમર્થ થાય છે; એ આપનો પ્રતાપ છે.

આ રીતનાં ધરણિનાં વચનો સાંભળીને ધર્મપુત્ર બાલપ્રભુ પોતાનો પ્રતાપ કહેવા માટે વરાહ પ્રભુને ઇશારો કર્યો. એના પ્રભુની આજ્ઞાથી વરાહ પ્રભુ પૃથ્વીને કહેવા લાગ્યા.

વરાહ ભગવાન કહે છે, હે વસુધા (પૃથ્વી) ! મુનિજનો આ ધર્મપુત્રનાં મહિમાને જે ગાય છે તે કોઈ જાતના છળકપટ વિનાનાં શુદ્ધ ગાય છે. તેનો ભૂમિ ઉપર પ્રભાવ ખૂબ જ ભારે છે. અત્યારે પ્રભુ પોતાના અલૌકિક પ્રતાપને સાથે લઈને આવ્યા છે. જગતના સુખ કરવા આવ્યા છે. પામર જીવોના પાપનો નાશ કરીને આશ્રિત બનાવીને તેનો મોક્ષ કરવા માટે આવ્યા છે. એવું કહેવાય છે કે જ્યાં ધર્મકુમાર રહે છે ત્યાં સર્વથી મહાન સુખ રહેલું છે. અક્ષરધામ સમાન સુખ પ્રાપ્ત થાય છે. ત્યાં સર્વ પ્રકારે સુખાકારી જ હોય છે. જગતથી જેમ જેમ છેડો તોડે છે તેમ તેમ જગતથી તે જન ન્યારો થાય છે. અતિ આનંદમાં રહે છે. પોતાના મનને મારીને પોતે ભગવાનના બંધનમાં બંધાય છે. તે તો પ્રભુની કળ ન્યારી જ છે. એ જ અલૌકિક રીત છે. જીવાત્મા ધર્મ, જ્ઞાનવૈરાગ્ય યુક્ત ભક્તિને ધારણ કરીને વર્તે તો ધર્મના બળથી અધર્મ પાછો પડી જાય છે. કળિયુગમાં સત્કર્મો કરવાથી મનુષ્યો વિવેક પ્રમાણે વિચારીને સમુહમાં પ્રભુ નારાયણનું ભજન કરતા થકા મુનિઓ વિચરે તો પૃથ્વી તલ ઉપર સત્ય ધર્મના પ્રતાપથી તારો ભાર હળવો થાય છે. માટે આ ધર્મપુત્ર જ્ઞાનના માધ્યમથી તે મહા ગંભીર છે. મહાવીર છે. અનંત જીવોને પોતાના એકાંતિક ભક્તો બનાવીને મહાન બનાવશે અને મુમુક્ષુ જીવોની પીડાને દૂર કરશે. પોતાને વશ કરીને અનેક લીલા ચરિત્રો કરીને આ ધર્મલાલ વારંવાર જીવોને ઉપદેશ આપીને પોતાના દિવ્યધામનાં દર્શન કરાવીને પોતાને સર્વોપરી બતાવશે. અનેકને મુક્તિ આપશે. આ ધર્મલાલ શબ્દબ્રહ્મના સારરૂપ છે. આગમના મહિમાને ખૂબ જ ધારણ કરે છે. સર્વ પુરાણોથી સર્વોપરિ છે. એવા તે પોતે જ સ્વતંત્ર છે. ધર્મ પુત્ર જ છે. તે પોતે જ્ઞાનિજનોને જ્ઞાનરૂપ છે. ધ્યાનિઓને ધ્યેય મૂર્તિરૂપ છે. યોગિઓને યોગીરાજ પોતે જ છે. સર્વની શંકાઓ રૂપી અંધકારનો નાશ કરનારા છે. વિશ્વનું ભરણપોષણ કરવામાં મૂર્ધન્ય છે. સર્વથી ઉત્તમાં ઉત્તમ ઇષ્ટ જ છે; દેવો, મુનિઓ શિવસનકાદિકોના ઇષ્ટ દેવ છે, સર્વના અધિષ્ઠાતા પોતે જ છે. અત્યારે એ પ્રભુ અમાપ ઐશ્વર્ય પ્રતાપની સાથે અનંત મુક્તોને સાથે લાવ્યા છે. તેમ છતાં તેઓ સર્વથી પર છે. મેળવવા કઠીન છે. તે પોતે સર્વ ઈશના ઈશ પરમેશ્વર છે. ચંદ્ર, સૂર્ય, અગ્નિ સર્વ દેવો જે તેજ પ્રકાશ ઓજને પામેલા છે તે જ પ્રકાશથી તે ચંદ્ર, સૂર્ય, અગ્નિ જગતમાં અંધકારનો નાશ કરનારા છે. તે પ્રભુ બાળલાલનો પ્રતાપ છે. અનંત કોટિ અક્ષરબ્રહ્મને પ્રકાશે છે. તે પણ ભગવાન નરહરિ નારાયણ પ્રભુના નખના પ્રકાશથી સર્વના શરીરના તેજથી પ્રકાશે છે. તે પોતે નારાયણનો પ્રકાશ છે. આ રીતે શ્રીહરિ પ્રભુ અખંડ છે, પૂરણ પરિ બ્રહ્મ બધાની ઉપર પ્રત્યેક ખંડોમાં, બ્રહ્માંડોમાં આ પ્રભુનો જ પ્રકાશ છે. આ રીતે પ્રભુ પોતાના સ્વરૂપ તેજના પ્રતાપથી સર્વના દિલના તાપને મટાડનારા છે. આ પ્રમાણે હું વરાહ રૂપ પ્રભુનો દાસ મારા મુખથી પ્રતાપ વર્ણવું છું. વારાહ ભગવાન આ રીતે પૃથ્વીને ભગવાનનો મહિમા પ્રતાપનું પ્રગટ પ્રમાણ વર્ણન કરીને સમજાવ્યું. ત્યાર પછી બાલમુકુંદ ભગવાનના સ્વરૂપમાં વારાહ પ્રભુ લિન થઈ ગયા.

આ પ્રમાણે પૃથ્વીએ ભગવાનને નિવેદન કરીને કહ્યું, એટલે પ્રભુએ વારાહને આજ્ઞા કરીને મહિમા સમજાવ્યો. વરાહનો પ્રતાપ ઓળખાવ્યો. હે રાજન્ ! આ પ્રમાણે કર્ણવેધસંસ્કાર તથા પ્રભુ પલંગમાં પોઢ્યા. તેનું વર્ણન એ તમને સંભળાવી. તે લીલા અદ્‌ભુત છે. તેને ધારણ કરવી.

**આ પ્રમાણે શ્રીહરિલીલાસિંધુમાં બીજા શૈશવ રત્નમાં વૈષ્ણવાનંદ બ્રહ્મચારી રચિત છંદભાષામાં શ્રીહરિની સાથે પૃથ્વીએ પ્રાર્થના કરી. તેથી વારાહ પ્રભુએ ભગવાનનો મહિમા કહ્યો એ નામનો નવમો તરંગ થયો. ॥૯॥**

# તરંગ-૧૦

રાજા કહે છે, હે વર્ણિ ! આપ મને આ દશમા તરંગમાં જ ભગવાનને અન્નપ્રાશન કરાવ્યું તથા જન્મતિથિ ઉજવી તેનું બાલમુકુંદના સ્વરૂપનું સ્મરણ કરીને હે મુનિવર ! મને સમજાવો. ભગવાનના અન્નપ્રાશનના વિધિનું રાજાએ પૂછ્યું, ભગવાન બાલમુકુંદનું નખશિખ પર્યન્ત સ્વરૂપનું ધ્યાન કરીને આપ મને તેનું વર્ણન કરીને સમજાવો. એવું મારું મન ચાહના રાખે છે.

વર્ણિ કહે છે, હે રાજન્ ! સુંદર મૂરતિ બાલમુકુંદ ભગવાન જ્યારે આઠ માસના થયા ત્યારે ધર્મદેવે અન્નપ્રાસનવિધિ માટે વેદવિધિપૂર્વક હોમયજ્ઞ કરીને ઉત્સવ કર્યો. અન્નપ્રાસનવિધિ આસો વદી બીજના દિવસે મેષ રાશિનો ચંદ્ર હતો ત્યારે તુલા સંક્રાન્તિના યોગમાં તુલા લગ્ન હતું અને સિદ્ધિ નામનો યોગ શોભી રહ્યો હતો તે સમયે કર્યો. વિધિ કરવા માટે ધર્મભક્તિએ સ્નાન કરીને પવિત્ર વસ્ત્રો ધારણ કર્યાં ત્યારે સારાં પવિત્ર સેવેકોએ પૂજાવિધિમાં ઉપયોગી પૂજાસામગ્રી અનેક પ્રકારની લાવીને આપી. ભક્તિમાતાએ બાલમુકુંદ પ્રભુને સ્નાન કરાવીને માતાના ખોળામાં આનંદપૂર્વક બેઠા. ત્યાર પછી પ્રત્યેક અગોમાં આભૂષણોને ધારણ કરાવ્યાં. તેથી પ્રત્યેક અંગો સારાં શોભતાં હતાં. નગરના મનુષ્યો સંબંધીજનો બધાં સાથે મળીને ધર્મદેવના ઘેર આવ્યા. પવિત્રતા જોઈને સૌના મનમાં આનંદ થયો. અતિ કોમળ સ્વરૂપ બાલપ્રભુને નિરખીને તેનાં દર્શન કરીને જનો ત્યાં સંતોષ પામતા થકા આનંદપૂર્વક રહેતા હતા. ચોરસ થાંદિલો બનાવીને તેને ચોરસ રીતે તૈયાર કર્યા. અબીલગુલાલ કંકુથી સારી રીતે શણગારીને શોભાયમાન બનાવ્યા. ત્યાર પછી સુચી નામના અગ્નિનું પ્રતિષ્ઠા કરીને વૈદિક મંત્રો વડે એ યજ્ઞકાર્યને દઢ બનાવ્યું. શિશુ ઘરના મેલને દૂર કરવા તેની શુદ્ધિકરણ માટે ધર્મદેવે જળની અંજલિ લઈને શુદ્ધિ માટે મહાસંકલ્પ કર્યો.

ઇંદ્રિયની બળવાનતા માટે તથા આયુષ્યની સ્થિરતા માટેના તેના બીજમંત્રનો ઉચ્ચાર કરીને વિધિ કરવાથી અન્નપ્રાસનનો વૈદિક વિધિ સિદ્ધ થાય છે. કાર્ય સફળ થાય છે. ધર્મદેવે સરપિ આદિ હવનનાં અનેક દ્રવ્યોથી અગ્નિમાં આહુતિઓ આપી પ્રારંભ કર્યો. ત્યારે પુરની સ્ત્રીઓ મંગળ ગીતો ગાતી થકી ધર્મદેવના ઘરમાં સુંદર મનોહર વાણીને વહેડાવતી હતી. તે જ સમયે ભક્તિમાતાએ શ્રીહરિ બાળપ્રભુને સુંદર પવિત્ર શ્વેત વસ્ત્રો ધારણ કરાવ્યાં ત્યારે બધાં અંગો વસ્ત્રથી ઢંકાઈ ગયાં. કેવળ મુખ ઉઘાડું રાખેલ તેથી બાધાં જોનારનાં મનને પ્રભુ હરી લેતા હતા. ભક્તિમાતાઓ પોતાના હાથે પ્રભુને જાલીને ઉત્તર બાજુથી લઈને ધર્મદેવની ડાબી બાજુએ સુખેથી ખુલ્લી રીતે બેઠાં ત્યારે ધર્મભક્તિ બન્ને પુત્ર પ્રભુની સાથે ખૂબ જ શોભતાં હતાં. જેમકે વામન ભગવાનની સાથે એમનાં માતાપિતા શોભતાં તેમ શોભતાં હતાં. એવું વાતાવરણરમ્ય લાગતું હતું. ભક્તિમાતાએ પોતાના હાથમાં સ્રુક લઈને આજય ભાગની આહુતિ પ્રમાણે અગ્નિમાં આહુતિ આપી. મુનિજનો વેદમંત્રનો ઉચ્ચાર કરીને ભગવાના મુખકમળને જોઈને પોતાના મનમાં ખૂબ જ આનંદ પામતા હતા. ત્યારે પણ વાનક પુંગિનોનાદ થયો એમ તુરીનો મનોહર નાદ થવા લાગ્યો. આકાશમાં પણ દેવોનાં દુંદુભી વાગવા લાગી. પુષ્પની વર્ષા થવા લાગી.

ત્યારે ધર્મદેવે બ્રહ્માઆદિક બધા દેવોની વૈદિક મંત્રો સાથે આહુતિ આપીને ફરીથી પ્રાણવાયુના સાથે વેદવચનોને ખૂબ જ ઉચ્ચારીને રાજી કર્યો. હોમવિધિ બધી પૂરી કરી નાંખી પછી વ્યાહૃતિ કરીને તેની ચાર વિભાગ

કરીને બહાર કાઢીને દહીં, મધ, ઘીની સાથે ચાર પ્રકારનાં અન્નને ભેગાં કરીને અન્નનો સાર તેનો રસ કરીને તે બધા રસનો થાળ ભરીને લાવ્યા. માતા ભક્તિદેવી પુત્રને ખોળામાં પૂર્વમુખે બેસાડીને સુખપૂર્વક રહ્યા થકાં શોભતાં હતાં ત્યારે માતા હાથમાં સોનાની મદ્રીથી પુત્રને પ્રેમથી જમાડતાં હતાં ત્યારે વતાવરણ ખૂબ જ શોભતું હતું. પ્રભુ મુખકમળનાં બંને હોઠોને ખુલ્લા કરીને ચમચીથી થોડી થોડી પાશ પ્રેમથી જમાડતાં હતાં ત્યારે પ્રભુ અતિ ચંચળ નજરથી આમ તેમ ચારેબાજુ જોતા હતા. હે રાજા ! આ પ્રભુની નજર જેની ઉપર પડી જાય તે ધન્યભાગ્ય થઈ જાય. ત્યાર પછી માતાએ પ્રભુના મુખકમળને ધોઈને પ્રભુને ત્યારપછી ઓસરીમાં નીચે બેસાડ્યાં ત્યારે બાળક ભૂમિ ઉપર બેઠા થકા કેવા શોભતા હતા. જેમ યજ્ઞના કુંડમાં જેમ અગ્નિ શોભે તેમ પ્રભુનું સ્વરૂપ શોભતું હતું.

ત્યારે માતાપિતાએ પોતાના પુત્ર પ્રભુના ભવિષ્ય જીવનની રીત જાણવા માટે તેમની પરીક્ષા કરવાનો વિચાર કરીને પ્રભુ આગળ હથિયાર, પુસ્તક, પેન, પૈસા, આ ચાર વસ્તુ એમની પાસે મુકવામાં આવ્યાં. તેમાંથી શું ગ્રહણ કરે તે જોવાનું. આ સર્વે વસ્તુઓમાંથી એકેની પસંદ કરીને લીધી નહીં અને એને સામે પણ ન જોયું અને ચંચળ નજરથી આજુબાજુ જોતા થકા બધાને આશ્ચર્ય ચકિત કર્યા એવા પ્રભુ ધર્મકુમાર છે. બ્રાહ્મણો વેદમંત્રનો ઉચ્ચાર કરીને આશીર્વાદ દેતા હતા. મુનિજનો બાળપ્રભુને શ્રીનારાયણ પ્રભુની જય જય પોકારતા થકા આશીર્વાદ કહેતા હતા. ધર્મદેવે ત્યારે બ્રાહ્મણોને જમાડીને તૃપ્ત કર્યા પછી ખૂબ જ દક્ષિણાઓ આપી રાજી કર્યા. આ રીતે પ્રતાપસિંહ રાજાને સુવ્રત મુનિએ ભગવાનના અન્નપ્રાશન વિધિની લીલા કરીને સંભળાવીને વિરામ પામ્યા.

ભગવાન શ્રી બાલમુકુંદની જન્મતિથિનો પરિયોગ રાજાને કહેવા લાગ્યા. મહિના મહિનાના પક્ષોને મેળાવીને તેમાં નવમી તિથિનો વિનિયોગ કરીને બતાવ્યું. રાજા કહે છે, હે મુનિદેવ ! મહિના મહિનાનો યોગ કરવાનો યોગ્ય રીતે મને ગુણ કરીને વિગતવાર સમજાવો. એવી વિનંતી છે. મુનિ કહે છે, હે રાજન ! વરસની ગણતરીમાં તિથિઓ ફાગણ માસ, કારતક માસ, અષાઢ માસ જ લેવાના છે એ જ બુદ્ધિની વાત છે તમે જાણો. તેમાં કરણો અશક્ત છે એ પ્રમાણે કહેવાય છે. વર્ષની બધી તિથિઓ એક જ કરાવીને જે આવે તે પ્રશ્નનો ઉત્તર થાય છે. ત્યાર પછી ભગવાનના પ્રાદુર્ભાવની તિથિ મળે છે. એ પ્રમાણે જાણો. ધર્મદેવે સ્નાન કરીને નાન્દિ મુખ કરીને બધાં જ પુણ્યપવિત્ર કાર્યો કર્યાં અને શુદ્ધ પવિત્ર થઈને વેદિયો કુંડો મંડપ સર્વેને સારી રીતે શણગારીને તૈયાર કર્યાં તે અલંકારોથી સુભાગ્ય દ્રવ્યોથી ખૂબ જ શોભતાં હતાં. ત્યારે ધર્મદેવે પૂજાવિધિનો સામાન ખૂબ જ ભેગો કરીને રાખ્યો. ત્યાર પછી પાવક નામનો અગ્નિ કહેવાય છે તે અગ્નિને કુંડમાં પ્રગટ કર્યો. ધર્મદેવે સંકલ્પ મુકાવ્યો. તેમાં બીજગર્ભથી ઉત્પન્ન થયેલા મારી બાબતમાં જે દોષ હોય તેના દોષના નિવારણ કરનારા દેવતા નિવારણ કરજો. આમ કહીને ધર્મદેવ સંકલ્પ કરાવ્યો. એને ફરીથી આહુતિઓ આપવા લાગ્યા. ધર્મદેવે જે વ્યાહ્રતિ વિધિ બધી જ કરાવીને તેથી તે અગ્નિ ઈન્દ્રોને વિશેષ શોભાડે છે. દ્યાવા પૃથ્વી સ્વાહા આમ કહીને ઓહિ દિવિ ભૂર્ન મમ અહહિ આમ કહેતા હતા. વિશ્વે વ્યો દેવેભ્યો સ્વાહા. વિશ્વના દેવોને અર્પણ કરીએ છીએ. આમ કહીને ''વિશ્વ દેવેકૌ હમનહિં કહા'' એ મેં વિશ્વના દેવોને નથી કહ્યું. આ પ્રમાણે કહીને આ મંત્રોથી આહુતિઓ આપી તેથી તેને દેવો પ્રગટ થઈને સુરભાગને લેતા હતા. જન્મતિથિના દેવનો ભાગ તે જન્મનક્ષત્રના દેવતાને એનો ભાગ આપ્યો. ત્યાર પછી ફરીથી નાંદિમુખ શ્રાધક કરીને સુખ કરનારા બધા દેવતાઓની આરાધના કરીને શ્રાદ્ધ કરતા હતા. વેદની વિધિ પ્રમાણે વિધિ કરીને ગરીબોને દાન આપે છે. આ વિધિ જ્યારે ધર્મદેવના

ઘેર થાય છે ત્યારે એમને દેવોમુનિઓ બન્ને ખૂબ જ આશીર્વાદ આપે છે. મુનિ કહે છે, હે ઋષિરાજ તમે સાંભળો કે ધર્મદેવ જે દેવો, મુનિજનો, ગરીબોને જે ખૂબ જ જમાડીને તૃપ્ત કરે છે એનું કારણ તો આ બાળપ્રભુનો અવતાર થયો છે તે જ મુખ્ય કારણ છે. ધર્મદેવે યજ્ઞકાર્યને પૂર્ણ કરીને ત્યાર પછી પોતાને ઘેર બ્રાહ્મણોને જમાડી તૃપ્ત કર્યા. ત્યાર પછી તે બ્રાહ્મણોને પાત્રો ભરી ભરીને ખૂબ દક્ષિણાઓ દીધી. આ રીતે ધર્મદેવના ઘેર દરરોજ દેવો, મુનિજનો, ઋષિમુનિઓ આવતા હતા અને ભગવાન બાલપ્રભુના મુખકમળનાં દર્શન કરીને અતિશય આનંદ પામતાં હતાં.

માતાપિતા શ્રીહરિ પ્રભુનું પોષણ કરતાં હતાં. બાલપ્રભુનું મુખકમળ જોઈને આનંદમય થઈ જતાં હતાં. આ રીતે બાલપ્રભુમાં હરિના સ્વરૂપનું જ્ઞાન વિષે દિવસે વધતું હતું. અમાવાસ્યા પછી જેમ ચંદ્ર શોભે તેમ પ્રભુ શોભતા હતા. બાલપ્રભુની બાલલીલાઓને જોઈને દિવ્યતાનો અનુભવ થવાથી ભગવાનની ભ્રૂકુટિ જોઈને કાળ પણ ડરે છે. એવા પ્રભુ ધર્મદેવના ઘેર બાળરૂપે અલૌકિક જોઈને નિર્દોષ બાળરૂપ જોઈને લાલન કરાય છે. ખૂબ જ પ્રેમ થાય છે. જે કોઈ નરનારી બાળપ્રભુને નીરખીને દર્શન કરે છે તો તે રોજેરોજ આનંદ અતિરેકમાં ફર્યા કરે છે. એને માતા પ્રેમવતી જ્યારે બાળમુકુંદ પ્રભુને પુત્રપણાના ભાવથી જુવે છે ત્યારે તે માતા અતિ હરખાતાં થકાં અતિશય લાડ લડાવે છે. ક્યારેક બાલપ્રભુને ભોંય ઉપર સુવરાવે છે. ક્યારેક ખોળામાં રાખે છે. ક્યારેક પારણાંમાં પોઢાડે છે. ક્યારેક પલંગમાં પોઢાડે છે. આનંદ કરે છે. ક્યારેક મોટાભાઈ બલરામજી તેડીને મુનિઓની સમીપે લઈ જાય છે. અતિ કોમળ મનોહર પ્રભુના રૂપને જોઈને તે અદ્‌ભુત રૂપમાં પોતાના મનને પરોવીને મુનિઓ એકદમ મગ્ન થઈ જાય છે. એને એ રૂપનો નિરંજન અસ્ખલિત અને સ્થિર દૃષ્ટિમાં પરોવીને દૃઢ કરીને રમે છે. અખંડ આનંદના ઓઘમાં રહ્યા કરે છે.

પ્રભુને લઈને આવે છે ત્યારે મુનિઓ બલભૈયાને આસન ઉપર બેસાડે છે. આનંદ કરે છે ત્યારે ચારેબાજુથી મુનિઓ દોડીને જ્યાં પ્રભુ બેઠા હોય ત્યાં આવે છે. પ્રેમથી જુએ છે. જ્યારે બલભૈયા મુનિઓ પાસેથી પાછા પ્રભુને લઈને જાય છે ત્યારે બાલપ્રભુ હાથ જોડીને નમન કરે છે. મુનિજનોને જોઈને મનથી ખૂબ જ કિલકિલાટ કરે છે અને અડધા અક્ષરોથી કાલુ કાલુ બોલે છે. અરુણ કમળ દલ સમાન મુખકમળને જોઈને તેને ધારીને જુવે છે ત્યારે જળમાં માંછલું જેમ જુવે તેમ ધારીને જુવે છે. આ રીતે શ્યામમૂર્તિ પ્રભુ મુનિઓના મનને હરે છે. નાના નાના હાથને હલાવીને ખૂબ જ શોભાયમાન લાગે છે. પ્રભુની ભ્રૂકુટિની રેખા મુનિઓના મનને હરે છે. અભય સુખ આપનારા હાથ હલાવતા થકા ખૂબ જ શોભે છે. તે પ્રભુ હસ્તકમળમાં હાથની અંજલી પંજામાં સુંદર રેખાઓ કમળ દળમાં લાંબી ખેંચાયલી રેખા મનોહર શોભે છે. મનને ખેંચે છે. ભગવાનના હસ્ત, ચરણના નખ મણિયો ઊંચા ઉપસેલા ખૂબ જ શોભે છે. હાથના નખનો અગ્રભાગ તીક્ષ્ણ લાગે. છે. અંગો ઉપર ધાટ કરાવેલ પૌંચિકડાં, બાજુબંદ આદિ આભૂષણોથી શોભતા ને હસ્તકમળ સહિત સ્વરૂપને મુનિઓ ધ્યાનમાં ધારે છે. સર્વનું મંગળ કરનારા કમળનયન પ્રભુના હાથને મુનિઓ પોતાના હાથમાં લઈને પ્રેમથી ચુંબન કરીને હૃદયને પર્શાવીને મસ્તક ઉપર સ્પર્શ કરતા હતા. અમે આનંદ પામતા હતા. મસ્તક ઉપર નાના નાના કેશ ગુંથાયેલાં. તેમાં સુગંધિત તેલ લગાવેલ હતું કેડમાં સોનાનાં આભૂષણો પહેરેલાં હતાં. મસ્તક ઉપર સુંદર ટોપી ધારણ કરાવી હતી તે ખૂબ જ શોભા આપતી હતી.

બાલપ્રભુએ મસ્તક ઉપર ધારણ કરેલી વામન ટોપી શણગારમાં જાણે મધ્યબિંદુ ન હોય તેમ શોભતા હતા તથા વિશાળ લલાટમાં આડી બે રેખાઓ શોભે છે. વચમાં કુંકુમનો ચાંદલો વિરાજમાન શોભે છે. નાસિકાની મનોહરતા જાણે દીવાની જ્યોત ન હોય તેમ જણાય છે. તે મુનિઓના મનને ખેંચનારી મોહ પામનારી છે. કાનની શોભા કમળની કળી ન હોય તેમ શોભે છે. અધર ઓષ્ટ લાલ પરવાળાની સમાન ગોરા શોભે છે. દાંત ઉગવાના સ્થળ પેઠાં કોમળ લાલ નિશાનો (ચિહ્નો) સહિત જીહ્વા ખૂબ જ શોભે છે. કાલુ કાલુ ઉતાવળું તોતલું બોલવાથી મનોહર લાગે તેમ અડધાઅડધા અક્ષરો બોલવાથી મનોહર લાગે છે. અમોલ વાણી થાય છે. બાલપ્રભુની મનોહરતા જોઈને ચંદ્રમાં પણ શરમાય છે. તે જ પ્રભુ મુનિજનોના સમુહની વચમાં વિરાજ્યા છે. એમના મનોહર ચીબુકની રેખાઓથી શોભતા પ્રભુ મંદ મંદ હાસ્ય કરીને મનને હરતા હતા. બાળપ્રભુની કોમળ મનોહર ડોકમાં આભૂષણો ધારણ કરવાથી મનોહર લાગે છે. તે પ્રભુના મનમાં જાણે કે બાળમૃગ શોભે તેમ બાળપ્રભુ મનોહર ચરિત્રથી શોભે છે. બાળપ્રભુની છાતી (ઉરુ)માં શ્રીવત્સના ચિહ્નથી ખૂબ જ શોભે છે. તેનાં ભૃગુમુનિનાં પગના ચિહ્નથી અરધા ચંદ્રસમાન શોભે છે. મુનિમન લોભે છે તથા નાનું ઉદરનો ભાગ જાણે કમળના પત્ર સમાન શોભે છે. નાભિ તો જાણે પાણીથી ભરેલી નાની ખાણ જેવી લાગે છે. કેડમાં કટિમેખલા શોભે છે. તેનાથી બાળપ્રભુ પણ ખૂબ જ શોભે છે. બન્ને સાથળો અને બન્ને ઉરુ તથા બન્ને પિંડી જાણે કમળ ડાંડી છે કે શું ? તેમ મનોહર શોભા લાગે છે. પ્રભુના ચરણના ગુલ્ફ તથા ચરણની ગોળ પૈનિ અતિ કોમળ તે ભક્તજનની પરમધામની નિસરણી છે. કમળની કોમળ પાંખડી જેવી આંગળીઓ તથા હાથની કોમળ આંગળીઓ જાણે નગદ મોતિ ન હોય તેમ તેની ક્રાન્તિ મનોહર લાગે છે.

આ પ્રભુના કોમળ ચરણકમળનાં તળમાં વિરાજિત કોઈ રેખાઓ ચિહ્નોને જે જન ઉરમાં ધારણ કરે છે તથા તેના મહિમાને જે જન જાણે છે તેને સ્મરે છે. તેને જનમમરણનો કોઈ ભય રહેતો જ નથી. ૧. જવ, ૨. જાંબુ, ૩. ધ્વજ, ૪. વજ, ૫. અંકુશ, ૬. સ્વસ્તિક, ૭. કળશ, ૮. અષ્ટકોણ, ૯. પદ્મ (કમળ), ૧૦. મીન, ૧૧. ધનુષ્ય, ૧૨. અર્ધચંદ્ર, ૧૩. નભ (આકાશ), ૧૪. ગોપદ, ૧૫. ઉર્ધ્વરેખા, ૧૬. ત્રિકોણ, આ સોળ ચરણનાં ચિહ્નો છે. તેને ઉરમાં ધ્યાન કરવું. ચરણમાં સોળ ચિહ્નોની શોભા જોઈને મુનિજનોના મનમાં લોભ થયો. દર્શન કર્યા જ કરીએ. આ રીતે ચરણના ઉપરના ભાગનાં દર્શન કરીને જીવના પાપોનો નાશ થાય છે. તેની ઉપેક્ષાથી તેનાં પાપોનો વધારો થાય છે. નવાં ખીલેલાં કમળ સમાન કોમળ શરીર તમા મુખકમળ તથા આભૂષણો તથા વીજળી સમાન પીળાં વસ્ત્રોને ધારેલાં એવાં પ્રભુના નખશિખા પર્યંત મનોહર સ્વરૂપનાં દર્શન કરીને મુનિઓનાં મનમાં ખૂબ જ આનંદ થયો. પ્રભુના ચરણના તળનો સ્પર્શ કરીને તથા પૂર્ણબ્રહ્મના દર્શન કરીને મનની સર્વ પીડા મટી ગઈ. આ રીતે સર્વે મુનિગણ ધર્મદેવના ઘેર રહીને દરરોજ આ રીતે સુખને પામતા હતા. પ્રભુ સુખ આપતા હતા.

ત્યાર પછી મુનિઓ કહેવા લાગ્યા કે હે બલભૈયા ! પ્રભુને લઈને ઘણો સમય થયો. આવ્યા છો. તેથી બાલમુકુંદને ભુખ લાગી હશે માટે જાઓ. ત્યારે દિવસનો જેમ અંત થતો જાય. સાંજ આવતી જાય. સંધ્યાનજી આવે તેમ પ્રભુ પોતાના મુખને મરોડતા જાય અને આળસ કરતા જાય. આ રીતે પ્રભુ ચરિત્ર કરતા હતા. ત્યારે રામપ્રતાપ પ્રેમથી મુનિજનોના ચરણમાં વંદન કરીને નાનાભાઈ બાલમુકુંદને હેતથી તેડીને માતાજીને આપ્યા. ત્યારે માતાભક્તિ દેવી પુત્ર પ્રભુને ચુંબન કરીને બાળપુત્રને સ્તનપાન કરાવતાં હતાં ત્યારે માતાના સ્તનમાંથી

સ્નેહથી દૂધ વહેતું હતું. તેને બાળપ્રભુ આનંદની પાન કરતા હતા. સ્તનપાન કરાવ્યા પછી બાલપ્રભુના નેત્રોમાં માતાને નિંદ્રા દેખાણી એટલે સેવિકાએ પારણું સરખું કર્યું અને બાલ પ્રભુને પ્રેમથી પારણાંમાં પોઢાડ્યા. દૂધના ફિણ જેવા શ્વેત પારણાંમાં પ્રભુને પ્રેમ કરીને પોઢાડ્યા. પ્યારથી માતા દરરોજ પ્રભુને હિંચોળતાં હતાં. માતા હાલરડાં ગાઈને પોઢાડતાં હતાં. હે રાજન ! આ રીતે ધર્મદેવના ઘેર દરરોજ થયા કરતું હતું અને કન્હૈ પાંડેના કુળના કમળને વિકસવામાં સૂર્યની કળાની જેમ વિકસતા હતા.

હે રાજન્ ! આ રીતે મેં તમને અન્નપ્રાશન તથા જન્મતિથિના જન્મસંસ્કારની કથા કહી તથા બાલમુકુંદના સ્વરૂપની નખથી શીખા પર્યંતની કથા કહીને સંભળાવી છે. તેને સ્મૃતિમાં રાખજો.

**આ પ્રમાણે શ્રીહરિલીલાસિંધુમાં બીજા શૈશવ રત્નમાં વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિને અન્નપ્રાશન કરાવ્યું તથા બાળમુકુંદ પ્રભુના સ્વરૂપનું વર્ણન કરીને સમજાવ્યું એ નામે દશમો તરંગ થયો. ॥૧૦॥**

# તરંગ-૧૧

પ્રતાપસિંહ રાજા સુવ્રત મુનિને કહે છે, હે મુનિરાજ ! આપના મુખથી હું બીજાં ચરિત્રો સાંભળવાની ઇચ્છા રાખું છું તો આપ મને ભગવાનનાં ચરિત્ર પ્રથમ સંક્ષેપથી કહો. પછી વિસ્તારથી કહેજો. સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! તે જ દિવસે ભગવાન બાળપ્રભુના રૂપમાં મુનિઓ એકદમ મગ્ન થઈ ગયા હતા. તેની કથા તમે પૂછી. તેથી હે રાજન્ ! તમને ધન્યવાદ છે. કેમકે તમે જે મને પૂછ્યું તે સર્વે હું તમને કહું છું. તમે ધ્યાનથી સમજજો. એક વખત ધર્મદેવના ઘેર મારા ગુરુ શતાનંદ સ્વામી તથા અન્ય સંતોની સાથે ગયા હતા. ત્યારે માર્કંડેય મુનિને ધર્મદેવે જે ચરિત્ર પૂછેલ તે મનોહર ચરિત્ર માર્કંડેય મુનિએ કહ્યું. અત્યારે જે તમે પૂછ્યું તે તો ભૂતકાળમાં પૂછેલું છે. મુનિજનોએ વર્ણવેલ છે. તે સમયે ધર્મદેવે ભવિષ્યનું ચરિત્ર પૂછેલ તે પ્રમાણે તમે જાણજો તે માર્કંડેય મુનિએ કહેલ છે. સર્વે મુનિજનો ભગવાનના લીલા ચરિત્રના અમૃત સાગરમાં મન ડુબેલાં હતાં. તેમાં મગ્ન થયેલા હતા. ભગવાનના સ્વરૂપના ચિંતનમાં સૂતેલા હતા. જેમ ભમરો કમળમાં તલ્લીન થઈ જાય છે તેમ મુનિઓ પ્રભુમાં તલ્લીન હતા. ચિંતનમાંથી જાગીને મનહૃદય ખૂબ જ પ્રફુલ્લિત થયેલાં હતાં ત્યારે ગદ્‌ગદ્ વાણીથી કહેવા લાગ્યા કે તમારા પુત્રના ભવિષ્યની વાત તેના ચરિત્રની કથા સંક્ષેપમાં હું કહું છું.

માર્કંડેય મુનિ કહે છે, હે ધર્મદેવ ! તમને ધન્યવાદ છે. તમે મને તમારા પુત્રનાં ચરિત્ર કહેવાનો લહાવો આપ્યો. તે દિવ્ય મનુષ્ય સ્વરૂપનાં બંને પ્રકારનાં ચરિત્રને જે સાંભળે તે જીવાત્મા જગને પાર કરી બ્રહ્મપુર ધામને પામે છે. ફરી જન્મ મરણના ફેરામાં આવવું નથી પડતું. હે ધર્મદેવ ! આ બાળપ્રભુના જન્મના પહેલાંથી જ ઋતુ સમય પ્રમાણે સૌને સાનુકૂળ થઈ ગઈ હતી. અગ્નિ શાંત થયો હતો. ચંદ્રમા સુંદર ઉદય પામ્યા હતા. આમનું વાતાવરણ નિર્મલ શાંત હતું. પવનો શાંતિથી વાતા હતા. લોકોને સુખાકારીનું વાતાવરણ હતું.

પ્રભુના જન્મ સમયે ખૂબ જ તેજનો સમુહ દેખાણો તે તેજના સમૂહમાં બાળપ્રભુ દેખાણા. અદ્‌ભૂત વાતાવરણ થયું. એમણે ચારેબાજુ નજર ફેરવીને જોયું અને પછી માતા બાલા પ્રત્યે ચિત્તને ચોરનારા પ્રભુ બોલ્યા. અને તમને એ પ્રભુનાં શ્રીકૃષ્ણ સ્વરૂપે દર્શન થયાં ત્યારે વિષ્ણુ, શિવ, બ્રહ્માદિ દેવો સમય પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા. આકાશમાંથી પુષ્પ ચંદનની પુરના મનુષ્યોની વસતી ઉપર અમિવર્ષા થવા લાગી. તે પ્રભુના દિવ્યચરિત્રોને ગંધર્વો ગાવા લાગ્યા. પ્રગટ થયા પછી તે પ્રભુને પકડવા માટે મહાક્રૂર રાક્ષસીઓ કોટરા બાલા ધર્મદેવના ઘેર

આવી પ્રભુને લઈ ગઈ પણ પ્રભુ બાલમુકુંદનો ભાર સહવા સમર્થ થઈ નહીં. ત્યારે બધી જ રાક્ષસી સેના ભેગી થઈને એકવાર મૂઢ બુદ્ધિવાળી તે પ્રભુને ઉઠાવવા લાગી તોય પ્રભુને પૃથ્વી ઉપરથી ઉઠાવવા સમર્થ થઈ નહીં. એવાં પ્રભુના દિવ્ય બાલચરિત્રને જે કોઈ સાંભળે તે મહાસુખને પામે છે. આ પ્રમાણે પ્રભુના દૃષ્ટિના તાપથી બળવાથી પ્રભુથી દૂર જ રહેતી હતી. તે જ સ્વરૂપને સમાધિમાં જોઈને પ્રત્યક્ષ હાજરમાં આવ્યા. દર્શન કર્યાં. છઠ્ઠીના દિવસે ષષ્ટિ પૂજનના સમયે છવ્વીસ મનુષ્ય દેવો આવ્યા. દર્શન કર્યાં. એ બાલપ્રભુનો મહિમા અલૌકિક છે. તેને કહેતા પાર આવે તેમ નથી એવો આ પ્રતાપ છે. ત્યાં આવેલા દેવો ચંદ્ર, સૂર્યને તે ષષ્ટિ પૂર્તિ ઉત્સવમાં આશ્ચર્ય થયું. તેમાં પોતે પોતાના માર્ગને ભૂલી ગયા. આમ ષષ્ટિ પૂર્તિની આખો દિવસને રાત ચાલ્યાં ગયાં તોય કોઈને સમયનો ખ્યાલ જ ન આવ્યો.

મુનિઓએ જ્યાં જ્યાં સ્તુતિ વિભાગ આપે છે ત્યાં બધે જ આ બાળપ્રભુના બધા જ પ્રસંગમાં ખૂબ જ મહિમા કહ્યો છે. તે પોતે પુરુષોત્તમ પ્રભુ પોતાના અક્ષરધામમાંથી સ્વયં પધાર્યા છે તે જીવોના મોક્ષ માટે જ પધાર્યા છે. પૃથ્વીને પાપથી પીડા થાય છે તે માટેનું નિવેદન સાંભળીને તેના નિરાકરણમાં પ્રભુએ વારાહ પ્રભુ પાસે પોતાના મહિમાને કહેવડાવીને પૃથ્વીના સંશયને મટાડ્યો. ત્યાર પછી તે વારાહ સ્વરૂપ પ્રભુ બાળસ્વરૂપમાં લીન થઈ ગયું. પહેલાં વૃંદાવનમાં તમને ભગવાન શ્રીકૃષ્ણનાં અલૌકિક દિવ્ય સ્વરૂપનાં દર્શન થયાં હતાં, ત્યાર પછી પ્રયાગમાં રામાનંદ સ્વામી થકી ઉદ્ધવને વૈષ્ણવી દિક્ષા લીધી તે જ રાતે તમને સમાધિ થઈ પ્રભુનાં દર્શન થયાં. આ ભૂતકાળનાં બધાં ચરિત્રો છે. તે તો દિવ્ય છે અને અત્યારે આઠ માસ સુધીનાં ચરિત્રો દિવ્ય અલૌકિક ચરિત્રો જે કર્યાં તે બધાં જ ટૂંકમાં તમારી આગળ ગાયાં. હવે ભવિષ્યનાં ચરિત્રનું વર્ણન કરું છું. તમને મનભાવતાં કહું છું તેને સાંભળો.

પ્રભુ બાળરમતોમાં અનેક દિવ્યલીલાઓ કરે છે. તે બાળરમતોમાં તમે જુઓ છો. તે જ રીતે પ્રભુ બીજા વરસમાં માતાને પોતાના મુખમાં પોતાના દિવ્યધામનાં દર્શન કરાવીને બ્રહ્માંડ દેખાડ્યું તે આશ્ચર્ય સુખ આપનારું ચરિત્ર છે. પ્રભુ દયાળુ જ્યારે ત્રીજા વર્ષમાં આવ્યા ત્યારે મહાઅભિમાની, મહાભયંકર એવો અસુર કાળિદત્તને પ્રભુએ એક લીલા માત્રમાં જ મારી નાંખ્યો એ અદ્‌ભૂત ચરિત્ર છે. પ્રભુને જનને ચોથે વર્ષે પોતાના બાળસખાઓને પોતાનું દિવ્ય અક્ષરધામનાં દર્શન કરાવી પોતાના દિવ્ય સ્વરૂપનાં દર્શન કરાવ્યાં. અદ્‌ભુતતા દર્શાવી. પાંચમા વર્ષમાં જાંબુડાં પોતાના બાળમિત્રોને ખવડાવ્યાં અને તેના અહંકારી અસુરનો હાથ તોડી નાંખ્યો તે ચરિત્ર. ત્યાર પછી ભૂતિયા કૂવામાં અનેક ભૂતો રહેતાં હતાં. તેનો ઉદ્ધાર કર્યો. મોટા ભાઈ રામપ્રતાપની સાથે કોપ કરીને પ્રભુ વગડામાં રીસાઈ ગયા એ લીલા છઠ્ઠા વર્ષમાં કરી. સાતમા વર્ષમાં પ્રભુ બાળ ઘનશ્યામે અયોધ્યા નગરીમાં અહંકારી અસુર એવા મલોને પોતાના પરાક્રમથી મારી નાંખીને લોકોમાં આશ્ચર્ય પેદા કર્યું. આઠમા વર્ષે પ્રભુને ઉપવિત સંસ્કાર કર્યા તે સમયે લીલા કરી તેનાં દર્શન કરવા અનેક દેવો મુનિગણો ત્યાં આવ્યાં. તેમણે મહારાજને અરજ કરી કે આપ હવે જરૂર વનમાં વિચરણ કરશો એમ અમને જણાય છે. નવમા વર્ષ સુધીમાં બાળ ઘનશ્યામ વેદવેદાન્ત ઉપનિષદો બધાં જ પુરાણો સર્વનો અભ્યાસ કર્યો. વાંચ્યાં, વિચાર્યાં અને પોતાના અંતકરણમાં ધારી લીધાં.

હે ભક્તિધર્મ ! તમને બંનેને દિવ્ય સ્વરૂપના જ્ઞાનનો ઉપદેશ આપીને આ ભૌતિક શરીરનો ત્યાગ કરાવીને

પોતાના દિવ્ય સ્વરૂપમાં રાખીને સેવશે. ત્યાર પછી અતિ ઉત્તમ દૃઢ વૈરાગ્યથી પોતાના સંબંધીઓ મિત્રો સર્વેનો ત્યાગ કરીને પૂરનો ત્યાગ કરીને ઉત્તર દિશામાં ચાલશે. એકલા જ જશે અને વનમાં ઉગ્ર તપસ્યા કરીને જીવાનો ઉદ્ધાર કરશે. આ પ્રભુ પોતાના શરીરને સરજુ નદીના પટમાં આઠ ગાઉ સુધી તરતું જવા દેશે. તે વહેતા પ્રવાહમાં આપોઆપ દેહ પાર ઉતરશે. આગળ ઉત્તર દિશામાં ચાલ્યા જશે. વચમાં અનેક ભૂતના સમૂહથી સેવાતો ભૂત પતિનો ઉદ્ધાર કરીને તેને દિવ્યગતિ આપીને અતિશય પાણીના પ્રવાહવાળા મહાનદીઓને પાર કરતા આ તમારા પુત્ર પાર ચાલ્યા જશે. આગળ વનમાં જતાં વચ્ચે બુટોલપુરમાં મયા રાણીના મહેલમાં રહેશે. ઉપદેશ આપશે. તે નગરના પંડિતોને જીતીને તે બાર વર્ષની ઉંમરમાં પ્રભુ વિજય મેળવશે. નિલકંઠ પ્રભુ તેરમા વર્ષમાં એક મોટું ચરિત્ર કરતા હતા. પોતે એકલમડ હોવા છતાં અનેક મનુષ્યો આવતાં હતાં. તે સર્વેને એકલાજ વિવેકથી એકાન્તિક બનાવતા હતા.

પ્રભુ વેકટાદ્રિ જતાં માર્ગમાં મહા વન આવ્યું. તે મહાવિ કષ્ટ હતું. તેથી તે વનમાં માર્ગ ભૂલ્યા ત્યારે તે વર્ણિવરને હિમાલય પોતે મનુષ્યનું સુંદર સ્વરૂપ ધારીને મળ્યો અને પ્રભુને માર્ગ બતાવતો હતો. અદૃશ્ય થઈ ગયો. ત્યાર પછી પ્રભુ મુક્તનાથમાં પધાર્યા. ત્યાં પુલહાશ્રમમાં ઉગ્ર તપસ્યા કરીને લોકોને બોધ કર્યો. ત્યાંથી ફરતા ફરતા બુટોલપુર ગામમાં આવ્યાં. ત્યાં અનેક સિદ્ધોને જીતીને સાચો માર્ગ સમજાવી આશ્રિત કર્યા. અષ્ટાંગ યોગ સાધવાનો મનમાં વિચાર કરીને ગોપાળ યોગીને મળ્યા. એમને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવીને અક્ષરધામનાં દર્શન કરાવ્યાં. ત્યાર પછી ભૌતિક દેહ તજાવીને પરમધામમાં લઈ ગયા. પરમ સુખ આપ્યું. આ રીતે પ્રભુ સેવા જ્ઞાનનો માર્ગ સમજાવી પોતે ત્યાંથી આગળ ચાલ્યા. દક્ષિણ દેશમાં શિરપુરનો રાજા સિદ્ધ વલ્લભને મળ્યા. નીલકંઠવર્ણી ત્યાં ચાતુર માસ રોકાયા. ત્યાં અનેક સિદ્ધોનો ક્રોધનો સામનો કરીને એમને જીતીને પાર ઉતર્યા. ત્યાંથી કામટ્યપુર (કામાક્ષિ) તેની નજીકમાં મલિકપુરમાં બ્રાહ્મણ રહેતો હતો. તે મહાશક્તિનો ઉપાસક પીબેક નામની તેને પ્રભુ બાલકૃષ્ણે જીતીને શુદ્ધ સત્ય ધર્મવાન બનાવ્યો. ત્યાંથી પ્રભુ નવલખા પર્વત ઉર જાઈને નવ લાખ યોગિઓને એક સાથે મળીને દર્શન દીધાં. ત્યાંથી પ્રભુ પુરુષોત્તમપુરી (જગન્નાથપુરી)માં જઈને અસુરોનો નાશ કર્યો. ત્યાંથી માનસપુરમાં શત્રધન્વા ધર્મવાન રાજા રહેતો હતો. ત્યાં પધાર્યા. ત્યાં અનેક ચમત્કારો બતાવીને પોતાના આશ્રિત કર્યા. સત્સંગી કરીને. ત્યાંથી શિવકાંચિ વિષ્ણુકાંચિ પધાર્યા. ત્યાંથી શ્રીરંગ ક્ષેત્રમાં પધાર્યા. ત્યાંથી શ્રીહરિ પ્રભુ તીર્થરાજમાં પધારશે. ત્યાં ઉપદશે આપીને પોતાના આશ્રિત કરશે. ત્યાંથી સેતુબંધ રામેશ્વર જશે. ત્યાંથી વિષ્ણુરાજ થઈને પ્રભુ ભૂતપુરિ પધારશે. ત્યાંથી મહાવનમાં પધારશે. ત્યાં જંગલમાં શંકર પાર્વતી કાપડીના વેશમાં મળશે સાથવો આપશે. રામાનુજાચાર્યનું પૂજન કરી શ્રી નિલકંઠ પ્રભુ, કુમારિકાક્ષેત્ર (કન્યાકુમારી)માં પધારશે. ત્યાંથી પદ્મનાભ થઈને જનાર્દન થઈને આદિ કેશવ તીર્થમાં પધારશે. આદિ કેશવાથી પ્રભુ મલયગિરિ પર્વત તરફ પધારશે. તેને જોઈને સાક્ષિ ગોપાળ પ્રભુનાં તીર્થમાં જશે. ત્યાંથી ચંદ્રભાગામાં સ્નાન કરી પ્રભુનારાયણ પંઢરપુર પધારશે. પંઢરપુરથી મહાપ્રભુ દંડકાર્ણ તીર્થમાં જશે. નાસિક-ત્ર્યાંબક થઈને નાથ તાપી નદીના તીર ઉપર સ્નાન કરશે. ત્યાં મહી નદીમાં સ્નાન કરશે.

અનંત કોટિ બ્રહ્માંડાધિપતિ સાભર ગંગામાં સ્નાન કરી પ્રભુ ભીમનાથ પધારશે. ત્યાંથી ગોપનાથમાં જઈને ત્યાંની પંચ તીર્થી કરશે. વૈરાગ્ય, જ્ઞાન, ધર્મ, ભક્તિથી પોતાના જીવનને ભરપૂર રાખીને ત્યાગ વૃત્તિવાળા તીર્થ

કરવાના નિમિત્તે પોતાના એકાંતિક મુમુક્ષુઓને જાગ્રત કરવા વિચરણ કર્યું. આ રીતે શ્રી ઘનશ્યામ પ્રભુ સાત વર્ષ, એક માસ પર્યંત તીર્થોમાં વિચરણ કર્યું. વનો, સાગરો, નદીઓના તટ ઉપર ફરતા થકા અનંત જીવોના કલ્યાણ કરવા જગતમાં જીવોને આત્યંતિક મોક્ષનું સુખ આપ્યું ક્યાં ઋષભદેવ, ક્યાં જડભરત, ક્યાં શુકદેવજી, ક્યાં કપિલદેવ પ્રભુ, ક્યાં ગુરુ દત્તાત્રેય, ક્યાં નવયોગીઓ, ક્યાં ભગવાન શંકર, ક્યાં વામન પ્રભુ, ક્યાં નારદ, શુક સર્વે ક્યાં આરુણિ ઉપમન્યુ, ક્યાં દક્ષના હજારો પુત્રો, ક્યાં પ્રચેતાઓ, ક્યાં કાર્તિક સ્વામી, ક્યાં હરિ અવતાર, ક્યાં હંસ અવતાર એ સર્વે નીલકંઠવર્ણીને સમાનતાએ ન આવે. સર્વે સિદ્ધો તો મોક્ષના ફળ આપનારા છે. સર્વે પરમહંસો, સિદ્ધો, મોક્ષનો માર્ગ સમજાવનારા છે. મોક્ષ આપનારા નારાયણ પ્રભુ એક જ છે.

છ ગુણ, બાર ગુણ, બધા મળીને તિસ ગુણ તેની ઉપર ઓગણ પચાસ ગુણ કહો. ઓગણ પચાસથી ઉપર ચોસઠ ગુણક કહેવાય. તેનાથી પર અનંત ગુણોયુક્ત તો આ બાલાના પુત્ર પ્રભુ ઘનશ્યામ સર્વોપરિ છે.

**આ પ્રમાણે શ્રીહરિલીલાસિંધુમાં બીજા શૈશવ રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારી રચિત છંદભાષામાં શ્રીહરિના ભૂતકાળ ભવિષ્યકાળનાં લીલાચરિત્રોનું વર્ણન કર્યું. એ નામેં અગિયારમો તરંગ થયો. ॥૧૧॥**

# તરંગ-૧૨

માર્કંડેય મુનિ ધર્મદેવને કહે છે, હે વૃષ ! મેં અત્યારે ભગવાનની બાળલીલા, પૌગંડ લીલા તથા જુવાનીની લીલા કહી તેને તમે સાંભળી અને હવે તરુણ અને વૃદ્ધાવસ્થાની લીલા સંક્ષેપમાં તમને હું કહીશ. સુવ્રત મુનિ પ્રતાપસિંહ રાજાને કહે છે કે માર્કંડેય મુનિએ ધર્મદેવને આ રીતે ટૂંકમા કહ્યું ત્યારે ધર્મદેવ કહે, હે મુનિરાજ ! આપ મને ઘનશ્યામ પ્રભુ, લોજપુર તથા ગામો, શહેરો આદિમાં જ્યાં જ્યાં વિચર્યા હોય તે સર્વે લીલાની કથા હે મુનિવર ! બધી કથા મને કહો. આ પ્રમાણે ધર્મદેવે કીધું. ધર્મદેવના કહેવાથી માર્કંડેય મુનિ કહે છે. સુવ્રત મુનિ પ્રતાપસિંહ રાજાને કથા કહે છે. નિલકંઠ પ્રભુ વર્ણીઓ શ્રેષ્ઠ લોજપુરમાં રહીને લોકોને અને સંતોને ખૂબ જ સુખ આપ્યાં. ત્યાં પ્રથમ મુક્તાનંદ સ્વામી આદિ સંતોને પૂછ્યું કે જીવ, માયા, બ્રહ્મ, પરબ્રહ્મ આદિનાં સ્વરૂપનું પૂછ્યું. ત્યાર પછી વર્ણીને રામાનંદ સ્વામીને મળવાની ખૂબ જ આતુરતા હતી ત્યારે રામાનંદ સ્વામી પીપલાણાં ધામમાં નરસિંહ મહેતાના ઘેર મેળાપ થયો. ત્યારે રામાનંદ સ્વામી અને નિલકંઠવર્ણી બંને મળ્યા. તેથી બન્નેને ખૂબ જ આનંદ થયો. ત્યારે રામાનંદ સ્વામી નિલકંઠવર્ણીને એમના નિવાસ જન્મસ્થળ માતાપિતા વિગેરે પૂછ્યું ત્યારે નિલકંઠ પ્રભુએ સર્વે ઉત્તર આપ્યા. રામાનંદ સ્વામી નિલકંઠ પ્રભુએ અરસપરસ પ્રશ્ન પૂછ્યા. ઉત્તરો કર્યા. ત્યાર પછી રામાનંદ સ્વામી થકી દિક્ષાગ્રહણ કરી અને રામાનંદ સ્વામીએ નીલકંઠજીને ધર્મધૂરા સોંપીને ત્યાર પછી રામાનંદ સ્વામી ભૌતિક શરીર ત્યાગીને બદ્રીવનમાં તપ કરવા ગયા. રામાનંદ સ્વામીના ગયા પછી સહજાનંદ સ્વામી સંતમુનિઓને સાથે લઈને જુદા જુદા દેશો, નગરો, ગામોમાં ફરતા થકા માંગરોળપુર નામના નગરમાં પધાર્યા. ત્યાં મુનિનાથે પોતાના દિવ્યસ્વરૂપોનો અને ભક્તજનોને દર્શન આપીને પરિચય કરાવ્યો. પોતાનો નિશ્ચય દૃઢ કરાવ્યો.

તે માંગરોળમાં મેઘજી સુખડીયા નામના વર્ણિક ભક્ત પોતાને મોટાઈનું અભિમાન હતું. તેથી પોતે સમાધિ નિષ્ઠ હોવાનો દાવો કરીને નિલકંઠ પ્રભુનો સામનો કર્યો. તેથી તેના મદને મહાપ્રભુએ ઉતાર્યો. આ રીતે આશ્ચર્ય પ્રગટ કરીને પોતાનો પ્રતાપ જણાવ્યો. ત્યાં આ રીતે અનેક લીલાઓ કરીને અનેક ભક્તજનોને પોતાના સ્વરૂપનું ઐશ્વર્ય બતાવીને અનેક મતવાદીઓના મત મુજબ જુદા જુદા સ્વરૂપે દર્શન દઈને પોતાના ઇષ્ટદેવનાં દર્શન કરાવીને ખૂબ જ મહિમા વધાર્યો. માંગરોળમાં જ જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો અને તેમાં પોતે જ શ્રીકૃષ્ણ રૂપે દર્શન આપીને દર્શન કરવા જે જીવો આવતા હતા તેઓ જોઈને આશ્ચર્ય પામતાં હતાં. એમને ભ્રાંતિ થઈ જતી હતી ત્યારે એમને સમાધિ કરાવીને ભ્રાંતિને ટાળતા હતા. શ્રી નિલકંઠપ્રભુ કાલવાણી ગામમાં નિવાસ કરીને ત્યાં ખૂબ જ મોટું આશ્ચર્ય બતાવ્યું. ત્યાં યોગ સમાધિ પ્રકરણ ચલાવ્યું. લોકોને દર્શન સુખ આપ્યું અને ત્યાંથી પ્રભુ માણાવદર પધાર્યા.

આ રીતે શ્રી નિલકંઠ પ્રભુ હાલાર, કાઠિયાવાડ, ભાલપ્રદેશ, નળકંઠોપ્રદેશ આદિમાં પ્રભુ ફરતા ફરતા પધાર્યા. ભક્તજનોને દર્શનસુખ આપ્યાં. મછિયાવથી પ્રભુ અમદાવાદ નગરમાં પધાર્યા. ત્યાં સર્વ ભક્તજનો મુમુક્ષુઓને આશ્ચર્ય બતાવતા હતા. અમદાવાદથી પ્રભુ ફરતા થકા જેતલપુર પધાર્યા. ત્યાં પ્રભુએ અલૌકિક આશ્ચર્યપૂર્ણ ચરિત્રો કર્યા. પોતાના ગુરુ રામાનંદ સ્વામીનાં દર્શન કરવા અનેક ભક્તજનો આવતાં હતાં. તેમને રામાનંદ સ્વામી રૂપે દર્શન કરાવીને અક્ષરધામમાં પોતાની સેવા મુક્તોની સાથે કરતા તેવો ભાવ બતાવીને નિશ્ચય કરાવતા હતા. ફરીને પ્રભુ પાછા અમદાવાદ નગરમાં પધાર્યા. ત્યાં અધર્મ વ્યાપ્તમદ અભિમાની અસુરોને માર્યા. ત્યાર પછી પોતાના એકાંતિક આશ્રિત બ્રાહ્મણોનાં ઘેર જઈને એમનાં આગ્રહને વશ થઈને પ્રેમથી ભોજનો કરીને એમનો મનોભાવપૂર્ણ કરતા હતા. શ્રીહરિ પ્રભુ અમદાવાદથી ચાલીને ફરતા થકા ગામો, નગરોમાં પોતાના આશ્રિતજનોને દર્શન સુખ આપીને મહાપ્રભુ મુળિપુરમાં પધાર્યા. ત્યાં મુળિપુરમાં પોતાનું પવિત્ર ધામ કરવાની ઈચ્છા કરીને પ્રભુ સર્વજનોને આનંદ આપનારા શ્રીહરિ પોતાનો પ્રતાપચરિત્રનો ઉપદેશ આપીને સ્વરૂપ રૂપનો મહિમા સમજાવ્યો. પોતાના આશ્રિત સત્સંગીઓ જ્યાં ગામો, નગરોમાં હતા એવા સૌભીર, સોરઠ દેશમાં પોતાના આશ્રિતોને દર્શન ઉપદેશ આપીને પાવન કરીને ફરતા ફરતા પ્રભુ જેતલપુર પધાર્યા. સર્વ સુખના ધામ પ્રભુદર્શન આપીને સુખી કર્યા.

શ્રી સ્વામિનારાયણ પ્રભુ અમદાવાદ, આદિ ગામો, નગરોમાં વિચરણ કરીને પ્રભુ નળકંઠા સૌભીર જઈને ફરી પાંચાળમાં પધાર્યા. પાંચાળ દેશમાંથી કારિયાણી પધારીને ત્યાં રહેતા હતા. શ્રીહરિ પ્રભુ સમુદ્ર ઉલંઘીને જે લીલા કરી તે તો પોતાનો દિવ્યભાવ દેખાડીને સુખ આપવા માટે કરેલ છે. ફરતા ફરતા પ્રભુ અમદાવાદથી ઢંઢાવ્ય દેશમાં પધાર્યા. ત્યાંથી પ્રભુ સૌભીર દેશમાં પધાર્યા. સૌભીરથી સોરઠમાં પધાર્યા. તે તો ભક્તજનોના કલ્યાણ કાર્ય કરવા માટે લીલાચરિત્ર કર્યાં છે. પ્રભુ સોરઠથી કચ્છ દેશમાં પધાર્યા. મહાપ્રભુ કચ્છદેશની અંદર ભુજનગર તથા તેના આજુબાજુના ગામોમાં મહાપ્રભુ પધાર્યા. ભક્તજનોને અલૌકિક ચરિત્ર કરીને અનેક સુખો આપ્યાં છે. મહાપ્રભુ ભુજમાં ભક્તજનોને દર્શન આપ્યાં ત્યારે ભક્તજનોએ દર્શન કરીને પૂજા સ્તુતિ કરી સર્વે ભક્તજનો ભગવાનનાં દર્શન કરીને ખૂબ જ રાજી થયા. મનના મેલને ધોઈ પ્રભુ ભુજપુરથી અંજારપુર પધાર્યા. ત્યાં દર્શન આપીને પ્રભુ સમુદ્ર ઉલંઘીને જોડીયાપુર પધાર્યા. જોડીયાથી પ્રભુ હળવદ પધાર્યા. વર્ણિરાટ ત્યાં લીલાચરિત્ર કરીને

જીવોને જ્ઞાનવૈરાગ્ય ધર્મનો ઉપદેશ કરીને જગતને પાર કરવાની નૌકારૂપ ભક્તિનો ઉપદેશ આપ્યો. ત્યાંથી ધાંગધ્રાપુર પધાર્યા. ત્યાંથી મેથાણ પધાર્યા છે. મેથાણથી પ્રભુ ફરતા ફરતા સિદ્ધપુર પધાર્યા. ત્યાં તીર્થનો મહિમા સમજાવ્યો. સિદ્ધપુરમાં તીરથનો મહિમા સમજાવીને ત્યાં વિધિ પ્રમાણે સ્નાન કરીને ભક્તજનોને ઉપદેશ આપ્યો. ત્યાર પછી બ્રાહ્મણોને ભોજન કરાવીને એમને માગ્યા પ્રમાણે દક્ષિણાઓ આપી મહાપ્રભુએ તેઓને રાજી કર્યા.

ત્યાંથી પ્રભુ વિસનગર અને વડનગર પધાર્યા. ત્યાં વડનગર-વિસનગરમાં બન્ને જગ્યાએ પ્રભુએ બ્રાહ્મણો અને સંતોને ભોજનો જમાડીને અનેક પ્રકારનાં પકવાનો બનાવીને ખૂબ જ જમાડ્યા. ફરીને પ્રભુ પાછા અમદાવાદમાં પધાર્યા. અમદાવાદમાં જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો અને ભક્તજનોની સેવા ગ્રહણ કરી. ત્યાંના જનોને સમાધિ કરાવીને અનેક મનુષ્યોને આશ્ચર્ય મુગ્ધ બનાવીને પોતાનો ઐશ્વર્ય પ્રતાપ જણાવ્યો. સમાધિમાં લોકોને પોતાના ઇષ્ટદેવનાં જુદાં જુદાં ધામો બતાવ્યાં. તેથી ભગવાનનો નિશ્ચય થયો અને દ્વિજાતી બ્રાહ્મક્ષત્રિય અને વૈશ્યવર્ણના લોકોએ પ્રભુનો આશ્રય કરીને ઘણા જ એકાન્તિક સત્સંગ કરવા લાગ્યા. અને ભગવાનના ધામના આશ્રિત થયા. શ્રીહરિ પ્રભુ અમદાવાદ રોકાણા તે સમયે અનેક લીલા ચરિત્રો કરીને આખા નગરમાં આનંદનો માહોલ થઈ ગયો હતો. શ્રીહરિએ અમદાવાદમાં ફૂલ દોલ ઉત્સવ કર્યો અને ત્યાર પછી જેતલપુર પધાર્યા. ત્યારે સાથે સંતસમુદાયને લાવ્યા ત્યારે બધાના મન પ્રભુમાં ખેંચાણા. ત્યાંથી પ્રભુ દશક્રોશી ગામોમાં ચિરણ કરીને ત્યાં પ્રભુએ સંતોને દિક્ષાવિધિ કરેલી. દશક્રોશીમાંથી પ્રભુ દંઢાવ્ય દેશમાં પધાર્યા. પોતાના આશ્રિત ભક્તોને સુખ આપી પ્રભુ ફરી ભુજનગર પધાર્યા. ત્યાં પુરણપરિ બ્રાહ્મસ્વરૂપનાં દર્શન સુખ આપી ભુજનગરથી વાગડ પ્રદેશમાં વિચરણ કરીને ત્યાંથી હાલાર પ્રાંગણમાં પધાર્યા. હાલારમાંથી ફરી ધોરાજીમાં વિચરણ કરીને જુનાગઢ પધાર્યા. ત્યાંથી પ્રભુ ભાદરાપુર પધાર્યા. ભક્તજનોને દર્શન આપ્યાં.

સ્વામિનારાયણ ભગવાને ભાદરાથી સર્વ સંતોને પત્ર લખીને ભુજ આવવાની આજ્ઞા લખી અને પ્રભુ પોતે એક સેવકને સાથે લઈને ચાલતા થયા. માર્ગમાં આશ્ચર્યમય વાતાવરણ કર્યું. ભુજ પધાર્યા. ભુજથી પ્રભુ માંડવી પધાર્યા. પત્ર લખેલ સંતો ત્યાં એ ચરિત્ર કરીને બ્રહ્માનંદ સ્વામીને ઊંચા આસને બેસાડીને મોટો દિગ્વિજય કર્યો. જીતીને આશ્રિત બનાવ્યો. સંતોને લાડવા જમાડ્યા. માંડવીથી મહાપ્રભુ ભૂજ પધાર્યા ત્યારે સંતોને પ્રભુ કહે, આપણે વિજય કરીને નીકળ્યા છીએ. આ રીતે પ્રભુચરિત્ર કરીને કારિયાણિ પધાર્યા. ત્યાં દિવાળીનો મોટો ઉત્સવ કરતા હતા. શ્રીહરિ ભગવાન સૌભરિ દેશમાં ફરતા થકા અમદાવાદ પધાર્યા ત્યારે ભક્તજનોને દર્શન આપી શ્રીહરિ જેતલપુર પધાર્યા. ત્યાંથી મહારાજ દક્ષિણ દિશામાં વિચરણ કરતા થકા ખેડાગનરમાં પધાર્યા. દક્ષિણ વિચરણ કરીને ફરી પાછા જેતલપુર હરિક્ષેત્રમાં પધાર્યા. ત્યાં પ્રભુએ મહારુદ્રયાગ મોટો યજ્ઞ કરીને બધા જ મનુષ્યોના મનના આનંદને વધાર્યો. બધાને આશ્ચર્યમાં ઉતાર્યા. એકજ મણ ઘીમાં હજારોની સંખ્યામાં વિપ્રોને જમાડીને અલૌકિક કાર્ય કર્યું. જેતલપુરમાં જ પ્રભુએ મુનિજનોના મનને આનંદ આપવા આસુરી મુનિના સિદ્ધોના મનના અભિમાનને ઉતારી નમાલા કરી નાંખ્યા. આ રીતે અમદાવાદના રાજાના મનના ગર્વને હરનારા પ્રભુએ દેવો, મુનિજનો, ભક્તજનોના મનને આનંદનો વધારો કર્યો.

આ રીતે મહાપ્રભુએ અસુરોનો પરાભવ કરીને સંતોની ખૂબ જ પ્રશંસા કરી મૂર્તિ પતિ શ્રીહરિ જેતલપુર અમદાવાદથી પશ્ચિમ દેશના ગામોમાં વિચરણ કરતા થકા ભક્તજનોને દર્શન આપતા હતા. વિચરણ કરતા હતા. ફરી ખોખરા-મહેમદાવાદમાં મહાપ્રભુએ મહા અદ્ભૂત ચરિત્ર કરીને મહાપ્રભુએ લીલામાત્રમાં જ અનેક અસુરોનો પોતાના સેવકો દ્વારા વિજય મેળવ્યો. ફરીથી પ્રભુ શ્રીહરિ અનેક દેશોનાં ગામો, નગરોમાં વિચરણ કરતા થકા ત્યાંથી ભુજનગર પધાર્યા પછી ત્યાંથી બ્રહ્માનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામીના મંડોળને ડભાણપુરમાં યજ્ઞસામાન તૈયાર કરવા મોકલ્યા. શ્રીહરિ અસુરજનોના મનના મદને હરવા અને ભક્તજનોના મનને આનંદ વધારવા ડભાણમાં યજ્ઞ આરંભ કરાવ્યો. ત્યાં સર્વે દેવો, મુનિજનો યજ્ઞમાં ભાગ લેવા આવ્યા અને ભગવાને યજ્ઞમાં ભાગ આપીને સર્વને ખૂબ જ રાજી કર્યા. ફરીથી પ્રભુ કચ્છદેશમાં પધાર્યા. વચમાં આવતાં ગામો, નગરોમાં દર્શન આપતા થકા પધાર્યા. ભક્તજનોને દર્શન આપી રાજી કરતા હતા. ભુજનગરમાં પધારી ત્યાં રોકાયા. થોડા સમય પછી ખેડા પધાર્યા.


હે રાજન્ ! મુનિઓને ચર્ચા કરીને મહાપ્રભુએ યજ્ઞ ચાલુ કરાવ્યો. તે યજ્ઞમાં દેવોમુનિઓને ભોજનો જમાડીને ખૂબ તૃપ્ત કર્યા અને ફરીથી પાછા ભુજ પધાર્યા. તે ભુજનગરમાં મહાપ્રભુએ અહીં આ યજ્ઞનું નક્કી કરીને પ્રારંભ કર્યો. તે જોઈને તેનાં દર્શન કરીને અનેક જનો આશ્રિત થઈને પ્રગટ પરબ્રહ્મ પુરુષોત્તમ અવતાર જોતા હતા. ત્યાર પછી કારિયાણીમાં દિવાળી ઉત્સવ કર્યો. ત્યાર પછી વરતાલ પધાર્યા. દેવદિવાળી વૌઠામાં સમૈયો કર્યો અને ફરીથી પ્રભુ કઠલાલ પધાર્યા. કઠલાલથી પ્રભુ શ્રીહરિ ઉંટડીયા મહાદેવ પધાર્યા. ત્યાંથી પ્રાંતિજ થઈને વિજાપુર પધાર્યા. ત્યાંથી વિસનગર આવ્યા. ફરી ડંઢાવ્ય દેશમાં ફર્યા અને ત્યાર પછી શ્રી સુખધામ શ્રીપુર અમદાવાદમાં પધારી વિશ્રામ કર્યો. અમદાવાદથી રંગભીના મહાપ્રભુ જેતલપુર પધાર્યા. પછી પ્રભુ સાળંગપુર જઈને ત્યાં મોટો ફૂલ ડોળનો ઉત્સવ કર્યો અને બીજો ઉત્સવ ગઢપુર કર્યો અને ત્રીજો ઉત્સવ વરતાલમાં કર્યો. જન્માષ્ટમીનો ઉત્સવ કરજીસણમાં કરીને શ્રીહરિ પ્રભુ અમદાવાદ પધાર્યા. ત્યાંથી શ્રીહરિ જેતલપુર જઈને લીલા કરીને ત્યાંથી ગઢપુર પધાર્યા અને ત્યાં ઉત્સવો કરતા હતા. શ્રી સહજાનંદ સ્વામીએ દિવાળી અન્નકુટનો ઉત્સવ વડતાલમાં રહ્યા ને શોભાવ્યો અને ફૂલડોળનો ઉત્સવ મહારાજે ગઢપુરમાં ખૂબ જ ધામધૂમથી ઉજવ્યો. ત્યાર પછી અભયરાજાએ ભગવાનની સ્તુતિ કરી અને ત્યાં રહીને મુનિજનો જ્ઞાનચર્યા કરીને વિશેષ જ્ઞાનવાળા થયા. મહારાજે ક્રોધને નિયમમાં રાખવા માટે દંડ કરવાનું નક્કી કર્યું અને તે સમાચાર સંતો દેશોમાં વિચરતા હતા તેમને જણાવી દીધું. ત્યાર પછી અસુરાંશ રાજાઓ ધર્મગુરુઓ આદિ ફરીથી ઉપદ્રવ કરવા લાગ્યા. સંતોને પીડવા લાગ્યા. તેને દૂર કરાવ્યો. પછી રાજકોટના રાજાના આમંત્રણને માન આપીને શ્રીહરિ મહાપ્રભુ તે ગવર્નરને દર્શન તથા સમાગમ કરાવવા માટે રાજકોટ પધાર્યા તે ગવર્નરે મહારાજની સાથે સમાગમ કરીને ભગવાનની સેવા કરીને રાજી કર્યા ત્યારે ભગવાને એમને વરદાન આપીને આશ્ચર્ય બતાવતા હતા.

પ્રભુ રાજકોટથી ગઢપુર આવીને વડતાલમાં જન્માષ્ટમીનો ઉત્સવ કરવા વડતાલ પધાર્યા. ત્યાંથી પરભુ મછિયાવમાં ત્યાંના રાજાના ભાવને જોઈને રાજાના મનને મનાવવા માટે રંગોત્સવ ફૂલ દોલોત્સવ કર્યો. ત્યાર

પછી પ્રભુ સંતોભક્તોનો સંઘલાઈને બધાની સાથે મહારાજ સુરતપુર જવા નીકળ્યા. સુરત પધાર્યા. ભક્તજનોને દર્શન આપી પ્રભુ ધરમપુર કુશળ કુંવરબાઈ મહારાણીના મનને રાજી કરવા પ્રભુને પોતાના મહેલમાં પધરાવ્યા. અભયરાજા (એભલબાપુએ) દેહનો ત્યાગ કરીને ભગવાનના ધામમાં ગયા. ત્યાર પછી એમનાં પુત્ર અને પુત્રીઓએ મહાપ્રભુ પુરુષોત્તમ નારાયણને આગ્રહ કરીને પોતાના ઘરમાં જ રાખતાં હતાં. અને નવા નવા ભાવથી પ્રભુને સેવા કરીને રીઝવતાં હતાં. સંતો હરિભક્તોને આમંત્રણથી તેડાવીને દિવાળી અન્નકૂટનો મોટો ઉત્સવ કરતાં હતાં. ત્યારે મહારાજે ભક્તોનાં મંડળ બનાવીને પાકશાળા કરવાની રીત સમજાવી લખાવી. મુનિજનોને બોલાવેલ તે આવ્યા. ભગવાનની આગળ જઈને દંડવત્ પ્રણામ કરીને મળ્યા. દર્શન કરીને રાજી કર્યા. અન્નકૂટના ઉત્સવ પુરો થયો ત્યારે શ્રીહરિએ મોટી સભા કરીને સૌને આનંદ આપ્યો.

**આ પ્રમાણે શ્રીહરિલીલાસિંધુમાં બીજા અવતાર રત્નમાં વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિના ભવિષ્યની લીલાનું વર્ણન કરીને કહ્યું એ નામે બારમો તરંગ થયો. ||૧૨||**

**|| બીજું રત્ન પૂર્ણ થયું ||**



**॥ અથ શ્રી તૃતીય બાલચરિત્ર પ્રારંભ્યતે ॥**

# તરંગ-૧

હે ધર્મકુમાર બાળપ્રભુ ! મારા મનને હરિ હરનારા તમે છો. આપનાં ચરિત્રો અનંત છે. તેને અનંત મનુષ્યો ગ્રહણ કરે તો પણ અપાર જ રહેવાનાં છે. મંગળચરિત્રો પવિત્ર મુનિજનોના મને સુખ આપનારાં છે. શરણમાં આશ્રય આપનારાં નિરાધારજનોના જીવનને જીતનારાં છે. આપનાં ચરિત્રો મંગળ કરનારાં છે. જગતમાંથી જીવનો ઉદ્ધાર કરી અધમને પવિત્ર કરનારાં છે. હે પ્રભુ ! આપનાં મંગળ કરનારા નિર્મલ મનોહર પવિત્ર એવાં ચરિત્રનું હું જીવોના મંગળ કરવા માટે વર્ણન કરીને લખું છું. સર્વનું મંગળ કરનાર હે બાળમુકુંદ પ્રભુ આપ શરણે આવેલાના મનને હરનારા હે હરિ આપ સર્વના હારણ છો. તેથી આપના ચરણમાં વંદન કરું છું.

પ્રતાપસિંહ રાજા કહે છે, વર્ણિશ્રેષ્ઠ આપ બાલરત્નની જે કથા કહેશે તે કેટલાં તરંગમાં પૂરી થશે તે કથા અત્યારે સંક્ષેપમાં મને કહો. રાજા કહે છે, હે વર્ણિ ! મારે ભગવાનનાં ચરિત્રરત્ન સાંભળવાની ખૂબ ઉત્કંઠા છે તે કહો. વર્ણિક કહે છે કે તે ભગવાનનાં ચરિત્રનાં તે તો વિષતરંગો શુદ્ધિમાં તો ભગવાનના ચરિત્રની જુદી જુદી ઘણી વાતો આવે છે. ભગવાનની બાળલીલાને જોઈને ભગવાનનાં ચંદ્ર વદનનું બે તરંગમાં વર્ણન છે, ભગવાનનાં રૂપનાં ચાર તરંગથી વર્ણન કરેલ છે તથા માતાને મુખમાં બ્રહ્માંડનાં દર્શન કરાવ્યાં તે ત્રણ તરંગમાં વર્ણવેલ છે. તપના વર્ણનનો એક તરંગ છે. જન્મસ્થળનાં મહાત્મ્યનું બે તરંગમાં વર્ણન છે. નારાયણ અને રામબાગનું એક તરંગમાં વર્ણન છે. કાલિદત્તનો વધ કર્યો તે ચાર તરંગમાં વર્ણન છે. ઘર, વનની શોભા, સરોવર તથા શ્રીહરિના મિત્રો સ્તુતિ કરી મલ્લોનો ગર્વ ઉતાર્યો તે ચાર તરંગમાં વર્ણવેલ છે. રામપ્રતાપજીના લગ્ન તથા નાનાભાઈ બાળપ્રભુનો પ્રેમ બે તરંગમાં વર્ણવેલ છે. ભૂતિયા કૂવામાં ભૂતોનો ઉદ્ધાર કર્યો તે એક તરંગથી વર્ણવેલ છે. એક તરંગમાં સુંદર મામીએ પ્રભુને જોયા તે તથા એક તરંગમાં ગોવાળોને આશ્ચર્ય થયું તેનું વર્ણન પ્રભુનો સરલ મનોહર ભાવનાવાળા સ્વભાવનું વર્ણન વીસમા તરંગમાં આવે છે.

ભગવાન પુરુષોત્તમ નારાયણનાં ચરિત્રો તો અનેક છે. તેમાં જીવાત્મા પોતાના મનને જોડીને ગાય છે. તે ભવસાગરને તરીને પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુના ધામને પામે છે. તે ચરિત્રનો વિસ્તારવા ગાવા માટે મુનિજનો પોતાના મનને પ્રભુના ચરિત્રોને માનહંસની માફક પ્રભુમાં જોડે છે. આ મહાભયંકર અજ્ઞાન અંધકારમાં પડેલા જીવોને ઉધારનાર પવિત્ર ધર્મવંશ જેની સર્વ પ્રશંસા કરે છે એવા પવિત્ર વંશમાં પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પ્રભુ આઘોર કળિકાળમાં પ્રગટ થાય છે. તે જીવોના ઉદ્ધાર માટે જ છે. એમનાં અતિશય ઐશ્વર્ય પ્રતાપ પ્રત્યક્ષતા લાવે છે. તે જ પ્રભુ પૃથ્વી ઉપર દિવ્ય અને માનુષી બન્ને ચરિત્રો કરીને જીવોના મનના મોહને દૂર કરવા માટે જ કરે છે. તે પ્રભુના ચરિત્રનું શ્રવણ કરી મનન કરે તે પ્રભુને પામે છે.

પ્રતાપસિંહ રાજા કહે છે, હે મુનિ ! આમ મને મનોહર પ્રગટ પુરુષોત્તમનાં બાળચરિત્ર વર્ણન કરીને કહો. બાળરત્ન રૂપે જેમનો અવતાર થયો છે તે હરિનાં બધાં જ ચરિત્રો અનેક છે. તેનાથી પીડા દૂર થાય છે. હે વર્ણિરાય! આપ સર્વના ગતિરૂપ પુરુષોત્તમનાં ચરિત્રો વિસ્તારથી વર્ણવીને મને કહો. જેથી હું પણ સર્વના ગતિરૂપ પરબ્રહ્મ જગદીશ પ્રભુ પોતે ભૂમિ ઉપર રગડતા ચાલતા આવ્યા. તેથી શરીર ઉપર ધૂળ માટી લગારે ચોંટે છે.

એ રીતે રમણ કરતાં સ્વરૂપનું અંતઃકરણમાં સ્મરણ થાય એ ચરિત્રને વિસ્તારીને કહો.

સુવ્રત મુનિ પ્રતાપસિંહ રાજાને કહે છે, હે રાજન્ ! માર્કંડેય મુનિ ભવિષ્યની વાતો કહીને મુનિઓ તીર્થરાજ પ્રયાગમાં ગયા. ત્યારપછી માતાપિતા બંને પુત્રના મહિમાને જોઈને એના વર્ણનને વિચારીને ભક્તિ ધર્મ બંને આનંદમગ્ન રહ્યા કરે છે. પોતાના માનસની અંદર બંને પતિ-પત્ની પોતાને પૂર્ણ મનોરથ માનવા લાગ્યાં. પુત્રની લીલાચરિત્રને જોઈને તે ચરિત્રને અદ્‌ભૂત માનતાં હતાં. એનો મહિમા વિચારતાં હતાં. જ્યારે બાલમુકુંદ ઘનશ્યામ પ્રભુ નવ માસના થયા ત્યારે જાનું (ઢીંચણ)થી ચાલવાનું પ્રભુ શીખ્યા. એમનો કોમળ કમળસમાન બંને જાનું અને બંને હાથથી ચાલતા હતા ત્યારે મુનિન્દ્ર પ્રભુ પોતાના પ્રિયજનોને જોઈ કિલકિલાટ હસતા હતા. આનંદ પામતા હતા. જ્યારે બંને જાનું અને બંને હાથથી ચાલે ત્યારે હરિપ્રસાદનું ઘર મનોહર સ્થળ જેવું લાગતું હતું. કેમકે જ્યારે પ્રભુ ચાલે ત્યારે કેડનો કંદોરો પગનાં ઝાંઝર શોભતાં હતાં. અંગરખીની ઘૂંઘરું ખૂબ જ ગાજતાં હતાં. જ્યારે પ્રભુ કલકલાટી કરતા ચાલે ત્યારે મુખારવિંદ ખુલ્લું રહેતું. ઢીંચણથી રગડતા પ્રભુ ચલપલ ચાલતા હતા. જ્યારે માતાપિતા કે ભાઈ એમની પાસે જાય ત્યારે તે જલદી જલદી જતા હતા. જ્યારે બાળપ્રભુ પાસે આવે ત્યારે ભાઈનાં વસ્ત્ર પકડીને ઉભા રહેતા ત્યારે હરિને મોટાભાઈ તેડી લેતા હતા. હેતથી આનંદ કરતા થકા રમાડતાં રમાડતાં માતા ભક્તિદેવીને આપતા હતા. ત્યારે માતા એ બાળમુકુંદ પ્રભુને પ્રેમ આનંદથી તેડીને પોતાના વસ્ત્રથી પ્રભુના અંગોમાં ચોંટેલી ધૂળને સાફ કરતાં હતાં. ત્યાર પછી માતા પ્રેમવતીના સ્નેહથી સ્તનમાંથી દૂધ આવતું હતું તે સ્તન પ્રભુના મુખમાં આપી માતા ધવરાવતાં હતાં. પ્રભુ ચંચળ નેત્રોથી આમતેમ જોતા થકા સ્તનપાન કરતા હતા.

મંદહાસ્ય યુક્ત કોમલ મુખકમળ બાલકમળની માફક શોભતું હતું. જ્યારે પ્રભુ પોતાની માતાને તોતડી ભાષાથી બોલતા ત્યારે તે બોલવાનું સાંભળીને મનમાં ખૂબ જ આનંદ પામતાં હતાં. જ્યારે ફળિયાનાં સંબોધીજનો તથા ગામની સ્ત્રીયો ભેગી થઈને ભગવાનનાં મુખને જોવા માટે કાંઈક બહાનું લઈને ત્યાં આવતી હતી ત્યારે ધર્મદેવનું ઘર માણસોથી ભરેલું રહેતું. બાળપ્રભુને રમાડીને મનને આનંદ આપતી હતી. જો તેડવા માટે કોઈ તૈયાર થાય તો બાળપ્રભુ તરત જ જાય. પ્રેમવશ થઈને તે તેડનારના અંતરમાં આનંદ થાય. તેડતાં ચુંબન કરે ત્યારે પ્રભુ આનંદમાં બંને હાથને ઊંચા કરીને ભાવથી રાજી થાય છે. પ્રભુના પગનાં તળિયાંનો સ્પર્શ કરીને તેને મુખ ઉપર, હૃદય ઉપર, આંખ ઉપર સ્પર્શ કરીને હૃદયમાં ભાવ જાગે છે કે હું ધન્ય ભાગ્યવાન છું. આ રીતે આ પુરનાં મનુષ્યો અગણિત સંખ્યામાં આ સર્વના ઈશની ઉપાસના કરતાં હતાં. એક એક વારાફરતી પ્રભુને દોડીને લઈ લેતી હતી. ખૂબ લાડ લડાવતી હતી. પ્રભુને તેડવા માટે તો પુરુષો અને સ્ત્રીઓએ એમના મનને પ્રભુ પોતાના પ્રતાપના બળથી ખેંચતા હતા. જ્યારે ભગવાનના સ્વરૂપમાં ખેંચાય ત્યારે તે સ્ત્રી ચિત્રમાં દોરેલ હોય ને શું એમ થાય ત્યારે બીજી સ્ત્રી પ્રભુને તેડી લેતી. એના મનને પ્રભુ ખેંચતા. તે પણ સ્થિર થઈ જતી. આ રીતે પ્રભુ પોતાના સ્વરૂપમાં મોહ પમાડીને લોકોમાં આ રીતે રમત કરતા હતા.

ત્યારે એક સખી કહેવા લાગી, અરિ (સયાનિ) હે સખિ, આપણો ધન્યજીવન જન્મારો થઈ ગયાં. કેમકે અનંત કોટિ બ્રહ્માંડોના સ્વામી બ્રહ્મા, વિષ્ણુ આદિ દેવોને આ ચરણ સેવવાં નથી પામતા એની જંખના કરવી પડે છે. કરોડો વર્ષ જપ, તપ કરવા છતાં જે ચરણનાં દર્શન જ થતાં નથી તે ચરણકમળ આપણને પરમાત્માની કૃપાથી અત્યારે મળ્યાં છે. જેના આશ્રય કરવાથી જગતમાં જન્મમરણનો ભય જતો રહે છે. પરમપદની પ્રાપ્તિ થાય

છે. હે બહેન ! ભક્તિધર્મના ભાગ્યની તથા એના મહિમાનું તો કાંઈ કહી જ ન શકાય. કેમકે જેને શેષ હજાર મુખે જેના મહિમાને ગાતાં થાકે છે એ મહિમા કહેવામાં એક મુખે કેટલો કહેવાય. પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ એનો કહેતાં કહેતાં અનંત સમય થાય પણ ભક્તિના ભાગ્યને ગણતાં પાર આવે તેમ જ નથી. કેમકે જેના ઉદરથી અનંત ભુવનના સ્વામી પ્રગટ્યા. તેનું ક્યાંથી વર્ણન જ થાય. આ રીતે બે બહેનો વાતો કરતાં હતાં ત્યારે બધી જ બેનો બોલવા લાગી. મનમાં અતિશય આશ્ચર્ય પામવા લાગી ત્યારે એક બીજી બહેન કહેવા લાગી કે એલી સાંભળો બહેનો. મેં કાલે જ આશ્ચર્ય જોયું તે તમને કહું છું. કાલે વિષ્ણુ, બ્રહ્મા, મહેશ, દેવો, મુનિજનો સર્વે બંને હાથ જોડીને ઊભાં હતાં અને માતા બાળપ્રભુને સ્તનપાન કરાવતાં હતાં ત્યારે મેં આ બાળકના સ્વરૂપમાંથી દિવ્યતેજ નીકળ્યું અને ચારેબાજુ તેજ તેજ જ થઈ ગયું. તેને મારી નજરે જોયું હતું.

બધી બહેનો બધી સાચી જ વાત કહે છે. કેમકે આ બાળપ્રભુ તો નક્કી જ દેવના દેવ છે. એ વાત સાચી જ છે. આટલું કહીને તે બહેન ભક્તિમાતા પાસે જઈને કહે, હે માતા ! તમે ધન્ય છો. કેમકે તમારો આ બાળક ખૂબ જ સુખ આપનારો છે. આ બાળપ્રભુને જોઈને અમને એમના પ્રત્યે અતિપ્રેમ પ્રગટે છે. અમે તો અમારા માનુષી જન્મને સફળ માનીએ છીએ. આ તમારો પુત્ર તો નેત્રોને આનંદ આપનારો છે. અમને તો ખૂબ જ પ્યારો લાગે છે. હે માતા ! આ તમારો પુત્ર તોઅમારાં ચિત્તને પણ ચોરી લીધાં છે. આ રીતે ભગવાનનાં ગુણ ગાઈને મુનિઓના સ્વામી ઘનશ્યામ પ્રભુ ભક્તિમાતાને આપ્યા. ભક્તિમાતાએ હાથ પહોળા કરીને ઘનશ્યામ પ્રભુને પોતાના ખોળામાં સુવરાવ્યા. સ્તનનું દૂધ ધવરાવીને પછી પારણાંમાં પોઢાડી દીધાં. ભક્તિમાતા પ્રેમથી પ્રભુના ગુણને ગાતાં થકાં દરરોજ પ્રેમથી હિચોળતાં હતાં. એક વાર પ્રભુને માતાએ પારણામાં પોઢાડેલા. તે સાંજે જગાડીને સુગંધિત જળ ગરમ કરીને ભગવાનનાં અંગોઅંગ ચોળીને નવરાવતાં હતાં. ત્યારે પ્રભુ ચપળ થઈને આમતેમ આઘાપાછા થઈ જતા હતા ત્યારે માતા જોર કરીને લાવીને નવરાવતાં હતાં ત્યારે પ્રભુ જુઠાં આંસુ લાવીને રોવાનો ઢોંગ કરતા હતા. ત્યારે માતા અકળાતાં હતાં. ત્યારે માતાને પુત્ર ભાવ આવવાથી કોમળ મનવાળા પ્રેમથી પુત્રને વિષે સામાન્ય બાળકનો ભાવ થઈ ગયો કહેવા લાગ્યા હે પુત્ર ! તમને હું ચોળીને નવરાવ્યા પછી સુંદર સાકર નાંખેલ દૂધ ગરમ કરીને તમને પીવરાવીશ. આમ પ્રલોભન આપ્યું.

હે રાજન ! જ્યારે માતાએ પ્રલોભન આપ્યું. એટલે બાળપ્રભુ શાંત રહ્યા અને માતાએ નવરાવ્યા. ત્યાર પછી પૂર્ણ કામ હરીને કોમળ સફેદ કપડાંથી અંગોઅંગ લૂંછીને કોરાં કર્યાં. માતાએ પ્રભુ બાળમુકુંદને ખોળામાં બેસાડીને અંગોઅંગને સારી રીતે શણગાર્યાં. એવા પ્રભુના મનોહર કોમળ અંગોનું વર્ણન કરવાનો પાર તો આવે જ નહીં એ તો અપારનાં અપાર જ છે. કેળાનાં ગર્ભ જેવાં કોમળ અંગવાળા બાળપ્રભુનાં અંગો સોના કરતાં મનોહર કોમળ લાલ કમળ સમાન મનોહર શોભાયમાન સ્પર્શથી કોમળ માખણ કરતાં પ્રભુનાં અંગોને આંખોની પૂતળીઓથી જોવાથી માતા મન માયાળુ પ્રેમથી પુત્રનું પાલન કરતાં હતાં. વસ્ત્રથી પામરીથી શરીર ઢાંકીને જાણે કે ફૂલની કળી જાણે માનસહંસનું બાળક હોય ને શું એવા કોમળમાં અતિ કોમળ શોભામાં કાચ કંચન કરતાં સુંદર શોભાયમાન મેઘસમાન મનોહર બાલ લાલને જોવાથી આનંદ થાય છે. સુખ, સંપત્તિ, આશા, તૃષ્ણાનાં ફળ વિદ્યા શરીર, નિરોગિતા, સ્ત્રીનાં પતિવ્રતા ધર્મ, પુત્ર સંતતિ, ધન, દાન, માતા આદિ બધા ભોગો.

એ સર્વે માયિક સુખો આ જગતમાં ક્યારેક એક સાથે એક જ જગ્યાએ ન હોય. તે તો નાશવંત છે પણ ભગવાનના ચરણકમળના આશ્રયથી સર્વોપરિ સુખ મોક્ષ પ્રાપ્ત થાય છે તે જ મુખ્ય છે.

**આ પ્રમાણે શ્રીહરિલીલાસિંધુમાં ત્રીજા બાલચરિત્રરત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિના બાલચરિત્રની શોભા વર્ણવવામાં તથા આશ્ચર્યનું કથન કર્યું એ નામે પહેલો તરંગ થયો. ॥૧॥**

# તરંગ-૨

સુવ્રત મુનિ પ્રતાપસિંહ રાજાને કહે છે, હે રાજન્ ! શીતળ શાંત મનોહર મૂર્તિની શોભાનાં દર્શન કરવા ભગવાન શંકર આવ્યા તે સમયનાં બધાં ચરિત્રની કથા હું તમને હવે સંભળાવું છું. શીતળ મનોહર સુગંધ, ગંધયુક્ત પદાર્થોને અંગો ઉપર ધારણ કરાવેલ. તેથી અંગોને શણગારેલ છે. જેમનાં દર્શન કરીને સંતજનો પોતાના ઉરમાં શીતળતા પ્રાપ્ત કરે છે અને જન્મમરણના ફેરામાંથી મુક્ત થાય છે. એ પ્રભુના દર્શને મહાદેવજી આવ્યા. ઠંડો સુગંધવાળો પવન વાતો હતો. જાણે હિમાલયમાંથી પવન આવે છે. જાણે ચંદ્રમાપોતાની ચાંદની સહિત સ્પર્શ કરતા હોય ને શું મલયચંદનના લેપથી ખરડાયેલા શરીરથી શું મળે તેમ મિત્રની માફક સુખ આપે પણ અત્યારે તો સ્વામીના સહવાસથી એકધામીનાં વખાણ થાય છે. શીતળતા ઠંડા પાણી કપૂરની સ્પર્શવાળી વાયુ જેમ આકાશમાં વાદળને મળે તેમ નહીં માનવાનું. પરંતુ ઘનશ્યામ પ્રભુના અંગો એની તો શું વાત કરું. કેમકે ઠંડામાં ઠંડા વાયુ કરતાં પ્રભુ બાળ ઘનશ્યામમાં તો શીત શાંત સ્વરૂપ છે. શ્રીહરિનાં ચંચળ પ્રકૃતિનું વર્ણન કરું છું. જાણે કે ચંદ્રમા સમાન મુખથી મંદહાસ્ય કરતાં ચંચળ હસ્તકમળ અને પદકમળથી અંગોને મરોડતા હતા. અવિનાશ પ્રભુ આનંદ આપતા હતા. જેવી રીતે ખંજન પક્ષીઓ આકાશમાં ખેલે છે. અંજનિ પુત્ર જેમ આનંદ રૂપ પ્રકારની રેખાઓ પ્રભુના ચરણમાં જોઈ આનંદ પામ્યા તથા પીપરના પાન જેમ ઉડે તથા હાથીના કાન જેમ હાલે છે તેમ મનોહર ગતિવાળા મંદહાસ્યવાળા મેઘની વીજળીની જેવી ચંચળતા છે તેવી રીતે મનને ચોરનારાં પ્રભુ તેમ સુંદર મુખકમળવાળા ભમરો જેમ ભૂમિ ઉપર ભમે છે. ચકરચકર ફરે છે, જળમાં માછલી પાણીની તરંગમાં ગુંચવાઈને ભમે છે તેમ પ્રભુચરિત્ર કરીને સૌને આનંદ આપે છે. કમળસમાન કોમળ શીતળ શાંત શરીર પ્રકૃતિનું આ રીતે વર્ણન છે. તે જ રીતે પ્રભુના સ્વરૂપનું વર્ણન કરું છું. પ્રભુના શરીરના અંગોના શણગારથી, મનોહરતાથી દેવો મનુષ્ય સર્વના મનને બાળપ્રભુ હરે છે.

બાળપ્રભુના હાથપગના નખ લાલ કમળની પાંખડી જેવા શોભે છે. શરદ ઋતુના કમળસમાને મુખકમળવાળા શરદ ઋતુના કમળનાં પાંખડી સમાન હસ્ત, ચરણકમળનાં શોભે છે. ભાલપ્રદેશ લાલ કમળની સમાન મંદ હાસ્યવાળા શોભા વધારતા હતા. કમળની કળી સમાન દાંતનાં પેઢાં બંને તથા બંને અધર ઓષ્ટ (હોઠો) લાલ અરૂણસમાન ગોળ કપોળો મનોહર તથા કમળની પાંખડી સમાન બંને કાનો, વાંકી ભ્રૂકુટિ ધનુષ્ય સમાન કામદેવને માનનારી શોભતી હતી. પ્રભુની નાસિકા દીવાની જ્યોતસમાન અણિયાળી સુંદર ડોકમાં અભૂષણો ધારણ કરાવ્યા. તે શોભવા લાગ્યા. કેડ ઉપર ઘંટડીવાળાં કંદોરો ધારણ કરાવ્યો. કાનમાં કુંડળ ધારણ કરાવ્યાં. પગમાં ઘંટડીવાળો કડાંને ઝાંઝર ધારણ કર્યાં. માતા પ્રભુના મસ્તક ઉપર કેશમાં સુગંધયુક્ત તેલ નાંખી ચોળીને સોનાના કાંસકાથી ઓળીને સરખાં કરતાં હતાં. ત્યાર પછી સોનાના તારની સુંદર ટોપી પહેરાવી સોનાના તારવાળાં આંગી ધારણ કરાવીને પ્રભુના શરીરને ઢાંકતાં હતાં. ભગવાન બાળપ્રભુની શોભા વધારતા હતાં.

માતાએ પ્રભુની આંખોમાં અંજન આજીને આંખોની શોભા વધારી, શરીર ઉપર રસ શણગારની શોભા જેમ રાજા શોભે તેમ શોભતા હતા. ત્યારે માતાના મનમાં શંકા ઉત્પન્ન થઈ કે આ બાળકનાં નખશિખ પર્યંત જોઈને કોઈની નજર લાગી તો નહીં જાય ને આ પ્રમાણે વિચાર આવ્યો. તેના માટે ઉપાય કરવા લાગ્યાં ત્યારે કપોલમાં કાજળનું ટીલું કર્યું તે જેમ મૃગના નાના મૃગ બચ્ચાનાં મસ્તક ઉપર ટપકાં શોભે તેમ તથા કમળ ઉપર ભમરો નિશંક થઈને બેસે છે. પરાગરજ લે છે તેમ પ્રભુના લલાટમાં ચાંદલો કર્યો. ભક્તિમાતાએ મહેનત કરીને ભગવાનના શરીરની શોભા ખૂબ જ વધારી દીધી તેમ તે પ્રભુની શોભા પણ વધતી ગઈ ને અતિ મનોહર લાગવા માંડ્યા. ત્યારે ફરીથી માતાને કાંઈક સ્ફૂરણા થઈને જલદીથી ઘરમાં જઈને સાકર મેળવીને તૈયાર કરેલ દૂધનો લોટો ભરીને સોનાના કટોરામાં નાંખીને લાવ્યાં.

દૂધ લાવીને માતાએ કટોરો જ્યારે ધર્યો ત્યારે આનંદિત મુખવાળા પ્રભુ પીવા લાગ્યા. માતાપુત્રના ચારે હાથમાં કટોરો હતો તે સમયે પયપાન કરતા પ્રભુની શોભાનું વર્ણન થોડું કરું છું. લાલકમળ ચારનાં વચમાં ધારણ કરેલ છે. સોનાના કમળ કટોરામાં જેમ અમૃત ભરેલ હતું તે અમૃત પાન કરાવનાર મોહિની સ્વરૂપ પ્રભુ જાણે કે ચંદ્રમાને અમૃતપાન કરાવતાં ન હોય એવી મનોહર શોભા જણાય છે. પયપાન કરાવી માતા બાળા ઘરના કામ કરવામાં ઉતાવળાં હતાં. એ પ્રભુનું મન રમતો રમવામાં રમકડાંથી ખેલવામાં તત્પર થયા હતા ત્યારે માતાએ પ્રભુને રમવા માટે સોનાનાં રમકડાં નવાં જ હતા તે ઘૂંઘરું, અકરિ, ભમરી જે નવાં હતાં તે આપ્યાં.

માતા પ્રેમવતી ઘરમાં કામ કરવા ગયાં અને શ્રીહરિ ઘરનાં આંગણાંમાં આવ્યા. ઢીંચણ અને હાથથી રગડતા રગડતા ઘરની ડેલી બહાર નીકળ્યા. આગળ ગયા. દ્વાર બહાર નીકળીને જોયું તો ગલીમાં બીજાં બાળકો કીચડની રમતો રમતાં હતાં. તેને જોઈને પ્રભુએ પોતાના મનમાં રમવાનો વિચાર કરીને ચાલવા માંડ્યાં અને કીચડની વચ્ચે પોતે ચાલવા લાગ્યા ત્યારે. પોતાનાં કુટુંબપરિવારની બાઈઓની ટોળી પણ આ બાજુ આવતી હતી. બાળમુકુંદ પ્રભુને મળવા ત્યારે બાલ લાલ પ્રભુને તો કાદવથી ખરડાયેલા શરીરવાળા જોયા. પ્રભુ તો કાદવવાળા હાથે શરીરે લૂછતા હતા. શરીરને કાદવવાળું કરતાં હતાં. જ્યારે ભક્તિમાતાએ જોયું તો પુત્રને ઘરમાં ન જોયા ત્યારે દરવાજા સામે જોયું તો પુત્રને ગલીમાં જોયા. જ્યારે માતા પુત્રની પાસે તેડવા માટે ગયાં ત્યારે પુત્રના મુખને પોતાના મુખ સામે મળ્યાં ત્યારે.

સામે માતાની સાથે બીજી સ્ત્રીઓને પણ જોઈ ત્યારે આંગણી ઉપર અને ટોપી ઉપર પણ કાદવ ચોળવા લાગ્યા. કીલકીલાટ કરતા થકા કીચડ ઉડાડવા લાગ્યા. જેમ વરસાદનાં વાદળ ચંદ્રને ઢાંકે તેમ પ્રભુ કીચડથી છવાઈ ગયા. આ રીતે પુત્રની કાર્યલીલાને જોઈને બધી સ્ત્રીઓ વિચારમાં પડી. પરંતુ માતાપુત્રના ગુણને જાણતાં હતાં. એટલામાં ત્યાં શિવજીને આવતા જોયા. જટા ઉપર ગંગાજી, ગળામાં નાગમાળા શોભતી એવા આવ્યા. શિવજીને જોઈને સર્વેનારીઓ ભાગી ગઈ. માતા તો પુત્રને લેવા માટે ઊભી રહી ગઈ ત્યારે જોગી સદાશિવ પ્રભુના રૂપને જોઈને પ્રભુને દંડવત્ પ્રણામ ભાવપૂર્વક કરવા લાગ્યા. વારંવાર વંદન કરવા લાગ્યા. પછી માતા પ્રેમવતી બાલપ્રભુને ઘેર લાવ્યાં અને બાજોઠ ઉપર બેસાર્યા અને સેવા કરનાર બાઈને કહેવા લાગ્યાં કે તાજું પાણી ભરીને લાવ. તે પાણીથી નીલકંઠજીને નવરાવવા છે. માટે જલદીથી લાવ. માતાએ પ્રભુનાં આંગણીઓ અને ટોપી ઉતારીને જોયું તો પાણીના કીચડથી ખરડાયેલા પ્રભુનાં અંગો જોયાં. એટલામાં દ્વાર ઉપર જટાજુટ જોગી આવ્યા અને પ્રભુ શ્રીહરિને એક જ નજરે જોયા કરતા હતા. માતા બાલા બાળલાલાને સ્નાન કરાવવા લાગ્યાં અને સહચરિ સેવીકા પાણીના પાત્રને પૃથ્વી ઉપર મુકીને એકદમ ભયથી ભાગીને ઘરમાં ગઈ ત્યારે માતાએ પાછળ

ફરીને જોયું તો ભભૂતિ લગાવેલ સર્પની માળા ધારેલ શિવપ્રભુના સ્વરૂપને જોઈ લીધું.

ત્યારે બાલાએ લાલાને નજર ન લાગે તે માટે કપડાંનો પડદો કરીને આડ કરી દીધી. કાંઈ આડુંઅવળું ન થાય તે માટે સાવધાની રાખીને કામ કરવા લાગ્યાં. જ્યારે દર્શનમાં આડ થઈ ત્યારે માતાનો પુત્ર પ્રેમ જોઈને મનમાં આનંદ કરતા થકા ભવ ત્યાંથી ચાલતા થયા. કાદવથી ખરડાયેલાં અંગોવાળી મૂર્તિનું ઘનશ્યામ હરિનું ચિંતવન કરતા કરતા મૂર્તિમાં મગ્ન થઈને જતાં શંકર ભગવાન તેજ બાલપ્રભુનું સ્વરૂપ પડદામાં ગયું. એટલે તરત જ સ્મરણ કરતા થકા પોતાના લોકમાં ચાલ્યા ગયા. તે શિવ પ્રભુ જતા હતા. તેને સ્ત્રીઓ છેટી ઊભી થકી જોતી હતી. જોગીના ભયથી બીતી હતી. શંકરને ગયા પછી તે સર્વે મળીને ધર્મદેવના ઘેર આવી અને શ્રીહરિ ઘનશ્યામને નવરાવવાના કામ કરવા આવી. ભક્તિમાતાને મદદ કરવા લાગી. બાઈઓ આવીને કોઈ પાણી વેડતી હતી, કોઈ હરીને અંગો ચોળીને નવરાવતી હતી. નવરાવ્યા પછી અંગોને પવિત્ર વસ્ત્રથી લૂછીને માતાએ પુત્રને ખોળામાં લઈને સ્તન આપવા લાગ્યાં. માતાના સ્તનમાંથી હેતથી દૂધ વહેતું હતું. તે સ્તન મુખમાં આપવા છતાં પ્રભુ લેતા ન હતા ત્યારે માતા કહે, ભૂખ લાગી છે. છતાં સ્તન કેમ નથી લેતા ? દૂધ કેમ નથી ભાવતું ત્યારે એક નારી માતા ભક્તિને સમજાવવા લાગી.

હે બાઈ ! પેલો જોગી આવ્યો હતો. તે મહાભયંકર હતો. તેથી આ લાલાને એની નજર લાગેલી છે ત્યારે બીજી એક સ્ત્રી નજર બાંધીને લાવી. બીજી સ્ત્રી જઈને ઘરૂ લઈને આવી. તે નજરનો ટુચકો બાલાએ હરિ શિર ઉપર ફેરવીને દેવતાનું સ્મરણ કરીને ચાર રસ્તા ઉર ફેંકી દીધો. આ કરતાં હતાં એટલામાં મોટાભાઈ બલભૈયા આવીને કહેવા લાગ્યા કે હે બા તમો આ શું ફંદ કરવા બેઠાં છો ? આ આપણ શ્રીહરિને કાંઈ થાય જ નહીં. કાળ, કર્મ, ભૂતનો ભય તથા મંત્ર મૂંઠ કે કોઈને નજર પણ ન લાગે. માટે આવું તૂત કોઈદિ પણ કરશો નહીં. ત્યારે માતા ભક્તિ કહે હે મારા પુત્ર તમે સાંભળો. અત્યારે કોઈ એક અવધૂત આવ્યો હતો. તેણે વિચિત્ર ભૂતને બીવડાવે તેવો ભયંકર સર્પોની માળા પહેરેલ ભયંકર લાગતો હતો. ત્યારે ભૈયા શંકરર્ષન કહેવા લાગ્યા. ભગવાન શંકર આપણા હરિનાં દર્શન કરવા આવ્યા હતા. ત્યારે સૌને આશ્ચર્ય થયું. મનમાંથી ભ્રમ જતો રહ્યો. નિશ્ચય પાકો થયો. એમણે પ્રથમ દંડવત પ્રણામ કર્યાં પછી એક ચિત્તે અધીર નજરે જોયા કર્યું. જ્યારે પડદો કરીને આડ કરી ત્યારે મહાદેવજી મનમાં આનંદ પામતા થકા હસતા થકા ગયા.

આવી રીતે બધી સ્ત્રીયો મનમાં માનવા લાગી કે આ તો બધા દેવોને દેવના દેવ છે. આ ધર્મદેવ ભક્તિમાતાના પુત્ર થયા છે તે નક્કી અલખ ઓળખાય નહિ તેવા ક્યારેય કોઈનાંથી બંધાય જ નહિ. ન ભૂતો ન ભવિષ્યતિ એવા છે. આ બાજુ ભક્તિમાતા વાતને સાચી રીતે સમજીને આનંદ પામવા લાગ્યાં. મોહ જતો રહ્યો ને સાચું જ્ઞાન જાગૃત થયું કે મારો પુત્ર નક્કી જ બ્રહ્મનહિં પરંતુ પરબ્રહ્મ પરાત્પર નારાયણ જ છે. સર્વેના સ્વામી છે.

આ રીતે રાતદિવસ સતત ધર્મદેવના ઘેર નવીન લીલાઓ થયા જ કરે છે અને દેવો મુનિજનો મહા સિદ્ધો પ્રસિદ્ધિવાળાઓ રોજેરોજ બાળપ્રભુનાં દર્શન કરવા આવે જ છે.

**આ પ્રમાણે શ્રીહરિલીલાસિંધુમાં ત્રીજા બાળચરિત્ર રત્નમાં શ્રીસહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારી રચિત છંદ ભાષામાં શ્રીહરિએ કીચડની ક્રીડા કરી તેનાં મહાદેવ દર્શને આવ્યા. પરબ્રહ્મ સ્વરૂપ જ્ઞાન નિરૂપણ નામે બીજો તરંગ થયો. ॥૨॥**

# તરંગ-૩

માર્કંડેય મુનિ શતાનંદને કહે છે, ધર્મદેવે પુત્રના વર્ષ પરિવર્તનની પૂર્તિ માટે કરેલા વિધિ તથા બાલપ્રભુએ માતા પાસેથી ચંદ્રની લાવવા માટે માંગ કરી તેની કથા આપને કહું છું તેને તમે ધ્યાનથી સાંભળો.

સુવ્રત મુનિ પ્રતાપસિંહ રાજાને કહે છે કે મારા ગુરુ અને માર્કંડેય મુનિના સંવાદની વાત તમને કહું છું. તીરથરાજમાં બધા મુનિજનો ભેગા થયા ત્યારે જે આનંદ થયો તેની કથા કહું છું તે સાંભળો. છપૈયાપુરમાં ધર્મદેવના ઘેર બાલસ્વરૂપી ઘનશ્યામ પ્રભુ તથા ભક્તિમાતા, પિતા, ભાઈ, સંબંધીઓ સર્વે સાથે મળીને તીર્થસ્થાન પ્રયાગમાં ગયાં હતાં. હે મુનિ ! ધર્મદેવે પુત્રના પ્રથમ વર્ષના અંત સમયે વર્ષ પૂર્તિના વિધિને સમયે પુષ્યનક્ષત્રમાં પવિત્ર જન્મ દિવસે વિધિ કરાવતા હતા. સોનાના કળશમાં ઔષધિ મેળવેલ પવિત્ર કરેલા જળને ભરીને અને સુગંધયુક્ત તેલને શરીર ઉપર ચોળીને પવિત્ર જળથી સ્નાન કરતા હતા. પવિત્ર સફેદ વસ્ત્ર ધારણ કરીને ધર્મદેવે પોતાના વૈભવ પ્રમાણે આભૂષણો ધારીને સ્વસ્તિ વાચન કરાવીને પવિત્ર કુળદેવનું પૂજન કર્યું. વિધિ પ્રારંભ કરતા હતા.

ગુરુદેવ પૃથ્વી દેવતાઓ, પિતૃઓ વાર નક્ષત્ર પિતૃ પ્રજાપતિ આદિનાં પૂજન કરીને દુર્વાહોમ કરાવ્યો. ત્યાર પછી બીજસહિત એક લય કરીને પ્રારંભ કર્યો. દુર્વા ઉપર ગણપતિનું સ્થાપન કરીને ક્ષિપ્રા હોમ કરાવ્યો અને સમિધાઓ હવિ સ્થાનો સંસ્કારીત કરીને શ્રૃતિઓએ મંત્રો દ્વારા હોમ કરાવ્યો. વ્યાહૃતિનો ત્રણ વાર હોમ કરીને ત્રણ દુર્વાઓ ધારણ કરીને મૃત્યુંજય નામના દૂત મંત્રથી એકસો આઠવાર આહુતિથી હોમ કર્યો. ત્યાર પછી વ્યાહૃતિનો ચાર વાર હોમ કરીને તેના ઉપર ત્રણ વાર હોમ કર્યો. પર પુક્ષન આદિ કરીને ત્યાર પછી નાંદિ અંત પ્રસિદ્ધ હવન કર્યો. તેનાથી વિધિ પૂર્ણ કર્યો.

ત્યાર પછી ધર્મદેવે બ્રહ્મભોજન કરાવીને તેઓને દાનદક્ષિણા આપીને તૃપ્ત કર્યા. ત્યાર પછી સંબંધી પરિવારો તથા પૂરવાસીજનોને સંતોષ પમાડીને દેવો મુનિજનોનાં સન્માન કરતા હતા. રાજી કરતા હતા. પવન પુત્ર હનુમાનજી, કૃપાચાર્ય, પરશુરામ, વ્યાસ, વિભીષણ, માર્કંડેય, બલિરાજા આ સાત ચિરંજીવીઓને નિત્ય પ્રત્યે નમસ્કાર કરીને પૂજન કરતા હતા. ધર્મદેવ પુત્ર બાલમુકુંદના ઉત્કર્ષ માટે આ રીતે પવિત્ર પ્રસંગો વારંવાર કર્યા કરતા હતા. ક્યારેક માતા બાળપ્રભુને તેડીને ગલીમાં છોકરાં રમતાં હોય ત્યાં જઈ રમાડે. ત્યારે બીજાં બાળકો હરિ બાળકોની રમત જોઈને કિલકિલાટ કરતા હતા. કેડેથી વળીને નમતા હતા. પ્રભુને જોઈને બાળકો મોહ પામી જતાં હતાં. કહે, માતા આ હરિને અમે રમાડીએ. બાળકો પ્રભુને લઈને પોતાની બે આંગળીઓ પ્રભુના હાથે પકડાવીને ચલાવે ત્યારે હરિ પા-પા પગલી ચાલતા હોય. થોડા થોડા પગલાં મૂકીને ચાલે ત્યારે તે પ્રભુના પગલાં તેમાં ઉર્ધ્વરેખા આદિ ચિહ્નો તેમાં ચોખ્ખાં પડેલાં દેખાતાં હતાં. બાળકો ચલાવીને મોજ પામતા થકા પ્રભુને આનંદ પમાડતા થકા રમાડતાં હતાં.

પ્રભુ ચાલતા ત્યારે નાની નાની ઘૂઘરીયો ઠુમ ઠુમ ગાજે તેમ તેમ પ્રભુના મનમાં આનંદ આવે તે છતાં પોતે તો નિર્મોહવાળા જ છે. આ રીતે રમાડતાં બાળકોને આનંદ ઉત્સવ થયો અને બધાનાં ચિતને પ્રભુ ખેંચતા હતા. અતિ સુખ આપતા હતા. ક્યારેક શ્રીહરિ રમાડતા બાળકનો હાથ આંગળી છોડીને ઊભા રહી જાય. થોડાક

આગળ ડગલાં ભરતાં ચાલતાં પડી જાય ત્યારે પ્રભુ કિલકિલાટ કરતા હતા. સ્ત્રીઓ પુરુષો ગલીમાં સામાન્ય રીતે આવતાં જતાં હતાં પણ શ્રીહરિને જોઈને અતિ પ્રેમથી જોવા લાગે છે અને પોતાના નેત્રની સફળતા પ્રાપ્ત કરી લે છે. શેરીમાં આવતાં જતાં માણસો થોડી વાર ભક્તિમાતા સાથે વાતો કરીને પછી માણસો હર્ષ પામતા થકા આગળ ચાલતા હતા. એમની પાછળ મુનિનાથ થોડુંક બેત્રણ પગલાં ચાલે ને અવનિશ પ્રભુ ડરી જતા હતા.

ત્યારે ભીતી પામતા પ્રભુ માતા પાસે ફરીને પાછા આવે ત્યારે માતા પુત્રને તેડીને લાવે. ભય પામેલા જોઈને હરિને માતા કપડાંની અંદર ઉરમાં દબાવે. ચુંબન કરીને હેતથી ઘરમાં ચાલ્યાં. સ્તનનું દૂધ પાન કરાવીને માતા દૂધની ફેળજેવા સજાયુક્ત પારણાંમાં પોઢાડીને હરિના હાલરડાં ગાતાં ગાતાં દોરી ખેંચીને ધીરેધીરે હિચોળતાં હતાં. મારા પુત્રનાં શરીર ઉપરના શત્રુઓનો નાશ થઈ જાય. મારા પુત્રની પાસે આવવાની હિંમત પણ ન રહે. આમ રહીને માતા ગાતાં હતાં અને હરિ હાલનાં પોઢાડવા માટે છે પણ પ્રભુ તો હાલરડાં સાંભળીને પારણાંમાં જ બેઠા થઈ જાય. જોયા કરે. ત્યારે માતા હાસ્ય કરતી થકી બાળપ્રભુને ભૂતનો ભય બતાવીને સફેદ વસ્ત્રથી શરીર અને મોઢાં ઉપર ઢાંકીને ફરીથી સુવડાવતાં હતાં. ત્યારે પ્રભુ માનતા હતા કે માતાને મારા માટે ઘણો પરિશ્રમ પડે છે એમ જાણીને જગત પતિનારાયણ પોતે યોગનિંદ્રા ધારણ કરીને પોઢી ગયા અને પોતાના ચંચળ પણાને ઢાંકતા હતા. એક દિવસ રાતની ચાર ઘડી વીતેલી ત્યારે બધા ભેગા મળીને ઘરની બહારના ભાગમાં બેઠાં હતાં ત્યારે ભક્તિમાતા દૂધના ફેણ જેવી પથારી તૈયાર કરીને રામપ્રતાપને કહેવા લાગ્યાં.

આજ પલંગ ઉપર હે ભાઈ તમારે પોઢવાનું છે. અત્યારે ઘનશ્યામ ભૈયાને લઈને થોડો સમય રમાડો ત્યારે મોટાભાઈ બલભૈયા નાના ભાઈને લઈને બાલપ્રભુને આનંદ કરતા થકા રમાડતા હતા. આકાશનું વાતાવરણ નિર્મળ શાંત હતું ત્યારે આકાશમાં નક્ષત્ર ઓળખીને કિલકિલાટી કરતા જોઈજોઈને બાળપ્રભુ રાજી થતા હતા. મોટા ભાઈ આંગળીનો નિશાન બતાવીને નક્ષત્ર ઓળખાવે ત્યારે તે જોઈને હરિના મનમાં અતિ આનંદ આવતો હતો. હસતા હતા. જુદાં જુદાં નક્ષત્ર મંડળોનાં નામ કહીને બતાવે ત્યારે પ્રભુ તો કાલી ભાષામાં બોલે ત્યારે ભૈયાને મનમાં ખૂબ જ રમુજ થાય. નામના અરધા અરધા અક્ષરનો ઉચ્ચાર કરી તે સાંભળીને માતાપિતાના મનમાં ખૂબ જ હરખ થતો હતો.

તે જ સમયે પૂર્વ દિશામાં ચોખ્ખો પ્રકાશ થયો ત્યારે અંધકારની રાત્રીની સુમુખ કરીને ગઈ ત્યારે હરિ કેસરીને જોઈને ત્રાસપામે તેમ રાત ગઈ. અંધારા રૂપી હાથીનાં કુંભ સ્થળને તોડીને તેમાંથી આકાશમાં જાણે મુકતાં ફળો વિખરાયાં હોય ને શું તેમ શોભતું હતું. ભગવાનના મુખથી નીકળેલાં અમૃતબિંદુનું પાન કરવા ચાહના રાખતો ચંદ્રમા ચોરગતિથી ચાલતો હતો. પ્રભુને જોતો હતો. રામભૈયા પ્રભુને આંગળીનો ઈશારો કરીને ચંદ્ર દેખાડતા હતા ત્યારે હરિએ ચંદ્રમાને જોઈને મનમાં ખૂબ જ રાજી થયા અને હાથથી ચંદ્રને લેવા માટે પ્રયત્ન કરવા લાગ્યા. હાથ લાંબા કરીને ચંદ્ર પકડવાનો પ્રયત્ન બાળ કરે. હે ભૈયા મને ચાંદ આપ. ચાંદ આપ. મારે ચાંદ લેવો છે. મનમાં વચનથી લેવાનો પ્રયત્ન કરે છે. એમ દેખીને હરિ એકદમ તત્પર થયા છે. મારે ચાંદ લેવો જ છે. મને ચાંદ આપ ભૈયા. આ રીતે બોલતાં જોઈ ખૂબ જ અકળાતા જોઈને. પગ પછાડતા હતા. છતાં પ્રભુ લેવા માટે નાટક કરતા હતા. હાથ ઊંચા કરીને મહેનત કરે પણ હાથમાં ન આવે. આમ કરીને હરિ અકળાયા મુખ મરડીને આ રીતે અદેખાઈનાં ચરિત્રને જોઈને બધાનાં દિલમાં ભાવના જાગ્રત થઈ.

ત્યારે મામાની સ્ત્રીએ બલભૈયાના હાથમાંથી ચંદ્ર બતાવું એમ કહી જલદીથી હરિને લઈ લીધા. અને ચંદ્ર

બતાવવા લાગ્યાં. હાથ ઊંચા કરાવીને હરિના મસ્તક ઉપર આપ્યા. લે કહી ચાંદને મારા પ્યારાં બચા લે ચાંદ પકડા. હાથથી ચંદ્ર પકડવા જાય પણ હાથમાં ન આવે ત્યારે હરિએ રોવાનું ચાલુ કર્યું. માતા મને ચાંદ લાવી આપ. મામા મને ચાંદ લાવી આપ. ત્યારે માતા ઘરમાં ચાંદ લેવા ગઈ. સારી રીતે માંજીને ચોખ્ખા કરેલા સુંદર ચાંદીના થાળને હાથમાં પકડીને થાળી બતાવતાં હતાં. ત્યારે આજ ચાંદ છે તેમ માનતા હતા. બાલ મહારાજ ચંદ્ર લાવો. ચંદ્ર લાવો કરીને બોલતાં બોલતાં આંખમાં આંસુ ભરીને હીબકાં ખાતા હતા. આંખો ચોળીને બાલપ્રભુએ લાલ કરી નાંખી હતી. રોવાથી લાલ રંગવાળી મુખ રેખાઓ થઈ ગઈ હતી.

મુખ ઉપર, ગાલો ઉપર જળ છાંટ્યું ત્યારે જેમ રાહુ ઘેરે છે તેમ મુખ પર પાણી ઘેરી લીધું ત્યારે હરિ રોતા ચૂપ રહ્યા. માતાએ ફરીથી ઉપાય કર્યો. સોનાના થાળમાં પાણી ભરીને નીચે મૂકીને જોયું કે જ્યાં બિંબ પડે ત્યાં શ્રીહરિને બતાવતાં હતાં. હે પુત્ર ! જો આ ચંદ્ર આવ્યો તને બતાવું. ચાંદાનું મુખ કહેવાય છે તે આ છે એમ કહેતાં હતાં તોય બાળપ્રભુ માનતા ન હતા. બનાવટી ચંદ્ર છે એમ જાણીને જોતા ન હતા ત્યારે ફરી અકળાઈને હરિ પાછા રોવા લાગ્યા ત્યારે એક સ્ત્રીએ દર્પણ લાવીને પ્રભુને બતાવ્યું ચંદ્રનું બિંબ સરોવરમાં આવે તેમ પ્રભુની સામે ધર્યું. બાળપ્રભુ અકળાવાથી રોષાયમાન લાલ મુખવાળા વાંકી દૃષ્ટિથી જોતા થકા મહા પ્રભુએ તો જગતના ખોટા ચાંદ છે એમ જાણીને પોતાના હાથની દર્પણ ઉપર થપાટ મારી. તે દર્પણના કાચ ઉપર હાથનું કડું લાગવાથી તે કાચના ટુકડે ટુકડા થઈ ગયા ત્યારે બાળપ્રભુ માતા પાસે ચાંદની માંગણી કરીને જોરજોરથી રોવા લાગ્યા.

ત્યારે માતા પ્રેમવતી પુત્ર બાળપ્રભુને કહે હે પુત્ર ! આપણે અહીંયાં અને ચંદ્રમાં ત્યાં છે. એને મેળવવો કઠિન છે. ચંદ્રમા સિવાય મારા દેવ પ્રભુને દહીં, ઘી, સાકર આદિ જમવા તમને આપું. તેને આપ જમો. માતા બાલાપ્રભુને જેમ જેમ ફોસલાવતાં હતાં તેમ તે પ્રભુ રોવાનું કરતા હતા. ત્યારે બલભૈયા માતાની દયાભાવનાને જોઈને અનંત એવા પુત્ર રામપ્રતાપભાઈ એક જ ક્ષણમાં પોતાના પાતાળ લોકમાં ગયા. ત્યાં જઈને સુગંધિ પદાર્થો વડે નાગોનું પૂજન કર્યું. ત્યાં તો અનેક તેજોમય મણિઓનો સમુદ્ર પ્રગટ્યો. તેમાંથી એક સારામાં સારો મણિ લઈને આવ્યા. તે મણિ પોતાના હાથમાં રાખીને તેજોમય પોતાના કુટુંબીજનોને બતાવતા હતા ત્યારે તેને જોઈને આશ્ચર્ય પામવા લાગ્યાં.

રામભાઈ લાવેલ ચંદ્રકાંત મણિ કરીને છે. તે તેજવાળા મણિને જોઈને પ્રભુ રોતા છાના રહીને તાકીને જોયું. ત્યાર પછી કિલકિલાટ કરીને રાજી થઈને ભાઈના હાથમાંથી લેવા ગયા. તે હાથમાં લઈને ચંદ્રકાંત મણિ જોઈને સર્વજ્ઞ પ્રભુનું મુખ આનંદથી ખૂલી ગયું ત્યારે પૃથ્વીને ધારણ કરનાર સર્વ જગતના કર્ણધારે હાથમાં પકડીને આનંદમાં ખીલી ઉઠ્યા. મણિને બંને ભાઈઓ અરસપરસ લોટાવે છે. પ્રભુ સમાન્ય રીતે જ મણિની ગતિ કરી જાણે છે. આ રીતે આમ તેમ મણિને રમાડતા હતા. મોટાભાઈ પાસે જાય તરત જ મણિ પાછો મોકલી દે. હરિને આપે. રમતાં રમતાં મોટાભાઈ મણિને હાથમાં છુપાવી દે ત્યારે બાલપ્રભુ ચંદ્ર ચંદ્ર કહીને પોકારવા લાગી. જલદીથી ભૈયા પાસે આવી જાય. પોતાના ભાઈના હાથમાં સંતાડેલો મણિ લઈને આનંદ કરતા થકા દૂર ચાલ્યા જાય. ઘનશ્યામ પ્રભુ ઘરશાળામાં મણિ લઈને અખંડ રોજ રોજ રમતા થકા આનંદ કરતા હતા. અને બીજાને આનંદ આપતા હતા. અનંત કોટિ બ્રહ્માંડોના કરતા મહાપ્રભુ પોતે બાલચરિત્રોને કરીને તે સર્વને ગાવા કલ્યાણ કરવા કરતા હતા.

આ પાંડેના કુળને પ્રકાશ કરનારા, જનોના આભૂષણ રૂપ અને મુનિગણોના દૃષ્ટિના પ્રકાશક એવા

મહાપ્રભુના જે ચરિત્રો દેવોને દુર્લભ છે, એવાં ચરિત્રો જોઈને મહાફળને પામે છે. ધર્મદેવના બંને પુત્રાના ચરિત્રો દરરોજનાં અલૌકિક થતાં હતાં. તે ચરિત્રો જીવોના કલ્યાણ માટે પ્રભુ ભૂમંડળમાં પ્રગટ થઈને અલૌકિક સુખ આપે છે. તે પૃથ્વી ઉપરનાં પ્રભુનાં લીલા બાલ ચરિત્રને જે જન સાંભળે છે, નજરે જુએ છે તેને કોઈ સંશય રહે જ નહીં. તે નિર્દોષ થઈને ધર્મસર્ગની સાથે તેનાં હૃદયમાં મહાપ્રભુ નિવાસ કરીને અખંડ સુખ આપે છે. ક્યારેક બાલપ્રભુ હાથમાં માંખણ લઈને ખાતા હોય તે મુખ ઉપર લપેટાઈ જાય. હસ્તકમળ અને મુખકમળ ઉપર લપેટાયેલા માંખણથી પરાગરજ ચોંટવાથી ખૂબ જ મનોહર શોભા થાય છે.

ક્યારેક પ્રભુ માંખણ અને પુરી એક હાથે પકડે અને બીજો હાથ જમીન ઉપર ટેકવીને બેઠા બેઠા ખસકીને આગળ ચાલે. એ શોભા તો અતિ મનોહર લાગે. બાળમુકુંદ પ્રભુ પુરીની સાથે માંખણ લઈને ક્યારેક ક્યારેક ઘરની બહાર ચોક (ઓસરી)માં જાય ત્યારે હાથમાં રહેલાં માંખણ સાથે પુરીને કાગડો લઈ જાય ત્યારે પ્રભુ કાગડાના ભયથી બીતા થકા પાછા વળી ઘરમાં જતાં રહે. આ રીતે પ્રભુ ચરિત્ર કરે છે.

પ્રભુ પોતાના નેત્રમાં પાણી લાવીને માતાને આવીને કહેવા લાગ્યા. મહાપ્રભુ મુનિઓના નાથ કહે, મૈયા કાગ માંખન લઈ ગયો. આ રીતે તોતડું બોલતા હતા. બધાને રાજી કરતા હતા.

**આ પ્રમાણે શ્રીહરિલીલાસિંધુમાં ત્રીજા બાલચરિત્ર રત્નમાં વૈષ્ણવાનંદ બ્રહ્મચારી રચિત છંદભાષામાં શ્રીહરિનું પ્રથમ વર્ષ પૂર્ણ થયું. તેનું ચરિત્ર વર્ણન તથા ચંદ્રમણિની રમતની લીલાનું વર્ણન કર્યું. તે નામેં ત્રીજો તરંગ થયો. ॥૩॥**

## તરંગ-૪

માણસાના આનંદભાઈ રાજા કહે છે, હે વર્ણિરાય ! શ્રી ઘનશ્યામ પ્રભુએ માતાપિતાને એમનાં બાલચરિત્રમાં દિવ્યપણું બતાવ્યું તથા તે જ બાળપ્રભુ ચાર રૂપે થયા તે વાતો હે વર્ણિરાય આપ મને કહી સંભળાવો.

તે જ બળવીર પ્રભુનાં બાળચરિત્રને સાંભળવા માટે ઋષિરાય શતાનંદ સાંભળવાની ઈચ્છા રાખતા હતા. એમને માર્કંડેય ઋષિરાય શતાનંદજીને મનમાં આનંદ પામતા થકા કહેવા લાગ્યા. બાળપ્રભુ કોઈકવાર પારણાનાં પાલવને પકડીને લબડતા હતા. તેની આડમાં મુખને સંતાડીને ફરી પાછા મુખ દેખાડતા હતા. આ રીતે ચરિત્ર કરતા હતા. ક્યારેક પ્રભુ પલંગને પકડીને તેને ચારેકોર ફરતા હતા. ક્યારેક ક્યારેક કોઈ માણસની આંગળી પકડીને અંગ મરોડીને ચાલતા હતા. ક્યારેક માતા અને પિતાને બેઠેલાં જોઈને મુનિઓના સ્વામી બાળપ્રભુ એમને પકડીને ચારેબાજુ ફરે. મોટાભાઈને જોઈને ત્યાંથી દૂર જતા રહેતા. ક્યારેક ભક્તિ પુત્ર પ્રભુને ખોળામાં લઈને સ્તનપાન કરાવતાં હતાં ત્યારે પ્રેમનાં લીધે દૂધ ધવરાવવા માટે સ્તન મુખમાં આપતાં હતાં ત્યારે પ્રભુનું મંદહાસ્ય યુક્ત મુખકમળ ખૂબ જ શોભતું હતું. નાના નાના ઉગેલા દાંતયુક્ત મુખને જોઈને માતાના હૃદયમાં પ્રેમના હર્ષનો કોઈ પાર રહેતો ન હતો. ક્યારેક બાળ ઘનશ્યામ માતાના ખોળામાંથી સ્તનપાન કરતા કરતા તેને છોડીને પોતાના ઘેર આવેલા બાળકોને જોઈને તેમના તરફ જતા રહેતા હતા. આવી રીતે પ્રભુ ચરિત્રો કર્યા કરે છે.

હરિને માતા હેત કરીને સ્તનપાન કરાવે છે તો પણ ચંચળતાવાળા થઈને સ્તનપાન કરતા નથી અને આવેલાં બાળકો પાસે ચાલ્યા જાય છે. બાળકોને જોઈને બાલપુત્ર શ્રીહરિ કિલકિલાટી કરતા થકા દેવના દેવ પ્રભુ શિશુ ચરિત્રને કરતા હતા. શ્રી ઘનશ્યામ પ્રભુ કબુતર આદિ પક્ષીઓ જોઈને મોર આદિને પકડવા માટે બોલતા

દોડતા હતા. પોપટ-મેના-ચકલી-કોયલ-પપિહા આદિનાં ક્યારેક ક્યારેક નામ જીભથી અસ્પષ્ટ બોલતા હતા.

અતિશય ચંચળ નજરથી કાંઈક જોઈને તેને પકડવા નજીક જવા દોડતા હતા. ક્યારેક નાનાં વાછડાંનાં પૂંછડાં પકડીને રમતા હતા. એમનાં પૂંછડાં પકડીને પોતાના ઘરની ગલીમાં આંગણામાં રમતા હતા. આ લીલા કરતા પ્રભુને છપૈયાપુરનાં નરનારી જોઈને પોતાના ઘરનાં કામને ભૂલીને દેહના ભાવને પણ ભૂલી જઈને પ્રભુના ચરિત્રને જોઈને અતિશય હસતાં હતાં. અતિ મોજ પામતાં હતાં. ભક્તિમાતા પોતાના પુત્ર બાળપ્રભુ નવાં નવાં ચરિત્ર કરવામાં ચંચળપણું જોઈને તેઓને કુતરાં, સાપ, પાણી, અગ્નિ આદિથી ખાસ ધ્યાન રાખીને બચાવતાં હતાં. ગાય, આખલા, ભેંસ આદિ પશુઓ કાંટા, પક્ષી, કાગડા આદિ સર્વે ભયોથી પણ નહિ ડરનારા સર્વના સમર્થ છે એ પ્રમાણે માતા માનતાં હતાં. આ તો જગતના આધાર છે એ પ્રમાણે માનતાં હતાં. માતાના મનમાં અકળામણનું દુઃખ હતું, તે ઘરમાં કામ કરવાનું ચિત્ત થતું જ ન હતું. માતાની મનોવૃત્તિ ભગવાનમાં જોડાયેલી હતી. જેમ નટ દોરડાં પર ચડીને એક દષ્ટિથી સ્થિર રહીને ચાલે તેમ માતા પ્રભુમાં સ્થિતિવાળાં થઈને રહેતાં હતાં. મુનિજનો ધ્યાન કરે છે તોય ધ્યાનમાં નથી આવતા એ જ પ્રભુ આજે માતાપિતાના મનની કસોટી કરે છે. અનંત કોટિ બ્રહ્માંડોના કરતા રક્ષક એવા તથા સર્વના પાપનો નાશ કરનારા એવા સમર્થ પ્રભુ આજે ધર્મદેવના ઘરમાં ગલીઓમાં વિચરણ કરે છે.

એક દિવસ માતા પ્રેમવતી પુત્ર બાલપ્રભુને પારણાંમાં પોઢાડીને માતા ઘરમાં કામ કરવા લાગ્યાં હતાં. મુનિ કહે છે કે તે સમયની લીલા તો શ્રીહરિએ એવી કરી કે માતાપિતા તથા જનસમુદાયના મોહને વધારનારી છે. મુનિ કહે છે, હે રાજન ! તે જ ચરિત્રને કહેવા માટે મારું મન વારંવાર ઉતાવળ કરે છે. માટે કહું છું. માતા ઘરમાં કામ કરવામાં લાગેલ છે. ચિત્ત ભગવાનમાં જોડાયેલું છે. ત્યારે આસપાસમાં પુત્રને જોઈને મનને શાંતિ મેળવતાં. આ રીતે કામ કરતાં કરતાં માતાએ નજર કરીને મુનિઓના સ્વામીને બહાર ફરતા જોયા. માતા માતા કહીને તોતરી બોલીથી બોતલા હતા તે અમૂલ્ય શબ્દો લાગતા હતા. બહાર જઈને પાછળ ફરીને માતાએ જોયું પારણાંમાં છે કે નહિ તો પારણામાં ગાઢ નિંદ્રામાં પોઢેલા જોયા. આ રીતે જોઈ પાછાં ઘરમાં કામ કરવા આવ્યાં ત્યારે માતા પાસે પ્રભુ સાકર નાખેલ દૂધની માગણી કરી ત્યારે ફરી પારણાં તરફ નજર કરી. નજીક જઈને જોયા તો ભરનિંદ્રામાં જોયા મુખ આંખો બંધ જોવામાં આવ્યાં. ત્યારે માતાના મનમાં આશ્ચર્ય થયું. મનમાં તર્ક-વિતર્ક થવા લાગ્યા. તે જ સમયે ધર્મદેવ બહારથી પુત્રને રમાડવાનું મન કરીને ઘર તરફ આવ્યા.

ધર્મદેવ આવ્યા એટલે બાલપ્રભુએ જોયા ને તરત જ કિલકિલાટ કરીને બોલ્યા બાલપ્રભુ તે ધૂળમાં રમતા હતા. તેથી ધૂળથી ખરડાયલા હતા અને તાત તાત કહીને પિતાની પાસે દોડ્યા ને પિતાને પાસે જઈને ઊભા રહ્યા. પિતાએ પ્રભુના શરીર ઉપરની ધૂળને પોતાના વસ્ત્રથી સાફ કરી. વેદી ઉપર જઈને બેઠા. ત્યાર પછી એ મુનિઓના સ્વામીને ધર્મદેવ અતિ હેતથી રમતો રમાડવા લાગ્યા. તે જ સમયે હરિનાં માતાની બેનપણીઓ પોતાના ઘરે કામથી પરવારીને પ્રભુને રમાડવા માટે મનમાં ભાવના થઈ ત્યારે પોતાના ઘેરથી પ્રભુને જોવા આવતાં હતાં. મનમાં પોતાને પ્રભુને રમાડવાનો સંકલ્પ કરીને ધર્મદેવના ઘર તરફ ગલીમાં થઈને આવતાં હતાં ત્યારે બાળકોની સાથે હરિને રમતા જોયા અને મનમાં અતિશય દુઃખ થઈ ગયું. નિરખીને જોયા. હરિ પાસે જઈને તે બાઈ ઊભી રહીને હાથ પહોળા કહી લલા આવ્યો ત્યારે બાળપ્રભુ તેની પાસે ગયા તે બહેનનો પાલવ પકડીને ઊભા થયા ત્યારે તેણીએ હર્ષ સાથે પ્રભુને તેડી લીધા અને રાજી થઈ ગયા. બાળપ્રભુને રમાડતી થકી ધર્મદેવના

ઘર તરફ ચાલવા લાગી. ભક્તિમાતા પાસે જવા લાગી. માતાની નજીક આવી ત્યારે સખીને આવેલી જોઈને મનમાં ખૂબ જ આનંદપૂર્વક ધર્મના પુત્રને રમાડવામાં લાગી ગઈ. ચાલતાં ચાલતાં પુત્રને રમાડતા ધર્મદેવને જોઈને એના પગ ધીમા થઈ ગયા. એ તેણીની કેડ ઉપર લાલકુમારનાં મુખને જોઈને પાસે થઈને નીકળી ત્યારે મનમાં ભ્રમ પેદા થઈ ગયો.

ધર્મદેવ તે બાઈની પાસે લાલને જોઈને કહેવા લાગ્યા કે આ કોણ લાલ છે. આ રીતે બંનેને અરસપરસ આશ્ચર્ય થયું. આ બંને એક સ્વરૂપો છે. તે તો પ્રભુનો પ્રતાપ છે. તે જ સમયે ભક્તિમાતા સહચરીને કહે કે તે જલદીથી જા ને બાળપ્રભુના પિતા (ધર્મદેવને)ને જલદીથી બોલાવી લાવ એ જલદીથી ઘેર આવે એમ કહે. ત્યારે તે સહચરિ ધર્મદેવ પાસે જઈને કહે પિતાજી આપ જલદીથી ઘેર પધારો ત્યારે ધર્મદેવ હરીને તેડીને જલદીથી ઘેર આવ્યા. ત્યારે શ્રીહરિના પિતા ધર્મદેવે ઘનશ્યામનાં ચાર રૂપો જોયાં. ને આશ્ચર્ય લાગ્યું. તેમાં ચોથું રૂપ માતાનો પલ્લવ ઝાલીને ઉભા હતા તે જોયું ત્યારે તે સ્વરૂપે પિતાને જોઈને કિલકિલાટ કરવા લાગ્યા. ફરીને માતાએ જોયું તો ચારેબાજુ સુંદર વાતાવરણ હતું. તે જ સમયે ભક્તિમાતાની બહેનપણી શ્રીહરિને તેડીને રમાડતી રમાડતી ત્યાં આવી ત્યારે ચારે રૂપો જોઈને આશ્ચર્ય થવા લાગ્યું. તે ચારે રૂપો અલૌકિક જુદાં જુદાં હતાં તે વાત જુદી છે. એવું ચરિત્ર છે.

પારણાંમાં પોઢેલા પ્રભુ જાગ્યા. જગનિયંતા માતા માતા કરીને બોલવા લાગ્યા. તેડવા માટે કહેવા લાગ્યા. માતા, પિતા, બહેનપણી, કામવાળી ચારે જણાં પારણાં પાસે પારણાંઘરમાં ગયાં. મુનિઓના સ્વામી પારણાંમાં જાગ્યા. તે સર્વે ત્રણે સ્વરૂપો મુખ્ય સ્વરૂપમાં લીન થઈ ગયાં. આ રીતે પુત્રના મહિમાને જોઈને અદ્‌ભૂત ચરિત્રથી ધર્મદેવ ભક્તિમાતાને અતિશય આશ્ચર્ય થવા લાગ્યું અને મનમાં વિચારવા લાગ્યાં.

બાળ ઘનશ્યામની આ લીલા જોઈને માતાપિતાના મનમાં ખૂબ જ આનંદ થતો હતો. પોતાના પુત્રને મનુષ્ય રૂપે પધારેલા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ દિવ્યરૂપે મનુષ્ય સ્વરૂપે વર્તે છે. ભક્તિમાતા પ્રેમથી સ્તનમાં સ્રવતા દૂધનું સ્તનપાન બાળપ્રભુને કરાવવા બેઠાં હતાં. પોતાના પુત્રને પરમ પાવન પ્રગટ ભગવાન જાણીને મનમાં ને મનમાં બંને માતાપિતા સ્તુતિ કરતાં થકાં પ્રભુનું સ્મરણ કરતાં હતાં. માર્કંડેય મુનિ કહે છે, હે મુનિ ! આ રીતે ચરિત્રો કરતાં થોડો સમય ગયો ત્યારે મહાપ્રભુ શ્રી ઘનશ્યામ મુખથી બોલવામાં થોડો પ્રયાસ કરવાથી સારું બોલતા થયા ત્યારે હાથ અને જાનુંથી પૃથ્વીનો સ્પર્શ કર્યા વગર પોતે પ્રભુ ઊભા થઈને પોતાની મેળે ચલાવું. પસંદ કરીને ધીરેધીરે ચાલતા થયા. પોતાની સમાન વયનાં બાળકોને પોતાની સાથે લઈને છપૈયાપુરની નાની ગલીઓમાં નાનાં બાળકો રમતો રમતાં હતાં. પુરની સ્ત્રીઓ રમતની અલૌકિકતાથી એમના ચિત્તમાં આનંદ આનંદ થયો. શાંતિ થઈ ગઈ. યુવાનો વૃદ્ધો ઘનશ્યામ પ્રભુને રમતા જોઈને સંમોહ થઈ તેઓ ઘરના કામકાજને ત્યાગ કરી અતિ ચંચળ ગતિવાળી બાલરમ્ય સૌના ચિત્તમાં આવીને સ્થિર થવાથી અસમર્થ થઈ જતા હતા. પ્રભુ ચાલતા ત્યારે ઠુમક ઠુમક પગલાં પાડતાં તનિક તનિક કરતા ચાલતા ત્યારે થોડાં થોડાં પગલાં જમીન ઉપર પડતાં. તે પગલાંમાં સોળ ચિહ્નો દેખાતાં હતાં. તે ચરણકમળને પ્રાપ્ત કરવા મુનિજનો રાતદિવસ તપ કરીને પ્રયત્ન કરે છે તો પણ મળે તેમ નથી અને છપૈયાનાં જનો પ્રભુ કૃપાયે પામે છે.

હે રાજન્ ! જે ચરણરજને બ્રહ્મા, વિષ્ણુ, શિવ, મુનિજનો, ઇન્દ્રાદિદેવો ચાહે છે એ બાલ ઘનશ્યામ પ્રભુ

છપૈયાધામની નાની નાની ગલીઓમાં ચરણચિન્હની સાથે પવિત્રતા કરે છે. જેમના ચરણકમળને લક્ષ્મીજી કાયમ સેવે છે. અને પોતાના અંતકરણમાં ધ્યાન કરીને ધારણ કરે છે એ જ ચરણકમળને ધર્મદેવને ઘરમાં તથા પુરની ગલીઓમાં અનેક સ્થળે અંકિત થઈ ગયાં છે. એ પ્રભુ નારાયણની કૃપા છે. આવી રીતનાં શ્રીહરિએ અનેક આશ્ચર્યકારક ચરિત્રો કરેલાં છે. એ ચરિત્રોને જોઈને માતાપિતા તથા નગરના મનુષ્યો દર્શન કરીને પરમ સુખને પામ્યા છે. ચાર સ્વરૂપો ધારણ કરીને દર્શન દીધાં. માતાપિતા તથા પુરજનોને દર્શન દઈને હેત ઉપજાવ્યું. તે ચરિત્રને કહેશે, સાંભળશે અને પ્રભુની સાથે પ્રીતિ કરશે. તેને પ્રભુના ચરણમાં વાસ મળે છે.

હે રાજન્ ! ધર્મદેવના પુત્ર બાલપ્રભુએ ચાલવા આદિના પ્રયોગો જે કર્યાં ત્યાર પછી પવિત્ર જળથી પ્રભુને સ્નાન કરાવીને ધોયેલાં સફેદ વસ્ત્રોને ધારણ કરાવ્યાં. સ્નાન કર્યા પછી લક્ષ્મીજી તથા હનુમાનજીનું પવિત્ર સુગંધ દ્રવ્યથી તથા સુગંધિત જળથી પૂજન કરીને રામપ્રતાપ અને ઘનશ્યામ પ્રભુને બંને પુત્રોને શણગાર સજાવ્યા. પુત્રને ખોળામાં બેસાડીને ધર્મદેવે વેદમંત્રનો પાઠ કર્યો. નારીઓએ મધુર ગીતો ગાયાં. બહારગામ જઈને પીતા ઘેર આવે ત્યારે પુત્ર જાણે કે મારા પિતા આવ્યા. તેજ સમયે આ પ્રયોગની વાર્તા મુનિજનોએ કહ્યો હતો તે પ્રયોગ વર્ણવ્યો છે.

શ્રીહરિનાં ચરિત્ર અમૃતનો મહાસાગર ભરેલો છે. તેમાં દિવ્યચરિત્ર અને મનુષ્યચરિત્ર બંને પ્રકારનાં છે તેમાંથી જે જન શ્રવણ કરીને સ્મરણ કરશે તે જન જરૂર જ ભગવાન શ્રીહરિના ચરણકમળને પ્રાપ્ત કરે જ છે.

**આ પ્રમાણે શ્રીહરિલીલાસિંધુમાં ત્રીજા બાલચરિત્ર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિએ ચાર સ્વરૂપે દર્શન આપી આશ્ચર્ય પમાડ્યા તેનું વર્ણન કર્યું એ નામે ચોથો તરંગ થયો. ।।૪।।**

# તરંગ-૫

રાજા પ્રતાપસિંહ સુવ્રત મુનિને કહે છે, હે મુનિવર ભગવાનનાં બાલચરિત્ર તથા મનુષ્યચરિત્ર સાંભળવામાં મને ખૂબ જ આનંદ આવે છે. મનમાં શાંતિ થાય છે. તેથી આગળનાં ચરિત્રો જે ધર્મકુમારે કર્યા હોય તે મને સંભળાવવા કૃપા કરો. હે રાજન્ ! એક વખત ભક્તિમાતા સાકરની માટલી ખોલીને બહાર કાઢી હતી. માટલામાંથી વાસણમાં સાંકર કાઢી હતી. સાકરના ટુકડાઓ મોટા હતા. તેને ભાંગવા માટે ખાંડણીયામાં નાંખીને ભાંગવાના હતા. તે જ સમયમાં ઘનશ્યામ ગલીમાં રમતા હતા તે ત્યાંથી ઘરમાં આવ્યા. સાથે બાળકોને પણ લઈને આવ્યા. વાસણમાં ભરેલ સાકરમાં ખોબા ભરી ભરીને સાકર બાળકોને પ્રભુ આપતા હતા. બાળકો બધાંય સાકર લઈને ગલીમાં રમવા જતાં રહ્યાં. હરિ પણ પોતાના આંગીના પાલવમાં ભરીને લઈ ગયા. તે જ સમયે હરિનાં માતા બીજા મકાનમાંથી ખાંડણીયા લઈ આવ્યાં. અતિ ચંચળ હોંશિયાર ચોરી કરવામાં હોંશિયાર એવા પ્રભુ, માતા આવ્યા એટલે તરત ઉતાવળા ઉતાવળા બહાર નીકળીને ગલીમાં જઈને બાળકો ભેગા બધા બાળકોની વચ્ચે બેઠા. બધાએ પ્રભુને ઘેરી લીધા. ધર્મપુત્ર બાળપ્રભુ બાળકોને આપતા જાય અને ખાતા જાય. દિલને આનદ આપતા જાય. આ સુખ તો મુનિઓ દેવોને પણ દુર્લભ છે. પરંતુ શ્રીહરિ બાળકોને ખવડાવીને એમને ન્યાલ કરતા હતા.

હે રાજન્ ! માતા સાકર ભરેલું વાસણ અડધાથી ઓછું થયેલું જોઈને આશ્ચર્ય પામ્યા અને વિચારવા લાગ્યા

કે હું ખાંડણીયો લેવા ગઈ, એટલામાં સાકર ક્યાં ચાલી ગઈ. તપાસ કરવા માટે માતાએ બલરામ ભૈયાને પૂછ્યું, સાકર કોણ આવીને લઈ ગયું ત્યારે ભાઈ તરત જ હરિ જ્યાં ગલીમાં ગયા હતા ત્યાં જોયું તો હરિ બાળકો ભેગા સાકર ખાતાં હતાં. ભય બતાવતા થકા ભૈયા બાળકોને પૂછવા લાગ્યા ત્યારે બાળકો કહે, અરે ભૈયા અમને તો આ કનૈયાએ સાકર આપી હતી ત્યારે ભૈયા હરિને બે હાથોથી પકડીને ઉપાડીને માતાની પાસે લઈને આવ્યા.

કહે છે માતાજી આ સાકરના ચોરને પકડો. આણે બાળકોને ખૂબ સાકર ખવરાવી છે. ત્યારે માતા પોતાના પુત્રને જોઈને વિચાર્યું ત્યારે પ્રભુ ભયના લીધે નેત્રોમાં પાણી લાવીને આંખોને ચોળતા હતા. ત્યારે માતાના હૃદયમાં પુત્રના કર્મમાં લખેલા વાતાવરણ મુજબ પોતાની માતાના હૃદયમાં મુખ મંદ હાસ્યવાળું કરીને હસાવતા હતા. ભગવાન બાળપ્રભુ મનુષ્ય ચરિત્ર કરીને મનુષ્યોને મોહ પમાડવા માટે કરે છે. મુનિજનોને આ ચરિત્રમાં કળ નથી પડતી. એવા આ પ્રભુ ગરીબોના તારણહાર છે. આ ગરીબોના પાલનપોષણ કરનારા છે. હરિની વય (ઉંમર)કુમાર અવસ્થા છે. પ્રભુનાં ચપલપણાંને જોઈને સંબંધી પરિવારની નારીઓ ભક્તિમાતાને સંભળાવવા માટે પાપના દોષોને સમાવનારા શ્રીહરિનાં પાપ હરનારાં એવા પ્રભુના ચરિત્ર કહ્યાં.

એક દિવસ ભક્તિમાતા અમારા ઘેરે આવેલાં ત્યારે લાલાએ બધાં બાળકોનું ટોળું કરીને બીજા ઘરમાં જઈને રમવાનું ચાલુ કર્યું અને અમે ઘરના કામમાં કામ કરવા લાગી ગયાં. અમે ઘેરથી લાવીને બધાં જ વાસણો ધોયાં ત્યાર પછી જઈને ભોંય ઉપર પથારીયો પાથરીને તૈયાર કરી એક ઉપર બીજી તેની ઉપર ત્રીજી આ રીતે બીછાવીને તેની ઉપર પરમ સુખદાઈ આવીને બેસી ગયા. ત્યારે લાલાએ સારી રીતે લડાવીને બધાં બાળકો વચ્ચે વાતો કહેવા માંડી કે હે ભાઈઓ હું તમારા બધામાં મોટો છું. એ પ્રમાણે તમો જાણજો. હું કહું તે રીતે તમારે બધાયને કરવાનું અત્યારે તમે પોતાના ઘરેથી ભોજન કરવા માટેનું ભોજન લાવવાનું છે. તે તમારે ઘેરથી લઈ આવો. પોતપોતાના ઘેરથી સ્વાદિષ્ટ દૂધ, દહીં, ખાંડ વિગેરે જે કાંઈ હોય તે લાવો. તમને કહું છું કે હું અહીંયાં શાંતિથી બેઠો છું. તમો બધાં જ પોતાના ઘેર જાઓ. વસ્તુ લેતા આવો. લાલાના કહેવાથી બાળકો પોતપોતાના ઘરે ગયાં. ઘનશ્યામે જે પ્રમાણે કહ્યું તેમ કર્યું. માતાપિતા પોતાના ઘેર હોવાથી ચોરી કરીને લાવવાનું હતું તેથી ચોરી કરીને લાવ્યાં. કોઈ સાકર અને ઘી લાવ્યાં, ખાંડ લાવ્યાં, કોઈ દૂધ અને દહીં લાવ્યાં. કેટલાંક બાળકો ખાલી હાથે પાછાં આવ્યાં. તેમાં વિભાગ કરવા માટે ચોખ્ખું સારું શ્રીહરિ જમતા હતા અને આ સારી સુગંધવાળું છે. આ સારું નથી. આની અંદર ખરાબ સુવાસ આવે છે. આ રીતે વિગત કરતા હતા. ખાંડ અને સાકર દૂધ-દહીંમાં નાંખ્યાં અને તેમાંથી લાલો પોતે પીવા લાગ્યા અને બીજાને વહેંચીને આપવા લાગ્યા ત્યારે આ ચરિત્રમાં કોઈ દેખી ન જાય તેના માટે આ બાજુ કોઈને આવવા નહિ દેવાનું તેનું ધ્યાન રાખવાની પણ જવાબદારી આપી. લાલો કહે આપણે તો ખાનગીમાં રમતો રમીએ છીએ. બાળકો રમીએ તેમાં મોટા શા માટે આવે ? આમ કહીને ઘરનું બારણું બંધ કરી દીધું. તે જોઈને જે આવે તે પાછા ફરીને જતા રહે.

આ રીતની રમતો બાલપ્રભુ રોજે રમતા તે છતાં પોતે ન્યારા જ રહેતા હતા. બધાના ઉપરી રહેતા હતા ત્યારે બાઈઓ એક બીજીને કહેવા લાગી કે સાંભળ બેન, મારે ઘેર કાલે ગઈ ત્યારે રમવા આવેલો. રમતાં રમતાં ઘણો સમય થઈ ગયો. મોડું થયું. તેથી ભૂખ લાગી ત્યારે મેં જાણ્યું કે લૂખું દહીં ખાવા આપું તે દહીંમાં ખાટી ગંધ આવતી હતી. તે જ્યારે સૂઘ્યું ત્યારે તેણે એ પાત્ર પછાડીને નાંખી દીધું અને મૂંગા થઈને ઊભા રહ્યા. તમે જ્યારે મોળું દહીને સાકર મેળવીને લાવશો ત્યારે જ અમે હવે ખાઈશું. ત્યારે મેં પહેલાં એમને જઈને દહીં બતાવ્યું

ત્યારે તેમાં સાંકર નાંખી મિશ્ર કરીને આપ્યું. હે બેન ત્યારે એણે ખાધું. ત્યારે ત્રીજી બાઈ કહેવા લાગી, અલી બાઈઓ તમે બધી સાંભળો. પરમ દિવસ બધાં બાળકો મારા ઘર પાસે રમતો રમતાં હતાં ત્યારે હું મારા ઘરનાં બધાં કામ કરીને પરવારી, ત્યારે ઘનશ્યામ બાળકોને લાવી બહાર ચોકમાં રમતાં હતાં. ઘરનાં કામો કરીને પાકશાળામાં હતી ત્યારે બાળકો અને હરિ બધાં ચોકમાં રમતાં હતાં. બીજું કોઈ આટલામાં ન હતું. બાળકો એકલાં જ હતાં.

તે જ સમયે બહાર કોઈક રાંકું આવ્યું. તેની હું તમને વાત કહું કે તે રાંકાંને જે આપ્યું તે તમને આશ્ચર્ય થશે. બાળકો રમતાં હતાં. તે મારી પાસે આવ્યાં. કહેવા લાગ્યાં કે તમારા ઘેર કોઈ માંગણ ભીખારી આવેલ છે. ત્યારે મેં બાળકોને કહ્યું કે બીજા ઘરમાં વાસણમાં દળેલો લોટ પડ્યો છે. તેમાંથી થોડો તે માગણને આપજો. વધારે ન આપતા. નાના કટોરામાં ભરીને આપજો. ત્યારે બાળકોની આખી ટોળી ઘરમાં ગઈ અને દાળ, ભાત, લોટ બધું લઈને આવ્યા અને રાંકાંને આપવા ગયા ત્યારે તે માગણ કહે મહારાજા મારી પાસે કોઈ વસ્ત્ર નથી. માટે કાંઈક આપો. ત્યારે હાથમાં રહેલું અનાજ જમીન ઉપર મૂકીને ફરીથી હરિ ઘરમાં જઈને બે ધોતી અને એક પાઘડી લઈને આ બધું પ્રભુએ રાંકાંને આપ્યું. ત્યારે તે માંગણ પાત્રની સાથે અન્ન બાંધીને તે તો બીજા ગામ ચાલ્યો ગયો. હવે હું એને ક્યાં શોધવા જાઉં. શું કહેવું. તમારા પુત્રનાં આવાં કામ છે. તમે કહો કે આ બધું જુઠું છે. બાળકો કેવી રીતે વસ્ત્રો આપે એવું જ્યારે મેં પૂછ્યું ત્યારે બધાં બાળકો કહેવા લાગ્યાં. વસ્ત્રો તો અઘર દોરી ઉપર હતાં ત્યારે હરિએ હાથમાં સોટી લઈને લાકડી ઊંચી કરીને વસ્ત્રને ભૂમિ ઉપર પાડીને હાથે લઈને તેને આપ્યાં. એ રીતે કામ થાય. છળ, બળ, કળ, ચતુરાઈની સાથે જે કામ કરે છે. એનાં જેવો કોઈ બાળક જગતમાં ન હોય. કેમકે કૃષ્ણ-દેવકી મતા થકિ થયા તે પણ આના જેવાં જ લક્ષણવાળા હતા તેવા જ આ છે.

હે બેનો ! ચોથે દિવસે મારે ઘેર આવ્યા ત્યારની વાત કહું છું. હું દહીં વલોવીને પરવારી ત્યારે બાળકોની ટોળી ત્યાં આવી, રમાવાની તૈયારી કરી. મારી પાસે આવીને માંખણ માંગવા માંડ્યા ત્યારે મેં માંખણ ન આપ્યુ. ત્યારે તે જઈને બાળકોની સાથે રમવા લાગ્યા અને હું મારા ધ્યાનથી એકાગ્રતાથી કામ કરવા લાગી બાળકો રમવામાં દોડાદોડ કરતાં હતાં. ગલીમાં આંગણામાં ઘરમાં પણ ફરતાં જ હતાં. જ્યારે હું બીજા ઘેર કામ કરવા ગઈ ત્યારે ઘનશ્યામે માંખણનું વાસણ લઈને પોતે ખાધું અને બાળકોને પણ ખવરાવ્યું. આ રીતનાં મનમાન્યાં કામો કરે છે. ત્યારે ફરીથી પાંચમી બાઈ કહે, બાઈઓ બધી સાંભળો. એક દિવસ બધાં બાળકોની સાથે ઘનશ્યામ મારે ઘેર આવ્યા. પ્રભુએ દૂધને સાકર માંગ્યાં. મેં કાનેથી કાંઈ ન સાંભળ્યું. વાત ટાળી નાંખી. ત્યાર પછી હું બધી રસોઈ તૈયાર કરીને ઘરમાં કબાટમાં મૂકી અને તે જ ટાંકામાં દૂધ, ઘી, ખાંડ, સાકર આ બધું કબાટમાં મૂકેલું હું ઘરનું બારણાંનું કમાડ બંધ કરીને પાણી ભરવા માટે જલદી જલદી ગઈ. હું પાણી ભરવા ગઈ છું તે એમણે જાણ્યું ત્યારે બાળકનું ટોળું છાનુંમાનું આવીને બધાએ મળીને ઘરનું કમાડ ઉઘડ્યું. તેમાંથી દૂધ, ખાંડ બધું લઈ ગયા. ઘનશ્યામે પોતે પીધું અને બીજાં બાળકો બધાને પાયું અને ઘર ઉઘાડયું રાખી દઈને ગલીમાં રમવા માટે ચાલ્યા ગયા અને હું ઉતાવળી ઉતાવળી ચાલીને આવી. એટલામાં તો વાંદરાનું ટોળું ઘરમાં પેસી ગયું હતું. અત્યાર સુધી ક્યારેય હું ઘર ઉઘાડું મૂકીને ગઈ નથી અને માંકડાંએ ઘરમાં બગાડ કર્યો છે. આમ કહેતીકને મેં ગલીમાં જઈને બાળકોને પૂછ્યું ત્યારે હરિ બાળકોને છેતરામણી વાણીમાં બોલવા લાગ્યા.

તું તો સાવ જૂઠું જ કહે છે. તું તો ઘર ઉઘાડું રાખીને ઉતાવળે ઉતાવળે પાણી ભરવા ગઈ હોઈશ. અમો

જાણતાં નથી તે છતાં બાળક જાણીને અમને ડરાવે છે. કોઈ અમારાં જેવાં નાનાં બાળકોથી ઘર ક્યારેય ન ઉઘડે. તું ખોટું બોલે છે. જે તમે આંખો ચઢાવીને અમે નાના બાળકોને બીવડાવો તે બરોબર નથી. તો હું મોટાભાઈને કહશી તો તમને જ શિક્ષા કરશે. એ ધ્યાનમાં રાખજો.

પોતાની બેદરકારીનો પોતે ચોરી કરી તે ચોરીનો બધો દોષ અમારી ઉપર ચડાવે છે. તે બરોબર નથી. પોતે ભૂલ કરી છે અને અમને નાના જાણીને શિખામણ આપવા આવી છે. આ રીતે બાળપ્રભુનાં લક્ષણને સંબંધીઓ ને નગરની સ્ત્રીઓ કહી રહી હતી ત્યારે તેઓની પ્રત્યે વાંકી કટાક્ષ દૃષ્ટિ કરીને શ્રીહરિ બધાંને છળ્યાં. અને માતા પાસે પ્રભુ મૌન થઈને ઉભા રહ્યા. લાલ રેખાયુક્ત નેત્રકમળમાં જળ લાવીને વામાઓ ઉપર નજર કરીને જોતા હતા. પોતાને ઘેર જવાની ઇચ્છા કરતા જ ન હતા. આવી રીતના મનમાં ભાવવાળા થઈને ચરિત્રને કરતા હતા. આ બાજુ માતા પ્રેમવતી પુત્રના મુખકમળને જોઈને પ્રભુને કાંઈ વચન કહેતાં ન હતાં. આ રીતે છૈપયાપુરની નારીઓ ભક્તિમાતાને કહીને સૌ પોતપોતાને ઘેર ગઈ. આવાં ભગવાન બાળપ્રભુને જોઈ, સાંભળીને મનને આનંદ આપનારાં થાય છે. મહાપ્રભુની લીલા તો અલૌકિક છે તે જ જીવના કલ્યાણનું નાવ છે. ક્યારેક ક્યારેક ઘરમાં આંગણામાં કે ગલીઓમાં તથા ક્યારેક ક્યારેક માર્ગો ઉપર કે બજારમાં પ્રભુ સખાઓના મંડળથી વિંટાયા થકા લોક કલ્યાણ માટે અનેક ચરિત્રોને કરતા હતા.

ધર્મદેવના પુત્ર શ્રીહરિના સૌંદર્ય મનોહરતા યુક્ત મંદહાસ્યથી વિર બાળકો પ્રભુની સામે રમતો રમવામાં અતિ સુખ પામતા હતા. તે છપૈયાપુરના માર્ગે આંગણાંઓમાં ચરિત્રને જોઈને જે ચરણને મુનિઓ ધ્યાનમાં નથી પામતા તે સુખ પ્રભુ અનાયાસે જીવોને આપે છે. સર્વેના જાણનારા સુખના આપનારા દેવોના દેવ એવા બાળપ્રભુને બ્રહ્માદિક દેવો, ઇન્દ્રાદિ દેવ અનંત કાળ સુધી સેવા કરે છે તથા મુક્તજનો તે ચરણારવિંદને ભ્રમરો જેમ કમળને સેવે છે તેમ ચરણકમળને સેવે છે. તેમ છપૈયાપુરના જનો નિત્ય પ્રત્યે બાળપ્રભુના ચરણનું સેવન કરે છે. મોટાભાઈ રામ તથા માતાપિતાના મનને આનંદ આપતા થકા મનને હરનારા ચરણનાં ઝાંઝરો માર્ગમાં ચાલે છે ત્યારે ગાજે છે. તેમની મનોહર ગતિને જોઈને, એમની ચંચળતા જોઈને, હાવભાવને કરતા પ્રભુના કરકમળને જોઈને, પોતાને નેત્રનું ફળ મળી ગયું છે તેમ માનતાં, જોનારને ઇચ્છિત ફળને આપનારા, અમારા ભાઈ તેમને ભાઈનું પરમ ફળ મળી ગયું છે.

પુરુષોત્તમ પ્રભુના ચંચળતા તથા મનુષ્યચરિત્રને જે જીવ પોતાના હૃદયમાં ગ્રહણ કરીને સ્મરણ કરે છે તે જીવને પ્રભુ પોતાના ચરણકમળમાં આશ્રય આપીને માયિક દેહનો ત્યાગ કરીને પરમ પદને પામે છે.

**આ પ્રમાણે શ્રીહરિલીલાસિંધુમાં ત્રીજા બાલચરિત્ર રત્નમાં સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારી રચિત છંદભાષામાં શ્રીહરિ બાલમનુષ્ય ચરિત્ર કથન નામનો પાંચમો તરંગ થયો. ।।૫।।**

# તરંગ-૬

રાજા કહે છે, હે વર્ણિજી ! શ્રી ઘનશ્યામ પ્રભુએ ભક્તિમાતાને પોતાના મુખમાં અનંત બ્રહ્માંડોનું દર્શન કરાવ્યું તે આશ્ચર્યની વાત મારે સાંભળવાની ચાહના થઈ છે તો મને કૃપા કરીને કહો. સુવ્રત મુનિ કહે છે, હે રાજન ! એક વખત બાલા પોતાના ઘરમાં જ પુત્ર લાલાને સ્તનપાન કરાવતાં હતાં ત્યારે લાલો દૂધ પીને તૃપ્ત

થયો. તે સમયે ઓડકાર ખાઈને બગાસું આવ્યું ત્યારે માતાએ પ્રભુના મુખકમળમાં જોયું. પ્રભુની દાઢમાં શ્યામચિહ્ન અને સુખદાયક શ્રીહરિના મુખકમળમાં દાંતની પંક્તિ જાણે દાડમની કળીયો સમાન શોભતી હતી. લાલ વર્ણના ગોળ અધરોષ્ઠ શોભે છે. આ પ્રમાણે માતા પ્રભુના મુખની શોભા જોઈને માતાને પૂરેપૂરી તૃપ્તિ થઈ ન હતી. તેથી પ્રભુએ ફરીથી મનમાં વિચાર્યું ત્યારે હરિએ માતાના મોહને ટાળવા માટે બાલારાજાએ અદ્‌ભૂત ચરિત્ર કરી બતાવ્યું.

ત્યારે શ્રીહરિને ફરી બગાસું આવશે એ આશાએ મુખ સામું જોયું તો મુખમાં મોટો અવકાશ જોવામાં આવ્યો. તેમાં જુદાંજુદાં અનેક બ્રહ્માંડો જોવામાં આવ્યાં. તેથી માતાએ પુત્રને ચિત્રવિચિત્ર રમતો કરનારા જાણીને આશ્ચર્ય પામતાં હતાં. આ તો મારો પુત્ર છે તેમ માનતાં હતાં. મુખમાં સાત સાગર સહિત બધા જ દ્વિપો, નદીઓ, તળાવો, વનો બધું જ જોયું. અનેક દેશો, નગરો, ગામો, પર્વતો આ બધું જ શ્રીહરિના મુખમાં માતાએ જોયું. ત્યાર પછી અતલ, વિતલ, આદિ જોઈને સુતલ, તલાતલ, મહાતાલ, રસાતાલ, પાતાલ આદિક બધાં જ લોકો તથા નાગ લોક, યક્ષોના લોક તથા દૈત્યના લોકો તથા મનુષ્ય લોક સહિત સર્વ જગતો તેમાં જોવામાં આવ્યાં. આ લીલા અલૌકિક છે. સર્વે બ્રહ્માંડો જોયાં. ભૂમંડળ જોયાં, હવે ભૂગોળ જોયો તેનું વર્ણન કરું છું. તે તમે સાંભળો. ખગોળમાં ભુરલોક, ભુવરલોક, સ્વર્ગલોક, મહર્લોક, જનલોક, તપલોક, સત્યલોક અનેકની સંખ્યામાં દેવતાઓનાં જુથો જોયાં. કૃત્યાગણને જોયાં. વીજળી અગ્નિ સૂર્યનારાયણ ચદ્રદેવની સાથે ઉપર નક્ષત્રમંડળ, ગ્રહમંડળ મહાતેજમય જોયું. દેવગણના સમુહ સહિત ઈન્દ્રદેવ બધા પિતૃગણોના સમાજને પણ જોયો. ભ્રૂગુ આદિ મુનિઓના લોક જોવામાં આવ્યું. ત્યાર પછી ભવ, બ્રહ્માદિક સર્વને માતાએ જોયાં. ત્યાર પછી તેના ઉપર વિષ્ણુદેવનો લોક જોયો. વાયુ, અગ્નિની અપારતાને પણ જોયાં. વિરાટ નારાયણ તથા મહાતત્ત્વાદિક સર્વે તત્ત્વો અનંતની સંખ્યામાં જોયાં તેનાં કારણો તેના સ્વામીઓ, એ સર્વેના નિયંતા ને મૂળ પુરુષ અને પ્રકૃતિ બ્રહ્માદિ જે કાળ કહેવાય છે તે સર્વની ઉપર સ્વર્ગના કારણ એ પુરુષોત્તમ રહેલા છે. અનંત કોટિ બ્રહ્માંડોના કર્તા હર્તા કાળ માયા છે. જેનાથી લોકપતિઓ ભયથી કંપ્યા કરે છે. તે જ સર્વે બાળપ્રભુના મુખમાં માતા બાલાએ જોયાં. તે સર્વે તત્ત્વો પર મહામાયા. તેની ઉપર તેજ સમુહને જોઈને દિવ્ય સચ્ચિદાનંદ ચિદઘન તેજને જ અક્ષરબ્રહ્મના નામથી ઓળખાય છે. નિગમાગમના કર્તા પોતે જ સર્વના સુખદાતા છે. તે પ્રકાશ અધો ઉર્ધ્વ અનંત અપાર છે. તેનો કોઈ પ્રકારે પાર આવતો જ નથી. અનંત છે. તે સર્વનો આધાર છે. સર્વથી શ્રેષ્ઠ છે. સર્વની ઉપર ધામ અપાર ઐશવર્યથી શોભાયમાન છે.

ત્યાં અમાપ ભૂમિ સર્વે તેજોમય શોભાયમાન દેખાય છે. અનંત સૂર્ય, ચંદ્ર તથા અગ્નિ આ ધામની મનોહરતા જોઈને પણ લાજ પામે છે. એની કોઈ આ તેજ આગળ ગણતરી જ ન થાય. તે ધામમાં મણિમય મહેલો શોભે છે. જાતજાતનાં નંગોથી જડાયેલ નવરંગના નામથી કહેવાય છે. પ્રિય દિવ્યમુક્તો બેય બાજુ મૂકતાં મણિઓથી શોભાયમાન ભક્તોના મનને ખેંચનારા, ભવ્ય દિવ્ય ભોગો, ગોંખો, અગાશીઓવાળાં સુંદર મણિઓથી જડેલાં અલૌકિક નંગોથી શોભાયમાન દીસે છે. તે ધામની ઉંચાઈની કોઈ મર્યાદા નથી. એનાં શિખરો આકાશમાં ત્યજાયેલાં છે. તેની શોભા જોઈને કળશોની શોભાથી સૂર્ય, ચંદ્ર પણ શરમાઈ જાય છે એવાં દિવ્ય દેહવાળા મુક્તાત્માઓના દિવ્ય નિવાસ સ્થાનો પણ રત્ન જડેલાં અતિ આનંદદાયક છે. ત્યાં દિવ્યધામમાં મુક્તોને રહેવા

માટેના દિવ્ય મહેલોમાં દિવ્ય ભોગો તથા વિવિધ પ્રકારનાં વિમાનોથી શોભાયમાન વિવિધતા સર્વે શ્રીહરિ બાળપ્રભુના મુખમાં માતાએ જોઈ, તે સર્વ વાત એકાંતિક ભક્ત મુનિજનો જ મહિમાને જાણે છે. દિવ્ય રાજમાર્ગો ઉપર મુનિજનો તથા તેમના માટે દિવ્ય રથો, વિમાનો, દિવ્ય ઘોડાઓ શોભા આપે છે તથા અનંત દિવ્ય મુક્તો એકાંતિક ભક્તો શ્રીહરિની પૂજા કરવા માટે તત્પરતાથી હાજર રહે છે. પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુની પૂજા કરવા હરખ પામતાં થકાં નરનારીઓ મંદ સુગંધવાળા પુષ્પમાળાઓના થાળ ભરીને ભારને ઉંચકીને માર્ગમાં હરિના દર્શન કરવા રાહ જોવે છે. કેટલાક ભક્તો કસ્તુરી કેસરના થાળ ભરીને તથા કુંકુમના થાળો ભરીને મનોહર થાળો લઈને આનંદ પામતા થકા જગતના સ્વામીનું દર્શન વંદન કરવા અર્ચન પૂજન કરવા સ્ત્રીઓ એકબીજાને સ્પર્શ કરતી થકી માર્ગમાં જાય છે. તે મુક્તાત્માઓની સાથે ભક્તિમાતા પણ ભગવાનના ગુણોનું ગાન કરતાં થકાં જાય છે. આ સમુહ તે અતિશય દિવ્ય અને મનોહર દૃષ્ટિથી જોવામાં લાગે છે. તે તેજના સમુહના મધ્યમાં ચારે બાજુથી અનેક અદ્ભૂત દિવ્ય પદાર્થોને પોતાના હાથમાં લઈને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ઈન્દ્રાદિ અનંત દેવો અનંત મુક્ત ગણ, મુનિગણો, એકાંતિક ભક્તો પૂજન કરતા જાય છે. તે સર્વે સર્વનામના નામી સર્વના સ્વામી, શ્યામ સુજાણ, પ્રભુનો મહિમા ગાતા થકા સ્તુતિ કરતા જાય છે. અતિ તેજના સમુહના મધ્યમાં દિવ્ય સિંહાસનમાં એકાગ્ર ચિત્તથી જુવે ત્યારે પ્રભુનાં દર્શન થાય છે. જે પ્રભુને જુવે છે તેને જોવા માત્રથી જ હર્ષ થઈ જાય છે. તે પ્રભુ પાસે જઈને તેમના ચરણનો સ્પર્શ કરીને તે સર્વેને ભક્તિમાતા પોતે અનંત મુક્તો પૂજન કરતાં જુવે છે ત્યારે એમને અતિ હર્ષ થવા લાગ્યો. મારા પુત્રનું અનંત મુક્તો પૂજન કરે છે.

અતિ તેજના સમુહમાં વિરાજમાન મૂર્તિને પોતાના નેત્રોથી દર્શન કરીને તેને અંતઃકરણમાં ઉતારતાં હતાં. આવાં અદ્ભૂત સ્વરૂપને જોતાં હતાં તે તો કામદેવને પણ લાજ પમાડે એવું અલૌકિક મનોહર સ્વરૂપ છે. તેજ સ્વરૂપને પોતાની દૃષ્ટિથી જોઈને સર્વ ઇંદ્રિયોના સુખભોગને મેળવતાં હતાં. અતિ આનંદમાં એ કિશોર મૂર્તિને જોઈને સર્વ અંગો મનોહર દેખાતાં હતાં તેને પોતાના ચિત્તની અંદર ઉતારતાં હતાં. રાજી થતાં હતાં. રત્નોથી જડેલા તે સિંહાસનમાં પંચરંગી મણિયો જોડેલાં હતાં તે મણિ અતિ ઉજાસવાળાં તથા પ્રકાશ પાડનારાં હતાં એવા મનોહર રત્નસિંહાસન ઉપર શ્રીહરિ એકાંતિક આશ્રિત જનોના મનને આનંદ આપનારા અતિ સુખ આપતા હતા. દિવ્ય સિંહાસનમાં વિરાજમાન દિવ્યમૂર્તિનું દિવ્યમૂર્તિમય છંદોમય વાણિથી જગવંદ પ્રભુની સ્તુતિ કર્યા કરે છે. દિવ્યમૂર્તિનું ષડશાસ્ત્ર ગ્રંથરૂપે થઈને સુખના સાગર કલ્યાણવરનું સ્તુતિ ગાન કર્યા કરે છે. તે જ દિવ્યમૂર્તિની આયુષ્ય તથા મૃત્યુ (કાળ) હાથ જોડીને અતિ ભય પામતા થકા વંદન કરે છે. મુક્ત મુનિઓનું વૃંદ તે કિશોર મૂર્તિને ઉદ્‌ઘોષ કરીને હાથ જોડીને અંતઃકરણથી સ્તુતિ કરે છે. અનંત ઈશ્વરો હાથ જોડીને સેવા કરવા તૈયાર રહે છે તથા લક્ષ્મી આદિ દાસીઓ અતિ ભાવથી સેવા કરે છે તથા જેમણે અનંત અવતારો ધારણ કરેલા છે એવા મૂર્તિમાન પ્રભુને જોઈને પોતાના જેવા જ મનુષ્ય સ્વરૂપમાં કિશોર મૂર્તિને વારંવાર નમન કરતાં હતાં. આ રીતે ભક્તિમાતાએ અનંત ઐશ્વર્યથી યુક્ત તે દિવ્યધામમાં શોભાયમાન કિશોરવયના પ્રમાણનું સ્વરૂપ તે પોતાનાં પુત્રના પ્રમાણમાં જ બાળપ્રભુના મુખકમળમાં જોતાં હતાં. પ્રભુએ રત્નો જડેલો મસ્તક ઉપર મુકુટ ધારણ કર્યો હતો અને રત્નજડેલાં ગળામાં ગલકંઠો ધારેલા હતાં. ઉરમાં કંઠમાં રત્ન જડેલાં હારોને ધારણ કરેલા તથા રત્ન અને મણિઓથી જડેલા બાજુબંધ ધારેલાં હતાં. રત્નજડેલા હાથમાં કડાં ધારણ કરેલાં હતાં. રત્નજડેલી કેડનો કંદોરો ધારણ કરેલો હતો. રત્નજડેલ પગનાં કડાં ઝાંઝર ધારણ કરેલાં હતાં. અનેક પુષ્પના સુગંધીયુક્ત હારોને ધારણ

કરેલા શોભાયમાન શ્રીહરિ હતા.

શ્યામ શરીર ઉપર વીજળીના પ્રકાશમાન પીળાં વસ્ત્રોને ધારણ કર્યાં હતાં (પીતાંબર વસ્ત્રો). તેનાથી પ્રભુ શ્રીહરિનું શરીર ખૂબ શોભતું હતું. જાણે કે નવરંગ એવા સર્વના નવીન નાથ પધાર્યા છે તેવા લાગતા હતા. સોળે ચિહ્નોથી શોભાયમાન ચરણોને પૂજતા થકા પોતાના હૃદયકમળમાં ધારણ કરતા અનેક ભક્તોને જોયા. પ્રભુના અંગો ઉપર કેશર યુક્ત ચંદનથી સ્પર્શ થયેલા અંગોવાળા પ્રભુના અંગોમાં ચંદન ચર્ચીને દર્શન કરીને જનો ઉમંગથી ચાલતાં હતાં. આવી રીતની ભાવનાવાળા અનેક ભક્તોને માતાએ જોયા ત્યારે માતા આશ્ચર્યયુક્ત થઈને પ્રભુની સ્તુતિ કરવાનું ધારીને બન્ને હાથ જોડીને પ્રભુની સામે ઉભા રહીને માતાનું મુખ પ્રેમ મગ્ન હોવાથી કાંઈ બોલવા સમર્થ ન થયાં. આ પ્રભુ સર્વ કારણના કારણ તેના કરનારા છે. અનંત કોટિ વિશ્વ જેમની આજ્ઞા પ્રમાણે ચલાવનારા છે. તેજ લોકપાલ ઈશ્વરો અપાર આપના ચરણનું પૂજન કરવાનું ચાહે છે. પ્રેમપૂર્વક પૂજન કરે છે. અનંત કોટિ બ્રહ્માંડોના સ્વામી તમારી ઈચ્છા પ્રમાણે પોતાનું કાર્ય કરે છે. જેમના ઐશ્વર્ય પ્રતાપથી અનેક બ્રહ્માંડોને ધારણ કરીને રહો છો. તેજ બ્રહ્માંડોમાં અલૌકિક વિચિત્રતાથી સર્જો છો. એવા આપ સમર્થ છો. અનંત યોગ ઐશ્વર્યના પ્રતાપવાળા સર્વોપરિ અનંત મુક્તો ભક્તજનો દાસ ભાવે સેવે છે. વૈદિક માર્ગ સ્થાપન માટે અનેક પ્રકારના સ્વરૂપોને ધારનારા એવા, આપના ચરણકમળનો આશ્રય કરીને ચરણકમળનું કાયમ સેવન કર્યા કરે છે એવા. સર્વના આધાર સર્વના પાર, એવા પોતાની ઈચ્છાથી અક્ષરધામમાં રહેલા સર્વના ધામી સ્વતંત્ર અક્ષરના પતિ આપ જ સર્વોપરિ છો. પરમ પવિત્ર છો. આ રીતે સ્તુતિ કરી. ભક્તિમાતાની અરજ પ્રાર્થના સાંભળીને સર્વોપરિ પૂર્ણકામ એવા શ્રી ઘનશ્યામ પ્રભુ મનમાં આનંદ પામતા થકા માં માં કહીને બોલાવવા લાગ્યા ત્યારે માતા ભાનમાં આવ્યાં ને જોયું તો પુત્ર તો ખોળામાં હતા. તે જોયા. પ્રભુના મંદહાસ્યયુક્ત અલૌકિક મુખમાં માતાએ અલૌકિક તેજને જોઈને અતિ આશ્ચર્ય પામતાં થકાં અલૌકિક સુખ જોયું. પોતાના પુત્રના મુખમાં આ રીતે અદ્‌ભુતતા જોઈને.

માતા મનમાં વિચાર કરવા લાગ્યાં કે મને સ્વપ્ન તો નથી આવ્યું ને અને કોઈ માયા પણ નથી જ. જેથી કરીને મારી બુદ્ધિમાં મોહ ઉત્પન્ન થાય. એવું પણ નથી. આ રીતે દઢતાપૂર્વક વિચાર કરીને માતાના મનમાં પ્રભુનો વિચાર આવ્યો અને કહે આ તો મારા પુત્રના ચરિત્રનો પ્રતાપ છે તે જ મને જણાય છે. જે મને દેખાણું તેનાં બધાં જ અંગો તે મારા બાળપુત્રને અનુસાર જ છે. અવસ્થા પણ કિશોર અને શરીરમાં તેજ પણ અપાર અદ્‌ભૂત અને મને માતા માતા કહીને બોલાવી ત્યારે તો આ શરીરમાં ફરી પાછી સ્મૃતિ આવી છે. તે સર્વે મારા પુત્રનો પ્રતાપ છે. આ રીતે માતા પ્રેમવતીએ પ્રભુના મુખમાં અલૌકિક દર્શન કરીને એમના ગુણને મનમાં સંભારીને વિચારવા લાગ્યાં કે અમારા પુત્રનાં ચરણનો આશ્રય તો કરોડો જન્મનાં પુણ્ય પ્રાપ્ત થાય. અને પ્રભુકૃપા થાય ત્યારે જ મળે છે. આ બાળસ્વરૂપ શ્રીહરિમાં જ સર્વે અવતારોનાં સ્વરૂપો લીન થઈ ગયાં. તે મેં જોયા. તેથી આ તો સ્વયં પૂર્ણ પુરુષોત્તમ નારાયણ અક્ષરધામાધિપતિ જ છે. તે તો સ્વરૂપજ્ઞાન દૃષ્ટિથી જ જણાય છે. મેં જે તેજ પુંજમાં જે જોયું તેથી તે મારા પુત્ર તેજ સર્વોપરિ શ્રીહરિ એ જ છે. એમના નાના મુખમાં મને આખું વિશ્વ બતાવ્યું. અનેક મુક્તોથી વિશાળ અક્ષરધામનાં દર્શન કરાવ્યાં એ જ પ્રમાણ છે. એમનું મુખેથી વર્ણન થઈ શકે નહીં તથા મનના તર્ક-વિતર્કથી પણ નિર્ણય ન થઈ શકે. યોગ ઐશ્વર્યના તર્કથી પણ નિર્ણય ન થાય તે તો માર્કંડેય મુનિએ જે વર્ણન કરીને કહેલું તે સત્ય જ કહેલું. તે જ અક્ષરધામ સર્વથી ઉપર અમાપ છે. તે જ ધામ મને આ બાળપ્રભુએ બતાવ્યું. આ મારા પુત્ર જ સર્વ અવતારના અવતારી છે. તે જ પુરુષોત્તમ સર્વ અવતારના અવતારી

સર્વના સુખાકારી છે. મને પુત્રભાવથી મનમાં મોહ ઉત્પન્ન કરાવ્યો. તે તો મારા પુત્રની જ દિવ્ય માયાનો જ પ્રતાપ છે.

હે દેવ ! સર્વદેવના આપ દેવ જ છો. તમારા મહિમાને કોઈ પૂર્ણ કહી શકવા સમર્થ જ નથી. અનંતકોટિ સરસ્વતી દેવીઓ અભેદની શ્રુતિઓ આદિ કોઈ પણ તમારા ગુણ ચરિત્રને કહી શકતા નથી તથા સહસ્ર મુખવાળા શેષજી પણ ગાઈ શકતા નથી. હે પ્રભુ ! તમારા મહિમાને તો તમે જ જાણો છો. બીજો કોઈ ન જાણી શકે એવો કોઈ સમર્થ જ નથી. જેની ઉપર આપ દયા કરો. તે જ જોઈ શકે એને જ આપ ઐશ્વર્ય પ્રતાપને જણાવો છો. એવા અલૌકિક અતકર્ય આપ છો. તમારા સમાન તો તમે જ છો. આવો બીજો કોઈ દેવ તે બતાવવા સમર્થ જ નથી. તમારી આરાધના, ઉપાસના ભક્તિ કરીને ગુણ ઐશ્વર્યને જોવા સમર્થ થઈ શકે દેહધારીઓ દેહની અહં મમત્વની માયા વડે કોઈ જોવા મથે તોય ન જોઈ શકે. તે સર્વે માયાઓના પતિ તો મારા પુત્ર તેને વિશે મારે નિશ્ચય છે. તેથી મને એમની ગતિ થઈ છે. એમના સ્થાનને હું પામીશ જ. સર્વના નિયામક સર્વના ઉપરી સર્વના ઈશ્વરેશ્વર પુત્રને જાણીને ત્યાર પછી પ્રભુ ઈચ્છાથી સ્નેહરૂપી પ્રેમની પ્રેરણા કરી. તેથી પ્રભુએ પોતાની દિવ્યમાયાને ખેંચી લીધી. ત્યારે કમળમુખને પોતાના ખોળામાં સુતેલ જોયા. તેથી પ્રભુમાં પુત્રનો ભાવ પ્રગટ થયો અને મહિમા અને દિવ્યજ્ઞાન ગૌણ થઈ ગયાં અને મનમાં પુત્રનો ભાવ જાગ્રત થયો. તેથી માયાનું બંધન થઈ ગયું. માતૃભાવના સ્નેહ જળના સાગરમાં મન પરોવાઈ ગયું ત્યારે પુત્રના ગુણચરિત્રની સ્મૃતિ રૂપ તરંગો આવવા લાગી. મુખકમળ સમાન ચંદ્રની ક્રાંતિ જોઈ કલ્પનાઓની તરંગો ચારે દિશાઓમાં ઉમંગનાં ઉછાળા થવા લાગ્યા.

ત્યારે માત્ર પ્રેમવતીએ પુત્રને પારણાંમાં પોઢાડીને સંતોષ પામવા લાગ્યાં. આ રીતે હે મુનિવર્ય ! શ્રી બાળપ્રભુએ માતાને પોતાનું પૂર્ણ પુરુષોત્તમપણું બતાવ્યું.

**આ પ્રમાણે શ્રીહરિલીલાસિંધુમાં ત્રીજા બાલચરિત્ર રત્નમાં વેષણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં હરિએ માતાને ઐશ્વર્ય દર્શન કરાવ્યું એ નામે છઠ્ઠો તરંગ થયો. ॥૬॥**

# તરંગ-૭

શ્રીહરિના ઐશ્વર્ય પ્રતાપના ચરિત્રને સુખ આપનારાં તેને સાંભળીને આશ્ચર્ય મનવાળા થઈને પ્રતાપસિંહ રાજા સુવ્રત મુનિને કહે છે કે હું એક પ્રશ્ન પૂછું છું. જગતને વંદન કરવા યોગ્ય એવા, ધર્મદેવના બાલપ્રભુએ અતિશય લાભ, ફળ ને પુણ્યને વધારનાર એવાં કયાં કયાં નવાં ચરિત્રો કર્યા તથા કેટલાં ઉગ્રતપ કર્યાં હોય ત્યારે ધર્મભક્તિને એ પુણ્યના પ્રતાપથી સર્વના દેવ એવા શ્રીહરિ પુત્રરૂપે પ્રાપ્ત થયા તે કથા મને કહો.

સુવ્રત મુનિ પ્રતાપસિંહ રાજાને કહે છે, હે રાજન ! તમે ધન્યભાગ્યવાળા છો. તમે જે પૂછ્યું તે ભગવાનનાં ચરિત્ર તે તો ત્રણે લોકના કાર્યોને પવિત્ર કરનાર છે. તેથી તે ચરિત્રોની કથાને સંક્ષેપમાં કહું છું. તેને તમે ધ્યાન દઈને સાંભળો. તમે ધર્મભક્તિના તપનાં ફળનો મહિમા પૂછ્યો તે પણ સાંભળો. આદિ પ્રથમ કલ્પમાં જગતની ઉત્પત્તિ થઈ ત્યારે બ્રહ્માજીના હૃદયમાં સંકલ્પ થયો ત્યારે બ્રહ્માજીએ ભગવાનનું ધ્યાન કર્યું ત્યારે તેમના જમણા પડખામાંથી ધર્મની ઉત્પત્તિ થઈ. બ્રહ્માજીના પુત્ર દક્ષપ્રજાપતિ તેમની પુત્રી મૂરતી તે ધર્મદેવની પત્ની તરીકે થયાં તે બંને દંપતિ તપ કરવાની ભાવનાવાળાં તપ કરતાં હતાં. તેમની ઉપર ભગવાન રાજી થયા ત્યારે ભગવાન પુત્ર રૂપે થાય તેવું વરદાન મેળવ્યું. ત્યારે નર, નારાયણ, હરિ, કૃષ્ણરૂપે પુત્રો પ્રગટ થયા. ભગવાનના સ્વરૂપો

હરિ ભગવાન વૈકુંઠમાં ગયા. કૃષ્ણ ભગવાન ગોલોકમાં ગયા. નર, નારાયણ ભગવાન બદ્રિકાશ્રમમાં તપ કરવા લાગ્યા. ધર્મદેવ અને ભક્તિમાતા બન્ને ક્યારેક વૈકુંઠમાં જઈને રહે અને ક્યારેક ગોલોકધામમાં જઈને રહે છે અને જ્યારે જ્યારે તપ કરવાની ઇચ્છા થાય ત્યારે બદરીવનમાં જઈને નિવાસ કરે છે. ધર્મભક્તિ બેય જ્યારે તપ કરવા જાય છે ત્યારે બદ્રિકાશ્રમની પાસે કલાપ ગામ આવેલ છે. ત્યાં બધા જ તપોનિષ્ઠ મુનિજનો નિવાસ કરે છે અને તપ કર્યા કરે છે. ત્યાં રહીને દરરોજ તપ કરતાં હતાં અને નારાયણ ભગવાનનાં દરરોજ દર્શન કરતાં હતાં. તપ કરતાં ત્યારે ક્યારેક ફળ કંદમૂળ જે મળે તે ખાતાં. ક્યારેક કેવળ પાણી પીને રહેતાં. ક્યારેક તો કેવળ વાયુ ભક્ષણ કરતાં હતાં તેઓ જ્ઞાન અને યોગને સિદ્ધ કરેલ તેવા રૂપવાળાં ધર્મભક્તિ બન્નેએ ઘણા લાંબા સમય સુધી તપ કર્યું. અને મહાત્મ્ય જ્ઞાન સાથે ભક્તિ કરતાં હતાં.

ધ્યાનનિષ્ઠાવાળાં તપ જેમને અતિપ્રિય છે એવાં તેઓ ઘણાં લાંબા સમય સુધી આ રીતે તપ કરતાં રહ્યાં. મુનિજનો દેવો મનુષ્યમાં કોઈ એવાં નથી જેઓ ધર્મભક્તિ જેવું તપ કરે એતો તે ધર્મભક્તિ જ કરે. તે ધર્મ અને મૂર્તિ ભક્તિ કરવામાં શ્રદ્ધાવાળા, મનમાં નિષ્કામ ભાવથી એકાંતિકી ભક્તિ કરતાં હતાં. તેઓ બ્રહ્મચર્ય વ્રતને ધારણ કરીને સતત ભગવાનની સેવામાં તત્પર રહેતાં હતાં. ધર્મ સર્ગના મૂર્ધન્ય ધર્મદેવ રહ્યા છે. ભક્તિ કરવામાં રોજ નવા નવા ભાવથી ભક્તિ કરતા નવો જ રંગ ચઢતો હતો. પ્રેમથી ભરપૂર મનમાં ભક્તિવાળાં સુલક્ષણા પ્રેમવતી સર્વ અંગથી ભગવદ્ ભક્તિ કરતાં હતાં. ભગવાનના એકાંતિક ભક્તનાં જે જે ગુણો ધર્મમાર્ગમાં કહેલા છે તે બધા જ ગુણો ધર્મદેવ ભક્તિદેવીમાં રહેલા છે. તપ જેમને અતિપ્રિય છે એવા ભક્તો પ્રભુને શોભા આપનારા હોય છે. તેથી બંને દંપતિ પણ ભગવાન પુરુષોત્તમ નારાયણને પ્રિય લાગવા લાગ્યા.

બ્રહ્માના એક દિવસમાં જ એક વાર શ્રીહરિએ આ ધર્મભક્તિ થકી અવતાર ધારણ કરેલા છે. ધર્મભક્તિએ બાર કરોડ વર્ષ સુધી એક ધારું તપ કરતા રહ્યા ત્યારે એમની ઉપર પ્રસન્ન થઈને પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પુત્રરૂપે પ્રગટ થયા છે. આ સિવાયના ધર્મકુમારે પોતાની ઇચ્છાથી અનેક અવતારો ધારણ કર્યાં છે. જે કોઈ જીવાત્મા ભગવાન શ્રીહરિની માટે તપ કરે તેને પ્રભુ વરદાન આપતા થકા તેઓ અવતાર ધરવા સમર્થ છે. તે અવતાર ધારણ કરે છે. તે અવતારથી જે જે કામો કરવાનાં હોય તે કરીને પોતાના ધામમાં જાય છે ત્યારે તે તે અવતારો અંસ અને કળાના નામથી કહેવાય છે. છેલ્લો અવતાર પોતે પૂર્ણ પુરુષોત્તમ કહેવાય છે. આ વખતે તો સ્વયં પોતે અવતારી જ પ્રગટ થયા તે તો ધર્મભક્તિનાં ઉગ્ર તપનું જ ફળ છે. ભાગવત ધર્મ જે એકાંતિક ધર્મ સિવાય સંતો અને હરિભક્તો સામાન્ય માર્ગમાંથી પડી જાય છે ત્યારે જ શ્રીહરિ પ્રગટ થઈને સદ્ધર્મને સ્થાપન કરવાના કાર્ય માટે જ પુરુષોત્તમ સર્વોપરિ મનુષ્ય સ્વરૂપ ધારીને વિચર્યા. બધા જ અવતારો સહિત ઐશ્વર્ય, તે સર્વે સર્વોપરિ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણમાં આવી ગયું. જ્યારે ધર્મસર્ગનો વિસ્તાર કરવો હોય ત્યારે સર્વોપરિ પુરુષોત્તમ પ્રભુ પોતે પ્રગટ થાય છે.

એકાંતિક ધર્મનો આશ્રય કર્યા સિવાય કેવળ સામાન્ય ધર્મથી બ્રહ્મપુરધામમાં જઈ શકાતું જ નથી. મુનિજનો અને દેવો મનુષ્યોમાં સ્નેહ સહિત નવધા ભક્તિનો આશ્રય કરીને ભગવાનના સ્વરૂપનો દૃઢ આશ્રય કરીને ભક્તિ ઉત્સાહપૂર્વક કરે. તો તે જીવાત્મા અક્ષરબ્રહ્મની પદવિને પામે છે. એવા સ્વરૂપના આશ્રય સિવાય તો અન્ય બીજાં ધામમાં જાય છે. તે સનાતન ભાગવત-એકાંતિક ધર્મ સ્થાપવા માટે જ તે ભક્તિધર્મના પુત્રરૂપે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ એમનાં પુત્રરૂપે પ્રગટ થયા છે. નારાયણ ભગવાને દુર્વાસાનો શ્રાપ થયો ત્યારે બધા મુનિજનોને તથા

ધર્મભક્તિને વરદાન આપેલ તે સ્વરૂપમાં હેત કરીને ભક્તિ દઢ કરાવીને શ્રાપ થકી મુક્ત કરનારા છે. એટલા માટે જ ધર્મભક્તિને પુત્ર બાલઘનશ્યામમાં અતિશય હેત છે. તે જ બાલપ્રભુનાં ચરિત્રને તથા એના સામર્થ્યને જોઈને સર્વે સ્ત્રી-પુરુષો એમનામાં પ્રીતિ કરે છે. તે જ મહાનતા છે.

હે મુનિરાય ! તમે તો અતિ ધન્યધન્યતાને પાત્ર છો અને ધર્મ અને મૂર્તિદેવી પણ ધન્યતાને યોગ્ય છે. હું પણ આ ચરિત્ર સાંભળવાથી ધન્યભાગ્યવાળો થયો છું. કૃતાર્થ થયો છું. ધન્યતા સમજવી એ જ એનો મર્મ છે. હે મુનિરાજ ! આપે પ્રભુ ઘનશ્યામનાં બીજા વર્ષનાં ચરિત્રો મને સંભળાવીને મહિમા સમજાવ્યો. હવે મને ત્રીજા વર્ષનાં ચરિત્રો સાંભળવાની ખૂબ જ ચાહના થઈ છે તો તે ભગવાનનાં ચરિત્રો સંભળાવો.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! જ્યારે શ્રીહરિનું ત્રીજું વર્ષ આવ્યું ત્યારે ધર્મદેવે મનમાં વિચાર કર્યો કે નવમીના દિવસે પ્રભુની જન્મતિથિ છે. ત્યારે મોટો ઉત્સવ કરતા હતા. વૈદિક વિધિથી હોમ, આહુતિઓ આપીને હવન કર્યો અને જાતજાતની રસોઈઓ, પકવાનો બનાવીને બ્રાહ્મણો, સંબંધીઓ, સંતોને ખૂબ જ જમાડ્યા અને બાલપ્રભુનું મુખ જોઈને આનંદ પામતા હતા. ચૌલક્રિયા કરવાનું મુહૂર્ત જોવડાવીને ધર્મદેવે પુત્રના ચૌલ સંસ્કાર કરાવ્યા. તે ચૌલ સંસ્કાર ઉપર દૂરથી પોતાના પરિવારજનોને તેડાવ્યા તેમજ જ્ઞાતિજનોને તેડાવ્યાં. ધર્મદેવે બધી જ જ્ઞાતિના બ્રાહ્મણોને તેમજ પોતાના આશ્રિતજનોને તથા સંબંધીજનોને તથા સંતસમુદાયને આમંત્રણ આપીને ચૌલ સંસ્કારની ક્રિયામાં બોલાવ્યા. ત્યારે સમય પ્રમાણે તે સર્વે બાળ ઘનશ્યામ પ્રભુના દર્શન કરવા જ, આમંત્રણને માન આપીને આવ્યાં. ચૌલોત્સવમાં આવીને ભાગવાના મુખને જોઈ આનંદ પામતાં હતાં. તે વખતે છપૈયાપુરની તથા પરિવારની સ્ત્રીઓ ઉત્સાહથી ગીતોને ગાતી હતી તથા મુનિજનો વેદમંત્રોનું ઉચ્ચારણ કરતા હતાં. દરવાજે બંદીજનો બંદી પૂકારતા હતા. દેવો તથા મુનિજનો પૂજન હવન કરવા માટે સમિધા તથા અનેક પ્રકારના દ્રવ્યો લાવ્યા હતાં. તેમાંથી થાળો ભરીભરીને પવિત્ર મંડપમાં બનાવેલ વેદિ ઉપર સ્થાપતા હતા.

સંવત અઢારસો ઓગણ ચાલીસમાં વસંતઋતુમાં મનોહર ચૈત્ર માસમાં વદ છઠ્ઠને ગુરુવારના રોજ પવિત્ર દિવસે પુત્ર ઘનશ્યામના ચૌલસંસ્કારને કરતા હતા. માતાપિતા પવિત્ર જળથી સ્નાન કરીને પવિત્ર વસ્ત્રો, આભૂષણો ધારણ કરતાં હતાં. ત્યાર પછી માત્રુકાઓનું પૂજન કરીને પવિત્ર શ્રાદ્ધો કરતા હતાં ત્યાર પછી મંગલ કાર્ય કરવા માટેના મંત્રથી સંકલ્પ કરી. કાર્યનો આરંભ કરતા હતા. બાળપ્રભુને મંગલ સ્નાન કરાવીને શરીર ઉપર અલંકારોથી શરીરને શોભાયમાન કરતા હતા. જમીનને પવિત્ર કરી કુંડ બનાવી તેને અબીલ ગુલાલ વિગેરે પવિત્ર દ્રવ્યોથી શોભાયમાન કરતા હતા. અલંકારોથી શોભા કરતા હતા. સભય નામના અગ્નિની સ્થાપના કરીને ત્યાર પછી પ્રાણાયામ કરાવીને ચવન પ્રાણાયામનો જાપ કરતા હતા. ફરી ધર્મદેવ સંકલ્પ કરીને પુત્રના બાળ આયુષ્યની વૃધિનો વિધિ કરતા હતા.

ત્રણ અને સાત દર્ભની પીંછી બનાવીને તથા સાધારણ ગરમ પાણી ચોખ્ખાં વાસણમાં ભરીને સારો સુંદર તામ્રના હાથાવાળો અસ્ત્રો નાપિતે જમણા હાથમાં પકડીને ભૂમિનો સ્પર્શ કરીને. લાલ બળદનું છાણ મંગાવીને પથ્થરના પાત્રમાં ભરીને ઉત્તર બાજુ મૂક્યું. ડાંગર જવ, તલ, અડદ તેને વાસણમાં ભરીને અગ્નિદેથી પૂર્વ દિશામાં તે દ્રવ્યનાં વાસણને મૂકાવ્યું. દાભડાનાં પુળાથી પાણી છાંટીને દ્રવ્યોને પવિત્ર કર્યાં. ત્યાર પછી માતા પ્રેમવતી પુત્રને તેડીને લઈ ગયાં. મુખનો ભાગ ખુલ્લો રાખીને શરીર ઉપર વસ્ત્રથી ઢાંકી દીધું. ત્યાર પછી અગ્નિની ઉત્તર દિશામાં આવીને. પૂર્વ બાજુ મુખ રહે તેમ પુત્રને લઈને માતા બેઠાં. આળસ વિનાના અક્કડ ખોળામાં બેસાડીને

વ્યાહરુતિનો ચાર વાર હોમ કરીને મસ્તક ઉપર દર્ભની પાંદડાંની અણિ ઉપર પાણીનો સ્પર્શ કરાવીને. પ્રથમ પુરોહિતોએ લટને મુક્ત કરી તે પણ વૈદિક મંત્રોનો ઉચ્ચારણ કરતાં કરી. ત્યાર પછી દક્ષિણ દિશાની વચ્ચેની ઉત્તર તરફની લટને અનુકૂળ પ્રમાણે ઉતારી લીધી. ત્યાર પછી બંને હાથોથી મસ્તકને પકડીને બ્રાહ્મણમંત્રોચ્ચાર કરતા હતા. ત્યાર પછી નાપિત (વાળંદ)ને સોંપીને તે નાપિતે પ્રભુના મસ્તકને સાફ કરીને સુંદર બનાવી દીધું.

વિધિ પત્યા પછી નાપિતને ધર્મદેવે અન્નનાં ભરેલાં પાત્રો આપ્યા. બ્રાહ્મણોને ગાયોનાં દાન આપ્યાં. પોતાના પરિવાર સંબંધીજનો તથા છપૈયાપુરના આશ્રિતજનો સંતો સર્વને અન્નપાન કરાવીને પોષણ કરતા હતા. અનેક પ્રકારના રસોથી ભરપૂર અનેક પ્રકારની રસોઈઓ તૈયાર કરી હતી. તેનાથી બ્રાહ્મણો, સંતજનો, સજ્જનો સંબંધીઓ સર્વને જમાડ્યા. પ્રેમથી રાજી કર્યા.

દેવશર્માએ ઉદાર દિલથી બ્રાહ્મણોને દાન આપ્યાં. બ્રાહ્મણોએ એમને આશીર્વાદ આપ્યા. બંદિજનોએ ધર્મદેવના પરિવારનાં વખાણ કર્યાં. છપૈયાપુરની તથા પરિવારની નારીઓ પ્રભુના મુખને જોઈને આનંદ પામતી હતી. એક એક વારાફરતી પ્રભુને તેડીને રમાડતી હતી અને પ્રેમથી જોઈને આનંદ કરાવતી હતી. મુખની મનોહરતાની સાથે મુખથી નીકળતી વાણી તથા અતિ ચંચળ મુખકમળને જોઈને તથા નેત્રકમળને જોઈને તથા પ્રત્યેક અંગની શોભાને જોઈને તે પ્રભુની છબિ તો અલૌકિક જ લાગે છે. તે સૌના ચિત્તને ચોરતા હતા. જોનાર અનેક જનોના હૃદયને પોતામાં ખેંચતા હતા. તેથી સર્વે નરનારીઓ પ્રભુમાં મોહ પામતાં હતાં. હૃદયમાં આનંદ થતો હતો. અનેકજનો પ્રભુના મુખકમળને વારંવાર જોવા છતાં સર્વજનોની દૃષ્ટિને ચોકરની માફક ખેંચતા હતા. પરિવારનાં નરનારીઓ બધાં જોઈને પરવશ મનવાળાં થઈ ગયાં. ત્યારે તેજ દિવસે ભક્તિમાતા ઘરના કામમાં ગુંથાઈ ગયાં હતાં તેથી પ્રભુની સંભાળ લેવાનું ભૂલી ગયાં. કામમાંથી હળવાં થયાં ત્યારે એમને પુત્રની સ્મૃતિ થઈ. મનમાં યાદ આવાથી દાસીને બોલાવીને કહેવા લાગ્યાં.

અરે આપણાં ઘનશ્યામને રમાડવા માટે આપણાં સંબંધીની સ્ત્રીઓ લઈ ગઈ છે. તેથી લાલાને ભૂખતરસ લાગી હશે. તેથી તું જઈને એમની પાસેથી લઈ આવ. જલદી જઈને લેતી આવ. આમ કહે છે એટલામાં તો તે પરિવારજનોની સ્ત્રીઓ સાથે મળીને ત્યાં આવી અને ભક્તિમાતાને કહેવા લાગી. અરે માતા આ તમારો પુત્ર તો ગરીબને જેમ ધનસંપત્તિ મળે ને સુખી થાય તેમ આ તમારો પુત્ર તો અમૂલ્ય સુખ સાગર છે. તમારા પુત્ર તો અતિ ચંચળ છે. અતિ હોંશિયાર છે. લોકોના ચિત્તમાં પ્રેમ ઉપજાવે છે. આ તમારો પુત્ર તો અતિશય કોમળ મનોહર છે. હંમેશાં તમારા જનોને સુખસંપત્તિ આપનારો છે. આમ કહીને તે પરિજન નારીએ એ પ્રભુને ભક્તિમાતાને આપ્યા. ઘનશ્યામ પ્રભુને માતા લઈને પોતાના ખોળામાં જેમ રાંકને ધન મળે અને સુખ પામે તેમ ભક્તિમાતા પણ પુત્રને મેળવીને સુખ પામવા લાગ્યાં.

આ બાજુ પ્રેમવતી માતાને સ્તનમાં સ્નેહના લીધે દૂધ સ્રવતું હતું. તે સ્તનપાન કરાવીને પછી માતા પ્રભુને દૂધ, ખાંડ અને ચોખા તૈયાર કરીને પ્રેમપૂર્વક પ્રિય વસ્તુ જમાડતાં હતાં. જમાડ્યા પછી પ્રભુના મુખ કમળને આચમન કરાવીને ધોયું. અને પ્રેમથી જળપાન કરાવ્યું. મુખને જીર્ણ મુલાયમ વસ્ત્રથી લૂછીને સાફ કર્યું ત્યારે નેત્રમાં નિંદ્રાનું દર્શન થવા લાગ્યું. જેમ કમળને પાણીમાંથી બહાર રાખે તો મુરઝાય તેમ કમળનયન ઘનશ્યામ પ્રભુનું મુખનિંદ્રાથી ઘેરાતું હતું. અંગો શિથિલ થવા લાગ્યાં હતાં. માતાએ સારી ગાદી પાથરી. તેની ઉપર મોટો સારો ઓછાડ પાથરીને પારણાંને તૈયાર કરીને જનોના તથા સંતોના શ્યામ પ્રભુને પોઢાડીને માતા હાલરડાં ગાતાં

જાય ને પારણાંને હલાવતાં જાય. એમ પ્રભુને પોઢાડતાં હતાં.

આ રીતે ધર્મદેવને ઘેર દરરોજ લીલાઓ થતી જ રહેતી હતી.જનો સજ્જનો પરિવારનાં જનો કે છપૈયાપુરનાં જનો સર્વના મન તો કેવળ ઘનશ્યામ પ્રભુમાં જ જોડાયેલાં રહે છે.

**આ રીતે શ્રીહરિ લીલાસિંધુમાં ત્રીજા બાલચરિત્ર રત્નમાં વૈષ્ણવાનંદ બ્રહ્મચારી રચિત છંદભાષામાં ધર્મભક્તિને તેમના સારરૂપ ફળ છે તથા ચૌલ સંસ્કારનું વર્ણન કર્યું. એ નામે સાતમો તરંગ થયો. ॥૭॥**

# તરંગ-૮

રાજા કહે છે, હે મુનિરાય ! જેમણે શ્રીહરિની સેવા પ્રાપ્ત કરેલ છે તેતો સર્વે કૃતાર્થ થઈ ગયા છે. પણ મને હવે આપ છપૈયાપુરની શોભા તથા તેનો મહિમા સમજાવીને કહો. તથા ભગવાન પુરુષોત્તમ નારાયણના જન્મસ્થળનો મહિમા તથા તેનાં જે વખાણ થયાં હોય તે મને કહો. તેમને સાંભળવાની ઈચ્છા થઈ છે તો હે મુનિરાય ભગવાનની કથા મને સંભળાવો. મારે સાંભળવાની ચાહના થઈ છે.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! પવિત્ર મનોહર દેશ સરવાર નામથી કહેવાય છે તે સરવાર દેશમાં પ્રભુ વારંવાર અવતાર ધારણ કરે છે. તે દેશમાં રત્નરૂપ સમૃદ્ધિ અમૂલ્ય છે. વૃક્ષો વેલીઓમાં નવીન પાન આવવાથી પ્રકૃતિ ખૂબ જ શોભે છે. ફૂલો પણ ખીલવાથી મનોહર લાગે છે. હે રાજન ! નદીઓ, નગરો, પુરો તથા ગામોથી દેશ શોભે છે. ભાષારસિક છે. નરનારીઓનો વેશ પણ સારો છે. આવા દેશના મધ્યમાં છપૈયાપુર અતિ સુંદર ગામ આવેલું છે. વાવ, કૂવા, સરોવરોથી શોભાયમાન છે અને તે મુનિઓ દેવોના મનને મોહ પમાડનાર છે. શ્રીહરિના ચરણકમળનાં સ્પર્શથી પવિત્ર થયેલ જળનું પાન કરીને પ્રભુના ચાલવાથી તેમનાં પગલાં પડેલાં હોવાથી ખૂબ જ શોભાયમાન છે.

છપૈયાપુરમાં ઘરો વિશાળ સારાં બનાવેલાં છે. ભોગિક દ્રવ્યોથી ભરપૂર શોભે છે. તેના દ્વારો, ગલિઓ અતિ સ્વચ્છ અને શોભાયમાન છે. પ્રભુના ચરણથી ચિહ્નવાળાં થયેલાં છે. તેથી ખૂબ જ શોભે છે. દેવોમુનિજનોને તે ખૂબ જ ભાવના જગાડનારાં છે. કેળો, સોપારીનાં ઝાડો દરવાજા પાસે શોભતાં હતાં. તોરણો અશોક પત્રનાં બનાવેલાં હતાં. નાના નાના બગીચાઓ ઘરની પાછળ આવેલાં છે. તે બધાં જ તે છપૈયાપુરની ચારેબાજુ ફૂલની સુગંધ ફેલાયેલી રહે છે. તેથી ખૂબ જ શોભે છે. પોપટ, ચકલી, સારિકા, કોયલો મધુર મંગળ શબ્દ બોલે છે. તે પુર અતિ તેજાયમાન છે. નગરના ચોતરાઓ સુંદર બનાવેલા છે. તે ચારેબાજુ શોભે છે. તે પુરમાં વસનારાં નારી-નરનાં દિલ સ્વભાવ સારા વ્યવહાર, સારા ઉદાર દિલ, સારા પ્રેમથી રહે છે. જેમનો પ્રકૃતિ ગુણ સારો છે. પોતાના જીવનું સારું કરવા ભગવાનની ભક્તિથી રંગાયેલા રહે છે. પોતાના સુખસમૃદ્ધિને જોઈને બીજાના સુખ આગળ હરખ શોકને નથી પામતાં. ભગવાનની ભક્તિભાવથી સ્વર્ગનાં સુખોને ગણતા જ નથી. પોતાના સેવકોને ક્યારેય પીડા નથી આપતા. પોતાની દૃષ્ટિમાં સારી પ્રેમની સુવાસ ધરાવે છે. માઈક જગતના સુખોને કાંઈ ગણતા જ નથી. કેવળ પ્રભુપ્રેમ જ મુખ્ય છે. ધર્મનંદન પ્રભુના દર્શન કરીને એ જીવાત્માને મનમાં આનંદ થાય છે અને જગતના માયિક સુખો મંદ થઈ જાય છે. અત્યાનંદમાં લીન થઈ જાય છે અને મંદબુદ્ધિવાળા જીવને તો એ કાંઈ સમજાતુ જ નથી. એવા જીવને પ્રભુમાં પ્રેમ થતો નથી પણ પ્રભુ પોતાના દૈવતથી એમના મનને ખેંચે છે. પોતાના એકાંતિક ભક્તિના લીધે ફંદથી મુક્ત બને છે. તે પુરના ચારેબાજુના બાગોમાં જાણે પપૈયાનાં

ફળો સુંદર લાગે છે. તેની ઉપર ભમરાઓ મદમત્ત થઈને ગુંજારવ કર્યા કરે છે.

તે પુરનું સરોવર કોયલોના કલરવમાં સારિકાના મધુર સ્વરથી સુંદર સ્વચ્છ જળના પ્રતાપથી શોભાયમાન થતું હતું તથા ચાતક પક્ષી, સારસ, હંસ, ચક્રવાક, મોર આદિનો બોલવાથી મોટો શોર થતો હતો. બધાને મોહ પમાડતો હતો. પુષ્પોના પંચરંગી પરાગની ગંધસુગંધથી કમળને ભમરાઓ ચૂસતા હતા. સ્થિર થયેલાં જળ સ્વચ્છ નિર્મળ જોઈને દેવો પણ સ્નાન કરીને આનંદ પામતા હતા. પાણીમાં તરંગોની લહરિયો ઊંડા પાણીમાંથી ઉછાળા મારી જોરથી સીડીઓને અડતી થકી વેગથી આવે છે. ત્યારે જાણે માતાને જોઈને સંતાન જેમ આનંદ પામતો થકો દોડીને માતાને મળે તેમ લહેરો આવે છે ને સ્પર્શ કરે છે. તે સરોવરની પાળ ઉપર સુંદર ફળોવાળાં આંબાના વૃક્ષોની ખૂબ જ શોભા થાય છે. કેતકી, કેતક, કુંદન, કળીઓ, કરેણ, ચંપો આદિ પુષ્પ વૃક્ષતટ ઉપર શોભે છે.

જાઈ, જૂઈ, ચમેલીની વેલીઓની લાઈન અતિ શોભાયમાન લાગે છે. ગુલાબ, ગુલછાર હારોની શોભા હજારીના ગુચ્છ ગુલદાવદિ ભોંયમાં પથરાયેલી શોભે છે. સોપારીનાં વૃક્ષ, લવિંગ, એલાયચીનાં વૃક્ષો, નારંગીનાં વૃક્ષો, ગુલદાવદી, અંજીરનાં વૃક્ષો તથા વીતાન પત્ર, રુદ્રાક્ષ, કેળ, નાળિયેર ફૂલોની માફક તેની મંજરીથી સારી લાગતી હતી. સરોવરની નહેર ઉપર ફૂલના બગીચા શોભે છે. પાણીનો રસ લઈને સારી રીતે ખીલે છે. પ્રભુને ક્રીડા કરવા હરવા ફરવા માટેના બાગમાં સુંદર ફૂલો ફળોના નવીન રંગોથી શોભે છે. પુરમાં સંતો, મુનિજનો હર્ષ પામતા થકા શ્રીહરિનાં દર્શન કરવા અવારનવાર આવતા જતા રહે છે. આ રીતે છપૈયાપુરની ચારેબાજુ અંદર ત્રણ પ્રકારની સુગંધયુક્ત પુષ્પોની પરાગરજથી અતિ મનોહર શોભાયમાન થાય છે. ધર્મદેવના ઘરની બહાર આકાશમાં દેવનાં અપાર વિમાનો છવાઈ ગયાં તે સર્વે દેવો ધર્મદેવના ઘેર પુત્ર ઘનશ્યામ પ્રભુનાં ચરણકમળનું પૂજન કરવા પ્રેમથી આવ્યા. તેમાં કેટલાક દેવો પરબ્રહ્મ પ્રભુના ચરણકમળનું પૂજન કરીને જતા હતા. કેટલાક આવતા હતાં આ રીતે પરંપરા ક્રમ ચાલતો હતો ત્યારે આકાશમાં ચારેબાજુ આનંદના ઓઘની સાથે આનંદ કરતા થકા કેટલાક આવતા હતા. કેટલાક જતા હતા. તેથી આકાશ વ્યાપ્ત વિમાનોથી શોભાયમાન લાગતું હતું.

સુગંધિત કેસરચંદન પુષ્પની મનોહર સુગંધથી ભૂમિ ઉપર અને આકાશમાં મનોહરતા ફેલાઈ ગઈ. રાતદિવસ આ વિધિ ચાલતી જ રહે. ઉત્સાહથી પુરુષોત્તમ પ્રભુનું સેવન-પૂજન કર્યા કરતાં હતાં. દેવતાઓ આનંદમાં રહેતા હતા. આ રીતે બધા જ દેવતાઓ હૃદયના દૃઢ પ્રેમભાવથી શ્રીહરિના ચરણનું પૂજન કરી ચરણનો સ્પર્શ કરીને મગ્ન મનવાળા થઈને જતા હતા. દરરોજ છપૈયાપુરમાં દેવો મુનિજનો સંતજનોની ભીડ રહ્યા કરતી હતી. અલૌકિક શોભાથી ભરપૂર શ્રીહરિના જન્મસ્થળની ચાહના લોક અને પરલોકમાં ખૂબ જ રહેલી છે. જે ભૂમિ ઉપર પ્રગટ પુરુષોત્તમ નારાયણે જન્મધારણ કર્યો છે તે ભુમિના મહિમાને તો કહેવામાં ક્યારેય અંત આવે જ નહીં. ધન્ય ધન્ય ભક્તિધર્મને ધન્યવાદ છે. છપૈયાપુરનાં નરનારીને ય ધાન્ય ધન્યવાદ છે. છપૈયાપુરની ગલીઓ, ઘરો, બજારો, ચોકો જ્યાં પરબ્રહ્મ પુરુષોતમ નારાયણ પણ જન્મ ધરીને વિચર્યા છે તે સર્વે ધન્ય ભાગ્ય છે. પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુનાં દર્શન તો ભવ બ્રહ્મા, ઈંદ્રાદિક દેવોને તો ખૂબ જ દુર્લભ છે. તે છતાં મહાપ્રભુએ છપૈયાપુરમાં જન્મધારણ કરીને કૃપા કરીને ખૂબ જ સેવા કરવાની સુગમતા કરી દીધી છે. ભૂમંડળના લોકો તથા લોકોના પતિદેવો જેમના ગુણ ગાય છે તે છપૈયાપુરમાં વીરાજમાન શ્રીહરિની મૂર્તિ અતિ મનોહર રસિક છે. તેના ગુણને ચૌદેલોકના નિવાસીઓ લોકપાલો મસ્તક નમાવીને ગાય છે તથા જેમના ગુણને નિગમાગમ વેદો ગાય છે તો પણ થાકે છે. સર્વ અવતારના અવતારી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પ્રભુ પ્રગટ થઈને ઉદારતાથી

આ છપૈયાપુરમાં અવતાર ધારણ કરેલ છે. તેથી તેનો મહિમા કહેવામાં કોઈ પાર પામી શકે તેમ જ નથી.

આ પ્રભુ અક્ષરધામના રહેવાવાળા છે. તેથી છપૈયાપુર ધામને પણ અક્ષર સમાન જ કહેવાય છે. કેમકે અક્ષરધામને ગોલોક ધામવાસી છે તે ઈચ્છે છે તથા વૈકુંઠધામવાસી પણ આશા રાખે છે. શ્વેતદ્વિપ ધામના જે સિદ્ધો કહેવાય છે તેઓ અક્ષરધામમાં રહેવા માટે જઈ શકે છે. કેમકે જે જીવાત્મા મુક્તિ પ્રદામાં જાય છે તેને સિદ્ધો યોગ તપને સિદ્ધ કરાવે છે ત્યારે મુક્ત બને છે. નારદજી નારાયણ ભગવાન પાસે તપ કરતા થકા રહીને જ્ઞાન સિદ્ધ કરાવ્યું. ત્યાર પછી નારાયણ ભગવાને પ્રેરણા આપીને નારદને અક્ષરધામમાં જવા મોકલ્યા પણ ફરી પુરુષોત્તમ પાસે પાછા ફર્યા. આવા અક્ષરધામનમાં અધિપતિ ઉદાર મૂર્તિ તે તો સર્વોપરિ સર્વને પ્રિય જ છે. તે પોતે જ પ્રભુ પોતાની ઈચ્છાથી છપૈયાપુરમાં અવતાર ધારણ કરીને પધાર્યા. બધાના પાપોનો નાશ કર્યો. તે છપૈયાપુરનો મહિમા કહેતાં થકાં કોઈ પાર પામી શકતા જ નથી. વિષ્ણુ, બ્રહ્મા, શિવ, શારદા, શ્રુતિઓ, શેષજીપણ પાર પામી શકતા નથી તો સામાન્ય જીવાત્મા ક્યાંથી પાર પામે ?

જગતના સ્વામી જીવોના સુખનિધિ જગતના પતિ જગદીશ પ્રભુ પોતાના ચરણકમળના ચિહ્નોથી અંકિત કરે છે. પવિત્ર કરે છે. તે જ પ્રભુ ભૂમિ ઉપર પધારી ભાગ્યના ભાગ્ય ઉપર રહે છે તો અમે એવા કેવા મહાન છીએ તે તેના પારને પામી શકીએ. ભગવાનના ધામના મુક્તોમાં આવતા એવા શ્રીદામા આદિ મુક્તો પણ આ છપૈયાપુર ધામના પ્રભુના જન્મસ્થાનના મહિમાને પૂર્ણ કહેવાને સમર્થ નથી થઈ શકતા. રાધાએ જેમના ચરણની પૂજા કરેલ છે. લક્ષ્મીએ પૂજેલ તથા જે એકાન્તિક ભક્તે પોતાના હૃદયમાં ધાર્યા તેજ પદરજને પોતાના શરીર ઉપર છપૈયાપુર વાસી ચડાવે છે અથવા તે જમીન ઉપર આળોટીને રજને શરીર ઉપર ધારે છે અને તે નરનારી રાજી થાય છે. જે ચરણનો સ્પર્શ કરવા બ્રહ્માજી કમંડળ હાથમાં રાખે છે. તે જ શ્રીહરિ પુરુષોત્તમ સરોવરમાં જળ ક્રીડા કરતા હતા તેને જોતા હતા. જેના જળનો સ્પર્શ કરવાથી ત્રણે લોકનાં જીવોના સ્પર્શ માત્રમાં જ પાપો બાળી નાંખે છે. તેજ નારાયણસરમાં સ્નાન કરવા માત્રમાં જ પાપો બળી જાય છે. શ્રીહરિના ચરણકમળના સ્પર્શવાળા જળનો સ્પર્શ કરવા માત્રમાં જ પવિત્ર બને છે એવા બાળમુકુંદ પ્રભુ નારાયણસરમાં સ્નાન કરે છે. પવિત્ર કરે છે. જેમના પાદોદકને શંકર મહિમા સહિત પોતાના મસ્તક ઉપર ધારણ કરે છે. તેજ પ્રભુ નારાયણ સરોવરમાં જળક્રીડા કરે છે. રમતો રમે છે. એટલા માટે આ નારાયણસર તથા છપૈયાપુરની ભૂમિના મહિમાનું કોઈ વર્ણન પૂરું ન કરી શકે. કેમકે જ્યાં અક્ષરધામના અધિપતિનું આ ક્રીડા કરવાનું સ્થળ છે. તે તેનો મહિમા છે. ચૌદેલોકમાં આના જેવું પવિત્ર કોઈ સ્થળ છે જ નહિ તેમજ સાત દ્વિપમાં પણ આવું પવિત્ર સ્થળ છે જ નહિ. તેમજ આ ભરતખંડના આર્યપ્રદેશમાં પણ આના જેવું પવિત્ર સ્થળ ક્યાંય છે જ નહીં.

ક્યાં શિવ કાંચિ, ક્યાં વિષ્ણુ કાંચિ, ક્યાં ગંગા કાંઠે રહેલ કાશીનગરી, બદ્રીકેદાર ક્યાં અને ક્યાં પુરુષોત્તમપુરી, યમુના કાંઠે આવેલ મથુરા કયાં, સરજુ નદી તળે અયોધ્યા નગર ક્યાં, ક્ષિપ્રા તીર્થમાં ઉજ્જૈન આવેલ છે તે ક્યાં, ગંગાસ્નાન કરવા માટેનું હરદ્વાર ક્યાં, ગોમતી તીર્થના કાંઠે દ્વારામતિ નગરી ક્યાં, પંચતીથી તીર્થ ક્યાં ? છપૈયાપુરમાં નારાયણ સરોવર જેવું તો કોઈ તીર્થ આવે જ નહિ. તે નારાયણ સરોવર જેવું જડપી પાપ હરનાર બીજું કોઈ જ નથી. સાઈઠ તીર્થો અને સાઠ તીર્થરાજો તથા સરોવરો, નદીઓનાં સ્થળો કોઈ આની બરોબર ન આવે. ચારે ધામોની વચમાં પણ કોઈ ધામ આ છપૈયાપુર ધામની બરોબર આવે તેમ જ નથી. વૃંદાવન ગોકુળ કરતાં આ નારાયણ સરોવર અને છપૈયાધામમાં કરોડ ઘણો ફેર છે. વૃંદાવન આદિ તીર્થો તો પરોક્ષ તીર્થ કહેવાય. અને છપૈયાતો પ્રગટ પરોક્ષ તીર્થ કહેવાય પ્રગટ તીર્થો તરત જ પાપનો નાશ પામેડે. આ સ્થળમાં તો પરબ્રહ્મ

પુરુષોત્તમ નારાયણ પ્રભુ પોતાના અનંત ઐશ્વર્યની સાથે પધાર્યા છે. તે પ્રભુ ધર્મભક્તિના ઘેર પ્રગટ થયા. તેથી આ છપૈયાપુર જ સર્વથી શ્રેષ્ઠ તીર્થ થયું છે. આ છપૈયાપુર જ સર્વમાં પવિત્ર તીર્થસ્થળ છે. બ્રહ્મપુરધામના ધામી પ્રભુ આજ છપૈયાપુરમાં પ્રગટ થઈને જળ, સ્થળ બધે જ વિચરણ કરેલ છે. તેનો મહિમા તો અનંત ઘણો અપાર છે. તેને કહેતાં કહેતાં મહાસમર્થ પણ થાકી જાય છે.

ભગવાન પુરુષોત્તમ નારાયણનો મહિમા સમુદ્રના પાણીથી પણ વધારે અમાપ છે. તે જળમાંથી હંસ ચાંચ ભરીને ઉલેચે તો ક્યારે ખાલી ન થાય. તેમ પ્રભુનો મહિમા એનાથી વધારે છે. જેમ સાગર ન ઉલેચાય તેમ અપાર બ્રહ્મ પરમાત્માના ચરિત્રના તીર્થનો કે સ્વરૂપનો મહિમા ક્યારેય ગાવાથી પાર આવતો જ નથી. જે જન આ છપૈયાપુરનાં ભાવપૂર્વક એક લવમાત્ર દર્શન કરે છે તેના અનંત જનમનાં પાપો બધાં બળી જાય છે. તે તરી જાય છે. ભાવના સહિત નારી કે નર જે કોઈ આ તીરથમાં દર્શન કરવા યાત્રા કરવા જાય છે. તેને ફરી ભવ બંધનના ફેરા મટી જાય છે તેની મુક્તિ થાય છે. જે જન આ છપૈયાપુરમાં રહેતા થકા નારાયણસરમાં સ્નાન કરવા જાય છે. તે જન બ્રહ્મપુરધામમાં પ્રભુના ચરણને સેવે છે તથા જે જનો આ છપૈયાપુરમાં નિવાસ કરીને રહે. મહિમાથી તીર્થસ્નાન ધ્યાન દર્શન કરે તે છપૈયાપુરમાં દેહને ત્યાગે તે પ્રભુ પુરુષોત્તમ નારાયણની સેવામાં જાય છે. આ છપૈયાપુરનાં પશુ, પક્ષી, ઝાડ, છોડવા, વેલીઓ, ઘાંસ, માંછલાં આ સર્વે પોતાના દેહને છોડી તેના આત્મા સ્વર્ગાદિ લોકમાં સુખભોગને ભોગવતાં થકાં પરમ સુખ પામે છે. જેનો આ ભવમાં જન્મમરણને તરવાનો વારો આવે છે. એ સમયે જેના જીવનનો અંત આવે છે તે જીવાત્મા છપૈયાપુરધામમાં જન્મ ધરીને પૂર્વના પુણ્ય પ્રતાપથી વિના સાધને ભવસાગરને તરીને પરમ પદને પામે છે. આ છપૈયાપુરમાં જેટલા જડ જીવો છે તે સર્વે પોતાના શરીરનો જ્યારે ત્યાગ કરે છે તેની સ્વર્ગલોક તરફ ગતિ થાય છે.એવા જીવાત્મા દેવનાં સુખોને ભોગવીને અંતમાં ઉર્ધ્વગતિને પામે છે. તેનું કારણ છપૈયાપુર છે.

આ છપૈયાપુરમાં જળ, સ્થળમાં જે થાય છે તે અનંત યજ્ઞના ફળને લીધે પામે છે. એ એનાં ભાગ્ય છે. જડ જીવો આ રીતે જે ગતિ પામે છે તે તો ક્ષણ માત્રમાં પરમ ચૈતન્યધામને પામે છે. તે છપૈયાપુર ધામના પ્રતાપથી પામે છે.

**આ પ્રમાણે શ્રીહરિલીલાસિંધુમાં ત્રીજા બાલચરિત્ર રત્નમાં વૈષ્ણવાનંદ બ્રહ્મચારી રચિત છંદભાષામાં શ્રીહરિના જન્મસ્થળનો મહિમા તથા શોભાનું વર્ણન કર્યું તે નામે આઠમો તરંગ થયો. ॥૮॥**

# તરંગ-૯

છપૈયાગામની પૂર્વ દિશામાં નારાયણસર શોભે છે. તેની દક્ષિણ દિશામાં ધર્મસર શોભે છે. તેની બાજુમાં વૃક્ષોનો મોટો બાગ આવેલ છે. તે ખૂબ જ શોભે છે. છપૈયાથી ઉત્તર દિશામાં પવિત્ર વિશ્વામિત્રી નદી શોભા આપે છે. તે વિશ્વામિત્રી નદીની ઉત્તર બાજુ સારાં ફળ દળ આપનારાં વૃક્ષોનું મહાન સઘન વન આવેલું છે. છપૈયાપુરની ભૂમિ શ્રીહરિના ચરણકમળનાં સ્પર્શથી અંકિત થયેલી મનોહર લાગતી હતી. તેથી દેવો મુનિજનો મનુષ્યોના મનમાં સુખ મળતું હતું તથા પ્રભુના પ્રતાપથી અષ્ટસિદ્ધિ અને નવ નિધિ જાણે કે આ પૃથ્વી ઉપર જ સ્થિર થયાં હોય તેમ છૈપૈયાપુર સમૃદ્ધિ વાળું થયું હતું. ઊંચાં ઊંચાં વૃક્ષોથી ખૂબ મનોહરતા લાગે છે. તાડ આદિ વૃક્ષોની લાઈનો સુંદર શોભા વધારે છે. ઘાટાં ફૂલનાં છોડવાઓ વેલીઓ લગાવેલી છે. તેથી તે જાતજાતનાં ફૂલોથી નવરંગની માફક શોભા વધારે છે. સંસારના કર્ણધાર જનસમાજમાં પવિત્ર સુસ્વભાવના સંતોને માલુમ

પડ્યું કે શ્રીહરિનો પવિત્ર નિર્મળ સ્વરૂપનો અવતાર થયો છે. તેમાં ખેંચાણા આવા પવિત્ર કાળમાં સમાજનો વેગ પણ જડ અને ચેતન આ પ્રમાણે પૃથ્વી ઉપર ખૂબ જ વધેલો છે. તે ભવસાગરમાં આ છપૈયાપુર પ્રભુના પ્રાગટ્યથી જીવોને તારવા માટે ભક્તિજ્ઞાનનાં હલેચા મારીને સંસારસાગરથી પાર ઉતારે છે. આ ભૂમિ ઉપર શ્રીહરિના વિચરણથી ચરણના સ્પર્શથી અદ્‌ભૂત શોભા થાય છે. જગતના જીવોને તે ભૂમિ જહાજની જેમ ભવસાગરને તારનારી થાય છે.

આ છપૈયાપુરની ભૂમિ પ્રભુના પ્રતાપથી અતિ મંગળમાં મંગળ થઈ છે અને ચારે બાજુ શોભે છે. લોક, અલોક સર્વે આનંદપૂર્વક આના અલૌકિક મહિમાને પોતાના નેત્રથી જુવે છે.

પ્રતાપસિંહ રાજા સુવ્રત મુનિ પ્રત્યે ફરીથી કહેવા લાગ્યા. હે મુનિરાજ ! આપે છપૈયાપુરનો મહિમા ખૂબ જ કહ્યો. તે મેં સાંભળ્યો પણ હવે મારા મનમાં એવી ચાહના થઈ છે કે ભગવાનના બીજાં લીલા ચરિત્ર હોય તે મને કહો. હે મુનિરાજ ! એવી મારી આશાને પૂર્ણ કરો. પ્રભુ પ્રગટ થયા પછી બધા જ ધામોના દેવતાઓ મુનિજનો શ્રીહરિના દર્શન કરવા દરરોજ આવતા હતા. તેઓ શ્રીહરિના ચરણની રજને મસ્તક ઉપર ધારણ કરીને મહિમાથી નારાયણસરમાં સ્નાન કરતા હતા. અહીં છપૈયામાં જ્યારે જ્યારે ઉત્સવ થાય ત્યારે ત્યારે સર્વલોકના વિષ્ણુ, બ્રહ્મા, મહેશ, મુનિજનો જરૂર આવતા તેઓ એમના અધિપતિ એમના સ્વામી શ્રીહરિ મહાપ્રભુનાં દર્શન કરવા જરૂર આવીને આનંદ મેળવતા હતા. જે આ જગતનાં નરનારી મનમાં ભાવનાપૂર્વક પ્રભુનું સ્મરણ કરતાં થકાં છપૈયાપુર ધામનું તીર્થ કરે તેનાં બધાં જ પાપો એક પળમાત્રમાં જ બળી જાય છે અને આ જન્મના તથા પૂર્વજન્મનાં પણ પાપો નાશ પામે. તેથી મનમાં અતિશય સુખને પામે છે. જે જન નારાયણસરમાં પિતૃશ્રાદ્ધ કરે છે તેના પિતૃલોકમાં આનંદનાં વાજાં વજાવે છે. શ્રાદ્ધ કરીને પછી બ્રાહ્મણો અને સંતોને જમાડે છે તે જન જમાડનાર દસ હજાર ઘણું ફળ પ્રાપ્ત કરે છે અને સુખ પામે છે.

દેશનાં બધાં જ તીર્થો દશ દશવાર કરે તથા વિધિ પ્રમાણે ઘણુ પુણ્યદાન કરે તે બધું જ ફળ જેણે જેટલું ભેગું કર્યું હોય તેટલું જ ફળ આ છપૈયાપુરનાં દર્શન કરવા માત્રથી જ મળે છે. જેના કુળના પુત્રપરિવારો છપૈયાપુરની યાત્રા કરે છે તેના પિતૃઓ અતિ આનંદ પામે છે. સુખ પામે છે. જેના પુત્ર પરિવાર છપૈયાપુરની યાત્રા કરવા નથી જતા તેના પિતૃઓ અતિશય કલ્પાંત કરતા દુઃખને પામે છે તે પરિવાર પણ પીડાને પામે છે. દેહથી, વાણીથી કે મનથી થયેલાં બધાં જ પાપો છપૈયાની યાત્રા કરવાથી જ બળી જાય છે. પુત્રની ઇચ્છાવાળાને પુત્ર મળે છે. જે ભાવનાથી મનમાં એ કલ્પના કરીને છપૈયાની યાત્રા કરે છે તેને સફળતા મળે છે.

જેમના કુળમાં પુત્ર થાય તેને તેનો પિતૃઓ સુખ ફળ આપે છે. જ્યારે તે પુત્ર છપૈયા ચાલીને જાય ત્યારે જ તેના પિતૃઓ ધન્યતા માનીને સુખ પામે છે. યાત્રા કરનાર પણ સુખ મેળવે છે. મારા પ્રાદુર્ભાવના દિવસે (રામનવમી) જો કોઈ જીવાત્મા છપૈયા જાય અને નારાયણ સરોવરમાં જઈને ન્હાય તેનાં બધાં જ મહા પાપો બળી જાય છે. તે જીવાત્મા ફરી ભવબંધનમાં નથી આવતો. અને તેને ક્યારેય જનમ નથી લેવો પડતો. જે કોઈ તે નારાયણસરના કાંઠે છપૈયામાં વિષ્ણુ યજ્ઞ કરાવે તે તેને લાખ યજ્ઞનું ફળ મળે છે. એટલા ફળને પ્રાપ્ત કરે છે. જે જન છપૈયા જઈને શંખ, ચક્ર આદિ આયુધો ધારણ કરે છે (છાપો લે છે). તેનાં બધાં જ પાપો બળીજાય અને તે જન નિષ્પાપ બને છે. છપૈયામાં રહીને ત્યાગી કે ગૃહસ્થ વ્રત કરે તો તે જન તેનું અથાક પુણ્ય પામે

છે. સૌ ભાગ્યવાન થાય છે. જે જન જન્મ લીધા પછી જીવનમાં મહિમા સહિત એક જ વાર યાત્રા કરે તો તેના ફળની કાંઈ ગણતરી જ ન થાય એટલું ફળ પામે છે.

જે કોઈ બ્રાહ્મણજન નારાયણસરમાં ભાવનાથી નાય અને ત્યાં પોતાનાં નિત્ય કર્મ કરે તે શુભ કર્મો કરવાથી કરાવવાથી તેના કરોડો જન્મનાં કરેલ બધાં જ મહાપાપો નાશ પામે છે. તેના શરીરમાં નિષ્પાપ થઈને સુખી થાય છે. જે જન નારાયણસરમાં એવા ધર્મ સમાં ભગવાનનાં તીર્થોનાં નામ ઉચ્ચારણ કરતાં કરતાં તીર્થોનું સ્મરણ કરતાં સ્નાન કરે તે એક જ વાર નાવાથી એને સ્નાનના પ્રતાપથી બધાં જ તીર્થોમાં નાહ્યાનું ફળ પામે છે અને સુખ પામે છે. જે કોઈ દ્વિજાતિ છપૈયા જઈને દેવતીર્થમાં દેવને તર્પણ કરે તે તર્પણના જળથી બ્રહ્માદિ દેવો તૃપ્તિ પામે છે. બધા જ દેવો રાજી થાય છે. અશુભ માણસ કર્મનો અભાગિયો જો દેવ કે પિતૃને તર્પણ આપ અને તે ન લેતા હોય તો તે મનુષ્ય નારાયણસર તથા ધર્મેસરમાં સ્નાન કરીને પછી તર્પણ આપે તો તે જરૂર પિતૃઓ સ્વીકારે જ છે. એ નિર્વિવાદ વાત છે.

નારાયણસરમાં સ્નાન કરીને પવિત્ર થયેલો જીવાત્મા, તે બ્રાહ્મણ જેવો પવિત્ર થાય છે. તે જો ભગવાનની મૂર્તિનું ધ્યાન ધરે તો તે મનુષ્યને ભગવાનનાં દર્શન જરૂર થાય છે. બ્રાહ્મણ નારાયણસરમાં સ્નાન કરીને હાથમાં જળ લઈને દિનના મણિ સૂર્યનારાયણને અર્ઘ્ય આપતા હતા ત્યારે તે સૂર્યનારાયણ પણ અતિશય રાજી થઈ ગયા. તે ભક્તિરૂપ તે ભક્તને ફળ આપતા હતા. જે દ્વિજ જાતિથી નીચા વર્ણનો નીચ એવાં નર, નારી પાપથી ભરપૂર ભરાયેલો મનુષ્ય ધર્મ તળાવનાં પાણીનો સ્પર્શ કરીને હાથ જોડીને સૂર્યનારાયણદેવનું આરાધન કરે છે તે સારા ભાગ્યવાળો થાય છે. સર્વનું મંગળ કરનાર જે હરિવર્મ મંત્રનું હજાર નામ મંત્રનો પાઠ નારાયણસરમાં જઈને કરે તો તેનું હજાર ગણું ફળ મળે છે અને પરમ ગતિને પામે છે.

હે મુનિરાય ! બાર વર્ણરૂપ અને આઠ પદમાં મંત્રનો જાપ કરે તે જીવાત્મા પરમધામ રૂપ શ્રીહરિના ચરણકમળને પામે છે. સર્વોપરિ સુખને પ્રાપ્ત કરી આનંદ મેળવે છે. આઠ સત્સાસ્ત્રો શ્રીહરિને પ્રિય કહેવાય છે. તેથી તેનું અનુષ્ઠાન પુરશ્ચરણ કરવામાં આવે છે. તેનું ફળ અલૌકિક થાય છે તથા તેનો મહિમા અથાગ છે તેનો કોઈ અંત નથી. તેથી મારાથી તેનું વર્ણન થઈ શકે તેમ નથી. હે મુનિવર ! આ જગતમાં ધર્મ, અર્થ તથા ઇચ્છિત સુખો સર્વ વર્ગોને સમાન જ મળે છે. તેથી તે વર્ગ સુખ પામે છે. દેવોને દુર્લભ પવિત્ર સ્થળ સામાન્ય જીવાત્માને પ્રાપ્ત થાય છે. તેનું ફળ ભોગવે છે. તેના મહિમાને હું કેવી રીતે વર્ણન કરી શકું. જે જીવાત્મા છપૈયાપુરમાં નિવાસ કરે છે. તે નરનારી તેના ઉપર દેવના દેવ શ્રીહરિ રાજી રહે છે. તે જીવાત્મા છપૈયાપુરમાં પોતાના દેહને છોડે છે. તે જીવાત્મા પ્રભુ ચરણકમળની સેવામાં રહે છે. સુખ પામે છે. જે કોઈ જડ જીવાત્મા આ છપૈયાપુરમાં પોતાના શરીરનો ત્યાગ કરે છે. તેને દેવો તથા દેવરાજ ઇન્દ્ર ચંદ્ર સૂર્ય આદિનું કોઈનો બાધ રહે તો જ નથી. મારા ચરણના ચિહ્નોથી યુક્ત આશ્રય કરેલ છે. તેથી તેમની કૃપા છે. તેથી દેવો પોતાના મનમાં તે જીવાત્મા પ્રત્યે સંકોચ મનવાળા રહે છે. તે સુખ પામે છે.

મંદિરમાં શ્રી ઘનશ્યામ પ્રભુ તથા રાધાકૃષ્ણની મનોહર મૂર્તિ વિરાજમાન છે. તેને વસ્ત્ર, આભૂષણ અર્પણ કરીને પૂજન કરીને પૂર્ણ મનોકામનાવાળો થાય છે. પ્રેમ હેતથી ઘનશ્યામ પ્રભુને થાળ કરીને જમાડે છે. તેના ભાવને સ્વીકારીને પ્રભુ તેનું ફળ આપે છે. તે સર્વ બ્રહ્માંડોને જમાડે તેટલું ફળ પામે છે. હે રાજન ! આ

છપૈયાપુરમાં કાયમ માટે શ્રી હરિકૃષ્ણ ઘનશ્યામ પ્રભુ પોતાના સ્વરૂપમાં નિવાસ કરીને રહે છે. જે કોઈ જીવાત્મા અતિ વિરહવાન થઈને દર્શન કરવા આવે છે. તો તે જીવાત્માને તે જગ્યાએ પ્રભુનાં જરૂર દર્શન થાય છે. અમારા ઉદ્ધવ સંપ્રદાયના જે આશ્રિતો કહેવાય છે તેમણે એક વારતો જરૂર છપૈયાપુરમાં દર્શન કરવા જવું જોઈએ. કેમકે છપૈયાપુરનો મહિમા તો ખૂબ જ અમાપ છે. જે જીવાત્મા શ્રીહરિના નિશ્ચય સાથે દૃઢભક્તિ કરતાં થકાં જેટલો શ્રીહરિનો મહિમા જાણે છે તે પ્રમાણે વૈરાગ્યપૂર્વક ભક્તિ કરે છે. તેટલો જ બધાની ઉપર સર્વોપરિધામનું સુખ આપે છે. જેટલો વૈદીમાર્ગવાળો હોય તેટલું ફળ મેળવે છે.

ભગવાનની બાંધેલી મર્યાદાને જેટલી લોપે છે તે રીતે તે અસુરપણાને પામે છે. તેથી પૃથ્વી ઉપર તે અસુરના પાપનો ભાર ખૂબ જ વધી ગયો તથા તીર્થસ્થળોમાં તે બધા જ પાપીઓ જઈને રહ્યા. તેથી તે તીર્થમાં પણ પાપ વધી ગયાં. તેથી બધાં જ તીર્થો મળીને વિચાર કર્યો. તીર્થોએ મળીને નિર્ણય કર્યો કે અધમ પાપીના પાપના ભારને સહન કરી શકાતું નથી. હવે તે પાપના ભારને સહન થઈ શકે તેમ નથી. તેથી આપણે બધાં જ વિશાલા બદ્રિકાશ્રમમાં જઈને ભગવાનને પધારવા માટે ઉગ્ર તપશ્ચર્યા કરીએ. આ રીતે બધાં જ તીર્થો મળીને દેવ જેવું શરીર મેળવીને તપ કરવા માટે બદ્રિવનમાં ગયાં. પોતાની ઇચ્છા પ્રમાણે તપ કરીને પ્રભુને રાજી કર્યા. હે મુનિરાજ ! એમને પ્રભુએ ઇચ્છિત વર આપ્યાં.

નારાયણ ભગવાન રાજી થઈને તીર્થોને કહે છે, હવે તમે બધાનું જે દુઃખ છે તેનું નિવારણ કરું છું. તેના માટે હું ભૂમંડળમાં ભરતખંડમાં મનુષ્ય દેહ ધરવાનો છું. તે કૌશલ દેશમાં છપૈયાપુર ગામમાં ધર્મભક્તિના ઘરમાં પ્રગટ્યા. પ્રગટ થઈને પૃથ્વી ઉપર વિચરણ કરીને તીર્થ કરીશ અને અધર્મનો નાશ કરી પવિત્રતા સ્થાપન કરીશ. એટલા માટે તમો બધાં જ છપૈયાપુરમાં નિવાસ કરો. તે છપૈયાપુરમાં મારું પરમ અવિનાશી સ્થાન છે માટે ત્યાં જાઓ. શ્રી નારાયણ પ્રભુએ આજ્ઞા કરી એટલે તે સર્વે તીર્થો આનંદપૂર્વક ફરીથી ભૂમિ ઉપર છપૈયાપુરમાં ભુમિનાં બધાં જ તીર્થો આવીને વસ્યાં છે, તે છપૈયાની ભૂમિ પ્રભુના ચરણચિહ્નોથી પવિત્ર થયેલ છે. તેથી ત્યાં જ નિવાસ કરીને રહેવા લાગ્યાં છે.

હે રાજન્ ! વાવ, કૂવા, સરોવરો, નદીઓ, વનો, બાગો બધાં તીર્થરૂપ છપૈયાની બધી જ ભૂમિ જેવી પવિત્ર ભૂમિ બીજે નથી તેથી જે પૂર્વે સ્વર્ગાદિ લોકો તથા અપવર્ગોથી આ ભૂમિ મહાન પવિત્ર અતિ સર્વથી શ્રેષ્ઠ કહેલી છે. છપૈયાપુરમાં પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુનાં દર્શન કરવા વિષ્ણુ, શંકર, બ્રહ્મા, શેષનારાયણ તથા શ્વેતદ્વિપ બદ્રિકાશ્રમના મુનિજનો દેવો આદિ સર્વે સમાજ તથા. અનંત કોટિ બ્રહ્માંડોના ઈશ્વરો જેમના ચરણકમળને નમન કરે છે. પૂજે છે. તેજ પ્રભુ અક્ષરધામમાંથી આ છપૈયાપુર ભૂમિમાં વિચરણ કરે છે. તેજ સર્વ ઈશ્વર પૂજ્ય છે. બધાં જ તીર્થનાં તીર્થપતિ તથા બધા જ દેવોના દેવ બધા જ ધામોના ધામી મહાપ્રભુ શ્રીહરિ આજ પુરમાં કાયમ માટે નિવાસ કરે જ છે. તેજ પ્રભુ પૂર્ણ પુરુષોત્તમ પ્રભુના નિવાસ ધામની તેની શોભા મહાત્મ્યને બ્રહ્માદિક તથા શેષશારદા પણ કહી શકતાં નથી. તેજ લીલા મારા હૃદયમાં પ્રકાશ કરીને જાગ્રત કરે છે. તે તો ધર્મપુત્ર નારાયણ જ છે. તે પ્રભુનાં મહિમા યુક્ત પુરની મહિમાની વાત કોઈ પૂછે તથા કોઈ કહે તથા કોઈ મહિમા સહિત સાંભળે તો તેના પાપો બળી જાય છે. તેમ મહિમા સાથે ભક્તિ કરે તો અનંતકાળ સુધી પ્રભુના ચરણમાં વાસ કરે છે.

છપૈયાપુરના મહિમાને જે કોઈ મુનિજન જે નરને કહેતાં થકાં કોઈ સાંભળે તો તેનાં પણ બધા જ પાપો બળી જાય અને તેને ફરી ભવબંધનમાં ન જવું પડે, એવો પરબ્રહ્મ પ્રભુનો મહિમા છે. અનંત શેષો, શારદાઓ,

નિગમો અનેક ભવ બ્રહ્મા આદિક તથા છ પદવાળા ભ્રમરો પણ આ છપૈયાપુરના મહિમાને કહેતાં કહેતાં પાર પામી શકતા નથી. એટલો બધો એનો મહિમા છે. ભૂમિની રજકણ તથા સૂર્યના કિરણમાંથી નીકળતા રજબિંદુની ગણના કરી શકાય છે. પરંતુ છપૈયાપુરના મહિમાને મુનિજનો પણ કરી શકતા નથી. મુખથી ગાતાં પાર પામી શકતા નથી.

પાંદડાં, પાંખડીયો, પશુઓ, પક્ષીઓ બધાંની ગણતરી થાય તથા આકાશમાં તારાની ગણતરી થાય પણ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પ્રભુએ જ્યાં અવતાર ધારણ કર્યો તે પુરનો મહિમા તો અપરંપાર છે. તેની તો કોઈ ગણના થાય જ નહીં.

**આ પ્રમાણે શ્રીહરિલીલાસિંધુમાં ત્રીજા બાલચરિત્ર રત્નમાં વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિ જન્મસ્થળ પુર, નારાયણસર, ધર્મસરનો મહિમા વર્ણન કર્યો તે નામે નવમો તરંગ થયો. ॥૯॥**

# તરંગ-૧૦

રાજા કહે છે, હે મુનિદેવ છપૈયાપુરનાં મુનિજનો મનમાં એવું માનતા કે સર્વ લોકના લોકપાલો આવતા ત્યારે સુગંધવાળું શોભાયમાન પદાર્થ તથા સુવાસ યુક્ત પદાર્થ છાંટવાથી ચારેબાજુ સુવાસ પ્રસરતિ હોય એ પ્રમાણે કવિને લાગતું હતું. હે મુનિરાજ ! આપે છપૈયાપુરની શોભાનું તથા મહાત્મ્યનું મને જે વિસ્તારથી વર્ણન કરીને સમજાવ્યું તે તો ખૂબ જ કહ્યું. હવે શ્રી ઘનશ્યામની શિશુલીલા સાંભળવાની ઈચ્છા થઈ છે તો તે મને સંભળાવો.

સુવ્રત મુનિ કહે છે જે દેવતાઓ વિમાનમાં અગરબત્તી પ્રગટાવીને તેનો ધૂપ કરીને વિમાનોનો સમુહ છવાઈ ગયો. તે પુરમાં શ્રીહરિ બાળકોની સાથે મનોહર વિનોદ કરતા શોભતા હતા. ક્યારેક ચોકોમાં તથા ગાલિઓમાં બાળકોનાં ટોળાંમાં બાળ લાલને જોતાં હતા તે પાછા ક્યારેક ગામની બહાર, ક્યારેક બાગબગીચામાં, ક્યારેક તાલપૂર્વક રમતા હતા. શ્રીહરિ જ્યારે જ્યારે બાળકોની સાથે નારાયણસર તથા બગીચાઓ બાજુ વિચરવા નીકળે ત્યારે નારાયણસરનાં જળમાં જળક્રીડા કરે ત્યારે સર્વે બાળકોમાં શ્રી ઘનશ્યામ પ્રભુ અતિ ચંચળ સ્વભાવવાળા શોભે છે. તેથી જગતના નિયંતા જણાઈ જાય છે. હે વર્ણિ ! ત્યારે પ્રભુજળમાં એકાદ કિલકારી કરીને ઉછાળો મારે અને બાળકોને પાણીમાં ડુબકી મારીને નહાવાનું શીખવાડે. પોતે ડુબકી મારીને ઉંડા ઉતરી બાળકોને શોધાવે પણ મળે નહીં અને દૂર બહાર નીકળે બાળકોને હાથ ન આવે. આ રીતે રમતાં થકાં પ્રભુ બાળકોથી બહુ દૂર નીકળીને હસવા લાગે ત્યારે બાળકો હરિને દૂર બહાર નીકળેલા જોઈને ડરવા લાગે કેમકે આ રીતે રમતાં ડૂબી જાય તો એના પિતા અમારી સાથે લડે, વઢે તેની બીક લાગે. જ્યારે બાળકો ગભરાયા ત્યારે શ્રીહરિ નાવની માફક તરતા થકા ત્યાં આવે. જેમ ચંદ્રમા સમુદ્રમાંથી ઉદય પામે ને જેમ ઉપર આવે તેમ પ્રભુ પાણીમાં તરતા હતા. પ્રભુને પામીને એમની કળા જોઈને બાળકોને ધર્મકુમાર શ્રી ઘનશ્યામની જળલીલા જોઈને આશ્ચર્ય થતું હતું.

શ્રીહરિ કમળ નાળમાંથી કમળને ખેંચીને કમળને હાથમાં લઈને પોતાના મુખકમળ ઉપર ફેરવતા હતા. કનૈયો કમળકુળમાં સારા તારાની માફક રમત કરતાં હતાં. બાળકોની સાથે રમતો રમતાં થકાં બાળકોથી ઘેરાયેલા. ક્યારેક ક્યારેક પોતાના પ્રતિબિંબને જળમાં પડતો જોઈને પ્રભુજળમાં જ નૃત્ય કરે છે ત્યારે બાળમિત્રો હાથની તાળી પાડીને નાચવા લાગે છે. તે ખૂબ જ શોભા થાય છે. ક્યારેક ક્યારેક પોતાના પડછાયા જોઈને તેની ભેગા જ દોડે છે ત્યારે તે સમયે મુનિઓના રામ પ્રભુ ખેલ કરીને જગતના જીવોને મોહ પમાડે છે. ક્યારેક પાણીમાં

અવાજના પડઘાં પડે તેને સામે પડઘાં કરે છે ત્યારે પણ શોભે છે. ક્યારેક મોર, કોયલ આદિ બોલે છે ત્યારે તેની ઉપર પણ હરિ સામો શબ્દ કરે છે. અલૌકિક વાતાવરણ થાય છે. ક્યારેક બાળકોની સાથે બગીચામાં જાય ત્યારે ત્યાં ફળ ફૂલ ખૂબ જ શોભતાં હોય ત્યારે બાળમિત્રો જાતજાતનાં ફળો લાવીને હરિની આગળ ઢગલો કરે. સારા, મીઠાં, ગળ્યા, ગરભવાળા ફળો તેમાંથી હરિ ખાય અને બાળકોને પણ ખવરાવે. આ રીતે ફળ ખાઈને તૃપ્ત થાય ત્યારે બધાં જ બાળમિત્રોની સાથે લાલોફૂલ, દળ, મૂળથી બાળકોને રમતો રમાડે. એકબીજા ઉપર નાંખે.

એક બીજાને ફળ મારતાં હતાં અને બાળકોને ઝગડાવતા હતા તથા ત્યાં વાનરો અને માંકડાંઓને મોટો આનંદ ઉત્સવ થતો હતો. સારાં સારાં ફળો ખાવા મળતાં હતાં. એટલે વાનરો ત્યાં ફળ લેવા આવતાં હતાં ત્યારે તેમની પાછળ બાળમુકુંદ દોડતા હતાં. આ રીતે અનંતમૂર્તિ પ્રભુના ચરિત્ર મહિમાને છંદો ગાતા હતા. પ્રભુ આનંદ આપતા હતા. જ્યારે વાનર ફળ લઈને ઝાડ ઉપર ચડવા જાય ત્યારે તેને છેતરીને પ્રભુ હળવે હળવે પાસે જાય. ભૂમિ ઉપર પડેલી પૂંછને પકડવા પ્રભુ તેની પાસે જાય. ત્યારે વાનર કિલકારી કરી જોવા લાગે ત્યારે પ્રભુનો મોટો આનંદનો ઉત્સાહ થાય. વાનરને હરિ ફળ દેખાડીને લલચાવે ત્યારે પ્રભુ પાસે ફળ લેવા આવે.

ફળને અધ્ધર ઉછાળે અને વાનરને ઝીલાવે. આ રીતે વાનરની સાથે ખેલ કરે અને ક્યારેક સખાઓની સાથે જાય અને લથપથ થઈને પાછા આવે. ક્યારેક ક્યારેક પોતાનાથી મોટાને પાડી દઈને પોતાની બળ છળની ઉક્તિને સાર્થક કરી બતાવે ત્યારે બધાં જ બાળકો આશ્ચર્ય પામતાં હતાં. ત્યારે લાલાને બાળકો પોતાનાથી મોટા માનતાં હતાં. આ રીતે શ્રીહરિ ચરિત્રો કરતા હતા. આવી રીતે શ્રીહરિ પ્રભુ અનેક ખેલો બાળકોની સાથે કરાવતા હતા. ક્યારેક ફૂલના ગુચ્છ બનાવીને બાળકો હાથમાં લઈને કાન ઉપર ધારણ કરાવતાં હતાં. ક્યારેક ક્યારેક મોટા સારાં ફૂલોના સુંદર હાર બનાવીને ધારણ કરાવતાં હતાં. ક્યારેક ક્યારેક ફૂલનો દડો બનાવીને રમતાં થકાં ધર્મનંદન પ્રભુ ઊંચો ઉછાળતા બાળકોને રમાડતા હતા. જ્યારે મહારાજ બાલપ્રભુ દડો ઉછાળવાની રમત રમતા હતા તે જ સમયે તે રાજા ખૂબ જ શોભતા હતા. અતિ ચંચળતાથી પ્રભુએ અવળા ફરીને ઊંચા વેગથી દડો ઉછાળીને હરિ ફરી ગયા. ત્યારે દડામાં ઉર્ધ્વ કટાક્ષ લાગ્યો ત્યારે બધાના ચિત્તમાં ખ્યાલ આવ્યો અને બધા જ રસબસ થઈ ગયા. દડો આમતેમ જાય ત્યારે તેના ભેળા જ શ્રીહરિ પોતાના હાથને ઊંચા કરીને બોલને જીલી લીધો. તે જ સમયે દેવો, મુનિગણોનો સમુહ વિમાનોથી આકાશમાં છવાઈ ગયાં. પ્રભુની કુસુમવિહાર લીલાનાં દર્શન કરવા લાગ્યા. એક ચિત્તથી દર્શન કર્યાં. હરિ દેવને જોઈ રાજી થયા. દેવો અને મુનિજનો પ્રભુના હાથનો પ્રસાદીનો દડો લેવાની ચાહના કરતા હતા. હાથ જોડીને પ્રભુની સ્તુતિ કરતા હતા. બ્રહ્મવાણી ઉચ્ચારતા હતા ત્યારે તેમના અંતરની વાત જાણનારા પ્રભુએ દડો હારતોરા બધું જ તેઓને આપીને રાજી કર્યા. દેવો ભગવાનના હાથનાં એક એક ફૂલને માટે એકબીજા ખેંચતાણ કરતા હતા. જેના ભાગ્યમાં હતું તે દેવને ફૂલ મળ્યું. જેના ભાગ્યમાં નહીં હોય તેને ન મળ્યું.

આ આનંદને પ્રભુ બાળમિત્રોના ગળામાં હાથ રાખીને આનંદથી જોતા હતા. ભગવાન શ્રીહરિની ઇચ્છાથી બાળકોએ આ દેવોની રમતને જોઈ. દેવોએ ફૂલનો વરસાદ કર્યો. જાતજાતનાં ફૂલ વર્ષાવીને પ્રભુને વંદન કરીને વિમાનમાં બેસીને ગયા. આ રીતે શ્રીહરિના ચરિત્રમાં આશ્ચર્ય પામીને બધાં જ બાળકો શ્રીહરિને બધા જ દેવોના પાલન કરતા દેવાધિદેવ માનતા હતાં. ત્યાર પછી શ્રીહરિ બાળસખાઓની સાથે ચાલતા થયા. શ્રીહરિની મૂરતિમાં પોતાના મનને રંગમાં રંગતા થકા ચાલ્યા. નારાયણસરના કાંઠે આવ્યા. પાણી પીધું. ખૂબ તૃપ્ત થયા.

નિર્મળ પવિત્ર જળપાન કર્યું તેથી. બાળસખાઓના સમૂહ વચ્ચે મુનિઓના સ્વામી શ્રીહરિ પુર પ્રત્યે પ્રવેશ કરતા હતા ત્યારે ગાયોનાં ધણો આવવાનો સમય થયો હતો. તેથી રજ ઉડવાથી મુખચંદ્ર ઉપર રજ લપેટાવા લાગી તેની શોભા થતી હતી. તે પ્રભુના મુખ જોવા માટે વિરહથી વાટ જોતી ગલીઓમાં ઘરના દરવાજા ઉપર નગરની સ્ત્રીઓ ઊભી રહીને રાહ જોતી હતી ત્યારે શ્રીહરિ તો બાળસખાઓનાં ટોળાંમાં વિટાયા થકા આવતા હતા. જેમકે આકાશમાં ગ્રહનક્ષત્રમંડળમાં ચંદ્રમા શોભે તેમ શોભતા હતા. જેમકે નેત્રથી પાન કરી રહી હોય ને શું? તથા નાસિકાથી આવતાંવેંત જ સુંઘતી હતી. હાથથી આલિંગન કરીને હૃદયના ઉમળકાથી ભેટતાં હતાં. શ્રીહરિના મુખકમળને જોઈને જેમ ભમરો લોભાય તેમ પુરની સ્ત્રીઓ ચકોર દૃષ્ટિથી કેટલીક હરિના શ્યામસ્વરૂપને જોઈને દર્શન કરીને આનંદસાગરમાં ડૂબતી હતી.

એવી રીતે લોકો લાગણીથી સ્નેહસહિત સુખદાતા પ્રભુને નિરખીને જોતાં હતાં. પ્રભુ નગરનાં જનોને નેત્રનો ઉત્સવ કરાવીને સખામંડળની સાથે ઘનશ્યામભાઈ શોભતા હતા. હરિજનો હેતથી શ્રીહરિને પોતાના હૃદયમાં ખેંચે છે. મૂરતિને જોઈને તેમના હૈયામાં સ્ફૂર્તિ રહે છે. પુરના જનોના મનને પરવશ કરનારા ધર્મકુળના કુમાર દેવોના દેવ સુખ આપનારા છે. બાળકોની સાથે શ્રીહરિ પોતપોતાના ઘેર આવ્યા. ભક્તિમાતા જેમ ગાય ઘેર આવે ને વાછડાં ઉપર હેત વર્ષાવે તેમ માતાએ પુત્ર ઘનશ્યામને તેડી લીધા. ચુંબન કરી હેતથી ખોળામાં બેસાડીને પયપાન કરાવવા લાગ્યાં.

બાળકને તેડીને પ્રેમવતી માતા કહેવા લાગ્યાં કે પુત્ર બાળકોની સાથે રમવા બહુ દૂર ન જવું. કેમકે બગીચાઓ કે સરોવરમાં ભારે ભય રહે છે. તમે હજુ નાના છો તેથી દુર ન જવું. નજીકમાં જ રમવું. આ રીતે બાળકોને ભક્તિમાતા કહેતાં હતાં. બાળકો કહેવા લાગ્યાં, હે માતા ! અમે તો આજે સરોવરમાં નાહ્યાં તથા ફળો ખાધાં અને બગીચામાં જઈને ખેલ કર્યા. ત્યાં અમને ઘનશ્યામે અદ્‌ભુત બતાવ્યું. ત્યાં અતિશય તેજવાળા સુંદર શરીરવાળા ખૂબ જ ચંચળતાવાળા શોભાયમાન શરીરવાળા એવા એ સાધન સામગ્રી દ્વારા સ્તુતિ કરીને પગનું પૂજન કર્યા ત્યાં તો દિવસ પૂરો થયો. અને અમે અહીં આવ્યાં. હે માતા અમે આ રીતે રમ્યાં. ફૂલોના ગુચ્છ ફૂલના દડો શ્રીહરિના ઉરમાંનો હાર તે બધું શ્રીહરિએ દયા કરીને પ્રભુએ દેવોને આપ્યાં ત્યારે તે ફૂલો માટે તે બધા જ દેવો લડ્યા તોય પણ પુરા ન થયા. ત્યાર પછી દેવો જતી વખતે અમારી ઉર ફૂલનો વરસાદ કરતા ગયા. તે ફૂલો અતિ સુગંધવાળાં સુંદર હતાં. આ રીતની બાળકોની વાત સાંભળીને માતા પ્રેમવતી મનમાં આશ્ચર્ય પામતાં થકાં મનમાં મુસ્કુરાતાં હતાં.

તે જ સમયે બાળકોની માતાઓ પોતપોતાના ઘેરથી પોતાનાં બાળકોને લેવાના બહાનાથી ત્યાં આવી ભગવાનનાં મુખનાં દર્શનનો મનમાં ભાવ કરીને આવી હતી. ત્યારે બાળપ્રભુને માતાના ખોળામાં બેઠેલાં જોયા. તે પ્રભુ શરદઋતુના કમળ સમાન મુખકમળને જોઈને સુખ પામતી હતી. ત્યાર પછી પોતપોતાના બાળકોને તેડીને પોતાના ઘરે આવી. પુત્રના મુખથી વનમાંના આશ્ચર્યને સાંભળતી હતી. માતાએ અતિ સુંદર પદાર્થો નાંખીને દૂધને ઉકાળી પાકું કરીને અંદર ધોયેલી સાકર નાંખીને ઘીમાં પુરી બનાવી સુંદર ભાત તૈયાર કરીને માતા પ્રેમવતીએ શ્રીહરિને સારી રીતે જમાડ્યા. જમ્યા પછી તૃપ્ત થયા ત્યારે માતાએ સ્વચ્છ જળથી હાથ અને મુખ

ધોવડાવીને તૈયાર થયા ત્યારે શ્રીહરિની નયનોમાં નિંદનો ભાસ થવા લાગ્યો ત્યારે માતાએ શયન માટે સય્યા તૈયાર કરીને પ્રભુને શયન કરાવતાં હતાં.

આ રીતે મુનિઓ તથા સર્વ જીવોના પાલક પ્રભુ શ્રીહરિ રોજ નવીનવી લીલાઓ કરતાં રહે છે. તે આ ભગવાનની લીલામાં એકાગ્રતા થાય અને માયામાંથી મુક્ત થાય તો તે જીવ ન્યાલ થઈ જાય છે. પરમપદને પામે છે.

**એ પ્રમાણે શ્રીહરિલીલાસિંધુમાં ત્રીજા બાલચરિત્ર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારી રચિત છંદભાષામાં શ્રીહરિ નારાયણ સરોવર બગીચાની લીલાના વર્ણનમાં દશમો તરંગ થયો. ।।૧૦।।**

# તરંગ-૧૧

પ્રતાપસિંહ રાજા કહે છે, શ્રીહરિએ છપૈયાપુરમાં રહીને અનેક પ્રકારની લીલા કરી તે લીલાને સાંભળવા માટે મારા મનમાં ચાહના છે. તે કથા ફરીથી મને કહો. તે પુન્ય આપનારી કથા છે. હે મુનિ ! શ્રીહરિએ કાલિદત્તને હથિયાર લીધા સિવાય આવા મોટા મહાન અસુરને કેવી રીતે માર્યો. તેમાંય નાની બાળઅવસ્થામાં જ માર્યો તે સજ્જનતાનું પરિણામ છે. તે ચરિત્રની કથા મને વિસ્તાર કરીને કહો. આપ તો સારામાં સારા સમજુ મુનિજન છો. આ ચરિત્રસિંધુને આપ તો સારી રીતે જાણો છો. તેથી ત્રિકાળજ્ઞ ભગવાન તેમનાં ચરિત્ર પવિત્ર છે. તે મને સંભળાવો.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! તમને ધન્ય ધન્ય છે. કેમકે જ્યારે જે કોઈ કથા પ્રસંગ હોય તેમાં તમે પૂછો તે તમને કહું છું. મારા ગુરુ શતાનંદ સ્વમીએ માર્કંડેય મુનિને તીર્થરાજ પ્રયાગમાં પૂછેલું તે તમને હું કહું છું. હે રાજન્ ! કાલીદત્તનો પ્રસંગ તમે પૂછ્યો તે કહું છું. તેમાં ખૂબ જ દિવ્યચરિત્રો શ્રીહરિ ઘનશ્યામ મહારાજનાં છે. તે તમે સાંભળો. એકવાર શ્રીહરિ સખાઓની સાથે મોટો સમાજ લઈને રમતો રમવા તથા ફળફૂલ ખાવાના માટે બાગમાં ગયા. ત્યારે દિવસ અસ્ત થવાને થોડોક જ સમય રહ્યો હતો તે સમયે બધાં સજ્જનો બાળકો પુરથી પૂર્વ દિશામાં ફળફૂલનો મોટો બગીચો છે. તેમાં ફળ પણ બહુ આવેલાં છે. આંબા, કદંબ, અશોકવૃક્ષો અપાર છે. તેની ડાળો ફળના ભારથી જુકી રહ્યાં છે. અતિશય ઊંચો ફેલાયલો વટવૃક્ષ બહુ ગુંચાયેલો છે તથા શીશવ સાદડ સાગનાં પણ મોટાં મોટાં વૃક્ષો શોભે છે. અનાનસ, ફણસ, અંજીર, એલાયચી, તજ, તમાલપત્ર, સોપારીનાં વૃક્ષ, ભીલામા, સંતુર, દાડમ, કેળનાં ફળો, જાંબુનાં ફળો, કોઠી, બિલી, કેતક આદિ વૃક્ષોનાં ફળો ખૂબ જ હતાં.

શ્રીહરિ ઘનશ્યામ પ્રભુએ બાળસખાઓની સાથે આવા સુંદર બાગમાં પ્રવેશ કર્યો અને બધાં બાળમિત્રો લાલની ખૂબ જ સંભાળ રાખતાં હતાં. બધાં વૃક્ષમાંથી મીઠાં મીઠાં ફળો લાવી લાવીને પ્રભુ પાસે ભેગાં કરતાં હતાં અને હરિને જમાડતાં હતાં. પ્રેમથી જમાડીને પછી પોતે જમતાં હતાં. બધાં જ બાળકો આ રીતે સંભાળ કરતાં હતાં. આ રીતે બાળકોએ બાગમાંથી ઘણાં બધાં ફળો ખાધાં અને લાલાએ પણ ખાધાં. જેમ જેમ વૃક્ષોમાંથી મળે તેમ ખાતાં ગયાં. એક વૃક્ષને છોડીને બીજામાં લે. આગળ જાય. તે જોતાં જોતાં ખૂબ જ દૂર ચાલ્યાં ગયાં.

ખૂબ ફળો ખાઈને પછી રમતો રમવા લાગી ગયાં ત્યારે એમને ઘરની યાદ પણ ભૂલાઈ ગઈ. રમતે વળગ્યાં તથા હરિની સાથે આનંદ વિનોદ કરતાં કરતાં તો સાંજ થઈ ગઈ. સૂર્યનારાયણ પણ અસ્ત પામી ગયા. અંધારું થવા લાગ્યું. બાળકો રમવામાં રહ્યાં. એટલામાં અંધારું થઈ ગયું અને દિશાનું ભાન પણ સૂઝતું ન હતું એવું અંધારું થઈ ગયું ત્યારે તે જ સમયમાં સારો લાગ જોઈને હરિનો શત્રુ કાલીદત્ત બાળકોનું રૂપ લઈને સારો વેશ પહેરીને બાળકો ભેગો આવી ગયો.

તે પોતાના મનમાં મહાકપટથી ભરેલો મહાભયંકર જેમ સોનાના ઘડામાં મદિરા ભરેલી હોય ને શું, તેમ એના મનમાં અતિશય દ્વેશ ભરેલો હતો. મારી મોકલેલ કૃત્યાગણને આ હરિએ જ મારી નાંખેલી છે. તેથી એનું વેર લેવા માટે અત્યારે સારો મોકો મળેલ છે. એમ નક્કી કરીને વેર લેવા માટે વિકરાળ કાર્ય કરવાનો પ્રારંભ કરતો હતો. તે અસુર પોતાના શત્રુ હરિને મારી નાંખવાની તક જોતો રહેતો હતો ત્યારે આજે એ અવસર મળ્યો છે. તેથી લાગ જોઈને મંદ ભાગ્યવાળો અહીં આવ્યો. આ બાજુ બાળકો એક એક ભેરુની રમત રમતાં હતાં ત્યારે શ્રીહરિ અરસપરસ પોતાને લડાવવાની લીલા કરતા હતા. માયાવી મનવાળા અભિમાનથી મદવાળો થઈને બાળકો રમતાં હતાં. તેમાં બાળક રૂપે થઈને ભળી ગયો ત્યારે સર્વનાં અંતરયામી શ્રીહરિ પ્રભુ આ બધી જ માયાને જાણતા હતા. મનમાં બધું જ જોયા કરતા હતા.

ત્યારે શ્રીહરિ કહે, આ બાળકનો તો હું જ ભેરુ થઈશ. માટે હું આની સાથે પ્રથમ લડશી અને તમે દૂર ઊભા રહીને જોયા કરો ત્યારે તે અસુરને મનમાં ખૂબ જ આનંદ થયો અને હમણાં જ આ હરિનો અંત લાવીને આ ક્ષણમાં જ મારી નાંખીશ. આમ કહીને પોતાના બાહુને હરિ સામું જોઈને ઠોકવા માંડ્યો. આંખો લાલ કરીને અને ચહેરો શ્યામ થઈ ગયો ત્યારે એના પ્રત્યે ચંચળ મૂર્તિ મહાપ્રભુ અતિ ચતુર કળાવાળા બળ, છળને જાણનારા બધા જ ભેદને જાણનારા શ્રીહરિ પોતે જ સમર્થ છે. સાધારણ રીતે જ અતિ આકળા થઈને શ્રીહરિએ તે અસુર ઉપર પોતાનો પ્રભાવ જમાવીને મહાનતા બતાવી. તેથી શત્રુની સામે શ્રીહરિ શોભતા હતા. પીડા હરનારો જેમ વીરરસને પ્રકાશે તેમ પ્રભુએ તે અસુર સામે વીરરસને ધારણ કર્યો.

પ્રભુ પોતાના શત્રુને ચેતવવા માટે બંને બાહુને ઠોકીને સાવધાન થઈને શત્રુને લલકારવા લાગ્યા ત્યારે દેવોનાં વિમાનો લઈને આકાશમાં આવીને છવાઈ ગયાં. આ પ્રભુની લીલા જોવા તત્પર થયા. ક્યાં અતિ ઉત્પાત્ત કરનારો મહા માયાવી દુષ્ટ ચરિત્રવાળો મહા અસુર, અને ક્યાં કોમળ અંગોવાળાં બાળસ્વરૂપ શ્રીહરિ બાળ ક્યાં, આ રીતે દેવતાઓ પોતાના મનમાં વિચાર કરીને ઉદ્‌ગારો કાઢતા હતા. સર્વ કારણના કારણ પ્રભુ અસુરની સાથે લડવાની કળ જાણતા હતા. તેથી પોતે તેની સાથે લડવા માટે અનુરૂપે આવ્યા. જેવી રીતે કેસરી સિંહ શિકાર પકડે તે રીતે બાળપ્રભુએ અસુરને પકડીને પરાસ્ત કરવાનો નિર્ણય કર્યો. જ્યારે અસુર પોતાના હાથ પહોળા કરીને હરિ પાસે આવ્યો તેવા જ તેના હાથ પકડીને તેને ઝકઝોળ્યો. ત્યારે તે કાળિદત્ત પોતાના હાથથી જોર કરી કરીને થાકી ગયો પણ પ્રભુના બંધનમાંથી છૂટી શક્યો નહીં. જેમ મોટા સાપને મોટા સાંણસાંથી પકડે તેમ આ શત્રુને પણ હરિએ ખૂબ જ કસીને પકડ્યો. જેમ જેમ શત્રુ છટકવા પ્રયત્ન કરે તેમ તેમ હરિ તેને વધુ દબાવે. તેથી અસુર પોતાના મનમાં જાણે જે મારો અંત આવી ગયો છે.

પ્રભુના દબાવવાથી અસુરના હાથમાંથી લોહી વહેવા માંડ્યું. અંગારા બળવા લાગ્યા. પ્રભુ દબાવે અને કલિદત્ત અતિ અકળાય અને મનમાં ધારે જો હું છૂટું તો પોતાની માયાને ફેલાવીને આ બાળહરિને મારી નાખું. આ રીતે અન્યાયથી વિચારતો હતો. અસુર રાજ પોતાના મનમાં એમ માનતો હતો કે હરિની સાથે છળ કરીને થોડો હાથ ઢીલો થાય એટલે મારું માથું ઘનશ્યામને માથાં ઉપર મારીને મારી નાંખું. પણ શ્રીહરિ તો હાથની પકડ ઢીલી પાડતા જ ન હતા ત્યારે તે સૂરે જોર કરીને હરિને પાછળ દડાવીને પાડવાનો પ્રયત્ન કર્યો પણ હરિ તો અડગ જ રહ્યા અને અસુરે પોતાનું શરીર તોડવાનું કર્યું.

શત્રુએ જોર કરી કરીને પોતાના શરીરને તોડી નાંખ્યું અને શત્રુના મુખમાંથી પીડાનો ઘોર શબ્દ સંભળાતો હતો. આ બાજુ હરિ પોતાના પગને થોડા થોડા પાછા પાડતા હતા અને શત્રુ પોતાના દાવ માટે જોર કરતો હતો ત્યારે પ્રભુએ તે દૈત્યને બળ વિનાનો કરીને છોડ્યો. કેમકે ફરી પાછો હરિ ઉપર નવો દાવ કરવાની તક આપી પણ સર્વના ચિત્તને ચોરતા શ્રીહરિએ અતિ બળવાળા શત્રુને પણ બધા દાવથી તોડીને ઢીલો કરી નાંખ્યો. શત્રુએ હરિના ઉત્તમાંગ ઉપર શરીરનો પ્રહાર કરવા ગયો પણ પ્રભુએ પોતાના પગને વેગપૂર્વક પાછા પાડી દીધા. જેમ બાલકૃષ્ણ પ્રભુએ કુવલયા પીડ હાથીને કુંભસ્થમાં પકડીને પોતાના શરીર બળથી ઊંચો ઉપાડીને નાંખ્યો તેમ શ્રીહરિ પણ અસુરાંશનો નાશ કરવા માટે તૈયાર છે તેમ જાણીને શત્રુ પોતાના પકડમાં બાલપ્રભુને લેતો હતો ત્યારે અતુલ બળવાળા પ્રભુને કાંઈ કરવા સમર્થ થતો નથી. એ સર્વે દેવો જોતા હતા.

મોટા મુનિજનો પ્રભુના મહિમાને જાણતા હતા. તેથી નિર્ભય હતા અને પામર ભક્તો ભય પામતા ન હતા તથા દેવાંગનાઓ જોઈને હરખમાં રત થતી હતી. જેમ નારી તપમાં મગ્ન મુનિને જોવે તેમ શ્રીહરિને જોતી હતી. આ બાજુ દેવો દુંદુભિના નાદ કરતા હતા. પુષ્પનો વર્ષાદ વર્ષાવતા હતા. મુખેથી પ્રભુનો જયજયકાર કરતા હતા. લોકોને જોતાં જોતાંમાં જ પ્રભુએ શત્રુને પાછો ખસેડતાં થકાં જોરથી ધક્કો મારીને તેના શરીરને નીચે પાડી નાંખતા હતા ત્યારે કાલીદત્તના મુખમાંથી રુધિર વહેતું હતું ત્યારે અસુરો હાહાકાર કરતા હતા. પીડા પામતા હતા. શત્રૂ મૂર્ચ્છા પામી ગયો તેથી ભય પામવા લાગ્યા. દેવો, સંતજનો, મુનિઓમાં તો જયજયકારના ઊંચે સ્વરે બોલાતા હતા અને આનંદ પામતાં હતાં. અનંતનાં કલ્યાણ કરતાં હતાં. જ્યારે દેવો જયજયકારના નાદને કરતા હતા અને અસુરો હાહાકારના શબ્દોને ગાયા કરતા હતા ત્યારે કાલિદત્ત મૂર્ચ્છામાંથી જાગીને તરત જ એકદમ ઊભો થઈ ગયો. ત્યારે તેણે પોતાના મનમાં માયા રચવાનો વિચાર કરીને અભિમાન કરીને વિકરાળ રૂપવાળો થઈ ગયો. તેણે પોતાના નેત્રોને તપાવેલા લોઢા જેવાં લાલ કરી નાંખ્યાં. પોતાના શરીરને બહુ જ મોટું વિશાળ બનાવી નાંખ્યું.

તે કાલિદત્તનું શરીર કાળી મેશનો પર્વત હોય ને શું ? મસ્તક પર્વતનું શિખર હોય તેવું તથા મુખ અને નાસિકા જાણે ગુફા જેવી ઊંચી ઉઠતી હોયને શું ? હાથ અને પગ લાંબા દંડા જેવા લાગે તે વનનાં વૃક્ષોને ઉખાડનારાં થતાં હતાં એવા લાગતાં હતાં. પ્રલયકાળના મેઘગર્જના જેવા ભયંકર શબ્દ થતા હતા એવા શબ્દ કરીને તે દૈત્ય આકાશે ચઢી ગયો અને હરિને તથા બાળસખાઓને ગળવા માટે નજીક આવ્યો. જાણે ખાવા આવ્યો હોય તેમ. ત્યારે ભય પામેલાં બાળકો બધાં જ શ્રીહરિ સામું જોઈને ઊભાં રહ્યાં. ભયથી બચવા માટે આમ કરતા હતા. ફરી પાછો આકાશે ચઢીને વાયુ અને વંટોળ વરસાદ કરીને ભયાનક વાતાવરણ કરતો હતો. ત્યારે શત્રુ

જાણતો કે હરિ અતિ માયાવી છે. કેમકે તે જનોનું રક્ષણ કરે છે. તે બધાના ભાવિને જાણે છે. આ રીતે વિચારતો હતો ત્યારે ઘનશ્યામ પ્રભુએ ઝાડની મોટી વિશાળ ડાળનો આશ્રય કરીને તેના તરફ બધાં બાળકોને ભેગાં ગોઠવી દીધાં. ધર્મલાલો બધાં બાળકોને કહે, તમે બધાં આ ઝાડ નીચે જ રહેજો. ક્યાંય આડાઅવળા ન જતાં. કેમકે હવે અતિશય ઉત્પાત્ત થવાનો છે તથા વાયુ વંટોળિયા તથા અતિ ભારે વરસાદ થવાનો છે તથા તોફાન પણ વધારે પવનનું જોર થશે.

હે રાજન્ ! આસુરી માયાના ગર્વથી પાડવા માટે, કાલિદત્તના અભિમાન ઉતારવા ધર્માલાલ બીજા વૃક્ષ તળે ગયા પણ બાળકો કોઈ જાણતા ન હતા તેમ ગયા. તે વેળા પ્રલયકાળમાં ગાજે તેમ મેઘગર્જના થતી હતી. પવનના વેગમાં માયાના પ્રકોપથી વરસાદ ખૂબ પડતો હતો. વાતાવરણમાં ઘોર અંધારું થઈ ગયું હતું. વાયુનું જોર પણ અતિશય થતું હતું. તે શરીરને કંપાવે તેવું લાગતું હતું. પથ્થરનો વરસાદ થતો હોય તેમ પાણી વાગતું હતું. પાણીનાં બુંદો પડતાં હતાં. વાયુના વંટોળથી મોટાં મોટાં ઝાડો પડતાં હતાં. વીજળીના ચમકારા ભયંકર વારંવાર થતા હતા. હમણાં પડશે. હમણાં પડશે આમ ભય લાગે તેમ વર્તાતું હતું. તૂટી પડતાં ઝાડો ઉપર બેઠેલાં પક્ષીઓ ઘણાં બધાં ઉડતાં હતાં. મેઘની ધારા પણ વારંવાર વર્ષ્યા કરતી હતી. પક્ષીઓ ભયાવહ શબ્દ કરતાં હતાં. કડાકાના ભયંકર શબ્દ થતા હતા. તેનાંથી બાળકોના ધબકારા વધતા હતા. ભય પામતાં હતાં. નાનાં બાળકો હતાં. તેથી કંપતાં હતાં. ક્યાંક ક્યાંક વરસાદમાં કરા પડતા હતા. તો ક્યાંક ક્યાંક હાડકાં માંસ લોહીનો વરસાદ થતો હતો. ક્યાંક ક્યાંક સળગતા અંગારનો વરસાદ થતો હતો. તે આ બધું આસુર આસુરી માયાના કારણે કરતો હતો. તે તો કાળિદત્ત પ્રભુને મારવા પ્રયત્ન કરતો હતો. ક્યાંક મળ તથા મૂત્રનો વરસાદ તે દુષ્ટ ખળ દૈત્ય કરતો હતો. ક્યાંક દારૂનો વરસાદ કરતો હતો. તે તો આસુરી બકરાં આદિ કુરૂપો થતાં હતાં. ક્યારેક ઘેટું, ક્યારેક ભેંસ, ક્યારેક બકરું આદિકને જુદાં જુદાં માથાં ધારણ કરતો હતો. તે કાલિદત્ત અસુર માયાના ઓથથી તેના બળથી વરસાદ, વંટોળ વિગેરે કરતો હતો. તે માયાના બળથી આકાશમાં રહેતો હતો.

હે રાજન્ ! તે સમયે તે કાલિદત્ત સિંહ, વાઘ, ચિત્તા, વરુ, શિયાળ આદિનો વરસાદની સાથે જુદા જુદા ભયાનક શબ્દો તે કરતો હતો ત્યારે ભયંકર રૂપ જોઈને દિલમાં ધડકન વધી જાય એવું થતું હતું. કાલિદત્ત પોતાની માયાના પ્રકોપથી માયાનો ગર્વ નાશ પામ્યો ત્યારે તેણે જાણ્યું કે આ મારા શત્રુનો પ્રતાપ છે. તેથી શંકાપૂર્વક નીચે પૃથ્વી ઉપર જોયું તો તે કાલિદત્તે આંબાના ઝાડ નીચે મહાબળવાન પ્રભુને જોયા. આ રીતે શ્રીહરિનો પૃથ્વી ઉપર મહાપ્રતાપ જોઈને વૃક્ષ નીચે હરિને સુતેલા જોયા. તેથી પાસે ન ગયો અને પોતાની માયા વ્યર્થ ગઈ. એ પ્રમાણે જાણીને તે અસુર અતિ ક્રોધવાળો થઈને તે ઘમંડ કરતો હતો. તેથી પ્રલય સમયના મેઘસમાન ભયંકર ગર્જના કરીને તે મિથ્યાભિમાની ઊંચે આકાશમાં ચઢ્યો એ ત્યાંથી વાયુ, વરસાદ, વંટોળ કરીને બળપૂર્વક આંબાના વૃક્ષ નિચે જ્યાં પ્રભુ સુતા હતા. ત્યાં જ પડ્યો ઝાડ ભાંગી પડ્યું એટલે બધા જ ભય પામવા લાગ્યા. દેવો, મુનિજનો, મનુષ્યો, સંતોના હૃદયમાં ઉદ્વેગ થવા લાગ્યો. બ્રહ્માંડમાં મહાભયંકર શબ્દો થવા લાગ્યા. નિકટજનોનાં દિલમાં ધડકન વધવા લાગી.

હે રાજન્ ! મેઘના કડાકાની સાથે જાણે મોટો વજ્રપાત થયો હોય ને શું ? એવું ભયંકર વાતાવરણ જોઈને બધાં જ વ્યાકુળ થવા લાગ્યાં. ભય પામવા લાગ્યાં. સર્વે દેવો ઇંદ્ર, બ્રહ્મા, શિવજી, મુનિજનો, સત્પુરુષો, સંતજનો

સર્વે ભય પામતા થકા બળ કરીને પ્રભુને સંભારતા હતા. સ્મરણ કરતા હતા. જ્યારે વૃક્ષ ભાંગી પડ્યું ત્યારે તે દૈત્ય હર્ષ પામવા લાગ્યો પણ જ્યારે તેણે મૂર્ખ બુદ્ધિ વિનાએ જ્યારે વૃક્ષ નીચે નજર કરીને જોયું ત્યારે તે વૃક્ષ શ્રીહરિને ઉપરથી છત્રના આકારે થઈને ઝુંપડી જેવું થયેલું. તેમાં ધર્મનંદન બાલપ્રભુને પોઢેલાં જોઈને ફરીથી તે અસુર પોતાના મનમાં ખૂબ જ કોપાયમાન થયો. મુખને અને દાંતને કચકચાવીને હાથ ફેલાવીને શ્રીહરિને ગળવા જતો હોય ને શું ? તેમ દોડીને મૂર્ખ હરિ પાસે આવ્યો ત્યારે. પ્રભુ તો અતિ ઐશ્વર્ય પ્રતાપયુક્ત સર્વજ્ઞ સર્વ સુખધામ હરિને જોઈને પોતાની નજીકમાં જ જોતો હતો. તરત જ તે ખળ ત્યાંથી એકદમ ભાગવા જ માંડ્યો. આ રીતે તે પાપી પોતાના પાપથી જ શ્રીહરિના શત્રુ તેને પોતાના અંતરમાં અતિ આધિ-વ્યાધિ થઈ અને રોમેરોમમાં રગેરગમાં જાણે અંગારાં લાગતા હોય ને શું ? તેમ આ વનમાંથી પેલા વનમાં એમ ભટકાવા માંડ્યો. આ રીતે તેમની મંદ મતિભેદથી કેસુડાંનાં ફૂલની માફક તેનાં બધાં જ અંગો કાંટા ઝાંખરાના ઘસારાથી સાવ ભેદાઈ ગયાં. છેદાઈ ગયાં. આ રીતે તે ખળ મરણ પામ્યો તે તો પ્રભુની સાથે દ્વેષ કરીને મારવા આવ્યો તો પોતે જ નાશ પામ્યો. તેને શ્રીહરિએ પોતાના પ્રતાપથી દિવ્યગતિ આપી. હે રાજન ! તેને દિવ્ય અલૌકિક ધામમાં મોકલ્યો.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન ! આ વાર્તા તમારી આગળ કહું છું. તે જ વાત વિસ્તાર કરીને માર્કંડેય મુનિએ શતાનંદ મુનિને પ્રયાગતીર્થમાં કહી હતી.

**આ પ્રમાણે શ્રીહરિલીલાસિંધુમાં ત્રીજા બાલચરિત્ર રત્નમાં સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારી રચિત છંદભાષામાં હરિની સાથે કાલિદત્ત સમરાંગણ આસુરી માયા ફેલાવીને શ્રીહરિએ પોતાની દૃષ્ટિ માત્રમાં જ પરાભવ પમાડી દીધો તે નામે અગિયારમો તરંગ થયો. ॥૧૧॥**

## તરંગ-૧૨

પ્રતાપસિંહ રાજા કહે છે, હે વર્ણિ ! માતાપિતા ભાઈને જે વિરહ થયો તે તથા ફરી શ્રીહરિને ધર્મભક્તિનો મેળાપ થયો તે કથા મને સંભળાવવા કૃપા કરો.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! જ્યારે શ્રીહરિની દૃષ્ટિથી વ્યાકુળ થયેલો તે મંદ મતિ અસુર દ્રષ્ટિ માત્રથી નાશ થયો તેજ સમયે હરિના બધાં જ બાળમિત્રો હરિનાં વિરહવાળા થયાં. જ્યારે વાયુ, વંટોળ, વરસાદ બધું શાંત થયું ત્યારે બધાં જ બાળકો ધીરજ ધારીને અંદરોઅંદર એકબીજાને કુશળતાના સમાચાર પૂછવા લાગ્યાં. અરસપરસ મળવા લાગ્યાં. હવે બધું સારું થવાનું છે. ભાઈ પહેલાં તો ઘનશ્યામને જોવા છે તે જયાં સુધી ન મળે ત્યાં સુધી તો કુશળની વાત ન થાય. આપણા પરમસ્નેહી ક્યાં ગયા હશે ? આમ કહી કેટલાંય બાળકો મૂર્ચ્છા પામી ગયાં. કેટલાંય બાળકો કહે લાલાને આપણે ખોળવો છે. જે વૃક્ષ નીચે પ્રભુ પોઢ્યા હતા તેની ઉત્તર બાજુ શોધ કરતાં હતાં. અરે અમારા પ્રાણના પ્યારા, અમારા દૃષ્ટિના તારા, તમારા વિના અમારાથી કશું કરી શકાય તેમ છે જ નહીં. સર્વમાં ચાલાક ચંચળ હોંશિયાર બધાના ચિત્તને ચોરનાર ચોર એવા અમારા પ્રિય મિત્ર બાળ ક્યાં ગયા ? હે લાલા ! તારા વિના અમે બધાં જ ચેતન વિનાનાં થયાં. જ્યારે તને જોશું ત્યારે જ અમારામાં

ચેતન આવશે. હે લાલા ! તું તો અમારા જીવવાનો આધાર છે. તારા વિના અમને વિનોદ કોણ કરાવશે ?

આ રીતે કહેતાં બાળકમાં એક બાળક અશોક વૃક્ષને કહે, અમને હરિ બતાવીને અમારો શોક ટાળી દે. તું તારું નામ સત્ય કરી દે. અમે સખાના વિરહમાં દુઃખી છીએ તે તું દુઃખને દૂર કરીને તારું બિરુદ સારું કર. હે પલાશ ! તું નવાં પાંદડાંથી શોભે છે તેથી વિરહવાળા અમારા વાલાનું નિશાન તો આપ અમારા મિત્ર ઘનશ્યામ સુંદર શ્યામને જોયા છે તો અમને બતાવ. જો તને ન મળ્યા હોય તો અમને ક્યાંથી મળે. જ્યાં સુધી ન મળે ત્યાં સુધી અમે શું કરીએ ? માટે જો તમે જોયા હોય તો જરૂર બતાવો તો અમે મળીએ. અરે કુંદ, કેતકી, શ્રીખંડ અમારા જીવનપ્રાણ તમે છુપાવ્યા છે. તેથી તમે અખંડ છો. તમે સીતા માતાને અખંડ સુવાસ આપતાં હતાં. તેથી જ તમને હરિની સાથે મનનો મેળાપ કરાવેલો પણ અમે તો અત્યારે વિરહથી પીડાયેલા છીએ. મંદ ભાગ્યવાળાં છીએ તો અમારી ઉપર દયા કરીને હરિ બતાવો તો તમે જે માંગો તે આપીએ. તેમજ ગુલાબને પૂછે છે તથા પ્રફુલ્લિત પલાસને જોઈને તેને પૂછે. ગુલ્મલતા તમે તથા વૃક્ષાવેલીઓ બધાંને પૂછીને બાળપ્રભુને બાળકો શોધતાં હતાં. નિરાશ થતાં હતાં. બોલતાં હતાં કૃષ્ણ કૃષ્ણ હે કૃષ્ણ તમે ક્યાં છો ? હે નિલકંઠ નરવીર તમે ક્યાં છો ? હે ઘનશ્યામ હરિકૃષ્ણ, હે હરી નારાયણ મૂર્તિ આપ ક્યાં છો ?

આ રીતે નામ લઈને ઉંચે સ્વરે બોલાવતાં હતાં. આ રીતે વિરહાતુર બધાં જ બાળકોના સાદને હરિ ક્યાંય સાંભળતા ન હતા. તેથી સામે જવાબ મળતો ન હતો. ધર્માત્મા ઘનશ્યામ વિના બાળકો વિરહાતુર થઈને અરણ્યમાં રુદન કરતાં હતાં. ધીરજ ખૂટી ગઈ. હૃદયમાં વિલાપ થતો હતો. તોય ક્યાંય લાલનો પતો ન લાગ્યો. અત્યારે અમે ભાગ્ય વિનાના તથા સુકૃત વગરના થયા છીએ. કેમકે હરિ વિના તો અમે સાવ દીનદુઃખીયાં છીએ. ધર્મપુત્રને અમે ક્યાં આ વનમાં લઈને આવ્યાં. હવે શું ઉત્તર લઈને ઘર પ્રત્યે જવું. આ બધું દુઃખ કોને કહેવું. પિતા ધર્મદેવ તથા હરિની માતા પૂછશે ત્યારે ભૈયાનો શું ઉત્તર આપવો. આ રીતે વિચારતાં થકાં ભયથી બાળકો થર થર કંપતાં હતાં. અરે હવે નિલકંઠ કેવી રીતે મળે એ જ ઉપાધિ છે. એ જ સમયે પૂર્વનું બધું દશ્ય દેખાતું હતું. બધાં બાળકો જેમ મગરથી પકડાયેલાને કાળ રાહ જોતો હોય તેમ પીડાથી કોઈ શુદ્ધ નથી રહ્યા. તેથી પોતાના અભિમાનમાં ઘોળાતો મહાશબ્દ કરતો પોતાના જ પાપે પડતો. વારંવાર બેઠો થાય ને પડે અને હાય હાય આમ કરીને મરી ગયો. આવી રીતે મહા વનમાં મહાપાપી પોતાના જ પાપે, મદ અભિમાનમાં જ નાશ પામ્યો. બાળકો હૃદયમાં ડરતાં થકાં આ દશ્યને ભયંકર જમીન ઉપર પડેલું જોતાં હતાં. તે જ્યારે મહા ઘાટાં વનમાં પડ્યું ત્યારે મહાચિતત્કારનો શબ્દ કરતું પડ્યું હતું. આ દશ્યને જોઈને બાળકો ભય સાથે ભાગવા લાગ્યાં. પોતાના પ્રાણને લઈને પૂર્વ દિશા તરફ જવા લાગ્યાં. મનમાં ઘનશ્યામની વિરહ વ્યાકુળતા છે. બીજું આ ભયંકર દુશ્મનનું દુઃખ છે.

તે જ સમયે છપૈયાપુરમાં ભારે કોલાહલ થવા લાગ્યો. સૌ પોતાનાં બાળકો ન જોવાથી ખોળવા માટે દોડાદોડ કરવા લાગ્યાં. નરનારી સર્વે શોધવા લાગ્યાં. વાયરો, વંટોળ, વરસાદના ઉત્તપાતમાં અમારાં બાળકો ક્યાં ગયાં હશે. આ રીતે વ્યાકુળ થઈને બધા માણસો પોતાનાં બાળકોના વિરહમાં નેત્રમાં આંસુ સાથે વિલાપ કરતાં વારંવાર દુઃખી થતાં હતાં. નરનારીઓને તે વખતે અપશુકન થવા લાગ્યાં. અવળાં અંગો ફરકવા લાગ્યાં. ચીબરાં ભયની વાણી બોલતાં હતાં. તેથી મનમાં મોટો ક્ષોભ થતો હતો. આ રીતે ઉત્પાત્તમાં રાતના પહેલા પોરનો ડોઢ પોર વીતી ગયો. ત્યાં સુધી ઉત્પાત્ત રહ્યો હતો ત્યારે પોતાને પોતાના પુત્રપુત્રીની કોઈ ખબર માતાપિતાને જ નહોતી

રહી. ત્યારે ગામમાં ઘરે ઘરે ફળિયાંમાં, ગલીઓમાં, ચોકમાં ગામની બહાર પોતાના બાળકોની શોધખોળ કરતાં થકાં ન મળવાથી બધાં લોકો વિરહથી આકુળવ્યાકુળ થઈ ગયાં હતાં.

આ રીતે અડધી રાત ગઈ. રાત્રીનો ઘોર અંધકાર વ્યાપેલો હતો. તેથી બાળકો કેવી રીતે મળે ?અત્યંત અંધકાર હોવાથી દિવા તથા મશાલો કરીને બધા સાવધાન થઈને શોધવા ચાલ્યાં. ખડગ, ચમર, ધનુષ્ય લઈને નિષંધ, ગુરજ, બરછી તથા પરસુ, સાંગ વિગેરે લોકોએ હથિયાર હાથમાં લઈને તથા કેટલાકે હાથમાં લાકડીઓ લીધેલી તથા ધર્માદિકે હાથમાં માળા લઈ શોધવા જતા હતા. પુરુષોનું જુથ પુરની બહાર નીકળ્યું. ભક્તિમાતા આદિક સ્ત્રીઓ સાથે મળવા આવી ત્યારે ભક્તિમાતા ઘનશ્યામ ક્યાં છે. શ્યામ ક્યાં છે એમ કહીને તરત જ અચેતન થઈને મૂર્છિત થઈ ગયાં. બધી સ્ત્રીઓ પુત્ર પુત્ર કરીને રોવા લાગી અને શોધવા માટે બધા મળીને પૂરબહાર જોવા ગયાં ત્યારે જેમ સંધ્યા સમય થાય તેમ કમળ મૂર્જાવા માંડે તેમ બધી જ સ્ત્રીયોનાં મુખ સાવ દુઃખથી સુકા લાગતાં હતાં. હરિ હરિ કૃષ્ણ કૃષ્ણ નિલકંઠ આ રીતે પુત્રને મળવા માતા ઉતાવાળાં થયાં. ઉત્કંઠા વધી ગઈ. જીવનપ્રાણ વિના માતાનું શરીર પ્રાણ વગરનું થઈ ગયું. તેથી વિરહથી મૂર્છિત થઈને જમીન ઉપર પડી ગયાં. ભક્તિમાતાને મૂર્છા આવી ત્યારે તે વખતે ખનખન અવાજ કરતાં ભૂમિ ઉપર પડતાં હતાં ત્યારે તેમની રક્ષા કરવા બધી જ સ્ત્રીઓ તત્પર હતી ત્યારે તેઓ પોતાના બાળકોના વિરહમાં પીડાતાં હતાં. જેમ કેળને કાપે ત્યારે તે થડ નીચે પડે તેમ જ હરિના માતા ભક્તિમાતા નીચે પડ્યાં પુત્રના સ્નેહને લીધે મુખમાં વિલાપના શબ્દો નીકળે છે. વસ્ત્રો બધાં જ સાવ શિથિલ થઈ ગયાં છે. માથાંનાં વાળની લટો પણ ઢીલી પડી ગઈ છે અને શરીરનો રંગ પણ મલીન થઈ ગયો છે. બાળકો જેમ કરુણ વાત કહેતા જાય તેમ તેમ વધારે વિલાપ કરતાં જાય. આ રીતે બધી જ સ્ત્રીઓ પુત્ર પુત્ર કહીને મળવા માટે ઉદાસ થઈને વિલાપ કરતી હતી.

ધર્મદેવ આદિ બધા જ પુરુષોનું જુથ બાળપ્રભુના વિયોગથી જેના અંગો શિથિલ થઈ ગયાં છે. મંદગતિ થઈ ગઈ છે. મણિધર નાગ જેમ મણિ વગર વિલાપ કરે તેમ હરિના વિયોગથી બધાં જ વિલાપ કરતાં હતાં. ધર્મદેવ પણ મનમાં ઉદ્વેગને લીધે હૃદયમાં પીડા પામીને ધીરે ધીરે ચાલતા હતા. પોતાના વસ્ત્રો ઢીલાં થઈ ગયાં હતાં. પાઘડી તથા કેડનાં વસ્ત્રો અંગો બધાં જ હરિના વિયોગથી શિથિલ થઈ ગયાં હતાં. ગતિ પણ મંદ થઈ ગઈ હતી. અતિ ઉદાસ થયા હતા. હરિ ક્યાં, હરિ ક્યાં, ક્યાં ગયો મારો પુત્ર આ રીતે વિલાપ કરતા હતા. અનેક પ્રકારના સુખની નદીઓ ધર્મદેવના અંગમાંથી બધી જ હરિરૂપ સાગરમાં મળી ગઈ. ઊંચા મુખ કરીને કંઠથી ઊંચા થઈને જોવા લાગ્યા. મારા પુત્ર નિલકંઠ ઘનશ્યામ ક્યાં મળશે કેવી રીતે શોધું. આ રીતે પુત્રના વિયોગમાં અતિ વિહ્વલ આકુળવ્યાકુળ થયેલા ધર્મદેવ હતા. આ બાજુ વન વનમાં ઝાડ ઝાડ પ્રત્યે બળકો બધાં સાથે મળીને ખોળતાં હતાં અને લાલ કહીને વારંવાર ઘનશ્યામને બોલાવતાં હતાં. ધર્મદેવ આદિ બધા જ પુરુષો વિરહના અગ્નિમાં એમનાં શરીર સાવ સંકોચ પામેલાં છે તથા મનનું તેજ હતાશા પામી ગયું છે. એવા ધર્માદિકને દુઃખથી પીડાતાં લોકો જોતાં હતાં.

અરે પુત્ર તમેં તો મારા તપના ફળ રૂપે છો. ઘણા લાંબા કાળ સુધી તપ કર્યું ત્યારે તમે મળ્યા છો. બધા જ જગતના લોકોને સુખ આપનારા શાંત સ્વરૂપવાળા એવા હે બાળ તમો બધા જનોને વિયોગના દુઃખના કૂવામાં પડેલા છે તેને કાઢો. હે હરિકૃષ્ણ, હે હરિ, હે ઘનશ્યામ, હે નિલકંઠ આ રીતે બોલતા પિતા ધર્મદેવ વિરહના

કુહાડાથી હણાયેલા દેહથી શીથિલ થઈને ભૂમિ ઉપર પડ્યા. ત્યારે મોટાભાઈ રામપ્રાપ મનમાં શોક કરતા થકા જીભથી હરિ નાનાભાઈના જાપ જપતા હતા. ભાઈ વિના જગમાં મારો કોઈ બેલી જ નથી. હે ભાઈ ક્યાં છો ? સર્વ જગતના કારણ જગતને તરવા નૌકારૂપ તમારે ક્યારેય દૂર નોતા કરતા, તે છતાં અત્યારે અમને શોકસાગરમાં પાડ્યા છે. તેથી હે સ્નેહના સાગર તથા દેહના ભાઈ એવા અત્યારે તમારો વિયોગ સહન કરતાં રાત એક જુગ જેવી લાગે છે માટે હે ભાઈ હવે રાત જાય ને દિવસ આવે એવું કરો. હે મારા પ્રિયભાઈ તમે ક્યાં ગયા છો. હે ભાઈ ! તમારુ મુખ બધાને બતાવો તો સુખ થાય. તમારા વિના તો માતાપિતા હું બધાં જ ભયંકર દુઃખસાગરમાં તણાઈએ છીએ. ડુબેલાં છીએ તો બચાવો. મારા નાનાભાઈ, હે ભાઈ કહીને હરિને જ રામપ્રતાપ અતિ ધીરગંભીર પોતે પ્રત્યેક ઝાડ ઝાડમાં જોવા લાગ્યા. પોતે પણ વિરહ પીડામાં પીડાતા હતા.

રામપ્રતાપના મિત્રો રામપ્રતાપની સાથે પરવશ થઈને વિચારતા હતા. શરીર અને હૃદયમાં કંપારો થતો હતો. સ્વર રુંધાતો હતો. હરિના વિયોગથી રોતા હતા. આ રીતે શોધતા હતા. ધર્મદેવ આદિ પુરુષો તથા ભક્તિમાતા આદિક સર્વે મહીલાએ રામપ્રતાપ આદિ મિત્રો આ રીતે બધા જ જુદાં જુદાં શ્રી ઘનશ્યામ પ્રભુને શોધતાં હતા. આ બાજુ ધર્મદેવની શ્રધ્ધાદિક બાર પત્નીઓ અત્યારે પ્રભુની સેવા કરવાનો લાગ જોઈને દિવ્યસ્વરૂપે ત્યાં આવીને પ્રભુને એકલા જોઈને શારીરિક સેવામાં તત્પર થઈ. બાગમાં બધું અવ્યવસ્થિત વાતાવરણ જોઈને ત્યાં આગળ પ્રભુના ચરણ છપાયેલાં જોયાં. અને ભાંગેલા આંબાની ડાળી નીચે પોઢેલા પ્રભુને જોયા તે સ્વસ્થ અવસ્થામાં હતા. પ્રભુનું અદ્‌ભૂત રૂપ જોઈને બધી જ માતાઓ સ્નેહપૂર્વક પ્રભુ ઘનશ્યામને  કરાવવા તૈયાર થઈ ત્યારે પ્રભુએ એના ભાવને જોઈને અનુમતિ બતાવી.

શ્રીહરિએ માતાઓના અંતરની વાત જાણીને તે બારે માતાઓના મનના ભાવને પૂર્ણ કરવા બાર રૂપે થયા અને બારે માતાઓના સ્તનપાન કરતા હતા. બારેય માતા એક એક મૂર્તિને લઈને સ્તનપાન કરાવતી હતી. જેમ વાંજણીને પુત્ર મળે ને જેવો આનંદ આવે તેમ તે બારે માતાઓ પ્રભુને લાડ લડાવવા લાગી. ખૂબ જ ભૂખ્યા હોય તેમ લાંબા સમય સુધી સ્તનપાન બાલમુકુંદ પ્રભુએ કર્યું. ત્યાર પછી બારે માતાઓએ પ્રભુને ચુંબન કરીને અંગોને ચાંપતી થકી પ્રેમમગ્ન થઈ સુખ પામી. માતાઓ હરિને હેતથી લાડ લડાવતાં હતાં ત્યારે તેઓ પ્રભુને અતિ પ્રાણપ્રિય માનતાં હતાં. આનંદ કરતાં હતાં ત્યારે એમને પોતાના શરીરનું પણ ભાન કે ખબર નથી રહેતી. તેથી તે સર્વે માતાઓ પ્રભુમાં પરવશ થઈ ગઈ. હરિ મારા જ ખોળામાં છે. બીજાના ખોળામાં નથી. આમ બધી જ માતાઓ  જુદુ જુદુ માનીને શંકાથી જોતી હતી. તે શ્રીહરિએ બધીને જુદાંજુદાં સુખ આપીને બધાંના મનને પૂરણ કામ કર્યાં. મનને હરી લીધાં. ૧. શ્રદ્ધા, ૨. મેધા, ૩. શાંતિ, ૪. દયા, ૫. પક્ષમા, ૬. તિતિક્ષા, ૭. નીતિ, ૮. નયારી, ૯. શોભા, ૧૦. ઉન્નતિ, ૧૧. બુધિ=ભૂતિ આ સર્વે માતાઓ પ્રભુને કલ્પતરુ સમાન સેવન કરીને પરમ સુખ પામી. શ્રી ઘનશ્યામે બધાંને જુદાં જુદાં સુખો આપીને સુખી કર્યા. સુંદર બાલરૂપ રૂપ ઘનશ્યામનુ અતિ કોમળ સ્વરૂપ મહા મદને હરનારા એવા આનંદના સાગરરૂપ જ્ઞાનના ઝરણાંરૂપ અલૌકિક છે.

તે માતાઓએ પ્રભુને અતિ સુંદર સુગંધવાળાં જુદાજુદા પ્રકારનાં પુષ્પોના મસ્તક ઉપર સુંદર ટોપી પહેરાવી તેની ઉપર તોરા મુક્યા. ગજરા બાજુ બંધ બાંધ્યા કાન ઉપર ગુચ્છ કરીને લટકાવ્યા. સુગંધયુક્ત હાર બનાવીને પ્રભુને કંઠમાં ધરાવ્યા. પ્રભુના ચરણમાં ફુલનાં ઝાંઝર, કેડમાં કંદરો, માતાઓએ બનાવીને બાંધ્યાં. લલાટમાં કેશર-ચંદનનાં તિલક કરીને પ્રેમમગ્ન થઈને સ્વરૂપને હૃદયમાં ધારી લીધું. એવા આ પ્રભુ અનંત કોટિ બ્રહ્માંડોના

કારણ કાર્ય એવા આદિ અનાદિ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પ્રભુ નર વીર એવા, નારાયણ પ્રભુને અનંત જીવો બ્રહ્મવાદને પામતાં થકાં અનન્ય ભાવથી ભજે છે એવા મહાપ્રભુને માતાઓ પ્રેમથી સેવન કરીને આનંદ પામતી ગઈ. પ્રભુના ચરણકમળના અદ્‌ભૂત મહિમાને જોઈને તે ધર્મનાં પ્રિય પત્નીઓ ગુણને ગાવા લાગી તમે તો માતાપિતાને તથા ભાઈઓનું રક્ષણ કરનારા છો તથા સંતપુરુષોનું તથા ભૂમિ ઉપર સર્વનું તથા મુનિજનો તથા સર્વ સમાજનાં તથા દેવતાઓનાં શુભ કાર્ય કરવા તથા અનંત જીવોના કલ્યાણ કરવા ભૂમિ ઉપર અસુરોનાં પાપનો ભાર અપાર છે. તેને તત્કાળ જ ઉતારી નાંખશો. એ પાપીઓનો નાશ કરીને ભૂમિને પવિત્ર સુખાકારી કરશો. ભક્તજનોને પરમ સુખ આપશો.

હે પ્રભુ ! તમારું ધામ છે તેનું નામ અક્ષરધામ છે. તે સર્વથી ઉપર છે. તે ધામનું સુખ આપ. આપના એકાંતિક ભક્તો અને સંતજનોને આપો છો. દુષ્ટજનોના મત પંથને તોડીને અલૌકિક અદ્‌ભૂત સર્વોપરિ ધર્મને સ્થાપન કરશો. મહાન સંતોને સ્થાપશો. બધાનાં કાર્યો કરીને ભૂમિ ઉપર મહારાજના નામથી પ્રકાશિત થશો. ભૂમિ ઉપર પોતાના ભક્તોનાં દુઃખોને દૂર કરી સુખો આપશો. તે માતાઓ સર્વે પ્રભુને સર્વદેવના દેવ સર્વોપરિ શ્રીહરિને બંને હાથ જોડીને સ્તુતિ કરીને હૃદયમાં હર્ષ પામતી થકી પોતાના લોકમાં ગઈ. શ્રીહરિને લાડ લડાવીને માતાઓ દિવ્યરૂપે પોતાના લોકમાં ગયાં ત્યારે તે ભાંગેલા આંબા નીચે શ્રીહરિ આનંદથી શયન કરી રહ્યા હતા.

**આ પ્રમાણે શ્રીહરિલીલાસિંધુમાં ત્રીજા બાલચરિત્ર રત્નમાં વૈષ્ણવાનંદ બ્રહ્મચારી રચિત છંદભાષામાં હરિ ભાઈ તથા માતાપિતાના વિરહનું વર્ણન તથા બીજી બાર માતાઓનો સમાગમ નામનું બારમો તરંગ થયો. ॥૧૨॥**

# તરંગ-૧૩

આનંદરાજા વર્ણિને કહે છે, હે વર્ણિ ! આપ મને ધર્મદેવ ભક્તિમાતા રામપ્રતાપભાઈ આદિ પુરવાસીજનોને હરિ મળવાનો જે ઉત્સવ થયો તે તથા પુરજનો શોકથી મુક્ત થયાં તે કથા કહો.

વર્ણિ કહે છે, ત્યાર પછી પોતાના પુત્રના વિયોગથી પુરનાં નરનારીઓ ખોળતાં હતાં ત્યારે જુદાજુદા પોતાનાં બાળકો મળ્યાં જેમનાં બાળકો મળ્યાં તેઓ વનમાં ભટકતાં ઘણો પરિશ્રમ કર્યો ત્યારે મળ્યાં. ત્યારે મળેલાં બાળકોને પોતાનાં માતાપિતા પૂછતાં હતાં. સર્વના સુખદાતા ઘનશ્યામ ક્યાં ગયા છે ? ફરી મૂર્છામાંથી જાગેલાં બાલા માતા તથા ધર્મદેવ પિતા બાળકોને પૂછતાં હતાં. ઘનશ્યામ ક્યાં ગયા છે ? ત્યારે બાળકો તે બંને પ્રભુનાં માતાપિતાને કહે, પ્રતિપાલક ઘનશ્યામ અમારા ભેળા જ હતા પણ ઉપદ્રવ થવાનો હતો. તેના ભવિષ્યને જાણીને અમને ભગવાને સારા મજબૂત વૃક્ષ નીચે રાખ્યા હતા. ખૂબ જ સલામત રાખેલા હતા.

ત્યાર પછી ઘોર અંધારું થઈ ગયું. તે અંધારા વાતાવરણમાં તે કાળના શત્રુ પ્રભુ ક્યારે નીકળી ગયા તે અમને ખબર નથી ત્યારે વચમાં એક બાળક કહેવા લાગ્યું. ભાઈ સાંભળો અમે એક આશ્ચર્ય જોયેલું છે તે તમે સાંભળો. મહાકાય ભીમ જેવો અસુર, લાલ આંખોવાળો, બીહામણા રૂપવાળો અમને બધાયને ગળવા માટે દોડીને અમારી પાસે આવતો હતો. ત્યારે લાલાએ અમને સાથે રાખ્યા. લાલે એને મૂર્છા પમાડી દીધો પણ ફરી જાગ્રત થયો અને તેણે પોતાની માયાવી શક્તિને ફેલાવીને બધાં બાળકો અને હરિને ગળવા માટે દોડીને અમારી તરફ આવ્યો ત્યારે હરિએ એને પોતાની દ્રષ્ટીને વક્ર કરીને પાછો ભગાડી દીધો ત્યારે અમારું બાલ ઘનશ્યામે રક્ષણ કર્યું. તે અસુર મહાભયંકર શબ્દ કરતો થકો ભૂમિ ઉપર પડ્યો અને અમે બધાં છોકરાં ભય પામ્યાં. અમે

હરિના વિયોગમાં દુઃખને સહન ન કરી શક્યા. તે બાળક બધા મનુષ્યો આગળ હોંશિયારીથી જે જોયેલું તે પ્રમાણે કહેવા લાગ્યો તેથી અમને તો આશ્ચર્ય થયું.

તે જ રાક્ષસ ખળ અને ભગવાનના ભક્તનો દ્વેષી હતો તે છતાં તેની પરમ ગતિ થઈ. તેનું દિવ્યસ્વરૂપ થયું. દેવતાઓથી સેવાયેલાં દિવ્યધામમાં વિમાનમાં બેસીને ગયો. ફરી પાછા બધાં જ વિલાપ કરતાં માતાપિતા સંબંધીઓ અમારા પ્રિય પ્રાણ અમને ક્યારે મળે ? અમને ક્યારે શાંતિ થાય આમ ગાતાં હતાં તથા ગામનાં મનુષ્યો પણ ભગવાનના વિરહથી ઉદાસ હતાં. જેમ ચકોર પક્ષી ચંદ્ર વિના ઉદાસ રહે તેમ ઉદાસ રહેતાં હતાં. તે જ સમયે હરિનાં મામી ચારે બાજુ નજર કરતાં ખોળતાં થકાં આગળ જતાં હતાં ત્યાં તો ભાંગેલા આંબાના ડાળાં નીચે આંબાના થડમાં આરામથી સુતેલા બાળપ્રભુને જોયા અને ઉંચે સાદે કહેવા લાગ્યાં કે બધાય દોડો અહિંયા ઘનશ્યામ છે. મને ઘનશ્યામ મળ્યા મને મળ્યા જેમ મદમાં આંધળો ભ્રમરો આંખો બંધ કરીને ગણગણાટી કરે તેમ મામી બોલવા લાગ્યાં.

ત્યારે સુંદરી મામી દોડીને જ્યાં બાલપ્રભુ સુતેલા હતા ત્યાં ગઈ અને શ્રીહરિને તરત જ ઉપાડી લીધા. હૃદય સરસા દાબીને અહો હે પ્રાણપ્રિય ! આપ કુળના તારા છો. અને બધાં જ જનોના પ્રાણને હરનારા આપ છો. તેથી પ્રાણ સ્થિર રહ્યાં. જમણા પડખામાં તેડીને શ્રીહરિને લઈને જલદીથી ચાલીને આવી બાઈ ભક્તિમાતાને બતાવતાં થકાં આપતાં હતાં ત્યારે પ્રભુને જોઈને લોકોને પણ પ્રાણ આવ્યા અને આનંદ છવાઈ ગયો. પ્રભુના શરીર ઉપર સુગંધિત અત્તર ચંદન તથા પુષ્પના હારતોરા કેશર ચર્ચેલા અંગોવાળા પ્રભુને જોઈને માતાના હૃદયમાં તો અતિશય આનંદ આનંદ છવાઈ ગયો. પિતાને પણ અતિ આનંદ થયો અને ખોળામાં લઈ લીધા. મણિધર નાગ પાસેથી મણિ જાય તો તેનો પ્રાણ ત્યાગે તેટલો પ્રયત્ન કરે મણિ મળે એટલે એના પ્રાણ ટકે તેમજ માંછલું પાણીમાંથી બહાર જાય તો પ્રાણ જાય પાણી મળે તો જીવ ટકે તેમજ શ્રીહરિના વિરહમાં બધાં જ નિષ્પ્રાણ જેવાં થયાં પણ હરિ મળતાં પ્રાણવાન થયાં. બધાં જ વિરહના સાગરમાં ડુબકાં ખાતાં હતાં ભક્તિ સુંદરી મામીને કહેવા લાગ્યા. હવે તમે જે માગો તે આપવા માટે હું તૈયાર છું. તમારા મનમાં જે આવે તે માગો.

તમે જે ઈચ્છો તે માંગો. મને જે પ્રાણથી પ્રિય હશે તે માંગશો તો તે તમને આપીશ. આ તો મોટો પ્રાણપ્રિય પુત્ર છે. તેના બદલામાં ચાહે તે આપું. કેમકે મારા પુત્રના ચરણકમળમાં મારું મન ચોંટેલું છે. જેમ ભમરાને જે કમળમાંથી મદ ચુસવાની લાલચમાં ભમરો બંધાઈ જાય છે તેમ અમારા મન તેનાં ચરણમાં ચોંટે છે. તેથી ભક્તિમાતાએ સુંદરી મામીને ડોકમાંથી હાર કાઢીને આપ્યો અને ધર્મદેવે તે સુંદરીમામીને વેઢ વીંટી આપીને ધર્મદેવ પોતે પોતાના નવીન પુત્ર શ્રીહરિને માનતા હતા. તે પ્રમાણે મળ્યા. પુત્રને પ્રાપ્ત કરીને પિતા ધર્મદેવ ખૂબ જ રાજી થયા તથા માતા પ્રેમવતી પુત્રનું માથું સુંઘીને રાજી થયાં. ત્યાર પછી બાળપ્રભુને હેતથી સ્તનનું પાન કરાવતાં હતાં ત્યારે દૂધ સ્રવતાં સ્તન માતા દેતાં હતાં. એને પ્રભુ મુખમાં લેતા હતા. માતાએ હરિને પ્રેમથી પુરુ સ્તનપાન કરાવીને આકળી થઈને થાકેલી માતા પ્રભુના અંગોમાં સુંધી રહી હતી. ચારેબાજુ મહેકતી હતી તેથી છાની નહોતી રહેતી. ચર્ચેલાં કેશરચંદન તથા સુંદર સુગંધિત ફુલ નવાં જ કોઈકે મારા પ્રાણ પ્યારા પુરુષોત્તમનું પૂજન કરેલ છે.

ત્યારે સુંદરી મામી કહે, હું તમને બધાને બતાવું. ચાલો ભાંગેલા આંબા પાસે જઈએ. તમે આવો ત્યારે બધાં જ લોકોએ જઈને તે આંબા પાસે જોયું તો ત્યાં આગળ ફળ અને ચંદન અત્તર પૂજન થયેલું જણાયું. તેથી બધાંને

પ્રતીતિ થઈ કે કોઈ દેવો હમણાં જ હરિને પૂજીને ગયા છે તે ધન્ય ભાગ્યવાળા છે. પોતાના જીવતરને ધન્ય બનાવી લીધું. કેમકે પ્રભુની સેવા કરી તેથી. આ રીતે મહામોટા આંબાનું વૃક્ષ તૂટીને ઉપર પડ્યું તો પણ બાળપ્રભુનું રક્ષણ થયું તે તો અદ્‌ભૂત વાત છે.

આ રીતે આંબા પાસે જ મોટો પહાડ જેવો મહાકાય અસુરના દેહને જોઈને કહેવા લાગ્યા કે, અરે ભાગ્ય આ કાળસમાન મહાકાય આગળ આ બાળકની કેવી રીતે રક્ષા થઈ તે જ જોવાનું છે. આની સાથે હરિવર કેવી રીતે લડાઈ કરી અને આ કેવી રીતે મૂર્છા પામ્યો તે પણ આશ્ચર્યનું જ વર્તન છે. આસુરી માયામાં ખૂબ જ બળ હોય તે છતાં બાળકો કેવી રીતે ઉગર્યો તે જ સમજવાનું છે. આ રીતે બાળક અવસ્થામાં જ હથિયાર વગર આવા મહાભયંકર અસુરને માર્યા તેથી જરૂર જ માર્કંડેય મુનિનાં વચનો અત્યારે સત્ય થતાં જાય છે તે આજે જણાય છે. આનાથી નિશ્ચય જ મારો પુત્ર ઘનશ્યામ પ્રગટ પરબ્રહ્મ હરિપુરુષોત્તમ નારાયણ મુનિયોના સ્વામી જ છે. તે પોતે સર્વે જગતના કારણ છે. એના રક્ષક પણ પોતે જ છે. તે જ સ્વયં આજે મારા ઘેર પ્રગટ થયા છે.

અમને વૃંદાવનમાં જે પ્રભુએ વરદાન આપ્યાં હતાં તે જ પોતે અમારા ઘેર પુત્રરૂપે પ્રગટ થયા છે. મેં જે રૂપને અક્ષરધામમાં જોયું હતું તે જ આ ઘનશ્યામ પ્રભુ સર્વને સુખ આપનારા છે. પ્રયાગરાજ તીર્થમાં રામાનંદ સ્વામીએ તથા માર્કંડેય મુનિએ જે કહ્યા હતા તે જ આ ગરીબના બેલિ સ્વયં ભગવાન છે. માટે મુનિઓનાં વચન ક્યારેય ખોટાં થાય જ નહિ. તે તો બ્રહ્મવાક્ય સમાન કાયમ માટે સત્ય જ રહે છે. સદાય સુખ આપે છે. જેમણે જન્મ સમયમાં આશ્ચર્ય બતાવેલ, જેમણે અનેક દેવોનાં દર્શન કરાવેલાં તે જ પોતે છે. માર્કંડેય મુનિએ ત્રીજા વર્ષની વર્ષગાંઠ જે સમયે કહેલી તે જ પ્રમાણે કરતા જણાય છે. આજના દિવસે મુનિવરોનાં કહેલાં વચનો તે સત્ય જ છે. કેમકે અમારા સુત જ પોતે નારાયણમુનિ છે. જેમણે માયાને સર્જી છે. જગતને રચીને તેને માયામય બનાવ્યું છે. તેને આસુરી માયા ક્યાંથી બાંધે ? જેમના પોતાના નેત્રના પ્રયોગથી જ અનંત કોટિ બ્રહ્માંડો ઉત્પન્ન થાય છે. નાશ થાય છે. તે જ નારાયણ કૃષ્ણ શ્રીહરિ એમણે કરેલ છે તો એમને બાંધવા ક્યાંથી સમર્થ થાય.

આ રીતે રાત્રે નિશ્ચય કર્યો તે પ્રેમવતી ધર્મદેવને પુત્ર પ્રાપ્ત થયો છે. એમ આખું છપૈયાપુર ગામજનો તરત જ ધર્મદેવના ઘેર આવ્યાં. શ્રીહરિ ઘનશ્યામનાં બધાં જ અંગો સારાં મનોહર જોઈને રામપ્રતાપ અતિશય સુખકારી થઈ ગયા. ગામના મનુષ્યો પણ શ્રી ઘનશ્યામ પ્રભુને જોઈને સુખમય રાજી થઈ ગયાં. શ્રીહરિના સ્વરૂપને પોતાના અંતકરણમાં ધારીને પોતાના નિવાસે ગયાં. મનોહર મકાનમાં સુગંધ દ્રવ્ય છાંટીને શય્યામાં પલંગ ઉપર સુગંધયુક્ત ફૂલો પાથરીને શૈય્યા તૈયાર કરીને મિષ્ટાન્નો જમાડીને પુત્રને પોઢાડી દિધા. શરદઋતુના કમળદળની સમાન મુખ કમળને જોઈને માતાના મનમાં આનંદ થયો. ત્યાર પછી જગતના ઈશ પ્રભુ યોગનિદ્રામાં પોઢ્યા. ત્યાર પછી માતાપિતા ભાઈ બધાં જ સુઈ ગયાં. અતિ પરિશ્રમ કરવાથી થાકેલા તે સુખનિદ્રામાં પોઢેલા સુંદર લાગતા હતા. તરત જ મુનિરાજ બિછાનામાં પોઢ્યા. ત્યાર પછી પ્રાતઃકાળે પ્રથમ ધર્મદેવ જાગ્યા. ત્યાર પછી માતા જાગ્યાં. મોટાભાઈ જાગ્યા. ત્યાર પછી ઘનશ્યામ હરિ જાગ્રત થયા.

માતાપિતાએ બંને ભાઈઓને સ્નાનવિધિ કરાવીને નિત્યવિધિ કરાવી. ત્યાર પછી દાનપુણ્ય કરવા માટેનો શુભસંકલ્પ કરાવ્યો. ધર્મદેવે બ્રાહ્મણો પાસે નારાયણ વર્મનો પાઠ કરાવ્યો. ત્યાર પછી બ્રહ્મદેવોને ભોજન કરાવી પરમ પવિત્ર સંતોને જમાડીને તૃપ્ત કર્યા. ગાયોનું દાન તથા સુવર્ણ મુદ્રા વિગેરે બ્રાહ્મણોને આપીને રાજી કર્યા. બંદીજનોએ પુત્ર ઉપર નિછાવર કરીને વરદાન દીધાં. બંદીજનોને રાજી કર્યા. લક્ષ્મીજી તથા હનુમાનજીને નિવેદ્ય સાથે પૂજન કરીને પ્રસન્ન કર્યાં અને પોતાના કુળદેવ મારુતનંદનનો શ્રી બાલઘનશ્યામને સારું થાય એ પ્રમાણે

કરવાની વિનંતી કરી. બાળપ્રભુની ઉપર આવેલ વિઘ્નને શાંત કરવા માટે ધર્મદેવે હોમ હવન કરીને વાતાવરણ પવિત્ર કર્યું. બધાં જ પવિત્ર દ્રવ્યથી દેવોનું યજન કરીને સૂર્ય, ચંદ્ર, મુનિજનો આ સર્વને પૂજીને રાજી કર્યા.

જુદાં જુદાં શાસ્ત્રોના જુદાજુદા પાઠો કર્યા ત્યાર પછી નાતિભાઈઓ, સગાંસંબંધીઓને ભાવથી જમાડ્યા. તેઓએ બધા જ માણસોએ પોતપોતાના બાળકોને વિઘ્નથી મુક્ત કરાવ્યા. ભગવાને વિઘ્નનો નાશ થયો. તેના નાયકનો પણ નાશ થયો ત્યારે અતિ આનંદ સાથે ખૂબ જ ભારે સુખ પ્રાપ્ત થયું અને ધર્મભક્તિને પીડાઓની વ્યથા બધી જતી રહી. આ પ્રમાણે શ્રીહરિએ માતાપિતાનો પ્રેમ પ્રાપ્ત કરીને એમનું દિવ્યજ્ઞાન હતું તેને હરી લીધું. પહેલાં જેવો પ્રભુમાં પુત્રપણાનો ભાવ હતો તેવો જ ભાવ ફરી માતાપિતાને જાગ્રત થઈ ગયો. ભક્તિમાતા પુત્ર ભાવથી લાડીલા લાલ પ્રભુને લાડ લડાવતાં હતાં. ભાઈ તથા પિતા ધર્મદેવ પ્રભુનો પ્રતાપ જોઈને તેને લાડ લડાવતાં હતાં અને પોતે આનંદ પામતાં હતાં. છપૈયાપુરનાં મનુષ્યો ઘનશ્યામ હરિને ચીડવવા માટે લાલ લાલ કહીને બોલાવતા, કેટલાક તો કનૈયા કનૈયા કહીને અકળાવતાં હતાં. લાડ લડાવતાં હતાં. કાલિદત્ત આદિક અસુરોનો નાશ કરીને વિઘ્ન કરનારા બધા નાશ પામ્યા તે બધો જ પ્રતાપ ઐશ્વર્ય એ બધું જ આ ધર્મદેવના પુત્ર લાલ કરી જાણે છે એ પ્રમાણે માનતાં હતાં.

મહાભયંકર કાલીદત્તને તથા કોટરા આદિ કૃત્યાગણનો પણ આ પ્રભુએ જ નાશ કર્યો. બધાંને સુખ કરી દીધું. કુદરતી રીતે જ મનોહર રમણીય રૂપવાળા હરિ બાળઘનશ્યામને સંસ્કારવિધિ કરવાથી તો અતિ અધિક શોભતા હતા. મેઘસમાન શ્યામસ્વરૂપથી નિત્ય નવીન જ રૂપ ભાસે છે. જેમ દિવસ ઉગવાના સમયે સૂર્યનારાયણ ઉદય પામે ત્યારે નીલમણિ અતિશય પ્રકાશિત થઈ શોભે છે. તે જ ઉપમાથી શ્રીહરિ બાલમુકુંદ ખૂબ જ અધિક શોભે છે. હે મુનિ ! બાલમુકુંદ ભગવાનની લીલા આ રીતે થયા જ કરતી હતી તે લીલાને શંકર દેવો બ્રહ્મા આદિ તથા મુનિવૃંદ જુદી જુદી નિત્ય પ્રત્યે ગાતા હોય છે. નવીન જ જણાય છે.

જે જીવ આ ચરિત્રને કહે છે, સાંભળે છે અથવા આ મનોહર પવિત્ર ચરિત્રને પૂછે છે. તેનાં હૃદયમાં અતિ પવિત્રતા, નિર્મળતા ઉત્પન્ન થાય છે. તેના હૃદયમાં શ્રીહરિ નિવાસ કરે છે. તેને શાંતિ થાય છે.

**આ પ્રમાણે શ્રીહરિલીલાસિંધુમાં ત્રીજા બાલચરિત્ર રત્નમાં સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારી રચિત છંદભાષામાં શ્રીહરિના વિરહ મેળાપ ઉત્સવમાં કાલિદૈત્ય નિધન નિરૂપણ નામનો તેરમો તરંગ થયો.** ॥૧૩॥

# તરંગ-૧૪

હે માર્કંડેય મુનિ ! દેવતાઓએ કેમ સ્તુતિ કરી તથા કાલિદત્ત કેમ આસુરીપણાને પામ્યો તથા શ્રાપના બળે આવું કેમ બન્યું. આ બધા જ પ્રશ્નો હું મુનિરાજ આપને પૂછું છું. જ્યારે કલિદત્ત અસુરનો નાશ થયો. તે જ સમયે ભવ બ્રહ્માદિક દેવો ઇન્દ્ર આદિ સર્વે ફૂલ તથા ચંદનનાં પાત્રો ભરીને સર્વ સમુદાયની સાથે ત્યાં આવ્યા. પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનું જુદાં જુદાં સુગંધી પુષ્પોથી ભાવપૂર્વક પૂજન કર્યું. મોટા મોટા હારો ગજરા ધારણ કરાવ્યા અને અલૌકિક રૂપને નિરખીને દર્શન કરવા લાગ્યા. ત્યાર પછી હાથ જોડીને વિષ્ણુ, બ્રહ્મા આદિ સર્વ દેવસમાન વિનય સાથે સ્તુતિ કરવા લાગ્યા. હે પ્રભુ ! આપ આ ભૂમિ ઉપર અવતાર ધરીને પધાર્યા. સર્વનું

રક્ષણ કરો છો તે જ રીતે અમે પણ તમારા અંશો છીએ તો અમારું પણ રક્ષણ કરજો. હે નાથના નાથ આપને અમે નમીએ છીએ. વ્યાપક છો. સર્વના ઈશ સર્વોપરિ છો. આપના ગુણની ગાથાઓને ગાયા કરીએ. આપ અનાથના નાથ છો. સર્વના રક્ષક છો. અનંત કોટી બ્રહ્માંડોના આપ અનંત સર્વોપરિ છો. અનંતમાં એક જ છો. તેના આપ અનંત છો. આપની સમીપ રહેનારા સંતો છે.તેમને પીડા આપનારા દૂષ્ટોનો નાશ કરનારા આપ જ છો. અનંત મુક્ત પુરુષો ભક્તો આપનું ધ્યાન કરે છે. આપનું ભજન સ્મરણ કરે છે. આપ ધર્મની સ્થાપના માટે પધારો છો. અધર્મને ઉખાડીને કાઢી નાંખો છો.

એવા આપ છપૈયાપુરમાં પ્રગટ થયા છો. આપનો આશ્રય કરનારનાં પાપોનો નાશ કરો છો. એમને શાંતિ આપો છો. મારવા માટે આવતો કાલિદૈત્યનો નાશ કરનારા બધાને ભય પમાડતો હતો તો આપે એનો નાશ કર્યો એવા હે પ્રભુ ! અમારી રક્ષા કરજો. ધર્મધુરાને ધારણ કરીને ધર્મનું પાલન કરનારા આપ અત્યારે બાળસમાન થયા છો અને હંસની ચાલને ચાલનારા મનોહર ફૂલોની માળાને ધરાનારા. આપના દર્શનમાત્રથી કાળ કંપે છે. પાપી રાજાઓને જાળમાં બાંધનારા આપની આજ્ઞાનું પાલન કરનારા ભક્તો ભવિષ્યમાં આપના ચરણમાં સેવા આપે છે. આપના ધામને પામે છે. અનંત કોટિ બ્રહ્માંડોને ઉત્પન્ન કરીને પાલન કરો છો. અધર્મીઓનો નાશ કરીને ભૂમિના ભારને દૂર કરો છો. પાખંડી અધર્મીઓના માર્ગને તોડી નાંખનારા, અનેક મતવાદીઓને આશ્રિત બનાવનારા, અનેક પ્રકારનાં ચરિત્રોને કરનારા, દુનિયામાં અનીતીને શિક્ષા કરનારા, આશ્રિતોના પાપને તત્કાળ નાશ કરનારા છેતરપિંડી કરનારાને જાહેર કરનારા એવા આપ છો. અસંખ્યસ અને શૂન્યની આગળ અંક=જ્ઞાન આપનારા. શૂરવીર જ્ઞાનીને પોતાની સેવામાં રાખનારા, કટાક્ષની ચાલને શંકા કરીને કાપી નાંખનારા, કપટીના કપટને ભય પમાડનારા પીડા આપનારા. પાપાચાર કરનારાને જાહેર કરનારા, દુઃખસાગરમાં ડુબતા જીવોનો ઉદ્ધાર કરનારા, મનોહર મુખકમળને બતાવતા એવા તથા કટિભાગમાં સુંદર ઘુઘરીઓ જડેલી મેખલા ધારનારા એવા, આપ મનોહર મૂર્તિ છો. કરુણામય નેત્રકમળવાળા, ખળ લોકોને આપની વક્ર દૃષ્ટિથી ભય આપનારા એવા, નિરંજન પરબ્રહ્મ તમને અમે નમન કરીએ છીએ. મહાગહન કાળને પણ પોતાના વશમાં રાખનારા હોવા છતાં રસિક પ્રિયભક્તોને આનંદ આપનારા આપ શ્યામસ્વરૂપ છો.

અનંતના ગર્વ અભિમાનને ગળી જનાર, અભિમાન દૂર કરાવનારા, નિર્માનિ જનોને સાચું જ્ઞાન આપનારા, સુખ આપનારા એવા, જનોના બંધમાં નહિ આવનારા, એવા અલૌકિક સ્વરૂપને અમે નમન કરીએ છીએ. અંગોઅંગ જેમનાં સુંદર શોભાયમાન છે. હસ્તકમળમાં કડાંને ધારણ કરેલા. પગમાં ઝાંઝર ધારેલાં, પોતાના આશ્રિત સિદ્ધોનો સંગ રાખનારા. મહા ભક્તો મુક્તો દર્શન સ્વરૂપ સુખ માંગવા આવે છે. રસિક ભક્તો લેરમાં આવી ભક્તિ કરે છે. ચરણકમળને ધારણ કરીને ભક્તિ કરવાથી પાપો બળી જાય છે. ભક્તિ કરીને જગતનાં જંગને જીતી જાય છે.

એકાંતિક ભક્તો આપના સ્વરૂપમાં લોભાય છે અને ખળ લોકો સ્વરૂપ દર્શનથી ક્ષોભ પામે છે. સુંદર સ્વરૂપથી દર્શન આપીને શોભા વધારે છે. બ્રહ્માંડને ધારણ કરીને સ્થિરતા કરે છે. આખું જગત જેમનું એક સ્થાન છે. મંદ હાસ્ય કરનારા પ્રભુ સુખ આપે છે. અખંડ પરમેશ્વરમાં ધ્યાનમગ્ન રહે છે. બ્રહ્મરસમાં અખંડ રાચનાર છે એવા મનોહર મૂરતિ છે. બ્રહ્મના આસન સ્થાનવાળા વેદવ્યાસ જેના ગુણને ગાયા કરે છે. જ્ઞાનથી પ્રવિણ

ભક્તોને સિદ્ધપદ આપનારા, લાંબા સમય સુધી દાસ થઈને સેવે ત્યારે સુખસ્થાન પ્રાપ્ત થાય છે. નેત્રથી દર્શન કરવાથી પવિત્ર થાય છે. સર્વ ભાવનાથી જેમનું ભજન કરે છે. અનંત ગુણના પદોને ગાય છે. મનોહર મધુર વાણી બોલનારા. ધર્મની ધુરાને સારી રીતે ધારનારા કુટિલ કપટી સ્વભાવવાળાનાં કષ્ટ હરનારા જગતના જંજાળમાં ત્રાસી જીવોને તારનારા સુશીલ પવિત્ર સંતોને આશ્રય આપનારા. આશ્રય કરનારને પવિત્ર સ્થાન આપનારા પાપનો નાશ કરી ભૂમિ ઉપર સધર્મ સ્થાપી ભૂમિનો ભાર ઉતારનારા, કામદેવના અભિમાનને ઉતારનારા, મંદહંસ ગતિથી ચાલનારા એવા શ્રીહરિ.

હાસ્યયુક્ત સ્વરૂપને જે હૃદયમાં ધારે છે. કન્હૈપંડે જેમનું કુળ છે. મનોહર કુમાર સ્વરૂપે રહેલા ભક્તજનોના મનના દોષોને હરનારા એવા શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ. ક્ષમા સ્વરૂપ હોવા છતાં અંતશત્રુને મારનારા ભૂમંડળના જીવોના જીવનને સુધારનારા મહાન અભિમાની મલ્લોને મારનારા ખોટાં અભિમાનનાં ગર્વને હરનારા આપ બાળપ્રભુ જ છો. સુંદર મનોહર મધુર વાણી બોલનારા બોલવામાં બ્રહ્મવાદને કહેતા ચરણકમળમાં પ્રણામ કરીને જેમનો આશ્રય કરે છે. જેમના ચરિત્રને જોઈ અધર્મી જોરથી બળે છે એવા, આપનો પ્રતાપ અલૌકિક છે. હેતપૂર્વક માનને મટાડનારા, ધૂળમાં આળોટીને પામર જીવોને સુખ આપનારા ગર્વના (અભિમાનીના) ગર્વને ટાળનારા એવા આપ સ્વયં સર્વોપરિ છો તેથી આપને અમો પ્રણમીએ છીએ. સ્તુતિ કરતાં દેવો ઈશ્વરો કહે, હે મંગળ કરનારા મહારાજ હે ગરીબ નિવાજ ! આપે મહા ઉત્પાત્ત પીડા કરનારા મહાખળ, મહાપાપી અસુરને માર્યો તે બહુ સારું કર્યું.

આ પ્રમાણે દેવોનાં વિનય પ્રાર્થના સાંભળીને અમને પ્રભુએ પોતાનો પ્રસાદ આપ્યો. કહ્યું તમે બધા જ મુનિજનો તમે નીડર રહો. હું તમારું કાયમ માટે સારું જ કરીશ. તમારી રક્ષા કરીશ. બ્રહ્મા, શંકર, ઇંદ્રાદિદેવો મુનિજનો પ્રભુના ચરણકમળની રજને મસ્તક ઉપર ધારી અને હરિના સ્વરૂપને હૃદયમાં ધારીને હરિનો મહિમા ગાતા થકા ગયા. બધા દેવો મુનિજનો પોતાનો સ્વાર્થ સિદ્ધ કરીને પોતપોતાના લોકમાં સ્વસ્થાને ગયા. આ રીતે પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુનો અવતાર બધે જ પ્રસિદ્ધ થયો એમ સર્વે માનવા લાગ્યા. આજ પ્રભુના ચરિત્રને ગાતા થકા હરિના ગુણને ગાઈને ધ્યાન ધરે નામ રટણ કરે. આગ્રહ પૂર્વક આરાધના ઉપાસના કરી સર્વે દેવોમુનિજનો આનંદમગ્ન થઈ સુખ મેળવતા હતા. શતાનંદ મુનિ કહે છે, હે મુનિવર ! આપને ધન્ય ધન્ય છે. કેમકે આપે મને મુનિજનો દેવો આ મહારાજનું સ્તવન કરી રીજવ્યા તે મને કહ્યું પણ હવે કાલિદત્તની ઉત્પત્તિ કહો તથા તે અસુર કેમ થયો તે અસુર સરદાર કેમ થયા તે મને કહીને સમજાવો.

માર્કંડેય મુનિ ધીર શાંત મૂરતિ શતાનંદ મુનિને કહે, તમે સાંભળો, અને શતાનંદ મુનિ બધા જ મુનિઓ પ્રતિ કહે છે અને સુવ્રત મુનિ પ્રતાપસિંહ રાજાને કહે છે. રૂપાલનામક એક રાજા થઈ ગયા. તેમણે કાલિદત્તના પિતાની હાંસી કરી કહે કે તમે તો નપુંસક યવન કહેવાઓ. આ પ્રમાણે કહીને પછી યદુએ એનો ઉપહાસ (મશ્કરી) કર્યો. ત્યારે તે રાજાને ક્રોધ થયો ત્યારે તે બદલો લેવા ભગવાનને તપ કરીને પ્રસન્ન કર્યા. પ્રભુ પાસે યાદવોને ભય પમાડે એવો વર માગ્યો. પુત્ર કાલયવનની ભગવાન પાસે માંગણી કરી.

તે કાલિયવન કાબુલનગરમાં યવનોનો રાજા થયો.પોતાના રાજ્યને સારી રીતે સંચાલન કરતો હતો. તે અતિ બળવાન અસુરોના મનને જીતનારો અને શત્રુને વશમાં કરવામાં હોશિયાર હતો. ત્યારે નારદ મુનિએ એ યવનરાજને ઉપદેશ કરીને કહ્યું કે તારી સાથે મશ્કરી કરનારા યદુવંશમાં અત્યારે શ્રીકૃષ્ણ સૂર્ય સમાન છે તે રાજા

છે. તેમની ઉપર વિજય મેળવવા ચડાઈ કર. આ રીતે ઉપદેશ કર્યો ત્યારે તે જરાસંઘ મગધ રાજાની મદદમાં ગયો. આ રીતનાં તે નારદ મુનિનાં વચન સાંભળીને તે યવનરાજ લડાઈ કરવા માટે ઉતાવળો થવા લાગ્યો. તે કાલયવન ત્રણ કરોડ યવન સૈન્ય લઈને ચાલતો થયો. જેમ સાગરમાં પૂર આવે ને ઉછાળા મારે તેમ તે યવન અતી આતુર થતાં અતિવેગમાં ચાલવા લાગ્યો. સાગરમાં નદી જેવા વેગમાં જાય તેવા વેગથી યુદ્ધ કરવા જવા લાગ્યો. તે કાલયવને મથુરાને ચારે બાજુથી ઘેરી લીધી. કૃષ્ણની સાથે લડાઈ કરવા તૈયાર થયો ત્યારે શ્રીકૃષ્ણ મથુરાની જવાબદારી બલરામને સોંપીને, શ્રીકૃષ્ણ શત્રને છેતરવા માટે ચાલ્યા. શ્રીકૃષ્ણ શત્રુની પાસેથી જ પસાર થયા. શત્રુએ પણ હરિ આજ છે એ પ્રમાણે જાણી લીધા. નારદજીએ જે ચિહ્નો કહ્યાં હતાં તે ચિહ્નોથી ઓળખ્યા અને તેમની પાછળ પકડવા દોડ્યો.

આ રીતે હરિ પ્રભુ આગળ દોડે અને શત્રુ પાછળ દોડે. આમ ઘણે દૂર ચાલ્યા ગયા. ગીરનાર પર્વતની ગુફામાં શ્રીહરિ અસુરને છળવા માટે પ્રવેશ કર્યો. ત્યાં ગુફામાં સુતેલા એક રાજા અતિ પરિશ્રમ કરવાથી થાકને લીધે ભરનિદ્રામાં હતા. તેની ઉપર ભગવાને પોતાનું વસ્ત્ર ઓઢાડી દીધું. પોતે ગુફામાં પ્રવેશી ગયા. ગુપ્ત ઉભા રહ્યા. ત્યારે તે યવનરાજ નજીક આવીને રાજાને જોરથી લાત મારી. નિદ્રામાંથી જાગેલા રાજાએ આતુરતાથી તેની સામે નિરખીને જોયું. ત્યારે તે અસુરરાજ બળીને ભસ્મ થઈ ગયો. ત્યાર પછી મુચકુંદ રાજાએ ભગવાનનાં દર્શન કર્યાં. સ્તુતિ કરી હે મુનિરાજ ! તે રાજાએ પ્રભુને પૂછ્યું મારી નજરથી બળીને ભસ્મ થયો તે પુરુષ કોણ હતો તે હે મહારાજ મને કહો.

ત્યારે શ્રીહરિ તે મુચકુંદ રાજાને કહે તે તો કાલયવન અસુરોનો રાજા હતો. તે બ્રાહ્મણના શ્રાપના લીધે બળીને ભસ્મ થયો. તમારી નજરના પ્રતાપથી થયું તે અમારી ઈચ્છાથી થયું છે. એને મારી સાથે મહાયુદ્ધ કરવાની ઈચ્છા હતી. તેથી જ અહીં આવ્યો હતો પણ ભાઈ એની ઈચ્છા અધુરી રહી ગઈ. તે તો એ બીજો જનમ લેશે તેમાં અમને પામશે તે બીજા જનમમાં કાલિદત્ત નામથી જગતમાં પ્રસિદ્ધ થશે. અમારી સાથે યુદ્ધ કરશે. ત્યારે તે વિંધ્યવાસની સમિપમાં સભીપુર ગામમાં બ્રાહ્મણના ઘેર જઈને જન્મ લીધો. ત્યાં અસુર પ્રકૃતિનો હોવાથી અતિ ઉત્પાત્ત કરનારો થયો અને મારી સાથે વૈર કરીને રહેતો હતો. હું પરબ્રહ્મ પુરુષોત્તમ સ્વરૂપ ધારીને ધર્મભક્તિના ઘરને વિશે પ્રગટીશ અને આને હથિયાર લીધા વગર જ યુદ્ધ કરીને દૃષ્ટિ માત્રથી જ નાશ કરી નાંખીશ.

માર્કંડેય મુનિ, શતાનંદ મુનિ અને સુવ્રત મુનિ કહે છે. એટલા માટે શ્રીહરિ ઘનશ્યામ પ્રભુએ દૃષ્ટિમાત્રથી જ તે અસુરનો નાશ થયો અને પૂર્વના શ્રાપથી મુક્ત થયો તે સંશય વિનાની સર્વ વાત લખાણી છે.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં ત્રીજા બાલચરિત્ર રત્નમાં સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં બ્રહ્મા ઈંદ્રાદિક દેવોએ સ્તુતિ કરી તથા કાલયવનની શ્રાપથી મુક્તિ થઈ એ વર્ણન કર્યું તે નામનો ચૌદમો તરંગ થયો. ॥૧૪॥**

# તરંગ-૧૫

મુનિ માર્કંડેયને શતાનંદ મુનિ ભગવાન શ્રી ઘનશ્યામનાં લીલા ચરિત્રનું પૂછતા હતા. હવે મને આપ પ્રભુના ચોથા વર્ષનાં બધાં જ ચરિત્ર સુખ આપનારો છે તો તે કહો. હે મુનિ ! તમે ધન્ય ભાગ્યવાળા છો. તેથી ભગવાનનાં મનોહર અલૌકિક ચરિત્રનું પૂછ્યું છે તે બધું જ તમને કહીશ તે તમે ભગવાનના ચરિત્ર સુધાને સુખપૂર્વક સાંભળો. જ્યારે બાળપ્રભુનું ચોથુ વર્ષ બેઠું ત્યારે સુખાકારી માટે પિતા ધર્મદેવે અનુરૂપ સંસ્કારો કરાવ્યા ત્યારે હરિની મૂર્તિ રમણીય સુખરૂપ સર્વના સુખસિંધુએ શરીર ઉપર અલંકાર ધારણ કરેલા તેનાથી ભગવાનનું સ્વરૂપ અલોકિક શોભતું હતું. ભગવાનનાં ચંચળ નયન અણિયાળાં તેમાં અરુણ રેખાઓ કાજળ વિના જ કાળાં દેખાતાં હતાં. તે નેત્રો શ્રીકૃષ્ણ પ્રભુનાં અતિ ચંચળતાથી જળકતાં હતાં. તેથી નરનારીના મનને હરનારા શોભતા હતા. ચંદ્રસમાન મનોહર મુખકમળ દ્વિજોમાં શ્રેષ્ઠતર લાગતું હતું. કુમુદ કમળની કળિ જેવું સુંદર શોભતું હતું. મુખ ઉપર અધરોષ્ટ લાલ શોભતા હતા. રસથી ભરપૂર ચિબુક દાઢી ઉપરની સુંદર લાગતી હતી. ગોળ કપોલના ગાલ ઉજ્વલતાથી શોભતા હતા. શ્રવણપુટથી તે મુખમંડળની છબી અલૌકિક લાગતી હતી. વાંકી ભ્રૂકુટિ ધનુષ્યાકાર તે કામદેવને મોહ પમાડે છે. લલાટમાં તિલકની ઉભી રેખા તે પણ અતિ મનોહર લાગે છે. બાળપ્રભુના મસ્તકના વાળને માતા સુગંધિત તેલથી સારા કરી શોભાડતાં હતાં અને મસ્તક ઉપર સોનાના તારની તુઈવાળી ટોપી ધારણ કરાવીને બાળપ્રભુનું અલૌકિક સ્વરૂપ બનાવ્યું. સોના ચાંદીનાં કંઠમાં હાર તથા કંગન પહેરાવ્યાં. આંગળીયોમાં વેઢવીંટી ધારણ કરાવ્યાં. હાથનાં તથા કાનનાં આભૂષણો ધારણ કરાવીને શરીરમાં કોઈ દૂષણ ન હોવાથી સુંદર રૂપાળું દર્શન થતું હતું.

ક્યારેક હરિ સાવ ગરીબ થઈને માતાના ખોળામાં બેસી જાય અને માતા સ્તનપાન કરાવે ત્યારે પ્રભનું મુખ ચંદ્રસમાન પ્રેમથી નિરખે. ક્યારેક તો પ્રભુ હેત સાથે સ્તનપાન કરે ત્યારે માતા પોતે અતિશય સુખ માનવા લાગે. ક્યારે હરિ ધર્મદેવના ખોળામાં જઈને આનંદ કરતા થકા બેસે ત્યારે ધર્મદેવ શ્રીહરિના મુખકમળને જોઈને મનમાં ખૂબ જ રાજી થાય અને પોતાને તન, મન, ધન સર્વ રીતે સુખ છે એમ માનવા લાગે. ત્યારે પિતાજી બાળપ્રભુનું મસ્તક સુંઘે ત્યારે મંગળમય પ્રભુના ગુણને ગાતા થકા આનંદ પામતા ત્યારે પ્રભુ તાત તાત કહીને પિતાને બોલાવે ત્યારે પિતાના હૃદયમાં હર્ષનો પાર નહોતો રહેતો. ક્યારેક મોટાભાઈ પાસે જાય ત્યારે હરિને મોટાભાઈ કુસ્તી શિખવાડતા હતા ક્યારેક હરિના હાથને ઉંચા કરાવે. ક્યારેક ડંડ પિલાવે. ક્યારેક સામસામા આલિંગન કરાવીને રમાડે. કસરત કરવા વખતે ઘનશ્યામ પ્રભુ ભાઈનાં અંગો પકડે છે. ભાઈ જોર કરીને છોડાવવા મથે છે તે છતાં હરિ છોડતા જ નથી. શ્રીહરિ પોતાના હાથથી ભાઈનો હાથ પકડે છે અને છોડાવવાની રીત હરિ ભાઈને સમજાવે છે. પકડ્યા પછી પોતાના શરીરને મારથી બચાવવા માટેનો પેચ સમજાવે છે. આ રીતે પોતાના ઘરમાં બેઠાં બેઠાં સહજતાથી ભાઈ હરિને રમવાના દાવપેચ શીખવાડતા હતા. શ્રીહરિ તે દાવપેચને સારી રીતે જાણતા હતા અને દાવ કરી બતાવતા હતા.

ભગવાનનાં ચંચળપણાની તથા અતિ ચતુરાઈની લીલા આ ગ્રંથમાં ભરપૂર ભરેલી છે.માતાએ હરિને નવરાવીને અંગોને ચોખ્ખાં કરીને સુવાંળા વસ્ત્રથી શરીરને લુછતાં હતાં. ત્યાર પછી દહીં, સાકર, ચોખા, પુરી વિગેરે ઘીમાં ચોળીને માતા હરિને ભાવથી જમાડતાં હતાં.

કહેતાં હતાં કે હે લાલા તમે ખૂબ જ જમજો. વધારે જોઈએ તો લેજો જે ઇચ્છિત ભોજન જોઈએ તે લેજો પ્રભુ નાના નાના કોળિયા લઈને જમતા હતા અને વચમાં ચારેબાજુ જોતા થકાં પાણી પીતાં હતાં. માતાએ હરિને સારી રીતે જમાડીને તૃપ્ત કર્યા. ત્યાર પછી હાથ અને મુખને શુદ્ધ જળથી ધોવડાવીને પછી જળપાન કરાવ્યું. ત્યાર પછી હરિએ એલાયચીનો મુખવાસ લીધો. તે જ સમયે હરિના બાળસખાઓ બધા સાથે મળીને હરિ પાસે આવ્યા ત્યારે તેઓને આવવાથી હરિ પણ ઉતાવળા થવા લાગ્યા. જલદી રમવા માટે તૈયારી કરવા લાગ્યા. પ્રભુ મિત્રોની સાથે પુરની બહાર ચાલ્યા જાય છે. સાથે મળીને બધા અસરપસર ખેલ કરતા જાય છે. ત્યારે એક મિત્ર ભૃગુ નામનો પ્રભુના ગળામાં હાથ નાખીને આનંદ કરતા થકા જાય છે. બધા મિત્રો આનંદ વિનોદ કરતા નગરની પાછળના ભાગમાં ઉત્તર દિશા તરફ સુંદર બાગો હતાં તેમાં ગયા. તે બાગમાં નવાં પાંદડાં ખીલેલા. તરુઓ ઉપર વેલીઓ, લતાઓ ચડેલી હતી. તેની ઉપર ફળો અને ફૂલોથી તે ખૂબ જ શોભતી હતી. તે તરુઓ સઘન ભારથી લદાયેલી સુંદર મનોહરતાવાળી ડાળીઓ ટોચના ભાગમાંથી નમીને જમીનને અડેલી હતી. તેથી તે અતિ શોભતી હતી. શ્રીહરિના ચરણકમળના સ્પર્શથી પવિત્ર થયેલી તે ભૂમિમાં અષ્ટસિદ્ધિ નવનિધિના સહવાસથી મહાઉત્સવ સમાન ભૂમિ ફળફૂલ આપે છે. બધાંને સુખ આપે છે. બાગમાં કાંકરા કે કાંટા કાંઈ નથી. તેથી ખૂબ જ શોભતો હતો. બધાં બાગને જોઈને લોકો મોહ પામી જાય છે.

હે મુનિ ! હરિ પોતાના સખાઓની સાથે આજ ભૂમિ ઉપર રમતો રમે છે. તેને જોવા માટે મનુષ્યો મુનિજનો હંમેશાં આવ્યા જ કરે છે. તે બાગમાં બાળમિત્રો રમતાં રમતાં ક્યારેક ક્યારેક જુપડિયોમાં એક એક જઈને સંતાય છે ત્યારે એક મિત્ર બધા મિત્રોને શોધે છે. આવી રીતે રમતા થકા હરિ ખૂબ જ શોભે છે. ક્યારેક ક્યારેક હાથની મુઠ્ઠી વાળીને તેનાં હોઠ ઉપર રાખીને પીપુડાં વગાડતા હતાં. મુનિજનો ચરિત્રનો જપ કરતા હતા. ક્યારેક વૃક્ષ ઉપર ચડીને સારી રીતે બેસીને અધરોષ્ટ ઉપર બંસી ધારીને બજાવતા હતા. ક્યારેક બીલાં આદિક ફળોને તોડીને પરસ્પર જોર જોરથી મારતા હતા.ક્યારેક ચપળ ચતુર એવા બાળપ્રભુ દોડતા ત્યારે પગનાં ઝાંઝરની ઘંટડી વાગતી હતી. આનંદ આવતો હતો. ક્યારેક એક બીજાના પગની આંટી મારીને પાડતા ત્યારે જે પડી જાય તેને હાંસી કરતા થકાં નિર્બલ કહેતા હતા. ક્યારેક એક બીજાને આલિંગન કરીને અરસપરસ લડતા હતા. અતિ જોર કરીને એકને પાડતા હતા. ક્યારેક કોઈક ગાયરૂપે થાય. એક બાળક વાછરડા રૂપે થાય ત્યારે તે એ ગાય વાછરડાના જેવા શબ્દો કરીને બોલે ત્યારે હરિ સુંદર શબ્દ કરીને બોલતા. તેમાં એક બાળક ગોવાળ બને તે ગોવાળની માફક ગાયોને સાદ દઈને. અતિ ગંભીરતાથી બોલે. આ રીતે હરિ બાળકોની સાથે બાળક્રીડા કરતા હતા.

ક્યારેક હરિ આખલા જેવા થઈને લડતા હતા અને વાંકી દૃષ્ટિથી જોતા હતા. હળવા હળવા પગલાં ભરીને ભૂમિ ઉપર શબ્દ કરીને શ્યામ લડતા હતાં. રમત કરતા હતા. ક્યારેક હરિ ઘોડાની કે ક્યારેક હંસની ગતિ ચાલીને સખાઓને બતાવતા હતા. ક્યારેક મોર, કોયલ, પપીહા પ્રત્યે તેના જેવા જ શબ્દ કરીને બધાંને આનંદ પમાડતા હતા. ક્યારેક બાળકો ફળ, ફૂલ, પાંદડાં, ચણોઠી આદિની માળાઓ કરીને બાળકો પહેરતાં હતાં. ફૂલના ગુચ્છાં કરીને કાને ધરાવતા ચણોઠીની માળા હરિને પહેરાવતા, ફૂલ મણિ કાચ આદિના હાર કરીને ધારણ કરાવતાં. સોના જેવાં તથા ગૌરિક આદિ જાતજાતના આભૂષણો બનાવીને હરિના શરીર ઉપર સજાવતા હતા તથા મલવિદ્યા કરીને પેચ ચલાવતા હતા. સખાઓની સાથે હરિ લડતા હતા ત્યારે શોભતા હતા. દોડી દોડીને દૂર જાય અને આગળ વૃક્ષ આવે તેને જોઈને તેને અડી જાય. તેના વાદમાં હું પહેલો હું પહેલો અડું આમ કહીને બધા મળીને

જોરથી દોડે. વેગમાં ભાગે. ક્યારેક ભમરાની સાથે બેસીને ગાયા કરે. ક્યારેક નૃત્ય કરીને કલાનું પ્રદર્શન કરે. ક્યારેક એક સખા મોર જેવું બોલે તો તેની માફક બધાય બોલે. આ રીતે અલૌકિક વાતાવરણ થાય.

બાળરમતમાં વાંદરાનું જુંડ જોઈને તેમની સાથે કપીલીલા કરવા લાગ્યા. જેમ વાંદરાં દાંત બતાવે, દાંતીયાં કરે તેમ તેની સામે કરતા હતા. વાંદરાંને બાળપ્રભુ દાંત બતાવે. આમ લીલા કરતા હતા. દોરીની માફક વાંદરાનાં પૂંછડાંને પકડે ત્યારે વાંદરાં ઝાડ ઉપર ચડે ત્યારે તે પણ ઉપર ચડે ત્યારે કોઈ ડાળના છેડેથી નીચે ઉતરે, ઉપર ચડે તેમ ચડતા ઉપર જતા ઉતરતા હોય તે ખૂબ જ શોભતું હતું. ક્યારેક બાળકો પ્રભુની સાથે પોતાના પડછાયાંને જોઈને તે પડછાયાની સામે જોતા થકા નૃત્ય કરે. અતિ આનંદ થાય. ક્યારેક બહાનું કાઢીને હરિ અતિ દોડીને ચંચળતા જણાવે. તેથી બીજાના મનને ચોરતા હતા. આનંદ આપતા હતા. ક્યારેક પલાશ આદિના અનેક પ્રકારનાં વૃક્ષો તેની ઉપર બંધાં બાળકો ચઢીને ઉપરથી કુદકાં મારે. ક્યારેક ડાળીઓ ઝાલીને બેય હાથથી ધુણાવીને જમીન ઉપર ફળો પાડતા હતા. ક્યારેક હરિ પોતે જ હરિ હરિ બોલતા થકા કંપાવતા હતા તથા દોડાદોડની રમત રમતા હતા. દશ-વીસનું જુથ રમતા હતા. હરિ દોડે તેની પાછળ દોડે. ઊંચો માટીનો ટેકરો હોય તેની ઉપરથી ગબડીને પડતા ને હરિ એમને ફેટો મારીને રમતા. ક્યારેક દડો લઈને બાળકોની સાથે રમતા હતા અને ઘનશ્યામ પ્રભુ બાળકોને આનંદ કરાવતા હતા. ક્યારેક હરિ બાળકોની સાથે જળક્રીડા કરવા માટે ક્યારેક સરોવરમાં ક્યારેક નદીમાં જાય. સ્નાનક્રિયા કરે. સાથે સાથે આનંદપૂર્વકના રમતોના ખેલ પણ કરતા. ભીના શરીરે ક્યારેક દેડકાંની જેમ જમીન ઉપર ચાલે ત્યારે શોભતા હોય. જ્યારે દેડકાં બોલે ત્યારે તેની સાથે બાળપ્રભુ બાળકો પણ બોલે. પ્રતિધ્વનિ કરે ત્યારે સુંદર લાગે. આ રીતે વિનોદ કરતા.

જેમ જળકુકડી પાણીમાં તરે તેમ હરિ ગતિ કરતા તરતા હતા. હરિ ડુબકી દઈને ઘણે દૂર નીકળતા ત્યારે સખા આશ્ચર્ય પામતા હતા. ક્યારેક પગનો પ્રહાર કરીને ખેલ કરતા ત્યારે એક એક બાળક લાત મારવા જાય. લાત મારે ત્યારે ડુબકી મારીને હરિ જળમાં ઊંડા છુપાઈ જાય. આ રીતે બાળકોની સાથે જળક્રીડા કરતા. જે કોઈ નજીક આવવા જાય ત્યારે તેને લાત મારે ત્યારે બાળમિત્રો બધા હસે. ક્યારેક હરિ પદ્માસન વાળીને જળમાં શ્વાસને ઊંડો ઉતારીને સ્થિર થઈને બેસે. આ રીતે ચરિત્ર કરે. મુનિપતિ કહે છે કે, હું હવે બીજી લીલા કહું છું. બધાં બાળસખાઓ મળીને એકના માથે દાવ નાખે ત્યારે બધાને અડવા માટે દોડે ત્યારે બધા આડાઅવળા પાણીમાં જાય ત્યારે હરિ ઊંડા જળમાં જવાનો વિચાર કરે પણ જાય નહિ.

આ રીતે અનંત પ્રકારનાં ભગવાનનાં ચરિત્રો છે તે સર્વે સુખ આપનારાં છે. તે ચરિત્રને જે જન બધાં જ ચરિત્રને દિવ્ય સમજીને તેનું શ્રવણ કરે તે જન અક્ષરધામને પામે છે.

**આ પ્રમાણે શ્રીહરિલીલાસિંધુમાં ત્રીજા બાલચરિત્ર રત્નમાં સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિ સખાઓની સાથે બગીચામાં રમતો રમતા તથા જળલીલા વર્ણન નામનો પંદરમો તરંગ થયો. ॥૧૫॥**

# તરંગ-૧૬

પ્રતાપસિંહ રાજા કહે છે, હે મુનિરાય ! આપ મને શ્રીહરિની નદીમાં સ્નાન કર્યાં તેની લીલા તથા વનફળો લીધાં તથા કાળભૈરવને ભગાડ્યો તે આદિ લીલા મને સંભળાવો. માર્કંડેય મુનિને શતાનંદ મુનિ પુછે છે, હે મુનિરાજ ! આપ મને શ્રીહરિના પાંચમા વર્ષનાં જે ચરિત્ર છે તે કહો. તે ચરિત્ર કેવી રીતે કર્યા તે મને સંભળાવો. માર્કંડેય મુનિ કહે છે, હે શતાનંદ મુનિ ! તમે ધન્યભાવવાળા છો. તમે મારી પાસે પૂછ્યું તે સર્વે ભવબંધનથી મુકાવે છે. તે હરિલીલામૃતના રસને કાનરૂપી પડિયાથી જે પીવે છે તે ધન્યભાગ્ય છે. એક વખત શ્રી ઘનશ્યામ હરિકૃષ્ણ પોતાના સખાઓની સાથે વિશ્વામિત્રી નદીમાં પોતાના બ્રાહ્મણ બાલમિત્રોની સાથે ત્યાં જઈને જે લીલા કરે છે તેને તમે સાંભળો. સર્વ ઈશ્વર જીવોના અંતર્યામિ એવા નિત્ય અલૌકિક સુખ આપે છે એવા મહાપ્રભુ પુરુષોત્તમ નારાયણને સૌંદર્યમૂર્તિ, નદીની ઝીણી રેતમાં રમતા શ્રીહરિ શોભતા હતા. બધાના ચીત્તને હરિ લઈને હસે છે. થોડો વાર્તાલાપ કરે છે. એવા આનંદ વિનોદને વેદો વર્ણન કરીને કહે છે એવા મહાપ્રભુના સ્નેહપાસથી બંધાયેલા સર્વે બાળકો આનંદ પ્રમોદ કરે છે. કોમળ રેતીમાં નદીની વચમાં દોડતા પ્રભુ સખાઓની સાથે શોભે છે. બાળકોને ઊંચાં ઉપાડી નીચે નાંખે છે. આ રીતે અસરપરસ બાળકો રમતાં હતાં. આનંદ કરતાં હતાં. ફૂલના સમુહમાં ભમરાઓ સુગંધને લેતા થકા ગણગણાટ કરતા હતા. તે પરાગરજને દશે દિશામાં પવન લઈ જઈને ફેલાવતો હતો. મનોહર વાતાવરણ થતું હતું. ચારેબાજુ ભ્રમણ કરતા ભમરા કૃષ્ણકમળમાં આવીને પરાગરજને લઈને મત્ત થયેલા તે પ્રભુના ગુણને ગાતા થકા ગુંજારવ કરતા હતા. કેમકે શ્રીહરિએ એમના ચિત્તને હરી લીધું છે. સારસ, ચાતક, હંસ, કલગી યા જળકુકડી શ્રીહરિએ આ સર્વેના ચિત્તને હરિ લઈને જળમાં સ્થિર કર્યાં છે. નદીમાં પ્રવાહ પહોળો વહે છે. તેનો પ્રવાહ વેગવાળો છે. પાણીના પ્રવાહમાં ભમરી વળે છે. તરંગપૂર્વક વહે છે. તેમાં બાળમિત્રોની સાથે હરિકૃષ્ણ પ્રભુ રમે છે. નદીમાં નિર્મળ શાંત જળ વહે છે. તેની અંદર હરિના ગુણ ગવાયા કરે છે. રમતાં થકાં ક્યારેક બાળકો અરસપરસ હરિફાઈ કરીને નદીમાં વચ્ચે દોડે છે. એક બીજાને અડકવાનો દાવ રમે છે.

પ્રસન્ન મનવાળા થઈને બધાં બાળકો રમે છે. સાથે હરિકૃષ્ણ પ્રભુ પણ રમે છે. સ્પર્શ કરવો, આલિંગન કરવું, બોલીને અડકવું. હે રાજન્ ! આ રીતે સર્વે રમતો રમતા હતા. એકબીજાને પકડીને જળના પ્રવાહમાં શરીરને વહેતા મેલે છે. વહેતાં વહેતાં નક્કી કરેલા સ્થળથી નીચે પડતાં હતાં. ફરી પાછાં પ્રવાહમાં પડતાં હતાં. ક્યારેક હાથથી પાણીને ઉછાળતા, માટીની ગોળિયો વાળીને ઉડાડતાં હતાં. અન્ય બાળકને કહેતાં થકાં પ્રશંસા કરતાં થકાં અનેક રમતો તે રમતાં હતાં. આ રીતે અરસપરસ જળને ઉછાળવું તથા બાળમિત્રો કુંડાળું વળી હાથથી પગને પકડીને પછાડવા. તેનાથી અંગોને કસરત કરાવતા હતા. આવી રીતે ખૂબ જ જળક્રીડા કરીને તેનાથી વિરામ લઈને સર્વે બાળકો પોતપોતાના વસ્ત્રો, આભૂષણો ધારણ કરીને આવાં વાર્તાલાપ કરતાં થકાં બધાં જ બાળકો સારી કઠણ જગ્યા પર નદીના કાંઠા ઉપર આવી ગયાં. અનેક પ્રકારનાં વૃક્ષોથી ગુંથાયેલું તથા ફૂલોથી ભરચક વેલીઓના ઝુંડવાળું તેમાં ગુલાબ, પુંગી, મલ્લિકા, જુઈ તથા બીજા. કદંબ, ચંપો તથા કુંદકેતક, કેતકી, કરેણ, કર્ણિકાર કેળનાં થાંભલા આદિ ગીચતાથી શોભતાં હતાં. તેમાંથી પુષ્પ લઈને અનેક પ્રકારનાં પુષ્પોના

હારો તથા મોટા ગજરા, ગુચ્છો, તોરાઓ વિગેરે બનાવીને હરિકૃષ્ણ પ્રભુને ધારણ કરાવતાં હતાં. ત્યાર પછી બ્રાહ્મણ બટુકો ધારણ કરતાં હતાં. તે વનમાં ભમરાઓ ગુંજાવર કરતા હતા. કોયલોના કલાયુક્ત શબ્દ થતો હતો તથા ચક્રવાક તેમજ ચકોર પક્ષીઓના શબ્દ પણ સંભળાતા હતા. ગાયોનાં ધણમાંથી ગાયોના બોલવાના શબ્દ તથા આખલાઓ બોલતા હતા તેના શબ્દો થતા હતા. કુરંગ પક્ષીઓ કપિ કેકય આદિ પ્રાણીઓના શબ્દો થતા હતા. તેથી વન શોભતું હતું. ત્યારે બધાં જ બાળકો ધર્મનંદન શ્રીહરિને કહેતાં હતાં. હે મિત્ર ! ગીચ વનમાં મોટાં વૃક્ષો ફળોથી ભરેલાં તેમાં બહુ જ મીઠાં ફળો સારાં પાકેલાં છે. સર્વના મનને જાણનારા હરિ મિત્રોને ફળની આશાની વાતને અનુમોદન આપતા થકા સારું સારું મહાનુભાવો હવે ગીચ વનમાં જઈએ છીએ.

વેણિ, માધવ, પ્રાગ, ભવાનિ, મંછારામ તથા કનૈરામ, જગન્નાથ, છિટુ, બંસી, બદ્રીનાથ, વરિદત્ત, હુલાશ, વેણિરામ આશાને આનંદપૂર્વક આવ્યા. ભૃગુરામ, છીટુ, ઈછઈ, બસ્તી, રામ, માધવ તથા સુબરાતી, ગુલાજાર બીજા પણ સાથે રહેતા હતા. એકમોની સંખ્યામાં રહેતાં હતાં.

વનમાં પહોંચ્યા ત્યારે તે ભયંકર ગીચતાવાળું અંધકારયુક્ત ઘટાદાર પાંદડાંવાળાંથી ઢંકાયેલાં બધાં જ બાળકો સાથે જતાં હતાં. જુદા કોઈ ન જાય તે માટે પ્રભુએ માર્ગદર્શન આપ્યું છે. બધાં જ બાળકો હરિકૃષ્ણ પ્રભુની સાથે જ વનમાં પ્રવેશ કરતાં હતાં. તેમાં જાતજાતનાં ફળો અનેક પ્રકારનાં મધુર રસવાળાં ખૂબ જ પ્રમાણમાં હતા. ખારેકડી, દ્રાક્ષ, ખજૂરી, અખરોટ, ફણસ, અમ્મર, નાળીયેર, બિલાં, કોઠાં, ગાંગટી, ગરમાળો વિગેરે હતાં. જાંબુ, રામફલ, જામફળી, નારંગ, કેળનાં થડો, ફાલસા વિગેરે દાડમ, અંજીર, પાડલા સોપારીફળોનાં ઝાડો હતાં. અનેક વૃક્ષની ડાળો ફળના ભારથી જમીનને અડતી હતી. આ જોઈને હરિને આનંદ થયો અને બધાં બાળકો પણ રાજી થઈ ગયા.

તે વૃક્ષમાં જાતજાતનાં ફળોવાળાં રસથી ભરપૂર પાંદડાં પત્રોથી શોભાવાળા તે વૃક્ષો જોયાં અને હરિને અશોકવૃક્ષના નીચે બધાંને લીધાં. નવાં પાંદડાંને લીધે સ્વચ્છ પવિત્ર જણાતાં તે વૃક્ષની તળમાં સુંદર વાતાવરણ હતું. ફળથી નમી ગયેલું હતું. ત્યાં બાળકોથી વીંટાયેલા હરિ શોભતા હતા. વૃક્ષો ડાળીઓની શોભાથી શોભતાં હતાં. તેમાં યુવાન વૃક્ષ ખૂબ જ શોભતાં હતાં. દેવો, મુનિજનો તથા મનુષ્યો સર્વેનાં મનને ખેંચનારું વન છે. ત્યાં બ્રહ્માજી શંકર, ઈન્દ્ર, બીજા દેવતાઓ, મુનિજનો, બ્રહ્મર્ષિઓ બધા દર્શન કરવા આવ્યા. એમણે ઘનશ્યામ પ્રભુનું પૂજન ચંદન પુષ્પથી કર્યું. સર્વના શ્યામ શ્યામમૂર્તિ એવા ઘનશ્યામ પ્રભુ સ્વયં નારાયણ સર્વ મુનિઓમાં શ્રેષ્ઠ હે હરિ ! હે કૃષ્ણ ! હે હરિકૃષ્ણ ! હે નિલકંઠ પ્રભુ ! આપને અમો નમન કરીએ છીએ.

હે કમલ નેત્રવાળા પ્રભુ ! આપને અમારા નમસ્કાર છે. હે કમળસમાન મુખવાળા પ્રભુ અમારા આપને નમસ્કાર છે. હે કમલકર્ણ આપને અમારા નમસ્કાર છે. હે કમલનામવાળા ! પ્રભુ આપને નમન છે. કમળપદને અમારા નમન છે. આપની ઉર્ધ્વરેખાને નમન છે. હે ધર્મનંદન પ્રભુ ! આપને અમારા નમન છે. હે ચંચળ ! આત્માવાળા પ્રભુ આપને નમન છે. ચંચળ ગતિવાળા આપને અમારા નમન છે. હે ચંચળરૂપ ! સર્વનું સારું કરનારા આપને અમારા નમસ્કાર છે. હે મુક્તોના ફળરૂપ ! આપને અમારા વંદન છે. હે ફળ પ્રદાતા ! આપને અમે વંદન કરીએ છીએ. સર્વે ફળોથી વીંટાયેલા પ્રભુ આપને અમે વંદન નમન કરીએ છીએ. જુદા જુદા સખાઓ હરિને ફળ આપતા જાય. ભાવ ભરીને હરિ ખાતા જાય. એક એક હરિ લે જમે અને

સખાને ફરી પાછાં આપતા જાય.

હરિ સખાઓની સાથે મીઠાં મીઠાં ફળો ખાતા જાય અને વખાણ કરતા જાય. મનમાં આનંદ કરતા થકા સુખ માનતા હતા. ફનસ આદિક ફળ ખાધાં અખરોટ સારાં સારાં ફળ ખાધાં તથા રસભરપૂર કેળાંનાં ફળ પણ ખાધાં. નાળીયેર, નારંગી, દ્રાક્ષ, કાજુ, અંજીર, દાડમ આદિક સર્વને ખાઈને પછી પાન, સોપારીનો મુખવાસ લઈને પ્રભુએ વનમાં વૃક્ષનો ઉદ્ધાર કરવા તેનાં પાપનો નાશ કરવા ઉપયોગ કર્યો. આ બાજુ ખૂબ ફળ ખાઈને અકળાવા લાગ્યા ત્યારે ઘનશ્યામ અને સખાઓ સર્વે માનવા લાગ્યા કે વૃક્ષવેલિ નીચે સુઈ રહીએ તો ખૂબજ મજા આવે. આવી રીતે વનમાં વિચરણ કરીને ચરણના સ્પર્શથી વૃક્ષો, લતાઓ, વેલીઓ સર્વે પવિત્ર નિષ્પાપ બન્યાં. સર્વે પશુઓ અને પક્ષીઓ હરિના રૂપમાં આસક્ત થઈને જોતાં હતાં. તેથી તેમના જન્મને મંગળ કરનારો સમય આવી ગયો. આવી રીતે હરિ અને સર્વે સખા મિત્રો ફળો ખાઈને ખૂબ તૃપ્ત થયા ત્યારે ઘણો સમય થઈ ગયો. તેથી બધાને ખૂબ જ તરસ લાગી. તેથી નદીના તીર ઉપર જવા લાગ્યા ત્યારે બધા જ સખાઓ વાતાવરણ જોઈને હરિને કહેવા લાગ્યા. ઘાટાં વૃક્ષો તેની ઘટા ખૂબ જ ઘાટી છે. સમય પ્રમાણે સાવ અંધારાં જેવું લાગે છે.

માર્ગ દેખાતો જ ન હતો. દિશા પણ જણાતી ન હતી. દિવસનો પણ ખ્યાલ નહોતો આવતો. કેમકે વૃક્ષની ડાળો ઉપર ડાળો આવેલી. ગુંથાયેલી હતી. ભગવાનના સખા ભયભીત થયા હતા. અસરપરસને અડીને ચાલતા હતા. કોઈને જોઈ શકતા ન હતા. એક એક બાળક ઘનશ્યામને બોલાવે. સખાઓને ઘનશ્યામ સાદ દઈને જણાવે ત્યારે તક સાધીને હરિનો શત્રુ પોતાના દુષ્ટ કૃત્યના કારણે ભૈરવ જાતિનો કાળિયો આવ્યો. મહામોટી ભૂતની સેના લઈને આવેલો જાણે મહાવનને ખાવા દોડ્યો હોય ને શું ? એવી રીતે હરિ બાળકો સામે આવ્યાં. ક્રોધ કરીને આજ્ઞામર્યાદા લોપીને મનુષ્યોના લોહીને પીનારો કરમાં લોહીવાળું પાત્ર લીધેલો અઘોરી આવ્યો. તેણે માણસનાં આંતરડાંની તેણે ગળામાં માળા પહેરેલી. ખાઓ ખાઓ આ પ્રમાણે મોઢેથી બક્યા કરે. ત્રિશૂલ ખપવા તથા સાંગ ધારણ કરેલ માથા ઉપર સિંદૂર લગાવેલ તેના રાગ રંગમાં રંગાયો થકો ત્યાં આવ્યો. જ્યારે બાળકો પ્રભુની સાથે જતાં હતાં ત્યારે મહાભયંકર કાળભૈરવ સેના સાથે સામો આવતો હતો. બધાને અતિ ભયાવહ લાગતો હતો. તે બધાંને દુઃખ આપનારો ત્યાં આવ્યો.

આ બધાને ખાઈ જાવ, ખાઈ જાવ. આ પ્રમાણે તે બોલતો હતો. તેના ભયંકર શબ્દ સાંભળીને બધાને ધબકારા વધ્યા. કાળસમાન લાગતો હતો જાણે મોટો અગ્નિ બળતો હોય ને શું ? એવો લાલ નેત્રવાળો દાંત બતાવતો થકો મોઢું પહોળું કરીને ગળવા માટે આવ્યો હોય તેમ ભયાનક દેખાતો હતો. હે રાજન ! તે ભૈરવ મહાભયાનક રુધિર પીતો હોય ને શું એવો કૃરમતવાળો મારો શત્રુ હરિ ક્યાં ગયો. હું તેને ગળવા માટે જ આવ્યો છું. મારો પ્રિયમિત્ર અસુરરાજ કાળિદત્તે અમારી ખૂબ જ સારી એવી મદદ કરી હતી. માટે તેનો બદલો લેવાનું નક્કી કરીને આવ્યો છું તેથી હરિને મારી નાંખીશ.

આ રીતે જોઈને શ્રીહરિએ એની સામે વક્રદષ્ટિ કરી એટલે તે સર્વે ભૈરવના કર્મથી ભયભીત કરી નાંખ્યાં. તે આખું સૈન્ય બળવા લાગ્યું. બધાનાં ચિત્ત ભ્રમિત થઈ ગયાં. મુંઝાવા લાગ્યાં. અનેક જનોને ભયથી કંપાવતો હતો અને અનેકનાં પ્રાણને હરતો હતો તે ભૈરવ આજે હરિની દષ્ટિથી પીડા પામતો મૃત્યુના ભયમાં રમતો હતો. હરિની ઉપર કુદષ્ટિ કરનાર કોઈ જીવ જીવી જ ન શકે. પોતાના પરાભવ કરવા આવે તે પોતે જ તેના પરાભવમાં

અંત આવીને નાશ થાય છે. કાળના કાળ એવા શ્રીહરિને જાણનારા હરિની દૃષ્ટિમાત્રથી કાળ કંપે છે. એવા પ્રભુના મહિમા નહીં જાણીને અત્યારે પ્રગટ પ્રમાણ અનુભવ કરે છે. પોતાના કર્મને ભોગવે છે. ત્યાર પછી શ્રીહરિ પોતાના બધા જ સખાઓને પોતાની પાસે બોલાવી લીધા અને તેઓને ધીરજ આપીને પીડાને દૂર કરી બધાના શરીરનો સ્પર્શ કરીને શાંત્વના આપી.

શ્રીહરિ બધા સખાઓની સાથે નદીમાં શુદ્ધ જળ પીવા માટે આવ્યા ત્યારે નદીમાં ફરી સ્નાન કરીને સખાઓએ શ્રમ હળવો કર્યો. ત્યાર પછી શ્રીહરિ સખા સહિત પુરમાં જવા માટે ચાલતાં થયાં. બધાં જ જનો હરિનો મહિમા જાણતાં હતાં. બાળકો હરિની પ્રશંસા કરતાં થકાં કહે કે આપણી આજે આપત્તિથી હરિએ રક્ષા કરી. અનેક જનો હરિની સાથે હેત રાખે છે. ભગવાનની સાથે સ્નેહપાસ બાંધે છે. તેઓ હરિની સાથે દરરોજ ખેલ ખેલ્યા કરે છે. આનંદ કર્યા કરે છે. આ રીતે બધાં જ બાળસખાઓની સાથે હરિએ પુરમાં પ્રવેશ કર્યો ત્યારે જેમ ગ્રહમંડળમાં ચંદ્રમાં શોભે તેમ હરિ બાળકોથી વિંટાયા થકા શોભતા હતા. પુરવાસી લોકો પ્રિય પાપ હરનારા શ્રીહરિના મુખકમળને જુવે છે. ત્યારે જ અતિ આનંદને પામે છે. સુખ પામે છે.

હે રાજન્ ! શ્રીહરિ બાળસખાઓની સાથે પોતાના ઘેર આવ્યા અને આનંદસહિત પોતાની માતા પ્રભુને જોઈને મનમાં અતિ આનંદ થવા લાગ્યો. સર્વના મંગળરૂપ હરિએ માતાને જોયાં. માતાના ખોળામાં હરિ બેઠા. ત્યાર પછી માતા બધા બાળકોને પૂછવા લાગ્યાં. હે બાળકો આજ આખો દિવસ તમે બધાં ક્યાં ગયાં હતાં એ મને બધું કહો. હે ભાઈઓ ! વનના બાગબગીચાઓ ભયવાળાં છે અને નદીમાં દૂર સુધી રમવા ન જવું જોઈએ. જો ઊંડા જળમાં જાવ તો ડુબી જવાય અને વનમાં મહાભયંકર ક્રૂરરાક્ષસો ભૂતભૈરવ આદિ રહે. તેથી હાનિ થાય માટે દૂર ન જવું. માતા કહે, હે પુત્રો ! આજે તમે ગયા તે આવ્યા ત્યારે સંધ્યા સમય થયો તેથી જરૂર તમે આજે દૂર ગયા હશો. ત્યારે એક બાળક બોલ્યો કે, હે માં ! આજે અમો વનમાં ગયા હતા ત્યાં મોટો ઉત્પાત્ત થયો હતો. આ રીતે બાળક બોલતો હતો ત્યારે હરિએ પોતે આંગળીથી ઈશારો કર્યો. સમજણ પાડી દીધી કે બોલીશ નહીં. ત્યારે હરિ વાત ટાળવા માટે માતાને વાત કરવા લાગ્યા. હે માતા ! મને ભૂખ લાગી છે. તેથી ઘરમાં જે ટાઢું કોરું જે હોય તે લાવી આપો. આ રીતે કહ્યું ત્યારે માતા પાસે વાત ફેરવી નાંખી અને માતા રસોઈ ઘરમાં ગયાં અને રસથી ભરપૂર ભોજન હરિને જમવા માટે લઈને આવ્યાં. શિરો, પુરી, કચોરી તૈયાર કર્યાં. એને ઘી-ખાંડ નાંખીને માતા થાળ તૈયાર કરીને લાવ્યાં અને પ્રભુને કહે લાડવાયા લાલ લ્યો આ જમો.

પ્રભુ થાળ જમી તૃપ્ત થઈને મુખ હાથ ધોઈને જળપાન કરીને ત્યાર પછી પાન સોપારીનો મુખવાસ એલાયચી સાથે જમવા બેઠા. બધાના જીવન પ્રાણ તૃપ્ત થયા.

**આ પ્રમાણે શ્રીહરિલીલાસિંધુમાં ત્રીજા બાલચરિત્ર રત્નમાં વૈષ્ણવાનંદ બ્રહ્મચારી રચિત છંદભાષામાં શ્રીહરિ નદીમાં જળક્રીડાનું વર્ણન વનમાં વિચરણ પ્રશંસા ભેરવ નાશ કર્યો એમ સોળમો તરંગ થયો. ॥૧૬॥**

# તરંગ-૧૭

રાજા આનંદસિંહ કહે, હે વર્ણિ ! શ્રીહરિએ સખાઓને જે ધામનાં દર્શન કરાવ્યાં તથા તેઓએ હરિને ધામને વિષે સ્તુતિ કરી તે બધી કથા મને સમજાવીને સંભળાવો. ધર્મદેવના પુત્ર હરિકૃષ્ણ હરિએ દિવ્યસુખ આપીને બ્રહ્મનિષ્ઠ સંતોને દિવ્યરૂપે પોતાના અંતઃકરણમાં બ્રહ્મરંધ્રમાં સમાધિપૂર્વક દર્શન દીધાં. પોતાના એકાંતિક ભક્તોને દાસત્વ ભક્તિથી સનાતન સત્યરૂપ દિવ્યરૂપે દર્શન આપે છે અને માયામાં લપેટાયેલા મંદ શ્રદ્ધાવાળા જીવોને સામાન્ય માણસ રૂપે દેખાય છે. જેમને અનેક જન્મના શુભ પુણ્ય સંસ્કારો હોય તેના પ્રતાપથી જ હરિ આમની ભેગા બાળલીલા કરે, ફરે, હરે. તેથી આ છપૈયાપુરનાં બાળકો અને લોકોનાં અનંત પુન્યના પ્રતાપથી જ આ ફળ મળે છે. સુખ ભોગવે છે. જેમના ચરણકમળની રજને પોતાના શરીર ઉપર ધારણ કરવા માટે અનેક જન્મો ધારણ કરીને હરિને મેળવવા માટે ઘણાં કષ્ટોને સહ્યાં હોય તો પણ જેમનાં દર્શન નથી થતાં તે જ હરિ આ પુરમાં દર્શન આપે છે. બાળમીત્રોને વારંવાર મળે છે અને સુખ આપે છે.

એટલા માટે આ છપૈયાપુરનાં મનુષ્યો, સ્ત્રીઓ, બાળકો તેઓ હરિના દર્શનસખુ ભોગવે છે. એ તો એમનું ભાગ્ય જ છે. હરિ પ્રત્યેક ઘરે ફરે છે. તેથી એમના ચરણકમળના ચિહ્નોથી પવિત્ર કરેલું આ ભુવન છે. દૂધ, સાકર, ભાત, દહીં, પાણી આદિકને પવિત્ર કરેલ છે. આ પુરની વૃક્ષ, લતાઓ, વેલીઓ, ગુલ્મો, તૃણ, પશુ, પક્ષી, ભૂમિ બધું જ હરિના ચરણના સ્પર્શ થવાથી અતિ પવિત્ર થયેલ છે. જેના ચરણકમળની રજને પોતાના મસ્તક ઉપર ધારણ કરવા વિષ્ણુ, બ્રહ્મા, મહેશ્વર આદિ કાયમ માટે પ્રયત્ન કરે છે. મુનિગણો અને મુક્ત પુરુષો કાયમ આમની ઉપાસના ભક્તિ કરે છે. તે જ પ્રભુની ચરણરજને આ ભૂમિનાં મનુષ્યો પ્રાપ્ત કરે છે. શ્રીહરિના ગુણને નિગમાગમ વેદો, શ્રુતિઓ કાયમ ગાયા કરે છે અને સંતો પોતાના અંતઃકરણમાં મૂર્તિનું ધ્યાન ધર્યા કરે છે. તેજ ચરણને લક્ષ્મીજી હૃદયમાં ધારણ કરીને પૂજે છે. તેજ પ્રભુ શ્રી હરિકૃષ્ણ ઘનશ્યામ છપૈયાની ભૂમિ ઉપર વિચરણ કરે છે.

એક વખત હરિના બધા જ સખાઓ પોતપોતાના ઘેરથી નીકળીને આવ્યા અને હરિને બોલાવીને પુરની બહાર લઈ જવા લાગ્યા અને તેઓ હરિના મહિમાને જાણતા હતા. એક એક બાળક અરસપરસ કહેવા લાગ્યા કે આજે તો હરિને ભાવનાથી બધાએ પૂછવું જ છે તે મનના સંકેતને તેમના હૈયાની વાત હરિ જાણતા હતા. તેથી હરિ પૂછવા લાગ્યા કે તમે શું પૂછવાની અભિલાષા રાખો છો ! તમારા મનમાં શું પૂછવું છે ? બધાં જ બાળકો મળીને કહેવા લાગ્યાં, હે ઘનશ્યામ ! તમે સાંભળો. અમને તમારું ધામ જે છે તે બતાવો એ અમે જોવા માગીએ છીએ. જો તમે કહો કે અમારું કયું ધામ છે તો અમે તો તમને ભગવાન માનીએ છીએ તેથી તમે તમારું ધામ બતાવો. આ રીતે સખાની વાત સાંભળીને સુખદાતા પ્રભુ મંદ મંદ મુખથી હસતા થકા આનંદ વિનોદ કરતા હતા અવસ્થા ગુણ બધી રીતે સમાનતાવાળા બધા સખાઓ શ્રીહરિને ચારેબાજુથી વીંટાઈને બેઠા હતા તે જેમ તારા ગ્રહમંગળથી ચંદ્રમાં શોભે છે. તેમ શ્રી હરિ ઘનશ્યામ પ્રભુ પણ સખાઓની સાથે ખૂબ જ શોભાયમાન લાગતા હતા. ભમરારૂપી સખાઓ હરિના ચરણકમળને સેવતા થકા તેના રસને પવિત્રતાથી ચુસતા હતા તે તો કાયમ રાત દિવસ કેફમાં મશગુલ રહેતા હતા. આનંદ પામતા હતા. નિર્મળ સુંદર પવિત્ર જળ શોભતું હતું.

તેનાં તરંગો ઉડતાં હતાં. તેમાં સ્નાન કરવા માટે સખાઓની સાથે ઉત્સાહવાળા પ્રભુ થયા. તૈયાર થઈને તે જળમાં પ્રવશે કર્યો ત્યારે તે અતિ સુખદાયક લાગતું હતું. કમળના વનમાં હંસ શોભે તેમ શોભતું હતું. કમળના પરાગની સુગંધમાં મદમસ્ત થયેલા ભ્રમરા ગુંજારવ કરતા અને દુરથી તણાઈ તણાઈને રસ ચુસતા હતા. તેના કેફમાં રહેતા હતા તથા જળમાં કરંડા, જળકુકડાં, હંસો તે સર્વે પોતપોતાના શબ્દો કરતાં હતાં. તેથી લાગતું હતું કે હરિની પ્રશંસા કરતાં હતાં.

પ્રભુ બાળસખાઓની સાથે સ્નાન કરતાં થકાં જળક્રીડા પણ કરતાં હતાં. હાસ્યવિનોદને કરતાં હતાં. આનંદ કરતાં હતાં. મન ભરીને સ્નાન કરીને બધાં જ બહાર નીકળ્યાં અને સૌ પોતપોતાના વસ્ત્ર આભૂષણને ધારણ કરતાં હતાં. બધા જ સખાઓની સાથે હરિ ટોળું વળીને ચાલતાં થયાં અને બાગમાં આવ્યાં. તે બાગમાં અતિશય ફળફૂલવાળાં વેલો, વૃક્ષો હતાં. તે ફળફૂલથી ખૂબ જ શોભતાં હતાં. તેનાં નવાં આવેલ પાંદડાંથી બહુ શોભા વધતી હતી. મોગરો, ચંપો, મલ્લિકા, જાઈ, જુઈ, કરેણ, ગુલદાવદિ, ગુલાબ અને કેતકી કેવડો વિગેરે સુંદર પુષ્પ વૃક્ષો હતાં. બોરસડી, ગુલવાંસના સુંદર હારો ગજરા શેખર તોરા ગુચ્છો વિગેરે બનાવીને શ્રીહરિને શણગારથી શણગારતા હતા અને સખાઓ રાજી થઈને આનંદ પામતા હતા. ખૂબ જ મોજ કરતાં હતાં. મીઠાં ગળ્યાં પ્રિય મનભાવતાં એવાં કેળાં, અંજીર ખાધાં અને ખવરાવ્યાં. નાળીયેર, નારંગી, દ્રાક્ષ લાલ બીજવાળાં તથા અનેક સખાઓથી શોભાયમાન વૃક્ષો હતાં. એલાયચી, કેસર, લવિંગ, સોપારી, નાગરવેલનાં પાનનાં બીડા બનાવીને દેવોને પ્રિય એવાં મધુરાપાન બીડાં હેતસહિત હરિને બાળસખાઓ જમાડે, અને હરિ મિત્રોને જમાડે, આ રીતે હાસ્ય વિનોદ કરે.

પછી હરિ સખઓને કહે, હે મિત્રો ! તમે સાંભળો. તમે મારી મૂર્તિને તમારાં ચિત્તમાં ધારણ કરો ત્યારે બધા જ સખાઓ સાવધાન થઈને બાળકોએ પદ્માસન વાળીને તરત જ તૈયાર થઈ ગયાં. પોતાની ઇન્દ્રિયોને અંતઃકરણમાં લાવીને એકાગ્ર થયા. હરિની મૂર્તિને અંતઃકરણમાં ધારવા તૈયાર થયા. ત્યાર પછી પ્રભુ કહે મારી મૂર્તિમાં તમારા ચિત્તને જોડશો ત્યારે જ શ્રીહરિ તેમાં પ્રવેશ કરે. અંતઃકરણમાં મૂર્તિ દેખાય. ત્યારે સખાઓને પોતાની દૃષ્ટિને હરિની દૃષ્ટિ સાથે જોડી ત્યારે મનની વૃત્તિ ખેંચાવા લાગી. ત્યાર પછી પોતાના આત્માને ચોખ્ખો દેખવા લાગ્યા. તેમાં દિવ્યપ્રકાશ ઝળહળવા લાગ્યો. જ્યારે પોતાના રૂપમાં સ્થિરતા થઈ ત્યારે પરસુખને પામવા લાગ્યાં અને દિવ્યપ્રકાશને જોયો તેમાં અલૌકિક અદ્‌ભૂત મનોહર રૂપને જોતા હતા. તે પ્રકાશ અપ્રમાણ માપ ન થાય તેવો ખૂબ જ પ્રમાણમાં જોયો. તેમાં શ્રીહરિ ભગવાનને જોયા તે કેવા હતા તો કિશોર અવસ્થાવાળા મનોહર શુદ્ધ સ્વરૂપવાળા અને તે સ્વરૂપ અલૌકિક તેજપુંજમાં જ ઓતપ્રોત એકરસ થયેલું જોતા હતા એવા અલૌકિક સ્વરૂપને જોવામાં ખૂબ ભાગ્યવાળા થયા. મસ્તક ઉપર દિવ્ય મણિઓથી જડેલો મુગટ ધારેલા અનંત સંતજનો પોતાના હૃદયને હરનારા એવા વસ્ત્ર આભૂષણો નંગ જડેલાં તથા શેખર ઉપર મોતીનાં લટકણિયાં લટકતાં શોભતાં. કાન ઉપર મકરાકાર કુંડળ જડેલાં શોભતાં હતાં. મુખકમળમાંથી અમૃતસમાન શબ્દપાન કરી શકાય. તેમાં જ ચંદ્રસમાન મુખ શોભાવાળું હતું. લલાટમાં તિલકની રેખાઓ શોભતી તથા ભ્રૂકુટિ ધનુસમાન વાંકી તે કામદેવના મદને હરનાર શોભે છે. નાસિકા દીવાની ઊભી જ્યોત હોય તેવું કપોલ શરદકમળના દળ જેવું શોભાયમાન અધરોષ્ટ જાણે મણિ વિદ્રુમની માફક શોભતા તો જાણે દાડમની કળી હોય ને શું તેવા જીહ્‌વા લાલ શોભા આપનારી હતી તે મનોહર હતી.

શ્યામના મસ્તકના વાળ કાળા વાંકડા છુટા નાસિકવળી ધૂપ સુગંધ લેવા માટે ગંધ સુગંધનું પારખું કરનાર

આ રીતના પ્રભુના મુખકમળનાં દર્શન મનને મોહ પમાડનાર છે. શરીર ઉપર સારું સુગંધ યુક્ત ચંદન ચર્ચેલ તથા ફૂલના હારતોરા ધારણ કરેલા તથા મંદ મંદ હાસ્ય કરતા એવા પ્રભુનાં દર્શન કરીને બાળકોના મનને લોભાવતા હતા. ચિબુક (દાઢી), રસિક ભક્તજનોને ધારવારૂપ ઉદરની શોભા તથા કંઠમાં કૌસ્તુભ મણિના હારો તથા પોતાના સખાના ખભા ઉપર હસ્તકમળને રાખેલા. કળિકાળમાં રાજાઓના દુષ્ટપણાવાળાને દંડ આપવા માટે તથા નમ્ર મનવાળા પામર ભક્તોને અભયપદ આપનારા શોભતા હતા. જડેલા નંગોવાળા હારને ધારણ કરેલા પોંચી અંગુઠી વીંટી વગેરેને ધારણ કરેલા એક આંગળીને ઉંચી કરેલી એવા શ્રીહરિ શોભતા હતા.

પ્રભુનું કોમળ અને વિશાળ ઉંચા ભાગમાં વક્ષસ્થળમાં શ્રીવત્સનું ચિહ્ન અર્ધચંદ્રાકાર શોભતું હતું. વિશાળ ઉદરભાગ તેમાં ત્રિવળિ સુંદર શોભાતી હતી. નાભિકમળ જાણે પાણી માટેનો ઉંડો વિરડો ન હોય તેમ શોભતાં. રત્ન જડેલા કટિમેખલા સોનાની શોભતી હતી. પીળાં વસ્ત્રો વીજળીની સમાન ધારણ કરેલાં શોભતાં હતાં. બંને હસ્તકમળ તથા સાથળો તથા બંને જાંગાઓ શોભા વધારનારી સિલિમુખ સમ અથવા કામદેવને મોહ પમાડનાર શોભતાં હતાં. પગના ગુલ્ફનું વાંક અતિ કોમળ તથા પેનિ પગથી થોડી ઊંચી ઉપડતી એવા કમળદળની સમાન શોભતાં ચરણકમળને બાળકો ઉત્સાહથી જોતાં હતાં. આનંદ મેળવતાં હતાં.

બંને પગનાં તળિયાંમાં ઉર્ધ્વરેખા શોભતી હતી. અંગુઠામાંથી પ્રકાશ નીકળતો હતો તે જોઈને અતિ આશ્ચર્ય ઉપજાવતું હતું. અલૌકિક શોભતું હતું. મનોહર ઐશ્વર્યસહિત રસરૂપ સ્વરૂપને બધા જ સખાઓ જોતા હતા ત્યારે અનંત મુક્તે પ્રેમ અનુરાગથી શ્રીહરિના ચરણકમળમાં પ્રેમ રાખીને અનંત સેવકો પ્રેમથી અગરબત્તી, ધૂપ વગેરે કરીને પૂજન કરતા હતા. અનંત અનાદિ મુક્તો પોતાની દૃષ્ટિને પ્રભુમાં જોડીને પ્રિયમૂર્તિ જગતના પ્યારા પ્રભુનું નિગમાગમ વેદાન્ત ગુણને ગાયા કરે છે. એવા અક્ષરધામાદિપતિનું ષડઐશ્વૈર્યયુક્ત અપાર અક્ષરધામાધિપતિનું પૂજન કરે છે. બંને હાથ જોડીને તેમની આગળ ઊભા રહીને સેવે છે તથા લક્ષિ આદિક સેવકો ધર્મદુલારાને સેવે છે. અનેક ઈશ્વરો અવકાશમાં રહીને દર્શન કરે છે. મુનિજનો સન્મુખ આવીને મળે છે. દર્શન કરે છે. તે સ્વરૂપના પ્રત્યેક રોમમાં તેજતેજના અંબાર ઉડતા હતા. જાણે વરુણની ઊર્મિઓ ઉછળતી હોય ને શું જાણે વરુણદેવ ઉછાળા મારતા હોય તેમ જોતા હતા. એકાન્તિક સુંદર પવિત્ર ભક્તો શ્રીહરિના ચરણકમળની પ્રેમથી સેવા ભક્તિ કરતા હતા. આવી રીતે અનંતસમા ઐશ્વર્યયુક્ત ઘનશ્યામ સ્વરૂપને જોઈને તે સ્વરૂપને સચ્ચિદાનંદ ચિદઘન તેજમાં જોઈને બધા જ મનોરથથી પૂર્ણકામ થઈ ગયાં.

આ રીતે શ્રીહરિ ઘનશ્યામ પ્રભુએ પોતાના અક્ષરધામનાં બાળકોને દર્શન કરાવ્યાં. ત્યાર પછી ત્યાંથી પાછાં ખેંચીને જ્યાં શ્રી ઘનશ્યામ પ્રભુ બેઠા હતા ત્યાં પ્રભુ પાસે આવ્યા. તે બાળકો શ્રીહરિનું હાથ જોડીને સ્તવન કરતા હતા. હે સર્વજ્ઞ હે સર્વના સુજાણ ! હે શ્રીહરિ ! આપતો સર્વોપરી છો. હે હરિ ધર્મકિશોર ! આપ કૃપાળુ છો. પ્રસન્ન થયેલાં બાળસખાઓ કહે છે, હે નાથ ! અમો આપને નમન કરીએ છીએ. હે અમારા નાથ ! આપના પ્રિય એકાંતિક ભક્તો આપના ચરણકમળની સેવા કર્યા કરે છે. આપે ધર્મદેવના ઘરને વિશે ધર્મદેવથી મનુષ્યઅવતારને ધારીને દિવ્યદેહે રહેલા આપે ગરીબોના ઉદ્ધારક આપ અનંત અવતારને ધારનારા છો. અનેક જીવોને આપે તાર્યા છે. વેણિ માધવ કહે છે, સુમાધવ મુકુંદ આપનાં ષડશાસ્ત્રો ગુણને ગાયા કરે છે. વેદો આપની સ્તુતિ કર્યા કરે છે. માયાના બંધનને તોડીને જીવને મુક્ત કરનારા એવા હે હરિ અમો આપને નમન કરીએ છીએ.

નમન કરીએ છીએ. હે ધર્મનંદન પ્રભુ ! આપતો કૃપાળુ છો. પ્રાગ કહે છે, હે હરિ ! આપ રંગભિના છો તેથી અમને રાગરંગ યુક્ત કર્યા છે. અમને તમારા રંગમાં રંગ્યા છે. જેથી મહા દિવ્યધામ તથા આપનું અલૌકિક સ્વરૂપ ઓળખાવ્યું, દર્શન કરાવ્યાં. આપ ભૂમિના ભારને ઉતારવા તથા અનેક જીવોને તારવા માટે આપે નવીન અદ્‌ભૂત નારાયણ સ્વરૂપે પ્રગટ થયા છો. સર્વત્ર પ્રસિદ્ધ થશો. ભવાનિદિન દીનભાવથી બોલતાં કહે છે, હે પ્રભુ ! આપની હું શું પ્રશંસા ગાઉં. તમારા ગુણો તો અલૌકિક જ છે. હે દીનબંધો ! ગરીબના બેલિ સુખના સાગરરૂપ મહાપ્રતાપી હે પ્રભુ ! હું આપને વારંવાર નમન કરું છું. કેમકે આપે અમારી સંભાળ લીધી છે. તે અમારી ઉપર મહા કૃપા કરી છે.

હાથ જોડીને રામસ્વરૂપ શ્રીહરિને કહે છે, હે હરિ ! મહા મોહને સમાવીને અજ્ઞાનથી બચાવીને આપના અલૌકિક સ્વરૂપના જ્ઞાનને ઓળખાવ્યું. અમારું મન સદાય આપની મૂરતિમાં જોડાયેલું રહે એવી આપના દાસની ઉપર કૃપા કરીને આપની પાસે જ કાયમ વાસ આપો એવી આપના ભક્તજનનો કાયમ સંગ આપો એવી કૃપા કરો. અયોધ્યા મિત્ર કહે છે, હે પ્રભુ ! આપનું રૂપ અલૌકિક છે. આપના સ્વરૂપના પ્રતાપથી ચરિત્રસિંધુમાં આખી ત્રિલોકી બંધનમાં આવી ગઈ છે. આપના ગુણ ગાય છે. આપના ચરિત્રો ત્રણ પ્રકારના તાપને દૂર કરે છે અને પાપમાંથી ઉગારે છે. લોકોનાં ત્રાસને હરનારા હે નાથ આપને કાયમ દૃષ્ટિમાં જોતો રહું એવી મારી ઉપર કૃપા કરજો. મંછારામ કહે છે હે હરિ ! આપ તો આપમેળે જ સારા છો. સર્વે ધામના ધામી છો. સર્વ નામના નામી છો. સર્વના અંતકરણમાં રહેનારા છો. સુખના સિંધુ છો. સર્વના સ્વામી છો. કોઈની સાથે બંધાતા નથી. સકામી છો. કૃપાળુ છો. સર્વે દર્શનનો લાભ આપનારા સર્વધામના ધામી આપને હું નમન કરું છું. કન્હૈરામ કહે છે, હે પ્રભુનારાયણ ! આપ અમારાં કામોને પૂર્ણ કરો. ઇચ્છાઓને પૂર્ણ કરો. આપ તો રાજાના રાજાધિરાજ છો. લક્ષ્મીરાધા આદિના સ્વામી છો. આપના ચરણને સેવે છે. દયાને ધારણ કરનારા છો. ગાંભીર્યવાળા છો. સત્યધર્મને ધારણ કરનારા છો અને બીજાને ધર્મમાં વર્તાવનારા છો. પુરાણ પુરુષ સર્વેશ્વર સર્વના નાથ છો. આપ સર્વમાં એકમેવદ્વિતીય બ્રહ્મ એ રીતે સર્વત્ર આપ એક જ વ્યાપીને નિર્લેપકાર રહેલા છો. તેથી અમારી ઉપર કૃપા કરીને આપના સ્વરૂપનું સુખ હંમેશ આપો. છીટન કહે છે, હે હરિ આપ અમને જન્મમૃત્યુના બંધનમાંથી છોડાવો છો અને કળિકાળના કર્મબંધન કઠિન છે તેનાથી છોડાવો છો અને કાળીદત્તને મારી નાંખ્યો તેથી કળિકાળનાં કર્મોને રોક્યાં. સધર્મ સ્થાપ્યો. દુષ્ટ મતવાદીઓને મતવાદને હટાવ્યા. દુષ્ટજનોનો નાશ કર્યો. એમનાં કુકર્મને દૂર કરી નાંખ્યા એવા હે હરિ આપને અમે વંદન કરીએ છીએ. બંસી હાથ જોડીને કહે છે, હે હરિ ! આપે સારા પવિત્ર વંશમાં પ્રગટ થઈને ઉગાર્યો (ઉજાળ્યો). સાચા ધર્મના બળથી અધર્મ સર્ગ જામેલો હતો તે છતાં આપના પ્રતાપથી તેને ઉખાડી નાંખ્યો. સત્યધર્મનો સ્થાપન કર્યો. પાપી અધર્મી પાખંડીના મતોને તોડી નાંખીને માયાના મોહને મારી નાંખ્યો. બ્રહ્માજીના વચનના બંધન તોડીને હિરણ્યકશિપુથી ભક્ત પ્રહલાદને ઉગાર્યો એવા હે વાસુદેવનારાયણ પ્રભુ અમારી રક્ષા કરજો.

વરિદત્ત હાથ જોડીને કહે છે, હે હરિ ! આપ મહા મંગળકલ્યાણને આપનારા છો. કલ્યાણના દાતા છો. તેથી મહાન દાની છો અને આપે મારી બાહુને પકડીને મને આપના સ્વરૂપનું જ્ઞાન મળ્યું છે. તેથી આપનું કાયમ ધ્યાન ધરી અને ધીરજ રાખીને મારા ધ્યેયને પૂર્ણ કરું એવું મને બળ આપો અને મને ક્યારેય ઘમંડ ન આવે એવી મારી ઉપર કૃપા કરજો. બદ્રીનાથ કહે છે, હે હરિ ! આપે જીવને સત્યજ્ઞાનનો બોધ આપનારા જ્ઞાની ધ્યાની

બધાંને નિર્માની બનાવ્યા. બધાને નિયમમાં રાખ્યા. આપના નામમંત્રનો જાપ કરાવનારા જાપ કરનારાજનોને સાચી રીતે જીવાડનારા આપ આપના સ્થાને આચાર્યને સ્થાપન કરીને ધર્મનું પોષણ કરાવનારા હરિ આપ અમરી ઉપર કૃપાદૃષ્ટિ રાખજો એવી પ્રાર્થના કરું છું. હુલાસ કહે છે, હે હરિ ! આપ ભક્તના પ્રેમને જોઈને અતિ રાજી આનંદ પામો છો. દાસને પણ આનંદ આપો છો. જે ન જોઈ શકાય તે બતાવનારા તેને જોઈને હૃદયમાં આનંદને ઉજાસ કરનારા દયાના સાગર દાસ ઉપર દયા રાખનારા આપના આશ્રિતો ઉપર દયા રાખી આધાર આપનારા ભક્તના ભક્ત એવા આપ પ્રેમનો આનંદ આપનારા એવો આનંદ અમને આપ્યો જેવા અત્યારે પાસે રાખ્યા છે એવા કાયમ આપના ચરણકમળમાં રાખો. નિધિશા હાથ જોડીને કહે છે, હે હરિ ! આપ નિધિના નિધિ છો. ઈશ્વરોના વિધિ છો. વિષ્ણુ વિરાટ આદિ ઈશ્વરોના નિયંતા ઈશ્વર છો. અનંત આદિના આપ અનંત છો એવા આપ સર્વના અધિશ અત્યારે ધર્મના લાલ બાળ તરીકે રહેલા છો. તેથી આપના ચરણકમળમાં મારું શિશ કાયમ જોડાયેલું રહે તેવી મારી ઉપર કૃપા કરજો. વેણિરામ કહે, હે હરિ ! આપ અમને નિષ્કામ બનાવો અને હે હરિ આપ આખી પૃથ્વી ઉપર અધર્મને મિટાવીને સત્યધર્મની સ્થાપના કરો અને દુષ્ટ જીવોને જુવો તો એમને આપની ઈચ્છા મુજબ અંદરોઅંદર લડાવો અને વિવાદી મતોને તોડીને તેઓને અંદરોઅંદર મરાવીને નાશ કરો. એવી મારી વિનંતી છે.

આનંદ કહે છે, હે હરિ ! આપ તો આનંદ કરનારા છો. કરાવનારા છો. આપને વનમાં રહેવું, ત્યાં વિચરણ કરવું, વનમાં રહીને વિહાર કરવા પુરાણોમાં પ્રસિદ્ધ જ છે. રમાની સાથે આપે પાણિગ્રહણ કરેલ છે. તમારા વિશે એને પ્રેમલક્ષણા ભક્તિ છે. આપ ગુણના સાગરરૂપ છો. તેથી ગુનેગાર એવો હું તે મને આપ ઉગારી લેજો એ વિનંતી છે. છીટુ કહે છે, હે હરિ ! આપ આપની ઇચ્છા કરીને પૃથ્વી ઉપર ધ્યેય કરીને ધર્મને સ્થાપન કરીને રસપૂર્વક ફેલફતુર તે ભૂમિનાં ભાર રૂપ છે. તેને વિચરણ કરીને સર્વોપરિ આપ ઇષ્ટદેવ છો એટલું જ બળ છે. વધારે કહેવાથી અનુકૂલ ન થાય તેવી આપ અમારી ઉપર કૃપાદૃષ્ટિ રાખજો. માધવ કહે છે, હે હરિ ! આપની દયાથી યોગકળા છે. તે માયાથી પર છે. પરા પારને પામવા માટે ધ્યાનના યોગથી જ્ઞાનનો યોગ મળે છે. ત્યાર પછી જ્ઞાનના પ્રતાપથી ચરણકમળમાંથી પ્રકાશ પ્રગટ થાય છે તે અંતકરણમાં પ્રવેશે છે. સુખ મળે છે એવા આપ અક્ષરાતિત આપ આ પૃથ્વી ઉપર પ્રગટ થઈને દિવ્ય સુખ આપવા કૃપા કરજો. ગુલંઝાર કહે છે, આ જીવાત્માના કર્મના સાથીઓ તેની જાનૈયા થઈને મૂળ માયાથી ડરીને તેનાથી ભય પામીને નૃત્ય કર્યા કરે છે. લક્ષ્મી આપના ચરણકમળનું સેવન કર્યા કરે છે તે રીતે આપના આ ચરણકમળની સેવા કરવામાં માટે ક્યારેય આળસ ન આવે એવી કૃપા કરવા વિનંતી છે.

ઇંદ્રિયનો ભાવ વાણિનિયંતા હે હરિ આપ સર્વદેવના અધિદેવ નિયંતા છો. સર્વોપરિ છો. તેનાં નામ, ગુણો, કર્મ, ક્રિયાઓ તેના ગુણને ગાયા સાંભળ્યા સિવાય કોઈ ભવસાગરને તરી શકતું જ નથી. જગતના જીવો આ પૃથ્વી ઉપર જેવાં કર્મ કરે છે તેવાં તેમને દેવો ફળ આપે છે તેથી બાળકોના સમુદાય જગતના કલ્યાણ માટેથી ધર્મનંદન પ્રભુનો આશ્રય કરીને પ્રભુની સ્તુતિ કરે છે. બાળકો સ્તુતિ કરતાં કહે છે, હે શ્યામ ઘનશ્યામ પ્રભુ! આપ તો ગુણનાં ભંડાર સર્વોપરિ છો. હે ભાઈ ! તમે સર્વ સુખના આપનારા છો. અનેક જીવોને પરં પદ આપનારા છો. એવા આપના ચરણકમળનો આશ્રય કરીને તેની રજને જીવ ભમરારૂપે થઈને સેવે છે. એવા

પરમકલ્યાણદાતા પ્રભુને બાળમિત્રો બંને હાથનાં સંપુટ કરીને કાયમ નિરંતર સ્તુતિ કર્યા કરે છે.

**આ પ્રમાણે શ્રીહરિલીલાસિંધુમાં ત્રીજા બાલચરિત્ર રત્નમાં સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારી રચેલ છંદભાષામાં શ્રીહરિધામનાં દર્શન તેનું વર્ણન સખા બાળકોએ સ્તુતિ કરી મહિમા કહ્યો આ તેમનો સત્તરમો તરંગ થયો. ॥૧૭॥**

# તરંગ-૧૮

પ્રતાપસિંહ રાજા કહે છે, હે સુવ્રત મુનિરાય ! આપ મને આગળનું ચરિત્ર કહો. જેમાં મલનો હાથ ભાગ્યો તે કેમ તૂટ્યો. હરિએ જાંબું કેવી રીતે ખાધાં એ ચરિત્ર મને સંભળાવો.

સુવ્રત મુનિ પ્રતાપસિંહ રાજાને કહે, હે રાજન્ ! તમે ધન્ય છો. તમે જે પૂછ્યું તે જ સર્વે ચરિત્રો અમૃતરસ સમાન છે. તેના સારરૂપ તમે ચરિત્ર પૂછ્યું છે. આ ચરિત્રને માર્કંડેય મુનિને શતાનંદ મુનિએ પહેલાં પૂછેલ છે તે માર્કંડેય મુનિએ શતાનંદને કહેલ છે. સુવ્રત મુનિ કહે છે, હે રાજન ! તમે સાંભળો. એક દિવસ શ્રીહરિ અને બાળકોએ લોકોને દુઃખ શોકમાંથી મુક્ત કરવા માટે એક ચરિત્ર કર્યું. તે ચરિત્રને તમે સાંભળો. આ માર્કંડેય મુનિ શતાનંદ મુનિને કહે છે તે તમે સાંભળો. એક દિવસ હરિના બાળસખાઓએ ચરિત્ર કરેલ છે. તમે સાંભળો એક દિવસ બધાં બાળકો સાથે મળીને હરિની સાથે મનોરથ (ઈચ્છા વ્યક્ત કરી) હરિએ મનમાં નિર્ણય કર્યો. બાળકો બધાં મળીને હરિને કહે, ચાલો આપણે જાંબુફળ ખાવા જાઈએ. ત્યારે હરિ બધા સખાઓની સાથે ગામની પશ્ચિમ દિશામાં ગામની નજીકમાં જ ચાલવા લાગ્યા. ચાલ્યા જતા હતા ત્યારે માર્ગમાં બાગ બાજુ જતાં વચમાં સારો કૂવો આવ્યો તે બાગની નજીકમાં જ હતો. તે કૂવામાં પાણી ખૂબ જ ચોખ્ખું પવિત્ર નિર્મળ હતું તેથી બધા સખાઓની સાથે હરિએ એ કૂવાનું પાણી પીધું. બાળકોને પાયું. નજીકમાં જ મહા મોટો ગીચ ઝાડવાંથી ભરપૂર વૃક્ષોની છાંયા પણ સારી હતી. શ્રીહરિના સ્પર્શ માત્રથી પવિત્ર મનોહર થઈ જાય છે. સુખ આપનાર થાય છે. તે બાગનાં વૃક્ષોમાં ફળો સુંદર પાકાં કાચાં ભરપૂર માત્રામાં હતાં તથા ખીલેલાં નવાં પાદડાં ખૂબ જ નવીન લાગતાં હતાં તેને જોઈને દેવો મુનિજનોને મોહ ઉત્પન્ન થતો હતો એવો મનોહર શ્રીહરિનો મનપસંદ બાગ હતો. તે બાગમાં અનેક પ્રકારનાં સુગંધથી ભરપૂર ફૂલો હતાં. તેનાં ગુચ્છતોરા બનાવીને કાન ઉપર સૌએ ધારણ કર્યાં અને તે ફૂલોને સૂંઘતા થકા ચાલતા ચાલતા જતા હતા.

ત્યાં કૂવાની પશ્ચિમ દિશામાં નજીકમાં જ જાંબુનાં ઝાડ હતાં. તેથી એ બાજુ જવા લાગ્યા. જાંબુના ઝાડ હારમાં શોભતાં હતાં. એમાં જાંબુ પણ ખૂબ સારાં ઘણાં આવેલાં હતાં. તેમાં એક જાંબુના ઝાડમાં ખૂબ જ સારાં આવેલાં હતાં. તે જાંબુ પાકેલાં સારાં રસદાર હતાં. તે જાંબુ ખાવાની બાળમિત્રોને ઈચ્છા થઈ તે ઝાડની નીચે બધાં બાળકો આવ્યાં ફળ લેવા ઉતાવળાં થવા લાગ્યાં. તે ઝાડ નીચે ઘનશ્યામ પ્રભુ આવ્યા. જાંબુના પાકાં ફળ જોઈને એમના મનમાં સારાં લાગ્યાં. તેથી મનમાં રાજી થયા કહે, હે બાળકો ! તમે જાંબુનાં ફળો ખાઓ. કોઈ જાતનો ડર રાખશો નહીં. આપણે હવે કોઈની શંકા રાખવાની નથી. ત્યારે તે જાંબુના ફળોવાળાં ઝાડ ઉપર જઈને હાથથી પહોંચાય તેમ જાંબુ તોડવાં લાગ્યા. એવામાં ત્યાં અસુરના અંશવાળો મહા ઘમંડી ભવાનીદીન આવ્યો.

ભવાનિ કહે છે, તમે અમારાં ફળો ન ખાશો. અહીંથી તમે બધા જતા રહો. જો ફળ લઈ ખાશો તો તમને

મારે મારવા પડશે. જો ફળો તોડશો તો હું તમને મારીશ. ત્યારે હરિ તે અસુરપ્રતિ કહેવા લાગ્યા કે આજ વૃક્ષનાં ફળો બાળકો ખાશે. આ જમીન તારી નથી. તેમજ આ વૃક્ષપણ તારાં નથી તથા ઝાડનો કર પણ તું નથી આપતો તેથી તારો કોઈ અધિકાર નથી. ત્યારે ફરીથી તે અસુર અહંકારથી કહે આ ફળ મારાં છે. તેથી આ જાંબુનાં ફળ તમો બધા બાળકો ખાશો નહિ. તમને હું ખાવાપણા નહીં દઉં. તમે અહીંથી બધાં બાળકો ભાગી જાઓ. તમારે મારાં ફળ નહીં લેવાના. તમારે આ જાંબુના ઝાડ નીચે આવવાનું જ નહિ. જો તમે આવીને આમાંથી ફળ લેશો તો હું તે તમારી પાસેથી મારીને લઈ લઈશ પણ ફળ ખાવા નહીં દઉં. હરિ કહે છે, તું તો અજ્ઞાની છે. ગાફલ છે. ગંદો છે અને અધમ છે. સાવ હલકો નીચ છે. કાંઈ સમજતો જ નથી. આવો મંદ બુદ્ધિવાળો છે. જગતનું ઉત્પન્ન કરવું તે તો જગતના સર્જનહાર છે. તે જ જળને વર્ષાવે છે. જળ આપે છે. પોષણ કરે છે.

તે એને આપેલું પાણી પીને આ બધાં જ ઝાડવાં તૈયાર થયાં છે તેની ડાળો પાંદડાં ફળ બધું જ તે પાણી પીવાથી આવે છે. તે જગતદાતા એ જ પોષણ કરેલ છે. છતાં તું પાછો મૂઢમતિ આ તો ધણી થવા જાય છે. ફરી પાછો તું અમને બધાંને કહે છે કે આ ફળ મારાં છે. તમે બધા અહીંથી જતા રહો. ક્યારેય અહીં આવશો નહીં. તારા કહેવાથી તારું કાંઈ થઈ જતું નથી. આનાં ફળ જે કોઈ આવે તેને ખાવાના હક્ક હોય છે. માટે અમે ફળ ખાશું. ત્યારે તે અસુર કોપ કરીને પોતાના નેત્રને લાલ કરી આકુળવ્યાકુળ થઈ ગયો. મોઢેથી અપશબ્દો બોલવા લાગ્યો. બકવાસ કરવા લાગ્યો. ભ્રૂકુટી ચઢાવીને બાળકોને બધાને બિવરાવતો હતો તરત જ તમે ભાગી જાવ. નહિંતર હું તમને મારીશ આ રીતે કહેતો હતો. તે વખતે ઝાડની ડાળીને પકડીને અકળાઈને ધધણાવી તેથી ઘણાં બધાં જાંબુ નીચે પડ્યાં તે જ્યાં સુધી ઉપર ન ચડે ત્યાં સુધી પાડતા રહ્યા. બાળકો નીચે વિણતાં રહ્યાં.

હરિ કહે છે, હે બાળકો ! તમે નીચે પડેલાં ફળો લઈને ખાવા માંડો. આનો કોઈ ભય ન રાખશો. આતો મોટો થઈને નાનાં બાળકોને ધમકાવી બીવરાવે છે. આ ફળ માટે તો એ અતિ ખોટું કહેવાય. આમ કહીને બધા જ ફળ ખાવા લાગ્યા અને અસુર પોતાના મનમાં ક્રોધ કરીને થાકી ગયો અને તેના અંગો ક્રોધથી બળવા લાગ્યાં. મનમાં શાંતિ નથી પામતો અને હરિ ઉપર વક્રદૃષ્ટિ કરીને જોતો હતો. જ્યારે હરિને પોતાનાથી થોડા જ દૂર જોતો હતો. ત્યારે હરિ કહે તારી દૃષ્ટિથી અમે છોકરાં બીતાં નથી. કાળ મૃત્યુભય તો હરિને આધિન છે. તેનાથી તું તો શું કરી શકવાનો છે. તું તો સાવ નમાલો છે. હરિનાં વચનો સાંભળીને તે દુષ્ટ અતિ ક્રોધાયમાન થયો. ખોટો ઊંચેથી બોલવા લાગ્યો. આવી રીતે તમે તો સાવ નાનાં છો તે છતાં અમારી સાથે આ રીતે બોલે છે. બોલી કેમ બોલાય તેનું ભાન નથી.

ક્યાં ઉંમરમાં સાવ નાનો છે. મોઢું અતિ ચંચળ છે. મોટાની સાથે કેવી વાણી બોલવી જોઈએ. તે તો જાણતો જ નથી. વિવેકથી તો બોલતો જ નથી, ત્યારે હરિ કહેવા માંડ્યા. તું તારા ઘરનો મોટો છે. તારો હુકમ હવે મારા પક્ષના કોઈ માને તેમ નથી. હરિએ એને બોલવા જ દીધો. તેના બોલવા ઉપર મૌન રહેવું શ્રેષ્ઠ છે તેમ હરિ સાંભળતાં રહ્યાં. પછી બોલ્યા, હું કાંઈ નાનો નથી. તું જ નાનો છે. આમ ગુઢ વાત અસુરને કીધી પણ સમજ્યો જ નહીં. અમારાં બધાં જ ફળો ખાઈ ગયાં અને નાનાં છોકરાં થઈને ઉપદેશની વાતો કરે છે. હવે તો મેં નિશ્ચય કર્યો કે તમારો કાળ નજીક આવી ગયો છે તે તમે જાણજો. કાળના કાળને કરાલ કહેવાય છે. તે તમારા જેવા ગર્વવાળાનો ગર્વ હરાવનારા છે. કાળ કાંઈ કરવા સમર્થ નથી પણ હરિનારાયણ પ્રભુની ઈચ્છા મુજબ કામ

કરનાર છે. એમની મરજી વગર કાંઈ ન કરે. ત્યારે તે અસુરે પોતાના હોઠને દાંતથી દબાવતો થકો ક્રોધ કરવા લાગ્યો. ડાળિનો છેડો પકડીને જમીન ઉપર પડ્યો. પહેલવાન હોવા છતાં પણ તેનું શરીર વિશાળતાવાળું હતું. પુષ્ટ હતો તેનું શરીર મહાભીમ જેવું હતું. તે હરિ ઉપર બળ કરવા ગયો તો એનું પરિણામ આવ્યું.

ત્યારે તે અસુર ક્રોધાયમાન થઈને હરિ પાસે વૃક્ષ ઉપર દોડીને ચડી આવ્યો. જેમ ભુખ્યો વાઘ હોય તેને શિકાર મળે ને તરાપ મારે તેમ તે અસુર દોડીને આવ્યો ત્યારે બધાં જ બાળકો તેનાથી દૂર જ રહેતાં હતાં. તેનાથી બીતાં હતાં. ત્યારે હરિ પોતાની બાહોને ઠોકીને તેની સામે નીડર થઈને ઊભા હતા. જેમ મદોન્મત હાથીને પોતાની નજીક આવતો હોય તેનાથી કેશરીસિંહનું બચ્ચું કોઈ જાતની શંકા ન લાવે તેમ હરિ ઉભા હતા ત્યારે તે અસુરે માર ખાવા છતાં બળ કરીને લાત મારવા લાગ્યો પણ હરિએ લાત બચાવીને સામેથી ઠેક મારીને તેનો હાથ પકડી લીધો. ત્યારે હરિએ તે અસુરના હાથને પકડીને ખૂબ જ આંચકો માર્યો ત્યારે કળ કરીને. સાંધામાંથી હાથ ખેડવી નાંખ્યો. ત્યારે તે અસુર તૂટેલા હાથવાળો તે પહેલવાન હોવા છતાં પીડા પામતો થકો જમીન ઉપર પડી ગયો ત્યારે હરિએ એને પડ્યા ઉપર પાટુ મારીને તેને વધારે આકુળવ્યાકુળ કર્યો. બાધાને આશ્ચર્યચકિત કર્યા.

તૂટેલા હાથવાળો તે અસુર બેહાલ થઈને પડ્યો તે જેમ પક્ષીની પાંખો કપાઈ જાય ને જમીન ઉપર પટકાય તેમ પડ્યો. આ રીતે સુખદાયક ભગવાને તેનો ગર્વ ઉતાર્યો. ફરી બધા સખાઓની પાસે શ્રીહરિ ગયા. બધાં મિત્રો મળીને હરિનાં વખાણ કરતાં હતાં. લાલાએ આજે બહુ સારું કામ કર્યું તે નક્કી જ છે. તે અસુર અતિ અહંકારી છે. માંસ ખાનારો છે. મહા ખળ છે. અધુરી મતિવાળો છે. મહા હીન છે. કોમળ શરીર હાથ પગ કોમળ હોવા છતાં નેત્ર, કાન બધાં જ કોમળ હતાં છતાં કાંઈ શરીરબળના મદવાળાનાં મદનો અને અંગનો ભંગ કર્યો. તેથી તેના માતાપિતાને ધન્ય ધન્ય છે. જેમને સેવીએ છીએ એવા સર્વના ત્રાતાના મિત્રોને પણ ધન્ય છે.

ત્યાર પછી બાળસખાઓએ તે શત્રુનાં બીજાં ફળો પણ તોડીને વસ્ત્ર ઉપર ઢગલો કર્યો. ચારેબાજુથી ભેગાં કર્યાં. તેમાં નાંખ્યાં ત્યારે હરિ કહે એ ફળો તમે લઈ લો. કોઈ જાતની શંકા ન રાખશો. આ મહામોટાં રાંકુ શું કરવાનો છે એની કોઈ ચિંતા ન કરતાં. ત્યારે હરિની આજ્ઞાથી બધા જ સખાઓને નિશંક થઈને બધાં જ ફળો લઈ લીધાં. ત્યાર પછી હરિની સાથે બધાં જ બાળકો છપૈયાપુર પ્રત્યે ખાતા ખાતા જતાં હતાં. આનંદ કરતાં હતાં. કરુણામય દૃષ્ટિવાળા લાલ કમળસમાન નેત્રોમાં લાલ રેખાઓવાળા શરીરમાં ચંચળતાવાળા ચિત્તને ચોરનારા એવા હરિની સામું સખાઓ નેત્ર ખોલીને જોતા થકા જતા હતા. ચાલવાની ચંચળતાથી સર્વના ચિત્તને ચોરનારા મદમસ્ત હાથીની સમાન મનોહર ચાલવાળા માર્ગમાં ચાલતાં પણ ચિહ્નો ભૂમિ ઉપર પડતાં હતાં. તે શોભતાં હતાં. તે મુનિજનોને ખૂબ જ પ્રિય ધ્યાનમાં આવતાં હતાં. જાણે સિંહ સમાન જ મનોહર બાળરૂપે શોભતા હતા. માર્ગમાં બાળકોની સાથે રુવાબ કરતા થકા એક એક જાંબુફળને ખાતા થકા પુર પાસે આવ્યા. જે ભ્રૂકુટિના વિલાસથી અનંત કોટિ બ્રહ્માંડો બનાવ્યાં તે તો પોતાની થોડી માયા વડે જ થયાં છે. તે જ માયા આ પ્રભુના મનોહર રૂપને જોતા થકા બાળકો પુર પ્રત્યે ગયાં.

અનેક જુદા જુદા ઈશ્વરો જેમની આજ્ઞામાં રહે છે એવા તે પોતે સચ્ચિદાનંદ છે. તે જ પ્રભુ અક્ષરબ્રહ્મ પુરધામમાં રહેનારા છે. તે છતાં છપૈયાપુરનાં બાળકુમારોએ એ પ્રભુને પોતાને વહાલા મિત્ર બનાવ્યા છે. એવો અધિકાર પ્રાપ્ત કર્યો છે. મુનિ કહે છે, હે ભાઈ ! આવા શ્રીહરિના સખાની તો હું શું વાત કરી શકું ? હજાર મુખવાળા

શેષજી પણ વર્ણન કરી શકતા નથી. તો મારું શું ગજું ? આવા પરબ્રહ્મ શ્રી નિલકંઠ પ્રભુએ પુરમાં પ્રવેશ કર્યો ત્યારે બાળસખાઓથી વિટાયા થકા પ્રવેશ કરતા હતા તે વખતે સખાઓ ખૂબ જ ઉત્કંઠાથી જોતા હતા. માર્ગમાં ઘરોના દ્વારે દ્વારે ગલીગલીમાં તથા ચોકમાં બધા પુરનાં મનુષ્યો મળીને ટોળેટોળાં જેમ ચકોર પક્ષી ચંદ્રમાને જોવા માટે એકાગ્ર ચિત્તથી જુવે છે તેમ છપૈયાના લોકો હરિના મુખકમળને જોવા આતુર હતાં. આજ રીતે પુરુષો અને સ્ત્રીઓ સર્વે બાલ લાલને જોઈને ખૂબ જ નિરખતાં હતાં. પોતાના હૃદયમાં ઉતારતાં હતાં. આ રીતે પ્રભુ ચાલતા થકા પોતાને ઘેર આવ્યા ત્યારે દ્વાર ઉપર માતા પ્રભુના મીઠડા લેતાં હતાં. વહાલથી મળતાં હતાં.

હરિ ઘરે ગયા ત્યારે તેમની પાછળ ભવાનિનાં સંબંધી તેને લઈને ઘેર આવ્યાં ત્યારે સંબંધીજનો તેને પૂછવા લાગ્યાં કે તે શુગુમાનિ કરી તેથી તારો હાથ તૂટીને નોખો થયો તે કહો. ભવાનિ કહે છે, હરિપ્રસાદના પુત્ર અને રામપ્રતાપના નાના ભાઈ અને કૃષ્ણશર્માની પુત્રી ભક્તિનો પુત્ર જેને લોકો ઘનશ્યામ નામ દઈને બોલાવે છે. જેને છપૈયાપુરના બાળકો કાયમ એને ઘેરીને ફરતા હોય છે. એ એ જ ઘનશ્યામ છે. તેણે આ મારા હાથની દશા કરી છે. તે ઘનશ્યામની સાથે બધાં જ બાળકોની ટોળી ત્યાં જાંબુડે આવી હતી મેં ના પાડી છતાં તેઓએ દોડીને આવીને બધાં ફળ ખાવા લાગ્યાં. મેં ના પાડી છતાં તે આ મારી સાથે ઝઘડો કર્યો. જેમ તેમ બકવાસ કર્યો અને પછી મારામારી થઈ. તેમાં મને હાથે ઈજા કરી. મેં લાત મારવાનું કર્યું ત્યારે તેણે લાત બચાવીને તરત જ મારો હાથ પકડ્યો, ઝંઝોળ્યો, જોર કરીને પકડ્યો. આ રીતે કીધું ત્યારે દસ-વીસ જણાં સાથે મળીને ધર્મદેવના ઘેર ઝઘડો કરવા દોડીને આવ્યાં.

તે બધાં જ મૂઢજનો મળીને ધર્મદેવને ત્યાં આવીને કહે, હે ધર્મદેવ ! તમારા પુત્ર ઘનશ્યામે અમારા ભવાનિદિન છે તેની સાથે ઝઘડો કરીને મારામારીમાં હાથ તોડી નાંખ્યો છે. આ રીતે કહે છે તે જ સમયે ઘનશ્યામ પ્રભુના પિતરાય ભાઈ દૂનના પુત્રો પણ સાથે હતા તથા વિસરામ આદિક હરિના મામાના પરિવારજનો પણ ત્યાં આવ્યાં. એમણે આવીને આમની હાંસિ ઉડાડતાં થકાં આશ્ચર્ય વાત કરતાં હતાં કે પાંચ વર્ષનો બાળક આ તમારો પુત્ર તો કેવડો મોટો છે એની આગળ નાના બાળકનું શું ગજું એને મારી શકે. તમારા પુત્ર તો મહાઅહંકારી અને બળવાન છે અને બધાં મળે તોય એને જીતી શકે તેમ નથી તો આ નાના બાળક ઘનશ્યામ કેવી રીતે એનો હાથ તોડ્યો હોય એ જ આશ્ચર્ય છે. અલ્યા તમે તો બધાય મૂઢ છો. તેથી પાણીમાં ડૂબી મરો. તમને કહેતાં કાંઈ લાજશરમ આવતી જ નથી. ક્યાં મહામદોન્મત્ત તમારો પુત્ર અને ક્યાં નાના કુમાર બાળ મહારાજ એનું તમને કાંઈ ભાન નથી આવતું. જો તમે આ વાતને કોઈ બીજા માણસો જાણશે તો તમારી જ લાજ જશે. માટે બોલશો જ નહીં અને હવે તમે તમારા ઘેર જાઓ. અમારે તમારી સાથે કાંઈ ઝગડો કરવો નથી શાંતિથી જતા રહો.

આવી રીતે આ ભગવાનનાં ચરિત્રો દિવ્ય અને માનુષી બંને એક જ પ્રકારનાં છે તે ચરિત્રને જે સંતજન મહિમાંથી સાંભળે છે. તો તેને પરમ વિવેકપૂર્વકનું જ્ઞાન મળે છે અને પરમ સુખ પામે છે.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં ત્રીજા બાલચરિત્ર રત્નમાં વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં હરિના સખાઓએ જાંબુનાં ફળો ખાધા તથા અસુરનો ગર્વ તોડ્યો એ નામનો અઢારમો તરંગ થયો. ॥૧૮॥**

# તરંગ-૧૯

પ્રતાપસિંહ રાજા કહે છે, હે મુનિવર્ય ! આપ મને અનંત જે રામપ્રતાપ તેના વિવાહની વાર્તા વિધિ પ્રમાણે બધી મને વિસ્તાર કરીને સમજાવીને સંભળાવો. મારે સાંભળવાનો ભાવ થયો છે.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! તમને ધન્યવાદ આપું છું કે તમે ખૂબ જ પવિત્ર વાત પૂછી છે. તે રામપ્રતાપની વાત તો સાંભળનારના જીવનને પવિત્ર અને કલ્યાણ કરનારી છે. એવી પવિત્ર છે. હે રાજા હવે તમને હું કહું તે સાંભળો. કૌશલ દેશના મધ્યમાં આવેલું છપૈયાપુર તેનાથી પશ્ચિમમાં શોભાયમાન છપૈયાથી ત્રણ જોજન છેટું બ્રાહ્મણ વર્ણને સુખે રહેવાનું સ્થાન છે. તે ગામનું નામ તરગામ છે. તે નામથી પ્રસિદ્ધ છે. બ્રાહ્મણ વર્ણમાં શરવરિયા જ્ઞાતિમાં રહેલા જે મુનિ અવટંક દુબેના નામથી પ્રસિદ્ધ છે તેમનું નામ બલધિરામ શુભ નામથી સર્વે બોલાવે છે એવા પવિત્ર વિપ્રવર્ય રહે છે. એમનાં ધર્મપત્નીનું નામ ઉદય છે. તે દંપતિ અતિ પવિત્ર સર્વને સુખ આપનારાં છે. પતિનું દૈવત બધું જ પત્ની કહેવાય છે. પતિ સારા ગુણોને લીધે પરમ સુખ આપનાર થાય છે. જગતમાં વખણાય છે. તે બલધીરામની ઘરની સંપત્તિ ખૂબ જ સારી હતી. બંને પૂર્ણધર્મ નિયમનું પાલન કરનારાં હતાં. હરિનું નિત્ય ભજન કરનારાં હતાં. તેઓ ભક્તિભાવપૂર્વક શ્રીહરિના ગુણને ગાયા કરતાં હતાં તથા સંતોના મુખથી ભગવતકથા સાંભળનારાં હતાં.

હે મુનિરાય ! તે બલધિરામ થકી પત્ની ઉદયકુંવરમાં ગર્ભ રહ્યો તે રેવતીનાં અંશથી પુત્રરૂપે થઈ. તેનાથી તે ગર્ભમાં ખૂબ જ શોભતી હતી. ઉદયમાતા ગર્ભમાં આવેલ દિવ્યાત્માના ગર્ભથી ખૂબ જ શોભતી હતી. જ્યારે તે ગર્ભને નિયમ પ્રમાણે પૂરા દિવસો થયા ત્યારે તે ગર્ભના પ્રસવમાં પુત્રીરૂપે પ્રગટ થયો. વિક્રમ સંવત અઢારસો એકવીસની સાલમા આસો સુદ બીજના દિવસે શુભલગ્નમાં પૂરવા નક્ષત્રમાં પવિત્ર સમયમાં લક્ષ્મીરૂપ પુત્રીનો જન્મ થયો.

તે પુત્રી દિનપ્રતિદિન વધવા લાગી. તેનું નામ પવિત્ર સુવાસિનિ સુખદાયક રાખ્યું. તે બલધિરામના પુત્ર એક લક્ષ્મીરામ હતા. બીજા પુત્ર ભવાનિદિન હતા. તે ગુણિયલ પુત્રો હતા. ત્રીજા પુત્ર પ્રથિપાલ નામના હતા. આ રીતે ત્રણ પુત્રો હતા અને પુત્રી બે હતી. બીજી ગેંદા નામની હતી જ્યારે પુત્રી સુવાસિની વિવાહ યોગ્ય થઈ ત્યારે તેનાં માતાપિતા બંને વિચાર કરતાં હતાં. આશા રાખતાં હતાં. ધર્મદેવના પુત્ર મોટા રામપ્રતાપ તેમની સાથે પોતાની પુત્રી સુવાસિનીનો વિવાહ સંબંધ કર્યો તે ધર્મકુળ પવિત્ર સારા અધિકારી ગુણસંપન્ન અને માતુલ તીવારીના કુળ પરિવારમાંથી થાય એવો પવિત્ર હતો. કન્હૈપાંડેના કુળના કમળસમાન કુળના તેજને વિસ્તારનારા એવા તે રામપ્રતાપ પરિવારના સૂર્યસમાન ગુણવાન સત્યનિષ્ઠાથી લોકોને આનંદ કરાવનારા. તથા પોતાના ઘેર પ્રગટ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પ્રગટ થયા. તેથી આખુ કુટુંબ ખૂબ જ આનંદ ઉલ્લાસ કરતાં હતાં. તે હરિપ્રસાદ (ધર્મદેવ)ના ઘેર સંતપુરુષો હરિજનો ભગવાનના ભક્તો અવારનવાર આવતા જ હતા.

બાલકરામ નામના પવિત્ર વંશમાં બ્રહ્માના અંશરૂપ એવા ધર્મદેવ (હરિપ્રસાદ) પોતાના કુળમાં પ્રગટ થયા. તેમના પૌત્ર આ રામપ્રતાપ થયા છે તે પણ જે અનંત (જે શેષ) (બલરામ) તે જ આપણા જમાઈ કહેવાય છે એવા પવિત્ર કુળમાં આપણે સંબોધેલ છે. આ રીતે પોતાના કુટુંબપરિવારમાં બલધિરામે ભેગા કરીને પવિત્ર મંગળકાર્ય તરત જ કરવું છે. આવી વાત કરી એ પ્રમાણે નક્કી કરીને બધા કુટુંબપરિવાર ભેગો થઈને લગ્નપત્રિકા

લખવા લાગ્યા. સંવત અઢારસો એકતાલીસનાં વર્ષમાં મહા વદી પાંચમના રોજ રવિવારે મંગલકરણમાં લગ્ન લખાયાં અને તરત જ છપૈયાપુર પહોંચાડવાનું ગોઠવીને રવાના કરી. લગ્નની પત્રિકા આવી એટલે તરત જ ધર્મપત્ની ભક્તિમાતાએ વધાવી લીધાં. રામપ્રતાપના સબંધ કરવાનું કામ કરીને ત્યાર પછી ધર્મદેવના ઘેર સુંદર મંડપ બાંધવામાં આવ્યો અને ધર્મદેવે પોતાના કુટુંબપરિવારને બોલાવીને બધાંને ભેગાં કર્યાં.

રામપ્રતાપના લગ્નપ્રસંગમાં જાતજાતનાં વાજાંઓ વાગતાં હતાં વાનક પુગીય આદિનો નાદ થતો હતો. સ્ત્રીઓ મંગળ લગ્નનાં ગીતો ઉત્સાહથી ગાતાં હતાં. મોટાં ટોળાં ભરાઈને ભેગાં થતાં હતાં. ત્યારે શ્રીફળ, સાકર, સોપારી વિગેરે વહેંચવામાં આવ્યાં. હરિપ્રસાદના ઘેર આનંદ થાવા લાગ્યો. રામપ્રતાપના વિવાહના પ્રસંગમાં બધા સજ્જનોને અતિ આનંદ થતો હતો. ધર્મદેવના ઘેર જાતજાતનાં સુંદર ભોજનો તૈયાર કરાયાં. સજ્જનો અને પ્રિયસંબંધીજનો જમ્યા જમીને બધાં તૃપ્ત કરાયાં. સજ્જનો અને નાતિજનો તૈયાર થઈને જાનૈયા થઈને આવ્યા. આ બાજુ રામપ્રતાપને પીઠી ચોળાવીને ચોખ્ખા જળથી નવરાવીને પછી સારાં વસ્ત્રથી અંગો લૂછીને વસ્ત્રો પહેર્યાં. જાતજાતનાં આભૂષણો ધારણ કરીને અંગ ઉપર શણગાર્યા. રામપ્રતાપ શણગાર સજીને વરરાજા તૈયાર થયા. તેમનાં અંગો શોભતાં હતાં. તેથી જાણે કામદેવ લજાતો હોય તેવું લાગતું હતું. જાતજાતનાં ઘણાં બધાં વાહનો તૈયાર કર્યાં હતાં. ગાડા, રથ, ઘોડા આદિ સજીને તૈયાર કરેલા શોભતાં હતાં.

મામા, મામી સહિત કુટુંબીજનો તથા હરિ ઘનશ્યામની સાથે માતા પ્રેમવતી પણ તૈયાર થયાં તથા પુરનાં મનુષ્યો તથા પરિવારનાં મનુષ્યો સેવકો નાતિ ભાઈઓ બધાં તૈયાર થઈને જાનમાં જવા તૈયાર થયાં. જાન નીકળી ત્યારે સારાં શુકનો થયાં તે સુખ આપે તેવાં હતાં. તેમાં ગાય વાંછડાંને ધવરાવતી હતી તથા વિપ્ર હાથમાં પુસ્તક લઈને સામો મળ્યો. બાઈ બાળકને કેડ ઉપર તેડીને જતી હતી. આ રીતે શુકન થયાં. ડાબા પડખામાં તેતર પક્ષીઓ બોલતાં હતાં તથા જમણાં હરણાં આડાં ઉતર્યાં. આ રીતે બધાં જ શુકનો સારાં થયાં. તે જોઈને બધા જાનૈયાઓ અતિ આનંદઉત્સાહથી ચાલવા લાગ્યા. જાનમાર્ગમાં એક દિવસ વાસ (રોકાણ) કરીને બીજે દિવસે તરગામ પહોંચ્યા. તે પુર ચારેબાજુ સરખી રીતે શોભાયમાન હતું. તે જોઈને જાનૈયા બધા મનમાં શાંતિ પામ્યા.

પુરમાં ખબર પડી એટલે માંડવાવાળા સામા આવ્યા. બલધિરામ આદિક આગેવાનોએ સન્માન કર્યું. બધાં અરસપરસ મળ્યાં. સંબંધીઓ તેઓને લઈને પુરમાં જવા લાગ્યાં. બલધિરામ લઈ ગયા. બલધિરામે જાનમાં મુખ્ય મહેમાનોને એક ઘરમાં ઉતારો આપ્યો અને સારી રીતે સન્માન્યા અને ત્યાર પછી બલધિરામે લગ્ન વ્યવહારમાં થતી વિધિ બધી સારી રીતે કરાવી વ્યવહાર કર્યો. સારા સજ્જનોને ગામના લોકો હતા તે રાજી રહેતા હતા. આ રીતે ચાલતું હતું ત્યાં લગનનો સમય થયો ત્યારે બધા તૈયાર થઈને રહ્યા. બધાને જાણ કરી દેવામાં આવી. શ્રીહરિનાં મુખચંદ્રને જોઈને ત્યાંની નરનારીના મનમાં ખૂબ જ આનંદ વ્યાપી ગયો હતો. જેમ લગનનો દિવસ નજીક આવે તેમ આનંદનો દરિયો કલોલ કરતો ઉછળતો હોય તેમ નારીઓના મનમાં આનંદ હતો.

બલધિરામના ઘેર જે લગ્ન માટેનો મંડપ બાંધેલો, જાતજાતના શૃંગારોથી સજેલો હતો તે મંડપમાં જાતજાતના અને પદાર્થો મુકેલાં હતાં તે શોભતાં હતાં. થાંભલા જાણે પરવાળાના ન બનાવ્યા હોય તેમ લાગતાં હતાં. અલંકારોથી શણગારેલી વેદી બનાવી તેમાં સમિધા આદિ સામગ્રીઓ બધી શોભે તેવી તથા જાતજાતનાં હોંશિયારીથી આસનો તૈયાર કરેલાં વૈદિક વિધિથી દેવતાઓ ગ્રહદેવતાઓનું સ્થાપન કરેલી. બધાં મળીને મંડપમાં આવ્યાં અને બધાં જ પોતપોતાને અનુરૂપ આસને જઈને બેઠાં. બધા બારાતીઓ મૂરતિયાની સાથે આવ્યાં. રામપ્રતાપને જોઈને

ભ્રમમાં પડી જતાં હતાં. દુલહારિએ શરીર ઉપર વસ્ત્રો ધારણ કરેલાં છે. તેની ઉપર અંગોઅંગ ઉપર આભૂષણો ધારણ કરેલાં છે તે ખૂબ શોભે છે. અતિ ઉદારતાથી મુખહાસ્ય શોભે છે. નાસિકા દિવાની જ્યોત સમાન સીધી લાંબી દેખાય છે. ગોળકપોલ ગૌરવરણ શોભે છે. શ્રવણ તે કમળની કળિ હોયને શું તેના જેવી શોભે છે. વિશાળ ભાલમાં માપની ઉંચાઈએ ઉર્ધ્વતિલક તેની ઉપર ચોખ્ખાં મનોહર રીતે શોભે છે.

રામપ્રતાપને શરીર ઉપર જરકશિપાઘ શોભતી હતી. તેની ઉપર તોરામોતિના લટકતા રાખેલ હતા. કાન ઉપર ફૂલના ગુચ્છો શોભતા હતા. વાંકી ભ્રૂકુટિ જાણે કામદેવને પરાસ્ત કરવા તત્પર ન હોય તેમ શોભતાં હતાં. શરદઋતુના કમળની સમાન મુખ કમળની આકૃતિ અરુણ વર્ણ શોભતું હતું. ચિત્તની સ્થિરતા દઢનિષ્ઠા, નિપુણતા આદિ વડે તથા યુવાઅવસ્થાનાં ચિહ્નો તે યૌવન વયનું પ્રમાણ બતાવતાં હતાં. અધરઓષ્ટનાં બિંબમાં દાંતો દાડમનાં બીજ જેવાં શોભતાં દાંતો તથા જીભથી રસિકવર ઘનશ્યામનું રટન થતું મૂંછની રેખા જાણે હનુમાનનું પ્રતિક લાગે. કંઠની અંદર ભારે ભારે આભૂષણો શોભતાં હતાં. શરીરનાં મજબૂત બંધારણથી જાણે કેશરી રાજ ન હોય. પડછંદ હાથમાં નંગોથી જડેલાં આભૂષણો ધારણ કરેલા હાથમાં જડેલા કડાં શોભતાં હતાં. ઉદર ઉપર અષ્ટાવલિની રેખાઓ શોભતી હતી. કેડ અને જાનું પ્રમાણસરનાં શોભતાં હતાં. જંગાઓ બાણનાં ભાથાં જેવી અને પગની રેખાઓ સારી લાગતી હતી. નખથી શિખા પર્યંત રૂપને જોઈને મનમાં અનુરૂપ લાગ્યા. વસ્ત્ર ધારણ કરાવવાથી અતિ સારું લાગતું હતું. મામી આદિક સુંદરિયો તથા બીજી સ્ત્રીઓ મધુર કંઠથી સુંદર લગ્નનાં ગીતો ગાતી હતી. વિપ્રો પ્રથમથી વેદ ધ્વનિને કરતા હતા અને મંડપમાં જમાઈને પધરાવવા સૂચવતા હતા.

સારી સજાવટ કરેલી પાટ ઉપર રામપ્રતાપે પગ સ્થાપન કર્યા ત્યારે માંગલિક શબ્દો બોલતા હતા. મધુર ધૂનો વાગતી હતી ત્યારે પરિવારજનોમાં હર્ષ ધ્વનિ થતો હતો. સુવાસિનીને સ્નાન કરાવીને લગ્નનાં સુંદર વસ્ત્ર ધારણ કરાવીને એની સખીઓ લઈને આવી અને મંડપમાં પધરાવી ગઈ. દુલહનિને જોઈને જાનૈયા સર્વે આનંદમાં આવી ગયા અને મંડપમાં આવવાથી અતિ શોભા વધી ગઈ. તેનાં અંગોઅંગમાં હરદિ અને દહીં શોભા વધારતું હતું અને બંને પક્ષના અરસપરસ વ્યંગ પ્રમાણે બોલતાં હતાં. બધાં જ નરનારી સામસામા અબિલ ગુલાલ ઉડાડતાં હતાં. આનંદ કરતાં હતાં. બ્રાહ્મણો વેદમંત્રનો ઉચ્ચાર કરીને પ્રથમ ગણપતિનું પૂજન કર્યું.

ત્યાર પછી સૂર્યનારાયણનું પૂજન અગ્નિદેવના પૂજનથી કર્યું તથા ભવ અને ભવાનિનું પૂજન કર્યું. ખીર તથા ઘી સમિધાઓથી હોમ કરીને વિધિ કર્યો ત્યારે આકાશમાં દેવો યજ્ઞનો ભાગ લેવા આવ્યા. આકાશમાં પુષ્પનો વરસાદ કરીને દેવોની સ્ત્રીઓ ગીતો ગાતી હતી. તેની સેવા કરતી હતી ત્યારે સમર્થ સંકર્ષણના રૂપને જોવા માટે બધા જ દેવો નીચે આવ્યા. હરિના અને સંકર્ષનના રૂપને જોઈ રાજી થયા. જેમ આકાશમાં ચંદ્ર ગ્રહમંડળમાં શોભે તેમ હરિ તેમના સખાએ તથા બધા સમાજ ખૂબ જ શોભતા હતા. હરિની મુરતિ સજ્જનોના મનને ખેંચતી હતી. તે મુરતિ રાતદિવસ એમના અંતરમાં હાજર રહે છે. બંને કુલગુરુઓ વેદમંત્રનો ઉચ્ચાર કરીને બંનેનો હસ્તમેળાપ કરાવ્યો. પિતા અને માતા કન્યાદાન આપતાં હતાં તે સમયે મંડપનું મનોહર વાતાવરણ થયું. બંને દંપતિએ સંકર્ષણના પગ ધોયા. કુંકુમ ચર્ચીને ભાવપૂર્વક પૂજન કર્યું. સંકલ્પ કરીને બંને હાથ પકડીને રામપ્રતાપને પુત્રીનું દાન દેતાં હતાં. સંકલ્પ પૂર્ણ કરતાં હતાં. બલધિરામ અને ઉદયકુંવરના બન્નેની મનોકામના પૂરી થઈ. કેમકે રામને પોતાની પુત્રી અર્પણ કરી. ત્યાર પછી ધર્મદેવ અને હરિ આદિનું ગંધ પુષ્પ આદિથી ખૂબ જ પ્રેમથી પૂજન કર્યું.

એ સમયે બધા જ દેવો લગ્ન સમારંભ જોવા માટે બ્રાહ્મણનાં રૂપો ધરીને નારિ નર રૂપે આવ્યા હતા. તેમનું બંને દંપતિએ પૂજન કરી સજ્જનોની સેવા કરી. અગ્નિમાં આહુતિ આપીને અગ્નિને પરિક્રમા કરી ત્યારે રામપ્રતાપ અને સુહાસિનીએ બધાનાં મન હરી લીધાં હતાં. ફરી પાછી અગ્નિમાં આહુતિ આપીને બીજી પરિક્રમા આપતાં હતાં ત્યારે (માનુનિ) બાઈઓ મંગળગીતો ગાતી હતી અને હૃદયથી અતિ હેત બતાવતી હતી. બધા જ દેવોની પૂજાની આહુતિ આપીને, તિજી ભાવરી આપીને બધા જ નેત્રિઓની વિધિ કરીને, બધાં જ નેત્રિને બોલાવીને અર્પણ કરી દીધી. આ રીતે વિધિ કર્યો.

ચોથી ભાવરિ રામપ્રતાપે આપી ત્યારે દેવો મનુષ્યની સ્ત્રીઓ મંગળ ગીતો ગાતી હતી. આ રીતે વિવાહ પૂર્ણ થયો ત્યારે અનેક પ્રકારના પદાર્થોની રસોઈ કરી. બધાં જ જાનવાળાં પ્રથમ જમ્યાં. ત્યાર પછી નાતના સંબંધીઓ સર્વે જમ્યાં ત્યારે સ્ત્રીઓ મંગળગીતો ગાતી હતી. જમનારાને પીરસનારાએ અનેક પ્રકારનાં પદાર્થો પીરસીને જમાડ્યા. જમનારા ખૂબ જ વખાણ કરતાં હતાં. બધાં જ જમતી વખતે હાસ્યવિનોદ કરતાં હતાં. એકલી વિનોદમાં ગાળોપૂર્વક સ્ત્રીઓ ગાણાં ગાતી હતી. બધાં આ રીતે જમી રહ્યાં ત્યારે પાનબીડાં મસાલા આપવામાં આવ્યાં.

સમય વીત્યા પછી રાતનો સમય થયો ત્યારે બધાં જ પોતપોતાને નિવાસે ગયાં. સેવકો સેવા કરવા લાગ્યાં. સારી સરભરા કરતાં હતાં. ભક્તિમાતા પોતાના પુત્રની પત્નીની સાથે તથા બીજી સ્ત્રીઓની ટોળીની સાથે બધાં જ સ્ત્રીઓના ઉતારા ઉપર આવ્યાં. શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ દુધની ફેણ જેવી શ્વેત પથારીમાં પોઢ્યા હતા અને આ બાજુ સંકર્ષન (રામપ્રતાપ) ધર્મદેવની સાથે જ જનસમુદાયના મધ્યમાં શોભતા હતા. ભક્તિમાતા સુવાસિની બાઈ તથા અન્ય નારીઓ કુટુંબ પરિવારની નારીઓની સાથે બીજા મકાનમાં બધા જઈને સૂતાં હરિ પોઢ્યા હતા. તેમની સંભાળ રાખતાં હતાં.

સવારે જ્યારે પૂર્વમાં અજવાળું દેખાયું ત્યારે ધર્મદેવ જાગીને હરિના નામનું સ્મરણ કરીને ઉઠ્યા. ત્યાર પછી રામપ્રતાપ અને ઘનશ્યામ પ્રભુ જાગ્યા. બધા જાનવાળાં જાગ્યાં. બધાંએ સ્નાન શૌચવિધિ કરીને પરવાર્યા. નિત્ય વિધિ કર્યા બાદ બધાં પરવાર્યા એટલે ધર્મદેવ બલધિરામને કહેવા લાગ્યા કે જાન આવ્યાને ઘણા દિવસ થયા છે. હવે અમને જવાની રજા આપો. તમને યોગ્ય લાગે તેમ કરો. ત્યારે બલધિરામ હાથ જોડીને કહે, ધર્મદેવ તમને જેમ ભાવે તેમ કરવા માટે તૈયાર છું ત્યારે બલધિરામે વાસણ આભૂષણો વસ્ત્રો આદિક સાધનો તથા ભેટ સામગ્રીથી જાનને પહેરામણી કરી દીધી.

ઘોડાં રથ વાહન સેવકો દાસી વિગેરે બલધિરામે પ્રેમપૂર્વક પહેરામણી આપીને જાતજાતના ભોજનો તૈયાર કરીને જમાડ્યા. ત્યાર પછી ધર્મદેવે વિદાય માંગી અને ત્યાંથી ચાલતા થયા. ચાલતી વેળા સુવાસિનીને સખિઓ મળી તથા પિતા ભાઈ અને માતા બધાં મળ્યાં. માતાએ પતિવ્રતાનો ધર્મ પાળવાનું અને ભક્તિમાતા કહે તેમ વર્તવાનું કહ્યું. ત્યાર પછી ભક્તિમાતાને ઉદયા બંને મળ્યા તથા ધર્મદેવ અને બલધિરામ મળ્યા. લક્ષ્મણ આદિક ભાઈઓ સંકર્ષણ રામપ્રતાપને અને ઘનશ્યામને મળ્યા અને પ્રેમથી વિદાય આપી. તે ગામના લોકોએ સ્નેહપાસથી બાંધેલા હતા. તેથી બધા જનો દુરથી જ નમન કરીને વિદાય આપતા હતા અને જે સજ્જનો વળાવવા આવ્યા હતા તેમને ધર્મદેવે પાછા વળવા માટે કહ્યું. તેઓ નમસ્કાર કરીને પાછા ફર્યા. ધર્મદેવ જતાં માર્ગમાં રાત રોકાણ કરતા હતા અને બીજે દિવસે બધાં જ છપૈયા ઘેર આવ્યાં. ત્યાં ભક્તિમાતાએ પુત્ર અને પુત્રવધુને પોંખ્યાં ભક્તિભાવથી પ્રવેશ આપ્યો.

કુટુંબની સ્ત્રીયો અને મામી આદિક સ્ત્રીયો કલરવપૂર્વક ગીતો ગાતાં હતાં. મંગલ ગીતો ગાઈને આનંદ કરતાં હતાં. ગોત્રીય (પારવતિ) પૂજન કરીને કમલા પૂજન કર્યું. ત્યાર પછી મારુતનંદન હનુમાનજીનું પૂજન કર્યું. સારા પવિત્ર ગુણવાળી પુત્રવધુ તથા નારી ભક્તિમાતાને અતિ પ્યારી લાગે. આનંદ થાય. આ બાજુ ધર્મદેવ (અનંત) રામપ્રતાપ નિયમ પ્રમાણે અને ઘનશ્યામને જેમ સારું લાગે તેમ વર્તતાં હતાં. માર્કંડેય મુનિ કહે છે, હે શતાનંદ મુનિરાજ ! આ રીતે ધર્મભક્તિ દરરોજ બધાંને પોતાની માફક જ રાખતા હતા અને ધર્મદેવ ભક્તિમાતા રામપ્રતાપ તે તો શ્રી ઘનશ્યામનું સેવન કરતાં હતાં. આ રીતે રામપ્રતાપ અને સુવાસિનીના વિવાહના ચરિત્રને જોઈ સાંભળીને ગાસે એનું શ્રીહરિ સુખમય જીવન કરશે અને અંતે ઇચ્છિત એનું ફળ આપશે.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં ત્રીજા બાલચરિત્ર રત્નમાં સહજાનંદ સ્વામી શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારી રચેલ છંદભાષામાં સંકર્ષણ તથા સુવાસિની વિવાહ ઉત્સવનું વર્ણન કર્યું તે નામે ઓગણીસમો તરંગ થયો. ॥૧૯॥**

# તરંગ-૨૦

પ્રતાપસિંહ રાજા કહે છે, હે મુનિવર્ય ! આપ ઇચ્છારામનો જે ધર્મદેવના નાના પુત્ર થયા તેમનો જન્મ તથા કયા ઈશ્વરનો અવતાર શ્રી ઘનશ્યામ પ્રભુના નાના ભાઈ તરીકે થયા તે કહો.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! તમે ધન્ય છો કેમકે તમે જે પૂછ્યું તે હું તમને કહું છું. તો તમે ધ્યાન દઈને સાંભળો. ઈશ્વર જે મનુષ્યનો અવતાર પામે છે, મેળવે છે તે કથા હું તમને સંક્ષેપથી કહું છું. તે ઈશ્વરનાં ગુણગાનને તમે ધ્યાનથી સાંભળો. જ્યારે જ્યારે પુરુષોત્તમ નારાયણ પ્રભુ પ્રગટ થાય ત્યારે હરિના અવતારની સાથે ચતુર્વ્યૂહ અવતાર આવે છે. આ વખતે પુરુષોત્તમ પ્રભુની ઇચ્છાથી અને શ્રીરામના રૂપે આ ધર્મના પુત્ર છે. તેજ પ્રદ્યુમન બધાં જ જગતનું પાલન કરે છે અને પોષણ પણ કરે છે. તે પ્રભુ રામના નાના ભાઈ ઇચ્છારામ રૂપે ધર્મદેવના ઘેર થશે. તે જ પ્રભુ સત્વગુણરૂપ શાંત મૂર્તિ સુંદર હરિના નાના ભાઈ અનંત બ્રહ્માંડોના સ્વામી વિષ્ણુ રહેલ છે તેમની ભક્તિ કરતા થકા રહેલા હતા. તે જ સ્વરૂપે ભવ બ્રહ્મા દેવો મુનિજનોનું પાલનપોષણ કર્યું. જેમનું જગત ભજન કરે છે તે જ પ્રભુ આ વખતે ભક્તિમાતા થકી પ્રગટ થયા છે. તે ઇચ્છારામના જન્મની કથા તમને સંક્ષેપથી કહી દઉં.

શ્રીહરિની ઇચ્છા મુજબ ધર્મદેવની અંદર પ્રદ્યુમ્નનો પ્રવેશ થયો. તેનાથી ધર્મદેવ ખૂબ જ શોભાયમાન દેખાતા હતા. તેથી ધર્મદેવને જોઈને મહા મુનિજનો પણ મોહ પામતા હતા. સમય આવવાથી પ્રેમવતિ (ભક્તિ) માતાએ ધર્મદેવ થકી ગર્ભને ધારણ કર્યો ત્યારે તે ગર્ભના પ્રતાપથી ભક્તિમાતા ખૂબ જ શોભતાં હતાં. તે ગર્ભ દરરોજ જેમ વધતો હતો તેમ તેમ માતા પ્રેમવતી અતિ શોભતાં હતાં. મનુષ્યની અને દેવની સ્ત્રીઓ જોઈને અતિ આશ્ચર્ય પામતી હતી. આવો દિવ્ય ગર્ભ હતો. શ્રીહરિનો અંશ ગર્ભરૂપે જ્યારે પૂર્ણ થયો ત્યારે આકાશમાં વાતાવરણ નિર્મળ થતું હતું. નદી તળાવનાં પાણી શાંત નિર્મળ થયાં હતાં અને સંતજનનાં મન પણ નિર્મળ થયાં હતાં. આકાશમાં ચંદ્રમંડળ નક્ષત્રો સર્વે નિર્મળ થયાં હતાં.

બાળકનો જ્યારે જન્મ થવાનો સમય થયો ત્યારે બધા જ સમયનો વ્યવહાર સાનુકૂળ થયો હતો ત્યારે બાલાને પુત્રનો જન્મ થયો. જન્મ થયેલ બાળક દિવ્ય સ્વરૂપવાળો હતો. તેથી માતા જોઈને આનંદ પામી ગયાં. કામદેવ

સમાન સ્વરૂપવાળા પુત્રની સુંદરતા જોઈને કામદેવની પત્ની રતિ ક્ષોભ કરવા લાગી. બાળકના રૂપને જોઈને મનની વૃત્તિ ભૂલાઈ ગઈ. હરિની ઈચ્છાથી શ્રીહરિના ધામના દર્શન થયાં. અક્ષરધામમાં રહેતા થકા પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુની સેવામાં રહેલા શોભતા હતા તે ચારભુજાવાળા હાથમાં સફેદ ચમરને ધારણ કરેલા ચાર હાથથી શોભતા હતા. તે ધામમાં જગદીશ ભગવાન અતિ તેજ ઐશ્વર્યથી પ્રકાશમાન હતા. તેમનું દિવ્યસ્વરૂપ તેજોમય જોઈને તે અનંત કોટિ બ્રહ્માંડનાં સૃષ્ટા પાલક શ્રીહરિના સ્વરૂપમાં સર્વે લીન થઈ ગયાં. આ રીતે પુત્રને અક્ષરધામમાં માતાએ મહાત્મ્ય સહિત જોયા ત્યારે તે અનંત દિવ્ય ઐશ્વર્યની સાથે દેખાતા હતા. તેને જોઈને માતા કહે, આ મારા પુત્ર છે. એ પ્રમાણે કહેતાં હતાં.

પ્રદ્યુમ્ન કહે છે, હે માતા ! તમારા પુત્ર શ્રીહરિ પૂર્ણ પુરુષોત્તમ શ્રી ઘનશ્યામ પ્રભુની આજ્ઞાથી મારે તમારા પુત્રરૂપ થવાનો યોગ થયો છે. તેથી હું તો પૂર્ણ કામ થઈ ગયો છું. હે માતા ! અનંત બહ્માંડોમાં વિષ્ણુ ભગવાન નિવાસ કરે છે અને તે અમારું ભજન કરે છે. તે જ વિષ્ણુની મરજી પ્રમાણે બ્રહ્માદિક દેવો કાર્યોને કર્યા કરે છે. દેવો, મુનિજનો, મુનિરાજો, ઇંદ્ર સહિત બધા લોકપાલો, સમાજના નાયક દેવો તથા મુનિદેવો તે સર્વે જ્ઞાનવાન એમને ભજે છે અને નિર્ભય થઈને રહે છે.

તેમના વચમાં અમારાં બીજાં જે સ્વરૂપો અવતારો ચરિત્રો થયાં છે તેમાં અનેક ખંડો છે તે નવ નવ ખંડોની ગણતરી થયેલી છે. તેમાં કેતુમાલ નામનો જે ખંડ છે તે એક જ છે. તે કેતુમાલ ખંડનો સ્વામી રક્ષક મને કહેલો છે ત્યાં રહેવાનું છે. ત્યાં મુખ્ય ભક્ત તરીકે ઇંદિરા (લક્ષ્મી) રહેલાં છે તે ચંદન અર્ચીને પૂજન ઉપાસના ભક્તિ પૂજન તે પણ અમારું જ કરે છે તે એમની તથા લોકના મંગળ કરવાની આશાથી કરે છે. અનંત દેવો મુનિજનો સિધ્ધરાજો સર્વે અમને સેવકભાવે સેવા કરે છે. આ રીતે અનંત સુભગ શ્રેષ્ઠ ખંડોમાં મારી ભાવના અનંત રૂપે છે તેમાં મારો જ ભાવ રહેલો છે.

અનંત ભુવનોમાં અનંત ઈંડ બ્રહ્માંડો આવેલાં છે તેમાં અમારાં જ બીજા રૂપો રહેલાં છે અને બ્રહ્માંડના અંતમાં મહા લોકાલોક પર્વતો આવેલા છે. તે અનેક છે. તે પર્વત ઉપર અતિ મોટા દિગ્ગજો ચારે દિશામાં ચાર સ્વરૂપે રક્ષા કરીએ છીએ. પૂર્વ દિશાના દિગપાલ ઉપર વાસુદેવ ભગવાન વાસ કરે છે અને દક્ષિણ દિશાના દિગપાલ ઉપર અંકુશ રાખીને અનંત ભગવાન રહેલા છે. પશ્ચિમ દિશાના દિગપાલ ઉપર હું પોતે શુદ્ધ સ્વરૂપે રહું છું અને ઉત્તર દિશાના દિગપાલ ઉપર અનિરૂદ્ધ સ્વરૂપે નિયંત્રણ કરે છે તેનું રક્ષણ કરે છે.

ભૂમંડળના અંત ભાગમાં નિશાચરો અતિશય પ્રમાણમાં નિવાસ કરે છે. તેઓની ઉપર નિયંત્રણ કરવા ચતુર્વ્યૂહ રૂપે રહીને ધ્યાન રાખીએ છીએ. જાંબુદ્વિપના ખંડ જે કેતૂમાલ કહેવાય છે તે કેતૂમાલમાં લક્ષ્મીજી સેવા કરે છે. ત્યાં હું રહું છું. મારા બંને ચરણની તે લક્ષ્મી સેવા ભક્તિ કરે છે. મારી ડાબી પડખે રહે છે.

આ રીતે વૈકુંઠાદિક જે ધામ તે દરેક ઈંડ ઈંડ બ્રહ્માંડ પ્રત્યે રહેલાં છે. તેમાં હું અમાપ ઐશ્વર્યની સાથે રહું છું અને ત્યાં પણ લક્ષ્મીજી સેવા કર્યા કરે છે. આ રીતે માતા બાલાએ ધ્યાનાવસ્થામાં બધા લોકો ધામો મુનિજનો દેવતાઓ સર્વે ભગવાનની કૃપાથી જોયાં તેથી અતિ આશ્ચર્ય પામ્યાં. પોતાના મનમાં રાજી થયાં ત્યારે ફરી પાછાં હરિ ઈચ્છાથી મૂળ દેહમાં આવી ગયાં. સમાધિમાં જોયેલા પોતાના બાળપ્રભુને જોઈને મનમાં ખૂબ જ આનંદ પામ્યાં. માતાજી મનમાં આ જોયેલાનાં વિચારો કરતાં હતાં અને કેવી રીતે અલૌકિક ધામ જોવા મળ્યાં તે સર્વે અમારા પુત્ર પૂર્ણ પુરુષોત્તમનો પ્રતાપ છે. તેથી મારા બધાં જ કામો પૂર્ણ થયાં. આ જગતમાં મારી સમાન કોઈ

નારી ધન્યભાગ્યવાળી નહિ હોય કેમકે મારે તો પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પોતે જ પુત્ર રૂપે થયા એ જ ભારે વાત છે. તે પોતે બધાં જ કારણોના કારણ શ્રી ઘનશ્યામ પ્રભુ પોતે બધાં જ સ્થાનોની ઉપર જે બ્રહ્મપુરધામ તેના પોતે સ્વામી ધામી છે. એજ મારું ભાગ્ય છે. જેમની આજ્ઞામાં અનંત ઈશ્વરો વર્તે છે. અનંતલોક મુનિજનો બધા જ દેવગણો તેમની સેવાભક્તિ કરે છે. એવા મોટા તથા તેમની સાથે સંકર્ષણ ભગવાન પણ પધાર્યા છે. તેમને જોઈને મનમાં અતિ આનંદ થાય છે.

આ રીતે માતા મનમાં હરિના ગુણને ગાત થકા જ્ઞાનની છણાવટ કરતાં હતાં એવામાં જ પ્રભુએ માયાને પ્રેરી ત્યારે માતાને પુત્રને વિષે અતિ પ્રેમ પ્રગટ થયો. માતાની સમિપમાં જે નારી રહેતી હતી તેના મનમાં ખૂબ જ આશ્ચર્ય થવા લાગ્યું કેમ કે પ્રેમવતિને પુત્રજન્મના સમયમાં કોઈ જાતની પીડા ન જોઈ. તેથી ખૂબ જ ચકિત થઈ ગઈ. ત્યારે એક સ્ત્રી સૂતિકા ગૃહમાંથી હર્ષ પામતી થકી બહાર આવીને કહેવા લાગી ધર્મદેવ આપને ત્યાં પુત્રનો જન્મ થયો. આ રીતે માંગલિક શબ્દો કહ્યા. ત્યાં તો દ્વાર ઉપર જ્યોતિશ વિદ્યાને જાણનારા બ્રાહ્મણો આવીને બેઠા જ હતા ત્યારે તેમની પાસે ધર્મદેવે જન્મસમયના લગ્ન સાંધી ગ્રહ, નક્ષત્ર, ઘટિકા વિગેરની જન્માક્ષર પત્રિકા કરાવી. વિક્રમ સંવત અઢારસો બેંતાલીસના વૈશાખ માસની સુદ પક્ષની ત્રીજના રવિવારના રોજ નક્ષત્રનો યોગ હતો. તે દિવસે કૃતિકા આદિક કહેવાય છે. આ રીતે સારા યોગ નક્ષત્ર વાર વિગેરેમાં નાના પુત્ર ઈચ્છારામજી જેમનું નામ પાડે છે તેમનો જન્મ થયો. જન્મસમયનો યોગ સારો હતો. સૌભાગ્ય યોગ હતો. ચંદ્રમેષનો હતો. બહુ સારો હતો. મેષમાં લગ્નસંક્રાંતિ યોગ હતો. બ્રાહ્મમુહૂર્તમાં પુત્રનો જન્મ થયો તે મુનિઓને ખૂબ જ પ્રિય છે. ઋતુ વસંત હતી. ઉત્તરાયણનો સૂર્ય હતો. સુદ ભવન યોગ હતો. ગ્રહ બધા જ અનુકૂળ હતા. તિથિ વાસર હતું. તેનો નક્ષત્ર યોગ સુયોગ હતો. લગ્ન સુભગ હતું. પંચાંગ આરોગ્યમય હતું.

હે રાજન્ ! પિતા ધર્મદેવે જાત કર્મસંસ્કાર કરવા માટે માંગલિક દ્રવ્યો મંગાવ્યા હતાં અને વેદમંત્રને જાણનારા બ્રાહ્મણોને વરુણ કર્યા હતા અને સારી રીતે જાતકર્મસંસ્કાર કરાવ્યા. હોંશિયાર નાલ છેદન કરનારે છેદનવિધિ કર્યો. ત્યાર પછી પુત્રને સ્નાન કરાવ્યા. ધર્મદેવે તે જ સમયે બ્રાહ્મણોને ઉદારતાથી દાનો આપ્યાં અને રાજી કર્યા. હિરનની ડાળીને અર્ઘ્યના જળમાં નાંખીને ધર્મદેવે ચૌલનકર્મ કર્યું. ત્યાર પછી સ્નાન કરીને પવિત્ર વસ્ત્ર ધારણ કરીને આમ શ્રાદ્ધ કરવા બેઠા. ધર્મદેવે પિત્રિઓનો હોમ કરીને એમને તૃપ્ત કર્યા. ત્યાર પછી બ્રાહ્મણોએ સ્વસ્તિ વાચન કરીને વિધિ કાર્ય પૂર્ણ કર્યું. ત્યાર પછી ભક્તિમાતા હાથ ધોઈને પુત્રને પુત્રનું મુખ શુદ્ધ કરીને સ્તનપાન કરાવવાં બેઠાં. ત્યાર પછી ધર્મદેવ પુત્રને ખોળામાં લઈને પૂર્વ મુખે બેસીને મોહથી પર રહીને પુત્રને દોષથી મુક્ત કરવા માટે ધર્મદેવે સામર્થ્ય પૂર્વકનો સંકલ્પ કર્યો. જવઘ જુની ડાંગરઘ પાસાણ ઘસાઈને શુદ્ધ પાત્રમાં સારી માત્રામાં લઈને અનામિકા (ત્રીજી આંગળિ) અને અંગુઠો ભેળાં કરીને પુત્રના મુખમાં આહુતિ આપી, ફરીથી બીજી આહુતિ ઘીની આપી પ્રગલ્ભ નામનો અગ્નિ લઈને મિત્રા વરુણનો મંત્ર જાપ કરાવ્યો. ત્યાર પછી સર્પિપ્રાસ વિયોગ કરાવ્યો.

ત્યાર પછી ધર્મદેવે બ્રાહ્મણોને ગાયો ભૂમિ વિગેરે દાન આપ્યાં તથા સોનાનાં દાન આપ્યાં અને સોનું તથા તલ વિગેરેનાં દાન આપ્યાં તે જ સમયે મુનિજનો આનંદ પામતા થકા ધર્મપરિવાર સાથે રોજ સુખ માણવા લાગ્યા. આકાશમાં પણ શંખ, પુંગી, ગોમુખ, તૂરી વિગેરેના નાદો થવા લાગ્યા. દુંદુભીનો અવાજ થયો. તે દેવો વગાડીને આનંદ પામવા લાગ્યાં. અગર ચંદનનો રગડો કરીને ઘરમાં ઉંબરમાં ઘરના દરવાજા ઉપર બધે લેપ લીપીને તૈયાર કર્યું. અશોકપત્રનાં તોરણો બંધાવ્યાં. સોપારી તથા કેળનાં વૃક્ષ દરવાજા પાસે રોપાવ્યાં. બધી જ સ્ત્રીજનો મંગળ

જન્મનાં ગીતો ધર્મદેવના ઘેર ગાતી હતી ત્યારે ધર્મદેવના દરવાજા ઉપર આંગણામાં ચોકમાં બધે ખૂબ જ ભીડ હતી. બાઈઓ તથા પુરુષો અરસપરસ એકબીજા ઉપર દહિં તથા હળદર છાંટતાં હતાં. આ રીતે ઇચ્છારામનો જન્મ મહોત્સવ ખૂબ ભારે થયો. દેવની દુંદુભિ આકાશમાં વાગતી હતી અને દેવ સ્ત્રીઓ તાલમાં મગ્ન થઈને નૃય કરતી હતી. દેવો આકાશમાંથી ફૂલનો વરસાદ વરસાવતાં હતાં. જય જયનો નાદ કરતા હતા. બધા દેવો સેવા કરતા હતા.

જગતમાં દેવો, મુનિજનો, મનુષ્યો સર્વે આરામ કરતાં હતાં ત્યારે ઇચ્છારામ સુખશાંતિથી પ્રગટ થયા. તે ઘનશ્યામ પ્રભુના નાના ભાઈ થાય તથા પ્રદ્યુમનના અવતાર રૂપે થયા. કચ્છ, મચ્છ, વરાહ, નૃસિંહ, વામન, મોહનિ આદિ રૂપે જ્યાં જેવું જોઈએ તેવા રૂપમાં હરિ પુરુષોત્તમનારાયણના મનની મરજી પ્રમાણે કાર્ય કરનારાં થાય છે. આ પ્રદ્યુમન છે તે પુરુષોત્તમ નારાયણ પ્રભુને અતિપ્રિય છે. તે ચારે ભુજામાં (હાથમાં) ચમરને લઈને પ્રભુને ચામર ઢોળે છે. પ્રેમથી સેવા કરે છે. અનંત ઇંદ્ર અગણિત સગુણ સ્વરૂપે સુખ આપે છે. જુદા જુદા સ્વરૂપે અનંત બ્રહ્માંડોને ધારણ કરે છે. તેને સ્થિર રાખે છે. એ રીતે શ્રીહરિ પુરુષોત્તમ પ્રભુની અખંડ સેવા કરે છે. લોક-અલોકથી ઉપર વૈકુંઠ ખંડમાં રહીને સેવા કરતા થકા ભૂમિમંડળમાં પણ અત્યારે શ્રીહરિ સર્વોપરિ પ્રભુના નાના ભાઈ રૂપે પ્રગટ થઈને સેવા કરવા પધાર્યા છે.

આ પ્રદ્યુમનના જન્મોત્સવની કથા જે મનુષ્ય કહી સંભળાવે અથવા સાંભળે તથા આ કથાનો મહિમા કહીં સમજીને પોતાના મનમાં ધારીને એનું સ્મરણ કરે તો તેનું મન નિર્મળ થઈને પ્રભુના સુખને પામે છે.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં ત્રીજા બાલચરિત્ર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં ઇચ્છારામજીના જન્મ મહોત્સવનું વર્ણન કર્યું એ નામે વીસમો તરંગ થયો. ॥૨૦॥**

# તરંગ-૨૧

અનંત ભૂતોના વાસથી ભૂતિયો કૂવા નામથી પ્રસિદ્ધ તે ભૂતોનો ઉદ્ધાર કર્યો એ ચરિત્રને આનંદસિંહ રાજા વર્ણિની પાસે સાંભળવા માટે વિનંતી કરતા હતા. હે મુનિ ! મને છપૈયાપુરનાં ભગવાનનાં ચરિત્રો ખૂબ જ પ્રિય લાગે છે. તેથી રસિકોના સ્વામી શ્રી ઘનશ્યામનાં ચરિત્ર આપ મને સારી રીતે સંભળાવો એવી વિનંતી કરું છું. આ રીતે તે આનંદભાઈ રાજાના વચનો સાંભળીને વર્ણિવર્યને પોતાના હૃદયમાં શ્રીહરિની મૂર્તિની સાથે ચરિત્રના વિચારો સ્ફૂરવા લાગ્યા ત્યારે મુનિવર્ય ભગવાનનાં ચરિત્રો કહેવા લાગ્યા. રાજા કહે છે, હે મુનિવર ! શ્રી ઘનશ્યામ પ્રભુ જીવોના કલ્યાણ માટે દિવ્ય અને માનુષિ બંને પ્રકારના ચરિત્રો કરે છે ભગવાન જ્યારે દિવ્યચરિત્ર કરે છે. તેમાંતો કોઈને સંશય થતો નથી પણ જ્યારે મનુષ્ય ચરિત્ર કરે છે. ત્યારે તેને સામાન્ય જીવો ભગવાનનાં મનુષ્યચરિત્રને જોઈને તે ભગવાનના મહિમાને ન જાણે તેથી તે મનુષ્યચરિત્રને જાણવામાં સમર્થ થતા નથી એવા અલૌકિક મૂર્તિ એક વખત મનુષ્યની બુદ્ધિને ભેદવા માટે મનુષ્યચરિત્રને કર્યું. તે ચરિત્રને મારે સાંભળવું છે પણ તેમાં જ્યારે મારી ઉપર કૃપા થશે ત્યારે મને સમજાય માટે કહો. મુનિ કહે છે એકવાર હરિ મામાને ઘેર માતા અને સુવાસિની ભાભીની સાથે ગયા હતા.

તે વખતે હરિ પોતાના સખાઓની સાથે રમતો રમતા હતા જ્યારે ભૂખ લાગી ત્યારે નિર્મોહિ મૂર્તિ પોતાને ઘેર

આવ્યા ઘેર ભક્તિમાતા કે સુવાસિની ભાભી કોઈને ન જોયાં ત્યારે તરત જમવા માટેનો ઉપાય કરતા હતા. દહીંની તરને પ્રભુ આખાં ભરેલાં પાત્રોમાંથી લઈ, તેમાં ખાંડ-સાકર નાંખીને પ્રભુએ ખાધું અને સખાઓને પણ ખવડાવ્યું. એટલામાં હરિના બીજા સખાઓ આવ્યા. તે પણ હરિની સાથે રમવા માટે આવ્યા. અતિ રસબસ થઈને રમતાં રમતાં બધાં જ બાળકો ગલીમાં ચાલ્યાં ગયાં. હરિ ઘરનું બારણું ઉઘાડું મૂકીને રમવા જતા રહ્યા અને ઉઘાડા ઘરમાં વાનરસેના આવીને પ્રવેશ કરી ગઈ. બગાડ કરવા લાગી એટલામાં જ હરિનાં માતા અને સુવાસિની ભાભી બંને આવ્યાં. જોયું તો આ ભાઈએ કેવું કામ કર્યું? આ પ્રમાણે કહેતાં હતાં. વાંદરાંએ આવીને બગાડ કર્યો. ખાધું અને બધું કામ ઘનશ્યામકુમારનું છે. આ પ્રમાણે સમજતાં હતાં. માતાએ હરિના ગુણ ગાતાં ગાતાં બધું સાફસૂફ કર્યું.

આ બાજુ ઈચ્છારામને પારણાંમાં સુવડાવીને સુવાસિની સાથે ઘર સાફ કરવા લાગ્યાં. એટલામાં હરિના પિતા ધર્મદેવ આવ્યા અને થોડીવારમાં મોટાભાઈ રામપ્રતાપ પણ આવ્યા. ત્યારે હરિની માતા સુવાસિનીને કહે, તમે તરત જ રસોઈ બનાવીને તૈયાર કરો. અત્યારે હરિના પિતા અને ભાઈ બંને ભુખ્યા થયા છે. તેથી જમવા માટે જ આવ્યા છે. તૈયાર કરીને જમાડો. ભક્તિમાતાએ રસોઈ બનાવવાનું કહ્યું એટલે સુવાસિની તરત જ સ્નાન કરીને જલદી પ્રેમપૂર્વક રસોઈ બનાવી તૈયાર કરી ત્યારે ધર્મદેવ અને રામપ્રતાપ જમવા માટે સ્નાન કરીને તૈયાર થઈને બેઠા ત્યારે ધર્મદેવે પૂછ્યું, ઘનશ્યામ ક્યાં છે ? ત્યારે પિતા ધર્મદેવને માતા કહે, હરિ તો હમણાં જ ચોરાઈને ખાઈ ગયા છે. કેમકે ઘર ઉઘાડું મેલી ગયા. અને વાંદરાં ઘરમાં ભરાયાં ને તોફાન કરીને બગાડ કર્યો. પછી હરિના પિતા ધર્મદેવ અને મોટાભાઈ બલરામભાઈ બંને જમ્યા. ત્યારે કમલમુખ શ્રીહરિ ઘેર આવ્યા ત્યારે માતાએ હેતથી એમને જમાડ્યા. એમને મનમાં ખૂબ દયા આવી તેથી કાંઈ કીધું જ નહીં. પણ આ ઘનશ્યામની ભૂલની વાતની રામભૈયાને ખબર પડી એટલે ઘનશ્યામને બોધ આપવા ભૈયા કહેવા લાગ્યા. ક્યારેય ઘરના દરવાજા ઉઘાડા મૂકીને જવાય નહિ. આ તમે ઉઘાડા મૂકી ગયા તે બરોબર ન કહેવાય. આ રીતે ક્યારેય કરતા નહીં. આવી ભૂલ ન કરતા.

હરિ કહે, તમે તો ઘરનાં બારણાં બગાડતા રહો. અમો તો ઘરનાં નહીં પણ જગતનાં દ્વારા સારાં કરનારા છીએ. બગાડનારા નથી. આ રીતે કહીને વધારે રહેવાથી ક્લેશ થશે એમ જાણીને હરિ સખાઓની સાથે રિસાઈને ચાલતા થઈ ગયા. તિનુવા નામના ગામમા ગયા. ત્યાં પ્રતિત ભટ્ટ આચાર્ય ધર્મદેવના મિત્ર હતા તે રહેતા હતા. ત્યાં ધર્મસહિત હરિભક્તો સારી રીતે રહેતા હતા. હરિનું ભજન કરતા હતા. આ રીતનું પ્રતિતજીનું ઘરમાં સદાચારથી ભરપૂર સારા ગુણોનો મેળાવડો હરિભક્તિને લીધે રહેતો અને ધર્મદેવના પરિવાર સાથે તે આચાર્યને અતિ નિકટતા પ્રેમભાવ રહેતો હતો. તે પ્રતિત આચાર્યના ઘેર સુખધામ શ્રીહરિ સામાન્ય રીતે આવતા જતા હતા તેથી તે પ્રતિત આચાર્યને પોતાના પરિવારનાં બાળકોમાંય ઘનશ્યામ પ્રભુ વિષે વધારે પ્રેમભાવ રહેતો હતો. હરિ એમના ઘેર ગયા ત્યારે પ્રતિત આચાર્યે હરિના પિતા ધર્મદેવ પ્રત્યે કહેવડાવ્યું કે અમારા ઘેર ઘનશ્યામ આવ્યા છે. અહીં રહેલા છે ત્યારે પ્રતિ ઉત્તરમાં ધર્મદેવ કહેવડાવે છે કે અમારે વધારેમાં વધારે પ્યારા એ જ અમારા ઘનશ્યામકુમાર જ વધારે વહાલા પ્રિય છે.

ઘનશ્યામને અમારે ત્યાં કોઈ પ્રકારે ફૂલની પાંખડીને પિડા ન થાય તથા તેમ છતાં રામપ્રતાપની સાથે કડકાઈ કાંઈક થઈ હશે એટલા માટે તમારું ઘર અમારે અનુકૂળતાવાળું છે તેથી ત્યાં સુખેથી ઘનશ્યામ રહી શકશે એમાં કાંઈ ચિંતા નથી. ત્યાં તિનવાપુરનાં જેટલાં બાળકો હતાં તે બધાં જ બાળકો હરિની સાથે સખાપણું રાખતાં હતાં.

રોજેરોજ હરિને વિશે અધિક હેત થતું હતું અને જનો હરિમાં ખેંચાતાં હતાં. જેમ ચકોર પક્ષી ચંદ્રને જુવે છે તેમ હરિને જોતાં હતાં. બાળકોની સાથે હરિ રમતા હતા ત્યારે ખ્યાલ રાખવા માટે જે જોતાં તે પણ હરિના સ્વરૂપમાં તેમનાં મન ખેંચાતાં હતાં. એમના મનને ચોરી લેતા હતા. તે પુરના જનો હરિના સ્નેહપાસમાં બંધાયાં હતાં અને તે બાળકો તો હરિના હજુરીયા થઈને રહેતાં હતાં.

ભગવાન હરિ છપૈયાપુરથી તિનુઆમાં જઈને રહે ત્યારે પાસે રહેનારા તે બંને પુરનાં હરિના સખાઓ બંને ગામના ભેગા થઈને રમતા હતા. આનંદ કરતાં હતાં. ત્યારે માતાપિતા ભાઈ સખાઓ સર્વે છપૈયાપુરથી તેમને તેડવા આવ્યા પણ હરિ સ્વતંત્રપણે રહેવાના વિચારથી છપૈયા જવા માટે ના પાડવા લાગ્યા. આચાર્યને ઘેર હરિની ખૂબ જ સંભાળ રાખતા હતા. જેમ ધર્મભક્તિ સ્નેહ રાખે તેવો જ સ્નેહ હરિ સાથે પંડિત પરિવાર રાખતા હતા. હરિની ઈચ્છા પ્રમાણેનાં ભોજનો બનાવીને દિવસમાં ચાર ચાર વાર જમાડતાં હતાં. જયારે હરિ બાળસખાઓની સાથે બહુ દૂર રમવા જાય ત્યારે એક સેવક એમની સેવામાં હાજર રહેતો. આ રીતે શ્રીહરિ ઘનશ્યામ પ્રભુએ પોતાના ચરણકમળનાં ચિહ્નોથી તે પુરને તથા તળાવ સરોવર બગીચા વિગેરે સ્થળોએ વિચરણ કરીને પવિત્ર કરેલ છે. રામદત્ત શિવદત્ત સુખેનબદલુ, બરિત્ત, રામસુ, શિવપ્રસાદ બીજા હરિતપુરના તથા તે વિના પણ બીજાં પુરના બાળકો પણ શ્રીહરિ ઘનશ્યામ પ્રભુના બાળસખાઓ અનેક હતા તે સર્વે શ્રીહરિનાં આદર પ્રેમથી રમતાં હતાં.

શ્રીહરિ પરમ પ્રતાપી પ્રભુ જ્યાં જ્યાં વિચરણ કરતા ત્યાં ત્યાં હરિના બાળસખાઓ પ્રેમપૂર્વક એમની સાથે ફરતા હતા. આ રીતે આ પુરના બધા જ સ્ત્રીપુરુષો પોતાના ભાગ્યને જાગેલાં માનીને હરિના દર્શન કરીને ભાગ્યને સફળ કરતાં હતાં. તિંવાનપુર અને છપૈયાપુરની વચ્ચે મહાભયંકર ભૂતના વાસવાળો ભૂતિયો કૂવો હતો. તે કૂવાની પાસે જે કોઈ માણસ જાય તો તે ગામમાં જીવતો પાછો ન આવે એવું ભયંકર સ્થળ હતું. તે ભૂતિયા કૂવાની બધી જ વાતો ઘનશ્યામે સાંભળેલી. તેથી તે સ્થળે જવા માટે મનમાં નિર્ણય કર્યો. અનંત ભૂતોના ઉદ્ધારનું મનમાં નક્કી કરીને જનની ભીતિને દૂર કરવાનો નિર્ણય કર્યો. ત્યારે એક દિવસ સખાઓની સાથે રમતા થકા બધાની સાથે હરિપુરની બહાર નીકળ્યા. રમતા રમતા ભૂતિયા કૂવાની નજીક ગયા. ધીરેધીરે કૂવા પાસે ગયા. ફરી હરિ કૂવા પાસે જઈને કૂવાની કિનારી ઉપર પગ રાખીને ઊભા રહ્યા. ત્યારે બધા જ સખાઓ એમને ના પાડવા લાગ્યા. હે અમારા પ્રાણપ્યારા ! તમે કૂવા પાસે ન જશો. હે પ્યારા ! અમને ત્યાં ભૂતની ખૂબ જ બીક લાગે છે. શ્રીહરિ કહે અમને ભૂત શું કરવાનાં છે.

આમ કહીને હરિએ ભૂતોના ઉદ્ધાર માટે કૂવામાં કૂદકો માર્યો. તેના પછાડથી પાણી ખૂબ જ ઉછળ્યું. હરિનો સ્પર્શ થયો તેથી અસંખ્ય ભૂતો પવિત્ર ભાવને પામ્યા. કેટલાય લાંબા કાળથી કૂવો હતો તેનું પાણી પણ અવાવરુ થયેલું હતું. ભયંકર કૂવામાં કોતરો હતી તે ગુફા સમાન લાગતી હતી. તેમાં અનેક સર્પાદિક જીવાત રહેતી હતી. અસંખ્ય ભૂતો હાથ જોડીને ઘનશ્યામ પ્રભુને વિનવે છે ત્યારે હરિએ એમને આજ્ઞા કરીકે તમે બધાં જ બદ્રિકાશ્રમ ધામમાં જાઓ. ત્યાર પછી હરિ પાણીની અંદરના ભાગમાં ગુફામાં શાંતિથી પોઢી ગયા. તે ગુફા કૂવાની કિનારી ઉપરથી તો કાંઈ દેખાય જ નહીં. તે જ સમયે ભક્તિ માતાનાં જમણાં અંગો ફરકવા માંડ્યાં. કોઈ જાતનો ઉમંગ થતો ન હતો ત્યારે રામપ્રતાપને બોલાવીને તરત જ ઘનશ્યામને લાવવા માટે કહેવા લાગ્યાં.

ત્યારે સંકર્ષણ જલદીથી તેડવા માટે ગયા પણ તિનુવાપુરના સીમાડામાં ભુલા પડ્યા ત્યારે બાળકોને પૂછ્યું

ત્યારે કહે, હે રામ ! ઘનશ્યામ તો કૂવામાં પડ્યા છે. ત્યારે રામ કૂવા પાસે આવીને જોવે છે પણ કિનારી ઉપરથી કાંઈ દેખાતું જ નથી. ત્યારે હરિના મોટાભાઈ ભાઈના વિરહમાં આકળા થઈ ગયા. મનમાં વિહ્વળ થઈ ગયા. મૂંઝાવા લાગ્યા. કૂવામાં ઉતર્યા પણ નેત્રથી કાંઈ દેખવામાં ન આવ્યું ત્યારે જળમાં પ્રવેશ કરીને બધા જ સ્થળોએ જોયું તોય રામની નજરમાં ક્યાંય ઘનશ્યામ ન દેખાતા. વારંવાર કૂવાના પાણીમાં પડીને ચારેબાજુ કૂવાના કુંડી આદિ સ્થળોએ જોયાં. લાંબો શ્વાસ ભરીને પાણીમાં જઈને જુવે છતાં ક્યાં મારા ભાઈને જોઉં. મને ક્યાંય નથી દેખાતા. કૂવામાં બધી જગ્યાએ જોયું છતાં ક્યાંય જોયા નહિ. તેથી વિરહાકુળ થઈ ગયા. ભાઈ ન મળ્યા ત્યારે બહાર નીકળ્યા. જેમ મણિધર નાગમણિ વગર આકુળવ્યાકુળ થાય તેમ અકળાતા હતા.

જો મારા લાલ ચૌદલોકમાં ગમે ત્યાં હોય તો પણ હું તરત જ શોધી લાવું પણ આવેલા મને બેહાલ કરવા માટે હરિ ક્યાંય દેખાતા નથી. મારા ભાગ્યનો કાંઈ વાંક હશે તેથી નથી મળતા. જગતમાં કાળ રૂપી સર્પનો બધાને ભય હોય છે પણ હરિને તો કોઈ પ્રકારનો ભય છે જ નહીં પણ મારાં માતાપિતા તેને શોધ્યા વિના મારો અંત લઈ લે તેમ છે. તે ક્યાં ગયા હશે એ જ મોટો પ્રશ્ન છે. સર્વ જગતના પ્રેરક છે તે છતાં મને નથી મળતા તે મહાદુઃખ છે.

ત્યારે મોટાભાઈને દિલગીર થયેલા જોઈને હરિ કૂવામાં જ ઉતાવળે સ્વરે હસવા લાગ્યા ત્યારે ભાઈએ પોતાના કાન દ્વારા સાંભળ્યું તે કૂવાના અંદરના ભાગમાંથી જ અવાજ આવે છે તે નક્કી કર્યું. મનમાં કાંઈક ધીરજ આવી ગઈ. ત્યારે ફરી તરત જ કૂવામાં ઉતર્યા અને શોધતા થકા ગુફાભુવનમાં ગયા ત્યારે ગુફાની અંદરના ભાગમાં ભાઈએ હરિને જોયા ત્યારે તરત જ એકદમ હરિને તેડી લીધા. જમણા પડખાના ભાગમાં હરિને બેસાડીને મણિધર નાગ જેમ મણિને મેળવીને આનંદ પામે તેમ મોટાભાઈ પણ હરિને મેળવીને અતિ આનંદ પામ્યા. કૂવામાંથી બહાર નીકળીને પોતાના કંધા ઉપર બેસાડીને આવ્યા ત્યારે જેમ આંખો જતી રહે ને આંધળો થાય ત્યાર પછી મળે ત્યારે જેવો આનંદ પ્રાપ્ત થાય તેવો આનંદ મોટાભાઈ ભોગવવા લાગ્યા. કૂવામાંથી તેડીને લાવ્યા તે જ રીતે હરિને મોટાભાઈ લઈને તરત જ છપૈયાપુર તરફ ચાલતા થયા ત્યારે વિરહથી દુઃખી થતાં બાળકો તો દૂર રહી ગયાં ત્યારે ભાઈની સાથે હરિને દૂરથી જોયા. મોટાભાઈની સાથે હરિને જોઈને તેમની પાછળ દોડવા લાગ્યાં. હરિને જોઈને વિરહવ્યથાથી મુક્ત થઈને આનંદ મનવાળા થયા. રામપ્રતાપ જેવા જ છપૈયાપુરમાં આવ્યા ત્યારે તરત જ માતાને સોંપ્યા. માતા હરિને લેતાં થકાં અતિ આનંદ પામ્યાં જેમ જીવના જીવનનિધિ તે મોટા ભૈયા લાવ્યા હોય તેમ આનંદ પામ્યાં અને પિતા હરિપ્રસાદને પણ હૃદયમાં હર્ષનો ઉભરો આવ્યો અને સુવાસિનીને પણ હરિ આવ્યા તેથી પ્રાણપ્રિય આવ્યાનો આનંદ થયો.

માતાપિતા હરિના ભાઈ તથા પત્ની આ બધાંના જીવના જીવીન હરિ ઘનશ્યામ છે. એ રીતે એમના ચરણકમળને સેવતાં હતાં છતાં સુખધામ કાંઈ પણ કહેતા ન હતા. ત્યારે માતાપિતાને ભાઈ રામપ્રતાપે કૂવાના પ્રસંગની સર્વે વાત કહી સંભળાવી. તેથી મામા-મામી આદિ બધાએ તથા ગામના માણસોએ જાણી આશ્ચર્ય પામ્યાં. ત્યારે માતાપિતાએ પુત્ર હરિને કૂવાના વિઘ્નમાથી મુક્ત રહેલા જોઈને વિઘ્ન નિવારણ માટે બ્રહ્મભોજન કરાવતાં હતાં. દાનદક્ષિણા દેતાં હતાં તથા હરિભક્તો સંતોને જમાડતાં હતાં. મહિમાએ સહિત ધર્મદેવના ત્રણે પુત્રનું મહાત્મ્ય સહિત માનતાં હતાં. ગામનાં તથા કુટુંબના માણસો ત્રણેમાં હરિના મહિમાને વધારે માનતાં હતાં. તે જ રીતે માતા પણ માનતાં હતાં.

આ રીતે હરિનાં અનંત ચરિત્રો છે તેને મુનિજનો નિત્ય પ્રત્યે ગાય છે. તે ચરિત્ર બધાં જ જનોના જીવનને પવિત્ર કરે છે. એવા પ્રગટ ભગવાન શ્રીહરિ જીવોના કલ્યાણ કરવા પધાર્યા છે.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં ત્રીજા બાલચરિત્ર રત્નમાં સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારી રચિત છંદભાષામાં હરિએ કૂવામાં વાસ કરતાં ભૂતોને મુક્ત કર્યાં તેનો ઉદ્ધાર કર્યો તિનવાપુરલીલા વર્ણન નામે એકવીસમો તરંગ થયો. ॥૨૧॥**

# તરંગ-૨૨

રાજા કહે છે, હે મુનિરાય ! આપ મને શ્રીહરિ સુંદરી મામીને નિશાન કરીને પોતાના સંબંધીઓને આશ્ચર્ય થાય તેવું ગુનહાપુરમાં જે ચરિત્ર કર્યું તે લીલા મને સમજાવીને કહો એવી મારી ઉપર કૃપા કરો. મુનિ કહે છે, હે રાજન્ ! તમે સાંભળો તે નવલ ઘનશ્યામનાં ચરિત્ર કહું તેને તમે સાંભળો. એક સમય બધાં કુટુંબીજનો ભેગાં મળીને પોતાના ઘેર સહજ બેઠાં હતાં. શાંતિથી વાતો કરતાં હતા. ઇચ્છારામની જન્મતિથિ આવતી હતી તે ઉજવવા માટે વિચારણા કરવા સારી રીતે સંસ્કારો કરીને ઉજવવાનો વિચાર કરવા માટે બધાં ભેગાં થયાં હતાં તે જ સમયે મુનિરાજ આવ્યા. હરિપ્રસાદ (ધર્મદેવ) હરિનાં માતા તથા સુંદરીમામી આદિ બધાં જ જ્યારે મળ્યાં હતાં ત્યારે માસી વસંતા તથા ચંદનમાસીઓ બંને તથા તેમના પુત્ર હુલાસ તે પણ સાથે જ હતા. તથા ચંદનના પુત્ર પાર અને બસ્તી શિવગુલામ આદિક બધાં જ સમસ્તીપુરનાં સંબંધીઓ સાથે મળીને ધર્મભક્તિને પુત્ર પ્રગટ થયા તેની ચર્ચા કરતાં પ્રશંસા કરતાં હતાં. ત્યારે જ હરિને જોઈને બધાંનાં હૃદયમાં ખેંચાણ થતું હતું તે પણ હરિને ચાલવાની ચંચળ મનોહર ગતિ જ હતી. તેથી મોહ કરાવતા હતા. એમનું મુખ શરદઋતુના ચંદ્રમા સમાન સુંદર છબિ જોઈને નિરખે તે જન પોતાના ભાનને ભૂલી જાય.

તે જ સમયમાં હરિએ એક ચરિત્ર કર્યું. પોતાની મામીનું ચિત્તને પોતાના સ્વરૂપમાં ખેંચીને તેના નાડી-પ્રાણ સહિત બધું જ સ્થિર થઈ ગયું ત્યારે જે જન જુવે તો તે કહે આ તો મૃત્યુ પામેલ છે એમ માને. ત્યારે કોઈક કહે, આને મૂર્છા આવી ગઈ છે. કોઈ કહે આના શરીરમાં પ્રાણ જ નથી. કોઈ કહે આને અચાનક શું થઈ ગયું. આ રીતે બધાં જ મનમાં એક શંકા જ થતી હતી. ત્યારે એક કહે, આને તરત જ સ્મશાનમાં લઈ જઈએ આને તો હવે અગ્નિસંસ્કાર જ કરવા પડશે. આના શરીરમાં હવે પ્રાણ નથી તેથી આજ રસ્તો છે. લોકો ચર્ચા કરતાં હતાં ત્યારે એક સખો હરિનાં ચરિત્રને જાણતો હતો. તેથી હરિને તેડી લાવ્યો અને પ્રાણ બતાવ્યા ત્યારે હરિ માતુલિ માતુલિ કહીને બોલાવવા લાગ્યા ત્યારે તેના શરીરમાં પ્રાણ પાછા આવ્યા તે બાઈ જાગૃત થઈ ગઈ.

આ ચરિત્ર જોઈને બધાં લોકો આશ્ચર્ય પામ્યાં. બધાં લોકો શોકાતુર હતાં. તેમને શોકમુક્ત કર્યાં. પછી સુંદરીને લોકો પૂછવા લાગ્યાં કે તમે અત્યારે ક્યાં ગયાં હતાં. દેહમાં તો હતાં નહિ તે કહો. ત્યારે તે સુંદરી કહે મને કાંઈ નોતું થયું. મૂર્છા કોઈ રોગ મને નહોતો થયો પણ હું તો સહેજે જ હરિના ધામ અક્ષરધામમાં ગઈ હતી. તે જોવાનો મારો યોગ આવ્યો. મેં તો દિવ્યધામ જોયું. ઘનશ્યામનું અક્ષર બ્રહ્મપુરધામ કહે છે તે મેં જોયું. શ્રીહરિના સ્વરૂપ પ્રકાશના પોતાના પ્રતીકથી યુક્ત પોતાના નિવાસસ્થાન એવા સુખધામમાં અનંત મુક્તો જ્યાં કાયમ નિવાસ કરે છે. અમાપ દિવ્ય તેજોમય ડાબા પડખામાં રહેનારાં લક્ષ્મીજી મુનિ પ્રભુ શ્રીહરિના ચરણકમળ

સેવે છે. ભગવાનના દિવ્ય તેજાયમાન શરીર અપાર કિશોર ઉંમરવાળા રોમરોમમાં અનંત ઊર્મિઓ જાગ્રત થાય છે અને શોભે છે. જેમના ચરણકમળમાંથી પ્રણવનો નાદ સતત થયા જ કરે છે તેમાંથી ઓમકારની ધ્વનિ થયા કરે છે. બ્રહ્માંડભરમાં ડુબેલા બધા શબ્દનું બ્રહ્માંડમાં વ્યાપી જાય છે. તે શબ્દના શ્રવણથી એક તારમય થાય છે. આવા પવિત્ર દિવ્યધામના અખિલ જગતના સર્જન કરનાર શ્રીહરિ સર્વના સ્વામી જ છે. સર્વ જીવોના કરેલા કર્મનું ફળ આપનારા એવા પ્રભુ આ અમારા કુળમાં પ્રગટ થયા છે. જીવ ઈશ્વર મનુષ્યનાં નાડિ પ્રાણ ખેંચાઈ જાય છે તે જ સ્વરૂપનાં દર્શન ઇચ્છા મુજબ થાય છે. દર્શન કરાવીને તે પ્રભુ ફરી દેહમાં લાવીને મૂકી દે છે.

ઘનશ્યામ પ્રભુનાં આવાં અલૌકિક ચરિત્રોનું પૂરેપૂરું વર્ણન કરવા કોઈ કવિ સમર્થ જ નથી. કેમકે તે હરિના ચરિત્રો ભવસાગરમાંથી જીવાત્માને તારનારાં નૌકાસમાન છે. જે આ ચરિત્રને ગાય તેના કુળ પરિવારને પણ તારે છે. પવિત્ર કરે છે. આ તો સાક્ષાત્ નારાયણ ભગવાન કહેતા હતા. તેથી અમને ખૂબ જ આશ્ચર્ય દેખાય છે. આ હરિપ્રસાદના પુત્ર તો સાક્ષાત્ હરિ છે તે તો સર્વ જીવના જીવન પ્રાણ છે. એ બધાને જીવાડનારા સુખ આપનારા છે. સુંદરીમામીનું આવું વચન સાંભળીને બધાં જ નરનારીજનોને ખૂબ જ આશ્ચર્ય થયું અને હરિનો પણ મહિમા જણાયો. વસંતા ચંદન બંને શ્રીહરિની માસીઓને હરિમાં ખૂબ જ ભાવભર્યું હેત થવા લાગ્યું. બધાં જ સંબંધીઓને શ્રીહરિના સ્વરૂપમાં ખૂબ જ સ્નેહ થયો અને સ્નેહપાસમાં બંધાયાં. તેથી હરિની મૂર્તિમાં મન જોડાઈ ગયું. અખંડ સ્મરતાં રહેતાં ત્યારે એમને દિવસ કે પખવાડિયું કે મહીનો તે ક્યારે વીતે તેનો ખ્યાલ નહતો રહેતો. તે બધો સમય એક ક્ષણ જેવો વિતતો હતો.

ચંદનમાસી ભક્તિમાતાને કહે, હે બેન તમે સાંભળો. હવે ઘેર જવાની ઇચ્છા જ થતી નથી. મારા મનમાં તો સતત એવી જ આશા રહે છે કે હરિકૃષ્ણ પ્રભુને હું મારા ઘેર લઈ જાવું. દસ-પંદર દિવસ સુધી હરિ ઘનશ્યામ અમારે ઘેર રહે અને ત્યાર પછી સતત તમારે ઘેર રહે. આ સુંદર વરને મારે લાડ લડાવવાનો ભાવ થયો છે. તેથી આ મારી ભાવના છે તે જણાવી. ત્યારે પ્રેમવતી માતા ચંદનને કહે, હે મારી નાની બહેન ! બધાં બાળકોમાં મારે હરિ ઉપર વધારે પ્રેમ છે તે તું જાણ. તમે ગુનહપુર તેડીને જાવ. તેને સારી રીતે સાચવજો. ઘનશ્યામને ખૂબ જ લાડમાં રાખજો. ત્યારે ફરિ ચંદન કહે, તમારા પુત્ર તો મારે પ્રાણથી પણ અધિક વહાલા છે. તે તો મારી આંખોનો તારો છે. હવે મને શિખામણ આપવી હોય તે આપો અને બધી વાતને મારે ઘેર લઈ જઈશ. સાથે આખી ટોળીને લેતી જાઉં. ત્યારે માતાએ અને પિતાએ બંનેએ ઘનશ્યામ પ્રભુને શિખામણ આપી. ત્યાર પછી ચંદનમાસીની સાથે ઘનશ્યામ ભૈયા ચાલ્યા તથા તેમના પુત્ર કૃપાલબસ્તિ તથા શિવગુલામ સર્વે તૈયાર થઈને ઘનશ્યામની સાથે ચાલતાં થયાં. ચંદનમાસી હરિની પ્રકૃતિ પ્રમાણે ખબર રાખતી થકી વાહનમાં બેસીને બધાં જ ઉતારે જવા નીકળ્યાં ત્યારે ગામનાં બધા સખાઓ અને ગામના માણસો ભેગાં થયાં. હરિને મળવા આવ્યાં. હરિને મળ્યાં. ત્યારે એમના નેત્રોમાં વિરહનાં આંસુ વહેતાં હતાં કહેતાં હતાં કે હરિ ફરી પાછાં ક્યારે આવશો. અમારા ચેનને વહેલાં આવીને સુખ કરજો. અમને તમારા વિના કાંઈ સુઝતું જ નથી. તેથી અમે પણ તમારી ભેગા આવીએ. હે મિત્ર ! તમે ખૂબ જ સમજુ છો. તેથી વાત સાંભળો.

ત્યારે બધાય કહેવા લાગ્યાં કે હરિ અમૃતસમાન મધુર વચનો બોલે છે. તે થોડા સમયમાં પાછા આવવાનું કમલનયન કહે છે તે સત્ય જ છે. આમ કહીને હરિની પાસેથી આગળ થયાં. બધાં પરિવારથી હરિ આપમેળે ચાલતા થયા. મનમાં માનેલા મારગે જવા લાગ્યા. મારગમાં માસી પુત્રોની સાથે વિનોદ કરતાં થકાં ગુનહાપુર

જવા લાગ્યાં. મારગમાં જતાં આનંદ કરતાં થકાં માસી વારંવાર હરિને જોવામાં તત્પર થતાં હતાં. જોઈને તરત બુજાવતાં હતાં. ચાલતાં સાંજના સમયે સંધ્યાકાળે ગુનહાપુર આવી પહોંચ્યાં અને હરિને જમવાની વેળાએ પહોંચ્યાં ત્યારે હરિને જમવા માટે પાક તૈયાર કરવા લાગ્યાં. ત્યાં સુધીમાં હરિને ગરમ પાણીથી સારી રીતે સંભાળીને નવરાવ્યા તૈયાર કર્યા. ઘનશ્યામ હરિ સ્નાન કરીને પીળાં વસ્ત્રો ધારણ કર્યાં. તેથી ખૂબ જ શોભતા હતા. જેમ મેઘવર્ષામાં વીજળી પહેરીને વર્ષા કરવા આવે તેમ હરિ શોભતા હતા. કૃપા તથા બીજા ભાઈ માસીના દીકરાઓએ સ્નાન કરી લીધાં ત્યારે બધા જ આવીને જમવા બેઠા. આ માતા બધાંને ભોજન પીરસતાં હતાં. જમાડતાં હતાં. લાપસી, ખાંડ, ઘી, પુરી આદિ તથા શાકો પાકો સર્વે ચાર પ્રકારનાં અન્નોને બધું જ પીરસ્યાં તથા જુદાંજુદાં શાકો પીરસ્યાં. ત્યારે હરિ હસ્તકમળથી કોળિયા લઈને મુખકમળમાં લેતા હતા. ચંદ્રસમાન હસ્તકમળથી કમળનયન હરિ હેતપૂર્વક સર્વ પદાર્થોને પ્રેમથી આરોગતા હતા. સૌને આનંદ આપતા હતા. શ્રીહરિ જમીને તૃપ્ત થઈને મુખ ધોઈ જળપાન કરીને પરવાર્યા. ત્યાર પછી સુંદર ફૂલ જેવો કોમળ બિછાનાવાળો પલંગ પાથરેલો. તેની ઉપર શ્રીહરિ શયન કરી ગયા. સુખ શય્યામાં પોઢેલા પ્રભુને ચંદનમાસીના પુત્રો સેવન કરતા હતા.

ત્યાર પછી માસી બધાયને વાળુ કરાવીને હરિના મુખકમળનાં દર્શન કરવા આવીને દર્શન કર્યાં ત્યારે જેમ રાંકને ધન મળે ને જેવો આનંદ થાય તેવો આનંદ માસીને થયો ત્યારે તે પોતાના પુત્રોને કહે, મારા વાલા પુત્રો તમે સાંભળો. તમારા ધન્યભાગ્ય છે. તેથી જ હરિ આપણને મળ્યા છે. તેથી તમારે ખાસ ધ્યાન રાખવાનું. આપણે બધાય મળીને આ કમળ નયન કોમલ હરિનું ચરણકમળ ખૂબ જ દુર્લભ છે. તે આપણને મળ્યાં છે. માટે સેવજો. આ રીતે કહીને શ્રીહરિની સાથે બધાં જ બાળકો યોગ નિંદ્રામાં ગયાં અને માસી પણ પોઢી ગયાં. બધાં આરામ કરવા લાગ્યાં. સવારમાં પક્ષીઓ જાગ્રત થયાં. બોલવા લાગ્યાં ત્યારે લાંબી નિદ્રા લઈને માસીએ કર જોડીને આવીને શ્રીહરિના મુખકમળને નિહાળી દર્શન કર્યાં. માતૃસ્નેહ સહિત હરિને માસી જેમ ચંદ્રને ચકોર પક્ષી જોવા માટે એક ચિત્તે જુવે છે તેમ માસીએ પણ હરિને નિહાળીને આનંદ પામ્યાં. જગના તારણહાર શ્રીહરિ પ્રભુ જાગ્યા અને પોતાના કરકમળને મુખકમળ ઉપર ફેરવીને મુખ સાફ કર્યું હરિએ શૌચવિધિ કરીને બધા ભાઈઓએ સ્નાનવિધિ કરીને પરવાર્યા. ત્યાર પછી માસીએ જમાડી દીધા. પછી હરિ પુરની બહાર રમવા માટે જવા લાગ્યા. પુરના દરવાજે ગયા. કૃપાલ બસ્તિનાં બધા મિત્રો જગતના રાજાધિરાજને જોઈને બધા જ બાલમિત્રો ભેગા થઈને હરિ પાસે આવ્યા. નમસ્કાર કરીને બધા કુમારો ઊભા રહ્યાં. હરિનાં રૂપ જોઈને હરિવર બધાને પ્રિય આકર્ષક લાગ્યા.

હરિને જોઈને બાળકોની મનવૃત્તિ હરિમાં ખેંચાણી. કેટલોય સમય જોઈને તેઓ પરવશ થઈ ગયા અને કહેવા લાગ્યા. અમે તો ધન્યભાગ્યવાળા થયા. તમારો મેળાપ થયો. તેથી આજે તો અમે કૃતાર્થ થઈ ગયા. અમારો પરિવાર કૃતાર્થ થયો. ત્યાર પછી કૃપા બસ્તિએ કૃષ્ણ પ્રભુનું ગામ અને નામ પૂછ્યું ત્યારે હરિ ઘનશ્યામ પ્રભુ કહેવા લાગ્યા. આ મારી માસીનો પુત્ર છે. આમનું છપૈયાપુર ગામ છે. ધર્મભક્તિના આ પુત્ર છે. આ હરિ મને ખૂબ જ પ્રિય છે. મને પ્રાણથી પણ અધિક છે. આમનાં દર્શન કરવાથી બધાં પાપો બળી જાય છે. આપણે નિષ્પાપ થઈએ છીએ. આ રીતે મહાત્મ્ય સહિત દર્શન કરાવીને ફરી પાછા રમવા માટે બગીચામાં બધાંની સાથે ગયા. બધાં બાળકો અને હરિ સાથે જ રમતાં હતાં. બધાં બાળકો પોતપોતાના ભાગમાં લઈને હરિને રમાડતાં

હતા. હેતથી રાખતાં હતાં. એક એક ભેરુ લઈને રમતાં હતાં અને હરિને ખેલ બતાવતાં હતાં. છળ, બળ, કળ બધું કરવા લાગ્યા. બધાને આનંદ પમાડીને લોકોનાં મનને રાજી કરતાં હતાં. ફરી હરિ બાલસખાઓની સાથે તળાવે ગયા. હાસ્યવિનોદ કરતા થકા બધાં જ બાળકો જતાં હતાં. તળાવે જઈને હરિએ સ્નાન કરવા પ્રથમ પગ પલાળ્યા અને બધાં બાલસખાઓ જળક્રીડા કરતાં હતાં.

સ્નાન કરીને પાણીમાંથી બહાર નીકળીને વસ્ત્રો ધારણ કરીને આભૂષણો ધારીને ફળો ખાવા માટે બાગબગીચા તરફ જવા લાગ્યા. એના ફળો દળોથી ભરપૂર લાગતા જોઈને હૃદયમાં હર્ષ પામતાં થકાં બાળકો રાજી રાજી થઈ ગયાં. બાગવાન રખેવાળ હરિને માટે ફળો ખવરાવવા જુદાં જુદાં ફળોની ટોપલીઓમાં ભરીને લાવ્યો. જુદાં જુદાં ફળો હરિ જમ્યા અને બાળમિત્રોને જમાડીને તૃપ્ત કર્યા. ત્યાર પછી ઘરના દ્વાર તરફ જવા લાગ્યાં. પુરમાં પ્રવશે કરીને બધાં બાળકો લોકો હરિને જોવા માટે આગળ આવીને ઊભાં રહ્યાં. શ્રી ઘનશ્યામના રૂપને જોઈને સર્વે નરનારીઓ રૂપમાં લોભાઈ ગઈ. પોતપોતાના ઘરના દ્વાર પાસે જઈને જોવા લાગી. આનંદ મેળવવા લાગ્યાં. શ્રીહરિની મનોહર મૂર્તિ જોઈને તે બધાને ભાવતી થઈ. તેથી બધાના ચિતત્ને ખેંચતી હતી ત્યારે શ્રીહરિ પોતાની માસીના ઘેર આવ્યા. ભાઈ ભોજાઈ બધાં જ આવ્યાં.

હરિને જોઈને માસી ખૂબ જ આતુર થઈ ગયાં. હે મારા પ્રિય પુત્ર તમે ક્યારે આવ્યા ? આ રીતે હરિને જોઈને હેતથી કહે, હે હરિ તમારી ઉપર તો હું અતિ રાજી થઈ ગઈ છું. આપ મને ખૂબ જ પ્રિય છો. માસી કહે, હે પ્રાણપ્યારા આપને અત્યારે ભૂખ લાગી હશે. કેમકે આપ મારાનેણના તારા સવારમાં વહેલા ગયા હતા. તેથી ભૂખ્યા થયા હશો. આમ કહીને માસીએ હરિને ભાવપ્રેમથી ખૂબ જમાડ્યા. હરિએ પણ ભાવથી માસીના હાથનું ભોજન ખૂબ જ જમ્યા. મનભાવતાં ભોજનથી તૃપ્ત થયા. જમીને મુખ ધોઈ જળપાન કરીને ત્યાર પછી મુખવાસ ખવરાવ્યો. આ પ્રમાણે શ્રી ઘનશ્યામ હરિએ ગુનહાપુરમાં અલૌકિક લીલા કરી આજ પુરની ભૂમિનું જળસ્થળ પૃથ્વી ઉરનાં વનો, બાગો વિગેરેમાં ઘણાં બધાં દિવસો રહીને હરિએ વિચરણ કરીને પોતાના ચરણકમળનું પરિભ્રમણ કરીને પવિત્ર બનાવ્યાં. લોકોમાં પરસ્પરના ઝગડા મટાડીને બધાંને અંદરોઅંદર મેળ પડાવી સંપ કર્યો. અરસપરસ હેત કરાવીને હરિએ ફરી મનમાં વિચાર કર્યો કે હવે છપૈયાપુર જવું છે. ત્યારે નીકળવા સમયે બધાં જ નરનારી તથા પોતાના સખા અને ભાઈઓ તથા સજ્જનો બધાજ વળાવવા આવ્યાં. હરિની વિદાય વેળાએ માસી આદિક બધાંના નેત્રમાં જળ વહેતાં હતાં. મુખથી બોલવાના શબ્દો આવતા જ ન હતા. બોલી શકાતું ન હતું ત્યારે હરિએ મધુરાં ઉપદેશનાં વચનો કહીને બધાનાં મનને શાંતિ આપી અને પછી હરિ પોતાના વતન છપૈયાપુરમાં સવારમાં પહોંચી ગયા.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં ત્રીજા બાલચરિત્ર રત્નમાં વૈષ્ણવાનંદ બ્રહ્મચારી રચિત છંદભાષામાં માસીને સ્વરૂપનું દર્શન કરી એક ધ્યાન કર્યાં. હરિએ જાગ્રત કર્યા તે ગુનહાપુરમાં કરેલાં લીલાચરિત્રોનું વર્ણન કર્યું તે નામે બાવીસમો તરંગ થયો. ॥૨૨॥**

# તરંગ-૨૩

આનંદરાજા આનંદવર્ણિને કહે છે કે, શ્રીહરિ ગાયો દોવરાવવા ગયા તથા વનમાં ગાયો ચરાવતા ગોવાળોને આનંદવિનોદ લીલા કરીને આનંદ કરાવ્યો. આ લીલા ચરિત્ર મારે સાંભળવાં છે તો મને કહો. આ બાજુ પ્રતાપસિંહ રાજા સુવ્રત મુનિને કહે છે. શ્રીહરિનાં ચંચળ ચાલાકિનાં અલૌકિક ચરિત્રો તે મને ખૂબ જ પ્રિય લાગે છે. દિવ્ય અને માનુષિ બાળચરિત્રો તે ચતુર પ્રભુનાં મને કહો. ચોમાસાનાં વરસાદના સમયમાં ગાયો ચરવા માટે વનમાં બહાર જાય ત્યારે ક્યારેક ક્યારેક દૂધ દોવરાવવા માટે હરિને માતા મોકલતાં. જવાબદારી આપતાં હતાં. ક્યારેક ક્યારેક કીધા સિવાય હરિ સખાઓની ટોળી લઈને જાય. ગાયોનું દૂધ દોવરાવીને વાસણમાં ભરીને ઘેર આવતા હતા. આ રીતે ચરિત્ર કરતા હતા. ભક્તિમાતા કહે છે, હે હરિ ! તમે ગોવાળો ગાયો બહાર ચરાવવા ગયા છો. તેથી તમે ગાયોનું દૂધ દોવરાવવા જજો. ત્યારે હરિએ કહ્યું, જઈશું કહીને ત્યારે હરિ ઉઠીને બહાર જઈને આકાશ સામે જોઈને અંગને મરોડ્યું. ત્યાર પછી જવા લાગ્યા ત્યારે હાથમાં દોરડીને લાકડી લીધી ત્યારે સખાઓને બોલાવીને હરિએ પછી વાછરડાં છોડાવ્યાં ત્યારે તેની પાછળ હરિ બહાર જવા લાગ્યા. વાછરડાંની પાછળ દોડવા લાગ્યાં.

ત્યારે ગોવાળિયા હરિને વઢવા લાગ્યા. હરિ તેમને નેત્રની શાનથી ડરાવવા લાગ્યા. ત્રાંસુ મુખ કરીને કહેવા લાગ્યા. તમારી પાસે દૂધ દોવરાવવા આવીએ છીએ. તમે વાછડાંને દૂધ વધારે ધવરાવો છો. વાછડાંને રોકતાં નથી તેથી અમારે ગાયો દોવરાવવા આવવું પડે છે. ગાયો દૂધ વાછરડાં અને અમારા માટે આપે છે. તમને ચારવા માટે રાખેલ છે. તેમ છતાં તમે અમારી સામે બોલો છો. તે યોગ્ય ન કહેવાય. હરિ ઉપર ઈર્ષા અદેખાઈ રાખીને તમે ગાયોનું દૂધ દોહતાં દોહતાં થોડું ગાયના આવલામાં રહેવા દેતા હતા. આ રીતની આસુરી બુદ્ધિ ગોવાળોને તે અતિ અભિમાન અને સહજતાનું જ પરિણામ તે પ્રભુનાના છે અને અમને ઉપદેશ સમજાવે છે. પોતે મોટો બળવાન હોવાનો ગર્વ ચડેલો હતો. તેથી ભય કે અનર્થ થશે. એનું ભાન ન હતું પણ એના ગર્વને તોડનારા ગર્વગંજન પ્રભુ પોતે જ છે. તેથી સારું મુખ રાખીને શરીરથી નાના છે તો પણ વયથી કે બુદ્ધિથી કોનાથી પાછા પડે તેમ નથી. ગાયોને દોહવાનું દોહીને દૂધના વાસણો ભર્યા. ત્યાર પછી ગોવાળ ઘનશ્યામને કહેવા લાગ્યો કે, તમારે ગાયો દોહરાવવા ન આવવું. તમે બોલવાનું અવળું અવળું મુખેથી બોલો છો. દૂધનું દેગડું ક્યારેક હાથમાં લે અને ક્યારેક હરિ મસ્તક ઉપર લેતા હતા. ઘર તરફ જતા હતા. સાથે પોતાના સખાઓની ટોળીને લઈને સરોવર ઉપર આવીને ત્યાં દેગડીમાંથી દૂધ કાઢીને પછી તેમાં પાણી નાંખીને બરોબર કરતાં હતાં. હાથમાં ઝાલીને ઘેર આવતા હરિને જોઈને માતાનું મુખ મલકવા લાગ્યું. હરિ રાજી થતા થકા દેગડી માતાને આપતા હતા. ત્યારે દૂધ પાતળું જોઈને માતા હરિને કહે, પ્રિય પુત્ર આજે દૂધ કેમ પાતળું છે. ત્યારે હરિ માતા આગળ વાત બનાવીને કહે કે સુરભિ ગાયને પાણી પાઈને દોહી એટલે પાતળું છે. પાણીથી ગાયનું દૂધ પાળતું જ હોય છે. ઘટ્ટ નથી હોતું કાયમ આવું જ પાતળું હોય છે. આ રીતે હરિએ માતા આગળ વાત બનાવીને હરિ માતા ભોળાં હતાં તેથી વાત બનાવીને કરી અને કામ જુદાં જ કર્યાં હતાં.

મનુષ્યનું કરેલ ચરિત્ર મનથી જ નિકાલ થાય. કપટ નિખાણ જે સંભારે પોતાના મનમાં બાંધે છે. તેને તો મરવાનો ભય કાયમ રહે છે અને ચિંતામાં લપેટાય છે. જન્મમરણ ભોગવે છે. શ્રીહરિનું મુખકમળ તો સુખરૂપ

છે. જાણે શરદપૂનમનો ચંદ્રના મુખને જોવા ચકોર પક્ષી તાક્યા કરે છે. તેમ તેનાથી સંતરૂપી કમળનાં વનો જે સૂરજ ઉગે ને ખીલે તેમ પ્રભુના મુખકમળમાં દર્શન કરીને સંતોના મન ખીલે છે. તે દિવસે હરિ લાલ મુખ કરીને ગયા. ઘેર જઈને ભાવથી ભોજન કરીને માતાએ પલંગ બિછાવીને તૈયાર કરેલો. તેની ઉપર હરિ શાંતિથી પોઢી ગયા.

તે ઉદ્ધત ગ્વાલની હાંસી કરી તેને ગર્વ વગરનો કરવા. ગર્વને ટાળવા મુનિઓના સ્વામી ઘનશ્યામે મનુષ્યચરિત્ર કર્યું તેની કથા હું તમને હવે કહું છું. તમે તેને સાંભળો. તે જ સમયે અડધી રાત વીતી ત્યારે પ્રભુ પોઢેલા હતા. તે પલંગ ઉપરથી ઉઠીને ઘરમાંથી પોતાના દરવાજા સુધી ગયા. ત્યાંથી પુરની બહાર નિશ્ચિંત થઈને ગયા. ગોવાળિયાઓ બધા જ મંચ ઉપર ગાયોનું રક્ષણ કરવાના બહાને સૂતા હતા. તેમાંય ઉપર જે ઘમંડી ગોવાળ હતો તેને જોઈને ઓળખ્યો. તેને શિક્ષા કરવા પ્રભુએ યોગ્ય બોધપાઠ આપવાનો નિર્ણય કરીને તેના વાંક પ્રમાણે શિક્ષા કરવી જ છે તે વિચારીને કરવા આવ્યા. ત્યાં જઈને ગોવાળિયા સૂતા હતા તેની પાસે ગયા. ઉભા રહીને નિરખીને જોયું તો ઉંઘમાં ભરપૂર ઘેરાયેલા છે. તેથી જેને શિક્ષા કરવાની હતી તેના માથાનાં વાળ મોટા લાંબા હતા. જેના ઉપર હરિને દાવ હતો. તે જ છુટા કેશવાળો હતો. તેથી તે જોઈને તે વાળની કસીને ગાંઠ વાળી દીધી અને તાણિને બાંધી દીધી. ગાંઠોથી ગુંથીને પછી ક્યારેય ન છૂટે એવી ફિટ કરી દીધી. ફરી પાછું તેની ઉપર કાંટાનો ભાર દાબીને ગોઠવ્યા. તેની ઉપર વજન મૂકી દીધો. ખૂબ ભારે કરી નાંખ્યું.

આટલું કરીને હરિ પોતાના ઘેર આવ્યા. બલવીર પ્રભુ વિકૃતના વિચારને સીધા કરવા માટે કર્યું. આ વાતને કોઈ પણ જાણતું ન હતું. આ છળકપટનું કામ આવું હરિનું કરેલ છે. હરિ આવ્યા એટલાકમાં જ આકાશમાં મેઘગર્જના થઈને વરસાદ ચાલુ થયો. ગોવાળિયાઓ બધા જ ઉઠીને ચાલ્યા ગયા. જે જગ્યાએ વરસાદ નહતો પડતો ત્યાં ગયા. તે બધાંયેલો ગોવાળ જાગ્યો પણ ઉઠવા મથ્યો પણ ઉઠી ન શક્યો. બૂમાબૂમ પાડી, ચીસો પાડી પણ કોઈ સાંભળી શકતું જ નહતું. કોઈ આવતું જ ન હતું. તે ફસાયેલો બખાળો બૂમો પાડીને થાક્યો અને શરીરમાં કાંટા ખૂબ જ લાગ્યા. એના શરીરની પીડાને વરસાદને લીધે કોઈ સાંભળતું ન હતું. તે અડધી રાત સુધી પીડાતો રહ્યો ત્યારે વરસાદ પણ વિરામ પામ્યો (બંધ રહ્યા) ત્યારે બધા ગોવાળિયા તે સ્થળે આવ્યા. તે કાંટાવાળાની પછી ખબર પડી. ગાયક જેમ આલાપ કરતો હોય તેમ કાંટાવાળાને જોઈને કાંટામાંથી બચાવ્યો પણ એના શરીરને ગાંઠો વાળીને બાંધેલું તે મસ્તક જોઈને ખૂબ જ આશ્ચર્ય પામ્યા. બધા ગોવાળો મળીને તેને છોડવા મથ્યા પણ કોઈનાંથી ગાંઠો છૂટે જ નહિ. આવી મજબૂત ગાંઠો બાંધેલી કેવી રીતે ગૂંચો પાડેલી તે કોઈને સમજાતું જ ન હતું. જોરથી બાંધેલ. તેની ઉપર કાંટાનો ભાર મૂકેલ હતો. તોય પણ તે મંદમતિ જાગ્યો જ નહિ. આ અભિમાન અને ખળતાનું જ પરિણામ છે. એનું ફળ છે. જ્યારે કોઈથી છૂટ્યું જ નહિ ત્યારે એના વાળને કાપી નાંખ્યા ત્યારે જ એના કૂકર્મનું પરિણામ દેખાતું હતું. છોડ્યા પછી તે અભિમાની કહેવા લાગ્યો કે આ કામ તો ઘનશ્યામે જ કરેલ છે. તે આવીને કરી ગયા છે. ત્યારે બધા કહે તું તો ડુબી મર સાલા તને ભાન છે તે હરિ તો નાનું બાળક છે. અતિ સુખમાં રહેનાર આવું કામ ક્યારેય ખ્યાલ જ ન આવે તું ખોટું કહે છે.

આ રીતે કહીને બધાય મુખથી મુસ્કરાવા લાગ્યા. પોતાના મનમાં જ આનો નિર્ણય કર્યો કે હૃદયમાં ઠંડુ ઠંડુ થાય છે કે હરિએ કર્યાની શંકા નક્કી થાય છે તે બરોબર લાગે છે. આ પુરુષ આવા કામને યોગ્ય જ છે. ભલે જેમણે કર્યું હોય તે તો બરોબર છે. અભિમાનીના અભિમાનને તોડવા માટે મંદમતિવાળાને આવું બીજું

કોણ કરનાર હોય. તે દિવસે હરિ પ્રાતઃસવારમાં વહેલા ઉઠીને માતા પાસે માંખણને પૂરી ખાવા માટે માંગી ત્યારે માત કહે, પહેલાં દાતણ સ્નાન કરીને આવો. તરત જ તમે જે માંગો તે આપું. આ રીતે કીધું ત્યારે મા ભૂખ મને લાગી છે તેમને આમ કહીને હરિ રોવા લાગ્યા ત્યારે માતા હરિને મનાવવા લાગ્યા અને કહે હે લાલ ! તમને હું તો વારી જાઉં. ત્યારે માતા કહે, મારા પ્રિય પુત્ર તમે જે માગો તે હું તરત જ તૈયાર કરીને આપું. આ રીતે સમજાવીને રહ્યાં ત્યારે તરત જ સુવાસિની ભાભી હરિને નવરાવવા લાગ્યાં ત્યારે અંગોમાં સુગંધી તેલો ચોળીને કંકણવાળા હાથથી પ્રભુનાં મુખકમળને મસ્તકને ધોતી થકી ચંદ્રસમાન મુખકમળ ઉપર ચકોરની માફક દૃષ્ટિ કરીને નવરાવતાં હતાં. ત્યાર પછી વસ્ત્રથી અંગ લૂછીને ચોખ્ખાં વસ્ત્ર ધારણ કરાવ્યાં ત્યાં તો માંખણ પુરી તો નજર સામે આવી ગઈ. સુવાસિની ભાભી હરિને પૂછે છે આપને જમવામાં અત્યારે જે રૂચિ હોય તે લાવું. દહીં સાકર દૂધ ભાત આપને જે પ્રિય હોય તે લાવું તે આપ આરોગો. ક્યારેક ક્યારેક ભાભી અંચળ પકડીને જમાડતા. ક્યારેક ક્યારેક પુરી હાથમાં લઈને ચોળીને હરિને જમાડતા અને પ્રભુને રાજી કરતી હતી. ક્યારેક ક્યારેક હરિને ખોળામાં બેસાડીને વાળ ઓળીને રાજી કરતી હતી. ક્યારેક કનકવેલને ઝાલીને જાણે અતિ પુત્ર તપ કરતા હોય ને શું ? તેમ શોભતા હતા. હરિને ક્યારેક ક્યારેક આંખમાં અંજન આંજીને સુવાસિની ભાભી સજાવતાં હતાં. જેમ શરદઋતુમાં ચંદ્રમાં પોતાની ચાંદનીથી કમલીનીને શોભાડે છે. તેમ ભાભી કરકમળથી કમળવદન પર માર્જન કરીને શોભાવતાં હતા.

પ્રાતઃકાળમાં હરિ જાગતા ત્યારે પોતાના નેત્રોને લાલ અમૂલ્ય નેત્રકમળને ચોળતા હતા ત્યારે પિતા ધર્મદેવ પુત્રને કહેતા, આપ ઉઠો પુત્ર અત્યારે સુર્ય તામ્રવર્ણા થયો છે. પ્રિયભક્તો પ્રાતઃકાળમાં આપનું ભજન કરે છે. પક્ષીઓ સુંદર કલરવ કરે છે. માટે આપ દંતધાવન કરો. સ્નાન કરો. આપને જે પ્રિય અનુકૂળ હોય તે ભોજનો જમાડશું. આમ કહીને ચંદ્ર ઉપર ચંદ્રને લાવીને પ્રિય વહાલા જનોને હરિ ચુંબન કરતાં હતાં. હરિ જાગતાં જ આળસ મરડીને ઉઠતા હતા ત્યારે અંજનની રેખાઓ કપોલમાં શોભતી હતી ત્યારે માતા પિતા સુવાસિની ભાભી મોટાભાઈ બધાને જ જોઈને લાલાનાં બંને નેત્રો આનંદ પામતાં હતાં. આ શ્રીહરિ ઘનશ્યામ પ્રભુનાં અલૌકિક આનંદદાયક ચરિત્રોને પોતાના ઘેર અથવા પ્રદેશમાં વર્ણન કરે. સાંભળે તે તેના આત્માનું કલ્યાણ કરે છે. એવા રોજેરોજનાં ચરિત્રોને શારદા શેષજી તથા ગણેશ દેવો નિત્ય પ્રત્યે ગાયા કરે છે એવાં અલૌકિક છે.

આનંદરાજાને આનંદમુનિ વર્ણિ તથા પ્રતાપસિંહ રાજાને સુવ્રત મુનિ કહે છે કે કોઈ કોઈ દિવસનાં ચરિત્રો તે પવિત્ર મનોહર ચરિત્રને અમે જોઈને સ્મૃતિમાં લખી રાખીએ છીએ. યાદ રાખેલાં તે ચરિત્રો તમે જે પૂછો તેનું સ્મરણ કરીને કહીએ છીએ.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં ત્રીજા બાલચરિત્ર રત્નમાં સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારી રચિત છંદભાષામાં શ્રીહરિની શોભાનું ચરિત્ર તથા વિચિત્ર પ્રશ્ન હલ કર્યા તેનું વર્ણન નામે ત્રેવીસમો તરંગ થયો. ॥૨૩॥**

# તરંગ-૨૪

પ્રતાપસિંહ રાજા કહે છે, હે વર્ણિ ! તમે મને શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ ગેડી દડાથી મિત્રો સાથે નિત્ય પ્રત્યે રમતા હતા, વિચરણ કરતા હતાં તેના શોભાવાળાં અલૌકિક ચરિત્ર મને કહીને સંભળાવો એવી મારી વિનંતી છે. એક દિવસ મુનિઓના સ્વામીએ જે ચરિત્ર કર્યાં તે મને જેમ સ્મૃતિમાં યાદ આવે તેમ તમને કહીશ. તેથી તમે સાવધાન થઈને સાંભળો. એક દિવસ હરિ પોતાના સખાઓની સાથે રમતો રમવા ઉમંગમાં રહેતા હતા. હાથમાં ગેડી લઈને ગેડીદડાની રમતની લીલા કરતા કન્હૈકુળના સૂરજરૂપ હરિ રમવા તત્પર હતા તેથી એક બાજુ બધા સખાઓ એકબાજુ એક જ સખો અને હરિ પોતે આ રીતે રહ્યા હતા.

દડાને એક જ ગેડી તાકાતથી મારે જેમ પાપીને યમદૂતો મારે તેમ પ્રહાર કરે ત્યારે દડો આમ તેમ ભમતો થકો ખૂબ જ કૂદતો થકો દૂર જાય જેમ જીવ ક્રમ પ્રમાણે અનેક જન્મ લે છે તેમ દડો કુદકા ભરે છે. ચરિત્રને કરનારા પ્રભુ ચંચળતા અને ચતુરતાથી દડાને ગેડીનો ફટકો મારે દડો ખૂબ જ દૂર જાય ત્યારે શ્યામપ્રભુ વારંવાર દોડીદોડીને દડો લઈ આવે. ફરી પાછો ફટકો મારીને દૂર કાઢે. આ રીતે રમતા હતા. ફૂલની ખીલતી કળી ઉપર જેમ સુગંધના મદમાં મદોન્મત્ત થઈને ભ્રમરો ભમે તેમ સુંદર ચાલવાની કળામાં પ્રભુ જીવની ચિત્તવૃત્તિને પોતામાં ખેંચે છે. એકાગ્ર કરે છે અને અષ્ટાંગયોગી યોગ કરીને ષટચક્રમાં જુવે છે એમ યોગી બ્રહ્મરંધ્રમાં પ્રભુને જુવે છે તેમ હરિ ખેલ ખેલે છે તે પણ સખાઓનાં મહાન ભાગ્યનો જ એક ભાગ ગણાય તેમ ભાગ્યનાં વખાણ કરે છે. એજ પ્રભુની સાથે રમવું તે પણ એક યોગ જ છે. અનેક સખાઓ ઉપર પોતાનો દાવ આપીને શ્રીહરિ જીતવાની ઈચ્છા રાખતા હતા. વિરુદ્ધ પક્ષને હરાવવો, એ જ મત પૂર્ણકામ પ્રભુનો દૃઢ હતો. શ્રીહરિ રમવાના પરિશ્રમથી ખૂબ જ શોભતા હતા અને અંગોના પરિશ્રમથી જેમ કમળમાંથી જળબિંદુ પડે તેમ શ્રીહરિના શ્રમથી બિંદુ પડતાં હતાં તથા ચંદનમાંથી અમૃત રસ ઝરે તેમ હરિના મુખ ઉપરથી બિંદુ ઝરતાં હતા. મેઘ વીજળી વરસાદના આભૂષણ રૂપે ઝબકે ત્યારે લોકોનાં આભૂષણોને જોઈને તેની શંકામાં પડી જાય છે. તેમ આ હરિની કદુકલિલા જોઈને ખૂબ જ પીડા જણાય છે. તે છંદમાં પણ જણાય છે. શ્રીહરિ પોતાની જીતનો વિજય કરીને પછી પ્રભુ જગપાલ પાછા વળ્યા ત્યારે એક સખાને સાથે લઈને હરિ પોતાના ઘેર આવ્યા. હરિને આવેલા જોઈને માતા પિતા તથા ભાઈ ભાભી જોઈને રાજી થયાં ત્યારે હરિ હર્ષ પામવા લાગ્યાં. હરિનું શરીર ધૂળ વાળું હતું. તેથી એમની કાન્તિ શોભતી હતી. શ્યામ છબિ કામદેવના અભિમાનને હરે છે. વાળની લટો મુખ ઉપર લટકે છે. ચહેરાની છટા રસની રેખાઓથી ભરેલી છે. કર્ણ કપોલ તથા ગાલ અધરોષ્ટ આદિ મુખારવિંદને શોભાવતાં હતાં.

પીળાં વસ્ત્રો ધારણ કરેલા કેડ ઉપર કટિ મેખલા ધારણ કરેલા મુખથી મંદહાસ્ય કરતા ખુલેલા મુખારવિંદવાળા શ્રીહરિ આ વાત કરે અને જનસમુદાય પોતાની રીતે વાદવિવાદ કર્યા કરે. નેત્રના જળથી સહોદર ભયને સેવતા રહે. માયાના પતિ બ્રહ્માના પિતા પરબ્રહ્મ બ્રહ્મ મહેલમાં રહે છે. પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અક્ષરધામમાં નિવાસ કરીને અનંત મુક્તોને સુખ આપે છે. આ બાજુ સુવાસિની ભાભી હરિને નવરાવવા માટે ગરમ પાણી તૈયાર કરીને લાવ્યાં. અંગો ચોળીને હરિને નવરાવ્યા. સર્વના સ્વામી સર્વના મુકુટ મણિને નવરાવીને તૈયાર કર્યા. પાતળાં પવિત્ર વસ્ત્રથી અંગો લૂછીને સારાં વસ્ત્રો ધારણ કરાવ્યાં. ત્યાર પછી સુંદર સ્વાદિષ્ટ અન્નનો થાળ તૈયાર કરીને લાવીને હરિને અર્પણ કર્યો. સુવાસિની હરિને હેત કરીને જમાડતાં હતાં. પોતાના હાથે કોળિયા જમાડતાં

હતાં. તે સમયની હું શું વાત કરું ? હરિ જમતાં જાય અને વચ્ચે વચ્ચે પાણી પીતા જાય. અનાથના નાથ હરિ કટોરો હાથથી ઝાલીને મુખજ ઉપર રાખી મુખમાં જળનું પાન કરે છે. ક્યારેક પોતાની મેળે જમે છે. જમતાં ક્યારેક એક કે બે જ ઘૂંટ પીએ છે. ક્યારેક ત્રણ ઘૂંટ પીએ. સામાનય રીતે પીએ. ક્યારેક આપમેળે જમે છે. ક્યારેક સુખપૂર્વક માતા જમાડે છે. ક્યારેક ભાઈની પત્ની ભાભી સુવાસિની જમાડે છે. ક્યારેક ભાઈને પિતાનીસાથે જમવા બેસે છે. ક્યારેક રમત કરતાં જમતા જાય. ક્યારેક ભૂખ વિના જ જમે છે. આ રીતે હરિ જમવાની લીલા કરે છે.

ક્યારેક પિતાજી બોલાવવા જાય અથવા ભાઈ બોલાવવા જાય ત્યારે એમની સાથે દોડીને આવતા. ક્યારેક રમતો રમવામાં મશગુલ હોય ત્યારે આવવામાં બહુ જ રાહ જોવરાવીને પછી આવે અથવા માતા હાથ પકડીને કહે કે પ્રિય પુત્ર ચાલો જમવા માટે. તમારી બધા વાટ જુવે છે. ત્યારે પરાણે આવે ત્યારે માતા વસ્ત્રથી શરીર સારી રીતે ચોળીને લુછીને મુખને સારી રીતે લુછીને તૈયાર કરીને બેસાડે. પોતાના ભાઈ અને મામી ઉપર જ્યારે મન મોહી જાય ત્યારે ત્યાં જઈને અવળાઈ કરે ત્યારે આડોડાઈ કરીને ઝગડો કરે અને બધાને અકળાવી દે ત્યાર પછી તે હરિની પાછળ દોડે ત્યારે હરિ દોડીને જ્યાં પિતા કે માતા હોય ત્યાં જતા રહે. માતાનો પાલવ પકડીને સંતાઈ જાય પછી ભાઈ અને મામી આવે ત્યારે હરિનાં માતા કહે, હવે ઝગડો નહિ કરવાનો. આમ કહીને સમજાવે મનાવે. ક્યારેક આંગણામાં રમતા, ક્યારેક ગલીમાં રમતા, ક્યારેક ચોકમાં રમતા, ક્યારેક ગામ વચ્ચે રમતા, ક્યારેક મઠમા રમત કરે, ક્યારેક સરોવર પાળે, ક્યારેક ધર્મતળાવની પાળે રમતો રમતા, ક્યારેક સરોવરમાં, ક્યારે બગીચામાં, ક્યારેક ફૂલબાગમાં ફૂલોનો ઉદ્ધાર કરવા જતાં,ક્યારેક સારા રસાળ જાંબુએ જતાં, ક્યારેક નદીએ નાવાના બહાને જતા, વાનરોની સાથે રમતા ચાલતા આ રીતે લીલા કરતા. આ રીતે હરિએ છપૈયાપુરની જમીન ઉપર બધા સ્થળોએ સરોવરો, નદીઓ, વનો, બાગો, બગીચાઓ બધે જ ચરણકમળનાં ચિહ્નોથી પવિત્ર કરેલ છે. તે પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુનાં એમનાં લીલા સ્થળોનું કેટલું વર્ણન કરું.

શ્રીહરિ સ્નાન કરવા શોભા કરવાની લીલા કરી. રેતીના કાંપમાં રમતો રમ્યા. તે ચરિત્ર વિસ્તારથી કહ્યાં. હવે ઘનશ્યામ પ્રભુનાં ચરિત્રો સંક્ષેપમાં કહું છું. લખું છું. વર્ષપુરતીનો ઉત્સવ તથા ચંદ્રની માગણી કરી. ચોવીસે અવતારોનાં સ્વરૂપો બતાવ્યાં. સાકર ખાઈ મનમાં સારી લાગી. માતાને મુખમાં દિવ્યધામ બતાવ્યું. પિત્રુઓના ફળની વિગત તથા ચૌલસંસ્કાર વર્ણન કર્યું.નારાયણસર તથા ધર્મસરનું મહાત્મ્ય જન્મ સ્થળનું મહાત્મ્ય સંભળાવ્યું. સરોવરો બાગોમાં ચરિત્રો કહ્યાં. કાલિદૈત્યની લડાઈ તથા માતાપિતા ભાઈનું વિરહ વર્ણન હરિનું મિલન થયું તેનો ઉછવ કર્યો. દેવોએ સ્તુતિ કરી તેનું ગાન કર્યું. ઘરમાં ઉપવનમાં શ્રીહરિએ ચરિત્ર કર્યા તથા સરોવરોમાં સ્નાન કર્યા તથા વનમાં ફળ ફૂલ પ્રાપ્ત કર્યા. પોતાના ચરણના આશ્રયમાં મિત્રોને ધામનાં દર્શન કરાવ્યાં તથા સ્તુતિ કરી વનમાંથી ભૈરવને ભગાડ્યો તથા અસુરનો હાથ તોડ્યો. મિત્રોને જાંબુનાં ફળો ખવરાવ્યાં તથા રામપ્રાપના વિવાહનું વર્ણન તથા પ્રદ્યુમન (ઇચ્છારામનો) જનમનું વર્ણન કર્યું. ભૂતિયા કૂવામાંનાં ભૂતોનો ઉદ્ધાર કર્યો અને સુંદરીમામીને સમાધિ કરાવી. ગોવાળોની સાથે આશ્ચર્યકારક કામ કર્યાં. ચરિત્રો કર્યાં. સર્વ કુમારોએ ગાયાં. બાલચરિત્રો બલવીર પ્રભુએ કર્યાં તે પણ હરિએ કુમાર અવસ્થાની અંદર કર્યાં તે બાલકુમાર અવસ્થાનાં સ્વરૂપોની મૂરતિ મારા મનમાં કાયમ નિવાસ કરો.

તે ભગવાનનાં બાલચરિત્રોનું શ્રવણ મનન કરવાથી શ્રીહરિનો નિશ્ચય થાય છે. શ્રદ્ધાયુક્ત થઈને જે શ્રવણ

મનન કરે તેને ચારે પુરુષાર્થની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. હરિનો નિશ્ચય થયા પછી હરિના પરમધામની પ્રાપ્તિ થાય ત્યાં પ્રગટ નારાયણ ભગવાનનું સુખ મળે છે. ગુણગ્રાહક ગુણને યોગ્ય હોય તે હરિનાં ગુણને સંભળાવે સાંભળે તેને તે ગુણ પ્રાપ્ત થાય છે. જે હરિના ચરિત્ર રસનું પાન કરેલું હોય તેને હરિના સ્વરૂપનું બળ વધે છે. તેને પોતાના મુળ સ્વરૂપ બ્રહ્મસ્વરૂપ તેનાં દર્શન કરાવે છે. એ તે પરબ્રહ્મ સ્વરૂપનું અખંડ સુખ પામે છે. આ પૃથ્વી ઉપર ધર્મ અને ભક્તિ મંગળ કરનારાં છે તથા ધર્મના કુમાર ઘનશ્યામ હરિ તે પણ સર્વ જગતનું મંગળ કરનારા છે. સર્વે મુનિગણ તથા સંત સમાજ સર્વનું મંગળ કરનારા છે તથા ભગવાનના એકાન્તિક સત્સંગીજનો મંગળ કરનારા છે.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં ત્રીજા કુમાર ચરિત્ર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારી રચિત છંદભાષામાં હરિકુમાર ચરિત્ર શોભા સ્વભાવની વિશેષતા કહી તે નામેં ચોવીસમો તરંગ થયો. ॥૨૪॥**

## ॥ ઈતિ શ્રી બાલચરિત્રે તૃતીય રત્ન ॥



## અથ શ્રી હરિલીલાસિંધૌ ચતુર્થ પૌગંડરત્નો પ્રારભ્યતે

# તરંગ-૧

શ્રીહરિ અમારું મંગળ કરવા માટે પધાર્યા છે. તે ધર્મપુત્રના પવિત્ર ચરિત્રોનું વર્ણન કરતાં અત્યારે શ્રીહરિની કુમાર લીલાનું વર્ણન છે તે સર્વના અમંગળ પાપોથી તથા મોહમાયાથી રક્ષણ કરીને મોક્ષપદ આપનારા છે. એવા મંગળમૂર્તિ શ્રી ઘનશ્યામના ચરણકમળમાં વંદન કરીને સુખ આપનારાં છે. તેમજ આ ભૂમિમાં વિચરણ કરીને સંતપુરુષો જીવોનું રુડું કરનારા છે. મંગલ કરનારા પ્રભુએ જ્યાં જ્યાં વિચરણ કર્યા તે ગુણચરિત્રનું હું વર્ણન કરું છું. હરિનો જપ તપ તે સર્વ કલ્યાણ કરનાર છે અને શિવ બ્રહ્મા ઈન્દ્ર સર્વનું સારું જ કરે છે. જે જીવ હૃદયને શુદ્ધ નિર્મળ કરીને સિદ્ધ જપ કરે છે તે જ વર્ણિન્દ્રનું ગુણચરિત્ર વિષ્ણુ ગાયા જ કરે છે. શ્રીહરિ ક્ષર અક્ષર જડચેતન સર્વના આત્મા રુપે રહીને કાયમ તેમાં નિવાસ કરે છે. એવા તે જ પુરુષોત્તમ નારાયણ શ્રી ઘનશ્યામ પ્રભુના લીલાચરિત્રો હું તમને ગાઈને સંભળાવું છું.

રાજા પૂછે છે, હે સુવ્રત મુનિ ! આપને વિનયપૂર્વક કહું છું કે આપે મને બાલરત્નની કથા કહી તે બાલચરિત્ર તો બહુ જ શુભ કરેલાં છે તે મેં સાંભળ્યાં. પણ હવે આપ મને હરિનાં પૌગાંડ ચરિત્રો જે હોય તે ઘનશ્યામ પ્રભુના સુખ આપનારાં ચરિત્રો હરિ જ્યાં જ્યાં રહીને ચરિત્રો કર્યા હોય તે તે સ્થાનની લીલા મને કહો. એ મને સુખ આપનારા થાય છે.

મુનિ કહે છે, હે રાજન્ ! બહુ સારું બહુ સારું તમે બહુ સારું કહ્યું કેમ કે તમે જે ચરિત્ર પૂછ્યું તે ખૂબ જ સારું છે. કેમ કે પૌગંડ અવસ્થાનું જે ચરિત્ર છે તે ચરિત્ર પૌગંડ ચરિત્રરત્ન જ છે. જે ચરિત્રને સાંભળવાથી જન્મમરણના ફેરાના રોગો મટી જાય છે અને અજ્ઞાનરૂપી અંધકાર નાશ પામે છે. ત્રણ પ્રકારના આધિ વ્યાધિ ઉપાધિના તાપો મટે છે તે ચરિત્ર જ્ઞાનથી આત્યંતિક મોક્ષ થાય છે. સુવ્રત મુનિ કહે છે, હે રાજન ! મેં તમને પ્રથમ અવતારરત્નમાં ભગવાનનાં ઉદાર ચરિત્રોનો મહિમા કહ્યો. તેમાં અક્ષરધામમાંથી પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન પધાર્યા તે બધું જ પ્રથમ અવતારત્નમાં કહ્યું છે. અને બીજા અવતારમાં શૈશવરત્નની કથા કહી છે તથા તેમાં દેવોએ સ્તુતિ પ્રાર્થના કરીને કહી તથા હરિના સ્વરૂપને ઓળખ્યું એ માર્કંડેય મુનિએ ભગવાનના ભવિષ્યની વાતો કહી. ધર્મદેવ તથા પરિવારજનોએ વાત જાણી છે. એ સર્વના સ્વામી છે. ત્રીજા અવતારમાં બાલરત્નની કથા કહી. તેમાં હરિના બાલચરિત્રો તથા શ્રીહરિનો નિશ્ચય થવાથી સર્વ સંશય દૂર થયા તથા જન્મસ્થળનું મહાત્મ્ય કહ્યું તથા બધાને તેમાં અતિ આશ્ચર્ય જણાવા લાગ્યું. હવે ચોથા રત્નમાં શ્રીહરિની પૌગંડ લીલા સુંદરતાથી વર્ણવીને તમને સંભળાવું છું. તેમાં રોહિતપુરની લીલા તથા અયોધ્યાપુરની લીલા અને તરગામ વિગેરેમાં ઘનશ્યામે લીલાચરિત્રો કર્યાં તેની કથા તમને કહું છું.

શ્રીહરિના ચરિત્રો સાગર ભર્યા છે. તેમાંથી સંતો પૃથ્વી ઉપર વરસાદ વરસાવે છે. એ અમૃતરસનુપાન કરીને અનંત પ્રભુના ધામને પામે છે. હરિની સેવામાં જોડાય છે. આ સંસાર સાગરમાં દેવતા ખેવટ છે અને ગુરુ ઉપદેસ્ય નૌકારૂપ છે. તે બંને ભવસાગરના જળમાંથી તારનારા છે. સંસાર તરફથી જેનું મન પાછું વળેલ છે. તે પોતાની રૂચિ પ્રમાણે જીવાત્મા તે નૌકાનો સ્પર્શ કરે છે અને પાર પામે છે. શ્રીહરિના ચરિત્ર જ્ઞાનરૂપી સ્વાતિ વર્ષા તે

અમૃતસમાન છે તે ચરિત્ર અમૃતને અનેક જનસમુદાયમાં વર્ષાવે છે. તેમાંથી જે જીવાત્મા જીજ્ઞાસુ છે તે તેને ગ્રહણ કરે છે. તે જળથી પપીહા રૂપી જીવાત્મા તે હર્ષ પામે છે. પરમપદને પામે છે. મુક્તાત્માઓના ત્રણ ભેદ કહ્યા છે. ઉત્તમ મધ્યમ અને કનિષ્ઠ આ ત્રણ પ્રકારના મુક્તાત્માઓ છે. તે જ રીતે હરિભક્તના પણ ત્રણ ભેદો છે. તે પ્રમાણે એમને હરિના સ્વરૂપમાં ભેદ પ્રમાણે નિશ્ચય થાય છે. જેમને પોતાની પ્રકૃતિ પ્રમાણે જુદી જુદી સમજણ પ્રમાણે ત્રણ પ્રકારે કલ્યાણ થાય છે. જુદા જુદા અનેક પ્રકારના વૈભવને ઇચ્છે તે ઐશ્વર્યાથી પ્રાણી કહેવાય છે. તે પ્રમાણે ગણાય છે.

કેવળ આત્મજ્ઞાન વાળા જે કૈવલ્યાર્થી છે તે ભગવાન વિના જ કેવળ તેજના સમુહમાં લીન થઈ જાય છે તથા આત્મ હિતપૂર્વક ભક્તિ કરીને તે શ્રીહરિના આશ્રયથી મૃત્યુ સમયે હરિના ચરણને પામે છે. જીજ્ઞાસાનું જળ ચાતક પક્ષી પામે છે તે જળનું પાન કરીને તરસ છિપાવે છે. મેઘગર્જના સાંભળીને મોર નાચી ઉઠે છે. ઊંચે શ્વરે હરિની આરાધના કરે છે. લાંબા રાગે ગાયા કરે છે. દેડકાં જેવા દંભિ જ્ઞાનિઓ મેઘની ગર્જનાના નાદને સાંભળીને મસ્તક પછાડી પછાડીને વાદવિવાદ કરીને મરે છે. બ્રહ્મરૂપ મનુષ્ય વીજળી જેવા પ્રકાશવાળા છે. તે હરિના ઐશ્વર્યને જોનારા છે. શ્રીહરિના પૂરેપૂરા ઐશ્વર્યને જાણે છે. જે જીવાત્મા કાનરૂપી પડિયાથી શ્રીહરિના ચરિત્રામૃતનું પાન કરે છે તેના જીવનમાં ક્યારેય કાળ કર્મ મૃત્યુનો ભય આવતો જ નથી. તે નિર્ભય થાય છે. જે જિજ્ઞાસુ પોતાના હૃદયરૂપી ભૂમિમાંથી બુદ્ધિમાં પ્રભુના સ્વરૂપના નિશ્ચયરૂપી બીજને વાવે છે અને ત્યાર પછી સંતસમાગમ રૂપી પ્રભુના ચરિત્રામૃતનું પાણી પાય છે તેનાથી ભક્તિજ્ઞાનનું અંકુર ફૂટે છે. અગીયાર પ્રકારના નિયમો રૂપી વાડ કરીને સાવધાની પૂર્વક જાગ્રત રહે છે. તે જ્ઞાનના પ્રતાપથી અધર્મ સર્ગના સાગરિતો (આસુરી જીવરૂપી પશુ) ક્યારેય ખાતાં નથી. કેમ કે તે સાવધાન થઈને પ્રભુના ચરિત્રના જ્ઞાનના પ્રતાપે પાછો પડતો નથી. વૈરાગ્ય જ્ઞાન ધર્મભક્તિ બળરૂપી નિત્ય પ્રત્યે તેને પાણી પાયા કરે છે. તેનાથી સત્સંગ રૂપી વૃક્ષ મોટું થતું જાય છે અને તેને મોક્ષ રૂપી મહા મોટાં ફળો આવે છે. તે ભક્ત દિનપ્રતિદિન સત્સંગનાં લક્ષણો સંતોના માર્ગદર્શન મુજબ એમના પ્રાકૃતિક ભક્તિનાં અંગો જોઈને તે પ્રમાણે કામ, ક્રોધ, મદ, લોભ, લજ્જા, રાગ, દ્વેષ, ઈર્ષા આદિ કોઈ ન રહેવાં જોઈએ. મત્સર, મોહ, માન, ગુમાંન (ઘમંડ) વિષય વિકૃતિ (વાસના) તથા જગતના જુદા જુદા સુખો અષ્ટ પ્રકારનું મૈથુન સ્ત્રીનો ત્યાગ કરવો તથા સામાન્ય પુરુષ પ્રકૃતિનો ત્યાગ કરીને દૃઢ ભાવથી ભગવાનનું ભજન કરીને જીવન વિતાવવું.

આવા પવિત્ર સંતો જ્યાં રહેતા હોય ત્યાં રહીને તે સ્થળને જંગમતીર્થ સમજીને સેવન કરવું. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય આ ત્રણ પ્રકારની તલવારની ધાર સમજીને વરતવું. સ્નેહના પૂરમાં રહીને ભગવાનની ભક્તિ ઉદારતાથી કરવી. અને શ્રીહરિનો દૃઢ નિશ્ચય કરીને દૃઢવિશ્વાસથી માઘસ્નાન તથા મકરસંક્રાંતિ યોગ પર્વનો ઉત્સવ હોય તેમ નિત્ય પ્રત્યે ભક્તિના આનંદમાં રહેવું. તેનાથી જીવાત્માનાં બધાં જ પાપો બળી જાય છે અને પુણ્યપ્રતાપથી તે ભક્તના પરિવાર સહિત શ્રીહરિના ચરણકમળમાં નિવાસ પામે છે. જે આ રીતે સંતોનો સમાગમ કરીને સેવે છે તે પોતાના આત્માનું કલ્યાણ કરી લે છે અને આવા જીવાત્માના જીવનમાં વિવેક આવે છે અને અજ્ઞાનનો અંધકાર નાશ પામે છે. હે રાજન્ ! તે આવા સંતના અંતકરણમાં શ્રી ઘનશ્યામ પ્રભુ કાયમ નિવાસ કરે છે. એટલા માટે આવા પવિત્ર સંતનો નિત્ય પ્રત્યે સમાગમ કરવો. તેનાથી જીવને મોક્ષગતિ જે અક્ષરધામને પામે છે.

ત્યારે રાજા કહે છે, હે વર્ણિવર આપ હરિનાં પૌગંડ રત્નમાં ચરિત્રો કર્યા. તે કેટલા તરંગમાં આવે છે તે

સર્વે મને સંક્ષેપમાં કરીને કહો. ત્યારે વર્ણિ કહે છે, હે રાજન્ ! તમને તે પૌગંડ રત્નનાં ચરિત્રો સંક્ષેપમાં કહું છું તેને તમે સાંભળો. તે ચરિત્રો જુદા જુદા સ્થળે થયેલા છે. વખણાયેલાં છે. તે અઠ્યાવીસ તરંગમાં કહેલાં છે. તે રીતે પૌગંડ ચરિત્રરત્ન નકી થયેલાં છે તે તમે સાંભળજો. તરંગ એકમાં સખાઓને ચકિત કર્યા. બે તરંગમાં બાગની મનોહરતાનું વર્ણન, એક તરંગ માલની બાઈ ભક્તનું વર્ણન, એક તરંગમાં અંગુઠી ચોરી કરી તેનું વર્ણન, કુસ્તી કરવાનો આભાસ કર્યો અને અસુર મલ્લોને માર્યા તે બે તરંગમાં વર્ણવ્યા, પાંચ તરંગમાં ઉપવિત સંસ્કાર વર્ણન તથા પાંચ તરંગમાં તરગામમાં લીલા કરી તેનું વર્ણન, છ તરંગમાં છપૈયાપુરમાં લીલા કરી તેનું વર્ણન કરેલ છે. આ રીતે શ્રી ઘનશ્યામ પ્રભુએ અલૌકિક લીલા કરેલ છે.

શ્રીહરિ ઘનશ્યામ પ્રભુના પવિત્ર લીલા ચરિત્રોને ચારે વર્ણના લોકો કાયમ માટે એકાગ્ર થઈને સાંભળે. ગાય તો તે ભગવાન વિષ્ણુના એકાંતિક ભક્ત થઈ જાય છે. એવાં પ્રભુના મહાન ચરિત્રો છે.

**આ પ્રમાણે શ્રીહરિલીલાસિંધુમાં ચોથા પૌગંડ રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિના લીલાચરિત્ર તથા સંતમહિમા તથા રત્નપ્રમાણ વર્ણન નામનો પહેલો તરંગ થયો. ॥૧॥**

# તરંગ-૨

રાજા કહે છે, હે વર્ણિરાજ ! આપ મને ધર્મદેવ અયોધ્યાપુરમાં પધાર્યા અને હરિના સખાઓને વિરહ થયો તથા ધર્મદેવના પરિવારના માર્ગમાં ગયા તેનું વર્ણન કરીને સમજાવો.

સુવ્રત મુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! એક વખત શતાનંદ મુનિ માર્કંડેય મુનિને પૂછતા હતા કે ધર્મદેવ અયોધ્યાપુરમાં કેમ ગયા તે પૂછ્યું તેનું ચરિત્ર હે રાજન્ ! તમને કહું છું. તમે સાંભળો. સુવ્રત મુનિ પ્રતાપસિંહ રાજાને કહે, એક વખત ધર્મદેવ પોતાને ઘેર પોતાના મનમાં વિચાર કરતા હતા કે પોતાના ગામમાં અણધાર્યો ઉપદ્રવ આવતો જોઈને છપૈયાનો ત્યાગ કરવાનો વિચાર કર્યો. તે ભક્તિમાતાને કહ્યો ત્યારે ભક્તિમાતાને મનમાં ઉદ્વેગ થયો જે ઉપદ્રવ પુર પાસે આવતો હોય તો તો મારો પુત્ર તો રાંકના ધન જેવો પ્યારો છે. ત્યારે ભક્તિમાતા ધર્મદેવને કહે, હે દેવ ! આપણે તો અયોધ્યા જતાં રહીએ તે જ યોગ્ય છે. ત્યારે ધર્મદેવ કહે બહુ જ સારું છે. આપણા બધાં બાળકોની સાથે આપણે જતાં રહીએ. આ રીતે કહીને શ્રીહરિની માતા જવાનો નિર્ણય કરીને ભોજન તૈયાર કરીને કુટુંબને ભોજન કરાવીને તૈયાર કર્યા. ત્યાર પછી ધર્મદેવે પોતાના આશ્રિત સેવકોને બોલાવ્યા. એમને જવા માટેનાં વચનો કહ્યાં આજે અત્યારે જ અમારે અયોધ્યાપુર જવાનું છે. અમરા ઘરનો બધો જ સામાન લઈ જવાનો છે. બધા પરિવારને જવાનું છે તેથી તમે બધાં ગાડાં તૈયાર કરીને લાવો. તેમાં સામાન ભરો ત્યારે તે બધા જ તૈયાર થયા. આ પ્રમાણે ધર્મદેવનાં વચનો સાંભળીને બધા જ સેવકો પોતાને ઘેર ગયા અને ગાડાં તૈયાર કરીને લાવ્યા તે બધા જ છપૈયાપુરના સેવકો હતા.

તે સેવકોએ બધી જ વસ્તુ લાવીને ગાડાંમાં ભરી દીધી. ગાડાં તૈયાર કરીને અયોધ્યાપુરના મારગે ચાલતા થયા. ત્યારે સંબંધીજનો બધાં જ મળવા માટે આવ્યાં. સંબંધીઓ ધર્મદેવને હાથ જોડીને કહે, અમારી ઉપર ખૂબ જ પ્રેમભાવ રાખો છો માટે અમને તજીને ન જાવ. ત્યારે ધર્મદેવ બધાં જ લોકોને કહે, આ પુરમાં હવે રહેવા જેવું અનુકૂળ નથી. જાજુ ન રહેવાય. હવે થોડુંક જ દુઃખ આવવાનું થાય તરત જ બધાએ પલાયન કરી જવાનું તો જ અનુકૂળ આવે. આ રીતનાં ધર્મદેવનાં નિર્ધારિત વચનો સાંભળીને બધાં જ લોકો તત્પર સાવધાન થઈ

ગયાં. ત્યારે બધાં લોકો ધર્મદેવને વંદન કરતાં હતાં. પ્રેમવશતાને લીધે મનમાં શોકને પામતાં હતાં. ભક્તિમાતા રામભૈયા તથા ઘનશ્યામ પ્રભુ બધાંને વારંવાર પગમાં પડીને નમન કરતાં હતાં. પોતાનો ભાવ જણાવતાં હતાં. રામપ્રતાપજીના મિત્ર મામાના પુત્ર તથા બીજા સંબંધીઓ પણ બધાં સાથે મળીને મળવા આવ્યાં તથા આસપાસના ગામોમાં પણ ધર્મદેવ પરિવાર છપૈયા છોડીને જાય છે. આવા સમાચાર જાણીને બધાં લોકો દોડીને મળવા માટે આવ્યાં. હરિના મિત્રો હરિને મળવા માટે આ બધા મળીને જુથમાં આવ્યા અને હરિને હેતપૂર્વક નિરખીને દર્શન કરતા હતા. જેમ ચકોર પક્ષી ચંદ્રમાને જુવે તેમ હરિને જોતા હતા. નિરખતા હતા. આવેલા બધા જ સખાઓએ ઘનશ્યામ પ્રભુને જોયા ત્યારે પૂર્ણ કામ હરિ સખાઓને કહેવા કૃપા કરી. હે કુમારો ! તમારે ઉદાસ થઈને મુખ કરમાવવા નહીં. કેમકે હજી આપણે ફરી પાછા મળવાના છીએ. તેથી ચિંતા ન કરશો. ત્યારે હાથ જોડીને બાળકો કહેવા લાગ્યાં, હે હરિ ! તમે તો અમારા રક્ષણહાર છો. બધાનું પાલન કરનારા છો. તમારાં ભેગાં અમે ખેલો ખેલ્યા. તેથી બાળ અવસ્થામાં અમે ખૂબ જ લ્હાવો લઈ લીધો છે. બ્રહ્માંડવાળાને દુર્લભ છે. તે જ દેવ અમને ખૂબ જ સરલતાથી પ્રાપ્ત થયા છે. જેમના ચરણની રજને મેળવવા યોગીઓ પ્રયત્ન કરે છે છતાં નથી મળતી તે જ્યારે બ્રહ્મરૂપપણાને પામે ત્યારે સુખ પામે છે. તે જ ચરણરજને તમારી કૃપાથી અમે પ્રાપ્ત કરેલ છે. આટલા દિવસ અમારા ભાગ્યમાં હતું તે રજ પામ્યા. આજથી અમે મંદ ભાગ્યવાળાં થઈએ છીએ તે તો વિધિનાં લખેલાં અંકો ખોટા થયા છે. એટલે બને છે.

બાળકો આમ કહીને વિલાપ કરવા લાગ્યાં. આંખમાંથી આંસુ વહેવા લાગ્યું. ઊંચે સૂરે વિરહથી દુઃખી થતાં બધા કુમારો રોવા લાગ્યા. એમને શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ ધીરજ આપવા લાગયા. તમે રોષો નહિ હો. પ્રિયમિત્રો મારી સાથે તો મેળાપ વારંવાર થશે જ કાંઈ અયોધ્યા બહુ દૂર નથી માટે ફરી પાછા આવવાનું થશે ત્યારે મળશું જ. શ્રીહરિને જોઈજોઈને છપૈયાપુરની બધી સ્ત્રીઓ અતિ વિલાપ કરતી હતી. કેમકે હવે ધર્મકિશોરનાં દર્શન થવાં દુર્લભ થઈ જશે. તેથી બધાને મનમાં દુઃખ થતું હતું. હરિનો વિયોગ થવાનો જોઈને સ્ત્રીઓ પુરુષો અને બાળકો બધાં જ ઉદાસ થઈને રોતાં હતાં. જેમ ચંદ્રને ગ્રહણ સમયે ઘેરાયેલો જોઈને પોયણાં અને ચકોર પક્ષી બન્ને ખૂબ જ પરેશાન થાય છે તેમ પુરવાસીઓ હરિના જવાથી બેહાલ થવા લાગ્યાં. છપૈયાપુરની સ્ત્રીએ સર્વે ભક્તિમાતાને મળી પગમાં પડીને નમ્ર વચનથી વિનંતી કરવા લાગી. અરે હે દેવી ! અમે તો ધન્ય ભાગ્યવાળાં હતાં તેથી તમારા મુખેથી ભગવાનના ચરિત્રોની કથા સાંભળી ધન્ય થતા હતા. હવે તો અમે મંદ ભાગ્યવાળાં થયાં છીએ. કેમ કે તમારો હવે વિયોગ થવાનો છે. તેને અમે કેમ સહન કરી શકીશું. આમ કહીને રોવા લાગી અને ઉસાસા ભરીને જેમ પાણી વિના માંછલું ઉછાળા મારે ને મરી જાય તેમ ઉછાળા ભરતાં હતાં. ત્યારે ભક્તિમાતા કહેવા લાગ્યાં, અમે ત્યાં કાયમ નથી રહેવાનાં. અમે વારંવાર અહીં આવવાનાં જ છીએ. હે શયાનિઓ ! તમે આ નક્કી જ માનજો. હે શયાનિ સુંદરિયો તમે ધીરજ ધરો. તમે શીખ આપો. અમે હવે જઈએ હવે આવવાનું જ છે. ભક્તિમાતાના પગમાં સુંદરી મામી પગે લાગીને ભક્તિમાતા પાસે ભક્તિનું બળ માગ્યું અને ચંદન અને વસંતા બંને બહેનો ભક્તિને મળી તથા ભાઈ ભાઈ અને બુદ્ધિવાળી બહેનોએ એકબીજાને મળ્યાં.

બધાં જ પોતાનાં સંબંધીઓ અને પુરનાં મનુષ્યો પોતાને જે મળ્યો તેમ સમય કાઢીને મળ્યાં. આ બાજુ બધાને અચેત (સ્તબ્ધ) કરીને ધર્મદેવનો પરિવાર ચાલવા માંડ્યો. હે રાજન ! ત્યારે આ બાજુ બધા જ મનુષ્યો હૃદયમાં હરિના સ્વરૂપનું સ્મરણ કરીને મનમાં જ તેનું મનન કરતાં હતાં. બધાં જ હતપ્રભ (ભાગ્ય વિનાના) થઈને ઘરનાં

કામ પડતાં મુકીને આ રીતે બધાને મળ્યાં. ધર્મદેવ ચાલ્યા એટલે પુરવાસીજનો બધાં જ હરિ વિના નિરાશ થઈને પાછાં વળ્યાં પણ હરિ વિના દૃષ્ટિથી કાંઈ સૂઝતું જ નથી. માર્ગમાં હરિનાં ચરણ પડેલાં ચિહ્નોવાળાં જોઈને તેનો સ્પર્શ કરે છે તે ચરણની રજને પોતાના મસ્તક ઉપર ધારણ કરે છે. મહિમા સહિત ભગવાનના પદોને પાછાં વળતાં ગાતાં હતાં. કોઈક ઉંચા સ્વરે પણ ગાતું હતું. વિરહાતુર થઈને કોઈક નિસાસા નાંખતાં હતાં અને હરિને સંભારીને નિરાશ થઈ જતાં હતાં.

આ બાજુ ધર્મદેવ પોતાના મનને દૃઢ કરીને સુખના ધામી પ્રભુ ઘનશ્યામ અયોધ્યાના માર્ગે ચાલતા થયા. ધર્મદેવ અને મોટા પુત્ર રામપ્રતાપ એ બંને એક ગાડામાં બેઠા હતા. બીજા ગાડામાં ભક્તિમાતા અને મોટાભાઈની પત્ની સુવાસિની અને ઇચ્છારામ અને ઘનશ્યામ પ્રભુ બેઠાં હતાં. તેઓ એક ગાડામાં ચારે જણાં બંને પુત્રો પુત્રવધુ અને ભક્તિમાતા બેઠાં હતાં. ગાડામાં સારી ગાદી તેના ઉપર ઓછાડ પાથરીને સુવાસિનીએ તૈયાર કર્યાં. ત્યાર પછી હેત સહિત ઘનશ્યામ હરિને તેડીને ગાદી ઉપર બેસાડતાં હતાં. સુવાસિની ભાભી હરિને કહે, મારા દિયરવર તમે આ ગાદી બિછાવેલ છે. તેના ઉપર બેસો અને હવે હમણાં જ મખોડા આશ્રમ આવશે. પછી અયોધ્યાપુરને જોશો. શ્રી ઘનશ્યામ પ્રભુ સર્વ જાણનારા હોવા છતાં માતાને પૂછે છે કે માતા મખોડા આશ્રમ એ કેમ કહેવામાં આવે છે. ત્યારે માતા હરિને કહે, મારા પ્યારા અવધના રાજાઓ ઘણા બધા મોટા મોટા થયા છે. રઘુરાજાના પુત્ર દશરથ નામથી ખૂબ જ પ્રખ્યાત સારા રાજા થયા. એમણે વેદ વિધિ પ્રમાણે મોટા ઘણા બધા યજ્ઞો બહુ જ સારા કર્યા. તેનાથી તે જગ્યાને મખ આશ્રમના નામથી પ્રસિદ્ધ છે. આ આશ્રમમાં માર્કંડેય મુનિ ઘણો સમય રહ્યા. તમારા નામકરણ સંસ્કારમાં આપણા ઘેર રહેતા હતા. તે મુનિવર ચાતુર્માસ આપણા ઘેર જ કરેલ તમારા ભવિષ્યની વાર્તા પણ મુનિવરે જ ભાખેલી તે વાર્તા સત્ય થયેલી છે. તેને બધા જ દેવો અને માનવો જાણે છે. એના સાક્ષી છે. પછી તે મુનિમંડળ બધા જનો તીર્થરાજમાં સ્નાન કરવા ગયા હતા. આમ માતાએ કહ્યું ત્યારે હરિના મહિમાની માતાને સ્ફૂરણા થઈ આવી અને માતાના મનમાં અતિ આનંદ વ્યાપી ગયો.

સુવાસિનીએ ભક્તિમાતાનો હરિ પ્રત્યેનો અથાગ પ્રેમ જોઈને નમ્રતાથી પોતાનાં સાસુને હરિના ભવિષ્યનું પૂરેપૂરું પૂછ્યું. હે માતા ! મુનિજનો હરિના ભવિષ્યની શી શી વાત કરી તે મંગળકારી વાત મને કહો જે ગૂઢ રહસ્ય હોય તે મને કહેવા કૃપા કરો. જે વાત બની હતી અને તમે જોઈ સાંભળી હોય તે કહો. ત્યારે ભક્તિમાતા પુત્રવધુને અને તમે કહેવા લાગ્યા તમે આ પુત્ર શ્રીહરિને પરબ્રહ્મ પુરુષોત્તમ જાણો. અનંત મુક્તો તેમનું ધ્યાન ધરે છે. માર્કંડેય મુનિએ આ ભગવાનનું જ ભવિષ્ય કહ્યું હતું. તે પોતે અનંત અક્ષર મુક્તોના મનને પ્રિય લાગતા હતા. શ્રી ઘનશ્યામ અમને અનેક વાર આશ્ચર્ય બતાવેલ છે તે અત્યારે વગર સંભાર્યા અનાયાસે યાદ આવે છે. મોટા પુત્ર સંકર્ષણને વધારે પ્રિય છે તે તો પુરુષોત્તમ હરિને જાણીને અતિ વારી જાય છે. આ રીતે સાંભળીને સુવાસિની કહે, મારી સાસુને તો ધન્ય ધન્ય છે. મારા પૂર્વજો આ સાંભળીને મારા પૂર્વજો રાજી થઈ જશે. આમ કહીને સુવાસિની માતા ભક્તિદેવીનાં પગમાં પડી ચરણસ્પર્શ કરતાં હતાં. મને બધો જ નિશ્ચય થઈ ગયો તે તો કોમળ અંગવાળા છે. હવે તો અમે કૃતારથ થયાં છીએ. બધાં જ સંશયો ટળી ગયા. હું હરિના ચરણકમળની ખૂબ જ સેવા કરીશ. આમ કહીને શ્રીહરિનાં ચરણારવિંદમાં ઉર્ધ્વરેખાયુક્ત દર્શન કરીને ચરણનો સ્પર્શ કરીને શિર ઉપર ધારતાં હતાં. આંખોને સ્પર્શ આપતાં હતાં. એટલામાં યજ્ઞાશ્રમને જોતાં હતાં. આ રીતે શ્રીહરિનાં માતાએ પુત્રનો સર્વોપરિ નિશ્ચય કરાવ્યો. એટલામાં તો પવિત્ર નિર્મળ જળથી ભરેલ યજ્ઞાશ્રમ આવ્યો તેને જોતાં હતાં.

બંને પુત્રો સાથે તથા પુત્રવધુ સુવાસિની માતા પ્રેમવતી જળમાં ઉતરીને સારી રીતે તીર્થોનું સ્મરણ કરતાં

થકાં સ્નાન કર્યાં. ત્યાર પછી હરિને મંદિરમાં દર્શન કરાવીને પછી શ્રીહરિએ બધાંની સાથે યજ્ઞાશ્રમ જોયો. પોતાના ચરણો અંકિત કરીને પવિત્ર કરી દીધું. સ્નાન કર્યા પછી ઘાટી છાયાવાળા વૃક્ષ નીચે સેવકે બિછાનો (શેતરંજી) પાથરી તેની ઉપર બેઠાં. બ્રાહ્મણ સેવક શુદ્ધ જળ લાવ્યા તે પુત્રોસહિત પુત્રવધુએ માતાએ જળપાન કર્યું. ત્યાર પછી ધર્મદેવની સાથે રામપ્રતાપ આવીને બેઠા, જળપાન કરી તૃષા છિપાવી. પછી ધર્મદેવ પુત્ર રામપ્રતાપને કહે. આ આશ્રમમાં મુનિવર્ય નિવાસ કરતા હતા. માર્કંડેય વસિષ્ઠના પુત્ર આ જ આશ્રમમાં રહીને હરિની આરાધના કરતા હતા અને આજ આશ્રમમાં દશરથ રાજાએ વૈદિક વિધિ પ્રમાણે ખૂબ જ સારા અનેક યજ્ઞો કર્યા હતા. યજ્ઞ કરીને દશરથે ઈચ્છિત ફળ લીધાં. તેમાં ચર્તુવ્યુહના ચાર પુત્રો થયા તેમાં રામ લક્ષ્મણ ભરત શત્રુઘ્ન આ ચાર પુત્રો ભૂમિનો ભાર દૂર કરવા પ્રગટ થયા હતા. રામાવતાર થયો તે તો ભુમાપુરુષના લોકમાંથી થયો હતો અને લક્ષ્મણ સંકર્ષણના અવતાર હતા. ભરત તે પણ પ્રદ્યુમનનો અવતાર હતા. શત્રુઘ્ન જે થયા તે અનિરુદ્ધના અવતાર આ રીતે ચર્તુવ્યૂહ રૂપે આવ્યા હતા. આ રીતે યજ્ઞ કરીને પૃથ્વી ઉપર રઘુકુલ કમળરૂપ સૂર્ય થયો. ત્યારે ભક્તિમાતા કહે, આપણાં પણ પુત્રો ચર્તુવ્યૂહ બ્રહ્મ સ્વરૂપવાળા છે. એ હું નિશ્ચેય જાણું છું.

આ રીતે હરિના પ્રગટપણામાં ચર્તુવ્યુહ સુખ આપનારા થયા. તે વાત માતાપિતા કહેતાં હતાં તે સાંભળીને બધાને આનંદ આવતો હતો એવી અલૌકિક વાત હતી.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં ચોથા પૌગંડ અવતાર રત્નમાં શ્રીહરિ છપૈયાપુરનો ત્યાગ કરી અયોધ્યાપુરના માર્ગમાં જતા હતા તે નામે બીજો તરંગ થયો. ॥૨॥**

# તરંગ-૩

રાજા પ્રતાપસિંહ કહે છે, હે સુવ્રત મુનિ આપ મને માર્ગમાં જતાં હરિને જોઈને લોકોને થતાં આશ્ચર્ય તથા સરયુ નદીના ઘાટ ઉપર સ્નાન કર્યા. તેની વિસ્તારથી વાતો કહો તથા સરયુ તટ ઉપરનાં મંદિરોની શોભા તથા અયોધ્યાપુરના જનોનો આનંદ અને વખાણ તેનું વર્ણન કરીને મને કહો.

સર્વનું મંગળ કરનારા ધર્મદેવનો પરિવાર પૃથ્વી ઉપર પ્રસિદ્ધ થાય છે. એમનો આશ્રય કરીને રહેનારાં અનેક જનોનો ઉદ્ધાર થાય છે. મોક્ષ પામે છે. શ્રીહરિના ચરિત્રરૂપી અમૃતરસનું પાન કરવાથી મનમાં ધર્મસર્ગનો વધારો થાય છે. તેનાથી તેનું મન પવિત્ર થાય છે. અને કલ્યાણના માર્ગની દિશા પ્રાપ્ત થાય છે. જ્યારે બપોરનો સૂર્ય ઢળ્યો ત્યારે ધર્મદેવનો પરિવાર બધાં જ ઉમંગથી ચાલવા લાગ્યાં. બધાં જ વાહનોમાં બેઠાં. બધા જ સમાજમાર્ગમાં રાજા હરિ શોભતા હતા. માર્ગમાં થોડીક જ ગતિ કરી હશે. એટલામાં તો જેમ ધર્મદેવના ગાડાઓ ચાલે તેમ વાદળાં તેની ઉપર ચાલતા છાંયો કરતાં હતાં. માર્ગમાં નરનારીજનો મળતાં હતાં. તેઓ અલૌકિક શોભાવાળું હરિનું મુખ જોઈને પોતાને ભૂલી જતાં હતાં. ચાલતાં દૂર જાય ત્યાં સુધી એક નજરે જોયા કરે. પોતાની જોવાની રીતને સફળ માનતાં હતાં. અને અંતઃકરણમાં કમલનયન હરિના રૂપને જોયા કરે. હરિથી દૂર થઈ જાય ત્યારે બીજાં મળે ત્યારે તેને પૂછે તમેં શું જોયું ? ત્યારે તે કહે હૃદયને ખેચી જનારા રાજા હતા. તે પોતે હરિ દેવ જેવા પવિત્ર કોઈક જનના સ્નેહી તે હશે. તે મેં જોયા. અવધપુરના લોકો કહે છે, તે તો છપૈયાપુરના બ્રાહ્મોણમાં અગ્રેસર ધર્મદેવ તથા તેમનો આ બધો પરિવાર છે. માર્ગમાં જતા જનોના કલ્યાણ

કરતા, પ્રિયજનનો ઉદ્ધાર કરવા અવધપુર જાય છે. અત્યાર સુધી અમે કેવળ વાતો સાંભળી હતી પણ પ્રત્યક્ષ આજે જોયા આ તો પોતે ઈશ્વર નિશ્ચય છે જ. કેમકે ધર્મદેવના જે પુત્ર છે તે સર્વ જીવપ્રાણીના મન અને નેત્રને પોતામાં તાણીલે છે માટે પોતે સાક્ષાત્ ઈશ્વર છે. તેઓ જનોના કલ્યાણ કરવા માટે પ્રગટ થયા છે. આ રીતે માર્ગમાં હરિ લોકોનું મંગળ કરતા થકા લોકોના મહા પાપોને હરતા હતા. સુખકારી શ્રીહરિ આગળ ચાલતાં હતાં ત્યારે સરયુ નદીના જળના પ્રવાહને જોતા હતા તે જળ નિર્મળ હતું. બધેય ફેલાયેલું હતું. રંગબેરંગી તરંગોથી શોભતું હતું. ચંચળ નેત્રોવાળા જે મુનિઓના સ્વામી તે જળ જોઈને ઉમંગવાળા થતા હતા. નદીના નિર્મળ જળનો પ્રવાહ શાંતિથી વહેતો હતો.

અનેક પ્રકારની શોભાઓથી ભરપૂર તરંગો જાણે કે ભવસાગરને તરવા માટેની સીડીરૂપ તરીને વિમાનો ઉડતાં હોય ને શું તેવું ભાસતું હતું. લાંબા લાંબા દંડા વાળી ધજાઓ શોભતી હતી. જાણે સ્વર્ગમાં જવા માટેની સીડી ન હોય તેવું લાગતું હતું. જાતજાતના ષઢ ખેંચેલા નવરંગવાળી હોડીઓ જાણે જેમ ભાદરવામાં મેઘવિદાય વેળાએ મનોહર રંગવાળું વાતાવરણ હોય તેમ લાગતું હતું. આ રીતે તરનિ (નાવ)ની સાથે તરંગો શોભતાં હતાં. જાણે ધર્મદેવ પરિવારનો સ્પર્શ કરવા માટે તૈયાર ન થયાં હોય, તેમ લાગતું હતું. ધર્મદેવ પરિવાર સાથે સરયુ નદીના કાંઠા ઉપર ઉતર્યા ત્યારે ત્યાં જળનો ઓપ આકાશની સાથે સારો લાગતો હતો. નદીના તટ ઉપર ઉગેલાં નાનાં વૃક્ષો પાણી તરફ જુકેલાં હતાં. થલકમલ (ગુલાબના છોડ) જળની અંદર ફળની માફક શોભતાં હતાં. ભમરાઓ ફૂલનો રસ ચૂસીને શ્રીહરિના ગુણ ગાતા હોય ને શું તેમ ગુંજારવ કરતાં હતાં. કરંડ વકળ હંસધ્વજ જળકુકડાં વિગેરે બધાં કિલકારી કરતાં હતાં. પાંચ રંગના કમળફૂલ ખીલેલાં હતાં. તે અત્યંત શોભતાં હતાં. તેની મધુર સુવાસ મનને ખેંચનારી હતી. મંદ સુગંધવાળો પવન વાતો હતો. ધર્મદેવ પરિવાર સાથે પવનનું સેવન કરતા હતા. તે જ સમયે સારું નાવ ત્યાં આવ્યું. બધો જ સામાન તેમાં ભર્યો. ત્યાર પછી ધર્માદિ બધાં જ તેમાં બેઠાં. તેનો કર્ણધાર (નાવિક) તે નાવને ધીરેધીરે ચલાવવા લાગ્યો. દઢતાથી સામે પાર જવા લાગ્યો.

ધર્મદેવનું નાવ સામે કાંઠે પહોંચ્યું. સામાન બીજા ગાડાઓમાં ભરાવરાવ્યો. ત્યાર પછી ધર્મદેવે પોતાનું નિવાસ સ્થાન બરહટા નગર તરફ જવા વિચાર કર્યો. તે પહેલાં ધર્મદેવ ભક્તિમાતા સુવાસિની પુત્રો સર્વેએ સરયુમાં સ્નાન કરીને શરીરને શુદ્ધ કરવા માટે નિર્મળ જળમાં નહાવા પડ્યા ત્યારે પાણીના તરંગોથી આનંદ થતો હતો તે તરંગોનો સ્પર્શ થવાથી તરંગો ભંગ થઈ જતા હતા. શ્રીહરિએ સરયુમાં સ્નાન કરવા પ્રવેશ કર્યો ત્યારે કલોલ કરતી સરયુ શાંત થઈ ગઈ. શ્રીહરિની સહાય માટે સેવા કરવા લાગી. સર્જુ કહે છે, હે નાથ ! આજે મારો ભવ કૃતાર્થ થયો. હું પણ કૃતાર્થ થઈ ગઈ. આપના ચરણકમળનો સ્પર્શ થયો. તેથી મારો ઉદ્ધાર થયો છે. હે નાથ ! હું તો વિયોગિણીદીન છું કેમ કે ઘણા કાળથી આપના ચરણકમળનો વિયોગ થયો હતો. તેથી આજે સ્પર્શ થયો. આ રીતે વારંવાર ચરણ સ્પર્શ કરીને હવે મને પાપોને હરનારી નવારૂપે કરો. હે હરિ ! આપ પોતે જ સર્વ તીર્થને તીર્થરૂપ બનાવો છો. એના માટે જ આપે આ પૃથ્વી ઉપર અવતાર ધર્યો છે. આપ ભક્તજન સંતજનોને તારવા માટે પોતાના આશ્રિત કરીને સર્વોપરિ રહો છો. ભક્તોને મહાન બનાવો છો. પૃથ્વી ઉપર ધર્મસર્ગને વિસ્તારીને અધર્મને હરનાર તેવા હરિ આપ શત્રુ છો. અનંત જીવોના કર્મને બાળનારા તેના અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરીને શુદ્ધ કરવા વિચરણ કરનારા છો. આપ જીવના ભવસાગરની નૌકારૂપ છો. તમને ઓળખીને દઢ નિશ્ચયવાળાને પ્રમાણ કરીને તમારા ચરણના આશ્રયમાં રાખો છો એવા હે પ્રભુ મને પણ

આપના ચરણના શરણમાં રાખીને આપના એકાંતિક ભક્તની ચરણની દાસી જાણજો. મારી ઉપર કૃપા કરજો.

શ્રીહરિ કહે છે, હે સર્જુ ! તું મારે શરણે કાયમ રહેલી છે. તેથી તું પાપ હરણી ભવતરતી થઈ છે. એટલા માટે જ તને ચરણમાં વાસ આપ્યો છો. તું આજથી પાપ હરતી થઈ ગઈ. ત્યારે તે સર્જુએ હરિનાં નખશિખ પર્યંત સ્વરૂપને નિરખીને દર્શન કર્યાં. તેથી હરિને અને સર્જુને અતિ આનંદ થયો. એને રાજી કરીને હરિ સ્નાન કરીને જળમાંથી બહાર નીકળ્યા. ત્યાર પછી ભાઈની સાથે આનંદ વિનોદ કરતા હતા. શ્રીહરિએ સ્નાન કર્યા પછી શરીર ઉપર પવિત્ર શોભાયમાન વસ્ત્ર ધારણ કર્યાં. મુખથી મંદ મંદ હાસ્ય કરતા હતા. કેડ ઉપર મેખલાને પેરીને બાંધી તે શોભતી હતી. ઉદરની શોભા સારી હતી. દાંતો દાડમની કળી જેવા, કમળની પાંખડી જેવી જીભ, જાણે ચંદ્રમામાંથી અમૃત ઝરતું હોય ને શું ? તેમ લાગતી હતી. લોકોને રાજી કરવા માટે સર્વની વચ્ચે રહેતા હતા. પ્રસન્ન કરનારને ભવરોગમાંથી મુક્ત કરતા હતા. શ્રીહરિ સર્વની ઉપર વસતા થકાં ગજરાજ જેવી મંદ મંદ ચાલ ચાલનારા હંસ સમાન શોભા કરનારા સર્વના પાપોનો નાશ કરવા માટે ધર્મદેવના વંશમાં મનુષ્ય સ્વરૂપે પ્રગટ થયા છે. એ તમારી કૃપા છે. શ્રીહરિના મનોહર અંગોની શોભા જોઈને નગરના મનુષ્યોના મનને ખેંચતા હતા. ટોળે ટોળાં થયેલાં નર નારિજનો ઊભાં રહીને ચકિત થઈને જોતાં રહેતાં હતાં. મનમોહન પ્રભુ જનોનાં મનને મોહ પમાડીને લોકોના મનને ખેંચતા જોઈને, આવી રીતે અનંત જીવોના કલ્યાણ કરવાના હેતુથી ચાલતા થકા સુખ આપતા હતા. સર્જુ નદીના કાંઠા ઉપર આવેલાં મંદિરો ખૂબ જ શોભતાં હતાં. ઊંચાં એટલા બધાં હતાં કે જાણે વાદળાંમાં અડતાં હોયને શું ? તેના શિખરો ઉપરના કળશો ઝગઝગતાં હતાં. તેના ધ્વજદંડો એટલા બધા ઊંચા હતા તેમાં ધજાઓ ફરકતી હતી તેથી શિખરો ખૂબ શોભતાં હતાં. તે મંદિરો જાણે દિવ્ય વિમાનો ન હોય? તેમ તેની ઉપરથી, રસાઓ નીચે આવતી હોય તેમ દિવ્ય લાગતું હતું.આવાં એકાએક બધાં જ મંદિરો શોભતાં હતાં. તેની મૂર્તિઓની સેવા પ્રેમભાવમાં રત સજ્જનો કરતાં હતાં. સર્જુના તટ ઉપર આવાં મંદિરો તો અગણિત છે અને હજી બીજાં પણ બન્યા કરે છે તે નવીન જ લાગે છે. તેની ઉજ્જવળતા શોભે છે તે નદીનો ઘાટ પણ પંચરંગી મનોહર લાગે છે જાણે પનપટા ન હોય ? તેમ શોભે છે.

નદીના ઘાટને જે સ્પર્શ કરે છે તે લાંબા સમયથી જાણે પાપના સમૂહોને ધોતા હોય ને શું ? તે રીતે સ્થિર અને વ્યાપ્ત મનુષ્યો તેના તટ ઉપર ઘણાં સમૂહમાં તે પણ ઊભા ઊભા બેઠા બેઠા હરિ નામની રટના કરતાં જાપ જપતાં જોવામાં આવે છે. ધર્મકીશોર શ્રીહરિ આ રીતે સર્જુ ઘાટની શોભા જોતા થકાં ચાલતાં હતા પછી પ્રભુ અયોધ્યાપુરમાં પ્રવેશ કરીને લોકોનાં ચિત્તને ચોરતા થકાં જતા હતા. ધર્મસર્ગને વિસ્તારનારા હરિ બધાંને ફળ આપનારા શ્રીહરિને નગરના મનુષ્યોની દૃષ્ટિ યાચક બનીને જુવે છે છતાં જોવાથી તૃપ્તિ થતી જ નથી. જોયા જ કરે છે. પુરના માર્ગમાં રાજાઓના પ્રિય કરનારનાં મંદિરો આકાશ સુધી ઊંચાં ઊંચાં જાણે તેમના હાથ મેઘનો સ્પર્શ કરતા હોય ને શું તેમ લાંબા દંડા ઉપર ધજા શોભે છે. દેવોના સ્વર્ગવાસીયોના ઉદ્દેશ માટે જ છે કે શું ? તેમ શોભતા હતા. અમારી નગરીમાં હરિ આવ્યા છે. મંદ ભાગ્યવાળાને પણ શ્રીહરિએ મળવા પ્રવેશ કરેલો જ છે. તે મંદિરોના આરસપહાણના સ્થંભો જોવાથી તો જાણે પરવાળાના બનાવેલા ન હોય ? તેવા લાગતા હતા. દ્વારો ઉપર મોતીનાં તોરણો બાંધેલાં છે. તેથી શોભા વધે છે. મકાનો પંક્તિ બંધ બનાવેલાં છે. ઘરના દરવાજા બહાર ઈલાયચી સોપારીનાં વૃક્ષો કેળોના સ્થંભો શોભતા હતા એવા સુંદર શોભાવાળા માર્ગો હતા. માર્ગમાં નાના મોટાં બહુ જ હાટો અને હાટડીઓની બજાર આવી. તેમાં બહુ જ જનસમુદાય રહેતો હતો. તેથી ભીડ લાગતી

હતી. સોનાનાં નંગ જડેલાં આભૂષણો તથા મોતીમાણેકની હીરના દોરાવાળી માળાઓ શોભતી હતી. અતિ આકર્ષણવાળી વસ્તુઓ કિંમતી વસ્તુઓ વેપારીઓ જુદી જુદી લાવીને વેચતા હતા. જરિયાની વસ્ત્રો પંચરંગનાં માણસો નવાં નવાં લોકોને ફાવે તેવાં લેતાં હતાં. ત્રાંબાં પિત્તળ, અન્ય ધાતુનાં જાતજાતનાં અગણિત પડેલાં વાસણો દેખાતાં હતાં. બીજાં કાચનાં વાસણો જાતજાતનાં સુંદર આકારનાં અગણિત સંખ્યામાં પડ્યાં હતાં. આ રીતની સંપત્તિથી ભરપૂર શહેરને જોઈને ત્યાંના માર્ગો ભરપૂર હરિ જોતા થકા જતા હતા ત્યારે નગરનાં નરનારી પુન્યપ્રતાપી પવિત્ર મૂર્તિ હરિને પૂર્ણરૂપે જોઈને પોતાના ઉરમાં ઉતારતાં હતાં.

હે મુનિ ! આ રીતે ધર્મદેવનો પરિવાર અયોધ્યાપુરને જોતા થકાં ચાલ્યાં જતાં હતાં ત્યારે પુરનાં નરનારી ઘરડાં તથા નાનાં બાળકો સર્વે હરિને જોઈને પોતાના જન્મને સફળ માનતાં હતાં. આવી રીતે ધર્મદેવ પરિવાર સાથે શાખા નગર બરહટામાં આવ્યાં. ત્યાં પોતાનું અતિશય ઉજ્જવળ રહેલું ઘર તેમાં બધાં જ નિવાસ કરીને રહેતાં હતાં. પરમ શાંતિ થઈ. પરિવારના માણસો પુરનાં માણસો નાતનાં માણસોને ધર્મભક્તિ રામપ્રતાપ મળીને કુશળ સમાચાર પૂછ્યા અને એકબીજાના મનમાં મળવાથી ખૂબ જ આનંદ પામ્યા. હે મુનિરાજ ! જ્યારે ધર્મદેવને મળ્યાં ત્યારે બધાં જ માણસો આમ કહેવા લાગ્યાં. આપને મળવાથી તો અમને આનંદ થયો. તમે બહુ જ સારું કર્યું કેમ કે અત્યારે તમે અયોધ્યામાં નિવાસ કરીને રહેશો તેથી અમને પણ ખૂબ જ સુખ થશે. બધાં પુરનાં લોકો કહે, ધન્યભાગ્ય આ ભૂમિનાં જ્યાં આપનાં ચરણ પડ્યાં છે. અમારાં બધાનાં ધન્યભાગ્ય છે. કેમકે તમારો અમને સત્સંગ કરવાનો લ્હાવો મળ્યો. તમારા મુખનો સત્સંગ તો ખૂબ જ દુર્લભ છે. તમારો સત્સંગ તો દેવો, મનુષ્યો અને મુનિજનોને પણ મળતો નથી. કેમકે જેમના પુત્ર જ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છે એમના સમાગમને કોણ ન ઇચ્છે ? જે ન ઇચ્છે તે તો મંદભાગ્યવાળો છે. બધાં જ સંબંધીઓએ ધર્મદેવના બધા જ પરિવારને પ્રેમથી ખૂબ જ આગ્રહ કરીને જાતજાતનાં ભોજનો બનાવીને ભાવ કરી કરીને ખૂબ જ જમાડ્યાં. જમ્યા પછી ધર્મદેવ પોતાના ઘરે આવ્યા. ભક્તિમાતાએ પલાંગો બિછાવીને તૈયાર કરી આપ્યા. તેમાં શ્રી ઘનશ્યામ પ્રભુ પોઢ્યા તથા પિતા ધર્મદેવ અને રામપ્રતાપભાઈ તથા માતા ભક્તિમાતા પોઢી ગયાં. ત્યાર પછી સુવાસિની ભક્તિમાતાની સેવા કરવા માટે તૈયાર થયાં. ભક્તિમાતાની પગચંપી કરવા લાગ્યાં ત્યારે પ્રેમથી ભક્તિમાતાને પૂછવા લાગ્યાં કે ભક્તિ કેટલા પ્રકારની છે તથા તે ભક્તિ કરવાથી આપણા ઉપર ભગવાન રાજી થાય કે કેમ ? ભક્તિમાતા જુદી જુદી ભક્તિનાં અંગોની વાત કરીને સુવાસિનીને સમજાવતાં હતાં ત્યારે સુવાસિની તેને સારી રીતે સમજીને પોતાના મનને કૃતાર્થ માનતી હતી. આમ કરતાં થકાં માતા પ્રેમવતી નિદ્રાધીન થયાં ત્યારે સુવાસિની ત્યાંથી ઊઠીને ભક્તિમાતાના પગને વંદન કરીને હરિને જોવાનું મનમાં થવા લાગ્યું. ત્યારે માતાની નજીકમાં જ હરિ સર્વના પ્રાણ આધાર પોઢેલા હતા. હરિના ચરણકમળનો સ્પર્શ કરીને દૃષ્ટિથી હરિના રૂપને પોતાના હૃદયમાં ધારણ કરતાં હતાં. મંગલમૂર્તિ શ્રીહરિના રૂપને જોઈને મુખકમળનાં દર્શન કરીને આખા અધરોષ્ટને જોયા. લાલનાં નિદ્રામય લોચનો જોઈને જાણે સૂર્ય વિનાનું કમળ ખીલ્યું હોય ને શું ?

આ રીતે મહાત્મ્યયુક્ત હરિની મર્તિને પોતાના ચિત્તમાં પરોવીને હૃદયમાં ધારતાં હતાં. હરિની તથા માતાની સેવા કરીને ત્યાર પછી સુવાસિની પણ શયન કરતાં હતાં.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં ચોથા પૌગંડ રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારી રચિત છંદભાષામાં ધર્મદેવ પરિવાર આદિ અવધપુરમાં નિવાસ કર્યો તેની શોભા કહી તે નામે ત્રીજો તરંગ થયો. ॥૩॥**

# તરંગ-૪

પ્રતાસિંહ રાજા કહે છે, હે મુનિરાય ! ધર્મદેવનો સુખપૂર્વકનો નિવાસ તથા સખાઓના ઘેર શ્રી ઘનશ્યામ હરિ જાય તથા નગરના મનુષ્યો જોઈને એમનું સન્માન કરે તે આશ્ચર્યની વાતો મને કહો.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! સવારમાં વહેલા અરુણ શિખા ઉપર ધૂન થવા લાગી તે સાંભળીને વેધાપુત્ર ધર્મદેવ જાગ્રત થયા. જાગ્યા ત્યારે તરત જ શ્રીકૃષ્ણ પ્રભુનું સ્મરણ કરીને. શ્રીકૃષ્ણ મૂર્તિનું મનથી સેવન કર્યું. ધર્મનું વચન સાંભળીને શ્રવન ધ્વનિથી અનંત જાગ્રત થયા. હરિનું માતાસ્મરણ કરતાં માતા જાગ્રત થયાં અને સુવાસિની અંતમાં જાગ્રત થયાં. બ્રાહ્મમુરતમાં લોકોનો અવરજવરનો તમરાટ જોઈને ઉદયાચલમાં સૂર્ય ઉદય થયેલા જોઈને અવધપુર ઉદય થયેલું જોઈને હરિ પણ જાગ્રત થયા. બધાં જ કુટુંબે હરિનાં દર્શન કરીને સરજુમાં સ્નાન કરવા ગયા. સ્નાન કરીને નિત્યવિધિ કરીને ધર્મદેવ પોતાના ઘર પ્રત્યે આવ્યા. ઘરના કામમાં જોડાયા. ગ્રહમાં વાસ્તુકાર્ય કરવા માટે ધર્મદેવે જુદાં જુદાં પૂજા દ્રવ્યો મંગાવ્યાં. ધર્મદેવે બ્રાહ્મણો અને સંતોને આમંત્રણ આપ્યા. ઘરમાં ગ્રહમંગળ કાર્ય કરાવ્યાં. વિધિ ચાલુ કરાવ્યો. પોતાના ઘરમાં ધર્મદેવે અગ્નિહોમ કરાવ્યો. તેમાં ધર્મદેવે આહુતિ આપી. ત્યાર પછી રસોઈ બનાવરાવીને જુદાંજુદાં પદાર્થો બનાવરાવ્યાં. સંતો બ્રાહ્મણોને જમાડીને રાજી કર્યા. ભક્તિમાતાએ પોતાના પરિવાર માટે ફરીથી જુદાજુદા પાકો બનાવરાવીને તૈયાર કરાવ્યા. ધર્મદેવ આદિક આખા કુટુંબે પ્રેમપૂર્વક શાંતિથી જમ્યાં. ઘરને વિધિ કરીને વસ્તુઓ વ્યવસ્થિત કરીને ઘર સાફસૂફ સેવકો પાસે કરાવ્યું. ત્યાર પછી દરવાજાની શોભા કરવા માટે બારીઓ ઉપર જાળીઓ બારણાં કરાવ્યાં. શ્રીહરિનાં માતાપિતા તથા ભાઈ સર્વે બધાંને વાતાવરણની છબિ સારી સ્વચ્છ લાગી ત્યારે જુદાંજુદાં સ્થાનો બનાવીને ઘરો તૈયાર કરીને તેમાં પશુઓ ઘોડાં વાહનો વિગેરે સુખના સાધનો બાંધ્યાં રાખ્યાં.

ત્યારે ધર્મદેવની ઘરની શોભા તથા સુખ સંપત્તિની સમૃદ્ધિ જોઈને ગામનાં લોકોનાં મન તેમાં લોભાણાં તથા રત્નરુપ પોતાના ત્રણે પુત્રો તથા ધર્મદેવ ભક્તિમાતા સર્વે ઘરમાં નિર્ભયતાથી રહેતાં હતાં. ત્યારે દેવો મુનિજનો સાધુ સ્વભાવના ધર્મદેવ તેમનો સમાગમ કરવા ત્યાં આવતા હતાં ત્યારે ધર્મદેવ તેઓને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિની વાતો કરીને જુદાજુદા રૂપે બધાંને સમજાવતા હતા. ત્યારે ત્યાં અયોધ્યામાં પણ ધર્મદેવનો સમાગમ કરીને નવા ઘણા બધા શિષ્યો થયા અને અને જુના પણ ફરીથી ધર્મદેવના ઘેર આવતા હતા. જ્ઞાન મેળવતા હતા. આવી રીતે ધર્મદેવના નગરના મનુષ્યો ઉત્સાહથી ધર્મદેવના ઘેર આવતાં હતાં એમને આનંદ નવોને નવો જ રહેતો હતો. શ્રી ઘનશ્યામ પ્રભુનાં દર્શન કરવાનું નક્કી કરીને હરિને ચાહતાં થકાં રાત દિવસ સતત આવતાં હતાં. દર્શન કરીને દરરોજ નવો નવો પ્રતાપ જોઈને તે હરિના રૂપમાં ખૂબ જ મંગળમય સુખ પામતાં હતાં. અયોધ્યાપુરનાં મનુષ્યોનાં બાળકો શ્રી ઘનશ્યામના બહુ જ સખા બન્યા. શ્રીહરિમાં હેત કરીને શ્રીહરિની મૂર્તિને જોવા દર્શન કરવા તેમના મનમાં ખેંચાણ થતું હતું. આંખો જોયા જ કરતી હતી. પુરનાં બાળકોના મનમાં આનંદઉત્સાહ વધારવા માટે શ્રીહરિ સખાઓની સાથે અનેક ખેલો કરતા હતા અને કરાવતા હતા ત્યારે આ લીલાને જે જુવે તે પોતાને ધન્ય ધન્ય માની જન્મ કૃતારથ થયો એ પ્રમાણે માનતા હતા. અયોધ્યાપુરની વચ્ચે બરહટા શાખા નગર આવેલ છે તેમાં ચારે વરણનાં લોકો રહેતાં હતાં. તેઓ હરિદર્શનની અભિલાષાવાળાં હતાં. તેથી તેઓ કાયમ ધર્મદેવની સાથે જ્ઞાનસમાગમ કરતાં હતાં અને હરિનાં દર્શનનું સુખ પામતાં હતાં. રામઘાટ

નજીકમાં જ રહેવાનું હતું. તેથી સરજુ નદીમાં સ્નાન કરવા મનમાં ભાવ થતો હતો ત્યારે બાળકોને રાજી કરવા માટે એમના મનોભાવો પૂર્ણ કરતા હતા. તેઓનાં ત્રણે પ્રકારનાં તાપો અને પાપોને ટાળી નાંખતાં હતાં.

હે રાજન્ ! આ શ્રીહરિનાં ચરિત્ર જોવા દેવો, મુનિઓ, મનુષ્યો, સંતો સર્વે જોઈને બધાં જ ખૂબ જ આનંદ પામતાં હતાં ત્યારે શ્રીહરિની શું વાત કરું. કેમકે શ્રીહરિની પૌગંડ વયની લીલા રતન્નું મનોહર ચરિત્ર છે. રામઘાટની ઉપર શ્રીહરિના સખાઓની ખૂબ જ ભીડ થઈ. સ્નાન કરતાં હતાં ત્યારે આકાશમાં દેવવિમાનો જોવા માટે છવાઈ ગયાં તે જોવા મોટામોટા પણ આવતાં હતાં. કેટલાંક તો મોટા હોવા છતાં પૌગંડ જેવા થઈને હરિની સાથે રમતાં હતાં. કેટલાંક તો જળનો સ્પર્શ થયેલો તે જળ પીતાં હતાં અને આનંદપૂર્વક હરિગુણ ગાતાં હતાં. શ્રીહરિ સખાઓની સાથે જળમાં જળક્રીડા કરે છે. બધાંને આનંદ આપે છે. દેવતાઓ આ લીલા જોવા આવ્યા છે ત્યારે તેમને જોતાં થકાં ઉપરા ઉપરી જળમાં છલાંગો ભરે છે ત્યારે બ્રહ્માજી મધુરવાણીથી પ્રભુની સ્તુતિ ભાવપૂર્વક કરે છે ત્યારે મદથી મત્ત થયેલા ભમરાઓ ચરણકમળમાં સેવન કરે છે. મોટા મોટા દેવરાજ મોટા ધનવાન પાસે રાંકું. ભીખ માંગે તેમ શ્રીહરિના ચરણકમળમાં નમન કરતાં પુષ્પની ભેટ અર્પણ કરે છે. શ્રીહરિ જેમ પુરનાં બાળકો ઉપર પડે તેમ મુનિજનો અને દેવતાઓ ઉપર પણ ચરણનો પ્રહાર કરીને ચરિત્ર કરે છે. શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ સરજુમાંથી સ્નાન કરીને બહાર નીકળ્યા આવીને વસ્ત્ર આભૂષણ ધારણ કર્યાં તૈયાર થઈને સખાઓની સાથે પુરમાં જવા લાગ્યા ત્યારે ચાલતા હરિને પુરની નારીઓ જોવા લાગી. અલી સખી જોતો ખરી આ બાલ લાલવર કેવો સુંદર રૂપરૂપનો રાજા હોય તેવો શોભે છે. મારી ઇંદ્રિયો મનની વૃત્તિ બધું જ જીવસહિત એ બાલપ્રભુમાં ખેંચાય છે. એટલો બધો સુંદર છે. ઓ સખી આ બાળક કોઈક ઈશ્વર છે તે મનુષ્યનું રૂપ લઈને ગુપ્ત રીતે રહેલા છે. જેમ ગુપ્ત અગ્નિ હોય તેમ આ બાળકમાંથી આ લાલો જરૂર દેવો મુનિજનોનું રક્ષણ કરતા તેનું પાલન કરનારા જ છે. આમ કહે છે ત્યાં તો બીજી બાઈ બોલી એલિ સાંભળ મેં સાંભળેલ છે કે આ ધર્મદેવ છે તે છપૈયાપુરના વાસી છે. તેઓ પરિવાર સાથે અહીં અયોધ્યામાં રહેવા આવ્યા છે એવી વાતો થતી મેં સાંભળેલી છે. એમનો જ આ ચમત્કારિ લાલો બધાને આકર્ષણ કરનારો છે. તે ધર્મદેવના આ પુત્ર શ્રી ઘનશ્યામ છે અને એમના મોટા પુત્ર અનંત રામપ્રતાપ સર્વના સુખકારક છે તથા જેમની માતા તે પ્રેમવતી નામનાં છે. તેણિની પતિવ્રતા વ્રતને દૃઢતાથી પાળે છે એ બધી પતિવ્રતાઓમાં મુખ્ય છે. ત્યારે એક ત્રીજી નારી કહેવા લાગી કે હે સખિ ! આ બાળકનું તો મેં પણ એક પરાક્રમ સાંભળેલ છે. તે વાત તો અતિ આશ્ચર્યની છે. આ બાળકના જન્મના સમયમાં છપૈયાપુરની નારીઓએ તેજના અતિશય સમુહમાં આ ઘનશ્યામને જોયા હતા આ ઘનશ્યામ હરિએ પોતાની છઠ્ઠીના દિવસે રાતના સમયે અતિ ભયાનક મહાઘોર કૃત્યાગણ તેને પોતે દૃષ્ટિમાત્રમાં જ ભય પમાડીને ભગાડી મૂકી હતી. તથા માતાપિતાને બીજા વર્ષનાં સમયમાં આ ઘનશ્યામે પોતાને ચાર સ્વરૂપે દર્શન આપ્યાં હતાં. ચાર સ્વરૂપે દર્શન કરાવીને બધાને નિશ્ચય કરાવ્યો હતો. અને માતાને પોતાના મુખમાં જ બ્રહ્માંડ દેખાડીને અક્ષરધામ દેખાડેલું હતું તથા ત્રીજા વર્ષમાં આ ઘનશ્યામે જ કાલિદત્ત નામના મહાભયંકર અસુરને માર્યો હતો. અને ચોથા વર્ષમાં પોતાના સખાઓને પોતાના ચરણકમળમાં ત્રણ પ્રકારના ગુણનું સુખ બતાવેલું હતું. પોતાનું ધામ બતાવેલ તથા અતિ અહંકારી મહાઅભિમાની એવા ઉદ્ધત મલ્લને પોતાના પરાક્રમથી એના પાપે જ પોતાના સખાઓને આનંદ પમાડવા માટે જાંબુફળો ખવરાવવાના નિમિત્તે તે દૈત્યના અભિમાનને તોડવા તેના ઐશ્વર્ય પ્રતાપથી હાથ તોડિ નાંખ્યો એથી માન ભંગ કર્યો.

આ રીતે અનંત પ્રકારે પોતાનો પ્રતાપ બતાવીને દૂષ્ટ જીવોને ભ્રમરની રીતે સમજણ આપીને બોધ કરાવ્યો. હવે આ પુરમાં આવ્યા છે. પોતાને પ્રિય ભક્તોને હૃદયમાં જ્ઞાનનું અજવાળું કરવા પધાર્યા છે. આમનાં મામી જે સુંદરી બાઈ નામનાં છે તેમને અમારો સારો સંબંધ છે. અમારા નજીકના સગા છે. એમણે અમને હરિના પ્રતાપની વાત કરેલી તે સાંભળેલી વાત તમને કહું છું તે સત્ય જ વાત છે. આ ઘનશ્યામ પધાર્યા તેથી આપણે તો ધન્ય ધન્ય થઈ ગયાં છીએ. કૃતાર્થ થયાં છીએ. આમનો મહિમા સમજીને એમનું સ્મરણ કરે તો બધા જ મનોરથ પૂર્ણ થાય છે. અયોધ્યાની શાખા નગર બરહટા નગરમાં એમના ઘરમાં આપણે દરરોજ જઈને દર્શન કરીએ હરિની સાથે સ્નેહભાવથી મળીને મનને આનંદ પ્રાપ્ત કરીએ. ત્યાંથી પ્રભુ બીજી ગલીમાં સખાઓની સાથે ગયા તે તો અનંત જીવોનાં કલ્યાણ કરવાનાં હેતુસર જાય છે. એમનાં મનને પોતાના સ્વરૂપમાં ખેંચે છે. શ્રીહરિ રાજી થતા થકા સખાઓની સાથે ગલીઓમાં ફરતા થકા સર્વ જીવોને નિશ્ચય કરાવતા થકા બધાંને મોહ જગાડીને ચાલ્યા જાય છે અને ફરતા ફરતા જ્યારે સખાઓ ઘનશ્યામને જોવે ત્યારે કહે આવો મારા પ્રિયસખા આમ કહીને પોતાને ઘેર બોલાવે છે. ત્યારે હરિ સખાના ઘેર જાય શ્રીહરિના મુખકમળને જોઈને સ્ત્રીઓ આનંદ પામે અને પોતાના પુત્રને પૂછે આ કોનો પુત્ર છે ? ત્યારે બાળક કહે, આ તો હરિપ્રસાદના પુત્ર છે અને અમારા ખાસ મિત્ર છે. આમ કહે. આવા પુત્રને જન્મ આપનારી માતાને ધન્ય છે અને પિતાને પણ ધન્યવાદ છે. કે આવા પુત્રના માતા-પિતા થયા. હે પુત્ર ! તમે વારંવાર અમારે ઘેર આવતા રહેજો. આમ કહીને તે બધાએ હરિનાં મીઠણાં લીધાં. ત્યારે ફરી પાછી એક બીજી બાઈ પોતાના પુત્રને કહે કે તારા મિત્ર ઘનશ્યામને આપણા ઘેર બોલાવીને લાવજે. ત્યારે તે હરિનો મિત્ર હરિને કહે પ્રિય પ્રાણ તમે મારે ઘેર પધારવા અમારી ઉપર કૃપા કરો. ત્યારે હરિ એમના ઘેર એમના મનના ભાવને પૂરા કરવા જવા તૈયાર થયા. હરિ કહે, મારા પ્રિય હું તમારે ઘેર જરૂર આવીશ. આમ કહીને હરિ એમના ઘેર ગયા ત્યારે તે બાઈ હરિને નિરખીને જોવા લાગી. આમ કહીને હેત જણાવીને ખૂબ પ્રેમથી આસન આપ્યું અને હરિને હેતથી જમાડવા માટે પાત્રો ભરીને મીઠાઈ લાવ્યા. એને હરિ હેતસહિત જમ્યા અને હે મુનિપતિ ! હરિએ જળપાન કર્યું. ત્યાર પછી સખાઓની સાથે શ્રીહરિ પોતાના ઘર તરફ જવા લાગ્યા. સખાઓના સમૂહમાં હરિ ચાલ્યા જતા હતા. ચાલતા હરિને જોઈને મન મોહ પામી ગયું. હરિના આશ્રયથી હરિના ગુણને ગાતાં હતાં. ચૈતન્યરૂપ હરી લોકના મનને ચોરી લે છે. આ રીતે શ્રીહરિ સ્વામી ધીરેધીરે પોતાના ઘેર આવતા હતા અને લોકોનું મંગળ કરતા હતા. ભક્તિમાતા સુવાસિની ભાભી હરિના રૂપને જોઈને મનમાં પૂર્ણ સુખવાળાં થયાં. પૂર્ણ મનોકામનાવાળા થતાં હતાં. સખાઓની સાથે પ્રિય કરવા ગયા હતા. તેથી ઘણું જ મોડું થઈ ગયું તો પણ ન આવ્યા, શું થયું હશે ત્યારે એક હરિના સખા માતાને કહેવા લાગ્યા, હે માતા ! સાંભળો. હું અમારા ઘરે તેડી ગયો હતો. તેથી વધારે સમય થઈ ગયો છે. ત્યારે હરિને માતા છાતીએ લગાવીને મસ્તકને સુંઘતાં હતાં. તેને પ્રિય કરતાં કહેતાં હતાં, ભૂખ લાગી હશે ત્યારે ક્યાં જમ્યા હતા. હે મારા પ્યારા, હું તમારી ઉપર વારી જાઉં. મારા નેત્રના તારા તમે તો મને વહાલા છો. ત્યારે માતા પ્રેમવતી સુવાસિનીને કહે, હરિને તમે જઈને જમાડી આવો ત્યારે સુવાસિની હરિને હેતથી ભોજનશાળા તરફ લઈ ગયાં. ત્યાં શુદ્ધ જળથી હરિને ખૂબ જ ચોળીને નવરાવતાં હતાં. ત્યાર પછી ધોયેલાં વસ્ત્રથી અંગો ચોળીને લૂછતાં હતાં. અને પીળાં સારાં વસ્ત્રોને ધારણ કરાવતાં હતાં. ત્યાર પછી હરિને જુદાંજુદાં અનેક ભોજનો ભાવથી જમાડતાં હતાં. જમ્યા પછી શુદ્ધ જળથી મુખકમળને તથા હાથને ધોવરાવતાં હતાં. મુખવાસ આપ્યો તે હરિ લઈને જમતા હતા.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન ! હરિ જમીને આવીને પિતાજીની પાસે બેઠા ત્યારે માતા અને ભાઈને મનમાં ખૂબ સારું લાગતું હતું. હરિ બધાની સાથે બેઠા બેઠા વિનોદ કરતા હતા. દરરોજ નવો નવો સ્નેહ ઉભરાતો હતો.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં ચોથા પૌગંડ રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિ પુરનાં મનુષ્યોના ઘર પવિત્ર કર્યાં તે તથા સરજુ જળમાં લીલા કરી તે કથન નામે ચોથો તરંગ. ॥૪॥**

# તરંગ-૫

રાજા પ્રતાપસિંહ કહે છે, હે વર્ણિ ! ધર્મદેવના મિત્ર રુદયરામ એમને આશ્ચર્ય જણાતું હતું અને ધર્મદેવ જ્યારે હરિના મહાત્મ્યનું વર્ણન કરતા હતા ત્યારે ચકિત થતા હતા પણ જગતમાં પૂજન તો ધર્મપરિવારનું જ થાય છે. એક દિવસ હરિ પોતાના ઘેર જ સખાઓની સાથે રમતા હતા ત્યારે માતાપિતા મોટાભાઈ રામપ્રતાપજી હરિને રમતા જોઈને બધાના મનમાં આનંદ થતો હતો. શરદઋતુના કમળ દળ સમાન મુખ ઉપર નેત્રકમળ તથા શરદઋતુના કમળસમાન કોમળ કાયા શરીર મનોહર કલ્યાણદાતાનું શોભતું હતું. હરિ સખાના ગળા ઉપર પોતાનું બાવડું રાખીને તેના શરીરને નમાવતા હતા. તેની શોભા શું કહું ? એ તો મિત્રના મનને તે ખૂબ જ પ્રિય અને મનોહર સુખ થતું હતું. સખાના કાન પાસે મુખ રાખીને કોઈ મંત્રતંત્રનો અર્થ કહેતા હોય અથવા તો મનને સ્થિર કરવા માટે લોભરહિત ઉદારતા તેમજ દૃષ્ટિ (નજર) ભરપૂર શોભાસમાન હતાં. ઘનશ્યામ એમનાં ડાબા ભાગના કાનને પિતા ભાઈની વાત સાંભળવામાં પ્રેરેલ હતું. તેથી લોકોના મનને મોહ કરાવવા માટે હરિ પોતે જાણે સૂર્ય ઉદય થાય ત્યારે કમળો ખીલે છે તેમ શોભતા હતા. ધર્મદેવનું ઘર તે માનસરોવર જેવું છે. તે ઘરમાં જેમ માનસરમાં હંસ વસે છે તેમ ધર્મદેવના ઘેર પવિત્ર જીવાત્માઓ વસે છે. તેઓ હરિ ગુણરૂપી મુક્ત મોતિનો ચારો ચરે છે. તેના માટે કાયમ અનેક ભક્તજનો આવતા જ રહે છે. તે જ સમયે એક રુદયરામ નામના બ્રાહ્મણને તે હરિનાં પવિત્ર ચરિત્રને સાંભળવાના હેતુ માટે ધર્મદેવના ઘેર આવ્યા. તે નવા આવેલા ધર્મદેવના મિત્ર એમને ધર્મદેવે બેસવા માટે આસન આપ્યું અને સત્કાર કર્યો ત્યારે તે વિપ્ર દેવશર્મા (ધર્મદેવ)ને કહેવા લાગ્યા કે હું આપનાં દર્શનથી હું પાપથી મુક્ત થયો છું. તમે બંને દંપતિ (પતિપત્ની) બંને દેવ સમાન છો. કેમકે તમે બંને સનાતન ધર્મને અતિશય દૃઢતાથી સેવો છો. તમને તે અતિપ્રિય છે તથા તમારા ત્રણે પુત્રો પણ ઈશ્વર જેવા જ સુંદર છે. તેમાં પણ બધાથી વધારે ચમત્કારવાળા તો ઘનશ્યામ છે. તમે જ્યારથી આ પુરમાં પ્રવેશ કર્યો છે. ત્યારથી રસ્તામાં આવતાં જતાં કાયમ જોયા કરું છું. દરરોજ તેઓ મારી નજર આગળ જ ફરે છે. તેથી તમારા પુત્ર ઘનશ્યામ તો અલૌકિક મૂર્તિ જ છે. હું જ્યારે કામકાજમાં જોડાઉં ત્યારે જાગૃત કે સ્વપ્ન દરેક અવસ્થામાં તમારા પુત્રને સર્વના સ્વામીને જોઉં છું. ભૂમિ ઉપર આકાશમાં કે દશે દિશાઓમાં તથા સ્નાન કરવાના સ્થળો, રમવાના સ્થળોએ બધે જ ઘનશ્યામને જોઉં છું.

હે ધર્મદેવ ! આ તમારા પુત્ર ઘનશ્યામને હું કાયમ મારી નજર આગળ જોયા જ કરું છું. તેથી નિશ્ચય જ આ ત્રણમાંથી એક કોઈ જરૂર સર્વ ઈશના ઈશ જ છે. તે નિશ્ચય જ હું કહું છું. મને પૂરો અનુભવ થયો છે. તેનું કારણ હું તમને પૂછું છું. તમારી પાસેથી ધર્મનું જ્ઞાન મેળવવા આવ્યો છું. તેથી જે વાત હોય તે સત્ય જ જણાવો. કેમકે તમે બધા મર્મને જાણનારા છો. ત્યારે ધર્મદેવ કહે છે, હે સયાના તમે સાંભળો. તમે પૂછ્યું તેનો મર્મ કહું છું. આ વાત કાંઈ કહેવાથી સાચી ન થઈ શકે. પરંતુ આમનાં દર્શન કરવા માટે અનંત દેવો બ્રહ્મા વિષ્ણુ

આદિક શિવ વિગેરે બધા દેવો સતત ઝંખના કર્યા કરે છે. સર્વે ઋષિમુનિઓ હરિના ચરણકમળનું પૂજન કર્યા કરે છે. જપ યજ્ઞ તથા મહાયાગ કરીને સ્તવન કરે છે. યોગીજનો યોગ સિદ્ધ કરીને યોગધ્યાન કર્યા કરે છે. પોતાના બ્રહ્મરંધમાં હરિનાં દર્શન કરે છે. મનના રોગોથી પર રહે છે. મુક્તિ પામે છે. અનંત મુક્તો હરિનો જાપ જપ્યા કરે છે. સંતજનો સાત્ત્વિક શુદ્ધ હૃદયથી હરિનું ભજન કર્યા કરે છે. આ રીતે હરિ અનેકવાર આશ્ચર્યકારક ઐશ્વર્યને જુએ છે. અમે બંને સર્વ રીતે અનુભવ જ્ઞાન મેળવેલ છે. બીજા બ્રાહ્મણોએ પણ જોયાં છે. જગતનું સર્જન પાલન લય સર્વે ઈશ્વરો કર્યા કરે છે. તે પણ સર્વના અધિષ્ઠાતા આ હરિ જ છે. એમની દૃષ્ટિ નીચે સર્વે ચાલે છે. આ ઈશ્વર તો બહુ મોટા છે. એમનું ઐશ્વર્ય અપાર છે. તેને નિગમ આગમ પણ કહેવાને સમર્થ થતા નથી.

આ રીતે અનંત ઐશ્વર્ય પ્રતાપને લીધે આ બાળકરૂપે પોતે અત્યારે બ્રાહ્મણ બાળકરૂપે છે. આ અમારા પુત્ર તો સર્વના નિમિત્ત માત્ર છે. એ પોતે તો પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પોતે જ મૂર્તિમાન છે. માર્કંડેય મુનિએ આમનું ભવિષ્ય કહેલ છે તથા અનંતના પોતે ભાગ્યરૂપે રહ્યા છે. એમની કહેલી ભવિષ્યની વાતો દરરોજ નવી નવી જ જોવા મળે છે. એવા સર્વ મુનિના નાયક સર્વના સુખદાતા આ પોતે જ નારાયણ છે. સર્વ સુખના દાતા જાણે છે. તો જ જીવને પરમ સુખ મળે છે. હે દ્વિજ ! આપને હું સત્ય વાત કહું છું. આમને મેળવવા ખૂબ જ તપ કર્યું ત્યારે પુત્ર પ્રાપ્ત થયા છે. ઉગ્ર તપસ્યા કરી ત્યારે એ તે હરિએ દર્શન દઈને કહ્યું ત્યારે હરિને જ પુત્રરૂપે માંગણી કરી. તેથી સર્વના કલ્યાણ રૂપ અમારું હૃદય આ હરિ સર્વના સ્વામી છે. સર્વે જાણનારા છે. આ હરિના રક્ષણ કરવા માટે જ આ પુરમાં આવવાનું થયું છે એ તમે જાણજો. બ્રાહ્મણ કહે છે, હે ધર્મદેવ બધાનાં કલ્યાણ માટે આ પુર અયોધ્યામાં જ રહો તો બધાને હરિનાં દર્શન, ચરણસ્પર્શ તથા વચન સાંભળવાથી અયોધ્યાપુરનાં મનુષ્યોનાં પરમભાગ્યની વાત છે. બધાનાં પાપો તથા દુઃખો તથા તાપની શાંતિ થઈ ગઈ. અનેક જન્મનાં કરેલાં જપ તપ હોમ તેના લીધે તમારા પુત્ર સાચે જ સર્વના તારનારા છે. હે ધર્મદેવ ! તમે પણ ભાગવત જીવ છો. તેથી જ તમને આવા અલખ અનંત અભયદાતા છો. તે જ વિપ્રધર્મદેવને કહે, તમારા કુટુંબનું પૂજન કરવાનું મારે મન થયું છે. માટે પૂજનસામગ્રી મંગાવી ચંદન પુષ્પ વિગેરે બધું જ તથા વસ્ત્ર આભૂષણ અર્પણ કર્યાં.

હે રાજન્ ! પૂજનમાં પહેલાં ધર્મદેવનું પૂજન કર્યું. વસ્ત્ર અને ચંદને કરીને યોગ્ય રીતે પૂર્ણ કરીને પછી મોટા પુત્ર રામપ્રતાપજીનું પૂજન કર્યું અને જેનાં દર્શન તો દેવોનેય અપ્રાપ્ય છે તે અનાયાસ થયાં છે. ત્યાર પછી શ્રી ઘનશ્યામ પ્રભુનું પૂજન કર્યું ત્યારે તે વિપ્રને ખૂબ જ પ્રેમ પ્રગટ થયો હતો. પૂજન કરીને આસન ઉપર બેસાર્યા. જુદાં જુદાં અંગોનું પૂજન કરીને સુખ પ્રાપ્ત કર્યું. કેસર મિશ્રિત સુગંધ દ્રવ્યથી ભાલમાં ચાંદલો કરીને કંઠમાં પુષ્પની માળા પહેરાવી પાઘમાં તોરા ધારણ કરાવ્યા. મસ્તક ઉપર ફૂલનો ગજરો ધારણ કરાવ્યો. હાથમાં ગજરા બાંધ્યા. કાન ઉપર પુષ્પનાં ગચ્છ ધરાવ્યાં. પંચ પ્રકારનાં પંચરંગી શોભતાં હતાં. આ રીતે મંગલ મનોહર મૂર્તિનાં પ્રત્યેક અંગ નવીન રંગવાળાં શોભતાં હતાં. અંતમાં રામાદિ જે પ્રથમ ચરણકમળને સ્પર્શ કરીને હૃદયમાં તેનો સ્પર્શ કરાવ્યો. ચરણરજને મસ્તક ઉપર ધારીને પોતાને કૃતાર્થ માનતા હતા. પોતાના જન્મને સફળ થયેલો મનાવતા હતા.

પછી પૂજવામાં હરિનાં માતાજીએ ઈચ્છારામજીની સાથે પૂજન કર્યું. સુવાસિનીનું પણ પૂજન કરીને હરિની સ્તુતિ પ્રાર્થના કરતા હતા. મનમાં ગદ્ગદ્ થતા હતા. હે જગતના પાલનપોષણ કરનારા ! હે પૂરણ પરબ્રહ્મ ! સર્વને સુખ આપનારા આ જયજયકારને પામો. હે સચ્ચિદાનંદ ! અનંત રૂપવાળા અનંત મુક્તો તથા સંતો અનંત

કાળથી ભજન કર્યા કરે છે એ પરબ્રહ્મ આપનો જય જયકાર થાઓ. હે અનંત બ્રહ્માંડોના ઈશ્વરોના ઈશ્વર ! અશેષ આદિ તેમના આપ માર્ગદર્શન આપનારા છો. સર્વ જગતના આપ ઈશ સ્વામી છો. આપને આગમો નિગમો ન ઈતિ ન ઈતિ ગાયા કરે છે. ષડ્ ઐશ્વર્યયુક્ત આપનું સેવન કર્યા કરે છે. આપ જ્યારે મનુષ્ય અવતાર ધરીને પ્રગટ થયા ત્યારે નવીન મેઘની વીજળી સમાન પીળાં વસ્ત્રો ધારણ કરેલાં. તેનાંથી આપ ખૂબ જ શોભતા હતા. સર્વને સુખ આપનારા એવા મનોહર સ્વરૂપવાળા આપ સર્વ અવતારના કારણ છો. સર્વના સ્વામી છો. છપૈયાપુરમાં બાળકોની સાથે વિચરનારા કૃત્યાગણ તથા કલિદત્ત આદિ અસુરોના શત્રુ એવા તેનો નાશ કરનારા હે પુરુષોત્તમ નારાયણ ! નરવિર એવા ઘનશ્યામ હરિકૃષ્ણ પ્રભુ સર્વને ધીરજ આપનારા આપનો સર્વત્ર જય જયકાર થાઓ. બધાં કારણોના કારણ બધાં જ કાર્યોના પ્રેરનારા એવા હે પ્રભુ ! આપની મરજીથી જે આવે છે તે બધામાં કાંઈ ફેર હોતો જ નથી. કેવળ તલભાર જ ફેરફાર જણાય છે. એ આપનો પ્રતાપ છે. ગરીબના દયાળુ સ્વામી દયાના સાગર દુઃખમાં પડેલાં ને સુખ આપનારા સર્વના સુખ સ્વરૂપ એવા ધર્મભક્તિના પુત્ર ધર્મને ધારનારા, ધર્મનીધુરાને ચલાવનારા એવા આપ સર્વોપરિ રૂપે પ્રગટ થયા છો.

હે બ્રહ્મદેવ ! તમારું સારું થાવ. તમે સાચું જ સમજ્યા છો. વેદની શ્રુતિ પ્રમાણે સમજવાનું છે તે જ સત્ય છે તે જ દેહ ધારીને આ ફળ મળેલ છે અને પ્રગટ હરિમાં પ્રેમ થાય છે. પરમપદને પામે છે. હે બ્રહ્મદેવ! અનેક જીવો જ્ઞાનના અંતને પામીને આ ઉચ્ચ કુળમાં જન્મને પામે છે. હરિના ચરણકમળમાં આશ્રય કરીને ભ્રમરાની માફક દૃઢ રહે તો નિશ્ચિત સ્થાને પહોંચે છે.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં ચોથા પૌગંડ રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ વર્ણવેલ છંદભાષામાં ધર્મદેવ રુદયરામ સંવાદમાં શ્રીહરિનો મહિમા કહ્યો એ નામે પાંચમો તરંગ થયો. ॥૫॥**

# તરંગ-૬

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! એક વખતની વાત છે. તેને સાંભળો. શ્રી ઘનશ્યામ પ્રભુ સખાઓની સાથે એક દિવસ સુંદર બાગ હતો. તેને જોવા માટે ગયા ત્યાં સર્વેજનોના મનને હરતા હતા.

પ્રતાપસિંહ રાજા કહે છે, હે મુનિવર ! આપ હરિની લીલા બગીચામાં ફરવા ગયા તે સમયની છઠ્ઠા વર્ષની જે થઈ હોય તે વિસ્તાર કરીને સંભળાવો. મારે સાંભળવાની ખૂબ જ ઈચ્છા છે.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! શ્રી ઘનશ્યામ હરિ પ્રાતઃકાળમાં વહેલા જાગીને નિત્ય નિયમ મુજબ શૌચક્રિયા કરીને પરવાર્યા પછી ધર્મદેવ પિતાના ચરણવંદન કર્યાં. ત્યાર પછી ભાવનાપૂર્વક ભોજન કરી માતાએ ધર્મદેવની સાથે પુત્રોને જમાડીને તૃપ્ત કર્યા. જમીને પરવાર્યા એટલામાં જ હરિના સખાઓ આવીને હરિના નાના ઘરમાં ભેગા થયા. તેમાં ગંગા, બિસુન, ભવાનિ, લક્ષા, માધવ, પ્રાગ, રામરતન, ગુનસાગર, સીમા રામધન, મલ્લ ભીમ જેવો બળવાન તથા કૃષ્ણદત્ત, બદ્રિદત્ત, વરુનદત્ત વૃંદાવન આદિક સર્વકુમારો હરિના સખાઓ ચારે વર્ણનાં સાથે મળીને તેઓ ચતુર હોંશિયાર કૌશલ્યવાળા હરિની પાસે આવ્યા. તે સર્વે મિત્રો હરિના મુખને જોવા ચોમેર જેમ ચંદ્રને જુવે તે નેત્રથી હરિના મુખકમળનો અમીરસ પાન કરતા હતાં. ચંદ્ર ઉદય થાય ત્યારે કમળો ખીલે તેમ બાળકોનાં મુખ પણ હરિના મુખકમળમાંથી પ્રેમની અમી રસનું પાન

કરતાં થકાં આનંદથી વિકસતા હતાં.

હે રાજન્ ! ધર્મનંદન ભગવાન સખાઓની વચ્ચે મંદહાસ્ય મુખ કરતા થકા જેમ આકાશમાં ગ્રહ નક્ષત્ર મંડળમાં ચંદ્રમા શોભે તેમ સખાઓના વચમાં શોભતા હતા. અમૃતમય અમી દૃષ્ટીથી મિત્રો ઉપર કૃપા કરીને સ્નેહ દર્શાવતા હતા. શ્રીહરિ જગતવંદ્ય પ્રભુના સખાઓ છંદમય વાણિથી ગાતા હતા. હરિની કૃપાથી આનંદના સાગરમાં બંધુઓ પડ્યા તેથી જગતમાં આંધળા થયેલા જાણતા ન હતા. પરંતુ હરિના રસચાહકો આનંદ પામતા હતા. ગંગાલિસુ ઉમંગથી રાગ કરીને હરિને કહેવા લાગ્યા કે પશ્ચિમ દિશામાં આવેલ બાગ જોવા જવાની મનમાં બધાં બાળકો ઈચ્છા રાખે છે. ત્યારે હરિ રાજી થતા આનંદપૂર્વક ઉઠીને જીવાત્માના મનના ભાવને પૂર્ણ કરવા માટે માર્ગને શોભાવતા થકા માર્ગમાં ચાલતા હતા તે તો અવધપુરને મનોહર સુખધામ બનાવવા માટે ચાલ્યા. શ્યામકમળ શ્વેતકમળ જેમ સૂર્યના પ્રકાશ જોઈને ખીલીને ખૂબ જ પ્રફુલ્લિત રહે છે તેમ અયોધ્યાપુરનાં નરનારીજનો સૂર્ય સમાન મનોહર મૂર્તિ હરિને જોઈને તત્પર રહેતાં હતાં. રૂપના રાજાનું રૂપ જોઈને દર્શન કરીને ભવસાગરનાં બંધનો ટળી જાય છે. મુક્ત બને છે. જોઈ જોઈને બીજાને સમજાવે, દર્શન કરાવે, તેનાં પણ ભય દુઃખ ટળે છે. જ્યારે દૂર જાય છે ત્યારે તેના વિરહથી મનમાં લગારેય શાંતિ રહેતી જ નથી. ઉચાટ થાય છે. મનમાં બળતરા થાય છે. વિરહથી હરિ ચાલ્યા જાય ત્યારે તેમનાં ચિત્તમાં ચંચળતા આવે છે. જેમ ચોર જાય ને તેનું ધ્યાન રાખે તેમ હરિનું પણ એકાગ્ર ચિત્તથી જોયા કરે છે. ભગવાનના શરણ આશ્રય વિના દેવો, ઈશ્વરો, અધિપતિઓની સ્થિતિ ભગવાનના ભક્ત આગળ રાંકા જેવી છે. ભગવાન પોતાના આશ્રિતોના પાપ પૂંજનો નાશ કરે છે. દેહના તાપને શાંત કરે છે. અભિમાનીનો ગર્વ હરે છે. શરણાગતને અભયદાન આપે છે. દુઃખિયાને દાન આપે છે. યોગ્યતાવાળાને સન્માનપૂર્વક રાખે છે. એવા ધર્મપુત્ર ઘનશ્યામ પ્રભુના બાલસખા સૌ હરિકૃપાથી અયોધ્યાપુરમાં રહેતાં હોવા છતાં તે બાળકોને આજે ન્યાલ કરી દીધા છે.

આ રીતે શ્રીહરિ અયોધ્યાપુરની બહાર નીકળ્યા. જેમ કમળ નીકળે તેમ બહાર ગયા. ત્યારે શિયાર સખાઓથી ચારે બાજુથી ઘેરાયેલા હરિ જગવંદ્ય હસતા થકા ચાલતા જતા હતા. બગીચાના મારગ ઉપર માણસોનો આવરો જાવરો વધારે હતો. તેથી જગ્યા થોડી રહેતી હતી. માણસો ખૂબ ફરતાં હતાં. સામાં આવતાં. જેમની નજરમાં હરિનાં દર્શન થતાં હતાં. તે જેમ અગ્નિને જુવેને દાઝે તેમ હરિને જોઈને મનમાં ચોંટી જાય છે. જોયા જ કરે છે. આ રીતે ચાલતાં થકાં બાગમાં ગયાં ત્યારે રાગથી ભરેલો તે બાગવાન ત્યાં આવીને મળ્યો અને ઘનશ્યામ હરિની સાથે બધા સખાઓને જોઈને બધાનાં મન ખેંચાવા લાગ્યાં. પ્રેમથી જોતાં હતાં. બાળકો સાથે હરિ આવ્યા ત્યારે બાગવાન જોઈને કહે, હે બાળકો ! તમે ક્યાંથી મળીને બધાં આવ્યાં છો ? આ બાળકોમાં સારા રૂપાળા કોણ છે તે મારા મનમાં જોવાથી ખૂબ જ સારા સુખાળા લાગે છે. તેથી તમો મને આ કોણ છે તે બધું કહો. બાળકો બાગવાનને કહે છે. અવધપુરની શાખા નગર બરહટા નગરમાં દેવશર્મા છે તેમના આ પુત્ર છે. તેઓ અમારા ખૂબ જ પ્રિય મિત્ર છે. આ હરિનાં ચરિત્ર તો ખૂબ જ ઉદાર પવિત્ર સુખદાયક છે. અમો સૌ અત્યારે મોટા બાગને જોવા માટે આવ્યા છે. એ જ તમારાં મોટાં ભાગ્ય છે. માટે તમે એમને ખૂબ જ જાતજાતનાં ફળો પુષ્પો વડે પૂજા કરો. એ જ આપણા સરવાર દેશનાં મોટાં ભાગ્ય થાય. ત્યારે બાગવાનની સાથે મળીને બાળકો ઘણાં બધાં ફળો ફૂલો લાવ્યાં ત્યારે તેઓએ હરિને ભાવસહિત અર્પણ કર્યાં. સખાઓએ હરિને જાતજાતનાં ઘણાં બધાં ફળો જમાડ્યાં. હરિ તૃપ્ત થઈને જળપાન કરીને તત્પરતાથી બાગ જોવા જવા લાગ્યા ત્યારે

તે બાગવાન આગળ થઈને જગતપતિને તે બધો જ બાગ ફરીને બતાવ્યો. હરિએ ખૂબ સારી રીતે જોયો. જાતજાતની વેલો, વેલાઓ, છોડો, મોટાં ઝાડો પણ ફૂલ ફળના ભારથી જુકેલાં હતાં. તેમાં પક્ષીઓ, કોયલ, પોપટ, મેના, કબૂતર, આનંદ કરતા મોરો વિગેરે ઘણાં હતાં.

અનેક પ્રકારનાં ઝાડો તે પણ ખૂબ જ સારાં તે ઝાડો ફૂલના ભારથી ઝુકેલાં તેમાં તાડનાં તમાલપત્રનાં જાડાં જાડાં થડવાળાં અતિ ભારથી ઝુકેલાં અતિશય ફેલાયેલાં આગળના ભાગથી ડાળો ઝુકેલી જમીનને અડતી હતી તથા બકુલનાં ફૂલો, ગુલવાંસનાં ફૂલોનાં ઝાડો ખૂબ જ ઝાડાં અને ખૂબ જ ફેલાયેલાં શોભતાં હતાં. દાડમ, સાલ, દેવદાર, વિદાર, જાવલિ, ગંગેટ, પાટ, લંપુ, નાગ, ચંપો, સોપારી, બદામ, મરી, મીંઢળ, મૃણલ, મૃચલાલ, ઝામરો, મીઠીશયણ, રાયણી, મંજીષ્ઠ, મીઠાં બોર, પિગય, ચકોતરાં લીંબુ, નારંગી, ફેલાયેલાં પાનવાળી દ્રાક્ષ, અખરોટ, રતાંજલિ, ઈલાયચી, જાઈનો ફૂલ, કોથમીર વિગેરે વક્ષો તથા વેલીઓ છોડવા વિગેરે શોભતા હતા. કટેશ્વરી તથા કર્મદી કર્ણિકાર કેતકી બધાં સારી સુગંધવાળા તથા સુગંધી કેવડો શોભાયમાન વાળાં કપુર તથા કેશરી જાઈ, જુઈ, સેવંતિ, સુંદર રંગોવાળી ગુલાબ વાંસ અને વેલો શોભતી હતી. માલતી આદિ જુથની વેલો હતી. સુગંધી ચંપો, કૂંદનાં વૃક્ષો, ચમેલીની વેલ ખૂબ જ ફેલાયેલી હતી. મધુકમ્પા સુમલ્લિકા માલતી માધવી સજીવનિ પલાંસો શોભતો હતો. મધુરકદંબ પવિત્ર વેલો વૃક્ષો શોભતાં હતાં. શોભાયમાન ઝાડના ફૂલોના શણગાર થાય. તેનાથી ખૂબ જ શોભા થાય છે. પીળો તાસતો ગુંજાની વેલ બીલાં સાગનાં ઝાડ શોભતાં હતાં. ખારેક-ખજુરી તે નાળયેરી, સંતુર, બહેડાં, વેડ, વેહરો, હરડે, ગૂંદીપીતુવા વિગેરે વૃક્ષો, ફૂલઝાડો, વેલીઓ સર્વે ખૂબ જ શોભતાં હતાં. મનોહરતા યુક્ત સારો બાગ જોઈને બાળસખાઓ વખાણ કરતા હતા ત્યારે ત્યાં બાગમાં મોરપક્ષીઓ બોલીને અવાજ કરતા હતા. જોરજોરથી હરિનું આરાધન કરતાં હતાં. ભમરાઓ ગુંજાવર કરીને હરિના ગુણ ગાતા હતા. કોયલો ટહુકા કરીને લાંબા રાગથી હરિનું ગુણગાન કરતી હતી. પપીહા હરિના જાપને જપતા હતા. હરિને પાસે જોઈને રાજી થતા હતા. ચકોર પક્ષીઓ ચોરની માફક અમૃત અમૃત કરીને વરસાવવા માંગણી કરતાં હતાં. શાંત સુશીલ સારિકા કબુતરો કુંજપ પક્ષીઓ કુજડીઓ હરિને જોઈને લાલ લાલ કહીને નિલકંઠને રાજી કરતાં હતાં.

આવી રીતના સુંદર બાગને જોઈને તેની શોભાને પણ હરિએ નિરખીને જોઈ ત્યારે ચારે બાજુ ફરીને થાંકી ગયા એટલે ચંપાના વૃક્ષોની નીચે હરિની સાથ બધા સખાઓ આનંદ કરવા બેઠા. ત્યારે બાગવાન આવીને કહે, આ જગ્યા જ સારી રીતે બેસવા યોગ્ય થયેલી છે. હવે તમને જે યોગ્ય લાગે તે ફળ, દલ, મૂળ જે પ્રિય હોય તે લેવા માટે છૂટ છે તેથી લેજો. ચારેબાજુ કુંદલતા, ગુલાબ, કેશર, સેવંતીની સુંદર સુગંધ આવતી હતી. તે સુગંધ પરાગથી ચારે દિશાઓમાં ફેલાયેલી હતી. તેના વચ્ચે હરિ વિરાજમાન હતા ત્યારે મનથી મત્ત થયેલા ભમરા ગુંજારવ કરીને ફૂલની પરાગરજને ચૂસતા હતા. પક્ષીઓ કલરવ કરતાં હતાં. કોયલ આદિ ટહુકતાં હતાં. ગુણ ગાતાં હતાં. બાળમિત્રોએ હરિ માટે ફૂલના ગજરા, હાર ગુચ્છ તોરા વિગેરે બનાવીને મસ્તક ઉપરનાં શેખરતોરા વિગેરે બહુ જ ધારણ કરાવીને જુદાં જુદાં અંગોને શણગારીને શોભાવતા હતા. એમાં બાળકો એક એક હારતોરા, ગજરા વારાફરતી આપતા હતા અને હરિ હાથે ધારતા હતા અને મીઠાં ગર્ભવાળાં સ્વાદિષ્ટ ફળો પણ લઈને હરિની આગળ અર્પણ કરીને જમાડતા હતા.

તે જ સમયે બાળકોએ ચારેબાજુ કુંડાળું કરીને બાળકો વિધિ કરતાં હતાં ત્યાં તો દિગંબર સનકાદિકો આવ્યા તેઓ પાંચ વર્ષની ઉંમરવાળા બાળ બ્રહ્મચારીઓ હરિનાં દર્શન કરવા આવ્યા. અને આવીને દંડવત્ કરવા લાગ્યા.

મસ્તકના મુગટના અગ્રભાગથી ચરણનો સ્પર્શ કરીને ચરણરજને અંગો ઉપર ધારતા હતા અને મુખથી મંદહાસ્ય કરતા થકા હરિને ભેટીને મળતા હતા. ત્યાર પછી હરિએ પોતાની પાસે એમને આસન આપીને, અગર ચંદનથી પૂજા કરતા હતા. હરિ એમને ફળ આપીને જમાડતા હતા. પછી જળપાન કરાવતા હતા. અને કુશળ સમાચાર પૂછતા હતા. અમૃતવચનથી તૃપ્ત કરતા હતા. હે કુમારો ! તમે ક્યાંથી આવ્યા ? તમે તો જગતનો ઉદ્ધાર કરવા. બ્રહ્મચર્યવ્રતને ધારણ કરીને વિચરો છો તે જીવના ઉધ્ધાર માટે જ કરો છો. ત્યારે સનકાદિકો નમ્રતાપૂર્વક હાથ જોડીને હરિને કહે છે. અમે બ્રહ્મલોકમાંથી આવીએ છીએ. હે હરિ આપનાં દર્શન કરવા માટે જ અહીં આવ્યા છીએ. ચાર સનકાદિકોને હરિએ કુશળ સમાચારનું પૂછ્યું ત્યારે તે સનકાદિકો કહે તમારી આગળ જ કુશળ છે. તેના વગર તો બધે જ અકુશળ છે. દેવતાઓ, દાનવો, મુનિજનો, ઈશ્વરો સર્વને મારાપણાંનો અહમ્ રહેલો છે.

પ્રભુ જીવના ગર્વને ટાળવા માટે જ પ્રગટ થાય છે. તે તમારા વિના બીજા બધા જીવો ત્યાગવા માટે તમારા પ્રતાપથી સમર્થ થાય છે. સર્વના સાધનરૂપ તમારા રૂપને જાણીને જગતના સ્વામી, આપનું ભજન કરનાર જીવાત્મા નિષ્કામી થઈને મનથી ધ્યાન કરવા લાગ્યા. તેનાથી ત્રિવિધ તાપ વ્યર્થ થાય છે. અંતે પરમકલ્યાણને સુખપૂર્વક પ્રાપ્ત કરે છે.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં ચોથા પૌગંડ રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિ બાગની મહાન શોભા જોવા ગયા ત્યાં સનકાદિક આવ્યા. દર્શન કરવા લાગ્યા તે કહેવા મુજબ છઠ્ઠો તરંગ થયો. ॥૬॥**

# તરંગ-૭

રાજા કહે છે કે, શ્રીહરિએ સંતોના લક્ષણ સનકાદિકોને કહ્યાં તથા રામ ધનમલ્લે શ્રીહરિની સ્તુતિ કરી, રમણ કર્યું તે આશ્ચર્ય કહેવાય છે તે મને ક્રમથી કહો.

શ્રીહરિ કહે છે, હે મુનિસંતો ! તમે સાંભળો. હું તમને સંતનાં ગુણચરિત્ર બતાવું છું તે તમે સાંભળીને જાણજો અને મારા લીલાચરિત્રોને લોકો આગળ ગાઈને માયાથી ઉત્પન્ન થયેલ સર્વે પદાર્થોને નાશવંત જાણીને સ્થાન અને ભોગ વિષયવાસનાથી વિરક્ત રહો. જીવ ઈશ્વર બધાં જ કાયમ સતત કાર્ય કરે છે. પરંતુ ચારે પ્રલયમાં એકેય રહેતાં નથી. પરંતુ પોતાનો આત્મા તે નિત્ય છે. તેનો નાશ નથી થતો. તેથી તે આત્માને પોતાનું રૂપ જાણીને પરમતત્વરૂપ સર્વોપરિ મારા સ્વરૂપને ઓળખીને તેનો આશ્રય કરવો. ધર્મજ્ઞાન વૈરાગ્યયુક્ત થઈને મારી નિષ્કામ ભક્તિ કરે અને પોતાનો અમૂલ્ય સમયને વ્યર્થ ન જવા દે. રાતદિવસ આઠે પહોર હરિભજનમાં જ વિતાવે. મારા સ્વરૂપસંબંધી એકાંતિક ધર્મને દઢપણે ધારણ કરીને વર્તે, તો તેને અંગે કોઈ પાપ અડતાં જ નથી. તે કાયમ પરોપકારના માર્ગે ચાલતો રહે તો. ક્યારેય આપત્તિ આવતી નથી. નિર્ભયતાને પામે છે. સુખી રહે છે. શરીરમાં ક્યારેય કામ, લોભ, મોહ, આદિ દોષો આવવા જ ન જોઈએ તેથી પર વર્તે તો જ ભક્તિમાં સુખ મળે. ઈર્ષા મત્છર (અસૂયા) માન, અભિમાન, જુગાર આદિ વ્યસન ન લાગે તો તે જીવાત્મા સુખપૂર્વક મારું ભજન સ્મરણ કરી શકે. ઈર્ષા, આળસ વિનાના સારા ગુણવાળા મારા સંતો કૃપાળુ, સમભાવવાળા, ગંભીર પ્રકૃતિના, વિશાલ મનવાળા, મારા શરણમાં રહીને મનને મારે વિષે સ્થિર કરીને નિર્મલ મનથી મારું સ્મરણ કરે. કોઈ પ્રકારના દોષયુક્ત પ્રકૃતિથી પર રહીને થોડું જમનારા શાંત સ્વભાવવાળા. હંમેશા સાવધાન રહેનારા

અનેક જનોમાં સામર્થ્યવાળા રાગદ્વેષથી મનને વશમાં રાખનારા કોઈને વશ નહિ થનારા (અજીતા) સરલ સ્વભાવના સત્યમય વર્તનારા મનને વશ રાખનારા મુનિજનો કહેવાય છે. સ્થૂળ દેહની કોઈ પરવા નહિ કરીને તેનાથી જુદા ભાવથી વર્તે છે.

હે મુનિ ! પોતે પોતાની ક્યારેય આત્મશ્લાઘા (વખાણ) નથી કરતા. વાર્તામાં ક્યારેય સ્ત્રીના ચરિત્રની કથાવાર્તા ન કરે. બોલે નહીં. સંગદોષ ક્યારેય ન લાગવા દે. તેનો ગુણ ન લે. ક્યારેય બંધાય નહિ તેને મારા સંત કહેવામાં આવે છે એવા મારા સંતો છે. આવી રીતે વર્તનાર સંતને જ સંતપણું આભૂષણ રૂપ કહેલ છે તેઓ હંમેશાં નિસ્પ્રેહિ અકિંચન વૃત્તિવાળા છે. તેઓ મારા સ્વરૂપમાં કાયમ ઓતપ્રોત રહે છે. મારું સ્મરણ કરે છે. તેનાથી અનંત જગતના જીવોનો ઉદ્ધાર કરે છે. હે સંતો ! હું તો જાણું જ છું. આવા મુનિઓ જગતમાં દુર્લભ જ હોય છે. બહુ જ સરલતાથી નથી મળતા. તમારા જેવા સંતો મારા હૃદયને ખૂબ જ પ્રિય લાગે છે. જેવાં પ્રિય મારે લક્ષ્મી આદિ શક્તિઓ પણ નથી તેવા સંતો મને તમે વહાલા છો એમ જાણે. સનતકુમારો કહે છે, હે સચ્ચિદાનંદ સ્વરૂપવાળા ! અનંત કોટિ બ્રહ્માંડોના સ્વામી રાજાધિરાજ એવા આપનો સર્વત્ર જય જયકાર થાઓ. આપ સર્વના કારણ છો. સર્વના તારણહાર છો. સર્વના સ્વામી છો અને અક્ષર બ્રહ્મપુરધામના ધામી છો હે નારાયણ ! બહુનામી આપ સર્વોપરિ છો. હે હરિ ! આપ સર્વ અવતારોના અવતારી છો. નિગમ અને આગામ પણ આપને પાર નથી પામતા એવા આપ અનંત કોટિ મુક્તો તમારા ચરણકમળની ઉપાસના સેવાભક્તિ કરે છે. લક્ષ્મી રાધા આદિ એકાંતિક ભક્તિધારી આપની સેવા કરવા તત્પર રહે છે. છ પ્રકારનાં ઐશ્વર્ય સહિત સુખના સાગર કરોડો ચંદ્ર સૂર્યના પ્રકાશ કરતાં અધિક પ્રકાશવાળા ચાર પ્રકારનાં સ્વરૂપોને ધારનારા સર્વના કારણ એવા આપ ધર્મદેવના પુત્ર સર્વ પ્રજાના તારણહાર એવા. સંતોથી સેવાતા અમે નારદ, શુક જેવા બ્રહ્મરૂપ થઈને તમારા ચરણકમલને ધ્યાનમાં લઈને ચરણકમળનું સેવન કરવા બળ આપો. તમારા પવિત્ર ચરણકમળની પવિત્ર પરાગરજમાં મનરૂપી ભમરાને સુખ લેવા દ્યો. હે હરિ ! આપ હર હંમેશ અમારા નેત્રકમળની અંદર વાસ કરો. દર્શનનું સુખ આપો. આપના નખથી શિખાપર્યંત નજરમાં રહો.

હે હરિ ! આપના ચરણકમળ અને કરકમળના સ્પર્શથી આનંદ આનંદ થઈ જાય છે. જેમ પ્રાતઃકાળમાં સૂર્ય ઉદય થવા સમયે પ્રકાશનું અજવાળું થાય તેમ અંધકાર નાશ પામે છે. ચારેબાજુ પ્રકાશ ફેલાય છે તેમ સુખ મળે છે. સનકાદિકોને જોઈને હરિના સખાઓને આશ્ચર્ય થયું. પૂછવા લાગ્યા કે આ ચારે કયા દેવ હતા એમના મુખ ઉપર તેજ તથા મુગુટ ધારણ કરેલો આ બધું જોઈને અમને આશ્ચર્ય થાય છે તે અમને જણાવો. તે ચારેય મુનિઓ નમ્રતાથી ચરણકમળમાં વંદન કરીને તથા સ્તુતિ કરીને ગયા. તે કોણ હતા તે કહો ત્યારે બધાના સર્વોપરિ અક્ષરધામના ધામી જગતનાં વંદ્ય હરિ કહેવા લાગ્યા. બધા સાંભળવા લાગ્યા. ભગવાન મિત્રોને કહે છે, હે મિત્રો ! આ જનકના ચાર પુત્રો સનકાદિકો છે. તેઓ મારાં દર્શન કરવા આવ્યા હતા. તેઓ બ્રહ્મ સ્થિતિવાળા છે. તમને એમના જે દર્શન થયા તે તો મારી ઇચ્છાથી જ થયાં છે. તેઓ તો પરમ મુક્તો છે. સર્વને દર્શનથી સુખ થાય છે તેવા છે. આ રીતે હરિના મુખની હરિના સખાઓ મનોહર વાણી સાંભળીને જેમ ચંદ્રમાના દર્શનથી પાણીમાં રહેલી કુમુદની ચંદ્રના કિરણના સ્પર્શથી ખીલે છે તેમ હરિના મુખની વાત સાંભળીને ખૂબ જ રાજી થયાં.

હરિના મિત્રો કહે છે, હે હરિ ! અમે તો ધન્ય થઈ ગયાં. અમારે તમારી સાથે પ્રેમની પ્રીત બંધાણી. તેથી અમે તો વગર સાધને જગતને પાર પામી જવાના. અમે મનુષ્ય દેહવાળાં છીએ અને તમે તો સર્વના સમર્થ પ્રભુ

મહાન છો. હે પ્રભુ ! આપ અમારી ઉપર હંમેશાં દયા રાખજો. આપનાં છોરુ છીએ માટે હે નાથ ! આપનાં જાણીને કાયમ નિભાવજો એવું માંગીએ છીએ. હે હરિ ! આપ તો પુરુષોત્તમ નારાયણ પરબ્રહ્મ સર્વોપરિ છો. પુરણ પુરુષ છો અને આપ ધર્મદેવના પુત્ર રૂપે થયા છો અને અમારા મહાજ્ઞાની સખા થયા છો. આપ નિરંજન છો. અંજન કરનારને પાર પમાડો છો. તેથી આપના શરણમાં આપના સખા આવ્યા છે તો શરણમાં વાસ આપજો. આ રીતે પ્રાર્થના કરીને બાળસખાઓએ હરિને નમ્રતાનાં વચનોથી પ્રણામ કરીને, પછી ચરણકમળનો સ્પર્શ કરીને જુદાં જુદાં ફૂલનાં આભૂષણો બનાવીને શ્રીહરિને ધારણ કરાવ્યાં. ત્યાર પછી બાગવાન આવીને શ્રીહરિના ચરણકમળમાં સ્પર્શ કરી વંદન કરીને હાથ જોડીને વિનયપૂર્વક કહેવા લાગ્યો, હે હરિ ! હું જ્યાં જ્યાં જન્મ ધારણ કરું ત્યાં ત્યાં કાયમ આપના ચરણકમળમાં મને પ્રેમભાવના તથા ચરણકમળમાં ખાસ ભાવનાભક્તિ રહે તેવી મારી ઉપર કૃપા કરજો. હરિનો અતિ પ્રમાણમાં ઐશ્વર્ય અને પ્રતાપને જગતના જીવો ક્યાં જાણે છે. ભગવાનના માર્ગમાં મંદ છે તેથી જાણતા જ નથી. પ્રભુ ફરીથી પોતાના મિત્રોને રમાડવા આનંદ કરાવવા રમવાનો વિચાર કરતા હતા.

હે રાજન્ ! હરિ પોતાના ચરિત્રથી આશ્ચર્ય બતાવવા મિત્રોની સાથે ચંચળતાવાળા થયા અને સર્વના ચિત્તને ખેંચીને મિત્રોને રમાડવા માટેની તૈયારી કરવા લાગ્યા. હે રાજન ! શ્રીહરિએ માયાને પ્રેરિ તેથી બધાને જે હરિનું દિવ્યભાવનું જ્ઞાન હતું તે ભૂલાવી દીધું. ત્યાર પછી બાગમાં રમવાનું ચાલુ કરીને આનંદપૂર્વક દોડવા કૂદવાનું કરીને આનંદ કરવા લાગ્યાં. એક આંબો અનેક ડાળોવાળો મોટો હતો. તેની ઉપર હરિ કૂદીને ચડી ગયા. ત્યારે એક બાળક ઉપર દાવ નાંખ્યો ત્યારે હરિ તે ઝાડ ઉપરથી નીચે ઉતરી અતિ ચંચળતાથી બીજા વૃક્ષ ઉપર જલ્દીથી ચઢી ગયા અને કોઈને અડવા ન દીધા. સખા બધા જોતાં જ રહી ગયા. આમ કરતાં કરતાં રમતમાં હરિ ઉપર દાવ આવ્યો. તેને હે ઋષિરાય ! આપ ધ્યાન દઈને સાંભળો. હરિએ આંબરી માથે લીધી ત્યારે કુંડાળુ કરીને તે સખાઓની સાથે સુંદર ચરિત્ર કર્યું. ત્યારે તેજ વૃક્ષ ઉપર અનેક મિત્રો જુદી જુદી ડાળીઓ ઉપર હતા, હરિએ અનેક રૂપ લઈને બધાં બાળકોને સ્પર્શ કરી લીધો. આ રીતે હરિ ઘનશ્યામે અલૌકિક ચરિત્ર કર્યું. આંબાના વૃક્ષ ઉપરથી ઉતરીને હરિ અનેક રૂપમાંથી એક જ રૂપમાં થયા. આમરિનો દાવ દૂર કરી નાખ્યો ત્યારે બધા જ સખા આંબાના વૃક્ષ ઉપરથી ઉતરીને હરિની પાસે જઈ હરિના ચરણકમળમાં સ્પર્શ કરીને વંદન કરતાં હતાં. રામધન કહે છે, હે હરિ ! તમે જ સર્વદેવના દેવ છો. માટે આપ તો અલૌકિક રમત રમો છો. આપની રીત તો ન્યારી જ છે. તેથી અમે તમને ક્યારેય જીતવા સમર્થન ન થઈએ. કેમકે તમે તો જગતને જીતનારા તમને કોણ જીતી શકે ? આપ તો અજીત છો.

હે હરિ ! આપ તો અમારા માટે આ પૃથ્વી ઉપર પ્રગટ થયા છો. આપ તો સર્વકારણના કારણ સર્વના શિરતાજ છો. માયાની ઉપર પરબ્રહ્મ પ્રભુ તમે જ સર્વ ઈશ્વરોનો અધિષ્ઠાતા અધિરાજ આપ જ છો. હરિ આપ જીવને કર્મનાં ફળ આપવામાં યોગ્ય છો. સર્વના નાયક છો. જનના સહાયક છો. મુનિજનોમાં મૂર્ધન્ય છો. સર્વના ગાવા યોગ્ય છો. સુખના ભંડાર ગુણના સાગર છો. સર્વના નાયક છો. ધર્મદેવના ઘેર પ્રગટ થઈ મનુષ્યશરીર ધારેલ છે. ધર્મને ધારણ કરનારા છો. ધર્મને વિસ્તારો છો. અમે આપનાં બાળકો છીએ. અમારા પાલક આપ છો. જગના માલિક આપ છો. જીગતને ધારનારા આપ છો. કળિયુગનો નાશ કરનારા આપ છો. શત્રુના અંતરમાં પીડા આપનારા છો. સાત્ત્વિક જીવને વરદાન આપનારા છો. દુષ્ટને ત્રાસ આપનારાં છો. ગર્વને ગળનારા છો.

સત્યને ધારનારા શોભાડનારા છો. જગતને તારનારા જનના મનને ખેંચનારા જગતથી પાર કરનારા પાપના ભારને ઉતારનારા, ભૂમિ ઉપર ધર્મ સ્થાપનારા, હરિકૃષ્ણ પ્રભુ કન્હૈપાંડેના કુળને ઉજાળનારા, મોહ જાળનો નાશ કરનારા, ક્રૂરને વશમાં કરનારા, શત્રુને મારનારા, દુષ્ટોને વશ કરનારા આપ છો. અનંત કોટિ બ્રહ્માંડોને પાળનારા, હસ્તકમળની કળાને કરનારા, પાપના તાપને હરનારા, દેહધારીનાં પોષણ કરનારા, ઘમંડને હરનારા, મતવાદિનું ખંડન કરનારા, પવિત્ર ખંડનાં જીવોના દોષને દંડ દેનારા, અહિંસા યજ્ઞ કરનારા ખળ લોકોના સમૂહને વિખેરનારા પોતાના વશમાં કરનારા એવા હરિ આપની લીલા અલૌકિક છે. આ બાગને ધન્ય છે. અતિ સુંદર રહેલાં મોટાં મોટાં દળવાળાં અને નમેલી શાખાઓવાળાં તે વૃક્ષો પોતાના શાખા રૂપી કરથી નમન કરે છે. વૃક્ષના જનમના અંધકારને હરનારા એને અભય સુખ અર્પણ કરનારા આપ છો. તે વૃક્ષોમાં નવાં પાંદડાં આવેલ છે. તે એના ચરણ છે. નવી કળીઓ નવારુપને ધારીને આપનું અભિવાદન કરે છે. માટે હે હરિ ! આપ આ ભૂમિ ઉપર નવા જ નાથ પધાર્યા છો તેથી આપના ચરણનો સ્પર્શ કરીને નવા યોગ્ય જન્મનો ભાવ રાખે છે તે આપવા કૃપા કરો.

હે હરિ ! આ વૃક્ષો અત્યારે દેવથી પણ વિશેષ થયાં છે. કેમકે આપ આ વૃક્ષનાં ફળો તથા પુષ્પો મંજરીના હારતોરા ધાર્યા તેના પ્રતાપે આપે એના શરીરનો ઉદ્ધાર કર્યો. આ પક્ષીઓ પણ આપને જોઈને પોતાની પ્રાચીન રીતે આપના ગુણ ગાઈને રાજી કર્યા. અનેક શોરબકોરથી આપ રાજી થયા. તેથી પણ નીચ જન્મનો ઉદ્ધાર કરીને આપના ચરકમળની સેવામાં રહેવા માગે છે. અમારો પણ જન્મારો સફળ થઈ ગયો. કારણ કે આપનો યોગ થવાથી અમે પણ મોક્ષ ભાગી થયાં. અને અમારો પુરુષાર્થ સફળ થયો. હે હરિ ! હવે આપણે અહીંથી ચાલીએ. ઘણો સમય થયો. ઘેર માતાપિતા ચિંતા કરશે. દુ:ખી થશે માટે ચાલો. ત્યારે બધા જ સખા ભેગા થઈ ગયા. ટોળી થઈને હરિને ઘેરીને બધી ટોળી ચાલતી થઈ. મારગમાં આનંદ વિનોદ કરતાં થકા લોકોને આનંદ આપતાં જતાં હતાં ત્યારે માર્ગે જતાં લોકો હરિને જોઈને પોતાના મનમાં અતિશય આનંદને પામતાં હતાં. જે મનુષ્ય હરિને જોતાં હતાં તે મનુષ્ય પોતાને ધન્યભાગ્ય માનતાં હતાં. આ રીતે અયોધ્યાપુરનાં લોકોના મનને ખેંચતા હરિ ઘનશ્યામ પોતાના ઘેર આવી ગયા. હરિના મુખને માતાપિતાએ જોયું ત્યારે એમના મનમાં અતિ આનંદ ઉભરાઈ આવ્યો. જેમ નદી છે તે પોતે સમુદ્રમાં સ્થિર થઈને રહે છે તેમ માતાપિતાને આનંદ થયો. સુવાસિની ભાભીએ જ્યારે જોયા તથા મોટાભાઈ રામપ્રતાપે પણ હરિને જોયા ત્યારે એમના હૃદયમાં પણ આનંદનો ઉપાર ન હતો. ચકોર પક્ષી જેમ ચંદ્રના મુખને જોઈ જોઈને પોતાના દેહનો ભાવ જ ભૂલી જાય છે તેમ જીવ પણ ભૂલે છે. હે પુત્ર ! આજે તો આટલી બધી વાર થઈ. સાંજ થઈ ગઈ તોય મોડા આવ્યા તે તમે ક્યાં ગયા હતા. બહુ દૂર ગયા હતા. આ બરોબર ન કહેવાય નેત્રથી આઘા નહીં જાઓ. આમ કહેતા હતા તમે જ્યારે બહાર જાવ ત્યારે તમે મારા જીવ કરતાંય મોંઘા છો.

મુનિવર કહે છે, હે રાજન ! ફળ, દળ, મૂળ ખૂબ જ લઈને હરિની સાથે સખાઓ આવ્યા હતા તે હરિને તથા માતાપિતાને પ્રણામ કરીને પોતપોતાના ઘેર ઉત્સાહપૂર્વક ગયા. આ બાજુ સુવાસિની ભાભી હર્ષ પામતાં થકાં હરિને જમાડવા માટે લઈ ગયાં. નવરાવીને સ્વચ્છ વસ્ત્ર ધારણ કરાવીને જુદાં જુદાં અનેક પદાર્થો પ્રેમથી જમાડીને ખૂબ જ તૃપ્ત કર્યા. જમ્યા પછી હરિએ એલાયચી આદિક મુખવાસ લઈને પછી હરિ પિતાના ખોળામાં આવીને બેઠા. પિતાજી હેતસહિત હરિના ચંદ્રમાની સમાન મુખને પાન કરતા અતિ ભાગ્યવાન માનવા લાગ્યા.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં ચોથા પૌગંડ રત્નમાં શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારી રચિત છંદભાષામાં શ્રીહરિ બગીચામાં ફળ લીલા કરી તેની તથા સંતનાં લક્ષણનું વર્ણન કર્યું તે નામે સાતમો તરંગ થયો. ॥૭॥**

# તરંગ-૮

રાજા કહે છે, હે વર્ણિરાજ ! શ્રીહરિ બાળકો ભેળા ભણવા માટે પાઠશાળામાં જવા લાગ્યા તથા તંબોલીનું કલ્યાણ કર્યું તે વાત વિસ્તાર પૂર્વક મને કહો.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! તમે સાંભળો. હું તમને પૂછેલી વાત વર્ણન કરીને કહું છું. તે ચરિત્ર અમૃત સમાન છે. તેથી ખૂબ જ શાંતિ થશે. હરિ ઘનશ્યામ પ્રભુએ અવધપુરમાં રહીને પૌગંડ ઉંમરમાં અનેક પ્રકારનાં ચરિત્રો કર્યા છે તેને સાંભળો. અધ્યોધ્યામાં એક તંબોલિની સ્ત્રી રહેતી હતી. તેને ભક્તિમાતાની સાથે વધારે હેત હતું. તેથી તે રોજે રોજ ખૂબ જ સમાગમ કરતી હતી. તે બાઈને ભક્તિમાતાની સાથે સગી બહેન જેવો પ્રેમભાવ હતો તેથી હરિમાં પણ સહજ સ્વભાવે જ હેત થઈ ગયું હતું. હરિના પૂજન માટે પોપચંદનનો લેપ લાવે તથા ફૂલના ગજરા ગુચ્છહાર કરીને ભાવપૂર્વક લાવતા હતા તથા મોટાભાઈ માટે નાગરવેલનાં (તંબોલ) સુંદર પાકાં પાનો સારી રીતે સુધારીને ઘણાં ઘણાં લાવતાં હતાં. તેણીની તંબોલી બહેન ભક્તિમાતા થકી ધર્મજ્ઞાન સહિતની વાતો કહેતાં હતાં. તે સાંભળતી હતી. તેથી તેને ધર્મસર્ગ પરિવારની સાથે ભક્તિના અંકુરો જીવનમાં પ્રગટ થયા. તેનાથી તે બાઈ ધર્મદેવના ઘેર જ ભક્તિ કરવા આવતી હતી એ ભક્તિમાતાના વચન પ્રમાણે વર્તતી હતી. રાત દિવસ ભજનમાં જોડાતી હતી. તેથી તેને હરિના સ્વરૂપમાં ભક્તિ અને ભાવપ્રેમ ઉદય થયો તે તો અતિ દૃઢ થઈને પ્રેમમગ્ન થઈ ગઈ.

હે રાજન્ ! તે તંબોલિ બાઈ હરિને તેડીને પોતાના ઘેર લઈ જાય ત્યારે તે કામ કરતી હોય ત્યારે હરિ તેના ઘરમાં તેની પાછળ પાછળ ફરતા જોતા હતા. ત્યારે તે બાઈ હરિને કહે, મારા પ્રિય પ્રભુ તમે એક આ પવિત્ર આસન ઉપર આરામથી બેસો. ત્યારે તે સારા કોમળ તાજાં ફૂલોના હાર કરીને ભાવપૂર્વક હરિને પહેરાવતી. આનંદ પામતી હતી. ક્યારેક તે તમોલનિં હરિને તેડીને પોતાના ઘેરથી ભક્તિમાતા પાસે જવા જાય. ક્યારેક હરિને પોતાની આંગળી પકડાવીને હરિ મારગમાં ડોલતા ડોલતા અમોલ બોલતા આવતા હતા. ક્યારેક પોતે આગળ ચાલે અને હરિ હંસ સમાન મંદ ગતિથી ચાલતા આવે. ક્યારેક પાસે ચાલતી અને વલાઈ કરીને મારગમાં હઠ કરીને રોકે. ટોળી ઊભી હોય તો થોડો સમય રોકીને આનંદ કરે. ક્યારેક મારગમાં હરિ ઊભા રહે નેત્રોને ત્રાંસાં કરીને નેત્રથી રોફ જમાવે. ગંભીરતાથી બોલે ત્યારે તે તંબોલીન પાછા ફરીને બોલે ત્યારે હરિનું મુખ જોઈને તથા આંખોનો રોષ જોઈને તે બોલે, મારા પ્રિય પ્રાણ ચાલો આપણે માતા પાસે જઈએ. તમેં પુત્ર છો તેથી નેત્રને શાંત કરો. મારી ઉપર કૃપા કરીને શાંત થાવો ત્યારે હરિને તેડી લે અને કેડ ઉપર બેસાડીને કહે જે હે મારા વાલા ! તમારી ઉપર જીવની જેમ જંખના કરતાં માતા પાસે ચાલો. આપે તો વિધિએ કરેલા અંકની સંખ્યાને તોડી નાંખી છે. તમે તો અક્ષરધામના ધામી અને સર્વનામના નામી છો માટે બીજાના મનને ખેંચો છો. બીજાને પ્રેરણા આપે છે. શ્રીહરિએ તો આવી રીતનાં વાક્યો સાંભળ્યાં. જે અંધારા કૂવામાં ગ્રહોના બંધનમાં હોય તે હરિના

સ્વરૂપમાં મનને જોડીને જીવે છે.

મુનિ કહે છે, હે રાજન ! જેવી તંબોલનિ ભક્ત હરિનાં તેવાં જ એક લુહારની ભક્ત હતાં તેની વાત કહું છું તેને સાંભળો. હે પ્રતાપસિંહ રાજન ! હરિ જેમ તંબોલીના ઘેર જતા હતા તેમ જ લુહારનિના ઘેર પણ જતા હતા. તેની ધર્મભાવના તથા ભક્તિભાવનાને હરિ વશ થઈને તથા ભક્તિમાતાના ઉપદેશથી હરિને વિશે અતિશય પ્રેમ વધી ગયો. એના સંબંધીએ એને ભક્તિના દર્શન કરવા રોકી તે ઘરમાં પુરી રાખે તો પણ તેથી વધારે ભક્તિનો રંગ વધતો હતો. જેમ ભગવાનને દૂર રાખવા મથે તેમ એનો ભાવ અધિક હરિ પ્રત્યે અધિક વધતો હતો. એક વખત લુહારનિના ઘેર હરિ ગાડી ઉપર રમતો કરતા હતા. તે સમયે તે લુહારનિની જે બાળકી તે પણ હરિની સાથે હરિના ભાવ પ્રમાણે રમવા લાગી ત્યારે તે બાળકી સૂતરને કાંતતી હતી. તેનું મન હરિમાં ખૂંચી ગયું. રેંટિયાની તકલિની જગ્યાએ પોતાની કુંડળીમાં હરિને ગ્રહણ કરીને તેના ચરિત્રમાં પરોવાઈ ગઈ. તે કાંતવાનું પડતું મૂકીને ભગવાનમાં જોડાડી તેથી તેની માતાએ આવીને પુત્રીને કહે, અલી અંધી થઈ ગઈ છે કે શું આમ કહીને તરત જ પગથી પાટું માર્યું ત્યારે તે ફૂટ દૂરઝતી રહી. પુત્રીમાં તેજનો પ્રકાશ દેખાણો ત્યારે તેણે જમણી બાજુ જોયું તો હરિ શિક્ષા આપવા માટે મુખથી મંદહાસ્ય કરવા લાગ્યા ત્યારે લુહારનિને શંકા ગઈ અને હરિને પૂછવા લાગી. હે ઘનશ્યામ તમે આ બધું જાણો છો કે શું ?

ત્યારે હરિ કહેવા લાગ્યા કે અમે બાળકો ભેગાં થઈને રમતો રમીએ. અમે કાંઈ જાણતા જ નથી. આમ કીધું ત્યારે તે લુહારનિની પુત્રી હરિ ઉપર રાજી થઈને હસવા લાગી. મનમાં મુંઝાઈને માતા પાસે જઈને કહેવા લાગી, કે મારી મનોવૃત્તિ ઘનશ્યામે ચોરી લીધી અને તેનાથી હું સ્તબ્ધ થઈ ગઈ. મારાથી કાંઈ કામકાજ થાય જ નહિ, તો હું કેવી રીતે કામ કરું ? આ રીતે શ્રીહરિએ પોતાનો પ્રતાપ જણાયો.

સુવ્રત મુનિ પ્રતાપસિંહ રાજાને કહે છે કે હરિ ઘનશ્યામ પ્રભુ અયોધ્યાપુરમાં રહીને લીલા કરતા હતા ત્યાં માલનિ હરિની પરમ ભક્તા થઈ ગઈ. હે રાજન્ ! તે નિત્ય પ્રત્યે હરિનું સેવન કરતી હતી. આનંદમાં રહેતી હતી. ત્યારે રાજ કહે છે હે મુનિરાજ ! આપ મને એ વાત બધી જ કહો તેણે કેવી રીતે હરિને સેવ્યા તે લીલામૃતની કથા મને સંભળાવો જેથી હું પણ સાંભળીને સુખ પામું. માલનીના ઘરની પાસે કંચનકુંડની પાસે હરિ દરરોજ જતા હતા. ત્યારે તે પંચાલનિની પુત્રીને હરિની સાથે અધિક હેત થવાથી તેનું મન સતત હરિના સ્વરૂપમાં જ જોડાયેલું રહેતું હતું. તેણી હરિને તેડીને રમાડતી હતી. ક્યારેક હરિ તેમની પાસે જમવાનું માંગતા ત્યારે ભાવનાથી હરિને પેંડા, બરફી વિગેરે આપતાં ક્યારેક ઘી અને સાકર જમાડતાં. ક્યારેક ખાંડ નાંખેલ દૂધ પાઈને રાજી કરતાં હતાં. પોતાના મનમાં આનંદ થતો હતો. ક્યારેક હરિ દોડતા, માલન પાસે ઈચ્છિત વસ્તુ માંગતા લાડ કરતાં ક્યારેક માલણ પોતાની ઈચ્છા મુજબ દૂધ આદિક પાતાં હતાં. માતાના હાથથી જમતા તેનાં કરતાં વધારે જમે અને હરિ પણ એને હૃદયમાં આનંદ આપવા વધારે જમતા. ક્યારેક એના ખોળામાં રમતા અને માલણ હરિને આલિંગન કરીને પ્રેમનો અંશ વધારતા હતા. ક્યારેક હરિ એનો પાલવ પકડીને દોડતા હતા અને ત્યારે બળપૂર્વક ઈચ્છિત વસ્તુ માંગતા હતા. જ્યારે જ્યારે જક કરીને કાંઈ માંગે ત્યારે તે માલણ તેના હૈયામાં હેત સાથે હરિને તે વસ્તુ લાવીને આપે, રાજી થાય. હરિ પોતાના સખાઓની સાથે માલણના ઘેર જાતજાતના અનેક ખેલો રમતા. ક્યારેક ઢોળતા, ફોડતા, આમ કરીને બગાડ કરતા ત્યારે હરિ રમતમાં ગેલ કરતા દોડતા અને ભાગતા હતા.

ત્યારે માલણ હરિના હાથ પકડીને હરિને તે પોતાના ઘેર લાવીને ખૂબ જ સમજાવી કહે, ઘનશ્યામ સખાઓને લાવીને મારા પ્રિય આમ કેમ કરાવો છો. મને દુઃખી કેમ કરો છો ? ત્યારે હરિ માલનિને કહે બીજા છોકરાઓએ રમતમાં નુકસાન કર્યું તેમાં મને કારણ ન બનાવો. મેં કાંઈ નથી કરેલ. મને હેરાન ન કરશો. જ્યારે પાઠશાળામાં ભણવા જાય ત્યારે આ માલણનું ઘર વચમાં આવે એટલે હરિ એના ઘેર થઈને જ જાય અને આવતાં પણ ઘેર થઈને જ આવતા. હરિ જ્યારે ભણવા આવે ત્યારે સ્લેટ પેન હરિ હાથમાં રાખીને આવતાં જતાં. માલનના ઘરે જ્યારે હરિ રમવા લાગે ત્યારે માલણ કહે, હે પ્રિય ! આપ ભણવા માટે જાવ સમય થયો છે. હરિ કહે છે હે માલની ! હું જ્યારે મિઠાઈ લઈશ ત્યારે ભણવા પાઠશાળામાં જઈશ ત્યારે માલની કહે તમે ભણીને જ્યારે આવશો ત્યારે મિઠાઈ આપીશ. આ રીતે નક્કી કરીને હરિ તે માલનીના મનમાં અતિ આનંદ વધારતા હતા. મુનિઓના સ્વામી જ્યારે પાઠશાળામાં જાય ત્યારે બાળકોને આનંદ પમાડવા માટે દરરોજ નવો નવો પ્રેમભાવ બતાવતા હતા. પુરની બહાર આનંદ કરવો જોઈએ. આમ કહીને બાળકો કહેતાં હતાં આવો અમારા પ્રિય આવો.

આ રીતે ઘનશ્યામ પ્રભુ અનેક બાળકોનાં કલ્યાણ કરવાના હેતુ માટે જ પાઠશાળામાં ભણવા જતા હતા. પોતાનામાં હેત કરાવવા માટે આ રીતે પૂર્ણકામ પ્રભુ કરતા હતા. હે રાજન્ ! આ માલણબાઈ પૂર્વે ઋષિ પત્ની હતી તે તપ કરવામાં ખૂબ જ મનવાળી હતી. હરિને મેળવવા માટે જ તપ કરતી હતી તેથી તે અવધપુરમાં જન્મ લઈને અત્યારે હરિનો યોગ થયો છે. હે મુનિરાય ! એણે ઘણા કાળ સુધી તપ કર્યું. તપ કરતાં કરતાં દેહ પડી ગયો. એને હરિને રમાડવાની વાસના મનમાં રહેલી તેથી હરિ મળ્યા. તે તપના પ્રતાપથી જ અત્યારે હરિ મળ્યા છે. એના મનના ભાવને પૂરા કરવા હરિ દરરોજ તેના ઘેર આવે છે. એવા પુરુષોત્તમ હરિકૃષ્ણ પ્રભુ તપના ફળરૂપે અત્યારે સરળ થઈને સુખ આપે છે.

**આ પ્રમાણે શ્રીહરિલીલાસિંધુમાં ચોથા પૌગંડ રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિ એમ માલનીનો તથા બીજા ભક્તોનો ઉદ્ધાર કર્યો તેનું કથન કર્યું એ નામે આઠમો તરંગ થયો. ॥૮॥**

## તરંગ-૯

રાજા પ્રતાપસિંહ કહે છે, હે મુનિદેવ ! આપ મને શ્રીહરિએ પોતાની ચતુરાઈથી અંગુઠિની જે ચોરી કરી હતી તે ચરિત્રને કારણ સહિત બધી વાર્તા લાંબા વિસ્તારથી મને કહો.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! શ્રી ઘનશ્યામ હરિનાં ચરિત્રો જીવને કલ્યાણ કરનારાં જગતમાં સર્વત્ર મંગલમય વાતાવરણ કરનારાં છે તેને તમે સાંભળો. એક દિવસ શ્રીહરિએ લીલા કરી કે તે તો કેવળ મનુષ્યચરિત્ર જ કર્યા તે તો ભગવાનના ભક્તોને તો અમૃતરસ સમાન સુખકાર છે અને દુષ્ટ જીવો પાપીઓ છે તેને મોહ ઉપજાવનારાં છે.

પ્રતાપસિંહ રાજા કહે છે, હે મુનિવર ! શ્રીહરિનાં તે અલૌકિક ચરિત્ર મને વિસ્તાર કરીને કહો તે સર્વે ચરિત્રો સાંભળવા શ્રવણ રૂપી પડિયા દ્વારા પીવા માટે તમારા મુખની અમૃત વાણી મને ખૂબ જ પ્રિય છે. હું તત્પર છું. શ્રીહરિના ચરિત્ર રૂપી અમૃત રસ પીવા માટે મારું મન ચાતક વૃત્તિવાળું છે. ચાતક અને આપના મુખથી નીકળતાં હરિનાં ચરિત્ર તે સ્વાતિ નક્ષત્રનાં મેઘસમાન છે. તેથી હે મુનિ આપ મારા તરફ વર્ષાવો.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! તમે સાંભળો. ઘનશ્યામ હરિનાં લીલાચરિત્રો કહેતાં મને અતિ શરમ આવે છે. તોય તમને કહું છું. એક દિવસ ધર્મના કુમાર ઘનશ્યામ માતાને કહે, માતા મને ખૂબ જ ભૂખ લાગી છે તો ખાવા આપો. હે મારી માતા ! મને ખાવાનું આપીને તૃપ્ત કરો. ત્યારે માતા ત્યાંથી ઊભાં થયાં. હરિને જમાડવા માટે સુવાસિની ભાભીને કહેતાં હતાં ત્યારે સુવાસિનિ હરિને કહે પાક તૈયાર કરીને તમને જમાડું. એમ કહી સુવાસિનિ તરત જ સ્નાન કરીને પવિત્ર થઈને પવિત્ર વસ્ત્રો ધારણ કરીને તેણીની જલદીથી રસોઈ કરવા માટે રસોઈ ઘરમાં આવીને ચોખા, દાળ, લોટ, શાક વિગેરે તૈયાર કરીને રસોઈ કરવા લાગી. અગ્નિ પ્રગટાવીને તેની ઉપર પાણી મૂકીને આંધણ તૈયાર કર્યું. તેમાં ચોખા અને દાળ પાણીમાં ઓરીને પાકવા મૂક્યાં. ત્યાર પછી હાથની વીંટી કાઢીને ગોખલામાં કટોરીમાં મૂકી અને રોટલી અને પુરી માટે બાંધવા લાગ્યાં. ત્યારે હરિ મુખ મલકાવીને માતાને કહે, માતાજી મને જમવાનું અત્યારે જ આપો. ત્યારે માતા કહે, હવે તારી ઉપર વારી જાઉં. હે પુત્ર તમને જમવા તો સુવાસિનિ ભાભી જ આપશે. ત્યારે હરિ તરત જ પાકશાળામાં ગયા અને જઈને સુવાસિનિ ભાભીને કહે, ભાભી મને અત્યારે જ જમવાનું આપો. હવે સહેજ પણ વાર ન કરશો. મારે ખાવું જ છે. સુવાસિનિ ભાભી કહે, હે મારા જીવના જીવન પ્રાણ મારા પ્યારા હમણાં જ આપના વદન ઉપર વારિ જાઉં. આપ થોડો સમય રાહ જુઓ. તમને જમવાનું તૈયાર કરીને આપું જ છું ધીરજ ધરો.

ત્યારે હરિ કહે, જેવું હોય તેવું મને આપો. અત્યારે મને ખૂબ જ ભૂખ લાગી છે. ભૂખ લાગી છે. આમ બોલીને ધાંધલ મચાવવા લાગ્યા ત્યારે ભાભી હરિના મુખને જોઈને એમના મુખ ઉપર અકળાયેલા આંસુ વિનાનાં નેત્રો લુખા સુખાં લાગતાં હતાં. હે મારા દેવર ! આપ અધિરા ન થાઓ. આપને હમણાં જ જમવા આપું. આપ હવે ધીરજ રાખો. તમને ઘી અને ખાંડ નાંખેલ લાપસી અને પુરીઓ તૈયાર કરીને હમણાં જ આપીશ. તમે બહાર જઈને આવો. ત્યાં સુધિમાં તૈયાર કરીને આપીશ. આ રીતે મધુરાં મધુરાં વચનો કહીને લલચાવતાં હતાં. પણ હરિ લલચાતા જ નથી. ભાભીનો પાલવ ઝાલીને કહે મને ભોજન આપો. ત્યારે ભાભી કહે આપ અધીરા ન થાશો. આપને હમણાં જ જમવા આપીશ. પાક કરવાની મારે કાંઈ માથાકૂટ નથી. મારે તો અત્યારે જ ખાવું છે. ઘનશ્યામ પ્રભુ આવી રીતે ઝગડતા હતા. સુવાસિનિ ભાભીને હેરાન કરતા હતા ત્યારે ભાભી મહિમા સહિત મનમાં મલકાતાં હતાં. ત્યારે ફરીથી ભાભી રસોઈ કરવામાં મન જોડીને પોતે ઉતાવળથી રસોઈ કરવા લાગ્યાં ત્યારે હાથની અંગુઠી કાઢીને ગોખલામાં મુકી હતી. તેની ઉપર હરિની નજર પડી ત્યારે ફરીથી ખાતરી કરી લીધી. ઘનશ્યામે તે અંગુઠી અતિ ચતુરતાથી ચોરી લીધી. તે ભાભીને ખબર જ ન હતી ત્યારે હરિ રમતો રમવાના રૂપમાં ત્યાંથી છટકી ગયા. નજરને પાછળ કરીને જોતા હતા તે પણ ચંચળતાથી જોતા હતા. ચાલાક ચોર અને ચકોર પક્ષી તે બંને નજરમંદ કહેવાય. ચંદ્રનાં મુખ જોવામાં આતુરતાથી જોવે છે. એકને પ્રિય છે. બીજાને અપ્રિય છે. તે જ હરિની અકળિન ગતિ કેમ જોઈ શકાય. જે ચરિત્રને જાણીને લોકોના મન આશ્ચર્યમાં પડી જાય છે અને ગુંચવાય છે. આંખમાં જે અંજના આંજવામાં આવે છે તેને મનને આનંદ આપવા તથા મુખની રેખાને વધારવા માટે હોય છે તે સારું લાગે છે. તે જ કાજળનો જો દાગ લલાટમાં કે હોઠ ઉપર હોય તો ખરાબ લાગે છે. હરિ હંસ જેમ મદમત્ત ગજ જેવી ચાલ ચાલે ત્યારે પગલાં પડે તેમાં ચરણનાં સોળે ચિહ્નો દૃષ્ટિમાં જોવામાં આવે છે.

આ રીતે હરિ ઘનશ્યામ પ્રભુ ડેલીમાંથી બહાર નીકળીને ગલીમાં થઈને બજારના માર્ગે બજારમાં ગયા. ત્યાં

હલવૈની (કંદોઈ)ની દુકાને જ ગયા. અતે તે જલદી જલદી પહોંચ્યા. હે મુનિરાય ! તે કંદોઈ તો ધર્મદેવનો ખાસ મિત્ર હતો. તેથી ઘનશ્યામને બોલાવીને તેમને પૂછવા લાગ્યા. તે હલવાઈ શ્રીહરિને જોઈને તેમને કહે, તમારે શું જોઈએ છે ? ત્યારે હરિ અંગુઠી ખોલીને કાંદોઈને કહે, આ તમારી મિઠાઈની વસ્તુના ખર્ચ માટે આપું છું. મને મિઠાઈ આપો. હે ઘનશ્યામ ! તમારે શું જોઈએ છે તે મિઠાઈ કહો. તમારે ક્યારે ખાવાની છે. ક્યારે તમને જોઈએ તે કહો. તમને ખાવા માટે એક સેર મિઠાઈ આપીશું તથા જેટલી જોઈએ તેટલી લઈ જાવ. હલવાઈએ હરિને એક સેર મિઠાઈ આપી તે લઈને હરિ તો તરત ખાવા લાગ્યા ત્યારે તુરત જ બેચાર મિત્રો આવ્યા ત્યારે એમને પણ હરિએ મિઠાઈ અપાવડાવી. આ રીતે હરિએ અને સખાઓએ મિઠાઈ ખાઈને તૃપ્ત થઈને ઘનશ્યામપ્રભુ સખાઓની સાથે રમતો રમવા લાગ્યા. ત્યારે પૂર્ણકામ હરિ આ રીતે ચરિત્ર કરીને આનંદ આપતા ધર્મનંદન હરિના ચરિત્રને ઘરના માણસો કોઈ જાણતા ન હતા. ચોરી કોને કરી તેનો કોઈને ખ્યાલ જ નથી. સુવાસિનિ પોતાનાં સાસુને કહે, હે મારાં સાસુ હરિને જમવા માટે બોલાવરાવો ત્યારે ભક્તિમાતા રામપ્રતાપને કહે જમવાનું તૈયાર થયું છે તો ઘનશ્યામને બોલાવી લાવો. ત્યારે રામપ્રતાપ ઘનશ્યામ પ્રભુને બોલાવવા ગયો હરિ સખાઓની સાથે આનંદ ઉત્સાહથી રમતા હતા રામપ્રતાપને જોઈને હરિ સંકોચ પામવા લાગ્યા ત્યારે રાજા મહારાજા ચાલતા થયા ત્યારે બધા સખાઓ પણ ચાલતા થયા.

ભાઈને આવતાં જ હરિ કાંઈ બોલ્યા વગર ચાલતા થયા. પોતાના મુખકમળને સાફસૂફ કરીને કોઈ જાતનો અણસાર ન આવે તેનો ખ્યાલ કરતા હતા. આ બાજુ રામપ્રતાપ હરિને જોઈને તરત જ પ્રેમથી ઊંચા ઉપાડીને પોતાના ખભા ઉર બેસાડતા હતા. આ રીતે પોતાના ઘેર આવ્યા ત્યારે માતાપિતા બંને ભાઈને જોઈને મનમાં ખૂબ જ આનંદ પામતાં હતાં. હરિએ સ્નાન કરીને શરીરને શુદ્ધ કરી નાંખ્યું અને જુદાં જુદાં ભોજન જમવા લાગ્યા. જમીને તૃપ્ત થયા. આખા કુટુંબને જમાડીને ત્યાર પછી સુવાસિનિ જમીને પરવારી અંગુઠી લેવા ગઈ તો ડાબલામાં અંગુઠી ન દીઠી. આજુબાજુમાં ખોળી જોઈ તો ય ક્યાંય જોવામાં ન આવી ત્યારે આનો જાણનારો હરિ વિના બીજો કોઈ ન હતો એ વાત નક્કી જ છે. મોહન હરિ ચોરી ગયો હતો. તોય મનમાં સહેજ પણ અસર ન હતી મોં મલકાવતા આનાકાની કરતા હતા પ્રિય મારી અંગુઠી તમે જ લઈને ગયા હતા. તે સમયે ઘરમાં તમારા સિવાય બીજું હતું નહિ અને ઘરમાંથી તમે દોડીને ગયા હતા. બરોબર છે ને.

આ રીતે સુવાસિનિ નક્કી કરીને પોતાના સાસુ ભક્તિમાતા પાસે જઈ વાત કરી અને ત્યારે રામપ્રતાપ દિવસના બીજા પહોરમા અથવા ત્રીજા પહોરમાં કંદોઈની દુકાને ગયા. દુકાને જઈને કંદોઈને રામપ્રતાપે નેત્ર બતાવીને કહ્યું ત્યારે આ મુદ્રિ તમારી હોય તો લઈ જાવ. મારે કાંઈ રાખવી ન હતી ત્યારે રામપ્રતાપ કહે, આ અંગુઠી કોણ આપી ગયું હતું. તે ક્યારે આવી હતી કેમ આવી હતી તે મને સત્ય જ કહો. તમે તો અમારા સંબંધી છો તેથી જે હોય તે કહો. ત્યારે કંદોઈ રામને કહે હું તમને કહું છું પણ તમારે એને કાંઈ નહીં કહેવાનું કેમકે અમારા પ્રિય તથા તમારા નાના ભાઈ હરિ એમણે જ મને આપેલ હતી. જયારે જયારે ભૂખ લાગે ત્યારે આવી તે માગે છે. મને કાંઈ ખાવાનું આપો ત્યારે જમે છે. તે તો બાલ લાલ લટકાળો છે. અલમસ્ત છે માટે એને કાંઈ શિક્ષા કરશો નહિ. આ રીતે કહ્યું. કંદોઈ કહે, ઘનશ્યામે મને મુદ્રિકા આપેલી. તેના બદલામાં શેર મીઠાઈ આપેલી. તે તો એની પાસેથી કોઈ લઈ જાય નહિ. એટલા માટે લઈને રાખેલી હતી. મેં એને મિઠાઈ આપેલી. તે જ મુદ્રિ (વીંટી) શ્રીહરિના મોટાભાઈ રામ કંદોઈ પાસેથી ઘેર લઈને આવ્યા ત્યારે તે સુવાસિનિને કહે, તમે

મુદ્રિકા કેમ ઉતારી હતી અને ક્યાં મૂકી હતી. સુવાસિનિ કહે છે મેં વીંટી હાથમાંથી કાઢીને કટોરીમાં ગોખલામાં મૂકેલી. ત્યાં મેં ખોળી પણ મને ત્યાં ક્યાંય ન મળી ત્યારે ભક્તિમાતાને વાત કરી અને ભક્તિમાતાએ ઘનશ્યામને બોલાવીને પૂછ્યું, હે મારા પુત્ર ! તમે તો બહુ જ સુખ આપનારા છો. તમે સુવાસિની સાથે કાલે ઝગડો કર્યો હતો એટલે તે મુદ્રિકાને તમે જોઈ હતી.

હરિ કહે છે, હે માતાજી ! મેં તો એ અંગુઠી લેખી જ નથી. કોણ જાણે એમણે ક્યાં કાઢીને મૂકી હશે ? મને ભૂખ લાગી હતી તેથી ખાવાની માંગણી કરતો હતો. તેથી આ મારી ઉપર આળ ચઢાવે છે. ક્યાં રાખી હોય ? ક્યાં ખોળે ? ક્યાંય મૂકી હશે અથવા ક્યાંક નીકળીને પડી ગઈ હશે ? એને કોઈને દિધી હશે, મેં તો એ અંગુઠી તો જોઈ પણ નથી. લ્યો બસ મેં મારી મુઠ્ઠી ખુલ્લી કરી દીધી. પુત્રનાં વચનો સાંભળીને માતા ભક્તિ મુખ મલકાવતાં હતાં. પુત્રનો સરલ સ્વભાવ જાણીને એમણે વિશેષ જોર કરીને કહેવા લાગ્યાં. માતા પ્રેમવતી કહે, મારી પ્રિય પુત્રવધુ તમે જ અંગુઠી ખોઈ નાંખી હોય અને આમણે કદાચ લીધી હોય એમ બંનેની ભૂલ બની હોય તો હવે શું કરવાનું રહે ? ત્યારે ઘનશ્યામ વચ્ચે બોલ્યા કે નવીન કાંઈ કરવાનું ન હોય. આ રીતે ભક્તિમાતાના મત મુજબ હરિ નિર્દોષ થઈ ગયા ત્યારે મોટાભાઈના હૃદયમાં હાસ્ય થવા લાગ્યું અને સુવાસિનિના મનમાં સંકોચ થવા લાગ્યો. કેમકે મારા ઉપર જ બધી વાત આવી.

ત્યારે હરિને બોલાવવા મિત્રો ત્રણચાર આવ્યા. તેમની સાથે હરિ ચંચળતાથી ચાલવા લાગ્યા. આ રીતે ચરિત્ર કરીને સર્વને મનમાં મુંઝાવતા હતા. આનંદ કરતા હતા. ત્યારે મોટાભાઈ રામપ્રતાપને માતા કહે, તું તારા મનમાં કેમ આનંદ કરે છે. તમે જાણતા હો તો મને કહો. હવે વાતને વધારવાની નથી. ત્યારે માતાને મોટાભાઈ કહેવા લાગ્યા. હવે હરિને વધારે કાંઈ ન કહેશો. હું હલવાઈની દુકાને ગયો હતો. તે મને કહેતો હતો. ઘનશ્યામને તમે કાંઈ ન કહેશો. એમ મને કીધેલું. એને હરિમાં પ્રેમ છે તેથી ના પાડેલી. તે છતાં તે કંદોઈ મને કહે મને જ એમણે અંગુઠી આપેલ છે એ તમારા નાનાભાઈએ આપેલ છે. એના બદલામાં એક શેર મિઠાઈ લઈ ગયા છે. એ ભૂખ્યા હતાં તેથી મેં આપેલ છે. અગુંઠી તો ઘનશ્યામ જ લઈ ગયા છે. સોનાની વીંટીમાં નંગો જડેલાં છે. તેનો ઘાટ પણ ખૂબ જ સારો કરેલો છે. ત્યારે ભાઈએ તે અંગુઠી માતાના હાથમાં આપી અને આના જેવી બીજી અંગુઠી કોઈ નથી એવી સુંદર છે. આવાં ચરિત્ર પુત્રનાં જોઈને માતા મનમાં આનંદ પામવા લાગ્યાં અને સુવાસિનીને પણ અતિ આનંદ થયો અને ધર્મદેવના હૃદયમાં પણ આનંદ થવા લાગ્યો.

આ રીતનાં હરિનાં ચરિત્રમાં સર્વે દેવો મનુષ્યો મુનિજનો તથા બ્રહ્માજી મહાદેવજી શારદા સર્વે મોહ પામે છે. તથા વિરાટ આદિ બધાં જ હરિનાં ચરિત્રમાં વૃત્તિ જોડીને ધ્યાન ભજન કરે છે તે જરૂર હરિપદને પામે છે.

**આ પ્રમાણે શ્રીહરિલીલાસિંધુમાં ચોથા પૌગંડ રત્નમાં વૈષ્ણવાનંદ વર્ણિએ રચેલ છંદભાષામાં શ્રીહરિએ અંગુઠી ચોરી તેની લીલાનું વર્ણન કર્યું તે નામે નવમો તરંગ થયો. ॥૯॥**

# તરંગ-૧૦

પ્રતાપસિંહ રાજા કહે છે, હે મુનિરાય ! શ્રીહરિએ કુસ્તી કરવાનો અભ્યાસ કર્યો. તેની કથા મને સંભળાવો. આ રીતનાં શ્રી ઘનશ્યામ પ્રભુનાં ચરિત્રો વિસ્તાર કરીને મને કહો તો મારા મનમાં ખૂબ જ શાંતિ સુખ પ્રાપ્ત થાય. હરિને સાતમા વર્ષનો પ્રારંભ થયો ત્યારે હરિએ કુસ્તી કરવાનો જ્યારે અભ્યાસ ચાલુ કર્યો તેની વાર્તા મારા મનમાં સ્ફૂરી આવી છે. તો તે કથા હે મુનિરાય ! મને વિસ્તારથી કહો. તે ઘનશ્યામ હરિની લીલાને ખૂબ જ વિસ્તાર કરીને પ્રેમપૂર્વક સંભળાવો. જેમ અનેક પ્રકારનાં દ્રવ્યો મિશ્ર અમૃત સમાન અતિ ભૂખ્યાને આપવાથી તૃપ્ત થાય તેમ મને હરિ કથાથી મનમાં તૃપ્તિ થાય છે.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! હરિ પોતાના સખાઓની સાથે ક્યારેક ક્યારેક કુસ્તીના ખેલ કરતા હતા. પોતાની સમાન વયના અથવા પોતાનાથી મોટાની સાથે કુસ્તી કરીને બધાને હરાવી દેતા હતા. શ્રી હરિને કુસ્તી કરતા જોઈને માતાપિતા ભાભી બધાં જ રાજી થતાં હતાં અને શ્રીહરિને તાકાત માટે જમવામાં એમને જે જોઈએ એવાં ઇચ્છિત ભોજનો આપતાં હતાં. શત્રુને પામીને તેને જીતી લેતા હતા એવા સમર્થ હતા. રામધનમલ્લ હરિનો મિત્ર હતો. તે કુસ્તી કરવામાં અતિ હોંશિયાર હતો. તે દરરોજ હેતથી હરિની પાસે જાય અને હેતથી હરિને કુસ્તીના દાવ શીખવે. તે રામધન સારા ગુણવાળો ઇંદ્રિયોને વશ કરીને મનને દૃઢ કરનારો ભક્તિભાવથી ભરપૂર બળમાં પણ અતિ બળવાળો નિષ્કામી વૃત્તવાળો એની કુસ્તીના પરાક્રમો આખા કૌશલદેશમાં ખૂબ જ વ્યાપક પ્રમાણમાં ફેલાયેલાં હતાં. ખૂબ જ વખણાતાં હતાં. તે રામધન કુસ્તીના દાવપેચને સારી રીતે જાણતો હતો. તે બધા જ દાવ હરિને સારી રીતે શીખવતો હતો. હાથની આંગળીથી હાથ પકડે, જોરથી જકડી રાખે તે રીત હરિ પણ સારી રીતે મન દઈને શીખતા હતા. બળથી તૈયાર થતા હતા. આલિંગનમાં પકડ્યા પછી છૂટવું બહુ જ કઠણ છે તેમ જ પગથી પગને પકડવાનો દાવ પણ સારી રીતે શીખ્યા. માંથાથી માંથું અને શરીરથી શરીરના અંગો ઉપર મુઠ્ઠીનો પ્રહાર કરવામાં અતિ હોંશિયાર તે રામધને હરિને બધી કળાઓ શીખવાડી. જુદાં જુદાં અંગોને પકડવાના દાવની કળાને શીખતા હતા. હાથ પગ મસ્તક દેહ (શરીર) તોડવાની કળાને પણ રામપ્રતાપના નાના ભાઈ બધી જ કળાઓને શીખતા હતા. ઊંચો ઉછાળીને પાછળ પાડે. પાછળથી પહેલાંની માફક પાછો વાળે ને નીચે પાડે આવી રીતની કળા તે ચિત્ત દઈને બધી જ કહેલી રીતો કળાઓને ધ્યાનથી શીખ્યા.

હે રાજન્ ! હરિ દાવમાં આવીને પેચ ચલાવે ત્યારે હરિ પોતાના બળથી એને જ હરાવે. એવી રીતના પોતાના દાવમાં આવેલો પોતે પાછો પાડીને હરિ પોતે ક્યારેય દાવમાં આવતા જ નથી. આ રીતની કુસ્તી દાવમાં કળ, છળ, બળની અનેક રીતો રામધન હરિને શીખવતો હતો. તે મિત્રતાના દાવે શીખવતો હતો. તે પ્રેમથી ક્યારેક ક્યારે નવી નવી કળા પણ હરિ પોતે કરતા હતા તે કળા જોઈને લોકો આશ્ચર્ય પામતાં હતાં. રામધનની માફક જ કળા કરતા હતા. તે મલમાં બળ અતિશય હોય છે. જેમ સમુદ્રમાં વેળ ચડે ત્યારે પાણીનાં મોજાં ખૂબ જ ઉછળે છે તેમ પાણી ઊંચુ ચડે છે તેમ હરિને ઉઠાવવા માટે ખૂબ જ જોર કરે પણ ઉઠાવી ન શકે. જોર કરી કરીને થાકી જાય તો પણ થોડા પણ હઠે જ નહિ આ હરિની કળા છે. આ રીતે વારંવાર મલ્લો પોતાના શરીરથી બળ કરવા છતાં ન હઠ્યા ત્યારે વિચાર કરવા લાગ્યા કે જરૂર આ હરિ સ્વયં ભગવાનનો અવતાર જ છે. કેમકે આપણે અતિશય છળ બળ કળ કર્યાં તો પણ તેને ઉપાડવામાં પાડવામાં આપણે સમર્થ ન થયાં તેથી જરૂર

પુરુષોત્તમ નારાયણ પોતે જ છે. હરિનો ઐશ્વર્ય પ્રતાપ દિવસે દિવસે વધારે ને વધારે દેખાવા લાગતો હતો. તેથી જેમના ચરણમાં ઉર્ધ્વરેખા આદિક સાત, અને નવ = (૧૬) સોળ ચિહ્નો બંને ચરણમાં હોય તો તે દેવ જ કહેવાય. માટે આપણે તો ધન્ય ભાગ્યવાળા છીએ. આજે કૃતારથ થયા છીએ. આપણાં પૂર્વના પુણ્ય ઉદય થયાં છે તેનો જ પ્રતાપ છે. ને આપણને હરિની સાથે સખાભાવ મળે તો કેવું સારું. આમ મનમાં વિચાર કરતા હતા.

રામધન શ્રીહરિની સ્તુતિ કરે છે. હાથ જોડીને મધુર વાણીથી નેત્રથી ભગવાનના સ્વરૂપને અંતરમાં ઉતારીને કહે છે, હે ધર્મનંદન ! આપને ન જોઈને દર્શન નહિ કરનારા લજ્જા પામે છે. તે જીવ જગનાં જંજાળમાં જ ફસાયો રહે છે. હે હરિ મારું શરીર તો અતિશય કઠોર છે. તેથી મેં જોર કરી કરીને આપને પીડા આપી છે. તેથી હું આપનો અપરાધી છું. તેથી પારધિ જેમ તમારી આરાધના કરે છે. એવો જ હું છું તો મારું પાલન આપ કરજો એવી કૃપા કરજો એવી વિનંતી કરું છું. હે હરિકૃષ્ણ પ્રભુ આપ સર્વ દેવના દેવ છો. સામાન્ય માનવી આપને જોઈ શકતો જ નથી. એવા આપની પાસેથી અલૌકિક દિવ્યધામના સુખને મેળવવા ઇચ્છે છે. એવો જાણીને હું હે મુનિ આપને વિનંતી કરીને કહું છું. પ્રભુ મને પણ મુનિઓના જેવી ગતિ કરાવજો. એનું સુખ આપજો. હે હરિ ! અમારી ભક્તિને જોઈને તમે એ પ્રમાણે જ સુખસ્થાન આપજો. હે મહારાજ ગરીબોના પ્રતિપાલ ! સુખ આપનારા આપ જગતના ભવસાગરને તરવા માટેનું જહાજ રૂપ છો તો અમને ઉગારજો. આ રીતે રામધને વિનયતા ભરેલાં વચનો હરિને કહ્યાં અને મનુષ્યદેહના અલભ્ય લાભ પ્રાપ્ત કરવા માટે હરિનાં ચરણકમળનો સ્પર્શ કરીને ચરણરજને શીર ઉપર ધારીને હૃદયમાં અતિશય હેત જણાવીને વિનંતી કરી.

શ્રીહરિ કહે છે, હે પામર જીવો ! હું તો તમારાથી અજીત જ છું. હું તમને બધાને જીતી ગયો છું. જગતને જીતીને જે મારા ધામને પામે છે તે તો પરમ પુણ્યવાળો એકાંતિક ભક્ત જ પામે છે. હે મુનિવર્ય ! હરિએ આ રીતે મલ્લને વરદાન દીધુ. બધા પ્રકારની કુસ્તીના દાવો શીખીને તૈયાર કર્યા. બે જ માસમાં બધા પ્રકારની કુસ્તીમાં અનેક કળો મેળવી લીધી અને અયોધ્યાપુરના મલ્લો હરિને હરાવવા માટે મનમાં શંકાઓ કરવા લાગ્યા. હરિ સાત વર્ષના બાળક કહેવાય છતાં એમણે મલ્લવિદ્યાનાં બળ પરાક્રમ ખૂબ જ મેળવી લીધાં અને જેમ જેમ નગરના મલ્લોનાં અરમાન હતાં તેમ તેમ તેઓ વાતો ચર્ચાઓ વારંવાર કરતા હતા. ક્યારેક ક્યારેક અંગ ઉપર ધૂળ લગાવીને કુસ્તી કરવા જાય ત્યારે ધૂળ દેખાય નહિ પણ બળ તો ખૂબ જ જોતા હતા. આ રીતે અતિ ઐશ્વર્ય પ્રતાપયુક્ત પૌગંડ અવસ્થામાં હરિનું શરીર જોઈને તે અહંકાર થાય તેવું હતું. તે મલ્લો હરિની મૂર્તિને પોતાના હૃદયકળમાં ધારીને હેત કરીને બોલાવતા હતા. કુસ્તી તો મનમાં આનંદ કરાવવા માટે જ છે. હરિનું મુખ પ્રસન્નતા યુક્ત જોઈને અનેક મીઠાં વચનો બોલતા હતા. હરિના મુખના બોલ શબ્દસુધાકર અતિ અમૃતથી ભરપૂર મનોહર બોલ બોલતા ત્યારે દાડમનિ કળી જેવા શ્વેત દાંત અધરોષ્ઠ જાણે લીબુનું બીંબ ન હોય ? તેવા લાગતા હતા. ચંચળ નેત્રકમળ અમીરસથી ભરપૂર અંજન કરવાથી મનને આનંદ આપતા બાલપ્રભુ ચાલવાનાં ઠમકાં પૃથ્વી ઉપર ચરણનાં ચિહ્નોથી શોભાતાં હતાં. લોકોના મનને ભાવતાં હતાં.

આ રીતે હરિ કુસ્તીમાં અખાર ઉપર અખારથી ખેલતા જોઈને એકબીજાની દેખા દેખી એ કુસ્તીના ખેલ કરવાની લાલચ થવા લાગી અને મોટા માણસે નાના કોમળ બાળકની સાથે ખેલ કરવા માટે બાળકો હરિને કહેતા હતા ત્યારે હરિ તે મલ્લોની સાથે ખેલ કરવા જવા લાગ્યા. તેમની પાછળ પાછળ આનંદપ્રમોદ કરતા હરિની ઉપર ગેલ કરતાં હતાં. આ તો દેવના દેવ છે તેથી એમની કાંઈ વાત જ ન થાય પણ જોવા આવનારને તો હરિ

કુસ્તી કરતા જોઈને આશ્ચર્ય પામતાં હતાં. પુરની સ્ત્રીઓ કહેવા લાગી કે આ બાલમરાલ હરિ આપણા મનને એમનામાં ખેંચે છે. આપણને આનંદ થાય છે. આ હરિએ પીળા વસ્ત્રો ધારણ કર્યા છે અને કટીભાગ ઉપર સોનાનો પીળો કટી મેખલા કસીને બાંધે છે. ઉપર અંગી કેડીયું ધારણ કરેલ છે. મસ્તક ઉપર મનોહર ટોપીને ધારણ કરેલ છે તે મનોહર મૂર્તિ કેવી શોભે છે. આ બાળકનાં ચંચળને નેત્રકમળ આપણાં ચિત્તને પોતાનામાં ખેંચે છે તે આપણાં હિતનું જ કાર્ય કરે છે. કહે છે, એમના વિના જગતનાં બંધનમાં તો સ્ત્રીઓ અને પુરુષો એકબીજાને ખેંચે છે. તે તો કાળના કોળિયા છે. નેત્રદ્વારા આ સ્વરૂપને હૃદયમાં ઉતારીને આ મનોહર રૂપને જોયા જ કરીએ એવું મનોહર રૂપ છે. આના જેવા બીજા કોઈ ન હોય. કેમકે આ તો પોતે સર્વે ઈશનાઈશ સર્વ મુનિજનોને પણ અતિ દુર્લભ છે એવા અલૌકિક સ્વરૂપ ધર્મનંદન પ્રભુને તો અનંત અક્ષરમુક્તો છે તે તો કાયમ પૂજે છે. સેવે છે. એમને ચાહે છે.

હરિના ખેલને અખાડામાં જોઈ જોઈને પાછા ફરતા મુનિજનોના નાથ આભૂષણ એવા પોતાના ઘેર જતા હતા. હરિ રમતો રમીને પોતાની ઈચ્છા મુજબ વિચરતા થકા ઈચ્છિત ફળને આપનાર માન ઉતારવા એની સાથે લડે અને વિખરાય આવા ખેલ કરતા જેમની એક કટાક્ષ માત્રમાં જ કાળકર્મ ભય પામતા થકા કાર્ય કરે છે. આજ્ઞાને લોપતા જ નથી એવા પરબ્રહ્મ પુરુષોત્તમ હરિને ઘેર આવતાં વાર લાગે ત્યારે હરિને માતાપિતા ચારેબાજુ ખોળવા જાય એવા સર્વેના આભૂષણ રૂપ અક્ષરાત્મા છે. આવી રીતે શ્રીહરિ ઘેર આવતાં જોઈને એમના અખાર (પ્રેમના) ખેલને જોઈ જોઈને માતાપિતાના મનમાં આનંદ થતો હતો. પુત્રના ઉદાર મનોહર મુખને જોઈને શાંતિ થતી હતી. ઘેર આવ્યા ત્યારે ભાભી જાતજાતનાં ભોજનો જમાડતાં હતાં તે સમયે હરિના મુખને જોઈને પોતાના મનમાં અતિ આનંદ થતો હતો. હરિમાં અધિક હેત થતું હતું. આવા કમલમુખ કમલનયન કમળ કરહસ્ત કમલપદની શોભાવાળા એવા હરિ જ્યારે પોતાના હૃદયકમળમાં નાભિ કમળમાં પ્રગટ રૂપ દેખાય ત્યારે પૂર્ણ મનોરથ થાય પરમપદ પામે.

**આ પ્રમાણે શ્રીહરિલીલાસિંધુમાં ચોથા પૌગંડ રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિએ મલ્લવિદ્યાનો અભ્યાસ કર્યો. મલ્લવિદ્યાની કળા કરી એ નામેં દશમો તરંગ થયો. ॥૧૦॥**

# તરંગ-૧૧

હે મુનિવર્ય ! એક વખત શ્રીહરિએ એક મહા પરાક્રમ કર્યું તે એવું મહા પરાક્રમ જે અતિ મહાબળવાન અને અતિ મદોન્મત્ત થયેલા બે મલ્લ અસુરોનો અભિમાનનો ઘમંડ તેને હરિએ તોડ્યો અને એના અહંકારનો નાશ કરી નાંખ્યો.

શતાનંદ મુનિ કહે છે, હે માર્કંડેય મુનિ ! અયોધ્યામાં આવેલા અસુરો ક્યાંના હતા અને તે કોણ હતા તેઓ અયોધ્યાપુરમાં શા માટે આવેલા હતા. શ્રીહરિ એમની સાથે શા માટે લડ્યા એ બધું જ ચરિત્ર મને આપ પૂર્ણ રીતે કહો.

માર્કંડેય મુનિ કહે છે, હે શતાનંદ મુનિ ! તમે સાંભળો. એકાગ્ર ચિત્ત થઈને સિંધ્ધાસને બેસો. તમને પ્રસિદ્ધ કહેવત હું વિસ્તારથી કહું છું. જ્યારે હરિ મલ્લકુસ્તીનો અભ્યાસ કરતા હતા તે જ સમયમાં તે ત્રણ મલ્લો

અયોધ્યાપુરમાં આવ્યા હતા. તેઓ લખનૌપુરના રહેનારા તે લખનૌના રાજા આગળ કુસ્તી કરનારા હતા. તેઓ આખા પ્રદેશમાં પ્રસિદ્ધ હતા. બળવાન ખૂબ જ હતા. અનેક જગ્યાઓ મલ્લકુસ્તીમાં તાકાતથી જીતેલા હતા. તેઓ શરીરમાં ભીમ જેવા તગડા ભારે શરીરવાળા કુસ્તી ખેલ કરવામાં ખૂબ જ ચાલાક હતા. તેઓ પોતાની કળા બતાવવા નગરમાંથી બહાર નીકળ્યા હતા. કુસ્તી કરીને જીતવા માટે લલકારતા થકા આવ્યા હતા. ખૂબ જ ઊંચાં જાડાં શરીરવાળા ભયંકર રૂપવાળા એમને દૂરથી જોઈને પાસે જવાની હિંમત જ નથી કરતા. તે લખનૌવાળા મલ્લોની કુસ્તી જોઈને અવધના મલ્લો. પોતાની શક્તિને થોડી જ સમજતા હતા. આ મલ્લોને જોઈને તથા તેમની તાકાત જોઈને અહિંના મલ્લો ઉપર તો અનેક ઘણો પ્રભાવ પાડવા લાગ્યો. આ રીતે નગરમાં તે મલ્લો પ્રસિદ્ધ થઈ ગયા. તે મલ્લના બળની વાત તો રામધન મલ્લ આદિ બધા જ જાણતા હતા તેથી તેને જોઈને શરમાવા લાગ્યા.

અવધપુરના મલ્લો કહેતા હતા કે એમની સાથે લડવા અમે તૈયાર જ નથી. કેમકે તેઓ તો અતિબળવાન છે. એમની સાથે લડીએ તો બલી થઈ જવાય તેવા છે. અમે જોવા જતા હતા ત્યારે તેઓ કુસ્તી કરતા હતા તે પણ અતિ અભિમાન સાથે અને બળથી પણ મહાન હતા. તેઓ અવધપુરના મલ્લના બળની નિંદા કરતા હતા. કેમકે અમારી સાથે લડનારા અમારા બરોબરીયા કોઈ ન મળ્યા. આ રીતે બોલતા હતા ત્યારે અયોધ્યાના બધા મલ્લો ભેળા થઈને વિચાર કરતા હતા. આમની સાથે લડવા માટે કોઈ આપણામાં તૈયાર જ નથી. આપણામાંથી કોઈ હિંમત બળ કરીને જો કોઈ લડવાની આશા કરે અને જો લખનૌવનો મલ્લ એક મોટો ઘાંટો પાડીને થપાટો મારે તોય મોત આવી જાય. આવી રીતે અવધપુરના મલ્લો શંકા કરતા હતા. તે અસુર મલ્લો તો મોટા ઘાંટા પાડીને ગાલ બજાવતા હતા. અમારી સાથે કોઈ લડવા આવો ત્યારે રામધન નામના મલ્લ પોતાના મનમાં એમ માનતો હતો કે આ મલ્લોને તો એક શ્રીહરિ ઘનશ્યામ પહોંચે તેમ છે. એમના વિના આ લોકોને કોઈ લડાઈ કરીને હરાવી શકે તેમ નથી. હરિ એકલા જ એમને હરાવવા સમર્થ છે.

હે મુનિ ! તે મલ્લો અવધપુરના મારગો ગલીઓમાં બજારમાં કોઈ જાતની શંકા વિના જ ફરતા હતા અને તેઓ ભૂમિને ભારરૂપ પાપ કરનારા માંસ મદિરાનું આહાર પાન કરનારા માનવો હતા. આ લોકોની સર્વ પ્રકારની કાર્યવાહીને હરિ જાણતા હતા. એને લોકો આવી આવીને કહેતાં હતાં તેથી હરિ પોતાના મનમાં નવી લીલા કરવાનો વિચાર કરતા હતા અને પુરના મલ્લોને શોકથી મુક્ત કરવાની ઈચ્છા રાખતા હતા.

શ્રીહરિ સરજુ નદીમાં સ્નાન કરીને નિત્યવિધિ કરીને કુસ્તી કરવાની ઈચ્છાથી શરીર ઉપર ધૂળ લગાવીને તૈયાર થયા. પહેલાં સાંકર મેળવેલું દૂધપાન કરીને તૈયાર થઈને હરિપૂરના ચોરા ઉપર સર્વદેવના દેવ હરિ નિશંક થઈને બેઠા હતા ત્યારે તે જ દિશામાંથી તે મલ્લો ફરતા ફરતા ત્યાં આવ્યા, તેઓએ શરીર ઉપર ધૂળ ચોપડેલા હરિના શરીરને જોઈને મુખ મચકોડીને કટાક્ષ કરીને હરિની ઉપર વાંકું વાંકું બોલતા હતા. અસુરો કહે છે ત્યારે મુખનાં વચનો અને મુખને વાંકા બોલતા થકા હાથમાં ધૂળ રાખીને કહે અરે છોકરા તારા શરીર ઉપર ધૂળ કેમ લાગી છે ? તું જો ધુળ ચટાવવા જેવો થયો હોય તો અમારી સાથે લડવા આવી જા. આ અમારું કહેવું સાચું લાગતું હોય તો અમે તારી સાથે લડવા તૈયાર છીએ. તું મલ્લવિદ્યા કરવા તૈયાર હોય તો અથવા તારે મલ્લકુસ્તી કરવી હોય તો અમારી સાથે લડવા આવ. આમ કહ્યું ત્યારે.

હરિ કહે, અમે કાંઈ મલ્લવિદ્યાને જાણતા જ નથી. તમે તમારે આ સિધ્ધો મારગ છે. તે સિધ્ધે મારગે ચાલ્યા

જાવ. ત્યારે ફરી તે અસુરો હરિ ઉપર ઉદ્દેશીને કહેવા લાગ્યા કે શરીર ઉપર ધૂળ લગાડીને પહેલવાન જેવું કેમ બોલે છે. હરિ કહે છે, ધૂળ લગાવવામાં કાંઈ પૈસા નથી લાગતા. અમારા શરીર ઉપર લાગેલી રહેતો તમારે શું છે ? મારા શરીર ઉપર જો શેર ધુળી લાગે તો તમારા શરીર ઉર બસેર ધૂળ લાગે છે. તેમાં આવું સુખ છે. આ રીતે હરિનાં વચનો સાંભળીને અસુરોએ પોતાની ભ્રૂકુટિને ચઢાવીને ક્રૂરતાથી બોલવા લાગ્યા. ઉંમરમાં નાનો છે. મોઢામાંથી શબ્દો તો જુદા જ બોલે છે. જાડી નીલ જેમ કાંટા ઉપર રોફ કરે તેમ રોફ કરે છે. માટે આજથી શરીર ઉપર તું ધૂરી લગાવીને દેખવામાં આવશે તો તને માર્યા વિના નહિ છોડીએ આ નક્કી જાણજે. યુદ્ધ કર્યા વગર શરીર ઉપર ધૂળ ન લાગે. માટે આ જગ્યા ઉપર અમારી નજર આગળ ફરી જોઈશું તો તારી વાત છે. આમ કહીને મલ્લો પોતાના સ્થાને ગયા પણ શ્રીહરિનો ઐશ્વર્ય પ્રતાપને જાણતા ન હતા. તેથી અભિમાન કરીને ગયા. બ્રહ્મા આદિક બધી જ સૃષ્ટિના સર્જન પાલનપોષણ તથા નાશ કરનારા સર્વે જેના ધામથી આવે છે તેને ગમાર અજ્ઞાની જીવો ક્યાંથી જાણી શકે ? મહાપુરુષ મહાકાળ અને મહામાયા મૂળ પ્રકૃતિ અનેક પ્રધાન પુરુષો અનિરુદ્ધ સંકર્ષણ અને પ્રદ્યુમ્ન આદિ સર્વના પ્રેરક શ્રી પુરુષોત્તમ નારાયણ પ્રભુને ક્યાંથી જાણી શકે ? એમને જાણવા માટે તો શ્રદ્ધા ભક્તિયુક્ત પુણ્યથી જાણી શકાય છે. આવી રીતના અમાપ ઐશ્વર્ય પ્રતાપયુક્ત શ્રીહરિ પોતાની ઈચ્છાથી જ પૃથ્વી ઉપર પ્રગટ થયા છે. એવા ધર્મદેવના પુત્ર શ્રીહરિને અજ્ઞાની જીવો કેવી રીતે ઓળખી જાણે. દેવો મુનિજનો ઈશ્વરો સર્વને દુર્લભ એવા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પ્રભુને અનંત નિગમો આગમો શોધ્યા કરે છે તોય મેળવી શકતા નથી એવા મહાપ્રભુ અત્યારે અવધપુરમાં સરલતાથી જોવાય છે અને તે પ્રભુ મલ્લકળાનો અભ્યાસ કરી રહ્યા છે. બીજે દિવસે હરિ નિત્યક્રિયા કરીને પરવર્યા એટલે માતાએ સાકરયુક્ત દૂધ બનાવીને પાયું. ત્યાર પછી પોતાના શરીર ઉપર ખૂબ જ પ્રમાણમાં ધૂળ લગાવીને તૈયાર થવા લાગ્યા. જેથી કરીને શત્રુ જુવે તો બળી મરે.

આવી રીતની હરિની શું કહેવાય ? તેઓ ગેરુવા કલરયુક્ત શોભતા હતા એને જોઈને જ લોકોના મનમાં અતિ ઉત્સાહ વ્યાપે. એમની છબિ જોઈને મુનિજનાં મન લોભાતાં હતાં એવું મનોહર સ્વરૂપ હતું. શરીર ઉપર વસંતિ કલરની ધોતી ખૂબ જ કસીને બાંધી. તેની ઉપર વસંતિ કલરનું કેડ ઉપર વસ્ત્ર કસીને બાંધ્યું. સોનેરી ફેટા કલરની મસ્તકે ટોપી પહેરલી તે વસ્ત્રોને ધર્મનંદન પ્રભુએ પ્રેમથી ધાર્યાં નિશંક થઈને રહેતા હતા. ભાલમાં મોટો તિલક ચાંદલો કર્યાં તે શોભતાં હતાં. આખંમાં અંજનની રેખા કરી તે આંખો કાયમ માટે જોવા જેવી અલૌકિક હતી. તે છબીને જોઈને સુવાસિની ભાભી અને મોટાભાઈ ખૂબ જ હેતથી મીઠણાં લેતાં હતાં. મોટાભાઈ પ્રેમ વધારતા હતા. લાડ કરતા હતા. હરિ તૈયાર થયા એ જ સમયે રાજા આવ્યા ત્યારે હરિ બધા સખાઓ સાથે ચાલતા થયા ત્યારે તે મંડળ અતિ શોભાયમાન થતું હતું. હરિ રમત કરતા થકા માર્ગ ઉપરથી બજાર વચ્ચે આવ્યા. મે, અત્યારે અસુરો મળે તો એમના જીવ બળવા લાગે એવા સ્વરૂપને ધારેલા હરિ શોભતા હતા. તે જ સમયે મલ્લ આવ્યા અને એમણે હરિને જોયા અને પાછા ફર્યા. ચોક બાજુ બજારમાં હારોના મથક ઉપર ભેગા થયા. માણસો પણ ભેગા થયા. હરિને જોઈને બળવા લાગ્યા તે અસુરોના મનમાં આગ લાગવા લાગી. આવીને શ્રીહરિનું શરીર ગૈરુ જોઈને તેઓ અતિ ચખચામ થવા લાગ્યા અને ગમે તેમ કરીને ઉંચે આવીને બેઠા

શ્રીહરિ કહે છે, તમારા કહેવાથી જ આજે મેં મારા શરીર ઉપર માટી લગાવી છે. તમે પણ વધારે માટી

લગાવો. આપણે બજાર વચ્ચે બેઠા છીએ. પરદેશથી આવ્યા તેથી તમે પરદેશી કહેવાઓ. તેથી તમારે ને અમારે કોઈ સગાઈ સંબંધ ન કહેવાય માટે તમારે આંખમાં જોઈને ખટકે છે. એટલે ભ્રૂકુટિ ચડાવો છો. બળ બતાવો છો. તમે પૂરા બળથી ભરાયેલા છો તેથી મને ભગાવો, તો ખરા કહેવાવો. તે જ સમયે હરિને જોઈને પુરના મનુષ્યો બધાં મળીને કહેવા લાગ્યાં કે આ અસુરો બહુ જ ગર્વિષ્ઠ છે. ખૂબ બળવાન છે. તેથી એમની સાથે વધારે બોલવું સારું ન કહેવાય. ત્યારે કેટલાક લોકો સાથે મળીને તે અસુરોને કહેવા લાગ્યા કે તમે મોટા છો તેથી જવા દ્યો. આ છોકરો તો તમારા સમાન ન કહેવાય માટે એના બોલ્યા ઉપર ન જોશો. ત્યારે મલ્લો કહે, અમે એને આજે છોડીએ છીએ. નહિ મારીએ પણ જો કાલે આ જગ્યાએ આવીને બેઠેલો અમે ભાળીશું તો જરૂર એને અમે માર્યા વિના નહિ છોડીએ. માટે તમે એને જઈને કહી દેજો. તે મલ્લો ચાલતા થયા અને લોકોને ડરાવતા ગયા અને હરિ તે જ જગ્યાએ બેઠા હતા. કાંઈ બીતા ન હતા. પોતાના શત્રુના મનમાં આગ લગાવીને હરિ પોતાના અખાડામાં કુસ્તી કરવા ગયા. રાતે ઘેર ગયા. રાત્રે શયન કરી સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને પ્રભુ કુસ્તી કરવા માટે સાંકર યુક્ત દૂધનું પાન કરીને રુદયરામના ઘેર બળવાન હરિ ગયા.

ત્યારે રુદયરામ કહે, હે ધર્મદુલારા ! કેમ આવવાનું થયું છે ? હરિ કહે તમે જ આવવાનું કહેતા હતા માટે આવ્યો છું આજ પુરમાં બે મલ્લો આવ્યા ત્યારે પુરના બધા મલ્લોને ભય પમાડવા મને જ કાલે ધમકી આપીને ડરાવ્યો હતો. એ જ સ્થળે બેસવા માટે આવ્યો છું. રુદયરામ કહે તમે તે જ સ્થળ ઉપર ન જશો. તમે તો અમારા પ્રાણના આધાર છો. ત્યારે ધર્મકુમાર કહે અમારે ગયા વિના કેમ ચાલે ? અમારે તો જવું જ છે. આમ કહેતા હતા. રુદયરામ શ્રીહરિને કહે કે તમારે જવું હોય તો તે આવેલ મલ્લોની સાથે જાવ રુદયરામે હરિનાં પરાક્રમો જોયેલાં તેથી પોતાના મનમાં અનુમાન કરવા લાગ્યા. અને પોતાના સેવકોને હરિ સાથે રહેવાનું કીધું. તમારે હરિની સાથે ફરવાનું હરિની સાથે તે બળવાનો લડવાના છે તેથી એમની સાથે તેઓ ખળોને રમવા નહિ દેવાના. જો બળ કરીને દગો કરે તો તમારે આમને પકડી લેવા. તમારે હરિનું જ રક્ષણ કરવાનું છે. એટલા માટે જ જવાનું છે. આ હરિ તો પરબ્રહ્મ સુખ આપનારા છે. તેથી તેમની રક્ષા કરવા, સેવકોને સાથે જ મોકલ્યા. તેઓ ઉત્સાહ સાથે હરિની બાળટોળી સાથે ચાલતા થયા.

પુરના મનુષ્યો શ્રીહરિના મહિમા બળને પૂરેપૂરું જાણતાં હતાં તેથી નિર્ભય હતાં. તે અસુરોની દુષ્ટતાને તથા મેલી મુરાદને અવધપુરનાં મનુષ્યો ક્યાંથી જાણે ? હરિની સાથે બધા સખા જોડે જોડે જ રહે છે. અનુકૂળતા જોઈને હરિ ચોકમાં હાટે બેઠા. જયાંથી શત્રુઓ આવતા જતા હતા તેની રાહ જોતા બેઠા. તે જ સમયે તે અસુરો બંને જણા ફરતા ફરતા ત્યાં આવવા લાગ્યા તે મલ્લો આવતા તેને લોકો જોઈ રહેલાં હતાં અને અંદરોઅંદર કોલાહલ કરતાં હતાં. તે અસુર મલ્લો અલમસ્ત થઈને ફરતા હતા જયારે હરિને જોયા. ત્યારે તેઓ અતિશય ક્રોધાયમાન થયા. મનમાં ઘજર થવા લાગી. અતિ મોટા થઈને ખોટો આડંબર કરતા હતા. લલકારતા હતા. રે છોકરા અમે તને કાલે જ ના પાડી હતી તોય અહીં ધૂળ લગાવીને બેસવાની ના નહોતી કહી ? તે છતાં તું ધૂળ લગાવીને બેઠો છે. અમારી ના ઉપર આજે આવીને બેઠો છે. અમારી નજર આગળ બેઠો તેથી અમારા હાથે તમારું મૃત્યુ નક્કી થઈને આવેલ છે એમ લાગે છે.

ત્યારે હરિ કહેવા લાગ્યા કે તારા બાપને કહેજે શરીર ઉપર ધૂળ ન લગાવતા તમારા મનમાં દાજે છે. એટલે

અમારી ઉપર આંખો લગાવે છે. આવાં વચનો સાંભળીને તે મલ્લ હરિ ઉપર દોડ્યો ત્યારે જેમ મદથી છકેલો હાથી પોતાનો થાપો ઊંચો કરે તેમ હરિ એની ઉપર તાડુક્યા. હાટ ઉપરથી ઠેક્યા અને ઘનશ્યામ પ્રભુએ પોતાના બાહુને ઠોકીને મલ્લ ઉપર સામા થયા. જેમ હાથી ઉપર સિંહનું બચ્ચું તરાપે તેમ હરિ તે અસુર મલ્લ ઉપર તરાપ મારીને સામા થયા. ત્યારે લોકમાં પૃથ્વી ઉપર ચારે બાજુ હાહાકાર થવા લાગ્યો અને વિષ્ણુ બ્રહ્મા શિવ વિગેરે દેવોનાં વિમાનો આકાશમાં છવાઈ ગયાં. ક્યાં કોળમ અંગવાળા હરિ બાલસ્વરૂપ અને ક્યાં કઠોર શત્રુ ?હરિને કાળરૂપે જોતો હતો. ત્યારે હરિ કહે, અહીં આવ ત્યારે શત્રુ દાવ કરીને વજપાતની માફક મુઠ્ઠી ઊંચી કરીને હરિ તરફ દોડીને આવ્યો. અસુર આવ્યો ત્યારે હરિએ પોતાના શરીરને બચાવીને લાગ જોઈને તે અસુરને માર્યો. તેના પગની વચ્ચેથી નીકળી ગયા અને તે અસુર પૃથ્વી ઉપર પડ્યો. ત્યારે તે જ અસુર મલ્લ દોડીને સિસિયારી કરતો હરિ ઉપર દોટ મારીને આવ્યો ત્યારે હરિએ તે અસુરના માથાં ઉપર મુઠ્ઠીનો જોરથી પ્રહાર કર્યો ત્યારે લોકો બધાં જ તેમના ઉપર હાંસી કરીને રાજી થતા હતાં. જેમ અશરણ સમર્થના શરણમાં આવે તેમ તે પડ્યો હતો ત્યારે બીજો અસુર ક્રોધ કરીને હાથ ઊંચા કરીને આવતો હતો. ત્યારે હરિ પોતાના હાથો વડે શત્રુના હાથને પકડીને તેની સન્મુખ આવીને બીજા હાથે શત્રુના હાથને પકડીને તેને ઊંચો ઉછાળીને ઉલાળીને ફેંકી દીધો. તે મલ્લને ઊંચે ઉડાડ્યો ત્યારે જેમ આકડાનું ફળ ઉડાડે તેમ ઉડાડ્યો ત્યારે તે પાંચ બાણ (વાર )છેટો પડ્યો ત્યારે તેની પાસે જઈને ઉતાવળા થઈને તેનો શરીર ઉપર મુઠીનો માર મારતા હતા. હરિ તે શત્રુ ઉપર ચઢ્યા ત્યારે અત્યંત શોભતા હતા. જેમ સુતેલા હાથી ઉપર મહાવત શોભે તેમ નાના મહાવત જેવા લાગતા હતા ત્યારે તે અસુરના નાક અને મુખમાંથી લોહી વહેતું હતું તેને કુમારો મુઠ્ઠી મારતા હતા.

હે રાજન્ ! બીજા મલ્લને શ્રીહરિએ પાડ્યો તે જોઈને પહેલો મલ્લ ઉતાવળો થઈને હરિ જ્યાં હતા ત્યાંથી ભાગવા લાગ્યો. ત્યારે હરિ તેની પાછળ દોડ્યા તે જોઈને અતિવેગથી ભાગવા જ લાગ્યો. ભયથી પાછળ જોવા પણ ન રહ્યો. એક જ નજરે દોડ્યો. પાછું વળીને જોયું જ નહિ. એટલામાં તો કોઈકે હરિના ઘેર જઈને આ વાત બધી સંભળાવી દીધી. અને રામ તરત જ મદદ માટે દોડતા આવ્યા. જોયું તો પોતાના નાના ભાઈ હરિનું કુશળ જોઈને રામના હૃદયમાં અતિ હર્ષ થયો અને મનમાં શાંતિ થઈ ગઈ. ત્યારે આકાશમાં દુંદુભિના નાદ થવા લાગ્યો અને આકાશમાંથી પુષ્પનો વરસાદ થવા લાગ્યો. સર્વત્ર જયજયનો નાદ થવા લાગ્યો. દેવો રાજી થઈને વધાવવા લાગ્યા. આ રીતે હરિએ અહંકાર તોડીને મલિન મનના અસુરોને માર્યો. આ લીલાને જોઈને લોકો આશ્ચર્ય પામ્યાં. બાળવયના હરિ અને મોટા મોટા અસુરો મલ્લને જગવંદન હરિ જીતી ગયા. આ રીતનાં હરિનાં અદ્‌ભૂત પરાક્રમોને જોઈ સાંભળીને વૃદ્ધો સાંભળતાં હતાં તો તેઓ જોવા આવતા હતા. હરિના રૂપને જોઈને મંગળ ગુણ સાગર હરિનાં ગુણ ગાતા હતા.

આ રીતનાં ઘનશ્યામ પ્રભુનાં ચરિત્રને સાંભળશે. કહેશે કે ગાશે ઉરમાં ધારશે તે ભવસાગરને હરિ ચરિત્રરૂપ નાવથી ભવસાગરને તરીને પાર હરિપદને પામશે.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં ચોથા પૌગંડ રત્નમાં સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિએ અસુર મલ્લનો ગર્વ ખંડન કર્યો એ નામેં અગિયારમો તરંગ થયો. ॥૧૧॥**

# તરંગ-૧૨

સુવ્રત મુનિને રાજા પ્રતાપસિંહ કહે છે, હે વર્ણિ અવધપુરનાં પવિત્ર ચરિત્રો શ્રી ઘનશ્યામ પ્રભુએ કર્યાં તે કયાં કયાં સ્થળોએ કર્યાં તે સ્થળોનાં નામો સાથે મને કહો. ભગવાન શ્રીહરિનાં ચરિત્રો તો નવાં નવાં ગણતાં થકા પાર ન આવે એવો અનેક પ્રકારનાં થાય છે. તે ચરિત્રને દેવો મુનિજનો સામાન્ય માનવો ગાયા કરે છે અને હરિના ગુણનો કોઈનાંથી પાર ન આવે. સરસ્વતી, શેષનારાયણ, ગણપતિ અને શિવ આદિક ચાર અથવા આઠ મુખથી ગાય તો પણ પાર ન પામે. બત્રીસ ચોસઠ એક હજાર મુખે ગુણ ગાય છે તોય પાર નથી પહોંચતાં. હરિના ચરિત્ર ગુણને નિગમાગમ પણ પાર નથી પામતા કેમકે તે તો મહાસાગર ભરેલો હોય તેમ સભર ભરેલો છે. બધા જ કવિઓનાં કુળો મળીને ગુણને ગાય તો પણ પાર આવે તેમ છે જ નહીં.

હે રાજન્ ! આ રીતની હરિલીલાસિંધુ મહાસાગરનો એક જીભથી પાર ન જ આવે તે છતાં પણ હરિનાં ચરિત્રને હું કહું છે તે ચરિત્રને હરિ રોજે રોજ વધારે વધારે કરતા જાય છે. ઉતાવળા શરીરથી હરિ અતિ અકળાઈને બાળકોની સાથે રમતો રમતા થકા અનેક સ્થળોએ ફરતા હતા. ક્યારેક હરિ ગૌઘાટ નાવા જતા તેમાં પણ સખાઓને સાથે લઈ જાય. અને જળમાં સ્નાન કરે. ક્યારેક રામઘાટ જઈને નહાય. ત્યારે હરિ જળમાં લીલા કરીને સ્નાન કરતા. ક્યારેક હરિ તલઘાટ ઉપર જઈને ત્યાં નહાતા હોય. ક્યારેક વામદેવના ઘાટ ઉપર નહાવા જાય તો ક્યારેક જનાર્દન ઘાટ ઉપર નહાવા જાય. ક્યારેક સ્વર્ગદ્વારિ ઉપર જાય જ્યાં મોટા મોટા ઘાટ બનાવેલા છે. ત્યાં બહુ લોકો ભેગા થાય છે. ક્યારેક હરિ લોચના નદી ઉપર જાય તો ક્યારેક વૈતરનીના ઘાટ ઉપર જાય. ક્યારેક ક્યારેક તમસા નદીના ઘાટ ઉપર જઈને નહાવાનો ખેલ કરતા હતા. ક્યારેક હરિ રાજઘાટના આરે પધારી સ્નાન કરે. ક્યારેક હરિ જન્મસ્થાનમાં રઘુનંદનયુક્ત મંડળમાં જતા હતા. ત્યાં દર્શન કરતા હતા. ક્યારેક કનકભવનમાં હરિ જાય ત્યાં બધાં જ પુરુષો અને સ્ત્રીઓના મનને હરતા હતા. ક્યારેક રત્નસિંહાસનમાં જાય. અને મુખ્ય દેવાલયમાં પ્રતિમાનાં દર્શન કરે. ક્યારેક હરિ સુગ્રીવ કુટીકા જાય. ક્યારેક રામપ્રસાદના સ્થાને જાય. ક્યારેક હનુમાન મઢીમાં જાય તથા જગન્નાથની બડી મઢીમાં જાય. ક્યારેક અંગ હટિલામાં જતા તો ક્યારેક હરિ રાજઘાટ ઉપર જાય ત્યાં ત્રેતાના રૂપને જોતા હતા. ક્યારેક ક્યારેક હરિ સીતાકુંડમાં જાય છે. ક્યારેક ભરત લક્ષ્મણ કુંડમાં સ્નાન કરે. ક્યાંરેક હનુમાનનાં દર્શન કરીને સખાઓની સાથે મોટા જુંડમાં જતા હતા. દતુનકુંડ અને સુવર્ણકુંડ ત્યાર પછી અગ્નિકુંડ અને બીજો રવિકુંડ ત્યાર પછી વિદ્યાકુંડ અને નિર્મલકુંડ આ રીતે કુંડો આવેલ છે. તેમાં વારા ફરતી હરિ જતા હતા. ક્યારેક વામદેવના કુંડમાં જાય તો ક્યારેક મહાવિર કુંડમાં જાય. ક્યારેક ધ્રુવ અને ઘેન નામના બેય કુંડમાં જાય. ક્યારેક વશિષ્ઠ અને ગણેશના કુંડોમાં જતા હતા.

આવી રીતે જુદાજુદા સ્થળોએ સુખકંદ પ્રભુ સખાઓની સાથે ફરતા હતા. મનુષ્યશરીરને ધારણ કરીને મનુષ્યચરિત્રમાં અનેક જીવાત્માનાં ભવબંધનને તોડતાં હતાં. વિચરણ કરવાનાં અનેક સ્થાનો છે. તેની ગણતરી કરવાથી ગણાય જ નહિ. એટલાં બધાં સ્થાને લીલા કરેલ છે તે પણ જુદી જુદી વાડીઓ-બાગો અનેક છે. તેમાં પ્રત્યેક ઝાડો નીચે ફર્યા છે તે વૃક્ષનો તો જન્મથી જ જીવન જડ છે તેનો ઉદ્ધાર કર્યો. વારંવાર જળમાં સ્થળમાં વિચરણ કરીને નવા નવા પ્રકારના ખેલો ખેલેલા છે. તે પણ પોતાના મનથી કે પરાયા મનથી કરેલા છે.

જાતજાતના નવા નવા વેશ ધારણ કરતા તે વેશનાં જે ભાવથી દર્શન કરતા તેના ભવના ફેરા ટળી જતા. જાતજાતનાં વૃક્ષોને હરિ જોતાં જોતાં ફરતા હોય તેમાંથી જે ફળવાળાં વૃક્ષો હોય તે જોવા મળે તો તેની ઉપર ચડવાનો મેળ ન પડે, તો આવા સીધા વૃક્ષો ઉપર પ્રસિદ્ધ સખાઓ અને હરિ ચડતા. સખા ઉપરથી મીઠાં મીઠાં ફળો બાળારાજાને આપતા, હરિ તે લઈને ભૂમિ ઉપરના સખાઓને આપતા ત્યારે જુદાજુદા કહેતા હરિ અમારી ઉપર નાંખો. અમારી ઉપર નાંખો ત્યારે હરિ આપતા અને આવી રીતે તેઓને ખવરાવતા હતા. ફરી હરિ સખાને કહે, હે મિત્ર હું તને વસ્ત્ર પહેરાવું છું. આમ કહીને તે સખા ઉપર પાકાં ફળો નાંખે. આ તને આપું છું. એમ કહીને આપતા હતા. ત્યારે હરિ વૃક્ષની ડાળ પકડીને તેને ધંધણાવે. તે સખા ઉપર ફળો પડે સખાઓ ફળો લે. આવી રીતે લીલા કરતા હોય તે જોઈને મુનિના સ્વામી મોહ ઉપજાવતા હતા.

આવી રીતે બીજા વૃક્ષ ઉપર જઈને જગપતિ ફળો આપતા હતા. તેથી સરલ વૃક્ષ ઉપર તો બધા ચડે અને અવિકારી ફળને પ્રાપ્ત કરે. સુખ પામે. આવી જ રીતે હરિ સરોવરો નદીઓના તટ ઉપર વિચરણ કરતા હતા અને જગતના સ્વામી તે જળમાં સ્નાન કરતા હતા તો ક્યારેક ખેલ ક્રીડા કરતા હતા તેના તટને પવિત્ર તીર્થ કરતા હતા. ક્યારેક હરિ મિત્રના ગળા ઉપર હાથ રાખીને પડછાયાનું માપ લે તે જોઈને હરિ કહે, હું તમારાથી નાનો છું. ક્યારેક પડછાયામાં નાના દેખાય ત્યારે હરિ પગને ઊંચો કરી અંગુઠા ઉપર ઉભા રહી ઊંચા થાય, ક્યારેક ચાલતા થકા પડછાંયો જુવે ત્યારે દોડે. ક્યારેક કોઈને પકડીને મિત્રના માથા ઉપર કંધ ઉપર ચડતા. ક્યારેક મિત્રના હાથમાં હાથ ભરાવીને તથા શરીરની બાથ ભીડીને ક્યારેક માથાની સાથે માથાંને ભીડાવીને મિત્રની સાથે રમતા હતા. ક્યારેક મોર બોલે તો તેની સાથે જ બોલે. ક્યારેક કોયલ બોલે તો હરિ પણ ટહુકો કરીને બોલે. ક્યારેક કૂદકા ભરીને ગુલાંટ મારે. ઉધા મસ્તકે શરીરને ઉલટાવે. ફરી પાછા ઉછળીને પૂર્વની માફક થાય. કોઈ પક્ષીની ચાલને જોઈને હરિ પણ તેમ ચાલે ત્યારે મિત્ર એમનાં વખાણ કરે. ક્યારેક કોઈ શબ્દ કરે તેનો પડઘો પડે તેના ઉપર ધર્મનંદન ઘનશ્યામ તે પડઘા ઉપર ચાળા કરે. બધાને આનંદ ઉપજાવે. ક્યારેક પાણીમાં જળક્રીડા કરે ત્યારે જળમાં ફરતા હોય. ત્યારે આનંદ કરતા થકા ચાલતા હોય. ક્યારેક જળમાં ડુબકી દે ત્યારે અડધી ઘડીકે એક ઘડી અને ક્યારે બે ઘડી સુધી જળમાં જ રહે. ક્યારેક ખોબો ભરીને પાણીને ઊંચે ઉછાળે ત્યારે જળની કણિકા બિંદુ નીચે પડે તે ગાળીની માફક નીચે પડે. ખોબો ભરીને પાણી પીએ. મુખમાં ભરીને પિચકારી મારે અને મુખને ધૂવે. આ રીતે જળક્રીડા કરતા હતા. ક્યારેક એક પગે ચાલે તે લંગડો ચાલે તેમ ચાલતા હતા. કેડ ઉપર દોરડાંનું પૂંછડું બાંધીને વાંદરની માફક કરતા હતા. ક્યારેક એક સખાના હાથને ઝાલીને ફુદરડી ફરતા હતા. ક્યારેક હાથના તાલીના તાલ વગાડતા થકા તે મુજબ નૃત્ય કરતા હતા અને તાલનો આલાપ કરતા હતા. જાણે તાલનો જાપ જપતા હોય ને શું ? તેમ કરતા હતા અને આનંદ આપતા હતા. ક્યારેક મુનિઓની માફક ધ્યાન કરતા હોય તેમ મનમોહન હરિ, સ્વસ્તિ ,પદ્માસન લગાવીને બેસે, ક્યારેક પ્રાણને રોકીને પાછો છોડતા હતા. ક્યારેક શ્વાસને ખેંચીને અંદર રોકી રાખતા હતા. ક્યારેક સમાધિ લગાવે તેમ સિધ્ધની જેમ રહેતા હતા. જેમનાં કાર્ય કરવા ફરતા હોય તેમ ફરે. ક્યારેક બહારના વાતાવરણમાં એકી નજરે જોતા હોય તેમ જોતા થકા ઈશ્વરો મુનિજનો અને બ્રહ્માજી ઉપર જોતા હતા. ક્યારેક દેવતાઓ આવતા હોય ત્યારે આકાશમાં જેમ વિમાન છાએ તેમ વિમાનથી આખું આકાશ ભરાઈ જાય તેમ થતું હતું. તે વિમાનમાંથી પોયન ભાર ભરેલો સુગંધી પદાર્થ નીચે ઝરતો હતો અને ચારેબાજુ સુગંધ ફેલાતી હતી. બહુ જ પ્રિય લાગતી હતી. વાજીંત્રો વગાડીને આલાપ

કરીને શ્રીહરિ જ સર્વને આનંદ આપતા હતા. મોદ મનાવતા હતા. આ પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુનો અવતાર તે સર્વલોકમાં વ્યાપીને રહેલો છે. જ્યારે એમને ઇચ્છા થાય ત્યારે તે પ્રગટ પ્રમાણ દર્શન આપે છે. પોતાની ઇચ્છાથી આવે છે અને જાય છે. આ રીતે હરિ અવધપુરમાં ચરિત્ર કરે છે. ક્યારેક કુંદપુષ્પની હારમાળા ગળામાં ધારે. ક્યારેક ગુલાબના ફૂલની માળા કંઠમાં ધારણ કરી રહે. ક્યારેક કાનમાં સુગંધી પુષ્પના ગુચ્છ ધારણ કરે. ક્યારેક ગજરા કરીને બાંધે. ક્યારેક પાઘના પેચમાં ફૂલના ગોટા ભરાવે અને એક પેચ જુકતો કરે. ભ્રૂકુટિ ઉપર ધરે. ક્યારેક શેખર ઉપરથી પગ સુધી જુદી રહે. ક્યારેક પુષ્પની છડી હાથમાં ધારણ કરીને રહે છે.

હે રાજન્ ! શ્રીહરિ ઘનશ્યામ આ રીતે અનેક ચરિત્રોને કર્યાં. તેથી અનેક જીવોને મોહ પમાડ્યા. આનંદ આપ્યાં. જગતમાં જીવની જેવી કર્મની રેખા તેવી જ તેની ગતિ થાય છે. તેના ફળના આપનારા તો શ્રીહરિ જ છે. તે જ આ ભૂમિ ઉપર શોભી રહ્યા છે. તે હરિ સર્વ ઈશ્વરોના ઈશ્વર સર્વના અધિષ્ઠાતા, સર્વોપરી એ જ આ પોતે જ છે. લોકોને આ રીતે જાણ થાય તે જેમને થાય છે તે નિશ્ચય કરે છે. તેને કોઈ બાકી ફેર રહેતો જ નથી. તે સર્વ રીતે સુખ પામે છે. માયાની ઉપર મહાપુરુષ તેના ઉપરી અક્ષરબ્રહ્મ તેની ઉપર અતિ પ્રતાપ ઐશ્વર્યયુક્ત તે અક્ષરધામમાં નિવાસ કરીને રહે છે. તે જ પુરુષોત્તમ નામના શ્રીહરિ આ ધર્મદેવના પુત્ર શ્રી ઘનશ્યામ જ છે. તે પોતાની ઇચ્છાથી આ જીવના કર્મબંધનને તોડવા માટે અત્યારે આ સામાન્ય જીવોની સાથે કૃપા કરીને વિચરે છે. આ પ્રગટ પુરુષોત્તમનો થોડો જ સંબંધ થાય તો તે અતિશય આનંદ પામે છે. એ હરિ દયા કરીને દીનદુખિયાજનોને સુખ આપવામાં અતિ ઉદાર થઈને આવ્યા છે. એ બાળપ્રભુનાં દર્શન ચરણ સ્પર્શ જે જીવ કરે છે તેના અજ્ઞાનરુપી અંધકાર નાશ પામે છે. એટલા માટે તે હરિ અત્યારે અનેક જીવોનું કલ્યાણ કરવા વિચરણ કરે છે.

આવી રીતનાં શ્રીહરિનાં દિવ્ય અને માનુષી ચરિત્ર બેય પ્રકારનાં છે તેને હરિ દરરોજ નવાં નવાં કરતા જ રહે છે. તે ચરિત્રને જે જન ગાય છે, સાંભળે છે તેનું મનન કરે છે. તે જરૂર પરમપદને પામી હરિ ચરણમાં જાય છે.

**આ પ્રમાણે શ્રીહરિલીલાસિંધુમાં ચોથા પૌગંડ લીલારત્નમાં શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપુરમાં કરેલ નવાં નવાં લીલા ચરિત્રનું કથન કર્યું એ નામે બારમો તરંગ થયો. ॥૧૨॥**

# તરંગ-૧૩

પ્રતાપસિંહ રાજા સુવ્રત મુનિને કહે છે, હવે ભગવાનનાં જે નવાં ચરિત્ર હોય તે મને કહો. શ્રીહરિનાં વ્રતબંધનનાં જે ચરિત્ર હોય તેને જે જીવ શ્રદ્ધાભાવવાળો હોય, તે જીજ્ઞાસાથી સાંભળે તો એને હરિના સ્વરૂપનું અધિક જ્ઞાન મળે છે.

સુવ્રત મુનિ કહે, હે રાજન્ ! મંગળરૂપ એવા હરિ મંગળ કરવા આવે છે. તે હું તમને કહું છું તે વાર્તા અત્યારે જોઈને મારા ગુરૂએ મને સંભળાવી હતી તે તમને કહું છું. આગળના સમયમાં ધર્મદેવે માર્કંડેય મુનિને પૂછી હતી તે જ કથા શતાનંદ મુનિએ પ્રયાગરાજ તીર્થમાં માર્કંડેય મુનિને પુછેલી તે સાંભળીને પરમસુખ પ્રાપ્ત થયું. તે જ ક્ષણે મારા ગુરુએ મને કહેલી તે મારા હૃદયમાં સ્થિર છે. તે મોટો સમુદ્ર ભરેલો છે તે ચરિત્ર જોઈને મારા મનમાં ગદ્‌ગદ્‌તા આવી ગઈ. વાણી પણ શ્રીહરિના રૂપમાં રમતી રહે છે.

હે રાજન્ ! મુનિ ધ્યાન અવસ્થામાંથી બહાર આવ્યા. એટલે શ્રીહરિનું અનુપમ ચરિત્ર ક્રમથી કહેવા લાગ્યા. એક સમય ધર્મદેવ, ભક્તિમાતા અને રામપ્રતાપ સુંદર ઉત્સવ કરવાનો વિચાર કરવા લાગ્યા અને સંતોને બોલાવવા વિચાર કર્યો. જ્યોતિષને જાણનારા બ્રાહ્મણોને બોલાવ્યા. ઘેર આવ્યા તથા કુલગોર વૈદિક કાર્યને જાણનારા બ્રાહ્મણોને બોલાવ્યા. નગરના જનો તથા કુટુંબના મોટેરા આગેવાનોને બોલાવ્યા. તે બધાયને ધર્મદેવે પોતાના ઘેર બોલાવીને ભેગા કર્યા. તે સર્વેને શ્રી ઘનશ્યામ હરિને ઉપવિત ધારણ કરાવવા માટે બધા જ લોકોને અનુકૂળ સમય વસંતની ઋતુમાં સારો દિવસ આવતો હોય તેવો સારો દિવસ શોધવા માટે બ્રહ્મદેવોને સોપ્યું. ત્યારે સંવત અઢારસો ચુંમાલિસની સાલમાં સુદ ત્રીજને રવિવારે પ્રીતિયોગ સરો હતો. ચંદ્ર પણ સારો હતો. રોહિણી નક્ષત્રનો યોગ હતો. આ રીતે મુહૂર્ત નક્કી થયું.

બ્રાહ્મણોએ આ રીતનો દિવસ નક્કી કરી આપ્યો ત્યારે માંગલિક વાજાં વાગવા લાગ્યાં. મંગળ ગીતો ગવાવા લાગ્યાં. નગરની સ્ત્રીઓ સારાં વસ્ત્ર ધારીને શોભા વધારવા લાગ્યાં. ધર્મદેવ ભક્તિમાતા રામપ્રતાપ અને સુવાસિનિના હૃદયમાં આનંદ સમાતો નહોતો, ત્યારે સાકર અને પાન બીડાં વહેંચવા માંડ્યાં લોકો ઉમંગથી જોવા આવતાં હતાં. અવધપુરના માણસો સર્વેના મનમાં અતિભાવ આવ્યો અને કહેવા લાગ્યા ધર્મદેવ ભલે અહીં આવ્યા. પુરની નારીઓ મળીને ઉત્સાહથી જેમ દહીંમાંથી માંખણ તરી આવે તેમ ધર્મના ઘરે આવવા લાગી. ત્યારે શરદપૂનમના ચંદ્રસમાન હરિના મુખને જોવા માટે લોકો અવધસિંધુમાંથી પુર આવતું હોય તેમ પ્રેમથી આવતાં હતાં.

ત્યારે ધર્મદેવે પત્રો લખીલખીને સંબંધીઓ ઉપર મોકલાવરાવ્યા. તેમાં પરિવારના જનો અને જ્ઞાતિના જનો બધાને તેડાવ્યા, તે પત્રો વાંચીને પરિવારના જનો તેમને (અંદરો અંદર)પૂછે કે કોણ ઘેર રહેશે ? કયાં દિવસે લગન (યજ્ઞોપવિત)છે તે પૂછતાં હતાં. ત્યારે લોકો પરસ્પર એકબીજાને વાત કરતાં હતાં. કે હવે ઘેર કોણ રહેશે અને કોણ જશે. કોઈ ઘરે રહેવાનું પ્રસંદ જ કરતા નહોતા. ત્યારે તે ઘરના આગેવાનો સમજાવી સમજાવીને થાંકી જતા હતા, કારણ કે બધાને જવાની જ ઇચ્છા રાજા કહે છે, હે મુનિરાય ! આવી રીતે જીવમાં અંતઃકરણને ન જોયેલી ન સાંભળેલી વાતો સમજાતી નથી તેનું કારણ જે હોય તે મને સમજાવીને કહો. કેમકે તમે તો સુજાણ છો.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન ! જે જન કાનથી સાંભળે છે તેના હૃદયમાં પડે છે. તે ગુણને સાંભળીને તે જીવને હરિનું ધ્યાન થાય છે. એવા હરિ અનંત જીવોના કલ્યાણ કરવા પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન આ પૃથ્વી ઉપર પધાર્યા. અનંત કોટિ બ્રહ્માંડોમાં સર્વ જીવના શ્રીહરિ સત્યરૂપ છે તેથી તે જ કલ્પતરૂ સમાન હરિ તે પુરુષોત્તમ નારાયણ જ છે. એ પ્રમાણે નિશ્ચય માનો તો જ સુખ થાય. દશ અવતાર તથા ચોવીસ અવતાર અથવા અનંત અવતાર હરિએ ધર્યા. તેમાં જે જે દેહ ધર્યા તેમાં સામર્થ્ય બતાવેલ છે. તે જ પ્રભુ આ પોતે જ છે. પ્રભુ અવતાર ધરીને તે અવતારમાં જે કાર્ય કરવાનું ધારે તે પોતે પોતાના સામર્થ્યથી કરે જ છે. પોતાના ભક્તને હરિ પ્રેમથી ચાહે છે. એટલા માટે તેને પુરુષોત્તમ કહેવાય છે. હરિ અંતર્યામિ સામર્થ્યથી યુક્ત તથા ક્રિયાપાળ તે પોતે જ સમાધિ કરાવનારા એવા આપના ગુણો તે બીજાને પ્રેરણા આપનારા છે. આપના આશ્રિત થયેલા ભક્તજનો આપની ભક્તિ કરતાં થકાં અવસાન થાય ત્યારે તે ભક્ત આપના ધામને પામે છે. તેને અનેક જીવો જુવે છે. દિવ્ય સ્વરૂપે ધામને પામે છે. સર્વો પરિધામ અક્ષર બ્રહ્મપુર ધામ છે તે ધામનાં દર્શન કરાવતા હતા તે બધા જોતા

હતા. તે ધામ બધાં ધામો કરતાં ઉપરી છે તે ધામના ધામી શ્રીહરિ પુરુષોત્તમ નારાયણ શ્રીહરિ પોતે જ છે. બીજા કોઈ નથી એ જાણજો. ત્યારે રાજા કહે છે, હે મુનિરાય ! આપને ધન્ય ધન્ય છે. આપે મને હરિના મહિમારૂપી સિંધુ (સાગર)માં નવરાવ્યો. તેથી મને આનંદ છે. હવે આપ મને હરિની જનોઈની લીલા વિસ્તાર કરીને મને સંભળાવવા કૃપા કરો. સુવ્રત મુનિ કહે છે, હે રાજન ! શ્રીહરિના જનોઈ માટેનો મંડપ બનાવવાનો સમય આવી ગયો ત્યારે જાતજાતના જુદા જુદા ભાતાના સામાન મંગાવ્યા તથા અનેક કેળના થાંભલા જમીન ઉપર રોપ્યા તથા વચ્ચે વચ્ચે સોપારીના વૃક્ષો રોપ્યાં. ચિત્રવિચિત્ર રંગના પરદા સફેદ, લીલા, અરુણ કલરના, પીળા કલરના ઉલેચ બાંધ્યા તે તો બાધ્યા જાણે મેઘનાં વાદળાં હોય ને શું ? જુદાજુદા શોભતા હતા. સોનેરી દોરામાં બાંધેલાં મોતીનાં તોરણ દરવાજાઓ ઉપર બાંધ્યાં હતાં. તેની ઉપર સુંદર આંબાનાં અને આસોપાલવનાં તોરણો બાંધ્યાં હતાં. તેથી દરવાજે દરવાજે શોક વગરનું વાતાવરણ હતું. થાંભલા ઉપર પરવાળાનાં પંચરંગી ડિઝાઈન લગાવીને સુંદર બનાવ્યા. ફૂલથી ભરપૂર વેલી ઉપર ભમરાઓ ગુંજારવ કરતા હતા. મંડપમાં જ જાતજાતનાં જુદાંજુદાં ફળવાળાં જાતજાતનાં રંગનાં કર્યાં. પોપટ મેના કોયલ આદિના પ્રતિકો કર્યાં. જાણે સાચાં જ હોય તેમ જણાય તેવાં બનાવ્યાં. ભૂમિનું શુદ્ધિકરણ કરીને રંગોના અનેક અલંકારો જાતજાતનાં કર્યાં અને મંડપની વચમાં વેદિ બનાવરાવી. જ્યાં હરિને બેસાડવા બટુકની દિક્ષા અપાવવાની હતી તેવાં બનાવ્યાં.

હે રાજન્ ! અગ્નિમાં હોમ કરવા અગ્નિકુંડ બનાવ્યો. તેને અને વેદિને સુંદર રીતે અલંકાર યુક્ત કર્યો. શ્રુવ આદિ યજ્ઞનાં પાત્રો સાફ કરીને સમિધાઓ તથા અનેક ઉપચારનાં સાધનો ભર્યાં. આ સમયે ધર્મદેવનું ઘર ખૂબ જ શોભતું હતું. સારી સજાવટ કરી હતી તથા અનેક પ્રકારની સંપત્તિથી ભરપૂર હતું. ત્યારે બધાં જ સંબંધીજનો, જ્ઞાતિજનો ખૂબ જ આવ્યાં હતાં તે બધાં જ અવધપુરમાં ધર્મદેવના ઘેર આવ્યાં હતાં. તથા દેશવિદેશથી સેવકો આવ્યાં હતાં. તેઓ દેવશર્માને ભેટ આપવા માટે આવ્યાં હતાં. હરિનાં માસી, હરિનાં મામી, મામા વિગેરે પુત્ર પરિવાર સાથે ધર્મદેવના ઘેર આવ્યાં હતાં. વશરામ આદિક હરિના મામા ધર્મદેવને મળ્યા તથા કાલુ પુત્ર પરિવાર પણ તથા મોતી હીરા આદિ બધા જ ધર્મદેવને મળ્યા તથા દુંદતીવારિના પુત્રો આદિ બધા જ મળ્યા. પ્રેમથી ભેટ્યા. મામા, મામી તથા તેમના પુત્રોને રામપ્રતાપ અને ઘનશ્યામ પ્રભુ મળ્યા. માસી વસંતા તથા ચંદનમાસી પુત્ર સાથે રામપ્રતાપને મળ્યાં. પ્રેમવતી અને સુંદરી બંને પ્રેમથી મળ્યાં. એને સુંદરી પ્રેમવતીને પગે લાગીને પ્રેમથી મળ્યાં. આ રીતે પ્રેમના પ્રવાહ નદીમાં શ્રીહરિના મુખને જોઈને પ્રવાહમાં વહેતા જાય છે. બેન વસંતા અને ચંદન બંને ભક્તિમાતા પાસે જઈને મળ્યાં. હરિના મામીના પુત્રો તથા બહેનના પુત્રોને ભક્તિમાતાએ હૃદય સાથે ચાંપીને મળ્યાં. ધર્મદેવના ઈટારપુરથી આવેલા પોતાના કુટુંબપરિવારના જનો અરસપરસ મળ્યા. હર્ષથી હૃદય ભરાઈ ગયાં. હરિને જોવા માટે હૃદયમાં ખૂબ જ ઝંખના હતી તે મળ્યા. ધર્મદેવની નાતિના ઘરડા ઘરડા બધાંયને ધર્મદેવે મંડપમાં તેડાવ્યા. ત્યાં આસનો બિછાવીને બેસાર્યા. અનેક કાર્યો કરવા લાગ્યા. ગ્રહનું સ્થાપન કરીને ગોત્રિજ કર્યાં. માત્રિકાદિક વિધિ કર્યો. તેની સેવા કરી ગણપતિ આદિ દેવોનું પૂજન કર્યું. કમળા તથા કુલગુરુદેવનું પૂજન કર્યું.

હે મુનિરાજ ! આ રીતે ઉપવિતવિધિમાં ધર્મદેવનું ઘર ખૂબ જ શોભતું હતું. તે જ સમયે અષ્ટ સિદ્ધિ અને નવનિધિ સાથે મળીને ઉપવિત સંસ્કારના પ્રત્યેક કાર્યમાં હાજર થઈને કાર્ય કરતાં હતાં. ઉપવિત સંસ્કાર કરવાના આગળના દિવસે મહાતપસ્વી માર્કંડેય મુનિ આવ્યા ત્યારે આખી સભા ઊઠીને સન્માન કર્યું અને ધર્મદેવે મુનિને

પગે લાગીને નમન કર્યાં. પ્રણામ કર્યાં. એમની સરભરા કરવા લાગ્યા. ધર્મદેવ કહે, હે મુનિનાથ ! આપ પધાર્યા તે અમારી ઉપર દયા કરીને ખૂબ જ સારું કર્યું. એમને આચાર્ય ગુરુનાયક મુખ્ય અધ્યક્ષ બનાવ્યા ત્યારે પ્રથમ દોડીને ઘનશ્યામ પ્રભુ આવીને પગે વંદન કર્યાં. મુનિએ એમને ઉપાડીને હૃદય સરસાં ચાંપ્યા અને રાજી કર્યા. ત્યાર પછી ગુરુચરણમાં રામપ્રતાપે વંદન કર્યાં. જ્ઞાનના સાગર એવાં મુનિજનને વંદન કરીને હૃદયમાં હર્ષ પામ્યા. ત્યાર પછી ધર્મદેવે પોતાના ઘેર ચોખ્ખું કરાવીને આસન પાથરીને બેસાર્યા. કુશળ સમાચાર સર્વે અરસપરસ પૂછ્યા ત્યાં ઉતારો કર્યો. પછી પ્રેમવતી માતા મુનિરાયને પગે વંદન કરીને નાના પુત્ર ઇચ્છારામને નમન કરાવ્યા ત્યારે મુનિએ એમને આશિષ આપ્યા. માતાને પણ આશિષ આપીને તમારા પુત્ર સર્વે મંગળ કરનારા જ છે. સુખી રાખશે એમ આશિષ દીધા.

માર્કંડેય મુનિને ભોજન પાણી કરાવીને અગર ચંદનથી પૂજન કર્યું. ત્યાર પછી મંડપમા વેદિ ઉપર આવીને બધી બાજુ નજર કરીને બેઠા. મુનિએ પોતાનું સ્થાન ગ્રહણ કર્યું. યજ્ઞવિધિ કરનારા વેદ વિદ જે વીપ્ર તે આવીને મુનિના ચરણમાં વંદન કર્યાં. ત્યાર પછી બ્રહ્મસૂત્ર આપવાના આગળના દિવસની બધી વિધિક્રિયા વિધિ પ્રમાણે વિદ્વાન બ્રાહ્મણ કરતા હતા. સુંદર પીતાંબર વસ્ત્રના બે ભાગ લાવ્યા. તેમાં એક પહેરવાનો અને એક ઉપર ઓઢવાનો આખો તથા કૃષ્ણ મૃગચર્મ લાવ્યા તથા ચાર આંગળ પહોળો અને બે હાથ લાંબો કાપડનો ટુકડો કૌપિન માટે લાવ્યા. બ્રહ્મસૂત્ર અને મૌજી કટિમેખલા બંધન તથા પલાસ દંડને ખભા ઉપર ધારણ કરીને લાવ્યા તથા ભીક્ષાઝોળી આદિક આવશ્યક વસ્તુઓ લાવીને મુનિની આગળ મૂક્યાં. આગળને દિવસે બધાં ભેગાં કર્યાં. શ્રીહરિને કછ્રાદીક વ્રત કરાવ્યાં તથા ગાયત્રી મંત્રના દશ હજાર પાઠ કરાવ્યા. ઇચ્છિત ક્રિયાના ત્યાગ માટે વેદવિધિથી કરાયેલાં પાપના નિરાકરણ માટે વિધિ કરાવ્યો. ત્યાર પછી ધર્મદેવે બ્રાહ્મણોને ગાયો દાનમાં આપી. ત્યાર પછી તલની આહુતિઓ આપીને દશ હજાર આહુતિ કરી. ત્યાર પછી બ્રાહ્મણોને ભોજન કરાવ્યાં. વિધિ પ્રમાણે બધું કર્યું. આ રીતે આગળના દિવસની વિધિ પૂર્ણ કરી.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં ચતુર્થ પૌગંડ રત્નમાં વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિનો ઉપવિત સંસ્કાર યજ્ઞ મહોત્સવમાં કુટુંબ પરિવાર સ્વજનો તથા મહાઋષિનો અયોધ્યાપુરમાં મિલાપ થયો. અયોધ્યાપુરમાં એ નામે તેરમો તરંગ થયો. ॥૧૩॥**

# તરંગ-૧૪

માતૃકાઓનું પૂજન કરીને નાંદિ શ્રાદ્ધ કરાવ્યાં. ત્યાર પછી હરિને ઉપનયન કરાવવા માટે શરીરના નિમિત્તે ધર્મદેવને સંકલ્પ કરાવ્યો. ત્યાર પછી હરિને દૂધનું પાન કરાવીને પ્રથમ દિવસનું કાર્ય કર્યું. પૂર્ણ થયું. ત્યાર પછી ફરી હરિને સ્નાન કરાવીને શરીર સ્વચ્છ કરીને વસ્ત્ર આભૂષણ ધારણ કરાવ્યાં ને તૈયાર કર્યા. સુવાસિની ભાભીએ હરિને નવરાવ્યા અને સુંદરીમામી સફેદ વસ્ત્રથી શરીર લુછતાં હતાં ત્યારે હરિના અંગે અંગમાંથી કામને લોભાવે તેવા શોભતા હતા. કામ કટાક્ષ સમાન અંગોને લુછતી હતી. ચરણના તળમાં જોયું ત્યારે દશ અને છ એમ સોળ ચિહ્નો જોવામાં આવ્યાં. હૃદયમાં જાણે એ નિરખીને ધારણ કરી લીધાં. છાતીમાં ધારણ કર્યાં. કેડ ઉપર અને પગ ઉપર અને હસ્તકમળ ઉપર લુછીને મસ્તકના વાળ ગુંથતી હતી. ત્યાર પછી શ્વેત પાતળાં વસ્ત્ર ધારણ કરાવ્યાં. તેમાં સોનેરી કોરની ધોતી શોભતી હતી. કમર ઉપર નંગ જડેલ કંદોરો ધારણ કરાવ્યો તથા બાહુમાં પોંચી કડાં

ધારણ કરાવ્યાં. શરીર ઉપર કેશરી રંગની અંગરાખી ધારી તેમાં બુટાદાર જડેલા હતા. સોનેરી ટપકાંવાળા હજારી ગલગોટાના હાર ધારણ કરાવ્યા. મોતીના હાર તોરા ધારણ કરાવ્યા. હરિ શણગારમાં શોભતા હતા અને શણગારને હરિ શોભાવતા હતા. નવીન શણગાર આદિથી હરિને શણગાર્યા ત્યારે હરિ જ સર્વ શણગારના આગાર અર્થાત્ શણગારનો શણગાર હરિ પોતે જ હતા તેથી શણગાર શોભતા હતા. મંગલ વસ્ત્રો મંગળ શરીર ઉપર ધાર્યાં અને તેની ઉપર દુપટ્ટો ધાર્યો. સુંદર ફૂલનાં હાર મંગળમૂર્તિ મહારાજને ધારણ કરાવ્યાં. હરિનાં મામી માસી વિગેરે સ્ત્રીજનો મંડપમાં મધુર અવસરનાં ગીતો ગાતી હતી તથા દશ્યમાન અદશ્યમાન મંત્રનો અખંડ ઉચ્ચાર થતો હતો. જીવના જીવનને જાણનારા જોગીજનો યોગનાં કાર્ય કરવામાં ખૂબ તૈયાર હતા. આનંદ આપનારા રાગો અને અરાગો નિરોગી થઈને સુંદરીને વર્તમાન કાર્ય કરતાં મંડપમાં શોભતાં હતાં. જોનારને પોતાના દેહનું ભાન નહોતું રહેતું. પોતાના પ્રાણ પણ આપવા હરિને માટે તૈયાર થઈ જાય તેવું વાતાવરણ હતું ત્યારે આકાશમાં દેવવિમાનો છવાઈ રહ્યાં હતાં ત્યારે વાજીંત્રોના તાલ સાથે આલાપ કરતા હતા. તાન ચડાવતા હતા. તે જ સમયે વાજીંત્રોની ધૂન વાગતી હતી. તેમાં ગુણીજનો ગાતા હતા. અગર ચંદનની સુગંધ નીચે ઝરતી હતી. મુનિગણો વેદનો ઉચાર કરતા હતા. ગદ્યનો પાઠ કરતા હતા. બંદીજનો બિરદાવલિ ગાવતા હતા.

ભૂમિને શુદ્ધ કરીને કુંડ બનાવ્યા. તે ભૂમિનું શુદ્ધિકરણ મુનિજનોએ કરીને સમુહ ભવ નામનો અગ્નિ પ્રગટ કરીને તેની સ્થાપના કરી. હવીશ્યાન્નની આહુતિઓ મુનિજનો આપતા હતા. તેનાથી અગ્નિ અતિ પ્રજવલ્લીત થઈને આહુતિને લેતો હતો. ગીતો વાજીંત્રોનો બ્રહ્મઘોષ કરીને તેનાથી ધર્મદેવનું ઘર સારી રીતે શોભતું હતું. ત્યારે બ્રહ્મસૂત્ર અને કટિસૂત્રનું કપડું જોળી, દંડ કમંડળ આ સર્વે તૈયાર કરીને ઉત્તરાભિમુખે બેસીને જળ નિમંત્રિત કરીને પ્રોક્ષન કરી. શુદ્ધિકરણ કર્યું. ત્યાર પછી વસ્તુનાં પાત્રો શુદ્ધ કરીને ફરીથી સંકલ્પ કરાવ્યો અને દક્ષિણ મુખે હરિને ઊભા રાખીને કેડ ઉપર કટિસૂત્ર બંધાવીને તૈયાર કર્યા. તે જ સમયે ધર્મદેવની બાર પત્નીઓ સમયનું માર્મિક વાતાવરણ જોઈને સાથે મળીને આવી. એમના શરીર દિવ્ય ધર્મમર્યાદાયુક્ત પતિવ્રતા વ્રતને પાળનારી તે આવી. તેની સાથે શુભ દ્રવ્યો લાવી જાતજાતના વસ્ત્રો આભૂષણો લાવી છે. તેણીની શ્રી ઘનશ્યામનું મુખ જોઈને ત્યાં આવી. તેમનાં નામ નીતિ, બુદ્ધિ, મેઘા, શ્રદ્ધાયા, ક્ષમયા, તિતિક્ષા આ છ માતાઓ તથા ઉન્હતિ, શોભાધ્યા, લજ્જા ક્ષાંતિ, કરત્રય આઠમિ તે હરિની માતાની સાથે ધર્મદેવ દ્વારા બાર પુત્રની સાથે લોકોનાં કષ્ટને હરનારી બધાં જ લોકોનું મંગળ કરનારી તે માતાઓ આવીને શ્રીહરિના ચરણમાં પ્રણામ કર્યાં. લોકોને જોયાં. બાર પુત્રોમાં સમ, સત્ય, આર્જવ, શીલ, દમ, અદ્રાહ, પ્રસય, આનંદ અશોક સુખ સંતોષ વિવેક આદિ બાર પુત્રોએ વંદન કર્યા. ત્રણ પુત્રોની સાથે ભક્તિમાતાનાં બહેનો પણ ધર્મદેવને મળ્યાં. પોતાને આનંદ આપનારાં થયાં. આ રીતે દશાવતાર બરોબર સાથે બાર પત્નીઓ ધર્મદેવને મળીને સર્વને પરમ આનંદ આપનારાં થયાં.

હે મુનિદેવ ! તે જ સમયે નવનિધિ અને અષ્ટસિદ્ધિ આવીને નમ્રતાથી હાથ જોડીને હરિનાં માતાપિતા પાસે જઈને કહે, અમને કાંઈક કામ બતાવો. જે હોય તે કામ કરીએ. તે જ સમયે દેવોની સ્ત્રીઓ પોતાના સ્વામી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સાથે આવીને હાથ જોડીને ઊભી રહી ત્યારે રિદ્ધિ સિદ્ધિને ધર્મભક્તિએ આજ્ઞા દીધી. તમે તમારી ઈચ્છામાં આવે તેમ રચના કરો ત્યારે તે રિદ્ધિ સિદ્ધિ તરત જ જાતજાતની અનેક રચનાઓ પોતાની ઈચ્છા પ્રમાણે કરવા લાગી. તેઓએ અનેક પ્રકારની રચનાઓ રચી તેને જોઈને ભવ બ્રહ્માદિક પણ ભુલા પડી ગયા. આ કરામત બધી જ સિદ્ધિએ કરી તેનાથી અનેક જગ્યાએ અતિ ભવ્યતા લાગવા માંડી. સોનાની ભૂમિ

ઉપર સોનાનાં મંદિરો બનાવ્યાં. સોનાની ઝાળી, ઝરુખાં, સોનાનાં દરવાજા તેના ઉપર સોનાનાં કાંગરાં, સોનાનાં છજાં, સોનાના પોપરાવી, સોનાનાં કબાટો તેના દરવાજા સોનાના ફાટકો, સોનાનાં સાંકળો, શંખલા, શંકુ, સોનાની કેળો, સોપારીનાં વૃક્ષો, રોપેલાં તેમાં નિલમણીના પડદાં બનાવેલા શોભતા હતા. પંચરંગી નંગથી જડેલાં ભીંતી ચિત્રો જાતજાતનાં શોભતાં હતાં. મોતીથી જડેલા ચંદ્રવા તેમાં મોતી લટકતાં હતાં. દરવાજા ઉપર તોરણો લટકતાં હતાં. સોનાનાં વાસણો તેમાં રત્નો જડેલાં ઘડાઓ તે પણ સોનાનાં આભૂષણોને અને રત્ન જડેલાં પડદા પીળા રંગના વીજળી શોભે તેમ શોભતા હતા. આવી રીતના દિવ્યસ્થાનમાં સુંદર વૈભવમાં રત્નોથી પ્રકાશ પ્રકાશ થતો હતો. મણિના દીવાનો પ્રકાશ ખૂબ જ ઝગતો હતો. તેનાથી અતિશય શોભા વધતી હતી.

હે રાજન ! તે જ સમયમાં ધર્મદેવના પરિવારનાં શરીરો બધાનાં દિવ્ય દિવ્ય દેખાતાં હતાં. આ પ્રકારના રૂપને દેવો મનુષ્યો મુનિજનો ઈશ્વરો જોઈને તેને પોતપોતાના ભાગ્ય જાણે છે. તે જ સમયે સર્વ સમાજ સહિત બંને પુત્રો પણ સોનાના થઈ ગયા. ધર્મદેવ ફરીફરીને ખબર અંતર પૂછવા લાગ્યા. ખુશી સમાચાર જાણવા લાગ્યા. કાર્તિક સ્વામી અને ગણપતિ, રામપ્રતાપ અને ઘનશ્યામ પ્રભુ બંનેને મળ્યાં અને મોહ પામવા લાગ્યા. ભવાનિ માતા, ભક્તિમાતાને મળ્યાં ત્યારે બંને ગુણવંત પુત્રની માતાઓ મળ્યાં તો માતાઓ મોહ પમાડનારાં લાગતાં હતાં. ઋષિલોકમાંથી કશ્યપ ઋષિ પત્ની સાથે આવ્યા. તેર પત્નીઓ આવી ચંદ્રમા પણ પોતાની પત્નીઓ સાથે આવ્યા તે પણ સત્યાવીસ પત્નીઓને લાવ્યા. અત્રિ ઋષિ અનસુયાજીની સાથે આવ્યા. તેમની સાથે સત્તર પત્નીઓ આવી હતી. તેઓ બધાં જ શ્રી ઘનશ્યામના ઉપવિત સંસ્કાર ઉત્સવમાં વાતાવરણ જોઈને આનંદ આનંદ થઈ ગયો. પવિત્ર અગ્નિદેવ પોતાની સ્ત્રીઓની સાથે આવ્યા તથા વાયુદેવ આવ્યા તથા વરુણદેવ લોકપાલ પણાને શોભાવતા હતા. તે જ સમયે મનુષ્યના રૂપને ધારણ કરીને બધાને મોહ ઉપજાવતા થકા સૂર્યનારાયણ આવ્યા તથા શેષનારાયણના સર્પ પક્ષ તરફથી આવેલા બધા જ હરિના રૂપને જોઈને મનમાં મોહ ઉપજતો હતો.

ઋષિયોનો સમુદાય અને દેવો મનુષ્યોનાં રૂપે થઈને બધા જ શ્રીહરિના સ્વરૂપનું ઉમંગથી સેવન કરતાં હતાં. મુનિઓ, ઈશ્વરો, દેવો, સર્વની સ્ત્રીઓ મનુષ્યનાં રૂપ ધારણ કરીને હરિના માતા પ્રેમવતિની સાથે રહેવાનો સંગ ચાહતાં હતાં ત્યારે બ્રહ્મા, વિષ્ણુ આદિક ઈશ્વરો મનુષ્યોનાં રૂપ ધરીને ધર્મદેવના ઘેર આવ્યાં અને પૂર્વના સ્નેહસંબંધને યાદ કરતાં થકાં શ્રી ઘનશ્યામ પ્રભુના મુખનાં દર્શન કરવાના બહાને આવ્યા. ભૂમિ ઉપરના પાપનો ભાર અતિ વધી ગયો છે. તેને દૂર કરવા માટે બધાના મનમાં ચાહના છે. પરંતુ હજી પૌગંડ અવસ્થા પૂર્ણ થાય પછી કરશે એવી સૌને સંભાવના રહે છે. આ રીતનો મનમાં આનંદ ઉપજે છે. ઉત્સવ કરે છે અને મુનિજનો પ્રેમથી મગ્ન થઈ મોજ કરે છે. સ્વર્ગમાં સ્થાન સ્થાન પ્રત્યે આનંદ થાય છે. તે જ સમયે ભૂમિ ઉપર દેવોનો સમુદાય અક્ષરના ભેદને ભૂલીને પોતાના દેહનું ભાન ભૂલી ગયા. આ સમયે કોઈ વસ્ત્ર આભૂષણ ભેટ ધરતા હતા. કોઈ નંગ જડેલા હાર અર્પણ કરતા હતા. કોઈ પુષ્પના સુંદર સુગંધવાળા હાર પહેરાવતા હતા કોઈ કુંકુમ કેશર આદિ અર્ચતા હતા. કોઈ હાથ જોડીને મનથી પ્રાર્થના કરતા હતા. કોઈ ઊંચે સ્વરે સ્તુતિ કરતા હતા. કોઈ હરિને રાજી કરવા વિનોદ કરતા હતા. ત્યારે જયજયનો શબ્દ થયો તે ભૂમિ ઉપર થયો પણ તેના ત્રણે લોકમાં મંગલ વર્તાવનારા આનંદનો ઉદ્‌ઘોષ થયો. આ સમયે ધર્મદેવના ઘેર દેવો મુનિજનો સિદ્ધો અનેક આવતા હતા ત્યારે બધા જ આ શ્રીહરિના ઉપવિત સંસ્કારના મંગળ ઉત્સવમાં અનેક પ્રકારના આનંદપ્રમોદમાં મગ્ન રહેતા હતા. તે સમયે દુંદુભિ આદિ વાજિંત્રો જુદાં જુદાં વાગતાં હતાં. તેમાં કોયલોના કલરવ જેવા અવાજે દેવની સ્ત્રીઓ

ગીતો ખૂબ જ ગાતી હતી.

ભૂમંડળ અને આકાશ બધું એકરસ થઈને આનંદ સર્વત્ર વ્યાપ્યો હતો. જગતના બધા જ દેવો હરિનાં દર્શન કરીને સ્પર્શ કરીને હરિનો જયજયકાર કરતા હતા. સર્વે ગદ્ય પદ્યમાં ગીતો સ્તોત્રો કરીને છંદના લયથી ગાતા હતા. સ્તુતિ કરતા હતા. અગરના સુગંધી ભરેલાં પુષ્પનો વરસાદ વરસાવતા હતા. સર્વે આનંદ મનાવતા હતા. હે રાજન ! આઠ નેત્રથી બ્રહ્માજી દર્શન કરી હરિના રૂપને દૃષ્ટિથી હૃદયમાં ભરતા હતા. મહાદેવજી પાંચ મુખે પંદર નેત્રોથી પોતાના અતિપ્રિયને નિરખતા હતા. ઈંદ્ર પણ એક હજાર નેત્રથી દર્શન કરીને અદૃષ્ટ થઈને દિવ્યરૂપે ફરતો હતો. કાર્તિક સ્વામી બાર નેત્રોથી દર્શન કરે અને દર્શનનું સુખ ભોગવતાં હતાં. દેવો બે જ આંખોથી દૃષ્ટિને પરોવીને જોતા હતા અને પશ્ચાત્તાપ કરીને પોતાને નિંદા કરતા હતા. વિધાતાને ધન્ય છે તથા ભવાનીપુત્ર કાર્તિક સ્વામીને ધન્ય છે કેમકે તેઓને અનેક નેત્રો હોવાથી જોવામાં દર્શનનો આનંદ વધારે આવતો હશે. દેવરાજ ઈન્દ્રને જે શાપ થયો તે પણ આજે મહા આશીર્વાદ રૂપે થઈ ગયા. આજે તેજ શાપરુપ હજાર ભગ તે એક હજાર નેત્ર થયાં તેથી ભાગ્યશાળી ગણાય માટે આજે તો એ ઘનશ્યામ હરિનાં સ્વરૂપનાં ઉત્સવનાં દર્શન કરીને ધન્ય ભાગ્યવાળા થયા છે. શ્રીહરિના આ વિધિને દેવો મુનિજનો લોકો સર્વે નવા સ્વરૂપે નિર્ખીને જોતાં હતાં. જોઈને લોકો દેવો અરસપરસ પ્રશંસા કરતાં હતાં. ભૂમિવાસીજનો પોતાને દર્શનનો લ્હાવો મળ્યો તે પોતાનાં ભાગ્ય માનતાં હતાં.

અયોધ્યાપુરનાં લોકોનાં મહાભાગ્ય હતાં તેમજ પરિવારના લોકો પોતાના જ્ઞાતિભાઈ ઓના પણ ભાગ્ય ઉઘડ્યાં હતાં તે જ સમયે ધર્મદેવના ઘેર આનંદનો મહાસાગર ઉમટ્યો હતો. તે જ સમયે બ્રહ્મા વિષ્ણુ શિવજી તથા દેવો મુનિજનો સર્વે સમુદાય મળીને પૂર્ણ પુરુષોત્તમ નારાયણ શ્રી ઘનશ્યામ મહારાજને અરજ કરતા હતા. સર્વે મુનિજનના રાજા, સર્વના શિરતાજ, રાજાધિરાજ, શ્રીહરિ આપ જીવોના કલ્યાણ કરવા આ પૃથ્વી ઉપર પધાર્યા તેથી આજ અમને દર્શન કરવાનો મંગલ લ્હાવો મળ્યો છે. જેથી અમો તથા સર્વે મુનિજન મહા આનંદ પામ્યા છીએ. હે હરિ ! આપ ધર્મનું સ્થાપન કરીને લોકોના તાપો પાપોનો સમુદાય તેને ઉથાપીને યજ્ઞયાગાદિ કરાવી કરીને ભુલોકમાં લોકોને બ્રહ્મલોકના સુખો આપીને લોકોના કષ્ટને દૂર કરશો અને જગતમાં યજ્ઞયાગાદિ કરાવીને દેવો મુનિજનોને તેમાં ભાગ રખાવીને તેઓને તે વિધિ પ્રત્યે દૃઢ પ્રેમ કરાવશો. એવા મંગળમય સર્વ કાર્ય કરનારા આપ હંમેશાં જીવોને સુખ આપનારા આપ આ ભૂમંડળમાં વિચરણ કરીને સર્વને સુખ આપો એવી અમો આપને અરજ કરીએ છીએ.

આ પ્રમાણે દેવો મુનિજનો હરિ, હર, બ્રહ્મા વિગેરે દેવોએ જે અરજ કરી તેને સાંભળીને શ્રી ઘનશ્યામ પ્રભુ કહે હું હવે બધું જ પૂર્ણ કરીશ. હવે તમો મારી ઉપર વિશ્વાસ રાખો. તેમાં કોઈ શંકા રાખશો નહિ. જરૂર પૂર્ણ થશે જ.

**આ પ્રમાણે શ્રીહરિલીલાસિંધુમાં ચોથા પૌગંડ રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારી રચિત છંદભાષામાં શ્રીહરિના ઉપવીત સંસ્કારના ઉત્સવમાં દેવો મુનિજનો હર, હરી અજ હરિ દર્શનાનંદ કહ્યું એ નામે ચૌદમો તરંગ થયો. ॥૧૪॥**

# તરંગ-૧૫

પ્રતાપસિંહ રાજા કહે છે, હે મુનિરાય હરિએ કેડમાં બંધન બાંધ્યું. ત્યાર પછી બીજું વ્રત ધારણ કરાવ્યું. જગતમાં પ્રગટ થયા ત્યારે વિશેષ પ્રકારનાં આચરણો કરવાના હોય છે. તેની સર્વે કથા મને કહો.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! તમે સાંભળો. તમને હવે ભક્તિધર્મનાં પુત્ર ઘનશ્યામ પ્રભુનો અભિપ્રાય કહું છું. જ્યારે કટિબંધન બાંધવામાં આવ્યું ત્યારે તે બંધનમાં આવે અને તેને મુનિવ્રતનું બંધન કહેવાય છે. સ્ત્રીની સાથે બોલવા ચાલવાનું બંધ થાય. સ્રીયોની કીર્તિને ન ગાય. હાસ્યવિનોદ રમતો સ્ત્રીઓની સાથે રમવું વિગેરે બંધ થાય. એકાગ્ર દૃષ્ટિથી સ્ત્રીને ન જોવાય. સ્ત્રીની સાથે ગુપ્ત વાતો ન થાય. મનથી બંધનનો સંકલ્પ ન થાય. વેપાર વાણિજ્ય કરવા ન થાય. સ્ત્રીયોના સ્થાનમાં રહેવાય નહીં. સ્વતંત્ર રહેવાય નહીં. સ્ત્રીની સાથે એકાંતમાં સ્પર્શ ન થાય. આઠ પ્રકારે મૈથુનનો ત્યાગ કરવાનો હોય છે. આઠ પ્રકારે બ્રહ્મચર્યના બંધન માટે જ હરિને દઢપણે કટિબંધન બાંધેલ છે. શ્રીહરિને કટિબંધન બાંધીને પછી વસ્ત્રનો ટુકડો ધારણ કરાવ્યો. મુનિજનોએ યજ્ઞોપવિત કરી લીધી. ત્યાર પછી મંત્રોનો ઉચ્ચાર કરતા હતા તે મંત્ર કાર્યમાં સહાય રૂપ થાય છે. બ્રહ્મસુત્ર તેના દેવ પ્રજાપતિ છે તેનો છંદ અનુષ્ટુપ જાણવાનો છે. દીર્ઘ પ્રજાપતિના સ્થાન સુધી યજુર્વેદનો જાણવાનો છે અને યુજર્વેદમાં કહેલ છે. અગ્નિમાં નિત્ય હવન કરીને બે યજ્ઞ થાય તેનો સીધો સાદો અર્થ થાય તે ઉપવિત કહેવાય છે. ધર્મને પાસે બેસાડીને સંકલ્પ કરાવરાવ્યો પરમ પવિત્ર એવું બ્રહ્મસૂત્ર (જનોઈ) શ્રેષ્ઠ છે. પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણના ચરણકમળને પ્રાપ્ત કરાવનાર છે. લાંબુ આયુષ્ય, બળ, તેજની પરમ પવિત્રતા ત્રણ પ્રકારની થાય છે. મંત્રનો જાપ કરીને મુનિજનોએ જમણો હાથ, ઊંચો કરાવ્યો અને ડાબા હાથના ખભા ઉપર મુનિજનોએ બ્રહ્મસૂત્રની સ્થાપના કરી. અગ્નિદેવને આત્મસ્થાને સ્થાપન કરીને હરિએ ઉત્તરપાત્રને ધારણ કરીને શ્રીહરિએ આચમન કર્યાં. પછી પૂર્વમુખે આવીને ઊભા રહ્યા. બર્હિતરનું પઠન પૂર્વમુખ થઈને મુનિનાથે શ્રવણ કર્યો અને હેત કરીને શ્રીહરિને ફરી ચાર વ્યાહૃતિનો પાઠ કરાવરાવ્યો. પાંચ મંત્ર જાપ કરી પાંચ વાર કરીને તેની પાંચ આહુતિઓ આપી હેત ત્યારે ઈંદ્ર, અનલ, સૂર્ય, ચંદ્રમા, વાયુદેવ આ પાંચે તરત જ પ્રગટ થયા.

હે રાજન્ ! તે જ સમયે શ્રીહરિ બ્રહ્મસૂત્રને ધારણ કરીને ખૂબ જ શોભતા હતા. આવી રીતની પ્રવૃત્તિ જો જગતમાં થતી રહે તો સુખ થાય. વિશેષ કથા હૃદયમાં સ્મરણ કરીને કહું છું. શ્રીહરિએ જોગીમાં વૃત્તિ જોડીને જગતને ધારનારા શ્રેષ્ઠ વૈદિક ધર્મ ધારણ કર્યા. જ્ઞાનરૂપ હરિ જગકલ્યાણ માટે ધર્મને ધારીને આત્મબ્રહ્મને ભોગવનારા થયા. નવધા ભક્તિને ધારણ કરાવવા જગતના ઉદ્ધાર માટે નવધા ભક્તિ હરિ ધારતા હતા. વિધવા સ્ત્રીઓના ઉદ્ધાર માટે દઢવ્રતને ધારતા હતા. ધરાવતા હતા અને સધવા સતિઓના ઉદ્ધાર માટે સત્યધર્મને ધરાવતા હતા. શ્રૌત સ્માર્ત મતને બ્રાહ્મણો ધારતા હતા. તેમના અધર્મને ઉધ્ધારિ સધર્મ સમજાવતા હતા. આ રીતે આટલું આ ધરા ઉપર કરવાનું છે એના માટે આ બ્રહ્મસૂત્રને ધારણ કરેલું છે. શ્રીહરિએ બેય હાથમાં દર્ભની સળી લઈને પૂર્વ મુખે ઊભા રહીને અંજલિ અર્પણ કરી, મંત્રોચ્ચાર કરતા મુનિજનોએ ઊભા થઈને શ્રીહરિના હાથમાં જળ આપ્યું. હરિના મુખની જોડે મુખ કરી મુનિજનો મંત્ર બોલતા હતા. ઉદારતાથી ગાતા હતા. પછી પ્રેક્ષણ વિનિયોગના વચનો કહીને સંકલ્પનો ઉચ્ચાર કર્યો. ત્યારે હરિને કહેતા કે મુનિ અને વર્ણિ તમે થયા ત્યારે હરિ કહો હા અમે મુનિરાજ થયા. ફરી પાછા હરિને બ્રાહ્મણો પૂછવા લાગ્યા કે તમારાં ગોત્ર નક્ષત્ર વૈદિક શાખા

વિગેરે કહો. ત્યારે હરિ કહેવા લાગ્યા હું નિલકંઠ બ્રહ્મચારી છું. મારું સાવર્ણિ શુભ ગોત્ર છે. મારા જન્મનક્ષત્ર પુષ્ય છે. ચંદ્રમા સૂર્યનારાયણ વાયુદેવ અને કમળાદેવી અમારી દેવી છે. આ રીતે શ્રી ઘનશ્યામ પ્રભુએ પોતાના ગોત્ર કુલદેવનો ઉચ્ચાર કર્યો. મુનિજનોએ નામ લેવરાવયું. ત્યાર પછી વિનિયોગ કરાવ્યો. તે માટે જળની અંજલિઓ ઊંચે ઉછળાવવાથી જમણા હાથથી ડાબા હાથનો અંગુઠો પકડાવીને મુનિજનોએ મુંઠો ભર્યો. હાથ પકડીને મંત્રનો વિનિયોગ કરાવ્યો. તેમાં હરિશર્માનું શુભ નામ લેવરાવ્યું. હાથ પકડીને હરિએ અગ્નિની પરિક્રમા કરી અને મુનિજનોએ બીજો અગ્નિ જનુકિંલ્મા આપ્યો.

આ રીતે પ્રક્રમા દઈને, પૂર્વ દિશા તરફ ઊભા રહીને મંત્ર જપતા હતા અને મુનિવર્ય બહુ મોટા છે. ડાબા હાથથી ડાબા પડખામાં સ્પર્શ કરીને સુશિલ શર્માના કુળની દેવો પ્રશંસા કરતા હતા એવું કાર્ય કર્યું. ફરી પાછું ડુંટીનો હાથથી સ્પર્શ કરીને રહ્યા ત્યારે મુનિજનોએ વેદમંત્ર બોલીને હિત કરતા હતા. ફરી પાછા ડાબા હાથથી પેટનો સ્પર્શ કરીને મુનિજનો બ્રહ્મમંત્રનો ઊંચેથી ઉચ્ચાર કરતા હતા. ફરી હરિ હૃદયનો સ્પર્શ કરીને ખભાનો સ્પર્શ કરતા હતા ત્યારે ઋષિ વિનિયોગ નિર્બંધ માટે કરતા હતા. ડાબા હાથથી ડાબા ખભાનો સ્પર્શ કરીને મુનિઓ વિનિયોગ મંત્રનો ઉચ્ચાર કરતા હતા. હરિશર્મા બ્રહ્મચારી થયા છે એથી બોધ કરનારા મુનિ નવા છે. આમ કહે ત્યારે હરિ બાહ્મ બ્રહ્મ શબ્દ ઇતિ સત્ય કરવાનો બોધ મુનિજનો બોધ આપવા હોમનું કાર્ય કરવાનું સમજાવતા હતા. સ્નાન સંધ્યા જપહોમ વગર પિતૃઓનું તર્પણ ન કરવું તથા વેદનો પાઠ પણ સ્નાન કર્યા વગર ન કરવો. હરિને ભોજન પહેલાં અને ભોજન પછી બંને વખત આચમન કરવાનું સમજાવ્યું. ગુરુજનોની સેવા પરિચર્યા કરવાની, દિવસના સમયે નિદ્રા નહિ કરવાની, હરિનું નામ સ્મરણ કરવું આ રીતે હરિને ઉપદેશ મુનિજનોએ આપ્યો. ફરી પાછું અનલોતર ક્રિયાનું માર્ગદર્શન કર્યું. શ્રીહરિ પૂર્વ મુખ ઊભા રહીને જમણા જાનુનો સ્પર્શ કરીને ત્રિરાત્ર તથા ત્રણ રાત સુધી કેડ ઉપર મુંજની મેખલા મુનિવર લઈને ઊભા હતા. મુનિવર મંત્ર બોલીને ''ઉભે ઈયં દુરકાગ'' આ રીતે બોલીને ફરી હરિ પાસે અંજલિ કરાવીને મુનિ ઉપર બ્રહ્મવાદ બોલાવરાવ્યો. હરિને કહે, તમે સાવિત્રિ મંત્ર જપો ત્યારે હરિ કહે હે ગુરુવર્ય ! હું સાવિત્રી મંત્ર ભણીશ. આ રીતે વિનિયોગ કરીને હોમ કરાવ્યો અને વસ્ત્રનો ટુકડો હરિને ઓઢાડ્યો. સાવિત્રી મંત્રનાં ચાર પદ કરીને પહેલાં મુનિ બોલાવે તેમ હરિ બોલે. આ રીતે જુદાં જુદાં ક્રમ પ્રમાણે શીખવાડ્યાં. ક્રમ અનુસાર બેય પદ તૈયાર કરીને બોલ્યા અને ત્રીજુ ને ચોથુ પદ એ રીતે બધા જ પદો હરિ ભણ્યા. પ્રાણાયામની ચાર વ્યાહ્રતિ તે પણ હરિ બોલ્યા. ત્યાર પછી પાલાશના દંડને મુનિ લાવ્યા. તેને મંત્રસહિત હરિને દેતા હતા. હરિકૃષ્ણ પ્રભુએ મૃગચર્મને ધારણ કર્યું. ત્યારે મુનિજનોએ વેદના મંત્રોનો ઉચ્ચાર કર્યો. મુનિજનોએ બાર વચનો કહ્યાં તે છંદમાંથી કાઢીને હરિને કહે તમે આમાંથી શોધો.

ત્યારે મુનિ કહે, વર્ણિ તમે મારે આધિન થયા છો ત્યારે હરિ ઘનશ્યામ પ્રભુ કહે હું જ મુનિરાજ થયો છું. આ રીતે હરિ કહેતા હતા. હે વર્ણિ ! તમે બધા જ અધર્મનો ત્યાગ કરીને મારા વચન પ્રમાણે વર્તો. તેમાં ક્રોધ અને અસત્યનો ત્યાગ કરો. ખોટું બોલવાનું ખોટો વાદવિવાદ ન કરવો. આઠ પ્રકારના મૈથુનનો ત્યાગ કરવો. આઠ પ્રકારે બ્રહ્મચર્ય વ્રત પાળવું. બ્રહ્મચર્યનો ક્યારેય લોપ ન થાય તે જોવું. હે વર્ણિ ! ત્યાગથી લોકો ખૂબ જ શોભે છે. આચરણથી સય્યાનો ત્યાગ કરવો જોઈએ. ઊંચાં આસન ઉપર ક્યારે પણ ન સૂવું જોઈએ. આ ચારે વચનો ખાસ પાળવાના વર્ણિના વ્રતમાં કહેલાં છે. નરતકો નૃત્ય કરતાં હોય તેને ન જોવાં. ગાયકો ગાતા હોય વગાડતા હોય તેને ક્યારેય ન જોવાં. ગંધસુગંધના લેપો અંગો ઉપર ન કરવા. આંખોમાં અંજન ક્યારેય ન આંજવું.

શરીરે તેલ ચોળવું નહિ. ચોળીને નહાવું નહિ તથા અંગોમાં અત્તર આદિક સુગંધી પદાર્થો ન લગાવવાં. દાંતને અતિશય ઘસીને દાતણ કરવાં નહીં. કાળા કે લાલ રંગવાળાં કપડાં પહેરવાં નહીં. પગથી પગને ક્યારેય ધોવા નહીં. આ સાત વચનનો ઉપદેશ મારો છે. તેને ધ્યાનમાં રાખીને પાલન કરવું. અસ્ત્રાથી ક્યારેય હજામત ન કરાવવી. કોઈ અંગમાં મુંડન ન કરવું. આ આઠ વચન તેને તમે ખાસ ધ્યાનથી પાળજો. ઉત્સાહથી રહેજો. ગાંજા ભાંગ્ય તમાકુ આદિ તથા અફીણ આદિક ક્યારે ન ખાવાં. મદિમાંસ વિગેરે ન પીવાં, ખાવા નહીં. જુગાર આદિ રમતો ન રમવી. ગાય બળદ ગધેડાં ઊંટ બકરાં ભેંસ આદિકને જોડેલાં વાહનો ઉપર તથા પ્રાણીઓ ઉપર વર્ણિએ બેસવું નહીં ગામમાં કે શહેરમાં જ્યારે રહેતા હોય ત્યારે પગમાં ચાંખડીઓ ધારણ કરવી અને બીજે ગામ જ્યારે જતા હોય ત્યારે પગમાં જોડા પહેરવા જોઈએ. જ્ઞાનેદ્રિંયો તથા કર્મેન્દ્રિયોને ચારે બાજુથી બધા વિષયમાંથી અંતઃકરણમાં ખેંચીને સતત જાગ્રત રહેવું જોઈએ. દંડ મેખલાને નિત્ય પ્રત્યે ધારી રાખવાનાં. એક જ વખત ભિક્ષા માગીને આહાર કરવો. એક જ વખત જમવાનું. દેવ ઋષિ પિતૃઓને તર્પણ કરીને તૃપ્ત કરવા. સવાર સાંજ હોમ હવન કરવાં. શાસ્ત્રની મર્યાદા પ્રમાણે વિધિ કરીને વેદમાં પ્રમાણ કરેલ સુજાણે વારંવાર ઉચ્ચારણ કરવું. ઉપસ્થાન આદિત્ય કરાવીને શ્રીહરિને અગ્નિદેવની પરિક્મા ફેરવાવી પૂર્વ મુખે શ્રીહરિને ઊભા રાખીને ભિક્ષા માંગવા માટેનાં પાત્ર હરિને હાથમાં ગ્રહણ કરાવ્યાં. જગત તારક હરિને માતાનો શબ્દ બોલીને (ભવતિ માતા ભિક્ષાંદેહિ) ભિક્ષાંદેહિ મમ માતા આ રીતે માગવાનું સમજાવ્યું. ફરી માસી પાસે તથા મામી પાસે તથા હરિનાં બહેનો પાસે એમ બધાની પાસે ભિક્ષા માંગવા જવાનું કહ્યું. હરિના માતા મામી માસી આદિક જે સંબંધી પરિવારવાળાં કહેવાય. તેઓની પાસે ભિક્ષા લેવાની અને હે બટુક જેમને જે ઈચ્છિત હોય તે આપે તે લેવું. જુદા જુદા દૂધ ઘીનાં પકાવેલાં પદાર્થોનાં બનાવેલાં ભોજનો જુદા જુદા પકવાનો માતા મામી માસી સર્વેએ હરિને અનેક પ્રકારના ખૂબ જ પ્રેમથી પીરસીને આપ્યાં. ભિક્ષાના ભરેલાં પાત્રો લઈને હરિએ મૂનિને અર્પણ કર્યાં. ત્યાર પછી માર્કંડેય મુનિના પુત્રે હેત સહિત અર્ધો ભાગ હરિને ભિક્ષાનો પાછો આપ્યો તે હરિએ લીધો. શ્રીહરિએ મળેલ ભિક્ષાભાગ તેને યોગ્ય જગ્યાએ રાખીને હરિએ ચાર વ્યાહૃતિ કરીને હોમાદિક વિધિ સર્વે કરીને ત્યાર પછી હરિએ તે ભિક્ષામાંથી ભોજન કર્યું. હાથમાં દર્ભ સાથે જળ લઈને માર્કંડેય મુનિએ સંકલ્પ કરાવ્યો. આ રીતે શ્રીહરિના ઉપનયન સંસ્કારના બધાં જ કાર્યક્રમો પૂર્ણ થયાં તે બધાં જ શાંતિપૂર્વક થયાં.

જનોઈનો યજ્ઞ વિધિ પ્રમાણે મુનિજનોએ પૂર્ણાહુતિ કરીને બધા જ ઋત્વિજો બ્રાહ્મણોને અને મુનિજનોને ધર્મદેવે વિધિ પ્રમાણે દાન-દક્ષિણા આપી. અનેક ભાતનાં જાતજાતનાં ભોજનો બનાવ્યાં. તે સર્વને જમાડ્યાં. તે અલૌકિક સ્વાદવાળાં તે સર્વે સિદ્ધિએ જ જમાડ્યાં. તે સર્વે દેવો મુનિજનો અને મનુષ્યોને ખૂબ જ જમાડ્યાં. અનંત જીવો જમ્યા. અનેક પ્રકારનાં દાનો દક્ષિણાઓ આપી સન્માનો કર્યાં. અનેક પ્રકારની પહેરામણી પણ કરીને આ રીતે શ્રીહરિના ઉપવિત સંસ્કારયજ્ઞમાં અષ્ટસિદ્ધિ અને નવનિધિએ અનેક સેવા કરી. ત્રણે લોકમાં જયજયકારનો ઉદ્‌ઘોષ થયો. દેવો મનુષ્યો મુનિજનો આનંદ પામ્યાં. આનંદનો સાગર ઉછળ્યો. દરેક લોકભવનમાં આનાં વખાણ થવા લાગ્યાં. તે સમયે ગુણવાન લોકો હરિનાં ચરિત્રનાં ગાન ગાતાં હતાં. તાનપૂર્વક દેવસ્ત્રીઓ નૃત્ય કરતી હતી. માગધ લોકો હરિનાં ઉત્સવનાં તથા ધર્મકુળ વંશનાં વખાણ કરતાં હતાં. વિદ્વાન બ્રાહ્મણો વેદમંત્ર વડે ભારપૂર્વક આશિષ દેતા હતા. સર્વે સ્ત્રીઓ મંગળ ગીતો ગાતી હતી તે પણ કોયલ જેવા સુંદર કંઠથી ગાતી હતી. જાતજાતનાં ભાતભાતનાં વાજીંત્રો વાગતાં હતાં. ભૂમિ ઉપર અને આકાશ મંડળમાં દેવો દુંદુભિના ઉદ્‌ઘોષ પાડતા હતા.

કાગડાઓ પણ તે સમયે મધુર સ્વરે બોલતા હતા. બધાના મનમાં શ્રીહરિના પ્રત્યે મંગલ મંગલમય વાતાવરણ થઈ રહ્યું હતું.

જે જીવાત્મા શ્રીહરિના ઉપવિત સંસ્કારના ચરિત્રનું ગાન કરશે. જે કોઈ સાંભળશે ભાવથી ઉરમાં ધારશે તે જીવ પોતાના શરીર છુટ્યા પછી શ્રીહરિના ચરણ કમળમાં અક્ષરધામમાં વાસ કરશે.

**આ પ્રમાણે શ્રીહરિલીલાસિંધુમાં ચૌથા પૌગંડ અવતાર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારી રચિત છંદભાષામાં શ્રીહરિ બ્રહ્મસૂત્ર (ઉપવિત) ધારણ કર્યું તેની વિધિ પ્રમાણેનાં કર્મનું વર્ણન કર્યું તે નામે પંદરમો તરંગ થયો. ॥૧૫॥**

## તરંગ-૧૬

પ્રતાપસિંહ રાજા કહે છે, હે મુનિ ઉપવિત સમયે બટુક બ્રહ્મચારી થઈને હરિ દોડ્યા તે કેવી રીતે થયું, તેની વિધિ ક્યારે કરી, તે ઘનશ્યામ પ્રભુ સર્વ સુખધામના ચરિત્ર સાંભળવા માટે મારું મન ઈચ્છા કરે છે તો આપ મને સમજાવો.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! હું તમને તે ચરિત્ર સંભળાવું છું. તે ચરિત્ર ઉત્તમ પ્રકારનું પવિત્ર કરનાર છે. તે ચરિત્રથી સજ્જનો અને સંતો સુખ પામે છે. હે રાજા ! માટે તમે સાંભળો. બધા જ સમાજો ઉપવિતવેળાએ બટુકોને નગરની બહાર દોડાવે છે. તેમાં નવા પહેરવેશને તે નરવીર ધારણ કરે છે. હરિ તો સંતો અને ગરીબોની પીડાને હરનારા છે. તે સમયે આકાશમંડળમાં પણ આનંદ હતો. અનંત દેવો આ દૃશ્ય જોવા તત્પર હતા. હરિના ગુણને ગાતા હતા અને પુષ્પનો વરસાદ કરતા હતા. દુંદુભિનો નાદ કરતા હતા. મેઘસમાન ગંભીર સ્વરથી દેવતાની સ્ત્રીઓ વીજળી જોવાં શરીરથી નૃત્ય કરતી હતી. તે સમયે નગરનાજનો અને પુરનાજનો સાથે મળીને લોકના વ્યવહાર પ્રમાણે જોવા આવ્યા હતા. સંતજનો મુનિજનો ધર્મદેવના ઘેર આવ્યા હતા. તે જ સમયે પ્રણવનો નાદ થતો હતો. બુંગીઓ ફૂંકાતી હતી અને ગુણીજનો ગીતો ગાતા હતા. વાતાવરણ મનોહર થતું હતું. પુરની પરિવારની સ્ત્રીઓ કોયલ જેવા રાગથી મૃગનયની તેણિની હરિ બટુકનાં ગીતોને ગાતી હતી. હરિએ વેષ બહુ જ સુંદર ધારેલો હતો. તે તો વર્ણિરૂપે કન્હૈપાંડેના કુળના કમળ અત્યારે ખૂબ જ સુંદર રીતે ખીલેલું દેખાતું હતું. માતાએ હરિને જમાડીને કુમકુમ અને ચોખા માથે લગાવ્યા. ત્યાર પછી વસ્ત્રો આભૂષણ પહેરાવીને સુવાસિનિ ભાભીએ લાવીને આપ્યાં. હરિને ટોપી ધોતિ પહેરાવીને શરીર ઉપર અંગરખુ પહેરાવ્યું. મસ્તક ઉપર લાલ કલરની ટોપી પહેરાવી. કેડ ઉપર પીળો પટકો બાંધ્યો તથા તેના ઉપર ભુરા રંગની શાલ ઓઢી. શ્રીહરિએ શરીર ઉપર થોડાંક વસ્ત્ર ધારણ કરીને મૃગચર્મ અને પલાસનો દંડ ધારણ કર્યો. ભિક્ષાનાં પાત્રો હાથમાં લીધા. જળ ભરવાનું પાત્ર હરિએ ધારણ કર્યું. જનોઈ ધારણ કરી ગળામાં તુલસીની બેવડી કંઠી ધારણ કરી. શરીર ઉપર આભૂષણો ખૂબ જ ધારણ કર્યાં. સુવર્ણ પરવાળા રત્નનાં ધારણ કર્યાં. ત્યાર પછી સંતો દેવો મુનિજનોથી ભીડવાળા મનુષ્યોના સમુદાયથી યુક્ત અવધપુરના માર્ગ ઉપર ચાલતા થકા પુરની બહાર આવ્યા અને ઘનશ્યામ સારા વિશાળ માર્ગ ઉપર ઊભા રહ્યા. ત્યારે મુનિવરે જળની અંજલી આપી એ હરિને દોડવા માટે રજા આપી. ચોખ્ખા માર્ગ ઉપર હરિ જોર કરીને દોડવા જ લાગ્યા.

તે જ સમયે બટુકવેશ લઈને ચરિત્ર કર્યાં તે વર્ણવું છું તેને સાંભળો. તેમાં કેટલાંક આનંદ કરવા માટેનાં તથા કેટલાંક અધીરાં થઈને જોવામાં તત્પર હતાં તે સર્વે વાતાવરણને પવિત્ર કરતાં હતાં. પુરની સ્ત્રીઓ મંગળ ગીતો ગાઈને મંગળ મનોહર ઉદ્‌ઘોષ કરતી હતી. અને વિપ્રો છંદો ઉચ્ચારતા હતા. બંદીજનો બિરદાવલિઓ ગાતા હતા. તેનો મોટો ઉદ્‌ઘોષ કરતા હતા. તેઓ મગધકુળનાં વંશજો પરંપરાથી ગાતા હતા. દેવો મુનિજનો સંતો હરિનો જય જય ઉદ્‌ઘોષ કરીને ચારેબાજુથી આશિષ આપતા હતા. પોતાના પરિવારજનો કુટુંબ પરિવારનાં લોકો પ્રભુ ઉપર નિછાવરી કરતાં હતાં અને માતાપિતા બલભાઈ એમની પત્ની બધાંયને કાંઈક ક્ષોભ સાથે મનમાં કાંઈક સંકોચ થતો હતો. તે નેત્રમાં દેખાતો હતો. લોકો બટુકના વેગપૂર્વકના પવનનો સ્પર્શ લેવા પાછળ જતા હતા. તેઓનો આવો સ્વભાવ તે મનમાં માનતા હતા. શ્રીહરિ ચંચલનેત્રથી વિચારતા થકા માતાપિતા ભાઈની તરફ જોતા થકા મનુષ્યોનો સમુદાય અંતકરણમાંના વિચારો જાણીને શ્રીહરિ કૃપા કટાક્ષથી બધા સામે જોતા હતા. તે જ સમયે દેવોનાં મન શંકાવાળાં થયાં અને હરિને વારંવાર નિરખીને જોવા લાગ્યા. પોતાના સ્વાર્થ ખાતર હરિને નિર્દયપણાનું બહાનું બતાવતા હતા. ગુરુની આજ્ઞા મળવાથી હરિ એકદમ ચંચળ ચતુર થઈને રહ્યા. શરીરના વસ્ત્રોને કસીને વ્યવસ્થિત કર્યાં. પછી પોતાના શરીરના બળ પ્રમાણે દોડવા લાગ્યા.

ત્યારે હરિની પાછળ વિસરામાદિક મામા હરિની પાછળ દોડવા લાગ્યા. દોડવા છતાં હરિને પહોંચી જ ન શક્યાં. દોડતાં દોડતાં થાકી ગયા પણ હરિને ન પકડી શક્યા. પોતે બળ તો બહુ જ કર્યું તોય હરિને ન પામ્યા. હરિ દોડતા દોડતા ખૂબ જ દૂર ગયા ત્યારે હરિને નેત્રથી જોઈ શકાતા હતા. માર્ગમાં પૃથ્વી ઉપર ચરણનાં ચિહ્નો પડેલાં તે નજરે સુંદર રીતે જોઈ શકાતાં હતાં તે ભૂમિ ઉપર ખૂબ જ શોભતાં હતાં. જેમ ભમરો નજર પાસેથી ઊડી જાય તેમ હરિ પણ દોડતાં દોડતાં ખૂબ જ દૂર જતા રહ્યા. પોતાના નિવાસસ્થળ તરફ નદી જોઈને એમના વિયોગથી પીડાશે એની દરકાર કર્યા સિવાય પાછળ નજર કરતા જ ન હતા. ત્યારે પ્રતાપસિંહ રાજા કહે, હે મુનિરાજ ! હરિ દોડ્યા તેની પાછળ એમની ભેળા કેટલાક લોકો દોડ્યા. તે મને કહો ત્યારે મુનિ કહે, હે રાજન ! ધર્મદેવનો પરિવાર દેવો આદિ બધાય દોડ્યા તે તમને કહું છું તેને તમે સાંભળો. શ્રીહરિની સાથે દોડવામાં વૃત્તિ વિવેક દોડ્યાં. શીલ સંતોષ પણ દોડ્યાં. સત્ય આચાર દોડ્યા. શાંતિકુળતા સુખ વિગેરે દોડ્યાં. સુખના મિત્રો દોડ્યા. સમ, દમ, અભય, ત્યાગ, તપ, આર્જવતા વિગેરે દોડ્યાં. આસ્તિકતા, અનૃણ, સામ્ય, બ્રહ્મચર્ય વિગેરે દોડ્યાં. યજ્ઞ જપ યોગ પ્રશ્રય સ્થિરતા ઐશ્વર્ય અતુટતા મંગળ, મંગળનું કાર્ય વિગેરે હરિની સાથે દોડવા લાગ્યાં. હરિની સાથે આકાશદેવો મુનિજન તથા સંતોનાં મન દોડ્યાં. શ્રીહરિના પિતા માતા તથા સુવાસિનિ મનો દોડ્યાં. હરિના સખા સમાજો ક્ષોભ વિગેરેનાં મનો દોડ્યાં. લોભ, દષ્ટિના મન દોડ્યા. પુરની સ્ત્રીઓ સ્વજનો મામી, માસી વિગેરેનાં મન દોડ્યાં. શ્રીહરિના ધામના પાર્ષદો દોડ્યા. ધરા ઉપર ધરાના દેહને શુદ્ધ કરવા પ્રાણજીવન બટુકવર જ્યારે દોડ્યા એમની સાથે કેટલાક કહું, હર્ષ ભરતા અનેક તત્વો દોડ્યા.

આ રીતે હરિ દોડતા દોડતા સરજુના તટ ઉપર સ્વર્ગદ્વારિ ઘાટે જઈને મનમાં ધીરજ કરીને ઊભા રહ્યા. તે માતાપિતા ઉપર કૃપા કરીને હરિ પોતાના આશ્રિતજનોની પીડાને હરવા માટે હરિ ઊભા રહ્યા. હરિની સાથે જ ધર્મસર્ગ દેવો સર્વે મૂર્તિમાન જ દોડ્યા હતા. જ્યારે ગુરુમુનિ જને બટુકને દોડવાની આજ્ઞા આપી ત્યારે જ

હરિને ભૂમિ ઉપર વિચરવાને આજ્ઞા મળી હતી. ભગવાન ઈચ્છાથી વિચરશે. મારા આશ્રિતો ભક્તજનો જે મનુષ્યદેહમાં અત્યારે છે તે તથા સંતજનો મુમુક્ષુ જીવો તે આ માટે એક સ્થળે નિવાસ કરીને એમના હૃદયમાં સ્થાન કરીને અધર્મ સર્ગને દૂર કરીને ધર્મ દઢ કરાવવાનો છે. એટલા માટે અત્યારે વિચરુ તો માતાપિતા મારા વિના દુઃખમાં પ્રાણ ત્યાગે એટલા માટે પ્રથમ એમના ભૌતિક માનુષિ દેહ તેનો ત્યાગ કરાવીને પછી આવીશ. ભૂમિમાં વિચરણ કરી ભરતખંડમાં કળિયુગમાં સત્યયુગના ધર્મો દઢ કરાવવા છે. પાપરૂપ અધર્મ તે ભૂમિને ભાર રૂપ છે. એ અધર્મને દંડ કરીને કાઢવો છે. આ ભૂમિ ઉપર વિચરવા માટે તો અમે દેહ ધાર્યો છે. આ નિશ્ચય જ જાણજો. ધર્મસર્ગની સ્થાપના માટે હું ભૂમિ ઉપર વિહરવાનો છું. ભરતખંડમાં આવવા માટેની બધાને મેં આજ્ઞા આપેલી જ છે એ જાણજો.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! હરિ ઊભા રહ્યા ત્યારે વિસરામ આદિક હરિના મામા મામી સ્વજનો સર્વે તથા સખાઓ મળીને આવ્યા. હરિને મળ્યા. દર્શન કરીને હર્ષભર્યા મનવાળા થયા. બટુના મામી વિસરામ મામા તે હરિને તેડીને છાતી સરસા ચાંપીને કહે, હરિ મારા ઘેર ચાલો હવે મારા પ્રાણપ્રિય આમ કહીને પોતાના ખભે બેસાર્યા. મામાના ખભા ઉપર બેઠેલા પ્રભુ બટુક ખૂબ જ શોભતા હતા. બધાય ભેગા પાછા વળતાં હતાં. બધાં જ સ્વજનો પુરવાસીજનો શ્રીહરિને જોઈને હર્ષનો કોઈ પાર ન રહ્યો. પોતાના આશ્રિતજનોથી પુરનાં પ્રિયજનો તથા સ્ત્રીઓ આદિથી વિટાયા હરિનાં દેવો મંગલમય શબ્દ કરતા હતા. તેમાં શંખ, તૂરિ, શહનાઈ વાગતાં હતાં. પ્રણવ, આનક, બરબર વિગેરે વાદ્યો વાગતાં હતાં. દેવો મુનિજનો સંતો હરિના ગુણીજનો ગુણને જોઈને આનંદ પામતાં થકાં જય જય શબ્દ બોલતાં હતાં. અબીલ ગુલાલની વર્ષા થતી હતી. આકાશમાંથી દેવો પુષ્પનો વરસાદ વરસાવતા હતા. મંગળ મંગળનો દશે દિશામાં ઉદ્‌ઘોષ થતો હતો. મંગળમય પુરમાં પ્રવેશ કરતા હતા. મંગળમૂર્તિને દૃષ્ટિમાં ઉતારીને મામાના ખંભા ઉપર બેઠેલા જોવામાં આવતા હતા. આ રીતે પોતાના ઘેર આવતા હતા ત્યારે ભાઈ, પિતા, માતા આનંદ પામતાં હતાં. ત્યારે લોકો હરિને પહેરામણીમાં વસ્ત્રો આભૂષણો ધન વિગેરે ખૂબ જ આપતાં હતાં. ધર્મકાર્યને પુત્ર જાણીને પ્રાણપ્રિય પરમમાં પરમ સુખદાતા હરિને જોઈને સુવાસિનિ આનંદ કંદ ઘનશ્યામના મંદ મંદ હાસ્યયુક્ત મુખ જોઈને રાજી થતાં હતાં. વસંતા માસી, ચંદા માસી વિગેરે મામી સુંદરી હરિને જોઈને મગન મનવાળી થઈને એમને લુણ ઉતારતાને મસ્તક ઉપર બલૈયા લેતી હતી. આનંદ મનવાળી થતી હતી. બ્રાહ્મણોને દાન આપતા હતા. તેઓનું સન્માન કરતા હતા. ધર્મદેવે જાતજાતનાં પકવાનોની રસોઈ તૈયાર કરીને જમવાનું જમાડીને દેવો મુનિજનો મનુષ્યોને જમાડ્યા. બધા જ ધર્મદેવના પુત્ર ઘનશ્યામ બટુકને બધા જ આશિષ આપતા હતા. પરમ પરાક્રમી તમે કરોડો વર્ષ સુધી સુખે જીવો અને વર્ણાશ્રમીને અરસપરસ મળતા હતા. તેમાં પોતાના સંબંધીજનો તથા પોતાની જ્ઞાતિભાઈઓ આનંદ પામતા થકા વર્ણિવરના ગુણને ગાતા થકા નિર્મળ મનવાળા થઈને સાંભળે તેથી ઈશ્વરો આનંદ કરતા હતાં. બ્રહ્મા શંકર વિગેરે દેવોને તથા મુનિજનોને આનંદ થયો. હૃદયમાં શાંતિ થઈ. તીર્થ તીર્થોનો રાજા મનમાં આનંદ પામીને મહારાજની માટે હૃદયમાં ઉત્સાહ ખૂબ જ મળે છે અને તમારા ચરણનાં ચિહ્નો જોયા વિના જ્ઞાનવૈજ્ઞરાગ્યને યુવા અવસ્થામાં સ્થાપન કરવા માટે પૃથ્વી ઉપર ફરીને પશ્ચિમમાં ધર્મના માર્ગનું પ્રતિપાદન કરવું છે. તેમાં સૌભિર, કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત, ભુજ, દુર્ગપુર, શ્રીનગર વિગેરે સ્થળોએ સ્થાનો રચવાનાં છે.

જય જયનો ઉદ્‌ઘોષ આકાશમાં બધે જ વ્યાપ્યો પ્રત્યેક મનુષ્યના મુખે જય જય શબ્દ જ નીકળે છે. આઠે દિશાઓમાં જય જયકાર વ્યાપ્યો છે. ''જયતિ સર્વ ધામના સુખદાતા'' આપનો જય જય થાઓ. સાત નીચેના લોકમાં જય જયકાર થાઓ. ઉપરના સાત લોકોમાં પણ જય જયકાર થાઓ. ધર્મસર્ગનો જય જયકાર થાઓ. અધર્મના મૂળ ઉખેડવાના માટે જ અવતાર ધારેલ છે. આ રીતે સ્તુતિ કરી હરિને નમન કરીને પોતપોતાના લોકમાં ગયા આ રીતે હરિનાં દર્શન સ્પર્શથી મનમાં આનંદ પામતાં થકાં દર્શન કરીને આ મંગળ કરનાર કાર્ય સર્વના મનને ભાવતું થયું. આ જ રીતે શ્રીહરિના ઉપવિત સંસ્કાર ક્રિયા સંપૂર્ણ ગાઈને પોતાના પરિવારજનો કુટુંબીજનો નાતના જનોને બટુક બ્રહ્મચારી હરિની મૂર્તિ બધાને ખૂબ જ સારી લાગી. ત્યાર પછી ધર્મભક્તિને મળીને સૌ પોતપોતાના પૂર પ્રત્યે જતાં હતાં. સર્વે નાતિઓ વિનયપૂર્વક નમસ્કાર કરીને પોતાના પરિવારનાં સગાં ચાલતાં ચાલતાં હરિમાં ચિત્તવૃત્તિને જોડી રાખતાં હતાં. મંગળ જોનારાને મંગળમૂર્તિ પોતાના સંબંધી જોઈને કોઈ સંબંધી સમજતાં હતાં અને કોઈ શર્મ ભાવથી જોતાં હતાં. આ રીતે હરિનાં ગુણને ગાતાં થકાં ધર્મદેવની પરસ્પર ચર્ચા કરતાં જતાં હતાં.

આ રીતે ઉપવિત સંસ્કારનાં ચરિત્રની કથા ચોથા તરંગથી કરી છે. આને સાંભળશે. પોતાના હૃદયમાં ધારશે તે જીવાત્મા હરિના ધામમાં હરિ ચરણમાં નિવાસ પામશે.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં ચોથા પૌગંડર રત્નમાં સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારી રચિત છંદભાષામાં શ્રીહરિ બટુક ઉપવિત થાપન વિધિ લીલા કથન નામનો સોળમો તરંગ થયો. ॥૧૬॥**

# તરંગ-૧૭

રાજાપ્રતાપસિંહ કહે છે, હે મુનિ ! હરિની ઉપવિત સંસ્કારનું ચરિત્ર મેં સાંભળ્યું. એનો મને મહિમા ખૂબ જ થયો છે. માટે હે મુનિવર્ય બાલપ્રભુ જે વેદ શાસ્ત્રનો અભ્યાસ કર્યો તેની કથા સાંભળવાની મારી ઇચ્છા છે તો તે કથા સંભળાવો.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન ! તમે તો પવિત્ર બુદ્ધિવાળા સારા કુળવાળા છો. એટલા માટે હું તમને એ જ લીલા ઘનશ્યામ પ્રભુની કહું છું. તેને તમે સાંભળો. ગંભીર બુદ્ધિવાળા પરાક્રમ કરનારા જે શાસ્ત્રનો અભ્યાસ કર્યો તે લીલા હું તમને કહું છું. માધવ હરિ માઘ માસ અંધારિયા પક્ષમાં સોમવારના રોજ બીજના દિવસે મુનિરાજની પાસે જઈને નમન કરીને છંદનો અભ્યાસ કરવાનો પ્રારંભ કર્યો ત્યારે હાથમાં પત્રગ્રહણ કરીને શ્રી પુરુષોત્તમ હરિ બ્રહ્મ ધ્વનિ કરીને બ્રહ્મદેવ પાસે ગયા. મુનિજનોની પાસે દેવવિદ્યામય વેદ વિદ્યાનો અભ્યાસ કરતા હતા. મુનિજનો એક જ વાર બોલે ત્યારે બટુક મુનિ તેને સાંભળીને પોતે મુખેથી તરત જ બોલે. આ રીતે સિદ્ધ કરીને સર્વે તત્ત્વને મેળવતા હતા. ત્યારે મુનિરાજ ધર્મપિતાને કહેતા આવા બુદ્ધિ જ્ઞાનવાળો અત્યાર સુધી કોઈ થયો નથી. થશે પણ નહીં એવા છે. ત્યારે મનમાં મોદ ભરાયેલા ધર્મદેવ, માતા, તથા ભાઈ તથા ગુરુવર્યને મનમાં આશ્ચર્ય થતું હતું. આ રીતે પંડિત પાસેથી હરિ જે ભણતા હતા તે જોઈને, મૂર્તિમાન વેદ સ્વરૂપે તથાસર્વ શાસ્ત્રરૂપે તો આ બટુક બ્રહ્મચારી જ છે. એ રીતે મુનિવર્યને પણ મનમાં હરિના કાર્યમાં મહત્ત્વ જણાવા લાગ્યું. એમનું સામર્થ્ય પ્રકાશમાં આવ્યું. આ રીતે શ્રીહરિ મહાપ્રભુ પાઠ ભણ્યા. સર્વે ગુણસંપન હરિ પહેલે દિવસે ભણીને આવ્યા ત્યારે ધાણા અને સાંકર બધાંને વહેંચી તેમાં જે મિત્રો પ્રિયજનો હતાં તેમણે લીધી. તે દિવસે મારકંડ મુનિએ

ધર્મદેવને બટુક પ્રભુને ખૂબ જ પ્રેમથી કેસર ચંદન વડે અર્ચન કરીને, જાતજાતનાં સુગંધી ફૂલોના હારતોરા પહેરાવ્યા.

તે જ દિવસે મુનિગણ તથા સંતો તથા પોતાના કુળદેવ અને વિપ્રવરોને પોતાના ઘેર અનેક જનોને તેડીને મિષ્ટાન્ન બનાવીને તેનાથી બધાને ખૂબ જ જમાડીને તૃપ્ત કર્યા. ત્યારે પ્રિયજનોની સ્ત્રીઓની ટોળી મળીને નિલકંઠ બટુકનું નામ લઈને બધાં સાથે મળીને જોરજોરથી કોયલ જેવા મધુર સૂરથી ઉત્સાહ પૂર્વક ગીતો ગાતી હતી. કાયમ માતાપિતાના ગુરુના વચન અનુસાર જ વરણિન્દ્ર વારંવાર અનુમતિ લઈને કાર્ય કરવા જતા હતા ત્યારે કોઈ સખાઓ રમવા માટે બોલાવવા આવ્યા પણ હરિ તો વચનની મંજુરી લીધા સિવાય નોતા જતા. હરિના ચિત્તને ચંચળતાવાળું જોઈને ચતુર નજરવાળ ગુરુ તરત જ જાણિ ગયા પણ જ્યારે હરિ નજરથી દૂર જવાનું કરે ત્યારે એમનું હૃદય પીગળી જાય છે. ત્યારે સખા સર્વે ચંચળ ચિત્તવાળા હરિ ઉપર એમની જમણી આંખ ઉપર એક જ નજરે જોતા હતા. તે જ સમયે સુવાસિનિ સુખનો માર્ગ જોઈને મનથી મંદ મંદ હસતી થકી થોડી ધીરેથી કહે, મનમાં મર્મ કરીને રામશર્માના સુજાણ આપ રમવા માટે જાવ. હે બટુકોના પ્રાણ રમવા જાવ. હરિ મંદ મંદ મુખમાં હાસ્ય કરતા થકા પોતાના બાળમિત્રોની સાથે અનાયાસે જતા હતા. બાળમિત્રોના દિલને રાજી કરવા તત્પર રહેનારા આ બાળકોની સાથે રમવાનું કરું તો જ લોકોના મનમાં પ્રકાશ થાય તે માટે જ રમવા જવું છે. હરિ થોડીવાર રમત રમીને ફરી પાછા પોતાના ઘેર આવ્યા અને સરજુમાં ત્રણ વાર સ્નાન કરીને વેદશાસ્ત્રનો પાઠ કરવાનો મનમાં વિચાર કર્યો.

આ રીતે રોજ ભણતા હતા ત્યારે હરિ વેદમાં છંદ છંદ જે છે તેને તેઓ મહિનાના બાર જ દિવસમાં ભણી રહ્યા. ત્યારે મુનિરાયના પીતાને મનમાં ખૂબ જ આનંદ થવા લાગ્યો. મુનિવર્ય પિતાનું પૂજન કરીને વેદનો પ્રકાશ કરનારા વેદ વરિષ્ઠ વેદના અભ્યાસ કર્યા વગર જ યજુર્વેદનો પાઠ કરતા હતા. હરિ પિતા પાસે યજુર્વેદનો ભેદ વિનાનો જ અર્થસહિત શુદ્ધ ઉચ્ચાર કરતા હતા. સ્વર માત્રાસહિત ઉચ્ચાર કરીને સ્મૃતિમાં ઉતારતા હતા. તેનાથી હરિ ચંચળતાથી ચારેબાજુ ભમતા હતા. તેથી શોભતા હતા. આનંદ કરતા હતા. આજ રીતે વિધિ પ્રમાણે યજુર્વેદના પ્રારંભ કર્યો ત્યારે જેમ નદીમાં પુર આવે ત્યારે જેમ પાણી વહે છે તેમ હરિ યજુર્વેદનો છંદનો ઉચ્ચાર કરીને સર્વને ચકિત કરતા હતા. દરરોજ વેદનો પાઠ ભણતા હતા ત્યારે તે વેદ પાઠ કરવામાં સામાન્ય રીતે મહિને કરવાનું નિર્માણ હોય તેને હરિ માસના અમુક જ દિવસમાં પૂર્ણ કરતા હતા. પછી ઋગ્વેદને ભેદયા વગર જ અભ્યાસ કરતા થકા ધારણ કરતા હતા. જેમ પર્વત ઉપરથી ઝરણાં રૂપે વહેતા નીચે વહિ જાય તે મોટાં સરોવરો ભરે તેમ હરિ વેદને ધારણ કરતા હતા. એક જ વખત વાંચવાથી કંઠસ્થ થઈ જાય, કંઠસ્થ થયા પછી મુખેથી ત્અતિ રૂઢ થઈ જાય તેમ જ બોલતા હતા. અથર્વ વેદ તથા ઉપનિષદ તે પણ હરિ ભાવથી ગાતા હતા. વર્ણિ ત્રણ વેદને ત્રણ પખવાડિયામાં જ સર્ગ તેનો અર્થની સાથે જ જગતતારક હરિ વાંચતા હતા. શિક્ષા કલા છંદ વ્યાકરણ જ્યોતિષ નિરુક્તનાં છ અંગોની સાથે તેને શ્રીહરિએ બધાંને પોતાના કંઠસ્થ કરીને પાણીમાં નાવ તારે તેમ બોલતા હતા. જે જે જગ્યાએ મુનિજન હરિને પૂછતા હતા તે જ જગ્યાએ હરિ બોલીને બતાવતા હતા. તે બોલવામાં સ્ફૂર્તિ સાથે મુખથી સ્પષ્ટ ઉચ્ચારણ કરતા હતા. વ્યાકરણનો ઉચ્ચારો અસ્પષ્ટ હોય તો હરિ સ્પષ્ટ જ બોલતા હતા. શ્રીહરિ તો અક્ષરબ્રહ્મના આત્મા છે અને પોતે તો પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ કહેવાય. તેથી શબ્દબ્રહ્મને ભણાવતાં બોલાવતાં અને હરિને બોલવામાં શું તકલીફ થાય તે તો સરલતાથી જ બોલે.

પ્રતાપસિંહ રાજા કહે છે, હે મુનિ ! આપે બટુક બ્રહ્મચારી વેદનાસારને ભણ્યા. તે બટુક બોલ્યા તે વાત તમે મને સંભળાવી પણ હવે શાસ્ત્રોના સાર એવાં જુદાં જુદાં શાસ્ત્રો તેને હરિ જેવી રીતે ભણ્યા, તેનો ઉચાર કરીને સમજાવ્યા તે સર્વે વાર્તા મને કહીને સંભળાવો. સાંખ્ય આદિ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. સુખ આપનારાં તત્ત્વ ભાગને શ્રીહરિએ સારી રીતે વાંચ્યાં. માયાકૃત ભોગોનું સ્થાન જે શરીર આદિ બધું જ નાશ પામે છે તેના નિયંતા તો કાળ અને ઈશ્વરો છે. ધર્મશાસ્ત્ર અને મિમાંસા ભણ્યા. ધર્મનિધુરાને ધારણ કરીને ઈશ્વરોના ઈશ્વર હરિ જીવોના ઉદ્ધાર કર્યા. સમાજ સેવાના કામો કરીને તેનાં ભર્યાં (પૂર્ત કર્મ)કરવા મોટા મોટા યજ્ઞો કરાવતા તેનાથી ત્રણે લોકમાં કાયમ માટે ભોગોને પ્રાપ્ત કરે છે. વેદાંત શાસ્ત્રમાં એક કહે છે જીવને જ ઈશ્વર જાણો. તે પણ બ્રહ્મનો એક ભાગ છે. જીવ ઈશ્વર બ્રહ્મથી જુદા જ છે અને પાતાંજલિયોગ શાસ્ત્ર તો બ્રહ્માથી વિરુદ્ધતા છે. વૈશેશિક અને ન્યાય ભણ્યા તે બંનેમાં અતિશય તર્ક અને અતર્કના વિભાગો છે. વાદ એ જ ભેદનો નિષેધ કરેલ છે. વિધિ અને ભવભક્તિ પદારથનું જ્ઞાન સારી રીતે જણાય છે. આ રીતે હરિએ છ શાસ્ત્રનાં રહસ્યને માર્કંડેય મુનિએ ધર્મદેવને સમજાવેલ તે જ મર્મને નિલકંઠ બ્રહ્મચારીને સમજાવ્યો. કર્મ ઉપાસનાનું જ્ઞાન તેનું રહસ્ય તેને વેદોવિસ્તારે છે. અનિશ્વર ઈશ્વર માયાપતિ બ્રહ્મ અને પરબ્રહ્મનો ભેદ સ્પષ્ટ જણાય છે. એના વિના બીજાં જે જે ભણ્યા એ રીતે હરિ અનેક પ્રકારની વિદ્યા બ્રહ્મચર્ય વ્રતને દઢ પણે ધારણ કરીને ગુઢ રહસ્યના સારને આ રીતે ભણીને વિસ્તાર કરતા હતા અને શુદ્ધ જ્ઞાનનો નિર્ધાર કરી લોકોને ઉપદેશ કરતા હતા.

પ્રતાપસિંહ રાજા કહે છે, હે મુનિ ! શ્રીહરિ જે જે ગ્રંથોનો અભ્યાસ ગુરુ પાસેથી કર્યો હોય તે બધા જ ગ્રંથોનો મને પરિચય આપો તથા તે બધા ગ્રંથો કેટલા સમયમાં ભણી રહ્યા તે ચરિત્ર મને સંભળાવો. મુનિ કહે છે, હે રાજન ! શ્રીહરિને જે જે સદ્‌ગ્રંથને ભણતા હતા તેને સ્વ સ્ફૂર્તિથી આગળથી જ જાણતા હતા. પૃષ્ઠનો શબ્દ જ્યારે ગુરુ બોલતા ત્યારે બધા સારને બટુક બ્રહ્મચારી જાણતા ભણિ લેતા હતા. હરિ ચારવેદને ભણ્યા તેનાં અંગો ઉપાંગોની સાથે પૂર્ણ રીતે જાણી લીધાં પૂરાણો આઢાર જે છે. તેને તથા મહાભારત સાથે ભણ્યા. અદ્‌ભૂત રીતે અભ્યાસ કર્યો. વ્યાકરણશાસ્ત્રનો તથા ન્યાય શાસ્ત્રનો સંતોને પ્રિય કરતા તે ભણ્યા. કાવ્યના સદ્‌ગ્રંથોને તે પણ ભણ્યા. ભૂમિના જીવોને માર્ગદર્શન માટે ભણ્યા. સાંખ્યયોગ, વેદાંત શાસ્ત્રનાં રહસ્ય ને યોગેન્દ્રવ ગ્રહણ કરતા હતા. વૈશેષિક મીમાંસા પાતાંજલી યોગશાસ્ત્ર અને ધર્મશાસ્ત્ર પૃથ્વી ઉપર ધર્મની ધુરા ધરવા માટે ભણ્યા. શ્રીહરિ ચૌદે વિદ્યાને ભણ્યા. ચોસઠ કળા પ્રાપ્ત કરી લીધી તથા કેદ, ભેદ, ઉપવેદ સર્વે ભણ્યા. તેના અનેક ઉપાયને પણ ભણ્યા. ગણિતશાસ્ત્ર જ્યોતિષશાસ્ત્ર ભવિષ્ય વર્તમાન આદિના સર્વ જ્ઞાનને ભણ્યા. ગ્રામ (કાળ) ત્રણ દેવતાઓ સાત મૂરછા એકવીસ આયમાન થાય તેવા હરિ પ્રાચીન સાંપ્રદાયી રીત્ય પ્રમાણે ભણ્યા અને બ્રહ્મવાદને વિદ્વાનોના જ્ઞાનને પણ હરિ ભણ્યા જીવોના કલ્યાણ કરવા અજ્ઞાઈઓને મુંઝાવવા હરિ બધા શાસ્ત્રોને ભણતા હતા. એ તો હરિએ સર્વેને સરજેલા તે છતાં ભણતા હતા. લોકોને બોધ આપતા હતા. શ્રીહરિ નવ્યવ્યાકરણ અને ચાર વેદ ભણ્યા છ શાસ્ત્રો ભણ્યા એ પ્રમાણે જાણો. રામાયણનો સાર ભણ્યા. પાંચ કાવ્યપુરાણો ભણ્યા.

આ સર્વે વિદ્યા શ્રીહરિ મહાપ્રભુ છ માસમાં જ ભણ્યા. ચુમ્માલીસ ગ્રંથોનો અભ્યાસ પૂર્ણ કર્યો તે અભ્યાસ અનેક કળાઓના ગુણથી ભરપૂર સમર્થ પિતા ધર્મદેવ અને મુનિજનો પાસેથી પ્રાપ્ત કરી લીધી. શ્રીહરિ મહાપ્રભુ અર્થના સાગર, ગુણના સાગર, શબ્દના સાગર અને સુખના સાગર, કૃપાના સાગર, કરૂણાની ખાણ રૂપ એવા શ્રીહરિ સંતપુરુષો મુમુક્ષુજનોની સાથે મિત્રતા કરનારા. શ્રીહરિએ વિદ્યાઅભ્યાસની પૂર્ણાહુતિ કરીને અનેક

પ્રકારનાં સુગંધી પદાર્થો મંગાવીને કેશર ચંદન ફૂલો વડે ગુરુ અને પિતાના ચરણોને ધોઈને પૂજન કરતા હતા. ત્યાર પછી અગરબત્તી પ્રગટાવીને આરતી ઉતારી પરિક્રમા કરીને દંડવત્ પ્રણામ કર્યા. મનમાં ભાવ પ્રમાણે કર્યા. આનંદ પામવા લાગ્યા. વિનમ્ર ભાવથી હાથ જોડીને મધુર વાણીથી સ્તુતિ કરતા હતા હે ગુરુ પિતાજી હું આ બંને પાસે વર માંગું છું. તેથી આપ ઉદારતાથી મને વરદાન પૂર્ણ કરવા કૃપા કરો.

હરિએ વિનંતી કરી એટલે માર્કંડેય મુનિ અને પિતા ધર્મદેવ મનમાં ખૂબ જ રાજી થઈને હરિને સંતો સજ્જનોના દેવો આદિના ગુણનિધિ જાણીને ગુરુ અને ધર્મદેવ પુત્ર ઘનશ્યામ પ્રભુની મૂર્તિ જોઈને અંગોથી પ્રફુલ્લિત થઈને અતિશય રાજી થઈ ગયા. હરિના બટુક સ્વરૂપને જોયું ત્યારે તેમાં કાંઈક આશ્ચર્ય જેવું લાગ્યું. વર્ણિન્દ્રના સ્વરૂપમાં દિવ્યતેજનો સમુહ દેખાયો તે નાના બટુક સ્વરૂપનું અનંત અક્ષર મુક્તો પુરુષોત્તમ પ્રભુનું સેવા કરતા એવા દિવ્યરૂપને દિવ્ય દૃષ્ટિથી ગુરુ અને પિતા બંનેને જ દેખાતા હતા. મહામુક્તના સમુદાયને બાલપ્રભુને દૃષ્ટિગોચર થતા હતા તે શ્રેષ્ઠમૂર્તિનું અક્ષરમુક્તો સેવા કરતા હતા. અનેક મુક્તો સેવતા હતા. આ શ્રીહરિએ ચોવિશે અવતાર અનેક વખત ધારીને આપે અનેક વખત અનેક રૂપે માતાપિતા ગુરુને અનેક સ્વરૂપે દર્શન આપતા હતા. પોતાના ચતુર્વ્યૂહ સ્વરૂપનો મહિમાનો વિષ્ણુનું મંડળ બ્રહ્મા મહેશ આદિને દર્શન કરીને અતિ આનંદ થતો હતો. હરિ દિવ્ય ઐશ્વર્યયુક્ત સ્વરૂપને ધારીને વિચરતા આપને અનેક કાળમાયા જુદા જુદા રૂપે સ્તુતિ કરે છે. ભજન કરે છે. વૈરાટ રૂપનાં મહિમાને અનુભવીને વિષ્ણુનો સમુદાય બ્રહ્માદિ ઈશ્વરો કોટિ કોટિ ઘણા આનંદને પામે છે. એવા પરબ્રહ્મ પુરુષોત્તમ હરિનું ઉત્તમ પાર્ષદોનો સમુદાય વારંવાર નમન કરીને સેવા કરવામાં તત્પર રહે છે. શ્રીહરિના ચરણકમળને સેવે છે. દિવ્યમૂર્તિના મહિમાની ઉદારતાને ચારે વેદ પામી શકતા નથી તથા આ સ્વરૂપની દિવ્યગતિને પણ પાર ન પામે તેવું છે. આ રીતે ચારે વેદ અતિ વિશાળતાવાળા છે. તે ચારે ચાર વેદને કોઈ પાર પામતા જ નથી. જે ચાર વેદને ચારવેદમાં હરિ ચરણકમળનો મહિમા ખૂબ જ ગાયેલો છે. ષડ્શાસ્ત્ર જે છે તેમાં દિવ્યમૂર્તિ શ્રી ઘનશ્યામ પ્રભુનો દિવ્યમહિમાને અતિ ઉદારતાથી ગાય છે. ઘનશ્યામના ગુણને ગાયા જ કરે છે. આવાં તે અનેક શાસ્ત્રો છે. ષડ્ ઐશ્વર્યયુક્ત પરબ્રહ્મના ગુણચરિત્રને ગાતા હોય તે તો શ્રીહરિના અવતાર સ્વરૂપને સ્પષ્ટ કરનાર થાય છે. સાત્વિક શાંત સ્વરૂપને ચારેબાજુથી ચૌદેલોકમાં આ મૂર્તિનું ચિંતવન કર્યા કરે છે. આ દિવ્ય સ્વરૂપને અનંત ઉપચાર પદાર્થથી પૂજે છે તે અતિ સુગંધયુક્ત સુગંધ દ્રવ્યથી હરિશર્માના પુત્ર હરિને પૂજનને પરમ સુખ શાંતિને પામે છે.

આવા દેવાધિદેવ સર્વ ઈશ્વરોના ઈશ્વર વર્ણીંદ્ર સર્વોપરિ રૂપે શોભે છે. એ પરબ્રહ્મ સ્વરૂપને ચારેબાજુથી હાથ જોડીને સ્તુતિ કરતા થકા અલૌકિક સુખને પામે છે. આવા કરોડો બ્રહ્માંડોના ઈશો આ પરબ્રહ્મના ચરણની રજમાં આળોટે છે. એ ચરણ રજને પામીને સુખ પામે છે. એવા સર્વેશના વેશરૂપ નરવર નરેશ શ્રીહરિ સર્વના પરમેશ્વર છે એવા આ પરબ્રહ્મ પરમેશ ઈશ છે. આ પ્રભુ સર્વના અંતર્યામી છે. સત્ય સ્વરૂપ સુશીલ સ્વરૂપની કોઈ મર્યાદા લોપતાં જ નથી એ એમની અલૌકિક લીલા જ છે. એમના વચનને ઉથાપી શકતા નથી. એમની ગતિ, ક્રિયાક્રમ ફલદાતાપણું આપનારા સર્વ જગતના ઈશ, આનંદ રૂપ અપાર સુખનિધિ અનંત અપ્રમેય સર્વેશ સ્વામી છે. આ સ્વયં હરિ એમનો વાસ કાયમ ચિદાકાશ ચિદ્‌ઘન તેજના સમુહમા હોય છે. એવા પુરર્ણેન્દ્ર કોટિ કોટિ તેજમાં આદિ અંત મધ્ય એ આ હરિ પોતે જ છે. એ રીતે અલૌકિક મુનિ હરિ આ સ્વયં બાળરૂપે શોભે છે. આ રીતે શ્રીહરિનાં અનંત ઐશ્વર્યયુક્ત ચરિત્રોને જોઈને પિતા અને મુનિરાજના મનમાં અતિ અદ્‌ભૂત આશ્ચર્ય થવા

લાગ્યા. મહારાજના સ્વરૂપમાં અલૌકિકતા જોઈને મહાસુખ પામવા લાગ્યા.

આ રીતે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણને જોઈને જીવાત્મા અતિ પૂર્ણ થઈ જાય છે અને પુરણ અક્ષર બ્રહ્મને પામે છે એવા પોતાના પુત્રનો ધર્મદેવ મહિમા જાણતા હતા. તે હરિ અનંત અનંત અગણિત અતિ ઐશ્વર્ય પોતાના પુત્રમાં જોઈને અતિ ઐશ્વર્ય જોતા હતા ત્યારે ધર્મદેવ એને માર્કંડેય મુનિરાજ શાસ્ત્રમાં ન સાંભળ્યાં હોય તેવાં ઐશ્વર્ય જોઈને તેનાથી અધિક અધિક નજરે જોતા હતા. આ રીતે હરિના સ્વરૂપની લીલા જોઈને ધર્મદેવ મુનિરાજ બંને સંશય વિનાના થતા હતા અને હાથ જોડીને સ્તુતિ કરતા હતા. હે હરિ ! આપ સર્વત્ર મંગળ મંગળ કરનારા છો. તમારી મૂર્તિ તે સૌનાં ચિત્તને ચોરનારી છે. એવા આપ અલૌકિક છો. કોઈ માતાય નથી. પિતાય નથી. ગુરુ નથી. ભાઈ નથી કોઈ જાત નથી કોઈ પુત્ર નથી. કોઈ પત્ની નથી. કોઈ કોઈનાં કાંઈ છે જ નહિ તો પિતા કોના હોય. કોઈ કોઈનું પ્રિયજન નથી. તમારો કોઈની સાથે સંબંધ જ નથી. તમને જે જ્ઞાન હોય તે જ્ઞાનના પ્રતાપથી અજ્ઞાનનો અંત આવે છે. જ્ઞાનનો ઉદય થાય છે શ્રુતિઓ, શાસ્ત્રો, સંતો તે પણ પારને પામતા જ નથી. બધાથી ઉપરી સર્વથી પરમ પરમેશ્વર છે. તે જ પાર પામે છે. તમારા ગુણોનો પાર તમે જ પામો છો તમે જ સર્વને ધારનારા છો.

આવી રીતે કેવળ પુસ્તક પાનાં ભણી લીધાં તેનાથી ભગવત્ સ્વરૂપને કોઈ ઓળખે જ નહીં. તમે જ સર્વના મર્મરૂપ છો. હરિ જ બધાં મર્મના પ્રેરક છે. હે હરિ ! આપ આનંદ આપનારા છો. આનંદ રૂપ છો. સુખ આપનારા છો. મુખથી મંદ મંદ હાસ્ય કરો છો. શ્વેત વસ્ત્રોને ધારો છો. સ્વતંત્ર છો. આપના ચરણકમળને ચાહતા થકા સંતો ઉપાસના કરે છે. એમને આપ આપના ધામમાં નિવાસ આપો છો. પોતાના આશ્રિતોને દાસ બનાવો છો. હે હરિ ! આપના સંતો તો ગુણના પાત્ર રૂપ છે. એવા સંતોનો સમાગમ કરવાથી તેઓ અવિનાશી શાશ્વત પદ પામે છે. આવી રીતે હરિએ પોતાના પિતા પાસેથી મુનિરાયને ગુરુદક્ષિણા અપાવરાવીને વિદ્યા ભણવાનું કાર્ય પૂર્ણ કર્યું. અને મુનિને પિતાએ પૂર્ણ કામ કર્યા.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં ચોથા પૌગંડ રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિ પોતાના ઘેર રહીને વિદ્યાભ્યાસ કર્યો. અંતમાં પિતાદ્વારા ગુરુદક્ષિણા આપીને આશ્ચર્ય કર્યું એ નામે સત્તરમો તરંગ થયો. ॥૧૭॥**

# તરંગ-૧૮

રાજા કહે છે હે મુનિદેવ આપે અત્યાર સુધી અવધપુરનાં લીલા ચરિત્રો વર્ણન કરીને સંભળાવ્યાં. એ ઘનશ્યામ પ્રભુનાં ચરિત્રો કાયમ સુખ આપનારાં છે પણ હવે હરિએ તરગામમાં જે રીતે લીલા કરી હોય તેનું વર્ણન કરીને મને કહો. રાજા કહે છે કે મારે હરિનાં ચરિત્ર સાંભળવાની ચાહના બહુ છે. તેથી મને સમજાવીને કહો હરિ અવધપુરનો ત્યાગ કરીને તરગામ કેમ ગયા. ત્યાં કોનું કલ્યાણ કરવાનું હતું કોનું શ્રેય કરવા ગયા ?

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! હરિ ત્રણ પુરુષોનું શ્રેય કરવા ગયા હતા. તમે નવિન ચરિત્રનું જે પૂછ્યું તે ચરિત્ર સુવ્રત મુનિને પૂછેલું, તે ચરિત્ર પ્રતાપ કહું છું તેને તમે સાંભળો. હે રાજન ધમર્દેવ જ્યારે અયોધ્યાપુરમાં રહેતા હતા ત્યારે ધર્મદેવ પુત્ર પરિવાર સાથે રહેતા હતા ત્યારે એમને ત્યાં રોજે રોજ સુખસંપત્તિ વધારેને વધારે

આવ્યા કરતી હતી તેથી એમની શોભા ખૂબ જ પ્રસિદ્ધ પામેલી હતી. હે રાજા ! એક વખત હરિ ધર્મકુમાર તરગામ ગયા હતા. તે સમયની લીલાની વાત કહું છું તે તમે ખૂબ જ ધ્યાનથી સાંભળો. ધર્મદેવના મોટા પુત્ર રામપ્રતાપના સસરા અયોધ્યાથી પશ્ચિમમાં ત્રણ જોજન (૧૨ ગાઉ) દૂર તરગામમાં રહેતા હતા. તેમના સસરાનું નામ બલધિરામથી પ્રસિદ્ધ હતા તેઓ પોતાની સંપત્તિ સાથે રહેતા હતા. પુત્રીના વિવાહમાં પોતાના નાતિ વ્યવહારુઓને તેડાવ્યા હતા તેઓને પત્ર લખીને આમંત્ર્યા હતા. તે ભેળાં અયોધ્યા ધર્મદેવ ઉપર પણ પત્ર લખીને બોલાવવા જાણ કરેલી હતી. રામપ્રતાપને તેડાવ્યા છે ત્યારે સુવાસિનિને મનમાં ખૂબ જ આનંદ થવા લાગ્યો કેમકે પિતાના ઘેર અતિ મંગળકામ થવાનું છે તેથી જવાનું છે ત્યારે માતાપિતાએ રામપ્રતાપને જવા માટે આજ્ઞા આપી ત્યારે રામ કહે ઘનશ્યામને સાથે લઈ જઈએ. આ રીતે કહ્યું ત્યારે પવિત્ર પનોતા પુત્ર હરિને મનમાં અતિશય આનંદ થવા લાગ્યો. સુવાસિનિ પણ ખૂબ જ રાજી થયાં. કેમકે હરિને તરગામ આવવાની આજ્ઞા સાંભળી તેથી ખૂબ જ આનંદ થવા લાગ્યો. ત્યારે ધર્મદેવે સારો સમજુ બુદ્ધિવાળો સેવક બોલાવ્યો તે તરત જ આવ્યો. આવીને નમન પ્રણામ કર્યાં. નીતિપૂર્વક બોલાવવાનું કામકાજ ધર્મદેવને પૂછવા લાગ્યા. જે કામ હોય તે કહો. ત્યારે ધર્મદેવે તેને વાહન તૈયાર કરીને ભૈયા રામપ્રતાપને સાથે લઈને જવાનું છે. એમને સારી રીતે સાચવીને લઈ જવાના, માર્ગમાં કાંઈ તકલીફ ન થાય તે જોવાનું અને ફરી કામ પતે ત્યારે એમને તેડીને પાછા આવવાનું છે. આ રીતે ધર્મદેવે કહ્યું.

ધર્મદેવે આજ્ઞા કરી એટલે સેવક જઈને વાહન તૈયાર કરીને લાવ્યો ત્યારે રામ વસ્ત્ર આભૂષણ ધારણ કરીને તૈયાર થયા તેજ રીતે ઘનશ્યામ પ્રભુ પણ તૈયાર થયા. માતાપિતાનાં પગમાં રામપ્રતાપે વંદન કર્યાં. ત્યાર પછી ઘનશ્યામને પણ માતાપિતાને નમન કરાવ્યા અને સુવાસિનિએ ભક્તિમાતાને વંદન કર્યા. ભક્તિમાતાએ આશિષ આપ્યા. પ્રિય પુત્રી શાંતિથી સુખે જાઓ. ભક્તિમાતા સુવાસિનિને કહે છે, આ ઘનશ્યામને સારી રીતે જતન કરીને લઈ જાવ. સારી રીતે રાખજો. જેમ આંખોનું જતન પાંપણો કરે છે તેમ તમારે ધ્યાન રાખવાનું છે. ત્યાર પછી ધર્મદેવના પગે વંદન કર્યાં અને સુવાસિનિએ પિતા પાસેથી પણ આશિષ મેળવી લીધા. જવાના સમયે હરિના સખાઓ તથા રામના સખાઓ પણ આવીને મળ્યા.ભાગોળ સુધી બધાં વળાવવા આવ્યાં ત્યારે રામપ્રતાપ સુવાસિનિ અને ઘનશ્યામ પ્રભુ વાહન ઉપર બેઠા. વાહનમાં ચઢીને ઘનશ્યામ હરિ તરગામ જવા ચાલતા થયા, સાથે સેવક અને સુવાસિનિ ભાભી અને મોટાભાઈ રામપ્રતાપ ચાલે છે. આ બાજુ હરિ તથા રામના સખાઓ સર્વે તથા પ્રિયજનો ઉદાસ થઈને પાછાં પુરમાં જવા લાગ્યાં પણ હરિની મૂર્તિને ઉરમાં ઉતારીને તેનું મનમાં ચિંતન કરતાં થકા વિરહાકુળ થઈને જતાં હતાં. મુનિઓના સ્વામી માર્ગમાં ચાલ્યા જતા હતા. સાથે હલધર મોટાભાઈ પ્રિયજનોના ઈશ્વર જ્યાં જ્યાં પાણીવાળા બાગો દેખાય ત્યાં ત્યાં કોઈ જાતની આળસ વગર જોતા જતા હતાં. પવિત્ર સેવક દ્વારા શુદ્ધ જળ મંગાવીને ઘનશ્યામ તે જળનું પાન કરીને ત્યાં તીરથ સ્થળ બનાવતા હતા. ત્યારે ત્યાં આસપાસના જનો જોવા આવતાં હતાં તે જનો પણ હરિને જોઈને પોતાના ભાનને ભૂલી જતાં હતાં. ચાલતાં મારગની નજીકમાં ગામ આવે તો તે ગામનાં લોકો આવીને નિલકંઠ પ્રભુને જોવા લાગી જાય છે. સ્થિર થઈ જાય છે. અતિ પ્રતાપવાન રામપ્રતાપને જોઈ દૂર રહીને જ જુવે છે. નજીક નથી આવતાં. પછી સુવાસિનિને જોઈને ગામની સ્ત્રીઓ પાસે આવીને બોલાવે તેણી અંતરમાં હેતથી ભીંજી જાય એટલે પ્રિયજનોના માફક મધુર વાણીથી સમાચાર પૂછતી હતી.

હે સમુખી સખિ ! તમે મને તમારી પ્રિય જાણીને સત્ય કહો. હું તમને પૂછું છું કે તમારું ગામ કયું છે ? તમારા પિયરગામ કયું છે ! તથા તમારા ગુણવાન પતિદેવ કોણ છે ? તે સર્વે મને તમે સત્ય કહો. ત્યારે તે ગામની સ્ત્રીઓને સુવાસિનિ સુંદર વચનો કહેવા લાગી. અમારું સ્વસુર નગર અવધપુરમાં છે અત્યારે અમે અમારા પિયરગામ તરગામ જઈએ છીએ. ત્યારે તે વખતે એક ગામની બાઈ કહેવા લાગી. અલી તું સાચું જ કહે છે. સમ ખાઈને કહે કે તું અતિ સુંદર આકૃતિવાળી છે. સુંદર વાન છે. સુંદર મુખ છે. તે જોઈને મનમાં શાંતિ થાય છે. તમારો યૌવન પ્રતાપ ખૂબ જ શોભે છે તેથી તમારા આ શુરા તે તમને શું થાય છે. બીજું આ લાલ કમળ જેવા કોમળ મનોહર મૂરતિ પૌગંડ અવસ્થાવાળા તે તમારા કોણ છે. એવા ચંચળતાવાળા ચતુરાઈવાળા મનને મોહ પમાડનારા એને જોઈને દૂર જવાનું મન જ નથી થતું તે એવા તે તમારા કોણ સંબંધી છે એવા પરાક્રમી કોણ છે તે આ દિવ્ય વાત સમજાવો. ત્યારે સુવાસિનિ મનમાં રાજી થઈને કહે મેઘસમાન જલવર્ણા, લાલ અને વિશાળ નેત્રવાળા, અતિ પ્રતાપવાળા, સુંદર સ્વરૂપા. જેમની સામે ત્રણે લોકમાં ઉભા રહેવા કોઈ સમર્થ નથી એવા, તે મારા પતિદેવ છે. હે સયાનિ (સખિ) તમે આમ સમજો. અને બીજા છે તે કહું છું. ઉંમરમાં પૌગંડ અવસ્થાવાળા, વર્ણિવેશવાળા, મનના ભેદને ખેંચનારા, ચંચળમુર્તિ સર્વના ચિત્તને ચોરનારા છે, તે મારા દિયર થાય છે એ પ્રમાણે મારા સંબંધી છે.

પૂછનાર સયાનિ તમારાં ભાગ્યને ધન્ય છે. કેમકે તમે હરિનાં દર્શન કરીને મહાપુણ્ય મેળવ્યું. કયાં માર્ગનાં ગામડાંમાં વસનારાં લોકોની સ્ત્રીઓ ? અને દેવના દેવની સાથે રહેનારાં તમારાં ભાગ્ય ક્યાં ? આ રીતે વાતો કરતાં સૂર્યનારાયણ મધ્યથી નમતા થયા હતા એટલે થાક ઉતારીને માર્ગે ચાલતા થયા ત્યારે લોકોને કુતૂહલ થવા લાગ્યું. માર્ગમાં જ્યાં જ્યાં ગામ આવે ત્યાં ત્યાં હરિ અને રામને જોઈને આશ્ચર્ય પામે. ત્યારે ફરી માર્ગમાં કોઈ સયાનિ આવે અને રૂપના સાગર હરિને જોઈને ચકિત થઈને જોઈ જ રહે. જ્યારે દૂર જાય ત્યાં સુધી જોતાં જ રહે છે. ફરી માર્ગમાં ગતિ પ્રમાણે જોતા હતા. લોકે માર્ગમાં ચાલતાં હતાં તે પણ પાછા પગે ચાલતાં અને હરિનાં દર્શન કરતાં જતાં હતાં. દિવ્ય સ્વરૂપનાં બંને સ્વરૂપનાં દર્શન કરતાં હતાં. આ રીતે ચાલતાં મૂર્તિને પોતાના ચિત્તમાં ઉતારતાં હતાં. તે માર્ગમાં જતાં સ્મરણ કરતાં જતાં હતાં. હે રાજન ! હરિ અને રામ જે જે જગ્યાએ જાય તે તે જગ્યાએ રામ અને ઘનશ્યામ બધાના આનંદને વધારતાં હતાં. લોકોના પવિત્ર ઉત્સાહને જોઈને હરિનાં દર્શનથી પૂર્ણ મનોરથવાળાં થતાં હતાં. કન્હૈપાંડેના કુળના કમળ, સુર્યસમાન, હરિ અને રામ સૂર્યને અસ્ત થવાના સમયે પહોંચ્યાં ત્યારે પુરના પ્રિયજનો સામા તેડવા ઉત્સાહથી દોડીને આવ્યા. બધાં પરસ્પર એકબીજાને મળ્યાં. લક્ષ્મીરામ અને બલરામ ભેટીને મળ્યા. ઘનશ્યામ હરિને કાંખમાં લઈને છાતિ સરસા લાવીને આનંદપૂર્વક મળ્યા. સુવાસિનિ પોતાની માતાને મળ્યાં તથા લક્ષ્મીભાઈને મળતાં હતાં. પોતાની સખીઓ બહેનપણીઓ ભાઈની પત્નીઓ આદિ સર્વને પ્રેમથી મળ્યાં.

રામપ્રતાપનું ખૂબ જ સન્માન કર્યું અને ઘનશ્યામને જોઈને બધાં લોભાવા માંડ્યાં. અનેક પ્રકારનાં ભોજનો બનાવીને ભાવપૂર્વક જમાડ્યાં હેતસહિત ઘનશ્યામ પ્રભુને જમાડ્યા. સાસુ અને સસરા તથા બધાં સંબંધીઓ રામપ્રતાપની સારી મર્યાદા રાખતાં હતાં. અનુસંધાન રાખતાં હતાં. રાત્રે સુવાના સમયે સારા શયનખંડમાં પલંગ

પથારીમાં સુતા, સવારે સાધારણ અજવાળું થયું એટલે જાગ્રત થયા. બલધિરામનું ઘર હરિ અને રામના પ્રતાપથી શોભતું હતું. હરિ અને બળદેવ જાગ્રત થયા તેથી શૌચસ્નાન વિધિ નિત્યક્રિયા કરીને પરવાર્યા અને રસોઈ કરીને બંને ભાઈઓને જમાડ્યા. જમ્યા પછી પાનનાં બીડાં આપ્યાં, બંને ભાઈ મુખવાસ જમ્યા. રામ અને ઘનશ્યામ સાથે જ બેઠા હતા. બલધિરામ દરરોજ વધારે વધારે હેત રાખતા હતા. બલિધરામનું જેટલું મોટું કુટુંબ હતું તે બધું જ ધ્યાન રાખતું હતું. સરભરા કરતા હતા. ત્યારે બધા જ જ્ઞાતિજનોની મોટી સભા ભરીને બેઠા હતા તે વીપ્રવરોએ તે જ સમયે તેડાવેલા રામપ્રતાપને જોયા. તેમાં રામપ્રતાપ અને તેમના નાના ભાઈ ઘનશ્યામની સાથે ચંદનબાઈના પુત્રને જોયા તથા મામાના સાળા બુવાના પુત્ર બધા સાથે મળીને પ્રિયજનો તથા મિત્રોની સાથે ચાલતા જોતા હતા. સારી રીતે સુધારેલાં પાનને ચાવતાં ચાવતાં ભાઈની સાથે બલભાઈ ચાલતા હતા. ચાલતાં ચાલતાં પાનની પીચકારી ભૂમિ ઉપર નાખતા હતા. તેમની સાથે મદોનમત્ત હંસની ગતિએ હરિ એક સખાના ખભા ઉપર પોતાનો હાથ નાખીને ચાલતા હતા. આ રીતે આવતા જોઈને નજીક આવ્યા એટલે બધી સભાના સર્વે સભ્યો વૃદ્ધો અને યુવાનો બધા જ આવનારીની પ્રતાપ પ્રભામાં અંજાઈ ગયા ત્યારે ભાઈ અને એમનાં મિત્રમંડળમાં ચંદ્રમાં અને સૂર્યનારાયણ જેમ દેવસભામાં શોભે તેમ બાળમંડપમાં શોભતા હતા. ત્યારે સર્વે બાલમિત્રોની સાથે પાથરેલાં બિછાના ઉપર બધા પ્રિય મિત્રોની વચમાં ધર્મકુમાર બેઠા ત્યારે રામે નેત્રનો ઈશારો કરીને હરિને મંત્ર બોલવાનો ઈશારો કર્યો. હરિ અતિ સુજાણ અતિ સમજી રીતે તરત જ સ્પષ્ટ મંત્રનો ઉચ્ચાર કર્યો તે જેમ સૂર્ય મેઘઘટામાં ઘેરાયેલો શોભે તેમ હરિ સભામાં બહુ શોભતા હતા. બ્રાહ્મણોની સભા સભ્યોના સમૂહમાં ધર્મનંદન હરિ વેદના છંદોને છંદમય વાતાવરણ કરીને બોલ્યા. શ્યામહરિ સામવેદના સૂર લઈને શૂરવીરતાથી જ બોલતા હતા. તે પણ ખુલ્લા હૃદયથી બોલતા હતા. જોનારા લોકો જોઈને એમના હૃદયમાં શબ્દો ઉતરતા હતા. તેને લીધે જીવનમાં જાણે કે ભેખના પગમાં પડતા હોય તેમ લાગે. ભલભલા નમી જાય તેવું બોલતા હતા. મનોહર વાણી સાંભળીને લોકોનાં મન લલચાવવા લાગ્યાં. હરિ મનોહર વાણિનાં છંદો સાંભળીને બધાના ચિત્તને ચોરી લીધાં. ત્યારે સરવાર દેશના બ્રાહ્મણોની બ્રાહ્મ સભા ભેળી થઈ હતી. તે સભામાં આઠ વર્ષની ઉંમરનો બાળક આવા સ્પષ્ટ ઉચ્ચાર કરે તે તો શક્ય જ નથી ! પણ આ તો કોઈ ઈશ્વર હોય કે બ્રહ્માજી હોય કે વિષ્ણુ હોય કે બદરિપતિ નારાયણ હોય, નક્કી આ તો સર્વદેવના દેવ તે જ હરિકૃષ્ણ પોતે જ મનુષ્યનું સ્વરૂપ ધરીને આવ્યા છે.

આ રીતે મુનિ નાયકની મનોહર વાણી સાંભળીને બધા જ માણસો ભેગા થઈને લૌકિક વાર્તા કરતાં હતાં અને હરિના રૂપને જોઈને લાવણ્તામાં લોભાઈને એમનામાં લક્ષ બંધાઈ ગયું. પુત્રીની સગાઈમાં બધાં ભેળા થયા હતા ત્યારે હરિ સામવેદના મંત્રો બોલ્યા ત્યારે જાણે સાગરનું પાણિ ઉપર ચડે છે તેમ ભાસ થતો હતો જેમ સૂર્ય પહેલાં પ્રકાશ પ્રગટે છે. આકાશમાં ફેલાય છે. તેમ આ સમયની શું વાત કહું, હે રાજન તે સમયે લોકોએ હરિની સાથે મિત્રતા કરી લીધી. આ વિધિ તો બ્રહ્મસમાજના કાર્ય હતું. તેમાં બ્રહ્મરૂપ હરિએ એ લોકોના કાનમાં અમૃત શબ્દો ભર્યા હરિનું મનોહર લાવણ્ય સ્વરૂપના સ્મરણમાં રહી જાય તો પણ ભવ જળ પાર પામે. આ રીતે બંને ભાઈઓની સાથે પ્રીતિથી મિત્રતા કરે તો દેવો મુનિજનો જોઈને આશ્ચર્ય પામી જાય. મનમાં કાંઈ ઉત્સાહ થાય જ નહીં. હરિની ઉમર પૌગંડ હોવા છતાં પણ વેદવેદાંતના ઉચ્ચારો સ્પષ્ટ ખુલ્લા દિલના અને તે પણ ઇતિહાસને પાર કરનારા હરિને જોઈને તેની છટા જોઈને હારિને

ગયા. હરિ નામનો હર (શિવ) મોહની રૂપ જોઈને મોહ પામી ગયા. જેમ પતંગિયું પ્રકાશથી અંધકારમાં છુપાય તેમ હરિથી છુપાવા લાગ્યા. કોઈ પૂછવાનું ઈચ્છતો હતો પણ બધા જ ચૂપ રહેતા હતા. બોલી શકતા જ નહતા. જેમ નાની નાની નદીઓ ગંગામાં ભળી જાય ને પોતે લોપાય તેમ લોકો લોપાઈ જતાં હતાં. ત્યારે એક અજાણ્યો બ્રાહ્મણ પૂછવા લાગ્યો. આ લાલ કયા મુનિનો છે અથવા કોઈ દેવતાનો છે. ત્યારે કહે અવધપુરીમાં ધર્મદેવશર્મા રહે છે એમના આ અલૌકિક પુત્ર છે. ત્યારે તે બ્રહ્મદેવ કહે, આમાં કાંઈ આશ્ચર્ય છે જ નહીં કેમકે ધર્મશર્માએ તેમને વિધિપૂર્વક ભણાવ્યા છે. કેમકે એમના પિતા કહનૈરામ કુળના આભૂષણ હતા એમના પિતા વેદમાન તે તો દેવ જેવા પવિત્ર પ્રભાવશાળી હતા. આમના વંશમાં હંસસમાન બ્રાહ્મણ વર્ણમાં પ્રગટ થયા છે. કોઈ ઈશ્વર છે અથવા ઋષિ એમના અંશ છે તેથી ઉજ્જવળ કુળની પ્રશંસા થાય છે. તેથી એ કુળ આવું કેમ ન હોય ? તે તો દેવવૃક્ષનાં જેવાં ફૂલ આવે તેવાં પવિત્ર કુળ છે. જરૂર આ બંને ભાઈઓ કોઈ હરિના અંશ છે અથવા તો પોતે સાક્ષાત્ પુરુષત્તમનારાયણ પોતે જ આવ્યા હોય તેમ લાગે છે.

આ રીતે લોકો જગ્યાએ જગ્યાએ હરિની પ્રશંસા કરતાં હતાં. કહે હે હરિ ! રામ તમે અખંડ રહો. ટોળે ટોળામાં મળીને બહેનો કહે આમનાં માતાપિતાને ધન્ય છે. આવા પુત્રને જન્મ આપ્યો. આ રીતે વાતો પ્રશંસા કરતાં બધાં જ ઊભાં થયા. સુખદાયક સર્વના નાયક હરિના મંગળ ગુણને ગાતા થકા ખૂબ જ વખાણતા હતા. હરિના મંદ મનહોર હાસ્ય, ઉદારભાવના યુક્ત મુખારવિંદની રેખાને જોઈને બધાનાં અંગોઅંગમાં મંગળતા વર્તાતી હતી.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં ચોથા પૌગંડ રતન્માં સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારી રચિત છંદભાષામાં શ્રીહરિનો પ્રતાપ શ્રી ઘનશ્યામ તરગામમાં કરેલ ચરિત્ર કહ્યું તે નામે અઢારમો તરંગ થયો. ॥૧૮॥**

# તરંગ-૧૯

રાજા પ્રતાપસિંહ કહે, હે મુનિવર આપ મને તરગામમાં હરિ સખાઓના ઘેર પધાર્યા. તેની કથા સંભળાવો. આ હરિને જોઈને પુરુષ સ્ત્રીઓ બધાં જ નિરખીને જુએ છે. તે બધાં જ બાળકોની સાથે હરિને જોઈને કહે આમના ભાગ્ય ઉઘડ્યાં છે તેથી જ આમનો સંગ થયો છે. આ રીતની વાતો કરતા હતા. તે વાત મને કહો.

સુવ્રત મુનિ કહે હે, હે પ્રતાપસિંહ રાજન્ ! ધર્મકુમાર પ્રભુનાં નવાં ચરિત્રોને તમે સાંભળો. જે ચરિત્ર લોકોનાં મનને પોતામાં જોડીને સર્વના શોકને હરે છે અને અતિ આનંદ આપે છે. બલધિરામના ઘેર ખૂબ જ ઉત્સાહનો મેળવાડો હતો. તેથી બધાં જ લોકો આવીને રહેવાનું ચાહતાં હતાં. આ બાજુ હરિની સમાન વયનાં બાળકો પુરમાંથી ટોળે વળીને આવ્યાં. હરિમાં હેત ખૂબ જ કરીને આનંદ પામતાં હતાં. જ્યારે હરિ સભામાંથી જુદા પડ્યા એટલે તરત જ બાળમંડળે આવીને હરિને ઘેરી લીધા અને પુરનાં બાળકો કહે, હરિ આપ પ્રેમ કરીને અમારા પુરમાં લાંબા સમય સુધી રહો. ફરી જ્ઞાતિનાં બાળકોનું મંડળ આવીને કહે, હે સુખકંદ ! આપને પુરમાં લઈ જવા છે. આ રીતે બાળકો અરસપરસ ચર્ચા કરતા હતા. મધુર વાણીથી બોલતાં હતાં ત્યારે હરિ મનોહર મુખમાં મંદ મંદ હાસ્ય કરતા હતા. મેઘસમાન મનોહર નેત્રકમળવાળા ચંદ્રસમાન મુખ કમળવાળા ચંચળ

નેત્રકમળવાળા બાળકોના રાજાધિરાજની સાથે પુરનાં બાળકો અતિ પ્રિય જણાવતાં હતાં અને હરિની મૂર્તિને પોતાના માનસમાં ઉતારતા થકા આગ્રહ કરતાં હતાં. તરગામ પુરનાં બાળકો બાલ હરિને કહે હે લાલપુર જોવા માટે ચાલો. આમ કહીને બાળકો પોતપોતાના ઘેર લઈને રાજી થતાં ચાલવા લાગ્યાં. હરિ બાળકોનાં સમુહની વચ્ચે ચાલતા હતા. તે જેમ આકાશમાં ગ્રહમંડળ વચ્ચે ચંદ્ર શોભે તેમ શોભતા હતા. તરગામના સુંદર માર્ગ ઉપર શ્રીહરિ પોતાના ચરણકમળથી ચાલીને ચરણચિહ્નિત કરતા હતા અને પવિત્રધામ બનાવતા હતા. પ્રભુ પ્રથમ પ્રાગ સખાના ઘેર ગયા ત્યારે અતિમાન કરીને નવા સ્નેહભાવથી નમન કર્યા. પ્રભુને જોવા માટેનો પ્રેમ મનમાં ઉમટ્યો. એટલે નરનારી સર્વે પોતાના નેત્રથી હરિનાં દર્શન કરતાં હતાં. નાથ એમને ફળ આપતા હતા.

ત્યારે આજુબાજુનાં ઘરોથી નારીઓ આવીને ભેળી થઈ નવીન મનોહર મૂર્તિને જોવા દર્શન કરવા આવતી હતી ત્યારે ઘનશ્યામ પ્રભુ તેઓના ચિત્તને ચોરતા હતા. બધાને ખૂબ જ આનંદ આપતા હતાં હરિને જોઈને પોતાને ધન્યભાગ્ય માનતી હતી કહેતી હતી કે આ બાળ લાલ આપણાં બધાનાં મનોરથોને પૂરા કરવા આવ્યા છે. બધાનું પાલન કરનારા છે. આમણે જે ભક્તિમાતાના ઉદરથી જન્મ ધર્યો તે ધન્ય છે. ધર્મદેવ પણ જગતના જીવોના પાલન કરનારા ભૂમિ ઉપર જન્મ ધર્યો તે પણ પરસુખકારક જ છે. સર્વના ચિત્તને ચોરનારા પુત્ર ઘનશ્યામ ચંદ્રસમાન બધાને આનંદ સુખ આપનારા છે. તરગામનાં નરનારી ધન્ય છે. તરગામને પણ ધન્ય છે. બાળકોને ધન્ય છે. કેમ કે પૂર્ણ પુરુષોત્તમ ચંદ્રસમાન બધાનું પ્રિય કરવા આવ્યા તેથી આ ભૂમિ અતિ ભાગ્યશાળી છે. આપણાં નેત્રથી દર્શન કરીને જન્મને સફળ કરી લઈએ. આ રીતે લોકો પરસ્પર વાતો કરતાં હતાં. આ રીતે હરિની પ્રશંસા મહાત્મ્ય સહિત સર્વે કરતાં હતાં. સર્વે સ્ત્રીઓ સુવાસિનિના સહવાસથી હરિના ચરિત્રમાં ઘણાં આશ્ચર્ય જેયેલા તેથી મહિમા થયો. એટલામાં હિતુ નામનો હરિનો મિત્ર હરિને આનંદ પામતો થકો કહેવા લાગ્યો કે આ મારું ઘર છે. હરિ આપ મારા ઘેર પગલાં પાડીને હે સુંદરવર સુખના દાતાર ! આપ પવિત્ર કરી દ્યો. હરિ ત્યાંથી ઉઠીને ચાલતા થયા. શ્રી સુખના સાગર હિતુના ઘેર જવા લાગ્યા ત્યારે સખાનો અતિ પ્રેમ જોઈને હરિ ઘેર ગયા ત્યારે ઘણાં બધાં આસનો પાથરીને બેસાર્યા અને પ્રેમથી જળ આપ્યું. તેનું પાન કરતા હતા. ત્યારે હરિ એમની સજ્જનતા જોઈને એમની સાથે હેત કરતા હતા. એમનાં અંતકરણને ભીંજાવતા હતા. અંતરયામી અમારા બધા જ જીવનનાં ફળને આપનારા આપ છો તેથી અમારું મંગળ કરજો. અમારી ઉપર નજર રાખજો. ફરી પાછા હરિને સારંગ નામનો મિત્ર કહે, મારે ઘેર પણ પધારો. આપ તો ચતુર છો. તેથી આ માર્ગેથી ચાલો. આગળ નીકળી ગયા છીએ તેથી જલદી ચાલો. સુંદરપુરમાં ગલીઓ માર્ગો ચોકડાંઓ તે સારાં હતાં તથા બ્રાહ્મણોનો વાસ પણ ખૂબ વિશાળ અને સારો શોભાયમાન હતો. ત્યાં નવાં નવાં શોભતાં તુલસી છોડ હતા તથા ઘરની પાછળ નાના નાના બાગો શોભતા હતા. તેમાં ચંપો, મોગરો, જુઈ, ચમેલી, માલતી, કેતકી, પૃથિકાનાં જુથો પણ હતાં કેલિઓ, પંચરંગી ગુલવાસનાં વૃક્ષો, હજારીનાં ફૂલો તેનાથી સુગંધ અતિશય ફેલાતી હતી. હારના શણગાર કરાતા હતા.

આવી રીતે હરિ ઘેર ઘેર જોવા માટે જતા હતા. મિત્રનો ભાવ જોઈને એમના મનમાં આનંદને વધારવા આ બધું કરતા હતા ત્યારે માર્ગો, ગલીઓ, ચોકો, ડેલી, દરવાજા જ્યાં જાય ત્યાં લોકોનું મોટું જુથ ભેગું થઈ જાય. નરનારી બધા મળવા આવે. હરિનાં રૂપ રાશિ આદિના ગુણો તેનાથી ઘરમાં પણ તેજનો વધારો થતો હતો. આ રીતે હરિનો અતિ પ્રતાપ જોઈને હરિજનોના મનને ઉદ્ધારતા હતા અને સારંગ સખાના ઘરમાં પગલાં પાડવા પધાર્યા. સારંગની માતા હરિને જોઈને પોતાના પુત્ર કરતાં હરિમાં વધારે સ્નેહ કરતી હતી. હરિનાં મીઠણાં

(બલૈયા) લઈને મનમાં રાજી થતી હતી. મનમાં માનતી હતી કે હરિ પૃથ્વી ઉપર પ્રગટ થયા છે તે કલ્યાણ કરવા જ પધાર્યા છે. હરિ કહે હે માતાપિતા તમે તો કુશળ છોને ? તમારો બધો જ પરિવાર કુશળ છેને ? સર્વના કુશળ કરવાને કાજે ભગવાન પૃથ્વી ઉપર પ્રગટ થયા છે. એ જ એમનો પ્રતાપ છે. ખૂબ જ ગળ્યાં અંજીર, જમરૂખ આદિક ફળો સુધારીને પાત્રમાં ભરીને હરિને આપ્યાં પ્રભુએ તે ફળો આરોગ્યાં તેમાં ખૂબ જ સ્વાદ ભરેલો હતો એટલે પ્રેમથી જમ્યા. ફનસનાં ફળ તથા અખરોટ ફોડીને જમાડ્યા. ફણસ પણ સુધારીને ખૂબ પ્રેમથી જમાડ્યાં. હરિ તે ફળો ભાવથી જમ્યા અને તૃપ્ત થયા. હસ્તકમળ અને મુખકમળ જળથી ધોઈને રૂચિ પ્રમાણે જળપાન કરીને હરિ તૃપ્ત થઈને બેઠા. ત્યાર પછી મુખવાસમાં ઈલાયચી હરિને જમાડીને સારંગ સખાને અતિ આનંદ થવા લાગ્યો. ત્યારે ફરી નંદુ નામનો સખો હરિને કહે, મારા ઘેર પધારો મારું ઘર તો અહીં નજીક જ છે. માટે મારી ઉપર કૃપા કરીને પગલાં કરવા પધારો એવી વિનંતી છે. ત્યારે હરિ સખાની સાથે હેત કરવા માટે સાથે જવા લાગ્યા. હરિ કરુણાસાગર પ્રિયમિત્રોના હૃદયમાં આનંદ આપનારા નદુના ઘેર પધાર્યા ત્યારે આનંદ પામતા થકા વર્ણી શોભતા થકા અજ્ઞાન અંધકારને હરનારા ચંદ્રસમાન શોભતા હતા. હરિએ ફૂલના હાર ધારણ કર્યા. ગજરા ધાર્યા. કાન ઉપર ગુચ્છ ધારણ કર્યા તે શોભતા હતા. એક ગુચ્છને હાથમાં આપ્યો તે પણ ધર્મનંદન પ્રભુએ મિત્રનો આપેલો તે રીતે લીધો.

આ રીતની શોભાને જોઈને હરિના સ્વરૂપને જોઈને સ્ત્રીજનોનાં મન તથા પુરુષોનાં મન લાલમાં લોભાતાં હતાં અને હરિના સ્વરૂપમાં નિષ્કપટ ભાવથી બુદ્ધિ મનથી ખેંચતાં હતાં. હરિનો બીજો એક મિત્ર દિનબંધુ કહે, મારે ઘેર પગલાં પાડવા જરૂર પધારો. ત્યારે હરિ એની પાછળ એના ઘેર જવા મિત્રનો ભાવ પૂરો કરવા શાંતિથી જતા હતા. બધા સખાઓના મંડળ વચ્ચે હરિ ખૂબ જ શોભતા હતા. ઉતાવળી અને હંસ સમાન મંદગતિથી ચાલતા થકા મન મોહતા હતા ત્યારે સ્ત્રી-પુરુષનાં જુથો બનીને સ્ત્રીઓની ટોળી થઈને ચંદ્રને ચકોરી જેમ નીરખીને જુવે તેમ સર્વે સ્ત્રીઓ હરિને નીરખીને જોયા કરતી હતી. હરિ દિનબંધુના ઘેર ગયા ત્યારે દિવસ અસ્ત થવાની તૈયારીમાં હતો ત્યારે તેના ઘેર પ્રિયજનોનું જેમ સન્માન કરે તેમ હરિનું સારી રીતે સન્માન કર્યું. પ્રિય કરવા માટે અમારું આપ ભલે પધાર્યા છો. આ રીતે દિનબંધુની માતાએ હરિનું સન્માન કરીને મન મનાવ્યું. એની માતા કહે, હે પ્રિય ! ઘનશ્યામ તમે દરરોજ અમારે ઘેર આવજો. આ ઘર તમારું જ છે. આ અમારું માનીએ છીએ તે નકામું જ છે. કેમકે સર્વ જગતના તમે પ્રિય કરનારા છો. માટે હે વર્ણિ ! જીવો વિષય વાસનામાં બંધાયા છે. તેને તેમાંથી તોડીને સંસારને પાર કરાવવાની નૌકારૂપ છો. આ રીતે શ્રીહરિ ઘનશ્યામ પ્રભુએ તરગામના બાળમિત્રોને જન્મમરણના ફેરામાંથી મુક્ત કરવા એમની ઉપર કૃપા કરીને ભૂમિને પોતાના ચરણથી પવિત્ર કરીને અતિ પ્રમાણમાં સુખ આપતા હતા. અનેક જન્મના એકત્ર થયેલા પુણ્યના પ્રતાપથી જ આ શ્રીહરિનો પ્રત્યક્ષ યોગ થાય છે. મનના ભાવો પણ નિષ્કામ બને છે. તેથી જ તે જીવોને હરિકૃષ્ણ પ્રભુનો મહિમા સમજાય તે પછી ભક્તિ કરવાથી આત્યંતિકી મુક્તિ થાય છે.

ચારેબાજુ સખાઓથી ઘેરાયેલા બધા જ સખાઓ હરિની સાથે સાથે લક્ષ્મીના ઘેર આવતા હતા ત્યારે એક સખો પોતાના હાથથી હરિના હાથને પકડીને ચાલતો હતો ત્યારે તે હાથો ખૂબ જ શોભતા હતા. તેનાથી મિત્રમંડળી પણ શોભતિ હતી. મનોહર ખંજન નેત્રવાળા તેમાં સુંદર અંજન આંજેલ છે. તેથી ખૂબ જ શોભે છે. મુખના મંદ હાસ્યથી જનોના મનને આનંદ આપતા હતા. તેને જોઈને કોઈ સારું સન્માન કરતાં હતાં. તેનાથી

માયિક દેહ, મોહ આદિનો ત્યાગ કરતા હતાં. દેહગેહથી નિર્મોહ થઈને પરમસુખને પામતાં હતાં. ત્યારે ઘર પાસે સ્ત્રીઓની ટોળી ભેગી થઈને બેઠી હતી તેઓની વચમાં સુવાસિનિ મનમાં ચિંતા કરતી બેઠી હતી ત્યારે બીજી સ્ત્રીઓ આવેલી તે મળીને કહેતી હતી કે અલી તું આટલી બધી શા માટે ચિંતા રાખ્ય કરે છે ? આકળિ કેમ થાય છે ? વાછડાના વિયોગ વાળી ગાય જેમ ધૂવાં ફૂવા કરે તેમ તું પણ કરે છે. હરિ ઉપર વિશ્વાસ રાખ્ય આમ સુવાસીનિને કહે છે તેને જોઈને એક સ્ત્રી કહે, હે સખિ ! આપણને આવી પ્રિત જો ઘનશ્યામમાં થઈ જાય તો આપણો ઉદ્ધાર થાય.

આ રીતે તેઓની વાત સાંભળીને બધાના મનમાં આનંદ થયો અને હરિને જોવા માટે મનમાં આતુરતા વાળી થઈ. અમને આ હરિ આવા પ્રિય ન હોય તો તારી વાતને સાંભળવામાં આટલી આતુર ન થાત. તારી વાત સાંભળીને હરિને નેત્રેથી જોવા માટે અમારે પણ ઉતાવળ છે. એટલામાં તો કોઈ આવીને કહે, હરિ આવ્યા ત્યારે બધી બાઈઓ ઊભી થઈ ગઈ અને નેત્રરૂપી ચાંચથી હરિના સ્વરૂપનું પાન કરવા લાગી ગઈ. હરિને આવતા જોઈને બધી જ સ્ત્રીઓ હાથ જોડીને પાલવ પાથરીને પોંખતી હતી. ચંચળ ચરિત્રોથી સર્વના ચિત્તને ચોરતા એવા સર્વ અવતારના અવતારીના અલૌકિક આભૂષણોને જોઈને, કાયાને નમાવીને પોતાના સ્થાન ઉપરથી જ હરિને નીરખીને, પોતાના નેત્રથી જોવાનું ફળ મેળવતી હતી અને પોતાને ધન્યભાગ્યવાળી તથા જન્મકાળને સફળ માનવા લાગી. આજે અમને તે અલૌકિક સુખ મળી ગયું એમ માનવા લાગી. જ્યારે હરિને આવતા જોઈને અતિ હેત કરીને સુવાસિનિ ભાભી જળનું પાત્ર ભરીને આવ્યાં અને કહે હે મારા પ્રિય વહાલા આપ જળપાન કરો. હે અનાથના નાથ ! આપ જળપાન કરીને અમને સનાથ કરો. આપ સુંદર હાસ્ય કરીને અમને આનંદ આપો. હરિ હવે તો બહુ જ વેળા થઈ ગઈ છે રાત્રી પડવા આવી છે. આપ બહુ જ વાર કરીને આવ્યા તે તો આપના દાસ ઉપર દયા કરીને આવ્યા છો. કહો તો ખરા કે આપ અત્યારે કયા બાળમિત્રોને ન્યાલ કરીને આવ્યા બીજે વાસ કરવાનું કરો તે બરોબર ન કહેવાય.

હે મારા પ્રિય હરિ પ્રભુ ! આપની પર વારી જાઉં. સખાના ટોળાંમાં આપ જેની નજીક હો તેની ઉપર ખૂબ જ કૃપા કરો છો. કેમકે આપ લોકોનાં માયિક દેહગેહનાં બંધન તેને દૂર કરો છો. દિવ્યસંબંધ બાંધીને એને સુખ આપો છો. આપને પ્રિયધર્મ સર્ગ પૃથ્વી ઉપર સ્થાપવા માટે આપ પધાર્યા છો. તેથી અધર્મ સર્ગને મૂળમાંથી કાઢી નાંખશો. આપ જ્યાં વિચરણ કરો ત્યાં મંગળમય વાતાવરણ થાય છે. આપ તેમનાં દુઃખોને ટાળી સુખી કરો છો. ત્યારે હરિના મિત્ર આનંદથી કહેવા લાગ્યા બધાના ઘેર પ્રેમપૂર્વક પગલાં પાડ્યાં. ક્યાંક ફળો ખાધાં. ક્યાંક પાણી જ પીધું. ક્યાંક ફૂલના હારો ગુચ્છોને ધાર્યા. આ રીતે બધી જ જગ્યાએ ક્યાંક કુશળ સમાચાર પૂછ્યા. આ રીતે કૃપા કરીને સર્વનાં માતાપિતાના કુળનો ઉદ્ધાર કર્યો. આ રીતે હરિની બધેજ પ્રશંસા થતી હતી. અત્યારે આપને ત્યાં અવતાર ધરીને સર્વને સુખી કર્યા. પછી ગરમ જળથી શ્રીહરિને સારી રીતે ચોળીને નવરાવતાં હતાં. સુવાસિનિ અને સુંદરીમાસી બન્નેએ સારી રીતે નવરાવીને શરીર ઉપર સુગંધી તેલ માલિશ કરીને સ્ત્રીઓએ પોતાનો ઉદાર પ્રેમ પ્રગટ કર્યો. ત્યાર પછી સુંદર શ્વેત વસ્ત્રથી બાળપ્રભુના શરીરને ખૂબ જ સારી રીતે લૂછતી હતી. જેમ વામન ભગવાનને ઈન્દ્રાણિએ લૂછ્યાં તેમ પ્રેમ વ્યક્ત કરતી હતી. ત્યાર પછી પીળાં વસ્ત્ર લાવીને પહેરાવતી હતી. જેમ મેઘ સમયે વીજળી

શોભે તેમ હરિ શોભતા હતા.

ત્યાર પછી હરિને જમવા માટે બેસાર્યા. સ્ત્રીઓએ શીરોપુરી કચોરી વિગેરે બનાવીને સારી રીતે જમાડ્યા. ત્યાર પછી મુખવાસ લાવીને જમાડતાં હતાં એ માતાના જીવન પ્રાણ જીવન દોરીને રાજી કર્યા.

**આ પ્રમાણે શ્રીહરિલીલાસિંધુમાં ચોથા પૌગંડ રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિ તરગામમાં સખાઓના ઘેર જઈને લીલા કરી તે નામે ઓગણીસમો તરંગ થયો. ॥૧૯॥**

# તરંગ-૨૦

પ્રતાપસિંહ રાજા કહે છે, હે સુવ્રત મુનિ ! આપ શ્રી ઘનશ્યામ પ્રભુએ જે તરગામમાં મિત્રોની સાથે રમતો કરીને લીલાચરિત્રો કર્યાં તે કથા મને કહો ત્યારે આનંદમુનિને આનંદભાઈ રાજા કહે છે કે હે વર્ણિ આપ મને શ્રીહરિનાં પરમ સુખદાયક ચરિત્ર જે હોય તે કહો. તરગામમાં સરોવરો નદી તળાવ બાગ મેદાન અને પુરના ખુલ્લાં જે સ્થળો તેને હરિના ચરણકમળથી પવિત્ર ચિહ્નો પડેલાં હોય, તે તે સર્વે પવિત્ર ચરણ જે ભૂમિ ઉપર પડેલાં હોય તે બધાં જ ચરિત્રો મને કહો.

સુવ્રત મુનિ કહે, હે પ્રતાપસિંહ રાજન ! તમે ધન્ય ધન્ય છો. તમે ભગવાનનાં ગીત સાંભળવામાં તત્પર છો. તેથી ક્ષત્રિય કુળને ઉજ્જવલ બનાવનારા છો. એ ચરિત્ર આત્યાંતિક મોક્ષ આપનારાં છે. તે ચરિત્રોનું મનન કરનાર પરમપદ પામે છે. એવાં પવિત્ર ચરિત્રને તમે પૂછો છો તે કહું છું. એકવાર ધર્મનંદન હરિ સખાઓના મનને રાજી કરવા, બધાની સાથે મળીને આનંદ કરવા ભેળા થઈને ગયા. એક દિવસ પુરનાં બાળકો સર્વે ભેગાં થઈને શંકાવાળાં મનથી હરિ પાસે આવીને કહેવા લાગ્યાં. હે પ્રાણપ્રિય પ્રભુ આપના ચરણમાં મસ્તક ધરું છું. આપને વિનંતી કરું છું કે પુરની બહાર મેદાનમાં રમતો રમવા માટે બાળકો ચાહના રાખે છે કેમકે આપ તો અનેક પ્રકારના ખેલોને જાણો છો. તેથી હે હરિ આપની અલૌકિક રમતોની કળાને કરતા થકા બાળકોને રમાડતાં જોવાની ઈચ્છા રાખે છે. તેથી આપ આપની કળા બતાવવા કૃપા કરો તો બધાને લાભ મળે. આ રીતે મિત્રની વાતને સાંભળીને હરિ મન જણાવવા માટે મુખને મંદ મંદ હાસ્યયુક્ત કરીને બધાને પોતાને અનુમતિનો ભાવ દર્શાવતા હતા અને બાળસખાઓને રાજી કરવા. હરિની સહમતી મળી એટલે મિત્રોનાં મનને હરતા હતા ત્યારે બાળકો આનંદ ભરેલા મનથી બહાર ખુલ્લા મેદાનમાં જવા ચાલતાં થયાં ત્યારે સારંગ નામનો બાળક, કાબરચિત્રો કાળિયાર મૃગ, હરણ, ભમરો જે ફૂલના રસને ચુસવા માટે જેમ ગતિ કરે તેમ જવા લાગ્યાં. તે સર્વે બાળકોએ એવા એવા કેટલાક ભેરુ કર્યા તે પણ હરિની સમાન બળવાળા છોકરાઓને સજ્જ કર્યા. શ્યામ પ્રભુને સામે રાખીને બતાવવા માટે પોતાના બાળકોને મજબૂત કરીને બાવડાં વગાડતાં હતાં. પડકાર કરતાં હતાં. હરિને રીઝવવા માટે બધાં બાળકો એક એક હરિની સાથે ખેલવા આવ્યાં. લડતાં લડતાં ખેલ જ કરતાં હતાં. હરિને રીજાવીને રમાડવા માટે બધા જ મિત્રો ખાલી ખાલી ખેલ કરતાં હતાં.

આ રીતે બધાં જ લડી લડીને થાકી ગયાં ત્યારે બધાં જ બાળકો ફરી ફરી હરિની સાથે ખેલ કરવા આવ્યાં પણ હરિથી બધાં જ હારી ગયાં. ત્યારે બાળકો સારંગ નામના બાળકને કહ્યું કે તમે હરિની સાથે લડો. આ રીતે

આગ્રહપૂર્વક કહેતાં હતાં. ત્યારે હરિ પણ મંદ મંદ હસતા થકા કેડને બંધનથી કસીને બાંધતા હતાં કેમકે સારંગની સાથે અલૌકિક રીતે લડાઈ કરીને રમાડીને અલૌકિક ખેલ કરવાનો હતો. ત્યારે હરિએ પોતાનાં અંગનાં હાથનાં આભૂષણો તથા કેડનાં સર્વ આભૂષણો એક સખાના હાથમાં આપ્યાં. હરિએ કમરને કસીને બાંધી શ્રીહરિ નટવર પ્રભુ વસ્ત્ર બાંધીને તૈયાર થયા. શ્રીહરિ ઘનશ્યામ અને સારંગ મિત્ર બંને લડવા લાગ્યા ત્યારે એવી રીતે લડતા હતા. તેથી લોકોને જોવાનો આનંદ આવે. લડતાં લડતાં હરિ હારે ત્યારે ચંચળતાથી ચાતુરીથી હરિ ખેલતા હતા. દાવ કરવામાં ચતુરાઈથી સખાને પકડી લીધો. મિત્રને ઝાલીને દૂર ધકાવતા હતા. વચમાં પડીને પાછો આવતો હતો. લડવા લાગ્યો. એકબીજાને ઊંચા ઉછાળતા હતા. થાપ ઉપર થાપ મારતા હતા. મોજ કરાવતા હતા. એકબીજા ઉપર લાતનો પ્રહાર કરતા હતા ત્યારે પગ પકડીને ખેંચતા હતા. માથાને છાતીએ ભરાવીને ભીડાવ પછી હાથથી હાથ પકડીને ખેંચતા હતા. બાથં બાથ કરતા હતાં. તે જેમ બળપૂર્વક ભાગના વિભાગ કરતા હોય તેમ ખેંચાખેંચ ભીડાતા હતા. પીઠને પીઠ અડાડીને ઉડીને અથડાતા હતા. ક્યારેક ક્યારેક શરીરને પણ ખેંચતા હતા. ઝુલતા થકા લુબકતા થકા સગડાતા થકા ફરી પાછા ઘૂમરિ ખાઈને ઘનશ્યામ પ્રભુ રમત કરવા લાગ્યા. ઊંચે નજર કરીને દોડતા થકા, ગુલાંટ મારીને બધાને ચકિત કરતા હતા. અખંડના નામની ગતિ ચક્રની માફક ફેરવતા થકા ફરીને પાછા સ્થિર થઈ ગયા. બધાને શાંતિ કરતા હતા. આ રીતે શ્રીહરિ અનેક ખેલ કરીને પુરનાં બાળકોને અતિ રાજી કરતા હતા. ગામનાં જનોને પણ રાજી કરતા હતા.

શ્રીહરિ એક જ જગ્યાએ ઊભા હોય. પોતાના અંગુઠાને સ્થિર કરીને શરીરને દૃઢ કરીને બધાને કહે, આવીને મને પકડો. હવે મને તમારી તાકાત કરીને ખેંચો ત્યારે બધા જ આવીને હરિના શરીરને પકડીને ખેંચવા લાગ્યા. હરિ શરીરને કડક કરીને પગને સ્થિર કરીને ઊભા રહ્યા. સર્વ બાળકોએ બહુ જ બળ કર્યું પણ હલાવી ન શક્યા. એટલે ભુંઠા પડ્યા. આ રીતે હરિને હઠાવવા માટે બધા સખાઓ બળ કરી કરીને થાક્યા તોય હરિ તો પગને દૃઢ કરીને ઊભા હતા. સહેજ પણ હલ્યા ન હતા એવા દૃઢ રહ્યા. ત્યારે બધા જ સખા હરિની સાથે બળની લડાઈમાં હાર્યા ત્યારે હાથ જોડીને કહેવા લાગ્યા. હે હરિ ! આપ તો સત્યસ્વરૂપ છો. તમે સાચા ભગવાન છો. તેથી બળવાનમાં બળવાન શત્રુને પણ હરાવવા સમર્થ છો. શ્રીહરિ આસનવાળીને દંડ પીલતા થકા બધાને આનંદ પમાડવા માટે કુસ્તી કરતા હતા. આવાં ચરિત્ર જોઈને લોકો હરિના સ્વરૂપમાં પ્રિતિ કરીને ખેંચાતાં હતાં ત્યારે હરિ રમત માત્રમાં બધાને જીતતા હતા. હરિ કોઈની પાસેથી કાંઈ ઈચ્છા રાખતા જ નથી. તેઓ તો સદાય માટે પૂરણ બ્રહ્મ પરબ્રહ્મ છે. સર્વના સ્વામી છે. હરિએ પરમારથ કરવા માટે જ ભૂમિ ઉપર અવતાર ધર્યો છે. વર્ણિરૂપ ધારીને શરણે આવેલાને તારવા નૌકારૂપ થયા છો. સર્વેના તારણહાર જ છો. ધનસંપત્તિ લુટતા હોય તેમ બળ કરીને બળવાનમાં બળવાન હરિને પછાડવા માગતા હતા. આવા ભયંકર ભીષણ કળિકાળમાં હરિએ અવતાર ધારેલ છે. તે તો ભૂમિના ભારરૂપ પાપી અધર્મી પાખંડીઓના નાશ માટે ધર્યો છે. હરિએ છઠીની રાત્રે જે નિશાચર એવી કૃત્યાગણ કોટરાનો નાશ કર્યો તેમાં હરિએ પોતાના હસ્તકમળનો સ્પર્શ કર્યો દબાવી દીધી. કાલિદૈતને દૃષ્ટિ માત્રમાં માર્યો. હમણાં બલવાન મલ્લને મારીને બળવાનમાં બળવાન હરિએ અભિમાનીનો હાથ લીલામાત્રમાં જ તોડી નાંખ્યો એ પ્રભુની લીલા છે. આ રીતે બાળકો પોતાને મનમાં કૃતારથ માનતાં હતાં. આપ ઈચ્છાથી હરિની સાથે ખેલ ખેલતાં હતાં. હરિના મનને આનંદ આપવા માટે બાળકો એક એક દોડતાં હતાં. કુદતાં હતાં. આનંદ કરતાં હતાં. આ રીતે પોતાના મન વાણીને હરિમાં જોડીને અગોચર એ શ્રીહરિ બધાને અત્યારે ગોચર

(દેખાવું) થાય છે. એમની ઉપર રાતદિવસ આશ્રય રાખીને રહેતાં હતાં હરિને જોયા કરતાં હતાં. ક્યાં સર્વોપરી વિષ્ણુહરી તે પોતે નાનાં બાળકોની સાથે બે પ્રકારના યોગનાં કાર્યો કર્યાં. પોતે તો પરબ્રહ્મ જ છે પણ મનુષ્યની ઉપર હરિની દયા છે. સખાઓ કહે, હરિ હવે સ્નાન કરવા ચાલો, તળાવમાં સ્નાન કરીએ. જેથી ત્યાં પાણીમાં રહેતાં જીવોના દુઃખો દૂર કરો. આ રીતે બાળક હરિને હાથ જોડીને પ્રાર્થના કરતો હતો. હે પ્રભુ ! બધાયનાં મનના પ્રેમને સત્ય કરો એવી મારી વિનંતી છે. આ રીતે હરિએ બધાના મનોરથને સત્ય કરવા સારું એમના મનના ભાવ પ્રમાણે કરતા હતા એવા દયાળુ શરણાગત સર્વના નાથ સુંદરપાણી અમૃતવાણીનું પાન કરાવતા હતા. બાળકોની ટોળીને ભેગી કરીને જીવને સુખ આપતા હતા.

હરિ બધાં બાળકોની સાથે ચાલતા હતા પણ નાના કમળની સમાન લાલ કમળ વર્ણના શોભતા હતા ત્યારે સામે સ્ત્રીઓની ટોળી આવીને સર્વે બાઈઓ હરિને નિરખીને જોવા લાગી. ચિત્તમાં ઉતારવા લાગી. શ્રીહરિની સાથે આવતાં બાળકોના ટોળાને જોઈને એમને ન્યાલ કર્યા. અને આંખોનું ફળ આપી દીધું છે. એવા દયાળુ શ્રીહરિને પોતાની જઠર (ઉદરમાં)માં ધારણ કર્યા એવાં પ્રેમવતીને ધન્ય છે અને ધર્મદેવ આમના જે પિતા છે એમને પણ ધન્યવાદ યોગ્ય છે. એવા પવિત્ર સ્વરૂપને પોતાના ઘેર જન્મ આપીને જગતનું કલ્યાણ કરનારા છે એ જ મહાનતા છે. બાળકોની સાથે હરિ નાવા માટે તળાવે આવ્યા. તેના કાંઠા ઉપર બધાએ વસ્ત્રો ઉતારીને મૂક્યાં. ત્યાર પછી જળમાં પ્રવેશ કર્યો. બધા સખાઓની સાથે નહાવા લાગ્યા ત્યારે બાળકો પાણીમાં અંગો ચોળીને નવરાવવા લાગ્યા. હસ્તકમળના ખોબાથી અંજલિ ભરીને મુખ સાફ કરવા પીચકારી મારતા હતા તે અમૂલ્ય દૃશ્ય થતું હતું. હસ્તકમળની આંગળીથી શ્રીહરિ મુખના દાંત સાફ કરતા હતા. દાઢી ઉપર મુખ ઉપર કાન ઉપર ગળા ઉપર કપાળમાં બધેય હાથથી ચોળતા હતા. માર્જન કરતા હતા. કામદેવના બાણસમાન વાંકી ભ્રૂકુટિ યુક્ત શોભાવાળા જેમ મધને ચોરતો ભ્રમરો કમલની મારી નાંખે છે તેમ હરિ મનોહર મુખની શોભાથી કામદેવને પરાભવ પમાડે છે. એવા મનોહર મુખને ચોળતા તથા વીશાલ ભાલયુક્ત મુખકમળ ચંદ્રના બિંબ જેવું શોભતું હતું. મસ્તક ઉપર શિખા જાણે બાળ સર્પ ન હોય તેવું લાગતું હતું. હસ્તકમળથી પ્રભુ કાનરૂપી કમળને ચોળતા હતા. શંખસમાન કોટમાં આભૂષણના ભારવાળી તેને ચોળતા હતા. શ્રીહરિ આ રીતે કરતા સ્નાન કરતાં થકા શોભતા હતા. તે હરિ સર્વજનોના સ્વામી સર્વની જીવનદોરી છે તે પોતાના ચંચળપણા વડે ચારે બાજુમાં સખાઓ તેમનાં ચિત્તને પણ મનોહરતાથી ચોરી લેતા હતા. બાળમિત્રોની સામે નજર કરીને હરિ જળમાં જલજ નજરથી જલક્રિયા કરવા મનમાં નિર્ણય કરીને બાળકોના ભાવને જાણીને હરિ પાણીમાં ડુબકી મારીને અદૃશ્ય થઈ ગયા.

આ બાજુ બાળકો એકી નજરે જોતા જ હતા. હરિ સામે જ હતા તોય હરિ પોતાની ચાતુર્ય ગતિથી પાણીમાં જેમ માછલું ડુબકી મારે અને ક્યાંય નીકળે તેમ હરિ પણ ખૂબ જ દૂર નીકળી ગયા. જળરૂપી વનમાં જળસમાન મનોહર જદુરાય હરિ, દેખાવા લાગ્યા ત્યારે બધાજ બાળકો ભ્રાંતિ સહિત ઊંચેથી સાદ કરી આતુરતાથી બોલાવવા લાગ્યાં. બધાં બાળકો મનમાં આશ્ચર્ય પામતાં કહે કે હરિ એક જ ક્ષણમાં ક્યાં ગયા હશે ? એની કોઈને ખબર જ ન પડી. પાણીમાં બધે જ શોધવા લાગ્યા. પણ ક્યાંય ન જડ્યા પણ કમળનયન કમળના વનમાં જઈ પહોંચ્યા. આ રીતે સમર્થ નાથ, અનાથના સ્વામી હે પ્રભુ ! અમારાથી આપ ક્યાં ગયા. આ રીતે દિન થઈને બોલતા હતા ત્યારે બાળકોની દિનવાણી સાંભળીને કરકમળના ભારથી વિહરનારા હરિ વિચરતા થકા જળમાંથી તરત

જ બહાર તરીને દેખાયા. તરતા થકા જ્યાં બાળકો હતાં ત્યાં આવ્યા. જેમ સ્વર કરતાં ભમરાઓ કમળરજનું ચુંબન કરતાં તારને ખેંચતા હતા. ખીલતાં કમળ જેમ જળમાં ઉપર દેખાય તેમ હરિ પણ બાળકોના મનને આનંદ આપવા જળમાંથી બહાર આવ્યા.

બધાં બાળકોને ધર્મનંદન ઘનશ્યામ પ્રભુને જોઈને આનંદ થયો અને બ્રાહ્મણોના આનંદદાતા પ્રભુ બાળકો પાસે ગયા. હરિના શરીરનો સ્પર્શ કરીને રાજી થયા. સરસ સરસ કરતા થકા એકબીજાના હાથો પકડીને આનંદમાં જલ રમતો રમવા લાગ્યા. હરિ કહેવા લાગ્યા કે, ભેળા ભલે આવ્યા. આપણને તો આનંદ કરવાનો ખૂબ જ લાભ મળ્યો. ખૂબ જ રમતો કરશું. બધાં બાળકો જુદાં જુદાં દોડવા લાગ્યાં અને હરિને પકડવા માટે એક જ વિચાર હતો ત્યારે હરિ દૂર જળમાં દોડીને ગયા. ઊંડા જળવાળા ભાગમાં બાળકો ન જઈ શક્યાં એટલે હરિ શરીરને ઉલટું સુલટું કરીને ગુલાંટ મારતા હતા. પાણીમાં પગથી લાતો મારતા હતા. તેનાથી પાણી ઊંચું ઉછળતું હતું. પગનો સ્પર્શ કરતું હતું તે જનનો પોતાના શરીરને સ્પર્શ કરાવીને મસ્તકે ધારણ કરતાં હતાં. પગ પછાડવાથી પાણીની તરંગો ઉછળતી હતી. તે અંગને સ્પર્શતી હતી. તેથી જાણે સ્નાન કરાવવા ગાંગા આવી ન હોય ? તેમ જણાતું હતું. હરિ રસપૂર્વક રમતો રમતા હતા. કમળની પરાગરજની સુવાસયુક્ત કમળફુલની શોભા જોઈને દેવો મુનિજનો તેમાં લોભાતાં હતાં. ભ્રમરો જેમ પરાગરજને ચુસે છે, ગુંજારવ કરે છે, ગાય છે એમ ભ્રાંતિ થાય છે. ચાતક, ચક્રવાક, સારસ, ચકોર, કોયલ ખૂબ જ મધુરા શબ્દો બોલતી હતી. તેના શબ્દને પૂરો કરીને ટકોર કરતા હતા. સારિક પક્ષી ઘુઘવાટા કરતાં હતાં. પોપટ ઝિગોર શબ્દ કરતાં હતાં. જળકુકડાં ઘૂઘવાટા કરતાં હતાં. મોર કળા કરીને ચારેબાજુ ફરતો હતો. તેની કળાને હરિ જોતા હતા. ફરીફરીને રમત કરતો હતો. તે બધાને હરિ જોતા હતા. વારંવાર પહેલાંની માફક જ કબુતર પક્ષીઓ ઉડતાં છતાં તેને જોઈને સખાની સાથે દેવના દેવ હરિ આનંદ કરતા હતા. સરોવરની પાળ ઉપર ખૂબ જ ઘાટાં વૃક્ષો શોભતાં હતાં. ફળ ફૂલના ભારથી નમેલાં હતાં. નવાં પાંદડાંની કુંપળોવાળી શાખાઓ (ડાળીઓ) સમૃદ્ધિના ભારથી ઝુકી જતી હતી.

નવિનનાથ હરિ જળમાં રમતો રમીને સરોવરની પાળ ઉપર આવ્યા. સખાઓ સાથે મનમાં આનંદ કરતા થકા મોટાં મોટાં વૃક્ષોને મનના ભાવથી જોતાં હતાં. ત્યારે સરોવરના નજીકમાં જ સુંદરવર હરિએ બાગને જોયો ત્યારે સખા કહે, ચાલો આપણે જઈએ. હે હરિ ! આજે આપણે ફળ ખાવાં છે એટલે આપ ચાલો. ફૂલો ઉપર સુગંધ લેવા માટે ભમરાઓ ગુંજારવ કરતાં ફળોનાં ભારથી વૃક્ષની ડાળીઓ જુકીને લળી પડી હતી. જમીનનો સ્પર્શ કરીને વૃક્ષો ઝુલતાં હતાં. તેનાથી કુંઝગલી જેવું દૃશ્ય જોવામાં આવતું હતું. હરિ સખાઆ સાથે બાગમાં ગયા ત્યારે બધા સખા સહિત હરિને બાગવાન કહે ફળ ખાવાં હોય તે ખાવ તમને ફળ લાવી આપું. લોકોનાં મનને આનંદ આપનાર હરિ કહે ફળ લાવી આપો. તે વૃક્ષોનાં જાતજાતનાં ફળો આવ્યા અને હરિને ખૂબ જ જમાડ્યાં અને જમીને તૃપ્ત થયા ત્યારે જળપાન કરીને પછી સખાઓને ફળો આપતા હતા. હરિએ બાગમાં પ્રવેશ કર્યો. બાગમાં ફૂલોના ગુચ્છ કરીને મસ્તક હરિના ઉપર ધારણ કરાવીને પછી બીજા સખાઓ બનાવી બનાવીને ધારણ કરાવતા હતા. બધાં જ વૃક્ષનાં ફળો ફૂલોને હરિ ખાતા હતા અને રમતો રમતા હતા ત્યારે બધાં જ સ્થળોએ ફરીફરીને રમતો રમાડતા હતા. ચરણકમળનો સ્પર્શ કરેલ ભૂમિનો સ્પર્શ કરતાં હતાં. હરિ ત્યાંથી આગળ ચાલતા હતા. ચરણરજનો સ્પર્શ કરતા હતા. સૂર્ય પશ્ચિમ ભણી નમી ગયો હતો. પક્ષીઓ અને પશુઓ પોતાના નક્કી કરેલા સ્થાને જતા હતા. મોટાં મોટાં વેલીનાં ગુચ્છો વેલીઓ વૃક્ષો કમળવન તે સર્વે ચરણકમળના અધિકારી થયા

તે અતિ શોભતા હતા ને મન આનંદ પામતાં હતાં. હે રાજન્ ! એટલા માટે હરિનું ભજન કરો. નિયમ પૂર્વક એકાગ્ર ચિત્ત કરીને અંતે પરમધામ હરિચરણમાં ગતિ કરીને સુખ પામો.

આ રીતનાં હરિનાં અગણિત ચરિત્રો છે. તેતો લોકોના કલ્યાણ કાજે ચરિત્ર કરતા હતા. મિત્રમંડળની સાથે અકળ અકામ હરિ પોતાના ઘેર આવ્યા.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં ચોથા પૌગંડ રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિ કુસ્તીના ખેલ કર્યા. રસલીલા કરી એ નામે વીસમો તરંગ થયો. ॥૨૦॥**

# તરંગ-૨૧

પ્રતાપસિંહ રાજા કહે છે, હે મુનિ ! શ્રીહરિ તરગામથી લોશિશા ગામ ગયા. ત્યાં જઈને ઘનશ્યામ પ્રભુએ ગંગામલનો હાથ તોડ્યો એની લીલા મને સંભળાવો એવી પ્રાર્થના છે.

ત્યારે સુવ્રત મુનિ કહે, હે રાજન્ ! તમે સાંભળો. ભગવાનની ક્રિયાઓ જે છે તે બધાં જ દિવ્ય હોય છે. તે આત્માના કલ્યાણનું સાધન છે. તેથી જે જીવાત્મા હરિના ચરિત્રમાંથી હરિના સ્વરૂપનું જ્ઞાન મેળવે છે. તેનું સ્મરણ કરે છે તે પરમપદ હરિધામને પામે છે. હરિના મામા વિસરામ તે નિર્મળ બુદ્ધિવાળા અયોધ્યાપુરમાં રહેતા હતા તે વિસરામના મામા જે હતા તે લોશિશાપુરમાં રહેતા હતા. એમના ઘેર મામાની પુત્રીનાં લગ્ન હતાં તેમાં વિસરામાદિક ઘણા બધા બ્રાહ્મણોને બોલાવ્યા હતા ત્યારે તે લગ્નમાં મામાને ત્યાં ભક્તિમાતાના ભાઈ વિસરામ જવાનો વિચાર કરતા હતા. ત્યારે તે આવીને ભક્તિમાતાને વાત કરતા હતા. ધર્મદેવને પણ સંભળાવતા હતા. ત્યારે રામપ્રતાપને અને ઘનશ્યામને તરગામ ગયે. ઘણાં બધા દિવસો થઈ ગયા હતા તેથી એમને પણ સાથે તેડી જવાના હતા અને ત્યાં એમનું સન્માન કરવાનું હતું. ઘણાં બધાનાં સન્માન કરવાનાં હતાં તેથી જવાનું હતું. ત્યારે ભક્તિમાતા કહે, હે ભાઈ વિસરામ ! તમે સાંભળો. મારા પુત્ર અતિશય પ્રિય ઘનશ્યામને તમે સાથે લઈ જાવ. ખૂબ જ સારી રીતે સાચવતા થકા લઈ જજો. આપણા મામાના ઘેર લોશિશા ફરી જરૂર લઈ જજો અને તેને સાથે રાખજો. કેમકે ભાઈની સાથે જો ત્યાં રહેવાનું હોય, હમણાં ન આવવાના હોય તો હું તરગામ તેડવા માટે જાઉં અને તેડી લાવું. માતાને હરિ ઉપર ખૂબ જ હેત જોઈને આ રીતનો સંદેશ કહીને ભક્તિમાતાના ભાઈ વિસરામ સુબુદ્ધિ આ બન્ને ભાઈઓ તે તરગામ ગયા.

શ્રીહરિના મામા તરગામ જ્યારે ગયા ત્યારે એમને રામપ્રતાપ સહિત બધાં સંબંધી મળ્યાં ત્યારે સુબુધમામાનું મન ઘનશ્યામને જોઈને લોભાણું ત્યારે એમણે પોતાના હૃદય સરસા ચાંપવા લાગ્યા અને ખોળામાં બેસાડ્યા.

ત્યારે રામપ્રતાપ ભૈયાએ માતાપિતા અને ઇચ્છારામ સહિત બધાનાં કુશળ સમાચાર પૂછ્યા. ઇચ્છારામની સાથે માતા પણ સુખી તો છે ને ? ફરી પાછા રામપ્રતાપ મામાને પૂછવા લાગ્યા કે તમે અહીંયાં આવ્યા તેનું શું પ્રયોજન છે તે અમને કહો. ત્યારે વસરામમામા કહે કે મારા મામાએ હમણાં માંગલિક કાર્યમાં બધાંને તેડાવ્યાં છે. એટલા માટે અમે તમે બધાં તથા લક્ષ્મીરામ પણ અમારી સાથે લેવા માટે આવ્યા છીએ તો તમો લોશિશાપુર મામાને ઘેર ચાલો. આ રીતે વાતો કરે છે એટલામાં તરગામમાં પણ પત્ર આવ્યો. તેમાં બધાંને લોશિશાપુર આવવા આમંત્રણ આપ્યું. બધાંને તેડાવ્યાં ત્યારે બધાં સારાં પકાવેલાં ભોજન કરીને બધાં જ તૈયાર થઈને ચાલવા લાગ્યાં. તેમાં કેટલાંક લોકો પયદલ ચાલતાં હતાં તથા કેટલાંક ચાલવામાં અસમર્થ હોય તેવાં વાહનોમાં બેસીને

લોશિશાપુર તરફ જવા લાગ્યાં. કેટલાંક લોકો નગરની બહાર ગયાં અને કેટલાંક લોકો હરિની પાસે ગયાં. હરિના મિત્રો હતા તેઓ તો ઊંચા શ્વરે ઉદ્‌ઘોષ કરતાં હતાં. હરિની સાથે જવાના આનંદવાળા ઉત્સાહથી બોલતાં હતાં.

આખા જગતના નિવાસરૂપ સર્વ જગતનાં મંગળમય સુખ કરનારા બધાં મિત્રોની સાથે તૈયાર થવા લાગ્યા. સુવાસિનિએ હરિને જમાડવા માટે પાક તૈયાર કરીને સારી રીતે જમાડીને તૃપ્ત કર્યા. ત્યાર પછી સુવાસિનિ હરિને શણગાર ધારણ કરાવવા શ્રૃંગાર ઘરમાં લઈ ગયાં. ત્યાં હરિને કહે, હરિ આપ ધોતીને ધારણ કરો. અંગને શોભે એવી અંગરખીને ધારણ કરી સારા રંગવાળાં અંગોને શોભાડે તેવાં ધારો, સોનાની કિનારી મઢેલી અંગરખી પહેરીને ખૂબ જ સારી રીતે અંગોને ઢાંકો. ત્યાર પછી મસ્તક ઉપર સુંદર મંડિલને ધારણ કરો. જેનાથી મોટા પંડિત હોય તેવા આપ શોભાયમાન થાવ છો. ખૂબ જ પ્રમાણી પણું લાગે તેના લીધે કેડ ઉપર પટકોબાંધીને સોનાના તારની પાલવની શોભા વધારવા પેચ સુધારીને ધારણ કર્યું. પીળી ઉપર્ણિ કસુંબી રંગના પાલવવાળી સોનાની કોરથી મઢેલી ધારણ કરી સોનાનાં કડાં હાથનાં વેઢ વીંટી આદિ ધારણ કર્યાં. કેડ ઉપર સોનાનું આભૂષણ ભારે શોભા આપતાં હતાં. કાનનાં આભૂષણ મોતીથી જડેલાં તેને ધારણ કરતા હતા. ત્યાર પછી સુવાસિનિએ લાલાના કપોળમાં પ્રેમથી ચુંબન કર્યું. ઘનશ્યામ પ્રભુ ચરણકમળમાં પિરોજન (પેજન) પહેરીને મંદ મંદ હંસગતિથી ચાલતા શોભતા હતા. ભક્તજનોને મનમાં આનંદ આપવા ભક્તજનોના મનને ખેંચતા થકા એમનાં મન હરિના ચરણકમળમાં દઢતાથી ચોટતાં હતાં. આવા બાળપ્રભુના બાળસખાઓ મનોહર રૂપ જોઈને દોડીને આવવા લાગ્યા. તે સખાઓને એમના જેવા જ ભાવ પ્રેમથી રાજી કરતા હતા. બધાને મોહ પમાડતા હતા. મનમાં સ્થિર થતા હતા ત્યારે સેવકોએ અશ્વ ઉપર સાજ સજીને તૈયાર કરીને પ્રાણપ્યારા પ્રભુના ચરણમાં વૃત્તિ જોડીને લાવ્યા.

અશ્વ લાવ્યા એટલે શ્રીહરિ ઘનશ્યામ શણગારેલા અશ્વ ઉપર અસ્વાર થયા ત્યારે એમનું ચંચળતા ભરેલું રૂપ શાંત પવિત્ર ચિત્તવાળા હરિને જોઈને બાળસખા સર્વે મનમાં આનંદ પામતા થકા હાસ્યવિનોદ કરતા એકબીજાને વિનોદનાં વચનો બોલતાં હતાં. ત્યારે સુવાસિનિ સેવકોને કહેવા લાગ્યાં કે તમે બધા હરિનું ખાસ ધ્યાન રાખજો. એમને કાંઈ પણ ન થાય તે જોજો. હરિ જે રીતે વર્તે ચાલે તેનો રુખને પારખીને તમારા જીવને એમની સાથે જોડી રાખજો. એમને ઈચ્છા પ્રમાણે રાખજો. એમાં જ સારું રહેશે. એ ખાસ સુખ માટે જ છે. શ્રીહરિની સેવા કરવા માટે સેવકોને લલચાવીને હરિને કહેવા લાગ્યાં કે હે સુંદરવર ! સર્વથી સમર્થ આપના પ્રેમને વારિ જાઉં. આપ અમારી ઉપર દયા રાખજો. આપ બધા જ સખાઓનાં સમૂહની વચમાંથી જેમ છંદની ગતિ રહે છે તેમ હરિ પણ પોતાની ગતિથી ચાલવા લાગ્યા. ત્યારે સર્વે સખાઓ સારંગ, નંદુ, મંડન, સુમિત્ર, પુનિયાગ, પ્રથિ તથા પાલ આદિ બધા જ હરિને જોતા રહ્યા. હીતુ દિનબંધુ દીનન ભવાન આ બધા સખાઓથી વિટાયા થકા પ્રયાણ કરવા રજા આપતા હતા. દુબે લક્ષ્મી આદિક બ્રાહ્મણો એમની સાથે ચાલતા હતા. બધામાં મુખ્ય રામપ્રતાપ ચાલતા હતા. તેમની પાછળ બધા ચાલતા હતા. માર્ગમાં ચાલતાં વચમાં મિત્રોનાં ઘેર વિશ્રામ કરીને થોડો સમય રોકાઈને ધીરેધીરે મામાના મામાને ઘેર લોશિશપુર ગયા. ત્યાં બધાં સંબંધીઓ જાણવાળાં અજાણ નજીકનાં દૂરનાં જુદાં જુદાં ગામનાં નગરોનાં બધાં મળતાં હતાં. હરિ અને મોટાભાઈ રામપ્રતાપ ઉપર ખૂબ જ હેત રાખતા હતા. રામપ્રતાપ સેવકો દ્વારા પોતાને ઘેર રાખીને સેવા કરાવતા હતા. આ બાજુ હરિ આવ્યા એટલે બધાં સંબંધીજનો મિત્રસમુદાય મળીને બધાં હરિની સાથે આનંદહાસ્યની વાતો

કરતાં હતાં. રામતૂલની મામીએ હરિને સ્નેહ કરીને ઘણા બધા દિવસ રાખ્યા ત્યારે ત્યાં શ્રીહરિના અતિશય ઐશ્વર્ય પ્રતાપને જોઈને એમના મહિમાથી અનેક જનો હરિની સાથે સ્નેહ બાંધતાં હતાં.

લોશિશપુરમાં શ્રીહરિનો પ્રતાપ જોઈને ત્યાંનાં બાળકો હરિની સાથે ખૂબ જ મિત્ર ભાવ રાખતાં હતાં. એમની સાથે જ રહેતાં હતાં. આવતાં લોકો મળી મળીને ખૂબ જ હેત વધારતાં હતાં. વારંવાર મળવાનો પ્રસંગ કરતાં હતાં. ક્યારેક ક્યારેક હરિ છોકરાઓનું જુથ બનાવીને બાગબગીચા વાડી વનની શોભા જોઈને ત્યાં જતાં હતાં. તેની મનોહર શોભા જોવાના અવારનવાર પ્રસંગ કરતાં હતાં. ક્યારેક ક્યારેક કરુણાસિંધુ અનંત બાલ બંધુઓનો ઉદ્ધાર કરવા માટે જતા હતા ત્યારે બધા જ મિત્રો સુગંધયુક્ત સુંદર ફૂલો જોઈને તેઓ હાર ગજરા ગુચ્છ વિગેરે બનાવતા હતા. ગુચ્છ બનાવીને શ્રીહરિ ઘનશ્યામને ધરાવતાં હતાં. ગજરા અને બાજુબંધ બનાવીને પહેરાવતાં હતાં. બાજુબંધ હાથમાં બાંધતાં હતાં. હરિના મસ્તક ઉપર ફૂલનો ટોપ પહેરાવતાં હતાં ત્યારે હરિ બધાં બાળકોના સમૂહમાં ખૂબ જ શોભતા હતા. ત્યારે છોકરાં પણ હરિની શોભાને જોઈને પોતે પણ પોતાને શરીરે પહેરતાં હતાં અને હરિની માફક ચેનચાળા કરતાં હતાં. ક્યારેક ક્યારેક જદુરથ નિલકંઠ હરિને નહિ જોઈ શકવાથી જોવા માટે ખૂબ જ ઉત્કંઠા રાખતાં હતાં. ક્યારેક ક્યારેક જાતજાતનાં અનેક ફળોને શોધીને બાળસખાઓ લાવતા હતા અને લાવીને હેતપ્રેમથી શ્રીહરિને જમાડતાં હતાં. મીઠાં મીઠાં ઘણાં ફળો આગ્રહથી ખરવાવતાં હતાં. ક્યારેક ક્યારેક નદી તળાવોના તટ ઉપર સારી જગયાએ બધાં જ કુસ્તી કરતાં હતાં. એકબીજાને હરાવવા માટે જોર કરી કરીને લડતાં હતાં અને પછી ફરીથી હરિની સાથે લડાવતાં હતાં.

હે ઋષિરાય શ્રીહરિની ઈચ્છાથી બધાં જ મિત્રપણે થઈને વિચરણ કરતાં હતાં. સ્થળ ઉપર લીલા કરીને જળમાં જળક્રીડા કરવા માટે જળમાં જઈને રમતો રમતાં હતાં. શ્રી ઘનશ્યામ પ્રભુ મિત્રોને આનંદ આપવા મિત્રોની સાથે અનેક રમતોને રમતા હતા. પોતાના ધામની અનેક નવીન ઉક્તિઓ લાવીને બધાંને પોતાના ધામના મુક્ત સમાન બનાવતા હતા. મિત્રો હરિને જળકમળની માળા બનાવીને પહેરાવતાં હતા. ક્યારેક હસ્તકમળમાં લઈને આનંદ કરાવતાં હતા. ક્યારેક ગુચ્છ બનાવીને કાન ઉપર ધરાવતાં હતાં. મસ્તક ઉપર શેખર (તોરા) ધરાવીને આનંદ પમાડતાં હતાં. ક્યારેક ફળ દળ આરોગતા હતા. ક્યારેક કંદમૂળ આદિ મધુરાં મધુરાં આરોગતા હતા. અને બીજાને જમાડતા હતા. દેવોને દુર્લભ એવો પ્રસાદ જેમ મુનિજનોને આપે તેમ જમેલો પ્રસાદ પ્રિયજનોને જમાડીને પોતે જમતા હતા ને બાળસખાઓને પણ જમાડતા હતા. ક્યારેક હરિ લઈને જમતા હતા. ક્યારેક રમતો કરતા હતા. ક્યારેક હરિને જમાડતા હતા. આ રીતે બાળમિત્રોની સાથે હરિ લીલા કરતા હતા. હે રાજન્ ! ધર્મનંદન શ્રીહરિ લોશિશપુરમાં આ રીતે દરરોજ અલૌકિક ચરિત્ર કરે ત્યારે એક દિવસ કાંઈક આશ્ચર્ય ઉપજાવે એવું બન્યું તે વાત હું તમને કહું છું. એકવાર થોડાક કિશોરો પૌગંડવયના સાથે મળીને હરિની પાસે આવ્યા. આવીને હરિની સાથે કુસ્તી કરવા લાગ્યા પણ એકે કિશોર જીતવા સમર્થ થયો નહીં. લડાઈને નેત્રથી જોઈને મુખથી કહેવા લાગ્યા હરિ કુસ્તી કરવામાં ખૂબ જ તૈયાર છે. એમને કોઈ પહોંચે નહીં. બાળક અવસ્થા છે. કિશોરવય છે. છતાં તેઓ પેચ કરીને પાછા હરાવે છે અને દાવમાં જીતી જાય છે એવી અલૌકિકતા છે.

આ રીતનાં ચરિત્રની વાત પુરનાં મોટાં મોટાં માણસો સુબુદ્ધિમામાના પુત્રના મુખથી વખાણ સાંભળીને આનું નામ ગાંગેય નામથી પ્રસિદ્ધ થયું હતું. આમનાથી વિશેષ બલિષ્ટ કોઈ નથી. આમનો ઓજ હાથી સમાન પ્રોઢતા ગંભીરતા પરાક્રમ પણ આમનાં જેવાં બીજા કોઈનાં નથી. એટલા માટે આસુરી જીવો ઘનશ્યામ પ્રભુના

ઉપર અસૂયા દ્વેશ રાખે તે તો અસુરના અંશભૂત છે. એક દિવસ બધા મળીને ચોકમાં ઊભા ઊભા કાંઈક વિનોદ કરતાં હતાં. ત્યારે આસુરીજનો ઘનશ્યામ પ્રભુની સાથે ઈર્ષ્યા કરતાં હતાં. મનથી અકળાતાં હતાં. આમને જોઈને ફરીથી કહેતા હતા. તેથી હરિ બધાને આનંદ પમાડવા માટે વિચારવા લાગ્યા. લોકોના હિત કરવા માટે મનોરંજન વગર આનંદ કરાવવાનો નિર્ણય કર્યો. ત્યારે હરિ કહેતા હતા કે હું અને તમે બધા બરોબરિયા નથી. જેમ મદોન્મત્ત હાથી અને ભ્રમરો બરોબર થાય ખરા ? તેમ છતાં હું તમારી સાથે લડવા તૈયાર છું. અત્યારે જ લડવું છે. આ રીતનો દઢતાનો મંત્ર સાંભળીને એ વચનનું પાલન કરજો. જેમ લડાઈ કરે ત્યારે ઘાયલ થાય છે. હું બાળક છું તેથી કાંઈ દોષ નહિ થાય તે જોજો. અમે તો બાળકોની સાથે જ રમશું ત્યારે કાંઈ દોષ ન થાય ત્યારે બધાં બોલવા લાગ્યાં કે તમે બાળક છો છતાં કોઈ દોષ નહિ થાય તે અમને ખાતરી છે. તમે તો સર્વના લાલ છો. આ પ્રમાણે બધા જ વૃદ્ધો બોલતા હતા. જેઓ તમારી સાથે કાંઈ પણ અનીતિ કરે તો તરત જ તેને શિક્ષા કરવામાં આવશે. યોગ્ય જ થશે. ત્યારે તેમાં કેટલાક કહેવા લાગ્યા કે અતિ અનીતિ થાય છે. કેમકે આમની વય ઓજ ગુણને બરોબર યોગ્ય નથી. તેથી ખોટું થાય છે. કેટલાક કહે હરિ તો મહાન તેજસ્વી સમર્થ છે. પણ તમે તો તેને યોગ્ય રીતે સમજી શકતા જ નથી.

ત્યારે હરિ લડવા માટે ઊભા થઈ ગયા. હસતા થકા કપડાંથી કેડને કસીને બાંધતા હતા. ચંચળ નેત્રકમળથી ચારેબાજુ જોતા થકા જાણે લાલ મુખકમળ શોભતું હતું. બધાને ખેંચતું હતું. ત્યારે ખળજનો હરિની સાથે રમતો રમવા દાવ કરવા ઊભા થઈ ગયા. પોતાના હાથનાં બાવડાંને ઠોકીને શત્રુઓને પ્રેરણા આપતા હતા. પ્રચાર કરતા હતા ત્યારે શત્રુઓ ઊભા થયા. જેમ મોટો ભડભીમ ઊઠે તેમ ઉઠ્યાં. આમનાં મોટાં અંગોને જોઈને લોકો બધાને ધિક્કારથી જોતા હતા અને ખળજનો પ્રત્યે ધૃણા બતાવતાં હતાં. કેમકે હરિ તો નવ વર્ષની પૂરી ઉંમરના થયા નથી અને આ ત્રીસ વર્ષના છે તે યોગ્ય ન જ કહેવાય ત્યારે તે ખળ અસુરે ઊંચા હાથ કરીને હરિને પકડ્યા. ચંચલ ચિત્તથી શરીરને જમીનની સાથે જકડાવી દીધું. ત્યારે દુશ્મન ઠેકડો મારીને બળપૂર્વક હાથને ખેંચતો હતો અને શરીરને જોરપૂર્વક ખેંચતા હતા. હરિનું તન ચોંટી ગયું હતું ત્યારે જેમ મૂળમાંથી ઝાડ ઉખડે, મૂળમાંથી ભૂમિ ઉપર પડે, જેમ મોટો પહાડ ભૂમિ ઉપર પડે તેમ પડતા હતા. આ જોઈને બધાં જ મનુષ્યો હસવા લાગ્યાં ત્યારે ખળને મનમાં આગ લાગવા લાગી. ખૂબ જ ખીજાતો હતો. બળતો હતો. બળવાન ભલે પરાભવ પામે પણ મંદબુદ્ધિવાળા હાથી સમાન બળવાળા યોદ્ધા પછડાય એટલે એની શું સ્થિતિ થાય ? લડાઈમાં ખેંચાતાણમાં પછાડ્યો એટલે હાથમાં પીડા થવા લાગી એટલે હરિના પ્રતાપથી શત્રુને પીડાથી આંખમાં આંસુ આવ્યાં. તે જોઈને લોકો હસવા લાગ્યા. હાંસી કરવા લાગ્યા. કહેવા લાગ્યાં કે કયાં બાળપ્રભુ કમળસમાન કોમળની સાથે છળકપટથી લડવાનું તથા રમતમાં છળકપટનું આજ પરિણામ આવે. ગર્વથી આંધળો થયેલો માયાના અંજનથી અંધ બનેલો ભવ ભયનો નાશ કરનારા હરિની સાથે બાથ ભીડી તો ધંધ થવું પડ્યું. કાલિદત્ત ભટકાતો આથડતો હતો. છતાં બળવાન હરિની સામે થયો તો એને પછાડીને નાશ થયો. આ રીતના કૃત્યને જોઈને ઠેકાણે ઠેકાણે પ્રશંસા થવા લાગી અને ભગવાનના સખાઓ મનમાં અતિ આનંદ પામવા લાગ્યા અને આકાશમાં દેવોનાં દુંદુભી વાગવા લાગ્યા અને હરિના જય જય કરીને પોકારવા લાગ્યાં. ભાવપૂર્વક હરિની ઉપર પોપ સુગંધ યુક્ત ચંદન પુષ્પો વર્ષાવવા લાગ્યાં. આ રીતે શ્રીહરિએ ગંગેયમલનો કુસ્તીમાં કરુણાનિધિએ એનો હાથ તોડી નાંખ્યો એ લીલાને તમે હે પ્રતાપસિંહ રાજન પ્રશ્ન પૂછ્યો હતો. તેની કથા મેં તમને કહી સંભળાવી. તેથી તમારા પ્રશ્નનો ઉત્તર

થયો. આ રીતે સર્વના ઈશ્વર હરિનાં ચરિત્ર જોઈને બધા સ્ત્રીપુરુષો બાળકોનાં મન લોભાતાં હતાં. આ રીતે શ્રીહરિ લોશિશપુરમાં રહીને ઘણા દિવસ સુખ આપ્યાં. બધા રાજી કરી દીધાં. ફરી શ્રીહરિ માતાના મામાએ ખૂબ જ સન્માન કર્યાં રાખ્યા. ત્યાર પછી મોટાભાઈ રામપ્રતાપની સાથે પાછા તરગામ રામપ્રતાપ હરિને લઈને આવ્યા.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં ચોથા પૌગંડ રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિ લીલાચરિત્ર ઉછવની કથા વર્ણન કરીને કહી એ નામે એકવીસમો તરંગ થયો. ॥૨૧॥**

# તરંગ-૨૨

પ્રતાપસિંહ રાજા કહે છે, હે વર્ણિ ! આપ મને હવે ભગવાનનાં આશ્ચર્યકારક બીજાં ચરિત્રો કહો જે ચરિત્ર દિવ્ય હોય કે મનુષ્ય ચરિત્ર હોય તે સર્વે દિવ્યસમાન જ હોય છે તે મોક્ષ આપનારું છે. મનુષ્યચરિત્રનું નિત્ય ચિંતન કર્યા કરે. દિવ્યચરિત્રની સમાન પ્રાપ્તિ થાય છે. દિવ્યચરિત્ર તો અલૌકિક જ હોય છે. તેથી બંને પ્રકારનાં ચરિત્રનું જીવાત્મા ચિંતન કરે તો તે જીવાત્મા ભગવાનની કૃપાથી દિવ્યદેહને પામે છે અને ભગવાનના ચરણમાં વાસ થાય છે. તેથી હે મુનિવર આપ મને શ્રીહરિનાં મનોહર અલૌકિક જે ચરિત્ર હોય તે કહો. ચિભડાના ખેતરમાં ઘાસનું નિંદામણ કાઢીને ચિભડાનો પાક ચોખ્ખો કરવા ગયા ત્યારે જે આશ્ચર્યકારક ચરિત્ર થયું હોય તે કહો. સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! તમારું કલ્યાણ થાય. કેમકે તમે જે પૂછ્યું તે સારુ જ પૂછ્યું છે. તેથી નૃપાનંદ તમે જે પૂછ્યું તે જ ચરિત્ર આનંદમુનિએ મને હરિક્ષેત્રમાં કહેલું હતું તે જ તમને કહું છું.

હે રાજન્ ! તમે સાંભળો. તમારી સમજણ ખૂબ જ પવિત્ર ઉચિત છે. તેથી તમારા પુરાકુળનું કલ્યાણ થઈ જ રહ્યું છે. કેમકે જેમની આવી પવિત્ર દૃઢ સમજણ હોય તેને ક્યારેય હરિના ચરિત્રમાં ઉદાસીનતા અથવા અભાવ આવે જ નહીં. સાંભળવાનો ભાવ થયા જ કરે. એટલા માટે હે રાજન તમને શ્રી ઘનશ્યામ હરિનાં અલૌકિક પવિત્ર ચરિત્રો જે છે તે હું કહું છું. તેને સાંભળો. આ પ્રમાણે મુનિએ કહ્યું અને શ્રીહરિનાં ચરિત્રોનું સ્મરણ કરવા લાગ્યા. મહિમાથી ભરપૂર હૃદય ભરાઈ ગયું. ચરિત્ર જે સાંભળેલાં તે સર્વે હરિ કૃપાથી હૃદયમાં તાજાં પ્રગટ થવા લાગ્યાં. રામપ્રતાપ અને ઘનશ્યામ પ્રભુ તરગામમાં સુખશાંતિથી નિવાસ કરીને રહેતા હતા. ગ્રહસ્થ સમાજમાં પોતાના સસરા ખૂબ જ સમજુ અને વિવેકવાળા હતા. તેથી બધાંને પોતાના પુત્ર કરતાં વધારે સાચવતા હતા. હે રાજન્ ! તે રામપ્રતાપના સસરા જાતજાતની વસ્તુઓ ભરવા માટે પોતાના રહેવાના ઘરથી બીજા ઘરમાં ભેગી કરીને સાચવી રાખતા હતા. અનેક પ્રકારના પાકોને ઉત્પાદન કરીને રાખતા હતા. તેથી બલધિરામ સર્વને પોતાની દૃષ્ટિની સમાન સાચવતા હતા. રામપ્રતાપના સસરાએ રામપ્રતાપને આજીવિકાનો હક્ક આપ્યો. તેમાં ઘરનાં અનેક કામમાં જોડીને સાથે રાખ્યા. વ્યવહાર કામમાં માર્ગદર્શન આપ્યું. ઘરનાં અનેક કાર્યો રાખેલા સેવકો પાસે જ કરાવતા હતા. છળકપટ કર્યા વિના જ બધા કામો કરતા હતા અને ધર્મમર્યાદાનું પાલન કરતા હતા. ધર્મનો આશ્રય રાખીને વર્તતા હતા. કેટલાય સેવકોની પાસે પ્રભુ ખેતીનાં કામો કરાવતા હતા. ક્યારેક ક્યારેક ખેતરની શોભા કામગીરી જોવા હરિ પોતે પણ જતા હતા.

એક દિવસ રામપ્રતાપભાઈ ખેતરમાં ખેતીવાડી જોવા માટે જતા હતા ત્યારે ઘનશ્યામ પ્રભુ પણ તૈયાર થઈને રામપ્રતાપને કહે ભૈયા મારે પણ આવવું છે. જ્યારે મોટાભાઈને સાથે જવા માટે હરિ કહેતા હતા ત્યારે મોટાભાઈ કહે ત્યાં તમારું કાંઈ કામ નથી. ત્યારે હરિ કહે તોય મારે ત્યાં આવવું છે. ત્યાં થોડીવાર ફરીને તરત જ પાછા

ઘેર આવતા રહીશું. આમ મુખ મિલાવીને હરિ કહેતા હતા. મુખ ઉપર હાથ રાખીને નેત્રકમળને ઢાંકતા હતા. આમ ચરિત્ર કરતા હતા ત્યારે તોતડીયાવાણિથી ભાઈને કહે ત્યાં હું કાંઈ પણ વસ્તુને તોડીશ નહીં. આ પ્રમાણે વચન આપું છું. ત્યારે મોટાભાઈ મંદ મંદ હસતા થકા કહે. ચાલો સુંદર અંગોવાળા ભાઈ ખેતર જોવા માટે ચાલો ત્યારે મુખકમળને ખીલાવતા થકા હાસ્ય કરતા થકા મંદગતિથી કમળનયન હરિ ચાલવા લાગ્યા. ત્યારે ભાઈ કહે, હાથમાં હાથ પકડીને ભેળા ચાલવાનું છે. ચિત્તવૃત્તિને એકાગ્ર કરીને અમારી સાથે ચાલો ત્યારે મંગળરૂપ એવા બંને ધર્મનંદન કુમારો આભૂષણરૂપ ચાલતા હતા. શ્રીહરિ ભાઈની સાથે ખેતરમાં ગયા. ત્યાં ખેતરની શોભા જોવા લાગ્યા. ખેતરમાં ચિભડાં રોપ્યાં હતાં. ઓળમાં ઉગેલાં હતાં. તેને ભાઈની સાથે જઈને જોતાં હતાં. ખડની વચમાં ચિભડાં ઉગેલાં દેખાતાં હતાં. તે ઘાસ વધારે હતું. તેથી મોટાભાઈ ઘાસને ઉખેડવા લાગ્યા. ઘનશ્યામ પ્રભુ પણ મોટાભાઈએ કહ્યા પ્રમાણે ઘાસ કાઢતા હતા. પણ ઘાસ બહુજ હોવાથી કાંઈ ઉકેલ આવતો ન હતો, તેથી ઘનશ્યામે ચિભડાંને ઉખેડવાનું વિચાર્યું અને ઘાસને બદલે ચિભડીને મૂળથી ઉખેડવા લાગ્યા આ રીતે નિંદામણ કરતા હતા. ત્યારે હલધરભાઈએ પાછળ ફરીને નજર કરી, તો ચિભડી કરમાઈ ગયેલી જોઈ. એટલે રામપ્રતાપ ઘનશ્યામને કહે સુધારવાની જગ્યાએ બગાડયું. ઘનશ્યામ કહે મેં તો વિચાર કર્યો કે ખડતો ખૂબ જ છે અને ચિભડી થોડી છે. તેથી થોડું કાઢવું સહેલું. તેથી ઉખેડીને ચોખ્ખી કરી. તૃણથી દૂર કરી નાંખી. ત્યારે ભાઈ ઊભા થઈને જોઈને ઘનશ્યામને કહે, હે ભાઈ ! તમે આ શું કર્યું ?

ત્યારે હરિ કહે, હે ભાઈ હું શું જાણું. આની અંદર ઘાસ બહુ જ છે. અને ચિભડી તો થોડી જ છે. એટલા માટે ઘાસ વગરનું કરવું આનાં કરતાં ચિભડીને સ્વતંત્ર કરી નાંખી છે. ત્યારે મોટાભાઈ બેસીને હરિને દેખાડવા ઘાસ ખેંચવા લાગ્યા. સરલતાથી ચિભડાંના છોડ ઘાસ વિનાના કરીને બતાવ્યા. આ રીતે ચોખ્ખું કરવાનું. આ તો યુક્તિ કરીને કામ કર્યું છે. જે ઘનશ્યામ વિના બીજો કોઈ આવું કામ ન કરી નાંખે. ત્યારે રામપ્રતાપ ઘનશ્યામને કહે, તમે તો ખૂબ જ ખરાબ કામ કર્યું છે. કેમકે મૂળ ઉખેડીને છોડ બધા અધ્ધર કર્યાં. તે તમારા વિના બીજું કોણ આ કામ કરે. ઘનશ્યામ પ્રભુ કહે, મને નાનો જાણીને તમે દબાવો છો. ધમકાવો છો. દેવ તમે હું આ કામને જાણતો જ નથી તેથી તૃણ જેવાં જ બધાં ઘાસ લાગે છે. તેથી બધું સરખું જ લાગે છે. તેથી શું કાઢવું ને શું રાખવું? તે તમે જાણો. હરિને બોલવાથી રામની આંખો લાલ અરુણ વર્ણની થઈ ગઈ, આકૃતિ બદલાઈ ગઈ, મનમાં તાપ વધી ગયો. કેમકે છળકપટ સાચું ખોટું જ્યારે કાંઈક બને ત્યારે મોટાભાઈની પ્રકૃતિ તરત જ બદલાઈ જાય છે.

તે જ સમયે ચિભડાનાં રોપમાં નવા રૂપમાં જોયાં. હાથનો સ્પર્શ થયો. નવાં પાંદડાં પ્રગટ થયાં. તે બધાં છોડના જીવને તરવાનો વારો આવ્યો. નવા દેહને દિવ્યરૂપ મેળવી મુક્ત દેહવાળાં થયાં. શરીરની મુક્તિ પામેલાં હરિની સ્તુતિ કરવા લાગ્યાં. તરુણો કહે છે. આપના હસ્તકમળનો સ્પર્શ થયો. તેથી અમારો નવો જન્મ થયો. અમારાં બધાં જ દુઃખો દુર થયાં. આપ દુખભંજન છો. તેથી આપનો જય થાઓ. તમારા દર્શનથી બધાં જ ચિભડાનાં છોડો મુક્ત થયા. વૃક્ષવેલીનો જડ જન્મ છે તે મહા દુઃખનો ડુંગરો છે. તે જાણીને પુરુષોત્તમ નારાયણે અમારી ઉપર કૃપા કરીને દિવ્યસ્વરૂપો આપ્યાં. લાલકમળ સમાન હસ્તકમળ અને ચરણકમળનો સ્પર્શ કરી પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ પરબ્રહ્મે અમારી ઉપર અતિ કરુણા કરી છે. એમનાથી મોટું કોઈ છે જ નહીં. હે હરિ! આપ તો મહાસમર્થ છો. અમે તો સાવ અલ્પ સામાન્ય જીવો છીએ. તે છતાં અધમ ઉધાર પતિતપાવન આપ

છો. તેથી આપે અમને દિવ્યદેહ આપ્યો એ આપની દયા. પરતુ જે જીવાત્મા નિયમ પૂર્વક આપનું ભજન કરે છે એમના જન્મમરણના સર્વે દુઃખો મટે એમાં તો કાંઈ આશ્ચર્ય જ નથી. એ તો આપની લીલા છે. આ રીતે બધાં જ પામરજીવો દિવ્યશરીરને પામીને આકાશમાં છવાઈ ગયાં. તેને જોઈને મોટાભાઈને ખૂબ જ આશ્ચર્ય થવા લાગ્યું. આ બધાં ક્યાંથી દિવ્ય દેહવાળાં થયાં એ જાણતા જ ન હતા. તેથી ચકિત થયા. પોતાના નાના ભાઈનો મહિમા તો રામપ્રતાપને ખૂબ જ પ્રમાણમાં હતો. એ બધું જ જાણતા હતા. કેમકે મારા નાનાભાઈ પોતે પૂરણ પરિબ્રહ્મ સર્વોપરિ છે. તે છતાં આ જગતમાં મનુષ્યશરીરને ધાર્યું છે તે તો જીવોનો ઉદ્ધાર કરવા માટે જ ધારેલ છે.

હે ભાઈ ! હવે ઘેર ચાલો. ભગવાન હવે તો, તમને કાંઈજ ન કહેવાય આપ તો સર્વના તાત છો. આપનાં ચરિત્ર તો અકલ્પનીય છે. એને કોઈપણ કળી શકે તેમ નથી. આપ તો અલૌકિક મૂર્તિ જ છો. રામપ્રતાપ કહે છે, પોતાની યોગશક્તિએ કરીને મનુષ્ય શરીર ધારી હલધર બળદેવજી મહારાજને એમનું જ્ઞાન હરિ લીધું એવા આપ મહાન છો. બધા જ ભ્રમભાવવાળા થયા છે. પરિશ્રમ થયો છે. તેથી થાક છે. આપ તો અનંત છો. સર્વના જ્ઞાનને જાણવામાં સ્વતંત્ર છો. આ રીતે કહેતા થકા હરિની પાસે જઈને હલધર રામ કહેવા લાગ્યા કે ઘણો લાંબો સમય થયો છે. માટે હવે ઘર તરફ ચાલીએ. આમ કહીને મનુષ્યશરીરના નામે હાથ પકડીને મસ્તક ઉપર હાથ રાખીને નાનાભાઈ ઉપર નવો નવો પ્રેમભાવ કરવા લાગ્યા. મંદહાસ્યયુક્ત મુખકમળવાળા હરિ સાંજ પડેને કમળ કરમાય તેમ મુખકમળને ઢીલું કરીને મોં ચડાવીને ભાઈથી દૂર ચાલવા લાગ્યા. ત્યારે મોટાભાઈ કહે, મારા પ્રાણપ્રિય ભાઈ આપણે ચોખ્ખા માર્ગ ઉપર ચાલવું જોઈએ. તોય પણ હરિ પડખે ખરાબ માર્ગમાં વાંકીચૂકી ગતિથી ચાલતા હતા. હરિ અવળા ચાલતા હોવાથી મોટાભાઈની આંખો લાલ થઈ તે જોઈને હરિ હળવે હળવે કહેવા લાગ્યા.

હે હરિ ! તમે અવળા ચાલો છો. તેથી ભૂમંડળ ઉપર રહેલા દિગ્ગજો બધા ખળભળ થઈ જશે. સ્થિર સ્થાપવા માટેનાં ચાર રૂપો જે ઈશ્વરોનાં છે તે પણ તમારી આગળ થર થર ધ્રૂજે છે તથા ઉપરનાં સાત લોકો અને ઉપરનાં સાત લોક અંડજ બ્રહ્માંડો આડાંઅવળાં પડી જશે, પ્રત્યેક બ્રહ્માંડોના પ્રત્યેક ખંડમાં નવાં નવાં રૂપવાળા રાજાઓ તમારા પ્રતાપથી બ્રહ્માંડોને ધારી રહ્યા છે. સર્વ બ્રહ્માંડની સ્થિતિ તે તમારા પ્રતાપે જ છે. તે રામપ્રતાપભાઈ કહે, તમારા ખેંચાણને જોઈને આપ તો રાજાધિરાજ મહારાજા છો. તેથી આપને મળવું સરળ નથી. આપના અવળા ચાલવાથી અનંત કોટિબ્રહ્માંડોમાં અતિ દુઃખ થવા લાગશે. આવી રીતે નાનાભાઈ ઘનશ્યામને કહ્યું તોય વાંકાચૂકાં અવળા ચાલતા જતા હતા ત્યારે રામે દોડીને ઘનશ્યામને તેડી લીધા. ખૂબ જ હેત કરવા લાગ્યા. ત્યારે મોટાભાઈની શોભા નાના ઘનશ્યામને લીધે જે અધિકતા હતી એ સમયની શું વાત કરું ? હરિ તો મનુષ્યચરિત્રો કરતા હતા અને દિવ્યપણાને છુપાવીને બધાને ભરમાવતા હતા. અંશરૂપ એવા રામપ્રતાપે પરમ ગુરુ હરિને પોતાની પીઠ ઉપર બેસાડ્યા ત્યારે હરિના બંને ચરણકમળ લટકતાં હતાં. મોટાભાઈની પીઠ ઉપર અડતા હતા. હસ્તકમળને ઊંચા કરીને રાખેલા તે જાણે સર્પની માફક જણાતા હતા. તે બળદેવજીની પીઠ ઉપર અડતા હતા. હરિ ઈચ્છાથી ભૂમંડળમાં ઘડીએ ઘડીએ પ્રલય થાય ત્યારે શેશજી અનિરુદ્ધ રૂપે પ્રગટ થાય છે. જ્યારે હરિજળમાં આમની સાથે ક્રીડા કરે ત્યારે જાણે હરિઅવતાર લઈને જીવોનો ઉદ્ધાર કરાતા હોય તેમ હરિ રાત્રિના અંધકાર ઉપર પ્રકાશ અતિક્રમણ કરે તેમ અવતાર ધરીને અજ્ઞાન અંધકારને નાશ

કરી જ્ઞાનરૂપી પ્રકાશ કરે છે. હે રાજન ! બંને ભાઈઓ આ રીતે પોતાને ઘેર ચાલ્યા જતા હતા. એટલામાં સંકર્ષણ (રામ)ના પગમાં કાંટો વાગ્યો. જેથી ઊભા રહ્યા.

ત્યારે જાણે હરીને વેર હોય તેમ પોતાના અંશના ખભેથી નીચે ઉતાર્યા. હરિએ પોતાના કરકમળથી મોટાભાઈના પગમાં વાગેલો કાંટો સારી રીતે જોઈને બહાર કાઢ્યો. ત્યારે પછી ભોજનનો બરોબર સમય થયો ત્યારે પોતાના ઘેર આવી પહોંચ્યા. ત્યારે સુવાસિનિ રસોઈ બનાવતાં હતાં ત્યારે એને હરિને એ દિશામાં આવતા જોયા. હરિને અને રામપ્રતાપને દૂરથી જ આવતા જોઈને સુવાસિનિએ બંનેને સ્નાન કરવા માટે પાણી તૈયાર કરીને રાખેલ હતું. પહેરવા માટેનાં નવાં વસ્ત્રો તૈયાર કરેલાં જ હતાં. હરિએ આવીને તુરત જ પ્રથમ સ્નાન કરીને પરવાર્યા એટલે રામપ્રતાપ સ્નાન કરવા બેઠા. હરિએ પવિત્ર વસ્ત્ર ધારણ કર્યાં. રામપ્રતાપે પણ સ્નાન કરીને પવિત્ર વસ્ત્રો ધારણ કર્યાં. ભોજન કરવા બેઠા.

હેત સહિત બંને ભાઈ જમ્યા. શિરોપુરી શાક ભાત દાળ વિગેરે સારી રીતે જમીને તૃપ્ત થયા ત્યારે મુખ ધોઈને જળપાન કર્યું. ત્યાર પછી મુખવાસ સુંદર સ્વાદિષ્ટ લીધો.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં ચોથા પૌગંડ રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિ ખેતરમાં ગયા. ત્યાં આશ્ચર્યકારક ચરિત્ર કર્યું તેનું વર્ણન કર્યું એ નામે બાવીસમો તરંગ થયો. ॥૨૨॥**

# તરંગ-૨૩

રાજા કહે છે, હે મુનિરાજ ! શ્રીહરિ છપૈયાપુરના વનમાં ગયા ત્યારે કયા પ્રિયજનનું સારું કરવા માટે હરિએ પોતાના સહજ સ્વભાવના લીધે એની પાસે ગયા. કેવી રીતે ઘેરથી નીકળ્યા ? કોને વાત કરી ગયા તથા એમણે પોતાની સાથે કયા સખાને લઈ ગયા એ બધી વાતો મને સંભળાવો. આ પ્રમાણે પ્રતાપસિંહ રાજાએ પૂછ્યું.

સુવ્રત મુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજા તમે તો ખૂબ જ ધન્યવાદને યોગ્ય છો. કેમકે તમે તો ભગવાનનાં ખૂબ જ ચરિત્રો પૂછ્યાં છે. કેમકે જે જન આ ભગવાનનાં ચરિત્રને સાંભળે. તે તો આ જગતના જન્મમરણના બંધનમાંથી મુક્ત થાય અને ભગવાનના ચરણકમળના આશ્રયમાં પહોંચે છે. તે નિર્ગુણ માયાથી પર થઈ જાય છે. એટલા માટે તમે એકાગ્ર ચિત્ત થઈને સાંભળો. હું કહું છું. આમ કહીને વર્ણિ પણ મૌન રહીને હરિના ચરણમાં મનોવૃત્તિને જોડીને કહેવા લાગ્યા. જે જન આ રીતે ભગવાનના ચરિત્રમાં એકાગ્ર હોય તેને જ્ઞાનસિદ્ધ થઈ જાય છે. માયા બાધ ન કરે. શ્રીહરિ પોતે જ સર્વોપરિ છે. હરિ ઉપર કોઈ જ નથી. પોતે સ્વતંત્ર છે. સર્વજ્ઞાનના સમૂહને સિદ્ધ છે તે પોતે જ સર્વજ્ઞ છે. સ્વયં આનંદ રૂપ છે એમને કોઈ કળી શકે તેમ નથી. અનાયાસ આનંદ આપનારા છે. અનંત છે. સર્વથી પાર પોતે જ છે. શ્રીહરિ જીવાત્માઓના મોક્ષ કરવા માટે મનુષ્ય સ્વરૂપ ધરે છે. દર્શન આપે છે. બોધ આપવા માટે દિવ્ય અને માનુષી ચરિત્રોને કરે છે. પ્રભુનાં દશન સ્પર્શ સંબંધ પામીને ભજન કરે છે તેને શ્રીહરિ થોડાક જ કાળમાં મોક્ષગતિને પમાડે છે. હરિની કૃપા પામવા માટે અનંત જીવો જગતની હાંસી મશ્કરીને સહન કરતાં અપમાનને સહન કરે તેની સાથે હરિ સહવાસ કરે છે. જીવોને સુખ આપે છે. હરિને સારી રીતે ઓળખે છે. ભક્તિ કરે છે. એનામાં પોતાના ગુણોને ફેલાવે છે. સુખ આપે છે. હરિ આ રીતે પરમારથ કરે છે. બધા જ મનુષ્યોનું પ્રિય કરવા માટે જ કરે છે. બધાં જ મનુષ્યો કોઈ પણ પ્રકારે મોક્ષ

પામે એનું કલ્યાણ થાય તે જ જોયા કરે છે. હરિ જેવી રીતે જીવની સાથે હેત કરે છે તેને જગતના બધાં જ બંધનો આકર્ષણો છૂટી જાય છે. જગત એને ફજેત કરે તોય કાંઈ થતું જ નથી. હરિ મનુષ્ય શરીરને ધારણ કરીને વિચરણ કરે છે ત્યારે અનેક પ્રકારનાં ચરિત્રોને કરે છે. સમર્થપણું અસમર્થપણું જે કાંઈ બતાવે છે તે તો કેવળ જીવોનું પરમ કલ્યાણ કરવા અર્થે જ કરે છે. પોતાનો કાંઈ સ્વાર્થ હો તો જ નથી. એજ એમની મહાનતા છે.

ભગવાનના ભક્ત પોતાના સુખ માટે કાંઈ પ્રયત્ન નથી કરતો એના માટે હરિ પોતે જ ચિંતા કરે છે. પરબ્રહ્મ પરમાત્મા તો કેવળ પોતાના આશ્રિતજનોના જીવોના હિત ખાતર જ જગતમાં વિચરણ કરે છે. એના પરમારથનું જ કાર્ય કર્યા કરે છે. આ રીતે લોકોનું મંગળ કરવા જગતના કાર્ય માટે એક વખત હરિ એકલા જ નીકળી ગયા અને સુવાસિનિના ભાઈના ઘેર કોઈ કામ માટે ભાઈ ગયા હતા ત્યારે હરિ એકલા જ ચાલ્યા. તે જ સમયે દેવગુરુ બૃહસ્પતિ તથા દેવરાજ ઈન્દ્ર આવીને હરિને મહારાજ ઈન્દ્ર કહેવા લાગ્યા, હે હરિ ! આપ પરમારથના માર્ગ ઉપર વિચરણ કરો છો. આપ આ ભૂમિ ઉપર ધર્મદેવને ઘેર જગતના કલ્યાણ માટે જ પ્રગટ થયા છો એ આપ જાણો જ છો હે હરિ ! આપ તીર્થોમાં વિચરીને પવિત્ર કરતા થકા તીર્થોમાં અધર્મ વ્યાપેલો છે. કલિકાલના પ્રભાવથી તે અધર્મનો નાશ કરીને પવિત્ર કરશો. અતિ નિર્બળ થયેલા દેવો અને મુનિજનો શૌર્યબળ આપીને એમને બ્રહ્મપદને પ્રાપ્ત કરવા સમર્થ કોઈ નથી. તેમને આપ આપના પ્રતાપથી બળ આપશો. હે પ્રભુ ! આપ તો બ્રહ્મણ્ય દેવોને દેવત્વ આપીને (યજ્ઞયાગાદિ કરીને દેવોને તૃપ્ત કરશો.) દેવો મુનિઓને અભય પદ આપશો. તે નિશ્ચિત જ વાત છે. આપ ભૂમિ ઉપર વિચરણ કરીને ભૂમિખંડમાં કળિયુગમાં સતયુગના કર્મો કરીને સતયુગમય વાતાવરણ કરી અને અધર્મને ઉખાડીને સધર્મ સ્થાપશો. મનુષ્ય સ્વરૂપ ધારીને અધર્મનો નાશ કરવા ધર્મને સ્થાપન કરીને પાપી ખળો નાસ્તિકોનાં બળને કાપનારા જેને સાચો ધર્મ સમજાય તે હાથ જોડીને મતવાદીઓના જુંડમાંથી છુટા પડીને બળને હણનારા એવા આપ મહારુદ્રયાગ અતિ રુદ્રયાગ કરીને ફરી પાછો વિષ્ણુયાગ આદિ કરીએ વૈષ્ણવધર્મ સ્થાપનારા જગતમાં યોગ ધારણા કરીને બ્રહ્મસ્થિતિ સ્થાપન કરીને જગતમાં લોકોનાં કુછંદોનો વ્યસનોને તોડનારા આપ સર્વોપરિ છો. જ્યારે દિવ્ય ઉદય થયો ત્યારે દેવોએ ગુરુની સાથે હરિનાં સુગંધિત દ્રવ્યોથી પૂજન કર્યું. ચરણકમળમાં કમળપુષ્પોથી પૂજન કર્યું. ત્યાર પછી મલયાગર ચંદન, સુગંધી પદાર્થો ચડાવ્યાં. ફૂલોના હાર પહેરાવ્યા. બાજુબંધ ફૂલના ગજરા બાંધ્યા. કર્ણ ઉપર તોરા ગુચ્છો લગાવ્યા. મસ્તક ઉપર શિર પેચ ધારણ કરાવ્યું તે સુગંધથી ખૂબ જ સુવાસ ફેલાવતું હતું. પૂજન કરીને હરિના ચરણકમળનો સ્પર્શ કરીને દેવગુરુ નમ્રતાપૂર્વક થઈને ઊભા, રહ્યા ત્યારે હરિ થોડુંક કહેવા લાગ્યા. હવે થોડા જ સમયમાં તમારી ઈચ્છાઓ બધી પૂર્ણ થશે જ. અમારી ઈચ્છા મુજબ થયા કરશે. આ રીતે દેવગુરુ વર મેળવીને બધા પોતપોતાના સ્થાને ગયા ત્યારે હરિએ પણ નિવાસ કરવાનું તથા વનવાસ કરવો. તીર્થ કરવા પ્રયાણ કરવાનો નિર્ધાર કરી લીધો.

તે જ સમયે સુવાસિનિ ભાભી આવ્યાં અને પોતાના દિયરને જોઈને મનમાં આનંદ પામ્યાં. આનંદ મનવાળાં હરિને પૂછવા લાગ્યાં કે આ અતિ સુગંધી પદાર્થોથી આપને કોણ પૂજવા આવેલ. મનમાં રાજી થઈ તો ગયા ને કોણ હતા. આ રીતે કહીને પ્રેમદા હરિને પોતાની છાતીસરખા તેડીને પરમસુખ પામવા લાગી. આનંદના પુરના સમુદ્રમાં ઉછાળા મારવા લાગી. સુખ પામતી હતી. તે જ સમયે રામપ્રતાપ પણ ઘેર આવી ગયા તરત જ હરિને સુગંધથી મહેકતું શરીર જોઈને તરત જ મનમાં વિચાર કરવા લાગ્યા. આ દેવતાઓનાં પુષ્પોથી પૂજાયા

છે તેની સુગંધ શરીરમાં જામેલી છે. તેજ હરિના જસને ગાયા કરે છે. કે જરૂર હરિને બધા દેવો મુનિજનો દિવ્ય ઉપચારોથી પૂજીને ગયા છે. હરિને કહેવા લાગ્યા કે હે પ્રાણ પ્યારા મારાવાલા! આપને કોણ હોશિયાર પૂજીને ગયાં તે તો કહો. ત્યારે હરિ મનમાં રાજી થતા થકા કાંઈ બોલતા ન હતા. પણ મોટાભાઈનાં ખોળામાં જઈને બેસી જતા હતા. પ્રમોદ કરતા હતા.

એટલામાં હરિના મિત્ર નંદુ હરિને બોલાવવા આવ્યા, ત્યારે હરિ ઉઠીને નંદુની સાથે ગયા. પુરની વચમાં એક ચોતરો હતો. ત્યાં બધાં રમતો રમતા હતા. ત્યાં બધાં બાળકો હરિને મળ્યાં. હરિની સાથે રમવા મનમાં બાળકો માનતા હતા. કહેતા હતા. સારંગે હરિને વિનંતી કરી પણ હરિ ના પાડતા હતા. ત્યારે સારંગે પૂછ્યું કેમ રમવાની ના પાડો છો ? ઉત્સાહ નથી માટે મારે રમવું નથી ત્યારે પૃથ્વી પાલ, પ્રાગ, ભવાનિ આ બધાને તમારી સાથે રમતો રમવાની ઇચ્છા હતી તથા દિનબંધુ મંડન બધાનો ખૂબ જ રમવાનો ભાવ હતો. ત્યારે હરિની પાસે આવીને બધા મિત્રો બેઠા ત્યારે હરિ તે બધાની આગળ એમની પ્રત્યે અમૂલ્ય વચનો બોલવા લાગ્યા. અત્યારે મારે રમવાની કોઈ ઇચ્છા જ નથી. મારે તો જગતનું ભરણપોષણ કરવાનું છે. જગતના વ્યવહારનાં કાર્યો કરવાનાં છે. બ્રહ્માજીની પાસે જગતની ઉત્પત્તિ કરવાનું જવાબદારીનું બંધન છે. તેનાથી કોઈ છુટવા માંગતા જ નથી. બંધનમાં બંધાયા રહેવાનો ઉપાય કરે છે. મુક્તિનો કોઈ માર્ગ અપનાવતા જ નથી. આવા અજ્ઞાની આત્માઓ છે. અમારી રૂચિ તો જે છે તે હું તમને હવે કહું છું. માટે તમે બધા જ સાંભળો. મારે તો હવે તપ કરવું છે અને તપ કરીને ભગવાનને રાજી કરવા છે. વનો પર્વતો સરોવર નદીઓના કાંઠે રહેવાની સામાન્ય રીતે રૂચિ થયા કરે છે. એ માટે પ્રયત્ન કરવાના છે એવી અમારી રૂચિ વર્તે છે. હરિ મિત્રોને પોતાની રૂચિ કહી સંભળાવી. ત્યાર પછી રમતો રમીને મિત્રોની ઇચ્છા પૂરી કરીને હરિ ફરી પાછા ઘેર આવ્યા. પવિત્ર રાતના સમયમાં સંધ્યાકાળના સમયે જગતના હિત કરવા માટેની દીવાઓની જ્યોતિ બળતી હતી તે સુંદર લાગતી હતી. સુખ શાંતિ સંપત્તિના કારણે હરિકૃષ્ણ પ્રભુ જ્યાં ખૂબ સાત્ત્વિક શાંત એકાંતિક ભાવવાળા ભક્તો રહેતા હોય ત્યાં જ વસે છે. કેમકે વગર સંપત્તિવાળા સામાન્ય જીવો ખૂબ જ શોભે છે. તેની જ સામે સંપત્તિ કેવી શોભે તેની તો શું વાત જ કરવી. ગરીબની પાસે સંપત્તિ શોભે જ નહિ.

આ રીતે વિચાર કરીને સંધ્યાસ્નાન કરીને ઊભા રહ્યા ત્યારે સુવાસિનિએ પાક તૈયાર કર્યો અને હરિને જમાડીને તૃપ્ત કર્યા. ત્યાર પછી હરિને પોઢવા માટે સુખસૈયા બિછાવીને તૈયાર કરીને પ્રેમથી જે પલંગ ઉપર પ્રભુ પોઢતા તે  સુંદર શય્યા તૈયાર થઈ જોઈને હરિને આંખમાં ઉંઘ દેખાવા લાગી. ત્યારે સુવાસિનિએ હરિને પ્રેમ કરીને સારી રીતે પોઢાડતાં હતાં. હરિ પોઢ્યા ત્યારે એમને પાતળું સફેદ વસ્ત્ર ઓઢાડ્યું. એવી રીતે કાયમ હરિની સેવા કરવામાં સુવાસિનિ મનના પવિત્ર ગંગાના તરંગોની માફક સેવામાં રમતી હતી. રામપ્રતાપની સય્યા તૈયાર કરીને પછી પોતાની પથારી તૈયાર કરી પછી પતિની સેવા કરવા માટે કાયમ તત્પરતાથી તૈયાર જ રહે છે. મનથી જ સેવા કરે છે. હરિને પોઢ્યા પછી રામપ્રતાપ ભૈયા પણ પલંગમાં પોઢ્યા અને સફેદ વસ્ત્ર ઓઢી લીધું. શાંતિથી સુવાસિનિ પણ અલગ પથારીમાં શયન કરવા ગઈ. શયન કરતાં હરિનું સ્મરણ કરતાં થકાં સુતાં હતાં. ભગવાનને વિષે અડગ પ્રીતિ હતી તેથી ઘનશ્યામ હરિનું કાયમ ધ્યાનપૂર્વક સ્મરણ કરતાં હતાં. હરિની ઉપાસના કરતાં હતાં.

જ્યારે બધાં જ સેવકો સહિત ભરનિદ્રામાં સુતેલાં હતાં. વાતાવરણ શાંત હતું ત્યારે અડધી રાત્રી ઉપર આઠ ઘડી થઈ હતી ત્યારે શ્રીહરિ પાપનો નાશ કરવાના હેતુથી જાગ્રત થયા. ત્યારે હરિએ પોતાના અંગોમાં ધારેલાં આભૂષણો હસ્તકમળનાં ચરણકમળનાં કંઠનાં બધાં જ ઉતારીને વસ્ત્રમાં પોટલી બાંધી દીધી. ત્યાર પછી વસ્ત્રો અને આભૂષણો પલંગની પથારી ઉપર નાંખીને શરીરને સંકોચાવીને છુપી પગલિયે ઉતાવળી ગતિએ ચાલતા થઈ ગયા. ઘેરથી નીકળીને શ્રીહરિ પુરથી બહાર નીકળ્યા ત્યારે કોઈ જાગતું જ ન હતું. તેથી કોઈને જાણ થઈ જ નહીં અને હરિ છપૈયાપુરની રાહ શોધીને તે માર્ગ ઉપર ચાલવા લાગ્યા. નિર્ભય થકા જવા લાગ્યા. હરિ ચાલતા ચાલતા છપૈયાપુર પહોંચ્યા ત્યારે દિવસ બે ઘડી ચડેલો હતો ત્યારે છપૈયામાં નિધિ નામનો વિપ્રનો પુત્ર હરિનો સખો મળ્યો તથા બીજા ભૃગુ મળ્યો. આ બંને મિત્રોને હરિ કહેતા હતા હવે હું વનમાં તપ કરવા જાઉં છું. મારે એ જ કરવું છે. કેમકે અહીં આપણને પ્રિય એકાંતસ્થાન ન મળે એટલે એકાંતમાં વિચારોને આચાર કરવા ચાલવા મંડવું છે. ત્યારે હરિ કહે આમ કે તેમ હવે તો ચાલવું જ છે. અજર અમર પાસે કાંઈ છે જ નહિ, પાસે કાંઈ રાખવું નથી એ તો આપોઆપ મળશે પણ તમો મિત્રતા તો ખાસ રાખજો. તમે બંને ચાલો ત્યારે તે બંને હરિની સાથે વનમાં જવા લાગ્યા. વનમાં જતાં માર્ગમાં કોઈ કોઈ માણસો મળતાં હતાં તેઓ પૂછતાં હતાં તેને ઉત્તર આપતા જતા હતા. સમજાવી દેતા હતા. આ રીતે હરિએ છૂપા વનમાં પ્રવેશ કર્યો ત્યારે હરિના મનમાં ખૂબ જ આનંદનો ઓઘ આવેલો. હરિ વનમાં આગળ ચાલ્યા જતા હતા. એમની પાછળ મિત્રો પ્રવેશ કરતા હતા. વનની શોભા જોઈને ચાલતા હતા ત્યારે અનેક મૃગોને (હરણો) જોતા હતા. તે બધાં હરિને જોઈને ચંચળતાથી ચાલ્યાં જતાં હતાં. અનેક પ્રકારનાં ફળો આવ્યાં ત્યારે ત્યાં ફળો ખાધાં અને પછી પાણી પીધું તે રાત્રિ વનમાં રહ્યા. વન જેમને પ્રિય છે એવા હરિ તેમની સાથે સેવા કરવા માટે ભૃગુ સારો સેવાભાવી મિત્ર હતો.

પોતાના વસ્ત્રોથી સખાઓએ હરિ માટે શય્યાની પથારી તૈયાર કરી નાંખી તે સુંદર બિછાના ઉપર શ્રીહરિ સુંદર રીતે શયન કરીને પોઢ્યા. પછી ભ્રુગુ પ્રભુને કહે કે હે ઘનશ્યામ ! ચાલીને આખો દિવસ આવ્યા તેથી થાંક તો હોય જ. રાતભર ચાલે તોય તરગામ માંડ આવે એમ છે તો આરામ કરી લ્યો. ભૃગ નિધિને કહે છે કે આપણાં ધન્યભાગ્ય છે. કેમકે લોકોનાં કલ્યાણ કરવાના નિમિત્તે હરિરૂપ નિધિ મળી છે તે હરિની સંગતિ તે આપણે તપ કરવાનો લાભ મળશે. હરિનો સંગ તે તો જીવનનો રથ પાર પામવા માટેનો માર્ગ છે. કલ્યાણ તો તેને કહેવાય જ્યાં હરિ હોય, ત્યાં પહોંચે એટલે કલ્યાણ થાય છે. તેને ફરી જગતનાં જન્મમરણમાં ન આવવું પડે. તે જ હરિના સંગનું મહત્ત્વ છે. આ રીતે બંને મિત્રોને વાતો કરતાં કરતાં અડધી રાત વીતી ગઈ ત્યારે હરિ અચાનક જાગી ગયા. મિત્રોને હિત કરવા હરિ કહેવા લાગ્યા. ભૃગુ નવનિધિ ખૂબ જ તમારી ઉપર રાજી થઈ છે. કેમકે તમે અમારી સેવા કરો છો એટલા માટે અચાનક જાગી ગયો છું. ત્યાર પછી હરિ જાગતા રહ્યા અને મિત્રો પોઢી ગયા. રાત્રિના સમયે વસ્ત્ર ઓઢીને નિદ્રાધિન થયા. હરિ પવિત્ર સ્વસ્તિક આસન બાંધીને બેઠા અને સ્વસ્થ ચિત્તવાળા મનોહર કરુણામૂર્તિ શોભવા લાગ્યા. ત્યારે નવનિધિ આવી અને અષ્ટસિદ્ધિ પણ આવી. એમણે સુંદર ચોરીઓ અને તોરાઓ પહેરેલાં શોભતાં હતાં, તે સમયે હરિએ એને જોઈ તેણીનીએ હરિને નિરખીને નજરમાં ઉતારી લીધા. હરિને પ્રાર્થના કરીને સેવાની માગણી કરી.

દેવગુરુએ રિદ્ધિ સિદ્ધિ પ્રેરણા આપીને હરિની સેવા માટે મોકલેલ ત્યારે તેઓ વર્ણિન્દ્ર મહા યોગેશ્વરને જોઈને

દર્શન કરીને ચરણસ્પર્શ કર્યાં. ત્યારે પૂર્વદિશામાં સૂર્યનો અરુણોદય થયો. અજવાળું થવા લાગ્યું. અંધારાનો નાશ થયો જે હરિના ચરણકમળનો ભાવથી સ્પર્શ કરે તેના પાપો નાશ પામે છે. પુણ્યનો ખૂબ જ વધારો થાય છે. પુણ્યશાળી થાય છે. ત્યારે સખાઓ જાગ્યા અને હરિનાં દર્શન કરીને ચરણસ્પર્શ કર્યા. ત્યારે હરિ કહે હવે ચાલો ત્યારે બધાં હૃદયમાં આનંદ કરતા થકા ચાલવા લાગ્યાં. સુંદરવર ઘનશ્યામ હરિવર પૂર્વ દિશા તરફ જોઈને ચાલતા હતા. તે તરફ સુંદર જળનો આશ્રય જોઈને ચાલતા હતા ત્યાં સ્નાનવિધિ કરીને નિત્ય નિયમવિધિ કરવાનાં હતાં. આવી રીતે ઘરેથી નીકળી વનમાં ગયા અને વનમાં જ રાત રોકાયા. તે રાતમાં જે ચરિત્ર કર્યાં તે ઘનશ્યામ પ્રભુનાં ચરિત્રો મેં તમને કહ્યાં હે આનંદ રાજન હું તમે બીજો જે તરગામમાં ચરિત્ર કર્યાં તે હવે કહું છું તેને તમે સાંભળજો.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં ચોથા પૌગંડ રત્નમાં સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારી રચિત છંદભાષામાં હરિ વૈરાગય યુક્ત થઈને છપૈયાના વનમાં પ્રવેશ કર્યો તે લીલાનું વર્ણન કર્યું એ નામે ત્રેવીસમો તરંગ થયો. ॥૨૩॥**

## તરંગ-૨૪

આનંદ રાજા કહે છે, હે મુનિવર શ્રીહરિ વનમાં ગયા તે પછી અયોધ્યામાં શું થયું એ કહો તથા હરિના વિયોગથી પ્રિયસખાઓ તથા સુવાસિનિ રામપ્રતાપ ભૈયા હરિ વિના આમનું શું થયું. માતાપિતા પણ અયોધ્યામાં કેવી રીતે વિરહમાં રહેતાં હશે તે કહો તથા હરિવનમાં કોની સાથે રહ્યા તથા હરિનો બધાની સાથે મેળાપ તે ક્યારે થયો એ બધું આપ મને કહો.

સુવ્રત મુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ તમે જે મારી પાસેથી વાત પૂછી હતી. તે તો મેં કષ્ટ કરીને પણ કહી છે. આગળ કહું છું. શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ કરુણાનો સંવેદ વર્ણવીને હરિ બધાયને છોડીને ચાલ્યા ગયા. હરિ તો કોમળમાં અતિ કોમળ છે અને કઠીનમાં અતિશય કઠીન થતા હોય છે એમ કહેવાય છે. સારા મિત્રોની સાથે સારા મિત્ર થઈને રહે છે અને બધાનાથી અલૌકિક મનવાળા ન જાણી શકાય એવા ગંભીર પણ ખૂબ જ હોય. છે. સવારમાં વહેલાં સુવાસિનિ ભાભી ઉઠીને હરિના મુખનાં દર્શન કરવા પથારી પાસે ગયાં પણ ઉઠીને જોયું પણ પથારીમાં ક્યાંય હરિને ન જોયા ત્યારે સુવાસિનિએ બહાર જઈને જોયું. બહાર પણ હરિને ક્યાંય ન જોયા ત્યારે હરિના ભાઈની પાસે જઈને હરિની વાત કહી સંભળાવી શય્યામાં તથા બહાર ક્યાંય પણ હરિ હોય તો તમે જુવો આ સમયે ક્યાંયક ગયા હોય તો તપાસ કરો.

સુવાસિનિએ હરિની પથારી પાસે આવીને વસ્ત્રમાં પોટલી બાંધીને આભૂષણો રાખેલાં તે ખોલીને જોયું તેમાં મોટાં નાનાં બધાં આભૂષણો હતા. કંદોરો બાજુબંદ હાર વિગેરે બધાં આભૂષણ પડેલાં હતાં તથા વસ્ત્ર બધાંનો ત્યાગ કરીને પોતાની ઈચ્છા પ્રમાણે ગયા હતા. અમારો પણ ત્યાગ કર્યો હતો. સુવાસિનિ કહે હે મારા પ્રિય પ્રાણ પ્યારા પ્રભુ આપ તો અમારા પ્રાણ છો. અમને ભવસાગરના કૂવામાં ઉતારીને અંધારામાં મૂકીને ચાલ્યા ગયા. હરિના વિરહમાં મોટાભાઈ રામના નેત્રમાંથી આંસુનો પ્રવાહ વહે છે. તેનાથી પહેરેલાં વસ્ત્ર પણ ભીંજાઈ જાય છે. આ રીતે વિલાપ કરતાં કરતા વિચારે કે હરિને ક્યાં શોધવા ? કઈ જગ્યાએ જવું ? બહાર જઈને કોઈ લોકો સાથે વાત કરું કાંઈક ઉપાય કરું. ઉદાસ થયેલા વિરહમાં ડુબેલા પતિને જોઈને સુવાસિનિ પણ મૂર્છાવશ થઈને ભૂમિ ઉપર પડી ગયાં કોઈ જાતનું ભાન ન રહ્યું.

હરિના વિરહમાં અંગો ઉદાસ થઈ ગયાં ક્યારે આવે ને હું જોઉં એમ આતુરતાથી બધાં અંગો પણ તપી ગયાં. કાંઈ પણ ઉરમા આંસુ પણ ન આવ્યાં. બળભાઈની સાથે પુરનાં જનો પણ હરિની શોધમાં જોડાયાં. બધાય પ્રિયજનો કહે, ચાલો આપણે બહાર જઈને શોધ કરીએ. આ રીતે દશે દિશાઓમાં સેવકોને મોકલીને તુરત દોડીને જવા લાગ્યા. સખાઓ પણ શોધતા હતા પણ હરિ ક્યાંય ન મળ્યા. દૂર દૂર સુધી જોયા પણ પતો ન લાગ્યો. ત્યારે રામે ચિત્તમાં ઊંડો વિચાર કર્યો કે હરિને શોધતાં શોધતાં સવાર પડશે તોય હરિ ન મળે કેમકે મારા નાના ભાઈ છે. એમના સ્વભાવમાં કેવળ ત્યાગ કરવાની જ વૃત્તિ છે. મન પણ તપ કરવાના સ્વભાવવાળું છે. ત્યારે રામપ્રતાપ છપૈયાપુરના માર્ગે ચાલતા થકા વિચાર કરતા હતા કે જરૂર હરિ વનમાં જ ગયા હશે. હરિ મનમાં તપ કરવાનો જ વિચાર કરતા હતા. એમને તપમાં જ પ્રેમ હતો. રામપ્રતાપે છપૈયા જઈને સારંગને તથા નંદુ આદિ હરિના મિત્રોને જઈને પૂછ્યું કે તમને હરિ કાંઈક કહીને ગયા છે. તમે કાંઈ જાણો છો. બ્રહ્મવાદી કઈ દિશામાં ગયા છે તે તમે જાણો છો ?

હે ભાઈ ! તમે અમારી વાત સાંભળો. હરિ અહીંથી સવારમાં ગયા છે. એમને તપ ત્યાગ અને વૈરાગ્યની રૂચિ જ હતી એ પ્રમાણે કહ્યા કરતા હતા. અમે તો જાણતાં હતાં કે કલ્યાણ શું વસ્તુ છે. કલ્યાણમાં શરીરનું કાંઈ સંબંધ રહેતો જ નથી એમ એમની વાત છે. અમે અજર (બ્રહ્માની) પાસેથી કોઈ આશા નથી રાખતા એ પણ માયાના બંધનમાં છે. એ પણ મુક્તિ મેળવી નથી શકતા એમને પણ મુક્તિ દુર્લભ છે. આ રીતે રામપ્રતાપે બધી જ વાતો સાંભળીને કહેવા લાગ્યા કે હરિ છપૈયાની સમીપમાં જ ગયા હશે. જ્યારે રામપુરમાં પ્રવેશ કરતા હતા ત્યારે બધાં પ્રિયજનો આવીને મળ્યાં. બધાં કુશળ સમાચાર પૂછતાં હતાં. ત્યારે રામ કહે તમે ઘનશ્યામને જોયા છે. ત્યારે કહે અમે તો ઘનશ્યામને નથી જોયા. અમને તો ખબર જ નથી ક્યારે ગયા. સુખધામ પ્રભુ ક્યાં ગયા ? અમે નથી જાણતા. તેમાં કોઈક કહેતું કે નિધિ અને ભૃગુનાં માબાપ શોધવા માટે ક્યારનાં ગયાં છે પરંતુ હજી આવ્યાં નથી. ત્યારે રામ મનમાં અનુમાન કરવા લાગ્યા. કે હરિ સંકેત કરીને ગયા છે. એટલામાં કોઈ આવીને કહે મેં દેખ્યા છે. તેઓ વનમાં માર્ગે બાળકોની સાથે જતા હતા. દિવસ પ્રહર વિતવા આવેલો તે સમયે વનમાં જતાં જોયા હતા. ત્યારે બધાં જ પુરનાં જનો ઘરડાં યુવાન પૌગંડ વયના ઘનશ્યામના બાળસખાઓ વનના માર્ગે દશે દિશામાં ખોળવા માટે ગયાં. પરિવારજનોને મનમાં પીડા હતી. મહાદુખ થતું હતું. ઘનશ્યામ, હરિ, હરિકૃષ્ણ કહીને ઊંચે સ્વરે પોકારતાં હતાં. ખૂબ જ ભૂખ તરસથી પીડાતાં થકાં કોઈ પરવા કર્યા વગર વન વનમાં ફરતાં થકાં મનમાં પીડાતાં શોધતાં હતાં. આ રીતે હરિના હિતેચ્છુઓ હરિને ચારેબાજુ ખૂબ જ શોધતાં હતાં. બધાં લોકો સાંજ હરિ ન મળવાથી થઈ છતાં પાછાં પોતાના ઘેર આવ્યા. છપૈયાપુરનાં લોકોનાં પ્રિયજનો એમના સખાઓ હરિના મિત્રો તરગામના જે હતા તેઓ હરિને શોધવા કેમ ન ફરવું જોઈએ એમના માટે શોક કરતા હતા. ત્યારે બધા મિત્રો ઊંચે સ્વરે સંધ્યા સમયે ઘનશ્યામને સંભારીને બોલાવતા હતા. બધાં જ શોકના સાગરમાં ડુબવા લાગ્યા. છપૈયાપુરના બાળસખાઓ હરિને સંભારીને રોવા લાગ્યા. ઊંચા સ્વરે પોકાર પાડવા લાગ્યા.

તે જ સમયે એક હરિના સખા છપૈયાપુરના રહેનારા હરિના પદની રેખાઓને શોધતા થકા ખૂબ જ દૂર દૂર ચાલ્યા ગયા તોય હરિ મળ્યા જ નહીં. ત્યારે અવિનાશ સખા કહે તમે હરિને ખોળતા થકા અત્યારે ક્યાંથી આવ્યા. મોટાભાઈ બલભ્રાત આદિ તથા મામા એમના મિત્ર ત્યારે બધાં જ ખોળતાં થકાં તમારી તપાસ કરવા અહીં આવેલાં. કહેતા હતા કે સવન તમે સાંભળો. હું કોઈનાંથી રોકાયો રહેવાનો નથી. માટે બધાને કહી દેજો. ત્યારે સવન કહેવા લાગ્યો કે મને પણ સાથે લઈ જાવ ત્યારે હરિ કહે, મારી મરજી લોપીને નહિ આવવાનું મારા

પ્રસંગને ન બગાડીશ પાછો જા. ત્યારે પાછળ રહ્યા. ભગુ અને નિધિ તેઓ વનમાં દૂર સુધી ચાલ્યા ગયા ત્યારે. હરિ તેઓની સહાય કરવા હરિ ચાલતા થયા. એક પ્રહર સુધી રાતે ચાલ્યા ત્યારે કાંઈ દેખાય જ નહિ. એમ ઉત્તર દિશા તરફ ચાલ્યા ત્યારે હરિએ વન ભવનને જોયું. એક મોટો ઘાટો વડનું વૃક્ષ જોવામાં આવ્યું. વડ પાસે આવ્યા તો ત્યાં પાણીથી ભરેલું સારા ઘાટ બાંધેલું સરોવર જોવામાં આવ્યું ત્યારે તે વડ અને સરોવરે વનસહિત બધાં જ ત્યાં રહીને હરિની સાથે બધાએ આરામ કર્યો. આટલા સુધી વાત કરી. હવે પછીથી કહીશ અત્યારે વિરામ રાખો. ભૃગુ અને નિધિ સખાઓ જ્યારે હરિને ન દેખે ત્યારે ઊંચે સ્વરે હરિને બોલાવે આ રીતે પોકારવા છતાં જવાબ ન મળે એટલે થાકેલાં જ્યાં અનુકૂળ જગ્યા લાગે ત્યાં રોકાઈ જ ગયા. ત્યારે ખોળતાં ખોળતાં લોકો પણ ત્યાં આવી ગયાં. આવીને ભૃગુ અને નિધિને મળ્યાં. બંનેને બધાં પૂછવા લાગ્યાં ત્યારે તે બંને જણે વિસ્તારથી વાત કહી અમને પણ છોડીને ચાલ્યા ગયા છે માટે અમે નથી જાણતા ક્યાં ગયા. ભૃગુ અને નિધિ કહે, હરિની સાથે અમે એક બે દિવસ રહ્યા. આજે અમને નજરે જોવામાં આવ્યા નથી. તેથી અમારે જ નજરમાં અંધારું થઈ ગયું છે. અમે ઘણા બધા સાદ પાડ્યા પણ કોઈ સાંભળ્યા પણ નથી. વને ખૂબ જ ઘાટું છે. તેમાં હરિ ઘનશ્યામ ક્યાં ગયા તેની ખબર નથી પડતી.

અનંત મૂર્તિ હરિને અંગમાં વૈરાગ્ય ખૂબ જ છે. પ્રભુને કોઈનો સંગ લાગે તેમ જ નથી. ગમે તેવો ઉતાવળો ચાલનારો હોય તેવા કારુણ્યમૂર્તિ હરિની સાથે ન ચાલી શકે. હરિ તો સામાન્ય રીતે એકલા જ ચાલનારા છે. કોઈને પહોંચવા જ ન દે. આ રીતે હરિના સખાઓના મુખની વાતો સાંભળી તેનો સાર મેળવી લીધો. થાકેલા હતા તેથી ત્યાં જ રોકાઈ ગયા. ખૂબ જ થાક ઉતારવા સુતા પણ ભૂખ અને તરસ ખૂબ જ લાગેલાં પણ નિદ્રાવશ થયેલાં જનો હતાં. તેથી હરિએ દર્શન આપ્યાં. નિદ્રા અવસ્થામાં સ્વપ્નમાં ઘનશ્યામના રૂપને જોઈને નેત્ર દૃષ્ટિ દ્વારા દર્શન કરીને મનમાં ખૂબ જ આનંદ પામવા લાગ્યા. દિલમાં પરમસુખને પામ્યા. દર્શન કરીને બધાં લોકો ખૂબ જ હરિને ભેટ્યાં. મોટાભાઈ રામે પણ સ્વપ્નામાં હરિને જોયા. નેત્ર આગળ ઘનશ્યામ પ્રભુને જોઈને શાંતિ થઈ. ફરી પાછા સૂઈ ગયા. સુખધામ હરિને જોઈને વિરહનું દુઃખ શાંત થઈ ગયું. બધાં જ લોકો જ્યાં સુધી નિદ્રામાં હતાં ત્યાં સુધી મૂર્તિને જોયા કરી અને નિદ્રામાંથી જાગ્યા ત્યારે ભગવાનને ન જોઈને પાછા વિલાપ કરવા લાગ્યા. જ્યારે બધાં જ ભરનિદ્રામાંથી જાગ્યાં ત્યારે બધાં જ કહેવા લાગ્યાં કે ઘનશ્યામ ક્યાં ગયા. હમણાં તો અમે જોયા હતા. આ રીતે બધાં જ લોકો અરસપરસ વાતો કરતાં હતાં. મેં હરિને જોયા એટલામાં મોટાભાઈ રામપ્રતાપ પણ જાગ્યા અને કહેવા લાગ્યા કે મેં હરિને જોયા છે. આ રીતે બધાં જ વાતો કરતાં થકાં વિરહ આતુર થવા લાગ્યાં. બધાનો વિરહ ઊંઘમાં બધાના જીવન પ્રાણ હરિને જોયા. તેથી વિરહ મટી ગયો. જાગ્યા પછી કાંઈ ન સુઝ્યું ત્યારે રામપ્રતાપ પાછા મનમાં વિચાર કરીને હરિને ક્યાં શોધવા મુરારી હરિ ક્યાંય નજરે આવતા જ નથી.

તેથી માતાપિતાને કેવી રીતે દુઃખમાંથી ઉગારીને કેવી રીતે જીવાડવા એ જ પીડા છે એ તો મહાભયાનક શોકના દરિયામાં પડી જશે. માટે હે નાનાભાઈ તમે તો ખૂબ જ સારું નથી કર્યું. પશુને મારવાના દ્રોહથી કાંઈ સુખ તો હોતું જ નથી. એ રીતે તમે પણ અમને માર પાડો છો. હે પ્રભુ ! તમે સુખ દેખાડીને અત્યારે મહાભયંકર દુઃખ આપો છો. તમારા વિના તો આ દુનિયામાં કાંઈ ચાલી શકે જ નહીં. આમ કહીને રામપ્રતાપ શોધવા માટે ચાલ્યા. મહાઘાટાં ભયંકર વનમાં ચિંતા કરતા થકા શોધવા લાગ્યા. વિસરામાદિક મામા વિગેરે બધાં તે જ દિવસે સાંજના સમયે ભૂખ્યા તરસ્યા સાંજ સુધી શોધીને સંધ્યા સમયે અનંતરામની સાથે પુરમાં પાછા આવ્યા. તે જ સમયે તરગામથી

સુવાસિનિ પણ આવ્યાં. તેઓ સ્ત્રીઓની ટોળીમાં ભેગાં થઈને બધાં હરિનો વિલાપ કરતા હતાં. હે ઘનશ્યામ તમે ક્યાં ગયા તમે ક્યાંય ન દેખાયા. આ રીતે બધાનાં દિલમાં દુખનો સાગર ઉભરાયો હતો. તેમાં હરિના વિરહરૂપી જળનું પુર આવ્યું હતું. ઘનશ્યામ રૂપ તરની વિના સંસારને પાર કેવી રીતે ઉતરવું એ જ પીડા છે.

આ રીતે ઘનશ્યામ પ્રભુના ગુણને ગાતાં સ્મરણ કરતાં થકાં સુવાસિનીને રાતે ભોજન સમયે ભોજન પણ નહોતાં ભાવતાં. ક્યારે ઘનશ્યામ મળે અને સુખ થાય એ જ જંખના કરતી હતી. એ રાતે લોકોને એક યુગસમાન લાંબી થઈ. બધાં હરિના વિયોગમાં બેહાલ થઈ ગયાં. હરિના વિયોગમાં હરિને કહેવા લાગ્યાં કે હે પ્રિય વર્ણિન્દ્ર! આપ ક્યાં ગયા છો ? તે જ દિવસે છપૈયાપુરના જન કોઈ અયોધ્યાપુરમાં ગયા હશે ત્યારે તે સવારના પહોરમાં ધર્મદેવ ભક્તિમાતાને કહેવાની ઈચ્છા થઈ પણ કાંઈ કહી ન શકાયું. તે જ સમયે હરિના પિતા ધર્મદેવને ડાબા અંગ ફરકવા લાગ્યાં અને અપશુકન થવા લાગ્યાં ત્યારે પ્રેમવતીને કહેવા લાગ્યા કે મને અત્યારે અપશુકન થવા લાગ્યાં છે. ત્યારે તે જ સમયે છપૈયાપુરથી આવેલા મનુષ્યને ધર્મદેવ પૂછતા હતા જવું છે તેવું અમને સાચું જ જણાવો. જે વાત છે તે સાચી જ વાત તમે મને સંભળાવો. જે મર્મ હોય તે જણાવો. ત્યારે તે વ્યક્તિના આંખમાં આંસુ આવી ગયાં ને કહે શ્રી ઘનશ્યામ વનમાં ગયા છે. છપૈયાપુરનાં અને તરગામનાં મનુષ્યો બે દિવસથી શોધે છે પણ હજી મળ્યા જ નથી. ભૃગુ અને નિધિને સાથે લઈ ગયા હતા. તે બે દિવસ સુધી સાથે રહ્યા. પણ હરિ એમનેય છોડીને એકલા જ ચાલતા થયા છે. એમના વિરહમાં મને અતિશય પીડા થાય છે.

આ રીતે આ વાત સાંભળીને હરિનાં માતાપિતા મૂર્છા વશ થઈ ગયાં. ખૂબ જ પીડાવા લાગ્યાં. જેમ કેળના અને કદમનાં વૃક્ષ સુંદર રીતે ખીલેલ હોય, ને તેને કઠિન કુહાડાનો ઘા પડે, તો તે તરત જ પડી જાય તેમ માતાપિતા બંને પડી ગયાં. આ રીતે માતાપિતા એક ઘડી સુધી મૂર્છિત રહ્યા. પછી જાગ્રત થયા. જાગીને ઘનશ્યામ ઘનશ્યામ કહેવા લાગ્યા. હે ઘનશ્યામ તમે ક્યાં ગયા છો. મહાભયંકર વનમાં ગુફાઓમાં ગયા ત્યારે અમને કેમ ન મળ્યા. અમારા તનમાંથી હરિના વિયોગથી જીવ કેમ નથી નીકળી જતો ? જો મને ઘનશ્યામ નજરમાં જોવા ન મળે તો ઘનશ્યામ વિના તેના વિરહમાં બળી જાઉં અથવા અગ્નિમાં બળી જાઉં. આ રીતે ધર્મદેવ ભક્તિમાતા વિલાપ કરતાં હતાં. શરીરનાં ખોળિયાં સુકાઈ ગયાં હતાં. દુબળાં થયાં હતાં. તે જ સમયે વિશરામ ભક્તિ માતાના ભાઈ તથા રામસહાઈ બંને આવ્યા હતા. આ બંનેએ રામ અને વિષરામે માતાપિતાની દશા જોઈ તો વિહ્વળ ચિત્તવાળાં થયેલાં મુખથી હરિ ઘનશ્યામનો વિલાપ કરતાં હતાં. તે નજીકથી તો જોઈ શકાય તેવું ન હતું એવું કરુણ દૃશ્ય હતું. ત્યારે રામ કહે, હે માતાપિતા મારા મામાની સાથે અમે આવેલા છીએ. પિતા કહે, હે મારા પ્રિય પુત્ર ! મારા ઘનશ્યામને તમે લઈ ગયા હતા. ફેરવીને પાછા કેમ ન લાવ્યા. વનમાં ક્યાં ગયા. આ રીતે ધર્મદેવ રટના રટતા હતા. માતાપિતા હરિ હરિ કરતા થકા એમના વિયોગમાં રહેલાં હતાં. જેમ સ્નેહ પાસેથી બાંધેલાં હતાં તેથી કાંઈ કરવાનું રહેતું જ ન હતું. આમ જે કહ્યું તે જ સમજાતું ન હતું.

**આરીતે શ્રીહરિલીલાસિંધુમાં ચોથા પૌગંડ રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિ વનમાં ગયા તેના વિરહના વર્ણન નામનો ચોવીસમો તરંગ થયો. ॥૨૪॥**

# તરંગ-૨૫

રાજા કહે છે, હે મુનિરાય ! હરિના વિયોગથી હરિનાં માતાપિતા વિલાપ કરતાં હતાં. તેનું વર્ણન કરીને કહો તથા ફરી પાછા છપૈયાપુરમાં જઈને રહ્યા તેનું વૃત્તાંત મને જીવનની નૌકારૂપ છે તેથી ખાસ સંભળાવો.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! હરિની કરુણરસની કથા સાંભળીને આનદરાજા રાજી થયા. જેવી રીતે બધો સમાજ ભેળો થયો. હરિની વનની વાત સાંભળીને જે સ્થિતિ થઈ તે વાત વિધિ પૂર્વક કહું છું. હે રાજન ! રામપ્રતાપે હરિના વનવાસની વાત કહી. એટલે ધર્મદેવ ભક્તિમાતાએ સાંભળીને દુઃખના કૂવામાં ઉતરી ગયા. બંનેને મૂર્છા આવી ગઈ. થોડીક વાર પછી જાગ્યાં ત્યારે હૃદય ભરાઈ ગયું હતું. મૂર્છામાંથી જાગીને હરિકૃષ્ણ પ્રભુને સંભારવા લાગ્યાં અને રામપ્રતાપની બાજુ જોતાં હતાં. હે પ્રિયપુત્ર ! કુળદીપક તમે ક્યાં છો. આ રીતે વારંવાર બોલાવતાં હતાં. રામપ્રતાપની વાત સાંભળીને માતાપિતા કહે તું હરિને પાછો ક્યાં લઈ ગયો. જ્યાં ગયા હોય ત્યાંથી વનમાંથી ખોળી લાવો. મને લાવીને દર્શન કરાવો અથવા ઘનશ્યામ જ્યાં હોય ત્યાં મને લઈ જાવ જો ઘનશ્યામ અમને ભેળા નહીં થાય તો અમારા ખોળિયામાં પ્રાણ નહિ રહે. એટલા માટે ત્યાં લઈ જાવ. આ રીતે માતાપિતાની વાત સાંભળીને રામપ્રતાપ વિચારવા લાગ્યા. માતાપિતા પોકારે છે. ઘનશ્યામને અહીં લઈને આવો. રામપ્રતાપે માતાપિતાનાં વચનો સાંભળીને જાણી લીધું કે માતાપિતાને અત્યારે છપૈયા લઈ જવાં. નહિ લઈ જાઉં તો એમનો દેહ રહે કે નહિ તેનો કાંઈ નિર્ધાર ન થાય, રામપ્રતાપે વાહનો તૈયાર કરાવવા માટે સેવકોને બોલાવ્યા. એમને કહેવા લાગ્યા કે દિવસના અંત સમય સુધીમાં માતાપિતાને છપૈયા પહોંચાડવાનાં છે. એના માટે તૈયારી કરો.

આ બાજુ અયોધ્યામાં રામપ્રતાપ આવ્યા છે. એના સમાચાર જાણીને પુરનાં બધાં માણસો મળવા માટે આવ્યાં અને હરિના વનમાં ગયાના સમાચાર જાણ્યા. તેથી શરીરમાં કંપારી આવી ગઈ ને મનમાં શોક થવા લાગ્યો. દુઃખી થવા લાગ્યાં. માતાપિતાની ઉદાસ સ્થિતિ જોઈને લોકો પણ મૂર્છિત થઈ ગયાં. અને રામપ્રતાપને માતાપિતાનાં હાલતના સમાચાર પૂછ્યા અને એમનું ખાસ જતન કરવાનું કહેતાં હતાં. કહે હે ભાઈ આ બધી વાત તો દેવને આધિન હોય છે. સુખસાગર હરિની જે ઇચ્છા હશે તે પ્રમાણે જ બધું થશે. હરિનું ધાર્યું જ થાય છે. ત્યારે રુદયરામ દ્વિજ આદિ આવ્યા ત્યારે રામધન હરિના મિત્ર પણ આવ્યા. હરિના બીજા સખાઓ સુભગ અવિકરૂપ ગંગા, બીસનુ ભવાની આદિ આવ્યા અને હરિના વનમાં ગયાના સમાચાર સાંભળીને બધાં ખૂબ જ શોક કરવા લાગ્યાં. જેમ માછલિ પાણિ વિના જેમ તરફડે તેમ સખા પણ દુઃખી થવા લાગ્યાં. વિલાપ કરવા લાગ્યાં. નગરનાં મનુષ્યો, પરિવારનાં મનુષ્યો, નાતનાં માણસો આવીને રામને પૂછતાં હતાં અને હરિના વનમાં જવાની વાત કરી તે સાંભળીને બધાનાં મન શોકથી આકુળવ્યાકુળ થઈ ગયાં. પુરની નારીઓ પણ ભેગી થઈને બધાં જ પ્રેમવતિ ભક્તિમાતાની પાસે આવીને કહે, હે માતા ! તમે બહુ શોક ન કરશો. તમે તો ખૂબ જ જ્ઞાની છો. તેથી તમારા પુત્ર તો આજકાલમાં જરૂર આવશે જ. ત્યારે ભક્તિમાતા કહે છે કે હે નારીઓ ! સાંભળો મારે જે આ પુત્ર હરિ મળ્યા છે તે તો મહાન તપ કરવાથી મળ્યા છે. (હરિ વલ્લભથી અમે અતિ વલ્લભ) આ હરિ તો મહાન મોટા છે તેથી અમને અતિપ્રિય છે. તે અમે પણ એમને પ્રિય છીએ. માટે એ જાય ત્યારે અમારાથી કેમ રહી શકાય.

માતા કહે છે, અમે જીવન વેલને રોપેલી. તેને અમે અમૃતનું પાણી પાયેલ છે. (ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, સત્સંગ) વિગેરેના રસપાનથી તે બીજ વધેલ છે. તે વેલ અમારે સુખનું કારણ બનેલ છે. તેનાથી વિધિએ એના આંકડામાં લખેલું હશે તે પ્રમાણે થાય છે. તેનાથી દુઃખ થાય છે. આજે મહાન સુખના કારણ વનમાં હોય. દુઃખમાં હોય ત્યારે મારાં જેવી નારી આનંદમાં કેમ રહી શકે ? અંતઃકરણમાં બેઠેલા કાળે તો અમારો અંત લીધો છે. તેથી તમે કાળની વાત કરો છો ? એનું શું કહેવાનું જ હોય. હરિ જ અમારા પ્રાણ છે. એના વિયોગમાં સુખ કેમ આવે ? આવી રીતનાં ભક્તિમાતાનાં કહેલાં વચનો સાંભળીને પુરની નારીઓ મહિમાયુક્ત થઈને કહેલો ગૂઢ રહસ્યને ઓળખીને હૃદયના આધાર હરિને હૃદયમાં ધારણ કરીને સ્મરણ કરવા લાગી. ઘરડાં ઘરડાં લોકો સાથે મળીને ધર્મદેવને કહેવા લાગ્યાં. હે ધિર ! તમે સાંભળો. તમારા પુત્ર હરિ તપ કરીને ફરી પાછા આવશે તો તમે આટલા બધાં ઉદાસ કેમ થાવ છો ? ત્યારે ધર્મદેવ કહે, હે મારા પ્રિય ! તમે સાંભળો. મારા પુત્ર ઘનશ્યામ તો મને અતિપ્રિય છે. જેમ જીવ વિનાનું શરીર કાંઈ કામનું નથી હોતું તથા શરીર વિના જીવનો કોઈ ઘડો નથી હોતો એ સત્ય જ છે. જેમ મેઘની ગર્જના થાય ત્યારે મોર બોલી મેઘને આવકારે છે. અને જળપ્રિય માંછલાં માટે જળનો મોટો સંગ્રહ ભેગો કરે છે. જેમ ચંદ્ર છે, તે ચકોર પક્ષીને જીવન આપે છે. તે જ ચંદ્ર ચોરને દુઃખ આપનારો થાય છે. અમૃતનું ચિંત્વન કરતું ચાતક પક્ષીને એની ઉપાસના ફળરૂપ થાય છે. જેમ જળમાં જગતનું જીવન છે તેમ ધર્મદેવ કહે છે કે મારું જીવન મારા પ્રિય ઘનશ્યામ છે. એના જ અમે પ્યાસા છીએ. એના સિવાય અમે જીવી ન શકીએ અમારું જીવન જ હરિ છે. ધર્મદેવનાં મધુર વચનો સાંભળીને એમના વાક્યોમાં શ્રીહરિમાં સ્નેહનો જ ભાવ હતો અને એમનામાં નિખાલસ હરિમાં પ્રેમ જોઈને બધાનાં હૃદયમાં ગર્વ નાશ પામી ગયો. ત્યારે રુદયરામ કહે, હે ધર્મદેવ ! તમે સાંભળો. તમારા પુત્ર તો પરબ્રહ્મ પુરુષોત્તમ છે પણ એ પુત્ર નહીં, ત્રણે કાળમાં એમનાં અનંત ચરિત્રો છે તે તેનું જ એક અંગ છે.

રુદયરામ કહે છે, હે ધર્મદેવ ! દેવો મુનિજનોના દુઃખને ટાળવા માટે તેના હેતુ ભૂત પિતાને મૃત્યુના સ્ને મૂકીને રામપ્રભુ મહાભયંકર અસુરોનો સંહાર કરીને ભૂમિને પવિત્ર કરી, લોકની લાજ મર્યાદાનું પાલન કરવા પોતાની પત્નીને વનમાં મોકલી દીધી. ભાઈ બહેનનો નાશ કરતો જોઈને, માતાપિતા વચનના બંધનમાં રહ્યા એ પણ માતાપિતાને કારાગારનું બંધન સેવવું પડ્યું. જન્મ લઈને ગોકુળમાં ગયા ત્યાં ગોપી યશોદાજી તથા પિતા નંદજીના ચરિત્રમાં ફોસલાવીને ગાયોનાં ઘરનાં દૂધ પીધાં. ભરવાડણોનાં ઘેર ચરિત્રો કરીને મોહ પમાડી બાંધ્યાં. આ બધાં પુરુષોત્તમનાં ચરિત્રો જ છે તે તો નિર્ગુણ છે. હે ધર્મદેવ ! હું તમારો મિત્ર છું. આપનો સ્ભાવ ખૂબ જ સરલ અતિપ્રેમી છે અને હરિની લીલા તો અપાર છે તેને કોમળતાથી માપી ન શકાય એની કોઈ મર્યાદા ન હોય. અનંતનો અંત ન હોય એનું રહસ્ય પણ ખૂબ જ ગૂઢ હોય છે. તેનો કોઈ એક નિર્ણય ન થાય. રુદયરામ કહે છે, ધર્મદેવ તમારા બંને પુત્રો છે તેમા ઘનશ્યામ અતિ પ્રિય છે. તેથી તે તો તમારા તાપસ પુત્ર છે. તે તપ કરવા ગયા છે. તે બે ચાર દિવસમાં જરૂર આવી જશે. સર્વે ઈશ્વરો બ્રહ્મા ઈન્દ્ર સર્વે દેવો અસુરોએ બધાએ તપ કરીને બળ મેળવેલ છે. તેથી તપ તો મહાન છે. નારદ નવયોગેશ્વરો સનકાદિકો શુકદેવજી આ બધાં એ તપથી જ હરિને મેળવ્યા છે. અઠ્યાસી હજાર ઋષિમુનિઓ પણ તપ કરીને સામર્થ્યવાળા થયા છે.

આ રીતે મિત્રની વાત સાંભળીને માતાપિતાને જુના સમયની વાતો હૃદયમાં યાદ આવવા લાગી કે વનમાં જાય એ ફરી તપ કરીને પાછા આવે છે. આવ્યા પછી અકિંચન થઈને રહે છે. તે મુનિઓમાં મુખ્ય બને છે. એનું સર્વત્ર માન થાય છે. હરિનો મિલાપ થાય તો તો હું સારું જ માનું છું. દેહમાં જરૂર હોય તો કાંઈ જાપ

થતો જ નથી. કાંઈને કાંઈ ઉદ્યમ થયા કરે છે. તેમ હરિ તો જરૂર મળવાના જ છે. આ રીતે માનીને માતાપિતાના મનમાં થોડી ધીરજ આવી ઉત્તાપ શાંત થયો. હે રાજન્ ! અયોધ્યાપુરનાં નરનારીજનો અને પ્રિય સારા સ્વભાવવાળાં સજ્જનો રુદયરામ તથા હરિના પિતા ધર્મદેવ વડે હરિના વિયોગનો સંવાદ થયો તે વાત મેં તમને કહી સંભળાવી. રામપ્રતાપ માતાપિતાને ખૂબ જ કાળજી કરીને છપૈયાપુરમાં લઈ ગયા ત્યારે બેસવા માટે વાહન તૈયાર કરીને જે રીતે સુખેથી પહોંચાય તે રીતની તૈયારી કરીને તે વાહન ઉપર બેસાડીને સારી રીતે પહોંચાય તે રીતે તૈયારી કરી દીધી. રસોઈ બનાવી બધાને જમાડીને તૈયાર થયાં. એટલે દિવસ એક પ્રહર ઉપર ચડ્યો ત્યારે મામાની સાથે બધાં જ તૈયાર થયાં. વાહનમાં બેઠાં ત્યારે પુરનાં સર્વે નરનારીઓ મળીને આવ્યાં. માતાપિતાને નમન કરીને મળ્યાં. અમને જનમોજનમ તમારી સાથે રાખે એવી ભગવાન પાસે માંગણી કરી છે. આમ કહીને સરજુ સુધી વળાવવા આવ્યાં અને રામપ્રતાપ માતાપિતા બધાને નાવમાં બેસાડયા. નાવમાં બેસી સરજુ ઉતર્યા. સ્નાન કરીને, હરિ ફરી પાછા આવીને મળે એવી સરયુને વિનંતી કરી માગણી કરી વર માંગ્યો. ત્યાર પછી વાહનમાં બેસીને બધો સમાજ ચાલવા લાગ્યો. મખોડાઘાટ આશ્રમે બધાં જ આવ્યાં. મનોરમાં નદીમાં સ્નાન કરાવીને મખોડા આશ્રમમાં દરશને આવ્યાં. ભાવથી દર્શન કરીને સૂર્ય જ્યારે બપોર પછી નમતા થાય ત્યારે ઉત્સાહથી ઉતાવળા ચાલીને જવા લાગ્યા. ઉમંગથી ચાલતા થયા. હરિપ્રસાદ (ધર્મદેવ) શ્રીહરીનું સ્મરણ કરતા હતા. માતા પણ હરિ હરિનું નામ સ્મરણ કરતાં હતાં. રામપ્રતાપ હરિ હરિ કૃષ્ણા કૃષ્ણ હરિકૃષ્ણ આ રીતે સ્મરણ કરતા થકા ચાલતાં હતાં.

આ રીતે હરિસ્મરણ કરતાં થકાં દિવસના પાછલા પહોરની એક ઘડીએ છપૈયાપુરમાં પહોંચ્યાં ત્યાં ખબર મળ્યા એટલે બધાં જ સગાવહાલાં સંબંધીજનો આવીને મળવા લાગ્યાં. ધર્મભક્તિને પગે લાગ્યાં. હરિનાં મામી આવીને પગે પડીને મળ્યાં. નણદીની પાસેથી સારા આશિર્વાદ મેળવ્યા અને સુવાસિનિએ સાસુમાને પગે લાગીને મળ્યાં. સુવાસિનિએ આ દશ્ય જોઈને દૃષ્ટિમાં ભરી લીધો. હરિના વિયોગનો સાર સાંભળીને જેમ નવી વેલી અગ્નિમાં બળે તેમ બધાં શોકમાં મલિન મનવાળા થયાં. સુંદરી આદિક બધાનાં મુખ સાવ મંદ થઈ ગયાં હતાં. જેમ ચંદ્ર રાહુના ઘર્ષણથી ઝાંખો થાય તેમ હરિના વિયોગમાં મંદ થઈ ગયાં હતાં. બહેન વસંતા અને ચંદન બંને આવીને પ્રેમવતીને પગે નમન કરીને મળ્યાં. હરિના વિયોગના સાગરમાં ડુબેલાં બધાને હવે તો પ્રાણ જ ઉડવાનો બાકી રહેલો હતો. હરિપ્રસાદનું મુખ પણ હરિ હરિના નામનો જપ કરવામાં લાગેલું હતું. જાણે હરિને મળવા માટેના અવધિના સમયની ગણતરી કરતા હોય ને શું ? એ રીતે જપતા હતા. આ રીતે શોકથી બધો જ સમાજ બધાં જ કામમાંથી નિર્બળ થઈને ઉત્સાહ વિનાનાં થઈ ગયાં હતાં.

બધા જ ધર્મદેવના સેવકો ધર્મદેવને આવેલા જાણીને દર્શન કરવા આવ્યા. ધર્મદેવના પગે સ્પર્શ કરીને નમન કરીને પાસે સભા ભરીને બેઠા મળીને દુખ પામ્યા. બધાં લોકોએ જુદા જુદા નિયમો રાખ્યાં. વૈરાગ્યયુક્ત થઈને નિયમ કરે તો આનંદ થાય. બધાં હરિ હરિનું સ્મરણ કરતાં થકાં ભક્તિ કરવામાં તતપર થયાં. બધાંને વિશ્વાસ હતો કે જરૂર હરિનાં દર્શન તો થશે જ એમ શ્રધાથી ભક્તિ કરતાં હતાં. પરિવારનાં તથા પુરનાં નરનારી બધાં જ ધર્મ અને ભક્તિની સેવકાઈ કરતાં થકાં એકાત્મભાવથી હેતપૂર્વક આ પ્રમાણે કાળની સાથે પણ ભક્તિ કરવા લાગ્યાં. કાળને પર પરાસ્ત કરવા લાગ્યાં. હે રાજન્ ! છપૈયાગામ, તરગામ અવધ આ બધાંની આસપાસ ચારેબાજુ કરુણામય વરસાદ થતો હતો. એ કથા તમને હવે કહું છું. સુવાસિનિ સારી નરસી આશાનો ત્યાગ કરીને સાસુ સસરાની સેવા કરતાં હતાં. શ્રમકરીને દેહને કસતાં હતાં. કોઈ હાસ્ય વિનોદ નહોતા કરતાં, હરિની પીડાથી મુખની મલિનતા છવાઈ હતી. તેથી હાસ્ય સુકાઈ ગયું હતું. વાણિ મન ઇન્દ્રિયો નિયમમાં રાખીને મહાતપ કરતાં

મનને વશમાં રાખતાં હતાં. એવી જ રીતે ધર્મદેવના પરિવારનાં શરીર જાણે સુવર્ણ વર્ણિ પુત્રી હોય ને શું ? તેમ શોભતાં હતાં.

ભક્તિમાતા હરિની કરુણાયુક્ત મૂર્તિનાં અંગોનું સ્મરણ કરીને એમનું અખંડ સ્મરણ કરતાં હતાં. શ્વાસ લે તે પણ ધીરે ધીરે લે. જ્યારે અંગઉપાંગ થડકે ત્યારે શ્વાસને ધીરેધીરે છોડે. આખા શરીરમાં ફેલાયેલો વાયુ ધમનિમાંથી ખેંચીને બહાર કાઢે એ રીતે હરિના સ્વરૂપને નખથી શીખાપર્યંત દૃષ્ટિમાં ફેરવે. આવા તાપસ તપસ્વી હરિની મૂરતિને જોઈને માતા ભક્તિદેવી જાણે ગંગાને પાર પામવા એવું અનુભવ થયો. હરિના વિયોગથી માતાનું શરીર સાવ નિર્બળ સુકાઈ ગયેલું. તેથી કવિજનો એનાં વર્ણન કરવા સમર્થ ન થાય. જેમણે ઉગ્ર તપસ્યા કરીને પુત્રરૂપે હરિને મેળવ્યા છે. એવાં ભક્તિમાતાની શું વાત કહું. પુત્રના વિયોગથી ધર્મદેવ અને ભક્તિમાતાના અંગો શોભતાં હતાં. જેમ કરુણ રસથી ભરપૂર મૂર્તિ જેવાં લાગતાં હતાં. નેત્રમાંથી પાણી જરે ત્યારે જાણે ઝરણાં વહેતાં હોય તેમ લાગે છે. જ્યારે શ્વાસ ઉચ્છ્વાસ લે ત્યારે શરીર થથરતું રહે છે. જાણે હરિના રૂપની સ્ફૂર્ણા થતી હોય ને શું તેમ લાગે. મુખથી કૃષ્ણહરિ હરિકૃષ્ણ રટતા થકાં ઉરમાં ઘનશ્યામનાં રૂપનાં દર્શન થવા માંડે છે. ભક્તિમાતા હરિ હરિ હરિ હરિનું રટણ કર્યા જ કરતાં હતાં. ઘનશ્યામ ઘનશ્યામનું ગાન કરતાં હતાં. નિલકંઠ ઊંચા કેડવાળા આપતો ઘણો સમય ગયો છતા કેમ મળતા નથી. અમને મળીને સુખ આપો. આ રીતે રટતાં હતાં. આજ રીતે ધર્મદેવ અને ભક્તિમાતા બંને રાતદિવસ ગાતાં હતાં તે સમય જુગ જેવો લાગતો હતો. હરિના વિયોગથી એમની મૂર્તિનું ખૂબ જ સ્મરણ કરતા થકાં ગાતાં હતાં.

હે રાજન્ ! આ રીતે બંને હરિના સ્મરણમાં રાહ જોતાં થકાં સમય પસાર કરતાં હતાં. હરિની આવવાની રાહ જોતાં હતાં. હવે હું તમને હરિવનમાં ગયા છે. વનમાં વિચરણ અને મિલન વિગેરેની કથા કહું છું તેને સાંભળજો.

**આ પ્રમાણે શ્રીહરિલીલાસિંધુમાં ચોથા પૌગંડ રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિના વિયોગમાં માતાપિતાનો સ્નેહ વર્ણવ્યો તે નામે પચીસમો તરંગ થયો. ॥૨૫॥**

# તરંગ-૨૬

રાજા કહે છે, હે સુવ્રત મુનિ આપ હરિવનમાં કેવી રીતે ફર્યા, કેવી રીતે ભોજન મેળવ્યું તથા વનની શોભા તેમજ મુનિદેવો મળ્યા તેનું વર્ણન કરીને મને કહો. હરિ વનમાંથી ઘેર આવ્યા. માતાપિતાની ખાતર આવ્યા તે હરિને કોને સંદેશો આપ્યો. એ ચરિત્ર આપ હે વર્ણિ મુનિરાજ વિસ્તારથી મને સંભળાવો.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! ઘનશ્યામ પ્રભુ રાત્રે સૂઈને વિશ્રાંતિ લઈ લીધી. પછી વહેલા ઊઠીને ઉત્તર તરફ ચાલવા લાગ્યા. જ્યારે સૂર્ય બપોરના સમયે મધ્યમાં આવ્યા ત્યારે ત્યાં માર્ગમાં એક જળાશય આવ્યું. ત્યાં વિશ્રાંતિ કરી આશ્રય કર્યો. ત્યાં મુનિઓના સ્વામીએ દેહની શુદ્ધિકરણ કરી લીધી. ત્યાર પછી નિત્યકર્મ કરીને જળપાન કર્યું. શાંતિ પ્રાપ્ત કરી. ત્યાં એક ઘડી સુધી વીરામ કરીને હરિ પાછા ઉત્તર તરફ વનમાં ચાલવા લાગ્યા. ત્યારે દિવસ અસ્ત થયો. અંતભાગમાં પણ ચાલતા જ રહ્યા. જ્યારે રાત પછી વાતાવરણ બિહામણું થવા લાગ્યું તોય ચાલીને વનમાં આગળ જવા લાગ્યા તે દિવસે આખો દિવસ જળ ફળ કંદ કાંઈ ન મળ્યાં. જ્યારે પ્રભાત સમય થયો ત્યારે પંચમન સ્નાનક્રિયા કરી. તે દિવસના અંતભાગમાં વૃક્ષોની ઘાટી ઘટાઓથી ઘેરાયેલાં જંગલમાં માણસ પ્રવેશ જ ન કરી શકે તેવાં ઘાટા વનમાં હરિ ચાલતા જ રહ્યા. આગળ જંગલી ભેંસો, રીંછો, સુરભી ગાય

વિગેરેને જોવામાં આવ્યાં. ત્યારે વર્ણિ કહે, હરિ સવનને કહેવા લાગ્યા કે અટેલામા મહાઘટાનું અંધારાવાળી ગુફા જેવું આવ્યું ત્યારે હરિ કહે તમારામાં હિંમત હોય તો અમારી ભેળા ચાલો. હિંમત ન હોય તો પાછા ફરી જાવ.

હરિસખા સવન કહે છે, હે હરિ જ્યાં સ્વામી હોય ત્યાં જ સેવક હોય. સેવકને સ્વામી વિના બીજું કોઈ ઠેકાણું હોતું જ નથી. એટલા માટે આપનાં ચરણકમળને મારા નેણાંની અંદર સતત દર્શન આપો એ જ પ્રાર્થના છે. આ રીતનાં સવનનાં વચનો સાંભળીને હરિને મનથી આનંદ આપવા માટે રાત્રે ત્યાં જ રોકાયા. રાત વિતાવીને પ્રભાતમાં પવિત્ર જળાશયમાં સ્નાન કરીને કોમળ કમળસમાન અંગોવાળા શ્રીહરિ એજળમાં સ્નાન કરીને નિત્યકર્મ કર્યું. પરવાર્યા. ત્યારે હરિ સવનને કહે ભૂખ લાગી છે ? તો આપણે આજુબાજુમાં ક્યાંક કંદવેલી હોય તો જોઈને લઈ લઈશું ત્યારે જમીન ખોદીને તેમાંથી સવને સુંદર કંદમૂળ કાઢ્યાં. તે સફેદ સુગંધવાળાં આનંદ આપનારાં હતાં. તે કંદને તળાવમાં ધોઈને ચોખ્ખાં કર્યાં. શુદ્ધ કરીને હરિને જમવા આપ્યાં. હરિએ જમીને સખાઓને આપ્યાં. ખાવાથી એક પખવાડિયા સુધી ભૂખ લાગે જ નહીં એવાં કંદ હતાં. ત્યાર પછી હરિની આજ્ઞાથી મીઠાં ફળ લાવીને આપ્યાં. તે ખાઈને તૃપ્ત થયા. ત્યાર પછી જળપાન કરીને હરિની સાથે બધા જ જંગલને ઘાટિગુફામાં વનમાં પ્રવેશ કર્યો તે વનમાં હરિ પોતાના પવિત્ર ચરણકમળને સ્થાપન કરી ભૂમિ ઉપર ચિહ્નોનાં દર્શન કરાવતા આગળ ચાલતા હતા. વનમાં કાંકરો કાંટા પહાડો ન હતાં. વૃક્ષોની ઘાટી છાયાં ઘનતાને લીધે ઠંડક હતી. તેનાથી ભૂમિ પણ શોભતી હતી. વૃક્ષો વેલીઓમાં નવાં પાંદડાં ફૂલો ફળો આવેલાં હતાં. તે જોઈને મુનિજનોનાં મન પણ લભોતાં હતાં.

આ રીતે શ્રીહરિ સારું પવિત્ર સ્થળ જોઈને રાત ત્યાં વીતાવીને શુભ પળમાં કૃપા નિધાન ચાલતા હતા ત્યારે ક્યાંક ક્યાંક હરિથી સખાઓ નોખા પડી જાય. પાછળ રહી જાય ત્યારે હરિ ઉતાવળી ગતિથી ચાલ્યા જાય છે. સખાઓ જ્યારે હરિને નથી જોતા ત્યારે મણિધર નાગમણિ વીના જેમ દુ:ખી થાય તેમ સખાની સ્થિતિ થતી હતી ત્યારે ઊંચે સ્વરે હરિને સાદ પાડે બોલાવે ત્યારે પણ સાંભળીને હરિ પણ બોલતા જ નથી. ત્યારે સખાઓના નેત્રમાં પાણી આવે રોવા લાગે ત્યારે એને હરિ ખૂબ દૂર દેખાય. ત્યારે હરિ કહે, સવન તમારા વિના પણ હું એકલો ચાલવા લાગું છું. પણ સવન કહે તમારા વિના અમને ભય લાગે છે. તેથી અમારી સાથે રહો તો સારું. હે રાજન ! હરિ મનુષ્યરૂપે બાલરૂપે સર્વોપરિ નારાયણ પ્રભુ વનમાં વીચરે છે તે તો જીવોના આત્યંતિક મોક્ષ માટે જ વિચરે છે. એ પોતે તો આનંદરૂપ સર્વ ઈશના ઈશ સર્વના અંતર્યામી છે.

હે રાજન્ ! હરિએ પોતાના ચરણકમળનાં ચિહ્નોથી પુર્વ દિશાની ભૂમિને ચિહ્નિત કરતા હતા. તેની વનરાજીમાં વિચરતા હતા. એમાં ઋષિઓનાં આશ્રમો દેખાયાં તે આશ્રમોમાં જઈને એમાંના ઉગ્રતપનું ફળ હરિ આપતા હતા. આભિર, કંક, ષસ પવન અપાતિ વિગેરેને દર્શન આપીને એમનું કલ્યાણ કરતા હતા. તેઓ હરિને પોતાના નેત્રોથી દર્શન કરીને દિલ સાવ નમ્ર થઈને પ્રણમતાં હતાં. ક્યાંક બાલકમળ નયનને આપતા હતા. હરિના શરીરમાં તેજના પ્રતાપથી એમના આશ્રયથી સંસાર સાગરને તરવાની નૌકાસમાન છે. એમનાં એકાગ્ર દૃષ્ટિથી દર્શન કરવાથી સર્વે પાપો બળીને ભષ્મ થાય છે. ફરી કોઈ આવીને કહે, કોઈ બીજી જગ્યાએ દોરીને લઈ જાય છે ત્યાં હરિ જાય છે. દોડીને લોકોને દર્શન આપે છે. આ રીતે હરિ પૂર્વ દિશામાં વનને પવિત્ર કરવા કલ્યાણકારક બનાવવા વિચરતા હતા ત્યારે ક્યારેક મૂળકંદ ખાતા હતા. ક્યાંક ફળો ખાતા હતા. ક્યારેક કેવળ જળપાન કરીને રહેતા હતા. ક્યાંક પાંદડાં ખાઈને રહેતા હતા. ક્યાંક પવનનું પાન કરતા હતા. ક્યાંક કેવળ

જળ મળે તો લેતા હતા. ક્યારેક કેવળ ઉપવાસ કરતા હતા. ક્યારેક વર્ણિરામને દેવો મુનિજનો પાત્રમાં પદાર્થો ભરીને આપતા હતા. તે લેતા હતા.

આ રીતે પરમાર્થના માર્ગ ઉપર પરબ્રહ્મ વિચરણ કરતા હતા. તે વન ભુવનો પવિત્ર તપસ્વીનાં આશ્રમોમાં વનેશ હરિને ક્યાંક ક્યારેક દેવ મુનિજનો હરિનાં દર્શન કરવા આવે ત્યારે હરિનો સ્પર્શ કરીને પાછા ચાલ્યા જતા હતાં. ક્યારેક ધામના મહામુક્તો મુક્તસ્વરૂપે જગતના ઈશનાં દર્શન કરીને પાછા જતા હતા. ક્યારેક શ્વેત વસ્ત્ર ધારીને શ્વેત સ્વરૂપવાળા હરિનાં પૂર્ણ સ્વરૂપનાં દર્શન કરીને પૂર્ણ સુખને પામતાં હતાં. ક્યારેક ભગવાન શંકર ક્યારેક જનકરાજ આવતા. ક્યારેક એના આદિ પતિઓ આવતા હતા. અનંતધામના મુક્તો ક્યારે સાથે મળીને આવતા હતા. હરિનાં દર્શન ચરણસ્પર્શ ચરણરજને લઈને સુખ પામતા થકા જતા હતા. આ રીતે શ્રીહરિ વિચરણ કરતા થકા કારુણ્યમૂર્તિ બધાં જ વનનાં આશ્રમોમાં પધારતા હતા અને ચરણરજથી પવિત્ર કરતા હતા. આ રીતે વિચરીને દરરોજ નવાં નવાં ચરિત્રો કરીને કરતા હતા. તેથી લોકો આશ્ચર્ય ચકિત થઈને જોતાં હતાં. પોતાની દૃષ્ટિનું સુખ મેળવતાં હતાં. આવી રીતે જુદાં જુદાં વનોમાં ફરતા થકા પૂર્વ દિશાના વનમાં ખૂબ જ શાંતિથી પૂર્ણ રીતે વિચરણ કર્યું. હરિએ પવિત્ર કર્યું. બીજો માસ વનવી ચરણમાં પૂરો થયો. તે પણ હરિની પોતાની ઇચ્છા મુજબ થયું. બધાંને સુખ આપી રાજી કર્યાં.

એક દિવસ વડના વૃક્ષ નીચે વર્ણિવર સુખપૂર્વકના આસને બેઠા હતા. તે જ સમયે મુનિજનોના સમુહની સાથે બ્રહ્માજી તથા દેવોનો સમુદાય બધા સાથે આવ્યાં. ત્યારે બ્રહ્માજી આવીને હરિને હાથ જોડીને અરજ કરવા લાગ્યા. હે પ્રિય પ્રભુ ! અમારી અરજ છે. તેને આપ સાંભળો. આપનાં માતાપિતા ખૂબ જ વૃદ્ધ છે. તમારા વિયોગથી ખૂબ જ વિલાપ કરે છે. આનાથી વધારે કાંઈ ન કહેવાય. માટે તમારા વિરહથી તેઓ દેહને ત્યાગે તોય કાંઈ ન કહેવાય તેમ છે. માટે આપ કરુણા કરીને એમને જઈને કહો. શાંત્વના આપો. હવે એમને મુનિના શ્રાપથી મુક્ત કરાવો તોય સારું આપના સ્વરૂપનું દિવ્યિજ્ઞાનનો ઉપદેશ કરીને મુક્ત કરો. સિદ્ધત્વ આપો. માતાપિતાને મુક્ત કરીને પછી વનમાં ભૂમિ ઉપર લોકકલ્યાણ માટે વિચરો તે ખૂબ જ યોગ્ય છે. એના માટે મારે કાંઈ કહેવું નથી. આપ બધું જ જાણો છો. આ રીતે દેવો સંતો મુનિજનોએ પણ સલાહ આપી. માતાપિતાને માટે પિતાએ અર્જ કરીને પુત્રના પુત્રને ચરણવંદન કરીને સર્વે ગયાં. ત્યાર પછી માતાપિતાના હિત કરવા હરિ વનમાંથી પ્રયાણ કરીને પૂર્વ દિશામાંથી પાછા ફરીને છપૈયાપુર પ્રત્યે પધારતા હતા. માતાપિતાને સુખ આપવા જવા લાગ્યા. આગળ ચાલ્યા એટલે મહાવન ઘાટાં વૃક્ષોનો સંકુલ એમાં લગારે જગ્યા રહે જ નહિ. એને પાર કરીને હરિએ મોટાં માથાવાળાં પાડા, ભેંસો, નીલ ગાયો, મૃગો વિગેરે આવ્યાં તેને જોયાં. શિયાળ, વરુ, વાઘ, ચિત્તાઓ, માંકડાં, વાનરોનું મોટું ટોળું જોવામાં આવ્યું. રીંછ ભીંછ ભયંકર ભૂતાવળના ભડકાઓ કિરાતો ભીલો કુણા વિગેરેને જોયાં.

આવા મહાભયંકર આ વનમાં હરિ વિચરણ કરતા હતા. નિર્ભય થઈને રહેતા હતા. ગાયના રંગ જેવી જ ભેંસોને મુખમાં ઘાસનાં તણખલાં આપતા હતા. હરિસુખ આપતા હતા. કેશરીસિંહને કોલ કરીને પડકાર કરીને એના હિત માટે જોતા હતા અને સિંહની વેરવૃત્તિ શાંત થતી હતી. ભૂતપ્રેત પિશાચ ભીલો આદિનાં પાપોના સમુદાયનો નાશ કરતા હતા. બધાનાં મનને હરતા હતા. ક્યાંક ક્યાંક માર્ગમાં મુનિઓનાં આશ્રમો

આવતાં હતાં. એમને પાવન કરવા સર્વોપરિ એમના તપના ફળ દેવા માટે એમના આશ્રમે વર્ણિવર જતા હતા. સમિધા, દર્ભ વિગેરેથી હોમ કરીને બ્રહ્મધ્વનિ મુખ દ્વારા થતો હતો તેને જોઈને હરિ ત્યાં ગયા, ત્યારે હરિનાં દર્શન કરવા ઋષિઓ તરત જ ઊભા થતાં હતા. હરિનાં દર્શન કરીને તપના ફળને મેળવવા તત્પર થતા હતા. ત્યારે હરિ સવનને કહે, આજ આશ્રમ વામદેવ મુનિવર્યનો છે. પૂર્વના સમયમાં વામદેવે ખૂબ જ તપ કર્યું તેના પ્રતાપથી આ બધી તપોભૂમિ સર્વોપરિ છે. અત્યારે આ આશ્રમમાં બે મુનિવરો વાસ કરીને રહે છે તેમાં શરધ્વાન અને સુમંક મુનિઓ રહે છે. તેઓ કલાપ ગામથી આવેલા છે. અહિં આવીને અમારાં દર્શન કરવા માટે તપ કરે છે.

આ આશ્રમ મંજારીનાં સમૂહથી ખૂબ જ શોભે છે. પવિત્ર જળનો પણ આશ્રય ખૂબ જ સારો છે. અહીં સિંહ, મૃગ, સુરભી ગાય, નીલ ગાયોનો સમુદાય બધાં હળી મળીને રહે છે. કોઈ જાતનો એમનામાં વૈરભાવ નથી. આ આશ્રમમાં હરિનું સન્માન કરીને લઈ જવા માટે આવે છે. તેઓ નાના બટુકવેશ વર્ણિરૂપે છે. શરીરમાં તેજતપનો પ્રતાપ છે. અતિ તીવ્રપણે ઇન્દ્રિય દમન કરે છે. એવા દઢતાવાળા છે. હરિને જોઈને તે બંને મુનિવરોએ હરિને દંડવત્ પ્રણામ કર્યાં. હૃદયમાં હર્ષ પામ્યા. રોમાંચ થયું. મુનિઓને ઘનશ્યામ પ્રભુ મળ્યા. સર્વ મુનિજનોને પ્રણામ કર્યા. એમના ચરણની રજને મસ્તકે ધારણ કરી હરિનો હાથ મુનિઓ પોતાના હાથમાં પકડીને હરિને આશ્રમમાં પધરાવ્યા. હરિને લઈ જઈને નિવાસ સ્થાન સુડાસનની પાસે ઝુંપડી બનાવેલી. તેમાં નિવાસ સ્થાન હતું. કુટિરમાં વેદી બનાવેલી તેની ઉપર ધર્મનંદન પ્રભુને બેસાર્યા. ત્યાર પછી એમનાં ચરણકમળને ધોઈને ચરણામૃત આશ્રમમાં છાંટ્યું. ત્યાર પછી પોપ સુગંધ ચંદનથી અર્ચન પૂજન કર્યું. મુનિઓ રાજી થયા. ત્યાર પછી આરતી ઉતારી મધુર વચનોથી પ્રાર્થના કરી. ત્યાર પછી ભાવપૂર્વક મુલકંદ ફળો વિગેરે ભાવથી જમાડ્યાં. વિનંતી કરી કહે, મહારાજ આપ આજે અમારે ત્યાં પધાર્યા. અમારા જન્માંતરોના પ્રતાપે પધાર્યા. આજેઆપને વંદન કરીએ છીએ. પરિક્રમા કરીને દંડવત્ પ્રણામ કર્યાં.

હે નાથના નાથ ! હું આપના પવિત્ર ચરણકમળમાં નમન કરું છું. આપનાં સામર્થ્ય મુજબ પવિત્ર ચરિત્રો અદ્‌ભૂત છે. તેને હું ગાયા કરું છું. મુનિંદ્ર રૂપે આપ પવિત્ર આનંદ આપનારા છો. આપની સાથે એક જ સખા છે. જંગલમાં જઈને જોગ જગાવ્યો છે. પાપનો નાશ કરવા આપ પ્રગટ થયા છો. હે હરિ ! આપ યોગ્ય રૂપે જ છો. અમારા ઉરમાં આપના સ્વરૂપને ધારવા કાયમ સ્ફૂર્તિ રહે એવી કૃપા કરજો. અમારા દોષોને દૂર કરજો. અમારા મનોરથોને પૂર્ણ કરજો. અનેક સર્ગોને સર્જનારા આપ સર્વ વર્ગનું આપના સામર્થ્યથી ધારણ કરો છો. સર્વ લોકનું આપ પૂર્ણ કરનારા છો. જીવના કર્મ પ્રમાણે એના ફળને આપનારા આપ જ છો. હરિની સ્તુતિ કરીને મુનિ હરિ પાસે માગવા લાગ્યા કે કાયમ માટે અમારી પાસે જ રહો. દર્શન આપો. તમારા સંતોમાં પૂર્ણ જ્ઞાનવાનોમાં આપના સંતોમાં અમારો વાસ થાય એવી અમારી ઉપર કૃપા કરો. અમે આજ આશ્રમમાં રહ્યા છીએ તે તો કેવળ હરિને પ્રસન્ન કરવા એમનાં દશન ભજન કરવા માટે જ છીએ. હરિનું ભજન કરી અર્થ સિદ્ધ કરી લેશું. હે હરિ આપ તો અમારા પ્રાણ પ્રિય છો. આપનું આટલા માટે જ આતિથ્ય કર્યું છે. કાયમ અમને સુખ આપો.

ફરી મુનિવરો શ્રીહરિને કહે, હરિ આપની ભક્તિનાં સ્વરૂપનું વર્ણન અમને કહો કેવી રીતે કરવી તથા આપની માયાથી અલગ રહીને તમારી ભક્તિ કેવી રીતે થાય. તમારું ભજન કેવા રૂપે થાય તે અમને સમજાવો.

શ્રીહરિ કહે છે, હે મુનિવરો મારી ભક્તિ કરવા માટે ધર્મ, જ્ઞાન, વૈરાગ્યયુક્ત થઈને નિર્મોહિ થાય ત્યારે તે બ્રહ્મરૂપ થાય છે. બ્રહ્મરૂપ થઈને મારું ભજન કરે તે બ્રહ્મરૂપ થઈને હું પરબ્રહ્મ તે મારું ભજન કરે તેને બ્રહ્મરૂપ કહેવાય છે. સામાન્ય જીવના દેહ તે તો જડ છે. દુઃખમય છે. જીવ તેમાં બંધાયેલો રહે છે. તેને જીવ, ઈશ્વર કહેવાય છે. ત્રણ પ્રકારનાં તત્ત્વો સત્વ રજ અને તમ એવી રીતે ચોવીસ તત્ત્વો થાય છે. તે સત્ય મનાય છે. એ તત્ત્વ વ્યાપક છે. હે મુનિરાય લોકમાં ભોગ સ્થળ વૈભવ આ બધાં જ માયાનાં બંધનો કહેલાં છે. માયામય જ છે. આવી રીતે ચાર પ્રકારના પ્રલયો (નિત્ય, નિમિત્તિક, મહાપ્રલય, આત્યંતિક પ્રલય) આ રીતે આ જગતમાં બધું જ વ્યાપીને રહેલું છે. તેમાંથી પર થઈને જે મને ભજે તે જ મુક્ત થાય છે. પરમપદને પામે છે.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં ચોથા પૌગંડ રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારી રચિત છંદભાષામાં શ્રીહરિ છપૈયાપુરનાં વનનું વિચરણ કર્યું હતું તેનું વર્ણન તથા મુનિજનોનો મેળાપ ઉપદેશ કર્યો તે કથન નામે છવીસમો તરંગ થયો. ॥૨૬॥**

# તરંગ-૨૭

રાજા કહે છે, હે વર્ણિરાજ ધર્મભક્તિને હરિનો મેળાપ કેવી રીતે થયો તે કહો. પહેલાના માર્ગે વળીને ન આવ્યા તે કયા માર્ગેથી આવ્યા તેનું વર્ણન કરીને કહો.

ગુરુ આચાર્ય મહારાજ કહે છે, હે નૃપાનંદ રાજન્ ! તમે ચિત્ત દઈને સાંભળો. હરિના મિલાપ માતાપિતાને જે થયો તે વાત કહું છું. તેને વિસ્તાર કરીને કહું છું તેને તમે જે પુછેલ છે તે જ કહું છું. તમે ધ્યાન દઈને સાંભળો. શ્રીહરિ મુનિજનોની સાથે સમાગમ કરીને ત્યાં પાંચ રાત સુધી સતત પ્રભુ રોકાયા. છઠ્ઠે દિવસે હરિ મુનિજનોના પગે વંદન કરીને ચાલતા થયા. હરિના સ્વરૂપને જોઈને હરિની ઈચ્છા રહેવાની ન હોવાથી મુનિજનો હરિના ચરણકમળમાં વંદન કર્યાં. ચરણરજ મસ્તક ઉપર ચડાવી. શરીરમાં રોમાંચ થયું અને નેત્રમાં આંસુ આવ્યાં. આ રીતે હાથ જોડીને હરિને વચનો કહેવા લાગ્યા. હવે આપણે ક્યારે મળીશું. હે કરુણાસિંધુ ગરીબ નીવાજ આપનાં ફરી ક્યારે દર્શન થશે. હે દિનબંધો કહેવાની કૃપા કરો.

ત્યારે હરિ કહેવા લાગ્યા કે હે સરદવાન, હે સુમંકો આપણે ફરી બદરિકાશ્રમમાં મળીશું. આ પ્રમાણે નિઃશંક થઈને જાણો. આ રીતે કહીને હરિ ચાલતા થયા. એમની ભેળા મુનિજનો પણ ચાલ્યા. દૂર સુધી ગયા ત્યારે હરિ કહે તમે પાછા વળો. તમે ઘણે દૂર સુધી આવ્યા છો તેથી પાછા વળો. ત્યારે મુનિજનો ઊભા રહ્યા અને હરિ ચાલતા થયા. ઉમંગથી ચાલ્યા. સવનકુમાર પણ મુનિજનોને વંદન કરીને હરિની સાથે જ ચાલતા થયા. હરિ દૂર સુધી ગયા ત્યાં સુધી મુનિજનોએ હરિને જોયા કર્યા. પછી હરિના ચરણની રજ નિરખીને જોતા રહ્યા. સ્મરણ કરતા રહ્યા. હરિના ચરણમાં ભૂમિ ઉપર રેખાઓ સાથે જોઈને બંને મુનિજનો બંને ચરણરેખા જોઈને મન લોભાવા લાગ્યાં. તે રજને પોતાના મસ્તક ઉપર ધારણ કરી અને પછી પોતાના આશ્રમે ગયા. હરિના સ્વભાવથી લોભાતા મુનિઓ હરિની મૂર્તિનું સ્મરણ કરીને ધારણા ધ્યાન કરતા હતા. અને સાવનકુમારનાં ભાગ્યને વારંવાર સ્મરણ કરી કરીને ગાયા કરતા હતા. હે રાજન ! શ્રીહરિ સખાની સાથે ચાલતા આવતા હતા. તે જીવોના કલ્યાણ કરવાના હેતુસર વનેશ બન્યા હતા. જેમ પાંખોવાળાં પક્ષીઓ આકાશે મંદગતિ કરે તેમ હરિ પ્રવર્તતા હતા.

વર્ણિન્દ્ર જ્ઞાનનો પ્રવાહ વહેવડાવીને ઉપદેશ કરતા હતા. હરિના મુખનાં દર્શન કરવાથી જીવનું મંગળ થાય છે. ધર્મકુમારના મુખકમળમાંથી ઉપદેશનાં વચનનોનો પ્રવાહ વહેવડાવતા હતા. હરિના ચરણકમળનો સ્પર્શ કરવાથી અનેક જન્મનાં દુષ્કર્મો નાશ પામે. મનના સંકલ્પો સિદ્ધ થાય. હરિના મનમાંથી તો જીવોના કલ્યાણ કરવાના સંકલ્પ થતા રહે છે.

હરિનું ઘર શ્રેય કરનાર છે. દર્શનથી અતિ આનંદ થાય. અંગોમાંથી કલ્યાણનો ઓઘ વહે છે. દષ્ટીમાંથી અમૃત તેજ વહ્યા કરે છે તથા રોમાવલિમાંથી બધાના કલ્યાણનો ભાવ વહે છે. હૃદય અસ્થિ પણ અતિ સુખ આપનાર હોય છે. ચાંબડિમાંશ રુધિર સ્નાયુઓ પુત્ર વીરવાર સપ્તધાતુઓ મનુષ્યને રહેવાનું નિવાસ સ્થાન સર્વેમાં શ્રેયનો જ પ્રવાહ વહે છે. શ્રીહરિના કલ્યાણકારક મનોહર સ્વરૂપનાં દર્શન કરે છે. બોલે છે. તે બધામાં દિવ્ય મંગળ કરનાર સુખ આપનાર જ હોય છે. હે રાજન ! શ્રીહરિનાં બધાં અંગોમાંથી જીવોના સુખનું કલ્યાણનું વાતાવરણ જ વહે છે. એમનું રૂપ પણ મંગલમય છે. એટલા માટે હરિ જીવોનું ભલુ કરવા આ ભૂમિ ઉપર વિચરણ કર છે. શ્રીહરિનું સ્વરૂપ કલ્યાણમય જ છે. એમના સ્વરૂપનું જેને પૂરું જ્ઞાન પ્રાપ્ત થાય છે તે આત્યાંતિક મોક્ષને પામે છે. જે થવાની કોઈ શક્યતાઓ જ ન હોય તે હરિના પ્રતાપથી સર્વે થઈ જાય છે. એટલા માટે ન કળી શકાય એવું હરિનું સ્વરૂપ તે અદ્‌ભુત જ છે. એને કોઈ પાર પામતું જ નથી.

આવી રીતે પ્રભુ વનોવનમાં ફરતા થકા ભૂમિ ઉપર કલ્યાણનો કોલ સ્થાપવા જીવોને સુખી કરવા માટે વિચરતા હતા. મુનિજનોના આશ્રમથી ચાલીને પંદર દિવસે છપૈયાની નજીકમાં આવી ગયા તેનાં શુકન થવા લાગ્યાં. ત્રણ માસ પુરા થવામાં એક દિવસ બાકી હતો ત્યારે સારાં શુકન થવા લાગ્યાં. ધર્મભક્તિનાં અંગો ફરકવા લાગ્યાં. ધર્મદેવને જમણું અંગ ફરકવા લાગ્યું અને ભક્તિમાતાને ડાબું અંગ ફરકવા માંડ્યું ત્યારે ધર્મદેવ ભક્તિમાતાને કહે હવે હરિ દૂર નથી. નજીકમાં જ છે. ઉત્તર દિશામાં મુખ રાખીને કાગડાઓ બોલતા હતા. મનુષ્યોને મુનિ મહારાજ આજે મળશે એમ કહે છે. સુવાસિનિને પણ સારું સ્વપનું આવેલું તેમાં હરિનું દુબળું થયેલું. શરીર તેમાં ધમની આદિક બધી નાડીઓ દેખાતી હતી. હરિનો વર્ણિવેશ હતો. મસ્તક ઉપર જટા થયેલી હતી. બાલપ્રભુનું મુખકમળ બાળચંદ્રમા જેવું શોભતું હતું. લાલ શોભા વધારતું હતું. આવી રીતનું રૂપ જોયું. તેથી સાસુમા ભક્તિમાતાને કહ્યું, સસરાને પણ કહ્યું કે હરિ આજે વેગપૂર્વક જલદી આવી જશે. આ રીતે સુવાસિનિની વાત સાંભળીને માતાપિતાના હૃદયમાં અતિ આનંદ થયો. સુવાસિની પ્રત્યે બોલ્યા કે અમને પણ શુભ સમાચાર સાંભળીને સુખ થયું. સારું થયું જરૂર જ આ જે હરિની સાથે મેળાપ થશે જ.

ધર્મદેવે સંકલ્પ કર્યો કે જો હરિ આજ આવે તો એકસો આઠ ગાયો વસ્ત્ર આભૂષણથી શણગારીને બ્રાહ્મણોને દાનમાં આપું. આ રીતે ભેગા મળીને વિચાર કરતા થકા દિવસ આજે મંગળ છે. પવિત્ર છે એને વિતાવતા હતા. બોલતા હતા. આજે હરિને આવવાની ખૂબ જ મોટી આશા છે. ઉત્સાહથી હરિના મુખકમળને જોવા માટે દર્શન કરવા રાહ જોતા રહે છે. ક્યારે આવે ને દર્શન કરીએ. આ રીતે વાતો કરે છે એટલામાં જ બે મુક્તો છપૈયાપુરમાં શ્વેત દિવ્યધામમાંથી હરિનાં દર્શન કરવા આવ્યા. એમને બંનેને ધર્મભક્તિએ જોયા. એ લોકો કહેતા કે ધર્મદેવને બધી ખબર હશે એ જાણે છે. પછી માતાપિતા પાસે આવીને કહે, હરિ આવે છે તેથી તમારાં અંતઃકરણ શાંત સ્થિતિવાળું થાય તે તમારા બંને માટે જ આવે છે. એ તે હરિકૃષ્ણ પ્રભુ કરુણા કરીને તમારા ભાવને પૂર્ણ કરવા જ આવ્યા છે. ધર્મદેવ તે મુક્તોને કહે, હે પ્રિય ! તમે અમને જે સંદેશ કહ્યો તે સાચો જ કહો છો કેમ કે હરિની

ઈચ્છાથી જ આપ અમને મળ્યા છો. આમ કહીને તે બંને વંદન કરીને ગયા. તેઓ હરિનાં માતાપિતા ધર્મભક્તિનો મહિમાને ગાતા થકાં ગયા. ત્યાંથી મુક્તો જ્યાં હરિ હતા ત્યાં ગયા. હરિ વિશ્વામિત્રી નદીના કાંઠે હતા ત્યાં જઈને હરિના ચરણવંદન કરીને વિનયપૂર્વક નમ્ર વચનો કહેવા લાગ્યા અને માતાપિતાની પીડા દૂર કરી. અત્યારે માતાપિતા તમારા મિલન માટે રાહ જુવે છે. એકી નજરે તમારાં દર્શન માટે નમે છે. માટે આપ અત્યારે અહીંથી નીકળો તો સારું. એ લોક અત્યારે તમારી સામે આવવા માટે ગામથી બહાર નીકળીને રાહ જોવે છે. આપનું મિલન જ જરૂર થવાનું છે એ પ્રમાણે માને છે.

આ રીતે સમાચાર કહીને હરિના ચરણમાં વંદન કરીને બંને મુક્તો પોતાનો લોક શ્વેતદ્વિપમાં ઈચ્છા મુજબ વિચરતા થકા ગયા અને હરિ પણ સખાની સાથે નદીમાં સ્નાન કરીને નિત્ય નિયમ જલદી કરીને તૈયાર થયા. વરણીરાટ ત્યાંથી ચાલતા થયા અને છપૈયાપુર પાસે જ્યારે પહોંચ્યા ત્યારે પ્રિય પ્રેમી જનો સંબંધીઓ બધા ત્યાં આવેલા હતાં. મામા, મામી, ભાઈ, મિત્ર ,સમુદાય, સ્ત્રીઓ ,મામી, માસી, સુવાસિનિ ભાભી, માતા વિગેરે આવેલાં જોયાં. આવીને હરિ પ્રથમ મોટાભાઈ રામપ્રતાપને મળ્યા. એમને દંડવત્ પ્રણામ કર્યા. ત્યાર પછી બધા મામાઓને મળ્યા. ત્યાર પછી રામપ્રતાપે બધા મિત્રોને મેળાવરાવ્યા. આનંદ પમાડ્યા. ત્યાર પછી મામી, સુંદરીમાસી આદિ તથા સુવાસિનિ ભાભી વસંતામાસીને મળ્યા. ચંદનમાસીને મળ્યા પછી ઘનશ્યામ પ્રભુ પોતાના ઘેર આવ્યા. માતાપિતાને દંડવત્ પ્રણામ કરીને મળ્યા. પહેલાં નિલકંઠ શ્રીહરિ પિતા ધર્મદેવને મળ્યા અને ધર્મદેવે બાલપ્રભુને ખૂબ જ પ્રેમથી પોતાના હૃદયસરસા ચાંપિને ખોળામાં બેસાર્યા. પુત્ર પ્રભુ મળવાથી નેત્રમાં પ્રેમનાં આંસુ આવી ગયાં. આંસુથી પ્રભુને નવરાવી નાંખ્યા. ત્યાર પછી હરિનું મસ્તક સુંઘીને પ્રેમ બતાવ્યો. હરિએ પણ પિતા પ્રત્યે ખૂબ જ પ્રેમ દર્શાવ્યો. આ રીતે સુખ સિંધુ ઘનશ્યામ પ્રભુ સ્નેહીને સર્વ પ્રકારનાં દુઃખોને દૂર કરી નાંખ્યાં. હરિ મળવાથી પ્રિયજનો ખૂબ જ રાજી રાજી રાજી થઈ ગયા. હરિનાં દર્શન થયાં એટલે બધાં જ દુઃખો દૂર થઈ ગયાં.

ત્યાર પછી માતાને જોઈને ઊભા થઈને મનમોહન હરિ મળ્યા. પોતાના સ્વરૂપની કળાથી મોહનિ લગાડી ત્યારે માતાએ હરિને હૃદયસરસા ચાંપીને મળ્યાં. સર્વ અંગોને સ્પર્શીને જેમ ગાય પોતાના પ્રિય વાછરડાંને જોઈને રાજી થાય તેમ માતા પણ રાજી થઈ ગયાં. હરિનો હાથ જાલીને મુખનું ચુંબન લેવા લાગ્યાં. પાણીમાં રહેનારી માછલી પાણીથી દૂર જાય અને પાણી મળે ને જેમ તેમાં ગરકાવ થઈ જાય તેમ માતા પણ હરિમાં ગરકાવ થઈ ગયાં. હરિને નવરાવીને શરીર સ્વચ્છ કર્યું. ત્યાર પછી હરિ તૈયાર કરેલ દૂધને મુખમાં લઈને પાન કરતા હતા. દૂધનું પાન કરીને પોતાની માતાનું મન તૃપ્ત કર્યું તથા પિતાનું મન રાજી કર્યું. ત્યાર પછી પોતાના ભાઈ નાના પાંચ વરસના તે આવીને હરિના પગે પડીને વંદન કર્યાં. ત્યારે હરિએ એમને ઉપાડીને ખોળામાં લીધા અને એમને પ્રેમથી પોતાપણાનો ભાવ સમજાવ્યો ત્યારે તે ઈચ્છારામ બંને ભાઈના ખોળામાં જઈને બેઠા. ખૂબ જ પ્રેમથી ભરપૂર સુખને પામવા લાગ્યા. આ રીતે શ્રીહરિ બધાંને પોતાનું અતિ હેત હેતના ગુણો પ્રેમથી બતાવતા હતા. પોતાની ચતુરતાથી બધાંનાં ચિત્તને ચોરતા હતા ત્યાર પછી પ્રિય ભાભી સુવાસિનિ પાસે જઈને ઊભા રહ્યા ત્યારે પ્રભુને સુવાસિનિએ ખૂબ જ પ્રેમથી ખોળામાં બેસાર્યા. અને ખુબ જ વહાલ કર્યો સુવાસિનિ હરિને કહે આપ જમી લો.રસોઈ તૈયાર છે. જમીને તમ તમારે તપના પારંગતતાની વાતો કરીને મનની સફળતા તેને પૂર્ણ કરો.

ત્યારે માતાપિતા, બલરામભાઈ, શ્રીહરિ, નાના ભાઈ ઈચ્છારામ તથા રામપ્રતાપના પુત્ર એક વર્ષના હતા તે નંદરામ આ સર્વે સ્નાન કરીને જમવા માટે સૌ પોત પોતાના આસન ઉપર બેઠાં ત્યારે સુવાસિનિ પ્રેમથી પીરસીને ખૂબ જ આગ્રહ કરીને જમાડતાં હતાં. જમ્યા પછી તૃપ્ત થઈને હાથ જળથી ધોઈને મુખ ધોયું. ત્યાર પછી સુંદર સ્વચ્છ જળપાન કર્યું. ત્યાર પછી મુખ શુદ્ધ કરવા માટે મુખવાસ ધર્મપરિવારે તથા ધર્મદેવે પણ લીધો.

આ રીતે હરિના વિયોગથી પ્રિયજનો સંબંધીઓ ચિંતામાં મુકાઈ ગયાં હતાં. તેઓ ફરી પાછા હરિનો મેળાપ થયો એટલે જેમ વસંતઋતુમાં વૃક્ષોમાં નવાં નવાં કુંપળો આવે તે ખીલે તેમ બધાના મનમાં આનંદરૂપી નવપલ્લવ આવી ગયાં. હરિના સ્વરૂપમાં એમના ચરિત્રોમાં પ્રેમરૂપી સમુદ્રમાં બધાંનું મનમાં મોટી મોટી લહેરો ઉઠતી હતી ત્યારે હરિના મુખકમળને ચંદ્રસમાન દર્શન કરીને બધાનાં મન ખૂબ જ આનંદ પામ્યાં અને બધાં જ દુઃખ પીડાને ભૂલી ગયાં. શાંત મનવાળાં થયા.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં ચોથા પૌગંડ રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિ પ્રિય સંબંધીજનોનો મેળાપ થયો તેની કથા કહી એ નામે સત્યાવીસમો તરંગ થયો. ॥૨૭॥**

# તરંગ-૨૮

રાજા કહે છે, હે વર્ણિ ધર્મદેવે ગાયો વિગેરેનું દાન આપ્યું તથા પરિવારનાં જનો મિત્રો પુરનાં મનુષ્યો તથા બીજા મનુષ્યોનું વાતાવરણ વર્તન વિગેરેની વાતો મને કહો.

મુનિ કહે છે, હે રાજન્ ! તમને ધન્યવાદ છે. કેમકે તમે જે વાતો પૂછી છે તે વાતો નિલકંઠ વર્ણિ ભગવાનનાં ચરિત્રનું વર્ણન કરીને વિસ્તારથી કહું છું. રાજા કહે, તમે ભગવાનનાં અલૌકિક મહાન ચરિત્ર મને કહો. તે ચરિત્રો તમે કહો છો તે તો જીવને સંસાર સાગરને તારવા માટે નૌકારૂપ છે. મુનિ કહે, હરિ ઘેર આવ્યા ત્યારે તે જ દિવસે એક જ કાળમાં હરિના મેળાપથી મોટો હર્ષ આનંદ થવા લાગ્યો. રાતના સમયે બધાં સંબંધીજનો વૈશાખ માસના શુક્લ પક્ષની આઠમની રાત્રે જ્યારે ચંદ્ર ઉદય થયા ત્યારે ચારે બાજુ ચાંદનીનું અજવાળું દેખાતું હતું. ત્યારે નગરના મનુષ્યો તથા સગાંસંબંધી હિતવાળાં ભેગાં થઈને ધર્મદેવની પાસે બેઠાં હતાં ત્યારે શ્રીહરિ વનમાં ગયા. તે સમયની લીલા બધાંને સંભળાવતા હતા. લોકો સાંભળવા એકાગ્ર ચિત્તથી બેઠાં હતાં. અઢાર ભાર વનસ્પતિઓથી ભરપૂર વન અતિશય ઘાટાં જેમાં જવા આવવાનો મારગ જ ન હતો. તે વનમાં સુવર સિંહ હાથી ભેંસો પાડાઓ નીલ ગાય ચમરી ગાય વિગેરે પ્રાણીઓ રહેતાં હતાં. મૃગોનાં ટોળાં મોરો ટહુકા કરતાં હતાં. અજગર સર્પ શિયાળો વિગેરે અનેક જાતિનાં પ્રાણીઓ અનેક જાતનાં પક્ષીઓ વિગેરે અતિ વીકરાળ જોવામાં આવતાં હતાં એ બધાં જોયાં.

જ્યાં જ્યાં હરિ વિચરતા હતા ત્યાં ત્યાં સર્વે પ્રાણીઓ વૈર વિનાનાં થઈને રહેતાં હતાં. નજરેથી હરિને એકાગ્રતાથી જોતાં હતાં ત્યારે એ પ્રાણીઓના મુખમાંથી ખવાતો ખોરાક પણ પડી જતો હતો. વનમાં ક્યાંક ક્યાંક મુનિજનોના આશ્રમો આવતાં હતાં. ત્યાં મુનિપતિ હરિ એમને મળવા આશ્રમે જતા હતા. ક્યાંક ક્યાંક મુનિજનો હરિનું પૂજન

કરવા આવતા હતા. આ રીતે હરિ વનમાં ગયા. વિચરણ કર્યું તેની વાત શ્રીહરિની સાક્ષાત્ સવનકુમાર હરિના સખા કહેતા તે પ્રત્યક્ષ વાતો પુરનાં મનુષ્યો તથા પરિવારનાં મનુષ્યો સાંભળી સાંભળીને આશ્ચર્ય પામી જતાં હતાં. આ રીતે હરિના વનવિચરણની બધી વાર્તાઓ બધાના ભાગ્યને પૂર્ણ કરનારી છે અને સાંભળનારના કુળને તારનારી છે. હરિનો માર્ગ તો અધમ જીવોનો ઉદ્ધાર કરવાનો જ છે. ધર્મદેવ રામપ્રતાપને કહે, હે પુત્ર ! મારી એક વાતને સાંભળો. આપણી વાત છે. તેમાં એકસો આઠ ગાયો કાલ સવારમાં દાનમાં આપવાની છે. એવો મેં સંકલ્પ કરેલ છે. તો તમે ગાયોની તૈયારી કરજો. સવારમાં આપવી છે. ત્યારે રામપ્રતાપ અતિશૌર્યની સાથે કહે આપની ઈચ્છા હોય તે પ્રમાણે કરીશું. આ રીતે વાત કરી આ બાજુ આવેલાં જનો પુરનાં લોકો પરિવાર સંબંધી લોકો બધાં જ પોતપોતાને ઘેર ગયાં. રાતના બાર વાગ્યા પછી બધાં શયન કરવા લાગ્યાં અને સૂઈ ગયાં.

અરુણશિખા ધુન સાંભળીને મોટાભાઈ રામપ્રતાપ જાગ્યા અને હરિનું સ્મરણ કરીને સ્નાનવિધિ કરીને તૈયાર થયા. પવિત્ર સેવકોને બોલાવ્યા. જુદા જુદા બોલાવી કામ સોંપ્યાં. જવાબદારી સોંપી. પવિત્ર પૂજા સામગ્રીનાં પદાર્થો મંગાવ્યાં. રામનવમીનો દિવસ ખૂબ જ મોટો મહિમાથી ભરપૂર મહાન અલૌકિક દિવસ હતો. કેમકે આ દિવસે શ્રી હરિકૃષ્ણ પ્રભુનો પ્રાદુર્ભાવ (જન્મ) દિવસ છે. તેથી હરિજયંતિ ખૂબ જ ઉત્સાહથી ઉજવી હરિનું સ્મરણ કરીને પિતા ધર્મદેવ જાગ્યા. માતા પણ જાગ્યાં અને મોટા ભાઈ રામપ્રતાપે આવીને પ્રેમથી માતાપિતાને પ્રણામ કરી વંદન કર્યાં. અને રામ કહેવા લાગ્યા, હે માતાપિતા ! તમારી ઈચ્છા મુજબ મેં પૂજાની વસતુઓ મંગાવી છે. કેમકે આજે રામનવમીનો દિવસ છે. એટલે હરિ ઘનશ્યામનો જન્મ દિવસ છે. એટલા માટે મારા મનમાં વિચાર આવ્યો ને ઈચ્છા કરીને વસ્તુ મંગાવી છે. આ બાજુ દિવસનું અંજવાળુ થયું એટલે હરિ જાગ્યા અને જ્યાં માતાપિતા અને ભાઈ હતા ત્યાં આવ્યા. આવીને સ્નેહની સાથે માતાપિતાને પ્રણામ કર્યા. નેત્રમાં જલ લાવીને નમન કર્યાં. પવિત્ર નવમીના દિવસે પ્રાતઃકાળમાં જ રોજના ક્રમ પ્રમાણે નિત્ય સ્નાન કરીને તૈયાર થયા ત્યારે બધા જ સેવકો ભાવ પ્રેમવાળા મંગાવેલી માંગલિક વસ્તુઓ લાવ્યા.

ત્યાર પછી ધર્મદેવે વિદ્વાન બ્રાહ્મણોને ઘેર બોલાવ્યા. નવમીનો વિધિ પ્રમાણે પ્રયોગ કરાવ્યો. નિત્યના પાંચ પ્રકારના યજ્ઞો કરાવીને વિષ્ણુયાગ બ્રાહ્મણો પાસે વિધિપૂર્વક ઉદારતાથી ધર્મદેવે કરાવ્યાં. ત્યારે છપૈયાના દશકોશી દેશના લોકો સાથે મળીને કાયમ માટે ધર્મદેવના ઘેર આવતા હતાં. તે લોકો પ્રભુના વનમાં ગયા હતા તે પાછા આવ્યા છે. તેના સમાચાર જાણીને મંગલરૂપ હરિનાં દર્શન કરવા તથા મળવા આવ્યા. એ દિવસે જ્યારે સૂર્યનારાયણ મધ્યદિને આવ્યા ત્યારે ધર્મદેવ રામપ્રતાપને પુન્ય કરવાના હેતુ ભુત દાન કરવા માટેની સફેદ હૃષ્ટપુષ્ટ શરીરવાળી સારી રીતે દૂધ આપનારી શરીર ઉપર શણગાર કરીને એકસો આઠ ગાયો દાનમાં આપવી. વાછડાંઓને સ્તનપાન કરાવેલાં. એવી વાછડાં સાથે શણગાર સજેલી ગાયો દાનમાં આપવા માંડ્યા. બ્રહ્મદેવો લેવા લાગ્યા. આ રીતે ઉદારતાથી દાન કરતા હતા. ધર્મદેવે દાન કરવા માટેનો જે સમયે સંકલ્પ કરેલો તે જ સમયે સિદ્ધિ અને નવનિધિ આવીને કહે, તમારે જે ઈચ્છિત હોય તે પ્રકારે તેવા પ્રમાણમાં દાન આપો. તમારે જે લેવું હોય તે લઈને દાન આપો. રાજા કહે છે, હે વર્ણિવર આપ મને બીજાં જે ચરિત્ર હોય તે મને કહો. ધર્મદેવે જે દાન આપ્યું તે વાત મને વિસ્તારથી સંભળાવો. મારે મનમાં એવી ચાહના છે.

વર્ણિ કહે છે, હે રાજન્ ! તમે સાંભળો. ધર્મદેવે જેને દાનો આપ્યાં તેઓએ સન્માન પણ મેળવ્યું. આ લોકમાં તો સામાન્ય નામ માત્ર જ સુખ પામ્યા પણ ભગવાનના ધામના સુખ આગળ તો કાંઈ વાત જ ન થાય. ધર્મદેવના ધર્મમય ગુણો તો અનંત છે પણ ધર્મદેવ જે દાન આપે છે તે જીવતો તરી જાય છે. વર્ણાશ્રમના આઠ વિભાગો કહ્યા છે. તેમાં વેદવિદ્યાને જાણનારા વેદના જ્ઞાનકર્મળવાળાને જ દાન દીધાં. અધર્મયુક્ત ભારથી પીડાતી ભૂમિના ભારને હળવો કર્યો. દેવો મુનિજનો શ્રી સંતોનો ભય દૂર કર્યો. અસુરોથી દૂર કર્યો. જેમણે ધર્મદેવની પાસેથી ગુણયુક્ત દાન લીધું તે આ લોકમાં લીધું. અંતે પરલોકનું સુખ મળે છે. દાન દેનારને તેના વખાણ થાય છે તે સાંભળો.

આ જગતના સર્જન કરનાર પાલન કરનાર નાશ કરનાર ઈશ્વરનારાયણ જ છે. ત્રણેને ધર્મદેવે દાન કર્યું. ત્રણે પ્રકારનું નિય નિમિત્તિક અવતારો ધરીને ધર્મસ્થાન કર્યાં. દાનો આપ્યાં. ધર્મને ધારણ કરીને પાલન કર્યું અને અધર્મયુકત આ ભૂમિના ભારને હળવો કરતા હરિ ધર્મસ્થાપન કરે છે. ગરીબોને દાન આપે છે. આ રીતે ધરા ઉપર ધર્મનું સ્થાપન કરે છે અને ધર્મના માર્ગ ઉપર સર્વને ચલાવે છે. જગતધર્મ કરનારને ધાર્મિક કહે છે. આ રીતે ધર્મ અનંત છે. અનેકને મોક્ષ માર્ગે લઈ જાય છે. જે લોકો પવિત્ર ધર્મદાન નથી કરતો તે તો પતિત થઈને નરકમાં દુઃખ પામે છે.દાનના પ્રતાપથી મન પવિત્ર થાય છે. અને જગતમાં બધે ઉજ્જવળતા ફેલાય છે. કીર્તિ ફેલાય છે. અંતે સૂર્ય ચંદ્ર સ્વર્ગલોક સત્યલોકને પામે છે. ખૂબ જ સુખ ભોગવે છે. ગુરુદેવ કવિ મુનિજનો આ સાતને જેઓ આપે છે તે સુખ પામે છે. ધર્મ અનુસાર દાન કરીને અમરીશ રાજાનો ઉદ્ધાર થયો. ઋષિપુત્ર દૈત્યનો રાજા પ્રહ્લાદ તથા બલીરાજાએ પ્રભુને ઓળખીને દાન કર્યું. ભજન કર્યું. તે સર્વે ધર્મના જ પ્રતાપે સુખ પામ્યા. ધર્મરાજ યમરાજા પણ જીવોના કર્મ પ્રમાણે દંડ આપે છે તે પણ યોગ્યતા પ્રમાણે માપસર તોળીને આપે છે. ભીષ્મ પ્રતિજ્ઞા લેનાર ભીષ્મ પિતાને પણ બાણની શય્યામાં સૂવું પડ્યું એ ધર્મભંગનું પરિણામ છે. જય વિજય મુનિના શાપથી કંપી અને ઉઠ્યા. પૃથ્વી ઉપર પડ્યા. સનકાદિકો ધર્મમર્યાદામાં રહીને પ્રભુભજન કર્યું. પ્રભુએ પણ એમનું વચન માન્યું. સમુદ્રમંથન કર્યું ત્યારે દેવોને ઝેરના ભયથી ઉગાર્યા. તે વિષ કપાલીના વેશવાળા ભગવાન શંકરને પાયું. મેઘનાદના પડકારથી અઢાર પદમ વાનર ભય પામ્યા. પણ ધર્મના પ્રતાપથી લડાઈમાં આગળ વધ્યા હતા અને આજે પણ ધર્મના જોરે મહારાજના પ્રતાપથી કામ, ક્રોધ, લોભ, મોહ, માનમાં જે જીવો ફસાયા છે તે ધર્મના પ્રતાપથી જ ઉગરે છે.

આ રીતે ધર્મદેવે દાન કર્યું. તેનો મહિમાને બધા જ ગાતાં હતાં. કેમકે દાનનો થોડોક જ ગુણ લીધો હોય એમનાં મન અતિ પવિત્ર થઈ જાય છે. મનમાં આનંદ આવે છે. સુખ પામે છે. ધર્મદેવે અન્ન ધન વસ્ત્રો ખૂબ દાનમાં વિદ્વાન બ્રાહ્મણોને આપ્યાં તે પોતાના મનમાં કરેલો સંકલ્પ અત્યારે દાન આપીને પૂર્ણ કર્યો. મનમાં શાંતિ પામ્યા. આ બાજુ રામપ્રતાપ ભક્તિમાતાને કહે, હે માતાજી તમારે પણ કાંઈ દાનપુણ્ય કરવું હોય તો તે તમારી ઈચ્છા મુજબ કરો. તમારે મનમાં કાંઈ સામાન્ય સંકોચ ન રાખશો. રામપ્રતાપનું કહેવું સાંભળીને માતા કહેવા લાગ્યાં. હે પુત્ર ! બારસના દિવસે દસ હજાર બ્રાહ્મણોને સારાં સારાં પકવાનો બનાવીને સારી રીતે જમાડવાના અને ત્યાર પછી એમને દક્ષિણા આપવાની ત્યારે રામપ્રતાપ કહે, હે મા ! તમારું વચન સત્ય કરીશ જ. તે પરમ

દિવસે એકાદશિનું રાત્રે જાગરણ કરીને ભજનકીર્તન ઉત્સવ કરી સવારમાં નારાયણસરમાં તથા ધર્મતળાવમાં સ્નાન કરીને પુણ્યદાન કરીશું. એ પ્રણયકાળમાં નગરનાં જનોને ધર્મદેવે હેતથી ખૂબ જ જમાડ્યાં.

હે રાજન્ ! ત્યારે હરિભક્તો હરિની આગળ ભેટ ધરતા હતા અને હરિનાં દર્શન સ્પર્શ કરીને પોતાનાં પાપનો ત્યાગ કરતાં હતાં. આ રીતે અનુપમ એકાદશી આવી ત્યારે અતિ આનંદ પ્રેમથી રામપ્રતાપ ઉપવાસ કરતા હતા. વ્રત કરતા હતા. તે એકાદશીના દિવસે ઉપવાસ બધાએ કર્યો અને રાત્રે ઉત્સવ કર્યો. કથાવાર્તા હરિકીર્તન કરીને સમય પ્રસાર કર્યો પણ વ્યર્થ કાળ ન વિતાવ્યો. એ રીતે વ્રત કર્યું. આ બાજુ રામપ્રતાપે સવારથી જ બ્રાહ્મણોને જમાડવા માટે સીધા સામાન ઘણું બધું ભેગું કર્યું. બધાને ઈછા પ્રમાણેના ભોજનો તૈયાર કરીને બ્રહ્મદેવોને ખૂબ જ જમાડ્યા. પોતાની મામીને આગલા દિવસે અવધપુરમાં મોકલ્યાં હતાં. ત્યાં આજુબાજુના ગામોમાં રહેતા. બ્રાહ્મણોને બધાંને અયોધ્યામાં જમાડ્યા. તૃપ્ત કર્યા. આ રીતે રામપ્રતાપે પોતાનાં માતાનું વચન સાચું કર્યું. જે રીતે પિતાનું વચન પૂર્ણ કર્યું તે જ રીતે માતાનું વચન પૂર્ણ કર્યું. આ રીતે બંને પુત્રો અનંત અને પ્રભુ ઘનશ્યામ બંને વચન પ્રમાણે જ વર્તતા હતા.

રાજા કહે છે, હે વર્ણિરાય ! આપે મને ધર્મદેવના દાનનો મહિમા કહી સંભળાવ્યો હતો. હવે ભક્તિમાતા એ જે દાનપુણ્ય કર્યું તેનો મહિમા કહો જે લોકોએ દાન પુન્ય લીધું તેનું વર્ણન કરો. મુનિ કહે છે, હે રાજન ! ભક્તિમાતાનું જે દાન તેનો પ્રતાપ તો ભક્તિમય જ છે. તેની વિગતવાર વાત કહું છું. સ્ત્રીની આ શક્તિ ભક્તિમાં કેવી છે તે ભક્તિ ગુણભાવથી જુદાં જુદાં ફળને પામેલાં છે. ભીલ અને શબરી ભક્તિના ભાવને પામી લાકડાની નાવડીમાં પ્રભુને બેસારવા માટે નાવિકે પ્રભુના પગો ધોયા. પછી બેસાર્યા એવો ભક્તિનો પ્રતાપ છે. આ રીતે ગૂહે પોતાની જ્ઞાતિનો ઉદ્ધાર કર્યો. રીંછ, વાનર, માંકડાંની ભક્તિથી તેઓનો ખૂબ જ મહિમા છે. ભગવાન ભક્તિને વશ થઈ ગયા. ભક્તિના ગુણ હેત દાનથી અયોધ્યાનો ઉદ્ધાર થયો. સીતાએ પણ ભક્તિનો ગુણ લઈને પતીની આજ્ઞા મર્યાદા પ્રમાણે રહીને ભક્તિ કરીને જગતને બોધ આપ્યો છે. ભક્તિના ગુણથી તો કુબડી કુબજાને ભગવાને સુંદર બનાવી એ ભક્તિના ગુણના પ્રતાપે ઉજ્જવળ કીર્તિવાળી થઈ. ભક્તિના ગુણનું દાન ગ્રહણ કરીને ઋષિમુનિઓએ સુખ મેળવ્યું તથા સોળ હજાર એકસો આઠ ગોપિઓ હરિને વરીને પોતાની ભક્તિ દૃઢ કરી છે. દ્રૌપદીએ કુન્તાજી, ભક્ત વિદુરે તથા ભક્ત પાંડવોએ જનક રાજાએ. સુતપુરાણીએ, સુદામાએ સર્વેની ભક્તિને વશ થઈને એમને સહાય કરી તથા કોશલ્યા, અદિતિ, ઉમા, દેવહુતિ માતા, દેવકિ માતા, અનસૂયા માતા આદિ સર્વેએ ધર્મમર્યાદાનું પાલન કરીને ભક્તિ કરી તો ફળને પામી. એ જ રીતે ભક્તિમાતાએ પણ વર્તન કરેલ છે. અનંત કોટિ જીવાત્માઓએ હરિની ભક્તિ કરીને શ્રીહરિના ચરણકમળમાં ધામને પામ્યા છે. તે સર્વે અનંત મુક્તો થયા. એ કેવળ ભગવાનની ભક્તિ દાનનો જ પ્રતાપ છે. એટલા માટે તે ભક્તિદાનનો મહિમા તો અનત ઘણો કહેલો છે. તેથી પાંચ પ્રકારના મહાપાપને કરનારા જીવોનો અધમ કર્મનો ભક્તિમાતાએ સર્વનો ઉદ્ધાર કર્યો. રાજા કહે છે, હે વર્ણિરાજ તમે ધર્મદેવે બધા જીવો લોકો પ્રત્યે વિધિ કર્યો છે. તે વિધિ નવ પ્રકારની ભક્તિનાં અંગોનું વર્ણન કરીને મને સમજાવો. એવી મારી વિનંતી છે. જે જન એકાંતિક ભક્તિ કરે છે તે જન તરત જ પ્રભુના ચરણકમળને પામે

છે. તેને ભગવાનની ભક્તિ સહૃદય કરે છે. એટલા માટે દરેકે ભગવાનની દ્રઢ ભક્તિ કરવી જોઈએ. ધર્મથી ક્યારેય દૂર ન જવું જોઈએ એ જ સિદ્ધાંત છે.

હવે મારું શરીર વ્રધપણાને પામેલું છે. એટલા માટે આ ઉપદશોને એ જીવના માટે અવધિ પ્રમાણેનો કહેવાય. માટે આ રીતે ભક્તિ કરજો અને પ્રભુ ઘનશ્યામ રામપ્રતાપ ઈચ્છારામ આ ત્રણે મારા પુત્રો છે એ પણ અમાપ સામર્થ્યવાળા છે તે તમે જાણજો. એ ત્રણેમાં વચટ ઘનશ્યામ છે તે હરિકૃષ્ણ કુળને જગતને તારનારા નૌકારૂપ છે. પવિત્ર છે. સર્વને પવિત્ર કરીને અશરણના શરણ રૂપ છે. તેથી જે જન એમનો આશ્રય કરે છે તે ભજન કરે છે. એ કોટી કોટી ઘણું સુખ મેળવે છે. આટલું ધર્મદેવે બધાંને પરમ પવિત્ર શ્રેષ્ઠ જ્ઞાન આપ્યું. તેને બધાએ કલ્યાણકારક સમજીને પોતાના મનમાં ગ્રહણ કરી લીધું. સારમય સમજ્યા. પછી સર્વે ધર્મદેવ તથા પુત્રપરિવારને બધાને વંદન કરીને બધાં જ પોતપોતાના ઘર પ્રત્યે ગયાં.

ફરી પાછાં બધા જ્ઞાતિનાં સંબંધી લોકો ધર્મદેવ ધર્મદેવ કહીને એમનાં વખાણ કરતાં હતાં. અતિ પ્રિયજનો બધાં પ્રેમભાવથી બધું પોતાનું જ જાણીને કામ કરવા તૈયાર રહેતાં હતાં. બધી જ સ્ત્રીઓ મળીને બધાં સાથે ભક્તિમાતાની પાસે જવા લાગ્યાં. વંદન કરીને ભક્તિમાતાની સાથે હરિને જોઈને ભક્તિમાતા અતિ આનંદ કરતાં હતાં. બધાને ભક્તિ કરવાનું કહેતાં હતાં. સધવા સ્ત્રીઓ સર્વે પોતાના પતિનાં વચન પ્રમાણે વર્તતાં હતાં. પતિદેવ પણ શાંતિથી હરિમાં વૃત્તિ રાખતા હતા. છળકપટ વરનું પવિત્ર પણુ રાખતા હતા. ક્યારેય મુખે ખોટું જુઠું બોલતા ન હતા આ રીતે જ. બધાં આવેલાં સજ્જનો સર્વે પાંચ દિવસ રહ્યાં ત્યારે બધાં ધર્મદેવનો સમાગમ કરતાં હતાં ત્યારે ધર્મદેવ બધાંને ઉપદેશની વાત કરતા હતા. તેમાં મુખ્ય પક્ષ હરિના નિશ્ચય દઢ કરવાનો જ પક્ષ હોય છે. ધર્મદેવ અતિ દઢ જ્ઞાન વૈરાગ્યયુક્ત ભગવાનની ભક્તિનાં જુદાં જુદાં અંગોનો જ ઉપદેશ કરતા હતા. તેના નવ ભેદો સમજાવતા હતા. કીર્તનભક્તિ, સ્મરણભક્તિ, ચરણસેવન ભક્તિ, અર્ચન ભક્તિ, વંદન ભક્તિ, સમપર્ણ ભક્તિ, દાસત્વ ભક્તિ, સખ્યભક્તિ, આત્મનિવેદન આવી ભક્તિ કહેવાય છે. તે નવ પ્રકારની ભક્તિ અભેદ ભક્તિ છે. એ સર્વેમાં જેમનું જે અંગ હોય તેને દઢ કરીને એક જ ભક્તિ કરે તો પણ તે ભગવાનના ધામને પમાડે છે. જન્મ મરણના ફેરામાંથી મુક્ત થાય છે. જે જન ભાવનાપૂર્વક દઢ મનથી નવ પ્રકારની ભક્તિ કરે છે એને તત્કાળ જ ભગવાનનું ધામ પ્રાપ્ત થાય છે. જે જીવાત્મા આત્યાંતિક શ્રેયને પામે છે તેમાં બધાંજ અંગો વિરક્તિને પામે છે. બધામાં શ્રેષ્ઠ પ્રેમ લક્ષણા ભક્તિ છે. તે જ શ્રેષ્ઠ છે.

દસમી ભક્તિ લોકો કરે છે. જેનાથી સર્વોપરી શ્રીહરિનું ધામ છે તેને પામે છે. તે ધામમાં સતત હરિની આગળ જ હાજર રહીને નિષ્કામ ભાવથી ભક્તિ કરે છે. તે ધામની અંદર દિવ્ય સચ્ચિદાનંદ તે સર્વપોરિ સર્વનો આધાર રૂપ છે અને અનંત કોટિ ઐશ્વર્યયુક્ત પરબ્રહ્મ પુરુષોત્તમના ચરણકમળના આશ્રયને પામે છે. દિવ્ય રૂપે વર્તે છે. વિધવા સ્ત્રીઓ સર્વે પ્રભુને પતિભાવે ભજન કરતી હતી. ત્યાગીના રૂપમાં વૈરાગ્યવાન થઈને રહેતી હતી. સંસારનાં સુખો ત્યાગ કરતી હતી. પોતે સ્વતંત્ર પણે નહોતી વર્તતી. આ રીતે અનેક પ્રકારનાં ભક્તિમાતાએ સ્ત્રીઓના નિયમો કહી સંભળાવ્યા. સ્ત્રીના ધર્મ સમજાવ્યા ત્યારે સર્વે પ્રેમવતી માતાનાં પગે વંદન કરીને પછી હરિના ચરણકમળમાં વંદન કરતાં હતાં. આ પૌગંડ વયની હરિની

લીલા અયોધ્યાપુરમાં કરેલ છે. ત્યા હરિએ સખાઓની સાથે રમતોની લીલા અખંડ વર્ષો પર્યંત કરી છે. બગીચામાં જે લીલા કરી તે તો સર્વે તીર્થરૂપ પવિત્ર ભૂમિ થઈ. મહાતીર્થ બની ગઈ તથા મલવિદ્યાનો અભ્યાસ કર્યો તથા મલની સાથે લડાઈ કરીને એના બળનો નાશ કરી નાંખ્યો. તથા ઉપવિત સંસ્કારનો ઉત્સવ કર્યો. તેનું વર્ણન કર્યું તથા ઉપવનનું ચરિત્ર વર્ણન કર્યું તથા તરગામની લીલા કહી તથા વનગમનની લીલાનું વર્ણન કર્યું તેમાં માતાપિતાનું વિરહ વર્ણન તથા માતાપિતાનો હરિની સાથે મેળાપ થયો તેનું વર્ણન આ રીતે ઘનશ્યામ પ્રભુના મનુષ્ય ચરિત્રોનું વર્ણન કરેલ છે.

હે રાજન્ ! આ રીતે હરિનાં અનંત ચરિત્રો છે. તેનો તો ક્યારેય પાર ન જ આવે. એ ચરિત્રોને તો ગણેશજી ગણી ગણીને થાક્યા શેષજી શિવજી તથા દેવોમુનિજનો  ગાઈને પાર ન પામી શકયા.


આ રીતે અઠ્યાવીસમી લહરી સુધી શ્રીહરિ ઘનશ્યામ ભગવાનનું પૌગંડ અવસ્થાનું ચરિત્ર વર્ણન કરીને પૂર્ણ કર્યું અને પૌગંડ રત્ન પણ પૂર્ણ થયું તેને કહેતાં કે સાંભળતાં વાંચતાં. સર્વને ગુણનો મોટો ખજાનો ભરાય છે એટલાં બધાં હરિનાં ચરિત્રો છે.

સર્વનું મંગળમય વાતાવરણ કરનારા શ્રીહરિ કૃષ્ણપ્રભુ પોતે જ છે. સર્વનું કલ્યાણ કરનારા શ્રી ઘનશ્યામ હરિ છે. આ રીતે શ્રીહરિનાં પૌગંડ અવસ્થાનાં ચરિત્રો પણ જીવનું મંગળ કરનારાં છે. જેમનું મંગલમય વાતાવરણ થાય છે તે નિષ્કામ બની જાય છે અને પરમધામને પામે છે.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં ચોથા પૌગંડ રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારી રચિત છંદભાષામાં શ્રીહરિનો મેળાપ છપૈયાપુરમાં થયો. ધર્મભક્તિએ દાન આપ્યું તેનું વર્ણન કર્યું. તથા દાનની પ્રશંસા કરી તથા ભક્તિનું વર્ણન કર્યું એ નામે અઠ્યાવીસમો તરંગ પુરો થયો. ॥૨૮॥**

**॥ આ રીતે શ્રીહરિનું પૌગંડ લીલારત્ન પૂર્ણ થયું ॥**

**। શ્રી રસ્તું કલ્યાણ મસ્તું ।**



## અથ પંચમ કિશોર રત્ન પ્રારંભ્યતે

# તરંગ-૧

સર્વનું મંગળ કરનારા શ્રી ઘનશ્યામ છે. રામપ્રતાપ મંગલકારી છે. ઈચ્છારામ પણ મંગળ કરનારા છે. ધર્મભક્તિ બંને મંગળ કરનારાં છે સર્વનું મંગળ થાય. આખો ધર્મદેવ પરિવાર સર્વનું મંગળ કરનાર છે તથા તેમના આશ્રિતો સર્વનું મંગલ કરનારા છે. સર્વે મુનિજનો સર્વનું મંગળ કરનારા છે. હવે હું પણ હરિના સ્વરૂપને ઉરમાં ધારીને સર્વનું મંગળ કરવાનું પ્રારંભ કરું છું. સુંદરવર શ્રી ઘનશ્યામ પ્રભુના લીલાચરિત્રોનું વર્ણન કરવા તથા તે ચરિત્રનું ગાન કરવા માટે અનંત જે ચરિત્રો છે તે સર્વે મારા હૃદયકમળમાં પ્રકાશે જેથી હું તે ચરિત્રને વર્ણવી શકું. હવે હું હરિનાં કિશોરવયનાં જે ચરિત્ર છે તેનું પાંચમા રત્નમાં વર્ણન કરીશ તેમાં પ્રથમ માતાપિતાને પોતાના સર્વોપરિ સ્વરૂપનો નિશ્ચય કરાવી. મુક્તિ આપીને હરિ વનમાં પધાર્યા. આનંદ રાજાને વર્ણિ કહે કે પાંચમાં રત્નમાં ભગવાનનાં જે ચરિત્ર છે તેમાં હરિએ મહાજ્ઞાન આપ્યું. વૈરાગ્ય જ્ઞાનની સાથે ધર્મનાં અંગોથી યુક્ત થઈને ભગવાનની એકાંતિકી ભક્તિ કરો. આ રીતે ઉપદેશ આપીને માતાપિતાને સ્વસ્વરૂપનું જ્ઞાન સિદ્ધ કરાવીને માતાપિતાને મુક્તિ આપી દિવ્યધામમાં પહોંચાડ્યાં.

પાંચમાં રત્નને પ્રમાણસર કહું છું તેને સાંભળો. બાર તરંગમાં પૂર્ણ થાય છે. પ્રથમમાં દૈવી માયાના મોહમાં અસુરો અંદરોઅંદર લડી જગડીને મર્યા. બીજા તરંગમાં ભક્તિના મહાત્મ્યનું વર્ણન કરેલ છે. ત્રીજા તરંગમાં વર્ણાશ્રમ ધર્મનું વર્ણન કરેલ છે. ચોથા તરગમાં ભાગવત ધર્મનું વર્ણન તેમાં એક વૈરાગ્ય બીજામાં જ્ઞાનનું વર્ણન છે. એ બેયમાં ભક્તિનું નિરૂપણ કરેલ છે. ધર્મદેવ ભક્તિમાતાએ આ ત્રણે ઊર્મિના જ્ઞાનથી દિવ્યગતિને પ્રાપ્ત કરેલ છે. આ રીતે ત્રણ ઊર્મિનું વર્ણન કરેલ છે. આ રીતે પાંચ રત્નનું પવિત્રતાથી શ્રવણ કરી જ્ઞાનનું પાન કરે તો તે દિવ્યજ્ઞાનથી પાંચ પાપથી મુક્ત થાય છે તથા બધાં પાપો છૂટી જાય છે. એકાન્તિક ભક્તિ કરવાથી ભાગવત પદની પ્રાપ્તિ થાય છે. દિવ્યજ્ઞાન થાય છે. ત્યારે તે જીવાત્મા મહાત્મ્ય સ્નેહયુક્ત થઈને દૃઢ ભક્તિવાન બને છે. દરરોજ ભક્તિનો વધારો થતો જાય છે. કેમકે આ ઉપદેશનું જ્ઞાન શ્રીહરિના મુખથી નીકળેલું અમૃત છે. એના અધિકારી તો ભગવાનના વૈરાગ્યવાન સાંતો છે. એ જ્ઞાનનું પાન કરીને પુષ્ટ થતા જાય છે. અંતે મહા પરમપદને પ્રાપ્ત કરે છે. બાર રશ્મિઓથી ગુંથાયેલું આ પાંચમું રત્ન પ્રકાશ કરનાર છે. એક એક તરંગથી અનંત ઘણું જ્ઞાન પ્રાપ્ત થાય છે. તેનાથી અનંત ચંદ્રના જેવું તેજ દેખાય છે. તે રત્નમાંથી ઉજાસ પ્રાપ્ત થાય અને બધી જ વસ્તુઓ દેખાય છે. સત્ય અસત્ય અનાદિ માયિક છે. તેનું જ્ઞાન થઈ જાય છે. ભક્તિસંબંધી વિષયના જ્ઞાનથી અમૃતસમાન સત્યજ્ઞાનને પામે છે. તેના ફળસ્વરૂપે પ્રિતમને પ્રાપ્ત કરે છે. ધર્મ સર્ગ પોતાના ઘરે જેમ સંતો રહે છે. તેમ તે ધામરૂપ બને છે. પવિત્ર બને છે તેમ આ પાંચમાં રત્નને જે કહે છે. ગ્રહણ કરે છે તે પરમપદરૂપ શ્રીહરિ ચરણને પામે છે.

હરિગીતાને શ્રીહરિએ પોતે જ માતાપિતાને ઉપદેશમાં કહેલી છે. તેથી તે શ્રીહરિ પોતે જ સાક્ષાત છે તેથી એનું પઠન શ્રવણ તથા મનન કરવાથી જીવાત્માનાં બધાં પાપો બળીને નાશ પામે છે અને પાપમુક્ત થાય છે.

આ હરિલીલાસિંધુ જે છે તેમાં હરિનો મહિમા ભરપૂર છે. તે તો હરિને અર્પિત છે તેમાં પાચમું રત્ન છે તેને જે જીવ પોતાના જીવનમાં ઉતારે તેને લેશ માત્ર બંધન નથી રહેતું. આ પાંચમા રત્નનો, જીવાત્મા મહાત્મ્ય સાથે હરિના વચનોને મનથી સાંભળે. અભ્યાસ કરીને મનન કરે છે તેને શ્રીહરિ સાક્ષાત્ એના અંતકરણમાં દિવ્યપ્રકાશ જાગ્રત કરે છે.

શ્રીહરિએ મનમાં વિચાર કર્યો કે આ ભૂમિ ઉપરથી પાપના અધર્મનો ભાર ઉતારવા માટેના માર્ગ માટે અયોધ્યાપુરમાં જવાનું વિચારવા લાગ્યા. ત્યાં જવા માટે ખૂબ જ ઉત્સાહવાળા થતા હતા. તે જ સમયે માતાપિતા પણ પોતે એમ માનવા લાગ્યાં આપણે તો હવે વૃદ્ધ પણું થઈ ગયું છે. આ પ્રમાણે પોતે માનતાં હતાં. તેથી હરિના મુખ થકી દિવ્યજ્ઞાનની વાતો સાંભળવાની ખૂબ જ ઉત્કંઠા હતી. ત્યાર પછી દેહનો ત્યાગ કરવાની મનમાં ભાવના હતી. તે માતાપિતાના મનની તથા હરિના વિચારની વાતો મોટાભાઈ રામપ્રતાપ જાણતા હતા કે શું ? કેમકે રામપ્રતાપના સખાઓ બક્ષાપુરમાં રહેતા હતા.બધી જ સુખસંપત્તિ તથા વાસણ આદિક બધા જ પ્રકારની સામગ્રી ત્યાં હતી તેથી જવાનો વિચાર કર્યો. મામા મામી આદિ પોતાના સંબંધીઓ પણ અયોધ્યામાં આવીને વસેલાં હતાં તથા ધર્મભક્તિનાં જે આશ્રિતજનો હતાં તેઓ પણ અવારનવાર ત્યાં અયોધ્યા આવતાં જતાં હતાં. બધાંને ખૂબ જ પ્રેમભાવ હતો. શ્રીહરિના રામપ્રતાપના સર્વે સખાઓ તથા સંબંધીજનો સર્વે એકાગ્ર ચિત્તથી હરિને જોતા હતા ત્યારે મનમાં ખૂબ જ શાંતિ થઈ અને મહા જ્ઞાન ઉદય થયું અને હરિના સ્વરૂપને શાંત પણે નીરખીને જોતાં હતાં.

હરિ દિવસમાં ત્રણ વાર સરજુમાં સ્નાન કરતા હતા. રમતો રમવાનું બંધ કરી દીધું. આત્મનિષ્ઠા પ્રકૃતિથી ભક્તિને દૃઢપણે કરતા થકા શ્રીહરિ ચંચળતાથી વિચરતા હતા. તે જ સમયે અવધપુરમાં કોઈ અસુરોની મોટી જમાત ત્યાં આવેલી ત્યારે તેઓ અપશબ્દોને જેમ તેમ બોલતા હતા. અધર્મપૂર્વક વર્તતા હતાં. ધર્મને કાંઈ જાણતા જ ન હતા. આવા ઉદ્ધત આવેલા. એમનો વેશ મહાભયંકર કાળ જેવા લાગતા હતા. જેવા કે યમદૂતો ન હોય એવા લાગતા હતા. બધા જ હથિયારોને રાખતા હતા. એકાગ્રતાથી કાળભૈરવની આરાધના કરતા હતા. એની ઉપાસના કરતા હતા. હથિયારો ધારેલાં તેમાં કેટલાકે ખપવા, ખડગ, કરવાર, કટાર, ગુરજ, ઘોરધન, બરછી, શેલર, સાંગ, ગેબ, જંજાલ, જાનઘન, કોકબાણ, ધનુશબાણ, કેટલાકે કવચ ધારેલાં ટોપ શિંગા ધારેલાં કેટલાકે મોઢાં ઉપર રાખ લગાવેલી કાખસિંગી તથા રણશિંગાને ધારેલાં. કેટલાક વસ્ત્રો વગરનાં કેટલા પગરખાં વગરના, કેટલાક ચીપીઆઓ ધારેલાં, કેટલાક ચિત્તાનાં ચાંબડાં ધારેલા. કેટલાકે વાઘનાં ચાંબડાં ધારેલા. આવી રીતના વિપરિત વિચિત્ર વેશને ધારણ કરીને લોકોને ભય પમાડતા હતા. તે જમાતમાં કેટલાક ઘોડાઓ ઉપર અશ્વાર થયેલ હતા. તો કેટલાક હાથી ઉપર બેઠા હતા. પગથી ચાલનારાનો તો કોઈ પાર જ ન હતો. જાણે ભગવાન સદાશિવની સેના ન હોય ? તેમ લાગતું હતું. તોપના ધમાકા કરતા હતા. તે જાણે કોઈ રાજનાં છજ્જો ઉડાડવાનો હોય કાં તો ધમકતી બજાર લુંટવાની હોય તેમ, લોકોને ભડકાવતા થકા ધમકાવીને ધન પડાવીને પોતાનાં પેટ ભરતા હતા. તેઓનાં નિશાન ફરકતાં હતાં. રણશિંગાં વાગતાં હતાં. તેથી વાતાવરણ ભયવાળું લાગતું હતું. શંખનો નાદ થતો હતો નોબતો વાગતી હતી. તેને જોઈને ભક્તિવાળા લોકો હાય હાય કરીને ત્રાંસી જતા હતા. એવી રીતે અસુરોનો અંશ ભૂમિ ઉપર ભય ફેલાવતો લોકોને તાપથી તપાવતાં હતાં.

આ રીતે અસુરોની જમાત ફરતી, નગરના મનુષ્યોને આકળા કરતી થકી પુરની બહાર નીકળી પડી અને સુંદર સરયુ નદિના કાંઠા ઉપર આવી. એમને કોઈ પ્રશ્ન પૂછતું હતું ત્યારે તેઓ એની સામે ઘૂરકીને બોલતા

હતા. કેમકે તેઓ કોઈનો મોક્ષ કરવાની વાત ઉપદેશની રીત જાણતા જ ન હતાં તેઓ કેવળ નર્કમાં જવાનો માર્ગ જ સમજતા હતા અને લોકોને પીડતા હતા. આ બધું જ વાતાવરણ શ્રીહરિ જોતા હતા. જોઈને કે મનમાં વિચાર કર્યો કે આ અસુરોને પરસ્પર મોહ પમાડીને અંદરો અંદર લડાવી ભૂમિ ઉપરથી ઓછા કરવા. તેઓ પોતાને આસન કરવાની જગ્યા માટે ખૂબ જ ઝગડતા હતાં. તેઓ અરસપરસ કાલિ નાગ કાગડાની માફક બોલતા હતા ને લડતા હતા. બધા અંદરોઅંદર લડતા હતા ત્યારે હાથ, પગ, માથાં કપાઈને છુટાં પડતાં હતાં. ધડ જમીન ઉપર ઊભું ઊભું લડતું હતું. કેટલાંકના સાથળો કપાતાં હતાં. કેટલાકનાં વક્ષસ્થળ તુટતાં હતાં. કેટલાક તરફડીને મરતાં હતાં. કેટલાંક સાંગથી લડતા હતા. કેટલાક બમારથી સામસામા લડતા હતા. કેટલાક ફર્સિથી કેટલાક ગુરજના ફટકા મારતા હતા. કેટલાક બાથંબાથ લડતા હતા. લડીલડીને પડતા હતા. ધક ધક કરતાં સામા ધસીને ફટકા મારતાં હતાં. શરીર ઉપર ફટકા પડતા હતા અને શરીર ફાટતાં હતાં. છડકો લાગતાં જ મસ્તકનાં ટોપા ટુટી પડતા હતા. તરત જ શિર કપાતાં હતા. ઝડ ઝડ કરતાં પક્ષીઓ ઉડતાં હતાં અને ધડ ધડ કરતાં એકબીજાનાં મસ્તકો કપાતાં હતાં. જગ્યા વિના જ ભડભડ પડતાં હતાં. આ રીતે બધા અસુરો અંદરોઅંદર કપાઈ મર્યા. માટે આ નાનું યુદ્ધ હોય તેમ લાગતું હતું. જમીન ઉપર ચારેબાજુ અથડાતાં હતાં. આ સંગ્રામમમાં અંગો કપાવાથી શરીરમાંથી નીકળેલું લોહીની મોટી નદી વહેવા લાગી. તે નદીમાં માથાના વાળની સાથે મસ્તક જાણે રક્ત નદીમાં સેવાળ જેવા લાગતા હતા. હાથો સાપ જેવાં લાગતા હતા. ધડ મગરમચ્છ જેવા લાગતાં હતાં. હથિયારો પાણીમાં ઉબાળાં જેવાં લાગતાં હતાં. જળકુકડાં જેવા લાગતાં હતા. તણાતાં હતાં. પગ કાચબા જેવાં લાગતા હતા. ક્રોધના આવેશમાં આવીને અરરપસર લડીને મરી ગયા. યુદ્ધ કર્યું તે સર્વેના અજ્ઞાનના કારણે થયું. બધાં જ આંધળા થઈ ગયા હતા.

આ રીતે સંગ્રામપુરની સમૃદ્ધિ જોઈને પિશાચોને આનંદ થતો હતો. તાલ કરતી થકી હાથમાં ખપર લઈને રક્તપાન કરતી હતી. તૃપ્ત થઈને જોગિણીના અતિહપુરના માલિક કુતરાઓ શિયાળવાં કાગડાઓ કંકા ગ્રીધો ખાઓ ખાઓ કરતા તેઓ આકાશમાં ઉડાતાં હતાં. આંતરડાં લઈને જાણે મોટી મિજબાની કરતાં હતાં. આ રીતે બિહામણું લાગતું હતું. શ્રીહરિ ઘનશ્યામ પ્રભુની માયામાં મોહ પામેલા અસુરો ભૂમિ ઉપર સ્વભાવથી ભાર રૂપ હતા. તેથી તેઓ બધા જ અંદરો અંદર લડી જગડીને કપાઈ કુટાઈને મર્યા. પૂર્વના કાળમાં ભૂતકાળમાં મહાભારતની લડાઈમાં અર્જુનની માયામાં મોહ પામેલા સંશપ્તક અસુરો નાશ પામ્યા હતા. તે જ રીતે આ મુનિજનો સંતો ભગવાનના ભક્તોના શત્રુઓ ક્રોધ કરીને અંદરો અંદર મર્યા. અનેક અસુરો મર્યા તે પ્રત્યક્ષ જોયું. એને નિર્ણય કર્યો કે હવે દેશવિદેશમાં પરિભ્રમણ કરીને (ફરીને) અસુરોને મારીને ભૂમિનો ભાર ઉતારવો છે.

આમ વિચારીને હરિ સખાઓની સાથે ચારેબાજુ ફરીને પાછા પોતાના ઘેર આવ્યા અને માતાપિતા રામભાઈ તથા સંબંધીજનોને દર્શન આપીને એમને મળેલાં નેત્રને સફળ કરી દીધાં. મુનિ કહે, હે રાજન્ ! આખો દિવસ વીતી ગયો. ત્યાર પછી રાતનો સમય થયો ત્યારે બધાએ ભોજન કર્યું. ત્યાર પછી હરિનાં માતાજી તથા સુવાસિનિ બંને જમ્યાં. જમી પરવારીને ઊભાં થયાં. ત્યાર પછી શ્રીહરિ પલંગમાં પોઢ્યા. સવારનું વહાણું વાયું એટલે જાગ્યા નિત્ય કર્મ કરીને પરવાર્યા ત્યારે માતાના શરીમાં કસર જેવું જાણવા લાગ્યું. શરીરમાં તાવ જેવું લાગતું હતું. ત્યારે મોટાભાઈ રામ માતાને કહે, હે મારી માતા ! આપે તો અતિશય તપ ત્યાગ કર્યું છે તેથી તમારા શરીરમાં નબળાઈ છે વ્રતો કરો છો તેથી તમારું શરી સાવ ક્ષીણ થઈ ગયું છે.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં પાંચમા કિશોર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિની દેવમાયામાં મોહ પામેલા અસુરોનો પરાભવ કર્યો એ નામે પહેલો તરંગ થયો. ॥૧॥**

# તરંગ-૨

આનંદરાજ કહે છે, હે વર્ણિરાય ! આપ મને શ્રીહરિનાં માતા પ્રેમવતીને જે હરિગીતાનો ઉપદેશ કર્યો તેમાં માતને જે ઉપદેશ આપ્યો તે કથા મને સંભળાવો. ભગવાનના આવાં ચરિત્રો સાંભળવા ઈચ્છો છો. તમને તે કહું છું. ત્યારે સુવ્રત મુનિને પ્રતાપસિંહ રાજાએ પણ આજ રીતે ભગવાનના ચરિત્ર સંભળવવાનું કહ્યું એ કથા મને સંભળાવો.

હે રાજન્ ! માતાને તાવ આવેલો તેને શાંત કરવા માટે રામપ્રતાપે ઔષધિ કરાવી પણ માતા કહે, હે પ્રિયપુત્ર ! મારે તો ઔષધ કરનારા તો મોટા વૈદ્યરૂપે શ્રી હરિકૃષ્ણ જ છે. ત્યારે મોટાભાઈ ઘનશ્યામપ્રભુ પાસે જઈને કહે, તમે માતાને પીડામાંથી શાંતિ થાય તેવી ઔષધિ કરો. એવું માતાએ કહ્યું છે ત્યારે શ્રીહરિ માતા પાસે જઈને માતાને નમન કરીને સેવક જેમ સેવા કરીને સુખ આપે તેમ હરિસુખ આપતા હતા.

ત્યારે માતા કહે, પરાત્પર પુરાણ પુરુષ એવા મારા પુત્ર આપ સ્વયં નારાયણ મુનિ સર્વોપરિ છો. એ પ્રમાણે હું આપને જાણું છું. આપનો મને નિશ્ચય છે. હવે મારું અવસાન થવાનું નજીક છે. તેથી જીવોનું બંધન પુત્રપરિવારનો સંબંધ એનું જ્ઞાન પૂર્ણ રીતે સમજાવીને મને સિદ્ધપદ આપવા કૃપા કરો. જે જ્ઞાનથી આત્માનું પરમ કલ્યાણ થાય અને તમારા ચરણકમળમાં પ્રેમભાવ રહે. અખંડ તમારાં સ્વરૂપનું અનુસંધાન રહે તેવી કૃપા કરો. આત્યંતિક કલ્યાણ થાય એવા આપના ચરણમાં મારી વૃત્તિ રહે. માતાએ આટલી વાત કરી તેને શ્રીહરિ ઘનશ્યામ પ્રભુએ સાંભળીને તરત જ શ્રીહરિ પોતાના સર્વોપરિ સ્વરૂપનું જ્ઞાન આપવા માટે મધુર વચનોથી માતાને કહેવા લાગ્યા.

હે માતા ! મારાં જે વચનો છે તે જ સર્વના સારરૂપ છે. આગમ નિગમ જે કાંઈ કહે છે, તે સર્વે મારું જ કહેલું છે. કેમકે સર્વ જગતના સુખદુઃખનું જે કાંઈ છે તે સર્વે મારી મયાના કારણે જ છે તે મારી માયા સર્વમાં પ્રત્યક્ષ અજ્ઞાત રહેલી છે. તેનાથી જ સર્વ વ્યવહાર થાય છે એમ જાણો. માયાનું મૂળ કાર્યરૂપ સંસાર છે અને તેમાં જીવ ઈશ્વરનાં શરીરો તે માયાનો વૈભવ છે એમ માનો સ્થૂળ સૂક્ષ્મ અને કારણ આ ત્રણનું સર્જન પણ માયામાંથી થાય છે તથા મોહ, મમત્વ,અહંપણું તે સર્વે માયાનાં જ સર્જન છે. યોગમાં સાંખ્ય, વેદાંતના વિચારો તે તથા ધર્મશાસ્ત્ર આદિક નક્કી કરેલા સિદ્ધાન્તો છે અને શબ્દ બ્રહ્મના જે અવતારો છે તે અનંત છે તે અવતારો પરમ ભાગવત પરમ ઉદાર પુરુષ રૂપે થયેલા છે. આ સંસારમાંથી જન્મ મરણના ફેરામાંથી મુક્તિ મેળવવા બધાં મળીને સાથે બેસીને ધર્મ, વૈરાગ્ય, જ્ઞાનભક્તિ ચારે યુક્ત થઈને એકાંતિકી ભક્તિ કરે તે મુક્ત થઈ જાય છે. જગને તરે છે. એમાં સાંગ કરવા મારા સ્વરૂપનો આશ્રય કરીને દઢતાથી ભક્તિ કરે તો સંસારનાં બંધનથી તરે છે. માયાને તરત જ તરી જાય છે. એટલા માટે મારો દઢ આશ્રય કરે છે. મને ઓળખી રાખે છે તે પ્રાણી જરૂર મારી માયાને તરી જાય છે એ પ્રમાણે માતાજી તમે જાણજો.

શ્રીહરિનાં આવી રીતનાં ઉપદેશ વચનો સાંભળીને ભક્તિમાતાના મનમાં ખૂબ જ ઉમંગ આવ્યો અને શ્રી

પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ મારા પુત્ર છે. એ પ્રમાણે નક્કી થઈ ગયું એટલે ખૂબ જ આશ્ચર્ય પામ્યાં. ત્યારે માતાજીને પૂર્વના સમયમાં જે ચરિત્ર કરેલાં તે બધાં જ ફરી યાદ આવવા લાગ્યાં. તે અદ્‌ભૂત અનંત ચરિત્રોમાં પોતે ઉંડા ઉતરી ગયાં. અતિ સુખ સાગરમાં તરવા લાગ્યાં. જેમ મહાસમર્થ નિષ્ઠાવાન સંતો આનંદમાં રહે તેમ રહેતાં હતાં. જીવાત્મા પોતાની દૃષ્ટિમાં એકાગ્ર થઈને ભગવાનના સ્વરૂપનું દઢતાથી ધ્યાન ધરે તો તેને એ સ્વરૂપના એકાત્મપણાથી હરિનાં પ્રત્યક્ષ દર્શન થાય છે. ત્યાર પછી જીવાત્મા હરિના પ્રતાપથી મુક્ત બને છે. સંસારમાંથી નિર્લેપ થઈને હરિના સ્વરૂપના પ્રેમરસમાં તદાકાર થઈ જાય છે.

આ રીતે શ્રીહરિને પૂછતાં પૂછતાં માતા હરિના સ્વરૂપમાં તત્પર થઈ ગયાં. ત્યાર પછી નિશ્રેયસ સાધન દશામાં તત્પર થઈ ગયાં. હરિને કહે, હે ભગવાન આપ તો અનંત દુઃખોને હરનારા છો. સ્વયં પુરુષોત્તમ નારાણ છો તેથી સર્વનું મંગળ કરનારા છો. સર્વનું કલ્યાણ કરો છો. જગતના ઉત્પત્તિ, પાલન અને લયના કરનારા આપ જ છો. મહાપુરુષ બ્રહ્મા શિવ કાળના આપ કાળ છો. જીવ જેવાં કર્મ કરે તેવાં ફળને આપનારા છો. અનેક ઈશ્વરો આપની આગળ હાથ જોડીને સતત પ્રાર્થના કર્યા કરે છે. કાંઈક આજ્ઞા કરો તેની સ્પૃહા કરે છે. જન્મ મરણના દુઃખનું મૂળ તો આપની માયા જ છે. તેથી અજ્ઞાનમાંને અજ્ઞાનમાં જીવો ભમ્યા કરે છે. આપને ભૂલી જાય છે. એટલા માટે પ્રયાસ કર્યા વગર અનાયાસ માયામાંથી પર થવાય એવું કોઈ સાધન હોય તો તે મને સમજાવો. હે પુત્ર ! મારી આ વાતને સમજાવો. હે હરિ ! અનંત કોટિ બ્રહ્માંડોમાં રહેલા જીવોને ઈશ્વરોને મુનિજનોને દેવોને સર્વ પ્રકારનાં સુખોને આપનારા સર્વના એક જ નાયક છો. આપ સર્વના સ્વામી સર્વના કારણ નિયંતા સર્વસ્વ સુખ દુઃખને હરનારા સ્વયં છો. વર્ણિ કહે છે, હે રાજન્ ! સર્વ સિદ્ધોના સ્વામી શ્રીહરિનાં બોધયુક્ત વચનો તે મુમુક્ષુ જીવાત્માને જન્મ મૃત્યુના માર્ગથી મુક્ત કરનારાં માતાએ સાંભળ્યાં. ત્યારે ફરી શ્રીહરિ માતાના કહેવાથી ફરી કહેવા લાગ્યા.

હે માતા ! તમે મારા વચનો કહું છું તે સાંભળો. તે તમારા હિતનાં છે, તે વચનો વૈદિક ધર્મ અનુસારનાં છે. શ્રીહરિકૃષ્ણ ભગવાન પુરુષોત્તમ નારાયણ સેવવા માટે સર્વ જગતના જીવોને માટે સર્વોત્તમ છે. જગતના જીવો માયાના મોહમાં પડેલા છે તે લોકો તો જન્મ મરણના ફેરામાંથી છૂટતા જ નથી. વારંવાર જન્મે છે ને મરે છે. જેમને આ પ્રગટ ભગવાન મળ્યા છે. તેમને સંસારની માયામોહ તરતને તરત જતાં રહે છે. મોહમાયાથી પર થઈ જાય છે. જે માયાના મોહમાંથી છૂટે છે તેને સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્યસહિત ત્રણે અંગોવાળી ભક્તિ દિન દિન પ્રત્યે વધતી જ જાય છે. સત્સંગ દઢ થતો જાય છે. વૈરાગ્ય, જ્ઞાન, ધર્મ જુદાં જુદાં હોય તો જરૂર ભક્તિમાં વિઘ્ન કરનાર હોય છે. એટલા માટે મારા સ્વરૂપમાં જેમને દઢ નિષ્ઠા છે એને કોઈ વિઘ્ન નડતું નથી. એ દઢભક્તિમાં સ્થિર રહે છે. ભક્તિ કરવામાં જ આસક્ત રહે છે. એટલા માટે મહાત્મ્ય, જ્ઞાન, વૈરાગ્ય, સહિત ધર્મમાં પ્રેમવાળો છે. તે ભક્તિ કરીને જરૂર મારા આશ્રયમાં રહે છે. સુખ પામે છે. ભક્તિમાતા કહે છે, હે મારા પુત્ર ! આપનું દિવ્ય સચ્ચિદાનંદ સર્વોપરી અક્ષરધામ તે ધામને પામવા માટે વિઘ્નરહિત તમારી ભક્તિ જે કરે છે. એવા સંતાના જે લક્ષણો હોય તે સર્વે અંગે સહિત વર્ણન કરીને મને સંભળાવો. મારે તે જાણવાં છે.

જેના સંગ સહવાસથી જન પરમપદને પામે છે એવા ભક્તિનાં અંગો સહિત લક્ષણોયુક્ત જે ધર્મ હોય તે મને કહો. જેના જ્ઞાનથી દેવો, સંતો, મુમુક્ષુ ભક્તોની સેવા થાય એવું જ્ઞાન અમને મળે તેથી એવા સંતનું અમે સેવન કરીને ભાગ્યવાન થઈએ. આ રીતનાં માતાનાં વચનો સાંભળીને હરિ અમૃતમય અમી વચનો મંદહાસ્ય

મુખથી કહેવા લાગ્યા. તે જ સમયે પુરનાં જનો કુટુંબના જનો પુરુષો અને સ્ત્રીઓ આવી ગયાં. સ્વજનો તે હરિનાં મામા મામી તથા સ્ત્રીઓની ટોળી અને સર્વે મુમુક્ષુ સાથે મળીને યોગ્ય રીતે બેઠાં.

રામધન મલ તથા માલિની ભક્તા, હૃદયરામ આ સર્વે શ્રીહરિના સ્વરૂપમાં આસક્ત પ્રીતિવાળાં હતાં તથા વસંતા માસી, ચંદન માસી આદિ બધાં બેસીને હરિના મુખમાંથી અમૃતમય વાર્તા થતી હતી તે સાંભળતાં હતાં. શ્રીહરિ કહે છે, હે માતા ! હું સંતનાં પાળવા યોગ્ય લક્ષણો કહું છું તે સાંભળો. મન કર્મ વચને જીવને પ્રયત્ન કરીને મારા સ્વરૂપને દઢ કરો. જીવ અહં મમત્વનો ત્યાગ કરીને પોતાના જીવમાં (હૃદય)માં નિરભિમાન ભાવવાળા થઈને (માન ભાવને લોકમાં મોટપ માનસન્માન વિગેરે કર્મ સર્વેને) સંતપુરુષો હંમેશાં નર્કસમાન માને છે. કલ્યાણ, ક્ષમા, પવિત્રતા તથા શાંત પ્રકૃતિ તપવૃત્તિવાળા દયા, દાનયુક્ત ઉદાર, સુંદર દષ્ટિવાળા, ઠંડી ગરમીને સહન કરે ભૂખ તરસને તથા હર્ષ અને શોકને ક્યારેય હૃદયમાં આવવા ન દે તેની આશાનો ત્યાગ કરીને નિસ્પૃહી જીવન બનાવે એવા મારા સંતો છે. મદ મત્સર વગર માન અને મોહ, ક્રોધ, કામવાસના સર્વેનો ત્યાગ કરીને બીજાનો દ્રોહ ન કરવો. ઈર્ષા ન કરવી. આળસ ન રાખે. શીલતા સંતોષમય વર્તન કરે. મુખેથી સત્યવચન બોલે. મધુર વચનો બોલે. ધીરતાથી વર્તે. ધર્મને દઢતાથી પાળે. દંભ, કપટ ન રાખે. ઉતાવળા ન થાય. ખરાબ ચરિત્ર ન કરે. કહેવામાં, સાંભળવામાં ચિંતવન કરવામાં બધાયમાં મારા લીલાચરિત્રોનું કરે. ઈન્દ્રિયોનું દમન કરે. આશા તૃષ્ણાને દંડ દે. ત્યાગને પાળવામાં ચપળતા રાખે. તેજ ત્યાગી અખંડ રહે છે. હરિના સ્વરૂપથી વિમુખના મુખથી વાણી ન સાંભળે. આત્મધ્યાન ન કરે. ક્યારેય પણ અકળાય નહીં. આ પ્રમાણે વર્તે. લોભ સ્વાદ પ્રમાદ આદિ સાધુને માટે નિષેધ કરેલા વિષયો વિકારોથી દૂર રહે તથા ગ્રામ્યવાર્તાઓ ચર્ચાઓ કરે નહિ અને સાંભળે પણ નહીં. કોઈ પ્રકારના પાપનો સ્પર્શ ન કરે તેનાથી દૂર રહે. ધર્મની મર્યાદા પ્રમાણે યોગ્ય વચનો કહે. જે પદાર્થને રાખે તે પણ નિર્લેપ રહીને સંગ્રહ કર્યા વગર રાખે, એવા વર્તનારા જે સાધુ છે તે મારા સાચા સાધુ છે એ પ્રમાણે જાણો.

લોકોને ઉપદેશ કરવામાં ચતુરતાવાળા આત્મનિષ્ઠ વૃત્તિ યુક્ત થઈને બીજાનો ઉપકાર કરવો. બીજાને અભય કરનારા કોઈની પાસે કોઈ જાતની અપેક્ષા આશા ન રાખે. નિસ્પૃહ થઈને વર્તે. શ્રદ્ધા તપ આસ્તિકતાવાળો સ્વભાવ રાખે. સત્શાસ્ત્રના અભ્યાસ કરવાના સ્વભાવવાળા, મદ્યમાંસ મંદિરાના સંસર્ગથી રહિત રહેનારા જુગાર છેતરપીડી ન કરે. અધર્મ વર્ગના માર્ગથી દૂર રહે. સ્થિર બુદ્ધિવાળા સત્ય અસત્યના વિવેક જાણનારા કોઈની ગુપ્ત વાતને પ્રકાશમાં જાહેર ન કરે. નિદ્રાને જીતે થોડું બોલનારા થોડો આહાર કરનારા (મિતાહારિ) અહિંસામય વૃત્તિ રાખનારા એવા દઢ ધર્મને પાળનારા એના આધારવાળા. પોતાના સુખદુઃખની માફક જ બીજાના સુખદુઃખને માનનારા જે કાર્ય કરવાને યોગધર્મમાં ન આવે તેવાં કાર્ય કરવામાં લાજ (શરમ) રાખનારા આશા તૃષ્ણા રહિત વર્તનારા, નિરાશાવાળા, પોતાના ધર્મમાં કહેલા બ્રહ્મચર્ય પ્રમાણે વર્તનારા પાલન કરનારા. પોતાની યશકીર્તિ પોતાના મુખે કોઈને કહે નહીં અને બીજાની નિંદા ક્યારેય સાંભળે કહે નહીં. દુખસુખમાં સમભાવથી વર્તે એવા જે સાધુ તે મારા સાધુ છે. હે માતા ! એ તમે જાણજો. સમ દમ યમ અને નિયમયુક્ત થઈને આસનને જીતે. પ્રાણને નિમમાં બાંધે અને મારી ભક્તિ કર્યા સિવાય કોઈ સમય વ્યર્થ ન વિતાવે. આ પ્રમાણે જે વર્તે તે હે માતા! મારા સાધુ છે.

હે માતા ! મારો દઢ આશ્રય કરીને મારું ધ્યાન ધરે છે તથા મારા દિવ્ય ચરિત્રોને ગાય બીજને સંભળાવે એવાં લક્ષણવાળા કહેવાય છે તે સત્ય સ્વરૂપના તે મારા સાધુ છે. એવા સંતના સહવાસ પ્રસંગમાં રહીને મારી એકાંતિકી ભક્તિને અંગો સહિત કરે છે. મારું ધ્યાન કરે છે તે જીવાત્મા કૃતારથ થઈને કર્મમાં નિષ્કામ થઈ મારા ચરણકમળનું ધ્યાન કરીને આશ્રય કરે છે. મારું ભજન કરે છે એવો સંતના યોગથી દઢ બને છે. એ સંતના આશ્રયમાં રહીને મારાં અદ્‌ભૂત ચરિત્રોને શ્રવણ કરે છે. ભક્તિનાં અંગો પુષ્ટ કરે છે. દઢભક્તિ કરે છે તે ઐશ્વર્યયુક્ત મારું ધામ તેને સંતના યોગવડે ભક્ત જીવાત્મા પ્રાપ્ત કરે છે. સુખ પામે છે. એ સર્વે નિષ્કામ ભાવથી પામે છે. બ્રહ્મપુરધામ, આદિક તથા ગોલોકધામ શ્વેતદ્વિપધામ તથા બદ્રિકાશ્રમ મારું ધામ છે. આ સર્વે ધામો મારાં જ છે. વૈકુંઠ આદિક અનેક ધામો છે. એનો કોઈ પાર જ નથી તે સર્વે ધર્મોને મારા સંતોના યોગથી પામે છે. જે સંતો મારું મારાં સ્વરૂપોનું (મૂર્તિઓનું) મહિમા સહિત ચરિત્રને ગાય છે. એટલા માટે હે માતાજી એ સંતોનો મહિમા શેષજી ખૂબ જ ગાય છે.

જે આશ્ચર્ય મારાં અનેક છે તેને અદ્‌ભૂત રીતે સંતો ગાય છે સંભળાવે છે તથા જ્યારે હું પૃથ્વી ઉપર મનુષ્ય રૂપ લઈને વિચરણ કરું ત્યારે તે સંતો મારા સ્વરૂપની જીવોને ઓળખાણ કરાવે છે. જેમ ગંગા ચંદ્ર કલ્પતરુ સર્વે દુખીનાં પાપોને ગંગા હરે. તાપને ચંદ્ર હરે, શીતળતા આપે, દીનતા કલ્પતરુ ટાળે, તેમ મારા સાધુ પુરુષો તત્કાળ જ જે સમાગમ કરે છે. જ્ઞાન સાંભળીને ભક્તિ કરે છે. તેને થોડા સમયમાં જ શાંતિ કરે છે. બધાં જ તીર્થો આદિક જે ધામો કહેવાય છે. ચારે ધામને મારો સંબંધ થયો છે તેથી હે માત ! તે તીર્થમાં સંતો સતત ફર્યા કરે છે. તો તે સંતોના સંબંધથી મારો પણ સંબંધ છે. તેથી તે તીર્થ કહેવાય છે. હે માતા ! આવા જે સંતો છે તેઓ કાયમ વૃક્ષનાં ફળો કંદમૂળ વિગેરે ખાય છે એવા સંતોનો જે સપર્શ કરે છે તથા જે તરુ નીચે બેસે છે. તેની તરત જ સદ્‌ગતિ થાય છે. સંતના સંબંધથી મુક્તિ પામે છે. તે સંતનો જે જીવ એકક્ષણ માત્ર સહવાસ કરે છે. તેને અનંતકાળના પાપથી મુક્ત કરી નાંખે છે. એવા સંતને ભાવથી જે અન્નજળ આપે છે. જમાડે છે તેની કેમ મુક્તિ ન થાય ? તે જરૂર મુક્તિ પામે જ.

ગંગા આદિક બધાં જ તીર્થો પવિત્ર છે. એ પ્રમાણે બધા સંતો ચાહે છે. સંતો વિચરણ કરીને ચરણના સ્પર્શથી પવિત્ર કરે છે. જ્યાં જ્યાં સંતો વિચરણ કરે તે સર્વે તીર્થ પાવન થાય છે. માટે સંતો જ્યાં તિર્થ ન હોય ત્યાં વિચરણ કરીને તીર્થ ભુત બનાવે. કેમકે જાતિ કુજાતિને જોયા વગર જ સંતો ઉપદેશ આપીને પવિત્ર કરે છે. જેમ પારસના સ્પર્શથી ધાતુનું સોનું બને છે તેમ સંતો પણ પવિત્ર કરે છે. હે માતા ! આવા સંતથી મારે બીજું કોઈ મહાન નથી. એ સંતનું પૂજન કરવાથી મારું પૂજન થાય છે. એમને દુઃખ દેવાથી મને દુઃખ થાય છે. તે સંતોના ઉરમાં હું કાયમવાસ કરું છું. મારા ઉરમાં સદાય સંતો વસે છે. સંતો જ્યાં જાય ત્યાં પાછળ પાછળ હું જાઉં છું. જ્યાં બેસે ત્યાં હું બેસું છું એ રીતે અભેદ છે. એટલા માટે આવા સંતને આવી રીતે સેવે એમના વચન પ્રમાણે વ્રતમાન વિવેક સહિત પાળે તે સર્વે જનો મનુષ્ય જન્મનું ફળ મેળવે છે. મારા પરમધામને પામે છે. આવા સંતના પ્રસંગથી બીજું કાંઈ દુર્લભ છે જ નહિ. સંતો જ દુર્લભ છે. હે માતા આવા સંતને સેવીને થોડા જ સમયમાં અનંત જીવો મારા ધામને જરૂર પામે છે.

હે માતા ! મારા સંતનો મહાત્મ્ય સહિત સંગ કરો તો તેનાથી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય યુક્ત

મહાત્મ્યસહિતની ભક્તિ પ્રગટ થાય કરે. મારા ચરિત્ર જ્ઞાનને સાંભળે છે. ગાય છે. પ્રેમપૂર્વક આવી રીતે જે સત્સંગ કરે છે તે મારા ધામને પામે છે.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં પાંચમાં કિશોર રત્નમાં શ્રીહરિગીતામાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિની ભક્તિ તથા સંતનાં લક્ષણ મહાત્મ્યનું નિરૂપણ કર્યું એ નામે બીજો તરંગ થયો. ॥૨॥**

# તરંગ-૩

રાજા કહે છે હે વર્ણિવર ! શ્રીહરિએ માતાને જે સંતોના સ્વધર્મના જેટલા લક્ષણો કહ્યાં તે બધાય મને કહી સંભળાવો.

વર્ણિરાય કહે છે, હે રાજન્ ! બધાં જ પ્રાણીમાત્રને સેવવા યોગ્ય જે ધર્મો, તે બધા જ સ્વધર્મનાં લક્ષણની સાથે વર્ણાશ્રમીઓને સેવવા યોગ્ય ધર્મને, તે પણ હું તમને સંક્ષેપથી કહું છું તે સાંભળો. હે માતા ! જે જીવ હલકી જાતિમાં જન્મેલ હોય, સ્વભાવે મલિન હોય પણ ભગવાન વિષ્ણુ મહેશ બ્રહ્માજી વિગેરેની પ્રશંસા કરે છે પણ જે લોકો અધર્મી તે છે ધર્મની મર્યાદા પાળતા જ નથી, તેવા મંદબુદ્ધિવાળા લોકો તો બ્રહ્મા,વિષ્ણુ, શિવ આદિકનું કોઈ અસ્તિત્વ જ નથી આવી રીતે મુર્ખાઓ નિંદે છે. માટે હે માતા ! તે ધર્મને આચરણમાં રાખીને ભગવાનની (મારી) ભક્તિ કરે છે. તે મારા ધામને પામે છે. મારા શરણમાં જરૂર આવે છે. સદાચારનું પાલન કરે. વેદની શ્રુતિ સ્મૃતિનો અભ્યાસ કરે તે પ્રમાણે વર્ણન કરે. તેના આધારે વર્ણાશ્રમના ધર્મનું વર્ણન કરેલ છે તે પ્રમાણે વર્તતાં રહે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર તથા બ્રહ્મચારીના, ગ્રહસ્થના વાનપ્રસ્થના, સંન્યાસી સર્વના સાધારણ અને વિશેષ ધર્મો તથા બંનેના જુદા જુદા ધર્મો હિંસા ન કરવી. ચોરી ન કરવી વગેરે તેના મર્મને કહું છું હે માતા ! તમે સાંભળો.

તેમાં પહેલો સત્યનું પાલન કરવું. તે બધા જ ધર્મમાં હિંસા ચોરી આદિનાં કર્મ ક્યારેય ન કરવાં. કામ ક્રોધ મદ લોભને જીતે તથા મદ્ય માંસનો ત્યાગ પરસ્ત્રીનો સંગ તે સર્વનો ત્યાગ કરી ને વર્તે. વૈરભાવ વગર સર્વની સાથે સંપથી વર્તવું તથા વ્યસન પાપાચાર વિગેરે ન કરવાં. ભક્તિની સાથે હરિનું સતત ભજન કરતા રહે. નિર્માનિ ભાવપૂર્વક સાધારણ ધર્મનું પાલન કરતા રહે. ધ્યાન, જ્ઞાન, શમ, દમ, તપ, ક્ષેમ, શિલ, સંતોષ આદિ તથા શ્રદ્ધાદિક સામાન્ય ધર્મ કહ્યા છે તથા બ્રાહ્મણોના ધર્મ જુદા જુદા વર્ણવેલ છે તે ધર્મ નિર્દોષ ધર્મ છે. શુરવિર બળવાન ધીરજતાવાળા ઉદાર મન સાધુ ગાયો બ્રાહ્મણોનું રક્ષણ કરનારા જગતના ધર્મ પ્રવર્તાવનારા, પ્રજાનું પાલન કરનારા આ રીતે ક્ષત્રિયના સામાન્ય ધર્મ કહેવાય છે. ખેતીવાડી વેપાર વિગેરે કાર્ય કરનારા વૈશ્ય કહેવાય છે અને શુદ્ર જે ચોથો વર્ણ તે ત્રણે વર્ણનાં લોકોની સેવાકરનારા હોય છે. તેઓ કુળની યોગ્યતા પ્રમાણે ધર્મ મર્યાદા પાલન કરનારા હોય છે. તે સર્વે ઉચિત સાધારણ ધર્મ કહેવાય છે. બ્રાહ્મણ વર્ગ છે તે યજમાન વૃત્તિ કરીને કર્મકાંડ કરીને ગુજરાન કરે. ક્ષત્રિય વર્ણ છે તે આયુધ ધારણ કરનારા પ્રમાણિત છે. વ્યાપાર આદિક જે કરે તેને વૈશ્ય કહેવાય છે. સેવા પરિચર્યા કરે તેને શૂદ્ર કહેવાય છે.

બ્રાહ્મણ વર્ણ આપત્તકાળના સમયે ક્ષત્રિય વૃત્તિ રાખે તથા ક્ષત્રિય વૈશ્યની વૃત્તિ રાખે તથા વૈશ્ય શુદ્રની વૃત્તિ

રાખે આ રીતે ચારે વર્ણના કાર્યો વર્ણન કર્યા. ત્રણે વર્ણને જ્યારે આપત્ત કાળ પૂરો થાય ત્યારે પ્રાયશ્ચિત્ત કરીને પોતપોતાના ધર્મ પ્રમાણે જીવન વ્યવહાર નિવૃત્તિનું આચરણ કરવું એ જ અનાદિ ધર્મ કહેલ છે. ત્રણે વર્ણને દ્વિજાતિ સંસ્કાર લેવાના હોય છે. બ્રાહ્મણની માફક વર્તવાનું હોય છે. એમને બ્રહ્મચર્ય આશ્રય પ્રથમ પાળવાનું હોય છે. તેના ધર્મ પ્રથમ કહું છું તે સાંભળો. ત્રણે વર્ણના લોકોએ ઉપવિત સંસ્કાર પછી તરત જ ગુરુકુળમાં રહેવું. વિદ્યા અભ્યાસ કરવો. પાપ કરવાનો તથા તેનો સ્પર્શ પણ નિષેધ કરેલ છે. બ્રાહ્મણો પાસે વિદ્યા ભણવી ત્યારે બ્રહ્મચારીએ કૌપિન પહેરવાની તે પણ જાણે થઈ ગયેલ વસ્ત્રની પહેરવી મૃગચર્મ ધારણ કરવું દંડ કમંળને ધારણ કરવાં, પાણિનું ગરણું રાખવું, મસ્તક ઉપર જટા રાખવી, માળાનો જપ કરવો. જનોઈ ધારવી. દર્ભની સાથે જળથી અર્ઘ્ય આપવું. આ રીતે નિત્યકર્મ કરવું. શરીરે તેલ મર્દન ન કરવું. આંખે આંજન આંજવું નહિ. સુગંધી પદાર્થ અત્તરાદિ શરીર ઉપર ન ચોપડવા. રાગરંગનો ત્યાગ કરવો. મોટાનો સહવાસ મુક્તિ આપનારો છે એ પ્રમાણે માનવું. બ્રહ્મચર્ય ભંગમાં સ્ત્રીનો સંગમ તે જન્મમરણનાં કષ્ટ આપનારાં છે. એ પ્રમાણે જાણે. આઠ પ્રકારે બ્રહ્મચર્યનું પાલન કરીને મૈથુનનો ત્યાગ કરવો. બ્રહ્મચર્ય પાલન સમયે કોઈના શરીરનો સ્પર્શ ન કરવો એ ધ્યાન રાખવું. પ્રાણીમાત્રનાં મૈથુન કર્મને ક્યારેય ન દેખે તથા ગુરુ સ્ત્રીને પણ દૂરથી વંદન કરે. લાકડાંની સ્ત્રીના પૂતળાંને તથા ચિત્રની પ્રતિમા તેનો સ્પર્શ ન કરે એ રીતે દઢપણે બ્રહ્મચર્ય વ્રતને ધારણ કરીને મર્યાદા પ્રમાણે રહે.

સ્નાન આદિ ક્રિયા ત્રણે સમયે નિત્ય પ્રત્યે કરવાં. નિત્ય પ્રત્યે મૌનનું સેવન કરવું. સવાર સાંજ હોમ હવન કરવો. ત્યાર પછી ભિક્ષાવૃત્તિ કરવા જવું. વેદોનું સાંગ ઉપાંગો સાથે પાઠ કરવા. અર્થ કરવા. વાંચવા. ગુરુની પાસે નિવાસ કરીને રહેવું. અભ્યાસ કરવો. શ્રદ્ધાપૂર્વક ઈન્દ્રિયોને વશમાં કરવી. બ્રહ્મચર્યાશ્રમ પર્યંત વિદ્યાઅભ્યાસ કરવો. જ્યારે સમાપ્તિ થાય ત્યારે છૂટવું. બ્રહ્મચર્યાશ્રમની સમાપન વેળાએ ગુરુને મન ઈચ્છિત કાંઈક આપવું જોઈએ. (ગુરૂ દક્ષિણા આપવી)જો મનમાં વૈરાગ્ય ન હોય તો ગ્રહસ્થાશ્રમમાં ઘેર જઈને રહેવું અને જે તપ ત્યાગ કરવો હોય તો મનને દઢ કરીને વાનપ્રસ્થાશ્રમ અથવા સન્યાસ્થાશ્રમને ગ્રહણ કરવું. જો દઢ બ્રહ્મચર્ય વ્રત ધારણ કરવું હોય તો (બ્રહ્મચારી રહેવું હોય તો)તે વ્રત જીવન પર્યંત પાળવું અને જો ગૃહસ્થાશ્રમ સ્વીકારવો હોય તો નમન કરીને પોતાની ઈચ્છા રજૂ કરવી. તે ગૃહસ્થાશ્રમની રીત મુજબ વાત કરવી. પોતાની જ્ઞાતિકુળના રિવાજ મુજબ યોગ્ય રીતે પોતાનાથી નાની ઉંમરની ખોડખાંડપણ વગરની પોતાનાથી મોટી ન હોય એવી સ્ત્રીની સાથે લગ્ન કરી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરે. ગ્રહસ્થાશ્રમ ધર્મ મુજબ ધર્મનું પાલન કરતાં થકા ન્યાયપુરસર વ્યવહાર માટે ધન લાવવું ઘરનો વ્યવહાર ચલાવવો. નિત્ય ત્રણે કાળમાં સ્નાનાદિક ક્રિયા કરીને ત્રણ સંધ્યાવિધિ કરવી. ત્રણે સમયે હોમ કરવો. પૂજન કરવું. તે પણ તત્પરતાથી કરવાં. સ્વાધ્યાય કરીને પછી વૈશ્વદેવાર્ચન કરવું. આ રીતે બ્રહ્મદેવોએ નિત્ય પ્રત્યે ભોજનાદિક કાર્ય કરવાં.

હે માતા ! હવે સંધ્યાક્રિયા કરવામાં કાંઈક આપત્તિ આવે ત્યારે કેમ કરવું તેની વિગતિ કહું છું. તેમાં પ્રાતઃકાલીન સંધ્યા મધ્યાને (બપોરે) કરે. મધ્યાહ્નકાલની સંધ્યા સાંજે કરે અને સાંજના સમયની સંધ્યા રાત્રે કરે. આ રીતે કરે. અને જે બ્રાહ્મણ સંધ્યા કર્માદિક તથા હરિનું પૂજન અર્ચનાદિક નથી કરતો. તે જો વેદનો પાઠ કરે. તે તો શુદ્રસમાન નીચજાતિનો જાણવો જોઈએ. એ પ્રમાણે નિશ્ચય માનવું. જે સુતરનું કપડું હોય તો તેને ધોઈને કોઈ ન અડી શકે ત્યાં સુકવવું તે ધોયેલાં કપડાંને નાહ્યા સિવાય અડવું નહીં. સ્નાન કરીને ત્યાર પછી કોઈને

અડ્યા વગર જ વસ્ત્ર પહેરવું તેને સોળે કહેવાય છે.આ રીતે બ્રહ્મચારી પછી, ગૃહસ્થાશ્રમમાં રહેનારને પોતાના ભાગ્ય પ્રમાણે અવસર જોઈને વિવાહ કરવો. તે પણ ધનના સંભવ પ્રમાણે ખર્ચ કરવો તેનાથી નિર્વાહ કરવો. આ રીતે અગ્નિહોત્ર પ્રમાણે વર્તે તેના માટે કાર્ય કરવા.

તેને લોકો દ્વિજાતિ કહેવાય છે. આ રીતે શ્રીહરિએ માતાને ઉપદેશ આપ્યો અને સુવ્રત મુનિએ પ્રતાપસિંહ રાજાને વર્ણન કરીને કહ્યું. તે ગ્રહસ્થાશ્રમ અગ્નિહોત્રિ પોતાના કુળનું કાળની અનુસાર સંતોષ આપે. બધાનું અન્નપાણી સેવાચાકરી કરીને પોષણ કર્યા કરે. જો પોતાને ઘેર કોઈ અતિથિ આવે તો તે ગ્રહસ્થને સંતોષ આપે એને કડવાંવેણ કહી દુઃખ ન પમાડો. રોષ ન કરવો. બધાં જનોનું કલ્યાણ ઈચ્છતો થકો ઉત્સાહપૂર્વક અંગસહિત ભગવાનની ભક્તિ કર્યા કરે. સત્સંગ કર્યા કરે અને ઘરમાં આસક્ત થઈને દુઃખદાયી દુર્જનોનો સંગ ન કરે અને પાપીજનોનો પણ ક્યારેય સંગ ન કરવો એ સામાન્ય ધર્મની વાત છે. આ બધાજ સામાન્ય ધર્મ દરેક મનુષ્યને રાખવા યોગ્ય માનેલા છે. એમાં ભગવાનના જે એકાંતિક હરિભક્ત છે તે જ બધાં જીવમાત્રમાં મહાન છે. બીજાં બધાં સમગ્ર જીવ જેવાં જ છે. પથ્થર આદિક સર્વજીવથી મનુષ્ય આદિ પ્રમાણવાળા કહેવાય. બધાં જ અન્નો ઔષધોમાં સારી ઔષધ રૂપવેલીને પ્રમાણ કહેવાય છે. ઔષધવેલી કરતાં અમૃતા શ્રેષ્ઠ છે. તેનાં કરતાં દેવતાઓનાં વૃક્ષો છે તે સર્વથી અધિક છે. જંગમ જીવમાં જે અતિશય સૂક્ષ્મ છે તેમાં જીણામાં જીણું પપીલાકીટ છે (કીડી). તે મોટી કહેવાય છે. કિટ કરતાં નોળિયાં તેનાથી મૃગ મહાન છે. તેનાં કરતાં ચકલાં સસલાં કુરંગ આદિ મહાન કહેવાય છે. તેનાથી નીલગાય તેનાથી ગાય તેનાથી મનુષ્ય જાતિ મહાન છે. તેમાં ચારે વર્ણમાં બ્રાહ્મણ વર્ણ શ્રેષ્ઠ કહેવાય છે.

મનુષ્યમાં જે સ્વધર્મ પરાયણ છે તે તેનાં કરતાં હરિની ભક્તિમાં જોડાયેલાં છે. તે શ્રેષ્ઠ છે. તેમાં પણ એકાંતિક ભક્તજનો શ્રેષ્ઠ છે. એમનાંથી અધિક શ્રેષ્ઠ બીજા કોઈ નથી. જેમના હૃદયમાં શ્રીહરિ કાયમ નિવાસ કરે છે. આવી રીતે બધી જાતિમાં સમજણ લેવી મારા આશ્રિત સંતોને સર્વથી અધિક મહાન જાણે હરિભક્તો હરિનાં અંગો કહેવાય છે તેનાથી સર્વે સંતો અધિક મહાન ઊંચા અને પ્રિય છે. આ રીતે વિગતિ જે જનો નથી જાણતા અને સત્ય અસત્યને સરખા ગણે છે તેઓ દોષ પામે છે. તે દોષના લીધે દૃષ્ટિમાં વિવેક દેખાતો જ નથી. તેથી તે દુઃખને પામે છે. હરિના ગુણ ગાનારામાં મુકો (મુંગો)કહેવાય છે. સંતો એકાંતિક ભક્તિને લીધે હંસો સમાન કહેવાય છે. તેમજ સ્ત્રીધનમાં રત જીવો મચ્છ વિગેરેમાં રત બગલા જેવા કહેવાય છે. ગૃહસ્થાશ્રમી હરિભક્તો તેમણે ભક્તિના દ્રઢભાવવાળા તેમણે વસ્ત્ર આભૂષણ સુગંધિત પદાર્થ જે કાંઈ હોય તે ભગવાનને અર્પણ કરીને ઉપયોગ કરવો પણ પોતાની માટે કાંઈ કરવું નહીં.

હે માતા ! હવે શ્રાદ્ધ કર્મ જે છે તેની ઉત્પત્તિ તે કેવી રીતે કરવાં, તો ખેતી કર્યા વગર કુદરતી રીતે ઉગેલાં અન્નો વસ્ત્રાદિક લેવાં તે મુનિ અન્ન પવિત્ર કહેવાય છે. તેનાથી શ્રાદ્ધવિધિ થાય છે તે શ્રેષ્ઠ કહેવાય છે. તેનાથી શ્રાદ્ધની વૃદ્ધિ થાય છે. આપત્તકાળમાં પણ માંસ આપવું નહિ. કેમકે વૈષ્ણવી પિત્રીઓ તે શ્રાદ્ધ નથી લેતા. ધર્મમર્યાદા પ્રમાણે બધાં પિત્રી અહિંસક શ્રધ્ધાની જ આશા રાખે છે. માટે સર્વેએ અહિંસક અન્નથી જ શ્રાદ્ધ કરવું. ક્ષત્રિઓએ પણ અહિંસા શ્રાદ્ધ કરવું. મદ્યમાંસનું નિવેદ જે દેવીની આગળ કરે છે. તેને દેવ સ્વીકારતા જ નથી. વ્રતતીર્થ સર્વે દેશકાળના વાતાવરણ અનુસાર કરે. સમય પ્રમાણે કરવું. પોતાની જાતિ શાસ્ત્રની મર્યાદા પોતાનો અધિકાર હોય તે પ્રમાણે કરવું. નિયમનું પાલન પૂર્ણ રીતે કરવું. ભગવાનના જ્ઞાનિભક્તો પાસેથી પુન્યકાળનો

યોગ જાણીને શુભ પુન્ય માટે દાન વ્રત તપ વિગેરે નિયમ પ્રમાણે કરે તો તેને પુણ્ય પ્રાપ્ત થાય છે. ભગવાનના ભક્તો ધનવાન હોય તો ભગવાનનાં સુંદર મંદિર બનાવે અને ભગવાનના પૂજન અર્ચનનો વિધિ ચલાવવા માટે વર્ષાસન કરે.

ધનવાન હરિભક્તોએ અહિંસામય યજ્ઞ કરાવવા અને વરુણિ બ્રાહ્મણોને ખૂબ જ દક્ષિણા આપી રાજી કરવા. ત્યાર પછી વાવ, કૂવા, તળાવો વિગેરે કરાવીને પરોપકાર કરવો તથા અન્નક્ષેત્ર ચલાવવાં. સંતો બ્રાહ્મણોને ખૂબ સારી રીતે જમાડીને તૃપ્ત કરવા. કોઈને દુઃખવવા નહીં સદાય નિષ્કપટ ભાવે વર્તવું. કામ અને ક્રોધ, વિરોધ, લોભ, મત્સર, માન આડંબર વિગેરેનો ત્યાગ રાખવો નિર્માની ભાવે વર્તવું. વિધવા નારીએ પોતાના સંબંધી સિવાય આપત્કાળ પડ્યા સિવાય ગ્રહસ્થાશ્રમીઓનો સ્પર્શ ન કરવો. માતાપિતા બેન પુત્રી વિના બિજા પુરુષની સાથે એકાંતમાં આપત્ત સમય વગર રહેવું નહિ. રાતે તો કોઈ કાળે ન જ રહેવું. તીર્થ સ્થળમાંય મુક્તિ મેળવવાના હેતુથી પણ આપઘાત તો ન જ કરવો. ધર્મમાં નિષ્ઠા રાખીને ભગવાનનું ભજન કરવું. એમની આજ્ઞા પ્રમાણે કાયમ વર્તન કરવું અને સધવા સ્ત્રીઓ તેમણે પતિની માફક ધર્મમાં દ્રઢપણે રહીને પતિવ્રતાધર્મને પાળવો તથા ચપળતાનો ત્યાગ કરીને પતિની આજ્ઞા મુજબ નિત્ય પ્રત્યે વર્તવું રહેવું. વિધવા નારીઓએ શ્રીહરિને પતિરૂપે માનીને સેવા કર્યા કરવી તથા વ્રતો ઉપવાસો વિગેરે કરીને શરીરને એકદમ સુકવી નાંખવું અને સંબંધ વિનાના પુરુષને પોતાનું મુખ દેખાવા ન દેવું. એનો સ્પર્શ ન કરવો. પુરુષ માત્રનો ત્યાગ કરવો. સ્ત્રીનાં વસ્ત્ર ધારેલ પુરુષનો પણ સ્પર્શ ન કરવો. પિતા, પુત્ર,પોતાના ભાઈ વિગેરેની સાથે કોઈ દિવસ એકાંતમાં પ્રસંગ થવા દેવો નહીં. પોતે સ્વતંત્રતાથી વ્યવહાર કોઈ કરવો નહિ અને સાંખ્યયોગી સ્ત્રીઓની સાથે એમના કહ્યા મુજબ રહેવું.

ગૃહસ્થાશ્રમી ત્રીજી અવસ્થા અર્થાત્ વાનપ્રસ્થ ઉંમરમાં એકલા વનમાં જઈને નારીને સાથે તપ કરે અથવા નારી સુશીલ સારા ગુણવાળી ન હોય તો એકલા જઈને તપ કરવું. આ રીતે વાનપ્રસ્થ ગૃહસ્થે વર્તવું. પાંચાગ્નિ તાપ તપવા. તેમાં ઠંડી ઋતુમાં ઠંડા જળથી સ્નાન વિગેરે કરવું. ઠંડીને સહન કરવી. વર્ષાઋતુમાં વરસાદની ધારાઓને સહન કરવી. આ રીતે ભગવાનને રાજી કરવા માટે દેહને દમન કરીને તપ કરવું. ઉદારતાથી કરતા રહેવાથી ભગવાન રાજી થાય છે. વનમાં અન્નથી પછી ફળથી અગ્નિમાં હવન કરીને મુનિજીવન વિતાવે. અગ્નિનને ઝૂંપડીમાં પ્રગટ રાખવો અને પોતે બહાર ખુલ્લામાં બેસવું. તપ કરવું. ખેતી વગર કુદરતી રીતે પાકેલ અન્ન તેને ઋષિ અન્ન કહેવાય. તે પાકેલાં અન્નથી શરીરનું પોષણ કરે અને ઇન્દ્રિયોને દમે પ્રાણનું દમન કરે. ત્યાર પછી સંન્યાસધર્મનું પાલન કરે. બે કૌપીન રાખવાની બે પહેરવાનાં કપડાં (ધોતી)ઓઢવાનું વસ્ત્ર કમંડળુ પલાંસનો દંડ ધારણ કરવાનો અષ્ટાક્ષર નામ મંત્રનો જાપ કરવાનો હરિને ઉરમાં ધારીને હરિના ચરિત્રનું જ્ઞાન ઉપદેશ આપવાનો અતિ મહિમા સહિત તેનું વર્ણન કરવાનું. વાનપ્રસ્થે હરિ ભક્તિમાં તત્પર રહીને વર્ષાઋતુ ચાતુર્માસ વગર એકપળ માત્ર વ્યર્થ ન વિતાવે અને પવિત્ર બ્રાહ્મણના ઘેર ભિક્ષાવૃત્તિ કરવી તેમાંથી દિવસમાં એક જ વખત આહાર કરવો તે પણ થોડોક જ કરવો. શ્રીહરિની જન્મતિથિ રામનવમી તથા દર એકાદશી આદિક વ્રતના દિવસે ઉપવાસ કરે, એવી રીતે બ્રહ્મવાદિ થાય અને આત્મજીત ઇંદ્રિયજીત થાય છે. બ્રહ્મચર્યનું પાલન કરીને ભજનભક્તિ કરે કાળનું સ્મરણ રાખે. કળિયુગમાં સન્યાસ આશ્રમ જે યતિ થવાનું નિષેધ કરેલ છે પણ બ્રહ્મચર્ય વ્રત પરાયણ તપસ્વી તે વર્ણિ ભાગવતિ દિક્ષા ગ્રહણ કરે અને વૈરાગ્ય ન હોય તો ગ્રહસ્થાશ્રમમાં રહીને ભગવત્ ભક્તિ કરતો થકો સુખેથી જીવન વતાવી શકે છે.

આવી રીતે નિશ્ચય કરીને પોતાના ઘરસંસારનો ત્યાગ કરીને તપસ્વી યતીઓના મંડળમાં આવીને રહે અને સાધુજીવન જીવતાં થકાં જડભરતની માફક થઈને હરિનું ભજન કરવું કરાવવું. કાષ્ટ (લાકડાંની)ની અથવા ચિત્રની સ્ત્રીયોનો પણ સ્પર્શ ન કરવો. સોનું આદિ ધાતુઓનો ત્યાગ કરે અને પોતાના કલ્યાણના હેતુનું ધ્યાન રાખે. સ્ત્રીના અંગોવાળી પુરુષ જેમ સ્ત્રીથી મુક્ત રહેવું એ જ એનું બંધન જણાય છે. એ રીતે હરિમાં પ્રેમ બાંધીને એમના ભજક સ્મરણ સિવાય રહેવાય તે બંધન કહેવાય છે. બીજા તો બધા દૂર જ રહે છે. સાંગભક્તિ, તપ, યોગ દમન ચિંતવન શાસ્ત્રનો અભ્યાસ કરવો, વાંચન કરવું ઇત્યાદિક શુભગુણથી સ્ત્રીનો પ્રસંગ થવાથી સર્વ નાશ થઈ જાય છે. શાંતિથી હરિભજન થાય તેમ સાવધાન રહેવું. આ રીતે સ્ત્રીને સર્પની સમાન પારખીને મુમુક્ષુ ભક્ત ભય પામે છે. જે ભક્ત સમાધિ નિષ્ઠ હોય તો પણ સ્ત્રીને દૂરથી પણ નથી જોતો ત્યારે મન દઢ રહે છે. કામ, ક્રોધ, રસ, લોભ આ ચારે ગામના સ્નેહ સમાન માનીને ત્યાગવા. આઠ પ્રકારે બ્રહ્મચર્યનું પાલન કરે તે જ સાચો ત્યાગી ઇન્દ્રિયને જીતનારો કહેવાય. તે હરિભક્ત સાંગભક્તિ નવ પ્રકારે કરે, જે મહાત્મ્ય યુક્તિ ભક્તિ કરે તે જ એકાંતિક ભક્ત કહેવાય.

મારા આશ્રિત એકાંતિક ભક્તે ભગવાનની સેવા સિવાય બીજી કોઈ મુક્તિની ઇચ્છા રાખતા જ નથી. એ ભક્ત માયિક સામાન્ય સુખ શા માટે ઇચ્છે ? મારા ચરણનો આશ્રય છોડીને કાળના કોળિયા થવા નથી માગતા. મારા ભક્ત હરિની સેવા સિવાય જગતની બીજા કોઈ વિષયવાસના રાખતા જ નથી એનો ત્યાગ કરે છે. પોતાના આત્માને જગતના પંચવિષયમાં ચોરવા દેતા જ નથી. દઢપણે મારી ભક્તિ જ કરે છે. જે મતિ હીન છે તે જીવો જ, પંચ વિષયનાં સુખદુઃખના કાર્યોને ચાહે છે. સત્યનિષ્ઠાવાળા નથી ઇચ્છતા. અસત્ રૂપ આઠ સંમતોને જ અસદ્મતિવાળા ચાહે છે. તેમાં જે જે નિયમો સામાન્ય દેખાય છે તે સામાન્ય ધર્મોને વર્ણાશ્રમનાં જે સત્શાસ્ત્રો તેમાંથી મુનિઓના મુખથી સાંભળીને તેને દઢ કરીને રાખવા જોઈએ તો જ સાચું ખોટું જાણવા મળે છે.

હે માતા ! મેં આપને અત્યારે વર્ણાશ્રમના ધર્મ કહી સંભળાવ્યા. હવે આપને ભાગવત ધર્મના લક્ષણ યુક્ત જુદા જુદા જે મર્મો છે તે કહું છું. આપ સાવધાન થઈ સાંભળો.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં પાંચમા કિશોર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિએ વર્ણાશ્રમના ધર્મનું વર્ણન કરીને માતાને સમજાવ્યા એ નામે ત્રીજો તરંગ થયો. ॥૩॥**

## તરંગ-૪

માતા પ્રેમવતી કહે છે, હે ઘનશ્યામ ! આપ તો મહાજ્ઞાનવાન મારા પુત્રધન છો. તેથી હે પુરુષોત્તમ ઘનશ્યામ ! તમે એકાંતિક ભક્તને સુખ આપનાર એવું ધર્મભાગવત મને કહો તે મારે સાંભળવું છે. ભગવાન શ્રી ઘનશ્યામ કહે છે, હે માતા ! તમે સાંભળો. તમે જે ધર્મ કહો છો. તે ધર્મ તો મારા એકાંતિક ભક્તોના છે. એમને ખૂબ જ વહાલા છે. એમના માટે જ આ લોકમાં હું મનુષ્ય સ્વરૂપ ધરીને વિચરણ કરું છું. એ જ ભાગવતધર્મને ભૂમિ ઉપર પ્રવર્તાવવા માટે જ હરિ અવતાર ધરીને પૃથ્વી ઉપર વિચરણ કરે છે. તે જ હરિના હરિભક્તો અને સંતોને મળે એટલે ભાગવતધર્મનો ઉપદેશ આપે અને એને ધર્મ સમજાવે. હવે ભાગવતધર્મ કહું

છું તેને તમે સાંભળો. સ્થાન ઘરબાર ભોગવિલાસનાં સાધનો મનુષ્ય શરીર તથા ધનસંપત્તિ આ બધાં બંધન કરનારાં છે. અને મિથ્યા છે એમ મારા આશ્રિતો માને છે.

ચાર પ્રકારના પ્રલયમાં કાંઈ પણ રહેતું જ નથી. તે હું આગળ વાતને કહીને સમજાવું છું. બધાં જ લોકો પંચવિષયમાં સુખની આશાનાં બંધનથી બંધાય છે. માટે તેમાથી અરુચિ કરવાનો અભ્યાસ કરાવો તો જ સાચું સુખ પ્રાપ્ત થાય. દેશ,કાળ, ક્રિયા, સંગ વિગેરે બુદ્ધિને ભમાવે નહીં તો આવા વિષયોથી અરૂચિ ઉત્પન્ન થાય છે અને મારા સાધુના પ્રસંગ સહવાસમાં સતત રહે તો એના મનના બધા ભેદ કાઢી નાંખે અને મન વિગેરે અંગોને શુભ કરી સાચા માર્ગે ચલાવે. જ્ઞાનિ સંતો સામાન્ય જીવોને પોતાનાથી સામાન્ય સમજી તેની ઉપર દયા કરીને તેના હિત કરવા માટે જ્ઞાન આપે તથા તેની ઉપર તિરસ્કાર ન કરે પ્રેમથી સમજાવે. આવા સ્વભાવથી સાચા માર્ગને સમજાવે. આપના સમાન ભાવવાળા જાણીને એમની સાથે મિત્રતા કરીને સદ્ભાવથી વર્તવું. એમની સાથે દ્વેષભાવ ઈર્ષાભાવ નહિ કરીને શાંતિ રાખવી. પોતાનાથી જે મહાન હોય તો એમની સાથે નમ્રતાથી વર્તાવું જોઈએ. કાયમ મનુષ્યે બહાર અને અંતકરણમાં પવિત્રપણે રહેવું. ન ખાવા યોગ્ય પદાર્થ ન ખાવું. ન પીવા યોગ્ય નિષિધ પદાર્થ ન પીવાં. તથા દંભ, માન, ઈર્ષા, બીજાનો દ્રોહ ન કરવો. અંતકરણના મેલનો ત્યાગ કરવો. નિષ્કપટ થવું. શાસ્ત્રોમાં કહેલાં લોકોને પાળવા યોગ્ય તથા ત્યાગવા યોગ્ય પોતાના ધર્મોનો અભ્યાસ કરીને ધારણ કરવાં. પોતાને કાંઈ પીડા થતી હોય તે બીજાને ન કરવી. વગર પ્રયોજનનું બોલબોલ ન કરવું. સંયમ પાળવો.

સત્શાસ્ત્રનો અભ્યાસ કરવો જોઈએ. તે સાંભળવાં જોઈએ. કોઈ જાતની આળસ પ્રમાદ અભ્યાસ જ્ઞાનમાં ન કરવો જોઈએ. દૃઢભાવથી શ્રવણ પઠન કરવું. તન મન વચનથી સરલપણું રાખવું. બ્રહ્મચર્યનું આઠ પ્રકારે ખાસ ધ્યાન રાખીને વર્તવું જોઈએ. ગૃહસ્થાશ્રમી નારીએ પરપુરુષનો અને પુરુષે પરનારીનો પ્રસંગ ન રાખવો, તથા વિધવા સ્ત્રીઓએ પુરુષ માત્રનો સ્પર્શ ન કરવો. તેનો ત્યાગ કરવો. મન વચન ક્રિયાથી કોઈને પીડા ન કરવી તથા કોઈએ પણ આત્મઘાત ક્યારેય ન કરવો. કોઈને કરવા પણ ન પ્રેરવો. આ રીતે વર્તે. ષડ્ઉર્મિઓમાં થતાં દુઃખો સુખોને સહન કરવાં જોઈએ. ધીરજ રાખવી. ક્યારેય અકળાવું ન જોઈએ. ક્યારેય મનથી મુંજાવું ન જોઈએ. કાયમ સ્ફૂર્તિથી રહેવું. સ્મૃતિપૂર્વક રહેવું. મારા સ્વરૂપનું બળ લઈને જીવન વિતાવવું. દેવો મુનિજનો મનુષ્યો આ બધાં જ શરીર ધારી નાશવંત માયા જોઈને સત્યરૂપ જગતમાં રહેલા જીવો પછીથી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનાં દર્શન કરીને એમને જ્ઞાન પ્રાપ્ત થયું. બધા જ જીવમાત્રના કર્મફળના આપનારા શ્રીહરિ જ છે. તે સર્વના નિયામક સર્વના આત્મા છે. તે જ પોતે પરબ્રહ્મ પરમાત્મા શ્રીહરિ નારાયણને જ પ્રત્યક્ષ જોયા.ભક્તિમાતાને દર્શન થયાં.

હે રાજન્ ! માયીક ઇન્દ્રિયો કરતાં દિવ્યદેહનો ભેદ જુદો જ હોય છે. તે તો શુદ્ધ જ્ઞાનરૂપ છે. તે જ પોતે સર્વમાં સત્તારૂપે રહેલા છે પણ દેહરૂપ નથી રહેલા તે તો દિવ્યરૂપે રહેલા છે. રહેવાના સ્થાન પોતાના ઘરબારમાં મમત્વ વિનાના થાય. તેજ માયાના બંધનથી પર થાય એને મનજીત કહેવાય અને ખાવાનું ઓઢવા પહેરવાનું પ્રારબ્ધ અનુસાર જે મળે તેમાંથી અતિ સારું માનીને પોતે ભોગવે પણ મનને કોઈ ઉદ્વેગ ન આવવા દે. તથા સત્શાસ્ત્રમાં ખૂબ જ શ્રદ્ધા રાખી. તેમાંથી જ્ઞાન મેળવે તેનો આદર રાખે તો તેની બુદ્ધિ આસ્તિકપણા વાળી થઈ જાય છે. અસત્ શાસ્ત્ર છે તેમાં તો હરિના ચરિત્ર વગર જ અન્ય દેવોનાં અન્ય ધર્મોનાં પ્રતિપાદન કરેલાં હોય છે. તેના વાદવિવાદમાં મહા ક્લેશ નથી થતો. આવી રીતથી શીખ દેવી જોઈએ. ક્રોધને કાબુમાં રાખીને ક્રોધ

વગરના થઈને બધાયનું હિત ઇચ્છતા રહેવું અને ભગવાનના સ્વરૂપનાં ચરિત્રમાં મનને પરોવી તેને દઢપણે જાણે પંચવિષયનું ચિંતવન કરીને તેનું ખંડન કરે અને પ્રાણાયામ કરીને મનને દંડ દે. દમન કરે. ખૂબ જ વાણીને વશમાં કરીને, કોઈ ઉદ્વેગ હોય તો સાચું સર્વને પ્રિય સર્વના હિતકારક લાગે એવું બોલવું.આ બધા જ વેગો શીખવા જોઈએ. ભક્તિસંબંધી ક્રિયાઓ કરે અથવા ભગવાનના ભક્તની સેવા કરતો રહે. જેમ તેમ જ્યાં ત્યાં ફર્યા કરે તથા આસનને જીતીને શરીર મનના વેગોને વશમાં કરીને દઢતાથી વર્તે. મનુષ્ય પંચવિષયથી અવળાં કર્મો કરનારો પોતાના દૃષ્ટિ અને ઇંદ્રિયોના વિષય પ્રમાણે વર્તે તેને પોતાના મનને જાતજાતના વિષયોથી પાછું ખેંચીને યોગના નિયમ સમ, દમ, નિયમ, આસન, પ્રાણાયામ વિગેરે નિયમો તેને શીખવા જોઈએ અને ઇંદ્રિયોને વશ કરવી જોઈએ.

ત્યાર પછી મારાં મનુષ્ય સ્વરૂપે કરેલાં દિવ્ય માનુષી ચરિત્રો તેને એકાગ્રતાથી ગાવાં જોઈએ. તેનું શ્રવણ કરવું તથા ધ્યાન કરવું જોઈએ. મારી દેહની કરેલ ક્રિયાઓ તે મારા પ્રિય સંતો એકાંતિક ભક્તો પાસેથી જાણી તેનું ધ્યાન કરવું જોઈએ. જપ, તપ, વ્રત, ઉદારતાથી દાન કરેલું હોય તો શ્રીહરિની સેવા કરીને એમને પ્રસન્ન કરવા એમની આજ્ઞા પ્રમાણે રહેવું જોઈએ. અન્નફળાદિનાં દાનો કરીને આત્માના હિત માટે આચરણ દઢ કરીને માનને વધવા ન દેવું નિર્માની થઈને વર્તવું જોઈએ.

હે માતા ! મારા ગૃહસ્થ ભક્તે સ્ત્રીપુત્ર પરિવાર પોતાનું શરીર ઘરની સંપત્તિ વિગેરે બધાંમાંથી મારી સેવાના ઉપયોગમાં વાપરીને. મારા ભક્તસમુદાયની સાથે નિસ્પ્રેહિ થઈને મારું ભજન સ્મરણમાં તત્પર રહેવું. શ્રી હરિકૃષ્ણ પ્રભુને પોતાનાં સ્વામી ઇષ્ટદેવ માનીને સર્વાન્તરયામિ સર્વના કારણ જાણે, આ રીતે એકાંતિક ભક્તને પોતાના અનન્ય મિત્ર હોય તેમ તે ભક્તની સાથે ગાઢમિત્રતા રાખે, સ્થાવર જંગમ સર્વ જીવોનું એમના પ્રત્યે પ્રેમ રાખીને ખૂબ જ સન્માન કરવું. તેમાં જંગમમાં વિશેષ મનુષ્યોનું કરવું તથા તેમાંય ધર્મને જાણનારા પાલન કરનારાને જાણવા જોઈએ એમનું સન્માન કરવું જોઈએ. ધર્મવિદોમાં ભગવાનના એકાંતિક હરિભક્તોનું, ભક્તોમાંય વૈરાગ્યવાન ભક્તો હોય તેનું અનુકરણ કરવું જોઈએ. એ રીતે એમનું માન કરવું. ત્યાર પછી મારા આશ્રિતજનો સર્વે ભેગા મળીને અતિશય પવિત્ર જે મારાં ચરિત્રો તેમાં અનુરાગ રાખવો અને અરસપરસ એકબીજાને ચરિત્રો કહેવાં સાંભળવાં તે અદ્‌ભૂત અલૌકિક અનંત ચરિત્રો તેને પ્રેમથી શ્રવણમનન અને નિદિધ્યાસ કરવો.

મારા આશ્રિતજનોએ ઈર્ષા મત્સરનો ત્યાગ કરીને એકબીજાની સાથે સહભાગી બનીને સ્નેહ કરવો અને હરિભક્ત જાણીને હરિભક્તે શાંતિ સંતોષ વિગેરે દુઃખની નિવૃત્તિ કરવા માટેનું સાધન છે તેથી બધા દોષો નિર્માન ભાવથી મટે છે. હે માતા ! પહેલાં કહેલ મારા સંતો પાસે જઈને મેં કહેલો ભાગવત ધર્મ શીખવો જોઈએ. બધા જ સાથે મળીને પરસ્પર વાર્તાલાપ કરીને મનને મુક્ત કરી શાંતિ મેળવવી. પાપની નિવૃત્તિથી મનમાં શાંતિ થયા પછી ભગવાનની મૂર્તિને સંભારવાની અને સવારથી સાંજ સુધીની ભગવાનની સર્વ ક્રિયાને સંભારવી. આજ ભાગવત ધર્મનું સ્વરૂપ છે. એને જ તે સાધન ભક્તિનું સ્વરૂપ કહેવાય છે. તે સાધન ભાગવત ભક્તિથી જ પ્રેમલક્ષણા ભક્તિ થાય છે તે પ્રેમલક્ષણા ભક્તિને થોડા ભાગરૂપે તમને કહું છું તેને સાંભળો તે પ્રેમલક્ષણામાં ભગવાનના સ્વરૂપના રંગમાં રોમાંચિત ગાત્ર થઈને ભગવાનનાં ચરિત્રને સંભારવાં અને હરિનાં અંગોઅંગનું ચિંતવન કરવું. આવી રીતે એકાંતિક ભગવાનનો ભક્ત ભગવતસ્વરૂપમાં પ્રેમમગ્ન હૃદયની ઊર્મિઓથી સદાય

રહે છે. જ્યારે વિરહ થાય છે ત્યારે ધ્યાન થાય છે. હરિનું ધ્યાન કરવાથી સ્નેહ ઉત્પન્ન થાય છે. આનંદ પામે છે. તે સ્નેહથી ક્યારેક રડે છે. ક્યારેક હાસ્ય કરે છે.ક્યારેક આનંદમાં રમે છે. ક્યારેક પોતાના દેહનું ભાન વિસરી જાય છે. હરિ બોલે છે તે પ્રમાણે જ બોલે છે. વંદન કરે છે. ક્યારેક ગાવામાંડે છે. ક્યારેક નૃત્ય કરવા લાગે છે. ક્યારેક સાવ મૌન થઈને રહે છે. ક્યારેક મારી આગળ સ્તુતિ કરે છે. મને આપ આધાર આપનારા છો. આમ સ્તુતિ કરે છે.

આ રીતે ભાગવતધર્મ છે. તેને મારે પૃથ્વી ઉપર સ્થાપન કરવાનો છે. તેનાથી જીવના મનમાં પ્રેમલક્ષણા ભક્તિ ઉત્પન્ન થાય છે. પ્રેમલક્ષણા ભક્તિથી હરીની ભક્તિ દૃઢ થાય છે. આવી રીતની એકાંતિક ભક્તિ વગર બીજું કોઈ સાધન જ નથી. તેથી બ્રહ્માદિ દેવતાઓ પણ આ ભવસાગરને તરવા માટે આ ભક્તિ જ નૌકારૂપ છે. એ પ્રમાણે નિશ્ચય માને છે. તે જીવ એકાંતિકી ભક્તિ કરીને બ્રહ્મરૂપ થઈ જાય છે. ત્યાર પછી માયાથી પર થઈને મારું ધામ જે અક્ષર બ્રહ્મપુર તેને પામે છે. મારા સુખને પામી આનંદ પામે છે.

સુવ્રત મુનિ કહે છે હે રાજન્ ! આ રીતે હરિએ માતા પ્રેમવતીને ભાગવત ધર્મ સંભળાવ્યો. જેને એકાન્તિક ધર્મ કહેવાય છે. તે મે તમોને કહ્યો.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં પાંચમા કિશોર રત્નમાં શ્રીહરિગીતામાં શ્રીહરિ સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારી રચિત છંદભાષામાં શ્રી ભાગવતધર્મનું વર્ણન કર્યું એ નામે ચોથો તરંગ થયો. ॥૪॥**

## તરંગ-૫

બંને રાજાઓ આનંદરાજા અને પ્રતાપસિંહ રાજા મુનિરાયોને કહેવા લાગ્યા કે હે મુનિરાય ! પ્રેમવતી માતા અને શ્રીહરિનો જે સંવાદ થયો. તે જ્ઞાનરૂપ ઉપદેશ તે મારા મનમાં સાંભળવાની ભાવના થઈ છે તો અમને તે સંભળાવો.

ભક્તિમાતા કહે છે, હે હરિ ! જે વસ્તુ જેમ હોય જ્યાં હોય તે તે વસ્તુનું પ્રમાણ કરીને મને કહો. માટે હે પુત્ર તે પ્રેમલક્ષણા ભક્તિના જ્ઞાનનાં જે લક્ષણ હોય તે તમે મારી આગળ કહીને સંભળાવો. એટલી મારી ઉપર કૃપા કરો. શ્રીહરિ કહે છે, હે માતા ! તમને ધન્ય ધન્ય છે. માતા તમે બધું જ સારું પૂછ્યું છે. ખૂબ જ યોગ્ય પૂછ્યું છે. તેથી જુદું જુદું કરીને અનુક્રમથી બધા જ જ્ઞાનનું વર્ણન કરીને તમને સમજાવું છું. તેમાં પહેલું જ્ઞાન કહું છું તે જીવનું રૂપ પછી પરબ્રહ્મ પુરુષોત્તમનું રૂપનું વર્ણન કરીશ. બ્રહ્મસર્ગ તથા માયાના ગુણો તથા ભગવાનના ચતુર્વ્યૂહ અવતારોના રૂપોનું વર્ણન કરીને સમજાવીશ. જીવાત્મા ચૈતન્ય છે. બ્રહ્મમય છે. અક્ષર, અમર છે. અછેદ્ય કપાય નહીં. વિંધાય નહીં. તેનો ક્યારેય નાશ નથી થતો. બળતો નથી. વિભાગ નથી થતા. એનું કોઈ નામ નથી. માત્ર આત્મા જ છે. આત્માનું મુખ્યધામ પરમાત્મનું સ્વરૂપ છે. વાળનો આગળનો ભાગ છેડો હોય તેનો બે ભાગ કરો. તેનો પણ ભાગ કરો. તેનો પણ ભાગ કરો. તેનાથી પણ સૂક્ષ્મ છે. માટે હે માતા ! જીવનું જે રૂપ છે તે તો અતિ ભેદ વિનાનું છે. નિત્ય છે. પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ વિગેરેથી સડતો બળતો ખેંચાતો વહેતો કાંઈ નથી થતો. રડતો ય નથી બળતો ય નથી. ઘસાતો ય નથી. કોઈ ખાઈ શકતું જ નથી. સ્થૂળ સૂક્ષ્મ કારણ એ તો બધા દેહો છે. તે દેહોને વિષે કર્માધીન થઈને રહે છે.

હે માતા ! તે જીવાત્મા દરેકના હૃદયકમળમાં રહે છે. આખા શરીરમાં વ્યાપીને સુંદર રીતે રહે છે. બુદ્ધિ મન આદિ બધી જ ઇંદ્રિયોમાં રહીને સર્વ વિષયોને ભોગવે છે. કાયમ માટે સર્વને જોયા કરે છે. એવો મહાન છે. જીવ બધે જ પ્રકાશ કરનારો છે. સ્થિર રહે છે. જ્ઞાનરૂપ છે. પ્રકાશરૂપ છે. જાગ્રત આદિ અવસ્થાઓમાં રહે છે. તેથી તેને બધા જીવરૂપે કહેવાય છે. વિશાળ શરીરમાં જાગ્રત અવસ્થામાં રહે છે. તે વિશ્વાભિમાની જીવ કહેવાય છે. તે નેત્રમાં વાસ કરે છે. તેના કર્મની અંદર વૃત્તિ રાખનારો છે. તે મુખથી વૈખરી વાણી બોલે છે. તેનાથી મલિન સત્ત્વ ગુણ થાય છે. બધાંને ફળ આપનારા વિષ્ણુ છે. તેથી તેનાં વર્ણ અને આકાર મર્યાદા પ્રમાણે વિષ્ણુએ આપ્યા કરે છે. સૂક્ષ્મ શરીરરૂપ સ્થુળ અવસ્થા તેના અભિમાની છે. તે કંઠસ્થાનમાં રહે છે. ક્રિયાની વૃત્તિને તે ક્યારેક જાણે છે. જ્યારે સુમધ્યમા વાણી બોલે છે ત્યારે તેનાથી મલિન રજોગુણ થાય છે. તેના ફળ આપનારા બ્રહ્મા છે. તેનો વર્ણ ઉકાર થાય છે. કારણ શરીરની અવસ્થા બાલ્ય છે. સુષપ્તિ અવસ્થાવાળો જીવ બુદ્ધિશાળી અભિમાની છે. તે હૃદયસ્થાનમાં રહે છે. તેની ઘોરવૃત્તિ પર રહેવાનો છે. તેનો ગુણ મલિન છે. તમોગુણ છે. રૂદ્ર તેનું ફળ આપનારા છે. તેને પશ્યંતિ વાણી કહેવાય છે. તેનો વરણ મકાર છે. એનાથી પ્રસિદ્ધ છે.

ત્રણ દેહની અવસ્થા પ્રમાણ કહો. તેની સ્થાન વૃત્તિ કહેવાની થાય છે. ગુણનું ફળ આપનાર તેનું વરણ દેવતરુ છે અને બધ્ધજીવ જાણવો જોઈએ. આવી રીતે ત્રણ દેહના સ્થાનમાં બંધાયેલો પોતાના રુપને જોઈ શકતો જ નથી. કેમકે તે સાવ આંધળો છે. એટલે ઓળખતો જ નથી. જીવ તો કાયમ માટેનો નિત્ય રૂપ છે. પણ જે વિષયો પંચવિષયના બંધનમાં બંધાયેલો રહે છે તેમાંથી છુટતો નથી. પંચવિષય એને ખૂબ જ પ્રિય લાગે છે. તે શરીર તો જડ છે. દુઃખરૂપ છે. જુઠા વિકારો રૂપવિકારી છે. કરમિયાં વિષય (મળ) રાખના અધિકારી છે. સત્યસ્વરૂપ જે ચૈતન્ય છે તે તો સુખ આપનારો છે. દેહના અવિકારી જુદાં જુદાં રૂપે રહેલો છે.

હવે તે જીવની વ્યાપકતાને સાંભળો. બળતો અગ્નિ જેમ લોઢાંનાં ગોળામાં વ્યાપીને રહે છે તેમ જીવ પણ વ્યાપીને રહેલો છે. જેમ સૂર્યનો પ્રકાશ બધે ફેલાય છે તેમ દેહમાં બધે જ જુદા જુદા સ્થાનમાં રહેલો છે. જીવ દેહને વિશે વ્યાપે છે ત્યારે તેના જેવા જ રૂપે રહે છે. નખથી શીખા પર્યંત આખા શરીરમાં રહે છે. એક જ નિત્ય નિશ્ચલરૂપ જ્ઞાનમય પુરાણ પુરુષ પૂર્ણ સુખના કૂવારૂપ છે. માતા પ્રેમવતી કહે છે, હે મારા પ્રિયપુત્ર ! હે હરિ ! ત્રણ શરીરથી યુક્ત વિદ્યા(માયા) સહિત બધ્ધજીવ તેના વિભગોનું વર્ણન કરીને સમજાવો. હે વર્ણિ ! ત્રણ અવસ્થાથી પર ચોથું બ્રહ્મપુરધામ જે જીવને તરવાનું સ્થાન છે. તે કહો તથા શુદ્ધ જીવનાં રૂપો કહો. તેના તેજના ભેદો વર્ણવીને કહો. ચોથી અવસ્થાનું મહાકારણ આત્માભિમાની ઈશ્વરો અંશો છે. તેનું નિવાસ સ્થાન નાભિ કમળમાં છે. તે શુદ્ધરૂપે રહેલા જણાય છે. એ જ એનું પ્રમાણ છે. શ્રીહરિ કહે, હે માતા ! આત્માભિમાની દેવની પરાવાણી છે તે શુદ્ધ સત્ત્વ ગુણમય તેનાથી પર છે. તેના ફળને આપનારા પ્રણવનો વર્ણ ૐ કાર છે. એ પ્રમાણે જાણો. તે શુશુમ્ણા નાડિની અંદર એના દ્વારા આખા શરીરમાં ફરે છે. તે શરીરી કહેવાય છે. આખા શરીરમાં વ્યાપીને જ્યારે રહે છે ત્યારે એને સાક્ષી અને દૃષ્ટા (જોનારો) કહેવાય છે. તે જ્યારે બધ્ધ રીતે અવિદ્યા શક્તિની સાથે રહીને મુક્ત ક્ષેત્રને જાણે છે તે બધ્ધ જીવ જ્યારે અવિદ્યા શક્તિની સાથે જોડાયેલો હોય ત્યારે તે પૂર્ણ રીતે જ્ઞાનવાળો થાય છે. એ પ્રમાણે કહેવાય છે. જ્યારે પાંચે કોષો ત્રણ પ્રકારના દેહથી જુદા રહે છે. ત્યારે તેમાં બ્રહ્મ પોતે રહે છે. તે પાંચ પ્રકારના પ્રવાહમાં ખેંચાતો નથી ત્યારે તે જ્ઞાનાનંદ કહેવાય છે. ને સ્વતંત્ર બને છે.

ષટચક્ર આદિ જે સ્થાનો શરીરમાં છે તેને ભેદીને જેમ જેમ જીવ આગળ ગતિ કરે છે તેમ તેનો પ્રકાશ વધે છે તે શરીરમાં પ્રકાશ વધવાથી તેને તે જોઈને ખૂબ જ આશ્ચર્ય થવા લાગે છે. હે માતા ! તે જીવને વિષે જે પ્રકાશ છે. તેનું પ્રમાણ કહું છું તે સાંભળો. તે સૂર્યનું જે તેજ તે એક નાના દીવા જેવું લાગે છે. જેમ મશાલ સૂર્યના તેજમાં બપોરીયા જેવી લાગે તેમ, જેમ ઈશ્વર અને જીવ અસમાન લાગે તેમ તે પણ પ્રમાણભૂત હોય છે. ચંદ્રનું કિરણ અતિ તેજોમય હોય તો પણ ચંદ્રમાનું બિંબ ચોખ્ખું દેખાય છે. તેમજ સૂર્યનું કિરણ તે પણ અગ્નિની સમાન પ્રકાશમાન છે. અનંત કોટિ સૂર્ય ચંદ્રો ભેગા પ્રકાશ કરતા હોય તો પણ મારા સ્વરૂપના દિવ્યપ્રકાશને ન પહોંચે એવો સૌમ્ય પ્રકાશ અક્ષરધામનો છે. તે અક્ષરધામને પામે તે મારા ચરણના આશ્રયમાં રહે છે. અને મુક્ત આત્મા બને છે. જીવાત્મા મારા સ્વરૂપનો આશ્રય કરીને સર્વ અંગોનું દર્શન કરીને. તેનું અખંડ સ્મરણ કરતા રહે અને તે જેમ જેમ ત્યાગ તપનું વર્તન કરીને આગળ વધે છે. તેમ તેમ ધામના તેજના પણ ભેદ વધુ થાય છે. જીવ અજ્ઞાનથી મને પામવામાં અબળ હોય છે પણ જ્યારે મારા સ્વરૂપનું ધ્યાન કરીને સત્સંગ કરે છે, તેમ તેમ તેને જ્ઞાન અને ભક્તિ વધે છે. તેમ અનંત ગણું તેજ વધે છે. મુનિ કહે છે, હે રાજન્ ! આ રીતે શ્રીહરિએ માતાને આત્મજ્ઞાનનો ઉપદેશ આપ્યો તે સાંભળીને આત્મસ્થિતિને પામ્યાં તે કથા મેં તમને સંભળાવી. તેથી તમને પણ શાંતિ થઈ હશે. રાજા કહે છે, હે મુનિ ! તમોએ મને જે હરિએ માતાને ઉપદેશ જ્ઞાનની વાત કરી તે કથા મને કહીને કૃતકૃત્ય કર્યા પણ હવે પરમાત્માના સ્વરૂપનો જે ઉપદેશ શ્રીહરિએ આપ્યો તેમને આપ હવે કહો.

શ્રીહરિ કહે છે, હે માતા ! આપ સાંભળો. પુરુષોત્તમ એવો જે હું પોતે મારા સર્વોપરિ સ્વરૂપનો મહિમા કહું છું. તે સ્વરૂપ સર્વ તત્ત્વોની સાથે અતિ તેજોમય જાણો એટલે બધી જ જ્ઞાનની વાતો એમા જણાઈ જશે. માતા પ્રેમવતી કહે છે, હે પુત્ર ! તમે બ્રહ્મરૂપ હોવા છતાં મારા પુત્રરૂપે થયા. તેથી આપે મને ખૂબ જ કૃતાર્થ કરી નાંખી. પરંતુ હવે પ્રભુ પરબ્રહ્મ પુરુષોત્તમના સ્વરૂપનું જ્ઞાન સર્વ તત્ત્વો સહિત મને સમજાવો. શ્રીહરિ કહે છે, હે માતા ! પુરુષોત્તમની જે વાતો પુરાણોમાં કહેલી છે. તે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અતિ દિવ્ય સ્વરૂપ, અતિ તેજોમય, આનંદમય, ચિદ્‌ઘન સ્થાનમાં વિરાજમાન છે. તે જ સર્વોપરિ પરબ્રહ્મ પુરણ પુરુષોત્તમ, અક્ષરથી પર અક્ષરાતિત પરબ્રહ્મનું તેજ અપાર છે. એ સ્વરૂપની આગળ અનંત અક્ષરમુક્તો પોતાના નેત્રને શ્રીહરિના સ્વરૂપમાં જોડીને મૂર્તિનાં અખંડ દર્શન કર્યા કરે છે.

અનાથના નાથ એવા શ્રીહરિ સર્વ સમર્થ, સર્વ સંતોની સાથે સર્વના સ્વામી ગુણના સાગર સર્વનું શુભ કરનારા, ભાગ્ય જગાડનારા, સર્વનું કલ્યાણ કરનાર, સર્વની સાથે અલૌકિક ચરિત્રોનાં ગુણને ગવરાવતા, અલૌકિક પ્રતાપથી વર્તતા થકા, અનંત કોટિ બ્રહ્માંડોના સ્વામી જેમનાં ચરણકમળને દેવો ઈશ્વરો સેવવા મથે છે એવા. જેમના ચરણરજને મસ્તકે ચડાવે છે એવા. જેમના અંશો એવા બ્રહ્મા વિષ્ણુ મહેશ આદિ ચતુર્વ્યૂહ સ્વરૂપોનું સેવન કર્યા કરે છે. અગણિત ઐશ્વર્યયુક્ત ષડ્ઉર્મિઓ સહિત શ્રીહરિના ચરણકમળનું સેવન કર્યા કરે છે. પ્રેમપૂર્વક સ્મરણ કરે છે. ષડ્શાસ્ત્ર ચાર વેદો કાયમ શ્રીહરિના ગુણોને ગાયા કરે છે. મૂર્તિમાન હરિનાં દર્શન કરીને નમન કરે છે. પ્રાર્થના કરે છે. હરિના ચરણકમળને પોતાના અંતકરણમાં ભાવથી ધારણ કરીને ઇંદિરા આદિક દાસીઓ સેવ્યા કરે છે. એકાંતિક ભક્તો હરિનાં ચરણકમળની રજને મનરૂપી ભમરો ચરણકમળના રસને ચૂસે છે.

દેવપુષ્પની સુગંધથી ભરપૂર કેશર કસ્તુરીના લેપને મસ્તક નમાવીને ગ્રહણ કરે છે. કપુર કુંકુમ કુંદકેતકી રજને હાથનો સ્પર્શ કરીને થાળમાં ભરીને સર્વ પૂજનનાં દ્રવ્ય હરિના હસ્તકમળમાં અર્ચીને પૂજન કરવા ટોળાં વળીને ઊભા રહે છે. અનંત કોટિ સ્ત્રી ભક્તો એકાંતિક ભાવથી હેતયુક્ત થઈને રસ ભરપૂર ભાવથી ગાતી થકી રસિક મનોહર શ્યામ પ્રભુના મનને આનંદ ઉપજાવતી હતી. લલિતા જયા રતિ વિગેરે રંગ જમાવતી થકી હાવભાવથી યુક્ત થઈને વાદ્યોના સૂર સાથે મધુરલયથી ઉમંગપૂર્વક નવા નવા મધુર મનોહર ગીતોને ગાઈને હરિને અતિપ્રિય શબ્દોથી રાજી કરતી હતી. તાન કરીને માન પુરસર નૃત્ય કરતાં થકાં ત્રણે ગ્રામમાં સંભળાય એવા આલાપ કરીને ત્રણે લોક રંજન થતાં હતાં તથા (દેવતાઓની) સૂરતાલની સાથે ગાતાં થકાં ઉત્સાહ ઉમંગથી હૃદયમાં ભાવભરપૂર નિષ્કામ ભાવથી એકાગ્ર થતાં હતાં. તેની સાથે વાજીંત્ર મંત્રની તથા સતાર સારંગી દુકડ મંજીરા કરતાલ તથા હાથની તાલીના તાલપૂર્વ નૃત્ય કરતાં મૃદંગ ખંજરી મંજીરાના તાલથી મડળમાં ગાઈને રાજી કરતાં હતાં.

હે માતા ! આ રીતે મારા અક્ષરધામમાં હું કાયમ માટે નિવાસ કરું છું. તે વાત પણ મારાથી પૂર્ણ રીતે વર્ણન કરી શકાતી નથી તો કવિ સમુદાય મારા ધામ સ્વરૂપનું પૂર્ણ રીતે ક્યાંથી કહી શકે ? હે માતા ! હવે મારા દિવ્યસ્વરૂપનું (મૂર્તિ) ધ્યાન કરવાની રીતનું  વર્ણન કરીને (મારા સ્વરૂપનું અથાગ ઐશ્વર્યયુક્ત સ્વરૂપનું પૂર્ણ રીતે વર્ણન કરીને) તમને કહું છું તે પ્રત્યક્ષ સ્વરૂપનું ધ્યાન કરો એટલા માટે કહું છું. અક્ષરધામમાં મારું સ્વરૂપ કિશોરવય છે. શરીરનું વર્ણ મેઘસમાન શ્યામસ્વરૂપ જણાય છે. શરીરનું તેજ અતિશય તેજાયમાન મહાબ્રહ્મ પ્રકાશમાન નીકળે છે. બંને ચરણમાં ઉર્ધ્વરેખાઓ છે. નવ અને સાત ચિહ્નો બંને ચરણમાં રહેલાં છે. તે શોભે છે. પરવાળાં જેવા પગના આંગળાંના નખો શોભે છે. અંગુઠા અને આંગળીઓના નખ પ્રકાશમાન અરુણ વર્ણના કહેવાય છે. ગુલ્ફ અને ગોળપેની પોંચી શોભે છે. જંઘા અને માથું ખૂબ જ શોભે છે. પીળાં વસ્ત્રો ધારણ કરેલ છે. તે મેઘની વીજળી સમાન શોભે છે. કટિલંકમાં સોનાનો મણિ જડેલો કંદોરો ધારણ કરેલ છે. તે ખૂબ જ શોભા આપે છે. નાભિકમળ (ડુંટી) ઉડી જાણે જળમાં કમળ હોય તેવું લાગે છે. ઉદરમાં ત્રિવળિ પડે છે. તે સુંદર છે. શરીર વિશાળ છે. તેની ઉપર વનમાળાઓ ધારેલી છે. લલાટમાં લાલ ચાંદલો છે. વૃષભના કાંધની માફક ઊંચી ડોકવાળા બંને ભુજાઓ ઉંચા કરીને અભયવચન દર્શાવતા ભક્તોને નિર્ભય કરે છે. દાઢી રસિક મનોહર લાગે છે. લાલ મનોહર હોઠવાળા મુખકમળમાં અંદર દાડમના બીજ જેવી સુંદર દંતાવળી શોભે છે. જીભ પણ લાલકમળની પાંખડી જેવી સુંદર શોભે છે. ગોળ કપોળ ખૂબ જ સુંદર દેખાય છે. કાનમાં માછલીના આકારનાં કુંડળોને ધારણ કરનારા નાસિકા જાણે દીવાની જ્યોત ન હોય ? તેવી લાગે છે. તેની નજીકમાં મૂંછની રેખા બહુ જ સુંદર શોભે છે. આ રીતે દર્શન કરીને અતિ આનંદ થાય છે. કરોડો સૂર્યચંદ્રના બિંબો કરતાં અતિ તેજાયમાન મનોહર મુખકમળની શોભાવાળા, સુંદર ખીલેલાં કમળની પાંખડી જેવાં નેત્રવાળા, કોમળ દૃષ્ટિથી કરુણા વર્ષાવનારા, વાંકી ભ્રૂકુટિ કામદેવને મોહ પમાડે છે. તેના ગર્વને હરે છે. કાળકર્મના ભયને હરનારા, વિશાળ ભાલમાં ઉપડતી રેખાઓ વાળા, જાણે ઊંચી ચંદ્રની રેખા હોય ને શું ? તેમ લાગતી હતી તેવા મુખકમળ ઉપર મોટો ઊંચો મુકુટને ધારેલા, જાણે કે શોભાયમાન સ્વ સ્વરૂપના તેજથી અજ્ઞાન અંધકારને દૂર કરતા શોભે છે.

એવું મારું શરીર, તેનો તેજ પ્રકાશ, તે તેજથી વડવાનલ અગ્નિ પ્રગટે છે. તેજ મારા સ્વરૂપના પ્રકાશથી અગ્નિ સૂર્ય ચંદ્ર પ્રકાશે છે. તેજ મારા સ્વરૂપના પ્રકાશથી મુક્તજનો પ્રકાશિત દેખાય છે. તેજ મારા સ્વરૂપના

પ્રકાશથી ચિદાકાશનો પ્રકાશ દેખાય છે. હું પ્રકૃતિ પુરુષ મહતત્ત્વરૂપે રહું છું. મહાપ્રાણ તથા વૈરાજ પુરુષ તથા બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર સર્વ ગુણ માત્રનો સત્ત્વ રૂપે હું જ છું. મારા શરીરના તેજ પ્રતાપથી અનંત અક્ષર મુક્તો થયા છે. તેજના પ્રતાપથી અનંત બ્રહ્માંડોને અક્ષર નક્ષરને ધારીને રહ્યા છે. મારા સ્વરૂપના તેજના પ્રતાપથી સર્વનો લય કરું છું. સર્વને પ્રગટ કરું છું. મારા સ્વરૂપના તેજ પ્રતાપથી જ સર્વને ધારું છું ત્યારે બધાં જ બ્રહ્માંડોના ઈશ્વરોના અધિપતિઓ મારી મરજી પ્રમાણે રહે છે. અને કરોડો બ્રહ્માંડોમાં મારા સંકલ્પ પ્રમાણે બધાં વર્તે છે મારા સ્વરૂપને હૃદયમાં ધારીને ભજન કરે છે. તેનાથી કાળ કર્મ ખૂબ જ ભય પામતાં ભાગે છે. મારી મૂર્તિને હૃદયમાં ધારીને વર્તે છે. તેનાં વિષય વાસનાનાં સર્વે સુખો સરળતાથી છૂટી જાય છે. મારી મૂર્તિના પ્રતાપથી જીવો મહાપાપના પર્વતોને તરીને પાર પામે છે. મારી મૂર્તિને ઉરમાં ધારીને વર્તે છે. તેને અપાર આશ્ચર્ય જણાય છે. મારી મૂર્તિને ઉરમાં ધારે છે તેને અજ્ઞાનના અંધારા ચાલ્યા જાય છે. જ્ઞાન પ્રાપ્ત થાય છે. આવી રીતે નાશવંત દેહધારીના સર્વ દુઃખો નાશ પામે છે. હરિના આશ્રયના પ્રતાપથી ભવને તરીને મંગલરૂપ હરિના ધામને પામે છે. હરિના શરણમાં રહે છે. ધ્યાનથી જ મંગળપદને પામીને મુક્ત થાય છે.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં પાંચમા કિશોર રત્નમાં શ્રીહરિગીતામાં વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિએ આપેલ મહાજ્ઞાન અજ્ઞાન નાશ કરીને ઉપદેશ આપ્યો તે નામે પાંચમો તરંગ થયો. ।।૫।।**

# તરંગ-૬

પ્રતાપસિહ રાજા અને આનંદભાઈ રાજા મુનિરાજને કહે કે, આપે અમને ભગવાનનો ખૂબ જ મહિમા કહ્યો. તે સાંભળ્યો. આનંદ થયો. પણ હવે હરિએ માતાને જે ઉપદેશ આપ્યો છે. તે મહિમા સહિત સમજાવો. આ અમારી વિનંતિ છે.

મુનિ કહે છે, હે રાજન્ સાંભળો ! જે પ્રશ્ન માતા પ્રેમવતિએ પૂછ્યા તેનો મહિમા સહિત ભાવ છે તે કહું છું. અતિ પ્રતાપ સહિત હરિના મહિમાને માતા ખૂબ જ પ્રેમથી જાણવા લાગ્યાં. માતા હરિના મહિમારૂપી મહાસાગરનાં જ્ઞાનનાં વમળોમાં ડુબવા લાગ્યાં અને અગાધ સમુદ્રનાં લહેરોમાં ભમવા લાગ્યાં ધીમે ધીમે મોટી ઘુમરીની લહેરમાંથી બહાર નીકળ્યાં. સાવધાન થઈને હરિને પૂછવા લાગ્યાં. ભક્તિમાતા હરિને કહે છે, હે હરિ ! આપ તો અનંત કોટિ બ્રહ્માંડના અધિષ્ઠાતા અધ્યાત્મ અધિભૂત અધિદેવ એ સર્વ જગતોના સર્ગ કરનાર આત્મા છો. તે સર્વ જ્ઞાન મને આપો. શ્રીહરિ કહે છે, હે માતા ! હું પુરુષોત્તમ પોતે બધાથી ઉપરી સર્વનો પરમાત્મા પોતે જ છું. સર્વનો કર્તા તથા અનંત કોટિ બ્રહ્માંડોનો સૃષ્ટા હું જ પોતે છું. તેથી જ મારા આશ્રયથી મારી ઈચ્છાથી બધા અંશો પ્રગટ થયા છે. તે મારા અંશો ચાર સ્વરૂપે રહેલા છે. તેને જગત આખું વખાણ કરે છે. અને ગુણ ગાય છે. વાસુદેવ સંકર્ષણ પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ તે અનંત કોટિ બ્રહ્માંડોના અધિષ્ટાતા દેવો છે. તેઓ પ્રજાનું સર્જન કરે છે. પાલન કરે છે. અને સંહાર કરે છે. સર્વ પ્રકારનાં કાર્યો કરે છે. માયાનું મુળ, મહાપુરુષ મહાકાળ છે. તેને શુદ્ધ ત્રણ ગુણવાળો કહે છે. તે ચારે દેવો અધ્યાત્મ અર્થાત્ અનાદિના છે. અનંત કોટિ બ્રહ્માંડોને પોતાના વશમાં રાખે છે. તેનું પાલન વિગેરે કરે છે. મહાપુરુષ અને પ્રધાનપુરુષનું જોડલું અવ્યાકૃત છે. સ્થિર છે. સૂત્રાત્મા એવા વૈરાટ પુરુષ છે તે પ્રાકૃત પુરુષ છે. તે પ્રત્યેક બ્રહ્માંડોમાં અધિકારિ તરીકે રહેલા છે. તે અનંત કોટિ બ્રહ્માંડો ઉપર અગણિત રૂપે જોડાયેલા રહેલા છે.

એ ત્રણેના વિષયનો મર્મ આજ છે કે, તેઓ એક કર્તા છે. બીજા જગતના કર્ણધાર છે. ત્રીજા કર્મફળ આપનારા કાળરૂપે છે. અધિદેવ અધ્યાત્મ અને અધિભૂત કહેવાય છે અને ત્યાર પછી કર્મનું વર્ણન થાય છે. અવસ્થાઓ ચાર છે. તેમાં જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તૂરીય અવસ્થા છે. આ ચારે અવસ્થાઓના આધારરૂપે અધિદેવો કહેવાય છે. એજ એનું સ્થાન છે. તે સર્વે અધિદેવ આદિમાં રહે છે. કર્તા અને કરણ પાસે બધાં કર્મો કરાવે છે. અધિદેવ અધ્યાત્મ અને અધિભૂત એ ચારે વય આદિના ચારે પ્રકારના કાર્ય કરનારા છે. હે માતા ! એ ચારે ચતુષ્કમાં હું અન્વય વ્યતિરેકરૂપે સાક્ષિ તરીકે રહું છું. તેમાં વાસુદેવ આદિ દેવોમાં અન્વય પણે રહું છું અને ત્યારે જ મને પુરુષોત્તમ સ્વરૂપે બધાને જણાવું છું. બધાંને દર્શન આપું છું. અધિદેવ રૂપે ચાર સ્વરૂપે રહું છું. તે સર્વના કારણ રૂપે હું જ કહેવાય છું. હું મૂળ બ્રહ્માદિકમાં જ્યારે આવું છું ત્યારે તે દ્વારા અધિભૂત પ્રજાને ઉત્પન્ન કરાવું છું. હે માતા ! જેવી રીતે પ્રજાપતિ (કુંભાર) માટીનાં પિડામાંથી આકાર બતાવા ચાકળો બનાવીને તેને ખૂબ જ ગોળ ગોળ ઘુમડે છે. તેમાંથી ઘડો આદિ આકારો બનાવે છે. તેમ બ્રહ્માદિ દેવોની સાથે અન્વય રૂપે રહીને તે કાર્ય જગતનાં થાય છે. એ રીતે હું અન્વય રૂપે રહેલો છું.

મારું અન્વય અને વ્યતિરેક સ્વરૂપ જે દેવોમાં, મનુષ્યોમાં થાય છે. તે સર્વે ક્રિયાઓ હું પોતે જ સ્વતંત્ર રીતે કરું છું તે કર્તાપણું બધુય મારા થકી જ થાય છે. તે જણાય છે. એ ક્રિયાનું સામર્થ્ય હું મારામાં જ રાખું છું. મારી ઈચ્છા સિવાય કાંઈ નથી થતું. પ્રધાનપુરુષ આદિક સર્વ તત્ત્વ માત્રમાં જ્યારે મારું અન્વયપણું થાય છે ત્યારે અધિદેવ અને અધ્યાત્મ આધાર અને આધેય રૂપે મને જ પોતામાં જડાયેલો જણાય છે. બતાવું હે માતા ! હું જ્યારે વૈરાટ પુરુષમાં અન્વયપણે હોઉં (એની સાથે એકાત્મપણે) ત્યારે તેને પુરુષોત્તમ પણે જાણવા કેમકે મારી નાભિકમળમાંથી કમળ ઉત્પન્ન થયું. તેમાંથી બ્રહ્માની ઉત્પત્તિ થઈ છે. તે સ્વયંભૂ થઈ છે. મારી ઇચ્છાથી જે ઉત્પત્તિ થાય તે કોણ કહેવાય ! તેને કર્તા પણે બધાએ જાણવા આ રીતે અજ (બ્રહ્મા)થી મરિચ્યાદિક પ્રજાપતિ થયા. તે પુરુષોત્તમની સેવાથી એની કૃપાથી થયા. તેથી તે પુરુષોત્તમના અંશ કહેવાયા.

મરિચ્યાદિકથી કશ્યપ પ્રજાપતિ થયા તે પણ પુરુષોત્તમનું કર્તાપણું કહેવાય છે. જ્યારે કશ્યપ પ્રજાપતિથી જગતના જીવોની ઉત્પત્તિ થઈ તેમાં પણ પુરુષોત્તમના કર્તા પણે થયેલી કહેવાય. એ રીતે સ્થાવર જંગમ સંસૃતિ તે મારા અન્વયપણાને લીધે થઈ છે તે સર્વે પુત્રાદિક ઉપજાવતા જણાય તે મારી ઇચ્છાથી જ થાય છે. જે જડ પાષાણ આદિકમાંથી મારા અન્વય રૂપે મારા સ્વરૂપનો ઓપ આવે છે તે મારી ઈચ્છાથી જ છે. મારું અન્વયપણું બધાયમાં જાય છે. એટલા માટે સર્વનો કર્તા હર્તા હું જ છું. એ પ્રમાણે જાણજો. પુરુષોત્તમપણું ઈશ્વરપણું અને જાણવાપણું આ રીતે સર્વનો હું ભગવાન સર્વોપરિ છું. જાગ્રત આદિ ચાર અવસ્થામાં જ્યારે મારું અન્વયપણું હોય છે ત્યારે સર્વનો આધાર, સર્વનો કર્ણધાર, સર્વનાં કાર્ય કરવામાં હું જ સમર્થ છું. બધા મારી ઇચ્છાથી જ કરવા સમર્થ થાય છે.

મારા અવતારો અધિદેવ તરીકે રહે છે તે ચોથી અવસ્થામાં રહે છે. ફરી અધ્યાત્મ રીતે ચોથી અવસ્થાનું સ્થાન સુષુપ્તિ અવસ્થામાં છે. સ્વપ્ન અને જાગ્રતમાં ચારે સ્વરૂપો આતિસાર તરીકે રહીને તેનું કાર્ય કરે છે. આ રીતે ચાર અવસ્થા અથવા ત્રણ અવસ્થા તેનો ત્રણ કે ચારનો આધાર રહે છે. આ ચારે ચતુષ્કની અંદર મારુ અન્વય અને વ્યતિરેકપણું રહેલું છે. અનુલોમ દૃષ્ટિએ જુઓ તો અન્વય સ્વરૂપે છું. પ્રતિલોમ દૃષ્ટિથી જુવે તો વ્યતિરેક સ્વરૂપે રહું છું.

ભક્તિમાતા કહે છે, હે હરિ ઘનશ્યામ ! આપ તો પુરુષોત્તમ નારાયણ પરબ્રહ્મ સર્વના નિયંતા છો. એમ

જણાય છે. આપ તો મારા પુત્ર છો. સર્વના અંતર્યામિ છો. સર્વના કર્મના ફળને આપનારા છો. સર્વોપરિ આપ એક જ છો અને સર્વના આધાર પણ છો.

શ્રીહરિ કહે છે, હે માતા ! હું જ્યારે અનંત જીવોનું કલ્યાણ કરવાનું ધારું છું ત્યારે જગના નવિન સર્જનનું વિચાર કરું છું. પ્રથમ સર્જન સાક્ષર મહાપુરુષને પ્રેરણા કરીને એના દ્વારા મહાકાળને મારી દૃષ્ટિથી જાગ્રત કરું છું. એના દ્વારા જગતનું કાર્ય કરાવું છું. મારી પ્રેરણાથી મહાકાળ મહામાયાને જગાડે છે. તે માયા શુદ્ધ સત્ત્વમય ત્રણ ગુણથી યુક્ત સેવામાં ઊભી રહે છે. તે માયાથી મહાપુરુષ વિહાર કરીને કાળ તથા ગુણની ઉત્પત્તિ કરે છે. તે માયા ગર્ભ ધારણ કરીને પુરુષ અને પ્રધાનનાં બેનાં અનંત જોડકાં ઉત્પન્ન કરે છે. તે અધ્યાત્મ અધિદેવરૂપે રહીને અષ્ટ પ્રકારના બ્રહ્મચર્યનું પાલન કરતાં થકાં બ્રહ્મસર્ગનું સર્જન કરીને બ્રહ્માંડોનું સર્જન કરે છે એ પ્રમાણે જાણજો.

હે માતા ! તે સર્જનમાં એક એક જોડકાંથી એક અંડ થાય છે. આવી રીતે એક એક અંડમાંથી કરોડો આવાં બ્રહ્માંડો ઉત્પન્ન થાય છે. તે એક એક બ્રહ્માંડમાં પ્રધાનપુરુષ સર્વ કાર્યો કરે છે તેનું સંચાલન કરે છે. શ્રી જગદીશ નારાયણ હરિ પ્રધાન પુરુષમાં જગતના સર્જન કરવા માટે ગર્ભને ધરાવતા હતા. તે ગર્ભથી તેનું શરીર લાલ વર્ણનું મનોહર પ્રતાપવાળું જગતના ઈશ્વર તરીકે છે. જેનું નામ મહાતત્ત્વ છે અને તેને ત્રણ ગુણાત્મક કહેવાય છે. માયાના આવરણમાં રહેલાં તે તત્ત્વોનો અહંકાર કહેવાય છે. સત્ત્વ, રજો, તમોગુણ અહંકાર આ સર્વેનો પરિચય (જ્ઞાન) મારી ઈચ્છાથી થયું છે. એ પ્રમાણે તમે માતા જાણજો.

હે માતા ! અહંકારથી શબ્દમાત્ર થયા છે. શબ્દ અહંકારથી આકાશ માત્રનું પ્રાદુર્ભાવ થયો છે. તે (ખં) આકાશને આવૃત્ત રહીને અહંકાર રહેલો છે. ખં અહંકારથી બંને ઇંદ્રિયનો ઉદ્‌ભવ થયો છે. આ રીતે જગતના પ્રથમ ક્રમનિ વિગતિ છે.

વાણી અને કાન (શ્રોત્ર) બંને જ્ઞાન અને કર્મ ઇંદ્રિય છે એનો વિષય મુખ તથા શબ્દ જ છે. વાણીથી શબ્દ નીકળે તે હવામાં ફરતો ફરતો આકાશમાં ગુંજે છે. તે કાનના પડદા દ્વારા પ્રવેશ કરે છે. શ્રોતા તેનાથી જ્ઞાન મેળવે છે. વાયુ છે તે આકાશને સ્પર્શ કરે છે. આકાશમાં તે વાયુ દશગણા વેગવાળો થાય છે. જ્ઞાન, કર્મ, ત્વક, બાહુ (હાથનો સ્પર્શ) આ સર્વે વિષયો ઇંદ્રિયના છે. આકાશનો વિષય શબ્દ છે. સ્પર્શનો વિષય ત્વક ઇંદ્રિય છે. વાણીથી રૂપ, રૂપથી તેજ, વાયુથી ઘેરાયેલાં છે. તેથી તેનો પડઘો દશ ઘણો થાય છે. જ્ઞાન અને કર્મ ઇંદ્રિય દૃષ્ટિનો વિષય ગતિમય કહેવાય છે. તે વિશેષ ગતિવાળાં છે. તેજથી રસ ઉત્પન્ન થાય છે. રસથી પાણી ઉત્પન્ન થાય છે. પાણી તેજથી ઘેરાયેલું છે. ક્યાંક દેખાય છે. પાણીથી જીભ અને શિશન ઇંદ્રિય ઉત્પન્ન થયાં છે. રસ જે કહેવાય છે તે સર્વે રસના વિષયો છે. જળથી ગંધ ઉત્પન્ન થાય છે. ગંધથી પૃથ્વી ઉત્પન્ન થાય છે. ભૂમિ કરતાં પાણી દશ ગણું છે. તે પાણીથી ઘેરાયેલું છે. નાસિકા અને ગુદા ઇંદ્રિયો પૃથ્વીના તત્ત્વો છે. એનો ગંધ તપાસવાનો અને ગુદા મળત્યાગનો વિષય છે. એ પ્રમાણે જાણો. રાજસ અહંકારથી બુદ્ધિ અને દશ ઇંદ્રિયો, દશ પ્રાણ આ સર્વે ઉત્પન્ન થયાં છે. સત્ત્વ અહંકારથી મન અને ચિત્તની ઉત્પત્તિ થઈ તથા બહારની અને અંદરની ઇંદ્રિયોના દેવતા કરેલા છે. દિશાઓ વાણિ સૂર્યવરુણ ક્યાંક અશ્વિનીકુમાર પણ હોય છે. અગ્નિ ઇંદ્રિય વિષ્ણુ યમરાજા બ્રહ્માજી આ દશ સર્વના સારરૂપ છે. તેઓ દેવતા રૂપે સર્વનું સંચાલન કરે છે. જગતના વ્યવહારો સર્વે ચલાવે છે.

મનના દેવતા ચંદ્રમાં અને બુદ્ધિના દવેતા શુદ્ધ સત્ત્વમય ચિત્તવાળા વાસુદેવ છે. સંકર્ષણ અહંકારના દેવ

છે. આ રીતે ચૌદ ઇંદ્રિયોના દેવતાઓ નિર્ધારિત કરેલા છે. આ બધા જ દેવો તત્ત્વસહિત રહેલા છે. તેઓ શ્રીહરિની ઇચ્છાથી જ પ્રગટ થયાં હતાં. તત્ત્વની સાથે તે બધા જ દેવોને વૈરાટનારાયણના શરીરમાં જોયો ત્યારે તેની અંદર જીવમાં પ્રવેશ કર્યો. જીવમાં પ્રવેશ કરીને ગર્ભજળમાં ઈશ્વરે સ્નાન કર્યું ત્યારે નારાયણ નામથી જગતના ઈશ્વર પ્રગટ થયા અને એમણે યોગનિદ્રામાં પ્રવેશ કરીને જોયું તો બધાય પોતાના શરીરમાં લય પામેલા અનંત જીવોને જોયા. વૈરાજ પુરુષ સુત્રાત્મા અને અવ્યાકૃત આ ત્રણે દેહને પોતાના શરીરમાં જોડાયેલા જોઈને ઉત્પત્તિ સ્થિતિ અને લય ત્રણે વર્ણો અવસ્થાઓને જાણી તેઓ વિશ્વના હિરણ્યમય પુરુષ અને ઈશ્વર અભિમાની દેવતા રૂપે થયા. શુદ્ધ સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ તથા શુદ્ધ દયા ઘોર શુભવૃત્તિને શુદ્ધ રૂપે ચોથી અવસ્થા, તે દેહનું મહાકારણ દેહમાં રહીને કુટસ્થ, અભિમાની વૃત્તિવાળો શુદ્ધરૂપે એક ઈશ્વર જ છે.

સર્વે જગતના સર્જનાદિક સર્વના કારણ એ જગતના ઈશ નારાયણ પ્રભુ જ કહેવાય છે. તેજ વૈરાટ નારાયણની નાભિમાંથી કમળ ઉત્પન્ન થયું. તે કમળમાંથી બ્રહ્માજી જગતના સર્જક પ્રગટ થયા. તે જ વિરાટના ભાલમાંથી મારી ઇચ્છાથી દુર્ગા અને શીવજી પ્રગટ થયા અને હૃદય કમળમાંથી વિષ્ણુ ભગવાનની ઉત્પત્તિ થઈ. કમળા (લક્ષ્મી)ની પણ ઉત્પત્તિ થઈ. આ રીતે જગતના ઈશ્વરોની ઉત્પત્તિ થઈ છે. તે જગતના નિયંતા છે. વિરાટ નારાયણના નાભિકમળમાંથી બ્રહ્માની સાથે તરુણી ત્રિગુણા ઇત્યાદિ દેવીઓ ઉત્પન્ન થઈ. તે મારી ઇચ્છાથી અજથી (બ્રહ્માથી)જ ઉત્પન્ન થઈ. તેનાથી પ્રજાના ઈશ્વરો એવા મનુરાજા આદિકે શરીર ધારણ કર્યાં. એ પ્રજાનું સર્જનપાલન કરવા લાગ્યા. એમણે જુદાં જુદાં લોકોને ભોગવવા યોગ્ય સ્થળે ઉત્પન્ન કર્યાં. દેવોને ઉત્પન્ન કર્યાં. અનેક ચિત્રવિચિત્ર જાતિઓને ઉત્પન્ન કરીને વિકસાવ્યાં. ઇંદ્ર, વરુણ, વાયુ, સૂર્યચંદ્ર, મેઘ, અગ્નિ, ગ્રહો આદિક સર્વનું સર્જન કર્યું. લોકનો વિસ્તાર કર્યો. વિદ્યાધરો, ગંધર્વો, સિદ્ધો, અપ્સરાઓ, કિન્નરો ઉત્પન્ન કર્યાં. મનુષ્યોની ઉત્પત્તિ કરીને યક્ષો રાક્ષસો, ચારણો કિંપુરુષો, દાનવો, દૈત્યો, નાગો આદિ બધાની ઉત્પત્તિ કરી તેનો વિકાસ કર્યો.

પ્રેતો પિશાચો વિનાયકો ભૂતમાત્રની ઉત્પત્તિ કરી. વૈતાલ, કુષ્માંડો, કપૂતો, બાલગ્રહાદિ કૃત્યાગણો અભિમાનીગણો પક્ષીઓ, મૃગો, પશુઓ, અનલપક્ષીઓ, સર્પો, સાગરો વિગેરે ઉત્પન્ન કરાવ્યાં. ઝાંડવાં પર્વતો સાધરો સરોવરો વિગેરે સ્થાવર જંગમ જીવોની ઉત્પત્તિ કરી તથા ભૂચર પ્રાણી જળચર પ્રાણી આકાશમાં ઉડનારા પ્રાણીઓ આદિ સર્વેને ઉત્પન્ન કર્યાં. તેઓના ગુણ પ્રકૃતિ અનુસાર યોગ્ય કર્મ કરીને ખાવાપીવા તથા રહેવા ફરવાનાં સ્થાનો પદાર્થો આપ્યાં. કેટલાક જીવોને પોતાના ગુણસ્વભાવ પ્રમાણેની ઉત્પત્તિ કરી. કેટલાકે પુણ્યશાળી બનાવ્યા. તેમાં ત્રણ ગુણવાળા જીવો બનાવ્યા તેઓ પોતાના કર્મ પ્રમાણે વિષયભોગોને ભોગવીને પોતાના કર્મ અનુસાર ફળને મેળવતા થકા રહેતા હતા. જે જીવ નિષ્કામભાવથી ભક્તિ કરે છે તે નર માયામય જગતને તરીને મારા ચરણકમળને પામે છે. હે માતા ! જેમ પરમાત્મા લોકનું સર્જન કરે છે. તેનું પાલન કરે છે. તે જ રીતે હું તેના ફળને આપનારો નિયંતા છું. બ્રહ્મા વિષ્ણુ અને મહેશ લોકમાં રહેલાં જીવોમાં પ્રવેશ કરીને તેનું સર્જન પાલન લય કરતા રહે છે. લોકપાલાદિ બધા જગતના ઈશ્વરો છે. સ્થાવર જંગમ બધાના નિયંતા ઈશ્વરો છે.

મનુષ્ય, પશુ, પક્ષી વગેરે બધાની ઉપર હરિ, હર અને બ્રહ્મા તેની ઉપરી વૈરાટનારાયણ અને તેના ઉપર પ્રકૃતિ પુરુષ થાય છે. મૂળ બ્રહ્મા ઉપર કાળપુરુષ ઉપર મારી દૃષ્ટિના પ્રતાપથી મારી ઇચ્છા પ્રમાણે કાર્ય કર્યા કરે છે. આ રીતે મારી માયા છે. મારાં ચતુર્વ્યુહ સ્વરૂપો વાસુદેવ, અનિરુદ્ધ, સંકર્ષણ અને પ્રદ્યુમ્ન, અક્ષર પુરુષ,

કાળમાયા મૂળ પ્રકૃતિ આ સર્વે શુદ્ધ સત્ત્વમય ત્રિગુણ આ સર્વેનું સર્વોપરિ કારણ તો હું જ છું. મારી લીલા જ છે. એ નિશ્ચય છે. એ પ્રમાણે જાણો. જેમ ગામનો રાજા, એના ઉપર પ્રદેશનો રાજા એની ઉપર દેશનો રાજા ત્યાર પછી ખંડનાં રાજા ખંડપતિ તેની ઉપર ચક્રવર્તી આ રીતે ક્રમ તે સર્વ ઉપર અખંડ છે. તેમાં સંહાર સર્વે છે. એ જ રીતે બધાં જ પરતંત્ર છે. સર્વ રીતે મારી મરજી મુજબ જ વર્તે છે. આદિથી લઈને અત્યાર પર્યંત સર્વ પ્રકારનો હું જ પ્રેરક છું. તે પ્રમાણે વર્તે છે. જીવ, ઈશ્વર જગતના સર્જક બ્રહ્મા અધિભૂત છે. અધ્યાત્મ છે. એમના અધિદેવ અક્ષરબ્રહ્મ છે. સર્વનો અધિપતિ હું પરમાત્મા સ્વામી છું.

હે માતા ! બધાં જ પ્રકારના જ્ઞાનમાં મારા સ્વરૂપનું જ્ઞાન, મારા સંતો પાસેથી જ જાણવા મળે. એના સમાગમથી જ્ઞાન પ્રાપ્ત કરીને તે મહાજ્ઞાનની દૃઢમૂર્તિ દ્વારા મારા સ્વરૂપને ધ્યાન કરીને તે સર્વે આનંદ સુખને પામે છે. એ પ્રમાણે જાણો.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં પાંચમા કિશોર રત્નમાં શ્રીહરિગીતામાં વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિએ કહેલ જ્ઞાનવર્ણનમાં સ્વરૂપ જ્ઞાન કથન નામનો છટ્ઠો તરંગ થયો. ॥૬॥**

## તરંગ-૭

પ્રતાપસિંહ રાજા કહે, હે મુનિવર ! આપ તો ધન્ય ભાગ્યવાળા છો. કેમકે તમે તે જ્ઞાનને પચાવેલ છે. તે જ્ઞાન મને કહ્યું હવે શ્રીહરિ માતાને જે ઉપદેશ કહ્યો તે મને સમજાવવા કૃપા કરો.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન ! તમે તો ધન્ય ધન્ય થયા છો. કેમકે શ્રીહરિના વચનના અમૃતનું પાન કરવામાં એકાગ્ર ચિત્તવાળા થયા છો. તેથી શ્રવણરૂપી પડીયાથી અમૃતને હૃદયમાં ઉતારો છો. તેથી તમે તો સદાય માટે અમર સુખને પામનારા થયા છો. કાયમ શ્રવણ કરવામાં તત્પર રહો છો. એટલા માટે હે રાજન્ ! શ્રીહરિએ માતા પ્રેમવતીને જે સાચો જ્ઞાન ઉપદેશ સમજાવ્યો. તે તમને કહું છું. જે ઉપદેશમાં શ્રીહરિ વિના બીજું બધું અસત્ય જ છે. કેમકે નામરૂપ બધાં જ તત્ત્વો અસત્ય છે એ પ્રમાણે જાણો.

શ્રીહરિ કહે છે, હે માતા ! દેહ અને દેહીનાં સાધનો ધન સ્ત્રીયો પુત્રો પૌત્રો તથા પરિવાર આ બધાં મિથ્યા છે તથા ખેતર આદિય પદાર્થોમાં જ્યારે મન બુદ્ધિ ચોટે નહીં તેનું લગારે બંધન ન કરવું. જુદા જુદા પાંચ વિષયોમાં જુદા જુદા અનેક ભોગો રહેલા છે. તે ભોગોમાં જ્યારે લગારે રજમાત્ર રૂચિ ન રહે. ત્યારે જ તેને વૈરાગ્ય કહેવાય છે. એ પ્રમાણે તમે જાણજો. ત્યાર પછી મારો દૃઢ યોગ થાય છે. હે માતા ! ત્યાર પછી સ્વર્ગાદિક લોકનાં સુખો ભોગોમાં આસક્તિ થતી જ નથી. લોકના અધિષ્ઠાતા ઈંદ્ર, શિવ, બ્રહ્મા આદિનાં ભોગો તથા તેમનાં શરીરો તો નાશવંત છે. એ પ્રમાણે જાણો.

માતા પ્રેમવતી કહે છે, હે હરિ ! આવા આ સર્વત્ર જગતમાં જીવને આવો લગાવ કેમ ઉપજે છે. તે કહો તેને આપ સર્વજ્ઞ છો તેથી તત્ત્વનું વર્ણન કરીને તેની રીત મને કહેવા માટે યોગ્ય છો. તેથી તે મારા પ્રશ્નનું આપ પૂર્ણ રીતે નિવાર કરીને મને સમજાવો. શ્રીહરિ ઘનશ્યામ કહે છે, હે માતા ! વૈરાગ્ય દૃઢતાથી જીવોમાં ઉત્પન્ન થાય છે. તે રીતને હું કહું છું તેને તમે સાંભળો. જે જીવ પોતાનું મન મારામાં જોડી દે છે અને મને દૃઢતાથી ભજે છે. હે માતા ! મારા સ્વરૂપમાં પોતાના મનને અર્પીને મન કર્મ વચનથી મારું ભજન કરે તથા મારી મરજી વગર કાંઈ ન કરવા માગે અને મારી મૂર્તિને અંતરમાં અનુસંધાન રાખીને વર્તે. સતત સ્મરણ કર્યા

કરે. દેહ ઘર ધનસ્ત્રી કુટુંબપરિવાર સર્વને મારી મરજી મુજબ ચલાવે તથા હરિના રૂપને છોડીને મન અંતકરણને ક્યારેય સ્વતંત્ર રીતે ભટકવા જવા ન દે. મારે વિષે જોડી રાખે ત્યારે. મારી મૂર્તિ વગર આમતેમ બીજે ક્યાંય જવા દે તો તેને કાળ પોતાનો કોળિયો કરે છે. માટે કાળાદિકના ભયનો ત્યાગ કરીને દઢતાથી મારા સ્વરૂપમાં જોડે છે. મારી મરજી પ્રમાણે વર્તે છે તે નિર્વિકારી થઈ જાય છે.

માતા પ્રેમવતી કહે છે, હે હરિ ! બધા જ કાળના ચાર પ્રકાર કહો. જેમાં આખું જગત નાશ પામે છે. એનું વર્ણન કરીને કહો. મનુષ્યથી લઈને જીણા કીટકો આદિક જીવો જગતમાં દુઃખરૂપ ક્ષણ ક્ષણમાં જન્મે છે અને મૃત્યુને પામે છે. જ્યાં લગારેય સુખ નથી એવા દુખના દરિયામાં દેહધારણ કરીને જીવો ગર્ભવાસનાં જન્મરણના કંદમાં પડે છે. તેમાં અવશિષ્ટ કાંઈ રહેતું જ નથી. તે છતાં તેને અશેષ ન કહેવાય. ભૂખ તરસ તથા અનેક રોગો દરદોની ખાણરૂપ આ શરીરમાં આધિ અને વ્યાધિ અપાર રહેલી છે. કેમકે એક ક્ષણે ક્ષણે યુગયુગનાં દુઃખો થતાં રહે છે. તેને ભોગવે છે. જીવાત્માનો ક્યારેય ભવ જંઘ પાર તો આવતો જ નથી. જેમાં પંચવિષયનાં સુખને ભોગવે છે. તેથી તે જીવાત્માને અતિ પોતાના દેહમાં અતિશય દુઃખને પામતો થકો દુઃખો ભોગવે છે. અતિશય દુઃખ સિવાય કાંઈ પ્રાપ્ત કરી શકતો નથી. તેનાથી તે જીવાત્માને કાળ પોતાનો કોળિયો કરીને તેને ગળી જાય છે. નાશ પામે છે. હાય હાય મારા ઘરમાં આગ લાગીને ઘર બળી ગયું. હાય હાય મારી સંપત્તિને ચોર લુંટારા લુંટી ગયા. હાય હાય મારા શત્રુઓએ પુત્રોને મારી નાંખ્યા. હાય હાય મારી સ્ત્રીને સર્પે દંશ માર્યો. આ રીતે તે મમત્વથી બોલે છે. હાય હાય વાયુ પીત કફના જોરથી પીડા થાય છે. હાય હાય મારા ભાઈઓ સંબંધીઓ બધાંય મરી ગયાં. આ રીતે ક્ષણક્ષણમાં જીવોનો નાશ થાય છે અને જન્મે છે. તેને નિત્યપ્રલય કહેવાય છે. હવે નૈમિત્તિક પ્રલય જે કહેવાય છે તે કહું છું. હે માતા ! તેને તમે સાંભળો. નૈમિત્તિક પ્રલયમાં દશેલોકનો નાશ થાય છે. ત્યારે બ્રહ્માનો એક દિવસ પુરો થાય છે. તેનાં અંતમાં મનુ ઈંદ્રાદિકનો નાશ થાય છે. બ્રહ્માના એક દિવસમાં ચૌદ મનુ ઈંદ્રોનો નાશ થાય છે. સ્વર્ગ, ભુર્લોક, ભુવર લોક, અતલ લોક, વિતલ લોક, સુતલ તલાતલ સર્વલોકનો મહાતલ રસાતલ સુધી પાતાળ આદિ બધા જ લોકનો નાશ થાય છે. લોકની સમૃદ્ધિની સાથે દશે લોકમાં બધું જ નાશ પામે છે તેમાં કાંઈ રહેવા પામતું જ નથી. એવી રીતે બ્રહ્માના દિવસના અંતમાં ઉત્પન્ન થયેલ બધું જગત નાશ પામે છે. આઠ હજાર યુગો જ્યારે જાય ત્યારે બ્રહ્માનાં રાતદિવસ પુરાં થાય છે. આવી રીતે મહિના પખવાડિયાં વગેરે કરીને તેનું વર્ષ કહેવાય છે. આવી રીતે જ્યારે વૈરાટનો અડધો દિવસ હોય છે. ત્યારે બધાં જ લોકોનો નાશ થાય છે. ઈશ્વરો દેવો દિગપાલો સર્વનો આત્યાંતિક પ્રલયમાં નાશ થાય છે. હે માતા ! જ્યારે વિરાટપુરુષને એની સો વર્ષની આવરદા થાય છે ત્યારે કાળનો વેગ એની પાસે તરસ્યો થઈને પહોંચી જાય છે અને આવરણોની સાથે ચૌદ લોકનાં બ્રહ્માંડોનો ઈંડોનો સર્વનાશ થઈ જાય છે. ત્યારે મહરલોક, જનલોક, તપલોક, સત્યલોક, ઋષિલોક, પિત્રીલોક તથા હરિ, બ્રહ્મા આદિક બધા જ દેવતાઓ ઈશ્વરો પ્રકૃતિપુરુષનાં કાર્યો. જે પ્રકૃતિપુરુષ સિવાય બધું જ નાશ પામે છે તેને પ્રાકૃતિક પ્રલય કહેવાય છે. પ્રકૃતિ પુરુષનાં જે કાર્ય તથા તેનાં કારણ મૂળ માયા બ્રહ્મા કાળ આદિને ધારણ કરીને રહે છે. ચતુર્વ્યૂહ સ્વરૂપો છે તે શુદ્ધ છે. સત્ત્વગુણ પ્રધાનતાવાળાં છે. તેની સાથે અનંત કોટિ બ્રહ્માંડો પણ સાથે એવાં જ છે તેસર્વે.

હે માતા ! જ્યારે હું મારી દૃષ્ટિને પાછી વાળીને પ્રતિલોમ કરું ત્યારે બધાં જ લોકનો નાશ થાય છે. જે સર્જાય છે તે નાશ પામે છે. તેને આત્યાંતિક પ્રલય કહેવાય છે. ત્યારે સર્વે બ્રહ્માંડોનો નાશ થઈ જાય છે. હું એક

જ રહું છું. આવી રીતે પ્રલયકાલીન સ્વરૂપમાં મારા સિવાય કોઈ સ્થિર રહી શકતું જ નથી. તેથી તેઓ બધું જ ત્યાગ કરીને કેવલ મારા સ્વરૂપના આશ્રયમાં રહીને મારું જ ભજન કરે છે. તે ચૈતન્ય બને છે. તે કોઈક જ મારા ધામને પામે છે. આ જગત જડ છે. દુઃખનો દરિયો છે. મિથ્યા છે. બધાં જ જગતોનો નાશ થઈ જાય છે. દુઃખનો કૂવો છે. તે કાળ બધાંને કોળિયો કરીને ખાઈ જાય છે. મારા સ્વરૂપ સિવાય કોઈ સ્થિર છે જ નહીં. અનેક જીવો જગતને દુઃખનો સાગર જાણીને દુષ્કૃત કરેલાં તેને ભોગવે છે. તે નરનારીઓ જગતમાં નરકસમાન દુઃખોને જોઈને એમની મનની વૃત્તિ સ્થિર નથી રહેતી. સ્થિર વૃત્તિવાળા જીવો વિશેષ શોખવાળા થાય છે. જે જનો ખરાબ કર્મ કરે છે તેઓ તેનું દુઃખરૂપ ફળને ભોગવે છે. તે છતાં શિશ્ન ઇંદ્રિય તથા ઉદર ભરવા માટે આશા તૃષ્ણાવાળા રહે છે. તેના ઉપર જ આસક્ત રહે છે. એમ ખુવાર થયા કરે છે. જ્યારે તે જીવને ખરાબ સંગદોષ લાગુ પડે છે ત્યારે જ્ઞાન આદિકના શુભગુણનો ત્યાગ કરી દઈને અહમ મમત્વના બંધનમાં બંધાઈને દેહના ભરણપોષણ કરવામાં રહે છે. દેહના સુખ માટે અનેક કુકર્મોને કરીને અનેક દંભ કપટ શઠતા કરીને બીજાને બાંધવા બીજાનો દ્રોહ કરવા બીજાને પીડા આપવી. વિશ્વાસઘાત કરવો બીજાની ઉપર ખોટા આક્ષેપો (મિથ્યાચારો) કરે. હિંસા ચોરી અનીતિ કરીને ભરણપોષણ કરે. કેટલાક ગરીબોને દુઃખ આપીને સ્વાર્થ સાધે. રોજે રોજ નિંદિત કર્મ કરીને પોતાના કુટુંબનું પોષણ કરે. ફરી વર્ણાશ્રમના ધર્મનો ત્યાગ કીરને નિરઅંકુશ થઈને સ્વછંદતાથી પાપાચાર રૂપ બીજા ધર્મનું પાલન કરીને એ ધર્મને અપનાવી દુષ્કર્મ કરતો રહે. આવા માનુષી વિચારો કરતા રહે છે. નિગમ આગમ બ્રાહ્મણ સંતો અને દેવો આદિની તથા તીર્થ વ્રત ભગવાનની ભક્તિ ભગવાનની સેવા એનો ખળઅજ્ઞાની એવા અસત પુરુષો અબુધ લોકોને અવળે માર્ગે દોરાવે. પાપના કાર્યો કરાવે. ન ખાવાનું ખવરાવે. ન પીવાનું પાછા પીવરાવે. આવાં દુષ્યકર્મો કરાવે. જવા યોગ્ય ન જવું, ન જવા યોગ્ય જવાનું કરે. ન કરવાનું કરાવે. રોજેરોજ અધર્મ કાર્યમાં જોડીને ભ્રષ્ટ કરાવે.

આવા પાપી પાખંડી ગુરુના પાપનાં ઓથમાં બંધનમાં જનો મહા કુકર્મને કરતાં હોય છે. તેઓ આવા ગુરુના બંધમાં ધનસ્ત્રીના પ્રલોભનમાં શિષ્યો આવાં કામ કરતાં હોય છે. તે મારો તથા કાળકર્મનો પણ ડર નથી રાખતાં અને કૂકર્મ કરે છે. તેઓને જીવનના અંતકાળમાં ખૂબ પીડાઓ થાય છે. તે અધર્મ અત્યાચાર પાપના પ્રતાપથી દુઃખના પારને પામતા જ નથી. પીડાયા કરે છે. અંતે ચૌદ કરોડ યમગણો તે મહાભયંકર ક્રૂર પ્રકૃતિના વિકરાળ છે. તે પાપીને પીડા આપતા થકા ખૂબ જ ત્રાસ આપે છે. એના ગુનાનો ખ્યાલ કરાવે છે. તેમાં કેટલાક યમો દોરડાનાં વાંકા ગાળિયાથી બાંધે છે. કેટલાક હાથ ઉપર કુહાડીના ઘા મારીને તોડે છે. આ રીતે તૂટેલાં અંગોને જોઈને તે પાપી જીવ શરીરની સાથે કંપે છે. ખૂબ જ મુંઝાય છે. તો પણ પીડા આપ્યા જ કરે છે. મારની પીડાથી જીવ આકુળવ્યાકુળ થાય છે અને શરીર વાતપીત કફના વ્યાધિથી પીડાય છે. તેના ઉપર યમગણો ખૂબ જ ક્રોધ કરીને મુદ્‌ગરના ઘા મારીને મસ્તક ફોડે છે. જીવના નવે દરવાજે શરીરના છિદ્રોએ યમદૂતા પીડા આપે છે. ત્યારે જીવ અતિશય કષ્ટ પામે છે. ચારેબાજુ દોડ્યા કરે છે. આવા કપુતની નવસો નવાણું નાડીઓ તૂટે છે. ત્યારે સ્વાર્થીઓ તેને લૂંટે છે. યમદુતો દશે દરવાજે પ્રાણને રોકે છે. ત્યારે તે પાપી તત્કાળ મળમૂત્રને છોડે છે. આમ તેંમ દશે દિશામાં દોડે છે. ગર્જે છે. ચીસો પાડે છે. શરીર ધડક્યા કરે છે. પછડાય છે. યમરાજા પાસે જઈને ઈંદ્રિયો વડે કરેલાં પાપોનો જવાબ યમરાજા ગણી ગણીને પુછતા જાય અને બધાના જવાબો લેતા જાય. જે પાપો ગુપ્ત રીતે કર્યા હોય તે પણ જાહેર કરીને તે તે ઈંદ્રિયને પાપનો દંડ દેતા જાય અને નક્કી કરતા જાય પાપો

જાહેર કરતા જાય. જીવને મનુષ્ય શરીરરુપી ખેતર મળ્યું તે છતાં તેણે મુક્તિનો કોઈ ઉપાય ન કર્યો. વ્યર્થ જન્મ ગુમાવ્યો તેના ઉપર યમરાજા ક્રોધ કરીને જોવા લાગ્યા પાપીને પકડીને ખૂબ જ માર મારવા લાગ્યા. જગતના જીવો એક એક કર્મ કરે છે તેના પ્રત્યેક કર્મના ફળને સો સો ઘણા કરીને ભોગવવાં પડે છે તેને જમપુરીમાં રહેવું પડે છે અને તે દુખોને ભોગવવાનો ક્યારેય અંત આવતો જ નથી. પીડાવું પડે છે. મહાકઠોર સોરીપુરમાં ખુબ જ ઉગ્ર ગંધથી નાશીકાને પીડા પડે છે. તે ગાંધર્વ સીદ્ધ આગમન કેદ કહેલ છે. કૌરકૌરા નામના પુરો વિચિત્ર છે. બહવોપદ નામનું દુખ દારિદ્રય આદિ મહા નર્કો છે.

જુદા જુદા આ ક્રુંદપુર આવેલું છે. તપાવેલું ઈદ્રિય પયો વર્ષ નામનું મળમૂત્રથી ભરેલ નર્ક કહેલ છે. અતિશીતળતાથી ભરપુર અભીતી આ રીતે યમપુરીનાં આ સોળ દરવાજા કહેલ છે. ચોર્યાસી હજાર નર્કના કુંડો છે તેમાંથી થોડાક જ વર્ણવેલાં છે. તેમાંથી અઠયાવીસ મુખ્ય કુંડો છે તે વર્ણવીને હે માતા તમને કહું છું તેમાં કુંભીપાક નરક મુખ્ય કહેવાય છે. તેમાં મળમૂત્ર જે પાચપરુ લોહી લાળ લીટ કફ કશ વિગેરેથી કીચડ ભરેલું છે. તે અતિ દુર્ગંધ મારે છે તે મહા ભયંકર નર્કના કુંડમાં જગતના જીવો આંધળા થઈને પડે છે અને કર્મ પ્રમાણે પીડાને ભોગવે છે.

આ રીતે યમગણો તે જીવની સાથે રમત કરીને પીડા આપે છે. દેહનો ઓપ કરે છે ત્યારે શરીરના રુધિર માંસને જંતુઓ પીવે છે. ખાય છે. ત્યારે જીવને સાકરનું બનાવેલ પાણી પણ ગળાથી નીચે નથી ઉતરતું ત્યારે તેના દેહમાંથી મહાભયંકર અવાજ (ઘોષ) ગુફામાંથી નીકળે તેમ નીકળે છે. શરીર થડકે છે. આવી રીતે એક ક્ષણ જેટલો સમય થયો. સ્વાસરુધાણો મૂર્છા આવી ગઈ ત્યારે બધાં સ્વાર્થી સગાઓ હાય હાય કહેવા લાગે. આ રીતે યમદુતો સ્થૂળ શરીરમાંથી જીવને લઈને ચાલ્યા ત્યારે સંબંધીઓ ખૂબ જ બળ કરીને એના માનવશરીરને બાંધીને કરીને ઉપાડે છે. તેમાં રાખેલા જીવને યમના દૂતો તરત જ ઉપાડી લે છે. તેને લઈને યમલોકમાં જાય છે. યમદૂતો માર્ગમાં જીવને ખૂબ જ માર મારે છે. ખૂબ જ રોવરાવે છે. અતિ પીડા આપીને લાંબા મારગમાં રઝળાવતા લઈ જાય છે. યમદૂતો માર્ગમાં ક્રૂરતાથી વિકરાળ લાગે તેથી લોઢાનાં દંડોથી માર મારતા રહે છે. મારની પીડાથી ચાલવામાં અસક્તિમાન થાય છે. પગમાં લોઢાનાં કાંટા કાંકરા વાગે છે. તેની પીડા થાય છે. પગલે પગલે એને દંડ દેતા રહે છે. પીડાથી મુખે ત્રાહિમામ્ પોકારે છે. તે છતાં કોઈ શાંતિ આપનાર મળતું નથી. કોઈ બચાવનાર નથી મળતું સૂર્ય અને અગ્નિનો તાપ આપીને બંને બાજુથી તપાવે છે. લોઢાનાં કાંટાના તાર તપાવીને પીડા આપે છે. તે તપાવેલા કાંટા ઉપર ચલાવે છે. મોઢેથી હાય હાય પોકારતો જાય છે. ખૂબ જ કષ્ટથી મુંજાઈને જમીન ઉપર પડી જાય છે. ફરી ઉઠાડીને પગે ચલાવે છે. આ રીતે પીડે છે. આ રીતે યમદૂતો જીવને કર્મ અનુસાર પીડા આપે છે. એને જુતાં મારી મારીને યમલોકમાં લઈ જાય છે. જેમ રાજાના સૈનિકો ચોરને પકડીને મારઝુડ કરીને યાતના આપીને રાજા પાસે લઈ જાય છે તેમ, યમદુતો પાપી જીવને માર મારતા યમરાજ પાસે લઈ જાય છે. તાંમિશ્ર, અંધતામિશ્રત, મહારૌરવ, રૌરવ, કાલસૂત્ર, અસિપત્ર, શુકરમુખ, અંધકૂપ, ક્રૂમિભોજ, સંદર્ષતપ્ત, સુરમિ વૈતરણિ, પ્રાણરોધ, પ્રયોઘશાલમ, શંકુવજરનિ, લાલા ભક્ષ, યયાન, અવિચિ, વૈયસન, ક્ષાર કર્દમ, કુંભિયમહું આ બધાં નરકોમાં મારો આશ્રય કર્યા વગર કેવળ અધર્મ પાપમય સ્વચ્છંદ જીવન જીવનારા પડે છે. દુઃખોને ભોગવે છે.

આવી રીતનાં નરકોમાં દુષ્કૃત કર્મ કરનારાને યમદૂતો નાંખીને દુઃખો આપે છે. આયુધો કુહાડા, સાંગ, આદિ

જુદાં જુદાં અંગો કરીને વજ્રદંત મુખવાળા માંસ ખાય છે. શરીરનું લોહી પીએ છે. બળતા અગ્નિમાં ઉકળતા તેલમાં જીવોને નાંખે છે અને બાળે છે. રોમેરોમમાં સર્પો વીંછીઓ કરડાવે છે. ખૂબ જ દંશ મારે છે. કટારી મારીને શરીરને તોડે છે. મેઘ (વીજળી)જેમ એક ક્ષણમાં ભૂમિને વીંધે છે. તેમ છરિને પેટમાં ખોસીને તોડે છે. પેટમાંથી આંતરડાનાં તાંતણાને બહાર કાઢે છે. તેનાથી મસ્તકને જોડીને તંબુરાના તાર બનાવી વગાડે છે. કેટલાક હાથમાં કૃપાણ લઈને મસ્તક અને ધડને જુદાં કરે છે. પગથી ગેડી દડો બનાવીને ઉડાડે છે. દડાની માફક ગેડી દડો મસ્તકથી રમે છે. બીજી સ્ત્રીઓ ઉપર આંખથી જુવે તેને આંખો ફોડીને ઊંડા ખાડા કરી નાંખે. આમ કરતાં ઉંહકારા કરે તો તે જીવને વધારે ઉંહકારા કરાવે પીડે. પછી હાથીના પગેથી કચરાવે. પર્વત ઉપર લઈને નીચે પછડાવે. ઝેરી અગ્નિના ધુમાડામાં જીવને રોકીને જોરેજોરે ધુંધળાવે રોકીને ખારા ખારા કાદવમાં ખદખદતામાં નાંખે. ઉકળતા પાણીમાં નાંખે. દબાવીને તપાવેલી લોઢાંની સ્ત્રી બનાવીને તેની સાથે જીવના શરીરને મિલાવે જોડે. લોઢાંની શિલા સળિયા તપાવીને તેની આંખોમાં ગોળગોળ ફેરવે. કાનમાં ગરમ કરેલું શિશુ રેડે. અને જોરજોરથી પીવરાવે. વિર્યષ્ટિ (મળ) વિગેરે પરુ મૂત્ર લોહી વિગેરે ખળને જોરજોરથી ખવરાવે પીવરાવે. યમદુતો તે પાપીનાં શરીરની ચામડી ચીરી નાંખે. ફરી પાછા સોયને તપાવીને આંતેડાંનો દોરો બનાવીને સાંધે. ઘંટીમાં નાખીને બે પડની વચ્ચે ઘાલીને પછી ડંડાથી પીસે અને ચીસો પાડે તો ય ખૂબ જ પીસે પીડા આપે. એકસો સત્યાવીસ કૂતરાંનો ટોળાં ચાલીને તોડીને વજ્ર જેવા દાંતથી ખાય. ત્યાર પછી અસિ પત્રના વનમાં તે નરને ચલાવે. તલવાર જેવી ધાર તો પગમાં વાગે. શરીર કપાય ખૂબ જ પીડાવા લાગે. અગણિત શેરડી પીલવાના કોલા જેવા કોલુ બનાવીને તે જીવાત્માને ધાણીમાં તેલ કાઢે તેમ એને પીલે તે વૈતરણીને કાંઠો વિશાળતા છે. તેની ઉપર બેય બાજુ જીવોને ઓરે જેમ શેરડીને રસ કાઢવામાં ચોરે તેમ પાપીજીવોને ચીરીને પીલે તેના કડડાટ શબ્દ થાય. જાણે ભડાકા થતા હોય તેમ બોલે. આવી રીતે પાપી જીવને નિશાન બનાવીને કાન સુધી બાણ ખેંચીને તેને યમદુતો બાણ મારે. વારંવાર નિશાન કરીને ઘા મારે. હજારો જંતુઓ નિશાન જોઈને તેને ચૂસે. હજારો બાણના ગેબમાં પીડા આપે.

આવી રીતે મેં તમને યમ યાતના કહી તે જીવને અતિ દુઃખ આપનારી થાય છે. તે ચૌદ કરોડ યમદુતો ભીમના જેવા ભયંકર નિર્દય થઈ તે મનુષ્યને ખાય છે. એક એક નર્કથી દરેક નર્કમાં વધારે વધારે કષ્ટ આપીને જીવનો અંત આવે છે. ત્યારે જયારે જે જીવનો પાપનો અંત આવે છે ત્યારે તેને ચારે બાજુથી ખૂબ જ દુઃખ આપે છે. જીવો અંડજ ઈડામાંથી થાય તો ઉદ્‌ભિજ જે ભેજવાળા વાતાવરણમાં પેદા થાય તે, સ્વેદજ જે પરસેવામાંથી ઉત્પન્ન થાય તેવાં, જરાયુજ જે જાળમાં વિટાયેલાં પેદા થાય તે આ રીતે ચાર પ્રકારના જીવો છે. દરેક યોનિમાં ખૂબ જ ગર્ભની પીડા થાય છે. જન્મમરણની ઉપાધિ તેનાં દુઃખો સર્વે નરકનાં દ્વારો જ છે એમ જાણવું.

હે માતા ! હવે હું આપને દેહસંબંધી દુઃખ પણ કહું છું. જીવ પ્રાણીમાત્રનાં દુખો કહું છું જે ત્રિવિધનાં દુઃખો અંધાર અજ્ઞાનમય છે. કેવળ પીડા જ છે. હે માતા ! જન્મમરણના દુઃખને જોઈને જે સંસારી વિચાર કરે છે. દુઃખને ગણે છે. તે નરની મનોવૃત્તિ મારામાં જોડાય છે. મને ઓળખે છે. તે જીવ મારા સુખને પામે છે. બધાં જ નર્ક કુંડનાં દુઃખોને જુએ વિચારે ચોર્યાસી જન્મમરણના ફેરા વિચારે તેના મારનો અનુભવ જાણે ત્યાર પછી સંતપુરુષના યોગમાં આવીને સત્સંગ કરે તે જનની વૃત્તિ મારામાં જોડાઈ જાય છે.

દ્રઢવૃત્તિવાળાં મનુષ્યો મારા સ્વરૂપને પામે છે. અંતે મારા પરમધામને પામે છે. તે સ્થિર વૃત્તિવાળા ભક્તો મને અતિ પ્રિય છે. એ પ્રમાણે માતા તમે જાણજો. જો દ્રઢવૃત્તિવાળાં જીવો અંતે જો મારામાં વૃત્તિ રાખે તો મારા

સુખને પામે. મારા ધામને પામે અને મારા સિવાય અન્ય જગ્યાએ વૃત્તિ રાખે તો તે તે સ્થાને જાય છે. અન્યધામમાં જાય છે. અનેક નરનારીજનોએ દેવો મુનિજનોનાં દર્શન કરીને તેમની આગળ વૈરાગ્યને પામીને મારા આશ્રયમાં આવ્યાં તે મને અતિપ્રિય થયાં તે અમર થયાં અને એમની કીર્તિ સર્વત્ર વ્યાપક થઈ. મારા સ્વરૂપમાં સ્થિર વૃત્તિવાળા મનુષ્યો નરનારીજનો મારા સિવાય બીજું કાંઈ માંગતા જ નથી. બીજે ક્યાંય સુખ ઈચ્છતા જ નથી. સ્થાન ભોગવિલાસ દેહનાં સુખો તે તો સર્વેકાળના કોળિયા છે તેના સંબંધે મારા ધામનું સુખ શાશ્વત છે.

હે માતા ! તમારી સમક્ષ મેં અત્યારે ધર્મજ્ઞાન વેરાગ્યની ખૂબ જ વિસ્તારથી વાર્તા કરી તેનું સ્વરૂપ વર્ણવ્યું છે. તે વૈરાગ્ય જ્ઞાનની ઉત્પત્તિનું કારણ કહ્યું. હવે તમને મારી ભક્તિ કરવાનું વર્ણનની રીત વિગેરે કહું છું તે સાંભળો.

**આ પ્રમાણે શ્રીહરિલીલાસિંધુમાં પાંચમા કિશોર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિગીતામાં વૈરાગ્યનું લક્ષણ વર્ણવ્યું એ નામે સાતમો તરંગ થયો. ॥૭॥**

# તરંગ-૮

રાજા કહે છે, હે મુનિવર્ય ! ભક્તિમાતા ધર્મનંદન શ્રી ઘનશ્યામ પ્રભુને, નમન કરીને વર્ણિરાયને શાંતિથી કઈ કઈ ભક્તિની વાતો પુછી તે મને કહો. મુનિ કહે છે, હે રાજન્ ! પુરુષોત્તમ શ્રી ઘનશ્યામ પ્રભુને આ રીતે કહેવા લાગ્યો કે હે પ્રભુ ! તમે મને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તો કહ્યાં પણ હવે મને સુખના ધામ પ્રભુ ભક્તિનું રૂપ કહો. પ્રેમપૂર્વકની કલ્યાણકારી ભક્તિથી કલ્યાણ પ્રાપ્ત થાય છે. તેનાં જુદાંજુદાં નવ પ્રકારના રૂપો કહો. તે નવે પ્રકારની ભક્તિ એકાંતિક ભાવથી જે કરે છે તે નવ પ્રકારની સારરૂપ ભક્તિ મને કહો. નિલકંઠ કહે છે. હે માતા ! મારી નવ પ્રકારની ભક્તિ ખૂબ જ ઉચિત છે. તે ભક્તિ સંતના સમાગમથી પ્રાપ્ત થાય છે. જેમ પતિવ્રતા નારી પોતાના પતિની સેવામાં તત્પર રહે છે. તેમ મુમુક્ષુ જીવાત્મા મારી ભક્તિમાં અનન્ય ભાવવાળા રહે છે પણ બીજે ક્યાંય નથી બંધાતા. મારા ચરિત્રની કથા સાંભળવી તથા સંભળાવવી. મારાં કિર્તનોને અતિ હેતપૂર્વક ગાયા કરે. મારા સ્વરૂપને હૃદયમાં ધારીને સ્મરણ કર્યા કરે. મારા સ્વરૂપનાં ચરણકમળનું મનના એકાંતિક ભાવનાથી સેવા કરે. અનેક પ્રકારનાં પુષ્પો ચંદનથી મારું પૂજન કરે. સદા સાષ્ટાંગ દંડવત વંદન કરે. મારી આજ્ઞાને દાસની માફક દઢપણે માને મિત્રની માફક મારી સાથે સખાપણું રાખીને મારી ભક્તિ કરે.

આત્મનિવેદનમાં પોતાનું સર્વસ્વ મને અર્પી દે. ત્યાર પછી મારી પ્રસાદી લઈને અંગિકાર કરે. આવી રીતે તે નવ પ્રકારની ભક્તિ કહી છે. તે નવે પ્રકારની ભક્તિમાં એક એક ભક્તિ પણ મોક્ષ આપનારી છે. એ રીતે એનો ખૂબ જ મહિમા કહેલો છે. મારાં જન્મકાર્યોનાં લીલાચરિત્રોને મારા એકાંતિક લોકોના મુખ થકી સાંભળે. દઢ ધર્મની નિષ્ઠાવાળા ભક્તોને મારા ચરિત્રની કથા કહી સંભળાવે. વરાહાદિક હરિકૃષ્ણ પ્રભુના અવતારો તેનાં જે ચરિત્રોની કથા તેને આદરભાવથી તેનું મનન કરે તે જ મારા એકાંતિક ભક્તનાં નરનારીનાં ભક્તિનાં અંગો કહ્યાં છે. પૂર્વના સમયમાં પૃથુ આદિક અવતારો થયા. તેને ભગવાનનાં ચરિત્રો સાંભળવા માટે હજાર કાન માંગ્યાં તથા પ્રિયવ્રત રાજા, અંબરિષ, પ્રહ્‌લાદ, શૌનક ઋષિ, સનકાદિકો, નવ યોગેશ્વરોની માફક ભક્તિ કરવી.

શ્રીહરિ તથા હરિભક્તના ગુણો ચરિત્રોને ગાય સાંભળે તથા તેની કથા વાર્તા કરે. ભાવથી શ્રવણ કરે.

મારા સંતો થયા. તેનાં કરેલાં કિર્તનો તથા નવાં કિર્તનો તે સંત ચરિત્રનાં કરે, ગાય બીજાને ગવરાવે. છંદ, પ્રબંધ, ગદ્ય અને પદ્ય રૂપે જે પદો ભાષાપદો સંસ્કૃત સ્તોત્રો, શ્લોકો વિગેરે તથા ભગવાનનાં સંબંધમાં આવેલા જીવોનાં ચરિત્રોને બનાવે. ગાય બીજાને ગવરાવે. વાજીંત્રોના ઉદ્ઘઘોષની સાથે તાલ અને લયની સાથે તાળી વગાડીને પદો કિર્તનો ગાય શીખે, બોલે, સ્તુતિ કરે. પ્રાર્થનાઓ કરે. શ્રીહરિના નામ મંત્રનો ઊંચે સ્વરે જાપ કરે. ધુન્ય કરે. મન કર્મ વચને શ્રીહરિનાં અષ્ટકો, શ્લોકો, સ્તોત્રો, કિર્તનો જે હોય તેને ભાવપૂર્વક ગાવવાં. શ્રીહરિના સ્વરૂપને નખથી શિખાપર્યંત પ્રત્યેક અંગનું સ્મરણ કરીને હરિનું ધ્યાન કરવું. હૃદયમાં સંભારતાં રહેવું. ફરી એક એક અંગનું હૃદયમાં જુદું જુદું સ્મરણ કરવું. શ્રી હરિકૃષ્ણ પ્રભુના સુંદર ચરિત્રો અને એમની લીલાને ગુણ અનુસાર ભગવાનનાં જે નામો એકસો આઠ નામનો મંત્ર જાપ જનમંગલ સ્તોત્ર પાઠ તથા એક હજાર એકસો આઠ નામનો નિષ્કામ ભાવથી પાઠ કરવો કરાવવો.

છ અક્ષરનો મંત્ર આઠ અક્ષરનો મંત્ર, બાર અક્ષરનો મંત્રનો જાપ એકાંતિક ભક્તે કરવો. અક્ષર મુક્તો અનાદિ ભગવાનના ધામના મુક્તો તથા તેજ મંત્રનો સંતો તથા હરિભક્તો જાપ કર્યા કરે છે. પ્રગટ હરિ ભગવાને જે જે સ્થળે વિચરણ કર્યું હોય એવાં પવિત્ર તીર્થોને નિત્ય સંભારવાં. હરિના પ્રસંગમાં આવેલ વાહનો, વસ્ત્રો, અલંકારો, ધારેલાં અંગોનું સ્મરણ કરતા રહેવું. ભગવાનના સેવા કરતાં સેવકો સાથે સ્મરણ કરવું. હરિના ચરણસેવાનો મહિમા ગુણને ગાતાં ગાતાં શેષનારાયણ કહેતાં થાકે છે. આગમો ગાતાં પાર નથી પામતાં. ઉત્પત્તિ સ્થિતિ લયને કરનારા જે ભગવાનની શક્તિ મર્યાદામાં છે. તેઓ હરિ, હર, અજ, બ્રહ્મા આજપર્યંત ગાયા કરે છે. તો પણ પાર નથી પામતા. જેમના ચરણકમળનો સ્પર્શ કરીને ગંગા પવિત્ર થઈ છે. તે જ ગંગા ચરણસ્પર્શના પ્રતાપથી લોકોના પાપોને દૂર કરે છે. એવી સમર્થ થાય છે તે જ મારા ચરણના આશ્રયમાં રહીને સેવા કરનાર મારા આશ્રિતને મારી માયા કાળ કોઈ બાંધી નથી શકતા. ભક્ષણ નથી કરી શકતાં. તે નિર્ભય થઈ જાય છે. દેવો, મુનિજનો, ઈશ્વરો, લક્ષ્મીજી આદિ સર્વે મારા ચરણકમળની સેવા ભક્તિ કરીને નિર્ભય થઈને પરમપદને પામ્યાં છે. એ પદને જે જીવો નારી નથી સેવતાં. અનાદર કરે છે. તેઓ સર્વે નર્કના અધિકારી બનીને યમયાતના ભોગવે છે. જે નરનારી હરિના ચરણકમળની સેવાભક્તિ કરી છે. એવાં વ્રજવાસીઓ તથા વાનરસમુદાયે સેવા કરીને પરમ સુખને પામ્યાં તથા ચંદ્રમાને કલંક લાગ્યાં હતાં તે હરિના ચરણ સેવાભક્તિથી કલંક થકી મુક્ત થયા અને તે કલંક શોભારૂપ થયું. જેમ સ્ત્રીના લલાટમાં ચાંદલો શોભા રૂપ થાય તેમ શોભા રૂપ થયા. જે ચરણકમળની સેવા કરવાથી રાધિકાજીને કલંક લાગેલું. તેના બંધનમાંથી છૂટીને મહાજ્ઞાની બનીને અનેક જીવોનો ઉદ્ધાર થયો છે. શ્રીહરિના ચરણકમળની જે જીવો સેવાભક્તિ કરે છે તેને હરિના ચરણ સિવાય બીજી કોઈ ગતિ થતી જ નથી. હરિધામને પામે છે.

હે માતા ! હરિના સ્વરૂપની બે પ્રકારની ભક્તિ છે તેમાં એક માનસિક ઉપચારોથી માનસિ પૂજા કરવીતે ભક્તિ છે અને બીજી પ્રત્યક્ષ અર્ચનભક્તિ છે. તેમાં માનસિકમાં મનથી કલ્પીને ઉપચારોથી પૂજન કરાય છે અને માનસિક ગદ્યોપચારોથી પૂજન કરાય છે. પ્રત્યક્ષ ઉપચારથી પૂજન કરીને ચાર પ્રકારનાં અન્નો જમાડાય છે અને વસ્ત્ર અલંકાર ધારણ કરાવાય છે તથા સમય સમય પ્રમાણે હરિને પોઢાડાય છે. સમયે ઉઠાડાય છે. જલપાન કરાવાય છે. આ રીતે હે માતા ભાવથી હરિનું પૂજન અર્ચન થાય છે. હે માતા ! આ રીતે મારી મૂર્તિનું પ્રત્યક્ષ પૂજન ઉપચાર વિધિથી કરાય છે. તે જુદા જુદા પ્રકારે કરાય છે. તેના માટે વર્ણાશ્રમના ધર્મ પ્રમાણે જેને પૂજાનો

અધિકાર હોય તે તેના અધિકાર મુજબ ઔપચારિક દ્રવ્યોથી સમયમર્યાદા પ્રમાણે દેશકાળ અનુસાર ભાવનાથી પૂજન કરે છે તેને પ્રત્યક્ષ ગ્રહણ કરું છું. આ રીતે પૂજાની રીતિ છે.

હે માતા ! ચલાયમાન હેરફેર થાય તેવી મૂર્તિનું આહ્‌વાન વિસર્જન થાય છે અને અચલ જે સ્થિર સ્થાપન કરેલી અચલ મૂર્તિનું આવાહન કર્યા પછી વિસર્જન નથી થતું. અશુભ વ્યક્તિએ સ્પર્શ કર્યા વગરનાં પવિત્ર પદાર્થોને શુદ્ધ પાણીથી ધોઈને સાફસૂફ કરીને બીજા સામાન્ય દેવને અર્પણ કર્યા સિવાયનાં પવિત્ર પદાર્થોથી હરિનું પૂજન કરવું. માનસિક પૂજનમાં ભગવાનને શયનમાંથી જગાડીને શૌચવિધિ કરાવી. ત્યાર પછી પવિત્ર જળથી હરિનાં અંગો ચોળીને જળની ધાર કરીને સારી રીતે નવરાવવા ત્યારે વૈદિક મંત્રો બોલવા. શ્લોકો બોલવા અને ભગવાનના અનંત નામોમાંથી નામો બોલતા રહેવું. ત્યાર પછી સુગંધી દ્રવ્યોથી અર્ચન કરવું. સુગંધી પદાર્થો શરીરે ચોળવા. ત્યાર પછી વસ્ત્રો ધારણ કરાવવાં, અલંકારો ધરાવવા, અંગો અંગ નિરખિ નિરખિને ભાવવિભોર થઈને દર્શન કરવાં. સુગંધિત કેશર આદિક પદાર્થોથી અર્ચના કરવી તે ઋતુકાળ પ્રમાણે કરવાં. ફૂલના હારો તોરાઓ ગુચ્છો કરીને હરિને પહેરાવવાં. ભાવથી રાજી કરવા. ત્યાર પછી ધૂપ દીપ નૈવેદ્ય ધરાવીને મહાનીરાજન આરતી કરવી. તે પણ વાજીંત્રોના નાદ સાથે કરાવી. ત્યાર પછી પ્રાર્થના સ્તુતિ દંડવત્ પ્રણામ પુષ્પાંજલિ કરીને ત્યાર પછી યથાશક્તિ પાઠ કરવા તે પણ નિષ્કામભાવે કરવા. આ રીતેનો વિધિ દરરોજ દિવસમાં પાંચ વાર કરવાં. હે માતા ! આ રીતે ખૂબ જ પ્રેમભાવ ઉમંગથી કરવાં એ વિધાન છે. સવારમાં પ્રાતકાળમાં બીજી મધ્યાહ્‌ને (બપોરે) ત્રીજી સંધ્યાકાળે આ રીતે ત્રણ સમયે અને હરિને પોઢાડવા તથા આ રીતે પાંચેય ટાઈમે જગાડવા જરૂરિયાત ઉત્તમ ભગવાનની ભક્તિ કહેલી છે એ પ્રમાણે જાણવું.

આ રીતે મારા આશ્રિત ભક્તો નિત્ય પ્રત્યે પ્રાતઃકાળે મધ્યાહ્‌ને અને સાયંકાળે મારી પૂજા કરે એને મારો સેવક ભક્ત જાણવો અને એકવાર જ સવારમાં પૂજા કરે તે કનિષ્ટ આશ્રિતભક્ત જાણવો. શ્રીહરિના જન્મોત્સવ એકાદશિ આદિ દિવસે મહાપૂજા આદિ વિશેષ પૂજા કરે. મારા આશ્રિતજનો એમણે વ્રતો ઉપવાસોનું નિયમ પ્રમાણે પાલન કરવું. તે દિવસે વાજીંત્રોના ઉદ્‌ઘોષ સાથે ઉત્સવ કરવો. બીજે દિવસે પારણાના દિવસે બ્રાહ્મણો સંતોને પકવાનો બનાવીને સારી રીતે જમાડીને તૃપ્ત કરે. ધનવાન ભક્તોએ હરિનાં મંદિરો કરાવવાં અને તેમાં મારા સ્વરૂપોની પ્રતિષ્ઠા કરાવીને પૂજે. તે મંદિરમાં પૂજાવિધિ દરરોજ નવી નવી જ કરવી. વાજીંત્રોના તાલ સાથે ઉત્સવ કરવો. મંદિરના પૂજન વ્યવહાર ચલાવવા માટે ગામ ગરાસ ધન વિગેરે દેવને માટે અર્પણ કરે. દેવને રાજી કરે. વાવો કૂવાઓ તળાવોને ભગવાનને અર્થ કરાવે. વાડી બનાવરાવીને ફૂલના બાગો તૈયાર કરાવવા. તથા હરિના મંદિરમાં વિષ્ણુયાગ આદિ યજ્ઞો કરાવવા. સદ્‌ગ્રંથોમાં કહ્યા મુજબ પુરશ્ચરણો કરાવવાં. શ્રીહરિને અર્ચાયેલમાંથી વધેલાં અન્નો તેમાંથી પીત્રીઓ તથા દેવતાઓનાં પૂજનમાં વાપરવું અને તેમાંથી વધેલ બ્રાહ્મણોને તથા સંતોને જમાડવા. તેમાંથી વધેલાં અન્નમાંથી જનસમુદાયને પ્રસાદ જમાડવો.

વંદન ભૂમિમાં હરિને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવાં. તેમાં પુરુષે અષ્ટ અંગથી નમન કરવાં. તેમાં મન કર્મ વચન દૃષ્ટિ મસ્તક હાથ અને શરીર આ રીતે આઠ અંગે દંડવત્ તેને સાષ્ટાંગ દંડવત્ કહેવાય. કેડનો પેટનો ભાગ જમીને અડે ત્યારે પૂર્ણ સાષ્ટાંગ કહેવાય. પુરુષે અષ્ટ અંગે દંડવત કરવાં અને બહેનોએ પાંચ અંગે પ્રણામ કરવાં. તેમાં હાથ, મસ્તક, મન, વાણી, નેત્રોથી જોઈને આનંદથી વંદન કરવાં. ત્યાર પછી હરિની તથા હરિભક્તોની

જે ચરણરજ તેમાં જઈને આળોટવું તથા તે રજને લઈને પોતાના મસ્તક ઉપર ધારવી. સ્પર્શ કરવો અને પોતાને કૃતાર્થ માનવું.

આ રીતે બધી પૂજાની વિધિ, માનનો ત્યાગ કરીને નિર્માની થઈને દેવો તથા હરિભક્તોની સેવા કરવી. મનમાં કોઈ પ્રકારની આશા ન રાખવી. અનન્ય ભાવથી મનમાં રાજી રહીને હરિમાં પોતાના મનને પરોવી રાખવું. મન, કર્મ, વચનથી પૂજન કરવું. પૂજા માટે પાણી, તુલસી માંજર ફૂલો, ચંદન આદિ હરિને માટે લાવવાં. સમર્થ હોય તેમણે ચંદન ઘસીને રાખવું. ભગવાનને માટે પૂજા સામગ્રી જોઈ તપાસીને પોતાના હાથે તૈયાર કરી આપવી અને ભગવાનને પ્રેમથી જમાડવી.

હે બાલા ! હરિની સેવામાં રહેનારા સેવકે કાળું સુતરાઉ વસ્ત્ર ન ઓઢવું. બધી સેવામાં એક જ વસ્ત્ર ન રાખવું અને હરિ મંદિરમાં સર્વ સામગ્રી ધોઈને શુદ્ધ કરીને તૈયાર કરીને રાખવી. મારા નિર્માનિ ભક્તોએ જેમ હરિની સેવા કરો છો તેમજ હરિના ભક્તોને પણ એવી જ રીતે સન્માનપૂર્વક સેવા કરે અને અન્નજળ હરિની માફક જ આપી જમાડે અને અતિ ગરીબ અવસ્થાવાન વૃદ્ધો હોય તેમની હરિભક્તોએ એ વૃદ્ધ અને ગરીબોની ખબર રાખવાનું ખાસ ધ્યાન રાખવું. હરિની સખા ભાવની ભક્તિ ખાસ મિત્રપણાની બરોબરી છે. યોગ્ય વિશ્વાસ રાખવો અનેક પ્રકારનાં કાર્ય કરવામાં કોઈની ઉપર આશા ન રાખવી. જાતે જ કરવી. બીજાનો કોઈ પ્રકારનો દોષ ન જોવા શાંત ભાવથી રહેવું. પુત્રપરિવાર ધનદોલત પત્ની સંબંધીઓ આદિથી હરિકૃષ્ણ પ્રભુમાં વિશેષ હેત રાખીને સેવા કરવી. દરરોજ એક જ સરખી રીતે કરવી. આળસ ન રાખવી. બીજાની પાસે બેસવું, ઉઠવું, કોઈ બંધન ન રાખવું.

હરિજનને કાંઈ આપત્તિ હોય તો પોતાનાથી અલગ હોય તો પણ એમને જેમ પોતાના નજીકના સંબંધીને અન્નધન શરીરથી જેમ સંબંધીને મદદ કરો છો તેમ બીજાંને પરાયાને પણ અન્નધન આપીને સહાય કરવી. અનાદર ન કરો.

મારો અભિપ્રાય આજ્ઞાને પાળીને મર્યાદામાં સારી રીતે વર્તે. સત્સંગની મર્યાદા રાખે અને ઉદ્ધવજી તથા અર્જુન દ્રૌપદીની હરિની સાથે સખાપણાના ભાવોને ખાસ ધ્યાન ઉપર રાખીને ભક્તિ કરવી.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં પાંચમા કિશોર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રવણાદિક આઠ પ્રકારની ભક્તિનું નિરૂપણ કર્યું એ નામે આઠમો તરંગ થયો. ॥૮॥**

# તરંગ-૯

માતા પ્રેમવતી કહે છે, હે હરિ ઘનશ્યામ ! આપ તો નિલકંઠ વર્ણિ છો. ખૂબ જ ધન્યતા પ્રિય છો. આપે મને આઠ પ્રકારની ભક્તિનો ઉપદેશ આપ્યો. હવે નવમી દશમી જે ભક્તિ બાકી હોય તેનો ઉપદેશ કહો. જેમને સમજવામાં ચોખવટ થાય. મારું મન તેમાં જ તણાય.

શ્રીહરિ કહે છે, હે માતા ! તમે સાંભળો. જેનાથી તમારું સારું થાય. એવી એક ભક્તિ આત્મનિવેદન નામની ભક્તિ છે. તેમાં તો પોતાનું તન, મન, ધન, જીવ પણ મારા અર્થે જ કરી નાંખે. દૃઢતાથી મારામાં જોડી રાખે. શરીર, ઇંદ્રિયો, હૃદય, મનસ્વભાવ, જાતિ, નાતિ, પિતા, ભાઈઓ જે સંબંધી કહેવાય છે તે સર્વે મારામાં જોડાઈ રહે. એવો જે જીવાત્મા તેને આત્મનિવેદી ભક્ત કહેવાય. તે નિત્ય પ્રત્યે હરિની આધિન જ રહે. જે કાંઈ

ક્રિયા કરે તે બધું જ મારા માટે જ કરે. નવીન નવીન ભાવથી જ કર્યા કરે. મારી ભક્તિ કરવામાં વિઘ્ન કરનાર જે સ્વભાવ હોય તેને પોતાના સંબંધીને તથા દેશને ત્યાગી દઈને મારામાં જાડાઈ રહે. તે ભક્ત હરિકૃષ્ણ પ્રભુની પ્રતિમાને પોતાની દૃષ્ટિમાં જોડી રાખે તથા પોતાના કાનને હરિનાં ચરિત્રની કથાવાર્તામાં જોડી રાખે. સતત હરિમાં સતત જોડાયેલા રહે. ચાંબડીનો સ્પર્શ તે પણ હરિના ચરણકમળમાં કરે. જીભ છે તે પણ હરિના નામનું ઊંચે સ્વરે જપ કર્યા કરે. પોતાની જીભથી શ્રીહરિના પ્રસાદની આશા રાખે. નાસિકા હરિનાં ચડેલ પુષ્પ ફૂલની સુગંધની આશા રાખે. બંને હાથોથી હરિના ચરણકમળનો સ્પર્શ કરે. મસ્તક તે હરિના અભયપદમાં ઝુકતુ રહે. મનથી સંકલ્પ હરિના સ્વરૂપનો કરે. બુદ્ધિમાં અમારા સ્વરૂપનો નિશ્ચય કરી રાખે. ચિત્તમાં શ્રીહરિનું ચિંતવન કર્યા કરે. મારા સ્વરૂપને વિશે અહંપણું કરી રાખે.

પોતાને જે જે વસ્તુ પ્રિય લાગે તે તે વસ્તુ બધી જ મને અર્પણ કરી દે.સુંગધી પદાર્થ, ફુલ, ફળ, વસ્ત્ર, અનાજ આદિક મને અર્પણ કરીને જ પ્રસાદરૂપ પદાર્થને પોતે સ્વીકરે અને પોતાના સ્નેહિ જનોને આપે. તેને આત્મનિવેદી ભક્તિ કહેવાય છે. અને એવા આત્મનિવેદી ભક્તની સેવાથી પિત્રુઓ કૃતાર્થ થાય છે. સુખ પામે છે. આત્મનિવેદી ભક્ત ભગવાનના ભક્તોના સહવાસ સેવનમાં રહે. મુખથી જપ તપ વ્રતો ઉપવાસો દાન કથા કિર્તન શ્રવણાદિક દરરોજ નવા નવા ભાવથી આનંદીત મનવાળા થઈને કર્યા કરે, તે સર્વે ભગવાનને પ્રસન્ન કરવા માટે જ કરે. પોતાનાં ઇંદ્રિયો અંતકરણ જીવ સર્વે હરિ ઉપર છોડી દઈને બીજા કોઈ વિષયમાં જોડાય જ નહિ. સતત મારામાં જ પ્રેમવાળો રહે. મારા વિના ન રહી શકે તેને નવમી ભક્તિ કહેલી છે. એમ જાણો. તેમાં પણ બે પ્રકારે ભક્તો કહેલા છે. એક નિષ્કામ ભક્ત અને બીજો સકામ, ભક્ત તેમાં પહેલો જે નિષ્કામ ભક્ત તે શ્રેષ્ઠ ભક્ત છે. આ રીતે આ નવમી નિષ્કામ ભક્તિ કહેલી છે. એમાં જે સકામ ભક્ત કહ્યા તે ભક્ત હરિની પાસેથી ધર્મ, અર્થ અને કામ પ્રાપ્ત કરે છે પણ દેહના અંત સમયે મોક્ષ કરે છે ત્યારે તે ભક્ત ગોલોક ધામમાં જાય છે. ત્યાં જઈને તેને અખૂટ વૈભવનું સુખ અખંડ મળે છે અને શ્રી હરિકૃષ્ણ પ્રભુની સાથે દઢભાવે ભક્તિ કરે છે. તેથી તે ભક્ત પછી વૈકુંઠાદિક ધામમાં જાય છે. તે ધામમાં પણ મહાસુખને પામે છે. સુખોને ભોગવતો થકો રહે છે. પરંતુ તેને કાળ કાંઈ કરી શકતો જ નથી. એ રીતે રહે છે.

હે માતા ! પ્રથમ કહ્યો જે ભક્ત તે નિષ્કામ ભાવવાળો છે તે ભગવાનની સેવામાં ભાવવાળો રહે છે. તેને અષ્ટસિદ્ધિ અને ચાર પ્રકારની મુક્તિ મળે તો પણ તેનો ત્યાગ કરીને તે ભક્ત મારી સેવાને જ સ્વીકારે છે. મારા સિવાય બીજું કાંઈ માગતો જ નથી. ત્યારે તેને શ્રીહરિ ઈશ્વરની પદવી આપે છે. છતાં તેને ભક્તિમાં વિઘ્ન કરનાર છે. એમ માનીને નથી સ્વીકારતો કેવળ નિષ્કામ ભાવથી મારી ભક્તિ કર્યા કરે છે તે જ ઉત્તમ ભક્ત તે મારા હૃદયમાં અતિપ્રિય લાગે છે. સંતજનો જેમ મારી મૂર્તિનું સેવન કરે છે તેમ ભક્ત પણ પ્રેમથી પૂજે છે. તે સ્નેહ પ્રેમથી પૂર્ણકામ થાય છે. કરોડો વિઘ્ન આવે તોય જે નાશ નથી પામતી તે સદાય મારા ધામમાં જ મારી સમીપમાં જ રહે છે. જેમ ગંગાનો પ્રવાહ વહે છે તે પર્વતોના આડને તોડીને વેગપૂર્વક સમુદ્ર પ્રતયે ચાલ્યા કરે છે તેમ એકાંતિક ભક્ત મારા પ્રત્યે તેવા જ પ્રેમથી દોડે છે. દેશ કાળ સંગ આદિ અશુભ આવે છે તોય મારા પ્રેમીભક્ત છે. તે મારા પ્રત્યે ભાવથી આવતાં મહાભયંકર વિઘ્નો ઉલંઘીને મારા ચરણકમળને પ્રાપ્ત કરે છે અને મારા ધામમાં રહે છે. જેમ લોઢાના ખીલા જડલું નાવ ચમક પાણ પાસે ખેંચાય છે. તેમ મારો પ્રેમીભક્ત મારી મૂર્તિમાં એનું જીવ અને અંતઃકરણ ખેંચાઈને આવે છે. એકાંતિક ભક્તની બહારની અને અંદરની વૃત્તિઓ સતત હરિમાં

પરોવાયેલી રહે છે. જેમ પતિવ્રતા સ્ત્રી તેનો પતિ પરદેશ જાય તોય તેના પતિમાં મન જોડાયેલ રહે છે તેમ, તથા વ્યભિચારિણી સ્ત્રી જાર પુરુષમાં પરોવાયેલી રહે છે તેમ મારો એકાંતિક ભક્ત મારા સ્વરૂપમાં પરોવાયેલો જ રહે છે.

શ્રીહરિમાં જેને દઢ સ્નેહ થાય છે તે હરિમાં જ આસક્તિવાળો રહે છે. હરિ સિવાય બીજે ક્યાંય આસક્તિ થતી જ નથી. એવા દઢ આસક્ત ભક્તનાં હું લક્ષણ કહું છું. હે માતા ! એને આપ સાંભળો. આવા ભક્તો મારા આશ્રય વગર રહી શકતા જ નથી. આવા ભક્તને આલોક અને પરલોકના વિચારો આવે છે. તેમાં એકમાં સાર સમજે છે અને એકને અસાર સમજે છે. પ્રેમીભક્ત છે તે માયિક પદાર્થ જોઈને મનમાં દુઃખ પામે છે. અને તેને વિઘ્ન રૂપ માનીને બંધાતો નથી. એવા ભાવવાળા શ્રી હરિકૃષ્ણના એકાંતિક ભક્તો છે. તેનાં લક્ષણ કહું છું. મારા સ્વરૂપના વિયોગથી વિરહાતુર નરનારી જે થયા છે તેનાં લક્ષણ કહું છું તે પામર જીવનાં પાપોને હરનારાં છે. સુગંધી રાગરંગનાં પદાર્થો ઝેર જેવાં લાગે તથા ફૂલના હારો સર્વે ગળામાં પહેરેલો કાળસર્પ હોય તેવું લાગે. આભૂષણો ઝેર જેવાં લાગે ત્યારે તે ભક્ત હરિનો પ્રિય ભક્ત કહેવાય. સુંદર ફૂલની શય્યા બળતો અગ્નિ હોય ને શું ? તેના જેવી લાગે. શીતળ ચંદ્રમાની કળા સમાન શીતળતા તે પણ પીડા કરનાર સમજે અતિ રમણીય મકાનમાં રહેવું (જેલ જેવું લાગે)ફાવે જ નહિ. ભગવાન વગર મહાભયંકર જંગલ જેવું લાગે તથા શીતળ સુગંધિત શીત વાયુ તે પણ હરિના વિયોગથી બળતા અગ્નિની વરાળ સમાન માને. પાતળા સુંદર વસ્ત્ર તે પણ શરીર ઉપર ભારરૂપ લાગે. સંસાર અને સ્નેહી સંબંધીઓ સર્વે વાઘ સિંહ જેવા ભયંકર લાગે. સુંદર રૂપાળું શરીર તે પણ પતના રોગથી પીડાતો રોગી તેના જેવું લાગે. જીભને સ્વાદ આપનારું અનાજ ઝેર સમાન લાગે. એને યોગી કહેવાય. મનને હરનારા મનોહર માન તાન તે પણ તીખાં બાણ જેવાં લાગે. રૂપાળી સ્ત્રી તે પણ રાક્ષસી જેવી ભયંકર લાગે. મારી મૂર્તિ વગર જો મારું ધામ હોય તથા મંદિર હોય તો પણ ત્યાં ભક્ત સુખને ન ઈચ્છે તે નિષ્કામ ભક્ત કહેવાય.

આવાં લક્ષણથી યુક્ત વૈરાગી ભક્ત અંદરથી મારી મૂર્તિમાં અનુરાગવાળો છે. તે મારા વિના બીજું કાંઈ પોતાની દૃષ્ટિથી જોવા જ નથી માગતા. તે હેતથી મારું ધ્યાન સ્મરણ કર્યા સિવાય શાંતિથી ઉંઘતો પણ નથી. પ્રેમીભક્ત મારી મૂર્તિને જોઈને ક્યારેક ઉરમાં હેત ભરપૂર થઈને હસતો રહે. ક્યારેક ન દેખીને મારી મૂર્તિના હેતમાં વિરહાતુર થઈને રોવા લાગે. આ રીતે ભક્તનો પ્રેમભાવ છે. ક્યારેક આનંદવિભોર જોઈને નૃત્ય કરવા લાગી જાય. ક્યારેક આનંદમાં સાષ્ટાંગ દંડવત્ કરવા લાગી જાય. ક્યારેક ગેલમાં આવી જઈને ઘેલો થઈને ફરે. ક્યારેક એકદમ સ્થિર અંગોવાળો થઈને એકચિત્ત થઈ જાય. પ્રેમીભક્ત ક્યારેક પ્રેમથી વશ થઈને ઊંચે સ્વરે ગાન કરવા લાગે છે. કોઈ જાતની લાજશરમ રાખતો જ નથી. પ્રેમવિભોર થઈ જાય છે. ક્યારેક સ્તુતિ કરવા લાગે છે. હરિની મૂર્તિને ધારીને કહે છે, હે હરિ ! મારા અપરાધને ક્ષમા કરજો. હે હરિકૃષ્ણ ! આપને હું નમન કરું છું. હે નારાયણમુનિ નિષ્કામવૃત્તવાળા હે નિલકંઠ ! હે હરિકૃષ્ણ ! હે પરબ્રહ્મ પરમાત્મા ! પરમ કૃપાળુ હે હરિ. હે માધવ ગોવિંદ ! હે મુકુંદ ! હે ધર્માત્મજ ! હે ભક્તિનંદન ! હે સ્વામી ! આવી રીતે ઊંચે સ્વરે આલાપ કરતો થકો જોરજોરથી કોઈ બહેરાને સંભળાવે તેમ બોલે છે.

આજ લક્ષણયુક્ત થઈને એકાંતિક ભક્ત જગતમાં જન્મ લઈને આખા જગતના દુઃખોને સહન કરે છે. હે માતા ! આવા ભક્તો પ્રેમવશ થઈને મારા વિના કોઈ જાતના પ્રયત્ન કર્યા સિવાય જ મન કર્મ વચનથી પ્રાણપ્રિય થઈને મારો દાસ થઈને ભજે છે. જે ભક્ત ગદ્ગદ્ વાણીથી સ્નેહપૂર્વક આંખોમાંથી ચોધાર આંસુ વહેતાં હોય

અને મારા સ્વરૂપમાં અખંડ જોડાયેલો જ રહેતો હોય એવા એકાંતિક ભક્તના કુળનો કેમ ઉદ્ધાર ન થાય. જરૂર ઉદ્ધાર થાય છે. તે ભક્તો પોતાના પૂર્વના પ્રારબ્ધ અનુસાર મળેલ મનુષ્ય શરીરના અંત સમયે, મારો આશ્રિત ભક્ત ભૌતિક ત્રણ પ્રકારના દેહનો ત્યાગ કરીને કેવળ નિર્ગુણપણાને પ્રાપ્ત કરે છે. સર્વથી નિસ્પૃહ થાય છે. તે ભક્ત દિવ્યદેહને પામીને જગતથી પર સર્વોપરિ બ્રહ્મપદના દેહને પામીને મારી ઈચ્છાથી દિવ્ય અલૌકિક સુખ અર્થે તેને દિવ્યવિમાનો દિવ્યસેવકો લેવા માટે આવે છે. ક્યારેક દિવ્યરથ દિવ્યઘોડાઓ હાથી દિવ્ય ગાડી વિગેરેમાંથી યોગ્ય સાધન આવે તેમાં બેસાડીને અથવા પાલખીમાં બેસાડીને ક્યારેક મારા મુક્તો આવે, ક્યારેક મારી સાથે સર્વે મુક્તો તે આત્માના બ્રાહ્મમય આત્માને લઈ જાય છે. આવી રીતે અલૌકિક દિવ્યદેહને પામીને ભગવાનના ધામને પામે છે. અક્ષરધામમાં મારું ભજન કરે છે. ક્યારેક મુક્તજનો તે ભક્તને ઈચ્છા ન હોય તો પણ બળપૂર્વક અખંડ સુખ આપે છે અને તેને મારી સેવામાં અખંડ રાખે છે. મારી સેવામાં રહેતાં થકાં સુખના સાગરમાં કાયમ માટે રહે છે. તે ભક્ત મારા જેવાં જ રૂપ અને ગુણને પ્રાપ્ત કરીને મારા સ્વરૂપની અખંડ સેવા કર્યા કરે છે. આવી રીતે અનંત મુક્તો મારી પૂજા અર્ચના કરવા માટે હાથમાં ચંદન કેશરજળથી ભરેલાં પાત્રો લઈને ચારેબાજુ ભીડમાં ઊભા રહે છે.

આ રીતે હે માતા ! આપને મેં મારું અધ્યાત્મશાસ્ત્ર કહ્યું. એ શાસ્ત્રનો સાર બધા જીવાત્માને કલ્યાણ કરનાર છે. તે સત્ય જ છે. ચારવેદ સાંખ્યયોગનો સાર એવાં પંચરાત્રશાસ્ત્ર તથા ધર્મશાસ્ત્રમાં વર્ણવેલ છે જ. હે માતા! આપનું પ્રિય કરવા માટે આપને મેં વિસ્તારથી કહ્યો છે. તેમાં આ રહસ્ય છે તે બધામાં શ્રેષ્ઠ તમને કહેલ છે. તેને પોતાના ચિત્તમાં ધારીને મનમાં વિચાર કરતાં થકાં સ્મરણ કરે છે. તેનાં બધાં જ કષ્ટો નાશ પામે છે. મારાં કહેલાં ઉપદેશને જે જીવાત્મા પાઠ કરે છે અથવા બીજાની પાસેથી સાંભળીને જીવમાં ઉતારે છે તે જીવાત્મા મારી ભક્તિને પામે છે. શ્રવણ કરવાથી તેનો ઉદ્ધાર થાય છે. મારી ઈચ્છા મુજબ એ નિર્ગુણ સુખને જ પામે છે. કોઈ આ હરિગીતાનો એકસો આઠવાર પાઠ કરે છે તે બધી આપત્તિઓથી મુક્ત થાય છે. એનાં દુઃખોને હું હરિ લઉં છું અને જે જીવ એક હજારવાર પાઠ કરે છે તેના ઉપર હું કાયમ માટે ખૂબ જ રાજી રહું છું અને કષ્ટથી પર કરું છું.

સુવ્રત મુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! હરિના ગુણ તુલ્ય હરિગીતા કહી તેમાં હરિની સાંગ ભક્તિનું રૂપ (લક્ષણ) અને રહસ્ય સર્વે કહ્યું. તેને માતા પ્રેમવતીએ સ્નેહપૂર્વક ખૂબ જ એકાગ્રતાથી સાંભળ્યું. તેનાથી માતા બધા જ સંશયોથી પર થઈ ગયાં. ભગવાનને વિષે સ્થિર મનવાળાં થયાં.

રાજા કહે છે, હે મુનિરાય ! આપે પુરુષોત્તમ નારાયણ પ્રભુની ઘણી લીલાઓ કહી. તેમાં કોઈ સંશય થતો નથી. કેમકે તે વાર્તા અનંત જીવોના કલ્યાણ કરનારી છે. એવાં ચરિત્ર સાંભળવામાં તૃપ્તિ નથી થતી માટે, આગળ મને બીજાં ચરિત્રો કહો. પ્રેમવતી માતા કહે છે, ધર્મજ્ઞાન વૈરાગ્ય સહિત ભક્તિ નવ પ્રકારની કહી તે મેં સાંભળી તથા મહાત્મ્ય જ્ઞાન સહિત ભક્તિનાં લક્ષણ કહ્યાં તથા હરિનાં સંતોનાં હેતસહિત પ્રસંગો કહ્યા તે મે સાંભળ્યા.

તે બધાં જ અંગોની સાથે ભક્તિ કહી તે મારા હિત ખાતર કહી તેને સાંભળી તેનાથી હું હવે કૃતકૃત્ય થઈ ગઈ છું અને તમે જ સર્વના કારણ છો. સર્વના શ્રેય કરનારા તમે છો. તેને નિશ્ચે જોયું. તમે મને જે સાંગભક્તિ કહી તે સાંગભક્તિ હરિકૃષ્ણ પ્રભુમાં જે કરે છે તે ધન્ય બને છે. આપ તો પુરુષોતમ સર્વોપરિ નારાયણ છો.

તે પુરુષોત્તમ પરબ્રહ્મ તમે જ પોતે છો તે આપ મારા પુત્ર રૂપે છો. તે નિશ્ચેય વાત છે. એટલા માટે હવે હું પૂર્ણમાં પૂરણ થઈ ગઈ. કેમકે પુરણબહ્મના પ્રતાપથી સર્વ ઉપર સર્વ બ્રહ્મના પૂરણ બ્રહ્મ પોતે જ છે. તે ધામના આપ સ્વામી છો તે ધામમાં મારે જાવું છે. તેમાં કાંઈ બાકી નથી.

હે વર્ણિ ! એટલા માટે માયાકાળના બંધનને તોડીને મારે આજે જ આપના ધામમાં જાવું છે. એટલા માટે તમારા સ્વરૂપમાં મારા મનને જોડી દીધું. મારા પ્રાણમાં આપનું સ્વરૂપ એકાત્મપણાને પામી ગયું છે. એટલા માટે આપના સાથે મોટો નિરોધ થઈ ગયો છે. મુનિ કહે છે, હે રાજન ! આ રીતે કહીને માતા પ્રેમવતી પવિત્ર શુદ્ધ મનવાળાં થઈને શ્રીહરિના સ્વરૂપમાં પ્રેમવિહ્‌વળ થઈને પોતાના દેહની બધી જ શુદ્ધ બુદ્ધિને વિસારી દઈને હરિને વિષે પુરણ સુખ સંબંધને પામ્યાં. મહાભાગ્યવાળાં થયાં. હરિગીતા તે હરિના રુપમય જ છે. તે તો સર્વ આગમનિગમના સારરૂપે છે. કેમકે તે હરિગીતા શ્રીહરિ પુરુષોત્તમ નારાયણના મુખકમળમાંથી નીકળેલી છે તે અમૃતસમાન છે તેને જે જીવાત્મા પ્રેમભાવથી એકાત્મભાવથી સાંભળે છે તેને મુક્તિ આપનારી છે.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં પાંચમા કિશોર રત્નમાં શ્રીહરિગીતામાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં આત્મનિવેદન પ્રેમલક્ષણા ભક્તિ કહી સમજાવી એ નામે નવમો તરંગ થયો. ॥૯॥**

# તરંગ-૧૦

પ્રતાપસિંહ રાજા કહે છે, હે મુનિરાજ ! શ્રીહરિનાં માતા પ્રેમવતીએ જે શ્રીહરિના સ્વરૂપનું ચિંતવન કરીને નખથી લઈને શિખાપર્યંત દર્શન કર્યા તથા આ સ્વરૂપમાં એકાત્મ ચિત્તથી તન્મય થઈ ગયાં અને હરિના ધામને પામ્યાં. તે સર્વ ક્રિયા સહિતનું વૃત્તાંત તે મને સંભળાવો.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! ભક્તિમાતા એકાગ્ર ચિત્ત થઈને જ્યારે ધ્યાનાવસ્થામાં ગયાં ત્યારે શ્રીહરિ પ્રાતઃકાલીન સ્નાનવિધિ કરી આવ્યા. ત્યારે માતાને શ્રીહરિનું સુંદર તેજાયમાન રૂપનાં દર્શન થયાં તે રૂપ જે સ્ફૂરાયમાન થયું તેને ચાર ક્રમથી પૂર્ણ રીતે નિરખતાં હતાં. પ્રથમ હાસ્યયુક્ત મુખકમળને જોઈને જાણે ચંદ્રમાનું બિંબ હોયને શું તેમ શોભતું હતું. નેત્રકમળ પણ ખૂબ જ કમળની પાંખડી સમાન લાગતાં હતાં. સ્વરૂપ અરૂણની રેખાની સમાન અલૌકિક કરુણાથી ભરપૂર શોભાયમાન થતા હતા. મસ્તક ઉપર શ્યામ ગુંચવાયેલા કેશની લટવાળા તે મસ્તક ઉપર સુંદર રૂમાલને બાંધેલા તથા લલાટમાં કેશરના તિલકને કરેલા વચ્ચે લાલ કુંકુમનો ચાંદલો કરેલાં એવા મનોહર રૂપવાળા. કંઠમાં બે સરની તુલસીની કંઠીને ધારણ કરેલ છે. મુખથી વેદની રૂચા મંત્રોને સ્વરબદ્ધ ઉચ્ચારતા થકા સમિધાઓને ગ્રહણ કરીને અગનિમાં હોમતા થકા આહુતિ આપતા હતા ત્યારે વર્ણિ સ્વરૂપે હરિ વેદનો મંત્ર ઉચ્ચારતા હતા.

વર્ણિએ કૌપિન ઉપર શ્વેત વસ્ત્રને ધારેલું હતું. એવા ઘનશ્યામ સ્વરૂપ હરિએ બ્રહ્મસૂત્ર (ઉપવિત) ધારણ કરેલ છે તથા ઉતરીય વસ્ત્ર ખેસ ઓઢેલ છે. દંડકમંડળને ધારણ કરેલ માળાથી જપ કરતા થકા હસ્તકમળમાં દંડને ધારણ કરેલ છે. મૃગ ચર્મ ઉપર બેસીને જપ કરતા હરિને જોઈને ધ્યાન અવસ્થામાં બેઠેલાં ભક્તિમાતાએ પોતાના પુત્રને આ રીતે બ્રહ્મસ્વરૂપે દર્શન કર્યા.

પછી અંતકરણમાં શ્રીહરિની કૃપાથી પોતાના આત્માનાં દર્શન થયાં. અને માતા બ્રહ્મમય બની ગયાં. એવી પરબ્રહ્મની કૃપા થઈ. તેથી માતાને આત્મામાં એ જ શ્રી ઘનશ્યામનું સ્વરૂપ દેખાયું. કિશોરવય શ્રી હરિકૃષ્ણ પ્રભુની દિવ્ય આકૃતિ જોઈને ખૂબ જ આનંદ પામવા લાગ્યાં. માતાના મનની ભાવના પ્રમાણે હરિએ પોતાનું સ્વરૂપ બતાવ્યું. તે જોઈને માતા મન અને વાણીથી વર્ણન કરતાં થાકી ગયાં. સમર્થ ન રહ્યાં એવું હરિનું કરોડો સૂર્ય ચંદ્રના તેજથી પણ અધિક તેજાયમાન જોઈને એ ધામની અલૌકિકતા જાણે નવીન મેઘાંડબર સમાન મનોહર લાગતી હતી. તે ઘનશ્યામ સ્વરૂપના પ્રત્યેક અંગમાંથી તેજના ફૂવારા નીકળતા હતા. તે સત્ ચિત્ ઘન તેજ અપાર હતું. તેની કલ્પના ન થાય. જેમકે સૂર્ય અને ચંદ્ર અગ્નિ કરોડોની સંખ્યામાં હોય તો પણ આ તેજને ન પહોંચે. એ પ્રમાણે જોઈને લાજ આવે તેમ તેઓની ક્રાંતિ હરિની ક્રાંતિ આગળ ઝાંખી પડી. સોનાના ભવન આગળ વીજળી ચમકે ને શોભે તેમ શ્રીહરિના કટિભાગમાં સોનાની મેખલા ધારેલી હોય તેમ શોભતા હતા. તે સ્વરૂપના શિતલ શાંત મહાતેજને જોઈને જાણે રાત્રીને શરમાવતી હોય ! કંઠમાં કૌસ્તૂભ મણિના હાર ધારણ કરેલા તથા હરિના હૃદય ઉપર વૈજ્યંતિ ફૂલના હાર ધારેલા હતા. શ્રીહરિએ મોરપિચ્છયુક્ત મુગુટને મસ્તક ઉપર ધારેલો હતો. એમાં રત્નો જડેલાં હતાં. તેથી અંગો ઉપર ખૂબ જ શોભતો હતો. હસ્તકમળમાં નંગો જડેલાં કડાં ધારેલાં હતાં. તેનાથી અંગોની શોભા ખૂબ જ વધતી હતી. બંને હાથમાં અને ચરણમાં સાંકળાં તથા ઝાંઝર નંગ જડેલાં હતાં. તેથી તે ઝાંઝરનો સુંદર ધ્વનિ નીકળતો હતો. હરિની ચાલવાની ગતિને જોઈને હંસ પણ લાજ પામતો હતો. એવા મનોહર સ્વરૂપને માતાએ નિરખીને જોયું. નટવર વેશધારી નટનાગર મનોહર મુર્તિને ધારેલા નટનાગર શરીર ઉપર કેશર ચંદનથી અર્ચાયેલા સર્વના સુખના સાગર એવા શ્રીહરિએ મસ્તક ઉપર ધારેલા ફૂલના તોરાઓ શોભી રહ્યા છે. કર્ણ ઉપર ગુચ્છ શોભે છે. એવા મનોહર મૂર્તિ. અધરોષ્ઠ ઉપર મોરલીને ધારણ કરેલા મધુર રાગને વગાડતા થકા બંને હાથથી સૂર કાઢતા ચંચળ ચપળતાવાળા જનોનાં મનને લલચાવતા હતા. આવી રીતના આશ્ચર્ય ઉપજાવતા રૂપને જોઈને એવા સુખના સાગર હરિને વિનયપૂર્વક હાથ જોડીને માતા વંદન કરવા લાગ્યાં.

આવા વર્ણિ સ્વરૂપને પોતાના અંતકરણમાં અનંત રૂપોને જોઈને ત્યાર પછી પ્રથમ જેવા જોયેલા મૂળ સ્વરૂપને જોઈને તે સ્વરૂપની પ્રાર્થના કરવા લાગ્યાં. માતા કહે છે, હે હરિ ! તમે તો સર્વ ઈશના ઈશ છો. સર્વના સર્જક છો. દેવો મુનિજનો અખંડ રાતદિવસ આપનું ભજન કરે છે. હે હરિ ! આપના પ્રતાપથી તમને સર્વથી મહાન સર્વોપરિ પરમેશ્વર સર્વના કારણ આપને મેં જાણ્યા છે. આપ વર્ણિના વેશને ધારીને રહેલા છો. નવીન મનોહર રૂપવાળા હે બહુનામિ ! હે કમલાક્ષ ! (કમળસમાન નેત્રવાળા) એવા મનોહર નયનવાળા આપને વંદન કરું છું. પ્રણામ કરું છું. હે હરિ ! આપ મારી ઉપર દયા કરીને એકાંતિક ધર્મને સ્થાપવા માટે અને અધર્મ સર્ગની આસુરી સેનાનો નાશ કરવા માટે મારે ઘેર પ્રગટ થયા છો. બ્રાહ્મણો ગરીબ ભગવદ્ ભક્તો સંતસમુદાય એમની રક્ષા કરવા માટે તથા અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરવા, જગતને સાચું જ્ઞાન સમજાવવા પ્રગટ થયા છો. હરિ આપના નિત્ય નિમિત્ત અંશ કળાયુક્ત આ જગતમાં અનેક અવતાર થયા છે. તે અવતાર ધારણ કરીને પૃથ્વી ઉપર વિચરો છો. તે તો જીવોને આપના સ્વરૂપનો જાપ જપાવવા અને અવનિમાં વ્યાપેલા પાપનો તથા અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરવા માટે છે. અગ્નિ વાયુ આકાશ અહંમહત્ત્વ પ્રકૃતિપુરુષ તેના ઉપર મૂળમાયા

કાળ અને અક્ષર આ સર્વના તમે સારરૂપ સર્વના સર્જક છો. સર્વને પ્રેરનારા છો. તેમાં રહીને પરબ્રહ્મરૂપે સર્વના ઉપરી પૂર્ણ પુરુષોત્તમ પરમેશ્વરરૂપે ભવ બ્રહ્મા વિષ્ણુ ઇંદ્ર સૂર્ય ચંદ્ર ઈશ્વરો સર્વના સ્વામી ઈશ્વર છો. જીવના આઠ પ્રકૃતિનાં કષ્ટોને હરનારા જગતના સર્જન કરનારા, સર્વમાં વ્યાપીને રહેલા છો. સર્વના અંતર્યામી છો. એવા તમે જડ ચેતન સર્વની દૃષ્ટિમાં નિવાસ કરો છો. સર્વના સુખના સાગર છો. સર્વના નિયંતા છો. એવા હે હરિ! આપના સ્વરૂપમાં મારી વૃત્તિ અખંડ રહે એવું માગું છું. જે આપના સ્વરૂપમાં પ્રીતિ કરીને સ્મરણ કરે છે. તેને વરદાન આપનારા તેની પાસે અખંડ વાસ કરનારા અને અભય વરદાન દેનારા સર્વ નરોમાં નરવિર એવા તમે એકાંતિક ધર્મને ધારણ કરનારા છો. સર્વ પાપનો નાશ કરનારા જેમ અગ્નિ બાળે તેમ બળનારા જે તમારા નામનો જપ કરે તેને તારનારા જગતના તારક આપ જ છો. પાખંડી કલ્પિત મતનાં ખંડન કરનારા, મતવાદિ અધર્મનો નાશ કરનારા, દેવો સંતો મુનિજનો ભક્તજનોના રક્ષણ કરનારા, અનાદિ ધર્મના પૃથ્વી ઉપર સ્થાપન કરીને વિસ્તાર કરનારા, જનોનું કલ્યાણ કરનારા, સર્વના જન્મમરણના ત્રિવિધ તાપના ભયને હરનારા પોતાના આશ્રિતજનોને ધામમાં પહોંચાડનારા, જીવને ઇચ્છિત મનોરથને પૂર્ણ કરનારા, એવા હે ઘનશ્યામ, નારાયણ, હરિ ! આપ એક જ સર્વોપરી સર્વ સામર્થ્યયુક્ત છો. આપને હું વંદન કરું છું.

આપ યજ્ઞયાગાદિ અહિંસામય કરશો. પૃથ્વી ઉપર સાંગ સર્વોપરિ ભક્તિ વિસ્તારશો. મહા મોટાં કઠિન વ્રતોને ધારણ કરાવશો. શાંત મૂર્તિ એવા, આપનાં ચરિત્રોને તથા ધર્મના નિયમોનાં મોટાં શાસ્ત્રો રચાવશો. સત્યરૂપ એવા, સત્યસંકલ્પ કરીને જીવોના હિતને કરવા માટે હૃદયમાં કલ્યાણનો યોગ કરાવશો. આડંબર દંભથી વૈદિક દિક્ષા ધારનારા ગુરુઓ, અસુરો, રાજાઓને એમનાં આસુરી કર્મના ફળના ભોગો ભોગવાવનારા આપને વંદન કરું છું. અતિ દિવ્ય મનોહર કિશોર મૂર્તિ વર્ણિ વેશને ધારેલા આપ મારા ઉરમાં હૃદયકમળમાં કાયમ વાસ કરો એવા આનંદ ઘનશ્યામ પ્રભુ આપની માધુરી મૂર્તિ મારી બુદ્ધિમાં વસો. આ રીતે મનની વૃત્તિને હરિમાં જોડીને હરિના ધ્યાનમાં સ્થિર થયાં અને દિવ્યસ્થિતિ થઈ ગઈ અને ભૌતિક શરીરનો ત્યાગ કરીને બ્રહ્મમય દિવ્યદેહને ધારીને સુંદર પાલખીમાં બેઠેલાં દર્શન થયાં.

આ રીતે ભક્તિમાતા મુનિ દુર્વાસાના શાપથી મુક્ત થયાં. હરિએ પોતાનાં માતાને માયાના બંધનથી મુક્ત કર્યાં. અતિ દિવ્યરથ વિમાનો લઈને મુક્તોનો સમુદાય આવ્યો. તેને જોઈને બધાં જ સંબંધીઓ આશ્ચર્ય પામ્યાં. સર્વે નરનારીજનો હરિને નમન કરવા લાગ્યાં. આ રીતે દિવ્યજ્ઞાન આપી ઘનશ્યામ પ્રભુ આપે તો પ્રેમવતી માતાને પૂર્ણ ધામની ગતિ આપી છે. સંવત્ અઢારસો અડતાલીસના. કારતક સુદ દશમને શનિવારે ભક્તિમાતા પ્રભુના ધામમાં મુક્તોના મંડળમાં દિવ્યગતિ પામ્યા ત્યાર પછી ધર્મદેવ ભૌતિક દેહની ઉત્તર ક્રિયા સર્વે મોટા પુત્ર રામપ્રતાપની પાસે યોગ્ય રીત કરાવતા હતા. શાસ્ત્રની મર્યાદા પ્રમાણે બધી જ કુલ પરિવારના નિયમસર ક્રમ પ્રમાણે સંસ્કાર કરાવ્યા. પંચભૌતિક દેહને અગ્નિસંસ્કાર કરાવ્યો. માતા પ્રેમવતીની દિવ્યગતિ થઈ ગઈ. ત્યાર પછી ઘનશ્યામ પ્રભુએ સુવાસિનિ ભાભીની ઉપર માતાનો ભાવ રાખ્યો. અને ભાભી પણ પ્રેમથી સાચવતાં. ઘનશ્યામ મોટાભાઈની સાથે પણ ખૂબ જ સારો ભાવ રાખતા હતા.

સુવાસિનિ પણ ધર્મદેવને પિતાની માફક માનતાં હતાં અને સેવા પણ પિતાની માફક જ કરતાં હતાં તથા શ્રીહરિ નાનાભાઈ ઈચ્છારામ ઉપર પણ ખૂબ જ હેતભાવ રાખતા હતા. ખૂબ જ પ્રેમ રાખતા હતા.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં પાંચમા કિશોર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ**

**રચેલ છંદભાષામાં પ્રેમવતી માતા હરિના સ્વરૂપમાં આસક્ત થયાં અને દિવ્યગતિ પામ્યાં. હરિના સ્વરૂપમાં અતિ આસક્ત થયાં અને શ્રીહરિએ દિવ્યગતિ આપી એ નામે દશમો તરંગ થયો. ॥૧૦॥**

# તરંગ-૧૧

રાજા કહે છે, હે મુનિવર ! ધર્મદેવને આશ્ચર્ય થયાં તે જોયા. જ્યારે હરિને મળ્યા ત્યારથી એમને વરદાનરૂપ થયા ત્યારે ધર્મદેવે શ્રીહરિની સ્તુતિ કરી પરમધામમાં જવાની તૈયારી કરી ત્યારે પુત્રોને જે ઉપદેશ આપ્યો તે વાર્તા મને સંભળાવો.

મુનિ કહે છે, હે રાજન ! તમે જે પૂછેલું છે તેનો ઉત્તર વિસ્તારથી કહું છું. તેને ધ્યાનથી સાંભળો. પિતાએ દેહત્યાગ કર્યો. તે ભગવાનની ઈચ્છાથી જ થયો છે. હરિને વનમાં જવાની ઈચ્છા હતી. તેથી હરિએ મુક્તિ કરી છે. ધર્મદેવ ધર્મપરાયણ રહીને ધર્મને ધારણ કરીને વર્તે. તેથી એમને અધર્મ સ્પર્શ કરી શકે જ નહીં. પોતે સાંખ્યયોગને દઢ કરીને ધર્મદેવ સધર્મ સ્થાપવા પુત્ર હરિની સાથે ધર્મનો પૂરો સર્ગ ફરનારો છે. પ્રવૃત્તિમય કર્મનો ત્યાગ કરીને સર્વકાર્યથી નિવૃત્તિ લઈને ધર્મપરાયણ વર્તનારા છે. વિષયવાસના વૈરાગ્યવાન થઈને શિલવૃત્તને ધારીને હરિમાં દઢતા કરીને ભક્તિ કરનારા છે.

ધર્મદેવ શરીરને નિર્બળ કરવા સ્વાદનો ત્યાગ કરીને થોડું ખાવાનું કરીને તપ કરવા માટે દઢ રહેવા લાગ્યા. ધ્યાનયોગમાં સિદ્ધતા કરીને એકાગ્રતાથી હરિમાં મનને જોડતા હતા. અતિ પ્રીતિથી ભજન કરતા હતા. ધ્યાન કરતા હતા. આ રીતનાં ધર્મદેવ પોતાનાં અંગોનાં લક્ષણ જોઈને પોતાની અંતદષ્ટિને શાસ્ત્રમાં જોડતા હતા. દેહને ક્ષણ ભંગુર જાણીને પોતાનું મૃત્યુ નજીકમાં જ છે એ પ્રમાણે માનતા હતા. પોતાની ઈચ્છા મુજબ ભાગવતનો પંચસ્કંધ અને દસમસ્કંધ તથા વાસુદેવ મહાત્મ્યનો હૃદયપૂર્વક પાઠ કરતા હતા. સાથે શ્રી હરિકૃષ્ણ પ્રભુની મૂર્તિને પોતાના હૃદયમાં ઉતારતા હતા. પોતાનું અંતઃકરણ મન ઇંદ્રિયો બધાં જ હરિમાં જોડીને નવ પ્રકારની ભક્તિ રંગપૂર્વક કરતા હતા. રોજેરોજ હરિમાં પ્રેમભાવ વધતો જતો હતો.

ક્યારેક ક્યારેક શ્રીહરિની સાથે પ્રશ્ન ઉત્તરો થતા હતા. તે પ્રશ્ન ધર્મદેવ પૂછતા હતા. એને શ્રીહરિ ઉત્તરો આપતા હતા. હરિ ગૂઢ રહસ્ય ધર્મદેવને સમજાવતા હતા. તે રહસ્ય વાત સાંભળીને ધર્મદેવના મનમાં અતિ આનંદ ઉમટતો હતો. પ્રભુ ધર્મદેવને વિષે સતત પિતાનો ભાવ રાખી સેવતા હતા. જળપાન તથા સ્નાન આદિક બધી જ ક્રિયાઓ કરાવતા હતા. રાત્રે જ્યારે સુતા હતા ત્યારે મોટાભાઈની સાથે પિતા પાસે જ સુતા હતા. પિતાની સંભાળ રાખતા હતા.

હરિ મોટાભાઈ રામપ્રતાપની સાથે ત્રણ વખત દિવસમાં સરજુ નદીમાં સ્નાન કરે અને નિત્યવિધિ પૂર્ણ કરીને રોજે ભોજન જમતા હતા. ઘેર આવીને રહેતા હતા. દરરોજ નાનાભાઈ ઈચ્છારામને નિત્યવિધિ શીખવતા હતા. હરિ એમને વિદ્યા શીખવાડતા હતા. ભણાવતા હતા. પ્રેમથી પાઠ લખાવતા હતા. હરિ પાસે તત્ત્વજ્ઞાન મેળવતા હતા. ઈચ્છારામ પણ હરિમાં ખૂબ જ પ્રેમભાવ રાખતા હતા. ખૂબ જ શાંત સ્વભાવથી રહેતા હતા. બાળકોની સાથે ક્યારેય રમવાની ઈચ્છા કરતા જ ન હતા. આટલા બધા શાંત પ્રકૃતિના હતા. આ રીતે ઈચ્છારામ સાત વર્ષની ઉંમરના થયા તોય ઈચ્છારામ સુવાસિનિ ભાભીને વિષે ખૂબ જ પ્રેમભાવ રાખતા હતા. આ રીતે સર્વે આનંદથી રહેતાં હતાં.

હરિનાં માતા પ્રેમવતી જ્યારે દિવ્યગતિને પામ્યાં. તેને સાત માસ વીતી ગયા ત્યારે ધર્મવરના શરીરમાં કાંઈક કૃષતા (દુર્બળતા) આવી હતી. ત્યારે ધર્મદેવ પણ દિવ્યગતિ માટે ઈચ્છા રાખતા હતા. મનમાં એવો ભાવ જણાતો હતો. સંવત અઢારસો ઓગણપચાસના જેઠ માસમાં વદિ એકાદશીના દિવસે, દિવસના સમયે જાતજાતના પુજાપા મંગાવ્યા. તે દિવસે ધર્મદેવે શ્રીહરિ ઘનશ્યામનું પૂજન કર્યું. એકાદશિના દિવસે ખૂબ જ લાંબા સમય સુધી કીર્તન ઉત્સવ કર્યો. રાત્રે વ્રત કરીને જાગરણ કર્યું. રાત્રે ધર્મદેવને નિદ્રા ન આવી ત્યારે શ્રીહરિનું મનમાં સતત ચિંતવન કરવા લાગ્યા અને હરિ તો સર્વના અંતરને જાણનારા છે. સર્વને ફળના દાતા છે ત્યારે પિતાના મનની બધી વાતો જાણતા હતા.

હરિની ઈચ્છાથી પિતાને તરત જ સમાધિ થઈ ગઈ. તે સમાધિમાં ભગવાનની ઈચ્છાથી હરિનાં દર્શન થયાં અને હરિએ એમને દિવ્ય દૃષ્ટિ આપી. તેથી તેઓ જોવા લાગ્યા. હરિનાં દર્શન થયાં. તેથી એમને હર્ષ થયો તેની શું વાત કરું. અનંત અપાર અગણિત મુક્તાત્માઓ નિગમ આગમના સારને જાણનારા તેનો પ્રચાર કરનારા અનંત મુક્તો હરિનાં ચરણકમળની સેવા કરવાની તત્પરતાવાળા, અનંત પાર્ષદો મનોહર રૂપ તેજવાળા. હરિના ચરણકમળને સેવનારા ત્યાં આવ્યા. મહા બ્રહ્મતેજના સમૂહને જોઈને તે સત્ ચિત્ આનંદને જોઈને અકળાયા. બ્રહ્મા વિષ્ણુ મહેશ એ ત્રણે આ તેજને સેવે છે તથા તે તેજના સમુહમાં પૂજાનાં પાત્રો પૂજા દ્રવ્યો લઈને પૂજા કરવા ઊભા રહેલા મુક્તોના તથા ભક્તજનોના સમૂહોથી વિટાયા થકા ઊભા છે. તેની વચમાં રહેલા હરિનાં દર્શન થતાં હતાં ત્યારે એમનું સ્વરૂપ સદાય કિશોર અવસ્થાયુક્ત દિવ્ય સ્વરૂપમાં ધર્મદેવ શ્રીહરિનાં દર્શન કરતા હતા. એમને વંદન કરતા હતા. શ્રીહરિના દર્શનાનંદમાં અતિશય નિમગ્ન ઊંડા ઉતરી ગયા હતા ત્યારે ધર્મદેવનું મુખ તથા સ્વરૂપભાવ જુદો જ વર્તાતો હતો. કંઠમાંથી મધુર સ્પષ્ટ શબ્દોનો ઉચ્ચાર થતો હતો. આંખો પણ સુંદર ચકિત ભાવવાળી લાગતી હતી. હૃદયમાંથી અતિશય સ્નેહભાવ નીકળતો હતો. સ્થિર શરીરવાળા થયા હતા ત્યારે નેત્રથી હરિની મૂર્તિનું પાન કરતા હતા. શ્રી હરિકૃષ્ણનાં અદ્‌ભૂત સ્વરૂપનાં દર્શન કરીને ધર્મદેવ અતિ તલ્લીન થઈ ગયા.

ધર્મદેવ શ્રીહરિને નમ્રભાવથી બંને હાથ જોડીને વંદન પ્રણામ કરતા હતા. હરિ આપ કિશોર અવસ્થાવાળા વર્ણિના વેશને ધારણ કરનારા આપનો જયજયકાર થાઓ. ત્યારે શ્રીહરિ મંદહાસ્યયુક્ત મુખથી પિતાને કહેતા હતા. હાથ જોડીને નમન કરતા હતા. હે પિતા ! આપને જે ઈચ્છા હોય તે પ્રમાણેનું અદ્‌ભૂત સ્થાન આપું. જેવો તમારો ભાવ હોય તેવું મળે.

આ રીતે કહીને પિતાની સાથે ગાઢ આલિંગન કરીને બાથમાં ઘાલીને ખૂબ જ પ્રેમથી ભેટ્યા. કહે પિતાજી આપ અત્યારે પૂર્ણ મનવાળા થયા છો. આપને વિરહનું દુઃખ સર્વે જતું રહ્યું છે. હવે તો પરમસુખને જ પામ્યા છો. ત્યારે ધર્મદેવે હરિને જાગ્રત થઈને જોયા, તો હરિ પિતા ધર્મદેવની પગચંપી કરતા હતા. એ રીતે જોતા હતા. (ધર્મદેવ કહે છે) હરિ આપનું આશ્ચર્ય ખૂબ જ જણાય છે. માટે હે પુત્ર ! આ સમયમાં જ મારો અવધિ પૂરો થયો છે. મારે આપના શરણમાં રહેવાનું છે. હે હરિ ! આપ તો આખાં જગતના સાર રૂપ છો. કરુણામય દૃષ્ટિથી જોનારા સર્વના નિવાસ સ્થાનરૂપ છો. સર્વના સારરૂપ છો. મહાન વ્રતને ધારણ કરનારા છો. અનંત ઈશ્વરોના સ્વામી છો. સર્વે આપનું જ ભજન કરે છે. ત્રણે પ્રકારના તાપને તોડનારા છો. પાપીના પીડામણ રૂપ પાપથી છોડાવનારા. આપ એક જ છો. હે પ્રભુ ! પ્રિયજનોને જોવા માત્રથી જ મનોહર સ્વરૂપમાં એકાગ્ર પ્રેમ જાગ્રત

થાય છે. અભયવરને આપનારા છો. નવીનરૂપે પરમ મોક્ષને આપનારા છો. સર્વના નાયક સ્વામી આપ જ છો. સકળ જગતના જીવો ને કલ્યાણ આપનારા છો. આ સર્વે કરનારા તો આપ એક જ છો. સર્વે એવા આપ છો. અનંત જીવના આપ એક જ ઈશ નિયંતા સર્વેશ્વર છો. પ્રમાદ મોહનો નાશ કરનારા છો. જેને નિર્ગુણ પરબ્રહ્મ કહેવાય છે, જેને પરબ્રહ્મ પુરુષોત્તમ પરમાત્મા કહેવાય છે તે પોતે જ બ્રહ્મા વિષ્ણુ મહેશ આદિ તથા આખા જગતનું આત્મા રૂપે રહીને રક્ષણ કરો છો. તે પોતે આપ જ છો. આપે મને વરદાન આપેલાં તે સત્ય કર્યાં છે. મારા અનંત મનોરથો પૂર્ણ થયા. આપ આ પૃથ્વી ઉપર વિચરણ કરશો ત્યારે હવે બધાનાં દુઃખોનો નાશ થશે. ભક્તોને સંતોને સુખ પ્રાપ્ત થશે. મારું જીવન પૂર્ણ થયું છે. હું પણ પૂર્ણ મનોરથવાળો થયો છું. માટે હવે આપની જેવી ઈચ્છા હોય તેવું શરીર આપજો અને મને આપનો વિયોગ ન થાય હે વર્ણિ ! આપના વિયોગથી એક ક્ષણ પણ કલ્પસમાન થાય છે. તેથી હવે સહેજ પણ વિયોગ ન થાય તેમ કરજો. એટલા માટે આપ મને સદાય આપની સમીપમાં જ વાસ આપજો. આપ તો અશરણના શરણ રૂપ છો. એવી મારી ઉપર કૃપા કરજો.

શ્રીહરિ કહે છે, હે પિતાજી ! આપને તો ધન્ય ધન્ય છે. આપના પ્રતાપનું વર્ણન તો આ જગતમાં કોઈ પૂર્ણ રીતે કહી ન શકે. દેવો, દાનવો, મુનિજનો ઈશ્વરોના ઈશ્વર આપના પ્રતાપને કોઈ વર્ણન ન કરી શકે. આગમો વેદ પુરાણ ભારત આદિ મહાશાસ્ત્રોમાં તમારા ગુણો વર્ણવ્યા છે. તે પણ ઓછા જ છે. તમારા જ સત્ય દયા તપ પવિત્રતા આ સર્વે ગુણો છે.તેવા તમારા ધર્મના શુભ ગુણોને હું પણ ધારી રહ્યો છું  ધર્મના જોરથી આખા જગતને પ્રકાશમય શુદ્ધ સ્વભાવ પ્રકૃતિવાળા બનાવે છે. ધર્મના બળથી દિવ્યધામને પામે છે. આગળ પણ ધર્મના બળથી પાપના પુંજનો નાશ કરે છે. ધર્મના આશ્રયથી જગત આખાની ઉત્પત્તિ અને અંત આવે છે. ધર્મનો આશ્રય રાખનાર પરમપદને પામે છે. તે તેના આધારે સ્થિર રહે છે અને ધર્મની નીતિથી અધર્મની અનીતિને તોડીને ધર્મની ધૂરાને ધારણ કરીને ધર્મકુમાર શ્રીહરિ સ્થિર રહેનારા પોતે જ છે.

હે પિતાજી ! મારી પ્રાપ્તિ કરવામાં જે પ્રયત્ન કરશે એને કોઈ અલભ્ય નથી સર્વે સુલભ જ છે.ધર્મ જ સર્વોપરિ છે. તમે ભૌતિક શરીરને ત્યાગીને દિવ્યદેહને પામીને મારી પાસે જ કાયમ માટે રાખીશ. તમે મારી મૂર્તિના નિરંતર યોગમાં રહેશો. માટે હે પિતાજી તમને અહીં જ વિયોગ નહિ થાય એ જાણજો. મને પામવા માટે તમે ખૂબ જ ઉગ્ર તપસ્યાઓ કરી છે. તેથી તમે મને અતિ પ્રિય છો. જેમ માછલીને પાણી જીવન છે તેમ મને પ્રિય છો. માટે તમારા યોગ ધર્મ પાળનારા મને ખૂબ જ પ્રિય છે. એવા નરનારી બધાં જ મારા હૃદયમાં ખૂબ જ પ્યારાં થાય છે. મને એમની ઉપર અધિક પ્રેમ છે.

ધર્મ જ મને અતિપ્રિય છે અને હું પણ ધર્મને ધારણ કરું છું. ધર્મના માર્ગથી સર્વે જગતના અધર્મને ઉધારી નાખીશ. સધર્મ સ્થાપીશ. ધર્મથી શું નથી થતું તે ક્યાંય જોવામાં નથી આવતું. માટે ધર્મથી જે ઈચ્છા હોય તે ધર્મના માર્ગથી જરૂર પ્રાપ્ત થાય છે. ધર્મની સાથે મારી સેવા કરે છે તેના બધા જ મનોરથ પૂર્ણ થાય જ છે.

મુનિ કહે છે, હે રાજન્ ! શ્રીહરિ સર્વના સુખસાગર આ રીતે કહેવા લાગ્યા. અમૃતમય વચનોથી પિતાને ખૂબ જ સુખ મળે એટલા માટે પિતાને પણ શીતળતાનું સુખ હૃદયમાં જાણવા લાગ્યું. હરિએ એમને આનંદ સાથે સુખ આપ્યું તે કહ્યું. જેમ ચંદ્ર અને ચકોરનો મેળાપ આનંદ દાયક છે પોયણાની કલિકા હોય તે જ્યારે ચંદ્રઉદય

થાય તરત જ ખીલે છે. જેમ પાણીમાં માંછલુ સમુદ્રના જળમાં જીવે છે. અમૃત જેવા જળના સંસર્ગથી અન્નો વધારે ઉપજે છે તો પણ ફૂલ કાંસણાંમાં ઉપજે છે. મેઘ અને મોરને જેમ મેઘની સાથે પ્રેમ છે. ચાતકને સ્વાતિનું જળ મળે એટલે શાંતિ થાય છે. જેમ કમળમાં ભમરાનો મેળાપ આનંદ આપે છે. જેમ ચકલા ચકલીનો નિખાલસ પ્રેમ છે તેમ મેળાપ આનંદ આપનાર છે. તેમ ધર્મ સર્વને આનંદ આપે છે.

આ રીતે હરિની કૃપાથી ધર્મદેવની વિષયવાસના નાશ પામી ગઈ, તે શ્રીહરિના અલૌકિક બોલવાથી થાય છે. તે તમારા મુખના અમૃત વચનનોનો પ્રતાપ છે. આપના પ્રતાપનો પ્રતિકાર કરવામાં કોઈ સમર્થ થઈ જ ન શકે. અંજલી જોડીને આપને નમવાથી વિશેષ કાંઈ નથી. આ રીતે આપને બંને જાનું બંને હાથથી મસ્તક નમાવીને વંદન કરું. આપની પ્રાપ્તિ એ જ આપનું સુખ પામનારું સાધન છે.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં પાંચમા કિશોર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં ધર્મદેવને આશ્ચર્ય આપ્યું. વરદાન આપીને સુખી કર્યા. એ કથન નામનો અગિયારમો તરંગ થયો. ॥૧૧॥**

# તરંગ-૧૨

રાજા કહે છે, હે મુનિવર ! ધર્મદેવે પોતાના બંને પુત્રોને ઉપદેશ કરીને દેહનો ત્યાગ કર્યો એ પ્રસંગ આપ અત્યારે સંભળાવો એ પ્રસંગ મારે સાંભળવાની ખૂબ જ ભાવના થઈ છે તો કહો.

મુનિ કહે છે, હે રાજન્ ! તમે સાંભળો. તે જ કહું છું. તે જ સમયે ધર્મદેવ પોતે શ્રીહરિના નાનાભાઈ તથા મોટાભાઈ બંનેને પાસે બેસાડીને સુંદર બોધદાયક શિક્ષા કરી તેને તમે સાંભળો. બુદ્ધિવાળા શ્રીહરિના ભાઈઓ બંને નીતિમાર્ગમાં ચાલનારા ધર્મદેવની પાસે આવ્યા ત્યારે પિતાએ માર્ગદર્શનમાં તે બંને ભાઈઓને ધર્મદેવ બોધનાં વચનો કહેતા હતા.

હે રામપ્રતાપ ! તથા સારા સુજ્ઞ ઈચ્છારામ તમે બંને મારા પ્રિય પુત્રો છો. તેથી તમે સાંભળો. હવે હું પૂર્ણકામ થયો છું. મારે આ જગતમાં કાંઈ આશા રહી નથી. તેથી હરિના મુખેથી સાંભળેલા જ્ઞાનના ઉપદેશથી હું પૂર્ણકામ થયો છું.ખૂબ જ મારમિક જ્ઞાન મળેલ છે. હવે તમે બંને ભાઈ ધ્યાન દઈને તમારા હિતનાં બોધવચનો છે. તેને તમે મન દઈને ધ્યાનથી સાંભળજો. બધાં જ શાસ્ત્રના સારનો સાર તે તમને કહું છું. તમે એકાગ્રતાથી સાંભળો. જે રાધાના પતિ લક્ષ્મીના સ્વામી શ્રીહરિ અનંત પાર્ષદોના અંતકરણમાં સ્થિર રહેનારા ધામના ધામી તેજ આ નિલકંઠ બ્રહ્મચારી તમારા ભાઈ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ સાક્ષાત્ પોતે જ છે. એમ જાણો. ચાર વેદો આઠ સત્શાસ્ત્રો તથા બ્રહ્મા શિવજી સરસ્વતી શેષજી બધા સાથે મળીને જેમની કાયમ સ્તુતિ કર્યા કરે તે છતાં નથી મળતા એવા પ્રભુ આપણા ઘેર આપણી પાસે જ રહે છે. અનંત કોટિ બ્રહ્માંડોમાં જેમના કેવળ સંકલ્પ માત્રમાં જ સર્વ સત્ય થાય છે. સર્વ સંચાલન થાય છે એ જ પ્રભુ આપણા ઘરમાં વાસ કરીને રહે છે. ભગવાનના ચાર પ્રકારના અવતારો (ચતુર્વ્યૂહ) તથા અંશાવતાર કલા અવતાર તેના કારણ પોતે જ હરિ છે એમ જાણવા. કાળ કર્મ માયા તથા જગતના કર્તા બ્રહ્મા આદિ આમની મરજીને અનુસાર ચાલનારા એવા હરિ, હર બ્રહ્મા વિરાટનારાયણ મહાપુરુષ આદિ ઈશ્વરો પ્રકૃતિ પુરુષના ઉપરી ઈશ્વર સર્વે. પંચભૂત દશ ઇંદ્રિયોના દેવતા પાંચ પ્રાણ તથા તેના દેવતા તે સર્વે આપની પ્રેરણા મુજબ બવર્તનારા છે. આ સર્વે જે જે ક્રિયાઓ કરે છે તેનું ફળ

આપનારા જુદા જુદા દેહોમાં વસનારા સર્વાન્તર્યામી આ પોતે જ હરિ છે. અનંત કોટિ બ્રહ્માંડોના કરતા નારાયણ પોતે જ અત્યારે મારી અને તમારી મરજી પ્રમાણે વર્તનારા છે તથા જેમની માયા વડે આખા જગતને મોહ પમાડે છે તથા જેમના આશ્રયમાં અનંત જનો નિર્મોહવાળા થઈને અખંડ એમનું ભજન કર્યા કરે છે. જેમની માયાથી આખું જગત થાય છે તે દેખાય છે. તેનાં સ્થાનો ભોગવિલાસો જુદાં જુદાં શરીરો જ થાય છે. તે સર્વે જાતજાતનાં ચિત્રવિચિત્ર પ્રકારનાં થાય છે. જુદાજુદા પણું કહેવાય છે. દેખાય છે તે સર્વે આમનાથી જ થાય છે. પાણીના બિંદુમાંથી માણસનું શરીર બને છે તથા સ્થાવરજંગમ સર્વે પદાર્થ. પાણીના બિંદુમાંથી જ થાય છે તથા સ્તનમાં દૂધ થાય છે તથા વૃક્ષ ઉપર ફળ આવે છે તે પણ રસથી ભરપૂર આવે છે. તે સર્વે આ શ્રીહરિ ઘનશ્યામ તમારા ભાઈના પ્રતાપે જ થાય છે. જે મહાકાળ છે તે આમની મહાશક્તિ છે તે શક્તિ જ જગતની વૃદ્ધિ અને લય કરનાર છે. જેમની મરજીથી પૃથ્વી ઉપર પાણી અગ્નિ રહે છે તે જ આકાશમાં પણ રહે છે. કોઈ આધાર વગર જ પાણી અને અગ્નિ રહે છે. તે આમના પ્રતાપથી જ રહે છે. ચંદ્ર, સૂર્ય, મહામુનિઓ, દાનવો, દૈત્યો, દેવો આ સર્વે આ તમારા ભાઈ શ્રીહરિની મરજી પ્રમાણે સર્વે વર્તે છે. કાંઈ કળી શકાતું નથી છતાં બહુ જ ઇચ્છા મુજબ કળ ચલાવેલ છે. ચાલ્યા કરે છે. તે જ આ તમારા ભાઈની આજ્ઞા મુજબ દેવો, મનુષ્યો દ્વારા થાય છે. સર્વના અંતર્યામી જડ, ચેતન બધું જ જુદું જુદું ક્રિયાનું ફળ હરિની મરજી અનુમતિ પ્રમાણે તમારા ભાઈ જ કરે છે. મન વાણીના ઉપરી, પરના પર પરમેશ્વર સર્વોપરી મારા પુત્ર માત્ર ધર્મની ધુરાને ધારણા કરીને રહેલા છે. અત્યારે આ પૃથ્વી ઉપર આવેલા છે. તે જીવોના કલ્યાણનાં કાર્યો કરવા. એ પોતે અકામ નિષ્કામ છે. નિશ્ચલ નારાયણ મુનિ એમનું નામ છે અને પોતે બ્રહ્ચર્યના પુલ બાંધીને મર્યાદાસ્થાપન કરીને અત્યારે ધર્મને ઘેર સંબંધ બાંધીને આવ્યા છે. તે તમારા નેત્રની આગળ દેખાય છે. તે સર્વના કલ્યાણનો સંબંધ કરવા આવ્યા છે. ભાગવત ધર્મને ફેલાવવા માટે આ જ પ્રભુ નારાયણ ભૂમંડળમાં આવ્યા છે તે તમારા ભાઈ નથી અને મારા પુત્ર પણ નથી એ તો સ્વયં નારાયણ છે.

તે પોતે સાંગભક્તિ જગતના જીવોને સમજાવવા આવ્યા છે. જનજનમાં ભક્તિ સમજાવીને ઘનશ્યામ પ્રભુ ઉદ્ધવે સ્થાપેલ ભક્તજનના મનોહર કમલવનને જ્ઞાનઉપદેશ કરીને ખીલવશે. ખૂબ જ દઢ કરીને વિરામ કરશે. શ્રીહરિ યોગકળામાં પૂર્ણ તથા યોગી છે. સિદ્ધોમાં પણ અતિશય પ્રસિદ્ધ થયા છે અને મુક્તોમાં પણ મુક્તેશ્વર છે. પોતાના ભક્તો ભજન કરે તેમાં તથા સંતોમાં સંતરૂપે મહંતોમાં મહંતરૂપે ઈશ્વરોમાં ઈશ્વરરૂપે બધા જ આમની જ ઉપાસના ભક્તિ ધ્યાન કર્યા કરે છે. ત્યાગવૃત્તિમાં ત્યાગી રહે છે. તેજ પ્રભુ શ્રી હરિકૃષ્ણને ભજો એમને ભજવા માટે માયિક મોહ મદમત્સરનો ત્યાગ કરીને નિર્મોહિ થઈને પ્રેમથી ભજન કરવું તો અંતે અતિ આનંદ પ્રાપ્ત થાય છે. શ્રીહરિની સાંગ અગો અંગની ભક્તિ કરવી તે દઢ નિયમ કરીને કરવી. સદાય શ્રી ઘનશ્યામનું દઢ ભક્તિ કરવી તથા સ્વધર્મયુક્ત થઈને આ ઘનશ્યામના વચનમાં રહીને અખંડ એમનું ભજન સ્મરણ કરવું. તમારે જો કલ્યાણ મેળવવું હોય તો આમના ચરણકમળનો આશ્રય તથા એમના વચનમાં રહેજો એ મારું તમારા માટે પરહિતનું વચન છે તમો ભગવાન શ્રીહરિનું ભાવના લાવીને એકાંતિક ભાવથી અખંડ ભજન કરજો તો કલ્યાણ થશે. શ્રી ઘનશ્યામને સ્નેહ સહિત પ્રેમથી રાખશો તો તે નરવીર જરૂર રહેશે. તેઓ જો વૈરાગ્યના વેગમાં જતા રહે તો અધર્મના નાશ કરવા અને જીવોના કલ્યાણ કરવા જવાના સમજજો.

તીર્થ આદિક દેવભૂમિ હરિની આવવાની રાહ જોતાં ઊભાં છે. દેવો મુનિજનો હરિની સન્મુખ આવવાની

રાહ જુવે છે. શ્રીહરિ ક્યારે કૃતાર્થ કરવા અમારી પાસે આવે તેની રાહ જોતા. એકી નજરે જોયા જ કરે છે. તેથી ધ્યાન રાખજો. અષ્ટાક્ષર, ષડાક્ષર તથા દ્વાદશાક્ષર મંત્રનો તમારે બંનેને દરરોજ જપ પોતાની રીતે સ્વતંત્ર કરવો. તેજ મંત્રના તત્ત્વરૂપે આ નિલકંઠવર્ણિ તમારા ભાઈ ઘનશ્યામ જ છે. શ્રીકૃષ્ણ સ્વરૂપનું જે પૂજન અર્ચન કરો છો તે સર્વે આ હરિકૃષ્ણ હરિ પોતે અંગિકાર કરે છે. તમે લોકો મારી આજ્ઞા મર્યાદા અનુસાર ધર્મનું પાલન કરશો અને ભજન કરશો. તો તમારો જરૂર ઉદ્ધાર થશે.

આ પૃથ્વી ઉપર અત્યારે ઘણા બધા કલ્પિત ધર્મ ચાલે છે તેના ચલાવનારા મનુષ્યો અને અસુરો જ છે. અત્યારે તે બહુ જ થયા છે. એમને આ નિલકંઠવર્ણિ વગર હથિયારે બધાને પોતાની બુદ્ધિબળના પ્રતાપે મારીને શુધ્ધ બનાવશે. બધાં જ તીર્થસ્થળોમાં હરિ પગે ચાલિને પોતાના પદ ચિહ્નોથી અંકિત કરશે. જગતમાં સાંગ ભક્તિનો ખૂબ જ વિસ્તાર કરશે અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ સર્વેને તરુણ અવસ્થાવાળા કરશે. આ રીતે શ્રીહરિ આ ભૂમિ ઉપર વિચરણ કરીને પવિત્ર કરશે. તમારા બંનેના પુત્રોને હરિકૃષ્ણ પ્રભુ પોતાના આચાર્ય પદે સ્થાપન કરશે. તેઓ તમારા બંનેનાં કુળનું પોષણ પોતાની પાસે બોલાવીને કરશે. પોતાની પાસે જ રાખશે. હરિ વિચરણ કરીને ઉપદેશ આપીને અનેક જનોને પોતાના આશ્રિત બનાવશે. અતિશય પ્રતાપને વિસ્તારશે. ચારે ધામની વચમાં અનેક જનોને ઉપદેશ બોધ આપીને એકાંતિક ધર્મના આશ્રિતો કરશે. સુખ આપશે. સાંખ્યયોગના માર્ગને વિચારોને શુદ્ધ કરીને કર્મયોગીજનોને પવિત્ર શુદ્ધ બનાવશે. જ્ઞાનિ બનાવશે તથા જુદા જુદા દેશોમાં અનેક દેવમંદિરો બનાવશે. એમાં સ્વસ્વરૂપની મૂર્તિઓ સ્થાપન કરશે અને લોકોને સુખી કરશે. નરનારાયણદેવ, રાધાકૃષ્ણદેવ, લક્ષ્મીનારાયણદેવની મૂર્તિઓ સ્થાપન કરીને લોકોની પીડાઓ દુઃખો કષ્ટોને હરશે તથા જે ભાવથી પૂજન કરશે. દર્શન કરશે તે જનો પરમ દિવ્યગતિને પામશે.

ઉદ્ધવમતના આશ્રિત વિના બીજાનો મોક્ષ ન થાય. મને ભૃગુનંદન દુર્વાસાનો શાપ છે. તેથી ઉદ્ધવ સંપ્રદાયના આશ્રિતોનો જ ઉદ્ધાર થાય. સ્વામિનારાયણ નામનો જાપ જપાવીને એકાંતિક ભક્ત બનાવીને તે ભક્તોને અંતકાળે દર્શન દેવા આવશે. ઉદ્ધવ મતની મર્યાદા રાખેલી હોય તે મુજબ વર્તનારને પરમ દિવ્યધામ પામશે અને ઉદ્ધવિ સંપ્રદાયને પોતાના ધર્મકુળનો સિકો બનાવીને ધર્મકુળના આશ્રિતનો બોધ બાંધશે એમને જ સાચા કહેશે. ધર્મસહિત આપણું કૂળ તેનો કોઈ જીવ અધર્મ ક્યારેય ન કરે તથા છળ, બળ, કળ, કટપ અત્યારાપણું અને ધનસ્ત્રી અર્થે પણ ક્યારેય ન કરવું. બીજાની સ્ત્રીની સાથે પણ ક્યારેય વિષય વાસનાવાળા ન થવું તથા વિધવાસ્ત્રીનો સ્પર્શ ન કરવો. કોઈ દિવસ કોઈની ઉપર ક્રોધ કરીને લડાઈ ઝઘડો ન કરવો. કોઈ દિવસ કરજ ન કરવું. ક્યારેય કોઈના જામીનગીરી ન કરવી. ભક્તિ વિના ક્યારેય ખોટો સમય ન બગાડવો. સતત નિર્માનિ ભાવથી રહેવું. નીતિમાન રહેવું. હરિના સ્મરણ પરાયણ રહેવું.

અગિયાર પ્રકારના નિયમ ધારણ કરીને રહેવું, વર્તવું, અહિંસામય ધર્મનું પાલન કરવું. ધર્મસર્ગ પ્રમાણે મર્યાદામાં રહીને વર્તવું. આ રીતેનાં મારાં કહેલાં વચનોને ઉરમાં ધારણ કરવાં. આ પ્રકારે ધર્મદેવ પિતાએ પુત્રોને સત્શાસ્ત્રનો ઉપદેશ કર્યો તેની અનુસાર નમ્રતાથી નિર્માનિ ભાવે હાથ જોડીને બંને પુત્રો પિતાને પ્રેમ ભાવનાથી નમ્યા. પ્રણામ કર્યા. અને પિતાનાં વચનો સત્ય જ છે. આમ કહીને હરિની સન્મુખ જઈને

ચરણકમળમાં મસ્તક નમાવીને નમ્યા.

ત્યારે હરિ બંને ભાઈઓને કહેવા લાગ્યા. આ પિતાજીના વચનમાં વિશ્વાસ રાખો. શ્રીનારાયણ પ્રભુનું કાયમ માટે ભજન કરો. તે નારાયણ મારા જીવરૂપે રહેલા છે એમ કહેવાય છે. ત્યાર પછી હરિ પિતા પ્રત્યે કહેવા લાગ્યા. જે એમના હૃદયમાં હતું તે જ હરિએ એમને કહ્યું. એ પ્રમાણે ઇચ્છિત સુખ આપ્યું. ત્યારે ધર્મદેવ કહે, તમારા સ્વરૂપનું મારા હૃદયમાં સતત દર્શન થાય. એવું સુખ આપો. મારી નજરથી દૂર ન થાય. આટલું કહેતાં તો હરિના સ્વરૂપની એકતા થઈ ગઈ. ધર્મદેવ દિવ્ય દષ્ટિવાળા નિરાવણ થઈ ગયા. ભગવાનમાં ઓતપ્રોત થયા. તે જ સમયે ધર્મદેવને આકાશમાર્ગે પાર્ષદો દિવ્યવિમાનો લઈને આવેલ તે દેખાયાં તથા હજારો રથો આવ્યા. તેમાં મુક્તો બેઠેલા હતા તેઓ મોટા જુથમાં ચાલેલા હતા. વિષ્ણુ બ્રહ્મા મહેશ્વર ઈશ્વરો બધાં જ આવેલાં હતા. તે આકાશમાં ચારેબાજુ છવાઈ રહ્યાં હતા. તેથી આકાશમાં મોટો ઉત્સવ થતો હતો. તે શોભતો હતો. તેઓ ધર્મદેવના દિવ્યદેહનાં દર્શન કરવા આવેલા હતા. દિવ્યવર્ણિ વેશ ધારેલા હરિ ધર્મદેવને દર્શન આપતા હતા ને ખૂબ જ શોભતા હતા. શ્રીહરિના સ્વરૂપમાં ધર્મદેવે પોતાની વૃત્તિને જોડી હતી. ધર્મદેવ બ્રહ્મસ્વરૂપે થઈ રહ્યા હતા તે ખૂબ જ શોભતા હતા. બધાને દર્શન રૂપ થતા હતા.

ધર્મદેવ દિવ્યવિમાનોમાં બેસીને તરત જ બ્રહ્મ માહોલમાં પ્રયાણ કરતા હતા. ત્યારે અનંત મુક્તોથી સેવાતા થકા પિતા ધર્મદેવ દેવો મુનિજનોને દર્શન આપતા થકા જતા હતા. ધર્મદેવના દેહનું મૃત્યુ જોઈને બધાં જ માણસો આશ્ચર્યચકિત થયા હતા.

અંતમાં ધર્મદેવના પાર્થિવ શરીરની ઉત્તરક્રિયા રામપ્રતાપે કરી. તેમાં વૈદિક વિધિ અનુસાર એકવાર કરે તો સો સો વાર કર્યા બરોબર ફળ મળે છે. એ રીતે શત ઘણું કરીને ક્રિયા પૂર્ણ કરી સર્વે વિશ્રાંતિ પામ્યા.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં પાંચમો કિશોર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં ધર્મદેવે પુત્રોને ઉપદેશ કર્યો. ત્યાર પછી દિવ્યદેહને ધારીને દિવ્યગતિ કરીને હરિના શરણમાં ગયા એ નામે બારમો તરંગ થયો. ॥૧૨॥**

## ॥ ઈતિ પાંચમું રત્ન પૂર્ણ થયું ॥



## અથ ષષ્ઠ કિશોર રત્ન

# તરંગ-૧

શ્રી નિલકંઠ પ્રભુ સર્વોપરિ મંગલકારક છે. શ્રીનારાયણમુનિ ભગવાન સર્વના મંગળ કર્તા છે. સર્વેને ઉત્કંઠાથી મંગળ કરવા મળ્યા. સર્વનું મંગળ કરનારા ગુણસાગર શ્રી ઘનશ્યામ પ્રભુ છે. જીવોને મંગળ કરવા નિર્મોહી કરીને સંતોને અને જનસમુદાયને ભક્તિમય બનાવીને કામવાસનાઓને બાળીને પંચવિષયને મનમાંથી દૂર કરીને નિષ્ઠાવાન બનાવ્યા.

આનંદરાજા અયોધ્યાપ્રસાદજી મહારાજને કહે છે, હે અવધપ્રસાદજી ! આપ મને છઠ્ઠા રત્નમાં તરંગો પ્રમાણે શ્રી ઘનશ્યામ હરિ વનમાં વિચરણ કરતાં કરતાં ક્યાં ક્યાં ગયા. ક્યાં રોકાણા તે કથા સંક્ષેપમાં પ્રથમ કહો.

અયોધ્યાપ્રસાદજી કહે છે, હે રાજર્ષિ ! તમે ધન્ય છો. તમને રત્ન જેવા જ રૂપ ગુણવાળાં રત્નો કહું છું. તે કથા મારા પિતા પાસેથી મેં સાંભળેલ છે. મારા પિતાએ ધર્મદેવ પાસેથી સાંભળેલ છે. ધર્મદેવે માર્કંડેય મુનિ થકી સાંભળેલ છે તેજ મે સાંભળેલ છે તેને સ્મરણ કરીને કહું છું. તે કથાને કવિતાના રૂપમાં બનાવીને છઠ્ઠા રત્નને તમે ધ્યાન દઈને સાંભળો. તેને પ્રથમ સંક્ષેપ કરીને કહું. પછી વિસ્તારથી સંભળાવીશ. તો પ્રથમ એક એકને ક્રમથી કહું છું તે સાંભળો.

પ્રથમ ઊર્મિમાં શ્રીહરિએ ગૃહનો ત્યાગ કરી વનમાં ગયા. મોટાભાઈ ભાભીએ ખૂબ જ વિલાપ કર્યો. બીજી લહરિમાં સંબંધિજનોએ શોક કર્યો ત્યારે અને હરિના ઐશ્વર્યનું વર્ણન કર્યું અને ત્રીજી લહરિમાં વર્ણિવેશ ધારણ કરીને જતા હરીને દેવોએ વિનંતી કરી. પ્રાર્થના કરી તેનું વર્ણન છે. ચોથા તરંગમાં અસુરોનો નાશ કર્યો તેનું વર્ણન છે તથા વંશિપુર રાજાને આનંદ આપવા ગયા તથા પાંચમામાં હરિએ પંડિતોને જીત્યા. છઠ્ઠા તરંગમાં શ્રીહરિની લીલાનું વર્ણન સાતમા તરંગમાં મુક્તિ પ્રદામાં મોકલ્યા અને બ્રાહ્મણોને ઉગાર્યા તેનું વર્ણન છે. આઠમા અને નવમા તરંગમાં કાળા પર્વત ઉપર ગયા. વનલીલાનું વર્ણન તેમાં કાળભૈરવને હનુમાનજીએ ભગાડ્યો તેનું વર્ણન છે. દશમા તરંગમાં પુલ આશ્રમ ગયા. તપ કર્યું. અગિયારમાં તરંગમાં મહાદત્ત રાજા પાસે ગયા. બારમા તરંગમાં ગોપાળ યોગીને મળ્યા. યોગ સિદ્ધ કર્યો. તેરમા તરંગમાં સિદ્ધ વલ્લભને ત્યાં ગયા. ચૌદમા તરંગમાં પિબેકને માર્યો. પંદરમાં તરંગમાં નવ લખા પર્વત ઉપર નવ લાખ યોગિઓને મળ્યા. બે તરંગમાં પુરુષોત્તમ હરિનું વર્ણન એક તરંગમાં વર્ણન કરીને કન્યાને દર્શન આપી ગયા. તેનું વર્ણન એકમાં શત્રુ ધર્મરાજાને મળ્યા તે ઓગણીસમા તરંગમાં વર્ણન છે. વીસમાં તરંગમાં શ્રી રંગક્ષેત્રનું વર્ણન છે પણ એક સેતુબંધ રામેશ્વરનું તથા એક રાજાના મિત્રનું રક્ષણ કર્યું તેનું વર્ણન છે. કુલગિરિ તથા દક્ષિણનાં તીર્થોનું વર્ણન એક એક લહરિમાં કરેલ છે. એક લહરિમાં બોચાસણ ગમનનું વર્ણન છે. ત્યાર પછી પંચતીર્થિમાં ફરીને લોજપુરમાં આવ્યા. ત્યાં તે સંતોને મળ્યા. તેનાં ચરિત્રો કહ્યાં તથા હરિએ પત્ર લખીને અઠ્ઠયાવીસમાં તરંગમાં કહેલ છે તથા રામાનંદ સ્વામીનો મેળાપ થાયો તે ઉત્સવનું વર્ણન છે. રામાનંદ સ્વામીની સાથે રહ્યા તે પાંચ તરંગથી કહેલ છે.

આજ રીતે શ્રી નીલકંઠ વર્ણિ અલૌકિક ચરિત્ર ઉદાર દિલથી કરતા હતા. હરિ વનમાં વિચરણ કરતા થકા જે જે ચરિત્ર કર્યા તે હું તમને મારા મનમાં વિચાર કરીને તમને કહું છું. આ ચરિત્રોને જ પોતાના મનમાં ગ્રહણ કરે છે એનું ચિંતવન કરે છે. કલ્યાણ કરનાર થાય છે. શ્રી કન્હેપ્રસાદના કુળના કમળકીર્તિ રૂપ શ્રી પુરુષોત્તમ નારાયણ

પ્રગટ પ્રભુ પોતે જ છે. એમના ગુણને ગાવા માટેનાં વનવિચરણનાં જે ચરિત્રો તે મારા હૃદયકમળમાં વાસ કરો.

શ્રી હરિએ જીવો ઉપર કરુણા કરીને અમૃતરસ એવાં ચરિત્રો અવધપુરમાં તથા છપૈયાપુરમાં તથા તરગામમાં કર્યાં તે ચરિત્રો સુખ આપવા માટેનાં, બીજાં જે ચરિત્રો કર્યાં તે ભૂમિ ઉપરના હિમાલયમાં તથા વનવિચરણ કરીને જે કર્યાં તે ઘનશ્યામનાં ચરિત્રો કહું છું વર્ણન કરીને હું.

આનંદસિંહ રાજા કહે, હે વર્ણિવર એ શ્રીહરિનાં વનવિચરણનાં ચરિત્રો મને સંભળાવો. જેનાથી હરિના કરુણાનો રસભરપૂર છે. એમાં કોઈ વિવાદ નથી. એ ચરિત્રો તો ભવસાગરને પાર પમાડીને સ્વરૂપ સુખ આપનારાં છે. રાજા કહે છે, શ્રીહરિ કયા કયા સ્થળે વિચરણ કર્યું. ત્યાં કોને કોને કૃતાર્થ કર્યાં એ સર્વે કથા મને વિસ્તાર કરીને વનવાસની લીલા નવીન નવીન છે તે મને જરૂર સમજાવો.

વર્ણિ કહે છે, હે રાજન ! તમે સાંભળો. ધર્મદેવની ઉત્તરક્રિયા બધી પત્યા પછી બધાં જ આવેલાં લોકો સંબંધીઓ સર્વે ભક્તજનો શ્રી હરિકૃષ્ણ પ્રભુમાં પોતાની વૃત્તિને જોડીને દરરોજ નવો નવો પ્રેમ લાવીને દર્શન કરતાં હતાં. સહજમાં જ પોતાની વૃતિને હરિમાં જોડી રાખતાં હતાં તથા સખાઓ મળીને આવતાં હેતપૂર્વક હરિ આદેશ કરતા તે રીતે વર્તતા હતા. એની ઈચ્છા મુજબ રહેતા હતા. મોટાભાઈ રામપ્રતાપ હરિમાં હેત લાવીને ઘડી ઘડી પૂછતા હતા ત્યારે હરિ મીઠી વાણિથી જવાબ આપતા હતા. સુવાસિનિ હરિમાં પ્રેમ લાવીને એમને નિરખવા માટે ઘડીએ ઘડીએ પાસે બોલાવતાં હતાં. કોઈને કાંઈ વાત પૂછતાં હતાં. નાનાભાઈ ઈચ્છારામ શ્રીહરિમાં ખૂબ જ હેત રાખતા હતા. સુંદરીમામી પૂરણ બ્રહ્મને નિરખી નિરખીને જોતાં હતાં. નાતનાં તથા કુટુંબપરિવારનાં બધાં જ શ્રીહરિને પૂરણ બ્રહ્મ રૂપે દર્શન કરતાં હતાં. તે જ દિવસે દેવોના રાજા ઇંદ્ર, છપૈયાપુરમાં લોકોનો હરિની સાથેનો સ્નેહ જોવા આવ્યા હતા. હરિ વનમાં જવાનું જો નહીં કરો યા વનમાં ન જાય તો અસુરોનું જોર જરૂર વધશે. ત્યારે દેવપતિ હરિનાં દર્શન કરીને ગયા અને પોતાના હિતની ખાતર વિચાર કરતા હતા. હરિના વિયોગના દુઃખથી સત્પુરુષો સજ્જનો અતિ અસમર્થ થશે અને વિરહ દુઃખ સહન નહિ કરી શકે.

તે જ સમયે દેવરાજ જનક રાજાના મહેલ તરફ દોડી ગયા અને પિતા પાસે જઈને અરજ કરી કે હરિ પાસે નારદજીને મોકલવા માટે કાનોકાન વાત કરી દીધી. પિતાજીએ નારદને કહ્યું કે, હે પુત્ર ! આ સંદેશ લઈને પૃથ્વી ઉપર જાવ અને વાત કરો કે ભવનોના ઈશે કહેવરાવેલ છે. દેવો મુનિજનોના સમુદાયનું શ્રાપથી મુક્ત કરવા કાંઈક કરો. એવી વિનંતી છે. તે જ સમયે નારદ મુનિ દર્શન કરવા આવ્યા અને હરિના ચરણકમળનો સ્પર્શ કરી વંદન કર્યા. મુનિએ મગ્ન થઈને બંને નેત્રથી નિરખીને હરિની મૂર્તિને હૃદયમાં ઉતારી લીધી. ત્યારે નારદજીને અતિ આનંદિત મુખવાળા જોઈને પ્રફુલ્લિત થયેલા શરીરવાળા જોઈને નરવીર હરિ કહેવા લાગ્યા કે તમે કયા લોકમાંથી આવો છો ? અને તમે શું ચાહના લઈને આવ્યા છો તે જે કહેવાનું હોય તે કહો, જે જોઈતું હોય તે માંગો. આ રીતે શ્રીહરિએ કહ્યું.

હે પ્રભુ ! હું શું કહું ? આપ બધું જ જાણો છો. લોકોનાં જુદાં જુદાં મન અંતકરણની સર્વ વાતો આપ જાણો છો. દેવો મનુષ્યો મુનિજનો ઈશ્વરોના આપ તો ઈશ્વર સર્વોપરિ છો. તેથી તે બધાં જ આપના ચરણકમળની રજને માથાં ઉપર ધારણ કરે છે. આપનું ભજન કરે છે. આપની મરજીને ક્યારેય કોઈ લોપતા જ નથી. આપતો અનંત કોટિ બ્રહ્માંડોના રક્ષક છો. આપની ઈચ્છા મુજબ બધું થયા કરે છે, તે પછી હું આપને શું કહી શકું ? આપને કહેવા યોગ્ય હું નથી. બંને હાથ જોડીને કહેવા લાગ્યા. હે હરિ ! આપે માતાપિતાનું કલ્યાણ કરીને સારું કર્યું. કેમકે દુર્વાસા મુનિના શ્રાપથી એમને મુક્ત કર્યાં. આ સમે બહુ સારું કર્યું છે. એ હું જાણું છું. ઉદ્ધવ આદિ

મુનિ સમુદાય તથા દેવતાના સમુદાય આપને ધારણ કરતા રહે છે. પ્રાર્થના કરતા રહે છે. તેથી તમે તમારી મરજીથી જ મનુષ્ય સ્વરૂપ ધારીને તે દેવો મુનિજનોનો ઉદ્ધાર કરવા પધાર્યા છો. પિતા બ્રહ્માજીની સાથે દેવરાજ દેવતાઓ બધાનો આ જ મત અભિપ્રાય છે. માટે હે હરિ આપ ઘરનો ત્યાગ કરીને ભૂમંડળમાં વિચરણ કરો ત્યારે જ બધાં કામકાજો થાય. આટલું કહીને ચરણકમળને વંદન કરીને નારદજી પિતાના સત્યલોકમાં ગયા ત્યારે હરિએ વિચાર કર્યો કે જગતને સુખી કરવા માટે પોતાના સંબંધીઓને શોક કરતા કરવા જોઈએ. પરિવારનાં જનો પુરનાં જનો સખાનો સમુદાય સર્વેને મારા બહુ જ હેત છે. માટે દર્શન, સ્પર્શ કરવા. મુખનાં વચનો પ્રમાણે વર્તવું. તે જોઈને જોઈને લોભાઈને રહે છે. આનંદમાં રહે છે. સુવાસિનિ અને સુંદરીમામી તથા હરિના મોટાભાઈ નાનાભાઈ હરિને જમાડીને પછી જ જમે છે અને ભાઈ હરિને માણસ તરીકે નહિ પણ રામપ્રભુ માને છે. હરિમાં વૃત્તિ રાખીને કામ કરતા હોય ત્યારે બે પ્રકારની વૃત્તિ રાખે છે. હરિને સ્મર્યા કરે છે ત્યારે હરિ અતિ વૈરાગ્યના વેગમાં ઉપશમ અવસ્થામાં વર્તાતા હતા. શ્રીહરિ નિત્ય સરયુમાં સ્નાન કરી નિત્યવિધિ કરીને દિવસમાં એક જ વાર ભોજન લેતા હતા. વ્રતો ઉપવાસમાં શરીરને કસતા હતા. ઇંદ્રિયોને દમન કરીને વશમાં લેતા હતા. શરીરનો કોઈની સાથે સ્પર્શ પણ કરતા ન હતા. સ્વચ્છતા જાળવતા હતા. ત્રણ વાર હવન કરી આહુતિઓ અગ્નિમાં આપતા હતા. આ રીતનું નિસ્પ્રેહિ હરિનું વૃત્તાંત જોઈને સંબંધીઓ બધાં જ અનુમાન કરતાં હતાં. હરિને હવે ઘરમાં રહેવાનો વિચાર બહુ જ ઓછો લાગે છે. ઘરનો ત્યાગ કરવાની રીત જણાય છે.

આ રીતે કરતા હતા એમાં જ પોતાના પિતા ધર્મદેવને અક્ષરવાસ થયે કેટલાક માસ વીતી ગયા હતા ત્યારે શ્રીહરિ સ્નાન કરવાના નિમિત્તે સવારમાં પ્રાતઃકાળમાં અવધપુરીથી વનના માર્ગે ચાલતા થઈ ગયા વનના માર્ગે. સંવત અઢારસો ઓગણપચાસની અષાઢ સુદ દશમને શુક્રવારના રોજ સવારના વહેલા એકલા જ કોઈને જાણ કર્યા વગર ગુપ્ત રીતે નહાવના મિષે ઘેરથી ચાલતા થઈ ગયા. ત્યારે સ્નેહભાવવાળાં સુંદરીમામી સુવાસિનિ ભાભીને હરિનાં દર્શન વગર એક ક્ષણ પણ યુગ જેવી લાગતી હતી ત્યારે શ્રીહરિ સ્નાન કરીને હજી કેમ ન આવ્યા. કાયમ વેલા આવે છે. આ જ નિત્ય કર્મ કરવામાં કેમ મોડું થયું ? આટલી બધી વાર કેમ થઈ હશે ? હરિ ઘાટ ઉપર ગયા છે. તેથી હજી કેમ નહીં આવ્યા હોય ? આમ મનમાં મનમાં વિચારતાં હતાં ત્યારે હરિના દર્શન કરવા અનેક સખાઓ હરિને શોધતા શોધતા ત્યાં આવ્યા પણ હરિ ન મળ્યા તેથી ઢીલા થઈ ગયા. સખાઓએ આવીને તરત જ પૂછ્યું કે ઘનશ્યામ ક્યાં છે ? ત્યારે તપાસ કરીને જોયું ન મળ્યા ત્યારે સુવાસિનિએ કહ્યું કે સવારના સ્નાન કરવા ગયા છે પણ હજી  હવે તો બપોરનો સમય થવા આવ્યો. તમે તપાસ કરીને ખબર પહોંચાડો. આમ કહ્યું.

ત્યારે બધા સખાઓ હરિને શોધવા સરયુ કિનારા તરફ દોડતા ગયા. રામઘાટ આવ્યા. ત્યાં ન જોયા એટલે લક્ષ્મણ ઘાટ ઉપર ગયા. ઘાટો ઉપર કુંડો ઉપર તથા નહાવાના સ્થળોએ બધું જોયું પણ બાળકોને ક્યાંય જોવા ન મળ્યા ત્યારે મનમાં વિચારવા લાગ્યા. અત્યાર સુધી ક્યાંય દેખાયા નહિ ત્યારે ક્યાં ગયા હશે ? અત્યાર સુધી શું કર્યું હશે ? દર્શન કરવાનાં બધાં જ સ્થળોએ ખોળ્યા. બધા જ સ્થળોમાં બાળકો જોઈને દૂર સુધી ક્યાંય ન જોયા, એટલે વિરહાતુર થઈને વિલાપ કરવા લાગ્યાં. બધાં જ બાળકોનાં મુખો કરમાઈ ગયાં. આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. મોં બધાનાં સુકાઈ ગયાં. મોટાભાઈ બધાંને જોઈને પૂછે છે શું થયું છે ? તે મને કહો. બધાં જ બાળકોએ મોટાભાઈને ખબર આપી કે અમને પ્રભુ ઘનશ્યામ ક્યાંય ન જડ્યા ત્યારે રામપ્રતાપ સાંભળીને ચમક્યા અને

બોલ્યા કે ભાઈ તમે અમને નોધારા કરી ગયા. ત્યારે રામપ્રતાપે પિતા ધર્મદેવનાં કહેલાં વચનો વિચારીને મનન કરવા લાગ્યા. એટલામાં તારા દેખાવા લાગ્યા ત્યારે સુંદરી ઘનશ્યામનાં દર્શન કરવા આવી ત્યારે બાળકોને આકુળવ્યાકુળ જોયા. રામપ્રતાપને પણ ઉદાસ જોયા. સુંદરી મામીને રામ કહે કે, બાળકો કહે છે. ઘનશ્યામને અમે ક્યાંય ન જોયા. દર્શન સ્થળે પણ નથી. બધેય જોયું. આ રીતે સુવાસિનિ અને સુંદરીના કાને શબ્દ પડ્યા ત્યારે એમને એકદમ મૂર્છા આવી ગઈ અને પ્રાણ વિનાના થાય તેમ બેહોશ થઈ ગયાં. ત્યારે આ ખબર પુરમાં થઈ ગઈ. લોકો કહેવા લાગ્યાં કે ઘનશ્યામ ક્યાંક કહ્યા વગર જ જતા રહ્યા છે. આમ અવધપુર, તરગામ અને છપૈયાને ઉજ્જડ કરીને ગયાં હોય એવું વાતાવરણ થઈ ગયું. બધે જ ગમગીનતા છવાઈ ગઈ. નગરનાં ઘેર ઘેર ફરીને શોધ્યા. તોય હરિ ક્યાંય ન મળ્યા એટલે સરજુના ઘાટ કાંઠા ઉપર બધા મળીને શોધવા ગયા પણ ન મળ્યા. શોધતાં ન મળ્યાં એટલે બધાનાં નેત્રો સંધ્યા સમયે કમળ મુરજાય તેમ આંસુઓથી ભરેલાં ઉદાસ દેખાતાં હતાં. બધાના શ્વાસોચ્છ્વાસમાં નિસાસા મુખમાંથી નીકળતા હતા. બધાંનાં મુખો જેમ પાણી વિના કમળ સુકાય તેમ તરસથી સુકાતાં હતાં. હે સુખના સાગર ! અમારા સારપ્રિય મિત્રભાઈ હે અમારા ! મુનિ સમુદાયમાં વિશેષ પૂજ્ય અમને આપ શોકના સમુદ્રમાં નાંખીને ક્યાં ગાય છો ? બધાં જ લોકો તમારા વિયોગના દુઃખમાં પડ્યા છીએ. આપનાં હૃદયસમાન મનોહર મુખકમળને તથા મર્મથી ભરેલ નેત્રોને કમળનયન ક્યારે જોવા મળે? હે પ્રભુ ! આપના અમૃતસમાન મુખમાંથી વહેતી અમૃત વાણીના પ્રવાહને સાંભળ્યા વગર અમારાં મુખ સાવ સુકાઈ ગયાં છે.

હે પ્રભુ ! હવે તો ભોજન વેળાતો વીતી ગઈ અને અત્યારે તો અવેરા થઈ ગઈ છે. તેથી હે પ્રિય પ્રાણ! સારા જાણનારા આપે. અમારી જડ સ્થિતિ કરી નાંખી છે. હે હરિ ! આપ આવીને અમારી આશાઓને પૂર્ણ કરો. આપ આવીને ઉજાસ ફેલાવો. જેમ મણિ ગયાં પછી મણિધરને મણિ પાછો વળે ને તેજ આવે તેમ અમને તેજ આપો. આપની ચંચલ ચાલ ક્યારે બતાવશો. આપનાં બંને ઉત્તમાંગો જેવાં કે મોટી મસ્તક ઉપરની જટા ધારનારા, પીળી થયેલ ઉપવિત જનોઈને જોઈને આપના ચરણ ક્યારે અમને જોવા મળશે. ભાઈના પ્રેમ વિના સુખ વિના જેમ ખારા સમુદ્રથી ભૂમિ ખારી થઈને સૂકાય તેમ લાગે છે. આંધળો જંગલમાં જાય તો એને કાંઈ ભેદ જણાય જ નહિ. તેને જંગલ કે ખૂલી જગ્યા એક જ સમાન છે. કાંઈ ફાયદો ન થાય જેમ અંધારા કૂવામાં ઉતારીને દોરડું કાપી નાંખે તેને ખેંચે તેમ ભાઈના સહકાર વિના અત્યારે અમે બધાં હાથ વિના કાંઈ ન કરી શકીએ નાથના નાથ વિના અત્યારે અમે બધાં અનાથ થઈ ગયાં છીએ. જેમ માતાપિતા વિના પુત્રીની જેવી સ્થિતિ થાય તથા પિતા વિના નાનાં બાળકોની જેવી સ્થિતિ થાય તેમજ સમુદ્રના મધ્ય ભાગમાં નાવના માલિક વિના જેવી સ્થિતિ થાય, તેવી અત્યારે આપના વિના અમારી સ્થિતિ થઈ છે.

આ રીતે મોટાભાઈ રામપ્રતાપ હરિના વિયોગમાં વિલાપ કરતા હતા ત્યારે શોકસાગરમાં પીડાતા હતા કે કેમ કરીને આ સંસારસાગરને પાર ઉતરાશે. હે પ્રભુ આપના વિનાતો અમને અતિશય પરિતાપ થયા કરે છે તો અમને આપના વિયોગથી બચાવો.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં છટ્ઠા કિશોર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિએ ઘરનો ત્યાગ કર્યો અને વનવાસમાં ગયા ત્યારે મોટાભાઈએ તથા સંબંધીજનોએ વિલાપ કર્યો તેનું વર્ણન નામે પહેલો તરંગ થયો. ॥૧॥**

# તરંગ-૨

રાજા કહે છે, હે વર્ણિ ! મને શ્રીહરિનો ધર્મકુળને વિયોગ થયો. તેની કથા કહો. રામપ્રતાપનાં વેદનાના વચનો તથા નાનાભાઈનાં દુઃખ પૂર્ણ વચનો વર્ણવીને સંભળાવો. ભાઈની પત્ની જે સુવાસિનિ તથા સુંદરીમામી જે છે તે બંને શ્રીહરિના વિયોગથી વિરહ કરતાં હતાં. તેનાં જુદાં જુદાં વર્ણન કરીને મને કહો.

સુવ્રત મુનિ કહે છે — હે રાજન્ ! તમે એકાગ્ર ચિત્ત થઈને સાંભળો. તમે વિરહનાં જે વચનો કહ્યાં તે વિલાપ કરતાં વર્ણન કરું છું તે સાંભળો. સુવાસિનિ અને સુંદરી બંને, સાથે હરિના પ્રતાપને ગાતાં થકાં કહેતાં હતાં. દેવો મુનિજનોનાં દુઃખને દૂર કરવા માટે શ્રીહરિ વનવાસમાં ગયા છે પરંતુ અવધપુરીમાં તો દાવાનળ પ્રગટાવીને નટવર નારાયણ પ્રભુ ધરતી ઉપર વિચરવા ગયા છે. એકાગ્ર વૃત્તિ કરીને કાયમ સેવતાં તોય તમે ક્રૂરતા કરીને ગયા છો. આવું આવું અમે હેતે રાખ્યું છતાં હે બાળપ્રભુ તમે અમારી ઉપર હેત ન રાખ્યું.

અરે અમારાં તો ભાગ્ય જ મંદ થઈ ગયાં છે. કેમકે ધર્મનંદન જન પ્રતિપાળ આજે અમારી પાસે નથી રહ્યા. જેમ મૃગ ઉપર પારધિ તીરનો ઘા કરે તેમ તમે પણ અમારા હૃદય ઉપર મહાભયંકર ઘા કરીને વિયોગ તીરથી વીંધીને ગયા છો. હે હરિ ! આપના મુખકમળનાં દર્શન કરવા રામપ્રતાપ મનમાં જ વિલાપ કરતા હતા. હે હરિકૃષ્ણ પ્રભુ ! હે કૃષ્ણ કૃપાળુ ! હે વર્ણિ, મારા પ્રભુ ! અનેકનાં દુઃખોને હરનારા આપ હે નિલકંઠ ! મારા નાના ભાઈ આપનાં મુખકમળનાં દર્શન ક્યાં કરવા જાવ તેના વિના હું બળું છું. માટે હે ઘનશ્યામ પ્રભુ ! આપતો અનેક ચરિત્રોને કરનારા છો. એટલા માટે હું અત્યારે આપનાં દર્શન વિના વિરહમાં બધાંયેલો છું. આપને સંભારું છું. હે મારા પ્યારા પ્રભુ દર્શન આપો. હે પ્રભુ ! આપ ગયા તોય અમને કાંઈ કહ્યા વગર જ, પોતાની વૃત્તિના વેગમાં સવારે વહેલા ચાલતા થઈ ગયા, પણ સાથે શરીરના પોષણ રક્ષણ માટે પણ કાંઈ વસ્ત્ર કે નિર્વાહનું સાધન ભાતું લઈ ગયા નથી, માટે હે મારા વહાલા પ્રભુ ! આપનો વિયોગ તો ખૂબ જ કષ્ટ આપે છે. આમ કહેતાં કહેતાં તો મોટાભાઈ બેહોશ થઈ ગયા. જેમ મણિધર નાગ પોતાનો મણિ ખોવાઈ જાય ત્યારે બેબાકળો થઈ જાય તેમ મોટાભાઈ થઈ ગયા. દુઃખના દરિયામાં ડુબકાં ખાવા લાગ્યાં પણ એમને ઉગારવા માટે તમારા સ્વરૂપ રૂપી નાવના આશ્રય વિના કોણ ઉધારે તેમ છે.

હરિને શોધતાં સાંજ પડી, દશે દિશાઓમાં તપાસ કરી છતાં હરિ ક્યાંય ન મળ્યા ત્યારે ઘનશ્યામ ઘનશ્યામ કહીને બાગ બગીચાઓમાં બધે ખૂબ જ શોધ્યા પણ ક્યાંય ન જડ્યા. આ બાજુ નાના ભાઈ ઇચ્છારામ પણ નાના બાળસખાઓની સાથે મળીને શોધતા હતા ત્યારે એમનાં મુખમાં પાણી પણ પીવાની હામ ન હતી, તેથી અમારાં મુખ સુકાઈ ગયાં હતાં. આંખોમાં આંસુ વહેતાં હતાં. હરિ અમને ક્યાં મળે. અમને બેહાલ કરીને ક્યાં જતા રહ્યા. સુવાસિનિ મૂર્છામાંથી જાગૃત થયાં અને સુંદરીને જોઈને કહે મારાવાલા ઘનશ્યામ ક્યાં ગયા ? તે તો નદીમાં નહાવા ગયા હતા. ત્યાંથી વનમાં ચાલ્યા ગયા. હવે ક્યાંથી સાંભળે. હે બહેન ! હે સાહેલિ ! આ વાત સાચી જ છે ? તો મારા દિલમાં ખૂબ જ આઘાત લાગે છે. કેમકે તે તો સર્વના જીવનના જીવ છે. સર્વના પ્રાણના પ્રાણ છે. એમનું મુખ કમળ મંગળ કરનારનું દરરોજ દર્શન કરતી હતી. આજે મને ક્યાંથી જોવા મળશે. તે ઘનશ્યામ દરરોજ નદીએ સ્નાન નિત્યવિધિ કરીને આવતા અને આ જગ્યાએ નિત્ય યજ્ઞ કરતા. જગતના ઈશ ત્યાર પછી ભાવથી ભોજન કરતા હું એમને પ્રેમથી બોલાવતી. હે પ્રભુ આવો. આપને ભાવતાં ભોજન જમો. હે મારા નાથ

! આપને જેવો ભાવ હો. એવાં ભોજ આરોગો આમ જમાડતી. આમાં કેમ આજે ઉજડતા આવી ગઈ. મારા કામમાં કાંઈ ચૂક રહી ગઈ. હશે કે શું ? જેથી રીષ કરીને હરિ જતા રહ્યા. અમારી કુલની કલ્પલતાને અમારાં ભાગ્યદાતાએ અમારી ઉપર ક્રૂરતા કરીને તેને કાંપી નાખી દુઃખી કરી નાંખ્યાં.

અરે બહેન ! કાળની ગતિની શું વાત કરું. આ તો પ્રભુ શ્રીહરિનો પ્રેરિત હોય છે. નહિ તો આમ કેમ કરે ? નેત્રરૂપી સરોવરમાં આંસુડાની નદી વહે છે. કાજળ અને કુકુંકમની જ્વાળાઓ ઉછળે છે. માંછલાં રૂપ અમે સુખના સાગરમાં સુખરૂપ મુખચંદ્રને જોઈને ખૂબ જ સુખ લેતાં હતાં પણ આજે અમને કાંઠે કાઢી મૂક્યાં છે. બેહાલ કરીને તમારા કાળે અમને અતિ દુઃખી કરી નાંખ્યાં છે. જેમ તરસના માર્યો પપીહા સ્વાતિના જળ માટે મેઘનાં વાદળો જોઈને આનંદથી નાચી ઊઠે. હમણાં વર્ષશે ને જાણે પાણી મળશે. ત્યાં તો વાયુ આવે ને વાદળાં વિખરાઈ જાય તેમ આજે અમારા પણ એવા જ હાલ કરીને, સુખના સાગરમાં આનંદ કરતાં આજે ગયા તેથી અતિ દુઃખમાં છીએ.

આ રીતે મુખથી બોલતાં હતાં. તેથી મુખના અધરોષ્ઠ સુકાઈ ગયા હતા. કંઠમાંથી ભાંગ્યા તુટ્યા શબ્દો બોલતાં હતાં. કંઠ પણ ગદ્‌ગદ્ થઈ ગયાં હતાં. આ રીતે સુવાસિનિનાં વચનો સાંભળીને પ્રભુ એમના હૃદયકમળમાં પ્રગટ થયાં. દર્શન થયાં ત્યારે કહે તમે કેટલાક સમયથી જતા રહ્યા છો. તેથી હવે હું આપને તેડી લઉં. તો તમે મારી પાસે જ કાયમ રહો આમ કહેતાં હતાં. હરિ આપ અહીંથી ગયા પણ આપને આ પૃથ્વી તળ ખૂબ જ કઠણ છે. આપનું શરીર તો અતિ કોમળ છે. આપનાં ચરણકમળને જ્યાં સ્થાપો ત્યાં કલ્યાણકારક વાતાવરણ થઈ જાય પણ કાંકરા કાંટા પ્રભુને ન લાગે. આવું તો બનવું અતિ કઠણ છે. જો આવું થાય તો તો ભૂમિનાં મહાન ભાગ્ય જ જાગ્યાં ગણાય. અમે પણ તમારી સાથે આવીએ. આપ તો સ્વતંત્ર સુખવાળા છો. સુખના સાગર ખૂબ જ હોંશિયાર છો. કેમકે આપ વનમાં ગયા તોય સહેજે પણ જણાવા ન દીધું. ઠંડી ગરમી વરસાદ ત્રણે કાળમાં બધું જ વાતાવરણ હરિ ઉપર અનુકૂળ થાય. એતો પ્રભુની કૃપા જ છે. નખ વિગેરેના ભય બતાવનારાં જંતુ-પ્રાણીઓ તો હરિમાં હેત કરીને પોતાનો કલ્યાણનો માર્ગ મેળવશે.

હે નદીઓ ! સરોવરો ! તીર્થો ! તમે પણ કલ્યાણ કરનારાં છો. કેમકે તમારી ઉપર તો અમારા પ્રભુ આજે વિચરણ કરવા આવ્યા છે. તેથી તમે ભાગ્યવાળાં છો. ગંગા સિવાય બીજાં બધાં તીર્થો સાદાં છે. ગગામાં તો ઉદ્ધાર કરવાની શક્તિ છે. બીજાં બધાં તીર્થોમાં અધર્મ રહેલો છે. તેને ટાળવા માટે પધાર્યા છે. પોતાના સામર્થ્યથી શુદ્ધ કરશે. સુંદરીમામી કહે છે, પ્રભુ વિનાનું તો જગત આખુ ઘરો ભોગો બધાં જ અસુંદર (ભૂડાંજ) છે. ભૂષણ દૂષણ બધું જ દુઃખ ઉપજાવનારું છે. રોગવાળાને મિષ્ટ અનાજ જમાડે તો એ તૃપ્તિ ન થાય. પરંતુ પિડા કરે. હરિ વિનાનાં ઘરો બધાં જ અંધારા કૂવા જેવાં છે. તેથી ત્યાં રાતદિવસ કેવી રીતે પૂરાં થાય.? કેમ વીતે ?અત્યારે અમારે તો ખૂબ જ કઠિન કાળ છે. કેમકે હરિનાં દર્શન નથી. ક્યારે હું હરિને દેખું સુખદેણના કેમ કરીને દર્શન કરું એ જ શંકા છે. હરિના વિયોગમાં ઇચ્છારામ તો ખૂબ રૂવે છે. મારા પ્રાણથી પ્યારા મોટાભાઈ પ્રભુ ક્યાં જતા રહ્યા. આમ રોતા હતા ત્યારે સુંદરીમામી ધીરજ ધરીને ત્યાં આવીને ઇચ્છારામને ધીરજ ધરાવી છાના રાખ્યા. ફરી પાછા સુવાસિનિને મધુર વાણીથી કહેવા લાગ્યાં. હે શયાનિ ! આપણી તો ખબર હરિ જ રાખનારા છે. તેથી તો એ જરૂર વાટમાંથી પાછા આવશે. એમના મનમાં હશે ત્યાં નક્કી કરીને રહેવાના જ છે. એમને જ્યાં અનુકૂળ હશે ત્યાં રહેશે. ભગવાન તો ભક્તવત્સલ કહેવાય છે. લોકોની ઇચ્છાઓને પૂરી કરવા રહે.

ધર્મદેવનાં કહેલાં વચનો યાદ કરો. તે તો સદાય સત્યજ બોલનારા છે. એમનાં કહેલાં વચનોને સુખદાઈ હરિ સત્ય કરનારા જ છે.

આ રીતે ચર્ચા કરતાં સાંજ પડવા આવી. તેને કેવળ એક પ્રહર જ બાકી હતો. ત્યારે બધાં જ લોકો શોધવા ગયાં હતાં. તેઓ પાછાં આવ્યાં. રામપ્રતાપ પણ તે જ સમયે આવ્યા પણ એમને પ્રભુ મળ્યા વગર ધીરજ ન રહી. પછી રામપ્રતાપ પ્રભુના મહાત્મ્યનો મનમાં જ વિચાર કરવા લાગ્યા. ત્યારે શોકસાગરમાં ડુબતાં કાંઈક સાધારણ આધાર રહેવા લાગ્યો. ભાઈ ! હરિની મહાત્મ્યયુક્ત મૂર્તિનું હૃદયમાં ધ્યાન ધરવા લાગ્યા અને એમના ઐશ્વર્ય પ્રતાપનો આશ્રય લઈને, સ્મરણ કરતા થકા અમોલ બોલ બોલવા લાગ્યા. જેના ભાગ્યનો ઉદય થાય તેમણે પુણ્યવાળા જનોને અનંત જગતના નાથનાં દર્શન થયાં હોય તેની દૃષ્ટિમાં દેખાયા ત્યારે કહે, હે હરિ ! હવે વિધિ કરવામાં કે અવરોધ કર્યો. સર્વોપરિ સર્વાત્મા પૂરાણ પુરુષોતમ એવા આપ તો મારા ભાઈ છો. તે વિના તો હું આપને કેવી રીતે ઓળખું. એ વિના નથી ઓળખતો. હે પુરુષોત્તમ નારાયણ પરબ્રહ્મપરાયણ તમે તો તમારી રૂચિ પ્રમાણે તમે કરીને બધાને બતાવ્યું. એક કહેવત એક જ છે જે અનંતને માટે લાગે છે. એમના જેવા એકની કહેવત છે. જે અનંતના ચિત્તમાં યોગ કળા કરીને હરિએ જે રીત બતાવી છે. તેનાથી અનંત અનંત કહેવતો થાય છે. તેનો અંત આવતો જ નથી. તમે એને મળો તોય એ તો ન આવે, એવા અવતારના અવતારી બધાની ઉપર ધ્યાન રાખે. અવતારો શરીર ધારીને ધ્યાન રાખે.

અક્ષર બ્રહ્મ અનંત યોગ કળા કરીને અવતાર ધરીને નટવરના કહેવા પ્રમાણે રહ્યા છે. ચતુર્વ્યૂહ સ્વરૂપોની અનંત ઉપાસના કરે છે. તે તો આગમનિગમથી પર છે. એમણે અનેક વખત અનંત અવતારો ધર્યા છે તે તો તમારા જ છે. તમારા શરીરના રોમેરોમ એક જ છે. અનંત વખત મહાપુરુષોનો મહાકાળનાં લક્ષમાં આવીને અનેક વખત લય થયો છે. એટલા માટે આપને સર્વકારણના કારણ સર્વની ઉપર જ માનીએ છીએ. આ રીતે મોટાભાઈ રામપ્રતાપ કહેતા કે મારા ભાઈ તે જ પોતે સહજાનંદ સ્વામી છે. એ પ્રમાણે સૌ જાણજો. આપ તો અતિશય સ્વતંત્ર છો. આપની ઈચ્છામાં આવે તેમ કરવા માટે સમર્થ છો. એ તે અમે જાણીએ છીએ. તે છતાં આપ એ સામર્થ્યને ઢાંકીને રહો છો. આમ સાવ સરલ શાણા દેખાઓ છો. હવે આપણે બધાં કેવી રીતે ભેળા થઈશું. કેમકે તમારી ઈચ્છા પ્રમાણે જ બધું થાય છે. અમારું બળ તો કાંઈ કામ આવતું જ નથી એ અમે જાણીએ છીએ. ત્યાર પછી રામપ્રતાપે સેવકોને આદેશ આપ્યો કે બધી દિશાઓમાંથી જ્યાં ઘનશ્યામ હોય ત્યાંથી શોધીને અહીં જલદીથી લઈને આવો. પુર ગામનાં લોકો વિચારતાં હતાં કે હરિ વનમાં ગયા છે. તે ફરી પાછા તો આવશે જ. એ તો મહા જ્ઞાનનો સાગર, ક્યારેય કોઈનું સાંભળે જ નહિ એવા છે.

ત્યારે જ્ઞાતિના વૃદ્ધો વડીલો મળીને આવ્યા. કહે હે ભાઈ તમે ભોજન જમી લો. હરિતો થોડા દિવસમાં પાછા આવશે જ. હરિ માટે અનાજનો ત્યાગ ન કરાય. નાનાભાઈ ઈચ્છારામને ભૂખ્યા જોઈને સુંદરીમામીએ રસોઈ કરીને નાનાભાઈ ઈચ્છારામને જમાડ્યા, પણ બીજા કોઈ તે દિવસે ન જમ્યા. સુવાસિનિ તથા સુંદરીએ તે દિવસે કોઈએ અન્ન ન ખાધું. કરુણ રસની સાથે કૃપાળુપણું તન, મન, ધન બધુ જ વનમાં લઈને ચાલ્યાં ગયાં હોય તેમ લાગતું હતું. એ વખતે શરીર થર થર કંપતાં હતાં. જીવમાં સહેજ પણ જંપ નહોતો ત્યારે રાત્રે શયન કરવાનું પણ કઠણ હતું. કેમકે ઘનશ્યામ વિના શાન્તિ ન હતી વૃતિ તેથી શરીરમાંથી પ્રાણ અકળાતો હતો. આખી રાત વિલાપથી યુગ જેવી લાંબી થઈ ગઈ. વિલાપ કરતાં કરતાં પ્રભાત થઈ ગયું. શ્રવણ કરીને ભાઈને ઊઠીને

સ્નાન નિત્યવિધિ કરવા ગયા. સ્નાન કરી નિત્યવિધિ કરીને કાંઈક ભોજન કર્યું. ત્યાર પછી મંદિરોના દર્શન કરવા ગયા. દેવનાં દર્શન કરી ફરી હરિને શોધવા લાગ્યા. ત્યારે જ્ઞાતિનાં વૃદ્ધા સ્ત્રીઓ આવીને સુવાસિનિને ધીરજ આપી હરિતો તિરથ કરીને કાલ પરમ દિવસે આવશે જ. માટે અધિરા થયા વગર જમો. ત્યારે ભાઈઓની સાથે સુંદરી જમ્યાં. પછી સુવાસિનિ જમ્યાં. આ રીતે શ્રીહરિને સંભારતાં થકાં દિવસો વિતાવતાં હતાં.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં છટ્ઠા કિશોર રત્નમાં સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રી હરિવનમાં ગયા ત્યારે સંબંધીજનોએ શોક કર્યો એનું વર્ણન કર્યું. એ નામે બીજો તરંગ થયો. ॥૨॥**

# તરંગ-૩

રાજા કહે છે, હે મુનિરાય ! હરિ ઘેરથી નીકળ્યા ત્યારે વર્ણિવેશ ધરીને સરજુ નદિને કેવી રીતે ઉતર્યા ? વનમાં ગયા ત્યાં ભોજન શું કર્યું ? આ બધું વર્ણન મને સંભળાવો. મારે જાણવું છે. વર્ણિ કહે છે એ રાજન્ ! શ્રીહરિ ઘેરથી ઉત્તર દિશા તરફ ચાલતા થયા અને એકલા જ સરયુ નદીના કાંઠે આવ્યા. ત્યારે પ્રથમ સ્નાનવિધિ કર્યાં. ત્યાર પછી ઘનશ્યામ પ્રભુએ નિત્યવિધિ કરીને વિષ્ણુ ભગવાનને નવરાવ્યા ખૂબ જ સુખ પામ્યા. ત્યાર પછી ચંદનની અર્ચના કરીને મંજરી તુલસીપત્ર વિગરે ચડાવ્યાં. નૈવેદ્ય ધરાવ્યાં. ત્યાર પછી વિષ્ણુ શાલિગ્રામને ડબામાં બેસાર્યા. કપડે બાંધી ગળે બાધ્યા અને હરિ ચાલવા તૈયાર થયા. શ્રી ઘનશ્યામે ચાર વાગે નિત્યવિધિ કરીને પરવાર્યા કેમકે પુરનાં જનો જોઈ ન જાય તે ભીતીથી વહેલા પરવાર્યા. મુનિરાય પ્રભુ તૈયાર થઈને વહાણની વાટ જોતા હતા. ત્યાં કોઈક આવ્યું એમ જ જણાણું, એટલે જો કોઈ આવે તો દેખે નહિ એ રીતે શ્રીહરિએ પોતાની યોગકળાને અજમાવી.

તે સમયની વાત તો હું શું કહું. તે તો વર્ણિવેશ ધારીને રહ્યા તે તો અલૌકિક વાત જ છે. તેની શોભાતો કાંઈ વર્ણન કરીને કહેવાય તેવી છે જ નહિ એવી અદ્ભૂતતા હતી. એ વિમૂર્તિને હે નરેશ ! જે ઉરમાં ધારે તે તો પૂર્ણ કામ થઈ જાય. વર્ણિન્દ્રનો વેશ ધારેલા વિશ્વના નિવાસરૂપ એવા, શ્રીહરિએ, બ્રહ્મસૂત્ર જનોઈ પિળાકલરની ધારેલી તે વીજળી જેવી લાગતી હતી. કંઠમાં બે સેરની તુલસીની કંઠી ધારેલી, મુંજની મેખલાને કટિભાગમાં ધારેલી તથા લલાટમાં ઉર્ધ્વપુંડ્ર તિલક કરેલ તે વિશાળ ભાલમાં શોભતું હતું. વચમાં ગોળ ચંદ્રમાના આકારનો કુંકુમનો મોટો લાલ લાલ ચાંદલો કરેલો શોભતો હતાં. મસ્તક ઉપર મુગટ સમાન જટાના જુથને બાંધેલો હતો. તે શોભતો હતો. કાંઈક પંચ વિષયની ઉપર કોય કરતા હોય તેમ મૃગચર્મના મોટા આસનને ધારણ કરેલું તથા એક વસ્ત્રનાં ટુકડાને જળ ગાળવાં માટે સાથે રાખેલું. હાથમાં કમંડળુ ધારણ ધારેલું અને કેસુડાનો દંડ ધારેલો બીજા હાથમાં જપ માળાને ધારણ કરેલી તથા ભિક્ષા માટે ભિક્ષાપાત્રને કપડાંની ઝોળીમાં રાખેલ, તે ખભા ઉપર રાખેલી શાલિગ્રામના બટવામાં બાલમુકુંદને પધરાવ્યા, અને તેને વસ્ત્રના ટુકડામાં બાંધીને ગોપાળને ગળે બાધીને ધાર્યા. ચાર શાસ્ત્રના સારનો ગુટકો (લઘુ પુસ્તકને) રૂમાલમાં બાંધીને શ્રીહરિએ પોતાના ખભે બાંધ્યો.

ત્યાં એકક્ષણ થોભી નિલકંઠ પ્રભુ નૌકાની રાહ જોઉં તો લોકો જોઈ જવાનો ભય હતો, તેથી તરીને નદી ઉતરવા માટેનો વિચાર કરી નિલકંઠ પ્રભુ પોતાના બાહુ બળથી જ ઉતરતા હતા. ત્યારે નદી કહે મારાં ભાગ્ય આજે ઉઘડ્યાં છે તેથી તે પ્રેમથી હરિના ચરણનો સ્પર્શ કરતી હતી. જળ આગળ આગળ ઉછળતું જતું હતું.

તેનાથી ફીણનો મોટો સમુહ ભેગો થયો. અતિ પૂરના વેગમાં ઘસરાવતી જતી હતી. પાણી ઉછાળીને હરિને ડુબાવવા મથતી હોય ને શું ? એ રીતે લોઢ ઉઠતા હતા તે પુરમાં મોટાં મોટાં વૃક્ષો તણાઈને જતાં હતાં ત્યારે તેનો મોટો ઘોર અવાજ થતો હતો તે ભયંકર લાગતો હતો. પાણી જોઈને અતિબળ કરીને કળ કરીને શબાસન કરિને જળમાં તરીને જતા હતા. જળને કાપતા હતા ત્યારે નદી પ્રત્યક્ષ આવીને કહે, હે વર્ણિંદ્ર ! તમારી મરજી જો હોય તો હું હાજર ભાવવાળી તૈયાર છું.

હે વર્ણિન્દ્ર ! તમને તેડીને સામા પાર લઈ જાઉં ત્યારે હરિની મર્જિ સરજુ નદી જાણી ગઈ તેથી હરિ થોડીક જ વારમાં પાર ઉતરવા આવ્યા. ત્યારે છ ઘડી થઈ હતી અને ત્રણ યોજન (બાર ગાઉ) ઉત્તરના તીરે જઈને ઉતરાર્યાં. થાક દૂર કરવા બે ઘડી ત્યાં રોકાયા પછી ચાલતા થયા. અનંત જીવોના દુઃખોને હરવા જતા હતા. ચાલતા થકા એકપુર આવ્યું, તે અતિ સુંદર પવિત્ર હતું. તેમાં સારાં પવિત્ર લોકો રહેતાં હતાં ત્યાં નજીકમાં જ પુરનો દરવાજો હતો. તેની નજીકમાં હલવાઈ (કાંદોઈ)ની માર્ગમાં જ દુકાન હતી. ત્યાં હરિ આવતા હતા. ત્યારે હરિને જોઈને બધાનાં મન ખેંચાતાં હતાં. જોઈને ચકિત થતાં હતાં. હરિની આકૃતિ અદ્‌ભૂત જોઈને એમના મનમાં અતિપ્રેમ ઉપજતો હતો. લોકો માનપૂર્વક જોતાં હતાં. વર્ણિન્દ્ર આવતા હતા ત્યારે હલવાઈની માતા હરિનાં સુંદર સ્વરૂપને જોઈને કહે, ઉંમર નાની છે. એવા બટુક બ્રહ્મચારીને પોતાની હાટ નજીક આવતા જોઈને આવતાંવેંત જ કહે, હે વર્ણિન્દ્ર આપને રાત અહીં રહેવું છે ?

પૂછવા લાગી કે આપ અત્યારે ક્યાંથી તરીને આવ્યાં ? નદીમાં ચાલીને અવાય એવો કોઈ રસ્તો તો છે નહીં ! અને સરજુ નદી તો ભરપૂર વહે છે. તે છતાં જો તરીને આવ્યા હો તો તમારાં વસ્ત્રો તો પલળેલા નથી તમે દેવ લાગો છો તેથી તમારો આ ચમત્કાર જ છે. ત્યારે હરિ કહે, અમે તર્યા વિના જ જળ ઉતરીને આવ્યા છીએ ત્યારે હલવાઈની માતા કહે, તમે ક્યાં ખાધું ? ક્યાં પાણી પીધું ? પાણિ તો અગાધ છે તેની ઉપર ચાલીને આવ્યા હો તો મહા આશ્ચર્ય કહેવાય, ત્યારે હલવાઈની માતાએ ટોપલીમાં મિઠાઈઓ ભરીને આપી કહે  લ્યો આ ભોજન કરો. હે બાળક ! તમે મનમાં કાંઈ સંકોચ ન લાવશો. ત્યારે વર્ણીએ બાલમુકુંદ ભગવાનને થાળ ધરાવ્યો. જમાડીને જળપાન કરાવીને પોઢાડી દીધા. ત્યાર પછી પોતાને અનુકૂળ ભોજન કરીને મુનિરાયે જળપાન કરીને સંતોષ પામ્યા.

ત્યારે વર્ણિને તે હલવાઈના પુત્ર અને માતા બંને કહે, હે દયાળુ આપ રાત આ જગ્યાએ રોકાઈને વિતાવો. આજે તમારા માતાપિતા ભાઈ ભોજાઈ આ બધાં તમારી વાટ જોતાં હશે તમને ક્યાંક શોધતાં હશે. હરિ કહે અમારે આ જગમાં કોઈ માતાપિતા છે નહિ અને અમે તો કાયમ એકલા જ સ્વતંત્ર રહેનારા છીએ.હલવાઈની માતા કહે અહો ! તમારી ઉંમર તો ખૂબ નાની છે અને વચનો તો બહુ જ બોધ ભરેલાં કહો છો તે વચનો સાંભળીને મનમાં ખૂબ જ દયાનો ભાવ આવે છે. આ રીતે શ્રીહરિએ દર્શન ઉપદેશ આપીને હલવાઈને કૃતાર્થ કરી નાંખ્યો. રાત પડી ગઈ એટલે હલવાઈ અને એની માતા બધાં ઘેર ગયાં અને હરિ નિલકંઠ પ્રભુ એકલા જ રહ્યા. આ બાજુ હરિએ મૃગચર્મને પાથરીને તેની ઉપર સ્વસ્તિક આસન બાંધીને બેઠા ત્યારે તે જ સમયે દેવમુનિજનો, ત્રણે લોકમાંથી ત્યાં હરિનાં દર્શન કરવા આવ્યાં. દેવો કહે છે હે હરિ ! સર્વ ગુણોના ખાણરૂપ છો. અમે બધાં જ તમારા દર્શન કરીને ઇચ્છિત જનોના ઉદ્ધાર કરવા માટે, વિનંતી કરવા આવ્યા છીએ. હે વર્ણિન્દ્ર આપ વનમાં વિચરણ કરીને પૃથ્વી ઉપરના અધર્મને દૂર કરી સધર્મની સ્થાપના કરો અને તીર્થસ્થળોમાં રહેલા

અસુર રાજાઓને તમારા બુદ્ધિ બળથી નાશ કરો. આપને વિનંતી કરીએ છીએ.

દેવોસ્તુતિ કરે છે, હે વર્ણિ! આપ તો અધર્મનો નાશ કરનારા છો. જગતને આનંદ આપનારા છો. મનુષ્યોને સાચા ધર્મમાં રાખનારા છો. સર્વને આનંદ આપનારા આપ જ છો. આપનાં ચરણકમળને ચંદનથી અર્ચના કરીએ છીએ. આપને અમો વંદન કરીએ છીએ. શરણમાં આવેલાને સારી રીતે સુખ આપનારા છો. દુઃખોને હરિ લ્યો છો. પાપી દોષોવાળાને દંડ આપનારા છો. ખળનો નાશ કરનારા, પાપને બાળનારા, જનોને નિષ્પાપ કરનારા આપ જ છો. ભૂમંડળને પવિત્ર કરનારા છો. પાખંડીના ભેદને તોડનારા છો. વિગ્રહ પાડનારને જોડનારા છો. દોષનાં છિદ્રોને પૂરનારા છો. સર્વના છેલ છોગાળા છો. માનને તોડનારા છો. માનીને સુંદર નિર્માનિ કરનારા છો. સર્વને એક કરનારા છો. ક્રોધિ અને અહંકારીને શાંત કરનારા છો, વર્ણશંકરના ભયંકર વેશ બનાવનારાના ઘમંડને હરનારા છો. જગતમાં જયજયકાર કરનારા છો. દેવોને તથા સૂર્યને આપ પ્રકાશનારા છો. તમારો સંગ કરનારના શોકને હરનારા છો. સિદ્ધોમાં સ્વતંત્ર છો. બધાના મનના ભેદને જાણો છો. એને યોગ્ય સુખદુઃખ આપો છો. ભૂમિસર્ગનાં વનનાં પશુ, પક્ષી અને જીવોનાં, જળનાં, સ્થળનાં આજે ભાગ્ય જાગ્યા છે. જેથી આપ જયાં ચરણ સ્થાપો છો. ત્યાં જરૂર મંગળમય થાય છે. મંગળ મૂરતિ સર્વનું મંગળ કરનાર છે. સર્વે જંગલો જંગલનાં જીવોનું મંગળ થવાનું જ છે. જેનાં ભાગ્ય ઉગાડ્યાં હશે તેને ભગવાનમાં અનુરાગ જાગશે, તે હરિનાં દર્શન કરીને મુક્તિ પામશે. સદાય સુખમાં રહેશે.

આવેલ બધાં જ દેવો મુનિજનોને પ્રભુ કહેતા હતા કે તમે સર્વે પોતપોતાને સ્થાને જાઓ. ત્યારે સર્વે દેવો હરિ ઉપર પુષ્પનો વરસાદ કરીને, નમન કરીને હર્ષ પામતા થકા વિમાનમાં બેસીને જતા હતા. ત્યારે હરિ વામપાહ થઈને પોઢી ગયા. હાથનું ઓશિકું કરીને સુતા, તેજ સમયે હરિની મૂરતિ શયનમાં જોવા માટે શંકર ભગવાન છુપી રીતે ત્યાં રોકાયા. હરિએ એક હસ્ત કમળ ઉપર મસ્તક રાખ્યું. એક કમળકરથી મુખકમળને ઢાંકીને પોઢતા યોગનિદ્રામાં ગયા. આ રીતે પ્રભુના પોઢવાની છબિનાં દર્શન કરીને શિવપ્રભુને પોતાના હૃદયમાં વંદન કરીને પોતાના સ્થાને હરિનું સ્મરણ કરતા કરતા ગયા. આ રીતે શ્રીહરિના વનવિચરણની પ્રથમ દિવસની ચરિત્રની કથાને દેવો મુનિજનો ગાયકો બીજાને સંભળાવે છે. અને ચરિત્રનું સ્મરણ કરે છે તેને હરિમાં વૃત્તિ જોડાય છે. હરિની મૂર્તિ એના મનમાં સ્થિર થાય છે.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં છટ્ઠા કિશોર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય બ્રહ્મચારી વૈષ્ણવાનંદે રચેલ છંદભાષામાં શ્રીહરિ વનમાં વિચરણ કરવા ગયા ત્યારે દેવો તથા મુનિજનોએ સ્તુતિ કરી એ નામે ત્રીજો તરંગ થયો. ॥૩॥**

# તરંગ-૪

આનંદભાઈ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી ! આપ મને શ્રીહરિ સરયુ નદીમાં કેમ પડીને વહેવા લાગ્યા. કેમ મહાદુષ્ટ અસુરનો ઉદ્ધાર કર્યો તથા બંશિપુરના રાજા આવ્યા તોય હરિ એના મહેલ તરફ કેમ ન ગયા. એ બધી જ કથા મને સંભળાવો.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદરાજા ! તમેં પૂછેલા પ્રશ્નો બહુ સુંદર છે. શ્રીહરિની લીલા ખૂબ જ પવિત્ર છે. તેને સાંભળવાથી દિલમાં સુખ ઉપજે છે એની મનોવૃત્તિ ધર્મજ્ઞાન તરફ ખેંચાય છે. એ રીતે જીવ નિર્મળ બને છે. જ્યારે હરિ ઘેરથી નીકળી ચાલતા થયા ત્યારે સવારે વહેલા ચાલીને દૂર જતા રહ્યા. ચાલતાં આગળ પાણી આવ્યું. તેમાં સ્નાન કરીને નિત્યવિધિ કરીને બટુક બ્રહ્મચારી ચાલતા થયા.

જ્યારે વર્ણિ ચાલતા થકા અતિ ઘાટા વનના માર્ગ ઉપર આવ્યા ત્યારે ભિલની અને ફળો માટે ફરતાં હતાં ત્યારે એમણે બાલબટુક બ્રહ્મચારીને જોયા અને એમને મનમાં દયા ઉત્પન્ન થઈ એટલે એમણે હરિને સુંદર ફળો આપ્યાં. મનમાં રાજી થયાં. કહે, અરે બાલબટુક તમારાં ચરણો તો અતિ કોમળ છે અને વનના માર્ગની ભૂમિ તો અતિ કઠણ છે. એની ઉપર ચાલવું કઠણ પડશે ત્યારે હરિ પોતાની વૃત્તિના વેગમાં ચાલ્યા જતા હતા. અહર્નિશ ઉત્તમ કુળમાં પ્રગટ થયેલા તે તો જીવોને તારવા માટે જ પ્રગટ્યા. તે દિવસે ચાલીને રાત વનમાં જ વીતાવી. જ્યારે પ્રભાત સમય થયો. ત્યારે સ્નાનવિધિ કર્યા. નિત્યવિધિ કરીને તે ફળોને પ્રભુને જમાડી આરોગ્યાં. ત્યાર પછી વેગથી આગળ ચાલવા માટે મનમાં નિર્ણય કર્યો. શ્રીહરિ ત્રીજા પહોર સુધી ચાલતા જ રહ્યા ત્યારે અતિ ઉજ્જડ જંગલ આવ્યું. તે અરણ્યમાં મોટી નદી વહેતી હતી. તેમાં અતિશય પૂર આવેલું હતું. તેથી કોઈ ઉતરીને પાર જઈ શકે તેમ ન હતું.

શ્રીહરિએ નદીનાં વેગનાં તરંગો તથા ઊંડા જળના ખાડા તેમાં મહાભયંકર ભમરીયું થતી હતી. તે જોઈને તેમજ પાણીના મોટા ઉછાળા ઉડતા હતા તોય પ્રભુ તો એમાં પ્રયાણ કરીને ચાલતા જ થયા. તે નદીનો કાંઠો અતિશય ઊંચો હતો અને એનું પાણી બહુ નીચેથી વહેતું હતું ત્યારે હરિએ તટ ઉપર ઠેક મારીને ઉતર્યા, ત્યારે નદી કહે હરિને હું જવા નહીં દઉં. માટે હે પ્રભુ ! આપ આજ મારી પાસે જ વિતાવો. ત્યારે તે જળમાં ઘુમરિયો થવા લાગી. પાણી ઊંચા ઉછાળા મારવા લાગ્યાં અને હરિને કિનારા ઉપર લઈ લીધા હરિએ ફરીથી ઠેક મારીને જળમાં પડ્યા ત્યારે નાવડાંની માફક હરિને નદીએ તેડી લીધા. ત્યારે પાણીમાં વહેવા માટે પ્રભુ ત્રીજી વાર પડ્યા પણ નદીએ હરિને કિનારા ઉપર લઈ લીધા ત્યારે સવારનો સમય થઈ ગયો હતો હરિએ સામાન્ય રીતે પ્રારબ્ધ કર્મ અનુસાર આ કર્મ થયું એમ નિર્ણય કર્યો. ત્યાં વર્ણિએ નજીકમાં જ એક મોટાં વડનાં વૃક્ષને જોયું. હરિ તેની નીચે જઈને શાંતિથી બેઠા, અતિ પ્રાચીન વૃક્ષમાં કાંઈક પળ સુધી સ્વસ્તિક પદ્માસન વાળીને બેઠા. સ્વસ્થ થયા. દિવસનો અંત આવ્યો. સૂર્યનારાયણ અસ્ત થયા. સંધ્યાકાળ શોભવા લાગ્યો. તે જ સમયે બટુક બ્રહ્મચારીના શરીરમાંથી તેજ છુટવા લાગ્યું. જનોનું મંગળ કરવા તથા જીવોનાં દિલને શુદ્ધ કરવા સનકાદિકોની મૂર્તિ વિચરતી થકી ત્યાં આવી હતી.

તે જ સમયે ચાર સનકાદિકો અને શિવજી હરિનું ધ્યાન ધરીને હરિની મૂર્તિને ધારીને આવ્યા. દર્શન કરીને રાજી થયા. સનકાદિક અને શિવના રૂપને જોઈને બટુક બ્રહ્મચારી કાંઈ ન બોલ્યા. કાંઈ ન કહ્યું. ત્યારે તેઓ પ્રભુનાં

દર્શન કરીને, હરિનો સ્પર્શ કરીને, હરિને હૃદયમાં ધારણ કરીને હર્ષ પામતા થકા ગયા. એક પ્રહર રાતનો સમય ગયો ત્યારે પ્રભુ સમયની અનુકૂળતાએ ધ્યાનાવસ્થામાંથી કાંઈક બહાર આવ્યા. ત્યારે ત્યાં ઉત્પાત થવા લાગ્યો. એ વડના ઓટાની અંદર એકમહા મોટો ભૂત રહેતો હતો. તે હરિને ડરાવવા માટે શબ્દો બોલતો હતો. દોડાદોડ કરતો હતો. અનેક રાજાઓનાં જેવાં રૂપોને ધારણ કરતો હતો.

ત્યારે તે ભૂતના રાજા પ્રત્યે બાળ બટુક પ્રભુ કહેવા લાગ્યા. અત્યારે તું કેમ તોફાન કરે છે ? તું મારી નજીક આવ. તારી તોફાનની ખબર લઈ લઉં. તને સાચો માર્ગ બતાવું. તારું તોફાન બંધ કરી દઉં. આમ કહીને પાસે બોલાવ્યો. આ રીતે હરિનો પ્રતાપ જોઈને તે ભૂતપતિ કહેવા લાગ્યો. હવે હું કાંઈ તોફાન નહીં કરું. હે ઈશના ઈશ ! આપતો અતિ ઐશ્વર્ય પ્રતાપવાળા છો. બધાનાં નિયંતા આપ છો. કેમકે આપને હમણાં જ સનકાદિકો અને શિવજી વંદન કરીને ચરણ સ્પર્શ કરીને ગયા છે. પણ અમારા પતિ અત્યારે કોણ છે ? કે જેની આજ્ઞા પાળીયે. અમારી જેમ મરજી હોય તેમ કરીએ છઈએ. માટે આપ આજ્ઞા કરો એમ અત્યારે વર્તું. ત્યારે શ્રીહરિ કહે તમે બધાં અત્યારે જ મુક્તિ પ્રદા મોટું ધામ છે. ત્યાં જાવ તમે શુદ્ધ પવિત્ર થઈને માયિક શરીર ત્યાગીને મનુષ્ય શરીર ધારીને તે જગ્યાએ જાવ. ત્યારે તરત જ નિલકંઠ પ્રભુને વંદન કરીને તે બધાંય પ્રેતના દેહનો ત્યાગ કરીને અધમ પતિત શરીર અસુરને શ્રીહરિએ દેવોને દુર્લભ એવું દિવ્ય પવિત્રધામ આપ્યું.

આ રીતે પ્રગટ પુરુષોત્તમ નારાયણ મળ્યાં તો એવા અધમનો ઉદ્ધાર કરીને બદ્રિકાશ્રમમાં વાસ આપ્યો. દર્શન અલભ્ય છે તોય આવી રીતે મંગળ કરનારા જગતમાં ખોળ્યાથી ન મળે. પણ સર્વના ઈશ્વર અનિશમાં કોઈ ન હોય. પરંતુ જગતના કલ્યાણ કરનારા તો વર્ણિરાજ જ હોય. જંગલમાં જીવોનું કલ્યાણ કરવા સર્વોપરિ પુરુષોત્તમનારાયણ પ્રગટ થઈને ધર્મદેવના પુત્ર વર્ણિરાજ પૃથ્વી ઉપર અશરણ જનને શરણમાં લેવા તથા તેનો ઉદ્ધાર કરવા વિચરે છે. આ રીતે વહેલા પ્રભાતનો સમય થયો વડલા નીચે રહેલા સર્વને પ્યારા હરિએ સ્નાન કરીને નિત્યવિધિ કરી. જ્યારે પરવાર્યા ત્યારે તે કેવા શોભતા હતા. નિલકંઠની ઉપર ઘેઘુર વડનું છત્તર શોભતું હતું. જેવા યજ્ઞનારાયણ યજ્ઞકુંડમાં શોભે તેવા મનોહર સ્વરૂપે શોભતા હતા. તે જ સમયે કોઈક રાજાની અસવારી આવી. તેની પાછળ મૃગયા કરવા ગયેલા રાજાને શોધતા અશ્વારો આવ્યા. તેઓએ દૂરથી વડના વૃક્ષ નીચે નિલકંઠ વર્ણિને જોયા. ત્યારે સવારીને રાજા કહે, તમે બધાં અહીં ઊભાં રહો. હવે હું જઈને બધું જોઉં. પછી આવજો ત્યારે તે રાજા નજીક જઈને જોયું તો તેણે બાલમરાલ વર્ણિને જોયા. તે કેવા હતા તો કમળની પાંખડી સમાન નેત્રકમળ વાળા, કમળ સમાન મનોહર મુખવાળા, કમળના તંતુઓ સમાન સર્વે અંગો હતાં. કોમળ હસ્તકમળ, ચરણકમળ, નાભિકમળ જાણે જળનો કુંડ ન હોય ? તેમ શોભતા હતા. હરિના સ્વરૂપને જોઈને રાજા અતિશય આનંદમાં આવી ગયા. તેના હૃદયમાં ભાવ જાગ્યો. મનમાં આનંદ થઈ ગયો.

જોગીયોના સ્વામી, દેવોના દેવ, ઈશ્વરોના ઈશ્વર, મનુષ્ય વેશ ધારેલ વર્ણિ કે કયા દેશનાં છે તે નહોતા જાણતા. તે રાજાએ હાથ જોડીને હરિને વિનંતી કરી. ત્યારે વર્ણિને રાજાને પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવ્યું તેથી તે રાજા ન્યાલ થઈ ગયો અને આ વર્ણિન્દ્ર બાલપ્રભુ મારી ઉપર ખૂબ જ રાજી થઈ ગયા છે.

આપ આ ઘોડા ઉપર બેસીને અસવાર થાવ. મારી સાથે મારે ઘેર ચાલો. આમ કહીને હરિને ઘોડા ઉપર બેસાડી દેતા હતા. અશ્વારી બધી જ પાછી વળતી થઈ. મનમાં જે સાંભળ્યું તે લેવા પાછા જઈ રહ્યા છે એમ કહેવા લાગ્યા. ત્યારે બધા બંસીપુર પાસે આવ્યા. લોકો શોભવા લાગ્યાં ત્યારે સર્વે લોકો જોવા માટે આવ્યાં. એમને

ત્યાં બાળપ્રભુની મૂર્તિ સુંદર લાગતી હતી. તેથી જોતાં હતાં. રાજાને ખૂબ જ આનંદ આવ્યો. આ બટુક મારા ખોળે બેસશે. બધાં જનોને મનમાં ખૂબ જ આનંદ આવશે. આ રીતે અશ્વારિની સાથે નગરને દ્વારે આવ્યા. જન્મમરણના ફેરાને દૂર કરવા આવ્યા છે. પાપનો નાશ કરવા એમણે અહીં પગલાં સ્થાપ્યાં છે રાજાએ બટુકને જેમ પુત્રને રાખે તેમ રાખ્યા. ખૂબ જ આગ્રહ કરીને ભવ તરવાને માટે રાખ્યા છે. ત્યારે રાજાની રાણી મનથી પુત્ર માનીને હરિને જોઈને લોભ લાગ્યો અને મનમાં ખૂબ જ આનંદ આવવા લાગ્યો.

હે કિશોર ! તમે સાંભળો. તમારું શરીર ગોરુ અને શ્યામ છે. અતિશય સુંદર છે. કેમકે અમારાં ચિત્તને ખેંચી લે છે. અમારી પાસે બાલરૂપે જ રહો. આપ અતિશય મનોહર છો. તમારા રૂપને છુપાવીને રાખીશું. રાજાના જન્મ મરણના રોગને મટાડો. આ રીતે આગ્રહ કરીને ચાર પ્રકારનાં અન્નોનો સુંદર થાળ ભરીને લાવ્યાં. હરિને જમાડવા માટે એમની આગળ થાળ ધર્યો. હે હરિ ! આમાંથી કાંઈક જમો. શરીરને તારવા માટે નૌકારૂપ આપ અશરણના શરણરૂપ છો. કહ્નૈરામતિવારીના કુળના સૂર્યરૂપ છો.

ત્યારે હરિ મંદ મંદ મુખથી હસતાં હતાં. ચંદ્રમાની માફક શોભતા હતા અને ત્રણ પ્રકારના તાપને હરતા હતા. હરિ સર્વના ફંદને હરવા પધાર્યા છે. હરિ પોતાની રૂચિ પ્રમાણે થાળ જમ્યા અને વચમાં પાણી પીતા હતા. આ રીતે અક્ષરપતિ નારાયણપ્રભુ તે રાજારાણીના ઘેર અન્ન જમ્યા એટલે એનાં ભાગ્યનો પાર ન રહ્યો. તૃપ્ત થઈને મુખકમળને અને હસ્તકમળને ધોયા જળપાન કર્યું. ત્યાર પછી મુખવાસ લીધો. ઈલાયચી લીધી. આ સર્વે જનકલ્યાણ માટે જ કર્યુ એ હરિનું ચરિત્ર છે. આ રીતે શ્રીહરિએ અનેક પ્રકારનાં ચરિત્રો કરીને બંસીપુરમાં રહ્યા અને રાજા રાણી અને તેની પુત્રીને પરમ ભાગ્યશાળી બનાવી દીધા. આ બધા ચરિત્રો સાંભળીને તેનું મનન કરે તો તેને આ ચરિત્રો સંસાર સાગરને તારનારા થાય છે.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં છઠ્ઠા કિશોર ચરિત્ર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિએ અસુરરાજનો મોક્ષ કર્યો અને રાજારાણીને આનંદ થયો એ નામે ચોથો તરંગ થયો. ॥૪॥**

## તરંગ-૫

રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી તે મહારાણી અને રાજાનાં સુંદર ઘરમાં સર્વના સ્વામી પ્રભુએ જે લીલા કરી તેમાં પુરના પંડિતને કેમ જીત્યો તે નગરના ગુરુને બધા હોશિયાર કહેતા હતા. ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે હે રાજન્ ! તમે ગુણના ભંડાર ભગવાનનાં ચરિત્રો સાંભળો. તે ઘનશ્યામ પ્રભુનાં ઉદારતાથી કરેલાં ચરિત્રો હું કહું છું તે સાંભળો. તે બંસીપુરનાં રાજા રાણી બંને દંપતિ ખૂબ જ વિવેકવાળાં હતાં અને ધર્મ-અધર્મનાં ભેદને ખૂબ જ જાણતાં હતાં. વર્ણાશ્રમની રીતને પણ જાણતાં હતાં. સાંખ્ય કર્મયોગીને પણ ખૂબ જ જાણતાં હતાં. એમના રાજ્યમાં પંડિતો પવિત્ર બ્રાહ્મણો ઘણાં બધાં રહેતા હતા. રાજા તેઓની સંભાળ રાખતા હતા. પોતાનું મંગળ સંતસમાગમથી થાય છે તેથી એમને ત્યાં સંતો સતત રહેતા હતા. જ્યારે કોઈ પોતાનો કહળકની વાતો કરતા હતા ત્યારે તેઓને જેલમાં પૂરતા હતા. જેમાં પાછા પડનારા ટેલ કરતા હતા. તેનું મહાત્મ્ય જાણતાં હતાં. સંતો અને વિપ્રોના મુખે કથાવાર્તા સાંભળતાં હતાં. હરિનાં ચરણમાં પોતાના મનને જોડતાં પોતાને ઘેર હરિચર્ચા થતી હતી. આવી રીતનાં તે બંને રાજારાણી પવિત્ર વિચારોનાં હતાં તેમજ તેમની બંને પુત્રીઓ પણ એવા જ

સ્વભાવની હતી. તે બંને હરિમાં હેત રાખનાર બંને સમાન વયનાં હતાં. સરખા રૂપવાળાં હતાં. તેથી સતત સંતો ભેળાં જ રહેતાં હતાં. તે રાજાનાં બંને પતિપત્ની બે પુત્રીઓ બટુક બ્રહ્મચારીને નિર્લેપ જાણીને દૂર રહીને પ્રેમપૂર્વક સેવા કરતાં હતાં. કોઈ પ્રકારનો ખોટો આક્ષેપ કરતાં ન હતાં. સતત આવા સ્વભાવવાળા હરિ પોતાને આધિન છે. બધા મારા આશ્રિત છે. ક્યારેય કોઈ કોઈને નાના મોટાને દબાવતાં ન હતાં. કોઈ કોઈનાથી પરાધિન થતાં ન હતાં. બધાં જ સમાન રહેતાં હતાં. રાજા રાણી પુત્રિઓનું હેત હરિમાં શુદ્ધ છે એમ જાણીને હરિ એમની સાથે ઉર્ધ્વરેતા રહીને રહેતા હતા અને રાજા પણ નિલકંઠ પ્રભુમાં હેત કરાવતા હતા. કોઈની પાસે ખરાં ખોટાં કામો ક્યારેય કરાવતા ન હતા. ધર્મસર્ગનો આશ્રય કરીને દૃઢ ધર્મ પાળીને અધર્મ સર્ગનો નાશ કરતા હતા. ત્યાર પછી એમને સાચું જ્ઞાન જાગ્રત થયું. પોતાના જીવન ઉપર વૈરાગ્યભાવ આવ્યો તે નિર્લેપ થવા લાગ્યા. તે વૈરાગ્યભાવ સિદ્ધ કરવાથી નથી થતો. સિદ્ધ થયા પછી નાશ નથી પામતો. ધર્મનો જેમ જેમ આશ્રય વધતો જાય તેમ તેમ જ્ઞાન પણ નજીક આવતું જાય. તેનાથી જ્ઞાન સિદ્ધ કરનાર જ હરિમાં આશ્રયવાળો થાય છે. હરિનાં ચરણને પામે છે. હરિ પ્રગટ મનુષ્ય સ્વરૂપને ધારીને ક્રિયા જેમ કરવી જોઈએ. તેમ કરે તેનાથી જેમના પ્રત્યેકના જીવનને તારવાનો ભાવ થાય છે તેનાથી જીવને તારે છે. જ્યાં જ્યાં એ જાય ત્યાં ત્યાં ચરણ સ્થાપે. ત્યાં બધે જ લોકોનાં કલ્યાણનાં ઝરણાં વહે છે. શ્રીહરિ સુખદાતાની બધી જ ક્રિયા જનના સુખ માટે જ થાય છે. તેને સજ્જન મનુષ્યો સુખદાયક માની દુરિજનને દુઃખકારક થાય છે. જેમ દૂધપાકમાં સાકર નાંખે તે બધાંને ભાવતું ભોજન બધાને સુખ કરનાર છે પણ ક્યારેય કોઈને દુઃખકારક થાય છે. જેમ કૂતરાં જેવો જીવ હોય તેને તો પીડા કરનાર જ થાય છે. પેટમાં ટકે જ નહિ અને બહાર નીકળી જાય. ખાવાપીવાની કેટલીક વસ્તુઓ ઘણી બધી રાજદરબારમાં આવ્યા જ કરે. તેમાંથી સારી પવિત્ર વસ્તુઓ બટુકની રૂચિ જોઈને તે રાણી બટુકને આપતી હતી. ખાસ બોલાવીને આપતી હતી. બટુકને આપીને પછી જ પોતાની પુત્રીઓને આપતી આવી. જ્ઞાની સ્ત્રી હરિને રાણી મહિમા સહિત આપતી હતી. જો ખાવાની વસ્તુ થોડી જ હોય તો ત્રણ ભાગ કરીને બધાંને આપતી હતી. ત્યારે નાની પુત્રી ક્યારેક ઝઘડો કરે ત્યારે હરિ એને સમજાવતા હતા. ચીજવસ્તુ વસ્ત્ર આભૂષણ વિગેરે વસ્તુઓથી હરિનું સેવન કરતી હતી. તે પોતાના પુત્રની માફક જ કરતી હતી.

રાજકુંવરી અને યોગિબટુકકુમાર સતત રમતો રમતાં હતાં. તે સર્વે રમતો અવિકારિ જ હતી. રમતો કરતાં હતાં ત્યારે ક્યારેક લડવા ઝઘડવાની રીતે કરતાં હતાં પણ બટુકને દબાવવામાં ખૂબ જ સંકોચ કરતાં હતાં. આવા ઊંચા ભાવે રમતાં હતાં. જ્યારે રમતાં ઝઘડો થાય ત્યારે ત્રણે મોહોમાંહિ સમાધાન કરી લેતાં. ક્યારેક ક્યારેક કુંવરી અને બટુક ઝઘડતાં હતાં ત્યારે મૈયારાણિ પાસે દોડીને જાય. ત્યારે મૈયારાણી કુંવરીને કહે, હું આંખ કાઢીને બટુકને હમણાં જ મારું છું. એમ કહે ત્યારે હરિ કહે, આ બંને મળીને અમને જ અવળાઈ કરીને કેમ હેરાન કરે છે. અમે તો નિસ્પેઈ છીએ. અમારે કોઈ જરૂર જ નથી. આ તો સહજ રમત રમીને મનને આનંદ આપવાનો છે. એમાં અવળાઈ શા માટે કરે છે.

ત્યારે માયારાણી કુંવરીયોને કહે, બટુક બ્રહ્મચારી જેમ રાજી રહે તેમ વર્તવું. એ કહે તેમ રમતો રમો અને બીજી કોઈ અવળાઈ ન કરશો. આવી રીતે તે મૈયારાણી માતા ત્રણે વચ્ચે સમાધાન કરે. સ્નેહનાં બંધનમાં જેમ પુત્રને કહે તેમ કહેતાં બેસતાં ઉઠતાં જાગતાં એવામાં બધા જ સમયમાં શ્રીહરિમાં જ પોતાના ચિત્તને જોડી રાખતાં હતાં. બટુક બ્રહ્મચારી જ્યારે સ્નાનવિધિ કરીને પરવારે અને શાલિગ્રામ બાલમુકુંદને

પોતાની માફક નવરાવતા ત્યારે બધાં ઔપચારિક દ્રવ્યોથી નવરાવતા અને પૂજન કરતા આ રીતે પ્રેમથી બટુક પૂજન કરતા. સ્નાન કરીને બંને કુંવરિયો બધી જ સામગ્રી તપાસતી હતી અને હરિની પાસે લાવી દેતી હતી. શોધી શોધીને હરિને આપતી હતી. લઈ લઈને બટુક બ્રહ્મચારી બાલમુકુંદને અર્પતા હતા. પ્રભુ બાળમુકુંદને ઉપચારો ધરાવીને ત્યાર પછી તે ધરાવેલા પ્રસાદમાંથી પોતાને જોઈતું લેતા હતા. શુદ્ધ જમવા જેવી વસ્તુઓ ફળ આદિક બાળમુકુંદને અનુકૂળતાએ ધરતા હતા. બટુક પ્રભુ બાળમુકુંદને થાળ ધરીને પછી જળપાન કરાવીને પછી કુંવરીઓ કહેતી કે પ્રિય પ્રભુનો પ્રસાદ તમારી રૂચિ અનુસાર જમો. ત્યારે પ્રભુ પોતાની રૂચિ પ્રમાણે જમતા અને વધેલો પ્રસાદ તે કુંવરીયોને આપતા. તે પ્રસાદ લઈ જઈને પોતાની માતાને આપતી અને માતા તે પ્રસાદ હેતથી લેતી. બંસીપુરના રાજાના મહેલો હરિના નિવાસથી વિચરનારા લોકોના મનોફળોને દેતા હતા. રોજે રોજ એમનો પ્રતાપ વધતો જતો હતો અને અલોકિકિ મૂર્તિ જોઈને કેટલાકનાં મનદૃષ્ટિ આનંદ પામતાં હતાં. હરિ ભૂત ભવિષ્ય વર્તમાનકાળની વાતો ક્યારેક ક્યારેક કહેતા હતા અને બાળકરૂપે પ્રભુને જાણીને બધા નિવૃત્તિ ધર્મજ્ઞાનવૈરાગ્યમાં વિશેષ બંધાતી હતી.

આ રીતે ચાતુર્માસ આવી ગયો અને મેઘની વર્ષા ખૂબ જ સારી થઈ. તેનાથી રાજાના રાજ્યમાં ખેતીવાડીમાં ખૂબ જ અન્નજળ સારાં થયાં. અને ચારેબાજુ હરિયાળી છવાઈ રહી. તેને જોવામાં દંગ થઈ ગયાં. ત્યારે તે રાજ્યમાં ઘણાં બધાં લોકો વસવા નવાં આવી ગયાં અને તેનાથી રાજભાગો પણ વધી ગયા. કાયમ માટે વધેલા રહ્યા. આ રીતે શત્રુ વિનાનું રાજ્ય તે નિષ્કંટક રાજ્ય થયું. તે દેવોને પણ દુર્લભ થઈ ગયું. અનેક સંપત્તિઓથી ભરપૂર થયું. જે દિવસથી હરિ આવીને રહ્યા છે તે જ દિવસથી રાજ્યમાં સુખસંપત્તિ વધતી જ રહી છે. અષ્ટસિદ્ધિ અને નવનિધિ મળીને આવ્યાં છે. તેથી રોજેરોજ વધતી જ જાય છે. સમાજમાં સુખ વધતું જાય છે. તે રાજારાણી પતિપત્ની બધું જાણતાં હતાં કે આ બધો જ પ્રતાપ બટુક બ્રહ્મચારીનો જ છે. કેમકે જે દિવસથી આ આવ્યા છે તે દિવસથી સુખસંપત્તિ અમાપ વધતી જાય છે તે સત્ય જ છે. રાજારાણી સંપત્તિમાંથી ખૂબ જ પુન્યદાન કરતાં હતાં. બ્રાહ્મણો સંતોને ખૂબ જ સારસંભાળ દાનદક્ષિણા આપતાં હતાં.એમની પાસેથી સતત કથાવાર્તા કર્મકાંડ થયા કરતાં હતાં. આ બધું રાજાના ઘરમાં ખૂબ જ ધામધૂમથી ઉત્સવો થતા હતા.

શ્રી નિલકંઠવર્ણિએ એમને વર્ણાશ્રમના વિધિનિષેધના સર્વે ધર્મો ખૂબ જ સમજાવ્યા હતા. અને રાજાના અયોગ્યકર્મના જે વિચારો તેને ટાળી દેતા હતા અને સંત અને અસંતની જે પરંપરાની રિતરિવાજો તે પણ શ્રીહરિએ સારી રીતે સમજાવ્યા હતા. વ્યવસ્થિત દૃઢતાથી વિગતવાર સમજણ પાડી હતી તે પ્રમાણે વર્તાવતા હતા. રાજ્યમાં જે કોઈ પંડિત સંતો અતિથિ બ્રાહ્મણો આવતા તેઓની સાથે સતત જ્ઞાનચર્ચાઓ થતી હતી. એમાં જે કોઈ પ્રશ્ન પૂછે અને ઉત્તર ન આવડે તો માયારાણિ આદિક શ્રીહરિના આશ્રિતો આશ્ચર્ય જણાવતાં હતાં. ક્યારેક કોઈ અભિમાની પોતાના માનથી ઉત્તર કરે એને તેમાં હરિ શંકા કરીને તે સમાધાનને ખોટું કરીને બતાવે અને શાસ્ત્રના આધારે તેને સાચો જવાબ સમજાવીને એને બોલતો બંધ કરી દેતા હતા. આ રીતે હરિ પોતાની સર્વોપરિ પ્રભુતા બતાવતા હતા. ક્યારેક કોઈ બહાર દૂરના દેશોમાંથી પંડિતો શાસ્ત્રજ્ઞાતા આવે તો તે રાજા નગરના પંડિતોને બોલાવીને એમની પાસે શાસ્ત્રાર્થ ચર્ચા કરાવે. વાદવિવાદ કરાવતા.

વાદવિવાદ કરતાં થકાં બંને પક્ષમાં કોઈ પ્રકારનું સમાધાન ન થાય. વાંધો પડે ત્યારે બંને પક્ષના મધ્યસ્થિ તરીકે શ્રીહરિ બટુકને કરતા અને તે બધાની વચમાં રહીને સમાધાન માટેના ઉત્તરો સમજાવી નિર્ણય કરતા.

સમાધાન કરવામાં વર્ણિબટુક શ્રુતિ સ્મૃતિના દાખલાઓની સામે મેઘની ધારાની માફક બોલીને તેનું ગૂઢ રહસ્ય બધાને સમજાવીને સાચું સમાધાન દૃઢ કરાવે કસાવે. બટુકના સમાધાનમાં કોઈ શંકા કરવા માટે સમર્થ થાય જ નહિં. એટલા માટે નિલકંઠ જે બોલે તે જ પ્રમાણ થાય. આ રીતે સમાધાન કરી આપતા. એમને નગરના બધા જ પંડિતો ઈશ્વરોના ઈશ્વર જ માનતા હતા. સર્વોપરિ માનતા હતા. વૃદ્ધો વૃદ્ધો જ્ઞાનપંડિતો અતિ સમર્થ હતા. તેઓ લોકમાં ખૂબ જ પ્રસિદ્ધ થયેલા. તેઓ બાળબટુક પ્રભુ આગળ પોતાનું મોં ખોલવા પણ સમર્થ નહતા થતા. પોતાના મનમાં મહા આશંકામાં સંકોચતા હતા. મુંજાતા હતા.

અહિંસા મતનું પ્રતિપાદન કરવામાં શક્તિવાન થાય. કેમકે તેઓ અધર્મ સર્ગમાં પ્રેરાયેલા હતા. તેથી તેને છોડ્યા વગર રાજદ્વારમા આ મતનું સતત ખંડન થતું હતું. તેનું બાળબટુક શાસ્ત્રની મર્યાદામાં નિરાકરણ કરતા હતા. બંને રાજારાણી તથા તેમની બંને પુત્રીઓની સાથે તથા સેવકવર્ગ પ્રધાનો સર્વે શ્રીહરિના મુખકમળને જોઈને એમને મનમાં અતિ આનંદ રહેતો હતો. ખૂબ જ વિવેકપૂર્વક સાથે રહેતાં હતાં. આ રીતે શ્રીહરિ બટુક બ્રહ્મચારીનો આવો અલૌકિક ઐશ્વર્ય પ્રતાપ દિનપ્રતદિન અધિક અધિક જોવા મળતો હતો. બંસીપુરના લોકો જોઈને આનંદ પામતાં હતાં અને બંસીપુર રાજયનાં દેશનાં લોકો પણ બટુકપ્રભુને રાજકુમાર તરીકે અનુભવ કરતાં હતાં.

આ રીતે બટુક બ્રહ્મચારીને રાજકુમાર તરીકે જોતાં હતાં. આપણા રાજ અનુરૂપ રાજકુમાર છે એમ જોતાં હતાં. રાજારાણી પણ પોતાને યોગ્ય રાજકુમાર માનતાં હતાં. રાજકુમારીઓ રાજપુત્રીઓ નિર્લેપ નિરંજન અમૂલ્ય ધાતુ સોનામાં જેમ રત્ન શોભે તેમ પુત્ર ખૂબ જ અધિક શોભે છે. બ્રહ્મકુમાર તરીકે ઓળખતાં હતા. નારીઓ પોતાના ઉદર દૈવત ભાગ્યના દેવ તરીકે જાણતી હતી. ભક્તજનો હરિને બાળપ્રભુને પરબ્રહ્મ પરાત્પર પરમેશ્વર માનતાં હતાં અને સંતજનો જાણે અમારા કામક્રોધના કુહાડા રૂપે સર્વોપરિ માનતાં હતાં.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં છઠ્ઠા કિશોર રત્નમાં વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિ નિલકંઠ પ્રભુએ પંડિતોને જીત્યા અનેપોતાનો પ્રતાપ વિસ્તારીને આ રીતે વિજય આનંદ આપ્યો. જયજયકાર કર્યો એ નામે પાંચમો તરંગ થયો. ॥૫॥**

# તરંગ-૬

રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી ! શ્રીહરિનું ગૂઢ રહસ્ય દિવ્યચરિત્રો તથા કેટલાંક મનુષ્યચરિત્રો બંસીપુરમાં રહીને કર્યાં તે સર્વે મને કહો અને રાણીમાયા દેવી શ્રીહરિને રાખવા ઇચ્છતી હતી ત્યારે હરિએ એમને શું ઉપદેશ કર્યો તે કથા મને કહો.

અયોધ્યાપ્રસાદદાસજી મહારાજ કહે છે, હે આનંદ રાજન્ ! શ્રીહરિનાં મનુષ્યચરિત્ર અતિ ઉદાર મનોહર છે. અતિ અદ્‌ભૂત છે. તેનું જે જીવ ધ્યાનથી શ્રવણ કરે છે તેને મહાત્મ્ય સહિત પોતાનાં હૃદયકમળમાં ધારે છે. તેનું કાયમ મનન કરે છે. તે જનને અંતે પરમાધામની પ્રાપ્તિ થાય છે. શ્રીહરિ નિલકંઠ પ્રભુ બંસીપુરમાં રહેતાં થકા વર્ષા પછી શિશિર ઋતુ હેમંતઋતુ તો વીતી ગઈ પછી ગ્રીષ્મઋતુ પણ આવી ગઈ. તે ઋતુમાં તો સૂર્યનારાયણ ખૂબ જ આકરા તાપને વર્ષાવતા હતા. તેથી લોકોના શરીર ગરમીથી તપતાં હતાં અને લોકો

અકળાતાં હતાં. વાયુ પણ ખૂબ ગરમ લુકવાળો વાતો હતો. પવન પાણી આકાશ અને પૃથ્વી ખૂબ જ તપતું હતું. તેનાથી અગ્નિ તપતો હોય તેમ લાગતું હતું. તેથી તે ઋતુમાં ગરમીથી બચવા રાજાએ હવા ખાવાનો મહેલ બનાવેલો. તેમાં ગ્રીષ્મઋતુમાં થોડી શાંતિ મળતી હતી.

ખૂબ જ ઊંચે અને સુંદર ચિત્રવિચિત્ર શોભાવાળાં અનેક ખંડોવાળાં મહેલમાં હરિના ચરણો અંકિત થયાં હતાં. તેની ઉપર અખંડ હરિ ચડેલા હતા. ખૂબ જ શોભાવાળા હતા. એની અંદર ખૂબ જ સુંદર સાજ રાખેલો હતો. તે સુખ આપનારો હતો. તેમાં શીતળ મંદ સુગંધયુક્ત વાયુ વાતો હતો. તેનાથી લોકોનાં મનમાં આનંદ આવતો હતો. એમાં નાની મોટી ઊંચી નીચી અટારીઓ બનાવેલી હતી. તે ચારે દિશામાં જરૂખાઓ, મોટી મોટી જાળીઓ બનાવેલી શોભતી હતી. એવો સુંદર મહેલ હતો.

ત્યારે ત્યાં એકાંત જગ્યા જોઈને શ્રી બટુક બ્રહ્મચારી નિલકંઠ સ્વસ્વરૂપમાં ધ્યાન મગ્ન થઈને આત્મચિંતન કરવા લાગ્યા તે જેમ રેવતાચળ (ગિર્નાર) પર્વત ઉપર દત્તાત્રેય ભગવાન એકાગ્ર ચિત્તથી ધ્યાન અવસ્થામાં બેઠા હતા. તેમ શ્રીહરિ પણ શોભતા હતા. આ રીતે ધ્યાન અવસ્થામાં બેઠા હતા ત્યારે તે સમયે અનંત અક્ષર મુક્તો મળીને હરિનાં દર્શન કરવા આવ્યા. તેઓ આવીને હરિને વંદન કરીને એક ઘડી સુધી ત્યાં રહ્યા અને દર્શન કરીને ફરી પાછા પોતાના લોકમાં ચાલ્યા ગયા. તે જ સમયે રાજકુમારીઓ બંને બહેનો શ્રીહરિને શોધવા નીકળી, નિલકંઠવર્ણિ ક્યાં જઈને બેઠા છે. તે અમારે જોવા છે એમ શોધતી હતી. શોધતાં શોધતાં રસ્તામાં સેવક મળ્યાં. તેને પૂછ્યું કે તે બટુક બ્રહ્મચારીને જતાં ક્યાંય જોયા છે. ત્યારે સહચારિ કહેવા લાગી કે અહી મોટી અટારિ ઉપર ચડતાં જોયા છે. આ રીતે કીધું એટલે મહેલ ઉપર રાજકુમારીઓ શોધવા લાગી, ક્યાં ગયા સુંદરવર બટુક કનૈયા કયા છે એ રીતે શોધતા. પહેલા માળમાં શોધ્યા ત્યાં ન મળ્યા ત્યારે બીજા માળમાં ગોત્યા ત્યાં પણ મળ્યા ત્યારે ત્રીજા માળમાં, ચોથા મજલમાં તથા પાંચમાં માળમાં જોયા તોય ન મળ્યા. ત્યારે છઠ્ઠા માળમાં જોયા. ત્યાં મુનિઓના સ્વામીને ધ્યાનાવસ્થામાં બેઠેલા જોયા. તે દેવલોકમાં જેમ શોભે તેમ હરિ રાજમંદિરમાં નટવર નારાયણ પ્રભુ શોભતા હતાં.

તે રાજકન્યાઓ હરિનાં દર્શન કરીને એમની નજીકમાં બેઠી. જેમ ત્રણ દાસીઓ સેવામાં હજુર હોય તેમ હરિના નખશિખા પ્રમાણે નિરખીને જોતાં હતાં. હરિના રૂપ રસ પરાક્રમ બધુ વિચારતાં હતાં. ત્યારે હરિ ધ્યાનમાંથી જાગ્રત થયા. જગતપતિએ સામે જ રાજકન્યાઓને જોઈ જોગસિદ્ધ કરેલા જોગીને જેમ રિદ્ધિ સિદ્ધિ આગળ ઊભી રહે તેમ રાજકન્યાઓ હરિ આગળ ઊભી હતી. જાગ્રત થયા એટલે પ્રવિણ પ્રભુ બાલમુકુંદને કન્યા પૂછવા લાગી. કાંઈ જળપાન કરવું છે તો લાવું ત્યારે હરિની મરજી જાણીને તરત જ જઈને જળ લાવી આપ્યું. હરિએ પોતાની ઈચ્છા મુજબ જળપાન કર્યું.

આ રીતે રાજકુમારીઓ હરિના સ્વરૂપને જોઈને પોતે અતિ આનંદમાં રહેતી હતી. તે સુશિલા ઈલા બંને ખૂબ જ શોભતી હતી. હરિને પાન કરતાં વધેલું જળ પ્રસાદના રૂપમાં ભાવનાથી પાન કરીને મનમાં આનંદ પામતી હતી. ત્યારે બંને કુંવરીયો અને સાહચરિને હરિની સાથે રમતો રમવાની ભાવના થઈ હતી. તેમાં ચંચળ ઈલા આડોડાઈ કરતી હતી તે દોડીને દુર જતી રહે. ઘરમાં જઈને સંતાઈ જાય. ત્યારે એકબીજાને શોધે. છાનામાના થઈને જ્યારે જોઈ જાય ત્યારે ખૂબ જ આશ્ચર્ય લાગે અને ગાંખો ઝરૂખાઓ અટારિરો જાળીઓ આ બધે સ્થળે

હરિના હસ્તકમળથી ચિહ્નિત થયાં હતાં તેમાં શોધતાં હતાં. ઈલા સુશીલા બધાં હરિને ચારેબાજુ ફેરવતાં હતાં.

ચારે જણાં માળ ઉપરથી નીચે ઉતરીને આવ્યાં. માતા પાસે આવીને કહે, અમને ભૂખ લાગી છે તો ખાવા માટે આપો. ત્યારે માતાજીએ ભોજનો તૈયાર કરીને હરિએ પોતાની રૂચિ અનુરૂપ જમાડીને બટુક બ્રહ્મચારીને માયારાણી કહે, પ્રિય પુત્ર ! આપ અમારે ઘેર કાયમ માટે રહો. આ રાજ્યને સંભાળો અને અમારી બંને પુત્રીઓ તમને પરણાવીએ બધાં જ સાજ પણ અમે તમને આપીશું. નિતિ જાણીને અમે તમને પુત્રસમાન જ માનિએ છીએ. તમે અમને ખૂબ જ પ્રિય છો. તમે આ રાજ્યને સંભાળો અને એને નિષ્કંટક કરો. સુખેથી પ્રજાનું પાલન કરો. અમારે આ રાજની જવાબદારીમાંથી મુક્ત થવું છે. અને કલ્યાણનું સાધન કરવું છે. હે બટુક ! તમે અમારી અભિલાષાને પૂરી કરો. હે પુત્ર હું આપને આ વાત ખૂબ જ સાચી કહું છું. આપ આ વાતને માનો તો હું આજે રાજાને પૂછીને વાત નક્કી કરવી છે અને આ મંગળકામ તરત જ કરવાનું છે એ વિચારો. હે પુત્ર ! પ્રિયબટુક હવે આગળ ઉપર યુવાઅવસ્થા આવશે ત્યારે પ્રિયા (પત્ની) વગર જગતનાં કાર્યો નથી થઈ શકતાં. એટલા માટે હું કહું છું. જે જે માયામાં લપેટાણા છે તેમાં ચંદ્ર, ઈંદ્ર, ગુરુ, બૃહસ્પતિ, ઋષિમુનિઓ તપમાં લિન હતા તોય વૃત્તનો ત્યાગ કરીને માયાના બંધનમાં બંધાણા છે માટે વિચાર કરજો. પારાશર, સૌભરી, એકલશ્રૃંગીઋષિ આ બધાએ લોકમાં પોતાના જીવનને કલંકિત કર્યાં છે. કામના બંધનમાં બંધાણા છે. માટે હરિ કાળ બધાને ખાનારો છે. તે ગમે તેટલા દૂર માયાથી ભાગશો તોય માયાના મૂળથી કોઈ ઉગરતા જ નથી. દેવો દૈત્યો મુનિજનો મનુષ્યો ઈશ્વરો દેવતાઓ પોતાના માર્ગથી પડી ગયા છે. માર્ગ ભ્રષ્ટ થયા છે. તેથી મનુષ્ય શરીરને ધારનાર જીવાત્મા નિર્લેપ માર્ગમાં નથી રહેતા તેઓ જ ભ્રષ્ટ થઈને ગૃહસ્થાશ્રમના માર્ગને ચલાવતા રહે છે.

તમે બાર વર્ષની વયમાં વર્ણિવેશને ધારેલ છે પણ તરુણાવસ્થા પછી યુવાની આવશે ત્યારે જીવન વિતાવવું કઠણ પડશે. મેં તો ઘણા બધા ભેખધારીઓમાં મહા મોટા મોટાને જોયા છે. તેઓ તો સ્ત્રીના અને ધનના દાસ બનીને વનિતાઓની માયામાં બંધાઈ દાસ થયેલા જોયા છે. માટે તમે વિચારો. વન તો અતિ ભયાનક છે. પર્વતો ગુફાઓ સિંહો વાઘો પ્રેતપિશાચો રાક્ષસો ભિલો કૃત્યાઓ જોગણિયો આ બધાં માર્ગમાં પીડા આપે છે. હેરાન કરે છે. વાઘો શિંગડાવાળાં પ્રાણીઓ સર્પો ફેણધારી ફરે છે. આગળ જતાં વરુઓ વરાહો (ભૂંડો) ગોમય પ્રાણીઓ જંગલી ભેંસો પાડાઓ ગેંડાઓ ગવયો તથા માર્ગનો પ્રવાહ ખૂબ જ લાંબો છે. તેથી તમારે જવું બહુ જ કઠણ પડશે.

હે માતા ! આપ કહો છો તેમ મને સ્થાવર જગતથી કોઈ ભય થતો જ નથી. મારે તો જંગમ માયાની નીતિથી જ ભય થાય છે. અતિ ભારે ભય થયા કરે છે. વાઘ, વરાહ, ગયંદ, ગેંડા પશુ બધાં મળીને મારી સાથે તો ખૂબ જ પ્રેમભાવ રાખે છે. મારી ખૂબ જ કાળજી રાખે છે. શણગાર પથારી શરીર તથા ઘરવખરી એ બધાં તો મારે માટે પ્રેતપિશાચ સમાન છે. રાક્ષસ જેવાં લાગે છે. અને વનની નારીઓ જંગલની શોભા તેમાં રહેવું મને ખૂબ જ સારું લાગે છે. નાગણિ વાઘણિ પ્રેત પિશાચણી આ બધાં તો એક દિવસમાં ઠંડું ઝેર છે. તેનાથી અંત નથી આવતો. પરંતુ તેનાથી તો અનંત જન્મમરણના ફેરાનાં ફંદામાં પડવું પડે છે. દેવો દાનવો મુનિઓ ઈશ્વરો આ બધાં તો એમના કૃત્ય પ્રમાણે ખાય છે. તે તો માયાના જીવો છે. પરંતુ હું તો પરથી પર તેનાથી પણ પર રહેનારો સર્વોપરિ છું. હું તો કાળનો કાળ છું. તેથી આ બધાં જ મારાં દાસો છે અને મારી આજ્ઞા પ્રમાણે રહેનારાં છે. આ મર્મને માતા સમજે તો એમને સર્વથી પર સર્વાધિશ સર્વોપરિ હરિને સમજે તો તેને માયાકાળનાં કરેલાં બંધનોમાંથી પર થઈ જાય. માયાકાળ તો હરિના દાસ છે. એમનાં બંધનથી પર આ પુરુષોત્તમ પરમેશ્વર

બટુક જ છે અને પોતાને ઇચ્છિત માર્ગે ભૂમિ ઉપર વિચરણ કરીને લોકોને ધર્મનો માર્ગ ઉપદેશ આપી સાચો માર્ગ સમજાવશે.

ત્યારે માતાને સુશિલા અને ઈલા આદિ પુત્રીઓ કહેવા લાગી કે માતા દિલને શુદ્ધ રાખીને આ દેવતો અતિ પવિત્ર શુદ્ધ છે. આપણી ઉપર દયા કરીને આપણે ઘેર આવ્યા છે તે તો નિર્લેપ નિરંજન છે. કોઈના બંધનમાં આવે તેમ નથી. સ્વયં આનંદમય છે. મનમાં મસ્ત છે. સર્વના મેલને ધોનારા છે. એમને સર્વના આશ્રયદાતા સમજો. આમનું મન ખૂબ જ મજબૂત છે. હંમેશાં સ્વતંત્ર રહેનારા છે. આપણી ઉપર દયા કરીને આપણે ઘેર આવીને રહ્યા છે. હવે એમને જાવા નથી દેવા એમને જીવની માફક સાચવીને રાખવાના. કેમકે એ તો પરબ્રહ્મ પરમાત્મા છે. સર્વના પૂરણ પ્રાણપ્રિય છે. એ જેમ રાજી રહે એમ રાખશું. એમની ઉપર કોઈ વાતનો આગ્રહ નહીં રાખવાનો. ક્યારેય આગ્રહથી નહીં કહેવાનું. કેમકે તેઓ સ્વતંત્ર સિદ્ધ છે. એ પ્રમાણે જાણીને રાખવાના એમના કારણે જ બધું મંગળમય થાય છે. આ તો દેખાવમાત્ર સામાન્ય લાગે છે. નાના બટુક છે પણ એ કાંઈ અજ્ઞાની નથી. એમને જાણવામાં ક્યારેય પાર નથી આવતો. એ તો સદાય શુદ્ધ સત્વમય છે. એમને હૃદયમાં ધારણ કરીને જીવનમાં સ્મરણ કરતાં થકાં રાખવાના એટલા માટે અમે એમને વારંવાર વંદન કરીએ છીએ. હાથ જોડીને નમીએ છીએ. આ રીતે શ્રીહરિનું સ્તવન સ્તુતિ કરીને માતાને ઉપદેશ આપ્યો અને પ્રભુને કહ્યું કે આપને મરજીમાં આવે તેમ આનંદથી રહો. આપને કાંઈ બાધ નહિ આવવા દઈએ.

આપ અતિ ઉદાસ ન થશો. કેમકે અમે તો બધી જ તમારી દાસીઓ સેવામાં હાજર જ છીએ. આ રીતે સુશિલા હરિના મહિમાને સમજીને ચરણનો સ્પર્શ કરીને ચરણરજને માથે ચડાવી.

તે બહુ જ જાણનારા છે. બધાનાં જીવનના જીવરૂપે રહેનારા છે અને જીવોનો ઉદ્ધાર કરવા પધાર્યા છે. એટલા માટે એક જ જગ્યાએ રહેવાથી આ કાર્યબંધન થઈ શકે એટલા માટે આ ભૂમિ ઉપર વિચરણ કરવું પડે. આમ ધારીને આવેલા છે. આ રીત સુશિલાએ હરિની પ્રાર્થના મહિમા સહિત કરી ત્યારે હરિ તો તે જ રાતે ચાલતા જ થઈ ગયા. મહેલના દરવાજા બંધ હતા તોય સ્વતંત્રતાથી ચાલ્યા ગયા. સવારમાં ઉઠીને જોવા ગયા તો ક્યાંય બટુક બ્રહ્મચારીને જોયા નહિ ત્યારે બધાને મનમાં હલાહલ થવા લાગ્યું. હરિને શોધવા માટે રાજા દશે દિશાઓમાં બધી સેનાને મોકલી દીધી. માણસો બધી બાજુ દશ દશ કોશ ચાલીસ ચાલીસ ગાઉ તપાસ કરાવી તે ક્યાંય હરિનો પત્તો ન લાગ્યો. થાકીને પાછા આવ્યા. ખૂબ ખૂબ શોધ કરી પણ હરિ પ્રભુ ન મળ્યા ત્યારે રાજાના હૃદયમાં તીર ભોગતાં હોય તેવી પીડા થવા લાગી અને રાજા પોતાના નગરમાં પાછા આવ્યા. દરબારમાં આવે ત્યાં તો રાણી અને પુત્રીઓ ખૂબ જ નિસાસા નાંખી ચોધાર આંસુઓ રડતાં હતાં.

અરે હે દેવ ! આપ હવે ક્યાં અને ક્યારે મળશો એમ હરિના ગુણને ગાતાં થકાં નિસાસા નાંખતાં થકાં રાણી અને પુત્રીઓ વિલાપ કરતાં હતાં. હરિ અમને મળ્યા અને કઠિન વનમાં તપ કરવા ચાલ્યા ગયા. આપે મહાવન વાસ ધારણ કરી લીધો. અમને ઉદાસ કરી નાંખ્યાં.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં છટ્ઠા રત્નમાં કિશોર ચરિત્રમાં વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં બંસીપુરમાં હરિએ કરેલ લીલાનું વર્ણન કહ્યું એ નામે છટ્ઠો તરંગ થયો. ॥૬॥**

# તરંગ-૭

આનંદરાજા કહે છે, હે ગુરુદેવ ! શ્રીહરિનાં આપે જે ચરિત્રો મને ક્યાં તે તો અતિ અદ્‌ભૂત ખૂબ જ સારાં લાગ્યાં. હવે હરિ બંશિપુરથી કયા વનમાં કેવી રીતે ગયા. હરિ ચાલતા થકા ક્યાં આગળ રોકાયા વિગેરે ચરિત્ર મને કહો.

અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદરાજાને કહે છે, હે રાજન્ ! તમે સાંભળો. વર્ણિરાય તે બંસિપુર રાજમહેલમાંથી અડધી રાતે ઉઠીને ચાલતા થયા. તેઓ ઉત્તર દિશા તરફ ચાલવા લાગ્યા અને પોતે એકલા જ વનમાં જવાના સ્વભાવવાળા ચાલતા થયા. હરિ વનમાં ચાલવા માંડ્યા ત્યારે માર્ગમાં લોકોના ચિત્તને ખેંચતા થકા ચાલતા હતા ત્યારે હરિનો વર્ણિવેશ ખૂબ જ ચંચળતાવાળો લાગતો હતો. ઉઘાડા પગે ખરબચડા માર્ગમાં અંધારામાં ચાલતાં ચાલતાં પાંચ ગાઉ જેટલું ચાલ્યા. જોતા થકા ચાલતા એમના પગને કોઈ પામે તેમ ન હતું. એમ ઉતાવળા ચાલતા હતા ત્યારે પુરુષોત્તમ નારાયણના ચરણનાં ચિહ્નો ભૂમિ ઉપર પડતાં હતાં. કોમળ ધરની પદપર્શથી થઈ ગઈ. આ રીતે હરિમંગળ કરતા જતા હતા. હરિ ચાલતાં ચાલતાં જેમ જેમ ચરણનાં ચિહ્નો પડતાં ગયાં તેમ તેમ તેમાં પૃથ્વીમાં ઉત્કર્ષ મનોહરતા વધતી હતી. કાંકરા કાંટા બધું જ દૂર થઈ ગયું અને પૃથ્વી અતિ કોમળતાવાળી થવા લાગી. હરિના પદને ધારીને ખૂબ જ ભારવાળી થઈ ગઈ.

વનો બગીચાઓ તળાવો સરોવરોનાં ભાગો અતિ મંગળકારી થયાં. હરિ પવિત્ર કરતા ચાલતા હતા ત્યારે માર્ગમાં એક જલાશ્રય તળાવ જોવામાં આવ્યું ત્યારે સવારનો પહોર થવા આવ્યો હતો ત્યારે હરિને પણ નિત્યકર્મ કરવાનો ભાવ જાગ્રત થયો. તળાવમાં પાણી આવ્યું એટલે વર્ણિએ શૌચવિધિ કરીને સ્નાનવિધિ કરી. ત્યાર પછી શાલિગ્રામને અને બાલમુકુંદ પ્રભુને ખૂબ જ હેતથી પાણી લાવીને નવરાવ્યા. શાલિગ્રામ બાલમુકુંદને જલ ધરાવીને ત્યાર પછી વર્ણિ બટુકે જળપાન કર્યું. આકાશમાં તારામંડળ અસ્ત પામ્યું એટલે વર્ણિરાય આગળ ચાલતા થયા. ચાલતાં ચાલતાં નવા વનમાં પ્રવેશ કર્યો. તે દિવસે ચાલીને રાત વનમાં જ રોકાયા અને સવારમાં વહેલા ઋષિઓના સ્વામી હરિ ચાલતા થયા. ખૂબ દૂર સુધી ચાલ્યા ત્યારે મારગમાં જળાશય આવ્યું ત્યારે ત્યાં શૌચક્રિયા કરીને સ્નાનવિધિ બટુક બ્રહ્મચારીએ કરી લીધી.

આ રીતે ચાલતાં ચાલતાં પાંચ દિવસ વિત્યા ત્યારે મારગમાં પગ રસ્તે એક નગર આવ્યું ત્યારે શ્રીહરિને જોઈને બ્રાહ્મણની સ્ત્રીઓના મનમાં બટુક બ્રહ્મચારી પ્રિય લાગવા માંડ્યા. મન ખેંચવા લાગ્યા ત્યારે એક બાઈ કહે, ચાલો બટુક ભોજન કરવા આપને હું ભોજન કરાવું. ત્યારે બીજી બાઈ કહે, પ્રભુ મારે ઘેર ચાલો. હું તમોને પ્રેમથી જમાડું. આ બધામાં એક ચતુર બાઈ કહેવા લાગી કે આમનાં માતાપિતાને ધન્યવાદ છે. આવા પુત્રને જન્મ આપ્યો છે. કેમકે બાલ બટુક બ્રહ્મચારીએ ઘરનો ત્યાગ કર્યો છે. અને બધાની સાથેનો સંબંધ તોડીને ચાલતા થયા છે અને અત્યારે આપણાં બધાંનાં મનને ચોરતા થકા ખેંચે છે. આ રીતે ત્રણે બ્રાહ્મણ બાઈઓ અંદરોઅંદર વાતો કરતી હતી. ચર્ચા કરીને આનંદ કરતી હતી. ત્યાં પહેલાં બોલેલ એ બાઈના ઘેર હરિ ગયા. કૃપાનિધાનને શુદ્ધ પવિત્ર આસન પાથરીને બેસાર્યા અને તે બાઈ મીઠા શબ્દોમાં હરિને વિનંતી કરીને બેસાર્યા. ત્યારે એ બાઈના ઘેર એક પુત્ર હરિની ઉંમરનો જ હતો. તે હરિની પાસે આવીને બેઠો અને તેની માતા હરિને જમાડવા માટે પ્રેમથી

પાક બનાવવા લાગી.

આ બાઈનો પતી ઘણા બધા સમયથી પરદેશમાં ધન કમાવા માટે ઘણા દિવસથી ગયા હતા. તેથી બધાં જ એની ચિંતા કરતાં હતાં ત્યારે હરિની ઈચ્છાથી એ જ સમયે ઘેર પાછા આવી ગયા. પતિ ઘેર આવવાથી એની પત્નીને મનમાં અતિ આનંદ ઉમંગ થયો. ઘણા સમયનો વિરહ છુટ્યો અને અંગોમાં અતિશય આનંદ વ્યાપી ગયો. આજે વર્ણિ પધાર્યા. એ અમારાં મોટાં ભાગ્ય છે. કેમકે ઘણા સમયથી પતિ દૂર દેશોમાં ગયા હતા. તે પાછા આવ્યા તે તમારા પ્રતાપે જ આવ્યા છે.

તે બાઈએ રસોઈ તૈયાર કરીને હરિને જમાડ્યા. ત્યાર પછી પુત્રને અને પતિને જમાડ્યા. ત્યાર પછી તે બાઈએ જમી લીધું. ત્યારે સંધ્યા સમય થયો ત્યારે તે રાજાના સેવકો ત્યાં આવીને હાજર થયા. સમાચાર કહેવા આવ્યા. દૂતોએ આવીને કહ્યું કે આજે તમારા ઘરનો વારો છે. એટલા માટે તૈયાર થઈને નિયત કરેલા દેવાલયમાં જાઓ. આ રીતનાં કઠોર વચનો સાંભળીને તે બ્રાહ્મણની પત્ની દુઃખમાં ખૂબ જ જોરથી રોતી હતી. આ બાજુ પતિ આવવાનું જાણીને સ્નેહીસંબંધી બધાં મળવા આવેલાં. તે સૌ પોતપોતાને ઘેર ગયાં ત્યારે આ બાજુ બ્રાહ્મણ પત્ની રોતી હતી. તે શાંત રહેતી ન હતી. કેમકે આજે મારા પતિનો અંત આવવાનો છે તેના દુઃખમાં રોતી હતી. ત્યારે પોતાની પત્નીને બ્રાહ્મણ કહેવા લાગ્યો કે તમે બંને અહીં રહો અને હું આજે જાઉં છું ત્યારે તેની પત્ની પુત્ર અને પતિને કહે. તમે જાવ તો હું અહીં રહીને શું કરું. મારે પણ રહેવું જ નથી. માટે હું જ જવું છે.

ત્યારે તે બ્રાહ્મણને સામે જઈને હરિ તેને પૂછવા લાગ્યા કે પ્રથમ આનંદ ઉત્સવ થાય છે અને હવે શોકનો મિલાપ કેમ થાય છે ત્યારે તે બ્રાહ્મણ કહેવા લાગ્યો કે હે વર્ણિ આનું હું શું કહું. આજે જ આવ્યો અને આજે જ અમારો વારો મરવાનો આવ્યો છે. અમારા ભાગમાં મોતની નિસરણી આવી છે. દક્ષિણાદા દરવાજાની નજીકમાં એક દેવાલય આવેલ છે. તેમાં મહાભયંકર રાક્ષસ રહે છે. તે રાક્ષસ દરરોજ એક માણસને ખાઈ જાય છે. આવી રીતે રોજના એકની રીતે અનેક માનવોનાં મોત થયાં છે. તેમાં રોજેરોજ જુદાં જુદાં ઘરેથી એકએકને જવાનો વારો રાજાએ નક્કી કરી આપેલ છે. તે રીતે આજે અમારા ઘરનો વારો આવ્યો છે. તે રીતે વર્ણિએ વાત સાંભળીને મુખથી મુસ્કરાતાં થકા વર્ણિ જવા માટે તૈયારી બતાવવા લાગ્યા.

હે વિપ્ર ! તમારા દુઃખને દૂર કરવા માટે હું તે રાક્ષસ પાસે જાઉં છું. કેમકે મેં આજે તમારા ઘરનું અનાજ ખાધું છે. તેથી મારે કૃતઘ્ની નથી થવું. તે રાક્ષસને તો હું તણખલાં જેવો જાણું છું. એ કરોડો ઉપાય કરે તોય મારાથી બચે તેમ નથી. એને હું પુરેપૂરો કાબૂમાં લઈશ. આ રીતનાં નિલકંઠ પ્રભુનાં વચનો સાંભળીને તે બ્રાહ્મણની પત્ની કહેવા લાગી કે તમે તો પરદેશી પક્ષી જેવા મહેમાન છો. તમે અત્યારે અમારા ઘરરૂપી વૃક્ષ ઉપર બેઠા છો. તેથી તમને કોઈ રીતે હેરાનગતિમાં નાંખવા માગતાં જ નથી. તમારી તો અમારે રક્ષા કરવાની ફરજ છે. તમારી ઉંમર ખૂબ જ નાની છે. બટુક બ્રહ્મચારીના વેશવાળા છો. બ્રહ્મચર્ય આશ્રમમાં છો. તમે તો મહાન વ્રત્તને ધારણ કરેલ છે અને અતિથી થઈને અમારા ઘેર પધાર્યા છો. તેથી અમારે તમારી ઘાત થવા નથી દેવી. નિલકંઠ વર્ણિ કહે છે, મારી સાથે બળતા અગ્નિનું ઉબાડિયું લઈ લેવાનું અને મને સ્થળ બતાવવા માટે સાથે ચાલો ત્યારે તે બ્રાહ્મણે ઉબાડિયું તરત જ તૈયાર કરી દીધું. પ્રગટાવીને તે બ્રાહ્મણ હરિની સાથે ઉતાવળા ચાલવા લાગ્યા.

ત્યારે ચાલતાં સામા રાજના સેવકો આવતાં મળ્યા. લેવા આવતા હતાં તેઓને સાથે લીધા. રાક્ષસના ધામા

પાસે લઈ ગયા ત્યારે તે બ્રાહ્મણની પત્ની વિલાપ કરતી કરતી એમની પાછળ પાછળ જવા લાગી પણ દરવાજાની બહાર જવા માગતી ન હતી. કેમકે ભય લાગતો હતો. બધાં ગયાં ત્યારે સેવકોએ દરવાજાનાં બારણાં ખોલ્યાં અને આગળ જોયું તો મોટું દેવાલય દેખાયું ત્યારે મશાલને લઈને શ્રી નિલકંઠ પ્રભુ ઉબાડિયુ લઈને બહાર ગયા ત્યારે તે બ્રાહ્મણ પતિપત્ની અધિરાં થઈને જોવા લાગ્યાં કે શું થાય છે ? મનમાં ખૂબ જ ભય પામતાં હતાં. શ્રીહરિ તો નિર્ભય થઈને આગળ ચાલ્યા જતા હતા. એમની ઉતાવળી ચાલવાની રીત જોઈને બધાં જ સ્થિર થઈ ગયાં અને જેમને ભય નલાગતો હોય તેઓ મારી પાછળ પાછળ આવો તોય તે બ્રાહ્મણપરિવાર મરવાના ભયમાં પાછાં પડતાં હતાં. બહાર જવા માટે પણ હિંમત નહતાં કરતાં.

હરિ તે દેવાલય પાસે ગયા. એમાં જઈને તે દેવાલયને અગ્નિથી સળગાવીને બાળી નાંખ્યું ત્યારે રાજના સેવકો કહેવા માંડ્યાં કે આ આટલું બધું અજવાળું શાનું થયું ? મંદિરમાં આટલું બધું અજવાળું શેનાથી થાય છે. આમ કહેતા હતા. આ બાજુ તે બ્રાહ્મણ પતિપત્ની ત્યાંથી ભાગીને પોતાના ઘેર જતાં રહ્યાં. ઘરનાં બારણાં બંધ કરી દીધાં. રાજાના નોકરો બધા ભેગા થઈને દુરથી જ આવું બધું દશ્ય જોયા કરતા હતા. રાતની ચાર ઘડી વીતી ગઈ. બાર વાગ્યા પછી અંધારું થઈ ગયું. ત્યારે દેવાલય ખૂબ જ ભયાવહ લાગવા માંડ્યું. ત્યારે કકડાટના શબ્દો કરતાં અતિ ખીજાઈને આવતાં થકાં ખડખડ જેમ કિલા ઉપર મોટી તાપોના વાર થાયને ગાજે તેમ ગાજતું હતું. અને અટહાસ કરતો થકો તે રાક્ષસ આકાશમાં આવ્યો ત્યારે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ સાવધાન થઈને ઊભા રહ્યા. ત્યારે તે રાક્ષસ ભ્રમવાળો થયો. જાણે કે પૃથ્વી ઉપર અતિભાર કરીને પડું. હરિને પાડી દઉં. આમ પડ્યો પણ હરિ તો અડગ ઊભા જ રહ્યા.

તે મહાભયંકર પાપી લોકોના પ્રાણને હરતો હતો. નિશંક થઈને તોફાન કરતાં થકાં ચારેબાજુ ફરતો હતો. દૂર ઊભો રહીને બિવરાવતો હતો પણ લાલ પ્રભુ તો સહેજેય નહોતા ડરતા તોય ક્રોધ કરીને પ્રભુની ઉપર કાળની માફક થઈને આવ્યો. ઉપાડી ઉપાડીને હાથને બાવડાં ઉપર જોરજોરથી પછાડતો હતો. જેમ સિંહનું બચ્ચું શોભે તેમ હરિ શોભતા હતા. કયાં મહાકાય ગરુડ અને કયાં બાળહંસ પ્રભુ. તે મદોન્મત્ત થઈને દોડીને હરિ ઉપર જોરથી થોટ મારી પણ બળપૂર્વક હરિની બાજુ ગયો. એના દાવથી વર્ણિરાયને કાંઈ ન થયું. હરિ ઉપર ક્રોધ કરીને કહે હવે હું તમને કાપીને ખાઈ જાઉં છું. આમ બબડાટ કરવા લાગ્યો. દોડીને પાસે જઈને હાથેથી બાથ ભિડાવવા ગાયો બાથમાં લઈને ઝકઝોળીને પાડી નાંખવા માટે ઝપટ કરી ઝાલવા લાગ્યો. પણ એને ભૂમાવીને પ્રભુએ ભૂમિ ઉપર પછાડ્યો તે અસુરનું શરીર ભૂમિ ઉપર પડીને પ્રભુએ ભૂમિના ભારને હળવો કરવા તે અસુરને દાવમાં લઈને નાશ કરવાનો નિર્ણય કર્યો. એને ભૂમિ કરીને ગોળ ફેરવી પછાડ્યો. તે અસુરના શરીર પડવાથી ધૂળ ઊડી અને ધૂળમાં રગદોળાયું અને મુખમાંથી લોહી વહેવા માંડ્યું. જમીન ઉપર ઘસડાવા લાગ્યો. એના પગ પકડીને પછાડ્યો. માળામાંથી જેમ કબુતરને પછાડે તેમ તે પૃથ્વી ઉપર પડીને પટકાયો.

આ રીતે પછાડી ઉછાળીને એના પ્રાણ નીકળી ગયાં ત્યારે દેવો આ લીલાના વખાણ કરવા લાગ્યાં. અસુરોનો નાશ કર્યો. તેનાં દેવલોકમાં વખાણ થવા લાગ્યાં. તે ખળનાં ખંડ ખંડ પ્રત્યે શરીરના ટુકડા થયા. તે લોકોને દુ:ખ હરનારા હરિએ દંડરૂપે તેનો નાશ કર્યો. તે પાપી પાપના પહાડને પછાડ્યો. કેમકે તે તો લોકોની પીડાને વધારનારો ત્રાસદાયક હતો. એને પ્રભુ વગર કોઈ ન દબાવી શકે. સર્વ દેવો સત્પુરુષોના સ્વામી શ્રીહરિએ સર્વના દુ:ખને હરવા માટે લીલા કરી છે. આ બાજુ દેવો દર્શન કરીને વિનયપૂર્વક હરિનો જયજયકાર કરવા લાગ્યાં. આકાશમાંથી પુષ્પ વર્ષાવવા લાગ્યા. હરિનાં દર્શન કરી વંદન કરીને બધા દેવો પોતાના નિવાસ અમરધામમાં ગયા.

તે જ સમયે તે પાપીના પ્રાણ નીકળ્યા. તે શ્રી પૂર્ણપુરુષોત્તમ પ્રભુને જોઈને એમના ચરણમાં બેઠો ત્યારે એની આગળ અનંત કોટિ બ્રહ્માંડના સ્વામી શ્રીહરિ ઊભા હતા. તેમના દર્શન કર્યાં. એના પાપનો લય થયો અને પૂણ્યનો ઉદય થયો શ્રીહરિએ પાપીને પાપથી કર્મમુક્ત કરવા મુક્તિપ્રદા (બદ્રિકાશ્રમમાં) મોકલ્યો. એ એની ઉપર હરિએ મહા કરુણા કરી છે. મનોહર અલૌકિક સ્વરૂપ રસભરપૂર પવિત્ર શ્રીહરિના રૂપને જોઈને બધાં લોકો જોવા માટે દોડતાં આવશે અને મને જોવા માટે રોકશે. જવા નહીં દે આ પ્રમાણે માનીને. પવિત્ર જળથી સ્નાન કરવાના નિમિત્તે સવારમાં વહેલા હરિ ચાલતા થઈ ગયા. ખૂબ જ દૂર વનમાં ચાલ્યા ગયા. કોઈ પાસે ન આવી શકે એવા દૂર તળાવ તટે પહોંચ્યા. એને કોઈ પાર ન પામી શકે એમ ગયા.

પ્રભુ કહેતા હતા કે હવે પ્રભાતનો સમય થયો છે અને લોકો બધાં મળીને જોવા માટે આવશે અને ઘણાં બધાં માણસો આ દૃશ્ય જોઈને મને માનશે. એટલા માટે એમને આ બહુ અનુકૂળ ન હતું. હરિએ ભવિષ્યનો મનમાં વિચાર કરીને એટલા માટે જ પ્રભુ પોતાને પ્રિય વનમાં પધાર્યા. આ બાજુ પુરમાં સવારના પહોરમાં જ લોકોને થવા લાગ્યું કે પ્રભુ નારાયણ હરિ ક્યાં ગયા હશે ? કેમ હશે ? એ જાણવા આવશે જ. ગરીબના બેલી એવા રાજાને જઈને લોકો કહે, આજે ઉત્પાત્ત ખૂબ જ થયો છે. એમ કહેવા રાજા પાસે લોકો ગયાં ત્યારે તે રાજા દૂરથી જોતાં હતાં. નજીકમાં કોઈ નહતું જતું. તે રાક્ષસ મરેલો અતિ વિકરાળ લાગતો હતો. જોવામાં કાળ જેવો ભયંકર લાગતો હતો. જાણે આખા નગરને ગળવા માટે તૈયાર થઈને મુખને પહોળું કરીને હમણાં જ ગળી જશે એમ પડેલો બધાંને જોવામાં આવ્યો. રાજા અને રાજાના સેવકો બધાં જ દરવાજાની ઉપર ચઢીને જોતા હતા અને નગરનાં માણસો પણ બધાં જોવા માટે આવેલાં. તેની ખૂબ જ ભીડ જામી હતી. ખૂબ લાંબો સમય જોવા લાગ્યા. બધાં કહે હજી તો રાક્ષસ જીવે છે. મરે નહીં. હવે આના માટે શો ઉપાય કરવો. આની જે ખબર લઈ આવે તે તેને હું મદદ કરું. સાથ આપું. કોઈ તપાસ કરવા જાઓ. કોઈ એની પાસે જઈને ઘા મારી દૂર કરી નાંખો. એવો ઘા મારો ત્યારે ગેબ મારીને ઉભેલાં ધડને પાડી દીધું અને ગેબ જમીન ઉપર પડ્યો ત્યારે બધાં એની નજીકમાં જવા લાગ્યાં.

મહારાક્ષસ તો આ જગતના માણસથી ન મરે માટે આને મારનાર તો ઈશ્વર જ હોય ત્યારે નોકરો કહેવા લાગ્યા કે રાતમાં આ રાક્ષસની સાથે બાલ બ્રહ્મચારી લડતા હતા. તે અમે જોયા હતા. તે બાલવર્ણિ બ્રાહ્મણના ઘેર આવેલા હતા. તેઓ કહેતા હતા કે હું તે દેવાલાયે જાઈશ. એટલે તેઓ ત્યાં ગયા અને રાતે રાક્ષસની સાથે લડતા હતા. તેને અમે બધાએ જોયા હતા.

ત્યારે રાજાએ સેવકોને આજ્ઞા કરી કે તમે લોકો દશે દિશામાં શોધો. દશ દશ કોશ (ચાલિસ ચાલિસ ગાઉં સુધી) શોધ્યા પણ તે હરિ બટુક ક્યાંય ન મળ્યા. એમનાં પગલાં જોતા જોતા ગયા. ચારે બાજુ જોયું તોય ક્યાંય ન મળ્યા. મળે તો દર્શન કરું પણ ક્યાંય ન મળ્યા. ત્યારે સેવકો આવીને રાજાને કહે, તે બ્રહ્મચારી મળ્યા નહીં ત્યારે તે રાજા ખૂબ જ અધિરા થઈ ગયા. ત્યારે તે રાજ હરિનાં સોળે ચિહ્નોવાળાં ચરણનાં દર્શન કરીને પોતાના હૃદયમાં ધારીને સ્મરણ કરતા હતા અને આ રાક્ષસને મારવામાં જે આ દેવ ઈશ્વર કે સાક્ષાત્ ભગવાન આવ્યા હતા તે આપણાં ભાગ્યમાં દર્શન નહિ લખ્યાં હોય એટલે ન મળ્યા. એમ માનીને મનને શાંત કર્યું.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં છઠ્ઠા કિશોર રત્નમાં વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિએ વિપ્રનાં મરણમાંથી રોકીને મહાબળવાન રાક્ષસનો ઉદ્ધાર કર્યો. એ નામે સાતમો તરંગ થયો. ॥૭॥**

# તરંગ-૮

રાજા પુછે છે હે ગુરૂરાય ! શ્રી હરિ નિલકંઠ પ્રભુ કાળો પર્વત તથા વનમાં પ્રવેશ કર્યો તે તથા ચોમાસામાં વનમાં ફર્યા તે તથા ભૈરવનો નાશ કર્યો તે હરિની કથા મને કહો.

અયોધ્યાપ્રસાદ કહે છે હે રાજન ! તમે પુછ્યું એટલા માટે તેમને ધન્યવાદ છે પરંતુ વર્ણિરાયનાં ઘણાં ચરિત્રો તો શોભાયુક્ત કહ્યાં છે અને બિજાં પહાડનાં તથા મહાવન વિચારણનાં તથા અશુરોનો નાશ કર્યો એ ચરિત્રો તમને કહું છું. રાક્ષસનો નાશ કરીને હરિ તે દિવસે જગતના જીવોની પીડાને દૂર કરીને ખૂબ જ ચાલ્યા જેમ પીનાકિન (શંકર) ભગવાન દુઃખીયાના દુઃખોને હરે છે તેમ પીડાને હરિને હરિ સ્નાન કરીને નગરો ગામો દેશો તથા નેસડાઓ ખેતરો ખળાઓ બધાંનું બંધન કરીને નિર્દોષ થકા ચાલતા હતા.

આ રીતે ઉલંઘન કરીને રોજેરોજ ચાલતા થકા વિચરણ કરતા હતા જીવોનાં કલ્યાણ કરવા ચરણકમળને ભૂમિ ઉપર છાપતા હતા ભુમિની સોભાસંપત્તિને જોઈને તે પોતાની શોભાથી ખૂબ જ મનોહર લાગતી હતી. વિચરણ કરીને ભૂમીના ભારને હરતા થકા જીવોનું શુભ કરતા થકા. કાંટાકાંકરા ખાડા ટેકરાની દરકાર કર્યા વગર જ હરિ પોતાના ચરણકમળને ભૂમિ ઉપર સ્થાપતા હતાં. માર્ગમાં ઈચ્છા પ્રમાણેનાં કંદમૂળ ફળફૂલ હરિને આપતિ હતી. આ રીતે ભૂમિ અનુકૂળ હતી તેથી ચાલતા જતા હતા. આ રીતે ચાલતાં મહિનાઓ દિવસો સુધી સતત ચાલતાં કબંઝર પર્વત તથા તેના વનમાં પ્રભુએ પોતાના ચરણોને સ્થાપન કર્યા ત્યારે તે પર્વતની તળેટીમાં ખૂબ જ શોભા થયેલી હતી એ શોભા જોઈને કોઈની ધીરજ જ ન રહે એવી શોભા મનોહરતા હતી. શ્રી હરિ નિલકંઠ પ્રભુએ તે વનમાં પ્રવેશ કર્યો તે વનની ગીચતા મનોહરતા ઘાટીઓને જોઈને તથા ઘણાબધાં હાથી-ઘોડાઓ આદિના અનેક જીવોનું સારું કરવા માર્ગ ઉપર ચાલવા લાગ્યા. ગવયો ગાયો મૃગો તથા વનનાં પ્રાણિઓ રહેતાં હતાં એનું શું વર્ણન કરવું પરંતુ ભૂમીની તે પહાડનું પ્રવેશ મુખ શોભાથી બધાના ચિત્તને ખેંચતાં હતાં એને વિષે અનુરાગ થતો હતો. માર્ગમાં આવતાં મુનિઓનાં આશ્રમો ઓળંગીને જોતા જોતા જતા હતા ત્યારે તે આશ્રમોમાં હોમ થતો હતો તેનો ધૂમાડો નીકળતો દેખાતો હતો તે આશ્રમો પાસે તુલસી જળના કુંડો વેદિકાઓ બધાં જ સ્વચ્છ રહેલાં દેખાતાં હતાં. ત્યાં સિંહ, વાઘ, હાથી, હાથીનાં બચ્ચાં, મૃગો વગેરે વનપ્રાણીઓ હરિને જોઈને પોતાના સ્વભાવનો ત્યાગ કરી નિર્દોષ ભાવવાળાં થતાં હતાં બધાં જ એકબીજાનાં મુખને ચાટનારાં સાથે સામર્થ્યને બતાવતાં હતાં. એવાં તે મુનિઆશ્રમો ક્યાંક ક્યાંક શોભતાં હતાં તે બધાં સરોવરો તળાવો નદીઓના કાંઠા ઉપર વસેલાં હતાં. પોતાના તપના ફળને દેવા માટે વિચરણ કરતા હરિનું ક્યાંક ક્યાંક દર્શન થતું હતું.

તે બાળબટુકની અદ્‌ભુત મૂર્તિને જોઈને તે મુનિજનો એમને આવકાર આપતાં હતાં આદર કરતાં હતાં ક્યાંક ફળમૂળ જમાડીને જલપાન કરાવીને પોતે સેવાનું મહાફળને પ્રાપ્ત કરતા હતા. તે પર્વતની તળેટીમાં તલનો તમાલપત્રનાં શાળનાં આંબાના રાળનાં ટીલવા આદિનાં ચીલકિલર સીલ લસનાર બેરસેબર નીલ આદિ પાકતા ફળોવાળાં કરિયપિયર વિપલ પીપળા પુંનાગ પુગીફળ (સોપારી) પાડલિ પનસતનસ સુવાસ અનસિસિ સમસિમળો સમળો વગેરે વૃક્ષો. લીબડો, આંબો, કદંબ આમળાં, જાંબું, લીંબુ, જુબનો જુથો તથા અરિઠામરિઠા મજીક કોઠાંની નીચે અનેક ફળો પડેલાં હતાં તે શોભતાં હતાં. સરગવો, શિશમ, સાગ, સાદડ, અમર દ્રાક્ષ આદિ બધાં વૃક્ષોમાં

ફળોફૂલો મનોહરતાથી તે વનની શોભા અઢારે ભાર સમાન જોઈને શ્રીહરિ કરૂણા દ્રષ્ટિથી અતિ આનંદ પામતા હતા. સિંહ, વાઘ, વરાહ, નાગ સર્પ જાતિ, ભેંસો, મદમસ્ત તથા ગેંડાઓ હાથીઓ મૃગો કસ્તૂરિ મૃગો, સસલાં, રીંછો, વાંદરાંઓ બધાં જ નિલકંઠ વર્ણિને જોઈને એક જ સ્થિર નજરે જોતાં હતાં. પોતાના જીવન જન્મને સફળ કરતાં હતાં. હરિનાં સ્વરૂપમાં એકાગ્રચિત થયાં હતાં. એવા હરિ વનની શોભાને જોતા થકા નિર્ભય થકા મદમસ્ત થઈને વનમાં ફરતા હતા. તળાવો, સરોવરો, નદીઓ પાણીથી ભરપુર શોભતાં હતાં. તેની શોભાથી મનને આનંદ આપતાં હતાં તે વનમાં ચક્વાક, ચકોર, ચક્વા, હંસ, સારસ વિગેરે બધાં જ સાથે રહેતાં હતાં. જળકુકડી, કરેડા, ચાતક, કોયલ આદિ પક્ષીઓમાં પોપટ, મેના, કબૂતરો, પારેવાંઓ, કૈકયો, હોલાં, ખંજ પક્ષીઓ ખૂબ જ સાથે રહેતાં હતાં જોઈ તલ્લીન થતાં હતાં. નિલકંઠ બટુપ્રભુ આ રીતે વનોમાં વિચરણ કરતા હતા ત્યારે સિધિઓ સર્વે વનનાં વૃક્ષોમાં રહીને સેવા કરતી હતી ત્યારે ક્યાંક જાંબુ, દ્રાક્ષ, અખરોટ, ફણસનાં ફળો-ફુલો, બોરાં વિગેરે મળતાં હતાં. ક્યાંક કેળાનાં ફળો જમતા હતા ક્યાંક જાંબું અમરફળ રસદાર કેરીઓ જમ્યા ક્યાંક તાડનાં ફળો તમાલનાં ફળો પ્રવાલનાં ફળો ઈરંડનોંફળો જમતા હતાં. ક્યાંક ફળફૂલો મળતાં હતાં ત્યાં જમતા હતા જયાં કાંઈ ન મળે ત્યારે ઉપવાસ થતો હતો ક્યાંક કેવળ પાણી મળે તો તે પીને વિચરતા હતાં હાથીનાં બચાંએ તોડેલાં ફળો જમીન ઉપર પડેલાં જોતા હતાં. ક્યારેક એક ઉપવાસ ક્યારેક બે ક્યારેક ત્રણ ચાર પાંચ પાંચ ઉપવાસ કરે અને નિશ્ચિંત થઈને વનમાં ફરતા હતા. તે તો કેવળ પરમારથ કરવા માટે જ ફરતા હતા પણ કેટલાક આત્માઓ તો કામ વાસનામાં બંધાયેલા હોવાની માફક ફરતા હોય તેમ નહોતા ફરતા બીજાના પરોપકાર માટે જ ફરતા હતા. આ રીતે ફરતાં ફરતાં ગ્રિસ્મ ઋતુ પૂરી થઈ અને વર્ષાઋતુ આવી ત્યારે વર્ષાદનિ ધારથી પૃથ્વી સમૃદ્ધ થઈ તે સમૃદ્ધિથી યુક્ત થઈને શ્રીહરિ કૃષ્ણ પ્રભુનાં દર્શન કરવાથી ખૂબ જ પ્રસન્ન મનવાળી થઈ ગઈ ત્યારે તેના વસ્ત્રોને ધારીને રત્ન આભૂષણોને ધારીને ભારવહન કરતી હતી ત્યારે તે પોતાની ઉપર પાણીનાં ઝરણાં ખળખળ કરતાં વહેતાં હતાં તે ઝરણા બધાં જ જળાશયો નદીઓ સાગરોને જળ આપતાં હતાં. વિમાનોની સાથે દેવો મુનિજનોની સ્ત્રીઓ સર્વે પર્વત ની કંદરાઓ ઉપર ખૂબ જ શોભતાં હતાં પોતાના કલ્યાણ કરવાના કારણ રૂપે હરિ વિચરણ કરતા હતાં તે દર્શન કરીને પોતાનાં શિખરોની સાથે નમન કરતો હતો. ત્યારે તે વનપર્વતોમાં વનકુટિરોમાં મોટો ઉત્સવ થતો હતો. મેઘઘર્જનાથી નાદ થતો હતો. કોયલ, પપૈયાની પોકારો થતી હતી તેથી તે પોકારને સાંભળવા પ્રભુ વનપર્વતમાં વિચરણ કરતા હતા ત્યારે કોયલ સાદ પાડતી હતી અને બધાંને યાદ કરાવતી હતી કે પ્રભુ પધારે છે અને તે દર્શને બધાં આવો એ આમંત્રણ આપતી હતી બધાં દોડતાં હતાં. સિંહનાદ કરીને જાણે તોપ ફોડતા હોયને શું તેમ હરિનું સ્વાગત કરતાં હતાં વૃક્ષો ઉપર નવા નવા અંકુરો આવવાથી પર્વતો ઉપર નવા અંકુરો રત્ન ગૈરિકાદિક ધાતુઓથી સત્કાર કરતાં હતાં. શિખરો ઉપર અમૃત મળેલ હોય તેમ શિખરોને સમાવીને પર્વતો ટેકરીઓ હરિને મળીને અતિ આનંદવાળા થતાં હતાં.

હરિ ફરતાં ફરતાં કાળા પર્વતને મળ્યા અને કાળા પર્વતે હરિને જોઈને દર્શન કર્યા અને કહેવા લાગ્યો કે હે હરિ આપે મને પાવન કરી નાંખ્યો કેમકે આપે મારી ઉપર અનેક રીતનાં લીલા ચરિત્રો કર્યાં છે. તથા આપના પાવન ચરણકમળનો સ્પર્સ થયો છે તે મારી ઉપર સદા કૃપા કરી છે. ક્યાં મારો જડ દેહનું જીવન અને આપ તો પર બ્રહ્મપુરૂષોત્તમ નારાયણ છો આપના ચરણ કમળમાંથી પ્રણવનાદ કાયમ થાય છે. એવા પવિત્ર ચરણકમળ મારા ઉપર ચિન્હિત થયા એજ મોટી પુણ્યની વાત છે. મારા પર્વતના દેહને મને આજે આપ દર્શન આપો છો

તેજ મોટાં ભાગ્ય છે. એમ પર્વતને દર્શન આપીને ઘનશ્યામપ્રભુ અનંત જીવોનું કલ્યાણ કરવાના હેતુએ વનમાં વિચરણ કરવા ચાલ્યા.

આ રીતે અનેક દિવસો સુધી ચાલતા રહ્યા વનમાં પર્વતો ઉપર ફરતા ફરતા પુરૂષોત્તમનારાયણ પુલહાશ્રમમાં પધાર્યા તે આશ્રમમાં તપ કરવા માટે જ વિકટ વનો પર્વતો ઘાટિઓમાં ફરતા ફરતા આવ્યા. સિંહ, સુવર, વાઘ, સર્પો આદિના ખૂબ જ ભય હોવા છતાં માર્ગમાં ક્યાંક ક્યાંક આવીને અવરોધ કરતાં હતાં તથા કાંકરા કાંટા ખાડાટેકરા ઉબડખાવક માર્ગમાં ફરતાં હતાં હરિનાં ચરણકમળ અતિ કોમળ હતા તોય દરકાર કરતા ન હતા. ધૈર્ય ધારીને મહા કઠિન વિકટ વનમાં બટુકવર્ણિ વિચરતા હતા રાત-દિવસ ચાલતા રહીને ખાવાપીવાનું કાંઈ ન મળે તો પણ દરકાર કર્યા વગર આનંદથી ચલતા હતાં. માર્ગમાં ચાલતા હતા ત્યારે માર્ગનું કાંઈ નિશાન ન હતું પરંતુ દિશાનું અનુસંધાન રાખીને આગળ ચાલતા હતા અને પોતાના દેહની કોઈ જાતની દરકાર રાખતા જ ન હતા પરંતુ આકૃતિ સાથે જ ચાલતા હતા એવા અવિનાશી પ્રભુ ચાલતાં ચાલતાં માર્ગમાં પડી જતા હતા તોય કોઈ તપાસ ન નહોતા રાખતા. ચાલતાં ચાલતાં પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ ખૂબ જ દૂર ચાલ્યા ગયા પરિશ્રમથી આંખે અંધારાં આવ્યાં અને ભૂમિ ઉપર પડી ગયા ત્યારે બે ઘડી સુધી પડ્યા રહ્યા અને બેઠા રહ્યા પછી ફરી ભાનમાં ચેતના આવી એટલે જીવોના ઉધાર માટે હરિ ચાલતા થયા.

હરિ ચાલતા હતા તે રસ્તાની નજીકમાં જ નદી વહેતી હતી તે જોઈને મહાપ્રભુએ સ્નાન વિધિ કરીને નદીને તીર્થભૂમિ પવિત્ર બનાવી. આ રીતે હરિ વન વિચરણમાં અનેકનો ઉધાર કરવા કૃપા કરતા હતા. સ્નાન વિધિ કર્યા પછી નિત્યવિધિ કરીને બાલમુકુંદ ભગવાનને અને શાલગ્રામને સ્નાન કરાવીને શ્રદ્ધાથી જળપાન કરાવ્યાં થાળ ધરાવ્યો ત્યાર પછી શ્રી બટુક બ્રહ્મચારીએ જળપાન કર્યું. નિત્યની વિધિ નિયમ પ્રમાણે કરીને જગતના જીવોને સમજણ આપેલ છે. ત્યાર પછી હરિ પોતાના મનમાં નિર્ણય કરીને, માર્ગને પવિત્ર મંત્રના જાપ કરવા શ્રીહરિ ત્યાં જ રોકાયા બાજુમાં બેઠક કરીને વિચાર કર્યો એટલામાં સૂર્યનારાયણ અસ્ત પામ્યા, ત્યારે હરિ પણ નજીકમાં મોટો વડ હતો તે વડની નીચે જઈને બેઠા. સાયંકાલિન સંધ્યાવંદન કરીને પાઠ કર્યા નિત્યનિયમ કર્યા તે નિત્યનિયમ પુરા થયા ત્યારે મનમાં નવી લીલા કરવાનો વિચાર કર્યો ત્યારે મનમાં પોતાના કુળદેવતા હનુમાનજીને સંભાર્યા તેથી તેઓ આવ્યા.

હનુમાનજીએ આવીને ચરણવંદન કરીને બટુકની પાસે જઈને બેઠા પોતાને સંભાર્યા એટલે પોતાને ધન્ય ભાગ્ય માનવા લાગ્યા. હરિનાં દર્શન થયા એ મોટાં ભાગ્ય હતાં. કેમકે કરોડો બ્રહ્માંડોના સ્વામી સર્વ દેવના દેવે મને સંભાર્યો એ મારો મોટાં ભાગ્ય છે. આ લીલા સંવત અઢારસો પચાસની સાલમાં શ્રાવણ વદ આઠમના રોજ રાત્રે પહેલી સોળ ઘડી સુધી મહાઘોર અંધકાર વ્યાપેલો હતો તે કાળિ રાત્રે ચારે બાજુ મહા ભયંકર ઘોર શબ્દો થતા હતા તેથી મહા ભયંકર વાતાવરણ જણાતું હતું. તે રાતના સમયે મેઘગર્જના થતી હતી ઘનઘોર મેંઘ છવાયો હતો વર્ષાદ વર્ષતો હતો તેથી ઝરણાં વહેતાં હતાં. તે સમયે સિંહ, પાડાઓ, હાથીઓ બધાં જ ગર્જનાઓ કરતાં હતાં તેનાથી પર્વતો ઉપર પડઘા પડતા હતા. નદીઓ, ઝરણાં વહેતાં હતાં. પવનની મહા ઘુમરિયો આવતી હતી તેનાથી મોટા અવાજો સાથે વૃક્ષોની ડાળો તૂટીને પૃથ્વી ઉપર પડતી હતી તે જ સમય વડના વૃક્ષ ઉપર મોટા ઘોષ (શબ્દ)થવા લાગ્યો ડાળીઓ ઉપર બેઠેલાં પક્ષીઓ પણ કલકલાટ બોલતાં હતાં બગલાં કરકડા ઘુવડો ચિબરીયો બધાં જ એક તારથી બોલતાં હતાં એ રીતે અપશુકનનો મહાઘોષ થતો હતો ત્યારે શિયાળો કુતરાંઓ

રોતાં હતાં અને વધારે ભયનું વાતાવરણ બતાવતાં હતાં.

તે સમયે નિલકંઠ વણીએ અંતર્દષ્ટિ કરીને સ્વસ્વરૂપનું ધ્યાન કર્યું અને હનુમાનજીએ બહાર દષ્ટિથી હરિનાં દર્શન કર્યાં રાતના સમયમાં અતીશય વિકટ વાતાવરણ લાગતું હતું ત્યારે બે પ્રકારની વાતાવરણમાં ગતિ ચાલતી હતી અનંત કોટી બ્રહ્માંડોથી ન્યારા રહિને વિચારતા હતા અને ઉદાર દષ્ટીથી અનેક જીવપ્રાણીઓનો ઉધ્ધાર કરવાનું ધારીને અનેક રીતે વિચારતા હતા. એ રીતે શ્રી હરિ પ્રભુ અક્ષર ધામમાંથી મનુષ્ય સ્વરૂપને ધારણ કરીને અત્યારે આ પૃથ્વી ઉપર વિચરણ કરે છે તે હરિ પોતાના સ્વરૂપનાં દર્શન, ચરણસ્પર્શ આદીનાં સંબંધે કરીને જીવોનાં મંગળ કરવા બટુકરૂપે વિચરણ કરીને પાવન કરે છે.

**આ રીતે શ્રી હરિલીલા સિંધુમાં છઠા કિશોર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામિના શિષ્ય વૈષ્ણવાનંદર્ણિએ રચેલછંદ ભાષામાં શ્રી હરિએ પર્વતો વનમાં વિચરણમાં વર્ષાનુ વર્ણન કર્યું એ નામે આઠમો તરંગ થયો. ॥૮॥**

# તરંગ-૯

રાજા પૂછે છે, હે મુનિરાય ! આપે કાળા પર્વત ઉપર હરિનો મેળાપ થયો તે કહ્યો. તે વનને હરિએ પવિત્ર કર્યું તે સાંભળ્યું પણ ધોળા પર્વતને હરિ મળ્યા તે કહો અને પછી પુલહાશ્રમમાં ગયા તે કથા મને કહો.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! આવેલ ભૈરવને હનુમાનજી આવેલા તેમના દ્વારા મરાવીને પછી નિલકંઠ પ્રભુ પુલહાશ્રમના માર્ગે ચાલતા થયા. આગળ ચાલતાં. ધોળા પર્વતનું અને નિલકંઠ હરિનું મિલન થયું. તે વાત હું તમને કહું છું. તેને તમે ધ્યાન દઈને સાંભળો અને આ હરિલીલાના ગ્રંથને તમારા જીવનમાં ધારણ કરો. તે ભૈરવ આવીને રાત્રે ઉત્પાત્ત કર્યો, ને એક પ્રહર સુધી ચાલતો રહ્યો. ત્યાર પછી એ મહાઉત્પાત્ત મચાવવા લાગ્યો અને તે પોતાની પિશાચી સેનાની સાથે વનનાં પ્રાણીઓને ભગાડતો થકો ત્યાં આવ્યો. તે દુષ્ટ પાપના ભારરૂપ પૃથ્વીને ભાર કરનારો પોતે અતિ ભયંકર પાપ કર્મમાં રાચતો, પોતાનો હવે કાળ નજીકમાં જ છે એમ નહીં સમજીને. ગુપ્ત રીતે રાખેલા અગ્નિને નહિ પારખીને, વર્ણિ પ્રભુ પાસે પવનસુત બેઠેલા હતા. તોય એમની ઉપર અનાદર કરવા લાગ્યો. તે ભૈરવ ભૂતોનો રાજા ભય પમાડતો થકો વનને કંપાવતો થકો ત્યાં આવ્યો ત્યારે એના વાળ વિખરાયેલા હતા. એવા વિકરાળ મુખ આકૃતિવાળો ઉત્પાત્ત કરતો, લોહીથી ખરડાયેલા શરીરવાળો મુખેથી ગધેડાની માફક ઊંચા સ્વરે બકવાદ કરતો જીવતાં વનનાં પશુઓને ખાતો હોય તે દાંતથી રોષ કરતો થકો પશુ-પક્ષીઓના, મનુષ્યો સર્વના કાળ જેવો બીજો કાળ ન હોય ? તે પોતે વિકરાળ પોતાના વિશાળ સૈન્યની સાથે ત્રિશૂળને ધારણ કરેલો મુખેથી અપશબ્દને બોલતો થકો ત્યાં આવ્યો. ડાકણી, શાકિનિ, પ્રેત, પિશાચીની અનંત કૃત્યાઓ, ભૈરવો, ભૂતો, અપાર રાક્ષસોએ જીવોની હત્યા કરેલાં અનેક દીવાઓને મશાલો બળતા થકા બળતાં અગ્નિની માફક બળતા દેખાતાં જાણે ડાકલાં વગાડતાં થકાં અતિશય ઉત્પાત્ત ઉત્તેજન કરતાં ત્યાં આવ્યાં અને વર્ણિને બીવડાવતો થકો તેનો સેનાપતિ ભૈરવ ત્યાં પ્રભુ પાસે આવ્યો.

ત્યારે બધી સેના નિલકંઠ પ્રભુ પાસે ધસી આવી અને બંને બટુકોને બેઠેલા જોયા ત્યારે ભૈરવ સેનાને કહે કે, આને તમે બધાં જ ખાઈ જાવ. આમનો નાશ કરી નાંખો. આવાં કડવાં વચનો બોલતો હતો. ત્યારે આ પાપીની વાતને બલવીર અંજનિપુત્ર સહન કરવા તૈયાર ન હતા. તેથી એમણે પોતાનું મહાવિકરાળ સ્વરૂપ ધારણ કર્યું અને વર્ણિપ્રભુનું રક્ષણ કરવા લાગ્યા.

અંજનિપુત્ર મહાપર્વત સમાન વિશાળ સ્વરૂપને ધારણ કરીને મોટી ગર્જના કરીને બધી દિશાઓને ગજવી નાંખી અને પોતાની પૂછમાં પિશાચ સેનાને લપેટીને બાંધી દીધી એને ઊંચી કરીને પછાડી અધમુઆં કરી નાંખ્યાં. કેટલાંકને પગ નીચે દબાવીને પીશી નાંખ્યાં. કેટલાંકને હાથેથી પકડીને ખૂબ જ ક્રોધ કરીને ફેંકી દીધાં. આ રીતે પોતાની સેનાનો નાથ થતો જોઈને ભૈરવ અતિ ક્રોધાયમાન થઈને પવનસુત ઉપર હુમલો કરવા આવ્યો, જાણે ત્રણે લોકને કાળ ખાવા માટે આવતો ન હોય ? તેમ પોતાના મુખને પહોળું કરીને પવનપુત્ર પાસે સામો આવ્યો. ત્યારે મહા મદોન્મત્ત બે હાથીઓની માફક મહા ઘોર ઘર્ષણ કરતા હતા. બાઝતા હતા ત્યારે હનુમાનજી કહે હું તો પવનપુત્ર હનુમાન છું અને તમે તો ગણના દુતો કહેવાવ છો ત્યારે બંને પ્રલયકાલિન મેઘ ગાજે તેમ મહાગર્જના ત્યારે પવિત્ર હનુમાનને જોઈને પોતે તો પાપી છે તે રીતે પોતે બળ વિનાના થયા. સાત્ત્વિક પ્રકૃતિ આગળ તમારી આસુરી પ્રકૃતિ નિર્બળ થઈ. તેથી હનુમાન વીરે ક્રોધ કરીને પોતાના બંને હાથ ઊંચા કરીને તે ભૈરવના માથા ઉપર પ્રહાર કર્યો.

પવનસુતે પ્રહાર કરવાથી અસુરનું માથું ગળામાં ઉતરી ગયું. તેથી તે અસુર કબંધની માફક માથા વગરનો દેખાવા લાગ્યો. તે આકુળ વ્યાકુળ થયો. જમીન ઉપર પડી ગયો. આંખેથી આંધળો થઈ ગયો. ભાન વિનાનો થઈને બેહાલ થઈ ગયો ત્યારે દેવતાઓ આ લીલા જોઈને આનંદ પામ્યા. શ્રીહરિનો જયજયકાર કરવા લાગ્યા. દુદુંભિનો નાદ કરવા લાગ્યા. હરિ આપે આ કાર્ય અલૌકિક કર્યું એમ વખાણવા લાગ્યા. શ્રીહરિએ આ રીતે ચમત્કારથી ભૂમિને નિષ્પાપ બનાવી દીધી. શ્રીહરિ અહીંથી ક્યાંય ન ગયા. રાત ત્યાં જ રોકાયા. જ્યારે પ્રભાતનો સમય થયો ત્યારે ઊઠીને સ્નાનાદિક નિત્ય નિયમની ક્રિયા કરીને તૈયાર થયા અને હનુમાનજી ફળ લેવા ગયા.

હનુમાનજી શ્રીહરિની માટે વનમાંથી ફણસ, કેરીઓ, પાકાં પાકાં ફળો કંદ મૂળ તથા અંજરિ દાડમ વિગેરે સારાં સારાં ફળો લાવ્યા. તે શ્રીહરિને જમવા માટે આપ્યાં. પ્રથમ હરિએ બાલમુકુંદ ભગવાનને થાળ ધરાવ્યો. ત્યાર પછી પોતાની રૂચિ પ્રમાણે જમ્યા. પછી પ્રસાદ હનુમાનજીને આપ્યો. તે પવનસુતે આનંદ ભર્યા પ્રેમથી લીધો. ભગવાનના પ્રસાદને મારુતિનંદન જમ્યા. પોતે કૃતારથ માનવા લાગ્યા ત્યારે હરિ કહે તમારી ઈચ્છા પ્રમાણે સામર્થ્ય મળશે. કેમકે તમે તો અમારાં કુળના કુળદેવતા છો. તેથી પરંપરાથી અમારું ધ્યાન રાખો છો. તેથી ઈચ્છિત સામર્થ્ય તમને આપું છું. શ્રીહરિ હનુમાનજી ઉપર રાજી થઈને બાથમાં ઘાલીને મળ્યા. અને હનુમાનજી શ્રીહરિનાં ચરણો ચિહ્નસહિત હૃદયમાં ધારીને મનમાં ખૂબ જ આનંદ પામવા લાગ્યા. શ્રીહરિના સ્વભાવને પારખીને શ્રીહરિને વંદન પ્રણામ કરીને મારુતિનંદન પોતાનાં યોગબળથી અદશ્ય થયા. યોગ ધારણાથી હરિના સ્વરૂપને પોતાના હૃદયમાં ધારતા ગયા.

આ બાજુ મારુતિનંદન ગયા પછી પ્રભુએ પ્રયાણ કર્યું. હરિ એકલા જ ઉત્તર દિશા તરફ ચાલતા થયા. અનંત જીવોના કલ્યાણ કરવા માટે વિચરતા રહ્યા. માર્ગમાં ચાલતાં ચાલતાં જ્યાં રાત પડે ત્યાં નિર્ભય થઈને સમર્થ પ્રભુ રોકાતા હતા. સર્વનું મંગળ કરવા માટે માર્ગમાં આવતાં વૃક્ષો નીચે તેના કલ્યાણ માટે વાસ કરીને રહેતા હતા પણ પોતે તો કોઈનો આધાર રાખતા ન હતા. એ રીતે સ્વતંત્ર થકા ફરતા હતા.

વનમાં ચાલતાં હરિને અનાયાસે (સરલતાથી) ફળ મળે તો તેનો ઉપયોગ કરે છે. ન મળે તો ઉપવાસ કરવાની મનમાં રૂચિ રાખે છે. આ રીતે કેટલાક દિવસ ચાલતા રહ્યા ત્યારે કાળા પર્વતનો ત્યાગ કર્યો. શાંતિથી આગળ ચાલતા રહ્યા. અવતારના અવતારી પ્રભુ આગળ ચાલતા જાય છે ત્યારે આગળ અતિ મોટો મહાન પર્વત

સફેદ પથ્થરથી બનેલો દેખાવા લાગ્યો. તે પર્વત ચાંદી જેવા આકાર જેવા તેજવાળો હતો. જ્યારે સૂર્ય ઉદય થાય ત્યારે એનો પ્રકાશ અતિ મનોહર તેજાયમાન લાગે છે. તે સફેદ પર્વતના શિખર ઉપરથી જાણે દેવરાજના સ્વર્ગનું મહાદેવાલય હોય તેમ શિખરની શોભા લાગે છે. જુદાં જુદાં શિખરો શોભે છે. તે પર્વત ઉપર પશુ-પક્ષી મનુષ્ય કોઈની ગતિ નથી થઈ શકતી તથા એ પર્વતમાં અનેક પ્રકારના ગૈરુક રંગો આવેલા છે. તે શ્વેત પર્વતમાં અનેક પ્રકારના ખનીજ ધાતુઓનો ખૂબ જ ખજાનો ભરાયેલો રહે છે. તે બધાને સુખકારક છે. ક્યાંક ક્યાંક હિમના (બરફ)ના થરો સોનાની જેમ શોભે છે. જ્યારે એની ઉપર સૂર્યનારાયણની કિરણો પડે છે ત્યારે દેવોનાં તથા મુનિજનોનાં મનને ખૂબ જ આકર્ષણ કરતો રહે છે. એવી રીતે તે હિમાલય પર્વતની મનોહરતા અલૌકિકતા જોવામાં પૂર્ણતા આવતી જ નથી.

આ રીતે તે પર્વતની તળેટીમાં હરિ ચાલ્યા જાય છે ત્યારે વર્ણિ પ્રભુ ખૂબ જ શોભે છે. જાણે સ્વર્ગલોકમાંથી તપ કરવા માટે ઉપેઇન્દ્ર (વામન ભગવાન) આવ્યા હોય તેમ શોભતા હતા. આ રીતે ચાલતાં ચાલતાં ચોમાસાની વર્ષાઋતુ પૂર્ણ થઈ અને આકાશ નિર્મળ સ્વચ્છ દેખાવા લાગ્યાં. પ્રકૃતિ વાતાવરણમાં ચારેબાજુ ખીલેલી વનસ્પતિમાંથી મનોહર રમણીય સુગંધ આવતી હતી. ખીલેલાં કમળોમાંથી પરાગરજ ફેલાતી હતી. તેની શોભાથી વાતાવરણ અતિ શોભતું હતું. પિતૃલોકમાં પ્રયાણ કરતા દેવરાજની માફક સર્વના સ્વામી હરિ ખૂબ જ શોભા વધારતા હતા.

શરદઋતુની શોભાથી હરિના મુખારવિંદની શોભા અધિક મનોહર છે. શરદઋતુમાં ચંદ્રના પ્રકાશમાં કમલિની (પોંયણા) ખીલે છે. તેની અલૌકિકતા હોય છે. કંજ પુષ્પો સુકાસ પુષ્પો પણ ખીલેલાં રહે છે. તેના પરાગરજના વેગથી મનોહાર મંદ સુગંધ આનંદ વધારે છે. જાણે પિતૃલોકના માર્ગમાં પ્રયાણ કરતી ચતુરંગિણિ સેના જેમ જાય તેમ વનની શોભા આનંદ આપતી જાય છે. શરદઋતુના ચંદ્રમાની મનોહરતાની કરતાં હરિના મુખચંદ્રની શોભાને દેવપર્વત ગ્રહણ કરવા માટે ખૂબ જ આતુર હતો તેમ લાગતું હતું. દેવોનો સમૂહ મુનિજનોનો સમૂહ સાથે મળીને આવતો રહે અને હરિનું દિવસો દિવસ પૂજન ભાવથી કરતા રહે અને અમૃત સમાન મીઠાં ફળો કંદો મૂળો હરિને અર્પણ કરતા જાય. હરિનાં ચરણકમળમાં વંદન કરીને જાય. અતિ ઊંચા પ્રકારનાં પોપચંદન સુગંધયુક્ત તેનાથી પૂજન કરતા રહે અને દેવો મુનિજનોને સિદ્ધોને અતિ આનંદ મળતો જાય એવા સર્વે સિદ્ધો મુનિઓ દેવો આજ પહાડ ઉપર નિવાસ કરીને રહેનારા એમનું કલ્યાણ કરવા શ્રીહરિ ચાલતા ચાલતા જાય છે. હરિ ચાલતા થકા અતિ કઠિન પહાડના માર્ગ ઉપર આવ્યા. પણ એ માર્ગેથી તો મહા વેગવાળી નદી વહેતી હતી. તે જોવામાં આવ્યું. તે નદી અતિ વળાંક વાળી અને અતિ જળવાળી તેને શ્રીહરિ તરીને સામે પાર ઉતરી ગયા. નારાયણ પ્રભુએ સ્નાન કર્યું. હરિ સામા પુરે ચાલીને પારતો ઉતરી ગયા પણ આગળ જોયું તો બંને પહાડો એકબીજાને પૂર્વ અને પશ્ચિમ બંને દિશાઓમાં અડેલા છે. ઊંચે જુવે તો જાણે સ્વર્ગને અડેલો હોય તેમ લાગે. પહાડનાં ઊંચાં બંને શિખરોની વચ્ચેથી ગુફામાંથી પાણીનો પ્રવાહ વહેતો આવતો હતો. તે પ્રવાહનો માર્ગ ખૂબ કઠિન હતો. રસ્તો ક્યાંય ન હતો દેખાતો. તેથી કોઈનાથી એમાં ચલાય તેમ તો ન હતું. તેથી કોઈનાંથી જવાય તેમ ન હતું. તે સમયે જ સૂર્યનારાયણને આથમવાનો સમય થયો હતો. પૂર્વના પહાડ ઉપર એનો આભાસ દેખાતો હતો. તે સમયે જ એક મહાપુરુષને જોયા. તે મહાન મોટા સ્વરૂપવાળા હતા. એમણે નિલકંઠ વર્ણિને ઓળખી લીધા હતા.

યોગને સિદ્ધ કરેલા યોગીના જેવા જ નિલકંઠ વર્ણિને જોઈને ઓળખી લીધા. ભગવાનનું સ્વરૂપ દેખાણું. પહેલાં જેમ શિવે કહેલું તેમ શ્રીહરિએ પોતાના સ્વરૂપને પુરુષોત્તમરૂપે દર્શન થવા લાગ્યાં. પછી તરત જ હરિ પર્વતની નીચે ગયા. દેવને મનુષ્યરૂપે જોયા. તેથી સન્મુખ ઊભા રહ્યા ત્યારે હરિની સન્મુખ જઈને હિમાલય પર્વતે નમસ્કાર પ્રણામ કર્યા અને ત્યાર પછી શ્રીહરિની સહાય કરનારા થયા. ત્યારે તે પર્વતની ગુફામાં પ્રવેશ કર્યો. અતિ લાંબો વિશાળ માર્ગ જોવામાં આવ્યો. હિમાલય દૃષ્ટિ પાસેથી અદશ્ય થઈ ગયા અને હરિ પ્રભુને એની કોઈ અપેક્ષા ન હતી. તેથી હર્ષ કે શોક ન હતો. ત્યારે હરિને ચાલતાં ચાલતાં પહેલી રાત આખી ગુફામાં જ વિતી ગઈ. સવારના પહોરમાં પ્રભુ ગુફામાંથી બહાર નીકળ્યા ત્યારે અતિ પ્રફુલ્લિત થયા. ચારેબાજુ જોઈને પર્વતની ગુફાનો થાંક દૂર કરવા માટે, નિશ્ચિત થઈને આરામ કરવા માટે એક સ્થળે બેઠા. ત્યારે ત્યાં એક પાણીનો મોટો ધરો ભરેલો હતો. ખૂબ પાણી એમાં હતું. એટલે પ્રભુએ રાત ત્યાં જ રોકાઈને વિતાવી અને સવારમાં ત્યાં ધરામાં વહેલા સ્નાન શૌચવિધિ પૂર્ણ કરી.

ત્યારે હિમાચલ પર્વત હરિ માટે પ્રેમથી જાતજાતનાં ફળો ફૂલ કંદ લઈને આવ્યા. તેને હરિએ પહેલાં બાલમુકુંદ ભગવાનને જમાડીને પછી નિલકંઠ પ્રભુ પોતે જમતા હતા અને જગનું હિત કરતા હતા. ત્યાર પછી હરિકૃષ્ણ પ્રભુ ચાલવા માટે ઉતાવળા થવા લાગ્યા ત્યારે હિમાલય હરિને હાથ જોડીને કહેવા લાગ્યો. હે પ્રભુ! આ ઘાટિતો ઉતરવા માટે ખૂબ જ કઠિન છે. માટે હે મારા પ્રિય કિશોર તમે કેવી રીતે ઉતરશો ? હે પ્રભુ ! આપ મને ખૂબ જ કૃતાર્થ કરી નાંખ્યો. કેમ કે આપના કોમળ ચરણ મારી ઉપર રાખીને ફર્યા તે માટે હું આપને માર્ગ બતાવવા આગળ ચાલું છું. જ્યાં વૃક્ષ રહેવા જેવાં હશે ત્યાં રોકાવાની જગ્યા કરી દઈશ. અતિશય વિશાળ સ્થળો વાંકાંચૂંકાં હતાં. તેથી હિમાલય પર્વત મૂર્તિમાન આગળ ચાલે. પર્વત ટેકરીઓ કોતરોમાં થઈને જવાનું ખૂબ જ કઠિન છે. તેથી પર્વતના માર્ગ ઉપર ચાલવાનું તો ખૂબ જ કઠિન છે. પર્વતમાં મોટી મોટી ખીણો થઈ ગઈ છે. તે બહુ જ કઠિન છે.

આ રીતે હરિ પ્રભુ ત્રણ દિવસ સુધી ચાલતા રહ્યા પણ માર્ગમાં દિશાનું કાંઈ ભાન જ નહતું રહેતું. એ રીતે માર્ગમાં કાંઈ ફળ ફૂલ પણ ન મળે. કેવળ જળનો આહાર કરીને મનમાં આનંદ રાખીને ચાલ્યા જતા હતા. ત્યાર પછી હરિએ હિમાલયને આજ્ઞા કરી કે તમે હવે પાછા વળો. પાછા વળીને તમે કાયમ મારી ભક્તિ કર્યા કરજો તો તમારો ઉદ્ધાર થાય ત્યારે તે પર્વત હરિને હાથ જોડીને કહેવા લાગ્યા કે હે પ્રભુ ! આપના પ્રતાપને જાણવો બહુ જ કઠિન છે. આપે મારી ઉપર કૃપા કરીને દર્શન આપ્યાં એ જ મારા ભાગ્યની મહા બલિહારી છે. હે પ્રભુ ! તમે જેવા છો તેવા તમને ઓળખવા તે તો મહામુશ્કેલ છે. તેથી આપને અમે ન જાણી શકીએ. કેમકે આપની લીલા ચરિત્રને લોકો પૂરેપૂરાં ન જાણી શકે. કેમકે અમે તો જડબુદ્ધિવાળા સામાન્ય જીવ કહેવાઈએ. માટે આપે અમારા ઉપર કૃપા કરીને મને કૃતાર્થ કરી નાંખ્યો. કેમકે આપે મારી ઉપર આપનાં ચરણકમળને સ્થાપીને મારાં વાંકાંચૂકાં અંગો ઉપર ચાલીને વિચરણ કરીને અમારો ઉદ્ધાર કરવા માટે પધાર્યા છો એ હું જાણું છું. આપના ચરણકમળ કમળદળ કરતાં પણ અતિ કોમળ છે. અને આપનાં અંગો કમળ ફૂલ કરતાં અતિ કોમળ છે. એવા હે પ્રભુ આપ મનુષ્યસ્વરૂપને ધારણ કરીને પૃથ્વી ઉપર વિચરણ કરો છો. તે તો જીવોના કલ્યાણના હેતુ માટે જ કરો છો. ભક્તોને સુખ આપો છો. સર્વના ઉપરી સર્વના કારણ પુરુષોત્તમ નારાયણ ક્યાં ? અને અમારાં જેવાં

જડબુદ્ધિના જીવો ક્યા ? આ રીતે હિમાલય નમ્રતાથી હરિને વંદન કરીને મનમાં નમ્રભાવથી સ્તુતિ કરવા લાગ્યા. આધાર વિનાના આધાર એવા સર્વાધાર એવા અમને ધારણ કરીને બધાને અધિકતયા ધારનારા, આશ્રય આપનારા એવા આશ્રયદાતાના આધાર આપનારા તેના પણ આધાર સર્વેને પૂર્ણ રીતે ધારનારા સર્વના ઉપરી તેના પણ ઉપરી કોઈનાથી પાર ન પમાય એવા સર્વ લોકના સ્વામી નાથ એવા આપ જ છો.

સર્વને ધારનારા અવતારના અવતારી આપ એક જ છો. અમારી ઉપર કૃપા કરીને આ ભૂમિ ઉપર પધાર્યા. બધાનો ઉદ્ધાર કરવા સર્વનું કલ્યાણ કરવા અનેક પ્રકરના ગુનાઓ કરનારાનાં ગુનાને માફ કરનારા એવા ગુણના સાગરરૂપ અત્યારે મૂર્તિમાન વર્ણિસ્વરૂપ આવ્યા તે જ સ્વરૂપ મારા અંતઃકરણમાં વસો. નમસ્કાર કરીને હિમાલય પર્વતે હરિની મૂર્તિને પોતાનાં અંતઃકરણમાં ધારણ કરીને હરિના ચરણકમળનો સ્પર્શ કરીને હરિની માટે સારાં સારાં ફળ લાવ્યા અને ત્રણ દિવસથી ઉપવાસ હતા તેથી હરિને જમાડ્યાં હોય તો સારૂં.

પર્વત જઈને કંદ મૂળ ફળ ફૂલ વિગેરે લાવ્યા. તેને હરિએ પોતાની રૂચિ પ્રમાણે આરોગ્યાં અને હરિની ઈચ્છા જોઈને હિમાચલ પર્વત મુર્તિમાન પોતાને માર્ગે પાછા ગયા. પ્રભુ પણ પોતાની ઈચ્છા મુજબ આગળ ચાલવા લાગ્યા. તીર્થ પાવન કરવા પધાર્યા.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં છઠ્ઠા કિશોર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિ હિમાચલ પર્વતમાં વિચરણ કરવા પધાર્યા એ નામે નવમો તરંગ થયો. ॥૯॥**

## તરંગ-૧૦

રાજા કહે છે, હે મુનિરાય ! શ્રીહરિ પુલહાશ્રમમાં ગયા અને ત્યાં જઈને તપ કર્યું અને મુક્તનાથ ભગવાનની સેવાભક્તિ કરી. આ રીતે ઉગ્ર તપસ્યા જોઈને સૂર્યનારાયણને આશ્ચર્ય થયું. એ લીલા મને વર્ણવીને કહો.

અયોધ્યાપ્રસાદદાસજી મહારાજ કહે છે – હે રાજન્ ! તમને ધન્ય છે. તેથી તમે સૂર્યનારાયણને જે આશ્ચર્ય થયું તેનું કારણ કહું છું. તેને સાંભળો. પુલહાશ્રમની લીલા કહું છું. તેને સાંભળીને તમને આનંદ થશે. છોડવાઓ વેલો તથા મોટાં નાનાં વૃક્ષોમાં ખીલેલાં ફૂલોની મનોહરતાની શોભા તે તો ઋતુ અનુસાર ખીલેલ છે. તેનાથી પુલહાશ્રમમાં શોભા વધે છે. શ્રીહરિ નિલકંઠ પ્રભુ સફેદ પર્વતથી આગળ ચાલ્યા ત્યારે શિયાળાની શીત ઋતૂ પૂર્ણ થઈ ગઈ અને હરિ પર્વતો વનોની નદીઓના તીર્થો પગથી ચાલીને કર્યા અને હરિ આત્મનિષ્ઠા રાખીને આગળ ચાલતા આવ્યા. મનને દૃઢ કરીને વિચરણ કરતા હતા. ઠંડીની ઋતુ બધી જ વસંત આવતાં પૂરી થઈ ગઈ. ત્યાર પછી ગ્રીષ્મઋતુ આવી ત્યારે પુલહાશ્રમમાં આવી પહોંચ્યા. ત્યાં પુલહાશ્રમને જોઈને તે અતિ મનોહર લાગતો હતો. લોકો એનાં દર્શન કરીને પાપમુક્ત થઈને પવિત્ર થઈ જાય છે.

ત્યાં તપ કરનારાને તરત જ તપનું ફળ આપે છે. ધર્મજ્ઞાનાદિક ચારે પુરુષાર્થને આપનાર છે. પોતાના આશ્રિતજનોનું શુભ કરનાર સ્થળ છે. આ સ્થળે ભગવાન કાયમ નિવાસ કરીને રહેલા છે. મુક્તનાથ ઋષભદેવ ભગવાનના પુત્ર ચક્રવર્તી ભરત કહેવાય છે. તે આ સ્થળે ઉગ્ર તપસ્યા કરીને ભગવાનને પ્રસન્ન કર્યા હતા. જે સ્થળે ગંડકિ નદી પુણ્ય રૂપે વહ્યા કરે છે. તે નદી આશ્રમની ચારે બાજુ ઘેરાઈને વહે છે. વચમાં આશ્રમ આવેલ છે.

શ્રીહરિકૃષ્ણ પ્રભુ તે પવિત્ર નદીમાં દરરોજ સ્નાનવિધિ કરતા હતા. દિવસમાં બેય ટાઈમ સવાર સાંજ

ભગવાનની પૂજા કરતા હતા. પ્રેમથી મુક્તનાથ ભગવાનની પવિત્રતાથી સેવા કરતા હતા. શ્રીહરિ નિલકંઠ પ્રભુ ભરતમુનિના આશ્રમમાં રહીને ખૂબ જ ઉગ્ર તપસ્યા કરતા હતા. તે તો અક્ષરધામના અધિપતિ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અનંત જીવોના કલ્યાણ કરવા જીવોને બોધ આપવા આ તપ કરતા હતા. મુમુક્ષુ જીવોના સુખ માટે એમનો ઉદ્ધાર કરવા માટે જેમ ભરતે ઉગ્ર તપસ્યા કરી હતી તેમ શ્રીહરિ પણ ઉગ્ર તપ કરતા હતા. શ્રીહરિ કોઈમાં પ્રીતિ કર્યા વગર જ તપ કરીને પૂર્ણ કામ રહેતા હતા. શુદ્ધ પ્રકાશ યુક્ત નિર્ગુણ અક્ષર બ્રહ્મપુરધામના સર્વોપરિ પુરુષોત્તમ પરબ્રહ્મનું જ સતત ચિંતવન કરતા હતા. અતિ ઉદારતાથી રહેતા હતા. શ્રીહરિ પોતે લોકોના બોધ માટે તથા જનના કલ્યાણ કરવા માટે લોકોને માર્ગદર્શન આપવા પૃથ્વી ઉપરથી ધર્મસર્ગનો લય થયો છે અને એના ઉત્કર્ષ કરવા લોકોને સાચા ધર્મનો બોધ આપવા સર્વે ક્રિયા કરતા હતા. શ્રીહરિ પુલહાશ્રમમાં એક પગે ઊભા રહીને જમીન ઉપર સ્થિર રહેતા હતા. બંને હાથોને ઊંચા રાખીને ઊભા રહેતા હતા. પોતાની નાસિકાના અગ્રભાગમાં દષ્ટિને સ્થિર કરીને ઊભા રહેતા હતા ત્યારે વર્ણિન્દ્ર અતિ એકાગ્ર ચિત્ત થઈને વૃત્તિને સંકોચીને ઊભા ખૂબ જ શોભતા હતા. મસ્તકની જટાની લટો લકટતી અંગો ઉપર શોભતી હતી. કંઠમાં તુલસીની માળા ધારણ કરેલી શોભતી હતી. ભાલમાં ગોળ ચાંદલો તિલક શોભતાં હતાં. અભયપદ આપનારા બંને હસ્તો જાનું સુધી લાંબા શોભતા હતા. શરીરની શોભારૂપ અર્ધ ચંદ્રાકાર મુખકમળ ખૂબ જ શોભતું હતું. કમર ઉપર મુંજની મેખલા બાંધેલ ખૂબ જ શોભતી હતી. આવી મનોહર મૂર્તિ શોભતી હતી તોય તપ કરતા હતા. લોકોને થતું કે જોનારા આ કોઈ મહા નરવીર છે એ પ્રમાણે જોતાં હતાં. શરીર ઉપર ધારેલી ઉપવિત શોભતી હતી. શ્રીહરિ સંત કમળના સમૂહમાં ગ્રહમંડળમાં સૂર્ય શોભે તેમ શોભતા હતા. હરિ ત્રણ સમયે ગંડકિ નદીમાં સ્નાન કરતા હતા. મુખથી અંગઉપાંગોની સાથે સામવેદનું ગાન કરતા હતાં.

હરિને કોઈ દત્તાત્રેય કહેતાં હતાં. કોઈ કપિલદેવ કહેતાં હતાં. કોઈક ઋષભદેવના પુત્ર જડ ભરત છે એમ કહેતાં હતાં. કોઈ વામન ભગવાન છે એમ કહેતાં હતાં. કોઈ મહાઋષિ શુકદેવ છે એમ કહેતાં હતાં. કોઈ સનકાદિક છે એમ કહેતાં હતાં. કોઈક સિદ્ધ છે એમ કહેતાં હતાં. કોઈક શ્વેત પુરવાસી વાસુદેવ મુક્ત છે. કોઈ બદ્રિપતિ છે એમ કહેતાં હતાં. કૈલાસપતિ મહાદેવ છે એમ કહેતા હતાં. આમ પોતાના મતો કહેતાં હતાં. કેટલાંક આ પોતે શ્રીહરિનારાયણ છે એમ કહેતાં હતાં. કોઈક કહે સર્વોપરિ સર્વકારણના કારણ સર્વોપરિ છે અને પોતે જગતના જીવોના કલ્યાણ કરવા માટે આજે પધાર્યા છે. જગતના જીવોનો ઉદ્ધાર કરવા ગરીબ નિવાજ પરમ દયાળુ પધાર્યા છે.

હરિ ફળ મૂળ દળ જે મળે તે ખાતા હતા. ક્યારેક કેવળ પાણિ પીને રહેતા હતા. ક્યારેક કેવળ પવન જ ખાતા હતા. આનંદમાં રહેતા હતા. ક્યારેક એકાંતરે ક્યારે પાંચ ક્યારેક દસ દિવશે ક્યારે પખવાડિયે ક્યારેક એક માસે જમતા નિત્ય ઉપવાસ કરતા નિરાહાર રહીને ઉગ્ર તપસ્યા કરતા હતા. જોનારા માણસ માત્ર બધાં જ કહે કે આ બટુક કોઈ માણસ તો નથી. દેવો મુનિઓ ભગવાન કૃષ્ણ કોઈક છે. કેમકે એમનાં ચરિત્ર આશ્ચર્યકારક જોઈને બધાં જુદાં જુદાં ભાવના વાતાવરણને જોઈને કહેતાં હતાં. કેમકે હરિ જ્યારે ચોમાસામાં મેઘ વર્ષે ત્યારે તે મેઘની ધારાઓને પોતાના ખૂલા શરીર ઉપર ધારતા હતા. સતત ખુલ્લામાં જ ઊભા રહેતા હતા. કોઈ પ્રકારનો ઓથ કે આશ્રય લેતા નહતા. કોઈ વૃક્ષ નીચે કે પર્ણકુટિમાં રહેતા જ ન હતાં. નિસ્પ્રેહિ થઈને સુખદુઃખનો કોઈ ભેદ રાખતા જ ન હતા.

આ રીતે નિલકંઠ પ્રભુએ તપ કરતાં થકાં ચાતુર્માસમાં દઢતાથી રહ્યા. મનના ભાવ પ્રમાણે ઉગ્ર તપ કર્યું ત્યારે એ તપને જોઈને સૂર્યનારાયણ તે ઉગ્ર તપના પ્રભાવથી પોતાના મંડળ સાથે ત્યાં આવ્યા. તે સૂર્યનારાયણ ચતુર્ભુજાવાળા સુવર્ણ સમાન પીળાં વર્ણના તેજવાળા સર્વના ચિત્તને ચોરનારા બે ભુજાઓવાળા શ્રીહરિકૃષ્ણપ્રભુને જોઈને સૂર્યનારાયણે દર્શન કર્યાં. સ્વરૂપ નીરખ્યું. એમના તેજ પ્રતાપને જોઈને અતિ આશ્ચર્ય પામતા હતા. મુનિઓના જેવું ઉગ્ર તપ કરતા જોઈને ખૂબ જ ભાવવિભોર થતા હતા. ત્યારે સૂર્યનારાયણ હાથ જોડીને વિનયપૂર્વક નમન કરીને કહે, હે પ્રભુ ! આપ આટલું બધું તપ કોના માટે અને શા માટે કરો છો તે કહો. તમે તો અપાર ઉગ્ર તપ કર્યું. આપ તો દેવના દેવ છો. લોકોના કલ્યાણ માટે આપે અલખ જગાવ્યો છે. તે તો અદ્ભૂત છે. સર્વના સંકલ્પને સત્ય કરનારા તમે તો સર્વોપરિ સિદ્ધ છો. અનંત ઈશ્વરો મુનિજનો સિદ્ધોના સિદ્ધ પ્રસિદ્ધ જ છો. તમે જે ચાહો તે કરવા માટે સમર્થ છો. સર્વના સ્વામી સર્વ સમર્થ આપ જ છો. હે પ્રભુ ! આપનાથી શું નથી થતું ? આપ તો સર્વના સ્વામી સર્વોપરિ સર્વેશ્વરનાથ છો. આ જગતની ઉત્પત્તિ સ્થિતિ અને લય તે સર્વે આપની દૃષ્ટિ માત્રમાં જ થાય છે. કાળાદિ સર્વે આપની ઇચ્છા મુજબ કરનારા છે તે કર્યા કરે છે.

આ રીતે સૂર્યનારાયણે કહ્યું ત્યારે શ્રીહરિ કહેવા લાગ્યા. આ તપના પ્રભાવને લીધે તમે અમને દર્શન આપવા આવ્યા છો. તેથી અમને ખૂબ સુખ થયું. આ રીતે મધુર વચનોથી કહેતા હતા. હે પ્રભુ ! આપ પૂર્ણ કામ છો તે છતાં તપ કરો છો. તેનાં દર્શન કરવા હું આવ્યો છું. આપ તપની સમાપ્તિ કરીને આ ભરતખંડની ભૂમિ ઉપર વિચરણ કરો. એની ઉપર કરુણા કરીને ઉદ્ધાર કરો. જીવોને સુખી કરો. પૃથ્વી ઉપરનો અધર્મના ભારને ઉતારી ધર્મ સ્થાપો અને જીવોના ત્રિવિધ તાપને શાંત કરો. બધાં જ તીર્થોને પવિત્ર કરીને ભૂમિના ભારને હળવો કરો. આપ તો સર્વોપરિ સર્વના આશ્રય છો.

તીર્થોમાં ફરીને પશ્ચિમ ભૂમિ ઉપર પધારો. રામાનંદ સ્વામીનો મેળાપ કરો. તે પવિત્ર સંત છે તથા ભુજનગર ગઢપુર શ્રીપુર આદિ દેશને પાપથી મુક્ત કરીને બધાને આપના ધામનાં અધિકારી બનાવો એવી પ્રાર્થના છે. આપ ભૂમિ ઉપર વિચરણ કરીને આપના પ્રતાપને ફેલાવી સર્વને આપના સ્વરૂપનો નિશ્ચય કરાવી સર્વોપરી જ્ઞાન આપીને તમારા ધામના અધિકારી બનાવો. આટલું કહીને શ્રીહરિના મહાત્મ્યયુક્ત મહિમાને ગાતા થકા શ્રીહરિને મળીને મનમાં આનંદ પામવા લાગ્યા. હરિએ રાજી થઈને સૂર્યનારાયણને બાથમાં લઈને મળ્યા. હરિએ સૂર્યનારાયણને પોતાના સ્વરૂપમાં લીન કર્યા. ત્યાર પછી હિરણ્યપુરુષ વર્ણિને કહે, આપે અમને પ્રવિણ કર્યા, એ આપની કૃપા છે. આપના પ્રતાપથી હરિના સત્ય સ્વરૂપને પૂર્ણ રીતે જાણ્યું. આપ તો પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છો. આપના વગર બીજી કોઈ પણ મૂર્તિમાં કોઈ લય થઈ શકતા જ નથી. એજ આપનું સર્વોપરી પૂર્ણ સ્વરૂપ છે. મહાન જટાને ધારીને મહાન વ્રતને કરનારા જેમનું બધા જ દેવતાઓ ભજન કરે છે. જેમને ધર્મદેવ ભક્તિમાતા પ્રિય છે એવા શ્રીહરિ. એમનો અતિશય પ્રતાપ વ્યાપેલો છે. અનેક ઈશ્વરોને બળ આપનારા ષડ્ગુણો સંપન્ન એવા શ્રીહરિને બધા જ સેવા કરતા રહે છે. અમે સૂર્યચંદ્ર છીએ. બ્રહ્માજીના માનસ પુત્ર સદાશિવના મસ્તક ઉપર વસનારા ચંદ્રમાં સૂર્ય વિગેરે બંને હાથ જોડીને વંદન કરે છે. મુનિઓ દેવો હંમેશાં વંદન કર્યા કરે છે. અપારને પાર કરનારા, જીવ પ્રાણિમાત્રના વિષે અંતર્યામી સ્વરૂપે રહેનારા કોઈનાથી બંધનમાં ન આવનારા, સર્વથી ન્યારા મદમોહને મારનારા. કંઠમાં માળાને તથા બાલમુકુંદના સ્વરૂપને ધારનારા, જટાને ધારણ કરનારા બાળરૂપે મહાકાળના કાળરૂપે રહો છો.

શ્રીવત્સના ચિહ્નને ધારનારા, ચંદ્રબિંબ સમાન મનોહર સ્વરૂપવાળા, કેડ ઉપર મુક્તમણિની મેખલાને ધારનારા, ઇચ્છા પ્રમાણે વિચરનારા. માનને છેદનારા, નિર્માનિ સ્વભાવવાળા, કામદેવને વશમાં કરનારા, કામને મારનારા, સ્વચ્છ સ્વરૂપવાળા જેમને ભક્તજનો એકાંતિક ભાવથી ભજે છે એવા. શ્રીહરિ પૃથ્વી ઉપર મનુષ્ય સ્વરૂપને ધારીને અંતશત્રુઓના અને પાપીઓના સમૂહને હણનારા, ભૂમિના ભારને હરનારા, દેવ મુનિજનો ભક્તોનાં પવિત્ર કાજ કરનારા મુક્તિ આપનારા એવા નિલકંઠ પ્રભુ સર્વોપરિ છો. હરિના સ્વરૂપમાં લીન થયેલા હિરણ્ય પુરુષ છુટા થયા. એવી રીતે સૂર્યનારાયણ પોતાના મંડળ સાથે વિદાય થયા. આ શ્રી નિલકંઠ વર્ણિ પ્રભુની અલૌકિક લીલા જ છે. સર્વે મનુષ્યો મુનિજનો સિદ્ધોને ગાન કરવા માટે આ ચરિત્ર ખૂબ જ ચતુરાઈથી કરેલ છે. આ દિવ્યચરિત્ર છે તેને કોઈ જીવાત્મા પૂર્ણ રીતે સમજે અને આ ચરિત્રને જે જીવાત્મા ગાય, મનન કરે તે જડબુદ્ધિ હોય તો પણ મુક્ત થાય છે. સર્વને પ્રિય થાય છે. આ રીતે કેટલાક દિવસો સુધી રહીને પોતાના આશ્રિત ભક્તોના મનને ખેંચનારા દેવો મુનિજનો સંતોને પોતાના આશ્રિત કરવા માટે આ ચરિત્ર કર્યાં છે.

આવા ચરિત્રના પ્રતાપને જોઈને અનેક જીવો હરિના આશ્રિત થયા. કાયર જીવોના મનમાં આ ચરિત્રો સુખ આપનારાં નથી થતાં એવાં અદ્‌ભૂત ચરિત્ર કરેલાં છે. ત્યાર પછી પ્રાતઃકાળમાં શ્રી નિલકંઠ પ્રભુએ પુલહાશ્રમથી પ્રયાણ કરવા માટે મનમાં વિચાર કર્યો.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં છટ્ઠા કિશોર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિ પુલહાશ્રમમાં તપ કર્યું. અંતમાં સૂર્યનારાયણનાં દર્શન થયાં. ઉત્સવ થયો એ નામે દશમો તરંગ થયો. ॥૧૦॥**

# તરંગ-૧૧

રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ શ્રીહરિ પ્રભુ ! બુટોલપુરમાં રાજાની બહેન માયાવતી એણે હરિને આગ્રહ કરીને પોતાના ઘેર હેતપૂર્વક રાખેલા એ ચરિત્ર મને સંભળાવવા કૃપા કરો.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદ રાજન્ ! આપે ભગવાનનાં ચરિત્રનું પૂછ્યું તે ઘનશ્યામ પ્રભુનાં ચરિત્રો જીવાત્માના કલ્યાણ કરનાર છે. જે જીવ ભગવાનનાં આ ચરિત્રને સાંભળે છે તેના હૃદયમાં ટાઢપ થાય છે. તે જીવાત્મા પૂર્ણકામ ભાવવાળો થાય છે. મુક્ત બને છે. શ્રીહરિ નિલકંઠ પ્રભુ મુક્તનાથ ભગવાનને નમન કરીને ચાલતા થયા અને આવીને જનસમુદાય સંત સમાજને મળ્યા. હરિ જ્યાં જ્યાં જાય ત્યાં મનુષ્યસમાજ તો હોય જ. શ્રી નિલકંઠ બ્રહ્મચારી પોતાના અલૌકિક પ્રતાપથી લોકોના મનને પોતાનામાં આકર્ષણ કરી, આગળ ચાલતા ત્યારે પ્રભુના વિરહમાં ડુબી જતાં. વિરહાતુર મનુષ્યો, ઋષિઓ નિરંતર નિલકંઠની રમણીય મૂર્તિને અંતરમાં ચિંતવવા અને હરિના ગુણોને સંભારતા એમ અનંત જીવાત્માનો ઉધ્ધાર કરીને આગળ ચાલતાં ચાલતાં પર્વત-સરોવર-નદિઓ-વનોવનમાં પર્વતોની ઘાટિઓને ઓળંગતા થકા વનના માર્ગે હરિ ચાલ્યા જતા હતા.

ચાલતાં ચાલતાં ફરી હિમાલય પર્વતની તળેટી આવી અને વન પણ અતિ ઘાટું આવ્યું. તેનું મુખે વર્ણન ન કરી શકાય તેવું ઘાટું હતું. એ જંગલમાં સિંહ વાઘ શિયાળ જંગલી ભેંસો ભૂંડો મદમસ્ત થયેલા હાથીઓ રહેતા હતા. તે પ્રાણીઓ હરિના પ્રતાપથી એકબીજાનાં જાતીય વૈરને ભૂલી જઈને બધાં હળીમળીને એકબીજા સંપીને રહેતાં હતાં. હરિને જોઈને મનમાં ખૂબ જ આનંદવાળાં થતાં હતાં. તે વનમાં ફળો દળ ફૂલ કંદ અને મૂળ વિગેરે

તથા કુંદનવેલ કેતકી ચંપા ચમેલી બકુલ વિગેરે અનેક ફળફૂલના વૃક્ષો છોડો વેલો આવતાં હતાં.

હરિ હિમાલયની નીચે ઉતર્યા ત્યારે શિયાળાની ઠંડીની ઋતુ આવી તોય પ્રભુ, દિવસમાં ત્રણ વાર સ્નાનવિધિ કરતા હતા. સ્નાન કરીને પવિત્ર થઈને બાલમુકુંદ પ્રભુને પૂજતા, ફરી પાછા વનમાં આગળ ચાલતા હતા. ઠંડાં જળવાળાં નદીઓ સરોવરો ઝરણાંઓ પાંદડાં ફળો ફૂલો બધાં જ ઠંડાં થતાં હતાં. જમીન પણ ઠંડી થયેલી તળ વાળી તથા આકાશમાં વહેતો પવન પણ ઠંડો વાય છે. કેવળ આકાશ જ ઠંડી વગરનું રહેલું જણાતું હતું. ચંદન શીતળતાવાળું ચંદ્રમાં પણ ઠંડો તેથી ચંદ્રિકા પણ બાળનારી થાય છે. તેનાથી ચામડી ફાટે છે. શરીર પાતળું થાય છે. તેનાથી મુખની સુંદરતા હરાઈ જાય છે. કમળ તથા કોમળ કુંપળોનાં દળો ખેંચાણાં એ સર્વે ઠંડીના પ્રતાપે અતિ ઠંડાં થઈ જાય છે. બધાં સંકોચાય છે. જેમ પ્રભુના વિયોગમાં વિમુખ થયેલા જનોને દુઃખ આવે છે એ હિમરૂપે છે અને હરિને મળવાથી હેમંતઋતુ રૂપ થાય છે. નક્કી જ હરિનો મિલાપ થવાની ઋતુ આવી ગઈ છે. તેનાથી શરીરમાં તપની પ્રકાશિતતા ચોખ્ખી દેખાય છે. આ રીતે હરિ હિમાલયની ઘાટીઓને ઉલંઘીને વનમાં ફરતાં થકાં મનમાં અતિ આનંદ રહેતો હતો. આ રીતે વનમાં વિચરતાં વિચરતાં હેમંતઋતુ પૂર્ણ થઈ અને પર્વતની ઘાટીઓને ઓળંગતાં ઓળંગતાં તળેટીમાં સમાન ભૂમિમાં ચાલતાં ચાલતાં બુટોલપુર નગર પાસે આવ્યા. આ રીતે નિલકંઠવર્ણી રાટ પધાર્યા. તે બુટોલપુરનો મહાદત્ત રાજા હતો. તે પ્રજાનું નૈતિકતાથી રાજ્ય કરતો હતો. તે અતિશય મુમુક્ષુ સ્વભાવનો હતો. પોતાનું શુભ કરવાનું ઈચ્છતો હતો તેથી પોતાનાં પરમ એકાંતિક ધર્મને પ્રેમપૂર્વક પાળતો હતો. તેણે માર્ગમાં ચાલ્યા જતા નિલકંઠ બટુકને જોયા, એટલે એમને મંગળ કરનાર કલ્યાણ મૂર્તિને જોઈને તે પ્રભુને પોતાના ઘેર તેડી ગયો. ઘરમાં સ્વચ્છ પવિત્ર જગ્યામાં એકાંત સ્થળમાં એમને ઉતારો આપી. પ્રેમથી રાખ્યા. તે રાજાની માયા નામની બહેન હતી. તે ખૂબ જ ભક્તિભાવવાળી હતી. પોતાના કલ્યાણની ભાવનાવાળી હતી ત્યારે તે ભાઈબહેન પોતાના કલ્યાણ માટે શ્રીહરિને ખૂબ જ ભાવપૂર્વક નિત્ય પ્રત્યે પ્રેમથી સેવા કરતાં હતાં.

ધર્મ જ્ઞાન વૈરાગ્ય તપ ત્યાગ ભાવને રાખીને પ્રભુના સતત ગુણને ગ્રહણ કરતાં થકાં સેવા કરતાં હતાં. એમના માટે ફળો દળો મૂળ કંદ જે અનુકૂળ હોય તે તે એમની રૂચિ પ્રમાણે લાવીને આપતાં હતાં. સતત સેવાપરાયણ રહેતાં હતાં. હરિ તે ફળકંદાદિક શાલિગ્રામ બાલમુકુંદ પ્રભુને જમાડતા હતા. અને પછી હરિ તેને આરોગયતા હતા. આ રીતે રાજા અને એમની બહેન બંને શ્રીહરિને ખૂબ જ ભાવથી સેવા કરતાં હતાં. અને શ્રીહરિ જે રીતે કહે એ રીતે પોતે હરિના વચનમાં વિશ્વાસ રાખીને વર્તતાં હતાં. એટલે શ્રીહરિ પ્રભુ એમનાં ઉપર ખૂબ જ રાજી થયાં એટલે હરિની કૃપાથી એમનાં અંતઃકરણમાં અતિશય ઉજાસ થયો. શ્રીહરિનું સ્વરૂપ જે બહાર જોયું તે જ સ્વરૂપ દિવ્યરૂપે ધ્યાનમાં પણ જોયું. તેથી અતિશય ઐશ્વર્યમય બધું જ વાતાવરણ જણાવા લાગ્યું અને પ્રભુના બધા જ ગુણોને ગાવામાં શેષજી પાર નથી પામતા તો માનવ ક્યાંથી પામે. પૂર્ણ પુરુષોત્તમ પરબ્રહ્મ પરમેશ્વર સર્વના સ્વામી આ વર્ણિરૂપે છે. તે જ સર્વથી પર છે. આ રીતે તે રાજાની બહેનને હરિને વિષે અતિશય પ્રેમ લક્ષણાભક્તિ થઈ ગઈ હતી અને તે પ્રભુ વિના બીજા બધાંમાંથી નિસ્પૃહિ થઈ ગઈ હતી.

શ્રીહરિનાં સ્વરૂપનાં દર્શન કરીને એમાં જ વૃત્તિ જોડાયેલી રહેતી હતી. ચંચલ ચતુરવરના સ્વરૂપને જોઈને પોતાના અંતકરણમાં ખૂબ જ શાંતિ અને સુખ થતું હતું. શ્રીહરિનો પ્રતાપ તો ઢાંકેલો રહેતો હતો. તોય બુટોલપુરમાં તો બધાંને અતિ આનંદ મંગળમય વાતાવરણ છવાયેલું હતું. તેથી પાખંડી મિથ્યાજ્ઞાન આંડબરવાળા

બધાં અતિશય સંકોચ પામતાં હતાં. તેથી બધાં જ કહેવા લાગ્યાં કે હવે અહીંથી ચાલવાનો વિચાર કરવો પડશે.

જગતના મથ્યા સિદ્ધો આસન જમાવીને બેઠા થકા સિદ્ધતા બતાવતા હતા. કેટલાક દંભિઓ પોતાની સિધ્ધાઈ બતાવવા યોગનો આરંભ કરતા હતા. ખોટી સમાધિ લગાવીને ઠગતા હતા. તેમાં કેટલાક ધ્યાન કરતા હતા. દિવસે અને રાત્રે એક જ આસને બેસતા હતા. કેટલાક બબ્બે દિવસ સુધી બેસીને મિથ્યાધ્યાન કરતા હતાં.

ષડ્ચક્રાદિને ભેદવાની રીતને તેઓ જાણતા જ ન હતા. પોતાના સ્વરૂપને જ જાણતા હતા. પરબ્રહ્મના સ્વરૂપને નહોતા જાણતા. એમને ઓળખતા જ ન હતા. તેઓ બધા જ સિદ્ધો ગામની બહાર જ રહેતા હતા અને છાવણી બાંધીને રહેતા હતા અને રસકસ યુક્ત અનાજ પણ બધું જ રાજ્ય તરફથી મળતું હતું. એ બધા ખોટા જ્ઞાનવાળા હતા. સાચા જ્ઞાનને સમજતા જ ન હતા. તે બધા સિદ્ધો સરોવરના કાંઠે રહેતા હતા. એટલે રાજા શ્રીહરિને કહે આપણે ચાલો ત્યાં જઈએ ત્યારે રાજાએ બ્રાહ્મણોના સમાજને પણ સાથે લીધો. તે બધાની સાથે વર્ણિન્દ્ર અને મહારાજ ચાલ્યા. બ્રાહ્મણોની સાથે વર્ણિરાજ ચાલતાં શોભતા હતા. જેમ દેવોની સાથે ઈંદ્ર અને ઉપઈંદ્ર (વામન) શોભે તેમ હરિ બધાની સાથે શોભતા હતા. જ્યાં સિદ્ધો હતા ત્યાં બધાં ને સભા કરીને બેસાર્યા. બધા બ્રાહ્મણો પણ ત્યાં બેઠા.

તે સભામાં અનેક પ્રકારના પ્રશ્ન ઉત્તર થયા. તેના ઉત્તરો વર્ણિ પ્રભુએ કર્યા. બ્રહ્મ બ્રહ્મ મળીને ચતુર સિદ્ધે બાલ બટુક પ્રભુ કોણ કોણ યોગ જાણે છે. આમ કહીને તેઓની સામે પોતાની દૃષ્ટિ તેઓની દૃષ્ટિ સામે ધરીને જોયું ને તેઓની વૃત્તિ પોતે ચોરી લીધી. સિદ્ધોએ ફરી પાછી વૃત્તિને બહાર ખેંચી લીધી. બધા પ્રસિદ્ધ બ્રહ્મને પાછા લાવ્યા. આ રીતે શ્રીહરિનો પ્રતાપ જોઈને તે વામમાર્ગી સિદ્ધોએ નિલકંઠ પ્રભુને નમન કર્યું. આસુરી સિદ્ધો આ સહન ન કરી શકે. કેમકે શ્રીહરિ આશ્ચર્ય કરે એટલે શું થાય ?

નિલકંઠ વર્ણિએ અભિમાની સિદ્ધોનું મૂળ જ ઉખેડી કાઢી નાંખ્યું. તેઓ અસત્ય અજ્ઞાની સિદ્ધોને પાછા પાડી દીધા. સૂર્યોદય થાય અને રાત્રિ જતી રહે છે તેમ હરિએ પોતાના સાચા જ્ઞાનનો પ્રકાશ કરીને અજ્ઞાનના અંધારાને દૂર કરી નાંખ્યું. શ્રીહરિ સર્વેનાં અંતઃકરણને જાણનારા છે. સર્વના સાક્ષી છે. તે પોતાના પ્રતાપથી સર્વના મનને ખેંચનારા છે. જેમ કઠપુતળીવાળો એકલો જ પોતાની આંગળીઓથી પુતળીને અનેકને નચાવે છે તેમ હરિ પણ કળા કરે છે. સર્વને પોતામાં ખેંચે છે. ક્યાં અજ્ઞાની પામર જીવાત્મા અને ક્યાં અલ્પજ્ઞ અને સર્વજ્ઞ સર્વ સુજાણ ક્યાં પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ જે જીવોના કલ્યાણ કરવા જગતની ભૂમિ ઉપર વિચરણ કરતા ફરે છે. પવિત્ર તીર્થ બનાવે છે.

હે ઘનશ્યામ ! આપ તો પૂર્ણકામ છો. સર્વના મનને હરનારા છો. આપ રાજાના ઘેર આવ્યા ત્યારે આપને આવતાં જોઈને લોકો તમારાં દેવની માફક દર્શન કરતાં હતાં. પુરના પંડિતો બધા જ ભગવાન પરાયણ થયા. તમારા વગર સાચું કોણ જ્ઞાન સમજાવે, આપતો પાખંડ મતના ખંડન કરનારા અને તેના ગર્વને હરનારા છો. જેમ શરદઋતુમાં ચંદ્ર અંધકારને હરે છે તેમ આપ અજ્ઞાનને હરિને જ્ઞાન આપો છો.

બધાં જ લોકો ભેગાં થઈને પ્રભુને બ્રાહ્મણો સંતોની સાથે નવ પ્રકારના ઉપચારોથી પૂજન કરતા હતા. આ રીતે રોજેરોજ બધાં મળીને પરબ્રહ્મ નારાયણની ખૂબ જ ભાવથી સેવા કરતા હતા. અલૌકિક નારાયણને રાજી કરતા હતા. શ્રીહરિએ પોતાના સ્વરૂપનું જીવોને જ્ઞાન કરીને પૂર્ણ કર્યા. ત્યાર પછી પ્રભુ બુટોલપુરથી ચાલવાનો વિચાર કરતા હતા. હવે ચાલું ત્યારે રાજાની બહેન માયા નામની હતી. તે હરિ પાસે આવીને પ્રણામ કર્યા.

આપ તો સર્વજ્ઞ સુજાણ છો અને અમને આપે પૂર્ણ જ્ઞાન આપ્યું છે. બંને હાથ જોડીને કહેવા લાગી માયા રાણી વિનયપૂર્વક કહેવા લાગી.

આજે આપે અમને કૃતકૃત્ય કરી દીધાં છે. તમારા વગર તો આલોકમાં કેટલાંય દુઃખો આપતાં હતાં. આપે અમને સુખી કર્યાં છે. એટલે હે પ્રભુ ! અમે જ્યાં જઈએ ત્યાં આપના સ્વરૂપને દેખીએ એવું વરદાન આપો. આ અમારી ઈચ્છા પૂર્ણ કરીને પધારો. પ્રભુ ચાલ્યા ત્યારે રાજના મહેલથી ઉઘાડા પગે ચાલતા હતા. એમની પાછળ કેટલાંય લોકો ચાલતાં હતાં. પુરની બહાર જઈને થોડેક દૂર ગયા ત્યારે બધાંને હરિ કહે તમે અહીંથી પાછા ફરો રાજાની હજુર રહીને સેવા કરો. હવે અમારે વનમાં જવાની ઉતાવળ છે. માટે જઈશું. રાજાને કહે કે મારી મૂર્તિને તમારા હૃદયમાં ધારીને રહો. આમ બધાંનાં પ્રાણને ખેંચી લીધાં. સ્થિર કરી દીધાં. આમ બધાંને કુતૂહલમય કરીને નિલકંઠ પ્રભુએ ચાલવાનું કર્યું. બધાં લોકોને વિરહથી વ્યાકુળ મૂકીને બધાનાં નાડી પ્રાણને ખેંચીને ચાલતા થયા. પોતાની દષ્ટિને સ્થિર કરીને ઊભા રહ્યા. બધાંને છોડીને હરિ ચાલતા થઈ ગયા. નગરના મહેલોથી દૂર વનમાં ચાલ્યા ગયા. જ્યાં સુધી દર્શન થયાં ત્યાં સુધી સ્થિર રહ્યાં. દર્શન બંધ થયાં ત્યારે પાછાં આવ્યાં. બધાં જ વિલાપ કરવા લાગ્યાં. વિરહાતુર થયાં.

આવી રીતે શ્રી ઘનશ્યામ પ્રભુ લીલા કરીને બુટોલપુરના નગરમાં રહેતા હતા અને મહાદત્ત રાજા અને તેની માયા બહેનને બંનેને અલૌકિક સ્થિતિ આપીને કૃપા કરીને ગયા.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં છઠ્ઠા કિશોર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિએ રાજા મહાદત્તને આશ્ચર્યકારક ચરિત્રનાં દર્શન કરાવ્યાં. એના કથન નામનો અગિયારમો તરંગ થયો. ॥૧૧॥**

## તરંગ-૧૨

આનંદરાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! હરિએ જે યોગનો આરંભ કર્યો યોગને સિદ્ધિ કરીને તે યોગીને હરિએ કયા પોતાના ધામનું સુખ આપ્યું તે કથા મને સમજાવો.

અયોધ્યાપ્રસાદજી કહે છે, હે રાજન ! તમે તો કલ્યાણને પાત્ર છો. કેમકે તમે તો પરમ પવિત્ર પુણ્યમય પ્રશ્ન પૂછ્યો છે. કેમકે જેને સાંભળવાથી જન્મમરણના ફેરા મટી જાય છે. એવાં પવિત્ર ભગવાનનાં ચરિત્રોને એકાગ્ર ચિત્ત થઈને સાંભળો. પરબ્રહ્મ પુરુષોતમ નારાયણ પ્રભુ જેમને તપ અતિપ્રિય છે એવા હરિ બધાં જીવોને મોક્ષનો માર્ગ બતાવીને વનમાં ચાલતા થયા. ચાલતાં થકા મહા ઘોર વનમાં ફરતા થકા નિલકંઠ વર્ણિ અનંત જીવોનો ઉદ્ધાર કરવા માટે ફરતા હતા. હરિને ચાલતાં ચાલતાં કેટલાક દિવસો વિત્યા ત્યારે માર્ગમાં એક આશ્રમ નજરે આવ્યો. તે આશ્રમ અતિ ઘાટી જાડીમાં શોભતો હતો. ખૂબ જ વિશાળ પવિત્ર મુનિજનોના મનને ભાવનારો જોયો. તે આશ્રમમાં હોમ હવનના ધૂમાડાથી હવામાન સ્વચ્છ સુવાસિત થયેલું હતું. ત્યાં ઘાટા વડના વૃક્ષ નીચે જોગી રહેતા હતા. તેઓ હરિને પોતાના અંતઃકરણથી બોલાવવામાં મતવાલાં થઈને શબ્દો કરતાં હતાં.

તે આશ્રમની નજીકમાં પૂર્વ દિશામાં એક મોટું તળાવ હતું. તેમાં નિર્મળ શુદ્ધ જળ હતું. તેમાં કમળો ખીલેલાં શોભતાં હતાં. તળાવ ખૂબ જ વિશાળતાવાળું હતું. તેની ઉત્તર દિશામાં નદી વહેતી હતી. તેના તટ ઉપર અનેક ગાયો મૃગો ભેંસો વિગેરે પ્રાણીઓથી ભરપૂર નદીનો તટ હતો. લાલ કોમળ પગોવાળા વડની નીચે બેઠેલા યોગી

જટાને ધારણ કરેલાં જોયાં. જાણે બોરડીના વૃક્ષ નીચે બદ્રિકાશ્રમમાં તનુઋષિ જેમ આગ્રહ કરતા હતા તેમ આ જોગી પણ બોલાવતા હતા. આ બાજુ હરિ આવતા હતા. તેને જોગી બેઠા બેઠા જોતા હતા. તે જાણે શ્વેત દિપવાસિ વાસુદેવ નારાયણ આવે છે અને મારા તપના ફળને આપવા માટે બટુક બાળકના રૂપને ધારીને આવતાં જોવામાં આવ્યા.

મૃગચર્મના આસન ઉપર બેઠેલા મસ્તક ઉપર જટાને ધારણ કરેલા સફેદ જનોઈ ધારણ કરેલી કૌપિન ઉપર વસ્ત્રનો ટુકડો પહેરેલો. એના સિવાય અન્ય કોઈ વસ્તુનાં સંગ્રહ ન કરનારા વર્ણિએ શાલિગ્રામનું પૂજન અર્ચન કરીને પાઠ કરીને નિયમને પૂર્ણ કરેલા એવા હરિ નિલકંઠ પ્રભુને જોઈને તે યોગી ઉઠીને સામા ગયા. બંને જણ તપ કરેલા એકબીજાને મળ્યા. બંને સાથે મળ્યા એટલે સ્નેહને લીધે અંગો પ્રફુલ્લિત થઈ ગયાં.બન્નએ સામસામાં વંદન કર્યાં. જેમ ઋષભદેવના પુત્ર જડભરત આવ્યા હોય તેમ આવકાર આપીને આદરસત્કાર કરીને પાસે જ આગ્રહ કરીને બેસાર્યા. તે ગોપાળ યોગી અને નિલકંઠ વર્ણિ બંનેને પરસ્પર ખૂબ જ સ્નેહ પ્રેમપૂર્વક મિત્રતા થઈ. જેમ સ્નેહનું પુર ન ઉમટ્યું હોય ? જોગીને નિલકંઠ પ્રભુનો અતિશય પ્રતાપ જાણીને પોતાને ત્યાં પધાર્યા એટલે પોતાને કૃતાર્થ માનવા લાગ્યા. હરિનો મહિમા સમજવા લાગ્યા. પોતાની પાસે રાખતા હતા. ગોપાળ યોગી યોગકળામાં ખૂબ જ નિષ્ણાત હતા. તેથી નિલકંઠ પ્રભુને યોગ કળા શિખવતા હતા. યોગીના ઈશ અધિષ્ઠાતા હરિ હતા. તોય યોગી જે શીખવતા તે શીખતા હતા.

યમ અને નિયમના પાંચ પ્રકાર તેને બધાંને જુદા જુદા વિગતવાર જણાવતા હતા. હરિ જાણીને તૈયાર કરતા હતા. યોગનાં ચોર્યાસી આસનો જુદા જુદા ભેદ બતાવીને સમજાવતા હતા. પ્રત્યક્ષ આસન કરીને બતાવતા હતા. કુંભક પૂરક રેચક આ ત્રણ પ્રાણાયામના પ્રકારો તે બધા સમજી લીધા. ત્યાર પછી પ્રત્યાહારની વિધિને પ્રભુએ જુદી જુદી રીતે અંગોમાં ધારણ કરીને ધ્યાન ધારણા કરતા હતા. આઠ પ્રકારમાં સમાધિનું જે અંગ કહેવાય છે તે અંગોસહિત સિદ્ધ કરીને હરિ પ્રત્યક્ષ જુદી જુદી રીતે સમજાવીને કરી બતાવતા હતા. નિલકંઠ પ્રભુ એક જ વાર જે ક્રિયા જુએ તેને તરત જ પ્રત્યક્ષ કરીને બતાવતા હતા. જાણે અનાદિના સિદ્ધયોગી હોય તેમ ગોપાળયોગી પાસેથી તત્કાળ જ શીખી લેતા હતા.

નેતિ અને બસ્તી બંને પ્રકારની કુંઝર અને નૌલિ આ બધી જ ક્રિયાઓ કરતા હતા તથા શંખપ્રક્ષાલન આદિક જે જે ક્રિયાઓ શીખ્યા હતા. તે સર્વે યોગશાસ્ત્રમાં સદાય સત્યસિદ્ધ થયેલી છે. તે જાણતા હતા. સાંખ્યશાસ્ત્રને પણ સારી રીતે જાણતા હતા. તેમાં ખૂબ જ નિપુણ હતા. આ બધી વિધિને રોજેરોજ યોગી પાસેથી જોઈને હરિ અદ્ભૂત રીતે કરી બતાવતા હતા. ગોપાળયોગી પોતે શ્રી નિલકંઠ હરિ નારાયણમુનિને પૂર્ણ પુરુષોત્તમ અતિ પ્રાચીન છે એમ પોતાના મનમાં નક્કી માનતા હતા. એમના વિના સાંખ્યયોગને બધી રીતે જાણનારા દેવો મનુષ્યો યોગીઓમાં કોઈ ન હોય શકે. અર્થાત્ દેવો મનુષ્યોમાં મુનિઓમાં કોઈ આવું જાણવા સમર્થ ન જ હોય.

બંને યોગીઓ પરસ્પર એક બીજાને ગુરુભાવથી માનતા હતાં. બંને એક બીજાના સ્વાભાવિક ભાવથી સેવા પૂજા કરતા હતા. ધર્મનંદન પ્રભુ સહજતાથી જ ઉપવાસો કરતા હતા. તેમાં ક્યારેક જ ફળ દળ મૂળ કંદ વિગેરે જે મળે તે જમતા હતા. આ રીતે હરિ રહેતા હતા. વાયુ વરસાદ તાપ અને હિમ (ઠંડી) આ સર્વને પ્રભુ કાયમ સહન કરતા હતા. બંને મુનિઓ સરોવર નદીએ દિવસમાં ત્રણ વખત સ્નાનવિધિ કરીને પવિત્ર થતા હતા. ત્યાર પછી બ્રહ્મયજ્ઞ અને યોગયજ્ઞ પાંચ યજ્ઞ રોજેરોજ કરતા હતા. પિતૃઓ તથા દેવતાઓના સમુદાયને મુનિઓને

પ્રેમથી આહુતિ આપીને તૃપ્ત કરતા હતા.

બદ્રિકાશ્રમમાં બોરડીના વૃક્ષ નીચે બેસીને નરનારાયણ ભગવાન જેમ તપ કરે છે, તેમ વડની નીચે યોગીઓના સ્વામી યોગકળાને ગ્રહણ કરીને તપ કરતા હતા. સરોવર અને નદીના આજુ બાજુમાં પાણી અને ઘાસચારો પડતર જમીનમાં ખૂબ જ સારો હતો. ગાયો ભેંસો બકરાને ચરવા માટેની ખૂબ જ અનુકૂળતા હતી. તેથી દૂર દૂર દેશથી ગોવાળો આવીને નેસડાઓ બાંધીને રહેતા હતા.

તે નદીના કાંઠાના ભાગમાં સિંહ વાઘ વરુ વિગેરે હિંસક પ્રાણીઓ રહેતાં હતાં. તેથી તે ગાયો ભેંસોને રાતના સમયે મારતાં હતાં. રોજેરોજ ચાર-પાંચ-દસનો નાશ કરતાં હતાં. તેથી બધાં ગોવાળો ભેગા થયા. બધા ભેગા મળીને ખૂબ જ દુઃખપૂર્વક ચર્ચા કરતા હતા. આના નિવારણ માટે ગોપાળયોગીને વાત કરીએ. બધાય ગોવાળો ગોપાળયોગી પાસે આવ્યા ત્યારે ગોપાળયોગીએ પ્રભુને વિનંતી કરવાનું કહ્યું. પ્રભુને અર્જ કરીને વાત કરો. રોજ પાંચ દશ પશુઓને સિંહ વાઘ મારે છે. પાપ કરે છે. પ્રભુ અમે તો ગરીબ છીએ. અમારી આજીવિકા આ પશુ ઉપર નિર્ભર છે. માટે હે યોગિન્દ્ર ! અમારાં ગાયોની રક્ષા કરવા કાંઈક ઉપાય બતાવો. ગાયો ચરવા જઈએ ત્યારે રાત-દિવસ એમનો ભય રહ્યા કરે છે. એના ત્રાસનો નાશ કરવા આપ કાંઈક માર્ગ કરો. આ રીતે બધા ગોપાલકો મળીને હરિને અર્જ કરી એટલે હરિએ હાથમાં શંખ લઈને શંખનો મહાધ્વનિ કર્યો. ઘનશ્યામ પ્રભુના શંખનો શબ્દ જેટલામાં સંભળાયો એટલામાંથી હિંસક પ્રાણીઓ દૂર દૂર ભાગી ગયાં. કાયમ માટે નિર્ભય વાતાવરણ થઈ ગયું.

આ રીતે નિલકંઠ પ્રભુએ પોતાના આશ્રિતજનોની ભીડને સાંભળીને દૂર કરી નાંખી. હિંસક પ્રાણીઓથી રક્ષા કરી. વાતાવરણ બધું નિર્ભય બની ગયું. આ રીતે થયું એટલે બધા જ ગોપાલકો આશ્ચર્ય પામ્યા. જોગીઓ તો ભગવાનના સ્વરૂપ જેવાજ તેજસ્વી હોય છે, એવી રીતે વર્ણિનો મહિમા જાણતા હતા. દૂધ દહીં ઘી વિગેરે હરિને આપવા લાવ્યા પણ હરિએ ન લીધાં. અમે તો ફળ મૂળ જ પ્રસાદમાં લઈએ છીએ. આ રીતે કાંઈ ન લીધું. આ રીતે હરિ ઉદાસવૃત્તિથી આશ્રમમાં રહેતા હતા અને ગોપાળયોગીની સાથે સ્નેહના પાસથી બંધાયેલ રહેતા હતા. તે આશ્રમની ચારે બાજુ એમનો પ્રતાપ વ્યાપી ગયો હતો. એમના ચરિત્રને દેવો મુનિજનો કાયમ સાંભળવા તત્પર રહે છે.

શ્વેતદ્વિપના મુક્ત છે કે શું, કે બદ્રિકાશ્રમના કોઈ મુક્ત છે કે અક્ષરધામ કે ગોલોકધામના કોઈ મુક્ત છે કે કોઈ વૈકુંઠધામાધિપતિ પોતે જ આવ્યા છે કે શું ? બધાં હરિ નિલકંઠ પ્રભુનાં દર્શન કરીને પછી ફરી પાછા પોતાના સ્થાને ચાલ્યા જાય છે. ક્યારેક ક્યારેક ગોપાલકોને પણ ભગવાનની ઈચ્છાથી દર્શનનું સુખ મળે છે. આવા અતિ દુર્લભ વર્ણિના દર્શન કરવા દેવો મુનિજનો ઈશ્વરોનાં સમુહોને પણ જેના દર્શન દુર્લભ છે તે નિલકંઠ પ્રભુના દર્શન અત્યારે ગોપાળો કરીને વિનયપૂર્વક પોતાના મસ્તક નમાવીને વંદન કરે છે. આ રીતે અલૌકિક મૂર્તિનાં દર્શન કરીને સર્વોપરી સર્વના સ્વામી પરબ્રહ્મ પરમેશ્વર પરાત્પર પોતે જ છે એમ પોતાના આશ્રિતો ઉપર કૃપા કરીને સર્વને બહુ રૂપધારીને પરમ સુખ આપે છે.

ગોપાળયોગી અતિ વિનયની સાથે શ્રીહરિને કહેવા લાગ્યા, હે પ્રભુ ! તમે તો મહાયોગને સિદ્ધ કરેલો જ છે. સાક્ષાત્ નારાયણ આપ છો. તમે તો દિવ્યધામના અધિપતિ છો. તમારું રૂપ તો અદશ્ય છે. છતાં આપના સ્વરૂપને હું યોગથી જોઉં છું. તે જ યોગને આપને અત્યારે શીખવું છું. હે સ્વામી ! તમારો મને ક્યારેય વિયોગ

ન થાય એવી મારી ઉપર કૃપા કરજો. હવે આ મારું માયિક દેહ અત્યારે વૃદ્ધ થયું છે. તેથી મારે આ દેહમાં કાંઈ બંધન રહ્યું નથી. માટે આ મારા દેહને છોડાવીને જ્યાં જવું હોય ત્યાં જજો. હરિકૃષ્ણ પ્રભુ મંદ મંદ હાસ્ય કરતા મુખને મલકાવતા થકા યોગીના વચનો સાંભળીને પ્રભુને દયા આવી ગઈ. તેથી દયાપૂર્વક યોગીને કહેવા લાગ્યા, હે જોગી ! તમે મારી મૂર્તિને તમારા હૃદયમાં ધારીને આ મારા પ્રગટ સ્વરૂપને અખંડ ધ્યાનમાં ધારણ કરો. એકાગ્ર ચિત્તવાળા થાઓ.

તમે તમારા દેહથી નોખા થઈને શ્રીહરિ પરબ્રહ્મ પુરુષોત્તમને પ્રેમથી ધારણ કરો. શ્રી હરિના ક્હયા મુજબ યોગી કરવા લાગ્યા પ્રથમ ષષ્ટચક્રનો ખ્યાલ કરાવ્યો. સપ્તલોકથી પર આત્મજ્ઞાનથી ગતિ કરાવી યોગ ધારણા કરાવી.

શ્રીહરિ યોગીને ધારણા કરાવીને પોતે શુષુમ્ણાના માર્ગે ચાલતા થયા. બ્રહ્મરંધ્રને ભેદીને ગોલોક આદિક બધાં જ ધામો અલૌકિક બતાવ્યાં. તેમાં જુદાં જુદાં ધામો અને મૂર્તિઓ પણ જુદી જુદી અલૌકિક અદ્ભૂત દેખાડ્યાં. સર્વે ધામમાં દિવ્ય રૂપો બતાવ્યાં અને તે સર્વે મનોહર મૂર્તિ ચિત્તને ખેંચનારી બતાવી. અનેક ધામોમાં અનેક મૂર્તિઓના ઉપર સર્વોપરિ જોતા હતા. દર્શન કરતા હતા. યોગી જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં અલૌકિક સર્વોપરિ સ્વરૂપની બધે જ સેવા કરીને પૂજા કરી. ઈશ્વરો અધિશ્વરો લોકપતિઓ ધામના ધામીઓ તેનાથી સર્વોપરિ પરબ્રહ્મ પુરુષોત્તમ સર્વના સ્વામી સર્વ સ્વરૂપોના નિર્ણય કરનાર સર્વનો આ રીતે મહાપ્રભુએ નિર્ણય કરવાની રીત શીખવાડી. સ્વસ્વરૂપ એવું હરિનું સ્વરૂપ સર્વોપરિ રહેલું તે યોગીએ જોયું. તેનો પૂર્ણ નિશ્ચય કરીને હરિની સાંગ ભક્તિને મહાત્મ્યયુક્ત થઈને પરમ સ્નેહથી સિદ્ધ કરીને હરિની અનન્ય ભક્તિ કરવા લાગ્યા.

ત્યારે ગોપાળયોગી શુદ્ધ સત્ત્વમય રૂપવાળા થયા. અને પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ બટુક બ્રહ્મચારીના આશ્રયવાળા થયા ત્યારે તે યોગી હરિના ધામમાં જવા માટે ઈચ્છાવાળા જોઈને પ્રભુએ એમની ઉપર અતિ કૃપા કરી. ગોપાળયોગી કહે છે, હે બટુક ! આપ બટુકરૂપે બાલમૂર્તિ હંમેશાં મારી આગળ જ રહો. આપને વિષે મારું મન હંમેશાં સ્ફૂર્તિવાળું રહે. પરના ઈશ પરમ સુખને આપનારા ભક્તોના દુઃખોને દૂર કરનારા આપ મારી આગળ જ રહો. સર્વોપરિ સ્થાનની પ્રાપ્તિ કરાવનારા સર્વોપરિ સ્થાને વ્યાપ્ત રહેનારા અનંત ઈશ્વરોના સ્વામી આપ જ છો. પરમ ભક્તની આપત્તિઓથી રક્ષા કરનારા સદાય મારી આગળ દૃષ્ટિમાં રહો.

બધાં જ સ્વરૂપોથી સર્વોપરિ રહેનારા તમે જ સર્વના સેવા ગ્રહણ કરનારા છો. સર્વોપરિ છો પણ બટુકરૂપે રહીને મૂળ ઐશ્વર્યને છુપાવો છો. ઠંડી તથા તાપ વર્ષાને સહન કરીને તપ કરો છો. કલા સ્વરૂપોને ધારનારા અંશ સ્વરૂપોને ધારનારા નિમિત્ત સ્વરૂપો ધારનારા આપ સદાય હરિ સ્વરૂપે રહીને મને દર્શન આપો. આપની હું શું પ્રશંસા કરું. હું તો આપનો દાસનો દાસ સેવક છું.

ચોવીસે સ્વરૂપો જેમનું ચિંતન કર્યા કરે છે. ચાર સ્વરૂપે જેમની સેવા પરિચર્યા કરે છે. ચોવીસે સ્વરૂપો જેમનું સતત ધ્યાન ધર્યા કરે છે એવા તે પુરુષોત્તમ પ્રભુ અત્યારે પ્રત્યક્ષ ચરિત્રો કરીને ભક્તોને સુખ આપે છે. અક્ષરઆદિક અનંત મુક્તો મળીને ગાય તોય પાર ન પામે એવા પુરુષોત્તમ પ્રભુ અત્યારે બટુક રૂપ ધારણ કરીને આ ભુમંડળ ઉપર વિચરણ કરે છે. અને મને દર્શન આપે છે.

ગોપાળયોગી શ્રીહરિના મહાત્મ્ય સહિત દૃઢભક્તિ કરતાં થકાં ઉપશમ અવસ્થામાં પહોંચી ગયા. અક્ષરધામમાં જવા માટે અતિ તૈયાર થયા બ્રહ્મમહોલ અતિ અલૌકિક અદ્ભૂત છે. દિવ્ય અવ્યાકૃત દિવ્યદેશમાં આવેલ છે.

તેમાં તો શ્રીહરિની ઈચ્છાથી જ દિવ્યાત્માની ગતિ થાય છે. એ રીતે પ્રભુની કૃપાથી તે ગોપાલયોગી પરમધામમાં પહોંચી ગયા.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં છટ્ઠા કિશોર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિએ યોગાભ્યાસ કર્યા તેને સિદ્ધ કરીને ગોપાલયોગીને દિવ્યધામની પ્રાપ્તિ કરાવી એ નામે બારમો તરંગ થયો. ॥૧૨॥**

# તરંગ-૧૩

આનંદરાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! શ્રીહરિ ગોપાલયોગીના આશ્રમથી નીકળીને આદિ વરાહમાં ગયા ત્યાંથી શિરપુરમાં ગયા અને ત્યાંના રાજાને મળ્યા એ બધાં ચરિત્ર મને કૃપા કરીને કહો.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે રાજન્ ! તમે ધન્યભાગ્ય છો. શ્રીહરિ શિરપુર ગયા સિદ્ધ વલ્લભરાજાને ત્યાં અનેક મુનિઓ રહેતા હતા. ત્યાં નિલકંઠ પ્રભુ ગયા. તેમનું રાજાએ પૂજન કર્યું એ ચરિત્રને ધ્યાનથી સાંભળો. હે રાજન્ ! શ્રીહરિ નિલકંઠ પ્રભુ ગોપાળયોગીની ભૌતિક દેહની ઉત્તરક્રિયા કરીને પછી પોતે પૂર્વ દિશા તરફ ચાલવા માંડ્યા. શ્રીહરિ પોતાના સ્વરૂપમાં વૃત્તિને સ્થિર કરીને એકાગ્ર દષ્ટિથી નાસિકાગ્ર વૃત્તિથી ચાલતા હતા. ધનુષ્ય બાણમાંથી છોડેલા તીરની માફક ગતિ કરતા મતવાલા થઈને ચંચળતાથી તારાની માફક આગળ ચાલતા હતા. માધુરી મૂર્તિને ચાલતાં જોઈને જોતા જ રહી જાય છે. એવા માર્ગમાં ઉતાવળા ચાલતા હતા. આ રીતે હરિ ચાલતા થકા આદિ વરાહ તીર્થભૂમિમાં પધાર્યા તે તીર્થની અતિ મનોહર ભવ્યતા જોઈને હરિને મનમાં શાંતિ વળવા લાગી, ત્યાં બેત્રણ દિવસ રોકાઈને પુરુષોત્તમ પ્રભુએ તીર્થમાં રહેલાં પાપોને ટાળી નાંખ્યાં. નિલકંઠ પ્રભુ જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં લોકોનાં સમુદાય પ્રભુને મળીને આનંદ પામતાં હતાં. જેમ વામન ભગવાન જડભરત અને દત્તાત્રેય આવ્યા હોય ને શું ? જાણે ઋષભદેવ આવ્યા છે કે શું ? એમ બધાને આશ્ચર્ય થતું હતું.

પૂર્વ બંગાળદેશમાં જ્યાં શિરપુર આવેલું છે ત્યાંથી હરિ દૂરથી ચાલતા આવતા હતા ત્યારે ત્યાંનો રાજા સિદ્ધવલ્લભ એણે પ્રાર્થના કરીને મેળાપ કર્યો. માનપૂર્વક હરિ એને મળ્યા.

હરિને તે રાજાએ માનપૂર્વક ચાતુરમાસમાં પોતાને ત્યાં રાખ્યા. ખૂબ આદરપુરસર હરિને રાજાએ ખૂબ જ સંભાળપૂર્વક રાખ્યાં. શ્રીહરિની મોટાઈ જોઈને પુરનાં જનો અને રાજાએ ખૂબ જ ભાવથી અનેક પદાર્થથી પૂજન કરીને સારી રીતે રાખ્યા.ત્યાં એક મુકુક્ષુ સાધુ હતા તે સાધુનું નામ ગોપાલદાસ હતું. તે સાધુ સારા સ્વભાવનાં શાંત પ્રકૃતિના ગુણવાન હતા તે શ્રીહરિની સેવા કરવા માટે આવીને રહેતાં હતાં. સાચા ભાવ પ્રેમથી દરરોજ આવીને સેવા કરતો હતો. ત્યાં બીજા સિદ્ધો પણ ઘણા બધા રહેતા હતા. તેઓ તામસી પ્રકૃતિના ઈંદ્રિયોને મુક્ત રાખનારા કામી પ્રકૃતિના હતા. તેઓ આસુરી દેવોને સાધતા હતા. ઉદ્ધત મતિવાળા હતા. કેટલાક વૈરાગી સકામ પ્રકૃતિનાં પણ હતા. કેટલાક વર્ણિઓ હતા. કેટલાક યતિ કહેવાતા હતા. અતિ દંભ કરીને પરમહંસના સ્થાનને ભોગવતા હતા. કેટલાક કાલિ ભૈરવની ઉપાસના કરતા હતા. કેટલાક યોગીનીના ઉપાસક હતા તો કેટલાક કૃત્યા અને વીરના ઉપાસકો હતા. આ રીતે કામણ કરનારા હતા. તેમાં કેટલાક સિદ્ધો અપરિગ્રહ વૃત્તિવાળા હતા કેવળ એક કૌપિનને પહેરેલા હતા. તે બધામાં પ્રસિદ્ધ હતા. તેમાં એક સાધુ મુખ્ય કહેવાતો હતો. તે બધાય લોકોની નજરમાં આવતો હતો. બધાં તેને જ જોતાં હતાં. જ્યાં છાંયો ન હોય એવી તડકાવાળી જગ્યામાં દંભ કરીને

બેસતો. તે સમાજને પોતાના અંહકારમાં સિધ્ધપણું બતાવતો હતો. રાજા બિજા સિદ્ધોને પણ ત્યાં તડકામાં બેસાડે અને તેના સિદ્ધત્વની પરિક્ષા કરતો એવી જ રીતે રાજાએ શ્રીહરિનું પૂજન કરીને ખૂબ જ સન્માન પુરસર સિદ્ધોની વચમાં રાખ્યા. જ્યાં બધાં જ જઈને બેસતા ત્યાં જઈને હરિ પણ બેઠા.

રાજા બધા જ સિદ્ધોને ઘણા પ્રકારનાં આસનો વસ્ત્રો વિગેરે આપતા હતા. જેને જે જોઈ એ તે રાજા આપતા હતા. આ રીતે ચાલતાં ચોમાસાની ઋતુ આવી ત્યારે પવનની આંધિ વરસાદ અતિવૃષ્ટિ થવા લાગી. આકાશમાં મેઘ જામેલો રહે તેમાં ગાજતો રહે તેની સાથે મહાભયંકર વીજળી થાય. મોટા કડાકા ભડાકા થાય. ખૂબ જ ભયાનક લાગે.

ત્યારે ભગવાન હરિની ઈચ્છાથી જ અતિવૃષ્ટિ થવા લાગી. તેનાથી રોજે રોજ સિદ્ધો પીડાવા લાગ્યા. આટલા દિસ સિદ્ધતા બતાવનારા દંભીઓ એક એક થઈને વારાફરતી ભાગવા લાગ્યા. એમાં પંચદશના જુથમાં જવા લાગ્યા. આ રીતે પાંચ સાત રાત દિવસમાં પાંચ પાંચ દશ દશના રૂપમાં ભાગતા રહ્યા. તેને રાજાના સેવકો રોજે રખેવાળી કરતા હતા. તેઓ આમનાં ચરિત્રો ક્રિયમાણોને જાણતા હતા. આ રીતે ગુરુશિષ્યની એકસોની(૧૦૦) સંખ્યામાંથી મેઘવર્ષાથી બધાંના અંગો કંપવા લાગ્યાં અને મન પણ ભાંગી ગયાં તેઓ બધા જ ત્યાંથી નાસી ગયા. અને રાજાએ આપેલા નિવાસમાં જઈને રહ્યા.

આ બાજુ બેઠકમાં શ્રીહરિ એકલા જ બાકી રહ્યા. તેને રાજાના સેવકોએ જોયા. સાત સિદ્ધો અને એક વર્ણિવર બાકી બધા જ દંભ કરનારા નાસી ગયા. સાચા હતા તે રહ્યા. અનરાધાર અતિશય વરસાદથી વાયુવંટોળથી બધા અતિશય આકુળવ્યાકુળ થઈ ગયા. અને સાત સિદ્ધો પણ ભાગી ગયા કેવળ પ્રભુ એકલા રહ્યા ત્યારે રાજા સિદ્ધવલ્લભ તથા બીજા માણસો તથા જનસમુદાય બધાં જ પૂજા કરતાં હતાં. સુંદર ગંધ સુગંધી પદાર્થોથી શ્રીહરિનાં ચરણકમળને પૂજતાં હતાં. પૂજા કરીને પ્રણામ કરતાં હતાં. આદર સન્માનની સાથે હરિને વિનંતી કરતાં હતાં. આપ આદરની સાથે અહીં રહો. જે ગયા તે ભલે ભાગી ગયા. તે ભલે બળતા રહે એની કાંઈ દરકાર ન કરતા. દંભ અને અહંકારી સિદ્ધો શ્રી નિલકંઠ વર્ણિના સાચા સિદ્ધપણાના ઉત્કર્ષને સહન કરી શકયા નહિ. તેથી પોતાના મલીન મંત્રના અભિચારથી હરિનો નાશ કરવા માટે ઉપાય કરવા લાગ્યા.

હરિ ઉપર અડદને અભિમંત્રિત કરીને હરિ ઉપર નાંખતા હતા. પોતાના માન્ય દેવને ઉદ્દેશીને બટુકપ્રભુ ઉપર અભિચાર કરતા હતા. મૂઢમતિ પાપ કરતાં હતાં. હરિને મારવા માટે મારણમંત્રણ કરીને મૂઢ આવ્યાં. મંત્ર અભિચાર કરીને હરિ ઉપર નાંખ્યાં પણ હરિ ઉપર કોઈ મંત્રનો અભિચારનો પ્રયોગ કામ ન આવ્યો. હરિ તો અતિશય એકાંત આનંદમાં બેઠા થકા સ્વસ્વરૂપનું ધ્યાન કરતા હતા. પાપીના કાર્યોને જોતાં હતાં. અજિત પ્રભુને કોઈ જીતી જ ન શકે. તો અલ્પ જીવ ક્યાંથી જીતે. અભિમાની જીવ નિરર્થક પ્રયાસ કરે છે. નિષ્ફળ જાય છે. જેમ શસ્ત્રક્રિયા કરનાર બંદુકનો ભડાકો કરીને બીજાને મારે છે. તેમ અડદ મંત્રીને હરિના શરીર ઉપર નાંખ્યા પણ કાંઈ ન થયું.

તેથી આસુરી ભેખો બધા જ પાછા પડી ગયા. ત્યારે હરિના સેવક ગોપાલદાસ ઉપર બધા જ મંત્ર ઉપચારો નાંખ્યા ત્યારે તે ગોપાળદાસ બેહોશ થઈને જમીન ઉપર પડી ગયા. નિષ્પ્રાણ જેવા થઈ ગયા ત્યારે તેને મૂર્છિત થઈને પડેલ જોઈને એના દુઃખનું કોઈ વર્ણન જ ન થઈ શકે તેવું હતું.

કેમકે એના મુખમાંથી ફેણ નીકળતું હતું. જીભ બહાર નીકળી ગઈ હતી. મરણ પ્રાયઃઅવસ્થામાં હાલ ચાલ

વગરનો થઈને પડ્યો હતો. તેને લોકોએ જોયો તરત જ જીવાડવા માટે કહેવા લાગ્યા. ન થાય તેવી અસિધનિ ક્રિયાને સિદ્ધોએ કરેલી છે એ નક્કી કરી બતાવ્યું. ત્યારે સિદ્ધ વલ્લભરાજા સિદ્ધોને કહેવા લાગ્યા, તમે સિદ્ધ થયા છો. તમે જેટલા સિદ્ધ પદવાળા કહેવાઓ છો એ બધાય ભેગા થઈને આ ગોપાળદાસને સારું થાય એવો ઉપાય કરો. ત્યારે તે સિદ્ધો રાજાને કહેવા લાગ્યા કે ઘનશ્યામ બધામાં મોટા સિદ્ધ છે તેથી એમને કહો એ સારું કરશે. આ રીતે બાળપ્રભુ ઉપર ઈર્ષાથી અને અભિમાનથી બોલતા હતા.

ત્યારે તે રાજા વર્ણિ પાસે જઈને નમ્રતાથી કહેવા લાગ્યા આ ગોપાળદાસને આરામ થાય એવો ઉપાય કરો તો સારું ત્યારે હરિ તરત જ ગોપાળદાસ પાસે ગયા. જોયું તો અભિચાર મંત્રને લીધે આ પિડામાં પડેલ છે એમ જાણવામાં આવ્યું. તરત જ હરિએ ગોપાળદાસના કાનમાં શ્રીકૃષ્ણનો અષ્ટાક્ષરી મંત્ર કહ્યો અને તરત જ ગોપાળદાસ ઊંઘમાંથી જાગ્યા હોય તેમ બેઠા થયા. ત્યારે તે રાજા અને તેના મંત્રીઓ બધાને આશ્ચર્ય થયું. ભય વિસ્મયકારક હતો. તે બધાં જ શાક્ત મતવાળાનો ગર્વ હણાઈ ગયો અને રાજાએ વર્ણિને સાચા પ્રમાણભૂત માનીને આ હરિકૃષ્ણ પોતે સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન છે એમ માનવા લાગ્યો.

આ બાજુ ગોપાળદાસ ઉપર જેમણે અભિચાર મંત્રનો પ્રયોગ કર્યો હતો તેના ઉપર જ પાછો વળીને કરનારાને મારનો ઘા વાગ્યો અને તે હાલ બેહાલ થવા લાગ્યો ત્યારે બધા મળીને એ મૂઠનો પ્રતિકાર કરવા મથતા હતા. પણ પ્રતિકારનો પરિશ્રમ સાવ નિષ્ફળ જતો રહ્યો. તેથી પોતાનું છળકપટ અને અભિમાન ખુલ્લુ પડ્યું ત્યારે બધા મૂઢો હરિ પાસે જઈને વંદન કરીને વિનયપૂર્વક કહેવા લાગ્યા. ત્યારે હરિપ્રભુ તે મૂંઢોની પ્રાર્થના સાંભળીને ગુણગ્રાહક હરિ પોતાની ઉદારતાના પ્રતાપે શત્રુઓને સારું કરવા માટે જ્યાં મૂંઢ પડ્યો હતો ત્યાં પધાર્યા.

શ્રીહરિ ઉદાર મનવાળા કૃપાનાથ પ્રભુએ કૃપાદૃષ્ટિ કરી એટલે તે જાગ્રત થયો ત્યારે બધાં જ જોનારાં આશ્ચર્ય પામવા લાગ્યાં. હરિએ તરત જ બધાની આગળ જોતાં થકાં ઊભો કરી દીધો ત્યારે બધાં જ હરિને પૂજ્યભાવથી વંદન કરવા આવ્યાં. સિદ્ધો અને રાજા સિદ્ધ વલ્લભ ખૂબ જ ભાવનાથી સ્તુતિ કરવા લાગ્યાં. ત્યાર પછી હરિ પોતાના આસન પાસે ગયા.

રાજા આ રીતનું કાર્ય જોઈને આશ્ચર્ય પામ્યા. અતિ આનંદને પામતા હતા. શ્રીહરિને પૂર્ણ પુરુષોત્તમ માનીને પોતાના પુત્ર પત્ની કુળ પરિવાર સાથે બીજા શ્રદ્ધાળુજનો પણ પ્રગટ શ્રીહરિના આશ્રિત થયા. અને ભજન સ્મરણ કરવા લાગ્યા. અસિદ્ધોથી પીડાતાં જેટલાં લોકો હતાં તેઓ શ્રીહરિના મુખકમળનાં દર્શન કરીને સુખી થયાં. તરત જ પીડાથી મુક્ત થઈ ગયાં. જેમ રાત્રિનું અંધકાર સૂર્યનારાયણ ઉદય પામે ને નાશ પામે તેમ સર્વનાં દુઃખો નાશ પામી ગયાં. ત્યારે નગરના અનેક લોકોએ હરિને વસ્તુઓ આસનો ધન વિગેરે ખૂબ જ આપવા લાગ્યાં તોય હરિ સહેજ માત્ર કોઈ વસ્તુ લેતા જ ન હતા. નિસ્પ્રેહી રહેતા હતા.રાજાએ હરિને આભૂષણો વાહન વિગેરે એક લાખ સોનામહોરો આપતાં હતાં તોય એને માયાની જાળ સમજીને એની સામે નીરખીને જોતાય ન હતા.

એટલામાં કોઈક તૈલંગદેશનો બ્રાહ્મણ વિદ્વાન નિર્ધનતાને દુઃખે પીડાતો ત્યાં આવ્યો. તે વેદશાસ્ત્રનો જાણનારો અધિક પરિવારના બોજની પીડાથી ત્યાં આવ્યો. સિદ્ધ વલ્લભરાજા ખૂબ જ ચતુર હોંશિયાર હતો એમણે તે બ્રાહ્મણને મહાદાન આપ્યું હતું. તેમાં કાળપુરુષ અને હાથી, લવણ આદિ ઘણાં પદાર્થો મનના લોભથી લીધાં હતાં.

તેનાથી તે ગૌરવર્ણ રૂપાળો હતો. પણ દાન લેવાથી શ્યામ વર્ણવાળો (કાળા વર્ણનો) પોતાનો દેહ થઈ ગયો.

મહાદાનને લેનારો લોકોને જાણવા મળ્યું એટલે ખૂબ જ નિંદાને પાત્ર થયો. લોકો એની નિંદા કરવા લાગ્યાં. તેનાથી તે થયેલા દોષને ટાળવા માટે જગતમાં ખૂબ જ દયાળુતાના કૃપાળુતાના ગુણને લીધે પ્રસિદ્ધ થયેલા શ્રી નિલકંઠ પ્રભુ પાસે આવ્યો. પ્રભુના શરણમાં આવ્યો. વિનયપૂર્વક પોતાનું દુઃખ વર્ણવવા લાગ્યો. આ રીતે સુખના સાગર શ્રીહરિ તે વિપ્રને દુઃખથી પીડાતો જોઈને દીનબંધુ દયાળુ તેના શ્યામ શરીરને જોઈને પોતાના શરણમાં લઈને આશ્રિત કર્યો અને પાપથી મુક્ત કર્યો. શ્યામવર્ણમાંથી મુક્ત કર્યો. તેના માટે એને પ્રથમ આઠ અક્ષરનો શ્રીકૃષ્ણ મંત્ર જપ કરવા આપ્યો. જપ કરતાં જ તરત જ શ્યામવરણમાંથી મટીને ગૌરવરણનો થયો ત્યારે બધાં જ લોકો જોઈને આશ્ચર્ય પામવા લાગ્યાં અને કિશોરમૂર્તિ વર્ણિને ધન્ય ધન્ય કહેવા લાગ્યાં.

વિપ્ર મધુર વાણીથી કહે છે, હે પ્રભો ! હે પ્રભો ! આપ તો સર્વ પ્રમાણિક છો. દુઃખમાં પીડાતા જીવોનાં દુઃખોને દૂર કરનારા છો. પાસે આવનારા જીવોના દુઃખોથી મુક્ત કરો છો. આપના આશ્રયમાં આવનારના કાળ માયાના બંધન છુટે છે. માયાની જાળમાંથી પણ ઉગરે છે. આપના ભક્ત બ્રહ્મપુરધામમાં જાય છે. ફરી જન્મમરણનો ફેરો નથી આવતો. એવા સર્વોપરિ સર્વના કારણ ધારણ આ ભૂમંડળમાં વિચરો છો. જેમના મસ્તક ઉપર જટા સુંદર શોભી રહી છે. હસ્તકમળમાં માળા ધારણ કરીને રહેલા છે. જેમનાં નેત્રો કમળની પાંખડી જેવાં અણિયાળાં શોભી રહ્યાં છે એવા રસિક ભક્તજનોના મનને આનંદ આપનારા હરિ અહીં વિરાજે છે.

તે હરિ ભવસાગરને તરવા માટેના નૌકારૂપ છે. તે જ પ્રભુ સંસારમાં તરવા માટે આ પ્રકારનો ઉપાય કરે છે. એમનાં ચરણકમળ મનોહર સુંદર છે. તેનો આશ્રય કરનાર મહા દુઃખના સાગરમાંથી પાર પામે છે એવા કરુણાસાગર દયાળુ વિચરણ કરે છે.

તે તૈલંગ બ્રાહ્મણે શ્રી નિલકંઠ વર્ણિની સ્તુતિ કરીને વિરમી હરિના ચરણકમળનો સ્પર્શ કરી મસ્તકને ચરણમાં નમાવીને પ્રણામ કરીને શ્રીહરિ પાસે પોતાના દેશમાં જવા માટે આજ્ઞા માગી રવાના થયો. આવાં શ્રીહરિ પૂર્ણ પુરુષોત્તમ પ્રભુ સર્વોપરિ શ્રી વર્ણિ રૂપે વિચરણ કરતા થકા જીવોનાં કલ્યાણ કરવા ભૂમિને પાવન કરી વિચરતા હતા. આ ચરિત્ર જીવોને પાપના ઓઘરૂપ અજ્ઞાન અંધકારમાંથી છોડાવીને નિર્ગુણ પદ અક્ષરધામમાં પહોંચાડે છે.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં છઠ્ઠા કિશોર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં સિદ્ધોનું અભિમાન ગર્વનો પરાભવ કરીને પાછા પાડીને સિદ્ધ વલ્લભરાજાને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવી તૈલંગ બ્રાહ્મણને આશ્રિત કર્યો એ નામે તેરમો તરંગ થયા. ॥૧૩॥**

# તરંગ-૧૪

રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદાસજી મહારાજ ! પિબેક નામનો શક્તિનો ઉપાસક અસુરોના સમુદાયમાં બધાનો શિરોમણિ એવો ભયંકર પાપીને જીતીને પોતાનો શિષ્ય બનાવ્યો. એ કેવી રીતે બનાવ્યો તે કથા મને વિસ્તારથી કહો.

અયોધ્યાપ્રસાદજી મહારાજ શ્રી કહે છે, હે રાજન્ ! તમે ધન્યવાદને પાત્ર છો. કેમકે જે ચરિત્ર સાંભળવાની ઈચ્છા રાખો છો તે ધર્મદેવના પુત્ર વર્ણિઓના સ્વામી શ્રી નિલંકઠ વર્ણિનાં ભૂમંડળમાં વિચરણનાં સર્વે ચરિત્ર જીવોનાં કલ્યાણ કરનારાં છે. તે ગાઉં છું. તમે ધ્યાન દઈને સાંભળો. હે રાજન ! જ્યારે વર્ષાઋતુ પુરી થઈ

(ચોમાસુ પૂરું થયું) ત્યારે બધા જ સિદ્ધોનો સમાજ જુદા જુદા દેશોમાં જવા લાગ્યો અને રાજાએ પૂજન કરેલા જેમનાં અંગો છે એવા ધર્મનંદ હરિનારાયણ પ્રભુ પણ જવા માટે મનની અંદર ચાહના કરવા લાગ્યા.

જ્યારે હરિએ જવાનો નિર્ણય કર્યો ત્યારે બધાં જ લોકો અને રાજા વિગેરે બધાં જ સાથે મળીને હરિનો વિયોગ થવાનો છે તેના માટે વિચારવા લાગ્યાં. હરિના આશ્રયમાં રહેનારાં લોકો રાજાનાં માણસો દ્વારા રાજા હરિને માટે કાંઈક આપવા માગતા હતા પણ હરિ લેવા માટે ચોખ્ખી ના પાડતા હતા. કાંઈ લેતા જ ન હતા.

આ બાજુ વિરહના લીધે રાજાને નેત્રમાં આંસુ આવવા લાગ્યાં ત્યારે શ્રીહરિ પ્રભુએ એમને આશ્વાસન આપીને શાંત પાડ્યા. મનમાં શાંતિ થઈ. ભગવાન ચાતુર્માસ સિદ્ધ વલ્લભના રાજ્યમાં રહીને વિતાવ્યો. તેથી રાજાનું બધું જ કામ સારું પૂર્ણ થઈ ગયું. ભાગ્ય ફળી ગયું. નિલકંઠ પ્રભુજી પૂર્વની બાજુ મુખ કરીને પૂર્વ દેશમાં જવા લાગ્યા. અનંત સિદ્ધો વડે સેવા કરતા સિદ્ધોની સાથે હરિમાર્ગમાં ચાલતા હતા. તેથી સાવ સુનો માર્ગ પણ હરિથી શોભાતો હતો. તે હરિના પ્રયાણની વાર્તા સાંભળો. માર્ગમાં આવવા જવાનું જેમ બગલાંના જુથમાં હંસ શોભે તેમ હરિ શોભા વધારતા હતા.

બધો સંગ ચાલતાં ચાલતાં કામાક્ષીથી નજીકમાં એક ગામ આવેલું હતું તે ગામની ઉત્તર ભાગમાં સારું જળાશય જોયું. એટલે ત્યાં રોકાણ કરીને ઉતારો કર્યો. બધા સિદ્ધો રસોઈ બનાવવાની તૈયારી કરવા લાગ્યા. ત્યારે તે ગામની અંદર દેશાંતરથી સિદ્ધો આવ્યા છે એવી ખબર પડી એટલે ગામના લોકોનાં ટોળાઓ સાથે મળીને દર્શન કરવા આવતાં હતા. ત્યારે લોકો દર્શન કરીને આવ્યાં. તેના દ્વારા પિબેકને ખબર મળી એટલે તે પીબેક સિદ્ધો જ્યાં ઉતર્યા હતા ત્યાં જવા માટે નીકળ્યો. તે પિબેક મહાકાળી માતાનો ઉપાસના કરનારો અધર્મ અને પાપાચારનો ખજાનો હતો.

ત્યારે આનંદરાજા પૂછે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! તે પિબેકને કોનો સંગ થયો. તેથી આવો દુર્ગુણવાળો થયો. કાળિનો ઉપાસક કેવી રીતે થયો એ પ્રસંગ મને આપ ખાસ સંભળાવો. અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે, હે રાજન્ ! સાંભળો. પિબેક પહેલાં તો વૈદિક શાસ્ત્રોના નીતિ નિયમો બધાં જ ન્યાય પૂર્વક રાખતો હતો. તે પહેલાં તો સારો સજ્જન સાધુ સ્વભાવનો સારો વિદ્વાન હતો. તે બ્રાહ્મણ સત્‌શાસ્ત્રને વિષે અતિ પ્રેમભાવવાળો જ હતો. આવો હતો પણ એક વખત એને શાક્તમતના આશ્રિતનો સંગ થયો. તે શાક્ત અસદ્ ગ્રંથોનો ખૂબ જ પ્રચારક વક્તા હતો. અસદ્ ગ્રંથ તે બ્રાહ્મણે વાંચીને શાક્ત વિચારોમાં મગ્ન થયો. હે રાજન્ ! ત્યાર પછી તે કુલારનમતમાં શાક્ત મતમાં જેમ રૂચિ વધતી ગઈ. તત્કાળ જ અસદકુળને સત્ય માનવા લાગ્યો. અસદ ફળ તત્કાળ જ ફળે છે એમ માનવા લાગ્યો. આ રીતે દુષ્ટના સંગથી ખોટા દોષોવાળો થયો. દેવનો દ્વેષી થયો. સંગદોષથી આસુરી પ્રકૃતિવાળો થઈ ગયો. તે અનાચારનો ગ્રંથ ત્યાં તેનાથી તે શાક્ત મતમાં અતિશય આસક્ત થયો. સત્યધર્મના બધા જ આચારવિચારના ગુણોનો ત્યાગ કરી દીધો ત્યારે તે શાક્ત મતનો અગ્રણી થઈ ગયો. તે બ્રાહ્મણ સંગદોષના લીધે આસુરી જડ પ્રકૃતિનો થયો. અશત શાસ્ત્રનો સંગ કરીને એના મનમાં કુસંગ કુમતીનો સંગ રંગ ચડ્યો.

તે સિદ્ધોનો સરદાર અતિ અભિમાની ઘમંડી અનેક માણસોની સાથે માણસોથી વિટાયો ત્યાં આવ્યો. તે મનમાં આવે તેમ મુખથી બોલતો થકો કહે અમારી આગળ તમારી સિદ્ધતા શું કામની તમે તો મારી આગળ નમાલા જ છો. ક્રોધથી બળતાં થકાં મદથી છકેલો મદિરાપાન કરેલો ક્રોધથી લાલ આંખોવાળો અભક્ષ્ય ખાનારો

ક્રોધથી ભ્રુકુટિને ચડાવેલો અતિક્રૂર સ્વભાવવાળો લાલ સિંદુરથી ચાંદલા કરેલો લાલ કરેલાં કેશવાળી જટાવાળો મુડમાળને ધારણ કરીને મુખેથી કાલિકાને સ્મરણ કરતો શરીરે કુમારીના ધોયેલાં જળથી આખા શરીરે અંગોઅંગમાં ચર્ચા કરેલો. લોઢાંના ત્રિશૂળને હાથમાં લઈને લલાટમાં સિંદુરનો લેપ કરેલો એવો ત્યાં આવતો હતો. (કુલાષ્ટક) રજસ્વલા સ્ત્રીના ગુપ્ત અંગને ધોયેલું પાણી પીનારો ઘેટાં ભેંસ મૃગલાં માંછલાં આદિ પાંચ મકારનું માંસા ભક્ષણ કરનાર ઉપભોગ કરનાર મદિરાપાન કરીને આગળ આવેલો જેનું મુખ દુર્ગંધ મારે છે એવો તે પિબેક પોતાના શિષ્યોથી ઘેરાયેલો ક્રોધાયમાન થઈને બોલતો થકો આંખોએથી બધાંને જોઈને અરે તમે કેવા પ્રકારના સિદ્ધો છે. કોના સિદ્ધો છો. મારા સિવાય બીજો આ પૃથ્વી ઉપર કોઈ એવો સિદ્ધ જ છે નહીં. બધા જ મારા આશ્રયમાં રહેનારા છે. મારા જેવા જ મેં શિષ્યો કરેલા છે. અનેકને શિષ્ય કર્યા છે તે અનેક પ્રકારના છે. તેથી જે મારું વચન માને તેને જીવતો રાખું છું. ન માને તેને જમપુરીમાં જવું પડે છે. માટે તમે જનોઈને ધારેલ છે તે તથા ગળામાં કંઠિ ધારેલી છે તે તરત જ તોડી નાંખો અને મારા શિષ્ય બની જાવ. જો તમે મારી આજ્ઞાને નહિ માનો તો તમારા માટે અત્યારે જ વિરપુરુષ્ આવશે વક્રમુખ કરીને મુખ પહોળું કરીને તમને બધાને જીવતા જ ભરખીને ખાઈ જશે.

પહેલાં આના કર્મો અને સ્વભાવને સાંભળેલો અત્યારે બધાએ જ નજરે જોયો. પ્રત્યક્ષ વચનો બોલેલાં સાંભળવાં કાનમાં શબ્દ પ્રવેશ્યા ને તરત જ ભય પામવા લાગ્યા. ત્રાસ પામીને અંદરો અંદર વિચાર કરીને મેં કહ્યું તે પ્રમાણે કરો. તમે બધા જ અત્યારે જ મારા શિષ્ય થઈ જાવ ત્યારે બધા જ અંદરોઅંદર બોલતા હતા. ચર્ચા કરતા હતા ત્યારે શ્રીહરિ બધાને બેઠા બેઠા જોતા હતા ત્યારે સિદ્ધો કંઠી તોડવા તૈયાર થયા ત્યારે હરિ બધાંને કહેવા લાગ્યા તમે ધીરજ રાખો. અત્યારે તમારે કોઈ પ્રકારે ભય બીક ન રાખશો. તમે બધા જ નિર્ભય થઈને શાંતિથી જુઓ. શ્રીહરિ કહેતા હતા કે આ ક્ષુલ્ક જીવથી શું થઈ શકે છે. એ કાંઈ નહીં કરી શકે માટે તમે કાંઈ ચિંતા ન કરશો. કેમકે પહેલાં મને એ શિષ્ય કરી લે પછી તમારે બધાને વિચાર કરવાનો. હરિએ સિધ્ધોને ઘણું બધું કહ્યું તોય એમને ભય તો હટતો જ ન હતો. ભયથી કાંઈ બોલતા જ ન હતા. આના જેવા ઉદ્ધત સિદ્ધો કોઈ ઉજળા નથી હોતા. રાત્રે ઊંઘતા હોય ત્યારે મારી નાંખે છે એવા હોય છે. આ રીતે નિલકંઠ વર્ણિનાં બોલેલાં વચનો સાંભળીને પિબેક અકળાયો. બાળવર્ણિ આવાં વચનો નાનો થઈને કેમ બોલે છે એમ વિચારી હરિ સામે જોઈને પોતાની નજરને ક્રૂર કરીને ઉતાવળો થઈને જોરજોરથી બોલવા લાગ્યો. નિલકંઠ પ્રભુએ પાઠ કરવાનું અટકાવીને એની નજીકમાં ગયા. સામનો કરવા માટે આવ્યા. તે પિબેકના સામે જ વીર આસન બંધીને બેઠા. કોઈ પ્રકારના ભયને નહિ રાખીને નિર્ભયતાથી બેઠા. સિદ્ધો પણ હરિને બેય બાજુ બેસી ગયા અને શ્રીહરિના ચંદ્રસમાન મનોહર મુખકમળમાં પોતાની દૃષ્ટિને ચકોરની માફક જોડીને સ્થિર થયા હતા. ત્યારે તે પિબેક મદમાં છકેલો હતો. ખૂબ જ ઘમંડમાં હતો. પોતાનું સામર્થ્ય બતાવવામાં પાવરધો હતો. તેથી એણે અડદને મંત્રીને નજીકમાં ઊભેલું મોટું વડનું લીલુંછમ્મ ઝાડ હતું તેની ઉપર નાંખ્યા તેથી તે વડ સુકાઈ ગયો.

તેને બધાએ જોયો. તેથી બધા સિદ્ધોના મનમાં ભય થવા લાગ્યો અને હરિના મનમાં કોઈ પ્રકારનો ક્ષોભ ન હતો. તે તો શાંતિથી સ્થિર બેઠા જ હતા. એમનું મુખારવિંદ અતિ પ્રફુલ્લિત આનંદમાં હતું. ત્યારે પિબેકે અડદ મંત્રીને હરિ ઉપર નાંખ્યા. હરિને મારી નાંખવા માટે નાંખ્યા પણ હરિ તો જેમ બેઠા હતા તેમ જ બેઠા રહ્યા. સહેજ પણ હલનચલચન ન કરી સ્થિર જ રહ્યા હતા.

પિબેક કહેવા લાગ્યો, હરિને સ્થિર વીરાશનવાળીને બેઠેલા જોઈને પોતાના મોંને વિકરાળ બનાવીને હવે કાળ ભૈરવની મૂઠ નાંખું છું. તેનાથી તરત જ તમને પાડી નાંખશે. નિષ્પ્રાણ કરીને ભરખી જશે. આવી રીતે હરિને ઉદ્દેશીને દુષ્ટ બુદ્ધિનો તે અસુર અહંકારથી ભરેલાં વચનો બોલીને બિવરાવતો હતો ત્યારે હરિ કહે, તું ગમે તેમ કરે તેમાં મારે કાંઈ ચિતાં જ નથી. માટે તારે તારામાં જેટલું સામર્થ્ય બળ હોય એટલું કર. અમારે તારાથી કાંઈ ભય જ નથી. ત્યારે તે પિબેક હરિ ઉપર ભૈરવ અને વિરો અનેકને મોકલ્યાં. તે મૂઢ ગમારે હરિની ઉપર રવાના કર્યા પણ કોઈ હરિની બાજુ જતું જ નહતું. તેની ઉપેક્ષા કરીને પાછા પડ્યા. ત્યારે તે પિબેકને પછાડ્યો અને ભૂમિ ઉપર પડી ગયો. તરત જ એના મોંમાંથી લોહી પડવા માંડ્યું. બેહાલ થઈ ગયો. આ રીતે મૂર્છા અવસ્થામાં એક ઘડી સુધી પડ્યો રહ્યો. ત્યાર પછી જાગ્યો.

એટલે મનમાં ક્રોધ લાવીને પછી પાણીથી મુખના કોગળા કરીને મોંને ધોઈને હરિની ઉપર અતિ કઠિન વચનો ક્રોધથી કહેવા લાગ્યો. હવે હું તો અડગજ રહેવાનો છું. હવે હું તમારી ઉપર મારવા માટે ભૈરવવીરની પીડાને કાંઈ ગણીશ નહીં. કામ કર્યા કરીશ. તમને મારીશ જ. ત્યારે હરિ કહે, અમને કાંઈ વ્યથા પીડા થવાની જ નથી. તું ગમે તેટલા ભૈરવવીરને મોકલે તોય કાંઈ અસર થવાની જ નથી. તે ભૈરવ વીર હરિ સામે જોઈ જ ન શક્યા. પ્રેરનાર ઉપર જ પાછા ગયા. તરત જ પહેલાંની માફક જ મૂર્છા આવી ગઈ અને જમીન ઉપર પડી ગયો. ત્યાર પછી એક ઘડી પછી જાગ્યો. ક્રોધાયમાન થયો.

અને હરિને કહેવા લાગ્યો કે હમણાં જ મારી નાંખું છું. હવે તો મહાકાળીના વીરને મોકલું છું. આમ કહીને મૂઠ નાંખીને હરિ પર મારવા માટે મોકલ્યો પણ હરિને કાંઈ પિડા ન થઈ. તે તો હરિની પાસે પણ ન ગયા, પરંતુ પ્રેરનારા ઉપર જ પાછા પડ્યા તે પહેલાં જેમ જ પૃથ્વી ઉપર પડી ગયો અને મૂર્છા પામ્યો. મહા પીડા થવા લાગી.

એક ઘડી પછી મૂર્છા ઉતરી ત્યારે તે ક્રોધાયમાન થઈને ખૂબ જ અકળાઈને કહે, હવે તો મહાવીર હનુમાનજી મોકલું છું તે તમારો નાશ કરી નાંખશે. ત્યારે તે પીબેકે પવનપુત્ર હનુમાનને સાધીને મોકલ્યા ત્યારે એમણે તો પ્રભુના રૂપમાં ઘડીક પોતાની વૃત્તિને જોડીને હરિને દંડવત્ પ્રણામ કર્યા. વારંવાર હરિને વંદન કર્યાં. ત્યાર પછી તે જ હનુમાન પાછા વળીને પ્રેરણા કરનારને જ પછાડતા હતા. એના મુખમાંથી ધક ધક કરતું લોહી વહેતું હતું. તે બેબાકળો થઈને મૂર્છામાં અટવાઈ ગયો. તેના પ્રાણ જતા રહે તેવી સ્થિતિમાં પડી ગયો હતો. મરેલાની જેમ પડેલા તેનાં નેત્રો ફાટી ગયાં હતાં પ્રાણ વિનાનો થયો હોય તે સ્થિતિમાં પોતાનાં કૃત્યનું જ પરિણામ ભોગવતો હતો ત્યારે તેનાં સંબંધીઓ જોઈન ખૂબ જ દુ:ખી થવા લાગ્યાં. હાય હાય કરવા લાગ્યાં. આમને કોઈ બચાવો. આ રીતે પરિવારનાં લોકો પોકાર કરતાં હતાં. સુકાયેલ મુખ અને નેત્રોને જોઈને દયા લાવતાં હતાં ત્યારે બધાં ભેગાં થઈને શ્રી નિલકંઠ પ્રભુ પાસે લાવ્યાં. વારંવાર પ્રભુને વિનંતી કરવા લાગ્યાં. ખૂબ જ જિજ્ઞાસાવાળાં અતિ દિન ગરીબ થઈને કરગરવા લાગ્યા. હે પ્રભુ ! હે દયાળુ ! આપ કરુણા કરીને આને જીવતદાન આપો. આપ કૃપા કરો. આ પોતાના પાપકર્મને ભોગવે છે. આપ તો દયાળુ છો. તેથી કાંઈક કરો.

હવે આપ કૃપા કરીને આને જીવતદાન આપો. હવે પછી આનો જીવ આવે તો આવું કાર્ય કાંઈ ક્યારેય નહિ કરે. આવી રીતનાં દિન દુ:ખનાં વચનો સંભળાવ્યાં. હરિને દયા આવી ત્યારે લોકો હરિની પાસે ઘણું બધું દ્રવ્ય અને સામાન લાવ્યાં. અનાજ, ઘી, સાકર વિગેરે લાવ્યાં તે વર્ણિએ સિદ્ધોને આપ્યાં. જેમ જેમ હરિને રાજી

કર્યા ત્યારે હરિ જગતના સ્વામીને ખૂબ જ દયા લાવીને તેની ઉપર દૃષ્ટિ અમૃતથી કરી જોયું. હરિની દૃષ્ટિ અમી થઈ એટલે તે પિબેક જાગ્રત થયો અને ઊઠીને હરિની પાસે આવ્યો. હવે હું આવું કાંઈ કોઈની ઉપર કામ નહીં કરું. મુખમાં ઘાસ લઈને દીન થઈને હરિને તે નમન કરતો હતો.

પિબૈકને પ્રાણનું દાન પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણે આપેલ છે એમ જાણીને હરિનો પ્રતાપ જોઈને બધાં જ નિલકંઠ પ્રભુનાં શિષ્ય થયાં. સર્વોપરિ પરબ્રહ્મ નારાયણ છે એમ જાણવા લાગ્યાં. ત્યાર પછી બધા સિદ્ધોએ ભોજન તૈયાર કરીને જમ્યા. ભગવાન હરિ પણ જમ્યા. રાતવાસો પણ ત્યાં જ રોકાઈને કરવાનું કર્યું. બધા ત્યાં જ સુતા. હરિ રાતે પિબેકે જે વાતો કરી તે બધી સાંભળતા હતા. પિબેકનું બધું જ માન ભંગ થયું. તેથી મનમાં ખૂબ જ બળતો હતો. ક્રોધાગ્નિથી જેમ બળતો હતો. શરીર બળતું હતું ત્યારે રાત્રે મનની વૃત્તિ શાંત નહતી થઈ. મધ્ય રાત્રે એકાંતમાં ગયો. કાળભૈરવની પૂજા અર્ચના કરી અને મદિરા માંસ અને રૂધિરનું નૈવેદ કરીને તૃપ્ત કરી મોકલવા તૈયાર કર્યો.

મેલાં કર્મો કરીને કાળભૈરવને હાથમાં મહાભયંકર ત્રિશૂળને ધારણ કરાવીને તૈયાર કર્યો. ત્યાર પછી તે કાળભૈરવ હરિને મારવા માટે અતિ અકળાયેલો. પોતાની ભ્રૂકુટિને ક્રોધથી ચડાવીને મોઢું ફાડીને જાણે ભરખી જશે કે શું એમ આવ્યો. માથાં ઉપર વાળની લટો છુટી વિખરાયેલી હતી. શરીર સાવ મેલું ગંદું હતું. એની આંખો જાણે પર્વતની ગુફા ન હોય તેવી ભયંકર ઊંડી હતી. જાણે અગ્નિથી બળતી હોય ? તેવી લાગતી હતી. હાથમાં ત્રિશુળને ધારણ કરેલ, કાળા વાળ જાણે કાળા કોલસાનો ઊંચો પહાડ ન હોય તેવો લાગતો હતો. નજીકમાં આવીને ઊભો રહ્યો પણ હરિની પાસે ન જાય. દૂર જઈને તૈયાર થઈને ઊભો રહ્યો. હરિ એની નજર જોવાથી લગારે ડરતા ન હતા. સામે જોઈને હસતા હતા પણ હરિની પાસે જવા માટે હિંમત કરતો જ ન હતો.

આમ કરતાં રાહ જોતાં પ્રભાતનો સમય થયો ત્યારે હરિ પોતાને સ્નાન કરવાનો સમય થયો. ત્યારે તે ભૈરવને ભગાડીને સ્નાન કરવા ગયા. જ્યારે કાળભૈરવ ભાગ્યો તે ક્રૂરને ભાગતો જોવામાં બધા સિદ્ધો હતા. તે તો જોતા જ રહ્યા અને ભય પામતો થકો ભાગી ગયો.

તે ભૈરવનાં અંગોઅંગ અતિ કાંપતાં હતાં. એનાં નેત્રોમાં પણ અતિ ક્રોધ છવાયેલો હતો. તેથી પ્રેરણા કરનાર ઉપર પાછો જઈને પિબેકનો નાશ કરવાનો વિચારથી ક્રોધિત રહેતો. તેથી શ્રીહરિએ ભૈરવને રોકીને સમજણ આપી. જ્યારે રોક્યો ત્યારે એને ખબર પડી કે આ તો સ્વયં કરુણાનિધિ નારાયણ છે એમ જાણતો હતો. નમન કર્યા અને હરિ કહે કે તું પિબેકને મારીશ નહિ કેમકે એ અસુર છે તો પણ ન મારતો. અમે એનું થોડુંક અનાજ ખાધું છે તેથી અમે આજ્ઞા કરીએ છીએ. તેથી તારે એને મારવાનો નહીં. આ રીતે શ્રીહરિની આજ્ઞા લઈને ભૈરવ પિબેકની પાસે ગયો. એને તે અજ્ઞાની બ્રાહ્મણને કહેવા લાગ્યો, હું અત્યારે જ તને મારી નાંખવાનો હતો પણ હરિએ મને ના પાડેલ છે તેથી નથી મારતો. એ પ્રમાણે ભૈરવે કહ્યું એટલે તે બ્રાહ્મણ અતિશય ચકિત થઈ ગયો. એનાં વચનો સાંભળીને નિલકંઠ વર્ણિને ભગવાન માનવા લાગ્યો. હરિને ઉપકાર કરનારા જાણીને પોતાને અપકારી દુષ્ટ માનવા લાગ્યો. અજ્ઞાની માનવા લાગ્યો.

આ રીતે તે બ્રાહ્મણ પોતાને ધિક્કાર કરીને પસ્તાવો કરીને શુદ્ધ મનવાળો થયો. શ્રીહરિનો આશ્રિત શિષ્ય થયો. પહેલા જેવો શુદ્ધ મનનો હતો. તેવો પાપ બધા નાશ પામ્યાં. પવિત્ર થઈ ગયો. વેદ વિરુદ્ધનો દુષ્ટ મનનો ત્યાગ કરીને સ્વધર્મનિષ્ઠ થયો. પવિત્ર મનવાળો થઈને શતશાસ્ત્રનો આશ્રયપરાયણ થયો. રાધાના સ્વામી શ્રીકૃષ્ણ ભગવાનનાં કાયમ માટે ભજન કરનારો થયો. ભગવદ્‌ગીતા, ભાગવતનો નિત્ય પ્રત્યે વાંચન પાઠ કરવા લાગ્યો.

હરિ સ્વરૂપમાં નિષ્ઠાવાળો થયો. શ્રી ઘનશ્યામ પ્રભુનો પ્રતાપ જોઈને સંગદોષથી શુદ્ધ પવિત્ર થયો. શ્રી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનો ભક્ત થઈને એકાંતિક સત્સંગ કરીને પરમ સાત્ત્વિક ભાવવાળો થયો.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં છટ્ઠા કિશોર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં મહાશાક્તમતનો ઉપાસક પિબૈકનો પરાજય કરી આશ્રિત કર્યો એ નામે ચૌદમો તરંગ થયો. ॥૧૪॥**

# તરંગ-૧૫

રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! શ્રીહરિ નવલખા પર્વત આદિ સ્થાનોમાં ગયા તથા વડવાંકુંડ ઉપર ગયા તથા ગંગાસાગરના સંગમસ્થાને ગયા તથા કપિલમુનિના આશ્રમે ગયા. આ બધાં ચરિત્રોની કથા મને વિસ્તારથી સંભળાવો.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે રાજન્ ! તમે ધન્ય ભાગ્ય છો. સર્વનું મંગળ કરનારી ભગવાનની લીલા છે. તેને તમારે સાંભળવાની ઉત્સુકતા છે. એ જ ભાગ્યની વાત છે. શ્રીહરિએ જ્યાં જ્યાં વિચરણ કરતા ગયા તેમ તેમ બધે જ અજ્ઞાનરૂપી અંધકાર નાશ પામતો ગયો અને સાચા જ્ઞાનનો ઉપદેશ આપનાર સૂર્ય તેનો પ્રકાશ ફેલાતો ગયો. હરિની સાથે બધા જ આવેલા સિદ્ધ કેટલાક દિવસ હરિની ભેગા જ રહ્યા દેશદેશાંતરમાં વિચરવાથી મનમાં જે ચાહે તે વસ્તુ બધીય મળતી નથી. તેથી બધાના મનની વાતોને જાણી જવાથી શ્રીહરિએ બધા સિદ્ધોના સ્વતંત્ર જવા માટે પોતપોતાની રીતે યાત્રા કરવાની રજા આપી જવા દીધા.

આ રીતે શ્રી નિલકંઠ પ્રભુ અલૌકિક નરનાટક કરીને અલૌકિક ચરિત્રો કરીને અનેકનાં કલ્યાણ કરવા જ્યાં જ્યાં અધર્મ વ્યાપેલો હતો તેને મૂળમાંથી ઉખેડીને પોતાના અલૌકિક બળ જ્ઞાનથી આ સ્વરૂપનો નિશ્ચય કરાવતા હતા. પોતાના ઐશ્વર્ય પ્રતાપથી ધર્મ, જ્ઞાન, વૈરાગ્યની સાથે દૃઢ ભક્તિ કરાવીને વિસ્તારતા હતા. એ ભક્તિને દૃઢ કરવા એકલા જ શ્રીહરિ ચાલતા થયા. નવલખા પર્વતના માર્ગે નવ લાખ યોગીઓને દર્શન આપવા ચાલતા થયા. હે રાજન ! તે નવ લાખ યોગીઓ તપ કરે છે તેથી તેને નવ લાખા પર્વતના નામથી કહેવાય છે. તે પર્વત ઉપર જુદાં જુદાં સ્થાનોએ સિદ્ધો રહીને તપ કરતા હતા. તે પર્વત ઉપર યોગ્ય સ્થાને ચારેબાજુ જોઈ શકાય તેમ મનોહર હતો તે પર્વતનું મનોહરપણું પૂરેપૂરું વર્ણવી જ ન શકાય એવો સુંદર પર્વત હતો.

શ્રીહરિ નવલખા પર્વત ઉપર ચઢી ગયા. તેની ઉપર વિચરણ કરીને પોતાના ચરણકમળને સ્થાપન કરીને પવિત્ર તીર્થભુત બનાવ્યો. શ્રીહરિ તે પર્વતના મધ્ય ભાગમાં ઉતર્યા. બધા જ સિદ્ધ તે હરિનાં પોતાની બાજુમાં જ દર્શન કરતા હતા. તે નવલખા પર્વત ઉપર ઋષિયોના અગ્નિ સમિધા (લાકડાં) વગર જ સ્વયં સદાને માટે બળતા હતા, ત્યાં નિર્મળ સ્વચ્છ જળના કુંડો પણ પાણીથી ભરેલા નવ લાખ પાણીના કુંડો હતા તેમજ ત્યાં આગળ એટલા જ અગ્નિના કુંડો પણ હતા. તે સ્થાને જુદાજુદા જોગીઓનાં સ્થાનો હતાં. તે બધાં જ સ્થાનોએ વર્ણિરાજ પ્રભુ ગયા. ઘણા બધા કાળોથી ત્યાગ તપ કરતા હતા. ધ્યાનયોગ કરતા હતા. તેના પ્રતાપથી સર્વને ફળ આપનારા પ્રભુ યોગિઓ ઉપર કરુણા કરીને સર્વના કિરતાર પ્રભુએ દર્શન આપ્યાં. પ્રભુ જે જે સ્થાને યોગી પાસે ગયા તેઓ વિનયપૂર્વક શ્રીહરિને હાથ જોડીને વંદન કરતા હતા. ત્યાર પછી પોતાની સાથે બેસાડીને વારંવાર શ્રીહરિ ઘનશ્યામને નિરખી નિરખીને દર્શન કરીને હૃદયમાં ઉતારતા હતા. સિદ્ધો શ્રીહરિનું પૂજન કરીને એમને

જળ ફળથી તૃપ્ત કરતા હતા. ભગવાનની સ્તુતિ કરીને પોતાના મનમાં ધારણ કરતા હતા. હરિ યોગિયોના યોગિંદ્ર કહેવાય છે. એટલે હરિનાં દર્શન કરીને મનમાં ખૂબ જ આનંદ પ્રાપ્ત કરતા હતા. આ રીતે હરિ થોડાક દિવસ રોકાઈને યોગીઓને ખૂબ જ સુખ આપતા હતા. થોડા સમયમાં એવું અલૌકિક સુખ આપ્યું. તે યોગીયો અનંતકાળમાં જેટલું તપ કર્યું. તેના પ્રમાણમાં અનંતગણું સુખ પામ્યા. કેમકે સાક્ષાત્ પુરુષોત્તમ પ્રભુ મળ્યા. એ જ એ મોટાં ભાગ્યની વાત છે.

જ્યારે હરિ જવાનો નિર્ણય કરીને તૈયાર થતા હતા ત્યારે યોગીઓ સિદ્ધો સર્વે મળીને હરિને રોકવા પ્રયત્ન કર્યો. કહેવા લાગ્યા કે હે પ્રભુ આપે અમને કૃતાર્થ કરી નાંખ્યા કેમકે તમોએ અમને થોડા કાળમાં પણ ખૂબ જ અધિક ફળ આપી દીધું. પણ આપના વિયોગના દુઃખસાગરને અમે કેમ કરીને પાર ઉતરી શકીએ. એટલા માટે આપની મૂર્તિ અમારા હૃદયમાં સ્થિર થઈને સતત દર્શન આપો. આપ વર્ણિવેશે અમારું પ્રિય કરવા માટે હે પુરુષોત્તમ પ્રભુ પધાર્યા તે આપના શરણને અમે પ્રાપ્ત કરેલ છે. અમારી ઉપર કૃપા કરો. હે પ્રભુ ! અત્યારે અમારાં મહા મોટાં ભાગ્ય જાગ્યાં છે એટલે જ આપ ક્યાંથી આવ્યા અને અમને મળ્યા. જે સ્વરૂપને એક ક્ષણ માટે પણ ધારી રાખીએ તો તેનાથી સહજતામાં જ ભવનો પાર આવી જાય. મોક્ષ પ્રાપ્ત થઈને પરમધામને પામીએ. ચૌદેલોકનાં સુખો આપના સ્વરૂપને પ્રાપ્ત કરવાથી આવી જાય છે. એવું આપનું આ વર્ણિ સ્વરૂપ છે. અને તમે તો સર્વના અશરણના શરણદાતા છો.

શ્રીહરિના રૂપને વારંવાર દર્શન કરીને કેટલાકે પોતાનાં અંતઃકરણમાં ઉતારી લીધા. ચિતને ચોરનાર હરિનાં ચરણ ચિહ્નોને પોતાના ચિતમાં ચોરી લીધાં. કેટલાકે શ્રીહરિના મુખરૂપી ચંદ્રના પોતાના ચિતમાં ચકોર પક્ષીની માફક ધારી લીધા. નીલા મેઘસમાન શ્યામ સ્વરૂપને નીરખીને જેટલા જોતા હતા. તે બધા જ હરિના રૂપમાં તલ્લિન થઈ ગયા. બધાયની વૃત્તિ એકદમ સ્થિર થઈ ગઈ ત્યારે ચંચળ મૂર્તિ હરિ તરત જ સમય પારખીને ત્યાંથી જલદી જલદી ચાલતા થયા.

ત્યારે તે પહાડના માર્ગો ખૂબ જ કઠિન તેમજ અજાણ્યા લાગતા હતા તેથી શ્રીહરિ હાથીઓને ચાલવાના ગજમાર્ગેથી ચાલતા નીચે ઉતરતા હતા. જલદી જલદી વડવાકુંડ આવ્યા અને ત્યાં વાસ કર્યો. ત્યાં વડવાકુંડમાં ભૂમિના નીચેના ભાગમાંથી પાતાળી પાણી ગરમ આવતું હતું. તે જળને જોઈને વર્ણિ અતિશય આનંદ પામતા હતા. ત્યાંનાં રહેવાવાળાં લોકોનો સમુહ શ્રીહરિને પરમ આનંદ પામતા થકા ભાવનાથી પૂજતાં હતાં.

શ્રીહરિએ એ તીર્થને પોતાના ચરણકમળ સ્થાપીને પવિત્ર કરીને અધર્મને ત્યાંથી કાઢી નાંખ્યો અને ધર્મના દ્વેષીજનો પ્રભુ આવ્યા છે. એ જાણતાં જ ન હતાં. એ બધાં મંદભાગ્યવાળાં દુર્ભાગ્યવાળાં હતાં. તીર્થવાસી જે મનુષ્યો હતાં તેઓને હરિએ પ્રેમપાસના બંધનથી બાંધી પોતાના આશ્રિત કર્યાં હતાં. આ રીતે ધર્મ સ્થાપિત કરીને હરિ ત્યાંથી વાયુકોણમાં જવા લાગ્યા. જંગલમાં મંગળમય વાતાવરણ કરીને પ્રભુ જીવોના ઉદ્ધાર કરવાના હેતુસર લોકોના સ્વામી ચાલ્યા જતા હતા. તે પ્રભુ ગંગાસાગરના સંગમસ્થાને સ્નાન કરીને તીર્થને પવિત્ર કરવા જતા હતા. તે સંગમસ્થળે ગંગાજી સફેદ તરંગોથી વહેતાં હતાં અને સમુદ્રની તરંગો શ્યામ રંગની હતી ત્યારે ત્યાં સંગમસ્થાને વાતાવરણ ખૂબ જ સુંદર શોભાયમાન હતું ત્યાં શ્યામસુંદર પ્રભુએ સ્નાન કર્યું. બાલમુકુંદ પ્રભુએ તિર્થોદ્ધાર કર્યો. શ્રીહરિને જોઈને ગહરેશ્વર સાગર ખૂબ જ ગર્જતો હતો. હરિને પોતાની અંદર બાંધવા માટે પોતામાં ખેંચવા ઉતાવળો થતો હતો. તે વારંવાર કલોલ કલોલનો અવાજ કરતો હતો. તે તો હરિનાં ચરણોનો

સ્પર્શ કરવા વારંવાર ઉતાવળો થતો હતો. તીર્થમાં રહેનારાં લોકો પૂજાસામગ્રીથી હરિની પૂજા કરતાં હતાં. બાળબટુક વર્ણિને જોઈને આનંદ પ્રમોદ કરતાં થકાં રાજી થતાં હતાં. સુખ પામતાં હતાં. શ્રીહરિ પ્રભુ ત્યાં ત્રણ દિવસ રહીને પોતાના આશ્રિતજનોને અતિ સુખી કરીને પછી પ્રભુ મનુષ્ય સ્વરૂપે નૌકામાં બેસીને સમુદ્રને પાર ઉતર્યા. શ્રી કરુણાનિધિને કપિલાશ્રમને જોવાની ઇચ્છા હતી. દેવતા એના ભાવને પૂર્ણ કરવા હરિ જવા લાગ્યા તે આશ્રમ સમુદ્રથી ચારે બાજુથી ઘેરાયેલું છે. વચમાં આશ્રમ શોભે છે.

સમુદ્રથી કપિલાશ્રમ શોભે છે. સમુદ્રના હિલોળા વલોણાથી જેમ ચંદ્રમાં ઉદય પામે છે. તેનાથી આશ્રમ અતિ ઉજ્જવળ લાગે છે. જાણે દેવનું વિમાન હોય તેમ લાગે તેને જોઈને જાણે જગ્યનો વિભાગ કરેલો ન હોય તેમ જણાય છે. બ્રહ્મદેવોના હાસ્યથી તથા ઉજ્જવળ પ્રકાશથી બ્રહ્મદ્યુતિમાં જાણે વિશાળતાથી હોમ થતો હોય તેમ જણાય છે. દેવના દેવ નિલકંઠ વર્ણિ પધાર્યા છે. એટલે જાણે બ્રહ્મદેવનાં મંડળો ન આવ્યાં હોય તેમ જણાય છે. કપિલ મુનિદેવ સાંખ્યશાસ્ત્રના મતના સ્થાપક આચાર્ય એમના તપોભૂમિના આશ્રમમાં સર્વના સ્વામી ઘનશ્યામ પ્રભુ પધાર્યા. અતિ ભાવથી આદર સત્કાર કરવા ઊભા થઈને પ્રભુની સામે તેડવા માટે ગયા. પગે નમન કર્યા. ત્યાર પછી શુભ સમાચાર પૂછ્યા. આસન વાસ કરવાની સગવડ કરી જળ લાવીને ચરણ ધોયાં અને વિનયપૂર્વકની વાણીથી નવાજીને મધુર વાણીથી કહે, આજે તો અમારાં ધન્યભાગ્ય છે. આપ પધાર્યા એ મહાફળ છે. તે કપિલાશ્રમ સ્વધર્મથી ખૂબ જ શોભતો હતો. તે આશ્રમમાં શ્રીહરિ પધાર્યા તે જોઈને અતિ હેતથી પ્રભુના સ્વરૂપમાં પોતાના મનને પરોવતા હતા. પ્રભુની મૂર્તિમાં બધાં જ તીર્થનું ફળ, મૂર્તિનાં દર્શન કરીને લેતાં હતાં. શ્રીહરિને અતિ હેત કરીને રોજેરોજ ખૂબ જ હેતથી આદર કરતા હતા. હેતથી ત્યાં રાખતા હતા. આ રીતે હરિ એક માસ પર્યંત રહીને અનેક જનોને ઉપદેશ આપતા હતા. અને ભક્તિમાં જોડતા હતા.

તે કપિલાશ્રમ સુખનું ધામ તપ કરનારાં જીવાત્માઓ માટે ખૂબ જ યોગ્ય છે. એ નક્કી કર્યું. ત્યાં શ્રીહરિએ મુમુક્ષુ જીવોને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપીને, ઘનશ્યામ પ્રભુએ આશ્રિત કર્યા.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં છઠ્ઠા કિશોર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ વર્ણિએ રચેલ છંદભાષામાં શ્રીહરિ આ પૃથ્વી ઉપર તીર્થયાત્રા ભ્રમણ કરે છે તેના મહિમાના નામે પંદરમો તરંગ થયો. ॥૧૫॥**

# તરંગ-૧૬

રાજા કહે છે, હે મુનિરાજ ! આપ મને શ્રીહરિ નિલકંઠ પ્રભુ પુરુષોત્તમ પુરી (જગન્નાથપુરીમાં)માં રહીને જે અધર્મને ટાળ્યો. તથા શ્રીહરિ નિલકંઠ વર્ણિ જગન્નાથ પ્રભુના સ્વરૂપમાં પ્રવેશ કરીને અનેક પ્રકારનાં આસુરી કર્મ કરનારાઓ સ્વાર્થી, ભેખના રૂપમાં રહેલા અસુરોનો નાશ કર્યો એ કથા મને સંભળાવો. સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! તમારો આ મનુષ્યજન્મ ધન્યભાગ્યવાળો છે અને ભગવાનનાં ચરિત્ર સાંભળી તમો ધન્ય થયા છો તેથી હવે આગળની લીલા તમને સંભળાવું છું તે સાંભળો. તે ઘનશ્યામ પ્રભુની અદ્‌ભૂત લીલા જ્યાંથી બાકી છે તે ક્રમ પ્રમાણે તમને કહું છું. હું મારા સ્મરણમાં સંભારતો જાઉં અને તમને કહેતો જાઉં છું. શ્રી નિલકંઠ વર્ણિ પ્રભુ કપિલ આશ્રમથી જ્યારે ચાલતા થયા ત્યારે ત્યાંનાં બધાં જ મનુષ્યો ઉદાસ થઈ ગયાં. પ્રભુ જવાના થયા તેથી જેમ ફણિધરનાગ પોતાનો મણિ ખોવાઈ જાય ત્યારે તેના વિના જેવો વિહ્વળ થાય તેમ બટુકે જવાની વાત

કરી એટલામાં બધાં જ વિરહાતુર થવા લાગ્યાં.

શ્રીહરિ પ્રભુ બધાં જ જનોને અધીરાં કરીને ચંચલમૂર્તિ પોતાની ચતુરાઈથી બધાનાં ચિત્તોને ચોરીને મંગળમૂર્તિ મહાપ્રભુ પોતાની મસ્તીમાં આનંદ પામતા થકા જગન્નાથપુરીના માર્ગે ચાલતા થયા.

શ્રીહરિ નિલકંઠ પ્રભુ ફરતા ફરતા પુરુષોત્તમપુરીમાં આવ્યા. લોકોના તારણહારને જોઈને બધાનાં મનમાં અતિ આનંદ થવા લાગ્યો. જગન્નાથપુરીની પવિત્ર મનોહર સુંદર જગ્યામાં શ્રીહરિનાં ચરણકમળનાં ચિહ્નોથી ચિહ્નિત થયેલી ભૂમિ બધાંને કલ્યાણના માર્ગે પહોંચાડે છે.

નિલકંઠ પ્રભુએ દેવાલયને જોઈને પછી પુરુષોત્તમ પ્રભુનાં દર્શન કર્યાં તે જગન્નાથ પ્રભુની મૂર્તિ અતિ મનોહર અદ્‌ભૂત હતી. તેનાં દર્શન કરીને રાજી થયા. શ્રીહરિ જગન્નાથ પ્રભુને પણ મનમાં આનંદ વ્યાપી ગયો. બધા જ મુનિજનોની દૃષ્ટિની ઓથે વર્ણિરાજે પોતાની દૃષ્ટિને મિલાવીને વર્ણિરાજે એ મુનિઓના મનનાં પાપો કપટો બધું જ જાણી લીધું. ત્યાર પછી સેવકો દ્વારા વર્ણિરાજનું સન્માન કરાવતાં હતાં. મંગળમૂર્તિ વર્ણિરાજ બધાના મનમાં આનંદ આપનારા મનોહર લાગતા હતા.

પુરુષોત્તમપુરીમાં દિવ્ય દેવાલયમાં દેવ વિરાજમાન રહેલા હોય છે. શિખર ઉપર સોનાના કળશો તથા સુંદર ધ્વજના પ્રતાપથી સુંદર શોભા લાગે છે. જ્યાં મુમુક્ષુજનો કાયમ માટે રહે છે એ સ્થળે હરિ ભક્તજનોના મનોરથ પૂર્ણ કરવા વિરાજમાન રહે છે. ઇંદ્રદ્યુમ્ન સરોવર ઉપર શ્રી નિલકંઠ પ્રભુ પોતે પહેલા વહેલા નિવાસ કરવા પધાર્યા ત્યાં રહીને દરરોજ સ્નાનવિધિ કરીને તે સરોવરને તીર્થરૂપ બનાવતા હતા. તે ઇંદ્રદ્યુમ્ન સરોવરમાં ખીલેલાં કમળો ખૂબ જ શોભતાં હતાં. તે કમળોના સમૂહમાં ભમરાઓનાં ઝુંડો ગુંજારવ કરીને વાતાવરણને શોભાવતા હતા. કળમના રસને ચુસતાં હતાં. સતત હરિના ગુણને ગાતાં હતાં. તે સરોવરની પાળ ઉપર વૃક્ષો ખૂબ જ શોભા વધારતાં હતાં. કાયમ જાગ્રત રહેતાં હતાં. આનંદપૂર્વક રહેતાં હતાં. શ્રી હરિકૃષ્ણ પ્રભુનું પ્રેમપૂર્વક પૂજન કરતાં હતાં. મુમુક્ષુજનો આવતાં હતાં. એમને શ્રી નિલકંઠ પ્રભુ ઉપદેશ આપતા હતા. સત્ય ધર્મ સમજાવતા હતા.

તે ભક્તજનો અનેક પ્રકારનાં ફૂલો સુગંધિત પદાર્થોથી શ્રી ઘનશ્યામ પ્રભુનું પૂજન કરતાં હતાં. આનંદ પામતાં હતાં. ભક્તજનો રાતદિવસ ત્યાં રોકાઈને પ્રગટ હરિની સાથે આનંદપ્રમોદથી જ્ઞાન મેળવતાં હતાં. અસુરો ગુરુ થઈને ધર્મના માર્ગથી પાડી નાંખે. ગર્વ અભિમાનવાળા દંભ કરનારા બધાંને પોતામાં જોડનારા મદોન્મત્ત થઈને કેફી પદાર્થોનું સેવન કરનારા, મોહમાયાથી માનસમાં ભ્રમ પાડનારા છળકપટ કરનારા, ઢોંગી કુસંગી થઈને પવિત્રધામમાં આડંબર કરીને શોભતા એવા. આવી રીતે પવિત્રધામમાં અસુરોનાં ટોળાં મંદમતિવાળાં અડંગા જમાવીને બધાં લોકોને ભય બતાવતાં થકાં, જંત્ર મંત્ર તંત્રનો ભય આપતાં થકાં કોઈને ગણકારતા ન હતા. સ્વછંદી થઈને લોકોના કલ્યાણનો કોઈ આડંબર કરીને ગધેડા જેમ ફરતાં હોય તેમ ચારેબાજુ ફરતાં હતાં. તે અસુરો વિરક્તો વૈરાગીયો ક્રોધી આસુરી મતિવાળા બધા એકબીજાની હરિફાઈ કરતા હતા. નિયમ વ્રત વિનાના મલિન કામવાસનાવાળા ઇંદ્રિયોને વશ નહિ રાખનારાં, ઉદ્ધતાઈવાળા પોતે મહાન ગુરુ પણુ બતાવનારા, સાધુપણાનો ડોળ કરનારા, ખોટા આડંબર દંભને કરનારા, શૈવ વૈષ્ણવિય શાક્તમતના બહારના આડંબર કરનારા જુદાં જુદાં સાંપ્રદાયનાં ચિહ્નોને ધારનારા, મલિન મંત્રતંત્રના પ્રયોગોથી પુરુષો સ્ત્રીયોને વશ કરનારા નગરનાં જનોને પોતાના સાત્ત્વિક ધર્મમાંથી પાડીને છળકપટમાં બાંધીને પોતાના મનોરથો પૂર્ણ કરનારા.

લોકોની પાસેથી વસ્તુપદાર્થ લેવા માટે ખોટો નિસ્પ્રેહિનો આડંબર કરીને નિસ્પ્રેહતા બતાવનારા, બળપૂર્વક

લેનારાનાની પોતાની બાળકી જેવી સ્ત્રીયોને શિષ્ય બનાવી તેની સાથે વાસનાઓ ભોગવનારા, લોકોને સ્ત્રીધનનો મહિમા સમજાવીને વાસના પૂર્ણ કરનારા લંપટો રસાસ્વાદના લોભવાળા ધનના લોભવાળા ક્ષણે ક્ષણે લોકોને ભય બતાવી બનાવટી વેશો ધારીને યમયાતના બતાવતા હતા. લોખંડના હથિયારોને ધારનારા લાકડિયોને ધારનારા ચિપીયા ધારનારા કેટલાક ઊંચી ગર્જના કરીને બિવડાવનારા કોઈક ધનુષ્યબાણને ધારનારા કોઈય યંત્રને ધારનારા કેટલાક રણસિંગાં શંખ વિગેરેને જકડીને વગાડનારા.

શાક્ત, માર્ગ, વામમાર્ગ, શૈવમાર્ગ કૌલવમતના માર્ગનું પોષણ કરીને ભૈરવ ભૂત અને વીરના જંત્રમંત્ર કરીને શુદ્રમલિન દેવોને પૂજન કરીને શુદ્ર નીચ કર્મ કરીને લોકોને પીડનારા હજારોનાં જુથમાં ગુરુશિષ્યના રૂપે રહેનારા બધા જ ગમારો આ ભૂમંડળમાં ભાર કરનારા પોતાના શત્રુ જાણીને હરિને હરણ કરતા હતા. તેનાથી પોતાનો પાપનો ઘડો પુરો ભરાવાથી શ્રી નિલકંઠ પ્રભુની સાથે દ્વેષ કરતા હતા. જેમ પતંગિયું દીવામાં આવીને બલિદાન આપ છે તેમ તે અસુરો હરિને શત્રુ માનીને વર્તે છે.

શ્રીહરિ નિલકંઠ પ્રભુ પણ થોડા દિવસ રહેનારા સર્વના સ્વામી ઘણા દિવસો સુધી રહેતા હતા. તે પોતાના આશ્રિતજનોના ઇચ્છિત કાર્ય કરવામાં કોઈ હરિએ ખામી ન રાખી ને સુખ આપ્યાં, એટલે પુરનાં મનુષ્યો નિલકંઠવર્ણિને ખૂબજ માન પુરસર માનતાં હતાં. સત્કાર કરતાં હતાં. તેથી તે અસુરો જોઈને ખૂબ જ બળતાં હતાં. તે બધાયને નજરમાં બાળતા હતા. આવતાં જતાં હરિની વિરુદ્ધમાં લોકોને સમજાવતાં હતાં, તોય લોકો નિર્ભય થઈને દબાતાં ન હતાં. હરિવરને સાચા સિદ્ધ જાણીને માનતા હતાં. આ રીતે હરિ અનેક જનોને સાચો બોધ આપતા હતા. શુદ્ધ હૃદયના જાણીને હરિ પોતાના પક્ષમાં લેતા હતા. હરિ બધાને બોધ આપતા હતા.

સૌને પોતાનો સ્વાર્થ સિદ્ધ થયો ત્યારે લોકો હરિને ખૂબ ખૂબ ધન આપતાં હતાં પણ હરિ લેતા જ ન હતા. પ્રભુ ત્યાગ ભાવ જ રાખતા હતા. કોઈ વસ્તુ પદાર્થ ધન વિગેરે કાંઈ લેતા જ ન હતા. એની સામે નિસ્પૃહિ ભાવથી નરવિર પ્રભુ જોતા હતા. તેમ તેમ લોકોમાં અતિ આશ્ચર્યનું વાતાવરણ લાગતું હતું. હરિને વધારે ભાવથી માનતાં હતાં. શ્રીહરિના ઉત્કર્ષ લોકભાવનાને અસુરો જોઈને સહન ન કર્યા ત્યારે તેઓ મહાકઠોર વાક્યો બોલવા લાગ્યાં. ખોટા ખોટા આરોપો પ્રત્યારોપો કરવા લાગ્યા. વારંવાર બોલાચાલી ઝઘડા કરવા લાગ્યા. ધ્યાન અવસ્થામાં કાયમ રહેનારા શ્રીહરિ મૌન ધારતા રહેતા હતા ત્યારે ક્યારેક ક્યારેક હરિને શત્રુઓ બોલાવતા હતા ત્યારે પોતાના શિષ્યો પાસે બોલાવવાની સેવા કરાવતા હતા. આ રીતે સિદ્ધોએ વર્ણિને હેરાન કરવા પોતાની પાસે બોલાવ્યા.

શ્રીહરિ સાધુતા રાખીને બધું સહન કરતા હતા. તે પોતે તો પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છે અને સર્વ જીવ પ્રાણીમાત્રના સાક્ષી છે તે બધાને માટે સુખની વાતો સમજાવતા હતા. બધાં લોકોને જ્ઞાનઉપદેશ આપીને માર્ગ શુદ્ધ કરતા હતા. અસુર સમુદાયમાં કોઈક મુમુક્ષુ જીવો પણ હતા તેઓ શ્રીહરિની વાતો સાંભળવા પ્રેમથી આવતા હતા. કેમકે ચમકપાણનો ઢગલો હોય ત્યાં તરત લોઢુ ખેંચાય છે. તેમ હરિના મુખની વાણિનું જ્ઞાન સાંભળવા ખેંચાઈને આવે, આવેલા મુમુક્ષુઓને શ્રીહરિ જ્ઞાન આપતા કે આત્મા અમર છે. અછેદ્ય છે. તે કપાતો નથી. તોય તે નાશ પામનારું આ શરીર છે. તેમાં બંધાઈને રહ્યો છે. બધાં જ શાસ્ત્રો અને વેદોમાં પ્રથમથી જ સંતો મુનિજનો કહી ગયા છે તે સત્ય જ છે.

આસુરીજનો અપમાન કરે ભક્તજનો માનસન્માન કરે તોય તે સર્વ ક્રિયાને દેહના કાર્યોને પોતાના મનમાં

ક્યારેય લાવતા ન હતા. તોય પુરનાં લોકો હરિની ભક્તિ કરતાં હતાં. ભગવાનને મેળવવા સાચી નિષ્ઠાથી આવતાં હતાં. મનનો મહામોટો શત્રુ તો ક્રોધને જાણવો જોઈએ તે ક્રોધથી બધાં જ સુકૃતોનો નાશ થાય છે. કામ, રસાસ્વાદ, સ્નેહ વગેરે જેમ ગ્રહણ સમયે ચંદ્રમા ઘેરાઈ જાય છે અને જગતમાં પીડા થાય છે તેમ આ દોષોથી જીવાત્મા ઘેરાય છે તેનો નાશ થાય છે. પાખંડીઓ સાધુનો વેશ ધારણ કરીને દોશને ગ્રહણ કરે છે. તેનો અંત નથી આવતો, પરંતુ ફજેત થવાનું સાધન છે. ભગવાનની સાંગભક્તિ કરીને અધર્મસર્ગને તથા અનીતિને જીતી શકાય છે. હરિના આશ્રયથી સુખ મળે છે. ઘરબાર છોડીને હરિનું ભજન કરવા નીકળ્યા. અને ભગવાનના સંતના દાસ ન બને અને તે સંતોની સાથે દ્વેષ કરીને વર્તે તે એનો હવે કંઈ જગ્યાએ વાસ થાય એ શંકા છે.

કેમકે શુકદેવજી, સનકાદિકો નારદજી બીજા જડભરત આદિએ જે ત્યાગ કર્યો. તથા સમર્થ હોવા છતાં ભગવાનની આજ્ઞામર્યાદાનું પાલન કરતા અને અતિ પ્રેમથી ભગવાનની ભક્તિમાં લાગ્યા રહે છે. ચર્પટા અને ગુર્જરા અને ગેબીઓ તે કોઈ શરીરના ભારને જાળવી દરકાર કરતા જ નથી. તે તો શાંત સ્વરૂપે ભૂમિ ઉપર વિચારે છે. શરીર ઉપર તિલક ચાંદલો કરે છે. કંઠમાં માળાને ધારણ કરે છે. સત્ય ધર્મ પાળે છે. સંતપુરુષોનો સમાગમ કરીને ધર્મસર્ગનાં આયુધો ધારીને અધર્મ સર્ગથી લડીને એમનો સામનો કરીને મરણ પામો તોય તમારો એ અધર્મ સર્ગની સામે જરૂર વિજય થશે જ.

આસુરી પ્રકૃતિની સાથે આસુરીતા ચલાવવી અને દૈવીજીવ જો મળે તો તેમની સાથે રહીને નિત્ય પ્રત્યે ભગવાનની કથાવાર્તા સાંભળવી. તેનાથી હરિનો આશ્રય દૃઢ થાય છે. એ રીતે વર્તવું.

શ્રીહરિએ સાત્ત્વિક વૃત્તિના પોતાના આશ્રિતોને ભક્તિમાર્ગમાં ખેંચી લીધા, તેથી બાકી રહ્યા તે અધર્મ સર્ગને અનુસરનારા તેમને બધાને અંદરોઅંદર હરિફાઈઓ થવા લાગી. એકબીજાને વૈર થવા લાગ્યું. બધા જ ક્રોધવાળા ગર્વવાળા થયા. ક્રોધથી મોહ ઉત્પન્ન થયો. મોહથી બુદ્ધિમાં ભ્રમ ઉત્પન્ન થાય છે. મતિમાં ભ્રમ થવાથી બુદ્ધિનો નાશ થાય છે. બુદ્ધિનો નાશ થાય એટલે પ્રાણનો પણ નાશ થાય છે. વિનાશ થાય છે.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં છઠ્ઠા કિશોર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં પુરુષોત્તમપુરમાં કરેલી લીલાનું વર્ણન કર્યું એ નામે સોળમો તરંગ થયો. ॥૧૬॥**

# તરંગ-૧૭

રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી ! શ્રીહરીની માયાથી મોહ પામેલા અધર્મમાં રાચતા અસુરોના પાપથી ભૂમિ ઉપર અતિભાર હતો. તે આસુરો કેવી રીતે બધા અંદરોઅંદર લડીલડીને મર્યા તેની વાર્તા મને વિસ્તારથી કહી સંભળાવો.

અયોધ્યાપ્રસાદજી કહે છે, હે રાજન્ ! શ્રી હરિકૃષ્ણ ભગવાને જે દિવ્યચરિત્ર કર્યાં તે વાર્તા તમને કહું છું. તો ધ્યાનથી સાંભળો. શ્રીહરિએ શસ્ત્રને ધારણ કર્યા વગર જ બધાં જ અસુરોનો સહજતાથી જ નાશ થયો તે સાંભળો. પહેલાં બધાને અંદરોઅંદર સામસામે બોલાચાલી ને ઝઘડા થયા. બોલવામાં મર્મભેદી શબ્દો બોલાયા તેથી અતિ ઉદ્ધતાઈથી એકબીજાને બોલવાનું થયું. તે સહન ન થવાથી એક બીજા લડવા માટે બે જુથો થયાં. એમાં શ્વેત પટા જે કહેવાતા તે હથિયાર ધારી હતા અને રક્ત પટાવાળાજે હતા. એમણે પોતાની

સેનાને તૈયાર કરી દીધી. એ રીતે બધાના હાથમાં અનેક પ્રકારનાં હથિયારો શોભવા લાગ્યાં. તેમાં ખેંચવાનાં પછાડવાનાં ઘા કરવાનાં જમૈયા કટારિયું વિગેરે ધારેલાં. કોઈકે બાણને ધાર્યાં મોટાં મોટાં ધનુષો ધારેલા જંડરા બરછિઓ ધારેલ લડવાનો ઉત્સાહ અરસપરસ બંનેનો હતો. તેથી ગરમ ફરસી બરછિ કુહાડા ત્રિશુળો શંગ શેલર આદિ અનેક. કુંતક શાધર (ચર્પટ) ચિપિયા ડંડા કવચો ટોપાઓ ધારણ કરીને મોટી સેના લાગતી હતી. કેટલાકે ખડગ કેટલાકે મુષળ દ્રુમડ ધારીને બંને બાજુની સેનાઓ કાળની પ્રેરણાથી બંને બાજુ તત્પર થઈને ઊભી હતી. બંને જુથમાં પરસ્પર દુંદુભિ વાગતી હતી અને શંખનો નાદ થતો હતો. તે શરીરને પીડા આપનારો હતો તથા રણશિંગા ખૂબ જ વાગતાં હતાં. ભેરિ પણ ભય જણાવનારા સૂરમાં વાગતી હતી. રણશિંગા વાજિંત્રો વાગતાં હતાં. તેનાથી કાયરનાં મનને વીંધતાં હતાં. આ રીતે પ્રભુની પ્રેરણાથી મોહ પામેલા જેમની મતિ ભ્રમાઈ ગઈ છે એવા, લડવામાં કાંઈ વાર જ ન હતી. એમ તૈયાર થઈને ઊભા હતા.

બધાં લડતાં લડતાં કપાવાથી મરણ પામતાં હતાં. તેનાથી મોહ વધારે થતો હતો. જાણે કુરબાન થવા ન આવ્યા હોય તેમ શરીરને હથિયાર કાપતાં હતાં. તોપો ધણણણ ગાજતી હતી. ધમધમ અને ગણણા કરીને ગોળા પડતા હતા. જમીન ધ્રુજતી હતી. અણણણ જોજલ વાગતાં હતાં. અંગોને ભેદતાં વિંધતાં હતાં. ચારેબાજુ ઘુમતાં છતાં ગેલ ભાંગતા હતાં. શરીરમાંથી લોહી વહેતું હતું. તેનાથી શરીર લાલ લાલ શોભતું હતું. કોઈનાં શરીર તૂટતાં હતાં. કોઈનાં મસ્તક તુટતાં હતાં. તીરની પીડાથી શરીર પીડાતું હતું. કોઈને તલવાર વાગતી હતી. તેનાથી હાથ પગ કપાતા હતા. કેટલાકની માથાં કપાતાં હતાં. તેનાથી શરીર જમીન ઉપર પડતાં હતાં. કેટલાકની સાથળો કપાતી હતી. કેટલાકની જાંઘ કપાતી હતી. કેટલાકની કમરો કપાતી હતી. અંગો કપાવાથી ભાંગેલા હાથથી સાંગ લઈને લડતાં હતાં. છરા કટારો હાથમાં લઈને એક બીજાના અંગોને તોડતા હતા. ફરસી કુહાડાથી શરીરને ફાડતાં હતાં. તેનાથી અંદરનું સાત ધાતુ બહાર દેખાતું હતું. મુદગર ગુરજ અને લાકડી આદિથી એક બીજાના માથાં ફોડતાં હતાં. તેનાથી શબ્દ થતો હતો. તે જ સમયે મહાભયંકર ઘોર યુદ્ધ થતું હતું. તે સમયે ભેરુ બનીને એકબીજાને ભીડાવતાં હતાં. એક બીજા મુઠ્ઠીથી મારંમાર કરતાં હતાં. કેટલાંક બાથંબાથ લડતાં હતાં. કેટલાક ચીપિયાથી કેટલાક જેમ ડાળી પાડે તેમ કોઈને મારીને જમીન ઉપર પડતા હતા. ફરી ફરીને ઊભા થાય લડતાં હતાં. ફરી પડતાં હતાં. પણ મરતાં ન હતાં. આ રીતે દુષ્ટો લડતાં હતા. ધરધર મરુમરુ મરુ શબ્દ કરીને એકબીજાને મારતા હતા. શરીરમાંથી લોહી જમીન ઉપર વહેતું હતું. કણસાતાકણ સાતા પડતા હતા. આમ અડધા મરેલા તે પહેલા દિવસના યુદ્ધના સંગ્રામમાં નાશ પામતા હતા. ત્યારે ભૈરવ ભૂત અને પ્રેત પિશાચની જોગણીઓ નાચતાં હતાં. રુંડ મુંડનિ માળાઓ પહેરીને હાથથી તાળીઓ વગાડતાં હતાં. અતિ આનંદ પ્રમોદ કરતાં હતાં. કુતરાં શિયાળ સાત નારી જરખના ઘેર ઉત્સવ મચેલો હતો. કંક ગીધ કરકાબ કાગડા ઘુવડ આદીને મનમાં અતિ આનંદ મનમોહ પામતાં હતાં. તે સમયે શરીરો કપાવાથી લોહીની નદીઓ વહેતી હતી. તેમાં આયુધો વહેતાં હતાં તે મગરમચ્છ જેવાં લાગતાં હતાં. ધડ મગરમચ્છ જેવાં લાગતાં હતાં. છાતી મસ્તક કાચબા જેવા તથા હાથ માંછલાં જેવા લાગતાં હતાં. દાઢી અને માથાના વાળ તે શેવાળ જેવા લાગતાં હતાં.

આ રીતે મહાભયંકર યુદ્ધ થયું. તેમાં પહેલા દિવસે દસ હજાર અસુરોનો નાશ થયો. કોઈ દિવસે દસ હજાર કોઈ દિવસે પાંચ હજાર અસુરોનો હરિના કેવળ દૃષ્ટિ માત્રમાં જ નાશ થયો. આ રીતે ઘોર યુદ્ધ ખેલાતું હતું. કોઈ દિવસે એક જ વેળામાં દશ હજાર લડીને મરતાં હતાં. કોઈ દિવસે તેર હજાર કોઈ દિવસે ચૌદ હજાર કોઈ દિવસે નવ

હજાર આઠ હજાર સાત હજાર છ હજાર પાંચ હજાર આ રીતે નાશ પામતાં હતાં. ક્યારેક ચાર હજાર જ નાશ પામતાં હતાં. ક્યારેક ત્રણ હજાર ક્યારે બે હજાર ક્યારેક એક હજાર ક્યારેક સાત ક્યારેક નવની સંખ્યામાં ક્યારેક આઠ સાત હજારની સંખ્યામાં એક ત્રણ ચાર પાંચ આમ સ્પષ્ટ જણાતું હતું. આ રીતે તે અસુરોમાં મહાભયંકર યુદ્ધ થયું. તેમાં બંનેનો નાશ થયો. તે અધર્મ સર્ગનો ખૂબ જ નાશ થયો જ્યારે બધા જ અસુરોનો અંત આવ્યો ત્યારે દેવોમુનિજનો ભક્તજનો સર્વના મનમાં અતિ આનંદ થવા લાગ્યાં.

દેવો દુંદુભીનો નાદ કરવા લાગ્યા દેવો દિવ્ય સુગંધી પુષ્પોનો વરસાદ કરવા લાગ્યા. સંતો મુનીજનો હરિભક્તો મનમાં આનંદ પામતા હતા. શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. દેવોમાં વિષ્ણુ બ્રહ્મા મહેશ્વર મુનિજનો દેવો સર્વે ભેગા થઈને જ્યાં શ્રી ઘનશ્યસામ પ્રભુ હતા ત્યાં આવ્યા. આ રીતે શ્રીહરિએ અતિશય અધર્મ પાપાચારનો નાશ કરીને પોતાના આશ્રિતોને સુખ આપવા મુક્તિ પમાડવા આ ચરિત્ર કર્યું. હે હરિ ! આપનો જય જયકાર થાવ. આપતો સર્વ જગતના જીવનપ્રાણ છો. જે જીવાત્મા પોતાના મનથી આપની ઉપાસના ભક્તિ કરે છે તેને આ તેના કરેલા કર્મનું ફળ કર્મ પ્રમાણે આપો છો. શુભ અશુભ ફળના આપનારા આપ એક જ છો. આ જગતનું સર્જન કરનારા આપ જ છો. તે છતાં નિર્લેપ રહો છો. સર્વનું સર્જન કરો છો તે પણ પ્રત્યેકના રૂપ સ્વભાવ અલગ અલગ જ હોય છે તે આપની લીલા જ છે. એ જ વાત અમારા માતાપિતા આપ જ સર્વ જાણો છો. આપ જ્યારે એને જણાવવા માગો ત્યારે સ્વયં જણાવો છો. ત્યારે જ જીવ જાણી શકે છે.

જગતની વૃદ્ધિ લય કરનારા આપ જ છો. બધાનું ફળ આપનારા એક જ દેવ છો. લાખોને સપ્તધાતુમાંથી દૂધ બનાવીને આપનારા આપ જ છો. ઉત્પત્તિ સ્થિતિ લયના કરનારા આપ જ છો. વિદ્યા અવિદ્યાના જાણનારા જણાવનારા આપ જ છો. એના વિવેકના ભેદને બતાવનારા આપ જ છો. મહાકાળ મૂળ માયાના બંધનમાંથી છોડાવીને જ્યારે આપના ભક્તનો સંગ કરે છે ત્યારે સાચા સ્વરૂપને જણાવો છો ત્યારે જ સાચા સ્વરૂપને ઓળખાય છે. આપની કૃપા કટાક્ષથી જ જ્યારે જણાવો ત્યારે તમને પૂરેપૂરા જાણે છે. હે હરિ ! આપ તો સર્વના કારણના કારણ બધાની ઉપર આપ એક જ છો. સર્વનાં મંગળને કરનારા સુખ આપનારા આપ અત્યારે આ પૃથ્વી ઉપર પ્રગટ થઈને મુનિના વેશે વિચરો છો.

હે વર્ણિરાજ ! આપ બધા જ વર્ણિઓના વર્ણિ સર્વોપરિ આપ વર્ણિવર દેવ પોતે જ છો. આ પૃથ્વી ઉપર વિચરણ કરતા થકા વનમાં પવિત્ર ભૂમિને તીર્થરૂપ બનાવતા થકા વિચરણ કરો છો. તોય આપને ઓળખવા બહુ દુર્લભ છે. જ્યારે મુનિજનો અને દેવતાઓ હરિની સ્તુતિ કરી રહ્યા. ત્યાર પછી મસ્તકથી લઈને ચરણનાં તળ સુધી સ્પર્શ કરીને નમ્રતાપૂર્વક બ્રહ્માજી વિષ્ણુ તથા સર્વે મુનિજનોને પ્રભુ કહેવા લાગ્યા. હું થોડાક જ દિવસોમાં અધર્મને ઉખાડીને સધર્મને પૃથ્વી ઉપર ફેલાવીને ભૂમિનો ભાર ઉતારીશ અને લોકોને ઈચ્છિત બધાં જ કાર્યો કરવાનું હું જાણું છું. એ પ્રમાણે જાણજો. મારા જનોથી કોઈ મોટા મહાન ન જાણશો. મારી પાસે મારા જનો જ મોટા છે એમ જાણજો.

કળિયુગમાં મારાં આપેલાં વચન પ્રમાણે અનંત મુક્તોને માટે જ આ પાપીયોને માર્યા છે. મારા ભક્તજનો ગરીબ સંતો મતવાલા થઈને બધાની સાથે રહેવું અને મતવાલા થઈને એમના ભેગા રહીને બધાને ન્યાલ કરી દઉં. પાપી દુઃખ આપનારા રાજાઓને યોગ્ય કરીને સુખ આપનારા રાજાઓને સુધારીને રાજરિવાજો સુધારીને ધર્મ અહિંસા એકાંતિકતા સધર્મને સ્થાપીને મારા સંતોને બધે જ વિચરાવીને સધર્મનો પ્રચાર કરાવીશ. શ્રી હરિ

ઘનશ્યામ પ્રભુ કહે છે હું યજ્ઞયાગાદિક કરીને તમને બધાને (દેવો ઈશ્વરોને) તૃપ્ત કરીશ. તેમાં બ્રહ્મયજ્ઞ તથા જપયજ્ઞ યોગ યજ્ઞ વિગેરે મુનિજનો અને સંતો કરશે. આ રીતનાં શ્રીહરિનાં મુખેથી સાંભળીને પછી શ્રીહરિ પ્રભુનાં ચરણકમળને પૂજીને શ્રી ઘનશ્યામની આજ્ઞા લઈને હરિ ભગવાન પોતાને મહા ભાગ્યશાળી માનતાં થકાં બધાને લઈને પોતાને સ્થાને ગયા. બધાં મોટા ભાગ્ય માનતાં હતાં. જે અસુરો રણમાં લડાઈ ઝઘડામાં કાયર હતા તેઓ દેશદેશાંતરમાં ભાગીને જતા રહ્યા. કેટલાક થોડાં થોડાં અંગો ભાંગ્યાં તૂટ્યાં તેઓ બચી ગયા. તેઓ પણ દેશવિદેશમાં ગયા તે પણ ઉગરી ગયા.

તે તે દેશમાં જે અસુરો રહેલાં હતાં તેઓને આ લડાઈનું બધું જ વૃત્તાંત કહીને જણાવી દીધું. તેઓને પણ હરિની સાથે વૈર બંધાવી અતિ વૈર બંધાવ્યું. તાજા કર્યા. હરિને નાશ કરવા માટે અનેક કર્મો કરવા લાગ્યા. વૈર વધારવા લાગ્યાં. ત્યાર પછી શ્રીહરિએ જગન્નાથપુરીમાં ધર્મને ખૂબ જ દઢતાથી પ્રવર્તાવ્યો અને દુરાચારમાં રહેલા જનોને પણ તેમાંથી મુક્ત કરાવીને ધર્મનિષ્ઠ દઢ કર્યા. સાંગભક્તિ તથા અહિંસા આદિક ધર્મોનો પ્રચાર કરીને દુષ્ટ કર્મો બંધ કર્યાં. સતકર્મો કરાવતા દઢ કર્યાં. ત્યારે બધાં જ પામર જીવોને હરિના સ્વરૂપમાં અતિ પ્રેમભાવ થયો. હરિનું પૂજન કરતાં હતાં. એમની આજ્ઞા માનતાં હતાં. આશ્રય કરતાં હતાં. આ રીતે વર્ણિરાજ લોકોને ઉપદેશ કરતા હતા. પોતાના પ્રતાપથી બધા જ અસુરોના નેતાઓને તથા અસુર રાજાઓને જીતતા હતા.

શ્રીહરિ જગન્નાથ ભગવાનની મૂર્તિમાં રહીને બાકી રહેલો અધર્મ સર્ગ નાશ કર્યો અને શ્રીહરિ ઇંદ્રદ્યુમ્ન સરોવર ઉપર રહીને પોતાના એકાંતિક આશ્રિતોને અક્ષરધામના અધિકારી બનાવ્યા. શ્રીહરિ તે સરોવરના કાંઠે ચાર માસ સુધી રહ્યા. ત્યાં રહીને બધા જ વિદ્વાનોને જીતી લીધા અને દેવની મૂર્તિમાં છ મહિના સુધી રહીને બધાનાં કાર્યો કપટોને જોયાં વર્ણવ્યાં તેનાથી ખૂબ જ આશ્ચર્ય દેખાવા લાગ્યું. જગન્નાથ ભગવાનના સ્વરૂપમાં રહીને પ્રભુ થાળ આરોગતા હતા અને તે જ મૂર્તિમાં રહીને ગરીબના બેલી પ્રભુ લોકોને પોતાનાં દર્શન આપતા હતા. થાળ જમતાં બધાને દર્શન આપતાં હતાં. આ રીતે ધર્મપુત્ર ધર્મની ધુરાને ધારણ કરીને આ ધરણી ઉપર અધર્મને ઉથાપીને સધર્મની સ્થાપના કરીને ધર્મ અને ભક્તિનું પોષણ કરતા હતા. એના માટે જ પૃથ્વી ઉપર અવતાર ધરેલો છે. આ શ્રીહરિનાં ચરિત્રને ભક્તિભાવથી જે પૂછે છે, સાંભળે છે, જે કોઈ સંભળાવે છે તેનાથી પોતાના આશ્રિતજનોને દુઃખો ઉપાધિઓથી કષ્ટથી પીડાથી મુનિજનો સંતો કહે છે તે નિવૃત્ત થઈ સુખી જાય છે.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં છઠ્ઠા કિશોર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં ઉતકલ દેશ (ઓરિશા)માં રહેલા અસુરોના સમુહનો પરાભવ નાશ કર્યો એ નામે સત્તરમો તરંગ થયો. ॥૧૭॥**

# તરંગ-૧૮

રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! આપ શ્રીહરિના લીલા ચરિત્રામૃતનો સાર જે હોય તે દક્ષિણ દિશામાં જે સારાં પવિત્ર ચરિત્ર કર્યાં હોય તે આપને જે રીતે અનુક્રમનો આધાર હોય તે રીતે ક્રમથી મને કહી સંભળાવો. શ્રી નિલકંઠ પ્રભુ આદિકુર્મ થઈને માનસપુરમાં સત્રધર્મારાજાને ઘેર રહ્યા. અને જે ચરિત્ર કર્યાં હોય તે જયાં જયાં હરિ વિચરતા થકા રહેલા હોય, જે જે ચરિત્ર કર્યાં હોય તે બધાં જ ચરિત્રોને સંભળાવવા કૃપા કરો. અયોધ્યાપ્રસાદજી કહે છે, હે રાજન ! શ્રીહરિ પ્રભુ પુરુષોત્તમપુરીથી ચાલવા તૈયાર થયા ત્યારે નગરના બધા જ સેવકો મળવા આવ્યાં. સુખનો મેળાપ તો હવે ફરી વિયોગ જ થવાનો છે. સંયોગ નથી થવાનો. અત્યારે કોઈકનાં ભાગ્યનો ઉદય થયો હશે અને આપણાં ભાગ્યનો અત્યારે મંદસ્થિતિનાં થયાં હશે એટલે છેલ્લાં દર્શન કરી લઈએ. આમ કહીને હરિના ચરણકમળમાં નમન કર્યાં અને કહે મન કર્મ વચને હવે આપનાં જ છઈએ એમ માનજો.

બધાં કહેતાં હતાં કે હરિ અમારી ઉપર કૃપાદષ્ટિ રાખજો. તમે બધા જ મારા કહેવાઓ છો. તેથી તમારી ઉપર કૃપા જ છે. આમ બધાને કહીને ચંચલમૂર્તિ બધાનાં ચિત્તને ચોરીને પુરુષોત્તમપુરીના ભક્તોને છોડીને હરિ ચાલતા થયા. ત્યારે બધાં જ નીરખી નીરખીને જોતાં રહ્યાં. હરિની સામે દષ્ટિ જોડતા રહ્યા અને ચંચળમૂર્તિ આગળ ચાલ્યા ગયા. ઘણા બધા દૂર જતા રહ્યા ત્યારે બધાં જ લોકો હરિનું ભજન કરતાં થકાં પાછાં વળ્યાં. હરિ તો આખા જગતના ભાવને પ્રેમને જાણનારા છે. દક્ષિણ દેશમાં શ્રીહરિ ચાલ્યા તે પણ મુમુક્ષુ જીવો ભક્તજનો સંતો મુનિજનોનાં રક્ષણ કરવા સાવધાનીથી ચાલ્યા. તીખા તાપમાં તીવ્રતાપસ વૃત્તિથી દઢ નિષ્ઠાવાળા ક્ષણોક્ષણનો ખ્યાલ રાખીને વચનનિષ્ઠ, શુભ લક્ષણવાળા સર્વનું સુમંગળ કરનારા ભક્તવત્સલ વિશાળ પ્રેમભાવનાવાળા વિશાળ હૃદયવાળા કટી ઉપર કછને બાંધેલા ગળામાં તુલસીની બે સેરની કંઠી ધારેલી આવી રીતનાં પ્રગટ લક્ષણ જોઈને લોકોના મનને હરનારા એવા લક્ષણવાળા પવિત્ર લક્ષને રાખીને સુંદર રીતે શોભતા હતા.

અવિનાશી ઘનશ્યામ પ્રભુ આદિકુર્મતીર્થમાં ગયા. ત્યાંનાં તીર્થવાસીજનોને કૃતાર્થ કર્યાં. ત્યાં આવતા વર્ણિને જોઈને ત્રણે લોકને તારનાર નૌકારૂપ જેમનો યશ સર્વને નિર્ભય કરનારો છે. જે એમનો આશ્રય કરે છે તે નિશોક નિશંક થાય છે. હરિએ કુર્મ પ્રભુને જોઈ દર્શન કરીને મનમાં ખૂબ જ આનંદ પામ્યા. નગરનાં લોકોને પણ હરિનાં દર્શન કરીને આનંદ વ્યાપી ગયો. આ બટુક છે પણ આ તો મહાન છે. આમનું ભજનસ્મરણ કરવાથી મૂર્તિને મનમાં ધારવાથી બધા જ ઘાટ વિઘાટો શાંત થાય છે. સર્વનાં પાપોનો નાશ થાય છે. નિર્ગુણ બનાવે છે. હરિ આવ્યા એટલે બધાં લોકોએ હરિનું ખૂબ જ પ્રેમથી સન્માન કર્યું. મધુર વચનોથી બોલાવીને સુંદર આસન ઉપર બેસાડી જલપાન કરાવ્યાં. તેનાથી લોકો પોતાને કૃતાર્થ માનતાં હતાં. હરિનાં દર્શન કરીને પ્રભુને વિનયભાવથી કૃપાળુ જાણી માનતા હતા.

શ્રીહરિ આદિકુર્મમાં થોડા દિવસ રહીને ચાલતા થયા. માનસપુર જવા માટે પ્રયાણ કર્યું. જતા માર્ગમાં વચ્ચે વચ્ચે રોકાઈને લોકોને દર્શન આપ્યાં. બધાંને સાચો ધર્મ સમજાવીને નિષ્પાપ બનાવી પ્રગટ સ્વરૂપના આશ્રિત કરીને મુમુક્ષુ જીવોને મોક્ષ ભાગી બનાવ્યા. દૈવીસંપત્તિથી યુક્ત ભાવનાવાળો સત્રધનવા રાજા અતિશય મુમુક્ષુ ભાવવાળો હતો એને કલ્યાણનો યોગ કરાવવા શ્રીહરિએ વિચાર કર્યો તે ધર્મવાળો અહિંસા ઉપર અતિ

ભાવનાવાળો હતો. પોતાનું કલ્યાણ કરવાની ભાવનાથી પ્રભુની ઉપાસના ભક્તિ કર્યા કરતો હતો. દઢધર્મ નિયમવાળા સાંતોનો સમાગમ કરતો હતો એ અધર્મ સર્ગરૂપ અનીતિ આદિ એને રુચતાં ન હતાં. આવો ધાર્મિક ભાવવાળો હતો. તે સત્રધનવારાજાના નગરમાં શ્રીહરિએ પ્રવેશ કર્યો ત્યારે હરિને સત્રધનવારાજાએ જોયા. સમાચાર જાણ્યા ત્યારે વર્ણિરૂપને ધારેલા જીવોના નૌકા સમાન દર્શન કર્યાં ત્યારે રાજાના હૃદયમાં અજ્ઞાનનું અંધારું દૂર થવા લાગ્યું અને હરિને ઓળખ્યા.

તે પ્રભુની મૂર્તિ રાજાના ચિત્તમાં ચોંટી ગઈ. ચતુર મૂર્તિ ચિત્તને ચોરવા લાગ્યા. તે બટુક વેશવાળા પરાક્રમ ચરિત્રો કરવામાં પુરા એવા વર્ણિની પાસે તે રાજા ગયા પ્રણામ વંદન કર્યાં અને સન્માન કરીને લાલા લટકાળાને લઈને ચાલ્યા. તે રાજા હરિને પોતાના દરબારગઢમાં લઈ ગયા. રાજદરબારમાં શ્રી ઘનશ્યામ પ્રભુનાં ચરણ પાડવા પ્રસાદીભૂત કરવા પોતાના બધાં જ મહેલો ભુવનોમાં લઈ ગયા. ત્યાં એક સ્વચ્છ વેદિકા આવી. ત્યારે તે રાજા હરિને કહે કે આપ અહીં રહો. આપ પરમ પવિત્ર સંત છો. તેથી એકાંત સ્થળ છે. એટલા માટે આ જગ્યાએ હું આપની સેવા સતત કર્યા કરીશ તથા મારા સેવકો પણ આપની સેવાચાકરી કરવા તત્પર રહેશે તો કૃપા કરી અહીં વિરાજો.

રાજા કહે છે, હે પ્રભુ આપને સ્નાન આદિક વિધિ કરવા માટેનું પણ પાસે જ છે. પાણીનો કૂવો તથા તુલસી ફૂલવેલો છોડો નજીકમાં જ છે. નાનો બગીચો અગ્નિદીપ અગરબત્તી બધું જ નજીકમાં છે. એટલા માટે આપ સ્નાન કરીને નિત્યવિધિ આપને અનુકૂળ હોય તેમ કરો. રાજાનો ભાવ જોઈને હરિ તૈયાર થયા. રાજી થયા. ખીલેલાં કુંદ ગુલાબ અશોક તથા જુઈ જાઈની વેલો દાડમ જામફળ રામફળ નારંગી સોપારી કેળો વિગેરે હતાં. બાગને જોઈને લોકોનો વનસ્પતિ પ્રેમ લોકોના મોજશોખ વિગેરે જોઈને વર્ણિંદ્રે પણ ત્યાં નિવાસ કર્યો અને રાજા હરિને જમવા માટે પવિત્ર સારાં અન્નો લાવ્યા. તેને પ્રભુ પોતાના આશ્રિતજન જાણીને તે અન્નોને સ્વીકારતા હતા.

રાજાએ થાળમાં પદાર્થો ભરીને તૈયાર કરીને અર્પણ કર્યો. તેને રાજાનો ઉદ્ધાર કરવા હરિ તે થાળ જમવા લાગ્યા. જમીને તૃપ્ત થઈને મુખને શુદ્ધ કરીને જળપાન કરીને બાકી અવશિષ્ટ રહેલો. પ્રસાદ રાજાને આપ્યો તે રાજાએ લીધો. ત્યાર પછી રાજાએ પોપ સુગંધી પદાર્થોથી પ્રભુનાં ચરણ પૂજ્યાં અને નમ્રતાથી હરિને કલ્યાણ કરવાની માગણી કરી. હે વર્ણિરાજ આપ આ ભૂમિ ઉપર વિરાજમાન રહીને પરમેશ્વર એવા આપ મારા ઘેર નિવાસ કરો અને અમારું મંગળ કરો.

ત્યારે શ્રીહરિ તે રાજાને કહે હે રાજન તમે સાંભળો. પ્રગટ ભગવાન અને એમના સંતની જો પ્રાપ્તિ થાય તો એમનો આશ્રય કરીને મન કર્મ વચને શરીરથી સેવાભક્તિ કરવાથી જીવની તરત જ મુક્તિ થાય છે. પ્રગટ ભગવાન અથવા પ્રગટ સંતના આશ્રય વગર કરોડો ઉપાય કરે તોય ક્યારેય કલ્યાણ થતું જ નથી. આ રીતનાં શુભ વચનો ખૂબ જ સાંભળ્યાં. શાસ્ત્રના સારભૂત રહસ્ય માનીને હરિના દાસ થઈને દઢ રહ્યા. આ રીતે ઉપદેશ સાંભળીને તરત જ શ્રીહરિનો આશ્રય કરીને પરમ કલ્યાણકારી હરિની મૂતિને પોતાના હૃદયમાં ધારણ કરીને પોતાના જન્મારો સુધાર્યો. મન કર્મ વચન શરીરથી પ્રભુપરાયણ થઈને વર્ણિન્દ્રનાં કહેલાં વચનોને ઉરમાં ઉતારી દઢ કરી લીધાં. તે શત્રધનવારાજા શ્રીહરિ વર્ણિરાયના આશ્રિત થયા એટલે બધા અસુરોનાં અંગો બળવા લાગ્યાં. તેઓ હરિના મહાન વૈરી હતા અને દ્વેષ કરીને મનમાં ખૂબ જ રીસ રાખેલ છે. તે અસુરો જગન્નાથમાં લડાઈ થઈ તેમાંથી કાયર તથા ભાંગેલાં તુટેલાં અંગોવાળા ભાગેલા તે બધાય અસુરોએ અહીં રહેલા અસુરોને ભંભેરીને

તૈયાર કરેલા છે.આ બટુક બ્રહ્મચારી આપણાં અંગો ભંગાવ્યાં છે.

બધા જ અસુરો ભેળા થઈને હરિ ઉપર વૈર રાખે છે. ક્યારે લાગ આવે અને હરિને મારવાનો લાગ મળે તો મારી જ નાંખીએ એવો અવસર શોધતા હતા. જેમ કાંઈક ખાવાની લાલચમાં ઉંદર સર્પના કરંડિયાને કાપીને કાણું પાડે ત્યારે તે જ ઉંદરને સર્પ ખાઈ જાય તેમ આ અસુરો પણ પોતાના જીવનને જુઠ્ઠું કરવા મથે છે. હરિને રહેવાની જગ્યાએ દિવસે બધી તપાસ કરીને જ્યાં હરિ રહેતા ત્યાં ઓટલો ચોરસ બનાવેલો તે નિશાનીમાં જોયો અને નક્કી કરી નાંખ્યો. જ્યારે રાત પડી ત્યારે બધા જ અસુરો એક જગ્યાએ ભેગા થયા અને બધાંને એ જગ્યા એકાંતની ખૂબ જ સારી હાથમાં આવી.

હરિ એકલા જ ઓટલા ઉપર બેઠા છે એમ ધારીને એ રીતે મનમાં નક્કી કરીને બધાએ નક્કી કરી નાંખ્યું. રાજા આદિ જ્યારે બધાં જ સુઈ જાય ત્યારે બધાએ વારાફરતી એક એક પથરો નાંખવો. રાતનો એક પ્રહર વીત્યો ત્યારથી આરંભીને એક પ્રહર રાત બાકી રહી ત્યાં લગી સળંગ પથરા નાંખ્યા કર્યા. બધા જ અસુરો વારાફરતી નાંખતા રહ્યા. હજારોએ હજારો પથરા નાંખ્યા તે બધા જ હરિના શરીર ઉપર નાંખતા હતા. પણ હરિની થોડે દૂર આગળ મોટો ઢગલો થઈ ગયો. જ્યારે રાત પુરી થવા આવી વિહાનનું વાતાવરણ થયું ત્યારે રાજા પોતાના મકાનમાંથી બહાર હરિને જોવા અતિ હેતથી આવ્યા. દર્શન કરીને સુખ પામું એમ દર્શન કરવા આવ્યા. જ્યાં હરિને જોયા ત્યાં તો આગળ પથ્થરો પડેલા તેનો મોટો ઢગલો જોયો તેથી રાતે મહાઉત્પાત થયો એમ જાણી લીધું આ કામ અસુરે કર્યું છે. એ રાજાએ જોયું અને એમના દિલમાં ખૂબજ દુઃખ થવા લાગ્યું. હરિ તો સાધુ સ્વભાવના નિર્વૈરવાળા કોઈ પ્રકારનો દોષ ન હોય તેવા એવા મહાન પ્રભુ ઉપર પથરા નાંખ્યા તે પણ અતિ રોષ કરીને નાંખ્યા તે વેદીની ચારેબાજુ અસંખ્ય પથરો નાંખેલા. આવા સર્વના સ્વામી ઉપર કયા ગમારે નાંખ્યા. આટલા બધા પથરા હરિની ઉપર નાંખ્યા તે છતાં એકે પથ્થર હરિને તો અડક્યો જ નથી. એટલા માટે આ પ્રભુ સર્વના પ્યારા થયા છે. આ રીતનું અતિ આશ્ચર્યને જોઈને ઘણાં બધાં લોકોએ તથા રાજાએ હરિની રક્ષા કરવા માટે ખાસ પ્રયત્ન કરવા લાગ્યા. જરૂર આ સમયે અસુરોની ઈર્ષાનાં અંગો પુષ્ટ થયાં છે અને જે મુમુક્ષુજનો હતા. તેઓ શ્રીહરિના આશ્રયમાં આવતાં હતાં. નિશ્ચય દઢ કરતાં હતાં. હરિપણ બધાંને જુદાંજુદાં ચરિત્રોથી આશ્ચર્ય દેખાડતા હતા. બધાંને પોતપોતાના ઈષ્ટદેવનાં ધામોનાં દર્શન કરાવતા હતા. શ્રીહરિ નિલકંઠ પ્રભુનો પ્રતાપ આખા નગરમાં ફેલાઈ ગયો અને બધાં જ લોકો હરિની મોટાઈને માનતાં હતાં. આ રીતે અનેક સ્ત્રીપુરુષો શ્રીહરિ ઘનશ્યામ પ્રભુના શરણમાં આવ્યાં. પુરી પ્રીતથી પ્રગટ પ્રભુનું ભજન કરતાં હતા.

રાજાએ જાણ્યું કે અસુરરાજે હું માલા ખોર હતા. તેમની પોતાના સેવકોને દોડાવી શોધ કરાવી એને બધા અસુરોને પકડ્યા અને પાછા લાવીને બાંધીને રાખ્યા. પકડ્યા પછી તેઅસુરો ખેદ કરતા હતા અને જે દૂર રહી ગયા હતા તેઓ પોતાના માથા ઉપર કાળને ચડાવીને શ્રીહરિને મારવા માટે પ્રયત્ન કરતા હતા. તે અસુરોએ રાજાને નિલકંઠ વર્ણિના શિષ્ય જાણીને તે રાજાની ઉપર પણ અજ્ઞાની મૂર્ખો દ્વેષ રાખતા હતા. તે રાજાએ મનમાં વિચાર કર્યો કે આજ અસુરો મહા ખળ છે અને બધા જ પૃથ્વીને ભાર કરનારા છે.

શ્રી નારાયણ પ્રભુ મનુષ્ય સ્વરૂપ ધારણ કરીને વિચરે છે. એમની ઉપર ઈર્ષા અને વૈર રાખે છે. એજ પાપનો ભરાવો છે. હરિ તો હરિજનોને સુખ કરવા માટે પ્રગટ થયા છે. એમને દુઃખ આપનારા તો અસુરોનો ગુરુ પોતાના શિષ્યની રક્ષા કરવા એના પક્ષમાં આવ્યા. એજ અસુર ગુરુઓનો નાશ કરીને ભગવાનને રાજી કરવા એટલા

માટે મારે જલદીથી આ કાર્ય કરવાનું છે. એ જ હરિની મોટી સેવા છે. આમ મનમાં નક્કી કરીને રાજા જ્યાં જ્યાં અસુરો હતા ત્યાં ત્યાં સેનાને કામ કરવા માટે મોકલી દીધી. તે રાજા ફરી પોતાના નગરમાં અસુરોનો છાવરનારો એનો નેતા હતો. તેઓ રાજાના સૈન્યની સાથે લડીને ઘણાં બધાંનો નાશ કર્યો. આ રીતે તે રાજાએ અધર્મ સર્ગનો નાશ કરીને વર્ણિરાજ પોતાના પ્રતાપથી સત્યધર્મ સનાતન ધર્મની સ્થાપના કરીને વિસ્તારી દીધો હતો. પાપી જીવોનો પોતાના પાપના ભારથી જ નાશ થાય છે. જેમ દારૂનો ઢગલો હોય તેમાં એક જ અગ્નિો તણખો પડે તો બધો જ માલ નાશ પામે છે તે કોઈ માણસને કાંઈ ખબર પડતી જ નથી અને પોતાના કર્મ પ્રમાણે યોગ્ય ફળ મળ્યા જ કરે છે. હરિ અને હરિના ભક્તજનો અને સંતપુરુષોનો જે કોઈ જીવાત્મા દ્રોહ કરે છે તેનાં કર્મ પ્રમાણે આલોકમાં અથવા પરલોકમાં એનું જરૂર ભૂંડું થાય જ છે. પરિણામ મળે છે.

શ્રીહરિ નારાયણમુનિ ભગવાન કહે છે, હે રાજન્ ! મારું સ્વરૂપ બધાંનાથી સર્વપોરિ છે. હું જેની ઉપર કૃપા કરું છું ત્યારે જ તે મને ઓળખે છે. મને સમજે છે. જે મનુષ્ય મને પોતાના મનનો પ્રેમ અર્પણ કરે છે. તેજ મારા સ્વરૂપને પામર જીવ ઓળખીને સમજે છે. આવું મારું કાર્ય છે. જે જીવ પોતાના મનના ભાવો મને નથી અર્પતા તેઓ મારા આશ્રિતો ભક્તજનો અને સંતજનોથી મોટા કોઈ જ નથી. પોતાનું શરીર ધન પદાર્થ પુત્ર પરિવાર સ્ત્રી કુટુંબનો સંબંધને જુઠ્ઠો જાણીને દૃઢપણે સત્સંગ કરે તો તે મને પામે છે. બધાયની ઉપરી બધાયનાં કર્તા કારણ જે છે તે જ પોતે મનુષ્યના સ્વરૂપને ધારીને વિચરણ કરતા મને ઓળખે છે. અનંત કોટિ બ્રહ્માંડોમાં તે એકાંતિક ભક્ત જે સંકલ્પ કરે તે પ્રમાણે થાય છે. હું અત્યારે જે કરવા ધારું. મનમાં વિચારું તે પ્રમાણે જ થાય છે.

મારા ઐશ્વર્યને જોઈ શકાતું નથી જેમ કોઈની સાથે હેત હોય તે કહી ન શકાય કેવળ અનુભવથી જ જણાય તેમ મારા ઐશ્વર્યયુક્ત કોઈ હોય તો પણ તે મારા ગુણકર્મને ક્યારેય પાર પામી શકતાં જ નથી એવું મારું સ્વરૂપ છે. હું પણ મારાં ગુણ અને ઐશ્વર્યના પારને પામી શકતો જ નથી. આ રીતે હું જ્યારે અવતાર ધારણ કરું છું ત્યારે મારો જેમને દૃઢ નિશ્ચય છે. અનન્ય ભક્તિવાળા છે તે મને જુવે છે, ઓળખે છે. આ રીતે શ્રીહરિના મુખની અમૃત વાણી સાંભળીને સત્રધનવા રાજાએ શ્રીહરિનો દૃઢ નિશ્ચય કર્યો અને પોતાને કૃતાર્થ માનીને પોતાનું સર્વસ્વ પ્રભુને સુપરત કરી હરિપરાયણ થયા.

સત્રધર્મા રાજા કહે છે, હે પ્રભુ ! હે સ્વામી ! આપનો જયજયકાર થાઓ. આપ તો જનોને સુખ આપનારા છો. સર્વના અંતર્યામી છો. હે વર્ણિવર ! આપ તો મહાન છો. પાછળ આપના શરણમાં આવનારને જયજયકાર કરાવનારા દૃઢ નિષ્કામ ધર્મ પાળનારા સર્વનું મંગળ કરનારા શરણમાં આવેલને સુખ આપનારા સર્વ ધામના ધામી આપનો જય થાય. સર્વ નામના નામી એવા કોઈ પ્રકારની ખામીને નહીં રાખનારા સર્વના કર્મ સુખને આપનારા, જેની કામવાસના નાશ પામેલ છે એવા આપને વારંવાર નમન કરું છું. લોકોના મનને હરનારા સર્વના મનોભાવને પૂરા કરનારા પ્રભુ આપનો જય જય થાઓ.

જગતને તારનાર નૌકારૂપ હરિ આપનો જય જય થાઓ. પ્રત્યેકને પોતાના શરણમાં લેનારા બધાનાં દુઃખોને હરી સુખ કરનારા સર્વપરાયણ એવા લોકોના અંતશત્રુઓને પરા ભવ કરનારા પોતાના આશ્રિતોનાં કાર્યો કરનારા માયિક પદાર્થમાં ન લોભાનારા સર્વના દુઃખોને હરનારા ધર્મનિધુરાને ધારનારા આપનો જય જય થાવ. પૃથ્વી ઉપર ધર્મને સ્થાપનારા ધરણિ ઉપર ભાગવત ધર્મને સ્થાપીને તેને પોષણ કરનારા પરમપુરુષ આપ જયજયકાર

પામો. સર્વ ગુણના સાગર વર્ણિ પ્રભુ આપનો જય જય થાવ. આપની પદરજને મારા શરીર ઉપર ધારણ કરું એવા પ્રભુ આપનો સર્વત્ર જય જય થાવ. એવી રીતે શત્રધનવારાજાએ પ્રભુની સ્તુતિ કરી શ્રીહરિ પોતાના આશ્રિતો સંતોના સુખ કરવા પ્રગટ થઈને વર્ણિવેષે વિચરણ કરે છે. તેજ સર્વના સ્વામિનારાયણ કલ્યાણમૂર્તિ છે. આ રીતે શ્રી બટુક પ્રભુ માનસપુરમાં નિવાસ કરીને પોતાનો દિવ્ય માનુષ પ્રતાપને ફેલાવીને અનેક જીવોને સુખ આપ્યાં. પોતાના એકાંતિક આશ્રિત કર્યા. પોતાના પ્રતાપને ફેલાવતા થકા ભૂમિ ઉપર વિચરણ કરવા લોકોના કલ્યાણ માટે જવા તૈયારી કરતા હતા.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં છઠ્ઠા કિશોર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં માનસપુરમાં રાજાના આશ્રયમાં કરેલ લીલાનું વર્ણન કર્યું એ નામે અઢારમો તરંગ થયો. ॥૧૮॥**

# તરંગ-૧૯

પ્રતાપસિંહ રાજા કહે છે, હે મુનિદેવ ! શ્રી નિલકંઠ વર્ણિ ભગવાન માનસપુરથી દક્ષિણમાં નીકળીને દક્ષિણ વેંકટાદ્રિમાં વેંકટેશ્વર ભગવાનના ધામે ગયા તથા શિવકાંચિ વિષ્ણુકાંચિ ગયા તથા શ્રીરંગક્ષેત્રમાં ગાયા એ બધી કથા વિસ્તારથી મને કહો.

સુવ્રત મુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! તમને ધન્ય છે. તમે શ્રી નિલકંઠ પ્રભુ માનસપુરથી પ્રયાણ કર્યું. એ કથા બધી પૂછી છે તેમાં પ્રયાણની કથા તમને કહું છું. શ્રીહરિ જ્યાં તીર્થોમાં પધાર્યા. તેને પાવન કર્યાં તે પણ ક્રમ પ્રમાણે કહું છું. શત્રધર્મરાજાએ હરિના પ્રયાણની વાત સાંભળીને તે રાજાનાં આખા કુટુંબના સભ્યોએ સાવધાનીથી હરિનું શરણ સ્વીકારીને રહ્યાં. રાજાનો સુમંત સારથિ પણ હરિના શરણમાં આવ્યો તથા નગરનાં મનુષ્યો તથા રાજાના સેવકો બધાય આવીને હરિનાં ચરણકમળમાં સ્પર્શ કરી વંદન કર્યાં. અને કેશર ચંદન સુગંધી પદાર્થોથી, સુગંધિત પુષ્પોથી ખૂબ ભાવપૂર્વક પ્રભુને અનેક પ્રકારે પૂજતા હતા. ત્યાર પછી ખૂબ જ મોટી આરતી બનાવીને આરતી કરી રાજાએ હરિને ખૂબ જ પ્રેમભાવથી પૂજન કરીને તૈયાર કર્યા. તે જ સમયે હરિ નગરની બહાર નીકળ્યા અને પોતાને ઇચ્છિત દિશાના માર્ગે ચાલવા લાગ્યા ત્યારે વાયુના વેગમાં સાગરમાં જેમ નૌકા ચાલે તેમ સર્વના ભવતારક હરિ પણ અતિ વેગથી ચાલવા લાગ્યા. ચાલતા થયા તે પણ અતિ ચંચળ ચિત્તથી બધાનાં ચિત્તને ચોરતા હતા ત્યારે નમ્રતાપૂર્વક ચારેબાજુથી ચરણકમળની રજને મસ્તક ઉપર ચડાવતાં હતાં. બધી રીતે હરિની મૂર્તિ બધાના મનમાં ખેંચાતી હતી. પ્રેમથી હૃદયમાં ધારણ કરતાં હતાં.

હરિને વિદાય થયા પછી રાજા આદિ બધાં જ લોકો હરિનાં ચરિત્ર ગુણોનું ગાન કરતાં થકાં પાછાં વળ્યાં ત્યારે હરિના વિયોગને લીધે લીધેલાં વ્રતો નિયમની સાથે કરતાં હતાં. અને રાજાસત્રધનવા ખૂબ જ ભાવથી ભજન કરતા હતા.

શ્રીહરિ પણ માર્ગમાં લોકોનાં કલ્યાર્ણ કરતા થકા અને આગળ અનંત જીવોના કલ્યાણ કરવા માટે પ્રભુ મુમુક્ષુઓના અંતઃકરણના ભાવ પ્રમાણે ખેંચાતા જતા હતા. હરિ ખૂબ જ દૂર ગયા. ત્યાં સુધી જોતાં જ રહ્યાં. પછી માર્ગની સ્મૃતિ આવી તે પ્રમાણે ચાલ્યા. આ રીતે શ્રીહરિ નિલકંઠ પ્રભુ ચાલતાં માર્ગમાં વચમાં રોકાતા થકા વેંકટાદ્રિમાં પધાર્યા. ત્યાં વાસ કરીને રોકાયા. ત્યાંના પર્વતો કેવા શોભતા હતા. જાણે ભાદરવા માસમાં વાદળાં વિખરાતાં હોય વરસાદ

પાછો વળતો હોય તે જેમ વિખરાયેલાં વાદળો શોભે તેમ પર્વતો શોભતા હતા. તે વેંકટાદ્રિમાં વિષ્ણુ ભગવાનનાં મંદિરમાં દર્શન કર્યાં. શ્રીહરિ પોતાનાં ચરણકમળને સ્થાપી ચરણાંકિત કરતા હતા. નવિન પવિત્ર તીર્થ બનાવતા હતા. ત્યાંના તીર્થવાસીઓને દર્શન દઈને ત્યાં લોકોનાં નેત્રની સફળતા દર્શન કરીને કરતાં હતાં.

શ્રીહરિનાં દર્શન કરતાં જ એમનાં ચિત્ત હરિમાં લોભાઈને રહેતાં હતાં. સુંદર વર્ણિવેશ આકર્ષક લાગતા હતા. હરિએ ત્યાં થોડા દિવસ રહીને અધર્મને ટાળીને પવિત્ર બનાવ્યું. ત્યાંનાં લોકોએ હરિનું પૂજન અર્ચન કર્યું. ત્યાર પછી ત્યાંથી નીચે ઉતરવા લાગ્યા. ત્યાંથી પ્રભુ વિષ્ણુંકાંચિ અને શિવકાંચિ તીર્થ ભૂમિમાં પધારતા હતા ત્યારે વર્ણિવેશમાં પ્રભુ ખૂબ જ શોભતા હતા. નવાં નવાં પત્રો આવેલાં વનસ્પતિથી ભરપૂર ત્યાંની ભૂમિ પણ હરિનો પ્રતાપ જોઈને આનંદ વિભોર રહેતી હતી. ત્યાંનાં પશુપક્ષી સર્વે ખૂબ જ આનંદ મંગળમય થતાં હતાં. હરિ ક્યાંક વૃક્ષ નીચે રહેતા હતા. ક્યાંક નગરમાં રહેતા હતા. આમ કરતાં બેયકાંચિ આવી ગયા. શિવકાંચિ અને વિષ્ણુકાંચિ બેય સ્થળે અનેક લોકો રહેતાં હતાં. જ્યાં બધાં જ મતવાદિ સ્વભાવનાં હતાં. નિલકંઠ વર્ણિને નાના બટુકરૂપે જોઈને બધાં જ લોકો સેવતાં હતાં. વર્ણિના રૂપમાં હરિને જોઈને આ જ પોતે ભગવાન છે. આ પોતે મનુષ્ય સ્વરૂપ ધારણ કરીને આવેલા છે. ભૃગુઋષિના પુત્રના (દુર્વાસા)ના શ્રાપથી મનુષ્ય દેહ ધારેલાં ત્યાં ઘણાં બધાં મનુષ્યો રહેતાં હતાં અને મતવાદના મદથી મદમસ્ત થયેલાં તેઓ રાતદિવસ જગડ્યા જ કરતાં હતાં.

આવાં વાતાવરણનાં સ્થાનમાં શ્રીહરિને જોઈને એમનામાં આકર્ષાઈને લોકો આપ મેળે જ ખાવાપીવા માટે પૂછતાં હતાં અને ઘણાં બધાં લોકો પોતાને ઘેર લઈ જતાં અને જમાડતાં હતાં. ત્યાં તીર્થસ્થળમાં પોતાના પવિત્ર ચરણોને સ્થાપિત કરીને પવિત્ર કરતા હતા. હરિ જ્યાં પાણીમાં કે ભૂમિ ઉપર જાય ત્યાં બધે જ ચરણરજ સ્થાપતા હતા. પોતાના પ્રતાપને બતાવતા થકા શતશાસ્ત્રનો ઉપદેશ આપીને બધાના મનમાં પ્રિય લાગતા હતા. હરિએ લોકોનાં અને તીર્થનાં બધાં જ પાપો હરિને થોડા દિવસમાં જ નિવાસ કરીને શ્રી રંગક્ષેત્રનો માર્ગ મેળવી લીધો. એ માર્ગે જતા હતા. મંગળ કરનારાં ચરણોને સ્થાપન કરતા થકા વિચરતા હતા. માર્ગમાં જ શ્વેતદ્વિપના મુક્તો મળ્યા તે માર્ગમાં જ હરિને ઓળખીને વર્ણિ બટુકના વેશમાં જોઈને પવિત્ર દેવને ચરણમાં પ્રેમથી વંદન કરતા થકા આનંદ પામતાં હતાં.

હે રાજન્ ! દર્શન કરીને મનોરથ પૂર્ણ થયાં. અંતરિક્ષમાં રહ્યા થકાં મનમાં ખૂબ જ આનંદ પામતાં હતાં અને એક એકની સાથે તર્ક કરીને અરસપરસ પ્રશ્ન ઉત્તર કરતાં હતાં. જે અનંત કોટિ બ્રહ્માંડોના સર્જાનારા તે જ પોતે ખાડા ટેકરાવાળી જંગલની ભૂમિ ઉપર વિચરતા થકા, કોઈ બટુક જાણે તીર્થોમાં વિચરણ કરીને પોતે કોઈને મૂળ રૂપને નહીં જણાવીને પ્રભુ પોતે જ ભૂમિ ઉપર વિચરે છે. કોઈ લોકો પ્રેમથી જો અન્નપાણી આપે તો લે છે. ક્યારેય કોઈની પાસે માંગે નહિ. આ રીતે નિસ્પૃહિ રહીને લોકોનાં મનને પારખનારા પોતે સ્વયં હરિ જ છે. અનંત કોટિ બ્રહ્માંડના સ્વામીને બ્રહ્માંડના દેવતાઓ જેમના ચરણકમળને સેવે છે. એવા પ્રભુ કાંટા કાંકરા ખાડા ટેકરા ઉબડખાબડ ભૂમિ ઉપર વિચરે છે એમને લોકો ઓળખતા જ નથી.

જેઓ દરેક જીવમાત્રના અંતર ભેદને જાણનારા પોતે જ અતિ અજાણ્યા થઈને માર્ગનું પૂછે છે. સ્થાન મેળવે છે તે જ પોતે લક્ષને આગળ કરીને કોઈને ગણકારતા જ નથી તો પણ માયિક સ્ત્રીયોથી પોતે ડરતા હોય તેમ વિપરિત રીતે વર્તનારા જણાય છે એવા પ્રભુ મહાન છે.

શ્રીહરિની બધી જ ક્રિયાઓ જીવોના કલ્યાણ માટેની જ હોય છે. સર્વને ધર્મર્યાદામાં રાખે છે. તે પણ વૈદિક

વેદશાસ્ત્રની અનુસાર જ હોય છે. તે પ્રભુ બ્રહ્મના નાદને જગાવતા થકા સતત વિચરતા જ રહે છે. પોતાના દિવ્યગુણ ઐશ્વર્યને ઢાંકીને ગુપ્ત રાખીને લોકોના હિતનાં કાર્ય કરતા થકાં લોકોને સુખી કરવા અજાણ્યા થઈને સર્વ ઉપર દયાવાન થઈને, લોકવત્સલ સ્વયં ભક્તિનંદન ભગવાન જીવો ઉપર દર્ષ્ટિ રાખે જ છે. શ્રીહરિ પ્રભુ ચાલતા થકા વચ્ચે મળતા લોકો ઉપર દયા કરીને દર્શન આપતા થકા શ્રીરંગતીર્થની અંદર આવ્યા. ત્યાં તીર્થની શોભા જોઈને ત્યાંના લોકોનાં ભક્તિયુક્ત ભાવ જોયા. તેથી લોકોનું કલ્યાણ કરવા એમની ભક્તિભાવ વધારવા રોકાણા. શ્રી પ્રભુએ કાવેરી ગંગામાં સ્નાન કરવાનો વિચાર કર્યો ત્યારે ચપલ મૂર્તિ નિર્મળ જળનો પ્રવાહ વહેતો જોઈને તેની બાજુ ચાલવા લાગ્યા. નિર્મળ પ્રવાહથી વહેતી નદીમાં પ્રવેશ કરી ચરણમુખને ધોઈને પવિત્ર કરવા જળમાં પ્રવેશ કર્યો. જ્યાં પાણીનો અતિ વેગવાળો ધરો હતો ત્યાં ઉતરીને તરંગોમાં ન્હાયા ત્યારે કાવેરી ગંગા પોતાના જન્મને સફળ થયો માનતી હતી. હરિએ સ્નાન કરીને કાંઠા ઉપર બહાર નીકળ્યા ત્યારે બાજુમાં જ ફૂલવાડીનો બગીચો ધરણિ ઉપર શોભતો હતો. તે બાગ-ભૂમિની શોભાને વધારતો હતો તેમ એ બાગમાં ફળથી ભરેલાં નવાં પાંદડાં આવેલાં. તેથી ખૂબ જ કુંપળોથી શોભતાં હતાં. તે બાગમાં સુગંધવાળાં ફૂલોનો સમૂહ પણ ઘણો હતો. આવા તે બાગની વચમાં મુનિઓના નાયક શ્રી નિલકંઠ પ્રભુએ તેમાં નિવાસ કર્યો. તે બાગમાં લોકો ભાવનાસહિત સેવનપૂજન કરતાં હતાં. શ્રદ્ધાયુક્ત થઈને અન્ન પાન દાન કરીને પ્રભુનું દ્રવ્યોથી પૂજન કરતાં હતાં.

હરિએ અનેક લોકોને ઉપદેશ જ્ઞાન આપ્યું. તેથી તે લોકો શરણમાં આવ્યાં. સાચું જ્ઞાન મળવાથી જગતને જુઠી જંજાળ માનવા લાગ્યાં. શ્રીહરિના મુખે સાંભળેલા ઉપદેશથી ધર્મ, જ્ઞાન, વૈરાગ્યની પુષ્ટિ થઈ, હરિના મુખથી શાસ્ત્રના રહસ્યને સારી રીતે જાણ્યું.

શ્રીહરિએ તે વૈષ્ણવોમાં દુષ્ટ સ્વભાવના દુરાચારીઓને જોયા. તેમના દોષોને ટાળીને શુદ્ધ કર્યા. પોતાના આશ્રિત ભક્ત બનાવ્યા. કમળનયન બટુક બ્રહ્મચારીએ અનંત મધુર વચનોથી એમને જ્ઞાનરસમાં બોળી દીધા. તે તીર્થમાં પાપના ભારરૂપ સો એ સો બ્રાહ્મણો સત્‌શાસ્ત્રના મિથ્યા જ્ઞાનવાળા કુત્સિત માર્ગ ઉપર ચાલનારા પોતે ગુરુ થઈને બધાની પાસે પાપ કરાવનારા, વિષયોમાં આસક્તિવાળા મદ્યમાંસને ખાનારા પાપીઓ હતા. તેઓ એક દિવસ નિલકંઠ પ્રભુ પાસે બધા સાથે મળીને આવ્યા. એમને જીતવા માટે સહસ્ત્રધારાવાળા થઈને આવ્યા. અસદ્‌શાસ્ત્રનો આશ્રય લઈને એક જુથમાં બોલતા હતા, વર્ણિરાજ સત્‌શાસ્ત્રના આધારે શાસ્ત્રવાદ કરતા હતા. હરિએ ચર્ચા કરીને બ્રાહ્મણોને જીતી લીધા. શાસ્ત્રના મર્યાદાયુક્ત શબ્દો વડે અનેક શબ્દ બોલીને આશ્ચર્યચકિત કરી દીધા. એમના એક એક શબ્દ ઉપર હરિ અનંત શબ્દ બોલતા હતા.

હરિ બ્રહ્મવાદ ઉપર પરબ્રહ્મવાદમાં બોલતા હતા, તે જાણે સહસ્ત્રધારાનો પ્રવાહ ન હોય ? તેમ એક એક શબ્દ ઉપર વર્ણિરાજ સો સો શબ્દ બોલતા હતા. સો સો સ્વરૂપો દેખાતાં હતાં. તે દુષ્ટને બતાવીને સંસારમાં પાર કરવા તરણિરૂપ બતાવતા હતા. ત્યારે હરિમાં આશ્ચર્ય જોઈને બધા જ વર્ણિને સર્વેના કારણ સર્વોપરિ સર્વેશ્વર મંગળકારક માનતા હતા. નાના બટુક રૂપે છે પણ સર્વ ભુપના ભુપ રૂપે છો. સર્વ દેવો મુનિઓના સ્વામી સર્વોપરિ માનીને હરિને હાથ જોડીને ઊભા રહ્યા. તમે જ દેવના દેવ છો. એમ અમે પાકો નિર્ણય જોયો. અમે આપના શરણમાં આવ્યા છીએ. આપ અમારું મંગળ કરો. આ જગતને પાર ઉતારો. આપ બટુક વેશે છો પણ ચતુર છો. કરુણાના સાગર અમે આપના શરણમાં આવ્યા છીએ. શરણાગતનું મંગળ કરો. અમે બધા જ આપના આશ્રિત

થયા છીએ. હવે ગુરુવાદી નથી રહ્યા. હે જગદીશ ! આપના શિષ્ય છીએ. હે સર્વના ઈશ ! પરમેશ્વર સર્વના અધિશ્વર આપને શરણે છીએ. સર્વના તારણ સર્વના કર્ણધાર સારરૂપ પ્રભુ આપ પ્રગટ થઈને અમારાં કાર્ય પૂર્ણ કરો. પાર કરો. બટુકવેશ છો પણ કાર્યમાં ચતુર છો. હે કરુણામૂર્તિ ! અમે આપના શરણમાં આવ્યાં છીએ. આપના આશ્રયથી ઉદ્ધાર કરજ્યો.

હે પ્રભુ ! અમારાં જન્મ તો બ્રાહ્મણ કુળમાં છે. પરંતુ અમારાં કર્મો તો નીચ જ છે. હે ભગવાન ! અમે તમને કલ્યાણ કરનારા દિવ્ય રૂપ સમજ્યા છે. ભવસાગરનાં દુષ્ટકર્મને તોડીને આપ બટુકરૂપે સંસાર તરવા નૌકા રૂપ છો અમે આપને આજે મેળવ્યા છે તો પાર ઉતારવા કૃપા કરજો. બધા જ બ્રાહ્મણોએ આ રીતે નિલકંઠ પ્રભુને અરજ કરીને, પોતાનાં મસ્તકો પ્રભુના ચરણમાં નમાવ્યાં. શ્રીહરિની રૂપ છટા જોઈને પોતાની દૃષ્ટિમાં મૂર્તિ ઉતારીને વર્ણિરૂપને સુખકારક સમજીને માનવા લાગ્યા. આ રીતે શ્રીહરિ નિલકંઠ પ્રભુ શ્રીરંગક્ષેત્રમાં પોતાનો અલૌકિક પ્રતાપને ફેલાવીને બે માસ રહીને સુખ આપ્યું.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં છટ્ઠા કિશોર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિએ શ્રી રંગક્ષેત્રમાં દિગ્વિજય કર્યો એ નામે ઓગણીસમો તરંગ થયો. ॥૧૯॥**

# તરંગ-૨૦

રાજા પ્રતાપસિંહ કહે છે, શ્રી નિલકંઠ પ્રભુ વનના માર્ગે જતા હતા ત્યારે વચમાં રાત્રીના ટાઈમે ઉપદેશ આપતા હતા. શ્રીહરિની વાતો સાંભળીને વર્ણિકની કન્યાએ મોક્ષ મેળવી લીધો. જગતના જીવોને મુક્તિ આપી.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન ! તમને ધન્ય છે. તમારી શ્રદ્ધા હરિનાં ચરિત્ર સાંભળવામાં છે. શ્રીહરિ તેજ માર્ગેથી લોકોનું સારું કરવા માટે જતા હતા ત્યારે તીર્થવાસીયોને કહેવા લાગ્યા, ત્યાંથી હરિ નિલકંઠ પ્રભુ આગળ ચાલતા થયા ત્યારે માર્ગમાં એક વણિક યાત્રાળુ ભેગાં થયાં ત્યારે તે વણિક વર્ણિ પ્રભુને બાળરૂપે જોઈને એના મનમાં ખૂબ જ પ્રેમ ઉત્પન્ન થયો. ત્યારે તે કહે અહો વર્ણિરાજ તમે અમારી સાથે જ ચાલો. તમારો સંગાથ થયો તે અમારાં મોટા ભાગ્ય જ છે. બેથી ત્રણ સાથે હોઈએ તો ઘણું સારું થાય. આમ સાથે જ ચાલ્યાં ત્યારે માર્ગમાં એક સુંદરપુર આવ્યું ત્યારે. તે પુરમાં સાથે આવેલ વણિકના સંબંધી રહેતા હતા ત્યારે તે વણિક હરિને કહે, આપ પણ અમારી સાથે પુરમાં પધારો. ત્યારે હરિ કહે, અમારે ત્યાં આવવાનો કોઈ મતલબ નથી. તમે તમારા સંબંધીને ઘેર જાઓ. તોય વણિકે ખૂબ જ આગ્રહ કર્યો. જોરાઈએ હરિને પોતાના સંબંધીના ઘેર લઈ ગયા. તે વાણિયાના સંબંધી પોતાના ઘરની ઓસરીમાં બેઠાં હતાં ત્યાં જ હરિ બેઠા અને વાતો કરવા લાગ્યા. ઉપદેશ કરવા સમજાવતા હતા.

શ્રીહરિ નિલકંઠ પ્રભુ કહે છે કે, આ દેહ છે તે જડ છે. દુઃખનો ભરેલો છે. આ દેહની અંત સમયે કીડા, વિષ્ટા અને ભસ્મ થઈ જાય છે. એનાથી જુદું પોતાનું સ્વરૂપ જોવાનું છે. તેને જોઈને શ્રીહરિનું ભજન કરવું એ જ મોટું સુખનું ધામ છે. આ શરીર છે તે તો સાત ધાતુનો બનેલો છે. મળમુત્ર અને પરુ રૂધિરનો જ છે. આ મનુષ્ય શરીર મેળવવાનું મોટું ફળ હોય તો તે એક જ છે. જે હરિની સન્મુખ રહીને એમનું ભજન કરવું છે. કેવળ હરિનું ભજનસ્મરણ કરવું એ જ શ્રેષ્ઠ છે. ત્યારે તે વણિક કહે, હે વર્ણિરાજ ! કલ્યાણ કેવી રીતે થાય છે. અને લોકોને તારનાર કયું સાધન છે. હરિ કહે છે કે, જેને શ્રીહરિ કે તે હરિના સંત મળે એના આશ્રયથી એના વચનમાં વિશ્વાસ રાખવાથી સતકર્મ કરે

તો તે જીવાત્મા ભવસાગરને તરી જાય છે. અને મોક્ષગતિને પામે છે.

વણિક કહે છે, હે વર્ણિ ! તે દુર્લભ હરિ અને હરિના સંતો ક્યાં મળે એમનાં લક્ષણ કેવાં હોય તે કેમ ઓળખવા કેવી રીતે શરણમાં રહેવું. શ્રીહરિ કહે છે, હે વણિક ! નિર્માનિ, નિર્મોહિ જે કહેવાય જેને કોઈ જાતના સંગદોષો ન લાગે. બધાને સારા લાગે એવા સંતો ત્રણ ગુણનો જે દેહ તેનાથી જુદા રહેનારા સ્વરૂપવાળા ભગવતસ્વરૂપના જ્ઞાનની વાતો કાયમ કર્યા કરતા હોય. નિયમમાં દૃઢ રહેનારા કામ ક્રોધ મદ લોભ દંભરહિત અને ભગવાનની ભક્તિ વિના બીજું કાંઈ નહિ કરનારા એવા એકાંતિક સંતો હોય છે. બધા પ્રકારના વાદવિવાદથી રહિત મુક્તાત્મા એવા, સુખ-દુઃખ મત્સર ઈર્ષા આદિથી રહિત સાત્તિવક ભાવવાળા ક્ષમા સંતોષ બધા જનના મિત્રરૂપ એવા, તેજ હરિના સંત કહેવાય છે. તે જ અધર્મના માર્ગથી પર રહેનાર સાચા સંતો છે. સારા સદ્‌ગુણોથી યુક્ત સંતો તેજ અક્ષરધામના સ્થાને પહોંચાડે છે. એટલા માટે તે સંતોનો આશ્રય કરીને આજ્ઞા પ્રમાણે વર્તે. ભક્તિ કરે તો તરત જ તેનું ફળ આપે છે. ત્રિવિધ તાપથી પીડાતા જનો આવા સંતને પામીને દિનપણાના દુઃખને તરત જ ટાળે છે. તેનું સંતોના પ્રતાપે તરત જ કલ્યાણ થાય છે. એમને દિવ્ય પદવીને આપે છે. મુક્તિને આપનારા છે.

હરિને અને હરિધામને તે એકાંતિક સંતો જ પ્રાપ્ત કરાવે છે અને ભગવાનની ભક્તિને વિષે શ્રદ્ધા પણ સંતોના આશ્રયથી જ પ્રાપ્ત થાય છે. તે સંતોની સાથે મહાત્મ્ય જ્ઞાનપૂર્વક હેત થાય છે ત્યારે જ તેને હરિના ચરણકમળને પ્રાપ્ત કરે છે. તે વણિકની પુત્રી પોતાના ઘરમાં દરરોજ પવિત્ર થઈને નિત્યવિધિ પ્રમાણે હરિનું પૂજન કરતી હતી અને જગતના વ્યવહારથી ઉદાસીન રહેતી હતી. પોતાના પતિ તરીકે પ્રભુને માનતી થકી ઉપાસના ભક્તિ કર્યા કરતી હતી. તે કન્યાના પિતા પાસેથી બટુક બ્રહ્મચારીની વાર્તા સાંભળતી આખા ફળિયામાં હરિનો ગુણ આવ્યો અને હરિના કિશોર રૂપને જોઈને તે વર્ણિના રૂપના સર્વેને નેત્રમાં સતત દર્શન થતાં હતાં. બધાના મનને ખેંચતા હતા. કાનથી સાંભળીને અને નેત્રથી જોઈને પ્રેમ ઉત્પન્ન થયો તે કરુણારસ મૂર્તિ જોઈ તો ખરી પણ તે નિર્ગુણ મૂર્તિએ તે કન્યાનું ચિત્ત ખેંચ્યું અને પોતાની મનોવૃત્તિ હરિવરમાં જોડી દીધી.

તે વણિક મનમાં એમ જાણતા હતા કે આ વર્ણિ કોઈક મહાન સિદ્ધમુનિ હશે અથવા હરિ અને હર હશે પણ આ વર્ણિ તો કોઈ મનુષ્ય તો છે જ નહિ. કોઈક મોટા છે એમ માનતા હતા. ફરી પાછા પોતાની પુત્રી કન્યા ઉપર નજર કરી તો તે એકાગ્ર ચિત્ત થઈને હરિના સ્વરૂપમાં વૃત્તિ જોડીને સુખ આનંદ મેળવે છે તેની દૃષ્ટિની આગળ બટુક બ્રહ્મચારી લોકોના ચિત્તને ચોરનારા નિષ્કામ રૂપ દેખાતા જ હતા. ત્યારે તે વાણિયો હરિને કહે કે હે વર્ણિ ! તમે મારે ઘરે જ કામય માટે રહો. હવે તમારે ક્યાંય નહીં જવાનું. મારું ધનસંપત્તિ ખાવાનું પિવાનું બધું જ તમને અમે આપીશું. તમે જ અમારા માનીતા છો.

મારી પુત્રી જગતથી વિરક્ત ઉદાસ થયેલી છે. તેને તમે તમારી પાસે તમારી દાસી તરીકે રાખો અને તમને મારા પુત્ર સમાન કરીને અતિપ્રિય ભાવથી રાખીશ. તમારા મુખકમળને જોઈને મારા જીવનને સફળ કરીને રાખું. અથવા તો જો મારી કન્યાનું પાણીગ્રહણ કર તો એમાં કોઈ બાધન જ આવે. આ રીતના તે કન્યાના પિતાનાં વચન સાંભળીને હરિ કહે, તમારી પુત્રીને રાખું તો મને તો તે ઝેર સમાન લાગે છે. મારા બ્રહ્મચારી જીવનમાં કાળા દાગ લાગે. કલંક લાગે. બ્રહ્મ આકૃતિયુક્ત થઈને હરિ તે વણિકને કહેવા લાગ્યા. અમે ઘરબારનો ત્યાગ કરીને તિરથયાત્રા કરવા નીકળ્યા અને તમારા ઘેર જાળમાં ફસાઈને કેમ રહું ? એ મને યોગ્ય લાગતું જ નથી.

મેં કાંઈ બટુકનો વેશ લીધો છે એટલે સર્વનો ત્યાગ કરીને સર્વોપરિ ઇચ્છા તો મને વનમાં વિચરણ કરવાની જ છે. તપ કરીને જીવનને પૂર્ણ કરવું છે. પ્રગટ થવાનું એ જ કારણ છે. હે વણિક સુખરામ ! તમે સાંભળો. મારે કાંઈ વૈભવો ભોગવવા જ નથી. આ શરીર ધન વૈભવ સગા સંબંધીઓ પુત્ર પરિવાર માટે નથી, અમે તો કેવળ અનેક જીવોને અમારૂ સત્ય સ્વરૂપ ઓળખાવવા માટે દેહ ધાર્યા છે. માટે હું તમારી પુત્રીને પરણવાનો જ નથી. આ સર્વનું મંગળ કલ્યાણ કરવા માટે જ ઘરનો ત્યાગ કર્યો છે. મેં વૈભવને તો ઝેર સમાન જાણેલો છે. ભોગવિલાસ તો મહાભયંકર રોગ સમાન માનું છું. એટલા માટે હું તો વનમાં જવાનો જ છું.

વણિક કહે છે, હે વર્ણિ ! અત્યારે તમારી કિશોર અવસ્થા છે. એટલે તમને ખબર જ નથી પણ જ્યારે યુવાની અવસ્થા આવશે ત્યારે મોજશોખનાં જોર વધશે. અનંત ભોગોની ચાહના થાય. જીવમાં વિષય વાસનાનું જોર વધે છે. ત્યારે ભાન રહેતું જ નથી. યુવાનીના મહામોહનું પૂર આવે છે. તેમાં મોટા ઈશ્વરો અને ઋષિઓ તથા મહારાજાઓ પણ ફસાયા છે. મોટા મોટા પણ તે યૌવનરૂપી પુરમાં ખેંચાઈ જાય છે. તેમાં કેટલાય મુનિ મહારાજાઓ ઈશ્વરો પણ ખેંચાઈને ડુબી ગયા છે.

શ્રી નિલકંઠ વર્ણિ કહે છે, હું મારે જોબનનું જોર આવવા દેવાનો જ નથી. એ મોહના પ્રવાહમાં વહેવાનો જ નથી. તનાવમાં આવવાનો જ નથી. યુવા અવસ્થામાં રસકસ અન્નથી જ વીર્ય વધે છે. તો અત્યારથી જ અન્નનો ત્યાગ કરીને વાયુ ભક્ષણ કરતો રહીશ. ભુખ્યો રહીશ અને માતાપિતાનો શરીરમાં કોઈ ભાગ નહિ રહેવા દઉં. એના માટે સાવધાન છું. બાલ અવસ્થા પૌગંડ અવસ્થા કિશોર અવસ્થા આવી હવે જોબન અવસ્થાનું જોર શરીરમાં આવવા જ નહિ દઉં. શરીરના હાડપિંજરમાં માંસ લપેટીને ઉપર નાડિયોનું બંધન બાંધેલ છે. ચારેબાજુ વિંટેલી છે. આખા શરીરમાં લોહી ભરેલું છે. શરીરના પિંજરા ઉપર ચાંબડિ મઢેલ છે. તેની ઉપર રુંવાડાં તેના ખાડામાં પરસેવો ભરેલો છે. નેત્રમાં પીયા વળે છે. નાકમાં લેંટ વહે છે તે પણ વાસ કર્યા કરે છે. મુખમાં લાળ ભરેલ છે. મુત્ર (પેશાબ) અને મળ તે દુર્ગંધ મારે છે અને બંને દ્વારમાંથી વહે છે. શરીરનું રૂપકિશોરવયનું છે. ઉપર નેત્રથી રૂપને જોઈને નિર્ણય થાય છે પણ બધી વસ્તુ છે તે બધી જ નકામી વસ્તુ છે તથા ભોગો આદિ જે છે તેમાં તો રોગો જ ભર્યા છે તે તો બધી જ રગોમાં ભરેલ છે. તથા કૃમિ આદિક વિકારો રહેલા છે. હાડકાંનાં દાંત અને માંસની જીભની અંદરના ભાગમાં જ્યારે દેખે છે અને તે વસ્તુનો વિચાર કરે છે ત્યારે તે બધી વસ્તુ વિષરૂપ થાય છે. વિષરસને સેવે છે ત્યારે અંતે અપાર કષ્ટપીડાને પામે છે. વિષય વાસનાના ભોગનું તો એ જ ફળ મળે છે તે ચોર્યાસિ લાગનાર નર્કના ખાડામાં પડવું પડે છે. અને અતિશય પીડા ભોગવવી પડે છે અને વિષયનો ત્યાગ કરીને શ્રીહરિનું ભજન કરે છે. તેને મનુષ્ય શરીરનું અતિ સારુ ફળ થાય છે. લાખો વખત સુખ પામે છે.

વિષયભોગથી તો એક ક્ષણ સમય પૂરતું જ સુખ પામે છે. તેમાં જે પડ્યા તેને કરોડો જન્મ મરણમાંથી અંત આવતો જ નથી. વારંવાર ફેરા કરવા જ પડે છે દુઃખો ભોગવે છે. વિષયોનો ત્યાગ કરીને જગતના રાગરંગનો ત્યાગ કરે છે. તે તો સંતના આશ્રયથી હરિપદને ભગવત ધામને પામે છે.

જ્ઞાન વિનાના મનુષ્ય મૂઢ જ હોય છે. તે બધા જ પોતાના ગુણમાં રહીને જે લોકો વર્તતા રહે છે તે બધા કામ ક્રોધ અને લોભે કરીને પોતાની મૂળ સ્થિતિમાં નથી રહેતા પીડાય છે. મારા સ્વરૂપના જ્ઞાનને પામેલો જીવાત્મા સિદ્ધપણાને પામે છે. સદાને માટે હું ઈન્દ્રિયો અંતઃકરણના ગુણથી પર રહું છું જે પૂર્ણ પુરુષોત્તમ

પરબ્રહ્મની પાસે જ એમના યોગમાં રહે છે. બ્રહ્મરૂપપણાને પામેલા જીવોને હું મોક્ષનું દાન આપું છું. એટલા માટે હું આ ભૂમિ મંડળમાં વિચરણ કરું છું. લોકોના કલ્યાણ કરવા માટે ફરું છું. તેથી જે લોકો મારાં વચનને માને છે તેનો ઉદ્ધાર થાય છે. આ મનુષ્યશરીર મળ્યા પછી જીવાત્મા સ્ત્રીમાત્રનો ત્યાગ કરીને તેનો લગાર પણ ગંધ સરખો ન લે અને મારી મૂર્તિમાં દઢતાથી જોડાઈને અખંડ ભક્તિ કરે તો તેનો હું જરૂર મોક્ષ કરું છું. તેને મારા ધામને પમાડું છું. પોતાની પુત્રીની સાથે પરમ ધનવાન તે સુખરામ ધનિક વાણિયો શ્રીહરિનો આશ્રિત થયો હતો. તે વાણિયો શ્રીહરિને આગ્રહ કરી કરીને જમાડતો હતો. ત્યારે હરિ એક રાત તે વાણિયાનું શુભ કરવાના હેતુસર ત્યાં રોકાયા હતા.

તે જ રાતે સવારમાં વહેલા શ્રી નિલકંઠ પ્રભુ ચાલવા તૈયાર થયા ત્યારે સવારના પહોરમાં જ વાણિયો કહે, મારા ગુરુ આપ હજી અહીં જ રોકાઓ. આપણે સાથે આવ્યા છીએ. તો આપ એક-બે રાત રોકાઓ મારે રાખવાનો ભાવ છે તો રહો. ત્યારે તે વણિક પ્રત્યે હરિ કહે, તમે રોકાઓ. આ તમારું નિવાસસ્થળ છે. તમારાં સંબંધીઓ બધાં જ તમારી પાસે છે. તેથી તમને ફાવે અમે તો જોગી છીએ. એટલે અમને ભોગ ન ભાવે. તમને તો તમારા ચિત્તમાં સહજતાથી જ ભાવે છે.

અમારી સાથે તમે ચાલો તો યોગ્ય ન ગણાય. તમારે ન ચલાય. કેમ કે અમે તો વનમાં રહેવાવાળા છીએ. તે તમારી સાથે હવે ન ફાવે. આ બાજુ તે વણિકની કન્યા સુખરામની પુત્રી શ્રીહરિની મૂર્તિને પોતાના હૃદયમાં ધારણા કરીને નિષ્કામ ભાવથી સતત ભજન કર્યા કરતી હતી. શ્રી નિલકંઠ વર્ણિ પ્રભુ તરત જ ત્યાંથી પરમારથના કાર્ય કરવા માર્ગ ઉપર ચાલવા લાગ્યા ત્યારે માર્ગમાં તીર્થયાત્રા કરવા નીકળેલા એક ત્યાગી માર્ગમાં ચાલ્યા જતા હતા તેની ભેગા થયા. હરિને ચાલતાં જોઈને તે તરત જ ઉત્કંઠાથી વિનય સાથે હાથ જોડીને હરિને કહેવા લાગ્યા. મારાં ધન્ય ભાગ્ય છે. કે મને તમારી સાથે મેળાપ થયો મને ફરીથી તમારા દર્શન થયા. આપ મારી સાથે જ ચાલેલા. નિલકંઠ વર્ણિ કહે કે, તમારી ભેળા અમે ક્યારે ચાલ્યા હતા તે કહો. અમે તો વસ્તીમાં તો જતા જ નથી. તમે જાવ તેમાં કાંઈક બંધન જ હોય છે. અમે કાંઈક ભિક્ષા લેવાને અર્થે ગયા હોઈએ એ બાધરૂપ નથી.

તીર્થવાસી કહે, હે હરિ હું તો વસ્તીમાં ત્રણ ઘેર જઈને ભિક્ષા માંગું છું. તેમાં જે મળે તે લઈને એનાથી પોષણ કરું છું અને કોઈક દિવસ ભિક્ષા આદિ કાંઈ ન મળે ત્યારે તે દિવસે પ્રેમથી ઉપવાસ કરીને વ્રત કરું છું. આટલી વૃત્તિથી હું મારી જીવિકા ચલાવું છું તો આપ આપની જીવિકા વૃત્તિ કેમ ચલાવો છો ? તે કહો. હરિ કહેવા લાગ્યા કે અમે તો વસ્તીમાં જઈને કાંઈ યાચના કરતા જ નથી. કોઈ આપે તો જ લેવાનું અમે માગતા જ નથી. આ રીતે શ્રીહરિની વાત સાંભળીને તે યોગીનો ત્યાગ તપનો ગર્વ હતો તે નાશ પામી ગયો અને ભેગા રહેવાની લાલસા પણ તરત જ મંદ થઈ ગઈ અને શાંત થઈ ગયા.

તે દિવસે નિલકંઠ પ્રભુ ત્યાગીની સાથે ચાલ્યા. બીજે દિવસે પ્રભુ વહેલા ચાલતા થયા. વિહાનમા (વહેલી સવારે) ચાલ્યા તે વન બગીચામાં રૂચિવાળા સહજતાથી જ ચાલવા લાગ્યા. નેસડાઓ ગામો વિગેરે કાંઈ નજીકમાં ન હતાં આવતાં. તેનાથી દૂર જ હરિ ચાલતા હતા. એકલા જ ચાલતા હતા. માર્ગમાં સુંદર મોટું જળાશય આવ્યું ત્યારે હરિએ નિત્યવિધિ કરવા માટે નાહ્યા અને નિત્યવિધિ કરી લીધી. તે ત્યાગી પણ નજીકના ગામમાં જઈને હરિની આજ્ઞા લઈને ગયા. યાચના કામે ગયો ત્યારે ત્રણ ઘેર ભિક્ષા માગીને તે ભિક્ષા લઈને તે જલાશ્રયે જ્યાં

નિલકંઠ સ્નાનવિધિ કરીને નિત્ય નિયમ કરતા હતા ત્યાં આવ્યા. ત્યાંથી બંને આગળ જવા માટે ચાલતા થયા ત્યારે કોઈ ગામ નગર કે શહેર કોઈ નજરમાં નજીકમાં આવતાં ન હતાં. માર્ગમાં ચાલતા રાત પડી ત્યારે તે બંને જંગલમાં જ રાત વિતાવવા રોકાયા. સવારમાં જ્યારે વિહાન સમય થયો ત્યારે બંને ચાલતા થયા. શ્રીહરિની પાછળ પાછળ ભિક્ષુક ચાલતા હતા. ચાલવા માટે કોઈ જગ્યા વધારાની મળતી જ ન હતી. આમ ચાલતાં ચાલતાં ઘણો સમય ગયો. સવાર વીતી ગયું. કવેળા થઈ. બપોર થયા ત્યારે તરસ અને ભૂખ બંને ખૂબ જ સતાવતાં હતાં. ખૂબ જ તરસ લાગી હતી ત્યારે દૂરથી કોઈ ગામ દેખાયું. ત્યારે તે ભિક્ષુક ગામ જોઈને તે બાજુ જવા નીકળી ગયા.

નિલકંઠ વર્ણિ જંગલમાં એકલા જ ચાલ્યા આવ્યા ત્યારે માર્ગમાં પાણી વૃક્ષની છાયા પરિશ્રમ મટાવે તેવાં આવ્યાં. ત્યાં સુખના ધામ નિલકંઠ પ્રભુએ શૌચ સ્નાનવિધિ કરીને પોતાની નિત્યવિધિ કરીને પરવાર્યા. પછી પંચરત્નનો પાઠ કરવા બેઠા હતા ત્યારે કોઈ ભુલી પડેલી જાન ત્યાં આવી. તેઓ બધાં જ તાપ તરસથી થાકી અકળાયેલાં હતાં. તે બધાં જ લોકો વિવેક કરીને ત્યાં આવ્યાં અને જળનું પાન કરીને છાંયામાં બેઠાં. ત્યારે ત્યાં બેઠેલા બાલવર્ણિને જોયા અને બધાંનાં મન એમનામાં ખેંચાવા લાગ્યાં. મનમાં વિચારવા લાગ્યા કે ભલે આપણે ભુલા પડ્યાં પણ આ બાલ પ્રભુનાં દર્શન થયાં. એ આપણા ભાગ્ય જ છે. તેઓ બધાં જ દૂરથી હરિને પગે લાગીને હરિના રૂપને જોઈને એમની મનોવૃત્તિ એમનામાં ખેંચાણી. પૂછવા લાગ્યા કે તમે યોગી કોણ છો, ક્યાંના છો. મુનિમાં તમે મોટા દેવ જેવા લાગો છો. અમારાં તો ધન્યભાગ્ય જ છે. અમે અહીં આવ્યા તો આપનાં દર્શન થયાં. તેઓની પાસે જમવાની વસ્તુઓ પકવાન હતાં. તે માણસો પાસે મંગાવીને હરિને આપ્યાં.

હે યોગિરાજ ! આપને આ જમાડું છું એ આપ કૃતાર્થ કરજો. હે યોગિ ! અમે તો પરદેશી મુસાફરો છીએ. માટે આપને આપ્યું તેનું ફળ આ સંસાર તરી જઈએ એ અમને આપજો. શ્રીહરિએ મૌન વ્રત ધારેલું. એટલે કાંઈ બોલ્યા જ નહીં. અતિ શ્રદ્ધાપૂર્વક સામું જોઈને કપડાંનો એક કકડો લાવીને હરિને આપ્યો અને લાવેલ મિઠાઈ તે એમાં મુકી. ત્યારે હરિએ હાથનો ઈશારો કરીને ઝાડની ડાળીની સાથે બંધાવી દીધું. ત્યાર પછી તે જાનવાળા બે ઘડી સુધી રોકાઈને ગયા. તે બધાં જ જાનવાળા ચાલ્યા ગયા. તે ભિક્ષુક ગામમાં ભિક્ષા લેવા ગયા હતા. તે એમને કાંઈ ભિક્ષા ન મળી, અન્ન ન મળ્યું ત્યારે ગામથી દૂર જ્યાં હરિ તળાવને કાંઠે ઉતર્યા હતા ત્યાં આવ્યા. હરિને મળવા માટે આવ્યા. ત્યારે હરિ મંદ મંદ હાસ્ય કરતા થકા કહેવા લાગ્યા, કેમ ભિક્ષાનું શું કર્યું. ત્યારે ભિક્ષુક કહે ત્રણ ઘરમાંથી કાંઈ ન મળ્યું. ઉલટાંનો ભૂખ તરસથી પીડાયો છું. ભૂખ્યો મર્યો છું.

ભવિષ્યની વાતને પ્રભુ જાણતા હતા. તેથી દયાપૂર્વક દિલથી સુખ આપનારા હરિએ ડાળી ઉપર બાંધેલ કપડાંની પોટલી બતાવી. તે યોગિએ સ્નાન કરીને જળપાન કર્યું અને ભિક્ષુકને ભોજન કરાવીને શાંત કર્યો. ત્યારે તે પૂછવા લાગ્યો કે, હે પ્રિય ! આ આપને કોણે આપ્યું. આવા જંગલમાં કોણ દયાળુ આવ્યું હતું. તમારો સંગાથ છોડીને ગયો તે તો મારું કર્મ તો દુઃખના ફળ આપનારું થયું. બધું જ ફળ તો તમારા સહવાસમાં જ હોય છે. આ રીતે કાયમ માટે મારી ઉપર કૃપા કરતા રહેજો.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં છઠ્ઠા કિશોર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં સુખરામ વણિક કન્યાએ શ્રીહરિનો આશ્રય કર્યો એનું વર્ણન કર્યું એ નામે વીસમો તરંગ થયો. ॥૨૦॥**

# તરંગ-૨૧

રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! આપ શ્રી નિલકંઠ વર્ણિ પ્રભુ સેતુબંધ રામેશ્વરમાં ગયા તેની કથા તથા ભુતપુરીના માર્ગે ગયા તે સમયે હરિને હર (મહાદેવજી) કેવી રીતે મળ્યા એની લીલાનું વર્ણન કરીને મને સમજાવો.

અયોધ્યાપ્રસાદજી કહે છે, હે રાજન્ ! તમે સાંભળો. શ્રી રંગક્ષેત્રમાં લોકોને જ્ઞાન આપીને હરિ ત્યાંથી ચાલતા થયા તે ચરિત્ર કથા કહું છું તે સાંભળો. શ્રીહરિ પ્રભુ અહીંથી પ્રયાણ કરીને ગયા એવા સમાચાર જાણીને દર્શનના આતુર લોકો વિયોગમાં પીડાતાં ત્યાં આવ્યાં. તેમાં બ્રાહ્મણો અને વૈષ્ણવ ભક્તો આવીને વર્ણિપ્રભુને વિનય પૂર્વક પાછા આવવાનું કહેતા હતા. હે પ્રભુ ! આપ તો ધન્ય છો. અમને ખૂબ જ સુખ આપ્યું. જ્ઞાનઉપદેશ આપીને સુખી કર્યા. સવારમાં વહેલા ચાલી નીકળ્યા. હે પ્રભુ ! આપે અમને મહાભાગ્યશાળી કરી દીધા અને હવે કેને આવા ભાગ્યશાળી બનાવવા પધાર્યા.

આજે દર્શન કરીને દૃષ્ટિમાં ઉતારીને ધારી રાખીશું. કેમકે આ મૂર્તિ ફરી દર્શન કરવા મળે તેમ નથી. એટલે રૂપના સાગર એવા શ્રીહરિ પ્રભુને બધાં જ લોકોએ દર્શન કર્યા. જેમ ગરીબ હોય તેને ધન મળે ને રાજી થાય તેમ બધાં જ લોકો હરિને જોઈને ખૂબ જ રાજી રાજી થઈને સ્થિર થઈ ગયાં. બધાને દર્શન આપીને પ્રભુ ત્યાં જ ઊભા રહ્યા. અને પછી બધાંને પાછા વાળીને ઘર તરફ મોકલ્યા. તે વખતે પ્રભુ અદૃશ્ય થઈને દૃઢપણે ચાલતા થઈ ગયા. પ્રભુ સેતુબંધ રામેશ્વરના માર્ગે ચાલતા થયા. માર્ગમાં આવતાં લોકોને સુખ આપતા થકા ચાલતા હતા રસ્તામાં જે મળતા હતાં તે નિલકંઠ વર્ણિની સામું જોઈ જ રહેતાં હતાં. મહારાજના રૂપને જોઈ સ્થિર જોતાં રહેતાં હતાં. કેટલાંક લોકો દોડીને ભેગાં થાય. તેમાંથી કોઈ પૂછે કે તમે ક્યાંથી આવો છો અને ક્યાં જાવ છો. તે લોકો ખૂબ જ હેતથી પૂછે પણ હરિ તો કોઈને કાંઈ કહેતા જ ન હતા. આગળ ચાલતા હતા.

ચાલતાં માર્ગમાં આવતાં ગામો નગરો ખળાવાડો ખેતરો તથા નેસડાઓ આ બધાંને તીર્થસમાન પવિત્ર કરીને મુમુક્ષુ લોકોને પ્રેમથી મળીને નિર્દોષ સુખ આપીને ચાલતા હતા. વૃક્ષો તળાવો નદીઓ તીર્થસ્થળોને તીર્થરૂપ કરીને શ્રીહરિ પ્રભુ ફરતા હતા. આ રીતે લોકોનાં જીવનાં હિત કરનારા હરિ પ્રસન્ન થઈને ફરતા હતા. પોતે દર્શન આપી સુખ આપતા હતા. શ્રીપ્રભુ દિલમાં દયાયુક્ત થઈને સતત ચાલતા થકા પવિત્ર તીર્થ સેતુબંધમાં પધાર્યા ત્યારે હરિને જોઈને તે સાગર ઘેરા રાગથી ગર્જના કરીને સુખધામ હરિને બોલાવતો હતો. કહેતો હતો કે મુનિરાજ જો ન્હાય તો હું ધન્યભાગ્ય થાઉં એમ કરીને વેળ ચઢાવતો હતો. દોડીને વર્ણિ પાસે જતો હતો. પ્રભુ દરિયા દેવને પોતાનાં ચરણનાં સ્પર્શનું સુખ આપી, પોતાના સ્વરૂપનાં દર્શનનું સુખ આપતા હતાં. આનંદના ઓઘમાં વર્ણિપ્રભુને નવરાવ્યા. ષોડષોપચારથી પ્રભુને અભિષેક કર્યો. દહિં, દૂધ, આદિક પંચામૃતથી સ્નાન કરાવીને કૃતાર્થ થયો. પોતાના મનની લહેરોથી હરિને ખૂબ જ પ્રેમથી સેવતો હતો. સ્નાન કરીને મુનીનાથ જળમાંથી બહાર નિકળ્યા ત્યારે ઘનશ્યામ પ્રભુનું પૂજન કરવા મનુષ્ય સ્વરૂપને ધારીને આવ્યો.

હરિને ચંદનથી અર્ચન કરીને ચતુર મૂર્તિ હરિને કુદનાં અને કેતકીનાં હાર બનાવીને પહેરાવ્યા. ત્યાર પછી રામેશ્વર ભગવાનનાં દર્શન કરવા હરિ આનંદથી ગયા.

ત્યારે હરિને મળવા માટે હર (મહાદેવ) હરખથી ભરપૂર થઈને પુરુષોત્તમ નારાયણના પગે લાગ્યા. તે

હરિ મહાદેવના ઈષ્ટદેવ પરમેશ્વર સર્વોપરિ સર્વાધાર પોતે જ છે. એ પ્રમાણે માન્યા થકા હર્ષથી સામા જઈને હરિને મળ્યા. દર્શન કર્યાં. તે રામેશ્વર તીર્થક્ષેત્ર, તાપસો માટે તપ કરવાનું સારું હતું. એનાં દર્શન પણ મનને શાંતિ અને સુખ આપનારા હતા. જગતના સ્વામીએ દર્શન દઈને ભવને સુખ આપ્યું.

સર્વના દિલ શુદ્ધ જોયાં અને આશ્રમ પણ ખૂબ જ શાંતિવાળો હતો તે જોઈને બટુક પ્રભુ બે માસ ત્યાં રહ્યા. બધાને દર્શનનું સુખ આપ્યું. બધાં જ લોકો હરિની સાથે બ્રહ્મનો વાદ ચર્ચા કરતાં હતાં. બધાનાં સંશયને હરિ નાશ કરતા હતા. બધાં જ લોકો હરિની પ્રેમથી સેવાભક્તિ કરતાં હતાં. રાતદિવસ બ્રહ્મવાદ કર્યા કરતા હતા અને લોકોના હિત ખાતર વાદસંવાદ કર્યા કરતા હતા. અનેક લોકોને ઉપદેશ આપીને જ્ઞાની કર્યા. હરિએ પોતાના સ્વરૂપનું જ્ઞાન આપીને આશ્રિત બનાવી પરમપદના અધિકારી કર્યા. બધા જીવો મનુષ્યોમાં આ બાલબટુક તેજ ગુરુ હતા. બધાંને પોતાનું સામર્થ્ય બતાવીને સ્વરૂપ ઓળખાવતા હતા. હરનું રૂપ હરિમાં સમાઈ ગયું. એ રીતે મહાનતા જણાવી. આવું ચરિત્ર બધાં લોકોને બતાવ્યું. બધા એ જોઈને આશ્ચર્ય પામ્યાં.

આવી રીતે શ્રીહરિ પોતાનું સામર્થ્યપણું બધાં લોકો પ્રત્યે બતાવતા હતા. જેમને મેળવવા દુર્લભ છે તે જ પોતે આજે અતિ સુગમ થયા છે. બધાને દર્શનનું સુખ આપે છે. હરિએ સેતુબંધથી ચાલવાનું મનમાં નક્કી કરી લીધું. તે જ સમયે હરિ નવમીના દિવસે સેતુબંધથી ઘનશ્યામ પ્રભુ ચાલતા થયા. સુંદરરાજમાં જ્યાં વિષ્ણુ ભગવાનનું ધામ છે ત્યાં આવ્યા. દેવાલયમાં જઈને દેવનાં દર્શન કર્યાં. ત્યાંના લોકો વર્ણિના દર્શન કરીને ભાગ્યશાળી થયાં.

શ્રીહરિનાં રૂપને જોઈને બધાનાં મન ખેંચાવા લાગ્યા. અને નિલકંઠ વર્ણિ જેમ કહે તેમ બધાં કરતાં હતાં. બધાં તીર્થવાસી તથા સંતો આજ્ઞા પ્રમાણે વર્તતાં હતાં. આ રીતે તીર્થમાં ફરીને સ્વધર્મ સ્થાપતા આગળ જવાનો નિર્ણય કર્યો.

શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ યાત્રામાં બધાં જ લોકોના મનની વૃત્તિને જ્યાં જ્યાં વિચર્યા ત્યાં ત્યાં આકર્ષતા ચાલ્યા જતા. હરિ ભુતપુરી જવાનો નિર્ણય કરીને પ્રયાણ કર્યું. તે માર્ગ અતિશય નિર્જન કઠિન અજાણ્યો આવતો હતો. હરિ પ્રભુ સતત પાંચ દિવસ રાત ચાલ્યા ત્યારે મહાઘોર ઉજ્જડ વન આવ્યું. તેથી સર્વના સુખધામ અતિશય થાકી ગયા અને માર્ગમાં ક્યાંય પાણી પણ મળ્યું જ નહીં. કાંટાકાંકરા અતિ કઠણ ભૂમિ આવી. હરિનાં ચરણકમળ તો અતિ કોમળ હતાં. કોઈ પશુપક્ષી પણ જોવા ન એવું ઘેઘોર વન હતું તેને મંગળમય કરવા ભૂમિની કઠોરતા મટાડવા મંગલમય ચરણોને સ્થાપતા થકા પવિત્ર કરતા વિચરતા હતા. પાંચમાં દિવસે એક પહોર દિવસ ચડ્યો હતો ત્યારે ત્યાં જળવાળું સ્થળ મળ્યું. નદીમાં પાણી વહેતું હતું. ત્યાં હરિએ શૌચવિધિ કરી સ્નાન કર્યું. નિત્યાવિધિ કરી વિષ્ણુ ભગવાનનું પૂજન કરતા હતા ત્યારે તે વનમાંથી ચાર શિંગો લાવ્યા. તેને અગ્નિમાં શેકીને પાકી કરી હેતપૂર્વક વિષ્ણુને ધરાવીને પછી જળપાન કરાવ્યું. તૃપ્ત કર્યા. ત્યાર પછી તે પ્રસાદ હરિ જમ્યા અને પછી જળનું પાન કરીને ત્યાં જ એક વૃક્ષની નીચે મધ્યાહ્નકાળે વિશ્રામ કરતા હતા. આવી રીતનું જંગલનું આ સ્થળ આવેલું હતું. બાળપ્રભુ માર્ગમાં ચાલતાં ખૂબ જ પરિશ્રમથી થાકી ગયા હતા એટલે એકદમ પોઢી ગયા હતા તેથી સાંજનો સમય થયો ત્યારે જાગ્યા. સ્નાનવિધિ કરી નિત્યવિધિ કરી લીધી. પછી રાતના બે પ્રહર ગયા એટલે વર્ણિરાજ ત્યાંથી ચાલતા થયા.

રાત્રે ચાલતાં ચાલતાં રાત પુરી થવા આવી. ત્યારે ચાલતાં અતિ ઘાટું ભરાવદાર સજ્જડ જાડીવાળું મોટું

વન આવ્યું. અનેક વૃક્ષોનો ભરાવો હતો. તેથી બાલવર્ણિ ચાલતાં ચાલતાં ખૂબ જ થાક્યા હતા.

પરિશ્રમથી મુખ ઉપર પરસેવો થયો હતો. તેનાં સફેદ બિંદુ જામેલાં મુખ ઉપર અધરઓષ્ટ સાવ સુકાઈ ગયા હતા. જેમ પાણી વગર કમળ સુકાઈ મુરઝાઈ જાય તેમ હરિનાં હોઠ સુકાયા હતા. પરસેવાનાં બિંદુઓ વહેતાં હતાં. જેમ શરદઋતુમાં ચંદ્રની ચાંદનીમાં ઝાકળનાં બિંદુ જામે તેમ હરિને પરસેવાનાં બિદુંઓ જામતાં હતાં. આ રીતે પરિશ્રમથી અતિશય થાંકી ગયા તો પણ ચાલતા હતા ત્યારે દિવસે મધ્યાહ્ન સમયે સૂર્ય ઉપર આવેલા. તે સમયે એક કૂવો આવ્યો. તેમાંથી કમંડળુ વડે પાણી કાઢીને વર્ણિવર સ્નાન કરતા હતા. ત્યાર પછી નિત્યક્રિયા કરતા હતા. સ્નાન કરીને સુંદર ઘટાદાર મોટાં વૃક્ષ નીચે જઈને વર્ણિપ્રભુએ પોતાની નિત્યવિધિ પૂજા કરી રહ્યા હતા. તે જ સમયે પાર્વતીની સાથે શિવજી ત્યાં આવ્યા. તેઓ પોઠિયા ઉપર બેઠા હતા. વસ્ત્ર મહાદેવજીએ ધારેલાં હતાં. ભવાનીની સાથે તપસ્યાથી શરીર સુંદર શોભતું હતું. તેઓ કાપાલિના વેષે બંને ખૂબ ભાવનાથી આવ્યાં હતાં. નેત્રથી જગદીશ પ્રભુને જોયા અને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. આ બધી વિધિને શ્રી શ્યામ સુજાણા પ્રભુ જાણતા જ હતા.

નેત્રની દૃષ્ટિથી દર્શન કરીને તે બંને હરિની સમીપમાં જઈને બેઠાં ત્યારે તે વર્ણિ વિષ્ણુ ભગવાનનું પૂજન બ્રહ્મસૂક્તના પાઠ કરીને કરતા હતા. ચંદનની અર્ચના કરીને સાથે તુલસીપત્ર ચડાવીને પાત્રમાં બેસાડેલા તેમની ઉપર કમંડલું ભરી ભરીને જળ રેડતા હતા. વિષ્ણુને સ્નાન કરાવતા હતા નિલકંઠ પ્રભુએ પાંચ સાત કમંડળાં ભરી ભરીને વિષ્ણુ ભગવાન ઉપર રેડ્યાં. તે બધું જ પાણી વિષ્ણુ ભગવાન પી ગયા. વિષ્ણુ ભગવાનને કેટલી બધી તરસ લાગી હતી.

વારંવાર કૂવામાંથી પાણી કાઢીને શાલગ્રામના પાત્રમાં રેડતા હતા. તે જળ બધું જ શાલગ્રામ પી જતા હતા. છઠ્ઠું કમંડળું રેડ્યું ત્યારે ધરાઈ ગયા હતા. ત્યારે હરિમુખથી મંદમંદ હસતા હતા. ભગવાન હરિ પ્રેમથી ભક્તિ કરતા હતા. તેને હર અને હરા જોતાં હતાં. જોઈને ખૂબ જ આશ્ચર્ય પામતાં હતાં. પાણી લાવીને પછી જોયું કે સ્નાન કરાવવાના પાત્રમાં હવે પાણી રહેલું છે. તેથી વિષ્ણુ ભગવાન તૃપ્ત થયા છે. ત્યાર પછી સુગંધી પદાર્થથી પૂજન કર્યું. શ્રી નિલકંઠ પ્રભુ મનમાં વિચાર કરવા લાગ્યા. આટલી તરશ હતી તો ભૂખે લાગેલ હશે જ. હરિને આખા વિશ્વની ચિંતા હોય તેના માટે હરિ વિચાર કરતા હતા કે શું ધરાવવું. પાસે કાંઈ છે જ નહિ. તો થાળમાં શું ધરાવવું. પોતાને છ છ ઉપવાસ થયા છે. તોય કોઈ ચિંતા કરતા જ નથી.

આ રીતે વણિન્દ્રને જોઈને શિવ અને પાર્વતી પોતાની સાથે લાવેલા સાથવો હરિને આપ્યો ત્યારે તે સાથવામાં પાણી અને મીઠું નાખીને ભેગાં કરીને હરિએ વિષ્ણુ ભગવાનને ધરાવીને તૃપ્ત કર્યા. ત્યાર પછી અર્ચનવિધિ સમાપ્ત કરી.

વર્ણિરાય કહે છે, હે ભવ ! આપ અત્યારે અચાનક ક્યાંથી આવ્યા. તમે બંને તો ગુપ્ત યોગી છો. શિવ અને શિવાનિ તમને તો કોઈ આવરણ નથી તોય તમારાં બંનેનાં દર્શન તો દુર્લભ જ હોય છે આ વનમાં ક્યાંથી આવ્યા છો તે કહો.

ત્યારે શિવપાર્વતી કહે, હે પ્રભુ ! આપને અમે પછી ક્યાંથી પામીએ. મહાતપસ્વી આપ ખૂબ જ શ્રમથી થાકેલા હતા. સાથે સાથે આપને અને વિષ્ણુ પ્રભુને છ છ દિવસથી કાંઈ જમવા મળ્યુ ન હતું. તે ભૂખને સંતોષવા માટે જ અમે આવેલાં છીએ. અમને આવો શુભ લાભ ક્યારે મળે એટલા માટે જ આપનાં દર્શન કરવા સેવામાં

આવ્યાં છીએ. આ રીતે વાર્તાલાપ કરીને ત્યાર પછી નારાયણ મુનિ ભગવાન નિલકંઠ હરિ તે મહાદેવજીની ભક્તિ માનીને આપેલા સાથવાનો અવશિષ્ટ પ્રસાદ વિષ્ણુને જમાડીને હરિએ આરોગ્યો. જેમ સુદામાના તાંદુલ (પૌંઆ) શ્રીકૃષ્ણ ભગવાન પ્રેમથી જમ્યા હતા તે હરિએ સાથવો આરોગ્યો. હરિએ સાથવો જમીને જળપાન કર્યું. તૃપ્ત થયા. હસ્તકમળને ધોઈને મુખકમળને સ્વચ્છ કરીને મહાદેવજીની પાસે હરિ ગયા. એમનું શ્રીહરિએ ખૂબ જ સારા ભાવથી સન્માન કર્યું. ખૂબ જ રાજી કર્યા.

ત્યારે મહાદેવજી હાથ જોડીને નિલકંઠ વર્ણિને કહે, અમે તો આપની પ્રેરણાથી જ અહીં આવ્યાં છીએ. અમે તો ક્યાં દુર્લભ છીએ. અમને તો તમારા દર્શન સેવા સિવાય બીજું કાંઈ પ્રિય લાગતું જ નથી. આપ જ અમને અતિપ્રિય છો. હે મહારાજ ! આપ સર્વજીવ પ્રાણીમાત્રની સહાય કરનારા છો. મહાવિષ્ણુ અને મહાપુરુષ મહામાયા મહાકાળ આ બધાં જ આપનાંથી કંપે છે. આપ તો સર્વના સંતના હૃદયમાં તથા ચિદ્‌ઘનરૂપ બ્રહ્મતેજમાં સદા નિવાસ કરો છો. સર્વ મુક્ત ગણો આપની સેવામાં હાજર રજ રહે છે.

સર્વજ્ઞ એવા આપનું સેવન કરનારાં, ષડભગ ઇતિ જ્ઞાનમાર્ગથી ઉર્ધ્વમાર્ગથી ગતિ કરે છે તો અદ્‌ભૂત અલૌકિક દિવ્ય અમાપ, મહાત્મ્યને તથા એના ગુણને લખવા ગાવામાં મુનિજનો વ્યાસ આદિક, શેષનારાયણ, શારદા તથા ગણેશ વિગેરે બધાં જ ગાતાં લખતાં થાકી જાય છે તોય પાર નથી પામતાં એવા આપ બધાનાં ઉપરી સર્વના પાર અપાર છો. આપની કીર્તિને ગાયા જ કરે છે.

આવી રીતે શ્રીહરિની સ્તુતિ પ્રાર્થના કરીને ઈશ સદાશિવ શ્રીહરિની મૂર્તિને પોતાના હૃદયમાં ધારણ કરીને હરિના ગુણનું ગાન કરતા થકા સર્વ યોગિયોના સ્વામીનો મહિમા ગાતા થકા અંતર્ધ્યાન થયા. પોતાને સ્થાને ગયા.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં છટ્ટા કિશોર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદવર્ણિએ રચેલ છંદભાષામાં મહાઘોર વનમાં શિવપાર્વતી શ્રીહરિનાં દર્શન કરવા આવ્યાં એ આદિક લીલા વર્ણન કરી એ નામે એકવીસમો તરંગ થયો. ॥૨૧॥**

# તરંગ-૨૨

પ્રતાપસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી શ્રી ઘનશ્યામ પ્રભુ ! જ્યાં જ્યાં સ્થળોએ ફર્યા હોય જ્યાં જ્યાં જે જે લીલા કરી હોય તે બધી જ લીલા અને સ્થળોની બધી વાતો મને સંભળાવીને નિષ્કામ બનાવો. અયોધ્યાપ્રસાદજી કહે છે, હે રાજન્ ! શંકર અને ભવાનિને ગયા પછી શ્રી નિલકંઠ ભગવાન ભુતપુરિના માર્ગે લોકોના કલ્યાણ કરવાના નિમિત્તે શ્રીહરિ નારાયણ ચાલતા થયા. માર્ગમાં આવતાં લોકોને કલ્યાણનો માર્ગ બતાવીને અનંત જીવોનો ઉદ્ધાર કરવા તથા મુનિજનો તથા મોટાં માણસોને મહાસુખ આપવા ચાલતા થયા. હરિ બટુક પ્રભુ ભૂતપુરિમાં પધાર્યા ત્યારે તે પુરિ ખૂબ જ મનોહર રીતે શોભતી હતી. સંતસમુદાય ત્યાં રહેતો હતો. બટુક બ્રહ્મચારીને જોઈને એમનું ખૂબ જ ભવ્ય સન્માન કર્યું. બધાના મનની વૃત્તિ હરિના તરફ ખેંચાણી. મતવાલા પ્રભુ વૃત્તિને ખેંચતા હતા. ત્યાં અનેક લોકોને નિલકંઠ બટુકે ખૂબ જ ઉપદેશ આપ્યો. બધાં જ ત્યાગી મુમુક્ષુઓને પોતાના શરણમાં લીધા. આવી રીતે પ્રભુ પ્રેમથી ભુતપુરિમાં રહેતા હતા. ત્યાં રામાનુજ સાથેની પ્રતિમાનાં દર્શન કર્યાં. સરોવરો નદીઓ આદિ તીર્થોમાં ફરીને ચરણરજ સ્થાપીને ચરણાંકિત કરીને નવિનતાવાળાં તીર્થો કર્યાં.

કેશર ચંદન આદિક ઘસીને અનેક જાતના ફૂલો મંગાવીને વર્ણિએ રામાનુજની પ્રતિમાને ભારે ભાવથી પૂજી મહામોટી આરતી તૈયાર કરીને હરિએ આરતી પોતે પ્રેમથી કરીને, પોતાનું કાર્ય પૂર્ણ કર્યું. સાંગભક્તિની સાથે એકાંતિક ધર્મની સ્થાપના કરીને હરિ લોકોના સમુદાયમાંથી ગુપ્ત રીતે કન્યાકુમારી નામના તીર્થક્ષેત્ર તરફ જવા માટે, ચતુરાઈપૂર્વક ચાલતા થયા. ચાલતા ચાલતા પ્રભુ કન્યાકુમારી આવ્યા. ત્યાં પણ પોતાના ચરણરજની પૃથ્વીને પાવન કરી. કન્યાકુમારીથી ચાલતા થયા.

શ્રીહરિ પદ્મનાભ પુરુષોત્તમ પ્રભુનાં પ્રેમથી દર્શન કરવા માટે આવ્યા. અહિંયા શ્રી પદ્મનાભ ભગવાનની બહુજ મોટી સુતેલી મૂર્તિ છે. તે પદ્મનાભ ભગવાનનાં દર્શન કરીને તે પુરાતન મૂર્તિમાં હરિ મન પરોવીને એને પ્રમાણ કરતા થકા સર્વના તાપને તથા પાપને દૂર કરીને જીવોને પોતાના આશ્રયમાં કરીને સર્વને કલ્યાણનો માર્ગ જણાવતા હતા. પદ્મનાભપુરથી વર્ણિ આગળ ચાલ્યા અને જનાર્દન ભગવાનનાં દર્શન કરીને ભક્તિભાવયુક્ત થઈને શ્રદ્ધાયુક્ત દેવની સેવા કરી લોકોને મોક્ષનો માર્ગ સમજાવ્યો. ઊર્મિઓને જીતનારા નિષ્કામ વૃત્ત ધારેલા શ્વેત દ્વિપના વાસી બદ્રિધામના સ્વામી અક્ષર આદિક મુક્તાત્માઓ જેમના ચરણની સેવા કરે છે. સર્વ સંતના સ્વામી તે બધાંને માર્ગમાં ચાલતાં થકાં દર્શન આપે છે. ઉપદેશ આપી પરમપદનું સુખ આપે છે. જનાર્દન તીર્થધામમાં જઈને શ્રી વર્ણિપ્રભુએ જનાર્દન જગદિશ પ્રભુનાં દર્શન કર્યાં ત્યારે ત્યાંના તીર્થવાસીજનોએ શ્રીહરિના દર્શન કરીને કૃતાર્થ થતાં હતાં. બધાં જ તીર્થવાસીજનો શ્રી વર્ણિરાજને હેત જણાવીને ખૂબ જ પ્રેમથી માનસન્માન આપતાં હતાં અને શ્રીહરિના મુખ થકી અમૃતમય વચનામૃતની જ્ઞાનવાર્તાને બધાં જ લોકો પ્રેમથી પીતાં હતાં.

અવિનાશી પ્રભુએ દર્શન કરનાર જનોની ઉપાસના દઢ કરાવીને એમનામાં રહેલા અધર્મને કાઢી નાંખ્યો. શુદ્ધ ભક્તિવાળા કરીને પ્રભુ ત્યાંથી આગળ ચાલતા થયા. જ્યાં આદિકેશવ ભગવાન વિષ્ણુનું સ્વરૂપ હતું ત્યાં આવ્યા. આદિ કેશવ ભગવાનનાં દર્શન કરીને પૂર્ણ સુખ પ્રાપ્ત થયું અને ત્યાંનાં નિવાસીજનોએ હરિનાં દર્શન કર્યાં. તેથી એમને પણ શાંતિ થઈ. હરિની શરીર સ્થિતિ જોઈને તપ ત્યાગ વૈરાગ્ય તથા સાંગભક્તિના મહાત્મ્યનો આશ્રય કરીને બધાને સમજાવતા હતા.

નાની ઉંમરના બટુક સ્વરૂપને જોઈને સ્પર્શ કરીને દર્શન કર્યાં. તેથી એમના દિવ્યરૂપે દર્શન થવા લાગ્યાં. આ રીતે હરિના અતિ અદ્ભુત રૂપનાં દર્શન થયાં. તેથી સર્વે લોકો વર્ણિને સર્વોપરી ભગવાન છે. એમનાં દર્શન કરવાથી જીવાત્મા મુક્ત થાય છે. એટલે આ વર્ણિ પણ જીવનમુક્તા છે. આ રીતે વર્ણિનો અતિશય મહિમા સાંભળીને અસુર લોકો મનમાં બળતાં થકાં મરતાં હતાં. તેઓના પાપે પીડાને પામતાં હતાં. આસુરી સ્વભાવનાં અધાર્મિક લોકો ચારેબાજુથી બે લાખની સંખ્યામાં ભેગાં થઈ ગયાં. તે બધાં જ પ્રગટ પરબ્રહ્મનાં મહાદ્વેશિ હતાં. એટલે બટુક બ્રહ્મચારી ઉપર કટાક્ષનો વરસાદ વર્ષાવતા હતા અને વિરોધ કરતાં હતાં.

મિત્રરક્ષ નામનો ત્યાંનો રાજા હતો. તે નીતિ પ્રમાણે રાજ્ય ચલાવતો હતો. અધર્મનો વિરોધ કરીને તેનો નાશ કરતો હતો. ધર્મના દ્વેષી અપાર અસુરો તે રાજાને સહેજ પણ રુચતા ન હતા. કેમકે તે રાજાએ ઉપદેશ સાંભળીને સાચાખોટાનો ભેદ જાણતો હતો. તે રાજા દરરોજ શ્રીહરિ પાસે બેસીને જ્ઞાન ઉપદેશને ગ્રહણ કરતો હતો. જેમ જેમ સત્સંગ કરે તેમ તેમ હરિનો રંગ વધારે લાગતો હતો. તેનાથી શ્રીહરિના ઐશ્વર્ય પ્રતાપને પોતે જાણતો હતો અને શ્રીહરિ અમારા હિત માટે સુખ કરવા પ્રગટ થયા છે એ ખૂબ જ ભાવનાથી

માનતો હતો.

તે રાજા શ્રીહરિના શરણે આવેલો હતો. તેથી દુષ્ટ બુદ્ધિના અસુરોનો તે કાળરૂપ થતો હતો. જે લોકો શ્રીહરિ અને હરિના સંતો ભક્તોને દુખાવતાં હતાં એમને તે રાજા તરત જ મારી નાંખતા હતા. આવી રીતે તે રાજા શ્રીહરિનો દૃઢ આશ્રિત થયો. માનવરૂપનો તે મિત્રરૂપે રક્ષા કરનારો થયો. ત્યારે તે રાજાને જોઈને બધા જ અસુરો દુઃખ પામવા લાગ્યા અને હવે આપણે શું કરવું એમ વિચાર કરીને ત્યાંથી ચાલવા માટે તૈયારી કરતા હતા.

રાજા હરિનો આશ્રિત થયો. ધર્મની રક્ષા કરનારો થયો. એટલે બધા જ અસુરો ભેગા થઈને રાજા ઉપર ચડાઈ કરીને લડાઈ કરવા માટે આવ્યા. ત્યારે તે બંને પક્ષની સેનાઓ ખૂબ જ શોભતી હતી. જાણે દેવો અને દાનવોનો જંગ ન હોય ? તેમ લડાઈ કરવા તૈયાર થયા. ત્યારે શંખનો નાદ થયો તથા રણશિંગાં ભેરી આદિકના નાદ સાથે અસુરોની સેના કાળની પ્રેરણાથી ચડી આવી ત્યારે સાંગ, તરવાર અને તીરનો મારો થતો હતો અને પાપિયોનાં પ્રાણને પીડા થતી હતી. રાજાના સૈન્યમાં પુંગી નગારાં રણશિંગાં પ્રણવનો નાદ થતો હતો. તેથી કાયરો ભાગતા હતા. મોટી મોટી તોપોના ધબકારા થતા હતા. તેનાથી મોટા અવાજો થતા હતા. અસુર સેનાની સાથે મહા લડાઈ કરવા તૈયાર થયાં હતાં. રણશિંગાં વાગતાં હતાં અને તરવાર અને તીરથી અસુરોની સેનાની સાથે વીરની સેના લડતી હતી. કેટલાકનાં પગ કપાતા હતા. કેટલાકના હાથ કપાતા હતા. કેટલાકનાં માથાં કપાતાં હતાં. સમસેરનો અવાજ થતો હતો. તેનાથી ખળને દુઃખી કરનાર થતો હતો.

આ રીતે અસુરોના સૈન્ય સાથે રાજાની સેના બંને ખૂબ જ જુમતાં હતાં. રાજાની સેના લડવામાં ખૂબ જ તૈયાર હતી. તેથી જંગ કરતાં હતાં. તેથી ક્રૂરતાથી લડાઈમાં ચકચૂર થતાં બધાનાં શરીરો ખૂબ જ ભાંગતાં તૂટતાં હતાં. આ રીતે મહાસંગ્રામ જામેલું હતું. કપાઈ કપાઈને ચારેબાજુ ભટકાતાં હતાં ત્યારે ક્રોધ કરીને યુદ્ધ કરતાં હતાં. એકબીજાનાં વિરોધીઓનાં ધડો ઊભાં થઈને ધરુ ધરુ અને મારુ મારું હણો હણો ના અવાજો કરતા ઉભા થઈને લડતા હતા. અધર્મીઓનાં રજળતા શરીરોમાંથી લોહી ખળખળ વહેતું હતું ત્યારે તે રણભૂમિ જેમ વસંતઋતુમાં વનસ્પતિ ચારેબાજુ ખીલીને શોભે તેમ આ મેદાનની ભૂમિ રક્ત પ્રવાહથી લાલ શોભતી હતી.

દિવસ અસ્ત થાય એટલે યુદ્ધ પૂરું થયું ત્યારે પાંચ હજાર અસુરોનો નાશ થયો હતો. આ રીતે દસ દિવસ સુધી લડાઈ ચાલી શસ્ત્રોથી કપાયેલાં અંગો જોઈને કાયર લોકો કંપતાં હતાં. રણમાંથી બારોબાર ભાગી તે રાજાના રાજ્યથી ઘણે દૂર જતાં રહ્યાં. એવી રીતે રાજાએ પોતાનું નામ મિત્રરક્ષ જે હતું તે સત્ય કરીને સાર્થક કર્યું. શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ અને શ્રીહરિના આશ્રિતો અને સંતોની સેવા સુશ્રુષા વિગેરે ખૂબ જ કરતા હતા. મનુષ્ય સ્વરૂપને ધારણ કરીને વિચરનારા શ્રીહરિની સતત આજ્ઞાપાલન સેવાપરિચર્યા નવધા ભક્તિ કરીને મહાન ભક્ત થયો અને પોતાના ક્ષત્રિયકુળ તથા પોતાની રાણી સહિત શ્રીહરિનાં એકાંતિક ભક્ત થયાં.

સાત્ત્વિક ધર્મના પાલન માટે જ તે રાજાના રાજ્યદરબારના વિસ્તારમાં જ પાપી શત્રુઓનું મહાઘોર યુદ્ધ થયું. તે પોતપોતાના કૃતકર્મ અનુસાર ફળ પ્રાપ્ત થયું. તે હરિ, હરિજન તથા સંતપુરુષોના દ્વેષીઓને યોગ્ય જ ફળ મળ્યું. ભક્તો સુખની ખાંણમાં રમતા રહ્યા. બધા જ પ્રકારના પાપોને સહન નહિ કરીને, સત્યધર્મને જ આચરે તે જન જગતમાં શોભે છે. ભગવાન એની ઉપર રાજી રહે છે. હરિ અને હરિજનને, સંતો તથા નગરજનોને પીડે છે. દ્વેષ કરે છે. તે ભગવાનનો અતિ દ્વેષી છે. તે અતિ પીડાય છે.

આવી રીતે તે રાજા શ્રીહરિ નારાયણ પ્રભુને ખૂબ જ રાજી થઈને, પોતાના હાથે ખૂબ જ સેવા કરીને રાજી

કર્યાં. કેશર ચંદન સુગંધિત ફૂલોના હારો વડે શ્રીહરિને સતત નિત્ય પ્રત્યે સેવા કરતો હતો. અનેક ઉપચારોથી પૂજતો હતો અને અનેક પ્રકારનાં ભોજનો બનાવરાવીને ભાવ કરીને સારી રીતે શ્રીહરિને અર્પણ કરીને જમાડીને દર્શન કરીને હૃદયમાં ધારતો હતો. સતત શ્રીહરિના મુખથી અમૃત વાણીને પીતો હતો અને ધર્મજ્ઞાન વૈરાગ્ય ભક્તિથી ગ્રહણ કરીને વર્તતો હતો. શ્રીહરિ ત્યાં ધર્મસ્થાપન કરીને અધર્મને યુદ્ધસંગ્રામથી નાશ કરીને બધા જ અસુરોને નષ્ટ કરીને શુદ્ધ કર્યું. આવી રીતે શ્રીહરિ પ્રભુ દોઢ માસ સુધી રહ્યા. બધુ સાત્ત્વિક કરીને ચાલવા માટે વિચારતા હતા. કુલગિરિ ઉપર જવાનો નિર્ણય કરતા હતા. જવાની વાત મિત્રરક્ષ રાજાને કહી ચંચળમૂર્તિ પ્રભાતના સમયે ચાલવા માંડ્યાં ત્યારે તેના વિરહાકુળ થયેલા રાજા અને મનુષ્યો પ્રભુની પાછળ દોડવા લાગ્યા.

બધાં લોકો હરિને ભેગાં થયાં ત્યારે તેઓએ હરિને અનેક પ્રકારની ભેટસામગ્રી અર્પણ કરીને દર્શન કર્યાં અને મહાજનો દર્શનથી જેમ દિવસ ઊગે અને કમળ ખીલે તેમ બધાં લોકો પ્રફુલ્લિત થયાં. બધાં જ લોકોને આનંદિત કરીને આપેલી બધી જ ભેટ પદાર્થ બ્રાહ્મણોને આપી દીધી. તે જ સમયે રાજા હરિને અરજ કરીને કહેવા લાગ્યા.

હે વર્ણિજી ! આપ મનુષ્યસ્વરૂપને આ ધરતી ઉપર ધારીને વિચરો છો. તેનાથી સર્વત્ર આપનો જયજયકાર થાય અને પ્રત્યેક જીવાત્માઓને પોતાનો કરેલ કર્મનું ફળ આપનારા આપને જોઈને દિલમાં અખંડ ધારે છે. તે સુખ પામે છે. કાળને પ્રેરણા કરનારા આપની આજ્ઞાથી આ પૃથ્વી ઉપર કાળ કામ કરે છે. અક્ષર પુરુષ દ્વારા અનંત બ્રહ્માંડો ઉત્પન્ન કરો છો. એમાં અધર્મને હરિને સધર્મની સ્થાપના કરો છો. ધર્મ, જ્ઞાન, વૈરાગ્યનો વિસ્તાર કરો છો એવા, આપ અત્યારે તો બટુક રૂપે દર્શન આપો છો. એવા સ્વરુપે મારા જેવા અનેક જીવોને આપના સ્વરૂપમાં જોડીને ઉદ્ધાર કરો છો. રાજાએ આ રીતે પ્રાર્થના કરીને બંધ રહ્યા ત્યારે નેત્રમાંથી અશ્રુનો પ્રવાહ વહેતો હતો. પ્રેમીને હરિની મૂર્તિ ચોરતી હતી. હરિ આગળ આગળ ચાલતા હતા. સતત દેખાતા હતા. આ રીતે અનેક પોતાના આશ્રિતજનોને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવીને આગળ ચાલતા હતા.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં છઠ્ઠા કિશોર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં મિત્રરક્ષ નામના રાજાના આશ્રયમાં રહેલ તે અનેક અસુરોનો નાશ કર્યો એ નામે આ બાવીસમો તરંગ થયો. ॥૨૨॥**

# તરંગ-૨૩

રાજા કહે છે, હે મુનિદેવ ! શ્રીહરિ બટુકપ્રભુ કુલગિરિ તથા ચંદ્રભાગામાં ફર્યાં તે ચરિત્ર તથા પુંડરિકપુર (પંઢરપુર)માં આવ્યા તથા ફરશુરામ તીર્થમાં ફરીને પ્રભુ પુના નગરમાં પધાર્યા એ બધી કથા મને વિસ્તારથી કહો.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! તમે સાંભળો. શ્રીહરિ પ્રભુ કુલગિરિના માર્ગ બાજુ ચાલતા હતા ત્યારે પૃથ્વી ઉપર ચરણકમળને સ્થાપન કરીને ચાલતા હતા. તે રજને અનંત ઈશ્વરો રાજાઓ પોતાના મસ્તક ઉપર ધારણ કરીને ધન્ય બન્યા. આવી રીતે ધર્મનંદન ઘનશ્યામ પ્રભુ માર્ગમાં મળતાં મનુષ્યોને કલ્યાણનું માર્ગદર્શન આપી બધાને આનંદ આપતા હતા. માર્ગમાં જે જે મનુષ્ય મળતા તે વર્ણિના દર્શન કરીને અંતઃકરણમાં ઉતારી લેતાં હતાં. રોજ, ગાય, હરણો આદિ પશુઓ વનમાં વિચરનારાં પણ હરિને જોઈને એક ચિત્ત થઈ જતાં હતાં.

આ રીતે લીલા કરતા થકા કુલગિરિની નજીકમાં પહોંચ્યાં ત્યારે તે પર્વતની રમ્યતા જોતા હતા. તેની ઉપર ઘાસ વૃક્ષોની હરિયાળી ખૂબ જ સુંદર હતી. નાનાં નાનાં વૃક્ષોથી પર્વત શોભતો હતો. ફળ ફૂલ ઔષધિઓથી ખૂબ જ પ્રમાણમાં હતી. તળાવો નદીઓ ઝરણાં વગેરે વહેતાં હતાં. ગાયો સાબરો હરણો આદિ પશુઓ ચરતાં હતા.

ચક્રવાક, પોપટ, મેના, ચકોરપક્ષી હરિને બોલાવતાં હોય ને શું ? એમ શોર કરતા હતા. હરિનાં ચરણકમળનાં ચિહ્નો છપાયેલાં. એમ પગલાં પાડીને કુલગિરિને પવિત્ર બનાવ્યો. વનનાં પશુપક્ષીઓને મંગળ કરવા લીલા કરી. એવી રીતે તે પર્વત ઉપર હરિ ફરતા થકા આગળ ચાલ્યા. ત્યારે મલયાગર ચંદનનું મોટું વન આવ્યું. તે ચંદનનાં વૃક્ષો ઉર મોટા મોટા સર્પો વિંટાયેલા રહેતા હતા. અનંત વૃક્ષો શોભતાં હતાં. તે દેવો મુનિઓના સ્વામીએ જોયું.

ત્યાંથી પ્રભુ સાક્ષી ગોપાળતીર્થમાં જઈને ગોપાળ ભગવાનનાં દર્શન કર્યાં. સુંદરવર ઘનશ્યામને પછી બધાં જ તીર્થવાસી લોકો મળ્યાં. દર્શન કરીને બધાં જ પૂર્ણકામ મનવાળાં થયાં. શ્રીહરિ તીર્થવાસી લોકોને સુખ આપતા થકા અનંત લોકોનાં કલ્યાણ કરતા થકા સર્વણકારણ સ્વામી ચાલતા થયા ચાલતા થકા ચંદ્રભાગા નામની નદીના કાંઠા ઉપર આવ્યા. તે નદી નિર્મળ જળથી ખૂબ જ શોભતી હતી. તે જોઈને લટકાળા લહેરીના મનમાં આનંદ થયો. શ્રીહરિ પ્રભુ નદીમાં સ્નાનવિધિ કરીને ત્યાર પછી તેના કાંઠા ઉપર જ પુંડરિકપુર (પંઢરપુર) વસેલું છે. તે નગરની શોભા સારી હતી. તે જોઈને તે ગામમાં દ્વિજાતિનાં લોકો સ્ત્રીપુરુષો ખૂબ જ સુખે રહેતાં હતાં.

તે પંઢરપુરમાં વિઠ્ઠલનાથજી ભગવાનનું સુંદર મંદિર આવેલું છે. તેમાં શ્રીહરિએ સર્વના સ્વામી અકામીએ દર્શન કર્યાં. તેની આજુ બાજુ બાગો બનાવેલા હતા. તેમાં શ્રીહરિ સાવચેત થઈને રહેતા હતા. ત્યાં પંઢરપુર વાસી લોકોએ શ્રીહરિ પ્રભુને જોયા એટલે બટુક રૂપમાં બ્રાહ્મણ્ય મુખ ચમકતું હતું તે જોયું એટલે એ લોકોને આ કોઈ ઈશ્વરનો અંશ હોય તેમ લાગે છે. આ વર્ણિરાય જરૂર કોઈ દેવ, મનુષ્ય શરીર ધરીને આવ્યા છે એમ માનતાં હતાં. બધાં જ નરનારીઓ ચર્ચા કરતાં હતાં. આ રીતે હરિને જોઈને લોકો પ્રશંસા કરતાં હતાં. બટુક બ્રહ્મચારિની આકર્ષકતા જોઈને લોકો બધાં જ સન્માન કરતાં હતાં. બ્રાહ્મણસમુદાય સર્વે મહાત્મ્ય સાથે હરિની સેવા પૂજન કરતાં હતાં. સારાં ભોજનો બનાવીને જમાડતાં હતાં. અનેક પ્રકારનાં સુગંધિત પૂજાસામગ્રી પુષ્પો વિગેરેથી સારા ભાવથી શ્રદ્ધાવાન થઈને બધાં જ લોકો શ્રીહરિને રોજેરોજ સેવા સુશ્રુષા કરતાં હતાં. બધાં પોતાનું ભાગ્ય માનતાં હતાં.

પુરમાં તથા બગીચાઓમાં સરોવરમાં નદીમાં બધેય હરિ ફરી ફરીને ચરણાંકિત કરીને પવિત્ર તીર્થરૂપ બનાવ્યું. એને બે માસ સુધી હરિ પંઢરપુરમાં રોકાયા એ ત્યાં અનેક જનોને ઉપદેશ આપીને પોતાના એકાંતિક આશ્રિત બનાવ્યા. મોક્ષના અધિકારી કર્યા.

ત્યાં રહીને લોકોમાં રહેલા અધર્મને દૂર કરીને ધર્મને સ્થાપી શ્રીહરિ લોકોમાં મંગળમય વાતાવરણ કરીને બધાને નિર્ભયતાવાળા બનાવ્યા અને પંઢરપુરના લોકોના મનમાં બટુક મૂર્તિએ બધાંના મનને હરિ લીધાં. ત્યાર પછી ત્યાંથી પ્રભુ ચાલવા માટે ઉતાવળા થવા લાગ્યા. શ્રી નિલકંઠ પ્રભુ પુરના લોકોને નિરાશાવાન બનાવીને મંદહંસગતિથી ચાલવા લાગ્યા. મનમાં અતિ ઉદાસી થયા ત્યારે પુરનાં લોકો હરિની પાછળ દોડવા લાગ્યાં. દર્શન કરવા માટે ઉતાવળાં થયાં. રૂપનિધિ હરિને જોઈને દર્શન કરી મૂર્તિને હૃદયમાં ઉતારીને પાછા વળ્યા. તેમાં કેટલાક તો ચિત્રમાં દોરેલ હોય તેવા નિશ્ચેષ્ટ થઈ ગયા. શ્રીહરિના સ્વરૂપમાં સ્થિર વૃત્તિવાળા થઈને શ્રીહરિના વચનઅમૃતને પાન કરીને બધાં જ લોકોએ પોતાના મનમાં બધા જ રાગોને મટાડીને શાંત થયાં. શ્રીહરિને વિચરણ

કરવાની ઇચ્છા હતી. એટલે બધાંને પાછા વાળીને મોકલ્યા. ત્યારે પોતાના નેત્રમાં હરિની મૂર્તિને ધારીને પાછા ગયા અને ભૃગુઋષિના સ્વામી વનના માર્ગે ચાલતા થયા. અનેક જીવ પ્રાણીઓનું કલ્યાણ કરવા ચાલ્યા. હરિ ચાલ્યા જતા હતા ત્યારે માર્ગમાં જે કોઈ મળે છે તે દર્શન કરીને મૂર્તિને જોઈને એક જ વખત નિરખે. તેને દૃષ્ટિમાં મૂર્તિ ચોંટી જાય છે. વારેવારે દૂર કરવા મથે છે. તોય દૂર નથી થતી.

ચતુર ઉતાવળા લોકો દર્શન કરીને એમના મનને હરિ ભાવતા હતા. પરશુરામ ભગવાનનું તીર્થને પૂર્ણ કરતા હતા. ત્યાં પહોંચીને પરશુરામ ભગવાનની મૂર્તિનાં દર્શન કર્યાં અને ત્યાં તીર્થવાસીજનો હતાં. એમના મનમાં પણ પ્રભુ ભાવ્યા. એટલે તેઓએ કંદમૂળ ફળ ફૂલ વિગેરે સામાન હરિનું સન્માન કરીને અર્પણ કર્યાં ત્યારે હરિએ એ પદાર્થોને વિષ્ણુ ભગવાનને ધરાવીને અર્પણ કર્યાં. તેને જીજ્ઞાસુ લોકોએ દર્શન કરીને રાજી થયાં. ત્યાં શ્રીહરિએ લોકોને સારો શુદ્ધ ઉપદેશ કરીને પોતાના આશ્રિત બનાવીને શરણે લીધા. અધર્મ ઉથાપીને સધર્મની સ્થાપના કરી દીધી. શ્રીહરિ ત્યાં પાંચ દિવસ રહ્યા. લોકોને દર્શન આપીને પ્રભુ પુનાના માર્ગે ચાલતા થયા.

માર્ગમાં ચાલતાં વચ્ચે વચ્ચે રોકાઈને વિસામો કરતા હતા. કોઈ ગામમાં કોઈ પુરમાં રોકાઈને તેને પવિત્ર કરી તીર્થરૂપ બનાવતા હતા. લોકોનાં મંગળ કરતા હતા. માર્ગમાં આવતાં લોકો વૃક્ષો નદીઓ સરોવરો જે આવતાં તેને તીર્થરૂપ બનાવીને ચાલતા હતા. શ્રીહરિ એક દિવસ માર્ગમાં મોટા વડના વૃક્ષ નીચે જઈને બેઠા હતા ત્યારે અનંત મુક્તો પોતાના ધામેથી શ્રીહરિ પ્રભુનાં દર્શન કરવા આવ્યા હતા. ત્યારે શ્રી ઘનશ્યામ પ્રભુ મંદ મંદ હાસ્યયુક્ત મુખેથી દર્શન આપતા હતા. મુક્તો દર્શન કરતા હતા. આવી રીતે નેત્રથી સાન કરીને મુક્તોને જવાની આજ્ઞા કરી ત્યાં વિશ્રાંતિ કરીને પ્રભુ આગળ ચાલ્યા. પરમગુરુ શ્રીહરિ માર્ગમાં ચરણનો સ્પર્શ કરીને ભૂમિને પાવન કરતા થકા પુનાપુર પ્રત્યે પધાર્યા. ત્યારે તે નગર ચારેબાજુથી ખૂબ જ વિસ્તરેલું શોભતું હતું. નગરની સમૃદ્ધિ પ્રમાણે સમૃદ્ધ લોકો રહેતા હતા. ત્યાંના નરનારીજનો ખૂબ જ વૈભવ સમૃદ્ધિવાળાં હતાં. એમને રંજમાત્ર વૈરાગ્ય ન હતો. તેથી હરિને જોવા માટે પણ સહેજ પણ નમ્રતા ન હતી. ત્યાગ વૈરાગ્યયુક્ત મૂર્તિમાન તપોમૂર્તિ, ચંચળ નેત્રકમળ, ચંચળ સ્વરૂપનાં દર્શનની સ્ફૂર્તિ પણ ન હતી એવા વ્યસ્ત લોકો હતાં. શ્રીહરિ ત્યાં બગીચાની વાડીમાં પ્રભુ રોકાયા હતા અને કોઈક દિવસ પુનાપુરમાં પ્રવેશ કરતા હતા.

પુનાના લોકોની લોકવ્યવહારની સ્થિતિ જોઈને બટુક પ્રભુ એમની રમણીય મૂર્તિ બધાંને પ્રિય લાગતી હતી ત્યારે તે બધાં જ લોકો ધન્યભાગ્યવાળાં હતાં. આ જેમના કુળમાં પુત્રરૂપે પ્રગટ થયા તે પણ અતિ બંધન વિનાના છે એમ માનતાં હતાં. લોકો કહેતાં હતાં કે આના માતાપિતા ભાઈ બધાંને ધન્ય છે. આના તપ ત્યાગ વૈરાગ્યને પણ ધન્ય છે. આના પીતૃઓ દિવ્યલોકમાં છે તે પણ ધન્ય છે. આ ભૂમિ ઉપર પગ મૂકીને ચાલે છે તે પણ ભાગ્યવાન છે.

આવી રીતે ત્યાંનાં મુમુક્ષુજનો હતાં તે વાતો કરતાં હતાં. લોકોનાં વચનો સાંભળીને લોકોને પ્રભુ પ્રત્યે પ્રેમ થવા લાગ્યો. ત્યાંના લોકો નિલકંઠને શુકદેવ જેવા ધારીને દર્શન કરતાં હતાં, કાં તો જડભરત પોતે આવ્યા હોય તેમ જણાય છે. ત્યાં વેદશાસ્ત્રને જાણનારા વિદ્વાન બ્રાહ્મણો ઘણા બધા હતા. તેઓ બટુક સ્વરૂપે કિશોર મુર્તિ ઘનશ્યામને જોઈને એમને વિષે પ્રેમ ઉત્પન્ન થતો હતો. તે જોઈને એમના મુખમાંથી બ્રહ્મ દુવા નીકળતી હતી. સુધા અમૃતમય સ્વરથી મહાજ્ઞાન પ્રાપ્ત થતું હતું. હરિ પણ જ્ઞાનનો ઉપદેશ આપતા હતા. ક્યારેક ક્યારેક અતિશય આશ્ચર્યનું વાતાવરણ બતાવતા હતા. વર્ણિરાજ પ્રભુને બધા જ લોકો પ્રગટ નારાયણ માનતા હતા.

સાક્ષાત્ પ્રગટ છે. વિધિનિષેધને જે શાસ્ત્રમાં વર્ણવ્યા છે તેનાથી સાચા માનીને બધાં લોકો હરિના શરણમાં આવી આશ્રય કરતાં હતાં. આવી રીતે બધાંય શરણાગત આશ્રિત થયા. તે બધાં જ સ્ત્રીપુરુષો શ્રી બટુકરૂપે નારાયણમુનિ ભગવાનનો દઢ નિશ્ચય કરીને ભક્તિ કરતા હતા. તેઓ શ્રીહરિની મૂર્તિનું સતત હૃદયમાં સ્મરણ કરતા હતા. માયાના બંધનથી મુક્ત થઈને નિર્બાધ થતાં હતાં. આ રીતે વર્ણિરાજ બધાના મનમાં શાંતિ થતી હતી. બધાયને ભગવાનનો સંબંધ હતો.

આ રીતે શ્રીહરિ એક પખવાડિયું પુના નગરમાં રહેતા હતા. ત્યાર પછી ત્યાંથી દંડકારણ્યને પાવન કરવા માટે મનમાં સતત ચિંતવન કરતા થકા ચંચલ ચતુર વર ચાલતા થયા. ત્યારે પ્રભુની પાછળ બધાં લોકો પ્રભુને મળવા દર્શન કરવા માટે દોડવા લાગ્યાં. પ્રભુ કયા માર્ગે ગયા છે એ કોઈને ખબર ન રહી. તેથી અંતમાં મળવાની આશા ન રહી. જ્યારે હરિને મળ્યા ત્યારે મંગળ વાતાવરણ થયું. પણ જ્યારે છુટા પડે છે ત્યારે બધાનાં મનમાં ઉદ્વેગ વ્યાપે છે. ચિંતવન કરતાં મનમાં પિડા થાય. નેત્રથી જોવા મળે ત્યારે જ સંતોષ થાય. પ્રભુનું મિલન ન થયું ત્યારે બધાં જ નિરાશ થઈને પાછા વળ્યા. એને પ્રભુને તો વનના માર્ગ બાજુ ક્યાંય ન જોયા. એટલા માટે શ્રીહરિના આવાં ચરિત્ર તો અનેક પ્રકારનાં છે તે જ પોતાના આશ્રિતોનાં મનને ખેંચતાં રહે છે એ જ વિશેષતા છે. શ્રીહરિનાં લાલકમળની પાંખડી જેવાં નેત્ર કરુણા ભરપૂર છે. તેને કમળદળ રસને જે ચાંખે તે ચોરી લે છે. શ્રીહરિ મંદ મંદ મુખકમળને મલકાવતા થકા મુખની ઉજ્જવતાનો પ્રતાપ ખૂબ જ અમાપ છે. તે મુખારવિંદ બિંબને અનંત દેવો મુનિજનો મનુષ્યો કાયમ માટે પદરજને પોતાના મસ્તક ઉપર કાયમ ધારણ કરતા રહે છે. ત્યારે તેજ ચરણકમળ પ્રત્યેક વનવનમાં વિચરણ કરતા થકા પાવન કરે છે. તેજ ચરણરજ માટે ઈશ્વરો અધિપતિઓ આશા રાખીને જોયા કરે છે તો પણ મળતાં જ નથી.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં કિશોર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારી રચિત છંદભાષામાં શ્રીહરિ તીર્થોમાં ફર્યા તેનું વર્ણન તથા દંડકારણમાં જવા લાગ્યા તે નામે ત્રેવીસમો તરંગ થયો. ॥૨૩॥**

# તરંગ-૨૪

પ્રતાપસિંહ રાજા પૂછે છે, હે સુવ્રત મુનિ ! શ્રીહરિ તીર્થોમાં વિચરણ કરતા કરતા દેશવિદેશમાં ફરતા થકા અનેક જીવોને પાવન કરીને ક્યાં ક્યાં નિવાસ કરીને રહ્યા તે વાત મને સમજાવો.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! શ્રી નિલકંઠ પ્રભુ વનપર્વતોને તીર્થરૂપ કરતા થકા માર્ગમાં આવતા વેલો ગુચ્છો વૃક્ષો ઘાસ વનસ્પતિ સર્વને પવિત્ર કરતા હતા તથા ભીલ કિરાત આભિર આદિકના ભાગ્યનું વર્ણન કરતા પાર આવે તેમ નથી એવું વિશેષ છે. શ્રી નિલકંઠ ભગવાન ખળવાડો, ખેતરો, ગામો, નગરો અનેકને ઓળંગીને હરિ ચાલ્યા જતા હતા. ક્યાંક ક્યાંક સારું પાણી અને જગ્યા સારાં હોય એવા પવિત્ર સ્થાને નિલકંઠ વર્ણિ પ્રભુ સ્નાનવિધિ નિત્યવિધિ રોકાઈને કરતા હતા. સારાં ઘટાદાર મોટાં ઝાડો આવે ત્યારે ત્યાં વૃક્ષ નીચે બેસીને પાણીમાંથી ચોખ્ખું કરીને કમંડળુ પાણી ભરી લાવે. સુખેથી શાલિગ્રામ ભગવાનને સારી રીતે પ્રેમથી વિધિપૂર્વક નવરાવતા હતા ત્યારે ત્યાં નજીકનાં પુરનાં લોકો આવીને જોતાં હતાં. ત્યારે બટુક સ્વરૂપે કિશોરવયના તપોમૂર્તિને જોઈને ચંચળમૂર્તિ લોકોના ચિત્તને ચોરતા હતા. લોકો વિચારતાં હતાં કે આમનાં માતાપિતા ભાઈ કેવાં હશે કેમકે આ નાની અવસ્થામાં જ ઘર છોડીને આવા દૂર દેશમાં આવ્યા છે.

શ્રીહરિ વનમાં ફરતા થકા બધાંને તીર્થરૂપ કરતા થકા માર્ગમાં આવતાં તેમાં ગુલ્મ લતાઓનાં ઝુંડ તથા ઘાસ અને પાણી તે બધાં તીર્થરૂપ કહેવાય. શ્રીહરિ હરણને ઈશારો કરીને સમાધિ કરાવી એના ભાગ્યનું વર્ણન શું કહી શકાય. ક્યાંક ક્યાંક કંદમૂળ ફળ મળે ત્યાં એનો આહાર કરતા હતા. ક્યારેક પાંદડાં કે કેવળ પાણી પીને ચલાવતા હતા. ક્યારેક તો કેવળ ઉપવાસ જ કરતા હતા. વનના રાજા મુનિવરના વેશને જોઈને નવાં નવાં પાંદડાં કુંપળોની શોભાને જાણે આનંદ પામતા ન હોય ? તેમ લાગતું હતું. વનમાં હરિને પર્વત ઉપર હરિને રહેવાની ખૂબ જ રૂચી રહેતી, પણ જીવોનું કલ્યાણ કરવાના ઈચ્છાથી પ્રગટ થયા છે. તે જે હેતુ માટે ભૂમિ ઉપર પધાર્યા તે જ સિદ્ધ કરીને પોતાના સામર્થ્યને બતાવવાનું છે. આવી રીતે નિર્ણય કરીને હરિ આપ ફરો છો. આપનાં ચરણો અંકિત કરીને ભૂમિ ઉપરનાં વૃક્ષોને પણ મુક્તિ આપનારા છો તથા ક્યાંક ક્યાંક મુનિજનોના આશ્રમો જોઈને તેને પ્રાચીન માનીને તેમાં જાવ છો તેને પણ પવિત્ર કરો છો. આપના બટુકરૂપને જોઈને મહાન જોગેન્દ્ર જાતિને આપનું પ્રેમથી સન્માન કરીને પૂજન કરતા હતા અને આપ ઘણા લાંબા કાળ સુધી તપ કરેલ તેના ફળને આપતા હતા અને કરુણા કરીને મૂર્તિનાં દર્શન કરનારને કલ્યાણનું સુખ આપતા હતા એવા આપ મહાન સુખદાતા છો. એવી રીતે મુનિજનોના નિવાસરૂપ શ્રીહરિ પ્રભુ દંડકારણ્ય વનમાં વિચરતા હતા ત્યારે મુનિજનો ફળદળ કૌશલ્ય ફૂલ વિગેરેથી પૂજતા હતા. એને આપ અનંત ઘણું ફળ આપતા હતાં એવા કૃપાળુ આપ છો.

એવી રીતે દક્ષિણ દેશમાં દંડકારણ્ય વન શોભતું હતું. તે દક્ષિણના મહાન દેવ કહેવાતા હતા. ત્યાંથી પ્રભુ નાશિકપુર તરફ ચાલતા થયા. ત્યાંના લોકોના માયિક ભાવને હરવા માટે નિર્ભયતાથી જતા હતા.

અનંત મુક્તોને મંગળ કરનારા, ચિત્તમાં ચિંતવન કરનારા ભક્ત ઉપર પૂર્ણ પ્રીતિ રાખનારા, એવા પ્રભુ શરણે આવેલાનું સેવન કરનારા, ઈશ્વરોના ઈશ્વર સર્વને ખેંચનારા જેમનાં ચરણોમાં ચિહ્નો છે. સંસાર સાગરમાંથી તારનારાં એવા પ્રભુ પધારે છે. વર્ણિના વેશને ધારેલા સર્વ દેશોને જોનારા સર્વને ઉપદેશ દેનારા સર્વદેવોમાં અશેષ એવા સર્વોપરિ હરિ પોતે એક જ છે. શ્રીહરિ છંદ શંખાનારીના સ્થાને આવ્યા. તે વર્ણિરાજ મહા ગંભીર દિવ્યજ્ઞાનને જાણનારા નાશિકપુરમાં હરિએ ચરણને સ્થાપન કર્યાં. નિલકંઠ પ્રભુને જોઈને લોકોએ એ સ્વરૂપને નીરખીને ઉતારી લીધું. જેનો કોઈ અંત નથી એવા નિષ્કામી સિદ્ધો અને સંતો ભજન કર્યા કરે છે એવા હરિ પધાર્યા. ત્રંબકેશ્વર શિવજીને હરિએ દર્શન આપ્યાં. મહાદેવના પૂજારી વર્ણિની સેવાપૂજા કરતા હતા. બટુકના વેષમાં શોભતા લોકોને અતિ પ્રિય લાગતા હતા. જેમને સર્વ ઈશ્વરોના ઈશ્વર પણ જોવા ચાહે છે એવા સર્વના સ્વામી ત્રંબકેશ્વરમાં શોભતા હતા.

નાશિકપુરનાં નરનારી બધાનાં શ્રીહરિ નવિન મૂર્તિ મનને હરતા હતા. ત્રંબકેશ્વરના સેવકો બધા જ બાલબટુકને ખૂબ જ પ્રિય લાગતા હતા. પોતાના સામર્થ્ય બતાવીને બટુક પ્રભુ લોકોના પવિત્ર પ્રેમમય થતા હતા. તે બતાવતાં હતાં. અનેક પ્રકારના નિયમો રાખીને પ્રભુને ચાહતાં હતાં. શ્રીહરિ સધર્મની સ્થાપના કરીને અધર્મને ઉખાડી નાંખ્યો. શ્રીહરિએ પોતાના સત્ય મતને પ્રમાણિત કરાવ્યો. શ્રીહરિ નાશિકપુરમાં રહીને બધાં જ લોકોને પાપથી મુક્ત કર્યાં. સાચા ભક્ત બનાવ્યા. ત્યાર પછી હરિ પંચવટીમાં પધાર્યા. સમર્થ ગુરુ સાચા રૂપનું સ્મરણ કરતાં જતાં હતાં. નિલકંઠ પ્રભુ પંચવટીમાં રહીને લોકોના મન આનંદમય બનાવ્યાં. પોતાનાં ચરિત્ર કરીને આશ્ચર્યમય બનાવ્યાં. પાંચ દિવસ સુધી પંચવટીમાં રહ્યા.

ત્યાર પછી શ્રીપ્રભુ બટુક ગોદાવરીમાં ગયા. તે ગોદાવરીમાં ખૂબ જ પાણીનો પ્રવાહ વહેતો હતો. ઊંડી

વહેતી હતી. પોતાના પાણીના પ્રવાહથી હરિને નવરાવવાના અતિ ઉત્સાહથી ઉતાવળી થતી હતી. શ્રીહરિના ચરણનો પાણી સ્પર્શ કરવા માગતી હતી તે હરિના ચરણનો સ્પર્શ થયો એટલે તે ગંગા ગોદાવરીગંગા બની ગઈ તે કલોલ કરતી થકી શ્રીહરિને ઉમંગથી નવરાવતી હતી. પાણીના પ્રવાહના પુરમાં શ્રીહરિ જળક્રિડા કરતા હતા. ખૂબ જ જળક્રિડા કરીને નદીને હરિએ કૃતાર્થ કરી દીધી. શ્રીહરિ ગોદાવરીમાં સ્નાન કરીને ચતુર ચિત્તચોર ચાલવા માટે ઈચ્છા કરતા હતા. હરિ પોતાની ઈચ્છા પ્રમાણે વિચરતા પોતાના સંબંધવાળા પોતાના આશ્રિતજનોને મળ્યા. શ્રી નિલકંઠ પ્રભુ જાડીને ઉલંઘીને આગળ જઈને અનેક દેશોને ઉલંઘીને ધર્મની ધુરાને ધારનારા ધર્મ પ્રિય પ્રભુએ પોતાના આશ્રિતજનોને દર્શન આપતા હતા. જે જે પુરોમાં નગરોમાં ગામોમાં શ્રી ઘનશ્યામ પ્રભુના આશ્રિત ભક્તો થયા હતા તેમાં કુશળ કુંવરબાઈ એમનું નામ જાહેર છે. એમણે હરિનાં દર્શન કર્યાં અને પુરનાં લોકોને પણ દર્શન કરાવ્યાં. બધાનાં ત્રિવિધ તાપ પાપને ટાળીને શરીરથી મુક્ત કરતાં હતાં. લોકો શ્રીહરિના સ્વરૂપને હૃદયમાં ધારતા હતા. જે સ્વરૂપને જોઈને દર્શન કરે છે તથા હરિના સ્વરૂપમાં લોભાઈને રહે છે એ સ્વરૂપને સત્યરૂપ માનીને સુખ પામતાં હતાં.

સર્વના સુખસિંધુ ત્યાં થોડાક દિવસ રહીને જનબંધુ આગળ જવા ચાલતા થયા. હરિ જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં દેવપ્રભુ તરત જ જનોનાં સંસારનાં બંધનો તોડી નાંખતા હતા. આગળ જતાં તાપી નદી આવી. તે હરિને જોઈને ખૂબ જ ઉત્સાહમાં આવી ગઈ. તરંગોની ઉત્પત્તિના પ્રવાહમાં વેગપૂર્વક વહે છે. તેમાં હરિએ સ્નાન કર્યું. ત્યાર પછી જળપાન કર્યું. એને નવું તીર્થસ્થાન બનાવીને પ્રવિણ પ્રભુ આગળ ચાલવા લાગ્યા.

શ્રીહરિ લોકોના હિત કરવા માટે અજાણ્યા થઈને પોતાના ઐશ્વર્યને છુપાવીને સાદી રીતે ફરતા હતા. ક્યાંક ક્યાંક પોતાનું પ્રગટપણું જણાવતા થકા ફરતા હતા ત્યારે જેમની ઉપર કૃપાદૃષ્ટિ હતી એમને ઐશ્વર્ય પ્રતાપ બતાવતા હતા. અનેક નેસડાઓ અને ગામો નગરોમાં ચરણકમળની છાપો પાડીને તેને તીર્થરૂપ બનાવીને મનોહરમૂર્તિ સુખપૂર્વક ત્યાંથી આગળ ચાલતા હતા. શ્રીહરિ નિલકંઠ પ્રભુ સુરત શહેરમાં પધાર્યા. ત્યાંના રાજાનો ઉદ્ધાર કરવા પવિત્રધામ બનાવવા પધાર્યા. ત્યાં જિજ્ઞાસુ લોકોએ હરિને ખૂબ જ સન્માનપૂર્વક આવકાર્યા અને વર્ણિરૂપે દર્શન કરીને એમનું પૂજન અર્ચન કરતાં હતાં. પૂર્વનાં બીજ બળવાળાં લોકો ઘણાં બધાં હરિનાં આશ્રિત થયાં. ઘણાં બધાં લોકો શ્રીહરિનાં દર્શન કરવા હેતથી આવતાં હતાં. તેમાંથી અનેક લોકોને પોતાના પક્ષમાં આશ્રિત કરતા હતા. દૃઢ નિશ્ચય કરાવીને વર્ણિરાજ ત્યાંથી આગળ ચાલતા થયા. શ્રીહરિ સુરતથી ચાલીને ચાંણોદ કન્યાલિ (કંડાળી) પધાર્યા. ત્યાં નર્મદા નામની નદી શોભતી હતી. તે નદીમાં નરવીર પ્રભુએ સ્નાન કર્યું. તે પુરમાં શ્રીહરિ બહુ ન રોક્યા. ચાંણોદમાં લોકોએ હરિનાં દર્શન ચરણસ્પર્શ કર્યા શ્રીહરિના આશ્રિત થયા. ત્યાર પછી હરિ ત્યાંથી ડાભેઈ નામના પુર પ્રત્યે આવ્યા ત્યારે હરિને બટુક બ્રહ્મચારીરૂપે જોઈને લોકોના મનમાં ભાવવા લાગ્યા. તેથી લોકો સહજ સરલ ભાવથી ખૂબ જ માનસન્માન કરતાં હતાં. ત્યાંથી પ્રભુ વડોદરા નામના નગરે પધાર્યા. ત્યાં પોતાના આશ્રિતજનોને દર્શન આપવા પધાર્યા. વડોદરામાં મુમુક્ષુજનોએ હરિનો આદરસત્કાર કર્યો. એમને બટુક બ્રહ્મચારી ખૂબ જ પ્રિય લાગતા હતા. ખૂબ ભાવ થતો હતો. ત્યાં વડોદરામાં નાથભક્ત આદિક અનેક ભક્તો આશ્રિત થયા તે વડોદરાપુરમાં અનેક ભક્તો રહેતા હતા.

એવી રીતે શ્રીહરિ વડોદરામાં સારા જિજ્ઞાસુ લોકો હતાં. તેમને ઉપદેશ કરતા હતા અને જળમાં જમીન ઉપર બાગોબગીચાઓ કૂવાઓ સરોવરો બધેય હરિએ વિચરણ કરીને ચરણકમળથી પવિત્ર બનાવી

તીર્થરૂપ કર્યાં.

**એવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં છઠ્ઠા કિશોર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિએ પુર ગામોના માર્ગોને પવિત્ર કરીને તીર્થરૂપ બનાવ્યાં એ નામે ચોવીસમો તરંગ થયો. ॥૨૪॥**

# તરંગ-૨૫

પ્રતાપસિંહ રાજા કહે છે, હે સુવ્રત મુનિ ! શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ બોચાસણમાં પધાર્યા તે કથા કહો. ત્યાર પછી સાબરમતી નદીને ઉતરીને શ્રીહરિ પંચતીર્થિમાં ફરવા સુખધામ પધાર્યા તે પણ કથા મને કહો એવી મારી વિનંતી છે.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! શ્રીહરિ વડોદરામાં થોડા દિવસ રહીને પછી ત્યાંથી ચાલ્યા. માર્ગમાં મહી નદી આવી. તેમાં સ્નાન કરીને મનમાં રાજી થયા. તે નદીના નિર્મલ શાંતપ્રવાહમાં ગંગાના ગર્વને હરતા હતા. આવા ચરિત્રો હરિ કરતા હતા. વડોદરાથી ચાલ્યા. મહીમાં સ્નાન કરીને મુનિઓનાં સ્વામી કાનમદેશના લોકોનો ઉદ્ધાર કરવા બોચાસણ પધાર્યા. ત્યાં ધર્મશાળામાં વર્ણિરાયે ઉતારો કર્યો. સ્નાનવિધિ કરીને હરિએ નિત્યકર્મ પૂજાપાઠ કર્યાં. તે બોચાસણપુરમાં ભગવાનના એક ભક્ત નિવાસ કરીને રહેતા હતા. તે વૈશ્યવર્ણના હતા અને તેમનું નામ કાશિદાસ હતું. એમના માતાપિતા તો ભક્તના નામથી પ્રસિદ્ધ હતાં. પોતાના કલ્યાણ કરવાના ભાવથી ભક્તિધર્મકાર્ય કરતા રહેતાં હતાં. તે દિવસે કાશીદાસના ઘેર સંતો બ્રાહ્મણોને જમાડતાં હતાં. તેના માટે પાકો બનાવરાવ્યા હતા. બધાંને બોલાવતાં હતાં. ત્યારે તે ધર્મશાળામાં આવેલા અભ્યાગતોને બોલાવવા ગયા. કહે, અભ્યાગત ભાઈ જમવા ચાલો. આમ આમંત્રણ આપ્યું. ત્યારે ત્યાં એક નાના બટુકવેશે બ્રહ્મચારીને જોયા. તેઓ હરિના મંત્રનો પાઠ કરતા હતા. એમની પાસે જઈને સમાચાર કહ્યા. હરિને જોઈને કાશિદાસ કહે, એ આપને ભિક્ષા આપીએ અમારે ઘોર ચાલો. ત્યારે હરિ કાશીદાસને કહેવા લાગ્યા કે આ રસોઈમાં પાકો કોને બનાવ્યા છે. ત્યારે કાશીદાસ કહે, પ્રભુ સારા પવિત્ર બ્રાહ્મણોના હાથે રસોઈ બનાવરાવેલ છે ત્યારે પ્રભુએ કાશીદાસ ઉપર દયા કરીને એમને ત્યાં જવા માટે ઊભા થયા ત્યારે બધા જ સંતો સાથે કાશીદાસ ચાલતા થયા. અને કાશીદાસના ઘરે આવ્યા.

પ્રભુને બોલાવ્યા ત્યારે શ્રી બટુક રાયે પીળાં વસ્ત્રો ધારણ કર્યાં હતાં. આવીને પ્રભુએ જળથી ભૂમિ પવિત્ર કરીને ભૂમિ ઉપર પાટ હતી તેની ઉપર બેઠા. પાટલાં ઉપર બેસીને પ્રથમ શાલિગ્રામ વિષ્ણુને થાળ જમાડીને પછી કાશીદાસનું સારું કરવા હરિ જમતા હતા. કાશીદાસના પિતા અને સંબંધીજનો વર્ણિરાટનાં સ્વરૂપનાં દર્શન કરીને મનમાં આનંદ પામ્યા અને કહેવા લાગ્યા, હે બટુક ! અમારાં આજે ભાગ્ય ઉઘડ્યાં છે કે આપ જેવા પવિત્ર સંતો અમારે ઘેર પધાર્યા. તે આપનાં પગલાં થયાં એ જ પ્રમાણ છે. બટુકે શિરો દાળ અને ભાત પોતાની રૂચિ પ્રમાણે જમ્યા. જમીને તૃપ્ત થઈને મુખકમળને જળથી ધોઈને ચોખ્ખું કર્યું. ત્યાર પછી જળપાન કરીને પરવાર્યા. બધાં જ સગાં સંબંધીજનો બટુકપ્રભુનું રૂપ જોઈને પોતાનું કલ્યાણ થયું એમ મનતાં હતાં. બધા જ બટુકવર્ણિની સાથે જવા લાગ્યા. ધર્મશાળામાં ગયા ત્યારે માર્ગમાં કાશીદાસ પૂછવા લાગ્યા કે જીવનું રૂડું કેવી રીતે થાય ? મોક્ષ કેવી રીતે થાય તે કહો.

વર્ણિરાય કહે છે, હે કાશીદાસ ! પ્રગટ હરિ ભગવાન મળે અથવા ભગવાનના એકાંતિક સંતો મળે તો જીવનું કલ્યાણ થાય. કાશીદાસ કહેવા લાગ્યા કે પ્રગટ હરિ અથવા હરિના પ્રિય સંત એ આવા ઘોર કળિકાળમાં ક્યાંથી મળે ? એ તો મળવા દુર્લભ જ છે. ત્યારે ફરી હરિ કહેવા લાગ્યા કે તારી પાસે જ છે તોય તને નિશ્ચય ન હોય તો ફરી ક્યારેક તો મળશે. આ રીતનાં બટુકવર્ણિનાં વચનો સાંભળીને કાશીદાસ મનમાં વિચાર કરવા લાગ્યા કે જો આ બટુક પ્રભુ ન હોય તો જરૂર એમને ફરી ન મળાય. હશે તો જરૂર મળાશે જ.

આવી રીતે ધર્મશાળામાં જતાં વાતો ચર્ચા કરતા ગયા. પોતાના સંબંધીઓ અને વર્ણિરાટ ધર્મશાળામાં ગયા અને કાશીદાસ ત્યાંથી પાછા ઘેર ગયા. વર્ણિરાટ ત્યાં જ રોકાયા. આ રીતે નિલકંઠ વર્ણિ બે દિવસ ત્યાં રોકાઈને પોતાના ભક્તસમુદાયને દર્શન આપવા પધાર્યા. સર્વના સ્વામી બહુનામી બોચાસણથી ચાલતા થયા અને કાનમ પ્રદેશ ગુજરાત પ્રદેશને ઓળંગીને અકામી પ્રભુ બોરુપુર પ્રત્યે આવ્યા. ત્યાર પછી બલવીરા સાબરગંગાને કાંઠે આવ્યા. સાબરગંગાને જોઈ તેને કાંઠે રહ્યા. ત્યાં સ્નાન કરીને પ્રભુએ સાબરગંગા રૂપ બનાવી તીર્થ બનાવ્યું. ત્યાં મુમુક્ષુ લોકો શ્રીહરિ પ્રભુનું અન્ન અને પાણી વગેરે પદાર્થો વડે ભાવ પૂર્વક સન્માન કરીને પૂજન કરતાં હતાં. બોરુથી પ્રભુ ચાલતા થયા. સર્વના નાથ ભીમેશ્વર જવા માટે ઉતાવળથી જતા હતા. માર્ગમાં ભોળાદપુર આવ્યું તથા ધનાળા આવ્યું અને ધંધુકાપુર થઈને ભીમનાથમાં લોકોનાં સ્વામી સર્વનાં બંધન હરનારા પધાર્યા. ત્યાં નિલકો નદીએ અકામી પ્રભુ આવ્યા. ત્યાં ભીમેશ્વરનાં દર્શન કર્યાં. તે ભીમનાથના અધિકારી અતિત બાવા હતા. એમણે નિલકંઠવર્ણીને ખૂબ જ પ્રેમથી સન્માન સત્કાર કરીને આવકારતા હતા.

ધર્મના ધુરંધર એવા નિલકંઠ પ્રભુ ધર્મની વાતો કરીને લોકોના મનને આનંદ આપતા હતા. હરિનાં દર્શન ચરણસ્પર્શ કરીને અનેક લોકો વગર બોલાવ્યે ત્યાં આવવા લાગ્યાં. શ્રીહરિનાં દર્શન અને વાતો સાંભળીને બધા મુમુક્ષુઓ નિલકંઠ બટુકનાં આશ્રિત થયાં. વર્ણિને ભગવાન રૂપે ઓળખતાં હતાં. શ્રીહરિએ એમને થોડુંક ઐશ્વર્ય બતાવ્યું અને ત્યાર પછી પ્રભુ ત્યાંથી ચાલતા થયા.

ભીમનાથથી પ્રભુ ગોપનાથધામને માર્ગે ચાલતા થયા. ગુણનિધાન લોકોના અજ્ઞાનને હરનારા અને સાચું જ્ઞાન આપનારા વર્ણિ અનેક પૂરો અને ગામોને ઓળંગીને સર્વના પ્રિય પ્રભુ ચાલ્યા જતા હતા. લોકોના દુષ્કૃતને હરવા અને સુકૃત વધારવા બધે ફરતા હતા.

હરિ ગોપનાથમાં ગયા અને લોકોને સનાથ કરતા હતા જગતનું પ્રિય કરનારા ભવના ભયને હરનારા પ્રભુ પધાર્યા. ત્યાં બધાં જ લોકોને દર્શન આપ્યાં. દેવાલયમાં દર્શન કરીને ત્યાં લોકોને ઉપદેશ આપીને સુખી કર્યાં. વર્ણિન્દ્ર ત્યાં તીર્થ કરીને આગળ ચાલતા થયા. શ્રીહરિ આ પૃથ્વી ઉપર પ્રગટ થયા તે પણ લોકોના કલ્યાણ માટે છે. અટેલા માટે સુખપૂર્વક મુનિવર્ય ગોપનાથથી તુલસીશ્યામ જવા લાગ્યા. એ ધામ તો ખૂબ જ પ્રાચીન તીર્થ છે. તેથી તેને પરમધામ બનાવીને ચાલ્યા. સતશાસ્ત્રના આધારે શ્રીહરિ વાતો કરતા હતા. સત્ય પ્રમાણે રહેતા હતા. જગતનું મંગળ કરવા પધાર્યા. ઐશ્વર્ય પ્રતાપ લોકોને જણાવતાં હતાં. લોકો પ્રભુના શરણાગત ભક્તોને શરણાગત કરીને શ્રીહરિ બધાં જમી રહ્યા. ત્યાર પછી હરિ ચાલતા થયા. તુલસીશ્યામથી પ્રભુ પ્રભાસ પાટણના માર્ગે ચાલતા થયા. માર્ગમાં આવતાં લોકોને તથા વૃક્ષ વેલી ગુલ્મલતાઓ બધાનું મંગળ કરતા ચાલ્યા. એવી અલૌકિક ભગવાનની લીલા છે. લોકોના હિત કરનારા જગતના જીવનરૂપ હરિ સુંદર ક્ષેત્ર એવું પ્રભાસપાટણને તીર્થ કરતા ફરતા હતા અને એકાંતિક આશ્રિત સેવકો બનાવવા વિચરતા હતા.

ફરતા ફરતા પ્રભુ ગિરનારની છાંયામાં ગયા. અનેક જીવોને ભવસાગરને તારવા માટે નૌકાસમાન વિચરતા હતા ત્યારે ખળ અધર્મના આશ્રયવાળા લોકો જોઈને ખોદણી કરતા હતા. શ્રી બટુકપ્રભુ ગિરનારની છાંયામાં જુનાગઢ પધાર્યા. ત્યાંના લોકોને દર્શન આપીને એમના ભવને તારવા ગયા. ત્યાં રેવતગિરીની ઘાટી છાંયાં ગુફાઓવાળા તે પર્વતમાં વૃક્ષો નવાં પાંદડાં ફૂલોફળને લીધે અઢાર ભાર મનોહરતાથી શોભતું હતું. ત્યાં હરિના ચરણકમળનો સ્પર્શ થવાથી ઘાસ વેલીઓ ગુલ્મો વૃક્ષો વિગેરે મુક્તિનાં અધિકારી થયાં. ત્યાં માર્ગમાં આવતાં જતાં નરનારીઓ પશુપક્ષીઓ બધાં જ પ્રભુના રૂપને જોઈને એમાં આકર્ષાતાં હતાં. તેથી રોકાઈ જતાં હતાં.

શ્રીહરિ રસાસ્વાદના ત્યાગ વૈરાગ્યની મૂર્તિસમા સર્વને ફળ આપનારા સર્વોપરિ અતિ સ્ફૂર્તિવાળા પ્રભુ ફરતા ફરતા માંગરોળ બંદર નામના પુરે પધાર્યા. નિલકંઠ પ્રભુએ આવી રીતે વિચરણ કરીને તીર્થો બનાવ્યાં. સાચા પવિત્રધર્મને સ્થાપન કર્યો. અધર્મ સર્ગનો નાશ કર્યો. તેમાં પણ પોતાના સર્વોપરિ ઐશ્વર્ય બધાંને જણાવતા હતા.

હરિએ સત્શાસ્ત્રનો વાદપ્રતિવાદ કરીને પાખંડી ગુરુઓને જીતીને, મુમુક્ષુ જીવાત્માઓને એમનાંથી છોડાવીને બધાના ભવ ભયને હરિને સર્વ લોકોને બ્રહ્મવાદનો રાહ સમજાવ્યો. નિલકંઠ પ્રભુ તપ બ્રહ્મચર્ય ત્યાગનાં શુભ નિયમોમાં શુદ્ધ આચરણ પોતેપોતાના જીવનમાં રાખતા હતા. શાંત સ્વભાવ કોઈ પ્રકારની તિતિક્ષા નહીં રાખનારા નિસ્પૃહાવાળા ત્યાગ અને અપરિગ્રહ વૃત્તિવાળા, તથા બધાને સેવવા યોગ્ય અંગ ઉપર કેવળ કૌપિનને ધારણ કરનારા ખુલ્લાં અંગોવાળા વસ્ત્ર વિના જ બધી ઋતુઓમાં ખુલ્લામાં રહેનારા મૃગચર્મને ધારનારા, મસ્તક ઉપર જટાવાળા વૃક્ષ નીચે વાસ કરનારા, ત્રણવાર દરરોજ સ્નાન કરીને નિત્યવિધિ પ્રમાણે રહેનારા શ્રીકૃષ્ણનું અર્ચન પૂજન પાઠ નિત્ય કરનારા પ્રાણનો નિરોધ કરીને ચોર્યાસી આસન સિદ્ધ કરેલાં ઠંડી ઋતુમાં વસ્ત્ર વગર રહેનારા અગ્નિનો સ્પર્શ નહી કરનારા ઉદાસીન વૃત્તિવાળા.

અહર્નિષ સ્વસ્વરૂપનું ધ્યાન ચિંત્વન કરનારા અનંત કોટિ બ્રહ્માંડોની નિયમિત આજ્ઞા પ્રમાણે ક્રિયા કરાવનારા પ્રભુ પોતાના શરીરની ચાંબડિ હાડકાં નાડીઓ વિગેરેની કોઈ દરકાર ન રાખનારા ત્યાગી ધર્મનું પોતે પાલન કરીને બધાને કરવાનું સમજાવતા અને પળાવતા એવા શ્રીહરિ પ્રભુ વિચરતા હતા. શ્રીહરિ પોતાના શરીરની ખબર જ નહોતા રાખતા. અને કોમળ ચરણકમળને કોઈ આવરણ રાખતા ન હતા.( ખુલ્લા જ પગે ફરતા) કાંકરાકાંટા ખાડાટેકરામાં રાતદિવસ એમને એમ ફરતા હતા.

કોઈને માર્ગનું પણ પૂછતા ન હતા અને પ્રભુ ઘોર વિકટવનમાં એકલા જ ફરતા હતા. સર્પસિંહ વિગેરે કોઈ જંતુનો ભય ન હતો કંદ મૂળ ફળને કોઈ કોઈક દિવસ લેતા. કોઈ દિવસ કેવળ પાણી અને વૃક્ષનાં પાંદડાં લેતા. ક્યારેક નિરાહાર રહેતા. ક્યારેક કેવળ પવનનું ભક્ષણ કરતા. ક્યારેક ચાંદ્રાયણાદિક વ્રત કરતા. સ્ત્રીનાં ગંધ રાગરંગથી ઉર્ધ્વરેતા રહેનારા, ઇંદ્રિયોને જીતીને વશમાં રાખનારા બધા જ ઉપવાસના દિવસે અનાજની સુવાસ પણ નહોતા લેતા. અતિ ત્યાગવૃત્તિવાળા. કેટલાક ત્યાગી વૈરાગી હરિના સ્વરૂપ ગુણને જોઈને આકર્ષાઈને હરિ ભેળા રહેવાનો કોડ રાખતા પણ વર્તણૂંક જોઈને પાસે કોઈ મુનિમહારાજ ટકી શકતા જ નહતા. એવા વૈરાગ્યવાન પ્રભુ હતા.

દેવો મુનિજનો મનુષ્યો વિગેરેથી હરિના જેવું તપ અને વ્રત આચરણ કાંઈ ન કરી શકે એવા. દૃઢ ખ્યાતિવાળા પ્રભુ સાત વર્ષ અને એક માસ થયો ઘરનો ત્યાગ કરીને વનમાં વિચરતાં લોજપુર પધાર્યા. વિક્રમ સંવત અઢારસો છપ્પના વર્ષાઋતુમાં શ્રાવણવદી છઠ્ઠના રોજ બુધવારે નિલકંઠ પ્રભુ વનવિચરણ પૂર્ણ કરી

માંગરોળ બંદરથી લોજપુરમાં પધાર્યા ત્યારે ગામની ભાગોળમાં સુંદર વાવ હતી. તેના કાંઠા ઉપર સવારના પહોરમાં આવીને વિરાજમાન થયા હતા.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં છઠ્ઠા કિશોર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિ પશ્ચિમના તીર્થ (પઝ્ચતીર્થી) કરીને લોજપુર પધાર્યા તેના કથન નામનો પચીસમો તરંગ થયો. ॥૨૫॥**

# તરંગ-૨૬

રાજા કહે છે, હે મુનિરાય ! શ્રીહરિ નિલકંઠ પ્રભુ પ્રથમ લોજમાં પધાર્યા ત્યારે બધાયની પહેલાં કયા સંત પ્રભુને મળ્યા હતા. ત્યાર પછી એમની સાથે કયા કયા પ્રશ્ન પૂછાયા હતા તથા એના ઉત્તરોમાં શું કહેવામાં આવ્યું. આ બધું મને કહી સંભળાવો.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન ! ઉધ્ધવમૂર્તિ રામાનંદ સ્વામીનાં સત્તાવન સંતો હતા. તેમાંથી મુક્તાનંદ સ્વામી જેમાં મુખ્ય હતાં. એ બધાય સંતો લોજપુરમાં રહેતા હતા. તેઓ સત્સંગ કાર્ય કરતા હતા. તે સંતો ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિ કરવામાં જોડાયેલા ભક્તિમાં અતિ અનુરાગવાળા અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય મહાત્મ્ય સહિત ભક્તિ કરનારા બધા જ સંતો આ રીતે સાથે રહેતા હતા. તેમાં સુખાનંદ સ્વામી પણ એક હતા. તે સુખાનંદ સ્વામી વાવ ઉપર સ્નાન કરવા માટે આવેલા હતા ત્યારે ધ્યાનમગ્ન અવસ્થામાં એકલા જ બેઠેલા વર્ણિ શોભતા હતા. તેઓ ત્યાગ વૈરાગ્ય જ્ઞાન વિગેરેમાં તથા તપસ્વીઓમાં અગ્રેસર એવા આ વર્ણિ પ્રત્યે સુખાનંદ સ્વામી બોલ્યા.

હે વર્ણિરાજ ! તમે અત્યારે ક્યાંથી આવો છો અને અહીંથી ક્યાં જવાનો નિર્ણય કરેલ છે ત્યારે વર્ણિરાજ સુખાનંદને કહેવા લાગ્યા. અમે તીર્થમાં યાત્રા કરતા ફરતા થકા પૃથ્વી ઉપર પરિભ્રમણ કરતા કરતા અત્યારે અહીં આવ્યા છીએ. હરિની ઇચ્છાથી ક્યાં જવાનું તેનો નિર્ધાર નથી ત્યારે વર્ણિરાટ સુખાનંદને પૂછવા લાગ્યા કે તમે કોના શિષ્ય છો ? તમારૂ શું નામ છે ?

સુખાનંદ સ્વામી કહે, અમારા ગુરુ રામાનંદ સ્વામી છે તે તો આ ભૂમિ ઉપર ભગવાન રૂપે પ્રસિદ્ધ થયેલા છે. હું સુખાનંદ એમનો શિષ્ય છું અને મારા જેવા એમના શિષ્યો તો ઘણા બધા છે. રામાનંદ સ્વામીના (૬૦) સાઈઠ સાધુ છે તેમાં મુક્તાનંદ સ્વામી મુખ્ય છે તે ગુરુ રામાનંદ સ્વામીની આજ્ઞાથી, એ બધા જ સંતોમાંથી પાંચ સંતો આંહિ રહે છે. સુખેથી પ્રભુ ભજન કરે છે. તે બધા સંતો આ ગામમાં રહીએ છીએ અને આ જગ્યાએ સ્નાનવિધિ કરીએ છીએ. આપને તપોનિધિ મૂર્તિ જોઈને તમારામાં મનનું ખેંચાણ થયું આપનાં દર્શન થયાં એ અમારાં મોટાં ભાગ્ય છે. અમારા મોટા ગુરુ ભાઈ બધામાં જે મોટા છે એમને આપનાં દર્શન કરવાની ઘણી ભાવના છે. આપને એ જોશે તો પણ ખૂબ જ રાજી થઈ જશે એમને સારું લાગશે માટે આપ અમારા આશ્રમમાં પધારો એવી વિનંતી છે. અમારા ગુરુની આજ્ઞા છે કે કોઈ તમારા જેવા પવિત્ર સંતો તપસ્વીઓ આવે. એમની સેવા કરવી તો આપનાં દર્શન કરવા જેવા મહાયોગ્ય છો. બધા જ સંતો દર્શન કરવા યોગ્ય હોય છે તો આપ તો પરમારથ કરતા પધાર્યા છો. જો તમે અમારા આશ્રમમાં પધારો તો સારું, જો નહી પધારો તો દુઃખ પામતા થકા બધા જ અહીં દોડીને આવશે. આ રીતનાં વચન બોલતાં સાંભળીને મહાત્મ્ય યુક્ત પ્રેમભાવવાળા સુખાનંદ

સ્વામીને વર્ણિરાય કહેવા લાગ્યા.

નિલકંઠ મુનિ કહેવા લાગ્યા કે અમે તો પુર કે ગામમાં વસ્તીમાં જતા જ નથી. કોઈ ગામમાં રહેતા જ નથી. અમે તો રોજે નવાં નવાં વૃક્ષ નીચે વાસ કરીએ છીએ તો પણ અમે તમારી ભેગા જરૂર આવશું જ. હવે સંતોનાં દર્શન કરવાની મનમાં ભાવના જાગી છે તો જરૂર ચાલશું. આમ કહીને નિલકંઠવર્ણિ તરત જ ઉઠ્યા. સુખાનંદ સ્વામીની સાથે ચાલતા થયા. લોજપુર ગામમાં પ્રવેશ કર્યો અને મુનિના આશ્રમમાં પધાર્યા. ત્યારે આશ્રમમાં સર્વે સંતોએ બટુકરાજના દર્શન કર્યાં ત્યાં તો બધાના મનચિત્ત એમનામાં ખેંચાવા લાગ્યાં ત્યારે સુખાનંદ સ્વામી બધાંને બોલાવીને કહે આમનાં દર્શન કરો. આ મહાયોગી સમજો.

ત્યારે બધા જ સંતો પોતપોતાના આસન ઉપરથી ઉઠીને બધા જ નિલકંઠ બટુકની ચારેબાજુ ભેગા થઈને બેઠા. તપ, વૈરાગ્ય અને ત્યાગના સાગર એવા બટુકમૂર્તિને પોતાના નેત્રથી હૃદયમાં ખેંચતા હતા. આ રીતે મુક્તમુનિ આદિક સર્વે સંતગણો મનોહર મૂર્તિ જોઈને અલૌકિક ધામની છબી જ પ્રત્યક્ષ છે. આ ઘનશ્યામ પ્રભુ ક્યાંથી આવ્યા. નિલકંઠ પ્રભુનાં ચરણકમળને ધોઈને સુંદર પવિત્ર આસન ઉપર બેસાડ્યા. મુક્તાનંદ સ્વામીની નજીકમાં જ બેઠા અને બધા જ મુનિજનો ચારેબાજુ નજીકમાં વર્ણિને ઘેરીને બેઠા અને નિરખી નિરખીને દર્શન કરવા લાગ્યા. શ્રીહરિનાં સ્વરૂપનાં દર્શન કરીને બધા જ સંતોને આશ્ચર્યનો કોઈ પાર જ ન રહ્યો. શ્રીહરિ નયનોથી કરુણા વર્ષાવતા હતા. મુખથી અમૃતમય વચનો બોલતા હતા. અમૃતનો પ્રવાહ વહેતો હતો. હસ્તકમળથી અભયદાન દેતા હતા. શ્રેયની દૃષ્ટિથી ઝરણાં વહેતાં હતાં. શ્રીહરિનાં શરીરની ચામડી હાડકાં ધમની નાડિઓ ચારેબાજુ ફેલાયેલી થઈ. બધાં અંગોમાં સ્પષ્ટ દેખાતું હતું. વર્ણિઓના ઇંદ્ર એવા ત્યાગીઓના ઇંદ્રસમાન નિર્મળ ઐશ્વર્ય પ્રતાપથી જોતા હતા. અમૃતદૃષ્ટિ કરતા હતા. એમને જોવા એમના અમૃત વચનો સાંભળવાં એ ભાગ્યનો ઉદય થયો હોય તો જ આ સર્વ પ્રાપ્ત થાય છે.

શ્રી નિલકંઠ પ્રભુનાં રૂપ લક્ષણનું વર્ણન કરે છે. આ ઋષભદેવ અથવા જડભરત હોય કે ચારે સનકાદિક તો નહિ હોય ને ? શું આ કપીલદેવ છે કે ગુરુદત્ત છે કે નવ યોગેશ્વરોનું પ્રતિકતા નથી ને ? શું આ શંભુ છે કે વામનજી છે કે શું આ શુકજી છે યા નારદજી છે. શું કોઈ આ આરુણિ છે કે ઉપમન્યુ છે. શું આ હજારો પુત્રના પ્રતિકતો નથી ને ? કોઈ આ કાર્તિક સ્વામી તો નથી ને ? ત્યારે કોઈ સંત કહે આ બધાની તુલના નિલકંઠ સાથે ન થાય. કેમકે આ તો સર્વે સિધ્ધોના સ્વામી બધાને શુભ ફળના આપનારા આવ્યા છે.

આ વર્ણિની મન કર્મ વચન અને દેહથી સેવા પરિચર્યા કરો. આ તો આપણી ઉપર સર્વના સ્વામી છે. સર્વના મનને આનંદ આપનારા છે. આ પ્રમાણે મુક્તાનંદ સ્વામીએ કહેલાં વચન પ્રમાણે બધા જ સંતોએ સેવા કરવા તત્પરતા બતાવી. ત્યાર પછી બટુક ચર્ચા કરવા લાગ્યા. અનેક જનો જુદા જુદા વર્ણન કરતાં હતાં. વર્ણિન્દ્રએ પોતાના મનની ઈચ્છા મુજબ પ્રેમપૂર્વક પાક કરાવરાવ્યા. નિલકંઠ વર્ણિએ ભાવનાપૂર્વક વિષ્ણુને નિવેદ્ય ધરાવ્યું. ત્યાર પછી બટુક ભગવાનનો પ્રસાદ જમ્યા. શ્રીહરિ નિલકંઠ વર્ણિ પોતાના પ્રભાવને છુપાવીને બધાયની માફક વર્તતા હતા. બધાય આશ્રમ પોતાના છે એમ માનીને મુનિજનો સુભક્તો એ રીતે જ વર્તાતાં હતાં. નમ્રતાથી હેત જણાવીને પોતાના જ માણસ હોય તેમ વર્ણિને માનપૂર્વક આનંદથી રાખતા હતા. વિનય પ્રમાણે વર્તતા થકા ત્યાગની આકૃતિ મનને વશમાં રાખે તેમ રહેતા હતા. બધાય શિષ્યો રામાનંદ સ્વામીના છે એમ જાણીને વર્ણિ પણ શિષ્ય થઈ ગયા એ પ્રમાણે વર્તતા હતા.વર્ણિરાય મુક્તમુનિને નમ્રતાથી પૂછવા લાગ્યા.

નિલકંઠ વર્ણિ કહે છે, હે મુક્તાનંદ સ્વામી બધાં મુનિમંડળમાં તમે જ મોટા છો. સ્વામીના શિષ્યોમાં પ્રસિદ્ધ છો. એટલે હું આપને એક પ્રશ્ન પૂછું છું. તેના આપ યોગ્ય રીતે ઉત્તર કરજો. જીવ, ઈશ્વર, માયા ને બ્રહ્મ અને પરબ્રહ્મનાં રૂપોને જુદાં જુદાં અનુક્રમ પ્રમાણે સમજવાનું ઇચ્છું છું. તો આપ વિગતવાર સમજાવો.

મુક્તાનંદ સ્વામી કહે છે, હે વર્ણિરાય ! તમે પ્રશ્ન તો અતિ સુક્ષ્મ રિતના પુછેલ છે. તો પણ હે વર્ણિ ! ગુરુ રામાનંદ સ્વામી પાસેથી જેવા જાણ્યા છે. અને મને જેવા સમજાયા છે. તે પ્રમાણે કહું તે તમે સાંભળો. ત્રણ પ્રકારના શરીરમાં ત્રણ ગુણ વ્યાપીને રહેલા છે. તેને ત્રિગુણ ક્રિયા શરીરમાં કરાવે છે તે. નિત્ય છે કોઈનો અંશ ભાગ નથી એ કાયમી શાશ્વત છે. નખથી લઈને શિખાપર્યંત વ્યાપેલ છે. બધાંને માર્ગદર્શન આપનારો છે. સ્વયંપ્રકાશમાન અતિ સૂક્ષ્મ અમર છે. કયારેય ચલાયમાન નથી થતો. ભેદાતો કપાતો નથી. તેવો જીવ છે. એમ વેદમાં કહેલું છે.

વિરાટ આદિમાં વ્યાપક થઈને ઉત્પત્તિ સ્થિતિ ક્ષય નાશ કરનારા તે જગતના સર્વ વાતાવરણને જાણનારા કાયમ કહેવાય છે તેને તમે ઈશ્વરરૂપ જાણો. જીવ ઈશ્વરનાં ક્ષેત્ર વિભાગ કહેવાય છે તે સ્થાન ભોગના રૂપે ત્રણ દેહમાં શોભે છે. પૃથ્વી જળ અને અગ્નિ વાયુ આકાશ અને અહંકાર મહાતત્ત્વ બધાં કાર્ય મુખ્ય છે. હે રાજન ! વિદ્યા અવિદ્યા આ તો ભગવાનની શક્તિ (માયા) છે. તે જડરૂપ છે. મિથ્યા છે. એક અંધકારમય છે. એક ચિદાકાશરૂપ કાર્ય કરનારી છે. ત્રિગુણાત્મક છે. એ પ્રમાણે મુનિએ માયાનું રૂપ માનેલ છે. પૂર્ણ સત્ય જ્ઞાનમય નામથી સતચિત્ત આનંદરૂપ પુરુષરૂપે રહી હરિની સેવા કરે છે અને તે ધામરૂપ થઈને શ્રીહરિ અને તેના અનંત મુક્તોને ધારી રહ્યા છે. બ્રહ્મરૂપ જે છે તે તો શુદ્ધ છે. નિત્ય છે. અક્ષર છે. અવિકારી છે. માયા આદિકને પ્રકાશ આપનાર છે. સર્વનો આધાર છે. અનંત છે. તે અપાર છે. સર્વથી ન્યારા છે. તે બ્રહ્મનું સ્વરૂપ છે. વાસુદેવનારાયણ નામના સત્ય સકલ્પ જેમનો છે એવા, સદાય સુખના ધામરૂપ સ્વયં પ્રકાશવાન સ્વતંત્ર સ્વરૂપવાળા, દિવ્યમૂર્તિ અદ્‌ભુત અલૌકિક મનોહર સ્વરૂપવાળા, યોગ્ય એવા સર્વકર્મના ફળને આપનારા, સર્વમાં વ્યાપક હોવા છતાં સર્વથી વ્યતિરેક (જુદા) એવા, સર્વશક્તિવાળા અપાર અનંત ઐશ્વર્યવાળા સર્વના પ્રમાણરૂપ ષડગુણ ઉદારમૂર્તિ સ્વયં છે. ચતુર્વ્યૂહ સ્વરૂપો અક્ષરમુક્ત મહાકાળ નિગમ આગમ મહામુક્તોના સ્વામી, નારાયણ, કારણના કાર્ય કરનારા, સર્વના નિયંતા બ્રહ્મ પર એની ઉપર તે પરબ્રહ્મ પરસ્પર સ્વયં ભગવાન હરિ છે તે પરબ્રહ્મસ્વરૂપે છે. જેને પુરુષોત્તમ પરબ્રહ્મ કહેવાય છે તે જ પોતે પરમાત્મા પરમેશ્વર છે. દેવો મુનિજનો ઈશ્વરો બીજા બધા જ આમનું ભજન કરે છે. એ તમારા પ્રશ્નનો ઉત્તર છે.

મુક્તો મુમુક્ષુઓ બધાયના આ એક જ ઉપાસ્ય છે. ઉપાસના કરવા માટેના યોગ્ય છે. એમના વિના બીજા કોઈની ઉપાસના કરે તે તો બધાં જ લોકો જ્ઞાન વિનાના અજ્ઞાની મૂર્ખ છે. હે બટુક ! આ જે ઉત્તર મેં કર્યો છે. તે મેં મારા ગુરુના મુખ થકી સાંભળેલો છે. તે પ્રમાણે કર્યો છે. આનો અતિ વિસ્તાર તો મારા ગુરુ રામાનંદ સ્વામી જાણે છે એ સમજાવશે. રામાનંદ સ્વામી મહાજ્ઞાનના ભેદને જાણનાર છે. એ પોતે બધું જ પ્રત્યક્ષ જુવે છે. લોકોને મૂર્તિનું લક્ષ્ય કરાવે છે અને એ પોતે લોકોમાં ભગવાનના સ્વરૂપે વિખ્યાત છે. બધા લોકો એમને ભગવાન રૂપે જુવે છે. જીજ્ઞાસુ લોકો કાયમ માટે સ્વામીની પાસે જ રહે છે. સ્વામી બ્રહ્મવિદ્યામાં ખૂબ જ જાણકાર છે. ભવસાગરને પાર કરવાના સ્વરૂપે રહેલા છે.

આમ કહીને મુક્તાનંદ સ્વામી મૌન રહ્યા. સ્વામી તો કાયમ નિર્માનિ સ્વભાવના હતા. તે શિતળ શાંત

થઈને રહ્યા ત્યારે નિલકંઠવર્ણિ મુક્તાનંદ સ્વામીનો સાધુને યોગ્ય સ્વભાવ જોઈને એકદમ સરલ સ્વભાવની પુરી પ્રતીતિ થઈ ગઈ. વર્ણિરાજ મુક્તાનંદ સ્વામિનાં કહેલાં વચનો સાંભળીને રાજી થયા. કોઈ જાતનો દંભ કે કપટ સ્વામીના આચરણમાં કે સ્વભાવમાં નહિ જોઈને વર્ણિ કહેવા લાગ્યા કે તમે જે ઉત્તરો કર્યા તે બધા સાચા જ છે. એ ઉત્તરો સાંભળીને હું સાવ નિસંશયવાળો થયો છું.

તમે તો બધાં જ શાસ્ત્રના જાણનારા છો. એટલે સાચા ઉત્તરો આપ્યા. અમે જ્યાં જ્યાં ફર્યા ત્યાં અમને ઘણાં ઘણાં માણસો મળ્યા. એમને અમે અનેક પ્રકારના પ્રશ્ન પૂછેલા પણ કોઈ ઉત્તર આપવા માટે સમર્થ જ ન થયા. કોઈએ ઉત્તર જ ન આપ્યા. સત્‌શાસ્ત્રોમાં જે સંતનાં લક્ષણ કહેલાં છે તે બધાં જ લક્ષણો તમારામાં મને જોવા મળ્યાં છે. તે એકદમ યુક્ત જ છે. તમારાં દર્શન કરીને હે મુનિજનો ! હવે મારા મનમાં અતિ આનંદ થયો છે.

ત્યારે મુક્તાનંદ સ્વામી વર્ણિને મધુર વાણીથી કહેવા લાગ્યા કે તમારા જેવા કોઈને અમે જોયા નથી અને કોઈને ક્યારેય સાંભળ્યા પણ નથી. તમે તો પ્રશ્ન પૂછવામાં ખૂબ જ હોંશિયર જ્ઞાની છો. તમારી બુદ્ધિની અમને ચર્ચાથી ખૂબ જ પરિચય થઈ ગયો છે.

શ્રીહરિ સાધુ સમુદાયના સમૂહમાં રહીને સેવાભક્તિથી ખૂબ જ આનંદ પામતા હતા. પોતાની સ્થિતિને સ્થિર કરીને ત્યાં જ રહેવાનો નિર્ણય કરતા હતા. બધાં જ સંતો પોતાની બુદ્ધિથી શ્રીહરિને અલૌકિક રૂપે જોતા હતા અને મહાત્મ્ય સ્નેહની સાથે ભક્તિભાવથી બધા જ સંતો અરસપરસ સેવા સુશ્રુષા કરતા હતાં. આનંદપૂર્વક રહેતા હતા. આ રીતે દરરોજ અતિશય આશ્ચર્યમય કાર્ય કરતા થકા હરિના ચરિત્રભાવને કોઈ પારખી શકતા ન હતા. મનુષ્ય સ્વરૂપે નરવીરની જેમ એમનો નિશ્ચય કરીને એમના આશ્રયમાં રહેતા હતા.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં છટ્ઠા કિશોર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રી લોજપુરમાં પ્રવેશ કરેલ શ્રીહરિની સાથે સંતોનો મિલન ઉછ્વ થયો એ લીલાકથન નામે છવીસમો તરંગ થયો. ॥૨૬॥**

## તરંગ-૨૭

પ્રતાપસિંહ રાજા કહે છે, હે સ્વામી ! રામાનંદ સ્વામીને મળ્યા પહેલાં પ્રભુ શ્રી ઘનશ્યામ લોજપુરમાં રહેતા હતા. તે સમયે સંતોની સાથે જે જે લીલાઓ કરી હોય તે મને કહો.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! તમને ધન્ય છે. તમને કૃતાર્થ કરે એવી લીલા હરિની કહું છું તે સાંભળો. તે લીલા પણભાગવતી જેવી જ હોય તે લીલાનું શ્રવણ કરીને પોતાની મનવૃત્તિને સતત એમાં જોડીને રાખવી જોઈએ. ધ્યાનયુક્ત થઈને એકાગ્ર ચિત્ત થઈને કમલનયન પરબ્રહ્મના રૂપમાં જોડાવું જોઈએ. મુક્તાનંદ સ્વામિની સાથે બધા જ સંતો હાથ જોડીને નિલકંઠ વર્ણિને કહે, હે ભગવંત ! આપ કોનું ધ્યાન ધરો છો. કેવી રીતે કરો છો તે અમને કહો. અમારે તે જાણવું છે તો જણાવો.

નિલકંઠ વર્ણિ કહે છે, જે હું ધ્યાન ધરું છું તે તો જેને દિવ્ય સતચિદ્ આનંદઘન કહે છે તે તો અપ્રમેય અપાર કહેવાય છે. અનંત કોટિ બ્રહ્માંડોને ઉત્પન્ન કરે છે. સર્વનો આધાર સર્વ જાણનાર ક્યારેય ચલાયમાન ન થનાર

જેને અક્ષરબ્રહ્મ કહે છે. જેના નામને નિગમ કહ્યા કરે છે. જેને વાસુદેવ કહે છે, હરિકૃષ્ણ એમનાં સુખ ધામો છે. એવા તે પ્રભુ મારા હૃદયમાં નિવાસ કરે છે. તે હૃદયમાં હું હરિકૃષ્ણ પ્રભુને દેખું છું. પુરુષોત્તમ નારાયણ મારા પરબ્રહ્મ સુખદાતા છે. એમની વય કિશોર છે. એમનું સ્વરૂપ તો અતિ અદ્ભૂત છે. સર્વત્ર વ્યાપીને રહેલા છે એ મારું ધ્યાન છે. બધા જ સંતો મુક્તાનંદ સ્વામી સહિત શ્રીહરિના મુખથી વચનો સાંભળીને કહે, તમે અને અમે બધા જ એક જ ઈષ્ટદેવના ઉપાસક છીએ. આપણા બધાના એક જ ભગવાન છે.

જો તમે કહો કે તે એક જ ભગવાનને કેવી રીતે એક તો તેના ઉપર પણ હું કહું છું. રામાનંદ સ્વામી મારા ગુરુ છે તેઓ રામનુજના શિષ્ય થયા હતા. શ્રીરંગક્ષેત્રમાં તેઓ મળ્યા. દર્શન દિક્ષા રામુનુચાર્યે રામાનંદ સ્વામીને આપ્યાં હતાં. લક્ષધારણામાં જ બધી વાત કહી હતી. ચિહ્નો સહિત બધાં જ અંગો જોઈને જાગ્યા ત્યારે મુનિરાયને દિવ્યરૂપનાં તેજના સમૂહમાં દર્શન થયાં તે દર્શન શ્રીકૃષ્ણનાં થયાં હતાં. તે જ શ્રીકૃષ્ણના તેજમાં તે સ્વરૂપ તે તમો સાક્ષાત્ જુવો છો. તેનાથી આપણી બધાની ઈષ્ટદેવની ઉપાસના સમાન જ છે. એટલા માટે તમે અને અમે બધા એક જ ઈષ્ટદેવના ઉપાસક છીએ.

આ રીતે અસરપરસ વાતો સાંભળીને શ્રીહરિ મનમાં વિચાર કરતા હતા અને માતાપિતાને રામાનંદ સ્વામી મળ્યા હતા. એમની પાસેથી માતા પીતા ભાઈ વૈષ્ણવી દિક્ષાને ગ્રહણ કરી હતી. માતા પિતા અને મોટાભાઈના ગુરુ ઉદ્ધવના અવતાર રામાનંદ સ્વામી છે. એ પુરાવો બરોબર મળે છે અને ભરતખંડની બધી જ ભૂમિમાં આનાથી (રામાનંદ સ્વામીના સમુદયથી)ઉત્તમ શ્રેષ્ઠ બીજું એકે સ્થાન છે જ નહીં. એ રામાનંદ સ્વામીને જ શ્રીકૃષ્ણ પ્રભુએ પૃથ્વી ઉપર આવવા પ્રેર્યા હતા. એમણે આવીને ભૂમિ ઉપર સુંદર સત્સંગ ચલાવ્યો છે. આ બધા જ સંતો તો મુક્ત મનના હોય છે તેથી આમનાં ભેળા મારે રહેવાનું અનુકૂળ થશે. રામાનંદ સ્વામીના શિષ્યોમાં સહજતાથી રહેવાનું તથા તન મન વચનનું પાલન કરીને એમની આજ્ઞાનું પાલન કરવાનું કહે તેમ વરવાનું યોગ્ય જ છે. આમ વિચાર મનમાં કરીને મુનિરાય પ્રભુ મુક્તાનંદ સ્વામીને હાથ જોડીને કહેવા લાગ્યા. શ્રી નિલકંઠ વર્ણિ કહે છે, હે મુક્તાનંદ સ્વામી ! હવે રામાનંદ સ્વામીનાં દર્શન ક્યારે થશે. મારે દેવસમાન ગુરુનાં દર્શન કરવાં છે. જ્યાં સ્વામી હોય ત્યાં હું જઈને દર્શન કરું અથવા અહીં આવવાના હોય તો તેની અવધિ બતાવો ક્યારે આવશે.

સ્વામીને મળવાનો મારે ખાસ આગ્રહ છે તેથી પત્ર લખીને સ્વામીને સમાચાર લખીને પૂછાવો ત્યારે બાલવર્ણિનાં બ્રહ્મદિક્ષાનાં ચિહ્નો સહિત શુભચિહ્નો લખ્યાં તથા અનંતમૂર્તિની આકૃતિનું પણ વર્ણન કર્યું. વર્ણિરાજને બધા જ સંતો કહેવા લાગ્યા કે રામાનંદ સ્વામી તો ભુજનગરમાં વસે છે. અત્યારે એમને આવવાનું થાય તોય વસંતઋતુમાં અહીં આવે ત્યારે બધા સંતોને આવનાર સંતોનાં દર્શન થશે.

ત્યારે બધા જ સંતોને વર્ણિ કહેવા લાગ્યા કે ત્યારે તમે બધા મને સ્વામીનો જ સેવક જાણો. કાયમ માટે મારે રહેવાનું છે. તેથી મને તમે બધી જ એવી સેવાઓ શીખવાડો જે સેવા કરવાથી સ્વામીનું મળવાનું જલદીથી થાય. ત્યારે બધા સંતો મળીને વર્ણિને કહેવા લાગ્યા. મુક્તાનંદ સ્વામીને મળીને વાત કરો તે બધું કહેશે તો જ મળવાનું જલદી થશે ત્યારે તે વર્ણિ નમ્ર અને નિપુણતાવાળા થઈને બટુકરાજા બધા જ સંતોમાં રાજ મળી ગયા. જેમ સેવકોમાં મિત્રતા હોય. પ્રેમથી મળીને રહે તેમ વર્ણિ પણ નિર્માનિ રહીને બધાં કામમાં જોડાઈ જતા અને જ્યારે જ્યારે કામમાંથી અવકાશ મળે ત્યારે ભક્તિ કરતા ત્યારે ત્યારે વગર કહયે સેવકો જેમ કરતા તેમ વર્ણિરાજ પણ કર્યા કરતા. બધા જ સંતોના સેવક થઈને બધાને સાધુપણું શિખવાડતા હતા અને ભગવાનની સાંગભક્તિનું

મહાત્મ્ય વધારતા થકા રોજેરોજ ભક્તિનું અંગ વધારતા હતા.

બધા જ સંતો નિલકંઠ વર્ણિને મહાત્મ્યસહિત પ્રેમથી રાખતા હતા. વર્ણિને કોઈ સેવા કરવા દેતા જ ન હતા પણ વર્ણિ અવકાશ જોઈને કરતા રહેતા હતા. ગામનાં ગાયોનાં નેસડાનાં છાણ લાવીને છાણાં થાપતા હતા. તથા યાત્રાળુઓ આવતાં હતાં. સંતો આવતા હતા. એમને જમાડતા હતા. સરભરા કરતા હતા. તે આવતાં મુમુક્ષુ લોકોમાંથી કોઈ સંતોના ગુણ જોઈને ત્યાં રોકાતાં હતાં. ત્યાં સંતોનું મહાત્મ્ય જાણીને ભક્તિ કરતાં હતાં અને પોતાને કૃતાર્થ થયેલાં માનતાં હતાં.

જો કોઈ લોકો સેવા કરવા ન દે ત્યારે તેઓ રોકાઈ જતા હતા. હરિ દૂર જઈને રાહ જોતા હતા. હરિ ગાયોનું છાણ ભેગું કરતા હતા ત્યારે કોઈને લેવા દેતા ન હતા પ્રભુ વધારે ભેગુ કરીને લેતા હતા. સમયનો ગાળો જોઈને ગામના લોકો આવતા. તેમાં નાનાં મોટાં વૃદ્ધો બધાંય આવતાં હતાં. લઈ જતાં હતાં. તેમની આગળ જ હરિ જઈને લઈ લેતા હતા. આવી રીતે ઉતાવળાપણું અને ચંચળતા ચતુરાઈ બતાવતા હતા. જ્યારે ગાયો બેઠી હોય ને ચરવા માટે જવાનું હોય ત્યારે ઊભી થાય એટલે પોદળાં કરે ત્યારે જમીન ઉપર ઘણું છાણ નાંખે. પોદળા પડેલા હોય ત્યારે જુદાં જુદાં ઘણાં બધાં લોકો લેતાં હોય. ત્યારે હરિ ચારેબાજુ ચપળતાથી ભેગુ કરી લેતા એવું આશ્ચર્ય જોઈને બધાં ચકિત થઈ જતાં હતાં. એક જ મૂર્તિ હતી. તે જુદાં જુદાં હરિને જોત હતાં. તે સ્વરૂપને જોઈને બધાને તે મૂર્તિ હૃદયમાં દેખાતી હતી. આવી રીતે હરિની લીલા જોઈને બધાં ચકિત થઈને ઊભાં રહેતાં હતાં. જો કોઈ સંતને ખબર પડી જાય તો ફરી જવા દેતા ન હતા ત્યારે હરિ સ્નાન કરીને પવિત્ર થઈને જગ્યામાં આવતા હતા. મંદમંદ હાસ્યયુક્ત મુખકમળમાંથી અખંડ ભક્તિનો પ્રવાહ વહેતો જ રહેતો હતો ત્યારે દયાળુ મનવાળાં સંતો એમને જોઈએ એટલે હરિને જેમ માતા પુત્રને સાચવે તેમ સાચવતા હતા. દેખભાળ કરતા હતા.

મુક્તાનંદ સ્વામીને ગુરુસમાન માનીને હરિ એમની સેવામાં સુખ માનીને ભાવથી સેવા કરતા હતા. નિલકંઠ પ્રભુ ધનપદાર્થ સ્ત્રીના અતિશય સહવાસનો નિષેધ કરતા હતા. એના ગુણો અને દોષો પોતાની બુદ્ધિમાંથી વર્ણવતા હતા. શિયાળો ઉનાળો અને ચોમાસુ બધી ઋતુમાં લોકોના કલ્યાણ ખાતર ઠંડી, ગરમી, વરસાદને જતનપૂર્વક સહન કરતા હતા. કથાવાર્તામાં પ્રશ્ન ઉત્તરો કરતા હતા. ત્યારે સાવધાન રહેતા આમ સતત ધ્યાનાવસ્થામાં જ વર્તતા હતા. પથ્થરનો ઓટલો પાટ જેવો કરેલો તેના ઉપર શયન કરતા હતા. ક્યારેક સાધુઓની વચમાં સુખદાયક હરિ સૂઈ જતા હતા. જ્યારે જ્યારે સુતા ત્યારે જગદીશ પ્રભુ જમીન ઉપર જ હાથનું ઓશિકું કરીને સુતા હતા. જગતના સ્વામી જ્યારે શયન કરતા ત્યારે યોગનિદ્રામાં જ જતા હતા ત્યારે અનંત બ્રહ્માંડોનાં કાર્યો પોતે કરાવતા હતા. પોતે તો સંતરૂપે હોવા છતા પોતે તો અક્ષર આદિક સર્વ ઐશ્વર્ય સંપન્ન છે તે બધાના મૂળ કારણ તો આ શ્રીહરિ જ છે.

પોતાના ભક્તજનની રક્ષા કરવા પ્રભુશરીર ધારણ કરીને પૃથ્વી ઉપર પધારે છે. તે જ પોતે બધાયના કારણરૂપે તો રહેલા જ છે. જીવ ગમે તેવો હોય પણ પ્રભુ તો અજાતશત્રુ એમને કોઈ મિત્ર કે શત્રુ છે જ નહીં. દર્શન ચરણસ્પર્શ કરીને સહવાસમાં રહીને પોતાના આશ્રિત એકાન્તિક સેવકોમાં હેત રાખે છે. હરિએ જેની જેની ઉપર કૃપાદૃષ્ટિ કરી તે સર્વે દિવ્યપણે જ દેખાય છે એવા સમર્થ પ્રભુ છે. ત્યાગ વૈરાગ્યના વેગમાં સ્ત્રીની ગંધને સહન કરી શકતા ન હતા, પરંતુ જો ક્યારેક ગંધ આવે છે ત્યારે તો મુનિરાયને તરત જ ઉલટી થઈ જાય છે. ખૂબ જ અકળાઈ જાય છે. મહાત્મ્ય સ્નેહની સાથે ભક્તિવેગ ખૂબ જ બળવાન હોય છે. જેમ સમુદ્રમાં પાણીની ભરતીઓ રચાવે છે. ત્યારે જેમ ગંગા આદિક નદીઓ વેગપૂર્વક આવે છે અને સાગરમાં ભળે છે ત્યારે વેગો

શાંત થઈ જાય છે તેમ ભક્ત પણ ભક્તિથી હરિમાં ઓતપ્રોત થાય છે.

સર્વે મુનિજનો સાથે મળીને હરિની વાતો હરિને પૂછતા હતા. ભગવાનનાં ચરિત્રો ઉપદેશ લેતા હતા ત્યારે જુદા જુદા યોગની વાતો અષ્ટાંગ યોગના માધ્યમથી સમજાવતા હતા. સાંખ્યના રૂપના પ્રશ્નો તે વેદાંતનું રહસ્ય કહેવાય છે. વળી ધર્મશાસ્ત્ર તે પણ ન્યાયનું રહસ્ય કહેવાય છે. એ રીતે વિગતવાર પ્રેમથી સમજાવતા હતા. કર્મથી ઉપાસના કરે તે જ્ઞાનનું રહસ્ય ભગવાનની સાંગભક્તિ મહાત્મ્ય સહિત થાય તો જ સુખદાયક થાય છે. આ રીતે હરિ પ્રભુના મુખ થકી સંતો જ્ઞાનની વાતો સાંભળતા હતા. તેનાથી હરિની સાથે દિન દિન પ્રત્યે હેત વધતું હતું. જ્યારે જ્ઞાનની વાતનાં વેગનું બળ વધતું હતું ત્યારે લોકના ગુણ દોષો જાણવા મળે. બુદ્ધિ ઇંદ્રિયોની શક્તિ બળ જાણીને બધાના જુદા જુદા નિરાકરણ દેખવા મળે. શ્રીહરિના મુખથી જ્યારે વાતો સાંભળે અને ત્યાર પછી એનું મનન કરે ત્યારે તે વાતનું પૂરું આશ્ચર્ય સમજાય. વાતો તો ભગવાન નારાયણની થઈ અને રૂપ સમજાવ્યું પણ તે નારાયણ એ જ આ બટુક બ્રહ્મચારી વર્ણિરાજ પોતે જ છે એમ નક્કી થાય. દર્શનમાં એમનું રૂપ જણાય. હરિની ઉંમર પ્રમાણે કિશોરઅવસ્થા કહેવાય પણ જ્ઞાનના યોગને લીધે પોતામાં પ્રૌઢપણું જણાવે છે. જેમકે પ્રાકૃત અગ્નિને ઢાંકેલો હોય તેને દિવ્યદૃષ્ટિથી જુવે તો તે પણ દિવ્ય જણાય શ્રીહરિ પ્રભુનું આગમન તો બ્રહ્મપુરધામથી જ થયું છે. ક્યાં આ જગતના જીવ અને ક્યાં સર્વથી પર પુરુષોત્તમ નારાયણ ? આ સર્વે તે તો એનાં મહાભાગ્ય હોય તો જ પ્રાપ્ત થાય છે. એનો કોઈ અવધિ નથી.

**એવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં છટ્ઠા કિશોર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રી લોજપુરમાં લીલા કરી અનું વર્ણન કર્યું એ નામનો સત્યાવીસમો તરંગ થયો. ॥૨૭॥**

# તરંગ-૨૮

રાજા કહે, હે અયોધ્યાપ્રસાદજી ! વર્ણિરાજના ગુણ તો ખૂબ જ અલૌકિક છે તેનું તો આપે વર્ણન કર્યું. હે મુનિરાજ ભુજપુરમાં રામાનંદ સ્વામી ઉપર પત્ર લખ્યો. તેનો ઉત્તર આવ્યો. તેનું વર્ણન કરી મને સંભળાવો. મુનિરાજ કહે છે, હે રાજન ! તમને ધન્યવાદ આપું છું. પત્રીનાં જે વચન સંભળાવ્યાં તે વર્ણિરાજનાં વૃતાંતની વાતને કોઈ પાર ન પામે તોય તમને સમજાવું છું. ધ્યાનથી સાંભળો.

તે વર્ણિંદ્ર સતત ધ્યાનનિષ્ઠ અવસ્થામાં જ રહેતા હતા. સ્થિર દૃષ્ટિ રાખીને મટકુયે ભરતા ન હતા. એ એકાગ્ર દૃષ્ટિથી વર્તતા હતા. એમનો સ્વભાવ શાંતમૂર્તિ કોઈ ક્લેશ ન કરે. ભગવાનની સાંગસહિત ભક્તિ કરતા હતા. બધાના મનને આનંદ આવે તેમ કરતા બધાંના મનના ભાવને જાણનારા હોવા છતાં શાંત મૂર્તિ રહેતા હતા. તોય બધા માનતા હતા. મહાત્મ્ય સ્નેહથી ભરપૂર પોતે વર્તતા હતા. તોય પોતે તો સરલપણે રહેતા હતા. મુખેથી કાયમ અમૃત વાણીને વર્ષાવતા હતા. નયનોને તો શું વર્ણન કરીને સમજાવું એવું અલૌકિક છબી વર્ણિરાજની હતી. મુનિઓના આશ્રમશાળામાં સાંગભક્તિમાં એકરસ થઈને રહેતા હતા. હરિના ગુણથી મુક્ત રૂપ થયેલા સંતો અને બાલ ભગવાન એકતાને પામેલા હતા. વર્ણિરાજ રામાનંદ સ્વામી પાસે જવા માટે ભુજનગરમાં પોતાનું મન પરોવીને અતિવેગથી જવા માટે ઉતાવળ કરતા હતા. જેમ કોઈનો વિરહ થયો હોય ને મન આકુળવ્યાકુળ થાય તેમ વર્ણિ સદાય ઉદ્વેગમાં રહેતા હતા.

નિલકંઠ વર્ણિ રામાનંદ સ્વામીનાં દર્શન કરવા માટે અતિશય આકુળવ્યાકુળ થઈ ગયા હતા અને ભુજ જવા માટે ખૂબ જ ઉતાવળા થયા હતા ત્યારે મુક્તાનંદ સ્વામીને ખબર પડી એટલે એમના માટે બીજો કોઈક ઉપાય

કરવા લાગ્યા. ત્યારે સ્વામી હરિને ખૂબ જ હેત બતાવીને સમજાવવા લાગ્યા. મધુર વચનોથી સમજણ બતાવી કે રામાનંદ સ્વામી વૈશાખ માસમાં અહીં આવવાના છે. વૈશાખ માસમાં બધા સંતો પણ સાથે આવશે અને બધાંને દર્શનનું સુખ આપશો. હે વર્ણિ ! તમારું શરીર અતિશય તપ કરવાથી ખૂબ જ નબળું છે. શરીરમાં લોહી તો દેખાતું જ નથી અને ભુજનગર તો બહુ દૂર છે. ખૂબ ચાલવું પડે તેમ છે અને વચમાં સમુદ્રની ખાડી આવે છે. રણ આવે છે. તેથી તમારે ત્યાં જવા માટે યોગ્ય નથી. અહીં રહો. સુખે ભજન કરો અને સંતોને માર્ગદર્શન આપો. હવે હું રામાનંદ સ્વામીને ઉદ્દેશીને તમારા આવ્યાના સમાચાર વર્ણવીને લખીશ. એમનો જ્યારે ઉત્તર આવે ને જે સમાચાર જણાવે તે પ્રમાણે કરવું. આમ કહીને નિલકંઠ વર્ણિને સમજાવ્યા. મુક્તાનંદ સ્વામીએ શાંત કર્યા. પ્રેમથી રાખ્યા. મુક્તાનંદ સ્વામી પત્રિકા લખવા માટે ખડીયો શાહીનો તથા કલમ લઈને એકાંત જગ્યામાં જઈને રામાનંદ સ્વામી ઉપર ખૂબ જ ભાવપૂર્વક પત્રિકા લખવા માંડ્યા.

સ્વસ્તિ શ્રી ભુજનગર મધ્યે વસતા સ્વામી રામાનંદજી અત્રે લોજપુરથી તમારા શિષ્યો બધા જ જગવંધ્ય સ્વામી તમને વંદન કરે છે. સ્વામી લખવાનું કારણ એ છે કે આપણી જગ્યામાં આશ્રમમાં એક વર્ણિ બટુકરૂપે સારા તપસ્વી નવા આવેલા છે. તેથી ખ્યાલ નથી આવતો તોય ભગવંત સ્વભાવે સારા છે. એ આદિક બધા જ સમાચાર વર્ણિના જે હતા તે યોગ્ય રીતે લખ્યા. સુખરૂપના સમાચાર લખ્યા. હે સ્વામી ! તમારો જે આશય હતો તે બધો જ સાચો પડ્યો છે. તે પત્રમાં બધો જ જણાવેલ છે. ત્યાર પછી એમને પણ જણાવેલ છે.

બીજો પત્ર લઈને નિલકંઠ વર્ણિએ લખ્યો. તેમાં દેશકાળની બધી જ વિગત જણાવી અને બંને પત્રિકાઓ ભેગી કરીને ઉપર રામાનંદ સ્વામીનું નામ લખીને તૈયાર કર્યાં. તે બંને પત્રીકાઓ મુક્તાનંદ સ્વમીએ મયારામ ભટ્ટને આપી અને તે મયારામ ભટ્ટ તત્પરતાથી ઉતાવળા ચાલતા થયા. પત્રિકા લઈને છઠ્ઠે દિવસે ભુજનગરે આવી પહોંચ્યા. ત્યાં રામાનંદ સ્વામી રાજ્યના મંત્રી સુંદરજી સુથારના ઘેર હતા. ત્યાં સ્વામીનાં દર્શન કર્યાં અને પ્રેમથી સ્વામીને બંને પત્રો આપ્યા. રામાનંદ સ્વામી સાથે બધા જ સંતોને વંદન કરીને ત્યાર પછી ભટ્ટજી રામાનંદ સ્વામી પાસે પ્રેમથી બેઠા.

કમળપત્રની પાંખડી જેવા નેત્રકમળ જેમનાં છે એવા, બધા જ અંગો ગૌર છે અને પુષ્ટ છે એવા, મનોહર રૂપવાળા સફેદ વસ્ત્રોને ધારણ કરેલા એવા, પવિત્ર મૂર્તિ સ્વામીના ચરણનો સ્પર્શ કરીને. મયારામ વિપ્રે મુક્તાનંદ સ્વામી અને નિલકંઠ વર્ણિએ લખેલી બંને પત્રિકાઓ કાઢીને રામાનંદ સ્વામીના હાથમાં આપી બંને પત્રીકા જોઈને સ્વામી ખૂબ જ રાજી થયા. બંને પત્રો લઈને પ્રથમ મુક્તાનંદ સ્વામીનો પત્ર વાંચીને તથા નિલકંઠ હરિનો પત્ર વાંચ્યો. તેનાથી સ્વામીનાં અંગો પ્રફુલ્લિત થયાં. સ્વામીએ બધા સત્સંગીઓને ભેગા કર્યા.

રામાનંદ સ્વામી મનમાં ખૂબ જ આનંદ પામતા હતા. બધાં જ અમારાં કામો પૂરાં થયાં અને અનંત કોટિ બ્રહ્માંડોના નાથ સર્વે ગરીબોના બેલી સ્વયં પુરુષોત્તમ પ્રભુ પધાર્યા. સુંદરજી, હિરજીભાઈ, ભગવાનભાઈ, વલ્લભભાઈ, નથુભાઈ, કુંવરજીભાઈ, રઘાભાઈ, ગણપતભાઈ, ગંગારામ મલ્લ, રામભાઈ, મેરુભાઈ, વિમલભાઈ, બેકુડારી ભટુક વિગેરે ભક્તો આવ્યા. બાઈઓમાં મીઠી મુળી પન્ના અને નાની લક્ષ્મી લરખી લાધી માની કુંવરબાઈ કેશર કસ્તુરી મેઘા અમર પુંજી કરપુરી આદિક બાઈઓ ભક્તો આવ્યા. આ બધાંય નરનારી ભક્તજનો આવ્યાં. બાળકો યુવાનો વૃદ્ધો સર્વે સ્વામીની પાસે આવ્યાં. બધાં શ્રદ્ધાપૂર્વક આવી ગયાં. ત્યારે સ્વામી મંદહાસ્ય કરીને પોતાની પાસે આવેલ સંતો અને હરિભક્તોને કહેવા લાગ્યા કે આજે લોજપુરથી પત્ર આવ્યો છે.

પત્ર વાંચ્યો. સ્વસ્તિ શ્રી ભુજનગરપુરમાં નિવાસ કરીને રહેલા તે શુભસ્થાને સદ્‌ગુરુ સર્વ ઉપમા સંપન્ન યોગ્ય અગણિત ગુણસાગર સદ્‌ગુણ સંપન્ન અનેક ઉપમા યોગ્ય, અનેક સંત હરિભક્તોના નાયક એવા સ્વામી રામાનંદજી. આજે પત્ર આવ્યો છે. તે લોજપુરથી મુક્તાનંદ સ્વામી અને બધા સંતોનો લખેલો છે. એમાં સાષ્ટાંગ નમસ્કાર સાષ્ટાંગ દંડવત્ પ્રણામ લખેલ છે. તમારી સેવામાં અનંત જીવો હાજર રહે છે. તમે બધાંય જાણવા સમજવામાં હોંશિયાર છો તોય ખાસ લખવાનું કારણ તો એ જ છે કે આપણા આશ્રમમાં એક બટુક બ્રહ્મચારી આવ્યા છે એ લખવાનું છે. તે યોગી ત્યાગ વૈરાગ્ય તપની મૂર્તિ છે. પવિત્ર ધર્મને સારી રીતે ધારણ કરીને વર્તે છે. વ્રત નિયમો ખૂબ પાળે છે. તેથી શરીરમાં કેવળ હાડકાં, મજ્જાવિના ચામડી અને નાડીઓ બધે ફેલાયેલી ચોખ્ખી દેખાય છે. એકદમ શરીર કૃષ છે. પગતળમાં સોળ ચિહ્નોને ધારેલાં દેખાય છે. અંગુઠામાં નખમાં ચિહ્ન દેખાય છે. એમના સ્વરૂપમાંથી તો કલ્યાણનો ઓઘ વહે છે. એવી સુંદર છબી આકૃતિ છે. એમના મનમાં મહાત્મ્ય જ્ઞાને અહિત ભક્તિ દૃઢ ભરેલી છે.

એ તમને મળવા માટે અતિ ઉતાવળા થાય છે. એમને રોકવાનું કરીએ છીએ. તોય રોકાવા તૈયાર નથી થતા. સતત સ્વામી સ્વામી જપ્યા કરે છે. મુખે બોલે છે. પોતાને દર્શન કરવાં છે. દર્શન થાય તો એમને શાંતિ થાય તેમ છે. એટલા માટે આપ બધા સંતોને લઈને અહીં આવો તો અતિ ઉત્કર્ષ આનંદ સુખ થાય. આપ જે ધારો તે કરવા સમર્થ છો. આપ આજ્ઞા આપો તો વર્ણિ આપની પાસે આવે. જેમ યોગ્ય લાગે તેમ કરજો. વર્ણિને તો માંછલું પાણીમાંથી બહાર પાણી વિના રહે ને, જે થાય તેમ વર્ણિની સ્થિતિ છે. વસંતઋતુમાં જેમ કોયલ કંઠવિયોગથી બોલે છે. પપીહા સ્વાતી બિંદુનો પોકાર પાડે છે. તેમ ચકોરને અમૃતનું પાન કરાવે તોય એનો રોગ ન મટે. રાતના સમયમાં ચકલા ચકલીને સુખ નથી થતું તેમ જેમ કમળ નીકળીને કમલા લક્ષ્મીનો વિયોગ થાય ને કરમાય તેમ વર્ણિ મુર્જાય છે. મોર મેઘગર્જના થાય છે. તે નાચી ઊઠે છે. જ્યાં સુધી મેઘ ન હોય ત્યાં સુધી તેની રાહ જુવે છે. ઘનઘોર શ્યામતાનું જોર નથી પણ જેમને સ્વામી પ્રભુનો સંયોગ થાય તોજ સુખ થાય તેમ છે.

હે સ્વામી ! આવી રીતે આપનાં દર્શન કરવા વીરહને લીધે ક્યારેક ક્યારેક અતિ અધિરા થઈ જાય છે. જેમ અતિ સામર્થ્યવાન સંતવાન હો તેને કોઈ વાત સમજાવવાથી નિશ્ચેય પ્રમાણ નથી થતું. તેમ વર્ણિને સમજાવવાથી માનવા તૈયાર નથી થતા. ગુરુદત્તાત્રેય ક્યાં, ભગવાન કપિલ દેવ ક્યાં જડભરત ક્યાં બટુક વામન ભગવાન ક્યાં, આ બધાની આગળ અખિલ જગતના મનુષ્ય શરીર ધારી ભગવાન નારાયણ કયા. એમને ભગવાન કોઈ આવરણ આડાં આવતાં જ નથી. હંસ ક્યાં અને હરિ ક્યાં આ તો સામાન્ય છે પણ સર્વ સિદ્ધોમાં પ્રસિદ્ધ એવા પુરાણ પુરુષ ક્યાં અને એ તો બધા જ શ્વેત પતિ વાસુદેવ ગુણવાનથી આ બધા સામર્થ્યવાળા થયા છે. નિલકંઠ પ્રભુ તો સ્વયં સમર્થ છે.

સારમય વચનવાળા તેનાથી શરનયન કમળવાળા નાસિકા અગ્ર દૃષ્ટિ રાખનારા ઇંદ્રિયોને વશમાં રાખનારા સર્વજગતના કાર્યને જાણનારા ભુવિ પાતાળ સ્વર્ગદ્વાર સુધી સ્વદૃષ્ટિમાં અષ્ટાંગયોગને સિદ્ધ કરેલો એવા યોગિંદ્રએ પોતાની નાડીઓને ખેંચીને સમ અંગ કરનારા એવા સમર્થ સ્વામી આપ જેમ ઇચ્છો તેમ કરવા સમર્થ છો તો આનો પ્રત્યુત્તરમાં યોગ્ય નિર્ણય આપજો. અમારા હૃદયના ભાવને જોઈને તરત જ આવજો. આ રીતે વાંચીને

બધાને સંભળાવીને સર્વજ્ઞ આ અકળકળાને જાણનારા અકળકળાના સ્વામી સર્વશક્તિમાન અત્યારે બધાં જ કાર્યો પૂર્ણ કામ થયેલાં. પરમેશ હરિનાં બધાં જ ગુણ તમને સાંભળીને વાત બધી જાણી. ત્યાર પછી રામાનંદ સ્વામી બધાંને કહેવા લાગ્યા કે તમે બધા સાંભળો. સંતો અને હરિભક્તો આપણા સતસંગમાં અનંત જીવોનાં કલ્યાણ કરનારા પુરાણ પુરુષ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ સર્વકારણના કારણ સર્વ નામના નામી સર્વ ધામના ધામી અતિશય પ્રતાપ ઐશ્વર્યવાળા આ પૃથ્વી ઉપર પોતાના આશ્રિત ભક્તજનો અને સંતજનોને સુખ આપનારા મનુષ્ય આકૃતિને ધારણ કરીને બધાનાં લોકોનાં જુદાં જુદાં પ્રકરણો ફેરાવાવીને ધર્મમર્યાદામાં વરતાવનારા પધાર્યા છે. બધાં જ લોકો એમની આજ્ઞાને ઉતાવળા થઈને વર્તવા લાગશે. એ પોતે અનેકનાં કાર્યો કરવા આવ્યા છે. સર્વ ભક્તજનો અને સંતો ઉપર દયા કરીને પોતાનું અક્ષરધામ બતાવશે. ધામને પમાડશે.

આ રીતે તે હરિની પત્રિકા અતિ પ્રતાપપૂર્ણ રામાનંદ સ્વામીએ વાંચીને સંભળાવી. ત્યાર પછી હરિનો પ્રતાપ ઐશ્વર્યનું વર્ણન કરીને પ્રભુએ દિવ્યરૂપે મનુષ્ય દેહ ધારણ કર્યો છે. ત્યાર પછી રામાનંદ સ્વામી બીજો પત્ર લઈ વાંચવા લાગ્યા. તેમાં રામાનંદ સ્વામીને મળવા માટેનો ભાવ લખેલો. ત્યારે બધા જ હરિભક્તોએ સ્વામી જલદી લોજપુર આવે એ ભાવ જાણતા હતા. બધા જ હરિભક્તો અને મુનિજન સંતો શ્રીહરિની બંને પત્રિકાઓ વાંચી સંભળાવીને ત્યાર પછી તે બંને પત્રિકાઓના ઉત્તર લખાવવા લાગ્યા. તેમાં મુનિ અને વર્ણિનાં બંનેનાં નામો લખ્યાં. પત્રો તૈયાર કરીને મયારામ ભટ્ટને શાંતિથી આપ્યાં. આરામથી ભટ્ટજીએ લીધાં. ત્યાર પછી મુનિવર રામાનંદ સ્વામી અને સંતોને વંદન કરીને તરત જ ચાલતા થયા અને સાતમે દિવસે લોજપુર આવી ગયા. બંને પત્રો મુક્તાનંદ સ્વામીને આપ્યા. મુક્તાનંદ સ્વામીએ બંને પત્રો વાંચ્યા. મુનિના પત્રમાં હરિને રહેવાનું લખેલ. બંનેને ભલામણ કરેલા.

વર્ણિના પત્રમાં રહેવાની ભલામણ કરીને સંતોને યોગ કળા શીખવવાનું કહ્યું. તમે યોગ કળા શીખવજો અને અમે થોડા જ દિવસોમાં ત્યાં આવશું. ત્યાં સુધી તમો યોગ કળા શીખવજો. આ આગ્રહભર્યા શબ્દો લખ્યા. મુનિ રામાનંદ સ્વામીને મળવાનો વેગ તો હતો પણ સ્વામીનું વચન હતું. તેના ઉપર વિશ્વાસ રાખીને રહ્યા અને વર્ણિ પોતે સંતોને યોગ કળા શીખવતાં. સમય જવા લાગ્યો વૈશાખ માસ પૂરો થવા આવ્યો. મુનિવર્ય સ્વામીને આવવાને થોડા દિસ રહ્યા ત્યારે હરિ ચિંતવન કરવા લાગ્યા. સ્વામીના રૂપનું ધ્યાન કરવા લાગ્યા. ત્યારે મૂર્તિ સ્ફૂરણામાં આવી મુક્તાનંદ સ્વામીને બધું વર્ણન કરીને કહી દીધું તે યોગ્ય જ હતું. સ્વામીનાં અંગો ગૌર વર્ણનાં ભરાવદાર પુષ્ટ શરીર કમળની પાંખડી જેવાં બંને નેત્રો કંઠમાં કમળની માળાને ધારણ કરનારા સફેદ વસ્ત્રોને ધારેલા આવી રીતે સ્વામીના સ્વરૂપની ધ્યાનમાં ઝાંખી થઈ તે વર્ણવીને કહી.

આ રીતે મુક્તમુનિએ સાંભળીને આશ્ચર્ય થયું. ધ્યાનમાં જોયું. એ વર્ણિએ કહ્યું તે સત્ય થયું. જો પ્રત્યક્ષ ન દેખ્યા તોય સ્ફૂરણા થઈ તે રૂપને સ્વામી માનતા હતા.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં છઠ્ઠા કિશોર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિ આગમન રામાનંદ મુનિને પત્ર મોકલ્યો તેનો ઉત્તર આપ્યો હરિનો વિરહ પ્રતાપ કહ્યો એ નામે અઠ્યાવીસમો તરંગ થયો. ॥૨૮॥**

# તરંગ-૨૯

રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી ! રામાનંદ સ્વામી અને નિલકંઠ વર્ણિને મેળાપ થયો તે કયા ગામમાં થયો તથા રામાનંદ સ્વમીનાં દર્શન થયાં તે ઉત્સવ થયો તથા પ્રશ્નોત્તર થયા તે બધું જ મને સંભળાવવા કૃપા કરો.

હે રાજન્ ! તમે પૂછો છો તેથી તમારું તો ખૂબ જ સારું થયું છે. જે ભગવાનનાં ચરિત્રો કહે છે તે તથા સાંભળે છે તે પણ શુભ કલ્યાણકારક થાય છે. અનંતનાં કલ્યાણ કરવા સર્વમુનિઓના સ્વામી આ પૃથ્વી ઉપર પ્રગટ થયા છે. હે રાજન ! જ્યારે રામાનંદ સ્વામીનો પત્ર આવ્યો પછી રોકાયા હતા તે વાત કહું છું. નિલકંઠ વર્ણિને મળવા માટે સ્વામી અતિ આતુરતાથી ચાલવા માટેની તૈયારી કરતા હતા. ત્યારે સુંદરજીભાઈ તથા નથુભાઈ મહેતા વિગરે ભક્તો સ્વામીને રોજેરોજ ખૂબ જ પ્રેમથી આગ્રહ કરતા હતા. સુંદરજી સ્વામીને પૂછતા હતા કે હે સ્વામી ! આવેલા સંતને અહીં તેડાવી લો તો સારું ન કહેવાય. આપ ચાતુર્માસ સુધી અહીં રહો તો લોકોમાં ખૂબ જ સતસંગનો સમાગમ થાય ત્યારે સુખના સાગર સ્વામી કહેતા હતા કે સુંદરજી તે નિલકંઠ વર્ણિ મારા મનને ખેંચે છે. એટલા માટે મારે જવું છે.

તે વર્ણિને અહીં સામેથી ન બોલાવાય તે તો એવા મોટા છે કે સામે પગલે ચાલીને દર્શન કરવા લાયક છે. આવા મોટા બધાયના સ્વામી છે. નાયક છે. એમનો મહિમા તે જે જન જાણે છે. એને ઓળખે છે. તેના જન્મમરણનાં બંધનો તૂટી જાય છે. તે જીવ પરમધામમાં જાય છે. એવા મોટા બધાના આધિપતિ છે. આવી રીતે રામાનંદ સ્વામી વર્ણિરાજનો મહિમા કહેતાં સમજાવતાં જેઠ માસ સુધી રામાનંદ સ્વામી ત્યાં ભુજમાં રહ્યા. ત્યાર પછી બધાં જ ભક્તજનોનું કાર્ય પૂર્ણ કરીને બીજા જીવોનું કલ્યાણ કરવા માટે ચાલતા થયા.

ભુજપુરનાં બધાં જ નારીનર રામાનંદ સ્વમીને છેલ્લે મળવા દર્શન કરવા આવતાં હતાં. સ્વામી નગરની બહાર નીકળ્યા ત્યારે બધાં જ લોકો સ્વામીને પગે લાગીને વિદાય આપતાં હતાં. સુંદરજીભાઈ હિરજીભાઈ શિવરામભાઈ ગણપતભાઈ ગંગારામભાઈ આદિ બધા ભક્તો વળાવવા આવ્યા અને કહે હવે સ્વામી તમે ક્યારે આવશો ? મુનિજનો તો ફરી ક્યારે આવે અને કેટલા દિવસે આવે તે કાંઈ કહેવાય જ નહીં. સ્વામી બધા જ ભક્તજનોને સમજાવીને શાંત કર્યા પછી દક્ષિણ દિશા તરફ ચાલતા થયા. માર્ગમાં રાત રોકાઈને મુનિજનો બીજે દિવસે મુંદ્રાપુર ગયા. રામાનંદ સ્વામી ત્યાં બે રાતો રોકાઈને ત્યાંથી તરતી બેટ થઈને સમુદ્રને ઓળંગ્યો. તે ખાડીને મુનિરાયે ઓળંગીને પછી શેખપાટનગર તરફ ચાલવા લાગ્યા. વચમાં બગસરા ગામ ઉલંઘીને આગળ ગયા. માર્ગમાં પોતાના આશ્રિત ભક્તજનોના ઘેર રોકાઈને પછી સ્વામી પીપલાણા ગામે પધાર્યા. ત્યાં અનેક ભક્તજનોની સાથે થઈને ત્યાં નરસિંહ મહેતા બ્રાહ્મણ પોતાના એકાંતિક આશ્રિતને ઘેર ઉતારો કરીને રહેતા હતા.

સ્વામી પીપલાણા આવ્યા એટલે લોજપુર પત્ર લખીને રામાનંદ સ્વામીએ તરત જ દૂતને તૈયાર કરીને મોકલ્યો. પત્રમાં વર્ણિ તપસ્વીઓ સંતો બધાયને આવવાનું આગ્રહથી લખ્યું. અચૂક આવજો એમ લખીને મોકલ્યો. લોજપુર તે દૂત તરત જ જલદીથી પહોંચી ગયો અને એણે રામાનંદ સ્વામી આવી ગયા છે. એમ સમાચાર આપ્યા ત્યારે બધાં જ સંતો ખૂબ જ રાજી થયા. પત્ર પણ મુનિજનોએ વાંચ્યો. બધાને સંભળાવ્યો. પત્ર સાંભળીને બધા જ સંતો ભક્તજનો ખૂબ જ રાજી રાજી થઈ ગયા.

મુક્તાનંદ સ્વામી આદિક બધા જ સંતો કહેતા હતા કે રાત્રે ચંદ્રઉદય થાય એટલે ચાલીશું પણ શ્રી નિલકંઠ વર્ણિ કહે. અત્યારે જ ચાલતા થઈએ ત્યારે મુક્તાનંદ સ્વામી કહેવા લાગ્યા કે પહેલો પહોર રાતનો અંધારિયો હોય એટલા માટે બધાને ચાલવામાં ઉપાધિ થાય દેખાય જ નહીં. એટલા માટે પાછલી રાત્રે ચાલવામાં વાંધો ન આવે વર્ણિને કહે મારા પ્યારા સ્વામીનાં તો દર્શન અત્યારે તો થવાનાં જ નથી સવારે જ થશે. માટે ચંદ્રોદય થાય તે પછી ચાલવું. ત્યાર પછી તે જ રાત્રે ચંદ્રોદય પછી ચાલતા થયા.

બધા જ ઉત્સાહ ઉમંગથી રામાનંદ સ્વામીનાં દર્શન કરવા ઉતાવળા હતા. મુક્તાનંદ સ્વામી તથા દેવાનંદ દંડી વિગેરે સંતો ચાલતા થયા અને ભક્તવર્ય પર્વતભાઈ તથા જેઠાભાઈ આદિક બધા હરિભક્તો આનંદથી ચાલતા થયા. વર્ણિજીનું શરીર અતિશય કૃષ થયેલું. તેથી ચાલતાં ચાલતાં મારગમાં લડથડિયાં આવતાં હતાં.

ચાલતા ચાલતાં એક જગ્યાએ પ્રભુ પડી ગયા. આંખે અંધારાં આવી ગયાં. દેહની સ્થિતિ સ્થિર ન રહી. અતિ અશક્ત થઈ ગયા. ત્યારે એમને જોઈને મુક્તાનંદ સ્વામી આદિક બધાં જ મુનિજનો અતિ દિન થઈને હરિની નજીકમાં પાછા આવ્યા. ત્યારે બધાં જ હરિના શરીરની ચંપી કરવા લાગ્યા. પગચંપી કરીને માર્ગમાં ચાલવાનો થાક ઉતારતા હતા. પરિશ્રમની પીડાને ટાળી દીધી. મુક્તાનંદ સ્વામીના કહેવાથી હરિ આત્મસન્મુખ દૃષ્ટિ કરીને યોગ ધારણાથી ધીર ધરીને પોતે ઊભા થયા.

જેમ ધનુષમાંથી તીર છૂટે તેમ ઉતાવળા ચાલવા લાગ્યા ત્યારે બધા જ પ્રભુની પાછળ રહી ગયા શરીરે મજબૂત જુવાનજોધ ખડતલ શરીરવાળા પાછળ પાછળ દોડવા લાગ્યા તોય પ્રભુને પહોંચી શકતા ન હતા. આવી રીતે આત્મસ્થિતિને અનુસરીને યોગધારણાથી અનુસરીને હરિ ચાલતા હતા. યોગધારણા કરીને નિલકંઠ વર્ણિ તુરત જ ઓજત નદીના કાંઠે આવ્યા ત્યારે તે નદીમાં તો ખૂબ જ પૂર આવેલ. બેય કાંઠા ધૂંધવાટા કરી પાણીની ચકરીયો થતી હતી અને પાણી વેગથી વહેતું હતું.

ત્યારે ઓજસ્વતિ નદી હરિને આવેલા જોયા એટલે ચરણનો સ્પર્શ કરવા ઉતાવળી થતી હતી. ત્યારે હરિ તો જેમ જમીન ઉપર ચાલે તેમ જળમાં ચરણસ્પર્શ કરીને ચાલતા થકા સામે કાંઠે પહોંચી ગયા.

પિંપલાણા ગામના દક્ષિણાદા કાંઠે ઓજત નદીમાં ખૂબ જ જોરથી વેગપૂર્વક પાણી વહેતું હતું. ત્યારે હરિ તો સામે કાંઠે ઉતરી ગયા અને કાંઠા ઉપર ઊભા રહેલા બધાં જોતાં હતાં. હરિ જેમ નાવ ચાલતું હોય તેમ પાણીમાં ચાલતા હતા. પાછળના સંતો ભક્તો ગોળતાવડા તુંબડાં ઝાલીને એના આધારે નદીને પાર ઉતર્યા અને હરિ જ્યાં હતા ત્યાં આવ્યા. એ દિવસ જેઠ વદ બારશનો દિવસ હતો. તે દિવસે સવારમાં શ્રીહરિએ સંતોની સાથે પિંપલાણા ગામમાં પ્રવેશ કર્યો. બધાં સાથે મળીને ગામમાં નરસિંહ મહેતાના ઘેર આવ્યા અને રામાનંદ સ્વામીનાં બધાં ગૃહસ્થો અને ત્યાગીઓએ દર્શન કર્યાં. ભાવથી પ્રણામ કર્યાં.

નિલકંઠ વર્ણિએ રામાનંદ સ્વામીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં ત્યારે સ્વામી તરત જ ઊભા થઈને વર્ણિને ઉઠાવી લીધા. અને છાતી સરસા ચાંપીને ખૂબ જ પ્રેમથી મળ્યા. રામાનંદ સ્વામી વર્ણિને બાથમાં લઈને વારંવાર હૃદયના પ્રેમભાવનાથી ખૂબ જ મળ્યા. પછી બધા સંતો ભક્તો નમન કરી પગે લાગીને ખૂબ મળ્યા. શાંતિ પામ્યા. નિલકંઠ સ્વામીને એકી નજરે ખૂબ જ પ્રફુલ્લિત અંગોવાળા જોતા હતા. તેવી જ રીતે રામાનંદ સ્વામી હરિને જોતા હતા. સ્વામીએ બધાનું સ્વાગત કરીને પૂછ્યું ત્યારે બધાએ કહ્યું કે મુક્તાનંદ સ્વામી બધું જાણે છે. તેઓ

સમજુ છે. એટલામાં બારશના દિવસે મધ્યાહન ભોજનનો સમય થયો. બારશની તિથિએ તો અતિથિપણું સ્વામીએ સારી રીતે કરાવ્યું. બધાં જ ભોજન કરીને તૃપ્ત થયાં. સર્વે સંતો ભક્તો ત્યાર પછી દર્શન મહોત્સવ ઉજવતા હતા અને સર્વે મનમાં આનંદ પામતાં હતાં. આ રીતે વર્ણિરાજ શાંત થયાં. દર્શનના ખૂબ જ તરસ્યા હતા જેમ પાણી મળે તરસથી તૃપ્ત થાય તેમ, વર્ણિ પણ સ્વામીને મળીને તૃપ્ત થયા.

રામાનંદ સ્વામીનું ચંદ્રસમાન મુખને જોઈને જેમ સરોવરમાં કમળફૂલ ખીલે તેમ સંતો સર્વે પ્રફુલ્લિત થયાં. જેમ વનસ્પતી ચંદ્રની કિરણો વડે અમીરસને ખેંચીને પીએ તેમ હરિજનો અમૃતરસને રસપાન કરીને તૃપ્ત થયા. બધા જ વાતો સાંભળીને મુનિઓના નાયક સંતોના અનુકૂળ કરનારા અમૃતરસ પડિયા રૂપિ કાનથી ચાંખતા હતા. નેત્રથી દર્શન કરીને અમૂલ્ય દિવ્યદર્શન કરતાં હતા. આ રીતે રાત વીતી ગઈ અને પ્રભાત થયું. મુનિજનો ધૂન બોલાવતા હતા. ધૂન કરીને ત્યાર પછી નહાવા માટે ઉઠ્યા. ઓજત નદીએ તટ ઉપર આવ્યા. બધાએ શૌચવિધિ કરીને પછી સુંદર રીતે સ્નાનવિધિ કરતા નિલકંઠ વર્ણિને જોઈને સ્વામી અને બધા સંતોના મનમાં આનંદ આવતો હતો. મહાત્મ્ય સ્નેહની સાથે ભક્તિથી ભરપૂર શરીરથી શ્રેય પ્રાપ્ત કરતા હતા. પાવન થતા હતા. સ્વામીની સાથે વર્ણિએ સ્નાન કરીને ઓજત નદીને તીર્થરૂપ બનાવી દીધી. બધાં જ પ્રભુની સાથે પોતાના નિવાસસ્થાને આસન ઉપર આવ્યા. નિત્યવિધિ કરી પૂજાવિધિમાં શ્રીકૃષ્ણ ભગવાનનું પૂજન કરી ચરણમાં વંદન કર્યાં. મુનિઓના નાથ નમન કરતા હતા. ત્યાર પછી સ્વામીની સમીપમાં જઈને બેઠા. વર્ણિ સ્વામીને પૂછવા માટે મનમાં ખૂબ જ ઇચ્છા કરી ત્યારે મંદહાસ્યથી નેત્રથી ખંજન કરીને મંદ મંદ પ્રભુ પૂછતા હતા.

અમૃતસમાન વચનો સાંભળીને રામાનંદ સ્વામી હરિને કહેવા લાગ્યા. પ્રેમથી કહે, હે વર્ણિરાજ ! તમે કહો જોઈએ તમારો જન્મ ક્યાં થયો. તમારું જ્ઞાતિ ગોત્ર તમારું કુળ આ બધું અમને કહો. તમારી શાખા પ્રવર અને વેદ બધું કહો. તમારાં માતા પિતા કોણ હતા. તમારા ગુરુ કોણ હતા. તમારા ઈષ્ટદેવ ક્યા છે. તમે વિદ્યા અભ્યાસ ક્યાં કર્યો. કોની પાસે ભણ્યા. ક્યાં ક્યાં ફરીને આવ્યા. આ બધું જ તમે જે રીતે પૂછ્યું તે પ્રમાણે વિગતવાર અમને કહીને સંભળાવો. તમને જે યોગ્ય લાગે તે પ્રમાણે કહો.

મારી જ્ઞાતિ સરવરિયા છે અને અમારી અટક પાંડે છે. કન્હૈયા પાંડેનું અમારું કુળ છે. ગોત્ર સાવર્ણિ છે. પ્રવર ત્રણ છે. ભાર્ગવ વેતહવ્ય સાવેતસ કહેવાય છે. શાખા કૌથમિ જાણો સામવેદ બ્રાહ્મણ લહરિ છે. રામાનુજ ગુરુ છે. શ્રીકૃષ્ણ ઈષ્ટદેવ છે. ધર્મભક્તિ મારા પિતા અને માતા છે. પિતાજી ગુરુ પાસેથી વિદ્યા ભણ્યા છીએ. વૈરાગ્યવૃત્તિને ગ્રહણ કરીને મેં પોતાના સંબંધીજનોનો ત્યાગ કરીને વનમાં વિચરણ ચાલું કર્યું. તેમાં જ્યાં જ્યાં ગયા તેને અનુક્રમ પ્રમાણે કરીને કહું. હે સ્વામી ! જ્યાં જ્યાં રોકાણ કર્યું. ત્યાં ત્યાંનું નામ કહું છું. બંસીપુરના રાજારાણીને આશ્રિત બનાવ્યા. પંડિતોને જીતીને આશ્રિત કર્યા. રાક્ષસને માર્યો અને મનુષ્યોનો ઉદ્ધાર કર્યો. મનુષ્યોની રક્ષા કરી કાળા પર્વત ઉપર જતાં કાળભૈરવનો નાશ કર્યો. ધોળા પર્વત ઉપર વિચરણ કર્યું તે કહેવા લાગ્યા. ધોળો પર્વત મૂર્તિમાન આવીને માર્ગ બતાવ્યો. અને પુલહાશ્રમમાં ગયા ત્યાં તપ કર્યું.

મહાદત્ત રાજાને આશ્રિત કર્યા. ત્યાંથી આદિ વરાહ ગયા. શિરપુરમાં રાજા મળ્યા. આશ્રિત કર્યો. શાક્તનો રાજા પીબેકનો પરાજય કર્યો. ત્યાંથી સિદ્ધાશ્રમ નવલખા પર્વત ઉપર ચડ્યા. નવલખા યોગીઓને આશ્રિત બનાવ્યા. ત્યાંથી ગંગાસાગર સંગમસ્થાને ત્યાંથી કપિલાશ્રમ પધાર્યા. પુરુષોત્તમપુરીમાં રહ્યા. મોહિત માયાથી બે લાખ અસુરોનો નાશ થયો.

ત્યાર પછી દક્ષિણ દિશામાં આદિ કુર્મ ગયા. સત્ર ધર્મરાજાને ત્યાં અનેક અસુરોનો નાશ કર્યો. ત્યાંથી વેંકટાદ્રિમાં ગયા. શિવકાંચિ વિષ્ણુકાંચિ ગયા. શ્રીરંગક્ષેત્ર ગયા. સેતુબંધ રામેશ્વર ભૂતપુરી વિષ્ણુરાજા યાત્રા કરીને પદ્મનાભ ગયા. ત્યાંથી જનાર્દન તીર્થ ત્યાંથી મિત્રેક્ષર રાજાને આશ્રિત કર્યો. ત્યાંથી કુળગીરી ત્યાંથી ચંદ્રભાગા ગયા. પુંડરિકપુર (પંઢરપુર)માં આશ્રિતો કર્યા. ફરસુરામ તીર્થ કરીને પુનાપુરમાં આવ્યા. ત્યાંથી દંડકારણ્યક વનમાં આવ્યા. ત્યાં ફરીને પછી નાશિક ત્રંબકેશ્વર આવ્યા. ત્યાંથી પંચવટી ગોદાવરીમાં સ્નાન કરીને તાપી રેવા નદીઓમાં સ્નાન કર્યાં. સાબરમતી ઉતરી ભીમેશ્વર આવ્યા. ત્યાંથી તીર્થ કરીને અહીં આવ્યા.

મુનિ રામાનંદ સ્વામીએ જે પ્રશ્નના ઉત્તર પૂછ્યા હતા. તેના ઉત્તર શ્રીહરિ પ્રભુએ આપ્યા. હરિનું વૃત્તાંત સાંભળીને રામાનંદ સ્વામી ખૂબ જ રાજી થઈ ગયા. આપણા બધાં જ કામો સફળ થયાં. ત્યાર પછી આનંદિત મનવાળા થઈને સ્વામી મધુર વાણીથી બોલ્યા. હે વર્ણિરાજ ! તમે તો અમારા જ છો અને અમે સર્વે સંતો તો તમારા જ આશ્રિત છીએ.

હે વર્ણિ ! તમારાં માતાપિતા અને મોટાભાઈ રામપ્રતાપ બધાં જ અમને તીર્થરાજ પ્રયાગરાજમાં મળ્યાં હતાં. ત્યાં અમારા થકી વૈષ્ણવી દિક્ષા પ્રાપ્ત કરી હતી અને અમે એમને કૌશલદેશમાં જઈને રહેવાની આજ્ઞા કરી હતી. લોકોને ભગવાનની સાંખ્યભક્તિનો ઉપદેશ આપવાનું કહેલ અને હરિકૃષ્ણ પ્રભુની સેવાભક્તિ કરવાની આજ્ઞા કરેલી તથા ભાગવતી દિક્ષા આપવાની રીતમાં પ્રવિણ કર્યા હતા. એમને દિક્ષા આપવાનો મંત્ર આપવાનો અધિકાર કર્યો હતો. નવા આશ્રિતો કરવાનું કહેલ. એજ ધર્મદેવના તમે પુત્ર છો. પુરુષોત્તમ નારાયણ સાક્ષાત્ પોતે જ છો. તમે અક્ષરધામમાંથી પધાર્યા છો, તે અમારા બધાં જ ભક્તજનોનું કલ્યાણ કરવા પધાર્યા છો. આ બધા જ અમે સંતો છીએ. તે બધા જ તમારા અક્ષરધામના વાસી છીએ અને અમને બધાયને દર્શન આપીને સુખ આપવા પૃથ્વી ઉપર પધાર્યા છો.

આપને સર્વે પરબ્રહ્મ પરમાત્મા અક્ષરાતીત અવિનાશી આપને જ કહે છે. આપ નરનારાયણ ભગવાન દ્વારા આ ભૂમિ ઉપર અનંતવાર પધાર્યા છો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં છઠ્ઠા કિશોર રત્નમાં શ્રી સહજાનંદ સ્વમીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રી રામાનંદ સ્વામી અને નિલકંઠવર્ણિને દર્શનનો ઉત્સવ થયો તેનું વર્ણન કર્યું એ નામે ઓગણત્રીસમો તરંગ થયો. ॥૨૯॥**

# તરંગ-૩૦

પ્રતાપસિંહ રાજા કહે છે, હે મુનિ ! શ્રીહરિએ રામાનંદ મુનિની પાસેથી મહાદિક્ષા ગ્રહણ કરી તે તથા હરિના સ્થાને પ્રગટ થયા. જાહેર થયા તે મુનિ ઉછવ કેમ ન કહેવા તે મને પૂર્ણ રીતે કહો.

મુનિદેવ કહે છે, હે રાજન્ ! તમને ધન્ય છે. કેમકે તમો સાક્ષાત્ હરિની પરમ અદ્ભૂત કથા પૂછી છે. તે કાનથી સાંભળે છે. એને તો અતિશય સુખ થાય છે. એ પ્રમાણે બધાં જ જગતનાં લોકો જાણે છે તે પ્રસિદ્ધ જ છે એમ સમજો. બધા જ દેશવિદેશમાં હરિ આવ્યા. એવો મોટો ઉદ્‌ઘોષ થયો કે એક નાની ઉંમરના બાલ મુનિરાજ પધાર્યા છે. એમનું રૂપ ખૂબ જ સારું અને મસ્તક ઉપરના વાળ પણ સુંદર શોભે છે. તે કારણરૂપે વર્ણિવેશે શોભી રહ્યા છે. હે રાજન ! લોકો હરિને જોવા માટે આવે છે. અનેક દેશો નગરો ગામોમાંથી ઘણાં બધાં આવે

છે. નારીઓ નરો તથા સજ્જનો પણ આવે છે અને સાધુસંતો પણ ઘણા આવે છે. એમને બધાને સતત યાત્રા થતી જ રહે છે. બધાં જ મળીને પૂછે છે કે મુનિ ઊંચી દૃષ્ટિ કરીને બતાવે આ વર્ણિ છે. તેઓ મહામોટા યોગી છે. મહાતપસ્વી છે. એમની કાંઈ વાત જ ના થાય તેવા મહાન પોતે છે. તે પોતે ત્યાગવૈરાગ્યની મૂર્તિ છે અને તપના મહાધામ છે. એમને જોઈને લોકો બધાં જ મનમાં શાંત થઈ જાય છે. કેટલાંક લોકો દૂર ઊભા રહીને જે જુવે છે તેઓ પણ જાતે જ કહે છે કે આ પોતે જ હરિ છે. દૂર દૂર ઊભી રહેલી સ્ત્રીઓની ટોળી હરિને જોઈજોઈને બાલયોગીમાંથી બાલસ્વરૂપ ભગવાનમાં યોગેશ્વરમાં અતિશય મનોહરતા હતી. આમનાં માતાપિતાને ધન્ય છે. આમના ભાઈને પણ ધન્ય છે. આ નેત્રને ચિત્તને ચોરનારને ધન્ય છે અને આપણા નેત્રોને પણ ધન્ય છે જેથી આ પ્રભુને જોઈ શકીએ છીએ. આ બાળપ્રભુને અજબ રૂપને ધન્ય છે.

શાંતમૂર્તિ એવા મનોહર મૂર્તિ વર્ણિવેશને જોઈને મુનિઓના નાથ ઈશને જોઈને બધા આનંદ પામવા લાગ્યાં. નારાયણમુનિ ભગવાન પોતે જ તપસ્વી સ્વરૂપ ધરીને આ ભૂમંડળમાં પધાર્યા છે તે પોતાના આશ્રિતજનોના પાપોને હરવા માટે અને મોક્ષ આપવા પધાર્યા છે. ભક્તજનોનો ભરાવો સતત મુનિવર પાસે રહેતો હતો તે બધા જ હરિભક્તો ભગવાન મુનિવરનાં ગુણ ગાવા ભજન કરવા થતો હતો. વર્ણિની નવલ મનોહર છબી જોઈને મનોહર મૂર્તિ બધાને મનમાં આનંદ આપનારી હતી. બધાંને જુદાં જુદાં રૂપે દર્શન થતાં હતાં. દેવના દેવ થઈને બધાંને દર્શન આપતા હતા. બ્રહ્મા વિષ્ણુ મહેશ ઈંદ્રાદિ બધા દેવો દર્શન કરવા આવતા હતા. બધા વર્ણિનું ધ્યાન કરતા હતા. વ્યાસ આદિ તથા શેષ આદિક બધાય જેમના ગુણને સતત ગાયા જ કરે છે એવા પ્રભુ શ્રીહરિ લોકોને દર્શન આપે છે.

રામાનંદ સ્વામી આમ મનમાં ધારતા હતા કે સત્શાસ્ત્રના મતને આ હરિ પોતે જ સારી રીતે ચલાવશે અને ભાગવત ધર્મનો પરિવાર કરીને સાંગભક્તિનો વિસ્તાર કરીને દૃઢ નિષ્ઠાવાન કરશે અને અનેકનો ઉદ્ધાર કરશે. રામાનંદ સ્વામી વર્ણિને પોતાના સ્થાનનું પદ આપવાનું ધારતા હતા. તેનાથી અનંત જીવોનો ઉદ્ધાર કરશે એટલા માટે પોતાના શિષ્યોમાં વર્ણિને મુખ્ય સ્થાને કરવાનું ધારતા હતા. ત્યારે સર્વના અંતર્યામી શ્રીહરિ પ્રભુ મુનિ રામાનંદ સ્વામીને કહેતા હતા. હે સ્વામી ! મને આપ દિક્ષા આપી આપનો શિષ્ય બનાવો એવી મારી વિનંતી છે. હે સ્વામી ! અમારાં માતાપિતા અને મોટાભાઈએ આપની પાસેથી જ મહા દિક્ષા લીધી હતી. એથી એમના પુત્રરૂપે હું આપનો જ શિષ્ય થાઉં એટલા માટે આપ મને દિક્ષા આપીને આપનો આશ્રિત સેવક બનાવો.આ વાત સાંભળનીને સર્વે મુનિજનો ખૂબ જ રાજી થયા. પછી સ્વામીએ વેદને જાણનારા વિદ્વાન બ્રાહ્મણોને બોલાવ્યા. આ રીતે સ્વામીએ હેત કરીને તૈયાર કરાવી.

સર્વે સંતો અને હરિભક્તોને બોલાવવા. જુદા જુદા દેશો ગામો શહેરોમાં સમાચાર જણાવ્યા. બધા સત્સંગીઓ સર્વે આવ્યા. સ્વામીએ દિક્ષા માટેનો દિવસ સારો શોધીને નક્કી કર્યો. બધા મુનિજનોએ નિર્ધારિત કર્યો. મંડપ તૈયાર કરાવરાવ્યા. તેમાં કેળોના થાંભાલાઓથી મંડપ રોપાવ્યો. શેરડીના સાંઠાથી શુભમુહૂર્ત બનાવ્યાં. અનેક પ્રકારનાં અંગોથી વેદીઓ શણગારી પૂજાના અનેક પ્રકારનાં દ્રવ્યો મંગાવ્યાં. પૂજા માટે ફળો દળો પાત્રો અંકુરો ફૂલો વિગેરે ખૂબ જ મંગાવ્યાં. ત્યાર પછી મંડપમાં મનોહર કળશો સ્થાપ્યા. મુનિજનોએ વિધિ પ્રમાણે સુંદર અનેક પ્રકારની શોભા કરીને શણગાર્યો. બોલાવેલાં હરિજનોનાં સંતોનાં મંડળો જુદાં જુદાં બનાવીને કામો સોંપ્યાં. દેવો અને મુનિજનો દુંદુભિ આદિક વાજિંત્રો વગાડવા લાગ્યા. પુષ્પનો વર્ષાદ કરવા લાગ્યા. હે રાજન ! શ્રીહરિની

દિક્ષાવિધિને જોવા માટે બ્રહ્મા વિષ્ણુ અને મહેશ આદિ દેવો આવ્યા. એમનાં વિમાનો આકાશમંડળમાં ચારેબાજુ છવાઈ ગયાં. બધાં દેવો મળીને શ્રીહરિનાં ગુણો ગાવા લાગ્યા.

બ્રહ્મરૂપે બ્રહ્મ ધૂન કરી તેને દેવો મુનિજનો સંતો બધાએ પ્રત્યક્ષ જોઈ આ કાર્યમાં રામાનંદ સ્વામીને ખૂબ જ આનંદ થતો હતો. કેમકે સર્વ જીવ પ્રાણિમાત્રના આધાર એવા હરિશિષ્ય થતા હતા એટલા માટે આનંદ હતો. હરિએ કૌપિનની સાથે શ્વેત વસ્ત્રો ધારણ કર્યા. તેનાથી ધર્મ દુલારા ખૂબ જ સુંદર રીતે શોભતા હતા. સ્વામીએ ઉદ્ધવ મતનાં બધાં જ વૈષ્ણવી ચિહ્નો ધારણ કરાવ્યાં. અષ્ટાક્ષરમંત્રનો ઉપદેશ આપીને મંત્ર ધારણ કરાવ્યો. હે રાજન ! ત્યાર પછી મુનિનાથને નામકરણ કરીને ધારણ કરાવ્યાં. તેમાં હરિ જે નામનું ચિંતન કરતા હતા, તે જ નામ શ્રી સહજાનંદ સ્વામી ધારણ કરાવ્યું અને બીજું નામ નારાયણ મુનિ ધારણ કરાવ્યું. જે જીવ સ્વામિનારાયણ નામનો જપ કરે છે તેને તે જ ક્ષણે તરત જ તેનું ફળ મળે છે. અનંત નામના નામી એવા સર્વોપરિ છ અક્ષરનો મંત્ર કહી દીધો.

આ રીતે મુનિવર શ્રીહરિએ બંને નામોને ધારણ કર્યા. તેને જે જન સ્મરણ કરે છે જે જીવ ભક્તિ કરે છે તે પરમધામને હરિના ચરણકમળને એક જ ક્ષણમાં પ્રાપ્ત કરે છે એવું મહાન છે. નારાયણ મુનિનું નામ અને સ્વામિનારાયણનું નામ અને સહજાનંદ સ્વામીનું નામ આ બધાં જ પવિત્ર નામો છે. આ ત્રણે નામોનો જપ કરે. પારાયણ કરે તે છ છ વર્ણના નામ છે. તે શરણનો મહામંત્ર છે તે સુખ આપનાર શોભા વધરનાર છે. જે જન આ જાપ જપે છે. તેના જાપથી બધાં જ પાપો નાશ પામે છે. પાપનો પર્વત ઓગળી જાય છે. ભવસાગરને માયાને તરી જવાનો નાવ જેવો આ મંત્રનો સાર છે. બધા જ મંત્રનો આ સાર છે. મહાઘોર કળિકાળમાં મંત્રનો જે જન જાપ કરે છે તે અધમ જીવનો ઉદ્ધાર કરનાર મંત્ર છે. શ્રીહરિ બધા જ પ્રકારનાં કષ્ટના નિવારક તથા પોતે જ બધા જ ફળનું કારણ પણ હરિ જ છે. જેનાથી પરલોકને પામે છે. અનંત પદને આપનાર આજ મંત્ર છે. મનને શુદ્ધ કરનાર જીવપણાને મટાડનાર છે. તે જ છ વર્ણનો મંત્ર શરણ મંત્ર છે. શરણાગતજનને પ્રભુ અક્ષરધામ આપે છે. સ્વામિનારાયણ નામનો મંત્ર જપીને જીવાત્મા મુક્ત બનીને અક્ષરધામને પામે છે અને મહાસુખના સાગરમાં નિવાસ કરે છે. પ્રભુના ચરણસુખને પામે છે.

નરનો સંબંધ થયો તે જ નારાયણ નામે કહેવાય છે. તે નારમાં શયન કર્યું. તેથી નારાયણ શોભે છે. તે નારાયણ ઉપર પરબ્રહ્મ પોતે જ છે. તે બધાની ઉપર છે. સર્વોપરિ છે. તે સ્વામી અન્વય થાય છે. એનાથી સ્વામી એવી સંજ્ઞા અર્થાત્ નામ બને છે. નારાયણને જ વિષ્ણુ કહેવાય છે. નારાયણને વૈરાટ કહેવાય છે. મહાકાળને પણ નારાયણ કહેવાય છે. તેજ પોતે સાક્ષાત્ પુરુષોત્તમ પોતે જ છે. સ્વયં મૌનને ધારણ કરીને મૌન રહીને મુનિવર થયા. તે જ મુનિ એક સંજ્ઞા થઈ તે જ નારાયણમુનિના નામ તે જ પોતે સ્વામિનારાયણ પોતે જ છે.

એવી રીતે હરિએ નામો ધારણ કર્યા. તે મુનિ રામાનંદ સ્વામી પાસેથી ધારણ કર્યા. એટલા માટે તે સ્વામિનારાયણ નામને જે જન જપશે ભજશે તે તો અંતકાળે પરમધામને પામે છે. પરમસુખ ભોગવે છે. એવી રીતે નામધારણ કરાવ્યાં. વર્ણિનાં નામથી જગતના જીવોનો ભવ તરવાની નૌકારૂપ થયાં. રામાનંદ સ્વામીએ મનમાં જે ધારેલ તે જ પ્રમાણે પ્રભુએ સત્ય કરીને પોતે ધારણ કર્યું. હરિ પોતે મનમાં જ પોતાને કૃતાર્થ થયેલા માનતા હતા અને હવે બધાં જ કાર્યો પૂર્ણ થયા દિક્ષાવિધિ બધી જ પૂર્ણ થઈ. બધાં જ બ્રાહ્મણોને સંતોને અને

દેવોને તૃપ્ત કર્યા.

અને દેશોમાં મોટો જયજયકાર થયો અને સ્વામી પાસે ખૂબ જ મોટા યોગીવર પધાર્યા છે. આમ જાણીને દેશોદેશથી લોકો દર્શન કરવા આવતાં હતાં. જે દિવસે આમનાં દર્શન કરે તે દિવસથી જ કોઈ જનશોકવાળો ન રહે. બધાં જ શોક વિનાના થઈ જાય છે. એવી રીતે અનેક લોકો આવતાં હતાં અને જતાં હતાં અને રોજરોજ અનેક ઉત્સવો થતા હતા ત્યારે રામાનંદ સ્વામીની સાથે બીજા સંતોમાં હરિ ખૂબ જ શોભતા હતા. સાથે સાથે ઐશ્વર્યમૂર્તિ હરિ બધાના મનને લોભાવતા હતા. રામાનંદ સ્વામી પ્રત્યે અનેક પ્રકારના પ્રશ્નો પૂછતા હતા તેના ઉત્તરો પણ યથાયોગ્ય રીતે થતા હતા. તેને સંતો પોતાના હૃદયકમળમાં ધારતા હતા. પ્રશ્નોત્તરો તો થતા જ હતા. તેમાં પ્રવિણપણું સાચી શંકાએ પૂછીને તરત જ ગર્વ અભિમાન ઉતારતા હતા.

આ રીતની છબિ મુનિજનોના મનને ખૂબ જ પ્રિય લાગતી હતી. હરિની છબિ નિર્માનિ નિસ્પ્રેહ નિરભિમાની નિર્લોભિ નિષ્કામી નિસ્વાદિ સ્નેહવાળી ખૂબ જ શોભતી હતી. ત્યાગ વૈરાગ્યથી શરીર ખૂબ જ શોભાયમાન લાગતું હતું. તોય ભક્તિ ઉપર અતિભાવ હતો જ અને રામાનંદ સ્વામી મુનિઓની ટેલચાકરી કરવામાં પ્રવિણ હતા. ટેલ કરાવવા મનમાં ઇચ્છતા હતા.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં છઠ્ઠા કિશોર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિને મહાદિક્ષા આપી મહિમા કહ્યો એ નામે ત્રીસમો તરંગ થયો. ॥૩૦॥**

# તરંગ-૩૧

રાજા કહે છે, હે મુનિરાય ! રામાનંદ સ્વામીની સાથે બધા જ સંતો લોજપુર આદિ ગામોમાં ફર્યા ત્યારે જે ચરિત્રો થયાં તે લીલા મને કહી સંભળાવો.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! તમારે જે ચરિત્ર સાંભળવાં છે તે સંભળાવું છું. પરમાત્માનું જીવન સહજ સ્વાભાવિક જ હોય છે તે જીવોના કલ્યાણ માટે જ હોય છે. સ્વામીને જોઈને હરિ આનંદ પામતા થકા એકાગ્ર ચિત્તથી મનમાં લોકોને આનંદ આપવા અમીદૃષ્ટિ કરીને કૃપા કરીને સર્વના દુઃખનું ભંજન કરવા કોમળ નજરથી જોતા હતા. બધાંને આનંદ પમાડવા માટે મુખને હાસ્ય કરતા થકા વાતાવરણમાં પ્રકાશ ફેલાવીને મુખકમળથી અમૂલ્ય બોલને બોલતા હતા. ચંચળતાયુક્ત ચતુરાઈથી લોકોનાં ચિત્તને ચોરતા થકા બધાનાં અંગોને ઉમંગથી આનંદથી કરુણાદૃષ્ટિથી સુખ આપતા હતા. સર્વના અંતરને જાણનારા સર્વના સ્વામી બધા જાણે તેમ શ્રીહરિ સ્વામી રામાનંદજીની સેવા કરતા હતાં. સર્વના સુખદાયક હોવા છતાં પોતે સ્વામીની સેવા કરતા હતા. હરિ પોતે સવારમાં નિત્યવિધિ કરીને પછી સ્વામીની સેવા કરવા જતા હતા. સુગંધિત ચંદન આદિક તથા તુલસીનાં માંજર પત્ર વિગેરે લાવતા હતા તથા પૂજાનાં પાત્રો સાફ કરીને લાવતા હતા. સ્વામી સેવા કરાવવામાં તૈયાર હતા. તેથી સ્વામીના સેવકો પણ ખૂબ જ નિપુણ હતા.

પોપ સુગંધી પદાર્થો કંદ મૂળ ફળો વિગેરે હરિ પોતાના હાથે મુનિના હાથમાં આપતા હતા ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન પ્રત્યક્ષ આવીને આનંદથી લેતા હતા. તેને બધા સેવકો જોઈને સુખ પામતા હતા ત્યારે વર્ણિંદ્ર સ્વામીને

કહે કે તમે પ્રભુને કહો કે મારી પાસેથી હાથોહાથ પ્રસાદ લે. અને અમારી પૂજામાં પ્રત્યક્ષ આવે રામાનંદ સ્વામી ક્યારેક કાંઈ વ્યવહારિક કામ કઠિન હોય તો હરિને પૂછતા હતા. હરિ તો ભૂત ભવિષ્ય વર્તમાનના વાતાવરણને જાણતા હતા. તેથી સ્વામી ગુરુ હોવા છતાં હરિની અનુમતિ લઈને કરતા હતા. નેત્રને બંધ કરીને જીવના જીવન હરિને જાણીને મુનિના મનને આનંદ આપતા હતા. બાળકમળ નેણનાં શરીરને દુબળું જોઈને સંકોચાતા હતા. હરિના શરીરમાં તપ ત્યાગથી બધાં જ ગાત્રોમાં લોહી તો છે જ નહિ તથા કેવળ ચામડી અને હાડપિંજર જ હતું. તેને જોઈને સ્વામીએ એમના શરીરે પરસેવો લાવવા માટે ઉપાય કર્યો. આવાળને ખૂબ જ મંગાવીને એને બફાવી નાંખી પછી હરિના શરીર ઉપર લેપ કર્યો તોય કાંઈ થયું જ નહીં.

હરિના શરીરે પરસેવો વળે. તેના માટે સ્વામી કાંઈક ઉપાય કરતા હતા. શરીરની શુષ્કતા મટે અને શરીર કોમળતાવાળું થાય એમ માનીને આવરી લપેટાવેલી તે જોઈને રઘુનાથદાસ સાધુ બકવાદ કર્યા કરે. બળ્યા કરે. કહે હરિને ધતુરાનાં પાનોં બાંધો તો જ નિલકંઠ વર્ણિના શરીરે સારૂ થાય. આમ વ્યંગ્યમાં કહેતો હતો. આવી રીતની વ્યંગ વાણિ સાંભળીને રામાનંદજી કહે કે તમે ધર્મનંદન ઘનશ્યામને જાણતા જ નથી. આમના માટે ઉપયોગમાં લેવા અઢાર ભાર વનસ્પતિ ઉખાડી નાંખો તોય કોઈ પ્રકારનું પાપ ન થાય એવા મહાન છે. આ તો સર્વદેવના દેવ છે. ઈશ્વરોના ઈશ્વર શ્રીહરિ પોતે જ છે. એ જગવંદ્યને તમે જાણી શકતા જ નથી. માંખથી પક્ષીનો રાજા ગરુડનો પ્રતાપ કેટલો કહેવાય એનું કોઈ માપ હોય જ નહિ તેમ આ તો મહાન છે.

જો ગજરાજ હાથી ઉપર ભેંસ કે પાડો ઈર્ષા કરે તો એને યોગ્ય કહેવાય ? વ્યર્થ થાય. દિવાના કે મશાલના અગ્નિને વડવાનલ અગ્નિની સાથે સરખાવે તો યોગ્ય કહેવાય ? ગરુડને આકાશની સાથે સરખાવાય તથા દીવો અને સૂર્યને સમાન સરખાવાય ? દીવાનો પ્રભાવ અને સૂર્યનો પ્રભાવ સમાન થાય ? એ તો બધી મૂર્ખાની વાર્તાઓ જ છે.

રામાનંદ સ્વામી હરિનો પ્રતાપ કહીને હરિના શરીરનું યોગ્ય રીતે જતન કરાવતા હતા. ત્યારે મિઢિઆવળની ફાકિ કરાવીને હરિને જે જમવું હોય તે મનભાવ્યા પ્રમાણે જમવા દેવું પણ શરીરમાં પરસેવો વળવો જોઈએ, એ એટલા માટે જ કરાવતા હતા. હરિના કોમળ અંગોને સારાં પૌષ્ટિક કરવા માટે જ કરતા હતા. હરિ તો સત્સંગીજનો અને સંતોના જીવનના પ્રાણરૂપે સર્વને જાણનારા એમનો પ્રતાપ પણ સર્વને સુખ આપનારો હતો. એટલા માટે જ પ્રયત્ન કરતા હતા. હરિને કોઈ મિષ્ટાન્ન આપે તો સારું લાગતું છે જ નહીં. એ તો સારું લાગતું કેવળ મરચું અને મીંઢીઆવળનો લાડવો જમતા હતા. અન્ન માટેથી શુષ્ક રહેતા હતા. વૈરાગ્યના વેગનું બળ રાખીને ચાલતા હતા. નદીનાપુરમાં જેમ વૃક્ષ તણાય તેમ વેગ પ્રમાણે રહેતા હતા. ગુરુના ભયથી જે કાંઈ આપતા તે ગ્રહણ કરી લેતા પણ જ્યારે લાગ આવે તો ઉપવાસ કરીને શરીરને શોષતા હતા. સંતો, મુનિજનો અને રામાનંદ સ્વામી આદિક સર્વે હરિનાં આચરણ ક્રિયાઓમાં એકાગ્ર થઈ જતાં હતાં એવું હરિનું કાર્યબળ હતું.

આવી રીતે રામાનંદ સ્વામીએ હરિના શરીરની ઘણા પ્રકારે પરિચર્યા કરી પ્રયત્નો કર્યા ત્યારે શરીરમાં પરસેવો વળવા લાગ્યો. ત્યારે હરિનાં કોમળ અંગો શોભવા માંડ્યાં. ત્યાર પછી રામાનંદ સ્વામી સર્વે સંતસમુદાયની સાથે વર્ણિરાયને લઈને વિચરણ કરવા લાગ્યા. ગિરનાર પર્વતની તળેટીમાં સંતો સહિત ભગવાન વિચરતા હતા. સાંખ્યભક્તિનો ઉપદેશ આપીને ભક્તજનોને આશ્રય કરાવતા હતા. સર્વે જ્યાં જ્યાં જતા હતા. ત્યાં ત્યાં લોકોના જન્મમરણના રોગને ટાળતા હતા. સોરઠનાં નગરો ગામોમાં ભૂમિને પવિત્ર કરતા થકા વિચરતા હતા. મુનિરાય

ફરતાં ફરતાં જેતપુર ગામે સર્વે આવ્યા. ત્યાંના રાજાએ સર્વેનો ખૂબ જ સત્કાર કર્યો.

તે રાજા વિનય, નમ્રતાના ગુણવાળા ઉનડના નામથી પ્રસિદ્ધ હતા. એમણે હેત સહિત મુનિરાજને પોતાના ઘેર તે રાજા રાખતા હતા. તે રાજા નમ્ર ભાવનાથી સ્વામીની સેવા કરતા હતા. શરીર, ધન, મારું ઘર બધું જ આપનું છે. તમારા સંતોની સાથે અહીં રહો. આ બધું સર્વનાશ થનારું છે. તેથી આપના પ્રતાપથી પવિત્ર થાય. હું આપનો શિષ્ય છું. કૃતાર્થ થયો છું. તો આપ ચાતુર્માસ પર્યંત અહીં નિવાસ કરીને રહો. સર્વે સંતો અને મહારાજ સાથે રહો. આવો સમય આવવો અતિ દુર્લભ છે. લોકોના કલ્યાણ કરવાના હેતુ માટે આપ વિચરણ કરો છો. તમારા જેવા સંતો અમારા ઘરે આવ્યા તેનાથી કયા મોટા ભાગ્ય હોય. હું તો આજે કૃતકૃત્ય થયો છું. આપનાં દર્શન તો દેવો મુનિજનોને પણ નથી થતા તેથી હું તો કૃતકૃત્ય થાઉં છું.

એવી રીતે ઉનડરાજા વિનયપૂર્વક સંતોની પ્રશંસા કરીને પોતાના ઘેર રાખતા હતા. વર્ણિની સાથે રામાનંદ સ્વામી તથા બધા સંતો પોતાના આશ્રિતોના હિત ખાતર રોકાતા હતા. જેતપુરથી પૂર્વમાં ભાદર નદી વહેતી હતી તે નદીમાં બધાં જ સંતો ભક્તો નહાવા જતા હતા. મુનિનાથ રામાનંદ સ્વામી મુનિમંડળની સાથે તે જેતપુરના ભક્તો અને રાજાને સનાથ કરવા ત્યાં રહ્યા. દરરોજ જુદા જુદા અનેક પ્રશ્ન ઉત્તરો થતા હતા.

બધાનું મંગળ કરનાર તીર્થરાજ હોય છે. લોકોનું જેમ આકર્ષણ વધારે તેમ સમાજ વધારે આવે છે. અહીં હરિના મુખની તથા રામાનંદ સ્વામીના મુખની વાતો સંભળાવા આવેલા. લોકો નિયમમાં દઢ થઈને પાપથી મુક્ત થતાં હતાં. શ્રીહરિ રામાનંદ સ્વામીને પ્રશ્ન પૂછતા હતા. તે સર્વના સુખ ખાતર કરતા હતા. કેવા પ્રકારના દોષનો ત્યાગ કરવાથી દુઃખનો નાશ થાય છે ત્યારે વર્ણિરાજને મુનિ રામાનંદ સ્વામી કહેતા હતા. માન દોષ મહાભયંકર મોટું દુઃખ આપનાર દોષ છે.

અતિ અભિમાનમાં તે જીવને સ્વાદ અને સ્નેહ ઉત્પન્ન થાય છે. ત્યાર પછી લોભ કામ દોષ ઉત્પન્ન થાય છે. મદ મત્સર ક્રોધ આ બધા જ માનના અંગો છે. માનથી જ બધા જ જગતના જીવો મરે છે. સતિ શુર બંને અગ્નિસમાન છે. બધાને બાળી દે છે. માનરૂપ મહાદોષમાં અધર્મ ગુપ્ત રહે છે ત્યારે દોષરૂપ ગુણ હોય તોય તે હળાહળ જહેરનું કામ કરે છે એમ જાણવું. જપ તપ વ્રત યજ્ઞયાગાદિક કાર્યો તે માનથી કરવામાં આવે તો તે ભક્તિ આદિ જે ગુણ છે તે નાશ પામી જાય છે. અને માન આદિ પ્રકૃતિના લીધે ગુણ દેખાતા નથી. માન મોટું થાય છે. ગુણોનો નાશ થાય છે.

હે મુનિરાજ ! મત્સર, ઈર્ષા, કપટ, ક્લેશ આ બધાય દોષો માનથી જ ઉત્પન્ન થાય છે એમ જાણજો. જે જીવ માન નથી ત્યાગતો તેને ક્યારેય સંસારથી નિવૃત્તિ નથી થતી તેને તો વારંવાર જન્મમરણમાં કુટાવું પડે છે. નિર્માનિ જીવ ક્યારેય માનનો ભાવ લેવા ઈચ્છતો જ નથી. સદાય નિર્માનિ જ રહે છે તે આશા તૃષ્ણા આદિકથી રહિત રહે છે. નિષ્કિંચન ભાવથી હરિ વિના બીજી કોઈ જાતની ચિંતા કરતો જ નથી. હરિનું સ્મરણ ચિંતવન કરે છે. નિર્માનિ તે પોતાની પૂજા સન્માનની ક્યારેય આશા રાખતા જ નથી. એ તો સંતો હરિભક્તોના કાયમ દાસ થઈને રહે છે. સર્વાંતર્યામિ જગતના નાથ એની બધીજ ક્રિયાઓ ઉપર ધ્યાન રાખે છે. શરીરની ત્રણ ક્રિયાઓ ત્રણે કાળમાં જાણીને કરે તેને પરમકૃપાળુ જગદાધાર યોગ્ય ફળ આપે જ છે એમ જાણીને નિત્ય પ્રત્યે લોકો સંતપુરુષ કાયમ નિર્માનિ થઈ પ્રભુ ભજે છે.

નિર્માનિ જીવાત્માઓનાં હૃદયમાં ધર્મ સર્ગ કાયમ માટે નિવાસ કરે છે અને ત્યાર પછી શ્રીહરિ પણ એમને

શોધતા થકા પાછળ પાછળ જ્યાં જાય ત્યાં જાય છે. માનિ જીવો અતિશય દુઃખને પામે છે અને નિર્માનિ જીવો અતિસુખને પામે છે. એટલા માટે સંતો સર્વે નિર્માનિ રહીને અનુકૂળ રીતે વર્તે તો પ્રભુ રાજી રહે. આવી રીતે રામાનંદ સ્વામી થકી વાતો સાંભળીને બધાં જ મનમાં ખૂબ જ રાજી રહ્યાં. રામાનંદ સ્વામીએ માનદોષ સમજાવ્યો. સર્વે ભક્તજનોએ અલૌકિક સુખને માટે માનનો ત્યાગ કર્યો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં છઠ્ઠા યૌવનલીલા રત્ન આરંભમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિ લોજપુર આદિક સોરઠ ધરણિ ઉપર વિચરણ કરી લીલા કરી એ કથનના નામનો એકત્રીસમો તરંગ થયો. ॥૩૧॥**

# તરંગ-૩૨

રાજા કહે છે, હે મુનિરાય ! રામાનંદ સ્વામી અને નિલકંઠ વર્ણિને ધર્મધુરા આપવા માટે જવાબદારી સંભાળવા અરસપરસ ચર્ચા થઈ એ ચરિત્ર મને સારી રીતે સમજાવો.

સુવ્રત મુનિ કહે છે, હે રાજઋષિ તમે સાંભળો. રામાનંદ સ્વામી પોતાની જવાબદારીની ધર્મધુર શ્રીહરિને સોંપવા માટે જે ઉપદેશ કર્યો તે હું તમને કહું છું. ગુરુ રામાનંદ મુનિ શ્રીહરિ પ્રભુને કહે, હે મરાલ ! મારી ઈચ્છા મુજબનું કાર્ય કરો. આ ધર્મની ધુરાને તમારા વિના બીજું કોઈ વહન કરવા માટે શક્તિમાન નથી.

હે જગદીશ ! તમારે આ જનનું નિષ્કામ કામ અધર્મનો નાશ કરવા, ખળ શિષ્યોનો પરાભવ કરવા, જીવને શુદ્ધ કરીને અવિકારી કરીને, એકાંતિક ભક્ત બનાવી અક્ષરધામના અધિકારી તમારા વિના કોણ કરે તેમ છે. જીવને સાંખ્યયોગી કરવાના એકાંતિક ધર્મનું અનુસરણ કરવાનું કામ ધાર્મિક (તમારામાં ધર્મ સંપૂર્ણ છે. માટે તમારી)વિના જગતમાં સાચો એકાંતિક ધર્મ કોઈ ધરાવી શકે તેમ નથી. તમારાથી જ તે થાય તેમ છે. તમારાં સર્વે અંગો તે ધર્મના કવચરૂપે છે. તમે એના માટે જ પૃથ્વી ઉપર જન્મ ધરેલ છે અને જગતના જીવોને પૃથ્વી ઉપર જન્મ ધરાવો છો. તમે જે ધર્મ એકાંતિક ધરાવો છો તે તમારામાં ચોખ્ખું જણાય જ છે. નિગમ આગમ વેદવેદાંત શાસ્ત્રના બધા જ સારભેદને આપ જાણનારા છો. નીતિશાસ્ત્રમાં પ્રવિણ છો. સર્વ મનુષ્યોમાં આપ સર્વોપરિ છો. સર્વ જીવમાત્રના જાણનાર સર્વના તારણહાર તમે જ છો. જીવ ઈશ્વરની કર્મની ગતિના આપ જાણનાર સર્વના સ્વામી આપ છો. એટલા માટે જ આ ધર્મધુરા આપને ધારણ કરાવવા માટેનો મારે આ એક જ પ્રકારનો નિર્ણાયક મત છે. આપ તો અકામ પૂર્ણ જ છો.

વૃત્તિને વશમાં રાખનારા છો. ઉપશમ સ્થિતિના મતને રાખનારાની દૃઢભક્તિના માર્ગને વધારનારા છો. એટલા માટે હું તમને આગ્રહ કરીને કહું છું. આમાં તમે શિરતાજ જ છો. અનંત જનોને મોક્ષમાર્ગ બતાવીને મુક્તિ કરનારા છો. તમારા જેવા એકાગ્રવૃત્તિથી વર્તનારા તમારી નજરમાં અનંત આવશે તેનો ઉદ્ધાર કરવા સમર્થ છો. તેથી જે કોઈ તમને જળ, ફળ, પત્ર, પુષ્પ આપે તેનું તરત જ કલ્યાણ કરનારા છો. એમના કલ્યાણમાં કોઈ બાધ ન આવે એવા કૃપાળુ છો. કોઈ આપને વાહન આપે, વસ્ત્ર આપે, આભુષણ આપે તે સર્વનું આપ મંગળ કરવા માટે એમની સેવાને ગ્રહણ કરો છો. એનાથી જીવનું કલ્યાણ થાય છે. જો તમે કહો કે પદાર્થથી અમને બંધન થાય તે વાત સત્ય નથી કારણ કે તમે તો કાયમ નિર્બંધ જ છો. મૂળમાયા કાળ કર્મ બધું જ જગતનો ઉદ્‌ભવ પાલન લય સર્વ કરનારા તમે જ છો. તમારી પ્રેરણાથી જ બધું જ થાય છે. અનંત કોટિ બ્રહ્માંડો આપની દૃષ્ટિમાત્રથી થાય છે. સર્વને ધારવા છતાં નિર્લેપ રહો છો.

હે પ્રભુ ! તમે સત્ય સંકલ્પ છો. એટલા માટે મારા વચનને આપ ગ્રહણ કરીને મારું પ્રીય કરો. આપ ધર્મની ધુરાને ધારણ કરો. શ્રીહરિ કહે છે, હે ગુરુદેવ ! તમારો કરેલો વચનરૂપી આદેશ શિર ઉપર ધારીને હું જરૂર એને સત્ય કરીશ, જે કહેશો તે બધુ જ સત્ય થશે જ. આઠ પ્રકારનું જે બ્રહ્મચર્ય છે તે તેના વિધિમાં ક્યાંય બાધ ન થાય એ જ મારી ઉપર કૃપા કરજો. સ્ત્રીઓની ગંધને દૂરથી પણ ન લેવી એવું મારું માનવું છે. એની જગ્યાએ સ્ત્રીઓની સાથે વાતો કરવી પડે. એ અમરા જેવાને તો બહુ જ કઠણ છે. તે છતાં તમારી આજ્ઞાથી શું કરવું એ તો આપને કહેવાનું છે. દેવો દાનવો મુનિજનો મુક્તાત્માઓ મુમુક્ષુઓ જો યુવતીના પ્રસંગમાં આવે તો મહાજ્ઞાની હોય, સિદ્ધ હોય તોય તે બંધનમાં આવે છે. અને તેનો ધર્મ ભંગ થાય છે જેવાકે ઇંદ્ર ઈશ્વરો બ્રહ્મા જેવા મોટા મોટા યુવતીનાં પ્રસંગથી મહા કલંકને પામ્યા. જો સ્ત્રીજાતિનો વિશ્વાસ કરે તો તે વિશ્વાસી અંધતમ નરકમાં પડે છે. એ પ્રાણીનું પતન થાય છે. એમાં કોઈ સંશય જ નથી. કેવળ નારાયણ મુનિ સિવાય કોઈ ઈશ્વરો પણ બચ્યા નથી. સૌભરી જેવા પણ યુવતીના સંગથી ભંગ થયા. સારા ગુણ જો જણાય તો એ જ શુભ ગુણ પણ નારીનો યોગ થતા બ્રહ્મચર્ય વ્રતમાંથી ભંગ પડાવનાર થાય છે. કૂવા ઉપર અતિ મનોહર શોભા હોય તોય શું સર્પ અને સિંહ મારીને ખાય તોય શું ? મરવું સારું શુળિ ઉપર ચડવું પડે અથવા ફાંસો આપે તે સારું. મૃત્યુ કહેવાય પણ સ્ત્રીનો તો ક્યારેય સંગ કરવો જ ન જોઈએ. પેલું તો એક જ વાર મૃત્યુ થાય સ્ત્રી તો અનંત વાર જન્મ મરણ લેવડાવે છે. એવી રીતે દોષ બતાવીને શ્રીહરિ કહે સ્ત્રીના પ્રસંગથી તો વ્રતનો ભંગ થાય છે. આ સાંભળીને મુનિરાજ રાજી થયા અને હરિ પાછા ફરી ધનના પ્રસંગથી દુઃખ થાય છે તે કહેવા લાગ્યા. જેવી રીતે સ્ત્રીના પ્રસંગથી પતન થાય છે તે જ રીતે ધનનો પ્રસંગ પણ ત્યાગીને અતિ દુઃખ આપનારો છે. કેમકે શુભ વર્તમાનમાંથી પાડે છે અને અંતે નર્કમાં જવું પડે છે. મનુષ્ય અવ્યવહારિક દ્રવ્ય લેવાથી અનધિકારી લોભથી પાપની વૃદ્ધિ થાય છે. ધનથી પંચવિષયને પોષણ મળે છે. દઢ વર્તમાનમાંથી પાડે છે. દુઃખ પામે છે.

હે મુનિવર ! તમારો અધિકાર લેવાથી તો આ બધુંય મળતું હોય છે. એટલા માટે આ અધિકારથી તો દઢ વ્રત કેવી રીતે રહે એ હું પૂછું છું તો તમે મને જે હોય તે કહો. ત્યારે સ્વામી રામાનંદજી કહેવા લાગ્યા કે તમે મારા શિષ્ય થયા છો. તોય હું તમને ગુરુતુલ્ય માનું છું. કારણ કે તમારા જેવા તો તમે એક જ છો. તમે મને અતિપ્રિય છો. હે પ્રભુ ! તમારાથી બીજો કોઈ યોગ્ય છે જ નહિ. તમે જ યોગ્ય છો.

બધાની ઉપર એની ઉપર સર્વપોરિ પરમાત્મા નારાયણમુનિ સર્વના નાથ છો. આ પૃથ્વી ઉપર ધર્મભક્તિના ઘેર આપ સર્વને સનાથ કરવા માટે સર્વનાં કલ્યાણ કરવા માટે પધાર્યા છો. હે હરિ ! તમારા પ્રતાપને હું જાણું છું પણ બીજો કોઈ તમારા પ્રતાપને પુરો જાણતા જ નથી. માટે તમારા માટે કાંઈ કોઈ રીતે બાધ કરનાર થાય તેમ નથી આ સર્વે પદાર્થ માયાનાં છે અને તમે તો માયાના સર્જનારા છો. તેથી તમને કોઈ બાધ આવે જ નહીં. હે હરિ ! જીવ ઈશ્વર મુનિ અને દેવોને બધાને બંધન કરનાર થાય છે પણ તમને તો કોઈ બંધન ન થાય. કેમકે તમે તો બધાના બંધનને તોડનારા છો. તેથી તમને કાંઈ બાધ ન આવે.

તમે તો નારાયણ પરબ્રહ્મવાદવાળા છો. માટે હે મારા પ્રિય પ્રભુ ! તમે મારા વચનને જરૂર માનો. તમને કોઈ ધન સ્રી આદિક બાધ ન કરે એવા મારા આશીર્વાદ છે. ત્યારે શ્રીહરિ પ્રભુ હાથ જોડીને મુનિવર ગુરુ પાસેથી બે વરદાન માંગતા હતા કે તમારા સત્સંગીયોને સર્વને માટે હું માંગુ છું તે માટે તમે મને વરદાન આપો.

કરોડો વિછિઓની પીડા જો તમારા ભક્તોને આવવાની હોય તો તે મારી ઉપર આવે. તેઓ કાયમ ધિરજવાળા સુખી રહે. આપત્કાળનાં બધાં જ દુઃખો મારામાં આવે. આ રીતે હરિએ ગુરુ પાસેથી બંને વચનો

માંગ્યા ત્યારે સ્વામીએ રાજી થઈને બેય વરદાન આપ્યાં. રામાનંદ સ્વામી કહે છે, સાંખ્યયોગી બધા જ વર્ણિયો સંતોને તમે સ્ત્રીધનથી રક્ષા કરજો. ખૂબ જ ધ્યાનમાં રાખજો. જે ગૃહસ્થ અને ત્યાગી સર્વે તમારો આશ્રય કરે તેમને પવિત્ર દિવ્યધામની પ્રાપ્તિ થાય. તમે તો ભવસાગરમાંથી નૌકારૂપ તારનારા છો. તમારાં ચરણમાંથી કલ્યાણનો પ્રવાહ વહે છે. તમે સત્યમતની સ્થાપના કરીને કળિકાળમાં સત્ય કાર્ય કરો. સર્વ જીવોના હૃદયમાં વસીને અસત્ય અધર્મને કાઢી નાંખો. બાળનારા દોષો દેવોને ગુણકારક થાય તેમ, તમે મારા વચનને ગ્રહણ કરીને સર્વકાર્ય જરૂર કરશો.

કવિ કહે છે, સ્વામી રામાનંદજીએ હરિને રૂચિ ન હતી તોય ગુરુના વચન પાળવા તૈયાર થયા. હરિ કહે છે, હે સ્વામી ! હું તમારો સેવક છું. તેથી તમારા વચન અનુસાર ચાલવું જોઈએ. એ પ્રમાણે મારી રૂચિ છે. હરિએ મુનિરાયની શુભ આજ્ઞાને માન્ય કરી અને હરિ વિનય પૂર્વક કહેવા લાગ્યા કે તમારા વચનને શિર પર ધારણ કરું છું.

હે સ્વામી ! તમારી આજ્ઞામાં કાયમ સુખ જ રહેલું છે કેમકે તે જોવામાં પ્રથમ દુઃખકારક જણાય પણ તે તો અંત સમયે કાયમ માટે સુખકારક હોય છે. સુખ મળે છે. રામાનંદ સ્વામીનાં વચનો હરિએ માન્યાં એટલે બધા જ દેશોમાંથી હરિભક્તો સંતોને બોલાવ્યા અને આ નારાયણ મુનિ જ સર્વદેવના દેવ જગતના નાયક સ્વામી છે. અમારી જગ્યાએ એમને મેં સ્થાપન કર્યા છે. એટલા માટે હવે એમની સેવા કરવાની સૌને આજ્ઞા છે. જો તમે બધા જ મારી આજ્ઞાથી આ નારાયણમુનિના વચન પ્રમાણે વર્તશો તો તમે અનેક પ્રકારનાં સુખોને પામશો અને વચન અંગિકાર કરીને એ પ્રમાણે વર્તવા શુરવીર રહેશો તો પુરણ બ્રહ્મ પુરુષોત્તમ નારાયણ તમારી પીડા દુઃખને હરી લેશે. જે લોકો વચનને ઉલંઘીને સ્વચ્છંદી વર્તશે તો તે અતિશય દુઃખોને પામશે. ખૂબ પીડા પામશે. વચન છોડીને જો બ્રહ્મા ઇંદ્રાદિ દેવો મુનિઓં વર્ત્યા તો તેઓ દુઃખ પામ્યા. અનેક સુખો નાશ પામે તે પીડાશે. જે એમનાં વચન પ્રમાણે વર્તે તે જ સાધુ સુખોને ઝીલશે તે સુખસાગરમાં અનંત સુખોને ભોગવશે. એટલા માટે તમારી ઉપર સ્થાનના અધિકારી રાખ્યા છે. મારા વચનને ગ્રહણ કરીને કાયમ અવિકારી રહેશે.

આવી રીતે રામાનંદ મુનિએ બધાં વચન મનાવ્યાં. ત્યાર પછી બધાંને આજ્ઞા કરી કે બધા વારાફરતી આ બ્રહ્મચારી મહારાજ નારાયણ બેઠાં છે એમને પગે લાગો. ત્યારે બધાં જ આવીને પગે લાગ્યાં. ત્યારે બધાને હરિને વિશે એ રીતનું હેત જોઈને મુનિ રામાનંદજી ખૂબ જ રાજી થયા.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં છઠ્ઠા યુવા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ વર્ણિએ રચેલ છંદભાષામાં શ્રીહરિ રામાનંદ સ્વામીનો સંવાદ થયો તે કહ્યો એ નામે બત્રીસમો તરંગ થયો. ॥૩૨॥**

# તરંગ-33

રાજા કહે છે, હે મુનિ ! આપ મને રામાનંદ સ્વામીએ દેહનો ત્યાગ કર્યો તે કેવી રીતે દેહ છોડ્યો તથા કયા ગામમાં દેહ ત્યાગ્યો તેની કથા મને સંક્ષેપમાં કહો તે મારે સાંભળવાનો ઘણો ભાવ થયો છે તો સંભળાવો.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! તમારો જયજયકાર થાવ. તમારું કલ્યાણ થાય તે કરુણરસથી ભરપૂર વાત સાંભળવા માટે માંગ કરી તે તમે સાંભળો. અનેક જીવોનાં કલ્યાણ કરીને રામાનંદ સ્વામી ધામમાં ગાયા તે વાત કહું છું. પછી શ્રીહરિની પાસે વરજાનંદ, હરિદાસ, ધ્યાનદાસ, બલરામદાસ, સ્વરૂપાનંદ, વ્યાપકાનંદ, શોભતા શતાનદ મુનિ આદિક સંતો હરિને કહેતા હતા કે અમે ત્રેવીસ સંતો કાલવાણિ ગામ જઈએ. પ્રભુએ

તેઓને ગામોમાં ફરવાની આજ્ઞા આપી. પછી આનંદ મુનિ, બીજા મગનીરામ, ગંગાદાસ, અયોધ્યાદાસ હરિદાસ એ આદિક સત્તર સંતો કહે અમે માંગરોળપુર જઈએ ત્યાં રહીને સેવા કરીશું સ્વામીએ કહ્યું કે મુક્તાનંદ આદિ બધા તમે લોજમાં જાઓ. ત્યાં જઈને હરિનું ચિંતવન કર્યા કરજો. પછી કેશવ દેવાનંદ અને રામચરન અને રૂઘનાથ આદિ મળીને અમારી સાથે ફણેણીપુર ચાલો. રામાનંદ સ્વામી સહજાનંદ સ્વામીને લઈને ફણેણી આવ્યા ત્યાના ભક્તોએ આદરપૂર્વક સ્વાગત કર્યું.

એકાદશીના દિવસે ઉત્સવ કરાવ્યો અને રાત્રે ભજન જાગરણ સારી રીતે કરાવ્યું. ભદ્રા નદીમાં જઈને સ્નાન કર્યું. ત્યાર પછી બારસના દિવસે સંતો અને બ્રાહ્મણોને જમાડ્યા. બધાને જમાડીને તૃત કર્યા. અનેક પ્રકારનાં પકવાનો જમાડ્યાં. ત્યાર પછી અનેક પ્રકારનાં દાનો આપ્યાં. બ્રાહ્મણોને ખૂબ જ રાજી કર્યા. તે જ રાતના સમયે બારસની રાતે બધાને ઉદ્દેશીને વાત કરતા હતા. મારું શરીર ખૂબજ ઝર્જરીત થયું છે. મેં બધાં જ કાર્યો પૂરાં કરી દીધાં છે. સંતો ભક્તોને નિર્ભય કરવા માટે ગુરુસ્થાને સહજાનંદ સ્વામીને સ્થાપ્યા છે. હવે અમને એમના જ ધામમાં જવાનો વિચાર થયો છે. મારા શરીરને દાહ દેવા માટેની વાત તમને બધાને સાચી જ કહું છું. અગ્નિસંસ્કાર કરવાનો આટલું કહીને મુનિવર તરત જ મૌન થઈ ગયા. પદ્માસન વાળીને એકદમ શૂન્ય થઈ ગયા. ત્યારે બધાં જ લોકો સંમોહનમાં ઉતરી ગયા. નિંદ્રાધિન થઈ ગયા અને મુનિજન ભજન કરવા લાગ્યા. સ્વામીને બ્રહ્મજ્યોતિનાં દર્શન થયાં. તેમાં દિવ્યમૂર્તિનાં દર્શન થયાં.

દિવ્યમૂર્તિના મસ્તક ઉપર મણિ મુકતાં ફળથી જડેલો મુકુટ ધારેલો હતો. શ્વેત વસ્ત્રોને ધારણ કર્યાં હતાં. તેથી અલૌકિક પ્રકાશમાં ખૂબ જ શોભા થતી હતી. દિવ્ય અંગો ઉપર વસ્ત્રો આભૂષણોને ધારણ કરેલા કેડ ઉપર સોનાનાં પીળો કટિબંધન વીજળીના જેવો ધારણ કરેલો શોભા ભેદતો એવા મનોહર સ્વરૂપે.છાતીમાં શ્રીવત્સનું ચિહ્ન અર્ધચંદ્રકાર મનોહર વૈજયંતિ માળાને તથા મણિરત્ન સમાન ધારેલી તથા ચરણમાં ઉર્ધ્વરેખા સહિત સોળ ચિહ્નો વ્રજાદિક તળમાં ઝળહળતાં હતાં. ચરણકમળમાં આંગળાનાં નખમણિની માફક લાલ ગુલાબની પાંખડી જેવા શોભતા હતા. અનંત સૂર્યચંદ્રના તેજ જેવું મુખકમળની છબિ શોભતી હતી. મસ્તકની ઉપર સુંદર કેશ શોભતા હતા. મુખકમળ ઉપર ભમર ભમતા હોય ને શું તેમ શોભતું હતું.

અનંત ચંદ્રની શોભાયુક્ત અલૌકિક તેજાયમાન કમળ લોચન ખૂબ જ શોભતાં હતાં. પ્રકાશમય લાગતાં હતાં. હૃદયકમળ સુંદર શોભતું હતું. જીભ પણ સુંદર શોભતી હતી. ગોળકપોળ શોભતું હતું. અધરોષ્ઠ પરવાળા જેવા શોભતાં હતાં. આવાં રૂપને જોઈને મુનિરાજ રામાનંદ સ્વામી ઈશ્વરોના સ્વામી અનંતના આનંદસાગરમાં તરતા હોય ને શું તેમ જોતા હતા ત્યારે સ્વામી હાથ જોડીને સ્તુતિ કરવા લાગ્યા. મુનિવર મરાલ મૂર્તિને ધર્મનંદન ઘનશ્યામ પ્રભુની સ્તુતિ કરતા હતા.

આવાં આપનાં અદ્‌ભૂત સ્વરૂપનાં ક્યારે દર્શન થશે. આપે મને દર્શન દીધાં. આપને બધા જ સ્પર્શ કરીને સુખ પામે છે એવા આપ અનંત ઐશ્વર્ય અનંત કલ્પના યોગથી તમારાં દર્શન થાય તે આપનું તેજ ઐશ્વર્ય અલૌકિક અદ્‌ભુત છે. એ મારી ઉપર કૃપા કરી છે. હે પ્રભુ ! અનંત અવતારયુક્ત આપનાં એવાં સ્વરૂપનાં ક્યારે દર્શન કરું. આપની નિગમઆગમ આદિક હાથ જોડીને પ્રાર્થના કરે છે અને મનવાણિથી બોલતા થાકે છે પણ આપના ગુણને પાર નથી પામતા એવા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ આપે મને દર્શન આપ્યાં. આપનો સ્પર્શ થયો. આ આપની કૃપા જ છે. રામાનંદ મુનિવર કહે, હે પ્રભુ ! મને આપની પાસે જ કાયમને માટે રાખો. એટલી કૃપા કરો. ત્યારે મંદહાસ્યમુખે હરિ મુનિને કહે કે જ્યારે તમારી મરજી થાય ત્યારે તમને રાખીશું. ત્યારે શરીરથી

જુદા થઈને મુનિરાય સહજતાથી જેમ યોગસિદ્ધ કરેલા યોગિન્દ્ર રહે તેમ રહેતા હતા. સર્વ ઇંદ્રિયોથી પર થઈને મન જેમનું ગુણગાન કરે છે. કવિ વેશે જેના ગુણને ગાયા કરે છે એવા ધામમાં જાય છે.

મુનિ સ્વતંત્રતાથી શરીરનો ત્યાગ કરવા માટે દિવ્યતનું ધરીને ધામમાં જવા માટે સવારમાં બ્રાહ્મમુહૂર્તમાં વહેલાં દેહનો ત્યાગ કરીને રામાનંદ સ્વામી ધામમાં ગયા. ત્યારે મુનિરાય પદ્માસન વાળીને બેઠા હતા. સિદ્ધનિષ્ઠાથી સ્થિર દૃષ્ટિ કરીને સ્થિર થઈ ગયા ત્યારે જગતના લોકો સ્નાન કરવા માટે જાગ્યાં પણ સુખનો ઉપદેશ આપનારા પોતે ન જાગ્યા. ત્યારે બધા લોકો મળીને કહેવા લાગ્યા કે શું થયું. ગાઢ સમાધિ થઈ ગઈ છે કે શું? ત્યારે એ કહે, સ્વામીએ તો દેહનો ત્યાગ કર્યો છે. તે પણ રાત વિત્યા પછી ત્યાગ કરેલ છે. ત્યારે ભક્તજનો તરત જ વિમાન બનાવીને તેમાં સ્નાન કરાવીને પછી વિમાનમાં પધરાવ્યા. શ્રીફળ સુગંધ દ્રવ્ય ગુલાલ વિગેરેથી શણગાર કર્યા. પાલખીને શોભાયમાન બનાવી દીધી. ત્યાર પછી ભદ્રાનદીના તટ ઉપર લઈ ગયા. માર્ગમાં ઉત્સવ કરતા થકા લઈ જતા હતા. ત્યાર પછી સુખકંદ રામાનંદ મુનિના દેહને ચિત્તા ઉપર પધરાવ્યો. પછી મુનિના દેહને અગ્નિદાહ દીધો. ત્યાર પછી નદીમાં જઈને સ્નાન કર્યું. ત્યાર પછી ઉત્સવ કરતા કરતા બધા જ શોકાતુર થઈને દુઃખી મનવાળા થયા. આજુબાજુના ગામોમાં ખબર કરી ત્યારે લોકો દર્શન કરવા ત્યાં આવ્યા. સ્વામીને જ્યાં અગ્નિદાહ આપ્યો ત્યાં દોડ્યા પણ ત્યાં તો સ્વામી જોવામાં જ ન આવ્યા. ત્યારે ગાયોને ચરાવતા ગોવાળો તથા હળ હાંકતા ખેડૂતો કહે અમે જોયા છે તે સ્વામી દેહ ધરીને ઉત્તર દિશા તરફ ચાલ્યા જતા હતા તે જોયા. બીજા લોકોને મળ્યા ત્યારે તે કહે, સફેદ ચાદર ઓઢીને ચાલ્યા જતા અમે જોયા. મુનિરાજ ઉત્તર દિશા તરફ ઉતરતા જોયા. તે રામાનંદ મુનિ સિદ્ધદેહ ધારીને ઇંદ્રિયથી પર થઈને ગયા. તે આશ્ચર્ય જોઈને લોકો ચકિત જ થઈ ગયા. સ્વામીનું આવું અદ્‌ભૂત ચરિત્ર બધાયે જાણ્યું.

રામાનંદ સ્વામી દુર્વાસામુનિના શાપથી મુક્ત થયા અને બદ્રિકાશ્રમમાં ગયા. નરનારાયણ ભગવાન પાસે રહીને પછી અક્ષરધામમાં પધાર્યા. સંવત અઢારસો અઠ્ઠાવનના માગશર સુદ તેરશ અને ગુરુવારના દિવસે સ્વામીએ દેહોત્સર્ગ કર્યો. કાલવાણી તથા લોજપુરમાં માંગરોળમાં ખબર પડી એટલે મુનિઓ હરિભક્તો બધા જ વિરહાતુર થયા. બધાંનાં મન ડોલવા લાગ્યાં.

સમાચાર જાણીને બધા જ સંતો ફેણણિ ગયા તથા હરિભક્તો પણ સમાચાર સાંભળીને આવવા લાગ્યા. સ્વામીને બધી જ ઉત્તરક્રિયાઓ વિધિ પ્રમાણે ઉત્સવ કરવાનો વિચાર કરતા હતા. ઉત્સવ કરવા માટે બધેથી સતસંગીયોને બોલાવ્યા. સત્સંગીઓને બ્રાહ્મણોને ખૂબ જ જમાડ્યા અને ત્રણ દિવસ સુધી લાગટ ઉત્સવ કર્યો. વિષ્ણુયાગની માફક જ મોટો ઉત્સવ કર્યો. તે ઉત્સવમાં હરિ પોતે ગુરુના સ્થાને વિરાજમાન થયા. બધા જ લોકો આ સમાચારને જાણતા હતા. સ્વામીના સમાચારથી લોકોને અતિ આશ્ચર્ય થતું હતું. ખૂબ જ દુઃખ કરતા હતા. એમને હરિ શોકથી મુક્ત કરતા હતા. ત્રયોદશાના દિવસે બ્રાહ્મણોને જમાડ્યા. બ્રાહ્મણોને ખૂબ જ દક્ષિણાઓ આપીને રાજી કર્યા. ત્યારે આકાશમાં દેવોનાં દુંદુભિઓ વાગતી હતી. મનમાં અતિ આનંદ ઉજવતા હતા. બધાં જ લોકો સાથે મળીને આવ્યાં. આનંદપૂર્વક હરિનું પૂજન કરતાં આનંદ પામતાં હતાં. વસ્ત્ર આભૂષણ ધનસંપત્તિ વાહન ઘોડા વિગેરે ખૂબ જ આપતા હતા અને આનંદ પામતાં હતાં.

એવી રીતે શ્રીહરિ સ્વામીગુરુનાં અપાર ચરિત્રોને કોઈ પારને પામે જ નહીં. અનેક જનોનાં કલ્યાણ કરવા પૃથ્વી ઉપર મનુષ્યદેહને ધારણ કરીને દેવો મુનિજનો સંતોની સારવાર કરીને અંત સમયે સુખ આપનારા વનમાં વિચરીને સત્ય ધર્મનો પ્રચાર કરીને અઢાર ભાર સુગમતા સરલતા કરવા પર્વતો રાજાઓ દ્વારા અસુરોનો નાશ કરીને દેવોને બધાને પોતાના ચરણકમળથી પવિત્ર કરીને ઉદ્ધાર કરવા એ સર્વને માટે પૃથ્વી ઉપર પ્રગટ થઈને

હરિએ ઉદ્ધવમતનિ સ્થાપના કરી ધર્મને દૃઢ કર્યો.

તેંત્રીસ લહરિઓથી છટ્ઠો રત્ન ખૂબ જ સારો સુખ આપનારો થયો છે. તેમાં એક એક લહરિને સાંભળીને પોતાના હૃદયમાં ધારે તો એ જીવાત્માનો ઉદ્ધાર થાય છે. શ્રવણ કરીને તેનું મનન એનો પાઠ કરે તો તે જીવાત્મા પરમ પુરાણધામને પામે છે. સાંગભક્તિની સાથે આ ચરિત્રોનું મનન કરે તો તેને પ્રગટ હરિનાં દર્શન થાય છે. આનંદરૂપ અખિલેશ્વરનાં ચરિત્રનું એકાગ્રતાથી પાન કરે શ્રવણ કરે તો તે અમૃતના સાગરમાંથી એક જ બિંદુનું પાન કરે તોય તે અમર થઈ જાય છે. તો પૂર્ણ અમૃતનું પાન કરે તો શું ન થાય ? બધું જ થાય. તેંત્રીસ લહરિઓ રચીને એનાથી છટ્ઠો રત્ન તૈયાર થયો. તે છટ્ઠા રત્નના શ્રવણ મનનથી જીવનું દિનપણું જતું રહે છે. મહાન ધન મેળવીને ખૂબ જ સમૃદ્ધ થાય છે. બધી જ સમૃદ્ધિઓ રત્નમાં જ ગ્રહણ કરીને મનન કરે તો સુખ આનંદ પામે. અંતે નિર્મળ ધામને પામે. આનંદસાગરમાં તરતો તરતો ભવસાગર પાર ઉતરે તેનું કોઈ વર્ણન ન થઈ શકે. તેનાથી જીવાત્મા રત્નરૂપ થાય છે. આ છટ્ઠા રત્નનું વારંવાર શ્રવણ કરે તે જરૂર સુખધામને પામે છે. તેનાથી સર્વને આશ્ચર્ય થાય છે.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં છટ્ઠા કિશોર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ વર્ણિએ રચેલ છંદભાષામાં શ્રી રામાનંદ સ્વામીના દેહોત્સર્ગનો ઉત્સવ કર્યો એનું વર્ણન કર્યું એ નામે તેત્રીસમો તરંગ થયો. ॥૩૩॥**

**॥ ઈતિ ષષ્ઠમ રત્ન સમાપ્તમ્ ॥**



॥ અથ સપ્તમ રત્ન પ્રારંભઃ ॥

# તરંગ-૧

મેઘસમાન શ્યામ સ્વરૂપવાળા એવા શ્રીહરિ ધર્મકુમાર જેમનાં ચરણ કર કમળદળ જેવાં લાલ કોમળ છે એવા મારા મનમાં વાસ કરનારા કમળ ઉપર ભ્રમર મધુર રસ ચાખીને જેમ ગુંજારવ કરે છે તેમ મારું મન હરિને સ્મરે છે. જગતના જીવોના મનના મદરૂપ કામક્રોધ મદ લોભ મોહ વિગેરે દોષોનો નાશ કરનારા એવા જેમનો આશ્રય કરીને ભજન કરવામાં કોઈ જાતનો સંકોચ રહેતો જ નથી. સર્વના સુખદાતા એવા શ્રી સહજાનંદ સ્વામી હરિને હું વંદન કરું છું. શરદઋતુના ખિલેલ કમળદળ સમાન ઉર્ધ્વરેખા આદિ ચિહ્નોયુક્ત લાલ તળવાળાં ચરણકમળ જેમનાં છે એવા, મંદહાસ્ય મુખમાંથી અમૃતનો પ્રવાહ વહેતો રહે છે એવા, મનોહર મૂર્તિનું સ્મરણ કરું છું. અનંત જીવોના મનને ખેંચનારા જેમનું રૂપ સર્વને મનોહર પ્રિય લાગે છે એવા, મનોહર રૂપવાળા સર્વ ઈશોના ઈષ્ટદેવ અનંતના સુખદાતા એવા, પ્રભુને વારંવાર વંદન કરું છું. સર્વોપરિ ધર્મને સ્થાપવા સ્વરૂપ ધરીને અલૌકિક ચરિત્રલીલા કરીને અનેકને મર્મજ્ઞાનથી ભ્રમમાં નાંખનારા સર્વમાં અલૌકિક એવા એક જ છે. જે ધર્મનિધુરાને ધરણિ ઉપર ધારીને રહેલા છે. તે પોતે કરુણામય રસથી નયનો ભરેલ છે એવા અમૃતમય વાણિથી કરુણાનો રસ વહેવડાવનારા સર્વના નાથ કરુણા કરીને બાંહો પકડીને કરુણાથી ભૂમિ ઉપર વિચરણ કરતા એવા હરિ જેમનાં ચરણકમળ દુર્લભ છે એવા, કોમલપદ તલવાળા સર્વના ઈશ્વર જેમનો કોઈ ઇશ નથી એવા, જેમના માટે કોઈ મર્યાદા બંધન જ નથી તોય મનુષ્યશરીરને ધારણ કરીને મુનિઓને દિવ્યચરિત્ર કરીને રચના કરે છે એવા, વર્ણિ વરનાં ચરિત્ર વર્ણવું છું.

ત્યારે રાજાઓમાં શ્રેષ્ઠ એવા આનંદરાજા કહે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! તે વર્ણિરાજનાં સાતમા રત્નનાં જે ચરિત્રો કર્યાં હોય તે જ્યાં જ્યાં હરિ ગયા હોય તે શહેરો ગામડાઓમાં વિચરણ કરીને નરનારીઓને પોતાના સ્વરૂપનાં દર્શન આપીને અલૌકિક પ્રતાપ બતાવ્યો હોય તે અદ્‌ભૂત અવર્ણનીય ચરિત્રો સંભારીને કહો અને આ સાતમા રત્નમાં મુનિ અને રામનો જે સંવાદ થયો તે કહો. અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે, હે રાજઋષિ ! તમે સાંભળો. વર્ણિરાજે જે ચરિત્ર કરીને પ્રતાપ બતાવ્યો હોય તે ચરિત્રો જુદાં જુદાં વર્ષોમાં જુદાં જુદાં માસોમાં કર્યા હોય તે દેશદેશનાં વર્ણન કરીને કહું છું.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે રાજન્ ! ઉદ્ધવ એવા રામાનંદ સ્વામી જ્યારે દેહ છોડીને મુક્તિપ્રદામાં ગયા. તે સમય પછી ઘનશ્યામ પ્રભુ પોતાના પ્રતાપને ખૂબ જ બતાવ્યો. તે ચરિત્ર કહું છું તેને સાંભળો. હરિ સોરઠ આદિક દેશોમાં વિચરણ કરતા હતા ત્યારે ધર્મકુમાર વર્ણિઓ સંતો સંન્યાસીઓને લઈને ફરતા હતા. પુરુષોત્તમ પરબ્રહ્મને લોકો અદ્‌ભૂત અલૌકિક સ્વરૂપે જોતાં હતાં. અનંત જીવોને આશ્રિત કરતા હતા. પ્રતાપ દેખાડીને એમનાં નાડી પ્રાણને ખેંચતા હતા. દર્શન આપતા હતા.

નારાયણ મુનિ ભગવાનને જોઈને દેવો રાજી થયા અને અલૌકિક સ્વરૂપનાં દર્શન કર્યાં શ્રીહરિ ધર્મ ધુરંધુર ધર્મલાલ પ્રભુ ધોરાજીપુર પધાર્યા ત્યાં ભક્તરાજ બાઘાભાઈને દર્શન આપ્યાં. **બાઘાભાઈ** શ્રીહરિને પોતાના ઘેર આદરભાવથી લઈ ગયા અને સુગંધિત પુષ્પો અને સુગંધિત દ્રવ્યોથી પૂજન કર્યું. જનસમુદાય દર્શન કરીને સતત

હરિ પાસે રહેતા, હરિનો લોકો ભાવનાથી આશ્રય કરતાં હતાં. ત્યાં **ધોરાજીમાં** હરિ પાંચ દિવસ રહ્યા. મહારાજા ત્યાંથી **ભાજન વતિપુરમાં** ભગવાન પધાર્યા. પોતાના આશ્રિતજનોએ હરિનું અર્ચન પૂજન કર્યું. આશ્રિતોને ઈચ્છિત સુખ આપતા હતા. લોકો આનંદ પામતાં હતાં.

ત્યાંથી પછી પ્રભુ **પિંપરપુર** (પીપલાણા) ગામ પધાર્યા. ત્યાં **નરસિંહ મહેતા** આદિક બ્રાહ્મણોને દેવોને દુર્લભ એવું અલૌકિક સુખ આપતા હતા. પ્રભુ ત્યાં એક માસ જેવું રહેતા હતા અને સર્વને સુખ આપતા હતા. ત્યાંથી હરિ **માંણાવદરપુરમાં પધાર્યા.** ત્યાં પોતાના આશ્રિત **મયારામ ભટ્ટના** ઘેર રોકાયા. ત્યાં લોકોની ભાવના મુજબ હરિ સેવા ગ્રહણ કરતા હતા. પોતાના આશ્રિતજનોને પરમધામનાં દર્શન કરાવતા હતા. સુખ આપતા હતા. ત્યાંથી સર્વના ઈષ્ટદેવ **અગત્રાઈ** પધાર્યા. જ્યાં પોતાના પરમ ભાગવત ભક્ત એકાંતિક સેવક **પર્વતભાઈ** તથા **રાજાભાઈ** આદિક ભક્તો રહેતા હતા. તેઓ સર્વે તન મન વચન ધનથી ખૂબ જ ભાવનાથી સેવા કરતા આનંદ પામતા હતા. શ્રીહરિમાં એવું હેત હોય તો જ સારી પ્રીતિ જણાય તેવું ખેંચાણ થાય. જેમ નદીઓ સાગરમાં જાય છે ત્યારે, જેમ જાય તેમ અંદર એકમેક થઈ જાય છે એવી જ રીતે બધા જ અવતારો હરિમાં લીન થઈ જાય છે. અવતારિતો એક જ સહજાનંદ સ્વામી છે.

શ્રીહરિ **માણાવદરથી કાલવાણિ પધાર્યા.** ત્યાંનાં નરનારિજનોએ બાળકોએ હરિનું સન્માન કર્યું. લોકોના શોકની નિવૃત્તિ કરીને સુખશાંતિ માટેની વાતો કરી અતિશય ભજન ભક્તિ કરાવ્યાં. ઉપદેશ આપી સુખી કર્યા. **ખાંભાભાઈ નથુભાઈ વિરદાસ** આદિ ભક્તજનોએ શ્રી ઘનશ્યામ પ્રભુનું અર્ચન કરીને સન્માન કર્યું. ત્યાં પાંચ દિવસ રહીને પછી પ્રભુ ત્યાંથી ચાલતા થયા અને **લોજપુર** ધામ પધારવા ચાલ્યા. સોરઠની ભૂમિ ઉપર જે જે ગામો પુરોમાં હરિભક્તો રહેતા હતા તે તે ગામોમાં નગરોમાં રોકાઈને ઉપદેશ કરીને સત્સંગનો સમાસ કર્યો. બધે ફરતાં ફરતાં બે માસ સુધી બધેય ફરીને સોરઠની ભૂમિને પવિત્ર તીર્થમય બનાવીને સુખ આપતા હતા. પછી પ્રભુ **માંગરોળપુરમાં** ગયા. એમની સાથે બધા જ સંતો સાથે જ રહેલા હતા. **માંગરોળમાં** દક્ષિણ દિશામાં સમુદ્ર ગાજતો હોય છે. ત્યાં બંદર ઉપર અનંત વહાણો માલની હેરાફેરી કરતાં રહે છે. પુરની બહાર એક મોટી વિશાળ જગ્યા હતી. ત્યાં એક સુંદર વડ હતો. તે વડની નીચે વિશાળ જગ્યામાં સાફ કરાવીને ત્યાં ઉતારો કરતા હતા. ત્યાં બધા જ હરિભક્તો સંતો અને મોક્ષભાગી જનો પણ ખૂબ જ આવતાં હતાં. અનેક લોકો આવતાં હતાં. **માંગરોળમાં** ધનવાન વણિકો અપાર રહેતા હતા. તેઓ દર્શન કરવા માટે આવતાં હતાં. તેમાં **ગોવર્ધન સુરચંદ્ર** તથા **રામભાઈ રતનજી આનંદજી** આદિક ભક્તો રહેતા હતા. ત્યાં રહેતાં નરનારિ બધાં જ શ્રીહરિના આશ્રિત હતાં. સૌ હરિની દઢભક્તિ કરી સુખ પામતાં હતાં. ત્યાંના લોકો હરિને સ્વધર્મયુક્ત પૂજન અર્ચનમાં પ્રેમ રાખીને વિવેકની સાથે ખૂબ જ ઉત્સાહથી કરતાં હતાં.

હરિ ઉતર્યા હતા તેનાથી પશ્ચિમ દિશામાં એક સુંદર **વાવ ખોદાવરાવી.** તેમાં ખૂબ જ સુંદર મીઠું જળ આવ્યું. તે જળ હરિને લાવીને પાન કરાવ્યું. તે વાવને પથરાથી બાંધીને તૈયાર કરાવી. તે વાવ ખૂબ જ શોભતી હતી. તે વાવ પૂર્ણ રીતે તૈયાર થઈ એટલે તેનું પૂર્ત કર્મ કરવા માટે હરિએ મુનિજનોને તેનો મર્મ સમજાવ્યો. શ્રીહરિ નારાયણ પ્રભુએ વાવના પૂર્ત મહોત્સવમાં સર્વે સંતોને અને હરિભક્તોને બધા જ દેશોમાંથી તેડાવ્યા. તે બધા જ દેશોમાંથી વિપ્રો વિદ્વાનને બોલાવ્યા હતા. તે હજારો હજારવેદ જ્ઞાતા બ્રાહ્મણો આવ્યા હતા. તે વિદ્વાન બ્રાહ્મણોને પૂર્તક્રિયામાં વરુણ કર્યા હતા. તેના માટે અનેક પ્રકારના હવિષ્ય પદાર્થ મંગાવ્યાં હતાં. તેમાં અન્નના રસોયુક્ત કરીને પકવાનો મિષ્ટાન્નો તૈયાર કરાવીને રસોઈઓ બનાવરાવી. જુદા જુદા

પ્રકારનાં ભોજનો થતાં હતાં.

અનેક સંખ્યામાં હરિજનો સંતો આવ્યા. તેમને જમાડતા હતા. અનેક લોકો શ્રીહરિના સ્વરૂપને નિરખીને જોતાં હતાં તથા ઇંદ્રાદિ દેવો હરિ વિષ્ણુ શંકર આવ્યા હતા. તેઓ અગ્નિના મુખેથી દેવતાઓનો ભાગ મેળવતા હતા. આવી રીતે ઉત્સવ થતો હતો. તે દેવતાઓના પૂજનકાર્યના નિમિત્તે શ્રીહરિ પોતે શુભ આસન ઉપર બેઠા થકા ખૂબ જ શોભતા હતા. એ સમયની વાત હું શું કહું. શ્રીહરિ પ્રભુએ તો અદ્‌ભૂત આશ્ચર્ય જણાવ્યું.

શ્રીહરિ ઘનશ્યામ પ્રભુએ પોતાના સ્વરૂપમાં જુદાજુદા બ્રાહ્મણોને તથા સર્વે લોકોને જુદાં જુદાં સ્વરૂપે અષ્ટભુજાઓ ચતુર્ભુજાઓ કેટલાકને હજાર ભુજાઓવાળાં સ્વરૂપે વિષ્ણુ આદિ દેવોનાં અલૌકિક સ્વરૂપોએ દર્શન આપ્યાં. તે તે સ્વરૂપોનાં આયુધો શંખ ચક્ર ગદા પદ્મ વિગેરેને ધારીને મુકુટને તથા પિતાંબર વસ્ત્રોને ધારેલાં દિવ્યસ્વરૂપે કિશોર અવસ્થાવાળાં, જુદાં જુદાં દેવોનાં સ્વરૂપો જેમની જેવી ઉપાસના તે તે દેવના રૂપે દર્શન આપ્યાં. હાસ્યયુક્ત મુખવાળા સારી રીતે વસ્ત્રો ધારેલાં ડાબા પડખામાં રહેલાં તે વિનયથી હરિને જોતી થકી સર્વજનોના મનને હરતી થકી શોભતી હતી. તે દેવી સુંદર ચાર ભુજાઓ વાળી ચાર પદકમળવાળી ચાર મુખવાળી આઠ નેત્રવાળી શોભાયમાન સ્વરૂપવાળી હાથો જોડીને વિનયથી ધર્મશાસ્ત્રને હાથમાં લઈને ખૂબ જ શોભતી હતી. અતિશય સફેદ વસ્ત્રો ધારેલાં આભૂષણોને ધારણ કરીને રત્ન જડેલો મુકુટ ચંદ્રકળાને ધારેલાં મનોહર શાંત મૂર્તિ ધર્મ અને વિષ્ણુ બંને જોડે ભક્તિભાવથી દર્શન આપતી હતી. શરીર ગૌરવર્ણ મનને સ્થિર કરેલી માતા વસ્ત્ર આભૂષણો ધારેલી શોભતી હતી. દિવ્ય પુષ્પની માળાઓ ધારેલી રત્નનાં આભૂષણો જુદાં જુદાં રત્નોનાં ભરેલાં દ્રવ્યોથી પૂજાતી પાવન કરતી હતી એવી રીતે દર્શન આપતા હતા. આવી રીતે ધર્મભક્તિની સાથે જુદા જુદા રૂપે વિષ્ણુરૂપે તે જ પ્રગટ મૂર્તિ હરિનો જ પ્રતાપ છે એમ સર્વે જાણતા હતા. સર્વે બ્રહ્મદેવો એના મુખિયા વિગેરે જાણતા હતા. તેમાં કેટલાક વિસ્મય પામતા હતા. એ અદ્‌ભૂત ચરિત્રને તથા આશ્ચર્ય જોઈને લોકો અતિ હર્ષાયમાન થઈ ગયા.

આવી રીતે બે ઘડી સુધી ધર્મ આદિક સ્વરૂપો વિનયથી શ્રીહરિની સમીપમાં રહેતા હતા ત્યારે સર્વ અવતારના કારણ મનુષ્ય સ્વરૂપ ધરીને આવ્યા છે એ જ સર્વોપરિ છે એમ માનતા હતા. આ રીતે વાવનિપૂર્ત વિધિ પૂર્ણ કરી વિષ્ણુયાગ મહોત્સવમાં આશ્ચર્ય જોઈને અનેક લોકો આશ્રિત થયાં. સર્વે વિપ્રજનોને અતિ આનંદમય વાતાવરણ થયું. આશ્ચર્ય જોઈને બધા જ બ્રાહ્મણો મળીને આશ્રિત થયા અને હરિના ચરણકમળનું પૂજન કરતા હતા. હે પ્રભુ ! તમે જ સર્વોપરિ છો એ રીતનો અમને નિશ્ચય થયો છે. કેટલાક વિદ્વાનો હરિને નરના નાથ નારાયણ કહેતા હતા. કોઈક વિરાટ નારાયણ રૂપે કહેતા હતા. કેટલાક પ્રકૃતિ પુરુષરૂપે કેટલાક વાસુદેવરૂપે સ્મરણ કરતા હતા. બધા જ દેવનો ભાવ શ્રીહરિને વિષે જ જોતા હતા. તેથી તે વિપ્ર સમાજ પ્રગટ ભગવાનને સમર્થ જોઈને તેનું ભજન કરતાં હતાં.

આવી રીતે શ્રીહરિ પ્રભુએ સર્વના અનંત રસથી તૃપ્ત કર્યા અને બ્રાહ્મણોને દક્ષિણાઓ આપીને તૃપ્ત કર્યા. આ રીતે ઉત્સવ પૂર્ણ કર્યો. ત્યાર પછી વસંતઋતુ આવી ત્યાં સુધી હરિ માંગરોળપુરમાં જ રહેતા હતા.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં સાતમા યુવા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ વર્ણિએ રચેલ છંદભાષામાં શ્રીહરિ સોરઠ ભૂમિમાં વિચરણ કર્યું અને માંગરોળમાં આવી વાવનું પૂર્ત કાર્ય કર્યું તેના ઉત્સવમાં આશ્ચર્ય બતાવ્યું એનું વર્ણન કર્યું એ નામે પહેલો તરંગ પૂર્ણ થયો. ॥૧॥**

# તરંગ-૨

રાજા કહે છે, હે અયોધ્યાપ્રાસદજી ! શ્રી ઘનશ્યામ પ્રભુએ મેઘજીત સુખડીયાનો પરાજય કર્યો તે કેવી રીતે અને શા કારણે કર્યો તે ચરિત્ર મારે સાંભળવાની ભાવના થઈ છે તો સંભળાવવા કૃપા કરો.

અયોધ્યાપ્રસાદજી કહે છે, હે નૃપરાજ ! તમને ધન્ય છે. તમારો ભાવ કેવો મહાન છે તે ચરિત્ર શ્રી મહારાજનાં જે કરેલાં છે તે તમને કહું છું. તે યોગને સિદ્ધ કરેલાં ચરિત્ર છે તે કહું છું. તે માંગરોળપુરમાં એક વણિક રહેતો હતો. તે મેઘજીતના નામથી ઓળખાતો હતો. તે રામાનંદ સ્વામીનો મોટો શિષ્ય હતો. ગુરુપણાનું એને અભિમાન ખૂબ જ પ્રમાણમાં ભરાયેલું હતું. એને ગુરુકૃપાથી સમાધિ થતી હતી. શરીર છોડવું, રાખવું બધું જ એ કરતા હતા. પોતાની ઈચ્છાથી ધામમાં જાય અને પાછા આવે એવી કળા હતી. હવે ઉધ્ધવ રામાનંદ સ્વામી ધામમાં ગયા છે એમ જાણ્યું. ત્યાર પછી એ પોતે અધિક માનવાળો થયો. પોતાને જ બધાથી મોટા માને છે. એક દિવસ સ્વામિનારાયણ ભગવાનની સાથે બોલવાનું થયું. અભિમાનથી તિરસ્કાર કર્યો.

સ્વામીના બધા જ શિષ્યોમાં બહુ મોટો પોતાને માનતો હતો. બીજા બધાને મનમાં સાવ નાના ધારતો હતો. હરિની સાથે વિવાદ કરવા લાગ્યો. પ્રભુ કહે કે તને તો સત્સંગ લાગ્યો જ નથી. તું તો ઘમંડી થયો છે. શ્રીહરિ પ્રભુ કહેતા હતા, હે મેઘજીત તું સાંભળ. તને મોહ થયો છે. તેનાથી પ્રમાદ થયો. પ્રમાદથી તારું ચિત્ત મલિન થયું છે. તેથી તને બોલવામાં ભાન નથી. બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર જેવા દેવોને જેમનો સંગ સહવાસ મળતો નથી આવા પરબ્રહ્મને તો સર્વોપરિ માને છે અને પોતાને તો અતિ નાના માને છે.

હું જાણું છું કે તમારું સામર્થ્ય તો સાવ વ્યર્થ છે. તારા ગર્વને હણી નાંખીશ. તારું કાંઈ બળ ન ચાલે. પોતાનું ઈચ્છિત સુખ એ લોકો જ પામે છે. જેઓ મારી આજ્ઞા ઉપાસના પ્રમાણે વર્તતા રહે છે. એ લોકો જ સામર્થ્યવાળા રહે છે. ત્યારે તે મેઘજીત નિલકંઠ વર્ણિ પ્રત્યે કહેવા લાગ્યો કે, હું તો રામાનંદ સ્વામીનો જુનો મોટો શિષ્ય છું. તમે તો નાના છો. હે વર્ણિ ! તમે મારા જેવડા નથી. મારાથી તો બહુ જ નાના છો. હું તો અચલ દઢતાવાળો સમર્થ છું. મારા સામર્થ્યમાં કાંઈ શંકા છે જ નહીં. હું બહુ જ સારો છું. બધામાં વૃદ્ધ છું. ઉદારતાથી વર્તું છું. બધાએ મારી આજ્ઞા અનુસાર વર્તાવું જોઈએ. એટલું ન હોય તો તમને બતાવું મારું કેવું સામર્થ્ય છે. એમ કહી તેલને ખૂબ ઉકાળીને ગરમ કર્યું અને તેમાં પોતાના બેય હાથ ઉકળતા તેલમાં નાંખ્યા અને તરત જ આંગળી ફૂલી ગઈ તોય પીડા થઈ નહિ. તેથી પોતે શરીરથી પ્રાણને જુદું માનતો હતો. તે તો યોગની રીત છે. એ રીતે આત્મસ્થિતિનો ડોળ છે. આવી રીતે કહ્યા પછી અનેક વખત કરતો હતો. તેથી એ ગામનાં લોકો એને સિદ્ધ માનતાં હતાં અને માન આપતાં હતાં. તેથી એ અતિ અહંકારથી ઉપર ચડ્યો. કહેવા લાગ્યો કે બધા મારું વચન સાંભળો. તેને હું પ્રમાણ કરીને બતાવીશ. આ પ્રમાણે જ કરીશ. આજના દિવસથી લઈને ચોથા દિવસે જાણજો કે દિવસ પહોર ચડ્યા પછી હું મારા દેહનો ત્યાગ કરવાનો છું એ જાણજો. હું મારી પોતાની ઈચ્છા મુજબ જ કરવાનો છું. એમાં લગારેય સંશય છે જ નહીં તે અત્યારથી જ પ્રચાર કરું છું તે તમે જોયા કરજો.

ત્યારે સ્થિર મનવાળા શ્રીહરિ તેના પ્રત્યે થોડું બોલ્યા. શરીરનો ત્યાગ કરવો એ તમારી ઈચ્છા પ્રમાણે ન થાય. પોતાની ઈચ્છાથી શરીરનો ત્યાગ કરે એવા મુક્તો પણ, મારી મરજી વગર કાંઈ કરી શકતા નથી તો તમારાથી કાંઈ થાય જ નહીં. તમારી ઈચ્છાથી જો તમે દેહત્યાગ કરશો તોય હું તમને જોરાવર પણ ધામમાં જવા

નહીં દઉં. જેમ રાજા ત્રિશંકુને સ્વર્ગમાં જવા ન મળ્યું અને દેહમાંય જવા ન મળ્યું તેમ અધવચ્ચે તમને પણ લબડવું પડશે પણ ધામમાં જવા નહિ મળે. ત્યારે તે મેઘજીત હરિની સામે અહંકાર કરીને કહેવા લાગ્યો કે મને અણિમા આદિક અષ્ટસિદ્ધિઓ વશમાં છે. એટલા માટે તમને મારું સામર્થ્ય જરૂર બતાવીશ અને તમારો શિષ્ય તો કોઈ પ્રકારે થવાનો જ નથી એ તમે જાણજો. આવી રીતે અભિમાન કરીને પોતાને ઘેર ગયા. શરીરનો ત્યાગ કરવાનો વિચાર નક્કી કર્યો. એના માટે ઘણા બધા બ્રાહ્મણોને દાન આપ્યાં. એમને પોતાને ઘેર બોલાવીને રાજી કર્યા. બ્રાહ્મણોને પકવાનો જમાડીને તૃપ્ત કર્યા. બીજા પરોક્ષવાળા નાસ્તિકોને જમાડવા અને અન્નનાં દાનો પણ ઘણાં દીધાં પણ પ્રગટ સંતોને ન જમાડ્યા અને તિરસ્કાર કર્યો. હરિજન ભંગી આદિક પછાત વર્ણને ખૂબ જ જમાડ્યાં. સતસંગી સિવાયનાં બધાં જ લોકોને ખૂબ જમાડ્યા. શ્રીહરિ હરિભક્તો અને સંતોને છોડીને બીજા બધાને ખૂબ જ જમાડ્યાં પણ ભગવાનના ભક્તોને મતિ મંદે ન જમાડ્યા.

ચોથા દિવસે સવારના પહોરમાં અનેક સંતો લોકોને જમાડ્યાં. હરિની ઉપર ઈર્ષાથી જ બધું ખર્ચ કર્યું અને દિવસનો પહોર મેઘજીતે જાહેર કરેલો સમય થયો એટલે ગામનાં લોકો મળવા આવ્યાં અને મેઘજીતે સ્નાન કર્યું અને પદ્માસન વાળીને તૈયાર થઈને બેઠો. પછી ઇંદ્રિયોને એકાગ્ર કરીને નાડી પ્રાણને ખેંચવા લાગ્યો. અતિ જોર કરીને ખેંચવાનો ખૂબ જ પ્રયત્ન કર્યો પણ આંખો સ્થિર થઈ ગઈ અનિમેષ થયો. પંચ ચક્રને ભેદીને ઉપર પ્રાણને ખેંચવા મથતો હતો પણ પ્રાણ ઉપર ન ગયા બ્રહ્મરંધ્રને ભેદવા સમર્થ ન થયો. બહુ જ પ્રયત્નો કર્યા ઘણી મહેનત કરી તોય કાંઈ કરવા સમર્થ ન થયો. આગળ પ્રાણને ચલાવી ન શક્યો. મરી પણ ન શક્યો. ઉપર લઈ જઈ ન શક્યો અને નીચે પાછા વાળવા પણ સમર્થ ન થયો. કોઈ જગ્યાએ જવા સમર્થ ન થયો.

અણિમાં આદિક બધી જ સિદ્ધિઓ મળી પણ બધી સિદ્ધિઓ પ્રાણને ચલાવવા સમર્થ ન થઈ. કોઈ રીત શક્ય ન થયું ત્યારે પ્રાણની દશા ત્રિશંકુના જેવી થઈ ગઈ. હીન ચેષ્ટાવાળો તે મેઘજીત તેને ગામનાં સજ્જનો જોઈ રહ્યાં હતા તે પ્રતિજ્ઞામંદ થયો હતો. હરિની સાથે માનના ગુમાનથી શું પરિણામને પામવાનો છે. કાંઈ નહિ કરી શકે. આવી રીતની તે વણિકની પરિસ્થિતિ જોઈને પુરુજનો કહેવા લાગ્યાં તે હરિ તથા હરિજનો અને સંતોની સાથે દ્વેશ કરીને અવગુણ લીધો છે.એમનો અપરાધ કરેલ છે તેનું જ આ પરીણામ છે એમ જાણજે. તે હરિભક્તો અને સંતોનો અપમાન કર્યા છે તેને ભગવાન ક્યારેય સહન નથી કરતા. એટલા માટે તારે અત્યારે આપત્કાળ આવ્યો છે. તને અભિમાન હતું તે ખોટું પડ્યું છે અને તત્કાળ જ પરિણામ મળ્યું છે.

આવી રીતે પુરના હિતેચ્છું જનો સંબંધીઓ હતાં તે મળીને કહેવા લાગ્યાં. વર્ણિ પ્રભુની સાથે વાદવિવાદ કર્યો એનું ફળ ભોગવે છે. હવે તું અભિમાન છોડીને તરત જ એમના શરણમાં જા તો તરત તારું શરીર છુટી જાય. વર્ણિરાયનું દિલ તો અતિશુદ્ધ જ છે એ તો દયાળુ છે. એ કોઈ પ્રકારનો વાદ રાખતા જ નથી. તરત જ વાદને છોડી દે છે. એ તો અતિ મોટા ત્યાગી છે. વર્ણિરાજને તો જ નમવું જોઈએ. એ તો ત્યાગી છે. તમે તો ગ્રહસ્થ છો. તેથી લાજ છોડીને નમવું જોઈએ. વર્ણિરાજને બધાં જ ભગવાન માને છે તેથી એમની સાથે માન રાખે તો બેહાલ થાય. વર્ણિ તો અતિ પ્રતાપવાળા છે. એમની સાથે વાદવિવાદની વાતો ન કરવી જોઈએ. આવી રીતે લોકોએ વાત કરીને ઘણો સમજાવ્યો પણ એ મૂઢ તો પોતે માનતો જ ન હતો. કષ્ટ મટાડવા માટે કાંઈ વિચારતો જ ન હતો.

જ્યારે અતિકષ્ટ થવા માંડ્યું અને પાંચ દિવસ સુધી રિબાતો રહ્યો. કોઈ ઉપાય ન થયો. ત્યારે થાકીને માન

ગળી ગયું ત્યારે અતિ આપતનો અંત આવવાનો થયો ત્યારે. તે મેઘજીત અસ્પષ્ટ અક્ષરો બોલતો હતો. અરધા જ લોકો સમજી શકે તેમ બોલતો હતો. પોતાના અપરાધની માફી માટે વાત કરતો હતો કે વર્ણિરાટને બોલાવી લાવો. એમના માટે વાહન લઈને જાવ તેડી લાવો. ત્યારે તેનાં સંબંધીઓએ હરિને પ્રાર્થના કરી હરિ મંદ મંદ હાસ્ય કરતા થકા સંતો તથા હરિભક્તો બધા જ મેઘજીતના ઘેર ચાલો. બધાં જ મેઘજીતના ઘેર ગયા. બધા સમાજને સંતોને અને સંતોના પ્રાણ શ્રીહરિને જોઈને તરત જ હરિએ કૃપા કરીને તેની નાડી પ્રાણને પોતપોતાની જગ્યા ઉપર સ્થિર કરી દીધી.

ત્યારે તે વણિક તરત જ સાવધાન થઈને હાથ જોડીને હરિના ચરણમાં પડ્યો. ખૂબ જ વિનયથી નમન કર્યા. કહ્યું આજ દિનથી હે પ્રભુ ! હું આપનો દાસ છું. આપે મારી ઉપર ખૂબ જ દયા કરી છે. મારા દુઃખને ટાળી દીધું. કૃપાદૃષ્ટિ રાખજો. હું આપનાં આજ્ઞા વચનોનું પ્રમાણે જ વર્તિશ. હે પ્રભુ ! મારી ઉપર કૃપા કરીને પધાર્યા. એ તો આપની કૃપા જ છે. હે પ્રભુ આપ તો જગતના જીવોનાં દુઃખોને દૂર કરવા પધાર્યા છો. આપ તો જગત પ્રતિપાળ છો. મારા ગર્વ અભિમાનનો ગાળનારા મારા હૃદયમાં વાસ કરજો. એવી મારી ઉપર કૃપા કરજો.

શ્રીહરિ નિલકંઠ પ્રભુ કહેવા લાગ્યા. મેઘજીત મારાં વચનો સાંભળો. હવે તમારે દેહ છોડવાનો જ નહીં. ભગવાનની ઈચ્છાથી દેહ પડે તો જ પડવા દેવાનો એને ઉત્તમ પ્રકારનું મૃત્યુ કહેલ છે. આ મનુષ્ય દેહ ભરતખંડમાં મેળવવો ખૂબ જ દુર્લભ છે. દેવતાઓને પણ નથી મળતો કેમકે ભરતખંડમાં પ્રગટ ભગવાન અને ભગવાનના સંતો વિચરે છે. તેનાથી જીવોને ભવસાગર પાર પડવો સહેલો થાય છે. આ માનવદેહને જહાજરૂપ છે. વારંવાર ભવસાગરમાં જીવ ડુબકાં ખાતા હતા ત્યારે પ્રભુએ એને માનવદેહ આપ્યો. તેનાથી પવનનો વેગ ચડાવીને જલદી પાર ઉતરે છે. ભરતખંડમાં માનવદેહ મેળવવા ભવ બ્રહ્માદિ બ્રહ્માંડનાં દેવતાઓ પ્રયત્ન કરે છે પણ માનવના દેહને નથી પામી શકતા.

આ માનવ શરીરનું ફળ કેવળ વિષયવાસના જ નથી પણ હરિ ભગવાન અથવા ભગવાનના સંતો મળે તો તેના આશ્રયથી પાર પામે છે. તેનાં વિના તો પ્રાપ્ત કરવું દુર્લભ થાય છે. મોક્ષ થવો કઠણ છે. મુખેથી સ્વામિનારાયણ નામનો જાપ કરવો જોઈએ એ જ મૂર્તિને હૃદયમાં ધારી મારા વચનમાં મનની વૃત્તિને જોડે છે. તેનાથી જીવ અવિકાર પદને પામે છે.

આવી રીતનાં હરિનાં વચનો સાંભળીને અતિશય આશ્ચર્ય જોઈને મેઘજીત આદિ બધાં લોકો શ્રીહરિના આશ્રિત થયા. દૃઢ મનથી ભક્તિ કરવા લાગ્યા. નજરને સ્થિર કરીને ચકોરની માફક મોક્ષદાયક હરિના મુખકમળને જોતા હતા. શ્રીહરિનાં વચનરૂપી અમૃતનું પાન કરતા હતા. મેઘજીતના ગર્વને હરી લઈને બધા જ પોતાના આશ્રમમાં આવ્યા. મહાપ્રભુએ કરેલા ઉપદેશ બળથી સર્વેને ખૂબ જ આનંદ થયો.

આવી રીતનો જગતપતિનો પ્રતાપને જગના જીવો બધા જાણતા હતા. રોજે રોજ પ્રતાપનો વધારો થતો હતો. તેને દેશનાં, પુરનાં, નગરનાં લોકો જોવા સાંભળવા બહુ જ આવતાં હતાં. જ્યાં હરિનો વાસ હોય ત્યાં વધારે સમુદાય ભેગો થાય છે.

આવી રીતનાં ભગવાનનાં ચરિત્રને જે કોઈ જન સાંભળીને બીજાને કહે છે, જીવનમાં ઉતારે છે તે જરૂર હરિના રૂપને પ્રાપ્ત કરે છે અને અંતે હરિના ધામને પામે છે.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં સાતમા યુવા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારિએ**

**લખેલ છંદભાષામાં શ્રીહરિએ મેઘજતીનો ગર્વ દૂર કરી પરાજિત કર્યો આશ્ચર્ય પ્રતાપ બતાવ્યો તે કથન કહ્યું એ નામે બીજો તરંગ થયો. ॥૨॥**

# તરંગ-૩

રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! શ્રીહરિ સુખધામે પોતાનો પ્રતાપ બતાવવા સર્વ લોકોને જુદા જુદા સ્વરૂપે દર્શન આપ્યાં. લોકોને રાજી કર્યા. એ ઘનશ્યામ પ્રભુનાં ચરિત્રો મને કહો.

અયોધ્યાપ્રાસદજી કહે છે, હે રાજન્ ! તમે ખૂબ જ મંગળકારક વર્ણિરાજ પ્રભુનાં અદ્‌ભૂત અલૌકિક ચરિત્રની વાર્તા પૂછી છે. તે લીલામાં અદ્‌ભૂતતાથી લોકોને અતિશય કુતૂહલ થયું તે ચરિત્ર કરનાર સર્વના ઉપરી સર્વોપરિ પરબ્રહ્મપુરુષોત્તમ નારાયણ પરમેશ્વર છે. તે માંગરોળપુરમાં શ્રાવક વાણિયા કહેવાતા હતા. તે એક દિવસે ભેગા થઈને શ્રીહરિ પાસે આવ્યા અને નમસ્કાર કરીને પાસે બેઠા. મીઠાં મધુરાં વચનો કહેવા લાગ્યા.

હે પ્રભુ ! આપ તો જગદીશ છો તમે જ સર્વેશ્વર છો. એટલે અમને અમારા ચોવીસ તિર્થંકર થયા છે. એ તીર્થંકરોનાં દર્શન કરાવો તો અમે બધા જ તમારી આજ્ઞા પ્રમાણે તમારાં ચરણકમળની કાયમ માટે તમારી ભક્તિ કરીએ. ત્યારે મંદ મંદ હાસ્ય મુખવાળા દર્શન આપતા. અતિ મનોહર લાગતા હતા. સર્વજનને માન અને સુખ આપનારા કૃપા કરીને તે વણિકો સામું જોઈને કહે. તમે મારી સામે જુવો જેમ અષાઢ માસમાં વર્ષાદ સામે તાકીને જુવે તેમ મારી સામે જુવો. ત્યારે તેઓ તત્પર થઈને બધા જ બેઠા હતા. હવે બધા જ મારી જમણી નેત્ર સામી નેત્રને સ્થિર કરીને જુઓ. નેત્રની સામે નેત્રને જોડી દો ત્યારે એમનાં નાડિપ્રાણને હરિએ ખેંચ્યાં. બધી ઇંદ્રિયને પોતામાં જોડી દીધાં. એમના જીવને પણ સ્થિર કર્યો. આ રીતે બધાંનાં શરીરો લાકડાં જેવાં સ્થિર થઈ ગયાં. એમને ગાઢ સમાધિ થઈ ગઈ. આવી વાર્તા સાંભળીને બધાએ જોયું તો દંગ થઈ ગયાં. બધાને હરિ ઉપર અધિક સ્નેહ થવા લાગ્યો.

શ્રીહરિને બે ભુજાઓવાળા દિવ્યસ્વરૂપે દિવ્ય સિંહાસન ઉપર બધાએ ધામમાં જોયા. ત્યારે એ લોકોએ એક એક બધા વારાફરતી ઋષભદેવ આદિક તીર્થંકરોને નમતા હતા. હે રાજન્ ! ઋષભદેવને જોયા એટલે દેવાધિદેવ કહીને શ્રીહરિને નમન કરીને નિર્ભય થઈને બેઠા. અજીતનાથને જોયા, રૂપનાથ થયા તે જોયા તે હરિના રૂપમાં જોડાઈ ગયા. તે બધાય ભગવાનના રૂપમાં દર્શન થતાં હતાં. શાંતિથી નમન કરતા હતા. અભિનંદન સુમતિ બંને આવ્યા ત્યારે તેઓ હરિને સાષ્ટાંગ દંડવત કરતા હતા. નમન કરતા હતા. પરમેશ્વર પદ્મનાભ સુપાર્શ્વનાથ ત્યાર પછી પ્રભુ ચંદનાથ બધા વારાફરતી આવ્યા. નમન કર્યાં. સુવધિનાથ શીતલનાથ શ્રેયાંશનાથ અમરનાથ મલ્લિનાથ સુવ્રતનાથ વિગેરે તીર્થાંકરો આવ્યા તે હરિને નમીને હરિમાં લીન થયા. નૈમીનાથ અને નેમનાથ તિર્થંકર આવ્યા તથા પાર્શ્વનાથ અને મહાવીર અંતિમ તિર્થંકર આવ્યા. ચોવીસ તિર્થંકરો રૂપે હરિએ દર્શન આપ્યાં. બધાનાં ચિત્તને આનંદ આપ્યો. બધાને દિવ્યરૂપે જોયાં. ખૂબ જ ભાવથી દર્શન કર્યાં.

હે રાજેન્દ્ર ! તે વણિકોએ ઋષભદેવાદિક ચોવિશ તિર્થંકરોનાં દર્શન કરીને તે બધાય હરિનું સ્તવન પ્રાર્થના વંદન કરતા હતા. એ રીતે સમાધિમાં બધાએ જોયું. તે વણિકોએ વર્ણિપ્રભુને સર્વના કારણ નિયંતા જોતા હતા. સર્વોપરિ માનતા હતા. આવી રીતે હરિએ તે વાણિયાઓને અનેક આશ્ચર્ય બતાવ્યાં. તે બધા વણિકો વર્ણિરાજને જ મોટા માનતા હતા. આવી રીતે ત્રણ પહોર સુધી સમાધિ રહી. એ બધાં જ ગુણ વર્ણિન્દ્રનાં જ ગાતા હતા.

આ રીતે સમાધિ કરાવી તેની આખા માંગરોળપુરમાં જાહેરાત થઈ. ચારેબાજુ ચર્ચાઓ થઈ. એટલે તે શ્રાવકોનાં સંબંધીઓનાં ચિત્ત ચગડોળે ચડ્યાં. ત્યાં આવીને વર્ણિન્દ્રને કહેવા લાગ્યાં કે તમે આ શું કર્યું. તમે તો આમનાં શરીરને લોકાર્પણ જેવાં કર્યા છે. મરેલાં જેવાં ચિહ્નો થયાં છે.

ત્યારે તેઓ હરિ ઉપર આંખમાં આંસુ લાવીને વિનંતિપૂર્વક રોતાં થકાં પોતાના પુત્ર પતિ ભાઈ આદિનાં મુખ જોતાં થકાં અમારા પ્રિયનાં જીવન પાછાં લાવીને જીવતા કરો. હે વર્ણિરાજ ! મરેલા જેવા આમના પ્રાણને પાછાં લાવો. જીવતા કરો. ત્યારે હરિ મનને મલકાવતા થકા અમીદૃષ્ટિ કરી. એટલે એમને સમાધિમાંથી પાછા ખેંચ્યા. એટલે પ્રાણશરીરમાં પાછા આવ્યાં. હાલનચલન થઈ એટલે બધાં જ લોકો રાજી થયાં. વાતો કરવા લાગ્યાં કે ગયેલા પ્રાણને હરિ નિલકંઠ પ્રભુ પાછા લાવ્યા. જીવતા કર્યા. ત્યારે સમાધિવાળાં લોકો જાગ્યાં તે બધાં જ હરિને આપે બહુ જ સારું કર્યું. આપને ધન્ય છે. ધન્ય છે. અમારા ઈષ્ટદેવતા આપ તો સર્વોપરિ દેવ છો. હે વર્ણિ ! આપે અમને તો અમારા ઈષ્ટદેવનાં દર્શન કરાવ્યાં. એ આપે મહાન કાર્ય કર્યું. સમાધિમાંથી જાગીને વર્ણિપ્રભુને વારંવાર વંદન પ્રણામ કરીને ચરણકમળમાં આળોટવા લાગ્યા. બધા જ શ્રીહરિના અશ્રિત થયા. મહાત્મ્ય જોઈને તે સુખનું કોઈ વર્ણન જ ન થાય એવું સુખ અમને મળ્યું. આપણા દિવ્ય તિર્થંકર દેવોનાં આપણા ઈષ્ટદેવના આ વર્ણિજીએ દર્શન કરાવ્યાં. એટલે આ પ્રભુતો ખૂબ જ સમર્થ છે એમ માનીને રાતદિવસ શ્રીહરિનું ભજન કરતાં હતાં.

ચાર યુગમાં ચોવીસ તિર્થંકારો થયા. જુદાં જુદાં ઋષિયોનાં અને રાજાઓનાં નામ ઉપરથી નામ પડેલ છે. આવી રીતે દેખાય છે તે અગણિત સિદ્ધોના રૂપે અધિવાસ કરેલા છે. સાચા સિદ્ધો તો પથ્થરનાં તેજમાં પણ વર્ણિન્દ્ર જેવા ચારેબાજુ વિંટાયેલા ઊભા જ હોય છે. એમને એવું અધિક મહાત્મ્ય છે. તેથી એકએકને ભાગમાં પૂજન કરવાનું પણ ભાગમાં ન આવે એટલા બધા મહાત્મ્યપૂર્વક ઊભા જ રહે છે. આવી રીતે શ્રાવકોના મુખથી બધી વાતો સાંભળીને મતવાદી લોકોને આશ્ચર્ય થવા લાગ્યું. પ્રતાપયુક્ત પરમેશ્વર ભગવાન શ્રી વર્ણિવર પોતે જ કરનારા હાજર છે. આ બધું ચરિત્ર દેશો દેશમાં ફેલાઈ ગયું. તેથી લોકો બધાં પરમેશ્વરનાં દર્શન કરવા આવ્યાં. તે માંગરોળપુરનાં લોકો પણ બધા મતવાદીઓના એક મત થાય તો સારું એમ માનતાં હતાં.

શ્રીહરિનો પ્રતાપ જોઈને બધાં લોકો સાથે મળીને રોજેરોજ આવતાં હતાં. અને કહેતા હતા કે તમે અમારી ઈચ્છા પ્રમાણે દર્શન કરાવો. અમારા ઈષ્ટદેવનાં દર્શન કરાવવા આપ સમર્થ છો. આપ અમને ખુશ કરો. આપ દયા કરીને આપના બળથી તત્કાળ સમાધિ કરાવીને આશ્ચર્ય બતાવો એવી પ્રાર્થના છે.વલ્લભસંપ્રદાયના લોકો આવીને રાધિકાયુક્ત કૃષ્ણનાં દર્શન ઈચ્છતાં હતાં. રાધાની સાથે રાસમાં દર્શન કરાવો. પવિત્ર ગોપિકા ગણની સાથે રમતો રમતા સુંદર દિવ્યમૂર્તિ ગોપિગણ સાથેનાં દર્શન કરાવો. રામાનુંજીય આવ્યા. શામની સાથે વૈકુંઠધામમાં વાસ કરતા ગરુડાદિક વિશ્વકસેન સાથે દિવ્યરૂપે દેવનાં દર્શન કરાવો. રામાનુજીય પછી વલ્લભસંપ્રદાયના હરિનો અલૌકિક પ્રતાપ જોઈને જોઈને પોતાના ઈષ્ટદેવનાં દર્શન કરવા આવ્યા. રામાનંદિયની પાસેથી સાંભળીને વર્ણિરાય અમાપ રૂપોનાં દર્શન કરાવતા હતા.

ત્યારે હરિને વંદન કરીને કહેવા લાગ્યા કે અમને અમારા પરમેશ્વરનાં દર્શન કરાવો. ત્યારે એમના ઈષ્ટદેવ રઘુનંદન રામચંદ્રજીનાં પરિવાર સાથે દર્શન કરાવતા હતા. સીતા લક્ષ્મણની સાથે રામનાં રૂપવાન શરીરની મેઘસમાન કાંતિવાળું અલૌકિક હાથમાં ધનુષ્યબાણને ધારેલા કટિમાં બાણનો ભાથો ધારેલા મુખકમળ ખિલેલા દળ જેવું નયન શ્યામ વર્ણનાં જોતાં હતાં. રામની હાજરીમાં હનુમાન આદિક સેવકો શોભતા હતા. વૈકુંઠધામ

સફેદ ચિદ્‌ઘન તેજથી જળહળી રહ્યું હતું. તેમાં દિવ્યસિંહાસનમાં રામચંદ્રજી ભગવાન બેઠા હતા. અંગો ઉપર મુક્તામણિના આભૂષણોને ધારણ કરેલાં શોભતા હતા. બધા જ ભક્તોને વર્ણિન્દ્ર પ્રભુ આગળ આગળ બતાવતા જાય અને બધાં લોકો જોઈને આશ્ચર્ય પામતાં જાય. વૈકુંઠધામમાં રામચંદ્રજી વર્ણિરાયનું સન્માન કરતા હતા. રામ કહેતા હતા કે પ્રભુ તમારાં દર્શન તો અતિ દુર્લભ જ છે.

આવી રીતે જુદાંજુદાં બધાએ દર્શન કર્યા. ત્યાર પછી સમાધિમાંથી જાગ્યાં અને કહેતાં હતાં કે આ પ્રભુ સિવાય આવાં ધામનાં દર્શન કોઈનાથી ન થાય. બધાં જ નિગમાગમો કાયમ આમના ગુણને ગાયા જ કરે છે. આવી રીતે બધાએ બધાં જ લોકધામનાં દર્શન થયાં. તેમાં વર્ણિરાયનો જ પ્રતાપ છે. એમણે બધાના ઈષ્ટદેવનાં દર્શન કરાવ્યાં. એ વર્ણિ બધાના ઉપરી સર્વોપરિ છે. આવી રીતે વર્ણિન્દ્રનો ચમત્કાર જોઈને બધા જ વર્ણાશ્રમવાસીઓ હરિના આશ્રિત થયાં અને કહે કે આવા ઘોર કળિકાળમાં અથડાતા જીવોને ભવસાગરમાંથી પાર પમાડનારા તમારા વિના આવી રીતે તારનાર કોઈ નથી.

વળી એક વખત બધા જ શૈવમાર્ગવાળા શિવઉપાસકો આવ્યા. પ્રણામ કરીને કહેવા લાગ્યા કે તમારા પ્રતાપથી અમને અમારા ઈષ્ટદેવનાં દર્શન કરાવો. ત્યારે હરિએ કહ્યું કે તમે શાંતિથી બેસીને સ્વસ્થ થાઓ. પછી અમારી દૃષ્ટિની સામે તમારી દૃષ્ટિને જોડી દો. આમ કહીને પછી હરિ મંદહાસ્યમુખ કરીને બેઠા હતા. તે મુખકમળની સામે બધા સ્થિર નજરથી જોવા લાગ્યા. પ્રથમ બ્રહ્મજ્યોતનાં દર્શન થયાં. તે બ્રહ્મજ્યોત અતિશય પ્રકાશમાન હતી. એમાં શિવ અને પાર્વતી બંને શોભતાં બેઠાં હતાં. દેવ મુનિજનો સેવામાં હાજર હતાં એવાં રૂપનાં દર્શન થયાં. મસ્તક ઉપર જટામાંથી ગંગાનો પ્રવાહ વહેતો હતો. શરીર ઉપર ભસ્મ ચોળેલી હતી. જટાનો ગોળ મુકુટ વાળેલો હતો. તાંડવ નૃત્યનો ભાવ દેખાતો હતો. આ રીતે દર્શન થતાં હતાં. શરીર ઉપર જનોઈની જગ્યાએ નાગ હતા. શારીરિક વિષયરાગનો ત્યાગ કરેલ હતો. શરીરમાં વૈરાગ્ય દૃઢ હતો. આવી રીતે શિવપ્રભુનાં દર્શન થતાં હતાં. પ્રભુને ત્રણ નેત્ર તે લાલ વર્ણનાં હતાં. કંઠમાં મુંડ માળાને ધારણ કરેલા એમનું દિલ ખૂબ જ દયાળુ જેની ઉપર રાજી થાય તેને નિહાલ કરી નાંખે એવા ઉદાર દિલનાં હતાં. છ મુખો જેમનાં છે એવા કાર્તિક સ્વામી શંકરના મોટા પુત્ર છે. તે બધા જ દેવોના દેવ જેવા છે. પ્રમથ આદિક ગણો જેમનું સેવન કરે છે એવા મહેશ ભગવાન અતિ પ્રસન્ન મુદ્રામાં દર્શન કર્યાં. શિવજીની સાથે શિવા (ભવાનિ) બંને નિલકંઠ વર્ણિને જોઈને એમને વંદન પ્રણામ કરતાં હતાં. આ બાજુ દેવો અને મુનિજનોએ ગણપતિ કાર્તિક સ્વામી સર્વે મળીને બધા દેવોનું સન્માન કર્યું. પોતાના ઈષ્ટદેવનાં દર્શન કર્યાં. ત્યાર પછી પવિત્ર શિવા ભવાનિનાં દર્શન કર્યાં. ત્યારે શિવ અને શિવાનિએ વર્ણિન્દ્ર ભગવાન છે. અને ખૂબ જ મોટા છે એમ જાણીને પ્રેમથી સન્માન કર્યું. આ પ્રભુ તો કળિકાળમાં પ્રગટ થયા છે. તે જીવોનાં કલ્યાણ કરવા માટે પધાર્યા છે. આ પ્રભુ ભવસાગરને પાર કરવામાં નૌકારૂપે સર્વનું સારું કરનારા છે. જીવોનાં કઠિનમાં કઠિન કર્મોને કાપનારા છે. દર્શન કરીને બધા જ મતવાદીઓ આશ્રિત થયા. બ્રહ્મવાદીનાં ધન્યભાગ્ય કે આવીને મળ્યા. આ જગતમાં તો અગણિત ભગવાનો થયા છે. બધાને પોતપોતાનાં ઈષ્ટદેવનાં સ્થાનો હરિએ બતાવ્યાં. બધાને રાજી કર્યા.

આવી રીતે નિલકંઠ પ્રભુનો પ્રતાપ અતિશય ચારેબાજુ ફેલાઈ ગયો ત્યારે મતવાદીઓ બધા જ વિરોધ કરવા લાગ્યા કે આવી રીત તો ક્યારેય ક્યાંય ન જ હોય. કોઈનાથી ન થાય. ભગવાન પોતે જ પ્રગટ થયા તોય આવી રીત તો ન જ હોય. એવી રીતે વિરોધ કરતા હતા. સૂર્ય ઉપાસકનો લોકસમુદાય આવ્યો. તેઓ શ્રીહરિનાં હેતથી

દર્શન કરીને હરિના કમલનયન જોઈને પોતાની દૃષ્ટિને એમની સામે સ્થિર કરતા હતા. ત્યારે રમત માત્રમાં સૂર્યમંડળને બંને જોતા હતા. તેમાં સુવર્ણ જેવા રૂપવાન સૂર્યનારાયણને જોતા હતા. તે અતિ ઐશ્વર્ય પ્રતાપયુક્ત પોતાના ઇષ્ટદેવનું મંડળ જ છે. એમ દૃઢતાથી માનતા હતા.

સાઈઠ હજાર વાલખિલ્ય ઋષિરૂપે સૂર્યનારાયણનું સેવન કરતા હતા. તે શ્રી હરિકૃષ્ણ પ્રભુના પ્રતાપથી બધા જ લોકો દેવો મુનિજનોથી સેવાયેલા સ્વરૂપનાં દર્શન કરતાં હતાં. તે સૂર્યની હિરણ્યમૂર્તિમાં સ્વયં શ્રીહરિનાં દર્શન થયાં. એટલા માટે બધાની ઉપર તેની ઉપર એની પર હરિને જોઈ સર્વોપરિ છે એમ નિશ્ચય કરતાં હતાં. બધાં જ ઉપાસકો હરિના આશ્રિત થતાં હતાં. શ્રીહરિનો આશ્રય કરીને ઉપાસના ભક્તિ કરતાં હતાં. ત્યારે ગણપતિના ઉપાસક સેવકો બધા મળીને આવ્યા અને મણિ મંડળમાં જે લખેલા છે તે ચાર ભુજા મોટી ફાંદ (પેટ)વાળા મોટી સૂંઢવાળા એક દાંતવાળા જેમને લાડુ બહુ જ વહાલા છે એવા. પોતાની બન્ને પત્નીઓથી સેવાતા બધા જ દેવો જેમનું સેવન કરે છે એવા મહા ગણાધિશ તે વર્ણિ ભગવાનનું પૂજન કરતા હતા. બધાની ઉપર સર્વોપરિ તો વર્ણિરાજ પોતે જ છે. એમ કહેતા હતા. બધાને જણાવતા હતા. પછી શાક્તમનના શક્તિ ઉપાસકો મળીને હરિ પાસે આવ્યા અને હરિની સાથે બહુ જ ચર્ચા કરી અને પોતાનો સર્વોપરી નિશ્ચય કરવાવ્યા બધાયના નાડી પ્રાણને હરિએ ખેંચ્યાં. ઉપર શક્તિમંડળમાં લઈ ગયા ત્યારે તે શક્તિઓ બે હાથવાળી ચાર હાથવાળી તથા આઠ હાથવાળી અનેક મૂર્તિઓ બતાવી. શ્રીહરિ કહે, જુદા જુદા નાના આસુરી શક્તિવાળાં દેવમાં ચંડિકાદેવી મોટી છે. તે પોતે દુર્ગાદેવીની સાચી સેવિકા છે અને દુર્ગા આદિક અનંત દેવીઓ મળીને શક્તિની સેવા સુશ્રુષા ટેલ ચાકરી કર્યા કરે છે. તે પ્રકૃતિનો કોઈ પાર જ નથી. તે પ્રકૃતિ જે મૂળ માયા જેની સેવા સુશ્રુષા કરે છે. લક્ષ્મીને મૂળમાયા કહે છે તે જ શ્રી નારાયણ પ્રભુની પત્ની પ્રિયતમા છે. ભગવાનની દાસી છે.

આવી રીતે અનંત પ્રતાપ સામર્થ્યયુક્ત સર્વને તે શાક્ત મતના લોકોએ જોયાં. ત્યાર પછી હરિ પ્રભુએ તેઓને પાછા દેહમાં લાવ્યા. તેઓ જ્યાં હરિ વિરાજમાન હતા.ત્યાં એમના દેહો પડ્યા હતા. ત્યાં પાછા આવ્યા. આવી રીતે શ્રી સહજાનંદ સ્વામી પ્રભુ અનંત જીવોનાં પોતાના ઐશ્વર્ય પ્રતાપના બળથી બધાંને જુદાં જુદાં સ્વરૂપો શક્તિઓ બહુ જ બતાવ્યાં તે બધાં જ શ્રીહરિ નારાયણ પ્રભુનાં જ રૂપો હતાં.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં સાતમા યુવા રત્નમા શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિએ અનંત જીવોનાં દર્શન આપી આશ્ચર્ય બતાવ્યું પોતાના આશ્રિત કર્યા એના કથનરૂપ આ ત્રીજો તરંગ થયો. ॥૩॥**

# તરંગ-૪

રાજા કહે છે, હે સુવ્રતમુનિ ! શ્રીહરિએ યવન આદિક વર્ણાશ્રમના લોકોને બધાંને ધામ બતાવ્યાં. તે સમાધિની રીતનું વર્ણન કરી મને સમજાવો મારે જાણવું છે.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! તમને ધન્યવાદ છે. તમે સાંભળો. હું કહું છું. શ્રીહરિ જે સમાધિ કરાવતા હતા તે જ સમાધિ જેમ વર્ષાઋતુમાં જેવી રીતે મેઘવર્ષા થાય છે તેમાં સમયનો યોગ્ય યોગ હોય કે ન હોય તોય વર્ષા થયા કરે છે. તેમ સમાધિ પણ પ્રભુકૃપાથી થઈ છે. હે રાજન ! તમે સાંભળો. તે માંગરોળપુરનો રાજા

મુસલમાન હતો. તેણે નિલકંઠ પ્રભુના દિવ્યપ્રતાપનો પડઘો ખૂબ જ થયો. તે રાજાએ સાંભળ્યો. ત્યારે તે બધા જ યવનોને સાથે લઈને ઉત્સાહપૂર્વક એક દિવસ શ્રી સહજાનંદ સ્વામી પાસે આવ્યા. આવીને હરિને વંદન કર્યાં. વિનયથી વાત કરવા લાગ્યા. તમે ખુદા છો. અરજ બતાવો છો. તમે કુશળ કાર્ય કર્યું છે. અમે જાણીએ છીએ કે હવે અમને અમારા મહમદરસુલ પયગંબરનાં દર્શન કરાવો. પણ અમે તો યવનો છીએ તે અમારા ઈશ છે. અમારાં કર્મો તો અશુભ છે. આપ તો ફકીરોનાં ફકીર મહા ફકીર શુદ્ધ વર્ણિજી છો. આમ કહીને માર્મિક વચનો હરિને કહ્યાં. મુસલમાન મહમદ પયંગબર અમારા ખુદા છે. તેનાં અમને દર્શન કરાવો. હરિનાં નયન સામે જોવરાવીને એમને ખેંચ્યા. તે આસુર રાજને એમના ઈશ્વરને બતાવતા હતા. પયગંબર મુર્ષદરસુલને જોતા હતા. એક હજાર ચોવીશને જોતા હતા. તે દર્શન કર્યાં. તે યવનો તથા રાજાએ હરિની કૃપાથી મહાભિસ્તમાં કહ્યા પ્રમાણે રોમેરોમમાં મહા પરાક્રમ તેજ પ્રકાશ જોયું. તેનાથી એમને કાંઈ કહી જ ન શકાય એવો આનંદ હતો. જાણે અનેક સૂર્યનો ઉદય ન થયો હોય તેવું જણાતું હતું. આનાથી બધા જ યવનોને ખૂબ જ આશ્ચર્ય થયું. તેઓ આને પ્રાકૃતિક મહાનતા માનતા હતા. તેનાથી વર્ણિરાજને મહાન ફકીર માનતા થકા હાથ જોડીને વિનયથી નમન કરતા હતા અને વર્ણિને જ સર્વના કારણ માનતા હતા.

ત્યારે હરિ પોતાની અમી દૃષ્ટિને પાછી વાળવા માટે જોયું કે તરત જ તે બધાય પોતાના શરીરમાં પાછા આવ્યા અને કહેવા લાગ્યા કે તમે તો પયગંબર આદિકના કાર એવા આપ અલ્લાહ પ્રગટ થયા છો અને અમારા ભવને તારવા માટે પધાર્યા છો. હે પ્રભુ ! નામરૂપના આપ નારાયણ સ્વામી સાચે જ તમને બધાયના અંતર્યામી છો તે સાચા જ છો. અને બધાં જ લોકોના આશ્રિતોનાં ભવજળને તારનારા સ્વયં આપ જ છો. આમ કહીને તેઓ બધાય આશ્રિત થયા ત્યાર પછી હરિએ અનેક પ્રકારના સારા અને નરસા કોઈની ગણતરી નહીં રાખીને અનેકને તાર્યાં. અનેકને સમાધિ કરાવી. તેમાં જે નજર આગળ દેખાય સામું જુવે તેને સાધન વગર જ સમાધિ થઈ જાય. બધાંને પોતપોતાના ધામનાં દર્શન થાય. આવી રીતે હરિ જ્યારે જ્યારે સ્નાન કરવા જતા ત્યારે રાજમાર્ગ ઉપર લોકો જુવે. તરત જ પડી જતાં. દૂરથી જોવે અને હરિ જો દેખાય તો તરત જ બારણાં બંધ કરી દે. તોય જોવા માત્રમાં નીચે પડી જતાં હતાં. જેમ કોઈ થપાટ મારે ને પડી જાય તેમ પડી જતાં હતાં.

ગલિઓ, જનપથ, રાજમાર્ગ ઉપર સ્વેચ્છાએ જતા હોય તોય લોકો દોડીદોડીને દર્શન કરવા ભાવથી આવતાં અને ભાવનાપૂર્વક ભજનભક્તિ કરતાં ચરિત્રોને ગાતાં. કેટલીક વખત હરિ આવતા હોય એ રીતે જોઈને લોકો દોડીને સંતાઈ જાય અને કોઈક દિવસ જોઈ જાય ત્યારે ઓચિંતું તે સ્વરૂપ સાંભરે ને તરત જ સમાધિ થઈ જાય એવું પણ બનતું. સમાધિમાં જ જ્યારે દિવ્યપણું દેખાઈ જાય અને મહિમા સમજાય ત્યારે હરિનો આશ્રય કરતાં હતાં ત્યારે જ્ઞાની લોકો કહે, અમે આશ્રય કર્યો છે અને અજ્ઞાની લોકો કહે જાદુ કર્યો છે એમ કેટલાંક બોલતાં હતાં. જે લોકો હરિની આજ્ઞા માનીને નિયમમાં વર્તતાં હતાં એમને વગરસાધના કર્યે સિદ્ધતા સધાઈ જતી હતી અને કુદરતી રીતે જ અષ્ટાંગયોગ સિદ્ધ થતો હતો.

અષ્ટાંગયોગને સિદ્ધ કરવા માટે સંતોને નિલકંઠ વર્ણિરાજ શીખવતા હતા. યોગ સિદ્ધ કરાવીને શ્યામ પ્રભુ સમાધિ કરાવતા હતા અને તે સમાધિમાં જુદાંજુદાં ધામોને સંતો જોતા હતા તથા અક્ષરધામને પણ જોતા હતા. તે ધામમાં અતિ તેજના સમુહની મધ્યે બે મૂર્તિઓ જોતા હતા. તેમાં રામાનંદમુનિની અને પછી નારાયણમુનિની મૂર્તિ જોતા હતા. શ્રીહરિના તેજમાં જ રામાનંદ સ્વામી લીન થઈ ગયા ત્યારે એક જ મૂર્તિ દેખાણી. તે શ્રીહરિ

પોતે જ સાક્ષાત્ હતા. રામાનંદ સ્વામીથી બીજા અનેક બ્રહ્મરૂપ મુક્તો ચારેબાજુ ઠેકાણે ઠેકાણે દેખાતા હતા. તે સર્વની મધ્યમાં શ્રીહરિ અતિશય શોભતા હતા. શરીરના તેજની ઊર્મિઓ રોમેરોમમાં દેખાતી હતી. તેજાયમાન થતી હતી. આવી રીતે સર્વના સ્વામી અતિશય ઐશ્વર્યવાળા ચતુર્વ્યૂહ તથા સર્વ અવતાર આ પુરુષોત્તમ પ્રભુના જ છે એવું રૂપ જોઈને તે સંતો આનંદમૂર્તિ સુખદાયક આ પોતે જ છે એમ માનતા હતા. સર્વના અંતર જાણનારા પ્રભુ હરિએ બધાંના પ્રાણને પાછા ખેંચ્યા અને પોતપોતાના શરીરમાં ગોઠવી દીધાં. બધાંનાં અંતકરણને ખેંચી લેતા હતા.

ત્યારે બધા જ એક એક આવીને હરિને નમન કરતા હતા. પગે લાગીને જુદી જુદી વાતો કરતા હતા. આપે તો અમને અક્ષર બ્રહ્મપુરધામ અનંત ઉધ્ધ્વ સાક્ષાત્ દેખાડ્યું અમને સુખી કર્યાં. આવી રીતે શ્રીહરિ પ્રભુ પોતાના આશ્રિત સંતોને અલૌકિક મહાસુખને આપતા હતા. સર્વના પ્રગટ કારણ એવા સ્વામીએ યોગસિદ્ધતાનું ફળ ખૂબ જ અલૌકિક આપ્યું છે. સર્વની ઉપર સર્વના કારણભુત મૂર્તિ મંગળકારક એવા શ્રીહરિનું શું કહેવું અક્ષરધામનું તો શું વર્ણન કરું એ તો અતિ અલૌકિક અદ્‌ભૂત અક્ષર બ્રહ્મધામ જ છે. કેટલાકને શ્વેતદ્વિપ ધામમાં તપ કરતા અલૌકિક સ્વરૂપ શ્વેતમુક્તને જોતા હતા. કોઈ બદ્રિકાશ્રમધામમાં મુક્તોને તથા દઢ બ્રહ્મચર્ય ધારણ કરેલા નરનારાયણ ભગવાનને જોતા હતા. કેટલાક શેષશાયિ ભગવાનને ક્ષીરસાગરમાં નારાયણ પ્રભુ કમળાની સાથે દર્શન કરતા હતા. કોઈક યોગેશ્વર ભગવાનને જાણીને પછી યજ્ઞપુરુષને નજરે દર્શન કરતા હતા. આ રીતે ભુલોક ભૂવર્લોક સ્વર્ગલોક મહાર્લોક જનલોક તપલોક બધા જ ખગોળને જાણતા હતા. ત્યાર પછી અતલ વિતલ સુતલ તલાતલ મહાતલ રસાતલ પાતાલ આદિને જોતા હતા. આવી રીતે ષટ્ચક્ર આદિક એકવીસ સ્થાન બ્રહ્માંડની માંહિ અને બહાર બધું જાણતા હતા. સર્વના અંતર્યામી સર્વના મનની વાતો કહેતા હતા. સ્વતંત્રતાથી દેહને છોડતા હતા. એવા સમર્થ થતા હતા.

આવી રીતે યોગ સમાધિથી ખૂબ જ પાકા જ્ઞાનવાળા થયા અને દઢ આસન બાંધીને હરિ બેસતા હતા. બધાંને નાડિ ખેંચવાની રીત શીખવતા હતા. શરીર નાડિ પ્રાણને ખેંચીને સંકોચી લેતા હતા. જીવને ખેંચીને એક જ અંગમાં લાવીને રાખતા હતા. ક્યારેક તો જુદા જ અંગમાં જઈને રહેતા હતા. ત્યારે જાણે લાકડાનું શરીર ન હોય તેમ શરીરમાં નાડિ પ્રાણ કાંઈ ન દેખાય. અગ્નિ લગાડે તોય કાંઈ શરીરમાં ખબર જ ન પડે એવું નિર્લેપ થઈ જાય. આ રીતે અધ્યાત્મ સાંખ્યયોગનો વિચાર રાખીને બહાર અને અંતકરણમાં હરિની મૂર્તિને ધારીને કોઈક નેત્રને ઉલટાં સુલટાં કરતા ફેરવતા હતા. સ્થિર નેત્ર કરીને તેમાં મૂર્તિને ધારીને લાવતા હતા. એક જ નેત્રની આગળ મૂર્તિને જોઈને નેત્રને ચક્રની માફક ફેરવતા હતા. આંખથી જ નાડી પ્રાણને ખેંચતા હતા. તેને અક્ષિ વિદ્યા કહેતા હતા. એવી રીતે જણાવતા હતા. એવી રીતે સમાધિયોગ લોકોને તથા સંતોને સારી રીતે શીખવતા હતા. એમના જન્મ મરણના રોગને મટાડતા હતા. અનેકને અશ્રિત કરતા હતા. ગાઢ સમાધિમાંય દઢ આસન કરીને સ્થિર રહેતા હતા. સર્વની ઉપર ક્યાંય ચાલ્યા જતા હતા. એકએકને પાછા જગાડતા હતા. આ રીતે હરિ ચરિત્ર કરતા હતા.

કોઈ પદ્માસન વાળીને બેઠા હતા. કોઈ વિર આસન વાળીને બેઠા હતા. કોઈ વજ્ર આસન વાળીને, કોઈ સિદ્ધ આસન કરીને બેઠા હતા. કોઈ હંસ આસને હરિને જોતા હતા કોઈ મયુર આસન બનાવીને કોઈક સ્વસ્તિક આસને શોભતા હતા તો કોઈ બ્રહ્મ આસન ધારીને બેઠા હતા. કોઈ ગોરખ આસન બાંધીને કોઈ ગોમન કોઈ

વ્યાસ આસન વાળીને કોઈ મચ્છ આસને કોઈ કચ્છપ આસન, કોઈક પીલ આસન બનાવીને બેઠા હતા. કોઈ શંખ આસન વાળીને કોઈ ચક્ર આસન કોઈ ગદા આસન કોઈ ગોઠણ આસન કરીને કોઈ દત્ત આસન બનાવીને કોઈ ભૂકર આસન કોઈ શુંક આસન કોઈ સનક આસન સાધિને બેઠા હતા. કેટલાકને હરિ પ્રહર ઉપર જગાડતા કોઈને કોઈને બે પ્રહર ઉપર જગાડતા, કોઈને ત્રણ પહોરે જગાડતા કોઈને દિવસ પછી જગાડતા. કોઈને રાત દિવસ પછી જગાડતા હતા. કોઈને ત્રણ દિવસે કોઈને ચાર કોઈને પાંચ દિવસે આઠ દિવસે બાર દિવસે પખવાડીયે (પંદર દિવસે) કોઈને મહિને બે મહિને કોઈને ત્રણ મહિને જગાડતા હતા. કોઈને ચાર માસે કોઈને પાંચ માસે કોઈને છ માસે જગાડતા કોઈને સાતમાસે કોઈને આઠ માસે નવ માસે કોઈને દશ માસે કોઈને વરસ દાડે જગાડતા હતા. કોઈને બે વર્ષે કોઈને ત્રણ વર્ષ કોઈને ચાર વર્ષે પાંચ વર્ષ છ વર્ષ આઠ વર્ષ અથવા બાર વર્ષે લાંબા સમય સુધી રાખીને પછી જગાડતા હતા. કોઈને જન્મભર રાખતા હતા.

પ્રેમીભક્તો પ્રેમથી હરિની મૂર્તિમાં કે મુનિ પાસે રહેતા હતા. જેમ કોઈ માણસ સુઈ ગયો હોય તેને આપણે જગાડી તેમ સમાધીમાંથી શ્રીહરિ જગાડતા હતા. ક્યારેક નેત્રની સાનથી જગવતા હતા. ક્યારેક આંગળીના સંકેતથી જગાડતા હતા. ક્યારેક પગના અંગુઠાનો સ્પર્શ કરીને જગાડતા હતા. આવી રીતે ભક્તજનોને સમાધિમાંથી જગાડે. ક્યારેક ઘેરા ઊંડા સ્વર નાદથી જગાડતા. નામ લઈને જગાડતા. કયારેક મનના સંકલ્પથી જગાડતા. આવી રીતે અવારનવાર ભક્તોને સમાધિમાંથી જગાડતા હતા. ભક્તો સુખદાય સમાધિના સ્વાદમાં પ્રેમીભક્તજનો લોભાતાં હતાં. હરિ એમને ઉઠાડતા હતા. તોય ઉઠતા ન હતા. આવી રીતે ગાઢ સમાધિમાં ઉતરી જતા હતા. ત્યારે પ્રભુ યોગ પ્રક્રિયાથી શરીરમાં લાવતા હતા. આ રીતે સાક્ષાત્ નારાયણ પ્રભુ બ્રહ્મપુરધામનાં અનુભુતી વાતો તે ભક્તો પાસે બધાને સંભળાવતા હતા. હરિ પૂછતા હતા ત્યારે ગોલોક વૈકુંઠ આદિક ધામો જોયાં હતાં તે ધામોનું કહેતા હતા. શ્વેતદ્વિપ બદ્રિકાશ્રમની શોભાને વારંવાર વખાણ કરતાં હતાં અને મન લોભાતાં હતાં. એવાં વખાણ કરતા હતા. હરિ હર અજ બ્રહ્માવિષ્ણુ મહેશ્વર અનંત અપાર એવા લોકલોકથી બંને પ્રકારના સ્થાનોનો ભેદ જુદોજુદો હોય છે. તે સામાન્ય નજરથી નથી ઓળખાતું પરંતુ હરિ પ્રભુના પ્રતાપથી જોઈને પછી તેઓ કહેતા હતા. એક ચક્રથી પ્રાણનો નિરોધ થાય છે. એક ચક્રથી પ્રણવનું જ્ઞાન થાય છે અને ઈંડા પિંગલા નાડિનું સંચાલન, અર્ચિમાર્ગ દ્વારા ધોમ્ય ઘાટિઓનું જ્ઞાન થાય છે. તે બધાયને ચલાવનારા તો આ ઘનશ્યામ પ્રભુ જ છે એમની કૃપાથી જ જણાય છે. પ્રભુ તો કરુણારસથી ભરપૂર મૂર્તિ છે. એ તો અધમનો ઉધ્ધાર કરનારા છે. લોકોના મનને પ્રેરણા આપે છે.

એવી રીતે આ સમાધિ પ્રકરણ ચલાવ્યું અને હરિએ અનેક લોકો સંતોને યોગ ધારણા શિખવી. અગમ્ય જ્ઞાન તેને અતિ સુગમ સરલ બનાવ્યું એવું આ હરિ આવ્યા ત્યારે જાણવા મળ્યું એવા સુખસાગરને કોણ ન ચાહે? શ્વેતદ્વીપ બદ્રિકાશ્રમનું પ્રકરણ ચલાવ્યું. એજ આ ગામનાં સ્ત્રીયો પુરુષોને તથા ભૂમંડળનાં લોકોને તે તે ધામનાં મુક્તો સમાન સમર્થ બનાવ્યાં. માંગરોળ ગામનાં ચોતરાઓ ચોકો માર્ગો અને ગલિયોના માણસો પણ જાણતાં હતાં કે આ તો સર્વધામોના ધામી પોતે જ હરિ પ્રગટ થયા છે એમ જાણતાં હતાં. જે કોઈ નહોતાં જાણતાં તે પણ જાણતાં થયાં.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં સાતમા યુવા રત્નમાં સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિએ આશ્ચર્યયુક્ત સમાધિ લીલા કરી એ કથનનો ચોથો તરંગ થયો. ॥૪॥**

# તરંગ-૫

આનંદરાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી ! શ્રી સહજાનંદ સ્વામી ઉત્સવ કરતા હતા ત્યારે વસંતઋતુ ગઈ. ગ્રીષ્મઋતુ ઉનાળો આવ્યો. ત્યાર પછી વર્ષાઋતુ આવી ત્યારે શ્રીહરિ જન્માષ્ટમીનો ઉત્સવ કરતા હતા તે નગરનું ચરિત્ર મને સંભળાવો.

અયોધ્યાપ્રસાદજી કહે છે, હે આનંદરાજ ઋષિરાજ ! હરિવરે પ્રથમ જ્યાં જ્યાં અન્નક્ષેત્રો (સદાવ્રતો) બાંધ્યાં તે પુરોનાં ચરિત્ર પ્રથમ કહું. તેને તમે ધ્યાનથી સાંભળો. શ્રીહરિએ સદાવ્રતો બાંધ્યાં તે **માંગરોળપુરમાં લોજપુરમાં** આદિક ધામોમાં બ્રહ્મવાદિ સદાવ્રતો બાંધ્યાં. અગતરાઈ ભાંડેર ધોરાજી વિગેરે સ્થળોમાં સંતો સર્વે જમતા હતા. જમીને બધા જ રાજી થતા હતા. બીજાં સદાવ્રતો **જામવાળી** તથા **ભુજનગરમાં ફણેણીમાં માણાવદરમાં સાંકળિ, ચેનિ, જેતપુર તથા ગઢપુર, કારિયાણિ, રાજકોટ** આદિક સ્થાનોમાં સદાવ્રતો બાંધ્યાં. **જેતલપુર અમદાવાદ** વિગેરે સ્થળોએ શ્રીહરિ નારાયણમુનિ ભગવાને જાતે જ ચાલુ કરાવ્યાં અને સંતો હરિભક્તોને આજ્ઞા કરી કે અતિથી લોકોને યાત્રાળુઓને સંતોને જમાડજો. આમ આજ્ઞા આપી. તે અન્નક્ષેત્રમાં આવીને રહે. એમને સતસંગ કરાવવાનો સંતોએ ઉપદેશ આપવાનો સંતો તે અન્નક્ષેત્ર ચલાવે ત્યારે એ સંતોનાં વર્તમાનની ઉત્તમ પ્રકારની રીત જોઈને બધા જ ધર્મના લોકો આકર્ષાવા લાગ્યાં. સદાવ્રત ચાલુ કર્યા પછી હરિ માંગરોળથી બીજે જવાનો વિચાર કરતા હતા ત્યારે તે માંગરોળપુરનાં લોકો મળીને હરિ પાસે આવ્યાં. નમ્રતાથી હરિને કહેવા લાગ્યા.

હે હરિ ! આપ ચોમાસામાં ચાતુર્માસ અહીં જ રહો. ચાતુર્માસ કર્યા પછી આપને ઈચ્છા હોય ત્યાં જજો ત્યારે ચાતુર્માસમાં સંતો ત્યાં જ રોકાયા. અને શરદઋતુ આવી એટલે ત્યાંથી ચાલવાની તૈયારી કરી. ત્યારે હરિભક્તોએ હરિને ભાવ કરીને દર્શનસુખ લેવા માટે રોકતા હતા. હરિનો પ્રતાપ આ ભૂમિ ઉપર ચારે બાજુ વ્યાપી રહ્યો હતો અને હરિના ગુણને ચારેબાજુ સમુદ્ર સુધી ગાયા જ કરતા હતા. આ બાજુ દુર્વાસા મુનિના શાપના પ્રતાપે દેવો મુનિજનો પૃથ્વી ઉપર દેહ ધરીને આવ્યા અને જેમ જેમ હરિનાં ચરિત્ર ગુણ સાંભળ્યાં પછી બધા સમૂહમાં મળીને અનેક સમૂહો આવવા લાગ્યાં. તેઓ શ્રીહરિની પાસે જ આશ્રય કરીને રહેતા હતા અને માંગરોળપુરના લોકોની અભિલાષાઓ પુરી કરતા હતા. હરિના ચરિત્રમાં આશ્ચર્ય જોઈને રોજેરોજ સુખથી રહેતાં હતાં. પોતાના મનની સ્થિતિને દઢ કરીને હરિનું ભજન કરતાં હતાં. હે રાજન ! ધર્મજ્ઞાન વૈરાગ્ય વિવેકનો ઉપદેશ હરિના મુખેથી સાંભળીને જગતના અવિવેક રૂપ અધર્મને ઉખાડી નાંખ્યો. હરિના ઉપદેશથી ધર્મ અને ભગવાનની ભક્તિની સ્થિતિ ખૂબ જ દઢ કરી નાંખી. જેમ વર્ષાઋતુમાં વરસાદ થાય છે તેમ શ્રીહરિ ઘનશ્યામ પ્રભુના મુખમાંથી અમૃત વાણિની અતિવર્ષા થયા કરતી હતી. તેનું પાન કરનારા ભક્તજનો મુમુક્ષુઓ આનંદયુક્ત મનવાળાં રહેતાં હતાં અને ભવસાગરને પાર કરતાં હતાં. જેમ ચારેબાજુ ઉમડઘુમડ થતાં વાદળાં શોભતાં હતાં તેમ હરિ પણ ભક્તસમુદાયમાં શોભતા હતા. બધા પામર જીવો ઉપર વર્ષાદ જેમ સર્વત્ર વર્ષે છે તેમ ઘનશ્યામ હરિ પણ અમૃતમુખની વાણી સર્વને માટે વર્ષતી હતી. વાદળાંઓના છવાઈ જવાથી નીલગગન જેમ શોભે છે તેમ હરિના દર્શનથી હરિભક્તો સંતોને અતિ આનંદ થતા હતા. શોભતા હતા. વર્ષાઋતુ આવવાથી આકાશમાં શોભા વધે છે તેમ સંતસમાગમથી લોકો આનંદસુખ પામતાં હતાં.

ભક્ત સમુદાયમાં સુખદાઈ પ્રભુ જેમ શોભે છે જેમ પતિવ્રતાને ઘેર પિતા આવે તો વસ્ત્ર આભુષણ ધારીને

શોભે છે. આનંદ પામે છે. તેમ જ વર્ષાઋતુ આવવાથી ધરણિ પોતે આનંદમાં લીલાં વસ્ત્રો ધારીને આનંદ પામે છે. શ્રાવણ માસમાં ઝરમર વર્ષાદ સતત વર્ષાતો રહે તેમ સંતો પણ હરિભક્તોને સતત ઉપદેશ આપતા રહ્યા. ધર્મજ્ઞાન વૈરાગ્યનો ઉપદેશ વર્ષાવીને વૈરાગ્યવાન બનાવ્યા તે જ રીતે બાળઋષિ પણ એમ જ વધતા રહ્યા. જેમ જે સંતસમાગમ થયો તેમ તે વધતા રહ્યા. જેમ રાંક રાજાને ધનની પ્રાપ્તિ થાય તો તેને આનંદનો પાર ન રહે તેમ શ્રાવણ માસમાં સંતો સતત વર્ષતા રહ્યા તેમ હરિજનોને ભગવાનને વિષે નિકટતા વધતી ગઈ. વર્ષાઋતુ ઉતરવા લાગી ત્યારે ક્યાંક ક્યાંક વાદળાં દેખાતાં હતાં. વિખાતાં જતાં હતાં જેમ અંતરદૃષ્ટિ કરવાથી જેમ સંતોની પાસે છે તેમ વર્ષાઋતુ પણ પાછી પડી. શ્રીહરિ મહાપ્રભુએ જન્માષ્ટમીનો મોટો ઉત્સવ કરવાનું ધારેલું હતું. એટલે દેશદેશાંતરમાંથી પોતાના આશ્રિતોને તેડાવ્યા. ઘનશ્યામ પ્રભુનાં દર્શન માટે સર્વે આવ્યા. ગૃહસ્થો ત્યાગીઓ સંતો બહુ જ આવ્યા એમને મહાપ્રભુએ ખૂબ જ માન આપ્યું. ત્યાર પછી આઠમના દિવસે મોટો ઉત્સવ કરવાનું ચાલુ કર્યું. ચિત્રવિચિત્ર લીલા કરીને સૌને દર્શન દીધાં. મહાઉત્સવ કર્યો. કેળોનાં થાંભલા બાંધીને પરવાળાંનાં અંકુરો બાંધ્યાં તથા ખૂબ જ સુગંધવાળાં પુષ્પોનાં તોરણો તાસાએ બાંધ્યા ઉપર જાતજાતના ઉલેચો બાંધ્યા. પરદાઓ બાંધ્યા. તેની ઉપર મોતીનાં હારો તોરાએ બાંધ્યા તે લહેરાતાં હતાં. તેથી ખૂબ જ શોભતાં હતાં. પુષ્પો ઉપર ભમરાઓ ગુંજતાં હતાં. કોઈ જાતનો વિરામ સિવાય મદ ચૂસતાં થકાં મોજ માણતાં હતાં. મૃદંગ મંજિરા ઝાંઝ ઝાલરો વિગેરે વાગતાં હતાં. તેથી ખૂબ જ ગાજતાં હતાં. લોકોને આનંદ પમાડતાં હતાં. ઊંચે સ્વરે બોલતાં હતાં. જાતજાતના સુવાળાં વસ્ત્રોથી સુંદર હિંડોળો બનાવેલો હતો. તેમાં જાતજાતનાં આભુષણોથી શણગારેલો સુંદર શોભતો હતો. તે હિંડોળામાં રાધાકૃષ્ણનાં સ્વરૂપોને આભૂષણોથી શણગારીને પધરાવેલા હતા. તે સ્વરૂપની આગળ ધૂપદીપ નૈવેદ્ય વિગેરે સારી રીતે બનાવીને ભોગ જમાડતા હતા. ત્યાર પછી અર્ધ રાત્રે બાર વાગ્યા સુધી ઉત્સવ કીર્તન કર્યાં. બધાના મનને ખૂબ જ આનંદ પમાડતા હતા. હરિએ જન્માષ્ટમીનો મહાઉત્સવ કર્યો. રાત્રે ત્રીજો પહોર થયો એટલે તેનાં અંત સમયે હરિએ સંતો હરિભક્તોને જગાડ્યા. સર્વે ભક્તજનો હરિના મનોહર મુખકમળમાંથી અમૃત રસ ચાંખવા લાગ્યા. લોકો સ્થિર દૃષ્ટિ કરીને તત્પર થઈને સન્મુખ બેઠા.

ત્યારે હરિ શરીર ઉપર સફેદ બે વસ્ત્રો ધારણ કરીને ઊંચા સિંહાસન ઉપર આવીને વિરાજમાન થયા. લોકો ઉપર કરુણામય દૃષ્ટિ કરીને કરુણામય કોમળ હૃદય કરતા હતા. શ્રીહરિ કહે છે હે જનો ! ભગવાન પોતે સર્વના અંતર્યામી છે. લોકોના હિત કરવા માટે પોતે અનેક પ્રકારના મનુષ્ય સ્વરૂપોને ધારનારા છે અને એમના સ્વરૂપમાં જો મનુષ્યભાવ લાવે તો પણ એમનામાં મનુષ્યપણું તો આવે જ નહીં. એમનામાં તો દેવ ભાવ જ રહે છે. જેમ શ્રીફળ છે તે છોલો તો જ અંદરથી ફળ નીકળે તેમ જો સાકરમાં કરવા જાય તો શું મળે તેમ ત્યાગભાગ કરે તો કાંઈ ન રહે તેમ આવો ત્યાગ ભાગ ભગવાનમાં ન થાય એ તો પોતે પોતાની ઈચ્છા મુજબ ધામમાંથી જ શરીર ધારે છે. પોતાને ઈચ્છિત જનોને સારી રીતે સુધારે છે. પોતાની ઈચ્છાથી આવે જાય કાર્ય કરે તેને જ સત્યસંકલ્પ કહેવાય છે. પોતે જેમ ધારે તેમ જ થાય છે. એટલે એમનામાં કોઈ પ્રકારનો લેશમાત્ર ભ્રમ તો થાય જ નહીં. ત્યારે મેઘજીત ભક્ત વિનય કરીને કહેવા લાગ્યા, હે પ્રભુ ! તમે તો સર્વના ઉપરી ધામમાં રહેવાવાળા છો. સર્વોપરિ છો. દિવ્યભાવ બતાવીને દેવો સમાધિ વિના જ સર્વેજનોને પૂર્ણ રીતે જાણે છે. ચાહે તેમ કરવા સમર્થ થાય છે. એ પ્રભુ જીવાત્માને પરમજ્ઞાન આપે છે. તે જ સ્વરૂપને પોતાના હૃદયમાં ધારે છે અને બધાને દિવ્યરૂપે દર્શન મુનિજનો તથા એકાંતિક ભક્તોને આપે છે. એ દિવ્યસ્વરૂપમાંથી અલૌકિક તેજની ઊર્મિઓ કરોડો

સૂર્યચંદ્રને શરમાવે તેવી અપાર તેજ લહરિમાં અદ્‌ભૂત સ્વરૂપે દર્શન આપે છે.

અવિનાશી આનંદરૂપ પ્રભુ તેજોમય દેખાય. બધાં જ ભક્તજનો દર્શન કરે. દિવ્યતેજમાં સિંહાસન ઉપર દિવ્યકિશોર વય સ્વરૂપ અદ્‌ભૂત રૂપે મનોહર મૂર્તિ દર્શન આપે તે પ્રભુના ચરણના તળમાં સ્વસ્તિક આદિ સોળ ચિહ્નો સુંદર શોભી રહ્યાં છે. મનોહર દર્શન થાય છે. ચરણકમળની ઉપર અંગુઠા આંગળીમાં નખ ચંદ્રસમાન શોભી રહ્યા છે એવા મનોહર સ્વરૂપવાન. ચરણની ઘુંટી ઉપર સાંકળાં અને ઝાંઝરને ધારણ કરેલાં પીતાંબર વસ્ત્રોને સારી રીતે તે ધારણ કરીને વીજળીની ક્રાંતિ સમાન મનોહર શોભતાં કટિલંકમાં સોના રત્ન જડેલો કંદોરો ધારેલા તથા ઉદર ઉપર નાભિ ગોળ ઊંડી શોભતી હતી. સુંદર ઉદર ઉપર ત્રિવળી શોભે છે. વક્ષસ્થળમાં શ્રીવત્સનું ચિહ્ન તથા ચંદ્રસમાન ઉજ્વળ વસ્ત્રને ધારણ કરેલા. કંઠમાં રત્ન જડેલો સુંદર હારને ધારણ કર્યો છે એવા મનોહર રૂપને ચાર ઘડી સુધી સુખના સાગર એવા અપાર સુખોના સાગરનાં દર્શન કરતા હતા અને એમનું સુંદર સુગંધિત પદાર્થોથી અને સુવાસિત પુષ્પોથી પૂજન કરીને ધારણ કરેલા. સુંદર શ્વેત વસ્ત્રોને ધારીને શોભતા હસ્તકમળમાં તુલસીની માળાને ફેરવતા હરિને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને પછી લોકો સર્વે શીર નમાવીને વંદન કરતાં હતાં. આવી રીતે હરિના સ્વરૂપને ગૃહસ્થ તથા ત્યાગી સર્વે નરનારીજનો સાક્ષાત્ પૂર્ણ સ્વરૂપ નારાયણ હરિને દર્શન કરીને એ પ્રભુને સાક્ષાત્ સર્વ અવતારની ઉપર સ્વયં અવતારીરૂપે સર્વના કારણ આ ભૂમિ ઉપર પ્રગટ થયા છે. એવી રીતે સર્વોપરિ રૂપનાં દર્શન કરીને બધાને ખૂબ જ આશ્ચર્ય થયું અને સર્વના ઉપરી જાણીને સહજાનંદ સ્વામીનું ભજન કરતાં હતાં. સર્વે નરનારિ હરિની સેવા કરતાં હતાં.

આવી રીતે જ્યારે વહાણું વાયું ત્યારે શ્રીહરિએ સ્નાન કર્યું અને નિત્યનિયમ કર્યાં. ત્યાર પછી બ્રાહ્મણોને તથા સંતભક્તોને જમાડ્યા. ત્યાર પછી પ્રભુએ ભોજન કર્યું અને તૃપ્ત થયા. આવી રીતે ઉત્સવ કરવા જે જે લોકો આવ્યાં હતાં તેઓ સર્વે પોતપોતાના ગામોએ નગરોએ ગયાં. દેશમાં ગયાં. હરિનાં પ્રગટ પ્રતાપની વાતો કરતા થકા હરિએ ભગવાનના નિશ્ચયની જે વાતો કરી તે ગ્રહણ કરીને સૌ પોતાને ગામે ગયાં. દેશાંતર પછી દેશનાં જે લોકો વૈરાગ્ય વૃત્તિનાં હતાં તેઓમાંથી કેટલાંક વર્ણિ ત્યાગી થયાં. જગતના વાતાવરણથી ઉદાસીન થયા. ભગવાનનાં ભજનમાં રહેતાં હતાં.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં સાતમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિએ યોગ સમાધિની લીલા કરી તેનું વર્ણન કર્યું એ નામે પાંચમો તરંગ થયો. ॥૫॥**

## તરંગ-૬

પ્રતાપસિંહ રાજા પૂછે છે, હે વ્યાપકેશ મુનિ ! શ્રી ઘનશ્યામ પ્રભુ માંગરોળથી કાલવાણિ ગયા. ત્યારે ત્યાં જે લીલાઓ કરી તે સુખધામ પ્રભુની લીલા આપને પૂછું છું તો તે લીલા મને સંભળાવો.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! તમે સાંભળો. શ્રીહરિએ કાલવાણિ જવા માટે પ્રયાણ કર્યું એમ જાણીને **માંગરોળનાં** જનો બધાં જ સર્વના મનને ખેંચનારા મહાપ્રભુને મળવા માટે આવ્યાં. બધાં જ લોકો હરિને વળાવવા માટે પુરના સીમાડા સુધી આવ્યાં ત્યારે સીમાડેથી હરિએ પાછા વાળ્યાં. તેમાંથી કેટલાંક તો હરિની સાથે ચાલ્યાં તથા કેટલાંક તો ત્યાં જ સ્થિર થઈને ઊભાં રહેતાં હતાં. પ્રભુ તો તત્પર થઈને ચાલતાં થકાં **કાલવાણિપુર** પાસે પહોંચી ગયા. ત્યારે તે કાલવાણિપુરના ભક્તજનો સર્વે પુરની બહાર સામા આવ્યા. બધા જ ભક્તોએ એમના

ચરણમાં આવીને વંદન કર્યાં. ઘણા સમયથી રાહ જોતા હતા. તે તૃપ્ત થયા. કરુણામૂર્તિએ લોકો ઉપર દયા કરીને **જીવનશર્માના** ઘેર પધાર્યા ત્યાં ઉતારો કર્યો. ત્યાંના રાજા **પર્વતભાઈ** એકાંતિક ભક્ત હતા. તેઓ ભગવાનના ભક્ત હતા સારી સુખ સંપત્તિવાળા હતા. સુખેથી ત્યાં રહેતા હતા. એ આદિ અનેક ભક્તો રહેતા હતા. તેઓ સર્વેશ્રી હરિ પ્રભુની ખૂબ જ ભાવ પ્રેમથી સેવા પરિચર્યા કરતા હતા.

તે બધા જ ભક્તો સમાધિનિષ્ઠ હતા. તે ગામના જે કોઈ યોગકળાને જાણતા હતા તે કોઈ યોગિસિદ્ધ હશે તેના યોગથી બધા જ હરિભક્તો યોગકળા જાણનારા થયા. તેઓ પ્રાણને સ્થિર કરીને દેહને છોડીને લાંબા સમય સુધી ધારણા રાખીને જીવને સ્થિર કરતા હતા. આવી રીતના અનેક જીવો યોગમાં સ્વતંત્રતા પામેલા હતા પણ વર્ણિરાજના પ્રતાપથી તેઓ અંતને ન પામી શક્યા. અતિશય આશ્ચર્ય જોઈ જોઈને સહજતામાં જ સમાધિની સ્વતંત્રતાને પામતાં હતાં. તેથી તેઓની હજારો હજારની પંક્તિ સતત થતી હતી. બધાં જ અધિકારીને ચોર્યાસી આસનોને જીતાડી દીધાં. આવી રીતે શ્રીહરિ કોઈને થોડા સમયમાં અને કોઈને લાંબા કાળે સમાધિમાંથી જગાડતા હતા. આવી રીતે સુખ આપતા હતા. સમાધિમાં સુતા હોય એમને હરિ સાદ કરીને જગાડે અથવા કોઈવાર કોઈક જનને પ્રેરણા કરીને જગાવડાવે. તદાત્મ્યક યોગો કરીને સવારમાં લોકોને જગાડતા હતા. તે જીવાત્મા ઊઠીને તરત જ એમને ધામમાં જે જોયું હોય તેનું વર્ણન કરે અને બધા જ બ્રહ્મપુર આદિક ધામની જુદી જુદી વાર્તાઓ કરતા હતા.

અનંત કોટિ બ્રહ્માંડોના સ્વામી (ઈશ્વરો) તેઓ સ્થાનભોગ અનુસાર શરીરો તેના ભોગો અધિકારીઓ જુદા જુદા બધાં બ્રહ્માંડોમાં હોય છે. તેમ જ બધાના શરીરોમાંય એ જ રીતે છે. એમ બધા સમાધિમાંથી આવીને જુદું જુદું જેવું જાણ્યું તેવું કહેતા હતા. સિદ્ધ અને અસિદ્ધનો જ્યારે ભેદ જાણીને જેમને હરિ યોગ શિખાવે અને એમને બંને પ્રકારની હરિવિદ્યા અને બ્રહ્મવિદ્યા ખૂબ જ શિખવે છે. પાર પમાડે છે. તેમજ અક્ષિવિદ્યા આદિક અનેક વિદ્યાઓ યોગની ઉદારતાથી શીખવે છે અને નેત્રને બહાર અને અંદર ફેરવતાં શીખવે છે તથા પ્રાણ અને નાડિયોને ખેંચીને બતાવે છે. ષડક્રની વચ્ચે પ્રાણને ખેંચીને રોકે છે તથા પ્રાણને રોકીને પ્રણવનાદને ગણાવે છે તથા શુષુમણા નાડીના માર્ગમાં ચલાવે છે. બધાં જ લોકો યોગકળાને ચિત્તમાં ઉતારીને ગ્રહણ કરીને જતાં હતાં. સાધન વગર જ બધાના ઘેર ઘેર શ્રીહરિએ સમાધિ પ્રવરતાવી દીધી. પ્રધાનને શોધીને બીજાના મનની વાતોને કહેતા હતા. બધાને સમજાવતા હતા. હરિ પોતે પોતાનો પ્રતાપ જણાવીને પોતાનું પરમ બ્રહ્મપુરધામનાં દર્શન કરાવતા હતા.

શ્રીહરિ બીજા હરિભક્તને આજ્ઞા કરીને બીજા લોકોને સમાધિ કરાવતા હતા. આવી રીતે પૃથ્વી ઉપર પોતાના પ્રતાપને વિસ્તારતા હતા. બીજા કોઈ શ્રીહરિને પારખી નહોતા શકતા. પ્રાણનાં અંત સુધીમાં યોગકળાને મહાપ્રભુએ સજીવન રાખી ગામડાંઓ **શહેરો પુરોમાં બધેય અધમ પતિતજનોને પ્રભુએ આ રીતે સુખ આપ્યું.** સંત સમુદાયની વચમાં મહાપ્રભુ ખૂબ જ શોભતા હતા જેવી રીતે બદ્રી વિશાલા વનમાં નારાયણ ભગવાન મુનિજનોના મધ્યમાં શોભે છે તેમ પ્રભુ શોભતા હતા. સૂર્ય ઉદય થવાથી ક્યાંક કમળ ફૂલ ખીલે છે. પ્રકાશ જોઈને ઘુવડ ચોર લોકેના કામમાં ભંગ પડે છે તેમ પ્રભુના પ્રતાપે સંતજનો સુખ પામે છે. અસંત પીડાને પામે છે. ધનસ્ત્રીનું બંધન તો જેમ હાથી અને મગરની લડાઈમાં મગરનું માથું સુદર્શન વડે કાપી નાંખ્યું. ગજનો ઉદ્ધાર કર્યો તેમ હરિનારાયણ પ્રભુ કાલવાણિ ગામમાં બે માસ રહ્યા અને બધાને સ્વધામનું સુખ આપીને પોતાના ધામ

જેવું જ સુખ આપીને તીર્થધામ બનાવ્યું.

તે **કાલવાણિપુરનાં** લોકો નરનારીઓ ઘણાં બધાં શ્રીહરિના આશ્રિત થયાં. સંસારસાગરને તર્યાં. અને હરિનારાયણ ભગવાન ત્યાંથી **પિપલાણા ગામ તરફ પગ** મંડાણાં. ત્યાં **નરસિંહ મહેતાના** ઘેરે ધર્મદુલાર પધાર્યા. ત્યાં ઓજત ગંગામાં નહાવા પધાર્યા. ત્યાંથી તે બ્રાહ્મણના ઘેર પ્રિય કરવા માટે નિવાસ કરીને રહેતા હતા. વારંવાર પ્રશ્ન ઉત્તર થતા હતા. જુદા જુદા પ્રશ્નો સંતો અને ભક્તજનો પૂછતા હતા. જ્ઞાનચર્યા થતી હતી. **પિપલાણામાં** ઓજત નદીના કાંઠા ઉપર વિષ્ણુયાગ કરાવ્યો. પ્રબોધિનિ એકાદશી ઉપર બધાએ સંતોને ભક્તજનોને તેડાવ્યા. શ્રીહરિના મંદહાસ્ય મુખકમળનાં દર્શન કરીને ત્રિવિધ તાપ સર્વે નાશ પામ્યો. કેમકે શ્રીહરિના મુખકમળનાં દર્શન કર્યા અને હરિના મુખકમળની અમૃત વાણીને પાન કરીને પોતાના પ્રાણનું પોષણ કરતાં હતાં.

વિષ્ણુયાગ યજ્ઞની વિધિ વૈદિક વિધિ પ્રમાણે કરીને સેવકગણને ખૂબ જ સુખી કર્યા. પૂર્ણ પુરુષોત્તમ નારાયણે પોતાના સ્વરૂપના પ્રતાપથી અનેક આશ્ચર્ય પ્રતાપ બતાવ્યાં. ત્યાં નરસિ વિપ્રના ભાઈની સ્ત્રી **રુકમાબાઈના** નામથી પ્રસિદ્ધ છે. એણે પોતાનો ભાગ વહેંચી દઈને એ દ્રવ્યમાંથી વિષ્ણુયાગ કરાવ્યો. જેમનાં માતા **લાડકી બાઈ** નામ છે. એના **રસિકભાઈના** ઘેર લાડકીબાઈને હરિએ માતા કહીને બોલાવ્યાં. હરિને પોતાને ઘેર રાખીને લાડકીબાઈએ પ્રભુને પુત્રની માફક લાડ લડાવીને સેવાનો લાભ લીધો. આ રીતે ઉત્સવ કરીને પ્રગટ પ્રભુનારાયણ પિપલાણાપુરથી જવાનો નિર્ણય કરતા હતા. **મેઘપુર** જવા માટે પ્રભુ પોતાના ભક્તજનો સંતો હરિજનોની સાથે પ્રભુએ પ્રયાણ કર્યું.

**કાલવાણી ગામના તે** ભક્તજનો જેઠાભાઈ રઘુનાથ આદિક બધા મળીને દોડીને હરિ પાસે આવ્યાં. તેમનું આદરસન્માન કરવા માટે અતિશય ભાવપ્રેમથી હરિને પોતાના ઘેર લાવ્યા અને એક પળ માત્ર પણ નેત્રથી અળગા નહોતા થવા દેતા. એવી રીતે શ્રીહરિને સતત એવા પરિચર્યા કરવા ખડા રહેતા હતા તથા લાડકીબાઈ આદિક સ્ત્રીઓ મળીને ઘણી જ સ્ત્રીઓ હરિને પોતાના ઘેર રાખીને ખૂબ જ સેવા કરતાં હતાં. તે જ સમયે મુક્તિયુક્ત જે સંતો મુક્તાનંદ સ્વામીની સાથે કચ્છદેશમાં હરિભક્તોને કથાવાર્તા કરીને ઉપદેશ કરવા ગયા હતા. તે ચાતુર્માસ વિચરણ કરીને અહીં આવ્યા હતા. શ્રીહરિએ સામન્ય જીવોને વિના સાધને સમાધિ કરાવી તેનો ઉદ્‌ઘોષ સાંભળીને આશ્ચર્યચકિત થયા અને હૃદયમાં આનંદ માતો ન હતો. તે કોને કહેવાય. મનમાં વિચારતા હતા. આપણે સત્સંગનો પક્ષ રાખીને ગુરુએ બાંધેલી મર્યાદામાં રહેવું જોઈએ. આજ્ઞામર્યાદા ન લેવાય અને આપને તો ગુરુપદે સ્થાપેલા છે. ખાસ ધ્યાન આપવું જોઈએ. આમ વિચારતા હતા.

હરિના કાર્યમાં અતિશય આશ્ચર્ય થતું હતું. મુક્તાનંદ સ્વામીની તો એ જ સમજણ વૃત્તિ હતી. વેદવેદાંત આગમનિગમ ઈશ્વર જીવ પ્રાકૃત જીવાત્મા એ સર્વે પાર કરી ગયા. સમાધિની વાત કરે છે તે પાર કરી ગયા. આપણાં સત્સંગમાં કોઈ પોતાની બુદ્ધિથી પાખંડ કરે તે પોતાના અધિકાર વગરનું ખોટું કામ છે જે અખંડ સમાધિમાં રહે તે વાત ખોટી છે માન્યામાં નથી આવતી. કપિલદેવ, દત્તાત્રેય શિવસનકાદિક તે યોગ કરતા હતા. એની વાતો કરતા હતા. એ જ અમારા મનમાં એનું જ મહત્ત્વ સમજું છું. મંદમંદ હાસ્ય કરતાં મુખવાળા અતિ નમ્રતાવાળા હરિ મુકુંદદાસ (મુક્તાનંદ) સ્વામી પ્રત્યે બોલ્યા. રામાનંદ સ્વામીના ભજનથી ભજન કરવા છતાં લોકોના હિતનું કામ વધારે ઈચ્છતા હતા.

આવી જ રીતે શ્રીહરિએ ઘણી બધી વાતો કરી તેથી મુક્તાનંદ મુનિ નમ્ર થયા. ઉદાર વૃત્તિવાળા થયા ત્યારે

સંતદાસ મુનિ પાસે જ બેઠા હતા. એમને એમના હૃદયમાં સદાય પ્રકાશરૂપ વ્યાપ્ત રહેતું હતું. ત્યારે તે સંતદાસજીને હરિ ઇચ્છાથી સમાધિ થઈ અને નાડી પ્રાણ શરીરમાંથી છુટી ગયાં ત્યારે મુક્તાનંદ સ્વામીને હરિ કહે તમે સંતદાસનાં શરીરને તપાસી જુવો. એમના હાથ પગની નાડિઓ તપાસો અને એ ક્યાં ગયા છે. એ બધું જ શરીરને તપાસીને મને કહો ત્યારે મુક્તાનંદ સ્વામી તપાસવાનું કર્યું કે આમને તપાસ્યા તોય દેહમાં તો ક્યાંય ન હતા. દેહથી ન્યારા હતા. ત્યારે સમય ગયા પછી મુનિને જગાડ્યા અને નારાયણમુનિએ સંતદાસની સાથે વાત કરાવી ત્યારે સંતદાસ કહે, હે મુકુંદદાસ ! (મુક્તાનંદ સ્વામી)હરિના પ્રતાપથી બ્રહ્મપુરધામમાં દર્શન કર્યાં. રામાનંદ સ્વામી અને આ પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ બંનેને સ્વામી સેવક ભાવ હતો. એ રીતે મેં ધામમાં તે જનસમૂહમાં પ્રત્યક્ષ જોયું. જે તેવો કાયમ ગુણ ગાતા રહે છે એ જ એનું પ્રમાણ છે.

ઉધ્ધવરૂપ મુનિ રામાનંદે તેમને એ વાત કહેવરાવી છે. આ હરિકૃષ્ણ સાક્ષાત્ સર્વનાં કલ્યાણ કરનારા સર્વોપરિ સર્વના કારણ છે. સર્વના તારણ હરિ એ જ પોતે છે. મુક્તાનંદ સ્વામી મનમાં જ વિચારવા લાગ્યા. હરિનાં આશ્ચર્યકારક ચરિત્રો જોયાં. અનેક જોવામાં આવ્યાં. પછી મોટા સંતમાધવદાસ હતા તે મુક્તાનંદ સ્વામીને એમની ઉપર વધારે વિશ્વાસ હતો તે માધવદાસ સ્વામી મુક્તાનંદ સ્વામીને કહેવા લાગ્યા કે તમે મારું વચનને માનો અને હરિકૃષ્ણને સર્વથી મોટા માનો એ જ સાચું છે. એ તો સર્વના અવતારી છે. એમને નિગમાગમ આદિ કોઈ પાર પામતાં જ નથી એવા મોટા છે. **કાલવાણિ** આદિક બધાં ગામનાં લોકો એમનાં ચમત્કારોને જોઈને લોકોનું આકર્ષણ જોઈને મુક્તાનંદ સ્વામી સ્વામિનારાયણ ભગવાન પાસે આવ્યા. **મેઘપુરમાં** ફરી પાછા હરિના સામર્થ્યથી સમાધિ પ્રકરણ ચલાવ્યું.

સમાધિમાં ધારણ થાય છે. દેહનું ભાન ભુલેલા શબવત્ થાય ત્યારે તેઓને ઉપરાઉપરી ખડકે ત્યાર પછી એકને કહે કે નીચલાને જગાડો. ત્યારે તે ઊઠીને આવે ત્યારે તે વચલો નીચે પડે. સમાધિ પ્રકરણથી આશ્ચર્યકારક વાતો બહુ જ થવા લાગી. બધાં જ જુદી જુદી વાતો કરતાં. બધાં જ ધામોની તથા બધાં જ લોકોની અતિઆશ્ચર્યકારક વાતો સંભળાવતાં હતાં. આવી રીતે રોજે રોજ નવું નવું આશ્ચર્ય થતાં જોઈને મુનિરાય નરમ થયા. નમ્રતાથી વિચારતા ગયા તેમ તેમ ગુણનો આવેશ થવા લાગ્યો અને હરિનો નિશ્ચય ખૂબ જ દૃઢ થવા લાગ્યો. શ્રીહરિ પોતાનાં આશ્ચર્ય બતાવવા માટે મુનિપતિ મુક્તાનંદ મુનિને કહે, લોકોને સમાધિ કરાવીએ છીએ. પછી એમને આપ બોલાવજો તો આવશે. એને તમે પૂછજો. ત્યારે મુનિ જેમને સમાધિમાં બેસાડે તે જનસમાધિમાં ધામને પામે છે. જગાડવાથી શરીર તરત જકડીને તરત જ ઊઠીને આવે. સુખધામની વાતો કરે. આવી રીતે શ્રીહરિના પ્રતાપની કાંઈ વાત જ ન થાય. એ તો મહાન આત્મા છે. કેમકે રજમાંથી મેરુપર્વત બનાવે. મેરુપર્વતને રજસમાન બનાવે. એવા મહાન સત્યસંકલ્પ કહેવાય. એમને કાંઈ વાંધો જ ન આવે.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં સાતમા યુવા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિએ કાલવાણિ પીપલાણા મેઘપુરમાં ચરિત્રો કરીને અતિશય આશ્ચર્ય બતાવ્યાં એ નામે છઠ્ઠો તરંગ થયો. ॥૬॥**

# તરંગ-૭

રાજા કહે છે, હે સુવ્રતમુનિ ! માણાવદરપુરમાં શ્રીહરિવરનાં જે ચરિત્ર થયાં તે ચરિત્ર મને સંભળાવો તથા મયારામ ભટ્ટને મહારાજે જે વાતો કહી તે સર્વે ચરિત્રની કથા મને સંભળાવવા કૃપા કરો.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ **મેઘપુરમાં** બે માસ સુધી રહ્યા. ત્યાર પછી **મણાવદરપુરમાં** પધાર્યાં. ત્યારે **મયારામ ભટ્ટે** શ્રીહરિને ભક્તિમાં સહાયક જે અંગો હોય તે કહો. તે ધર્મ અધર્મના ભેદને સમજવા માટે પ્રશ્ન પૂછેલા હતા. ત્યાં મયારામ ભટ્ટ અને **ગોવિંદરામ** બંને ભાઈ બ્રાહ્મણોમાં ગુણના ધામરૂપ હતા. તેઓએ હરિને પોતાના ઘેર રાખીને સેવા હરિની ખૂબ જ ભાવપ્રેમથી સેવા કરતા હતા. તથા વૈશ્ય **આંબાભાઈ શ્યાલાભાઈ કલ્યાણભાઈ લખમણભાઈ** આદિક અનેક હરિભક્તો બાઈઓ ભાઈઓ સર્વે પુરનાં લોકો શ્રીહરિને પૂર્ણભાવપ્રેમથી સેવતાં હતાં. પૂર્ણ અભિલાષા રાખતાં હતાં. હે રાજન્ ! જાતજાતનાં અનેક પ્રકારનાં ભોજનો સંતો હરિભક્તોને મનમાં ભાવતાં હતાં તેવા બનાવીને જમાનડતા હતા. તે ભક્તો સ્વસ્થ થઈને શાંતિથી સુખરૂપ બેઠા હતા ત્યારે હરિને પ્રશ્ન પૂછતા હતા.

હે પ્રભુ ! જે દઢભક્તિથી દિવ્યાધામને પામે એવી ભક્તિને સહાય કરનારાં એવાં કયાં સાધનો છે. તે અમને કૃપા કરીને કહો. હે દેવ ! તમે તો સર્વજ્ઞ સર્વના કારણ સર્વજ્ઞાતા નિયંતા છો. માટે હે પ્રભુ ! અમને જણાવો. હરિ કહે — મને રાજી કરવા માટે ભક્તિનાં સહાયક જે અંગો છે તે તો બે પ્રકારનાં છે. એક ધર્મસર્ગ અને અધર્મ સર્ગ. બે અંગોને જાણીને ધર્મ દઢ કરીને મારી ભક્તિ કરે છે તે જ સાચો સત્સંગ છે. ભક્તિને સહાય કરનાર ધર્મસર્ગ છે. તેને રાખીને અધર્મને ટાળીને ધર્મને ગ્રહણ કરીને ભક્તિ કરે, તો તે ધર્મ જ ભક્તિને સહાય કરનાર છે. બીજો કોઈ માર્ગ રાખીને મારી ભક્તિ કરે તો તે ધર્મભક્તિથી દૂર જ રહે છે.

ધર્મ અધર્મ સર્ગ બે પ્રકારના જાણે તે જે મારા ભક્તો છે તે અધર્મને ટાળીને ધર્મસર્ગ ગ્રહણ કરીને વર્તે તેને ભક્તિમાં સહાયક ધર્મસર્ગ થાય છે. હે દ્વિજવર્ય ! તે બંને સર્ગને જુદા જુદા કહીને વર્ણન કરું છું. તેમાં પહેલાં અધર્મ સર્ગભેદ સમજાવું છું. પછી પવિત્ર ધર્મસર્ગનું વર્ણન કરીને કહીશ.

ભગવાનની ઇચ્છાથી જ્યારે સર્ગો ઉત્પન્ન થયા ત્યારે બ્રહ્મવર્ગો પણ થયા. પોતાની દષ્ટિથી માયા અને માયાની દષ્ટિથી પુરુષો તેનાથી બે બેનાં જોડકાં અનંત ઉત્પન્ન થયાં. તેમાં એક જોડકાંમાંથી મહાતત્ત્વ થયાં. તેનાથી ત્રણ ગુણ થયા. તમથી અંધકારથી પંચભુત થયાં. રજથી બુદ્ધિ ઇંદ્રિય આદિ આસુરી માયા થયાં. સત્વથી દેવના મન અને ચિત્ત થયાં. બધાં મળીને વિરાટ થયા તેમાંથી તે બ્રહ્મા વિષ્ણુ મહેશ ઉત્પન્ન થયાં.બ્રહ્માની પીઠમાંથી અધર્મ સર્ગ થયો. અહંતા, મમતા, કામ, ક્રોધ, મદ, લોભ,માન, સ્નેહ, રસાસ્વાદ, દુઃખ, મોહ, પ્રમાદ, થોભ, મત્સર, હર્ષ અને રોષ, પાસુ, ચોરી, મદ્યપાન, અવિશ્વાસ, ભય, જુગાર, કળિકાળનાં વ્યસનો, દ્વેષ, અજ્ઞાન ભેદ, અપવાદ રૂપ અધર્મ, દ્વેશ, વ્યભિચાર, પાપવાસના વિષયક રાગો આ બધોય અધર્મ સર્ગ ઉત્પન્ન થયો. એ બધાં જ જગતનાં લોકોને પોતાની પકડમાં રાખે છે. રસાસ્વાદમાં બાંધે છે. અહં મમતાનો સ્વાદ કરાવે છે. માયાનો મોહ લગાડે છે. પ્રમાદ આળસ કરાવે છે. એજ એનું કારણ છે.

આ બહુ આસુરી સંપત્તિયુક્ત લોકો અધર્મ સર્ગને ધારણ કરે છે. તેનાથી ધર્મસર્ગના લોકોને દુઃખ પમાડે

છે. અને એમનો અવગુણ લે છે. ખૂબ જ નિંદા કરે છે. દ્રોહ કરે છે. માનવિષયને લીધે લોકોનાં મન ખેંચાય છે. લાજશરમનો લેશ ભય નથી રાખતાં. મનમાં ચાહે તે મેળવીને જ જંપે છે. જે કોઈ એનો વિરોધ કરે તો તેની સામે દ્વેશ રાખે છે. એમને હેરાન પરેશાન કરે છે.

આ બધાય પોતાના સ્વાર્થ માટે જ બન્યા છે. ક્યારેક હરિજનની સાથે ક્યારેક સંતની સાથે દ્વેષ કરાવે છે. એટલા માટે એવાનો સંગ ક્યારેય ન કરવો. વ્યવહાર ન કરવો. ધર્મસર્ગ સંપત્તિની સાથે જોઈને સદાય હોંશિયારી રાખીને રહેવું જોઈએ. નેત્રો અને વાણિમાં વધુ મધુરતાથી અંતરમાં તૃપ્ત થઈ જાય છે. પોતાના કે પારકાના સ્વાર્થ ખાતર કાંઈ ન કરીએ. ક્લેશ હંમેશાં દુઃખ આપનાર જ હોય છે. પીડા કરે છે. ભગવાનના એકાંતિક ભક્ત કે સંતનો સતત કાયમ સમાગમ કરવો. કોઈ ભક્તજનનો અપરાધ ન થાય એટલા માટે ડરતા રહેવું એવું સાવધાનીનું અંગ રાખવું.

એટલા માટે ધર્મસર્ગના ગુણોથી અધર્મ સર્ગનો જરૂર નાશ થાય છે. સંતોના સમાગમથી હરિના એકાંતિક ભક્ત બને છે. ભગવાનની ભક્તિ કરે છે. તે બ્રહ્માની ઉત્પત્તિ સમયે જમણા અંગમાંથી ધર્મસર્ગને પ્રગટ કર્યો. તે ધર્મસર્ગની વાત કહું છું તેને સાંભળીને સાચા મનથી સમજો એ જ સત્ય છે. જ્ઞાન ધર્મભક્તિનું શૌચ પવિત્રતા, તપ, સત્ય, દયા, આર્જવ, વૈરાગ્ય, શમ, દમ, સ્થિરતા, ઐશ્વર્ય, અભય, આર્દ્રતા, સુખ, ત્યાગ, અનસુયા, સંતોષ, ક્ષમા, મંગળ, નિસ્પૃહતા, મુનિત્વ, ક્ષેમ, યોગયજ્ઞયાગ, બ્રહ્મચર્ય, દાન, નિગ્રહ, સ્વાધ્યાય, આસ્તિક, ઉદ્યમ, સાધુ પુરુષોની સેવા કરવી, જાણપણું સુખદુઃખ સહન કરવું. હિંસા અને ઈર્ષારહિતની ક્રિયા કરવી, શ્રદ્ધા, શાંતિ, બુદ્ધિ, મૈત્રિ, દ્વેષ, ધૃતિ, નાતિમાનિવત્ય રજતમ સત્ત્વવેગથી મનમાં કાંઈ વિક્ષેપ ન થાય આ બધા ધર્મનો સર્ગ છે એમ હે દ્વિજવર ! તમને બંને સર્ગ કહી સંભળાવ્યા. તે જ ધર્મસર્ગ ભક્તિમાં બળ આપનારા છે. હે દ્વિજરાજ ! ભક્તિમાં સહાયક થાય એ સર્ગ તમને કહ્યા. અને અધર્મસર્ગ પણ આગળ બતાવી દીધો. મયારામ ભટ્ટજી કહે છે, હે હરિ ! અધર્મ સર્ગના પ્રભાવથી અતિ મોટા મોટાનો પરાભવ થયો. તે બધા દાખલા જુદા જુદા કરીને મને કહી સંભળાવો. મારે સાંભળવાની ખૂબ જ ચાહના છે.

શ્રીહરિ કહે છે, હે વિપ્રવર ! સ્નેહને વશ થઈને ઋષભદેવના પુત્રનો પરાભવ થયો. તેને વનમાં મૃગનાં બચ્ચાંમાં માયા બંધાણી. સ્નેહના લોભમાં દિવસરાતમાં મૃગનાં બચ્ચાંનું જ સ્મરણ કરતા રહ્યા, એક દિવસ બચ્ચાને આશ્રમમાં મુકીને ગંડકી નદીમાં નાહવા ગયા. નાહીને આશ્રમમાં પાછા આવ્યા ત્યારે મૃગનું બચ્ચું ન દેખાણું એને મૃગબાળ સાથે અતિ વૃત્તિ થઈ ગઈ. સતત મૃગનાં બચ્ચાંનું રટન થવા લાગ્યું. એના વિરહથી શરીર પણ ક્ષીણ થઈ ગયું અને દેહ પડી ગયો ત્યારે મૃગના સ્નેહના પ્રતાપે ત્રણ જન્મ લેવા પડ્યા. પ્રભુની પ્રાપ્તિમાં વિઘ્ન આવ્યું. એકલ શ્રૃંગિઋષિને ખાવાપીવાનું કાંઈ ભાન જ ન હતું પણ એક દિવસ કોઈ ઠુંઠાને ચાટેલું. તેનાથી શરીરમાં ઉન્માદ ઉત્પન્ન થયો. આ રીતે રસાસ્વાદના લોભે શ્રૃંગિઋષિ વૃતથી ભંગ થયો હતો. જ્ઞાનગત સંગદોષમાં ફસાયા જીભના રસાસ્વાદથી વૈરાગ્ય જતો રહ્યો. નૈષ્ટિક વૃત્તને તોડાવી નાંખ્યું. તેનાથી ધ્યાનધારણા યોગમાંથી આવા મહાન મૂર્તિ વનમાં રહેતા હતા તોય લુટાઈ ગયા. જગતના પિતા પ્રજાપતિ બ્રહ્માજી કામવાસનાથી પુત્રીની પાછળ દોડવા લાગ્યા. રૂપ જોઈને મોહ જાગ્યો. મોહથી ભોગવાસના જાગી. ભોગવવા માટે પાછળ ભાગવા લાગ્યા. પુત્રે રોક્યા. સમજાવ્યા તો પણ ન માન્યા ત્યારે મનાવવા શિવજી પાછળ દોડ્યા ત્યારે શિવજીને પણ ગાળો દેવા લાગ્યા ત્યારે શિવજીએ ક્રોધ કરીને ત્રિશૂળ ઉપાડ્યું. પિતાને માર્યું. મસ્તક કાપી નાંખ્યું. તેનાથી

પાપ લાગ્યું. પછી પ્રીતમ દેહ છોડી દીધો. ઈશ્વર હોવા છતાં કામવાસનાથી પરભાવ પામ્યા.

પિતામહ દક્ષને બ્રહ્માજીએ પ્રજાપતિ બનાવ્યો. લોકપાળમાં મોટો અધિકાર મેળવીને માનને લીધો મોટો યજ્ઞ કરાવ્યો. તે યજ્ઞમાં તેત્રીસ કરોડ દેવોને બોલાવ્યા. તેથી એમની મોટી સભા રચી સભામાં બધાં આવીને બેઠાં હતાં. દક્ષ પાછળથી આવ્યા. તેથી સભામાં બધાં ઊભાં થયા. શિવજી ધ્યાનમાં હતા તેથી ઊભા ન થયા. દક્ષનું અપમાન થયું. શિવનું અપમાન કરી યજ્ઞમાંથી ભાગ કાઢી નાંખ્યો. શિવનો ભાગ કાઢી નાંખ્યો. ફરી યજ્ઞ કર્યો. તેમાં પાર્વતી બળપૂર્વક ગયાં. અગ્નિમાં બળી ગયાં. વિરભદ્રે ત્રિશૂળથી દક્ષનું માંથું કાપી નાંખ્યું. મસ્તકના ભોગથી માનભંગ થયો. આ રીતે શિવના અપમાનથી પોતાનું જ માનભંગ થયું.પોતાનું માન જ મટાડી દીધું. આ માનનું કારણ છે.

લોભની લાળ વશિષ્ટ ઋષિને લાગી. તેનાથી શાપ થયો અને ગણિકાના પુત્રરૂપે થયા. તે તો નિમિરાજાને યજ્ઞ કરાવવો હતો. ગુરુ વશિષ્ટને જવાબદારી સોંપી. વશિષ્ટ લોભને લીધે સ્વર્ગમાં ઈંદ્રનો યજ્ઞ કરવા ગયા. આ બાજુ સમય થવાથી નેમિએ યજ્ઞ કરાવી નાંખ્યો. તેથી અરસપરસ શાપ થયા આ બધુય લોભને લીધે થયું તથા ભીષ્મ પિતામહ, કર્ણ, દુર્યોધન બધા જ લોભથી નાશ પામ્યા છે. લોભમાં ડુબી ગયા. લોભથી શું ન થાય ? પુત્ર પિતાનો નાશ કરે અને પિતા પુત્રનો નાશ કરે.

ક્રોધને લીધે દુર્વાસાઋષી દુખી થયા. માનના દોષથી દક્ષ પ્રજાપતિ મર્યા. સ્નેહ અને સ્વાદના અખંડપાસમાં આખું જગત ભરાયેલું છે. તેને તોડવા માટે તો લોકોનાં મન લડત કરે તો જ તે બંધનમાંથી છુટાય છે. તેનાં વિના બીજો કોઈ ઉપાય જ નથી. કામ, ક્રોધ અને લોભ આ ત્રણે તથા માન સ્નેહ અને રસાસ્વસાદ આ ત્રણે ત્રણ પુત્ર વિનાના વારસ પરંપરામાં વિચરતાં જ રહે છે. આ છએને માયા મોહ અને પ્રમાદ આ બધાં જ જીવને જકડીને રાખે છે.

એ સર્વેમાંથી છુટવાનો તો શ્રીહરિ કહે છે કે મારા આશ્રયમાં રહીને દૃઢ સતસંગ સમાગમ કરીને આમને તો મારા સંતો જીતે છે પણ સંસાર સમુદ્રમાં ગુંચવાયેલા જીવો છુટતા જ નથી. તેથી તેઓ અનંતવાર જન્મે છે અને મરે છે. તમારા વિના ભમ્યા કરે છે.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં સાતમા યુવા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિએ ધર્મ અધર્મ સર્ગનું વર્ણન કર્યું તેના કથન રૂપ આ સાતમો તંરગ થયો. ॥૭॥**

# તરંગ-૮

રાજા કહે છે, હે મુનિરાજ ! આપ મને દેવલોકની જે લીલા હોય તે કહો. શ્રીહરિ જ્યાં જ્યાં પધાર્યા હોય અને ત્યાં ત્યાં જે જે લીલા કરી હોય તે તે ગામની કથા મને કહો.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! લોકોના હિતને કરનારા જગતના પતિ સર્વેને પ્રિય એવા જગદશ પ્રભુ ગામોગામનાં લોકો પ્રત્યે હરિએ જે જે ચરિત્ર કર્યાં તે હું તમને કહું છું. શ્રીહરિએ **માણાવદરપુરમાં** જન્માષ્ટમીનો જે ઉત્સવ કર્યો તે ઉત્સવમાં બધા જ દેશોમાંથી લોકો દર્શન કરવા માટે દેશાંતરના નવા નવા લોકો આવેલાં હતાં. તેઓનાં મનને આનંદ પમાડતા થકા આ મનોહર મૂર્તિનાં દર્શન કરીને બધાંનાં હૃદયમાં પ્રકાશમય વાતાવરણ થયું હતું. તે પ્રકાશમાં શ્રીહરિ અંતદષ્ટિમાં દેખાવા લાગ્યા. પોતાના સેવકને દિવ્યરૂપે દર્શન આપતા હતા.

શ્રીહરિના કૃપારૂપી કટાક્ષને જોઈને બધાં જ લોકોનાં ત્રિવિધ તાપને હરિ લીધાં અને સત્યરૂપ પોતાના આત્મજ્ઞાનને બળે કરીને પરમાત્માના પૂર્ણ સ્વરૂપના જ્ઞાનને પ્રાપ્ત કરી લેતાં હતાં. જપ તપ વ્રત આદિ બધાં જ સાધનોના અંતે જે નથી પામતાં તે તો હરિની કૃપાથી બધું જ મેળવી લે છે. આવી રીતે હરિનાં દર્શન કરીને બધાં જ સાધનના અંતમાં લોકો જોઈને પૂર્ણ થયાં. ફરી ભવસાગરના ફેરામાં આવવું નથી પણ તે એવા પરમપદને પામ્યા.

પૂર્ણ બ્રહ્મ એવા સર્વોપરિ મૂર્તિ જગના જીવનસ્નેહના સાગરમાં નૌકારૂપ રહે છે. યોગને સિદ્ધ કરેલ યોગી જેમ જીવે છે તેમ હરિજનો હરિનાં અનાયાસ દર્શન કરતાં હતાં. માણાવદરનાં લોકો તો ખૂબ જ પ્રવિણ ચાલાક હતાં. દેવો મુનિજનોને જે દર્શન નથી મળતાં તે લોકોને સરળતાથી દર્શન સુખ મળતું હતું. ત્યાર પછી પ્રભુ **માણાવદરથી જેતપુર પધાર્યા.** ત્યાં ઉનડરાજા તે એકાંતિક હરિભક્ત હતા. શિરસાટે સત્સંગ રાખતા હતા. હરિભક્તોના શિરતાજ હતા.

ભગવાનની મૂર્તિનાં દર્શન કરીને અતિ આનંદ વધ્યો અને હરિ ઉનડરાજાના દરબારગઢ તરફ ગયા. ત્યાં જાતજાતનાં અનેક ભોજનો આરોગીને ભક્તજને ખૂબ જ ભાવથી જમાડ્યા. આગ્રહ કરીને જમાડ્યું. શ્રીહરિ પ્રભુ સંત હરિભક્તોની સાથે ત્યાં થોડા દિવસ રહીને પોતાનો પ્રતાપ દેખાડ્યો. પોતાના આશ્રિતજનોને અતિ આનંદ આપ્યો.

શ્રીહરિ મહાપ્રભુએ **જેતપુરથી** પ્રયાણ કરીને **ગોંડળપુરમાં** એકાંતિક ભક્તો બહુ જ રહેતા હતા એટલે ત્યાં પધાર્યા. ત્યાં ગોંડળમાં લોકોનાં બધાં જ મનોરથોને હરિ પોતાના દિવ્યપણે પ્રતાપ બતાવીને રાજી કર્યા. તે ભક્તોના અંતઃચક્ષુઓમાં અતિશય ઉત્સાહ હતો. તેથી જે દેખાતા હતા તેઓ સંસારમાંથી તરી જાય છે. એનાં નાડિ પ્રાણને ખેંચતા તે લોકોને પોતાની મૂર્તિ મુનિને એમના માનમાં લાવીને દઢ કરતા હતા. આવી રીતે ભક્તોને સુખ આપીને **ગોંડળમાં** થોડા દિવસ રોકાયા. ત્યાંથી હરિ શ્રી ઘનશ્યામ પ્રભુ **બંધિયા** આવ્યા અને ભક્તરાજ મુળુજીના ઘેર પધાર્યા. ત્યાં પોતાનું જ ઘર છે એમ માનીને સુખધામી પ્રભુ રહેતા હતા.

**બંધિયામાં** પોતાનું ઐશ્વર્યયુક્ત આશ્ચર્ય ખૂબ જ બતાવતા હતા. જુદાં જુદાં અનેક સ્વરૂપોમાંથી પુરણ બ્રહ્મનું સ્વરૂપ સનાતન જે છે તે જ સ્વરૂપનો બધાંને સર્વોપરિ નિશ્ચય દઢ કરાવ્યો. **ગોંડળથી** ઘનશ્યામ પ્રભુ ફરી પાછા **પિંપલાણાપુર** પધાર્યા. વારંવાર પોતાના એકાંતિક આશ્રિતોને સુખનાધામી પ્રભુ સુખ આપતા હતા. પોતાના ભક્તો અતિ પ્રેમી હોય. દઢ નિષ્કામી હોય ને એવાની ભક્તિ જોઈને એમને ત્યાં જાય અને પોતાના દિવ્યપણાનું જ્ઞાન કરાવીને સુખ આપતા હતા. શ્રી ઘનશ્યામ પ્રભુ **બંધિયાથી ગઢપુર પધાર્યા.** જ્યાં અભયરાજા જેને કહેતા હતા ત્યાં પધાર્યા. એમનાં પુત્રપુત્રીઓ સર્વે પ્રગટ પ્રભુનાં ભજન કરતાં હતાં. તેથી પ્રભુને ભક્તજન નિષ્કામ ભાવથી ભજન કરે છે તેને ઘેર પ્રભુ જાય છે.

ધનનો લોભી હોય તે જેમ ધનને રાખે તથા મણિધરનાગ હોય તે જેમ મણિને ફેણમાં રાખે તેમ ભક્ત પ્રગટ પ્રભુની મૂર્તિમાં પોતાના પ્રાણને પરોવી દે છે. ચંચળમૂર્તિ પ્રભુ **બંધિયાથી** ચાલવા લાગ્યા. પોતાના દઢ આશ્રિત પુણ્યવાળા **કારિયાણિના** માંચા ભક્તને ત્યાં ખેંચાઈને ગયા. શ્રીહરિ પ્રભુ ખટવંગ રાજાના મહેલમાં દરબારગઢમાં ઉતારો કરીને રહ્યા. મુનિ વર્ણિઓને પણ ખૂબ જ ભાવથી રાખતા હતા. તેનાથી **કારિયાણિપુરના** ઘણાં બધાં લોકો એકાંતિક થયાં અને હરિ એમને યોગનાં અંગો શીખવાડતા હતા. સુખ આપતા હતા. આવી રીતે બધાને આશ્ચર્યરૂપ બતાવતા હતા. હરિ દિવ્ય વસ્ત્રો આભૂષણોને ધારતા હતા. તેનાથી તે સૌમ્યરૂપ અતિ સૌંદર્ય લાગતું હતું. જેમ અનેક સૂર્ય ચંદ્ર ઉદય પામ્યા હોય ને શું ? તેમ મનોહર લાગતા હતા. હરિ પોતાના

ઐશ્વર્ય પ્રકાશથી દિવ્યરૂપ બતાવે છે. તેને જોઈને લોકો ઈશ્વર છે. બ્રહ્માદિ દેવો છે તે કોઈ હરિના સામર્થ્યને કોઈ પાર પામતાં જ નથી. **વીરદાસ રાઘવદાસ** તેમજ **વસ્તાખાચર બોઘાદાસ** વિગેરે બધા જ મુનિઓના નાથ હરિને તથા મુનિજનોને રાખવા પોતાને ઘેર આગ્રહથી કહેતા હતા.

શ્રીહરિ કારિયાણિ બહુ ન રહ્યા અને **કુંડળપુરમાં** પધાર્યા. કુંડળમાં **અમરા પટગર** અને ગામના લોકોને ખૂબ જ આનંદ આવ્યો. અમરા પટગરના માતા પત્ની ભાઈ આદિક જે એકાંતિક ભગવાનના ભક્ત હતા તે બધાને આનંદ થયો. સુખ થયું. પોતાના ઈષ્ટદેવને પૂર્ણ પુરુષોત્તમ નારાયણ જાણીને જેવી ઈચ્છા હતી તેવી પ્રભુની સેવા કરીને રાજી કર્યા અને પ્રભુ ત્યાં પાંચ દિવસ રોકાયા. સર્વને સુખ આપી પછી પ્રભુ ઉત્તર દિશા તરફ ચાલવા લાગ્યા. ત્યાંથી પ્રભુ **લિબડીપુરમાં** આવ્યા અને **લખમીચંદને** પોતાના આશ્રિતજન પોતાના એકાંતિક ભક્તને સુખ આપવા મુનિઓના સ્વામી પધાર્યા **નરભેરામ** તથા **ગોપાળજી જીવાભાઈ નારાયણજીભાઈ શિવાભાઈ** આદિકજનોને તથા. ચારે વર્ણનાં નરનારીઓ ઘણાં બધાં હતાં. હરિ આવ્યા જાણીને બધાં આવ્યાં અને હરિની સેવા સન્માન ખૂબ જ કર્યું. હરિએ પોતાના આશ્રિતોને ખૂબ સુખ આપ્યું. ઉપદેશ આપ્યો અને રાત રોકાઈને શ્રીહરિ સમલા ગામ પધાર્યા.

**સમલાપુરમાં અબજી પિતાંબર** વિગેરે વણિક ભક્તો હતા **મુળજી** અને **રૂગનાથ બ્રાહ્મણો** હતા તેઓએ હરિને પોતાના સાથે રાખીને સંતોની સાથે હરિની સેવાભક્તિ કરતા હતા એનાથી સનાથ થયા. હરિ સંતો ભક્તો માટે સારી રસાદાર રસોઈ બનાવીને તૈયાર કરી. ખૂબ જ પવિત્રતાથી મહારાજને તથા સંતોને જમાડીને તૃપ્ત કર્યા. ત્યાર પછી પ્રભુ ત્યાંથી **મેમકાપુર પધાર્યા.** ત્યાં પણ એકાંતિક ભક્તોના ધામ પધાર્યા. **મેઘજી મુળજી વાલજી રયો નિમજી** બધા સેવકોવાળા અને રાજ બ્રાહ્મણો હતા તે બધા જ હરિનારાયણ પ્રભુની ઉપાસના ભક્તિ કરતા હતા. તે **મેમકાપુરમાં** રહીને સુખના ધામ પ્રભુ પોતાના દાસને ખૂબ જ સુખ આપતા હતા. બહેનો પણ હરિના ભજનમાં ખૂબ જ નિયમ મુજબ દ્રઢતાથી ભજનભક્તિ કરતી હતી. ગામની નજીકમાં જ ભોગાવો નદી વહેતી હતી. હરિ તેમાં રોજે સ્નાન કરવા દક્ષિણ દિશાએ જતા હતા ત્યારે ત્યાં સ્નાન કરતા હતા ત્યારે સંતો ભક્તોની સાથે ખૂબ જ શોભા વધારતા હતા. હરિની સવારી પણ ખૂબ જ શોભતી હતી. તે મેમકાપુરની સીમમાં પાણીમાં અનેક કૂવાઓ હતા. તેથી બાગબગીચાઓ ખૂબ જ શોભતા હતા. તે મેમકાપુરમાં શ્રીહરિના આશ્રિતોમાં મેમકાપુરના રાજા પણ પ્રભુના આશ્રિત હતા. તે પ્રભુની ભક્તિ કરતા હતા. **શામાભાઈ ભક્તના** ઘેર હરિ રહ્યા અને પ્રભુ ભોજન જમ્યા અને એમના મનોરથોને પૂરા કર્યા અને પોતાના આશ્રિતોને માયાથી પાર પમાડ્યા. તે ભક્તોના ઘેર હરિ રાત રોકાણા. કિરતાર રોકાણા છે એમ જાણીને એકાંતિક ભક્તજનો આવ્યાં અને ભજન ભક્તિ જ્ઞાનચર્યા કરતાં રાત વીતી ગઈ.

ત્યારે હરિસ્નાન કરવા માટે પુરની બહાર ચાલ્યા. દક્ષિણ દિશામાં **આશાભાઈના** કૂવે પધાર્યા. કૂવાની અંદર ઉતરીને સખાઓ મુનિજનોની સાથે મહાપ્રભુએ ખૂબ જ સ્નાન કર્યું. હરિ સ્નાન કરીને પુરમાં પધાર્યા. **મુળજીભાઈના** ઘેર હરિ પધાર્યા. ત્યાં બ્રાહ્મણોએ રસોઈ પવિત્રતાથી તૈયાર કરીને સંતો પાર્ષદોસહિત હરિને જમીને જમાડ્યા. ગુણના ભંડાર હરિ સંતોની સાથે જ ત્યાં મુળજીભાઈના ઘેર રાત રોકાણા. ભક્તના મનોરથ પુરા કરીને એમને ખૂબ જ સુખ આપતા હતા. સ્નેહથી હરિને રાજી કર્યા. ત્યાં બહુ જ જનોને સમાધિ કરાવી. એમને ખૂબ જ આશ્ચર્ય બતાવ્યાં. બધાં જ ધામોનાં દર્શન કરાવ્યાં અને બધાની ઉપર બ્રહ્મપુરધામ પોતાનું બતાવ્યું. સાક્ષાત્કાર કરાવ્યો.

ત્રીજા દિવસે સવારમાં જ હરિ રથમાં બેસીને સંતો ભક્તોની સાથે ચાલતા થઈ ગયા. **શિયાણિપુરમાં** પધાર્યા. સર્વના સુખધામી બ્રાહ્મણ જ્ઞાતીના **શિવરામ વિપ્રને** ત્યાં પધાર્યા. **વિઠ્ઠલજી મુરાજી** અને **રામજી,** વણિકમાં **ભીમજી મેઘજી જીવરામાદિક** ચારેય વરણના ઘણાં લોકો હતાં. તેની ચોખી ગણતરીઓ થયા તેમ નથી. હરિ આવ્યાના સમાચાર નજરે જોયા. એટલે સનમાનવા સામા આવ્યા. મંદહાસ્ય મુખકમળને જોઈને પુરમાં પધરાવવા ઊંચે સ્વરે જય જય નાદ કરતા હતા અને વાજિંત્રો વગાડતા થકા પુરમાં પધાર્યા. હરિએ ભોજન કર્યું. ત્યાર પછી સંતો પાર્ષદોને જમાડ્યા. પછી પ્રભુને પોતાના મુખ્ય ઘરમાં પધરાવવા શિવશર્મા આદિ ચારે વરણનાં લોકો દેવોને દુર્લભ એવા ચરણકમળને હરિના સેવક સેવતાં હતાં. તે રાત ત્યાં જ રોકાયા. સુખ આપ્યાં. પોતાના આશ્રિતોને સમાધિ કરાવી. બધાને ધામો બતાવ્યાં. ધામો જોઈને આવતા ને કહેતા કે તેજપુંજમાં અમે ધામ જોયું. આમ વાત થતી હતી. એટલામાં જ એક યવનમુનિ આવ્યો. તેનું નામ **મનસુખરાજા** રામભક્ત કહેવાતા હતા. તેને તરત જ સમાધિ થઈ ગઈ. એનાં નાડિ પ્રાણને હરિએ ખેંચી ખૂબ જ આશ્ચર્ય બતાવ્યું. અનંત કોટિ બ્રહ્માંડો બતાવ્યાં અને અક્ષરબ્રહ્મપુરધામને વેદની શ્રુતિઓ ગાયા કરે છે એવા બ્રહ્મધામમાં હરિની અલૌકિક મૂર્તિ જોઈ દર્શને ગયા. દર્શન કર્યાં.

હરિની ઈચ્છાથી તે પોતાના દેહમાં આવ્યા. આવીને વાત કરી તો તેનાથી આશ્ચર્ય ઉપજાવ્યું. જેને વેદની શ્રુતિઓ કાયમ ગાયા કરે છે તથા યોગસિદ્ધ કરવા છતાં જેને નથી પામતા. તેને સામાન્ય જીવ પ્રાપ્ત કરીને દર્શન કરે છે. ક્યાં અધમમાં અધમ યવન અને ક્યાં અક્ષરધામના ધામી અવિનાશી સર્વેકારણાના કારણ સર્વોપરી ધામના ધામિ જ્યારે હરિ પ્રગટ થાય છે. ત્યારની શું વાત કરું. અધમ ઉદ્ધારણા એક જ્યારે કોઈ પ્રકારની અજ ઈશ ઈંદ્રાદિને પણ કાંઈ કળ જ પડતી ન હતી ત્યારે સર્વના સ્વામી સર્વોપરિ એક જ રહેનારા છે.

ત્યાંથી હરિપ્રભુ અને સંતો **પલળિ ગામે** પધાર્યા. ત્યાં **મુળજી, ગુણવંત,** તેઓ ક્ષત્રિય જ્ઞાતિના ભગવાનના એકાંતિક ભક્તો થયા. તેઓએ હરિને પોતાને ઘેર ઉતારો આપીને રસોઈ બનાવરાવીને ખૂબ જ પ્રેમથી જમાડ્યા. રાત એમના ત્યાં જ રોકાયા. આખી રાત જ્ઞાનવાર્તા ભજન ભક્તિ કર્યા ત્યારે સવારમાં વિહાન વેળાનો સમય થયો ત્યારે પ્રભુ ત્યાંથી ચાલતા થયા. બીજે જવા લાગ્યા. મુનિજનો અને મહાપ્રભુ આગળ ચાલ્યા જાય છે ત્યારે **નળકંઠાની** છબિ જોઈને વિચારવા લાગ્યા કે અતિશય ઘાસના સમુહથી જમીન દેખાતી ન હતી અને ક્યાંક ક્યાંક ઘાસ ખાર વિનાનું દેખાતું હતું આમ **ખારાપાટની ઘાટિને ઓળંગીને** આગળ ચાલ્યા ત્યારે પછી પ્રભુ **સ્યાલપુર નામના ગામમાં** પગલાં માંડ્યાં. ત્યાં વર્ણિક ભક્ત લાલાભાઈ નામના રહેતા હતા. તે પૂર્વે તુલાધાર કહેવાતા તેનો જ અવતાર આ છે એમ કહેતા હતા. તે એકે હરિને માટે તન મન ધન બધું જ અર્પિત કરેલ છે અને તે પોતે જગથી નિસ્પૃહિ થઈને વર્તતા હતા. હરિની મરજી મુજબ જ એમને વશ વર્તતા હતા અને હરિની આજ્ઞાનો ક્યારેય ભંગ થવા દેતા ન હતા. તે પુરથી પશ્ચિમ દિશામાં તળાવ શોભતું હતું. તે તળાવમાં સુંદર સ્વચ્છ પાણી ભરેલું હતું. તેનાં તરંગો ઉઠતાં હતાં. જાણે ભોગમતિ શોભતી હોય તેમ શોભતું હતું. તે ગામની દક્ષિણ દિશામાં પાણીનો કૂવો સારો હતો. તેમાંથી શ્રીહરિએ જળપાન કર્યું અને ચરણાંકિત થયેલાં સરોવરો નદીઓ તળાવો ભૂમિ વિગેરે તીર્થરૂપ થયા હતાં એમ જાણવું. શ્રીહરિ ત્યાં એક પખવાડિયું રોકાણા. વણિકને ઘેર રહીને ઘણા બધા આશ્રિતો કર્યા. પોતાના ઐશ્વર્ય પ્રતાપથી સમાધિ કરાવીને દ્દઢભક્તિવાન બનાવ્યા. યોગ સારો કરાવ્યો. આવી

રીતે લોકોએ હરિની અને સંતોની અન્ન વસ્ત્રથી સેવા કરતા હતા. ભાવથી રાખતાં હતાં. આવી રીતે હરિભક્તની સાથે કોઈ અંતર રાખતા ન હતા. તેથી પોતાના જન્મને સફળ કરતાં હતાં.

આવી રીતે તે ભક્તના ઘેર પ્રભુએ રહીને ખૂબ જ સુખ આપ્યું. એટલે એમના ભાગ્યની તો શું વાત જ કરવી. કેમકે એમણે તે પૂર્ણબ્રહ્મ પુરુષોત્તમ નારાયણને ઓળખ્યા. આશ્રય કર્યો એ જ મહાભાગ્ય છે.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં સાતમા યુવા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિ પ્રભુ જુદા જુદા ગામોમાં વિચરણ કરીને સમાધિ કરાવી લીલા કરી એવું વર્ણન કર્યું એ નામે આઠમો તરંગ થયો. ॥૮॥**

## તરંગ-૯

પ્રતાપસિહ રાજા કહે છે, હે સુવ્રતમુનિ શ્રીહરિ ! કયા ગામથી શ્રીપુર અમદાવાદમાં પધાર્યા. એ લીલા મને આપ સંભળાવો એવી મારી વિનંતી છે. મુનિ કહે છે, હે રાજન ! તમને ધન્ય ધન્ય છે. તમે જે પૂછી તે લીલા શ્રીહરિની કહું છું. તે સાંભળો. પહેલાં જે જે પુરમાં પ્રભુ ગયા તે સાંભળ્યું તોય તેનાં નામ કહું છું. **શિયાળપુરથી** શ્રીહરિ ચાલ્યા અને **ડુમાલિ ગામે** આવ્યા. પોતાના આશ્રિત ભક્તોને દર્શન આપીને અતિ બીજબળવાળા એકાંતિક કરતા હતા. ત્યાંથી શ્રીહરિ ચાલ્યા. તે ચરણકમળથી પૃથ્વીને અંકિત કરીને જતા હતા ત્યારે માર્ગમાં જે લોકો મળતાં હતાં એમને દર્શન આપીને પાપ હરતા હતા. જે જે ગામની પાદરમાંથી પ્રભુ ચાલતા હતા ત્યારે લોકો જોઈને સંતોને કહેતા કે સ્વામિનારાયણ કોણ છે ત્યારે કોઈ સંત તે ભગવાનને બતાવતા હતા. દર્શન કરીને નિશ્ચય કરતાં હતાં દોડીદોડીને દર્શન કરતાં હતાં. ભાવપૂર્વક હરિનાં દર્શન કરીને ફરી પાછાં ફરતાં હતાં. જ્યારે દર્શન કરતાં હતાં ત્યારે કોઈકને શ્યામલક્ષ કરાવતા હતા ત્યારે અણસમજુ હતાં. તે કહે, જાદુ કરે છે અને સમજુ હતાં તે કહે જાદુ નથી આ તો લક્ષ છે. ધ્યાન છે. આ રીતે કહેતાં હતાં. આવી રીતે લીલા કરતા શ્રીહરિ ચાલ્યા જતા હતા ત્યારે લોકોનાં ચિત્તને ખેંચતા હતા ત્યારે જેવી તેવી રીતે પોતાની મૂર્તિમાં ધ્યાન દૃઢ થાય તો એમનાં મનમાં સ્મરણ થયા કરે વિસરે નહીં.

સર્વ જીવોના પ્રતિપાળ સર્વ જગતના ગુરુ મહાન એવા સર્વના સ્વામી પ્રભુ સર્વના નામી **દદુકાપુરમાં** પધાર્યા. તે દદુકાપુરમાં બ્રાહ્મણ ક્ષત્રિય ઘણા આશ્રિત ભક્તો હતા. તેઓ હરિનું આવવાનું સાંભળીને બધા પુરની બહાર સામા આવ્યા. પુષ્પના હારો પહેરાવી પગે લાગ્યાં. વંદન કર્યા. ત્યાર પછી વિનયપૂર્વક ગામમાં લઈ ગયાં. બાળકો વૃદ્ધો બધા જ સ્ત્રીઓ અને પુરુષો બધાંએ હરિનાં દર્શન કર્યાં. તેનાથી મનુષ્ય દેહ પ્રાપ્ત કર્યો. તેનું ફળ આજે પૂર્ણ મળ્યું એમ માનવા લાગ્યાં. ગોડજીભાઈ બહુ જ પવિત્ર એકાંતિક હરિભક્ત હતા. એમના ઘેર સંતો અને મહાપ્રભુ ગયા. રોકાયા. ત્યારે ભાવનાસહિત બ્રાહ્મણોને બોલાવીને પવિત્રતાથી રસોઈ બનાવરાવી અને તે રસોઈ હરિ અને સંતો પાર્ષદો સર્વે હેત કરીને પ્રેમથી જમ્યા. પોતાના એકાંતિક આશ્રિતજન જાણીને હરિ પ્રેમથી કૃપા કરીને જમ્યા. ત્યાર પછી પ્રભુજીએ હરિભક્તો સંતોને જમાડ્યા અને તેમને ત્યાં જ રોકાઈને હરિએ મહાપ્રભુએ અનેક જનોને આશ્રિત બનાવ્યા. પ્રભાત સમય થયો એટલે પ્રભુ જાગ્યા. લોકોના મનને ચોરાવીને ચાલતા થઈ ગયા. ત્યાંથી મછિયાવપુર આવ્યા. સમાચાર જાણીને રાજા સામા આવ્યા. દર્શન કર્યાં.

મનને આનંદ આપનારી મૂર્તિ જોઈને તરત જ સુરસિંહ રાજા પગે લાગ્યા. વંદન કર્યા. વિનયસહિત શ્રીહરિને અને સંતોને પોતાના ઘેર તેડી લાવ્યા. આનંદ પામ્યા. સંતો હરિભક્તોની અને હરિ બધા જ મહેલમાં આવ્યા. અટારિમાં મહારાજને પધરાવ્યા. હરિ પધાર્યા એટલે રાજાના પરિવારમાં તે મોટો ઉત્સવ થઈ ગયો અને હરિના ચરણમાં દંડવત્ પ્રણામ કરતાં હતાં. ત્યારે રાજાઓ બ્રાહ્મણ પાસે તરત જ રસોઈ કરાવરાવી જુદાજુદા પાકો કરીને હરિને પ્રેમથી જમાડ્યા. પાનસોપારી ઈલાયચી મુખવાસ આપ્યો. પોતાના એકાંતિક હરિભક્તના મનની અભિલાષાને પ્રભુ પૂર્ણ કરવા માટે ઘેર પધાર્યા અને તેજપુરમાં હરિના બીજા પણ સેવક બ્રાહ્મણ વર્ણમાં મુળજીત નામના મનથી જાણનારા હતા તે આવ્યા. હરિ હરિજનો સંતોને માટે રસોઈ કરીને બધાંને સમર્થ શ્રીહરિએ જમાડ્યા. ત્યાર પછી રાજાએ કેશર ચંદન આદિ વડે પૂજન કરીને દેવના ચરણને છાતીમાં ધારણ કર્યો. રાજી થયા. **મછિયાવમાં** રાજાના ઘેર રોકાઈને રાત વિશ્રાંતી લીધી. આમ બે દિવસ રોકાયા. સુખ આપ્યું અને ત્રીજા દિવસે પ્રભાતના સમયે ચંચળવર હરિએ ચાલવાનું કરી દીધું.

**વિંછિયા** ગામે પધાર્યા. સર્વના શરણાગત વત્સલ હરિ સર્વના સુખદાઈ દર્શન આપ્યાં. ભક્તજનોએ ચરણસ્પર્શ કર્યાં અને અનેક જનોને શરણમાં લીધાં. અભયસુખ આપ્યાં. **વિછિયાથી** પ્રભુ **સાણંદપુર** પધાર્યા ત્યારે લોકોને ખબર પડી એટલે દર્શન કરવા માટે દોડવા માંડ્યાં. મનોહર નારીઓ મનોહર મૂર્તિ જોઈને તરત જ ઇંદ્રિયો અને નાડીઓ હરિમાં ખેંચાઈ ગઈ. પ્રભુએ અતિશય પ્રતાપ બતાવ્યો. અતિ પ્રકાશ આનંદ આપનારો થતો હતો. હરિનો વાસ થવાથી ખૂબ જ આનંદ થયો. લોકો જતાં હતાં ત્યારે સજ્જનોનાં મન હરિ જતા હતા ત્યારે દર્શનથી જન્મમૃત્યુનું બંધન છૂટી ગયું. બધાંજ નારિનરનાં અજ્ઞાન બધો નાશ થઈ ગયો. સાચો બોધ મળ્યો.

**શ્રીક્ષેત્ર** જઈને ત્યાં વિશ્રામ મળશે અને **અમદાવાદમાં** પોતાના ઈષ્ટદેવ ભગવાન આવતા હોય ત્યારે સમાચાર મળવાથી લોકોને મનમાં અતિ આનંદ થવા લાગ્યો. કેમકે પ્રભુ આવવાની ખબર પડી એટલે અતિ આનંદ થયો. પૂજાસામગ્રી ભેગી કરીને સામા જવા માટે લોકોનાં ટોળાં થઈને બધાં જ ચાલવા જ લાગ્યાં. કેટલાંકના હાથમાં નાળિયેર હતા તથા ફૂલના હારો હતા. કેટલાકના હાથમાં સોપારીને પ્રસાદ લઈને જતા હતા. કોઈના હાથમાં જામફળ અને અંજીર હતાં. કોઈના હાથમાં અબીલ ગુલાલ લીધાં હતાં. કુંકુમ લીધેલ હતાં તથા કોઈના હાથમાં કુંદવૈજયતિ માળાઓ હતી તે લઈને સામા આવતાં હતાં. વાજીંત્રો વાગતાં હતાં. જુદાજુદા પ્રકારનાં ઝાંઝર મૃદંગ ઢોલ એકતારા વાગતાં હતાં. તે બધાય હરિને સામા જતાં હતાં. વધાઈને ગાતાં થકાં જતાં હતાં ત્યારે હરિને જોઈને મનમાં ખૂબ જ ઉમંગ વધી ગયો. માર્ગમાં અડધે વચ્ચે જ સામા મળ્યા. પ્રભુને જોઈને એમના રૂપમાં લોકો મગ્ન થઈ ગયાં. તેમાં કેટલાંક દંડવત્ પ્રણામ કરતાં હતાં તો કેટલાંક દર્શન કરીને એકાગ્ર ચિત્ત થઈને હરિમાં લીન થઈ ગયાં. સમાધિવાન થયાં. હરિનું અર્ચન કરીને આગળ ભેટ ધરી દીધી. કેટલાક ભક્તે હારતોરા અર્પણ કર્યાં. હરિભક્તો બધા ભેગા થયા. સંતો પાર્ષદો બધા ભેગા થયા. વચમાં શ્રીહરિ પ્રગટ પુરુષોત્તમ બધાના સ્વામી શોભતા હતા. રથ ઉપર હરિને પધરાવ્યા. લોકસમુદાય સમિતિ જનસમુદાયના પૂરના પ્રવાહમાં વહેતા થકા પુરની બહાર આવ્યા. શહનાઈ, ત્રાંસા, શંખ આદિકના અવાજ થતા હતા. કેટલાંક ચમર કરતાં હતાં. કોઈ છત્ર ધારતું હતું. કોઈ છડી લઈને છડી પોકારતા ઊંચે સ્વ્રે બોલતા હતા. આકાશેથી દેવોનાં પુષ્પનો વર્ષાદ થતો હતો. વાજિંત્રનાં શબ્દ સાથે ગાનમાં એકતાર થઈ જતાં હતાં. માર્ગમાં મોટાં મોટાં મકાનો સુંદર પ્રકારનાં શિય શોભતાં હતાં. માર્ગમાં બંને બાજુ

લોકોનો સમુદાય દર્શન કરતો હતો. નિરખીને સર્વે સ્ત્રીઓ દર્શન કરતી હતી. કેટલીક જરુખા ઉપર ચડીને શ્રીહરિને સોનાના પુષ્પોથી વધાવતી હતી. હરિનાં દર્શન કરવા અગણિત મનુષ્યો આવ્યાં હતાં. ખૂબ જ ભીડ થઈ. કૃતિમાર્ગમાં સંકડાશ થતી હતી. હરિને ચલાવતા હતા. આવી રીતે ધીરે ધીરે ચાલીને પોતાના સ્થાને પધાર્યા. અમાપ ઐશ્વર્ય પ્રતાપ અમાપ બતાવીને સુખી કરતા હતા.

આવી રીતે દૈવી ભગવાનના ભાવનાવાળા લોકોનો ઉત્સવ થયો. તેમાં ઉત્સવનો આનંદનો ઓગમાતો જ ન હતો. તે ઉત્સવ વિક્રમ સંવત (૧૮૫૯) અઢારસો ઓગણસાઈઠની સાલમાં મહાસુદ પાંચમ (વસંતપંચમી)ના દિવસે ઉજવાયો હતો. આવી રીતે શ્રીહરિના બીજા પણ અનેક અવતારોથી મુખ્ય તો (૨૪) ચોવીશ અવતાર જે થયા તે જુદાજુદા લોકો જુદાજુદા જોતા હતા. તેનાથી આશ્ચર્યનો પાર નહતો રહેતો. આસુરી સંપતિ જ્ઞાનવાળાં જે લોકો હતાં તેઓને આ ચરિત્ર સ્વરૂપને જોઈને દૃષ્ટીમાં પ્રેમ ન થાય એ તો અનાદિની ચાલી આવતી રીત જ છે. એમાં કાંઈ નવું નથી. આસુરી સંપત્તિવાળો એ અસુરો તે દૈવી લોકોને જોઈને એમના કાયમ માટે દોષ જ જોતા હોય. નાની વાતમાં મોટા મેરુ જેવો દોષ દેખે અને નિંદા દ્રોહ કરે. આવી રીતે ભગવાનના ભક્તો બાળકો વૃદ્ધો એકબીજાને જોઈને અતિશય શ્રદ્ધાવાળાં થઈને સેવાપરિચર્યા કરતાં હતાં. અનેક પ્રકારનાં ભોજનો બનાવીને શ્રીહરિને જમાડતાં હતાં અને અતિ આનંદ સુખ મેળવતાં હતાં. ત્યાર પછી મુખ શુદ્ધ કરાવીને મુખવાસ આપતાં હતાં. એલાયચી આપતાં હતાં ને જમાડતાં હતાં. ત્યાર પછી હરિ હરિજનો સંતોને જમાડતા હતા. ત્યાર પછી બધાની વચ્ચે આસન ઉપર બેસીને સુખ આપતા હતા. આવી રીતે પુરુષોત્તમ પ્રગટ હરિની બધાંય મળીને આરતી કરી બધા જ ભક્તજનો આરતી કરીને સ્તુતિ પ્રાર્થના વિનયપૂર્વક કરતા હતા. બધા ભક્તજનો એકાગ્ર થઈ ગયા. ત્યાર પછી પ્રભુ રાત્રે પલંગ ઉપર જઈને શયન કરવા લાગ્યા. યોગનિદ્રામાં પોઢી ગયા. બધા જ ભક્તજનો પ્રેમથી પ્રભુના ચરણચંપી કરતા હતા. બીજા જનો દર્શન કરીને સુખ લેતાં હતાં.

આવી રીતે લોકોને સુખ આપવા માટે જ હરિ વિચરણ કરતા હતા અને અસુરોના માનને મોહ પમાડીને કરતા હતા અને પોતાના એકાંતિક આશ્રિતોને આનંદસુખ આપતા હતા અને પોતાના સ્વરૂપનું દઢ જ્ઞાન કરાવતા હતા.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં સાતમા યુવા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિ સહજાનંદ સ્વામી અમદાવાદ નગરમાં પહેલી વાર પધાર્યા ત્યારે ઉત્સવ કર્યો. આશ્ચર્ય ઉપજાવ્યાં એ લીલાકથન નામનો નવમો તરંગ થયો. ॥૯॥**

# તરંગ-૧૦

પ્રતાપસિંહ રાજા કહે છે, હે મુનિદેવ ! અવિનાશી પ્રભુએ **અમદાવાદ** પુરમાં અનેક આશ્ચર્ય બતાવ્યાં. તેથી એમની પાસે આસુરી સંપત્તિના લોકો જોર કરીને આવ્યાં પણ એમનું જોર શ્રીહરિ પ્રભુ પાસે લગારેય ન ચાલ્યું. રાજા કહે છે એટલા માટે મુનિવરએ ભગવાનનાં ચરિત્રો મનને શાંતિ આપનારાં છે. તેથી મને કહો.

ત્યારે સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! તમે એ ચરિત્રને એકાગ્ર ચિત્ત થઈ સાંભળો. હું તમને કહું છું. ત્યાર પછી હરિ પ્રભાતમાં ઉઠ્યા અને મુનિજનો ભક્તજનોને સાથે લઈને રાજમાર્ગ બજારમાં થઈને **સાબરમતી** ગંગામાં

સ્નાન કરવા માટે ચાલ્યા. ત્યારે હરિને સંગમાં જતા અગણિત નરનારિ જોતાં હતાં અને એમના મનને પોતામાં ખેંચતા હતા. આવી રીતે પ્રભુના મુખકમળનાં દર્શન કરીને અતિ પાવન થઈ ગયાં. તેથી તેઓ વિવેકને જાણતાં હતાં. તેથી સુખી થયાં. હરિ માર્ગમાં જતા હતા ત્યારે પોતાની નજરે કોઈ લોકો જોઈ જતાં હતાં ત્યારે તેને તરત જ સમાધિ થઈ જતી હતી ત્યારે તે જન લાકડા જેવો કે પથ્થર જેવો અક્કડ થઈ જાય. તેનું શરીર નિર્જીવ થઈને પડી જાય. આવી રીતે શૂન્યરૂપ થઈ જાય. જાણે ચિત્ર દોરેલું હોય તેમ ચિત્ર જેવા સ્થિર થઈજાય. જોઈને જન તરત જુકી જાય. બંને બાજુ લોકો નમન કરતાં હતાં. એવી રીતે હરિ ચાલ્યા જતા હતા. અને લોકોના મનને આનંદ ઉમંગ આપતા જતા હતા. હરિ નદીએ જઈને નિત્યકર્મ કરીને નદીમાં સ્નાન કરતા હતા. નદીને તીર્થરૂપ બનાવતા હતા. તે નદીના પાણીનાં નિર્મળ તરંગોના પ્રવાહમાં શાંતિથી સ્નાન કરતા હતા. શરીરને શુદ્ધ કરતા હતા. શ્રીહરિ સર્વે સંતોની સાથે હળીમળીને જળક્રીડા કરતાં થકાં જળમાં સ્નાન કરતા હતા. તે જ નિર્મળ જળમાં રમતો રમતા થકા સ્નાન કરીને બહાર નીકળતા હતા. કાંઠે આવીને વસ્ત્રોને ધારણ કરતા હતા.

ત્યાર પછી રથ ઉપર બેઠા ત્યારે સૂર્યનારાયણની માફક શોભતા હતા. અજ્ઞાનના અંધકારને હરતા હતા. લોકોના મનને હરતા હતા. આવી રીતે ચાલ્યા જતા હતા ત્યારે પુરના લોકોને પ્રતાપ બતાવતા જતા હતા. માર્ગમાં મંગળમય વાતાવરણ કર્યું. અનંત બ્રહ્માંડોના ભયને દૂર કરી નાંખ્યો. હરિ જ્યારે સ્નાન કરવા ગયા ત્યારે જેમને સમાધિ લાગેલી તેમને પાછા આવતાં જગાડતા હતા. કેવળ નજર જ કરતા હતા. માર્ગમાં લોકો પ્રભુને અનેક ફૂલોના હારો પહેરાવતાં હતાં. મસ્તક ઉપર તોરા ધરાવીને શોભાવતાં હતાં. માર્ગમાં જયજયકારનો મોટો ધ્વનિ થતો હતો. બ્રાહ્મણો માર્ગમાં વેદનો ઉચ્ચાર પવિત્રતાથી કરતા હતા. એવી રીતે મંદિરમાં આવતા હતા ત્યારે હરિ અંગોઅંગથી ખૂબ જ શોભતા હતા ત્યારે જ લોકો કહેતાં હતાં કે આપ તો સાક્ષાત્ ભગવાન જ છો. સાક્ષાત્ પુરાણ પુરુષોત્તમ નારાયણ છો. ત્યારે ઘણો બધો સમુદાય કહે આજ તો અતિશય આ અમદાવાદ શહેરનાં ભાગ્ય ઉઘડ્યાં છે. એકાંતિક ધર્મને સ્થાપવા માટે પ્રભુ પ્રગટ થયા છે. એ બહુ જ સારું થયું છે. અનેકનું કલ્યાણ કરનારા છે. અભિમાનીના ગર્વને હરનારા છે. પ્રિય ભક્તજનોને સુખ આપનારા છે. આમ ગુણને વિસ્તારતા થકા મંદિરમાં પધાર્યા. અનેક લોકો હરિના આશ્રિત થઈ ગયા. ત્યારે દુરીજનો પાપીઓ મનમાં બળતાં હતાં. જોઈ શકતાં ન હતાં. કહેતાં હતાં કે બધાં જ ખોટું બોલે છે. બહુ જ ખોટું છે. જો બધાં જ સમાજ ભેગો થઈને કહે કે મહારાજ પાસે આવીને કહો. તમે સાંભળો. તમે પ્રભુ સમરથ હોવ તો બધાનું સારું કરવા માટે અમને સાચી સમાધિ કરીને બતાવો તો માનીએ. આમ બધા જ ભેગા મળીને કહેતાં હતાં. તમારી સમાધિ સાચી હશે તો અમે બીજાનો આશ્રય છોડીને તમને ભજીશું. એટલા માટે તમે અમને અમૃતકર બતાવો તો આ અમે માનીએ.

સર્વ અવતારના અવતારી સર્વોપરિ હોવાથી હરિ પોતાનો વધારે પ્રતાપ બતાવીને વિસ્તારીને અદ્ભૂત રસની રેલ વહેવડાવતા હતા. પોતાની પાસે ગોપાળદાસ નામના સાધુ આવ્યા ત્યારે એમનાં નાડિપ્રાણને ખેંચતા હતા. સમાધિ થયા પછી લાકડાં જેવું શરીર થઈ જ ગયું.ત્યારે બીજા લોકોએ કહ્યું કે આ સમાધી સાચી છે કે ખોટી તે જોવા માટે આવ્યા છઈએ. એટલે હરિએ સમાધિવાળાના અંગો ઉપર બળતા અંગારા મુક્યા. તેનાથી હાથની ચાંબડી માંસ બળી ગયું. તરત કોલસા લઈ લીધા. હાડકું દેખાવા લાગ્યું. આ રીતે સાધુના અંગ ઉપર

સમાધિનો પ્રયોગ કરી બતાવ્યો. શરીર બળ્યું તોય એ અંગને ચોળતા જ નથી. બધા જોતા હતા. એમને તો જોઈને અક્કડ જ થઈ ગયા. આ રીતે આશ્ચર્ય જોઈને સમાધિવાળા સંત તો લાકડાં જેવો સ્થિર થઈને બેઠા જ છે. તેથી બધાને સાચી જ વાત લાગી. અનુભવ થયો. તેથી તે બધાંને શ્રીહરિ પોતે સાક્ષાત્ ભગવાનનો જ અવતાર છે. એમ માનતા હતા. બધાને સર્વોપરિ નિશ્ચય થયો. આ રીતે જીવતી નાડિને અને પ્રાણને ખેંચનારા ભગાવન સાક્ષાત્ હોય તો જ ખેંચી શકે એમ નિર્ણય કરી બતાવ્યો.

ત્યારે લોકો હાથ જોડીને શ્રીહરિ પ્રભુને કહે અમે બધા જ આપના નિશ્ચેજ આશ્રિતો થયા છીએ. આપ તો સમર્થ છો. મનુષ્ય શરીર ધારણ કરીને પધાર્યા છો. અમને આપના આશ્રિત કરીને અમારા જન્મમરણની પીડાને દૂર કરો. આટલું કહીને બધાં જ લોકો જે આવેલાં હતાં. તે આશ્રિત થયાં. પોતાના પાપોનો પહાડ બધો જ હરિકૃપાથી નાશ પામ્યો અને બધાં જ નિર્ભય નિશ્ચિત થઈ સુખી થયાં. પ્રભુનાં આશ્ચર્ય જોઈને હરિના પ્રતાપની લોકો શહેરમાં વાતો કરતાં હતાં. સમાધી કરાવનાર સહજાનંદ સ્વામી નિશ્ચય જ ભગવાન છે અને તમો તમવાદિઓ તો કોઈ ધર્મનું પાલન કરતાં જ નથી અને શાસ્ત્રનો ઓથ લઈને કુદયા કરો છો. વિવાદ કર્યા કરો છો. દંભ કરીને ઉપરથી ધર્મનો ઓથ લો છો અને અંદરથી નાસ્તિક છો. મનભાવતા વિષય વિલાસમાં રમો છો. ભગવાન તો પોતાનું બહ્મપુરધામ સમાધી દ્વારા બતાવે છે. બધાંનાં નાડિ પ્રાણને ખેંચે છે. પ્રણવનો નાદ (બ્રહ્મનાદ) સંભળાય છે. એમના ચરણો સોળ ચિહ્નોથી શોભે છે એ શું ભગવાન નથી ? એતો પોતે અનંત જીવોના આંતરની વાતો જાણે છે. કહે છે સર્વના જીવન પ્રાણ છે એ જ પોતે અહીં પધાર્યા છે. સર્વના કર્મના ફળને આપનારા પોતે જ પધાર્યા છે.

શ્રીહરિ નારાયણ પ્રભુ એવી રીતે મનના ભાવ પૂરતા હતા. તેનાથી આસુરીજનો પોતપોતાના મનમાં ખૂબ જ બળતા હતા. તેમ તેમ લોકો શ્રીહરિનું સન્માન કરતા હતા. પોતાને ઘેર પધરામણી કરાવીને ખૂબ જ સેવા કરતા હતા. અનેક પ્રકારના પદાર્થોથી પૂજતા હતા. જાતજાતનાં અનેક ભોજનોના પાકો બનાવરાવીને ભાવસહિત હરિને અને સંતોને હેતથી જમાડતા હતા તથા વસ્ત્ર પુષ્પના હારો સુગંધિત પદાર્થોથી પૂજતા હતા. હૃદયમાં હેત લાવીને ખૂબ જ સન્માનતા હતા. કોઈ જનો હરિની આગળ ભેટ ધરતાં હતાં. કેટલાક પોતાને ઈચ્છિત વસ્તુ લાવીને પ્રેમથી અર્પતા હતા. આવી રીતે હરિનો શહેરમાં ખૂબ જ ઉત્કર્ષ થયો. તેમ તેમ આસુરીજનો મનમાં બળતાં હતાં. ભૂમિ ઉપર ભારરૂપ થતાં હતાં. પ્રભુ વાતાવરણ સાંભળીને ભક્તોનાં ભાવને વશ થઈને પુરમાં ફરતા ભક્તોને ત્યાં નરનાટક ધરીને પધારતા હતા. રોજેરોજ નવા નવા ઉત્સવ હરિ ભક્તજનના ઘેર કરતા હતા. તેનાથી પ્રગટ પ્રભુમાં અધિક અધિક સ્નેહ થવા લાગ્યો. આવી રીતનો શ્રીહરિનો જયજયકારનો ઉત્કર્ષને જોઈને તે અસુરો દ્વેષ કરતા હતા. તેથી તેઓ એક દિવસ બધા મળીને મારવા માટે તેઓ મનમાં મત્સર રાખીને ઈર્ષાના માર્યા ક્રોધ કરતા થકા શિશ્ન ઉદરનું પોષણ કરવાના મતવાળા બધા જ કળિયુગના મૂર્તિમાન પ્રતિકો જ કહેવાય એવા આવ્યા. તેઓ અડબંગ ઉદ્ધતાઈવાળા ભ્રષ્ટ બુદ્ધિવાળા મનમાં ધન અને યુવતીનાં માટે જ પ્રયત્ન કરનારા, સાચા શાસ્ત્રના જ્ઞાનની કોઈ વાત નહિ જાણનારા એવા અડબંગ આવ્યા. ભેખના વેશને ધારીને મનમાં ખોટો દંભ કર્યા કરેલો ને બિવડાવી ધમકાવીને પેટ ભરનારા હથિયારો ધારણ કરીને મનમાં મસ્ત થઈને ફરનારા લોકોમાં ભય બતાવતા થકા હાક પાડીને ફરનારા. તલવાર, કટારિ, કૃપાણ છરા ધારનારા, કેટલાક ગરજાને ધારનારા ગુપ્તી, ગેબને ધારનારા અસુરો સંતોના વેશને ધારીને ક્રૂર થઈને હરિના સંતો પાસે આવ્યા. મોઢેથી

હરિને માટે મીઠા મીઠા શબ્દો બોલતા બોલતા હસતા હતા. બધા જ સાધુના વેશને ધારેલા છતાય આયુધોને રાખેલાં હતાં તોય નારદ સનકાદિકનાં જેવા સંત થઈને આવ્યા. ક્યાં આસુરી મતને આશરેલા અડબંગ અસંત અને ક્યાં સદ્‌ગુણના ભંડાર શ્રી હરિના સંતો. જેઓ ધનનારીથી ખૂબ જ દૂર ચાલનારા તથા યોગ સમાધિને સિદ્ધ કરેલા દેહને કસનારા. સનાતન સત્યધર્મના આશ્રયને ગ્રહણ કરીને સત્ય પરંપરાવાળા દઢતાથી ધીરજરૂપી ઢાલને ધારનારા તથા જ્ઞાનરૂપી છરાને ધારનારા વૈરાગ્ય રૂપી કટારને ધારનારા વિચારરૂપી ધનુષ્યને ધારેલા. બીજાની પીડાને સહન કરે એવા, તે જ શીરને માટે હરિને ધારનારા સાચા છે. આવી રીતે આયુધોને ધારનારા સંતોએ ભક્તિ સંતોષ તથા ધર્મસર્ગનાં આયુધોથી અધર્મના દોષોને જીતી લીધા. કામ ક્રોધ મદ લોભ તથા ઈર્ષા દંભ અને માન સ્નેહ સ્વાદ ઘૃણા સ્પૃહા વિગેરે ધર્મના બળથી જીતી લીધાં. સંતો દઢ ભક્તિવાળા રહ્યા.

આસુરી સંપત્તિવાળા તે અસુર સાધુ કહ્યા અને દૈવી સંપત્તિવાળા તે દૈવી સાધુ કહ્યા અધર્મ જેમને પ્રિય હોય એવાને દેવ જેવા કહેવરાવે છે. ધર્મ જેમને પ્રિય છે એ જનો સાધુના ગુણથી સારા લાગે. આવી રીતે તમે સાધુ અને અસાધુનાં લક્ષણ કહ્યાં તેમાં તમે કયા સાધુ છો ? કાળનેમિ જેવા રાવણ જેવા રાહુ કેતુ જેવા કેવા છો ? કેવળ ઉપરથી સંતનો વેષ છે પણ અંદરથી અધમ અસુરો છો અને તમને કોણ દેવો સંત કહે છે એમ કહો ત્યારે તે સર્વે અસુરો ધૂર્કિને અતિ ક્રૂરતા અને ક્રોધથી ભરેલા બોલ્યા. તમે જીવન મુક્તા પોતાને દેવ જેવા કહો છો અને અમને અધમ કહીને બોલાવો છો. તેની આજે ખબર પડી જશે. આ નર્કવાસીઓ એનો તમને અનુભવ કરાવીશું. તમારી સિધ્ધાઈને તોડી નાંખીશું. તમને સીધા કરી દઈશું. આમ કહીને બધા જ અસુરો આયુધો ધારણ કરીને હરિને અને હરિના સંતને મારવા માટે તૈયાર થયા પણ અજ્ઞાની અસુરો જાણતા ન હતા કે આ અનંતનારાયણનો પ્રતાપ કેવો છે તેનો અનુભવ નહતો થયો. આજે અમારે અવસર આવ્યો છે. લાગ મળ્યો છે એટલે તમને મારવા માટે જ આવ્યા છીએ. અમે બધા જ સંતોના સંત છીએ. અવગુણનો આજે ઉદ્ધાર કરી નાંખીશું એ નક્કી છે. અમે મતવાદી ભેખોના તમારા જેવા કોઈ બીજા શત્રુ જ નથી. તમે જ મોટા શત્રુ છો એટલા માટે આજે અમને તમે હાથ આવ્યા છો. એટલા માટે તમે જીવવા માંગો તોય જીવવા નથી દેવાના અને તમને મારવાના જ છે.

ત્યારે શ્રીહરિએ થોડોક પ્રતાપ બતાવ્યો. તે અસુરોએ આયુધ ઉચકેલાં હાથ એમના એમ સ્થિર થઈ રહી ગયા. આ રીતે શ્રીહરિએ એમને ઠંઠા કરી દીધા. કાંઈ કરવા સમર્થ થયા જ નહિ. ભીંત ઉપર ચિત્ર દોરેલાં હોય તેમ હથિયારો ઊંચાં કરેલાં અસુરો તૈયાર થયા હતા તેમના તેમજ રહ્યા. ત્યારે અસુરોનો ગર્વ ઉતરી ગયો. આ રીતે અતિ આશ્ચર્યયુકત વાતને બધાં જ લોકો જોતાં હતાં. તેથી હરિનો અતિ પ્રતાપ આખા શહેરમાં ફેલાયો અને અનેક લોકો હરિનો આશ્રય કરતાં હતાં. આવી રીતે શ્રીહરિના બળનો પ્રતાપ જોઈને નગરનાં લોકો આશ્ચર્ય પામ્યા ચોમાસાના સમયમાં વરસાદ સમયે જેમ સૂર્યનો પ્રતાપ ખૂબ જ દુર્લભ થાય છે. તેમ આ હરિનો પ્રતાપ ખૂબ જ મહત્ત્વનો છે. ચિત્રવત થયોલા અસુરોને આવતાં જતાં અનેક લોકો જોતાં હતાં ત્યારે પ્રગટ મૂર્તિ સહજાનંદ સ્વામીને જોઈને એમનું મન એમાં જોડાઈ જાય છે. આવી રીતે અનેક લોકોને સમાધિ કરાવતા હતા અને પોતાના સ્વરૂપનો હૃદયમાં દઢ નિશ્ચય કરાવતા હતા. સર્વોપરિ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ જ છે. શ્રીહરિ ઘનશ્યામ પ્રભુએ કળિયુગના કલિધર્મને ઉખેડીને સત્ય સનાતન ધર્મની સ્થાપના કરીને સત્ય અસત્યનો ભેદ સમજાવ્યો અને સાધુ અસાધુનો ચોખ્ખો ધર્મનિર્ણય બતાવીને ચોખવટ કરી સત્ય પ્રગટ કર્યું.

શ્રીહરિ મહાપ્રભુએ ગુજરાતની ધરા ઉપર ગામો નગરોમાં રાજદરબારોમાં અદ્ભૂત ચરિત્રો કરીને દિવસે દિવસે ચમત્કારો કરીને પોતાનો પ્રતાપ બતાવીને લોકોને પરમ સુખનું ધામ બનાવીને સુખી કરી દીધાં.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં સાતમા યુવા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ વર્ણિએ રચેલ છંદભાષામાં શ્રીહરિએ અસુરોનો ગર્વ ઉતાર્યો એવું આશ્ચર્ય વર્ણન નામનો દશમો તરંગ થયો. ॥૧૦॥**

# તરંગ-૧૧

રાજા કહે છે, હે મુનિરાય ! શ્રી સહજાનંદ સ્વામી પ્રભુ **અમદાવાદથી** પ્રથમ વખત જ **જેતલપુર ધામે** પધાર્યા. ત્યાં રામાનંદ સ્વામીનાં દર્શન થયાં. એ ચરિત્રની કથા મને કહો.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! તમે સાંભળો. તે જેતલપુરમાં મનોહર પ્રભુનાં **દર્શન** તે રમણભૂમિમાં હરિનાં ચરિત્રો થયાં તેની કથા કહું છું તે સાંભળો. તે **જેતલપુર** અનેક પ્રકારનાં જાતજાતનાં વૃક્ષોથી ખૂબ જ શોભતું હતું. ચારેબાજુ હરિયાળી મનોહર મનને ખેંચનારી લાગતી હતી. અનેક વાડીઓ મનને આનંદ આપતી હતી અને તળાવની ફરતા તટ ઉપર કૂવાઓ પાણિનો ભરેલો શોભે છે. ચારેબાજુ રહેલા છે. પુરથી પશ્ચિમમાં **દેવ સરોવર** શોભી રહ્યું છે અને દક્ષિણ દિશામાં મોટો **મહેલ તટ ઉપર શોભે છે.** મનને મોહ પમાડે છે અને સરોવરની પૂર્વ દિશામાં ચારે કોર ઝરુખાઓથી ચારેબાજુ બાંધેલો શોભે છે. તળાવની ખૂબ જ શોભા વધારે છે. સરોવરને ચારેબાજુ તટને પાળ બાંધેલી છે. મહેલની બાજુમાં સુંદર ઘાટ બાંધેલો શોભે છે. ત્રણે બાજુ શોભા વધારે છે. એટલા માટે એ ભૂમિ શ્રીહરિની રમણસ્થળ છે તે ભૂમિ ઉપર હરિએ યજ્ઞ કરીને પવિત્ર બનાવેલી છે. ખૂબ જ ઘી હોમેલ છે. તે જેતલપુરની નરનારીઓ હરિની મૂર્તિનાં દર્શન કરીને પોતાના જન્મને ધન્ય ધન્ય માનતાં હતાં. એકાંતિક ભક્તિ કરીને અનંત જીવો આ ભૂમિ ઉપર થઈ ગયા છે. **ગંગામા** આદિક જેતલપુરની યુવતીઓ એને આસજિભાઈ આદિક ભાઈઓ સર્વ પોતાનાં નેત્રોને પૂતળીની માફક સ્થિર રાખીને સતત હરિનાં દર્શન કર્યાં કરતાં હતાં અને સુખ પામતાં હતાં. પરમાત્મા દિવસે ભોજન કરવા પુરમાં પધારતા હતા. પોતાને ઈચ્છામાં આવે તેજ જનને ત્યાં ભોજન લેતા હતા અને મહેલમાં નિવાસ કરતા હતા. ભક્તજનોને સુખ આપતા હતા. ક્યારેક ક્યારેક મંદિરમાં હરિ ભોજન જમવા પધારતા હતા ત્યારે ક્યારેક એકલા જ પોતે સંતોની સાથે ભોજન જમવા માટે પધારતા હતા. ક્યારેક ક્યારેક શ્રીહરિ મહેલમાં રસોઈનો થાળ મંગાવીને ભક્તોએ ભાવથી લાવેલ તે પુરની નરનારીજનો થાળ લાવીને પ્રેમથી હરિને જમાડતી હતી.

શ્રીહરિ ક્યારેક બાગમાં પ્રેમથી ત્યાગ વૈરાગ્ય મનવાળા થઈને પધારતા ત્યારે તે સરોવરની પાળ ઉપર પશ્ચિમ વિભાગમાં જે બાગ શોભતો હતો. તે બાગમાં ભક્તજનો સંતોની સાથે પધારતા હતા. ત્યારે ત્યાં બોરસડીવાળા બાગમાં બેસતા હતા. ત્યાં ચારે બાજુ પચરંગી ફૂલોની સુવાસ ફેલાતી હતી. તેના હારોને કંઠમાં તથા પગ ઉપર તોરા ધારતા હતા અને શોભતા હતા. ગુલદાવદિ ગુલાબના ગજરા ગુલાબના દડા બનાવરાવતા હતા. કેતકી કેતક કર્ણિકાર કુંદનાં ફૂલો સુંદર જાઈ જુઈ ચમેલી ચંપો માલતી મકરંદ આદીનાં ફૂલોને બધા સંતો લાવીને તે ફૂલોની સુગંધને આવેલ ભક્તજનો સંતો લેતા હતા. શીતલતા કરતા હતા. ફળોમાં ફણસના ફળ દાડમ અંજીર જામફળ જાયફળી આદીને કરુણામૂર્તિ પોતાના હાથમાં લઈને જમતા હતા. કેળાં ફળી નારંગી લીંબું ચકોતરાં સેંતુર વિગેરે ફળોને પ્રભુ જમતા હતા. બે ફળી દ્રાક્ષ અદિર સાલ સાલનાં ફળ સીતાસફળ સોપારી નાળિયેર વિગેરે ફળો હરિ જમીને મુનિજનો તે અતિમધુરા પ્રિય ફળો આપતા હતાં. એ ફળોને જમી સર્વને જમાડીને પછી

હરિ સરોવરમાં પધારતા હતા ત્યારે હરિને આવતા જોઈને જનોનાં મન અતિ હરખાતાં હતાં. તે મનોહર સરોવરમાં કમળનયને મનુષ્યોના મનને આનંદ આપનારા તે સરોવરમાં ભમરાઓ ગુંજારવ કરતા હતા તથા પોપટ શારિકા મેના ચકલી ચકોર ચાતક ચકલાં કોકલાં આદિક હરિની વંદના કરતાં હતાં. કલરવ કરતાં હતાં. કરંડા સાપ જળકુકડાં કરચલા કેકપક્ષી હંસ પક્ષી કબુતરો કાગડાઓ પારેવાં આદિક પક્ષીઓ પ્રભુના મહિમાને ગાતાં ગાતાં કહેતાં હતાં કે ભવજળના તારણહાર પ્રભુ છે.

આવી રીતે પ્રભુ જળની લીલાને પામર ભક્તજનો સંતો ઉપર અતિ કૃપા કરીને કરતા હતા. આ રીતે લીલા કરીને કૃપાલ પ્રભુ વસ્ત્ર ધારણ કરીને મહેલમાં પધાર્યા. ત્યાં મહેલમાં ચોકમાં હરિ મોટી સભા કરતા હતા અને સંતો ભક્તજનોને જ્ઞાન ઉપદેશ કૃપા કરીને આપતા હતા. મહેલમાં સભા મધ્યે સિંહાસન ઉપર શ્યામ પ્રભુ વિરાજમાન થયા. ત્યારે અમૃતમય દૃષ્ટિથી સર્વની સામે જોતા હતા. ચંદ્રસમાન મનોહર મુખકમળ કામદેવના મદને હરનારા એવા કારુણ્ય મૂર્તિ લોકોનાં મનની અંદર પ્રકાશતા હતા. ત્યારે એમના ચરણ તળમાં સોળ ચિહ્નો શોભી રહ્યાં હતાં. લોકોના મનને ખેંચતાં હતાં. એવા ચાતુર્ય ચપળ મૂર્તિ હરિ શોભતા હતા. ચરણમાં મત્સ્ય, કેતુ આદિ ચિહ્નો શોભતાં હતાં તથા સર્વના મન મેલને તોડતાં હતાં. બંને જાનુ-કેળના થાંભલા જેવાં સાથળ તથા કટી ચિહ્નવાળા ઊંડી ગોળ નાભિવાળા ખૂબ જ શોભતી હતી. ઊંચું વિશાળ ઉદર (પેટ) જેમનું છે. વક્ષસ્થળમાં શ્રીવત્સના ચિહ્નવાળા જીવના પાપને નાશ કરનારા એવા. ઝાનુપર્યંત લાંબા હાથવાળા જીવોને અભય સુખ આપનારા કકુદ દૃષ્ટિ અંશવાળા ઊંચા કંઠવાળા મનોહર સુંદર અંગોવાળા દીર્ઘ દૃષ્ટિવાળા ઉત્તમ અંગોવાળા સુંદર કેશવાળા વર્ણિય વેશ જેમનો છે એવા સફેદ વસ્ત્રોને ધારણ કરેલા મનોહર મૂર્તિ શોભા આપતા હતા. બધાં લોકોને તે સમયે દૂરથી દર્શન થતાં હતાં ત્યારે લોકો દર્શન કરવા આવ્યાં ત્યારે લોકોની સભા ભરાઈને બેઠી હતી ત્યારે હરિનાં દર્શન કરીને હૃદયમાં આનંદ થયો. હરિએ એ સમયે મસ્તક ઉપર તોરા ધારણ કરેલા હતા. કંઠમાં હાર ધારણ કર્યા હતા. કરકમળમાંથી અભય વરદાન આપતા. એવી તે હરિની મૂર્તિ હૃદયમાં ધારણ કરી લીધી.

તે જ સમયે મુનિના વેશને ધારણ કરેલા મહાપુરુષ પધાર્યા. એમણે કંઠમાં કમળની માળાને ધારણ કરેલી તેનાથી એમની કાંતિ કમલ સમાન વિશાળ જોઈને તેને એકાગ્ર ચિત્તે જોઈ રહ્યા હતા. હરિને વિશે અતિશય પ્રેમથી પ્રવાહને લીધે હરિનાં દર્શન કરવા હરિનાં નેત્રની સાથે દૃષ્ટિને તે સંતે હરિના સ્વરૂપમાં જોડી, આવી રીતે તે બંને એકાગ્ર દૃષ્ટિથી જાણે ચિત્ર દોરેલાં ન હોય તેમ લાગતાં હતાં ત્યારે બંનેના નેત્રમાં પાણી આવ્યાં તે આશ્ચર્યને બધા જ ધ્યાન ધરનારા ધ્યાનમાં જોતા હતા. આવી રીતે બંને મુક્તો અરસપરસ એક ઘડી સુધી જોયા કર્યું. ત્યાર પછી સુખ સિંધુમાં આનંદ ઓઘમાં જીલતા રહ્યા. ત્યાર પછી પ્રભુએ તે મુનિઓને પાસે બોલાવ્યા. સોનેરી કેળાનાં ફળો બંનેના હાથમાં આપ્યાં. અવનિ પતિએ સુખી કર્યા. તેઓ હરિનાં બહુ જ મહિમાને જાણતા હતા. તેથી હરિને અમે હરિના સંતોને ખૂબ જ ભાવપૂર્વક વંદન કરીને પ્રગટ પ્રભુના રૂપને પોતાના અંતકરણમાં ધારણ કરીને નમ્રભાવથી તે બંને મુનિઓ ચાલતા થઈ ગયા. તે જ સમયે આખી સભાના સભાજનો તે મુખકમળને મહારાજના એકાગ્રતાથી જોતા હતા ત્યારે એક હરિભક્ત પૂછતા હતા કે, પ્રભુ કોણ અત્યારે દર્શન કરીને ગાયાં ? પ્રેમના પ્રવાહની તરંગોમાં તે મહાસાગરમાં એકરૂપ થઈને ગયેલા તે મુનિવરોની વાત અમને કહો. અમારે આ બધી લીલા સાંભળવાની ચાહના છે તે કહો. ત્યારે મંદહાસ્ય મુખકમળને કરીને અમૃતસમાન મધુર વચનોથી શ્રીહરિ પ્રેમથી કહેવા લાગ્યા. આજે આવ્યા હતા. તે તો સંપ્રદાયના તિલકરૂપ શિરતાજ તેજ રામાનંદ સ્વામી પોતે જ

હતા ઉદાર મૂર્તિ. તેઓ દિવ્યદેહે આ સતસંગમાં વિચર્યા કરે છે. આજે અહીં દર્શન દેવા આવેલા હતા. આજે જે દર્શન થયાં તે તો અમારી ઇચ્છા હતી તેથી દર્શન થયાં.

જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન સ્વધામ પધાર્યા ત્યારે ધર્મનિધુરા ધારણ કરાવી હતી. અનંત જીવોને પોતાના ઉપદેશથી આશ્રિત કર્યા. તેઓના કલ્યાણ કરવા ધામમાં તેઓ લઈ જાય છે. હરિની સમાન જ બધા જ ગુણો એમનામાં આપે છે ત્યારે હરિને પોતાના સ્થાન ઉપર સ્થાપીને પોતાના ઇષ્ટદેવ શ્રીકૃષ્ણ તો એમની પાસે ગયા. એ ઉદ્ધવ શ્રીકૃષ્ણ ભગવાનના એકાંતિક આશ્રિત હતા. તે જ ઉધ્ધવ રામાનંદ સ્વામી સ્વરૂપે અમારી ઉપર ખૂબ જ પ્રેમભાવ હતો. તેથી ક્યારેક ક્યારેક અમારાં દર્શન કરવા આવે છે. આજે જ તમને બધાને દર્શન થયાં તે તો અમારી ઇચ્છા હતી તેથી પ્રત્યક્ષ દર્શન કરવા આવ્યા ત્યારે તમને દર્શન થયાં. આવી રીતે હરિના મુખથી આનંદ આપનારી વાત સાંભળીને જેમ ચંદ્ર પોતાની ચાંદનીથી વનસ્પતિને પોષે છે તેમ હરિના મુખથી આનંદ પામતા હતા. તેમજ શ્વેતદ્વિપના હરિના મુક્તો સતત હરિનાં દર્શન કરવા આવતા જતાં હતાં.

એવી રીતે હરિનાં ચરિત્રોનાં આશ્ચર્ય જોઈને આખી રાત જેતલપુર ભૂમિમાં આનંદ પામ્યા. અનંત જીવોને સમાધિમાં દર્શન આપતા અને બ્રહ્મપુરધામનાં દર્શન કરાવતા હતા. ત્યારે જગતનાં લોકોએ આ ચરિત્રની વાતને સાંભળીને તરતજ તે ચાલીને આવ્યા. તેઓ બધા જ વાતો સાંભળીને ખૂબ જ આશ્ચર્ય પામ્યાં. ખૂબ જ નિશ્ચિંત થઈને આશ્રય કરતાં હતાં. આ રીતે હરિનો જય જયકારનો વિકાસ જોઈને અસુર લોકોનાં મનમાં તણખા જરતા હતા. બળતા હતા ત્યારે એક દિવસ તેજ અસુરોમાંથી એક અસુર આવ્યો. તે કપટ કરીને પોતાના હાથમાં હથિયાર ઢાંકીને મનમાં મેલી મુરાદ કરીને આવ્યો. શ્રીહરિ સભા કરીને બેઠા હતા. એ પ્રમાણે જોઈને તે દુષ્ટ પણ નજીકમાં જઈને બેઠો. ત્યારે એના ચિત્તની અસ્થિરતા તથા અતિ ચપળતા દષ્ટિને અસ્થિર જોઈને એની બોલી પણ અતિ વિકૃતતા વાળી હતી તે જોઈને તેના મસ્તક ઉપર વાળ વિખરાયેલા. વાળ જોઈને વસ્ત્રથી શરીરને ઢાંકીને હાથમાં કપછને ઢાંકીને કટારને લઈને હરિની ઉપર ઘા કરીને મારી નાખવાના ભાવથી જોતાં થકાં બેઠો હતો. એમ દેખાણું. તેનું ચિત્તની ચંચળતા કાગડાના જેવી ક્રુરતા વાળી જોઈને જગતના પાલનહાર એનાં બધાં જ ચારિત્રને જાણતા જ હતા. ચંચળ મૂર્તિ સર્વના ચિત્તને ચોરનારા તે દુષ્ટ પાપીને ભૂલાવીને પ્રભુ પાપીની તરફ ગયા. તે જ સમયે શ્રીહરિ આસનથી ઊભા થઈને તે દુષ્ટ તરફ પધાર્યા. એને અસુર જાણીને પોતાના કરકમળથી એની જટા પકડીને ભયંકર રીતે માર મરાવતા હતા. ત્યારે ડુંગરજી આદિ પાર્ષદો મુઠિઓ અને લાતોથી માર મારતા હતા અને એની જટાને મૂળમાંથી ઉખાડી નાંખી અને હાથમાંથી કટારને છીનવી લીધી. આ રીતે શિક્ષા કરતાં હરિએ જોયું એટલે દયા આવી ગઈ. તેને છોડાવી લીધો અને પ્રભુ સભામાં આવીને પાછા બેઠા. પોતાના ભક્તોને દર્શન આપવા લાગ્યા.

શ્રીહરિ કૃપા કટાક્ષા કરીને સર્વે ભક્તજનો પ્રત્યે અમૃત વાણીથી કહેવા લાગ્યા. હરિ કહે, આવનારાં સુખદુઃખ બધાં જ મારી પ્રેરણાથી જ આવે છે. એટલા માટે સર્વનો પ્રેરક હું જ છું એમ જાણો. હું મારા આશ્રિતજનોની ધિરજને જોવા માટે હું પ્રેરણા કરું છું. મારી ઇચ્છા વગર તો ભવસાગરને જગતને તરવા માટે કોઈ સમર્થ થઈ જ ન શકે. સ્વબળે કોઈ તરી જ ન શકે. નિગમ આગમ વેદવેદાંત બધાં જ આના રહસ્યને સમજાવે છે. અને સર્વના કારણના કારણ તો આ શ્રીહરિને જ જાણજો. નિશ્ચે માનજો. તમને જે મારી પ્રાપ્તિ થઈ છે તે પણ મારી ઇચ્છાથી જ થઈ છે. બધાનો ફળ પ્રદાતા તો હું જ છું એ પ્રમાણે જાણજો. ત્યાર પછી દેશદેશાંતરથી

આવેલા ભક્તોને હરિ પોતાની પાસે બોલાવીને શ્રી ઘનશ્યામ પ્રભુ એમને બધાને વારાફરતી સુખ સમાચાર પૂછી મધુર અમૃત વાણીથી સુખ આપીને ઉપદેશની વાતો કરીને તૃપ્ત કર્યાં. સુખધામી પ્રભુએ સર્વેને રાજી કર્યા. ત્યાર પછી બધાને પોતપોતાને દેશમાં પોતાના ઘરે જવાની આજ્ઞા આપીને વિદાય કર્યા. આવી શ્રી ઘનશ્યામ પ્રભુની લીલાને જે જીવભાવથી સાંભળે છે તેનું મનન કરે છે. તે જીવાત્મા હરિના પરમ પવિત્રધામને પામે છે.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં સાતમા યુવા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ વર્ણિએ રચેલ છંદભાષામાં શ્રીહરિલીલાભૂમિ શ્રીક્ષેત્ર જેતલપુરમાં લીલા કરી તેનાં કથનરૂપ આ અગિયારમો તરંગ થયો. ॥૧૧॥**

# તરંગ-૧૨

પ્રતાપસિંહ રાજા કહે છે, હે મુનિરાય ! આસુરી વિપ્ર આવેલો. તેને હરિએ આશ્રિત કર્યો. એને બાળક વિપ્ર પાસે વેદ બોલાવરાવ્યા તથા અનેક થાળોને એક સાથે જમ્યા એવી બધી લીલાઓ મને વિસ્તારથી કહો.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! સર્વ જગતમાં એક જ પુરુષોત્તમ સર્વ જગતના સ્વામી શ્રીહરિ અમદાવાદ પધાર્યા. તે લીલાને આશ્ચર્ય કરનારી છે. તેને ક્રમ પ્રમાણે કહું છું તે તમે ધ્યાનથી સાંભળો. શ્રીહરિ નારાયણ પ્રભુ સંતો પાર્ષદોની સાથે પાછાં અમદાવાદ પુરમાં પધાર્યા. ત્યાં પોતાના ચરિત્રો પુરનાં લોકોને બતાવવા માટે હરિ પોતે સામેથી એમની પાસે જાય છે. જે લોકો સન્મુખ આવે છે તેમના ત્રણે પ્રકારના તાપો દુઃખો નાશ પામે છે. મન અતિશય આનંદવાળું થાય છે. જેમ સૂર્યનારાયણનાં ઉદય થવાથી કમળવન ખીલી ઊઠે છે તેમ જીવોને આનંદ થાય છે. સુખ પામે છે. જેમ લોભી હોય એને ધન મળે ને તરસ્યાને જેમ પાણી મળે ને રાજી થાય તેમ તથા મનુષ્યો હોય તેને અન્નભોજન મળીને સુખ થાય તેમ નગરજનોને ભગવાન મળે છે ત્યારે તેઓ અતિ આનંદ પામે છે. સુખી થાય છે. હરિ આવ્યા ત્યારે તેઓ પ્રભુના ચરણમાં પડ્યા. વંદન કર્યાં અને અનેક પ્રકારની ભેટો અર્પણ કરી તથા પુષ્પના હારો કંઠમાં પહેરાવ્યા. મસ્તક ઉપર તોરા ધારણ કરાવ્યા. ત્યારે ચતુરવર અતિ ચંચળ ચાલાક ઘોડા ઉપર અસવાર થઈને અલૌકિક ચરિત્રને કરતા હતા. હરિ મુનિજનોથી વિંટાયેલા હતા. તે મૂર્તિને સર્વે નગરજનો અતિ મનોહરતાથી આવીને દર્શન કરતાં હતાં. શ્રીહરિ જ્યારે નગરના દરવાજાથી નગરમાં પ્રવેશ કરતા હતા. ત્યારે લોકોને ખબર પડી એટલે સર્વેજનની મેદની દોડીદોડીને હરિને જોવા માટે આવતી હતી. હરિ પણ સર્વના મનને અતિશય આકર્ષણ કરતા હતા. આકાશમાં દેવોની દુંદુભિઓ વાગતી હતી. ત્રાંસા આદિકનો મોટો ઉદ્‌ઘોષ થતો હતો. ત્યારે આકાશમાં સુરમુનિની ભીડ થઈ. અને ભૂમિ ઉપર મનુષ્યોની ભીડ થઈ હતી. તેને શ્રીધર્મ કિશોર પ્રભુ જોતા હતા. સ્ત્રીઓ પોતાનાં ઘરનાં બધાં જ કામોને છોડીને દોડતાં હતાં. પોતાના નેત્રના ફળને સફળ કરાવા તથા મનુષ્ય જન્મને સફળ કરવા દર્શન કરતાં હતાં. અને ફરી એમના ભવના રોગોને ટાળતાં હતાં. ત્યારે દેવતાઓ આકાશમાંથી પુષ્પનો વર્ષાદ કરતા હતા અને શ્રીહરિના જય જયનો ઊંચે સ્વરે ઉચ્ચાર કરતા હતા. એવી રીતે હરિ સુખ આપતા થકા પોતાના આશ્રિતજનોનો ઉદ્ધાર કરવા મંદિરમાં પધાર્યા. મંદહાસ્યયુક્ત મુખકમળમાંથી અમૃતમય વચનોથી કરુણામય દૃષ્ટિથી જોઈને લોકોના પ્રાણને ખેંચતા હતા. કેમકે જેઓ જિજ્ઞાસાથી આવતા હતા. એને આંતર સુખ આપતા હતા. સુખ પમાડતા હતા.

હે રાજન્ ! **અમદાવાદમાં** પધારીને શ્રીહરિએ એક દિવસ અતિ સુંદર ચરિત્ર કર્યું. તે ચરિત્રની વાર્તા હું તમને કહું છું તે સાંભળો. એક દિવસ શ્રીહરિ પ્રભુ હેત સહિત એક હરિભક્તના ઘેર જમવા માટે પધાર્યા. બ્રાહ્મણોની સ્ત્રીઓ અનેક પ્રકારનાં ભોજનોના થાળો ભરીને અનેક થાળો લાવ્યાં શ્રીહરિ બધાના થાળને પ્રેમથી આરોગી. પોતાના આશ્રિતોને આનંદ આપતા થકા કહેવા લાગ્યા મારે જમવું છે, તમે થાળ ભરીને લાવો. મને ભૂખ લાગેલ છે ત્યારે પ્રેમીભક્તો થાળ ભરીને લાવ્યા. હેતપૂર્વક શ્રીહરિને પ્રેમથી જમાડ્યા. ત્યાર પછી મુખશોધન કરીને મુખવાસ જમ્યા પછી સિંહાસન ઉપર વિરાજમાન થયા. ભોજન જમાડ્યા પછી જાતજાતના અનેક પૂજા પદાર્થોથી અર્ચન પૂજન કરીને અનેક પુષ્પના હારો ધારણ કરીને ગરકાવ કર્યાં. ત્યાર પછી ધુપદીપ આરતી કરીને બધાં જ લોકોનાં મનમાં આ છબી દૃઢ થઈ ગઈ આનંદ પામ્યા.

હે રાજન્ ! શ્રીહરિના મુખને જોઈને આનંદ પામતા થકા સર્વે સંત સમાજ હરિજનો દર્શન કરીને રાજી થયાં. તેની હવે વાત કહું છું. તે તમે સાંભળો. **આશારામભાઈ, દુર્લ્લભરામ, દયારામ, નથુભાઈ, જીવણભાઈ, મંગળભાઈ, પુરુષોત્તમ, હેમંત, કાશીરામ, ગણપતરામ, સોમેશ્વર, હિરાચંદ, રણછોડભાઈ, ઈચ્છારામ, બેચરદાસ, દામોદર,બે રણછોડ દયાળ, માણેક લાલદયાલજી, પિતાંબર વિગેરે ભક્તો તથા શિવકુંવર, અંબાભાઈ, ગંગાબાઈ, ગલિભાઈ, મયાબાઈ, કુંવર કકરાબા, નિલકુંવર, લક્ષ્મી શાંમભાઈ, આંબાભાઈ** આદિક સ્ત્રીઓ અનેક નારીઓ પુરુષો સર્વેની સ્થિતિની શું વાત જ કરું એવાં અતિ સુખ પામ્યાં. પ્રભુએ એમની ઉપર કૃપા કરી. તે જ સમયે અપાર અસુરો દુર્જનો હરિના પ્રતાપને જોઈને બળી મરતાં હતાં. હરિના ઉત્કર્ષને જોઈને દાજતાં હતાં. તેમાંથી બે જણાં અસુરરાજો આવ્યા. તેમાં એક તો ખાખી અને બીજો બ્રાહ્મણ પોતાનાં ધર્મકર્મને ત્યાગીને પાપાચાર કરતા હતા. એમણે હાથમાં લોખંડનાં ત્રિશૂળ અને ચીપિયો લીધેલાં હતાં તે ભયંકર લાગતાં હતાં. લોકોને ધૂતવા માટે ભગવાં વસ્ત્રો ધારેલાં હતાં. મુખેથી ગાળોનો વર્ષાદ કરતા હતા. બ્રહ્મભાવનો ત્યાગ કરનારા હતા. હરિને જોઈને તેને મારવા તરત જ દોડી આવ્યા.

બ્રાહ્મણ હતો તે વિદ્વાન વેદને જાણનારો હતો. ઈતિહાસ પુરાણનો અભ્યાસ કરેલો હતો પણ આસુર રાજાની સાથે સંગસહવાસથી તે પણ અસુર વૃત્તિવાળો થયો હતો. દેવીનો ઉપાસક થયો હતો ને હરિભક્તોનો દ્વેષી થયો હતો. તે અતિ મોટો અમલદારી અધિકારી હતો. અહંકારવાળો અભિમાની હતો. મુખથી અપશબ્દોને બોલનારો હતો. તે હરિની પાસે આવીને દબાઈને બેઠો અને ચારેબાજુ બીજા અસુરો આવીને બેઠા. ક્રોધમાન અને ઈર્ષા સાથે તે અસુરો ધૂરકિયું કરતા થકા કહેવા લાગ્યો કે, હે જીવનમુક્તા ! તોફાન કરતા થકા અહીં કેમ આવ્યા છો. ધ્યાન સમાધિનો ધંધો કરતા રહો છો અને લોકોને ભરમાવતા રહો છો. તમારા પોતાના સંતો સિવાય બીજા બધા સંતોની તમે કેમ નિંદા કરો છો ? જ લોકોની પાસે તમે તમારું જ ભજન કરાવો છો અને તમે પોતાને કેમ ભગવાન કહેવરાવો છો ? પોતાના મહાત્મ્ય સમજાવો છો અને બીજા ધર્મોને તમે ફિકા પાડો છો તે શું બરોબર કરો છો ? તમે આખા શહેરમાં લોકોને ભરમાવ્યા છે. અને તમે અહીંયાં અડ્ડો જમાવીને બેઠા છો એટલે તમને અમે પૂછીએ છીએ. એનો તમે તરત જ જવાબ અમને આપો ત્યારે હરિ કહે કે અમારું દૈવત જોઈને અમને ભગવાન માને છે. જેમાં દૈવત ન હોય તેઓનો લોકો ત્યાગ કરે છે. એ જ સત્ય છે. જેઓ અમને કહે છે કે અમને સામર્થ્ય બતાવો. એમને જ અમે સામર્થ્ય બતાવીએ છીએ. તમે કહો તો તમને પણ બતાવીએ.

ત્યારે તે શાક્તદ્વિજ કહે, અમને તે તમારું સામર્થ્ય છે તે બતાવો, અને જો ન બતાવો તો આ અમદાવાદપુર

અમારું છે. તેમાંથી તમો તુરત જ જતા રહો ત્યારે શ્રીહરિ પ્રભુ પાસે અનેક ભક્ત જનો હતા તેઓને બધા જ અસુરો ભેગા થઈને મારવા માટે હુમલો કરી મારવા લાગ્યા ત્યારે શ્રીહરિ એમને રોકતા હતા. ત્યારે તે અસુરોએ હરિ પ્રભુનો નિર્માનિ ભાવ જોઈને કહેવા લાગ્યા કે અત્યાર સુધી તમને અમારા જેવા આ પુરમાં કોઈ મળ્યા જ નથી તેમ લાગે છે. તમે તો આ પુરમાં ઘણા જ દિવસથી રહ્યા છો પણ આજે વામમાર્ગવાળા અમે આવ્યા છીએ એને તમે ઓળખી લેજો. કેમકે તમે તો સાચા સાધુતાવાળા છો અને અમે તો તમારાથી નાના અને નીચા છીએ માટે તમે તરત જ અમને તમારો પ્રતાપ બતાવો.

ત્યારે અસુરોના ગર્વને તોડનારા શ્રીહરિ ઘનશ્યામ પ્રભુએ કોઈક મગધ દેશનો એક બાળક અભણ અને મંદ બુધ્ધિવાળો હતો તેને સભામાં ઉભો કર્યો અને શ્રી હરિએ તેને વેદ બોલવા માટે કહ્યું ત્યારે બેય અસુરના જુથમાંથી શાક્ત બ્રાહ્મણ હતો તે કહેવા લાગ્યો અમને અર્થસહિત માર્મિક ભેદની સાથે ત્રણે વેદના મંત્રોને સારી રીતે સમજાવે તે જોવું છે. ત્યારે શ્રીહરિ કહે આ મગધનો બાળક છે તે તમારા કહેલા વેદના ઉત્તરો આપશે. તમે એને પૂછો એ પ્રમાણે ઉત્તરો આપશે. ત્યારે તે બ્રાહ્મણ ઠાવકાઈ કરીને કહેવા લાગ્યો કે આ તો બાળક એકે અક્ષરને જાણતો જ નથી. તે શું ઉત્તર આપવાનો છે એમ ધારતો હતો. ત્યારે તે બાળક પ્રભુની ઈચ્છાથી રઘુછંદ વેદમંત્ર બોલવા લાગ્યો અને તેના અર્થને સુંદર રીતે હરિની પ્રેરણાથી સમજાવતો હતો. સામવેદના મંત્રને અંગસહિત બોલતો હતો. તે બાળક સુંદર રીતે ગાઈને સમજાવતો હતો. ત્યારે તે બ્રાહ્મણ બાળક પાસે યજુર્વેદના મંત્રો બોલાવતો હતો. ત્યારે તે બાળક જુદાજુદા મંત્રોના પ્રકાર પ્રમાણે બોલતો હતો. તેઓ અર્થસહિત પૂછતા હતા તે પ્રમાણે ઉત્તર આપતો જોઈને બધા આશ્ચર્ય પામવા લાગ્યા. આ રીતે ષડ્શાસ્ત્રને પણ અર્થસહિત તે બાળક વ્યવસ્થિત રીતે બોલીને સમજાવતો હતો અને અસુરો સાંભળીને આશ્ચર્ય કરતા થકા પૂછતા હતા અને તે બાળક તરત જ તેના ઉત્તરો આપતો હતો. આ રીતે આગમ નિગમના રહસ્યને બાળક સુંદર રીતે બોલતો હતો. આ જોઈને અસુરો અંદરો અંદર ચર્ચા કરવા લાગ્યા કે આ બાળક તો કાંઈ બોલાવાનું જાણતો જ ન હતો. આને બોલાવનારા તો સાક્ષાત્ નારાયણ પ્રભુ જ છે. બધા જ ચકિત થઈ ગયા. ત્યારે બધા જ દુષ્ટ બુદ્ધિવાળા ખાખીઓ જાદુના ડરથી દૂર ભાગવા લાગ્યા. અને બોલવા લાગ્યા કે આપણા બ્રાહ્મણ ઉપર આમણે જાદુ નાંખી દીધો છે.

આવી રીતે તે પાપી આસુરી બ્રાહ્મણ ત્રાસ પામીને હાથ જોડીને શ્રીહરિને નમ્રતાથી કહેવા લાગ્યો. હે મહારાજ ! હું આપનો અપરાધી છું. મારા અપરાધને ક્ષમા કરજો. આપ તો મહાન છો. હું આપની વાતમા સહમત થયો છું. નિગમ આગમ આદિક તથા વ્યાસ આદિ જે કોઈ ગુણ ગાય છે. એ સર્વના તમે કારણરૂપ છો એટલા માટે આપ અમને ક્ષમા કરો. પ્રગટ પ્રભુ સંતોની સાથે અમારી ઉપર કૃપા કરો. તમે નારાયણમુનિ પ્રભુ આપ તો શ્રીકૃષ્ણના નામથી પ્રસિદ્ધ છો. આપ તો નિષ્કામ વ્રતવાળા છો. અત્યારે લોકોના કલ્યાણ કરવા માટે જ પૃથ્વી ઉપર પ્રગટ થયા છો. આપ આપના ભક્તો મુક્તો સંતો સહિત પધાર્યા છો. પરંતુ હે દેવાધિદેવ ! આપ તો સર્વનાથી ઉપર જ રહેનારા છો. સર્વોનિ ઉપર બ્રહ્મધામમાં વિરાજો છો. આપ મતપંથોને દબાવી દો છો. આપ ધર્મદેવના ઘેર પ્રગટ થયા છો. તે સત્ય ધર્મસ્થાપના કરવા માટે જ થયો છે. હે હરિ ! બધા જ મતવાદીઓ પોતાને સુર (દેવ)કહે છે પણ પોતે તો મહા અસુરો જ છે.

હે હરિ ! આ બધું જ તોફાન અમે જ કરાવ્યું હતું. એ અપરાધ માફ કરજો એવી માગણી છે. આપે અમને મહાભયંકર પાપમાંથી છોડાવ્યા છે. માટે આપના ચરણકમળનો આશ્રય આપીને અમારા હૃદયમાં વિરાજમાન

થાઓ. હે હરિ ! અમારી માતા દૂર ઊભી છે. તેને હું જોઉં છું. વધારે પડતું આપના ચરણના આશ્રયમાં જોઈને પુત્ર અને માતા બંને આપના શરણમાં આવ્યા. હે નારાયણ પ્રભુ ! આપનો દઢનિશ્ચય કર્યો છે.

શ્રીહરિએ તે શાક્ત બ્રાહ્મણની અરજને સાંભળીને તેને અગિયાર પ્રકારના નિયમ આપ્યા. તે બ્રાહ્મણ નિયમને દઢપણે પાળે. નિર્મળ મન રહે શ્રીહરિએ એવો આશીર્વાદ આપ્યો. તે બંને મનને નિર્મળ રાખીને સાત્ત્વિક ભાવથી ભજન કરે. તે બન્ને બ્રાહ્મણોએ અતિ વિનયભાવથી હરિપાસે વરદાન માંગ્યાં. હે પ્રભુ ! જ્યાં સુધી મારા ઘરે થાળ કરીને ન જમો ત્યાં સુધી અહીં જ શહેરમાં જ રહો. હરિએ દયા કરીને તે બ્રાહ્મણના ઘેર સંતો પાર્ષદોની સાથે પધાર્યા અને સુખ આપ્યું. ત્યાં જાતજાતનાં ભોજનો શ્રી ઘનશ્યામ પ્રભુને જમાડ્યા. કેશર ચંદન અને સુગંધિ પુષ્પોના હારો અને ચંદનથી અર્ચના કરીને અનેક પદાર્થોથી પૂજન કર્યું. ત્યાર પછી પહેલાં અગરબત્તી ચાલુ રાખીને આરતી કરતા હતા.

એવી રીતે શ્રીહરિ મહાપ્રભુ અમદાવાદ નગરમાં રહીને પોતાના આશ્રિત ભક્તજનોને સુખ આપ્યું અને અનેક લોકો શ્રીહરિનું ભજન કરતા હતા. દુર્જનો અસુરો મલિનભાવથી બળતાં હતાં.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં સાતમા યુવા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીપુરમાં ભોજનો જમ્યા. આદિક લીલા અસુરનાં ગર્વને હણનારા બ્રાહ્મણને આશ્રિત કર્યો. શરણાગત કર્યા એ કથાનું વર્ણન એ નામે બારમો તરંગ થયો. ॥૧૨॥**

# તરંગ-૧૩

રાજા કહે છે, હે મુનિવર ! આપ મને શ્રીહરિ અમદાવાદથી મુળિપુર પધાર્યા એની લીલાનું વર્ણન કરીને માર્ગમાં ક્યાં ક્યાં રોકાણ કરતાં થકાં પધાર્યાએ લીલા કહો.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! અમૃતરસ સમાન હરિનાં ચરિત્રોને જે ગાય છે. વર્ણન કરે છે. ભાવસહિત સ્મરણ કરે છે તે નરનારિને અમરપદ (મોક્ષ)પ્રાપ્ત થાય છે. શ્રીહરિ સહજાનંદ સ્વામી પ્રભુ એકવાર **અમદાવાદથી ચાલ્યા** ત્યારે બધાં જ સ્ત્રીપુરુષો અતિશય વિલાપ કરતાં હતાં ત્યારે તેઓ સર્વે નગરની બહાર આવ્યાં. ભગવાન સ્વામિનારાયણ પાસે જ્યારે આવીને મૂર્તિનાં દર્શન કર્યાં ત્યારે લોકોના મનમાં ખૂબ જ આનંદ થયો. મુનિજનોના સમુદાય સાથે કમલનયન સર્વના સ્વામી ચંચળમૂર્તિ સર્વના મનને ખેંચતા હતા. તે જ સમયે હરિના સ્વરૂપની તરંગિની કાયા જોઈને કૃતકૃત્ય થયા અને હરિ પોતાનાં વસ્ત્રોને ઉતારીને નવાં વસ્ત્રો ધારીને સર્વજન સમુદાયનાં મનને હરિ ચાલતાં થકાં ખેંચતા હતા.

અમદાવાદની નજીકમાં **સરખેજમાં** પોતાના ભક્તના ઘેર પધાર્યા અને ભક્તજનો દર્શન કરવા પધાર્યા. દર્શન કરીને આનંદ પામ્યાં. ત્યાંથી હરિ **સાણંદપુરે** પધાર્યા. ત્યાં રાતનો સમય થયો એટલે મેડા ઉપર રોકાણ કર્યું. ખૂબ જ શોભતા હતા. ત્યાંથી પ્રભુ **મછિયાવ** ગામે પધાર્યા ત્યારે ત્યાંના રાજા **સુરસિંહ** સામા આવ્યા. હરિનાં દર્શન કર્યાં પોતાના ઘેર પધરાવ્યા. હરિને ઉતારો આપીને પછી રાજાએ સુંદર સ્વાદિષ્ટ રસોઈ બનાવીને હરિને ખૂબ જ ભાવથી જમાડ્યા. માતા, પત્ની, પુત્રની પુત્રવધુ, ભાઈઓની સાથે હરિને રાખવાનો આગ્રહ કર્યો એટલે રહ્યા. ઘનશ્યામ પ્રભુ સંતોની સાથે ત્યાં રાજાના મહેલમાં રહેતા હતા. ત્યાં એકાંતિક ભક્તો અને સંતોની મોટી સભા થઈ. તેમાં તેજ સમયે હરિએ વાત કરી. તેનાથી સંતસમુદાયને વાતો સુખ આપનારી થતી હતી.

અમારા આશ્રિત ત્યાગીઓએ સ્ત્રીનો આઠ પ્રકારે ત્યાગ રાખવો તથા ધનનો પણ એ જ રીતે દૃઢતાથી ત્યાગ કરવો તથા નિષ્કામી, નિસ્વાદી, નિર્માનિ, નિર્લોભિ, નિસ્નેહિ વર્તમાનમાં કાયમ રહેવું. સુખદુઃખના વાતાવરણમાં સમભાવ રાખવો. ક્યારેય કોઈની સાથે ઝઘડો કે વાદવિવાદ ન કરવો. તે દુઃખ આપનાર છે. મારા ચરિત્રનો ઉપદેશ કરવો. ચરિત્ર સાંભળવાં. ચરિત્રનું ચિંતવન કરવું. આ રીતે મારા સ્વરૂપની સાંગભક્તિ મહાત્મ્ય સહિત કર્યા કરવી. પ્રેમથી ભજન કરવું. મન કર્મ વચને ભક્તિકાર્ય કરવું અને મારા સ્વરૂપનો દૃઢ આશ્રય રાખવો. મનને ક્યારેય ચલાયમાન ન થવા દેવું. મારી આજ્ઞાનું ક્યારેય મારા સંતે ઉલંઘન ન કરવું. નિર્માનિ ભાવથી વિવેકપૂર્વક દૃઢતાથી મર્યાદા પાળવી. દેશ કાળને અનુકૂળ જોઈને તેની અનુસાર હરિભક્તોએ પોતાના વ્યવહારો સારી રીતે ચલાવવા કોઈ જાતના ફળની આશા રાખ્યા વગર પરિશ્રમ કરવો. જે ખેંચાતાણ વાદવિવાદ કરે તે યોગ્ય ન કહેવાય. અમારા આશ્રિતોએ ખાસ ધ્યાન રાખીને રહેવું. ભગવાનના ભક્તને ભજન કરવામાં જે જે વિઘ્ન કરનાર છે તેનો ભગવાનના ભક્તોએ ત્યાગ કરવો જોઈએ અને સતત સંતોનો નિત્ય પ્રત્યે સમાગમ કરવો જોઈએ અને મારાં ચરણકમળમાં પ્રેમ રાખીને ભજનભક્તિ કરવી. શરીરને અને ધનને તણખલાંની માફક સમજીને મારા આશ્રિતજનોને સેવવાં અને કુટુંબપરિવાર તથા કુસંગિજનોથી હેત ન રાખવું એ રીતે જે વર્તે છે તે ભક્તજનો મને પ્રિય છે.

આવી રીતે ભક્તજનો સંતોને આનંદ આપતા થકા પોતાના ભક્તજનના ઘેર રહીને સર્વને આનંદ આપતા હતા. પછી મુનિવૃંદની સાથે મહાપ્રભુ **દદુકાપુરે** ભક્તજનો ઉપર દયા કરીને પધાર્યા. **દદુકાપુરમાં** રાત રોકાઈને પોતાના ભક્તના ઘેરથી ચાલીને પ્રભુ **કડુ ગામે** આવીને રાત રહ્યા. ત્યાંથી શ્રીહરિ પછી **કેશરપુર પધાર્યા.** ત્યાં સંતોની હરિભક્તોની સાથે રાત રોકાયા. જગતના દેવ મહાપ્રભુ સર્વ લોકોના મનને આનંદ આપતા થકા **અંકેવાળિયાપુર** પધાર્યા. હરિ અને સંતોને જોઈને લોકોને ખૂબ જ આનંદ થયો અને પ્રભુ **વિશરામ ભક્તના** ઘેર પધાર્યા. રાત ત્યાં રોકાવાનું નક્કી કરીને ભોજનપાણી કર્યાં તે અરોગીને સર્વને ભાવથી જમાડીને પોતાના આશ્રિત ભક્તજનોને પૂર્ણ મનવાળા કર્યા. રાત્રે શયન કરીને જ્યારે વહાણું થયું ત્યારે જાગીને હરિ અને સંતો ભક્તજનો સર્વે **મેથાણપુર** જવા માટે પ્રયાણ કરતા હતા. હરિ મહાપ્રભુનું આવવાનું જાણીને હરિભક્તો ગામના બધાં લોકો સામા દોડવા લાગ્યાં. સંતોની સાથે શ્રીહરિ પ્રભુને જોઈને દર્શન કરીને જન્મમરણના રોગોને ટાળતાં હતાં. અજાભાઈ આદિક અનેક વૈશ્યભક્તો તથા બ્રહ્મદેવોમાં દેવરામ આદિકે શ્રીહરિને પોતાના ઘરમંદિરમાં ખૂબ જ સન્માન કરીને પધરાવ્યા. ત્યાંના **દેવરામ ગોવિંદ** આદિ પવિત્ર બ્રાહ્મણ ભક્તો શ્રીહરિના આશ્રિતો હતા. એમણે પોતાના ઘેર રસોઈ બનાવી અને શ્રીહરિને પ્રેમથી જમાડ્યા. ત્યાં **કાકાભાઈ, પુજાભાઈ** આદિક ક્ષત્રિય ભક્તો તથા **અજાભાઈ, અખિલભાઈ, જિયાભાઈ, વેલાભાઈ** આદિ વૈષ્ય ભક્તો જ્યાં શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ બેઠા હતા ત્યાં આવ્યા. બીજાં **અદિબા** આદિ સ્ત્રીભક્તો હરિનાં દર્શન કરીને મનને શુદ્ધ કરતાં હતાં. શ્રીહરિના મુખેથી નીકળેલાં અમૃતસમાન વચનામૃતને સાંભળીને એમની મનોવૃત્તિ ભગવાનમાં ચોંટી ગઈ. તે જ સમયે બધાંને એકાગ્રતા થઈ એટલે સમાધિ થઈ ગઈ. સમાધિમાં અદ્‌ભૂત અક્ષરધામમાં સર્વોપરિ રૂપનાં દર્શન કરતાં હતાં. પોતાના ભક્તજનોને ઐશ્વર્ય બતાવીને રાજી કર્યા અને સર્વે નરનારિજનોએ હરિનાં દર્શન કરી લીધાં. ત્યાર પછી પ્રભુ પોઢી ગયા. આનંદ મનવાળા હતા. તેથી મુખકમળ હર્ષયુક્ત હાસ્યમય મનોહર શોભતું હતું. કમળની પાંખડી સમાન કમળનયન બિડાઈ ગયાં પોઢી ગયા.

પ્રભાતના સમયે પ્રભુશયનમાંથી જાગ્રત થયા. સાથે મુનિજનો પોતાની ઇચ્છા પ્રમાણે હરિના મુખને નિરખીને દર્શન કરતા હતા. હરિની પ્રેરણાથી દેશદેશાંતરમાં જઈને જીવોના કલ્યાણ કરવા જતા હતા. કચ્છદેશમાં અનંતજનો સંતોને ખૂબ જ ચાહે છે માટે તમે જાઓ. અમે તમારી પાછળ પાછળ આવીશું. આવી રીતે સંતોને નિશ્ચય કરાવીને મોકલતા હતા. કચ્છમાં **ભુજનગર ભચાઉપુર તથા ધડકાપુર આધોઈ તથા અંજારપુર, કંથકોટ મનકુરપુર** વિગેરે મુખ્ય પ્રસાદિના સ્થાનો છે. તથા **કાળા તળાવ તેરાગઢ તથા માંડવિબંદરને જાણો.** ત્યાં બધે રામાનંદ સ્વામીના આશ્રિત ભક્તોને ઉપદેશ દર્શન આપીને એમને નિયમ નિશ્ચયમાં જાગ્રત કરવાના છે એમ જાણો. જે મારી મૂર્તિમાં ખૂબ જ વૃત્તિને જોડી રાખે તથા મારા આશ્રિતજનો સંતોનાં દર્શન કરવા માટે ઝંખના કર્યા કરે. મધુર વચન બોલવાથી લોકો રાજી થાય છે. એવા જનપદ વિસ્તારમાં તમારાં ચરણકમળને સ્થાપન કરીને વિચરણ કરો. હું એવા ભક્તજનોને દર્શન દેવા માટે ત્યાં આવીશ. ત્યાં મોટું મંદિર બનશે. હું તે મંદિરમાં હંમેશાં ઉમંગ રાખીને રહીશ અને બધાં ધામોમાં બધાંથી વિશેષતાવાળું **ભુજધામ** થશે. એ મારાં વચનો ઉપર વિશ્વાસ રાખો. હવે તમે **મૂળિપુરમાં** જાઓ. મુક્તાનંદ સ્વામી બ્રહ્માનંદ સ્વામી તથા રામદાસ સ્વામી આદિક આઠ મુનિઓનાં નામ કહ્યાં. તે હરિના ચરણકમળમાં મસ્તક નમાવીને ચાલવા માટે તૈયાર થયા.

ત્યારે ચાલતી વેળાએ નેત્રના ખૂણામાં પકડી રાખ્યા. જેમ લોભી હોય તે વસ્તુને ન છોડે. એમાં બંધાય છે તેમ તે હરિમાં બંધાયેલા હતા. ત્યારે હરિ સંતોને બાથમાં લઈને મળ્યા. ત્યાર પછી મુનિજનોએ હરિની છબિને ચિત્તમાં જોડી દીધી. મુનિજનો હરિની મૂર્તિને ઉરમાં ધારીને ચાલતા થયા. ત્યાર પછી હરિ પણ **મેથાણપુરથી** પોતાના ભક્તજનોના કામ કરવા ચાલતા થયા. **લક્ષ્મણદાસ બનારસીદાસ આત્મારામ ગોપાલ જેઠસુર દાદાભાઈ કરીમભાઈ** અને આઠમાં સર્વના પ્રતિપાળ પ્રભુ પોતે સાથે મળીને ચાલતા થયા. ચાલ્યા ત્યારે મેથાણની સીમા સુધી તો મેથાણના ભક્તો અજાભાઈ આદિક ભેગા ચાલતા થયા. એક પુરના વ્યક્તિને આગળ કરીને દૂર થઈને પાછા વળ્યા. ઘેર મોકલ્યા. ચાલતાં થકાં સાંજના સમયે **કાલારિ ગામે પહોંચ્યા.** તે ગામનું નામ **દેવચરાડી કહેવાય છે.** ત્યાં પોતાના હાથે જ રસોઈ બનાવીને તૈયાર કરીને હરિએ જમીને પછી પોતાના ભક્તસમુદાયને જમાડીને તૃપ્ત કર્યા. રાત ત્યાં જ રોકાયા. રાત્રે શયન કરીને સવારમાં વહેલા ત્યાંથી પ્રયાણ કર્યું. **મુળિના માર્ગે** શ્રીહરિ મહાપ્રભુ ચાલતા થયા. સાંજના સમયે **મુળિપુર પધાર્યા** ત્યારે પુરની સ્ત્રીઓ શ્રીહરિના કોમળ કમળસમાન ચરણકમળનાં દર્શન કરીને રાજી રાજી થઈ ગઈ. મુળિપુરનાં મનુષ્યોને અનેક શુકનો થતાં હતાં. સ્ત્રીપુરુષોનાં ઉત્તમ અંગો ફરકતાં હતાં. માર્ગમાં વિચરતા શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરીને માર્ગમાં જતાં મનુષ્યો પશુઓને મનમાં આનંદ થતો હતો. દર્શન કરીને નેત્ર થાકતાં જ ન હતાં. એમ જોયા કરતાં હતાં. તે મુળિપુર અનેક પ્રકારની સમૃદ્ધિથી ખૂબ જ શોભતું હતું. તે ગામની ભાગોળેથી ભોગાવો નદી વહેતી હતી. તેના કાંઠે મુળિપુર શોભતું હતું. ત્યાંના રાજા પરમાર કહેવાય છે. ક્ષત્રિય જાતિમાં તેઓ સૂર્યસમાન મૂર્ધાતિ રહેલા છે.

બધા જ રાજદરબારના મહારાજાઓ લડવામાં હોંશિયાર અને લડાઈમાં ઝઝુમનારા હતા. રાજ નીતિના વાતાવરણમાં હોશિયાર રાજાઓમાં જે કહેવાય તેમાં રામાભાઈ રાજા અતિ ઉદાર હતા. ભોગાવો નદીના પૂર્વના કાંઠે સુંદર બગીચો શોભતો હતો. તે બગીચામાં જઈને જોયું તો હરિ ત્યાં ઉતરેલા હતા. માર્ગમાં ચાલવાનો થાક તથા સ્નાન કરવાનો સમય યોગ્ય થયેલ એમ જોઈએ અલર્ક નામની વાવ ઉપર શ્રીહરિ મહાપ્રભુ આવ્યા. અનેક મોટાં મોટાં વૃક્ષોની ઘાટિ છાંયામાં સારી ચોખ્ખી જગ્યામાં શ્રીહરિ આસન કરાવીને સેવકોની સાથે વાવમાં ઉતર્યા.

સંતો અને હરિભક્તો સાથે સ્નાન કર્યું અને સર્વેને અતિ આનંદ આપ્યો. એ સ્થાને પૃથ્વી ઉપરનું તીર્થ કર્યું. ત્યારે બીજાં બધાં જ તીર્થને સામાન્ય કરીને આ અલર્ક વાવનું પુન્ય અતિશય સમજાવતા હતા. કેમકે જેમના ચરણકમળના સ્પર્શથી તીર્થ થાય છે એવા સ્વયં પ્રભુ શ્રીહરિ પોતાનાં ચરણને સ્થાપન કરી પવિત્ર કરે છે.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુમાં સાતમા યુવા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિ મહાપ્રભુ અમદાવાદપુરથી વિચરણ કરતા થકા મુળિપુર પધાર્યા એનું વર્ણન કર્યું એ નામે તેરમો તરંગ થયો. ॥૧૩॥**

## તરંગ-૧૪

આનંદરાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! શ્રી સહજાનંદ સ્વામી પ્રભુએ અલર્ક વાવમાં સ્નાન કેવી રીતે વિધિ કરીને કર્યું તથા ભોગવતી નદીમાંય સ્નાન કર્યું. ત્યાર પછી મુળિપુરમાં કેવી રીતે તે હરિએ પ્રવેશ કર્યો એ ભગવાનની લીલા મને કૃપા કરીને કહો.

અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી કહે છે, હે આનંદરાજ ! પરબ્રહ્મ પરમેશ્વરનાં પરમ પવિત્ર જે ચરિત્ર છે તે કહું છું. તમે સાંભળો. શ્રીહરિ અલર્ક વાવે આવ્યા નાવાનું અનુકૂળતા જોવા ગયા. ત્યાર પછી પ્રભુ સારી રીતે નાહ્યા. શ્રીહરિ પ્રભુ વાવ પાસે જઈને એનાં પગથિયાં જોયાં તથા વાવને પણ નિરખિને જોઈ ત્યારે તે પગથિયાં અને વાવ સ્વચ્છ જણાતી હતી ત્યારે હરિએ પગથિયાં ઉપર સરલતાથી ચરણને સ્થાપન કર્યાં. તેનાથી વાવને પવિત્ર કરીને તીર્થ કર્યું. નીચે જઈને પાણીમાં ચરણને બોળ્યાં ત્યારે અડસઠ નહીં એકસોથી પણ વધારે તીર્થો ભેગાં થયાં. એવું અલૌકિક કાર્ય કર્યું. હસ્તકમળના ખોબામાં પાણી લીધું. મુખ ધોયું શુદ્ધ કર્યું અને મુખમાં પાણી ભરીને પિચકારી દઈને મન આનંદિત કર્યું. ચંદ્રવદનને હસ્તકમળથી ધોઈને સ્વચ્છ કર્યું. બંને હાથનો ખોબો કરીને પાણી મસ્તક ઉપર નાંખતા હતા તથા બંને હાથથી મુખકમળ મસ્તકને ધોઈ સાફ કરીને સારી રીતે સ્નાન કરતા હતા અને સર્વના મનને ખેંચતા હતા. શ્રીહરિ ઘનશ્યામ મહાપ્રભુ ભોગવતી ગંગામાં ડુબકી લગાવતા હતા. તેથી દેવતાઓ જોઈને ડરતા હતા. શ્રીહરિએ સ્નાન કરેલું પ્રસાદીનું જળ પીતાં લોકો પોતાને મહાભાગ્યશાળી માનતાં હતાં. શ્રીહરિ નદીના જળમાં જળક્રીડા એક ઘટિકા સુધી કરતા હતા. તે લીલાને બધાં જ નરનારિજનો પ્રેમથી દર્શન કરીને જોતાં આનંદ પામતાં હતાં. સ્નાન કરીને પ્રભુ બહાર આવ્યા. અંગો ઉપર સુંદર શોભતાં શ્વેત વસ્ત્રો ધારતા હતા. ભક્તજનો સંતો બધાએ સારી રીતે સ્નાન કર્યાં. ત્યાર પછી સારા પાકો બનાવીને તૈયાર કર્યા.

શ્રીવર્ણિવરે નિત્ય નિયમ વિધિ બધાં જ કર્યાં. ત્યાર પછી ત્યાં જ થાળ તૈયાર કરીને લાવ્યા. પ્રભુએ થાળ આરોગ્યા. લોકોને પણ ભૂખ અને તરસ સારી રીતે લાગેલાં હતાં. તેથી ભોજન કરવા ત્યાં આવતાં હતાં. બધાની પાસે ટિમણ લાવેલા હતા. તેથી તે કાઢીને હરિને અર્પણ કરતાં હતાં. હેત કરીને જમાડતાં હતાં. શ્રીહરિ જમીને પછી પોતાના દાસને સારી રીતે આગ્રહ કરીને ખૂબ પ્રેમથી જમાડતા હતા. આનંદ કરતા હતા. શ્રીહરિ જમીને જળપાન કરીને મહાપ્રભુ પોઢી જતા હતા ત્યારે પોતાના ભક્તજનો પ્રભુના ચરણકમળને ચંપિ કરીને આનંદ પામતાં હતાં. પ્રભુ એક પહોર સુધી શયન કરીને પછી જાગતા હતા. હસ્તકમળથી મુખકમળને સારી રીતે ધોતા હતા. નેત્રકમળને વસ્ત્રથી લુછીને સ્વચ્છ કર્યાં. શ્રીહરિનાં નેત્રકમળને સુંદર બાગ આકર્ષણ કરતો હતો. પશ્ચિમ

દિશાની બાજુમાં સુંદર બાગ હતો. તે શોભતો હતો ત્યારે પ્રભુ પશ્ચિમ દિશા તરફ જવા લાગ્યા. નદીને ઉતરીને સામા કાંઠે પધાર્યા. પાત્રને પોતાની સાથે લઈ ગયા હતા. શ્રીહરિ નદીને સામે કાંઠે પશ્ચિમ દિશામાં જઈને બહિર્ભૂમિ શૌચક્રિયા કરવા પધાર્યા. ઉદર શુદ્ધિ કરીને પછી ગુપ્તવેગમાં નદી વહે છે. તેને શ્રીહરિ મહાપ્રભુએ જોયું. ઉમંગથી ઘડો ભરી લીધો. પ્રભુને મંદહાસ્યયુક્ત મુખ જઈને બધા દાસજનો કહેતાં હતાં, હે પ્રભુ ! આપ લોકોના ત્રાસને દૂર કરવા પધાર્યા છો. તેથી આજ રેતની નીચે વહેતું જળ તેને સુધારવા માટે સારી રીતે ઉપયોગ માટે શ્રીહરિ ત્યાંથી માટીને લઈને સારું કર્યું. એને લોકો પાસે સાફસૂફ કરવા માટે ધોવરાવતા હતા. શ્રીહરિએ ગુપ્તગંગામાંથી જળ કાઢીને તે જળથી પ્રભુને નવરાવ્યા.

હવે થોડા જ સમયમાં મારી લીલાચરિત્રોથી મારા સ્વરૂપનો સંબંધ થવાથી સર્વે નરનારિજનોને બાળકોને મારું અનુસંધાન કાયમ રહેશે તથા આ ભૂમિ ઉપર મોટામોટા સંતો મહંતો વિચરણ કરતા થકા દેવો મુનિજનો આ જળમાં સ્નાન કરશે. ધ્યાન કરશે. શરીરને પવિત્ર કરશે. સાચી સુધબુધથી મારા સ્વરૂપનું જ્ઞાન ખૂબ જ વિસ્તરશે તથા મારા પ્રસંગથી ભોગવતી (ભોગાવોમાં)માં સ્નાન કરશે. એમને બધાં જ તીર્થોનું ફળ મળશે. આ સ્થળે મોટો જનસમુદાય યાત્રા કરવા આવે અને યાત્રા કરીને પરમ મોક્ષપદને પામશે એવું મહાન આ તીર્થ થશે. **જેઠારાય** કહે છે, આ વાવનું ગંગાસમાન પવિત્ર જળ બધાં જ નરનારિ બાળકો પીવે છે. સ્નાન કરે છે. પશુઓને પણ આ જળ પાય છે. તેથી તેઓ બધાં જ અતિ બળવાન થશે. તે બધાં જ આ જગતને તરીને પાર થશે. આ સુંદર બાગના મહાન મોટાં વૃક્ષોને લીધે **મુળિપુર** પણ અતિ મનોહર રમણિય લાગે છે. કેમકે આ બાગ ફુલનાં મોટાંમોટાં વૃક્ષો વેલીઓને લીધે શોભે છે. તે બાગમાં બધાં જ વેલ વૃક્ષોમાં જાતજાતનાં ભાતભાતનાં ફૂલોથી બધાના મનના રાગોને બાંધે છે. જાઈ, જુઈ, જીવંતી, સંજીવનિ, સેવંતિ, મલ્લિકા, મોગરો, ગુલાબ, વાસદેવતી આદિક સર્વે સુગંધ આપનારાં તથા ગુલ્લચંપો, પાંચ રંગનાં રાજવેલ, માલતિ, રસિકચુલ આદિ વેલો ભમરાને ખેંચતી હતી. કર્ણિકા, કટેશરી, કનેર, કેતકી આદિ કેશરી ફૂલોવાળાં તથા કેતકી બકુલના ફૂલની અતિ મનોહર સુગંધથી તથા ચંપો, ચમેલીના ગુચ્છો હારો બનાવીને શણગાર કરીને સોપારી એલાયચી બદામ લવિંગ વિગેરેથી પૂજન કરાયેલાં એવા હરિ. અંજીર, દાડમ, જામફળ, આમલીનાં વૃક્ષો અપાર હતાં તથા નાળિયેરી, કેળો, સંતૂર, કદંબ આદિનાં અનેક વૃક્ષો હતાં તથા લીમડો, આંબો, આંબળાં, અશોક, દેવદાર, પીંપળોની ગંધ અહીંના ફળો પાકેલાં શોભતાં હતાં. લીંબુ, બીજોરા, જાંબુ, નારંગી, ચકોતરાં, રામફળ, સીતાફળ, ગુંદી, અરેઠા, કોઠાંનાં વૃક્ષો બહુ જ હતાં. આવી રીતનાં તે બાગમાં અનેક કંદમૂળનાં શાકો સુંદર સ્વાદવાળાં બનાવેલ તથા શેલરિયો બનાવેલ તથા ગવાર ચોળાફળી કારેલાં કંકોડાં આદિનાં સુંદર શાકો બનાવેલા એ શોભતાં હતાં.

એવી રીતે શ્રીહરિ બાગને નીરખીને જોતા હતા. ત્યાર પછી કૃપા કરીને બાગ જોઈને સેવકોનો પ્રેમ જોઈને પોતાના આશ્રિતોની વચમાં આવીને બેઠા. તે જ સમયે ભગવાનના ભક્ત હાથ જોડીને જેઠસુર ભાઈ કહે, હે મહારાજ ! આજ પુરમાં મારા મિત્ર રહે છે. એમને હું જઈને તેડી આપની પાસે લાવું. જેઠસુરે કહ્યું એટલે શ્રીહરિ જેઠસુરને કહે કે તારા મિત્ર હોય તો એને તેડીને લાવ. અમે અહીં જ બેઠા છીએ. ત્યારે તે જેઠસુર ભક્ત પોતાના મિત્રના ઘેર ગયા અને મિત્ર ઊભા થઈને ખૂબ જ પ્રેમથી ભેટ્યા. બાથમાં ઘાલીને મળ્યા. મિત્ર કહે, અરે તમે અત્યારે ક્યાંથી આવ્યા. હે મિત્ર સાચું કહે તમે આવીને ખૂબ જ ભલું કર્યું. તમને જોઈને અમને તમારી ઉપર

ખૂબ જ પ્રેમ વધ્યસો છે. આમ કહીને પાસે બેસાર્યા અને એમનું ખૂબ જ સારી રીતે સન્માન કર્યું અને કહે હે દાજિ અત્યારે તમે ક્યાંથી આવ્યા છો તે કહો. ત્યારે તે જેઠસુર ભક્ત કહે, હે ભાઈ મત્રિ ! તમે સાંભળો. અમે તો અત્યારે અમદાવાદપુરથી આવીએ છીએ અને સ્વામિનારાયણ ભગવાન અમારી સાથે છે. એમની સાથે આવ્યા છીએ. અત્યારે અમે અલર્કવાવની નજીકમાં ઉતરેલા છીએ.

આ રીતે **જેઠસુરભાઈનો** શબ્દ કાને પડ્યા કે તરત તે ઉમંગથી ઊભા થઈ ગયા. ખૂબ જ ઉતાવળ કરવા લાગ્યા. ત્યારે બીજાં પણ નરનારિને ખબર પડી એટલે તે બધાં પણ ત્યાં આવ્યાં. ખબર પડી એટલે ઘણાં બધાં લોકો સાથે આવ્યાં. જ્યાં પુરુષોત્તમ નારાયણ પ્રભુ બેઠા હતા. ત્યાં આવ્યાં. ત્યારે જેઠસુર ભક્ત આગળ આગળ આવ્યા અને **દાજીભાઈ** આવ્યા. તે આવીને પહેલા શ્રીહરિને પગે પ્રણામ કર્યાં. આવીને સ્ત્રીપુરુષો સર્વે હરિને નિરખિને દર્શન કતાં હતાં અને બીજાં પણ લોકોનો સમુદાય આવતો હતો. તેમાંથી પુરુષો હરિની પાસે આવીને પગે લાગતાં હતાં અને બહેનો સર્વે દૂરથી હરિનાં દર્શન કરતાં હતાં. શ્રીહરિ જ્યાં વિરાજમાન હતાં ત્યાં પુરમાંથી મન અને ચિત્તને પરોવતાં હતાં. દૂરથી જ આવતાં સર્વનાં દિલ શુદ્ધ થઈ ગયાં અને સર્વનાં તારણહાર હરિ સર્વના મનના તાપને દૂર કરતા હતા.

શ્રીહરિની મનોહર મૂર્તિ જોઈને સર્વે કહે હરિપુરમાં પધારો. આપનાં ચરણકમળને સ્થાપન કરીને પવિત્ર કરો. તે પવિત્ર શુદ્ધ થઈ જાય. આવા શુદ્ધ મનવાળા તો નક્કી જ નારાયણ પ્રભુ મહાસાગર સમાન મનોહર આકૃતિવાળા છે. એમને કળવા ખૂબ જ મુશ્કેલ છે. એવા સર્વના સ્વામી મહાપ્રભુ છે. હરિએ સર્વે લોકોને પોતે યોગ્ય કળા કરીને અલોકિક પ્રતાપ અલૌકિક પ્રકાશ કરીને જણાવ્યો ત્યારે સર્વેના દયાસાગર નરનારિઓ ઉપર દયા કરી. એટલે સર્વે નરનારિજનો હરિને પગે લાગીને હરિને શિર પર ધારતાં હતાં. હરિએ ઉપદેશની વાતો કરીને રાજી કર્યાં. ત્યારે પ્રભુના સ્વરૂપનો નિશ્ચય થયો. તેથી અનેક લોકો હરિના આશ્રિત થયાં. **પરમાર દાજીભાઈ** હરિને સર્વોપરિ જાણીને હરિને પગે લાગીને હરિને કહે, હે પ્રભુ ! આપ અહીં હંમેશ માટે રહો. ત્યારે હરિ કહેતા હતા કે અમે તો અત્યારે જ ચાલવાના છીએ અને ફરી પાછા ક્યારેક આવીશું ત્યારે પ્રેમથી અહીં રોકાઈશું ત્યારે હરિનાં વચન સાંભળવા માટે બધાં જ ઉતાવળાં થયાં. હરિના વચનને સાંભળીને પરમાર દાજીભાઈ કહે, હે પ્રભુ ! આપ સાંભળો. હે પ્રભુ ! આપ તો લોકોના કલ્યાણ કરવા માટે પ્રગટ થયા છો. અમે જાણીએ છીએ માટે હે સુજાણ હરિ ! આપ સર્વના પ્રાણ છો. એટલા માટે પુરમાં પગલાં પાડવા પધારો અને ચતુર વર તમારાં દર્શન કરનાર જીવને ભવનો પાર આવે ને તમારા શરણને પામે. આ રીતે તે દાજીભાઈનાં વચન સાંભળીને ચિત્ત ચોરનારા ચાલવા માટે વિચાર નિશ્ચિત કરતા જ હતા પણ પ્રભુએ ભક્તોનો સાચો પ્રેમ જોઈને લોકોની પીડાને હરવા માટે હરિ એકદમ ઊભા થયા. મસ્તકે ફેંટો બાંધ્યો. આ નગરનાં દરવાજા આપે છે. તેમાં એક પૂર્વમાં છે અને એક પશ્ચિમ બાજુમાં આવેલ છે. ત્યારે ક્યાં ચાલવું છે એ રીતે હરિ પૂછતા હતા. ક્યાં ચાલવું ત્યારે લોકસમુદાયને જોઈ કહે જ્યાં લોકોની મરજી હોય ત્યાં ચાલીએ એમ કહેતા હતા. શ્રીહરિ પ્રભુ તે ભક્તજનોનો પ્રેમપૂર્વકનાં સરલ ભાવનાં વચનો સાંભળીને પૂર્વ દિશાના માર્ગ તરફ ચાલવા માંડ્યા. ત્યાંથી પચાસેક કદમ ચાલ્યા. એ તરત જ પાછા ઊભા રહી ગયા. ઊભા રહી જઈને પાછા ચારે બાજુ જોઈને નજર ફેરવીને દૃષ્ટિ પવિત્ર કરીને પોતાનું મનોહર તીર્થધામ બનાવવા માટે મનમાં ધારણા કરવા લાગ્યા. આ જગ્યાએ દ્વારકાપુર જેવું અતિ સુંદર તીર્થ બનાવી મહિમા વધારવા માટે મારા આશ્રિત સંતો સતત આ સ્થળમાં

રહેશે તો જ મહાન થાય. ત્યારે તે નગરના પ્રજાજનો અને રાજાના પુણ્યનો અતિ ઉદય થવા આ સ્થળે પવિત્ર સંતરૂપી કમળવન આ નગરરૂપી સરોવરમાં વિકાસ પામશે અને ખૂબ જ શોભવા લાગશે. આ રીતે શ્રીહરિ મહાપ્રભુ પોતાનું મોટું તીર્થસ્થળ બનાવવા માટે મનમાં દૃઢ સંકલ્પ કરીને એક ઘડી સુધી મનમાં વિચાર કરીને પછી પૂર્વ દિશા તરફના દરવાજેથી મદઝર ગતિથી પુરમાં પધારવા લાગ્યા. શ્રી સહજાનંદ પ્રભુ મુળિપુરના મધ્યમાં જ્યાં મનોહર ધામ હતું એ બાજુ ચાલ્યા. ચારે બાજુ જોતા થકા નગરમાં ગીચતા જણાતી હતી. ગામમાં લોકોનાં નિવાસો શોભતાં હતાં. પ્રભુ પધારતા હતાં. તેના આનંદમાં લોકો આનંદથી દુંદુભિ આદિક વાજીંત્રો તાલથી તાનપૂર્વક વગાડતાં આવકારતાં હતાં.

પ્રભુના ભક્તો ગામમાં સેવાભક્તિ કરતાં હતાં. ચોપદાર ઊંચા સ્વરે છડી પોકારીને શ્રીહરિની વારેવારે જયજય બોલાવતાં હતાં. ગામની શેરીઓનાં સ્ત્રીઓ પોતાના ઘરમાંથી બહાર આવીને હરિનાં દર્શન નિરખી નિરખીને કરતા હતા. પ્રભુના મનોહર સ્વરૂપનાં દર્શન કરીને ફૂલ ચોખાઓથી વધાવતાં હતાં. વણિકો ધનધાન્યથી ભરપૂર પોતાની હાટડિયોમાં બેઠા થકા લાખ લાખ નારા સામી એ હાટમાં પોતાના થડા ઉપર બેઠા જોતા હતા. ત્યાં વેદના જ્ઞાનને જાણનારા વિદ્વાન વિપ્રો પોતાના ધર્મકર્મને પ્રીતિથી કરતાં હતાં. ગરીબ વિપ્રો ગાયોના પાલનપોષણ કરીને રહેતાં હતાં અને ક્ષત્રિઓ પોતાનો ધર્મ પ્રજા પાલનનો કરતા હતા. માર્ગમાં આવતા શ્રીહરિને નિરખિને દર્શન કરિ ને લોકો પોતાના નેત્રોથી દર્શન કરીને જન્મને સફળ માનતાં હતાં. પોતાને ધન્યભાગ્ય માનીને પ્રભુના ચરણમાં વંદન કરતાં હતાં. ચરણસ્પર્શ કરીને ધન્યભાગ્ય માનતાં હતાં. હરિનાં કરુણા ભરપૂર નેત્ર જોઈને તે નેત્રોમાં લાલ અરુણ રેખાઓ શોભતી હતી. આવાં મનોહર સ્વરૂપને પોતાના ચકોર પક્ષી જેમ ચંદ્રને જોયા કરે છે. તેમ હરિને જોઈને એક ચિત્ત થતાં હતાં. હરિ પધારતા હતા ત્યારે હરિનો જયજયકાર બોલતા થકા હરિને દાજીભાઈના ઘેર લઈ ગયા. દાજીભાઈએ શ્રીહરિનું ખૂબ જ ભાવ પ્રેમથી સન્માન કર્યું. પોતાના ઘરમાં જ મહા પ્રભુને ઉતારો કરીને રાખ્યા. હરિને બેસવા માટે સુંદર પલંગ ઉપર આસન કરીને બેસાર્યા. હરિને માટે ભોજન સામગ્રી બનાવરાવીને તૈયાર કરાવ્યાં. નવાં નવાં રસયુક્ત ભોજનો તૈયાર કરાવીને જમાડ્યા. ત્યાર પછી શ્રીહરિ પ્રભુ પોતાના આશ્રિતોને સુખી કરવા માટે હરિએ પોતે જ રસોઈ કરાવરાવી અને પછી સર્વ ભક્ત સંતસમુદાયને જમાડ્યાં. ત્યાર પછી દાજીભાઈને પણ જમાડ્યા. ત્યારે દાજીભાઈ પોતાના પરિવાર સાથે પ્રભુનો મહિમા સમજીને પ્રસાદને ભાવથી જમતા હતા. હરિ અને હરિજનો મારે ત્યાં ભોજન જમ્યા એનો ખૂબ જ આનંદ થયો.

હરિએ ભોજન કર્યા પછી એલાયચી આદિક સુંદર સુગંધયુક્ત મુખવાસ લઈને પછી પલંગ ઉપર આવીને બેઠા. પોતાના મનોહર મંદહાસ્યયુક્ત મુખથી અમૃત વચનોથી દાજીભાઈને પોતાના સ્વરૂપમાં એકાગ્ર કરી દીધા.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં સાતમા યુવા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિ મુળિપુરમાં પધાર્યા ત્યાં પોતાનું દિવ્યધામ કરવા માટે સર્વને નિશ્ચય કરાવ્યો અને દિવ્યચરિત્રો કરી આશ્ચર્ય મગ્ન કર્યાં એ નામે ચૌદમો તરંગ થયો. ॥૧૪॥**

# તરંગ-૧૫

આનંદરાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી ! શ્રીહરિએ મુળિપુરમાં રોકાઈને કેવી રીતે વાતો કરી. લોકો કેવી રીતે એમની પાસે આશ્રયમાં આવ્યાં. એ બધી જ કથા મને ખૂબ જ વિસ્તારથી કહો એ મારે સાંભળવા માટે ખૂબ જ તૃષા લાગી છે. તેથી મને તૃપ્ત કરો.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદરાજ ! તે મુળિના જેઓએ હરિને માટે સુંદર પલંગ ઉપર બેઠક તૈયાર કરીને એની ઉપર હરિને બેસાર્યા. ત્યાર પછી શ્રીહરિએ સર્વે ભક્તજનોની સભામાં સુંદર ઉપદેશની વાર્તાઓ કરી. બધા ભક્તોમાં **માવજી** બે ભાઈ બધાના સૂત્રધારો હતા તે આવ્યા અને આવીને શ્રીહરિને ચરણકમળમાં જ શિર નમાવીને વંદન કર્યા. પગે લાગ્યા. ત્યાં બીજા ખત્રી **હરિભાઈ ડાહ્યાભાઈ દેવકરણભાઈ ગોલાભાઈ** આદિક ભક્તો દર્શને આવ્યા. તથા મહેતા **રામકૃષ્ણ પુરુષોત્તમભાઈ પ્રભુરામભાઈ લીલાધરભાઈ** આદિ કવિપ્રવરો તથા **માલજીભાઈ નથુભાઈ અભેસંગભાઈ જશાભાઈ મુળજીભાઈ ઉત્તમભાઈ** તે ઉમંગથી આવ્યા. હરિને પગે લાગી આનંદ પામ્યા. **રઘાભાઈ** તથા **રાજારામભાઈ અમુલખભાઈ લખાભાઈ** તથા **જીતભાઈ** આદિ ભક્તો આવ્યા તથા **મયારામ નથુદાસ લખુભાઈ ગજુભાઈ માનાભાઈ જીજીભાઈ જેઠાભાઈ નાનાભાઈ ચારણ** વિગેરે આવ્યા. અને ચારે વર્ણની સ્ત્રીઓ ખૂબ જ ભાવથી સાથે મળીને હરિનારાયણ પ્રભુનાં તથા સંત સમુદાયનાં દર્શન કરવા આવી આવીને દર્શન કરીને એક બાજુ ટોળું બનીને બેઠાં અને એકબાજુ પુરુષ વર્ગ હાથ જોડીને સન્મુખ બેઠાં.

શ્રીહરિ સહજાનંદ સ્વામી પ્રભુ મુળિનગરમાં પ્રથમ સંવત અઢારસો ઓગણસાઈઠ (૧૮૫૯)માં મહાવદ તેરશના દિવસે પધાર્યા અને ભક્તજનોએ હરિનાં પ્રેમથી દર્શન કરીને પરમસુખને પામ્યાં. પ્રભુ વિરાજમાન થયા ત્યારે અનેક લોકો દર્શન કરવા માટે આવ્યાં. ત્યાં મોટી સભા ભરાણી ત્યારે પ્રભુ તો લોકોના જીવનું કલ્યાણ કરનારા છે. ભવનું ભંજન કરનારા પ્રભુનાં કૃપા કટાક્ષને જોઈને પોતાના ચિત્તમાં ઉતારી લીધા. ત્યારે સભામાં ચારે વર્ણનાં લોકો દર્શન કરવા માટે ઉમટીને આવ્યાં. અતિ ચતુરાઈથી દર્શન કરીને સ્ત્રીઓ અને પુરરુષો જુદાંજુદાં બેઠા. સભા ભરાણી ત્યારે તે સભામાં ભક્તજનો પોતાના આત્માના મોક્ષની રીત જાણવા માટે પૂછતા હતા. જેઠાભક્ત હતા તે બધાના વતી હરિને પૂછ્યું. ત્યારે સર્વ સભાને શ્રીહરિ મોક્ષના માર્ગની વાત કહેવા લાગ્યા. મોક્ષ માટે તો જ્યારે આ જીવાત્માને પ્રાકૃત મનુષ્યનો દેહ મળે છે ત્યારે એનો મોક્ષનો માર્ગ ઉઘડે છે ત્યારે શ્રીહરિ કે એમનાં આશ્રિત હરિજનો અને એકાંતિક સંતો પૃથ્વી ઉપર વિચરતા થકા જીવને મળે છે. ત્યારે એ સંતો ભક્તોના સમાગમથી પ્રભુના સ્વરૂપની ઓળખાણ થાય અને હરિના સ્વરૂપના આશ્રયથી એકાંતિક ભક્તિ કરે એટલે અંત સમયે પ્રભુપદની પ્રાપ્તિ થાય છે અને પરમપદને પામે છે.

આ ભૂમિ ઉપર સર્વ જીવોનાં સુખ કરવા માટે શ્રીહરિ મહાપ્રભુ અને એમના સંતો સર્વે ધર્મની ધુરાને ઉપાડીને વિચરતા રહે છે. એમનાં વચનો આજ્ઞાઓને પોતાના જીવનમાં દૃઢ કરીને દૃઢતાથી વર્તે તો તે જીવો મોક્ષના માર્ગને સમજનારા થયા છે. તેજ મુક્તિના અધિકારી થાય છે. આ જગતના જીવોને મોક્ષમાર્ગ સમજાવવા પોતે સમર્થ હોવા છતાં નિર્માનિ પણે વર્તતા થકા સ્નેહ રહિત રસાસ્વાદ રહિત લોભ વગરના કામવાસના વગરના દૃઢ વૈરાગ્ય પંચ વર્તમાનમાં રહે છે. કોઈ પ્રકારની ઈર્ષા કે ક્રોધ વગરના કોઈને મનથી પણ હિંસાનો સંકલ્પ

નહી કરનારા એવા, સામાન્ય જીવનવાળા, સતત ભગવાનના ભક્તના દાસ થઈને રહેનારા એવા સંતો અને હરિભક્તો પણ સંતના દાસ થઈને જુગાર ચોરી અવેરી વિષય વિકાર રહિત, આઠ પ્રકારના બ્રહ્મચર્યને પાળનારા થઈને રહે. મદિરા (દારૂ) માંસ, ચોરી, અવેરિ, હિંસા, કોઈનો પણ ઘાત ન કરવો. કોઈનો દ્રોહ ન કરવો તથા વેદ આદિ ધર્મશાસ્ત્ર, પતિવ્રતા તથા સંતપુરુષો દેવો ભગવાનના ભક્ત તથા બ્રાહ્મણ દેવોની ક્યારેય નિંદા ન કરવી. અમારા આશ્રિત ભક્તજનોએ ક્યારેય કોઈની ઉપર ખોટો આરોપ કે દોષ ન કરવો. કોઈની ઉપર આળ ન નાંખવી તથા કુસંગના સંગનો ત્યાગ કરીને સતત ચોવીસે કલાક સત્સંગના સેવનમાં રહે. એવા પવિત્ર લક્ષણવાળા સંતના સમાગમમાં કાયમ રહેવું. સત્સંગ કર્યા કરવો. એવી રીતે ધ્યાનથી વર્તે તો એના અજ્ઞાનનું અંધારું ટળે હરિમાં દઢ પ્રીતિ થાય એટલે આનો હરિધામમાં વાસ થાય છે.

એટલા માટે તમારે બધાને દઢ સત્સંગ રાખવો. કુડ કટપ છેતરપીંડી વિગેરેને છોડી દઈને તથા શાક્ત મતના ઉપાસકોનો સંગ ત્યાગી દેવો એ કુસંગ છે અને સત્શાસ્ત્રોમાં એને પાખંડધર્મ કહેલ છે આમ જાણવું. એ પાખંડધર્મને શ્રીહરિ પ્રભુ પ્રગટ થયા તેથી એનું ખંડન કરી સત્ય સનાતન ધર્મ સમજાવે છે. એના માટે સર્વોપરિ સ્વરૂપનો દઢ નિશ્ચય કરીને પછી વિચાર કરી જોવું કેમકે સત્સંગ કર્યા સિવાય જીવાત્માનો મોક્ષ નથી થતો એટલા માટે સર્વનું કલ્યાણ કરવા માટે સત્સંગ એજ મંગળમય છે. જેમ વૃક્ષમાં ફૂલ આવ્યા વગર ફળ નથી આવતું તેમ સાધન કર્યા વગર મુક્તિ નથી થતી. એટલા માટે શ્રીહરિનો દઢ આશ્રય કરીને ભક્તિ કરે છે. એને અંતે પુરુષોત્તમ પ્રભુનું પરમધામ પ્રાપ્ત થાય છે. આવી રીતે શ્રીહરિના મુખ થકી ઉપદેશની વાતો સાંભળીને બધાં જ લોકો સમજીને નિશ્ચય કરતા હતા. અને ગદ્ગદ્ કંઠથી હરિમાં તન્મય થઈ ગયા. શ્રીહરિ પ્રભુની મૂર્તિને પૂર્ણ પુરુષોત્તમ પરબ્રહ્મજાણિને તે મૂર્તિમાં ચોંટી ગયા. તે લોકો બધા જ હૃદયથી નમન કરતાં હતાં. તેમાંથી કેટલાક ભક્તોએ હરિનો આશ્રય કરી લીધો. દઢ નિયમ ધર્મને સાવધાનીથી પાળવા તૈયાર થયા.

તે જ સમયે શ્રીહરિ મહાપ્રભુએ લોકોને પોતાનો પ્રતાપ બતાવીને પોતાના સેવક એવા ગોપાળદાસને સમાધિ કરાવી સમજણ પાડી. તે સમાધિમાં ગોપાળદાસનાં નાડી પ્રાણ અને શ્વાસોશ્વાસની સાથે પોતાની મૂર્તિમાં લીન કરી દીધા ત્યારે તે ગોપાળદાસનું શરીર પથ્થર જેવું કઠોર થઈ ગયું ત્યારે સમજુ માણસો બધા આશ્ચર્યમય થઈ ગયા. સમાધિવાળા ભગતને જોઈને બધાં લોકો ચકિત થઈ ગયાં. સ્થિર નજરથી જોતાં હતાં. આ રીતે અનંત જીવોની પીડાને હરવા માટે પોતાનો પ્રતાપ બતાવતા હતા. આવી રીતે સાક્ષાત્ પરબ્રહ્મ નારાયણ પ્રભુ પામર ભક્તોને ન જાણી શકાય એવો અલૌકિક મોક્ષ આપતા હતા. આવી રીતે પ્રતાપ જોઈને ચારે વર્ણનાં લોકો શરણમાં આવીને બંને હાથ જોડીને કહેવા લાગ્યાં. હે હરિ ! આપનાં દર્શન અમને સતત નિત્ય પ્રત્યે થાય એવી અમારી ઉપર કૃપા કરો. એટલું અમને દર્શન સુખ આપો. ત્યારે શ્રીહરિ કહેતા હતા કે હવે થોડા જ સમય પછી બધાનાં પાપને હરનારા ભગવાનનાં દર્શન થશે અને બધાંને ન્યાલ કરશે. પૃથ્વી ઉપર અધર્મ વધે છે અને અધર્મ ક્ષીણ થાય છે ત્યારે ભગવાન પ્રગટ થઈને અધર્મને ઉથાપીને સધર્મની સ્થાપના કરે છે. હું ત્યારે અસુરજનોનો નાશ કરું છું. સંતજનોનો ઉદ્ધાર કરું છું. એવા સંતજનો સત્ય વિચારો દઢ વ્રતને ધારણ કરીને સાત્ત્વિક વિચારના પવિત્ર જહાજમાં બેસીને મારા વચનરૂપી પવનના વેગથી સર્વની જીવનનૈયાની સંતો કર્ણધાર થઈને ભવસાગરને પાર પમાડે છે.

આવી રીતે સંતનો આશ્રય કરીને ભગવાનની ભક્તિ કરીને જીવો ભવસાગરને પાર ઉલંઘીને પાર પામે છે

એટલા માટે લોકોના કલ્યાણ કરવા માટે સંતો આ ભૂમિ ઉપર કાયમ ફર્યા કરે છે. લોકોના દુઃખોને પીડાઓને હરતા રહે છે અને અમે જ્યાં જ્યાં નિવાસ કરીને રહ્યા છીએ ત્યાં ત્યાં અમારાં પવિત્રધામો થશે તે પવિત્રધામો દ્વારા અનંત જીવોનો ઉદ્ધાર થશે અને અંતે અમારા ધામને પામીને સુખને પામશે. આ સ્થળે મંદિર થશે અને એમાં હરિકૃષ્ણ ભગવાન અને રાધાકૃષ્ણદેવ અને ધર્મભક્તિ દેવો નિવાસ કરીને એમની સાથે હુંપણ રહીશ. આવી રીતનું મારું વચન છે. તેને તમે સાચું જ માનજો. મારું વચન સર્વોપરિ છે. આ જગ્યાએ અનેક લોકોનાં સમુહો યાત્રા કરવા માટે કાયમ આવશે. આજ ભૂમિ ઉપર મુક્ત મુનિજનોના સમુહો વિચરણ કરીને લોકોનો ઉદ્ધાર કરવા ઉપદેશ આપશે. ધ્યાનયોગ કરશે અને કાયમ ભોગાવતી નદીમાં સ્નાન કરશે. તેથી તે જગ્યાએ તીર્થવાસ કરશે. જેવાં શ્વેતદ્વિપ અને બદ્રિકાશ્રમ છે. એવાં ધામમાં લોકોનાં મન પવિત્ર થઈને મોક્ષ ભાગી શકે. આવી રીતે શ્રીહરિ ભવિષ્યની વાત જણાવી દીધી હતી. મહારાજ મૌન રહ્યા. આવી રીતે બધાં જ લોકોને કૃતાર્થ કરીને પ્રભુને બધાં જ ખૂબ ભાવથી માનતાં હતાં અને પછી પ્રભુએ બધાંને પોતપોતાના ઘેર જવાની આજ્ઞા કરી લોકોએ આવી રીતનાં વચનને હિતકારી માનીને મનમાં ભાવતાં થકાં હરિને નમન કરીને ગયાં. ત્યારે હરિ પણ સખાઓની સાથે પોતાનો પ્રૌઢ પ્રતાપ જણાવીને પછી રાત્રે શાંતિથી શયન કરીને પોઢ્યા.

સવારે વહેલા બ્રાહ્મમુહુર્તમાં શ્રીહરિ પ્રભુ સર્વે ભક્તસમુદાય સાથે જાગ્રત થયાં. તૈયાર થઈને ચાલવા માટે તૈયારી કરવા લાગ્યાં. હરિ કહે ચાલો ત્યારે બધાં જ લોકો તૈયાર થવા લાગ્યાં. હરિ ચાલવા માટે ઉતાવળા જણાયા ત્યારે બધાં જ લોકો દોડીને આવવા લાગ્યાં. આવીને વિનંતી સાથે હરિને હાથ જોડીને વિનયથી કહેવા લાગ્યાં, હે હરિ ! તમે અહીં થોડો દિવસ ચડે ત્યાં સુધી રહો અને હે હરિ ! તમે ફરીફરીને પધારજો. આપ જેમ રાજી હો એમ કરજો. અમારો કોઈ ખોટો આગ્રહ નથી. અમારી બધા ઉપર કૃપાદષ્ટિનાં કટાક્ષ કરતા હતા. થોડો સમય રોકાઈને પછી ચાલવા લાગ્યા. ત્યારે બધી જ સ્ત્રીભક્તો વિલાપ કરતાં ભગવાનાં દુરથી જ દર્શન કરતાં હતાં. હરિનાં દર્શન કરીને ચંદ્રસમાન મુખકમળથી અમૃતનું પાન કર્યું. હરિની માટે ટીંમણ લાવેલા તે હરિના સેવકને આપ્યું અને આમતેમ દોડતાં થકાં ભમતાં હતાં અને દિશાનું ભાન ભૂલી ગયાં. પ્રભુ ત્યાંથી પુરની બહાર પધાર્યા. ત્યારે સર્વે સ્ત્રીઓ દૂરથી જ પ્રભુનાં દર્શન કરતી હતી. અને બધાં જ હરિભક્તો ઊભાં રહ્યા અને હરિ પોતાની ઈચ્છાથી બધાનાં મનને ખેંચતા થકા ચાલવા લાગ્યા. શ્રીહરિ મહાપ્રભુ ઉતાવળા થઈને ચાલવા લાગ્યા ત્યારે હરિભક્તો પણ સાથે ચાલ્યા અને સ્ત્રીભક્તો દર્શન કરીને પાછાં વળ્યાં અને એમની મનની વૃત્તિને હરિએ ખેંચી લીધી. એવી રીતે ચાલતા થયાં. બીજા ભક્તો હરિ ઘનશ્યામ પ્રભુને ગામની ભાગોળ સુધી વળાવવા ગયા. ત્યાર પછી હરિએ બધાને પાછા વળવા કહ્યું. ભક્તો હરિમાં હેત જોડીને તત્પર રહેતા હતા. હરિ કહે તમે બધા જ પોતપોતાના ઘેર જાઓ. કાયમ માટે સત્સંગને દઢ રાખજો અને પોતપોતાના વ્યવહારકાર્યોમાં નીતિમાં રહીને ઉત્સાહથી કાર્યો કરજો.

આવી રીતે શ્રીહરિ ચરિત્રો કરીને મુળીમાં થોડો સમય રહીને પછી હે રાજન ! જ્યાં જવા વિચરણ કરતા થકા પધાર્યા તેની વાતો આગળ પ્રસંગમાં હું તમને કહીશ.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં સાતમા યુવા અવતાર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિ મુળિ પધાર્યા. ત્યાં રહીને જે ચરિત્ર કર્યાં તે ચરિત્રોથી લોકોને આશ્ચર્ય કર્યાં એ નામે પંદરમો તરંગ થયો. ॥૧૫॥**

# તરંગ-૧૬

પ્રતાપસિંહ રાજા કહે છે, હે મુનિરાય ! શ્રીહરિ પરમારોનું ગામ મુળિપુરથી સખાઓની સાથે ફરતા ફરતા કયા કયા ગામોએ નગરોએ શહેરોમાં પધાર્યા ત્યાં કયાં કયાં ચરિત્રો કર્યાં તેની કથા મને કહો.

સુવ્રત મુનિ કહે છે, હે રાજઋષિ ! તમને ધન્યવાદ છે. કેમકે તમે તો ભગવાનનાં પવિત્ર કલ્યાણકારક ચરિત્રો સાંભળવા માટે તૈયાર થયા છો તેથી તમને અતિ પવિત્ર અને ઉત્તમ પ્રકારના શ્લોકોનાં ચરિત્રોની વાત સંભળાવું છું. જેનાથી જીવને જગબંધનની જાળ તૂટે છે. પરમપદને પામે છે. શ્રીહરિ સહજાનંદ મહાપ્રભુ મુળિપુરથી પ્રભાતમાં ચાલતા થયા. એમની સાથે ભક્તજનો સખાઓ શોભતા હતા. શ્રીહરિ અડધો યોજન અર્થાત્ બે ગાઉ જેટલું ચાલ્યા હતા ત્યારે તળાવ અને કૂવો આવ્યાં. ત્યાં જળપાન કર્યાં. ત્યાર પછી પુરનાં લોકોએ પ્રભુને જોયા અને પગે લાગીને વંદન કર્યાં. ત્યાર પછી હરિ **સાયલાપુર** પધાર્યા. તે પુરમાં પ્રવેશ કરીને આગળ ચાલતા હતા ત્યારે પુરનાં લોકો હરિને જોઈને એમનાં મન હરિમાં ખેંચાતાં હતાં. શ્રીહરિ રાજમાર્ગથી ચાલતા જતા હતા અને દખણાદા દરવાજેથી બહાર નીકળ્યા. બહાર જઈને સરોવરની પાળ ઉપર ઉતારો કર્યો. સર્વ ધામના ધામી પ્રભુએ તે સરોવરમાં જળપાન કર્યું. ત્યાર પછી સરોવરનાં પાણીના તરંગોમાં પગનો સ્પર્શ કરીને ચરણકમળને ધોઈને સરોવરને તીર્થભૂમિ બનાવ્યું. તે સરોવરમાં કમળો ખીલેલાં હતાં. તેની રજના સ્પર્શ વાળો પવન વાતો હતો. તેથી સુગંધ ફેલાતી હતી. કમળફૂલોમાં ભમરાઓ ગુંજારવનો આલાપ કરતાં હતાં. હરિને જોવા માટે પુરમાંથી અનેક લોકો આવતાં હતાં. હરિનાં મુખકમળને જોઈને ખૂબ જ વખાણ કરતાં હતાં. ભવસાગરના કર્ણધાર લોકોના કલ્યાણ કરવા માટે જળનો સ્પર્શ કરીને પવિત્ર કર્યું. તેથી જે જન આનું પાન કરશે તે જન ભવને પાર ઉતરો.

હરિ સરોવરની પાળની દીવાલ ઉપર આવીને બેઠા ત્યારે પુરના બગીચાઓની શોભાને જોતા હતા તેમાં કેતકી કુંદ ગુલદાવદિ તથા જાઈ જુઈ ચમેલી વિગેરે શોભતાં હતાં તેને જોયાં. ગામનાં લોકોને જ્યારે ખબર પડી કે પ્રભુ સરોવરની પાળે રોકાયા છે ત્યારે હરિની પાછળ દોડવા લાગ્યાં. **હિરા, પુંજા, માલજી, પચાંન, ત્રિકમ, ગંગારામ, ગણપતિ,** વિગેરે ભક્તો આવ્યા. મોતીનો પારખ કરનાર એવા ચારે પુત્ર તથા પૌત્રો શ્રીહરિનું ભાવથી ભજન કરતા હતા અને **મધુભાઈ** રાજાના પુત્ર **બાપુભાઈ** એક જ હતા. તે હરિના સ્વરૂપનું સાધારણ રીતે પ્રીતિ રાખીને ભજન કરતા હતા. લાધાભાઈ આદિક હરિભક્તો આવ્યા અને શ્રીહરિ મહાપ્રભુને વંદન કરીને દર્શન કર્યાં. સ્વામિનારાયણ ભગવાન માટે ભક્તો ટિમણ લાવેલા તે જમીને તૃપ્ત થયા. ત્યાર પછી ત્યાંથી ચાલવા માટે અને ઉતાવળા થયા. આવી રીતે પુરુષોત્તમ મહાપ્રભુ પોતાના આશ્રિત ભક્તના ઘેર વિશ્રાંતિ લઈને ભક્તોને રાજી કરીને મુનિજનો, આશ્રિત ભક્તો, સખાઓની સાથે પ્રભુ ચાલતા થયા ત્યારે પ્રભુના ચંદ્રસમાન મનોહર મુખારવિંદનાં દર્શન કરીને બધાં જ રાજી થયાં.

ત્યાર પછી પ્રભુ પોતાના સેવકોની સાથે રોકાતા થકા જતા હતા ત્યારે માર્ગમાં પ્રથમ **પરગામ** આવ્યું. ત્યાં ગામમાં **પીઠાધાધલે** શ્રીહરિને ચરણકમળમાં વંદન કર્યાં. પીઠાધાધલે હરિને માટે જાતજાતનાં ભોજનો બનાવરાવ્યાં. તે શ્રીહરિને ભાવપ્રેમથી જમાડતા હતા. ત્યાર પછી હરિનું પૂજન સન્માન કરીને પોતાના ઘેર સખાઓ સહિત

રાખતા હતા. થોડો સમય રોકાઈને હરિ ત્યાંથી ચાલતા થયા. ઘનશ્યામ પ્રભુ ત્યાંથી **સરધારપુર** અનેક જીવોનો ઉદ્ધાર કરવા પધાર્યા ત્યારે સરધારમાં લોકોના ઘેરઘેર ઉત્સવ થતા હતા. આવેલા હરિને જોઈને પુરના બધાં જ લોકો દર્શન માટે દોડવા લાગ્યાં. ત્યાં ભક્તજનોએ પ્રભુને સખાઓની સાથે સન્માન કરીને સારાં સારાં ભોજનો બનાવરાવીને હરિને અને સખા સર્વેને ખૂબ જ આગ્રહથી જમાડતાં હતાં.

સર્વ જીવના સ્વામી મહાપ્રભુ **જેતપુરમાં ઉનડખાચર** ભક્તના ઘેર પધાર્યા. ઉનડ ભક્તે પ્રભુને જમાડવા માટે ભોજનો બનાવવા માટે સામગ્રીઓ આપીને જમાડ્યા. ત્યાં **જેતપુરમાં** રોકાઈને બધાં જ નરનારિજનોને જ્ઞાનઉપદેશ આપીને દર્શન આપીને બધાંને રાજી કરીને જગતના સ્વામી પોતાના સેવકોની સાથે જીવોનાં મંગળ કરવા માટે ચાલતા થયા. ત્યાંથી ધર્મનંદન મહાપ્રભુ **ધોરાજીપુર** પધાર્યા. ત્યાં અનેક ભક્તજનો સ્ત્રીઓ અને પુરુષો હતાં તેઓ હરિનું સ્મરણ કરતાં હતાં ત્યાં તો હરિનારાયણ પ્રભુ પધાર્યા. સર્વના પ્રાણે દર્શન આપ્યાં. ત્યારે તે ધોરાજીમાં અતિ મહાન મોટો ઉદ્‌ઘોષ થતો હતો. કેમકે અહીં પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પધાર્યા છે. તેથી એમને કોઈ એવો જીવ ન હતો કે હરિને ન ચાહે એટલે હરિનાં દર્શન કરવા બધાં જ ઉમટતાં હતાં. હરિનું સન્માન કરીને સર્વે સેવક ગણની સાથે ભગવાનને ઉતારો કરાવતા હતા. ત્યાર પછી હરિને અનેક પ્રકારનાં પદાર્થોથી પૂજન કરીને પુષ્પહારો સુગંધી પદાર્થોથી પૂજન કરતાં હતાં. ત્યારે હરિએ લોકોને પોતાનો પ્રેમ જણાવતા હતા. પોતાનું અલૌકિક રહસ્યનું જ્ઞાન હરિ પોતે જ કહેતા હતા જે, સર્વનો ઉપરી સર્વનો કારણ હું પોતે જ છું એમ તમે બધાં જ માનજો એ સત્ય જ કહું છું.

**ધોરાજીથી** પ્રભુ **માણાવદરપુર** પધાર્યા. તે લોકોના જીવને ભવસાગરમાંથી તારવા માટે જહાજ રૂપે વિચરતા હતા. માણાવદરમાં એકાંતિક ગુણવાન ભક્ત **મયારામ ભટ્ટ** જેની કળાને કોઈ કળી ન શકે એવા મહાપ્રભુને જોઈને મનમાં ખૂબ જ આનંદ પામવા લાગ્યા. મહાપ્રભુ સહજાનંદ સ્વામી પોતાના સેવક ગણની સાથે પધાર્યા. તેથી મયારામ ભક્ત બધાની ખૂબ જ ભાવપૂર્વક સેવા પરિચર્યા કરતા હતા. અનેક પ્રકારે સાચવતા હતા. રોજે રોજ ભગવાનની પ્રત્યે અતિ અધિક ભાવ રાખતા થકા મયારામ વિપ્ર પ્રભુને પોતાના ઘેર રાખવાનું ઈચ્છતા હતા.

પણ મહાપ્રભુ ચતુરાય ચંચળતાથી ચાલવા જ લાગ્યા. ત્યાંથી પ્રભુ **ભાજનપુરમાં** પોતાને જવાનો ભાવ હતો તેથી ત્યાં પધાર્યા. ત્યાંના ભક્તસમુદાયે પ્રભુને આવકારીને ખૂબ જ ભાવથી સારાં ભોજનો બનાવરાવીને જમાડ્યા અને હરિના મુખકમળથી અમૃતરસનું પાન કરતા હતા. અને સુખ પામતાં હતાં. પ્રભુના મુખની અમૃતવાણી સાંભળીને લોકોના મન અને જીવ અતિ ભક્તિમાં પુષ્ટ થતાં હતાં. જેમ વૃક્ષને પાણી મળે એટલે એ ઝાડની વૃદ્ધિ થાય મોટું થાય ખીલે તેમ પ્રભુના રસામૃતથી જીવ ખૂબ જ પુષ્ટ થાય છે. ત્યાંથી પ્રભુ સહજાનંદ સ્વામી **લોજપુર** પધાર્યા અને ત્યાંના લોકોના મનમાં ખૂબ જ આનંદ ઉભરાવા લાગ્યો. લોકો હરિનાં દર્શન ચરણસ્પર્શ કરીને લોકોના મનની વિષયવાસનાને હરતા હતા અને એમના પ્રત્યે અતિશય હેત બતાવતા હતા. ઉપદેશ આપતા હતા કે તમે બધા જ ધર્મજ્ઞાન વૈરાગ્યયુક્ત થઈને મારા સ્વરૂપની અનન્ય ભાવથી દઢભક્તિ કરો. અને મારા દઢભાવથી આશ્રય કરીને નિષ્કામપણે મારા સ્વરૂપનું ભજન ભક્તિ કરો ને સુખ પામશો.

પછી પ્રભુ **લોજપુરથી પિપલાણાપુરમાં** પોતાના આશ્રિતોના ઘેર સંત પાર્ષદ સેવકોની સાથે પધાર્યા. **નરસિંહભાઈ** આદિક હરિભક્તો પોતાના સગાવહાલાની માફક સર્વની સરભરા સન્માન કર્યું. સર્વથી નિર્લેપ સર્વથી નિરંજન એવા સર્વના દેવ શ્રીહરિનું સર્વે લોકો નિષ્કામભાવથી સેવા કરતાં હતાં. શ્રીહરિ સર્વને સુખશાંતિ આપતા હતા. બધાં જ સેવા કરતાં હતાં. તેમાં શારીરિક સેવાધનથી અન્નથી વસ્ત્રથી સુખી લોકો શ્રીહરિની સેવા સુશ્રુષા કરતાં હતાં. હરિને તો કાંઈ દુર્લભ વસ્તુ હોતી જ નથી. હરિ સર્વ એકાંતિક ભક્તને ફળરૂપે પોતાનું ધામ આપે છે. સર્વફળના આપનારા શ્રીહરિ જીવોને સુખી કરવા ગામો અને પુરોમાં પોતાના આશ્રિતોના રક્ષણ કરવા માટે જ વિચરે છે. જેમ નાના બાળકોની માતા રક્ષણ કરે છે તેમ હરિ ભક્તજનોનું ધ્યાન રાખે છે. એટલે ત્યાં આગળ શ્રીહરિને જન્માષ્ટમીનો ઉત્સવ કરવાનો પોતાના મનમાં નિર્ણય કરતા હતા. મહાપ્રભુ સર્વની ઉપર કૃપા કરતા હતા. આવી રીતે જન્માષ્ટમી ઉપર જે ભક્તો આવેલા તેઓ સર્વે શ્રીહરિ મહાપ્રભુનાં દર્શન કરીને પોતાના મનમાં સુખ પામતાં હતાં અને શ્રીહરિનું ભાવથી પૂજન અર્ચન કરતાં હતાં અને પગે લાગતાં હતાં અને સાથે લાવેલ ભેટ સામગ્રી હરિને અર્પણ કરતાં હતાં. શ્રીહરિ દીનદુઃખીયા ગરીબ લોકોની ખબર રાખતા હતા. બધાને સુખ આપતા હતા. આવી રીતે ત્યાં બધા જ બ્રાહ્મણોને જમાડવા મોટું બ્રહ્મભોજન કરાવ્યું. આવી રીતે પ્રભુ પોતાના આશ્રિતજનોને મનની ભાવના પૂર્ણ કરીને ત્યાંથી પ્રભુ બીજે જવા માટે નીકળ્યા.

**પિપલાણાથી જેતપુર આવ્યા** અને ત્યાંથી **ગોંડળપુર પધાર્યા.** ગરીબોના સ્વામી ગોંડળ પધાર્યા. ત્યારે તે પુરનાં લોકો અતિ હેતથી શ્રી મહાપ્રભુને પોતાના નગરમાં પધરાવ્યા અને રાખ્યા. શ્રીહરિ પોતાના આશ્રિતજનને ત્યાં રસોઈ બનાવીને થાળ જમ્યા. ભક્તજનોને સુખ આપીને થોડાક દિવસ ત્યાં **ગોંડળમાં** રહ્યા. ત્યાર પછી ત્યાંથી ચાલ્યા અને માર્ગમાં વચ્ચે વચ્ચે રોકાતા થકા ભક્તોને સુખ આપતા થકા **વાંકિયાપુર** પધાર્યા અને લોકોને આનંદ આપ્યો. ત્યાં વાંકિયામાં **મોકા ભક્તના** ઘેર જમવાનું કરીને હરિને થાળ જમાડવા અને હરિભક્તોને જમાડીને તૃપ્ત કર્યા. ત્યાર પછી કેશર ચંદન ફૂલમાળાઓથી મોકાભક્ત રોજેરોજ અર્ચન કરીને રાજી થતા હતા. આવી રીતે ધર્મનંદન મહાપ્રભુ **વાંકિયામાં** રહીને સર્વને અભય આપનારા મહાપ્રભુ અભય ખાચરના દરબારગઢમાં પધાર્યા. અભય ભક્ત હરિના અતિ એકાંતિક ભક્ત હતા. પ્રભુને અતિ ભાવપૂર્વક પધરાવતા હતા. ભાવપૂર્વક સેવાભક્તિ કરતા હતા. શ્રીહરિ ક્યારેક ક્યારેક જીવા ખાચર ભક્તના ઘેર પણ પધારતા હતા. પ્રભુને અતિ પ્રેમથી રાખતા હતા અને હરિની જેવી મરજી હોય તેવી રીતે રાખતા હતા અને હરિ મહાપ્રભુની ઇચ્છા મુજબ બધું જ કાર્ય કરતાં હતાં. આ રીતે પ્રભુ પોતાનું અલૌકિક સુખ આપતા હતા. શ્રીહરિ ધર્મનંદન મહાપ્રભુએ પોતાના સર્વોપરિ સ્વરૂપમાં હેત કરાવીને પોતાના આશ્રિતોને પોતાને વશ કરતા હતા. શ્રીહરિ પોતાનાં ચરિત્રો કરીને પોતાના પ્રતાપથી અલૌકિક ધામનાં દર્શન કરાવતા હતા. આવી રીતે ગઢપુરમાં અનેક ચરિત્રોને કરતા થકા સુખ આપતા હતા. જે જન હરિના વચનમાં વિશ્વાસ કરીને આજ્ઞા પ્રમાણે વર્તે છે તે જન એકાંતિકતાને પામે છે. પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પ્રભુને અભયરાજા પોતાના ઘેર જ રાખતા હતા. અતિ સુખ આનંદને પામતા હતા. શ્રીહરિ મહાપ્રભુ નિત્ય ઉન્મત્ત ગંગામાં સ્નાન કરવા જતા હતા. સર્વને સુખ આપતા હતા. નિત્યવિધિ કરીને શ્રીહરિ મહાપ્રભુ ભોજન વિગેરે કરીને આનંદ આપતા હતા. સર્વને સુખ આપતા હતા. ક્યારેક ક્યારેક મહાપ્રભુ જીવાભક્તના ઘેર પધારતા અને એભલ ભક્તના ઘેર કાયમ માટે નિવાસ કરીને રહેતા હતા અને એભલ હરિની સાંખ્યભક્તિ કરતા હતા અને બધાં જ આશ્રિતભક્તોને ભક્તિનો નિશ્ચય કરાવતા હતા.

કમળની પાંખડી સમાન લાલ નેત્રકમળથી કરુણાથી ભરપૂર શ્રીહરિ લોકોનાં હિત કલ્યાણ કરવા માટે પોતાના સ્વરૂપનું ઐશ્વર્ય પ્રકાશિત કરીને સર્વની આગળ મનોહર આકૃતિથી દર્શન દેતા હતા.

**આવી રીતે શ્રીહરિ લીલાસિંધુમાં સાતમા યુવા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિ સોરઠ કાઠિયાવાડ આદિક ગામો પુરો નગરમાં લીલા કરી તે કહી એ નામે સોળમો તરંગ થયો. ॥૧૬॥**

# તરંગ-૧૭

પ્રતાપસિંહ રાજા કહે છે, હે મુનિરાય ! શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ ગઢપુરથી પોતાના સખાઓની સાથે ગયા ત્યારે કયા ગામોમાં તથા પુરોમાં ગયા તેની જુદી જુદી વિસ્તારથી સર્વે વાર્તાઓ સંભળાવવા કૃપા કરો.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! વર્ણિન્દ્ર ભગવાન નારાયણનાં દિવ્ય અલૌકિક ચરિત્રો વિશેષ પ્રમાણમાં પ્રેમથી સાંભળે છે અને આ ચરિત્રને મનન કરીને ગાય છે. પોતાના હૃદયમાં ઉતારે છે તે અખંડ મારું સ્મરણ ધ્યાન કર્યા કરે છે. તે મારા ધામના મહાન પદને પ્રાપ્ત કરે છે. મારા ચરણમાં અખંડ સુખ પામે છે. **કરુણાસિંધુ** પોતાના પ્રાણનું પાલન કરનારા સર્વના ભયને ભાંગનારા ગરીબનિવાજ પ્રભુ **કારિયાણિ** પધાર્યા ત્યારે **ખટવાંગ રાજા** તથા **વિરદાસ, રાધવભાઈ વસ્તાભક્ત** આદિ સર્વે મનુષ્યો સર્વે દર્શન કરવા દોડીને આવ્યાં. **વસ્તા** આદિક સેવકોએ પોતાના ઘેર સુંદર રસોઈ કરાવરાવી અને ખૂબ જ પ્રેમભાવથી શ્રીહરિને થાળ તૈયાર કરીને જમાડ્યા. જમીને તૃપ્ત થઈને પ્રભુ આસન ઉપર વિરાજમાન થયા. શ્રીહરિની ચારેબાજુ ઘેરીને ભક્તજનો બેઠા અને શ્રીહરિના મુખની વાર્તા સંભળાવા લાગ્યા. શ્રીહરિ કહે, જે જીવાત્મા પોતાનું તન ધન મન સ્વજન વિગેરે સર્વેને મારી સેવાભક્તિથી વિશેષ ન માને. મારાથી ગૌણ માનીને મારી સેવાભક્તિ કરે તથા મારા આશ્રિતો સંતો ગરીબ જીવો વૃદ્ધો બાળકો આ બધાં ઉપર દયાભાવ રાખે. સતત એમનું ધ્યાન રાખે. ધર્મ અહિંસામય મનને રાખે. સત્યનું પાલન કરે. પોતાના આત્માને મારી સાથે જોડીને સત સંભારતો રહે. મારા સ્વરૂપનો દૃઢ આશ્રય કરીને સતત સંતના સમાગમમાં રહે. મારું સતત ધ્યાન ધર્યા કરે. કોઈ પદાર્થમાં મનને ન જ જોડે એવા જીવાત્મા મને અતિશય પ્રિય લાગે છે અને એની ઉપર મને વધારે લાગણી રહે છે. શ્રીહરિ ઉપદેશ આપતાં કહે છે કે સર્વના કરતા હરતા મને જાણીને અને સર્વના કારણ પણ મને જ જાણે. સર્વનો ઉપરી પરબ્રહ્મ પરમેશ્વર હું જ છું. એમ માની મને જ જાણે. તથા અનંત દિવ્ય અલૌકિક ઐશ્વર્યયુક્ત મનુષ્ય મૂર્તિ મને મળેલ છે. એજ સર્વોપરિ છે અને સર્વે જીવ પ્રાણીમાત્રના કર્મફળના આપનારા આ પોતે જ છે. એવો જેના મનમાં દૃઢ નિશ્ચય હોય. મારો પૂરેપૂરો વિશ્વાસ હોય. તથા સર્વ પ્રકારના અધર્મ સર્ગનો ત્યાગ રાખે તથા અષ્ટ પ્રકારે બહ્મચર્યનું પાલન કરીને રહે. મારી દૃઢતાથી ભક્તિ કરે તે જીવાત્મા મારા સિવાયના બધા જ સંગોનો ત્યાગ કરીને અને ભજન સ્મરણ કરે છે તે જરૂર મારા ધામને પામીને પરમ સુખને પામે છે. મારા આશ્રિતોએ સાંગભક્તિયુક્ત થઈને મારા સ્વરૂપનું દૃઢ મહાત્મ્ય સમજીને મારા સ્વરૂપમાં પ્રેમ રાખે છે. તે જીવાત્મા જરૂર મારા બ્રહ્મપુરધામને પામે છે. એમાં કોઈ શંકાનું સ્થાન રહેતું જ નથી.

**કારિયાણિના** ભક્તજનોનાં મનને રાજી કરીને જીવોના પ્રભુ હરિ **સારંગપુર** જવા માટે મહાપ્રભુ ચાલવા લાગ્યા. સારંગપુર આવી પહોંચ્યા ત્યારે **જીવાભક્ત** હરિને જોઈને અતિ આનંદ પામીને જેમ સ્વાતિ નક્ષત્રનું પાણી

પપિહા ને મળે ને એને જીવનમાં પ્રાણ મળે તેમ જીવો ભક્ત પણ નવિન પ્રાણવાન થયા. નિરધનને જેમ ધન મળે ને સુખ પામે તેમ જીવાભક્ત પણ પ્રભુને પામીને પોતાના ઘરમાં ઉતારો આપીને સેવા કરતા હતા. પોતાના પુત્ર પરિવાર સાથે નિશંક થઈને સેવાભક્તિ કરવા લાગ્યાં. સર્વે સેવકો હરિની સેવામાં તત્પર થયા. હરિનાં દર્શન કરીને અનેક જીવો પરમસુખને પામતાં હતાં. આવી રીતે પ્રભુ **સાળંગપુર** વિરાજતા હતા. તેવામાં એક દિવસ **મેથાણપુરથી પુજાજી** ભક્ત તથા અજાભાઈ તેઓ સર્વજનના સુખદાતા પ્રભુને પોતાના ઘેર પધરાવવા માટે તેડવા માટે આવેલા તેઓ શ્રી હરિને કહે હે મહારાજ ! અમો સર્વ સમાજ વતિ આમંત્રણ આપીએ છીએ. તો કૃપા કરીને અમારા ગામ પધારો. ત્યારે સર્વના ચિત્તના ચોરનારા ચાલવા માટે અતિ ચંચળતા (ઉતાવળ) કરવા લાગ્યા. ત્યાં પોતાના એકાંતિક ભક્તજનોને મળવા માટે તૈયાર થયા.

શ્રીહરિ મહાપ્રભુ **સાળંગપુરથી** પોતાના સર્વે સમાજની સાથે ચાલતા થયા અને શ્રીહરિ **નાગનેશપુર** પધાર્યા. નગર ભદ્રવતી નદીના કાંઠે વસેલું હતું. તે ખૂબ જ શોભતું હતું. તે પુરમાં પ્રભુ રાતનો વિશ્રામ કર્યો. રોકાયા. જ્યારે સવારે વિહાન વેળા થઈ ત્યારે હરિ ત્યાંથી પરવારીને ચાલતા થયા અને **બોડામાપુર** આવ્યું ત્યારે ત્યાં પુરમાં **જેઠસુર** ભક્તના ઘેર પધાર્યા. જેઠસુર ભક્તે હેતપૂર્વક પ્રભુને રાખ્યા. અનેક પ્રકારનાં ભોજનો બનાવીને શ્રીહરિને થાળ જમાડ્યો. સર્વ સમાજને જમાડ્યા. ત્યાર પછી હરિનું સ્નેહસહિત ખૂબ જ જેઠસુર ભક્તે મનના ભાવથી પૂજન કર્યું. ત્યાંની બધી જ દેવજાતિએ પ્રભુની ખૂબ જ પ્રેમથી સેવા કરી અને પ્રભુ ત્યાં રાત્રે શયન કર્યું અને પ્રભાતે વહેલા ઊઠીને ચાલતા થયા અને જ્યાં પોતાના એકાંતિક ભક્ત રહેલા હતા. ત્યાં જવા માટે ઉતાવળા ચાલવા લાગ્યા. ભક્ત પ્રતિપાળ પ્રભુ **ખોલડિયાદ** પધાર્યા. એમને જોઈને લોકોને ખૂબ જ પ્રેમ ઉપજ્યો. રાડા, રયા તથા એનાં માતાપિતા સર્વે ભાઈઓ વિગેરેએ તથા ખેંગાર આદિક કુટુંબ કહેવાતું હતું તે તે બધાએ. **રામા, નારાયણ ભગત** તથા **હંસરાજ મૂળા** આદિક ભાઈઓ બધા આવ્યાં. શ્રીહરિનું સારી રીતે ભાવપ્રેમથી સનમાન કરીને મનમાં ખૂબ જ આનંદ પામ્યા. ત્યાર પછી સારી રસોઈ તૈયાર કરાવીને સર્વને જમાડ્યાં. દિવસ ઉદય થાય ને જેમ પક્ષીઓ આનંદ પામે છે. તેમ સર્વે ભક્તજનો હરિનાં દર્શન કરીને અતિ આનંદ ઉમંગ મનમાં થતો હતો. હરિનાં દર્શનથી રાતદિવસ બધું જ એક જ ક્ષણમાં પૂરું થતું હતું. એવું આનંદમય વાતાવરણ હતું. હરિ અને હરિજનનું સેવન કરી આનંદ પામતાં હતાં. ત્યાર પછી પ્રભુ એક કોઈ **પૂર્વાચારણ હતાં.** તેને ત્યાં દર્શન દેવા પધાર્યા. ત્યાં દર્શન આપીને પ્રભુ તરત જ પાછાં પધાર્યા. ત્યાંથી ચાલીને પ્રભુ **બિબલિપુર** પધાર્યા. ત્યાં રોકાયા. ત્યાં મુળજીભક્તના ઘેર જઈને રોકાણ કરતા હતા.

મુળજી ભક્તના ઘેર બધાંને જમવા માટે રસોઈ તૈયાર કરાવીને બોલાવ્યા. જમાડ્યા. ત્યાર પછી શ્રીહરિને પોતાને ઘેર રાખીને સુખદાયક પ્રભુનું પુષ્પચંદન આદિકથી પૂજન કરતા હતા. સગરામ ભક્ત આદિક બધા જ ભક્તો આવીને બેઠા હતા. એટલે શ્રીહરિના મુખથી અમૃતવાણી વહેતી હતી. તેનું પાન કરતાં હતાં. કાનરૂપી પડીયા બનાવીને તેનાથી રસપાન કરીને હૃદયકમળમાં ધારણ કરતા હતા. શ્રીહરિ સ્વામિનારાયણ ભગવાન કહે છે, હે ભક્તજનો ! આ સમયે નરનારિનાં જે શરીરો મળેલાં છે તે તો કેવળ નરકનાં કુંડો જ છે. કેમકે એમાં જે જીવાત્મા લોભાય છે. તે સ્ત્રીઓ અને પુરુષો મહાભૂંડા જ છે. કેમકે કૂતરાં શિયાળીયાં અને ગધેડાંનાં શરીરો પણ (દેહો પણ) અજ્ઞાનના બંધનથી વિષયને ભોગવતા રહે છે. એમને તો કાંઈ જ્ઞાન જ નથી. પરંતુ મનુષ્ય બુદ્ધિ તો મહાન છે. તેથી વિચારવું જોઈએ. એટલા માટે આ મનુષ્ય શરીર મળવાનું ફળ તો માત્ર વિષય

વાસનાથી વૈરાગ્ય રાખવો તેજ સર્વોપરિ સાધન છે. એટલે વિષય આસક્તિનો ત્યાગ કરીને વિષય રહિત સત્સંગ કરીને સાચી સગાઈ કરવી એવા દઢ સ્વભાવવાળા સત્સંગીઓ મને ખૂબ જ વહાલા લાગે છે. એટલા માટે મારા આશ્રિતોએ અધર્મ સર્ગનો ત્યાગ કરીને ધર્મને દઢપણે પાળીને મારા સ્વરૂપની સાંગભક્તિ કરે અને મારું અખંડ નિષ્કામ ભાવથી ભજન કરે તે મને વહાલાં છે. મહાત્મ્ય સ્નેહની સાથે મારી મૂર્તિને સર્વોપરિ જાણતાં થકાં અખંડ મૂર્તિને વિશે જોડાયેલો રહે તો એને સાચું સુખ મળે છે. અમને મળેલા સંતો સર્વે મારા સ્વરૂપમાં વિહરનારા છે. તેથી એ અમારા સ્વરૂપને સર્વોપરિ સર્વકારણ માને છે. સર્વ અવતારના અવતારી માન છે. તે પદ તો અતિ દુર્લભ હોવાથી દેવો મુનિજનો ઈશ્વરોને દુર્લભ છે પણ અમારા જેવા પામર જીવાત્માને મળ્યા તે અમારાં અહોભાગ્ય છે એમ માનીને ભજન કરવું.

એવી રીતે મારા કહેલાં રહસ્યને સમજીને વર્તનારા જીવાત્માઓ વિષયવિકારનો ત્યાગ કરીને મારા સ્વરૂપ સિવાય બીજા કોઈને સાચા ન જાણો. મને જ સાચો જાણે છે. તે જ જીવાત્મા મારા ધામને પામનારો અધિકારી થાય છે. જેમના વચનમાં સૂર્ય, ચંદ્ર તથા પૃથ્વી, જળ, તેજ ,વાયુ, પુરુષ અને પ્રકૃતિ, કાળ,માયા, બ્રહ્મા આદિ ક્યારેય લોભાતા નથી. આજ્ઞા પ્રમાણે વર્તે છે. એવી રીતે કાર્ય કર્યા કરે છે. અનંત કોટિ બ્રહ્માંડના દેવો બ્રહ્મા શિવ વિષ્ણુ વિગેરે જેમની ઇચ્છા મુજબ જ રહેનારા છે. આ સ્વરૂપ મળવામાં જેમની શંકા છે તે જ સ્વરૂપ સર્વોપરિ તો અમને પ્રગટ જ મળ્યા છે. એ જ પોતે પ્રગટ મનુષ્ય શરીર ધારણ કરીને આ પૃથ્વી ઉપર વિચરે છે. અમને દર્શન આપે છે. એવાં અમારાં મહાનભાગ્ય છે. એવી રીતે જે સમજે છે એમને માટે કાંઈ કાર્ય કઠિન હોતું જ નથી. એ તો સરલતાથી પરમપદને પામશે જ.

શ્રીહરિ ભગવાન **બિબલિપુરથી** બધાંનાં ચિત્તને ચોરતા થકા ચાલતા થયા. **ભદ્રેશિ ગામ** પાસે આવ્યા ત્યારે તે ગામનાં ભક્તો **સુરચંદ અમિચંદ આનંદભાઈ સુંદરભાઈ બેચરભાઈ** વિગેરે ભક્તો દોડીને આવ્યા અને શ્રીહરિને પગે લાગ્યા. શ્રીહરિને પોતાના પ્રિયસંબંધીની માફક ભાવથી સેવા કરવા લાગ્યા. હરિની સેવા કરવાથી બધા જ પ્રકારના લાભ મળે છે. એ પ્રમાણે સેવાભક્તિ કરતા હતા. તેવામાં રાત પૂરી થઈ અને પ્રાતઃકાળ વેળા થઈ (વિહાન) ત્યારે પ્રભુ ત્યાંથી સવારના પહોરમાં ચાલતા થયા ત્યારે કૃપણ લોકોએ હરિનાં દર્શન કર્યાં. ત્યારે હરિએ એમની ઉપર કૃપાદૃષ્ટિ કરીને બધાની ઉપર નજર કરી. શાંતિ આપી. અમે આવીશું એમ કહીને કિશોરમૂર્તિ ચાલતા થયા. ચાલ્યા જતા હતા ત્યારે વચમાં **ચંદ્રાસર નામનું મોટું તળાવ આવ્યું.** તેની પાસે આવ્યા. તે સરોવરને ચારેબાજુ સુંદર ઘાટ બાંધેલો હતો. ક્યાંક પગથિયાં બનાવેલાં શોભતાં હતાં. તે સરોવરને ફરતે ઘાટા મોટાં વૃક્ષો શોભતાં હતાં. એ વૃક્ષોની શીતળ છાયા જોઈને બધાના મન લોભાતાં હતાં. તે સરોવરનું જળ અતિ નિર્મળ શાંત શીતળ હતું. તેની અંદર તરંગો ઉઠતી હતી. તે શોભતી હતી. કમળની સુગંધવાળો વાયુ વાતો હતો અને ભમરાઓ તે પરાગ સુગંધને ચરતા હતા. તેનાથી મદમસ્ત થયા હતા. ગુંજારવ કરતા હતા. કુંજ પક્ષીઓ કાંઠા ઉપર ગુંજારવ કરતાં હતાં. ભમરાઓ મદથી છકી જઈને ફરતા હતા. કેફવાળા થઈને હરિના ચરણકમળને સ્પર્શ કરીને જાણે કેફથી ભરેલા હોય તેમ શોભતા હતા. સખાઓ કહે છે, હરિ કરકમળથી હાવભાવથી આનંદ આપતા થકા જાણે હરિના હૃદય અને મુખકમળના વિલાસમાંથી રસ ચૂસતા ન હોય ? તેમ અષ્ટાંગ યોગને સિદ્ધ કરેલા સિદ્ધા શ્રીહરિને હૃદયમાં ધારતા હતા. તેની સાથે ચરણકમળના તળમાં સોળ ચિહ્નોની સાથે બને ચરણકમળની

સેવા કરતા હતા. પોતાનાં અંતઃકરણમાં રાખતા હતા. એવી રીતે સર્વે સખાઓએ હરિને અંગો ચોળી ચોળીને ખૂબ જ અંગોના રાગોને ચોરતા હોય તેમ પ્રેમથી હરિને નવરાવતા હતા. હરિનો દઢ નિશ્ચય કરતા હતા. પ્રેમી મનવાળા એવા એકાંતિક ભક્તોનાં મન હરિના ચરણકમળમાં લોભાતાં હતાં. જાણે તેઓ ભમરારૂપે થઈને આવ્યા છે કે શું ? એમ નક્કી જ હરિને નવરાવતા હતા અને આનંદ પામતા હતા.

આવી રીતે પ્રાણથી પણ અધિક પ્રિય એવા શ્રીહરિને નવરાવીને હરિએ સ્નાન કરીને સરોવરને તીર્થરૂપ કર્યું. તેનાથી અનેક જીવોનાં કલ્યાણ થશે તથા આ જળને જળ જતું થતાં પ્રાણીઓ મનુષ્યો જે કોઈ પીશે તેઓ જરૂર પરમપદને મોક્ષને પામશે.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં સાતમા યુવા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીસહજાનંદ સ્વામી સૌભિર દેશ પુર ગામ વિચરણ ચરિત્ર કથન નામનો સત્તરમો તરંગ થયો. ॥૧૭॥**

# તરંગ-૧૮

પ્રતાપસિંહ રાજા પૂછે છે, હે મુનિરાય ! ચંદ્રાસરથી શ્રીહરિ સેવકોની સાથે ક્યાં ગયા એ બધી જ લીલા મને કહો. મારે સાંભળવાની ખૂબ જ ભાવના છે.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! તમને ધન્ય છે. કેમકે તમારો ભાવ છે તેથી કહું છું. પ્રભુ મેથાણ ગયા ત્યારે ભદ્રેશ્રીમાં જે ચરિત્ર કર્યા તે તમને હું કહું છું તે સાંભળો. સરોવરની શોભા જોઈને હરિનું મન સ્નાન કરવા માટે ખેંચાણું. ચિત્ત ચોરનારા હરીએ સ્નાન કરવાની ઈચ્છા કરીને તૈયાર થઈને જળમાં ચરણકમળને સ્થાપન કર્યાં. ત્યારે સર્વના પ્રાણજીવન પ્રભુ ત્યાં પવિત્ર તીર્થ કરવા માટે પગથિયાં ઉપર સ્નાન કરવા બેઠા હરિએ જળમાં ક્રિડા કરવા માટે સેવકોની સાથે જળમાં ઉતરી સર્વજનોને જોતાં લોકોના ચિત્તને ચિતવંત કરવા માટે પરબ્રહ્મ પ્રભુએ સર્વના મનને હર્યાં. મનમાં જોર બતાવવા માટે લોકોના ઉમંગને વધારવા ભગવાન પાણીમાં ડુબકી મારીને ખૂબ દૂર દર્શન દેતા હતા. લોકોને આનંદ આપતા હતા. હે રાજન ! સર્વની સાથે સ્નાનલીલા કરીને પ્રભુ જળમાંથી બહાર નીકળ્યા. ઉદાર મૂર્તિ પરમેશ્વર પ્રભુની સર્વ ક્રિયાઓ જીવને ભવપાર કરવાના હેતુસર હોય છે. એટલે પ્રભુએ બહાર આવી નિત્યવિધિ તળાવના કાંઠા ઉપર જ કર્યાં અને ત્યાર પછી નરવિરે ટિમણ કર્યાં.

ત્યાર પછી મન મગ્ન થઈને પ્રભુ માર્ગ ઉપર ચાલતા થયા. સર્વે સખાઓ પણ હરિની સાથે **મેથાણપુર** જવા ચાલતા થયા. **મેથાણ** હરિ આવ્યાના સમાચાર મળ્યા. એટલે સર્વે સમાજ સામૈયું લઈને હરિને પુરનો સર્વે સમાજ સામો આવ્યો. સર્વે પુરનાં લોકો મૃદંગના તાલની સાથે કીર્તનો ગાતાં હતાં. સાથે પ્રનવાનક શહનાઈનો નાદ થતો હતો. આવી રીતે પ્રભુ પધાર્યા. એટલે ઘેરઘેર મોટો ઉત્સવ થતો હતો. ચારેબાજુમાં મંગળ ધુન થતી હતી આનંદ વ્યાપતો હતો. આકાશમાં દેવની દુંદુભી વાગતી હતી. તેની સાથે ગાંધર્વો ગીતો ગાતા હતા. આવી રીતે ગામમાં અને આકાશ મંડળમાં એક જ પ્રકારની ધૂન વાગતી હતી. એકરસ થઈને પોતે સુગંધનો વર્ષાદ થતો હતો. પ્રેમનો વર્ષાદ દેવો કરતા હતા. હરિપ્રભુ ગામમાં પધાર્યા એટલે પુજાજીના ઘેર ઉતારો કર્યો અને સખાઓની સાથે બધાની સરભરા થઈ ત્યારે સર્વે સેવકજનો સેવા સુશ્રુષા કરતાં હતાં. નિત્ય નવા નવા પ્રેમની સાથે સેવતા હતા. શ્રીહરિ મહાપ્રભુએ જાતે જ રસોઈ બનાવી શિરોપુરી અને શાક બનાવ્યાં. પોતાના ભક્તજનોને આનંદ

આપવા માટે સુંદરવર હરિએ પાકનો થાળ આરોગ્યો. આવી રીતે રાત પડી ગઈ એટલે સર્વે હરિભક્તો આવ્યા. હરિનું મંદહાસ્યયુક્ત મુખનાં દર્શન કરીને આનંદ પામ્યા અને હરિના મુખકમળના મધુર વચનો સાંભળવાથી મનમાં શાંતિ થઈ એ મુખ જોઈને જેમ ચકોર પક્ષી ચંદ્રમાને જુએ ને શાંત થાય તેમ સર્વે શાંત થયા. ત્યારે શ્રીહરિ સર્વેને કહેવા લાગ્યા, હે મારા આશ્રિતજનો તમે સાંભળો. તમારે બધાને ભગવાનના ભજન કરવાનો આગ્રહ રાખવો. નિત્ય પ્રત્યે ભજન કરવું. મારા સ્વરૂપનું એકાગ્ર મન થઈને ભજન કરવું. મારા આશ્રિત ભક્તજનોનો સંગ રાખવો. ભજન કરવું.

આ મનુષ્યશરીર મળવું એ આ ભરતખંડમાં ખૂબ જ કઠિન છે. દુર્લભ જ છે. તેમ જ હરિ અને હરિના સંતોનો સમાગમ પણ ક્યાં સુલભ છે. એ પણ અતિ દુર્લભ છે. એટલા માટે આવો અવસર ફરી ક્યારેય નથી મળવાનો. માટે આ સમયે ભગવાનનું ભજન કરવાનો અતિ આગ્રહ રાખવો. બધાએ ભજન કરવું. ભવબ્રહ્માદિક દેવો તમારી પાસે ભજનનો ભાગ માગે છે પણ એમને મળતો જ નથી. એવા સમર્થ હોવા છતાં તેઓ તમારાથી પાછળ છે. તમે પ્રભુને ઓળખો છો. જાણો છો. મહાકાળમાયા આદિક બધાં જ શંકાઓ કરે છે. વિચારે છે અને એ પ્રગટ પ્રભુ સંતોભક્તો સર્વે તમને મળ્યા છે. એ સમય સાધી લેવો. આવી રીતે એકાંતિક ભક્તિ અંગેની શ્રીહરિએ ઘણી બધી વાતો કરી. ઘણા સમય સુધી વાતો ચલાવીને બધાની ઉપર હેત જણાવીને નિશ્ચય કરવાનું બળ આપીને નિર્ભયતા બનાવી દીધી. લોકોના મનને રાજી રાજી કરીને આનંદ આપીને ત્યાર પછી પ્રભુ પલંગ પાથરીને તૈયાર કર્યો હતો તેની ઉપર પોઢ્યા તે ખૂબ જ શોભતા હતા. એકાંતિક ભક્તો સેવા કરતા હતા એમ કરતાં થકાં પ્રભુ પોઢી ગયા. સવારમાં વહેલા પ્રભુ યોગનિંદ્રામાંથી જાગ્રત થયા. વહેલાં દર્શન કરવા લોકો હરિ પાસે આવ્યા અને ત્યાર પછી હરિ ગામથી પૂર્વ દિશામાં સરોવર હતું. તેમાં સ્નાન કરવા પધાર્યા. સ્નાન કરીને તે સરોવરના જળને તીર્થરૂપ પવિત્ર કરી નાંખ્યું.ત્યાર પછી પ્રભુ સરોવરમાં સ્નાન કરીને પાછા આવ્યા. આવીને નિત્યનિયમ વિધિપૂર્વક કર્યાં. ત્યાર પછી સ્વસ્વરૂપનું ધ્યાન કરતા હતા. ધ્યાન કરીને પરવાર્યા ત્યારે દેવરામ અને ગોવિંદરામ બંને ભાઈઓ આવ્યા. હરિને પોતાના ઘેર તેડી ગયા.

હેતપૂર્વક હરિ માટે સ્વાદયુક્ત રસોઈ બનાવીને હરિને જમાડીને તૃપ્ત કર્યા. પછી પ્રભુને સુગંધિત ચંદન પુષ્પાદિક વડે પૂજન કરીને ખૂબ જ ભાવથી રાજી કર્યા. ભક્તજનો પૂજન કરીને આનંદ પામ્યા. પૂજન કરીને પ્રભુના ચરણ કમળને મહિમા સહિત હૃદયકમળમાં ધારણ કર્યાં. બંનેનાં અંગો ઉપર ચરણ અંકિત થયેલાં ખૂબ જ શોભતા હતા. તે બંને વિપ્રની સ્ત્રીઓ અને પુત્ર પરિવારની સાથે બધાને પૂર્ણ આનંદ કરાવીને પરબ્રહ્મ હરિ મેથાણપુરની ભાગોળને શોભાવતા થકા પોતાના ઉતારે પ્રભુ પધાર્યા. **આદિલ** આદિક સ્ત્રીઓ ભગવાનનાં એકાંતિક ભક્તો હતાં. તેઓ સર્વે મળીને ભગવાનની ખૂબ જ પરિચર્યા ભક્તિ કરતાં હતાં. મહાત્મ્ય સહિત સ્નેહની સાથે ભજન કરતાં હતાં.

ત્રીજા દિવસે અમિન પટેલોમાં **અજાભાઈ અજયભાઈ** એ હરિજનો અને સંતો અને મહાપ્રભુ સર્વેને જમાડવા માટે રસોઈ બનાવીને પ્રથમ શ્રીહરિને થાળ તૈયાર કરીને જમવા બેસાર્યા. શ્રીહરિ પ્રભુ મનભાવતાં ભોજનો પ્રેમથી ખૂબ જમ્યાં. તૃપ્ત થયા. ત્યાર પછી બધાં જ જનોને જમાડીને તૃપ્ત કર્યાં. શ્રીહરિ મહાપ્રભુને ભોજન જમ્યા પછી મુખવાસ વિગેરે જમાડ્યા પછી **અખૌ ભગત ભક્તજીવોના** ઘેર જુદા જુદા ઘેર પવિત્ર કરવા જમતા હતા. ભક્તો પણ હરિનું સ્મરણ કરતાં થકાં જીવન જીવતાં હતાં. હરિને જમાડ્યા પછી જાતજાતની પૂજન સામગ્રી ભેગી

કરીને હરિનું પૂજન કરતાં હતાં. તેનાથી પુરમાં મહામોટો ઉત્સવ થતો હતો. આવી રીતે શ્રી પુરુષોત્તમ નારાયણ પ્રભુ એક પખવાડિયાં સુધી ત્યાં મેથાણમાં રોકાઈને બધા જ જીવોને ઉત્તમ પ્રકારના જ્ઞાનનો ઉપદેશ કરીને શ્રેષ્ઠ ભક્તો કર્યા. ત્યાં સરોવરો નદીઓ ગામની ભૂમિ તથા ઘરો ભાગોળોમાં પ્રભુએ પોતાના ચરણકમળથી ચિહ્નિત કરેલી ભૂમિ તિર્થાંકિત કરી નાખી. પછી પ્રભુ ત્યાંથી ચાલવા માટે પ્રયાણ કરવા તૈયાર થયા. બધાં જ લોકોને પ્રેમના પાસથી બાંધીને ચાલવા લાગ્યા.

પ્રભુ ચાલતા થયા એટલે લોકો હરિ પાછળ વિરહથી આકુળ થવા લાગ્યાં. લોકોનો સમુદાય હરિ પાછળ દોડ્યો ત્યારે હરિએ અનેક ઉપાયો કરીને વિનયભાવથી હરિને વિનંતી કરીને રાખવાનો આગ્રહ કરતાં હતાં. હરિને રાખવા મન ખેંચાતું હતું. ત્યારે હરિ પુરની બહાર જઈને લોકોને દર્શન આપવા માટે ઊભા રહ્યા. નરનારિજનોએ દર્શન કર્યાં. ત્યાર પછી પ્રભુ ચંચળ થઈને ચાલતા થયા અને પ્રભુ ત્યાંથી આગળ **અંકેવાળિયા** પધાર્યા. **અંકેવાળિયાપુરમાં** ખબર પડી ગઈ કે આપણા ગામમાં પરબ્રહ્મ પરમેશ્વર પધારવાના છે. એટલે સામૈયું લઈને લોકોનો સમુહ સ્ત્રીઓ પુરુષ બધાં જ હરિમાં મન જોડીને સામાં ચાલતાં હતાં. **વિસરામ** આદિક તથા **જીવાભક્ત ખેમા, મકા** હરિમાં મનને જોડીને હરિની સામે જતા હતા. પ્રનવાનક ભુંગળ વગાડતા થકા ભગવાનનાં કિર્તન ગીતોને ગાતાં થકાં હરિને વધાવવા જતાં હતા. વિશરામ ભક્ત હરિ આદિ બધાંને પોતાના ઘેર તેડી ગયા. હરિ બધાંનાં મનને આનંદમય થયેલા જોઈને રાજી થતા હતાં. હરિની સેવા કરતાં હતાં. સેવા કરતાં થકાં શરીરની પરિચર્યા કરતાં હતાં તથા હરિને ઇચ્છિત ભોજનો બનાવીને જમાડતાં હતાં. વર્ણિરાય પ્રભુ લોકોને ઉપદેશ દેતા હતા કે જેમ ખેતીવાડીને ચંદ્ર પોતાની ચાંદનીથી અમૃત પાય છે. વનસ્પતિ વૃદ્ધિ પામે છે તેમ જ્ઞાન ઉપદેશથી સત્સંગની વૃદ્ધિ થાય છે. લોકોના હિત કરવા માટે સંતો અને હરિ દેશદેશાંતરમાં વિચરતા થકા ફરે છે. ઉપદેશ આપે છે.

આવી રીતે આ અંકેવાળિયા પુરમાં હરિપ્રભુ પોતાના સ્વરૂપનું સુખ આપીને ઉપદેશ કરીને પ્રભુ ત્યાં પાંચ દિવસ રોકાયા. ત્યાર પછી ત્યાંથી ચાલવા માટે ઇચ્છા કરી. ત્યાંથી પાછા ફરી **ભદેશ્રીપુરમાં** અમિચંદ ભક્તના ઘેર પધાર્યા. હરિ ત્યાં રોકાયા અને **સુરચંદ્ર** ભક્તના ઘેર થાળ તૈયાર કરીને **અલખ અભેવ** પ્રભુને થાળ જમાડીને તૃપ્ત કર્યા. ત્યારે ત્યાં અચાનક મુનિજનો આવ્યા. અંદર બેઠેલા હરિને નિર્ખીને દર્શન કર્યાં અને આનંદ પામ્યા. હરિને સાષ્ટાંગ દંડવત્ કર્યાં. પ્રણામ કરીને હરિ મુનિજનોને ભેટીને મળ્યા. ત્યાર પછી કુશળ સમાચાર પૂછ્યા. સંતોએ જવાબ આપ્યા. જે જે દેશોગામોમાં ફર્યા તેના સમાચાર પૂછતા હતા. ત્યારે મહા પ્રભુએ વાત કરીને મુખથી બધાંની ખબર પૂછતા હતા. સાકર નાંખીને શિરો બનાવ્યો. તેને શ્રીહરિએ આરોગ્યો. પછી સંત સમુદાયને જમાડ્યા. તૃપ્ત કર્યા. પછી **અમીચંદભાઈ** અને **સુરચદભાઈને** પ્રસાદ આપ્યો. તે લઈને આનંદ મનવાળા થયા. તે પુરમાં વણિક ભક્ત તથા વિગેરે બધાંનાં મનમાં આનંદ આપનાર, પ્રભુ તે પુરમાંથી ચતૂર ચિત ચોરનારા ત્યાંથી સત્સંગને સુખ આપવા બધી શોભા વધારતા થકા આગળ ચાલતા હતા. ત્યાંથી પ્રભુ ચાલીને **વઢવાણપુર પધાર્યા.** ત્યાંથી **ખારવા ગામે પધાર્યા.** ત્યાં **આંબા** આદિક ભક્તના ઘેર ઉતારો કર્યો. રાત રોકાઈને ઘનશ્યામ પ્રભુએ શયન કર્યું.

**ખારવાથી બલદાણા** અને ત્યાંથી **બડોદ થઈને વસ્તડિ પધાર્યા.** ત્યાંથી પ્રભુ શ્રીહરિ **ચૂડે પધાર્યા.** ત્યાં રોકાઈને પછી **રાણપુર પધારતા** હતા. રોકાણ કરતા હતા. **રાણપુરથી** પ્રભુ ચાલીને **બોટાદપુર** પધાર્યા અને ત્યાંથી

પ્રભુ **ગઢપુર** અભયરાજાના દરબારમાં શ્રીહરિ સર્વના પતિ પધાર્યા ત્યારે બધાં જ જનો શ્રીહરિનું ખૂબ જ ભાવથી સૌ પરિચર્યા કરતાં હતાં. એભલ બાપુનો પરિવાર એકાંતિક ભક્ત હતાં અને જગતના વાતાવરણથી પર રહેતાં હતાં. **ગઢપુરમાં પ્રભુ** થોડાક જ દિવસ રોકાયા. **સોરઠમાં પધાર્યા.** ફરી ત્યાંથી **અગત્રાઈ પધાર્યા.** અગત્રાઈમાં પ્રભુ એક માસ સુધી રોકાઈને લોકોને ઉપદેશ આપ્યો. એકાંતિક ભક્તિવાળા કર્યા. **અગતરાઈથી પ્રભુ કાલવાણિપુર** સુખપૂર્વક પધાર્યા અને જ્યાં એકાંતિક ભક્તો અનેક રહેતા હતા ત્યાં ફૂલદોલનો ઉત્સવ કરવાનો નક્કી કરીને સત્સંગીઓને તથા સંતોને બોલાવ્યા. શોભા વધારતા હતા. ત્યાં મહારાજે અનેક પ્રકારનાં રંગો તૈયાર કરાવ્યા અને મહારાજ બધાં લોકો ઉપર એ રંગ ઉછાળતાં હતાં અને હિંડોળો બાંધીને હરિને પ્રેમથી ઝુલાવતાં હતાં. શ્રીહરિ ઘનશ્યામ મહાપ્રભુ હિંડોળામાં ઘણીવાર સુધી ઝુલ્યા. લોકોના મનના ભાવન પૂરા કાર્યા. ત્યાર પછી પ્રભુ હિંડોળાથી ઉતરીને ઘનશ્યામ પ્રભુરંગ રમવા ચોકમાં પધાર્યા અને ચોકમાં રંગ મંગાવ્યો અને એકબાજુમાં મુનિજનો અને હરિભક્તો અને એક બાજુમાં શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ અને પાર્ષદજનો હતા. તેઓ સર્વે મળીને રંગ રમવા લાગ્યા.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં સાતમા યુવા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિ પ્રભુ કાઠિયાવાડ સૌભિર પ્રદેશ સોરઠ પ્રદેશમાં વિચરણ કરીને જે ચરિત્રો કર્યા તેનું વર્ણન કર્યું એ નામે અઢારમો તરંગ થયો. ॥૧૮॥**

# તરંગ-૧૯

પ્રતાપસિંહ રાજા કહે છે, હે મુનિરાજ ! શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ કાલવાણિમાં રંગ રમીને પછી પ્રભુ ક્યાં ક્યાં પધાર્યા તે ગામો દેશો પુરો વિગેરેનું વિચરણ કરેલું તથા ત્યાં ધર્મકુમારે જે લીલાઓ કરી હોય તે મને વિસ્તારથી કહો.

સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! તમે સર્વે સાંભળો. તમે પૂછેલું બધું જ કહું છું. શ્રીહરિ પ્રભુ રંગની રેલમછેલ કરીને ખૂબ જ રંગ રમ્યા. ત્યાર પછી ત્યાંથી જુદાં જુદાં ગામો પુરોમાં જે ચરિત્રો કર્યા તે અલબેલા પ્રભુનાં ચરિત્ર કહું છું. શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ ઉમંગથી રંગ રમતા હતા ત્યારે પિચકારી ભરીભરીને સૌની ઉપર નાંખતા હતા અને સંતો હરિભક્તો ઉપર રંગની ઝોળીઓ ભરીભરીને ઉડાડતા હતા. આવી રીતે રંગમાં ગરકાવ કરીને પછી બધા જ હરિને રંગ રમાડતાં હતાં. ચારેબાજુ અબિલ ગુલાલની છોળો ઉડતી હતી. તેનાથી આકાશનું વાતાવરણ લાલ લાલ થઈ ગયું હતું. લોકોનો આનંદ ઉછળતો હતો. સર્વેજનો સંતો રંગ રમીને રસબસ થઈને હરિની સાથે સ્નાન કરવા ગયા. સરોવરમાં સ્નાન કરીને જળક્રીડા કરીને બધાં સાથે મળીને નવરાવીને તૈયાર થઈને પુરમાં થાળ જમવા પધાર્યા. સંતો હરિજનોને જમાડીને તૃપ્ત કર્યા. ત્યાર પછી સર્વે લોકો આવેલા તેઓ સૌ પોતપોતાના ગામે નગરે હરિ અને સંતોને પ્રણામ કરી ચરણસ્પર્શ કરીને આનંદની ઓઘમાં ગરકાવ થઈને હર્ષ પામતા થકાં ચાલતાં હતાં. શ્રીહરિએ સંતોને એકઠા કરીને મહાપ્રભુએ સંતોનું પૂજન કર્યું. ત્યાર પછી સંતોએ મળીને હરિનું પૂજન કર્યું. આવી રીતે હરિએ અલૌકિક ચરિત્ર કર્યું.

ત્યાર પછી પ્રભુ સંતોની સાથે કાલવાણિપુરથી ચાલતા થયા. ગુજરાતની ભૂમિ ઉપર ચરણને સ્થાપન કરવાનો વિચાર કર્યો. હરિ બધાની ઉપર ખૂબ જ પ્રસન્ન થયા હતા. ફરતા ફરતા ધર્મતનય ભગવાન

ધોરાજીપુરમાં આવ્યા અને આવીને સર્વે લોકોનાં મન અતિશય આનંદયુક્ત કરતા હતા. બધાને ખૂબ જ ભાવતા હતા. સર્વે લોકોની સેવાને ગ્રહણ કરતા પ્રભુ મનને આનંદ આપતા થકા ત્યાંથી ઘનશ્યામ પ્રભુ ચાલતા થયા. ધોરાજીથી જેતપુર પધાર્યા. લોકોનાં નેત્રોને આનંદના પુરથી ઉભરાવતા હતા. આવીને ઉનડ ભક્તના ઘેર ઉતારો કરતા હતા. એમને સેવાનું સુખ આપતા હતા. જેતપુરનાં લોકોનાં મનને રાજી કરીને મહાપ્રભુ ત્યાંથી ચાલ્યા અને વાંકિયાપુર પ્રભુ મનને આનંદ કરતા થકા પધાર્યા. વાંકિયાપુરથી હરિ કરિયાણા પધાર્યા. રાઈબા આદિક ભક્તજનોના મનને અતિ ભાવ્યા. સંતોની સાથે શ્રીહરિ પ્રભુની ખૂબ જ સેવા કરી અને રસોઈ કરીને સંતસહિત બધાંને ખૂબ જ જમાડ્યા. તૃપ્ત કર્યા. કરિયાણાના ભક્તોને ખૂબ જ જ્ઞાન ઉપદેશ કરીને મનને ખૂબ જ રાજી કરીને ઘનશ્યામ પ્રભુ ગઢપુરમાં પધાર્યા. ગઢપુરમાં અભય નરેશના દરબારગઢમાં ઉતર્યા. ત્યાં એકાંતિક ભક્તજનોની સેવાને સ્વીકારતા થકા સંતોને શ્રીહરિ પ્રશ્નોત્તર કરીને સમજાવતા હતા. જ્ઞાનચર્યા કરતા હતા. શ્રીહરિ સંતોમાં પરસ્પર પ્રશ્નોત્તર કરાવતા હતા અને હરિ પોતે સમજાવતા હતા. બધાને પ્રવિણતાવાળા કરતા હતા. હરિ જ્ઞાનની વાતો સમજાવીને બધાંને તૈયાર કરતા હતા. શ્રીહરિ પોતે પ્રશ્ન પૂછતા હતા. ઉત્તર ન આવડે એટલે તેનો ઉત્તર પોતે જ સમજાવીને સિદ્ધ કરતા હતા. ફરી પાછા માંહોમાંહી પ્રશ્ન ઉત્તરો શીખવાડતા સમજાવતા હતા. પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પ્રભુ સંતો પાર્ષદોની સાથે શોભતા હતા. ગઢપુરનાં લોકોને હરિ ખૂબ જ વહાલા લાગતા હતા. પછી પ્રભુ કારિયાણિપુર સંતો પાર્ષદોને લઈને પધાર્યા હતા. માંચાભક્ત અને વિરદાસભક્ત શ્રીહરિ સાંત પાર્ષદોની સેવા પરિચર્યા કરતા હતા. ખૂબ જ ભાવથી શેરડિ ખૂબ જ સારી થતી હતી તેથી લાવીને જમાડતા હતા. ખૂબ જમાડતા હતા.

ઘઉં તથા ચણાનો પોંક ઓળો તૈયાર કરીને રોજે રોજ ખૂબ અધિક અધિક ભાવથી જમાડતા હતા. આ સર્વે પદાર્થ હરિનાં જ છે એમ જાણીને કાયમ માટે હરિને અને સંતોને ખૂબ જ આપતા હતા અને જમાડતા હતા. શ્રીહરિ પ્રભુ **કારિયાણિથી ઝિંઝરપુર પધાર્યા.** ત્યાં **જેઠાભાઈ** અને **અલૈયાખાચરને** ઘેર ઉતારો કરાવતા હતા. બંને જણે ભાવનાથી ખૂબ જ સારા પાકો બનાવરાવીને પ્રેમથી જમાડતા હતા. **ઝિંઝરથી** પ્રભુ ચાલ્યા. **અડવાળપુર પધાર્યા.** અડવાળમાં વાડીમાં ઉતારો કર્યો અને **વેલાભાઈ** આદિક વણિક ભક્તો આવ્યા અને હરિ સંતોને પગે લાગ્યા. ગામનાં માણસો સમાચાર જાણીને પુરની બહાર આવ્યાં. ભગવાનને જોવા માટે બધાં આવ્યાં હતાં. પ્રભુને બધાં જ લોકો પોતાના વહાલા સંબંધી હોય તેમ બધાં સેવા કરતાં હતાં. ભગવાને નેત્રો આપ્યાં છે તેથી દર્શન કરીને નેત્ર હોવાનું ફળ લેતાં હતાં. ત્યાંથી કરુણાનિધિ પ્રભુ **કમાલપુર** પધાર્યા. ત્યાંનાં લોકોના મનના ભાવને પૂરા કરવા પધાર્યા. ત્યાંથી મહાપ્રભુ **બળોલપુર** પધાર્યા. નિષ્કામ ભક્તોને દર્શન દાન દીધાં. મહાપ્રભુની બધાં જ લોકો સેવા કરતાં હતાં. બધાં તે માટે રસોઈ બનાવરાવતાં હતાં. હરિને પ્રેમથી મનગમતા ભાવતાં ભોજનો જમાડતા હતા. હરિ પ્રેમથી જમતા હતા.

મહાપ્રભુ જીવોનો ઉદ્ધાર કરવા **કોઠપુર પધાર્યા.** ત્યાં **ગુપાળજી** નામના એક ભક્ત હતા. એમણે હરિનાં દર્શન કર્યાં. પ્રભુનાં સન્માન કર્યાં અને પ્રભુને પોતાના ઘેર લઈ ગયા. હરિને પોતાના ઘેર રાખતા હતા. ત્યાર પછી ભક્તો સંતો પાર્ષદોને માટે પ્રભુએ રસોઈ બનાવી બધાને જમાડી. ત્યાર પછી પુરનાં લોકોને ઉપદેશની વાતો કરીને પૂર્ણ સુખ આપ્યું. પ્રભુના ચરણનો સ્પર્શ કરી દર્શન કરીને ઉદ્ધારનો કોલ લેતા હતા. ત્યાંથી પ્રભુ ચાલીને **ચલોડાપુર પધાર્યા.** ત્યાંના દુર્જનનોના મદને ઉતારવા પ્રભુ પધાર્યા. થોડો સમય રોકાઈ રસોઈ જમીને પ્રભુ ત્યાંથી **જેતલપુર પધાર્યા.** ત્યાં સંતો પાર્ષદ ભક્તોની સાથે **મહેલમાં ઉતારો કર્યો.** ત્યારે જેતલપુર ગામમાં

ખબર પડી ત્યારે લોકો સર્વે દર્શન કરવાના કામ માટે આવ્યાં. પાસે બોલાવીને હરિએ સેવકને કાંઈક કામ કરવાનું સોંપ્યું ત્યારે **ગંગામાં** આદિક બધી સ્ત્રીભક્તો ભેગાં થઈને આવ્યાં. હરિના મુખકમળના ચંદ્રસમાન મનોહર દર્શન કરીને ચકોરની જેમ તૃપ્ત થતાં હતાં. ત્યારે ત્યાં હરિ પાસે **આસજીભાઈ** બધા જ ભક્તજનો આવિને બેઠા તથા **આશારામ દેવજી આદિત્યરામ** આદિ સો એ સો ભક્તો ભગવાન પાસે આવીને બેઠા. આ બધા જ ભક્તો ભગવાનના વચન પ્રમાણે વર્તનારા નિષ્ઠાવાન હતા. સતત સંતોનું પ્રભુનું સતત સેવન કરનારા એકાંતિક દાસ જેતલપુરના ખૂબ જ સમજણવાળા હતા. શ્રીહરિ મહારાજ **જેતલપુર** આવ્યા છે એમ જાણીને દેશોદેશથી સતસંગીઓ દર્શન કરવા આવતાં હતાં. અમદાવાદપુરનાં લોકો આવતાં જતાં હતાં. શ્રીહરિ ઘનશ્યામ પ્રભુનાં દર્શન કરીને મનમાં આનંદ પામતાં હતાં. શ્રીહરિના મુખકમળથી વચનામૃતનું શ્રવણ કરતાં હતા. એ સાચા જ્ઞાનથી દેહથી સંબંધ છોડાવતા હતા. પોતે આત્માસ્વરૂપ છે એમ જણાવતા હતા. સાંગ સ્વરૂપની ભક્તિની સાથે દઢપણે બ્રહ્મચર્ય વ્રતવાળા સંતો રહેતા હતા.

આવી રીતે જ્ઞાન સમાગમથી દરરોજ સત્સંગનો વધારો થતો હતો. લોકો સત્સંગ કરતાં હતાં. જેમ સમુદ્રમાં ભરતી ચડતી હોય ત્યારે પાણી ઊંચું ચડતું હોય. મહાસાગર શોભતો હોય તેમ સત્સંગનો વધારો થતો રહે અને શોભતો રહે. શ્રીહરિ જેતલપુરમાં ક્યારેક મહેલમાં જમવાનો થાળ મંગાવીને જમતા તો ક્યારેક રાજાધિરાજ ગામમાં જમવા પધારતા. જેતલપુરધામમાં બ્રાહ્મણવર્ણમાં ઊંચા કુળનાં ગંગામાં હતાં. તે પ્રભુ માટે થાળ બનાવતાં. એમનો બનાવેલ થાળ પ્રભુ કાયમ જમતા હતા. એ ગંગામાં રામાનંદ સ્વામીના શિષ્ય હતાં. એથી શ્રીહરિના મહિમાને ખૂબ જ જાણતાં હતાં અને મહિમા સહિત ભગવાનની ખૂબ જ પરિચર્યા કરતાં હતાં.

શ્રીહરિને સેવા પરિચર્યા કરીને રાજી કર્યા અને એમની પાસેથી વરદાન માંગી લીધા કે જ્યારે જ્યારે આપ પધારો ત્યારે ગરીબના બેલી રસોઈનો થાળ આપ જમજો. આમ હરિના રાજીપાથી ગંગામા રસોઈ બનાવવામાં ખૂબ જ જાણકાર હતાં. એટલે પ્રેમવશ થઈને હરિ એમની રસોઈ જમતા હતા. ક્યારેક શિરો ને પુરી શાક વિગેરે જમતા હતા. તો ક્યારેક પુરી શાક દાળ ભાત વિગેરે જમતા હતા. ક્યારેક દહીં અને કારેલાનું વઘારેલ શાક જમતા હતા તો ક્યારેક વંતાકનું સુંદર બનાવેલ શાક અને દહીં જમતા હતા. શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ જ્યારે જ્યારે જેતલપુર ગામમાં પધારતા ત્યારે તે ગામનાં લોકો હરિના દર્શન કરવા માટે આકળાં થઈને દોડતાં હતાં. ત્યારે ઘરનાં કામકાજને પડતાં મેલીને જતાં હતાં. કડેટલાંક ગાયોને દોહતાં દોહતાં પડ્યું મૂકીને જતાં હતાં. કેટલાંક બાળકનું લાલનપાલન કરતાં હતાં. સ્તનપાન કરાવતાં હતાં તે પડતું મૂકીને જતાં હતાં. ક્યારેક પાણી ભરીને આવતાં હોય ત્યારે પાણીનાં ઘડા રહી જાય. આવી રીતે હરિમાં દક્ષ થઈને સ્થિર મનવાળાં થઈ જતાં હતાં. શ્રીહરિ જ્યારે ચાલતા હોય ત્યારે એમની ચાલવાની રીત અતિ ચંચળતાથી સુંદર રીતે ચાલતા હોય. મદગજની ચાલ ચાલતા હોય તો પાર્ષદોથી વિટાયા થકા ચાલતા હોય. હરિના કંઠમાં ફૂલના હારો ખૂબ ધારણ કરેલા શરીર ઉપર ભાર ધારતા હતા. ફૂલની સુગંધમાં ભમરાઓ ગુંજારવ કરતાં થકાં ગંધને લેતા હોય. ગુણીજનો હરિનાં કીર્તનોને મધુર રાગે ગાતા હોય. છંદો ચોપાઈઓ ચોસરા કિર્તનો ગાતાં હતાં. દેવો ઈશ્વરો હરિની સ્તુતિ કરતાં હતાં અને બંને હાથ જોડીને બ્રાહ્મણો વેદના મંત્રોને મધુર સ્વરે બોલીને સ્તુતિ ઉચ્ચારતા હોય છે. આવી રીતે શ્રીહરિ મહાપ્રભુ જ્યારે જેલતલપુર ગામમાં જતા ત્યારે હરિ પોતાના ચરણકમળથી લોકોના ઘરને ચિહ્નિત કરીને પવિત્ર તીર્થરૂપ કર્યાં. આમ દિનના

સ્વામી મહાપ્રભુ પોતાના પ્રતાપને બતાવી સુખ આપતા હતા. વર્ણિવેશવાળા પ્રભુના ફેરા બહુ જ સુંદર શોભતા અને શ્વેત વસ્ત્રને ધારણ કરેલાં શોભતા હતાં. ચરણમાં પાદુકા (ચાંખડિ)ને ધારણ કરીને ચાલે ત્યારે ચટ ચટનો મધુર સ્વર થતો. આવી રીતે પ્રભુ રોજ આવતા જતા હતા. ક્યારેક પ્રભુ મહોલના ગોખમાં બેસીને પ્રેમથી પ્રાકૃતિક રંગોને નિરખતા ઉપદેશ આપતા, તો ક્યારેક દેવો મુનિગણો હરિનાં દર્શન કરવા માટે વિમાનો લઈને આવતાં. તે વિમાનો આકાશમાં છવાઈ રહેતાં આવી રીતે આવતાં હતાં.

ક્યારેક ક્યારેક આસોપાલવની છાંયામાં સભા કરીને બેસતા તો ક્યારેક પાટ ઉપર ગાદિતકિયા પાથરીને વિરાજમાન થતાં. બધાંને ઉપદેશ આપતાં સર્વે જનો ભાવથી હરિનાં દર્શન કરીને સુખ પામતાં. શ્રી સ્વામિનારાયણ ભગવાની સભા એટલી શોભતી હતી કે એની કોઈ ઉપમા આપવા માટે કોઈ કવિ સમર્થ થતો જ નહતો. એવી અલૌકિ હતી. કેમકે એ સભાને બરોબરીયામાં દેવોની સભા પણ ન આવી શકે એમ જ આ સભાની સમાનતામાં બ્રહ્મા શિવ વિષ્ણુ પણ ન આવી શકે. તથા વૈકુંઠધામની પણ સભા સમાન ન ગણાય તથા ગોલોકની સભા પણ આના બરોબર ન આવે. કેમકે આ સભા તો સાક્ષાત્ અક્ષરધામાધિપતિ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની સભા છે. એ તો પોતે બ્રહ્મપુરધામના સ્વામી છે. એથી એમના બરોબરોમાં કોઈ ન આવે તો સામે આવી જ ન શકે. હરિ પુરુષોત્તમ નારાયણ મનોહર મૂર્તિની શોભા તો અપરંપાર છે. કપુર બરાસના કંઠમાં હાર ધારણ કરેલા હોય છે. ક્યારેક તો ચણોઠિનો પરોવેલા હારતોરા ધારે છે. ચંદનની અર્ચા કરેલી છે. તુલસીની માળા ધારે છે. ગુલાબના હારોને ધારણ કરે છે. કુંદનિ કળિના હાર ધારે છે. હારના શણગાર બોરસલીના ફુલોનો હાર ધારે છે કયારેક હાથમાં ફૂલથી ગુંથેલી છડીને ધારે છે તથા ફૂલનો ગુચ્છ બનાવેલો ધારણ કરે છે ત્યારે જાણે ફૂલની વેલીમાં ફૂલનું ગુચ્છ ન શોભતું હોય ? તેમ શ્રી ઘનશ્યામ પ્રભુ શણગાર ધારણ કરીને પુરમાં શોભતા હતા.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં સાતમા યુવા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિ જેતલપુર નિવાસ કરી લીલા કરી એનું વર્ણન કર્યું એ નામે ઓગણીસમો તરંગ થયો. ॥૧૯॥**

# તરંગ-૨૦

પ્રતાપસિંહ રાજા કહે છે, હે મુનિ ! શ્રી હરિ પ્રભુ તે જેતલપુરથી ગામડિ ગામે ગયા, તે કોણ લઈ ગયું હતું. તે બધું જ ચરિત્ર મને વ્યવસ્થિત સમજાવો.

મુનિરાય કહે છે, હે ઋષિરાજ ! તમે ધ્યાનથી સાંભળો. ભગવાન સ્વામિનારાયણ **જેતલપુરના** લોકોના મનને ઉપદેશ આપી રાજી કરીને વચમાં બીજે ફરી આવ્યા એ ચરિત્રને વિસ્તારથી કહું છું. તમે ધ્યાન દઈને સાંભળો. શ્રીહરિ આવ્યાની પુરમાં ખબર પડી એટલે સામૈયું કરવા માટે ગામનાં બધાં લોકો સાજ લઈને આવ્યાં. સંતો પાર્ષદોની સાથે પરબ્રહ્મ નારાયણ લોકોના પ્રેમને વશ થઈને એમના મનના ભાવ પૂરા કરવા પધાર્યા. પવિત્ર પદાર્થો લાવીને હરિ આગળ ધરીને હરિને પગે પડીને દંડવત્ પ્રણામ કરતાં હતાં. સામૈયામાં જાતજાતનાં વાજાંઓ વાગતાં હતાં. સ્ત્રીઓ હરિનાં મંગળ ચરિત્રોને ગાતી હતી. ચોખા અને કંકુથી હરિને વધાવતાં હતાં. હરખપૂર્વક હરિને સન્માનતાં થકાં પુરમાં લઈ જતા હતાં, ત્યારે ગામડિ ગામ અતિ રમણીય લાગતું હતું. ગામની ગલીઓ તથા ચોકો શોભતાં હતાં. સંપત્તિથી ભરપૂર ઘરો શોભતાં હતાં. શ્રીહરિ મંદિરમાં ઉતર્યા. એ મંદિરના સિંહાસન

ઉપર ભગવાન શોભતા હતા. પોતાના આશ્રિતો સંતો અને ભક્તજનોની સાથે શ્રીહરિ સુખદાતા પધાર્યા ત્યારે પુરનાં લોકો હરિ પાસે આવીને બેઠાં. બધાં જ લોકો જાત જાતનાં પદાર્થોથી પ્રગટ પ્રભુ શ્રી ઘનશ્યામ હરિને ભેટ કરતાં હતાં. સારી રસોઈ બનાવીને શ્રીહરિને જમાડીને સંતો, પાર્ષદોને જમાડતાં હતાં. પછી બધાં જ લોકો પ્રભુને નમ્રતાથી હાથ જોડીને કહેવા લાગ્યાં, હે પ્રભુ !અમે તો આપનાં આશ્રિત છીએ. તો આપ અમારા ઘેર પગલાં કરવા પધારો. પગલાં કરીને અમને તથા અમારાં ઘરને પવિત્ર કરીને અમને ન્યાલ કરી દો.

ગામડીના ભક્તો **શંભુદાસ રગનાથ** ભક્તના ઘેર મહાપ્રભુ પધાર્યા ત્યારે એ ભક્તજનોએ સુગંધયુક્ત પૂજાસામગ્રીથી ભગવાનનું પૂજન કર્યું અને વસ્ત્ર આભૂષણો ધારણ કરાવ્યાં. આ રીતે ભાવથી પૂજન કર્યું. તથા બીજા **કાકુભાઈ બાપુભાઈના** ઘેર પધાર્યા. **મુનદાસભાઈ વ્રજભાઈના** ઘેર પણ પ્રેમથી પધાર્યા. ત્યાં **મકનભાઈ હરખભાઈ કંષિભાઈ ઝવેરભાઈ દાદાભાઈ રણછોડભાઈ કિશોરભાઈ જીવાભાઈ જેસંગભાઈ જેઠાભાઈ ધોરિભાઈ ભગવાભાઈ** આદિક સર્વે સત્સંગીઓના ઘેર પધાર્યા તથા **જેરામભાઈ જેશંકરભાઈ** આદિક બધા જ બ્રાહ્મણોના ઘેર પણ પધરામણી કરીને ઘરો પવિત્ર કર્યાં. ત્યાર પછી મહાપ્રભુ સ્નાન કરવા માટે પધાર્યા. બધા ભક્તોએ સુગંધિત પદાર્થોથી પૂજન કર્યાં અને હરિનાં ચરણોના સ્પર્શ કરીને સુખી થયાં. પ્રભુએ પોતાનાં પગલાં પાડીને ગામને તીર્થરૂપ બનાવ્યું. ત્યાર પછી જળમાં સ્નાન કરીને બધાં જ લોકોનો ઉદ્ધાર કરતા હતા. શ્રી સહજાનંદ સ્વામી ભક્તજનો અને સંતોની સાથે સરોવરમાં સ્નાન કરીને **ગામડિપુરમાં** પધાર્યા. ત્યાર પછી સર્વજનોના મનને આનંદ કરાવીને પ્રભુ **કણભાપુર** પધારવા માટે ચાલતા થયા. સંતોપાર્ષદોની સાથે પધાર્યા.

**કણભાના લોકો** સાથે મળીને વાજીંત્રોની સાથે પ્રભુનું ખૂબ જ ધામધૂમથી સામૈયું કર્યું. વાજીંત્રોના નાદની સાથે કીર્તનો ગાતા થકાં હરિને જોઈને ભક્તજનો ખૂબ જ આનંદિત થયા. અતિપ્રેમ મગ્ન થઈને વધાવતાં હતાં. બધા ભક્તોએ હરિને દંડવત્ પ્રણામ કર્યાં તથા **નાથભક્ત** અને **ઉમાભાઈ ઝવેરદાસ જીભાઈ તુલસી પિતાંબર રગનાથ** વિગેરે બધા ભક્તો ઉત્સાહથી રાજી થયા. બધા ભક્તો હરિમાં હેત જોડીને ચાલતા થયા ત્યારે તે જ સમયે ગામની સ્ત્રીઓ બધી જ દર્શન કરવા દોડીને આવતી હતી. હરિના મુખકમળનાં દર્શન કરીને ખૂબ જ આનંદ પામી. બાળકો વૃદ્ધો બધાં જ હરિને જોઈને અતિ આનંદ ઉત્સાહમાં આવી ગયાં. બધાનાં ચિત્તને ચોરી લીધાં. બધાં જ સંતોને ચોરામાં ઉતારો આપ્યો. અને પ્રભુ **ઉમાભાઈ** આદિક ભક્તજનોના ઘેર પધાર્યા. ત્યાં **નાથભક્ત** આદિક હરિભક્તોએ સંતો સહિત બધાંની રસોઈ કરાવીને ખૂબ જ પ્રેમભાવથી જમાડ્યા. કેટલાક ભક્તોને સમાધિ કરાવી. દર્શન આપીને સંસાર સાગરમાં ગોથાં ખાતા હતા. એ ઉપાધિને ટાળી નાંખી. હરિએ એ સાથે ભક્તોને સ્વમુખે અમૃતમય વાણિનો ઉપદેશ આપીને સમજાવ્યા. તેનું ખૂબ જ ધ્યાનથી એકાગ્ર ચિત્તે પાન કર્યું. શ્રીહરિ મહાપ્રભુ કણભામાં પોતાના ચરણોથી પૃથ્વીને અંકિત કરી ઘેર ઘેર પધરામણી કરીને કૃતાર્થ કર્યાં અહિ તળાવ અને કૂવામાં સ્નાન આદિક કરીને તીર્થભૂત બનાવ્યાં અને જીવોને ઉપદેશ આપીને પોતાના આશ્રિત બનાવીને મુક્તિ લાયક કર્યાં. કણભા ગામનાં બધાં મનુષ્યોને કૃતાર્થ કરીને પ્રભુએ સર્વના મનવાંછિત કાર્યો કર્યાં અને **નાથભક્ત** અને **ઉમોભાઈ** શ્રીહરિની આગળ કીર્તનો ગાતા હતા.

અલબેલા ઘનશ્યામ **કણભામાં** થોડા દિવસ રહીને પોતાના આશ્રિતજનોને ખૂબ જ રાજી કરીને શ્રીહરિ લોકોનાં સુખ કરવા **વહેલાલપુર** પ્રત્યે પધાર્યા ત્યારે વહેલાલ ગામમાં ખબર પડી એટલે ગામના મનુષ્યો સામૈયું લઈને સામા આવ્યા. **રગનાથદાસ જેસંગભાઈ** આવ્યા. **કુમજીભાઈ પુજાભાઈ અજાભાઈ** આદિક આવીને

પ્રભુનાં દર્શન કર્યાં. ત્યાર પછી ભક્તજનોથી ઘેરાયેલા પરબ્રહ્મ પ્રભુ માટે વાજીંત્રો વાગતાં હતાં. સ્ત્રીઓ હરિનાં કીર્તનો ગાતી હતી. એમની સાથે પ્રભુ વહેલાલપુરમાં પધારતા હતા. હરિને જોઈને લોકોનાં મન અતિ આનંદ પામતાં હતાં. તેથી આખા પુરમાં આનંદમય વાતાવરણથી અતિ શોભાયમાન લાગતું હતું. જાણે ઇંદ્રપુરી સ્વર્ગલોકની નગરી ન હોય ? તેમ શોભતું હતું. પુરમાં ખૂબ જ ભીડ થઈ હતી. માર્ગમાં હરિની રૂખ જોઈને સ્ત્રીઓ હરિને પુષ્પથી વધાવતી હતી. ખૂબ જ આનંદમંગળનું વાતાવરણ સર્જાયેલું લાગતું હતું. વહેલાલપુરમાં ખૂબ જ ભીડ જામી હતી. લોકો હરિનું અખંડ ચિંતવન કરતાં હતાં. કરુણામૂર્તિ શ્રીહરિ પ્રભુ બધાંનાં ચિતને ચોરતા હતા. આવી રીતે લોકો શ્રીહરિ પ્રભુના દર્શન કરીને તથા ચરણનો સ્પર્શ કરીને લોકો નિહાલ થયાં અને હરિએ જેસંગભાઈના ઘેર પગલાં સ્થાપન કરીને તેમને ધન્ય કર્યો. જેસંગભાઈના પિતા **રઘુનાથભાઈ** અને એક પુત્રી **વખતબાઈ** નામનાં હતાં તથા **રઘુનાથભાઈના** પૌત્ર **અજુભાઈ** આદિ બધાં જ શ્રીહરિનાં એકાંતિક ભક્ત હતાં. ભગવાનને પ્રિય હતાં. એટલે હરિ અને સંતોને પોતાને ઘેર જ રાખતાં હતાં. ખૂબ જ ભાવથી સેવા પરિચર્યા કરતાં હતા. નિત્ય નવા નવા જ ભાવથી સેવતાં હતાં. એમના મનમાં હરિનો દઢ નિશ્ચય હતો. અને ધર્મનો દઢ પક્ષ હતો તેથી પોતાના જીવનને કૃતકૃત્ય કરી નાંખ્યું. પરબ્રહ્મ પુરુષોતમ પ્રભુ બધાયનિ ઉપર સર્વોપરિ અક્ષરબ્રહ્મના પોતે જ આત્મા સ્વામી છે એમ સમજીને મન કર્મ વચનથી પોતાના ઘર વિગેરે પદાર્થો હરિનાં જ છે. એમ સમજીને સ્નેહ સહિત મહાત્મ્યથી ભજતાં હતાં. આવી રીતે મુનિઓની સાથે મુનિઓના નાથને રગનાથભાઈ પોતાના ઘેર રાખીને વખતભાઈના અદિબા આદિ પ્રભુની સેવા કરતાં હતાં. પોતે સનાથ થતાં હતા. હરિના મુખચંદ્રમાંથી નીકળતા અમૃતમય વચનોને કાનરૂપી પડીયાથી પાન કરતાં હતાં. પુરુષોત્તમ પરબ્રહ્મ નારાયણ હરિ એમની સેવાને ખૂબ જ ગ્રહણ કરતા હતા. આવા પ્રભુનો યોગ થવો તે તો ધન્યભાગ્ય હોય તો જ થાય. એ વિના યોગ મળવો મુશ્કેલ છે. શ્રીહરિ નારાયણ ભગવાન સાત દિવસ સુધી વહેલાલપુરમાં રહીને ભક્તજનોનાં મનને પૂર્ણ કર્યાં. બીજા નવા જીવોને આશ્રિત બનાવ્યા. એમને ભૂમિ ઉપરનાં પાપ તાપને દૂર કર્યાં સુખ આપ્યાં.

મહાપ્રભુ **વહેલાલથી** ચાલીને માર્ગમાં **નિકોલ ગામ** આવ્યું. ત્યાં પધાર્યા **નિકોલથી** હરિ **અમદાવાદ નગર** પધારવા ચાલ્યા ત્યારે અમદાવાદ પુરના લોકોને ખબર પડી એટલે બધાં જ લોકો સામૈયું લઈને દોડીને આવવા લાગ્યાં. આવીને પ્રભુના ચરણમાં સારી પવિત્ર ભેટસામગ્રી લાવ્યા હતા. તે અર્પણ કરીને પ્રભુના ચરણનો હાથથી સ્પર્શ કરીને પગે લાગ્યાં. ત્યાર પછી પ્રણવાનક દુંદુભિ ભુંગળો ત્રાંસાં વગાડતાં હતાં. તેનાથી ચારેબાજુ નગરમાં મંગળમય શબ્દ થતો હતો.

ભક્તોની સાથે પ્રભુ ચાલતા થકા પૂર્વ બાજુના દરવાજેથી નગરમાં પ્રવશે કર્યો. ત્યારે નગરની સ્ત્રીઓ દોડીને આવવા લાગી અને દર્શન કરવા લાગ્યાં. હરિ અને હરિનાં સંતોને હજારો સ્ત્રીઓ પુરુષો રાજમાર્ગ ઉપર ઊભાં રહીને મોટી લાઈનોમાં દર્શન કરવા તત્પર થયાં હતાં. પોતાનાં નેત્રની સફળતા પૂર્ણ કરતાં હતાં. સુખ પામતાં હતાં. હરિનાં દર્શન કરવા ઉતાવળાં થઈને બાઈઓ પોતાનાં બાળકોને ધવરાવતાં હતાં, નવરાવતાં હતાં, ખવરાવતાં હતાં. તે બધું છોડીને હરિનાં દર્શન કરવા હૃદય ખેંચાતું હતું. ઉતાવળું થતું હતું. એટલે ઘરનાં બધાં જ કામોને છોડી દઈને પોતાના નેત્રથી હરિનાં દર્શન કરવા જેમ ચકોર ચંદ્રમાં જોડે છે તેમ હરિમાં જોડતાં હતાં. કેટલીક સ્ત્રીઓ ભોજનો પીરસતી હતી. પોતાના પતિને ત્યાં જ મૂકીને એકદમ દોડવા જ લાગી. કેટલીક ઘરમાં

રસોઈ કરતી હતી.તેને પડતું મેલીને ચિત્ત હરિમાં ખેંચાતું હતું. તેથી દોડીને દર્શન કરવા ગઈ. હરિ પધારતા હતા ત્યારે બ્રાહ્મણો વેદના મંત્રો બોલતા હતા અને મુનિજનો ગીરવાણ વાણિ ગદ્ય બોલીને હરિને સન્માનતા હતા. માગધો છંદો ગાતા હતા. ગુણીજનો હરિની બિરદાવલી ગાતા હતા. છડિદાર ઉંચે સ્વરે મહારાજની છડીને પોકારતાં હતાં. મહારાજને મહેર રાખવાની વિનંતી કરતાં હતાં. બધાં જ લોકો હરિમાં દિલ દઈને દર્શન કરતાં હતાં. કાળ માયાના ભયથી છોડાવવા માટે ભવસાગરને તરવા માટે પ્રાર્થના કરતાં હતાં. હરિના ચરણનાં દર્શન સ્પર્શ કરીને મહાપાપના બંધનથી છૂટતાં હતાં. હરિ એમને અભયદાન આપતા હતા. દિન દુઃખીયોને તારતા હતા. એવી રીતે હરિ રાજમાર્ગ ઉપર આવતા હતા ત્યારે બધાં જ લોકો પોતાનાં પ્રાણને હરિનાં દર્શનમાં જોડતાં હતાં.

શ્રીહરિ ભગવાન **અમદાવાદમાં** પધાર્યા. એટલે નારાયણ મુનિદેવ પોતાના જ મંદિરમાં ઉતર્યા અને હરિભક્તો સર્વે જાત જાતના પદાર્થ સામગ્રીથી સેવા કરી પોતાનો ભાવ પૂર્ણ કરતા હતા. **દયારામ** અને **દેવરામ** બંને બ્રહ્મદેવો શ્રીહરિના એકાંતિક ભક્તો હરિની ભક્તિ કરતા હતા એટલે તે બંને ભક્તોએ શ્રીહરિને માટે પોતાને ઘેર થાળ બનાવ્યા. હરિને જમાડવા માટે ખૂબ જ ભાવવાળા હતા. તેથી જમાડ્યા. એવી રીતે બીજા પણ બ્રાહ્મણ ભક્તો હતા. તે બ્રાહ્મણ ભક્તો રોજેરોજ પોતાને ઘેર જમાડતા હતા. હરિ એમના ઘેર જમાવા પધારતા હતા. એવી રીતે શ્રીપુરના ભક્તજનો નરનારી સર્વેને શ્રીહરિએ સેવા સ્વીકારીને મુનિનાથે નિહાલ કરી દીધાં. એવા **રામવિપ્રના** ઘેર જમ્યા. બીજા **અંબારામને** ઘેર પણ ગયા. પછી **હરેશ્વરના** ઘેર જમ્યા. **જગતપતિના** ઘેર પણ પ્રભુ જમવા પધાર્યા. **કાશિનાથના** ઘેર **ગણપતરામના** ઘેર તથા **મંગળ ભટ્ટના** ઘેર પણ પ્રભુ જમવા પધાર્યા. પછી **મંગળ વ્યાસના** ઘેર પણ જમવા હરિ પધાર્યા. એ રીતે સર્વેએ ખૂબ જ આગ્રહ કરીને હરિને જમાડ્યા. રાજી કર્યા. એવી રીતે શ્રીહરિ મહાપ્રભુ અનેક ઘરે જમવા પધાર્યા. સ્વયં જગતના સ્વામી પોતે જ જમવા પધારતા અને લોકો પોતાના પ્રિયજનોની માફક જ પ્રેમથી હૃદયની ભાવનાથી જમાડતાં હતા. એવી રીતે શ્રીહરિ સહજાનંદ સ્વામી મહાપ્રભુ અમદાવાદ નગરમાં રહીને બધાને અતિ અલૌકિક સુખ આપતા હતા.

**એવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં સાતમા યુવા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિ પુરો ગામો-નગરોમાં વિચરણ કરીને જે લીલા કરી તેનું વર્ણન કર્યું એ નામે વીસમો તરંગ થયો. ॥૨૦॥**

# તરંગ-૨૧

પ્રતાપસિંહ રાજા કહે છે, હે મુનિરાજ ! આપ મને શ્રીહરિ અમદાવાદ નગરથી નીકળીને પછી પશ્ચિમ દેશમાં ગયા. પ્રયાણ કર્યું ત્યારે પુરોગામમાં જે ચરિત્રો કર્યા હોય તે કહો. આપ તો સર્વ વાતને જાણો છો તેથી કહો.

સુવ્રત મુનિ કહે છે, હે ઋષિરાજ ! તમે જે પૂછ્યા તે ચરિત્ર કહું છું તો તમે ધ્યાનથી સાંભળો. પ્રભુ જ્યાં જ્યાં પધાર્યા ત્યાં જે ચરિત્ર કર્યાં તેનું વર્ણન કરું છું. એ ચરિત્ર બહુ જ પવિત્ર છે. તે અજ્ઞાનના અંધકારને નાશ કરનાર છે. સાચા જ્ઞાનને આપવા માટે મહાપ્રભુ આ ભૂમિ ઉપર પ્રગટ થયા છે. જગતના જીવોને અજ્ઞાન દૂર કરવા પધાર્યા છે એમ જાણો. સર્વ સુખના સાગર ભગવાન **અમદાવાદ** નગરનાં લોકોને અતિશય આનંદમગ્ન

કરીને પ્રભુ ત્યાંથી ચાલવાનો વિચાર કર્યો. બધાં ભક્ત સંત સમુદાયની સાથે પ્રભુ **જેતલપુરના** માર્ગે ચાલતા થયા. પોતાના આશ્રિતો સંતો હરિનાં ચરિત્રના ગુણને ગાતાં થકાં સાથે ચાલતાં જતાં હતાં. **જેતલપુરમાં** આસજીભાઈ તથા ગંગામા આદિક સર્વે ભક્તજનો નરનારી સર્વે પ્રભુને આવેલા જોઈને ખૂબ જ આનંદમાં આવી ગયાં અને ભાવથી અનેક પ્રકારે સેવાચાકરી કરવા લાગ્યાં અને પ્રભુજીને જમાડવા માટે ખાનપાનથી સરભરા કરવા લાગ્યાં. ભાવથી જમાડવા લાગ્યાં. શ્રીહરિ પોતાનું ઐશ્વર્ય બતાવતા થકા અનેક જનોને પ્રભુ અલૌકિક સુખ આપતાં હતાં. જ્ઞાનનો ઉપદેશ આપીને ધ્યાનના માર્ગ સમજાવીને તથા વિશેષ પ્રકારના જ્ઞાનથી માર્ગદર્શન આપીને બધાનાં મનને અતિ દૃઢ કરીને જ્ઞાનને અતિ પ્રકટ કરતા હતા. બધાં લોકોને તથા સંતોને પ્રભુ ખૂબ જ સુખ આપતા હતા. ત્યાર પછી પ્રભુ **જેતલપુરથી** ચાલવા માટે અતિ ઉતાવળા થયા અને માર્ગનાં ગામોનાં લોકોને દર્શન તથા જ્ઞાન ઉપદેશ આપવા જવા માટે ઉતવાળા થયા, ત્યારે શ્રીહરિ થઈને ગામની બહાર નીકળ્યા ત્યારે પુરના સ્ત્રીપુરુષો સર્વે દોડીને દર્શન કરવા માટે આવ્યાં.

અષાઢી સંવત અઢારસો એકસઢના અષાઢ માસમાં પ્રભુ **જેતલપુરથી** ચાલતા થયા. **કાસંદ્રાપુરે પધાર્યા.** ત્યાંથી સાબરમતી નદીને ઉતરવા ઉતાવળા થયા. ત્યારે નદીમાં બંને કાંઠે પાણી આવેલું. એને પાર ઉતરી શકાય તેમ ન હતું. તોય શ્રીહરિ પ્રભુ પોતે પહેલાં પાણીમાં પ્રવેશ્યા (પડ્યા) ત્યારે પાછળથી બધાં જ લોકો શુરવિર થઈને પાણીમાં પડ્યાં. સાબરગંગાને ઉતરીને બધાં જ જનસમુહની સાથે પાર ઉતર્યા. ઉમંગથી સાબરમતીને તીર્થરૂપ બનાવી દીધી. એના પાણીને પ્રભુએ નિર્મળ નિર્ગુણ બનાવી દીધું. ત્યાંથી ચતુરવર સંઘની સાથે ચાલતા થયા. **ઓદરપુર** થઈને પ્રભુ શ્રીહરિ **મોડાસર પધાર્યા.** ત્યાં **મોડાસરમાં** પ્રભુ રાજાના ઘેર દરબારગઢમાં ઉતારો કરતા હતા. એના સંસારના તાપને શમાવવા માટે ત્યાં રોકાયા. ત્યાં એક બ્રાહ્મણબાઈ પ્રભુની ભક્ત હતી તે પ્રભુની સેવા કરતી હતી. શ્રદ્ધાસહિત વિવેકથી શ્રીહરિની સેવામાં ખૂબ જ તત્પરતાથી રહી હતી. પ્રભાતના સમયે જ્યારે પ્રભુ ચાલવા તૈયાર થયા ત્યારે તે બાઈએ પાલવ ઝાલ્યું ત્યારે પ્રભુએ એને છેતરીને છલાંગ મારીને ગાડા ઉપર સવાર થઈ ગયા. તરત જ લોકોને ન્યાલ કરીને ત્યાંથી નીકળી ગયા. માર્ગમાં આવતાં બંને પુરોનાં ભક્તોને આનંદિત કરીને **મછિયાવમાં** પુરુષોત્તમ નારાયણ પ્રભુ પધાર્યા. ત્યાંના રાજા સુરસિંને હરિનું મહાત્મ્ય એના અતિરેકથી હરિની સેવા કરવામાં અતિ નવિન જ ભાવ લાગતો હતો. ખૂબ જ પ્રેમથી સેવા કરતા હતા. **ફૈબા** તથા **ઈશાહબામા, જીબા, રાઈ, રંજન, ફૂલિ, બાદિરાં, રગાં, જવાં, શલામા રળિયાતમા** આદિ મછિયાવપુરની સ્ત્રીઓ આવીને શ્રીહરિના સ્વરૂપનાં દર્શન કરીને અતિ રાજી થઈ ગઈ. શ્રીહરિ મહાપ્રભુ **મુળજી** વિપ્રના ઘેર જમવા પધાર્યા. સાથે જ સંતો હરિભક્તોને પણ જમાડી દીધા. ત્યાર પછી **કાંધાભાઈ તેજાભાઈ ભારોજી જેઠીભાઈ** આદિક તથા **રાહોજી** વિગેરે. ભક્તજનો નરનારિઓ બધાં જ હરિનું સેવન કરતાં હતાં ત્યારે શ્રીહરિ પોતે સર્વેને અતિ આશ્ચર્ય બતાવતાં હતાં. આશ્ચર્યથી દિવસે દિવસી સત્સંગ વધતો હતો અને હરિપોતો એનાથી નિશ્ચિંત રહેતા હતા. એમના માટે કોઈ તર્ક થતો નહતો.

**મછિઆવથી** પ્રભુ **દદુકાપુર** પધાર્યા. ત્યાંના ભક્તો એકાંતિકનાં હિત કરવા પધાર્યા. ત્યાં **ગૌડ અલુભાઈ** આદિ નરનારિને સર્વના કલ્યાણ કરનાર પ્રભુએ દર્શન આપ્યાં. **દદુકાના** ભક્તોએ હરિનું પ્રેમભાવથી સન્માન કર્યું અને સંતો સખાઓને સર્વને જમાડીને તૃપ્ત કર્યાં. પ્રભુએ જમાડતાં દૂધ દહીં ખૂબ જ આગ્રહ કરી કરીને જમાડ્યાં અને બધાંને ખૂબ જ રાજી રાજી કરી દીધાં. ત્યાં રાત રોકાઈને **સાપર** થઈને પ્રભુ **તલસાણાપુર પધાર્યા.**

પોતાના આશ્રિત ભક્તોને દર્શન સુખ આપીને પછી **તાવિપુર** પ્રત્યે પધાર્યા. **તાવિપુરના** ભક્તોમાં **અદાભાઈ, અક્ષભાઈને જેઠીબાઈ** આદિ ત્રણ જણાં તથા **રઘાભાઈ અજુભાઈ** આદિક તથા શુરવિર ક્ષત્રિય એવા બધા પ્રગટ પ્રભુ સહજાનંદ સ્વામીનો જપ કરતા હતા. ત્યારે એમના કુળના બધાં જ લોકો શ્રીહરિનો આશ્રય કરીને શ્રીહરિ મહાપ્રભુમાં પોતાની મનોવૃત્તિને જોડીને સેવા કરતાં હતાં. આવી રીતે મહાપ્રભુ પોતાના આશ્રિતોનાં મનના ભાવ પૂર્ણ કરીને સર્વના પ્યારા પ્રભુ સંતો ભક્તોની સાથે ચાલતા થયા.

પછી પ્રભુ **ખજિલિપુર** પધાર્યા. ત્યાંના ભક્તજનોના મનની ઈચ્છાઓને પૂર્ણ કરીને ત્યાંથી પ્રભુ **મેમકાપુર** પધાર્યા. દેવના દેવ પ્રભુ મેમકાના ભક્તજનોના મન તન તૃપ્ત કરવા પધાર્યા અને લોકો તન મન ધનથી પ્રેમથી સેવા કરતાં હતાં. હરિ મેમકા આવ્યા ત્યારે ત્યાંનો જનસમુદાય સામૈયું લઈને સામા તેડવા આવ્યા. સામૈયાની સાથે પ્રભુ પુરમાં પધાર્યા. ભક્તજનના ઘેર ઉતારો કર્યો ત્યારે **મેઘજી, લાલજી,** આદિક ભક્તજનો શ્રીહરિની સાથે મળીને અંતરના અનુરાગથી સેવા કરતાં હતાં. **ખેતાસા, વાલાસા** અને **રાજાસા** આદિ ભેગા મળીને તથા પુરનાં બધા લોકો મળીને સેવા કરતાં હતાં. શ્રીહરિ ભોગાવતિ ગંગામાં સ્નાન કરીને બધાં જ લોકોનાં મનને આનંદ કરાવતા હતા.

શ્રીહરિ મહાપ્રભુ **મેમકાપુરમાં** એક દિવસ રોકાઈને પછી પ્રભુ ત્યાંથી ચાલતા થયા. પ્રભુ વઢવાણપુર પધાર્યા. ત્યાં વાણિયાનાં હાટમાં રાત રોકાણા અને સવારમાં વહેલી (વિહાન) વેળાએ ચાલ્યા. ત્યારે ત્યાંનાં લોકો ત્રણે વર્ણનાં હરિની સેવા કરતાં હતાં. એમણે પ્રભુની ખૂબ જ પરિચર્યા કરી ત્યારે પ્રભુ તો બીજા દિવસે બપોરે જમી કરીને સર્વના નાથ ત્યાંથી ચાલ્યા. **વઢવાણપુરથી** પ્રભુ **ખરાલિપુર** અને **ખેમાપુર** પધાર્યાં. ત્યાંનાં સર્વજનો શ્રીહરિનાં દર્શન કરવા આવ્યાં. પ્રેમભાવથી દર્શન કર્યા. ત્યાર પછી મહાપ્રભુએ **લિંબલિપુરમાં** પગલાં પાડ્યાં. લિંબલિમાં મુળજી ભક્તના ઘેર ઉતારો કરી રહ્યા. મુળજી ભક્ત પ્રેમભાવથી પ્રભુની સાથે આવેલાં. બધાં જ જનોની સેવા સરભરા સારી કરી અને બધાં જ સેવકજનોમાં એમના જેવો કોઈનો ચહેરો ન હતો. એવો એમનો ચહેરો હતો. એ **મુળજી** જ્ઞાનના પ્રશ્નોત્તર કરવામાં ખૂબ જ હોંશિયાર જ્ઞાની હતો. એ બધા જ પ્રકારની જ્ઞાન વાતો સમજતો હતો અને ચર્ચા કરતો હતો. મુળજી ભક્ત કહે છે, હે પ્રભુ ! પાંચિકરણ પ્રક્રિયામાં દેવોનો કેવો ભેદ કહેલો છે. એમનાં ક્રમની ગણતરી અલૌકિક જ છે.

શ્રીહરિ કહે છે, હે મુળજી ! તે પંચિકરણ પ્રમાણે રજ અને વિર્યનાં બિંદુથી આ ભૌતિક દેહ થાય છે. એ દેહ અજરૂપા આથી બંધાયેલો (વિંટાયો હોય છે) પ્રેમના મોહમાં બંધાયેલો છે. પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ એ બધી જ મારી મૂળ પ્રકૃતિનાં જ પદાર્થો આઠ પ્રકારે રહેલા છે. તે જ રીતે અહંકાર મહાતત્ત્વ આદિક પ્રકૃતિનાં અનંત કોટિ અર્થાત્ કરોડોની સંખ્યામાં પ્રકૃતિમાંથી સર્જાયેલાં છે. એવી રીતે આકૃતિઓ જુદી જુદી અનંત છે. સાત પ્રકારના ધાતુઓમાંથી જ રજ અને વિર્ય ઉત્પન્ન થાય છે. તેજ રજ તથા વિર્યથી પંચભૂતનો દેહ બધાય છે. બધા જ દેહોની વૃદ્ધિ તો દેહમાં પોષણથી જ થાય છે. સદાય વિકાસ થતો રહે છે. બધા જ પ્રકારના દેહોની વૃદ્ધિ કે નાશ તો મારી પ્રેરણાથી કાળ જ કર્યા કરે છે તથા ત્રણ પ્રકારનાં જે જીવાત્મા કર્મ કરે છે તે જ જીવ ભોગવે છે અને એનું ફળ તો હું પ્રેરણા કરું તે રીતે જ એને મળે છે. મારી મરજી વિના કાંઈ કોઈનાથી થતું જ નથી. મુળજી કહે છે, હે પ્રભુ ! આ આપની કહેલી માયાના બંધનમાંથી છૂટવા માટેનું જે જ્ઞાન છે તે મને કહો. એ જ્ઞાનને તમારા સિવાય બીજા કોઈ નથી જાણતા, આપ તો સર્વજ્ઞ છે ! માટે વિસ્તારથી કહો.

શ્રીહરિ કહે છે, હે મુળજી ! આ પૃથ્વીલોકમાં બધાં જ લોકો આવાં શરીરવાળાં છે. હું પણ એવું જ શરીર ધારીને મારા શરણાગત બનાવું છું. ઉપદેશ આપીને અનેક જીવોનો ઉદ્ધાર કરું છું. મારા સર્વોપરિ સ્વરૂપનું જ્યારે દઢ જ્ઞાન થાય ત્યારે એને મુક્તિનું સાધન મળે છે અને મારી આજ્ઞાનું દઢ પાલન કરીને આજ્ઞા પ્રમાણે વર્તે. અને મારો સંબંધ પામી દઢભક્તિ કરે છે. જ્યારે મારા અવલંબનથી મારા આશ્રિતજનોને તે મારા વિના બીજું કોઈ સત્ય સર્વોપરી બીજા કોઈને ન જાણે ત્યાર પછી અવસાન સમયે તે ભક્તજનના જુદા જુદા ત્રણ પ્રકારના દેહમાંથી એને છુટો પાડીને. એને આઠ પ્રકારની પ્રકૃતિથી ઉપર સર્વોપરી મારું ધામ જે અતિ દિવ્ય છે. સચ્ચિદાનંદ રૂપ છે. સર્વના અકામ છે. તે જ પંચિકૃત દિવ્યદેહ એને મારી ઈચ્છાથી પ્રાપ્ત થાય છે એ મુક્તાત્મા બને છે. મારી એકાંતિક ભક્તિ કરીને બ્રહ્મરૂપ થયેલો તે પવિત્ર આત્માને બ્રહ્મદિવ્ય સ્વરૂપમાં પ્રવેશ કરાવીને હું એને મારા બ્રહ્મપુરધામમાં લઈ જાઉં છું. પછી કાયમ માટે મારા સંબંધમાં જ રહે છે. બીજે ક્યાંય જવાનું જ નથી થતું. આવી રીતે મારા સંબંધમાં રહીને તે ભક્ત મારા ધામમાં રહેતો થકો સતત મહાસુખને ભોગવતો રહે છે. એવી રીતનાં મુક્તિનાં કાર્ય કરવા માટે જ મારા ધામમાંથી આ પૃથ્વી ઉપર અવતાર ધારીને વિચરણ કરું છું. એ જીવોની મુક્તિ કરવા માટે જ કરું છું.

**લિંબડિમાં** લોકોનો આનંદ મનવાળાં કરીને પ્રભુ ભક્તસમુદાય તથા સંતમંડળની સાથે ચાલ્યા અને **જસાપુર ગામ** પધાર્યા. ત્યાં **માનસંગ** નામના વણિક રહેતા હતા. નિષ્કામ ભાવથી ભક્તિ કરતા હતા. તે વણિક શ્રીહરિની સેવામાં સાવધાન થઈને આવ્યા અને બધાંની મનભાવતી સેવા સુશ્રુષા કરતા હતા. એની સેવાને સ્વીકારી પ્રભુ ત્યાંથી **મુળિપુર** અનેક લોકોનો ઉદ્ધાર કરવા સંતોની સાથે પધાર્યા. ત્યાં મુળિમાં **દાજીભાઈ માલજીભાઈ ડાહ્યાભાઈ પ્રભુભાઈ** આદિક બધાં ભક્તોએ પ્રભુનું મનભાવતું સન્માન કર્યું અને રાત્રે શ્રીહરિ મહાપ્રભુએ જ્ઞાનઉપદેશની વાતો કરીને લોકોને આશ્ચર્ય ચકિત કરી દીધાં. એટલે અનેક લોકો શ્રીહરિનાં આશ્રિત થયાં. મુળિપુરના રાજા **રામાભાઈ** આદિકનો ઉદ્ધાર કરવા પ્રભુએ નિર્ણય કર્યો. મુળજીને પ્રભુ કહેતા હતા કે અમારે આ જ મુળિપુરમાં મોટું ધામ બનાવવું છે. એનો અમે મનમાં નક્કી નિર્ણય કર્યો છે. તે થોડા સમયમાં તૈયાર થશે. અનેક જીવોનાં કલ્યાણનાં કાર્યો કરીને પ્રભુ પછી **મુળિથી પાંચાલ દેશ** જવા ચાલતા થયા. પ્રભુ ત્યાંથી **ભોયરા ગામમાં** નાગ ભક્તને સુખી કરવા પધાર્યા. એને સુખી કરીને પ્રભુ. ફરી સવારમાં **બોટાદપુર પધાર્યા.** ત્યાંના સોમાભાઈ ભગાભાઈ આદિક ભક્તોએ શ્રીહરિ સંતો પાર્ષદોને ખૂબ જ ભાવપ્રેમથી રાખ્યા. સેવા કરતા હતા. શ્રીહરિ પોતાના આશ્રિતજનોને સુખ આપીને પછી રસોઈ બનાવીને પ્રભુ જમ્યા. સંતો ભક્તોને જમાડ્યા. ત્યાર પછી હરિ પોતે સ્વમુખે અનેક ભક્તજનોને અમૃતરસનું પાન કરાવતા હતા. જ્ઞાન પીરસતા હતા અને લોકો પાન કરતાં હતાં. પોતાની અંદર રહેલા દોષોનો ત્યાગ કરતાં હતાં.

આવી રીતે ઉપદેશ સાંભળીને અનેક જીવો આશ્રિત થતાં હતાં. હરિનાં દર્શન તથા ચરણ સ્પર્શ કરીને ભવસાગરને પાર પામતાં હતાં. ત્યાર પછી શ્રી સહજાનંદ સ્વામી પ્રભુ **કારિયાણિપુર** પ્રત્યે પધાર્યા. ત્યાં એકાંતિક ભક્તજનોને રાત્રે મોડી રાત સુધી ઉપદેશ આપ્યો. જ્ઞાનનું પોષણ કર્યું. ત્યાર પછી ત્યાં જન્માષ્ટમીનો ઉત્સવ કરવાનો નિર્ણય કરીને અનેક દેશ દેશાંતરનાં ભક્તોને તથા સંતોને તેડાવ્યા. અનેક પ્રકારનાં સીધાસામાન ભેગાં કરાવ્યાં. ઉત્સવ સમયે ઝાંઝ મૃદંગ લઈને કીર્તન ઉત્સવ પદ્યો ગવરાવીને મહા ઉત્સવ કરતા હતા. આવી રીતે

પોતાના આશ્રિત ભક્તજનો અને સંત સમુદાયને ખૂબ જ લાડ લડાવ્યા. આવી રીતે ઘણા દિવસ સુધી પ્રભુ તથા ત્યાં ભક્તો રહ્યા. ત્યાર પછી પ્રભુએ સૌને પોતપોતાના ઘેર જવાની આજ્ઞા આપીને મોકલ્યા.

આવી રીતે ઘણા દિવસો સુધી શ્રીહરિ કારિયાણિપુરમાં રહીને અનેક લીલા ચરિત્રો કરીને સત્સંગનો ખૂબ જ વિસ્તાર કરતા હતા અને ખટ વાંગ ભક્તને અને વિરદાસ ભક્તને પોતાના એકાંતિક નિષ્કામ ભક્ત બનાવ્યા છે. મુક્તો બનાવ્યા.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં સાતમા યુવા રત્નમાં વૈષ્ણવાનંદ વર્ણિએ રચેલ છંદભાષામાં શ્રીહરિએ શ્રીનગર (અમદાવાદ) આદિક ગામો પુરોમાં લીલા કરી એનું કથન કર્યું એ નામે એકવીસમો તરંગ થયો. ॥૨૧॥**

# તરંગ-૨૨

પ્રતાપસિંહ રાજા કહે છે, હે મુનિરાય ! શ્રીહરિ મહાપ્રભુ કારિયાણિથી ક્યાં પધાર્યા. કયા દેશમાં વિચરણ કર્યું તથા ખારા સમુદ્રને ઓળંગીને ત્યાં લીલા કરી તે કહો તથા મુસલમાનોને ઉપદેશ કર્યો એ લીલા મને કહો.

**કારિયાણિથી** સ્વામિનારાયણ ભગવાન **સોરઠ દેશમાં** ફરવા ગયા. લોકોનાં જીવનું હિત કરવા જ પ્રભુ વિચરણ કરતા હતા. પ્રભુ ગામો નગરોમાં બધાં જ લોકોનાં પરમકલ્યાણ કરતા હતા. તે જ દેશમાં ફૂલડોળનો ઉત્સવ કરીને બધાં જ લોકોને દર્શનનું અલૌકિક સુખ આપતા હતા. પોતાના સ્વરૂપનો સર્વોપરિ ઉપદેશ આપીને ભક્તજનોને ખૂબ જ પ્રવિણ જ્ઞાનવાન બનાવ્યા. ફરતા ફરતા પ્રભુ **બંધીયે પધાર્યા હતા.** ત્યાં રોકાયેલા હતા ત્યારે ઘનશ્યામ પ્રભુ ઉપદેશ આપતા હતા ત્યારે ત્યાં કચ્છ દેશમાંથી **રવજી ભક્ત** અને **સુંદરજી ભક્ત** નામના બંને સત્સંગીઓ આવ્યા. તે બંને ભક્તજનો હરિનાં દર્શન કરીને રાજી થયા અને હરિ પણ એમને જોઈને રાજી થયા. દર્શન કરીને હરિના સ્વરૂપને પોતાના હૃદયકમળમાં ઉતારતા હતા. મનને આનંદ આપતા હતા. હરિના મંદહાસ્ય મુખકમળનાં દર્શન કરીને તથા ચરણકમળનાં તળમાં સોળ ચિહ્નોનાં દર્શન કરી મન અતિ લોભાતા હતા. ચરણની ગોળ ઘુંટી જોઈને તથા આંગળીયોના ગોળ નખમણિને જોયા તથા ચિત્તની અંદર જાનું જાંઘા સાથળ કટિભાગ આ સર્વે અતિ શોભતાં હતાં. હરિની ઊંડી નાભિકમળ જાણે જળમાં કમળ ન હોય તેમ શોભતું હતું. છાતિની અંદર અર્ધચંદ્રનું ચિહ્ન શોભતું હતું. હરિનો કંઠ અતિ ઘેરો હતો. તે કંઠ શોભતો હતો. દાઢી ઉપડતી શોભતી હતી. રસના અધિક રસને વહેવડાવનારી હતી. કોમળ કમળની કળી જેવો હૃદયપ્રદેશ શોભાતો હતો. તે છાતી ઉપડતી શોભતી હતી. હરિની રસના (જિહ્‌વા) અનંત જીવોને રસપાન કરાવીને ઉદ્ધાર કરતા હતા. ગોળ કપોળના ભાગમાં મુખકમળની ઉપર બંને કાનની શોભા ખૂબ જ લાગતી હતી. કમળની પાંખડી સમાન અણિયાળાં નેત્રો શોભતાં હતાં. દિવાની જ્યોતની સમાન અણિયાળી નાસિકા સુંદર લાગતી હતી. અને કપાળમાં લાલ ગોળ ચાંદલો શોભતો હતો. શ્યામ ભ્રમરસમાન વાંકી ભ્રૂકુટિ સુંદર લાગતી હતી. ભાલ વિશાળમાં ઉપડતી રેખાઓ શોભતી હતી. શરીર ઉપર નાના નાના કેશ અતિ શોભતા હતા.

આવી રીતની શ્રીહરિની મનોહર છબિનાં દર્શન કરીને એ સ્વરૂપને હૃદયમાં ઉતારીને રવજી અને સુંદરજી બંને ભક્તો શ્રીહરિને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. ચરણકમળનો સ્પર્શ કરીને વંદન કર્યાં. એ બંનેનું શ્રીહરિએ સારી રીતે સ્વાગત કરીને પોતાની પાસે બેસાર્યા. સારી રીતે ભોજન જમાડીને તૃપ્ત કર્યા. શ્રીહરિ બંનેને દેશના કુશળ સમાચાર પૂછતા હતા. પછી તે બંને ભક્તો હાથ જોડીને શ્રીહરિને કહેવા લાગ્યા કે હે પ્રભુ ! આપના

દર્શન માટે બધાં ભક્તો આશા રાખીને રાહ જોતાં બેઠાં છે. એટલા માટે હે પ્રભુ ! આપ અમારી સાથે જ ચાલો. અમે બંને આપને તેડવા માટે જ આવ્યા છીએ. ત્યારે શ્રહીરિ મહાપ્રભુ મુખકમળ મુસકાવીને હસતા થકા કહેવા લાગ્યા. અમે પણ કચ્છમાં આવવાનું મનમાં વિચારતા જ હતા. એટલે તરત જ જગતપતિ જનસમુદાયને લઈને કચ્છમાં જવા માટે ચાલતા થયા. **હાલાર** દેશમાં અવનિપતિ પધાર્યા.

ચાલતાં માર્ગમાં એક એક રાત ગામો ગામ રોકાતા થકા પછી પ્રભુ **જોડિયા બંદરે પધાર્યા.** ત્યાં રામજી અને માવજી ભક્ત રહેતા હતા. એમને હરિને આવતા જોયા એટલે તરત જ સામા દોડીને તેડવા માટે ગયા. તે **જોડીયામાં રવજી અર્જુનાદિક** ભક્તો સુખી હતા એટલે એમણે શ્રીહરિનું ખૂબ જ પ્રેમથી સામૈયું કરાવીને હરિને પોતાના ઘેર તેડી લાવ્યા અને ખૂબ જ ભાવથી ખૂબ જ સન્માન કરતા હતા. ત્યારે એટલામાં તો **સોરઠનાં** અને હાલારના બધાં જ હરિભક્તો ભેગા મળીને ત્યાં પ્રભુ પાસે આવ્યા. હરિને કહેવા માંડ્યા. હે પ્રભુ ! આપ અમારા પ્રાણના પ્રિય છો. એટલે કચ્છમાં ન જશો અને આપ અહીં રહો. અહીં બધે જ વિચરણ કરો. અમે વિનંતી કરીએ છીએ તોય આપને જેમ યોગ્ય લાગે તેમ કરો. ત્યારે સુંદરજીએ રવજીને તાન ચડાવીને તૈયાર કર્યા. પ્રભુને લઈ જવા માટે આગ્રહ કરીને કહે, ચાલો પ્રભુ આપ ભુજનગર પધારો. આવી રીતે હરિને સંઘની સાથે ચલાવતા હતા. સમુદ્ર બંદરે હરિને સંઘની સાથે તેડી ગયા અને હરિને સમુદ્ર ઉલ્લંઘવા માટે નાવ તૈયાર કર્યું. તેમાં સર્વની સાથે પ્રભુ સર્વના સમર્થ સ્વામી નાવમાં બેઠા ત્યારે સુંદરજી અને રવજી નાવમાં બેઠા. પછી કહે કે જગતના સ્વામી પોતાના લોકોને પોતાના પગના જોરે બધાને લઈ જશે. આવી રીતે બધાં લોકો બેઠાં હતાં એમની વચ્ચે જેમ તેમ બોલતા હતા. આ ભગવાન તો ભવસાગરને તારે છે તે આ દરિયાને પાર ઉતવરાવે એમાં શું નવાઈ છે. આમ કહીને સુંદજી અભિમાન  કરીને કહેવા લાગ્યા કે એક વખત અમારા દેશમાં આવે પછી હું જ્યાં સુધી રાખવા માગું ત્યાં સુધી હવે જરૂર રહેવાના. આ સમુદ્ર ઉલંઘીને બધાં લોકોને મારા ઘર સુધી લઈ જઈએ. ત્યાર પછી આપણા બંધનમાં જ છે.

સુંદરજીએ આવી રીતે અભિમાનમાં પોતે જ નિશ્ચર્ય કર્યો. એ બધી એના મનની વાત શ્રીહરિ ચતુરવરતો જાણતા જ હતા. આમ વાતો કરતાં કરતાં દિવસ આથમી ગયો. સાંજનો સમય થયો. અંધારું થવા માંડ્યું. કોઈ દિશાનું ભાન લાગતું ન હતું. ચારેબાજુ એકલું પાણી પાણી જ દેખાતું હતું. દરિયા સિવાય કાંઈ ન દેખાય. ત્યારે ખારવો (કેવટ) કહે હું નાવ સૂર્ય ઉગ્યા પહેલાં નહીં ચલાવું. અમને દિશાનું કાંઈ ભાન જ ન રહે. ચાલવાની ના પાડી એટલે શ્રીહરિ મહાપ્રભુ ચાલવા માટે ખૂબ જ ઉતાવળા થયા. પોતાના નિર્ણયની વાત બધાને જણાવી દીધી. ત્યારે હરિની વાત કોઈને અનુકૂળ ન લાગી. એટલે શ્રીહરિએ કમરને કપડાંથી કસીને બાંધી અને બીજુ એક વસ્ત્ર શરીર ઉપર બાંધીને તૈયાર થયા. ત્યારે પ્રભુ નટવર અતિ મનોહર લાગતા હતાં. હાથની ઊંચેથી તાળીનો પડકાર કરીને તરત જ સમુદ્રમાં ઠેકડો માર્યો ત્યારે પાણી ખૂબ જ ઊંચું ઉછળ્યું એ ચરિત્ર પણ અનેક જીવોનું કલ્યાણ કરવા માટે જ કર્યું. સમુદ્રમાં માહોલ ગરમ છે. મોટાં માછલાંઓ તથા અનેક જળ જીવો હતાં. કાતનિઓ શરીરને તોડી ખાય એવા ભયંકર જળચરોનો ભય હતો. આવો ભય જાણતા હતા. તોય પાણીમાં ગયા. જેમ બાણમાંથી તીર છૂટે તેમ હરિ ગયા. ત્યાર પછી પ્રભુના સ્વરૂપમાં પોતાના મનને જોડીને રવજી સમાધિમાં ઉતરી ગયો અને હરિની પાછળ જ સમુદ્રના પાણીમાં પડ્યો. તે હરિની મૂર્તિને નેત્ર આગળ ધારીને

એ આખા સમુદ્રને પાર ઉતરી ગયા. ત્યારે બધાને ખૂબ જ આશ્ચર્ય થયું. સુંદરજીનું પણ માન ઉતરી ગયું. વિચારવા લાગ્યા કે જરૂર શ્રીહરિ મારા મનના સંકલ્પને જાણી ગયા એમ એનો ગર્વ ઉતરી ગયો. મનમાં વિચારવા લાગ્યા કે મારા કરતાં પ્રભુ આગળ ગયા.

આવી રીતે મનથી વિરહાતુર થઈને પોતે પોતાને જરૂર મારું મંદભાગ્ય હશે એટલે જ મેં આવો સંકલ્પ કર્યો. મહાત્મ્ય સ્નેહની સાથે જેના હૃદયમાં આવો નિશ્ચય દૃઢ હોય એના જ ઘેર હરિ જઈને વાસ કરે છે એ જ વાત સાચી છે. સુંદરજી વિચારે છે કામ ક્રોધ અભિમાન લોભ ઈર્ષાથી કોઈ પ્રકારનો કોઈનો દ્રોહ ન કરે તેના ઘેર જ શ્રીહરિ મહાપ્રભુ વાસ કરે છે. પુરુષોત્તમ નારાયણ પ્રભુ તો સર્વના મિત્ર છે. માન મોહ મત્સર (અદેખાઈ) ન રાખે. કોઈ પ્રકારની આશા તૃષ્ણા ન હોય એવા ત્યાગ ભાવનાવાળાં તથા હરિનો દૃઢ આશ્રય કરીને મનથી હરિનો દાસ થાય એમના ઘેર જ હરિ વસે છે. શ્રીહરિ પોતાની પાછળ રવજી ભક્તને આવતા જોઈને એને સાન કરીને પોતાની પાસે ખેંચી લીધા. પરિશ્રમના થાકને ઉતારીને તે બંને ત્યાંથી ચાલતા થયા. ત્યાંથી હડિયાના નામના પુર પાસે પધાર્યા. તે હડિયાના પુરની પાસે જ એક બાગ હતો. તે બાગમાં વૃક્ષની નીચે શ્રીહરિ અને રવજી ભક્ત બંને સાથે બેઠા. ત્યાં એક કોઈક યવનનો ફકીર આવ્યો અને તેને પૂછવા લાગ્યા કે તમે ક્યાં રહો છો. કહેવાય છે કે તમને કાંધક પીડા છે.

ત્યારે તે ફકીર કહે, હે સ્વામી ! ઈશ્વર તો દિલની અંદર જ રહે એમ કહેવાય છે. બહાર તો ક્યાંય સત્ય છે જ નહીં એટલે બહાર ન રહે. એટલે બહાર ક્યાંય દેખાતા જ નથી. તેને હરિ કહે, તમે દિલની અંદર ક્યાં આગળ દેખો છો. જે દિલ તો સાફ જ નથી હોતું ત્યારે જીવને જ સત્ય માનો છો. ત્યારે એણે આંખો બંધ કરી દીધી અને હરિની પાસે આવીને લોકો જેમ પોતાનો એકાંતિક ભક્ત હોય તેમ બેઠો ત્યારે હરિએ એના નાણિ પ્રાણને ખેંચ્યા ત્યારે જળમાં જેમ પડે તેમ તે ફકીર પણ જમીન ઉપર પડી ગયો. તે જ વખતે તે પાવન મૌલવીએ શ્રીહરિ મહાપ્રભુ સહજાનંદ સ્વામીના વર્ણિવેશે દર્શન થતાં હતાં. પોતાના આત્માના રૂપમાં ભગવાનની મૂર્તિ જોઈ એટલે એણે અંતઃકરણમા નિષ્કામ રૂપ મૂર્તિ જોઈ  શ્રીહરિએ તરત જ સમાધિ પાછી ખેંચી એટલે તે મૌલવી પ્રભુના ચરણમાં પડી ગયો. કહે તમે તો અલ્લા છો. સાહેબ ખુદા છો. આદબ અલ્લી કહેતા એવી જ સુંદર કાયા છે. આપ તો પયગંબરથી ઉપર તમે જ નૂર નૂરના ભરપૂર તમારા એક જ રોમ ઉપર ચૌદે લોક અનેક બ્રહ્માંડો આંકડાના તૂરની માફક ઉડ્યા કરે છે એવા મહાન છો. તમારા સ્વરૂપના સુખની તો વાત દૂર રહી જનસકુમાર મનની ગતિ જ ત્યાં ન થાય એવા મોટા છો. આપના સ્વરૂપના સુખની તો હું વાત ન કરી શકું. કેમકે આપ તો સર્વના સુખના દાતા છો. તે તો જેમ અગ્નિ ગુપ્ત છે. પ્રત્યક્ષ નથી તેમ આપનાં ચરિત્રો તો અલૌકિક છે. એટલા માટે આપની આ છબિને મારા ઉરમાં ધારણ કરું અને સંભારું.

ફરી પાછા પ્રભુએ એ યવનની પરિપક્વ દશા કરવા. ફરી સમાધિ કરાવી ત્યારે ફરીને ખૂબ જ આશ્ચર્ય બતાવ્યાં. એનાથી પૂર્ણ જ્ઞાનવાન બનાવ્યો. પૂર્ણ જ્ઞાનસ્વરૂપ બતાવ્યું. દૃઢ કરાવ્યું. સમાધિ પાછી ખેંચી લીધી ત્યારે એને પોતાનો આશ્રિત કરીને દૃઢ નિયમ ધરાવ્યાં અને કહે તું અમારાં આપેલાં નિયમોનું પાલન કર. એકાદશ નિયમો દૃઢ પાળી અને નિર્ભય થઈને મારી મૂર્તિ ઉરમાં ધારીને ચારેબાજુ ફરતો રહે. ત્યાર પછી પ્રભુએ એને

આજ્ઞા કરી કે તું નિર્ભય થઈને મનમાં આવે એ રીતે ફરતો રહે. ત્યારે તે હરિના સ્વરૂપને જોઈને પાછા પગે ચાલ્યો જાય અને દૃષ્ટિ પ્રભુમાં જોડી રાખે. એવી રીતે ખૂબ દૂર ગયો ફરી પાછો સામો દોડ્યો. પૂર્ણકામ પ્રભુ પોતે જ પાછા ખેંચતા હતા. પછી પ્રભુ એને કહેતા હતા કે અમે હવે અહીંથી જઈશું અને ફરી ત્યાંથી પાછા આવીશું ત્યારે મળીશું એમ કહીને સમજાવ્યું. ત્રીજી વાર હરિ ફકીરને તમે જાવ જાવ આમ કહ્યું તોય તે ફકીર હરિની મૂર્તિમાંથી ઉખાડીને જઈ શકતો ન હતો તેથી શ્રીહરિ પોતે પોતાનું શરીર ગુપ્ત કરીને અદશ્ય થઈ ગયા પછી ફકીર હરિને દેખી શકતો ન હતો. તેથી તે હરિની આજ્ઞાને મસ્તકે ધારીને ગયો. આ રીતે મનુષ્ય શરીર મેળવીને ફળ પ્રાપ્ત કરીને બધા જ ગુના માફ કરી દીધા. નિષ્પાપ કર્યાં. આવા કૃપાળુ પ્રભુ આ જગમાં કોણ હોય અવિનાશી પ્રભુ જેવાં તેવાં વાતાવરણમાં ક્યાંય કોઈના કુળને નહિ જોઈને યવનનું કેવું ગોત્ર એને પણ એકાંતિક ભક્ત બનાવ્યો. ત્યારે એના જીવને પાસે આવતો જોઈને દયાનિધિ મહાપ્રભુ રાજી થયા અને એને એક જ ક્ષણમાં શુદ્ધ કરી નાંખ્યો. પ્રભુ તો કોઈ ન ચાહે તે પણ કરી બતાવનારા છે. બધાના મનની ગતિને જાણીને એના કર્મના ફળને આપનારા પોતે પોતાની મરજીથી પાપી જીવોને પવિત્ર કરી નાંખે.

**એવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં સાતમા યુવારત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રીહરિએ સમુદ્રમાં લીલા કરી એની કથા ત્યાં દર્શનોત્સવ લીલા કથન નામનો બાવીસમો તરંગ થયો. ॥૨૨॥**

# તરંગ-૨૩

પ્રતાપસિંહ રાજા કહે છે, હે મુનિવર ! હરિ પ્રભુ હાલારથી સોરઠમાં પધાર્યા. કાઠિયાવાડમાં પધાર્યા તથા ભાલમાં પધાર્યા. ત્યાંથી ગુજરાતમાં પધાર્યા. ત્યાં જે ચરિત્ર કર્યાં હોય તે સર્વે મને કહો.

સુવ્રત મુનિ કહે છે, હે રાજઋષિ ! તમે સાંભળો.અમૃતના સારરૂપ હરિની કથાનો સાર તે મારા મનમાં સ્મરણ કરીને કહું છું. તે ચરિત્રામૃતને તમે પ્રેમથી સાંભળો. ત્યારે રવજી કહેવા લાગ્યો કે હે પ્રભુ ! જગતને ઉજ્જવળ કરનારા અત્યારે ભોજન કરવાનો સમય થયો છે. હે મારા પ્યારા પ્રભુ ! આ પુરમાં એક સૂત્રધાર રહે છે. એમને ત્યાંથી જ કાંઈક જમવાનું બનાવરાવીને ટીમણ લાવી આપું. જો ઇચ્છા હોય તો કહો. ત્યારે હરિ કહે કે તમે જઈ આવો. અમે જરૂર આજ જગ્યાએ બેઠા રહીશું. ત્યારે તે રવજી ભક્ત મિત્રને મળવા પુરમાં ગયો. ત્યારે પુરમાં હરિના આવવાની ખબર પડી એટલે લોકો દોડીને ભાવનાથી આવવા લાગ્યાં અને શ્રીહરિને હાથ જોડીને કહેવા લાગયાં કે પ્રભુ અમારા પુરમાં પધારો. આપનાં દર્શન ચરણસ્પર્શ કરીને તથા મુખથી અમૃતના વચનો સાંભળીએ અને આપનાં બિજા આશ્રિત જેવા જ અમને આશ્રિત ગણો.

આવી રીતે લોકોએ વિનંતી કરી એટલે જોઈને હરિ અને ઘર તરફ ચાલ્યા. તેઓએ સ્વચ્છ શુદ્ધ આસન તૈયાર કરીને બેસાર્યાં અને હરિ રસોઈ કરીને પોતે જમ્યા. બીજાંને સ્નેહથી જમાડ્યા. નાવમાં પોતાના આશ્રિતો બેઠા હતા. **આતમરામ આદિક ભક્તો** હરિવરના ખબર સમાચાર પૂછતા હતા. એટલામાં તો સૂત્રધાર ઘેર ઠેકાણે

આવ્યા. આવીને સૂત્રધારે બધાંને પ્રણામ કર્યા. સ્નેહની સાથે બધાનું સન્માન કર્યું. ત્યાર પછી હરિના મુખકમળમાંથી નીકળતી હરિ કથાની અમૃતવાણીનું પાન કર્યું. ત્યાર પછી તે શ્રીહરિનો આશ્રિત થયો.

રાત રોકાઈને પછી મહાપ્રભુ સ્વામિનારાયણ ભગવાન ઘોડા ઉપર અસવાર થઈને મહાપ્રભુ **શેખપાટપુર** પ્રત્યે પધાર્યા. ઉતાવળા આવીને એકાંતિક ભક્ત **લાલજી ભક્ત** હતા. એમના ઘેર રોકાયા. હેતથી હરિ અને હરિભક્તોની દાસભાવે સેવા કરીને બધાનાં મનને રાજી કરતા હતા. સેવામાં હાજર જ રહેતા હતા. ત્યારે શ્રીહરિને હેતથી પ્રિય વાતો પૂછવા લાગ્યા. હે પ્રભુ ! આપના ગુણ એકાંતિક સંતોમાં કેમ આવે છે. ત્યારે મહાકૃપાળુ પ્રભુ મુખથી મંદહાસ્ય કરતા થકા કહેવા લાગ્યા. હરિ અને હરિજનના ગુણને ગ્રહણ કરવાની રીત શિખવતા હતા કે બહુજનો માને તોય નિર્માની ભાવથી રહે. હરિની ઈચ્છા વગર કોઈ કાર્ય કરે નહિં મનમાં ક્યારેય પંચવિષયની આસક્તિ ન થાય. સ્વતંત્ર રહે તોય બંધન કરનારથી બંધાય જ નહીં એવા ગુણ એ નિર્માનિ ભક્તમાં અને સંતમાં ભગવાનના ગુણો રહે છે. એ સત્ય જ વસ્તુ છે. હરિ અને હરિના એ સંતોમાં જે ગુણો છે. તે હરિના જેવા જ રહે છે. એ ગુણના ભંડાર હોય છે. હરિને રાજી રાખવા માટે એમની ક્રિયા કર્મમાં ધનસ્ત્રીના વૈરાગ્ય જ રહે છે. નિષ્કામ રહે છે. એ જ ભક્ત મને પ્રિય થાય છે. હરિ અને હરિભક્તોના ગુણને કાયમ લીધા કરે અને પોતાના અવગુણને જ જોયા કરે અને વારંવાર મનમાં જોયા કરે દોષોને માર્યા કરે એ જનને વૈરાગ્ય દઢ થતો જાય છે. એવા વૈરાગ્યના વેગથી સ્થાન તથા ભોગોને સર્વને જુઠા માને છે. પોતે પુરુષપ્રકૃતિ કાળ કર્મના વેગને વિષયોની ઉપર કાયમ અકળાયો ખીજાયેલો જ રહે છે. એનાથી દૂર જ રહે છે. એનાથી વિરુદ્ધ જુવે છે.

પોતાના સ્વરૂપને તથા હરિના સ્વરૂપ વિના બીજું કાંઈ સાચું સમજાતું જ નથી. કાંઈ સાચું માનતો જ નથી તથા મહાત્મ્ય સહિત ભગવાનની ભક્તિના લીધે એનામાં એ હરિના બધા જ ગુણ ભક્તસંતમાં આવે છે. આવી રીતે લાલજી ભક્તને રાજી કરીને ગુણવંત ઘનશ્યામ ગામોમાં વિચરવા માટે ચાલ્યા. દેશ **હાલારમાં** ફરીને આગળ પ્રભુ એકએક રાત રોકાઈને વિચરતા હતા. **સોરઠની** ભૂમિ ઉપર આવ્યા. શ્રી ઘનશ્યામ પ્રભુ લોકોના કલ્યાણ કરવા માટે ગામો શહેરોમાં વિચરતા હતા. ભૂમિના મનુષ્યોને ભૂમિને તરત જ મંગળમય કરીને બધાં જ લોકોના પાપોના પહાડોને તોડીને નિષ્પાપ કરતા હતા.

**સોરઠ** દેશમાં ઘણા દિવસ વિચર્યા. બધે એક એક દિવસ રહીને પછી ગુણના સાગર પ્રભુ **ગોહેલવાડમાં** પધાર્યા. ત્યાં હરિ **કારિયાણિપુર** પ્રત્યે પધાર્યા **ખટવાંગરાજા** ખૂબ જ રાજી થયા. હરિ અને હરિનાં સંતોની સાથે બધાને નિહાલ કરી દીધા. પછી બધાનું અતિશય સન્માન કરીને એમની ખૂબ જ સેવા કરતા હતા. **માનાભક્ત હરિદત્ત** હરિજનનો મહિમા જાણીને હરિ અને હરિના સંતોને ખૂબ જ ભાવનાથી સેવા કરતા હતા. વજ્ર, અંકુશ, સ્વસ્તિક, ધ્વજ, કમળ, જાંબુ, અષ્ટકોણ, ઉર્ધ્વરેખા, જવ આ રીતે નવ ચિહ્નોથી યુક્ત ચરણનું સેવા કરતાં હતાં. મનમાં આનંદ પામતાં હતાં. મત્સ, ચંદ્રમાં, ધનુષ્ય, ત્રિકોણ, કમળ, આકાશ, ગોપદ, ઉર્ધ્વરેખા આ રીતનાં બંને ચરણોને ખટવાંગ આદિક ભક્તજનો હંમેશાં સ્મરણ કરીને ચરણનું સેવન પૂજન કરતાં હતાં. આવી રીતે સર્વને સુખ આપનારા પ્રભુએ અનેક દેશોથી ભક્તજનોને તેડાવ્યાં. સુખદાયક

પ્રભુએ રામનવમીનો મોટો સામૈયો કરીને લોકોને ખૂબ જ સુખ આપવા માટે કૃપા કરી કર્યો. સામૈયો પૂર્ણ કરી પ્રભુ પૂર્વ પ્રાંતની ભૂમિ ઉપર પગલાં સ્થાપતા થકા સંતો ભક્તોના સંઘને લઈને સુખના દાતા પ્રભુ ભાલ દેશ ઉલંઘીને ગુજરાતની ધરા ઉપર મેઘસમાન શ્યામસ્વરૂપ પ્રભુ વિચરતા હતા.

શ્રીહરિ મહાપ્રભુ અશ્વ ઉપર અશ્વાર થઈને મનોહર શોભા ધારણ કરી એનું શું વર્ણન થાય ! કેમકે હરિ ઘોડાને ગોળ ગોળ ફેરવતા હતા અને સંતને આનંદ આપતા હતા.હરિએ એ સમયે પીળાં વસ્ત્રો ધારેલાં હતાં. મંદહાસ્યથી શોભતા હતા. ફૂલના હારોને ધારણ કરીને ફૂલના ભારને ધારણ કરીને તથા મોતીના હારને ધારનારા મસ્તક ઉપર છોગાવાળી પાઘને ધારનારા ચંદ્રસમાન મુખવાળા દિપ સમાન નાસિકાવાળા પોતાના આશ્રિતોનાં ચિત્તને પોતાનામાં ખેંચનારા એવા શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ શોભતા હતા. લાલ રેખાઓવાળાં મનોહર નેત્રથી લોકોને જોતા થકા મોહ ઉપજાવતા થકા, જાણે અકળાયેલા લાગતા હોય ને શું તેમ અધર ઓષ્ટામૃતને પીરસતા થકા લોકોને ધીરજ ઉપજાવનારા ધીરજને ધારનારા. ચરણકમળમાં ઉર્ધ્વરેખા શોભે છે. એવાં ચરણકમળને લોકો અંતઃકરણમાં ધારે છે. દિનને આનંદ આપે છે. જીવના કષ્ટને હરનારાં એવાં, ચરણના તળમાં ભૂમિ ઉપર ભ્રમણ કરીને ચરણ ચિહ્નિત કરનારા મહાપ્રભુ ગુર્જર ભૂમિ ઉપર ખૂબ જ શોભી રહ્યા હતા. ચંચળ મૂર્તિ ચતુરાઈથી ચાલતા થયા. પોતાની સાથે મોટો સંઘ લીધો હતો. તેનાથી પ્રભુ ખૂબ જ શોભતા હતા. આમ ચાલતાં થકાં **અડવાલ** આવીને રાતવાસો કર્યો. ત્યાં પોતાના ભક્તજનોએ સનમાન કરીને સર્વને રાખ્યાં.

પોતાના આશ્રિત ભક્તજનો સંતોની સાથે પ્રાતઃકાળે વહેલા ઊઠીને **શિયાળ ગામના** માર્ગે ચાલ્યા ત્યારે શોભતા હતા અને પોતાના આશ્રિતો રહેતા હતા તે માર્ગે નીકળ્યા ત્યારે ત્યાં પણ ભક્તજનોએ ભાવસહિત રોક્યા. ત્યાર પછી ત્યાંથી **કાણોતરમાં** પ્રભુ પગલાં સ્થાપન કરતા હતા. ત્યાંના ભક્ત ભરવાડ જાતિના હતા અને **શાર્દુલ** અને **સંગ્રામ** બે ભાઈઓ પ્રગટ પ્રભુના પાર્ષદજનોમાં ખૂબ જ સારા શોભતા હતા. દૃઢ ભાવથી પ્રભુનું ભજન કરતાં હતાં. પ્રભુ પધાર્યા એટલે ખૂબ જ રાજી થયા. પ્રભુ પણ રાજી થઈને રોકાણા ભક્તની અભિલાષા પૂર્ણ કરી પુરુષોત્તમ હરિ સામા સરોવરના તટે ઉતારો કર્યો. પ્રાતઃકાળમાં ત્યાંથી ચાલવાનો મનમાં નિર્ણય કર્યો હતો.

**કાણોતરથી** પ્રભુ **કાસેંદ્રાપુર પધાર્યા.** ત્યાં સરોવરના કાંઠે ઉતારો કર્યો. ત્યાંના ભક્તો **તુલજાદાસ** અને **સુખતબા** આદિ ભક્તોએ સારી રીતે સનમાન કર્યું. રાત રોકાઈને પ્રભુ પ્રભાતમાં વહેલા ચાલતા થયા અને સવારમાં **જેતલપુર** પધાર્યા. પુરમાં જાણ થઈ એટલે લોકો સામૈયું લઈને સામા આવ્યાં. લોકોના પ્રાણપતિને ગામમાં પધરાવ્યા. ગામમાં પધારી પોતાના મંદિરમાં જ ઉતારો કર્યો. પ્રેમપૂર્વક નરનારિઓ હરિની ખૂબ જ સેવાપરિચર્યા કરતાં હતાં અને નર નારી સર્વેજનો પ્રભુના મુખારવિંદનાં દર્શન કરીને બધાં જ સનાથ થયાં. ત્યાં તો ગંગામાએ ભાવપ્રેમથી રસોઈ તૈયાર કરાવી હરિને જમાડવા માટે ભાવથી ખૂબ જ સારો થાળ તૈયાર કર્યો. શ્રી ઘનશ્યામ પ્રભુએ સ્નાન કરીને પીળાં પિતાંબર વસ્ત્રો ધારણ કર્યાં. ત્યાર પછી શુદ્ધ આસન ઉપર વિરાજમાન થયા. મસ્તક ઉપર વસ્ત્ર ઢાંક્યું. બન્ને કાન ખુલ્લાં રાખીને ડાબો પગવાળી તેની ઉપર ડાબો હાથ રાખ્યો. જમણો પગ ઉભો રાખી તેની ઉપર જમણો હાથ રાખ્યો. જમણા હાથથી જમવાનું ચાલું કર્યું ત્યારે પાંચ કોળિયા જમ્યા. ત્યાર પછી એની ઉપર જળપાન કર્યું. પ્રભુ અતિ ઉતાવળા જમતા હતા. ચતુરાઈથી જમતા હતા. ત્યારે પ્રભુને

જમતા થકા બહુ જ લોકો જોતાં હતાં. પ્રભુ જમતા હતા ત્યારે જે જે જમવાની વસ્તુઓ હતી તેમાંથી પ્રભુને જે વસ્તુ અતિ સ્વાદિષ્ટ લાગે, તે પોતાના એકાંતિક અતિપ્રિય ભક્ત હોય એમને આપતા હતા. પછી પ્રભુ પોતે જમતા હતા. પછી જમીને જળપાન કરતા હતા. ડાબા હાથને ઉદર ઉપર ફેરવતા હતા. પોતાના આશ્રિતજનોને સંભળાય તેમ ઊંચે સ્વરે હરિ કહે કે આજે તો થોડું વધારે જમ્યા છીએ. ત્યાર પછી મુખકમળને ધોઈને સાફ કરી પછી કોગળા કરી મુખ ચોખ્ખું કરીને મુખવાસમાં એલાયચીનાં દાણાં લીધા. ત્યાર પછી પ્રભુએ ભારે ભારે વસ્ત્રોને ધારણ કર્યાં.

મંદિરમાં એક વેદિકા બનાવેલી શોભતી હતી. એની ઉપર પલંગ પાથરેલો હતો તે બધાના મનને મોહ પમાડતો હતો. બિછાવેલા  પલંગ ઉપર સર્વના સ્વામી બેઠા. બધાંની ઉપર કરુણા રસની દૃષ્ટિથી સુખ આપતા હતા. બધા જ સંતો હરિભક્તો મળીને ત્યાં હરિ પાસે જ હરિનાં દર્શન કરવા બેઠાં. મસ્તક ઉપર ગજરા તોરા ગુચ્છો તથા હારો બધાં જ હરિને ધારણ કરાવતાં હતાં. અનેક પ્રકારના જુદાંજુદાં શોભાવાળા ધરાવતા હતા. કુંદનાં ફૂલનાં, ગુલાબનાં, ગુલદાવદિનાં હારો બહુ જ શોભતા હતા. હરિ મંદહાસ્ય મુખથી બધાને આનંદ ઉપજાવતા હતા. બધી જ ક્રિયામાં ખૂબ જ જાણનારા હતા. સુખ આપનારા હતા. ઉદાર મનવાળા હતા. શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ બધી જ ક્રિયાઓ દિવ્ય કરતા હતા અને અનેરા સુખ આપતા હતા. હરિનાં નેત્રકમળને જોઈને કોઈ સંશય જ ન કરે એવી પ્રભુની અલૌકિક દૃષ્ટિ હતી. સર્વને નિશ્ચય થઈ જતો હતો. ત્યારે **આસજી** ભક્ત બંને હાથ જોડીને શ્રીહરિને કહેવા લાગ્યા. હે પ્રભુ ! આપના સ્વરૂપનો આત્મામાં અખંડ વિયોગ રહે છે. તેના માટે જેવી ગતિ હોય તે સમજાવો. મારા સંશયને દૂર કરો.

ત્યારે શ્રીહરિ મંદહાસ્ય કરીને કહે સાંભળો આમાં બધાને આત્મવિચાર રહેવો જોઈએ. ત્રણ દેહ સત્ત્વ, રજ, તમોગુણ તેનાથી જુદા રહેવું એનું ચિંતન કરે ત્યારે આત્મસ્વરૂપ સમજાય છે  એજ સરલ રીત છે. ચિંતાની ગાંઠરૂપ એવો જીવાત્મા તે હૃદયમાં વસે છે તે જીવ અમર છે. અભેદ છે. ભેદાતો જ નથી. કપાતો નથી. જ્યોતિ સ્વરૂપ છે. જ્ઞાનશક્તિએ કરીને નખથી શિખાપર્યંત વ્યાપેલો છે. તે ત્રણે અવસ્થાથી પર રહે છે. એ પ્રમાણે સ્થિર કરેલ છે. ત્રણે અવસ્થામા શરીરથી બંધાયેલો છે. તે જીવ સ્વરૂપ અવસ્થાથી પર રહે છે. તે પોતે આત્મરૂપ છે. ઠંડુ ગરમને સહે છે. ભૂખ તરસને સહે છે. એને હર્ષ શોક તેને કાંઈ છે જ નહીં તે જીવતો કાયમ ઉદાસ જ રહે છે. જીવને સ્વસ્વરૂપની સ્થિતિ છે. તે અચલતાનાં લક્ષણ છે. એને માયિક વેગ નથી લાગતો. ચલાયમાન ન થાય. ઇંદ્રિયો અંતઃકરણને નિયમમાં રાખે એ જીવને મારી મૂર્તિ વગર બીજે ક્યાંય રુચતું જ નથી એવો જીવ આત્મસ્થિતિવાળો છે.

તે જીવાત્મા મારા એકાંતિક સંતોને આત્મા જેવા જ માને. મારી આગન્યામાં (વર્તમાનમાં) કાંઈ દુઃખ ન માને તે આજ્ઞા પાળવા તત્પર રહે તેને સમજવામાં બાકી ન રહે એ ક્યારેય અભિમાન ન કરે દૃઢ સ્થિતિવાળો જીવાત્મા તે મને અતિપ્રિય છે. ભગવાનની મહાત્મ્ય સહિત સાંગભક્તિ અતિશય હેતથી થાય છે. તોય એને ક્યારેય અભિમાન નથી ઉઠતું ત્યારે જ તે જીવ આત્મ તત્ત્વરૂપે થાય છે. જેમ જેમ ઐશ્વર્યયુક્ત થાય છે. તેમ

તે જાતે જીવ અતિ નમ્ર થાય છે ત્યારે મારા સ્વરૂપને પોતાના રૂપમાંથી તે આત્મા ક્યારેય ચલાયમાન નથી થતો. કાયમ સ્થિર જ રહે છે. આવી રીતે તે જીવાત્મા આત્મવત થાય છે ત્યારે જીવ મારી સાથે જોડાય છે ત્યારે તે પોતાને આત્મારૂપે ન બતાવે પણ પોતે જ મને આત્મવત બની જાય છે. એમ નિર્ગુણ બની જાય છે. આવી રીતે શ્રી સહજાનંદ ભગવાનના મુખથી નીકળેલ વાણિ સાંભળીને અંતરમાં ઉતારતા હતા. અને સંતો પણ એ પ્રમાણે જ વર્તવા લાગ્યા.

**એવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં સાતમા અવતાર રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ વર્ણિએ રચેલ છંદભાષામાં શ્રી સહજાનંદ સ્વામીનું જેતલપુરમાં ગમનનું વર્ણન કરી કથાનું વર્ણન કર્યું એ નામે ત્રેવીસમો તરંગ થયો. ॥૨૩॥**

**॥ ઇતિ વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ સાતમું યુવારત્ન સંપૂર્ણ થયું. ॥**



## ॥ અથ આઠમો રત્ન પ્રારભ્યતે ॥

# તરંગ-૧

વૈષ્ણવાનંદ વર્ણીનું કવિવર તરીકે નામ કહેવાય છે કેમ કે એમણે શ્રી હરિના લીલા ચરિત્રો રૂપી મહાસાગરની રચના કરીને ફક્ત આ ગ્રંથ જીવોનો ઉધ્ધાર કરવા માટે કરેલા છે એમ કહેવાય, કેમ કે આ ગ્રંથમાં કરેલા છંદની જાતિઓ અનેક છે. તેમાંથી કવિવર વર્ણીવરે અનેક કવિતો બનાવી છે તથા દુહા ,સોરઠા આ સાગરને પ્રેમરસથી ખુબ જ ભરેલો છે. અનેક ચોપાઈઓથી ભરપૂર સાત રત્નો લીલાસાગરમાં પૂરાં થયાં ત્યારે કવિવર વૈષ્ણવાનંદ સ્વામીએ દેહ ત્યાગ કર્યો તે સમયે શ્રી હરિની ઈચ્છાથી શ્રીહરિના બ્રહ્મપુરધામમાં ગયા એ સમયે આ મહાગ્રંથતો અડધો બાકી રહ્યો એ અતિ કઠીન માર્ગ યુક્ત પ્રવાહ હતો તેમાંથી પાછળનાં સાત રત્નો તો મહાન સાગરરૂપ થયાં, ઘણા સમયથી બાકી રહેલા ગ્રંથ માટે કોની સહાય લેવી ? તેની સતત ચિંતા કરતા પરમાર્થના માર્ગને પોષણ કરનાર પરમ ધીરજને ધારણકરનાર મહાધીર મહાવ્રતધારી નૈષ્ઠીકવ્રત વાળા મહાન વૈરાગ્યવાળા એવા ગોપાળાનંદ બ્રહ્મચારીને હરિલીલા ગ્રંથને પૂરો કરવા મને (અવિનાશાનંદને) પાસે તેડાવીને અવશિષ્ઠ (બાકી રહેલો)ગ્રંથ પૂરો કરવા માટે વાત કરી તમારા વિના આ ગ્રંથને પૂરો કરવા આ જગતમાં શ્રધ્ધાવાળો સમર્થ બીજો જણાતો નથી એટલા માટે પ્રભુની પ્રેરણાથી તમને આ ભલામણ કરૂં છું અને આ ગ્રંથ પૂર્ણ કરવા માટે કહું છું. આ રીતે ગોપાળાનંદ સ્વામીએ અવિનાશાનંદજીને કહ્યું.

પિંગળશાસ્ત્રના પ્રમાણ ભૂત આ ગ્રંથ બધા જ ભાષાવિદોને સુખ આપનાર છે. આ ગ્રંથ સાંભળવાથી મનમાં ખૂબજ આનંદ થાય છે. બધા જ નારી નર લોકોને પૂરો ખ્યાલ આવે છે એવો મનોહર ગ્રંથ છે. જગતમાં પ્રસિધ્ધ પંડિતો પણ આ ગ્રંથને જોઈને મનમાં અતિ આનંદ પામે છે. આવી રીતના પવિત્ર પૂણ્યવાળા ચરિત્ર અનેક જાતના છંદો સહિત અવિનાશાનંદ વર્ણી તમેં બાકી રહેલાં હરિલીલા સિંધુ ગ્રંથને પૂર્ણ કરો. ગોપાળાનંદ સ્વામી કહે : આવા પવિત્ર સુખકારી ગ્રંથને પૂરો કરો તો હું તમને પ્રભુના ચરણની જોડો (ચરણાર્વિંદ) અર્પણ કરુ. આમ કહીને ચર્ણોની જોડો અતિ સુંદર ગોપાળાનંદ અતિ વર્ણીએ, પોતાના હાથમાં લઈને કવિવરને બતાવ્યાં. તે દર્શન કરીને કવિ અવિનાશાનંદને આપી ત્યારે તે સમયે બધા ભક્તજનોએ જયજયનો શબ્દ ઉચ્ચાર કર્યો. આ જોઈને બધા જ વર્ણીઓ, સંતો રાજી થયા ત્યારે બધા જ ભક્તોના ઉપકારને વશ થઈને આ કાર્યને પૂર્ણ કરો આ રીતે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું. ત્યારે અવિનાશાનંદ સ્વામીએ મનમાં વિચાર કર્યો કે સંસારનાં બધાં જ નરનારી જનો કહેવાય તે બધાં જ સ્વાર્થનાં સગાં છે. યોગી,ભોગી બધા સ્વાર્થ માટે જ કહે છે. પરંતુ પરમાર્થને કરનારા સંતો પરમાર્થવાદી જ હોય છે. એવા વિરલા તો જણાઈ જ આવે એથી ગોપાળાનંદ આદિક યોગી જનો પોતાનું બધુ જ સુખ તે જગતના સુખકારક આગ્રહ રૂપ થઈ આ ગ્રંથને પૂર્ણ કરાવવા માટે શ્રીજી મહારાજના ચરણાર્વિંદની જોડો મને આપેલ છે. એ ચરણાર્વિંદની જોડોનાં દર્શન કરીને હૃદય કમળમાં ધ્યાન કરીને આ અપાર ગહન ગ્રંથનો ફરીથી આગળ લખવાનો પ્રારંભ કર્યો ત્યારે અવિનાશાનંદ નામના કવિ, પિંગળ મતને અનુસરીને શ્રીહરિલીલાસાગર આનંદ પૂર્વક પૂર્ણ કરવા માટે આ હરિલીલાસિંધુ ગ્રંથની રચના અવિનાશાનંદ બ્રહ્મચારી પાસે અનંત જીવોના કલ્યાણ કરવા માટે સદ્‌શ્રી ગોપાળાનંદ વર્ણિએ કરાવી છે. તે ભવસાગરને તરવા માટે નૌકારૂપ છે આ મહાન

ગ્રંથ બનાવવાની શુભ પ્રેરણા આપી છે. એવા ગોપાળાનંદ બ્રહ્મચારીના માતા-પિતાના તથા ગામના નામ કહેવાયનો મનમાં નિર્ધાર કરે છે.

ખેતી કરતા હોય એમની જાતિ ખેડુત તરીકે જ પ્રસિધ્ધ હોય છે. તેમના બાળકોની પણ તે જ જ્ઞાતિ કહેવાય છે. એવા તે જીવાત્મા વડથલ નામની ગામ ભૂમિ જન્મ ભૂમિ કહેવાય છે. એમના પિતાનું નામ ગોપાલ નામથી બોલાવાય છે. તેમની માતા અંબા દેવીના નામથી અંબિકા સમાન ગુણવાળા રહેલાં છે તે બંન્ને દંપતિ દયાળુ દિલવાળાં દાતાર હતાં.બન્ને દંપતિ થકી પૂત્રનો જન્મ થયો તે પૂત્રનું નામ મુળજીના નામથી પ્રસિધ્ધ થયા એ મુળજીને પ્રગટ ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતનો યોગ થયો. સંતનો સંગ થયો તેનાથી એ મુળજીને સત્સંગ દ્રઢ થયો. ભગવાનનો મહિમા ખૂબ જ થયો જાણે સુખના ધામમાં ન પહોંચ્યા હોય ? તેમ સુખ પામતા કૃતાર્થ થયા.તે મુળજી જાણે પૂર્વ જન્મનો યોગ ભ્રષ્ટ જીવાત્મા ન હોય ? તેમ વૈરાગ્યની વાતો સાંભળીને વિવાદ પર થઈ ગયો. મનમાં સુખ-શાંતિ રહેવા લાગી. સંસારની વાસના નાશ પામી ગઈ. મનથી બહાદુર,ધીરજતાવાળા થયા.બધાં જ ફેલફતુર નાશ પામ્યાં. શાંત પ્રકૃતિના થઈને દ્રઢ નિયમને ધારીને રહેનારા તે મુળજી સંસારને અસાર જાણીને પ્રગટ પ્રભુને ઓળખ્યા.પોતે પોતાને બ્રહ્મરૂપ માનીને બ્રહ્મચર્યવ્રતને ધારીને બ્રહ્મચારી થયા. તે ગુણના નિધાન ધર્મના ગુરૂ આચાર્ય મહારાજશ્રી અયોધ્યાપ્રસાદજી પાસેથી દિક્ષા ગ્રહણ કરીને ગોપાળાનંદ નામ ધારણ કરીને, ભગવાનની પોતાના હ્દયમાં ખુબ જ ભક્તિનું અંગ દ્રઢએ ગોપાળાનંદ મુની દ્રઢ નિયમને ધારીને પોતાના મનમાં ખૂબ જ આનંદ પૂર્વક ભક્તિમાં રંગાયેલા આનંદ મગ્ન હતા તેવામાં જ અવિનાશાનંદ કવિને પોતાની પાસે બોલાવીને મધુર વચનોથી સમજાવી મહિમા વધાર્યો ત્યાર પછી અવિનાશાનંદજીએ બાકી રહેલા ગ્રંથને પૂર્ણ કરવા નિર્ધાર કર્યા.

જેવી રીતે આ ગ્રંથ હરિલીલાસિધું પૂર્ણ થયો તેની રીત કહુ છું.પાછળના સાત રત્નો થયા તેના બધાના શુભ નામો ક્રમ પ્રમાણે કહું છું તે સાંભળો.આઠમો રત્ન જે છે તે અનુપમ નામે છે. નવમો રત્ન છે તે નવિન રત્ન નામે પ્રસિધ્ધ છે. અને દસમો રત્ન જે છે તે દ્યુતિવંત નામથી થશે. અગિયારમું રત્ન છે તે પ્રવિણ રત્ન નામે પ્રસિધ્ધ છે. બારમું રત્ન છે તે લલામ નામથી પ્રસિધ્ધ છે અને તેરમું રત્ન છે તે રત્નસાર નામથી પ્રસિધ્ધ છે. અને અંતિમ રત્ન અવસાનના નામથી પ્રસિધ્ધ છે. આ રીતે સુંદર શોભતા એવા દસ અને ચાર એમ ચૌદે રત્નો અલૌકિક છે. એક-એક કરતાં અધિક મહત્વવાળા સાતે રત્ન સર્વના સુખદાતા શ્રી હરિનાં સુખને આપનારાં છે. આ ચરિત્રો લોકોનાં હિત અને કલ્યાણ કરવા માટે કહેવાયેલાં છે. (તે ચરિત્રોને અવિનાશાનંદ કવિ કહે છે.) આ શ્રી હરિનાં લીલા ચરિત્રોને જે ગાય તથા સાંભળે છે. તે બન્નેના શંસયો નાશ પામે છે. પાપો નાશ પામે છે. અને મનના સંતાપો ટળે છે. શ્રી હરિના સ્વરૂપના મહાત્મ્યની સાથે એકાંતિકી ભક્તિ દ્રઢ થાય છે. એ ભક્તિનું કોઈ માપ જ નથી હોતું. હવે હું પહેલાં આઠમાં રત્નનું મારા જીવમાં ચિંતવન કરીને કહું છું એટલા માટે હે નરનારાયણ દેવ ! આપ મારા હ્દય કમળમાં નિવાસ કરીને મને જ્ઞાન બળ આપો.જે ચરણ કમળની રજ માટે સનકાદિકો અને સરસ્વતી સતત સેવા કર્યા કરે છે. જે ચરણ રજને ગંગા પોતામાં ધારણ કરીને મહાન પૃથ્વીને પાવન કરે છે. જે પદની ચરણરજને પામવા ચારે વેદો પ્રયત્ન કરે છે. પરંતુ તેના ભેદને નથી જાણતા મનમાં તપ્યા કરે છે જે ચરણ રજને મેળવવા માટે મુનિઓ વનમાં વાસ કરે છે. અને તપ કરે છે. તોયે નથી પાંમતા, તે જ ચરણરજ મેળવવા ઋષિ સમુદાય (અઠયાસી હજાર) કાયમ સેવા માટે ઝંખે છે. તે જ પદરજને

અવિનાશાનંદ કવિરાજ પોતાના મસ્તક ઉપર ધારણ કરીને સેવા કરે છે. એ ચરણ કેવાં છે ? તે કહે છે અષ્ટકોણ, ત્રિકોણ, વજ, ધ્વજ, કળશ, અંકુશ,કેતુ, આકાશ સ્વસ્તિકાદિ ચિહ્નો શોભે છે. પછી જવ, જાંબુફળ, ધનુષ્ય, ગોપદ, વ્યોમ, ઉર્ધ્વરેખા શોભે છે એ સર્વે સોળે ચિહ્નો યુક્ત ધર્મનંદન મહાપ્રભુનાં ચરણ કમળને ધારણ કરીને આ શ્રી હરિલીલાસિંધુ ગ્રંથને રચવા માટે અવિનાશાનંદ કવિ ચિહ્નો સહિત ચરણોને અંતઃકરણમાં ધારણ કરીને સતત સંભારતા થકા ગ્રંથનો પ્રારંભ કરે છે.

કલ્યાણના માર્ગદ્રષ્ટા સુખ આપનારા, અવધપ્રસાદજી મહારાજ ! ભવસાગરને પાર કરાવનારા અજ્ઞાનના અંધકારનો નાશ કરનારા જ્ઞાનભાસ્કર સૂર્ય સમાન, ભવાટવિના ત્રાસને હરનારા, ભગવાનના ભક્તોને શાંતિ આપનારા એવા ગૃરુ અવધપ્રસાદજીના ચરણમાં વંદન કરૂં છુ. જ્ઞાન આપનારા, જ્ઞાનથી અજ્ઞાનના અંધકારને મટાડનારા, મનના મેલને ધોનારા, શરણે આવેલાને પોષણ કરનારા એવા ધર્મગુરૂને મારા ઉરમાં કાયમ માટે ધારણ કરૂં છું. જેમની કૃપાથી હું કવિત બનાવવા કવિત્વ શક્તિ પામ્યો એવા ધર્મકુળ ભૂષણ શ્રીહરિ અને અયોધ્યાપ્રસાદ મારા ગુરૂ અંતરમાં આવીને વસો હું ગ્રંથનો વિસ્તાર કરું. પૃથ્વી ઉપર વિચરણ કરીને ધર્મકુળ માર્તંડ ધર્મવંશના છત્રરૂપ કરૂણાના કરનાર કેશવપ્રસાદજી મહારાજ આ જગતના સુખ આપનારા,અજ્ઞાનના અંધકારને દુરકરનારા સર્વના પ્રશંસાપાત્ર, ગુણને ગ્રહણ કરનારા, લોકોના ગુણના સ્થાપક, ગંભીર સ્વરૂપવાળા, અપાર ધીરજવાળા, કેશવપ્રશાદજી મહારાજ ગુરૂને વારંવાર વંદન કરી ગ્રંથનો વિસ્તાર કરવાનો પ્રારંભ કરું છું. ગુણના સાગર ગ્રંથની રચના કરવાની તથા પૂર્ણ કરવાની આજ્ઞા આપીને કૃપા કરી એવા કરૂણાનિધિ કેશવ ગુરૂને વંદન કરું છું. મારા મનને ખેંચવા (દ્રઢ કરવા) માટે આ ગ્રંથને પૂર્ણ કરવા માટે મને મોજ આપી તે ચારે ચરણાર્વિંદ કવિને આપી તે તો પ્રગટ પ્રભુના ચરણ ચિહ્ન મોક્ષના પગથિયા રૂપ છે.સંતો હમેંશા સરળ ચિત્તવાળા જગતના હિત કરનારા સંતો કયારેય કોઈનું બુરૂ તો કરે જ નહિ.અવગુણોને કયારેય જાહેર કરતા નથી એને બાળે છે અને કોઈના ગુણને ઢાંકીને દબાવી શક્તા જ નથી એવા સંત સ્વસ્થ છે. સારા લક્ષણવાળા ચતુર અતિ પવિત્રતાવાળા એવા સંતોના ચરણોમાં હું વારંવાર મસ્તક નમાવીને વંદન કરૂં છું. કાળ કર્મના સ્વામી એવા પ્રભુના ગુણનું વર્ણન કરું એવી કૃપા કરો. વર્ણીઓ, પાર્ષદો, સંતો, હરિભક્તો બધાં જ નરનારી જનોને તે ખબર જ છે જે ભગવાનના માર્ગે ચાલતા,ગુણ ગાતા ચરિત્રો તો ઔષધી રૂપ જ છે. એટલા માટે હું આ ચરિત્રરૂપ ગ્રંથ પૂર્ણ કરી શકું એટલા માટે બધા મને આશીર્વાદ દેજો જેથી આવનારાં વિઘ્નો દુર થઈ જાય અને આ ગ્રંથને પૂર્ણ કરવામાં સરતા પ્રાપ્ત થાય.

બન્ને હાથોને જોડીને બન્ને જાનુંને તથા મસ્તકને ચરણમાં ટેકાવીને વારંવાર વંદન કરું છું.અને મારા હૃદયમાં વિદ્યા દેવીને પ્રેરીને અલ્પમતિ એવો હું મને લખવાની પ્રેરણા મળે અને આ ગ્રંથ પૂર્ણ લખી શકું તથા સર્વને ભોગ્ય એવી બાળ ભાષાને સારી રીતે વર્ણવું તેને સાંભળી સાંભળીને અતિ રાજી થાય અને વારંવાર સાંભળવાનું મન થાય. બધાં જ નરનારી જનોને અતિ શાંતિ થાય એવા મને આશિષ આપજો. વીરોનું જે જગતમાં સન્માન થાય છે તે જ શોભારૂપ થાય છે એટલા માટે મારે માટે પણ ગ્રંથ લેખનમાં ક્યાંય દોષ ન આવે તેનું ધ્યાન રાખીશ પણ કાંઈક દોષ જણાય તો મને બાળક બુધ્ધિ જાણીને મનમાં કંઈ ન લાવશો.એટલા માટે આ આઠમાં રત્નને પ્રકાશિત કરવા માટે પ્રભુના કોમળ બન્ને ચરણકમળને સોળે ચિહ્નો સાથે ચારે ચરણકમળની જોડોને મારા અંતઃકરણમાં ધારીને શુધ્ધ કરવા પ્રાર્થના કરૂં છું. મારી ઉપર દયા કરો.મારી બુધ્ધિને નિર્મળ કરીને મારી બુધ્ધિને

શુધ્ધ પવિત્ર કરવા માટે પ્રભુના પવિત્ર ચરિત્ર વર્ણન કરવા એમાં આવનારા વિઘ્નોને દુર કરવા ધર્મનંદન માહા પ્રભુને મારા હૃદયમાં ધારું છું.

આનંદસિંહ રાજા કહે છે. હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! સાતમાં રત્નના બધા જ ચરિત્રો મે તમારી પાસેથી કહ્યાં ખુબ જ પ્રિય લગ્યાં તે ચરિત્રો એક એકથી અતિ સારા છે. હે ગુરુદેવ ! તમે મને પ્રેમથી ચરિત્રો સંભળાવ્યાં તે મેં પ્રેમથી સાંભળ્યાં. હે અયોધ્યાપ્રસાદજી ! હવે મને આઠમાં રત્નનાં ચરિત્રોનું વર્ણન કરીને વિસ્તાર પૂર્વક કહો, તમે તો અશરણ શરણ છો તો મારી ઉપર કૃપા કરીને મને ચરિત્ર સમજાવો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે રાજન્ ! શ્રી હરિ પ્રગટ ભગવાનનાં મને ખુબ જ વહાલાં વેદશ્રૃતિના સારભૂત ચરિત્રો તે તમને કહું છું એવા પ્યારા પ્રગટ ભગવાનનાં ચરિત્રો સાંભળો. રાજા કહે છે એ પ્રભુનાં ચરિત્રો સાંભળતાં સાંભળતાં મારા મનમાં તૃપ્તિ તો થતી જ નથી સાંભળવાની તૃષા રહ્યા જ કરે છે. એટલા માટે ધર્મ કિશોર મહા પ્રભુના ચરિત્રો મને ફરી ફરી આપ કહો. આ પૃથ્વી ઉપર ભગવાનના અવતારો તો અનેક થયા છે પણ અવતારિ તો પુરષોત્તમનારાયણ ધર્મદેવના ઘેર પુત્રરૂપે અવતાર ધરીને પધાર્યા છે એનાં ચરિત્રો કહો એ પ્રગટ પ્રભુનાં ચરિત્રો તો અતિ પવિત્ર જ છે તેને સાંભળવા મારા ચિત્તમાં ઉત્કંઠા છે તો તે પવિત્ર ચરિત્રો મને સંભળાવો.

આ આઠમાં રત્નનો પ્રારંભ કવિ અવિનાશાનંદ બ્રહ્મચારીએ કર્યો, જેમાં હરિનું સ્મરણ કરીને શ્રી હરિનું મંગલાચરણ કર્યું તથા ગોપાળાનંદની વર્ણિની આ ભૂમિ ઉપર ઉત્પતિને જગતના જીવોએ જાણી લીધી. એટલા માટે પ્રથમ ગુરૂ નામને પ્રણામ કરીને પછી હરિલીલાસિંધુની રચનાનું વર્ણન ચાલુ કર્યું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં આઠમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંન્ને બ્રહ્મચારી વર્યોએ રચેલ છંદ ભાષામાં અવધપ્રસાદ ગુરુ તથા આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રી હરિનું મંગલાચરણ કર્યું એ નામે પ્રથમ તરંગ પૂર્ણ થયુ.II૧II**

# તરંગ-૨

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન્ ! તમને ધન્ય ધન્ય છે. કેમ કે તમે ભગવાનનાં ચરિત્ર સાંભળવામાં મનવૃત્તિ એકાગ્ર કરીને સાંભળવામાં તત્પરતા હોય તો તે ચરિત્રોથી જીવના અનંત જન્મના દુષ્કર્મો બળી જાય છે. તે ચરિત્રો રૂપી જહાજથી ભવસાગરને તરી જાય છે. તે તમેં બરોબર પ્રશ્ન પૂછેલ છે. તમારા પ્રશ્ન છે તે તો વેદશ્રૃતિ સમાન છે તે તો કળી કાળના ભયનો નાશ કરનાર છે. અને પાપોનો નાશ કરીને જીવોનાં કલ્યાણ કરનાર થાય છે. એ જ પ્રશ્ન ગોપાળાનંદ મુનિવર્ય ગીરનાર પર્વત પાસે જુનાગઢમાં હતા ત્યારે પૂછેલા, ત્યાં જુનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામી રહેતા હતા તેઓ હાથ જોડી મસ્તક નમાવી વંદના કરીને યોગીવર્ય ગોપાળાનંદ સ્વામીને આ પ્રશ્ન પૂછેલા હતા. જીવના કલ્યાણ કરવા માટે પુરષોત્તમ નારાયણ મહાપ્રભુનો મહિમાં જીવોને તારવા માટે ઝહાજ સમાન છે. એનાથી અનંત જીવો પ્રભુના ધામને પ્રાપ્ત કરે છે એવા અલૌકિક છે.

ગોપાળાનંદ સ્વામીએ અષ્ટાંગ યોગ સિધ્ધ કરેલ હતો. અને પ્રભુ શ્રી હરિની સમાન જ અતિ સુંદર સ્વરૂપ હતું. આપે સાતમા રત્નમાં ચરિત્રો ચિત્ર વિચિત્ર ગાઈને મને સંભળાવ્યાં તે મેં સાંભળ્યાં એ સાતેય અવતાર

રત્નના ચરિત્રોને અતિશય પ્રેમ પૂર્વક સાંભળ્યાં તેનાથી પણ હે મુનિવર્ય ! વિશેષ સારા ચરિત્રો મને અતિશય પ્રેમ પૂર્વક આઠમા રત્નમાં સંભળાવો એવી મારી વિનંતી છે. હે મુનિરાજ ! શ્રી હરિ ઘનશ્યામ પ્રભુ વિચરણ કરતા થકા ક્યાં ક્યાં પધાર્યા ત્યાં ત્યાં જે જે લીલાઓ કરી હોય તે આપ મને આપનો જ સ્નેહી શિષ્ય જાણીને મારી ઉપર અતિ પ્રેમ રાખીનેં આ ચરિત્રો વિસ્તારથી સમજાવીને કહો, એ ચરિત્રો સુખ આપનારાં છે. આવી રીતે તે રાજાના પૂછેલા પ્રશ્નોની વાણી સાંભળીને મુનિને સારી લાગી. મુનિ મનમાં સારી રીતે આનંદિત થયા અને કહે હે રાજન્ તમે બહુ જ સુંદર પ્રશ્નો પુછ્યા છે તેને મુનિવર જાણે છે. માટે હવેં તમનેં ભગવાનના ચરિત્રો કહું છું તો તમે એ ચરિત્રોને પ્રેમથી સાંભળો. ત્યાર પછી આઠમા રત્નનો પવિત્રતાથી મહાયોગી ગોપાળાનંદમુનિએ કહેવાનો પ્રારંભ કર્યો. મુનિ કહે કે તે બધાં જ ચરિત્રો તમને શાંતિથી સંભળાવું છુ.આવી રીતે આનંદસિંહ રાજાએ અયોધ્યાપ્રસાદજી મહારાજને પ્રશ્ન પૂછ્યા.

કમળનયન ભગવાન સ્વામિનારાયણ મહા પ્રભુ કચ્છ દેશના પ્રેમી ભક્તોને દર્શનનું સુખ આપવા પધાર્યાં હતા, ત્યારે પ્રેમી ભક્તો પ્રેમથી ભરપૂર ભાવવાળા પ્રભુ સનમુખ જઈને દર્શનનું સુખ લેતા હતા.સર્વના પ્રાણના આધાર મહા પ્રભુ ભુજમાં સુતાર જ્ઞાતિના પ્રતિષ્ઠિત હરિભક્ત **હરજીભાઈ**ના ઘેર નિવાસ કરતા હતા ત્યાં અલૌકિક ચરિત્રો કરીને એ સર્વ ભક્તજનનાં મનનેં પવિત્ર કરતા થકા શુધ્ધ કરતા હતા. સર્વ પ્રકારના સુખના દાતા નવા ખીલેલાં કમળ જેવા નેત્રોવાળા દ્રષ્ટિથી પવિત્ર કરતા થકા ઉપદેશ આપીને અલૌકિક જ્ઞાનનું સુખ આપતા હતા, આવી રીતે ભકતોને અભય સુખ આપતા ઉપદેશ આપીને બધાં જ નરનારીજનોને સમજાવતા હતા કે તમે બધાં જ અમે કહેલા નિયમોનું દ્રઢપણે પાલન કરજો,સર્વના કહેલા નિયમ પ્રમાણે વર્તજો મારી મૂર્તિનું નિત્ય પ્રત્યે ધ્યાન ધરજો મૂર્તિનું સુખ પામીને બીજા બધા સુખો સ્વપ્ના જેવાં હોય એમ સમજજો.

કામ ક્રોધાદીક અંતઃશત્રુઓ છે તે મદ-મોહાદીક સર્વનો સર્વ પ્રકારે ત્યાગ કરજો સાવધાન થઈને બધાં જ દ્રઢ ભાવથી ભકિત કરજો, મને તમે બધા જ સર્વના સ્વામી ભગવાન દ્રઢ મનથી માનજો.આવી રીતે ઉપદેશ કરી સમજાવીને સર્વ જગતના સ્વામીએ ભકત સમુદાય પાસેથી વિદાય લઈ લીધી. સર્વ જગતના કર્તા હર્તા મહાપ્રભુએ સર્વ ભકતજનોના મનને ખેંચીને સવારમાં વહેલાં વીહાન સમયે પ્રયાણ કર્યું. સર્વ ભકતજનના ભયને હરનારા સ્વામિનારાયણ મહાપ્રભુ ભુજ નગરથી **ધમડકા** નામના પુર પ્રત્યે પધાર્યા. ધમડકા પુરના રાજા **રામસિંહે** તથા **કર્ણિબા** આદીક સ્ત્રી સમુદાયે સામા જઈને સામૈયું કર્યું. રામસિંહરાજાના પુત્રો **રાયધણજી** અને **જેમલજી** બેય પુત્રોને ભગવાન વગર બીજા કોઈ પ્રકારના ઘાટ થતાં જ નથી એવા એકાંતીક ભકતો તથા પુરનાં નરનારીજનો બધાય સામા જઈને શ્રીહરિ શ્યામ પ્રભુ પાસે આવ્યાં. ભાવ પુર્વક સન્માન કરીને પોતાના દેહના માનને ત્યાગીને મહાપ્રભુને પોતાના સ્વચ્છ સુવ્યવસ્થીત કરેલા મહેલમાં પધરાવ્યા, પછી ભેટ ધરીને પુજન સન્માન કરીને ભયહારી મહાપ્રભુને તથા સર્વજનનાં મનને રંજન કરીને પ્રભુને પ્રેમથી થાળ જમાડતા હતાં. ત્યાર પછી સુંદર પલંગ બીછાવી તેના ઉપર મહાપ્રભુને વિરાજમાન કરાવ્યાં, સૌ ભકતો હરખ પામ્યાં નીરખીને દર્શન કરીને પછી આરતી કરી પોતાનું તન મન ધન સર્વ હરિના ચરણકમળમાં ધરી દીધાં.ત્યાર પછી ખુબ જ લાંબા સમય સુધી શ્રીહરિના સ્વરૂપને દ્રઢતાથી નીરખીને પછી શ્રીહરિની સ્તુતી કરતાં હતાં. જય ભવભંજન સર્વના ભયને ભાંગનારા આપનો જય જય થાય ,સુખના કરનારા આપનો જય જય થાય, પ્રભુ આપના સ્વરુપના મહિમાને જે જીવો પામેલા તેમના પાપનો નાશ કરી સુખ આપી જગતને પોતામાં ખેંચનારા આપનો જય જયકાર થાય.

હે પ્રભુ ! આપનાં ચરણ કમળમાં મુનિજનો વંદન કરે છે.શિવજી પોઠીયા ઉપર અને બ્રહ્માજી હંસ ઉપર બિરાજમાન થઈને આપનાં ચરણને વંદે છે. હે પ્રભુ ! કાળના કાળ એવા આપ આપનાં કરૂણામય નેત્રોવાળા આપ સર્વના જાણનારા છો અને સર્વે ઉત્પત્તિ આદિના જાણનારા આપ જ છો. મહાપુરુષ, શેષ, શારદા, અણિમા આદિ આપની સેવા કરે છે. અનંતકોટી તપસ્વીઓ,યોગીઓ યજ્ઞ યાગાદીથી આપનું જ સેવન કર્યા કરે છે. આપ તો સર્વેના સ્વામી છો,સર્વેના નિયંતા છો,આપ સર્વેને અલૌકિક સુખ આપો છો.મુનિજનો દ્વારા મોક્ષનો માર્ગ જણાવીને પરમ મોક્ષ આપો છો.જાનું પર્યંત લાંબા હાથવાળા અમી દ્રષ્ટિથી સર્વને શાંતિ આપો છો.કામનો નાશ કરનારા આપના સ્વરૂપના દર્શન ભક્તિથી પરમધામ સુખને આપનારા અનાદિ નામવાળા અનંત જીવો આપનું ભજન કરે છે. હું પણ આપનું ભજન કરું છું.સર્વના સ્વામી મુનિનાથ સર્વના ઈષ્ટ અધિષ્ઠાતા આપને વારંવાર નમન કરું છું. મનોહર દિવ્ય શોભાવાળા વિશાળ સ્વરૂપવાળા કંઠમાં આભૂષણને ધારેલા શંખ સમાન કંઠવાળા મકરાકાર કુંડળને ધારણ કરેલા લાલ અધરોષ્ઠવાળા મુખમાં શ્વેત પરવાળાં જેવા દાંતવાળા લાલ પેઢાઓ વાળા મુખમાં રસનાનો મનોહર રસ છે જેનો એવા, આખા જગતના સ્વામી ગુણના સાગર અક્ષરધામના ધામી આપ પૃથ્વી ઉપર પ્રગટ થઈને મોક્ષનું દાન આપો છો. સર્વ ઉપમાઓને યોગ્ય એવા સર્વ દયાના ગુણથી સર્વને અભયવર આપીને મહાન શોભાને વધારો છો. અને અમ જેવાં આશ્રિતોને દર્શન સુખ આપો છો.

શ્રી હરિને ખૂબ જ નમ્રતાથી વિનંતી કરીને સ્તુતિ કરી એટલે ખૂબ રાજી થયા આશ્રિતોની સામે જોઈને એમના ત્રાસને હરતા હતા. અને મંદ હાસ્ય કરતા થકા કહેવા લાગ્યા. હે ભક્તજનો ! તમો મારી પાસેથી ઈચ્છીત હોય તે માંગો. હવે તમારા માટે ન અપાય એવું કંઈ જ નથી. પ્રકૃતીના સ્વામી રાજા અથવા પ્રધાનનું સુખ માંગો તે પણ આપવા તૈયાર છું ખૂબ રાજી થઈને આપું. ભક્તો કહે છે હે પ્રભુ ! અમે આપની પાસે તો જગતના સુખ નથી, પરંતુ જે અનાયાસે નથી મળતું તે અલૌકિક સુખ આપનારા આપના સ્વરૂપની દ્રઢ ભક્તિ આપજો.આપના સિવાય જગતનાં જે કોઈ બીજાં સુખો છે તે તો કાળના પ્રવાહમાં ખેંચનારાં છે. નાશવંત કહેવાય છે એટલા માટે હે જગતના તારણહાર પ્રભુ ! માયિક સુખ નથી ઈચ્છતાં. આવી રીતે ભક્તની અતિ ચતુરતા સાંભળીને મુનીઓના સ્વામી શ્રીજી મહારાજ રાજા ઉપર રાજી થઈ ગયા અને ભક્તને તારનારા ભક્તના કલ્યાણ માટે બંધાયા. કમળનયન પ્રભુ ભક્તને અતિ દુર્લભ વરદાન દઈને તથાસ્તુ કહીને ચાતુરાઈથી શ્રીઅવિનાશ પ્રભુ ધીરજ ધરતા થકા ચાલતા થયા.

શ્રી હરિ હંમેશા વર્ણીવેશે વિચરણ કરતા હતા તે તો જીવોના કષ્ટોને દુર કરવા માટે જ વિચરતા હતા. પ્રભુનાં પગલાં ચાલતાં હતાં તે જીવોના પાપોને હરતા હતા. એવી રીતે પ્રભુ વિચરતા ભચાઉપુર પ્રત્યે પધાર્યા. પ્રભુ પધાર્યા તેથી ભક્તજનો જાગ્રત ભાવવાળા હતા એમને ખબર પડી એટલે સામા આવ્યા. ખૂબ ભાવના પૂર્વક પ્રભુનું પૂજન કરીને વાજતે-ગાજતે ગામમાં પધરાવતા હતા તેથી પૃથ્વી ઉપરના લોકો જાણતા હતા. ભક્તજનોએ પ્રભુના દર્શન કર્યા ચરણોમાં વંદન કરી પ્રણામ કર્યા ત્યાર પછી પાક બનાવીને ભોજન જમાડ્યાં પછી પ્રભુને પગે લાગીને સુંદર ફુલોના હાર પહેરાવ્યા ત્યાર પછી સર્વે ભક્તજનોએ પ્રભુને હાથ જોડીને સ્તુતિ કરી ત્યારે પ્રભુ એમની ઉપર રાજી રાજી થઈ ગયા. ત્યાર પછી દેવાધિદેવ સ્વામિનારાયણ ભગવાન ત્યાંથી જવા માટે દેવો મુનિજનોના સ્વામી માર્ગ ઉપર ચાલવા લાગ્યા, પૃથ્વી ઉપર ધર્મપુત્ર ચરણ સ્થાપી નિજધર્મ સ્થાપીને લોકોના

કલ્યાણ કરવા વિચરતા હતા. અનેક લોકો નિરખી નિરખીને જોતાં હતાં.

હે રાજન્ ! લોકો ખૂબ જ દુર સુધી વારે વારે નજર લાંબી કરીને જોતાં જતાં હતાં આવી રીતે મહાપ્રભુ સુંદર રીતે ચાલતા હતા પોતાના પ્રતાપને વિસ્તારતા થકા પધારતા હતા પામર જીવોના જન્મ મરણના ભયને દુર કરતા થકા વિચરતા હતા. ચાલતા થકા મહાપ્રભુ **વડગાંમ** નામના ગામે પધાર્યા લોકો એને વાઢિંયાં નામના ગામથી કહેતાં હતાં ચાલતા થકા પ્રભુ ત્યાં પધાર્યા ત્યારે ચંચળ નેત્રવાળા પ્રભુને જોઈને સુંદર વાણી બોલીને કહેતા હતા ત્યારે શ્રી હરિ મહાપ્રભુ પોતાના આશ્રિત ભક્તજનોના ત્રાસનો નાશ કરીને પૃથ્વી ઉપર અવિનાશ પ્રભુ ચાલતા થકા **માળિયા** નામનું સુંદર ગામ આવ્યું એ ગામમાં નિષ્કામ મુનિ કોઈનાથી ના જીતાય એવા મહાપ્રભુ સ્વયં કૃપા કરીને પોતાના પ્રતાપને વિસ્તારતા હતા. માળિયા ગામમાં **બળવંતભાઈ**નું ઘર બજારમાં હતું. ત્યાં પ્રભુએ વિશ્રામ સ્થાન કર્યું. નગરના રાજાને સમાચાર જણાવ્યા ત્યારે **વ્રધજીતભાઈ** નામના રાજાના નામથી પ્રસિધ્ધ હતા તે રાજા તેમના પુત્ર **સતમલભાઈ** નામ હતું તે નામથી બધા બોલાવતાં હતાં.એમનું દિલ શાંત હતુ ઉદાર દિલના દયાના સ્વભાવવાળા ભગવાનના ભલા ભોળા ભક્ત હતા બહુ ભાગ્યશાળી હતા પોતાનું સર્વસ્વ પ્રભુ પરાયણ કરીને વર્તમાન ધારણ કર્યાં હતાં.જેવા પૃથ્વી ઉપર મનુરાજા થયા હતાં તથા અમરિષ રાજા થઈ ગયા એવા જ સ્વભાવના આ **ડોસાભાઈ** રાજા હતા. શ્રીહરિ મહાપ્રભુ એમને પોતાના એકાંતિક ભક્ત સમજીને દર્શન આપ્યાં અને ભવબંધનના પાસથી મુક્ત કર્યા ત્યાં **રાજ નામના** અને **લલિત** નામના લોહાણા જ્ઞાતીના તે ભક્ત પ્રભુની સાથે ખૂબ જ પ્રેમભાવવાળા ખુબ જ આનંદિત ભક્ત હતા. એ ભક્ત પ્રભુને માટે સારું ટીંમણ લાવ્યા તેને પ્રભુએ પ્રેમથી જમી રાજી થયા. જગતના પતિ જગદીશ પ્રભુ જમીને રાત્રીનો સમય અહીં જ વિતાવ્યો.ત્યાર પછી સર્વ ભક્તજનોને આનંદ આપી પ્રભુ મોરબી નામના ગામે સર્વના આનંદધામ સર્વને સુખ આપવા પધાર્યા.

ત્યાં **મઈદાસ ભટ્ટ** નામના ભક્ત તેમની વખાર બહુ સંદર હતી.શ્રી હરિપ્રભુએ તેમાં વાસ કર્યો. ખૂબ જ રાજી થયા પોતાના પ્રભાવથી ભયને ભાંગતા હતા.તે ભક્ત પ્રભુને માટે જમવાનું લાવ્યા તે જોઈને પ્રભુ ખૂબ રાજી થઈને જમ્યા જગદીશ પ્રભુએ રાતનો સમય ત્યાં જ વિતાવ્યો. હરિ હૈયાને હરખાવીને ત્યાંથી ચાલ્યા.માર્ગમાં આવતા લોકો પ્રભુના ચરણમાં નમતાં હતાં. મહાપ્રભુ ચાલતા થકા **દેવળીયા** ગામે પધાર્યાં. ત્યાંથી **ચખલોલ** ગામે આવ્યાં ત્યાં સુરપાળનો ભાગ વિશાળ હતો. એમાં અંતશત્રુઓ પોતાના કુળ જમાવીને રહ્યા હતા. અને તે તે પુરમાં **વિશ્રામ** અને **સામત** બે સારા સત્સંગી હતા એમને સુખ આપીને ચંચળમૂર્તિ શ્રી હરિ ચાલતા થયા. આનંદ પામતા થકા પ્રભુ **હળવદપુર** પ્રત્યે પધાર્યાં.ત્યાં કમળોથી યુક્ત પાણી ભરેલું સરોવર જોઈને જગતજીવન પ્રભુ રાજી થયા. સંધ્યા કર્મ કરતી વખતે બધા જ બ્રહ્મદેવો ભુજાઓ ઊંચા કરીને વેદ સ્તુતિ ઉચારતા હતા. ત્યારે પ્રભુ પશ્ચિમ દિશા તરફથી આવ્યા સૂર્ય સમાન કાંતીવાળા નાના કેશવાળા વર્ણીવેશ પ્રભુને જોઈને બ્રહ્મ સમુદાય અતિ આનંદિત થયા. અખિલ જગતના ઈશને આવતા જોઈને આનંદ વિભોર થયા.

હે રાજન્ ! શ્રી હરિ ભુજ નગરથી ધમડકાપુરી આવ્યા. રાજાએ સ્તુતિ કરી તેનાથી ત્યાં વાસ કરીને સર્વના ત્રાસને હર્યો. મહાપ્રભુ ભચાઉ પધાર્યાં ત્યાંથી માળીયા પધાર્યા સુખ આપતા થકા બહુ સુખ આપનારા પ્રભુ મોરબી પધાર્યા એ નામે શ્રી હરિલીલા સિધુની લહરીરૂપે આ તરંગ પુર્ણ થયો.

**આવી રીતે શ્રી હરિલીલાસિંધુમાં આઠમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બ્રહ્મચારી રચિત છંદ ભાષામાં શ્રી હરિ હળવદપુર પધાર્યાં એ લીલા વર્ણન નામનો બીજો તરંગ પૂર્ણ થયો. ॥૨॥**

# તરંગ-૩

આનંદરાજા કહે છે, હે મારા ગુરુ અયોધ્યાપ્રસાદજી મહારાજ ! શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ હળવદપુરમાં પધારીને કઈ કઈ કેવી લીલાઓ કરી તે બધીજ મને ખુબજ વિસ્તાર કરીને આપ પ્રેમથી કહો, શ્રી હરિ કયાં કયાં ગામે પધાર્યા, લોકોના સુખ કરનારા પ્રભુએ કયાં ક્યાં ઠેકાણે વાસ કર્યો, સર્વજગવંદ્ય ભગવાન જે જે ગામે ગયા તેના નામ સાથે ચરિત્રો મને વિસ્તારથી સંભળાવો.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન્ ! રાજા મહારાજાના બધાજ વંશો પોતાની મેળે જ ચાલ્યા આવતા હોય છે તથા પરંપરા ઉતરે છે એટલા માટે હે રાજન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ સર્વજીવોના પાપો અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરનારા જ્ઞાનરૂપી પ્રકાશ પ્રજવાલે છે તે પ્રભુ પાપોનો નાશ કરવા લીલાઓ કરે છે તેનું વર્ણન કરીને તમને કહું છું. હે આનંદ રાજન્ ! તમારી બુધ્ધીને ધન્ય છે તમે ખુબ જ સારાં ભગવાનનાં ચરીત્રનું પુછ્યું છે એટલા માટે તમેં હવે એકાગ્રચિત્ત થઈને સાંભળો હવે હું પ્રગટ પ્રભુની પવિત્ર લીલાનું વર્ણન કરીને કહું છું. સર્વ અવતારના અવતારી શ્રીહરિને **હળવદપુર**માં આવતા જોઈને જેણે વર્ણીનો વેશ ધારણ કરીને દ્રઢવ્રતધારીની માફક ફરતાં થકા આવતા જોયા ત્યારે **શીવ જાની** આદીકે બ્રાહ્મણોના સમુદાયે પરમ સ્વતંત્ર મનવાળા મહાપ્રભુને જોઈને આનંદ પામવા લાગ્યા. આ સહજાનંદ સ્વામીને સર્વ અવતારના અવતારી સર્વના કારણ જાણીને તેઓ મનમાં વિચારતાં હતાં, તેમાં ખુબ જ ભાવવાળા એક ભક્ત હતાં બ્રાહ્મણત્વના વ્રત ધારનારા **નારાયણ જોશી** હતાં, તે નારાયણ જોશીએ બંન્ને હાથ જોડીને શ્રી હરિને મધુર વાણીથી ખુબ જ વ્હાલું વ્હાલું બોલીને કહેતાં હતાં હે પ્રભું અતિ ચંચળ નેત્રકમળવાળા આપ મારે ઘેર પધારો અને આપના મનને આનંદ થાય એમ અમેં આપની સેવા કરીશું માટે કૃપા કરીને પધારો.ભાવુક ભક્તના મુખના વચન સાંભળીને તથા નારાયણ જોશીના ભાવને વશ થઈ  પ્રભુ તેની સાથે જતાં હતા બધાને સુખ આપતાં હતાં. નગરની વચ્ચમાં નારાયણ વિપ્રનું ઘર હતું તેથી પ્રભુ સૌને દર્શન સુખ આપતાં પુરમાં પધારતા હતા. તે નારાયણ વિપ્રની સાથે તેમના ઘેર પધાર્યા ત્યારે સર્વજનો હરિના દર્શન કરીને આનંદ પામતા હતાં અને શ્રીહરિ સર્વના ભવપાસના ત્રાસને હરતા થકા ઘરમાં પધાર્યા. સાફ સુફ કરેલા ઘરમાં સુંદર રીતે બેઠકનું આસન તૈયાર કરાવ્યું તેની ઉપર પ્રભુને બેસાર્યા અને નારાયણ વિપ્રને પ્રભુએ પોતાની પાસે બેસાર્યા ત્યારે નારાયણ વિપ્ર શ્રી હરિને કહે  હે  હરિ ! આપને કાંઈ જમવું હોય તો લાવું અમારે તો આજે એકાદશી છે. એટલે ઉપવાસ છે ત્યારે શ્રી હરિ કહે અમારે પણ એકાદશી છે આમ કહીને શ્રી હરિ મૌન રહ્યા ત્યાર પછી જગતના ઈશ નારાયણ મહાપ્રભુ એ જ્ઞાન ચર્ચા ચાલું કરી બીજા બધાજ માઈક દેવોની પ્રતીતી તોડાવીને પ્રગટ પ્રમાણ વિરાજમાન મહાપ્રભુની દ્રઢ વાત કરીને મનમાં શ્રી હરિનો સ્વરૂપ ભાવ દ્રઢ કરાવ્યો ત્યારે પ્રભુની વાતો સાંભળીને ભુદેવને મનમાં સુખ થયું. આવી રીતે રાત્રે એકાદશીનું જાગરણ કરાવ્યું અને પ્રાતઃકાળની વીહાન વેળા થઈ ત્યારે તે બ્રાહ્મણ પ્રાર્થના કરી પ્રભુને વિનંતી કરતા હતા.

વિપ્ર કહે છે હે પ્રભુ ! આજે દ્વાદશી છે એટલા માટે આપ પ્રેમથી પારણાં કરો પારણાં કરાવવા હું ભાવના સાથે સુંદર ભોજનનો થાળ તૈયાર કરાવરાવું તરત જ તૈયાર થઈ જશે અમારા ઘરમાં જ આપ પધાર્યા છો એનાથી

મહા મોટો લાભ બીજો કયાંથી મળે. હે પ્રભુ ! આપના જેવા મુનીનાથ દરરોજ જમે તો અમારું જીવન તૃપ્ત થઈ જાય. હે પ્રભુ ! આપે ઉપવાસ કર્યા છે એટલા માટે અનંતના ભયને હરનારા આપ જમીને હે પ્રભુ ! ચાલવું હોય તો ચાલજો પ્રભુ અમારા ચીત્તને ચોરનારા આપની પાસે અમારે જમાડવાની જ ભાવના છે મારા મનનાં ભાવને પુર્ણ કરો.

હે રાજન્ ! બ્રહ્મણના વચન સાંભળીને ચતુરનાથ પ્રભુ કહે પ્રભાત થયું માટે સ્નાન કરવા જવું છે ત્યારે વિપ્ર વાવ બતાવવાં ચાલ્યા તેની પાછળ પાછળ પ્રભુ જવા લાગ્યાં.ગામની પુર્વ દિશામાં અતિ પવિત્ર જળથી ભરેલી વાવ મનને પ્રિય લાગે તેવી હતી ત્યારે તે વિપ્ર કહે વાવ આવી ગઈ. આપ અમારા ભાવને પુર્ણ કરવા સુખેથી સ્નાન કરો ખુબ શાંતીથી સ્નાન કરીને અમને સુખ આપો ત્યારે હરિ તો તે વાવ ને છોડીને આગળ જવા લાગ્યા ત્યારે તે વિપ્ર ખુબ જ દીન વચને કરીને હરિને વિનવવા લાગ્યો હે પ્રભુ ! લોકોનાં દુઃખને હરનારા આનંદના સાગર આપના ગુણોને ગાય છે માટે પાછાવળો પાછાવળો,હે પ્રભુ ! આપ મારા ઘેર જમ્યા વગર જ આમ છેતરીને જાવ છો તમે શંખ સમાન કંઠવાળા પાછા વળો આમ કહીને તે બ્રાહ્મણ પાછળ પાછળ પ્રભુ પાસે જવા લાગ્યો ત્યારે પ્રભુ વાંકી દ્રષ્ટી કરીને જોઈને ચાલતા હતા. કહેતા હતાં કે હે વિપ્ર! તું પાછો વળીજા અહીં આવીશ નહી અમારી પાછળ શું કામ છે ? તે આવે છે પાછળ આવવાનું કોઈ જ ફળ નથી આવી રીતની ભયયુક્ત વાણી સાંભળીને મનમાં ગભરાતો થકો પ્રભુની પાછળ બ્રાહ્મણ મુંજાતો થકો જતો હતો. જગતના ઈશ મહાપ્રભુને નિષ્પૃહી સમજીને પરમ પુરણ કારણના કારણ પરમેશ્વર માનતો હતો અને વિચારતો હતો કે લોકો જમવા માટે ઘેર ઘેર ફરે છે અને માંગી માંગીને ખાવા માગે છે તોય પેટ ભરીને ખાવા માટે લોટ મળતો નથી, એ પ્રસીધ્ધ વાતોને સંસારના લોકો જાણે છે જે વગર માગ્યે મળે તેને ત્યાગીદે છે એ કોઈ મનુષ્ય નથી કોઈક મોટા ઈશ્વર જ છે આ આખા જગતના સ્વામી પોતે જ છે સર્વ નામ સાર્થક છે એમની કળાને જાણી શકાય તેમ જ નથી તેથી હું તમનેં હાથ જોડીને વિનંતી કરુ છું  કરગરું છું કે મારા ઘેર જમવા પધારો તોય નથી આવતાં આવી રીતે તે બ્રહ્મણ ગુણ ગ્રાહક હતો ગુણગાતો થકો પોતાના ઘેર પાછો આવ્યો અને ઘનશ્યામ પ્રભુના પવિત્ર ગુણને ગાતો થકો પોતાના મુખે રટ્યા કરતો હતો.

જગતના લોકો અલ્પ ભાગ્યવાળા હોય છે તે સુખના સાગર પ્રભુને નથી જાણતાં એ જ પ્રભુ મારા ઘેર જમવા માટે કહું છું તોય નથી આવતાં એવા જગતનં ! વંદનીય પ્રભુ સમર્થ છે આવી રીતે તે વિપ્રે પોતાના અવગુણને માનીને  પ્રભુના ગુણને નિત્ય પ્રત્યે ગાતો હતો.મહાપ્રભુની મૂર્તિને  સતત પોતાના અંતઃકરણમાં ધ્યાન પુર્વક ધારતો હતો નિત્ય સંભારતો હતો. સર્વથી નિસ્પૃહી પ્રભુ ત્યાંથી ચાલ્યા. જગતનાં લોકોનાં અજ્ઞાનનાં અંધકારને હરતા થકા જ્ઞાન આપતા થકા **ધાંગધ્રાપુરે** પોતાના આશ્રીતોને સુખ આપવા પધાર્યા ત્યાં ચોરામાં ઉતારો કરીને પ્રભુ રહ્યા. સથવારા લોકોના પ્રભુ આવ્યા ત્યારે પ્રભુ માટે **અવલબાઈ વિપ્રે** થાળ તૈયાર કરી રસભર્યો થાળ પ્રભુ માટે લાવ્યાં. શ્રી હરિ જગતનાં સ્વામી થાળ જમતાં હતાં એમના ચરિત્રના ગુણને તો કોઈ પાર જ ન પામી શકે એટલે અવલબાઈ જાતે જ પોતાના હાથથી જ પ્રગટ પરબ્રહ્મ પ્રભુને જમાડતાં હતાં ત્યારે પ્રભુ જમતાં જમતાં જળ પાન કરતા હતા અને સર્વના નાથ પ્રભુ સર્વની ઉપર નીયંતા છે એટલે પોતાની રુચી અનુરુપ યોગ્ય રસવાળી વસ્તુ જમતા હતા અને જમીને તૃપ્ત થયા એટલે મુખ ધોઈ જળપાન કર્યું પરબ્રહ્મ પરમેશ્વર અવીનાશ ત્યાં જ રાત રહ્યાં ભક્તોને સુખ આપવાં પ્રભુ ભક્તો ઉપર ખુબ દયા કરીને જ્ઞાનરૂપી સુખ આપીને પ્રભાતમાં

ગાંમ **મેથાણના** ભક્તોને દર્શન આપવા પધારતાં હતાં જગતથી વીરક્ત રહેનારા એવા **સુકાભાઈ** નામના ભક્ત હતાં તેમને પ્રગટ પરબ્રહ્મ પ્રભુની સાથે ખુબજ પ્રીતી થયેલી હતી, દ્રઢ ભક્તિવાળા હતાં અને તેઓ રાત્રે પથારીમાં સુતા હતા ત્યારે તેંમનેં સ્વપ્ન થયું તેમાં સર્વના મનને હરનારા સર્વને સુખ કરનારા પ્રભુ ચાલ્યાં આવે છે એમ જોયું ત્યારે એમનાં ભાઈને વાત કરી કે પ્રભુ પગે ચાલીને આવે છે જાણે ચાલવાથી ચરણમાં ફોડલા પડ્યા છે આ વાત સાચી જ છે એમ માનીને સામા જવા માટે પોતે ઘોડો લઈને સામા જવા લાગ્યાં પ્રભુને ઘોડા ઉપર બેસાડીને ગામમાં તેડી લાવ્યાં

આ બાજુ હરિ પ્રભાત વેળાએ જાગ્રત થયા સર્વ લોક સમુદાયને રાજી કરવા માટે ચપલ નેંણવાળા સર્વના ચીત્તને પોતામાં ખેંચનારા પ્રભુ શૌચક્રીયા કરીને પછી ચાલતા થયા આ બાજુ **કાકાભાઈ** ઘોડો લઈને નવા સાજ સાથે સામા આવતા જોયા, ત્યારે એમને જોઈને દયાળુ પ્રભુ ચરણથી ચાલતા રોકાઈ ગયા અને ભક્ત ચાહતા હતા તેમ પ્રભુ ગામનાં સીમાડામાં જ મળ્યા જેમ નદી સાગરને ભેટે તેમ પ્રભુ ભક્તને પ્રેમથી ભેટ્યા અને પોતાના ભક્તને સ્વાગત સમાચાર પુછતાં હતા પ્રેમથી પોતાના પ્રિય ભક્તોને સુખ આપવા પધારતા હતા. બહુનામી મહાપ્રભુને ભક્તજને ખુબ જ હેત કરીને સજાવેલ ઘોડી ઉપર બેસાર્યા અને પ્રજાજનો વાજિંત્રો લાવેલાં તે વગાડતાં થકાં સામૈયું કરીને પોતાના ગામમાં પોતાના ઘેર લઈ જતાં હતા શ્રી હરિના દર્શન કરવા માટે સ્ત્રી-પુરુષો હાથમાં ભેટ સામગ્રી લઈને સામાં દોડતાં હતાં આવતા નરનાથ પ્રભુને નેત્રોથી નીરખીને દર્શન કરીને પ્રેમથી વધાવતાં હતાં લાવેલ ભેટ અર્પણ કરીને ભયને હરનારા મહાપ્રભુના ચરણમાં વંદન કરીને પ્રણામ કરીને પ્રભુને પ્રેમથી કિર્તનો ગાતાં વગાડતાં થકાં મેંથાંણપુરમાં લાવ્યાં.

શ્રી ઘનશ્યામ પ્રભુ **પુંજાજી ભક્તના** ઘેર નિવાસ કરીને આનંદ પુર્વક રહેતા હતા શ્રી હરિ પલંગ ઉપર વિરાજમાન થયા ત્યારે નરનારી જનો સર્વે નીરખીને દર્શન કરતાં હતાં નેત્રમાં ધારતાં હતાં શ્રી હરિને જમવા માટે ખુબ જ પ્રેમથી થાળ તૈયાર કરીને લાવ્યાં તે પ્રભુ બધા લોકોના થાળને આનંદ આપવા માટે સાકરયુક્ત લાડુના થાળને જમીને તૃપ્ત થયા અને મુખ ધોઈને જળપાન કર્યું જમી તુપ્ત થઈ આચમન કરીને મુખવાસ લઈને જમ્યાં આ રીતે હરિ પ્રફુલ્લીત થયેલા પોતાના ઉદર ઉપર હાથ ફેરવીને ઓડકાર ખાઈને બધાને રાજી કરતા હતાં આવી રીતે મહાપ્રભુ લીલા કરતા થકા પાંચ દિવસ સુધી મેથાંણપુરમાં રહીને ફુલની વાડીમાં ફુલોની વાતો કહીને સર્વ ગામનાં લોકોને ખુબ જ અલૌકિક સુખ આપ્યાં અનેક ચરિત્રો કરીને વિચિત્ર લીલાઓ કરીને વિચિત્રતા બતાવતા હતા આવી રીતના લાલનપાલન કરનારના મનોહર ચરિત્રોને જોઈને શુક્લ કુળના લોકો તરત જ ભક્ત થઇ ગયા. વર્ણિ કહે છે હું એમના નામ કહું છું **મકન અજીત નૃપ જાની** આદી બધા જ ભગવાનના આશ્રીત થયા પ્રેમથી ધર્મના નિયમોને ગ્રહણ કર્યા બધા જ બ્રાહ્મણો ધમધોકાર ભાવ કરીને સારામાં સારા ભક્તો થયા અને આવી રીતના સર્વના સુખને આપનારા શ્રી હરિ જવા માટે તૈયારી કરવા લાગ્યાં ત્યારે ઘોડાઓ તથા ઘોડાઓને સાથે લઈને ગાતા ગાતા આનંદ પ્રમોદ કરતાં થકાં સર્વે પુરના પુરુષ સ્ત્રીઓ વિદાય આપતા વીલાપ કરતાં હતાં અને દ્રઢ થઈને પ્રભુને ધ્યાનમાં ધરતાં હતાં મનને હરનારા પ્રભુ મેથાંણ ગાંમમાં રહીને જે અલૌકિક લીલા કરી તેની વાત કહીને પોતાના આશ્રીત ભક્તોને સુખ દેવા માટે જન્મમરણના બંધનમાંથી છોડાવતા હતાં સર્વને મહાન મુક્તિના માર્ગમાં લઈ જતા હતાં. આવી રીતે શ્રીહરિ સર્વના સુખ કરનારા પ્રભુએ મેંથાંણમાં લીલા કરીને પોતાના સેવકોના નિવાસ સ્થાનોમાં નિવાસ કરીને ભવમાં ભટકવાના ભવફંદને હરી લેતા હતા પુંજાભાઈ

અને કાકાભાઈને પ્રભુએ અનંત સુખ આપીને સર્વને આંજનારા સર્વના મદને તોડનારા શ્રી હરિ મહાપ્રભુ પુરુષોત્તમ ભગવાને ચાલવા માટે વિચાર કર્યા.

આવી રીતે શ્રી સહજાનંદ સ્વામી **હળવદપુર**થી ભક્તોને હરખાવીને **ધાંગધ્રાંપુર** પ્રભુ ધીરજ ધરીને પધાર્યા અને નરનારીજનોએ પ્રભુને નિરખીને દર્શન કરીને અતિ આનંદ પામ્યા અતિ મનમાં રાજી થયાં ત્યાર પછી મનોહર મૂર્તિ શ્રીહરિ મેથાંણપુર આવ્યા મેથાંણમાં કાકાભાઈના ઘેર રોકાઈને પાંચ દિવસ રોકાઈ અખંડ સુખ આપી મનોરથ પુર્ણ કરતાં હતા આવી રીતે શ્રી હરિલીલાસિંધુની ત્રીજી લહરી પુરી કરી.

**આવી રીતે શ્રી હરિલીલાસિંધુમાં આઠમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બ્રહ્મચારી રચિત છંદ ભાષામાં શ્રી હરિ મેંથાંણપુર પધાર્યાં એ લીલા વર્ણન નામનો ત્રીજો તરંગ પૂર્ણ થયો. ॥૩॥**

## તરંગ-૪

આનંદરાજા કહે છે, હે મારા ગુરુ અયોધ્યાપ્રસાદજી મહારાજ ! આપ મને ફરીથી મહાપ્રભુની લીલા કહો જે લીલા પ્રભુ મેથાંણ ગામેથી કયાં ક્યાં ગામે ગયા એ કૃપાળુની બીજી બધી લીલા જે વિચિત્ર ચરિત્ર કર્યાં તે અલૌકિક જાણીને તે બધાં જ વખાણવાં જેવાં મહાસુખ આપનારાં એવાં વિશાળ ચરિત્રો આપ જાણો છો તે બધાં જ ચરિત્રો મારે સાંભળવાં છે તો મનેં કહેવાની કૃપા કરો. એ ચરિત્ર બધી પ્રકારે સુખરૂપ હોય યોગ્યરસથી ભરપુર હોય છે તે સાંભળવાથી ભુખ તરસ મટી જાય છે એવા પવિત્ર ચરિત્ર સાંભળવાથી મહાપ્રભુના સ્વરૂપનું સફળ સુખ મળે છે. તે મુનીપતિ શ્રી હરિ કઈ નદીનો ખ્યાલ કરીને તે તરફ ગયા તે મને કહો.

હે રાજન્ ! તમને ધન્ય ધન્ય છે કેમકે તમારી બુધ્ધિ છે તે અતિ ધીરતાવાળી છે કેમ કે તમે પ્રગટ પ્રભુનાં પવિત્ર કરનારાં ચરિત્રનું પુછયું છે તેથી દેહ ધરવાથી સુફળ થાય છે. તે જાણવા જગતમાં સમજવા માટે તો વ્યાસ આદિક મુનીજનો ખૂબ પ્રેમથી સમજાવે છે કે ઉત્તમ પવિત્ર ભગવાનનાં ચરિત્રો સાંભળવા માટે કાંન છે તેનાંથી શ્રવણ કરવા, ખાવાપીવાનું શરીરનું ભાન પણ છોડી દેવાનું અને ભયભીતીનું બધું જ દુખ છુટી જાય છે માટે સાવધાન થઈને પ્રભુના ચરિત્રના બધાં જ ગુણને કાન દ્વારા શ્રવણ કરીને મુક્ત થવા માટે આપને હું અલૌકિક ચરિત્રોને સુંદર રીતે પ્રેમથી તમને કહું છુ તે ધ્યાનથી સાંભળો. મનમોહન પ્રભુ સર્વના મનને ખેંચતા થકા ભયને હરતા થકા મેથાણથી અશ્વારી કરીને ચાલ્યા ને સાથે નરનારીનો મોટો સંઘ ધીર ધરીને ચાલતો હતો ચાલતા થકા આનંદના કંદ શ્રી હરિ ચારે દિશામાં નજરને ફેરવતા થકા સર્વના ભયને હરતા થકા જતા હતા ત્યારે ભક્તજનો પ્રાણનાથ પ્રભુના ગુણ કિર્તનોનું ગાંન કરતાં જતાં હતાં પ્રભુ આગળ આગળ જતા હતા એ પ્રેમભાવને વધારતા થકા પધારતા હતા તે સુખદાઈ પ્રભુની છબીને ઉરમાં ધારીને પ્રભુનો જય જય કાર થાય આવી રીતે નાદ કરતાં થકાં સર્વ જગતના જીવોને જણાવતાં હતાં, ને શ્રી હરિને વારંવાર પ્રણામ કરીને પ્રાણનાથના દર્શન કરતાં હતાં.

શ્રી ઘનશ્યામ પ્રભુ મનોહર પુર **મેથાણ**થી ચાલીને **રામગ્રી** નામના ગામે પધાર્યા ત્યારે તે પુરના લોકો પ્રભુના આવવાના સમાચાર જાણીને દોડી દોડીને પ્રેમભાવથી સામા આવતાં હતાં આવીને આનંદભાવથી

શ્રીહરિને ભેટતાં હતાં ગામના ભક્ત **રાજાભાઈ**ના ઘેર મહાપ્રભુનો નિવાસ કરાવ્યો.મહાપ્રભુ ત્યાં પધાર્યા ત્યારે સુર્ય આથમવાનો સમય થયો હતો ત્યારે પ્રભુ ત્યાં રોકાયા અને થાળ જમ્યા પછી રાત રોકાયા. સવારમાં વહેલા પ્રભુ ત્યાંથી ચાલતાં થયા. રામગ્રી ગામથી ચાલીને મહાપ્રભુ **ડુમાણાં** નામના ગામે પધાર્યા ત્યાંના ભક્તજનોનો ભાવ જોઈને રોકાયા ભક્ત **કુબેરભાઈ** તથા **વિશ્રામભાઈ** બંન્ને ભક્તોએ આગ્રહ કરી કરીને પ્રેમથી શ્રી ઘનશ્યામ પ્રભુને રાખ્યા, સુંદર પકવાનોના ભોજનો અને શાકો તૈયાર કર્યા તેને ભયહરનારા પ્રભુ જમ્યા અને ભક્તજનોને ખુબ આનંદ આપ્યો જ્ઞાન ઉપદેશ આપીને રાત્રીનું શયન કર્યું ને સવારમાં વહેલા જાગ્રત થઈ જળથી મુખમંજન કરી સ્નાન કરી પછી ચપલ લોચન શ્રી હરિ પામર લોકોનો ઉધ્ધાર કરવા પધાર્યા. **ડુમાણાં** ગામેથી ચાલીને મહાપ્રભુ **વિરમગામ** નામના ગામે પધાર્યા. વૈરાગ્ય મુર્તિનાં દર્શન કરવા માટે લોકો આવ્યાં. જેમના નામનો જપ કરે તપ કરે છે વનમાં જાગતાં રહે છે તે છતાં પણ જે નથી મળતા એવા દુર્લભ પરબ્રહ્મ મહાપ્રભુ વિચરતા થકા **વિરમગામ** પધાર્યા તે **વિરમગામ**ની સમીપમાં મોટુ સુંદર જળથી ભરેલું સરોવર હતું તે સર્વના મનને હરનારું મુનસર નામથી કહેવાતું હતું.એ સરોવરને ફરતે ચારે બાજુ ઘાટ બાંધેલા હતાં એવા સ્વચ્છ પવિત્ર જળથી તે સરોવર શોભતું હતું. તેમાં કલોલ કરતાં જીવો કેમ રહેતા હશે જેમની ઉદારતા હોય તોજ આવા ઉદાર કાર્ય કરીને લોકોનાં ઉપયોગ માટે સુંદર સુવિધારૂપ બાંધેલું હતું અને તે ઘાટને ફરતે નાના નાના મંદિરોની દેરીઓ અનેક બનાવેલી હતી તે ચારે બાજુ અતિશય શોભતી હતી અને તેનાથી તળાવની શોભા સુંદર વધતી હતી તેમાં એક માતાજીનું મંદિર શોભતું હતું એ મંદિરને જોઈને બધાના મનને સુખ આપતું હતું એવું સુંદર સરોવરનું વાતાવરણ હતું.તે સરોવરમાં જળ કુકડાં આદિક જળજીવો રહેતાં હતાં તેથી કોઈ પણ જાતની લીલ શેવાળ વગરનું સ્વચ્છ જળ હતું તે સરોવરની પાળે વૃક્ષવેલીઓ બહુ શોભતાં હતાં અને વૃક્ષવેલીઓ ફળફુલોથી ભરપુર હતાં તેના ઉપર ભમરાઓ મધુર સ્વરે ગુંજારવ કરતાં હતાં આવી રીતની સરોવરની મનોહર છબી જોઈને મુનીઓના સ્વામી તથા જતી સતી જેમના ગુણોને ગાયા કરે છે એ પુરૂષોત્તમ મહાપ્રભુ સર્વના સ્વામી સર **મુનસરમાં સ્નાન** કરતાં હતાં ઘણીવાર સુધી સરોવરના જળમાં જગતના સ્વામીએ સ્નાન કર્યું. એ છબીના દર્શન કરવાં બ્રહ્મા વિષ્ણુ મહેશ ઈન્દ્ર આદિ દેવો આવ્યા, દેવોના વિમાનો આકાશમાં છવાઈ ગયાં દેવો પ્રભુના દર્શન કરીને આનંદ પામ્યા દેવાધિદેવનાં અલૌકિક ચરિત્રો જોઈને લાલની લીલાના દર્શન કરીને દાસના દાસની માફક તે સર્વે દેવો પ્રભુના દર્શન કરીને ગયા. આવી રીતે શ્રી હરિ મહાપ્રભુ મુનસર સરોવરમાંથી સ્નાન કરીને બહાર નીકળી શરીર સ્વચ્છ કરી સ્વચ્છ વસ્ત્રોને ધારણ કરી મહાપ્રભુ જનોથી સેવાતા થકા મંદહંસ ગતિથી પધારતા હતા. શ્રી હરિ વિરમગાંમ શહેર વચ્ચેથી ચાલ્યા ત્યારે સાંજનો સમય થયો હતો પ્રભુ લોકોના જીવનના કામો કરવા નીકળ્યા છે તેથી જીવનપ્રાણ જવા લાગ્યા, મહાપ્રભુ જાણતા હતા કે દેવો મુનીજનો મનુષ્યો જેમનું ધ્યાન ધરવા છતાં ધ્યાનમાં ન આવે એવા મહાપ્રભુ અત્યારે પોતાના ભક્તોના મનને રાજી કરવા દર્શન આપવા તથા જન્મ મરણના ભયને ટાળવા ભવબંધનનો નાશ કરવા જીવના સુખધામે નક્કી કરેલું કામ, ક્રોધ, દુઃખો, વાસના વિગેરેને ટાળવા માટે આવી રીતે બધાજ પુરો નગરો ગાંમોને ચરણ રજથી પાવન કરતાં પ્રભુ શ્રી હરિ **રામપુર (ભંકોડા)** ગામે પધાર્યા. પ્રભુને આવતા જોઈને પુરના ભક્તજનો પ્રેમ વિભોર થઈ આનંદ પામતા થકા પ્રભુને નિવાસ કરાવીને પધરાવતાં હતાં.

શ્રી હરિ મહાપ્રભુ **રામપુરા** ગાંમમાં રોકાયા અને અમૃતમય મધુરવાણીથી ઉપદેશ કરી તૃપ્ત કર્યા, ભોજન જમી મુખ શુધ્ધ કરીને જળપાન કર્યું અને મુખવાસ જમીને પ્રફુલ્લીત મુખ કરીને બીછાવેલા પલંગ ઉપર શયન

કર્યું ત્યારે પ્રેમીજનોએ મહાપ્રભુના ચરણ કમળની ચંપી કરીને ખુબ જ રાજી થયા પ્રભુએ બંન્ને નેત્રોને બંધ કરી પરમ રમણીય પ્રણય પ્રતાપી પ્રભુ પોઢતા હતાં.સવારમાં વહેલાં શયનમાંથી જાગી નિત્યકર્મ કરી **રામપુરા**થી વીહાન વેળાએ ચાલ્યાં અને સર્વના સુજાણ મહાપ્રભુ **દેત્રોજ** નામના ગામે પધાર્યા ત્યાં પ્રભુના ભલા ભક્ત ભાવસાર જ્ઞાતિના **પુરષોત્તમ ભક્ત** અતિ પ્રેમી હતાં દેવાધિદેવ મહાપ્રભુએ ભક્તને દર્શન દઈને ચપલ નયન પ્રભુ ત્યાંથી ચાલતા થયા ને ત્યાંથી **રૂદાતલપુર** નામના ગામે પધાર્યા.પ્રભુ પધાર્યાના સમાચાર જાણી તરત જ પ્રભુનું સન્માન કરવાની તૈયારી કરવા લાગ્યાં. પ્રભુને ભોજનો રાંધી જમાડ્યાં ત્યાર પછી મહાપ્રભુ સરોવરની પાળે રોકાયા અને રાત્રે શયન કરી જગતના નાથ પુર્ણ પુરષોત્તમ સર્વના સુખ વધારનારા સવારમાં અરુણોદય થયો ત્યારે ત્યાંથી ચાલીને જગત વંદ્યપ્રભુ ભક્તજનોને આનંદ આપવા **વિજાપરડેપુર** પધાર્યા. ત્યાં વિજાપરડામાં ભક્ત **ખેંગારજી** તથા **ડુંગરજી** આદિક ભક્તો રહેતાં હતા તે પવિત્ર પુન્યવાળા હતાં તેમને ત્યાં દેવાધીદેવ મહાપ્રભુ પધાર્યા છે તેમ જાણીને બધા ભક્તજનો સામૈયું કરીને આવતાં હતાં ત્યારે વાંજીત્રો વગાડીને વાજતે ગાજતે મહારાજનાં કીર્તનોને ગાતાં થકાં પુરમાં લાવતાં હતાં બહુજ ભાવથી રસદાર મનોહર રસોઇ બનાવીને રાજ રાજેશ્વર મહાપ્રભુ જીવને તારનારા જહાજરૂપ એવા શ્રી હરિને ભક્તજનોએ ખુબ ભાવથી જમાડ્યાં. મહાપ્રભુ ત્યાં રાત રોકાઈને ઉપદેશ આપી શયન કર્યું.પ્રભાતમાં ઉઠી ચાલતાં થયા ત્યારે મંદમંદ હાથીની ગતિએ મનોહર મૂર્તિ ચાલતા હતાં અને ચતુરવર ચંચળ મૂર્તિ ભવભય હરનારા લોકોના ભવફંદના મટાડનારા ભક્તજનોની પીડાને મટાડનારા માર્ગમાં આવતા લોકોને મંદમંદ હાસ્ય કરી આનંદ આપતા હતાં. પ્રભુ **ઊંઝા** ગામે પધાર્યા સર્વજનને યોગ્ય સુખ આપનારા રાજાધિરાજ મનોહર મૂર્તિ મહાપ્રભુ ભક્તને સુખ આપવા પધાર્યા. શ્રી હરિ પધાર્યા છે એમ જાણીને ઊંઝાના ભક્તજનો દોડતાં થકાં સામા જવા લાગ્યાં વાજીંત્રો વગાડતાં થકા પ્રભુનાં કીર્તનો ગાતાં થકા શોભા યુક્ત પ્રભુને ગાંમમાં લાવ્યાં મનને ભાવે તેમ ગામમાં વિચરીને પાવન કરી દીધું અને ઉતારો કરવાં માટે મહાદેવની જગ્યામાં નક્કી કર્યું . તળાવની પાળે મોટું વૃક્ષ હતું તેની પાસે મોટો ઓટો બનાવેલો હતો તેની ઉપર મહારાજ મહાપ્રભુ બીરાજમાન થયાં એવામાંજ સંતોના મંડળો ઉતાવળાં ઉતાવળાં ત્યાં તળાવની પાસે આવ્યા એટલે શ્રી હરિ મહાપ્રભુ મળ્યાં દર્શન કર્યાં ને ત્યાં જ સંતો બેઠા પ્રભુએ સંતોને કુશળ સમાચાર પુછ્યાં. બધા સંતો સાથે મળીને જવાબ કહેતા હતાં અને આનંદ પામતા હતાં ત્યાર પછી સંતોના મંડળો સુંદર પાકોની રસોઈ તૈયાર કરીને જમતા હતા અને જગત વંદ્ય પ્રભુ સાથે જમતા હતા સર્વ જનના ઈશ મહાપ્રભુ જમીને તૃપ્ત થઈ સર્વે જનો બેઠા હતાં ત્યાં વડના વૃક્ષ પાસે પધાર્યા.ધર્મનંદન મહાપ્રભુ ધર્મકુળ શીરોમણી સુર્ય સમાન આસન ઉપર બેઠા ત્યાં તો દેશ દેશના સંઘો પ્રભુના ગુણ કીર્તનોને ગાતા ગાતા આવતાં હતાં. હરિભક્તો પ્રભુના દર્શન કરવા આવે ત્યારે પ્રભુ એમને સ્વાગત કરીને કુશળ સમાચાર પુછતા હતા અને હરિભક્તો બધા જ વિગતવાર સમાચાર કહેતાં હતા મહાપ્રભુ બધાં જ તીર્થની વાતો પુછતા હતાં સૌ પ્રેમથી વિગત કહેતાં હતાં. સંતો કહેતા હતા તે સમાચારને કરુણાનિધાન જગદીશ પ્રભુ રાતનો સમય ત્યાં જ વિતાવતા હતા પ્રભાતમાં વીહાંન વેળાએ પ્રભુએ સર્વ સંત હરીભક્તોની સાથે પ્રયાણ કર્યું તે સમયે અનેક વાજાં વાગતાં હતાં અબીલ ગુલાલને ઉડાડતા થકા પ્રભુ ચાલતા હતા ચાલતા થકા ગુલાલ ઉડાડીને આકાશમાં રંગમય વાતાવરણ થતું હતું આવી રીતે લોકોને સુખ આપનારા રાજાધીરાજ પ્રભુ પધારતા હતાં.

પ્રભુ **ઊંઝા**થી ચાલીને શીવજીને મસ્તક ઉપર જે વૃક્ષનાં પત્ર ચડાવીને પૂજા કરીએ છીએ એવૃક્ષના નામનું

(બીલી વૃક્ષ) **બીલીયા** ગામ આવ્યું તે ગામનાં સીમાડે પ્રભુ પહોચ્યાં ત્યારે ત્યાં વગડામાં ગાયોનું મોટું ટોળું ચરતું હતું તે ગાયોએ જેવા શ્રી હરિ મહાપ્રભુને જોયા કે તરત જ દોડીને ભગવાન પાસે આવવા લાગી ગોવાળોએ રોકવા છતાં પણ નહીં રોકાતા પ્રભુ પાસે આવી.ગાયો આવીને ઘનશ્યામ પ્રભુને પાંચ પ્રદક્ષિણા કરીને પ્રેમથી પ્રભુના મુખની સામે મુખ કરીને ઉભી રહી એક જ ચિત્તે પ્રભુ સામે જોઇ જ રહી આ રીતે શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ મનની છબીને પોતામાં ખેંચતા હતાં આ જોઇને તે ગોવાળીયાઓને આશ્ચર્ય થવા લાગ્યું મુખ્ય ગોવાળીયો બીજા ગોવાળીયાઓને ઉદેશીને કહેવા લાગ્યો બધાં સાંભળો મારી વાત કે જરૂર આ બધાંમાં આ મંડળ આવ્યું ત્યારે ગાયોને મેં રોકી તોય ન રોકાઇ માટે જ કહું છું કે જરૂર આમાં કોઇક મન હરનાર કૃષ્ણ હશે જ એટલે જ, મારાથી ન રોકાઇ પ્રગટ મનહર જરૂર છે જ આમ વાત કરીને તે ગોવાળો પોતાની ગાયોને લઇ ગયા ને પ્રગટ ભગવાનના ગુણોને ગાયા કરતાં હતાં, આવી રીતનું શ્રીહરિ મહાપ્રભુનું અદભુત ચરિત્ર આશ્ચર્ય કારક જોઈને પ્રગટ પ્રભુને ધન્ય ધન્ય કહીને આનંદ પામતાં હતા.સંતોની સાથે બધાં જ હરિભક્તો મળીને પ્રભુના ચરિત્રોથી આનંદ પામતા હતાં. આવી રીતે મહાપ્રભુનો પ્રતાપ દિવસે દિવસે અતિ અધિક જોઇને આનંદ પામતા હતાં ને પોતાના મનમાં આનંદ મગ્ન રહેતાં હતા.બધાં જ સંતો હરિભક્તોને સાથે લઈને ચાલતા ખુબ જ આનંદ આપતાં થકા પ્રાણનાથ પ્રભુ શ્રી હરિ સિધ્ધપુર જતા રસ્તામાં સર્વજનોને સુખ આપવાં પધાર્યા ને આનંદ આપવા લાગ્યા.

મહાપ્રભુ **રામપુર**થી ચાલીને **વિરમગામ** પધાર્યા ત્યાંથી **દેત્રોજ** પધાર્યા અને ત્યાંથી **વીજાપરડા** પધાર્યા ત્યાંથી **ઊંઝા** પધાર્યા ને સર્વના મનને ભાવતા હતાં ને ગાયોના ધણને પોતામાં ખેંચતા થકા ચરિત્ર કરતાં થકા પ્રભુ **સિધ્ધપુર** પધાર્યા, વિચરણ કરવામાં ચારુ ચરિત્ર અદભુતતાથી ભરપુર શ્રી હરિલીલાની લહરીઓ અદ્ભૂત થાય છે.

**આવી રીતે શ્રી હરિલીલાસિંધુમાં આઠમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બ્રહ્મચારી રચિત છંદ ભાષામાં શ્રી હરિ ઊંઝા ગામે પધાર્યાં એ લીલાનું વર્ણન કર્યું એ નામનો ચોથો તરંગ પૂર્ણ થયો. ॥૪॥**

# તરંગ-૫

**આનંદસિહ રાજા કહે છે,** હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! **સિધ્ધપુર**માં શ્રીજી મહારાજે મનોહર જે લીલાઓ કરી હોય તે સર્વે મને કહેવા માટે મારી ઉપર કૃપા કરો. હે પ્રતિપાળ ! આનંદના ઓઘ સમાન અયોધ્યાપ્રસાદજી મહારાજ કૃપા કરીને આ ચરિત્રો મને સંભળાવો. આ જગતમાં પ્રસિધ્ધ એવું સિધ્ધોનું પવિત્ર **સિધ્ધપુર** ધામમાં મહાપવિત્ર સિધ્ધોનું આશ્રમ છે. તેની લીલાની અથ ઈતિ સુધીની વાતોનું વર્ણન કરીને મને કહો. હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! આપ બધુજ જાણો છો. એટલા માટે પ્રગટ પ્રભુના ચરિત્રોનું પ્રેમથી વર્ણન કરીને મને આપનો શિષ્ય જાણીને બધાં જ ચરિત્રો ક્રમથી કહો.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદ રાજન્ ! તમને ધન્ય ધન્ય છે. તમે પ્રશ્ન પૂછ્યા તે બહુ જ વિનયથી અને બહુ જ સારા પૂછ્યા છે એના બધા જ ઉતરો કહું છું.શ્રી હરિ સુખકંદ સર્વના નાથનાં મનોહર ચરિત્રો અદભૂત છે. તે ચરિત્રો સર્વના દુખોને હરનારાં છે. શ્રી હરિ ભગવાનની લીલા અતિશય રસભરપૂર છે

તે લીલા સિધ્ધપુરમાં કરી તે સાંભળો. શ્રી મહાપ્રભુએ પ્રાચીન તીર્થની શોભા જોઈને શ્રીહરિના ઉરમાં અતિશય આનંદ થયો તેથી શ્રીહરિ સર્વ સંતો અને હરિજનો ભેગા મળીને વાજિંત્રોને વગાડતા થકા મહાપ્રભુ શ્રી સહજાનંદ સ્વામી દેવો મુનિજનો સર્વે મનુષ્યોના મુગટમણી શ્રી હરિ સિધ્ધપુરમાં પધાર્યા. સિધ્ધપુરમાં સરસ્વતિ નદીનાં કાંઠા ઉપર ઘાટા મોટા વૃક્ષોના ઝુંડ જોઈને તે આંબલીઓનાં મોટાં સુંદર વૃક્ષોની છાયાવાળી શીતળતા જોઈ શ્રી હરિ મહાપ્રભુએ ત્યાં મુકામ કર્યો. શ્રી હરિએ સર્વના કામદોષને હરી લીધો એવા સર્વ સંતોના સુખધામ જેના નામને નરનારી કાયમ માટે જપ્યા કરે છે એવા શ્રી હરિ નારાયણ પ્રભુ માટે ભક્તજનોએ સુંદર રસ ભરપૂર રસોઈ બનાવીને તૈયાર કરી શ્રી હરિને થાળ જમાડ્યો. ત્યાર પછી શ્રી હરિ મહાપ્રભુએ સંતોને ભક્તોને જમાડી તૃપ્ત કર્યા.સર્વના સુખધામ ઘનશ્યામ પ્રભુ સર્વ મુનિજનોની સાથે શયન કરતાં હતા. અને મુનિજનો પણ પ્રભુનું ભજન કરીને શયન કરતા હતા.

બીજે દિવસે સવારમાં પ્રભાત સમયે વહેલા ઉઠ્યા તે દિવસે શીવરાત્રીનો પવિત્ર દિવસ જાણીને સુંદર પવિત્ર બિંદુ સરોવરમાં ઘનશ્યામ પ્રભુ સ્નાન કરીને સર્વ સંતોની સાથે શીવ પ્રભુનાં દર્શન કરવા પધાર્યા.બિંદુ સરોવરની અતિ મનોહર શોભા જોઈને પવિત્રતાનો ખ્યાલ કર્યો.ત્યારે પ્રભુએ વસ્ત્રો ઉતારી ભક્તો અને સંતોની સાથે બિંદુ સરોવરને અતિ પ્રાચીન તીર્થ સમજીને તેને પાવન કરવા મહાપ્રભુ સ્નાન કરતા હતા.અને તીર્થને અતિ પાવન કરી મહાતીર્થ કરતા હતા. શ્રી હરિએ સ્નાન કરીને સફેદ વસ્ત્રોને ધારણ કર્યા. આવી રીતે ધર્મનંદન ધર્મને ધારણ કરાવીને પ્રાચીન તીર્થને નવીન તીર્થ બનાવી પુરષોત્તમ પ્રભુએ અતિ પવિત્ર અદભૂત સ્થાન બનાવ્યું. ત્યાર પછી મહાપ્રભુ મોટા ઘોડા ઉપર અસવાર થઈને સર્વ સંતોની સાથે આશ્રિતજનોની આશાને પૂર્ણ કરવા માટે ઉમંગભર પગલાં ભરીને પધારતા હતા.તે **સિધ્ધપુરનગર**ના મકાનો બહુ મોટાં અને ગીચ હતાં.અને બજાર સ્વચ્છ હતી.અને રસ્તાઓમાં પ્રભુ પધારતા હતા એટલે ખૂબ જ ભીડ થતી હતી. આવી રીતે પુરની શોભા જોઈને મહાપ્રભુ ધીરે ધીરે ચાલતા હતા ત્યારે જાત જાતના વાજિત્રો વાગતાં હતાં. તેના જાત જાતના તાલ સ્વર નિકળતા હતા. જ્યારે મહાપ્રભુ આવતા હતા ત્યારે જાણે ચંદ્રમાં આવતા હોયને શું ! સર્વે નરનારીજનો શ્રીહરિ નારાયણ પ્રભુને જોવા ઉભા હતા. તે નીરખીને નયનોમાં ભરતાં હતાં કેટલાંક જનો પોત પોતાના મકાનોની અટારીઓમાં અને મકાનોની છત ઉપર જઈને જોતાં હતાં એવી મનોહર મહાપ્રભુની સવારી હતી.

ચારે વર્ણના લોકો **સિધ્ધપુર**માં સારી રીતે રહેતા હતા અને પોત પોતાના ધર્મનું પાલન કરતાં હતાં. ભગવાનના ચરિત્રોનું ગાન કરતાં હતાં. અને શાંતિ પૂર્વક રહેતા હતા. બ્રાહ્મણ વર્ણ કાયમ સ્નાન સંધ્યાદિક કર્મ કરી નિત્ય પ્રત્યે દ્વિજનું કાર્ય કર્યા કરે, ક્ષમાદિક ગુણોથી યુક્ત ત્રીકાળ સંધ્યાનું પાલન કરતાં થકાં રહેતાં હતાં. તથા ક્ષત્રિયો યોધ્ધાઓની માફક ધીરજવાન મહાન શુરવીર અતિ તાપવાળા હતા. વૈશ્ય વર્ણ પ્રભુદેવને જોઈને સેવા કરે ગાયોનું પાલન પોષણ કરે એવા ભાવવાળા હતા. શુદ્ર જાતના લોકો સર્વની સાથે પ્રીતિ રાખીને રહે ત્રણેય વર્ણની સેવા શુશ્રુષા કરે તેથી તેઓને ત્રણેય વર્ણ અન્ન-વસ્ત્રાદિકથી પોષણ કરે તેથી તે સંતોષ માનીને રહે આવી રીતે ચારેય વર્ણ પોત પોતાના ધર્મમાં વર્તીને રહેતાં હતાં. મહાપ્રભુ આ વાત જાણીને સાચાભાવથી પ્રેમ પૂર્વક પાસે જઈને દર્શન સુખ આપતા હતા. ભક્તજનો પગમાં વંદન કરતા હતા. મનોહર મંગળમૂર્તિને જોઈને સહુ પોત પોતાના નેત્રમાં ઉતારી લેતાં હતાં. એ મૂર્તિથી લોકોના હૃદયમાં આનંદ થતો હતો. બધા લોકો પુરૂષો

અને સ્ત્રીઓ માર્ગમાં બન્ને બાજુ ઉભાં હતાં. કેટલાંક મકાનો ઉપર અગાશીઓમાં જઈને જોતાં હતાં. એ બધાં જ લોકોના મનના પાપનો નાશ કરનારા એવા મહાપ્રભુ પ્રાણના આધારને જોતાં હતાં ત્યારે આગળ વાજાં વાગતાં હતાં. તેનાથી બજારમાં મોટો ગમકાર થતો હતો. બંદુકોના ભડાકાઓ ઊંચે થતા હતા. તથા ગુણવાન જનો સંતો પ્રભુના મહિમાના કીર્તનોને ગાતા જતા હતા. આવી રીતે મહાપ્રભુ સહજાનંદ સ્વામી સિધ્ધપુરની બજારની વચ્ચમાં વિચરણ કરતા હતા. સર્વને દર્શનનું સુખ આપતાં હતા.

બધાના શોકને દુર કરીને મહાપ્રભુ વિચરણ કરતા થકા પોતાને ઉતારે પધાર્યા.સર્વના મનને હરનારા મહાપ્રભુએ ઉતારે મોટી સભા કરી મહાપ્રભુ ઊંચા આસન ઉપર બિરાજમાન થયા. ત્યારે બ્રાહ્મણો દોડીને ત્યાં આવ્યા. મુખથી સ્તુતિનાં છંદો બોલીને વાતાવરણને ખૂબ જ શોભાવતા હતા. શ્રી હરિ બ્રાહ્મણોની સ્તુતિ સાંભળીને મનમાં ખૂબ જ રાજી થયા ત્યારે વિપ્રોને કહ્યું હે વિપ્રો ! હું તમારી ઉપર બહુ જ રાજી થયો છું તો તમારે જે માગવું હોય તે માંગો. ત્યારે બ્રહ્મણો હાથ જોડીને પ્રભુ પાસે માગવા લાગ્યા. હે સુખનાધામ ધર્મકિશોર પ્રભુ ! તમે સાંભળો.

હે પ્રભુ ! અમારે સમાજમાં રસોઈ પકાવવાનાં મોટાં વાસણો ખૂટે છે તે અમારે જોઈએ છે તે તમો બ્રાહ્મણની નાત માટે આટલું કરી દો તો સારૂં આવી બ્રાહ્મણોની વાણી સાંભળીને લોકોના મનનો ભાવ જોઈને મહાપ્રભુ મુખથી મંદ મંદ હસવા લાગ્યાં. મહાપ્રભુએ બ્રાહ્મણોને વાસણમાં ચાર મોટી ચરૂડીઓ આપી બીજા મોટાં વાસણો પણ આપ્યાં. આથી બ્રાહ્મણોના મનમાં ખૂબ આનંદ થઈ ગયો. ત્યાર પછી દેવાધિદેવે દક્ષિણાઓ આપીને રાજી કર્યાં. ઉતારા ઉપર આવી સહુ સંતો ભક્તોને જમાડી સહુને રાજી કર્યાં.શ્રી હરિએ બ્રાહ્મણોને જમાડી દક્ષિણાઓ આપી ત્યારે બ્રાહ્મણોને ધન મળ્યું એટલે રાજી થઈને ત્યાંથી ગયાં. ત્યારે પ્રભુ મુખથી મંદ મંદ હસતા થકા સુખથી દર્શન દેતા હતા એવામાં સંધ્યા સમય થયો ત્યારે પ્રભુની ઈચ્છા જોઈ મુનિજનોએ પ્રભુની આરતી કરી ત્યાર પછી નારાયણ નામની ધૂન કરી પછી શ્રી હરિ હરિભક્તોને પોતાની અમૃતવાણીથી કહેવા લાગ્યા હે ભક્તજનો! અમારી વાત સાંભળો સવારમાં વહેલાં બધાએ વિહાર કરીને સ્નાન કરવા જવાનું છે. આ સરસ્વતિ નદી છે તે ખૂબ જ પ્રાચીન ગંગાનું તીર્થ છે. આ સરસ્વતી નદી ગંગા જ છે તે જાણજો.આમાં સર્વે સંતો ગુલતાન થઈને મહિમાથી ખૂબ જ સ્નાન કરજો અને અમે પણ તમારા ભેળા જ સ્નાન કરવા આવીશું અને બધા જ ભક્ત સમુદાયની સાથે સ્નાન કરીશું. આમ કહીને પછી મહાપ્રભુ પલંગ તૈયાર કરેલો હતો તેની ઉપર પોઢી ગયા.ત્યાર પછી શ્રી હરિની પાસે જ ઉમંગથી સંતો કીર્તનો ગાતા હતા. અને પરબ્રહ્મ જગતના નાથ યોગ નિદ્રામાં ગયા અને બન્ને નેત્રો બંધ કરી સુખ શયન કર્યું.પ્રેમી ભક્તો પ્રભુના બન્ને ચરણ કમળોની ચંપી કરતા હતા. આમ સવાર પડી ગયું પ્રભાતવેળા થઈ જન સમુદાય જાગ્યા પુર્ણપુરષોત્તમ પ્રભુએ સ્વ સ્વરૂપનું ધ્યાન કર્યું

શ્રી હરિ લોકોના મનને આનંદ આપવા તથા સર્વના પાપનો નાશ કરવા સરસ્વતી નદીમાં સ્નાન કરીને પવિત્ર કરવા માટે સર્વના સુખધામ પ્રભુ સર્વ સંત હરિભક્તોની સાથે સ્નાન કરતા હતા.તે નદીનું જળ અતિ સ્વચ્છ કોઈ જાતના કાદવ કીચડ વગરનું તેમાં કમળનો સમુદાય શોભતો હતો. તેનાં ફૂલમાં ભમરાઓનો મોટો સમુદાય ગુંજારવ કરતો હતો આવી રીતની શોભાવાળી તે વિધિ (બ્રહ્મા) પુત્રી સરસ્વતીને જોઈ ત્યાર પછી મહારાજ તે નદીમાં સ્નાન કરવા માટે બધા જ સંત સમુદાયથી વિટાયા થકા જળમાં જોતા થકા નદીમાં પ્રવેશ કરતા હતા. ત્યારે મહાદેવ બ્રહ્મા વિષ્ણુ આનંદ પામ્યા.આવી રીતે બ્રહ્માજીની પુત્રી સરસ્વતીમાં આનંદ કરતાં

થકા મુનિઓના સ્વામી શ્રીજી મહારાજ પોતે સંતો હરિભક્તોની સાથે સ્નાન કરતા હતા. તેને દેવો મુનિગણો તથા ઈશ્વરો સર્વે જોતાં થકાં દર્શન કરતા હતા.સ્નાન કરતી વેળાએ મહાપ્રભુ પોતાના આશ્રિત સંતો ઉપર જળના ખોબા ભરી ભરીને છાંટતાં હતા. આવી રીતે આદિપુરુષ સર્વ અવતારના અવતારી લીલા કરતા હતા તેવામાં સરસ્વતી નદી મૂર્તિમાન આવી તે પોતે નવીન મનોહર યૌવનવાળું રૂપ ધારણ કરીને ઘનશ્યામ પ્રભુ પાસે આવ્યાં.બન્ને હાથ જોડીને અતિ વિનયભાવથી ષોડશોપચાર દ્રવ્યો લઈને મહા પ્રભુનું પ્રેમથી પૂજન કરતી હતી.પોતાના હૃદયમાં ખૂબ જ ધીરતાથી પ્રભુની મૂર્તિને ધારતી હતી.પોતાના પિતા બ્રહ્માજી એમના પિતા વિરાટ નારાયણ એમના પિતા મહતત્વ એમના પિતા પ્રધાન પુરુષ-પ્રકૃતિ અને પુરુષ એમના પતિ અક્ષરબ્રહ્મ એમના પિતા પુરષોત્તમ નારાયણના ચરણમાં વંદન કરીને ગદ્દ ગદ્દ કંઠથી સ્તુતિ કરતાં હતાં.

હે પ્રભુ ! આપ સર્વ જગતના સર્જન કરનારા પાલન કરનારા સર્વના નિયંતા આપ જ છો. આપ આ પૃથ્વી ઉપર પ્રગટ થઈ આત્યંતિક મોક્ષ આપવા પધાર્યા છો તેથી આપે મુક્તો સહિત મારી અંદર સ્નાન કર્યું તેથી હું ધન્ય ભાગ્યવાળી થઈ છું. આપે મારી ઉપર ખૂબ જ કૃપા કરી છે. તો મને આ કળીયુગની અંદર લોકોના કલ્યાણરૂપે મને મહાતીર્થરૂપે પ્રસિધ્ધ થાઉ તેવી કૃપા કરો. આવી રીતે સરસ્વતી નદીએ પ્રભુની સ્તુતિ કરી ત્યારે પ્રભુ કહે હે સરસ્વતી ! આ પૃથ્વી ઉપર તારું નામ પતિત પાવની પ્રસિધ્ધ થશે અને તારા દર્શન કરીને તારો ભાવથી સ્પર્શ કરશે તે જરૂર મારા ધામને પામશે. બીજુ, તમારે જે વરદાન માંગવું હોય તે માંગો હું તમારી ઉપર ખૂબ જ રાજી થયો છું કેમ કે ધર્મવાન જનો આ પૃથ્વી ઉપર તમારા જેવાં કોઈ છે જ નહિ માટે માંગવું હોય તે માંગો.અત્યારે અમે આ પૃથ્વી ઉપરથી અધર્મનો નાશ કરી ધર્મને સ્થાપન કરવા માટે પૃથ્વી ઉપર અવતાર ધારણ કર્યો છે એટલા માટે જે વર માંગવો હોય તે માંગો હું તમને તે વર જરૂર દઈશ. તો તમારે મનમાં જે ઈચ્છા હોય તે વર જરૂર માંગો.

સરસ્વતી કહે છે હે પ્રભુ ! હું માગું તે વરદાન મને આપની દાસી જાણીને મારી ઉપર કૃપા કરીને આપો આમ કહ્યું અને શ્રી હરિની સામે નજર કરીને કહે આપના ચરણ કમળમાં મને દ્રઢ ભક્તિ આપજો.એવી મારી મનની ભાવના છે આપનાં ચરણ પરમ પાવન કરનારા છે. સિધ્ધોના મનને મોહ ઉપજાવનારા છે. આપ તો કળી કાળના અધર્મ, પાપાચાર આદિ પીડાનો નાશ કરવા વિચરણ કરો છો. આપના નામનો જપ કરનારાની પીડાને દુર કરી સુખ આપો છો એવા હે પ્રભુ ! મને આપની દાસી જાણીને આપના સ્વરુપની ભક્તિ આપજો. અને ભયને દુર કરજો આવી રીતે માંગ્યું ત્યારે શ્રી હરિએ તેમને તથાસ્તુ કહીને હાથ માથા ઉપર મૂકી આશિષ દીધા અને બધાને જોતાં થકાં સરસ્વતી નદી ત્યાંથી જવા લાગ્યાં.પિતાના ભૂવને જઈને સુખ પ્રાપ્ત કર્યું. આવી રીતે શ્રી હરિ મહાપ્રભુએ લાંબા સમય સુધી સ્નાન કર્યું. ત્યાર પછી પ્રાણપતિ શ્રી હરિએ શરીર ઉપર વસ્ત્રોને ધારણ કર્યા. ત્યાંથી શ્રી હરિ વટેશ્વર મહાદેવે પધાર્યા ત્યારે અનેક સંતોથી વિટાંયા થકાં ચાલતા હતા. સાથે અનેક પ્રકારના વાંજિત્રો વાગતાં હતાં આવી રીતે શ્રી હરિ સર્વના ભયને હરનારા મહાસુખ આપતાં થકાં સર્વના દુખને હરતા વહાલો પધારતા હતા.કામદેવના શત્રુ મહાદેવજીનાં દર્શન કર્યા. ધર્મદેવના પૂત્ર શ્રી હરિ આનંદ પામતાં થકાં બ્રહ્મણોને દાન આપ્યાં. સારા પવિત્ર બ્રાહ્મણને અશ્વ દાનમાં આપીને તીર્થને અતિ પાવન કર્યું. આવી રીતે સિધ્ધતીર્થને ચરણ કમળથી પવિત્ર કરી અને આ પવિત્ર ભૂમિ ઉપર પધારીને પાપનો નાશ કર્યો. અને બધાના પાપ-તાપ સંતાપને હરતાં હતા. અને સુખ આપતાં થકાં ત્યાં રહેનાર પોતાના આશ્રિત પાસે તાળીઓ વગડાવીને

ઊચ્ચે સ્વરે નારાયણ ધૂન કરાવતાં હતાં સર્વને સુખ ઉપજાવતાં હતા. શ્રી હરિ મહાપ્રભુ સિધ્ધપુર ધામમાં પાંચ દિવસ સુધી રોકાયા ત્યાંના સ્ત્રી-પુરુષના કલ્યાણના કાર્યો કર્યાં. નારાયણ મુનિના નામથી દર્શન આપીને સર્વને સુખી કર્યાં.પોતાના આશ્રિતજનોને દર્શન આપ્યાં ચરણ સ્પર્શનું સુખ આપીને મુક્તિનું દાન આપ્યું. અનેક દાનો આપ્યાં.આવી રીતે ઘનશ્યામ પ્રભુ સર્વની ઉપર સર્વોપરી હોવાથી ચંચળ મૂર્તિ સર્વના ભયને હરતા હતા. અને નરનારી જનોને સુખ આપતાં હતા. આવી રીતે શ્રી હરિએ સિધ્ધપુરમાં સરસ્વતી નદીમાં સ્નાન કરીને મહાદેવનું પૂજન કરીને બ્રાહ્મણોને દાન આપ્યાં. અને પુરના જનોના કામો કર્યાં આવી રીતે સુખ આપ્યાં. સરસ્વતી નદીએ શ્રી હરિની સ્તુતિ કરી અને હરિએ મહા વરદાન દીધાં આવી રીતે આ પાંચમાં તરંગમાં પવિત્ર ચરિત્ર વર્ણન કર્યું. આવી રીતે શ્રી હરિલીલાસિંધુની પાંચમી લહરી કહી.

**આવી રીતે શ્રી હરિલીલા સિંધુમાં આઠમાં રત્નમાં સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બ્રહ્મચારી રચિત છંદભાષામાં આચાર્ય અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાંદમાં સિધ્ધપુરમાં શ્રી હરિએ લીલા કરી એનું વર્ણન કર્યું એ નામે પાંચમો તરંગ પૂર્ણ થયો. ||૫||**

## તરંગ-૬

**આનંદસિંહ રાજા કહે છે.** હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! સરસ્વતી નદીએ શરીર ધારણ કર્યું એ કેવી રીતે થયું સરસ્વતી નદી તો બ્રહ્માજીની પુત્રી છે એ વાત ખૂબ જ વિસ્તારનારી છે અને ખૂબ જ આશ્ચર્યકારક છે. માટે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! આ વાતને ખૂબ જ વિસ્તાર પૂર્વક મને કહો મારે તે સાંભળવી છે.આ વાત સાંભળવા મારે ખાસ ઈચ્છા છે. માટે મને નિશ્ચિત કરવા માટે કહો.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે હે રાજન્ ! તમે ખૂબ જ અજબ ચમત્કારિક પ્રશ્ન પૂછ્યો છે. આતો મહા ઈતિહાસ છે એટલા માટે હું તમને કહું છું.બધી જ કથા વિધિપૂર્વક મારા હૃદયમાં ઉત્સાહ આનંદ વધારીને કહું છું.આ વાત સાંભળનાર કે કહેનાર તેમનાં બધાં જ પાપો બળીને ભસ્મ થઈ જાય છે. પૂછનારના પાપો જતા રહે છે. તેથી તે આત્માઓ પરમપદને પામે છે. પ્રગટ પ્રભુના પ્રતાપથી કામક્રોધાદિની પીડાથી મુકત થઈને પરમ સુખ પામે છે. અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે હે આનંદ રાજન ! તમારા પ્રશ્નની વાર્તા કહું તેને ધ્યાન દઈને સાંભળો.

એક વખત બ્રહ્માના સત્યલોકમાં દેવોની સભા થઈ હતી. તે સભામાં દેવોના રાજા ઈન્દ્ર ઈશ્વરો મુનિજનો વિગેરે ભેગા થયા હતા.મરીચિ ઋષિ, કશ્યપ ઋષિ દક્ષ પ્રજાપતિ વિચક્ષણ શરીરવાળા એવા દેવ સમાજના નેતાઓ સમાજ સુધારવાની ચર્ચા કરવા પાતાના આસનો ઉપર બેઠા હતા. ત્યારે સનાતન આદિક સનકાદિકો આવ્યા. બ્રહ્મા પોતાના ઊંચા આસન ઉપર બેસીને વિચાર કરતા હતા. ત્યારે ઋષિમંડળમાં ઋષિગણો છંદ વિશેષ પદો ગાતા હતા અને ગાંધર્વ વિદ્યાધરો નૃત્ય કરતા થકા ગાતા હતા. તે સભામાં દેવો, ઈશ્વરો, મુનિજનો, મહેશ્વર ભગવાન બધા જ આ રીતે બેઠા હતા અને ઊંચા આસન ઉપર બેઠા થકા જોતા હતા તેવામાં સાગરના પુત્ર મોતી તેના શત્રુ હંસ એના સ્વામી બ્રહ્માજી તે પોતાના મહા આસન ઉપર બેઠા હતા. આવી રીતે ભરપૂર સભા ભરાઈને શોભતી હતી. ત્યારે તે બ્રહ્માજીની પુત્રી સુંદર વેશવાળી સ્વરૂપવાન ચંદ્રસમાન સુંદર મુખવાળી વિશાળ લલાટ

જેનું શોભે છે એવી, મસ્તક ઉપર વાળની વેણીને બનાવેલ તે જાણે કે કાળી નાગણ હોયને શું ! તેમ અળશીના ફુલને ગુંથીને સુંદર માળાને ધારણ કરેલી ગોળ કપોળવાળી મનોહર કહેવાય તેવું સંદર કપાળમાં ચાંદલાનું ટપકું કરેલ શોભતું હતું. કાન ઉપર નંગથી જડેલા સુંદર કુંડળો ધારણ કરેલા હતા. તેથી છબી બહુ સુંદર લાગતી હતી. અણિયાળા નેત્રો જાણે કામદેવના બાણ ચઢાવેલા ન હોય ! તેવી ભ્રકુટીના બાણ જેવી શોભતી હતી તે સરસ્વતી રસિકજનોને ખેંચનારી રેખાઓથી વિશેષ પ્રમાણમાં રસિલી એવી લાલ કરૂણ મનોહર રસભાવવાળી જોવાથી જાણે મનોહર લાલ લોચનવાળી લોકોના મનને હાવભાવથી ખેંચતી ન હોય એમ લાગતું હતુ. એની નાસિકા જાણે દિવાની જયોત ન હોય ? તેવું અણિયાળું લાગતું હતું. જાણે ભમરાને ગ્રાહકના રૂપમાં બેસવાનું સ્થાન ન હોય ? તેમ ચંદ્રમાંથી જેમ મુખના હાવભાવ હાસ્ય વિલાસવાળા હતા ત્યારે દંતપંક્તિ જાણે દાડમના બીજ ન હોય ? તેમ ખીલેલા કુંદની કળીઓ જેવા શોભતા હતા. એવા દંતની સુંદરતાથી જાણે મણિઓ જડયા હોય તેમ શોભતી હતી. એનું સંદર રહેવું સુંદર ઓઢવું વિગેરેથી સુંદર છબી જાણે બાળ પ્રવાળ જેવું મુખનું બિંબ શોભતું હતું. મુખથી જ્યારે બોલે છે ત્યારે તે સુંદર રસભાવપૂર્વક બોલે છે તે સાંભળનાર મુનિજનોના મનને ડોલાવે તેવું બોલે છે.તેની ચીબુક જાણે રસનું ફળ હોયને શું !. એવું ગુણયુક્ત શોભે છે.સુવર્ણના આભૂષણોને ધારેલાં તેથી ખૂબ જ શોભે છે.સુવર્ણના આભૂષણોથી એના કંઠની શોભા પણ અતિશય ઓપે છે. ખૂબ જ વધતી કૃતિએ આભૂષણોમાં ત્રિસરી ચાર સેરોવાળા આભૂષણો કંઠમાં ધારેલાં અને સાથે ફુલની માળાઓ ધારીને શોભતી હતી. ઊંચુ શરીર જાણે શરીરમાંથી કુમકુંમ સહિત પ્રકાશ થતો હતો તેથી જાણે કામદેવનું નિવાસ સ્થાન ન હોય તેમ લાગતું હતું.જાણે હાથીના ગંડ સ્થળમાંથી અમૃત ઝરતું હોયને શું ! તેમ લાગતું હતુ. ચૂડિકંકણ ધારણ કરેલા શોભા વધારતાં હતાં. તેથી આકર્ષક લાગતી હતી. સુંદર હાથની હથેળી તથા આંગળીઓ લાલ તેના અણિયાળા નખથી આંગળીયો શોભતી હતી. હાથના ઉપડતા તળિયાવાળી હથેળીઓ તથા આંગળીઓમાં મુદ્રિકાઓ પહેરેલી હતી. તેથી જાણે શોભા વધતી હતી તે જાણે દુખમાં સુખનો આભાસ થતો હતો.ઉદર અતિપાતળું કૃષ હતું નાભિ ગોળ સુંદર હતી. ઊંચાનિતંબ ઉપર નિચોલને ધારણ કરેલું હતુ.સુંદર કટી ભાગના વળાંકના મધ્યમાં કટીમાળાને ધારણ કરેલી હતી તે જાણે કે સિંહણનું વૃક્ષસ્થળ ન હોય ? તેમ બાળાનો કટીભાગ શોભતો હતો. પગના ઝાંઝરના ઝણકારથી રમણિય અવાજ થતો હતો. તે જાણે કે મનના મોડને ખેંચતો હોયને શું ? એવો અવાજ મધુર લાગતો હતો. એના સાથળ જાણે કેળના થાંભલા હોય ને શું ? તેના જાનું પહાડ જેવાં શોભતાં હતા. આવી રીતના ઝાંઝરના ઝણકારને કરતી થકી ધીરે ધીરે પગને મૂક્તી હતી તે જાણે ધરા ઉપર રાખતી હોય ! તેમ લીલા પૂર્વક સમાન રીતે પગને મૂકતી થકી ચાલતી હતી. તેના પગ અતિ કોમળ હતા એની કોઈ ઉપમા ન આપી શકાય તેવા શોભતાં હતા. શરીર ઉપર સુંદર રૂપાળા વસ્ત્રોનો સારી રીતે શણગાર કરીને ધારેલાં હતાં. એવા સુંદર રૂપવાળી બ્રહ્માજીની કુમારીકા ચતુરંગીની ચાલ ચાલતી હતી. ત્યારે તેણીએ સારી કંચુકી ધારણ કરીને રમણીય વેશ બનાવ્યો હતો. એવા રૂપને તો કવિઓના કુળમાં કોઈ વર્ણન કરતાં જ નથી એવો વેશ કરેલો હતો.જાણે રતિ પણ આવા રૂપને ધરતી નથી. એવું રૂપ વિધાતા બ્રહ્માની પુત્રીની છબી જોઈને જોનાર તો શરમાઈ જાય તેવું રૂપ ધરેલ હતું. એવા વેશને ધારણ કરીને વધારે પડતાં વિલાસ ભરેલાં મનમાં ભાવતા હાવભાવથી આનંદ ઉલ્લાસમાં પોતાના હાથોથી ફુલનો ગુંચ્છ

બનાવેલો તેને ઉછાળતી થકી આવતી હતી તેથી ખૂબ જ શોભતી હતી.કટાક્ષ કરીને ચિત્તને ચોરી લેતી હતી.એની પાછળ ભમરાઓનું ટોળું ગુંજારવ કરતું ઊડતું હતું. અને વેગપૂર્વક આવતી હતી.ત્યારે જાણે હાથીની પાછળ સિંહ પડ્યો હોયને શું ! એવી રીતે બ્રહ્માની પુત્રી સુકુમારી સરસ્વતી નખશીખાથી મનોહર શોભતી આવી.

સરસ્વતી ચારેબાજુ પોતાના ચંચળપણાથી જોતી થકી બધાને હાવભાવથી ખેંચતી હતી. અને નેત્રથી શરમાતી હોયને શું ! મુખથી સુંદર વાણી બોલતી થકી બધા જ અંગોમાં સુવાસ ભરેલી તે સભાની વચ્ચમાં ગાતી થકી ચાલી આવતી હતી. મધુર સ્વરે ઊંચે રાગે ગાતી હતી. આવી રીતે પુનિત પ્રિતથી સરસ્વતી સભામાં આવતી હતી ત્યારે વસ્ત્રો અતિ પાતળા પહેરેલા હતા. તેથી બધા જ અંગો દેખાતાં હતા. હાવભાવે કરીને હસતી થકી ચારેબાજુ જોતી થકી ચાલતી હતી. ત્યારે સભામાં બેઠેલા જનો પણ ચકિત થઈ ગયા. બધા જ સ્થિરતાવાળા પણ પ્રભાવથી અધિર થઈ ગયા. બધા જ સજ્જનો આવી રીતના રૂપને જોઈને પોતાની નજરને ફેરવી લીધી. અને બ્રહ્માજીએ પુત્રીને રજોગુણ યુક્ત જોઈને તરત જ કામ વ્યાપ્ત થઈને આંધળા થઈ ગયા. શરીરમાં કામ વ્યાપી ગયો તેથી બધી જ લજ્જા શરમનો ત્યાગ કરીને બ્રહ્માજી પોતાની પુત્રીની પાછળ દોડવા લાગ્યા ત્યારે ચારેબાજુ અતિભારે હાહાકાર થયો. બધા જ નરનારી જનો આ કૃત્ય જોઈને મૂજાંણાં. મહર્ષિઓનો સમુહ છંદો બોલતા હતા તે સ્થિર થઈ ગયા. બોલવામાં કોઈ રસ જ ન રહ્યો અને જીભને અને દાંતોને હાથોથી ઢાંકીને કંઈ બોલતાં જ ન હતા.આ દશ્ય જોઈને મનથી અસ્થિર થઈ ગયા. ત્યારે પિતા કોપ કરીને ડરાવી પકડવા આવ્યા ત્યારે ઋષિજનો ધીરજ ધરીને વિચારીને વિસ્મય પામતાં હતા. કમળજ (બ્રહ્માજી) અતિશય કામાતુર થયા. લગારે લાજ શરમને ધરતા ન હતા. અને પુત્રી પિતાને પાછળ દોડતા આવતા જોઈને સરસ્વતીએ અઘટિત વાત થશે એમ વિચારીને પરમ પવિત્ર પુત્રી ધર્મને ધારીને ધીરજતાથી પોતાના રૂપને ફેરવીને હરણીના રૂપને ધરી લીધુ.આ તત્કાળ કાર્ય કર્યું ત્યાં તો પિતા પણ હરણરૂપે થઈ ગયા. હરખાતા થકા કામથી વ્યાકુળ થયેલા પોતાની પાછળ અંગસંગ કરવા પાછળ દોડતાં આવે છે એમ જાણીને પુત્રી સરસ્વતી સ્ત્રી જાતિમાં જ પાણીરૂપ થઈ ગઈ. તે મનમાં હરખાતી થકી બ્રહ્માની પુત્રીએ મર્યાદાને દ્રઢ રાખી આ રીતે બ્રહ્માજી પોતાનાથી ધાર્યું કામ ન થયું તેથી લાજ શરમ આવી ગઈ. ત્યારે કામના શત્રુ એવા મહાદેવજીએ કોપ કરીને બ્રહ્માજીનું પાંચમું મસ્તક છેદી નાંખ્યું ત્યારે બ્રહ્માજીએ પોતાના દેહનો ત્યાગ કરી દીધો. અને બ્રહ્માજીના આ ચરિત્રની વાત જગતમાં પ્રસિધ્ધ થઈ ગઈ.

અયોધ્યાપ્રસાદજી કહે છે હે રાજન્ ! સરસ્વતીની બધી જ વાર્તા વ્યાસમુનિએ વિસ્તારથી વર્ણન કરીને પુરાણોમાં પ્રસિધ્ધ કરેલ છે. આ વાત તમારા ધ્યાનમાં લેજો. હે રાજન્ ! તમે જે વાર્તા પૂછી હતી તેને અમે સંક્ષેપથી વર્ણવીને કહી છે. જે સરસ્વતી પાણીના રૂપને ધારણ કરીને વહે છે એ વાત તો પુરાણોમાં પ્રસિધ્ધ છે અને જગતમાં બધા જ જાણે છે.સરસ્વતીએ ધર્મની રક્ષા કરવા માટે જ ઘણાં કાળથી નદીરૂપને ધારણ કરેલ છે.અને પાપોને હરતી હતી આ વખતે મહાપ્રભુ પુરુષોત્તમ નારાયણ નાહ્યા એટલે પાવન કરી દીધી. એની પીડાને દુર કરી દીધી. આ રીતે મહાપ્રભુએ પ્રેમથી જાહેર કરીને એના પાપોને હરી લીધાં નિષ્પાપ કરી દીધી. આવી રીતે પ્રભુના પ્રતાપે સરસ્વતી શુધ્ધ થઈ ગઈ આ વાતને જગતના લોકો જગતમાં સારી રીતે જાણે.

આવી રીતે ચરિત્ર સાંભળીને આનંદરાજા રાજી થયા અને હાથ જોડીને અવધ ગુરૂ થકી આનંદ આપનારા

બીજા પવિત્ર ચરિત્રો કર્યાં હોય તેનું પૂછતાં હતા. હે ગુરૂ આપે મને જે ઈતિહાસ કહ્યો તે મે ખૂબ જ ધ્યાન દઈને આનંદથી સાભળ્યો ત્યારે ગુરૂ અવધ મહારાજ આપમેળે જ કહે હરીલીલા કહું છું તે તમે ધ્યાનથી સાંભળો. શ્રીજી મહારાજ સિધ્ધપુરથી લોકોના કામવેગને હરવા માટે સર્વનું કલ્યાણ કરવા માટે પૃથ્વી ઉપર સધર્મની સ્થાપના કરવા કયાં કયાં સ્થળે વિચરણ કરતાં હતા તે કહો. હે અયોધ્યાપ્રાસાદજી મહારાજ ! મારા ચિત્તમાં આવા પવિત્ર ચરિત્રો સાંભળવાની ખૂબ જ ચાહના થાય છે એટલા માટે આપ વિચારીને આવા પવિત્ર અદભૂત વિચિત્ર મનને શાંત કરનારા સુખ આપનારા જે હોય તે કહો. હે ગુરૂ ! હું બીજા બધાની આશા વિશ્વાસનો ત્યાગ કરીને આપની પાસે જ રહું છું તેથી આપ મને ઉત્સાહથી પવિત્ર ચરિત્રો સંભળાવવા કૃપા કરો.

પ્રભુએ એવો ઈતિહાસ રચ્યો જેમ સરસ્વતીએ મનુષ્યના દેહમાંથી જળરૂપને ધારણ કર્યું તેને શોભાવતા થકા ખૂબ જ વિસ્તારથી પ્રસિધ્ધ કર્યું તથા મનમથ નાશ કરનાર મહાદેવજીએ પિતામહના માંનને માર્યું એ સર્વ કહ્યું મહાપુરુષ રૂપે પ્રભુની શોભાયુક્ત કથામાં ગુઢતાવાળા ઈતિહાસનું વર્ણન કરીને કહી સંભળાવ્યું એવી રીતે છઠા મનોહર રચનાનું આ છઠી લહરી હરિલીલા સિંધુમાં પૂર્ણ થઈ.

**આવી રીતે શ્રી હરિલીલાસિધુમાં આઠમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બ્રહ્મચારી રચિત છંદ ભાષામાં શ્રી હરિએ ઈતિહાસનું કથા વર્ણન કર્યું એ નામે છઠો તરંગ પૂર્ણ થયો. ॥૬॥**

# તરંગ-૭

**શ્રી** અયોધ્યાપ્રસાદજી મહારાજ, આનંદસિંહ રાજાને કહે છે હે રાજન્ ! તમે તો બહુ સારા વિચાર કરવાવાળા છો.ભવસાગરમાં સારૂ કરનારૂ તથા જીવનું શુભ કરનારૂ અને જન્મ મરણના ભયનો નાશ કરનારૂ એવા ભગવાનના સુંદર પવિત્ર ચરિત્ર પૂછ્યાં તે તમારું સારૂ જ છે. જે જન ચિંતવન કરીને ભગવાનનાં ચરિત્રને ચિત્ત દઈને નથી ગ્રહણ કરતો તે તો આ જગતમાં જન્મ મરણના ફેરામાં ફરનારો જ રહે છે. અને જીવનનો ફેરો ખોટો થાય છે એમ પુણ્યાત્માઓ એવા મહામુનિજનો કહે છે. હે રાજન્ ! જયારે જીવાત્માનાં કરોડો જન્મનાં પુણ્યો ભેગા થાય છે ત્યારે તે જીવાત્માને હરિભક્તના યોગમાં જન્મ મળે છે. એ ભગવાનના ભક્તને ભગવાનના ચરિત્ર સાંભળવા તથા ભગવાનના સ્વરૂપમાં મનની રૂચિ દ્રઢ થાય છે, એ સ્થિતિ તમારી થયેલ છે. માટે હવે હું તમને પ્રભુનાં ચરિત્રો કહું છું. તે તમે સાંભળો શ્રી હરિસુખધામ સંતો સહિત સિધ્ધપુરધામથી ગમન કરીને બીજે પધાર્યા એ કથા આનંદ આપનારી તમને કહું છું.

સર્વની શોભાના શિરતાજ લોકોના સુખના ધામ એવા પુરુષોત્તમ નારાયણ પ્રભુ સર્વજનનાં કાર્ય કરનારા પ્રભુ મધુરવાણીથી બોલતા થકા સર્વ સંતોને ઉદેશીને કહેતા હતા. અને જ્ઞાનપૂર્વકની વાતો કરી સુખી કરતા હતા. શ્રી હરિ મુનિઓ સાથે **લૂણાસૂર** ગામે જઈને તળાવની પાળે ઉતારો કરી નિવાસ કર્યો. અને આનંદ પ્રમોદ કરતા થકા હાસ્ય કરીને બ્રહ્માનંદમુનિને તથા બીજા સંતોને સાથે લઈને ગામો ગામ વિચરણ કરી સત્સંગ કરાવો. લોકોને ઉપદેશ આપો. આવી રીતે મધુરવાણીથી સુખ આપનારા સુખદાતા પ્રભુની વાણી સાંભળીને અતિ આનંદ પ્રાપ્ત થયો. સર્વ મુનિજનોની સાથે પ્રભુની વાતને સત્યમાની બ્રહ્માનંદ સ્વામી સર્વ સંતોના મંડળ સમુદાયને લઈને દેશો અને ગામોમાં વિચરણ કરી ઉપદેશ કરવા લાગ્યા. સુખના સાગર એવા ઘનશ્યામ પ્રભુ નાચિકેત ઋષિને

ઉદેશીને કહે તમે સાંભળો જગતમાં કોઈ એવી વાત પ્રસિધ્ધ નથી. કે જે ભગવાન જેવો સમર્થ જગતમાં બીજો કોઈ હોય. કેમ કે જગત અલ્પમતિવાળુ છે તેથી ભગવાનના સ્વરૂપના મહિમાને સમજી શકે જ નહી. ભગવાનના ભક્ત અને જગતના જીવનો મેળ એક સાથે રહી શક્તો જ નથી. જગતનો જીવ માયાનાં બંધનમાં બંધાયેલો છે. તેથી તે માયિક સુખ માટે પ્રયત્ન કરે છે. અને દુખ પામે છે. પણ ભગવાનના મહિમાના સુખને પામી શકતો નથી. ક્યાંક કોઈક પુરુષ પુણ્ય પ્રતાપે તપ કરીને તપસ્વી બને છે. એવા કોઈક મુનિ દતાત્રેય જેવા વૈરાગ્યવાન હોય છે. પણ જડભરત મહાન તપસ્વી હતા. તો પણ તે માયાના બંધનમાં લપેટાઈ ગયા.અને તે જડભરત કહેવાય છે. આવી રીતે જગતના જીવોને ઉપદેશ આપવા માટે શ્રી હરિની આજ્ઞાથી સંતો પૃથ્વી ઉપર વિચરણ કરીને જ્ઞાન-વૈરાગ્યની વાતો સહું જગતના જીવોને સમજાવે છે. જે સાચા જ્ઞાનના અધિકારી મુમુક્ષુ જીવો જ્ઞાન સાંભળી પ્રભુનો આશ્રય કરી દ્રઢ ભક્તિ કરીને અવિનાશી પરમધામને પ્રાપ્ત કરે છે. અને અવીનાશી સુખને પામે છે. આવી રીતે શ્રી હરિ મહાપ્રભુ સિધ્ધપુરમાં પાંચ દિવસ સુધી રોકાઈ તીર્થને પાવન કરીને વાજિંત્રોના નાદ સાથે મુક્તો ભક્તો ગાતા થકા સાથે જતાં હતાં. બહુનામી સહજાનંદ સ્વામી **બિલિયા** ગામે પધાર્યા. બિલીયાના ભક્તજનોના મનનાં આનંદને ખૂબ વધારતાં હતા. ભક્તજનો દર્શન કરી ચરણ સ્પર્શ કરી મહાસુખ પામ્યા. ઉપદેશ આપી આનંદ વધારી મહાપ્રભુ **ઊંઝાપુરે** પધાર્યા. ભક્તોના મનનાં આનંદને વધાર્યો. લોકોના મનને આનંદ આપનારા મહાપ્રભુ સંતો સાથે તળાવની પાળ ઉપર રોકાયા. ભક્તજનોએ ભાવ પ્રેમથી ખૂબ સુંદર રસોઈ તૈયાર કરાવી પ્રભુને તથા સંતોને પ્રેમથી જમાડ્યા. જમીને લોકોના ભયભંજન મહાપ્રભુ રાત્રીનું રોકાણ કરી શયન કરતા હતા. પ્રભાતમાં વિહાન સમય થયો ત્યારે જાગ્રત થઈ નિત્ય કર્મ કરી **ઐઠોર ગામે** પધાર્યા. ઐઠોરમાં પ્રભુ પોતાના આશ્રિતજનોની સાથે વિશ્રામ કરીને રહ્યા. ત્યાંના ભક્તજનોએ સુંદર પાક બનાવી પ્રભુને જમાડ્યા.રાત્રી સમયે ત્યાં રોકાઈને મુમુક્ષુજનોને ઉપદેશ આપ્યો. રાત્રે શયન કરી સવારમાં પ્રભાત સમયે ઊઠી નિત્ય કર્મ કરી ચપળ નયન પ્રભુ ત્યાંથી ચાલતા થયા. સંતમંડળની સાથે મહાપ્રભુ **વિસનગરે** પધાર્યા. નરવીરનારાયણ પધાર્યા છે એ સમાચાર જાણી વિસનગરના ભક્તજનાએ પ્રભુને વાજતે ગાજતે પુરમાં પધરાવ્યા. અને ભીમનાથ મહાદેવ મંદિરમાં પ્રભુને ઉતારા કરાવ્યા. **બળદેવ પાંડે** નામના વિપ્રના ઘેર પ્રભુને માટે થાળ કરાવડાવ્યો. સંતોની માટે રસોઈ તૈયાર કરાવી સહુને પ્રેમથી જમાડ્યા. રાત્રી રોકાણ કરી સવારમાં વહેલા નિત્ય કર્મ કરી પછી પ્રભુ ચાલતા થયા.સહુ સંત ભક્તો સાથે મહાપ્રભુ **મેઉ** ગામે પધાર્યા. મહાપ્રભુ પધાર્યા ત્યારે **ભાવસાર ભૂષણ ભક્તના** મનમાં ખૂબ જ ભાવ પ્રગટ થયો. મનમાં અતિ આનંદ ઉમટ્યો. ભૂષણ ભાવસારના ઘેર ઉતારો કરી રહ્યા. અને ભક્તે પ્રભુ માટે સંતો માટે સુંદર રસોઈ તૈયાર કરાવી. સુખરાશી પ્રભુ થાળ જમીને સંતોને જમાડીને સર્વના શ્યામ પ્રભુ સરોવરની પાળે રાત રહ્યા.સવારમાં વહેલા પ્રયાણ કરીને સંતોની સાથે ચાલતાં થયા. ત્યાંથી પ્રભુ ચાલતાં થકાં **માણસાપુરે** પધાર્યા.પોતાના એકાંતિક ભક્તોને સુખ આપવા માટે પ્રભુ પધાર્યા. ત્યારે ભક્તજનો સામા આવ્યા પ્રભુનું સન્માન કરી વાજતે ગાજતે ગામમાં પધરાવ્યા. ત્યારે ભક્તજનો પ્રભુના ગુણને ગાતા થકા પુરમાં લાવ્યા. મહાપ્રભુ **અંબારામ** નામના બ્રાહ્મણના ઘેર બે દિવસ રોકાયા. અને ભક્તજનોને ઉપદેશ આપી ત્રીજે દિવસે ચાલવા ઉતાવળા થયા અને સવારમાં વહેલા ચાલતા થયા.

**માણસા**થી ચાલીને મહાપ્રભુ **ઉનાવા** નામના ગામે પધાર્યા. જયાં પ્રભુના પુનિત એકાંતિક ભક્તો નિવાસ કરીને રહેતા હતા. અનેક ભક્તો હતા તેમાં **રામદાસ** આદિક મુખ્ય ભક્તો પ્રભુના દર્શન કરી મનમાં

અતિશય આનંદ પામતા હતા. ઉનાવાનાં ભક્તોએ સુંદર રસદાર રસોઈ બનાવરાવીને શ્રી હરિને પ્રેમથી થાળ જમાડ્યા. સંતોને તથા ભક્તજનોને જમાડીને તૃપ્ત કર્યા.પછી ફુલના તોરાઓ ગુચ્છો પહેરાવી ધારણ કરાવી ચંદન ચર્ચીને પૂજન કર્યું. ત્યાર પછી પ્રાર્થના સ્તુતિ કરીને પ્રેમથી પ્રભુની છબીને ઉરમાં ચિંતવન કરતાં થકા દ્રષ્ટિને એકાગ્ર કરતા હતા. મહાપ્રભુ કૃપા કરીને ભક્તોના પાપ તાપ સંતાપનો નાશ કરતા હતા. ભક્તજનોને ઉપદેશ આપી પ્રભુ લોકોના મનને રાજી કરીને ચાલવા તૈયાર થયા. પ્રભુ **ઉનાવા**થી ચાલીને ભક્ત સમુદાયની સાથે **ઉવારસદ** ગામે પધાર્યા. ત્યાંના ભક્તોને દર્શન સુખ આપી આનંદિત કર્યા. ભક્તજનોએ સુંદર પ્રેમભાવથી રસદાર રસોઈ બનાવી પ્રભુને થાળ જમાડ્યો. સર્વ સંતજનોને જમાડ્યા. પ્રભુએ સભા કરી સહુ ભક્તજનોને જ્ઞાન ઉપદેશ આપી સુખી કર્યા.ત્યાર પછી સર્વના સ્વામી સર્વના નાથ ચંચળ કોમળ વયવાળા અક્ષરધામાધિપતિ **અડાલજ નામના ગામની** ભૂમિ ઉપર પધાર્યા. ભક્તજનોને દર્શન આપી રાજી કર્યા. અડાલજમાં સુંદર રીતે બનાવેલી વાવને જોઈ મહાપ્રભુ સંતોની સાથે ખૂબ જ રાજી થયા. એ વાવ ઉપર લગાવેલ લેખ વંચાવીને શ્રી સ્વામિનારાયણ ભગવાન કહેવા લાગ્યા. હે ભક્તો ! આ વાવ બનાવનારે મોટાઈ મનાવવા કે કોઈ પ્રકારની કીર્તીનો વિસ્તાર કરવા આ વાવ નથી કરાવી પરંતું આ વાવ તો કેવળ પરમાર્થ માટે જ લોકોના સુખ કામ માટે જ કરાવેલી છે. આ વાવ્યમાં કોઈ પવિત્ર પુણ્યશાળી સંતો કે ભગવાન પોતે જો ક્યારેક આ વાવમાં આવીને સ્નાન કરે તો મારું કલ્યાણ થાય આ વાવ્યમાં કામ કરનારા જીવોનું પણ કલ્યાણ થાય તે માટે જ આ વાવ્ય કરાવી છે. પરોપકાર માટે જ આ વાવ્ય કરાવી છે. તે મારી રુચિ પ્રમાણે મેં જણાંવેલ છે. આવી રીતની લેખની વાણી સાંભળીને મહાપ્રભુ વાવ બનાવનારની ઉપર રાજી થયા અને સંતો પણ ખૂબ જ રાજી થયા. શ્રી હરિ સંતોને કહે હે સંતો ! તમે બધાજ વાવમાં સ્નાન કરવા જાવ અને પછી પાણી લાવજો. અમે પાણી પીશું. આમ કહ્યું ત્યારે સંતો સ્નાન કરવા વાવમાં ગયા. સ્નાન કરી પવિત્ર થઈ પાણી ભરી લાવી પ્રભુને આપ્યું. એ પાણી પ્રભુએ પીધું અને પ્રસાદીનું જળ વાવમાં નાખ્યું ત્યારે વાવ્યનું નિર્માણ કરાવનારનું ધન્ય ભાગ્ય પ્રમાણભૂત થયું. ત્યાર પછી મહાપ્રભુ સ્નાન કરવા માટે વાવમાં પ્રગટ પ્રમાણ પોતે જતા હતા. અને આ ચરિત્રને નિગમો ગાતા હતા. મહાપ્રભુ વાવમાં પધારી પરમ પવિત્ર ચરણ કમળને પગથિયાં ઉપર મૂકતા હતા. જયારે પૂનિત ચરણનો જળને સ્પર્શ થયો ત્યારે વાવમાં પાણી ખૂબ જ વેગ પૂર્વક વધવા લાગ્યું ત્યારે વાવ શોભાયમાન લાગતી હતી. વાવમાં પાણી ખૂબ જ સ્વચ્છ અને કાદવ કીચડ વગરનું હતું. અને બહુ જ મીઠું હતું. તે જોઈને ત્યાં બનાવેલા ગોખને જોઈને મહાપ્રભુ ત્યાં બેસીને સુખી કરતા હતા. પાવન કરતાં હતા. અને વાવના પથ્થરો બહુ જ સુંદર રીતે ઘડીને ગોઠવેલા હતા. શિલ્પીઓએ સુંદર ઢાળ બનાવીને ગોઠવેલા હતા. સુંદર થાંભલા ઘડીને ગોઠવેલા હતા. તેની ઉપર સુંદર ચિત્રો દોરેલાં શોભતાં હતાં. સારી રીતે ઘડીને તૈયાર કરેલ પાટોના ઘાટ પણ ખૂબ જ સારા લાગતા હતા. તથા કૂંભી ઓળના વેલ છે તે પણ ખૂબ જ સારી રીતે કરેલ હતા. સલાટે સારી કલા કરેલ હતી તેમાં સુંદર પક્ષીઓના જૂથ બનાવેલાં હતાં તેમાં મોર બાજ વિગેરેના ચિત્રો ચિત્રેલાં હતાં તે શોભતાં હતાં. પથ્થરોમાં વૃક્ષોના જૂથો પણ માથા ઉપરથી નીચે ઝૂકતા બનાવેલાં હતાં. તે લોકો પાણી પીતા હોય તો પણ એમને તાપ ન લાગે તે રીતે ગોઠવેલાં હતાં. તેના ઉપર

પક્ષીઓના જૂથો ખૂબ જ સુંદર બોલ બોલતાં હતાં એમના બોલવાના શબ્દો સાંભળવાથી રૂચિકર લાગતા હતા. આવી રીતની વાવમાં ઘનશ્યામ પ્રભુ સંત સમુદાયની સાથે ખૂબ જ સ્નાન કર્યું. સર્વનું પુર્ણ કામ કરનારા દેવાધિદેવ ભવ ભયભંજન મહાપ્રભુ સંતો ઉપર પાણી ઉડાડીને આનંદ ઉપજાવતાં હતા. આવી રીતે અલૌકિક કામ કરીને આશ્ચર્ય ઉપજાવતા હતા. આ લીલા જોવાને દેવોનું જૂથ વિમાન સાથે આકાશમાં આવ્યું હતું. તેઓ પ્રભુની લીલા જોઈ અતિ આનંદ પામ્યા. તે આવેલા દેવો પોતાના માનનો ત્યાગ કરીને પુરુષોત્તમ પ્રભુને સર્વોપરી જાણી પ્રેમથી દર્શન કરતા હતા.મનોહર મૂર્તિ વાવની વચ્ચે બેઠેલા હતા તે શોભતા હતા. તે દેવો જોઈને અતિશય રાજી થયા અને પ્રભુ ઉપર ચંદન પુષ્પની વૃષ્ટિ કરીને અતિ આનંદિત થઈ પ્રાર્થના કરતા હતા. પછી પોતાનાં ભવન જવાનું સર્વભૂવનના નાથ મહાપ્રભુ દેવોના રાજાને કહેતા હતા. અને રાજાને જવાની આજ્ઞા કરતા હતા. દેવોના ગયા પછી પ્રભુ ઘણા સમય સુધી સ્નાન કરીને વાવમાંથી બહાર આવી વસ્ત્ર આભૂષણ ધારણ કરી વાવ ઉપર શોભતા હતા.

શ્રી હરિ ધર્મનંદન ઘનશ્યામ પ્રભુએ સફેદ વસ્ત્રોને ધારણ કર્યાં. એમાં કળા કરેલ સફેદ કેડીયું ધારણ કર્યુ. મસ્તક ઉપર સફેદ પાઘને ધારણ કરેલી તે ડાબે પડખે થોડી નમતી ધારણ કરેલી તે સંતો જોતા હતા એટલે પ્રભુમાં વધારે પ્રેમ જાગ્રત થતો હતો. નવીન ધોળી ધોતીને ધારણ કરી પ્રભુ હરિભક્તો તથા જગતના જીવોના ભયને હરતા હતા. આવી રીતે કરૂણાનિધાન કરૂણા કરીને પોતાના આશ્રિત ભક્તોની પીડાને હરતા હતાં અને સુખ આપતા હતા. આવી રીતે સુખના ભુવનેશ પ્રભુ શ્રી હરિ ભક્તજનોના દુખને હરતા થકા સુખ આપતા થકા ભક્તજનોને મુક્તિ પમાડતા હતા. જેમ શેષનારાયણ ભૂમિનો ભાર પોતાના મસ્તક ઉપર ધારી રહેલા છે. અને પૃથ્વી ઉપર વિચરે પણ છે. તેમ મહાપ્રભુ શ્રી હરિ પૃથ્વી પર વિચરણ કરીને ભક્તજનોના સમુહને સુખ આપે છે. અને અનંત જીવોનો ઉધ્ધાર કરે છે. આવા મહાપ્રભુ સજ્જ થઈને ઘોડા ઉપર અસ્વાર થઈ પ્રેમી ભક્તોની સાથે આશ્રિત ભક્તજનોના ઘેર પધારતા હતા. પુરમાં જઈ ભક્તજનોને દર્શનનું સુખ આપી ચપળ નયન મહાપ્રભુ ચાલવા માટે ઉતાવળા થયા સંતો ભક્તોની સાથે સુખના સાગર નારાયણ સર્વના દુખને ભગાડતા હતા.એવા કમલનયન મહાપ્રભુએ વાવ બનાવનારની ખૂબ જ પ્રસંશા કરી એમની ઉપર પ્રસન્ન થઈ મુક્તિનું વરદાન આપ્યું.

આવી રીતે સિધ્ધપુરથી ઘનશ્યામ પ્રભુ વિસનગરે પધાર્યા ત્યાંથી મેઉ ગામે પધાર્યા ત્યાંથી ધર્મનંદન મહાપ્રભુ સુખનાધામ માણસાપુરે પધાર્યા ભક્તજનોના મનને ખૂબ જ હરખ પમાડ્યાં. માણસાથી મહાપ્રભુ ચાલીને ઉનાવા પધાર્યા ભક્તજનોને સુખ આપી પ્રભુ ધમાસણા ગામે પધાર્યા ત્યાંથી અડાલજ ગામે પધાર્યા ત્યાં વાવને જોઈને ઘનશ્યામ પ્રભુએ એમાં સંતોની સાથે સ્નાન કર્યું, ખૂબ જ લીલા કરી આવી રીતે સાતમાં તરંગમાં શ્રી હરિલીલાસાગરમાં લહરી રૂપે પૂર્ણ થઈ.

**આવી રીતે શ્રી હરિલીલાસિધુમાં આઠમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બ્રહ્મચારી રચિત છંદ ભાષામાં શ્રી હરિએ દંઢાવ્ય દેશમાં વિચરણ કરી લીલા કરી એ નામે સાતમો તરંગ પૂર્ણ થયો. ॥ ૭ ॥**

# તરંગ-૮

**આનંદ રાજા કહે છે** હે અવધ ગુરૂ ! આપ મને શ્રી હરિના સુંદર પવિત્ર ચરિત્ર કહો હે પ્રભુ ! શ્રી હરિ અડાલજથી ભક્તોના દુખોને બાળવાવાળા અક્ષરધામના અધિપતિ ભગવાન કઈ બાજુ ગયા, તે ચરિત્રો સાંભળવાની મારી ખૂબ જ શુભ ચાહના છે.તો મને સંભળાવો. હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! આપ ભગવાનના મનોહર ચરિત્રો કહો છો તેમાં આપ અતિશય મનોહર ભાવ લાવો છો. તેથી અધિક રુચિ ઉપજે છે. તો મારી ઉપર કૃપા કરીને પ્રગટ ભગવાનના જુદાં જુદાં જે ચરિત્રો હોય તે કહો.

અવધપ્રસાદ ગુરૂ કહે છે, હે આનંદ રાજન્ ! તમે ભાવભરીને જે ચરિત્રો પૂછેલ છે તે મારા ઉરમાં ધારીને કહું છું તેને તમે ધીરજથી સાંભળો. જે વરદાન જગતના પતિ શ્રીહરિ ઘનશ્યામ પ્રભુએ આપ્યા તે હું તમને કહું છું. તો બુધ્ધિને સ્થિર કરીને સાંભળો. જે **અડાલજ ગામની વાવ** છે. તે વાવમાં સંતોની સાથે શ્રી હરિ પ્રભુ ખુબ જ નાહ્યા તેથી પ્રભુ ખુબ જ રાજી થઈ એની ઉપર અઢળક ઢળી ગયા અને વરદાન દીધું. શ્રી હરિ કહે છે જેને આ વાવ કરાવી છે તે અનેક જીવોના ઉપયોગમાં આવે તેવી છે. આ વાવ તો ચરઅચર બધાં જ જીવને કામમાં આવે તેમ છે એટલાં માટે આનું કલ્યાણ થાય આમ તરત જ કહી દીધુ અને વરદાન દઈ દીધુ. પ્રભુ કહે મારૂં વચન કયારેય જુઠ્ઠુ હોય જ નહિ. મારી વાતને સત્ય જ માનજો. મે જે વચન કહ્યું છે તે પૂર્ણ નિશ્ચય કરીને જ કહ્યું છે. કેમ કે મે સંતોની સાથે આ વાવના જળમાં સ્નાન કરેલ છે. તે કારણે અમારા યોગમાં આવે તે કલ્યાણને યોગ્ય જ થાય છે.

સૂર્ય,શીવ સર્વે ભાવથી હદયમાં ધ્યાન અતિ ઉત્સાહથી કરે છે તોય પ્રભુનું રૂપ તો લેશમાત્ર જોઈ શકતાં નથી. તથા ચાર વેદો નેતિનેતિ કહીને ગાયા કરે છે તોય મહિમાને પાર પામતા નથી. એવા સકલ અવતારના અવતારી અવતાર ધરીને બધાને તારનારા સ્ત્રી-પુરુષોનો ઉધ્ધાર કરવા અત્યારે આવીને સ્નાન કર્યું અને અંદર નાહ્યા તેથી આ તો મહામોટું તીર્થ જગતમાં પ્રસિધ્ધ થશે. કર્તા છતાં અકર્તા એવું મારૂં નામ છે તે છતાં અન્યથા કરવામાં પણ અમારૂં જ કામ છે. અમારી મરજીથી જ બધું થાય છે. માટે આ વાવ કરાવેલ છે એના કલ્યાણ કરવા માટે તથા લોકોને તારવા માટે વાવને જહાજરૂપે સમજવી. આ વાવ કરાવનાર રાણીનું નામ **રૂડબાઈ** છે. એ સત્સંગમાં ફરી જન્મ લેશે. એકાંતિક ભક્ત થઈને જન્મ મરણના ફેરામાંથી મુક્ત થઈ જશે અને અવિનાશી અવિચળ ધામને પામશે. **તે રૂડબાઈ ફરી મનુષ્ય જન્મમાં કુશળ કુંવરબાઈ તરીકે ધરમપુર વાંસદામાં રાજ રાણી તરીકે થયાં.**એ એકાંતિક ભગવાનના ભક્ત થયાં. ખુબ જ ભક્તિ કરી.તે વાવમાં જે પશુઓ મનુષ્યો જે કામમાં આવેલ તે બધાં જ પ્રજારૂપે થયા અને બધાંય ભગવાનના ભક્ત થયાં. તેઓ સત્સંગ કરીને ભગવાનના ભક્ત થયા. બધાં જ નિષ્કામ થઈને પરમ પદને પામશે.અમે તેઓને દર્શન દેવાં જઈશું.દર્શન આપીને પછી પરમધામમાં લઈ જઈશું.

આમ કહીને ચપળનયનોવાળા કમળનયન પ્રભુ જનોને દર્શન આપવાના ભાવવાળા ભક્તોને દર્શન આપવા મનને રાજી કરવા ભક્ત સંતજન સમુદાયની સાથે જગત વંદનરૂપ પ્રભુ ગુણના સાગર મહાપ્રભુના ચરિત્રના કીર્તનો સંતો ગાતા ગાતા જતા હતા. ભગવાનના મહિમાને શેષનારાયણ સંતો વેદો આગમો પણ ગાતાં ગાતાં થાકતાં જ નથી તોય પારને પામી જ નથી શક્તાં. એવા કોઈનાથી જીતી ન શકાય એવાં મહાપ્રભુ

સર્વ અવતારના અવતારી પોતે જ છે. એમનાંથી ઉપર કોઈ જ પાર પામી શકે તેમ નથી. આ પ્રભુ પોતે સર્વના નિયામક એક જ સ્વયમ્ મહારાજ છે. તે પોતે આ વેળાએ પ્રગટ થયા છે તે ધર્મદેવના ઘેર પ્રગટ થઈ લોકોના કલ્યાણ કરવા માટે માર્ગ ઉપર ચાલતા થકા મુખ ઉપર મંદ મંદ હાસ્ય કરતા પ્રભુના ગુણ ચરિત્રોને ગાતા થકા મુક્તો મુનિજનો આવતા હતા. મહાપ્રભુ મંદ હાસ્ય કરીને ભક્તોને અતિ હાસ્ય કરાવતા એવા સર્વના આનંદના સાગર પ્રભુ ચાલતાં ચાલતાં **અમદાવાદપુર** પધારતા હતા. સર્વ ભક્તજન સમુદાયને મનોહર મૂર્તિ મહાસુખ આપતા હતા. ત્યારે વચ્ચમાં મૂર્તિમાન નદીરૂપે સાબરમતી આવી તેને જોઈને પ્રભુ રાજી થયા. તે નદીના બંન્ને કાંઠાઓ ઉપર વૃક્ષ વેલીઓના ઝુંડની મહાશોભા થતી હતી. નદીમાં ખીલેલાં કમળો ઉપર ભમરાઓ મદમસ્ત થઈને ગુંજારવ કરતાં હતાં. પાણીની તરંગોરૂપી ઉર્મીથી ઉછળતી હતી. પાણીના વેગની ભમરીઓ થતી હતી અનંત જળજીવો અંદર ફરતાં હતાં. અતિ સફેદ પ્રકાશથી પ્રફુલીત થયેલાં કમળોનાં પાણીમાં વર્તુળો પડતાં હતા તેથી પાણીમાં લાલ-પીળા પટ્ટાઓ દેખાતા હતા. વૃક્ષો ઉપર અનેક પ્રકારના પક્ષીઓના કલરવનો અવાજ થતો હતો. તે શબ્દને સાંભળીને મનની ભ્રાંતી શાંત થઈ જાય એવા મધુર સ્વરવાળા કોયલ પોપટ આદિ પોતાના બોલને ખેંચતાં મધુર રવ કરતાં હતાં. મંદ શીતળ વાયુ વાતો હતો. તેથી ત્રણ પ્રકારે શાંતિ મળે તેવું ભાસતું હતું. નદીની રેતી ચોખ્ખી સફેદ હતી અને ખૂબ કોમળતા વાળી અંગોને સુખ આપનારી હતી. એવી નદીમાં મનુષ્યો પરુષો-સ્ત્રીઓ શોભતાં હતાં. જાણે કામદેવની શોભારૂપ મનને હરતાં હતાં. આવી રીતના શોભાયમાન નદીના ઘાટોની ઉપર વિચરતાં હતાં. તે ઘાટોને હોશિયાર સલાટોએ સુંદર રીતે ઓપ આપીને બાંધેલા હતાં. આવી રીતની **સાબરમતી** નામની નદીમાં મનુષ્યો નરનારી જનો દેવ મુનિજનો ત્યાં નાહતાં હતાં. તથા ચારેય વેદોને જાણનારા બ્રાહ્મણો વેદ મંત્રોના ઉચ્ચાર કરતા હતા. આવી રીતે નદીનો તટ પ્રદેશ શોભતો હતો.શ્રી હરિ મહાપ્રભુ આ નદીની શોભા જોઈને પરબ્રહ્મ પુરષોત્તમ મહાપ્રભુ સંતોની સાથે નદીમાં સ્નાન કરતાં હતા ત્યારે ખૂબ જ આનંદ પૂર્વક સ્નાન કર્યું. અને ભક્તજનના હાથ પકડી નદીના જળમાંથી પ્રભુ બહાર નિકળ્યા.ત્યાર પછી અતિ શ્વેત વસ્ત્રોને ધારણ કરીને મંદ હાસ્ય કરતા હતા.ત્યારે દંત પંક્તિ જાણે કુંદ પુષ્પની કળી ન હોય ! તેવાં શોભતા હતા. કમળની પાંખડી સમાન અણિયાળા નેત્રકમળ શોભતાં હતાં. એવાં મનોહર નેત્રોથી અભિમાનીના માનને હરતા હતા. વાંકી ભ્રકુટી વક્રદંડ જેવી લાગતી હતી. બંન્ને કાન ઉપર કુંડળને ધારણ કરેલાં શોભતાં હતાં.શરદઋતુના ચંદ્રસમાન મનોહર મુખ કમળ ઉપર આમ્ર ફળનાં અર્ધ ભાગ જેવી દાઢી શોભતી હતી.મુખ કમળમાં લાલ જીભ રસભરપુર શોભતી હતી. બંન્ને આજાન બાહુ લાંબા હાથ તથા કંઠમાં ફૂલની માળાઓને ધારણ કરેલાં, શંખ સમાન, કંઠવાળા લાલ હોઠવાળા અને કમળપત્ર સમાન ઉદરવાળા પ્રભુને જોઈને તે ઉદર ઉપર ત્રણ વળ પડતા હતા. નાભી કમળ જાણે કે ઊંડો કુવો હોય તેમ લાગતું હતું. આવી રીતે પ્રત્યેક અંગો અંગને નિરખાવીને અનંત કામદેવોને પણ હરાવતા હતા. એવા મહાપ્રભુની મહામુક્તો એવા સંતો, પ્રભુની સેવા કરતા હતા. અને પ્રભુ બહુ શોભતા હતા. આવી રીતે મહાપ્રભુ સ્નાન કરી નદીએથી ચાલ્યા ત્યારે પ્રેમી ભક્તજનો આનંદ પૂર્વક પ્રભુની સામે તેડવા આવતા હતા. સાથે અસ્વારી તૈયાર કરીને અનેક પ્રકારના વાજિત્રોનાં નાદ સાથે ભજન કરતા હતા અને હાથમાં ભેટ સામગ્રી લઈને આવતા હતા તે શોભતા હતા. આવી રીતે શ્રી હરિ પ્રભુને આવકારવા માટે સર્વજનો અંગો ઉપર સુંદર વસ્ત્ર- આભુષણોને ધારણ કરીને સામા આવ્યાં પ્રભુના દર્શન કરી અંગો અંગનો સ્પર્શ કરી ખૂબ જ રાજી થયા. ત્યાર પછી વાજતે ગાજતે મહાપ્રભુને પુરમાં પધરાવી ભક્તજનોએ પ્રભુને યોગ્ય રીતે

ઉતારો કરાવ્યો. મહાપ્રભુ **અમદાવાદપુર**ની શોભા જોતા થકા આનંદથી પ્રિય ભક્તજનોની સાથે પ્રભુને પુરમાં લાવ્યા. અને શ્રી હરિ અવિનાશ પ્રભુ ત્યાં નિવાસ કરીને સર્વનાં ત્રાસને હરતા હતા. પ્રભુના ભક્ત વાણિયા જ્ઞાતિના સારા પ્રતિષ્ઠિત **ચોકસી હિરાચંદભાઈ ભક્ત** હતા. એમનું ઘર અતિશય પવિત્રતાથી ચોખ્ખું કરેલું હતુ તે ઘરમાં પ્રભુ રહીને સર્વનાં ભવભયને ભાંગતા હતા. ભક્તજનોએ સર્વને માટે સુંદર રસયુક્ત રસોઈ તૈયાર કરાવી તે પાક શાકને સંત ભક્તોની સાથે મહાપ્રભુ જમતા હતા. પ્રેમથી હરિભક્તોના ઘેર રોકાઈને ભક્તોને દર્શનનું દાન દેતા હતા. બહુનામી મહાપ્રભુ **અમદાવાદપુર**માં ઘણા દિવસો સુધી નિવાસ કરીને ભક્તજનોને બહુ સુખ આપતા હતા. પુરમાં મહાપ્રભુએ બહુ જનોને જ્ઞાન ઉપદેશ કરીને આશ્રિત કર્યા. અને ખૂબ સત્સંગનો સમાસ કર્યો. ત્યાર પછી પ્રભુ ચાલવા તૈયાર થયા.

શ્રી હરિ ઘનશ્યામ પ્રભુ અમદાવાદપુરથી સર્વના ચિત્તને ચોરતાં થકા કમળ નયન ધર્મકિશોર પ્રભુ ચાલીને **અસલાલી** ગામે પધાર્યા. ચંદ્રસમાન ઉજ્વળ મુખવાળા ભગવાન ઉતાવળી ચાલે ચાલી અસલાલી પધાર્યા. ત્યારે **વેણીભાઈ** અને બીજા **કાળીદાસભાઈ** આદિક ભક્તજનો સામા આવી પ્રભુને પોતાના ઘેર તેડી લાવ્યા. પલંગ પાથરી સુંદર શૈયા તૈયાર કરી શ્રી ઘનશ્યામ પ્રભુને શૈયા ઉપર પધરાવ્યા.અને પ્રભુના ગુણગાતાં થકાં પ્રભુને રાખતા હતા. ભક્તજનોએ સુંદર રસોઈ તૈયાર કરાવરાવી. સુંદર થાળ તૈયાર કરી પ્રભુને જમાડયા. પ્રભુ જમી સર્વ સંતગણ તથા ભક્તજનોને ખૂબ પ્રેમથી જમાડી તૃપ્ત કર્યા. પ્રભુએ ભક્તજનોની રસોઈને ખુબ વખાણી રાજી કર્યા. ભોજન કર્યા પછી મહાપ્રભુ પલંગ ઉપર જઈ પોઢી ગયા. સવારમાં વિહાન વેળાએ વહેલા જાગ્યા. શૌચાદિ નિત્યક્રિયા કરી તૈયાર થઈ સર્વ ભક્તગણ સમુદાયની સાથે **જેતલપુર** પધાર્યા. જગતના સ્વામી કોઈપણ જાતના દોષથી રહિત નિર્લેપ એવાં નિર્ગુણ અને નિષ્કામ એવા સર્વના સ્વામી **જેતલપુર**માં પધારીને ફુલદોલનો મોટો ઉત્સવ કરી લોકોનાં ભવફંદને દુર કરવા તેમજ અંધશ્રધ્ધાના બંધનથી મુક્ત કરવાના ધ્યેયથી ઉત્સવ કરવાનો નિર્ણય કર્યો. કુંમકુંમ પત્રિકાઓ લખીને જગતને પાવન કરનારા પ્રભુએ ગામો ગામ મોકલી સર્વ સંતગણ તથા ભક્તજનોને પોતાની પાસે તેડાવવા સમાચાર મોકલ્યા.મુક્તાનંદ સ્વામી આદિ સંતો આવ્યા. આવીને શ્રી હરિ મહાપ્રભુના ચરણોમાં શીશ નમાવી વંદન કર્યા. તથા **રામદાસ** આદિક બધા જ સંતો ત્યાં **જેતલપુર** આવ્યા. બધા જ ગામો ગામથી હરિભક્તો આનંદ પામતા થકા આવ્યા. શ્રી હરિએ ફુલદોલ ઉત્સવના આમંત્રણથી બોલાવેલા તે આવ્યા. અને તે ભક્તો **જેતલપુર** આવી શ્રી હરિ મહાપ્રભુને ચરણ કમળનો સ્પર્શ કરી વંદન કરી અતિ આનંદ પામ્યા અને નિર્ભય થયા. ફુલદોલનો ઉત્સવ કરી મહાપ્રભુ **જેતલપુર**થી **વહેલાલ** ગામે પધાર્યા. ત્યાં **જેસંગભાઈના પિતાજી રૂઘનાથભાઈ** બિમાર હતા. તેથી અસવારોની સાથે મુનિજનોની સાથે પ્રભુ પધાર્યા. ત્યાં રૂઘનાથભાઈ તથા બીજા સર્વે ભક્તજનોને દર્શન દઈને ભક્તજનોએ કરેલી સેવાને ગ્રહણ કરીને ભક્તજનોને રાજી કર્યા. અને ગામમાં પધારી પુરને પાવન કર્યું. આવી રીતે પોતાના આશ્રિત ભક્તજનોને દર્શન દઈ એમની ઉપર ખૂબ જ દયા કરી. મહાપ્રભુ **વહેલાલ**થી **ગામડી** ગામે પધાર્યા. **ગામડી**ના ભક્તોનો દ્રઢ ભાવ જાણીને દર્શન આપવા માટે પધાર્યા. દર્શન કરીને ખૂબ જ રાજી થયા. અને સુંદર રસોઈ બનાવીને જમાડ્યા. જમીને જગતત્રાતા સર્વના જીવન પ્રાણ ત્યાંથી ચાલ્યા ત્યારે માર્ગમાં આવતાં વચ્ચમાં સંતો મળ્યા. સંતો સર્વે **અસલાલી** ગામેથી જમીને પ્રભુના દર્શન કરવા માટે જ ખાસ આવ્યા હતા. તે ભેગા થયા. સાથે મળી **જેતલપુર** આવ્યા.ગામની ઉતરમાં સુંદર મોટા વડનાં વૃક્ષો શોભતાં હતાં. ખૂબ જ ઠંડી છાંયા હતી તે વડની ઘાટી છાંયા તડકાને રોકતી હતી એટલે ખુબ જ

અનુકુળ લાગતી હતી. તે વડની છાંયામાં સુંદર સભા કરી.બધા સંતો પ્રભુને મળ્યા ભગવાનને દંડવત પ્રણામ કર્યા. બધાને મળીને પ્રભુને ખુબ જ શાંતિ થઈ અને શોભાનો વધારો થયો. ત્યાંથી અજીત પ્રભુ પોતાના મંદિરમાં પધાર્યા. ત્યારે ખુબ જ વાજિંત્રો વગાડતા થકા ભાવથી મંદિરમાં લાવ્યા. ઉતારો કરાવ્યો અવનીશ પ્રભુ મંદિરમાં ઓટલા ઉપર બેઠા. દેવો મુનિજનોના સ્વામી મહાપ્રભુ વાતો કરતા હતા તે વાતો સાંભળીને ખુબ જ એકાગ્ર ચિત્તવાળા થયા અને જ્ઞાનની વાતો સાંભળી ધર્મને દ્રઢતાથી ધારણ કરતા હતા. શ્રી હરિએ સર્વને પોતાના દ્રઢ આશ્રિત જાણીને ઉપદેશ કર્યો. ત્યાર પછી તૈયાર કરીને સંતોની સાથે જમ્યા. ત્યાર પછી પુરુષોત્તમ નારાયણ પ્રભુ ફરી પાછા આસન ઉપર વિરાજમાન થઈ ઉપદેશની વાતો કરવા લાગ્યા. અષ્ટપ્રકારે બ્રહ્મચર્યનું પાલન કરીને ભાવના પૂર્વક મારૂં ભજન કરો દેવોને દુર્લભ એવું મહાસુખને પામો અને અંતે મારા પરમધામ અક્ષરધામને પામી મારા ચરણમાં વાસ કરો. મોહ, માન, મદ, ગર્વ, કામવાસના, આશા, તૃષ્ણા આદિ સર્વનો ત્યાગ કરીને મારી આજ્ઞાનું હૃદયથી પાલન કરીને સદાય માટે સુખ આનંદના ઓઘમાં રમતા રહો. મારા બધાં જ આશ્રિત હરિભક્તો રાજી થઈને તમે પંચવર્તમાનને દ્રઢ પણે પાળતા થકા ખુબ જ ભાવભરીને મને ભગવાન જાણીને ભક્તિ કરો. આવી રીતે ઘણી વાર સુધી વાતો કરીને બહુનામી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ રાત બહુ જ વીતી ગઈ છે એમ જાણીને જગતના પતિ શ્રી હરિ પોઢી ગયા. સવારમાં પ્રભાત સમયે જાગ્રત થયા. નિત્ય કર્મ કરી પછી પ્રભુ ફુલદોલના વાતાવરણને જોઈને જગતના ડોળથી જગતને તારવા માટે જગત વંદન કરવા યોગ્ય સ્વામી લોકોના સુખ કરવા સંતોની સાથે રંગ ખેલ ખેલતા હતા.

શ્રી હરિ અમદાવાદના ભક્તજનોને સુખ આપી ઈચ્છિત વરદાનો આપી ધર્મનંદન મહાપ્રભુ સર્વનાં સુખ કરનારા આનંદ કરતા થકા **અસલાલી** ગામે પધાર્યા. પોતાની ઈચ્છાથી જગતનાં હિત કરવા પ્રભુ પધાર્યા. **જેતલપુર**માં જગતના જીવન પ્રાણ પ્રભુએ પોતાના આશ્રિત જનોને ખુબ જ સુખ આપ્યાં આવી રીતે ભગવાનના અલૌકિક ચરિત્રોનું આઠમું તરંગ શ્રી હરિલીલાસિંધુની લહરી રૂપે પૂર્ણ થયુ.

**આવી રીતે શ્રી હરિલીલાસિંધુમાં આઠમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બ્રહ્મચારી રચિત છંદ ભાષામાં શ્રી હરિએ જેતલપુરમાં ફુલદોલોત્સવ લીલા કરી તેનું વર્ણન કર્યુ એ નામે આઠમો તરંગ પૂર્ણ થયો. ।। ૮ ।।**

## તરંગ-૯

આનંદસિંહ રાજા કહે છે. હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! કરૂણા કરનારા હરિએ કેવી કરૂણા કરીને લોકોના દુઃખો પીડાઓને હરીને સુખી કર્યા અને જેતલપુરમાં ફુલદોલનો મહામહોત્સવ કર્યો તે શ્રી હરિ પોતાની ઈચ્છાથીજ ખેલખેલ્યા એ ચરીત્ર મને આપનો દાસજાણી ને સર્વના ત્રાસને દુર કરનારા હે અવધેશ ગુરૂ! આપ સુખનિવાશ પ્રભુના દર્શન કરીને જેનું ભજન કરે છે એ પ્રભુના ચરીત્રો મને કહો.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે હે આનંદ રાજન્ ! તમને ધન્ય ધન્ય છે શ્રીહરિ લોકોના કષ્ટને હરવાનું કામ કરે છે એ શીરતાજ પ્રભુના ચરિત્રોનો આનંદ અંતકરણમાં લાવીને પ્રશ્ન પુછોછો એજ તમારા માટે ધન્યવાદ છે તે તમારા પ્રશ્નની વાત હું તમને કહું છું તે સાંભળો. પુત્ર સ્વામિનારાયણ ભગવાન તેજ સર્વજગતના સાક્ષાત

સુખના સિન્ધુ છે એમનો જે ફુલડોલનો ઉત્સવ કર્યો તે વાત કહું છું  હે રાજન્ !હવે હું વાતનું વર્ણન કરુ છું ભગવાને જે રંગલીલા કરી તે ચરીત્ર કથા રુપે તમને કહું છું તો સાવધાન થઈને સાંભળો. શ્રી હરિ સવારે વહેલા ઉઠવાની વેળા થઈ ત્યારે જાગ્યા, શૈચ આદી બધી ક્રીયાઓ કરીને સુખધામ તૈયાર થઈને પધાર્યા, દુધનું પાન કરીને શ્રી હરિ રાજી થઈને કહે બધાજ વસંતના કપડાં પહેરીને તૈયાર થઈ જાવ હાસ્ય વીલાસ યુક્ત વચનો પ્રભુ મુખથી બોલતા હતાં તમે સુખના સાધન માટે તૈયાર થઈ જાવ આપણે રંગ ક્રીડા કરી અનેક ને સુખનું ચરીત્ર બતાવીએ આવી રીતનું શ્રી હરિનું કહેવું સાંભળીને અને સંતોએ ભેગા મળીને રંગરમવા માટેની તૈયારી કરી. સોનાની પીચકારી લઈને રંગથી ભરી દીધી હરિએ કેડે વસ્ત્રથી કસીને  કચ્છ બાંધી દીધો મુખથી મંદ મંદ હસતા થકા પીચકારી ભરીને ઉપર ધસી આવતા પ્રભુ બધાના મુખ રંગતા હતાં.

હે રાજા! બધા સત્સંગીઓ અતી ઉમંગ ઉત્સાહથી રમતા હતાં ત્યારે હરિ રંગભરીને બધાની ઉપર છાંટતા હતા તેથી ચારે બાજું કીચ્ચડ જેવું થઈ ગયું.  આ રંગલીલા ઉત્સવ **જેતલપુર**માં મંદિરની વચ્ચો વચ્ચ થયો ને અદ્‌ભૂત લીલા કરી મહાપ્રભુ લાલ ગુલાલ અબીલને ઉડાડતા હતાં સર્વના ભયને ભાંગનારા સર્વભક્તજનોના સ્વામીને રંગરમાવામાં ખુબજ મનભાવતું હતું એટલે ચારે બાજુ રંગનાખીને સુંદર ખેલ કરતા હતા ભગવાને ચારે બાજુ ફરીફરીને રંગ ઉડાડ્યો ત્યારે તે લીલાને જોવા દેવોનાં વિમાનો આકાશમાં છવાઈ ગયા અને દેવો દઢભાવથી નીરખીને દર્શન કરતાં હતાં ને આનંદ પામતાં હતાં હે રાજન્ ! આ રંગ લીલાના ઉત્સવમાં અનેક વાંજાઓ વાગતાં હતાં શોભા ખુબજ થતી હતી જાણે આકાશમાં મેઘ ગાજતો હોય તેવું વાતાવરણ લાગતું હતું. ભગવાનના વસંતના પદોને સંતો ગાવતા હતાં આ લીલાને નરનારીજનો બધા જ નેત્રોથી એક ચીત્ત થઇ જોયા કરતાં હતાં સંતો સર્વે અરસપરસ રમતાં હતાં  શ્રીહરિ બધાંની સાથે રમતાં હતાં ત્યારે ભયને હરનારા રંગની પીચકારી હાથમાં લઈને પૃથ્વી ઉપર ચારે બાજુ ફરતાં હતાં ને રંગ નાખતાં હતાં તેથી પરીશ્રમ થવાથી મુખ ઉપર પરસેવાના બિંન્દુઓ થયા હતાં તોય પ્રભુ વિશેષ શોભતા થકા રમતા હતા ત્યારે ચંદ્રમાસમાન મનોહર મુખ ઉપર પરસેવાના બિંન્દુઓ મોતીની સમાન શોભતા હતાં તેથી પ્રભુની છબી અલૌકીક થતી હતી અતિ ઉમંગથી રંગનો ખેલ કરીને પ્રભુ ખુબજ શ્રમવાળા થયા હતાં તેથી રમવાનો વિરામ કરી સૌ સંત ભક્તજનની સાથે દેવસરોવરે સ્નાન કરવા પધાર્યા. સર્વ ભક્તજન સમુદાયની સાથે સરોવરમાં સ્નાન કરતાં હતાં ત્યારે બહુજનની ભીડ થઇ હતી ઘનશ્યામ પ્રભુ સરોવરમાં સ્નાન કરતાં થકાં સંતોની સાથે ખુબ જળક્રીડાં કરતાં હતાં અને સૌ સંત ભક્તજનોને આનંદ આપી રાજી કરી જળમાંથી બહાર નીકળ્યા કોરા વસ્ત્રથી અંગોને કોરાં કરી સફેદ વસ્ત્રોને ધારણ કરી તૈયાર થઈને ઘોડા ઉપર અશ્વાર થઈને મંદ હાસ્ય કરતા પધારતા હતા.આવી રીતે શ્રી હરિ મહાપ્રભુ **જેતલપુર**માં ફુલડોલનો મહારંગ ઉત્સવ કરીને દેવ સરોવરમાં સ્નાનવિધી લીલા કરીને પાછા પુરમાં પધાર્યા પ્રેમી ભક્તોને દર્શન સુખ આપવા લાગ્યા ત્યારે પ્રેમી ભક્તો પ્રેમ ઉમંગથી પ્રભુની સુંગંધી ચંદન આદી પદાર્થોથી પુજા કરીને સુંગંધી પુષ્પોના હારો ધારણ કરાવ્યા શીર ઉપર પુષ્પોના તોરા ધારણ કરાવ્યા અને એકાગ્રચિત્તથી પ્રભુનાં દર્શન કરી પ્રેમ વિભોર થયા પછી પ્રભુના ચરણમાં ચંદન ચર્ચી તે ચરણોને પોતાના શરીર અને મસ્તક ઉપર ધારતા હતા આવી રીતે પ્રભુને ખુબ રાજી કર્યા અને ભક્તોને ખુબ આનંદ થયો. સંતોએ મહારાજ માટે માલપુવા, દુધપાકની રસોઈ પ્રેમથી તૈયાર કરી તેને ઘનશ્યામ પ્રભુને પ્રેમથી જમાડી. આવી રીતે **જેતલપુર**ના **આશજીભક્તે** આશા જીતીને રાજી રહેતા હતાં

અને બીજા ભક્તો પણ પ્રભુની સેવા કરી તેથી સુખધામી પ્રભુએ બહુસુખ આપ્યાં.

ત્યાર પછી પ્રભુ **જેતલપુર**થી ચાલવા માટે તૈયાર થયા ભક્તજનોના ભાવને પુર્ણ કરી મહાપ્રભુ સર્વ જીવોના કલ્યાણ દાતા સર્વજનોને સુખશાંતી આપવા શોભા વધારવા પ્રભુ **મછીયાવપુર** પધાર્યા ભક્તોના મનને હરવા પોતાના આશ્રિત ભક્તોના મનને ભાવતા થકા પોતાના આશ્રિતોને દર્શન દઈને **મછીયાવપુર**માં પધાર્યા અને પ્રભુને આવતા જોઈને નરનારી જનો સામા દર્શન કરવા માટે દોડયા પ્રભુના પ્રેમથી દર્શન કરી દરબારગઢમાં ઉતારા કરાવ્યા. મહાપ્રભુ **મછીયાવ** રાત રોકાઈ જીવોને જ્ઞાન ઉપદેશ આપી સુખ આપ્યા. ચંચલનેત્ર કમળવાળા મહાપ્રભુ ભક્તના ભાવને વધારતા થકા મોડી રાત્રે ત્યાં શયન કર્યું. સવારમાં વહેલા જાગ્રત થઈ શૈચવિધી આદી નિત્યકર્મ કરી પરવારી વીહાન વેળાએ જગતના નાથ ચાલવા તૈયાર થયા ચાલીને પ્રભુ **શીયાળ** ગામે પધાર્યા ભક્તજનોને દર્શન આપી ત્યાથી પ્રભુ **અડવાળ** ગામે પધાર્યા ખુબજ પ્યાર કરી પ્રીતમપ્રાણ મહારાજ પધાર્યા એટલે બધા ભક્તજનના મનમાં ખુબ જ આનંદ થયો, બધા જ લોકો પોતાના કામમાં પરોવાયેલા હતા તોય મહારાજ પાસે દોડીને આવતા હતા દર્શન કરતાં હતાં દેવના દેવ મહાપ્રભુ દર્શન આપીને તરત જ ચાલતા થયા આવી રીતે ભક્તજનોના માયાના ફંદને હરવા માટે માયાના બંધનથી મુક્ત કરવા માટે સંતોભક્તો જેમના ચરીત્ર ગુણ ગાતા હતા તે પ્રભુ ચરીત્ર કરતા થકા ગામો ગામ વિચરણ કરી કમલદલવચન પ્રભુ ભક્તજનોને દર્શન આપવા માટે **કારીયાણી** ગામે પધાર્યા.પ્રભુ પધાર્યા એટલે બહુજ વાજિંત્રો લઈને યંત્ર પખવાજ મંજિરા ત્રાંસા તુઈ તંબાળુ ઝાંઝ કરતાલ આદીક વાંજિત્રો લઈને **ખટવાંગ રાજા** પ્રભુની સનમુખ લેવા જતાં હતાં અને ખુબ જ પ્રભુનું સન્માન કરીને ખટવાંગ રાજાએ પોતાના મહેલમાં જ પ્રભુને નિવાસ કરાવ્યો પ્રભુને પોતાના પલંગ ઉપર વિરાજમાન કર્યા બધા જ લોકો દર્શન કરવા નરનારી સર્વે આવતાં હતાં ત્યાર પછી પ્રભુ અને સંતોભક્તો માટે સુંદર રૂચી પ્રમાણે ભોજનો તૈયાર કરાવ્યાં ત્યાર પછી અતિ આનંદ પૂર્વક પ્રભુને તથા સંતજનોને ખુબ જ ભાવથી જમાડ્યા.શ્રી હરિ મહાપ્રભુ ત્યાં સતત નિવાસ કરીને રહેતા હતા તે પણ લોકોના ત્રાસને દુર કરવા ત્રાસને હરનારા પ્રભુ પાણી માટે મીઠું સરોવર ખોદાવતા હતા મહાપ્રભુ લોક કલ્યાણનું કાર્ય કરતા હતા લોકો પણ સેવાનું કામ જાણીને કામ કરવા જોડાતાં હતાં દેશેદેશથી જનો આવતાં હતાં નરનારીઓના સંઘો આવતા હતા તે સર્વ અનેક ભક્તજનો હરિનાં દર્શન કરીને જગતથી મતવાલા થઈને પ્રભુની મરજી જાણીને અતિ પ્રેમથી તળાવ ગળાવવા જોડાતાં હતાં. તળાવ ગાળવામાં લોકોના દુખ હરવામાં પ્રભુ પ્રાતઃકાળમાં ઉઠીને પરવારીને જતા હતા અને મધ્યાન સમયે ભોજન કરાવવા માટે પધારતાં હતાં. બપોરે પધારે ત્યાર પછી સુર્ય જ્યારે નીચે ઢળવા માંડે ત્યારે સર્વે સંતો અને હરિજનોને સાથે લઇને તળાવ ગાળાવતા હતાં. ત્યાં જાય તે સરોવરના જળનો ઉપયોગ પુરનાં મનુષ્યો પશુઓ પક્ષીઓ સર્વે પાણી પીવા વાપરવાના ઉપયોગમાં લેશે.આવી રીતે પ્રભુ રોજે રોજ પ્રેમથી લીલા કરતા થકા લોકો ના ભાવને હરિ લેતા હતા આવી રીતે નરનારીની ચિંતા હરિલેતા હતા એવા પરબ્રહ્મ પુરૂષોત્તમ નારાયણ પ્રભુ પરમ પૂર્ણદાતા જીવોનાં સુખને કરતાં હતાં મોક્ષ આપતા હતા આવી રીતે પરબ્રહ્મ પરમેશ્વર ભગવાન કારીયાણીમાં પંદર દિવસ રહ્યા એમની સાથે સર્વે સંતો રહેતા હતા એમને ખટવાંગ નામના રાજા તથા વસ્તાભાઈ આદીક ભક્તજનો સર્વે સેવા ભક્તિ કરવામાં ખુબ જ તૈયાર રહેતા હતા.એ વસ્તાભક્તના ફળિયામાં લીબડાના વૃક્ષને જોઈને મહા પ્રભુ પુરુષોત્તમ નારાયણ પ્રભુએ વૃક્ષ નીચે સર્વના ભયને હરનારા પ્રભુ પધારતા હતા તે વૃક્ષ નીચે ડાબા પડખે નમીને શાંતીથી ઉપદેશની વાતો કરતા હતા પોતાના આશ્રિતજનોને પુર્ણ કામ પ્રભુ જ્ઞાન ઉપદેશ કરી સમજાવતા

હતા.ઘનશ્યામ પ્રભુ ભક્તજનોને સમાધી કરાવતા હતા, સુંદર સમાધીમાં ભક્તજનો પરમ આનંદમય સુખને પામતા હતા સમાધીમાં શોભા યુક્ત એવું અક્ષરધામ અનંત તેજોમય એવું જોતા હતા તે ધામમાં અનંત અક્ષરમુક્તોને જોતા હતા તે મુક્તોની વચ્ચે મનોહર રૂપે વિરાજમાન ભગવાનને જોતા હતા. લીંબતરુ નીચે બધાજ લોકો જાગતા હતા એમને પ્રભુ વાતો કરતા હતા ત્યારે તે લોકો અતિ તેજના સમુહને જોતા હતા તે તેજના પુંજમા અનંત મુક્તોથી વીંટાયા થકા જગતના સ્વામી વિરાજમાન હતા એ રીતે જોતા હતા તે જ પ્રભુ આ પોતે જ સહજાનંદ સ્વામી છે તે સર્વ ઈશ્વરોના ઈશ્વર મનોહર મુર્તિ છે રાધારમા આદીક રાણીઓ આ પ્રભુના ચરણકમળને સેવે છે અને એમના મહીમાને જાણે છે એટલે જ સેવે છે તે પોતે જ સર્વના રંજન કરનારા આનંદ આપીને પોતામાં આંજનારા સજ્જનોને સુખ આપે છે ભક્તોના ભયને હરે છે એજ પોતે સાક્ષાત પ્રભુ આ દરબારગઢમાં વિરાજમાન છે એજ સર્વ જગતના કારણ પોતે જ સુખદાઈ નારાયણ પ્રભુ વિરાજે છે. આમ કહીને લોકો મૌન રહ્યા તે લોકો આ વાત સાંભળીને બધાજ લોકો રાજી થયા આવી રીતનો આનંદ અવતારના અવતારી પ્રભુ રાજાધિરાજ સુખકારી સર્વ ભક્તજનોને પરમ જ્ઞાન આપી સુખ આપતા હતા. પછી પ્રભુ સંતોને વાતો કહેતા હતા **મુક્તાનંદ સ્વામીને સુખદાતા કહે તમે ધાંગધ્રાપુર જાઓ** ને જ્ઞાન વાર્તાઓ કરીને લોકોને ઉપદેશ આપો એમને ભગવાનના આશ્રિત કરી ભવસાગર પાર ઉતારો.મહારાજની આજ્ઞાને શીરપર ધારીને આનંદ પામતા મુનીવર મુક્તાનંદ સ્વામી **ધાંગધ્રાપુર** ગયા અને મહાપ્રભુ સંઘને સાથે લઈને ગુજરાત તરફ પધારતા હતા, ચાલીને **ખરડગામે** પધાર્યા ભક્તજનોને દર્શન દઈ બધાને રાજી કરીને મહાપ્રભુ ત્યાથી વિદાય થયા ભક્તોને ખુબ જ રાજી કર્યા, ત્યાંથી ચાલીને ચપલનયન અનંતપ્રભુ બળવંત મહાપ્રભુ **બોડાણે** પધાર્યા પોતાના આશ્રિત **જેઠસુર ભક્તે** પ્રભુને ઓળખીને સન્માન કર્યું મહાપ્રભુ રાત રોકાઈ ઉપાદેશ આપી સુખ આપ્યા. રાત્રે શયન કરી સવારમાં વ્હેલા મુની નાથ પ્રભુ ત્યાંથી ઘોડા ઉપર અશ્વાર થઈને ચાલતાં થયા.**બોડાણા**થી સમર્થ પ્રભુ ચારુતર દેશમાં પધાર્યા.એમા **બોચાસણ** નામનું ગામ પ્રસિધ્ધ છે એ ગામમાં પરમ એકાંતીક ભાગવત ભક્ત **કાશીદાશ** નામના પ્રસિધ્ધ રહેતા હતા એ કાશીદાશના ઘેર બહુનામી પધાર્યા ત્યારે રાત થઈ ગઈ હતી પ્રભુ પધાર્યા એટલે ભક્તજન બહુ રાજી થયા પ્રભુએ એમના ભવભયને તોડ્યા. નીર્ભય કર્યા ત્યાં નિવાસ કરીને રહ્યા ભક્તજનોએ સર્વને માટે રસોઈ તૈયાર કરી, સર્વજનોને પ્રેમથી જમાડ્યા પ્રેમથી મહાપ્રભુ થાળ જમી તૃપ્ત થયા સુંદર શૈયા તૈયાર કરેલી હતી તેમાં પોઢી ગયા જગતના સ્વામી પોતાની ઈચ્છાથી પ્રભાતમાં વહેલા ઉઠી તૈયાર થઈ ત્યાથી **વડતાલ** ગામે પધાર્યા તે **વડતાલ** ગામ અતિ સ્વચ્છતાથી શોભતું હતું એના ચોકો અને ચોતરાઓ ખુબ જ શોભતા હતા, ખુબ જ વેલીઓ વૃક્ષો ઉપર ચડેલી હતી એ શોભતી હતી તે શોભાને જોઈ દેવો મુનીજનોના મનને લોભાવતી હતી. તેથી ખુબ જ આકર્ષણ લાગતું હતું વૃક્ષો ઉપર જાત જાતના પક્ષીઓ અલૌકીક વાણી બોલતાં હતાં અને ત્યાંની પૃથ્વી વેલીઓથી લપેટાયેલી શોભતી હતી **વડતાલપુર**ના સર્વ પ્રજાજનો નરનારીઓ પ્રગટ પ્રભુના ચરણના આશ્રયવાળાં પ્રેમભાવથી ભજન કરતાં હતાં પ્રભુને આવતા જાણીને જગતપતીની સામે દોડીને સામા આવતા હતા. પ્રભુના ગુણ ગાતા ગતા જતા હતા પ્રભુ પાસે આવી ચરણ કમળનો સ્પર્શ કરી ખુબ જ રાજી થયા ખુબ આનંદ ઉત્સાહવાળા થયા જગતપતિ લોકોના સમુહની સાથે નગરમાં પધારતા હતા, ત્યારે પુરની નરનારી સર્વ મકાન ઉપર જરૂખે ચડીને પ્રભુનાદર્શન કરી આનંદ પામતા હતા અને મુખથી હાસ્ય કરતા થકા નેત્ર લજ્જાવાળા કરીને કુમારીકાઓ પ્રથમથી નાથને નીરખીને મનોહર મૂર્તિને જોઈ સ્થીર થઈ જતી હતી હાથમાં સોનાના ફુલ લઈને પ્રભુપર વરસાદ કરતી હતી

પ્રેમથી પ્રભુને વધાવતી હતી કેટલીક સ્ત્રીઓ રજત ફુલો લઈ વર્ષા કરતી હતી. પ્રાણનાથ પ્રભુ સંતોની સાથે **વડતાલપુર**માં પ્રવેશ કરતા હતા ત્યારે પુરની પ્રેમભરપુર સ્ત્રીઓ ભક્તજનોને પોતાના આશ્રિત જાણીને સુખ આપવા પધાર્યા.શ્રી હરિ **વડતાલપુર**માં બાપુભાઈના ઘરમાં નિવાસ કરાવીને રાખતાં હતા. પ્રભુ મોડી રાત સુધી ભક્તોને ઉપદેશની વાતો કરી ભવસાગરની ભીંડને હરતા હતા પ્રભુની વાર્તા સાંભળીને સર્વે નરનારીજનો મનમાં ખુબ જ આનંદ વ્યાપ્ત થઈ જતા હતા. ઘનશ્યામ સુખધામ પ્રભુના દર્શન કરી ખુબ સુખ પામ્યા શ્રી હરિ લોકોના દુઃખોને હરીએ સુખ આપ્યાં સર્વનું મંગળ કરવા પ્રભુ પોઢી ગયા પ્રભુ ત્રણઘડી સુધી પોઢતા હતા.

ફુલડોલનો રંગ ઉત્સવ **જેતલપુર**માં કરી પ્રભુ **મછીયાવપુર** પધાર્યા ભક્તજનોને દર્શન સુખ આપીને **કારીયાણી** પધાર્યા ને ભક્તજનોને ખુબ સુખ આપ્યા બળવંત મહારાજા **બોચાસણપુરે** પધાર્યા, ભક્તજનોને દર્શન આપી **વડતાલપુરે** પધાર્યા, **વડતાલ**માં પણ અદભુત સુખો આપ્યા આવી રીતે નવીન ચરીત્ર સંપુટનું શ્રી હરિલીલાસિંધુના આઠમાં રત્નનું નવમું તરંગ લહરી રૂપે પુર્ણ થયું.

**આવી રીતે શ્રી હરિલીલાસિંધુમાં આઠમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બ્રહ્મચારી રચિત છંદ ભાષામાં શ્રી હરિએ વડતાલપુર શોભાવર્ણન નામનો નવમો તરંગ પૂર્ણ થયો. ॥ ૯ ॥**

## તરંગ-૧૦

આનંદરાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! શ્રી વિશ્વાધાર પ્રભુ વડતાલપુરથી હરિકૃષ્ણભગવાન કયા ગામે પધાર્યા એ બધીજ વાતો મને સંભળાવો. હે ગુરુ ! આ ભગવાનના ચરિત્રની વાતો સાંભળવા મને તૃષ્ણા થઇ છે તો કહો. આ ભુમંડળની ભુમી ઉપર ધર્મદેવના ઘેર જન્મ ધરીને ધર્મ પ્રારંભ્યો ધર્મદેવના ઘેર શ્રીહરિએ પ્રગટ થઈને ધર્મકુમાર તરીકે પ્રસિધ્ધ થયા ધર્મના દ્વેશીઓ પૃથ્વી ઉપર પીડા આપવા લાગ્યા. પાખંડધર્મ પ્રર્વતાવતા હતા એટલે ધર્મદેવને ત્યાં અવતાર ધારણ કર્યા ને ધર્મની સ્થાપના કરવાનો નીર્ણય કર્યો એજ શ્રી ઘનશ્યામ પ્રભુના બધાજ ચરીત્રો પવિત્ર સાંભળવાથી દ્રઢ પ્રીતી થાય છે. તો આપ મને એ ચરીત્રો મારી ઉપર કૃપા કરી હે અવધપ્રસાદજી મારા ગુરુદેવ ! મહાપ્રભુના સર્વ ચરીત્રો મને સંભળાવો.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે ઋષિરાજ ! તમે તો ભુમીના પાલન પોષણ કરનારા તમને ધન્ય ધન્ય છે, કેમ કે તમે સર્વના આદીપુરુષ અવતારના અવતારીના અલૌકીક ચરીત્રો તમે પુછ્યા છે તેથી તમે ધન્ય ભાગ્યવાળા છો સર્વજગતના સ્વામી મહાપ્રભુ જયાં જયાં વિચર્યા, સુખદાતા વચમાં જયાં રાત પડી ત્યાં રોકાતા થકા સુખ આપતા હતા તે તે ગામોના નામો પ્રસિધ્ધ છે તે તમને કહું છું તમે સાંભળો.

સર્વજનોના મનને આનંદ આપનારા જગતના સ્વામી પોતાના આશ્રીતોના સુખદાતા દેવોના શત્રુ અસુરતત્વોનો નાશ કરનારા એવા પ્રભુના અદભુત ચરીત્રો કરનારા મધુરવાણીથી કહે બાપુભાઈ અમે હવે અત્યારે જ જઈયે છીએ એ તમે સાચુ જ માનજો આ પ્રમાણે પ્રભુ બોલ્યા ને તરત જ **વડતાલપુર**થી પ્રભુ અશ્વારી તૈયાર કરાવીને અવીનાશ મહાપ્રભુ **પીજપુર**માં પધાર્યા સર્વજનોના મનને ખુબ જ જયકારી પ્રભુ ભાવતા હતા.

શ્રી હરિને આવેલા જાણીને ખુબ પ્રેમ પ્રગટ થયો, પ્રભુને માટે ભેટ લઈને સામા આવવા લાગ્યા ને મુખેથી પ્રભુના ગુણને ગાતા થકા આવીને ભેટ અર્પણ કરી રાજી થયા અને દર્શન કરી સુખ પામ્યા લોકોના દુઃખોને

હરતા હતા. પ્રભુને સનમાનવા અનેક વાઝાં વગાડતા હતા તેથી મેઘગાજતો હોય તેવું વાતાવરણ ભાસતું હતું આમ સર્વ ભક્તજનોની વચ્ચમાં પ્રભુ શોભતા હતા આમ ભક્તપતિ ભગવાન પુરમાં પધાર્યા. ભક્તજનને સુખ આપતા થકા મહા પ્રભુને સુખનિવાસમાં ઉતારો કરાવતા હતા. **બચાભાઈના** અને **મકનભાઈ**ના ઘરે ઉતારો કરાવીને સુખ આનંદ પામતા હતાં એમની મેડી ઉપર નિવાસ કરીને રહેતા હતા અને રસોઈ તૈયાર કરાવીને થાળ કરીને પ્રભુને જમાડતા હતા સર્વ ભક્તજનોને જમાડી તૃપ્ત કરતા હતા. પછી પ્રભુ પલંગ ઉપર પોઢી ગયા રાત્રે નરનારીજનોને ઉપદેશ આપી સુખ આપતા હતા મોડી રાત્રે શયન કરી, સવારમાં વહેલા ઉઠીને દીનદયાળું નિત્યકર્મ કરીને પરવારી સુખકારી શ્યામ લોકોનાં દુઃખજાળને હરતા હતા ને સુખ કરતા હતા. પછી પ્રભુ **પીજ** થી **ડભાણપુર** પધાર્યા ત્યારે ગામના લોકોને વાતની જાણ થઈ એટલે લોકો પ્રભુના દર્શન માટે દોડતા હતા ત્યારે આગેવાનો આગળ વૃધ્ધો-બાળકોને છોડીને બધા આવતા હતા. એમા યુવાનો અતિ ઉતાવળા આવતા હતા તે ભગવાનને નિરખીને પગપાળા આવતા ભગવાનની મૂર્તિને નેત્રમાં ઉતારતા હતા. ત્યારે પ્રભુ સર્વલોકોની સાથે ગામમાં જવા ચાલ્યા સર્વે જનો સનાથ થયા પ્રભુને હૃદયમાં ધારતા હતા ચરણ કમળમાં નમન કરતા હતા. પ્રભુ સર્વના મનને હરતા થકાં સર્વનરનારીને ચકીત કરતા હતા. લોકો પ્રેમથી પ્રભુને જોતા હતા ઘનશ્યામ પ્રભુની સાથે પુરમાં આવતા હતા ત્યારે બધાના મનમાં ખુબ જ આનંદ વધારતા હતા. સર્વના કર્મના પાપોનો નાશ કરતા હતા આવા પ્રાણપતિ પોતાના નેત્રોથી પુરની સુંદર શોભા જોઈ અતિ સુખકારક લાગતી હતી આ પ્રમાણે ભુમીની પણ સારી શોભા જોઈ તેમા હજારો વૃક્ષ વેલીઓ અપાર શોભતાં હતા તે વૃક્ષો ઉપર પક્ષીઓનાં ટોળાઓ સુંદર બોલ બોલતાં હતાં કલરવ કરતાં હતાં અને મુનીજનો સુંદર છંદોવડે ગાતા હોય તેમ સંભળાતું હતું.

**ડભાણપુરી**ને જોઈને મુનીઓના સ્વામી શ્રી હરિ રાજી થયા ત્યાંના માર્ગો અતિશય સ્વચ્છ હતા. વાતાવરણ ખુબ જ શાંત હતું શ્રી હરિ મહાપ્રભુ સર્વજન સમુદાયની સાથે પુરમાં પધારતા હતા ત્યારે પુરુષો અને નારીઓ મધુર રાગે પ્રભુના ર્કિતનો ગાતા હતા ખુબ પ્રેમકરીને પ્રભુને પુરમાં લઈ જતા હતા. નવીનનાથ નારાયણ પ્રભુને ખુબ જ પ્રેમથી પુજતાં હતાં. અને વધાવતાં હતાં. આવી રીતે પ્રભુ પુરના જનોના નેત્રોને સુખ આપી પ્રભુ પ્રેમી ભક્ત રહેતા હતા તેમની પાસે પધાર્યા.એમના મનની આશાપુરનારા પ્રભુ **વિષ્ણુદાસભક્ત**ને ઘેર પધાર્યા ને નિવાસ કર્યો. અવિનાશી પ્રભુ ત્યાં રાત રોકાઈને ધર્મજ્ઞાનનો ઉપદેશ આપીને સુખ આપી એમની આશાઓને પુર્ણ કરી. સવારમાં વહેલા ત્યાંથી ચાલવાની તૈયારી કરતા હતા. કરુણાના સાગર નારાયણ ભગવાન **ડભાણપુરી**થી લોકોના સમુદાયની સાથે એમના ત્રાસને હરતા અને સુખદેતા થકા જતા હતા. ત્યાંથી પ્રભુ **વસો** નામના ગામે પધાર્યા પ્રભુના સમાચાર જાણી લોકોના ચિંત્તને ખેચતા થકા ચાલ્યા આવતા હતા, પ્રભુ પધાર્યા એટલે પુરના લોકો પ્રભુના ચરણ કમળમાં પ્રેમ કરીને પ્રભુની પાસે દોડીને આવ્યા. પ્રભુના ચરણ કભ્મળમાં વંદન કરી દર્શન કર્યા, વાંજીત્રો વગાડતા થકા ભગવાનના ચરીત્રોના તથા વધામણાના કીર્તનો ગાતા થકા ગામમાં પધરાવતા હતા. મનમાં ખુબ જ આનંદ પામતાં હતાં ધર્મનંદન મહાપ્રભુ અક્ષરધામાધિપતિ લોકોના કલ્યાણના કામ કરવા માટે પવિત્ર આગેવાન શેઠ **જવેરભાઈ** નામના ભક્તને ત્યાં પ્રભુ રાત રોકાઈ ઉપદેશ આપી ધર્મનું જ્ઞાનનું સુખ આપ્યું. રાત્રે શયન કરી સવારમાં વહેલા પ્રાતઃકાળે જાગ્રત થયા લોકોના ભવસાગરના ભયને દુર કરતા થકા ત્યાંથી **ચાંગા** ગામે પધાર્યા. ઉદારમૂર્તિ ભક્તજનોને દર્શન દઈને **વડતાલપુરે** પધાર્યા.લોકોના જન્મને સફળ કરવાં તેમના મનને ખેંચતા હતા. દર્શનનું સુખ આપી વડતાલથી પ્રભુ **ઉમરેઠપુર**માં લોકોના સુખ કરવા પધાર્યા ત્યારે લોકો સામૈયું કરવા ભેટ આવ્યા

ભેટ લઈને પ્રભુને અર્પણ કરી વંદન કર્યા જગવંદન પ્રભુને ભક્તજનો અનેક પ્રકારના વાજિંત્રો વગાડી ભજન કીર્તન કરી પુરમા પધરાવતા હતા. પ્રભુ **ઉમરેઠપુર**ની શોભા જોઈ ધામના ધામી પ્રભુ વૃક્ષવેલીઓથી ગુંથાયેલા સમુદાયને જોઈને ખુબ રાજી થતા હતા અને તે સરોવરની પાળ ઉપર એ વૃક્ષોની શોભા સુંદર લાગતી હતી અને લોકોના મનને આનંદ પમાડતી હતી.પ્રભુ માર્ગમા લોકોના સમુદાયના ભીડા વચ્ચે ચાલતા હતા ત્યારે સ્ત્રીઓ મૃગના જેવી અણીયાળી આખોવાળી કોયલ જેવા મધુર કંઠથી ભગવાનના ગુણ ગાતી હતી. તે પુરની સ્ત્રીઓને પુરુષોના પ્રેમને વશ થઈને પ્રભુ લોકોના સમુદાય વચ્ચે ચાલતા હતા શ્રી ઘનશ્યામ પ્રભુની મનોહર મૂર્તિ બધાના, મનને અને નેત્રને ખેંચતી હતી સંતગણ શ્રીહરિના અદભુત કીર્તનો ગાતા હતા ને ચાલતાં ચાલતાં પ્રભુ લોકોના ચંચલ ચિતને ચોરતા હતા કેમ કે હરિ પોતાના અતિ ચંચલ નેત્રની ચાલ ચાલવાથી ચારે બાજુ જોતા થકા સર્વને પોતામાં ખેંચતા હતા ને માર્ગમા ચાલતા હતા.

હે રાજન ! મહાપ્રભુ જન સમુદાયની સાથે પુરમાં પધાર્યા હરિભક્તને ઓળખીને પ્રભુએ હાથ જાલ્યો તે અતિપરમ એકાંતીક ભક્તરાજ **નંદુ ઠાકર** નામથી લોકોમાં પ્રસિધ્ધ હતા. એ નંદુઠાકરે પ્રભુની પ્રાર્થના કરીને ખુબ જ આગ્રહ કર્યો ત્યારે પુરજનો પ્રેમથી દર્શન કરતા હતા ત્યાર પછી નંદુભાઈ ઠાકર પ્રભુજીને પોતાના ઘેર લાવ્યા એવા કમળનયન મનોહર કમળસમાન મુખ કમળવાળા પ્રભુ પ્રેમથી પધાર્યા પ્રભુને સુંદર પલંગ પાથરીને તેની ઉપર પધરાવ્યા પ્રેમી ભક્ત હાથ જોડી ઉભા રહ્યા ત્યારે દેવાધિદેવ મહાપ્રભુ તે ભક્તની સામુ જોઈને એમને અતિશય સુખ આપતા હતાં ને રાજી કરતા હતા. ભક્તજને પ્રભુને માટે રસોઈ કરીને પાક શાક તૈયાર કર્યા, એટલે પ્રભુએ પ્રેમથી પાક શાક આરોગતા હતા ને વારંમવાર વખાણ કરતાં હતાં આવી રીતે આનંદપુર્વક જમતા હતા ને સુખ આપતા હતા ધર્મનંદન મહાપ્રભુ **ઉમરેઠપુર**માં ધર્મસંબંધી ઉપદેશ કરી ચાર દિવસ ત્યાં રહી મહાપ્રભુએ ભક્તજનોને ખુબ સુખ આપ્યું. આવી રીતે પ્રભુ **ઉમરેઠપુર**માં નિવાસ કરીને રહ્યા હતા ત્યારે ત્યાં બ્રહ્મદેવોનું જુથ પ્રભુની પાસે આવ્યું હરિના દર્શન કરીને અતિ મનમાં રાજી રાજી થયા બલવીર પ્રભુએ એમને અતિ ગંભીરતાથી ઉપદેશની વાતો કરી તેથી ભુદેવો સર્વે સાંભળીને સ્થીર થઈ ગયા આવી રીતે ભક્તજનોને રાજી કરી પ્રભુ ઉમરેઠપુરથી ચાલ્યા ને **ડડુસર** પધાર્યા.ડડુસરના ભક્તજનોને દર્શન આપી ત્યાંથી આગળ ચાલી **સરખેદ** ગામે પધાર્યા ત્યાં સરોવરની પાળે સુખસાગર પ્રભુએ પોતાના ભક્તજનોનો ભાવ જાણી ત્યાં રોકાણ કર્યુ. ને ભક્તજનોના મનોભાવને પુર્ણ કર્યા. પ્રભુરાત રોકાઈ ભક્તજનોને ઉપદેશ આપી શયન કરી સવારમાં પ્રાંતઃકાળે ઉઠી સરખેદ ગામેથી **ઘમીજ** ગામ તરફ ચાલતા થયા ને શંકરનું કામ કરવા પધાર્યા ત્યાં સાંજે ભોજન કરી રાત રોકાયા ઉપદેશ આપી પાપનો નાશ કરી ચંચળ મૂર્તિ પ્રભુ પોતાના પ્રતાપને વિસ્તારતા થકા આગળ જવા માટે ચાલ્યા મહા પ્રભુ ધર્માત્મજ **વાસણા** ગામે થઈ **મોટા દેહગામે** પધાર્યા. તે ગામમાં **ગણેશભાઈ પટેલ** નામના ભક્ત ખુબ જ ભાવિક એકલા જ હતા પાકા સત્સંગી હતા ને તેમના ધર્મપત્નીનું નામ **ગંગાબાઈ** હતું, ખુબ જ પવિત્ર સ્વભાવના તે એકાંતિક ભક્ત હતાં એમણે પ્રભુ માટે રસોઈ તૈયાર કરીને ખુબ જ પ્રેમથી પીરસીને જમાડી તૃપ્ત કર્યા, ત્યાર પછી પ્રભુ રાત વાસો ત્યાંજ કર્યા ને સર્વાન્તરયામી પ્રભુ ધર્મકુમાર હરીએ જ્ઞાન ઉપદેશ આપી અજ્ઞાન અંધકારનો નાશ કરતા હતાં. સવારમાં જ વહેલા જાગ્રત થઈ નિત્યકર્મ કરી જ્યારે સુર્યનારાયણ ઉદય થયા ત્યારે ભગવાન સ્વામિનારાયણ ત્યાંથી જવા માટે આગ્રહથી તૈયારી કરતા હતા. ભક્તજનોને સુખ આપી ત્યાંથી માર્ગે ચાલતા થયા ઉતાવળી ગતિએ ચાલી લોકોના મનને હરતા થકા **પ્રાંતિજપુરે** પધાર્યા મહાપ્રભુએ પ્રાંતિજપુરની શોભા જોઈને સર્વના પ્રણતપાલ પ્રભુ ખુબજ પ્રસન્ન થયા. પુરના ચોકો, દુકાનો, થડાઓ, રસ્તાઓ બહુ જ વિશાળ હતા સર્વના સ્વામી ત્યાના વાતાવરણ રહેણી કરણી પાણીના સાધનોથી શોભતા તે પુરને જોતા હતા. તે પુરની બાજુમાં બોખો ઉપર

વૃક્ષના સમુદાયથી શોભતો હતો તેની ઉપર મોટો ગુંજારવ થતો હતો, વૃક્ષો ઉપર પક્ષીઓના કલરવ થતા હતા તથા ભમરાઓ ગુંજારો કરતા હતા પક્ષીઓના કંઠથી ગાવાનો મધુર સ્વર સંભળાતા હતા, તે બોખોના બંધોમાં પાણીનો સંગ્રહ અખુટ હતો તેથી લોકોના સંતાપને હરતો હતો તે જળમાં જાત જાતના કમળો ખીલેલા હતા તેમાંથી અતિ મનોહર સંગંધી યુક્ત પવન આવતો હતો વૃક્ષો ઉપર વિશાળ વેલાઓના ગુંથાણોથી વૃક્ષો વેલીઓના ફુલોથી શોભતાં હતાં ને ફળો પણ રસદાર થતાં હતાં. પ્રાંતિજપુરની ભુમી અતિ રમણીય હતી, જાણે સ્વર્ગલોક ન હોય! તેમ અનેક મકાનની અટારીઓ શોભતી હતી, શ્રી હરિને નરનારીજનો પોતાના નયનોથી દર્શન કરતાં હતાં. આવી રીતે ઘનશ્યામ પ્રભુ ભક્તજનોના હાથ પકડીને પુરમાં ચાલતા હતા મહાપ્રભુ બધા જ પુરવાસી જનોના પ્રાણને હરનારા કરુણાનીધાનની ઉપર દ્રષ્ટી જોડીને પ્રભુનાં દર્શન કરતાં હતાં પ્રભુ ચારેબાજુ જોતા થકા ચાલતા હતા ચતુર હરિ તે સર્વલોકોના મનના ફતુરને હરતા થકા દ્રઢ નિષ્ઠાવાળા કરી પોતાના સ્વરુપમાં જોડતા હતા, આવી રીતે સર્વના સુખધામ પ્રભુ સુખ દેતા હતા ઘનશ્યામ પ્રભુ પુરની વચ્ચમાં સુખપુર્વક ચાલતા હતા ત્યારે જાત જાતના વાજીંત્રો વાગતાં હતાં. તેથી પ્રભુની સવારીની શોભા ખુબ જ થતી હતી આવી રીતે પ્રભુ પોતાના આશ્રિત જનોના ઘેર પધારતા હતા તે પુરના ભક્ત **મયારામ** નામના પ્રસિધ્ધ હતા તે પ્રભુનાં દર્શન કરી મનમાં ખુબ જ આનંદ પામતા હતા.ત્યારે પ્રભુને વંદન કરી અનેક પ્રકારોના પુજા પદાર્થોથી પુજન કરી પ્રભુની મૂર્તિ ચિત્તમાં ધારતા હતા ભક્તજને પ્રભુ માટે રસોઈ તૈયાર કરાવી સુંદર થાળ તૈયાર કરી પ્રભુને જમાડ્યા, જમી તૃપ્ત થઈ ત્યાં જ રાત્રી નિવાસ કર્યો ભક્તજનને ઉપદેશ આપી મનોહર મૂર્તિ કરુણા નિધાન શયન કરતા હતા, સવારમાં પ્રાતઃકાળે પ્રભુ જાગ્રત થયા નિત્યકર્મ કરવા માટે જનસમુદાયની સાથે પ્રભુ માર્ગમાં ચતુરાઈથી ચાલતા હતા. ને પ્રસિધ્ધ **સાબરમતી** નદીના જળનાં ધરામાં સ્નાન કરી ઉતાવળી ચાલે ચાલતા હતા મહાપ્રભુ પ્રાંતીજપુરના ભક્તજનોને સુખ આપી પ્રાંતીજપુરથી ચાલી પ્રભુ **સંઘપર** નામના ગામે થઈ ધર્મનંદનશ્રી હરિ **વિજાપુર** ગામે પધાર્યા પુરના ભક્તો પ્રભુ આવવાના સમાચાર જાણી ભગવાનના ચરિત્રોના ગુણોને ગાતા થકા પ્રભુની સન્મુખ આવ્યા પ્રભુના પ્રેમથી દર્શન કરી પગે લાગ્યા. ઘનશ્યામ પ્રભુના દર્શન કરી સર્વ નરનારીજનો પ્રેમથી પ્રભુને ઉતારે લાવ્યા. પુરના એકાંતિક ભક્ત **વજીબાઈ** અને **પ્રાગજીભાઈ** બંન્ને ભક્તજનોની જુગલ જોડી પુરમાં પ્રસિધ્ધ જ હતી તે ભક્તજનો પ્રભુને કહે આપતો ધામને ધરાના રાજા ધિરાજ છો ને અમે આપના દાસના દાસ છીયે. આમ કહીને પ્રાણપ્રિય પ્રભુને સુંદર રસોઈ બનાવી થાળ તૈયાર કરી સુંદર રીતે જમાડતા હતા પ્રેમથી પ્રભુ જમી મુખવાસ લઈને સુંદર તૈયાર કરેલ પલંગ ઉપર પ્રભુ પોઠી ગયા.

શ્રી હરિ મહાપ્રભુ **ઉમરેઠપુર** પધાર્યા ત્યાંથી ચાલીને **દહેગામ** પધાર્યા ત્યાથી પ્રભુ **પ્રાંતિજપુરે** પધાર્યા ત્યાથી સર્વના સ્વામી સર્વ ઈશના ઈશ સર્વના સુખધામ પુર્ણકામ સર્વના નાથના નાથ નામના નામી પ્રભુ **વિજાપુર** પધાર્યા મહાપ્રભુએ જેજે ચરિત્રો કર્યા તે બધા જ ચરિત્રો મે તમને સંભળાવ્યા તમે પ્રેમથી સાંભળ્યા આ ચરિત્રના સંપુટરૂપે દશમું તરંગ શ્રી હરીલીલાસિંધુની લહરીરૂપે પુર્ણ થાય છે એમ જાણવું.

**આવી રીતે શ્રી હરિલીલાસિંધુમાં આઠમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બ્રહ્મચારી રચિત છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદસિંહ રાજાના સંવાદમાં ઉમરેઠ પુરમાં શ્રી હરિએ વિચરણ કરી લીલા કરી એનું વર્ણન કર્યું એ નામનો દશમો તરંગ પૂર્ણ થયો. ॥૧૦॥**

# તરંગ-૧૧

અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદસિંહ રાજા ને કહે છે હે રાજન્ ! સહજાનંદ સ્વામી લાલકમળ સમાન નેત્રકમળવાળા મનોહર મૂર્તિ, હાથથી કોગળા કરીને કમળ સમાન નીર્લેપ સંતોરૂપી કમળવનને શાંતી કરનારા મહાપ્રભુ પોતે શયનમાંથી જાગ્રત થયા લોકોના મનને આનંદ આપતા થકા જગતના લોકોના જન્મ મરણના ભયનો નાશ કરતા થકા મદજર હાથીની ચાલે ચાલતા થકા, કળીકાળના મહા ભયંકર દુઃખોને દબાવતા હતા. એવા મહાપ્રભુ સુર્યનો ઉદય થવાથી જગતના અંધકારનો નાશ થયો ત્યારે પ્રભુ ઘોડા ઉપર અશ્વાર થઈને આશ્રિત જનોને સુખ આપતા થકા ચંચળ નેત્રકમળ મૂર્તિ જલદીથી ચાલતા થયા.

હે રાજન્ ! શ્રી હરિ મહાપ્રભુ અનેક જીવોના કલ્યાણના કામો કરવા માટે ચાલતા થકા ગુણના સાગર ગરીબોના બેલી રસીકવર પ્રભુ **ગેરીતા** ગામે પોતાના આશ્રિત ભક્તોના ઘેર પધાર્યા. હરિભક્તોને પ્રભુ પધાર્યાની જાણ થઈ ત્યારે બધા ભક્તજનો ભગવાનની પાસે આવવા લાગ્યા અનેક પ્રકારના વાજિંત્રો વગાડીને કીર્તનો ગાતા થકા પ્રભુ પાસે આવ્યા, પ્રભુના ચરણ કમળનાં દર્શન કરી ચરણ સ્પર્શ કરીને આનંદ પામતા હતા. મહાપ્રભુને વાજતે ગાજતે પુરમાં પધરાવ્યા.શ્રી હરિ સંઘની સાથે પુરમાં પધાર્યા, પ્રેમીભક્તના ઘેર પ્રભુએ ઉતારો કર્યો. ભક્તજનોએ સુંદર રસોઈ તૈયાર કરાવી મહાપ્રભુ પ્રેમીજનોની સાથે પ્રેમથી થાળ જમ્યા પ્રાણપતિ પ્રભુ થાળ જમીને પોઢી ગયા. પ્રભાત થયુ ત્યારે જાગ્રત થયા નિત્યકર્મ કરી પ્રભુ તૈયાર થયા, ભક્તજનોને અલૌકીક દર્શન સુખ આપી જવાની તૈયારી કરી સર્વ સમાજના સંઘ સાથે પ્રભુ ચાલીને **વસાઈ** ગામે પધાર્યા, પ્રભુ પધાર્યાના સમાચાર જાણીને ભક્તજનો ગાતા વગાડતા થકા સામા આવ્યા પ્રભુનાં દર્શન કર્યા, એટલે બધાના દુઃખો નાશ પામ્યાં બધાને ખુબ સુખ મળ્યું. બધાએ નીરખી નીરખીને ખુબ દર્શન કર્યા સાથે લાવેલી ભેટ પ્રભુને અર્પણ કરી આનંદ પામ્યા ને સૌના મનમાં આનંદના ઉમળકા ઉછળવા લાગ્યા. મહાપ્રભુને વાજીંત્રોના નાદ સાથે કીર્તનો ગાતાં થકાં પ્રાણપતિ હરિને જોઈને મનમાં અતિ આનંદ ઉત્સાહની સાથે પોતાના નિવાસ મંદિરમાં લાવીને પધરાવ્યા. પ્રેમી ભક્તોનો ભાવ જોઈને કેવળ જ્યાં ભાવ હોય ત્યાંજ જવાના સ્વભાવ વાળા શ્રીહરિ **પુંજાભાઈ** નામના તે હરિભક્તે ભાવપુર્વક સુંદર રસોઈ બનાવડાવી, સુંદર શ્યામને થાળ જમાડ્યો પછી સૌ ભક્તજનને પ્રભુએ જમાડી તૃપ્ત કર્યા સુંદર શ્યામ પ્રભુ મનમાં રાજી થયા અતિ ભાવથી મુખવાસ લાવ્યા તેને પ્રભુએ આરોગ્યો. વિહારી મહાપ્રભુ રાત્રી રોકાઈને ભક્તજનોને ઉપદેશની વાતો કહીને જનના સુખદાતા ભવના ભયને ટાળી નાખ્યો અને ચંચળ નેત્રકમળવાળા પ્રભુ જીવોના કલ્યાણ કરવા તૈયાર થયા એટલે **અંબાબહેન** કહે જળ તૈયાર છે સ્નાનવિધી કરી લો ત્યારે પ્રભુ સ્નાનવિધી કરી પુર્ણપુરુષોત્તમ પ્રભુ ચાલવા તૈયાર થયા. જનના જુથની સાથે ચાલતા થકા મનોહરનાથ **મેઉ** ગામે પધાર્યા ત્યારે તે ગામ ખુબ જ પ્રસિધ્ધ શોભાયમાન હતું ભક્તજનોએ પ્રભુના આવવાના સમાચાર સાંભળ્યા એટલે ભાવ ભરેલા ભાવસાર ભક્તો સામા આવ્યા પ્રભુના ગુણ ગાતા થકાં આવી દર્શન કર્યાં. તે **મેઉ** ગામના ભાવ ભરેલા **ભુખણભક્ત** ખુબ જ એકાંતિક ભક્તિવાળા હતા એમના દુઃખનો પ્રભુએ નાશ કર્યો કેમકે એમની પૌત્રી હાથ પગ વગેરે અંગવિનાની રૂંઢમુંઢ હતી તેને પ્રભુએ દ્રષ્ટિમાત્રથી કરુણા કરીને સર્વ અંગરૂપ કરી દીધી. એવા મહાપ્રભુને ગાજતે વાજતે પુરમાં લાવ્યા અને ભગવાનને લાવીને સૌ પોતાના મનમાં અલૌકિક સુખ માનવા લાગ્યાં. ભુખણ ભક્તે મહાપ્રભુને પોતાના ઘેર લાવી પધરાવ્યા. સુંદર

રસોઈ બનાવીને ખુબ ભાવ પુર્વક થાળ તૈયાર કરી પ્રેમથી પ્રભુને જમાડ્યા આવી રીતે સુખધામ સુખદાતા પ્રભુએ ચાલતા થકા અનેક ભક્તજનને સુખ આપી આનંદીત કર્યા.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે હે રાજન! ત્યાં મેઉ ગામમાં મહામોટુ કૌતુક થયું હતું તે એક કન્યા જન્મી હતી તેને કોઈ જાતના અંગો થયેલા ન હતા એવું રૂંઢ મુંઢ બાળકી જન્મી હતી તેને શ્રી હરિ મહાપ્રભુએ પોતાની કૃપા દ્રષ્ટી કરીને સર્વે અંગ યુક્ત કરી દીધી.હવે રાજા પુછે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! આ આશ્ચર્ય ક્યારે થયું હતું? અને કોની પુત્રી હાથ પગ વગરની થઈ હતી જેને પ્રભુએ વ્યવસ્થીત અંગોવાળી કરી તે વિસ્તારથી મને કહો.

અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદરાજાને કહે છે હે રાજન્ ! તમને ધન્ય ધન્ય છે તમારી સદ્‌બુધ્ધી બહુ જ સારી છે. જે તમોએ આ પ્રશ્ન પુછ્યો છે તે વેદની શ્રુતિ સમાન બહુ સુંદર પુછ્યો છે. હું તમને વિસ્તારથી પ્રભુના પ્રતાપની વાતને ખુબજ પ્રેમથી કહું છું તે તમે સાંભળો. જ્યારે ઘનશ્યામ પ્રભુ સુખના ધામી થાળ જમવા પધાર્યા, લોકોને આનંદ આપનારા સુંદર પવિત્ર આસન ઉપર વિરાજમાન થયા ત્યારે મનમાં અતિ આનંદ પામતા લોકોના સ્વામી બહુનામીને ભુખણભક્ત પ્રભુને વિગતવાર વાત કરતા હતા ત્યારે એમના નેત્રમાંથી દુઃખના આંસુ આવી ગયા. તેને અકામી પ્રભુએ જોઈને બધી વાત સાંભળી ત્યારે પ્રભુ મનથી થોડાક મુસ્કુરાતા ભુખણના મનની વાત સાંભળીને બધું સમજી ગયા. હે રાજન્ ! ત્યારે ગામનાં સંબંધિજનો બધાં પ્રેમીઓ મળીને તે પુત્રીને લાવ્યા એને હાથ કે પગ લગારે હતાં જ નહી, દેખાતા જ ન હતા આખુ રુંઢમુંઢ માંસનો લોચો જ હતો તેને લાવીને શ્રી હરિની પાસે રાખી લોકો બોલતાં કહેવા લાગ્યા આપ તો કરુણાનિધાન છો કેશવપ્રભુ આપ સાચું કહો અમે આને શુ કરી શકીયે ? આપ તો સર્વ સુજાણ છો બધું જાણો છો.કહેલી વાત સાંભળીને મુનીઓના સ્વામી મુનિપતિ પુત્રીને પોતાને પાસે જોઈને પોતાના ઐશ્વર્યને જણાવતા થકા આખા વિશ્વમાં આનો પડઘો બતાવવા માટે ભગવાને કૃપા કરી.કોમળ પ્રકૃતિના દયાળુ સર્વના મનના ભાવને જાણનારા મહાપ્રભુ સર્વ નરનારીજનોને નિર્ભય કરવા માટે સર્વના જન્મમરણનાં ફંદને મટાડનારા તે રુંઢમુંઢ બાળકીના શરીર પર કૃપા દ્રષ્ટી કરતાં હતા.પ્રભુએ તે બાળકીને બે હાથ અને બન્ને પગના વર્તુળ કર્યા તે બધાએ જોયું પછી મહાપ્રતાપી શ્રીહરિએ હાથના ભાગો પાસેથી હાથ ખેંચીને કાઢ્યા અને પગના ભાગો પાસેથી બન્ને પગ ખેંચીને કાઢ્યા. પુરની સ્ત્રીઓ અને પુરુષો જોઈને આશ્ચર્યથી ખુબ જ ચકિત થતાં હતાં.આવી રીતની અદભુત રહસ્યવાળી વાત ને જોઈને લોકો મનમાં આનંદ પામ્યાં બધી વિગત જાણીને, શ્રી હરિને સર્વે લોકો પરબ્રહ્મ પુરષોત્તમ ભગવાન સાક્ષાત જાણતાં હતાં. આ રીતે મહાપ્રભુ સહજાનંદ સ્વામી **મેઉ** ગામમાં અદ્‌ભુત સુખ આપીને સર્વના ચિત્તને ચોરનારા મહા પ્રભુ તરતજ ચાલ્યા ત્યાંથી ચાલીને મહાપ્રભુ **લાંઘણજપુરે** ધર્મકિશોર સુંદરવર પોતે જ પધાર્યા ને સુખ આપ્યાં.

**લાંઘણજ** ગામમાં **રામભાઈ** આદીક ભાવસાર ભક્તો પ્રભુ આવ્યાના સમાચાર જાણ્યા એટલે તરત જ સામા તેડવા માટે આવ્યા દંડવત પ્રણામ કરીને પછી અતિશય ભાવના પુર્વક દર્શન કરીને રાજી થયા.હે રાજન! ત્યાર પછી પ્રભુનો આનંદ ઉત્સવ કરતા થકા ભક્તજનો સર્વ લોકના સ્વામીને પોતાના ઘેર લાવ્યા અને સારુ સ્વચ્છ આસન તૈયાર કરીને પાથરીને તેની ઉપર શ્યામ પ્રભુ વિરાજમાન થયા નરનારીજનો પ્રભુનાં દર્શન કરવા દોડીને

આવ્યાં. આવેલા તે લોકોને બહુનામી જ્ઞાન ઉપદેશની વાતો કરીને બધાને આંજી દીધા માયાનો મદ તોડી નાંખ્યો આવી રીતે જગતના સ્વામી શ્રી હરિ ઘનશ્યામે અનેક મનોહર લીલા કરીને તે પુરવાસી જનો પુણ્યશાળી ને પવિત્ર બનાવી દીધા. રસના સાગરને માટે રસવંતી રસોઈ બનાવીને શ્રી હરિને જમાડી તુપ્ત કર્યા જમીને મુખ ધોઈ જળ પાન કરીને જમ્યા, તુપ્ત થયેલા ત્રણે લોકના સ્વામી સર્વની ઉપર મુખ હાસ્ય કરીને બધાને આનંદીત કરતા હતા. ત્યાર પછી મહાપ્રભુ ત્યાંથી ચાલતા થયા લોકોના ફેલફતુરને હરતા થકા આતુર મનવાળા **કરજીસણ** ગામે પધાર્યા ત્યાં કરજીસણનાં પટેલો અતિ પ્રેમ ગુણવાળા હતા. એટલે ભાવ સહીત શ્રી હરી સહજાનંદસ્વામીનું ભજન કરતા હતા.ભગવાન આવ્યા તે જાણીને જગતપતિને લેવા સામા આવ્યા સ્વામીને પ્રેમથી પોતાનાં નિવાસે બહુનામીને પોતાના ઘેર સુંદર આસન તૈયાર કરીને તેની ઉપર જનને સુખ આપનાર મહાપ્રભુને બેસાર્યા.એટલામાં જ પ્રભુનાં દર્શન કરવા મુનીજનોનું મોટુ મંડળ આવ્યું. પ્રભુના દર્શન કરીને પ્રેમથી મનમાં ખુબજ આનંદ થયો એ આનંદનો ઓઘ સમાતો જ નહતો કેમ કે **પહેલા પ્રભુએ જેમને આજ્ઞા કરેલી તે આજ્ઞાને શીર પર ધારીને હૃદયમાં ધારણ** કરીને **મુક્તાનંદ સ્વામી** સંત મંડળની સાથે **ધ્રાંગધ્રા**માં ગયા હતા તે આવ્યા.તે **ધ્રાંગધ્રાપુરમાં ઘણા બધા અસુરો અભાગીયા રહેતા હતા તેઓ હરિભક્તો સંતોના અતિશય દ્વેશી વૈરાગીઓ હતા તેઓ અતિશય કામી ક્રોધી મદ અભિમાનવાળા લોભ સહીત અધર્મવંશના સમુદાયથી ઘેરાયેલા હતા** તે ભગવાનના **દ્વેશી** હતા. એટલે તેઓ આ **સંતોને** જોઈને **મનમાં તો બળતા હતા જેવી રીતે સુર્યનારાયણ ઉદય પામે ત્યારે ઘુવડ મુંજાય છે ને દાઝે તેમ આ લોકો સંતોને જોઈને બળતા હતા એટલે તેઓ આ સંતોને જોઈને એમને મારવાનુ ધારીને દોડીને આવ્યા તેઓ અતિ ભ્રષ્ટ થયેલ વ્યભિચારી મતીવાળા હતા.** તેઓ **મહાઅતી ઊંચા પુષ્ટ દેખાવાવાળા જાણે યમરાજાની જમાત ન આવી હોય ? હાથમાં તલવાર ભાલાં ધારણ** કરેલા **અતિવિકૃત વેશવાળા** જાણે **રાવણ અને રાહુ-કેતુ** જેવા ભગવાનના શત્રુઓ હોય તેવા **પ્રગટ ભગવાનની** સાથે જ **તે મહા પાપીઓ દ્વેશ** કરતા હતા તેઓ **દારૂ પીનારા વૈષ્ણવ ભક્તના જેવો વેશધારતા હતા આવા અસુર શત્રુઓ બધાય ભેળા થયા હતા. પવિત્ર નિર્માની શાંત પ્રકૃતિના સંતને જોઈને દોડીને ઘેરી લીધા.અપશબ્દો ક્રુરવાણી બોલતા નેત્રોને તાંણીને પોતાના શત્રુ એવા બધા જ સંતોને આ પ્રમાણે કર્યુ-** ઠાકોરજીનાં વસ્ત્રો આભુષણો **બધુ જ લુટી લીધું** જેમની **અંદરની અને બહારની બુધ્ધી** ફુટી ગઈ હોય તેમ વર્તતા હતા ને **સંતો શ્રી હરિની આજ્ઞાને હૃદયમાં** ધારીને પંચવર્તમાન રૂપ **નિયમને ધારનારા સંતો કાંઈ પણ બોલ્યા** નહિ અને લગારે ડોલ્યા પણ નહિં અને **જેમ જેમ દુઃખ દીધું** શત્રુઓએ આવીને પીડા આપી તોય **સંતો સહન કરતા ગયા કાઈ બોલ્યા જ નહિ શરીરમાં સહન કર્યું. એ બધાજ સંતો પ્રભુશ્રી** હરિની પાસે **કરજીસણપુર** આવ્યા પ્રભુને દંડવત પ્રણામ કરવા લાગ્યા ખૂબ જ આનંદ પામ્યા અને **શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતે પણ સંતોને સામા દંડવત** કરવા લાગ્યા **જલદી જલદી અતિ વિશેષ** કરતા હતા આ બાજુ સંતોએ જોયું ત્યારે મુક્તાનંદ સ્વામી **કહે છે પ્રભુ આપ અમને દંડવત કરો તે યોગ્ય ન કહેવાય** આપ તો સર્વના સુખદાતા છો **ત્યારે મહાપ્રભુ સ્વામીનું કહેવું** સાંભળીને રોકાણા સંતોને **ખુબજ પ્રેમથી ભેટીને મળ્યા ભગવાને એમની ઉપર ખુબજ પ્રેમ ભાવ બતાવ્યો. ત્યાર પછી પ્રભુ આગળ બધીજ વાતો થઈ અસુરોએ જે જે ત્રાસ આપ્યો તે સર્વે કહ્યું પ્રભુએ બધુજ સાંભળ્યું જરાક એમની ઉપર રોષતો થયો પણ કાંઈ કર્યું જ નહિ અને નિર્માની પણે મનને પાછુવાળી લીધું શાંત થઈ ગયા.**

હે રાજન ! જેના હાથમાં ક્ષમા રુપી તલવાર હોય તેને કોઈ હરાવીને પાછો પાડી શકતો નથી. કેમ કે જે

કાંઈ પાપ કર્મ કરે છે તે પોત પોતાના પાપનો સંતાપ કરીને વર્તે છે તેના જે શત્રુઓ છે તે બધાજ પોતાના પાપે બળીને પાછા પડી જાય છે.આવી રીતે શ્રી હરિ બધા સંતોની સાથે અરસપરસ વાતો કરીને રાજી કર્યા પછી મહાપ્રભુ સંતોની સાથે **ગોવિન્દ ભક્તના** ઘેર પધાર્યા. આવ્યા ત્યારે લોકોની નજર ઠરતી હતી ગોવિન્દ ભક્તના ઘેર રસદાર રસોઈ બનાવી હતી તેનો થાળ મહાપ્રભુ આરોગી પછી સંતોને પીરસીને ખુબ પ્રેમથી જમાડતા હતા આવી રીતે સર્વોપરી મહાપ્રભુએ સુખ આપ્યું તે ન કળી શકાય તેવા અકળ સ્વરુપી પ્રભુએ આપ્યું.પ્રભુ રસીકવરે રાતવાસો ત્યાં જ કર્યો સંતોની સાથે પોતાના દાસનું નિવાસ સ્થાન જોઈ શ્રીહરિ સહજાનંદ પ્રભુ અતિ આનંદ પુર્વક નિવાસ કરી સુખ આપતા હતા રાત્રે શયન કરી પ્રભાત થયું એટલે સર્વના ભયને હરનારા ભક્તવત્સલ મહાપ્રભુ જાગ્રત થયા લોકોના મનને આનંદ આપનારા ભવના દુઃખને ભાંગનારા ભુમીના ભારને હરનારા મહાપ્રભુ શૌચવિધી કરીને પરવાર્યા પછી આનંદકંદ ધામના ધામી ઘનશ્યામ પ્રભુ નવખંડના નાથ જીવોના કામ કરનારા સર્વે નરનારી જન જપ કર્યા કરે છે, તેવા મહાપ્રભુ મુક્તાનંદ સ્વામીને તથા સુખાનંદ સ્વામીને મોટા મહામુની માનતા હતા તેથી એ બંન્નેના મંડળો બાંધીને સર્વના સ્વામી મહાપ્રભુ કહેતા હતા તમો બંન્ને મંડળો લઈને અમદાવાદ જાઓ એમ કહીને ભક્તપતિ ભગવાન ભાવથી ભરપુર થઈ એમને જીવોનો ઉધ્ધાર કરવા માટે બંન્ને મુનીઓને **અમદાવાદ મોકલતા** હતા. સંતોને લોકોના ઉધ્ધાર કરનારા જાણીને ઘનશ્યામ પ્રભુ લોકોના કામ કરવા માટે મોકલતા હતાં અને સુખાનંદ સ્વામીની સાથે કમળ લોચન લોકોના મનને ખેંચનારા મુનીઓના મનને આનંદ કરનારા અતિ આનંદ ઉત્સાહથી **ડાંગરવાપુર** પ્રત્યે પધાર્યા. અનંત જીવોના સુખના સદનરૂપ ઘનશ્યામ પ્રભુ શરદચંદ્રના બીંમ્બ સમાન સુંદર મુખ કમળવાળા મહાપ્રભુ પરમ પ્રેમી ભક્તનો પ્રેમ જોઈને પુન્યશાળી **વેણીદાસ** નામના પોતાના ભક્તને આનંદ વધારવા પધાર્યા. **અમરસિંહ, અગરસિંહ, આલુભાઈ, પ્રતાપસિંહ** આદી **દરબારો** અને **પટેલો** સાથે મળીને પ્રભુની સામે સામૈયું કરવા પ્રેમથી આવ્યા. પ્રભુના દર્શન કરી મનમાં ખુબ જ રાજી થયા પ્રભુના ચરણ કમળમાં વંદન કરી પ્રાર્થના સ્તુતિ કરી સુંદર વાજીંત્રોને વગાડતા થકા ભક્તના ઘેર પધાર્યા સારો સાજ કરીને સારી ભેટ સામગ્રી અર્પણ કરી અતિ ધામધુમ કરીને પુરમાં લાવી સુંદર સ્વચ્છ વિશાળ ઘરને વિષે પ્રભુને પધરાવ્યા. સર્વના નાથ આનંદના ધામ ઘનશ્યામ કામના મદના બળને હરનારા મહાપ્રભુ ત્યાં નિવાસ કરતા હતા, સુંદર રસદાર રસોઈ તૈયાર થઈ તેમાંથી પ્રેમી ભક્તોએ થાળ તૈયાર કરી ખુબ જ ભાવ પુર્વક પ્રભુને જમાડ્યા, જીવનજનેશ પ્રભુ જેમના ગુણને જાણી જાણીને લોકો ગાયા કરે  તેવા પ્રભુ પોતે બધાના હૃદયના ભાવ જોઈ ગ્રહણ કરીને થાળને આરોગતા હતા અને ક્લેશના વાતાવરણની પીડાને હરતા એવા પ્રભુ થાળ જમે છે વારંમવાર પાણી પીવે છે અને સાથે સાથે પેટ ઉપર હાથ ફેરવતા જાય ને આનંદ આપીને જમે છે મહાપ્રભુ જમીને તૃપ્ત થયા મુખમાં મુખવાસ લીધો ને સુખના સાગર ઘનશ્યામ પ્રભુ મુખથી મધુરવાણી બોલતા હતા કે સંતોની પંક્તિ તૈયાર થઈ જાય આવી રીતે મહારાજે કહ્યું તે પ્રભુની વાતને માની સંતોની પંક્તિ તૈયાર થઈ ગઈ ને પ્રભુએ સંતોને પીરસવા માટે તૈયાર થયા ત્યારે ખભા ઉપર ખેસ નાખી કેડે આંટી લઈ કમર કસીને તૈયાર થયા.પ્રાણપતિ મહાપ્રભુ સંતોની પંક્તિમાં પીરસતા હતા ત્યારે અનાથના નાથ પ્રભુ લાડુ પીરસતા જાય ને આગળ સંતો લાડુનું પાત્ર લઈને પાછા પગે ખસતા જાય પ્રભુ બંન્ને હાથે પીરસતા જાય ને ખુબ આગ્રહ કરીને સંતોને જમાડે આવી રીતે પ્રભુ વારંમવાર પ્રભુ સંતોને આગ્રહ કરી કરીને ખુબ પીરસતા હતા ત્યારે ચપળ મૂર્તિ પ્રભુની પીરસવાની રીત જોઈ ગુણી જનો પ્રભુના ગુણ ગાતા હતા પ્રભુ પીરસતા દુધ-દહીંની છાકમછોળ

કરતા હતા સંતોને ખુબ જ આપતા હતા ને સંતો પ્રેમથી પ્રભુના પ્રસાદને આરોગતા હતા આવી રીતની લીલાને જોઈ લોકો ખુબ આનંદ પામતા હતા સર્વને જમાડીને તૃપ્ત કરી પ્રભુ વિરામ પામ્યા ત્યાર પછી પ્રભુ હાથ પગ ધોઈ તૈયાર થઈ પલંગ ઉપર વિરાજમાન થઈ શયન કરતા હતા.

આવી રીતે શ્રી હરિ દયાળુ મહાપ્રભુ દંઢાવ્ય દેશમાં વિચરણ કરીને કાળના કાળ એવા પોતાના ભક્તજનોને જોઈને તેની ઉપર ખુબજ પ્રેમ ભાવ રાખનારા, અતિ કૃપા મૂર્તિ ભક્તોને ખુબ જ સુખ આપી તેમનું અતિ રૂડું કરતા હતા. આવી રીતે મહાપ્રભુએ અનેક પ્રકારના ચરિત્રો કર્યા તે ચરિત્રો અતિ પવિત્ર પ્રાણ પતિ ભગવાને જીવોના ઉધ્ધાર માટે જ કર્યા એ પ્રમાણે એકાદશ સંખ્યાનું શ્રી હરિલીલાનું તરંગ લહરી રૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રી હરિલીલાસિંધુમાં આઠમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બ્રહ્મચારી રચિત છંદ ભાષામાં અવધપ્રસાદજી મહારાજ આનંદસિંહ રાજાના સંવાદમાં અદ્‌ભુત દંઢાવ્ય દેશની વિચરણની લીલાનું કથન કર્યું એ નામે અગીયારમો તરંગ પૂર્ણ થયો ॥૧૧ ॥**

## તરંગ-૧૨

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે હે આનંદ રાજા ! ચંદ્ર સમાન મનોહર મુખકમળવાળા લાલ કમળ નયનવાળા કરુણાસાગર માનને મારનારા મનોહર મૂર્તિ ચપળચતુરવર **ડાંગરવાપુર**થી ચાલતા થયા ર્નિમળકમળ લોચનવાળા મુખથી અદભુત મધુર વચનો બોલનારા અતિ અમૃત સમાન મુખથી કહેતા હતા સુખાનંદસ્વામી તમે અમારી વાણીને સાંભળો અમારા વચનોને દીલમાં ધરો તમે આ **ડાંગરવાગામમાં** રોકાઈ જાવ અહીંના ભક્તોને જ્ઞાન ઉપદેશ કરો મનના મેલને સાફ કરો તેમની મહેચ્છાઓને શાંત કરો આમ આજ્ઞા કરીને અવિનાશી પ્રભુ તૈયાર થઈને લોકોના અજ્ઞાન પાસનો નાશ કરતા થકા ચાલતા થયા.બધા ભક્તજનોની સાથે સર્વના સ્વામી પુર્ણકામ ધામના ધામી માર્ગમાં આવતા ભક્તજનોને મંગળ સુખઆપનારા મહારાજાધીરાજ સર્વ સંતમંડળની સાથે મહાપ્રભુ **અમદાવાદપુર** પધારતા હતા. પ્રેમ પુર્વક ચાલીને ભક્તજનોને આનંદસુખ આપતા થકા અમદાવાદપુર પધાર્યા પ્રભુ પધાર્યાના સમાચાર જાણી પુરના ભક્તજનો તરત જ દર્શન કરવા સામા આવ્યા દર્શન કરીને આનંદ મોદમાં આવી મહાપ્રભુને સાથે લઈ **નથુભટ્ટ**ના નિવાસે પધાર્યા. પ્રભુ પધાર્યા એટલે નથુભટ્ટ રાજી રાજી થઈ ગયા પવિત્ર સુંદર આસન તૈયાર કરી ઉપર બેસાર્યા. પ્રભુને રૂચીકર થાળ તૈયાર કરી નથુભટ્ટે પ્રેમથી જમાડ્યા. પ્રભુ પધાર્યા એટલે નથુ ભટ્ટ હરખથી ખુબ જ સુખ પામતા હતા. અમદાવાદપુરમાં રાત રોકાઈ જ્ઞાન ઉપદેશ કરી દર્શન આપી પામર લોકોના પાપનો નાશ કર્યો અને મનના તાપને શાંત કર્યા રાત્રે શયન કરી સવારમાં વહેલા જાગ્રત થઈ નિત્યકર્મથી પરવારી મહાપ્રભુ લોકોના મનને રંજન કરનારા આનંદદાતા પ્રભુ લોકોના મનને રાજી કરવા **જેતલપુર ગામે** પધાર્યા. જેતલપુરમાં પધારતા મહાપ્રભુ જનના ભયને હરનારા પોતાના મંદિરમાં નિવાસ કરીને ભક્તજનને સુખ આપતા હતા.મહારાજ **આશજીભાઈ વિપ્રના** ઘેર થાળ તૈયાર કર્યો એટલે ભક્તજનોના પ્રતીપાળ આરોગવા પધાર્યા. ચતુરજનોના ચિત્તને ચોરીને રાજી કરવા ચતુરવર ઘોડા ઉપર સવાર થઈને પોતાની ઈચ્છા પ્રમાણે જતા હતા. પાર્ષદો તથા મુક્તજનોની સાથે પરમેશ્વર પ્રભુ માર્ગની વચ્ચે ચરિત્રો ગવાતા થકા જતા હતા પ્રભુ અતિ ઉતાવળી ગતીએ ચાલતા હતા. ભક્તજનો પણ જગદીશ પ્રભુની સાથે ગામ

**ચોસર** પધાર્યા. ગામના **પટેલ ભવાનીદાસ**ને ઘેર નિવાસ કરીને રહ્યા હતા. ત્યાં પ્રભુ લોકોને આનંદ આપવા થાળ જમ્યા તે ભક્તજનોની સ્વચ્છતાની સારી પ્રતીતી થઈ પ્રભુ જમી સંતો ભક્તજનોને જમાડી સેવકના ત્રિવિધ તાપનો નાશ કરી સુખ આપી આનંદ કરતા થકા **ગામડી ગામે** પધાર્યા. તે ગામડીપુરના પટેલો ખુબ જ પ્રેમી ભક્તો હતા પુન્યશાળી હતા તે પ્રભુને સામે તેડવા આવ્યા પ્રભુનું સત્કાર સન્માન કરી પુરમાં લાવ્યા પુરના ભક્તો દર્શન કરી ખુબ આનંદ પામ્યા, પ્રભુએ મહાદેવના મંદિરમાં આનંદથી ઉતારો કર્યો અને એકાંતિક ભક્તજનો પ્રભુની પાસે આવતા હતા એ લોકોને બહુનામી મહાપ્રભુ જ્ઞાન,ભક્તિ,ધર્મના બળની વાતો કરતા હતા. કામ,ક્રોધ,અભિમાન આદીને હરતા હતા નિર્માની કરતા હતા મહાપ્રભુ **બાપુભાઈ પટેલ**ના ઘેર રહી તૈયાર કરેલા થાળને આરોગતા હતા. જીવના પાપોને બાળી નાંખતા હતા પછી પ્રભુ **કાકુભાઈ**ના ઘેર થાળ કર્યો હતો તેને આરોગી ચંદ્રકમળ સમાન મુખવાળા પ્રભુએ દર્શન આપ્યા શ્રી હરિ બધા જ ભક્ત જનોના ઘેર રસીકવર જમીને રંગરેલ કરતા હતા. **રઘુનાથ આદિક** પુરના પટેલોને રાજી કરતા હતા. આવી રીતે આશ્રીત ભાઈઓને બળ આપનારા પ્રભુ ઘણા દિવસ સુધી **ગામડી**માં નિવાસ કરી ધર્મના પુત્રે બધાને ધીર આપી ચંચળ મૂર્તિ ભક્તોની ભવભીર (સંસારની પીડા)હરવાને ચાલતા થયા, ભવસાગરના ભયને હરનારા પ્રભુ **કણભા** ગામે પધાર્યા ભક્તજનોને ખબર પડી એટલે સન્માનવા સામા આવ્યા અનેક પ્રકારના વાજિંત્રો વગાડતા થકા ગાતા થકા પ્રભુને પુરમાં લાવ્યા, પુજા અર્ચના કરી પ્રભુ **નાથ ભક્તના** ઘેર બે દીવસ સુધી રોકાયા ત્યાં પામર જનોના કલ્યાણના કામ કર્યા અને સર્વને સુખ આપતા હતા.

હે રાજન્ ! શ્રી હરિ મહાપ્રભુ સર્વના જીવન પ્રાણ ભક્તો ભાવથી ભોજનના થાળ તૈયાર કરી પ્રેમથી જમાડતા હતા અવિનાશ પ્રભુ પોતાના આશ્રીત ભક્તોના થાળ જમી પોતાના દર્શનનું સુખ આપી આનંદ આપતા હતા. હે રાજન્ ! આવી રીતે મહાપ્રભુ લીલા કરીને પછી જીવોના ભવભયને હરતા થકા પ્રભુ **ભુવાલડી** ગામે પધાર્યા. ભક્તપતિ ભગવાન પધાર્યાના સમાચાર જાણીને પ્રેમીજનો ભાવથી સામા આવીને પ્રભુના દર્શનકર્યા એમના અંતરની વાતો જાણનારા પ્રભુ સુખ આપવા પધાર્યા. તે પુરના લોકો પ્રભુની પાસે આવ્યા તે પ્રેમથી પ્રીતમ પાસે આવ્યા ને લાવેલી ભેટ પ્રભુને અર્પણ કરી ચરણમાં નમન કરતા હતાં અને હૃદયમાં અતિ આનંદવાળા થઈ અતિ આનંદનો ઓઘમાં રમતા હતા. **મુક્તાનંદસ્વામી** સાથે બધા જ લોકો શ્રી હરિના દર્શન કરવા મુખ જોવા પોતાના હૃદયમાં આનંદભાવ જાગેલો તેથી મહા પ્રભુને પ્રેમથી પુરમાં લાવ્યા. એ સ્વરૂપને પોતાના ઉરમાં ધારણ કરતા હતા ને અનેક પ્રકારના વાંજિત્રો વગાડતા ગાતા થકા લાવતા હતા અને પ્રભુની શોભામય છબી ખુબજ શોભતી હતી તે છબીને જોઈ કામદેવ પણ લાજને પામતો હતો એવું અલૌકીક સ્વરૂપનું સામૈયું કરીને પુરમાં લાવ્યા ને મંદિરમાં પધરાવ્યા ને મોહ માન કામ ક્રોધ લોભના મુળને ઉખેડવા પ્રભુ પધાર્યા. હે રાજન! ગામના પટેલોની ખડકીમાં હેતથી ભક્તજનો રસોઈ કરવા જતા હતા જયારે રસ રોટલીની રસોઈ તૈયાર થઈ ત્યારે સૌ સંતભક્તોની સાથે જમવા પધાર્યા. તૈયાર થઈ પંકિતમાં બેઠા સુખ થાય તેમ મનોહર મૂર્તિ પ્રભુને પીરસતા હતા ત્યારે સર્વ દેવો દર્શન કરવા પધાર્યા એટલે ભવ્ય અલૌકીક શોભા થતી હતી. સૌને જમાડી પ્રભુ જમી પ્રેમથી જળપાન કરી સર્વના સ્વામી સમર્થ પ્રભુ પલંગ બીછાવેલો હતો તે પલંગ ઉપર વિરાજમાન થયા સર્વના નાથ તે બેઠક ઉપર શોભતા હતા તેમની સામે સંતો ભક્તોની મોટી સભા ભરાઈ તેની વચ્ચે શ્યામ મનોહર મૂર્તિ અનાથના નાથ પોતે સભાજનોને વાત કરતા હતા. આ ચરિત્રને આગમનિગમ હરિના ગુણને

સુખપુર્વક વિસ્તારીને ગાતા હતા આવી રીતે પ્રભુ લીલા કરતા હતા, શ્રી હરિ જયારે ઉપદેશ આપતા હતા ત્યારે **રાવજીભાઈ** નામના ભક્ત આવ્યા અને ઘનશ્યામ પ્રભુના ચરણકમળને નિરખી દર્શન કરતા હતા પ્રભુના ચરણ કમળમાં ઉર્ધ્વરેખા નિરખી તે બંન્ને ચરણમાં સરખી શોભતી હતી તેમ જોતા હતા પછી સાત અને નવ એમ ચરણના ચિન્હો જોઈને પ્રભુને પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ પુરાતન મૂર્તિ જાણતા હતા આવી રીતે મનોહર લીલાને કરતા હતા ત્યારે ધર્મનંદન મહાપ્રભુ ભક્તજનોને મોજ કરાવતા હતા ત્યાર પછી ઘનશ્યામ પ્રભુ તૈયાર થયા ને મુક્તાનંદ સ્વામીને વાત કરતા હતા ધર્મનંદન મહાપ્રભુ સમજાવતા હતા કે તમે સવારમાં વિહાનવેળાએ આવજો અમે અત્યારે જઈએ છીએ આમ કહીને સુખકંદ પ્રભુ **ડુંગરજી દયાળજી આદીક પાર્ષદ વર્ગ**ની સાથે પ્રભુ ત્યાંથી ચાલ્યા.લોકોના માયિક ફંદને હરતા થકા શ્રીહરિ હાસ્ય કરીને પોતાના આશ્રિતજનોને હસાવતા હતા અને ભક્તજનોની સાથે ગાતા થકા ચાલ્યા જતા હતા.શ્રી હરિ સહજાનંદ સ્વામી **વહેલાલપુર** પધાર્યા ત્યારે સર્વેજીવોનું મુક્તિનું કામ કરવા પધાર્યા ત્યારે ગામના સર્વભક્તજનો સામા તેડવા માટે આવ્યા. તેમાં વૃધ્ધો, બાળકો અને નરનારીઓ સૌ સામા આવ્યા.હે રાજન! વહેલાલમાં **જેસંગભાઈ**ના પવિત્ર ઘરની અંદર મહાપ્રભુ આનંદપુર્વક રહેતા હતા.જગતના વાતાવરણને જાણનારા પ્રભુ ભક્તજનને ઘેર તૈયાર કરેલા ભોજનને આરોગતા હતા ત્યારે ગંગાને ધારણ કરનારા શીવપ્રભુ શ્રી હરિના દર્શન કરી ધ્યાન કરતા હતા ને બ્રહ્માદીક દેવતાઓ પણ દર્શન કરવા માટે ત્યાં આવ્યા.એવા મહા સમર્થ પ્રભુનાં ભોજન કરતા દર્શન કર્યા ત્યાર પછી પ્રભુ પોતે સર્વને સુખ કરનારા અને જન્મ મરણના દોશને હરનારા થાળ જમીને પછી સંતો પાર્ષદ ભક્તજનોને પીરસીને ખુબ પ્રેમથી જમાડી તૃપ્ત કરતા હતા. શ્રી હરિ મહાપ્રભુ સંતોને જમાડીને લોકોના કામના મદને હરનારા મનોહર મૂર્તિ મહાપ્રભુ સુંદર બાગને જોઈને એમના મનની અંદર એ બાગમાં જવાની ઈચ્છા થઈ. મુનીજનોની સાથે પ્રભુ પ્રેમથી પધાર્યા. તે બાગની ભુમીને ચરણરજથી પવિત્રતા વધારતા હતા. શ્રી હરિ ઘનશ્યામ પ્રભુ તે જેંશીગભાઈનો બાગ છે તેમ જાણીને પ્રેમથી આકર્ષાઈ સંતોની સાથે બાગમાં પધારી બહુ આનંદ કરાવતા હતા. તે બાગની અંદર સુંદર વેલીઓ મોટા વૃક્ષોથી સુંદર શોભાવાળું ફળોથી જુકાયેલા શોભતા હતા તે વૃક્ષોમાં લીબડા, રાયણ, ફણસ આદી ફળના વૃક્ષો ખજુરી, બોરડી, જાંબું, અખરોટ આદીક તથા ગંગેટના ઘણા ઝાડો હતાં તથા પીપલ, પલાસ, મહુડા,મજેઠ, જેઠીમધ આદી તથા કેળ,કદમના પણ વૃક્ષો હતાં. અશોક, પીપળો, રોયડો, કરેણ, આસોપાલવ આદી અનેક પ્રકારના વૃક્ષો શોભતા હતાં. કરણી, કરેણ, કેતકી, ચંપો, ચમેલી આદી જાત જાતના વૃક્ષ વેલીઓ મોગરા, માલતી, જાઈ, જુઈ, ગુલાબ, ગુલવાશ, ગુચ્છ આદી ફુલના ઝાડો શોભતાં હતાં. તે વૃક્ષો ઉપર ચિંત્તને ચોરનાર મોર, ચાતક, ચકોર અને ભ્રાંતી કરનાર કોયલ લોકોની પીડાને હરે છે. તેવું મધુર ગાન કરે છે એવા સર્વે પક્ષીઓથી વૃક્ષો શોભતા હતા. એવી શોભાને જોઈને ઘનશ્યામ પ્રભુ સંતોની સાથે ખુબજ રાજી થયા. લોકોના ગર્વને હરનારા સુખ આપનારા સુખના ધામી મહાપ્રભુ નામના નામી સુંદર રીતે તૈયાર કરેલા આસન ઉપર બેઠા પ્રભુની સામે સર્વ સંતો બેઠા હતા. હરિના મુખનાં દર્શન કરતા હતા. બળરામના ભાઈ મહાપ્રભુ જ્ઞાન-વિજ્ઞાનની વાતો કરતા હતા ને બહુ શોભતા હતા ત્યારે પ્રભુ કહે ત્રણ પ્રકારના દેહ અને સત્વ,રજ અને તમ ભેદને ત્રણ અવસ્થા આ ભેદ પંચભુતથી જુદો છે એમ જાણવો અને દેહી છે તે કાયમ દેહમાં નિવાસ કરીને રહે છે દેહમાં નખશીખા પર્યંત વ્યાપીને રહે છે અને સ્વચ્છ છે આ પ્રમાણે જાણીને આત્માને અનુરૂપ આ જ્ઞાન છે તેને સારી રીતે સમજીને તેને સુખનું રૂપ છે એ પ્રમાણે જાણવું. આવી રીતે આત્મ સ્થિતીમાં બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મ પુરુષોત્તમ

નારાયણનું ધ્યાન કરવું આ રીતે કરે તેને જ એકાંતિક ભક્ત સમજ્યો કહેવાય.મન કર્મ વચને કરીને તત્કાળ મારુ ભજન કરવું અને જગતની સર્વે જંજાળનો ત્યાગ કરવો.આવી રીતે શ્રી હરિ મહાપ્રભુએ એકાંતિક અંગની અનેક વાતો કરીને સમજાવતા હતા ત્યારે સંતો સર્વે તેને એકાગ્ર થઈને સાંભળતા હતા. આવી રીતની વાત સાંભળી સર્વે સંતો ખુબ જ રાજી થયા. આ વાત સર્વ સમર્થ નારાયણ પ્રભુએ પોતાના મુખેથી કહી છે.

**નિત્યાનંદ મુની** અને **મહાનુભાવાનંદ મુની**ના મનમાં આવો ભાસ રહેતો હતો કે પોતાના માતાપિતાના કલ્યાણ થાય એવી કાયમ મનમાં ઈચ્છા રહ્યા કરતી હતી.આવી રીતના એમના મનનાં ભાવની સર્વે સંતોને સંસારના વાતાવરણમાંથી આસક્તિ ટળે તેમ વાત કરતા હતા તેને સર્વે ઉમંગથી સાંભળતા હતા.

આ જીવે અગણિત જન્મને ધારેલા છે, તેમાં અનેક માતાપિતાઓ અગણિત થયાં છે તે બધાનો ત્યાગ કરીને જીવ આવ્યો છે તેમાં તેને કોઈ પ્યાર કે સંબંધ રહ્યો નથી. ત્યાગ કરેલા માતા પિતાનાં કલ્યાણ કરવાની કાંઈ ઈચ્છા નથી થતી, તેમજ અત્યારના માતા પિતાના કલ્યાણની ઈચ્છા નહી જ કરવાની. આમ જાણીને માતાપિતાનો સંગ પ્રેમભાવ મમતા વિગેરેનો ત્યાગ કરવો કેમકે જેમ દરજીને દરજણ પાસે જાય ને ડગલો સીવડાવી ઠંડીથી બચાવે તેથી સુખ મળે છે. તે દરજી દરજણને પોતાના માતાપિતા કોઈ માને છે ?કોઈ ન માને તેમ જે માનતા હોય તેને બધા જ લોકો મૂરખ માને, તેમ આ જીવનો દેહ ચારનો ચાર વર્ણમાં જન્મ થયો બ્રહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય ને શુદ્ર આદી ચારે વર્ણમાં જન્મ ધર્યા. એમને બધાને માતા પિતા માને તો જગતના લોકો સર્વ મૂરખનું જ આખ્યાન કહે છે. આવી રીતે અનેક વાતો કરી તેને મુનીજનો સાંભળી રાજી થયા. સર્વે સંતો વાતને નિશ્ચય માનતાં હતા. ત્યાર પછી સર્વ વારંમવાર દંડવત કરી પ્રભુના ચરણમાં વંદન કરતા હતા. આવી રીતે પ્રભુની વાત સાંભળીને સંતોએ પોતની ઈચ્છાનો ત્યાગ કર્યો. પ્રભુના ઉપદેશની વાતને ચિત્તમાં ધારીને દ્રઢ કરી દીધી.ત્યાર પછી **મુક્તાનંદ સ્વામી** અને **ગોવિંદાનંદ સ્વામી** આદીકને આખા જગતને વંદન કરવા યોગ્ય છે એમ જાણતા હતા તેથી શ્રી હરિએ પરમહંસની પદવી આપીને મહાપ્રભુએ સન્માન કર્યું. પ્રભુએ સંતોના દાસના નામો ફેરવીને નંદ નામોથી જાહેર કરી પ્રમાણિત કર્યા. અવી રીતે મહાપ્રભુની અલૌકિક લીલા જોઈને મુક્તાનંદસ્વામી ખુબજ રાજી થયા. પછી પ્રભુ સર્વ સંતોને કહેતા હતા ને મનમાં ખુબ જ આનંદીત થતા સર્વે સંતો સાંભળતા હતા.

હે સંતો ! કમળના વન સમાન અને સુર્યરૂપ એવા તમે ભક્તજનોના મનનાં મેલને દુર કરનારા છો અને મહાનુભાવાનંદ મુની તથા તેમના બંધુને સાથે રાખવા તે સંતના લક્ષણ માટે યોગ્ય નથી. શ્રધ્ધા ભક્તિને વિનય પુર્વક મારા સ્વરુપને હૃદયમાં ધારીને વર્તવું તે સુલક્ષણના સારરુપ છે. જીવોને ઉપદેશ આપી પરમાર્થનું પોષણ કરવાનું અને દીલમાં દયા રાખવી એ જ સંતોનું લક્ષણ છે. આવી રીતની વાત સંભળાવીને મુનીપતિ શ્રી હરિ ફરી કહેવા લાગ્યા, સર્વના અતિ હીતને જાણનારા સર્વજ્ઞ શ્રી હરિ કહે બંન્ને ભાઈઓને એક સાથે નહી રાખવા એ નિશ્ચિત છે. આ પ્રમાણે કહીને પ્રભુએ બધાને જુદાજુદા મંડળો કરીને મોકલીશું. લોકોના ભવના ભયને હરનારા પ્રભુ એમ કહીને ઉદાર મૂર્તિ મુનીઓના મંડળ બાંધતા હતા. પાંચ પાંચ પરમહંસોની વહેચણી કરીને બળવીર પ્રભુએ મંડળો બાંધ્યા. સર્વના મનને હર્યા અનેક જીવોના ધીરજથી કામ કર્યા. સર્વોને દેશ વિદેશમાં ફરવા માટે આજ્ઞા કરીને લોકોના પાપ,તાપ,સંતાપ,પીડાને હરવા માટે બધે ફરવા માટે આજ્ઞા આપતા હતાં.**પાંચ મૂર્તિઓના નામ લઈને મહાનુભાવાનંદ સ્વામીની સાથે વિસનગર આદીક શહેરોમાં વિચરણ કરી ઉપદેશ કરવા ભગવાનનું ભજન કરાવવા મોકલતા હતા**. બધા જ સંતોને ગુજરાતમાં ફરવાનું અને લોકોના જન્મ મરણના

દુઃખોને ટળાવવાનું કામ કરવાનું,ભગવાનનું ભજન કરાવવાનું તેનાથી ભવદુઃખ ટળે તે માટે શ્રી સહજાનંદ સ્વામીનું ભજન કરાવવું આવી રીતે આજ્ઞા કરીને સંતોને મોકલ્યા. પછી ચંચળ મૂર્તિ ચાલવા માટે ઉતાવળા થયા બધા જ ભક્તજનોને સાથે લઈને **અમદાવાદ પુર**ના ભક્તજનોને સનાથ કરવા પધારતા હતા.આમ ધામના ધામી પ્રભુ સર્વને સુખ આપતા થકા રોજે રોજ લીલા કરીને પુર્ણકામ પ્રભુ **કણભા, વહેલાલ** આદીક ગામોમાં વિચરીને બહુનામી સુખધામના ધામી અમદાવાદપુર પધાર્યા.

હે રાજન! લોકોના સમુહમાં પોતાની નજરે જોઈ સર્વને આનંદ આપી ભક્તજનોને પ્રભુના ગુણ ગવડાવી સુખ આપ્યાં.આવી રીતે શ્રી હરિલીલા સિંધુનું બારમું તરંગ લહરીરૂપે પુર્ણ થયું.

**આવી રીતે શ્રી હરિલીલા સિંધુમાં આઠમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બ્રહ્મચારી રચિત છંદ ભાષામાં અવધપ્રસાદજી મહારાજ આનંદસિંહ રાજાના સંવાદમાં કણભા, વહેલાલપુર લીલા કથન નામનો બારમો તરંગ પૂર્ણ થયો ॥૧૨ ॥**

# તરંગ-૧૩

રાજા કહે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! આપ મને કમળ નેત્રવાળા, ખીલેલા કમળ સમાન મુખ કમળવાળા કમળ સમાન કોમળ હસ્તકમળવાળા રાજાઓ મુનીજનો સર્વના જન્મ મરણના ભયને હરનારા એવા મહાપ્રભુએ કરેલા પવિત્ર લીલા ચરિત્રો સાંભળાવા માટે મારા ચિત્તમાં ખુબ જ ચાહના થાય છે.એટલા માટે મહાપ્રભુના સુંદર ચરિત્રો જે હોય તે આપ મને કહો. સ્વામિનારાયણ ભગવાન **અમદાવાદ** નગરે પધાર્યા ત્યાંથી કયા કયા ગામે વિચર્યા તે ઘનશ્યામ મહાપ્રભુનાં બધાં જ લીલા ચરિત્રો વિસ્તારથી મને સમજાવો.

ગુરુ અવધપ્રસાદજી મહારાજ કહે છે હે રાજન ! ધરાપતિ તમને ધન્યવાદ છે કેમ કે તમે લોકોના કલ્યાણ કરવા માટે પ્રશ્ન પુછ્યા છે તે સર્વે સુખ દુઃખમાં ડુબતા જીવોને ભવસાગરથી તારવા માટે જહાજ સમાન છે.એટલે હે સુજાણ તમને એ ભગવાનના ચરિત્રોની કથા કહું છું. એ લીલા ચરિત્ર લાલ મનોહર ધર્મનંદન પ્રભુનાં છે. તે ચરિત્રો જયાં જયાં વિચરણ પ્રભુ એ કર્યા છે તે જગતપતિની લીલા કહું છું તમે ધ્યાનથી સાંભળો.

શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુ **અમદાવાદપુર**માં પધાર્યા તે પોતાના આશ્રિત ભક્તજનોના મનને આનંદ આપવા અંતર્યામી પ્રભુ પધાર્યા. ત્યાં બે દિવસ રોકાઈ મહાપ્રભુએ ધર્મજ્ઞાનનો ઉપદેશ કરી ભક્તજનોને સુખ આપતા હતા. ભક્તજનોના દુઃખને દુર કરીને પરમ સુખ આપીને મહાપ્રભુ ત્યાંથી પરમ ઉપકાર કરનારા જીવોનો ઉધ્ધાર કરનારા અમદાવાદથી ચાલતા થયા.બહુનામી સર્વના સ્વામી ધર્મતનય પ્રભુ લોકોના સુખ કરનારા સુખધામી મહાપ્રભુ **મોટેરા** ગામે પધાર્યા. મહાપ્રભુ મોટેરામાં પોતાના આશ્રિત ભક્તોની આશાઓને પુર્ણ કરીને પછી મહાપ્રભુ **વાસદ** ગામે પધાર્યા ત્યાં ભક્તજનોને દર્શન દઇને ભક્તોના પાપોનો નાશ કરી સુખ આપીને ત્યાંથી મહાપ્રભુ પરમ પ્રતાપી **આદરજ** ગામે પધાર્યા.ભગવાને ભક્તજનોના મનોરથને પૂર્ણ કરીને મહાપ્રભુ ફરીને **ગેરીતે** ગામ પધાર્યા.ત્યાં પ્રભુ પ્રેમ ભાવથી પંદર દિવસ સુધી પ્રેમીજનોના પ્રેમ ભાવને વશ થઈને પુર્ણપુરુષોત્તમ પ્રભુ રહેતા હતા. ત્યાં આંબાના, પાકા અને રસથી ભરપુર ફળો સંતોને સુખરુપ જમાડતા હતા. ત્યાર પછી રાત્રે શયન કરીને વિરામ કરતા હતા.સવારમાં વહેલા નિત્યકર્મ કરી પરવારીને પ્રભુ ચાલ્યા.વિશ્વવરીયા મહાપ્રભુ દેવો,મુનીજન સર્વના સ્વામી મહાપ્રભુ **વિસનગર** પધાર્યા.ત્યાં **જગાભાઈ**ને સલાટ જાતીના જાણીને

એમના ઘેર કરુણામૂર્તિ નિવાસ કરીને રહ્યા.**પાનાચંદભાઈ,બેચરભાઈ** આદીક હરીભક્તોને ઘેર પ્રભુ જમવા પધારતા હતા. સર્વજનના ઈશ્વર મહાપ્રભુ જમીને જગતના પતિ સર્વના નાથ સંતો ભક્તોને પોતાના હાથે પીરસતા હતા. આમ પોતાના દાસ ભક્તોને સુખ આપીને દુઃખને કાપીને તૈયાર થઈ પૃથ્વીનો ભાર ઉતારવા મહાપ્રભુ ચાલતા થયા ત્યારે દ્વિજો, વણીકો અને ભાવસારોની સાથે **વિસનગર**પુરથી પ્રયાણ કરવા પગ ઉપાડ્યા. ચાલીને **પીંડારક** નામનું સરોવર શોભતું હતું ત્યાં સુધી ભક્તજનો પ્રભુને વળાવવા આવ્યા હતા. ત્યાં સર્વે જનો પ્રભુનાં દર્શન કરીને પોત પોતાના ઘેર જવા નીકળ્યાં. ભક્તપતિ મહાપ્રભુ આનંદ મનવાળા થઈને આગળ જતા હતા. સર્વે લોકોના સ્વામી લોકોના ભાવ પ્રેમને જાણીને સર્વ ભુવનોના સ્વામી **વડનગરપુરે** પધાર્યા.ત્યારે નગરના બધા જ હરિભક્તો પ્રભુના પધારવાના સમાચાર જાણીને સામે તેડવા માટે આવ્યા સાથે અનેક પ્રકારનાં વાજીંત્રોને વગાડતા થકા આવ્યા. મહાપ્રભુ પુરને પાવન કરવા વડનગરપુરમાં પધાર્યા. શહેરની વચ્ચે પવિત્ર ભુવનમાં ભક્તજનોની આશાઓને પુરી કરવા વનમાળી પ્રભુ ચપળ નેત્રોવાળા ચાલીને ભક્તના ઘેર પધાર્યા.ત્યાં રસથી ભરપુર બનાવેલ રસોઈમાંથી થાળ તૈયાર થયો તેને પ્રભુ એ આરોગી અને ભક્તજનોને ઉદાસજાણી તેઓને રાજી કર્યા. મહાપ્રભુ વડનગરમાં બે દિવસ રોકાઈ ભક્તજનોને સુખ આપી જગત દાતા રમણીય નેત્રોવાળા મનોહર કીર્તનો ગવડાવતા થકા પ્રભુ ત્યાંથી ચાલ્યા. **સિધ્ધપુર** તો ખુબજ પ્રસિધ્ધ છે કેમ કે તે તો મહાન સિધ્ધોનું પવિત્ર મનોહર નિવાસ સ્થાન છે અને જ્યાં જગતને પોતાનું પુર્ણ સ્વરુપનું જ્ઞાન કરાવેલ એવા **કપીલદેવ ભગવાન**નું જન્મ સ્થાન છે, એમની પ્રાગટ્ય ભુમી છે. **બ્રહ્માજીની પુત્રી સરસ્વતી** નદીના રૂપે ખુબ પાણીના વેગથી વહ્યા કરે છે તે નદીના તટ પર ઊંચા ઊંચા તરૂઓ ખુબ જ શોભી રહ્યાં છે. પુરમાં ઊંચી ઊંચી અટારીવાળાં ભવનો શોભી રહ્યાં છે. તે પુરમાં સર્વ નરનારીજનો પોતાના ધર્મમાં દ્રઢપણે નિયમ બધ્ધ રહી નિવાસ કરે છે. તે ભુમી પર ધર્મ સતત નિવાસ કરે છે.

શ્રી હરિ મહા પ્રભુ તે **સિધ્ધપુર**ની શોભા તથા તેનો પ્રભાવ જોઈને પુરના સર્વજનોને ભક્તિભાવ વાળા કરીને સનાથ કરતા હતા.પછી સર્વના નાથ ખુબ જ રાજી થઈને ચાલતા જોઈ ભગવાનના ભક્ત **અરકચાપદાર** નામથી પ્રસિધ્ધ એવા ભક્તના ઘેર સુખના ધામ પ્રભુ પધાર્યા. શ્રી હરિ મહાપ્રભુ ત્યાં નિવાસ કરીને રહ્યા. ત્યાં રસોઈ તૈયાર કરી થાળ તૈયાર કરીને પ્રભુને જમાડતા હતા ને પ્રભુ પ્રેમથી થાળ આરોગતા હતા. ભક્તોના નાથ પતિ ભવતાપને હરનારા ભગવાન રાત રોકાઈને બીજા દિવસે સવારમાં સરસ્વતી નદીમાં સ્નાન કરતા હતા ને લોકોના ભવસુખને વધારતા હતા. પ્રભુ સરસ્વતી નદીમાં સ્નાન કરીને માન,મત્સર,અભિમાન આદીને હરનારા પ્રભુ વસ્ત્રો આભુષણોને ધારણ કરીને મસ્તક ઉપર મનોહર પાઘને ધારતા હતા. ત્યાર પછી પોતાના આશ્રિત સેવકોની સાથે મહાપ્રભુ **રુદ્ર મહાલ**ને સુંદર રીતે ધારી ધારીને જોતા હતા. જોઈને મહાપ્રભુ રાજી થયા. હે ભક્તજનો ! તમે મારી વાણીને સાંભળો મારે વાત કરવાની ઈચ્છા થઈ છે. અક્ષરના ધામી મહાપ્રભુ કહે નરનારીના કામો પુર્ણ થઈ ગયા કેમકે એ દર્શન ચરણ સ્પર્શ કરી ગયા છે બધા મનમાં ખુબ જ નિચીન્ત થયા છે અને તેઓ મારા પરમ ધામને જ પામશો એવા સર્વેના બધા જ પાપો બાળી નાંખ્યા છે નીષ્પાપ થયા છે બધા દુઃખો કષ્ટોથી મુક્ત થયા છે આમ કહીને સર્વજનો પોતાની સાથે ઉતારે પધાર્યા પ્રભુ સર્વને સુખ દઈને રાત રોકાયા શયન કર્યું. સવારમાં વહેલા જાગ્રત થઈ સ્નાનવિધીથી પરવારી કમળ નયન પ્રભુએ ત્યાંથી પ્રયાણ કર્યું. ત્યાંથી પાટણ શહેરમાં પુરૂષોત્તમ સુંદર શ્યામ પધાર્યા. ત્યારે ભલા ભક્ત **ભાવસાર ષુરુષોત્તમભાઈ** ભક્તને ત્યાં

પધાર્યા.ભક્તે ભાવથી થાળ તૈયાર કરી પ્રેમથી પ્રભુને જમાડ્યા. પ્રભુ પ્રેમ ભક્તિ ભાવથી જમીને તૃપ્ત થયા રાત્રે શયન કર્યું. બીજા દિવસે સવારમાં જાગ્રત થઈ સ્નાનવિધી કરી પોતાના એંકાંતિક ભક્ત એવા **ઈચ્છા પટેલ**ને ત્યાં પધાર્યા. થાળ તૈયાર થયો પ્રભુ પ્રેમથી પધાર્યા. થાળ આરોગ્યો,સુંદર શ્યામ પ્રભુ ભક્તજનોના મનવાંછિત કામોને પુરા કરીને સર્વને સુખ આપીને રાત્રે શયન કરીને સવારમાં વહેલા પ્રભાત વેળાએ જાગ્રત થઈ મહા પ્રભુ નરનારીજનોના ભવ ભયને હરનારા મહાપ્રભુ ચંચળલોચન ચાલ્યા. પ્રભુ પાટણથી ચાલતા થયા. મનથી સુંદર રીતે ગાતા થકા લોકોના મનને હરતા થકા  પ્રભુને જતા લોકો જોઈ રહેતાં હતાં. દેવો આકાશમાંથી મહાપ્રભુનાં દર્શન કરતા હતાં. પોતાના દર્શન કરીને નેત્રફળને પ્રાપ્ત કરતા હતા.પ્રભુની ઉપર તાપ પડતો હતો તેને રોકવા માટે પ્રભુના શીર ઉપર મેઘનું મોટું છત્ર ધરતા હતા. પ્રભુ આગળ ચાલતા થકા **ગોત્રક** ગામે પધાર્યા ત્યાના લોકોને રાજી કરી સુખ આપીને સદાવ્રત લઈને સુંદરવર ચપલ નેણવાળા પૃથ્વીના ભારને હરતા થકા ચાલતા હતા. પ્રભુ ચાલતા થકા **સાંતલપુર** ગામે પધાર્યા. હૃદયમાં દ્રઢ ધીરજને ધારીને ચાલતા થકા ત્યાંથી પ્રભુ **આડેસર** ગામે પધાર્યા. ત્યાંથી પ્રભુ **આધોઈ** ગામે પધાર્યા. **લાધાભાઈ**ના દરબારમાં મહાપ્રભુ બે માસ સુધી રોકાયા.નાસ્તિકો વાદ વિવાદ કરવા આવતા હતા ને વાદવિવાદ કરીને કબીરાવાળાને હરાવતા હતા.

આવી રીતે વાદથી પરાજય કરીને કમલ નયન પ્રભુ **કંથકોટ** પધાર્યા. કંથકોટમાં પ્રેમી ભક્ત **મુળજી ઠક્કર** નામના ભક્તના ઘેર ઉતારો કરીને સારા નિવાસમાં વાસ કરીને પ્રભુ રહેતા હતા. પ્રેમી ભક્તોની આશાઓ પુરી કરવા માટે પ્રભુ ત્યાં ઘણાક દિવસ રહ્યા. મુમુક્ષુ ભક્તજનોના ઘણા કામો કર્યાં બધાને ખુબ જ રાજી કરીને સુખ આપતા હતા. અખિલ જગતના સ્વામી આનંદ આપીને સર્વના પાપોને બાળીને મહાપ્રભુ પુરુષોત્તમ નારાયણ **ભચાઉ** પુરે પધાર્યા. ભક્તના ભાવને જાણીને પ્રભુ રંગરેલ કરતા હતા ને સુખ આપતા હતા છતાં આમ વાસ કરીને ભક્તોના દુખોનો નાશ કરીને સુખ આપી પ્રભુ ત્યાંથી **ખોખરે** આસુરી લોકોના વાદને ખંડન કરીને પ્રભુ રાત રોકાઈને પછી પ્રભાતના સમયે ત્યાંથી ચાલતા થયા.

સર્વના ભયને હરનારા શ્રી ઘનશ્યામ પ્રભુ મનમાં આનંદ કરતા થકા **ભુજ** નગરમાં પધાર્યા.પ્રભુ પધાર્યા ના સમાચાર મળતાં જ બધા જ લોકો તરત જ સામા આવતા હતા ને સમુહમાં જાતજાતના ભેરી ભુગળ,ઢોલ,ત્રાંસાં,ઝાંઝ, મૃદંગ આદીક વાજીંત્રોની સાથે શોભતા હતા. પ્રભુ પધાર્યા એટલે સર્વે લોકોને ખુબ જ આનંદ હતો. વાજિંત્ર વગાડતા થકા આવતા હતા તે જોઈ મુનીજનોનાં મનને લોભાવતા હતાં. આવીને પ્રભુને દંડવત પ્રણામ કરીને નગરનાં જનો સર્વે ચરણમાં માથું નમાવતા, હતા પછી પ્રભુ એમના કુશળ સમાચાર પુછતા હતા, એવા પ્રેમથી લોકો સુખ પામતા હતા. લોકોના જન સમુદાયને હૃદયમાં આનંદ આવતો હતો પોતાના મુખે છંદ ગાતા હતા આવી રીતે અનંત લોકો બની ઠનીને આવતાં હતાં છતાં પ્રભુ સર્વના આનંદને વધારતા થકા પુરમાં પધારતા હતા.તે **ભુજંગપુર**ના પર્વતનો કિલ્લો ખુબ જ ઉંચો બહુ જ વિશાળ તેમાં મોટા કાંગરાઓ તોપો તથા બુરજ સારી રીતે શોભતાં હતા. ગઢના બંકરો વળાંકો શોભતા હતા તેની સખતાઈ જોઈને રાજાઓના વેરીઓ જોઈને જ માનતા હતા કે એના ભાવીનું નામ ભુજીયો એ રીતે બોલાતા હતા. આ ગઢ અતિશય દુર્ગમ છે તેથી કોઈને અજાણ્યો ને કોઈ ગમ જ ન પડે તેવો છે અને અતિશય ઉચાં ઉચાં શિખરો ખુબ જ વિશાળતાથી શોભતાં જોઈને ભુજના મહારાજા એમના દિલમાં દ્રઢ થાય છે. ગઢમાં મોટા મોટા દ્વારોની શોભાને જોતા થકા પ્રભુ પ્રેમથી પુરમાં પ્રવેશ કરતા હતા અને પુરના નરનારીજનો પ્રેમથી પ્રભુના ગુણનાં કીર્તન ભજન ગાતા ચાલતાં જાતાં

હતાં. અનેક પ્રકારના વાજાં વાગતાં હતાં તેનું નીશાન વિગેરે ગગન મંડળમાં શોભતું હતું. પુરની મેદની હલક પુર્વક ચાલતી હતી, મેદાનોમાં બધાં એકઠા થઈને જોતાં હતાં,દર્શન કરતાં હતાં.અશ્વારીની વચમાં પ્રભુ શ્રી હરિ ખુબ જ શોભતા હતા જેમ દેવ સમુદાયના મધ્યમાં દેવરાજ શોભે છે તેમ શોભતા હતા. ઊંચી ઊંચી અટારીઓમાં સ્ત્રીજનો જઈને પ્રેમથી અંગો ઉપર સાજ શણગાર સજીને જોતી હતી. મહા પ્રભુ પ્રેમથી પુરમાં પોતાના ચરણકમળથી અંકિત કરીને શોભાવતા હતા એવા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પ્રભુનાં દર્શન કરી પોતાના નેત્રની સફળતા કરવા આવેલાનાં ગુણને વેદો ગાયા જ કરે છે. રાજ્યના કારભાર કરવામાં ખુબ જ ચાલાક સારા ભક્તરાજ પોતાના કામોને કરીને તત્પર રહેનારા **હિરજી** અને **સુંદરજી** ભક્તના ઘરે શ્રીજી મહારાજ પોતે પધાર્યા. શ્રી હરિ ત્યાં કાયમ વાસ કરીને રહેતા હતા લોકોને મનોહર જ્ઞાનની વાતો કરીને સમજાવતા હતા એવા ભાવથી ભરેલા સર્વના ભવના ભયને હરનારા હરિભક્તોના અંતરના શત્રુઓનું દમન કરતા હતા.સર્વના પ્રિતમ પ્રાણ એવા શ્રી હરિ પ્રાગજી પુરાણીની પાસે ભગવાનનાં ચરિત્રોનો ગ્રંથ ભાગવત મહાપુરાણની કથા વંચાવતા હતા.

હે રાજન્ ! શ્રી સહજાનંદ સ્વામીએ ભુજનગરમાં પોતાનો નિવાસ કર્યો અને લોકોના હૃદયમાં આનંદ થયો ત્યાં પ્રભુની ખુબ જ શોભા થઈ. મહાપ્રભુ ભક્તોને ઉપદેશની અલૌકીક વાતો કરીને લોકોના મનનાં પાપોનો નાશ કરતા હતા ને અધર્મી પાપીજનો મનમાં મુંજાતાં હતાં. પોતાના આશ્રિત મુમુક્ષુઓને ઐશ્વર્ય પ્રતાપ બતાવીને સમાધી કરાવીને ધામનાં દર્શન કરાવી તે ધામ અતિ સર્વત્ર વ્યાપકપણે બતાવતા હતા. આમ ઉપદેશ કરતા ઘણો સમય થયો તેનો ખ્યાલ રાખીને લોકોના કષ્ટને કાપી મહાસુખ આપી આવી રીતે મહા પ્રભુ કઠીન કાર્યોને કરતા હતા. સર્વને સુખ આપનારા મહાપ્રભુ મુખેથી ઉપદેશની વાતો કરીને ભગવાનના સ્વરૂપનો મહિમા સમજાવતા હતા. એવા જગતના પતિ શ્રી હરિ સર્વને દર્શન આપી પોતાનો પ્રતાપ બતાવતા હતા આવી રીતે વિચરણ કરી પ્રભુ ભરતખંડની ભુમીને પવિત્ર કરીને દ્વેશીઓ, પાપીઓના વિરોધનો સામનો કર્યો. સર્વને ઉપદેશમાં પ્રભુએ એ જ કહ્યું કે પોતાના મનને જીતીને દ્રઢ રીતે ભગવાનનું ભજન કરો આવી રીતે પ્રભુએ ભુજ નગરમાં પોતાના આશ્રિત જનોને સમજાવીને ઉપદેશ કર્યો.ભક્તજનો પ્રભુના આવા ચરિત્રો સાંભળીને મનમાં સુખ પામતાં હતાં અને અંતઃકરણમાં રહેલા પાપોને ધોઈને શુધ્ધમનવાળાં થતાં હતાં. પ્રભુના આવા ચરિત્રો જોઈને સંતગણ ભગવાનના મહિમાને વધારતા થકા ઉપદેશ કરતા વિચરતા હતા.

હે રાજન્ ! આવી રીતે શ્રી હરિ મહાપ્રભુ ભુજ નગરમાં ઘણા દિવસ રહ્યા ને લોકોને યોગ્ય રીતે ઉપદેશની વાતો કરતા હતા. ભક્તજનો અને સંતોના સુખરૂપ શ્રી હરિ ભક્તોના ભયને હરતા હતા.શ્રી હરિ મહાપ્રભુના મંડળ કરી જે સંતોને પહેલા મોકલેલા હતા તે ઉપદેશ આપતા થકા ભક્તજનોના દુઃખોને નાશ કરતા હતા તથા સંતદાસજી સ્વામીને મહાપ્રભુએ કામરૂ દેશમાં પોતાના એકાંતિક ભક્ત **દલુજી** નામના ભક્તરાજ હતા એમને શ્રી હરિના અવતારની વાતો કરવા ને ભગવાનના પ્રગટ સ્વરૂપનો ઉપદેશ આપવા મોકલ્યા.દલુજીને ભગવાનના અવતારના સમાચાર આપ્યા ને સંતદાસજી ફરતા ફરતા મહાપ્રભુના દર્શન કરવા વિસનગરમાં આવ્યા ત્યારે ત્યાં સંતનું મંડળ રહેતું હતું તે મંડળમાં મુખ્ય **સુખાનંદ** સ્વામી હતા સંતદાસજી સ્વામીનો તેમને ભેટો થયો ત્યારે સુખાનંદ સ્વામીએ પ્રભુના **ભુજનગર**ના વિચરણના સમાચાર આપ્યા. સંતદાસજી સ્વામી ભગવાનના ચરિત્રોનો ઉપદેશ કરતા થકા ફરતા ફરતા **ભુજ** નગરની ભુમી ઉપર પ્રભુનાં દર્શન કરવાની ઈચ્છાથી આવ્યા હતા. ધર્મકુળ દિપક મહાપ્રભુ અહી ભુજનગરમાં છે તેમ જાણી તે આવ્યા હતા પ્રભુએ પ્રેમ પુર્વક દર્શન આપ્યાં, પ્રભુનાં

ચરણનો સ્પર્શ કરી પ્રગટ પ્રમાણ પ્રભુને સુખ પુર્વક મળી સ્વામી ખુબ સુખ પામતા હતા. શ્રી હરિ મહાપ્રભુ સંતદાસજીને સર્વ સમાચાર પુછતા હતા. બધા દેશોમાં ફરવા ગયેલા સર્વ સંતોના મંડળો શ્રી હરિ મહાપ્રભુના દર્શન કરવા માટે ભુજ નગરમાં આવ્યા. ત્યારે શ્રી હરિ ભક્તજનોને કથા સંભળાવતા હતા ત્યારે સંતો દર્શન કરી મુખની વાણી સાંભળવા સભામાં બેસતા હતા. ત્યારે શ્રી હરિ વેદની વાતો કરતા હતા તે વાતોની અંદર દંભી તપસ્વી પોતાનો ધર્મ છોડી પાખંડ ધર્મનો આશ્રય કરી અવૈદિક ધર્મથી લોકોને ભરમાવતા હતા.પાખંડી પોતાના મન માન્યા ધર્મ પ્રમાણે વર્તતા હતા. તેને શ્રી હરિ કહેતા હતા કે, નીરવેદી સાધુઓ પંચવિષયમાં પ્રીતી રાખે છે પોતાને મહાન ભાગ્યવાળા માને છે. લોકોને ભરમાવે છે. જીવની વૃત્તિ વિષય વાસનામાં હોય ત્યાં સુધી જીવને જન્મ મરણની સંસૃતી છુટતી નથી ભવાટીમાં વારંમવાર ભમ્યા જ કરે છે અપાર પીડાને પામે છે પણ જ્યારે એ જીવાત્મા બધી જ વાસનાઓથી છુટીને મુક્ત થાય છે કેવળ મારા સ્વરૂપની દ્રઢ ભક્તિ કરે છે એ જગતના બધાજ ભોગોનો ત્યાગ કરીને મારો એકાંતિક ભક્ત થાય છે ને અક્ષરધામને પામે છે.આવી રીતે ત્યાગી ગૃહસ્થની અનેક વાતો કરીને શ્રી હરિ મહા પ્રભુએ સર્વ ભક્તજનને સમજાવ્યા તેને સાંભળી મનની અંદર સૌને સુખ શાંતી થઈ.

શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ વિચરણ કરતા થકાં ભુજ નગરે પધાર્યા. ભક્તજનોનો ખુબજ ભાવ જોઈ એમના ભયને દુર કરવા તથા સ્વરૂપના દર્શન દેવા, સુખ આપવા સર્વના દુઃખોને હરી શાંતી કરવા પધાર્યા. ત્યારે સંતો સર્વે દેશાંતરમાં વિચરતા હતા તે પ્રભુની પાસે ભુજ નગરમાં આવ્યા સૌને ઉપદેશ આપ્યો એવી રીતે તેરમાં તરંગના રૂપમાં શ્રી હરિલીલાસિંધુમાં ઉરમી રૂપે પુર્ણ થયો.

**આવી રીતે શ્રી હરિલીલાસિંધુમાં આઠમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બ્રહ્મચારી રચિત છંદ ભાષામાં અવધપ્રસાદજી મહારાજ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રી હરિ સહજાનંદ સ્વામી ભુજ નગરમાં પધાર્યા એ નામે તેરમું તરંગ પૂર્ણ થયું ાા૧૩ ાા**

# તરંગ-૧૪

આનંદસિંહ રાજા કહે છે હે અવધપ્રસાદજી મહારાજ ! શ્રી મહાપ્રભુ ભુજનગરથી જીવોના ભવભયને હરતા શરણાગતને સુખ આપનારા ઘનશ્યામ પ્રભુ ક્યાં ક્યાં ગામોએ સ્થળોએ વિચર્યા ? પ્રભુ એ જે અદ્‌ભુત લીલા કરી તે બધી જ ઘનશ્યામ પ્રભુની લીલાને આપ મને ઉદારતાથી કહી સંભળાવો. એ શ્રી હરીના લીલા ચરીત્રોને હું સાંભળવા ચાહું છું. કેમ કે એ ચરીત્રો એક રસ ચૈતન્ય બનાવનારાં છે જે જીવ કાનથી ભગવાનનાં ચરિત્રોને નથી સાંભળતો ને જીવન પર્યંત ભોગલીલા ભોગવે છે જગતની વાતો સાંભળે છે તેના કાન તો સાપના દર જેવા ભોણ જ છે. તેથી તે જડમતી જીવો પોતાના જન્મને ગુમાવે છે ને ભવાટીમાં ભમે છે.પણ રસયુક્ત થઈને પ્રભુના સ્વરુપને વીષે એકાગ્ર થઈને પ્રભુ નામ નથી ગાતો કે નથી બોલતો અને મુખેથી જગતની વાતો જ બોલે છે અનેક જાતના હાવ ભાવના ઉચ્ચારો કરે છે તે તો દેડકાં જેમ નીર્થક બોલે છે તેની માફક નિર્થક જ સમય ગુમાવે છે. હાથેથી પ્રભુના ચરણ કમળની સેવા વેદની શ્રુતીઓ જે રીતે કહે છે તે રીતે નથી કરતો તથા પ્રભુના ચરીત્રોને છોડીને બીજે મતિ જોડીને ક્રિયાઓ કરે છે તે તો કાંટા સમાન દુઃખ સેવનારો થાય છે. નેત્રોથી રસીકવર ઘનશ્યામ પ્રભુના સ્વરુપના દર્શન એકાગ્ર ચિત્તથી નથી કરતો તેના નેત્રને તો મુની જનો કેવળ કાર્તિક સ્વામીના

વાહન મોરના પીંછાના ચાંદલા સમાન કહે છે. જે જીવના ચરણ ભગવાનના દર્શન માટે ચાલતા નથી તથા હરિભક્તોની સાથે પવિત્ર યાત્રા કરવા નથી જતો તે ચરણો તો વડની વડવાઈ સમાન નીર્થક છે તેમ **વાલ્મીકી મુની** અને **વ્યાસ ભગવાને** કહેલું છે. જેનું મસ્તક સંતજનોના ચરણોમાં નથી નમતું તથા હરિના ચરણોમાં નથી નમતું હેત નથી કરતો તેનું શીર તો પથ્થર સમાન વ્યર્થ કહેવાય તે તો આ દેહને ભાર રૂપ થાય છે. આખા શરીરથી ભગવાનની સેવા કરવામાં નથી જોડાતો તથા ભગવાનની પરીચર્યા કરવા નથી આવતો એનું આખું શરીર તો મડદા સમાન છે એ પ્રમાણે વેદપુરાણોમાં વર્ણન કરેલ છે. એટલે હું ચાહું છું કે હરિના ચરીત્રોને સાંભળું એટલા માટે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! આપ પ્રભુના અમૃત સમાન લીલા ચરીત્રો સંભળાવવા કૃપા કરો.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે હે આનંદ રાજન્ ! તમને ધન્ય ધન્ય છે તમે જીવનમાં આત્માનું કલ્યાણ કરનારા ભગવાનનાં લીલા ચરીત્રોને સુંદર વિસ્તારથી સાંભળવા ચાહ્યા એ જ તમારી ધન્યતાનું કારણ છે. તમારી પુછેલી બધી જ વાતો ક્રમથી ભગવાનના ભયહારી ચરીત્રો જે ભુજ પુરમાં ભક્તપતિ ભગવાને જે જે અદ્‌ભૂત ચરિત્રો કર્યાં તે કહું છું.

ઘનશ્યામ પ્રભુ ભક્તજનો આગળ રસયુક્ત મનોહર જ્ઞાનની વાતો કરતા હતા, જીવોનું સારૂ કરવા નિમીત્તે ભગવાનના જે ચરિત્રો પુછ્યાં તે ખુબ શોભા વધારનારાં છે અંતઃશત્રુને મારનારાં છે. મહાપ્રભુ ભુજ નગરમાં ભક્તજનો આગળ કહેતા હતા. આમ શ્રીહરિ સંતોને કેટલાક દિવસો સુધી પોતાની પાસે રાખતા હતા. ત્યાર પછી પોતાના ભક્તોને ઉપદેશ આપવા માટે દેશાંતરમાં વિચરણ કરવા આજ્ઞાઓ કરતા હતા. આમ કહીને મહાપ્રભુ મુનીઓની ત્રીસ ત્રીસની ચાલીસ ચાલીસની મંડળીઓ બનાવીને ઉપદેશ કરવા માટે ગામડાઓમાં મોકલતા હતા આવી રીતે મનોહર મૂર્તિ સંતોને મોકલીને સર્વના મનને મોહ પમાડતા હતા.ત્યાર પછી સંતો ભુજનગરથી **મનાકુવા** તથા **બળદીયા** ગામે ગયા ને સર્વે સંતો પોતાની મનની વૃત્તિને પ્રભુમાં જોડી દીધી. ત્યાર પછી અવિનાશી મહાપ્રભુ સર્વના મનને આનંદ ઉભરાવતા થકા આનંદ ભરેલા મનવાળા સંતો પાસે પધાર્યા. ત્યારે બધા સંતો પ્રભુને સામા દર્શન કરવા આવ્યા. સૌ ભક્તજનો પ્રભુનાં દર્શન કરી ખુબ આનંદીત મનવાળા થયા. ત્યાં રસોઈ તૈયાર થઈ એટલે સર્વના મનને આનંદ પમાડવા પ્રેમથી સંતો અને જનસમુદાયને રાજી કરવા જમતા હતા ને જમાડતા હતા. પ્રભુ સંતોને જમાડીને સંતોના મંડળને સત્સંગની કથા વાર્તારૂપી સેવા કરવા ભક્તજનોની આશા પુરી કરવા **માંડવી બંદરે** મોકલતા હતા. શ્રી સહજાનંદ સ્વામી પોતે ભુજ નગરે પાછા પધાર્યા ને ભક્તોના પાપોનો નાશ કરવા નિવાસ કરીને રહેતા હતા.મંદહાસ્ય કરીને સુખ આપતા હતા બધા મનના આનંદને વધારતા હતા. ભક્તજનોના અંતર સુખ વધારવા માટે શ્રી હરિ ખુબ જ જ્ઞાન ઉપદેશ કરીને દ્રઢ કરતા હતા. પ્રાઃતકાળમાં વહેલા ઉઠીને લોકોના ભીડા વચ્ચે ખુબ જ શોભતા હતા એવા સર્વના પ્રાણપતિ પુરણબ્રહ્મ પુરુષોત્તમ નારાયણે વિચરણ કરીને **ભુજપુર નગર**ને પાવન કર્યું અનેક લોકોને સમાધી કરાવીને મહાસિધ્ધ સમાન સમાધી નિષ્ઠ નરનારી જનોને કર્યાં. પ્રભુ જનોના નાડી પ્રાણ ખેંચે છે તેને ફેર સંસારમાં આવવું નથી પડતું. આવું પુરણ કામ પ્રભુ ભુજ નગરમાં નિવાસ કરીને જીવોના ભવના ભયને ટાળીને સર્વે જનોના મનને આનંદ પમાડતા હતા, સર્વના ભયની ભ્રાંતી તોડીને નિર્ભય બનાવતા હતા. શ્રી સ્વામિનારાયણ ભગવાને ભુજ નગરમાં ભક્તજનોના મનના ભયને ભાંગી નિર્ભય બનાવ્યા. આમ પોતાના આશ્રિત જન સમુદાયને આનંદ આપતા હતા આવી રીતે શ્રી હરિ ભુજ નગરમાં લાબાં સમય સુધી રોકાઈને દુઃખોને હરી લીધા. ત્યાર પછી બધા જ

ભક્તજનો પ્રત્યે વાત કરતા હતા તેમાં સંતોને પણ બોલાવીને વાતો કરતા હતા પરમહંસો ઉપર રાજી થઈને શ્રી હરિ સર્વેને કહેવા લાગ્યા.

હે સર્વે સંતો, હરિભક્તો ! તમારે બધાને તૈયાર થઈને કરીયાણા ગામે આવવાનું છે અમે પણ ત્યાં આવીશું આમ કહી સંતોને સાવધાન કરતા હતા. મહાપ્રભુએ તરતજ પ્રાગજી દવેને બોલાવ્યા ને સાથે લઈને પ્રયાણ કરવાની તૈયારી કરી. સર્વે સંતોને મહારાજે તેડાવ્યા હતા તેમાં મુખ્ય આનંદાનંદ મુનીનું નામ કહીને કહેલું કે મહા મહીનાની પૂર્ણીમાના દિવસે **કરીયાણા**માં ઉત્સવ કરવાનો છે. આમ કહીને જીવન પ્રાણ પ્રભુ સંતોને મોકલીને ત્યાં ઉત્સવ માટે સામાન તૈયાર કરાવવા પહેલેથી ભલામણ કરીને સંતોને મોકલ્યા. પછી સર્વે ભુવનના સ્વામી મહાપ્રભુએ **જુનાગઢ**ના રાજાને સમાચાર મોક્લ્યા. અમે જુનાગઢ આવીશું અને તમને આનંદ આપીશું. જ્યારે અમે આવીશું ત્યારે અનેક સંતો હરિભક્તોનો સમુદાય હશે. અમે ત્યાં સમૈયો કરવા માટે આવવાના છીયે. **જુનાગઢ** અતિ પ્રાચીન તીર્થ છે તેને પાવન કરવા આવવાના છીએ. આવી રીતે આમંત્રણ પત્રો લખીને હરિભક્તોને પોંચાડવા માટે મોકલ્યા અને ત્યાર પછી મહાપ્રભુ પણ સર્વે સંતો હરિભક્તોની સાથે તૈયાર થયા. મહાપ્રભુ નારાયણ ભગવાન ભુજનગરથી સર્વના ભયને હરતા થકા મદજર ગજ તથા હંસ ગતિએ ચાલતા હતા. ચાલીને રણ તથા સમુદ્રને પાર કરીને મહારાજ **જોડીયા બંદરે** પધાર્યા. આવા મહાપ્રભુ ભગવાનના અદભુત ચરિત્રોને બ્રહ્મા, વિષ્ણુ, શેષ-શારદા ગાયા જ કરે છે એવા મહાપ્રભુ **જોડીયા બંદરે** પધાર્યા તે સમાચાર જાણીને સર્વે ભક્તજનો રાજી થયા. પ્રભુ **ભલાભાઈ ભક્તના** ઘેર નિવાસ કરીને રહ્યા ત્યાં થાળ તૈયાર થયો એટલે થાળ જમ્યા ને સર્વેને જમાડીને રાત્રે ત્યાં શયન કર્યું. સવારે વહેલા જાગીને મોટા જળાશયમાં સ્નાન ક્રિયા કરી ત્યાંથી પ્રયાણ કરી પછી મહાપ્રભુ **ભાડેર** ગામે પધાર્યા.પ્રભુ પધારવાના સમાચાર જાણી ત્યાંના ભક્તજનોને ખુબ જ આનંદ થયો. ભક્તજનોના પાપોને બાળવા કરુણાનિધી ભગવાન સુખ કરવા પધાર્યા. ત્યારે **વશરામ** નામના સુતાર ભક્ત તથા **ડોસા** આદી અનેક હરિભક્તા ભગવાનના સ્વરૂપના દર્શન કરવા સામા આવ્યા. દર્શન કરી ભક્તજનો પ્રભુનું સામૈયું કરીને પુરમાં લાવ્યા. લાલ ચરણ કમળવાળા, ચપળ નેત્ર કમળવાળા મહાપ્રભુને પોતાના ઘરમાં ઉતારો કરાવતા હતા. પ્રભુ પ્રેમથી રહેતા હતા. પછી રસોઈ તૈયાર કરી ભોજનનો થાળ તૈયાર કરી પ્રભુને ખુબ જ પ્રેમથી સંત ભક્તોને જમાડતા હતા. ત્યાર પછી શ્રી હરિ ભક્તજનોને આનંદ કરાવવા માટે અનેક ભક્તજનો તથા સંતોની સાથે નદીમાં સ્નાન કરવા પધારતા હતા. સર્વના નાથ શ્રી હરિ પોતાના ભક્તજનોની સાથે બળવંત પ્રભુ જળમાં ઉતરતા હતા. જળમાં જોયું તો પાણી ખુબજ હતું એટલે પ્રભુ જળમાં ડુબકી મારી છુપાઇ જતા હતા બધાને લોભાવતા હતા. પ્રભુ ડુબકી મારતા હતા ત્યારે બધા જ જોતા હતા પણ પ્રભુ ક્યાં ડુબેલા છે તેને કોઈ શોધી શકતા ન હતા. ત્યાર પછી પ્રભુ સ્વયં જળમાંથી બહાર નીકળ્યા ત્યારે સર્વે ભક્તો પ્રભુને જોતા હતા અને ભગવાન જળમાંથી બહાર આવી ખુબ જળ ક્રિડા કરતા હતા, એક બીજા ઉપર જળના છાંટાં ઉડાડી આનંદ કરાવતા હતા.આવા પ્રભુના ચરીત્રોને જોઈને લોક સમુદાય પ્રભુનો જયજયકાર બોલતા હતા. આવી રીતે મહાપ્રભુ ખુબ જ ખેલ કરીને ચરિત્રો કરી ખુબ સુખ આપી મહાપ્રભુ કરુણાનિધી પુરમાં પધારતા હતા. ભક્તજનના ઘરમાં નિવાસ કરી ગુણસાગર પોતાનું ઘર જાણી ગુલતાન થઈને રહેતા હતા. ભોજન કરી રાત્રે શયન કર્યું પ્રાઃતકાળ થયો ત્યારે ભગવાન ભક્તોના કષ્ટને હરવા નિત્યકર્મ કરી ભક્તજનોને દર્શનનું સુખ આપતા હતા. ત્યાંથી અક્ષરધામના નાથ

જલદીથી સંત સમુદાયની સાથે ભવભય પામતા એવા મનુષ્યોના ભયને હરતા થકાં લોકોને સુખ આપતા થકા દુઃખ હરતા મહાપ્રભુ **કાલાવાડ** ગામે પધાર્યા. ત્યાં પોતાના અતિ પ્રેમી ભક્તો રહે છે એમ જાણી મહાપ્રભુ ભગવાન એમના દુઃખોને નાશ કરવા અને સુખ આપવા પધાર્યા. ભક્તજનોને દર્શન આપી મહાપ્રભુ ત્યાંથી સર્વ સંત સમુદાયની સાથે પ્રિતમ પ્રાણ પ્રભુ પ્રેમથી સર્વને આપતા ચાલતા હતા. પરબ્રહ્મ પુરષોત્તમ નારાયણ મહાપ્રભુ લોકોની પીડાને હરતા થકા **ધોરાજીપુર**માં પધાર્યા. ત્યાં ધોરાજીપુર પાસે લાલ વડની છાયા પ્રભુને ખુબ ગમતી હતી પ્રભુ ત્યાં પધાર્યા. શ્રી હરિએ વડની નીચે ઉતારો કર્યો. બધા જ લોકો પ્રભુના દર્શન કરવા માટે ત્યાં આવ્યા ને ભક્તજન સૌ સેવા કરતા હતા.ત્યારે ભુજ શહેરના **ભગવાનદાસ** નામના સુથાર જ્ઞાતી ના ભક્ત ત્યાં આવ્યા હતા. તે ભક્ત પ્રભુ માટે સરપાવ તૈયાર કરીને લાવ્યા હતા. હરિએ તે સરપાવ જોયા અને પ્રાણ આધારે વસ્ત્રો પહેર્યાને ભક્તો ઉપર કરૂણા કરી રાજી થયા.

પ્રથમ પાઘને જોઈ તે જરકશી કોરી બાંધેલી તેને ખુબ જ મરોડ આપીને તૈયાર કરેલી અને કીનખાબની ડગલીને ધારણ કરી પછી ધર્મ કિશોર મહાપ્રભુએ કમર ઉપર જરકશી કોરનો દુપટ્ટો બાંધ્યો. ધર્મનંદન મહાપ્રભુ એ સુરવાળને ધારણ કર્યો, તે ખુબ જ વિશાળતા વાળો હતો આવી રીતે પ્રભુએ વસ્ત્રોને ધારણ કર્યા. ધર્મના જહાજ એવા મહાપ્રભુએ હાથમાં વાંકાવાળેલા વાઘમોડીયાં કડાઓ ધારણ કર્યા. ઉચા પ્રકારની પોંચીઓને બાજુબંધમાં ધારણ કરી અને બીજી મુદ્રાઓને ધારણ કરી પ્રભુ રાજી થયા. જરકશી તારથી ગુંથેલું ઉચા પ્રકારનું ઉતરીય વસ્ત્ર તેને ખભા ઉપર ધારણ કર્યું. આવી રીતે શણગાર સજવાથી બધા જ અંગો શોભતાં હતાં અને પ્રભુના મનને સર્વે વસ્ત્ર આભુષણો ભાવતાં હતાં. પ્રિતમ પ્રાણ પ્રભુ તે વસ્ત્ર આભુષણોને ધારણ કરીને લોક સમુદાયને દર્શન આપતા હતા. અને હરિએ લખાવેલા પત્ર વાંચીને દેશ-દેશના લોકો દર્શન કરવા આવ્યા. તેમાં ગુજરાતનો સંઘ પ્રથમ ધોરાજી પાસે આવ્યો. અને પ્રભુએ નવા શણગાર સજેલા જોઈ દર્શન કર્યા. જેમણે આવા સ્વરૂપે ભગવાનને જોયા તેના મહા ધન્ય ભાગ્યવાળા કહેવાય. આવી રીતે બધા જ ભક્તજનોને દર્શન આપ્યા. બધા ભક્તજનોના ભવના ત્રાસને હરીને સુખનો વાસ કરાવ્યો અને બધા પ્રેમી ભક્તોને દર્શન આપી ખુબ જ આનંદ ઉલ્લાસથી જ્ઞાન ઉપદેશ આપતા હતા. આવી રીતે શ્રીજી મહારાજ **જીજીભાઈ** અને **અજુભાઈ**ની સેવાને અંગીકાર કરીને સુખ આપીને મહાપ્રભુ સુંદર નેત્રકમળવાળા ધોરાજીપુરથી **જુનાગઢ** પધાર્યા. જુનાગઢમાં દેશદેશના સત્સંગીઓના સંઘો તથા સંતોના મંડળો આવેલાં હતાં. તે સર્વોને મહાપ્રભુએ નવીન વસ્ત્ર આભુષણોને ધારણ કરી સુંદર રીતે દર્શન આપતા હતા.

હે રાજન્ ! શ્રી હરિ મહાપ્રભુ ભુજનગરથી સર્વના પ્રાણપતિ સર્વના સ્વામી પરમેશ્વર મહાપ્રભુ સાગર ઓળંગીને જોડીયાપુરે ગયા ત્યાંથી **ભાદરાપુરે** પધાર્યા. હરિભક્તોને દર્શન આપી ત્યાંથી ધર્મનંદન પ્રભુ ધોરાજીપુરે પધાર્યા. ત્યાં બધા સંઘોને મળ્યા જુનાગઢ પધાર્યા. આવી રીતે ચૌદમાં તરંગની લીલા પુર્ણ થઇ એમ શ્રી હરિલાલાસિંધુની લહરી રુપે તરંગ પુર્ણ થયો.

**આવી રીતે શ્રી હરિલીલાસિંધુમાં આઠમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બ્રહ્મચારી રચિત છંદ ભાષામાં અવધપ્રસાદજી મહારાજ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રી હરિ સહજાનંદ સ્વામી જુનાગઢ નગરમાં પધાર્યા એ નામે ચૌદમો તરંગ પૂર્ણ થયો ॥૧૪॥**

# તરંગ-૧૫

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! જતિઓ સતિઓ કાયમ જેમના ગુણને ગાયા કરે છે એવા મહાપ્રભુએ જુનાગઢમાં જઈને શોભા વધારનારા જે જે ચરિત્રો કર્યા હોય તે શોભા યુક્ત ચરિત્રો મને કહો.હે મહારાજ ! એ સર્વે ચરિત્રો મને કહો તમે તો જુનાગઢની બધી જ લીલાને જાણો છો કેમ કે જગતના ભારરૂપ એવા સર્વે લોકોના ભવને હરનારા આપ જુનાગઢ ભગવાનની સાથે પધાર્યા છો તેથી તે સર્વે લીલા મને સંભળાવો.

અવધગુરુ કહે છે હે આનંદ રાજન્ ! તમારી બુધ્ધી ખુબ જ નિર્મળ છે કેમ કે તમે મનને હરનારા પુરુષોત્તમ નારાયણ પ્રભુના ચરિત્ર સાંભળવા માટે પ્રશ્ન કર્યો છે તે બહુ જ સારૂ છે માટે હું જુનાગઢના ચરિત્રની ઘટના બનેલી તેને મારા મનમાં વિચારીને તમને કહું છું. તે જુનાગઢના કિલ્લાની તો છબી તથા કાંગરાંતો જાણે આકાશને અડતાં હોયને શું ? એવાં ઉચાં હતાં ને કિલ્લો પણ ઉચો હતો તેની છબી તો જાણે બુર્જથી છવાયેલી હોય તેવી લાગતી હતી. તેના દરવાજાઓ બીજે ન બને તેવી શોભાવાળા હતા. તેની રચના કરવામાં શીલ્પીઓએ પોતાની ધીરજ ચતુરાઈ ધારીને કળા કરી હોય તેમ ખુબ જ ચિત્રવિચિત્ર શોભા બનાવેલી શોભતી હતી તેની કવિઓ કવિતાઓ બનાવીને ગાયા કરે છે તે કિલ્લાને ફરતી મોટી ખાઈ બનાવેલી હતી તે શોભતી હતી, તેને જોઈને જોનારાઓ ક્ષોભ પામી જતા હતા અને કિલ્લાથી દુર ભાગી જાય એવો ભય થતો હતો. તે કિલ્લા ઉપર વૃક્ષોના અતિશય ઝુંડો શોભતાં હતાં, બહાર ખાઈ ઉપર વૃક્ષો ઉભેલાં ઘટાદાર શોભતાં હતાં. આવી રીતે ઉંચા વૃક્ષોની શોભાથી કિલ્લાની છબી તો સ્વર્ગમાં છવાયેલી હોય એવી મનોહર લાગતી હતી તે ઘાટી છટા જાણે લોકોના દુઃખોને ન હરતું હોય તેવું લાગતું હતું. કિલ્લાના ઝરુખે ઝરુખે જાત જાતના જરીયાની પતાકાઓ શોભતા હતા. તે શ્રી હરિ પધાર્યા ત્યારે એ સર્વે ધજા પતાકાઓ તથા વૃક્ષોની છબી અતિશય ફરકતી હતી (ડોલતી હતી) એવી રીતની શોભા લાગતી હતી. આવી રીતે શ્રી હરિ પુરમાં પધારતા હતા ત્યારે પુરની નારીઓ શ્રી હરિનાં દર્શન કરવા માટે મકાનની અગાશીઓ ઉપર ચડીને જોતી હતી તથા ઘરના બારણા ખોલીને જોતી હતી, બારીઓ ખોલીને જોતી હતી તે જાણે ઘનશ્યામ પ્રભુના દર્શન કરવા આવ્યાં ત્યારે સાંજની વેળાની ફુલવાડી ન હોય ? તેવું લાગતુ હતુ. લોકોના જુથો પ્રભુના દર્શન માટે ઉભાં હતાં તેમના ચિત્ત શ્રી હરિમાં ખેંચાઈ ગયા. આવી રીતનાં પ્રભુનાં અલૌકિક લીલા ચરિત્રોની શોભા જોઈને જાણે ધામની પ્રભા ન પડી હોય ? તેવું જણાતું હતું. ત્યારે ગુણીજનો પ્રભુના ગુણને ગાતા વગાડતા થકા આર્ત સ્વરે સ્તુતિ કરતા થકા સૌ સ્ત્રી-પુરુષો આનંદ મેળવતાં હતાં. આવી રીતે ઘનશ્યામ પ્રભુ શહેરમાં પધારતા હતા ત્યારે ભુમી ઉપર ખુબ જ ભેરીઓ વાગતી હતી. તે જાણે કે લોકોનું જુથ ફુલની જરી લઈને આવતા હતા. લોકો વારેવારે હરિના દર્શન કરીને નેત્રોને હરિના સ્વરૂપમાં જોડી રાખતા હતા. સ્ત્રીઓ મકાનના ગોખમાં જઈને છત ઉપર જઈને પ્રભુના મુખના દર્શન કરતી હતી ને ઉરમાં અતિ આનંદ આવતો હતો. ભક્ત નારીઓ પોતાના રૂચી પ્રમાણે ભગવાનના ચરિત્રોના કીર્તનો ગાતા હતા. ગામની નારીઓ પ્રભુના ચરિત્રોને ગાતી હતી તે સમયે પ્રભુની શોભા જોવા જાણે મનુજનની ઘટા બંધાણી હોય તેમ પ્રભુનાં દર્શન કરવા આવેલા સમુદાયની શોભા થતી હતી.

આવી રીતે અશ્વવારીની સાથે શ્રી હરિ પુરમાં પધારીને પાવન કરી પ્રેમથી બધાને સુખ આપી કૃપા કરી પ્રિતમ પ્રાણ પ્રભુ અનેક ભક્તજનોના ઘેર પધરામણી કરવા પધાર્યા.ત્યાર પછી શ્રી હરિએ આવેલા સંઘોને જમાડ્યા ત્યાર પછી સંતો અને પરમહંસોની જુદી જુદી વિક્ત્તી કરીને રાખવાનો વિચાર કર્યો . શ્રી હરિ મહાપ્રભુએ સંતોને સોરઠ દેશમાં ફરવા બધાના ભયને હરવા ઉપદેશ કરવા મોકલ્યા.આવી રીતે કમલ નયન કીરતાલ પ્રભુએ સુખ આપવા માટે સંતોને મોકલ્યા. શ્રી ઘનશ્યામ પ્રભુ પરમહંસોને સાથે લઈને પ્રિતમ પ્રાણ આધાર પોતે પણ લોકોના પાપને હરી લેવા જ્ઞાન આપીને દ્રઢ સત્સંગ કરીવીને જગથી પાર ઉતારવા માટે ચાલ્યા. લોકોની કામ વાસનાને હરતા થકા ગામો ગામ મુકામ કરીને પોતાના આશ્રિત જનોના પાપોને બાળવા ભક્તોને સુખ આપવા. અભરણ જનોને ભરણ કરવા ભગવાન પોતાના શરણમાં લેતા હતા. લોકોના જન્મ મરણના દુખોને લેતા થકા ભક્તોને સુખ આપતા થકા જગતના લોકોના પાપોના જોરને કાપતા થકા શેષ નારાયણના સ્વામી એવા શ્રી ઘનશ્યામ પ્રભુ ભુમી ઉપર વિચરણ કરતા થકા, નરનારીજનોના મનના દોષોને દુર કરતા હતા. શ્રી હરિ મહાપ્રભુ પરમહંસોને સાથે લઈને ચાલતા ચિત્તને ચોરતા થકા પુરણ પુરષોત્તમ પ્રભુ **ચુડારાણપુર** ગામે પધાર્યા. અતિ ભાવિક ભક્તજનોના ઘેર નિવાસ કરતા હતા. ભક્તપતિ ભગવાન શ્રી હરિ ભક્તજનોના ભાવને વશ થઈ ભોજનના થાળને આરોગતા હતા. પોતાના આશ્રિત જાણીને કૃપા કરી ભક્તજનને ખુબ જ મહા સુખ આપતા હતા. મહાપ્રભુ રાણપુરના ભક્તોને સુખ આપીને **દેરડી** ગામે પધાર્યા. ત્યાં પોતાના આશ્રિત ભક્તજનોના દારીદ્ર દુઃખને હરવા માટે જન પ્રતિપાલ મહાપ્રભુ કાળકર્મની ઉપાધીને હરવા દયા કરીને પધાર્યા. મહાપ્રભુ જગતના જીવોને ભક્તજનોને બ્રહ્મપુરધામનું ભાન કરાવવા ભક્તજનોના ઘેર પધારી ભક્તના થાળને જમતા હતા તેની સાથે ભક્તના માન મદના દોષને હરતા હતા એવા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ મહાપ્રભુનું ગંગાજીને મસ્તક ઉપર ધારનારા **શદાશીવ** પ્રભુ કાયમ ધ્યાન ધર્યા કરે છે એવા મહાપ્રભુ ભક્તના ઘેર પધાર્યા.શ્રી હરિ પોતાના આશ્રિત ભક્તજનોની આશાઓને પુરી કરવા સુખ આપવા સંતોને સુખ આપનારા મહારાજ ગુણના ભંડારરૂપ કમળનયન પ્રભુ **ગઢપુર** ગામે પધાર્યા. ભક્તજનોના ખુબજ ભાવ જાણીને યમપુરીના ભયને ટાળતા થકા ભક્તના મનને આનંદ આપવા નરનારીને સુખ આપવા પધાર્યા.પૃથ્વી ઉપર ધર્મને સ્થાપવા ધર્મના પુત્ર નિસ્પૃહી મૂર્તિ કેટલાક દિવસો સુધી લોકોના ત્રાસને હરતા થકા ત્યાં વાસ કરતા હતા. ભક્તો સંતોને સુખ આપતા થકા સુખના સાગર કમળ નયન અશરણ શરણ મહાપ્રભુ સોરઠ દેશમાં વિચરણ કરવા પધારતા. સોરઠ દેશમાં સુખના ધામ મહાપ્રભુ **ગોંડલ** ગામે પધાર્યા. ત્યાં પોતાના આશ્રિત ભક્તના ભુવને ઉતારો કર્યો. સંતોની સાથે તૈયાર કરેલી રસોઈમાંથી થાળ જમીને સૌને જમાડતા હતા અને ભક્તોના પાપોને હરતા હતા. રાત્રે શયન કરી ભક્તના પાપને હરતા હતા. સવારમાં વહેલા વીહાન સમયે ત્યાંથી પ્રયાણ કરીને ભક્તજનોના ભયને હરનારા સુખના સાગર પ્રભુ **ધોરાજી** પુરે પધાર્યા.

ધર્મના પુત્ર જીવોનુ કર્મ જન્મ મરણના દુખને હરતા થકા પોતાના ભક્તજનોને સુખ આપવા કમળનયન પ્રભુ ફરતા થકા ત્યાં પધાર્યા. મહાપ્રભુ પોતાના ભક્તજનોને સુખ આપવા ધોરાજી પુરમાં કેટલાક દીવસ રોકાઈ પોતાના આશ્રિતોને સુખ આપી કલ્યાણકારી ગુણસાગરના ગુણને ગાતા ગવાતા પ્રભુ ત્યાંથી ફરતા ફરતા **કાલવાણી** પુરે પધાર્યા. શ્રી હરિકૃષ્ણપ્રભુ પોતાના આશ્રિત ભક્તોના કલ્યાણ માટે દર્શન આપવા પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુ ત્યાં રહ્યા. મહાપ્રભુ ભક્તોના પ્રશ્નોનું નીરાકરણ કરી જ્ઞાન સુખ આપતા હતા પોતાના આશ્રિત

ભક્તના ઘેર નિવાસ કરીને રહ્યા. વિશ્વના નિવાસરૂપ શ્રી હરિએ સર્વે સંતોને કાલવાણીમાં તેડાવ્યા ત્યારે સંતો પ્રભુના દર્શન કરવાની આશાએ ત્યાં જલદી જલદી આવ્યા. દર્શન કર્યા ચરણ સ્પર્શ કરીને પરમ સુખને પામતા હતા. ત્યાર પછી સર્વે સંતોને મહાપ્રભુએ સાધુની પદવી છોડાવી પરમહંસની પદવી આપી. સર્વે સંતોને જોઈને પ્રાણ પતિએ સંતોને પરમહંસની પદવી આપીને પછી પુરુષોત્તમ નારાયણે પાંચ પાંચ સંતોના મંડળો બનાવ્યાં. તેમાં મોટા મોટા સંતોને જવાબદારી સોંપી ત્યાર પછી પ્રભુએ પરમહંસોને દેશ વિદેશમાં ફરવા સત્સંગ કરાવવા મોકલ્યા અને મહાપ્રભુ પોતે કાલવાણી ગામમાં જ રહ્યા જેમનાં ગુણને સંતો ખુબ જ ગાયા કરે છે. એવા મહાપ્રભુ કેટલાક દિવસો **કેશવદાસ ભક્ત**ના ત્રાસને દુર કરવા ત્યાં રહ્યા. કેટલાક દિવસ પછી સર્વેના ભયને હરનારા મહારાજાધિરાજ **ભાદરાપુરે** પધાર્યા. ત્યાંના ભક્તજનોએ પોતાના ઘેર નિવાસ કરાવ્યો. મહાપ્રભુને **વિશરામ સુથાર**ની ખડકી સારી લાગતી હતી તેથી ત્યાં ઉતારો કરાવ્યો. મહાપ્રભુ ત્યાં રહી અનેક ભક્તોની સાથે ઉમંગ ભરપુર થઈને ખુબ જ ખેલો કરતા હતા ને લીલા કરીને તે પુરમાં રહેતા હતા. શ્રી સહજાનંદ મહાપ્રભુ ભાદરાપુરમાં નિવાસ કરીને રહેતા હતાં ત્યારે ત્યાંથી સત્સંગમાં સુંદર પત્ર લખ્યો. પત્રની અંદર કહેવાયેલા વચન કરતા વધારે મહત્વની વાત જણાવેલી હોય છે. તે પત્ર વાંચતા ન આવડે તો સાંભળે તેનાથી વધારે જ્ઞાન મળે એવા તે પત્રમાં શ્રી હરિએ સત્સંગીને ઉદેશીને લખાવ્યું કે" જેને સાધુ થવું હોય તેને રામદાસભાઈ સ્વામી પાસે જઈને દીક્ષા લઈને પરમહંસ થઈને અમારી પાસે આવવું. આમ પત્ર વાચીને વિચારવું આમ લખીને એની અંદર મહા પ્રભુએ બધાના નામ જણાવ્યા. અકામ એવા શ્રી હરિ સર્વના સુખધામ ભાદરા ગામમાં રહીને **વિશરામ, ડોશાભાઈ અને માવજી** ભક્તને મહાપ્રભુ પ્રેમથી કીર્તનોના પદો અને બીજા શ્લોકો અને ચરિત્રોની વાતોને શીખવતા હતા. તેઓ આદર ભાવથી સાથે સાથે ગાતા હતા. શ્રી હરિ સહજાનંદ સ્વામી નિત્ય પ્રત્યે **ભાદરાગામ**માં રહીને આવા ચરિત્રોને કરીને જીવોના પુન્યનો પ્રતાપ બતાવતા હતા. આવી રીતના ચરિત્રો પ્રભુ ભાદરા ગામમાં કરતા હતા. સર્વના સ્વામી બહુનામી શ્રી હરિ ભાદરા ગામમાં ઘણા દિવસો સુધી રોકાઈ કથા-વાર્તા કરતા હતા, જ્ઞાન ઉપદેશ કરતા હતા. આવી રીતે મહાપ્રભુ પોતાના એકાંતિક ભક્તના ઘેર નિવાસ કરીને રહેતા હતા. સર્વના સ્વામી બહુનામી ભાદરામાં રહીને **જેતલપુર**માં યજ્ઞ કરવાની મહાપ્રભુએ પોતે સંકલ્પ કરી મનમાં નિર્ણય કરીને બધાને જાણ કરવા પત્ર લખાવ્યો. પ્રેમથી બધાય સંતોના જીવનપ્રાણ પ્રભુ જણાવતા હતા "જેતલપુરમાં ગોવિંદસ્વામી તથા ગુણના ભંડાર રામદાસભાઈ સ્વામીને પત્ર મોકલ્યો તે પત્ર વાંચીને બધાને જાણ થઈ એમને મહારાજની આજ્ઞા મુજબ સામાન ઘણો બધો ભેગો કર્યો. **જેતલપુરધામ**ની અંદર મહાપ્રભુએ મહા **મોટો રુદ્રયાગ** કરવાનો નિણર્ય કર્યો હતો આજ્ઞા કરેલી કે તમે બધાય મળીને સામગ્રી ભેગી કરજો અને આ પત્ર વાંચીને ધ્યાન કરજો, મહાપ્રભુએ લખેલો પત્ર બધાયે વાંચ્યો " પત્ર સાંભળી સર્વે સંતો રાજી થયા ત્યાર પછી મહાપ્રભુ ઘનશ્યામ પોતે પણ ભાદરા ગામથી બધાને દર્શન દઈ ચાલતા થયા. ત્યારે સહજાનંદ સ્વામી એ એક સેવકને સાથે લીધા તે **લાલજી ભક્ત** સુથાર જ્ઞાતીના શ્રી હરિના એકાંતિક ભક્ત હતા. એમને પોતાની સાથે લઈને મહાપ્રભુ લોકોના મનને સુખ આપનારા અનંત ભુવનોના સ્વામી ભક્તજનોના મનને ભાવનારા ચાલતા જતા હતા. ત્યારે માર્ગમાં **પીપલીયા** ગામ આવ્યું ત્યાં પોતાના આશ્રિત જનોના મનનાં દુ:ખોને બાળવા પધાર્યા. ભક્તજનોને દર્શન દઈ મહાસુખ આપી દુ:ખોને કાપી ચપળ નયન શ્રી હરિ સર્વના મનમાં સુખ આપતા થકાં ત્યાંથી ચાલ્યા.મહાપ્રભુ **માળીયા** ગામે પધાર્યા. ત્યાંથી રણમાં ઉતર્યા. રણમાં ચાલતા હતા ત્યારે રણની વચ્ચે પહોંચ્યા ત્યારે ભક્તને

શરીરમાં ખુબજ તરસ લાગી અને સોસ થવાથી પીડા થવા લાગી.પાણી વીના જીવ નીકળી જશે અંધારા આવવા માંડ્યા માર્ગનું ભાન જ ન હતું ત્યારે મહાપ્રભુ પાસે આવીને કહે પાણી વીના મારો કંઠ સુકાઈ ગયો છે મુખ સુકાય છે પાણી વીના પીડા થાય છે મારા અંગોઅંગમાં ચાલવામાં ખુબ જ પરીશ્રમ પડે છે હવે એક ડગલુય ચલાય તેમજ નથી આમ કહીને રણની વચ્ચે જ ઢીલા થઈને પડી ગયા ને પીડા પામવા લાગ્યા. શરીરમાં પીડા થતી હતી તે સહન જ નતી થતી, શરીરમાં પરસેવાના બિંદુઓ થયા અને માંડ માંડ બોલાતું હતું તેથી આંખોમાં પાણી આવ્યા. ખુબ જ ધીરજ ધરીને પરાણે પરાણે વચનો બોલ્યા, ‘‘હે કૃપા નીધે ! સર્જનહાર મારા પ્રાણ તો હવે પાણી વગર ચાલ્યા જાય તેમ છે માટે કાંઈક કૃપા કરીને મને જળ લાવીને પાવ નહીતર મારો દેહ પડી જશે.’’ આવી રીતે શ્રી સહજાનંદ સ્વામીએ તે લાલજી ભક્તની દુઃખ યુક્ત વાણી સાંભળીને સુખના દાતા શ્રી હરિ મધુર અમૃત સમાન વાણીથી કહેવા લાગ્યા,‘‘જો તમને ખુબ જ તરસ લાગી હોય તો આ પાણીને પીવો આ પાણી ખુબ જ મીઠુ છે એમ જાણીને તરસથી તૃપ્ત થાઓ’’. ભક્ત કહે હે પ્રભુ ! મને તરસતો ખુબ જ લાગી છે એટલે તો મારા પ્રાણ મુંજાય છે પાણી પીધા વીના તો મારા પ્રાણ તો છુટી જાય તેમ છે. તો જલદીથી ક્યાંકથી પાણી પીવરાવો આ પાણી તો અતિ ખારુ છે અતિ ખદબદ મચાવે તેવું છે તેને જે પીવે તેના પ્રાણ પણ સુકાઈ જાય તેવું ખારુ છે. આવા સેવકના વચન સાંભળીને મહાપ્રભુ કૃપા મૂર્તિ અતિ મધુર અમૃત સમાન વાણીથી તેને કહેવા લાગ્યા કે ‘‘ આ પાણી ખારુ નથી પરંતુ ખુબજ મીઠુ અમૃત સમાન છે આ પાણી પીવો ને તમારા પ્રાણને સાચવો’’ આવી રીતે પ્રભુની સુખ પુર્વકની મધુરવાણી સાંભળીને તે વાતમાં પ્રાણ નાથના વચનમાં વિશ્વાસ હતો તેથી તે વચનના વિશ્વાસે પ્રેમીજને પ્રાણનાથના વચનમાં વિશ્વાસ કરી પ્રિતેથી પાણી પીધું પાણી અમૃત સમાન કરેલું અને ભક્ત પીને તૃપ્ત થયા પ્રભુએ કૃપા કરીને પાયું. પાણી ભરીને તૃપ્ત થયા પછી પાણી પાત્રમાં ભરી લીધું પ્રભુએ જળપાન કર્યું ત્યાર પછી કરીને આગળ ચાલતા થયા ખુબ દુર જઈને તે દાસે પાણી તપાસ્યું તે અતિ ખારુ જ હતું અને સમુદ્રનું ખારુ જળ લાગ્યું. આવી રીતે પોતાના આશ્રિત ભક્તજનની રક્ષા કરવા માટે જ મહારાજે ખારા સમુદ્રનું જળ અમૃત સમાન મીઠું કર્યું. આ રીતે ચમત્કાર જણાવીને ચતુર મૂર્તિ શોભતા થકા પોતાના સેવક જનને આનંદ પમાડતા હતા. તરસને દુર કરીને ધર્મકુળ પ્રકાશ શ્રી હરિ શોભતા હતા.શ્રી હરિ મહાપ્રભુ અતિ જલ્દીથી ચાલતા હતા ત્યારે ખુબ જ શોભતા હતા.સેવક જનોને આનંદ પમાડતા થકા સુખદાયક શ્રી હરિ મહામોટા મુનીની સાથે મિલન થયું. માર્ગમાં ગાતા થકા આનંદથી ગુણોને ગવરાવતા થકા શીષ્યોની સાથે જતા હતા. ત્યારે સામેથી દિવ્ય દેહને ધરીને દાસરૂપ અક્ષર મુક્ત ખુબ જ આનંદ ઉત્સાહ પુર્વક આવતા હતા. આવીને પ્રભુનાં દર્શન કર્યા, સ્તુતી કરીને ધર્મનંદન મહાપ્રભુની ચરણ રજને મસ્તક ઉપર ધારણ કરતા હતા.આમ પ્રભુ ચમત્કાર કરતા હતા. આવી રીતે સેવકને સુખ આપતા થકાં જેમને દેવો મુનીજનો ઈશ્વરો સતત સેવતા રહે છે તે પ્રભુ રણને પાર કરીને આગળ ચાલ્યા જેને મુનીજનો ઈશ્વરો ગાયા કરે છે તેજ પ્રભુ ચાલતા થકા જાય છે

હે રાજન્ ! પ્રભુ રણને પાર ઉતર્યા એટલે આગળ સરોવર જોઈને તે સરોવરમાં ખુબજ સ્વચ્છ જળ હતું તેના કાંઠા ઉપર ઘાટા વૃક્ષો શોભતાં હતાં. તેની ઘાટી છાયા જોઈ તે વૃક્ષની નીચે બલવીર મહાપ્રભુ બેઠા. સેવકજને વસ્ત્ર પાથરીને તૈયાર કર્યું તેની ઉપર બલભ્રાતા બેઠા. ત્યાર પછી સેવક પ્રેમથી પ્રભુના ચરણ ચંપી કરવા લાગ્યા. આવા મહાપ્રભુના ગુણને પ્રેમીજનો ખુબ જ ભાવથી ગાય છે. મહાપ્રભુનું અતિ આનંદ મુખકમળવાળાને

જોઈને દાસની આશાઓને પુરનારા શ્રી હરિને પ્રેમથી ભક્તજન પ્રશ્ન પુછે છે ત્યારે ઘનશ્યામ પ્રભુ તેને સાંભળે છે. ભક્ત કહે છે હે પ્રભુ, આ પુરુષ કોણ હતા જે આવ્યા ને આપના ચરણ કમળમાં નમન કર્યા મસ્તક નમાવી પ્રણામ કર્યા. આ કોઈ અમારાથી ઓળખાય તેવા ન હતા તે આ વાત મને સમજાતી નથી તો હે પ્રભુ ! આપ પૃથ્વી પર કોઈ મુક્ત આત્મા આવ્યા એ કોણ હતા ? તે કૃપા કરીને આપ કહો. હે કમળનયન પ્રભુ ! આપને માર્ગમાં કોણ મળ્યું હતું આ રીતે પુછ્યું ત્યારે દુઃખને ભાંગનારા મહાપ્રભુએ સાંભળીને બધી જ વાત વિસ્તારથી સમજાવીશ આમ કહ્યું.

શ્રી હરિ વિચરણ કરતા થકાં સોરઠ, કાઠીયાવાડ, વિગેરે દેશોમાં ફરીને ભક્તજનોને સુખ આપ્યાં. ભાદરા પુરમાં રહીને એક માસ સર્વાવતારી પ્રભુએ સર્વને સુખ આપ્યાં. જેતલપુર પત્ર લખીને યજ્ઞની તૈયારી કરાવરાવી રણને પાર કરીને આગળ ગયા તે હરિલીલાસિંધુની લહરીરૂપે આ પંદરમું તરંગ પુર્ણ થયું.

**આવી રીતે શ્રી હરિલીલાસિંધુમાં આઠમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બ્રહ્મચારી રચિત છંદ ભાષામાં અવધપ્રસાદજી મહારાજ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રી હરિ સહજાનંદ સ્વામી રણ ઉતરણ કર્યું તે રણ લીલા વર્ણન નામનો પંદરમો તરંગ પૂર્ણ થયો ॥૧૫॥**

## તરંગ-૧૬

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! જગતના પતિ શ્રી હરિ મહાપ્રભુ જુનાગઢ ગયા. જતિઓ, સતિઓ કાયમ જેમના ગુણને ગાયા કરે છે તે મહાપ્રભુએ જુનાગઢમાં જઈને શોભા વધારનારાં જે જે ચરિત્રો કર્યા હોય તે શોભા યુક્ત ચરિત્રો મને કહો. રણધીર પ્રભુની રણ લીલા મારા ચિત્તમાં ખુબ જ સાંભળવાની આતુરતા થઈ છે માટે તમે મને સમજાવીને કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે હે ! રાજાઓમાં મણીરૂપ એવા આનંદરાજા ! તમે નવિન પુછેલા પ્રભુના લીલા ચરિત્રોના પ્રશ્નો તે તો ખુબ પ્રમાણ રૂપ જ છે તે ખુબ જ પ્રબળ પ્રભુની મનહર લીલા ચરિત્ર કહું છું તેને તમે સાવધાન થઈને સાંભળો તે ચરિત્રો શાંતી કરનારાં, જીવની ભ્રાંતિને હરી લેનારાં છે, ભક્તોને અભય પદ આપનારાં છે.

દાસના વચનોના પ્રશ્નો સાંભળીને દુઃખનો નાશ કરનારા પ્રભુ કરુણા નિધાન લોકોના પૂર્ણકામ શ્રી હરિ પુછેલા પ્રશ્નોના પ્રસંગને કમળનયન બહુનામી મનોહર મૂર્તિ મંગળ મુખથી કહેતા હતા. હે ભક્ત ! તમે સાંભળો, લાલજી ભક્ત તમે પુછેલા પ્રશ્નોની સારરૂપ વાત તમને કહું છું. રણની વચમાં જે મળેલા તેઓ તો સાક્ષાત ઉધ્ધવજી (રામાનંદ સ્વામી) હતા. બ્રહ્મા અને સુર્યનારાયણ રૂપ અને તેજ વાળા કામદેવને પરાસ્ત કરનારા મસ્તક ઉપર સુંદર કેશવાળા પોતે જ (રામાનંદ સ્વામી) હતા. જેમના જાનુ પર્યંત લાંબા હાથવાળા, સુંદર મુખવાળા,કામદેવને લજ્જાવે તેવા મુખવાળા,મુખથી મંદમંદ હસતા એવા, લોકોના ફંદને હરનારા, આનંદની ખાણરૂપ, અલૌકિક ક્રાંતિવાળા, અતિ ઉંચા શરીરવાળા, કંઠમાં કમળની માળાને ધારેલા, મદોનમત્ત હાથીની સમાન ગતિવાળા, મનોહર મૂર્તિ કમળ પત્ર સમાન ઉદર વાળા, મનોહર પ્રતાપ વાળા, સુંદર ક્રાંતીવાળા, સુંદર

નયનોવાળા, સુંદર હાસ્યવાળા, લોકોના કલ્યાણ કરનારા, દુઃખોને હરનારા, જાણે ભુમિ ઉપર લાંબા કાળ સુધી જીવનારા મહામુનીવર જેવા,ધર્મની ધુરાને ધારણ કરીને ધીરજ ધરીને શરણે આવેલા જીવને જોઈને તેની પીડાને હરનારા એવા અમારા ગુરૂ રામાનંદ સ્વામી અમારી પાસે મને આનંદ કરાવવા માટે આવ્યા હતા. પોતાની આપેલ ધર્મધુરાને ધારીને રક્ષણ કરનારાને જોવા માટે આવ્યા હતા. દીલને ચોખ્ખુ કરીને ઉદાર મૂર્તિ જોવા માટે આવ્યા હતા. પછી મુનીવર સેવકને જોઈને ગયા ત્યાર પછી માર્ગમાં અક્ષરધામના મુક્તો જેવા અક્ષરમુક્તો મળ્યા આવી રીતે વાતો કરીને સેવકને મનમાં સુખ આપ્યું. પોતે તો પુર્ણ પુરુષોત્તમ નારાયણ સર્વ જ્ઞાતા મહા સુખદાતા છે આવી રીતે સુખઆપી ત્યાર પછી ચપળ ચિત્ત સેવકની સાથે ચાલતા થયા. અધીક શોભાવાળા આનંદના ધામ શ્રીજી મહારાજ **બાંધીયા** ગામે પધાર્યા. જગતમાં વાસ કરનારા પ્રભુ પધાર્યા ત્યારે શુધ્ધ દીલવાળા પોતાના એક ભક્તને ઘેર ઉતારો કરીને રોકાયા. મહાપ્રભુ ભક્તના ઘેર સેવકની સાથે ભોજન જમ્યા. પ્રેમથી થાળ જમી અને ચંચળ નેત્રવાળા ચંચળ મૂર્તિ ત્યાંથી ઉતાવળા મનને ભાવનારા પ્રભુ ગુણ સાગર **લાકડીયા** ગામે પધાર્યા. પોતાની સાથે સેવકમાં લાલજી ભક્ત સુથારને લાવેલા તેમને સાધુ દીક્ષા આપી સાધુની પદવી આપી વૈરાગ્ય મૂર્તિ જાણીને એમનું નામ નિષ્કુળાનંદ રાખ્યું. આ પોતે તો અતિ વૈરાગ્ય મૂર્તિ હતા, એ પ્રભુ જાણતા હતા તેથી આ કાર્ય પુર્ણ કર્યું. મહાપ્રભુ ત્યાંથી એ સંતની સાથે ચાલતા થયા. અને પ્રતિપાળ શ્રી હરિ સર્વ લોકોના આધાર **આધોઈ** ગામે પધાર્યા. ત્યાં **લાધાજી રાજા**ના દરબાર ગઢમાં ઘનશ્યામ પ્રભુ એક માસ સુધી રહેતા હતા. હરિભક્ત જાણી શ્રી હરિ તેમના ભયનો નાશ કરનારા,મહાસુખ આપનારા ત્યાં નિવાસ કરતા હતા ને જ્ઞાનની વાતો કરી સંભળાવતા હતા. તેને પોતાના પ્રેમી ભક્તો પ્રેમથી સાંભળતા હતા. પોતાના પ્રિય ભક્તના ભુવનને પોતાનું જાણી નિવાસ કરી સંતોની સાથે ઘણીવાર સુધી ભોજનો કરી તેમના પાપોને બાળતા હતા. જમ્યા પછી ગરીબ નવાજ પ્રભુ પોતાના આસન ઉપર વિરાજ માન થઈને લોકોની પુજા અર્ચનાને ગ્રહણ કરતા હતા. ત્યારે શ્રી હરિ હસ્તકમળમાં માળા ધારણ કરીને ફેરવતા હતા. તે જોઈને ભક્તજન પુછતા હતા કે, ‘‘હે પ્રભુ ! આપ સુખના દાતા અમારુ સાંભળો હે પ્રભુ ! અમે બધા જ આપનું ભજન કરીએ છઈએ એ સત્ય છે, પરંતુ આપ જે માળા ફેરવો છો તે કોના નામની માળાઓ ફેરવો છો ? હાથે માળા ફેરવો છો ને મુખે કોનું ભજન કરો છો તે અમને કહો ?’’ આવી રીતે ભક્તનું કહેવું સાભળીને લોકોના ભયનો નાશ કરનારા શ્રી હરિ મુખથી મંદ મંદ હસતા થકા સુંદર ચંદ્ર સમાન મુખ કમળથી ભક્તજનોને કહેતા હતા તમે મારી વાત સાંભળો,‘‘અમેતો અમારા એકાંતિક ભક્તજનોનું રાત-દિવસ સતત ભજન કરીએ છીએ. અમારુ મન અમારા આશ્રિત ભક્તજનો સાથે જોડી રાખ્યું છે. માટે હું તો મારા ભક્તજનોનું ભજન કરું છું એમ જાણજો, સર્વને સુખ આપવાનો અમારો સ્વભાવ છે.’’ આવી રીતના પ્રભુના અમૃત વાક્યો સાંભળીને બધા જ રાજી રાજી થઈ ગયા. બધા જ ભક્તજનો મુખેથી જયજયકારનો ઘોષ કરીને કહે પ્રભુતો જગતના માટે જ જીવન રાખે છે, સુખ આપે છે એમ કહીને સર્વે મહાપ્રભુના પગમાં પ્રેમથી વંદન કરી પુરના ભક્તજનો ભગવાનના સ્વરુપને અંતઃકરણમાં ધારતા હતા.

હે રાજન્ ! ત્યાર પછી મહાપ્રભુ ઘનશ્યામ શ્રી હરિ તૈયાર થયા મંગળ મૂર્તિ **ભચાઉ** પુરના ભક્તોને સુખ આપી પ્રભુ આગળ ચાલી **ભુજ** પ્રત્યે પધાર્યા. પ્રભુ પધાર્યાના સમાચાર જાણી ભુજના ભક્તો ખુબ જ રાજી થયા. મહાપ્રભુ પુરની પ્રભાવીત શોભા જોઈ રાજી થઈ શોભા વધારતા હતા. પુરના મકાનોની પંક્તિઓ ખુબ જ શોભતી હતી. તથા માર્ગો બજારોની દુકાનો વિગેરેની સજાવટો-સ્વચ્છતા જોઈ ખુબ જ રાજી થતા હતા.માર્ગો

જાણે રાજાઓએ ખુબ જ માનથી બંધાવેલા હોય તે અતિ સ્વચ્છ સારા સ્વર્ગ સમાન શોભતા હતા. તે માર્ગ ઉપર મદમસ્ત ઉંચા કદના હાથીઓ આવતા હતા તેમના મદજરવાથી પાણી છાંટીને પલાળ્યું હોય તેમ સવારના પહોરમાં છંટકાવ થતો હતો તેથી શોભતા હતા. નગરની સુંદર નારીઓ સુંદર વસ્ત્રો આભુષણોને ધારણ કરીને બહાર ફરતી હતી તેમ જ લોકો નાચતા-ગાતા હતા તે સુંદર ગાનથી નગરનું વાતાવરણ સારુ લાગતું હતું. તેથી જાણે કામદેવની પત્ની શરીર ધારીને આવી હોય તેમ સ્ત્રીઓ હાવભાવ કરીને હરતી ફરતી હોય તેમ ભુજ નગરના ભવનોમાં જતી આવતી હતી. ભુજ નગરના પુરુષો હરિના ગુણનું ગાન કરતા હતા. ક્યાંક ગીત સંગીત થતું હતું. તે સંગીતમાં અનેક પ્રકારના વાજિંત્રો વાગતાં હતાં, સ્ત્રીઓ સુંદર વેશ ધરીને નૃત્ય કરતી હતી. યુવતીઓ સુંદર ગીતોને ગાતી હતી. અખાડાઓમાં કળા કરનારની ભીડ થઈ હતી ને અખાડાની વચ્ચે કુસ્તી કરતા હતાં તેમને તાલ દઈને બળની કસોટી થતી હતી, ક્યાંક હાથીઓના હાથીખાના શોભતા હતા, ક્યાંક ઘોડશાળો શોભતી હતી, ક્યાંક નિશાળો વિદ્યાર્થીઓથી શોભતી હતી, ક્યાંક વિપ્રો વેદના વેદાંગો સાથે ગાતા હતા, ક્યાંક ગુણી જનો ગુણગાનો ગાતા હતા, ક્યાંક દેવોના મંદિરો શોભતાં હતાં, આનાથી સમાજની અતિ શોભા થતી હતી તે પુરની પાસે મોટું સરોવર શોભતું હતું. તે તળાવમાં પાણી ખુબ જ શાંત અને ગંભીરતાવાળુ સ્થિર હતું તે તળાવની પાળે પલાસના વૃક્ષોની હારમાળા શોભતી હતી અને તળાવના પાણીમાં તેની છાંયા સુંદર લાગતી હતી. વાયુના પ્રવાહથી પાણીની ઉર્મીઓ ઉછળતી હતી તે સરોવર સ્વચ્છ જળજંતુઓથી રહીત શોભતું હતું. તે નગરનો ગઢ તેના ગોળ બુર્જો બહુ મોટા મોટા હતા તેની ઉપર મોટી તોપો ગોઠવેલી તે ગઢના બંકરોમાં શોભતી હતી. તેનાથી ભુજીયો પર્વત ખુબ જ શોભતો હતો. આવી રીતના સાજની સાથે શહેરી શોભાને જોઈને પ્રગટ પ્રમાણ પ્રભુ પ્યારથી જોતા હતા. પ્રભુ પધાર્યા એવું લોકો એ જાણ્યું સૌ ભક્તજનો વાજાં વગાડતા થકા પ્રભુ પાસે આવ્યા. પ્રભુનાં દર્શન તથા વંદન કરી પ્રભુ તેમની સાથે નગરમાં પધાર્યા. ઉતારા કરીને ભોજન જમાડ્યા ખુબ ભાવથી સેવા સરભરા કરી.

પરબ્રહ્મ પુરષોત્તમ પ્રભુ ભુજમાં પંદર દિવસ સુધી રહ્યા ને ભક્તજન ઉપર દીલમાં દયા લાવીને સુખ સુખ આપી પ્રભુ ત્યાંથી લોક સમુદાયની સાથે શ્રી હરિ **કેરા** ગામે પધાર્યા. સર્વ જગતના ઈશ પ્રભુ મનોહર રમણીય મૂર્તિના મસ્તક ઉપર સુંદર કેશ શોભતા હતા. કેરા ગામમાં પ્રભુએ નિવાસ કર્યો. તે ગામની બાજુમાં જ મોટો કુવો જોયો. તે કુવામાં પાણી ખુબ જ પ્રવાહ પુર્વક સજીવતાથી રહેતું હતું ને પાણી ઉભરાતું હતું તેથી કુવો કુંડ જેવો ભાસતો હતો. આવા સ્થળને જોઈ પ્રાચીન તિર્થ જાણી તેમાં લાંબા સમય સુધી સ્નાન કર્યું . પછી પ્રભુ જળથી બહાર નીકળી કોરા વસ્ત્રથી અંગોને કોરા કરી સ્વચ્છ વસ્ત્રોને ધારણ કર્યા. તૈયાર થઈ પ્રભુ પોતાના આશ્રિત ભક્તોની સાથે **શીવદાસ** ભક્તને ત્યાં નિવાસ કર્યો ને થાળ તૈયાર થયો ત્યારે સૌ ભક્તજનોની સાથે થાળ આરોગ્યો. થાળ જમી ભક્તોના સ્વામી પ્રાણ પતિ પોઢી ગયા. રાત્રે શયન કરી સવારમાં વહેલા પરોઢીયે ભક્તપતિ ભગવાન જાગ્રત થયા. ભક્તોના જન્મમરણના ફેરા ભાંગતા હતા. સાચો જ્ઞાન ઈપદેશ આપી સુખ આપી લોક સમુહની સાથે ઘનશ્યામ સ્વરૂપ પ્રભુ ચાલતા હતા. ભક્તજનો પ્રભુના ગુણને ગાતા જતા હતા. મહાપ્રભુ પ્રેમથી **બળધીયા** પુરે પધારતા હતા. બળધીયા ગામના હરિભક્ત ગુણવાન **ગંગાદાસ** તથા તેમના પુત્ર **દેવજીભાઈ,કૃષ્ણભાઈ** તથા **રતનબાઈ** આદી હરિભક્તોના ઘેર ખુબ જ રાજી થઈને પધાર્યા. ભક્તને ઘેર તૈયાર કરેલ રસોઈનો થાળ પ્રભુ જમ્યા. સુખ કંદ મહારાજે સંતોને જમાડ્યા. ભક્તજનો આવી રીતે સંતોને જમતા જોઈ

ખુબજ રાજી થયા અને ખુબ જ ભાવથી ભક્તજનોએ પ્રભુનાં દર્શન કર્યાં. મહાપ્રભુએ રાત્રે શય્યા ઉપર શયન કર્યું ત્યારે પ્રેમી ભક્તોએ પ્રભુના ચરણની ચંપી કરીને ખુબ જ સુખ મેળવ્યું. પ્રભુ સન્મુખ બેસી ભક્તોએ પ્રભુના સ્વરૂપને પોતાના હૃદયમાં ઉતારી દીધું.

હે રાજન! શ્રી હરિ સર્વના જીવન જગતના પતિ વહેલા જાગ્રત થયા. નિત્ય કર્મ કરી તૈયાર થઈ પ્રભુ ગજ સમાન મંદ ગતિથી ચાલતા થકા **ગજોડા** ગામે પધાર્યા. ત્યાં પોતાના દાસ એકાંતિક ભક્ત **ધનજીભક્તના** ઘેર પધાર્યા. મહાપ્રભુએ ભક્તનું નિવાસ સ્થાન જોઈને ભક્તને સુખ આપી ભક્તના સુખના કાર્ય કર્યાં એમની મનની હામોને પુર્ણ કરીને ભક્તની પત્ની સાથે જ્ઞાન સુખ આપી રાજી કર્યા. ઘનશ્યામ પ્રભુએ રાત વાસો સરોવરની પાળ પાસે જ કર્યો. સવારમાં વહેલા જાગીને સ્નાનાદી નિત્ય કર્મ કરી ભક્તજનોની સાથે સર્વ સુજાણ પ્રભુ **માંડવી** બંદરે પધાર્યા. તે માંડવી પુરમાં ખુબ જ જ્ઞાનના અભિમાનવાળો ખયોખત્રી રહેતો હતો. તે ખયો ખત્રી મોટો મહા બ્રહ્મજ્ઞાનનો આડંબરી અભિમાની હતો. ખયોખત્રી પોતાના વેદાંત બ્રહ્મજ્ઞાનના બળથી બધાને વશમાં કરતો હતો ને પોતાના દાસ બનાવતો હતો પણ સહજાનંદ સ્વામીએ આ મહા વિદ્યાના અભિમાનીને શાસ્ત્રવાદ કરી તેને જીતીને વશમાં કરી લીધો. એ શ્રી હરિ મહા પ્રભુની મહાન લીલા હતી.

જગતના જીવના ભયને હરનારા ભક્તજનોની સાથે શ્રી હરિ **ભુજ** નગર પધાર્યા. ભક્તજનોની આશાઓને પુરી કરી મહાપ્રભુ પુરના ભક્તજનોને ઘેર નિવાસ કરીને સુખ આપ્યાં સર્વોને પુન્યવાન કર્યા પછી પ્રભુ **માનકુવા, કેરા, બળધીયા** ગામે પધાર્યા. ભક્તજનોને સુખ આપી ત્યાથી **માંડવી** બંદર શહેરે પધાર્યા. એવી રીતે સોળમી સંજ્ઞાનું શ્રી હરિલીલાસિંધુનું સોળમી લહરી રુપે પુર્ણ થયું.

**આવી રીતે શ્રી હરિલીલાસિંધુમાં આઠમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બ્રહ્મચારી રચિત છંદ ભાષામાં અવધપ્રસાદજી મહારાજ આનંદસિંહરાજા ના સંવાદમાં શ્રી હરિ સહજાનંદ સ્વામી કચ્છ દેશની લીલા વર્ણન નામે સેળમું તરંગ પૂર્ણ ||૧૬||**

# તરંગ-૧૭

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ! સહજાનંદ સ્વામીએ ભાદરા ગામથી પત્ર લખેલો કે જેતલપુરમાં મહારૂદ્ર યાગ કરવા માટે તૈયારી કરો તેનું શું થયું ? હે ગુરુ અવધપ્રસાદજી ! શ્રી હરિએ કેવી રીતનો મહાયજ્ઞ કરેલો તે મને કહો. તથા તે યજ્ઞમાં બ્રાહ્મણદેવોને દાન દક્ષિણાઓ કેવી રીતે આપી તે સર્વે ચરિત્રોની લીલા આપ મને વિસ્તાર પુર્વક વર્ણવીને કહો. હે અવધપ્રસાદજી ! મારે જગદીશ મહાપ્રભુની યજ્ઞ લીલા સાંભળવા માટેની ઈચ્છા વર્તે છે તો મારા અંતઃકરણમાં આ જ્ઞાન કથા સંભળાવી શાંતી કરો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે હે ધરણીધર પતિ ! તમને ધન્ય છે તમે બહુ જ સરસ પ્રશ્ન પુછ્યો છે તે યજ્ઞની કથા કહું છું તેને તમે એકાગ્ર ચિત્ત દઈ સાંભળો. ઉદારમૂર્તિ શ્રી આનંદકંદ ધર્મનંદન મહાપ્રભુએ અતિશય ચતુરાઈ કરીને અતિ સુંદર કાગળ લખાવ્યો હતો તે પત્ર લઈને વિપ્રવર તરત જ ઉતાવળા ઉતાવળા લોકોની પીડાને હરનારો એવો પત્ર લઈને જેતલપુર આવ્યા. લાવેલ કાગળ ગોવિંદાનંદ સ્વામીના હાથમાં આપ્યો.ગોવિદાનંદ સ્વામીએ પત્ર લઈને મસ્તકે ચડાવ્યો. તે પત્ર વાંચીને સર્વ મુનીજનો રાજી થયા અને યજ્ઞ કરવા માટેનો બધો જ સામાન ભેગો કરાવ્યો. ઘઉં દળાવીને ઘણી માત્રામાં લોટ તૈયાર કરાવ્યો. તથા દાળ ચોખા

વગેરે મંગાવીને તૈયાર કરાવ્યાં તથા બીજી પણ અનેક પ્રકારની વસ્તુઓ યજ્ઞ માટે તૈયાર કરાવી. આ બધું જ શ્રી હરિની આજ્ઞા મુજબ ગોવિંદાનંદ સ્વામીએ તૈયાર કરાવ્યું યજ્ઞ કાર્ય કરવા માટેની જમીન શોધીને શુધ્ધ કરાવી, મંડપ તૈયાર કરાવરાવ્યાં, યજ્ઞકુંડો તથા વેદીકાઓ વિગેરે સર્વે તૈયાર કરાવરાવ્યાં. બધો જ સામાન તૈયાર થઈ ગયો છે એમ મુનીઓએ પોતાના મનમાં જાણી લીધું ત્યારે આ તૈયારીની જાણ કરવા માટે પત્ર લખીને શ્રી હરિને વિગતવાર જ્યાં પ્રભુ નિવાસ કરતા હતા ત્યાં મોકલતા હતા. ગોવિંદાનંદ સ્વામી પત્ર લખે છે,

“સ્વસ્થાન શ્રી મુકામ શ્રી ભુજ નગર ધામમાં નિવાસ કરીને રહેનારા ઘનશ્યામ ભગવાન શ્રીહરિ અખિલ બ્રહ્માંડના શરીરી એવા જેમના ગુણ છે તેને દેવો ગાયા કરે છે તોય દર્શન નથી થતા, એવા મહાપ્રભુનો અતિ મહિમાં વ્યાપેલો છે. એમની શોભા અલૌકિક છે એમને સંતો સેવે છે મોટા મુનીવરો મનમાં સતત ચિંતવન કર્યા કરે છે એવા મહાપ્રભુ જેમના ગુણોને બ્રહ્માં, વિષ્ણુ, મહેશ, શારદા બધા જ કાયમ ગાયા કરે છે એવા મહાન ઘોર કળી કાળમાં પાપને દુર કરવા સત્યધર્મ સ્થાપવા પધાર્યા છે. વિદ્વાનો દસ ઈન્દ્રીઓ ચાર અંતઃકરણથી નિર્ણય કરીને ઓળખે છે જેમને કોઈ નથી જીતી શકતા એવા પરબ્રહ્મ પુરુષોત્તમમાં પ્રિતિ કરીને સેવે છે એવા શ્રી હરિ ભુમીના ભારને તોડનારા,ભક્તોના જન્મ મરણના ભયને તોડનારા,ઘમંડી જનોના ગર્વને હરનારા,મલીન વાસનાઓનો નાશ કરનારા,ભક્તજનોના આધાર ગુણના ભંડાર એવા, દીલમાં શાંતી રાખનારા પામર જીવોના પાપને બાળનારા, ધર્મ વંશના સુર્યરૂપ પ્રેમી જનોના પ્રશંસક, અવતારના અવતારી અજ્ઞાનનો નાશ કરનારા એવા,ગરીબોના સ્વામી ભક્તજનોને ભવસાગર તરવાના જહાંજ રૂપ રાજાધિરાજ મહારાજ આપ ભક્તજનોના કાર્યને સુખ કરનારા, ભક્તિ કરનારાના પાલન હાર કાળનો નાશ કરનારા,ભવમાં ભટકતાને તારનારા, ઉધ્ધારનારા, પોતાના બીરૂદને પુર્ણ કરનારા મહાપ્રભુ,અનંત ઉપમાને યોગ્ય, ઉદારમૂર્તિ જગતના આધારરૂપ,કામને મારનારા મહાપ્રભુ હે સહજાનંદ સ્વામી ! આપ સર્વ જન સમુદાયને આનંદ આપનારા મુનીજનોનું સારી રીતે પાલન કરનારા આપના દાસનો દાસ ગોવિંદાનંદ જેતલપુરધામમાં રહીને આપની ભક્તિ કરનાર. આપનો લખેલો પત્ર મળ્યો ચાતુરતાથી જાણ્યો. સર્વે કાર્ય કર્યું. હે પ્રભુ ! હું તો આપના દાસનો દાસ છું આપના ચરણ કમળમાં મનને જોડી રાખું એવું મનમાં ચાહું છું. હે પ્રભુ ! અમે કાયમ રાત-દિવસ આપના ગુણને ગાયા કરીએ છીયે. હે પ્રભુ ! આપના દર્શનની આશા રહે છે, વરસાદની માફક રાહ જોયા કરીએ છીયે. હે પ્રભુ ! આપના પ્રતાપથી અતિશય સુખ છે. આપ દુર વસો છો એટલે અમારૂ કહેલું સાંભળો.

આપનો લખેલો પત્ર અહીં આવેલો તે વાંચ્યો તે સાંભળીને આપના અભિપ્રાય પ્રમાણે કર્યું છે.આપતો બધુ જાણો છો પત્રમાં લખ્યા મુજબ બધો જ સામાન તથા યજ્ઞ માટે, હવીશ્યાન કરીને રાખેલ છે. બધું જ સીધું સામાન તૈયાર કરેલ છે માટે હે કૃપાળુ આપ દીલમાં દયા લાવીને અહીં પધારવા કૃપા કરો. આપના દાસ જાણીને સખાઓને સાથે લઈને ભક્તજનોને સનાથ કરવા હે પ્રભુ બધાની ઉપર કૃપા કરીને આપ જલદીથી અહીં પધારો. ભુમીના ભારને હરતા થકાં ભક્ત સમુદાયને અત્રે લઈને અહીં પધારો.”આવી રીતે વાતો લખીને સુંદર રીતે તૈયાર કરી,પત્રમાં સારી રીતે સરનામું લખીને, સારા સથવારાની સાથે ભુજનગરે પહોચતો કર્યો. તે પત્રને જ્યાં સ્વામિનારાયણ ભગવાન બીરાજતા હતા તે સર્વજીવોના પ્રાણ નાથને પત્ર આપવા આવેલ ભક્તે પ્રભુને હાથોહાથ પત્ર આપ્યો. પ્રભુએ પત્ર ખોલી કમલ નયન ઘનશ્યામ પ્રભુ પત્ર વાંચતા હતા એવા પ્રભુ પોતાના દાસના ત્રાસને હરતા સુંદર શોભતા હતા. ને સુખ આપતા હતા.

ભુજ નગરમાં વાસ કરનારા પોતાના આશ્રિતોના ત્રાસને હરનારા દુઃખોને દુર કરનારા પુર્ણીમાનાં ચંદ્ર સમાન તેજાયમાન, સર્વની આશાઓને પુરનારા, અવતારના અવતારી અનંત સુર્ય સમાન ક્રાંતીવાળા ભક્તજનોના અજ્ઞાન અંધકારને હરનારા પ્રેમી ભક્તોની પાસે રહેનારા,ચરણ કમળને સેવનારા એવા અણીમાદીક અષ્ટસિધ્ધીઓ જેમના ચરણ કમળને કાયમ સેવ્યા કરે છે એવા, બ્રહ્મા, વિષ્ણુ, શીવજી આદી દેવાના સ્વામી અશરણ જીવોના શરણાગત વત્સલ, અગણીત ઉપમાઓને યોગ્ય એવા, રાજા મહારાજાઓના શીર ઉપર વસનારા સર્વોપરી એવા સહજાનંદ સ્વામી સર્વના સુખ દાતા હે મહાપ્રભુ ! આપે મારી ઉપર ભાવભરીને ભાદરા ગામેથી પત્ર લેખેલો તે યજ્ઞ કરવા માટે સામગ્રીઓ ભેગી કરવા અહીં આજ્ઞા કરેલ તે પત્રના સમાચાર સાંભળીને બધુ જ કાર્ય સંપાદન કરીને પુર્ણ કરેલ છે. આપની આજ્ઞા મુજબ યજ્ઞનો સારોય સામાન ખુબ જ તૈયાર કરેલ છે તે જાણશો.આપ યજ્ઞ કાર્ય કરવાની વ્યવસ્થા માટે જલદીથી અહીં પધારો. આ પત્ર વાંચી અહી પધારવા કૃપા કરોને સાથે કચ્છ દેશના ભક્તજનોને સાથે લેતા આવો. હે મહાપ્રભુ ! યજ્ઞકાર્ય કરવા માટે હે હરિકૃષ્ણ પ્રભુ !કોમળ મનવાળા થઈને આપ બ્રહ્મભોજન કરાવનાર સર્વના ભયને હરનારા, બ્રહ્મણોને અપાર દાનો દઈને મહાયજ્ઞ કરવા પધારો. હે પ્રભુ ! આ પત્ર દ્વારા અમારી અરજીને સાંભળીને દીલમાં ધારીને પરબ્રહ્મ પ્રાણ પ્રતિપાલ લોકપાલ હે પ્રભુ ! આપ પૈદલ ચાલી લોકોને લઈને પધારો. સર્વને બળ આપનારા બળવીર પ્રભુ પોતાના અંતઃકરણમાં ધીરજને ધારીને કૃપાના સાગર સમર્થ મૂર્તિ આનંદીત મનવાળા થઈને ખુબજ રાજી થયા. યજ્ઞનો સામાન તૈયાર થયો છે તે યજ્ઞ કરવાનું બધું કારણ જાણીને તે વાતને પુનીત પ્રભુએ સભાને વિગતવાર કહી સંભળાવી. તે વાત સાંભળીને સર્વે સંતો હરિભક્તો રાજી થયા. જગતપતિ શ્રી હરિનો જયજયકાર કરતા હતા. જગતપતિ દ્વિજ પરીવારને જમાડીને રાજી કરતા હતા. તેઓ પ્રભુનો જયજયકાર કરી નવાજતા હતા. આવી રીતે આવેલ પત્ર તે વાંચીને તેને જાહેર કરીને શ્રી હરિએ સર્વની ઉપર કરૂણા કરીને તેનો ઉત્તર પ્રેમથી લખતા હતા. ''જેતલપુરમાં વાસ કરનારા અમારા દાસ સમાન આજ્ઞા પાલક ગોવિંદ સ્વામી સંતોના શુભ લક્ષણથી શોભતા આભુષણ રૂપ શોભાવાળા નિષ્કામ વ્રતને ધારનારા,શુભ ગુણવાળા તમારો લખેલો પત્ર આવ્યો પત્ર વાંચી સાભળીને બધી જ વાત અમે પુરે પુરી સમજી લીધી છે. સ્વામી અત્યારે અમારે અવકાશ છે નહીં અત્યારે અમારે આવવાનું નિશ્ચિત થાય તેમ નથી. અમે આવી શકશું નહીં તેમ જાણજો. તમે સંતો મારી ગેરહાજરીમાં નાચીકેત ઋષિ પાસે યજ્ઞનો વિધી કરાવીને યજ્ઞ કાર્ય પુર્ણ કરાવી, પછી તરત જ અમારી પાસે આવજો.''આવી રીતે શ્રી હરિ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પ્રભુએ પત્ર તૈયાર કરાવરાવી આનંદ સ્વામી ઉપર ખુબજ પ્રેમ પુર્વક વેગ પુર્વક મોકલ્યો. પ્રભુનો લખેલો પત્ર જેતલપુર ગોવિંદ સ્વામીને મળ્યો. વાંચ્યો વાત બધે જ જાહેર થઈ. પત્રમાં પ્રભુના લખ્યા મુજબ આજ્ઞાને શીરો ધાર્ય કરી મુનીરાજ ખુબ જ રાજી થયા. પ્રભુની આજ્ઞાને માનીને યજ્ઞને ચાલુ કરાવરાવ્યો. હોમહવન બધું યોગ્ય રીતે ચાલું કરાવ્યું. યજ્ઞ ચાલુ કરીને વેદશાસ્ત્ર પ્રમાણે વિધી કરીને પુર્ણ કર્યો ત્યાર પછી નાચીકેત ઋષિરાજે બધા જ વિપ્રોને દાન દક્ષિણાઓ આપ્યાં. આ યજ્ઞથી જગતમાં ખુબ જ પ્રચાર ઉદઘોષ થયો,સર્વે વિપ્રવર્ગ સંતોષ પામ્યા તેનાથી ખુબ જ પ્રેમ પુર્વક પ્રભુના ગુણગાયા ને ખુબજ પ્રસિધ્ધી થઈ. સિધ્ધમુની જનો ખુબ જ શોભવા લાગ્યા ને ચારે બાજુ જયજયનો ઉદઘોષ થવા લાગ્યો. બધા જ નરનારીજનો પ્રભુનો જયજય કાર કરતા હતા.વૃધ્ધોપણ ખુબ વખાણ કરતા હતા. આવી રીતે ગોવિંદાનંદ સ્વામીએ મહારૂદ્રયાગ કરાવરાવ્યો તે લોકોએ આખા જગતના સમુદાયને જણાવી દીધું પ્રસિધ્ધ કરી દીધું.

યજ્ઞ પુરો કર્યા પછી પ્રેમથી કાર્યની સમાપ્તી કરી પછી શ્રી હરિ મહાપ્રભુના દર્શન કરવાની ચાહના થઈ સ્વામી સંત મંડળની સાથે ચાલતા થયા. માર્ગમાં વાસ કરતા થકા ભુજનગરે આવ્યા. પ્રભુનાં દર્શન કર્યાં ત્યારે પ્રભુ ગોંવિદસ્વામીને બાથમાં લઈને ખુબ જ ભેટ્યા.ભક્તપતિ ભગવાન ભાવથી સંતોને પોતાની પાસે બેસારી સ્વાગત કરીને બધા જ સમાચાર પુછતા હતા. બધા જ કાંમોને પુર્ણ કર્યા તે બધી જ વાત જાણતા હતા. ત્યાર પછી મહાપ્રભુ ગોવિંદાનંદ સ્વામીને પોતાની પાસે બેસારીને યજ્ઞ સંબંધી બધી વિગતવાર વાતો પુછી લીધી. મુનીએ પણ બધી જ વાત વિગતવાર શ્રી હરિને કહી સંભળાવી. હે મહાપ્રભુ ! મહારૂદ્ર યાગ તો આ પૃથ્વી ઉપર ખુબ જ મોટો મહાન ભારી થઈ ગયો. આવો ક્યારે થયો ન હતો ને હવે આવો તો ન જ થાય આમ બધા લોકો કહે છે. આના માટે છ મહીના સુધી સતત સામાન ભેગો કરવાની મહેનત કરી ખુબ જ પરીશ્રમ કરવો પડ્યો ત્યારે જ મહારૂદ્ર યાગ કરી શક્યા. હે પ્રભુ ! આપના પ્રતાપથી જ પુર્ણ થાય. કેમ કે યજ્ઞનું કામ ખુબ જ મહેનત વાળુ છે આવું કામ તો બીજા કોઇથી ન થાય આપના પ્રતાપથી અમે કર્યું છે. આવી રીતે ગોવિંદ સ્વામીના મુખથી ગર્વ સહીત વાત સાંભળી એટલે ભગવાને વિચાર્યું આવી વાત સંતના મુખે ન થવી જોઈયે. એટલે પ્રભુ મંદહાસ્ય કરતા સુખપુર્વક મધુરવાણીથી કહેવા લાગ્યા. “શું ઉંદરને મોટો સર્પ છોડે છે ? કપાસને અગ્ની ક્યાં છોડે છે ? પાંગળો મોટા મહા પર્વતને ચડે છે, મુંગો કઠીન વેદનો ઉચ્ચાર કરે છે તથા નાનું બાળક વહાણ વગર સમુદ્રને તરી જાય તે બધું મારી ઈચ્છાથી જ થાય છે નાનું મચ્છર મોટા ગજરાજને મારે છે આવું બધું જ મારી ઈચ્છાથી જ થાય છે. હરિની ઈચ્છા વિના બીજા કોઈથી થઈ શકતું નથી. એટલે મુનીરાજ તમો મનમાં યજ્ઞનું અભિમાન લાવશો નહીં. જગતની કે ભગતની બધી જ આશોઓનો ત્યાગ કરીને ભજન કરો ને કરાવો. હું તો મોટા મોટા મહારાજાઓને રાજામાથી રંક કરુ છુ ને રંકમાંથી રાજા બનાવું છું ને ઉપર છત્ર ધરાવું છું. જયાં પાણી ન હોય ત્યાં પાણી કરુ છું જયા પાણી હોય ત્યાં વેરાન કરુ છુ.ગોળ બ્રહ્માંડ પૃથ્વી સહીત બાળક પાસે ઉપડાવું છું. માટે આવું જાણીને ગર્વનો ત્યાગ કરી મનમાં દ્રઢ ભાવ લાવીને નીર અભિમાની થાવ.”શ્રી હરિ મહાપ્રભુએ પોતાના મુખેથી જે વાતો કરી તેને ગોવિંદાનંદમુનીએ પ્રત્યક્ષ સાંભળી તેનાથી બધો જ ગર્વ ચાલ્યો ગયો ને નમ્ર થઈને પરમ આનંદને પામતા હતા ને રાજી થતા હતા. આવી રીતે કેટલાક દિવસ સુધી પ્રભુ ભુજમાં રોકાણા પછીથી **માંડવી** શહેરમાં પધાર્યા તે બધી જ વાતો વિસ્તારથી આગળ કહેવી છે જગતમાં પ્રસિધ્ધીને પામેલો એવો કપટી અભિમાની ખત્રી જાતનો ખયો નામનો મહા ખળ બીજા ખળોની સાથે મહાબ્રહ્મ જ્ઞાનીના નામથી પ્રસિધ્ધ થયેલો તે પ્રભુ પાસે આવ્યો. અવધપ્રસાદજી મહારાજ આનંદ રાજાને કહે છે કે,“તે ખયોખત્રી શ્રી હરિ મહાપ્રભુ પાસે પ્રભુને જીતવા માટે આવેલો તેની બધી જ વાતો વિસ્તારથી તમને કહીશ.

જેતલપુરથી ગોવિંદ સ્વામીએ મહાપ્રભુ ઉપર સુંદર પત્ર લખીને ભુજ મોકલાવ્યો. તેનો પ્રતિ ઉત્તર પુરુષોત્તમ પ્રભુએ પ્રેમથી વાંચ્યો. ગોંવિદસ્વામી પ્રભુની આજ્ઞા મુજબ યજ્ઞ કાર્ય પુર્ણ કરીને પ્રભુની પાસે ભુજ નગરમાં આવ્યા. મુનીવર્ણીની વાતો થઈ આવી રીતે સત્તરમાં તરંગમાં ચરિત્ર વર્ણવ્યા એવી રીતે શ્રી હરિલીલાસિંધુંમાં સત્તરમી લહરી પુર્ણ થઈ.

**આવી રીતે શ્રી હરિલીલાસિંધુમાં આઠમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બ્રહ્મચારી રચિત છંદ ભાષામાં અવધપ્રસાદજી મહારાજ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રી હરિ સહજાનંદ સ્વામી જેતલપુરના મહાયજ્ઞનું વર્ણન કર્યું તે નામે સતરમો તરંગ પૂર્ણ ॥૧૭॥**

# તરંગ-૧૮

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે હે આનંદ રાજન્ ! મનમોહન નારાયણ પ્રભુ લોકોના પાપોરૂપી મળને દુર કરવા માંડવી બંદરે પધાર્યા. શ્રી હરિ પ્રેમ પૂર્વક ભક્તજનો ઉપર ખૂબ જ કૃપા કરીને પધાર્યા હતા. માંડવીમાં શ્રીહરિ મહા પ્રભુ નિવાસ કરીને રહેતા હતા ત્યારે દેશ વિદેશમાં વિચરતા સંતો તથા ત્યાંના નિવાસી હરિભક્તો સર્વને પોતાની પાસે તેડાવવા માટે સુંદર પત્રો લખાવીને દેશો દેશ મોકલી અને તેડાવતા હતા. પત્રના સમાચાર જાણીને સર્વે સંતો જલદીથી પ્રેમ ભાવ વશ થઈને હૃદયમાં પ્રભુનું સ્મરણ કરતાં થકા શ્રીહરિ પાસે આવતા હતા. શ્રી હરિ મહાપ્રભુ ભક્તના નિવાસ સ્થાનમાં વાસ કરતા હતા. ત્યારે સંતો તથા દેશો દેશના હરિભક્તો પોતાના મનની આશાઓ ભાવના પુરી કરવા આવતા હતા. શ્રી હરિમહાપ્રભુ ભટ્ટજી પાસે ભાગવતની કથા વંચાવતા હતા. તે કથાના સમયે મહાપ્રભુ અનેક પ્રકારના વેદાંત ઉપનિધદોની વાતો કરતા હતા. જ્ઞાન ઉપદેશ આપી સમજાવતા હતા ત્યારે અનેક વેદાંતીઓ ચતુર મૂર્તિ શ્રી હરિ પાસે ચર્ચા કરવા વાદ માટે આવતા હતા. શ્રી હરિ મહાપ્રભુ વેદાંતના અનેક પ્રકારના તર્કવાદોની વાતો કરતા હતા તે વાતોને જાણવા અને વાતો સાંભળવા માટે વેદાંતીઓ આવતા હતા, તેઓ ચતુર મૂર્તિની સાથે ચર્ચા કરવા બેસતા હતા. ત્યારે વેદાંતીઓના અધીપતિ ખયોખત્રી નામથી પ્રસિધ્ધ હતો.તે ઘનશ્યામ પ્રભુના અતિ પરાક્રમ અને પ્રતાપ સાંભળીને પોતાના મોટા વેદાંતી સમાજને લઈને આવતો હતો. ખયાના હજારોની સંખ્યામાં શિષ્યો હતા તે બધા વેદાંતના ગુઢ પ્રશ્નોને જાણતા હતા. એવા વેદાંત શાસ્ત્રના જ્ઞાનના બળને લીધે ખયો પોતાનું અતિ બળવાનપણું જણાવતો હતો. બીજાને નમાલા ગણતો હતો. ત્યારે તે શ્રીહરિ પાસે આવીને તત્વજ્ઞાનનાં ઊંડાણ પૂર્વકનાં પ્રશ્નો પૂછતા હતા અને કોઈ વેદાંતી એના ઉત્તરો કરી શકતા ન હતા. એવો બ્રહ્મવાદી ખયો પોતાની બુધ્ધિથી બધા લોકોને અજ્ઞાની અને મૂઢ સમજતો હતો. અને અજ્ઞાની જીવો એને મહાન સમજતા હતા.

હે રાજન ! એ વેદાંતીઓ,જીવ,ઈશ્વર,માયા,જગત,આ બધું જ સાવ ખોટું છે એમ વેદાંતનો ઓથ લઈને પ્રકાશમાન કરતા હતા. જાણે દીવો ન બળતો હોય તેમ અજ્ઞાનીઓને પ્રતિતી કરાવતા હતા. ખયો પોતાના વેદાંતના જ્ઞાનના ઘમંડથી આ બ્રહ્માંડમાં કોઈ મારા પ્રશ્નનું નિરાકરણ કરનારો જન્મેલો જ નથી. એમ પોતે પોતાના અભિમાનને બતાવતો થકો રહેતો હતો. તે મહાપ્રભુના પ્રતાપને સાંભળીને શ્રી હરિ મહાપ્રભુ પાસે ચર્ચા કરવા માટે આવ્યો હતો. શ્રી હરિ ખયોખત્રી પોતાની પાસે આવે છે એમ જાણ્યુ અને એ અતિ અભિમાની છે એને પછાડવા માટે મહારાજે યુક્તિ કરીને જગતના સ્વામી પ્રણતપાલ અંતરર્યામી પ્રભુએ ચમત્કાર કર્યો.મોટો રેતનો ઢગલો કરાવી મોટી ગાદી તૈયાર કરી એની ઉપર કવિ સમ્રાટ બ્રહ્માનંદ સ્વામીને બેસાર્યા. એમનું નામ સ્વામિનારાયણ જાહેર કરી બતાવ્યું. ભગવાન પોતે શિષ્ય તરીકે થઈ સંતમંડળની અંદર બેસી ગયા. ત્યારે મુનિઓના સ્વામી મહાપ્રભુ બ્રહ્માનંદ સ્વામીને કહે તમને જે કોઈ પ્રશ્ન પૂછે તેમને તો કહેવું કે અમારા શિષ્ય સાવ નાના છે. તો પણ તે તમારા પ્રશ્નનું યોગ્ય રીતે ઉત્તરો આપી નિરાકરણ કરશે. આમ કહીને શ્રી હરિ કહે કે તમારે અમારૂં જ નામ લેવાનું અમારી સામે ઈશારો કરવાનો અને તમારે તો સાવ મૌન ધારણ કરીને બેસવાનું. આવી રીતે બધી વાત શીખવાડી રહ્યા. એટલામાં સભામાં સારી રીતે સાત્વિકતા વાળુ અનુકુળ વાતાવરણ થઈ

ગયું. આવી રીતે પ્રભુએ સુંદર રીતે આયોજન કર્યુ હતું એટલામાં ખળ એવો ખયો ખત્રી ત્યાં સભામાં આવ્યો. એની સાથે ખળ એવા હજારો સાથીદારો આવ્યા. અભિમાન ભરેલો ખયો આવ્યો પ્રભુને માથું ન નમાવ્યું અને હરખાતો થકો સુંદર તૈયાર કરેલા આસન ઉપર બેઠો સહેજ પણ ડરતો હતો જ નહિ. જાણે મદોનમત્ત હાથી ન આવ્યો હોય ? તેમ આવીને બેઠો.અને કહેતો હતો કે આ બધામાં સ્વામિનારાયણ કોણ કહેવાય છે જે મારા પૂછેલા પ્રશ્નોના ઉત્તર કરી આપે એમ પૂછ્યું, ત્યારે તે સાંભળીને સભાસદો બધાં જ એક સાથે બોલ્યા કે આ ઉંચા આસન ઉપર બેઠા છે તે જ પોતે સ્વામિનારાયણ છે. અને અમે બધાજ એમના શિષ્યો છીએ એમ કહેતા હતા. આવી રીતે સભાજનોએ કહ્યું ત્યારે તે વાત જાણીને પોતાના મનમાં ખૂબ જ રાજી થઈ ગયો. અને અભિમાનમાં જ પ્રશ્ન પૂછવા લાગ્યો. ઊંચા આસન ઉપર બેઠેલા સ્વામીને જ સર્વના શીરતાજ સમજતો હતો.

ખયો કહે હે સ્વામિનારાયણ ! તમારું નામ તો આખા જગતમાં ખૂબ જ પ્રસિધ્ધ છે જગત બધુ જ તમને જાણે છે. એટલા માટે તમને હું પ્રશ્ન પૂછુ છું. હે સુખકંદ ! તમે ધ્યાન દઈને પ્રશ્નોને સાંભળો હું તમને પૂછુ છું. ખયો પૂછે છે કે શુષુમ્ણા નામની જે નાડી કહેવાય છે તેના જે રૂપો કહેવાય તે હે મુનિવર! રૂપોનું વર્ણન કરો. તથા ઈડા, પીંગલા જે નાડીઓ કહેવાય છે એના પણ જે રુપો હોય તે બુધ્ધિવાન આપ જાણતા હો તે કહો. બીજુ, ષડચક્રને ભેદવાની જે રીત ભાતો હોય તે બધુ જ બ્રહ્માંડના વાતાવરણનું વર્ણન કરીને એના ઉત્તરો કરીને સમજાવો. તમે કેવા સમજાવો છો તે હું જાણું, હું તો બધી જ રીતને જાણું છુ. પરંતુ તમે અતિ સુજાણ છો તેથી કેવા ઉત્તરો કરો છો તે જાણવું છે. યોગ્ય જણાય તો વખાણવા યોગ્ય થાય. આવી રીતના તે ખયા ખત્રીએ ખળતા ભરેલા પ્રશ્નો પૂછ્યા તે અતિશય નાના અને સામાન્ય પ્રશ્નો હતા તે સાંભળી બ્રહ્માનંદ સ્વામી માર્મિક વાણીથી કહેવા લાગ્યા આ પ્રશ્નો તો સાવ નાના અને સામાન્ય છે બહુ કઠીન પણ નથી. એટલા માટે અમારા નાના બાળ શિષ્ય છે તે તમારા પ્રશ્નોનો પૂર્ણ રીતે સચોટ ઉત્તરો આપશે. આ બ્રહ્મચારી તો તરત જ જવાબો કહેશે. લગારે વાર નહિ લાગે માટે ધીરજ ધારણ કરીને મનને અને ચિત્તને એકાગ્ર કરીને તેને હદયમાં ધારણ કરજો. તો જ ખ્યાલ આવશે. આમ સ્વામીની વાણી સાંભળીને તે ખળ અભિમાની મલીન બુધ્ધિવાળો અભિમાનથી પોતાના પરાક્રમના વખાણ કરતો હતો. આ મારા પ્રશ્નના સાચા ઉત્તરો કરે તેવો આ સૃષ્ટિમાં કોઈ સમર્થ જ નથી. કેમ કે મે ખૂબ જ ઊંડી નજરથી જાણીને વિચારી લીધું છે. આ પ્રશ્નના જે કોઈ ઉત્તર વખાણવા જેવાં સચોટ કરે તો તેને તો સાક્ષાત પરબ્રહ્મ નારાયણ જ કરી શકે. અને બીજા કોઈનાથી થઈ શકે જ નહિ. માટે સાક્ષાત નારાયણ હોય તે જ આ પ્રશ્નોનું નિરાકરણ કરે આવા મહા કઠીન પ્રશ્નો વેદાંત સારના છે. તે હું તમારી આગળ પૂછું છું તે જાહેર જ છે. તે ગૂઢ પ્રશ્નો છે તેને તમે આ નાના બાળક પાસે નિરાકરણ કરાવો તે કેવી વાત કહેવાય ! જગતમાં હાંસી કરવા જેવી વાત થાય તેમ લાગે છે અમને તો આશ્ચર્ય થાય છે. હાંસી ઉડાવવાનું કરો છો. તે ખયો આમ બોલતો હતો એટલામાં ધર્મનંદન મહાપ્રભુ હસતા થકા આનંદ આપનારી વાણીથી બોલ્યા પ્રસંસા કરતા થકા કહેવા લાગ્યા કે હે ખળ! તું કહે છે તેમ જે બનાવટી જવાબો હોય તો નહિ માનવા. સાચા પ્રમાણભૂત જવાબો હોય તે તમારે ગણવાનું દરેક બાળક ઉત્તર ન આપી શકે પણ મહાનજ્ઞાની બાળક હોય તે સચોટ ઉત્તર આપી જ શકે છે. જેમ હાથીઓનું મોટું થવું તે મોટા પર્વત સમાન કહેવાય છે તેને શું સિંહનું બચ્ચુ પાડી નથી દેતુ ? તે પ્રમાણ છે. તથા આખા બ્રહ્માંડ મંડળમાં સૂયનારાયણ નાના દેખાય છે. તોય તે આખા જગતના અંધકારનો નાશ કરે છે અને પ્રકાશ

ફેલાવે છે એ પ્રમાણ નથી ? મુળ માયા છે તે પણ સામાન્ય સ્ત્રીરૂપ છે તે અનંત ઈંડ બ્રહ્માંડોને પ્રગટ નથી કરતી ? એ તું નથી જાણતો આવી રીતે પ્રભુએ બળ પૂર્વકના પ્રમાણો આપ્યાં આમ કહીને પૂછેલા પ્રશ્નોના ઉત્તરો પ્રભુ કરવા લાગ્યા. તે પ્રાકૃત (સામાન્ય) પ્રશ્નો હોય તેમ પ્રભુ તેના ઉત્તરો કરતાં હતા. એક જ જવાબમાં બધા જ પ્રશ્નોનું નિરાકરણ પ્રભુ કરી આપતા હતા. જેમ ગંગા નદીનો પાણીનો વેગ વહે છે તે રીતે પ્રભુ ઉત્તરોનો પ્રવાહ વહેવડાવતા હતા. સુષમ્ણા નાડીના રૂપોનો સાર સમજાવ્યો. પ્રત્યક્ષ બતાવી દીધુ જે પ્રશ્ન પૂછેલા તે તો અતિ અગમ્ય હતા. અને અનેક પ્રશ્નો પૂછેલા હતા. તેના તરત જ પ્રભુએ સચોટ ઉત્તરો આપી દીધા. આવી રીતે તત્કાળ જ ઉત્તર આપીને કોઈ પ્રકારનો અવરોધ કે વિવાદ ન થયો અને બધાં જ પ્રશ્નોના જવાબ મળી ગયા. આવી રીતનું અદભૂત પરાક્રમ જોઈને ઘનશ્યામ પ્રભુને પૂર્ણકામ પુર્ણ પુરષોત્તમ નારાયણ માનતો હતો. ખયો કોઈ સામાન્ય પરાક્રમી ન હતો. એના માનને મહાપ્રભુએ તોડી નાખ્યું. તેથી તે પ્રભુને સામાન્ય મનુષ્ય ન હોતો માનતો એને તો પૂર્ણ કામ પુરષોત્તમ પ્રભુ જ માનતો હતો. પ્રગટ ભગવાન જાણતો હતો. વેદાંતના પ્રશ્નના જે ઉત્તરો મળ્યા તે બધા જ વેદાંતમાં પ્રગટ બ્રહ્મનું પ્રતિપાદન કરે છે. તે જ પોતે આ છે. અને પુરાણો જેમના ગુણને ગયા કરે છે એવા આ પ્રગટ પ્રમાણ પોતે જ છે. જેમના ગુણ ચરિત્રને શુકસનકાદિક શારદા અને સંતો ગાયા કરે છે તે જ પોતે સ્વતંત્ર પ્રત્યક્ષ મૂર્તિમાન અહીં આવ્યા છે. અધમ જીવોનો ઉધ્ધાર કરવા માટે ઉદાર મૂર્તિ ખળ પાખંડ પ્રપંચી આદિના ભયને હરવા પધાર્યા છે. નિષ્કામ વ્રતને ધારણ કરીને બધાને દ્રઢ નિયમમાં રાખનારા એવા પ્રભુએ સત્યુગની રીતને કળીકાળમાં સિધ્ધ કરી બતાવેલ છે. શુષ્ક વેદાંતીઓ વડના વૃક્ષની માફક ચારે બાજુ વિકસેલા છે તેને નાશ કરવા હાથમાં જ્ઞાનરૂપી ફરશીને ધારણ કરેલ છે. જ્ઞાનની ફરશીથી પાખંડ માર્ગના અંધકારને સૂર્યરૂપ હરિ નાશ કરે છે. અધર્મનો અંગો સહિત સાવ નાશ કરે છે એવા આ પ્રગટ પ્રભુ સર્વ નામના નામી સર્વના પ્રમાણભૂત આ પોતે જ સહજાનંદ સ્વામી છે. ને તે પોતે જ સર્વોપરી છે. એમનાથી પર બીજું કોઈ કાંઈ છે જ નહિ એમ અમે કહીએ છીએ. પોતે જ સર્વના અંતર્યામી છે. તે જ પોતે આ શ્યામ મૂર્તિ બટુક છે આમ કહીને બધી સભાને વાત સંભળાવીને સત્ય કહ્યું ત્યારે તે ખયો બધા જ લોકોને દેખતાં શ્રીહરિનો આશ્રિત થયો.

અતિશય નમ્ર થઈ શ્રી હરિના ચરણ કમળમાં માથું નમાવી દીધું. ગદગદ કંઠથી પ્રગટ પ્રભુના ગુણને ગાવા લાગ્યો. અને કહે હું તો મંદમતિનો હતો તે પહેલા ન માન્યો કેમકે મારી અંદર વેદાંતના જ્ઞાનનું અભિમાન ભરેલું હતું. તે અભિમાનને લીધે ઓળખી ન શક્યો. પણ હવે મે પૂરા ઓળખ્યા. હવે હું તો કૃતાર્થ થયો. પ્રગટ પ્રભુ મને મળી ગયા. તમારા અતિ પરાક્રમ જોયાં તેથી મે પૂરા ઓળખી લીધા છે. અભિમાનમાં રહીને પ્રભુની સામે રહે તે તો આસુરી જીવ કહેવાય. એને મહા અધમ જીવાત્મા જાણવો જોઈએ. તેવો હું હતો. આમ કહીને તે ખયો પ્રભુના ચરણ કમળમાં વારંવાર વંદન નમસ્કાર કરતો હતો. પ્રભુની પ્રગટ મૂર્તિને પોતાના હૃદય કમળમાં ધારણ કરીને દર્શન કર્યા. એ વાત તો ચારે બાજુ આખા શહેરમાં ફેલાઈ ગઈ. અને ખયો સ્વામિનારાયણ ભગવાનનો એકાંતિક આશ્રિત શિષ્ય થઈ ગયો. જે લોકો સાંભળતા હતા તે બધાં જ આશ્ચર્ય માનતા હતા. એના શિષ્યો ખૂબ જ સમજાવીને ના પાડતા હતા રોકતા હતા તોય ખયો કોઈનું માનતો જ નહતો. એતો પ્રગટ ભગવાનનો શિષ્ય થયો અને એમ માનવા લાગ્યો કે આ જ પ્રગટ પ્રમાણ સ્વામિનારાયણ ભગવાન પોતે જ છે. સર્વોપરી છે આવું જાણીને કેટલાંક જનો આશ્રિત થયા.

જગતની બધી જ આસક્તિઓનો ત્યાગ કરી વિરક્ત ભાવ વાળા થઈ શ્રી હરિ પાસે વ્રતમાન ધારણ કરીને મનના બધા જ વિકારોને ટાળી નાખ્યા. પ્રભુનો ખૂબ જ પ્રગટ પ્રમાણ મહિમાને સમજીને દર્શન કરીને સુખ પામ્યા.

આવી રીતે શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુએ માંડવી બંદરમાં પ્રગટ પ્રતાપ બતાવીને પોતાનું અલૌકિક ઐશ્વર્ય પ્રતાપ જણાવીને ચરિત્ર કર્યાં તેને બધાં જ લોકો જગતમાં જાણતાં હતાં. અને પ્રત્યક્ષ જોઈને બધાં જ લોકો શ્રી હરિ મહાપ્રભુના આશ્રિત ભક્તો થયા. ખયાને એના બધાં જ શિષ્યોની સાથે શિષ્ય કર્યો. બધા જ આશ્રિત થયા. અને એ સહજાનંદ સ્વામીને પૃથ્વી ઉપરના બધાં જ લોકો જોતા હતા. જગતમાં બધા જાણતા હતા. અને બધાને ભગવાનની ભક્તિ મનમાં ખૂબ જ ભાવતી હતી. આવી રીતના પ્રગટ ચરિત્ર કરીને કમળપત્ર સમાન નેત્રવાળા રોજ રોજ પોતાના આશ્રિતજનોના અંતઃશત્રુનો નાશ કરીને મહાસુખ આપતાં હતા. ત્યાર પછી શ્રી હરિ મુક્તાનંદ સ્વામીને બ્રહ્માનંદમુનિને, નિત્યાનંદ મુનિને તથા મહાનુભાવાનંદ મુનિ આદિ સંતોને આજ્ઞા કરીને કહેતા હતા. અધ્યાત્મશાસ્ત્ર વેદાંત આદિ બધાં જ શાસ્ત્રોને તમે પ્રીતી કરીને ભણો. વિદ્યા શાસ્ત્રના પ્રતાપથી જગતમાં જરૂર વિજય થાય છે. એ આજે પ્રત્યક્ષ જોવા મળ્યું. આ શ્રી હરિની આજ્ઞાને શીર પર ધારીને મોટા મોટા બધાં જ સંતો, વેદ, વેદાંત, શાસ્ત્ર, પુરાણ આદિ ભણતા હતા અને થોડા દિવસમાં જ ભણીને તૈયાર થયા.

શુષ્ક વેદાંત જ્ઞાનવાળો મહાખળ ખયા ખત્રીને જીતીને એને શિષ્ય કરીને તથા એના શિષ્યો તથા બીજા સમાજને પણ પોતાના આશ્રિત કર્યા આવી રીતે સર્વના સ્વામી જગતપતિ ભક્તજનોને આનંદ આપતા હતા. શ્રી હરિએ મોટા મોટા મુનિજનોને શાસ્ત્રો ભણવાની આજ્ઞા કરી એવા ચરિત્રોનો સંપુટ એવા આ અઢારમાં તરંગમાં શ્રી હરિલીલાસિંધુની લહરી રૂપે પૂર્ણ થઈ.

**આવી રીતે શ્રી હરિલીલાસિંધુમાં આઠમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બ્રહ્મચારી રચિત છંદ ભાષામાં અવધપ્રસાદજી મહારાજ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રી સહજાનંદ સ્વામીએ ખયા ખત્રીનો પરાજય કરી પોતાનો શિષ્ય બનાવ્યો એ વર્ણન નામનો અઢારમો તરંગ પૂર્ણ ॥૧૮॥**

## તરંગ-૧૯

આનંદરાજા કહે છે હે અયોધ્યાપ્રાસદજી ! ખયાખત્રીનો પરાજય કરીને પોતાનો આશ્રીત શિષ્ય બનાવ્યો ત્યાર પછી શ્રીહરિએ કઈ કઈ લીલાઓ કરી તે સર્વ મને સંભળાવો.અવતારી મહાપ્રભુના ચરિત્રો સાંભળવામાં મારા મનમાં ચાહના રહે છે એ ચરીત્રો સાંભળવાથી જીવમાં શાંતી થાય છે અને સાંભળ્યા વગર મનમાં ઉદ્વેગ રહ્યા કરે છે માટે મને કહેવા કૃપા કરો.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદ રાજન્ ! તમને ધન્ય છે તમે ભગવાનના પવિત્ર પુન્યકારક ચરિત્રોના પ્રશ્નો પુછેલા છે તેમાં ભગવાન ધર્મનંદનના ચરિત્રની જે વાત પુછી છે તે તમને કહું છું તે અતી બળ આપનારી કથા છે. મુનીઓના સ્વામી શ્રી હરિએ અધ્યાત્મ શાસ્ત્રો,વેદાંત,પુરાણો ભણવાની આજ્ઞા કરી તે જ્ઞાન માર્ગમાં બધાની ઉપર સંતોને રાખવા પ્રભુએ નિર્ણય કર્યો હતો. હે રાજન! શ્રી હરિએ સંતોને આજ્ઞા કર્યા પછી જે વાત થઈ ચરિત્રનું વર્ણન કરૂ છું તે વિચિત્ર ચરિત્રનું વર્ણન સાંભળો.શ્રી હરિકૃષ્ણ પ્રભુ બ્રહ્માનંદ સ્વામીને

પોતાની પાસે બોલાવીને ઉત્સાહ સહીત પ્રેમ ભાવથી ઘનશ્યામ પ્રભુ વાત કરતા હતા તમે વાત સાંભળો,તમને સુખની વાત કહું છું.તમને જે વાત કહું તે બધાજ સંતોના માટેની છે. આનંદની છે કેમકે“ તમને બધાને લાડું જમાડું કે બધાની માથે ધુળ નખાવીને રમાડું ?” આવી રીતે ઘનશ્યામ પ્રભુની માર્મીક વાતો સાંભળીને મુનીજનો આનંદ પ્રમોદ કરતા હતાં. તેને બ્રહ્માનંદ સ્વામી જાણતા હતા એટલે શ્રી હરિને કહેતા હતા કે સુજાણ તમે સાંભળો, “અસંત દુર્જનો અનેક વાર સંતો ઉપર ધુળનો વરસાદ કરતા જ હોય છે. હે નાથ ! બધાજ સંતોને સાથે લઈને તમે જે કરો તે સેહવા તૈયાર જ છઈએ, કેમકે આજે તો આપ સાથમાં છો તેથી યોગ્ય જ થશે.બધી જગ્યાએ વીશેષમાં પથ્થરા, ધુળનો વરસાદ થાય છે અને આવી રીતે કાયમ અમારું અપમાન થાય છે.” ત્યારે શ્રી હરિ કહે, એ વાત તો સાચી છે ત્યાર પછી પ્રભુ કહે આજે સંતોને પ્રેમથી લાડું જમાડું આવી રીતે સૌને જણાવતા હતા.આવી રીતની અનાથના નાથની મનોહર ગાથાને સંતો સુંદર રીતે સાંભળતા હતા મનમાં રાજી થતા હતા ને રસીકવરનાં કહેવાયેલાં વાક્યો સુખ આપનારાં થતાં હતાં. ત્યારે ધર્મના કુમાર મહાપ્રભુ હૃદયમાં વીચારીને જોયું કે બધા જ નરનારીજનોના મનમાં મારી પ્રત્યેનો ખુબજ પ્રેમ ભાવ જાગ્રત થયો છે તથા ધર્મનો પ્રચાર થયો છે. અમારા દર્શન કરીને બધાજ શહેરવાસી જનો કાળ, કર્મ, માયાથી નિર્ભયતાવાળા શોક રહીત થયા છે તેથી બધાજ સંતોને જમાડવા માટે આગ્રહ થી બોલાવે છે. સર્વના સ્વામી જીવન પ્રાણ શ્રી હરિ, ભક્તજનના ઘેર જઈ થાળ જમી જળપાન કર્યું. આ ચરીત્રને લોકનો સમુદાય દર્શન કરતો હતો.ત્યાર પછી જમીને પ્રભુ સુંદર આસન ઉપર બીરાજમાન થયા. સૌ ભક્તસમુદાય સંતો સાથે બેઠા,પ્રભુ પલંગ ઉપર બીરાજમાન થઈ વિશ્રામ કરતા હતા ને ભક્તજનોને દર્શન આપતા હતા. આવી રીતે ધર્મનંદન મહાપ્રભુ અનંત લીલાઓને કરતા હતા. તે ચરીત્રોથી જીવોના કાળકર્મનો ભય નાશ પામતો હતો.આમ દયાળુ સર્વના પાપોને બાળતા હતા. સૌ સંતોને ખુબ જ લાડુ જમાડ્યા આવી રીતે સહજાનંદ સ્વામી પ્રેમભાવથી નીત્ય પ્રત્યે મનોહર ચરીત્ર કરીને લોકોના ચીત્તને ખેંચીને સર્વને જણાવતા હતા ને સુખ આપતા હતા. આવી રીતે શ્રી હરિ મહાપ્રભુ કમળનયન સુખ સાગર મહા સુખ આપતા હતા ને માંડવી બંદરમાં બધાના મનને હરતા હતા ને દુઃખોને દુર કરી સુખ આપતા હતા.

હે રાજન્ ! આવી રીતે ભગવાન શ્રીહરિના અનેક ચરીત્રોની વાતો તમે પુછેલી તે વિસ્તારથી કેટલીક કહી છે તે તમને સારી રીતે સમજાવીને કહી તે તમે સાંભળી લીધી છે તે ચરીત્ર કહેવાથી મારા મનમાં પણ ખુબ આનંદ થતો હતો.શ્રી હરિ મહાપ્રભુ સહજાનંદ સ્વામી માંડવી બંદરમાં એક માસ સુધી રહીને લોકોના ત્રિવિધ તાપને હરીને ખુબજ સુખ આપતા હતા. ભક્તજનોના પાપનો તાપ નાશ કરતા હતા. ત્યાર પછી મહા પ્રભુ સર્વે પરમહંસો સંતોને પોતાની પાસે બોલાવીને અમદાવાદ નગરે જવાની આજ્ઞા આપી પ્રભુ ચાર્તુમાસ ત્યાં જ રહેવાનું કહેતા હતા. આમ સંતોને કહીને મહાપ્રભુ પોતે ભુજ નગરના ભક્તોને સુખ આપવા **ભુજ** પધાર્યા.મહાપ્રભુ ભુજ ગયા ને સંતો સર્વે ગુજરાતમાં અમદાવાદ શહેરે પધાર્યા.સ્વામિનારાયણ ભગવાન ભુજ નગરના ભક્તજનોના ભવભયને હરવા માટે સુખ આપવા માટે દયાળુ પ્રભુ ભુજમાં નીવાસ કરીને આશ્રીતજનોની આશાઓને પુર્ણ કરતા હતા. ત્યાં અનેક જીવોને સમાધી કરાવતા હતા. વિશ્વના નિવાસ શ્રી હરિ ઉપાધીને હરતા હતા.લાધીબાઈને સંસારમાંથી મુક્ત કરાવીને એમના મનમાં ભક્તિ ભાવ પેદા કરતા હતા.ઍકાંતિક ભક્તિ કરાવીને મહાપ્રભુએ ભુજ નગરમાં ખુબજ સુખ આપ્યાં.ભક્તજનોને દૃઢ ભક્તિજ્ઞાન આપવા માટે ભુજમાં જ નિવાસ કરતા હતા.

તેવામાં એક વખત પ્રભુ જવા માટે તૈયાર થતા હતા ને પોતાના ભક્ત પાર્ષદની સાથે પુરુષોત્તમ પ્રભુ

સર્વોપરી ભુજથી નીકળવા તૈયાર થયા. પ્રભુ પોતાના ભક્ત ડુંગરજી આદીક અનેક ભક્તોને સાથે લઈ નીકળતા હતા. જલ્દી જલ્દી ચાલીને ભગવાન અજીત પ્રભુ **અંજારપુરે** પધાર્યા. ભક્તજનોના ભાવને વશ થઈ અંજારમાં કેટલાક દીવસ રહ્યા. જ્ઞાન ઉપદેશ આપી પોતાના આશ્રીતોના ત્રાસને હરતા હતા. જ્ઞાનરૂપી સુખ આપી સંસારને તારનારા મહાપ્રભુ નવલખી નામના સમુદ્ર બંદરે જઈ નાવમાં બેસી સમુદ્રને પાર કરતા હતા. પોતાના ભક્તજનોની સાથે મહારાજ સુખ આપીને સંસારના ભયને હરીને પ્રિતમ પ્રાણ પ્રભુ સાગર પાર કરતા હતા. સાગર ઉતરી પ્રભુ **પીપળીયા ગામે** પધાર્યા. ભક્તજનોને દર્શન આપી પ્રભુ **જોડીયા પુરે** પધાર્યા. જોડયાપુરથી **ભાદરા** પધાર્યા.ભક્તજનોને સુખ આપી ઘનશ્યામ પ્રભુ પુરણ કામ **ધોરાજીપુરે** પધાર્યા. ધીરભક્તોની ભીડને હરી જન્મમરણને ટાળતા હતા ને ત્યાંથી **પંચાળાપુરે** પધાર્યા. પ્રાણપતી એવા પર ઉપકારી નારાયણ ભગવાન હેંમંતસિંહ રાજા પોતાના એકાંતિક ભક્ત હતા તેને તથા બીજા હરીભક્તોને આનંદ આપવા ત્યાં પધાર્યા. શ્રી મહાપ્રભુ હેમંતસિહ રાજાના દરબારમાં બે માસ સુધી નિવાસ કરીને સર્વના દુઃખોને હરતા હતા. બળવંત પ્રભુ અનેક ચરીત્રો કરીને કોમળ અંગોવાળા મહાપ્રભુ આશ્રીતોના ત્રાસને હરતા થકાં ચતુર પ્રભુ લોકોના ફંદને હરતા થકા દેશવીદેશમાં ધર્મનો પ્રચાર કરવા, ચરીત્રો કરવા વિચરતા હતા.અનેક ગામોમાં ભક્તોને દર્શન દેતા હતા. પ્રભુ વિચરતા થકા કંકદેશમાં **ઝીંઝાવદર ગામે** પધાર્યા. ત્યાં દર્શન સુખ આનંદ આપી ત્યાંથી પ્રભુ **કારીયાણી, સારંગપુર** આદી ગામોમાં બ્રહ્મધામના મહાપ્રભુ બ્રહ્મવાદીઓના ગામમાં પધારતા હતા. ગામોમાં વીચરણ કરતા પ્રભુ **કુંડળ** નામના ગામે પધાર્યા.ત્યાં મહાપ્રભુ સંતો ભક્તોની સાથે પધાર્યા હતા અને ત્યાં નીવાસ કરીને રહેતા હતા.આવા અનેક ગામોમાં મહારાજ બે માસ સુધી વીચરણ કરતા હતા. ધર્મને દૃઢ રાખવા માટે લોકોની અંદર રહેલા અધર્મનો નાશ કરવા મહાપ્રભુ **ભીમનાથ**માં લોકોના ભ્રમને હરવા પધાર્યા. ત્યાં બ્રહ્મણોને દાનો આપ્યા મહાપ્રભુએ ખુબ જ દયા કરીને રાજી કર્યા.ભીમનાથના ગુમાનગરને પોતાના આશ્રીત શિષ્ય બનાવ્યા. આવી રીતે મહાપ્રભુનો પ્રતાપ જોઈને લોકો ચકીત થઈ ગયાં. પ્રભુના દર્શન કરીને સર્વે સમાજ પ્રભુના નામનો જપ કરતા હતા, તેનાથી પાપ તાપ સંતાપને હરતા હતા. સર્વે જીવોના સર્જક પ્રભુ પાપને દુર કરતા હતા. મહાપ્રભુ ગામો નગરો પુરોમાં દયાકરી સુખ આપતા હતા.દુઃખોને હરતા હતા.સંતોના પ્રતીપાળ શ્રીહરિ મહાપ્રભુના આશ્રીત જીવો પ્રભુની સેવા કરતા હતા તે લોકોના પ્રેમ ભાવને જોઈ લોકોને સુખ આપતા હતા.મહાપ્રભ કારીયાણી ગામે વિષ્ણુયાગનો પ્રારંભ કરાવતા હતા એકાંતીક ભક્તોને પરમ સુખ આપતા હતા. દેશાંતરમાં રહેલા સંતો ભક્તોને તેડાવવા માટે પત્રો લખી મોકલતા હતા. સમાચાર સાંભળી સર્વે સંતો અને સત્સંગીઓ જ્યાં ઘનશ્યામ પ્રભુ વીરાજતા હતા ત્યાં આવ્યા દુઃખ ભંજન શ્રીહરિ ભક્તજનો અને સંતોને દર્શન આપતા હતા. દુખોને તોડતા હતા,સત્પુપુરુષોના મનને આનંદ આપતા હતા શત્રુઓનો પરાભવ કરતા હતાં.

હે રાજન્ ! ભુદેવોને સારી રીતે જમાડ્યા મહાપ્રભુએ એમને ખુબ જ દાન દક્ષિણાઓ આપ્યાં ને તેમના મનને હરી લીધાં. મહાપ્રભુએ ઘણાં ચરિત્રો કરી પ્રેમી ભક્તોએ તેનાં દર્શન કરી ખુબજ લાભ લીધો. મહાપ્રભુએ આવી રીતે વિષ્ણુયાગને સારી રીતે પુર્ણ કરીને પછી મહા પ્રભુ સર્વોપરી પોતે આજ્ઞા કરી અને સ્વરુપાનંદ સ્વામીને અમદાવાદ નગરે સત્સંગ કરવા માટે મોકલ્યા અને રામદાસભાઈ સ્વામીની સાથે સંતોને સુરત શહેરમાં સત્સંગ કરવા માટે મોકલ્યા. આમ સર્વે સંતોને સત્સંગ કરવા માટે મોકલતા હતા. શ્રી મહાપ્રભુ પોતે મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી આદીક સંતોને સાથે લઈને જગતના પ્રાણ પ્રભુ **વઢવાણ** પુરને પાવન કરવા

પધાર્યા.ત્યાંના ગઢના કાંગરાઓની સાથે મોટા મોટા દ્વારો શોભતાં હતાં. તેનાથી પુરની શોભા વધતી હતી ત્યાંના મકાનો જાણે કે મેઘની ઘટા જેવાં લાગતાં હતાં. ઢાંકણાથી ઢંકાયેલાની શોભા સારી લાગતી હતી.શ્રી હરિ મહાપ્રભુ તે પુરના સ્વચ્છતા વાળા માર્ગો ઉપર ચપળ નયન ચીત્તને ચોરનારા ચપળતાથી ચાલતા હતા.મહાપ્રભુ તુલસીદુબે ના ઘરપ્રત્યે પધાર્યા. ત્યારે તે પુરના નીવાસી જનો પ્રેમથી શ્રી ઘનશ્યામ પ્રભુને જોઈ આનંદીત મનવાળા થઈ હરખાતા થકા પ્રભુના ગુણ ગાન કરતાં હતાં.મહાપ્રભુ સર્વના પ્રાણનાથ માટે બનાવેલી રસોઈમાંથી મુળજી બ્રહ્મચારી સુંદર થાળ તૈયાર કરી લાવ્યા તે પ્રેમથી પ્રભુ જમ્યા. જમતા વચમાં પ્રભુ જળનુ પાન કરતા થકા ઉદર ઉપર હાથ ફેરવી ઓડકાર ખાતા આનંદ આપતા થકા જમતા હતા.જમ્યા પછી મુખ પ્રક્ષાલન કરી જળપાન કરીને પલંગ ઉપર સુખેથી વીરાજમાન થયા ને મુખવાસ લઈ મુખવાસ જમ્યા. ત્યાર પછી સર્વે સંત સમુદાય ભક્તજનોને જમાડ્યા. પછી સર્વે સંતોની સાથે કમળ નયન પ્રભુ હાસ્ય કરતા થકાં હસ્ત કમળમાં સુંદર નેતરની સોટીને ધારણ કરીને ચાલ્યા.મહાપ્રભુ ભક્તોના ભયને હરતા અને પૃથ્વી ઉપર ધર્મને વિસ્તારતા થકા ભુમી ઉપર આનંદ આપતા **ભદ્રેશી** ગામે પધાર્યા.ત્યાં રાતના સમયે નીવાસ કર્યા. રાત્રે શયન કરી સર્વજગતના નાથ લોકોના સ્વામી પ્રાણનાથ જ્યારે પ્રભાતવેળા થઈ ત્યારે જાગ્રત થઈ નિત્યકર્મ કરી ભક્તજના હરિના ગુણને ગાતા વગાડતા માર્ગમાં જતા હતા.સર્વના મનને હરનારા મહાપ્રભુ **મેથાણ** ગામે પધાર્યા.ગામના લોકોને સમાચાર મળ્યા એટલે તરત જ દર્શન કરવા સામે આવ્યા.ભક્તજનોએ દર્શન કર્યા.ત્યાર પછી ભક્તજનોની સાથે ચાલતા થકા ચારૂનેત્રપતી સર્વના મનોરથને પુર્ણ કર્યા મનોહર નેત્રથી પ્રભુની મૂર્તિ જાણે સુર્ય ઉદય ન થયો હોય ? તેવું ભાસતું હતું.ભક્તજનોની સાથે આમલીઓમાં આવ્યા.અને ભુમીનો ભાર હરવા ભક્તજનોના સ્વામી દાજીભાઈના દરબારમાં પધાર્યા. ત્યાં નીવાસ કરી દાસના ત્રાસને હરી લેતા હતા.સર્વજનોના સ્વામી પોતાના સેવક જાણીને સેવકોએ બનાવેલા થાળને આરોગતા હતા. થાળ આરોગી પ્રેમથી મુખ ધોઈ જળપાન કર્યું .સર્વે જનોને જમાડી સર્વની સાથે રહી અનેક અનાથોને સનાથ કર્યા ને અતી સુખ આપ્યા.પછી પ્રભુ મેથાણથી ચાલીને **શિયાળ** ગામે પધાર્યા.ત્યાં ભક્તજનોને દર્શનનું સુખ આપી, સેવા સ્વીકારી **ધોળકાપુરે** પધાર્યા.તે અતી પ્રાચીન નગરી જોઈ મનમાં શાંતી થઈ ત્યાં નીવાસ કરી ભક્તોને આનંદ આપ્યા.સર્વ જનોએ હરિમાં હેત કરીને ખુબજ પ્રેમથી નીરખી દર્શન કરી આનંદ પામ્યા ત્યાર પછી મહા પ્રભુ સર્વ જનોની સાથે **જેતલપુર** ભક્તજનોના મનમાં આનંદ દેવા પધાર્યા.બધાજ પુરના લોકો ભેગા મળી દર્શન કર્યા,પ્રભુને પુરમાં લાવી સુખ મેળવ્યું. ભક્તજનના ઘેર પ્રેમથી થાળ જમી સુખ આપ્યું.સર્વજન સમુદાયના સુખનીધી જેતલપુરમાં પોતાના આશ્રીત જનોના ઘેર પધાર્યા. એમના ઘેર ભાવ પુર્વક ભોજનોને જમતા હતા, ભક્તોના ભાવને પુરો કરતા હતા સર્વે ભવનોના સ્વામી સર્વના ભયને હરતા હતા. પોતાના દાસજનોની આશાઓ પુરી કરીને પીડાઓનો નાશ કરીને મહાપ્રભુ **અમદાવાદ** પુરમાં પધારતા હતા. ભક્તજનો દર્શન કરી મનમાં આનંદ સુખ પામતા હતા.હે રાજન્ ! શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુ અમદાવાદપુરમાં અતી આનંદ પુર્વક આવતા હતા અનેક વાર આવી પોતાના આશ્રીત ભક્તજનોને પ્રેમ પુર્વક દર્શન આપી એમના ઘેર પધારી મહા સુખ આપતા હતા.

સર્વના કષ્ટને હરનારા મહાપ્રભુ ઘનશ્યામ મૂર્તિ કંકદેશમાં ફરીને **કરીયાણીપુરે** પધાર્યા.ત્યાં મહાવિષ્ણુ યાગ યજ્ઞ કર્યો.અનેક ભક્તજનોને ખુબજ સુખ આપ્યાં. ત્યાર પછી શ્રી હરિ સૌભીર દેશમાં ફરીને અવતારના અવતારી પ્રભુ અમદાવાદ પુરે પધાર્યા.આવી રીતે પ્રભુ લીલા કરતા હતા ને ઓગણીસમું તરંગ તે શ્રી હરી લીલા સિંધુની

લહરીઓમાં પુર્ણ થયું.

**આવી રીતે શ્રી હરિલીલાસિંધુમાં આઠમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બ્રહ્મચારી રચિત છંદ ભાષામાં અવધપ્રસાદજી મહારાજ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રી સહજાનંદ સ્વામીએ જેતલપુરમાં લીલા કરી અમદાવાદ પુરમાં પધાર્યા તેનું વર્ણન કર્યું તે નામનો ઓગણીશ મો તરંગ પૂર્ણ ।।૧૯।।**

# તરંગ-૨૦

આનંદરાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી ! આપને તો ધન્ય ધન્ય છે તમે તો ધર્મની ઉંચી ગાદી ઉપર બીરાજી ધુરાને ધારી છે. હે અવધપ્રસાદજી ! આપને ધન્ય ધન્ય છે કેમ કે આપે શ્રી હરિના અતિ મનોહર ચરિત્રને સાંભળેલાં છે તે પ્રભુની લીલા અતિ મનોહર તમે કહી તથા અમદાવાદ પુરમાં કાંકરીયામાં પ્રભુએ જે લીલા કરી તે મને પોતાનો જાણી પ્રગટ પ્રભુની સર્વોપરી જે લીલા તે મને સંભળાવો.

જઅવધગુરૂ કહે છે હે આનંદ રાજન ! તમે તો રાજાના પરીવારમાં હંસ રુપ છો કેમકે તમે રાજ સિંહાસન પર વીરાજનારા છો, છતાં અતી આનંદ ઉપજાવનારા પ્રશ્નો પુછો છો તેના ઉત્તર કરવા હું મારા અંતઃકરણમાં મૂર્તિને ધારીને કહું છું તેને તમારા અંતઃકરણમાં ધર્મતનય ભગવાનનાં ચરિત્રોને ધારણ કરો, હું તમને કહું છું. શ્રી ધર્મનંદન પ્રભુ જેતલપુરથી મનમાં આનંદ ધરીને **અમદાવાદ** પધાર્યા. શ્રી હરિ પધાર્યા ત્યારે બધા જ નગરજનો અને ભક્તજનો શ્રી હરિની સન્મુખ સામૈયાની સામગ્રી લઈને સામા ગયા. ભકતજનોએ આવીને પરમપુરુષ પરમેશ્વર મહાપ્રભુના પ્રેમથી દર્શન કરી અતી દંડવત પ્રણામ કરી અનેક જાતના વાજાને વગાડતા થકા ભજન કિર્તનોને ગાતા થકા ધર્મનંદન મહાપ્રભુને પુરમાં લઈ આવતા હતા.બાળાઓ સુંદર ગીતોને ગાતી હતી ભક્તજનો અને સંતોની સાથે શ્રીજગજીવન પ્રભુ પધારતા હતા.ત્યારે પુરની સ્ત્રીઓ ભાવપુર્વક એકાગ્રતાથી દર્શન કરતી હતી. હાથમાં રહેલી પુષ્પમાળાઓથી પ્રભુને વધાવતી હતી,પોતાના મનના ભાવને પુર્ણ કરતી હતી. મહાપ્રભુ ભક્તોના ભાવને જોઈ તેમને દર્શન આપતા યમ પાસના ભયથી મુકાવતા હતા. એમના મનની આશાઓ પુરી કરતા હતા. આવી રીતે ભક્ત સમુદાયની વચ્ચે શોભતા મહાપ્રભુ પોતાના ચરણ કમળને શહેરની ભુમી ઉપર સ્થાપન કરીને ચરણાંકીત કરતા હતા.આવી રીતે દર્શન આપતા થકા સર્વને રાજી કરતા કરતા પ્રભુ નગરમાં પધાર્યા.અખીલ બ્રહ્મમાંડના સ્વામી બધાના મનને આનંદ પમાડતા હતા. આવી રીતના ઉંચા અશ્વ પર વિરાજમાન થઈ શહેરના ઉંચા મકાનોને જોઈ જગતના નાથ ત્યાં જ નિવાસ કરતા હતા સર્વની ઉપર કૃપા કરતા હતા. પુરના ભક્તજનો પ્રભુને નીરખી નીરખીને દર્શન કરતા હતા, ને ભાવપુર્વક ધારતા હતા.મહારાજ પોતાના પ્રેમી ભક્તોને રાજી કરવા માટે સર્વને સુખ આપવા પ્રભુ ઘરોઘર પધારતા હતા.સર્વના ઘેર જમવા પધારતા હતા આવી રીતે મહાપ્રભુ સર્વના સ્વામી કમળનયન સુખ આપતા હતા. શ્રી પુરુષોત્તમનાથ પ્રભુ અમદાવાદ પુરની શોભાને જોઈને એમના માર્ગો ઉપર સંતોની સાથે સંતોના સ્વામી જતા આવતા હતા.મોટા મોટા ગુંબજોની શોભા ઉંચા આકાશે અડતી હોય તેમ શોભે છે તે જાણે મેઘની છાંટ ભુમી ઉપર ન પડતી હોય ? તેમ જણાય છે. માર્ગમાં આવતા જતા તથા ઉભા રહેલા લોકો તથા સતત આવજાવ કરતા સમુદાયના મનને પ્રભુ જીતી લે છે. શ્રીહરિની અશ્વારીમાં અનેક સંતો હતા તે સંગીત સૂરો સાથે ઉંચા સ્વરે અનેક રાગરાગીણીમાં કીર્તનો ગાય છે. તેથી સર્વના

મનને જીતી લીધા છે. ભૂમી ઉપરના ભૂદેવો વેદોના ઉચ્ચાર કરે છે. તથા તેનો વિસ્તાર કરીને ભેદને બતાવે છે તેનાથી મનને જીતી લીધા છે. સ્ત્રીઓ પોતાના દેહ ઉપર વસ્ત્ર-આભૂષણોથી સજ્જ થઈને મધુર કોકીલ કંઠે ભગવાનના ગુણના ગીતો ગાઈને મનને જીતે છે. રાજાના દરબારના દરવાજે મોટા મોટા હાથીઓ,ઘોડાઓ શણગારેલા ખૂબ જ શોભા વધારે છે. અખાડાઓમાં મલ્લો મલ્લકળા કરીને મસ્તાનતાથી મનને જીતે છે. ગંધર્વજનો ઉચ્ચે સ્વરે તાન તોડીને ગાય તેનાથી સર્વના મનને જીતે છે. વલ્લભીઓ આકાશે વિરાજતા થકા મનને જીતે છે. બ્રાહ્મણો ઉંચે સ્વરે ગાન કરીને મનને જીતે છે. ઘંટારવની ઊંડેથી ધુની ગાજે છે તેનાથી મનને જીતે છે. મદઝરતા હાથીઓ આવન-જાવન કરતાં શોભે છે. શહેરમાં ગુજરી ભરાય છે તે શોભે છે તે મનને ખેંચે છે. જેવી જોઈએ તેવી વસ્તુઓ મળે છે તેથી મનને જીતે છે. મયુરો ટહુકા કરીને મોટો શોર કરે છે. તથા કબુતરો અને ચકલીઓ કાબરો વિગેરેની મોટી ભીડ થાય છે. આવજા કરે છે તેનાથી મનને જીતે છે સારીકાઓ વારીકાઓ ખૂબ જ શોભે છે. તે સર્વના શોર બકોરને સાંભળીને મુની જનો પોતાના મનમાં મોહ પાંમતા હતા. આવી રીતે શહેરની શોભાની મહેંકતા હતી.શહેરમાં જેટલા હતા તેટલા બધા જ ઘનશ્યામ પ્રભુનાં નામ ગાતા હતા. બધા જ શ્રી ધર્મનંદન મહાપ્રભુના સ્વરૂપને નિરખીને જોતાં હતાં. એમની વૃત્તિ અને મન મનોહર મૂર્તિ સહજાનંદ સ્વામીના સ્વરૂપમાં સ્થિર થતી હતી. સર્વજનના ઈશ સર્વના જીવને જાણનારા પ્રભુને ઓળખતા હતા. તે સર્વેજનો ભક્ત સમુદાયની સાથે જમવા માટે બોલાવતા હતા. અને શ્રી હરિ સહજાનંદ સ્વામી જે ભક્તજન કહેતા હતા એમના ઘેર જમવા માટે સર્વજનના જીવન પ્રાણ પ્રભુ ભક્ત સંત સમુદાયની સાથે જતા હતા. બધાને આનંદ કરાવતા હતા એવા આનંદના ધામ મહાપ્રભુ સર્વને અતિશય સુખ આપતા હતા. એમના માયિક દુખો પીડાઓને તોડતા હતા. આવી રીતે ચરિત્ર કરીને પ્રભુ પોતાના સર્વોપરી સિધ્ધાંત ધર્મની સ્થાપના કરતા હતા. આવી રીતે ફરતા ફરતા મહાપ્રભુ સર્વના કષ્ટની પીડાને હરતા થકા આનંદ મૂર્તિ આનંદ આપતા થકા પંડિતો પાસે ગયા. બ્રહ્મદેવો સારા સાધુભાવ વાળા સારા જ્ઞાની એવા તે સંસ્કારી સ્વભાવના તે ભગવાનના ભક્તનાં વખાણ કરતા હતા. ભક્તના નામથી વખાણતા હતા. એ બ્રહ્મદેવના મંદિરમાં મહાપ્રભુ મંદહંસ ગતિથી પધાર્યા. ત્યારે તે વરદાયક સંત પ્રસંશક સેવક મળ્યા. તે દ્રષ્ટિ વિનાના સુરદાસ મુનિએ મનોહર મૂર્તિ મહાપ્રભુને ઓળખી લીધા. દર્શન કરીને પૂર્ણકામ મનવાળા થયા. ત્યારે તે પ્રભુના શરીર ઉપર હાથ ફેરવીને પૂર્ણ અંગોનું તથા સ્વરૂપનું જ્ઞાન મેળવતા હતા. ત્યારે વિશાળ નેત્રથી સુંદર રીતે જોતા થકા મનોહર મુખ કમળવાળા પ્રભુ કામદેવના ગર્વને હરનારા શોભતા હતા. આવી રીતના પ્રભુના સ્વરૂપના જ્ઞાન મેળવતા હતા તે સુરદાસ પ્રભુને ઓળખતા હતા. તે પ્રભુનું કેવુ સ્વરૂપ છે ? તો શંખ સમાન કંઠવાળા , નાસિકા જાણે દીવાની જ્યોતની અણી ન હાયે ? એવું અણીયાળું નાસિકાનું સ્વરૂસ લાગતું હતુ. વૃક્ષ સ્થળની હૃદયની છબી જાણે પરવાળાની જેવી શોભતી હતી. રસના રસથી ભરપૂર રસાળ જીહ્વા શોભતી હતી એવા મનોહર મૂર્તિ મહાપ્રભુ શોભતા હતા. કુંદની કળીઓ જેવાં પેઢામાં દાડમની કળીઓ જેવા પ્રભુના દાંત શોભતા હતા. સુંદર મનોહર દાઢી શોભતી હતી તેની ઉપર ચીબુકનું ચિહ્ન શોભતું હતું. કટી પ્રદેશ સિંહ સમાન પાતળી કેડવાળા ઉદર ભાગ કમળના પત્ર સમાન શોભતો હતો આમ કવિજનો ગાતા હતા. મણીઓ સમાન બન્ને સ્તનો યુક્ત પ્રભુની છબીના દર્શન કરીને લોકોના મનમાં પૂર્ણકામ પણ થઈ જાય છે. તથા બંને જાનુઓ તથા હસ્તકમળના દંડો જોવાથી લાગે કે જાણે મદોન્મત હાથીની સૂંઢો ન હોય ? એવી શોભા લાગતી હતી. સુંદર કંકણ કડા યુક્ત આભૂષણો બાહુઓ ઉપર શોભતા હતા. જનસમુદાયને

અભય વરદાન આપતા હતા. આવી રીતે આભૂષણોને ધારી રહેલા પ્રભુ શોભતા હતા. શત્રુસમુદાયને તે અતિ ભયાનક લાગતા હતા. ઊચુ ઉપડેલું ઉદર સુંદર હતુ તેમાં ત્રિવળી પડતી હતી. તે જાણે ત્રિવેણી સંગમ સમાન સુખ આપનારી શોભતી હતી. ઉદર ઉપર ઊંડી ગોળ વર્તુળ આકાર મોટી નાભી કે જાણે પાણીનો ઊંડો કૂવો ન હોય ? એવું સુંદર લાગતુ હતુ. બન્ને સાથળો જાણે કેળના સ્થંભો ન હોય ? તેવાં લાગતાં હતાં. મનમાં સહુને આશ્ચર્ય થતું હતું જાણે બંને જાનુઓ શિલીમુખને રહેવાની જગ્યા ન હોય ? તેવું લાગતું હતું. લક્ષ્મીજી સતત પ્રભુના ચરણનો આશ્રય લઈને સેવા કરતાં હતાં પગની ચંપી કરતાં હતાં. બંને ચરણની પીંડી ખૂબ જ ગૌર વર્ણની સુંદરતાવાળી પાતળી તથા ચરણની પાની ગોળ સુંદર લાગતી હતી. પ્રભુના ભ્રમર જાણે કે હાથીનું કુંભ સ્થળ ન હોય ? તેવું વર્તુળ આકારે શોભતું હતું પ્રભુ પૂરના લોકોના મનને હરતા હતા. અતિ કોમળ ઊંચી ઉપડતી જાણે લાલ મણિ સમાન નખની કાંતી સુંદર લાગતી હતી એવા પ્રભુના ચરણ કમળના આશ્રયથી જન્મ મરણનો ભય ટળે છે. એવા પુણ્યદાયક પ્રભુના ચરિત્રને વેદો પુરાણો મુનિજનો વર્ણીઓ વ્યાસ ભગવાન પણ ગાયા જ કરે છે.

હે રાજન્ ! લાલ કમળ સમાન કોમળ ચરણ કમળના તળ ખૂબ જ સુંદર લાગતા હતા. અતિ મનોહર અંકુશ, ત્રિકોણ આદિક સોળ ચિહ્નો શોભતાં હતાં. જવ , જાંબુ , કેતુ તથા અર્ધચંદ્ર, સ્વસ્તિક ખૂબજ શોભતાં હતાં. તથા ધનુષ , ગોપદ વિગેરે ચિહ્નો યુક્ત ચરણોનું મુનીજનો ધ્યાન ધરે છે. એવા જીવને ખેંચનારા અંકુશ સમાન લાગતાં શોભતાં હતાં. અને જેનો આશ્રય કરે છે એવા ચિહનો કુંભ,વ્યોમ,મીન આ બધા જ ચિહ્નોનું સદગ્રંથોમાં વર્ણન કરવામાં આવેલ છે. એવા પ્રભુના ચરણ કમળના મહિમાને આગમ નિગમ ગાયા કરે છે. એજ ચરણોનું ધ્યાન મુનિજનો સદાય ધરે છે. આવી રીતે પ્રભુની મૂર્તિને નખથી શીખા પર્યંત નિરખીને પોતાના અંતઃકરણમાં ધારતા હતા. આવા સ્વરૂપનું સામુદ્રી શાસ્ત્રમાં વર્ણન કરેલું છે એવા મનોહર અંગોનાં દર્શન કરીને આવી રીતે મહાપ્રભુને ઓળખીને મહા પુરાતન મૂર્તિ જાણીને સર્વોપરી પ્રભુના દર્શનથી મારો જન્મ સફળ થયો એમ માનતા હતા. બીજાનો આશ્રય ત્યાગ કરી સર્વોપરી પ્રભુ ઉપર વિશ્વાસ કરીને શુદ્ધ મનવાળા થઈને પ્રભુના એકાંતિક આશ્રિત ભક્ત થયા. આવી રીતે ભક્ત જનોને દયાળુ મહાપ્રભુ સુખ આપીને ચપલ મૂર્તિ ચપલ ગજ ગતિથી ચાલતા થકા ઘાંચીની વાડીમાં પધાર્યા. ઘનશ્યામ પ્રભુએ ત્યાં ગૌરી શંકર મહાદેવના દર્શન કર્યાં. આવી રીતે ગરીબોના સ્વામી દયાળુ મહાપ્રભુ દર્શન કરીને તે સ્થળને મહાન તીર્થરૂપ બનાવ્યું. આવી રીતે મનોહર મૂર્તિએ પૂરને પાવન કર્યું ત્યાર પછી મહારાજ પોતાના ભક્તજનના ઘેર ઉતારે પધાર્યા. આવી રીતે લીલા કરીને મહાપ્રભુ દસ દિવસ સુધી રોકાઈ સર્વ ભક્તજનને સુખ આપ્યું. ભક્તજનોને ઉપદેશ આપી મનનું બળ વધાર્યું. અને ભક્તજનો ખૂબ જ સુંદર રીતે સેવા પરીચર્યા કરતાં હતાં. ત્યાર પછી પ્રભુ સવારમાં વહેલા ઉઠી સર્વ સંત ભક્તજનોની સાથે પ્રયાણ કરીને **જેતલપુર** પધાર્યા. **જેતલપુર** જઈને મહાપ્રભુ સર્વ સમુદાયની સાથે ઉતારો કરી કમલાપતિ સર્વના ગર્વને ગાળનારા અને ગર્વને હરનારા મહાપ્રભુએ થાળ તૈયાર થયો તે થાળ આરોગ્યો, તૃપ્ત થઈ સર્વ સંત ભક્તોને જમાડી તૃપ્ત કર્યા. થોડો સમય વિશ્રામ કરી મહાપ્રભુ નરનાથ સંતો ભક્તોની સાથે **નવાગામે** પધાર્યા. નવાગામમાં મહાપ્રભુ **રઘુનાથભાઈ પટેલ**ના ઘરમાં પોતાનું ઘરમાની ત્યાં નિવાસ કરતાં હતા. ભક્તજનોને ઉપદેશ આપતા હતા. રસોઈ તૈયાર થઈ તેનો થાળ જમી સર્વ સંત ભક્ત સમુદાયને જમાડી તૃપ્ત કર્યા. રાત્રી રોકાઈ શયન કરી સવારમાં વહેલા ભક્તજન સમુદાયને રાજી કરી મહાપ્રભુ ત્યાંથી **માતર** ગામે પધાર્યા. ત્યારે તે માતરમાં બધા જ લોકો પ્રભુના દર્શન કરવા માટે દોડીને આવતાં હતાં. પ્રભુએ દર્શન આપી બધાને રાજી કર્યા. બધાના મનના કોડને પૂરા કરી

કળીના દુખને હરતા હતા. આવી રીતે સર્વજન સમુદાય પ્રભુને મોટા માનતા હતા. મહાપ્રભુ ત્યાં સુતાર ભક્ત **ગીરધરદાસ** નામના હતા એ પોતાના આશ્રિત ભક્તના ઘેર પધાર્યા. ત્યારે પ્રભુનાં દર્શન કરી ભક્ત ખૂબ સુખ પામ્યા. અને પ્રભુએ ત્યાં ઉતારો કરી સુખ આપ્યું. પછી સોની ભક્તના ઘરમાં જગતના નાથ પ્રભુ થાળ જમી સહુ સંત ભક્તોને જમાડી, પ્રભુ સંત પાર્ષદ ભક્તજનોની સાથે **રઘવાણજ** ગામે પધાર્યા. હે રાજન ! શ્રી હરિ શ્યામ સુજાણ પ્રભુ રઘવાણજમાં ભક્તજનોને દર્શન તથા જ્ઞાન ઉપદેશ આપી રાજી કર્યા. ત્યાંથી પ્રભુ **ડભાણપુરે** પોતાના આશ્રિત ભક્તોના કાર્ય કરવા પધાર્યા. ત્યાં **ગંગાદાસ** પટેલના ઘેર પ્રભુએ ઉતારો કર્યો. ભક્તજનોને દર્શન સુખ આપ્યા. જ્ઞાન ઉપદેશ આપ્યો. રસોઈ તૈયાર થઈ એટલે થાળ જમી પ્રેમી ભક્તોને દર્શન આપી ત્યાંથી પ્રભુ **પીજ ગામે** પધાર્યા. પીજ ગામમાં પ્રભુ પધાર્યા તેના સમાચાર જાણી ભક્તો દોડીને આવ્યા. પ્રભુનાં દર્શન કરી પ્રભુને પૂરમાં તેડી ગયા. ભક્તને ઘેર વાસ કરી ધર્મજ્ઞાનનો ઉપદેશ આપ્યો અને ગર્ભવાસના દુખનું દર્શન કરાવ્યું. જીવ ગર્ભવાસમાં ભગવાનની કેવી સ્તુતિ કરે છે અને તેમાં જીવ પ્રભુને કેવા કોલ આપે છે. એ બધી જ વાતો કરીને પુરના લોકોને શ્રી હરિએ ઉપદેશથી સમજણ આપી.આવી રીતે ઉપદેશની વાતોને સાંભળીને સહુજનના મન નિર્મળ થયા ને સહુ ભક્તજનો સત્સંગી થયાં. પ્રભુને સર્વોપરી જાણી પ્રગટ પ્રભુના દર્શન કરી ખૂબ રાજી થઈ પોતપોતાના ઘેર ગયા. ત્યાર પછી મહાપ્રભુ પીજથી **નડિયાદ** ગામે પધાર્યા.સર્વ સંત ભક્તોની સાથે પ્રભુ ત્યાં પોતાના આશ્રિત ભક્તના ઘેર ઉતારો કરીને રહ્યા. અને ભક્તના ભવદુ:ખને હરતા હતા અને થાળ આરોગતા હતા. ત્યાં હજારો મનુષ્યને ઘનશ્યામ પ્રભુએ પોતાના અલૌકિક સ્વરૂપના દર્શન દઈ જ્ઞાન ઉપદેશની વાતો કરી રાજી કર્યા. પછી મહાપ્રભુ ધામના ધામી સુખના દાતા **ઉમરેઠપુર** પધાર્યા. ઉમરેઠમાં પોતાના પ્રતાપને બતાવી અતિ મૂઢ માણસની પાસે મહાપ્રભુએ વેદો અને અંગો સહિત વિસ્તાર પૂર્વક બોલાવરાવ્યા અને ભયને હરનારા પ્રભુએ બધાને ભેદને સમજાવ્યો તેથી લોકો બધા જ પ્રભુની સેવા કરતાં હતાં.

અમદાવાદ શહેરની શોભાનું વર્ણન વિસ્તાર પૂર્વક કહ્યું ત્યાં આંધળા સાધુને દર્શન આપી આશ્રિત કર્યા. આમ પ્રભુએ અમદાવાદમાં અદભૂત ચરિત્ર કર્યા. આમ અમદાવાદથી ગામો ગામ ફરતાં ફરતાં મહાપ્રભુ ઉમરેઠ ગામે પધાર્યા. અને સર્વના સુખધામ પ્રભુએ ઉમરેઠના લોકોના મનોરથ પૂર્ણ કર્યા.દર્શન સુખ આપ્યા. આ વિસમાં તરંગમાં શ્રી હરિલીલાસિંધુની લહરી રૂપે પૂર્ણ થઈ.

**આવી રીતે શ્રી હરિલીલાસિંધુમાં આઠમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બ્રહ્મચારી રચિત છંદ ભાષામાં અવધપ્રસાદજી મહારાજ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રી સહજાનંદ સ્વામી અમદાવાદથી ઉમરેઠપુર આગમન લીલાનું વર્ણન કર્યું એ નામે વિસમો તરંગ પૂર્ણ ॥૨૦॥**

# તરંગ-૨૧

આનંદ રાજા કહે છે, હે અવધપ્રસાદજી ! ઉમરેઠમાં મહારાજે મૂઢના મુખે વેદ શા માટે બોલાવ્યા ? એ બધી વાતોનો વિસ્તાર કરી મને સમજાવીને કહો. ઘનશ્યામ પ્રભુ કામને હરનારા છે એવા કમલનયન શ્રી હરિના અલૌકિક લીલા ચરિત્રો સારી રીતે સમજાવીને મને કહેવાની કૃપા કરો.

અવધપ્રસાદજી ગુરૂ કહે છે, હે આનંદ રાજન્ ! તમે અમારી ઉપર ખૂબ જ હેત કરીને આ જે પ્રશ્ન પૂછેલા છે તે બહુ જ પવિત્ર પુણ્યશાળી છે. શ્રી હરિ પુરષોત્તમ નારાયણના પરાક્રમો છે તે અતિશય અદભૂત છે. અને તે ચરિત્રો સુખની ખાણરૂપ છે.તે ચરિત્રો સાંભળવા માટે તમારા બંને કાનોને સાવધાન કરી એકાગ્ર થઈને

સાંભળો. એ ઉદાર ચરિત્રોનું હું તમને પાન કરાવું છું. એ અમૃતલીલા તો અપાર છે તે તમે ધ્યાનથી સાંભળો.

જયારે ઘનશ્યામ પ્રભુ **ઉમરેઠ** પધાર્યા એ સમાચાર પૂરના લોકોએ જાણ્યા એટલે ગામની મેદની ઉમળકાભેર દોડીને મહાપ્રભુની પાસે આવ્યાં. પ્રભુને મહાન જાણીને પુરના પુરુષો , સ્ત્રીઓ , વૃધ્ધો,યુવાનો,બાળકો સર્વે પ્રભુની પાસે દર્શન કરવા આવ્યાં. જગતના વંદય મહાપ્રભુ આવેલા જનોને જીજ્ઞાસુ છે એમ જાણતા હતા. તે સર્વે આવીને ઘનશ્યામ પ્રભુને ચરણમાં વંદન કરતાં હતાં. તેમાં જે ભગવાનના ચરિત્રોથી અજ્ઞાની મૂઢ આસુરી પ્રકૃતિના જીવો હતા. તેઓ તો તોફાન પરેશાન કરવા માટે વિચાર કરીને આવ્યા હતા. હે રાજન્ ! તે બધા જ લોકો અતિ હુંકાર કરીને મનમાં ચમત્કાર જોવાની ઈચ્છા કરતા હતા. ત્યારે ખળ લોકો હસતા હતા. તેઓ ખોટી દાનતથી વાંકી નજરે જોતા હતા. વાંકાં વાંકા વેણો બોલી વધારાનો બકવાસ કરતા હતા. તે લોકો કહેતા હતા કે, એ સ્વામિનારાયણ તમે જોયું કે ન જોયું હોય પરંતુ તમે જો મોટો પરચો બતાવો તો તમે કહો છો તે વાત માનવામાં આવે. જગતમાં પૂર્વના સમયમાં શંકરાચાર્ય થયા હતા તેઓ પૃથ્વી ઉપર પ્રગટ થઈને પાડાના મુખે વેદો બોલાવ્યા હતા એ જોઈને લોકો ચકિત થઈ ગયાં હતાં બધો જ ભેદ શાંત થઈ ગયો હતો. આવો ચમત્કાર જોઈને લોકો એમ મોટો પરચો થયો એમ કહેતા હતા. અને આજે પણ લોકો એ વાતને પ્રમાણ કર્યા કરે છે આ પરચાને લોકો જાણે અજાણે ગાયા કરે છે એટલા માટે આપ પણ એક પરચો બતાવો. એવું અમો મોટેરા બધાની સામે જોઈને કહેતા હતા. ત્યારે સર્વે બ્રાહ્મણોની વાત સાંભળીને એમની ઉપર કૃપા કરીને શ્રીહરિ પ્રેમથી કહેતા હતા. હે ભૂદેવો ! તમો સાંભળો હું સાચા ભાવથી તમોને સત્યમાં સત્ય વાત કહું છું કે પાડા જેવા પશુના મુખે કયારેય વેદ ન બોલાવાય કેમ કે પશુનો ધર્મ જ નથી કે તે વાણી બોલી શકે. તો બોલાવે કેમ ? અને તે પશુઓ વેદને ગાઈ ન શકે ! એમનાથી આવી વાણી બોલી ન શકાય આવી વાતો કયારેય ન જ બની હોય. આવું કયારેય બનાવ બને તે તો સમજુ હોય તે ન માને. માનો કે પશુ જેવો કોઈક મૂઢ પુરુષ હશે એને જોઈને એની પાસે મુખથી વેદ બોલાવ્યા હશે.એવી સત્ય વાત છે આવી રીતના ઘનશ્યામ પ્રભુના પ્રમાણસર વચનો સાંભળીને એના સારને જાણીને રાજી થયાં. પુરુષ નારી સર્વે આનંદ મનવાળાં થયાં. આવી રીતની જ ઘટના થઈ હશે એમ માન્યામાં આવે. કયારેય પશુના મુખથી વેદને ગાઈતો ન જ શકાય તે યોગ્ય છે. આમ કહીને તે પુરના જનોએ પશુ સમાન, પુરુષ અબુદ્ધ બતાવ્યો એ પુરુષને જોઈને કહે હે મહારાજાધિરાજ ! આ પુરુષ પશુ સમાન છે. આજના દિવસે આની પાસે વેદ બોલાવો. નગરના નરનારી બધા આને પશુ સમાન જ માને છે. બધાને આની ઉપર જ ધ્યાન છે કેમ કે આને કોઈ પ્રકારના અક્ષરનું જ્ઞાન તો છે જ નહિ. આને કોઈ જાતનું દિશાનું પૂર્વ-પશ્ચિમનું કે ડાબા-જમણા પડખાનું પણ ભાન કે જ્ઞાન નથી. એટલા માટે આની પાસે આપ વેદ બોલાવરાવો. તો અમે જાણીએ કે આપ સર્વોપરી પૂર્ણકામ સાક્ષાત છો, આમ કહીને તે બધા જ લોકોએ ઠરાવ નક્કી કર્યો. સત્સંગ કરવાનું નક્કી કર્યું. સર્વના અંતર્યામી મહાપ્રભુ બ્રાહ્મણોના વચનો સાંભળીને રાજી થયા. અને બધા જ બ્રહ્મણો તથા પૂરના જનોને સર્વેને પોતાનું સામર્થ્ય બતાવવા માટે જન સમુદાયની વચ્ચે મહાપ્રભુએ નિર્ણય કર્યો. પોતાના મનમાં ઈચ્છા કરીને મહાપ્રભુ પોતાના મહિમાને જણાવવા માટે હાથીના મુખે પણ વેદ ગવરાવવા સમર્થ છે. એટલા માટે બધી જ સભા સ્થિર થઈ ગઈ અને સાવધાનીથી જોતી હતી. તે મૂર્ખ બ્રાહ્મણની સામે જોયા જ કરતી હતી કે તે શું કરે છે એ જ એક આશ્ચર્યની વાત હતી. તે મુર્ખ બ્રાહ્મણ અંગે સહિત ચારે વેદોને સ્પષ્ટરીતે બોલતો હતો તેને જોઈને બધા સભાસદો ચકિત થઈ ગયા. તે શિક્ષા, સુક્ત, કલ્પ,વ્યાકરણ, છંદ , નિરૂક્ત, જયોતિષ,પ્રબંધ

બધુ જ સ્પષ્ટ રીતે, છ અંગે સહિત ચારે વેદને બોલતો હતો. સામવેદ , યજુર્વેદ ,અથર્વવેદ , ઋગ્વેદ આ બધાના અલગ અલગ કાંડો સહિત તે મૂઢ બ્રાહ્મણ સરસ રીતે બોલતો હતો એને બોલવામાં રસ્વ દીર્ઘની પણ ભુલ નહોતી આવતી અને સ્વર ભંગ પણ થતો ન હતો. શુધ્ધ ઉચ્ચારથી ચારે વેદની ઋચાઓને ગાઈને સંભળાવ્યા. સભાની વચ્ચમાં ગાયા તેથી કોઈને શંકા ન થઈ અને બધાનો ભ્રમ ભાંગી ગયો. અને આ કાર્યમાં કોઈ મનુષ્યનું પરાક્રમ ન હતું પરંતુ પરિબ્રહ્મ પરમાત્મા પોતે પધાર્યા એનું બધાને પ્રમાણ હતું. અને જે બ્રાહ્મણને લેશ માત્ર પણ ભાન ન હતુ. અક્ષરને જાણતો પણ નહતો. તેણે જ સભાની વચ્ચમાં ચારે વેદને સ્પષ્ટ ગાયા. ગાવામાં ઉચ્ચાર પણ ખૂબ જ સ્પષ્ટ થતા હતા તે સમયનું દ્રષ્ય લાગે કે આના જેવો બોલનારો આ જગતમાં કોઈ જ ન હતો. આવું સ્પષ્ટ ભગવાન જ બોલાવી શકે. આને મૂર્ખનો નેતા આખું ગામ જાણતું હતું. તેથી જગત પ્રસિધ્ધ છે કે ભગવાન સત્ય છે અને એમનાથી જ આ બધું બોલાય છે. ત્યારે વિચાર કરીને બધા જ લોકો જીજ્ઞાસુ હતા તેઓ પ્રેમભાવથી ઉત્કંઠા વાળા થઈને પ્રભુના ચરણમાં વંદન કરતાં હતા. આસુરી પ્રકૃતિના લોકો હતા તેઓ સર્વે આ શંકર સ્વામીનો પ્રતાપ છે એમ માનતા હતા. ત્યારે ત્યાંના લોકો સ્વામિનારાયણ ભગવાનનો આવો પ્રતાપ જોઈને સત્સંગી થયા. સાત્વીક ભાવનાવાળા સહુજનો સત્સંગી થયા. અને શ્રી હરિને સર્વના જીવનપ્રાણ જાણતા હતા. કોઈને મનુષ્યભાવ ન રહ્યો.બધા જ શ્રી હરિને પરબ્રહ્મ પુરષોત્તમ નારાયણ સર્વના કારણ પૂર્ણ બ્રહ્મ કહેતા હતા. આવી રીતે શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાનો પ્રૌઢ પ્રતાપ બતાવીને અનેક જીવોને પોતાના આશ્રિત કર્યા. મુર્ખ બ્રાહ્મણના મુખે વેદો બોલાવરાવ્યા. વેદો કહી સંભળાવ્યા તેનાથી ઘણો જ પ્રભાવ થયો.આ વાત બધા જ ગામોમાં પહોંચી ગઈ અને ગામોના લોકો અરસ પરસ કહેવા લાગ્યા કે, સ્વામિનારાયણ ભગવાન બધા લોકોના કામો કરે છે. એવા મહાન પ્રગટ ભગવાન પોતે જ પધાર્યા છે, તે પોતે જ સર્વ સુખના ધામ છે આવી વાતો પરંપરામાં સાંભળીને લોકો શ્રી હરિ ઘનશ્યામ પ્રભુ પાસે પ્રભુના દર્શન કરી તેમનો દ્રઢ આશ્રય કરતા હતા. આવી રીતે મહાપ્રભુ પોતાના ભક્તના ઘેર નિવાસ કરીને રહેતા હતા. ચમત્કારની વાત ચારે બાજુ પ્રસિધ્ધ થઈ તેનાથી બ્રાહ્મણ ભક્તો હતા તે ખૂબ જ રાજી રાજી થયા. અને પ્રભુની સ્તુતિ કરવા લાગ્યા.

બ્રાહ્મણો સ્તુતિ કરે છે હે શ્રી હરિ ! આપનો સર્વત્ર જય જયકાર થાય. કારણરૂપ સર્વ જગતને તારનારા આપ જ છો. સર્વના કાંમને મારનારા સદાય શાંતિને વધારનારા આપ જ છો. સર્વના ભયને નાશ કરનારા છો. ભક્તજનોના સારરૂપ છો. હે ધર્મનંદન પ્રભુ ! આપ સર્વ જીવોના જય જયકારને કરાવનારા છો. ચંચળ નેત્રોવાળા માનને હરનારા સર્વના શોકને હરનારા શીતળતાની રુચીવાળા તીલકચાંદલાને ધારનારા આ જગતના વંદનરૂપ ધર્મનંદન પ્રભુ આપનો સર્વત્ર જય જયકાર થાય. મતવાદીઓને મારનારા, માયાવાદને તોડનારા અસુરોને દંડ દેનારા પાપનો નાશ કરનારા વિશાળ બાહુઓવાળા સર્વને સુખ આપનારા હે ધર્મનંદન ! આપનો જય જયકાર થાઓ. બુધ્ધિશાળી જ્ઞાનીઓને પૂજનારા, સારા છંદો ગાનારા, મંદ મંદ હાસ્ય કરનારા, દ્વદયુધ્ધને ટાળનારા, રુચિપ્રમાણે વૃત્તિ રાખનારા, શીતળ શાંત પ્રકૃતિના હે ધર્મનંદન ! પ્રભુ આપનો જય જયકાર થાઓ. આપ શ્વેત વસ્ત્રોને ધારો છો કમર ઉપર રેંટો ધારો છો પ્રેમથી વસ્ત્રોને ધારણ કરો છો અભિમાનને તોડો છો. મુક્તજનો સાથે રહેનારા આપનો જય જયકાર થાઓ.ભક્તજનને આનંદ આપનારા કોઈનાથી નહિ અંજાનારા લોકોની ભ્રાંતિને ભાંગનારા પવિત્ર બુધ્ધિ આપનારા ચંચળ નેત્રવાળા હે ધર્મનંદન પ્રભુ આપનો જય જયકાર થાઓ. આપ લોકોનો ઉધ્ધાર કરવા માટે ધર્મદેવના ઘરે પ્રગટ થઈ જગતના કારણરૂપ ભક્તજનોને તારનારા, દૈત્યનો નાશ કરનારા, હે ધર્મનંદન ! આપનો સર્વત્ર જય જયકાર થાઓ. અજ્ઞાનીને જ્ઞાન આપનારા, સારને

શોધનારા, ક્રોધને હણનારા, માનને તોડનારા, સર્વ જગતના દુખ શોકને ટાળનારા, હે ધર્મનંદન પ્રભુ ! આપનો જય જયકાર થાઓ. જયરૂપ કાંતીવાળા, શાંતિ આપનારા, ભ્રાંતિને હરનારા, લાલ રેખાઓવાળા, સર્વને વંદન કરવા યોગ્ય આપને બ્રહ્મમંડળ વંદન કરીને આપના જય જયકારને કરતા થકા આપની પ્રાર્થના કરીએ છઈએ.

આવી રીતે બ્રાહ્મણ સમુદાયે શ્રી હરિની સ્તુતિ કરી ત્યારે તેઓએ બંને હાથ જોડી પરાત્પર નારાયણ પરબ્રહ્મ પુરષોત્તમ પ્રભુને ઓળખીને દ્રષ્ટિથી દ્રષ્ટિ પરોવીને પ્રભુને અંતરમાં ઉતાર્યા.આવી રીતે પ્રભુનો અતિ પ્રતાપ જોયો તેનાથી નિર્મળ નેત્રવાળા શ્રી હરિએ પોતાના આશ્રિતોને અજ્ઞાની મૂઢ બુધ્ધિવાળા બ્રહ્મણ બંધુના અજ્ઞાનનો નાશ કરીને જ્ઞાન આપ્યું આવી રીતે **ઉમરેઠપુર**માં પોતાના આશ્રિત જનોને સુખ આપીને પછી મહાપ્રભુ ત્યાંથી વિદાય થઈને સર્વ સુખના ધામી પ્રભુ વડતાલ પધારવા માટે ચિત્તમાં ધારતા હતા. ઉમરેઠથી પ્રયાંણ કરી પ્રભુ **વડતાલપુરે** પધાર્યા. ત્યારે વડતાલધામ ચારે બાજુ બાગોથી શોભતું હતુ. ચારેબાજુ વૃક્ષ સમુહોથી શોભતુ હતુ એ વૃક્ષમાં વેલીઓ લપેટાયેલી શોભતી હતી. મોટા તળાવો જળથી ભરપૂર અને સ્વચ્છ જળવાળા ચારેબાજુ ઘાટો બાંધેલું સીડીઓવાળું સુંદર લાગતું હતું. તે જળમાં જળચરો અને જળમાં ઉત્પન્ન થનારા જીવોથી શોભતું હતું. તેને જોઈને નરનારીજનો રાજી થતાં હતાં. વૃક્ષો ઉપર કુંજ પક્ષીઓ કુંજારવ કરતાં હતાં અનેક ભમરાઓ તે જગ્યાએ વૃક્ષવેલીઓ ઉપર ગુંજારવ કરતાં હતાં. આવી રીતના વાતાવરણને જોઈને પ્રભુની સાથે સર્વ સંત ભક્તજનો આનંદવાળા થતા હતા. શ્રીજી મહારાજ વડતાલ પુરમાં રોકાઈ રાતમાં વિશ્રાંતી લઈ સવારમાં વહેલા ઉઠી નિત્યકર્મ કરી ચતુરવર ભક્તજનો ની સાથે ચાલતા થયા **ચાંગા** ગામે પધાર્યા. ભક્તજનોના મનમાં આકર્ષણ ઉભુ કરી પોતાના તરફ ખેંચતા હતા. લોકોનું કલ્યાણ કરી પ્રભુ ત્યાંથી **મોરજ** ગામે પધાર્યા. મોરજના ભક્તજનોને દર્શન સુખ આપી **ગોકળગઢ** ગામે પધાર્યા.મહારાજ ત્યાં પાંચ દિવસ સુધી નીવાસ કરીને બલભ્રાતા પ્રભુ લોકોને ઉપદેશ કરતા થકા જગતને જીતતા હતા. જ્ઞાન આપી વર્તમાન ધર્મ સમજાવી અજ્ઞાનના દોષો ને દુર કર્યા.આવી રીતે અજ્ઞાનને દુર કરી શરણાગતને આશ્રિત બનાવી પરમ સુખ આપતા હતા.ભક્તજનનાં ઘેર નીવાસ કરી રહેતા હતા ને ભક્તજનના મનને વશ થઈ પ્રભુ થાળ જમતા હતા. જગતના ગુરૂ જગતપતી અતી સુખ આપતા હતા. ભક્તજનોના ભાવને વશ થઈ પ્રભુને પલંગ ઉપર બેસાડી ચરણકમળ પાસે ભેટમાં પાંચસો કોરીઓ પ્રેમથી અર્પણ કરી દીધી.ત્યાર પછી જગજીવન પ્રભુએ ચાલવાની ગતી કરી **ચલોડા ગામે** પધાર્યા ત્યારે પુરના લોકો સામા દોડીને આવ્યા ને પ્રભુના ખુબ ભાવથી દર્શન કરી સુખ પામ્યાં.પ્રભુ પુરમાં પધાર્યા. નથુભાઈ અમીન દીવાનની બેઠક જોઈ ત્યાં ઉતારો કર્યો. કમળનયન પ્રભુનાં દર્શન કરવા ગામનાં અનેક લોકો આવ્યાં અને જીતબા બાઈએ પ્રભુ માટે ભાવથી સુંદર પાક તૈયાર કરી ભોજનો તૈયાર કર્યા.તેને મહારાજ અને સંત ભક્તસર્વને ખુબ જ પ્રેમથી જમાડ્યા. પ્રભુ પ્રેમથી જમી તૃપ્ત થયા. પોતાના પ્રેમી જનોને જ્ઞાન ઉપદેશનું સુખ આપ્યું ભક્તજનોને રાજી કરી સુખકંદ મહાપ્રભુ ભક્તજનોની સાથે **જેતલપુર ગામે** પધાર્યા. જેતલુરપુરમાં મહારૂદ્ર યજ્ઞ કર્યો તે યજ્ઞના દર્શન કરવા દેશોદેશના અનંત લોકો આવ્યા તથા હજારો બ્રાહ્મણોને ખુબજ જમાડીને રાજી કર્યા.

શ્રી હરિ સહજાનંદ સ્વામી મહાપ્રભુ ઉમરેઢપુરમાં પધાર્યા ત્યાં મહાપ્રભુએ પોતાનું મહાપરાક્રમ યુક્ત ચરીત્ર બતાવ્યું તેમાં મહારાજે મુઢ મુર્ખના મુખે વેદો ને ભેદ સહીત બોલાવરાવ્યા તેને જોઈને પ્રભુના અલૌકિક ચરિત્ર ઐશ્વર્ય બતાવ્યું તેથી અનેક લોકો આશ્રિત થયાં. બ્રાહ્મણોના સમુહે આવીને પ્રભુની સ્તુતિ કરી રાજી કર્યા અનેક

ભક્તોને પોતાના આશ્રીત બનાવી રાજી કર્યા.આવી રીતે પ્રભુના ચરિત્રમય એકવીશમાં તરંગરૂપે શ્રી હરિ લીલા સિંધુંની આ લહરી પુર્ણ થઈ .

**આવી રીતે શ્રી હરિલીલા સિંધુમાં આઠમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બ્રહ્મચારી રચિત છંદ ભાષામાં અવધપ્રસાદજી મહારાજ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રી સહજાનંદ સ્વામીએ ચરોતર દેશમાં વિચરણ કર્યું એ નામે એકવીશમો તરંગ પૂર્ણ ॥૨૧॥**

# તરંગ-૨૨

આનંદ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! મનોહર મૂર્તિ સુંદર શ્યામ પ્રભુ અવળાં કામ કરનારા અભીમાન કામવાસનાને હરનારા તથા જેમના નામને શિવ ગાયા કરે છે તથા બ્રહ્માદીક દેવો જપ્યા કરે છે એવા શ્રી હરિ ડાબા પડખે વળેલા ખુબજ શોભી રહ્યા છે. મનોહર શ્યામ મુર્તિની વાંકી ભ્રકુટી કાળા ખોટા કામ કરનારાને દંડરૂપી શિક્ષારુપ થાય છે સ્ત્રીઓની સામે જોનારા, શક્તિપંથીઓના અંધકારરૂપ માર્ગનો નાશ કરનારા સુર્ય સમાન પ્રગટ થયા છે જેમનું મનોહર નામ છે, જેમનું મુખકમળ બહુ સુંદર છે, ડાબી બાજું કેડમાંથી થોડા નમેલા એવા મનોહર બ્રહ્મધામના ધામી ઘનશ્યામ પ્રભુ પોતાના આશ્રીત ભક્તજનોના મનોરથોને પુર્ણ કરનારા પોતેજ છે એવા મનોહર મૂર્તિ સહજાનંદ સ્વામી દંભી,પાખંડીઓના દંભનો નાશ કરનારા સર્વના ગુરૂ એવા શ્રી હરિના અતી મનોહર ચરીત્રને સુંદર કાવ્ય છંદમય કરીમને કહો.શ્રી કરુણાકંદ મહાપ્રભુએ ભક્ત ઉપર દયા કરીને જેતલપુરમાં મહા રુદ્રયાગ કરીને ચરીત્રો કર્યા તે સુખકંદ કરુણામૂર્તિના બધાજ ચરિત્રો મને વિસ્તાર કરીને કહો.શ્રી હરિએ વિષ્ણુયાગમાં બ્રાહ્મણોને કેવી રીતે તેડાવ્યા હતા, એ બ્રહ્મણો તો ખુબજ સંખ્યાંમાં આવ્યા હતા તેઓએ યજ્ઞમાં હોમહવન વિગેરે કેવી રીતે કર્યું ? એ બધું ચરિત્ર મને વિસ્તાર કરીને કહો. શ્રીહરિએ જેતલપુરમાં જે જે સારા ચરીત્રો કર્યા હોય તે સુંદર ચરીત્રોની પવિત્ર કથા હોય તે મને કહો ? હે ગુરૂ અવધપ્રસાદજી ! મને ચરીત્રો સાંભળવાની ખુબજ ઈચ્છા છે.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદરાજન! ઋષિરાજ તમે તો ધન્ય ભાગ્યવાળા છો કેમકે તમે જેતલપુરમાં શ્રી હરિએ જે યજ્ઞ કર્યા તેનું જે ચરીત્ર પુછ્યું છે તે હું તમને કહું છું તમે ધ્યાનથી સાંભળો. જેવી રીતે જગતમાં યજ્ઞ કરવામાં આવે છે તેજ રીતે સર્વ લોકોની સાથે જગજીવન પ્રભુએ યજ્ઞ કર્યો.જગતપતીએ જેતલપુરમાં જે યજ્ઞ કર્યો તેનું ચરીત્ર તમને કહું છું.

જગતના નાડીપ્રાણ મહાપ્રભુ **જેતલપુર**માં પધાર્યા. સાગરના પુત્ર શંખ સમાન સુંદર ડોકવાળા મહાપ્રભુ એ અતિ સુંદર મહોલમાં ઉતારો કર્યો તે મહોલમાં અનેક જાતની ચીત્ર-વિચીત્ર કળાઓ કરેલી શોભતી હતી એવા સુંદર સ્થાનમાં પ્રભુ નીવાસ કરીને રહ્યા.પ્રભુ પધાર્યા એટલે મુનીજનો અતી રાજી થઈ આનંદ પામતા થકા મધુર રાગે ગાતા હતા ત્યારે તે ગીતોને ઘનશ્યામ પ્રભુ સુખેથી સાંભળતા હતા. ઘણીવાર સુધી ગાવણું સાંભળીને સર્વના સ્વામી ભક્તજનોના મનના ભાવને જાણીને જમવા માટે પધાર્યા.ભક્તજનના ઘેર ધર્મપુત્ર અનેક પ્રકારના શાકોની સાથે સુંદર પાકોને જમતા હતા.પ્રભુ જમતા જમતા જનના મનને અને ચીત્તને ચોરતા હતા ને વારંમવાર પ્રભુ થોડું થોડું પાણી પીતા હતા ને જમતા હતા.પ્રભુ થાળ જમીને મુખ ધોઈ જળપાન કરીને જગતના તારનારા મહારાજાધીરાજ સુંદર સારી રીતે બનાવેલા આસન ઉપર બળભ્રાત્રા પ્રભુ વીરાજ માન થયા. એટલામાંજ

મુનીજનોનાં મંડળો આવ્યાં એ મુનીજનોનાં નામ કહું છું તેને તમે રાજા પ્રેમથી સાંભળો. "આનંદાનંદ મુનીવર આવ્યા.આવીને ઘનશ્યામ પ્રભુને ચરણે લાગી મસ્તક ચરણમાં નમાવી વંદન કર્યા. એમના પછી મહાનુભાવાનંદ મુનીરાય આવ્યા એમને તો પ્રભુજીના સામુ જોયુ એટલામાતો નેત્રમાં પ્રેમના આસું આવી ગયાં પ્રભુના ચરણમાં વંદન કર્યા તે બંન્ને મુનીવરો પોતપોતાના મંડળોની સાથે જ આવેલા હતા તેથી મહાપ્રભુજી તેમને બાહુમાં લઈ ભેટી મળ્યા ને સુખ આપ્યું ને પ્રભુ મુખ મુસ્કાવતા થકા સ્વાગત સમાચાર પુછતા હતા તેથી અતી અધીક સુખપામ્યા તેનું તો મુખેથી વર્ણન જ ન થઈ શકે ત્યાર પછી મહાપ્રભુએ મહાનુભાવાનંદ મુનીને આજ્ઞા કરીકે તમે કૌમુદી વ્યાકરણ ભણો. ત્યારે મહાનુભાવાનંદ સ્વામીએ આજ્ઞાને શીરોધાર્ય કરી કૌમુદી વ્યાકરણ શાસ્ત્રોનો અભ્યાસ કરતા હતા." આવી રીતે શ્રીહરિ મહાપ્રભુ સભામાં ઘણીવાર સુધી બેઠા ને ભક્તજનોના સંકટોને કાપતા હતા આંમને આંમ રાત પણ વધારે વીતેલી જાણીને મહાપ્રભુ કમળનયન સુંદર સૈયા ઉપર જઈ શયન કરતા હતા.જયારે સવારમાં વહેલા પ્રભાત વેળા થઈ ત્યારે પ્રભુ જાગ્યા. ભક્તના ભયને ભાંગ્યા જનોના માનસને આનંદ આપવા માટે સુખકંદ મહાપ્રભુએ શૌચક્રિયા કરીને તૈયાર થયા.કમળના વનમાં પોયણા ચંદ્રના દર્શન કરીને ખીલે તેમ પ્રભુ બધાંને દર્શન આપી, આનંદ આપી બધાંને ખીલવતા હતા. મહાપ્રભુ દેવસરોવરમાં સ્નાન કરી કમળવદન પ્રભુએ સફેદ વસ્ત્રોને ધારણ કરી દર્શન આપ્યાં. બધા સંતોની સાથે મહાપ્રભુ સભામાં વીરાજમાન થયા. સર્વ જનસમુદાયની મોટી સભા ભરાણી.બધાજ લોકો ભક્તજનો આવી સભામાં બેઠા, મહાપ્રભુના સ્વરૂપનું ચીતવન કરતા હતા તે જેમ નિર્ધન હોય અને એને ખુબજ ધન મળે ને સુખી થાય તેમ ભક્તજનો પ્રભુના મુખના દર્શન કરી સુખી થતા હતા તથા મણીધર સર્પ પોતાના મણીથી ઘડી પણ દુર ન જાય તેમ બધાજ ભક્તજનો શ્રીહરિ મહાપ્રભુની સામે જ રહેતા હતા. સંતોનાં વચમાં શ્યામ પ્રભુ સર્વના શોભા ધામ રાજાધિરાજ શોભતા હતા. પુર્ણકામ પ્રભુ નિષ્કામ મુનીજનો કાયમ માટે જેમના નામનો જપ કર્યા કરે છે એવા શ્રી હરિ નારાયણ ભગવાનના લોકો દર્શન કરીને મનમાં ખુબજ આનંદને પામે છે. તે જનો પ્રભુની કૃપાથી ભવસાગરને તરી જાય છે એવા શ્રીહરિના નેત્રકમળનાં દર્શન કરીને પ્રભુ કૃપાથી ત્રિવિધ તાપને નિવારે છે અને લોકોના મહાપાપોને બાળીને નાશ કરી નિષ્પાપ કરે છે એવા મહાપ્રભુ સભામાં ઘણીવાર સુધી બેઠા.એમના પ્રભાવથી જીવોની કામબુધ્ધિનો નાશ થાય છે એવા કાળરૂપ અમૃતસમાન મધુર વાણીવાળા એ વાણીના પ્રવાહને વહેતો જાણીને મનોહર મુખ કમળના દર્શન કરતા હતા.કમળનયન પ્રભુ બોરસડી નીચે બેઠા થકા દર્શન આપતા હતા. રાત્રી વીતવાથી શયન કરવા તત્પર થયા.લોકો ને સુખ આપવા પ્રભુના ચરીત્રોને તમે પ્રેમથી સાંભળો એ ચરીત્રની વાતો લખાયેલી છે તે હું તમને સાચી રીતે કહું છું તેથી તમો સાવધાનીથી સાંભળો.

હવે જે કાંઈ હું કહું છું તે તમે સાચુંજ માનજો. જેતલપુરની બાજુમાં ગામડી નામનું સુંદર ગામ છે. તે યજ્ઞની વાત સાંભળીને બધાજ લોકોને મનમાં ખુબજ આનંદ થયો. તેઓ આવીને હાથ જોડીને કહેવા લાગ્યા તે ભક્તો દર્શન કરી રાજી થયા.જેતલપુરના ભક્તોમાં **ગંગાદાસ** બુધ્ધિના બળીયા હતા,**ભીખારીદાસ** સારા ભક્ત હતા બીજા **આશજીભક્ત** તેઓ પણ પુન્યશાળી ભક્ત હતા સ્નેહ સહીત ભગવાનમાં પ્રિતીવાળા મનોહર નામવાળા સારા ગુણવાળા હતા.બીજા ઠાકોરમાં **વ્હાલાભાઈ** આદીક વિશાળ બુધ્ધીવાળા સંતોને સાચી રીતે ઓળખી પોતાના બંન્ને હાથ જોડી આનંદ મનવાળા તેઓ શ્રીહરિ ને મધુર નમ્રવાણીથી કહેવા લાગ્યા.શ્રી હરિ મહાપ્રભુ જેતલપુરથી જવાની વાત કરતા હતા ત્યારે ભક્તજનો કહે હે પ્રભુ ! આપને અમે જવા નહીં દઈએ અમે સાચું જ કહીએ

છઈયે. આવી રીતે પ્રણતપાળ પ્રભુને ભક્તજનોએ કહ્યું, ત્યારે મહારાજ કહે કે શા કારણે અમને જવા નહી દો ? આવી પ્રભુની વાણી સાંભળી ને સુજ્ઞશુશીલ ભક્તો કહે હે પ્રભુ ! કાલે તો ઉત્તરાયણનો પર્વ છે એટલા માટે ભક્તજનોને સુખ આપવા અને લોકોના ભયને ભાંગવા માટે અહીં જ રોકાઈ મંગળ કરો. ભક્તજનો વિનંતી કરી શ્રીહરિને ભાવથી કહેવા લાગ્યા કે,પૃથ્વી ઉપર ઉતરાયણના દીવસે બ્રહ્મણોને અને સંતોને ભોજન જમાડાય છે અને દાન પુન્ય કરવામાં આવે છે આમ ભક્તજનોની વાતને સાંભળીને પ્રભુ રાજી થઈ ગયા, અને ભક્તોને કહે કાલે તમે બ્રહ્મભોજન કરાવો, બધાજ બ્રહ્મ સમાજને જાણ કરાવી દો.

આ ગામના બ્રાહ્મણોની ચોરાસીની જાણ કરાવી દો. અહીં ચોરાસી કરવા કેટલા મણ ઘીની જરૂર પડે ? એ બધું મને વીચારીને કહો. આવા પ્રભુના વચનો સાંભળીને ઘનશ્યામ પ્રભુને આશારામ વિપ્ર કહેવા લાગ્યા કે, હે ઘનશ્યામ ! હે કૃપાનીધાન ! અમારા ગામના બ્રાહ્મણોને જમાડવા માટે બાર મણ ઘીની જરૂર પડે એટલા ઘી માં આ ગામના બ્રાહ્મણોની ચોરાસી સારી રીતે પુર્ણ થઈ જાય છે આમ પ્રભુને જણાવ્યું. પછી મહાપ્રભુ પ્રેમથી કહે કે આખી દસક્રોશીના બ્રાહ્મણોને જમાડવા હોય તો કેટલું ઘી જોઈયે તે કહો ?ત્યારે ભક્તજનો હાથજોડીને ખુબજ વિનય પુર્વક નમ્ર મુખે મધુરવાણીથી પ્રભુને કહેવા લાગ્યા. હે પ્રભુ ! લગભગ એકસો મણ જેટલું ઘી જાય. આવું ઘણા સજ્જનો જમાડે છે તે કહેતા હતા.આવી રીતના ભક્તજનોના વચનો સાંભળીને પોતાના ભક્તજનના ત્રિવિધ તાપને હરનારાં મહાપ્રભુ કૃપા કરીને અતીઆનંદ યુકત મનવાળા થયા અભય વચનથી બોલ્યા. બધાજ દેશના બ્રાહ્મણોને જમાડવા છે તો એમને જમાડવા માટે આશરે કેટલા મણ ઘીની જરૂર પડે ? તેનું જેમની બુધ્ધિમાં પ્રમાણ આવતું હોય તે જણાવો ? ત્યારે તે ભક્તજનો કહે હે પ્રણતપાળ પ્રભુ એના માટે તો કોઈ ગણતરી ન થાય, એમાંતો અમાપ જ વપરાશ થાય.આવી રીતે બધાજ ભક્તજનો હાથ જોડીને કહેતા હતા.ત્યારે આ સાંભળીને અતિશય આનંદીત થયા. ઉદાર દીલવાળા સર્વના ભયને ભાંગનારા પ્રભુ કહેવા લાગ્યા કે, હે દેવો ! અમે મહારૂદ્ર યજ્ઞનો જરૂર આરંભ કરીશું. સર્વ ભક્તજનોને પ્રભુ કહે તમે બધા દેશો દેશ યજ્ઞની કુમકુમ પત્રિકાઓ લખો અને હવે યજ્ઞ માટેની બધી સામગ્રી તૈયાર કરાવો.આ બધું જ બધા સત્સંગી ભેગા થઈ કરો.આવી રીતની સુખદાતા શ્રીહરિની વાતો સાંભળીને કામના દુઃખને ભેદનારા મહાપ્રભુને વંદન પ્રણામ કરીને બધાજ ભક્તો હાથ જોડીને કહેવા લાગ્યા.

હે ભક્તજનોના ભયને હરનારા ! આપે મહા મોટો યજ્ઞ કરવો છે, એવી વાત તો કરી એતો બરોબર છે અત્યારે સામાન તો લગારે ભેગો કરેલો નથી તો આપ યજ્ઞ કેવી રીતે કરાવશો ? કેમ કે જ્યારે પહેલો યજ્ઞ ગોંવિદ સ્વામીએ કર્યો ત્યારે મુનીવરને ખબર છે કે સામાન ભેગો કરવામાં છ મહીના લાગ્યા હતા ત્યારે માંડ ભેગો કર્યો હતો.ત્યારે ખુબ મહેનત કરીને યજ્ઞ થયો હતો આપ અત્યારે જલ્દીથી યજ્ઞ કરવાની વાત કરો છો તે કેમ બનશે ? કેમકે અનેક દેશો ગામોથી સત્સંગીઓ આવશે, યજ્ઞની વાત સાંભળશે એટલે ઘણાજ માણસો આવવાના. જેમ આકાશમાં ટીંડના ટોળા જેમ એકદમ ઉમટીને આવે છે તેમ વિપ્રવર્ગોના પણ ટોળેટોળા આવશે એટલે સામાન કેવી રીતે પુરો પડે ? એટલા માટે હે અંતરર્યામી પ્રભુ ! આપ થોડાક દીવસ રહીને પહેલા સામાન ભેંગો કરાવો અને પછી ભુમી ઉપર યજ્ઞ કરાવવાનો પ્રારંભ કરાવો. આવી રીતે વિશ્વપતી પ્રભુ શ્રીહરિ ભક્તજનોના આવા વચનો સાંભળીને સર્વોપરી મહારાજ મધુર વાણીથી કહેવા લાગ્યા હે

ભક્તજનો ! તમે મારી વાતને સાંભળો મારો પ્રગટ પ્રતાપ ખુબ જ વ્યાપેલો છે. તેથી તમે લોકો મારા પ્રતાપને જાણતા નથી તેથી તમે ખુબજ બોલી નાખ્યું છે. અમે તો આ જગતને ક્ષણ માત્રમાં પરિવર્તન કરી નાખીયે તેવા છઈએ. ભક્તજનો અમે તો આખા જગતને અમે જલ્દીથી જમાડીયે છીયે તેમ યજ્ઞ કરવાની વાત અમારા મુખથી કહીયે છઈએ તે સાચી છે ને કરવાનો છે. અમારું કહેલું ખોટું નથાય અમારું નામ પણ સત્યસંક્લ્પ પડેલ છે અમે વિશ્વનું ભરણ પોષણ કરનારા છઈએ. એટલા માટે અમે આ ગામમાં જ લોકોના મનને હરનારો મહાયજ્ઞ કરવાના છઈએ તે સત્યપ્રમાણ છે. અમારા નામો ગુણોનો તો નારદ, શેષ, શારદા બધાજ નિત્ય પ્રત્યે ગાયા જ કરે છે. બ્રાહ્મા,શારદા,વિષ્ણુ આદીક નિત્ય ગાયા કરે છે તથા અનંત બ્રહ્માન્ડોના અધિપતિઓ દેવો પણ અમારા ચરીત્રને પાર નથી પામતા. શેષ સહસ્ત્ર મુખે ગાય છે તોપણ પાર નથી પામી શકતા. અમારા પ્રતાપને જોઈને બધાના મન અમારાંમાં ખેંચાઈ આવે છે. બધાના ઉપરી અમેજ છઈએ અમારી ઉપર કોઈ છે જ નહીં. રીધ્ધી-સીધ્ધીઓ તો અમારી દાસીઓ છે અમારી ઈચ્છા પ્રમાણેજ વર્તે છે એવા અમને તમો સર્વે અવતારના અવતારી જાણો એટલા માટે અમે કહેલું ક્યારે પણ અસત્ય નથી હોતું એ સત્યજ માનો. આવી રીતના શ્રીહરિ ઘનશ્યામ પ્રભુના વચનો સાંભળીને જેતલપુરના ભક્તજનો પુન્યવાળા ભગવાનનો ખુબજ મહીમા જાણવા લાગ્યા.તેથી મનમાં ખુબજ આનંદ થયો અને કહે હે પ્રભુ ! આપ તો સત્ય સ્વરુપ સત્યના કર્તા છો. આપ સત્ય વચન જ કહો છો. હે પ્રભુ ! અમો પહેલા આપને વીશે અમને માઈક ભાવ જણાતો હતો તેપણ આપનો અધીક પ્રતાપ જોઈને અધીક ભાવ જાગ્યો છે અને આપના મુખના અમૃતમય વચનો સંભળાવીને અમારા મનને ખુબ આનંદ વ્યાપી ગયો છે. આપ ના મહાપ્રતાપને જોઈને આપ હવે જેવો યજ્ઞ કરવો હોય તેવો પ્રારંભ કરાવો.આપ જેમ કહેશો તેમ અમો કાર્ય કરવા તત્પર છઈએ. ભક્તજન પ્રતીપાળ પ્રભુ ભક્તજનોના કહેલા વચનો સાંભળીને મુનીઓના પતી ઘનશ્યામ પ્રભુએ યજ્ઞ કરવાનો પ્રચાર કરવાનો ચાલું કરી દીધો. જેતલપુર ધામે મહારુદ્ર યાગ કરવાનો છે એમ જાહેર કરાવ્યું.ત્યારે જેતલપુરના ભક્તજનો યજ્ઞમાં જોઈતો સામાન શ્રીહરિની આજ્ઞા અનુસાર રહીને બધો સામાન ભેગો કરી આપતા હતા.મહાપ્રભુની રૂખને જાણીને બધુંજ તૈયાર કરી દીધું.

યજ્ઞ માટે પ્રથમ ભુમીને શુધ્ધ કરી તે ભુમી ધર્મના કવચરૂપ ધર્મદેવના પુત્ર શ્રી હરિએ ગામથી દક્ષિણ દીશામાં પુન્યવાન ભુમીને મહાપ્રભુએ તૈયાર કરાવી. તે ભુમી ઉપર મહારાજે ખુબ જ અદ્‌ભુત યજ્ઞ કર્યા આવો અદ્‌ભુત યજ્ઞ ક્યારે પહેલા થયો ન હતો. તેવો મહા યજ્ઞ કર્યો.આવી રીતે ગુરૂ અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદસિંહ રાજાને કથા કહે છે.

હે આનંદ રાજન્ ! શ્રીહરિ મહાપ્રભુએ સર્વના જીવન પ્રાણ જેતલપુરમાં યજ્ઞ કરવાનો પ્રારંભ કર્યો. તે યજ્ઞ પોતાના ભક્તજનોને સુખ આપવા માટે ભકતજનોની સાથે ચર્ચા કરીને એમના ઉત્તરો આપીને સર્વોપરી સ્વરૂપનો મહીમા સમજાવીને તૈયારી કરીને ચાલુ કર્યો. આવી રીતે શોભાસાગર પ્રભુના ચરિત્રને વિસ્તાર કરીને મુખથી વર્ણન કરીને સંભળાવ્યું. એવી રીતે બાવીસમાં તરંગની કથા શ્રી હરિલીલાસિંધુંની લહરીના રૂપમાં પુર્ણ થઈ.

**આવી રીતે શ્રી હરિલીલાસિંધુમાં આઠમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બ્રહ્મચારી રચિત છંદ ભાષામાં અવધપ્રસાદજી મહારાજ આનંદસિંહરાજાના સંવાદમાં શ્રી સહજાનંદ સ્વામીએ જેતલપુરમાં યજ્ઞનો પ્રારંભ કર્યો તે વર્ણન કર્યું એ નામે બાવીશમો તરંગ પૂર્ણ ।।૨૨।।**

# તરંગ-૨૩

આનંદ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! આપ મને શ્રી હરિ કરૂણાકંદ પ્રભુએ જેતલપુરધામમાં જેવી રીતે યજ્ઞનો પ્રારંભ કર્યો તે યજ્ઞની બધી જ વાર્તાનો વિસ્તાર કરીને છંદના સ્વરૂપમાં મને વિસ્તારથી કહો. શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુએ જેતલપુરમાં જે જે પોતાનું ઐશ્વર્ય પ્રતાપ બતાવ્યું તે બધાં જ ચરિત્રો ભગવાનનાં મનને આનંદ આપનારાં છે અને સુખ કરનારાં છે તેથી મને સંભળાવો.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદ રાજન્ ! ધરાના સ્વામી ! પૃથ્વી ઉપર ધર્મને ઘેર અવતાર ધારીને પૃથ્વીના ભયંકર પાપના ભયંકર વેગને દુર કરવા ભૂમિ પર વિચરનારા પ્રભુનાં લીલા ચરિત્રો માટે જે તમે મને પ્રશ્નો પૂછ્યા તે મે સાંભળ્યાં. તે બધાં જ પૃથ્વી ઉપર રહેનારા મનુષ્યોને સુખ કરનારાં છે તે તમને કહુ છુ. આ જગતમાં જગતના પતિ શ્રી હરિએ જેતલપુરમાં જય જયકારને કરનારો યજ્ઞ કર્યો. તે જે રીતે કર્યો તે રીતને હું તમને વ્યવસ્થિત વિસ્તાર કરીને સમજાવું છું. હે રાજન તમે ધ્યાનથી સાંભળો. હે રાજન ! ગંગાદાસ આદિક જેતલપુરના બધા જ સત્સંગીઓ શ્રી હરિના મુખથી વચનો સાંભળીને ખૂબ જ રાજી થયા. ત્યાર પછી બધા જ ભક્તજનો યજ્ઞનો સામાન અપાર પ્રમાણમાં પ્રભુની આજ્ઞા મુજબ અગણિત સંખ્યામાં ભેગું કરતાં હતા તેનો કોઈ નિરધાર જ ન હતો એટલું ભેગું કરતા હતા.શ્રી હરિ જેતલપુરના બધા જ બ્રહ્મણોને જમાડવા માટે અમાપ સામગ્રી પ્રેમથી ભેગી કરતા હતા. ત્યાર પછી ગામો ગામ દેશો દેશમાં યજ્ઞની કુંમ કુંમ પત્રિકાઓ લખાવીને ખૂબ જ મોકલતા હતા. બ્રાહ્મણો સર્વે યજ્ઞની વાતો સાંભળી સાંભળીને બહુ જ સુખ પામતા હતા. અપાર સંખ્યામાં આવતા હતા.જેનો કોઈ પાર નહતો. તેમાં ચારે વેદના જાણનારા બ્રહ્મણોને બોલાવ્યા તે બ્રહ્મણો આનંદ પામતા થકા બધા જ પ્રભુની પાસે આવ્યા. ચારે વેદને જાણનારા વેદજ્ઞ સત્ય બોલનારા શીવરામ તથા હિમતરામ આદિક બ્રહ્મણો આવીને મહાપ્રભુના ચરણમાં મસ્તક નમાવીને વંદન કરતાં હતા. શ્રીજી મહારાજ એમની પાસે યોગ્ય કામ કરાવતા હતા. બ્રહ્મણોમાં **કાશીપુર** સુધીના બ્રહ્મણો યજ્ઞ થવાના સમાચાર સાંભળીને જલદી જલદી ચાલીને આવતા હતા. તથા **ઉજૈન નગરી**થી તથા **નર્મદાતટ** પ્રદેશના સિધ્ધો બધા જ સ્થળોએથી યજ્ઞ કાર્યના નિષ્ણાત પ્રસિધ્ધ થયેલા આવ્યા.

**નવાનગર**થી સ્વરૂપાનંદ સ્વામી મહાબુધ્ધિશાળી જ્ઞાની ધીર આવ્યા. તથા **સરસવાણી**થી મહામુક્ત મુક્તાનંદ સ્વામી મહાસમર્થ મહાસંત પણ આવ્યા. આવી રીતે અનેક સંતોનો સમુદાય અનંતની સંખ્યામાં મહારાજ યજ્ઞ કરે છે એ સમાચાર જાણીને સંતો જેતલપુર ચાલીને આવ્યા. ઘનશ્યામ પ્રભુના ચરણોમાં મસ્તક નમાવી વંદન કર્યા. મહાપ્રભુના અતિ પ્રેમી ભક્તોએ મહા રૂદ્રયાગના કામમાં, ધનથી શરીરથી સેવા કરવા માટે પ્રભુ પ્રેરણા કરતા હતા. પ્રભુના સમાચાર જાણીને બધા જ ભક્તજનો અરસ પરસ વાત સાંભળી સાભળીને જેતલપુર ધામે આવતા હતા. આવી રીતે સંતો હરિભક્તોને આવેલા જોઈને, સર્વજગતના સ્વામી મનમાં ને મનમાં ખૂબ જ રાજી થતા હતા અને અંતર્યામી મહાપ્રભુ જેમને જેવું યોગ્ય લાગે તેમને તેવું યોગ્યતા પ્રમાણે કામો સોપતા હતા. આવી રીતે પૂર્ણ પ્રભુ બધાની યોગ્યતા મુજબ કર્મ કરાવતા હતા. પ્રેરણા કરતા હતા. શ્રી હરિ કમલનયન પ્રભુ નિર્મળ નેત્ર કમળવાળા, વિશાળ છાતીવાળા, મહાબાહુ વાળા , મનોહર મૂર્તિ મહાપ્રભુએ ઉત્તરાયણના દિવસથી જ બ્રહ્મણોને જમાડવાનું કાર્ય પ્રારંભ કરી દીધું હતું. યજ્ઞના કાર્યમાં દેશો દેશના વેદ વિદજ્ઞ વિપ્રવર્યો આવ્યા હતા.

વર્ણી જનો સિધ્ધો આવ્યા હતા. એમને વર્ણીવર મહારાજે યજ્ઞની વરૂણીમાં પુરષોત્તમ પ્રભુએ રોકી લીધા હતા. તથા બધા જ ગામો ગામના રહેવાશી જનો સ્ત્રીઓ અને પુરુષો સર્વે પોત પોતાની શક્તિ મુજબ સામગ્રીઓથી સેવા કરતા હતા અને સહુ મહારાજની મરજી મુજબ સેવા કરવામાં તત્પર થતા હતા.

મહારુદ્રયાગ કરવા માટે શ્રીજી મહારાજે રિધ્ધિ-સિધ્ધિને તેડાવી ત્યારે તે સિધ્ધિઓ પ્રભુ શ્રી હરિની મૂર્તિનાં દર્શન કરવા ઉતાવળી ઉતાવળી આતુરતાથી આવી. પ્રભુની ઈચ્છા મુજબ એ યજ્ઞનો મંડપ ખૂબ જ મનોહર વિશાળ બનાવ્યો. તેમાં મોટા જાડા થાંભલાઓ સ્થાપન કર્યા. પંચરંગથી રંગેલી પૃથ્વી ખૂબ જ શોભતી હતી તેમાં ખૂબ જ જાત જાતની રચનાઓ કરેલી તે શોભતી હતી. તેનાથી સિધ્ધિની કળા જણાતી હતી ત્યાં જાત જાતના થાટો અને હાટોની રચના કરેલી હતી. તે લીલામણીઓથી સજાવેલા શોભતા હતા. તેમજ મંડપની શોભા ખૂબ જ પ્રમાણમાં સારી કરેલી હતી. મહારૂદ્રયાગ કરવાનો યોગ્ય સામાન પણ સજીને તૈયાર કરેલો હતો લગારે ખૂટવાની કે બગડવાની ખામી ના આવે તેમ કરેલું હતું. મંડપની આજુ બાજુ દેવતરૂની સ્થાપના કરેલા શોભતા હતા. આવી રીતે સિધ્ધિઓએ અનેક ભાત ભાતની શોભાઓ કરેલ, તેમજ ખૂબ જ સુંદર અતી સારો સામાન તૈયાર કર્યો હતો. શ્રી હરિએ જેતલપુરમાં મહારૂદ્રયાગ ચાલુ કર્યો તેને દર્શન કરવા અગણિત દેવો અનેક વિમાનો લઈ આકાશમાં છાઈ ગયા.ત્યારે વરુણીમાં વરાયેલા વેદવેત્તા બ્રહ્મણોએ  વરૂણની દશ હજાર આહુતીઓ આપી અતિ પવિત્ર કાર્ય કર્યુ. શ્રી હરિએ યજ્ઞમાં કડા કંકણ કુંડળ આપીને સ્થાપના કરી તેમાં વેદના મંત્રોના ભેદની સાથે બ્રહ્મણો હોશિયારી કરીને ગાતા હતા. સુંદર વૈદિક રીતને જાણનારા બ્રાહ્મણોને વરૂણીમાં નિયુક્ત કર્યા હતા તેઓએ સુંદર રીતે સામવેદનું ગાન કરી સુંદર વાતાવરણ સર્જ્યું હતું.

હે રાજન્ ! આવી રીતે સુંદર રીતથી હવન હોમ થતો હતો તેને લોકો પ્રેમથી જોઈ દર્શન કરતાં હતાં. બ્રહ્મણો સુંદર રીતે ભાવ પ્રેમથી મંત્રનો ઉચ્ચાર કરી યજ્ઞમાં આહુતીઓ આપતા હતા. તે યજ્ઞનો ધુમાડો આકાશને માર્ગે જતો હતો. તેને દેવો ગ્રહણ કરી રાજી થતા હતા. અને સર્વે દેવો પોત પોતાના અધિકાર પ્રમાણે આહુતીઓને ગ્રહણ કર્તા હતા.મુખેથી વેદના મંત્રોબોલીને બ્રહ્મદેવો ઘીનો પરનાળા વડે હોમ કરતા હતા. પ્રેમથી પવિત્ર બ્રહ્મદેવો કાર્ય કરતા હતા. પુરની સ્ત્રિઓ સુંદર ગીતોને ગાતી હતી. હૃદયના ભાવથી અતિ પ્રેમ પૂર્વક ગાતી હતી અને વાતાવરણને ગજવતી હતી અને ભૂદેવો વેદના મંત્રોને ઊંચે સ્વરે ગાતા હતા. તે બ્રહ્મદેવોએ ચારેવેદના મંત્રોનો સુંદર રીતે ઉચ્ચારો કરી હસ્તથી હવિશ્યાને હોમતા હતા. તેને દેવતાઓ ધારણ કરતાં હતા. આવી રીતે જગતમાં ચારે બાજુ જય જયકાર થતો હતો. અગણિત લોકો આ ઉત્સવને જોવા અને દર્શન કરવા આવતાં હતાં. દેવોના સમુહો ખૂબ જ ભાવથી લાભ લેતાં હતા. જેને ભૂમિના ભૂદેવો મંત્રોચ્ચાર કરતા હતા પ્રેમથી ગાતા હતા તેને દેવો ગ્રહણ કરતાં હતા. યજ્ઞમાં રોજે રોજ અગણિત મનુષ્યો અને ભૂદેવો ઘી થી લચપચતા સાકર યુક્ત લાડું તથા શાકોને પ્રેમથી જમતા હતા.

હે રાજન્ ! પવિત્ર બુધ્ધિવાળા તમે સાંભળો આ યજ્ઞમાં બ્રહ્મણો જમતાં હતા. તે જેવી રીતે જમતા હતા તે રીતને વિસ્તાર કરીને કહું છું તેને તમે સાંભળો. તે યજ્ઞના સમયમાં અગણિત મણ લોટના લાડવા બ્રહ્મણો કરતા હતા. શાકો બનાવતા હતા. તથા દાળભાત વિગેરે બનાવતા હતા તેને બધા જ બ્રાહ્મણો શ્રી હરિ ઘનશ્યામ પ્રભુની નિર્મળ નજર આગળ જમતા હતા. બધા જ બ્રાહ્મણો મોટી પંક્તિ કરીને સ્વચ્છ

જમીન જોઈને બેસતાં હતાં. પંક્તિ થયા પછી ગાડામાં લાડવા ભરીને બધા બ્રહ્મણોને પ્રેમથી રાજી થઈને પીરસતા હતા. બ્રહ્મણો જમતા હતા. તેને વારંવાર પીરસતા હતા. તે ગાડાની ધુસરીએ યુવાન યુવાન બ્રહ્મણો જુતીને ધીરે ધીર ગાડાને ખેંચતા હતા. બધા જ મનવાર કરીને બ્રહ્મણો જમતા જમતા જય જયનો ઉચ્ચાર કરતાં હતાં. જગતના સ્વામી મહાપ્રભુનો મહિમા જોતાં હતાં. પ્રભુ ભૂમિના ભારને સર્વ રીતે હરતા હતા. લાખો બ્રાહ્મણોની પંક્તિ બેઠેલી જોઈને તેની સ્વચ્છતા જોઈને હરિનું મન અતિ રાજી થતું હતું. પણ બ્રાહ્મણો રસોઈનો બગાડ કરતા હતા તે જાણીને જગતના ગુરૂ મહાપ્રભુ યુક્તિ કરીને એમને ડરાવવાનો પ્રયોગ કરતા હતા. ત્યારે હરિભક્તોના હાથમાં મોટા મોટા ધોકા પકડાવ્યા કાઠીઓ અને પાળાઓ દ્વારા બંદુકોના ભડાકા કરાવતા હતા. તેના પડઘમ પડઘા પડતા હતા તેનાથી પૃથ્વી ધમધમી ઊઠતી હતી ત્યારે હરિ દ્વિજોને કહેતા હતા કે તમો શાંતીથી નિશંક થઈને જમો. આ બાજુ દાળની કોઠીઓ ભડાકા કરી ભાંગીને ભય બતાવ્યો. આવી રીતે ભય બતાવીને જગજીવન પ્રભુ મધુર વચનોથી કહેતા હતા. અમે ધર્મને ધારણ કરીને પૃથ્વી ઉપર ધર્મ સ્થાપવા આવ્યા છીએ. હે બ્રહ્મદેવો ! ધર્મનું ધ્યાન રાખીને જમો આ લાડુ તમને જમાડવા માટે જ બનાવ્યા છે તમો જો આડોડાઈ ઉધ્ધતાઈ કરશો તો અમને એનું પરિણામ આપવાનું આવડે છે. તમે જો અનિતી જ કરશો તો તમારા બધા જ દ્વિજ સમાજને આ લાકડીઓ લઈને મારશે. કોઈને બાકી નહિ રાખે. મારી નાંખશે તોય અમને તમારું કોઈ પાપ લાગવાનું નથી અમે તો બ્રહ્મરૂપ છીએ એમ જાણજો. અમે તો અક્ષરાતિત અવિનાશી છીએ તેથી અમારા વચનને ધ્યાનમાં લેજો. આસુરી પ્રકૃતિવાળા બ્રાહ્મણોને વધારે ડરાવવા માટે રીંસ કર્યા પછી અતિ રાજી પ્રભુને જોઈને સજ્જનો અતિ સ્નેહથી પ્રભુનો જયજયકાર કરીને જમતા હતા. અને ભૂદેવો ભયના ઓથાર નીચે આવેલા તે દેહના ભાન ભૂલીને જમતા હતા. હરિ કહેતા હતા કે હવે લગારે બગાડ કરશો તો યોગ્ય શિક્ષા કરીશું જ. પછી બ્રાહ્મણો ઉપર રાજી થઈને બધાને ખૂબ જ સુખ દેતા હતા. આવી રીતે માન પૂર્વક પ્રભુ બધાને ખૂબ જમાડતા હતા. તેને સજ્જનો જાણી ધ્યાન ધરી નિષ્પૃહિ થતા હતા. આવી રીતે યજ્ઞના સમાચાર જાણીને દેશ વિદેશથી બ્રહ્મણો આવતા હતા પ્રભુના ગુણને ગાતા થકા મુખથી કહેતા હતા મસ્તક નમાવી પ્રભુને કહેતા હતા પ્રભુનાં ચરણ સ્પર્શ કરતા હતા અને આનંદ પામતાં હતા. પ્રાણપતિ પ્રેમીજનને જોઈને કામને હરનારા અભિમાનને તોડનારા લોકોના મનને આનંદ આપી શોકથી મુક્ત કરતાં હતા આવી રીતે જેતલપુરધામમાં મહાયજ્ઞ થતો હતો તેને જોવા આવનારા લોકો યુક્તિ જોઈને મનમાં ખૂબ જ આનંદ અને સુખને પામતા હતા. આમ લોકોની યુક્તિને જોવા માટે જોગીન્દરો આવ્યા દર્શન કરી સુખ પામ્યા. પ્રભુના ગુણને ગાવા માટે નારદ મહેશ આદિ રાજી થઈ ગયા.

યજ્ઞ કરવાનું કામ જાણીને નાચિકેત ઋષિરાય **દંઢાવ્ય** દેશના ગામડામાંથી ઘી ઉઘરાવીને લાવ્યા તે ઘી પ્રીતમ પ્રાણ મહાપ્રભુ પાસે મૂક્યું. તે ઘી ખૂબ જ ભાવ અને ઉત્સાહથી લાવીને આવતા હતા. હજારો હજાર ગાયો-ભેસોના ઘીને જોઈને મહાપ્રભુ કહેતા હતા કે જે જે પશુઓનું ઘી આ કામમાં આવશે તે બધાં જ પશુઓ મોક્ષના અધિકારી થયાં છે. તે જલદીથી અક્ષરધામમાં જશે. રૂદ્રયાગમાં બધા દેશો દેશમાંથી આવતો યજ્ઞનો સામાન તે ખૂબ જ પ્રમાણમાં લાગતો હતો. તેનાથી યજ્ઞનું હવિશ્યાન્ન તૈયાર કરીને ભૂદેવો વૈદિક મંત્રોના મહાઉચ્ચારો વડે વેદની રૂચાઓ બોલીને અગ્નિમાં હોમ કરતા હતા તેનાથી અગ્નિદેવ સુખ પામતા હતા. આવી રીતે વિધીને

જોઈને દર્શને આવનારા જોવા આવનારા લોકો ચકિત થઈ સ્થિર થતાં હતાં. કેટલાંક લોકો જોઈને પરમ આનંદને પામતાં હતાં. અને મહાપ્રભુ અક્ષરધામાધિપતિ પણ આ યજ્ઞ કાર્ય જોઈ ખૂબ જ રાજી થતા હતા. યજ્ઞના ગુણને જતીઓ સતીઓ જે ગાતા હતા ત્યારે પ્રગટ પરબ્રહ્મ પ્રભુ યજ્ઞનારાયણરૂપે થઈ દર્શન આપતા હતા. આવી રીતના કારણને જોઈને જાણનારા રાજી થતા હતા. હસતા હતા. આવી રીતે યજ્ઞમાં લોકો જમતા જમતા જાણતાં થકાં અઢાર દિવસ થઈ ગયા તેની પૂર્ણાહુતિ કરવાનું થયું ત્યારે બધા જ બ્રહ્મણો વિચાર કરતાં હતા કે આ યજ્ઞ તો સારી રીતે પૂરો થવા આવ્યો. તો આપણાંથી કંઈ ન કરાયું માટે આતો ભારે કામ થશે ચારે બાજુ વખાણ થશે માટે કંઈક કરવું જોઈએ. આપણો તો અપયશ થશે આના માટે કંઈક ત્રીજી જ વાત કરીએ તો જ આપણે વામ માર્ગી વિપ્રો સાચા કહેવાઈએ. આના માટે તમે કોઈક અભિશ્રાપ આપો તો યજ્ઞનો ભંગ થાય તો ચારે બાજુ હો હો થઈ જાય માટે ઘરો ઘર જઈને બધાને જાણ કરીએ. આમ વિચાર કરીને વિપ્રો ચાલતા થયા. અને તળાવની પાળે વિશાળ કિલ્લામાં પાક શાળા કરેલી હતી તે કિલ્લાના ગુંબજના બુર્જમાં પાકના રસદાર લાડુ ભરેલા હતા તે જોઈને લોકોના મનને હરતા હતા. તેને આસુરી મનવાળા બ્રહ્મણો જાણતા હતા તેઓએ બધા જ લાડુ તળાવના પાણીમાં રાતનાં નાખી દીધા.આવી રીતે કર્મ કરીને બીજા લાડુ બનાવવા માટે સિધ્ધુ માગતા હતા ખૂબ લોટ માંગતા હતા. ત્યારે કહેવાનું સાંભળીને લોટ તૈયાર કરાવીને આપ્યો ત્યારે લાડુ બનાવવાનું ચાલુ કર્યુ. ત્યારે બધા મળીને નક્કી કરીને ઘી લેવા માટે બ્રાહ્મણને દોડાવ્યો. જલદી જઈને કહે ઘી લાવો ઘી લાવો ઘી થઈ રહ્યું છે આવુ સાંભળીને કોઠારી કોઠારમાં જઈને જોયું ઘીના કુંડલાં પડેલાં હતાં તેમાં જોયું તો તેમાં કોઈ પાત્રમાં ઘી ન હતું. બધાં જ પાત્રમાં જોયુ પણ કોઈમાં ઘી ન દેખાયું ત્યારે કોઠારીના મનમાં ફાળ પડી કે અત્યારે ઘી ક્યાંથી લાવવું તત્કાળ ક્યાં મળે ત્યારે કોઠારી કહે ઘી તો છે જ નહી બધા વાસણો ખાલી પડેલાં છે. તો ઘી ક્યાંથી દેવું. આમ કહ્યું ત્યારે બધા બ્રહ્મણો ભારે હોબાળો કરવા લાગ્યા ત્યારે આનંદ સ્વામી મહારાજ પાસે ગયા અને મહારાજની પાસે વિનંતી કરી. હે પ્રભુ ! ઘી થઈ રહ્યું છે ઘી લગારે નથી લાડુનો દળ તો તૈયાર કરેલો પડ્યો છે. અત્યારે બધા બ્રહ્મણો ઘી લેવા માટે આવેલા છે. એમને માટે શું જવાબ આપું. આપ આજ્ઞા આપો તેમ કહું. લાજ આપણી જાય તેમ છે. અત્યારે ઘીના ગાડા આવ્યા નથી તો ઘી માટે શું કરવું તે કહો ? હે પ્રભુ! આજે બ્રાહ્મણો આપણી લાજ લેવા માટે જ આવેલા છે. આવી રીતની આનંદસ્વામીની વાણી સાંભળીને સુખધામના ધામી ઘનશ્યામ પ્રભુ કોઠારમાં જોવા માટે હાથમાં સુંદર છડી લઈને ચરણમાં પાદુકાઓ પહેરીને પધાર્યા. પ્રભુની સાથે સંતજનનો સમુદાય હતો. સંતોના અંગો અંગમાં ઉમંગ હતો. પ્રભુને કોઠારી કોઠારમાં લઈ ગયા અને બધાં જ ઘીનાં વાસણો બતાવ્યાં. બધાં જ નિરખી નિરખીને જોયાં ત્યારે કોઈની અંદર લગારે ઘી ન હતું આમ જોયું. આવી રીતે આવીને કોઠારીએ બતાવ્યું, હે સદાય સુખનિધાન ! આપણા કોઠારમાં ઘી થઈ રહ્યું છે. હે પ્રભુ ! આપણે સત્તર દિવસ સુધી લાખોની સંખ્યામાં બ્રાહ્મણોને ખૂબ પ્રેમથી જમાડ્યા એનો બધો જ યશ પાણીમાં જાય તેમ લાગે છે કેમ કે ઘી નથી એટલે બધા જ આસુરી પ્રકારના બ્રાહ્મણો હોકાર પ્રકાર કરવા લાગ્યા છે તેને આપ સાંભળો. ત્યારે લોકોના મનને આનંદ આપનારા નિરંજનનાથ લોકોના નેત્રને આંજનારા ગર્વને ગાળનારા ઘનશ્યામ પ્રભુ શોભતા હતા તે કરૂણા કરીને વરૂણાલયાના પાણી માટે વરૂણ દેવને પ્રેરણા કરો. આપની જગતમાં બધી જ રીતની લાજ રહી જાય. ખળ લોકોની ખટપટ બંધ થઈ જાય. આપના પ્રતાપથી સર્વે બ્રાહ્મણો રાજી થઈ જાય. આપનો પ્રતાપ અધિક અધિક થઈ જાય માટે લોકોના મનને આનંદ આપનારા પ્રભુ આપ તો બધું

જ જાણો છો તેથી અમારા મોઢે કંઈ વધારે કહેવાની જરૂર નથી. આવી રીતે શ્રી ઘનશ્યામ પ્રભુ પોતાના દાસના મુખેથી કહેવાયેલાં વચન સાંભળી અવિનાશી પ્રભુ હાથમાં છડી લઈને કામ સુધારવા માટે ઘી ના કોઠારમાં પધાર્યા. મનોહર મૂર્તિ જોવા લાગ્યા. પ્રત્યેક પાત્રને જોતા હતા. પાત્ર ઘી વગરના ખાલી પડ્યા હતા. કામ ઘણું કરવાનું હતું. બધા પાત્રને એક એક કરીને જોતાં હતા પણ ઘી હતું જ નહિ. બધાં જ ઘીના ઠામ ખાલી પડ્યાં હતાં. તે છતાં શ્રીહરિએ મનમાં વિચાર કરીને જોવાનું નક્કી કર્યું. પ્રભુ પોતાનો પ્રતાપ અધિક જણાવતા થકા હાથમાં સોટી લઈને કમળનયન પ્રભુ પ્રત્યેક ઘીના પાત્રને સોટી મારતા હતા. તેથી તે ઠાલા પાત્રો ઠાલા જ ખખડતાં હતા. બધા જ વાસણો જોયા એમાંથી એક પાત્રમાં ઘી ભરેલું હતું. તે નાનું પાત્ર જોઈને ત્યારે છેલ છોગાળા કહે આ પાત્રમાં અડધો મણ ઘી છે. તે જોઈને રસિક રંગરેલ પોતાના સેવકને પાસે બોલાવીને કહેતા હતા કે, આ પાત્રમાંથી બીજા પાત્રમાં ઘી કાઢી આપ્યા જ કરો. આ પાત્રના ઘીથી લાડુંનું બધુ કામ પ્રેમથી પૂર્ણ થઈ જશે. લાડુ પણ બ્રાહ્મણો પ્રેમથી પૂરા ખંતથી ખાશે. આવી રીતે મહાપ્રભુએ કહ્યું તેને દાસે પોતાના દિલમાં ધારી લીધું એ જ નાના ઘીના પાત્રમાંથી ઘી આપતા હતા. અનેક પાત્રો ભરીને આપ્યાં તોય ન ખૂટ્યું. આવી રીતે અક્ષયપાત્ર સમાન ઘીનું પાત્ર ભયને તારનારું કાર્ય પૂર્ણ કરનારૂ થયું લાડુ બનાવનારા ઉદારતાથી બહુજ લાડુમાં ઘી નાખતા હતા. આવી રીતે શ્રી ઘનશ્યામ પ્રભુનો પ્રતાપ જોઈને બધા જ સંતજનો અને બ્રહ્મદેવોનો સમુહ સર્વે અતિશય આશ્ચર્યને પામતા હતા. પ્રભુને સર્વે જગત વંદય સમજતાં હતાં.

આવી રીતે મનોહર મૂર્તિ મહારાજે જેતલપૂરમાં મહારૂદ્રયાગનો પ્રારંભ કર્યો અને તેમાં લાખોની સંખ્યામાં હજારો બ્રહ્મણો અને લાખોની સંખ્યામાં લોકોને જમાડ્યા. બધા જ લોકોને ખૂબ જ આનંદ કરાવ્યો આ ચરિત્ર અંતર્યામી પ્રભુએ કર્યા. આવી રીતે મહાપ્રભુએ પોતાના દાસને અતિ ગંભીર ચરિત્ર કરીને પ્રતાપ બતાવ્યો આમ ત્રેવીસમાં તરંગ રૂપે શ્રી હરિલીલા સિંધુની લહરી રૂપે પૂર્ણ થઈ.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં આઠમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બ્રહ્મચારી રચિત છંદ ભાષામાં અવધપ્રસાદજી મહારાજ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રી સહજાનંદ સ્વામીએ જેતલપુરમાં યજ્ઞની લીલાનું વર્ણન કર્યું એ નામે ત્રેવીસમો તરંગ પૂર્ણ ॥૨૩॥**

# તરંગ-૨૪

અવધગુરુ કહે છે હે આનંદ રાજન્ ! ઘનશ્યામ પ્રભુ કોઠારમાં આવી ઘીના બધા પાત્રો સંભાળીને ઘી ની પૂર્તિ કરી કમળ નયન દુઃખ ભંજન ભયહરન મહારાજ સહજાનંદ સ્વામી નાચિકેત ઋષિર્રાને પ્રેમથી યુક્તીપુર્વક જમવા માટે વાત કરતા હતા. જગવંદન પ્રભુ જમવાનો દ્રઢ વિચાર કરતા હતા. ત્યારે નાચિકેત ઋષિને કહે કે અમે આ જગ્યાએ થાળને આરોગીએ અને અમારાથી જે જમાય તે જમીયે અમે જમીએ તો આ પાકશાળા ના બધાજ પાકો સર્વે અખુટ થઈ જાય ને વધારો થતો જાય. આવી રીતે ઘનશ્યામ પ્રભુની અમૃતવાણી સાંભળીને નાચિકેતઋષિરાય રાજી થયા ને આનંદીત થઈને કહે કે જગતપતી જમે તો તેથી તો બધા પાકો જમીને લોકોના મનનાં તનના જન્મ મરણના પાપો, તાપો,પીડાઓનો નાશ થઈ જાય. આમ કહીને નાચીકેત ઋષિથાળ તૈયાર કરીને લાવ્યા ને જગતપતી પ્રભુ થાળને આરોગતા હતા ને મનની અંદર અતીશય ધીરજ ધારીને જમતા હતા.

પ્રેમીજનો પાસે બેસીને મહાપ્રભુને ધીરેધીરે પવન ઢોળતા હતા. પ્રભુની ખુબ સેવા કરતા હતા.જગજીવન મહારાજ માનનો ત્યાગ કરીને લાડુંનું જમણ જમ્યા. ભક્તજનો ભાવથી મહાપ્રભુના દર્શન કરતા હતા.પ્રભુની પાસે ઉભા રહી મનમાં ખુબજ સુખ પામતા હતા.પ્રભુ કોળીયા લઈને અનાથને સનાથ કરતા હતા. પ્રભુ જમતા જમતા વારે વારે પાણી પીતા હતા.લોકો આપ્રમાણે લીલા જોઈ ભક્તજનો પ્રભુનો જયજયકાર કરતા હતા ને મુનીજનો મધુરવાણીથી ભગવાનની લીલાને ગાતા હતા. અતિ પ્રેમી ભક્તો પ્રભુની પાસે ઉભા હતા. પ્રભુના સ્વરુપને હૃદયની અંદર ઉતારતા હતા તેવામાં કેટલાક ભક્તજનો આવી પ્રભુને કહેતા હતા, હે પ્રભુ ! વિશાળ તળાવમાં અમોએ જ્યારે જોયું તો તે તળાવમાં લાડુઓ જોવામાં આવ્યા તેથી બ્રાહ્મણોએ જ તળાવમાં લાડુઓ નાખેલા છે ને અમે આ નજરે જોઈને આવ્યા છીયે ને વાત કરીએ છીયે. આવી રીતે ઉત્સાહથી ભક્તજનોએ પ્રભુ પાસે આવીને વર્ણન કર્યું અને હે મહારાજ ! આજે ઘણા બધા લાડુ બગાડ્યા છે બધાજ લાડવા પાણીની અંદર નાખ્યા છે તે બ્રહ્મણોએ જ નાખ્યા આવી રીતે લોકોની કહેલી વાત સાંભળી પ્રત્યક્ષ મુલાકાત સમાન માની પ્રભુ કહેતા હતા.પ્રભુ કહે હે મારા ભક્તજનો તમે મારા વચનને ધ્યાનથી સાંભળો, અત્યારે જે સત્સંગી બ્રાહ્મણો છે તેમને બોલાવી લાવો. હળવદ આદી ગામના બધાજ સત્સંગી બ્રાહ્મણોને બોલાવો. એમને બોલાવી પાકશાળામાં લાવો. ભક્તજનો બ્રાહ્મણોને બોલાવી લાવ્યા તેઓને પ્રભુ કહે પાકશાળામાં તમે બધા ઘુસી જાવ અને કપટી નાસ્તીક એવા બ્રાહ્મણો છે તેને કાઢી મુકો ફરી પાછા પેસી નજાય એનું ખાસ ધ્યાન રાખવાનું. આમ અંતર્યામી મહાપ્રભુએ આજ્ઞા કરીને જગતના સ્વામી સહજાનંદ સ્વામીના વચનોને સંતો મહંતોએ સાંભળ્યા તેથી બધા જ કુસંગીઓને બહાર કાઢી મુક્યા. બધાજ સત્સંગી બ્રાહ્મણો સારા પવીત્ર હતા તેને બોલાવીને રસોડામાં ગોઠવ્યા ને પાકશાળમાં બધા બ્રાહ્મણોને ગોઠવી મહાપ્રભુ કિલ્લાના બુર્જમાં પધાર્યા ને લાડુના ઢગલા જોઈને મનમાં ખુબજ રાજી થયા. શ્રી હરિ બુરજ કિલ્લામાં જઈને અખુટ ભંડાર કરી આવીને આસન ઉપર બેઠા પછી આનંદાનંદ સ્વામીને પોતાની પાસે બોલાવ્યા.અતી આનંદ પામતા થકા કહે લાડુતો ખુબ જ છે અને આ કોઈ હીસાબે ખુબટવાના નથી જ માટે કોઈ પ્રકારનો મનમાં સંશય રાખશો નહીં અને જ્યારે બ્રહ્મદેવોના જુથો જમી રહે તો પણ લાડું ઓછા નહિ થાય. વધેલા લાડુમાથી ગામની અંદર બધા જ ઘેર પાંચ પાંચ લાડુ આપી આવવાના આમ આજ્ઞા કરીને અવતારના અવતારી ખુબજ રાજી થયાને મનમાં અતિશે આનંદવાળા રહેતા હતા.

હે રાજન્ ! જ્યારે બ્રાહ્મણોની છેલ્લી પંક્તી થઈ અને તે બહુ જ મોટી પંક્તી થઈ હતી અને બધાજ બ્રાહ્મણો મનમાં રચના કરીને બેઠા હતા ને મનમાં દ્રઢ ભાવ કરીને બેઠા હતા કે ખુબ લાડુ ખાવા છે પીરસનારા બ્રાહ્મણો પંગતમાં લાડુના પાત્રો ભરી ભરીને લાવતા હતા ને પ્રેમથી પીરસતા હતા અને જમનારા બ્રાહ્મણો વૃક્ષના પાત્રો બનાવીને લાવ્યા હતા તેમાં ભોજનો લઈને જમતા હતા. જમવા બેઠેલા બધા જ બ્રાહ્મણો ને પ્રેમથી યુવાન બ્રાહ્મણો ગાડામાં લાડુ ભરી લાવીને બધાને માન પુર્વક આપતા હતા.બધા જમનારને પ્રેમથી લાડુ પીરસતા હતા વારંમવાર પંગતમાં ફરી ફરીને પીરસતા હતા ભુદેવો આનંદથી લાડુ લેતા હતા.ઘી થી ભરપુર રસદાર લાડુ બધા બ્રાહ્મણો જમતા હતા. તે સમયે પોતે જઈને આગ્રહથી જમાડતા હતા ને એમના પાપોને બાળતા હતા.બધા જ બ્રાહ્મણો મહાપ્રભુ ની અમૃત વાણી ને સાંભળી પોતાના અંતરમાં ઉતારતા હતા ને અતી ભાવથી પ્રભુ લાડુ આપાતા હતા ને બ્રાહ્મણો લેતા હતા. મોદ પામીને પ્રભુના ગુણને ગાતા હતા ત્યારે સુખદાતા પ્રભુ અમૃતવાણીથી મધુર જ્ઞાનવાત સમજાવતા હતા ત્યારે બધા બ્રાહ્મણો પ્રભુનો જય જય કારનો ઉચ્ચાર કરતા હતા. આમ જમતા જમતા

લોક રંજન કરતા થકા બ્રાહ્મણોની પંક્તિને જગજીવન સ્વામી જોતા હતા. પૂર્ણકામી અકામી પ્રભુ આખા જગતમાં વ્યાપે એવા મહાપ્રભુને જોગીઓ જપતા રહે છે.આમ અસુરભાવનો ત્યાગ કરાવીને મહાપ્રભુ પૃથ્વી ઉપર સત્સંગ કરાવીને અકામી પ્રભુનું ભાવ ભરીને ભજન કરતા હતા. બધાજ પ્રકારના ફેલફતુરનો ત્યાગ કરાવીને બહુનામી કહેતા હતા ને બ્રાહ્મણો ને સમજાવતા હતા. બ્રહ્મદેવો બહુવાર સુધી બેસીને જમતા રહ્યા ને પ્રભુની મૂર્તિને જોતા રહ્યા. આવી રીતે ધરા ઉપર બ્રાહ્મણો ધન્ય ધન્ય બોલતા રહ્યા ને પોતાના ભાગ્યને પણ ધન્ય ધન્ય માનતા રહ્યા. કેમકે જે બધા જ ધામના ધામી મહાપ્રભુ પોતે જ કહેવાય છે જેમના ગુણને વેદો ખુબજ ભાવ પ્રેમથી ગાયા કરે છે તેજ પ્રભુ પોતે આપણને ભાવ ભરી ભરીને આગ્રહ કરી કરીને જમાડે છે અતી ઉત્સાહ વધારીને પ્રેમથી જમાડે છે એ જ આપણાં મોટાં ભાગ્ય છે.મંદ ભાગ્યવાળા જે બ્રાહ્મણો હતા તેમને એમની સાચીવાત ન સમજાણી તેમને સાચા ન માન્યા તો તેમને સંતોનો ત્યાગ કરવો પડ્યો.મહાપ્રભુએ સારી રીતે સમજાવ્યા તેમાં દૈવીજનો હતા તે જાણતા હતા કે જગતનો કોઈનાથી પાર નથી આવતો પાપનો પણ પાર નથી આવતો પણ આ પ્રભુતો સર્વ ધામના ધામી છે એટલા માટે જ જગતના જીવો આમના ગુણને ગાયા કરે છે અને ભજન કરે છે એવા પ્રભુ સર્વના ભયને હરીલે છે આમ બધા જ બ્રાહ્મણો જમતી વખતે ચર્ચા કરી જમતા હતા.પ્રભુ પ્રેમ ભરી સારી રીતે જમાડતા હતા ને પ્રેમ વધારતા હતા. આવી રીતે શ્રીજી મહારાજે બ્રાહ્મણોના સમુદાયને અઢાર દીવસ સુધી ભાવથી જમાડીને તૃપ્ત કર્યા. શ્રીહરિએ પોતાનું સામર્થ્ય બતાવીને રાજી કર્યા અલૌકીક પ્રતાપ જણાવ્યો.

હે રાજન્ ! શ્રી ઘનશ્યામ મહાપ્રભુએ યજ્ઞની પૂર્ણાહુતી કરાવીને મોટી સભાનું આયોજન કર્યું.સરોવરના કાંઠા ઉપર વટવૃક્ષની છાયામાં મહારાજે બેઠક કરી. સભામાં સંતો, પાર્ષદો તેમજ ભુદેવોનો સમુદાય બેઠો ને દેશદેશાંતરથી આવેલા ભક્તજનો પણ સભામાં બેઠા. શ્રીહરિ બ્રાહ્મણોના સમુહોને સોનાના કડાઓ તથા આભુષણો આપતા હતા ને આભુષણોની સાથે સોનેરી તારવાળા શાલ દુશાલા પાઘો સહીત આપતા હતા. સુંદર પોંચી નંગ જડેલા સારી તથા દ્વીજ સમુદાય ને સુંદર હારો ઉતરીયો સોનાના પ્રતીક આદી અનેક વસ્તુ આપતા હતા. આવી રીતની સંપતી આપી ભુદેવોની ભુખને ભાંગતા હતા. ભયને હરનારા મહાપ્રભુ અપાર દાનો આપતા હતા તેથી ચારે બાજુ જગતમાં પ્રભુનો જય જયકાર થતો હતો.બધા જ નરનારીજનો પ્રભુનો જય જયકાર કરતા હતા અને કહેતા કે આ યજ્ઞ અપરીમીત માત્રામાં થયો છે. ભુમી ઉપર આવો સુંદર યજ્ઞ થયો એવોતો બીજા કોઈથી થાય જ નહી આગળ પણ થયા નથી આ રીતે બધા જ જનસમુદાયના મુખે આવો ઉચ્ચાર થતો હતો. બધા જ કહેતા હતા કે ધર્મકુમાર મહાપ્રભુએ જ સર્વોપરી યજ્ઞ કર્યો. શ્રીહરિ મહાપ્રભુ બધા જ દ્વીજ વર્ગને દાન આપી બધાનું દ્રારીદ્ર દુર કર્યુ, હરિભક્તજનોને સુખી કરી શ્રીહરિ અધીક ઉલ્લાસથી બ્રહ્મ સભાને પુછતા હતા. હે દ્વીજવર ! તમને પ્રશ્ન પુછું છું કે, તમે અચુક થઈને કહેજો બધાને અમે પુછીયે છીયે. હે વીપ્રવર ! તમે અમારા પ્રશ્ન સાંભળો. ''**સનાતન સાત્વીક શક્તીને ચારે વર્ણના લોકો પુજે છે બુધ્ધીશાળી મનુષ્યો પણ માંસ મદીરાથી દેવીનું પુજન કરે છે તે સત્ય છે કે અસત્ય તે બધા જ મળીને જે સત્ય હોય તે કહો. એના ભેદને મુનીજનો દેવો સ્પસ્ટતાજ કરે છે તો બધા જ લોકો દેવીને મદ્ય માંસથી બ્રાહ્મણો દ્વારા સેવન કરાવે છે અને બ્રાહ્મણોએ આ વીધીના ગ્રંથો પણ તૈયાર કરેલા છે તો તમે બધા મળીને સેવન કરે છે તે સત્ય છે કે ખોટુ છે ? સત્શાસ્ત્રોમાં સાચા પુજનની વીધીનું વીગત વાર વર્ણન કરેલ છે કેવી રીતે પુજન કરવું તે સમજાવે છે તોય મધ્ય રાત્રીના સમયે પુજન કરે છે ને દુરાચાર આચરે છે તે શા કારણે કરે છે ? તે કારણ તમે બધા જાણતા**

**હો તો અમને વાત સમજાવો જેમ શોભતું હોય તેમ કહો અમે બધાને આ પ્રશ્ન પુછીયે છીયે તેનો ઉતર સજ્જનો જે સાચુ હોય તે અમને કરી બતાવો. તમે બધા ભુમીના દેવરૂપે બ્રહ્મદેવો છો તેથી તમારે કોઈ પક્ષપાત કપટ રાખવું જોઈએ નહી જે ખરુ હોય તે અમને સમજાવો.''**

હે રાજન ! શ્રી ઘનશ્યામ પ્રભુના પુછેલા વચનો સાંભળીને બધા જ બ્રાહ્મણો પોતાના મનમાં ખુબજ રાજી થયા.એમના પહેલા સારામાં સારુ સાચું બોલ્યા તેમના નામ કહું છું તમે સાંભળો. અમદાવાદ શહેરના વાસી એવા એક નિર્ભયરામ ને બીજા પ્રભાશંકર તથા શાસ્ત્ર જ્ઞાનમાં શીરોમણી આશારામ નામના જેનું લોકમાં મોટું નામ હતું અને વીરમગામના વાસી એવા બોલવા ચાલવામાં ખુબ ચતુર પ્રભાશંકર નાંમના તથા કાંતીશંકર નામના બે પ્રસીધ્ધ હતા. આ બધાજ બ્રહ્મદેવો અગ્રેસરો ખુબજ પ્રતીષ્ઠા વાળા હતા શાસ્ત્રની મર્યાદા પ્રમાણે બોલનારા અને રહેનારા બધા જ મહા શાસ્ત્રી હતા. આવી રીતે પ્રશ્નનું કહેલું જાણીને બધા બ્રાહ્મણો મનમાં રાજી થઈ કહેવા લાગ્યા, હે પ્રભુ ! સર્વજનના મનને સુખ આપનારા આપ સાંભળો જગતમાં ચારે વર્ણની જુદી જુદી રીતો વર્ણવેલ છે. તેને સમજી સમજીને દરેક વર્ણના લોકોએ રહેવું જોઈએ એ પ્રમાણે વર્તવું જોઈએ બ્રાહ્મણ વર્ણને જગતમાં સર્વથી મુર્ધન્ય કહેલ છે.એ પ્રમાણે પોતાના વર્તનમાં સાત્વીક ભાવ રાખવો જોઈએ આ પ્રમાણે મુનીજનો સુંદર રીતે સમજાવે છે. સાત્વીક રીતે વર્તવું જોઈએ મનમાં આવે તેમ પુજન કરે તે યોગ્ય નથી. રાજસીય રીતે ક્ષત્રીયો પુજન કરી પાપોને દુર કરે છે તે ક્ષત્રીયનો ધર્મ છે અને વૈશ્ય વર્ણને પુજન કરવાની જે રીત છે તે પ્રમાણે અતી પ્રેમથી કરે ને કરાવે અને શુદ્ર વર્ણતો યજ્ઞ મદ્યથી કરે છે તે પૃથ્વી સંગથી આસુરી રીતે પુજે છે એવી રીતે એમના ચીત્તનો ભાવ હોય છે.મદ્ય માંસાદીથી પુજન કરે તે પોતાની વર્ણ સ્થીતી પ્રમાણે કરે છે પણ બ્રાહ્મણોએ તો સાત્વીક ભાવ રાખીને સાત્વીક દ્રવ્યોથી દેવીનું પુજન કરી પોતાનું કાર્ય સફળ કરવું જોઈએ.સાત્વીક રીતે પુજન કરવું એ પ્રમાણે શાસ્ત્રમાં દ્રઢતાથી કહેલું છે. વેદના વચન પ્રમાણે વ્યાસ ભગવાને વિસ્તાર કરેલું છે તે મુજબ બ્રાહ્મણના લોકોએ હાથ જોડી વૈદીક રીતે સારી રીતે પુજન કરવું જોઈએ. મદ્યમાંસથી માણસે દેવીનું પુજન ન કરવું જોઈએ એ પ્રમાણે નીર્ધારિલ છે . દેવીનું પુજન તો ઘી, દુધ, મધથી કરવું જોઈએ તેમજ પુજા દ્રવ્યોથી વિપ્રોએ પુજવાં જોઈએ.બ્રાહ્મણોના અભિપ્રાય સાંભળીને સુખ સાગર નીરંજન નાથ હરિ લોકોને વાત કહેતા હતા કે હે દ્વીજો ! તમે સાંભળો બ્રાહ્મણો સાત્વીક દેવીનું પુજન કરતા હશે તે મદ્ય માંસથી કરે તેનાથી દેવતા રાજી ન થાય.એમ તમે જો જાણતા હો તો એમને (આસુરી બ્રાહ્મણને) સાચી વાત કરીને સમજાવીને કહો. અમારા કરતા તમે એને જાણતા હો તો હસીને તમારી વાણીથી સમજાવો.

પ્રભુની વાત સાંભળી બધા જ બ્રાહ્મણો સુંદર શ્યામ પ્રભુને કહેવા લાગ્યા હે પ્રભુ ! આ પાપ કર્મ કરનાર બ્રાહ્મણ નથી. લોકોને આનંદ આપનાર દેવ જાણીએ છીયે એતો ચંડાળ ભંગીના નામથી જાણીએ છીયે.આવી રીતે બીજા બ્રાહ્મણો વચનો બોલતા સાંભળી દુઃખ ભંજન મહારાજ હામ ભરીને પ્રેમથી કહેતા હતા કે તમારામાં કોઈ આગેવાન નાત પટેલ હોય તો સાંભળો અને તમે એ પુરુષ વામ માર્ગી હોય તેને જઈને કહો.અમારૂ કહેલ અનુશાસનને હૃદયમાં ધારીને હરિની કહેલી બ્રાહ્મણો માટેની વાતને સભાની વચમાં બધાને સંભળાવીને બધાના મનને રાજી કરો. કહો કે ભુમીના દેવ તરીકે પૃથ્વી ઉપર રહીને જે મદિરા માંસ અપવિત્ર છે તેનો જે ઉપયોગ કરે છે તે મડદાના રૂપે બોલે છે તેમ જાણી તે બ્રાહ્મણ નહી પણ સ્વપચ ચંડાળ છે એમ માનવું. ત્યારે શ્રીપુરધામ (અમદાવાદ)ના શાસ્ત્રી નિર્ભયરામ નામના હતા તેઓ તે સભાની વચ્ચે

ઉભા થઈને બધાંને સંભળાવતા હતા. જે વાક્યો પ્રભુએ કહ્યા હતા તેજ હિંમત કરીને કહી સંભળાવ્યા. આવી રીતે બ્રાહ્મણોની ધર્મ રીતીને પ્રભુએ સ્પસ્ટ સમજાવી આપી. આવી રીતે ધર્મકુમાર પ્રભુ છે તે પોતે આ ધરણી ઉપર ધર્મ આદીકને દ્રઢ પણે ધારણ કરીને દરરોજ આ રીતે પ્રેમથી ઉપદેશ કરીને સુખ આપે છે. બધાના કામ, ક્રોધ, મદ, લોભનો ત્યાગ કરાવનારા અને સુખ આપનારા નારાયણ પ્રભુ પોતેજ છે.આવી રીતે તે ભક્ત બ્રહ્મદેવોના વચનો સાંભળીને બધા જ મનુષ્યો મુનીજનોના મનમાં ખુબજ આનંદ થયો. બધા જ વારંમવાર તે વાતનો પુનરોચ્ચાર કરતા હતા તથા પ્રેમથી બધુ સાંભળતા હતા અને આ પ્રભુ તો અક્ષરમુક્તો તથા સર્વેધામના આધાર એવા પોતેજ લોકો ઉપર અતિ દયા કરીને પધાર્યા છે. જીવોના પાપો તાપો હરીને પુન્યશાળી ને સુખ આપવા તથા પૃથ્વી ઉપર ધર્મની ધુરાને સ્થાપન કરવા પધાર્યા છે.તેજ પ્રભુ પૃથ્વી વાસીઓના પાપના સમુદાયને હરીને સુખ આપે છે. પૃથ્વી ઉપર અતીનો નાશ કરવા આશ્રીતોને સુખ આપવા તથા દુઃખો હરવા આશાઓ પુર્ણ કરનારા એવા અજીત પ્રભુ પોતેજ પધાર્યા છે. સર્વના ભયને હરનારા ભવભારથી ભરપુર બધાજ ભુદેવોને કમળનયન પ્રભુ સહજાનંદ સ્વામીએ બધાની પરીક્રમા કરી ભાવનાથી ભુદેવોની પૃથ્વી ઉપરની ભક્તિનો પ્રકાશ કરીને પછી કમળ નયન મહાપ્રભુએ બ્રહ્મદેવોને પ્રણામ કરતા હતા.ત્યાર પછી મહાપ્રભુ સંતો ભક્તોની સાથે સરોવરમાં કમળ યુક્તજળને જોઈને સ્નાન કરતા હતા. સ્નાન કરતી સમયે પ્રભુ જળ ક્રિડા કરતા થકા ડુબકી મારી અદ્રશ્ય થઈ જાય લોકો ઘણા સમય સુધી શોધે પણ પ્રભુને કોઈ પકડી શકે નહી ને બીજી જગ્યાએ પ્રગટ થાય આવી રીતે પ્રભુ જળમાં ક્રિડા કરતા હતા ત્યારે મહાપ્રભુ ભક્તો-સંતો ઉપર પાણી ઉછાળી ઉછાળીને નાખે અને હાસ્ય કરીને બધાની આશાઓને હરતા હતાં.મહાપ્રભુ બધાજ પ્રેમી જનોની પાસે આવી ભેગા થયા ખુબ લાંબાં સમય સુધી જળ ક્રિડા કરી તેનાથી પરીશ્રમ થવાથી થાક લાગ્યો ત્યારે જગતપતી કામદેવના મદને હરનારા શ્રીહરિ જળમાંથી બહાર નીસર્યા ત્યારે ચારે બાજુ જય જયકારનો નાદ થયો. મહાપ્રભુ અંગોને કોરાં કરી પવિત્ર વસ્ત્રોને ધારણ કરતા હતા. શ્રીહરિએ કેડના ભાગ ઉપર સફેદ ધોતીને ખુબ કસીને ધારણ કરી તથા મસ્તક ઉપર ધોળી નવીન પાઘ ધારણ કરી, અતી શ્વેત વસ્ત્રને શરીર ઉપર ધારણ કર્યું, શ્વેત અંગરખી ધારણ કરી, કરમાં શ્વેત રૂમાલને ધારણ કર્યો,પ્રભુના મુખની અંદર સફેદ દાંતની હાર જાણે કુંદ પુષ્પની હાર ન હોય ? તેમ લાગતા હતા,મુખથી મંદ હાસ્ય કરતા હતા ત્યારે લોકો શ્વેત વાતાવરણ જોઈને ચારે બાજુ શ્વેત કિર્તી ન વ્યાપી હોય ? તેમ લાગતું હતું. આવી રીતે શ્રીજી મહારાજ તૈયાર થઈને પ્રભુ ભુદેવોને જોઈને એમને ભારે ભારે દાનો ધર્મનંદન ભગવાને આપ્યાં. બ્રહ્મદેવો ધન લઈ લઈને રાજી થયા અને પોતાને ઘેર જવા માટે તૈયાર થયા. પોતપોતાના દેશમાં જતા હતા. યજ્ઞ કર્યો પોતાની વાતોને ગામો ગામ કહેતા થકા જતા હતા. બ્રાહ્મણોની વાતો સાંભળીને નરનારીજનો પ્રેમથી સુખ પામતા હતા. આવી રીતે અદ્‌ભુત મોટો યજ્ઞ થયો તે બહુજ ભારે કાર્ય થયું. આવો યજ્ઞ આ પૃથ્વી ઉપર ક્યારેય નથી થયો એવો મહાન ઉત્સવ પૃથ્વી ઉપર થઈ ગયો.આવી રીતે બધા જ બ્રાહ્મણો દેશો દેશમાં યજ્ઞની વાતો ખુબજ વિસ્તાર કરીને કહેતા હતા અને આ ધરા ઉપર ધર્મ કુમાર મહા પ્રભુ અહિંસામય ધર્મનું પ્રતિપાદન કરી સ્થાપન કર્યું. આવી રીતે જગતના નાથ મહાપ્રભુએ પ્રત્યેક જનને પોતાનો પ્રતાપ બતાવીને પ્રૌઢ ઉપદેશ કરીને દ્રઢ ધર્મમય બનાવ્યા. આવી રીતે પૃથ્વી ઉપર મહામોટો રૂદ્રયાગ કર્યો ને સર્વોપરી ધર્મ કાર્ય કરી બતાવ્યું. આવી રીતે શ્રી સહજાનંદ સ્વામી ખુબ જ સુખ આપીને જેતલપુરના જનોને

સુખી કર્યા. ત્યાર પછી પ્રભુ પ્રેમથી સુંદર **ગામડી** ગામે પધાર્યા ત્યાંના ભક્તજનોને જ્ઞાન ઉપદેશ આપી સુખ આપ્યાં.

રૂદ્રયાગની સમાપ્તી કરીને બ્રહ્મદેવોને ખુબ જ દાનો આપ્યાં રાજી કર્યા. ત્યાર પછી સરોવરમાં અમાનીય પ્રભુ સંતોની સાથે ખુબ જ જળ ક્રિડા કરી સ્નાન કર્યું બધાને સુખ આપ્યાં. આમ હિંસામય ધર્મનું ઉથ્થાપન કરીને અહિંસામય ધર્મની દ્રઢ સ્થાપના કરી મહા સભામાં નિર્ણય કર્યો.આવી રીતે મહા પ્રભુએ લીલા કરી તે ચોવીસમાં તરંગમાં શ્રી હરિલીલા સિંધુંમાં લહરી રૂપે પુર્ણ થઈ.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં આઠમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બ્રહ્મચારી રચિત છંદ ભાષામાં અવધપ્રસાદજી મહારાજ આનંદસિંહરાજાના સંવાદમાં શ્રી સહજાનંદ સ્વામીએ જેતલપુરમાં યજ્ઞની પુર્ણાહુતી કરી તે લીલાનું વર્ણન કર્યું એ નામે ચોવીસમો તરંગ પૂર્ણ ાાર૪ાા**

# તરંગ-૨૫

આનંદ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! આપ તો અતી સુજાણ છો એટલે મને શ્રીજી મહારાજે જેતલપુરમાં જે યજ્ઞ કર્યો તે સર્વ ચરીત્રો ખુબજ વિસ્તાર કરીને કહ્યા. જેતલપુરમાં યજ્ઞ કરીને પછી મહાપ્રભુ કયા ગામે પધાર્યા ? તેના નામ કહો અને ચંચળ નેણ મહાપ્રભુના બધા જ ચરીત્રોની કથા મને સંભળાવો.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે હે ભુમી રાજન્ ! ભગવાનના ચરિત્રોનો જે પ્રશ્ન પુછ્યો તેનાથી તમને ધન્ય છે કેમકે શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુના અલૌકીક ચરીત્રોની કથા તમે જે પૂછી માટે રાજન બહું સુંદર કર્યુ છે હવે હું તમને પુછેલા બધા ચરીત્રોની કથા કહું છું તેથી તમે સાવધાન થઈને ધ્યાનથી સાંભળો. આ કથા સાંભળવાથી અંતઃશત્રુઓનો નાશ થાય છે અને મનમાં ખુબજ શાંતી થાય છે.

શ્રીહરિ સહજાનંદ સ્વામી જેતલપુરથી લોકોના મનને આનંદ આપીને પુર્ણકામ ગર્વ ગંજન પ્રભુ પોતાના સંતોની સાથે **ગામડી** ગામે આવતા હતા.ત્યારે પોતાની સાથે પોતાના ભક્તજનોને રાખતા હતા. તેઓ એંકાંતિક ભક્ત ક્ષત્રિય જ્ઞાતીના પોતાના વિસ્તારમાં પ્રસિધ્ધ એવા ડાંગરવા ગામના વતની સર્વોપરી પ્રભુનું એંકાંતિક ભાવથી આનંદ પુર્વક સેવા ભક્તિ કરતા હતા. તે ભક્તજનો **પ્રતાપસિંહ** નામે પ્રસીધ્ધ હતા તથા **અગરાજી,અમરાજી** આદીક દ્રઢ સ્થીતીવાળા પ્રભુ પાસે આવેલા હતા.તે પ્રભુના દર્શન કરી અને સુખ પામ્યા અને પ્રભુ ઉપર કાંઈ ઉપદ્રવ થાય નહી તેના માટે પ્રભુની સેવામાં તત્પર રહ્યા.શ્રી હરિ મહાપ્રભુએ બધાના અંતરની વાતો જાણી લીધી અને ભક્તજનો ક્ષત્રિયોને અજીત અકામી પ્રભુએ આજ્ઞા કરીકે તમારે જલદીથી તરત જ અહિંથી ચાલ્યા જવાનું છે કેમકે તમને પકડવા માટે લશ્કરના માણસો અમદાવાદથી આવે છે તો તમને પકડી જશે.ત્યારે શ્રીહરિની આજ્ઞાને હૃદયમાં ધારીને પ્રભુને પ્રકૃતીની વાતને જાણનારા ત્યાંથી ચાલતા થયા. પ્રભુની આજ્ઞા પ્રમાણે ત્યાંથી ચાલી **ગોધાવી** ગામે ગયા.પછી બીજા દીવસે **અમદાવાદ નગરે**થી તેઓને પકડવા લશ્કર આવ્યું તે રાજાના લશ્કરે એમની તપાસ કરી ચારે બાજુ જોયું તો ક્યાંય મળ્યા નહીં અને પકડવાના કામ માટે આવેલા જાણીને પ્રભુને પુછવાનો વિચાર કર્યો.પ્રભુ કોઈવાત છુપાવશે નહી એમ જાણીને સાચો જવાબ મળશે. ત્યારે તે ભગવાનને પુછતા હતા કે હે સ્વામિનારાયણ ! તમે એ દરબારોને જોયા છે ? જોયા હોય તો સાચું કહેજો તમે ક્યારેય ખોટું નથી બોલતા માટે પુછીયે છીયે. એ લોકો ડાંગરવા ગામના ડાભી દરબારો છે. અમને તે બતાવો અમારે તરત

પક્ડવાના છે. ત્યારે તે સૈનીકોના વચનને સાંભળીને પ્રભુ વિચારીને કહે ગમે ત્યાં હશે જ્યાં હોય ત્યાંથી શોધીને લઈ જાવ. ત્યારે બધાજ ચારે બાજુ ખુબ તપાસ્યું પણ, ફોજને કાંઈ પતોજ ન લાગ્યો ત્યારે તેઓ ભય બતાવીને પાછા ગયા.

શ્રીહરિ પ્રિતમ પ્યારા પ્રભુ પોતાનો પ્રતાપ બતાવીને વિપત્તીના માર્ગથી જગજીવન પ્રભુએ ઉગારી લીધા.ત્યાર પછી ગામડીમાંથી મહાપ્રભુ **અમદાવાદ પુરે** પધાર્યા. પોતાના એંકાતિક ભક્તના ઘેર પુર્ણ કામ પ્રભુ સુખ આપવા પધાર્યા. બુધ્ધીથી ભ્રષ્ટ થયલો રાજા પેશ્વા સરકારે, શ્રી ઘનશ્યામ પ્રભુની સભા કરવા માટે (વિઠ્ઠુબા નામના પેશ્વાએ પાપી નિર્લજ જેના શુભ કર્મોનો નાશ થયેલો છે એવા વિઠ્ઠુબા તે કાળનેમી કંસના સમાન બધાય એવા ભળેલા હતા એટલે કપટ કરીને કમળ નયન મહાપ્રભુની સભા કરવા માટે) પોતાના દરબારમાં તેડાવ્યા. છળ કપટથી બળ કરીને શ્રી હરિ પ્રભુને છેતરીને એમનો નાશ કરવાનું કાવતરુ કરીને પ્રશ્નોતર કરવાના બહાના હેઠળ બોલાવ્યા ને દરબારગઢમાં આમંત્રણ આપ્યું. સર્વ જગતના નાડી પ્રાણને જાણનારા સર્વલોક વંદય મહાપ્રભુ કરૂણાનીધાન એવા આનંદના સાગર લોકોના બળના ગર્વને તોડવા માટે મહપ્રભુ ભુમી મંડળના ભક્તજનને આનંદ આપનારા મહારાજ સભાના મધ્યમાં પધાર્યા. દુષ્ટજનો બધા જ પોતાના મનમાં જાણતા હતા કે પ્રભુને બેઠકે બેસાડી એમના પ્રાણને લઈ લેવા. મારવાની જ તૈયારી કરેલી તેલના ટાંકામાં નાખવા માટે એની ઉપર બેસાડીને ટાંકામાં ડુબાડી દેવા માટે દેખાવની ગાદી તૈયાર કરી સુંદર આસન બનાવી દીધેલું હતું. શ્રી હરિને બેસાડવા માટે પાડવા માટે દુષ્ટજનોએ તૈયારી કરેલી હતી ને મનની અંદર નિર્ણય કર્યો હતો અને ઠરાવ કરેલો હતો પણ જગતના નાથ જ્યારે દરબારગઢને જાણીને ત્યાં ગયા પણ ત્યાં જોયું તો બહુજ દુષ્ટખળોનું ટોળું જોવામાં આવ્યું. શ્રીહરિ આવ્યા એટલે પ્રભુને બેસાડવા માટે તે ખળ લોકોએ કપટીઓએ ખુબ જ આગ્રહ કર્યો આસન બાતાવ્યું તોય પ્રભુ બેઠા નહી આમ પોતાનું સામર્થ્ય બતાવવા માટે ચરિત્ર કરવા પ્રભુએ હાથમાં રાખેલી સોટી અડાડીને પ્રભુ મલકાયા અને ખળના કપટને પ્રભુએ ઉઘાડું કરી દીધું .પ્રભુએ ગાદીને ટાંકામાં નાખી દબાવી દીધી અને તરતજ ખાડો દેખાયો ત્યારે પાસે ઉભેલા દેવાનંદ દંડી મુનીના નેણાં ફરકવા લાગ્યાં. શાપ આપવા તૈયાર થયેલ જોઈ પ્રભુ એમને રોકતા હતા અને પછી પ્રભુ પોતાનું ઐશ્વર્ય બતાવી સુંદર આસન ઉપર બેસતા હતા ત્યારે તે સભામાં પ્રશ્ન ઉત્તરો થવા લાગ્યા તે પેશ્વા રાજાની સાથે પ્રશ્ન ઉત્તરો કરતા હતા ત્યારે તે રાજા ભ્રષ્ટમતી થઈને તે વિઠ્ઠુબા પોતાની દુષ્ટ બુધ્ધી જણાવતો હતો. તે પુછતો હતો કે તમારી જ્ઞાતી-જાતી કઈ છે તે અમને કહી બતાવો ? આમ પુછ્યું ત્યારે દેવના દેવ કહેવા લાગ્યા અને ખળ સભાની પ્રત્યે પ્રભુ કહે અમે અવધપુરીના વિપ્ર છીયે અને સરવરીયા નામની જગતમાં પ્રસીધ્ધ અમારી જાતી છે. જો તમને એનો વિશ્વાસ નઆવતો હોય તો તપાસ કરાવો. પ્રભુ કહે લાખો કરોડો અબજો મનમાં આવે તેમ બોલે તેનાથી કાંઈ નિર્ણય ન મનાય અમે જો તમને વિપ્રજાતી ન લાગતા હોઈએ તો અમે તો તમારા કરતા બહું ઉંચા વિપ્ર છીયે, ને અમારા ભાઈઓ અત્યારે અયોધ્યામાં રહે છે તેને જઈને જોઈ આવો અથવા તો પત્ર લખાવી જાતે તપાસ કરી ખાત્રી કરીલો.અયોધ્યા તપાસ કરાવવા માટે એક તમારો માણસ જાય અને એક અમારો માણસ જાય બંન્ને માણસો અયોધ્યા જાય ત્યાં તપાસ કરીને બંન્નેને ખરાં ખોટાની વાતની સ્પષ્ટતા થઈ જાય ને સાચી વાત જાણવા માટે શાંતી થાય. આવી રીતે ઘનશ્યામ પ્રભુએ સભા વચ્ચે વાત રજુ કરી તે સાંભળીને પરખવાની વાત નષ્ટ થઈ ગઈ પણ એ દુષ્ટલોકો તો બધાજ તોફાન કરવાના મુડમાં દેખાતા હતા ત્યારે પ્રભુએ પોતાનો મહાપ્રતાપ બતાવ્યો.ભગવાન વિશ્વંભર

પોતે વિશ્વરૂપે દેખાવા લાગ્યા. અદ્‌ભુત મનોહર મૂર્તિ ખુબજ શોભતી હતી.પ્રભુના અગણીત મસ્તકો, અગણીત નેત્રો તથા અગણીત સંતોને અગણીત સ્વરુપો, અગણીત હાથો, અગણીત કાન, અગણીત મુખના દાંતો, અગણીત જાનું, અગણીત છાતીઓ, અગણીત પાર્ષદોની સાથે તે ખુબજ શોભતા હતા. ઘનશ્યામ પ્રભુની શોભાતો અનંત ઘણી લાગતી હતી આ શોભાને જોઈને તે અસુર રાજા ભય પામવા લાગ્યો. ડરતા મને બધાય ઘનશ્યામ પ્રભુને જોઈને ખરેખરા ભગવાન સમજવા લાગ્યા ત્યાં ઉભા રહેવા પણ સમર્થ ન થયા. આમ જાણીને બધી વાત અધુરી રાખી બધા ખળ નાસી ગયા. ત્યારે બધો જ ભાર પેશ્વાને પોતાની માથે આવી પડ્યો.તે અભાગીયા ને ભુમી ઉપર ખુબજ ભાર લાગવા માડ્યો ને મુંજાવા લાગ્યો. એટલે પછી પ્રભુ ત્યાંથી પોતાના પ્રેમી ભક્તોની સાથે ચાલી નીકળ્યા. દરબારના કિલ્લામાંથી બહાર આવ્યા ચારે બાજુ પ્રકાશમય વાતાવરણ થઈ ગયું. પ્રાણ નાથને જોઈ શુક્લ ભક્ત ખુબ જ પ્રેમવાળા થઈને ગાડી લઈને આવ્યા.ને ગાડી ઉપર બળભ્રાત પ્રભુને હાથ જાલી બેસાર્યા.અનંત કોટી બ્રહ્માંડના નાથ આનંદથી બેઠા. ત્યાર પછી તે શુક્લ ભક્ત ગાડી હંકારવા માટે બહુજ હેતથી સારથીનું કામ કરીને પોતે સાવધાન થઈ પ્રભુની સેવા કરી પોતાનું કાર્ય સાધી લીધું. ઘનશ્યામ પ્રભુ આમ લીલા કરી પોતાના ભક્તના ઘેર પધાર્યા.ભક્તના દારીદ્ર દુઃખને તોડવા ખુબ જ પ્રિતીથી પધાર્યા. આમ પ્રભુ ભક્તોને સુખ આપતા હતા.

નવરંગ કમળનયન મહારાજે અંબારામના ઘેર નીવાસ કર્યો.પોતાના એંકાતિક ભક્તમાનીને દયા કરી ને દુઃખો હરવા અને સુખ આપવા ખુબ ઉમંગ ઉત્સાહથી ઘેર પધાર્યા.અંબારામ વિપ્રના મેડા ઉપર ધર્મનંદન ઘનશ્યામ પ્રભુ નીવાસ કરતા હતા તે પ્રાણ નાથને સર્વોપરી સર્વના નિયંતા જોઈને ખુબજ સેવા કરી રાજી કર્યા. પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પ્રસન્ન થયા એટલે પોતાના અંગો ઉપરથી આભુષણો ઉતારીને ભક્તને પ્રસાદીરૂપે આપી ખુબજ સુખ આપ્યું. શ્રીહરિ ભક્તના ઘેર ભોજન કરીને ભક્તજનને સુખનો ભંડાર કરી દીધો.આવી રીતે ભુમી ઉપર ભક્તજનોના મનને ભાવતા થકા ત્યાંથી જવા માટે તૈયાર થયા.મહા પ્રભુ ઘનશ્યામ ઈડરીયા ગઢના દરવાજે થઈને ભક્તના ભયને હરતા થકા મહાપ્રભુ બહાર નીકળ્યા. મહાપ્રભુ **મોટેરા** ગામે પધાર્યા. પોતાના એંકાંતીક ભક્તના ઘેર ઉતારો કર્યો.શ્રી હરિ મહાપ્રભુ મોટેરા ગામમાં ભક્તજનોએ ભાવથી રસોઈ બનાવરાવી તેના થાળને પ્રભુ જમ્યા.ભક્તજનોને ખુબ સુખ આપ્યાં ત્યાંથી હરિ સર્વના દુઃખને હરતા થકા લોકોને રાજી કરી જવા માટે તત્પર થયા. મોટેરાથી પ્રભુ **વહેલાલ** ગામે પધાર્યા. શ્રીહરિ જગતના નીવાસ ભુત પોતાના દાસ જનોના ત્રિવીધ ત્રાસને હરતા થકા જેસીંગભાઈના માઢની ઉપર ઉતારો કરીને મનોહર મૂર્તિ શોભતા હતા. સુખદાતા દાસના ઘેર વાસ કરીને કમળનયન મનોહર મૂર્તિ ત્યાં શોભતા હતા. સુંદર ભોજન તૈયાર કરીને પ્રભુને થાળ આપ્યો પ્રભુ જમ્યા. ભક્તના ભયને હરતાં થકાં કમળનયન પ્રભુ રાત રોકાઈ ભક્તને સુખ આપ્યાં. જ્યારે સવારમાં પ્રભાતવેળા થઈ ત્યારે પ્રભુ શયનમાંથી જાગી સ્નાનાદી નિત્યકર્મ કરી તૈયાર થઈ પ્રભુ ત્યાંથી ચાલતા થયા. પ્રભુ **વાસદ** ગામે પધાર્યા. તે સમયે પાર્ષદો પ્રભુનું સેવન કરતા હતા ને પ્રભુની સાથે મળીને સહાય કરતા હતા.આવી રીતે અતી સુખદાયક મહાપ્રભુ અતિશય સુખને પામીને સંતોની સાથે કમળ નયન પ્રભુ મુખ મુસકાવતા હતા આ ચરીત્રને જોઈ દેવો,ગંદર્વો ગાયા કરતા હતા. સુખદાયક બોલતા હતા કે અતીશય સત્સંગ ને વિકસાવવા માટે જાય, તે જપતા જપતા જાય નામ જપવાથી અનેક પ્રકારના પાપોનો નાશ થતો હતો. આવી રીતે બહુ નામી પોતાના ધર્માદીક પરીવારની સાથે વીધી પુર્વક પોતાના ધર્મવંશને વધારવા માટે પ્રશંસા કરતા

હતા. શ્રીહરિ મહાપ્રભુ પોતાના ભક્તજનોના નીવાસો જોઈને ત્યાં વાસ કરતા હતા ભક્તજનોના ગર્વને હરતા હતા. પ્રભુ ત્યાં રાત રોકાઈ જ્ઞાન ઉપદેશ કરી અને ભક્તજનોના મનને હરતા હતા ને ભક્તજનોના મન ભાવને પુરા કરતા હતા આવી રીતે ભક્તોના મનોરથો પુર્ણ કરતા હતા. પછી પ્રભુ ત્યાંથી પ્રયાણ કરતા હતા સવારમાં વહેલા ચાલી મહારાજ **સલકી** ગામે પધાર્ય.મહાપ્રભુ ત્યાં પંદર દીવસ સુધી નીવાસ કરીને રહેતા હતા. અગણીત જનોના કાર્યોને પુર્ણ કરતા હતા. સલકીમાં ખુબજ ખેલ કર્યા અને બધાજ સંતોને તેડાવી શીરતાજ પ્રભુ રામદાસભાઈ આદીક બધાજ સંતોને તથા મહાનુભાવાનંદ મુની મહંતોની સભા બોલાવતા હતા.મનોહર મૂર્તિ પચ્ચીશ સંતોને લઈને નદીએ નાવા ગયા.પછી શ્રીહરિ સર્વે સંતો સત્સંગ કરવા જવાની આજ્ઞા કરતા હતા.સંતો જતા હતા. આવી રીતે બધાજ મુનીજનોને દેશદેશાંતરમાં મોકલી ઘનશ્યામ પ્રભુ શોભતા થકા અતી સ્નેહની સાથે પૃથ્વી ઉપર સત્સંગનો પ્રચાર કરવા મુની જનોને મોકલતા હતા ને સત્સંગને વધારતા હતા પછી શ્રી હરી મહાપ્રભુ **સાળંગપુર**ના ભક્તજનોને સુખ આપવા માટે પધાર્યા. મહાપ્રભુએ ભક્તજનોના પ્રેમને વશ થઈ મહાસુખ આપી રાજી કર્યા.

અમદાવાદ પુરમાં શ્રીહરિ સંતોની સાથે સુખ આપવા પધાર્યા ત્યાં બધાજ ભક્તજનોના મનની હામ પુરી કરી સુખદાતા પ્રભુ ભ્રદ્રના કિલ્લામાં પધાર્યા . દુષ્ટજનોને પોતાના સામર્થ્યથી નષ્ટ કર્યા પરાસ્ત કર્યા પોતે સામર્થ્ય બતાવ્યું એવી રીતે પચીસમાં તરંગની શ્રી હરિલીલાસિંધુની લહરી રૂપે પુરી થઈ.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં આઠમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બ્રહ્મચારી રચિત છંદ ભાષામાં અવધપ્રસાદજી મહારાજ આનંદસિંહરાજાના સંવાદમાં શ્રી સહજાનંદ સ્વામીએ પોતાનો પ્રતાપ બતાવીને દુષ્ટ અસુરોનો પરાજય કર્યો તે નામે પચીસમો તરંગ પૂર્ણ ॥૨૫॥**

# તરંગ-૨૬

આનંદ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! શ્રીહરિ કમલ નયન પ્રભુ મનોહર મૂર્તિએ કેવી રીતે ઉત્સવ કર્યો તે ઉત્સવ પ્રભુએ સારંગપુરમાં રંગોત્સવ કર્યો તેની કથા રમણીય છે તે કહો. રંગના ખેલના રંગરેલવાળી કથા મને કહો હે ગુરુ ! શ્રીહરિએ રંગોત્સવ સારંગપુરમાં કર્યો તે કેમ કર્યો તેની કથા મને કહો.

અવધગુરૂ કહે છે હે આનંદ રાજન્ ! તમને મનમાં પવીત્રતા છે તેથી તમે રાજાઓના શિરોમણી તમે છો. તમે જે પુછ્યું છે તે ભલે પુછ્યું તે ચરીત્ર ભયને હરનારાં છે ભગવાનનાં અતિ અદ્ભુત મનોહર ચરિત્રો છે હવે હું તમને બધાં જ ચરિત્રો વિસ્તાર કરીને સંભળાવું છું તમે ધ્યાનથી સાંભળો, અવતારી અલબેલા મહારાજના રંગલીલાનાં જે ચરીત્રો તેતો અતી અદ્ભુત છે.સારંગપુર ગામમાં સારંગપાણી પ્રભુ સુખ આપનારા લોકોને સુખ આપનારા રામપ્રતાપના ભાઈ હરિએ સારો રંગ મંગાવ્યો ને પલાળીને પાત્રોમાં તૈયાર કર્યો. ખુબ જ હરખને પામ્યા દેશદેશથી સર્વે સંતોને તેડાવ્યા સર્વે સંતો આતુરતાથી આવ્યા. મુનીજનોને પોતાના મનમાં ખુબજ ભાવતું મળ્યું. હરખાઈને હોળી ખેલતા હતા ને સુખ આપતા હતા. સુખદાતા પ્રભુ મનમાં ખુબ જ મંદહાસ્ય કરતા હતા. રંગ રમવામાં એક બાજુ એકલા જ શ્રીહરિ સર્વેના નાથ રંગથી ભરેલા પોતે જ બધાને હરાવતા હતા સર્વેની સન્મુખ થઈને સંતો બધા ભેળા હતા. બધાની પાસે રંગના પાત્રો ભરેલા હતા.રંગ નાંખવામાં વાર નહોતા

લગાડતા. સામે તૈયાર જ રહેતા હતા.આવી રીતે શ્રીહરિ હોળીની રમતને હરખથી લોકોને સુખ આપવા માટે આનંદ પુર્વક રમતા હતા.શ્રીહરિની સાથે રંગે રમતા જાય અને હોરી હોરી ગાતા જાય અને ખેલ રમતા જાય. આવી રીતે ભુમી ઉપર ભયને હરીને સુખ આપતા હતા . સૌની ઉપર રંગ વરસાવતા જાય, હાથમાં ઝોળી રાખીને રંગ નાખતા જાય આમ આકાશમાં રંગની ગર્દી છવાઈ ગઈ ત્યારે દેવો આનંદ પામે ત્યારે હરિ પણ અતી રાજી થઈને સુંદર રમત રમતા જાય. મુખથી હાસ્ય કરતા જાય ભક્તોને સુખ આપતા જાય. રંગ રમવાથી ભુમિ ઉપર અતિ કિંચડ થયો એવો બહુ જ રંગ ઉડ્યો, જાણે મેઘની વર્ષા ન થઈ હોય ? તેમ મનમાં આનંદ થયો મુની સમુદાય કોઈ હરિની સામે આવતા જ ન હતા. રંગ નાંખવાના ભયથી ચરિત્રના કિર્તનો ગાયા છે પરિશ્રમ થવાથી પરસેવાના બિંદુઓ મુખ ઉપર દેખાતા હતા તે જોઈને મનમાં આનંદ થયો દર્શનનો લાભ લીધો હરિ હરખાઈને સુંદર રીતની રમત રમતા હતા. હાસ્ય વિનોદ કરતા થકા સર્વેને સુખ આપતા હતા. સર્વના મનને આંજનારા સર્વના ગર્વને તોડનારા સર્વ લોકના નાથ નિરંજન મહા સુખ આપનારા જન્મ મરણના ભયને હરનારા દુઃખને તોડનારા જગતને તારનારા કમળનયન મનોહર નેત્રવાળા મુનીજનોના મનને આનંદ આપનારા ભક્તજનને રાજી કરનારા બલરામના ભાઈ એવા શ્રીહરિની અંજની પુત્ર કાયમને સેવા કાર્યા કરે છે ભક્તજનોનાં કષ્ટોને તોડનારા હસ્તકમળ ચરણ કમળને મુની જનો સેવે છે એવા શ્રીહરિ હરખાઈને રમીને અતિશોભાથી રાજી થતા થકા રમતા હતા સુખ આપતા હતા.રસીક રંગ રેલ મહાપ્રભુ ઘણીવાર સુધી રંગ રમતા થકા આનંદ આપનારા મહાપ્રભુ રમીને સ્નાન કરવા માટે જગતના પતી જગનાથ નદીએ પધાર્યા.નદીમાં ભક્તજનો અને સંતોના સમુદાયની ભીડની વચ્ચે સુખકંદ મહાપ્રભુ સ્નાન કરીને જીવાખાચરના દરબારગઢમાં શ્રી સહજાનંદ સ્વામી પધાર્યા. જગતપતી જગવંદન મહાપ્રભુ સુંદર રસોઈ તૈયાર કરેલી હતી તેને સૌ સંતોની સાથે આરોગતા હતા.મહાપ્રભુ ત્યાં પાંચ દીવસ રોકાઈને પછી ચપળ નથન પ્રભુ લોકોના ચીત્તને ખેંચતા થકા જતા હતા. શ્રીહરિ મહાપ્રભુ સારંગપુરથી ચાલીને **નાગડકા**ના રાજા સુરાભક્તના રાજદરબારમાં પધાર્યા. ત્યાં સુરાખાચરના દરબાર ગઢમાં એક માસ સુધી રોકાઈ દર્શન સુખ અને જ્ઞાન સુખ આપતા હતા.ત્યાં મહાપ્રભુ રોજે રોજ નવા નવા ચરીત્રોને કરતા હતા અને કમળ નયન મહાપ્રભુ લોકોના મનને ખેંચતા હતા. આમ સૌને ધામના ધામી પ્રભુ સુખ આપી આનંદ આપતા હતા. સુરાખાચર ખેલ કરીને શ્રીહરિ મહાપ્રભુને ખુબજ રાજી કરતા હતા અનેક પ્રકાર ના કૌતુકો કરીને પ્રેમથી સર્વના નાથ શ્રી હરી મહાપ્રભુ સુખ આપતા હતા. શ્રીહરિને ઓળખીને ભક્તજનોએ સ્વરૂપનું ધ્યાન ધરીને દેહના ભાનને ભુલી માન તજીને સુખ પામતા હતા. શ્રીહરિ પ્રેમથી જ્ઞાનની વાતો કરીને આનંદ આપીને મનના માનને હરતા હતા. સર્વની ઉપર સર્વોપરી શ્રીહરિ સર્વના આધાર સર્વને પાર કરનારા સુખ આપી ત્યાં નાગડકાના નરનારીજનોના પાપદોષને દુર કરીને નિર્મળ મહાસુખ આપતા હતા.ભક્તજનો પોતાના મુખેથી મહાપ્રભુને દુઃખો કહેતા હતા અને શ્રીહરિ એમના દુઃખોને જાણીને સુખ આપતા હતા.મહારાજ કમળનયન મહાપ્રભુ લોકોના કલ્યાણ કરવા માટે નીવાસ કરીને રહેતા હતા ભક્તજનોને ખુબ ઉપદેશ આપી સુખ આપતા હતા. ગુણના ભંડાર એવા મહાપ્રભુ ગુણવાળું ગામ જાણી, મનોહર ઘરમાં નીવાસ કરીને રહેતા હતા. શ્રીહરિ નાગડકાના લોકો ઉપર સર્વના સ્વામી અંતરયામી મહાપ્રભુ નીવાસ કરીને રહેતા હતા ત્યારે શ્રીહરિ એ સૌ પહેલા રામદાસ સ્વામીને લુણાવાડા ઉપદેશ કરવા કહેતા હતા. પ્રભુનો પત્ર મળવાથી રામદાસ સ્વામી સંત મંડળની સાથે ડભાણ પુરે પધાર્યા. સંતોને આવેલા જોઈને પુરના પટેલો ખુબ જ પ્રેમભાવથી રાખતા

હતા.તેઓ હાથ જોડીને નમ્ર ભાવવાળા થઈને ગર્વ રહીત થઈને નિમર્ળભાવથી કહેતા હતા. હે સંતો મહંતો! તમે સાંભળો જગતના જીવોના પાપનો નાશ કરવા માટે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ મહાપ્રભુના ગુણ ચરીત્રોને વેદો ગાયા કરે છે એવા મહાપ્રભુએ જેતલપુરમાં મહારુદ્ર યાગ કર્યો તેવો જ યજ્ઞ અમારા ગામમાં કરો અને અમને આપના દાસ જાણીને જગતના ગુરૂ એવા આપ અમને અતી ગરીબ જાણી સુખ આપો. આવી રીતે પ્રસિધ્ધ વાતને જાણીને સંતોનો અભિપ્રાય મત જાણ્યો. એટલે રામદાસ મુનીના નામે મધુર વચનો ઉચ્ચારીને બધાજ ભક્તજનો ભેગા થયા.પુરના પ્રેમી પટેલો તથા મતાદાર મુખી મનમાં ધીરજ રાખીને બધાય ભેગા થઈને પત્ર લખાવરાવ્યા. આ બંન્ને પત્રો શ્રીજી મહારાજની પાસે મોકલીશું. આ પત્ર લઈને બે સંતોને જલ્દીથી મોકલીશું સંતો જલ્દી જઈ આના સમાચાર લઈ આવે એટલા માટે બંન્ને પત્રો તૈયાર કરી મોકલ્યા. તે બંન્ને પત્રો લઈને મુની જલ્દી જલ્દીથી ગયા. શ્રીહરિ મહાપ્રભુ નાગડકામાં વીરાજમાન હતા ને બંન્ને સંતો પ્રભુની પાસે આવ્યા. પ્રભુને દંડવત પ્રણામ,વંદન કર્યા અને પત્રો પ્રભુ ને અર્પણ કર્યા. પ્રભુએ પત્ર લઈને વંચાવ્યો. મુની પતીએ તે પત્ર વાંચીને રાજી થયા. દર્ભાવતી ગામે મહારુદ્ર યાગ કરવાના મહત્વના સમાચાર જાણી બધાને જણાવ્યા. આવી રીતે શ્રીહરિ મહાપ્રભુએ આવેલ પત્ર જાહેર કરીને ત્યાર પછી સર્વે હરી ભક્તોને ડભાણ પુર જવાની આજ્ઞા કરી. શ્રીહરિ મહાપ્રભુ બધા જ સંતોની સાથે જવા માટે પ્રયાણ કર્યું તેની કથા તે તમે સાંભળો.

હે રાજન્ ! શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ બધા જ ઘોડે સવારોની સાથે આનંદ સુખ આપતા થકા માર્ગમાં આવેલ **માલપુર** ગામે પધાર્યા. ત્યાંના રાજા **હાલાજી** પ્રભુને આવેલા જોઈ ખુબ જ રાજી થયા. પ્રભુને તેડવા માટે સામા ગયા ત્યારે પ્રભુનો જય જયકાર કરતા ગયા. પ્રભુનું સામૈયું કરવા માટે જાત જાતના વાંજીત્રો વગાડતા થકા ગયા, પ્રભુના દર્શન કરી વંદન કરી પ્રભુના ગુણ ચરીત્રોને ગાતા થકા મહાપ્રભુને પુરમાં લાવ્યા.મહાપ્રભુ સહજાનંદ સ્વામી પુરમાં આવી અને સરોવરની પાળે ઉતારો કર્યો. ભક્તજનના ભાવને જાણીને ત્યાં ભોજન કર્યા, સભા કરી જ્ઞાન ઉપદેશ આપ્યો. ભક્તના ભવભયને હરતા થકા ત્યાં રાત્રીનો વિશ્રામ કર્યો રાત્રે શયન કરી સવારમાં પ્રભાત વેળાએ જાગ્રત થયા.સ્નાનાદી નિત્ય કર્મ કરી સૌની સાથે ચાલવા તૈયાર થયા. ચપલ નયન મહાપ્રભુ ચાલતા થઈને પ્રસિધ્ધ ગામ **બળોલે** પધાર્યા.ભક્તજનોના ભાવને વશ થઈ મહાપ્રભુ રોકાયા મહાપ્રભુ ખટાંણા **રઘાભાઈ** નામથી કહેવાતા હતા તેમના પ્રેમને જોઈને ત્યાં રોકાણા. બળોલમાં મહાપ્રભુ રસોઈ તૈયાર થઈ થાળ જમીને સ્થીર મતીવાળા ભક્તજનોને જ્ઞાન સુખ આપી જન્મ મરણના દુઃખના ભયને હરતા હતા. પ્રભુ એ જવાની ઈચ્છા કરી ત્યારે પટેલ ભક્તે પ્રભુને રોકવાની બહુ તાંણ કરી પ્રભુ સુખદાઈ ન રોકાયા. પરંતુ પ્રભુ પોતાના સંત મહાનુભાવાનંદ મુનીના મંડળની સાથે મુની નાથ ચાલતા થયા **જેતલપુર** પધાર્યા. ભક્તજનોને પ્રભુ સુખ આપતા હતા. મહાપ્રભુ જેતલપુરમાં રાત રોકાયા પ્રભુના ઉપદેશના વચનો સાંભળી દર્શન સુખ પામી પ્રભુને શયન કરાવતા હતા.સવારમાં વહેલા ઉઠી શૌચ સ્નાનાદી બધી ક્રિયા કરતા હતા.રસોઈ તૈયાર થઈ એટલે થાળ આરોગી લોકોના મનને આનંદ આપનારા મહાપ્રભુ સભા કરીને સભાના મધ્યમાં બીરાજમાન થયા. બધા જ લોક સમુદાયને ડભાણમાં રુદ્ર યાગ યજ્ઞ કરવાની વાત જાહેર કરતા હતા.વાત સાંભળી બધા જ ભક્તજનોને આનંદ થતો હતો. મહાપ્રભુ સૌભક્ત જનોને જ્ઞાનની વાતો કરતા હતા.બધા જ સદ્‌મતી લોકો પ્રભુની જ્ઞાનની વાતોને પોતાના મનમાં ઉતારતા હતા.એટલામાં જ્યાં પ્રભુ હતા ત્યાં જ અતી દુષ્ટ મતીવાળો અસુર આવ્યો. એનો વેશ અતીત બાવા જેવો હતો. એના દીલમાં મલીન ભાવ ભરેલો હતો.તે પાંચ હાથ જેટલો ઉંચો અને

પુષ્ટ શરીરવાળો મહાદુષ્ટ ગર્વથી ભરપુર, ઉધ્ધત બુધ્ધીવાળો લોકોને કોઈને ગણતો જ ન હતો.તે દુષ્ટ ઘનશ્યામ પ્રભુને મારી નાખવા માટે જ આવેલો કપટથી કટારને કપડામાં ઢાંકી રાખેલી બગલમાં દબાવી રાખેલી અને ખાખરાનો દંડો રાખી એની ચેષ્ટા કરતો ત્યાં આવ્યો તે દુષ્ટના નેત્રોને જોઈને શ્રીહરિ મહાપ્રભુ પોતાના સેવકોને સાન કરી સમજાવી દીધા. શ્રીહરિની મરજી જોઈને તરતજ ડુંગરજી ભક્તે તરત જ તે અસુરનો હાથ પકડી જોર કરીને ધબાવીને બળથી બહાર કાઢી મુક્યો.ધસીને પાછો આવે ને ધક્કામારીને કાઢે આવી રીતે એના માણસોની સાથે આવેલો તેના અઢાર માણસોને પાછા કાઢ્યા ત્યારે તે અસુર અકળાઈને પોતાની કટાર બહાર કાઢી. આવી રીતે તે કપટીના કપટ જોઈને બધા લોકો સંકીત(સંશય) મનવાળા થયા અને મહાપ્રભુનો આવી રીતનો પ્રતાપ જોઈ સૌ નરનારીજનો હરખ પામવા લાગ્યાં.તે દુષ્ટ ભોંઠો પડી ગયો. મતી ભ્રષ્ટ પોતાના માંનનો ભંગ થયેલો જાણીને મુંજાતો થકો તે કપટ ગુરુ મુખેથી ભ્રષ્ટવાળી બોલતો થકો જતો હતો. શ્રીહરિએ ખળના બળને હણીને ખળના કામનું ખંડન કરીને એના બળને પૃથ્વિ ઉપર જામવા ન દીધો. મહાભયંકર અસુરને પરાસ્ત કરવા માટે સંતો પણ પ્રભુની પાસે હાજર જ હતા. આવી રીતે ચરીત્ર કરી મહાપ્રભુ કમળ નયન જગના જીવન પ્રાણ પ્રભુજી પોતાના આશ્રીત ભક્તજનોની સાથે સર્વને સુખ આપી ત્યાંથી ચાલતા થયા. મહાપ્રભુ જેતલપુરથી **કાશીન્દ્રા** ગામે પધાર્યા.કમળનયન પ્રભુ કનુભાઈ બ્રાહ્મણના ઘેર ઉતારો કરીને રહ્યા ભક્તને ભય મુક્ત કર્યા.મહાપ્રભુ ત્યાં રાત રોકાણા.ભક્તજને બનાવેલા થાળ પ્રભુ આરોગતા હતા ભુદેવને પ્રભુ પોતાનો ભક્તજાણી સેવાનું સુખ આપતા હતા. પ્રેમથી તે વિપ્રને પહેરેલો રેંટો પ્રસાદી તરીકે આપ્યો. આ પ્રસાદીના ગુણને નિગમો કાયમ ગાયા કરે છે. રાત્રે શયન કરી સવારમાં સુર્ય ઉદય થયો છે એમ જાણી પ્રભુએ પ્રાઃત ક્રિયા કરી તૈયાર થયા થાળ તૈયાર થયો એટલે થાળ જમ્યા સર્વના ભયને હરનારા મહાપ્રભુ.તે ગામના કાશીન્દ્રા ગામના ઐંકાતીક પ્રેમી ભક્ત પટેલ **રઘુનાથભાઈ** હતા. તેને ઐંકાતિંક ભક્ત જાણી ખુબ જ ભાવ પ્રેમથી પ્રભુને આગ્રહ કરતા હતા તેથી તેને વશ થઈ તેની મેડી ઉપર ઘનશ્યામ પ્રભુએ ઉતારો કર્યો.સુખ આપીને પ્રભુ હરખાયા. એટલામાં ત્યાં મહાનુંભાવાનંદ મુની મંડળ સાથે બળોલના ભકતોને સુખ આપી ચાલીને ત્યાં આવ્યા. સર્વ ભક્તોની સાથે પ્રભુને જમાડયા. ભક્તજનોના દુઃખોને હરતા થકા દુઃખોને હરીને આનંદ કરીને મંદ હાસ્ય કરીને સૌને આનંદીત કરતા હતા.જયારે જગતના સ્વામી મહાપ્રભુ જમીને બેઠા હતા પાસે સંતો હરિભક્તો પણ બેઠા હતા એટલરમાં જ જેતલપુરથી ગંગાદાસ ભકંત ઉત્સાહથી ત્યાં આવ્યા. પ્રભુને આવી પ્રણામ કર્યાં. તે ગંગાદાસ પ્રભુને તેડવા માટે આવ્યા હતા. તેથી મહાપ્રભુ તેના પ્રેમને વશ થઈ બધા ભક્તજનો સાથે ખુબ રાજી થઈ સંત મંડળ સાથે શોભતા થકા લોકોના મનને આનંદીત કરતા થકા **જેતલપુર** પધાર્યા. શ્રીહરિ મહાપ્રભુ પોતાના મંદિરમાં જ મુકામ કરીને રહેતા હતા એ પ્રભુની મૂર્તિ મનોહર રૂપવાળી કરોડો કામને મોહ પમાડે તેવી શોભે છે એવા કમળ નયન પ્રભુ અંનત જીવોને સુખ આપવા લીલા કરતા હતા. કડવા કણબીના વીવાહ જયાં સુધી ચાલે ત્યાં સુધી તેને શોભાડવા માટે ત્યાં સુધી જેતલપુરમાં જ રહેવાનું પ્રભુને આગ્રહ કરીને વિનંતી કરી ભક્તજનોના ભાવને વશ થઈ ત્યાં રોકાણા.

હે રાજન્ ! મહાપ્રભુ જેતલપુરમાં વીશ પચ્ચીસ દીવસ સુધી રોકાઈ જગતપતી ચાલતા થયા. શ્રીહરિ રોકાઈ ત્યાંથી ચાલતા થયા ઉતાવળે ઉતાવળે **ખોખરા-મહેમદાવાદ** પધાર્યા.શ્રી હરીએ ત્યાં ખેલ કરવાના ખેતરની ખાત્રી કરી ખલબલ ખંડન નાથ મહાપ્રભુ અસુરોની સેનાને અસુર શત્રુની જોડે જ સામ સામા લડાવીને ઠેકાણે પડાવતા હતા.

શ્રી હરિ મહાપ્રભુએ અલૈકીક લીલા કરીને સારંગપુરમાં ખુબ જ સુખ આપનારા ખેલો કર્યા. મહાપ્રભુ પ્રેમી ભક્તોની સાથે પવીત્ર ગરીબોને જ્ઞાન સુખ આપ્યા એમની આશાઓને પુરી કરી જગતને તારનારા જગતના સ્વામી બળોલ ગામે થઈ જેતલપુર ગામે પધાર્યા. ત્યાંની લીલા વર્ણવી એવી રીતે આ છવીસમાં તરંગની શ્રી હરિલીલાસિંધુંની લહરી રૂપે પુર્ણ થઈ.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં આઠમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બ્રહ્મચારી રચિત છંદ ભાષામાં અવધપ્રસાદજી મહારાજ આનંદસિંહરાજાના સંવાદમાં શ્રી સહજાનંદ સ્વામીએ ખોખરા મહેમદાવાદમાં આગમન કર્યું તેનું વર્ણન કર્યું તે નામે છવીસમો તરંગ પૂર્ણ ॥૨૬॥**

## તરંગ-૨૭

આનંદ રાજા પુછે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! આપ જાણતા હો તે વાતો વિસ્તારીને મને કહો અને ખોખરામાં પ્રભુ પધાર્યા ત્યારે પ્રભુએ આ ભુમીના ભારરૂપ અસુરોનો નાશ કરવા પ્રભુ ખોખરાની ભુમી ઉપર કેવી રીતે જાહેર થયા ? અશુરોની સેનાને કેવી રીતે પરાસ્ત કરી ? તેઓ કેવી રીતે આવી ચડ્યા ? કેવી રીતે ખબર પડી અને અસુરોનો કેવી રીતે નાશ કર્યોને ભુમીનો ભાર હળવો કર્યો ?આ બધી લીલા સુખના સાગર શ્રીહરિની સાંભળવા યોગ્ય છે તે સુખધામ પ્રભુની રણની લીલા માં ખુબ જ રસવાળી વાતો છે તેથી તે સાંભળવામાં ખુબ જ જીજ્ઞાસા થાય છે તો સંભળાવવા કૃપા કરો.મારૂ મન ખુબ સાંભળવાની તલસા રાખે છે.તેથી રસનાવીર પ્રભુ શ્રીહરિની વાતોને ખુબ પ્રેમ કરીને કહો ને અસુરોની સેનાને મહા પ્રભુ કેવી રીતે ભીડાવીને આ ભુમીનો ભાર ઉતાર્યો તે કથા મને કહો.

અવધપ્રસાદજી દેવ કહે છે, હે રાજન્ ! તમારી મનની આશાઓ ધર્મ પ્રત્યેની ભાવનાવાળી છે તેથી તમને ધન્ય છે તમે તો રાજનીતીની રીતીને તોડી દીધેલ છે તોય ઘનશ્યામ પ્રભુની સંગ્રામની લીલા પુછી છે તે તમને સાંભળવામાં બહુ જીજ્ઞાસા જણાય છે. વીર રસની વાતમાં તમારી અંતરની રૂચી વધારે દેખાય છે તેથી રાજન તમારે તો સાંભળવી છે તે ભગવાનના ચરીત્રની વાતો છે તે બુધ્ધીને પવીત્ર કરનાર છે તમને સંસારથી વિરક્તી છે માટે તમે સાંભળો. એ કથાને મે મારી યોગ્ય બુધ્ધીથી સાંભળેલી છે તેને હું મારા હૃદયમાં ધારણા કરી તમને વિસ્તારથી કહું છું તે સાંભળો.

શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુ જેતલપુર ધામમાં રહીને બધું જાણતા હતા તેથી તેઓના (અસુરોના) અભીમાનને તોડવા માટે **ખોખરા** ગામે પધાર્યો. પોતાના આશ્રીત ભક્ત નથુભટ્ટ નામના હતા તેઓ ભગવાનનું ભજન સ્મરણ કર્યા કરતા હતા તે ભલા ભક્ત ભટ્ટજી સુર્ય સમાન તેજસ્વી પ્રકૃતી વાળા હતા ને અખંડ પ્રભુના સ્મરણમાં રહેતા હતા. એવા એકાંતીક ભક્તને ત્યાં પ્રભુ તેજો મૂર્તિ ધામના ધામી ઘોડી લઈને પધાર્યા. સાથે સંતો પાર્ષદોની વચ્ચે શોભતા થકા આવ્યા. માર્ગમાં આનંદના ઓઘને ઉછાળતા થકા સુખ આપતા પધાર્યા.મહાપ્રભુ નથુ ભટ્ટના ઘેર નીવાસ કરીને રહેતા હતા.ત્યારે નિત્ય પ્રભુ નાવા માટે કાંકરીયા સરોવરે પધારતા હતા. સવારમાં વહેલા ઉઠીને પ્રેમથી નાવા પધારે ને દીવસ પહોર એક સુર્ય ઉપર ચડે ત્યાં સુધી રોકાતા હતા.હે રાજન્! ત્યાં સુધી મહાપ્રભુ રોકાતા હતા સાથે સંતો, મુક્તો, અશ્વારો, સત્સંગી સમાજ બધા રહેતા હતા. શ્રીહરિ વીર રસના

પદો ગાતાને ગવરાવતા હતા ને સૌ હેતથી સાંભળતા હતા. શુરવીરતાના પદો સાંભળીને પ્રાચીન કિલ્લાની સ્મૃતી થઈ જાય. જાણે પાંચ પચ્ચીસ જણે જોહર કર્યા ન હોય ? તેમ ભ્રાંતી થતી હતી. યુગોના અંતનો જાણે સિંધુડો રાગ ગાતા હતા. રોજ કાંકરીયા સરોવરમાં નાતા હતા.ફરી પાછા આવતા ત્યારે પ્રેમથી ગાતા આવતા જતા હતા. બંન્ને વખત પ્રભુ ગાતા ને નવરાવતા આવી નિત્ય ક્રિયા ચાલતી હતી. રસોઈ તૈયાર થાય તેમાંથી પ્રભુ માટે રસદાર થાળ તૈયાર કરીને હરિને જમાડતા ત્યારે તેમાંથી પ્રભુ જે વસ્તુ પોતાને પ્રિય લાગે તે જમતા.ભક્તજનોને સુખ આપતા.મહાપ્રભુ રોજ ગામની બહાર મોટા આંબલીના વૃક્ષો હતાં તેની નીચે સભા ભરતા. એ સભામાં પ્રભુ ઉપદેશ આપતા. એવી મનોહરતાનું કવીઓએ બહુ વર્ણવેલું છે.આવી રીતે મહાપ્રભુ આનંદ આપતા થકા સર્વ સંત સમુદાયની સાથે રોજેરોજ પવિત્ર જ્ઞાન ઉપદેશ આપતા હતા ને ભક્તજનો આનંદનો ઓઘ વહેરાવતા હતા.આવી રીતે શ્રી મહાપ્રભુ ખોખરાપુરમાં રહેતા ને અદ્‌ભુત લીલા કરતા હતા.હે રાજન્ ! આમ લીલા ચરીત્ર આનંદ કરતા એકાદશીનો દીવસ આવ્યો.એ અનુપમ એકાદશીના દીવસે ઘનશ્યામ પ્રભુ સંતોની સાથે એકાદશીનું વ્રત કરતા હતા.ત્યારે શીવકુંવર બાઈએ ઘનશ્યામ પ્રભુને સારા કેળાંના ફળો લાવીને આપેલાં ને સારા ચોખ્ખા પેંડા તૈયાર કરીને સંતોની સાથે ઘનશ્યામ પ્રભુને જમવા માટે આપ્યાં. આવી રીતે એકાદશીના દીવસે પ્રભુને સંતોને ફલાહાર કરાવ્યો તેના તો જગતના ફેરામાંથી છુટવાનો માર્ગ મોકળો થયો અને પ્રભુ પણ ભાવથી ભોજન કરી સંતોને જમાડી અને ભક્તોને ખુબ આનંદ આપતા હતા.મહાપ્રભુ દરરોજ સંતો ભક્તોની સાથે ગાતા થકા કાંકરીયા સરોવરમાં પધારતા હતા.જ્યારે નાવાની ઈચ્છા થાય ત્યારે પ્રભુ કાંકરીયા પધારતા હતા.

અલબેલ મહાપ્રભુ કાંકરીયા સરોવરમાં જળ ક્રિડા આદીક અનેક ખેલો કરી લીલા લહેર કરતા હતા એવા સમયમાં જ આસુરી જનોને પ્રભુ અને ભક્તજનોની સાથે ભુમી ઉપર વૈર પ્રગટ થઈ ગયું હતું એટલે અસુરોની મોટી જમાત આવતી હતી. તેઓ પ્રસિધ્ધ ખળો હતા ને ધરા ખંડને ઉધ્ધતાઈથી ધ્રુજાવતા હતા. લોકોને ભયંકર ભય બતાવતા હતા, મનમાં અતીશય અહંકાર ભરેલા હતા એમના અભીમાનથી ગગનમાં ઉંચી ધજાઓ ફરકાવતા હતા, એમના વેશને જોઈને દેવો પણ ભય પામતા હતા. આવા ભયંકર હાથમાં ચક્ર, ધનુષ, બાણ, ચીપીયા વગેરેને ધારણ કરેલા લડાઈ કરવા માટે તૈયારી કરી ધસી આવતા હતા. જાત જાતના બુમબરાડા કરતા ચારેબાજુ ખળોના ટોળાઓ આમ તેમ ફરતા હતા. અડબંગા, હુડધંગા અંગોવાળા બધાને કાળી મેષના જેવા કાળા શરીરે પાંચેક હાથ ઉચાંઈવાળા, પોતાના ધ્યાનમાં નારી ધનનું ધ્યાન કરનારા એવા તેઓને કોઈ જીજ્ઞાસુ ભક્ત મોક્ષ માટે જ્ઞાનની વાત પુછે તોએની ઉપર ભુરકીયા કરી મારવા માટે દોડતા હતા. તેઓ રણ સિંઘા શંખો, નોબતોને વગાડતા હતા. આવા લોકોને જોઈને યમદુતો પણ લાજ શરમને પામતા હતા. કેમ કે એમની દ્રષ્ટી કરડી હતી માથાના કેશો છુટા વીખરાયેલા લટકતા હતા, ચહેરો ભયંકર કરેલો, મનમાં માનનું મહા ભુત ભરાયેલું હતું આવા ભયંકર અસુરો આવતા હતા.હે રાજન! આવી રીતે ત્યાં અસંખ્ય અસુરોના ટોળા ધસીને આવ્યાં.તાલની સાથે શીવના ગણોની માફક ભયંકર વેશવાળા શોભતા હતા. તેઓના વેશમાં કેટલાક માંથા ઉપર વાળની જટા રાખેલા, કેટલાક ટુંકા વામન શરીરવાળા, ક્રુરૂપતાવાળા, કેટલાક અતી લાંબા શરીરવાળા, મોટા પેટવાળા, લાંબા મુખવાળા, લાંબા દાંતવાળા, મોટા કાનવાળા, બડભંગી-જાંગી અતીબળવાળા,જાણીને મહા ભયંકર વિકરાળ મુખવાળા, મુખથી ભયંકર મલીન વાણીને બોલતા થકા ત્યાં આવ્યા.તે ખળ પોતે પોતાને વૈષ્ણવ સાધુ કહેવરાવતા હતા. મનમાં ધન અને સ્ત્રીની આશાવાળા અને વાસનાઓની આસક્તિવાળા, જ્ઞાન

મોક્ષની તો કોઈ વાતજ નહીં કરવાની કોઈ મોક્ષની વાતો પુછે તો તેની ઉપર દુષ્ટ ખળ વૈરવૃત્તિ રાખતા હતા.

હે રાજન્ ! પ્રગટ ભગવાનની વાતનો લગારે મનમેળાપ બેસેજ નહિં એ લોકો ધતીંગવાળા હતા, મનને ઘડી ઘડીએ ફેરવવા વાળા હતા. તે અસુરો અનંતની સંખ્યામાં આવ્યા હતા ને તળાવની પાળી ઉપર જ ઉતારો કરીને રહ્યા. આવા સમયમાં સહજાનંદ સ્વામી પ્રગટ પ્રભુના સંતો અવાર નવાર અમદાવાદ નગરમાં ઝોળી ફરવા જતા હતા. તે સંતોને અવાર નવાર જતા જોયેલા ત્યારે બે સંતો ઝોળી ફરીને ઉતારે પાછા આવતા હતા તેઓને પકડ્યા. પ્રાણ હરી લેવા માટે મારવાની દાનતથી લઇ ગયા. તે સંતોના માથા ઉપર પોતાનો વજનદાર સામાન ચડાવ્યો ને બંદુકના કંદાનો માર મારતા હતા ને મારતા મારતા હાથ પકડીને સંતોને લઈ જતા હતા. તે કપટીઓ કઠોરતાથી જોર કરીને લોકોને જોતા જોતા પોતાના સ્થાને લઈ ગયા. હે આનંદ રાજન! તે અસુરો સંતોને અતીપીડા આપતા હતા ત્યારે દેવો તે ત્રાસને જોઈને સૌ હાહાકાર કરતા હતા પ્રભુને વિનવતા હતા હે પ્રભુ આ અસુરોનો નાશ કરો આ બહુ બળઅભીમાન વાળા થયા છે. આ બધુ જોઈ ત્રાસથી પૃથ્વી કંપતી હતી ધરતી કંપ થતા હતા અને અધમના ભાર હરવા પૃથ્વી સમર્થ ન થઈ, તેનાથી પૃથ્વી અતીશય આકુળવ્યાકુળ થવા લાગી ત્યારે સજ્જનો સર્વે પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યા હે પ્રભુ ! આ ભુમીના ભારને દુર કરો પાપીઓનો નાશ કરો. આવી રીતે લોકો પ્રાર્થના કરતા હતા. ત્યારે તે ખળો બંન્ને સંતોને પોતાના અખાડામાં લઈ ગયા. બુદ્ધિહીન તેઓ ભગવદીય સંતોને માર મારતા હતા ત્યારે પુરબીયા જનો સંતોના પીડા ને જોઈ ન શક્યા એના અંતરમાં ખુબ દયા આવી ગઈ. ત્યારે તે અડબંગી ને લોભાવી સંતોને બીવડાવીને છળકપટ કરીને બંન્ને મુની જનોને કપટથી છોડાવી દીધા. અને તે અસુરોના અંગ થરથર કંપતા હતા જેવી રીતે જળનો અતી પ્રકોપ થાય ત્યારે જળના પ્રવાહમાં બધું ધોવાઈ જાય તેમ બંન્ને મુની જનો અસુરોના હાથમાંથી છુટી વેગ પુર્વક મહારાજ ની પાસે આવ્યા. અસુરોએ ખુબ જ દુઃખ દીધું તે મહારાજને જણાવી દીધું. ત્યારે મહારાજ સંતોના દુઃખને જોઈને દેવાધી દેવ પ્રભુના બંન્ને ભુજાઓ ફરકવા લાગી થોડીવાર રહી પછી સ્થીર થઈ ગઈ. આવી રીતે પ્રભુએ સંતોની રીતને જાણીને મહાપ્રભુએ ક્રોધને દબાવી દીધો અને મહારાજ પોતાના મનમાં વીચાર કરીને સંતોને માટે મધુરવાળીથી કહેવા લાગ્યા. શ્રીહરિ સંતોને કહે હે સંતો ! તમે બધા જ સંતો અત્યારે જ સુરત શહેર પ્રત્યે જાઓ ત્યાં ફિરંગી સરકારનું રાજ છે તેથી તે તમારી રક્ષા કરશે માટે ત્યાં જઈને વાસ કરો. તેઓ ભગવાનની ઈચ્છાથી જ આવેલા છે. અહિં વસવાટ કરેલ છે બધા જ રાજનીતીને જાણનારા છે તેથી સારી રીતે ન્યાય આપશે. ન્યાયની રીતે રાખશે. નારી નરને યોગ્ય રીતે સારી રીતે શાસન કરીને સાચવનારા છે તે તમને સાચવશે. તે અંગ્રેજ તમારી રક્ષા કરશે કહેશો તે મદદ કરશે. આમ કહીને પ્રભુ કહેતા હતા કે સંતોને ધનદોલત માન સનમાન ની આશા ન રાખવી. અભીમાની એના વીના ન રહી શકે, એ પાપીઓ તેના માટે જ જતન કરતા રહે છે ત્યારે જ એમને શાંતી થાય છે. આમ પ્રભુનું કહેવું સાંભળીને સર્વે સંતો પ્રભુના ચરણ કમળમાં વંદન કરીને ચરણ સ્પર્શ કરી ચરણમાં મસ્તકને નમાવીને પ્રેમ પુર્વક પ્રભુને વંદીને ગુજરાતનો ત્યાગ કરીને સુરત શહેરે પધારતા હતા. જ્યારે બધા સંતો ગુજરાત છોડીને સુરત શહેરમાં ગયા એવા સમાચાર જાણ્યા પ્રભુને શાંતી થઈ. રાત વિત્યા પછી સવારમાં વહેલા ભગવાન કાંકરીયા સરોવરમાં સ્નાન કરવા માટે પધાર્યા. શ્રીહરિ મહાપ્રભુ સરોવરમાં સ્નાન કરી અતિ શુધ્ધ થઈ અંગોને કોરાકરી વસ્ત્રો પહેરીને પોતાના ભક્ત પાર્ષદો અશ્વારોને પાલન કરવા વાત કરતા હતા. સરોવરમાં પાણી આવવાની જગ્યા સારી છે ગરનાળાં સારાં છે એની ઉપર પ્રભુ બેઠા. ત્યાર પછી મહાપ્રભુ પાર્ષદોને પ્રીતી કરીને કહે તમે બધા એક ચીત્ત થઈને મારી વાત સાંભળો. બધા જ સૈનીકો અમારી પાસે રહો. બધા જ હથિયારધારી અમારી સુરક્ષામાં સજ્જ રહો. અર્ધા સૈનીકો સરોવરમાં સ્નાન કરવા માટે જાવ. અને અડધા અમારી સુરક્ષમાં સજ્જ

રહો. બીજા પ્રેમથી સ્નાન કરીને પછી આવો. આવી રીતે ઘનશ્યામ પ્રભુએ આજથી નવીન રીત ચાલુ કરાવી. આ રીતની વાતને સાંભળીને ભક્તો ચકીત થતા આ રીતને ચલાવી તે તો પોતાના દાસ ઉપર દયા કરીને સુખ આપવા ચલાવી. બધા સરોવરમાં સ્નાન કરી રહ્યા એ પ્રમાણે પ્રભુએ જાણ્યું પછી ચપળવર શ્રીહરિ ઘોડા ઉપર અશ્વાર થઈને ચાલતા હોય તેમ ચાલતા હતા. મુની મુક્તાનંદજી અને બ્રહ્માનંદ મુની બંન્ને સંતો શ્રીહરિની પાસે સાથે ચાલતા હતા. સર્વે વાજતે ગાજતે પ્રભુને પુરમાં લઈને આવતા હતા ભક્તજનો પ્રભુનો જયજયકાર બોલી ગજવતા હતા. પુરમાં પ્રવેશી પુરથી પુર્વ દીશા તરફ નજર કરી. ત્યાં આગળ આંબલીના મોટા મોટા ઝાડો શોભતાં હતાં. શ્રીહરિ મહાપ્રભુએ તે આંબલીઓની નીચે પાટો પથરાવી તેની ઉપર ગાદીતકીયા નંખાવરાવ્યા. આવી રીતે ગુણવંત પ્રભુએ પથરાવ્યું. શ્રીહરિ મહાપ્રભુ શાંતીથી બેઠા. સભા ભરાણી અને તે સભામાં વીર રસની વાતો શ્રીહરિ કરતા હતા. મનના બધા ભારને હળવો કરતા હતા ને કહેતા હતા કે આ દેહતો નાશવંત છે એમ તમે માનજો. જીવ અછેદ્ય, અભેદ્ય, અરૂપ અને અમાપ છે એનું કોઈ પ્રમાણ નથી એવો જીવ છે. મહાપ્રભુ આવી રીતની વાતોને કરતા હતા એવામાં થાળ તૈયાર થયો એટલે ભક્તજનોની સાથે પ્રભુ થાળ જમવા માટે પધારતા હતા. જ્યારે જગજીવન પ્રભુ જમવા માટે પધારતા હતા ત્યારે મુક્તાનંદ મુનીને વાત કરતા હતા કે તમે આ પાટ ઉપર બેસીને સુંદર જ્ઞાન ઉપદેશની વાતો કરો તમે તો બહુ જ જ્ઞાની છો. આમ શ્રી હરિની વાત સાંભળીને મુક્તાનંદ સ્વામી વાતો કરતા હતા ને જ્ઞાન ઉપદેશ આપતા હતા. શ્રીહરિ પુરમાં જવા માટે પાર્ષદોની સાથે સખાઓની સાથે તથા પધાર્યા. પોતાના પ્રીય ભક્તના ઘેર રસયુક્ત થાળ જમવા માટે પધાર્યા. પ્રભુ આસન ઉપર બેસી થાળ જમતા હતા ને સુખ આપતા હતા.

હે રાજન્ ! શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ જ્યારે જમવા પધાર્યા હજુ જયાં થાળ જમવાની તૈયારી કરતા હતા ત્યાંતો તૈયાર થઈને અસુરોની સેના જીવોને ભય પમાડતા થકા પૃથ્વના ભારરૂપ ત્યાં આવ્યા. તેઓ ચારે બાજુથી આવ્યા હતા. પોતાના હાથોમાં ને અંગો ઉપર હથીયારો ધારીને આવ્યા હતા. બધાય ભેગા મળીને ચારે બાજુથી ગામને ઘેરી લીધું ધરુ ધરુ કહેતા હતા ને ચારે બાજુ જતા હતા. આ રીતે અસુરોને આવતા જોઈને મુક્તાનંદ સ્વામી તરત જ દોડીને ગામમાં જતા રહ્યા. સંતો ભુમંડળની ભુમી ઉપર સુરતપુરમાં ગયા હતા. શાંતીની ભુમીમાં ગયા. આ રીતના અસુરની વાતને જોઈને સંતોની રક્ષા કરી. આ સર્વે અસુરો શ્રીહરિની પ્રેરણાથી આવેલા હતા. આખી સેના તૈયાર થઈને જ આવેલી હતી. આ રીતે પ્રભુ ખોખરા પુરમાં લીલા કરતા હતા તે લીલારૂપ આ સત્યાવીસમું તરંગ પુર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં આઠમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બ્રહ્મચારી રચિત છંદ ભાષામાં અવધપ્રસાદજી મહારાજ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રી હરિ સહજાનંદ સ્વામી ઉપર કપટી પાપી અસુરોનું ટોળું આવ્યું એનું વર્ણન કર્યું તે નામે સત્યાવીસમો તરંગ પૂર્ણ ॥૨૭॥**

# તરંગ-૨૮

આનંદરાજા કહે છે હે અવધપ્રસાદજી ! આ અસુરોનું ખળબળનું વર્ણન કરો, તે કેવા રૂપનું આ ખળબળ હતું જે ભારતની ભુમી ઉપર જે હુમલો કરવા આવ્યા તેવાની બુધ્ધીનું વિગતવાર વર્ણન મને સમજાવો. જેવી રીતે અસુર યોધ્ધાઓ રણમાં છુટ્યાં હતા તેવી રીતે મને કહો ને સમજાવો. આ લડાઈમાં કોની જીત થઈ તે બધી જ વાતો મને વિસ્તારીને સમજાવો. શ્રીહરિની યુધ્ધ લીલાને ખેલતા હતા તે સમજાવો.

અયોધ્યાપ્રસાજી મહારાજ કહે છે, હે નૃપતીવર! તમને ધન્ય છે ધર્મને ધારનારા શ્રીહરિની અલૌકિક લીલાનું

તમે જેવું પુછ્યું તે હું તમને વિસ્તારથી કહું છું. ભારત વર્ષની ભુમિ ઉપર પ્રસિધ્ધ એવી આ રમખાણની વાત તમને કહું છું. તે તમે ધ્યાનથી સાંભળો. આ અસુરો અસ્ત્ર શસ્ત્રોને ધારણ કરીને આવ્યા.ભુમી ઉપર બધાને ભય આપનારા ભુમીના ભારરૂપ એવાં જે દુર્મતિ અતી કુરૂપ એવા તે બધા સંતોના દ્વેશી અતી ભયંકર એ સર્વે હતા. તેઓ ઉચાં રૂષ્ટપુષ્ટ લડાઈ ઉધ્ધતાઈમાં લગારે લજ્જાતા નથી. ઘરના વરઘોડાની બધીજ સ્થિતી અતિ ભયાનક લાગે અતિ ભયપ્રદ ભુમીના ભારરૂપ એના કારણરૂપ એ અધમ રહેલા હતા. દીવાની મેષ જેવા શરીરવાળા, વાંકાં નેત્રોવાળા, ક્રોધથી લાલ થયેલા નેત્રો વાળા, માથા ઉપર લાંબા વાળ વાળા, ક્રોધથી હોઠ ફરકતા હતા, હાથ સર્પની ફેણ જેવા જણાતા હતા. તે અસુરો આયુધ્ધોને ધારણ કરીને ભય બતાવીને ધન હરીલે છે, મન મુખી રીતે ફરનારા,મદ અભીમાનમાં સ્થીર થઈને વર્તનારા, તોપને ધારણ કરીને હાથમાં તલવારો ધારણ કરનારા તથા બરછી ધારીને, તરસી-ફરસી ધારણ કરીને લોકોને ભય બતાવતા હતા. ભાલાને ભયંકર તીરોને હાથમાં રાખીને ફરતા હતા અને કાળા મેષ શરીર ઉપર કટારીઓને ધારણ કરીને ભયાનક રૂપ દેખાતું હતું અને ભુતોનો આશ્રય કરતો હતો એ આ સેનાનો નાયક હતો. એ લોકો જ્યારે હુમલો કરવા આવ્યા ત્યારે પખવાજો, રણશિંગાઓ ધારણ કરીને ખુબ જોરથી વગાડતા થકા પહાડની માફક ઉભા હતા. ખડકંધ પહાડ જેવા ઉભેલા જોઈને ભય લાગે એવા રૂપે દેખાતા હતા.તે બધા જ વામ માર્ગીઓ કામમય વીલાસની વાતો કરતા હતા. સ્ત્રીઓને બળથી ભય આપી લલચાવી પુરના લોકોને ફસાવતા હતા. એવા ખળ જુથ ઉડાઉ કરવાની રીતને ખટકાવતા થકા ઉંચે સાદે ગરજી ને ગોરવાણી બોલીને લોકોને બાંધતા હતા. હાથમાં ભયંકર તલવાર ધારણ કરીને ભુમી ઉપર ભયને ફેલાવતા હતા. ચારે બાજુ ભમતા હતા. યુધ્ધનો ભય ફેલાવી સ્ત્રીઓ બાળકોને ભય ઉપજાવતા હતા.આવી રીતે ખળ અસુરોના નેજા નીશાન ફરકતા હતા. શંખો વાગતા હતા. રણસીંગા તથા નોબતોને રાખીને વગાડતા હતા. ભયંકર ઘોર શબ્દો કરીને વાતાવરણ ગજવતા હતા. મસ્તક ઉપર ટોપા ધારેલા સારી રીતે બાંધીને રાખનારા શુરવીરના પરાક્રમને રણમાં ધીરજ રાખે, તેમ ઉપદેશ કરીને ખાલી બકવાદ કરીને ડારાઓ આપીને લોકો પાસેથી ધન પડાવતા હતા.લોકોની સાથે લડાઈ કરવામાં લગારે ભય પામતા ન હતા.ખળ લોકો હાથમાં ખડગ ધારીને ખળની માફક ફરકતા હતા. પોતાના મનમાં ખુબ જ બળના અભિમાનને ભરીને ચારે બાજું બકવાદ કરીને ઘોંઘાટ કરીને બુમો પાડતા થકા આવતા હતા. ત્યારે મુક્તમુની એમને જોઈને સભામાંથી ઉઠીને ભાગી ને જતા રહ્યા.મુક્તાનંદ સ્વામી દોડતા થકા બ્રાહ્મણ ભક્તને ઘેર જતા હતા અને અસુર એમની પાછળ દોડતો થકો જતો હતો. બીજા અસુર રોકાયા એક જ અસુર પાછળ આવતો હતો એ પ્રમાણે સ્વામી જોતા હતા. એવા અસુરને જોઈને શ્રીહરિના ચરણમાં પ્રેમ ભક્તિવાળા ભક્તજનો દરબારો બળવાળા શુરવીર **અઘરાજી ને અમરાજી** બંન્ને ડાભી સાખાથી પ્રસિધ્ધ થયેલા તે બે હાજર હતા. મુક્તાનંદ સ્વામીની પાછળ અસુર આવતો હતો તેની ઉપર દરબારે ખુબ જ કસીને તલવારનો ઘા કર્યો અને કઠોર લાગ લીધો પણ તેનો પગમાં ઘા વાગ્યો તેથી તે અસુર ચક્કર ખાઈને ભુમી ઉપર પડી ગયો. તે પોતાની કરણી પ્રમાણે ફળ મેળવે છે પ્રાણ ત્યાગ કરી ગયો ત્યારે બીજા અસુરો ફરી દોડીને આવતા હતા. હોકારા પડકારા કરી પુરમાં આવતા હતા ભય ઉપજાવતા હતા. લોકોને ભ્રમમાં નાંખતા હતા પુરમાં પ્રવેશતા બોલતા હતા તેથી પાર્ષદો બધું જોતા હતા અને તે પ્રભુના પાર્ષદોએ સામનો કર્યો તેની વિગતે વાત કહું તે તમે ધ્યાનથી સાંભળો.

ખળના દળો જ્યારે ગામમાં દોડ્યાં અતી ભારે બુમ બોકારા કરીને પોકારો પાડતા હતા. પોતાના સૈનીક

વીરનું વેર લેવામાં તલવારો ઘસીને તૈયાર કરીને સજ્જ થયા.ત્યારે **હાથરોલી** ગામના હરિભક્ત મહાયોધ્ધા **ભગુખાંટ** શુરવીરે આવીને અચાનક જ તેઓને ઝટદઈને ઝાટકો માર્યો.આમ ખળના બળને અને એના દળને જોઈને તેનો પતી **ડાલજીભાઈ** દોટ કરીને પ્રભુની પાસે આવ્યા ને કહેવા લાગ્યા શત્રુની સેનાને ચોટ મારતા મારો યોધ્ધો ઘવાયો તે તમે સાંભળો. કોઈ કહે તો કોઈનું સાચુ ન માનતા આપની જે મરજી હોય તેમ કરો અમારી વાત ઉપર પ્રિતી રાખજો.આમ કહીને પ્રભુને કહે અમે તો યુધ્ધ કરીશું પાછા પગલા નહી ભરીયે જે થવું હોય તે થાય, પણ યુધ્ધમાં તો યોગ્ય રીતે કરવું જ છે એવા બળની વાત કરી પોતાના દેવને અંતરમાં ધારીને આ યોધ્ધા બધાજ અસ્ત્ર-શસ્ત્રને હાથમાં ધારીને લડાઈ કરતા હતા મહાભારતનું યુધ્ધ થતું હતું. લડાઈ ચાલતી હતી ત્યારે સૈનીકો પાળા ખુબ જ શુરવીરતાથી લડવૈયાઓના ટોળા આવતા હતા તે સૌનીકો પાસે તલવાર, શીલી મુખ, ભાલા, ત્રિશુલ, બાણનો ભાથો બધું ધારીને આવતા હતા.માથા ઉપર લોખંડી ટોપાઓ ધારણ કરેલા અસુરો ઉપર ક્રોધ કરીને દોડીને આવ્યા.શરીર ઉપર બખતરને ધારેલા, હાથમાં ચક્રને ધારેલા, કેટલાક અતી તીખી પાણીદાર વખાણવા લાયક બરછી તથા સુદતોમર તોપોને ધારેલા એવા વીરો તૈયાર કરીને રાખતા હતા.ગદાને હાથમાં રાખીને ફરનારા,ખંજર ધારીને ગાતા હતા,કેટલાકે મોટા હથીયારો લીધેલા શોભતા હતા, કેટલાકે હળ,મુસળ,ભાલાને ધારેલા અને અંકુશને હાથમાં રાખેલા હતા. પક્ષીના જાળાંની માફક ગુંથાયેલા સર્વ સૌનીકો આવતા હતા. ગુપ્તીને સુંદર હાથમાં ધારણ કરીને, છુરા કટારી અટારી અકુંટકાં જુથમાં દાવપટ્ટાના ખેલ કરતા હતા બધાય, હથીયારોને લીધેલા તેમાં છત્રીસ પ્રકારના હથીયારોના નામ કહ્યાં તે હથીયારો ધારણ કરેલા ને ઉંચેથી બોલતા થકા આવતા હતા. બધા જ વીરો હથીયારોને ધારણ કરનારા ભારે વેશવાળા જાણે કાળ ભૈરવના વેશને ધારેલા શોભતા હતા. જાંજ આદીક વાજીંત્રો વાગતાં હતાં. શુરવીરો સીન્ધુડા રાગોને ગાતા હતા ને બધાને ખુશી જણાવતા હતા. કાયર લોકો શત્રુ હતા તેઓ આ શોરબકોરને સાંભળીને ભાગી ગયા એવું ઉગ્રવાતાવરણ જણાતું હતું. આવી રીતે વીર સૈનીકો મનમાં ધીરજ રાખીને વર્તનારા મહા યોધ્ધા જેવા રાજ સૈનીકો લાગતા હતા. લડાઈ કરવા સામસામા મોરચાઓ ગોઠવાયા હતા તે શોભતા હતા. સામી બાજુના સૈનીકોમાં જે ધીરજ ધરનારા હતા તેતો ખળની ટોળીમાં ખાખરાના પાનને ધારનારા થાય તેવા લાગે. આ બાજુ પ્રભુ તરફી છ-દસ જે સૈનીકો હતા તેતો અગ્રાજી-અમરાજી મહા શુરવીર યોધ્ધા હતા. દયાળજી અને ભગુખાંટ તો મહા પરાક્રમી મહા સેનાપતીઓ હતા.સૈનીકો તો અનેક હતા બંન્ને બાજુના દળો બળની તાકાતથી ખુબ જ સજ્જ થઈને સામસામે યુધ્ધ કરવા માટે સાબદા થઈને લડાઈ કરવા માટે તૈયાર હતા.રણ મેદાનમાં જ્યારે બંન્ને પક્ષના સૈનીકો સામ સામે લડવા તત્પર થયા જાણે જગત બધું જ સજ્જ થયું હોય, જોઈને ભ્રાંતી સ્થીર થઈ જાય ભાંન ભુલી જાય એવું ભયંકર વાતાવરણ ખડું થયું હતું.બંન્ને બાજુથી કોણ પહેલાં ઝાટકો મારે એની વાટ જોવાતી હતી સામ સામે જોર થતાં હતાં. એક બીજાના અંગો ફરકતાં હતાં જાણે કેવળ ઈશારા માત્ર જેવા લાગતા હતા સ્થીર શબ જેવા લાગતા હતા. આવી રીતે વીરો અરસ પરસ એક બીજાને ટસકને સરક કરતા હતા.હાથમાં તલવારોને દબાવતા હતા ભારે સૈનીક હથીયારના ભારથી ખટકા રાખી ચાલતા દોડતા જતા હતા. જોરથી કઠોર ઘાને મારતા જતા હતા.લડવાના મુળમાં હેત કરીને વળગેલા સૈનીકો મચકતો ન આપે ને મહાશુરવીર તેને ટળવા ન દે ત્યારે બંન્ને બાથો બાથ એકબીજાને પાટો દઈને પાડે પછી હાથો હાથ ખેંચી વાળતા મરોડતા આમ ખેંચાખેંચ કરતા હતા. મુખેથી મહા ઘોર કઠોર બુમો પાડીને મહા ભયંકર ઉચ્ચારો કરતા હતા, જાણે કે ખેતરમાં ભેળા કરતા હોયને

બહાર કાઢતા હોય એવી બુમો પાડે. ભુમીને ભાર કરનારા અનેક સૈનીકો કપાતા હતા ને બુમો પાડતા હતા કે'' હટો હટો અમલ કરો અમલ કરો'' એવી બુમો પાડીને લડાઈ કરતા હતા.આમાં કેટલાકના માથાં કપાતાં હતાં તે અતી ઉચા ઉછળતાં હતાં ત્યારે રણ મેદાનમાંથી આવા વાતાવરણને જોઈને સૈનીકો ભાગતા હતા ત્યારે એના શરીર ઉપર ભુમીની ધુળ લાગેલી જોતાં એમ લાગેકે દેવાસુર સંગ્રામનું સ્મરણ કરતા અને સંતો તેનું માન કરતા હતા. સાચા સૈનીકો લડાઈ માંથી પાછા પડતા ન હતા પરંતું મનમાં અતી ઉમંગ ઉછળતો હતો તાનમાં આવી ઝટકો મારીને માથાં ઉપર મારતા શત્રુના માથાં ફટોફટ ફુટતાં હતાં, અને શરીરમાંથી લોહીની છોળો ઉછળતી હતી.આવી રીતે ચટોચટ ચારે બાજુ દોડતા હતા ને તલવાર પાછળ છે એવું મનમાં ચિંતવન કર્યા કરતા હતા. છળ,બળ,છેતરપીંડી થી,ચપળતાથી શ્રીહરિના ભક્તો મહા શુરવીરો આવી રીતે તેઓને હુરદંગોને રણના અજ્ઞાનીઓને ભગાડતા હતા.આવી રીતે મહાભયંકર મહાદારુણ યુધ્ધ થયું તેને દેવો, મુનીજનો,મનુષ્યો સર્વે સજ્જનો જોવા માટે આવ્યા હતા ત્યારે મહારૂધીરની નદીઓ વહેતી હોય તેવો પ્રવાહ ભયંકર લાગતો હતો. આને જોઈને દેવોના મન શુરવીરતામાં ગુલતાન થઈ ગયાં.કાયર લોકોના મન ડરીને ભાગવા માંડે અને આ મેદાનમાં હિંસક માંસાહારી પ્રાણી ગીધ, બાજ, સમળાં, શીકારી કુતરા, શીયાળ વીગેરે માંસ ખાવામાટે આવ્યાંને જોયું અહીં ખુબ માંસ છે ખાવાની મજા આવશે એમ જાણીને સજ્જ થઈને મનમાં અતી મસ્ત થઈને બાજી પડ્યા.

આ બાજુ અસુર દળના લોકો ભયના માર્યા ભાગ્યા એમ સાંભળીને દળના આગેવાનો અધીપતીઓ દોડીને આવ્યા જોવા લાગ્યા. ફરીફરીને જોયું તે કાયરોને ફટકારતા હતા મારતા હતા તે જોઈ પોતાના કુળને લાજ લાગે તેવું લાગતું હતું.સૈનીકો શરમાતા હતા. રણમેદાનમાંથી વીર સૈનીકો ભાગે તેના કરતા તો માથું ધરીને મરીજવું સારુ માંને.એમ કહીને તે અસુરોના કઠોર કૃપાણથી તે લોલંગર વડાનું મસ્તક કાપી નાખ્યું.તેને બધા ઈશ માનતા હતા. જગતમાં પરાજયનો અપ યશ સાંભળવો તેના કરતા મરવું સારુ છે એમ સમજીને શુરવીર સામે લડીને યુધ્ધ ભુમીમાં મરે તે શુરવીર મુત્યુ પછી સ્વર્ગમાં જાય છે આમ કહેવામાં આવે છે. રણ મેદાનમાંથી ભાગીને જે યોધ્ધો જાય તે પોતાની કુબુધ્ધીથી લજ્જાઈને મરે છે અને પોતે જાણીને પોતાની મેળેજ જમપુરીમાં જાય છે પોતાના કર્મ પ્રમાણે ફળને પામે છે. આમ કહીને અસુરના નેતા એમને પડકારીને પ્રેમથી તેઓને સમજાવીને બોલાવ્યા.ત્યારે તેઓ પોત પોતાના દળમાં હથીયારો સજીને સાબદા થઈને આવ્યા.પોતાનો વિજય કરવાની મોટી આશાથી લડાઈ કરવા લાગ્યા. આ બાજુ શુરવીર સેના શ્રી ઘનશ્યામ મહારાજની જય ના નાદ કરતા થકા પડકાર કરતા લડતા હતા.બંન્ને બાજુના લશ્કરો લડવા લાગ્યાં જાણે દેવાસુર સંગ્રામ ચાલતો ન હોય ? તેવું વાતાવરણ જામેલું હતું.આ બાજું અસુર દળના સૈનીકો પોતાની જીવવાની આશાને છોડવી લડવા સામા આવ્યા આબાજુ શુરવીર યોધ્ધા લડવૈયાઓ પોતાના ઉચ્ચે સ્વરે પ્રભુના નામનો ઉચ્ચાર કરીને કાયર સૈનિકના મસ્તકને પાડી દેતા હતા. આવી ખોખરામાં પ્રભુની મહા લીલા થઈ.

શ્રીહરિના ભક્તજનો શુરવીરોની યુધ્ધ લીલાને સુખના ધામી પ્રભુએ ખોખરા ગામમાં રમાડીને સુંદર લીલા ચરીત્ર કર્યાં. આ ચરીત્રને હરિજન પુરા પ્રેમ ભાવથી બળ પરાક્રમથી પ્રભુના નામનો ઉચ્ચાર કરીને અસુરની ખીતીને ઉખાડીને નીરબીજ કરી દીધી. આવી રીતના સંગ્રામનો પ્રચાર કરીને ગાનારા આ યુધ્ધને દેવ-દાનવના યુધ્ધના જેવી જ લીલા થઈ તેને સંગ્રામ માનતા હતા. આવી રીતે આ અઠાવીસમાં તરંગમાં ચરીત્ર કહ્યું તે શ્રી હરિલીલાસિંધુની અઠાવીસમી લહરી રુપે પુરી થઈ.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં આઠમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બ્રહ્મચારી રચિત છંદ ભાષામાં અવધપ્રસાદજી મહારાજ આનંદસિંહ રાજાના સંવાદમાં ખોખરા ગામમાં યુધ્ધની લીલા કરી એ નામે અઠયાવીસમો તરંગ પૂર્ણ ॥૨૮॥**

# તરંગ-૨૯

આનંદરાજા કહે છે, હે અવધપ્રસાદજી ! આપ મને ભગવાનના આ મહા સંગ્રામની વિષેશ વાત જે હોય તે ખુબ જ વિસ્તાર કરીને સમજાવો. આવી રીતના ભગવાનના ચરિત્રની કથા સાંભળવાની મારા મનમાં ખુબ જ તરસ લાગે છે તે કથાનું વર્ણન કરી મને કહો. જેવી રીતે પોતાનો વિજય કરવા મહા યોધ્ધા સૈનીકો લડતા હતા તે યુધ્ધની લીલાનો પ્રચાર કરી કરીને જે થઈ હોય તે બધી વાતો સંભારીને મને કહો.મારી ઉપર ખુબ જ પ્રેમ કરી ભાવથી ભગવાનનાં ચરિત્રો કહો. આ કથા સાંભળવા માટે મારે ખુબ જ આતુરતા થાય છે. યુધ્ધની લીલા સાંભળવા માટે તૃષાવાળો છું તે સાંભળવાથી તૃપ્તી નથી થતી માટે ખુબ આગ્રહથી કૃપા કરીને મને કહો.

અવધપ્રસાદજી કહે છે, હે આનંદ રાજન્ ! તમને ધન્ય છે. તમારી બુધ્ધી અતી નિર્મળ છે તેથી ભગવાનનાં અતિ મનોહર પવિત્ર લીલા ચરિત્રો સાંભળવાનું મન થાય છે, માટે બધી જ લીલા સંભારીને વિસ્તાર કરીને તમારી આગળ કહું છું તે સાંભળો.

આ બાજુ અસુર રાજ લોલંગર પોતાના દળના સૈનીકોને પડકાર કરી સાબદા કરી દીધા. યુધ્ધ મેદાનમાં સમ્રાંગણ વચ્ચે ખડા કરાવ્યા. પોતાનો વિજય કરાવવાના ભાવથી મેદાનમાં ચારે બાજુ ફરે છે પોતાની મતીનું પ્રદર્શન કરે છે. તલવારને હાથમાં ધારણ કરીને સામે ધસી ધસીને આવે છે. કમરને કઠોર કરીને આમ તેમ જીતવાની ઈચ્છાથી મેદાનમાં ચારે બાજુ ભમે છે. પોતાના સૈનીકો યુધ્ધમાં જોડાયેલા રહે તેની પ્રેરણા આપ્યા કરે છે. જય જય આમ કહીને શત્રુઓના ટોંળા અતિ ક્રોધ કરીને ચડી આવ્યા. શત્રુ દળના સૈનીકો અનેકની સંખ્યામાં આવ્યા. સામા આવી સંગ્રામ કરવાના ઈરાદાથી પગને રોકીને સ્થિર કર્યા. આ રીતને જોઈને શુરવીર લડવૈયા **દલજીત ભાઈ, અમરાજી, ડુંગરજી, ભગુભાઈ ખાંટ, ખત્રી** બધા જ મક્કમ થઈને ઉભા હતા.આ યોધ્ધાના યુધ્ધ કળાના કામો જગતમાં બધાં જ લોકો જાણે છે. કેમ કે રણ મેદાનમાંથી ક્યારેય પગ પાછો પડેલ જ નથી ક્યારે પરાજય નથી સ્વીકાર્યો. આ યુધ્ધની ધારી ધારીને ધીરની સાથે વીર પુરુષો હંમેશા બાણ નાખતા હોય છે. બાણ નાખીને હુકાર કરીને લડવા જાય છે. ભુમી ઉપર સર્પની માફક કાળ જેવા થઈને સામા ખડા થાય છે. ત્યારે શત્રુને લાગે છે શું ભટ્ટ લડવૈયો રણ મેદાનમાં જ હાથ પગ મસ્તકને ધડથી જુદા કરીને ભુમી ઉપર પાડી દે છે. જમીન ઉપર તડફડીને મરે છે. પછી ધડ ઉભું થઈને લડવા લાગે છે ખુબ રીસ કરીને લડે છે બુમો કરે છે ધરુ મારુ મારુ પછાડું આ રીતે મુખેથી બકવાદ કર્યા કરે છે વીર ભાવ બતાવે છે. ઉપર ધસી જોરથી ઘા મારે છે. તે પણ તલવાર સારી રીતે ઘસીને સીધ્ધ કરેલી છે. આ ધડ ઉપરથી મસ્તક મુંડોને પાડે છે. સારા સારા શોભાવાળા મુંડો રખડે છે તો કેટલાકના છાતી સાથળો રખડે છે શીશ ફુટે છે વીરના હાથો તુટે છે આવી ઘમાસણ લડાઈ થાય છે તે સમયે મુંડ વિનાના અનેક ધડ રખડ્યા કરે છે .આવી

રીતે રણ મેદાનમાં સુયોધ્ધા સામા લડાઈને જજુમતા રહે છે. હાથમાં બાણ ધારીને સાથે લડે છે તેઓ રણ મેદાનમાં સાંમ સાંમે લડતા રહે છે. પૃથ્વી ઉપર વીરના પરાક્રમો વખણાય છે કેટલાક હાથમાં તલવાર લઈને લડતા જ રહે છે. રણમાં જ પડે છે પાછા ઉભા થાય છે પછી મારી નાખે છે અને કેટલાક અતિ પરાક્રમ કરીને ઘોર વીધ્ધવંસ કરે છે સાંમ સાંમાં લડે છે આવા મહાયોધ્ધા અનેક લડે છે. હે રાજન્ ! લડવૈયા સામસામા બાખડીને અરસ પરસ બળ કરીને બાખડતા હતા. આ રીતે રણમાં સૈનીકો હરિભક્તો હતા તે બધા બધાને મારતા હતા નીચે પાડતા હતા માટીમાં પાડીને શત્રુઓને દુશ્મન માનીને પાડી દેતા હતા. આમ શ્રી હરીના ચૌદ યોધ્ધા લડવૈયા થઈને તેમાં દલજીત, ડુંગરજી, વીરાજી, આદીક અનેક અસુરોને અનેક રીતે પીલતા હતા તે અસુરો ભયાનક હતા તોય આ યોધ્ધાઓને ભયંકર સુર્ય જેવા જાણીને ભય પામતા થકા ભાગતા હતા. યુધ્ધ ચાલતું હતું ત્યારે ચારે બાજુથી હરિભક્તો છાપરાંની નાળો લઈ લઈને મારતાં હતાં. ત્યારે અસુરોને ભયાનક અંધાધુન્ધી વાળું વાતાવરણ જણાતું હતું. તેથી તે દળમાંથી ભાગતા હતા.

હે રાજન્ ! બધું વાતાવરણ ભયાવહ લાગતું હતું ધરું મારું પાડું આ રીતના અપાર અવાજો થતા હતા.ચારે બાજું ભયંકર અવાજ થતો હતો. નજરમાં કાંઈ દેખાય જ નહી આમ શત્રુનું જુથ જોયા વિના ભાગવા માડ્યું. શ્રી ઘનશ્યામ પ્રભુએ પોતાનો પ્રતાપ બતાવીને અનંતના સ્વામી પ્રગટ મૂર્તિ મહાપ્રભુ સર્વોપરીના પ્રતાપથી અસુરો પોતાના પાપના ભારથી પીડાતા હતા તેનો પ્રભુ એ નાશ કર્યા. આ પ્રભુએ કળ કરીને લીલા કરી ત્યારે અનેક હુરધંગો ખાખ ધારણ કરીને ભાગતા હતા અને ભક્તો અતિ પાછળ દોડતા હતા. તે શત્રુનો સ્વામી મહંત હતો તેને ભક્તોએ માર્યો તે મદથી ભરેલો ઉધ્ધત હતો તેને ધડથી પાડી દીધો.

હે રાજન્ ! આ સંગ્રામમાં લોહીની નદીઓ વહેતી હતી તેને જોઈને ભુત, પીસાચ ખપરોમાં ભરી ભરીને પીતા હતા. પાત્રોમાં રુધીર ભરીને અગણીત જોગણીઓ નાચતી હતી. માંસને ખાનારા પક્ષીઓ પ્રાણીઓ કાગડા, ગીધ, સમળા, કુતરાં, શીયાળવાં અપાર ખાતાં હતાં. આમ બધું જોઈને અતિ રાજી થતાં હતાં અને મુંડ માળને લઈને આનંદ પામતાં હતાં. સમળા ગીધો આકાશમાં આંતર લઈને ઉડતાં હતાં ને પોતે અતિ સુખને પામતાં હતાં. આ સંગ્રામમાં અંગ એવા સારા લડવૈયાના બાળકો અનેક ઘોડીયા ઉડાવતાં હતાં આનંદ કરતાં હતાં. માંસ મજ્જાના વહેણ વહેતા હતા ને પક્ષીઓ લોકોના તણાતા દેહ ઉપર  ચડી જતાં હતા અને માનતાં હતાં કે હું કેવટ થઈ નદીમાં નાવમાં વિચરતો રહું છું. નાવમાં ખેલ કરતા હતા.મસ્તક કાચબા જેવાં લાગતાં હતાં,પગ માંછલા જેવાં લાગતાં હતાં. વીર ભ્રકુટી યુક્ત મુંડ મગર જેવાં લાગતાં હતાં. આવી રીતે લોહીની સાથે જાણે અપાર દેહો તરતા હતા. આ રીતે રણ મેદાનની નદી જીવોને આનંદ દાયક લાગતી હતી . સુભટ્ટોને પણ આનંદ આપનાર અને કાયરોને ભયંકર લાગતું હતું. સારા સૈનીકો યુધ્ધમાં જજુમતા હતા ને ભુમીના ભારને ઉતારતા હતા. આવી પ્રભુની લીલા છે.

હે રાજન્ ! આ સંગ્રામમાં ડુંગરજી,દલજીત આદીક સારા યોધ્ધાઓના બાહુ બળથી શત્રુ સૈન્યનો નાશ થયો. બાકી રહેલા તે સેનાના યોધ્ધા પોતાની ફોજને લઈને મરેલાના શસ્ત્રોને ધારણ કરીને લઈ ગયા. મોઢું કાળુ કરીને પાછા ગયા.રાજા રામસિંહજી તથા રાયધણજી તથા અમરાજી,અગરાજી,ભગુભાઈ આદી બધા ભક્તો આવીને પ્રેમથી પ્રભુના ચરણમાં વંદન કરીને બંન્ને હાથ જોડીને નમ્રતાથી વિનંતીથી કહેવા લાગ્યા. હે પ્રભુ ! આપણા પક્ષની જીત થઈ છે એનાથી મનમાં આનંદ થયો છે પણ હે મહારાજ ! આપના હસ્તકમળનો સ્પર્શ થયો અને

અમારા ઉપર કૃપા દ્રષ્ટી કરી છે તેનાથી વિજય થયો છે, પરિશ્રમ બહુ થોડો થયો છે કેમ કે આપતો કર્તા થકા અકર્તા છો સર્વ જગતના સ્વામી, આકાશ મંડળ સાગરો સર્વના નિમીત્ત કર્તા હર્તા આપ જ છો માટે અસુરો જે મર્યા તે તો પોતાના પાપના ભારથી જ મર્યા છે, કેમ કે આપની ઉપર રોષ કરીને આવ્યા હતા તેથી મોતને વર્યા છે. જેવી રીતે પતંગીયું પ્રકાશના લોભમાં અગ્નીના પ્રકાશમાં પડે છે ને બળીને નાશ પામે છે તેમાં દીવાનો કોઈ દોષ હોતો નથી. તેમ બધા જ અસુરો પોતાના પાપે જ નાશ પામ્યા છે. નિર્ભયવાળા મહાપ્રભુ સંતોની સાથે ઉદારતાથી બધે જ વિચરણ કરતા હતા ત્યારે એમની ઉપર વગર કારણે અસુરો દ્વેશભાવ રાખી વૈર કરતા હતા તે બધા જ અસુર અંશો જ હતા. ભુમી ઉપર ભાર રૂપ થતા હતા આવી રીતે બધા જ અસુરો પોતાના કર્મ કર્યાના ફળને પામ્યા છે. એ કર્મ ફળ પ્રદાતા પ્રભુ આપ જ છો. ખેડુત જેવી રીતે જમીનમાં બીજને વાવે છે તેજ રીતે તેના ફળને પ્રાપ્ત કરે છે યોગ્ય ગુણને પામે છે. ત્યારે પ્રભુ કહે છે આજે કેટલાક લોકો એમ કહેશે કે આ કાર્યથી ન્યાય જ થયો છે અમે ધર્મને ધારણ કરીને પૃથ્વી ઉપર મનુષ્ય અવતારને ધારેલો છે તેતો આજના કાર્યથી સત્ય જ થયું છે એમ લોકો માનવાના. જેમ જ્ઞાન વૈરાગ્ય ભક્તિની સાથે પૃથ્વી ઉપર ધર્મને દ્રઢ કરીને વિચરવા માટે આ પૃથ્વી ઉપર અમારો અવતાર થયો છે. એમ અમારા આશ્રિત ભક્તજનો દ્રઢતાથી જાણતા રહેવાના અને બીજાને જણાવવાના.

હે રાજન્ ! આવી રીતે પ્રભુના ચરિત્રોની મુખ્ય વાતો તમને સંભળાવી દીધી હવે બાકીની બધી જ કથા ગૌણ છે તે પણ ચિત્ત પ્રભુમાં ખેંચાય તો જ આગળ કથા કહીશ. આવી રીતે ઘનશ્યામ પ્રભુની લડાઇની લીલા થઈ તેને આકાશ મંડળમાં દેવોના વૃંદો જોતા હતા તે સર્વે સુખનાધામી શ્રી સહજાનંદ સ્વામીનો જય જયના નાદ કરતા હતા પછી પ્રભુની સ્તુતિ કરતા હતા. હે પ્રભુ ! આપ તો ખળ લોકોના ખળ કર્મને ખંડન કરનારા કામદેવના ગર્વને હરનારા આપ મહાભયંકર ઉગ્રરૂપવાળુ લડાઈનું રૂપ કરીને સર્વના ભયને ભાંગીં નાંખ્યો છે એવા આપ જગતમાં સર્વોપરી ભગવાન છો.

હે ઈશ ! આપને નમન કરીએ છીયે.હે જગતના નાથ ! સર્વના અધિપતિ પૃથ્વી ઉપર સધર્મને સ્થાપન કરવા મનુષ્ય શરીરને ધારનારા આપ ખળ એવા અધર્મીઓ, પાપીઓ, પાખંડીઓનો નાશ કરવા સંતોની સાથે વિચરતા થકા ભુમીઓના ભારરૂપ એવા, ખળો પાખંડીઓનો નાશ કરતા થકા લોકોને સાચા ધર્મનો ઉપદેશ કરો છો તમે ક્યારેય ક્રોધને કરતા જ નથી એવા નટવર પ્રભુ આપને નમન કરીએ છીયે. મહાભયંકર જડ જામેલા પાખંડ કળીયુગના કલંકરૂપ પાપાચારના ઓઘમાં લુંટાતા જીવોનો ઉધ્ધાર કરવા કળીના ક્લેશનો નાશ કરો છો લોકોના મનના ત્રાસને જાણનારા અગમ નિગમના ભેદને જણાવીને લોકોને ભવસાગરથી તારનારા મુનીઓના નાથ સર્વના સાથે રહેનારા આશ્રિત જનોનું પાલન પોષણ કરનારા મુનીઓના સ્વામી, આપે અસુરોનો પરાજય કર્યો એ કોઈનાથી જીતાય એવા નથી અને પોતાના મતનું પ્રતિપાદન કરીને સત્ય ધર્મ પ્રમાણિત કરીને પોતાનો મત દ્રઢ કરીને જગતમાં પ્રમાણિત કરાવ્યો. બધાને જીતનારા હે પ્રભુ !અમે ત્રાસ પામીએ છીયે એનાથી આપ અમારી રક્ષા કરો આશ્રિતજનો ઉપર સદાય પ્રસન્ન રહેનારા આપ છો તેથી અમારા મોટા ભાગ્ય ઉદય થયાં કે અમે સર્વજીવના સ્વામીને પુર્ણ રીતે ઓળખ્યા છે.

અમને ખુબ જ આનંદ વર્તે છે એવા પ્રફુલ્લીત મુખ કમળવાળા અજન્મા આપના બંન્ને ચરણ કમળની શોભા અલૌકિક જ છે તથા આપની ભ્રકુટી વાંકી છે તે પણ સુંદર શોભે છે. શીર ઉપર અતિ વિખરાયેલા અતિ શ્યામ

કેશ શોભે છે એવા પ્રભુ અમારી ઉપર કૃપા દ્રષ્ટી કરજો. આવી રીતે શ્રીહરિ મહાપ્રભુ અનેક પુન્ય આપનારી પરમ સુખ આપનારી મનોહર લીલાને કરનારા, એ લીલાને કવિજનો છંદના રૂપમાં ગુંથીને ગાય છે આમ ચંન્દ્ર સમાન મુખ કમળ શરદઋતુના ચંન્દ્ર સમાન શોભે છે આ મુખની શોભાને જોઈને અને લસલસતા ચતુર ઉભા રહે છે રાહ જુવે છે એવા હાસ્ય યુક્ત મુખ કમળના અને મધુર રસના દર્શન થાય અને આપના ચરણની અખંડ સેવા આપજો અલૌકિક સુખ આપજો ને સદાય આપના ચરણમાં વૃત્તિ રહે તેવી કૃપા કરજો.

પ્રભુ શ્રીહરિની સ્તુતિ કરીને જ્યારે બધા દેવો રાજી થયા ત્યારે મુનીઓના સ્વામી મહાપ્રભુ પણ રાજી થયા હસીને કરૂણા કરીને પ્રભુ કહેતા હતા કે સર્વે તમે સાંભળો. સર્વે દેવો મનુષ્યો,મુનીજનો અમારી વાણીને સાંભળો. પ્રભુ કહે છે આ વખતે તમને બધાને ખુબ જ મહાસુખ આપવું છે. તમને તૃપ્ત કરીને પરમ ધામમાં લઈ જવા છે. આ વખતે ભુમી ઉપર સત્ય ધર્મનું દ્રઢ સ્થાપન કરીને ધીરજ ધરીને અધર્મમય પાપી દુષ્ટોના મુળ ઉખેડી નાખીને પાખંડીના મતનું ખંડન કરીને તેનો નાશ કરી સર્વને જીતીને ભુમીતળમાં ભક્ત જનોના સમુદાયને દરેક પ્રકારના સુખોથી ભરી દઈશું. આ ફેરો તો આપવા માટે જ આવ્યા છઈએ એટલે પરમસુખથી ભરી દઈશું અને ભુમીના ભારને આ વખતે સાવ હરીને દુર કરી નાખવો છે. આ વખતે જગતમાં નવા પ્રકારની જ રીત ચલાવવી છે તેમાં મનને જાપ જપતા હોય તેઓના પાપો બળીને ભસ્મ થઈ જાય પ્રભુના મંત્રના જાપથી જન પરમ મોક્ષના સ્થાનના ફળને પામે છે. આજે હું કહું છું તે સર્વે તમે બધા સાચું માનજો ખાલી બકવાદ ન માનશો. મનમાં કોઈ ભ્રમ ન રાખશો આ અમારૂ વચન માનજો. આ રીતે શ્રીહરિ મહાપ્રભુના અમૃત યુક્ત મધુર વચનો સાંભળીને બધા જ દેવો પ્રભુ ઉપર ચંદન પુષ્પની સેવારૂપ વર્ષા કરતા હતા.

પ્રભુને સેવા અર્પણ કરતા હતા ત્યાર પછી સર્વે પોત પોતાના ધામમાં જઈને પોત પોતાની જવાબદારીની સેવામાં લાગ્યા ને મહાપ્રભુના અલૌકિક ગુણને ગાતા હતા. અયોધ્યાપ્રસાદજી આનંદ રાજાને કહે છે, હવે હું તમને ત્યાર પછીની જે વાત થઈ તે કહું છું તમે ધ્યાનથી સાંભળજો. શત્રુઓના અભિમાનને તોડી નાખીને પછી ભગવાને બધા જ આવેલા સંઘોને વિદાય કર્યા. ત્યાર પછી શ્રી ઘનશ્યામ પ્રભુ પોતે પણ સાચા પાણીદાર ઘોડા ઉપર અશ્વાર થઈને ચંચળતાથી ચાલતા થયા પ્રભુ **વહેલાલ** ગામે પધાર્યા. ભક્તજનોને જાણ થઈ એટલે પ્રભુને સામા લેવા આવ્યા. અમદાવાદમાં અતિ ઉપદ્રવ થયો તેની વાતને જાણીને પ્રભુએ પ્રયાણ કરીને આવેલ છે એમ જાણી લીધું બધા જ ભક્તજનો સાબદા થયા ત્યાર પછીની જે વાત થઈ તે બધી વાતો આગળના પ્રસંગમાં વખાણીને સમજાવીશ.

હે રાજન્ ! આ આઠમાં રત્નના ચરિત્રો અતિ પવિત્ર છે અને અમે ખુબ જ વર્ણન કરી તમને કહેલ છે તમે જે જે ચરિત્રો પૂછ્યા તે તે મે સુંદર રીતે સંભળાવીને સુખ આપ્યું છે.અતિ ગહન વાતો પણ સુંગમ કરીને સમજાવી છે. આમા મારી બુધ્ધીમાં જે સમજાણું તે બધું જ હે રાજન! તમને સમજાવેલ છે.આ આઠમાં રત્નના ચરિત્રને પ્રેમ પુર્વક સાંભળશે અને પોતાના જીવનમાં ઉતારશે, તેનું દરરોજ પઠન કરશે અને એક ચિત્ત થઈ ચિંતવન કરશે તે જીવાત્મા જગતના બંધનથી મુક્ત થઈને અમારા પરમ ધામમાં જાય છે. અને એકાંતિક ભાવથી બધા ગાશે સાંભળશે તે બધા પરીવારજનો કુળ સહિત મુક્તિ પામશે. આ આઠમાં રત્નમાં અનેક પ્રકારની વાતોનો વિસ્તાર કરીને સમજાવેલ છે. તે વાતોને મહિમા સહિત આ ભુમંડળમાં ગાશે સાંભળશે સ્નેહથી આ ભગવાનના ચરિત્રોને વાંચશે,સાંભળશે,હાથ જોડીને નમન કરશે તેના બધા જ પાપો બળીને ભસ્મ થઈ જશે.પોતાના મનનો

બધો જ મેલ નાશ થઈ જશે મન પવિત્ર થશે .બધા જ લોકોને આ ચરિત્ર સાંભળવાના પ્રતાપથી ધનની પ્રાપ્તી થાય છે સુખ મળે છે તે બધાને જાણ થઈ જાય છે સુખની ખબર પડી જાય છે. આવી રીતે આ અતિ પવિત્ર આઠમું રત્ન છે તેની સદ્‌મતિવાળા જનો એ કાયમ અવલોકન શ્રવણ કરવું જોઈએ આનાથી આ ભુલોકમાં ખુબ જ સુખને પામશે અને અંત સમયે પરમ ગતિને પામીને અક્ષરધામને પામે છે.

આનંદ રાજા કહે છે હે અવધપ્રસાદજી મહારાજ ! આપે મને આઠમાં રત્નમાં ભગવાનનાં દિવ્ય અલૌકિક ચરિત્રો સંભળાવ્યાં તે સાંભળીને મને ખુબ જ આનંદ થયો છે અને ફરી અયોધ્યાપ્રસાદજી મહારાજને બંન્ને હાથ જોડીને કહેતા હતા કે હે પ્રતિપાળ ! તમે સાંભળો હે મહારાજ ! આ અષ્ટમ રત્નમાં બધા જ ચરિત્રો તે મારા પ્રત્યે વિસ્તાર કરીને કહ્યાં તે સાંભળીને મારા અંતઃકરણમાં ધારણ કરી લીધાં છે. અને હવે કૃપા કરીને બધી જ વાતો અતિ સંક્ષેપ કરીને કહો.

કવિ વર્ણન કરે છે કે પહેલા અધ્યાયમાં ગ્રંથનો પ્રારંભ કરવા માટે પ્રેમ લાગણી વર્ણવીને મંગળ પ્રારંભ કર્યો. બીજા તરંગમાં ભગવાનનાં કેટલાક પવિત્ર ચરિત્રનું વર્ણન કરીને રાજાને જ્ઞાન આપી તૃપ્ત કર્યા. ત્રીજા તરંગમાં શ્રી હરિ મહાપ્રભુ ફરતા ફરતા મેથાણપુરે પધાર્યા તે લીલા વર્ણવી. ચોથા તરંગમાં ભગવાન વિચરણ કરતા થકા ઊંઝા ગામે પધાર્યા તેનું સુંદર રીતે ચરિત્ર કહ્યું. પાંચમાં અને છઠ્ઠા તરંગમાં પ્રસિધ્ધ તિર્થ સિધ્ધપુરમાં પ્રવિણ પ્રભુએ અનેક લીલાઓ કરી તે વર્ણવી છે તે વિસ્તાર રૂપે છે. સાતમાં તરંગમાં દંઢાવ્ય દેશમાં વિચરણ કર્યું તેનું બહુ સુંદર વર્ણન કરેલ છે. આઠમા તરંગમાં જેતલપુરમાં પ્રભુએ ફુલડોલનો ઉત્સવ કર્યો તે ચરિત્ર ગાયા છે. નવમાં તરંગમાં ઉમંગ કરીને અમદાવાદપુરની લીલા વર્ણન કરેલ છે. દસમાં તરંગમાં ઉમરેઠ ગામની લીલાનું વર્ણન કરેલ છે તે હરિ ચરિત્રમાં વર્ણવેલ છે.અગિયારમાં તરંગમાં દંઢાવ્ય દેશમાં લીલા કરી છે તે સુંદર લીલા વર્ણવી છે. બારમાં તરંગમાં વહેલાલ ગામમાં લીલા કરી તેનું વર્ણન કરવામાં આવ્યું છે. તેરમાં તરંગમાં મહાપ્રભુજી ભુજ નગરમાં તથા કચ્છપ્રદેશમાં વિચરણ કરેલ તેનું વર્ણન કરેલ છે. ચૌદમાં તરંગમાં મહાપ્રભુ જુનાગઢમાં પધાર્યા તે અલૌકિક લીલાનું વર્ણન કરેલ છે. પંદરમાં તરંગમાં પ્રભુના દર્શન નવાબ રાજાએ કર્યા તેનું તથા પ્રભુને ઉતારા કરવામાં અડચણ કરતા રાજાએ પ્રભુને મંદિરમાં નવાજ્યા તેનું વર્ણન કરેલ છે. સોળમાં તરંગમાં કચ્છ દેશની લીલાનું વર્ણન કરેલ છે.

સતરમાં તરંગમાં મહાપ્રભુએ જેતલપુરમાં જગતના પ્રાણ પ્રભુની અલૌકિક લીલા વર્ણવી છે. અઢાર અને ઓગણીશ તરંગમાં ખયા ખત્રીને આશ્રિત કર્યો તથા ભુજથી ખળ લોકો તથા પાખંડી ઉપર પત્ર લખીને તેમના મદને તોડ્યો તેનું વર્ણન કરેલ છે.વિશમાં તરંગમાં મહારાજે ઉમરેઠ ગામમાં લીલા કરી ઉમંગ વધાર્યો એ અદ્‌ભુત લીલા વર્ણવેલ છે. એકવીશમાં તરંગમાં મહાપ્રભુ ચરોતર દેશમાં લીલા કરી તેનું વર્ણન કરેલ છે. બાવીસમાં તરંગમાં જેતલપુરમાં મહાયજ્ઞ કરેલ તેનું વર્ણન કરેલ છે તે જાણી રાજાને ભય થયો માન તોડવા અમદાવાદ પધાર્યા અસુરોના મદને હરી અનેક ચરિત્રો કર્યા તે ત્રણ તરંગમાં વર્ણવેલ છે. પચ્ચીશથી અઠયાવીશમાં તરંગોમાં તથા છેલ્લા ઓગણત્રીસમાં તરંગમાં શ્રી હરિની સાથે અસુરોની સામે લડાઈમાં યોધ્ધાઓ લડાઈ લડ્યા પ્રભુએ કોપ કરી ખળખાખી ટોળાને તણખલા જેવા જોઈને તે ખળને દ્રષ્ટી માત્રથી પરાજીત કર્યા આવી રીતે ઓગણત્રીસ તરંગમાં જુદી જુદી વાતોનું વર્ણન કરેલ છે. આવી રીતે ઓગણત્રીસમો તરંગ આનંદ ઉમંગથી પુર્ણ થયો. આ ચરિત્રને જે લોકો સાંભળશે,ગાશે તેના બધાજ પાપો નાશ પામશે. કોઈને ભણાવશે તો ભણતા ખુબ સુખ આવશે.

મનુષ્યના કાયીક, વાચીક, માનસીક, કામ, ક્રોધાદીક દોષો નાશ પામે છે સાથે મળીને આ ચરિત્રને ગાશે સાંભળશે તેના બધા જ કામો સિધ્ધ થાય છે. આનંદસિંહ રાજાએ અતિ ધીરજ પુર્વક આ પ્રભુના ચરિત્રોની વાતો અતિ સંક્ષેપથી સાંભળી. તેનાથી એમને પરમ સુખ પ્રાપ્ત થયું પ્રગટ પુરુષોત્તમ પ્રભુમાં પુર્ણ વિશ્વાસ દ્રઢ થયો ને દ્રઢ આશ્રિત થયા. ધર્મધુરાને ધારનારા અવધગુરુને ધન્ય છે પરોપકારી પરહિતકારી પરમ પુન્ય દાતા આપ શ્રી હરિલીલામૃતની કથાનું ખુબ હેત પુર્વક પાઠન કરાવતા હતા. પ્રેમથી સમજાવતા હતા એવા આપ કૃપાળું છો આપના સમાન આ જગતમાં બીજો કોઈ ઉપકાર કરનારો આપના જેવો ન જ હોય. એવા તમને હું સાચે જ કહું છું હું સમજુ છું કે આશ્રિતોના દુઃખોને હરનારા તમે છો.

કવિ અવિનાશરનંદ કહે છે, આનંદસિંહ રાજા ભગવાનના ચરિત્રની કથા પુછવા માગે છે તે કથા નવમાં રત્નમાં નવેસરથી રચના કરીને, પ્રભુની પુનિત લીલા સાગરમાં પ્રેમથી રાજાને સંભળાવીશું. તે બધી જ લીલાઓ પ્રેમથી કહીશ આ આઠમો રત્ન આ ભુમી ઉપર અતિ અદ્‌ભુત પુર્ણ થયો. આનાથી સર્વના પાપ, તાપ, સંતાપ સર્વે બળી જાય છે. પોતાના મનમાં ખુબ જ આનંદ આવ્યા કરે છે. આનાથી જીવાત્મા અતિ આનંદને પામે છે મનનાં બધા જ પાપોના ઓઘ ટાળી નાખે છે. પુર્વ અપુર્વને શુધ્ધ કરે છે.

જે શુભમતિ આ કથાને સાંભળે છે તે સંસારને અસાર જાણીને શ્રી ઘનશ્યામ પ્રભુમાં જ બધો સાર બાંધે છે. ઘનશ્યામ પ્રભુ સર્વે સારના સાર ભાવે છે એવા અવિનાશાનંદના નાથના ધામમાં જાય છે. આચાર્ય ગુરૂ કેશવપ્રસાદજી તથા ગોપાળાનંદ વર્ણી આ બંન્નેની ઈચ્છા મુજબ ચરિત્ર રત્નની રચના કરવા માર્ગરૂપ છંદ પીંગળ સાહિત્યના મત મુજબ એનું જ્ઞાન મેળવવા ભાષાનો અભ્યાસ કર્યો તે તમારા મનને ભાવતી થઈ તેથી દરેકમાં છંદ પ્રબંધનો ઉપયોગ કરીને કાવ્યનું સુશોભન કર્યુ. આ સાંભળવાથી કાવ્યની મધુરતાનો બુધ્ધિમાં આનંદ આવતો હતો. સુખ થતું હતું આ સંસૃતીમાંથી મુક્ત થવા માટે અવિનાશાનંદે આઠમાં રત્નને રચીને પ્રમાણિત બનાવ્યું.

ધર્મદેવના પુત્ર ધરામંડળ ઉપર ધર્મની ધુરાને ધારણ કરીને ધર્મને દ્રઢ કરાવવા માટે ધર્મ નિયમને દ્રઢ પણે પાળતા થકા શોભતા હતા. શરણે આવેલાને શરણમાં રાખતા હતા પોતાના આશ્રિતને સુખ આપતા હતા. એવા પ્રભુના મુખમાં દાંત તે કુંદની કળી જેવા શોભતા હતા તથા મુખકમળ ચંન્દ્ર સમાન શોભતું હતું. મધુર અમૃતમય વાણીથી ભક્તજનોને ઉપદેશ કરીને અમરપદ આપતા હતા. પોતાના આશ્રિતોને સદાય મન મોહ પમાડતા હતા એવા મહાપ્રભુ પોતાના કેડ ઉપર (કટી બધ્ધમાં) રત્નનો કંદોરો ધારણ કરેલા કેડના વસ્ત્ર ઉપર શોભતો હતો એવા મહાપ્રભુના ગુણ ગાવા માટે ધર્મ નંદન મહાપ્રભુ અવિનાશાનંદ અને ગુરૂ કેશવપ્રસાદજીના હૃદયમાં પ્રભુ શ્રી સહજાનંદ સ્વામી સર્વોપરી સદાય ધ્યાન આપજો. અનંત કોટી કામદેવોને મોહ પમાડે એવા મનોહર મૂર્તિ પ્રભુ અતિ મનોહર સ્વરુપને ધર્મદેવના ઘેર ધારણ કરીને સુખ આપનારા મહાપ્રભુના ગુણને જે ઉમંગથી જાપ જપે છે વિધી પુર્વક નિયમથી નામનો જપ કરવાથી સર્વ સંતાપ નાશ પામે છે.

એવા પ્રભુ અમારા મંગળ કરવા માટે મનોહર સ્વરુપના દર્શન આપીને વિષય વિકારથી છોડાવીને પોતાના આશ્રિતોને આપના સ્વરૂપનું અખંડ સ્મરણ સુખ મળે એવી કૃપા કરજો. તમારા પ્રતાપથી લોકોના ત્રિવિધ તાપને હરનારી આપની લીલાનું આ આઠમું રત્ન પુર્ણ થયું તે આપનો દાસ લોક રીતે કવિથી નવાજાતા એવા અવિનાશાનંદદાસે રચના કરીને પુર્ણ કરાવ્યો. મંદ કવિ એવો હું તે મે આપની લીલારુપી દહીંને વલોવીને હેત પુર્વક મથીને પ્રબંધ તૈયાર કર્યો. (અવિનાશાનંદ કવિએ જગતના લોકો માટે રત્ન તૈયાર કર્યું છે.) એટલા માટે

હે મહાપ્રભુ ! આપ મારી ઉપર સંતો સહિત પ્રસન્ન રહેજો. સુખ આપજો આપની કૃપાથી આપના ચરિત્રના આ આઠમા રત્નની રચના કરીને અવિનાશાનંદે પુર્ણ કરી.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં આઠમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બ્રહ્મચારી રચિત છંદ ભાષામાં અવધપ્રસાદજી મહારાજ આનંદસિંહરાજાના સંવાદમાં ખોખરા ગામે હરિએ લીલા કરી તેમાં મહા સંગ્રામ યુધ્ધ થયું તે લીલાનું વર્ણન કર્યું એ નામે ઓગણત્રીસમો તરંગ પૂર્ણ ॥૨૯॥**

**આવી રીતે આઠમું રત્ન પુર્ણ થયું.**

**॥ સહજાનંદ સ્વામીની જય ॥**



॥ અથ નવમો રત્ન પ્રારભ્યતે ॥

# તરંગ-૧

કવિવર કહે છે કે નવમા રત્નનો પ્રારંભ કરવા માટે મારા ચિત્તમાં ખુબ જ ચાહના થાય છે તો તેના માટે સારી રીતે પ્રારંભ કરીને રચના કરુ એવી ઘનશ્યામ પ્રભુ આપ મને સહાય કરો અને આપને સ્નેહ પુર્વક વંદન કરીને પ્રારંભ કરું.

હે ધર્મનંદન ! હું આપને વંદન કરીને મારી મંદ મતિને સારી રીતે દ્રઢ તિવ્રતાવાળી બનાવો જેથી સારી રીતે રચના કરી શકુ એના માટે કૃપા કરો અને બધા પ્રકારનાં વિઘ્નવિલાસનું નિવારણ કરો તથા ભવના ત્રાસોને દુર કરીને બળ આપો. હે પરમેશ્વર ! હે ઈશના ઈશ! અનંત મૂર્તિ પ્રભુ ! આપ પીડા પાસને હરીને સુખ આપો આદીમાં મધ્યમાં અંત સમયમાં આપની દિવ્ય મૂર્તિના દર્શન આપીને મારાં કાર્યના વિઘ્નો નિવારણ કરવા મારી ઉપર કૃપા કરીને મારા ઉરમાં કાયમ વાસ કરો. આપનો દાસ કવિ અવિનાશાનંદ આપને સર્વોપરી માનતો થકો વારંમવાર વંદન કરું છું.

હે પ્રભુ !આ ભુમંડળમાં સર્વપ્રકારના અવતારોને ધારીને ચરિત્રો કરીને સર્વના કારણ આપ જ રહ્યા છો. હે નાથ ! આપ મનુષ્ય અવતારને ધારણ કરીને નરના નાથ નારાયણ પ્રભુ આપ સર્વોપરી છો. બધાના મનને હરનારા હે સહજાનંદ ! સુખધામ શ્યામ સુંદર સુખકારી પ્રભુ આપ સદાય સુખના વિસ્તારને કરનારા સુખ નિધિ મારા ઉરમાં વાસ કરીને મને બળ આપો જેથી આપના ચરિત્ર સિંધુનાં અવતારો રત્નમાં મંથન કરીને ચરિત્ર સિધુંની રચના કરી શકું એવી સહાય કરો અને મારી દ્રષ્ટિની સન્મુખ રહીને સારી રીતે રચના કરી શકું એવી મને સહાય કરો. ધર્મનંદન મહાપ્રભુને વિચરતા થકા ચરણકમળમાં વારંમવાર વંદન કરીને લીલા સિંધુનું મંથન કરીને તેમાંથી ચારે પ્રકારના પુરુષાર્થની સિધ્ધીના રૂપમાં કાઢીને બધાને સુખરૂપ થાય એના માટે કૃપા કરો. શ્રીહરિ સુખકંદની નવી નવી લીલાનું વર્ણન કરીને નવીન જ રત્નના નામથી વિસ્તાર કરૂ અને પૃથ્વી ઉપર પણ જુદા જુદા સ્થળોએ ગામોએ દેશોએ વસતા ભક્તોના કલ્યાણ માટે રચના કરવાનું ચાહું છું તો મને બળ આપો એ જ વિનંતી છે.

**આનંદ રાજા કહે છે,** હે અવધપ્રસાદજી મહારાજ ! આપે મને આઠમાં રત્નમાનાં જે ચરિત્રો કહ્યાં તે સુંદર કહ્યાં તેમાં અનેક પ્રકારની મહિમા સભર વાતોને વિવિધ પ્રકારે વિસ્તારીને મુનીજનોનાં મનને હરનારી વાર્તાઓ સુંદર કહી. આપના મુખ કમળથી કહેવાયલી બધીજ વાર્તાઓ મેં મારા શ્રવણેન્દ્રિથી સાંભળી. હવે આ નવમાં રત્નના અવલંબનમાં આવતાં ભગવાનનાં ચરિત્રોને આપ મને પ્રેમથી જગદીશ પ્રભુ જે જે ગામે મુનીજનો સાથે ગયા હોય, તે તે ગામનાં નામો સાથે આશ્ચર્ય આપનારી લીલા હોય તે મને કહો. ભગવાનનાં ચરિત્રને સાંભળવા માટે મારું મન ખુબ જ ચાહે છે તો તે સુખ આપનારી લીલા મને કહી સુખ આપો. આ લીલા ચરિત્રો સાંભળવાથી તૃપ્તિ જ નથી જ થતી મારૂં મન સદાય તરસ્યું જ રહે છે તેથી પ્રભુનાં ચરિત્રને હે અવધપ્રસાદજી ! મને વારંમવાર કહેતા રહો એવી વિનંતી છે. આપનો શિષ્ય જાણીને મારી ઉપર દયા કરીને હરિ લીલાનાં ચરિત્રોને વારંવાર કહો, પ્રભુના જાહેર ચરિત્રો તથા ગુઢ ચરિત્રો અનંત છે તે બધાં જ ચરિત્રો આપ અતિ સમર્થ અધિકારી છો તેથી મને પ્રેમથી કહો.

શ્રીહરિ સહજાનંદ મહાપ્રભુએ ખોખરામાં લડાઈમાં જેમ ખેતરમાં પાકલણે તેમ અસુરોની સાથે કાપવાણી કરીને પછી હેતથી મહાપ્રભુ સુખ આપવા મહાસુખકારી **વહેલાલ** ગામે પધાર્યા.આરીતે આપે આગળના રત્નમાં વાત કહેલી છે તે વાત સાંભળીને મને ખુબ જ આનંદ થયો છે. હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! મહા પ્રભુ લોકોના ભયને ભાંગનારા ભવ બંધનના ભયને હરનારા લોકોના મનને આનંદ આપનારા ઘનશ્યામ પ્રભુ કેવી રીતે ક્યાં ક્યાં ગયા તે વાત વિસ્તાર કરીને ક્યા ક્યા સ્થળે પ્રભુ વિચર્યા ક્યા ભક્તજનો પ્રત્યે ભાવ થવાથી ગુરૂ સ્થાને રહીને સુખ આપ્યાં તે લીલાને મને ઉત્સાહ કરીને કહો એવી મારી વિનંતી છે. (ગ્રંથના રચયિતા અવિનાશાનંદ બ્રહ્મચારી કહે છે.)મારા ગુરૂ અયોધ્યાપ્રસાદજી મહારાજ તે આનંદ રાજાના પુછેલા પ્રશ્નો સાંભળીને રાજી થયા અને રાજાની પ્રશંશા કરતા હતા ભગવાનના ચરિત્રોને ભુમી ઉપર સાંભળવાથી પ્રમાદ બધો જતો રહે છે. હે રાજન! તમને ધન્ય છે રાજરૂષી તમે ધર્મને ધારણ કરીને કોઈ પણ જાતના માન સન્માનની આશા નથી રાખતા પરંતુ અવતારના અવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોની કથા તે વારંવાર મને પુછ્યા જ કરો છો તોય તુપ્તિ નથી થતી. જે જીવાત્મા ભગવાનનાં ચરિત્રની કથાને નથી સાંભળતો તેના કાનના છીદ્રો સર્પના રાફડાની માફક શોભારૂપી જ હોય છે આમ સર્વે મુનીજનો વર્ણન કર્તા રહે છે જેમને કરોડો જન્મનાં પુણ્ય ભેગા થયાં હોય તે જ જીવોનો પ્રગટ ભગવાનના ચરિત્રો ઉપર હેત થાય છે માટે હે ઋષિરાજ ! તમારા જેવા જ મુમુક્ષુ જીવો ધર્મ ભાવનામાં દ્રઢ શ્રધ્ધાવાળાને જ ચરિત્રો સાંભળવાનું મન થાય છે વારંવાર પુછતા રહે છે.

હે આનંદ રાજા ! તમે શ્રધ્ધા પુર્વક મારી પ્રત્યે ભાવથી પ્રશ્ન પુછો છો તે જ પ્રશ્ન જુનાગઢના મહંત ગુણાતિતાનંદ સ્વામીએ ગિરનારની તળેટીમાં ગોપાળાનંદ મુનીને પુછ્યો હતો. તે ગુણાતિતાનંદ સ્વામીએ ગોપાળાનંદ મુનીને વિનય સહીત બન્ને હાથ જોડીને વારંવાર પ્રેમથી આજ પ્રશ્ન પ્રગટ પ્રભુના શ્રી ઘનશ્યામ પ્રભુના ચરિત્રો પુછતા હતા.

હે મુનીવર ! તમને ધન્ય છે કેમ કે તમે લોકોના ભ્રમનો નાશ કરવા માટે, અધર્મના આશ્રયને દુર કરીને પૃથ્વી ઉપર પુણ્યને પ્રકાશિત કરનારા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પ્રભુના સ્વરુપ જ્ઞાનને વિસ્તારતા થકા લોકોના મનના ભાવને જાણીને એમના માંનસમાં રહેલા મહાપાપોનો સમુદાય કાળકર્મનો ત્રાસ દુર કરવા વિચરો છો. યોગ્ય રીતે આસનને જીતીને મુનીજનોની માફક હે રાજન્ ! તમે પણ સ્થિર મનવાળા થયા છો મનમાં દ્રઢ વૈરાગ્ય ભાવ ફેલાયેલો છે.તમારી બુધ્ધિ તથા કાર્યો સર્વે કોઈ જાતના ક્લેશમાં નથી એટલા માટે જ કળીકાળના કલેશને હરનાર ભગવાનનાં આઠમાં રત્નનાં ચરિત્રો બધાં જ તમને સર્વ કલેશોને હરવા માટે મેં સંભળાવ્યાં અને તમે પ્રેમથી ગ્રહણ કર્યા. મેં તમને મારા શિષ્યરુપે પ્રમાણિત કરીને તમારી ઉપર કરુણા કરીને આઠમાં રત્નમાં જુદાજુદા ચરિત્રોની વાતો સુંદર રીતે કરીને સમજાવી. હવે નવમા રત્નમાં પણ ભગવાનની નવીન લિલાનું વિસ્તારણ કરીને હું તમોને સમજાવવાનું કહું છું.તો આપ વિચારીને મુનીવર જ્ઞાનના મહા સમુહને પ્રગટ પ્રભુના ચરિત્રની લીલા મનને શોકથી મુક્ત થઈને આનંદ યુક્ત થઈને નવમાં રત્નનું વર્ણન કરીને કહો.

આઠમાં રત્નમાં આપે જ સુખકંદ શ્રી હરિની લીલાની વાતો સુંદર રીતે કહી હતી તે **ખોખરાપુર**થી અસુરોની સાથે લડાઈ કરાવ્યા પછી લાલ પ્રભુ આનંદ પુર્વક ગયા. તે કરુણા નિધાન કરુણા કરીને કેવી રીતે પધાર્યા તે બધી જ લીલાને સુખ પુર્વક સંભળાવો. ગુણના ભંડાર ગોપાળાનંદ મુની તમે પ્રગટ પ્રભુની લીલા મને કહો.

હે ગુણાતીતાનંદ મુની ! તમને ધન્ય છે તમે તમારા નામ જેવા જ ગુણવાન છો. ગુણનો પાર પામેલા છો

તેથી તમે પ્રગટ પ્રભુના ચરિત્રોમાં પ્રિત કરિને પુછેલાં છે તે પુણ્ય આપનારા મહાપ્રભુનાં ચરિત્રો તે તમને શ્રધ્ધાવાળા છો અને તમને હું અધિકારી માનું છું. પ્રભુને તમે સર્વોપરી માનો છો એટલા માટે પ્રેમથી નવમાં રત્નના સુખ આપનારી ચરિત્રોની વાત કહું છું અવતારી પ્રભુની લીલાઓ તો અગણિત અપાર છે તેમાં છંદના ભેદો ભાષાના ભેદો સહીત તમે સાવધાન થઈને સુખના નિધાન પ્રગટ પ્રભુનાં લીલા ચરિત્રોને સાંભળો.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે હે રાજન્ ! આમ કહીને ગોપાળાનંદમુનીને ફરીથી હરિ લીલા ચરિત્ર સાગરમાં ઘણા સમય સુધી આનંદનો ઓઘ આવી ગયો. ચરિત્ર સાગરમાં ડુબકી મારીને ઘુમરી ખાઈને બહાર આવ્યા ભાનમાં આવ્યા અને નવમાં રત્નની વાત કહેવા માટે વારે વારે ધ્યાન ધારીને હૃદયમાં દર્શન કરીને પ્રયત્ન કરીને અતિ રાજી મનવાળા થઈને કહેવા પ્રયત્ન કરતા હતા. હૃદયમાં પ્રભુના ચરણનાં ચિહ્નોનું ચિંતવન કરીને મુનિરાય નવમાં રત્નને કહેવા માટે અતિ રાજી થઈ ગયા તે વાત હે આનંદ રાજન્ ! તમને કહું છું હે આનંદ રાજન્ ! હવે તમો એકાગ્ર ચિત્ત થઈને સાંભળો તમને તે વાતો કહું છું. હે આનંદ રાજન્ ! મુનીએ નવમાં રત્નનાં બધા જ ચરિત્રો જે કહ્યાં તે બધાં જ તમને કહું છું તે તમે સાંભળો. શ્રી હરિએ અસુરોના પતિ મહંત લોલંગરનો શત્રુની રીતે નાશ કરાવીને મહા પ્રભુ ઘોડે સ્વારોની સાથે ઘોડા પર અશ્વાર થઈને ચિત્તને તાણનારા પ્રભુ ચાલતા થયા. જગતપતિનો ઘોડા ચલાવવાના વેગને જોઈને ગરૂડ પણ શરમાતો હતો એવો ઘોડાનો ઝડપી વેગ હતો. શ્રી હરિના અંગો અંગની શોભા એટલી બધી અલૌકિક જોઈને મનમાં અતિ ઉમંગ આવતો હતો. માર્ગમાં આવતાં ગામોનાં લોકોને અતિ આનંદ આપીને સુખકારી અને દયાળુ પ્રભુ લોકોના મનને રાજી કરવા વિચરતા થકા **વહેલાલપુર** પધાર્યા.

સર્વના નાથ મહાપ્રભુ સર્વ સખાઓની સાથે આવ્યા વહેલાલનાં લોકોને સનાથ કરવા અનાથના નાથ પોતે પધાર્યા. પ્રભુ આવ્યાનું ગામના લોકોએ જાણ્યું એટલે બધાને મનમાં ખુબ જ આનંદ થયો અને પ્રભુને સન્માનવા આનંદ પુર્વક સામા આવ્યાં સાથે જાત જાતના વાજીંત્રો વગાડતાં થકાં બધા જ લોકો ભેટ સામગ્રી લઈને આવ્યાં હતાં. સર્વે સ્ત્રી પુરુષનો સમાજ વધાવવા માટે સામા આવ્યાં હતાં. મુખ્ય આગેવાનો **જેસંગભાઈ** તથા એમના બહેન **વખતબાઈ** બધાં જ સાથે આવેલા તે બધા પ્રભુના ચરણમાં પ્રેમભાવથી ભુમી ઉપર મસ્તકને ટેકવીને વંદન કર્યાં. લાવેલ ભેટ સામગ્રી પ્રભુના ચરણમાં અર્પણ કરી હૈયામાં અતિ ઉત્સાહથી પ્રભુનાં દર્શન કરીને સર્વે ભક્તો પ્રભુને ધામધુમ પુર્વક પોતાને ઘેર લાવ્યાં. ઉતારે આવીને પ્રભુ વાત કહેવા લાગ્યા. તમે બધા શાંતીથી સાંભળો અમે અત્યારે ભાગીને આવ્યા છીએ તમે રાખી શકો તો અમે અહી રહીએ. અમે ખોખરામાં ઝગડો-(લડાઈ) કરીને વૈર કરીને આવ્યા છઈએ આ વાત અમે સાચી જ કહીએ છઈએ માટે તમારાથી અમારી રક્ષા થાય તો અમે અહિં રહીએ ન થાય તેમ હોય તો અમે બીજે જતાં રહીયે. આવી રીતે વાત સાંભળતાં સાંભળતાં મુખથી મધુર બોલતાં હરખાતા હતા. ભક્તજનો બંન્ને હાથ જોડીને યુક્તિ કરીને **જેશંગભાઈ** પ્રભુનો રુખ જોઈને કહેતા હે કાળના કાળ ! હે દયાળુ પ્રભુ ! આપ આશ્રિતોને દર્શન દો. ભક્તજનોનાં કાર્યોને કરનાર છો. રાજાના રાજાધિરાજ આપ અહિંયા જ રહો. હે નાથ ! આપ તો આ પૃથ્વી ઉપર મનુષ્ય સ્વરૂપને ધારીને રહેલા છો, એટલા માટે જ અત્યારે આમ મનુષ્ય ચરિત્ર કરો છો આપ તો અનંત કોટી બ્રહ્માંડોના કારણ છો તે છતાં આપ આટલો બધી બીક શા માટે રાખો છો. હે પ્રભુ ! આપના ભ્રકુટીનાં ભંગના વિલાસ માત્રમાં જ અનેક બ્રહ્માંડોનો નાશ થઈ જાય છે તથા કાળ પણ આપનાથી થરથર ધ્રુજતો રહે છે. બધાં જ કાયમ માટે જગતના સર્જનમાં

પાલનમાં સંહારમાં બધા જ દેવો પોત પોતાના કાર્ય કરતા હરતા જ રહે છે. આપ તો આ ભુમિ ઉપર ધર્મનું સ્થાપન કરવા લોકોના ભ્રમ ભયને દુર કરવા માટે આપ ભગવાન છો તો આપની આગળ શત્રુઓના ઝુંડનું પરાક્રમ શું કરી શકે આપતો તો સર્વના અંતર્યામી સર્વના સ્વામી છો માટે હે પ્રભુ ! આપ આ ઘર આપનું જ છે એમ નક્કિ કરીને આપ જવાની વાત તો કરશો જ નહીં અહી કૃપા કરીને કાયમ માટે વાસ કરીને રહો. આવી રીતે પોતાના આશ્રિત ભક્તજનોનાં મનોહર વચનો સાંભળીને ભક્તજનોને સુખ આપવા માટે પ્રભુ મુખથી હાસ્ય કરતા થકા હરિભક્તોને હસાવતા હતા.

પાસે બોલાવીને શ્રી હરિ મહાપ્રભુ સુખેથી રહેવા માટે પોતાના આશ્રિત ભક્તના ઘરમાં જ આસન પથરાવીને રહેવાની વ્યવસ્થા કરાવતા હતા. ધર્મવંશના મુકુટ મણિ મહાપ્રભુ મનને પ્રસન્ન કરીને હસતા થકા મનને ખેંચતા હતા આનંદ આપતા હતા. પ્રભુ કટિ ઉપર વસ્ત્રને અતી ખેંચીને બાંધતા હતા આવી રીતે સર્વના મનને હરીને હસતા થકા સર્વને હસાવતા હતા. શ્રી ઘનશ્યામ પ્રભુ થાળ જમીને મુખ ધોઈને જળપાન કરીને જગતના પતિ હાથ ધોઈને ભક્તજનોના મનના ત્રાસને હરીને મુખથી મંદમંદ હસતા થકા દર્શન દેતા હતા. જમ્યા પછી બહુનામીએ મુખવાસ લીધો એલાયચી લીધી અને ત્યાર પછી સુખનિધી મહારાજ સુખ આસન ઉપર વિરાજમાન થઈને મહારાજ શાંતિથી શયન કરતા હતા અવિનાશી પ્રભુ સુખ આપતા હતા. મહા પ્રભુ શયન કરીને લોકોના મનને રાજી કરવા જગદીશ પ્રભુ મુખેથી મધુર પ્રિય વાણી બોલતા હતા મુનિનાથ કહે હવે અમે જવા માટેનો વિચાર કર્યો છે.હે મારા આશ્રિત ભક્તો ! તમે લોકોએ અમારી ખુબ જ સારી રીતે સેવાપરીચર્યા કરી છે ખુબ જ સારૂ કર્યું છે. ત્યારે જેસંગભાઈ આદીક ભક્તજનો પુરુષો અને વખતબાઈ આદીક બાઈએ આદીક બધાં જ ભક્તો ત્યાં પ્રભુને વારંવાર ચરણ સ્પર્શ કરતાં હતાં નમન કરતાં હતાં. બધાં જ ભક્તજનો હાથ જોડીને દર્શન કરતાં હતાં તેઓને ગરીબોના નીવાજ પ્રભુ કહેતા હતા અમારે કોઈ જાતની બીક જ નથી કોઈ વાર ચડી આવે તોય અમે તો તે ખાલી તણખલા જેવા જ સમજીએ છીયે. અમને કોઈ ભય ન હોય.

હે કૃપાસિંધુ ! આપને અમેં કહીએ છઈએ કે આ ઘર આપ પોતાનું સમજીને હે પ્રભુ ! અહિં જ નિવાસ કરીને રહો આપની બધા જ પ્રકારની સેવાચાકરી કરીશું.હે ભવભંજન પ્રભુ ! આપની રાત દિવસ ભજન ભક્તિ કરતા રહીશું સેવા ચાકરી કરતા રહીશું. આ રીતના ભક્તજનોનાં વચનો સાંભળીને મહાપ્રભુ મનમાં રાજી થયા અને ભક્તજનોના પ્રેમની પરીક્ષા કરવા માટે મનુષ્ય જેવાં ચરિત્રો કરેલાં હતાં એ જ શિરતાજની લીલા છે. તમે બધા જ મારી ભક્તિ કરવામાં તત્પર છો પ્રેમને વશ થયા છો તેમાટે સાચુ જ કહું છું આમાં કાંઈ શંકા રાખશો જ નહિં તમે બધા જ મન કર્મ વચને કરીને મારી ભક્તિ કરતા રહેજો અને મારી મૂર્તિને અંતઃકરણમાં ધારીને કાયમ સ્મરણ કર્યા કરજો.આમ કહીને પ્રભુએ ભક્તજનોના ભયને હરી લેનારા શ્રી હરિ કરોડો લોકોના કામો કરનારા મહારાજ ઘોડા ઉપર સવારી કરીને સાજ સજીને બધા અશ્વારોની સાથે ચાલતા થયા. ચંચળ ઘોડો ગરૂડના જેવા વેગે સુંદર ચાલે ચાલતો હતો. શ્રી હરિ લોકોના મનને હરતા થકાં **નાંદેજપુરે** પધાર્યા.

શ્રી સ્વામિનારાયણ ભગવાન **નાંદેજપુર**ના ભાગોળમાં આવીને ઉભા રહ્યા. ત્યાર પછી બ્રાહ્મણોના સમુદાયને બોલાવીને કહ્યું કે હે બ્રહ્મદેવો ! જો તમે જમવા તૈયાર હો તો તમને અમે લાડવા જમાડીએ અમારે જમાડવાનો ખુબ જ ભાવ છે. ત્યારે પ્રભુની વાણી સાંભળીને બ્રહ્મદેવોનાં સમુહમાંથી બોલ્યા કે અમે ત્યારે જમીયે, જયારે તમે તમારા શરીરનું દુધ કયા વર્ણનું છે, એ તમે જણાવો પછી જમવાની વાત કરો. ત્યારે ભુદેવોની વાત

સાંભળીને મહારાજ કહે કે, આ નંદેજપુરના ભુદેવોને જમવાની ઈચ્છા નથી કેમ કે આ નંદેજનોનીપુરી(જમપુરી) કહેવાય છે એટલા માટે લાડું નહી જમી શકે. બ્રાહ્મણ વર્ણના કુળનો નેતા આગેવાનોને દ્વિજપણાનું ખુબ જ અભિમાન હતું એનાથી સાંભળેલ છે કે થોડા સમયમાં બધાંનો નાશ થઈ જશે. કેમ કે પોતે જ પોતાના બ્રહ્મકર્મના કર્મમાંથી આપ મેળે જ પડી જવાના, એવા એમનાં ચિન્હો દેખાય છે. જગતના પતિ મહાપ્રભુ બધાને કહેતા હતા કે તમે બધાય ભુદેવો જમો તો તમારુ અતિસારુ થાય તેમ છે. જો નહી જમો તો હવે થોડાક સમયમાં તમે લોકો ખુબ જ ધર્મથી ભ્રષ્ટ થશો. આચાર વિચારથી ઉતરી જશો. આવી રીતની પ્રભુની વાણી સાંભળીને બ્રહ્મદેવો કહેવા લાગ્યાં કે જે થવાનું હશે તેમ થશે એમાં અમે શું કરવાના, તોય તે લોકો કહે કે તમે તમારા દુધના કુળની વાત કર્યા સિવાય અમે કોઈ તમારૂ અનાજ જમશું નહી. ત્યારે હરિ કહે અમે તો સાધુ છીએ તેથી દુધ-દહિંની વાતને કાંઈ જાણતા નથી જો તમે બ્રાહ્મણો જમો તો તમારૂ તો જરૂર કલ્યાણ થાય અને તમે મુક્ત બની જાવો. આવી રીતે શ્રી હરિ પોતાના મુખે બહુવાર કહ્યું સમજાવ્યા તોય પ્રભુનો ઉપદેશ કાંઈ લાગ્યો જ નહીં.

ત્યાર પછી પ્રભુ ભક્તજનોને કહેતા હતા કે આ લોકોને એમનો ત્રાસ જ એમની અંદર કલેશ કરાવશે. જિજ્ઞાસુ ભક્તોને પ્રભુ કહે છે આ પુરની નજીકમાં અપાર અસુરો રહે છે આમ કહીને પ્રભુ ભક્તજનોને કહેતા હતા કે આપણે બધાં અહીંથી નિર્ણય કરીને મનમાં ધારણ કરીને ચાલતા થઈશું.નાંદેજથી શ્રી હરિ ચાલતા થયા અને **નાની શલકી** ગામે પધાર્યા ત્યારે ભક્તિ પ્રેમમાં બળવાન બાઈઓ અને ભાઈઓ દોડીને પ્રભુનાં દર્શન કરવા આવતા હતા, ત્યારે મુખેથી ભગવાનના ગુણને ગાતા હતા. કમળનયન આંખોને ચારે બાજુ ફેરવતા હતા તેનાથી બધાને આનંદનો ઓઘ આવતો હતો. પ્રભુ લોકોને મનમાં અતિ સુખ ઉપજાવતા હતા અને ભવદુઃખને સાવ ભુલાવી દેતા હતા ત્યાં પ્રભુ લોકોના સમુદાયને ભોજન બનાવી ભીલ જાતીના લોકોને ત્યાં ભુમિ ઉપર રહેતા હતા તેમને જમાડતા હતા. ત્યારે ત્યાં કીરાત જાતીનાં લોકોને દુત મોકલીને બોલાવીને આવ્યા ત્યારે મધ્ય રાત સુધી પ્રવાહ આવતો જ રહ્યો, બધાં લોકો આદિવાસી આવતા હતા. અને ઝાંઝ મૃદંગ લઈને વગાડતા હતા અને નાચતા હતા કુદી કુદીને આનંદ વધારતા હતા, આ બધી વાતો તો કહી ન શકાય તેવી અગણિત વાતો હું તમને કહી સંભળાવું છું એવા અપારને પાર કરી બધાને પ્રભુ જમાડતા હતા. જગતમાં જગતના પતિ જમાડીને જયજયકારને કરાવતા હતા ચારે બાજુ જગતમાં જયજયકાર છવાઈ રહ્યો હતો. શ્રીહરીએ પાકતો થોડોક જ બનાવરાવ્યો હતો અનેક નરનારીજનોને ખુબ જમાડતા હતા ત્યારે ત્રણે લોકમાં જયજયકાર થયો ત્યારે તે દૃશ્ય જોવા માટે સર્વે યોગી જતીજનો દોડીને આવતા હતા, તે સમયે એક મણ લોટ દળાવીને તૈયાર કરાવીને ઢંકાવી દીધું તેમાંથી પાત્રો ભરીભરીને પીરસતા હતા, હરિ હંસગતિથી બધાને પિરસીને જમાડતા હતા.

બધાં જ નરનારીજનો ખુબ જ જમતાં હતાં જમીને પ્રભનો જયજયકાર કરીને વખાણ કરતા હતા પ્રગટ પ્રભુના પ્રતાપથી અગણિત લોકો આવતા જતા અને જમતા હતાં. વસ્તુ ભરેલા પાત્રો અક્ષય પાત્ર જેવાં જ થયાં કેમ કે તેમાંથી લગારે ખુટતુ કે ઓછું થતું જ ન હતું. કીરાતોને તેડાવેલાં તે બધાં જ સમાચાર સાંભળીને આખા દેશમાંથી આવતાં હતાં. ચિત્તને ચોરનાર પ્રભુ પોતાની ચંચલતાથી લોકોનાં ચિત્તને ચોરીને પોતાનો ખુબ જ પ્રતાપ જણાવ્યો આમ ધીરજને ધરનારા ધર્મકુમાર પ્રભુ એકાએક ત્યાંથી વિચરતા થકા નીકળી ગયા. માર્ગ ઉપર લગારે ચાલતાજન હતા. જેમ તેમ ચાલતા હતા તેનાથી ઘટાઓ મેદાનો વૃક્ષો લતાઓ સર્વે કંપતાં હતાં શ્રી હરિ મહાપ્રભુ એકલા જ આવા ઘોર વનમાં જતા હતા જેમ મદોન્મત્ત થયેલો હાથી મદ્ઝુરતો થકો વનમાં વિચરે

તેમ પ્રભુ વિચરતા હતા ત્યારે તે વનમાં કોઈ મનુષ્યથી જઈ જ ન શકાય તેવું હતું ત્યાં સ્વયં પરમાત્મા પોતે જ જાય એ પ્રમાણ થાય છે. પ્રભુ વનમાં માર્ગની વચ્ચે ચાલતા હતા. ભવમાં ભટકનારના ત્રિયવાહનને ભય આપનારા થતા હતા એટલામાં જ માર્ગમાં મહાભયંકર શરીરવાળા વિકરાળ ગર્જના કરનારા વિકરાળ રૂપવાળા સિંહ આવતો હતો. એટલી જ વારમાં બીજો પણ સિંહ આવ્યો એણે પણ મહા ભયંકર શબ્દ કરીને ત્રાડ સંભળાવી તે અતિ કઠોર ત્રાડ પાડતો હતો જાણે વિકરાળ પંચાનન આવ્યા હોય તેમ ભાસતું હતું. એટલામાં જ પાછો ત્રિજો સિંહ પણ ગર્જના કરતો થકો ત્યાં આવ્યો પ્રભુ ઉપર ખુબ જ ખિજાયેલો હતો. તેથી ત્રણે ભેળા થઈને ભારે ગર્જના કરતા હતા એટલામાં ચોથો સિંહ પણ ત્યાં આવ્યો તે પણ અતિ ભયંકર વિકરાળ હતો. તે ચારે સિંહ શિકારી વિકરાળ હતા કઠોર હતા તેથી હરિને જોઈને એમને ઘેરીને ઉભા રહ્યા. ચારે બાજુથી ઘેરી લીધા જાણે મારી નાંખવા વિચારતા હોય તેમ, ઘનશ્મામ પ્રભુના માંસને ખાવા માટે તૈયાર થયા હોય તેમ ચારે સિંહો મુખમાં થી ફિણને ઓકતા હતા. ભારે ફુંફાડા મારતા હતા ભારે ગર્જના કરતા હતા અતિ ભારે ત્રાડ નાખતા હતા કોઈ બીજો માણસ હોત તો એને જોઈને તરત જ પ્રાણ જ જતા રહે. પણ આતો પોતે સાક્ષાત પુરુષોત્તમ નારાયણ હતા તેથી કાંઈ ભયને ન પામ્યાં. હરિની પ્રેરણાથી અંતઃકરણમાં વિચાર કરતા હતા ભગવાનના સ્વરુપનું યથાર્થ જ્ઞાન તેઓને થયું તેથી ભગવાનને ઈશ્વર મહા પ્રભુને પગે આવીને પોતાના મસ્તકો નમાવી દીધાં કેમ કે અશરણના શરણાગત પોતે જ છે તેમ માનતા હતા.

હે રાજન્ ! તે સિંહો નમસ્કાર કરીને પાંચ પ્રદક્ષિણા કરીને દઢતાથી ભગવાનની મૂર્તિને પોતાના અંતરમાં ધારીને તે ચારે સિંહ વનમાં ચાલ્યા ગયા. આવી ઘટના અતિ મહા ભયંકર વનમાં બની પ્રભુ ફરીફરીને ચારે બાજું જોઈને ધર્મકિશોર પ્રભુ પવિત્ર તિર્થ સમાન કરતા હતા. ''શ્રી હરિ મહાપ્રભુ ગયા તે વન પુર્વના સમયમાં કોઈનો શ્રાપ થયેલ તેથી તે સ્થળ શ્રાપીત હતું. તેને પ્રભુ પધારીને પાવન કરવા વિચરતા હતા મહાપ્રભુ પામર જીવોનો ઉધ્ધાર કરવા પધાર્યા હતા.''

પ્રારંભના નવમાં રત્નમાં પ્રભુની પ્રસન્નતારુપ પ્રસાદના રુપમાં પ્રયત્ન કરીને આ રત્નનો પ્રારંભ કર્યો એમ જાણજો તેમાં પ્રથમ પરંપરામાં સંવાદ થયો તેનું વર્ણન કરીને વિસ્તાર કરીને વાત કરી, એ જ એનું પ્રમાણ છે. મહાપ્રભુ વહેલાલ પધાર્યા ત્યાં અનેક ચરિત્રો કર્યા. ભક્તોના ભાવને વખાણ્યો, ત્યાર પછી ત્યાંથી નાંદેજ થઈને શલકી પધાર્યા વનમાં પધાર્યા. વિકટ વનનું વર્ણન કર્યું એવી રીતે આ પહેલા તરંગના રુપમાં આ હરિ લીલા સિંધુની લહરી રુપે પુર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં ખંડ રત્નમાં શ્રી સ્વામીના શિષ્ય વૈષ્વાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદ ભાષામાં આચાર્ય અવધગુરુવર આનંદ રાજાના સંવાદમાં શલકી ગામમાં લીલા કરી તેનું વર્ણન કર્યું તે નામે પહેલો તરંગ થયો. ။૧။**

# તરંગ-૨

આનંદ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! આ ઘોર વનને વિષે શ્રીહરિ પધાર્યા ત્યાં કોનો શ્રાપ થયો તથા કોના દ્વારા શ્રાપ થયો કોને શ્રાપ આપ્યો તેનો ઉધ્ધાર કરવા માટે કમળ નયન પ્રભુ શા માટે પધાર્યા? તેનું કારણ મને કહી સંભળાવો.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે રાજન્ ! આનંદરાજા ઋષી તમારા પ્રશ્નને ધન્ય છે. તમારી પ્રશ્ન પૂછવાની રીતને તથા તમારી બુધ્ધિને ધન્ય છે. કેમ કે તમે પ્રગટ પ્રભુના પ્રતાપનું પુછો છો.અને એ પણ પ્રભુના ચરિત્રોમાં વારંવાર પુછવાથી વધારે પ્રેમ પ્રગટે છે.

તમે પુછેલા પ્રશ્નમાં પ્રથમ વસતા હતા તે વખતનો શ્રાપ થયો તે કહું છું. જે સ્થળ વનમાં છે તે તમને સંભળાવું છું. પછી એના શ્રાપ થયાનું કારણ કહીશ તેને આનંદ રાજન્ ધ્યાનથી સાંભળો. ત્યાર પછી બીજા સંવાદો વડે તમને બધી જ વાતને વિસ્તાર કરીને સંભળાવીશ તે જગ્યાનું નામ ઠેકાણું બધું જ કહીશ. હે રાજન! જેને શ્રાપ દીધો તે બધી વાતો નામ સહિત તમને કહું છું. વનના મધ્યમાં વિચરણ કરવાનું કારણ વનના પાપોને હરનારા કરુણામય નેત્રવાળા શ્રીહરિ ધર્મનંદન મહાપ્રભુ ચાલતા ચાલતા વિકરાળ વનમાં ગહન વનમાં એક સુંદર દેવાલય જોયું તે શોભતું હતું તે દેવીનું અતિ પુરાતન દેવીગ્રહ શોભતું હતું તે દેવાલયમાં મહાપ્રભુ ચાલતા થકા અંદર ચાલ્યા ગયા દેવાલયમાં શાંતિથી પ્રભુએ શયન કર્યું. પ્રભુએ મસ્તક નીચે ઓશિકાં તરીકે પ્રભુએ દેવીને સુવરાવીને ત્યાર પછી મહાપ્રભુએ શયન કર્યું. અવતારી પ્રભુ પોઢ્યા સર્વ ઈશ્વરોના ઈશ્વર મહાપ્રભુ પોઢી ગયા તેને જોઈને શેષજી આવીને ફણાનું છત્ર કરીને ઉપર ધરી દીધું, સેવામાં હાજર થયા. એમનું શરીર અતિપુષ્ટ થયેલું લાંબું પણ બહું હતું એવા તે વિષને ધરનારા સર્પરાજના નેત્રો લાલ ખૂબ જ સુંદર હતાં તથા બે જીભો મુખની બહાર દેખાતી હતી. જો કોઈ માણસ અંદર પેસે તો તેને તરત જ ખીજાઈને કરડતો હતો. એવો તે મણિધર નાગ ખૂબ જ ઉંડે ગુફામાં અંધારામાં રહેનારો જાણે કે શેષનાગ શરીર ધરીને ન આવ્યા હોય ? તેમ તે સ્થાને કોઈ પ્રવેશ કરી શકતું નહોતું. જે કોઈ અંદર પ્રવેશે તેનો જીવ શરીરમાંથી નીકળી જાય તેવુ ભયંકર સ્થળ હતું. હે રાજન્ ! તે સર્પ ઘણાં લાંબા સમયથી ત્યાં રહેતો હતો તે દેવળ અતિ ઘોર ભયંકર જેવું લાગતું હતું તેમાં સર્પ વાસ કરીને રહેતો હતો તેનો ઉધ્ધાર કરવા મહાપ્રભુ પુરષોત્તમ નારાયણ એકલા જ પધાર્યા હતા. આ બાજુ સૂર્યોદય થવાથી સવાર થયું એમ જોઈને ગોવાળીયાઓ ગાયો પશુઓ ચરાવવા માટે આ મહા વિકરાળ વનમાં આવ્યા અને વિકરાળ દેવળને જોયું અને તે દેવળની વચ્ચમાં દયાસાગર પ્રભુને જોયા. મહારાજ પોઢેલા હતા અને મસ્તક ઉપર સફેદ વસ્ત્રને ઓઢીને પોઢી ગયા હતા પ્રભુના મુખ ઉપર મહાભયંકર વિષધરનાગે છત્ર બનાવીને ધારેલુ હતું તે જોઈને ગોવાળો ખૂબ જ ભયથી બીતા હતા.

ગોવાળો અંદરો અંદર વાતો કરે છે કે આજે આ મંદિરમાં કોણ પુરુષ આવેલ છે અને શું કામ કાજે આવેલ છે, તે પણ નિશ્ચિંત થઈને સુઈ રહેલા છે એને કોઈ જાતની કાંઈ ચિંતા જ નથી વળી પાછુ એમના માથા ઉપર મહા ભયંકર ઝેરવાળો કાળો નાગ બેઠો છે. તોય એમણે કેવી સુખ નિદ્રામાં સુઈ રહેલ છે. તેને ભાઈ તું પણ નજર કરીને જો આવી રીતે ગોવાળો અંદરો અંદર વાતો કરતા હતા. તે વાતોને સાંભળીને વાતાવરણ જાણીને સુખદાયક શ્રીહરિ મહાસુખનિધિએ પોતાનું માથુ ઉઘાડું કર્યું ત્યારે ઉપર છત્ર ધરેલો મહા ભયંકર સર્પને જોઈને

શ્રીહરિ કહે તું અહિ ઘણા સમયથી નિવાસ કરીને રહ્યો છે. તેથી દયાળુ પ્રભુએ તેને આજ્ઞા કરી કે હે સર્પ ! હવે તું આ સ્થળેથી તરત જ જલદીથી ઉતાવળા ઉતાવળા ચાલ્યોજા આ મંદિરમાં ઘણા સમયથી બધાંને બેહાલ કરતો હતો અનેકને સંતાપ આપનારો જુના સમયમાં તે મહા ભયંકર પાપો કરેલાં છે તેથી હવે તારા બધા દુષ્કર્મોનો નાશ થઈ જશે અને હવેથી તુ બદ્રિકાશ્રમમાં જઈને વાસ કર તપ કર આવી રીતના કૃપાસિંધુનાં વચનો સાંભળીને બધાં જ નાગો પોતાના મનમાં રાજી થયાં ત્યાર પછી તે નાગ શ્રીહરિ ઘનશ્યામ પ્રભુની સ્તુતિ કરતો હતો. આ રીતે પ્રગટ પ્રભુના દર્શન કર્યા ને લાભ થયો. આવી રીતે તે સર્પ મહાપ્રભુ ઘનશ્યામનાં દર્શન કરીને પોતાના પાપો સંતાપોનો છુટકારો મેળવીને દિવ્ય શરીર ધારણ કરીને ભગવાનની ગદગદ કંઠથી સ્તુતિ કરીને પાછો ગયો. હે મહાપ્રભુ ! આપ પર થકી પર છો નવા સ્વરૂપે પ્રગટ થયા છો. એવા આપ અમારી ઉપર દયા કરીને પધાર્યા છો અનંત જીવોને તારનાર છો કૃપાના સાગર અનંત કલ્પથી પીડાતા જીવોના કલ્યાણ કરનારા અનાદી સ્વરૂપ ક્યારેય જન્મ નહી ધરનારા અજન્મા તે છતાં જગતના જીવો ઉપર કૃપા કરીને મનુષ્ય સ્વરૂપે વિચરો છો એવા બ્રહ્મા, વિષ્ણુ, મહેશ આદી અનંત દેવો આપના ચરણ કમળને પ્રેમથી સેવે છે એવા, અનંત કળાઓને કરનારા કરોડો જનોનાં કાર્ય કરનારા એવા, પરાપરનાથ આપને વારંવાર નમન કરીને છીયે. અધર્મીઓ પાપીઓ ખળ પાખંડીઓનો નાશ કરવા અનાદી સનાતન ધર્મનું ધારણ કરીને સત્યધર્મ સમજાવીને પોતાના અશ્રિત ભક્તજનોના દુઃખો નાશ કરીને શાશ્વત સુખ આપ્યાં જનોના ઉધ્ધાર કરવા આપે ચોવીસ અવતારોને ધર્યા છે એવા સર્વોપરી નાથ આપને અમે વંદન કરીએ છીએ.

હે પ્રભુ! આપે આ પૃથ્વીના ઉધ્ધાર માટે માછલાનો અવતાર ધારણ કરીને પ્રલય કરીને જળના ઓઘથી સત્યવ્રત રાજાની સાથે ઋષિમુનીઓને ઐષધિઓને બચાવી રક્ષા કરીને સર્વના શોકને હરનારા, પરમ ધામનું સુખ આપનારા સર્વોપરી સર્વના સ્વામી આપને અમે નમન કરીએ છીયે વંદીએ છીયે. હે દેવાધી દેવ ! આપે કચ્છ અવતાર ધારણ કરીને દેવો દાનવોને સમુદ્ર મંથન કરવા માટે આપની પીઠ ઉપર મંદ્રાચળ પર્વત ધારણ કરીને સમુદ્ર મંથન માંથી ઔષધિઓને લઈને બહાર લાવ્યા એવા સર્વે અવતારના અવતારી મહાપ્રભુ આપને અમે વારંમવાર વંદન કરીએ છીયે. હે પ્રભુ! આપે વરાહનો અવતાર ધારણ કરીને પૃથ્વીનો ઉધ્ધાર કર્યો. પૃથ્વીને રસાતળમાંથી શોધીને હિરણ્યાક્ષ નામના મહાયોધ્ધા અસુર સાથે યુધ્ધ કરીને અસુરને મારીને એના બંધનથી પૃથ્વી છોડાવી લાવ્યા એવા સર્વ અવતારના અવતારી મહાપ્રભુ આપને અમે વંદન કરીએ છીયે. હે નાથ ! આપે નૃસિંહ અવતારને ધારણ કરીને અલૌકિક સ્વરૂપે હિરણ્યાક્ષને માર્યો તેનો ભાઈ હિરણ્યકશિપુને આપની સાથે વૈર થયું તેથી આપનો દ્રોહ કર્યો આપના ભક્ત પ્રહલાદનો ઉધ્ધાર કરવા માટે નૃસિંહ અવતાર ધરીને હિરણ્યકશિપુને માર્યો. એવા હે પ્રભુ ! સર્વ અવતારના અવતારી સર્વોપરી પ્રભુ આપને વંદન કરીએ છીયે. હે પ્રભુ ! આપ વામન અવતાર ધારીને બટુકવેશે બલીરાજા પાસે ત્રણ ડગલાં ભુમી માંગી રાજાએ આપવાની પ્રતિજ્ઞા કરી અને આપે છળ કરીને ત્રિલોકી લઈ લીધી. બલીને પાતાળમાં મોકલ્યો એવા હે પ્રભુ સર્વે અવતારના અવતારી આપને વારંવાર વંદન કરીએ છીયે. હે પ્રભુ ! આપ ભૃગુકુળમાં પર્શુરામ અવતાર ધરીને ફર્ષિ ધારણ કરીને આપે પૃથ્વી ઉપરથી એકવીસવાર ક્ષત્રીઓને મારીને પૃથ્વી નક્ષત્રી કરી નાંખી તથા એક જ ક્ષણમાં સહસ્ત્રાર્જુન રાજાનાં હજારો હાથોને કાપી નાખ્યાં એવા સર્વો અવતારના અવતારી પ્રભુ આપને વારંવાર વંદન કરીએ છીએ. હે પ્રભુ ! આપ રઘુકુળમાં રામ રૂપે પ્રગટ થઈને ધીરજ ધારીને ખારા સમુદ્રમાં પુલ બાંધીને વાનર સેનાને લંકામાં લઈ ગયા

રાવણની સાથે યુધ્ધ કરીને રાવણને મારીને સિતાજીને પાછા અયોધ્યામાં લાવ્યા એવા સર્વ અવતારના અવતારી પ્રભુ આપને અમે વારંવાર વંદન કરીએ છીયે. હે કરુણાનિધિ ! આપે કૃષ્ણ સ્વરૂપ ધારણ કરીને અતિ દ્વેશી કંસને માર્યો તથા વૃંદાવન ગોકુળમાં રાસ રમણ કરીને કામદેવનો ગર્વ ઉતાર્યો એવા સર્વ અવતારના અવતારી હે પ્રભુ! આપને વારંવાર વંદન નમન કરીએ છીયે. હે પ્રભુ ! આપ બિહારમાં બુધ્ધ ભગવાન રુપે પ્રગટ થઈને પોતાના આશ્રિતોને જ્ઞાનનો બોધ આપ્યો તથા શત્રુઓના મોહને ઉતારીને દેવતાઓને વૈદિક કર્મથી વિખુટા પાડયા વેદવિહિન માર્ગની સ્થાપના કરી એવા સર્વ અવતારના અવતારી સર્વોપરી આપને અમે વારંવાર વંદન કરીએ છીએ. હે પ્રભુ ! જ્યારે આ પૃથ્વિ ઉપરથી વર્ણ ધર્મ મર્યાદા વિદાય થશે બધા જ એક જ કર્મવાળા થશે ત્યારે આપ કલ્કિ અવતારને ધારણ કરીને પૃથ્વી ઉપર વિચરણ કરશે. ઘોડા ઉપર ચડીને તલવાર હાથમાં લઈને આપનું કાર્ય કરશો એવા સર્વ અવતારના અવતારી મહાપ્રભુ આપને વારંવાર વંદન કરીયે છીયે.આવી રીતે આપે અનંત અવતારોને ધારણ કરેલા છે  તે સર્વ અવતારના ચરિત્રોને હજારો મુખેથી શેષજી ગાયા કરે છે એવા હે પ્રભુ ! આપતો યુગોયુગમાં ભક્તજનોના હિત માટે અવતારોને  ધરો છો અત્યારે પણ પૃથ્વી ઉપર ધર્મના ઘેર ધર્મ સ્થાપન કરવા વિચરણ કરો છો એવા હે પ્રભુ ! આપને વારંવાર વંદન કરીએ છીયે. એવા સર્વકારણના કારણ આપ અહિં પધાર્યા છો તે દર્શન કરીને હું દુષ્ટ એવો પાપી મે રાતદિવસ પાપ કર્મો કર્યા તેની ઉપર આપે કરૂણા કરીને આપ કૃપાના સિંધુ કહેવાઓ છો એવા સદાય સાકાર મૂર્તિ સર્વકારણ પ્રભુ સર્વત્ર શોભો છો.

આવી રીતે તે નાગે પ્રભુની સ્તુતિ કરીને મનથી અતિ આનંદ પામ્યો. શ્રીહરિના દર્શન અને સેવા કરવાથી પૂર્વ કર્મના બંધનોથી મુક્ત થઈને બધાં જ પાપો બળીને ભસ્મ થયાં તેથી જ શ્રી હરિના ચરણ કમળ પ્રાપ્ત થયાં છે. હે રાજન ! આવી રીતે ચરણ કમળમાં વંદન કરતો જોઈને બધાંને આશ્ચર્ય થયું યોગ્ય વાત જાણી તે સામા ગોવાળો આવી પ્રભુના ચરણમાં વંદન કર્યા. પછી પ્રભુને પ્રેમ ભાવથી પુછતા હતા હે મહારાજ ! આપ ક્યાંથી પધાર્યા છો આપ કોણ છો ત્યારે પ્રભુ કહે મને બધાં જ સ્વામિનારાયણ કહે છે અને અમે અહિં આવીને શાંતિથી સુખ શયન કર્યું સુખ મેળવ્યું. આવી રીતની વાત સાંભળીને તે ગાયો ચારનારા ગોવાળો મનમાં ખુબ જ આનંદ પામ્યા અને કહે આપને તો શલકી ગામનાં બધાં જ સ્ત્રી-પુરૂષો ખુબ જ શોધે છે ચારે બાજુ દોડે છે. તેઓ તો આપનાં માટે ખુબ જ વિલાપ કરી કરીને ખુબ જ વિહવળ થઈને આકળાં થઈને દુઃખ પામે છે કેમ કે આપ એકલા જ કહ્યા સિવાય ગુપ્ત રીતે નીકળી ગયા દુર આવીને દેવીના મંદિરમાં આવી ગયા. એટલે આકુળ થયા છે આ દેવાલયમાં કોઈ દેહધારી માનવ આવતો જ નથી અજાણ્યાં જો કોઈ નરનારી આવી જાય છે તો એમના પ્રાણને આ કાળો નાગ લઈલે છે. એ જીવ કદાચ જો જીવે છે તો એને આખુ જગત જાણે છે એટલા માટે તે ભયંકર ઝેરવાળો સર્પ તમારા ચરણમાં વંદન કરીને આપની સ્તુતિ પ્રાર્થના કરી તે તો અમે પ્રત્યક્ષ જોયું એ નિશ્ચિત વાત છે. એ આત્મા આપની કૃપાથી પ્રેમથી મુક્તિ પામીને ભૌતિક દેહનું ભાન ભુલી ગયો દિવ્યાત્મા બન્યો એ તો આપ અધમ ઉધ્ધારણ પતિત પાવનનું બિરૂદ તમારા નામને વેદો પુરાણો કાયમ ગાયા કરે  છે એ આપ છો. હે  સુખ નિધિ મહારાજ ! એ વાત સાપે સત્ય કરી દીધી કેમ કે આપ તો શરણાગત પ્રતિપાળ નામથી પ્રસિધ્ધ જ છો એટલા માટે હવે હું આપને પુછું  છું તો મહાપ્રભુ આપ તેના ઉત્તર દેજો અમારી ઉપર કૃપા કરજો આ સર્પ થયો તે કોના શ્રાપથી થયો આ કઈ જાતીના જીવો કહેવાય તથા કયા કારણે આ દેવાલયમાં આવીને રહેતો

હતો તે કહીને અમને બધુ સમજાવો.

આવી રીતે ઘનશ્યામ પ્રભુ અતી ઘાટું અતિ વિકરાળ વનમાં ફરતા ફરતા ચાલતા હતા ત્યારે માર્ગમાં ચાર મહાભયંકર સિંહો મળ્યા એમને પોતાના સામર્થ્યથી પોતાના ધામમાં દર્શન કરાવતા હતા. સુખધામ પ્રભુએ ચારેય સિંહોને વિદાય કર્યા ત્યાર પછી આ દેવીના મંદિરમાં પધાર્યા ત્યાં મંદિરમાં રહેતા રહસ્યમય સર્પનાં દર્શન થયાં. મહા ભયંકર વિકરાળ વિષધર સર્પને પોતાને વશ કરી લીધો એણે શ્રી હરિ મહાપ્રભુની સ્તુતિ કરી ઉંડા હ્રદયના ભાવથી પ્રાર્થના કરી ગંભીરતા જણાવી એવી રીતે બંન્ને પ્રકારનાં ચરિત્રના વિભાગરૂપ આ શ્રીહરિલીલા સિંધુમાં આ બીજો તરંગ પુર્ણ થયો.

**આવી રીતે શ્રી હરિલીલાસિંધુમાં ખંડ રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંન્ને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં ગુરુ અયોધ્યાપ્રસાદજી આનંદ રાજાના સંવાદમાં સર્પનો મોક્ષ કર્યો એના નામે બીજો તરંગ થયો.॥૨॥**

## તરંગ-૩

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદ રાજન્ ! તમે ધ્યાનથી સાંભળો તમે પુછેલા પ્રશ્નોના ઉત્તરો બધા જ કહું છું શ્રાપ થવાનો હેતું તથા તેના નામ વિગેરે તમને તે કથાનું શ્રવણ ક્રમ પ્રમાણે સંભળાવું

શ્રી હરિને તે ગોવાળોએ જે પ્રશ્ન પુછેલો તે સાંભળીને ગુણિજનોના મન એવા ગુણનાં ભંડાર રૂપ મહાપ્રભુ રાજી થઈને શ્રી હરિ ઘનશ્યામ પ્રભુ ઉદારતાથી એ કથા કહેતા હતા.

શ્રી હરિ ભગવાન કહે છે હે ગોપાલકો! તમે સાંભળો જે કારણે આને શ્રાપ થયો તથા મોટા ભાગ્યવાળાને અમારો સંબંધ થાય છે તે સર્પ પણ અમારા સંબંધને પામ્યો તેનું નામ ઠામની સાથે બધુ જ કહું છું તે હે ગોપો! તમે ધ્યાનથી સાંભળો. આવી રીતે તે ગોવાળોની વાણી પ્રશ્નો સાંભળીને સુખધામ ઘનશ્યામ પ્રભુ પ્રસંગ પ્રમાણે લોકોના મનોરથ પુર્ણ કરવા માટે કહેતા હતા કે તમે ભલે પ્રશ્ન કર્યો તે લોકોના જન્મમરણના ફેરા ટાળવા માટેનું સાધન છે તેને જે સાંભળશે તેના બધા જ પાપો બળીને ભસ્મ થાય છે એવું પવિત્ર ચરિત્ર છે. આગળ ઉપર આજ સર્પ તે ધનપતિ યક્ષરાજ જાણો તેણે ધન સહિત માનને પ્રાપ્ત કરેલ હતું તથા શરીરશૌષ્ઠવના લીધે સર્પનો પણ ગર્વ થયો હતો તેનું નામ મણિભદ્ર યક્ષ હતું તે અતિ વિષય આસક્ત તથા ભોગવિલાસમાં રત રહેલો હતો વિષય વાસનામાં ઘેરાયેલો હતો. અભિમાનને લીધે ભગવાનનું નામ જાણતા અજાણતાં પણ બોલતો ન હતો વ્યસનોમાં મનને પરોવીને રાખતો હતો માનમાં રત રહતો હતો વ્યસનના જોરે મુખેથી જેમ તેમ બકતો હતો. પોતાના મનની ઈચ્છા મુજબ ચારેબાજુ આપ મેળે ફરતો હતો તથા તેના શરીરમાં રોમેરોમમાં કામ વ્યાપેલો હતો તેથી તે નવા નવા અનેક પ્રકારના ભોગ વિલાસને કરતો હતો નવા નવા ભાવ કરતો હતો નવી નવી યુવતીઓમાં રાત દિવસ દિનરાત રત જ રહેતો હતો.

આવી રીતે અનેક પ્રકારના ભોગ વિલાસને કરતો હતો પોતાના શરીરમાં લગારે ત્રાસ થાય એંવુ ન હતો રાખતો, આનંદ પ્રમોદ કરતો હતો, એટલામાં ભગવાનના મન એવા નારદજી ફરતા થકાં આવ્યા તેઓ આકાશ માર્ગે પોતાની ઇચ્છા મુજબ મનમાં મનમાં આનંદથી ભજન કરતા થકા આવ્યા. વિણાને વગાડીને પ્રગટ

ભગવાનનાં ગુણને ગાતા થકા લોકોના જન સમાજનાં કલ્યાણ કરવા, દીનનાં કામો કરવા જીજ્ઞાસુજનોને જ્ઞાનનો ઉપદેશ આપતા હતા અને અભિમાની જનોના માનને હરતા હતા. ત્યારે તે મુનીવર્યે મણિભદ્ર યક્ષને જોયો ત્યારે તે કામમાં વ્યાકુળ થયેલો સ્ત્રીયોના ટોળાંની વચમાં કામાનંદને ભોગવતો હતો તેથી અંધ થયેલો તે મણિભદ્ર મુનિવર્યને વંદન કરતો ન હતો તથા લગારે આદર સત્કાર પણ ન કર્યો ત્યારે આવી રીતે ઉધ્ધત થયેલો તેને જોઈને મુનીવરે શાપ દીધો.''અરે તું તો અતિશય ધનનાં મદમાં આંધળો થયો છે અતિ અભિમાની થયો છે ભગવાનનો આશ્રય ત્યાગીને દુષ્ટ કર્મો અપાર કરે છે અને મુનીજનોમાં અતિ મર્યાદાનો આદર નથી કરતો નિર્લ્લજ થઈને વ્યભિચાર કરે છે, અતિ આંધળો થઈને વર્ત છે. હું અહિં આવ્યો તોય કોઈ જાતનો આવકાર વંદન સન્માન કંઈ ન કર્યું અમારૂ અપમાન કર્યું એટલે હું તને શ્રાપ દઉ છું તે તું સાવધાન થઈ સાંભળ. તું ધનમાં આસક્ત થઈને પોતાના રૂપમાં અભિમાનવાળો થયો છે માટે તું તત્કાળ જ મહા ભયંકર સર્પ થઈ જા.'' આવી રીતના શ્રાપને સાંભળીને મહાઘોર નર્ક જેવું જણાણું તેથી અતિ વિનયવાન થઈને ગદગદ સ્વરથી અતિ પ્રેમ ભર્યા સ્વરે વિનવવા લાગ્યો અને મુનીના પગમાં પડ્યો ખુબ જ પ્રેમમય વાણીથી કહે હે મુનીવર ! આપનો અપરાધ થયો તે સાચું છે મારી ઉપર કૃપા કરો. હે મુનીવર ! મેં આપનો મહા અપરાધ કરેલ છે કે હું મહાભયંકર મદીરાનું પાન કરીને છકેલો હતો તેથી આપે મને અતિ કઠોર સર્પનો દેહ આવવાનો શાપ આપ્યો તેનાથી મારો બધો જ મદગર્વનો નાશ થયો અને હવે બધું જ જ્ઞાન થયેલ છે તેથી કોઈ વિષયનું મને બંધન જ નથી રહ્યું મને જગતનું ભાન થયેલ છે.

અતિ મંદમતી, મહા અપરાધી જાણીને મનેં કાંઈ જ્ઞાન કે વિષયનું માન રહ્યું જ નથી આપનો અપરાધ થયો તે તો સ્ત્રીયોના સંગને લીધે થયો તે બધો જ મારો દોષ છે મારી ઉપર કૃપા કરો. હવે મારી ઉપર ક્ષમા કરો મારા અપરાધને મારા દોષને નહી ગણીને જેમ પુત્ર ઉપર પિતા કોઈ રોષ નથી રાખતા તેમ હે મુનીવર! આપ મને જ્ઞાન અજ્ઞાનનો દોષને માનીને આવો મોટો દંડ દેવો તે યોગ્ય ન કહેવાય, માટે કાંઈક કૃપા કરો. આવી રીતનાં તેના વચનો સાંભળીને દેવર્ષી નારદજીને દીલમાં દયા આવી ગઈ તેથી અતિશય કૃપા કરીને કહે ''હવે તો શ્રાપ મિથ્યા નહી થાય પણ હું તારી ઉપર કરૂણા કરીને અનુગ્રહ કરૂ છું તને આશિષ વચન આપું છું '' ભગવાનનાં ભક્તજનોના સંગ એના જેવું જગતમાં કોઈ બીજું સુખ નથી એમ કહેવાય છે તેથી તારે એમનો એમ મનમાં જાણજે. હે મણિભદ્ર ! તું હવે વિગતથી કહું તે પ્રમાણે વર્તજે તો સુખ પ્રાપ્ત થશે. તારે સર્પનો તો દેહ લેવો જ પડશે તેમાં તારે તે વનમાં જઈને વસવાનું તે વન ખુબ જ ઘાટું મહાન છે એમાં કાંઈ કલેશ તો છે જ નહીં સર્પના દેહમાં ક્યારેય દેહાભિમાન ન લાવવું એનાથી મુક્ત રહેવા માટે જ મેં તને શ્રાપ આપેલ છે સંગ થશે એમ જાણજે. શલકિ નામનું ગામ છે તેનાથી પુર્વમાં મહા ઘોરવન આવેલું છે તેમાં દેવાલય છે તેમાં જઈને તું આનંદથી રહેજે અને મારી સાથે મેળાપ થયો તેનું જ્ઞાન ક્યારેય નહીં જાય એટલે પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુ તને આપ મેળે જ ત્યાં આવીને મળશે. એ પોતે સર્વ અવતારના અવતારી સર્વના આધાર, અવતાર ધરીને બધાંનાં કારણોના કારણ ધર્મકુમાર પ્રભુ પોતાની ઈચ્છાથી ત્યાં આવીને સર્વના સ્વામી સર્વના નાથ મળશે અને મારા શ્રાપ થકી તને મુક્ત કરશે તને પોતાનો આશ્રિત કરીને શરણમાં રાખશે. તે ધર્મનંદન ભગવાન કૃપા કરીને દિવ્ય ગતી આપીને પોતાના દિવ્ય ધામમાં વાસ આપશે એવા તે પ્રભુના ગુણને અમે ગાયા જ કરીએ છઈએ, તે તને સુખ આપશે.

આમ કહીને દેવર્ષી નારદજી પ્રભુના ગુણને ગાતા થકા પ્રગટનાં ચરિત્રોને ગાતા થકા પોતાના લોકમાં પધાર્યા. દેવર્ષી નારદજી પવિત્ર દીલથી તે યક્ષને શ્રાપ આપ્યા પછી કૃપા અનુગ્રહ કરીને ગયા ત્યાર પછી તે જાણીભદ્રના મનમાં માન અકૃત થઈ ગયું અને તે વિસામણમાં પડી ગયો. કેમ કે જેને મેળવવા માટે મુનીજનો પ્રયત્ન કરીને જાપને જપે છે ભજન કરે છે વનમાં જઈને ઉગ્ર તપસ્યાઓ કરે છે તો પણ સ્વપનામાં પણ જેમનાં દર્શન નથી થતાં તે પ્રભુ સામા આવીને મળશે વિસામણમાં પડી ગયો. લોકોને સુખી કરવા માટે જગતમાં મોટા પુરુષોનો ક્રોધ છે તે મને માન પ્રકૃતિવાળા તથા મંદ જ્ઞાન અભિમાન વાળાને બોધ આપવા માટે જ કરતા હોય છે પોતાને કોઈ સ્વાર્થ હોતો જ નથી.

એમ મણિભદ્ર મનમાં વિચાર કરીને પોતાનું ભૌતિક શરીરનો ત્યાગ કરીને મહાભયંકર વિકરાળ સર્પનો દેહ ધર્યો હતો એટલા માટે જ ગોવાળો ત્યાં આવ્યા હતા. સર્પના વિષયમાં ગોવાળોને પ્રમાણ જણાયું કે આ સર્પ આ મંદિરમાં ઘણા બધા સમયથી રહેતો તેને મુનીવરે શ્રાપ દીધેલો હતો તેને સર્પે દીલમાં ધારેલું જ હતું એટલે આપે એને આ વખતે બ્રહ્માજીના માનસ પુત્ર નારદજીના વચનને વિચારીને આપે એનો ઉધ્ધાર કર્યો. આવી રીતે તે ગોવાળો બધા બહુનામી મહાપ્રભુની અમૃતમય વાણી સાંભળીને ખુબ જ રાજી થઈ ગયા ત્યારે તે ગાયોને ચારનારા ગોવાળો સુખદાતા પ્રભુનો જયજયકાર કરવા લાગ્યા.

કહેવા લાગ્યા કે હે પ્રભુ ! આપતો પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ સર્વ અવતારના અવતારી સર્વોપરી છો તમારા સ્વરૂપની અલૌકીક્તા જોઈને દર્શન કરીને અમારા નેત્રો તૃપ્ત થયાં છે એવા હે પ્રભુ ! અમે તો ધન્ય ધન્ય ભાગ્યવાળા થઈ ગયા. હવે આપ અમારા ગામમાં ચાલો ત્યાં કુબેર ભક્ત રહે છે તે ખુબ જ ભાવ પ્રેમવાળા છે તે તમારી ભક્તિ કરનારા છે તેથી સેવા કરવા માટે સવારમાં આપના જેવા મહાન વિભુતીઓને ચાહ્યા કરે છે. એમને ભક્તિ ઉપર ખુબ જ ભાવ છે એ ભક્ત ખુબ જ ભાવ પ્રેમથી ભક્તિ કરતા જ રહે છે પોતાના મનમાં ઉત્સાહ કરીને વારંવાર દ્વારિકાના તિર્થમાં દર્શન યાત્રા કરવા જાય છે. આવી રીતે તે ગોવાળોએ કહ્યું એટલે ચંદ્રસમાન મનોહર મુખવાળા ચપલ નયન પ્રભુ મંદ ગતિ ચાલથી ચાલતા થયા. હે નરેન્દ્ર ! મહાપ્રભુ પ્રેમથી ભક્તજનો જેમનાં ગુણને ગાતા હતા ત્યાં પધાર્યા. ગાયો ચારનારાની સાથે શ્રી ઘનશ્યામ પ્રભુ જ્યારે ગામમાં આવ્યા ત્યારે ગામનાં મનુષ્યો પ્રેમથી સામા વધાવવા સન્માનવા આવ્યા ઉત્સાહથી આવીને પ્રભુનાં દર્શન કર્યાં ત્યાં તો બધાના મન અતિ હર્ષ ઘેલા થઈ ગયાં.

શ્રી હરિ પધાર્યા એટલે પ્રેમથી પલંગ બિછાવીને બલવીર પ્રભુને ઉપર બેસાર્યા. **કુબેરભક્ત** તથા બીજા બધા પ્રભુની પાસે જ સામા બેઠાં અંતરમાં ધીરજ ધારીને દર્શન કરતા હતાં. હે પ્રભુ ! હું તો આજે ધન્યધન્ય ભાગ્યવાળો થયો છું હે જગતના પતિ પ્રભુ ! આપ મારે ઘેર પધાર્યા અને પ્રિતથી અમારા ઘરને પાવન કર્યાં. હે શ્યામ સ્વરૂપ! આપે અમારી ઉપર ખુબ જ કૃપા કરી છે. હે પ્રભુ ! આપ શલકી ગામે પધાર્યા ત્યાં મોટો સમૈયો કર્યો તે મે જાણેલું પણ હું એ જ વખતે તે સમૈયામાં આવી શકેલ નહીં કેમ કે મારે તે વખતે સરકારના કામની દખલ થયેલી તેથી ન અવાયું. હે પ્રભુ ! આપે મારા અંતરની ચાહનાને જાણી લીધેલ અને આપ અહીં પધાર્યા તે જરૂર મારી ઉપર કૃપા કરી છે તો હવે હે પ્રભુ ! મારા ઉરમાં શાંતિ કરવા અહિં આગળ અમારા ભવદુઃખોને હરવા માટે બ્રહ્મભોજન કરાવો બ્રહ્મદેવોને જમાડો અને મારા મનમાં ખુબ જ શાંતિ થઈ જાય. આમ બધાં જ ભક્તજનોનો ભાવ જોઈને ઘનશ્યામ પ્રભુ ત્યાં રોકાયા અને ભક્તના

ઘેર બ્રહ્મભોજન કરાવરાવ્યું ભક્તજનોના મનમાં આનંદ કરાવતા હતા. શ્રી હરિએ ત્યાં શીરો અને પુરી વગેરે બનાવરાવ્યાં અને સંતો અને સર્વેજનોને ખુબ સારી રીતે જમાડ્યા તથા શલકી ગામેથી સત્સંગ સમાજને તેડાવ્યાં પ્રભુ આવ્યાના સમાચાર જાણીને બધાંના મનમાં સુખ થયું. શ્રી હરિએ થોડોક પાક બનાવરાવેલો અને તેમાંથી અનેક જનોને જમાડીને ભગવાને સર્વોને રાજી કર્યા. આવી રીતે કુબેરભાઈ ઉદારતાથી જોતા રહ્યા અને ઉઘાડા નેત્રોથી પ્રભુનું ખુબ જ સુખ લીધું. મહાપ્રભુ જમીને એકાંત સ્થળમાં જઈને બેઠા સુખદાઈ મહાપ્રભુ માટે સુંદર શય્યા બિછાવીને તૈયાર કરી તેમાં પ્રભુ આરામ કરવા આડા પડખે થયા અને પ્રેમી ભક્તજનો પ્રભુના ચરણની ચંપી કરવા લાગ્યા. ત્યારે તે સમયે પ્રભુ તે ભક્તજનો પ્રત્યે કહેવા લાગ્યા કે તમે બધાં જ જનો ડભાણ ગામે આવજો જરૂર અમે ત્યાં મોટો યજ્ઞ કરવાના છીયે આમ પ્રભુની વાત સાંભળતા હતાં ભક્તજનોની સાથે કુબેરભક્ત કહે હે પ્રભુ! અહીં ચોરની બીક બહુ જ રહે છે. કેમ કે અહીં નજીક લવારપુર ગામનાં ભિલ લોકો ખુબ જ વિચિત્ર છે તેઓ ખુબ જ દુઃખ આપે છે અમારા સાધન સામગ્રી લૂંટી જાય છે અનાજ ધન વસ્તુઓ ઢોરઢાંખર વિગેરે લઈ જાય છે એના માટે અમારાથી સુખે રાતમાં કે દિવસમાં નિંદ્રા પણ નથી આવતી. ઘરમાં અલગ જઈને રહેવા નથી જવાતું જો જઈને રહે તો ચોરો ખુબ જ દૂઃખ આપે છે. આવી વાત સાંભળીને સુખદાતા મહાપ્રભુ કહેતા હતા કે આવો ભય હવે અહીં નહીં રહે તમે નિશ્ચિંત થાઓ. હવે હું સારી નિતિવાળો રાજા લાવીશ અને આખી ભુમંડળની ઉપરથી અનિતી અત્યાચારને દુર કરી નાંખશે લવારપરના ચોરો હવે ચોરી નહી કરી શકે બધા જ રાજાની કડકાઈની વાત મનમાં ધારીને ચેતી જશે. રાવણ અને રાંક લોકો બધાં જ એક જ જગ્યામાં નિશ્ચિંત થઈને રહેશે આખા જગતને ન્યાયના માર્ગમાં લાવીને રાખશે રીતભાત પ્રમાણે બધા જ નરનારીજનો ચાલશે પોત પોતાની સરહદને સમજીને બધાં જ વિચારીને રહેશે. હવે તો શીમમાં પોતાના માથાં ઉપર સોનું લઈને કાશીની જાત્રા કરવા જાય તોય તેને કોઈ માર્ગમાં લુંટી નહીં શકે કોઈ હિંસા નહી કરી શકે તેવું રામ રાજ્ય જેવો જ રાજા આવવાનો છે. થોડા જ સમયમાં બધું જ બદલાઈ જશે. આમ થશે એટલે બધાં જ લોકોને સુખ સાજ થવાનું અને આવનાર રાજા ન્યાય પ્રમાણે લોકો પાસેથી ધન લેશે આવું શ્રી હરિનું કહેવું સાંભળીને ભક્તજનોના મનમાં અતિ સુખ થવા લાગ્યું અને કહે હે પ્રભુ ! આવા દિવસો હવે અમને બતાવો એવી કૃપા કરો. ધર્મને ધારનારા મુનીજનોના મનને હરનારા ધરણી ઉપર ધર્મને સ્થાપનારા મહારાજની વાણી સાંભળીને એવી મનોહર વાણીને લોકોના મનને આનંદ આપીને કળીકાળના મહાપાપને દુર કરતા હતા.

આવી રીતે નાગોત્પતિની કથા વર્ણિએ ઈતિહાસના રૂપમાં વર્ણવી તેને સાંભળીને ગોવળીયાઓ પ્રભુના આશ્રિત થયા તેથી સનાથ થયા આનંદ પામતા પોતાના ગામે પ્રભુને લઈને આવ્યા. અતિ **ભક્તરાજ કુબેર** સુજાણ એમણે ભક્તોના પતિ મહાપ્રભુની સાથે સુંદર ચર્ચા કરી શાંતિ મેળવી એવા સુંદર ત્રિજા તરંગના રૂપમાં શ્રી હરિ લિલા સિંધુની લહરીના રૂપમાં પુર્ણ થયો.

**આવી રીતે શ્રી હરિલીલાસિંધુમાં નવમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ તથા અવિનાશાનંદ બંન્ને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી અને આનંદ રાજાના સંવાદમાં કુબેર ભક્ત હરિના સંવાદમાં ત્રીજો તરંગ થયો. ।।૩।।**

# તરંગ-૪

આનંદરાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! કુબેરભક્તને જે કમલ લોચન મહા પ્રભુએ કહ્યું તે વચનો બહુ જ મહત્વનાં અતિ સુખ આપનારાં હતાં અને સર્વના ભયને હરનારા મહાપ્રભુના મનમાં ભાવતાં હતાં એવા મનોહર વચનો કહ્યાં. આ હરિલિલાસિંધુને વેદવેદાંત તો જાણતાં જ નથી કોઈ બીજા પણ નથી જાણતા.

અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદ રાજાને કહે છે, હે ધરણિપતિ ! તમને ધન્ય ધન્ય છે તમે તમારી બુધ્ધિ અનુસાર જે પુછ્યું તે સુખ આપનારુ જ પુછ્યું છે તમે પ્રગટ પ્રભુની સુખ આપનારી અલૌકિક લીલાનું પુછેલું છે. શ્રી હરિએ કુબેરદાસ ભક્તનાં વચનો સાંભળીને લોકોને સુખ કરનારા શ્રી હરિ મંદહાસ્ય કરતા થકા મધુરવાણીથી જગતનેં વંદ્ય પ્રભુ કહેતા હતા. કુબેરદાસ તમારે કોઈ જાતની ચિંતા કરવાની લગારે જરૂર નથી કેમ કે રામ રાજ્ય જેવું જ રાજ્ય આવવાનું છે હવે થોડા જ સમયમાં રાજ્ય પરિવર્તન થઈ જવાનું છે આમ મહારાજ હસીને કહેતા હતા. ત્યારે કુબેરાદાસ કહે અમે યજ્ઞ થવાનો છે ત્યાં યજ્ઞશાળામાં ડભાણ ગામે જરૂરને જરૂર આવીશું ત્યાં આગળ બહાર દેશોદેશથી લાખો કરોડો ભક્ત સમુદાય આવશે તે પ્રેમી ભક્તોનાં દર્શન પરિચય થશે. તમારે ચોરોનો કોઈ ભય રાખવાનો જ નહિં ચિત્તમાં નિશ્ચિંત જ રહેજો મનમાં કોઈ પ્રકારનો ડર ન રાખશો અમે તમને કાયમ માટે સહાય કરતા રહીશું. આ બાજુ આવતા જતા દેહ છોડવા સુધી સતત ખબર રાખીશું. લોકોનાં સુખ કરનારા સારી સમજ્યાની વાતો કરીને, ભવિષ્યની પણ ભયને હરનારી વાતો કહી દીધી ત્યાર પછી મહાપ્રભુ સ્નાન કરવાના હેતુસર ભગવાન ભક્તજનોની ભેળા ગયા.

ખારી નદીના નામથી કહેવાતી નદી તે કાયમ પાણી વગરની છે. તે નદીમાં કોઈ મનુષ્ય પાણી પીવા જતું જ નહી તથા તે નદીની વચ્ચે કુવો ખોદીને પાણી કાઢે છે. સર્વસુખનાં ધામ પ્રભુ નહાવા માટે નદીએ પધાર્યા ત્યારે એક બહુ જ મોટું કૌતુંક થયું, તેમા પાણી ભરવા માટે બંન્ને નરનારી ખેંચતાણ કરીને લડતા હતાં આને જોઈને પુનિતપ્રભુ પ્રિત કરીને ભક્તજનને ભાવથી પુછતા હતા. કે આ પુરુષ અને સ્ત્રી બન્ને શા માટે લડે છે ? તમે આ વાત અમને કહો.

ત્યારે કુબેરદાસ ભક્ત પોતાના બન્ને હાથ જોડી જગતપતિ શ્રી ઘનશ્યામને કહેતા હતા કે હે સર્જનહાર પ્રભુ ! આપ સાંભળો અહીં પાણીનું ખુબ જ પ્રમાણમાં દુઃખ છે લોકો નદીમાં સૌ પોત પોતાની રીતે કુવા ખોદીને તે કુવામાંથી પોતે જ પાણી ભરીને નરનારીજનો લઈ જાય છે અને બીજો કોઈ એ કુવામાં ભરવા આવે તો ગાળો દે લાતો મારે આવી રીતે ઝગડો થાય છે. આવી વાત સાંભળીને કૃપાસિંધુ સુખના ધામી પ્રભુ લોકોનાં પાણીનાં કષ્ટને જોઈને વિશ્વંભર વરદાન આપતા હતા કે આ ખારી નદીમાં હવેથી કાયમ માટે અખંડ પાણીનો પ્રવાહ વહેતો રહેશે ક્યારેય ધારા બંધ નહી થાય. આ નદીમાં ક્યારેય પાણીનો પ્રવાહમાં આંચ નહી આવે વરૂણદેવ આ નદીમાં અખંડ હાજર રહેશે લોકોના સમુદાયને જ્યારે પાણી પીવું હોય ત્યારે પીવે એમ આ જગતમાં ખુબ જ યશનો પ્રવાહ ફેલાશે શ્રી હરિ આમ કહીને પછી જળથી સ્નાન કરતા હતા સ્નાન કરીને સુખના ધામ પ્રભુ અકામ ચાલતા થયા જેમનું નામ નવખંડમાં નરનારીજનો અખંડ જપતા ગાતા રહે છે અનેક પ્રકારે જુદાજુદા ભાવ પ્રેમથી પુરુષો-સ્ત્રીયો ગાયા કરે છે. આવી રીતે શ્રી હરિ ઘનશ્યામ પ્રભુ પોતાનો પ્રતાપ જણાવીને લોકોના મનને આનંદ આપતા થકા ત્યાંથી ચાલતા થયા શ્રી હરિનાં કહેલાં વચનો બધાં જ સાચા થયા આવી રીતે આખા

બ્રહ્માંડના ઉપરી મહાપ્રભુ સર્વેને સુખ આપવા ભુમંડળમાં વિચરતા હતા.

હે રાજન્ ! કુબેરદાસ ભક્તને શ્રી હરિ ઘનશ્યામ મહાપ્રભુએ જે ભવિષ્યની વાતો કહી તે બધી જ સાચી થઈ એ બધી વાતો હવે તેના એંધાણો બધા જ બતાવે છે. ખારી નદીમાં પાણીનો પ્રવાહ અખંડ વહેવા માંડ્યો એને આખા જગતના લોકો જાણવા માંડ્યા તથા આ ભુમંડળ બધુ જ પ્રગટ પ્રભુના પ્રતાપથી બધાં જ લોકો અતિશય નિર્ભય થઈ ગયા. આવી રીતે કુબેરદાસ ભક્તે પોતાના કુળમાં સત્સંગનાં બીજ વાવ્યાં તેનાથી સત્સંગ દ્રઢ થયો તે બધોજ પ્રતાપ પ્રગટ પણબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુનો છે કુબેર ભક્તના પુત્ર તથા પુત્રવધુમાં સંસ્કારો દ્રઢતાથી સત્સંગના ઘડાયા.કુબેર ભક્તના પુત્ર એમનું નામ **વ્રજભાઈરાય**ના નામથી પ્રસિધ્ધ છે તે એકાંતિક હરિભક્ત હતા એમને બીજા કોઈ દેવદેવીની ઉપાસના જ ન હતી એવા દ્રઢ નિયમવાળા હતા. પોતાનું સર્વસ્વ શ્રી હરિ પારાયણ કરી દીધું હતું અને આંકરા દેશકાળ આવ્યા તોય સેજ પણ ડગ્યા નહિં તેને જગતનાં લોકો સર્વે જાણે છે.

ચપળનયન સર્વના ચિંત્તને ચોરનારા પરબ્રહ્મપુરુષોત્તમ ભગવાન સર્વે સંતોભક્ત સમુદાયની સાથે સર્વેને આનંદ આપવા અકામ પ્રભુ સર્વ જનોને સુખ આપવા માટે ભક્તજનનાં મકાનમાં સુખ પુર્વક નિવાસ કરીને ચંદ્રમુખ જગતના લોકોનાં જાતજાતનાં ફંદોને હરવા જગવંદ્ય આનંદકંદ પ્રભુ ચાલતા થકા **જાખોર** ગામે જગતપતિ ધર્મનંદન મહાપ્રભુ પધાર્યા ત્યાં થાળ જમીને જગના નાથ ત્યાં રહ્યા ત્યાંથી પ્રભુ **સાદરા** નામનાં પુરે સરોવરની પાળે રોકાયા.

હે રાજન્ ! ત્યાર પછી ચંચળ પ્રભુ ચિત્તને ચોરનારા ચોરામાં લોકોના મનને હરનારા હરેતા હતા ત્યાં શયન કરતા હતા જયારે સવારમાં વહેલા વિહાન સમયે ભગવાન શ્રી હરિ જાગીને પ્રયાણ કર્યું જલદી ઉતાવળા ચાલીને પ્રભુ **લાકરોડાપુરે** પધાર્યા ત્યાં સંતોની સાથે પ્રભુ પધાર્યા હતા સંતોની સાથે રહેતા હતા ત્યાં અતિ સુંદર નદી ''સાબરમતી'' ની પવિત્રતાને જોઈને મહાપ્રભુને એમાં સ્નાન કરવાનું મન થયું સ્નાન કરીને પ્રભુ સુંદર સુખ ભવનમાં પોતાના ભક્તજનોનાં દુઃખોને હરતાં થકા ચાલતા જતા હતા. શ્રી હરિ મહાપ્રભુ સ્નાન કરીને ઉભા થયા ત્યાર પછી શરીર લુછીને પછી સફેદ ધોતિને પહેરતા હતા ત્યારે જે લોકો સત્સંગી ન હતા તેઓ ભાવનાથી પ્રેમવાળા થઈને ત્યાં **સાદરા** ગામમાં ભાવસાર લોકો રહેતા હતા. ત્યાં નદીમાં કપડાને ધોતો માણસ પોતાના મનમાં સંકલ્પ કરતો હતો કે જો સ્વામિનારાયણ પોતે ભગવાન હોય તો તેઓ એમની પલાળેલી ધોતી ધોવા માટે આપે આવો સંકલ્પ કરતો હતો. આમ લોકોનાં અંતરની વાતોને જાણનારા મહારાજ જગતના તારનારા લોકોનાં મનને આનંદ આપવા માટે તે વ્યકિતને ધોતી ધોવા માટે ધીરે રહીને સંભળાય તેમ કહેતા હતા ત્યારે તે ભાવસારને ભાવના પ્રમાણે મહારાજે જણાવ્યું તેનાંથી એનો ભ્રમ હતો તે તુટી ગયો સાચી વાત જણાણી તેનાથી પ્રભુને જગતના કર્તા હર્તા જાણીને પ્રગટ પ્રભુમાં પ્રેમ કરીને એમનો દ્રઢ નિશ્ચય કરતો હતો. પ્રેમથી પ્રભુ પાસે એ નિયમ ધારીને પરમ એકાંતિક સત્સંગી થયો આવી રીતે તે ભાવસાર ભક્ત મનમાં અતિ ધીરજ ધારીને ઉમંગ સહીત પ્રભુની ધોતિને ધોતો હતો. સુખધામ મહાપ્રભુ સ્નાન કરીને સફેદ ધોતીને ધારણ કરીને શ્વેત પત્થરની મોટી શીલા પર વિરાજમાન થયાં પ્રેમપુર્વક બેઠા પ્રાણનાથ બધાનો આદર જોઈને શાંતિથી બેઠા. ત્યાર પછી સુંદર થાળ થયો તે રસભરપુર થાળને જમ્યા આ રીતે કમળનયન પ્રભુએ ભક્તનજનોનું કાર્ય કર્યું જમીને મુખ ધોઈને જીવન પ્રાણ પ્રભુએ જળપાન કર્યું ત્યાર પછી પ્રભુ પોતાનો સાજ સજીને ત્યાંથી ચાલતા થયા.

ચાલીને પ્રભુ **અનોડિયા** ગામે થઈને ગુણ સાગર પ્રભુ **વિજાપુર** ગામે આવ્યા નટનાગર પ્રભુ પ્રેમીભક્ત પ્રાગજીભાઈના ઘરમાં વાસ કરીને રહેતા હતા આનંદ સુખ દેતા હતા. બીજા ભક્તો પિંતાબર ગોપાળ,અનુપ,આદીક તથા સાંકળ ભક્ત સુખરુપભાઈ તથા વખતબાઈ,ચંપાબાઈ,પુનમબાઈ, બધા જ ભગવાનનાં દર્શન કરીને મનમાં ખુબજ આનંદ પામ્યાં.વજીબાઈ આદીક ભક્તબાઈએ પ્રભુનાં વલેયા લેતા હતા. પ્રભુને દેખી દર્શન કરીને ખુબ જ સુખ પામતાં હતાં પ્રભુ સુખ દેતા હતા ભાવ પુર્વક ભોજન બનાવીને પ્રભુને પ્રેમથી ખુબ જમાડતા હતા પોતાનું નિવાસ સ્થળ માનીને પ્રેમથી ખુબ જ જમતા હતા ઉદારતાથી રહેતા હતા. સર્વના સુખદાતા સર્વના સ્વામી પ્રિતમજીવન મહાપ્રભુને પોતાના ઘેર પધરાવ્યા તથા ભાવ પ્રેમથી થાળ કરીને જમાડ્યા તથા રાત રોકાયા અને રાતના સમયે જ્ઞાન ઉપદેશની વાતો બહુ જ કરી ત્યાર પછી પ્રભાતના સમયે વિહાન કાળે મહાપ્રભુ **કાલરિ ગામે** પધાર્યા મોહનમુર્તિ મુનીજનોના મનને હરનારા મહારાજ મેઘાભાઈના ઘરે પધાર્યા ત્યાં આગળ અવિનાશ પ્રભુએ ઉતારો કરીને નિવાસ કરતા હતા. સવારમાં પ્રાતઃકાળ થયો ત્યારે જાગીને જળથી નેત્રો મુખ ધોઈને ભગવાન રેતવાળા માર્ગે રજને ઉડાડતા થકા ચાલતા હતા અને ગુણના સાગર પ્રભુ **ગોતરકે** પધાર્યા ત્યારે પ્રભુના મુખને ભક્તજનો ચકોર પક્ષીની જેમ પ્રભુને એકી નજરે જોતા હતા. મહારાજ પોતાના આશ્રિત ભક્તજનોને દર્શન દઈને ઘનશ્યામ પ્રભુ **સાંતલપુર** પધાર્યા ત્યાં રાત્રે રોકાણ કરતા હતા સર્વને શોભાના ધામ અકામ પ્રભુ સુખ આપતા હતા.

રાત્રે શયન કરીને સવારના પહોરમાં પ્રભુ જાગ્યા તૈયારી કરીને પરવારીને પ્રભુ ચાલતા થયા અને અજીત ભગવાન **આડેસર** ગામે ભુમીના ભારને હળવો કરવા પાપનો નાશ કરવા પધારતા હતા. આડેસરમાં નિવાસ કરીને કરૂણાસાગર મહારાજ ત્યાંથી પછી **ભીમાસર** ગામે પધાર્યા ત્યાંના ભક્તોના ભયને હરતા થકા કમળ નયન પ્રભુ ગુણના સાગર મનોહર મુખ કમળ કામદેવના મદને હરતા હતા. બાહુના બળવાળા ક્ષત્રિ જાતીના સારા કુળવાળા સારા એકાંતીક ભક્તજનોના સારા મનોહર રાજ ભવન શોભતાં હતાં. તે ઘરોમાં કમલ નયન પ્રભુ રોકાતા હતા થાળ જમતા હતા ભોજન કરતા હતા. પ્રાતઃકાળ થયો એટલે પરબ્રહ્મ પ્રભુના ગુણને અગમનિગમ ગાવા લાગ્યા ત્યારે સુખના ધામ પ્રભુ **સાપર** થઈને **આધોઈ** ગામે પધાર્યા ત્યાં રાયધણજી નામના રાજાના ભુવનમાં રોકાણ કરતા હતા તે ક્ષત્રિય જાતીના અનિતિનો નાશ કરનારા એવા ભક્તના ઘેર પ્રભુ શ્રી હરિને એક માસ સુધી પોતાના નિવાસ સદનમાં રાખતા હતા. ત્યાં અવતારના અવતારી મહાપ્રભુ નિરંજન મૂર્તિ અનેક લીલાઓને કરતા હતા લોકોના મનને આનંદ આપતા ત્યાર પછી ત્યાંથી મહાપ્રભુ પ્રર્યાણ કરીને ચાલતા હતા તેના ગુણને જોગી જતી જનો ગાતા હતા. તે લોકોને જ્ઞાન થતું હતું. મહા પ્રભુ ચાલીને **કંથકોટ** પધાર્યા કૃષ્ણપ્રભુ દર્શન આપીને પોતાના ભક્તજનોને સુખ આપતા હતા ત્યાં કંથકોટમાં કચરા ભક્ત મુખ્ય હતા તે પ્રભુની ખુબ જ ખંતથી રોજે રોજ પોતાના ઘરમાં ઉતારો કરાવીને સુખકંદ પ્રભુનાં વંદન કરીને દર્શન કરતા હતા. સારી રીતે નિરખીને મનની કામનાઓ પુર્ણ કરતા હતાં એતે પ્રભુના ધામને પ્રાપ્ત કરતા હતા પછી પ્રભુ ત્યાંથી પ્રયાણ કરીને મહાપ્રભુ **ભચાઉ** ધર્મની પુરીમાં પધાર્યા ત્યાં રામસિંહ રાજાના દરબારમાં ધર્મનંદન મહાપ્રભુ રહેતા હતા.આવી રીતે ભક્તજનોને સુખ આપનારા મહાપ્રભુ રાત રોકાઈને પછી **ધમડકા**થી જગવંદ્ય પ્રભુ જવાનો વિચાર કરતા હતા અને કર્ણિબા આદીક ભક્તજનો પાસેથી વિદાય થૈને ધર્મનંદન પ્રભુ માર્ગે જતાં હતાં. અતિ ચપળ મૂર્તિ ત્યાંથી ચાલીને **દુધઈ** ગામે પધાર્યા. દયાળુ મહાપ્રભુ ત્યાંથી આગેવાન ભક્ત સુતાર જ્ઞાતીના

વસરામભાઈના આગ્રહથી પ્રેમવશ થઈને સુંદર પ્રેમથી થાળ બનાવીને તૈયાર કર્યો તે જમતા હતા. શ્રી હરિ મહાપ્રભુ થાળ જમીને મુખ ધોઈને આરામ કરીને પછી મેઘ સમાન વર્ણવાળા મહાપ્રભુ પોતાના આશ્રિત ભક્તજનોનાં કામ કરવા કામ,ક્રોધ આદી અંતઃશત્રુઓના દુઃખને હરતા હતા ઉપદેશ આપતા હતા સુખ આપતા હતા. ચંચળ નયન ચાલવા માટે ચંચળ થયા ચતુરજનોનાં ચિત્તને હારતા થકા પ્રભુ ચાલતા હતા. ચાલતા થકા **અમોલ** નામવાળું એવું ગામ **ચંદ્રાયનિ** નામના ગામમાં પધારતા હતા. તે ચંદ્રાયની ગામમાં બે બ્રહ્મ બંધુઓ વિપ્રો રહેતા હતા એમના ઘેર પ્રભુ પધાર્યા એમના ઘેર થાળ બનાવ્યો તેને જમતા હતા તે બન્ને બ્રહ્મ દેવ ભક્તો મહાપ્રભુની ખુબ ભાવથી સેવા કરતા હતા.

હે રાજન્ ! ત્યાં બન્નેને ખુબ જ મહાન સુખ આપીને બલવીર પ્રભુએ એમની મનની પીડાનો નાશ કર્યો. ત્યાર પછી **ભુજ નગરે** પધાર્યા. લાકડાનાં ઘડતર કામ કરનારી જ્ઞાતિના ભક્ત શિરોમણિ એકાંતિક ભક્તજન રાજાના સેવક એવાં સુંદરજીભાઈ, હરજીભાઈના ઘેર મહાપ્રભુ નિવાસ કરતા હતા એવા મહાપ્રભુના ગુણને વાણી સરસ્વતીદેવી કાયમ ગાયા કરે છે એવા મહારાજ ત્યાં કૃપા કરીને પધાર્યા.

ઘનશ્યામ મહાપ્રભુ વેલાર,શલકિ આદીક ગામોમાં દર્શન દઈને માર્ગમાં વચ્ચે આવતા ગામોમાં મુકામ કરતા થકા પ્રભુ **ભુજ ધામ** પ્રત્યે પધાર્યા. ત્યાં ભુજમાં સુંદરજી સુતાર ભક્તના ઘેર ઉતારો કરીને ભક્તજનોની આશાઓને પુરતા હતા એવા અવિનાશી ભગવાનનાં લીલા ચરિત્રોનું આ ચોથું તરંગ તે શ્રી હરિ લીલા સિંધુની લહરીના રૂપમાં પુર્ણ થયું.

**આવી રીતે શ્રી હરિલીલાસિંધુમાં નવમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંન્ને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી ગુરુ આનંદ રાજાના સંવાદમાં શ્રી હરિ ફરતા ફરતા ફરીથી ભુજનગર પધાર્યા એ નામે ચોથો તરંગ થયો.II૪II**

# તરંગ-૫

આનંદરાજા કહે છે હે અવધગુરુ ! ભગવાન ભુજ ધામે પધારી ભક્તજનોના ભયને હરીને ત્યાં ક્યા ક્યા ચરિત્રો કર્યા તે કહો હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! આપ મને આપનો શિષ્ય જાણીને અનંતના ગુરુ આપ મને ભગવાન શ્રી હરિની બધી જ લીલા-ચરિત્રની વાતો કહીને બધાં જ ભક્તોના ભયને આપ દુર કરો મહારાજે જ્યાં જ્યાં વિચરણ કરેલાં હોય તેની આપને ખ્યાલમાં હોય તે બધાં જ કચ્છ દેશનાં ભક્તજનોનાં સંકટોને દુર કર્યાં હોય, તેવાં ચરિત્રોને હે ગુરુ! આપ આનંદ પુર્વક મને સંભળાવો.

કવિ કહે છે અવધપ્રસાદજી મહારાજે રાજાના પુછેલા પ્રશ્ન સાંભળીને રાજી થઈને શ્રી હરિકૃષ્ણ ભગવાનના સ્વરૂપને અંતઃકરણમાં ધારણ કરીને અવધપ્રસાદજી સ્થિર થયા સાવધાન થઈને, પ્રભુના પ્રગટ ચરિત્રોને વિચારીને પ્રેમથી કહેવા લાગ્યા. હે રાજન્ ! હું તમને કચ્છ દેશમાં પ્રભુ વિચરતા થકા જે જે ચરિત્ર કર્યાં તે બધાં જ તમને વિસ્તાર કરીને કહું છું, તો હે રાજન્ ! તમે સાવધાન થઈને સાંભળો . શ્રી હરિ ભગવાન ભક્તજનોને ધર્મ,જ્ઞાન,વૈરાગ્યની સાથે વાતો કરતા હતા. તો ક્યારેક બધાને કહેતા હતા તેને બધાં જ ભક્તજનો સામે બેસીને પ્રત્યક્ષ સાંભળતા હતાં બધાં જ નરનારીજનો પ્રેમથી ગ્રહણ કરતાં હતાં તેનાંથી બધાં જ નરનારીજનોને પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણમાં જેમના ગુણને આગમ નિગમ ગાયા કરે છે તેમનામાં અધીક આકર્ષણ હેત થતું હતું.

પ્રભુના ગુણને બધાં જ વિચારી વિચારી ગાંતા હતાં.શ્રી હરિ મહાપ્રભુ સર્વના નાથ બધાંના ઘેર પધારીને પોતાના સ્વરુપનું દર્શન અર્ચન સુખ આપતા હતા આવી રીતે તે આનંદકંદ ધર્મનંદન મહાપ્રભુના સ્વરૂપનું તેજ અનેક સુર્ય સમાન ભાસમાન થતું હતું. હે રાજન્ ! શ્રી હરિ મહાપ્રભુ ભુજનગરમાં રહેતા હતા ત્યારે ચારે બાજુથી લોકો દર્શન કરતાં હતાં અને ત્યાં રહીને નાથ નિત્ય પ્રત્યે સાથે રહીને દર્શન ઉપદેશનું સુખ આપતા હતા. નિવાસ કરીને રહેતા હતા. સુંદર વસ્ત્રથી કટી ઉપર કસીને બાંધતા હતાં મંદ હાસ્ય કરીને બધાંના મનને ખેંચતા હતા કેળના થાંભલા જેવાં સાથળો શોભતાં હતાં. યોગીઓ તે સાથળોના દર્શન કરીને હૃદયમાં ધારતાં હતાં. પ્રભુની મોહની મૂર્તિ તથા હસ્ત કમળની શોભા મેઘ સમાન મુખ કમળની શોભા તથા ચંદ્ર સમાન મુખારવિંદ શોભે છે પ્રિય કિરની કળીની માફક તથા ફુદની કળી સમાન મુખમાં દંતાવલી શોભતી હતી તેનાથી ત્રણે લોકની શોભા દબાતી હતી. પ્રવાળનાં જેવા મુખના હોઠો સાગરના પુત્ર શંખ સમાન કંઠનો પ્રદેશ શોભતો હતો. હોઠથી મધુર વાણીનો ઉદ્ભવ થતો હતો. વાણીનો વિકાસ થતો હતો. આવી રીતે શ્રી હરિના સ્વરૂપની છબીને ત્રણે લોકની શોભાને દબાવતી હતી એવી મનોહર મૂર્તિ શોભતી હતી. મૃગોના રાજા સિંહની સમાન મનોહર કટિ પ્રદેશ શોભતો હતો. વક્ષસ્થળમાં સમુદ્ર પુત્રી લક્ષ્મી વાસ કરે છે ઉદર પેટનો ભાગ ત્રિવળીથી ખુબ જ શોભતો હતો આવી પ્રભુની મનોહર મૂર્તિને નિરખીને જીવે તો તેને મોહ ઉપજે છે. કાન ઉપર મકરાકાર સુંદર જડેલા કુંડળો શોભતા હતાં બન્ને હસ્ત કમળમાં સોનાના કડાં સાંકળાં વેઢ વિંટીઓ શોભતાં હતાં આવી રીતની શ્રી હરિ ઘનશ્યામ પ્રભુની મૂર્તિનાં કાયમ માટે જનો સ્પર્શ કરીને વંદન કરતાં હતાં. આવી રીતે અનેક પ્રકારની કળાઓને જણાવતા હતા ભગવાનના સ્વરુપનો પ્રતાપ ખુબ જ શોભતો હતો. આ રીતના પ્રભુના પ્રતાપને જ્યારે લોકો જુવે છે તેનાથી તેઓ નિશ્ચય કરીને સત્સંગીને થયાં. આવી રીતે શ્રી ઘનશ્યામ પ્રભુએ નાસ્તિક પાંખડીના ખટપટિયાં દળોનાં મુળ ઉખાડી નાંખ્યાં મહાપ્રભુ દરરોજ સ્નાન કરવા માટે હમીર સરોવરને સ્થિર ગંભિરતાવાળું જોઈને તથા સ્વછતા જોઈને જતા હતા. તે સરોવરનાં કાંઠે જાતજાતનાં વૃક્ષો ઉગેલા શોભતાં હતાં તેનાથી સરોવર સારુ લાગતું તેનાંથી આકાશમાં પક્ષીઓની ભીડ ઉડતી હતી અનેક કલરવ કર્યા કરતી હતી. સરોવરને ફરતો ઘાટ પાકો બાંધલો હતો સ્થળે સ્થળે સીડીઓ બનાવેલી હતી તે ખુબ જ શોભતાં હતાં તે સરોવર ઉપર નરનારીની કાયમ ભીડ રહેતી હતી નાહતા નાહતા ભગવાનના કિર્તનો-ચરિત્રોને ગાતી હતી. તે સરોવરમાં જળ લીલ વગરનું સ્વચ્છ નિર્મળ શોભતું હતું અને બધાંના મનને હરતું હતું મુનિરાજનું મન પણ ખેંચાતું હતું તેથી પ્રભુ સંતો ભક્તજનોની સાથે નિત્ય પ્રત્યે સ્નાન કરતા હતા. આવી રીતે પ્રગટ પ્રભુ પ્રેમથી બધાંને સુખ આપતા હતા.બધાંની ઉપર ખુબ જ કૃપા પ્રેમ રાખતા હતા.

શ્રી હરિ સરોવરની વચ્ચે સ્નાન કરતા હતા. સર્વે સમાજની સાથે સ્નાન કરતા હતા. બધાં જ ધ્યાનથી સ્નાન કરતા હતાં. સૌ પોત પોતાના કુળધર્મ પ્રમાણે રહેતા હતા. ચારે દિશામાં પ્રભુની પાસે જ અતિશય આનંદ ઉલ્લાસની સાથે પાણીમાં જ રાસક્રિડા કરતાં હતાં. મહાપ્રભુ જગના નાથ ડુબકી મારીને બધા સખાનો સાથ છોડીને આગળ આગળ જાય સખાઓને આનંદ કરાવવા માટે તથા મુનિજનોના મનને આનંદ પમાડવા પ્રભુ લીલા કરતા હતાં. પ્રભુને ન દેખે ત્યારે સખાઓ તથા મુનીજનો શોક કરતાં હતાં. હે દયાળુ ! દર્શન આપો, ત્યારે વિશાળ જળમાં પ્રભુ ભયને હરનાર મહાપ્રભુ કૃપા કરતા હતા. દેખાતા હતા. પછી લોકોની વચ્ચમાં આવતા હતા. બધાં મનથી નીરશેષ થતા હતાં ગુણીજનોની ગીચતા થતી હતી તોય લગારે કીચડ નહતો થતો. દાસજનોની વાતો

સાંભળીને પ્રભુ હસતા થકા લોક સમુદાયની વચ્ચે આવતા હતા બધાને સુખ આપતા હતા. બધાય ભક્તજનો સંતો સર્વે પ્રભુનું મુખ જોઈને નેત્ર કમળનાં દર્શન કરીને રાજી થયાં અને હરિના ગુણને સાવધાનીથી ગાવા લાગ્યાં બધાં જ ભવસાગરને તરી ગયા તેવાં થયાં. આવી રીતે સર્વે લોકના સ્વામી જળક્રિડાંને બહુ જ કરતા હતા તેનાં દર્શન કરવા બધા જ લોક ભુવનોના ઈશ્વરો આવતા હતા. દેવોનો અધિપતી ઈન્દ્ર આવેલ તેને સુખેથી જળલીલાના દર્શન કર્યાં. આ જોઈને બધાંના મન મોહ પામતા હતા. સર્વના નાથ મહારાજ સ્નાન કરીને બધાં જ જુથોની સાથે મહાસમર્થ તે મહાપ્રભુ સર્વ અનાથના નાથ સુખ આપતાં હતા. અસુરોનો સમુદાય હતો તે તો આ પ્રભુની લીલા જોઈને મનમાં બળવા લાગ્યો. પોતે અધિક સ્વછંદતાવાળા હતા તેથી ખુબ જ બળતાં હતાં. નિરખીને બળતા હતા. શ્રી હરિ સફેદ વસ્ત્રોને ધારણ કરીને સુખના સાગર શ્રી હરિ મહાપ્રભુ હેત કરીને બધાં જ સંતોની સાથે પધારતા હતા.

હે રાજન્ ! શ્રી હરિ સુખકંદ પ્રભુ સ્નાન કરીને ધર્મનંદન પ્રભુ સૌને આનંદ આપતા હતા. પ્રભુ સફેદ વસ્ત્રોને ધારણ કરીને પ્રેમથી ચરણ કમળના ગુણને ગાતાં હતાં. લોક સમુદાયની સાથે રાજા મહારાજાઓ દર્શન કરવા આવતા હતાં. પોતાના ઘરે પધરાવતા હતા. શ્રી હરિનાં નેત્ર કમળમાં મુખારવિંદનાં દર્શન કરીને દેવો પણ પુષ્પની વૃષ્ટી પ્રભુ ઉપર કરતા હતાં પછી દેવો પોતપોતાના નિવાસ સ્થાને લોકમાં જતા હતાં અને પ્રભુના ગુણ ચરિત્રને ગાતાં હતાં અને સ્વરૂપનાં દર્શન કરેલાં તેનું અંતઃકરણમાં દર્શન કરતા હતા. રસદાર રસોઈ તૈયાર થઈ એટલે થાળ તૈયાર કરાવીને જગનાયક પ્રભુને તથા સાથેના સંત સમાજને મનભાવતાં ભોજન કરાવવા માટે આગ્રહ કરી જમાડતા હતાં ત્યાર પછી ગાયકો પ્રભુના ગુણ ચરિત્રોને ગાંતાં હતા તેની સાક્ષીને શાસ્ત્રો પુરતા હતાં. મહાપ્રભુ પાકશાળામાં પ્રેમથી રાજી થતા થકાં પોતે પધાર્યા. તૈયાર કરેલી ચોકી ઉપર મનોહર મુખ કમળને પ્રફુલ્લીત કરીને આસન ઉપર વિરાજમાન થયા શોભાવાળા તૈયાર કરેલો પાક પવિત્ર રીતે પીરસતા હતા. નવા પાત્રો લાવીને તેમાં પીરસીને ભાવ ભરપુર થઈને ભારે ભારે ભોજનો મનને ભાવતા જગતપતિ શ્રી હરિ જમતા હતા સુખકારી પ્રભુ સ્વાદીષ્ટ ભોજનો જમતા હતા. શીરોપુરી બીજા પકવાનોનાં નાના નાના કોળીયા કરીને ધર્મનંદન મહાપ્રભુ આનંદ પુર્વક જમતા હતા અને સર્વને આનંદ આપતા હતા. બધા જ પ્રકારના પાકો સર્વ સંત ભક્ત સમાજની સાથે મનોહર છબીનાં દર્શન આપીને બધાંનાં મનને ખેંચતા હતા.

શ્રીજી મહારાજ પોતાના મનને અતિ આનંદિત કરીને સર્વે સમાજને ભોજન કરીને જમાડતા હતા. ત્યાર પછી સર્વેના પાલનહાર ધર્મનંદનપ્રભુ ધર્મના રક્ષક પલંગ ઉપર પોઢી ગયા. સુર્યનારાયણ જ્યારે બપોર પછી નમતા થયા ત્યારે ચાર વાગ્યાના સમયે સભા ભેગી થઈ તે સભાના વચમાં ઘનશ્યામ પ્રભુ કરોડો કામદેવને શરમાવે તેવા મનોહર મૂર્તિ ખુબ જ શોભતા હતા સર્વ શોભાના ધામ સર્વેને દર્શન આપતા હતા. સૌ યોગ્ય સ્થાને બેઠા તેનાથી સભા સ્થિર થઈ ત્યારે બધા આગેવાન સાથે સુંદરજી ભક્ત પોતાના બન્ને હાથ જોડીને પ્રભુને પ્રેમથી હસતા થકા પુછતા હતા. હે પ્રભુ ! અનંત કોટી બ્રહ્માંડોના સ્વામી હે પ્રભુ ! ક્ષર અક્ષર થકી પર સર્વોપરી ઘનશ્યામ આપનું નામ તે લોકો કાયમ માટે જપતા જ હોય છે તેવા સમર્થ પ્રભુ આપ મને કહો.હે મહાપ્રભુ ! પરમ ભાગવત એવા આપના સંતોને હું પુરેપુરા સમજી શકતો નથી તો પણ એમનાં વર્તન ઉપરથી જાણી શકાય છે તે આમ કેમ લાગે છે તેની આપ સ્પષ્ટતા કરો એવી વિનંતી છે. હે ભક્તરાજ ! મારા દીલમાં જે વાત છે તે જ તમારે સાંભળવાની ઈચ્છા થઈ છે તે તમે પ્રિતથી પ્રિતમપ્રાણની પાસેથી જાણવા માટે આપના સંતો જ

સમજો, પોતાના હિતેચ્છુ જ સમજો તો તમારા બધાં જ ભ્રમ દુર થઈ જાય જેમ સુર્ય અંધકારને તોડે છે તેમ સંતો તમારા ભ્રમને તોડે છે.

ઘનશ્યામ પ્રભુ બધાના અંતઃકરણની વાતોને જાણનારા છે તેથી પુર્ણ કામ પ્રભુ અતિ રાજી થયા. અને કહે હે મારા ભક્તો ! તમે ખુબ જ સારા ધીરજતાવાળા છો મહાસુખીયા છો ને તે ધન્ય ધન્ય છે.તમે જે સુંદર પ્રશ્નો પુછ્યા છે તે ભલે પુછ્યો તે પ્રશ્નો તો વેદવેદાંતના શાસ્ત્રોમાં કહ્યા પ્રમાણે જેને મુનીજનો ગાય છે એવા સંતનાં જવાબો આપું છું જેમના અંતઃકરણમાં હું પોતાનું નિવાસ સ્થાન બનાવીને સદાય એમનામાં રહું છું. આવા મહાન સંતોનાં બધાં જ લક્ષણોને તમે સુંદરજી સારાંસારાં જે છે તે સર્વે કહું છું આવા સંતોનાં લક્ષણો ભાગવતના અગીયારમાં સ્કંધમાં ઉધ્ધવજીને શ્રી કૃષ્ણ ભગવાને કહેલાં છે એ જ આ મને પ્રમાણ છે. આવા સંતોનાં બધાં જ ચરિત્રની વાતો તમને સંભળાવું છું તે તમે મારા પ્રિયજનો છો તેથી કહું છું આવી રીતે તે સંતોની રીતની સમજણ છે તેને તમે સાંભળશો તેનાથી તમેં એવા જ ખુશ થઈ જશો. હે રાજન ! આવી રીતે પુછેલા પ્રશ્નોની પ્રશંસા કરીને પછી મુનીપતિ ખુબ જ રાજી રાજી થયા અને પ્રશ્નો ઉત્તર દેવામાં ઉમંગથી કહેવા લાગ્યા કે તેને તમો હે રાજન્ ! પ્રેમથી સાંભળો.

હે આનંદ રાજન્ ! અમૃત સમાન આ શ્રી હરિની કથા બધાના મનથી દુઃખને હરનારી છે સંસારમાં સુખ કરનારી છે કથાનું પાન કરનાર પોતપોતાની રુચી પ્રમાણે પાન કરીને સુખને પ્રાપ્ત કરતા હોય છે. ભક્તપતિ ભગવાને ભાવ ભરીને પોતાના આશ્રિત ભક્તજનોને ખુબ જ ભારે ભારે સુખ આપ્યાં મહાપ્રભુએ ભુજ નગરમાં આનંદ ઉત્સવ કરીને સુંદરજી ભક્તના ઘેર નિવાસ કરીને રહીને સુખો આપ્યાં. ત્યાં હમીર સરોવરમાં સ્નાન લીલા જળક્રિડાનું વર્ણન કર્યું તથા પોતાના ભક્તો ઘરમાં નિવાસ કરીને ભાવથી બનાવેલાં ભોજનો જમીને આનંદ આપ્યો એ નામે પાંચમા નામ અભિધાનાનું આ તરંગ શ્રી હરિ લીલા સિંધુની લહરીના રૂપમાં પુર્ણ થઈ.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં નવમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંન્ને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી ગુરુ આનંદરાજાના સંવાદમાં ભુજનગરમાં શ્રી હરિની લીલાનું વર્ણન કર્યું એ નામે પાચમો તરંગ થયો. ॥ ૫ ॥**

# તરંગ-૬

આનંદરાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! ધર્મનંદન મહાપ્રભુ જગતના વંદ્યને સુંદરજી ભક્તે ક્યા પ્રશ્નો પુછ્યા તે બધી જ વાતોનો વિસ્તાર કરીને હે અવધપ્રસાદજી મહારાજ ! આપ સર્વજ્ઞ છો આપ પ્રગટ ભગવાનના પરમ ભાગવતી સંતો તથા એમનાં લક્ષણો અને વર્તન તે બધું જ જાણો છો તેથી મને સમજાવીને કહો.

શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે રાજન્ ! તમે તો લોકોનાં મોક્ષના કાર્ય કરવા માટે જ આજે પ્રશ્ન પુછો છો તે બહુ સારુ કરો છો. તે બધા જ પ્રશ્નના જવાબ તમને સમજાવું છું જે શ્રી હરિએ શ્રી મુખે કહેલા તે જ વચનો તમને કહું છું. સુંદરજી ભક્તનો પુછેલા પ્રશ્નોને સંતોના પતિ મહાપ્રભુએ ઉત્તરો આપ્યા તે જ અવધપ્રસાદજી કહે છે હું તમને કહું છું. શ્રી હરિ ઘનશ્યામ પ્રભુ કહે છે હે સુંદરજી ! તમને એકાંતિક સંતો જે છે તેની સમજણ સમજાવું છું તે બધાં જ સત્શાસ્ત્રની પ્રમાણે જ એનાં વર્તન લક્ષણ પ્રમાણે તમને સમજાવીને

કહું છું. જેમણે જેમણે બીજ યોગને સિધ્ધ કરેલો છે તથા સાંખ્ય યોગને બીજ વગર તેના ભોગોનો ત્યાગ કરીને પછી તે સબીજ સાંખ્ય અને સબીજ યોગ સિધ્ધ કરે છે તે પ્રમાણે વર્તે છે આવી બુધ્ધીથી હું રાજી થઉં છું. તેની વિગત કરીને તમને સમજાવું છું તેને સુંદરજીભાઈ સાચી રીતે જાણજો, સત્શાસ્ત્રના કથન અનુસાર સાંખ્યયોગની વીગતી કરીને તમનેં સુંદર રીતે સમજાવું છું. ''માયાથી ઉત્પન્ન થયેલા ચોવીસ તત્વો છે એમ બધાં જ કહે છે તેનાથી જુદો પોતાના આત્માને જાણવો તે સબીજ સાંખ્યનુ રુપ છે એમ જાણવું એજ પ્રમાણ છે.'' ''હવે તે નિર્બિજ યોગનું પ્રમાણ સમજાવું છું તેને તત્વથી જુદો જ જીવને કહેલો છે એમ જાણો, તેના આકારે પોતાની વૃત્તિને સ્થિર કરવી ત્યાર પછી બીજ વિનાના યોગની વાતને વર્ણવીશું.'' ''હવે સબીજ સાંખ્યને સમજાવીને સુંદર રીતે કહું છું તેને સુંદરજી તમે પરમ શાંતિથી સાંભળો અનંત કોટિ બ્રહ્માંડોના જીવોને અને ઈશ્વરોને અનંત અગણિતની સંખ્યામાં છે એ પ્રમાણે જાણજો.'' ''પ્રધાન પુરુષ,અક્ષરપુરુષ અને અક્ષરમુક્તો અપાર છે તે એ બધાયનાં ગુણ સ્વભાવ તથા ઐશ્વર્યના ભેદથી, સ્થાન ભેદથી, બધાંમાં જુદી જુદી ભિન્નતા સામર્થ્ય ભેદ જાણવા મળે છે. તે બધાયથી જુદા સર્વની ઉપર સર્વોપરી સ્વરુપની રમણિયતાવાળી મનોહર મૂર્તિને બધા જ લોકો જીવમાં રહેલા છે એમ જાણો તેને સબીજ સાંખ્યની રીત વર્ણવેલ છે. સબીજ યોગની વાતો સર્વે સુખકંદ શ્રી હરિ સમજાવતા હતા, તેમાં પ્રભુ પહેલાં પ્રગટ સ્વરુપનું વર્ણન કરીને કહ્યું તે જ સર્વોપરી સર્વ જગતને વંદન કરવામાં યોગ્ય છે. મનુષ્યની આકૃતિરૂપે દેહને પ્રભુ તેજ રુપમાં ખેંચીને મન ઈંદ્રિય બધાયને એમાં જોડે છે તેને યોગ બીજ પ્રમાણ કરીને કહે છે આવી રીતે મહાપ્રભુએ શાસ્ત્રની રીતે બધુ જ સમજાવ્યું એમાં બીજી કોઈ વાત આવાતી નથી. ત્યાર પછી પ્રગટ પ્રમાણ મારી ભક્તિને પ્રાપ્ત કરીને વિચારે તો બધી જ વાત સમજવામાં અનુકુળ થાય. શાસ્ત્રનો પાઠ કરવાથી જ્ઞાન થાય છે ત્યાર પછી લક્ષ્યાર્થ જ્ઞાન થાય છે તે પ્રમાણે પ્રગટ ભગવાનની પ્રાપ્તિ દ્રઢ થાય છે. સ્વરુપનો દ્રઢ નિશ્ચય થાય છે પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિ કરવા આવી રીતેના જ્ઞાનને સમજનારા છે તે પોતે આ પ્રત્યક્ષ સંતો છે, આ સંતોનું વર્ણન થયું હવે વર્તનની રીત તમને કહું છું. સંસારના બધાં જ સુખો કાગડાની વિષ્ટા જેવા જાણીને પ્રગટ ઈષ્ટદેવ ભગવાનને સંતો ભજે છે સંસારના કિર્તિ માન મોટપ બધી જ શોભાઓ તે પોતાના કલંકરુપ છે એમ સમજીને તેનાથી દુર રહે છે આના વિષે કોઈ લગાવ નથી માનતાં. વિષયના સુખોને ઝેર જેવાં પીડા કારક જાણે દેહનાં દુઃખને શરીરના ડગલા સમાન જાણે છે દરજી દરજણને માતા પિતા સમાન જાણે તેમ પોતાના સંબંધિને પણ માને છે. પ્રભુના ધામને પોતાના દેશ સમાન માને છે એકાંતિક સંતોને ભક્તિએ જ મહાન મોટપની રીત એમ વર્ણન કરવામાં આવે છે. આવી રીતે સત્સંગનો મહા મોટો લાભ જાણેલો છે અને પ્રભુને ભુલાય તે મોટી ખોટ જાણે છે એ જ એમની વિશેષતા છે એ જ દેહાભીમાનનો સામનો કરવો તે જ મુખ્ય ત્યાગ ભાવ છે. ભાગવત સંતોના પાળવા યોગ્ય નિયમો છે. પુર્વે પ્રથુરાજા થયા તે ખુબ જ દ્રઢ શ્રધ્ધાવાળા તથા પ્રભુનાં પ્રગટ ચરિત્રોને સાંભળવાનો ખુબ જ પ્રેમ ભાવ હતો તથા ખુબ નીસ્પ્રેહિ હતા એવા જ જડભરત જેવા પોતાના દેહની દરકાર નહિં રાખનારા આ રીતે આનાદર રાખનારા બહુ જ સારા હતા. વ્રજની ગોપીઓ શ્રી કૃષ્ણ પ્રભુની સાથે ખુબ જ સ્નહે જોડેલાં એંકાત ભાવથી મનમાં ખુબ જ આનંદ વર્તતો હતો તથા ઉધ્ધવજી હતા તે તો અતિ દાસત્વભક્તિવાળા મહાન હતા તથા હનુમાનજી થયા તેઓ મહાન પ્રતિવ્રતા ભક્તિવાળા દ્રઢ સ્થિતીવાળા થયા એ પ્રમાણ છે. પ્રહલાદની સમાન શુધ્ધ સમજણથી પવિત્ર નિષ્કામ ભાવથી ભગવાનની દ્રઢ ભક્તિ હરિમાં દ્રઢ નિષ્ઠા પ્રેમ ભક્તિ સાથે કરતા હતા તથા વિદેહી જનક રાજાની સમાન સાંખ્ય જ્ઞાનનું બળ તથા રોજે રોજ ભક્તિમાં

તો નવીનતા જ હોય એવા નિયમવાળા. પોતાના જીવનનો વ્યર્થ સમય કોઈ રસ્તે વિતાવે જ નહિં અહર્નિશ સતત ભક્તિ કર્યા જ કરે એ જ સાર છે એમ વર્તે અને અમરિષરાજાની માફક ભગવાનની ભક્તિમાં વધારે પ્રેમ ભાવ દિનપ્રતિદિન પ્રતિ દ્રઢ નિયમનું પાલન કરીને વર્તનારા હતા. શુકદેવજી,નારદજીની સમાન શ્રી હરિના સ્વરુપનું જ્ઞાનને દ્રઢ કરેલા દ્રઢતાથી જગતમાં અધીક ખ્યાતિને પામેલા તથા રંતિદેવરાજાની માફક પોતાના જીવનમાં ધીરજને રાખનારા એવા તે બધાં જ મારા આશ્રિત જે સંતો છે તે બધા જ આવી રીતના જીવનને રાખનારા દ્રઢ છે મારી સેવાની ભક્તિ કરે છે.

પહાડ ઉપર વૃક્ષ જે કોઈ આધાર વગર રહે છે અને એ પોતે દુઃખ સહીને બીજાને સુખ આપે છે તેમ સંતો સર્વને કલ્યાણના ઉપદેશ કરે છે ભક્તિ કરે છે સંતો પરોપકારનાં જ કામ કરે છે તોય પોતાના ધર્મમાં એકાંતિકતામાં વિઘ્ન કરનારા દેશ કાળ આદીક આઠ ખુબ જ ભુંડા થાય છે તે વિઘ્ન કરે છે. મારા સંતો આઠ પ્રકારે દ્રઢ બ્રહ્મચર્ય ધર્મનું પાલન કરે છે અમારી આજ્ઞા સેવાને ધારે છે એવા હરિના જનોને ઉદાર દીલથી ધારવા જોઈએ તથા તે સંતો સ્ત્રી-ધન આદીકને હળાહળ મહા ભયંકર ઝેર સમાન જાણે છે એમ વર્તન કરે છે. જગત સંબંધી વ્યવહાર કાર્ય કરવામાં તથા અધિકાર ભોગવવામાં તો માથા ઉપર પર્વતનો ભાર મુક્યો હોય તેમ માને છે. કામ, ક્રોધ, માન, મોહ, મત્સર આદીકને તો પોતાના શત્રુ માની તેનો ત્યાગ રાખે છે અંતરને દ્રઢ રાખે એ અંતઃશત્રુઓથી વૈરભાવ રાખે છે. શુરવીરતાવાળા સ્વભાવને જીતેલા અતિ ધીરજતાવાળા આવા મારા સારા સંતોને તમે જાણજો એ સંતોને જગતના કાર્યો તો બ્રહ્મરાક્ષસ સમાન પીડાકારક જ માને છે એવા અમારા સંતો છે. ધર્મામૃત અને નિષ્કામ શુધ્ધિની શિક્ષા ઉપદેશને પ્રમાણભુત માને છે એવી પવિત્ર સદ્‌બુધ્ધિવાળા જેમને જગતના વર્તન વિચારોનો પુરેપુરો ખ્યાલ છે. આવા અમારા ભાગવત સંતો છે એમ સુંદરજીભક્ત તમે દ્રઢતાથી જાણજો ઋષભદેવની શિક્ષામાં પચીસ પ્રકારનાં સાધનો નિર્ધાર કરેલ છે અહંતા ગ્રંથીને ત્યાગી દઈને સતત ભગવાનનું ભજન કરે છે એવા અમારા સંતો છે.ભાગવત ધર્મને દ્રઢતાથી સિધ્ધ કરીને સર્વોપરી પરાભક્તિ પરાયણ થઈને અખંડ વર્ત્યા કરે છે તે તમે જેમને જુવો છો તે પરંમહંસો મારા પ્રાણ છે.

વચનામૃત(મારા વચનો પ્રમાણે) તથા શ્રીમદ્ ભગવદ્‌ગીતા ભાગવતના એકાદશ સ્કંદમાં કહેલા ધર્મ નિયમ પ્રમાણે જ્ઞાન વાર્તાઓ સંત સમાગમ કરીને અપાર જ્ઞાન પ્રાપ્ત કરે છે. સંતો મોહના મુળને તોડીને સતત મારા સ્વરુપમાં વૃત્તિ જોડીને આવી રીતે એકાંતિક ભાવવાળા થઈને વર્તતા રહે છે. ચારે પ્રકારનાં સાધનોથી સંપન્ન થયેલા એવા આ સંતો ભગવાનનાં ગુણ ચરિત્રોને તથા પુરુષોત્તમ નારાયણને એવી જ રીતે સર્વોપરી જાણે છે. પ્રભુના અનંત પ્રકારનાં લીલા ચરિત્રો તથા ભગવાનના ઐશ્વર્ય પ્રતાપને એવી જ રીતે વર્ણવીને સૌને પ્રચાર કરીને જાણવે છે. ભગવાનનાં સ્વરુપનાં તેજનું સુખ તથા ગુણ પ્રકારોને મહિમાં સહિત જ પ્રભુને પુરેપુરા ઓળખે છે. ત્યાર પછી હવે હું ભગવાનનાં સગુણ અને નિર્ગુણ સ્વરુપોનું વર્ણન કરીને સમજાવું છુ. પ્રભુના સ્વરુપો અન્વય વ્યતિરેક બે પ્રકારે વર્ણવેલા છે એ પ્રમાણે જાણો નિરાકાર અને સાકાર સ્વરૂપના બે પ્રકારે ભેદો કહેલા છે તેનાં હવે લક્ષણ કહું છું તે તમે ધ્યાન દઈને સાંભળો. પ્રભુનું સ્વરુપ સગુણ છે તે કેવી રીતે છે, તેમાં કલ્યાણ કરવાના સામર્થ્યનાં અનેક ગુણ કહેવાય છે. તે શોભા આપે છે તેમાં સત્ય, શૈચ, પવિત્રતા આદીક અનેક ગુણ કહેવાય છે. એટલા માટે પ્રભુને સગુણ કહેવાય છે. હવે પ્રભુ નિર્ગુણ કહેવાય છે તેની વાત સમજાવીને કહું ભગવાનમાં માયિક ગુણ એકય નથી. એટલા માટે મુનિજનો પ્રભુને નિર્ગુણ રુપે કહે છે તે આવું પ્રગટ ભગવાન

વગર જ્ઞાન થઈ શકતું નથી પ્રભુને અન્વય રુપે કહેવાયેલા છે તે સર્વજ્ઞાનને આગમ નિગમ શાસ્ત્રોમાં એની બધી જ વિધિ સુંદર રીતે સમજાવેલ છે. અનંતકોટી બ્રહ્માંડોના જીવ ઈશ્વરો અગણિત રહેલા છે તે અક્ષર મુક્તની સામે એમના હૃદયમાં વ્યાપીને સર્વ જાણતા થકા રહે છે. એ પ્રભુનું અન્વય રૂપ છે એમ જાણજો. એ સ્વરુપની સાથે ભગવાનના ભક્તને હેત ભાવ થાય છે. હવે હરિના વ્યતિરેક સ્વરુપ જે છે તેની વાતને કહું છું તેને ધ્યાનથી સાંભળો. શ્રી હરિ શ્યામ પ્રભુ પોતાની શક્તિથી બધાંનાં હૃદય કમળમાં વ્યાપીને રહેલા છે. એ જ પ્રભુને અનંત મુક્તો અક્ષરધામમાં કાયમ માટે સેવા ભક્તિ કરતા જ રહે છે. આવી રીતે તે પુરુષોત્તમ પરબ્રહ્મ પ્રભુ પ્રિત કરીને બધે શોભે છે બધાંને દર્શન આપે છે તે સ્વરુપ વ્યતિરેક કહેવાય છે સ્વતંત્ર કહેવાય છે એમને પવિત્ર એકાંતિક ભક્તો છે તે પૂર્ણ રીતે જાણે છે. પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુ કાયમ માટે દિવ્યધામ સાકાર અક્ષર ધામમાં વિરાજમાન રહે છે બે ભુજાઓ વાળા શોભે છે ભક્તજનોનાં સુખ કરવા માટે તે જ પોતે મનુષ્યાદિક સ્વરુપે પ્રગટ થાય છે. કેટલાક આકાર વગરના ષડ કારણથી નિગમો ગાય છે તેને નિરાકાર કહે છે, જો સાકાર પ્રભુને હોય તો ઘટ પટાદિક બધી સાકાર સુષ્ટિ આકારવાળી ક્યાંથી થાય ? તે કોઈ પ્રકારે મનાય તેમજ નથી. સાકાર પ્રભુ પોતે જ સદાય માટે સાકાર સુષ્ટિને બનાવે છે નિરાકારથી કાંઈ જ ન હોઈ શકે, આકાર વગર કોઈ આકાર જ ન થાય એટલે દૈવીજનો સદાય માટે પ્રગટ પ્રભુને સાકારરુપે જાણે છે અને ભજે છે. પરોક્ષના ઉપાસી લોકો હરિને નિરાકાર કહે છે. આવી રીતે પ્રગટ પ્રભુમાં પ્રિતિ કરીને હરીભક્તો બધાં જ પ્રભુને પ્રગટ જ માને છે અને નિરાકારના વાદને લઈને કહેનારા કાયમ માટે એમને આસુરી લોકોથી જ કહેવાય છે.

ઘનશ્યામ પ્રભુએ પોતે પોતાના સર્વોપરિ સ્વરુપનો ભેદ સમજાવીને તે સ્વરુપનાં લક્ષણો કહેતા હતા વાત્સલ્ય અને ઐદાર્ય અને પ્રાગલ્ભ્ય આ પ્રમાણ જણાવ્યાં તથા કારુણ્ય સૌશિલ્ય ભાવ આદીક અનેક પ્રકારે ગાયા કરે છે સમજાવે છે હરિનાં બધાં જ ગુણોને પ્રભુએ સમજાવ્યાં બીજા અડસઠ ગુણો પણ કહેલાં છે તે સત્ય, શૈચ આદીક બધાં જ સતત પ્રભુનાં સ્વરુપમાં નિરંતર રહે છે એમ કવિજનો ગાયા કરે છે.સુંદરજી ભક્ત પુછે છે હે પ્રભુ ! હવે ભગવાનનાં સ્વરુપનાં અવતારોનાં ભેદને સમજાવીને કહો ! અક્ષર, પુરુષ, કાળ, માયા આદિ જે અપાર છે તેના તથા અનંત ઐશ્વર્ય યુક્ત જડ અને ચૈતન્યના પ્રેરણા કરનારા પ્રભુ સર્વના જે હોય તે બધું કહો તથા અમાપ પ્રતાપ યુક્ત પ્રભુની જે ઉપાસના કરે છે એવા તે બ્રહ્મા,વિષ્ણુ અને મહેશ આદી તથા સુર્ય ચંદ્ર આદીક બધાયનું વર્ણન કરો. તેઓએ અપાર તેજ સામર્થને પ્રાપ્ત કરેલ છે તે ભગવાનનાં ભજને કરીને પ્રાપ્ત કરીને અનંત બ્રહ્માંડના અધિપતી આદી રહેલા છે તેનું વર્ણન કરીને સમજાવો.

સર્વના કર્તા અકર્તા અને અન્યથા કરનારા તો એક હરિજ છે એમાં મનુષ્ય રુપે રહેલા છે તોય દિવ્ય ભાવથી જ જાણવા યોગ્ય છે. તેવી રીતે સર્વના રુપે રહેલા છે તોય દિવ્ય ભાવથી જ જાણવા યોગ્ય છે કેવી રીતે સર્વના કર્તા તે પ્રભુને જાણવા ? તો પ્રભુની દ્રષ્ટિથી આ બધુ જ સચેતન કહેવાય છે અને મહાપુરુષ આદીક અંશો કરોડો બ્રહ્માંડોને સર્જન કરે છે એજ રીતે કવિ પ્રભુને સર્વેના કર્તા હર્તા વખાણે છે. તે છતાં હરિને કેવી રીતે અકર્તા કહેવામાં આવે છે ? પ્રકૃતિ પુરુષ આદીનાં કાર્યના ભારણથી બધું જ પ્રમાણ થાય છે. કે પ્રભુ જ સર્વના સ્વામી કર્તા હર્તા ભર્તા છે. હે પ્રભુ ! આ સર્વે જગતની સૃષ્ટિ આદીકને કરનારા આપ જ છો તે છતાં આપ તો તેનાથી સ્વતંત્ર રહો છો આપ મહાપુરુષ મહા માયા આદીકની પાસે બધુ જ કરાવો છો સર્વ સૃષ્ટિ આપના પ્રતાપથી છે તે પ્રમાણે છે. આમ આપ અકર્તા હોવા છતાં તેના કર્તા તો આપ જ છો એ પ્રમાણે વેદો પુરાણો બધાં વર્ણવ્યા

કરે છે અન્યથા કર્તાની રીત પણ આમાં વર્ણવીને વાતો કરેલ છે ખુબ જ વખાણીને કહેલ છે. હે પ્રભુ ! આપ તો આપના અમૃતધામ વગર પણ તમારા સામર્થ્યથી પોતે જ સ્વયં અનંત કોટિ મુક્તોને ધારીને રહો છો એવા આપ સર્વથી સમર્થ છો. પૂર્વે પૃથુ રાજાએ પૃથ્વિને કહેલી વાતો પ્રસિધ્ધ છે કે તને મારીને મારા સામર્થ્યથી આ જગતને ધારવા સમર્થ છું હું ધારી રાખીશ તારો મારે કોઈ ભાર નથી આ રીતે કહેલું હતું. હવે મનુષ્ય ભાવની વાત કહું છું તે વાત પૃથ્વી ઉપર મનુષ્ય અવતારને ધારણ કરીને પોતાના દિવ્ય ભાવને છુપાવીને મનુષ્ય જેવા જ ચરિત્રને કરતા હતા તેનાથી અમને મનુષ્ય જેવા કરી દીધા. આવી રીતે દિવ્ય ભાવની શોભાને પ્રકાશિત કરાવીને મનુષ્યથી ન થઈ શકે તેવી રીતનાં ચરિત્રને કરતા થકા મહાપ્રભુ અગણિત નરનારીન પ્રકાશિત સુગમતાથી સમાધી કરાવતા હતા, તે સમાધીમાં અક્ષરધામનાં તથા બીજા ધામોનાં દર્શન બધાને કરાવતા હતા તે જીવો ઉપર અનહદ દયા કરીને કરાવતા હતા.

હવે ચાર પ્રકારના પ્રલયની વાત કહું છું. તે વાત ને સંતો સર્વે જાણતા હોય છે પ્રાકૃત, નિત્ય, નિમિત્ત અને આત્યાંતિક પ્રલય આમ ચાર પ્રકારે જાણો. હવે તેની રીત છે તે કહુ છું તે જાણો, ભોગ વિલાસ આશા તૃષ્ણાનો ત્યાગ કરીને સત્ય અનાદીધામ મુક્તોની સાથે મહા પ્રભુમાં દ્રઢ પ્રેમ જોડીને આ ચાર પ્રકારનાં ઘાટી પ્રલયના ભેદ એનાં રુપો કહું છું તેને ચિત્ત દઈને ધારણ કરજો, અવતારી અવતારોને ધારણ કરે છે તે નારદ આદીના અનેક અવતારો થયા છે તેને તેમાં સાદૃશ્ય જાણો એને પ્રથમ ઘાટી કહેવાય છે. સિધ્ધો એેકાતિક સંતો અને સાધન યુક્ત સંતોએ બધાને સાદૃશ્ય ભાવથી જાણો એ બીજી ઘાંટી કહેવાય છે. આત્મા દેહથી જુદો છે તોય તેને એક રૂપ સમજાવે છે. સારા ખરાબ બધા જ પ્રકારના વિષયો બધા જ સમાન છે. તેમાંથી સારા વિષયમાં રાગ રાખે તેને અજ્ઞાન કહેવાય છે આવી રીતે ચાર ઘાટીનાં રૂપ કહ્યાં. તે આ વાત વિખ્યાત છે તે કહું છું તેને તમે સાંભળો. સંતોનો સમાગમ કરો અને એમના કહ્યા પ્રમાણે ભગવાનનું ભજન કરો કોઈ પ્રકારના વિવાદને નહી ગણીને અખંડ ભગવાનમાં વૃત્તિને જોડીનેં ભજન કરવું. પોતાના જીવનને પાણીના પરપોટા જેવું જાણીને શ્રી મહાપ્રભુનું અખંડ ભજન કરવું જોઈએ, કુતરાના માન જેવા બધા મનોરથોને માનીને, જગતને ઝાંઝવાના જળ જેવું જાણવું અને પ્રભુનું ભજન કરીને આત્મ શ્રેય કરવો. બધાંજ પ્રકારના મનના માન મરતબાને બધુ જ ખોટુ જાણીને વર્તે તે જ સાચા સારા વિચારોવાળા સંતો છે. પ્રભુના ભજનમાં બધાં જ સગાંસબંધી વિઘ્ન કરનારા છે એમ માનીને પ્રભુમય જીવન બનાવે તે જ સાચી વસ્તુ છે. બધાં સંબંધીને શત્રુ સમાન માનીને ત્યાગ કરેલ છે તે જ બુધ્ધિવાળા સાચા સંતો છે. આવા સંતો જ જીવનના સારરુપ પ્રભુનું ભજન કીર્તન દરરોજ કર્યા કરે છે પ્રગટ પ્રભુમાં અતિ પ્રેમ છે. ભગવાનના ભક્તોના બધા જ પ્રકારના અવગુણોને ત્યાગીને મહીમા સહીત ગુણને ગ્રહણ કરે તથા પવિત્ર બુધ્ધિથી બધાની સેવા પરીચર્યા કરે તે મને અતિ પ્રિય છે. પોતાના અવગુણને ત્યાગવા માટે પોતાના મનને દ્રઢ કરીને સાવધાન રહે છે, એવા મારા પરમ પવિત્ર ભાગવત સંતો જાણો એવા સંતો ભગવાનના ભક્તને જોઈને એમના વિશે ભગવાન જેવો ભાવ થાય છે તથા એમને જોઈને રાજી થઈ જાય છે આવી રીતે સંતો વર્તે છે. અહમતા મમતા તથા કાર્યના ફળની ઈચ્છાનો ત્યાગ કરીને બધી જ ક્રિયાને કરવામાં એકાગ્ર ચિત્ત દઈને કરતા રહે છે દ્રઢ નિયમને ધારણ કરીને મનમાં ક્ષમા સુત્રને રાખતા થકા વર્તે છે આવા મારા સંતો અતિ સમર્થ છે અને અપાર છે. એકલ શ્રૃંગિ ઋષિના વાસના બંધનને સારી રીતે જાણે છે તેથી સંતે સ્વાદનો ત્યાગ કરે છે તથા પુરંજનનાં આખ્યાનને પુરેપુરુ જાણે છે સમજે સ્ત્રી ભોગના દુક્ષણો ને આશાનો ત્યાગ રાખી

સાવધાનિથી વર્તે છે. રાજા સહસ્ત્રાર્જુન અને વસિષ્ટઋષિ બંન્નેનાં આખ્યાનને સાંભળીને એમણે લોભવૃત્તિનો ત્યાગ કરેલ છે અને એક જ ભગવાનનો આધાર રાખીને હાલરની લાકડીની જેમ હેતને કરતા રહે છે બીજાથી નિસ્પ્રેહિ રહે છે. બીજા રાગ દ્વેશ દુઃખનું મુળ જાણીને તેનાથી પર રહે છે તથા શુકદેવજી વ્યાસજીના જેવા જ અતિ દ્રઢ નિષ્કામવાળા છે તેથી એક જ પરમાત્માની સાથે દ્રઢ નિષ્ઠાથી પ્રિતિ કરેલ છે.

સૌભરી ઋષિનું આખ્યાન સાંભળીને તેમાંથી બોધ લઈને બધી જ વાસનાને દુઃખરુપ માનીને હાંસી મસ્કરીનો તથા બધા જ વિવાદનો ત્યાગ કર્યો તથા યાદવોનું નીકંદન કાઢનાર હાંસીનું આખ્યાન સાંભળીને વિચાર્યું. આનાથી સર્વેએ અતિ મહા દુર્લભ લાભને જાણ્યો પ્રગટ પ્રભુની પ્રાપ્તિ કરીને સંતો એ પ્રભુમાં ખુબ જ પ્રેમ ભાવ રાખેલ છે કિડીઓ ને હાથીનું દ્રષ્ટાંત સાંભળીને એને પોતાના જીવનમાં ઉતાર્યા તે સાચા સમજુ જ્ઞાની સંત છે. બધાં જ શાસ્ત્રોને સંતોએ ભણી લીધાં અને એના સારને પણ લખી લીધા અને અહંમમત્વનો ત્યાગ કરીને માયાને અસાર જાણીને કેવળ ભગવાનના રૂપમાં જ પ્રેમ કરીને વર્તવું એ જ બધાં જ શાસ્ત્રનો મુખ્ય સિધ્ધાંત છે.

આત્માના રૂપને ઓળખીને કેવળ દિવ્યરુપ પ્રમાણે જાણતા હતા તેથી તે સંતો હરિને વિષે જ પ્રેમ ભાવ રાખતા હતા અરસ પરસ જ્ઞાન ચર્ચાનો સમાગમ કરીને બુધ્ધિશાળી માનતા હતા. પ્રભુની કથા વાર્તા કીર્તન વિગેરે વધારે પ્રમાણમાં જાણતા હતા. એવા અનેક સંતો હતા તે એંકાંતિક સંતોનો દ્રોહ થઈ જાય તો મહાદુઃખ થાય તેથી મારા ભક્તજનોએ સાવધાનીથી વર્તવું નિર્માની ભાવે રહેવું એ જ સિધ્ધાંત વાતો છે. ત્રિલોકીનાં રાજ્યના સુખ કરતાં અતિ સાર રુપ પ્રભુના ચરણમાં પ્રેમ ભાવ કરવો એ જ મુખ્ય વાત છે અને રાજ્ય સુખ તો ક્ષણીક જ સુખ આપનારા છે એમ માંનીને પ્રભુના ચરણનો ત્યાગ ન કરવો ને એક ક્ષણ પણ મનને ચલાય માન થવા નથી દેતા એને જ ભાગવતી ભક્ત કહેવાય છે એમ માનજો.આ બધાં લક્ષણ કહ્યાં અને એમનાં વર્તન સહિત વર્ણન કર્યાં તે સાચી સર્વોપરી સમજણ સંતોની બધી જ વાતો પવિત્ર ભક્ત સુંદરજીભાઈએ સાંભળી. તે બધી જ વાર્તાઓ શ્રી હરિ મહાપ્રભુએ તે વાતો પૂર્ણ રીતે વર્ણવીને કહી દીધી તે બધી તમને પુર્ણ રીતે સર્વના ચિત્તને ચોરનારા પ્રભુએ વર્ણન કરીને સમજાવી છે. મારી ઉપાસના કરનારા સંતોનાં લક્ષણો કહ્યાં તે જ પરમ ભાગવતી સંતો છે.એમના લક્ષણ અને વર્તન તે બધાં જ વિગતવાર તમને કહ્યાં છે. આવી રીતે તે બધી જ વાતો સુંદરજી ભક્તે ઘનશ્યામ પ્રભુના મુખ થકી સાંભળીને ભક્ત ખુબ જ રાજી થયાં પ્રેમથી આનંદીત થઈને પ્રભુની સામે જોઈને કહેવા લાગ્યા. હે સર્વ સુખના ધામ મહાપ્રભુ ! આપતો ધન્ય ધન્ય જ છો આપે પરમ ભાગવતી સંતોનાં લક્ષણ અને વર્તન વિગેરે બધુ જ કહી દીધું તેનાથી હે ભયને ભાંગનારા મહાપ્રભુ ! મારો પણ બધો જ ભ્રમ ભાંગી ગયો અને નિભ્રમ થયો છું સંતોના લક્ષણ સુંદરજી ભક્તને બધાં જ કહી દીધાં, તે હે રાજન ! તમે પણ જાણ્યા મે તમને તે વાત આવી રીતે શ્રીહરિએ સારી રીતે વર્ણવીને કહી દીધી.

સંતના બધાં જ લક્ષણ અને વર્તન કહીને અડષઠ લક્ષણ થયા તે હે રાજન્ ! તે છઠ્ઠા ચરિત્રના તરંગમાં શ્રી હરિલીલાસિંધુની લહરીના રુપમાં છઠ્ઠું લહરી રુપે પુર્ણ થયું.

**આવી રીતે શ્રી હરિલીલાસિંધુમાં નવમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષણાનંદ અને અવિનાશાનંદ બંન્ને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં શ્રી હરિએ સ્વમુખે સંતના લક્ષણ અને વર્તન સમજાવીને વિસ્તાર કરીને કહ્યાં તેનું વર્ણન કર્યું એવું આ છઠ્ઠું તરંગ થયો. ॥ ૬ ॥**

# તરંગ-૭

આનંદ રાજા કહે છે હે અવધપ્રસાદજી મહારાજ ! શ્રી હરિ બલવીર અનેક પ્રકારનાં ચરિત્રોને ભુજ નગરમાં રહીને કરતા હતા તેથી તેને ધામ બનાવી દીધું સર્વોપરી સ્થિતીવાળા અતિ ધીરતાવાળા શાંત પ્રકૃતિવાળા ભક્તજનોના ભવના ભયને હરનારા એવા તે શ્રી હરિએ સંતોના લક્ષણો તથા વર્તનનું વર્ણન કરીને પુરી સમજણ કરાવીને ભાગવત સંતો પ્રમાણિત કરીને કહ્યા. આ બધુ જ વર્ણન શ્રી હરિએ સ્વમુખે જ સમજાવીને સુંદરજી ભક્તના મનના ભાવને પુર્ણ કરીને નિઃશંશય કર્યા. આ બધી જ કથાને હે અવધપ્રસાદજી મહારાજ ! આપના મુખ કમળથી સારી રીતે સંપૂર્ણ વૃતાંત સાંભળ્યું. હવે આપ મને શ્રી હરિના ચરીત્રની વાતો ઘણી બધી છે તે વાર્તાઓ કહેવા કૃપા કરો તેનાથી મારા કષ્ટને હરો. સર્વના ભયને હરનારા મહાપ્રભુ ભુજપુરમાંથી ક્યાં કયાં ગામે પધાર્યા તે તે ગામોના નામો નક્કિ કરીને હે મારા ગુરુ અવધપ્રસાદજી મહારાજ ! મને કહો.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદરાજા ! તમે ધન્ય ધન્ય છો કેમ કે આ ભુમિ ઉપર તમારા જેવા બીજા કોઈ નથી કેમ કે તમે વારંવાર ફરીફરીને પુરુષોત્તમ ભગવાનનાં ચરિત્રને પુછી પુછીને જાણો છો. હવે ભગવાનનાં બીજાં ચરિત્રો સાંભળવા માટે સાવધાન થઈને સાંભળો શ્રી હરિના લીલામૃતની કથા તે તમને પાન કરાવું છું તેથી હે રાજન્ ! તમે તમારા અંતઃકરણમાં ધારણ કરો. શ્રી હરિ સહજાનંદ ભગવાન ભુજ ધામમાં બે માસ સુધી રહીને ત્યાં અનેક લીલા ચરિત્રો કરેલા છે અને પોતાના ઐકાતિક ભક્તજનોનેં અનેક સુખો આપ્યાં. ત્યાર પછી ચપળ મૂર્તિ ચાલવા માટે ભક્તજનોના ચિત્તને ચોરતા હતા, ભક્તજનોની પાસેથી જવા માટે વિદાય માગીને ધર્મકિશોર પ્રભુએ સર્વના મનને હરી લીધાં. ત્યારે પ્રભુને વળાવવા માટે રમુજના સર્વે લોકો સાથે ગયા વળાવીને સમાજ પાછો વળ્યો અને મહાપ્રભુ ત્યાંથી પોતાના ભક્તોને સુખદેવા માટે સંઘની સાથે આગળ ચાલ્યા.

મહારાજાધિરાજ સર્વના શીરતાજ સુંદર શ્યામ **માનકુવા** ગામે પધાર્યા ત્યારે ગામના સર્વજન સમુદાયે સમાચાર જાણ્યા એટલે તરત જ અનેક પ્રકારની ભેટ સામગ્રી સાથે લઈને સામે આવ્યાં. આવીને પ્રભુની આગળ ભેટ અર્પણ કરીને પછી પ્રભુની મૂર્તિને હૃદયમાં દર્શન કરીને ધારણ કરી લીધી દંડવત પ્રણામ કર્યા પોતાના મસ્તકને પ્રભુના ચરણ કમળમાં ધારી લીધા વંદન કર્યાં.ત્યાર પછી સુખ આપનારા મહાપ્રભુ સર્વભક્ત સમુદાયને સ્વાગત સમાચાર પુછ્યા બધાં જ ભગવાનનાં મુખારવિંદના દર્શન કરીને અતિશય રાજી થઈ ગયાં પોતાના નેત્ર મળ્યાનું ફળ પામ્યાં. ત્યાર પછી મહાપ્રભુ પુરુષોત્તમ નારાયણ સર્વજન સમુદાયની સાથે પુરમાં ચરણ કમળને સ્થાપન કરતા હતા **કેશવભાઈ દ્વીજ**ના ઘેર પધાર્યા. હે રાજન્ ! **અદાભાઈ, તેજસીભાઈ** આદીક નિષ્કામી ભક્તજનોને સુખ દઈને મહાપ્રભુ લોકોના ભયને હરીને દસ દિવસ ત્યાં રોકાયા પોતાના આશ્રિત જનોની પીડાઓને હરતા હતા. માનકુવાના ભક્તજનોના મનોવાંછિત ભાવનાઓને પુર્ણ કરીને સર્વના સુખધામ પ્રભુ બધા ભક્તોના ઘેર ભોજન કરતા હતા. બધાંના ઘેર વારાફરીથી જમીને એમના ભાવને જોઈને કરુણામય મૂર્તિ સર્વના મનને માનવાવાળાને સુખ આપતા હતા. ત્યાર પછી મહાપ્રભુ ચાલવા તૈયાર થયા અને આશ્રિતોના પાપ તાપને નિવારીને માર્ગમાં બધાનાં મનમાં નિવાસ કરીને પ્રભુ ત્યાંથી **દૈસરા** ગામે પધાર્યા. ત્યાંના લોકો પ્રભુ આવ્યાના સમાચાર જાણીને અતિ આનંદને પામતા હતા દર્શન કરી સુખ પામતાં હતાં.

દૈસરા ગામનાં લોકો પ્રભુની સામે આવ્યાં ખુબ જ હેતે પોતાના પુરમાં લઈને, લાલનાં સર્વે નરનારીજનો

ગુણ ગાતાં હતાં. ત્યાર પછી પ્રભુ પુરમાં પધારી સુંદર સ્વચ્છ ભક્તના ઘરમાં ઉતારો કરીને હરિકૃષ્ણ પ્રભુ રહેતા હતા. પોતાના ભક્ત ગોવર્ધન બ્રાહ્મણ ભક્તના ઘેર પ્રાણનાથ પ્રભુ રાજી થઈને રહેતા હતા. જ્ઞાની ભક્ત એવા ગોવર્ધનને ઘેર પ્રભુ ભોજનનો થાળ જમ્યા અને પોતાના એકાંતિક ભક્ત સમજીને મહાસુખ આપ્યું આવી રીતે મહાપ્રભુએ ખુબ જ સુખ આપ્યાં એવા સુખકારી સુખ આપીને મહાપ્રભુ **સરલી** નામના ગામે પધાર્યા ત્યાં માનજી ભક્તનો પ્રેમ ભાવ વધારતા હતા તે ગામની નજીકમાં પાણીનો વિરડો હતો તેમાં નાહ્વા પધારતા હતા, આવી રીતે મહાપ્રભુએ ભક્તજનોને સુખ આપી સર્વેના મનને ભાવતા હતા. ત્યાં થાળ આરોગીને પછી જગના સ્વામી ચાલતા થયા જેમની  જગતમાં બધી જ કરણી ચાલે છે જગના રક્ષકો સૌ જાણે છે.  ધર્મ નિયમવાળા ભક્તો જાણે છે અને વામમાર્ગ મતના ખંડન કરનારા પ્રભુ, સુર્ય સમાન પવિત્ર ઉધ્ધવમતની સ્થાપના કરીને જગતમાં બધે જ ધર્મને દ્રઢ કરતા હતા. પછી મહાપ્રભુ **રામપુર** ગામે પધાર્યા ત્યારે ભાવિક ભક્તોના મનમા અધિક  પ્રેમ ભાવને વધારતા હતા સર્વનોએ પ્રભુ પધાર્યાના સમાચાર જાણીને સામેથી પ્રભુનાં દર્શન કરવા તથા સન્માનવા આવ્યાં પ્રભુનાં દર્શન કરીને વંદન નમન કર્યા શિર ચરણમાં નમાવ્યા ને અનેક પ્રકારનાં વાજીત્રોં વગાડીને સરસ રીતે સામૈયું કરીને ભયને ભાંગનારા પ્રભુને પોતાના ગામમાં પધરાવતા હતા. **રવજી** નામના ભક્તના ઘેર પધાર્યા ત્યાં ભક્તને અનેક પ્રકારના સુખો આપતા હતા. ભગવાન શ્રી હરિ તે ભક્તના ઘેર ભોજનના થાળ તૈયાર થયા તેને પ્રભુ, લોકોને સુખી કરવા સંતો સહિત જમતા હતા. આવી રીતે દરરોજ નિત્ય દુઃખોને હરનારા પ્રભુ સુખો આપતા હતા, આવા શરણાગત વત્સલ સુખકારી પ્રભુ સુખો આપતા હતા. ત્યાં ગામથી પશ્ચિમ દિશામાં ગંગા નદી વહે છે તેમાં સ્નાન કરવા માટે પ્રભુ ઉમંગથી જતા હતા તે જન સમાજની સાથે જગદીશ પ્રભુ તે ભુમીને પ્રાચીન જાણીને પરમેશ્વર પ્રભુ સ્નાન કરતા હતા.

હે રાજન્ !  તે ભુમિ નદી તટ વૃક્ષવેલીથી ખુબ જ મનોહર લાગતી હતી. વેલીઓ, લતાઓ, વૃક્ષો ભારથી ઝુકી ગયા હતા તેને વેલીઓ વિંટાયલી લાગતી હતી. તે નદીનું જળ અતિશય સ્વચ્છ હતું જળનું ઘર વારિજ (કમળો) સુંદર લાગતાં હતાં તેમાં ભમરાઓ ભમતા થકા ગુંજરાવ કરતા હતા તેનાથી શોભા ખુબ જ વધતી હતી. વૃક્ષો ઉપર પક્ષીઓનાં ટોળાં મધુર સ્વરે ગુંજતાં હતાં. ચાત્રક, મોર, ચકોર, આદીક પોપટ,ચકલી,કોયલ આદીક પાણીમાં કલરવ કરતાં હતાં તેનાથી શોભા વૃક્ષો ઉપર વધતી હતી. તે નદીના કાઠાં ઉપર વૃક્ષો ઘાટાં સારાં ખીલેલાં શોભતાં હતાં તેની ઉપર પક્ષીઓની ભીડ જામેલી હતી. ખુબ જ જાત જાતના શબ્દો કરીને ગુંજતા હતા કમળો અને કમળોની સાથે બીજાં સારસ પક્ષીઓની સાથે આલિંગન કરતાં હતાં ગુંજતા હતા. સફેદ પીળા રંગનો મેચ થતો હતો તેની સાથે લાલ કલર જોઈને જગતનાં લોકો ચકીત થઈ જતાં હતાં. ભક્તજનોને પ્રભુની હાજરીથી મનને મોહ પમાડતુ હતું. આ વાતાવરણ સુખદાયક થતું હતું આવી રીતે કમળોની અનેક લાઈનો થયેલ હતી તેનાથી પાણીમાં પણ ખુબ જ શોભા થતી હતી. શોભા જોઈને મહારાજ સંતો ભક્તજનોની સાથે જ સ્નાન કરતા હતા. આનાથી મુનિજનો સર્વનો ભય નાશ થતો હતો. સુખકંદ પ્રભુ સ્નાન કરતા હતા ત્યારે ભગવાનનાં યશને મોટા મોટા છંદોને ગાતા હતા અને પ્રભુ અનંતના અપયશને હરતાં હતા આવી રીતે મહાપ્રભુ સંતોની સાથે રોજે રોજ સ્નાન કરતા હતા ત્યારે જળના પ્રવાહની વચમાં જઈને પ્રભુ આસન જમાવીને ધ્યાન ધરતા હતા. હે રાજન્ ! આવી રીતે બલવીર પ્રભુ વીર રીતને ધારણ કરીને ધીરજથી નદીના જળના મધ્યમાં જઈને શ્યામ પ્રભુ ડુબકી લગાવીને લકોને દેખતાં થકા જ જતા હતા. ત્યારે બધા જ સખાજનો ભેગા મળીને ચારે બાજુ ખુબ

જ ખોળતા હતા તોય પ્રભુ મળતા ન હતા. ત્યારે બધા જ ભક્તજનો વિલાપ કરતા હતા તેને પ્રભુ જળમાં સાંભળતા હતા ત્યારે તરત જ બહુનામી પ્રભુ બહાર આવતા હતા. સર્વના સ્વામી સર્વના શીરતાજ બહાર આવીને પાણી ચારે બાજુ ઉછાળતા હતા. આવી રીતે પોતાના દાસ ઉપર પાણી નાંખીને આનંદ કરતા હતા બધાંને પ્રભુ કુતુહલ કરતા હતા. આ લીલાનો ખ્યાલ કરીને દેવતાઓ આકાશમાં વિમાનો લઈને આવ્યાં આકાશમાં ભીડ જામી ગઈ બધાં જ ભગવાનનાં દર્શન કરવામાં મગ્ન હતા. આકાશમાંથી પુષ્પની વૃષ્ટી કરતા હતા પ્રભુનો જય જયકારનો ''જયતી જયતી'' નારો કરતા હતા. પ્રભુ ઉપર પુષ્પથી દેવરાજ ઈન્દ્ર વધાવતો હતો.

ઘનશ્યામ મહાપ્રભુ નદીમાં સ્નાન કરીને ભક્તજનોની સાથે બહાર આવ્યાં, નવાં શ્વેતવસ્ત્રો ધારણ કર્યા અને મનોહર આભુષણોને ધારણ કર્યા, ત્યાર પછી ભક્ત જનોના ઘેર પધાર્યા ત્યારે માર્ગમાં સંતો- ભક્તો મુખેથી કીર્તનોને ગાતા થકાં આવ્યા. આવીને સર્વ ઈશના ઈશ મહાપ્રભુ સુંદર ભોજનોને જમ્યા આવી રીતે **રામપુર**માં એક પખવાડીયાં સુધી કમળનયન પ્રભુ ભક્તોના ઉપર દયા કરીને રહેતા હતા અને અનેક પ્રકારના દુઃખોને હરીને સુખો આપતા હતા.

ઘનશ્યામ પ્રભુ ભક્તજનોના કામોને પુર્ણ કરવા માટે બીજે પધારવા તૈયાર થતા હતા. ભક્તજનોને દર્શન દઈને દુઃખોને હરતા થકા શરણમાં રહેલા સંતોને સુખ આપતા થકા મહારાજ **માંડવી બંદરે** પધાર્યા.પ્રિતી કરીને પ્રગટ પ્રભુ પધાર્યાના સમાચાર જાણીને નગરનાં લોકો દોડીને દર્શન કરવા આવ્યાં. પ્રભુને નગરમાં લઈ જવા માટે પુરવાસી જનો અનેક પ્રકારનાં વાઝાં વગાડીને સામૈયું કરીને લાવતાં હતાં બધાંના મનમાં આનંદ વધારતા હતા. સૌના મનમાં આનંદ માતો નહતો. માંડવીમાં **શિવરામભાઈ** આદીક ભક્તજનો તથા **ડોસાભાઈ દયાલભાઈ** આદીક હતા તેઓએ પ્રભુને દરબારની અતિ વિશાળ ટંકશાળ હતી તેમાં પધરાવ્યા. મોટી પાટ ઉપર મહાપ્રભુ માટે ગાદી-તકીયા નંખાવીને પરમાત્માને પાટ ઉપર પધરાવ્યા ત્યારે વિશાળ જગ્યામાં અતિશય શોભતા હતા.

સારા બનાવેલ આસન ઉપર સર્વના સ્વામી પૂર્ણકામ ધામનાધામી પ્રભુ વિરાજમાન થયા ત્યારે પુરનાં બધાં જ લોકો દર્શન કરવા માટે આવ્યાં. દર્શન કરીને પ્રભુને નિરખીને મનમાં આનંદ પામતાં હતાં. પ્રભુનાં દર્શન કરવા લોકોનાં જુથોના જુથો આવતાં હતાં મહારાજને જાણીને બધાંજ લોકોના મનની વાતોને પ્રભુ જાણતા હતા લોકો વાતો સાંભળી સાંભળીને ચક્તિ થતાં હતા. જ્ઞાની લોકો આશ્ચર્ય ચકિત થઈ જતાં હતાં. એટલામાં ઉતારે થાળ તૈયાર થયો છે એમ જાણીને પ્રભુ જમવા માટે પધાર્યા ''ગોમતી બાઈ'' નામની ગુણવાન બ્રાહ્મણ બાઈ પ્રભુની ભક્તાઓમાં તેણીની આગેવાન હતી. સદગુણી હતી. બધાં જનોની સાથે એમના ઘેર પધાર્યા. શ્યામ પ્રભુ ધામના ધામી લોકોને દુઃખથી વારીને સુખી કરતા હતા. મહાપ્રભુ હાથ પગને સારી રીતે ધોઈને કરુણા કરીને સુંદર પવિત્ર આસન ઉપર આદર પ્રેમથી બેઠા. ભક્તજનો આદર પુર્વક થાળ ભરીને તૈયાર કરીને લાવ્યાં અને મહાપ્રભુ નાના નાના કોળીયા લઈને મતવાલા થઈને જમતા હતા અને વચ્ચમાં વારેવારે પાણી પીતા હતા. આ રીતે જમતા થકાં ભક્તજનોને મહારાજ દર્શન દેતાં હતા. પોતાની રૂચિ પ્રમાણેનાં ભોજનને પ્રભુ જગના તારણ હાર જમતા હતા જમીને મહારાજ તુપ્ત થયા કમલનયન હાથ ધોઈને મુખ ધોઈ જળપાન કરીને પછી પ્રભુએ મુખવાસ રૂચી પ્રમાણે લીધો. દર્શન કરતા જનોની પીડાને પ્રભુ હરતા હતા. મહાપ્રભુ જમીને તુપ્ત થયા સુખના ઘરરુપ કામદેવના મદને હરનારા સર્વના પાપનો નાશ કરનારા બાળનારા સર્વના હૃદયને વિષે રહેનારા એવા પ્રભુને હૃદયમાં ધારતા હતા. મહાપ્રભુ જમીને ઉતારે

પધાર્યા ભયને હરનારા મહાપ્રભુ શયન કરતા હતા નયનમાં નિદ્રાને ધારતા હતા. પ્રભુને જોઈને સર્વના પાપોને બાળનારા દર્શન કરનારા ચિત્તને દયાથી સુખ આપનારા પ્રભુ મંદમંદ હસતા તેનાથી પ્રસન્ન મુખ શોભતું હતું એવા સ્વરૂપના દર્શન કમલમુખ રસરુપ લાગતું હતું મોટા પેટ ઉપર વસ્રને કસીને કેડ ઉપર ધારતા હતા. તે શોભતું હતું. લીલા ચરિત્રો કરીને જગતમાં પોતાના મતને વિસ્તારનારા દર્શન કરનારના પાપોના સમુહને બાળતા હતા એવા પ્રભુને મંદમંતિવાળા જીવો જાણતા ન હતા ઓળખતા ન હતા એવા પ્રભુ પોતાને ઉતારે પધાર્યા આનંદ આપતા હતા.

હે રાજન્ ! શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુ **માનકુવા** ગામે તથા **રામપુર** આદીક ગામોમાં ફરીને અનેક પ્રકારની મનોહર લીલાઓને કરતા હતાં. તેની બધી જ વાતો મેં હે રાજન ! તમને કહી છે તે તમે જાણો છો. ત્યાર પછી મહારાજ માંડવી બંદર ગામે પધાર્યા ત્યાં આગળ ગોમતી બાઈના ઘેર ઘનશ્યામ પ્રભુ થાળ જમ્યા આવી રીતે આ સાતમાં સુંદર તરંગમાં શ્રી હરિલીલરસિંધુની લહરી રુપે સાતમો તરંગ પુર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં નવમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્વાણાનંદ અને અવિનાશાનંદ બંન્ને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અવધગુરુ આનંદ રાજાના સંવાદમાં માંડવી બંદરમાં લીલા કરી તેનું વર્ણન કર્યું એવું આ સાતમો તરંગ થયો. ॥ ૭ ॥**

# તરંગ-૮

આનંદરાજા કહે છે હે અવધગુરુ મહારાજ ! શ્રી હરિ સર્વના નાથ માંડવી બંદરથી કયા ગામે પધાર્યા તે વિસ્તારની જે લીલા કરી હોય તે બધી વિસ્તારીને સમર્થ મહારાજ આપ કહો.

અવધગુરુ કહે છે હે આનંદ રાજન ! તમે લલીત લીલા લાલ પ્રભુની જે પુછી તે ભલે પુછી હવે હું તે બધી જ લીલા તમને કહું છું શ્રી હરિ જે ગામે ગયા છે તે લીલા કહું છું. શ્રી હરિ સ્વામિનારાયણ મહાપ્રભુ થાળ આરોગીને ઉતારે પધાર્યા છે એમ જાણીને શુધ્ધ દિલના આશ્રિત ભક્તજનોને દાન આપતા હતા. તેમાં પ્રભુ પોતાના ચરણ કમળના ચિન્હોને છાતિમાં ધારણ કરીને સર્વે તરત જ પોતાના ત્રિવિધ તાપને દુર કરતા હતા. ત્યાર પછી મહાપ્રભુ સુંદર શૈયા તૈયાર કરેલ તેની ઉપર સુંદર રીતે શયન કરીને કમલનેત્રને બંધ કરતા હતા સવારમાં દિવસ પ્રહર એક બાકી રહ્યો હતો ત્યારે વહેલા જાગીને હવે અંધકારનો નાશ થશે એમ જાણતા હતા. ત્યારે પરવારીને સુંદર શ્યામ પ્રભુ સભા ભરીને તેમાં બેઠા પુરનાં જનો પ્રભુનાં દર્શન કરવા માટે આવ્યાં દર્શન કરીને શ્રી હરિ કૃષ્ણ પ્રભુને પ્રિત કરીને પ્રશ્ન પુછતાં હતાં અલબેલ છેલ છબીલા મનોહર મૂર્તિ અજીત પ્રભુને પુછતા હતા. પ્રશ્નની અનુસાર એમના ઉત્તર દેતા હતા આવી રીતે પુરુષોત્તમ મહાપ્રભુ પોતાના પુરણ પ્રતાપને જણાવતા હતા રાજી કરતા હતા. આમ મહાપ્રભુ પાંચ દિવસ રહીને પછી જગતના માલીક સર્વ ભક્ત સમુદાયના પ્રાણનાથ માંડવીથી ચાલતા થયાં. **માંડવી** બંદરથી ચાલીને **કાળા તળાવ** ગામે પ્રેમ ભાવથી અનંતમૂર્તિ આનંદ આપવા પધાર્યા ત્યાં પ્રેમી ભક્ત સુતાર જ્ઞાતિના **પ્રેમજીભાઈ, રવજીભાઈ, મનજીભાઈ** આદીક અનેક હતા. હે રાજન્ ! તે કાળા તળાવ ગામે ધર્મપુત્ર ધૈર્ય મૂર્તિ પાંચ દિવસ સુધી રોકાઈને હરિભક્તોની ભિંડને હરતા હતા પછી મહાપ્રભુ **તેરાગામ** પધાર્યા ત્યાંના ભક્તજનોનો ભાવ જોઈને સુખ આપતા હતા.ત્યાં ભક્ત સુતાર **માવજીભાઈ** તથા **નાગજીભાઈ, નથુભાઈ** આદી ભક્તો પ્રભુના આવવાના સમાચાર જાણીને સામા ગયા પ્રભુને

પોતાને ઘેર લાવીને દયાળને થાળ તૈયાર કરીને ભોજન જમાડ્યાં મહાપ્રભુ પોતાનું ધામ સમજીને શાંતિથી થાળ જમ્યા.ત્યાં મહારાજ **પ્રાગજીદવે** પાસે જન્મ મરણના ભયને દુર કરનારી રોજેરોજ શ્રીમદ્ ભાગવતની કથા વંચાવતા હતા અને ભક્તજનો પ્રેમથી સાંભળતા હતાં. આમ પ્રભુ ત્યાં **તેરા**માં રહેતા હતા એક દિવસ બ્રહ્માનંદ સ્વામીને સુખદાતા પ્રભુ કહે સાંભળો તમે ગુજરાત દેશમાં જાઓ કંકદેશ ડંઢાવ્ય દેશમાં જાઓ ત્યાં જઈ ઘી ઉઘરાવો. મહાપ્રભુ ત્યાર પછી નાચિકેત ઋષિને પોતાના એકાંતિક ભક્તમાંનીને એમની ઉપર પત્ર લખતા હતા પત્રને માણસ દ્વારા તરત જ પહોચાડ્યો.

નાનાભાઈ બ્રહ્મદેવ તેજ પોતે પત્ર વાંચિને તથા બીજા ભક્તો સાંભળીને બધા જ અતિ રાજી થયા સત્સંગી સર્વે પાસેથી થોડું થોડું એક એક મણ ઘી ઉઘરાવીને લેવાનું આ કાર્ય નક્કિ કરવાનું છે. જે ભક્તો દુબળા વ્યવહારના હોય તેમની પાસેથી અડધા મણ કે પા મણ ઘી ઉઘરાવવાનું થોડુ થોડું ઉઘરાવવાની અમારી આજ્ઞા છે. એને વિચારીને પોતાના હૃદયમાં ધારણ કરીને બધુ કાર્ય કરી લેવું એ આજ્ઞા છે. આ ઘી અમારે મહારુદ્રયાગ કરવો છે દુષ્ટોના માનને હરવા માટે ડભાણ ગામે દુષ્ટ બુધ્ધિના અસુરોને બાળવા માટે યજ્ઞ કરવો છે તે કાર્ય માટે ઘણું ઘી ભેળું કરવાનું છે એટલા માટે આ વાતને હૃદયમાં ધારણ કરીને ઉદારતાથી કાર્ય કરવાનું છે. નાચિકેત ઋષિએ પત્ર વાંચીને તેને પ્રણામ કરીને શ્રી હરિની આજ્ઞાને હૃદયમાં ધારીને તે નાચિકેત ઋષી ખુબ જ રાજી રાજી થઈ ગયા. શ્રી હરિએ જેવો પત્ર પોતાની ઉપર લખેલો તેજ રીતે તે નાચિકેત ઋષી પણ જલદીથી બધું કાર્ય કરતા હતા. તેજ નાચિકેત ઋષિ પરમ એકાંતિક નિષ્કામ ભક્ત સેવા કરતા હતા. આવી રીતે શ્રીજી મહારાજ તેરામાં રહેતા હતા. ભક્તોને સુખની વાતો કરતા હતા. સંતો મનમાં આનંદીત થઈને પ્રભુના મુખની વાતોને સાંભળતા હતા. આવી રીતે મહાપ્રભુ દરરોજ સર્વેને આનંદ આપતા હતા એટલામાં સંતો સુરત શહેરથી શ્રી હરિ પાસે આવ્યા. પ્રભુના ચરણ કમળમાં આવીને વંદન કર્યા મનમાં પરમ આનંદ આનંદ છવાઈ ગયો. સંતોને સ્વામિનારાયણ ભગવાન મળ્યા સુખના ઘરરૂપ પ્રભુ પોતાના દાસનાં દુઃખોને દુર કરતા હતા. શ્રી હરિ સંતોને પુછતા હતા સર્વે કુશળ છો ને ? ત્યારે સંતો કહે, હે મહારાજ ! સાંભળો સુરત શહેરમાં જે સંતો રહે છે, તેમનામાં સ્વરુપાનંદ સ્વામી છે. બીજા વ્યાપકાનંદ સ્વામી પવિત્ર સંત, એમણે જગમાંથી પોતાની દ્રષ્ટિને જીતી લીધી છે તે બંન્ને સંતોનાં મંડળો રહે છે. હે પ્રભુ ! લોટના ગોળા ખાય છે પ્રભુના ગુણને ગાય છે. એ બન્ને સંતો ખુબ જ આકરાં વર્તમાન પળાવે છે તેથી હે સુખદાયી પ્રભુ ! કેટલાક સંતો તો ભાગી ગયા છે તથા કેટલાક સંતો અતિ બિમાર થયા છે તોય પોતાની રીતે વર્તાવનારા કાંઈ ધ્યાન આપતા જ નથી પોતાની રીતે જ વર્તાવે છે. કેટલાક સંતો તો બિમારીમાં દેહ છોડીને ધામમાં ગયા આપના સ્વરુપને સંભારતા થકા સદ્‌ગત થયા છે બધાંને ખારુપાણી પીવડાવે છે. આવા કાર્યથી સાધુ સમાજ આપના માટે ખુબ જ પીડા સહે છે.

હે પ્રભુ ! અત્યારે મોગરીયો પંથ ચાલે છે તેનું સાંભળેલ છે કે તે લોકો ગ્રંથના ગુણ ગાય છે. આવી પીડાથી બચવા આપને જણાવવા અહી ભાગીને આવ્યા છીયે. હે અવિનાશી પ્રભુ ! આપને અરજી કરવા આવ્યા છીએ. આવી રીતે સંતોની વાણીને સાંભળીને સુખદાતા પ્રભુ, સંતોનો આવો આંકરો વર્તાવ જોઈને તરત જ આનંદાનંદ સ્વામીને કહેતા હતા તમે અમારી આજ્ઞાને માનીને અત્યારે જ સુરત જાઓ. સંતોને જેમ સુખ થાય તેવું સારૂ વાતાવરણ કરો.૭ આવી રીતે મહાપ્રભુની આજ્ઞાને શીર ઉપર ધારીને આનંદાનંદ સ્વામી સુરત શહેર તરફ ગયા. જેવી રીતે સંતજનોને સુખ થાય તેવી રીતે વ્યવસ્થા કરતા હતા. મુની આવી રીતે કામ કરતા હતા તેનાથી બધાના

દુ:ખો ઓછા થતા હતાં આનંદસ્વામીના કાર્ય વ્યવસ્થાથી સર્વેમુનીજનો મનમાં ખુબ જ રાજી થઈ ગયા ભયભંજન મહાપ્રભુ સુખદાઈની જયજય બોલતા હતા આનંદ પામતા હતા. હે સ્વામી ! તમે આવીને બહુ સારુ કર્યું સંતોને સુખ થયું, શરણાગત સર્વેના પાલક સુખના ધામી મહાપ્રભુએ આપને મોકલ્યા તે બધુ જ સારૂ કર્યું છે આમ કહીને તેઓ ભુમિ ઉપર બેસીને પોતાના હૃદયમાં ધ્યાન કરતા હતા તેઓ બધા જ શ્રી હરિ ભગવાનને જાણતા હતા.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદ રાજા ! તમે ચિત્તમાં ચાહો છો તે **તેરા**ની વાત તમને વિસ્તારીને કહું છું. બે મુનીજનોને મોકલ્યા મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદ સ્વામી આ બંન્ને સંતોને આજ્ઞા કરી ડભાણપુરીમાં યજ્ઞ કરવા માટેનો સામાન ભેગો કરવા માટે જાણકારને મોકલવાનું નક્કી કરી પ્રભુએ કહ્યું કે હું પછીથી થોડાક દિવસ બાદ આવીશ એમ તમે સંતો જાણજો મારુ કહેલું ફેરફારવાળુ ન હોય નક્કી જ હોય તેમ જ થશે. આમ નક્કી કરીને શ્યામ પ્રભુએ સંતોને મોકલ્યા ત્યાં મહારૂદ્રયાગ બીજાના મદને દુરકરવા માટે કરવાનો છે મહાપ્રભુ પછી થોડા દિવસ સંતોની સાથે રોકાયા. શ્રીજી મહારાજ **ભુજ નગર**માં લોકોના ફંદને હરવા કરૂણા સાગર આનંદ કંદ પ્રભુ પધાર્યા. લાધીબાઈ તથા માતાજી, લલીતા, બેરખી નામનાં બધા જ સુર્ય સમાન પવિત્ર હતાં. એ આદીક બધાં ભાઈઓ ભક્તજનો ઘનશ્યામ પ્રભુને આવેલા જોઈને દર્શન કરીને ચરણ સ્પર્શ કરીને પ્રભુના ચરણને મસ્તક ઉપર ધારીને મનની આશાઓને પુર્ણ કરી દીધી. સુંદરજીભાઈ અને હીરજીભાઈ, ગંગારામ મલ્લ તથા હરજીભાઈ અને શિવરામભાઈ કાયસ્થ નિષ્કામી ભક્તજનો હતા.આ બધાય ભક્તજનો કાયમ માટે પ્રભુની સેવા ભક્તિ કરતા હતા. પ્રેમથી ભજન કરતા હતા જગતના ઈશ મહાપ્રભુ જેમ રાજી થાય તે માટે તેઓના કહેલા નિયમોનું પાલન કરતા હતા દ્રઢ રીતે વર્તતા હતા. સર્વને પ્રગટ પ્રભુમાં દ્રઢ નિષ્ઠાથી અને અનન્ય ભાવથી ઉપાસના ભક્તિ કરતાં હતાં આવા એકાંતિક હરિ ભક્તો ભુજ નગરમાં વસતા હતા તેને હે રાજન્ ! તમે સાંભળો.

ભુજ નગરમાં શ્યામ પ્રભુ ભક્તજનોને સુખ આપીને ખુબ જ રાજી કરતા હતાં પ્રભુ ત્યાંથી **બંધરા ગામ**માં **રાયસિંઘજી ભકત**ના ભુવનમાં મહાપ્રભુ ભગવાન પધાર્યા ત્યાં ભાવથી ભોજનો જમીને શ્રી હરિ મહાપ્રભુ **અંજાર**માં એકાંતિક ભક્તજનો જાણીને અંજાર આવ્યા. પ્રિતમ પ્રભુ અતિ પ્રેમ કરીને ભક્તજનોના ઘેર પધાર્યા. **જેતબાઈ, જનરાયા, ચાંગબાઈ** આદીક ભક્તજનો પ્રભુને પગે લાગીને પ્રણામ કરીને અતિશય હરખાવા લાગ્યાં. પ્રગટ પ્રભુનાં દર્શનથી આનંદ પામ્યાં.

શ્યામપ્રભુનાં સામા જઈને સન્માન કરીને પ્રભુને નગરમાં લાવ્યાં. સુખધામ પ્રભુને બધાં ભક્તોના ઘેર ઘેર પધરામણી કરાવતા હતા. ઘનશ્યામ પ્રભુના ચરણ અંકિત કરાવ્યાં. ત્યાં મહાપ્રભુ ચાર પાંચ દિવસ રહેતા હતા સારી રીતે ભક્તજનોને રાજી કરીને પોતે પણ ખુબ જ રાજી થતા હતા. ધર્મદેવના પુત્ર ધર્મજ્ઞાનની વાતો તથા વૈરાગ્ય ભક્તિની વાતો કરીને લોકોના જન્મ મરણના ભયને હરતા હતા અનંત જન્મના કર્મનો નાશ કરતા હતાં.

ઘનશ્યામ પ્રભુ **તેરા** ગામમાં રહીને બધાંને ચકિત કરી દીધાં ત્યાં ભાગવત પુરાણની કથા પ્રાગજી દવે પાસે વંચાવીને ચકિત કર્યા. મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીને ડભાણપુરે દયા કરીને મોકલ્યા. આવી રીતે આ આઠમું આવરણ શ્રી હરિલીલાસિંધુંમાં લહરી રુપમાં પુરુ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં નવમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્વાણાનંદ અને અવિનાશાનંદ બંન્ને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અવધગુરુ આનંદરાજાના સંવાદમાં કચ્છ દેશમાં શ્રી હરિની લીલાનું વર્ણન કર્યું એ નામે આઠમો તરંગ પુર્ણ થયો. ॥ ૮ ॥**

# તરંગ-૯

આનંદરાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! ગુણના ઘરરુપ હરિ અંજારમાં પધાર્યા સંત સમુદાયની સાથે સર્વભક્તજનોના ઘેર બહુબહુ ભોજનો જમ્યા. દેવોએ ખુબ જ સ્તુતિ કરી આજ્ઞાને શિરોધાર્ય કરીને તેના ઉપર મેઘાડંબર કરીને સુખકંદ પ્રભુની ખુબ જ પરિચર્યા કરી. હે અયોધ્યાપ્રસાદજી તે બધી જ લીલા વિસ્તાર કરીને કહો, કેમ કે તે પ્રભુની લીલા જ સુખ આપનારી શાંતિના ઘરરુપ છે.

અવધગુરુ કહે છે હે રાજન્ ! તમે સાંભળો રાજાધિરાજનાં રસથી ભરપુર મનોહર ચરિત્રો કહું છું જે ચરિત્રો પ્રભુએ મનુષ્ય શરીર ધારીને કૃપા કરીને કરેલા છે તે કહું છું. શ્રી હરિ ઘનશ્યામ પ્રભુ ગજગતિ ચાલથી ચાલીને **અંજાર થી ભચાઉ** ગામે પધાર્યા. ત્યાં પ્રભુ રોકાયા ભક્તરાજ **વાઘા શાહ અને લખુ શાહ** પ્રભુના પરમ એકાંતિક ભક્ત હરિના સ્વરૂપમાં દ્રઢ આશક્તિવાળા હતા. એમના ઘેર જઈને મહાપ્રભુ સર્વનાનાથ રહેતા હતા એમનો ભાવ જાણીને પ્રભુને ભોજન કરાવ્યું પ્રભુ શાક ને બાટિ બનાવીને જમ્યા. ભક્તજનોના મનની આશાઓને પૂર્ણકામ પ્રભુએ પુરી કરી. પ્રભુની પાસે પાર્ષદ હતા તે ખુબ જ હોંશિયાર સમજુ હતા એમનું નામ **ડુંગરજીભક્ત** હતું એમની બુધ્ધિ ખુબ જ જીણી હતી પછી મહાપ્રભુ ત્યાંથી આગળ ચાલવાનું પ્રયાણ કર્યું, પ્રભુ માર્ગમાં લોકોના સમુદાયની સાથે ચાલતા હતા ત્યારે માર્ગમાં શ્યામ પ્રભુને એક ગરીબ ભુદેવ મળ્યો તે વિપ્ર પગમાં જોડા વગર આવતો હતો ત્યારે કરુણામૂર્તિ મહારાજે એની ઉપર કરુણા કરીને દયા લાવીને. પોતાના ચરણનાં પગરખાં પરમપુનિત પ્રભુએ વિપ્રને આપ્યાં તથા ઓઢવા માટે સુંદર ચોફાળ હતો તે પણ આપ્યો તેનાથી તે ભુદેવ ખુબ જ રાજી થઈ ગયા અને કહે હે દુઃખભંજન! આપનો જય જયકાર થાઓ હે સુખદાઈ ! આપનો જય જય થાઓ. ગૌબ્રાહ્મણ પ્રતિપાળ હે દયાળુ ! આપે આપનું નામ ખરેખર સાચું જ કરી દીધું છે ગરીબ નવાજ, રાજ રાજેશ્વર પ્રભુનાં નામ સાર્થક આદિક છે આપનું નામ તો આપે જગપ્રસિધ્ધ જ કરેલ છે તે સાચુ જ છે, આમ કહીને તે બ્રાહ્મણ માર્ગમાં આગળ ચાલીને ગયો અને ઘનશ્યામ પ્રભુ સખાઓની સાથે ભુમંડળમાં શોભતા હતા ભક્તજનોને દર્શન દાન દઈનેં દુઃખોને હરતા થકા નગરનાં નરનારીજનોને ખુબ રાજી કરી દીધાં.

ગામવાસી લોકો વળાવવા આવેલા હતા એમને પાછાવાળીને પછી પ્રભુ ચંચળતાથી ગતિ કરતા હતા ત્યારે ડુંગરજી ભક્તને શ્રી હરિ મહાપ્રભુ કહેતા હતા કે તમે ગુજરાતમાં જાઓ. આમ કહીને બધાને વિદાય કર્યા. આમ મહાપ્રભુ બધાને વિદાય કરીને એકલા જ જતા હતા ગામથી બે ખેતર વાર ચાલતા હતા. ત્યાં એક સારો કુવો જોયો તે જોઈને પ્રભુ રાજી થયા. તે કુવા પાસે બે બાઈઓ આવીને બેઠેલી હતી અને સુખદાઈ પ્રભુ માટે સુંદર થાળ તૈયાર કરીને લાવી હતી જીવનદાતા જગત્રાતાને જમાડવા માટે સુખદાતાને પ્રાર્થના કરી. હે પ્રભુ ! તમે આવો અમારી કામનાને પૂર્ણ કરો અમે આપના માટે જ થાળ ભરીને લાવ્યા છઈએ સુંદર રસાળ થાળ છે અને સાથે દાળ-ભાત પણ લાવેલ છે તે હે જીવન દાતા આપ મોજીલો થાળ જમો.

આવી રીતે બાઈનાં મધુર ભાવ ભર્યા વચનો સાંભળીને ભય હારી પ્રભુ મનમાં ભાવતા ભોજનો તે કુવાની પાસે જ લિંબડાનું વૃક્ષ હતું તેની નીચે બેસીને રાજાધિરાજ મહારાજા થાળ જમ્યા. સુંદરવર સુખદાયક પ્રભુએ થાળ જમીને બાઈઓને રાજી કરી દીધી, જનરંજન પ્રભુએ એમની હામોને પૂરી કરીને પછી ચંચળ ગતિ કરીને ચાલતા થયા. ચાલીને પ્રભુ **આધોઈ** ગામ આવ્યાં અવિનાશી મહાપ્રભુ સંતોરુપી કમળોના વનને વિકસાવનારા મનોહર મૂર્તિ **રાયધણજીનો** દરબાર જોઈને પ્રિતમ પ્રાણ પ્રભુએ એનાં પગલાં સ્થાપન કર્યાં. મહારાજ થાંભલાની ઓઠે

ઉભા રહીને જોતા હતા એટલામાં લોકોનાં મનને આનંદ પમાડતા હતા ત્યારે પ્રેમી ભક્તબાઈ રાજાના રાણી **કરણીબાઈ** પોતાની ભક્તિ એવી દ્રઢ હતી એનું વર્ણન જ ન કરી શકાય એવાં દ્રઢ ભાવવાળાં હતાં. ૯ ।` બાઈએ પ્રભુને જોયા એટલે તરત જ પ્રભુની સન્મુખ આવ્યાં બન્ને હાથ જોડીને સુખદાઈ પ્રભુને સુંદર આસન તૈયાર કરીને બેસાડ્યા મનમોહન મૂર્તિ સુખના સાગર બેઠા. મહારાજનાં દર્શન કરીને ખુબ જ પ્રસન્ન થયાં પ્રેમ ભાવથી પ્રભુને પુછતાં હતાં શ્યામ પ્રભુને બધા સમાચાર કરણીબા પુછતાં હતાં. ત્યારે સુંદરવર સહજાનંદ સ્વામી મુખેથી હસતા થકાં કહેતા હતા કે, મને ભુખ લાગેલી છે તો ભાવથી જે પાક તૈયાર હોય તે લાવો અમારે જમવું છે. તમારે જે સમાચાર પુછવાં હોય તે પછી પુછજો અત્યારે ન પુછશો. આ રીતનાં પ્રભુનાં વચનો સાંભળીને કરણીબા શ્રી હરિને હેતથી કહેતાં હતાં. હે હરિ ! અત્યારે હાલ પાક તૈયાર નથી હે પ્રભુ ! અત્યારે જ બધાં જમીને ઉઠ્યાં છે તેથી યોગ્ય પાક નથી હે કરુણાનિધી ! નવો પાક કરવામાં વાર નહિં લાગે. આપના માટે થાળ બનાવીને તૈયાર કરી દઉં છું. થોડીવાર ખમો. ત્યારે શ્રી હરિ કહેતા હતા કે મને ખુબ જ ભુખ લાગેલ છે માટે હવે ઉતાવળ કરીને તરત જ કાંઈક લાવો હવે સહેજ પણ વિલંબ ન કરશો જલદી લાવો. આવી રીતે ઘનશ્યામ પ્રભુનાં મુખના વચનો સાંભળીને કરણિબા હસતા થકા કહેતા હતા કે હે મહારાજ ! આપની દાસીની વાત સાંભળો અત્યારે ઘરમાં તમારે જમવા લાયક વસ્તુ કાંઈ છે જ નહિં.

કરણી બાઈનાં વચનોની રચના અતિ સુંદર અને સુખદાયક વાક્યોને સાંભળીને કમળ સમાન નયનોવાળા તથા કમળ સમાન મુખની નિર્મળ શોભા અતિ અધિક શોભતી હતી તેથી બાઈ વાત કરતાં હતાં તોય મુખને મલકાવતા થકા હસતાં હતાં ત્યારે તે વાતની ઘાતને ટાળવા માટે ઘનશ્યામ પ્રભુ કહેવા લાગ્યા કે હે બાઈ ! આપના ઘરમાં દહીં છે કે નથી ? જો હોય તો લાવો. ત્યારે ઘનશ્યામ પ્રભની વાત સાંભળીને કરણીબાઈ ઘરમાં ગોરસ દહીનાં ત્રણ પાત્રો જોયા તે ત્રણે પાત્રો પ્રભુ પાસે લાવીને અર્પણ કર્યાં. અને પોતાને ધન્ય ભાગ્ય માનીને સુખ માનતાં હતાં. ત્યારે જગવંદ્ય મહાપ્રભુ દહીંને મંદહાસ્ય મુખ કરતા થકા જમતા હતા. તે દહીંની ત્રણે ગોરીને સર્વના હૃદયમાં વાસ કરનારા મહાપ્રભુ આરોગી ગયા. ત્યાર પછી ફરી કહેતા હતા કે બહેન હવે થાળ બનાવો. રસોઈ કરીને લાવો આવી રીતનાં સુખ આપનારા વચનો સાંભળીને સુંદર થાળ બનાવવા ઉતાવળ કરતાં હતાં ત્યાર પછી મહાપ્રભુનાં પગમાંથી કરણીબા કાંટા કાઢતા હતા પ્રભુના ચરણમાંથી **અઢાર** કાંટા કાઢયા તોય પ્રભુને પગમાં કાંઈ પીડા થતી જ ન હતી. આ રીતે કાંટા કાઢવાથી પ્રભુ ખુબજ રાજી થયા. એટલામાં તરત જ થાળ તૈયાર થયો રસદાર રસોઈ બની ગઈ થાળ આવ્યો તેને જગતપતિ જમતા હતા, સ્વાદુ ભોજન જમીને સુખકારી તૃપ્ત થયા. લોકોનાં મનને સુખ આપનારા પ્રભુ મુખધોઈ આચમન કરીને જળપાન કરીને પછી પ્રભુ લોકોના મનને હરવા માટે મુખવાસ લઈને મુખમાં લેતા હતા લોકોના કાર્યો કરવા પ્રેમથી સર્વેને સુખ આપતા હતા.

મહાપ્રભુ સર્વે સ્ત્રીઓના વચમાં સારરુપ આસન ઉપર બેઠા અને મહારાજની મરજી જોઈને શણગાર ધારણ કરાવ્યો. શ્રી હરિ એ પોતાનો પહેરેલો વેશ ઉતારીને ભક્તાઓને અપાર સુખ આપવા માટે પોતાના અંગો અંગ ઉપર આભુષણ અનેક વસ્ત્રોને ધારણ કરીને રમણીય બધાં જ સ્ત્રીઓનાં વસ્ત્રો ધારણ કર્યા. હાથમાં સુંદર કંકણ ધારણ કર્યા, આંખમાં અંજન આંજીને તથા ભાલમાં બિંદી બનાવીને ધારી લીધી. સ્ત્રીઓને પહેરવા યોગ્ય વસ્ત્રો ધારણ કરાવ્યાં અને લાલને લલના કરીને બધી જ બહેનો અતિ આનંદ પામતી હતી. શ્યામ નામ ઘનશ્યામ પ્રભુનું હતું તેનું ફંદ કરીને નામ ફેરવ્યું સાંવરી નામ ધારણ કરાવ્યું અને સ્ત્રીયોના ટોળાં મળીને લળી લળીને ગાતાં હતાં.

પગમાં ઘુઘરુ ઝાંઝર ઝણકતાં હતા. લળીલળીને ગાતાં હતાં. લલના ખુબ જ રાજતાં હતાં. લલનાઓની વચ્ચે લટકાં કરીને પ્રભુ નવા ખ્યાલવેશ કરી અદભુત ખેલ ખેલતા હતા. એટલામાં જ **રાજા રાયઘણજી** ત્યાં આવ્યા ધર્મનંદન મહાપ્રભુના વસ્ત્રો તથા એમનો અદ્ભુત વેશ જોઈને મનમાં ખુબ જ આશ્ચર્ય થવા લાગ્યું.

હે પ્રભુ ! આધરણી ઉપર આપનાં આવાં દર્શન જેના મહાધન્ય ભાગ્ય હોય તેને જ થાય છે. આપને પણ ખુબજ ધન્ય છે. આપ આવા ચરિત્ર કરીને દર્શન આપો છો. હે શ્યામ પ્રભુ ! આપે પોતાનો વેશ ત્યાગીને શ્યામા(બાઈનો) વેશ ધારણ કર્યો છે એ આશ્ચર્ય છે. હે જગતના પતિ ! આપતો લોકોના મનને આનંદ આપવા ચરિત્રો કરો છો તેના યશને યોગી યતીજનો ગાયા કરે છે એવા આપ પુરુષોત્તમ પ્રભુ નવી ધુનમાં સ્ત્રીના વેશમાં આવી રીતે નિત્ય પ્રત્યે ખેલ ખેલવા આવો. આમ કહીને રાયઘણજી પ્રભુના પગમાં પડ્યા પ્રભુને પ્રણામ કર્યા ત્યાર પછી મહાપ્રભુએ વેશને બદલી નાંખ્યો મંદહાસ કરતા થકા સર્વને આનંદ આપતા હતા. ભાવનાથી ભરેલા ભુપતિ **રાયધણજી**ને સર્વના ભયને હરનારા શ્રી હરિ સર્વના સુખકરનારા રાયધણજીને કહેતા હતા કે તમે વાત જાણો છો ? તો તમને આવાત કહું છું અમે અત્યારે જલદીથી જઈએ છીએ ને ડભાણમાં યજ્ઞ કરવા જઈએ છીએ આમ કહીને પ્રભુ તૈયાર થયા ત્યારે હરિ કહે તમે પણ તૈયાર થાવ જવાનું છે. આમ હરિએ કહ્યું એટલે રાયધણજી, જેમલજી, દુદુજી આદીક પાંચ પાંચ ઘોડાઓની સાથે તૈયાર થયા. મહાપ્રભુ માર્ગમાં જન સમુદાયની સાથે ચાલ્યા જતા હતા. જગ આનંદકારી મહાપ્રભુ સુખ આપતા જતા હતા ત્યારે માર્ગમાં **માળીયા** ગામ આવ્યું. તેને મનમાં મોદ ભરતા થકા પુરને પાવન કરીને મનમાં ભાવતા થકા જવા માટે પ્રભુએ તૈયારી કરીને ચાલતા થયા. પ્રિતમ પ્રભુ (**પલાંસપુર**) **ખાખરેચીપુરે** પધાર્યા.તાલમાં ચાલતા ઘોડાઓને જોઈ તે રાજી થતા હતા.

હે રાજન ! પોતાના આશ્રિત ભક્તજનોને દર્શનનું સુખ આપીને સર્વના નાથ મહાપ્રભુ **વાંટાવદર** પધાર્યા. ત્યાં વાંટાવદરમાં મહાપ્રભુએ પોતાના ચરણો સ્થાપન કરીને ચરણાંકિત કર્યું અને લોકોના જન્મ મરણનાં સંકટને કાપી નાખ્યાં. ત્યાંથી ચાલતા થયા, જગવંદન મહાપ્રભુ જાણતા હતા કે રાયસંગપુર વિનાશના ઉચાટવાળું હતું તેનો ત્યાગ કરીને **હળવદપુરે** પધાર્યા. ત્યાં પોતાના એકાંતિક દ્રઢ નિષ્ઠાવાળા ભક્તો ઘણી સંખ્યામાં હતા એટલે ત્યાં પધાર્યા. શ્રી હરિ પ્રિતમ પ્રાણ પ્રભુ પધાર્યા છે એમ જાણીને નગરના સર્વે નરનારી સર્વે આનંદ ઉત્સાહથી પ્રભુને માટે ખૂબ જ ભેટ સામગ્રી લઈને દોડતાં થકાં આવ્યાં હતાં. તેમાં જનવૃંદમાં બાળકો, વૃધ્ધો, તરૂણો આવ્યાં હતાં તેઓ પ્રભુના ચરણોમાં ભેટ ધરીને બધાં જ લોકો સુખને પામતાં હતાં બાળ, વૃધ્ધ, તરુણ, યુવાનો સર્વેને સુખ આપતા હતા એવા અવિનાશી પ્રભુ સ્વયંમ પધાર્યા.

હે રાજન્ ! શ્રી હરિ તળાવની પાળે વિશાળ જગ્યામાં મોટો મંચ બનાવીને તેની ઉપર મહારાજને વિરાજમાન કર્યા. ત્યાર પછી લોકો વાજીંત્રો લઈને શ્યામ પ્રભુ વિરાજમાન હતા ત્યાં આવ્યાં હે રાજન્ ! ત્યારે તળાવની પાસે પ્રભુ વિરાજમાન હતા ત્યારે ત્યાં બધાં જ લોકો સામે આવી ગયાં અપાર લોકો આવેલાં તેઓ સાથે અનેક વાજીંત્રોને લાવેલાં બધાં જ નરનારી પ્રેમથી આવેલાં. અનેક પ્રકારના વાજાં વાગતા હતા અને કિર્તન ગાતાં થકાં શ્રીહરિને હળવદપુરમાં લાવતાં હતાં, પ્રેમીજનો અતિ આનંદ મોહમાં પ્રભુને લાવતાં હતાં. પુરમાં પધરાવીને **ઈશ્વર દવે**ના સ્વચ્છ પવિત્ર ઘરમાં જન સમુદાયની સાથે જગના પ્રાણ આધાર નક્કિ કરેલા નિવાસે પધાર્યા.

પ્રિતમ પ્રાણ પ્રભુ પલંગ ઉપર પ્રેમ પુર્વક વિરાજમાન થયા અને તે ઉપર ખુબ જ શોભતા હતા.ત્યારે ત્યાં લોકોનો સમુદાય દર્શન કરવા માટે આવતો હતો તે બધાં જ પોતાના હાથમાં સાકરનો ગાંગડો લઈને આવતાં હતાં. પ્રિતિ પુર્વક પ્રેમથી જમાડતાં હતાં. ત્યારે પ્રભુ પણ તે બધાના સાકર ને પેંડા જમતા ગયા, બધાનો ભાવ ભુવનોના ઈશ જમીને રાજી કરતા ગયા. આવા ચરિત્રને જોઈને હળવદપુરનાં લોકોના મનમાં ખુબ જ આનંદ ઉત્સાહ થતો હતો આવાં કૌતુકને હરિ પોતે જ જણાવતા હતા. પોતે તો વિશ્વરુપ મુની અવિનાશી પ્રભુ છે તે જે કરે, તે તો બધુ અલૌકિક છે. આવી રીત મહાપ્રભુએ આવેલ જનોના ભાવને પુરો કરીને પ્રભુ ચરિત્ર કરીને બતાવતા હતા અમને થાળ તૈયાર થયો એટલે નાથ કહે કે અમને ખુબ જ ભુખ લાગી છે જમવાનું લાવો.

એટલે જગતના સ્વામી શીવ જાનીના ઘેર અંતરજામી પ્રભુ જમવા પધાર્યા ત્યાં મહાપ્રભુ ખુબ જ પ્રેમથી થાળ જમ્યા અને પરચો બતાવીને ખુબ જ ધીરજ રાખીને સુખો આપ્યા. આવી રીતે મહાપ્રભુના ચરિત્રને બધાં જ નરનારીઓ જોઈને એમના મનમાં ખૂબ જ આશ્ચર્ય થયું, કેમ કે હમણાં જ સુખદાયક મહારાજ સાકરને પેંડા ખુબ જ જમ્યાં તોય ભુખ્યા જ રહ્યા અને થાળ આરોગ્યો. આવી રીતે અંતના વિહારને કરનારા મહાપ્રભુ છે.

હે રાજન ! શ્રી હરિ મહાપ્રભુ રસભરપુર થાળ જમ્યા તોય પાછા ભુખ લાગી છે એમ જણાવતા હતા. વિશ્વરુપ સર્વ વ્યાપક મહાપ્રભુ આવા અદભુત ચરિત્રોને કરતા હતા. આવા મહાપ્રભુના પ્રતાપ ઐશ્વર્યને જોઈને અનેક લોકો મહાપ્રભુનાં આશ્રિત સત્સંગી થયાં. હળવદપુરમાં જગતના આધાર મહારાજ અદ્‌ભુત સુખ આપતા હતા. શ્રી હરિ કચ્છ દેશમાં ફરીને પવિત્ર હળવદપુરમાં ધર્મનંદન મહારાજ પધાર્યા. ત્યાં અનેક મણ સાકર પેંડા જમ્યા ત્યારે લોકો એમને જગતના પતિ વિશ્વવંભર માનતા હતા.

આવી રીતે ખુબ જ મહાપ્રતાપ જણાવ્યો એને કવિ અવિનાશાનંદે પ્રેમથી ગાયો. આવી રીતે આ નવમાં હરિ ચરિત્રનો હરિલીલાસિંધુનો લહરીના રૂપમાં નવમો તરંગ પુર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં નવમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્વાણાનંદ અને અવિનાશાનંદ બંન્ને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અવધગુરુ આનંદરાજાના સંવાદમાં હળવદપુરમાં શ્રી હરિએ લીલા કરી તેનું વર્ણન કર્યું એ નામે નવમો તરંગ પુર્ણ થયો ॥ ૯ ॥**

## તરંગ-૧૦

આનંદ રાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! શ્રી હરિ કૃષ્ણ ઘનશ્યામ પ્રભુ હળવદપુરથી કયા ગામે પધાર્યા એ વાત સુખદાતા રામપ્રતાપભાઈની વાતોને મનમાં વિચારીને મને કહો. હે ગુરુ! પ્રગટ પ્રભુનાં ચરિત્રો અતિ પવિત્ર મોક્ષ કરનારા હોય છે તેથી મને શ્રવણ કરવાનો અધિકારી સમજીને કહો. બધી જ વાતો હું શ્રધ્ધાથી મારા અંતઃકરણમાં ધારી લઈશ. જે ચરિત્રને નથી સાંભળતો તે જનના કાન છે તે કેવળ સર્પના રાફડા જેવા છે આમ જાણનારા કવિજનો કાયમ કહેતા રહે છે મુનીજનો પણ કહે છે. અવધપ્રસાદ કહે છે હે આનંદ રાજન ! આ પૃથ્વી ઉપર ધીરજવાળી બુધ્ધિવાળા તમે એક જ છો માટે તમને ધન્ય છે કેમ કે તમે પ્રભુના ચરિત્રના પવિત્ર પુન્યશાળી પ્રશ્નો ખુબ જ હેત કરીને પુછો છો તેથી હું તે પ્રશ્નોના બધા જ વારાફરથી ઉત્તર પ્રેમથી તમને સંભળાવું છું તેથી તમે અંતઃકરણમાં ધારી લેજો. શ્રી હરિ હળવદમાં **શીવ જાની**ના ઘેર થાળ જમીને જગતપતિ અતિ આનંદ આપતા થકા મહાપ્રભુ પછી ઉતારે આવ્યા ત્યારે પ્રેમથી હરિભક્તો શ્રી હરિના ચરણ કમળની સેવા

કરતા હતા. ભક્તાએ પ્રેમથી પંચામૃત તૈયાર કરીને પ્રભુનું પુજન કર્યું.પ્રથમ ચરણોને જળથી ધોઈને સારી રીતે ભક્તિભાવથી ચરણામૃત લીધુ ત્યાર પછી તે દીવસે ઘનશ્યામ પ્રભુ રોકાણા અને લોકોના મનને આનંદ આપ્યો. બળદેવના ભાઈને શ્રી હરિએ જ્ઞાનની વાતો કરીને ધર્મજ્ઞાનનો સારી રીતે ઉપદેશ આપ્યો રાજી કર્યા. સુખ આપ્યુ. આમ પ્રભુ સર્વ નરનારી જનોને અતિ સુખ આપીને રાજી કર્યા. ત્યાર પછી મહાપ્રભુએ પ્રયાણ કરવાની તૈયારી કરી ત્યારે બધાં જ નરનારીજનો જય જયતિકાર કરતાં હતાં બધાં જ પ્રભુના વિરહની વેદનાથી નેત્રોમાં અશ્રુ નીરને ભરીને પોતાના ઘર પ્રત્યે જતાં હતાં. શ્રી હરિ મહાપ્રભુ બધા જ જનસમુદાયને સુખદઈને સંતોના કમળવનનાં સુર્ય સમાન પ્રભુ ભુમિ ઉપર ચરણ સ્થાપતા થકા લોક સમુદાયની સાથે અતિ પ્રેમથી પ્રિતમ પધારતા હતા. શ્રી ઘનશ્યામ પ્રભુ ઘોડા ઉપર સવાર થઈને જનોની સાથે જીવન પ્રાણ જતા હતા ત્યારે માર્ગ ઉપર ચાલતાં જનો પ્રભુને જોઈને મનમાં રાજી થતાં હતા. પોતાના નેત્રના ફળને સફળ થયાં માનતા હતા.ધર્મને ધારનારા ધીરજને ધારીને પ્રભુ **ધાગધ્રાંપુરે** પગલાં પધરાવ્યાં ત્યાં પોતાના આશ્રીત ભક્તજનોને દર્શન આપીને ભક્તજનોએ નયનોથી પ્રભુના દર્શન ક્યાં સુખ પામ્યાં. પ્રભુ ગામની વચ્ચે થઈને મહારાજ **મેથાણપુરે** પધાર્યા. ત્યારે ગામજનો સર્વે પ્રભુને લેવા સામે આવ્યાં.પ્રભુ પધાર્યા તે જાણીને આનંદ પામ્યા. **પુંજાજી** તથા બીજા જનો સર્વે લાલ પ્રભુને પોતાના પુરમાં પધરાવ્યા પ્રભુને પલંગ ઉપર વિરાજમાન કર્યા તે પુંજાજીના સુંદર પવિત્ર ઘરની અંદર નિવાસ કરાવ્યો. શ્રી હરિ સર્વના ઘેર ઘેર પધારીને બધાં જ લોકોના દુઃખોને ભાંગનારા દરેકના ઘેર થાળ જમ્યા બધાંના મનને આનંદ આપ્યો ત્યાર પછી પ્રભુ પાંચ દિવસ **મેથાણ**માં રોકાયા મહાપ્રભુ પ્રેમથી પ્રત્યેક જનને મનને સુખ આપ્યું. ત્યાર પછી પ્રભુ ઘોડા ઉપર અસવાર થઈને હરખાતા થકા માર્ગ ઉપર જતા હતા. એમના દર્શન કરવાથી પાપ નાશ પામતાં હતાં. ત્યારે દેવોના રાજા ઈન્દ્ર પવિત્ર મનથી વરસાદ કરીને હરીના શીર ઉપર મેઘની છાંયા કરતા હતા. દેવો પોતાના હૃદયમાં હરીનું ધ્યાન ધારતા હતા સર્વે દેવો ભાવ સહીત પ્રભુને સર્વોપરી દેવાધિ દેવ માનતા હતા. આવી રીતે ઘનશ્યામ પ્રભુ દેવો,મનુષ્યોને મહાસુખ આપતા થકા હરીની ચરણ રજને બ્રહ્મા, મહેશ, વિષ્ણુ પોતાના શિર પર ધારતા હતા. **ખેરવેગાંમે** ખબર પડી એટલે ખળ લોકોનું ખંડન થયું હરી સર્વના ભુમંડલ ઉપર પાપ તાપને હરતા થકા **રામગરીપુર**માં પ્રભુ પધાર્યા. **જીવરાજ ભક્ત**ના ઘેર મન પુર્વક પધાર્યા. ભક્તનો પ્રેમ જોઈને અવિનાશી પ્રભુ એ વાસ કર્યો લોકોના મનને આનંદ આપવા માટે મહારાજ થાળ જમ્યા ત્યાં ભક્તજનોના મનોરથોને પુર્ણ કરીને મહાપ્રભુ ચપલ મનથી ઘોડા ઉપર અશ્વાર થઈને ચાલતા થયા. મહાપ્રભુ માર્ગમાં **વટામણાં ગામ** થઈને વૈરાવ્ય મૂર્તિ મહાપ્રભુ તે ગામની ભુમીને પાવન કરીને પ્રેમ પૂર્વક ભક્તજનોની સાથે **દદુકે ગામ** પધાર્યા. પ્રેમથી ભક્તોના પ્રેમ ને વશ જઈને પ્રભુ પધાર્યા. હે રાજન્ ! ભક્તજનોને દર્શન દઈને મહાપ્રભુ સુખ આપીને શ્રી હરિ ત્યાંથી ભયહારી હાની થવાનું જાણી ભયભંજન પ્રભુ ભાવભરીને મનમોહન મહાપ્રભુ **મછીયાવપુરી** એ પધાર્યા. હે રાજન્ ! પુરનાં જનો **સુરસિંહરાજા** પ્રભુ પધાર્યા એમ જાણીને વાંજીત્રોની સાથે રાજા પ્રભુની સન્મુખ આવ્યા શ્યામ પ્રભુનાં દર્શન કરીને પ્રભુને ભેટ ધરીને રાજા ખુબ જ ભાવ પ્રેમથી દંડવત પ્રણામ કરીને પ્રભુના ચરણોને છાતીમાં ધારતા હતા રાજી થતા હતા. વાજાંઝાંઝ વગાડતાં થકાં મહાપ્રભુને મછિયાવપુરમાં લાવ્યા અને ભગવાનને રાજા પોતાના મહેલમાં પધરાવતા હતા અને સુખ શાંતિ પ્રાપ્ત કરતા હતા. મહાપ્રભુને પલંગ ઉપર પધરાવ્યા ત્યાંર પછી સર્વ જન સમુદાયની સાથે જગવંધ્ય હરીને સારાં ભોજન બનાવીને આનંદથી જમાડીને તૃપ્ત કર્યા. જીવનપ્રાણ સર્વજનોની સાથે જમીને પછી મુખ ધોઈ આચમન જળ પાન કરીને

મનની અનુરુપ મુખવાસને લઈને મુખમાં લઈને પછી સુખદાયક સર્વને સુખ આપતા હતા. રાત થઈ એમ જાણીને જગતપતિ વિચાર કરીને ધર્મધારી કરુણા નિધાન રાત રોકાયા રાત્રે ઉપદેશ કર્યો અને સવારમાં વહેલા કુકડો બોલ્યો અને તેની ધુની સાંભળીને ધર્મનંદન મહાપ્રભુ જન સમુદાયની સાથે તૈયાર થયા.

હે રાજન્ ! **મછીયાવ**થી ચાલીને પ્રભુ સુંદર ગામ **ભાતે** પધાર્યા. અતિ અનુપમ સ્થાને પધાર્યા જગતપતિએ લોકોના દિલ શુધ્ધ બુધ્ધ જાણીને જનના સ્વામી જન સમુદાય જોઈને એમને પરમ સુખ આપતા હતા. પછી ત્યાંથી તૈયાર થઈને ચાલ્યા અને જનસમાજની સાથે **જેતલપુર ધામે** પધાર્યા. ગર્વગંજન કામદેવને હરાવનારા પધાર્યા. પ્રભુ પધાર્યાના સમાચાર જાણીને હરિભક્તો સામા આવ્યા જન સમુદાય દર્શન કરવા ગયાં. સાથે ત્રાંસાં, ત્રબલા, ઝાંઝને જોરથી વગાડતાં હતાં આનંદથી સામાં આવતાં હતાં પ્રભુનાં દર્શન કરીને ભેટ હરિના ચરણમાં ભેટ ધરીને ચરણમાં વંદન કરતાં હતાં પ્રભુની સ્તુતિ કરી ખુબ જ પ્રેમથી દર્શન કરતાં હતાં. હે રાજન્ ! જગતપતિ મહારાજ જન સમુદાયની વચ્ચે ચાલતા થકા પોતાના મંદિરમાં પધાર્યા ત્યાં જ મુકામ કર્યો. ગંગાબાઈ તે હરિના ચરણ કમળમાં એકાગ્રતાવાળા હતાં.એમણે હરિ માટે ભાવ પ્રેમથી ભગવાનની ઈચ્છા મુજબ થાળ તૈયાર કર્યો. તે પવિત્ર થાળને જમવા માટે પ્રભુ આવીને જમ્યા કરુણામૂર્તિ મહાપ્રભુ પ્રેમથી જમીને સર્વે પાર્ષદ જનોને જમાડીને ખુબ જ કરુણા કરી. શ્રી હરિ મહાપ્રભુ ઘનશ્યામ સરોવરની પાળે રોકાણ કર્યું અને બધાની સભા કરીને હરિએ મગન થઈને સુંદર વાતો કરી ત્યાર પછી શયન કરતા હતા સુંદર શય્યા ઉપર સુતા અને પ્રેમી ભક્તજનો પ્રભુના ચરણ કમળની પ્રેમથી ચંપી કરતા હતા.

સવારમાં વહેલા જ્યારે પરોઢનો સમય થયો ત્યારે તૈયાર થઈને જેતલપુરથી પ્રયાણ કર્યું. જન સમુદાયની સાથે સર્વેના જીવન પ્રાણ સુજાણ પ્રભુ ચાલતા થયા અને **ડભાણપુર**ને વિષે ત્યાંના ભક્તોને કળીકાળના મહા ભયંકર સર્પના ઝેરનો નાશ કરવા સાચો ધર્મ વિસ્તારવા પધાર્યા. તે ડભાણપુરી ખુબ જ શોભતી હતી પવિત્રતા વાળી આકર્ષક હતી, તે ગામની બાજુમાં જાતજાતનાં વૃક્ષો વેલીઓ તળાવની ફરતાં શોભતાં હતાં તેની ઉપર અપાર પક્ષીઓ કલરવ કરતાં હતાં, તેમાં મધુર સુંગધ ફેલાતી હતી સુંદર આંબા,લીંબડા,આદી વૃક્ષોની શાખાઓ શોભતી હતી. વડનાં વૃક્ષો ધરતી ઉપર ફેલાયલાં હતાં. તેથી ધરતી સુંદર લાગતી હતી અપાર શોભા થાતી હતી.રાયણો ખુબ જ ફળોથી શોભતી હતી. જાણે તરુણી બળવાન મદ સહીત તૈયાર થયેલી ન હોય તેમ શોભતી હતી. ખાખરાનાં વૃક્ષો ખેરનાં વૃક્ષો ખજુરીઓ આદીનાં વુક્ષો બહુ જ હતાં અનેક પ્રકારની વેલીઓ, લતાઓ, વૃક્ષોવેલાઓ થી ગુંચાયેલાં હતાં. ઘરમાળા ગુંદીઓ, ગુંદીઓના ગુંછાઓ શોભતા હતા તેની ઉપર કોયલ, મોર, પોપટ બધાં જ પોત પોતાના શબ્દો કરીને વાતાવરણ ગજાવતાં હતાં. વાંદરાઓ વૃક્ષ ઉપરથી કેઠ મારીને અનેક પ્રકારની કળાઓ કરતાં હતાં. ચક્રવાક, ચાતક, ચકોર, ચકલાંઓ સર્વને ચકીત કરતાં હતાં. આવી રીતે પક્ષીઓનો ત્યાં કાયમ વસવાટ હતો. ખેલ કરતાં હતાં જાતજાતનાં ભાત ભાતનાં ગીત રવ (અવાજ) કર્યા કરતા હતા. આનાથી સરોવરની સુંદરતા વિશાળતાથી શોભતાં હતાં. તળાવનું જળ અતિ સ્વચ્છ હતું સ્થાન વિનાનું જળમાં ઝાળાં લાગેલાં હતાં તેમાં વૃક્ષો વેલીઓ કૂવાઓ સરોવર પક્ષીઓ સહીત શોભાથી તે **દર્ભાવતી નગરી** સુંદર રીતે શોભતી હતી. તે શોભા જોઈને ઘનશ્યામ પ્રભુ સર્વના સુખધામ નામ સાંભળીને અતિ આનંદીત થયા. મનમાં રાજી થઈને કામના મદને હરનારા પ્રભુ પુરનાં જનો પ્રગટ પ્રભુમાં પ્રિત કરીને પ્રભુને સન્માનવા સામે મનમાં હરખાતા થકા આવ્યા.

પુરનાં ભક્તજનો બહુ પ્રકારના વાઝાં વગાડતાં થકાં સુંદર ગીતો ગાતાં થકાં પ્રભુની સન્મુખ આવતાં હતાં. સાથે પ્રભુને સનમાન નમન કરીને પ્રેમથી પુરમાં લાવ્યાં. અતિ પ્રેમી પટેલો તે પુરના તેમાં ગંગાદાસ આદીક હતા તેઓએ પુરમાં પ્રભુને પધરાવીને પાવન કરાવ્યું અને નજીકમાં જ ઉતારો કરાવીને નિવાસ કરતા હતા. મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માંનદ આદીક સર્વે સંત સમુદાયમાં રહેતા હતા ત્યાર પછી સર્વને ભાવ પુર્વક ભોજનો જમાડતા હતા તેથી સર્વની મનોકામનાઓ પૂર્ણ થઈ. પુરના પટેલોના સુખહિત યજ્ઞ કરવા માટે સામાન તૈયાર કરેલો તે પટેલોને શ્રી હરિએ આવીને આજ્ઞા કરી કે તે વાત પુરનાં જનોને પ્રભુએ પરચો દીધો તે જીવન પ્રાણે બાર રત્નમાની વાત બધાએ સાંભળીને વખાણી.

ધર્મનંદન પ્રભુ **ધ્રાંગધ્રાં** થઈને સર્વના ભયને હરનારા પ્રભુ **મેંથાણ** પધાર્યા.ત્યાં ભક્તજનોને જન્મ મરણના કર્મનો નાશ કરીને મહાપ્રભુ ત્યાંથી **મછીયાવે** પધાર્યા. પછી **જેતલપુરે** પધાર્યા. નાથ ત્યાં રોકાઈને પછી **દર્ભાવતી (ડભાણ)** પધાર્યા દયાળુએ આવીને સુખ આપ્યાં એ રીતે આ દશમું અભિધાન તે હરિ લીલાસિંધુની લહરીના રુપમાં દશમું તરંગ પુર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલિલાસિંધુમાં નવમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામી વૈષ્ણવાનંદ-અવિનાશાનંદ બંન્ને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અવધપ્રસાદ ગુરુ આનંદ રાજાના સંવાદમાં ડભાણ નગરીમાં યજ્ઞનો પ્રારંભ કર્યો તે હરિ લીલાનું કથન કર્યું એ નામનો આ દશમો તરંગ થયો. ‌‌॥૧૦॥**

# તરંગ-૧૧

આનંદરાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! શ્રીજી મહારાજ ડભાણપુરીમાં મહાયજ્ઞ કરીને શ્રી હરિકૃષ્ણ મહાપ્રભુની બધી જ લીલાની વાતો હે અવધપ્રસાદજી મહારાજ ! મારી ઉપર - કુપા કરીને તે વિસ્તારથી મને કહો. જગતના જીવન મહાપ્રભુએ જેવી રીતે આ યજ્ઞમાં દર્ભાવતી પુરીમાં જે જે લીલાઓ કરી હોય તે મનમોહન અભિરામ પ્રભુની લીલાઓ મને કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદરાજા ! તમે જે પ્રશ્ન પુછ્યો છે તે અતિશય સુંદર પુછ્યો છે તેની હું હવે બધી જ વાતો સુખેથી કહું છું તમે સાંભળો. મહાપ્રભુએ જે અતિ રુદ્રયાગ મહામોટો કર્યો તેની વાતો જે મેં સાંભળેલી છે તે બધીજ તમને સંભળાવું છું. શ્રી હરિ ભગવાને **ડભાણપુર**માં સર્વોપરી મહારુદ્રયાગ કર્યો તે અતિ રૂદ્રયાગને અવતારી મહારાજે કર્યો તેની બધી જ કથા ભાવ પુર્વક કહું છું, માટે રાજન તમે ભાવથી સાંભળો. મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માંનંદ સ્વામી બંન્નેને મહારાજ કહે એ સંતો તમે બધો યજ્ઞનો સામાન ઘી, જવ, તલ, આદીક સામગ્રી બધી જ ભેગી કરો અને અમારે અત્યારે **ઘોડાસર** ગામે જવું છે અને એક પખવાડીયું ત્યાં વિચરવું છે. આમ આદેશ કરીને સુખના ધામ મહારાજ જતા હતા. ચંચળ એવા અતિ ચતુરવર શ્રી હરિ અશ્વારી કરીને સર્વે નરનારીની સાથે જતા હતા. નેત્રે કરીને જોતા થકા મહારાજ **હાથરોલી** ગામે પધાર્યા. ગામજનોએ પ્રભુના દર્શન કરીને સુખ પામ્યાં મહાપ્રભુ **ભ્રગુખાંટ**ના ઘેર રહ્યા ત્યારે પ્રભુએ ભક્તજનોની વિનંતીથી સર્વ સંતોને તેડાવ્યા ત્યારે ત્યાં બુધ્ધિવંત સંતો આવ્યા.તેમાં મહાનુભાવનંદ સ્વામી આદીક સંતો આવ્યા. આનંદકંદ પ્રભુનાં દર્શન કરીને વિરહના દુઃખના દ્વંદનો બધો જ દર્શનથી બળીને નાશ થયો. બીજા સોરઠ દેશથી ભક્તજનો આવ્યા બધા જ સોરઠી દોડીને પ્રભુનાં દર્શન કરવા આવ્યા આવીને પ્રભુના ચરણમાં વંદન કર્યાં.

પ્રભુનાં ગુણગાનને ગાતા હતા ત્યારે મહાનુભાવાનંદ મુની વાતને જાણીને મહાપ્રભુને મધુરવાણીથી કહેતા હતા. હે સર્વના સુખના નિધાન સાંભળો આપને એક વાત જાણીને કહું છું આપના ભક્ત **પર્વતભાઈ** ખુબ જ મોટા છે એમનાં માટે હે પ્રાણ પતિ ! તમે જાણો કે તેઓ જનકરાજા જેવા જ વિદેહી શુધ્ધ બુધ્ધિવાળા છે. એ ભક્ત બધાના મનને ખુબ ભાવતા છે બહુ જ સારા છે ત્યારે સુખના ધામ મહારાજ સાંભળીને કહેતા હતા કે ચૌદે લોકમાં સ્ત્રી પુરુષો વસે છે એ બધાના મનમાં ભાવના થાય તેવા એકાંતિક ભક્ત છે.

આમ કહીને મહાપ્રભુ મુનીજનો સંતોને કહેતા હતા કે તમારે બધાને ઝોળી માંગી બધુજ લાવવું તે પણ આજુ બાજુના ગામોમાં જઈને ઝોળી માંગી લાવવી. અને એના ગોળા બનાવીને ખાંતેથી ખાવાના ત્યાર પછી અમારા ગુણ ગાવા અને મૂર્તિને અંતરમાં ધારણ કરવી, ધ્યાન કરવું. આવી રીતે સર્વે સંતો આજ્ઞા માનીને ઝોળી માગીને ખાતા હતા. ગામની નજીકમાં ઝાડવાઓમાં મોટું આંબલીનું ઝાડ હતું તેની નીચે સંતો નિવાસ કરતા હતા. ઝોળી માંગી લાવીને આવેલા બધાં જ અન્નને સાફ કરીને તેને પાણીમાં ધોઈને ગોળા બનાવતા હતા ત્યાર પછી તેને પ્રેમથી સર્વ સંતો ખાતા હતા અને મહાપ્રભુનું અખંડ ભજન કરતા હતા. હે રાજન ! આવી રીતે સંતો રોજ ગોળા બનાવીને એક એક ગોળો ખાતા હતા અને પ્રભુ પાસે આવીને દર્શન કરતા હતા. ત્યારે સુખના દાતા કહેતા કે ભ્રગુખાંટનો ચોક ખુબ જ સારો છે.ત્યાં સભા કરીને મહાપ્રભુએ લોકોને આનંદ ઉપદેશ કર્યો.બહુનામી પ્રભુએ ખુબ જ લાંબા સમય સુધી વાતો કરી ત્યારે પ્રભુએ જાણ્યું કે રાત એક પ્રહર વીતી ગઈ છે. ત્યાં સુધી મહાપ્રભુ તે સભાના મધ્યમાં વિરાજમાન હતા અને શોભતા હતા. ખુબ જ મનોહર લાગતા હતા. તે સભામાં મહારાજ ધર્મ,જ્ઞાન,વૈરાગ્ય સહીત દ્રઢ ભક્તિની વાતો કરતા હતા આમ શુભ રીતથી વાતો કરતા હતા તે વાતને સાંભળીને સર્વે સંતો ખુબજ રાજી થતા હતા. અલભ્ય લાભને સૌ પામતા હતા લોકો આનંદ પામતાં હતાં.

ત્યાર પછી પાછલી રાત જયારે રહી જાણી ત્યારે પ્રભુ સંતો પાસે જતા હતા સર્વના સુખદાયી પ્રભુ વાળંદ પાસે મશાલ કરાવીને રાત્રી એક પ્રહર બાકી રહેલ એમ જાણીને પ્રભુ સંતોના ઉતારે શ્યામ પ્રભુ પધાર્યા ત્યાં સંતો પાસે ખુબ જ વાતો કરતા હતા અને એમનામાં રહેલું અજ્ઞાનને દુર કરતા હતા. અને ખુબ જ આકરી વાતો કરી ત્યારે બલભ્રાતા મહાત્મ્ય, જ્ઞાન, ભક્તિની વાતો કરતા હતા ત્યારે મુનીજનો સાંભળતા હતા. શ્રી હરિ મનનાં સંકલ્પના સંબંધવાળી વાતો કરતા હતા અને અજ્ઞાન અંધકારને હરી લેતા હતા. આવી રીતે પ્રભુના મુખે જ્ઞાનની અતિશય આંકરી વાત પ્રભુએ કરી તેથી એક મુનીને અતિ વૈરાગ્ય ઉદય થયો. અન્નજળ રુચતું ન હતું. ત્યારે તે મુની અતિ જ્ઞાનની વાત સાંભળીને ધીરનુ વ્રત ધારણ કરીને મુની ધ્યાન અવસ્થામાં રહ્યા ત્યાર પછીથી મહાપ્રભુએ જાણી ત્યારે આંકરી વાત કરવાથી આમ થયું તે બરોબર ન થયું આમ વિચારતા હતા. શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુ સર્વે મુનીજનોને કહેતા હતા કે તમે અંતરમાં મારા સ્વરુપનું ધ્યાન ધરીને આજુબાજુના ગામોમાં લોકોને જ્ઞાન ઉપદેશ કરતા થકા ફરતા રહો.અમે જયારે ડભાણમાં જઈને તમને બોલાવીયે ત્યારે બધા સંતો સાબદા થઈ ડભાણ આવવાનું ત્યાં સુધી વિચરણ કર્યા કરો.

આવી રીતે પ્રભુની આજ્ઞા સાંભળીને સર્વે સંતો ગામોમાં ફરવા માટે ગયા અને મહાપ્રભુ બારમુવાડે પધાર્યા. જેમ ચંદ્ર ઉદય થાય ને પોયણા ખીલે તેમ ભક્તજનોના મન પ્રફુલ્લીત થયા. મહાપ્રભુ તે સંત તપ કરતા હતા તેની નજીકના ગામેથી જયારે જતા હતા. ત્યારે ઘનશ્યામ પ્રભુની વાણી સાંભળીને જે સંત વૈરાગ્યથી પહેલાં તપ કરવા ગયા હતા તેજ સંત પાછા આવ્યા. આવીને મહાપ્રભુના ચરણકમળમાં મસ્તક નમાવીને પ્રણામ કર્યા.

ત્યારે તે સંતને પહેલા અન્નજળ વગર ત્રણ દિવસ વિત્યા હતા તે જાણીને સુખ દાતા મહાપ્રભુ કૃપા કરીને સંતને પાણી અને પેંડા લઈને એમની પાસે ગયા. મહારાજે તે સંતને પેંડા ને જળ આપ્યાં. જમાડીને પીડાને દુર કરી ત્યાર પછી જીવોના કલ્યાણ કરવા પ્રભુ બારમુવાડે પધાર્યા. ત્યાં થાળ જમીને સુખનિધાન મહારાજ પાછા આવ્યા.

શ્રી હરિ મહાપ્રભુ **હાથરોલી** ગામે પધાર્યા ત્યારે નાથને જોઈને સર્વે ગામની પ્રજા અતિ હર્ષ પામ્યા. સુંદર મનોહર આસન બનાવેલ તેના ઉપર મહાપ્રભુને સારો સાજ સજીને બેસાર્યા ત્યાંતો સુરતના બધા ભક્તજનો સંઘ લઈને શ્રી હરિનાં દર્શન કરવા આવ્યા. ત્યારે તે સર્વે સુરતના સંઘને જોઈને હરિ ખૂબ જ રાજી થયાં. પ્રભુના દર્શન કરીને મનમાં ખૂબ જ ઉમંગ પૂર્વક બધા જ સત્સંગીઓ અતિ પ્રસન્ન મનવાળા થયા અને પ્રભુને માટે સુંદર સરપાવ લાવ્યા હતા તે સરપાવ પ્રભુને આપ્યો તેને મહાપ્રભુએ તરત જ અંગો ઉપર ધારણ કરી લીધો. કીનખાબનો સુરવાળ હતો તેને જલદીથી ધારણ કરીને કમરે બાંધી દીધો તથા ઝરીયાની ડગલી લાવ્યા તે પણ ધારણ કરાવતાં હતાં. મનોહર શોભાવાળો દુશાલો લાવ્યા હતા તેને કમરે કસીને બાંધ્યો હતો.હરિ મંદમંદ હસતા હતા દુપટ્ટો લાવ્યા હતા તે ખુબ જ આકર્ષક હતો તે પ્રભુને આપ્યો તેને હરિએ ધારણ કર્યો ખુબ જ શોભતો હતો. સારા શોભાયમાન નંગો જડેલ તે હાથ ઉપર બાવડામાં પોચીને ધારણ કરી આનંદ કરતા હતા. સોનાના કટકા સાથે હાથો ઉપર શોભે તેવા સુંદર કરની મુદ્રા વિંટિઓ વેઢોને ધારણ કર્યાં તે શોભતાં હતાં. શ્રી હરિ મહાપ્રભુના અંગો ઉપર વસ્ત્રો અને આભુષણ ખુબ જ શોભતાં હતાં મનોહર લાગતાં હતાં ઉતરી અને મોહન માણેકને ધારણ કર્યાં હતાં તે પ્રભુના કંઠમાં અતિશય શોભા આપનારા હતા. આવી રીતે પ્રભુનાં સર્વે અંગો એવાં શોભતાં હતાં જેથી કામદેવ પણ જોઈને શરમાઈ જાય તેવા શોભતા હતા. દશાવતારનું શિર ઉપર છત્રને ધારણ કરેલું હતું આ રીતે મહારાજ સર્વે નરનારીના મનને હરતા હતા ખેંચતા હતા. આવી મનોહર છબી મહાપ્રભુની કરોડો કામદેવને શરમાવે એવી પ્રભુની અલૌકિકતા શોભતી હતી.

ઘોડાનો સાજ લાવેલા તે પણ મોટા રાજા મહારાજાને શોભે તેવો, જેમ વૃક્ષોના સમુદાયમાં આંબો શોભે તેમ એવો સુંદર સાજ લાવેલા હતા, ઘોડાનું પેંગડાતો જડેલા હતા પગમાં ઝાંઝર પહેરાવેલા હતાં તે ખુબજ ઝણકાર કરતાં હતાં. ચોકડાંમા ચાંદી જડેલી હતી. મોવડીમાં ચાંદી જડેલી હતી.એવી રીતે આવી શોભાવાળો કોઈ ઘોડો ત્રિલોકી માંય ન હતો એવો સારો ઘોડો હતો. સુંદર થાંભલા જેવા પગ તથા અતિ વિશાળ જાડી છાતીવાળો અસામાન્ય મુળવાળો તે ઘોડો હતો. તેની કેશવાળી પણ અતિ મનોહર શોભતી હતી એની ઉપર અતિશે તંગને તાણેલા હતા, અરીસા જેવું સુંદર અંગ હતું. વાકીવળેલી ડોકવાળો અતિશય પવન વેગીલો ઉપર બેઠા બેઠા દુધ પીવે તેવી ચાલ વાળો હતો. જાણે કામદેવે જ ઘોડાનું રુપ ધારેલું હોય ને શું ? એમ જગતમાં આને બીજી ઉપમાં જ ન અપાય તેવો હતો એવા ઘોડા ઉપર મહારાજ અશ્વાર થયા ત્યારે સર્વેજન સમુદાય પ્રભુનો જય જયકારનો ઉચ્ચાર કરવા લાગ્યાં,આનંદ કરવા લાગ્યાં.

હે રાજન્ ! મનમોહન મહાપ્રભુ નિલકાંત મણિના જેવી શરીરની શોભા લાગતી હતી અતિ, શોભતા હતા મેઘ સમાન શ્યામ પ્રભાવવાળા જાણે મેઘ છાયો હોય તેવી છટાવાળા એમાંથી અનેક છટાંઓ શોભતી હતી. ચંદ્રમાના મંડળ સમાન ગોળ કપોળવાળા શુધ્ધ મુખારવિંદ ઉપર કુંડળો મુખને વધારે શોભાવતા હતાં. શરદ ઋતુના ચંદ્ર સમાન મુખકમળની શોભાવાળાને નેત્રની શોભા મેઘ સમાન લાગતી હતી. જાણે કામદેવે કુટિલ કમાન કસીને તૈયાર કર્યું ન હોય ? તેમ પ્રભુની ભ્રકુટીની ભંગીમાં શોભતી હતી. આવા અતિ શોભાયમાન મુખ

કમળવાળા મનોહર કુટિલ છટાવાળા શોભતા હતા. બન્ને કાન ઉપર ફુલોના ગુચ્છો શોભતા હતા.મુખ ઉપર મુંછની રેખા શોભતી હતી જાણે કલિકુંડમાંથી જાણે અદ્ભુત કળી સમાન બીજની ચંદ્ર રેખા ન નીકળી હોય ? તેમ શોભતા હતા.

મનોહર જીભથી મનોહર શબ્દનો ઉચ્ચાર કરતા હતા. જે શબ્દને સાંભળે તેના મનને હરતા હતા, મુખમાં લાલ ઓષ્ટના વચમાં દાંતોની આવળી સુંદર પરવાળાને જેમ મનોહર ક્રાંતિવાળા, જાણે ચંદ્રનું બિંબ ન હોય ? તેમ શોભતાં હતાં. સુંદર દાઢી શોભતી હતી અધર ઓષ્ઠ જાણે આંબાંનું ફળ ન હોય તેવાં લાગતા હતા. મનોહર કંઠ શોભતો હતો સુંદર વલયવાળા મનોહર છબી મુખકમળની શોભતી હતી વક્ષસ્થળમાં જાણે લક્ષ્મીનું સ્થાન શોભતું હતું આવી રીતની શોભાને જોઈને કામદેવના મનમાં લાજ આવતી હતી, એવા પ્રભુ શોભતા હતા. પ્રભુની છાતી ઉપર મણિ સમાન બે સ્તનો શોભતા હતા. કમળ પત્ર સમાન ઉદર શોભતું હતું તે ઉદર ઉપર ત્રિવળી પડતી હતી તે ત્રણ નદીની સમાન શોભતી હતી જાણે યમુના ગંગા સરસ્વતી ત્રણે ન હોય ? તેમ શોભતું હતું. ઉદરમાં ઉંડી કુવા સમાન નાભી શોભતી હતી, બ્રહ્માનું બેસવાનું સ્થાન શોભતું હતું. બન્ને ભુજાઓ મહાદંડ સમાન શોભતાં હતાં જાણે કોઈની ઉપર અભયવર આપે તેવા શોભતા હતાં. બંન્ને હાથની આંગળીઓ શોભતી હતી શાંતિ આપનારી હતી. હાથની હથેળી લાલ વર્ણની સુંદર શોભતી હતી. નખની શોભાતો જાણે ચંદ્રમાં અને દેવોને લજાવે તેવા ખુબ જ મનોહર લાગતા હતા. કટી ભાગતો જાણે ચંદ્ર સમાન ભારે શોભતો હતો. સાથળો જાણે કેળના થાંભલા જેવા લાગતા હતા. બંન્ને જાનુઓ શિલી મુખની સમાન શોભતા હતાં. પગની પીંડી ખુબ જ શોભતી હતી. કમળ સમાન કોમળ ચરણ કમળ ખુબ જ શોભતાં હતાં પ્રભુના વચનને બ્રહ્માજી શારદા લક્ષ્મી લોપતા ન હતાં એવા બંન્ને ચરણના તળમાં નવ અને સાતની સંખ્યામાં ચિન્હો શોભતા હતા જે ચરણ કમળનું ધ્યાન શેષ શારદા મુનીજનો કર્યા કરે છે. ચિન્હો જવ, જાંબુ, ધનુષ્ય, અર્ધચંદ્ર, ગોપદ, કેતુ, પદ્મ, કળશ, અષ્ટકોણ, ત્રિકોણ, વજ શોભતા હતા. શ્રી હરિનાં ચરણમાં સ્વસ્તિક, ઉર્ધ્વરેખા, આદીક સોળે ચિન્હોને કહ્યાં તે સર્વે પ્રભુના ચરણ કમળ બન્નેમાં ખુબ સુંદર રીતે શોભતાં હતાં તે સર્વને સુખ આપનારા હતા. આવી રીતે શ્રી હરિ નાથની નખથી શીખા પર્યંત વસ્ત્ર આભુષણો ધારેલી તેની સાથે પુર્ણ સ્વરુપને નીરખીને સર્વે સુરતનાં નરનારીજનો પરમ પવિત્ર મનવાળાં ખુબ જ રાજી રાજી થયા.

હે રાજન્ ! સહજાનંદ સ્વામી મહાપ્રભુ **હાથરોલી** ગામે **ભ્રગુખાંટ**ના ઘેર રોકાયા ત્યાં ભક્તજનોને ઉપદેશ આપ્યો તથા મુનીજનોને જ્ઞાન વૈરાગ્યના ઉપદેશની વાતો કરી ભારે જ્ઞાન આપ્યું. ત્યાર પછી સુરતના સત્સંગીઓનો સંઘ આવ્યો તેઓ વસ્ત્રો આભુષણો સાજ લાવ્યા તે ધાર્યા. મૂર્તિનાં દર્શન કર્યાં એ વર્ણન નામનું અગીયારમું તરંગ શ્રી હરિલીલાસિંધુની લહરીના રુપમાં પુર્ણ થયું.

**આવી રીતે શ્રી હરીલિલાસિંધુમાં નવમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ-અવિનાશાનંદ બંન્ને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અવધપ્રસાદ ગુરુ આનંદ રાજાના સંવાદમાં હાથરોલી ગામે લીલા કરી એ નામનો આ અગીયારમો તરંગ પૂર્ણ થયો. ॥૧૧॥**

# તરંગ-૧૨

આનંદરાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! શ્રી હરિ **હાથરોલી** ઘોડા ઉપર સવાર થઈ કેવી રીતે હરણની માફક ગયા તે બધી જ લીલા મારી ઉપર રાજી થઈને કહેવા કૃપા કરો. અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે હે આનંદ રાજન્ ! ઘનશ્યામ પ્રભુના અલૌકિક સુંદર ચરિત્રને સાંભળી તે ચરિત્ર હું વિચારીને મારા અંતરમાં અતિ ધીરજથી ધારણ કરીને કહું છું. શ્રી હરિ મહારાજ પ્રભુ **હાથરોલી** ગામમાં પંદર દિવસ રહીને પ્રેમથી પ્રિતમ પ્રાણ **ભ્રગુખાંટના** ઘેર આનંદ પુર્વક રોકાયા હતા.ત્યારે ઘોડાસરપુરેથી રાજાએ પ્રભુને તેડવા માટે હેતથી પાલખી મોકલી હતી તે પાલખીમાં સુખના સ્થાન રુપ પ્રભુને બેસવા માટે મોકલેલી હતી. મહારાજ તે સુખપાલમાં બેસીને ઘનશ્યામ પ્રભુ **ઘોડાસર** પધાર્યા ત્યાં રાજાની સન્મુખ ગીત વાંજીત્રોના સાથે પધાર્યા. પ્રભુને સન્માનવા અગણિત વાજાંને વગાડતા થકાં શુભ શુકનવાળી શરણાઈ વગાડતા હતા પ્રણવના ત્રાંસા દુંદુંભીના નાદ ગજાવતા થકાં રાજા હરખાઈને પ્રભુને લાવ્યા. શ્રી ઘનશ્યામ પ્રભુ સુખપાલ(પાલખી)માં બેસીને આખા ગામમાં ફરતા હતા અને લોકોનાં દુઃખો પીડા ભયને હરતા હતા, સુખદાઈ પ્રભુ ફુલેકામાં જાલમસિંહ મહારાજના મહીમાને જાણતા હતા તેથી પ્રાંણ પ્રીતમને ખુબ જ પ્રિત કરીને આખા ગામમાં ઘરો ઘર રીતભાત પ્રમાણે ફેરવ્યા. શ્રી હરિ મહાપ્રભુની સુખપાલને રાજા જાલમસિંહ પોતે પોતાના ખંભે ઉપાડી પ્રગટ ભગવાનને રાજી કરતા હતા. આ દ્રશ્ય નીરખીને સર્વે નરનારીજનો ખુબ જ રાજી થતાં હતાં ઘનશ્યામ પ્રભુ ગામમાં ચરણ કમળથી ચિન્હિત કરીને ખુબ જ શોભા વધારતા હતા. અલખ અકામ પ્રભુ રાજાના દરબારમાં પધાર્યા ત્યારે રાજા ષોડશોપચાર વિધિથી પ્રભુનું પ્રેમપૂર્વક પુજન કર્યું. આ રીતે જાલમસિંહ ઠાકુર પ્રભુના ખુબ જ મહીમાને જાણતા હતા તેથી રીત પ્રમાણે ભાવ પુર્વક પ્રભુને રસોઈ તૈયાર કરીને થાળ જમાડતા હતા. આવી રીતે મહાપ્રભુ મનમાં અધિક ઉત્સાહથી બે દિવસ રોકાતા હતા. જગવંદ્ય પ્રભુ થાળ જમી રહ્યા ભક્તજનોને આનંદ આપનારા ઠાકુર જાલમસિંહને પોતાની પાસે બોલાવી ને સારી રીતે મહારાજ વાત કહેતા હતા. હે રાજન ! તમે ચિત્ત ધારીને અમારી વાતને સાંભળો અમારે તમારુ કાંઈક કામ છે તેથી તમારે અમારી થોડી મદદ કરવાની છે. અમે ડભાણપુરીમાં મહારુદ્રયાગ યજ્ઞનો પ્રારંભ કરવાના છીએ તેમાં ખાખી પાખંડી ખળ અસુર લોકો તે યજ્ઞમાં વિઘ્ન કરવા આવવાના છે. તે અનિતિથી આમારી રક્ષા કરવાની છે. એ તમારી મદદની જરુર છે. આ રીતે હરિની વાત સાંભળીને મનમાં મુખથી મંદ હસતા થકા વિચારીને મુખેથી વચન કહેતા હતા હે પ્રભુ ! અમારા ધન તન મિલકત જગ્યા બધુ જ તમારુ છે એમ માનીને આપને જે કાંઈ કામકાજ હશે તે કહો જરુર શિરને સાટે કરવા માટે તૈયાર જ છું. આપનાં કામ માટે કરોડ ધનુષ્યને ધારનારા સૈનિકોને લાવીને યજ્ઞની રક્ષા કરવા માટે આવીશ અને તે પાપી પામર ખાખી અમને શું કરી શકવાના છે. અમારી સામે એ લોકો ધીર ના ધરી શકે માટે આપની જેવી મરજી હોય તેવા સારા પરાક્રમી સૈનિકોને લાવીને તમારી મરજી મુજબ મદદ કરીશું.

હે પ્રભુ ! આપ કહેતા હો તો લાખ ધનુષ્યધારીને લાવું આ હું સાચું જ કહું છું આપની જેવી આજ્ઞા હોય તે પ્રમાણે કરૂ. હે જગદીશ પ્રભુ ! આપતો સર્વ અવતારના અવતારી સર્વોપરી છો આપ કહો તેમ સારા સૈનિકોને સજ્જ કરીને નાથ આપની સાથે જ તૈયાર કરીને ચાલીએ.આમ જાલમસિંહજીનાં વચનો સાંભળીને શ્રી

હરિ પ્રભુ મનમાં અતિ રાજી થયા મુખ કમળ ખિલી ઉઠ્યું (અયુત) દસ હજાર સૈનિકોના સૈન્યને લઈને આવો આમ સહજાનંદસ્વામી રાજાને કહેતા હતા. જાલમસિંહે મહાપ્રભુજીની આજ્ઞાને શિર પર ધારીને સુંદર સારા લડવૈયા સૈનિકોને સજજ કર્યા બધા જ સૈનિકો ધનુષ ધારીને કિરાતનું તિડાન જેમ ગર્જે તેમ સર્વે તૈયાર થઈને ચાલતા હતા.અને જન સમુદાયની મેદની જોઈને હલક ખલક થઈને ખલમલ ચારે બાજુ જવા લાગ્યા. વિજળી જેમ લજ્જા પામેને જબકીને બંધ થઈ જાય છે તેમ બધા ભાગતાં હતા સૈનીકોના હાથમાં તલવારો જગારા મારતી હતી. આવી રીતની પોતાની ફોજને જાલમસિંહરાજા લઈને ઘનશ્યામ ભગવાનની સાથે ચાલતાં હતાં. જ્યારે પ્રભુ ચાલતાં હતાં ત્યારે પૃથ્વી હલતી હતી અને શેષજી અધીક પ્રમાણમાં મોહ પામતાં હતાં.

સિંઘવ ઘોડા ઉપર અશ્વાર થઈને કેટલાક સૈનિકો સુંદર વાંકડી ઢાલોને ધારેલા ઢળાવતા થકા ખળકતા ઝળકતા થકા ભલકતાં ભાલાં ધારીને શરીર ઉપર કવચને ધારીને શિર ઉપર ટોપા પહેરીને સજજ થઈને ઘોડા ઉપર સવાર થયા હતા આવા સૈનીકોની સાથે ઢોલ,ત્રાંસા વગાડતા થકા રણના લડવૈયા શોભતા હતા.શત્રુના દળ જોઈને આવી રીતના ઠાઠને લઈને શ્રી હરિની સાથે સારા દબદબા સાથે **દર્ભાવતિપુરી** પ્રત્યે આવ્યા. ત્યારે આવેલા બધા જ સંઘો શ્રી હરિની સામે બધા જ સ્તસંગીઓ અનેક આવતા હતા તથા પુરવાસી નરનારી સર્વે સ્ત્રીઓ પુરુષો હજારો લાખોની સંખ્યામાં આવ્યા ત્યારે ડભાણની ભુમી ઉપર ભારે ભીડ થઈ હતી લગારેય માર્ગ ન હતો આ સર્વે જન મેદની જયજયનો ઉચ્ચાર કરતાં હતાં ત્યારે ખેતી કરનારા ખેડુતો ભીડમાં કચરાતા હતા.આવુ વાતાવરણ હતું ત્યારે શ્રી હરિ પ્રભુ ઘોડા ઉપર વિરાજમાન હતા એમની આગળ સંતો અને જનસમુદાય ગાતા થકા આવતા હતા. આવી રીતે મહાપ્રભુ ભાવથી ભરપુર જન સમુદાયને દર્શનનું દાન આપતા હતા સુખ આપતા હતા. શ્રી હરિ **ડભાણ** પધારીને શ્રી બલવીર મહાપ્રભુ ઉતારે આવીને સર્વના નાથ વિરાજમાન થયા. ત્યાર પછી લોકોના મનને અતિ સુખ આનંદ આપવા ભોજન જમીને લોકોની ભયભીડને હરતા હતા. ત્યાર પછી કરુણા કરીને મહાપ્રભુ હવન હોમનુ કામ કરાવતા હતા ત્યારે બધા જ દેશદેશોમાંથી બ્રહ્મદેવો આવતા હતા અનેકની સંખ્યામાં આવતા હતા. શ્રી હરિ ઘનશ્યામ પ્રભુ હજાર બ્રાહ્મણોને વરુણ કરીને એમને કંકણ અને કુંડલ આપતા હતા. ત્યાર પછી હોમ કરવાનો પ્રારંભ કરાવતા હતા. હજારો વિપ્રોને વેદવંશોને જમાડતા હતા. યજ્ઞકુંડોમાં ખુબ જ હવિશ્યાન્નોને હોમતા હતા તેમાં જવ તલ ઘી વિગેરે ઘીને પરનાળેથી હોમતા હતા તેનાથી ખુબ જ ધુમાડો થતો હતો તે સ્વર્ગ લોક સુધી પહોચતો હતો. વૈદી નિગમના મંત્રોને સર્વે બ્રહ્મદેવો ખુબ જ ઊંચા સ્વરે ગાતા હતા દેવોને આહુતીઓ આપતા હતા તેને દેવો સ્વયં આવીને ખુબ જ ગ્રહણ કરતા હતા. દેવો મૂર્તિમાન આવીને પોતાના ભાગને સ્વયં લેતા હતા યજ્ઞ મંડપમાં આવીને બેસતા હતા પુરુષોત્ત પ્રભુને જોઈ દર્શન કરીને હૃદયમાં પ્રેમ ઉભરાતો હતો.

સર્વના મનને હરનારા મહાપ્રભુના યજ્ઞ મંડપમાં ખુબ જ ધામ ધુમથી ખુબ જ પ્રમાણમાં આનંદ થાય છે. વૈદીક વિધિની અનુસાર બધાં જ વિધિમાં વિપ્રો હરખાતા થકા ખુબ જ ઘીને હોમમાં હોમતા હતા આનંદ પામતા હતા. યજ્ઞ મંડપનો સર્વે સભાજનો ઘનશ્યામ પ્રભુના પ્રતાપથી બધી જ સભા શોભતી હતી ઉચા મંચ ઉપર પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પ્રભુ સર્વના સુખના દાતા મનોહર કાંતીથી શોભતા હતા દર્શન સુખ આપતા હતા.

નિત્ય પ્રત્યે હોમ હવનનું કામ ચાલ્યા કરતુ હતું અને તેમાં ભુદેવો સર્વે ભાવથી જમતા હતા નિત્ય

પ્રત્યે જમતા પહેલાં શ્રી ઘનશ્યામ મહાપ્રભુની જય બોલો જય બોલો કરીને જયનાદ કરતા હતા. સર્વના સુખધામ મહાપ્રભુનું અંતરમાં ધ્યાન ધરીને પવિત્ર મનવાળા જુવાનો પિરસતા હતા. વિપ્રોની પલટન ભુમંડળમાં સુખ પામતા હતા આમ વૈષ્ણવાનંદ ગાય છે. આકાશ માર્ગેથી ભવબ્રહ્માદી દેવો દર્શન કરે છે પ્રભુના કાર્યની સર્વેજન સમાજ જય જય બોલે છે.પ્રેમથી આ આનંદ ઉત્સવ થયા કરે છે. આવી રીતે જમતાં જમતાં ઘણા બધા દિવસો વિત્યાં અને બ્રહ્મદેવોના મનમાં ભેદ જાણ્યો તેમાં દૈવી વિપ્રો મનમાં સુખ આનંદ પામ્યા અને આસુરી સ્વભાવના વિપ્રોનાં મનમાં આસુરી સ્વભાવથી બળતું હતું. તેથી તેઓ તોફાન કરવાની ખુબ જ તૈયારી કરતા હતા તેઓ બધા મળીને મનમાં વિચાર કરતા હતા વામામાર્ગીઓ સર્વે તૈયારી કરતા હતા. તેઓ મંદમતીવાળા દુર્બુદ્ધી મનમાં જ યજ્ઞનો ભંગ કરવા માટેનો નિર્ધાર કરીને ઘણા દિવસોથી જમતા જમતા આ રીતે વિચારો કરતા રહેતા હતા. શ્રી હરિએ યજ્ઞની પુર્ણાહુતી કરવા માટે પુનમનો દિવસ નક્કી કરેલો હતો. તે દિવસે શ્રી હરિ ભગવાન યજ્ઞશાળામાં ઉતાવળ કરીને વહેલા આવ્યા, કેમ કે આસુરી સ્વભાવના બ્રાહ્મણો તોફાન કરવાના વિચારવાળા હતા તેમ જાણીને એમનો પરાભવ કરવા માટે મહારાજ પોતાનો પ્રતાપ બતાવીને આવ્યા. છંદને પોષનારા મહાપ્રભુ જેમની છબી સર્વજીવોના હૃદયમાં ખુતેલી છે એવા પ્રભુએ યજ્ઞની પુર્ણાહુતી કરવા માટે પધાર્યા હતા. તે વામમાર્ગી અસુરોને ખુબ જ દાબ કરીને દબાવ્યા. ભીડામાં લીધા ત્યાર પછી મહાપ્રભુ ઘનશ્યામ હરિ પાકશાળામાં જોવા માટે પધાર્યા ત્યાં અખિલ જગતના ઈશ્વર મહાપ્રભુ પધાર્યા પોતે જ અખિલ બ્રહ્માંડના નાથ પધાર્યા. પોતાના પ્રતાપને બતાવીને ત્યાં વિરાજમાન થયા ત્યાર પછી બ્રહ્મદેવોનો ભાવ જોઈને તેઓને ત્યાંથી બહાર કાઢી મુક્યા આસુરી શાક્તોને કાઢીને સર્વે હરિના એકાંતિક સત્સંગી હતા તેઓને બધાને પાકશાળામાં કાર્ય કરવા માટે આગ્રહ કરીને જોડી દીધા. બધા જ વામમાર્ગીને કાઢી મૂક્યા ત્યારે તે આશ્ચર્ય પામી ગયા. ખબર પડી કે આપડાં મનની વાતો પ્રભુ જાણી ગયા છે. એટલે આપડું બધુ જ કામ વ્યર્થ ગયું. ત્યાર પછી તે સર્વે મંદમતીવાળા વામીઓ પાસ્તાવા લાગ્યા ફરી વિચારવા લાગ્યા કે યજ્ઞનો ભંગ ન થયો અને શ્રી હરિએ આપણી ઉપર કળા કરીને કાઢી મુક્યા. આપણે કરેલો પ્રયાસ બધો જ વ્યર્થ ગયો અને હવે તો ભંડાર આપણા હાથમાં ભંડાર પણ નથી રહ્યો ભંડારમાં બધા જ સત્સંગીઓ મુખ્ય થઈ ગયા છે. એટલે વામીઓ સર્વે હાથ ઘસીને પસ્તવા લાગ્યા. બધા જ કુસંગીઓ અતિ પીડાવા લાગ્યા આવી રીતે મહાપ્રભુએ ચારે બાજુ કડક બંદોબસ્ત ગોઠવી દીધો. બધા જ સત્સંગીઓ મુખ્ય થયા એટલે બધા જ દુષ્ટો પસ્તાવા લાગ્યા. આવી રીતે તૈયાર કર્યા પછી બધા જ ભુદેવોની જમવાની પંગત તૈયાર થઈ ગઈ અનેક બ્રાહ્મણો જમવા બેઠેલા હતા ત્યારે તેઓને બધા જ સત્સંગી ધુનો કરતા થકા શ્રી હરિના નામની ધુન્ય કરતા થકા લાડુ ભાવ ભરીને પ્રેમથી પીરસતા હતા ત્યારે શ્રી હરિ સર્વના નાથ ઉચા હાથ કરીને શ્રી હરિ શ્રી મુખે કહેતા હતા. સર્વે મુની જનોની સાથે સર્વે ભક્ત પાર્ષદજનો સાથે સર્વેને શ્રી ઘનશ્યામ પ્રભુ કહેતા હતા ત્યારે બધી જ પંગત તૈયાર થઈ ગયેલી તેની સાવધાની રાખવાનું કહેતા હતા. બધા જ બ્રાહ્મણોને ઉદેશીને શ્રી ઘનશ્યામ પ્રભુ કહેવા લાગ્યા. કે હે વિપ્રો ! ધ્યાન દઈને સાંભળો કે હું બ્રહ્મરુપ કહેવાઉં છું અને મને કોઈ પુન્ય કે પાપ સ્પર્શ જ ન કરી શકે એટલા માટે તમને સાચું જ કહું છું તે તમે સાચું જ માનજો. તમે બધા જ કોઈ જાતનાં વિઘ્નને કર્યા વગર જ જમજો કેમ કે અમે તમને બધાંને જમાડીએ છીએ એટલે જો તમે કાંઈ પણ તોફાન કરશો તો તમને બંદુકના ભડાકે ઉડાવી દેવામાં આવશે એમ જાણજો. અમારે જમાડવાનું કાંઈ ફળ નથી જોઈતું તથા તમને મારવાનું અમને કાંઈ પાપ પણ નથી લાગવાનું એટલા

માટે તમે શાંતિથી સર્વે બ્રહ્મદેવો જમો તમારા મન વિચારોને શાંત કરીને પ્રેમથી જમો.

કુપાળુ શ્રી હરિ એમ કહીને અતિ પ્રવિણ એવા પાર્ષદોને કહ્યું, તમે બધા જ તત્કાળ તમારી બંદુકો ખુબ જ દારુ ગોળો ભરીને અતિ તોપ જેવા જોરદાર ભયાનક ભડાકા કરો વાતાવરણમાં તડાકા કરો આમ શ્રી હરિની આજ્ઞાને સાંભળીને ધીરજ ધારનારા તે પાર્ષદો બંદુકોમાં દારૂગોળો ભરીને બધુ જ ભડાકા કડાકા કરીને લોકોને ડરાવવાનું કરતા હતા. હે રાજન્ ! બંદુકના ભડાકા ધડાકાથી પૃથ્વી ધ્રુજતી હતી આકાશમાં મોટા પડઘા પડતા હતા સારા સ્વભાવના બ્રાહ્મણો એકાગ્ર મનવાળાં હતાં તે બધાય ચિત્તમાં અતિશય આશ્ચર્ય ચકિત થયા. જેમણે આ જાણ્યું તેઓ અનેક અસુરો ભય ભીત થયા તેનાથી એમના હૃદયના ધબકારા વધી ગયા ભડાકાથી દાળની સોળ કોઠીઓ એક સાથે ફાટી ગઈ તે બધુ લોકોએ જોયું જેમને રોળી નાખવાનો હતો એમનાં અંતનો ભણકારો થયો ત્યારે ભુદેવો ધીરજ ધારીને હાથ જોડીને શ્રી હરિ ઘનશ્યામ પ્રભુની સુખદાતાની સ્તુતી કરતા હતા. હે પ્રભુ ! અમારા મંદમતીવાળા દાસનો દોષ ન જોશો હે પ્રભુ કૃપા ! કરો કૃપા કરો આમ પ્રાર્થના કરતા હતા. હે પ્રભુ ! આપતો ગૌ બ્રાહ્મણ પતિપાળ છો હે દયાળુ ! આપ તો આ પૃથ્વી ઉપર આપના આશ્રિત જનોની રક્ષા કરવા અને સુખ આપવા પધાર્યા છો સત્ય ધર્મને સ્થાપવા સાચુ જ્ઞાન આપવા માટે કરુણા કરીને પધાર્યા છો. હે કમનીય મૂર્તિ ! આપની રીત તો અતિ રમણીય જ છે હે પ્રભુ ! આપ દુષ્ટોને ભય આપનારા ભગવાન છો આપે અત્યારે ભયાનક રીત બતાવીને વાતાવરણ બદલી નાખ્યું આપના પ્રતાપે અનેક જીવો ભવ સાગરોને તરી જાય છે એવા આપ દયાળુ છો તેને ઘુવડ જેવા અંધાશ્રયી જીવો ક્યારેય નહી જ જાણી શકે તથા આપના આશ્રયથી સંતજનો રૂપી કમળો ખીલે છે સધર્મને વિસ્તારે છે. આવી રીતે શ્રી હરિ પાસે દયાની અરજી કરી તે સાંભળીને બ્રાહ્મણોના ત્રાસથી ભય પામેલા જોયા એટલે પાર્ષદો પાસેથી બંધુકો બંધ કરાવી દીધી. આવી રીતે ભય કરનારાઓને જણાવ્યુ કે, હવે કોઈ જો કાંઈ પણ વિઘ્ન કરશો તો આમ જ થશે માટે સર્વે દ્વીજ વૃંદ તમે શાંતિથી જમો આતો તમારા લોકો બીવડાવતા હતા એટલા માટે અમે તમને ચેતવવા તમારા માટે જ આ કાર્ય કરેલ છે. આ મે એક ચરિત્ર કર્યું છે એમ સત્સંગમાં કહેવાશે.આમ કહીને હરિ સર્વે ભુદેવોને રાજી કરીને બધાના મનને શાંતિ કરીને રહ્યા ત્યાર પછી સર્વે ભુદેવો મહારાજનો જયજય નાદ કરી જય બોલાવીને આનંદ પુર્વક ખુબ જ લાડુને જમવા લાગ્યા આનંદ કરવા લાગ્યા. આવી રીતે સ્વામિનારાયણ ભગવાને ડભાણના યજ્ઞમાં બધા જ બ્રાહ્મણોને ઘણા દિવસો સુધી સારી રીતે જમાડ્યા ત્યારે તે બધા જમતા જમતા ભગવાનની જય બોલતા હતા લાડું ખાતા પ્રભુનાં ગુણને ગાતા ડોલતા ડોલતા જમતા હતા.

આવી રીતે મહાપ્રભુએ જમાડ્યા એવા લાડુ તો ક્યારેય જમ્યા જ નથી, હે પ્રભુ ! આપતો અમને અત્યારે તો ખુબ જ ભાવ પ્રેમથી જમાડો છો. હે પ્રભુ ! આપ તો સામ દામની સાથે જુદાજુદા ભાવના ભેદ કરીને અપાર બ્રાહ્મણોને પ્રેમ ભાવથી જમાડો છો. તે આવી યુક્તિ આપે કરીને જમાડ્યા એને જગતના જીવો નહી જાણે માટે હે ઘનશ્યામ ! પ્રભુ આપતો બહુ જ જાણનાર સમજનારા ચતુરવર છો. આમ દૈવી પ્રકૃતિના બ્રાહ્મણો હતા તેઓ તે જમવા વાળા બધા જ જગવંદ્ય શ્રી હરિની જય વારંવાર બોલતા હતા. આમ મહાપ્રભુ સહજાનંદ સ્વામીએ બહુ જ વિપ્રોને જમાડ્યા એવા કરુણાના સાગર અંતરજામી મહાપ્રભુ સરોવરની સમીપે જઈને ત્યાં સભા મંડપ તૈયાર કરીને તે સભામાં ઉંચા મંચ ઉપર પરોકારી પ્રભુ અંધકારનો નાશ કરનારા સુર્યનારાયણની જેમ શોભતા હતા, સર્વ જગતના અંધકારને હરતા હતા. મંચ ઉપર બેઠા પછી સર્વ સંત સમાજને બોલાવ્યા ત્યારે પાપી ઘુવડ

જેવા અજ્ઞાની આસુરીજનો દુર ભાગી જતા હતા. તેમાં જાતજાતના વસ્ત્રો અને આભુષણો આપતા હતા. ત્યારે બ્રાહ્મણોને વારા ફરતી વારા ફરતી હજારો સોના મહોરો આપતા હતા તે લેતા હતા. આવી રીતે બલભ્રાતા મહારાજે બ્રાહ્મણોને ખુબ જ દાનો આપ્યાં તે સર્વે સભાની વચ્ચે જ પુર્ણ કામ પ્રભુએ આપ્યાં ત્યાર પછી સર્વને શ્રી હરિ પ્રભુ પ્રેમ કરીને કહેતા કે હે વિપ્રો ! તમે સર્વે શાસ્ત્રની રીતે સાંભળો.બ્રાહ્મણો દેવના પુજનમાં દેવીને મદિરા માંસ લાવીને ભોગમાં ધરો છો તે બ્રાહ્મણ વર્ણના થઈને જાણવા છતાં આવા દુષ્ટ કર્મ કરો છો અને માંસ ખાઓ છો અને દારુનું પાન કરો છો તે શું બધુ યોગ્ય છે ? આ બધી વાતનું કોઈ પ્રમાણ હો તો અમને બતાવો. કોઈ સદ્ગ્રંથમાં વર્ણન હોય તે ગ્રંથ અમારી પાસે લાવો અને સાચુ હોય તો અમને સમજાવો, માતાને મદિરાપાન કરાવવાનું ક્યાં શાસ્ત્રમાં વર્ણવેલ છે. તે શાસ્ત્રનું જે નામ હોય તે સંભળાવો અને લાવીને મૂર્તિમાન ગ્રંથ અમને બતાવો જો આ વાત જુઠ્ઠી હોય તો જુઠ્ઠી કહો, જે હોય તે સત્ય વસ્તુ સભામાં ઉભા થઈને અમને સત્ય સમજાવો.

હે રાજન ! આવી રીતે શ્રી હરિ ઘનશ્યામ પ્રભુ ઘોડાસરમાં સર્વે સુંદર વાતોનું વર્ણન કરીને મહારાજ બધા પ્રકારના સાજને સજી મનોહર મૂર્તિ ડભાણપુરે પધાર્યા, હે રાજન્ ! યજ્ઞનો મનોહર રીતે પ્રારંભ કરાવીને ખુબ જ ધામધુમ કરીને પછી પુર્ણાહુતિ કરાવી વિધિ બધાં જ પુર્ણ કર્યા તેનું બધું જ વર્ણન ક્યું એવી રીતે આ બારમાં તરંગના રુપમાં શ્રી હરિલીલાસિંધુની લહરીના રુપમાં બારમું તરંગ પુર્ણ થયું.

**આવી રીતે શ્રી હરિલીલાસિંધુમાં નવમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ-અવિનાશાનંદ બંન્ને બ્રહ્મચારીઓએ વર્ણવેલ છંદ ભાષામાં અવધગુરુ આનંદરાજાનાં સંવાદમાં ડભાણમાં યજ્ઞ કર્યો તેનું વર્ણન કર્યું એ નામે બારમો તરંગ થયો ॥૧૨॥**

## તરંગ-૧૩

આનંદરાજા કહે છે હે અવધપ્રસાદજી ! શ્રી હરિ મહાપ્રભુના બ્રાહ્મણોજએ પ્રશ્નો સાંભળીને તે બ્રાહ્મણોએ જે ઉત્તરો કર્યા તે, હે અવધપ્રસાદજી મહારાજ ! આપ મને સ્નેહથી પવિત્ર ચરિત્ર કહો. અવધપ્રસાદજી કહે છે. હે રાજન્ ! તમે સાંભળો ઘનશ્યામ પ્રભુના પ્રશ્નો સાંભળીને જે ઉત્તરો સુખકંદ પ્રભુને આપ્યા હતા તે કહું છું તમે સાંભળો. બહુનામી પ્રભુની વાત સાંભળીને ઉદાર મનવાળા દૈવી વિપ્રો હતા તેઓ બન્ને હાથ જોડીને કહેતા હતા કે હે પ્રભુ ! જગતની ઉત્પત્તિ સ્થિતિ લય(નાશ) કરનારા મહારાજ સાંભળો.

હે ઘનશ્યામ પ્રભુ ! જગતમાં શક્તિ પુજાની જે વાત છે તે ખોટી જ છે કેમ કે જે લોકો મદિરા(દારુ)માંસ આદીથી પુજા કરે છે તે આસુરી કર્મ કરનારાનું કામ છે સારા સાત્વિક મનુષ્યોનાં નથી. માટે દૈવી જે લોકો છે તે તો દેવીનું પુજન ઘી આદી સમીધાઓથી જ પ્રેમથી પુજે છે. એ જ શાસ્ત્રનો પરમ સિધ્ધાંત મત છે. દેવીનાં સ્વરૂપને જે મદ્યમાંસ વડે પુજે છે તે વાત તો ખુબજ નિંદા કરવા જેવી છે.શાસ્ત્રમાં કોઈ જગ્યાએ આનું પ્રમાણ છે જ નહી એ પ્રમાણે બધાં જ મનુષ્યોએ જાણવું. આવા કામ તો રાવણ કંસ આદીક આસુરી મતિના જે હોય તે જ કરે છે. માટે હે મહારાજ ! આવા લોકો તે મધ્ય રાત્રીમાં પુજા કર્મ કરે છે તે તો બુધ્ધીથી ભ્રષ્ટ થયેલા છે પોતાના જન્મને વ્યર્થ ગુમાવે છે. મદથી ઉન્મત્ત થયેલા અપવિત્ર કર્મ કરનારા પૃથ્વી ઉપર અધર્મ માર્ગ ફેલાવે છે તે અત્યારે પાપાચાર કર્મ ખુબ જ થાય છે તે બધુ જ ગાડરીયો પ્રવાહ વહે છે તે ખોટા બંધનો લઈને અમારી પરંપરાથી આ વિધિ ચાલે છે આમ બોલતા હોય છે. પણ જે લોકોને પોતાનો આત્યંતિક મોક્ષ કરવો હોય તેમણે

તો આ મતને જુઠ્ઠો સમજી અને એમણે તો ઘી દુધ આદીથી પુજન કરવું તેજ સાચો ધર્મ છે એમ સમજીને આચરણ કરવું જોઈએ.

આવી રીતે તે બ્રાહ્મણોની વાતો સાંભળીને શ્રી હરિ નાથ રાજી થયા ને કહે, હે દ્વીજવરો ! તમે સાચી જ વાત કહી અમારો મત પણ આ રીતનો અહિંસામય જ સમજો અને અહિંસા ધર્મશાસ્ત્રની રીતે જ પ્રમાણ માનો. સત્શાસ્ત્રના મતની પરંપરા પ્રમાણે જે સારી રીતે ચાલતો હોય તે જ માર્ગ જગતમાં સર્વ શ્રેષ્ઠ કહેવાય છે. આ રીતે તમે ઉભા થઈને બધા જ બ્રાહ્મણોને કહી સંભળાવો. કહો કે શક્તિપંથમાં માંસ અને દારૂનું પ્રમાણ કરે છે તે મહાઘોર પાપ કરે છે આ બધી વાતોને જુઠ્ઠી જ જાણો આમ ઉભા થઈને જલ્દીથી બધાને સંભળાવો. શ્રી હરિ ભગવાને જે કહ્યું તે પ્રમાણે જ સભાસદોને સાંભળતા જ તરત જ (પૂર્વે કહેલા વચનો) બધાને સંભળાવ્યા, ત્યારે સાંભળીને બધા જ સભાસદો રાજી રાજી થઈ ગયા અને હરખાતાં થકાં જય જયકારનો નાદ કરવા લાગ્યા. હે મહારાજ ! આપના વગર આ ભુમિ ઉપર આવું અદ્‌ભુત કામ કોણ કરાવી શકે ? કેમ કે અત્યારે વામમાર્ગીઓ જામેલા છે તેથી ધર્મમાર્ગમાં ખુબ જ કઠીનતા છે તોય આપે લાંબા કાળથી જામેલા મતને આપ પ્રગટ થઈને હે ઘનશ્યામ પ્રભુ ! પલમાત્રમાં દુર કર્યો છે આમ સુર્ય સમાન આપના પ્રતાપને પ્રકાશિત કરી સત્ય ધર્મ સ્થાપ્યો છે. આપના પ્રતાપથી સંતરૂપી કમળવન ખુબ જ વિકાસ પામ્યું અને અસુર મતવાળા પાખંડી ઘુવડો સર્વે મુર્જાઈ ગયા છે. અને હિંમતવાળા સાહસીક જનોના મનમાં આનંદ છવાઈ જાય છે અને ચોર પાપી દુષ્ટમતીવાળા લોકોને ભય લાગ્યા કરે છે. આપે નરનારી ભક્તજનોના જન્મમરણના દુઃખોને દુર કરી નાખ્યાં, મહાસુખના સ્થાનમાં રાખો છો. એવા હે પ્રભુ આપ ઉધ્ધવમતનો પ્રકાશ કરનારા ચંદ્ર સમાન છો અને લોકોના મનને આશ્રય આપી સુખ આપનારા છો કોમળ કમળ જેવા હૃદયવાળા છો. જય જયકાર કરીને વામમતનો ગર્વ તોડીને નાસ કરનારા સુર્ય સમાન પ્રકાશવાળા સિંહ સમાન સામર્થ્યવાળા,મોહ, માન, કામ, ક્રોધ વિગેરેના ઘોર વનને દાવાનળ સમાન થઈને બાળી નાખી આપના સામર્થ્યને વિસ્તારનારા છો.

આવી રીતે તે વિપ્રો બધા સ્તુતિ કરીને હાથ જોડીને નમન કર્યું, તે સર્વે સભાસદો સ્વામિનારાયણ ભગવાનનો આવો પ્રતાપ જોઈને ચકિત થયા. આમ દિન પ્રતિદિન અધર્મને ઉથાપીને દ્રઢ ધર્મને ધારણ કરીને ધરા ઉપર સ્થાપન કરીને સનાતન ધર્મને વિસ્તારતા હતા. જોઈને દૈવી મનવાળાં લોકો આનંદ પામ્યાં અને આસુરીજનો હતાં તે બધા આ લીલા જોઈને મનમાં બળી જતાં હતાં. આવી રીતે ડભાણમાં શ્રી હરિ યજ્ઞની પુર્ણાહિત કરીને પોતાના આશ્રિત ભક્તજનોને સર્વને મુક્તિનો કોલ આપ્યો.

આવી રીતે યજ્ઞ પુર્ણ થયા પછી ધર્મનંદન મહારાજે બ્રાહ્મણો દેવતાઓ તથા આવેલ જન સમાજને પોત પોતાના દેશોમાં ઘેર જવાની આજ્ઞા આપી ત્યારે સર્વેજનો પ્રભુના આ લીલા ચરિત્રોને ગાતા થકા રસ્તામાં અરસ પરસ કહેતાં હતાં કે આજ સુધી આવો મહાન યજ્ઞ થયો જ ન હતો. એવો અદ્‌ભુત યજ્ઞ થયો એમ ગાતા થકા જતાં હતાં. શ્રી હરિએ આવી રીતે પૃથ્વી ઉપર બધે જ અહિંસા ધર્મ બધાના મનમાં દ્રઢ સ્થાપન કર્યો.ધર્મનંદન મહાપ્રભુએ હિંસાને મુળમાંથી ઉખાડી નાખ્યો પોતાનો પ્રતાપ વિસ્તાર્યો. આનંદદાયક મહાપ્રભુએ બધાને પોતાનો મહાન પ્રતાપ જણાવ્યો સંસાર સાગરનાં પ્રવાસીજનોના મનને આનંદ આપનારો મહાયજ્ઞ કર્યો. એ જોઈને સર્વે જનો પોત પોતાના નગરોમાં ચાલ્યા જતા હતા. સર્વેને સુખ આપનારા પ્રગટ પુરુષોત્તમ ધર્મનંદન મહાપ્રભુ પ્રગટ

થયા છે તે અલૌકીક ચરિત્ર કરી સુખ આપે છે. એમ વિસ્તારીને વાતો કરતા થકાં બધા જ બ્રાહ્મણો ગયા હવે શ્રી હરિ મહાપ્રભુની વાતો જે પ્રસિધ્ધ થઈ તે હું તમને કહું છું.

હે રાજન્ ! આ યજ્ઞમાં વિઘ્ન કરવા પૃથ્વિ ઉપરના ખળ પાખંડીઓ ઉપદ્રવ કરવા આવ્યાં હતા તથા પૃથ્વીના સર્વે ખાખીઓ બધા જ ખગબાજો આ યજ્ઞમાં દબાઈ ગયા એવું પ્રભુએ ચરિત્ર કર્યું. હે રાજન ! અતિશય દ્વેશી અસુરોને જમાડતા હતા તેને જોઈને અસુરો અતિ ઝાંખા પડી ગયા આવા શ્રી હરિના મર્મને કોઈ લોકો જાણી જ નહોતા શકતા. આવી રીતે શ્રી હરિએ ખળ એવા ખાખી બાવાઓનો આગળ ઉપર નાશ કરેલો તેજ વાતને હેત કરીને કહેતા હતા. જગન્નાથપુરીનાં તથા જેતલપુર અમદાવાદમાં અસુરોનો પરાભવ કરેલો તેનું જ વેર લેવા માટે આવશે. આમ પ્રભુએ જાણેલું તેથી યજ્ઞ કાર્યમાં સજાગ રહીને અનંત કામોને પાછા ઠેલીને અકામિ પ્રભુ યજ્ઞની રક્ષા કરવા માટે બહુનામી ચરિત્ર કરતા હતા. તે કાર્યમાં સારા સાહસીક હિંમતવાન યોધ્ધાઓના દળને જોઈને તે ખળ ખાખીઓ માંનભંગ થયા તે ખાખીઓને સૈનિકોને તેલની માંખી સમાન માનતા હતા. જેમ કેસરી સિંહ હાથીના ટોળાને પરાસ્ત કરે છે. તથા સુર્યને જોઈને ઉંદરો ગભરાઈને શાંત થઈ જાય તેમ સર્વે ગભરાઈ ગયા. હે રાજન્ ! તે બધા જ ધર્મ માર્ગનાં દ્વેશીઓ જેમ કંસ, રાવણ જેવા તથા કેશી દૈત્ય જેવાનો પણ જેમણે નાશ કર્યો તે વાતને સત્ય કરવા સાચી પ્રમાણીત કરવા પ્રભુએ આવાં ચરિત્રો કર્યા અને પ્રભુએ પોતાનો પ્રતાપ જણાવ્યો. હે રાજન ! આવી રીતે ડભાણમાં યજ્ઞને નિર્વિઘ્ન યજ્ઞ થયો જાણીને બધા જ યજ્ઞ કરતા યાજ્ઞીક બ્રાહ્મણોને વિદાય કરીને પોતના દેશમાં મોકલ્યા. આ યજ્ઞના સેવાકાર્યમાં જે લોકો આવ્યાં સેવાકાર્ય કાર્યા તે સર્વે જનો પરમધામના અધિકારી થયા છે તેમાં હે રાજન્ ! લગારે જુઠ્ઠુ છે જ નહી એમ જાણજો, કેમ કે આ યજ્ઞકાર્ય કરનારા પોતે જ અક્ષરધામના ધામી હતા તેઓ પોતે જ સર્વ જગતના કર્તા, સર્વના કારણ, સર્વ જગતના ઈશ, સ્વામી પોતે જ છે. જેમને જોવા માટે આવેલાં લોકો પોતાની નજરથી જોઈ દર્શન કર્યા, તેથી સર્વ પાપોથી શુધ્ધ થઈ ગયાં બધાં જ દર્શન કરનારાં નિષ્પાપ થયાં તેથી તેઓ સર્વે પ્રભુના અભયપદનાં અધિકારી થયા. એમાં કોઈ આશ્ચર્યકારક વાત નથી એતો સત્ય જ વાત છે. આવી રીતના આ અદ્‌ભૂત યજ્ઞની વાતને કોઈ કહે છે. તેને સાંભળીને હૃદયમાં ઉતારે છે તેનાં બધાં જ પાપો બળીને ભષ્મ થઈ જાય છે.આમ મનન કરીને મનમાં આનંદ પામે છે તે જીવાત્માને આ સંસાર સાગરને તરવા માટે જાણે ગાયના પગલાં જેવો સામાન્ય થઈ જાય છે એવાં મહાન ચરિત્રો કરેલાં છે. હે રાજન્ ! મેં તમને શ્રી હરિએ ડભાણમાં યજ્ઞ કર્યો તેની વાતને ખુબ જ વિસ્તારથી પ્રસિધ્ધિ પ્રમાણે કહી દીધી છે હવે તેજ યજ્ઞમાં મહાપ્રભુએ અતિ અલૌકિક ચરિત્રનો પરચો દીધો તે સુંદર રીતે કહું છું તેને તમે ધ્યાનથી સાંભળો. આખા જગતમાં જે પ્રસિધ્ધ થયલા એવા જોબનપગી તે ઠાકોર જ્ઞાતીના કહેવાય છે એવા તે જોબનપગીનું નામ સાંભળીને હે રાજન ! જો બાળક રોતું હોય અને કહે કે જોબનપગી આવ્યા છે તે તને પકડી જશે તો બાળક પણ ચુપ થઈ જાય આવો ધાકવાળો તે હતો. તે જોબનપગી જગતમાં ધાડો પાડીને લોકોના માલમિલકતને તથા બાળકો સ્ત્રીઓ પશુઓને તત્કાળ લઈ જતા હતા. લોકોને આવી રીતે લૂંટતાં હતા. આવી રીતે હે રાજન્ ! તે જોબનપગીને જગતમાં કોઈ એને જીતી શકતું ન હતું તે જોબનપગી ભીમ જેવો અતિ બળવાન હતો એને જોઈને મોટા રાજા મહારાજ ગાયકવાડ જેવા પણ ધીરજ હારી ગયા હતા. આવો બળવાન

યોધ્ધો જોબનપગી હતો. આવો મહા કઠોર સ્વભાવનો જોબનપગી કહેવાતો હતો તે જે વસ્તુને પોતાની નજરમાં લઈલે તેને તે લઈ જતો હતો આવી રીતે તે મનમાં મદ મસ્ત થઈને રાત દિવસ ઘોડા ઉપર બેસીને ચારે બાજુ ફરતો હતો. તે જોબનપગી બપોરના સમયે હુમલો કરીને લુંટ ચલાવીને આવતો અને મહેલમાંથી તોડફોડ કરીને તેમાંથી માલને બળજબરીથી ધાક ધમકીથી હાક વગાડીને લઈ જતો હતો આમ ચારે બાજુ ધાક જમાવતો હતો. જોબનને ગયા પછી એની પાછળ પીછો કરવા કોઈ જઈ શકતું જ ન હતું આવી રીતે જગતમાં પરાક્રમથી અજીત થયેલો હતો તે જોબનપગી એ જાણ્યું કે સ્વામિનારાયણ ડભાણમાં યજ્ઞ કરે છે તેથી તે પોતાના સાથીઓની સાથે ત્યાં આવ્યો. ત્યાં કાઠીયાવાડ,ગોહેલવાડ,ઝાલાવાડનાં બધા પ્રદેશનાં લોકો સ્વામિનારાયણ ભગવાનની સાથે આવેલા છે તેઓનાં ઘોડાઓને ચોરવા તથા માણકી ઘોડી ચોરવા સજ્જ થઈને દિલનો દગાબાજ દુષ્ટ બુધ્ધિ જાતજાતના દાવપેચ કરીને ઘોડાં જોવા આવ્યો. સ્વામિનારાયણ ભગવાન જગમાં પોતે મહાભગવાન છે અને પોતે સર્વજીવના અંતઃકરણની વાતોને જાણનારા અંતર્યામી કહે છે એ પરબ્રહ્મ મહાપ્રભુની ઘોડીને ચોરીને લાવું તો જ મારૂ નામ જોબનપગી અને મારા નામને સાર્થક કરી બતાવું તો જ હું સાચો થવું. આમ કહીને તે મંદબુધ્ધિ જોબનપગી ડભાણમાં ઘોડા ચોરવા માટે પોતાના મનમાં દ્રઢ નિર્ણય કરીને આવ્યો હતો, ઘોડા જોઈને ખુબ જ રાજી થતો હતો મહેલના થાંભલા જેવા પગ જોયા, પાતળી વાંકડીયા ડોકાવાળી તથા નાના કાનવાળી ઘોડી જોઈ. ગોળ ડાબલા તથા સુંદર લાલરંગ તથા સુંદર ગોળ સપાટ પીઢ તથા સુંદર અંગવાળી, વિશાળ મોટી છાતીવાળી પાછળનો ભાગ ઢળતો વાનરની જેમ છલંગો ભરનારી ઘોડીને જોઈ. હે રાજન્ ! સુંદર વિશાળ મોટી કેશવાળી જોઈને મોહ પામી ગયો સુંદર મુખ તથા સારા નેણાવાળું પ્રતિબિંબ જોઈને મનમાં સંકોચ લાગતો હતો. તે ઘોડાઓમાં કેટલાક શ્યામ કલરના, કેટલાક પીળા વર્ણનાં હતાં, કેટલાક ગળેથી રોજા ઘોડા કહેવાતાં હતાં, કેટલાક લાલ રંગના, કેટલાક સફેદ રંગનાં હતાં, કેટલાક કાળા સાથે ધોળા રંગનાં ઘોડાં હતાં. કેટલાક ઘોડાના બધા જ અંગો સફેદ કલરના જ હતા કેટલાકના શરીર ખુબ જ સારાં શોભતાં હતાં કેટલાક માણકી જાતનાં જાણીને તથા કેટલાકના શરીર સ્વભાવ સારાં શરલ વાનનાં હતાં તે વખાણવા જેવાં હતાં. સારા સ્વભાવના દેખાતાં ઘોડાઓ સારા અંગથી શોભતાં હતાં તેઓ તે બધા એક જ ઘોડશાળામાં અલગ અલગ બાંધેલાં હતાં. જેનું કોઈ મુલ જ ન હોય એવાં અમુલ્ય મુલ્યવાળાં ઘોડાં બાંધેલાં હતા. એક બીજાને જોઈને ભુલી જવાય તેવા જાતવાન જાત જાતનાં ઘોડાને જોયાં.

આવી રીતે તે જોબનપગી ઘોડાઓને જોઈને એનું મન અતિ લલચાઈ ગયું એનો જીવ ઘોડા લેવાનું નિર્ધાર કરતો હતો, કેવી રીતે લેવા તે વિચારતો અને પ્રયત્ન કરતો હતો. જ્યારે રાતનો સમય અર્ધી રાત થઈ બાર વાગ્યાના સુમારે ઘોડશાળમાં ઘોડાં લેવા માટે અજાણ થઈને ચાલ્યો. મોડી રાતે જોબન ઘોડશાળમાં ગયો આવીને ઘોડાઓના ટોળાંમાં તેણે જોયું તો બધા ઘોડા પાસે શ્રી હરિને જોયા કોક ઘોડાની સરક પકડીને ઉભા હતા એવા જક્ત નાથને જોયા. જેટલા ઘોડા એટલા જ રૂપને ધારીને મહાપ્રભુને ઘોડાઓ પાસે ઉભેલા જોયા જ્યારે જોયું ત્યારે બધે જ દેખાયા તેમાં કોઈક ઘોડાને પાસે ઉભા રહીને એની સરકને હાથમાં જાલીને પ્રભુ ઉભા હતા. કોઈક ઘોડાની પાસે હાથમાં જોગાંણ લઈને ખવરાવતા જોયા. કોઈક ઘોડાને ઘાસ નાખતા હતા તે જોયા કોઈક ઘોડાની

ઉપર હાથ ફેરવતા જોયા. કોઈક ઘોડાને હાથ ફેરવીને વહાલ કરતા જોયા કોઈક ઘોડાની સાથે મસ્તી કરતાં જોયા બચકારા બોલીને વખાણ કરતાં જોયા કોઈક ઘોડાના સાજને સજતા કાન પીઠ ઉપર નજર કરતાં જોબન પગીએ જોયા કોઈક ઘોડાનાં તંગને ખેંચતા જોયા. આવી રીતે દરેક ઘોડાઓની પાસે પ્રભુને સારવાર કરતાં જોયા.

હે રાજન્ ! જેટલાં ઘોડા એટલાં રુપ લઈને ઉભેલા હરિને જોયાં કોઈ ઘોડાને શ્રી હરિ વિનાનું જોવામાં ન આવ્યું આ પોતાની નજરે જોઈને જોબન અતિશય ચક્તિ થઈ ગયો, મનમાં મુજાવા લાગ્યો. આવી રીતે ક્યારેય ન જોયું હોય તેવું દ્રશ્ય જોઈને અતિ આશ્ચર્ય પામ્યો. આવી રીતે જોબનપગી આખી રાતોની રાતો સુધી જાગ્યા પણ કાંઈ કામ ન થયું એણે અગણિત રૂપોને જોયાં તથા અલૈકિક શોભા જોઈ મનોહર પ્રભુના સ્વરૂપોને જોઈને ચક્તિ થયો. આમ તો એક જ સ્વરુપ છે છતાય ભગવાનનાં સ્વરુપને જોઈને મનમાં જ વિવેક પૂર્વક વિચાર કરીને નક્કી કર્યું કે આ કોઈ મનુષ્યનું રૂપ તો નથી જ આ મૂર્તિ તે અતિ મનોહર ભગવાનનું જ પ્રગટ થયેલું સ્વરુપ છે એમ નિર્ણય કર્યો. આવી રીતે વિચાર કરીને પછી મનમાં ને મનમાં વિચાર કરીને મને આ અદ્‌ભુત પરચો થયો છે એમ જાણી જ્યારે સવારનો પહોર થયો ત્યારે વહેલી સવારે પ્રગટ પ્રભુની પાસે ગયો. હૃદયમાં ખુબ જ ઉત્સાહની સાથે પ્રેમ ભાવથી શરણમાં ગયો. પ્રભુ પાસે ગયો ત્યારે ખુબ જ દુર ઉભો રહીને વારંવાર મસ્તકને નમાવીને પ્રભુને વંદન કર્યાં ચરણનાં દર્શન કરીને મસ્તક નમાવ્યું. હે પ્રાણ પાલક પ્રભુ ! આપ મારી રક્ષા કરો હું આપના શરણે આવ્યો છું આપ ભક્તવત્સલ છો તો મારી ઉપર કુપા કરીને મને શરણમાં રાખો.

જોબનપગીને નિરખીને શ્રી હરિ સર્વના નાથ મંદહાસ્ય કરતા થકા અતિ પ્રેમભાવથી કહેતા હતા, તમારૂ નામ જોબનપગી છે તે અમે જાણીએ છીએ તમે આખી રાત જાગેલા છો તે છતાં એક ઘોડો તમારા હાથમાં ન આવ્યો અને વ્યર્થ પરીશ્રમ થયો છે બહુ જ મહેનત કરી, તોય તમારો પ્રથમ કરેલો વિચાર અને મનનો સંકલ્પ બધું જ વ્યર્થ થયું આવી રીતનાં મહારાજનાં વચનો સાંભળીને પ્રગટ પ્રભુ શ્રી હરિના ચરણ કમળમાં આવીને નમન કરવા લાગ્યો. મહારાજને સર્વ જગતના પતિ જાણીને ઓળખ્યા અને મનનાં બધો જ સંશય ટળી ગયો નિસંશય થયો. જોબનપગી પ્રભુને વિનવે છે હે પ્રભુ ! આપ તો પ્રત્યેક ઘોડે ઘોડે ફરતા હતા અને રખેવાળી કરતા હતા આપના રુપ અનુસાર બધા હતા. હે પ્રભુ ! આપ અનેક પ્રકારનાં જુદા જુદા ચરિત્રોને કરો છો તે બધાં જ ચરિત્રો સુખ આપનારો હોય છે એટલા માટે હે પ્રભુ ! હું આપના ચરણ કમળના શરણમાં આવ્યો છું. હે ભક્તોના ભય ભવને હરનારા ! હે પ્રભુ નારાયણ ! હવે હું આપના શરણમાં આવેલો છું તો મારા સર્વેપાપનો નાશ કરીને મારી રક્ષા કરો આપનો આશ્રય આપી સુખી કરો. હે પ્રભુ ! હું મંદમતિ અતિશય પાપ કરનારો હતો હે શ્રી હરિ ! આપતો અધમોધ્ધારક છો એટલે હું આપના શરણથી સર્વે પાપોથી મુક્ત થઉ. એવી મારી ઉપર કરુણા કરીને કૃપા કરો. હે રાજન ! આવી રીતે તે જોબનપગીને દૈવી જીવ જાણીને દયાળું મહાપ્રભુએ તે જોબનને નિયમ ધરાવીને આશ્રિત કર્યો. એની ઉપર કરૂણાકરીને બધાંજ ફેલો ત્યાગ કરાવ્યાં એકાંતિક ભક્ત બનાવવા દ્રઢ નિયમ ધરાવ્યાં. જેવી રીતે શ્રી હરિ ઘનશ્યામને જગતના નરનારીજનો સર્વે પોતાનું સર્વસ્વ અર્પણ કરીને શ્યામ પ્રભુના આશ્રિત થાય છે તેમ તે આશ્રિત થયો અને જોબન ભગવત ભક્ત થયો. સુખના ધામી

સર્વના સ્વામી નામના નામી ઘનશ્યામનો આ અદ્‌ભુત પરચો મે તમને સારી રીતે સમજાવ્યો. હે રાજન્ ! તમે ધ્યાનમાં લેજો સુખ પામજો.

આવી રીતે શ્રી હરિએ ડભાણપુરીના યજ્ઞની પુર્ણાહુતી કરીને શક્તિપંથના મદનો ભંગ કરીને ત્યાર પછી બ્રાહ્મણોને ખુબ જ દાન દક્ષિણાઓ આપીને સર્વેને સુખ આપ્યું. જોબનપગીને અદ્‌ભુત પરચો આપીને મહા ચમત્કાર જણાવ્યો પ્રેમથી સુખ આપ્યાં આવી રીતે તેરમાં તરંગની લીલા ચરિત્રનું વર્ણન કરીને શ્રી હરિલિલાસિંધુની લહરી રુપમાં આ તેરમો તરંગ પુર્ણ થયો.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુમાં નવમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ-અવિનાશાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદ ભાષામાં અવધપ્રસાદ ગુરુ આનંદ રાજાના સંદાવમાં ડભાણમં યજ્ઞ કર્યો તેમાં લીલા કરી તેનું વર્ણન કર્યું એ નામે તેરમો તરંગ થયો. ॥૧૩॥**

# તરંગ-૧૪

આનંદસિંહ રાજા કહે છે, હે મારા ગુરુ ! અકામી પ્રભુ ડભાણપુરીથી યજ્ઞ કરીને ગયા તે કયા ગામે પધાર્યા. એ બધી લીલા શ્રી ઘનશ્યામ પ્રભુની સુખધામમાં પહોંચાડનારી છે તે મને કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે ધરાપતિ ! તમને ધન્યવાદ છે. અતિ પવિત્ર શ્રીહરિ ઘનશ્યામ પ્રભુની નવીન લીલા કહું છું તેને તમે સ્નેહથી સાંભળો. હે આનંદ રાજા ! તમારું નામ છે અને તમારે મનમાં આનંદ પામવા માટે ભગવાન હરિકૃષ્ણનાં ચરિત્રનાં પ્રશ્નો પૂછેલા છે. તે ચરિત્રની વાર્તાઓ સંસારના સુખનો ત્યાગ કરીને શાંતિપૂર્વક સાંભળો. હે રાજન્ ! સર્વ અવતારના અવતારી મહારાજે **ડભાણપુરમાં** યજ્ઞને પુરો કરીને સુખકારી મહારાજે પુરમાં અલૌકિક સુખ આપ્યાં તથા બધાં જ પુરવાસીજનોને અતિશય રાજી કરીને બધાનાં મનોરથોને પુર્ણકામ મહારાજે સુખનાધામીએ સુખો આપી પૂર્ણ કર્યાં. તે ડભાણપુરીને મહાપ્રભુએ અતિ પાવન કરી દીધી. તેથી તે ડભાણપુર જેવું આ સમયે કોઈ બીજું સ્થાન પવિત્ર ન હતું. એવી અલૌકિક અનેક લીલાઓ કરી બહુ નામી મહારાજે પુરમાં વાસ કરીને પુરુષોત્તમ પ્રભુએ અતિ પાવન કરી દીધું. તે પુરના **ગંગાદાસભાઈ** આદિક ભક્તજનો અને બાઈઓમાં પણ અનેક ભક્તબાઈઓ હતાં તે બધાનાં મનોવાંછિત ઈચ્છાઓને પુરી કરીને દેવોના દેવ ત્યાંથી ચાલવા માટે અતિ ચંચળ મનવાળા થયા. શ્રીહરિએ બધા સંતોને દેશોદેશમાં વિચરણ કરીને ઉપદેશ કરવા જવાની આજ્ઞા કરીને પછી મહાપ્રભુ પોતે પણ ઘોડા ઉપર અસ્વાર થઈને સંતો અને સખાઓની સાથે ચાલતા થયા. બધા જ અશ્વારોની સાથે ચતુરવર ચાલતા થકા **ચલોડાપુર** પવિત્ર સ્થાનમાં પધાર્યાં. ત્યાં **નથુભાઈ** પટેલના ઘરને વિષે ધર્મનંદન મહાપ્રભુએ નિવાસ કર્યો.

હે રાજન્ ! ત્યાં આગળ મનોહર રસાળ થાળને જમ્યા. ત્યાર પછી મહાપ્રભુ ત્યાંથી **કાંણોતર** ગામે પધાર્યા. કાણોતરમાં ભક્ત વાઘેલા **કસિયાભાઈના** ઘેર પધાર્યા. પોતાનો એકાંતિક આશ્રિત જાણીને મહારાજે ત્યાં વાસ કર્યો ભક્તજને સેવા કરી. સુખનંદને કાંણોતરમાં રાત વાસો કર્યો. રાત રોકાંણ કરીને વહેલા ત્યાંથી ચાલીને મહાપ્રભુ સુખદાતા **બળોલ** ગામે હરખાતા થકા પધાર્યા. ત્યાં ભક્તજનોને દર્શન સુખ આપી મહાપ્રભુ રાજાધિરાજ **અડવાળ** ગામે પધાર્યા. ત્યાં અડવાળમાં કેટલાંક જનોનાં મહાપ્રભુએ સુખનાં કાર્યો કર્યાં. લોકોને કૃપા કરીને સુખી

કર્યાં. શ્રીહરિ ભક્તોના સ્વામી અડવાળ થઈને ત્યાંથી **સાળંગપુર** પધાર્યા. તે ગામના બધાં જ ભક્તજનો મહાપ્રભુના ગુણનું ગાન કરતાં થકાં સામાં આવ્યાં. સન્માન કરીને ગામમાં લઈ ગયાં. સાળંગપુરમાં મહારાજ **જીવા ખાચરના** ગઢમાં નિવાસ કરી ઉતારા કરતા હતા. ભગવાન મહાપ્રભુએ દયા કરીને દરબારગઢમાં પોતાનો ઉતારો કર્યો. ખૂબ જ વખાણ કર્યાં.

શ્રીહરિ ગુણગંભીર મહારાજ ભાવસહિત સર્વ સંતજનોને ભક્તોજનોને ભોજન જમાડીને ગુણસાગર ગંભીર મૂર્તિ **ગઢપુર** પધાર્યા. શ્રીહરિ સહજાનંદ પ્રભુ આશ્રિતોને દર્શન દઈને મહાપ્રભુ સેવકોના ત્રાસને નાશ કરી પછી દેવના દેવ કરુણા કરીને તે વખતે જ પુરુષોત્તમ પ્રભુ **કોટડા** ગામે પધાર્યા. કોટડાના ભક્તજનોને મહારાજે દર્શન દીધાં. દર્શન કરીને મહારાજને **પીઠવાલા નિવાસસ્થાનમાં નિવાસ** કરાવ્યો. રાતના સમયમાં પ્રભુ ત્યાં રોકાઈને જગન્નાથ પ્રભુ સંતોની તથા સેવકજનોની સાથે ચાલતા થયા. ત્યાં કોટડાથી મહારાજ **ગોંડળપુર** પધાર્યા. ગુણના સાગર મહાપ્રભુ ભગવાનને ભક્તોના સ્વામી જાણીને દર્શન કર્યાં. ત્યાંથી સર્વના ચિત્તને ખેંચનારા **ચખલોલ** પધાર્યા. તે ગામની નજીકમાં મોટું વડનું વૃક્ષ ખૂબ જ ઘાટી છાંયાંવાળું હતું.

મહાપ્રભુ ઘનશ્યામને **આંબાભક્તે** જોયા અને પાસે આવીને દર્શન કર્યાં અને પછી આખું ગામ આવ્યું અને પ્રિતમપ્રાણ પ્રભુને પ્રેમથી ગામમાં પધરાવ્યા. ભાવિક ભક્તને દઢ ભક્તિવાળા જાણીને સેવા સ્વીકારી. તે ભક્તોમાં જાદવ જ્ઞાતિ અને ખત્રી જાતિના લોકો હતા. એમનામાં ભક્તિનું અંગ દઢતાવાળું હતું. એ સર્વેને સત્સંગની દઢતા કરાવતા હતા. એમના ઘેર થાળ જમીને ત્યાર પછી સંતો અસ્વારો પાર્ષદો સર્વને જમાડતા હતા. ત્યાં મહારાજ બે દિવસ સુધી રોકાઈને સર્વને દર્શન જ્ઞાન,ઉપદેશનું સુખ આપીને મહારાજે ચાલવા માટેની તૈયારી કરી દીધી. જગતના પતિ સ્વામિનારાયણ ભગવાન ચાલવાના છે. એમ જાણીને ખેંગાર ભક્તે શ્રીહરિના સંઘને માટે ભાવપ્રેમથી મોતિયા લાડુનું ભાતુ બાંધી આપ્યું. શ્રીહરિની અસવારી જલદીથી ચાલતી થઈ. શ્રીહરિ અનેક ચરિત્રોને કરતા થકા ભયહરન મહારાજ **ભાદરા** ગામે ભક્તના ભવભયને હરવા પધાર્યા. શ્રીહરિ આવ્યા છે એમ જાણીને ગામના બધાં મનુષ્યો સામે આવ્યાં. શ્રીહરિ મહાપ્રભુએ પરબ્રહ્મ પુરુષોત્તમને શ્વેત ભુવનમાં પોતાના મકાનમાં પધરાવ્યા. શ્રીહરિ ત્યાં કેટલાક દિવસ રોકાયા. કૃપા કરી સુખ આપ્યાં. થાળ જમીને જગતપતિ ચાલતા થયા. ત્યાંના સુતાર રામજી ભક્તને ખૂબ જ સુખ આપીને ચાલતા થયા.

આવી રીતે શ્રીહરિની સવારી ઘનશ્યામ પ્રભુની સાથે **જોડીયા** બંદરે પધાર્યા. ભક્તજનોને દર્શન સુખ આપીને દાસજનોનાં તન મનનાં દુઃખોને તોડીને દર્શન દઈને ચાલતા થયા. ધર્મનંદન મહાપ્રભુ બલવીર હરિ **બાલંભે** પ્રિય ભક્તજનોની ભવપીડાને હરવા માટે પધાર્યા. ત્યાં નિવાસ કરીને રહેતા હતા. ભક્તોને સુખ આપી પ્રભુ ત્યાંથી ચાલતા થયા. માર્ગમાં આવતું **આંબરણપુર** થઈને શ્રીહરિ **ધુળકોટ**. ભક્તોના ભાવને જોઈ અતિ ઉતાવળા ચાલીને આવ્યા. ભક્તજનોને સુખ આપવા અને ભક્તોની ખોટ હરવા પધાર્યા. પ્રેમીજનોએ પ્રભુના ચરણકમળને નિરખીને દિલમાં ધારી લીધાં. તે ચરણનું ધીર ધારનારા જનો ધ્યાન ધરતાં હતાં. ધ્યાનમાં મહાપ્રભુના ચરણકમળ તથા મહાપ્રભુનાં દર્શન થયાં તેથી અતિ રાજી થયા. પ્રભુ પધાર્યા એટલે થાળ તૈયાર કરાવીને તે રસાળ થાળને પ્રભુને પ્રેમથી જમાડ્યા. કૃપાળુ જમીને સંતો સહિત બધા ભક્તો જમતા હતા. બધાંને સારી રીતે જમાડીને તૃપ્ત કર્યાં. સર્વના ચિત્તને ચોરનારા કાળના કાળ સર્વના સુખ કરનારા સુંદર શ્યામ ધર્મકુમાર મહાપ્રભુ પાછલી રાતના પ્રાતકાળે ચાલતા થયા. લોકોના પ્રેમને ઉરમાં ધારીને ભયહરન પ્રભુ **ભેલામે** લોકોનાં મનને જાણનારા મહારાજ વિપ્રવર્ય ગોવિંદરામ ભકતના ઘરે પધાર્યા ભક્તે શ્યામપ્રભુને ઓળખીને પ્રેમથી સેવા

કરી. તેને સ્વીકારીને પ્રભુ પછી ત્યાં ભેલામેથી ચાલવા માટે ઉતાવળા થયા અને ચાલીને **માળિયે** પધાર્યા. મનહરન પ્રભુ માળિયામાં **શતમાલ રાજાના** દરબારગઢમાં મહેલમાં ઉતારો કર્યો. કરુણા કરનારા પ્રભુ રહેતા હતા. ભેલામે ભક્તોને સુખ દઈ મહાપ્રભુ સુખધામ **વાંઢિયા** ગામે પધાર્યા. સારા એકાંતિક ભક્ત આશ્રિત જાણીને શયન કરવા માટે ઘરની તપાસ કરતાં હતાં. ત્યારે નિવાસ કરી થાળ જમી જમાડી ભક્તોની સાથે શયન કર્યું અને પ્રભાત થયું ત્યારે પ્રભુ ત્યાંથી વિચરણ કરીને **આધોઈ** ગામે પધાર્યા. આધોઈમાં **લાધાભક્તના ઘેર** ઉતારો કર્યો તે લાધાભાઈ જ્ઞાતિથી જાડેજા અટકથી ઓળખાય છે એમની દ્રઢભક્તિથી પ્રભુ વશ થઈ ગયા. ભક્ત સંતસમુદાયની સાથે ભોજન જમ્યા. જગતના જીવનપ્રાણ પ્રભુ કેટલાક દિવસો સુધી ત્યાં રહ્યા અને સુખ આપતા હતા.

જ્યારે શ્રી ઘનશ્યામ પ્રભુ જમીને લોકસમાજની સાથે કારુણ્યમૂર્તિ મનોહર નેત્રકમળ મૂર્તિ બેઠા હતા, ત્યારે મહાનુભાવાનંદ મુનિવર્ય ઘોડાસરથી પધાર્યા હતાં તેઓ ખૂબ જ પ્રેમભાવવાળા હતા. સ્વામી **જાલમસિંહ** નામના રાજાએ મોકલેલા ત્રણ પત્રો સુંદર રીતે લખેલા લાવ્યા હતા હરિપ્રભુનાં દર્શન કરીને ત્રણે પત્રો પ્રભુના હાથમાં આપ્યા. સુખધામ પ્રભુ તે પત્રોને વાંચતા હતા. બધાં જ લોકો સંભાળતાં હતાં. પછી મહાપ્રભુ **મહાનુભાવાનંદ** મુનિને પૂછતા હતા. તમે બધા દેશોમાં ફરો છો તેથી ત્યાંનાં વાતાવરણની શું હાલચાલ છે. શું વાતો ચાલે છે આમ પ્રશ્નએ સાંભળીને તરત જ સ્વામી શ્રીહરિને બધી જ વાતો કહેતા હતા.

હે મહારજ ! આપે ડભાણમાં જે અતિ રુદ્રયજ્ઞ કર્યો તે નિરવિઘ્ન થયો તે તો નવિન શોભા થઈ તથા ઘણા બધા દિવસો સુધી અનેક નામી અનામી ભુદેવોને પવિત્રધામમાં જમાડ્યા હતા તે બધે ગવાય છે. બ્રાહ્મણોને દક્ષિણાઓ ખૂબ આપી. દાનો પણ બહુ જ આપ્યાં તેને જોનારા પ્રમાણ કરે છે પણ જેઓ મંદમતિના છે એમને કાંઈ ધ્યાનમાં જ નથી આવતું આવો મહાન યજ્ઞ પૃથ્વી ઉપર ક્યારેય થયો જ નથી. આવી રીતે લોકો ગામોગામમાં ગાયા જ કરે છે. આવી વાતો સાંભળીને ઘનશ્યામ પ્રભુ રાજી થયા તે જ વાતને હરિ હરખાતા થકા કહેતા હતા. સર્વ સાંભળનારાં હરખાતાં હતાં. આવી રીતે યજ્ઞની અનેક વાતો શ્રીહરિ સર્વના નાથે કરી બધી વાતો મુનિજનોએ સાંભળીને સુખી થયા. આવી રીતે પૂર્ણ પુરુષોત્તમ મહાપ્રભુને આધોઈ ગામમાં લીલા કરીને લોકોના મનની ભાવનાઓને પૂરી કરી અને ત્યાર પછી મહારાજ સર્વના નાથ લોકોના સમુદાયની સાથે ભયને હરનારા મહાપ્રભુ ઉમંગભેર **ભચાઉ** ગામે પધાર્યા. ભક્ત સંતસમુદાયની સાથે ભચાઉમાં એક રાત રોકાયા. ઘનશ્યામ પ્રભુ નેત્રથી અમી વર્ષાવતા પોતાના ભક્તજનોને દર્શન દીધાં. ભક્તજનો પ્રભુને જોઈને રાજી થયાં અને પછી રસમૂર્તિ ત્યાંથી માર્ગમાં ચાલતા થયા. મહારાજ **ખોખરે** ગામે પધાર્યા ત્યારે માર્ગમાં ખળ લોકોના સમુદાયને ખાળતા થકા લોકોનાં ચિત્તને ચેતવતા થકા આનંદ આપતા થકા પોતાના ભક્ત સમુદાયને સર્વના નાથ કળલોચન જનસમુદાયની સાથે ચાલીને આવતા હતા. બધાંને દર્શન સુખ આપતા હતા. ભક્તજનોએ મહાપ્રભુની સાથે સર્વ સમુદાયને જમાડ્યા. આમ ભક્તજનોનો સાથ જોઈને પ્રભુનાં દર્શન કરીને રાજી થયાં. આ બધું દશ્ય પ્રભુએ નજરે જોયું. ગામમાં પાણી છે જ નહિ અને બહેનો પાણી માટે ખૂબ જ દુઃખ વેઠીને બહારથી પાણી લાવે છે. આ બધું પ્રભુએ નજરે જોયું. ત્યારે પ્રભુ ભક્તોને પૂછતા હતા. પ્રેમથી વાત કરતા હતા કે કેમ અહીં ક્યાંય પાણી નથી તો કૂવો કરો ને તમે પાણી વગર આવી રીતે દુઃખને કેમ સહન કરીને પીડાઓ છો ? ત્યારે ભક્તજનો હાથ જોડીને વીનવે કહે. હે કરુણાનિધાન ! અમારા નાથ પાણી સારું છે જ નહીં. કૂવો ખોદીયે તોય ખારું પાણી જ મળે છે. એટલા માટે હે મહારાજ !અમે બધાજ દુઃખી છીએ. નારીઓ પીડાય છે. આમ મુખેથી બધાં મહારાજને વિનવતાં હતાં.

અવું ભયંકર દુઃખ સાંભળીને દુઃખભંજન ભક્તજનોને રાજી કરવા કરુણાનિધાન મધુરવાણિથી કરુણા નિવાસ કહે. આજ જગ્યાએ મોટો કૂવો ખોદીને તૈયાર કરો. અહીં ખૂબ જ મીઠું પાણી આવશે. પાણીના તળ વગર પણ અહીં ખૂબ પાણી થશે. આમ પ્રભુ પુરુષ ભક્તોને કહેતા હતા. પ્રભુની વાણી સાંભળીને સાચું જ માનતાં હતાં. તેથી સર્વે મોટો કૂવો ખોદતાં હતાં. કૂવાનું પાણી ખૂબ જ મીઠું થતું હતું. આવી રીતે પાણી થવાથી ગામનાં સર્વે નરનારિજનો ખૂબ જ રાજી થયાં. જનોનાં કષ્ટને જોઈને જગતપતિ પ્રભુએ એમનાં બધાં જ દુઃખોને ટાળી નાંખ્યાં. એજ સમયે બધાં જ નરનારીજનો હાથ જોડીને કહેતાં હતાં. હે પ્રભુ ! આપે પ્રેમથી પરચો દીધો છે. હે મહારાજ સહજાનંદ સ્વામી ! આપે ખૂબ જ દયા કરી. આવી રીતે શ્રીહરિ સહજાનંદ સ્વામીએ તે કૂવાનું જળ પાન કરીને જીવનપ્રાણ પ્રભુએ પ્રસાદીનું કરી આપ્યું. આવી રીતે મહાપ્રભુએ અહીં મહાન તીર્થ બનાવી દીધું. ગામનાં લોકો પ્રેમથી પ્રસાદીના જળનું પાન કરતા હતાં. શ્રીહરિ કહે અમારા ચરણકમળનો આશ્રય કરે છે તે પરમપદને પામે છે. આમ પ્રભુ ભક્તજનોને ઉપદેશ જ્ઞાન આપતા હતા. ચંચલમૂર્તિ શ્રીહરિ ડભાણપુરથી ગામોગામ વિચરણ કરીને મહાપ્રભુ ભક્તોને સુખ આપીને ભૂમિ ઉપરથી અનેક જનોને તારીને ભવસાગરથી પાર ઉતારતા હતા. કમલનયન પ્રભુ કચ્છ દેશનાં ગામોમાં વિચરીને ફરતા થકા ખોખરા ગામે પધાર્યા. આવી રીતે ચૌદમા તરંગની લીલા વર્ણવીને શ્રીહરિલીલાસિંધુની લહરિ રૂપે પૂર્ણ થયો.

**ઈતિ શ્રી હરિલીલાસિંધુમાં નવમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી મહારાજ ગુરુ આનંદરાજાના સંવાદમાં કચ્છ દેશમાં શ્રીહરિની લીલાના વર્ણન રૂપે ચૌદમો તરંગ થયો. ॥૧૪॥**

# તરંગ-૧૫

આનંદરાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદ મહારાજ ! શ્રીહરિ ધર્મનંદન મહાપ્રભુ પાખંડીનો પરાજય કરીને ભૂમંડળમાંથી ઉખેડીને અસુરોને મહાભયંકર દંડ કરીને ભૂમિ ઉપરના પાપસમુહનો નાશ કરીને છેલછબીલો ઘનશ્યામ સત્યધર્મને ધારણ કરીને વિચરતા હતા. તે ખોખરા ગામેથી ફરતા થકા શ્રીહરિ કયા ગામ ગયા તે કહો. ક્યાં પ્રભુ નિવાસ કરીને રહ્યા એ અનંતવર પ્રભુ અવિનાશી નામને ચરિત્રો કહો.

અયોધ્યાપ્રસાદજી કહે છે, હે રાજન્ ! તમે સાંભળો. શ્રીહરિકૃષ્ણ ભગવાન આનંદ પૂર્વક ભક્તને સુખ આપીને લોકોએ પ્રશ્નો કર્યા તેના પ્રેમથી ઉત્તરો કરીને પોતાના આશ્રિતોને દર્શન દઈને. શ્રીહરિ ઘનશ્યામ મહાપ્રભુ કૂવામાંથી પાણી કાઢીને નિષ્કામ પ્રભુ લોકોને પૂર્ણકામ કરીને ગામ ખોખરાથી **ભુજ નગર** પધાર્યા. તે ભુજ નગરની શોભા તો સુંદર હતી. અટારિઓ શિખરોની ઘટાઓ મનોહરતા જોઈને તથા ત્યાંના જનસમુદાય પ્રભુના ચરણકમળની શોભાને જોઈને એની પાછળ નાચતી હતી.

તે ભુજનગરમાં સરોવર બાગો સરોવરમાં કૂવાઓ રાજાનો મહેલ ભુજના કિલ્લાથી ઉંચા શોભતા હતા. વૃક્ષોની ઘાટી છાંયાં તેનાથી સરોવરની શોભા પચરંગી શોભતી હતી. ભમરાઓ ગુંજારવ કરતા ચારેબાજુ ભમતા હતા નવરંગ ઉપર કુંજપક્ષીઓ સફેદ પીળાં વાદળી આદિ શોભતાં હતાં. સારી રીતે સજાવેલી તે શોભા જાણે અસમાનતાવાળા શત્રુના મદને પાડનાર હતી. આવી રીતની શોભા જોઈને મોહ થાય તેવું શોભતું હતું. મદને ઝરતા હાથીઓ મદોન્મત્ત થઈને આવતા જતા હતા. ઘોડાઓનાં ટોળાં હણહણાટિ કરતાં હતાં અને બ્રાહ્મણો અને

સંતો ચરિત્રનાં છંદો ગાતાં હતાં. ત્યારે દેવ જેવાં શોભતા હતા નરનારિજનો નગરમાં શોભતાં હતાં. તે બધાં જ પ્રભુના ચરણકમળના પ્રેમસુખને પામવા અને દર્શન કરવા ચોતરાઓએ રાહ જોતાં હતાં. સર્વથી અધિક સુંદરતા પ્રભુના ચરણની હતી. ચરણના આશ્રયથી પાપ બધાં જ નાશ પામે છે. નેત્રથી તે પુરનાં પુણ્યવાંનજનો પ્રભુનાં દર્શન કરવા આવતાં હતાં. તે સર્વ લોકોના મધ્યમાં પ્રભુની શોભા અધિક થતી હતી. શ્રીહરિ સહજાનંદ સ્વામી પ્રભુ ભુજનગરમાં એક માસ નિવાસ કરી. ભક્તજનોને સુખ આનંદ આપતા હતા. સાથે દેવો મુનિજનો સંતોનાં અંતઃકરણમાં સુખ આપનારા મહાપ્રભુ શોભતા હતા. પ્રભુના સ્વરૂપને પોતાના હૃદયમાં ધારીને વર્તનારાનાં જનોના પાપો નાશ પામતાં હતાં. આવા મનોહર મુખકમળનાં દર્શન કરીને સુખ પામતાં હતાં. પ્રભુ અમૃતવાણીથી ઉપદેશ આપીને સુખ આપતા હતા. એ મુખનાં દર્શન કરીને મુનિજનો આનંદ પામતાં હતાં. મુનિનાયક પ્રભુની મનોહરમૂર્તિનાં દર્શનથી પોતાના ભાગ્યનો પાર ન રહે. પોતાના જન્મમરણના ભયને પાર પામતાં હતાં. આવી રીતે મહાપ્રભુ લોકોનાં પાપતાપને હરિને એમના સંતાપને હરિને પુરવાસીજનોનાં સુખને કરતા હતા.

નિર્મળ કમળમુખ, નિર્મળ હસ્તકમળવાળા, હાસ્યમુખવાળા, ભક્તજનોને સુખ આપનારા સર્વના ચિત્તની એકાગ્રતાને વધારવનારા જીવના ગર્વને હરનારા કામને વશ કરનારા કમળસમાન કોમળ દષ્ટિવાળા કોમળ હૃદયવાળા દાડમની કળિ જેવા દંતાવળિવાળા આ શ્રીહરિને ભક્તજનો રાજી કરતા હતા. પ્રભુનાં દર્શન કરીને મનમાં સુખ પામતાં હતાં. દર્શન કરવાથી જન્મજન્માંતરનાં પાપો બળી જાય છે એવા શ્રીહરિ **સુંદરજી સુતાર** નામના એકાંતિક ભક્તના ઘેર પોતાનો નિવાસ કરતા હતા. ચકોર પક્ષી જેમ ચંદ્રને સ્થિર દષ્ટિથી ચિંતવે છે તેમ તે ભક્તજનો શ્રીહરિના મુખકમળને નિરખતા રહે છે. એવા શ્રીહરિ પોતાના આશ્રિત ભક્તના ઘેર નિવાસ કરીને રહે છે. ભક્તના મનના ત્રાસને હરનારા મનની આશાઓને પૂર્ણ કરનારા અપાર જીવાત્માનાં મનોરથ પૂરાં કરનારા દરરોજ મહાપ્રભુ ભક્તજનને સુખો આપતા હતા. ભવસાગરના જીવોને જ્ઞાન આપનારા સર્વના નાયક ભયને હરનારા જીવોને તારવા માટે ભૂમિ ઉપર મનુષ્ય અવતાર ધારીને આવેલા મનનાં બંધનને તોડનારા શરણે આવેલા જીવોનો ઉધ્ધાર કરનારા પ્રભુ વિચરણ કરે છે. શ્રીહરિ મહાપ્રભુ અનેક ચરિત્રો કરીને સર્વે નરનારિજનોને ખૂબ જ રાજી રાજી કરી દીધાં તથા પ્રત્યેક ભક્તજનોનાં ઘેર ઘેર જઈને ધર્મનંદન મહાપ્રભુ બધાનાં મનના ભાવને જાણીને પ્રેમવશ થઈને બધે જ ભોજનો જમતા હતા અને ભક્તોનો ભાવપૂર્ણ કરતા હતા.

શ્રી ઘનશ્યામ હરિ હરિભક્તોનાં મનને આનંદિત કરીને ચપળનયન મહારાજ ચાલતા થયા અને માનકૂવા ગામે ગયા. ત્યાંના ભક્તજનોને ત્રિવિધ તાપથી તારવા માટે ખૂબ જ પ્રેમથી દર્શન સુખ આપીને સર્વના સુખદાતા મહાપ્રભુ માર્ગના ગામોમાં દર્શન આપીને **રવાપર ઘડાની આદિ ગામોના ભક્તોને સુખ** આપવા રવાપુરમાં દર્શન દેવા પધાર્યા થોડા દિવસ રોકાઈને મહારાજ આનંદ આપીને **કાળા તળાવ** પ્રત્યે પધારતા હતા. ત્યાં **રોહગઢમાં** હમિર નામનો **હરિભક્ત** હતાં તથા **હંસરાજ** નામના વાણિયા હરિભક્ત રહેતા હતા. તે બંને ભક્તજનોના ઘેર મહાપ્રભુ પોતે થાળ જમીને બધાના મનના તાપને દૂર કરતા હતા. ત્યારપછી મહાપ્રભુ તેરાથી **કાળા તળાવે** પધાર્યા. કાળાતળાવે સુતાર ભક્ત **ભીમજીભાઈ** તથા **હરમભાઈના** ઘેર ઉતારો કરીને રહેતા હતા. શ્રી ધર્મનંદન મહાપ્રભુનાં દર્શન કરવા બીજાં ઘણાં લોકો આવતાં હતાં તેને દર્શન ઉપદેશ દેતા હતા. ત્યાં કાળાતળાવે પ્રભુ બે ત્રણ દિવસ રોકાઈને ભક્તજનોની સાથે **ભીમજીભક્તનાં બળદગાડામાં** બેસીને ભવનાશ કરનારા શ્રીજીમહારાજ

**માંડવી બંદરે** પોતાના આશ્રિતભક્તોના કલ્યાણનાં કામો કરવા પધાર્યાં. માંડવીમાં **શિવરામ કાયસ્થ** સરકારી નોકરીમાં હતાં. મેતાના નામથી ખ્યાતિ હતી. ભગવાનના એકાંતિક ભક્ત હતા. શિવરામ ભક્તના ઘેર મહારાજ ચાર દિવસ રોકાયા. ત્યાં મહારાજ ભક્તજનોને આનંદ આપવા માટે અનેક લીલાઓ કરતા હતા. ભક્તોને દર્શન સુખ આપતા હતા.

હે રાજન્ ! શ્રીહરિએ માંડવીમાં ભક્તજનોના મનનાં કામો કરીને અતિ રજી કર્યા. મનને ખેંચી લીધાં. ત્યાર પછી જનરંજન હરિ ત્યાંથી ચાલવા માટે અતિ ઉતાવળા થયા. માંડવીથી પ્રભુ **ડોણ ગામે** પોતાના આશ્રિત ભક્તોના કલ્યાણ કરવા પ્રેમપૂર્વક પધાર્યા. પોતાના સંતભક્તોની સાથે **વસતાફળીમાં** નિવાસ કરતા હતા. શ્રીહરિ ત્યાં જમીને બધાંના મનને રાજી કરીને પછી પ્રભુ **સાંધણ** ગામે પધાર્યા. સાંધણમાં ડોસાભાઈ ભક્તના ઘેર શ્રીહરિ રાજી થઈને રહેતા હતા. ત્યાર પછી સવારમાં વહેલા પ્રાતઃકાળે જાગીને મહાપ્રભુ **તેરા ગામે** પધાર્યા. તેરાગામમાં **માવજી** ભક્તના મહેલમાં નિવાસ કરીને રહેતા હતા. ત્યાં માવજી ભકતના ઘેર સારા પાકો તૈયાર કરીને વ્યંજનો સહિત ભોજનો હાથ જોડીને ભાવપૂર્વક ખૂબ જમાડ્યાં. સારી રીતે આગ્રહથી જમાડીને તૃપ્ત કર્યા.

દયાળુ મહારાજ પ્રાગજી દવે પાસે ભગવાનના વિશાળ ચરિત્રોના શાસ્ત્રો વંચાવતા હતા. તેમાં શ્રીમદ્ભાગવત પુરાણ નામના ગ્રંથની કથા લોકોના સુખ માટે વંચાવતા હતા. લોકોને ભગવદ્માર્ગે ખેંચતા હતા. પછી મહારાજે બધા જ દેશમાં પત્રો લખાવ્યા. પત્રો વાંચી વાંચીને મુનિઓનાં મંડળો આવતાં હતાં. શ્રીહરિની આજ્ઞા સાંભળીને બધાં જ મુનિજનોનાં મંડળો જલદી જલદી આવતાં હતાં. આવનારાં મંડળોમાં સૌથી પહેલા એ જ મુનિ આવ્યા. જેમને સર્વે મહાનુભાવાનંદ સ્વામી કહેતા હતા. તે તપસ્વી મુનિને જોઈને શ્રીહરિ જમતાં જમતાં ઉભા થઈ આવકારતા હતા. મહાનુભાવાનંદ મુનિને શ્રીજી મહારાજ બાથમાં લઈને ભેટતા હતા. સન્માન કરીનેએ મળીને પછી મહાપ્રભુ પાછા જમવા બેઠા. ત્યાર પછી મુનિને સ્વાગતના સમાચાર પૂછતા હતા. મહાપ્રભુ પ્રેમથી વાર્તાને એકાગ્ર ચિત્તે સાંભળતા હતા. આવી રીતે મહારાજ બધા જ સંતોને બોલાવીને કથા સંભળાવીને સુખ આપતા હતા. તેથી સંતો મનમાં રાજી થતા હતા. આવી રીતે સર્વના મનને ભાવનારા મહારાજ એક માસ પર્યંત કથા કરાવતા હતા. રોજેરોજ મહાપ્રભુ મનોહર લીલાચરિત્રોને કરી. સર્વને પાવન કરતા હતા. કથાની પૂર્ણાહુતિ કરીને મધ્યાંન સમયે સુખદાતા આમ કહેતા હતા. શ્રીહરિ સંતોને કહે તમે બધા સંતો લોટના ગોળા જમીને આવજો અને અમે હવે અહીંથી જઈએ છીએ. આમ કહીને શ્રીહરિ ઉતાવળી ચાલે ચાલતા થયા. પ્રભુની પાછળ પાછળ જ સંતો આવતા હતા. પ્રભુનાં કમળ સમાન કોમળ અંગોને જોતાં થકાં ચાલતા હતા ત્યારે પગમાં જોડા વગર ચાલતા હતા. ત્યારે માર્ગમાં ચાલતાં પગ બળતા હતા. શ્રીહરિ મહાપ્રભુ સંતોની દ્રઢભક્તિ બતાવવા માટે મહાપ્રભુએ પણ પોતાનાં પગરખા ઉતારી નાંખ્યાં અને ભગવાન પોતે પણ ઉઘાડા પગે ચાલતા હતા ત્યારે મેઘસમાન ગંભીરમૂર્તિના પણ ચરણો બળતાં હતાં. સર્વના નાથે ઉતારેલી મોજડીયું તે બ્રહ્મદેવને દાનમાં આપી દીધી સંતો ઉઘાડા પગે ચાલતા હતા અને ઘનશ્યામ પ્રભુ સંતોની આગળ ઉઘાડા પગે ચાલતા હતા. જમીન તપેલી હોવાથી પ્રભુ જલદી જલદી ચરણ ઉપાડી લેતા હતા. ઉતાવળે ચાલતા હતા.

આવી રીતે સંતોની સાથે ઘનશ્યામ પ્રભુ પોતે પણ ચાલતા હતા. ત્યારે આકાશેથી સૂર્યની ખૂબ જ અગન જાળ વરસતી હતી. એટલામાં એક બાવળનું વૃક્ષ આવ્યું. તેને જોઈને ધર્મલાલ પ્રભુનું મન રાજી થયું. તે બાવળનું વૃક્ષ મોટું વિશાળતાવાળું હતું. છાંયા સારી હતી. નીચે કાંટા ક્યાંય ન હતા. તે વૃક્ષ સુંદર રીતે છાંયેલું હતું. તેની નીચે પ્રભુ ગયા ત્યારે તે ભૂમિ ખૂબ જ રમ્ય હતી. તે ઝાડને નિર્ભયતાવાળું જોઈને ભયહારી રાજી થયા.

ત્યારે તે વૃક્ષની છાંયામાં ભક્તોએ વસ્ત્ર પાથરીને તૈયાર કર્યું. તેની ઉપર સંતોના સ્વામી પ્રભુ વિરાજમાન થયા. એટલામાં જ સંતો પણ પ્રભુની પાછળ દોડીને આવ્યા અને પોતાની જીવની વૃત્તિ પ્રભુમાં જોડીને ચાલતા હતા. સૌથી પહેલાં મુનિ મહાનુભાવાનંદજી આવ્યા અને આવીને પ્રભુનાં ચરણ પકડીને નમન કર્યાં. કમળ જેવાં કોમળ ચરણકમળવાળા પ્રભુ મુનિજનોને રાજી કરવા શ્રીહરિ મુખેથી કહેતા હતા કે હે સંતો ! તમારાં ચરણ બળતાં હતાં. આવું વચન બોલતાં સાંભળીને મુનિ હરિને વચન કહેતા હતા. જે મુનિનું નામ મહાનુભાવ કહેવાય છે તે સંત પ્રભુ આગળ ઉત્સાહથી કહેતા હતા કે આવા પગ તો અમે અમદાવાદનગરમાં ઝોળિ માંગવા જતાં ત્યારે બળતા હતા એવા જ પગ આજે બળ્યા છે. આમ લોકોને આનંદ ઉપજાવનારા નાથને કહ્યું સર્વના સુખ જહાજ સંતને કહેતા હતા કે વૈરાગ્ય ત્યાગનું પદ કહેવાય છે. જે સંતો દેહભાવથી નથી વર્તતા અને આત્મસ્વરૂપે વર્તે છે તે યોગ્ય જ છે. એવી રીતે વાત કરીને બધાને ખૂબ જ પ્રેમભાવ જણાવ્યો. ત્યાર પછી ચપળ લોચન શ્રીહરિ ચાલતા થયા. સુખના ધામી પ્રભુ ચાલીને કાળાતળાવે આવ્યા. હર ભમ ભક્તને સુખ આપી ન્યાલ કરવા પધાર્યા. ત્યાં ભક્તે પલંગ પાથરીને તૈયાર કર્યો. તેની ઉપર પરબ્રહ્મ મહાપ્રભુ વિરાજમાન થયા. પાસે સંતો પણ સુંદર રીતે સન્મુખ બેઠા.

ત્યારે શ્રીહરિ મહાપ્રભુ સંતો પાસે ત્યાગ વૈરાગ્ય યુક્ત જ્ઞાનની વાતો કરતા હતા. ભગવાનના સ્વરૂપ સંબંધી ખૂબ જ મહિમા જણાવતા હતા. આવી રીતની વાતો કરીને મહાપ્રભુ સર્વના પાપાદિક દોષોને મટાડતા હતા. ત્યાર પછી જ્યારે રાત પડી ત્યારે બલરામના ભાઈ મહારાજ ગામની બહાર તળાવની પાળે ખુલ્લા મેદાનમાં સભા ભરતા હતા. રેતનો મોટો ઢગલો કરીને તેની ઉપર બેઠક બનાવી તેના ઉપર પ્રેમીભક્તજનોએ સુંદર પાથરીને આસન તૈયાર કર્યું હતું. શ્રીહરિ મહાપ્રભુ તે આસન ઉપર આવીને વિરાજમાન થયા અને તે સભામાં પ્રભુએ ત્યાગ વૈરાગ્યની વાતો કરીને સમજણ આપી. ત્યારે આગળ સંતો બેઠા હતા. પછી હરિભક્તો અને તેના પછી બાઈઓ બેઠાં હતાં. પ્રભુ ઉપદેશ ઘણા સમય સુધી આપતા હતા અનેક જનો પ્રેમથી બેઠાં હતાં. જ્યારે રાત્રિ એક પ્રહર સુધી વીતી ગઈ ત્યારે પ્રભુએ સભા વિસર્જન કરીને ઘનશ્યામ હરિ ગામમાં પધાર્યા તૈયાર કરેલી સુંદર શૈયા ઉપર મહાપ્રભુ પોઢતા હતા અને મનમાં અતિ પ્રસન્ન થઈને ભક્તજનોને સુખ આપતા હતા. મુખચંદ્ર ઉપર બંને હસ્તકમળને રાખીને બંને નેત્રકમળને બંધ કરીને મહાપ્રભુ સુંદર શય્યામાં પોઢતા હતા ત્યારે શ્યામ પ્રભુની છબી ખૂબ જ સુંદર લાગતી હતી. તેને કવિઓ સુંદર રીતે વર્ણવે છે. જગતના સ્વામી આવી રીતે યોગ નિદ્રામાં પોઢી ગયા. ત્યાર પછી રાત ઘણી વીતી ગઈ ત્યારે ઘનશ્યામ પ્રભુના નેત્રકમળ સંકુચાયા પ્રભુશયનમાં રહ્યા હતા. જ્યારે રાત્રી એક પ્રહર બાકી રહી ત્યારે જનસમુદાયની સાથે જીવનપ્રાણ પ્રભુ દીવો પ્રગટાવીને ભક્તની સાથે સંતોની પાસે આવતા હતા. સંતો પાસે આવીને મહારાજ જ્ઞાન ઉપદેશની વાતો કરતા હતા. તેમાં ધર્મજ્ઞાન વૈરાગ્યની વાતો કરતા હતા. તે જ્ઞાન ઉપદેશને સર્વે સંતો પ્રેમથી સાંભળતા હતા. જેમને સર્વ જગત ભાવથી દર્શન કરે છે. જ્યારે દિવસ એક પ્રહર જેવો ઉપર ચઢ્યો ત્યારે શ્રીહરિ ઘનશ્યામ પ્રભુએ ઉપદેશ વાર્તાની સમાપ્તિ કરી. ત્યાર પછી સંતોનાં જુથ ગામમાં જતા હતા. તેનાં નામ કહું છું. ધ્યાની સ્વરૂપાનંદ સ્વામી તથા જ્ઞાનિ વ્યાપકાનંદ સ્વામી મહાનુભાવાનંદ આદિક મુનિજનો સાથે મળીને જગતના વંદ્ય શ્રીહરિની સાથે જતા હતા. તે સર્વે પ્રભુની સાથે સંતો ભીમજી ભક્તના ઘેર ભાવની સાથે પધાર્યા ત્યાં તૈયાર થયેલાં ભોજનો ખૂબ જ પ્રેમથી સર્વસંત ભક્તસમુદાયની સાથે જમતા જમાતા તેનાં વખાણ કરતા હતા.

શ્રીહરિ ભુજ લોકોનાં ભવભયને હરિને ઉપદેશ કર્યો. તેની બધી જ શોભાનું વર્ણન કરીને કહ્યું. ત્યાર પછી

પ્રભુ માંડવી બંદરે પધાર્યા. તે બધા ભક્તોની સાથે લીલા કરી તે વાત કહી છે.

ત્યાર પછી કાળા તળાવમાં ઘનશ્યામ પ્રભુ સંતોની મંડળીઓની સાથે નિવાસ કરીને રહેતા હતા. એવી રીતે આ પંદરમું તરંગરૂપ અભિધાન કહ્યું. આવી રીતે હરિલીલારૂપ સાગરની લહરી રૂપે પંદરમું તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં નવમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલા છંદભાષામાં અયોધ્યાપ્રસાદ ગુરુ આનંદ રાજાના સંવાદમાં કચ્છ દેશમાં હરિએ લીલા કરી તેનું વર્ણન કર્યું એ નામે પંદરમો તરંગ પૂર્ણ થયો. ॥૧૫॥**

## તરંગ-૧૬

આનંદરાજા કહે છે, હે અવધગુરુ ! ચરણકમળનો આશ્રય કરવાથી મનુષ્યનાં મનમાંથી માન આદિક દોષો નાશ પામે છે. માન આદિ દોષો નાશ પામી ગયા છે જેમના એવા, પવિત્ર સંતો વનમાં વિચરતા સંતોના ઉરમાં વાસ કરીને વાઘો થકી રક્ષા કરી. ઘનશ્યામ પ્રભુના અંગોની છબિ વાંકી ભ્રૂકુટીયુક્ત વાંકા સ્વરૂપનાં દર્શન કરીને અખંડ ભજન કરે છે એવા શ્રીહરિના નામનું આખું જગત જપ કરે છે તે નામ લેવાથી કામ પણ નાશ પામે છે. એવા સમર્થ પ્રભુ કાળા તળાવ ગામમાં સંત સમુદાયની સાથે એકાંતિક ભક્ત હરભમના પરિવાર સહિત સર્વને અલૌકીક સુખ આપ્યા. કરોડો કામદેવને શરમાવે એવી અલૌકિક શોભાવાળા પ્રભુ મહાસુખ આપતા હતા. જેમના ચરિત્રને શેષ શારદા તથા બ્રહ્મા, વિષ્ણુ, મહેશ હંમેશા શુદ્ધ મનથી ગાયા કરે છે એવા શ્રીહરિની કથા મને કહો. એ પ્રભુનાં ચરિત્રની કથા સાંભળવાથી દુઃખો બળી જાય છે અને પરમસુખ થાય છે તે હે અવધપ્રસાદજી ! આપ પરમ પવિત્ર મનવાળા છો તેથી મને તે શ્રીહરિનાં આગળનાં ચરિત્ર વિસ્તારથી કહેવા કૃપા કરો.

આવી રીતે ગુરુ અવધપ્રસાદજી રાજા આનંદના પૂછેલા પ્રશ્ન સાંભળીને ધીરગંભીર મેઘસમાન મનોહર વાણીથી કહેવા લાગ્યા. અચલ સ્વરૂપ શ્રીહરિના સ્વરૂપને એકાગ્ર ચિત્તથી ધારણ કરીને ચરિત્રનું સ્મરણ કરીને રાજાને કહે શ્રી ઘનશ્યામ પ્રભુની લીલા ચરિત્રને સાંભળો. જે ચરિત્ર સુખ આપનારાં છે. શ્રીહરિ તે કાળાતળાવ ગામમાં પ્રેમભાવથી પંદર દિવસ સુધી રોકાઈને અધર્મ અનીતિને દૂર કરી દઈને દૃઢ સધર્મનો નિત્ય પ્રત્યે ઉપદેશ કરીને સારી રીતે સુખ આપનારાં ચરિત્રો કરી અનેક જનોના ઉદ્ધારનો માર્ગ સમજાવ્યો. ત્યાર પછી શ્રીહરિ મહારાજે સુંદર સ્વભાવના સ્વરૂપાનંદ સ્વામીને તથા ધ્યાનમાં મગ્ન રહેનારા વ્યાપકાનંદ મુનિ આદિક બધાના મનને ભાવનારા બધાના આનંદને વધારનારા મહાનુભાવાનંદ સ્વામી નિર અંજન મુનિ જેમનું નામ છે એવા સર્વે મુનિઓને રાજી કરનારા બીજાના અભિમાનને તોડનારા હરિયાનંદ સ્વામી તથા નર સિદ્ધાનંદ જેમનું નામ નવિન છે એવા. આવી રીતના બાર મુનિજનોને મહાન ભક્તિભાવ જ્ઞાનધ્યાનની સ્થિતિવાળાને. શ્રીહરિ મહાપ્રભુએ મંડળો બાંધીને અમૃતમય સ્વમુખે વચનો કહેતા હતા કે તમે હવે ગુજરાત દેશમાં જાઓ. ત્યાં ગામોમાં ફરીને લોકોને ઉપદેશ કરો. સત્સંગનો વધારો કરો. આમ કહીને શ્રીહરિએ હરિભક્તો ઉપર પત્રો લખાવ્યા. બધાને ગુજરાત દેશમાં રવાના કર્યા. બધાને સુખ આપનારાં થયાં. સર્વે નરનારિ હરિજનો આ શુભ પત્રને વાંચીને અમારી તમને શુભ આશિષ છે એમ જાણજો. આ બાર મુનિજનોને મોટા મંડળ ધારી કરેલા છે. માટે આ સંતો જે પ્રમાણે કહે તે પ્રમાણે તમારે બધાને વર્તવાનું આ વાતને મારા આશ્રિત સર્વે નરનારિઓએ ધ્યાનમાં રાખવી.

આવી રીતે કહીને પત્રો લખીને બાર સંતોને મોટા કરીને ગુજરાત દેશમાં લોકોને ઉપદેશ આપીને સુખી કરવા અને ઉપદેશ કરીને ભવસાગરને તારવા માટે જહાજના રૂપે સંતોને મોકલ્યા.

ત્યાર પછી શ્રીજી મહારાજ માનકૂવે થઈને ભુજ નગરે પધાર્યા. ત્યારે મનમાં ખૂબ જ ઉત્સાહભાવ ભરેલો હતો. ભુજમાં પોતાના ભાવિક ભક્ત સુંદરજી અને હિરજીના મકાનમાં સર્વ ભયને હરનાર મહારાજ નિવાસ કરતા હતા, તે બંને ભકતે પ્રભુને રાજી કરીને એમની પાસેથી એક વરદાન માંગ્યું. અમે જ્યાં સુધી અહીંથી જવાની રજા ન આપીએ ત્યાં સુધી જવાનું નહિ. આવી રીતે પ્રભુને રાજી કરીને બાંધી. વરદાન મેળવી લીધું. જ્યારે અમે રજા આપીએ ત્યારે તમારે અહીંથી જવું. ત્યાં સુધી આપ અમારા મકાનમાં જ નિવાસ કરીને અવિનાશી પ્રભુ રહો. અમે આપની બધી જ સેવા ચાકરી કરીશું. માટે આપ અમને આ માંગેલ વરદાન આપો. આવી રીતનો પ્રેમ જોઈને પ્રેમી ભક્તોને આ વરદાન દીધું. તેથી પ્રભુ એમના ઘરમાં સતત રહેતા હતા. સર્વને પરમસુખ આપતા હતા. શ્રીહરિ મહાપ્રભુ પ્રેમભક્તિના બંધનથી બંધાયા હતા.

હે રાજન્ ! તે ભક્તના બંધનથી છુટવા માટેના કારણને શ્યામ સુજાણ જાણતા હતા. એટલા માટે પ્રભુ ભક્તજનના બંધનમાં આવ્યા. તેથી ભાવિ બળવાન જ હોય છે તે પ્રમાણ થાય છે. હે રાજન ! પ્રભુ ભુજમાં રોકાયા અને સંતોને ગુજરાતમાં મોકલ્યા તે પછી જે વાત થઈ તે તમને હવે કહું છું. તે બધી વાત તેને તમે અતિ હર્ષિત મનવાળા થઈને પ્રેમથી સાંભળો. ભુજમાં રહીને પ્રભુ આશ્રિતજનોના ભવના ત્રાસને હરતા થકા સર્વે ઉપર રાજી થઈને કૃપા કરીને પ્રેમપૂર્વક રહેતા હતા. હીરજી અને સુંદરજી બંને ભક્તો શ્રીહરિ મહાપ્રભુની ખૂબ જ ભાવથી સેવા પરિચર્યા કરતા હતા અને મહાપ્રભુ ધર્મભક્તિ સંબંધી જ્ઞાનની વાતો કરતા હતા. ગુણવંત પ્રભુ વાતો કરવામાં ખૂબ જ મગ્ન થતા હતા. ભક્તો સાંભળવા મગ્ન થતા હતા. આનાથી અનેક નરનારી શ્રીહરિ પ્રભુનાં દર્શન કરીને શિષ્યપણાનો આશ્રય કરતાં હતાં. ખૂબ જ રાજી થતાં હતાં. અગણિત નરનારિજનો પ્રભુ પાસે દર્શને આવે છે અને પ્રભુ એમને જ્ઞાનની વાતો કરીને સુખ આપતા હતા.

આવી રીતે મહાપ્રભુનો જય જયકાર થતો હતો. તેનો ઉદ્‌ઘોષ સાંભળીને મંદમતિવાળા આસુરીજનો અતિશય બળતા હતા. તેમાં બધાનો સરદાર એવો જે અસુર **જગજીવન** જેનું નામ હતું તે મુખ્ય હતો. તે જ જગજીવનરામ અતિ ખળ લોકોનો અધિપતિ હતો તે હરિ નરનાથને નિરખીને અતિશય બળી મરતો હતો. તે નાગર જ્ઞાતિનો બ્રાહ્મણ હતો અને લોકમાં તેની હાંક વાગતી હતી. આ બાજુ ભક્તસમુદાયની શ્રીહરિ પ્રત્યે ખૂબ જ લાગણી દઢ થતી હતી. દઢતાથી ભક્તિ કરતાં હતાં. શંકરનો પ્રિય ઉપાસક ભક્ત શ્રી ઘનશ્યામ પ્રભુનો દ્રોહ કરતો હતો એવો તે અસુર અંશનો રાજા પ્રભુને ઓળખતો જ ન હતો. તેમાં સતાતો હતો તથા મદિરાનું પાન કરતો હતો. નિભર્ય થઈને ચારેબાજુ ફરતો હતો. મનમાં કોઈનો ભય રાખતો જ ન હતો. આવી રીતે તે ખળ સંતોને જોઈને એમને પીડા કરતો હતો. શ્રીહરિના બળવાન આશ્રિત સંતો કોઈ પ્રકારનું મનમાં લેતા ન હતા. ઉદ્ધતની માફક ઉપહાસ કરે પણ સંતો પાસે જ્ઞાન લેવા એ કોઈ દિવસ ન બેસે આવો ઉદ્ધત હતો. જેમ રાવણ અને કંસ પ્રભુના દ્વેષી હતા જેવા પ્રજાના શાસક હતા તેવો જ આ જગજીવનરામ છે. આમ અતિ આસુરીભાવથી પ્રભુને જુવે છે. અનાદર કરે છે. તે જગજીવનરામની પત્નીને ભગવાન સ્વામિનારાયણનો મહિમા સમજાયો અને સત્સંગી થઈ ગઈ. તેનો પતિ આ જોઈને મનમાં મનમાં બળતો હતો. જેવી રાવણની પત્ની મંદોદરિ સતિ હતી તેવી જ આ સતિ ભક્ત હતી પણ એનો પતિ રાવણ જેવો અસુર હતો. તેની પત્ની અનંત ભુવનોના સ્વામી મહાપ્રભુ સહજાનંદ સ્વામીનું ખૂબ જ પ્રેમથી ભજન સ્મરણ કરતી હતી. તેનો પતિ આ જોઈને મનમાં ખૂબ જ

બળતો હતો. પત્નીને તે બહુ જ દુઃખ દેતો હતો. આવો તે વીમુખ હતો. તે મતિમંદ પ્રભુને અતિ દ્વેશ કરતો હતો તે પાછો ભુજના રાજાનો મોટો અધિકારી દિવાન હતો. તે પોતાની પત્નીને ખૂબ જ દુઃખ દેતો હતો. એ દુઃખને કોઈ રીતે વર્ણવી ન શકાય તેમ દુઃખ દેતો હતો. ઉઠતાં બેસતાં ખાતાં પીતાં બધી વાતે જગત જાણે તેમજ તે આખો દિવસ હરિપરાયણ જ જુવે છે. રોજેરોજ ખાતાંપીતાં જ્યારે જ્યારે સહજાનંદનું જ નામ લેતો હતો. કહેતો હતો. આ બધું પોતાની પત્નીને સંભળાવતો હતો. ખીજાવતો હતો. પોતાની અંદર તો ભગવાન પ્રત્યે દ્વેશ જ હતો પણ જાણી જાણીને ખીજાવવા બોલતો હતો. તે મંત્રી અતિ મનમાં મોહવશ થઈને શ્રીહરિ મહાપ્રભુનો દ્રોહ કર્યા કરતો હતો. રોજેરોજ શ્રી પુરુષોત્તમ નારાયણ પ્રભુનો અપરાધ કર્યા કરતો હતો. જેમ કંસને ચૈદ્ય કહેતા હતા તેમ તે જગજીવનરામ પણ કહેતો રહેતો હતો. તે જગજીવનરામ એક દિવસ હીરજી ભક્તના ઘેર શ્રીહરિને જોવા માટે આવ્યો અને તે ખળ ઘાત કરવાની રીતે પૂછતો, નવી નવી વાતોનો બનાવટ કરતો હતો પણ અનંત કોટિ બ્રહ્માંડના સ્વામીને જાણતો જ ન હતો. એણે પહેલાં વાત કોઈ જણાવી નહિ. કહે હીરજી હું તારા ભાઈ સુંદરજીની ખબર પૂછવા આવ્યો છું.એમને શરીરે મંદવાડ આવેલ છે. તેની ખાતરી કરવા આવ્યો છું. એમના મંદવાડના સમાચાર જાણેલા તેથી આવ્યો છું. આવી રીતની તે અસુરે વાતો જણાવીને આવ્યો એટલે બધી સાજ સજાવટ કરીને બેસવાનું યોગ્ય કર્યું. આડીઅવળી વાતો કરીને પછી હિરજીને પૂછ્યું કે હરિ અહીંયાં છે કે નથી? ત્યારે હીરજીમાં ઘેર જગજીવનરામ આવ્યો છે એટલે હીરજી શ્રીહરિને વાત કહેતો હતો. પ્રભુ તમે શાંતિથી રહેજો. બહાર ન આવતા શ્રીહરિ પ્રભુ અસુરને જેવા આવતો જોઈને પ્રાણપતિ એનાથી કેવી રીતે રોકાય એ તો કોઈનાથી ન જ રોકાય એ તે સ્વતંત્ર છે. હીરજીની વાત સાંભળીને સર્વના નાથના મનમાં આતુરતા થઈ કે હવે અમે કાંઈ મનુષ્યનું નવું ચરિત્ર કરીએ આમ વિચાર કર્યો તે ચરિત્ર પ્રભુએ કેવી રીતે કર્યું તે હીરજીને હરિ કહે હવે કેવી રીતે રહેવું તે હીરજી તમે સાચી વાત હોય તે કહો. તમે કહો તેમ કરીએ આમ પ્રભુએ કહ્યું. જગજીવનરામ આવવાનો છે. આવી વાત સાંભળીને હીરજી શ્રીહરિને વાત કરતા હતા. હે પ્રભુ અસુરપતિ આવવાનો છે તે આવતાં જ આપને જોશે. એના માટે મારાથી શું થાય કેમ કરવું આપને કેમ ગુપ્ત રાખવા.

આવી વાત સાંભળતાં જ નાથ અતિ આતુર મનવાળા થયા. પ્રભુ મનુષ્યચરિત્ર કરવા વિચારતા હતા એટલે હવે અમારે કેવી રીતે કરવું તે અમને અત્યારે જ કહો. હે હીરજી ! જે વાત હોય તે સાચી જ કહો. અમારે શું કરવું. અતિ પાપનો કરનારો તથા સુરા દારૂનું પાન કરનારો આવવાનો છે તેથી તે અમને પકડીને લઈ જાશે અમે ક્યાંક દૂર ચાલ્યા જઈએ એવો કાંઈક ઉપાય કરો આમ પ્રભુ અતિ ભયભીત થયા. જેમના ભયથી કાળ કર્મ ડરે છે. સૂર્ય ચંદ્ર બ્રહ્મા ઇંદ્રાદિ દેવો શેષજી મહેશ આદિ ભય પામતા પોતાના માર્ગે ચાલે છે એવા પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુને અસુરથી ભય શેનો હોય ? તોય આવિ આશ્ચર્યની વાતો લોકોને આશ્ચર્ય ઉપજાવે છે. હે રાજન્ ! તે જ વખતે શ્રીહરિ મહાપ્રભુના ચરણમાં ભયંકર ગુંબડું થયેલું હતું. તે શરીરમાં ખૂબ જ પીડા આપનારું હતું. તેથી પગને પૃથ્વી ઉપર મંડાતો જ ન હતો. હે રાજન્ ! તે સમયમાં આવી પરિસ્થિતિ થઈ ગઈ હતી.

આવી પ્રભુની ભયવાળી વાત સાંભળીને હીરજી કહેવા લાગ્યો હે પ્રભુ ! આપ અત્યારે જગજીવનથી ગુપ્તપણે રહો. ખળ અહીં આવીને જાય ત્યાં સુધી આપ આ મેડી ઉપર ચડી જાઓ અને ગુપ્ત રહો તો યોગ્ય થાય. ત્યારે નાથ કહે મારાથી ચઢાય તેમ તો છે નહિ તો ચઢવાની કેવી વાત કરો છો. હું સાચી વાત કહું છું કે મારા પગમાં ખૂબ જ પીડા થાય છે. એક ડગલુય ભરાય તેમ નથી ત્યારે આવી પ્રભુની વાણી સાંભળીને હીરજીના મનમાં તથા મુનિજનોના મનમાં અતિ સંકોચ થવા લાગ્યો. આવી રીતની સુખદાતા શ્રીહરિની વાતમાં

મનુષ્યચરિત્રની વાત સાંભળીને, ભક્તજનો તો પોતાના મનમાં મહાપ્રભુએ આપણાં ઉપર મહાકૃપા કરીને આ ચરિત્ર કરેલ છે એમ માનતા હતાં. સર્વના માલિક લોકોના મનને હરનારા સર્વના ચિત્તને પોતાના ચરિત્રમાં ખેંચનારા લીલા કરતા હતા. એટલામાં ભગવાનના ભક્તનો દુશ્મન જગજીવનરામ કઠોર મનવાળો હીરજીના ઘરમાં આવ્યો.

શ્રીહરિએ સંતોના મોટા મંડળો કરીને દેશો દેશમાં ફરવા ગુજરાતમાં જવાની આજ્ઞા કરી ગુજરાતના ભક્તોને જ્ઞાનઉપદેશથી ભવભયને હરવા મોકલ્યા. આવી રીતે પ્રભુ કાળાતળાવ આદિક ગામોમાં ઘનશ્યામ પ્રભુએ અલૌકિક લીલા કરીને સર્વ ભક્તોને સુખી કર્યાં.

પછી મહાપ્રભુ સહજાનંદ સ્વામી ભુજનગરમાં પધાર્યા ત્યાં સત્સંગના દ્વેશી જગજીવનરામની બધી જ વાતો વર્ણવીને સમજાવી એવી રીતે આ સોળમા તંરગના રૂપમાં શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપમાં સોળમો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં નવમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદ રાજાના સંવાદમાં ભુજનગરમાં શ્રીહરિએ લીલા કરીને તેનું વર્ણન કર્યું એ નામનો સોળમો તરંગ પૂર્ણ થયો. ॥૧૬॥**

# તરંગ-૧૭

આનંદરાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! જગજીવનરામ અસુરોનો રાજા શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ પાસે જેવી અજાણ્યો થઈને જાણવા માટે આવ્યો, તે બધી રીત મને પ્રેમથી વિચારીને યોગ્ય હોય તે પ્રમાણે કહો. તે અસુરોનો પતિ ભગવાન પાસે આવ્યો તે કોના કહેવાથી ત્યાં આવ્યો. કોને જોવા માટે આવેલો. જગતના પતિને જણાવ્યું તે બધું જ મારી ઉપર રાજી થઈને કહો.

અવધગુરુ કહે છે, હે આનંદ રાજન્ ! તમે જે ભાવથી સર્વના ભયનો નાશ કરનારા પ્રભુનાં ચરિત્રો પૂછ્યાં તે સમર્થ પ્રભુનાં જે ચરિત્રો તે હું તમને વિસ્તારથી કહું છું. તે અસુરોનો અધિપતિ પહેલા જણાવવા આવેલો હતો તે અત્યારે સારી રીતે તૈયાર થયેલું લશ્કર લઈને આવ્યો ત્યારે ધરણીને ધ્રુજાવતો થકો આવ્યો. તે લડવૈયા અતિ ધીરજવાળા હથિયારો ધારણ કરીને આરબની બેરખ લઈને આવ્યો. પોતાનો ઓપ કરતો જાણે શત્રુ ઉપર કોપ કરીને આવતો હતો તે જાણે સાગરમાં જઈને લોપ થવા જાય છે તેમ આવ્યો. ખબર કાઢવાના બહાને હરિને પકડવા માટે તે વિરોધી જગજીવનરામ મોટાં લશકરને લઈને આવ્યો. જગજીવન જેનું નામ છે એવો અસુરોના અધિપતિ રીસ પૂર્વક છાનોમાનો આવ્યો અને પ્રભુનો પ્રતાપ જોઈને તથા પ્રભુનો પ્રતાપ સાંભળીને વેગમાં આવ્યો તો ખરો. પણ જેમ પતંગિયું દીવાની પાસે જાય તો તે દીવામાં હોમાઈ જજાય છે તેમ તે જગજીવનરામ આવ્યો. સાથે આરબની સેનાને હથિયારોથી સજ્જ કરીને છલંબલં કરતો થકો બોલાવતો થાકો બધાંને જોતો થકો બધા સૈનિકો હથિયાર ધારણ કરેલા સામટા જેમ યુદ્ધ કરવા જતાં હોય તેમ વીર સૈનિક પાછો ન પડે તેમ વેગમાં જતાં હતાં. અનંત કોટિ બ્રહ્માંડોના નાથની સામે અસુરોનાં ટોળાંને લઈને, મનુષ્યોના નાથ શ્રીહરિ પાસે આવતાં, તેઓ જાણે મંદ પડતા હતા તેઓ જાણે લાલ લોહીનો મોટો પર્વત ન હોય તેમ દોડતા હતા. ગગનમાં વાસ આવતી હતી તે જાણે માંસ જોઈને ન આવતા હોય તેમ આવતાં હતાં. જલદી પક્ષી ત્રાટકે ને ચાંચ તૂટે ફૂટે છૂટિ પડી

જાય તેમ આ અસુરો આવતા હતા ત્યારે નાથને જોવા ખળોનાં અપાર ટોળાં પ્રભુની પાસે જતાં પોતાના મનમાં ભય પામતાં વિચારતાં હતાં.

આ બધાં આજે શા કાજે જાય છે. આવી રીતે ચોરા ઉપર લોકો ભેદની વાતો કરતાં હતાં કે અસુરોનો નાથ જગજીવનરામ જગતના સ્વામી મહાપ્રભુ ભગવાનને પકડવા જાય છે. એનું કારણ આજ છે એમ કહેતાં હતાં. બધાં જ ભય પામતાં સજ્જનો આવી વાત સાંભળીને અતિશય શોક કરતાં હતાં. પોતાના મનમાં આવું જોઈને અતિ ઉદાસ થતાં હતાં. આવી રીતની કુરીતિથી અસુર આવતો હતો તે પણ લોકોના સમુહ જોઈને એમને ચાલતાં અતિ બળ બતાવતાં થકાં ચાલતાં આવતાં હતાં. તે સમયે અસુરોનું મોટું લશ્કર ખૂબ જ ખલબલ ખલબલ કરતાં આવ્યાં ત્યારે પૃથ્વી અતિ ડોલવા લાગી. અસુરોના ભારથી થર થર ખૂબ જ કંપ થતો હતો. શેષનારાયણ પણ પોતાના મનમાં સાવધાન થઈને ખૂબ જ બળ કરીને દબાઈને રહેતા હતા ત્યારે દિગપાળો પણ વિચાર કરતા હતા ત્યાં તો શત્રુ દોડીને આવ્યો.

હે રાજન્ ! એવી જ રીતે શત્રુઓનું ટોળું સુંદરજી ભક્તના ઘેર આવ્યું. ખબર કાઢવાનું નિમિત્ત લઈને શ્રી ઘનશ્યામ નાથની માટે જ જગજીવન સજ્જ થઈને દોડીને આવ્યો હતો. જ્યારે અસુર પોતાના મકાનમાં આવ્યો એટલે સામા જઈને એનું સન્માન કરીને પોતાના પલંગ ઉપર સુંદરજી ભક્તે બેસાર્યા અને પ્રીતથી કુશળ સમાચાર પૂછતા હતા. ત્યારે સુંદરજી ભક્ત સહિત બધાં પરિવારના કુશળતાની વાત કરતા હતા. ત્યાર પછી જગજીવનરામ દુષ્ટ ઉપર છલિ પ્રીત બતાવીને શ્રીહરિ વિષે સુંદરજીને કહેતો હતો કે મારું વચન સાંભળો. સ્વામિનારાયણ જેમનું નામ છે તે તમારા ઘેર અત્યારે વધારે પડતા રહે છે. એમના શરીરને તમારે ત્યાં વધારે અનુકૂળ આવે છે તે અત્યારે કઈ જગ્યાએ રહેલા છે તે જગ્યા મને ચોખી બતાવ. તેના માટે તો સાજસજાવટ લઈને આવ્યો છું. ત્યારે તે જગજીવનનાં વચન સાંભળીને સુજ્ઞભક્ત ધીરજ ધરીને ગંભીરતાથી સાવધાની પૂર્વક કહેતા હતા કે હમણાં સુધી તો સ્વામિનારાયણ ભગવાન અમારે ઘેર જ હતા પણ હમણાં જ માનકુવા ગામે લોકોનાં ઉદ્ધાર કરવા પધાર્યા છે. આવી રીતનાં સુંદરજી ભક્તનાં વચન સાંભળીને પોતાનાં માથાંને ધુણાવીને કહેતો હતો કે એમ જ હોય તો ફરી ક્યારેક લાગ આવશે ત્યરે જો મને સ્વામિનારાયણ મળે તો મનમાં કાંઈક ઘાટ છે તે બધું પૂછી લઈશ.

જગજીવન કહે, સુંદરજી તમે સાચું જ કહો છો કે અત્યારે જ ઘનશ્યામ પ્રભુ ચાલ્યા ગયા છે ત્યારે સુંદરજી કહે હું જુઠું નથી કહેતો સાચે જ જગતપતિ ગયા જ છે. આવી રીતે સુંદરજી અને જગજીવનને વાતો ચાલતી હતી. એટલામાં જ જગતના માલિક મહાપ્રભુ ત્યાં આવ્યા જેમ રામની સહાયમાં બાણ આવતાં હતાં તેમ શ્રીહરિ ઉતરીને નીચે આવ્યા અને જગજીવનરામ આગળ આવીને બેઠા. મદોન્મત્ત હાથીના ટોળાંમાં જેમ સિંહ આવીને બેસે તથા સર્પના સમુદાયની વચમાં ગગનવિહારી ગરુડ આવીને બેસે તેમ પ્રભુ બેઠા. એવી રીતે શત્રુની સામે જ ઘનશ્યામ પ્રભુ બેઠાં ગર્વભંજન કામને મારનારા સુખનાધામ નામના નામી આવીને બેઠા એટલે જગજીવન હતપ્રભ થઈ ગયો. જાણે સૂર્યના સમીપમાં દિવો શોભે તેમ લાગતો હતો. આવી રીતે સુંદરજીએ જોયું એટલે મનમાં ખોટું લાગ્યું. ભયથી મુંજાતા થકા જગજીવન તરફ જોતાં હતાં ત્યારે જગજીવનરામ કોપ કરીને ઉત્પાત્ત કરવાની દહેશત કરતો હતો. શું તમે જ પોતે સ્વામિનારાયણ કહેવાઓ છો ? પોતે જ પોતાને ભગવાન કહેવડાવો છો ? આખા જગતમાં વ્યાપો છો. રાધિકા રમાના તમે જ સ્વામી છો ? હું પૂછું છું તે બધું સાચું જ છે ? જે હોય તે મને સત્ય જણાવો.

આવી રીતે તે જગજીવન અસુરની ખળતાને ખંડન કરનારા અમે જ પરબ્રહ્મ પુરુષોત્તમ અનંત પરાક્રમયુક્ત મહાસુખ કરનારા આનંદના ઓઘવાળા અલૌકિક તેજ પ્રભાવાળા સહજાનંદ સ્વામી સકળ જગતને વંદન કરવા યોગ્ય એવા અમે પોતે જ છીએ. એ મતિમંદ તું સાંભળ મારી વાત ને જાણજે હું જ પોતે ભગવાન છું. એમ જાણજે. બધાં જ ધામના ધામિ આનંદકંદ ધામના સ્વામી સર્વજનના મનની કામનાઓ પૂર્ણ કરનારા પૂર્ણકામ જાણજો. સર્વ જગતના કારણ સર્જનાર પાલન કરનાર સંસારનો નાશ કરનાર અનંત જીવો મારાં ચરણકમળને હૃદયમાં ધારીને મારા ચરણની સેવાભક્તિ કર્યા કરે છે. સ્વરાટ વિરાટ સ્વરૂપ કરોડો ઉપમાઓને આપે તોય પણ મારાથી બધાં જ નાનાં છે અને હું જ સર્વોપરિ છું એમ જાણજે. રાધિકા, રમા આદિક અપાર ભક્તો મારાં ચરણકમળની સેવાપરિચર્યા કર્યા કરે છે. સર્વ જગતના નાયક સુખદાયક અનંતના મનને ભાવનારા સર્વે સંતો અમારાં ચરિત્રોને ગાયા કરે છે એવા અમે મહાન છીએ. તોય અમારી ઉપમા એના કરતાં પણ અધિક છે એમ જાણજે. છ મુખે તથા હજારો મુખે સતત ગાન કર્યા કરે છે તો પણ પાર નથી પામતા એવા અમે ભૂમિના ભારને દૂર કરનારા અને ભક્તજનોનાં મનોરથો પૂર્ણ કરવા માટે જ અમારું વિચરણ થતું હોય છે. જગતમાં જ વિચરતા રહીએ છીએ. તારા જેવા અતિશય ખળ કપટી દુષ્ટ સ્વભાવના જે હોય તેના ગર્વનો નાશ કરવા હું પૃથ્વી ઉપર પ્રગટ થયો છું. મારા ભક્તજનો જગતમાં રહેલા છે તેમને અતિ અપાર સુખ આપવા માટે હું પોતાની પાસે રાખીને સુખ આપું છું. આવી રીતે તે જગજીવનરામને મહાપ્રભુએ પોતાનાં મુખે ચરિત્રનો અતિ અપાર મહિમા વર્ણવ્યો. જગજીવનરામ અસુર અજ્ઞાનવાળો હતો. તેથી પ્રભુની આવી વાત સાંભળીને અતિશય બળતો હતો. જાણે હૃદયમાં આગ લાગી હોય તેમ બળતો હતો.

આવી રીતે તે જગજીવનરામે પ્રભુ શ્રીહરિને એકલા જ જોઈને પકડવા માટે વિચાર કરતો હતો. તેની દુષ્ટતાને જાણીને અજિત પ્રભુ પોતે જ ચરિત્ર કરતા હતા. આવી રીતે તે અસુરની મંદ બુદ્ધિ જાણીને પ્રભુ પોતે પોતાનો અનંત પ્રતાપ જણાવતા હતા ત્યારે તે જગજીવનને તે જ સમયે વિશ્વરૂપ જગતમાં વ્યાપકપણે દર્શાવતા હતા. કહેતા હતા કે મને એકલો જાણીને પકડવા માટેનો મનમાં પ્રયત્ન કરે છે પણ મને તું ઓળખતો જ નથી. એમ કહીને પ્રભુએ એને વિશ્વરૂપ ભગવાનનાં દર્શન કરાવ્યાં. અનંત મસ્તકોવાળા અનંત ચરણોવાળા અનંત હસ્તકમળવાળા અનંત મુખો અનંત નેત્રો મનોહર અનંત તેજના ઓઘને દર્શાવતા અનંત કાનોવાળા, અનંત છિદ્રોવાળા, અનંત નાસિકાવાળા, અનંત મુખહાસ્યવાળા, અનંત કટિલતાઓવાળા, વાંકી છટાવાળા, લાંબા કેશવાળા, પ્રકાશવાળા, અનંત કાળના કાળ મહાકાળ એવા તેને જોઈને તે જગજીવન થર થર ધ્રુજવા લાગ્યો. આવા રૂપને જોઈને અસુરોનો રાજા પ્રગટ પ્રભુના પ્રતાપથી ડર પામ્યો. આવી રીતે સંતોના પતિ ઘનશ્યામ પ્રભુનું અલૌકિક પરાક્રમ જોઈને તે જગજીવન પોતાની સાથે લાવેલ બધી જ સવારીને સાથે લઈને બબડાટ કરતો ક્રોધ કરીને ચાલતો થઈ ગયો. આવી રીતે તે મતિથી ભ્રષ્ટ થયેલો તેનું માન બહુ નાશ પામ્યું. પોતાનાં અપાર પાપના પ્રતાપથી બધું જ નાશ પામ્યું જાણીને તે જ બધી વાતોને આગળ ઉપર વિસ્તારીને કહીશું એમ જાણજો.

જ્યારે તે નરસિરાવ અસૂર સુંદરજીના ઘેરથી ગયો. ત્યાર પછીની વાત જાણીને શ્રીહરિ શત્રુના ગર્વને તોડનારા સર્વના સુખદાતા સુંદરજી ભક્તને મધુર વાણીથી કહેતા હતા. સુંદરજી હવે તે મતિમંદ શું કરવાનો છે અને એના માટે આપણે હવે શું કરવું જોઈએ. આમ પોતાના ભક્તને સર્વના મનને આનંદ આપનારા સુખદાતા કહેતા હતા. ત્યારે સુંદરજી ભક્ત ઘનશ્યામ પ્રભુ સર્વના ભયને હરનારા હે પ્રભુ ! આપે મને માનથી મુક્ત કરાવ્યો છે. આજે મારાં બધાં જ લાજ મર્યાદા અભિમાનો બધાં જ નાશ પામ્યાં છે. આ દુષ્ટ તો આખા કચ્છ

દેશનો દિવાન છે. આવા દુષ્ટ સ્વભાવનો અધિપતિ અસુર અમને હવે અમારી માલમિકલત બધું જ લુંટી લેશે. હવે અમારે કેમ કરવું જોઈએ હે પ્રભુ ! તે જણાવો. આનાં માટે તો પહેલાંથી જ અમે ભય પામતાં હતાં. એટલા માટે તો આપને ગુપ્ત રાખવાનો પ્રયત્ન કર્યો તો આ અમારાના થતાં અલૌકિક પરાક્રમ કરીને એની પાસે આવીને ઉભા રહ્યા તેથી વધુ ઉપાધિ થઈ. હે નાથ ! આપ તો મહાસમર્થ છો અને આપે તો તે દુષ્ટ નિરંકુશ મનવાળો રાજમાં સત્તાવાળો એની સાથે વેર વધાર્યું તે ખૂબ જ ઉપાધિવાળું કર્યું છે એ શત્રુ જરૂર લશ્કરને મોકલશે. હે પ્રભુ ! એ દુષ્ટ આપને પકડીને લઈ જશે અને અમને બધી રીતે લુંટી લેશે. આમ આપ જો થોડીક જ વાર છુપાઈને રહ્યા હોત તો સારું થાત પણ આપની એવી અલૌકિક ટેવ છે તેને કોણ રાખે તેમ છે.

ત્યારે શ્રીહરિ સર્વના નાથ આવી રીતે સુંદરજીની વાત સાંભળીને તેને કહેતા હતા કે જો તમે કહેતા હોવ તો તમારા કહેવાથી અહીંથી બીજે જાઉં. જો તમને લુંટીને લઈ જાય તોય અમને તો પકડીને ન લઈ જાય એ માટે અમે બીજે જવાની રજા આપો. શ્રીહરિએ રજા માંગી ત્યારે હિરજીભક્ત હરખ પાંમતા થકા હરિને કહેવા લાગ્યા કે હે પ્રભુ ! આપ તો અત્યારે જ અહીંથી હે સુખના સાગર ઘનશ્યામ જાવ તો સારું. હું સાચું જ કહું છું. અતયારે જ અહીંથી કોઈક સારા એકાંતિક ભક્તના ઘેર જરૂર પધારો. મહાપ્રભુ તો પહેલાં તો બંધનમાં હતા. કેમકે વરદાન દઈને રહ્યા હતા. હવે અત્યારે છુટા થયા. કેમકે તમે જયારે કહેશો જાવ ત્યારે જ હું જાઈશ. ત્યાં સુધી હું અખંડ તમારા ઘરમાં જ રહીશ આમ બંધાયેલા હતા તેનાથી છુટ્યા. આવી રીતનો ઠરાવ કરીને જગનાયક આગળ બંધાયા હતા તે ભક્તના બંધનથી છૂટ્યા. જ્યારે પ્રભુ જવા તૈયાર થયા ત્યારે અતિ સુગંધ પુષ્પના બાજુબંધ ગુચ્છો તોરાઓ ધારણ કરાવ્યા. ખૂબ જ શોભાયમાન કર્યા. અતિશય શીતળ જળધારા સમાન શ્યામ પ્રભુની શોભા અતિશય માત્રામાં થતી હતી. એવા મનોહર મુખકમળવાળા શોભતા હતા. ખીલેલાં કમળની પાંખડીસમાન મનોહર નેત્ર કમળવાળા, તે નેણને ખંજન પક્ષીઓ ગાતાં હતાં. દાંતની શોભા તો જાણે કુંદ દાડમની કળિ ન હોય તેમ શોભતા હતા. હરિ મંદ મંદ હાસ્ય કરતા હતા. એમને જોઈને કરોડો કામદેવને મોહ પમાડે તેવા શોભતા હતા. એવી મનોહર છબિ શ્રી ઘનશ્યામ પ્રભુની હતી.

શ્રીહરિ જવા માટે તૈયાર થયા ત્યારે જગજીવનના ઘેરથી એમના પત્ની પાસેથી ગાડી મંગાવી. તેમાં શ્રીહરિ બેસીને પછી ગંગારામ મલ્લભક્તના ઘેર જવા લાગ્યા. ઉમંગથી મહાપ્રભુ જતા હતા. રથને લઈને ઘનશ્યામ અકામ પ્રભુ જેમ સમસેરા પકડીને જાય તેમ ધીરજને ધારીને જતા હતા ત્યારે પુરનાં સર્વે નરનારિજનોને દર્શન દેતા હતા. ખૂબ જ ન્યાલ કરીને આનંદ દેતા હતા. એવી રીતે શ્રીહરિ ગંગારામ ભક્તનો ભાવ જાણીને એમનાં ઘેર પધાર્યા. ભાવપૂર્વક પ્રભુને રાખીને તે ભક્તજન અતિ સાવધાન થઈને રહેતા હતા. જો અમારી સામે મોટો છત્રપતિ રાજા આવે તો પણ અમે એનો સામનો કરીશું પણ પાછા નહીં પડીએ. આમ જાણીને પ્રભુ મલ્લના ઘરને વિશે શાંતિથી રહેતા હતા.

હે રાજન્ ! શત્રુની સાથે વેરનું બીજ રોપ્યું એની વાત આગળ કહેલી છે. ત્યાં ગંગારામના ઘેર પ્રભુ એક માસ સુધી રહ્યા. ગંગારામ મલ્લના ઘેર ખૂબ જ ભક્તજનોને સુખ આપ્યાં. સામરથ સર્વોપરિ પ્રતાપ શત્રુને જોઈને પ્રભુએ બતાવ્યો. એના માંનને નષ્ટ કરી નાંખ્યું. તેથી એની મતિ અતિ નાશ પામેલી એવા પોતાના પ્રતાપને ખૂબ જ વિસ્તારીને જણાવતા હતા. આમ કમલનયન કૃપા કરીને સર્વજન સમુદાયને ખૂબ જ રાજી કરીને ખૂબ જ જ્ઞાન ધર્મ ઉપદેશનું સુમ આપી. શ્રીહરિ સહજાનંદ મહાપ્રભુ ભક્તોને સુખ આપતા હતા. શ્રીહરિ ભુજધામમાં ભક્તજનોના સુખ માટે ભયને હરનારા ભાવ કરીને ખૂબ જ દિવસો સુધી રહેતા હતા. શ્રીહરિ ભક્તોનો ઉત્સાહ

તો વધારતા હતા. પછી પ્રભુ પ્રેમથી સુખ આપીને ચાલવા માટે ઉતાવળા થયા. લોકોનાં ચિત્તને ચોરીને જનસમુહની સાથે વાજતેગાજતે ધર્મકિશોર પ્રભુ ચાલતા થયા.

આવી રીતે તે જગજીવનના લશ્કરની ખલદળની વાતનું વર્ણન કર્યું. તેમાં બધા જ સૈનિકોને સજ્જ કરીને તે દુષ્ટ જગજીવન આવ્યો તે સુંદરજી ભક્તને જોવાનું બહાનું કાઢીને એના ઘેર આવ્યો. અભિમાનના મદવાળાની સાથે પ્રભુએ વાદવિવાદ કરીને આનંદયુક્ત મન કરતા હતા. જગજીવન આગળ શ્રીહરિએ પોતાનો ઐશ્વર્ય પ્રતાપ બતાવ્યો તે સુંદરજીના ઘેર આવ્યો. આપ પ્રભુએ પોતાનું સામર્થ્ય બતાવ્યું અને વિરાટ વિશ્વરૂપે દર્શન દીધાં. એવી રીતે આ સતરમાં અભિધાનરુપ શ્રીહરિ મહાપ્રભુની લીલાસિંધુની લહરીના રૂપે આ સત્તરમો લહરી રૂપે સત્તરમો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના નવમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદગુરુ આનંદ રાજાના સંવાદમાં જગજીવનરામનો ભંગ કર્યો એવા હરિના ચરિત્રનાં વર્ણન રૂપે આ સત્તરમો તરંગ પૂર્ણ થયો. ॥૧૭॥**

# તરંગ-૧૮

આનંદ રાજા કહે છે, હે અવધપ્રસાદ મહારાજ ! આનંદને ભરનારી પ્રભુની લીલાની વાતો વિસ્તાર કરીને કહો. શ્રીહરિ કમળલોચન ભુજનગરથી લોકોના ભયને હરનારા કયા ગામે પધાર્યા એ વાતો વિસ્તારીને કહો. મારું મન પ્રગટ પ્રભુનાં ચરિત્રો અને મહિમાને સાંભળવા માટે ખૂબ જ ચાહના રાખે છે. તે ચરિત્રો અનંત જીવોનાં દુઃખ અપયશોને હરનારું છે અને જે પાપી જીવો છે તે પાપવશ થઈને એને સાંભળતાં જ નથી તે પીડાય છે.

હે આનંદ રાજન્ ! તમારું અતિ સારું થાય. તેવું ભાગ્ય છે કેમકે તમે પ્રગટ પ્રભુના ચરિત્રનાં પ્રશ્ન પૂછ્યા છે તે સર્વને સુખ આપનારાં સુખરૂપ છે તે હું તમને બધાં જ ચરિત્રો કહું છું તેને તમે ધ્યાન દઈને પ્રેમથી સાંભળો. સર્વસુખના ધામ એવા શ્રી ધર્મનંદન મહાપ્રભુ શુદ્ધ ધર્મને ધારનારા ભુજ ધામેથી પધાર્યા. પછી જે ગામે પધાર્યા તે ચરિત્રોની કથા કહું છું તો હે રાજન તમે તેને સાંભળો. શ્રીહરિ ભક્તોના ભયને હરનારા ભક્તજનોને અનંત રીતનાં સુખો આપીને આનંદ કરાવીને અસુરના પતિ અવનિના ઈશ અનંત પાપીનાં મનનાં માનને હરીને સર્વોપરી ભગવાન પુરુષોત્તમ તૈયાર થયા. દયાના સાગર સર્વના સ્વામી કામદેવના મદને હરનારા બહુનામી મહાપ્રભુ ચાલ્યા ગયા ત્યારે પુરનાં લોકો ભાગોળ પર્યંત વળાવવા આવ્યાં. સર્વે પ્રભુના ચરણનો સ્પર્શ કરીને દર્શન કરીને એ પોતપોતાને ઘર પ્રત્યે ગયાં. સર્વેજનોએ શ્રીહરિની છબિને મૂર્તિને પોતાના ઉરમાં ધારણ કરીને પોતાના ચિત્તમાં વારંવાર ચિંતવન કરતાં થકાં સર્વેજનોને આવી રીતે ખૂબ જ સુખો આપીને આશ્રિતજનોના મનના ત્રાસને હરતા થકા સુખ આપતા થકા જતા હતા. ચપલ લોચન મૂર્તિ ચાલીને અંજારપુરે પધાર્યા ત્યારે પુરની નરનારી સર્વે દર્શન કરવા આવ્યાં ત્યારે સાથે અનેક પ્રકારનાં વાંજિત્રોને લઈને આવેલાં શ્રીહરિને સામે લેવા માટે ખૂબ જ હરખાતાં થકાં આવતાં હતાં. પ્રભુનાં દર્શન કરીને ભેટ સામગ્રી અર્પણ કરતાં હતાં. ખૂબ જ સારી રીતે પ્રભુનું સન્માન કરતાં હતાં. ત્યાર પછી મહાપ્રભુને પુરમાં પધરાવીને લાભ લીધો. ત્યાંના ચાગબાઈ આદિક પ્રેમી બાઈ ભક્તોએ મહાપ્રભુને પોત પોતાના ઘેર પધરામણી કરાવી રાખી સુખ લીધું. પોતપોતાને ઘેર

પ્રભુને થાળ બનાવીને જમાડ્યા. ભાવપૂર્વક અનેક પ્રકારે પદાર્થોથી પ્રભુનું પૂજન કરતાં હતાં. શ્રીહરિ ભક્તજનોને સુખ દેવા માટે રાત પડેલી જાણીને રાત ત્યાં રોકાયા. ભક્તજનોને કરુણમૂર્તી સુખ દેતા હતા. જગતના પતિ લોકોના સુખદાતા મહાપ્રભુ ચતુરવર સવારમાં વહેલા ચાલતા થયા. ભક્તજનોનાં હિતકાર્ય કરવા ધર્મકિશોર પ્રભુ **ભચાઉપુરે** પધાર્યા. ભચાઉમાં મહારાજ રાત રોકાયા અને રાત્રે સ્ત્રી પુરુષો ભક્તોને જ્ઞાન ઉપદેશ આપ્યો. ત્યાર પછી કરુણા કરીને શયન કરતા હતા. સવારમાં વહેલા ઉઠી પરવારીને ચાલતા થયા. માર્ગમાં ભક્તજનોને સુખ આપતા થકા મહાપ્રભુ શ્રી ઘનશ્યામ **માળિયા** ગામે પધાર્યા.

તે માળિયા ગામનો કિલ્લો વાંકોચૂકો ખૂબ જ શોભતો હતો. તે પોતે બુર્જો ઉપર ખૂબ જ શોભતી હતી. તે કિલ્લાના દરવાજાઓ અતિ વિશાળ ઉંચા શોભતા હતા. તેને જોઈ શત્રુના મનમાં પ્રવેશવાનો ભય લાગતો હતો. તે કિલ્લાને ફરતી વાંકી ઉડી મહા ખાઈ કરેલી હતી. તે ખૂબ જ વળાંક વાળી હતી. તેના ઉપર મોટા મોટા ધીર ગઢપતિઓ ધ્યાન દઢતાથી રાખતા હતા. તે કિલ્લાની અંદર અનેક હાટો પાટો થડાઓ જટા છટાથી કોઈક જ કવિ વર્ણવી શકતા હતા એવા કિલ્લાવાળાં નગર પાસે જગતના પતિ મહારાજે રાતમાં નિવાસ કર્યો. એની લીલાને ગાતાં શેષજી અને શારદા પણ થાકી ગયાં તોય પૂર્ણ ન ગાઈ શક્યાં. તે માળિયાના રાજા **ડોસાજી હતા.** તે નગરની છબિ બહુ જ સુંદર હતી. વડનાં વૃક્ષોની હાર ખૂબ જ સારી હતી. પાર કરીને જોવાથી અતિ સુંદર લાગે છે. સુખ આપે છે. જાણે આકાશ ઝુકી તો નથી ગયું ને એમ જણાતું હતું. સૂર્ય અને ચંદ્રમા બંને એની ઉપર વર્ષતાં હતાં એવો તે રાજાનો રાજદરબાર ઉંચો તેની ઉપર ધજા ફરકતી હતી. આ વાતે રાજાના મહેલમાં સુખભવનમાં જઈને નિવાસ કરીને રાતમાં રહ્યા ત્યારે તે રાજાના **પુત્ર સતમાલની** સાથે પરિવાર દર્શન કરવા આવ્યો. રાજાની રાજરાણી પણ દર્શન કરવા આવ્યાં હતાં. શતમાલ જેનું નામ કરેલ તે ડોસાજીના પુત્ર દર્શન કરવા આવેલ તે જ મુખ્ય હતા. તેમના પુત્રના પુત્ર સ્વભાવે ભગવાનનાં ભક્ત હતાં. રાજનીતિના ગુણને જાણતા હતા. પૃથ્વી ઉપર ધર્મને દઢ રીતે ધારીને રહેતા હતા. આવો જ રાજા હોવો જોઈએ. તે લોકોનાં કામ પણ ઉદારતાથી કરતા હતા એવા મહાવીર અતિ ધીરજવાળા એમની જગમાં બીજી જોડ ન મળે એવા તે પ્રગટ પ્રભુનું ભજન કરતા હતા. પ્રેમથી એવા તે **મહિપતજીના** પુત્ર **મોડજી** હતા. સર્વના ભયને હરનારા મહારાજ તે પુત્રનું ભવિષ્ય જાણીને મહાપ્રભુ માળિયામાં રહ્યા હતા. રાતવાસો કર્યો ત્યારે તે રાજાએ મહાપ્રભુને સારી રીતે માનસન્માન કર્યું. સૂર્ય સમાન મનોહરમૂર્તિને મનમાં તે સ્થળ ભાવ્યું ત્યારે સુખપૂર્વક દર્શન દઈને ઘનશ્યામ પ્રભુ ત્યાંથી **પીપળિયે** ગામે આવ્યા ત્યાં **ગણેશભક્તના** ઘેર શ્યામસુખના ધામ પ્રભુ રહ્યા. થાળ જમીને રસભરપુર ભોજનો આરોગીને જીવન પ્રાણ રાતવાસો કરતા હતા અને કરુણાનિધિ કરુણા કરીને ભક્તજનોને સુખ આપતા હતા. આનંદ કરતા હતા. જ્યારે સવારમાં વહેલું પ્રભાત થયું ત્યારે પ્રભુ માર્ગ ઉપર ચાલતા હતા. પ્રેમથી ચાલીને મહાપ્રભુ **વણથલિ** નામનું ગામ પ્રસિદ્ધ તે ગામે પુણ્યની મૂર્તિ ઘનશ્યામ પ્રભુ પધાર્યા. ત્યારે નગરનાં જનો પ્રભુના સમાચાર જાણીને પ્રેમથી પુરમાં પધરાવ્યા. **હરજીભાઈ સુતારની** સાથે પ્રભુને તેડવા સામાં ગયાં. પ્રેમથી પુરમાં પધરાવયા. તે જ હરજીભાઈ સુતારની ફળીમાં રાજાધિરાજ સર્વના મનના ફંદને હરતા થકા શોભતા હતા. ત્યાં ભક્તજનની ખાતર પ્રેમથી ભોજનો આરોગત સુખ આપતા હતા.

સુખના નિવાસ એવા સર્વના નાથના નાથ મહાપ્રભુએ ભક્તોને સુખ આનંદ વધારીને રાત વિતાવી. જ્યારે વહેલું વિહાન સમય થયો ત્યારે ભક્તોના પ્રાણ પ્રભુ જાગ્યા. પછી વહેલાં કુકડાંની બોલવાની ધૂન સાંભળીને સર્વના ચિત્તને ચોરનારા સુંદર નેત્રોથી સુંદર માર્ગ જોઈને દયાળુ સર્વના પ્રતિપાળ સુખ આપનારા બધાં જ જુથને

જોઈને ભૂમિ વાસીને સુખના રાશિને ભૂમિના પતિ મહારાજ આવી જ રીતે નિરખતા થકા માર્ગ ઉપર ચાલતા હતા. ચાલતા થકા **મણાવદર** ગામે મનને ભાવતા થકા ભક્તજનોને આનંદ સુખ આપવા વિરહને ભુલાવતા હતા. પ્રેમી તે તે ભક્તોએ પુનિત પ્રભુને જોઈને પોતાના ભાગ્યને ધન્ય ધન્ય માનીને પ્રભુની સાથે પ્રીતિ ઉપજાવીને પ્રભુને વાસ કરાવ્યો. ભોજનપાણી કરાવ્યાં. થાળ જમીને મુખવાસ લીધો ને દીધો. ત્યાર પછી જળપાંન પ્રેમે કરીને મુખ ધોવરાવીને પોતાના ભક્તજનોની અભિલાષાઓને પુરી કરીને પૂર્ણકાંમ પ્રભુ ભાયાવદરથી માણાવદર પુર નામના ગામે ફરતા થકા પધાર્યા. ત્યાં **મયારામ ભટ્ટ** આદિક ભક્તે ભયને હરનારા અસવારીને તૈયાર કરીને તે મનોહર મૂર્તિને ભાવથી વાજતે ગાજતે અનેક વાજીંત્રોના નાદ સાથે ગામમાં ધર્મનયન પ્રભુ બધાં ભક્તજનોના ઘેર ઘેર પધાર્યાં. બધાંને અતિ આનંદિત કરીને જમીને ઘનશ્યામ પ્રભુ ચાલવા તૈયાર થયા. ત્યારે તે પુરનો પુનિત રાજા તેને મહાપ્રભુ પ્રેમ કરીને પ્રભુનો અતિ મહાન પ્રતાપને જોઈને દર્શન કરીને અતિ ખુશ થયો. પ્રભુને પોતાના ખુદા રૂપે જોઈને એનાં અંગોમાં આનંદ છવાયો. કુરાનોના પાઠ કરવા લાગ્યો. આવી રીતે તેણે ખૂબ જ પ્રમાણમાં પ્રભુની સ્તુતિ કરી. તે પુરનો સુબો અતિશય સુખ પામ્યો અને મનમાં ખૂબ જ ઉત્સાહવાળો થયો.

શ્રીહરિ મુનિઓના સ્વામી માણાવદરથી ચાલીને **પંચાળા ગામે** પધાર્યા. ત્યાં **હેંમતસિંહ (જીણાભાઈ)** પ્રભુને જોઈને હેતપૂર્વક પ્રભુનું સામૈયું કરવા સામા ઉતાવળા ઉતાવળા આવ્યા. પોતાની ચતુરંગિણી સેનાને સજાવટ કરીને આગળ રાખવા માટે તૈયાર કરી તેમાં પાયદળ, અશ્વદળ, હાથીદળ અને રથદળ આદિ સર્વનો સાજ સજીને તૈયાર કરી. અનેક પ્રકારનાં વાજીંત્રોને વગાડતા થકા અતિ મનોહર શોભા કરીને શ્રીહરિ ઘનશ્યામ પ્રભુની સામે આવતા હતા. ત્યારે મંદગતિએ ચાલતી સ્ત્રીઓ પોતાના હાથમાં સોનાના થાળો લઈને પ્રેમથી ગાતી આવતી હતી. મનોહર નિર્મળ રાગે મૃગનયનની યુવતીઓ પ્રેમ ગાતી હતી. ત્યારે ઘોડાનાં સમુહોમાં હણહણાટ થતો હતો. તે બધાનાં મનને ખેંચતાં હતાં. હાથીઓ ચિતકારો કરતાં થકાં ઘંટારવ થતો હતો. તેનો ઘેરો પડઘા થતો હતો. રથો ચાલતા હતા. તે ધમ ધમ બોલતા હતા. પાયદલના લોકો એકતાર થઈને એક લયથી બોલતા હતા. બંદુકોનો મોટા ભડાકાઓના અવાજો થતા હતા. એવી રીતે રાજા શ્રીહરિની સામે લેવા જતા હતા. હેમંતસિંહ રાજાની સાથે પુરવાસીજનો તથા હેમંતસિંહજીનું પૂરું કુળ આવતું હતું. આવીને પ્રભુનાં દર્શન ચરણ સ્પર્શ કર્યો. ભેટો અર્પણ કરીને દંડવત પ્રણામ કર્યાં ત્યારે ભયહારી મહારાજે પોતાના હાથે ઉપાડી લીધા. સ્વાગત સમાચાર પૂછતા હતા. આ રીતે સમરથ મહારાજ ચરિત્ર કરતા હતા. બધાં જ રાજપરિવાર સાથે મળીને પ્રભુને ઉત્સાહથી પુરમાં લાવતા હતા ત્યારે તે પુરના મધ્યમાં અતિ પવિત્ર સુંદર બાગ હતો. તે બાગમાં પક્ષીઓનાં સમુહો શબ્દોનો ઉચ્ચાર કરતાં હતાં. તળાવના કાંઠે તથા કૂવાના કાંઠા પાસે વૃક્ષો વેલીઓથી ગુથાયેલો સરસ રીતે શોભતાં જોયાં તથા સ્વચ્છ નગરની હાટડીઓ ચોતરાઓ રાજદ્વારો જોતાં થકાં મનના ઉંચાટનો નાશ થતો હતો.

ત્યાં જ મોટા મોટા વડની લાઈન હતી તે આરામ કરવા માટે અતિ સુંદર હતાં. છાંયાં બહુ જ ઘાટી હતી. આલેખેલાં મોર આદિક પક્ષીઓ પણ સારાં લાગતાં હતાં. આસો માસના મેઘની સમાન શોભા લાગતી હતી. નગરનો ગઢ પણ ખૂબ જ ઉંચો અતિ શોભતો હતો. તેજ પુરમાં નરનારીઓ પ્રેમભાવથી રહેતાં હતાં. પ્રેમથી પુરુષોત્તમ નારાયણ પ્રભુનાં ગુણને ગાતાં થકાં ભજનભક્તિ કરતાં હતાં. અનંત શોભા તે કામદેવ કરતાં વધારે હતી એવા સુંદરપુરમાં મહાપ્રભુ વાસ કરતા હતા. પ્રભુનાં દર્શન કરીને સર્વજન પાવન થતાં હતાં. પ્રભુ કૃપા કરીને હેમંતસિંહ દરબારના દરબારગઢમાં ભક્તિથી વશ થઈને પધાર્યા. ઘરને સ્વચ્છ શોભિત જોઈને આરામ

કર્યો અને પ્રભુએ પોતાનો પ્રતાપ જણાવ્યો. સુખ જ્ઞાન આપ્યું. ત્યાં સુંદર રસયુક્ત પાક તૈયાર થયો. શાકો તૈયાર કર્યા તેને જગતના પતિ પૂર્ણકાંમ પ્રભુ પ્રેમથી જમતા હતા. ભોજન જમીને પછી શ્રીહરિ મોટી ઉપદેશની વાતો કરતા હતા. તેને પુરવાસીજન સાંભળીને ખૂબ જ સુખને પામતાં હતાં. આવી રીતે મહારાજ ત્યાં એક માસ રહ્યા અને ભક્તનો ભાવપ્રેમ જોઈને પંદર દિવસ વધારે રોકાયા. અધિક આનંદસુખ આપતા હતા. આવી રીતે પંચાળા ગામમાં પ્રેમના બંધને બંધાઈને સર્વ સંતોની સાથે રહીને જીવોના ભવબંધનને તોડતા હતા.

આવી રીતે મહાપ્રભુ સહજાનંદ સ્વામી પંચાળાધામમાં એક માસ અને પંદર દિવસ રહીને હિંમતસિંહ દરબારને મન ભાવતાં સુખો મહાપ્રભુ દઈને રાજી કર્યા. પછી પ્રભુ ત્યાંથી જવા માટે પ્રાંણપતિ પ્રેમથી તૈયાર થઈને પ્રયાણ કર્યું. આવી રીતે કમલનયન હરિ સંતોની સાથે શયન કરીને વહેલા પ્રયાણ કર્યું. શ્રીહરિ સહજાનંદ સ્વામી **પંચાળાથી અગત્રાઈ ચાલીને આવ્યાં**. આવતાં પહેલાં બધા આવવાના સમાચાર જણાવેલા ત્યારે **પર્વતભાઈને** મનમાં આનંદ થયો. ભાવ ભરીને શ્રીહરિ આવતા હતા. તેથી ખૂબ જ આનંદમાં હતાં. આવવાના સમાચાર સાંભળીને ભક્તજનોનાં મન ખૂબ જ રાજી થઈને હરખાયાં એટલામાં તે મહાપ્રભુ પણ જલદીથી ચાલીને ત્યાં પધાર્યા ત્યારે પર્વતભાઈ પ્રીતિ કરીને મહાપ્રભુની સન્મુખ ભેટસામગ્રી લઈને આવ્યા. હે રાજન્ ! અનેક પ્રકારનાં વાજાઓ વગાડતાં થકાં મહાપ્રભુને આનંદપૂર્વક પુરમાં લાવ્યા ત્યારે પ્રભુ પુરને પવિત્ર કરીને સંતસમાજની સાથે ઉતારો કરતા હતા. જાતજાતની રસોઈઓ બનાવીને શાક પાકો તૈયાર કરીને પરમપવિત્ર મહાપ્રભુ તથા સંતો ભક્તોને પ્રેમથી જમાડ્યાં. ત્યાર પછી મહારાજ અગત્રાઈમાં કેટલાક દિવસ રોકાયા. ત્યાં ઉચ્છવ કરવાનો વિચાર કરતા હતા. શ્રીહરિ ત્યાં લોકોનાં મનને આનંદ આપવા તથા જન્મમરણના ભયને દૂર કરવા રહ્યા. જયારે ઉત્સવનો દિવસ નજીક આવ્યો ત્યારે ભક્ત પતિના મનમાં અતિ આનંદરૂપ ભાવતો હતો. ઉત્સવમાં શ્રીહરિએ દેશદેશના હરિભક્તોને પોતાની સમીપમાં બોલાવ્યા અને સર્વે સંતોની સાથે શ્રીહરિ મહાપ્રભુ સુંદર રીતે આનંદ ઉત્સવ કરતા હતા. સર્વલોકના સુખના ધામી એવા ઘનશ્યામ પ્રભુ આનંદના સાગર એવા ભક્તજનોના મનોરથોને પૂર્ણ કરનારા એવા મહાપ્રભુએ કેવો સુંદર ઉત્સવ કર્યો જેને ગાતાં ગાતાં કોઈ પાર જ ન પામી શકે એવાં અલૌકિક ચરિત્ર કર્યાં. તે જન્માષ્ટમીના ઉત્સવમાં સર્વે નરનારીજનો અતિશય આનંદ પામ્યાં આવા મનોહર ચરિત્રને જોઈને પર્વતભાઈ ખૂબ શાંતિ પ્રાપ્ત કરતા હતા. આ ઉત્સવ જોવા આકાશમાં અનેક દેવતાઓ આવીને વિમાનોમાં સ્થિર થયા. આનંદ ઉત્સવનાં દર્શન કરીને જય જય વાણી ઉંચે સ્વરે બોલતા હતા. જયજયકાર કરતા હતા. મહાપ્રભુનાં દર્શન કરીને અંતે મોટા સુખને પામ્યાં. આનંદમાં આકાશમાંથી પુષ્પનો વર્ષાદ કરવા લાગ્યાં. અનેક દિવ્ય વાજિંત્રોનો મોટો ઉદ્‌ઘોષ થતો હતો. દેવતાઓની સ્ત્રીઓ પણ આનંદમાં નૃત્ય કરતી હતી.

આવી રીતે શ્રીજી મહારાજે જન્માષ્ટમીનું સુંદર ઉત્સવ ચરિત્ર કર્યું. આ ઉત્સવને **પર્વતભાઈએ** મહોત્સવ કરાવ્યો. નોમના દિવસે સંતોસહિત સર્વ સમુદાયને ખૂબ જ પ્રેમથી જમાડ્યા. આ રીતે ઘનશ્યામ પ્રભુની કૃપાથી ખૂબ જ સુખને પ્રાપ્ત કર્યું.

આમ પ્રભુએ પ્રેમથી ભક્તજનો પાસેથી રજા લીધી ત્યાંથી મહાપ્રભુ **જુનાગઢ** નામના મહાપુરને વિષે સુખ આપવા પધાર્યા તે જુનાગઢ શહેર ખૂબ જ રળિયામણું તેનો કિલ્લો ખૂબ જ સુંદર શોભતો હતો. ત્રાંબાના બુર્જોની સાથે ખૂબ જ શોભતી હતી.

હે રાજન્ ! સામે મોટો **રૈવતાચલ** અર્થાત્ ગિરનાર જંગલોની જાડીથી ખૂબ જ શોભતો હતો. તેનાં શિખરો આકાશને જાણે અડતો ન હોય ? તેમ શોભતાં હતાં. પર્વતમાં તે ખૂબ જ શોભા હતી. આવી રીતે તે ત્રણ પ્રકારે પૂર શોભતું હતું તેને જોઈને દેવતાઓને પણ મોહ ઉત્પન્ન થતો હતો.

જાતજાતનાં વૃક્ષો ખૂબ જ મીઠાં ફળોથી ભરપૂર શોભતાં હતાં. પર્વતમાંથી ઝરણાંઓ એક જ લય તાલથી વહેતાં હતાં તથા પક્ષીઓ પણ જાતજાતનાં સુંદર રીતે શોભતાં હતાં. આ રીતે તે જીર્ણગઢની મનોહરતા હતી.

જુનાગઢની પાસે જ મોટો પર્વત છે તેના લીધે અતિ અપાર રીતે શોભે છે એટલા માટે હે આનંદ રાજન્! એ પ્રભુના ચરિત્રો વિસ્તારીને તમને કહું છું. તમે ધ્યાન દઈને સાંભળજો.

સર્વના ભયને હરનારા મહારાજ ભુજનગરથી ચાલીને અતિ મનોહર માળિયાપુરમાં પધાર્યા ત્યાંથી મહારાજ સોરઠમાં પંચાળા જઈને રહ્યા તે ચરિત્રોને તમારી પાસે ગાયાં.

પંચાળાથી મહારાજ અગતરાઈ આવ્યા. ત્યાંથી જુનાગઢ મહાપ્રભુ પધાર્યા. તે બધી લીલા કહી સંભળાવી. એવી રીતે શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપમાં આ અઢારમો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં નવમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ ગુરુ આનંદભાઈ રાજાના સંવાદમાં જુનાગઢની શોભાનું વર્ણન કર્યું એ નામે આ અઢારમો તરંગ પૂર્ણ થયો. ॥૧૮॥**

# તરંગ-૧૯

આનંદરાજા કહે છે, હે અવધગુરુ ! આપ મને જુનાગઢની મનોહર શોભાનું વર્ણન કરીને ભગવાનનાં પવિત્ર ચરિત્ર કહો. જ્યાં ગોપાલપ્રભુ ખાસ કરીને રહે છે તથા જોગીઓની જ્યાં કહાની કહેલી છે, તે એવા સર્વને સુખ આપનાર આ સિદ્ધસ્થાન અતિ પુરાતન નગર છે. પવિત્ર છે તેની તત્ત્વો સહિત મહાનતા વિસ્તાર કરીને કહો. તે જુનાગઢને અતિ મોટું સ્થાન જાણેલું છે તેના જંગલોમાં પ્રભુ અવારનવાર જતા આવતા હતા. એમ ત્યાં રોજ વાસ કરતા હતા એવા સુંદર પવિત્ર ધામની શોભા તથા સુખધામ પ્રભુની બધી કથાઓ મને કહો જે નિત્ય સત્ય જ થતી હોય છે.

અયોધ્યાપ્રસાદજી કહે છે, હે આનંદ રાજન્ ! તમને ધન્ય છે તમે હંસની સમાન હરિ ચરિત્રોને સાંભળવામાં યોગ્ય રીતે પૂછો છો તે પૂછવાથી તથા સાંભળવાથી અતિ ભયંકર પાપોને બાળી નાંખનાર છે તેથી તે જુનાગઢની શોભાનું હું હવે વર્ણન કરીને કહું છું તે સાંભળવાથી મહાસુખ પ્રાપ્ત થાય છે તેને સાંભળીને અંતરમાં ધારી લેવું તે જુનાગઢ શહેરને ચારેકોર ગોળાકારમાં ગઢ બનાવેલો છે તેને ફરતે ખાઈ કરેલ છે તે પાણીથી ભરપૂર ભરેલી છે. ત્યાં મોર પોપટ આદિક પક્ષીઓ રહે છે એમનાં સુંદર મનોહર શબ્દો કરે છે તેથી વાતાવરણ મનોહર લાગે છે. તે નગરને આસપાસ બાગબગીચાઓ તથા બહુ જ મોટાં વનો તથા તેની વચ્ચે જુનાગઢ પુર ખૂબ જ શોભે છે. ગઢનાં કાંગરાઓ ઉંચો કિલ્લો જોઈને સ્પર્શે છે. તે ગિરનાર પર્વતની છાંયામાં નગર ખૂબ જ શોભતું રહે છે. શહેરમાં માર્ગો ઉપર ચારેકોર હાટો થડાઓ બેઠકો શોભતાં હતાં. તે નગરનાં સ્ત્રીઓ પુરુષોરના મનમાં આનંદ ભરેલાં હતાં. તે ગઢનાં શિખરોનાં કળશો જાણે આકાશને અડેલાં ન હોય ? જાણે સૂર્યચંદ્રને સ્પર્શતાં હતાં તે કળશોની શોભાતો જાણે નેત્રની પરીક્ષા ન કરતી હોય ? તેમ શોભતાં હતાં. તે શિખરોની ધજાઓ ફરકતી

હતી તે જાણે લોકોનાં મનને હરતી ન હોય ? બધાં જ સરોવરો નદીઓ નિવાસ સ્થાનોમાં શબ્દનો ઉચ્ચાર થતો હતો. બધાયેલી જગ્યામાં જળનો વેગ અડતો જ ન હતો. આવી શોભા જોતા થકા નગરમાં પધારતા હતા. પુરમાં પ્રભુ જતા હતા ત્યારે પુરનાં સ્ત્રીઓ અને પુરુષોનાં મનને હરતા હતા ત્યાં અતિ મોટો પ્રણવનો સુર થતો હતો ત્યારે દેવતાઓ આકાશમાંથી પુષ્પનો વર્ષાદ કરતાં હતાં. આનંદ પામતાં થકાં જયજયનો નાદ ઉચ્ચારતાં હતાં. પુરનાં જનોનાં જુથો યુવતીઓ પ્રભુને નિરખીને હરિની છબિને પોતાના હૃદયમાં રાખતી હતી ત્યારે પુરની સ્ત્રીઓ કહેતી હતી કે આ તો સર્વોપરી પરબ્રહ્મ પુરુષોત્તમ પોતે જ છે. આવી રીતે હરિના સ્વરૂપને ધારીને પુરમાં ફરતા હતા ત્યારે પુરનાં સર્વે સ્ત્રીપુરુષો પ્રભુનાં દર્શન કરતાં હતાં. આવી રીતે બધાંને દર્શનનું સુખ આપીને દુઃખોને હરતા થકા પુરને પવિત્ર કરવા પ્રભુ વિચરતા હતા. તીર્થભુત બનાવતા હતા.

આમ સર્વ સંતોની સાથે શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ પુરની શોભાને જોતા થકા તે પુરમાં પ્રવેશતાં પ્રભુ શોભતા હતા. હાટોમાં થાટોમાં ઘાટો ઉપર કે વાટમાં જે જુવે તે મુનિવરમાં મોહ પામતાં હતાં. જોઈને જાણે નાચતાં ન હોય ? તેમ નરનારી પ્રેમથી ધારીને પ્રભુની અતિ ભારી શોભા જોઈને જેમ મલ્લ લોકો મલ્લકુસ્તીમાં શોભે તેમ પ્રભુને જોઈને અતિ શોભતા હતા. બ્રાહ્મણો વેદોના ભેદની સાથે વ્યવસ્થિત અભ્યાસ કરીને મુખ પાઠો કર્યા તે ભૂમિદેવોએ સર્વેએ પ્રભુની સેવા કરીને મહામોટો લાભ લીધો. રાજદ્વાર ઉપર વાજાં વાગતાં હતાં. ક્યાંક ઘોડાઓની શાળાનો ઠાઠ હતો તેમાં ક્યાંક સિંધની જાતના ઘોડાઓ શોભતા હતા. ક્યાંક નાયકો નાચતા હતા. ગાયકો ગીતો ગાતાં હતાં. ગાન થતાં હતાં. ક્યાંક વિપ્ર વર્યો વેદોનો પાઠ કરતા હતા. ક્યાંક સારી રીતે ગુજરી ભરાતી. અનાજ વસ્ત્રો આભુષણો આદિ અનેક જાતની વસ્તુઓ વેચાતી હતી. ક્યાંક પાકશાળા પાક બનાવીને ક્યાંક મનોહરો ભરાતાં હતાં. થડાઓ થતાં હતાં. ક્યાંક વાસણો વેચાતાં હતાં. તો ક્યાંક આભુષણોની દુકાનો હતી. વસ્તુઓ બનતી હતી. બધી જ ચીજો સામી મળતી હતી. ક્યાંક મોટાં મોટાં મકાનો હતાં. ક્યાંક બજાર ક્યાંક થડાઓ હતાં. આ રીતે વ્યુહરચનાથી બધું બનાવેલું હતું. આ રીતે જુનાગઢની રચના હતી તે કહી. આમ શ્રીહરિ મહાપ્રભુએ આખા શહેરમાં ચરણ અંકિત કરીને શહેરને પવિત્ર બનાવી દીધું. આમ ઘનશ્યામ પ્રભુએ સહજતાથી જ સુખો આપ્યાં. આવી રીતે બધી જ સવારીની સાથે પધાર્યાં અને પોતાના આશ્રિત ભક્તજનના ઘેર ઉતારા કર્યા. જગતના નાથને માટે ભક્તજને થાળ બનાવીને તૈયાર કર્યો એટલે જીવનપ્રાણ મહાપ્રભુ ભક્તના ભાવને વશ થઈને ખૂબ જ જમતા હતા અને ભક્તજનો વારંવાર પીરસતા હતા. જગના પ્રતિપાળ મહાપ્રભુ પ્રેમથી લેતા હતા. ઉદર ઉપર હાથ ફેરવતા જાય ને જમતા જાય અને ઓડકારો ખાતા જાય. જમ્યા પછી મહાપ્રભુ શાલદુશાલો ઓઢીને કાનને ખુલ્લા રાખીને ભક્તોની અરજીને સાંભળવા માટે પોતાની મરજી જણાવતા હતા. પ્રેમથી ભક્તજનના ભાવને જોઈને પ્રેમવશ થઈને અનંત જીવોના મનને જમતાં જમતાં ખેંચતાં હતાં. જમ્યા પછી પ્રિતમપ્રાણ પ્રેમથી જળનું પાન કરતા હતા. પછી ભક્તજનોએ આપેલ મુખવાસને લઈને મુખમાં લેતા હતા. જમ્યા પછી સફેદ વસ્ત્રોને સુખના સાગર પ્રભુ ધારણ કરી અને સંતજનોને પ્રેમથી પીરસીને જમાડતા હતા. સુંદર સારી રીતે પંક્તિ ભરાયેલી હતી. તેમાં શ્રીહરિ ભગવાન પ્રેમથી ખૂબ જ પીરસતા હતા. વારેવારે પ્રભુ આપતા હતા અને સંતો ભગવાનના સ્વરૂપને ઉરમાં ધારીને લેતા હતા. આમ સંતોને જમાડતી વેળાએ પ્રભુ ખૂબ જ કૌતુકો કરતા હતા. કેટલાકને તો મુખમાં લાડુ આપતા હતા. આવી રીતે મહાપ્રભુ સંતોની વચ્ચે પીરસતાં થકાં આનંદની રંગરેલ મચાવતા હતા. દયાળુ સંતોના આનંદને વધારવા માટે છેલ્લી વખત ખૂબ જ આગ્રહથી લાડું આપીને જમાડતા હતા. બહુવાર પીરસીને પ્રિતમપ્રાણ પ્રભુના હાથને પાણીથી ધોવરાવતા

હતા. ત્યાર પછી મહારાજ સુંદર તૈયાર કરેલા આસન ઉપર જઈને આનંદપૂર્વક સૂઈ જતા હતા.

યોગીઓના યોગીન્દ્ર મહાપ્રભુ જાણીને યોગનિંદ્રામાં જાય છે એમ માનીને જતા હતા ત્યારે એવી અલૌકીક મૂર્તિના ભક્તો દર્શન કરી પોતાના ચિત્તમાં ધારવા માટે તૈયાર થઈને જગતના તારનાર પ્રભુને ઉરમાં ધારી લેતા હતા. આવી રીતે પ્રભુ ભક્તજનોને પ્રફુલ્લ નેત્રથી કરુણા દૃષ્ટિ કરીને સુખ દેતા હતા. જગતના ઈશ મહાપ્રભુ આવી રીતે જુનાગઢમાં ભક્તજનોને સુખ આપીને પછી ત્યાંથી ચાલીને મહારાજ જગતના પતિ **જેતપુરમાં** દર્શન આપતા થકા પધાર્યા. જેમના ગુણને યોગીઓ ગાયા કરે છે એવા પ્રભુ ભક્તોને સુખનાં દર્શન દેતા હતા. હે રાજન્ ! શ્રીહરિ ભક્તજનના ઘરમાં શાંતિપૂર્વક સુખનો નિવાસ કરતા હતા. ત્યાં રોકાઈને તૈયાર કરેલાં ભોજનો જમીને લોકોના ભવના ભયને (જન્મમરણના) દૂર કરતા થકા તૈયારી કરતા હતા. સુખરૂપ પ્રયાણ કરી વિચારતા હતા. હે રાજન ! ચપળનેત્ર મહારાજ **જેતપુરથી** ચાલીને **ગોંડળપુરે** પધાર્યા. શ્રીહરિનાથ ભક્તજનોની સાથે પ્રીતિસહિત પ્રભુ પુરમાં પ્રવેશ કરતા હતા તે ગોંડોળપુર અતિશય શોભાયમાન હતું અને મુનિજનોનાં મનને ખેંચનારું હતું. તે ગામની ભાગોળમાં વડનાં મોટાં મોટાં ઉંચાં થડવાળાં વૃક્ષો બીજી શોભાને લજાવે તેવાં શોભતાં હતાં. તે પુરની આજુબાજુ બાગબગીચાઓની શોભા જોઈને પક્ષીઓનો સમુદાય તે બાગોમાં સતત બોલબોલ કર્યા કરે છે. તથા પુરમાં નરનારીજનો પોતાની આભા પ્રભાવથી સુંદર રીતે શોભતાં હતાં તથા મુખેથી મંદ મંદ મુસ્કરાતાં થકાં મધુરી મીઠી વાણી ગાતાં થકાં બોલતાં હતાં. પ્રભુ બહુનામીના નામનો જપ કરતાં થકાં પ્રભુની છબિને ઉરમાં ધારતા હતાં. મહાપ્રભુ સુંદર રીતે ચાલતા થકા સર્વને નેત્રનું સુખ આપતા થકા પુરમાં પધારતા હતા. ગોંડલ ગામની શોભાને જોતા થકા ચાલતા હતા ત્યાં સારું લાગતું હતું. લોકોને દર્શન સુખ આપતા હતા. એમનાં ગ્રહિક પીડાને હરતા હતા. નગરમાં પધારી પોતાના આશ્રિત ભક્તના ઘર પ્રત્યે નિવાસ કરીને એમના જન્મમરણના ત્રાસને દૂર કરતા હતા. ભક્તજનોના ભાવને જોઈને મહારાજ થાળને ભક્તોના હિત ખાતર આરોગતા હતા.

ઘનશ્યામ પ્રભુ **ગોંડલથી** ચાલીને **સરધારપુર** પ્રત્યે પધાર્યા. ત્યાંના ભક્તનો ભાવ જાણીને મનની ભાવના પુરી કરીને પછી કમળનયન **કોટડાપુર** પ્રત્યે પધાર્યા ત્યાંથી **કરિયાણાં** ગામે પધાર્યા. રાતનું રોકાંણ કર્યું. કરિયાણામાં લોકોના ભયને હરનારા મહાપ્રભુએ ભક્તોના મનોરથ પૂરા કર્યાં અને એમને ખૂબ જ ભારે સુખો આપ્યાં. ઈચ્છાઓ પૂરી કરીને પ્રભુ ત્યાંથી ગઢપુરમાં પધારી ત્યાંના ભક્તોનાં મનના આનંદનો વધારો કર્યો. ભક્તજનોને દર્શન દાન દઈને એમના મનના પાપો બાળિ દઈને પછી મહાપ્રભુ ત્યાંથી **ઝિંઝાવદર** ગામે ભક્તોના જન્મોજમનાં પાપોને કાપવા માટે એકાંતિક ભક્તજનોને દર્શનસુખ આપવા પધાર્યા હતા. ત્યાં રસોઈમાંથી થાળ જમ્યાં. જગના નાથ મહારાજ રાતનો વાસ ત્યાં કર્યો. રાત રહીને મહારાજ સંતમંડળની સાથે ચાલતા થયા. ઘનશ્યામ પ્રભુ **સાળંગપુર** પધાર્યા. ત્યાં એકાંતિક ભક્તના મનને આનંદ આપ્યો. પ્રભુ આવવાના સમાચાર જાણીને સાળંગપુરના ભક્તો સામા આવ્યા. જાતજાતના વાજિંત્રો વગાડતા થકા પુરમાં લાવ્યા. સારાં સારાં ભોજનો વ્યંજનો બનાવીને સારી રીતે તૈયાર કરીને જીવાખાચર ખૂબ જ રાજી થયા. મહારાજ જીવાખાચર ઉપર રાજી થઈને તૈયાર કરેલાં ભોજનો પ્રેમથી જમતા હતા. રસિક શ્યામ ઘનશ્યામ પ્રભુ નિરંજનમૂર્તિ સર્વભક્તજનોની સાથે નિવાસ કરીને સુખ લીધું. જમીને મહાપ્રભુએ મુખવાસ લીધો. જમ્યા પછી પ્રભુજી સુંદર પવિત્ર આસન તૈયાર કરેલ તેના ઉપર બેઠા. લોકોનાં સુખ કરવા માટે બધાં કાઠી દરબારોને સર્વના સુખ જહાજ મહારાજ કહેતા હતા. જો તમારે બધાને અમારી ભેળા ચાલવા માટે મનમાં વિચાર કરતા હો તો તમારે તમારાં ઘોડાંઓને છોડી

દઈને જાતે પગે ચાલીને પ્રેમથી આવવું હોય તો આવો. જો ચાલવું ન હોય તો તમારા ઘરમાં બેઠા રહો પણ ઘોડાં લઈને નથી જ આવવાનું. આમ મહારાજે કરુણા કરીને લોકોના મનને રાજી કરવા મુખથી હાસ્ય કરતા હતા. સૌને રાજી કરતા હતા. મહારાજનાં કહેલાં વચનો સાંભળીને સર્વે કાઠીભક્તો બધાંનાં ઠાંણો છોડીને ભયને હરનારા મહાપ્રભુની સાથે જ ચાલતા હતા.

શ્રીહરિ લોકોના ચિત્તને આનંદ આપતા થકા ભૂમિના ભારને દૂર કરતા થકા ચાલ્યા આવતા હતા ત્યારે માર્ગમાં **અડવાળ** ગામ આવ્યું ત્યારે ત્યાં ભક્તજનોને સુખ કરવા ધર્મકુમાર પ્રભુ ભૂમિદેવ **રાજારામ વિપ્રના** ઘરને વિશે સુખધામ ઘનશ્યામ પ્રભુ પધાર્યા ત્યાં પ્રભુએ મુકામ કરીને સર્વ સંગે આવેલાં જનોને વાસ કરાવ્યો. થાળ જમીને રાતવાસો કરીને સુખની નિદ્રા લીધી. નયનોને આરામ આપી નયન સુખકંદ પ્રભુએ શયન કર્યું ત્યારે જયજયકાર કરનાર છબિનાં દર્શન કરીને મુમુક્ષુ જીવો આનંદને પ્રાપ્ત કરતાં હતાં. જ્યારે સવારમાં વહેલાં બ્રાહ્મમુહૂર્તમાં ભગવાન જીવોના અંતર્યામી પ્રભુ નામના નામીનાથ સર્વના ઉપરી સર્વના બહુનામી ધામના ધામી ધર્મરક્ષક દર્શન કરનારને સુંદર સુખ આપનારા ગામ **બલોલે પધાર્યા.** ત્યાં આવીને અવિચળ અવિનાશી મહારાજ **વસરામ ભક્તના ઘરે** પધાર્યાં. ત્યાં જ નિવાસ કરતા હતા. સાથમાં આવેલા ભક્તમિત્રોને પણ સાથે જ રાખતા હતા. અધિક ઉત્સાહની સાથે મહારાજ ત્યાં રોકાતા હતા. સર્વના નાથ મહાપ્રભુ સર્વજનોની સાથે શ્રી ધર્મનંદન સુખના દાતા ઉદાર હૃદયવાળા **જવારજ** ગામે પધાર્યા. ત્યાં ગામનાં લોકો પ્રભુને જોઈને મનમાં ખૂબ જ રાજી થયાં. પુરુષોત્તમ પ્રભુ પ્રાપ્ત કરીને ખૂબ જ સુખ પામ્યાં.

પ્રભુને જોઈને લોકોએ દંડવત્ પ્રણામ કર્યાં. લોકોને જોઈને દયાળુ મહાપ્રભુએ લોકોને મહાસુખ આપ્યું. ભક્તોના ભવની ભ્રમણાંનો નાશ કર્યો. સર્વના આધાર મહારાજને હરિભક્તો પોતાના ઘરમાં જ ઉતારો કરાવતા હતા. ભાવ કરીને ભોજન કરાવીને ભવની ભ્રાંતિને હરનારા મહારાજ પ્રેમથી જમતા હતા. પોતાના આશ્રિતોની શાંતિ કરતા હતા. **જવારજનાં** ભક્તના ઘેર રાત રોકાયા શયન કર્યું. સવારમાં વહેલાં પ્રભુએ પ્રિત કરીને પ્રયાણ કર્યું. ચાલીને **સિમેજ ગામે** પધાર્યા ત્યારે ગામનાં લોકો સંતોની સાથે ઘનશ્યામ પ્રભુને જોઈને સામાં તેડવા માટે સામૈયું કરવા આવ્યા. મહારાજ ભૂલોકને પૂર્ણકામ કરવા પધાર્યા હતા. આશ્રિતોના ભવના બંધન તોડવા દર્શન આપીને ત્યાંથી પ્રયાણ કરીને પ્રભુ આગળ ચાલ્યા ત્યારે માર્ગનાં લોકો દર્શન કરીને મહા લાભ લેતાં હતાં. આમ કરતાં વિરાટ રાજાની રાજધાની એવી નગરીમાં પુરુષોત્તમ પ્રભુ ભક્તોનાં કામ કરવા આવ્યા. તે **ધોળકાપુરવાસી** ભક્તજનો સ્ત્રીપુરુષો અનેક વાજિંત્રો લઈને મનમાં આનંદ કરતાં ગાતાં થકાં આવ્યાં. પ્રભુનાં ગુણનાં કિર્તનો ગાતાં થકાં આવ્યાં. પ્રભુના ચરણકમળ વંદન કર્યાં. હાથમાં અપાર ભેટો લઈને આવ્યાં. ભાવથી પ્રભુનાં દર્શન કરીને વધાવ્યા. ભેટો અર્પણ કરી દીધી. ભક્તજનોના ભાવપ્રેમથી આનંદકંદ મહાપ્રભુ ખૂબ જ રાજી થયા. ભક્તજનોએ દર્શન કરી લીધાં ત્યારે સર્વના નાથ ચાલવા તૈયાર થયા. વિરાટનગરની શોભા સ્વર્ગલોક જેવો શોભતો હતો. આકાશ સામું જોઈને જાણે બળભીડથી કામદેવ પણ શોભાથી લજાતો હતો. આવી શોભાને અનંત લોકો પોતાની આંખોથી જોઈને થાકેલાં એવા તે વિરાટપુરની શોભા જોઈને શ્રીહરિ તે ધોળકાપુરમાં વિચરતા હતા. આવી રીતે શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ ધોળકાપુરની શોભા જોઈને પ્રિતમ પૂર્ણકામ પ્રભુ નગરની ભૂમિને પાવન કરીને ઉતારે પાછા પધાર્યા. **રેવાશંકરભાઈ** આદિક પુરુષ ભક્તો અને **પુતળીબાઈ** આદિક સ્ત્રીભક્તોએ શ્રીહરિ ભગવાનને સુંદર સોનાના કમળ બાજોઠ ઉપર બેસાડીને હૃદયના ભાવથી થાળ જમાડતાં હતાં.

આવી રીતે શ્રીહરિ મહાપ્રભુ પ્રેમથી લોકોનાં દુઃખો કષ્ટોને હરવા માટે ગામો નગરો શહેરોને પવિત્ર કરવા

વિચરણ કરીને ફરતા હતા. એવા આનંદધામ અનંત આશ્રિતોના ભવત્રાસને દૂર કરીને પરમસુખને આપતા હતા. સુખી કરતા હતા.

આવી રીતે ફરતા ફરતા પ્રભુ વિરાટનગરી (ધોળકાપુરે)ને જોવા માટે આવ્યા એની શોભાને સર્વના નાથે સારી રીતે નિરખીને જોઈ. એ રીતે આ ઓગણીસમો તરંગ નામનો શ્રીહરિલીલાસિંધુની લહરી રૂપે આ ઓગણીસમો તરંગ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં નવમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ ગુરુ આનંદ રાજાના સંવાદમાં મહાપ્રભુ વિરાટપુર (ધોળકાનગરે) પ્રભુ પધાર્યા તેની આગમન લીલાનું વર્ણન કર્યું એ નામે ઓગણીસમો તરંગ પૂર્ણ થયો. ॥૧૯॥**

# તરંગ-૨૦

આનંદરાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! શ્રીહરિ મહારાજ **વિરાટનગર ધોળકાથી** કયા ગામે પધાર્યા એ લીલા મનોહર સર્વના પર ઈશ્વરની લીલા મારી ઉપર રાજી થઈને કહો. પ્રગટ પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુનાં અલૌકિક અદ્‌ભૂત સુંદર ચરિત્રોની કથા સાંભળ્યા સિવાય મને ચેન જ નથી પડતું એટલા માટે સુખદાયક પ્રભુનાં ચરિત્રો મને સંભળાવવા કૃપા કરો.

અવધપ્રસાદજી કહે છે, હે આનંદરાજન ! રાજીવલોચન પ્રભુની સુખદાયક લીલા સુખકંદ પ્રભુની હું તમને કહું છું. તેને પરમ સ્વછંદ લીલાને સ્નેહની સાથે સાંભળો.

જે **વિરાટપુર (ધોળકાપુર)થી** પુણ્યદાતા મહાપ્રભુ શ્રી ઘનશ્યામ જે ગામ ગયા તે ગામના નામની સાથે સર્વના સ્વામી પધાર્યા તે ગામની લીલા કહું છું. શ્રીહરિ ધોળકામાં **રેવાશંકર** આદિક ભક્તજનોને મનમોહન પ્રભુ અલૌકિક સુખ દઈને મનને રાજી કરીને ચપલલોચન પ્રભુ સંતમંડળને સાથે લઈને જલદીથી ધોળકાથી ચાલતા થયા. મહાપ્રભુ જગતના સ્વામી સર્વ ભક્તજનોનાં મનને રાજી કરવા અંતર્યામી પ્રભુ **જેતલપુર** ધામે પધાર્યા ત્યારે પુરના લોકો પ્રેમથી આનંદવિભોર થઈને ભાવ ભરીને પધરાવતાં હતાં. અક્ષરમહેલમાં મહાપ્રભુને વાસ કરાવતાં હતાં. મહાપ્રભુ બધી જ રીતે ભક્તજનોનાં દુઃખોને હરીને સુખ કરતા હતા. મુક્તાનંદ આદિક સર્વે સંતોને મહાપ્રભુ સહજાનંદ સ્વામી પોતાની પાસે તેડાવતા હતા. સંતોને પાસે બોલાવી એમની આગળ સુખ સદનમાં મહારાજ સંતોની સાથે શોભતા હતા. સંતો શ્યામ પ્રભુ સુખના દાતાનો પ્રેમથી સેવાપરિચર્યા કરતાં હતાં. ચંપા મોગરા આદિક ફૂલોના હાર બનાવીને સેવતા હતા. સુંદર મનોહર ભાતનાં ગુલાબના ખૂબ જ સુંદર હાર ગુંથીને મુકુંદ પ્રભુને પ્રેમ ભરપૂર ઉર્મિઓથી પહેરાવતા હતા. તેનાથી બાજુબંધ બાંધતા હતા. ભાવ જાણીને પ્રભુ ભક્તોને આપતા હતા. આવી રીતે અંગોઅંગમાં પ્રેમથી પૂજા કરીને શણગારતા હતા. ચંદનને પ્રેમથી ઘસીને અર્ચના કરતા હતા તથા પુષ્પના હારો ધારણ કરાવતા હતા. અનેક ફૂલના હારોને ધારણ કરીને મહારાજ મહેલની સમીપમાં વિરાજમાન થયા હતા. મોલની પાસે આસોપાલવનું મોટું વૃક્ષ હતું. તે સુંદર જગ્યા ઉપર ઓઠિંગણ કરીને શ્રીહરિ લોકોનાં સુખ માટે આવીને વિરાજમાન થયા હતા. આવી રીતે શ્રીહરિ સંતોની મોટી સભા ભરાતી તેની વચમાં વિરાજમાન થઈને શોભતા હતા. પ્રેમીભક્તો પ્રેમથી મહાપ્રભુને ચંદન ચર્ચીને પૂજા કરતાં હતાં. ત્યાં મોલથી પશ્ચિમ દિશામાં ફૂલવાડી આવેલી હતી તે લોકોનાં દુઃખોને હરનારી હતી એવી તે ફૂલવાડીને કરુણા મૂર્તિ શ્રીહરિ

સારી રીતે શોભાવતા હતા.

આવી રીતે પ્રતિદિન રોજેરોજ પ્રેમીભક્તો નરનારીજનો લાલપ્રભુનો ખ્યાલ કરીને કમલવદન હરિના સ્વરૂપનાં દર્શન કરીને ચરણરજને શિર પર ધારતાં હતાં. સર્વજનોનાં ઈશ મહાપ્રભુ જગતના જીવોના સુખ માટે સંતો ભક્તોની સાથે સરોવરમાં જળક્રીડા કરીને મનને આનંદ ઉપજાવતા હતા. દર્શન સુખ આપતા હતા. આમ આનંદલીલા કરતાં થકાં શ્રીજી મહારાજ જેતલપુરમાં એક માસ સુધી રહીને કરતા હતા. તે રોજેરોજ દયાળુ પોતાના આશ્રિતજનોને ખૂબ જ સુખ આપતા હતા. લોકોના મનને આનંદ માટે રોજ જ્ઞાનઉપદેશની વાતો કરતા હતા. બલભ્રાતા લોકોના મનના ભયને હરતા હતા. આવી રીતે તે જેતલપુરનાં નરનારિજનોને મનમાં ખૂબ જ આનંદિત કરીને ખૂબ જ સુખો ઘનશ્યામ પ્રભુ આપતા હતા. આમ જેતલપુરમાં રહેલા હતા. એટલામાં પ્રભુની પાસે આશ્રિત ભક્તો આશા બાંધીને આવેલા હતા. મનમાં સંકલ્પ ધારીને આવેલા હતા.

હે રાજન્ ! ડભાણના ભક્તોના ભાવને વશ થઈ મહારાજ સંતોની ભક્તજનોની સાથે તૈયાર થયા. ડભાણ જવા માટે સુંદર માર્ગ થઈને શોભા વધારતા હતા. **જેતલપુરથી** ચાલીને માર્ગમાં **ખેડા ગામ** આવ્યું. તે ગામ થઈને ભયને હરનારા પ્રભુ વિહાર કરતા થકા **ડભાણપુરે** પધાર્યા. તે ડભાણપુરની શોભાને ખૂબ જ સુંદર લાગતી હતી. તેને જોઈને ભયના શત્રુ એવા મહારાજ મનમાં ખૂબ જ આનંદ પામતા હતા. હે રાજન્ ! તે ડભાણપુરનું તળાવ જળથી ભરપૂર તળાવના કાંઠે રસવાળાં વડનાં મોટાં મોટાં વૃક્ષો પોતાની છાંયાથી ખૂબ જ વિશાળ જગ્યાને ઢાંકતો હતો. બીજાં વૃક્ષો પણ વેલીઓથી લપટાયેલ ખૂબ જ સંખ્યામાં શોભતાં હતાં. આ બધી શોભા જોઈને મહાપ્રભુ કમલનયન ઘનશ્યામ પ્રભુ રાજી થતા હતા. તે વૃક્ષોની છાંયા ઘાટી જોઈને તળાવની સાથે ગામની ફરતું વિંટાયેલું શોભતું હતું. તે જોઈને નરનારીનાં મન ચકિત થઈ જતાં હતાં. એવી શોભા થતી હતી. આવી રીતની પુરની શોભા જોઈને પુરનાં લોકોની સાથે તે વૃક્ષની નીચે શ્રીહરિ મહાપ્રભુ આવીને બેઠા. જ્યાં ભક્તજનોએ હિંડોળો બાંધેલો હતો તેની ઉપર પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પરમેશ્વર આવીને બેઠા. સંતો હરિભક્તો બધા જ ઘનશ્યામ પ્રભુની પાસે જ બેઠા તે વાતાવરણ સભા જેવું જ થતું હતું.

હે રાજન્ ! મહાપ્રભુ સહજાનંદ સ્વામી સભાની વચમાં વીરાજમાન હતા. પ્રભુ લોકોનાં સુખ કરવા માટે બેઠા હતા. એટલામાં એક બ્રહ્મદેવ આવતા હતા. તે વિપ્ર વસો નામના ગામનો કહેવાતો હતો. તે પોતાના મનમાં વિચાર કરતો આવતો હતો અને તેને પર્ચો જોવો હતો. તે ઉદારતાથી કહેતો હતો. આ પોતે જો સ્વામિનારાયણ ભગવાન હોય તો તેઓ મારી પાસે સાકર છે તે પોતે ખાવા માટે માંગીલે તો. હું એમને ભગવાન માનું અને જો ન માંગે તો સામાન્ય મનુષ્ય જ માનું. બનાવટી ભગવાન થઈને આવેલા કહેવાતા ભગવાન જાણું. આમ મનમાં ઠરાવ કરીને બ્રાહ્મણ સભાની વચમાં આવ્યો ત્યારે પ્રભુએ એને પાસે બોલાવ્યો અને તેનું સારી રીતે સન્માન કર્યું. માન આપીને પછી પ્રભુએ તે વિપ્રને સ્વમુખે જ કહેતા હતા. તમારી પાસે જે સાકર લાવ્યા છો તે બધી જ સાકર છે તે અમને આપો.અમારે સાકર ખાવાનો વિચાર થયો છે. આમ માંગ્યું ત્યારે તે બ્રાહ્મણ પણ પ્રભુને અંતર્યામી જાણીને અતિ રાજી રાજી થઈ ગયો અને મહાપ્રભુના ચરણમાં વંદન કરીને. કહેવા લાગ્યો કે, તમે તો હે પ્રભુ ! સંતોને સુખી કરવા માટે આ પૃથ્વી ઉપર અધર્મરૂપી અંધકારના પાપનો નાશ કરવા માટે લોકોના મનોવાંછિત સંકલ્પોને પૂરા કરનાર આપે અલૌકિક રીતનો અવતાર ધારણ કરેલો છે.

હે પ્રભુ ! આપે આજે મારા આત્મકલ્યાણ કરવાના કારણે મારી પાસેથી સાકર માંગી લીધી. માટે હે મહારાજ ! આપ તો કૃપાળુ છો. આમ કહીને સાકર દીધી. પ્રભુએ લીધી તે બ્રાહ્મણ પણ મનમાં હરખાઈને અતિ

આનંદને પામતો હતો. જગપતિ મહાપ્રભુનો પ્રતાપ જોઈને પ્રગટ પ્રભુને ઓળખી લીધા. ત્યાર પછી મહાપ્રભુની આગળ નિયમ ધારીને ભગવાનના એકાંતિક ભક્ત થયા. સભામાં સર્વ સંતોને દયાળુ મહાપ્રભુ સુખ આપતા હતા. જનના પ્રતિપાળ મહાપ્રભુ રોજેરોજ પોતે જાણીને જ સામર્થ્ય બતાવતા હતા. દર્શન સુખ આપતા હતા. સંતો પરમહંસોને દરરોજ પક્તિ જમવા બેસે ત્યારે પ્રીતિપૂર્વક મહાપ્રભુ નિત્ય નવી નવી લીલા કરીને દર્શન આપતા હતા.

આશ્રિત ભક્તજનોને મહારાજ પ્રસાદી આપતા આમ નરનારીનાં મન અતિ રાજી થઈ જતાં નિત્ય પ્રત્યે નવી નવી લીલા કરતા હતા. આમ અડધો માસ મહાપ્રભુ રહ્યા પછી ચાલવા માટે ઉતાવળા થયા. આવી રીતે તે ડભાણપુરમાં મહાપ્રભુએ અલૌકિક આનંદ સંતોને આપીને રાજી કર્યાં. ત્યાર પછી શ્રીહરિએ સર્વે સંતોને આજ્ઞા આપીને કહેતા હતા કે તમે હવે **નડિયાદપુરમાં** જાઓ. અમે પછીથી ત્યાં આવીશું. આમ સંતોને કહ્યું. વચન આપ્યા પ્રમાણે ઘનશ્યામ પ્રભુ પાછળ પાછળ આવીને પગલાં પાડ્યાં. પ્રભુ આવ્યાનું જાણીને જીવનપ્રાણને નેત્રથી નિરખીને દર્શન કરીને વાજતે ગાજતે ભાવપ્રેમથી **નડિયાદની** બજાર વચ્ચે થઈને ઘનશ્યામ પ્રભુને પુરનાં ભાવિક ભક્તો સન્માન સાથે લઈ જતા હતા. સુખધામનાં દર્શન કરાવતાં હતાં. સંતોએ પુરની બહારના ભાગમાં ઉતારો કર્યો મહાપ્રભુ દયાળુ દર્શન દેવાને માટે પોતાના આશ્રિત ભક્તજનના ઘરને વિશે ઉદારમૂર્તિ ઘનશ્યામ ભાવથી રહ્યા અને જીવનપ્રાણ મહારાજને ઉત્સાહથી થાળ જમાડતાં હતાં. શ્રીહરિ જમીને પછી સંતોને પોતાને હાથે પીરસીને પ્રેમથી જમાડીને સંતોને ખૂબ જ રાજી કરી દીધા. મહાપ્રભુએ પછી ભક્તજનને આપેલ સારો મુખવાસ લઈને જમતા હતા. આમ ત્રાસ એ જ વિનાશનું મૂળ છે એટલે પોતાના આશ્રિતોના ત્રાસનો પ્રભુ પોતાની દૃષ્ટિથી નાશ કરી નાંખતા હતા. આમ શ્રી ઘનશ્યામ પ્રભુ સુખ દઈને લોકોની કામપીડાને હરિને સારું કરવા માટે **નડિયાદપુર** નામના ગામને પગલાં કરીને પવિત્ર કરી દીધું. આમ અલૌકિક સુખ આપ્યું. પછી પ્રભુ **દર્ભાવતી (ડભાણ)પુર** પ્રત્યે પગલાં પાડતા હતા. કમલલોચન મહાપ્રભુએ ડભાણમાં સુખ આપ્યાં. પછી ત્યાંથી પ્રયાણ કરીને માર્ગમાં વચ્ચે ગામમાં રોકાંણ કરતા થકા ગામો પાવન કરીને પુરણકામ પ્રભુ ઘનશ્યામ સોરઠ દેશમાં જતા હતા. સોરઠમાં માણાવદરપુરમાં વાસ કરીને મનોહરમૂર્તિ ભક્તજનોને અતિ આનંદ આપતા હતા. મહારાજ ધોળકાપુરથી જેતલપુરે પધાર્યા. જેતલપુરમાં રોજેરોજ અનેક ચરિત્ર કરીને ત્યાંથી માર્ગમાં ચરિત્ર કરતા થકા ડભાણપુરે પધાર્યા. ડભાણપુરથી નડિયાદપુરમાં લીલા કરીને મહારાજ સોરઠપુરમાં પધાર્યા. આમ વિસમા તરંગની લીલાનું વર્ણન થયું. આમ શ્રીહરિલીલાસિંધુનું આ લહરી રૂપે વીસમું તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના નવમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી ગુરુ આનંદ રાજાના સંવાદમાં જેતલપુર ડભાણ આદિક ગામોમાં ઘનશ્યામ પ્રભુએ લીલા કરી તેનું વર્ણન કર્યું એ નામે વીસમો તરંગ પૂર્ણ થયો. ॥૨૦॥**

# તરંગ-૨૧

આનંદરાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ સોરઠમાં સંતો વગર એકલા જ ગયા હતા ત્યારે સંતો કયા ગામોમાં રહ્યા હતા તે અદ્ભૂત કથા કહો. આવાં હરિજનો અને શ્રીહરિના ચરિત્રોની લીલા સાંભળવાનું ખૂબ જ ભૂખ છે એનાથી તૃપ્તિ થાય એટલા માટે હે ગુરુ ! આપ મારી ઉપર રાજી થઈને મને સંસાર સાગરમાંથી તારનાર ઝહાંજ સમાન પ્રભુનાં ચરિત્રો સંભળાવો.

અવધપ્રસાદજી મહરાજ કહે છે, હે રાજન ! તમારું સારું થાય. કેમકે તમારી બુદ્ધિ પવિત્ર છે અને મન અતિ વશમાં છે. એટલા માટે તમારે મનમાં ભગવાનનાં ચરિત્રો સાંભળવાનું મન થયા કરે છે. જેના કાન પ્રગટ ભગવાનનાં ચરિત્રોને સાંભળવા નથી ઇચ્છતા તેનાં કાનો સર્પોને રહેવાનું મોટું દર રાફડા જેવાં છે. પણ તમારે તો ખૂબ જ ભાવ છે. તેથી હવે ભગવાનનાં અતિ મનોહર લીલાચરિત્રો તમને કહું છું તે સાંભળો. પ્રથમ નડિયાદમાં સર્વે સંતો રહેતા હતા અને પ્રભુના ચરિત્રો ગાતા હતા. કઠિન વર્તમાન જાણીને બે ઉતાવળિયા મુનિજનો મનમાં આનંદ પામતા થકા ચાલતા થયા અને જ્યાં ધર્મનંદન મહાપ્રભુ વિરાજતા હતા ત્યાં ગયા. મહારાજ ઉધવ સંપ્રદાયને સુખી કરવા માટે ઉપદેશ કરતા હતા. ત્યાં બંને મુનિજનો ઉતાવળા ઉતાવળા આવ્યા. ત્યાં જ પ્રભુને નિરખીને જોયા. હે ઘનશ્યામ પ્રભુ ! અસુર કુળનો નાશ કરનારા હે પ્રભુ ! શરણાગત પાલક અમારી રક્ષા કરો રક્ષા કરો આમ કહેતા હતા. શ્રીહરિ જેને કહેતા તે સાંભળતાં જ દયાનો વાસ થતો હતો. નિર્ગુણ ભક્તિમાં માયાનો લેશ પણ નથી થતો એવા તે નાથ શ્રીહરિ નિરંજન નિર્વિકારી અનંત સુખદાતા હે પ્રભુ ! અમારી રક્ષા કરો રક્ષા કરો. તે બંને સંતો આમ કહીને મહાપ્રભુને દંડવત્ પ્રણામ કરતા હતા ત્યારે બંને મુનિવરોનાં મન અતિ નિષ્કામ મનવાળા હતા એટલે તરત જ મહાપ્રભુએ એમને હાથ જાલીને ઉભા કર્યા. પ્રભુ પોતાની છાતી સરસા રાખ્યા. બંનેને સ્વાગત પૂછીને એમના મનને આનંદ કરતા હતા. પૂછતા હતા કે તમે કયા કામે અહીં આવ્યા છો. એ વાત જે હોય તે સાચી કહો અને ત્યાં રહેતા બધા જ મુનિજનો સુખી તો છો ને ? કોઈ ઉપાધિ તો નથી ને ? માટે બુદ્ધિવંતો તમે જે હોય તે સાચી વાત કહો. ત્યારે સંતો કહે હે પૂર્ણબ્રહ્મ ! મુનિઓના સ્વામી ! અમારે આવવાનું કારણ મનને ભાવતું પવિત્ર છે તે કહીએ છીએ. હે પ્રભુ ! સંતો સદાય પ્રભુનાં ગુણને ગાય છે. પવિત્ર પ્રભુનું નામ જપે છે. ભજન કરે છે પણ હે પ્રભુ ! સંતો ભીક્ષા માટે ફરીને આવેલા સિધામાંથી ગોળા બનાવે છે તે ગોળા પૂરતા થતા નથી તેથી જીવનમાં કઠિનાઈ બહુ પડે છે. તેથી હે ભયહારી પ્રભુ ! વીસ પચીસ જેટલા સંતો તો ભાગી ગયા. ત્યારે અમે બંને જણા આપની પાસે સંતોના ત્રાસને ટાળવા માટે વિનંતી કરવા માટે આવ્યા છીએ, તો હે પ્રભુ ! આપ આપના અનુશાસનમાં કૃપા કરીને થોડું સરલ કરો. એટલા માટે વિનંતી કરી છે. આપને જે યોગ્ય લાગે તે કરો. માટે હે પ્રાણપતિ ! પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુ ! સુખના અનેક ઉપાયો છે તેમાંથી યોગ્ય રીતે કરો. જેથી સારા સંતોનો નીભાવ થાય અને સત્સંગમાં ટકે. એવી વાત લખીને લોકોના સમુદાયમાં મોકલો.

આવી રીતની તે સંતોની સુખ કરનારી સારી વાતો સાંભળીને મહાપ્રભુ બલભ્રાતા હસતા હતા અને લેખકને પોતાની પાસે બોલાવીને જ્યાં પોતાના એકાંતિક સંતો મુનિજનો રહેતા હતા એમના ઉપર પ્રત્ર લખાવતા હતા કે આનંદ આદિ સ્વરૂપાનંદ આદિ મુનિજનો આપ સાંભળીને જ્યાં મુનિજનો હોય ત્યાં અમારા આશ્રિતોનો દેશ પ્રસિદ્ધ જ છે તેથી ત્યાં જવું જોળી કરીને ગુજરાન કરવું. બધા જ મુનિઓ બબેના જુથ થઈને દેશોમાં ફરવા માટે

જઈને લોકોને ઉપદેશ આપવો. તમારા વિચરણથી લોકોના ભવ તરવાનો માર્ગ ખુલ્લો થઈ જાય. જેમના ઘરનું અનાજ ખપે તેના ઘરનું જ ખાવું. એમના ઘેરથી જ લેવું તે પણ પ્રેમથી આપે તેના ઘરનું જ લેવું. જેના ઘરનું અનાજ ન ખપે તેમનું લગારેક પણ અનાજ ન લેવું. આવી રીતનો કાગળ લખાવીને લોકોના ભયને હરનારા શ્રીહરિએ મોકલાવ્યો ત્યારે ત્યાંથી આવેલ બંને મુનિજનો પણ ચાલતા થયા. અને જ્યાં મુનિજનો સર્વે રહેતા હતા ત્યાં ગયા. આવી રીતે અજિત મહાપ્રભુની લખેલી આજ્ઞાઓને વાંચીને મુનિજનોનાં મન અતિ રાજી થઈ ગયાં. મહારાજે જેમ પત્રમાં કહેલું હતું તેમ જ સર્વે મુનિજનો કરતા હતા.

સર્વના સુખધામ ઘનશ્યામ પ્રભુએ સારી રીતે લખેલી પત્રિકા મોકલી દીધી. ત્યાર પછી શ્રીહરિ સર્વના નાથ તૈયાર થઈને લોકોના સમુદાયની સાથે ભક્તોને સુખના સિંધુ એવા મહાપ્રભુ પોતે જ સમર્થ હોઈ તે **જેતપુર** ધામે પધાર્યા. સંતો ભગવાનનાં ગુણોને ગાતાં થકાં આનંદ પામતાં થકાં ભક્તજનોના ભવપાસના ત્રાસને હરતા થકા અવિનાશી પ્રભુ ભક્તજનોને સુખો આપતા થકા મનની આશાઓ પૂરતા થકા પુરમાં પધાર્યા. અમૃતમય દૃષ્ટિથી સુખો આપતા થકા મુખથી મધુર વચનો બોલતા થકા બ્રાહ્મણવર્ણમાં રાજી થતા થકા કોઈનાંથી નહીં ડરીને લાલ પરવાળા જેવા લાલ હોઠોવાળા હાથી જેવી મંદ મંદ ગતિથી ચાલવાળા મનોહરમૂર્તિ ખૂબ જ શોભતા અતિ ભાવથી આવતા હતા. પ્રેમીભક્તોનાં મનનાં ઈચ્છિત કામોને કરતા થકા પ્રભુ જેતપુર પધાર્યા. ત્યાંથી પ્રભુ થાળ જમીને ભક્તોનાં સુખધામી નારાયણ આગળ ચાલ્યા. સર્વગુણોના ભંડાર શ્રીજી મહારાજ **ગોંડલપુરે** પધાર્યા. રાજકાજને કરીને જગના તારણહાર જહાજમૂર્તિ લોકોના ભવસાગરને તારવા માટે સાજ સજીને મુનિરાજ પોતે પધાર્યા. ગોંડળપુરનાં સર્વે લોકો પ્રભુ આવ્યા જાણીને સામાં આવ્યાં. મુખેથી પ્રભુનાં ગુણને ગાતાં થકાં મનમાં અતિ આનંદ માતો ન હતો અને અનેક વાજીંત્રોને વગાડતાં થકાં રાજના અલૌકિક સાજ સજીને સર્વ સમાજ પ્રભુને પુરની નજીકમાં આવ્યાં ત્યારે રાજાધિરાજ પ્રભુ. અતિ વિનયપૂર્વક અનેક ભક્તજનોની સાથે પુરના રાજપુરમાં પ્રભુને પધરાવ્યા. પ્રેમથી પરમપુનિત પ્રભુને અનેક લોકોના જૂથો સમુદાયો આવીને પ્રભુનાં દર્શન કરતાં હતાં. દર્શન કરીને મનમાં અતિ આનંદને પામતાં હતાં. આ રીતે સર્વને પ્યારા થઈને આનંદ આપતા હતા. બધાં જ શહેરો ગામોને પાવન કરીને શ્રીહરિ મહાપ્રભુ ઉતાવળા ચાલીને પ્રેમીભક્તજનોને ચરણમાં આશ્રય આપીને ભક્તજનોનાં ઘરોમાં વાસ કરીને સુખ આપ્યાં. સત્સંગનો વિસ્તાર કર્યો. ભક્તોના ઘેર ભોજન જમીને એમના ભયને હરતા થકા શરણમાં રાખીને સુખકંદ પ્રભુ સુખ આપતા થકા રાત્રિ રોકાઈને ભક્તજનોને ઉપદેશ કરીને પછી વહેલા ચાલતા થયા.

શ્રીહરિ **ગોંડળથી સરધાર** પધાર્યા. સરધાર નામનું ગામ મનમોહન પ્રભુના મનમાં બહુ જ સારું ફાવતું હતું. ત્યાંના પ્રેમીજનો પુરના આગેવાનો અનેક પ્રકારનાં વાજીંત્રોને વગાડતાં થકાં સામા આવ્યા. પ્રીતમજીને પ્રિત કરીને ગામમાં પધરાવ્યા. ભક્તના ઘેર ઉતારો કરીને પ્રેમથી રસોઈ તૈયાર કરીને પ્રભુને જમાડતા હતા. નિષ્કામી પ્રભુ નવીન સુખો આપતા હતા. મહાપ્રભુ રાત રોકાઈને સવારમાં વહેલા કમલનયન પ્રભુ સરધારથી જતા હતા અને **કડુ** નામના ગામ થઈને **પિપરડી** ગામે આવ્યા. પ્રભુ આવ્યા એટલે ગામના ભક્તોને મનમાં આનંદનો ઓઘ માતો ન હતો. **પિપરડીથી** મહાપ્રભુ ચાલ્યા અને ત્યાંથી **બોટાદપુરે** પધાર્યા. ધર્મતનય પ્રભુને જોઈને અતિ આનંદના ઓઘો વધતા હતા. ત્યાં **ભગાશેઠ** ખૂબ જ ભાવિક ભાવવાળા હતા. તેથી મનમોહન પ્રભુને પોતાના ઘેર પધરાવતા હતા.

સુંદર બનાવેલા આસન ઉપર ઘનશ્યામ પ્રભુ વિરાજમાન થયા. ત્યાં પુરનાં લોકો ભાવથી દર્શન કરવા

આવતાં હતાં. મહાપ્રભુ ભોજનનો થાળ જમીને હરિભક્તોના દૃષ્ટિના તારા એવા પ્રભુ ત્યાં રહેતા હતા. રાત રોકાઈને સવારે વાંણાંના સમયે વહેલા જાગીને ભગવાન મહાપ્રભુ ચાલતા થયા અને સર્વના સ્વામી **સાળંગપુર** પધાર્યા. જીવાખાચરના દરબારમાં વાસ કરીને રહેતા હતા.પોતાના આશ્રિત ભક્તોને પ્રેમથી બોલાવતા હતા. ત્યાં રોકાઈને **ગઢપુરથી** સંઘને તેડાવ્યો. તે સર્વે આનંદિત મનવાળાં થઈને ચાલ્યાં આવ્યાં. ઘનશ્યામ પ્રભુના ચરણમાં આવીને મસ્તક નમાવીને વંદન કર્યાં. ભયહારિ પ્રભુના મનમાં અતિ આનંદ થયો. જ્યા લલિતા આદિક યુવતિ ભક્તજનો આવેલાં તે જાણીને મહાપ્રભુ રાજી થયા. મહાપ્રભુનાં દર્શન કરીને ચપલનયન પ્રભુ ચાલતા થયા. શ્રી ઘનશ્યામ ભગવાન સંઘ લઈને **અડવાલ** ગામે પધાર્યા. ત્યાં રાત રોકાઈને રસિક પ્રભુ ભાલના ભક્તોના ભવબંધન તોડતા સંત ભક્ત સમુદાયની સાથે સુંદર શ્યામ જલદીથી ચાલતા હતા. ત્યાંથી બલવીર **બળોલ ગામે** આવ્યા. ધર્મકુળના મુગુટમણિ દર્શન દેવા પધાર્યા. **બળોલના** ભક્તો પ્રભુ પધાર્યા છે. આવા સમાચાર જાણીને દોડીને આવતા હતા. સાથે અનેક પ્રકારનાં વાજાં વગાડતાં આવતાં હતાં. દોડીને શ્રીહરિની સામે આવ્યાં ત્યારે ચારે બાજુ વાજિંત્રો વાગતાં હતાં. શ્રી ઘનશ્યામના નામથી ભક્તોના મનની ભાવનાઓ પૂર્ણ થતી હતી. એવી રીતે આનંદના ધામ એવા મહાપ્રભુ લોકોના ઘેર પધાર્યા. ઘરોને પાવન કરીને આખા ગામને પાવન કર્યું તે જોઈને લોકો પોતાના ઘરોમાં જ રોકાઈને જોતાં હતાં. થાળ તૈયાર થયો. તે થાળને જમીને દેવાધિદેવે પોતાના આશ્રિત ભક્તની સેવાને અંગિકાર કરીને ભગવાને ભાવથી પ્રયાંણ કરતા હતા. ઘોડાંઓના જુથની સાથે સવારમાં વહેલા પ્રયાણ કરતા હતા. ચાલતા માર્ગમાં ઘોડાંઓને જલદી ઉતાવળાં દોડાવતા હતા. ચંચળ ચતુરવર લોકોનાં ભવફંદને હરતાં થકા પ્રભુજી **ગુંદિયા** નામના ગામે આવ્યા.

શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ માર્ગમાં ભક્તજનોને દર્શન દેતા થકા નવલનાથ પોતાના ચાલી આવતા સંઘની સાથે ભેળા થઈ ગયા. મહારાજે એ સંતોને **અરણેજ** ગામે જવાની આજ્ઞા કરી દીધી. ત્યાં લોકોના કલ્યાંણ કરવા હું જાઉં છું એમ કહીને પ્રભુ આગળ ચાલતા થયા. ત્યારે શ્રીહરિ દૃઢ પ્રીત કરીને ચાલતા થયા. **જવારજના** ભક્તજનોની અતિશય લાગણી જોઈને જવારજ પધાર્યા. સર્વ ભક્તસમુદાયના ત્રિવિધ તાપ સમાઈ ગયા અને સર્વે શાંત મનવાળા થયા. જવારજમાં મહાપ્રભુ પોતાના એકાંતિક ભક્તના ઘેર પધાર્યા. ત્યાં મહાપ્રભુએ બનાવેલાં ભોજનો આરોગ્યાં. મુખ ધોઈને જળપાન કર્યાં. જમીને પ્રભુ તૈયાર થયા. મહાપ્રભુ ભગવાન **જવારજથી** ચાલીને **અરણેજ** ગામે પોતાનો સંઘ મોકલેલ તેનાં ભેળા મહાપ્રભુ થઈ ગયા. હે રાજન ! સર્વે સંઘના જનો માતાનું મંદિર મઠ હતો તેમાં રોકાયા હતા તે જાણીને લોકોનાં કામો કરવાના હેતુ પ્રાચીન દેવીનું મંદિર હતું તે જોઈને જીવન તેમાં જ જઈને રહ્યા.

આ બાજુ ઘનશ્યામ પ્રભુ સંઘ વિના જ રહ્યા. નામ લેતાં લેતાં જ પ્રભાતવેળા થઈ ગઈ ત્યારે અકામ પ્રભુ ચાલવા માટે અતિ ઉતાવળા થવા લાગ્યા. ઘોડાઓને ઉતાવળે ચલાવતા હતા. આમ ચરિત્ર કરતા થકા પ્રભુ કોઠ ગામે પધારતા હતા. ત્યારે ગામનાં લોકોનાં ટોળાં ચારેબાજુ જતાં આવતાં પ્રભુનાં દર્શન કરતાં હતાં.પોતાનો જન્મ સફળ થયો આમ માનતાં હતાં. એવી રીતે દર્શન દેતા **કોઠપુરને** જોતા થકા દૈવીજનોને દર્શન દઈને મહાપ્રભુએ એમનાં જન્મનાં કામ કરતા હતા. આમ ચરિત્ર કરતા થકા મહારાજ **(વૈરાટપુર) ધોળકા** પધારતા હતા ત્યારે સવારનો પહોર થયો હતો ત્યારે પ્રિત કરીને પધાર્યા હતા. ઘોડાઓ ઉપર શ્વાર થઈને સર્વ સંઘ તથા મુક્તાનંદ આદિ સંતવૃંદ પોતાની ઈચ્છા મુજબ જ સર્વેએ ત્યાંથી પ્રયાણ કર્યું. શ્રીહરિ મહાપ્રભુ **ધોળકાપુરને** પાવન કરીને પોતાના આશ્રિત ભક્તજનોને સુખી કરીને પછી પ્રભુ **જેતલપુરમાં** પધાર્યા. તે ધામને પૃથ્વી ઉપર શિરોમણિ

બનાવ્યું. જેતલપુરમાં મહાપ્રભુ નિવાસ કરીને મહેલમાં રહેતા હતા. ગામનાં લોકોને ખૂબ જ સુખ આપતા હતા. આમ જેતલપુરમાં મહાપ્રભુ સર્વ ભક્તવૃંદ તથા સંત સમુદાયની સાથે ખૂબ જ રાજાધિરાજ વિરાજતા હતા.

આમ મહારાજ સર્વે સંઘોની સાથે ઘનશ્યામ પ્રભુ સંતોની સાથે જેતલપુરમાં દેવસરોવરમાં જળક્રીડાને કરતા હતા. ભક્તોને આનંદ આપતા હતા. એવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં લહરીરૂપે આ એકવીસમો તરંગ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમા નવમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં જેતલપુરમાં શ્રીહરિ ફરતા ફરતા પધાર્યાએ આગમન લીલાનું વર્ણન કર્યું એ નામે એકવીસમો તરંગ પૂર્ણ થયો. ॥૨૧॥**

# તરંગ-૨૨

આનંદરાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદાજી મહારાજ ! આપ મને શ્રીહરિ મહારાજ જેતલપુરમાં પધાર્યા. આવીને જે જે લીલાઓ કરી તે બધી જ લીલાઓ મારી ઉપર કૃપા કરીને સુંદર રીતે કહો. શ્રીહરિ આ હરિક્ષેત્રને જોઈને ત્યાં કાયમ રહેતા હતા. સાથે હજારો ભક્તજનો રહેતા હતા. ત્યાં ધર્મકુમાર પ્રભુ રોજેરોજ નવી નવી લીલાઓ કરતા હતા. તે તે લીલાઓ મને આપ કૃપા કરીને કહો. અયોધ્યાપ્રસાદજી કહે છે, હે રાજન્ ! તમે ભાવથી ભરેલો શિરોમણી મહાપ્રભુનાં લીલા ચરિત્રનો પ્રશ્ન પૂછ્યો તે લાલપ્રભુની લીલાચરિત્રો તમને કહું છું તેને સુખપૂર્વક સાંભળો. આ ચરિત્રને સાંભળે છે. તેનાં દુઃખોને સર્વે હરી લે છે. એવાં ચરિત્રોનો મહિમા સમજી સાંભળે તેનો ઉદ્ધાર થાય છે એવા મહાન ચરિત્રો પ્રભુનાં હે રાજન્ ! તમને વર્ણવીને કહું છું તે સાંભળો. શ્રીહરિ સહજાનંદ સ્વામી સર્વ ભક્તજનોની સાથે ત્યાં નિવાસ કરીને મોલમાં સગવડ જોઈને રહેતાં હતાં. જગતના તારનારા પ્રભુ દેવસરોવરમાં નિત્ય પ્રત્યે પ્રાતઃકાળે સ્નાન કરવા પધારતા હતા અને ભક્તજનોને સુખ આપતા હતા. મહાપ્રભુ સભામાં ખૂબ જ અદ્‌ભૂત વાતો કરતા હતા. તેને પ્રેમી ભક્તજનો સાંભળતાં આવા મનોહર મૂર્તિ ધામના ધામી નિરખીને દર્શન કરતાં હતાં. નિત્ય પ્રત્યે પ્રભુજી ભક્તજનોનાં ઘેર જઈને પ્રેમવશ થઈને ભોજનો જમતા હતા. કૃપાનાથ સંતોને સાથે લઈને પધારતા હતા.

હે રાજન્ ! આમ શ્રીજી મહારાજ નિત્ય પ્રત્યે નવી નવી અપાર લીલાઓ કરતા હતા. **જેતલપુરમાં** કરતા હતા ત્યારે એક દિવસ ઘનશ્યામ પ્રભુ **ગઢની વચમાં** પધાર્યા. નાથે અતિ સુંદર રીતે નિર્ણય કરાવ્યો. સુંદર કામ કરાવવા તૈયારી કરાવરાવી. ગુઢને સારી રીતે સુધારીને ઘનશ્યામ પ્રભુ આનંદાનંદ સ્વામીને કહેતા હતા. સાંભળો સ્વામી મહારુદ્રયાગ કરાવવો છે. તેના માટે આપ બધા ભક્તો પાસેથી ભેગો કરો. આવી રીતે નવીન વાત નાથે કરી દીધી. પછી પ્રભુ મોલમાં પધાર્યા. તેમને ખૂબ જ સુખો આપતા હતા. અનંત જુથો સંતો સર્વ મળીને સેવા કરતાં હતાં. મુકતાનંદ સ્વામી આદિક મુનિજનો પ્રેમથી ભણતા હતા ત્યારે દેવના દેવ મહારાજ પ્રમાણ કરીને ગયા. મોલમાંથી નાથ આવ્યા. આવીને જોતા હતા ત્યારે ભણનારા ખૂબ જ પ્રેમ ભાવથી એકાગ્રતાથી ભણતા હતા. આસોપાલવનું વૃક્ષ સારી રીતે ખીલેલું હતું તેની સુંદર છાંયામાં શ્રીહરિ સુંદર રીતે બેઠા હતા ત્યારે સુંદર વેદિકા બનાવેલ હતી તેની ઉપર પૂર્વમુખે મહાપ્રભુ જોઈને બેઠા હતા. ત્યાં બેસીને સંતોને શ્રી ઘનશ્યામ પ્રભુ સારા ભાવથી પ્રેમપૂર્વક જ્ઞાનઉપદેશની વાતો કરીને પ્રેમપૂર્વક સુખ આપતા હતા. કહેતા હતા કે હે સંતો ! તમે

મારી સુંદર વાણી સાંભળો. મારા મતને સારી રીતે જાણો તો એ પ્રમાણે વર્તો તો તમને વખાણું. શ્રીહરિ કહે છે, સર્વે સંતોને વિદ્યા ભણાવવા માટે મારી ખૂબ જ મરજી છે. એટલા માટે તમે બધા જ સંતો મળીને બુદ્ધિવાનો વિદ્યાનો અભ્યાસ કરો. વિદ્યા છે તે જ માણસનું ખરું રૂપ છે અને વિદ્યા જ મહામોટું ધન છે. વિદ્યા જ મોટી સહાયક શક્તિ છે. વિદ્યાને ધારણ કરનારો મહમોટો કહેવાય છે. વિદ્યા એ જ ધર્મની મોટી સહાયક છે. વિદ્યા એ જ જ્ઞાનની મહાન સંતતી (પુત્રી) છે. વિદ્યાના કારણે વિશ્વમાં એ વિભૂતિની ખૂબ જ પ્રશંસા થાય છે. ખૂબ જ શોભા વધે છે. આવી રીતે વિદ્યા માટે સર્વે લોકો કહેતા હોય છે. એટલા માટે હું પણ બધાંને ભણવા માટે આગ્રહથી કહું છું. પ્રેમથી ભણાવું છું. આમ જાણીને મારા સર્વે સંતો સાવધાન થઈને વિદ્યાનો અભ્યાસ કરો. તમે જો વિદ્યા સારી રીતે ભણશો તો હું તમારી ઉપર ખૂબ જ રાજી થઈશ. જે સારો જ્ઞાતિ હોય તે સર્વત્ર પૂજાય છે અને વિદ્યા વગરનો મનુષ્ય જગતમાં પશુસમાન કહેવાય છે એમ જાણજો.

આવી રીતે વિદ્યાનો પ્રચાર પ્રસાર કરવા વિશ્વમાં પ્રચલિત વિદ્યા ભણવા માટે સર્વ સંતોને ભણાવતા હતા. સર્વના મનને હરનારા સર્વના અજ્ઞાનને હરતા હતા. આમ સર્વે સંત મુનિજનો ખૂબ જ રાજી થયા અને ભગવાનનાં વચનથી મુનિજનો વિદ્યા અભ્યાસ કરવા લાગ્યા. આનંદથી અભ્યાસ કરતા હતા. તે જ સમયે સર્વના સ્વામી સુખના ધામ ઘનશ્યામ પ્રભુ ઉપર, દેવતાઓ આકાશમાંથી પુષ્પ વર્ષાવતા હતા. આવી પ્રભુની લીલા જોઈને રાજી થઈ ગયા. પ્રેમ ભરપુર થઈને પ્રભુનો જય જયકારનો નાદ કરતા હતા.

હે રાજન્ ! પછી પ્રભુ ઘનશ્યામ હરિ આસોપાલવ નીચેથી રાયણના વૃક્ષ નીચે રાજાધિરાજ સર્વ સુખના ધામી પ્રભુ સુંદર સિંહાસન ઉપર બીરાજી કામના મદને હરનારા ગર્વ ગંજન મહારાજ મોટી સભા કરતા હતા. તેમાં સર્વે સંતો આવીને બેસતા હતા ત્યારે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી આદિ ગવૈયા સર્વે સંતોને પ્રભુએ તેડાવ્યા. સર્વ સંતો જગતના સ્વામી પાસે આવ્યા. હે રાજન્ ! આમ ઘનશ્યામ પ્રભુ ઘણીવાર સુધી સંતોની પાસે સંગીત ગાન કરાવતા થકા બેસતા હતા. સંતો દુકડ સરોદામાં ગાનવિદ્યા ગાતા થકા વગાડતા હતા. આ સંગીતને સાંભળીને ભગવાનનું મન અતિ રાજી થઈ ગયું. ભયના શત્રુ પ્રભુએ પછી સંતોને ત્યાંથી વિદાય કર્યા અને પછી મહાપ્રભુ રાત વધારે ગઈ છે એમ જાણીને ભણનારા પરમહંસોને તમારા સ્થાને ભણવા જાવ. આમ કહીને પછી પ્રભુ પોતે મહોલમાં મત્સ આદિ ચિહ્નોવાળા પ્રભુ પોતે પણ શયન કરવા પધાર્યા. મુક્તાનંદ સ્વામી આદિક સંતો બોરસડીનાં વૃક્ષ નીચે જઈને બેઠા ભણનારા પાઠને ભણીને તૈયાર કરતા મનમાં આનંદને પામતા હતા. સ્વરૂપાનંદ વ્યાપકાનંદ બીજા મહાનુભાવાનંદ નામના મુનિઓ આદિક સર્વે સંતજનો પોતે અરસપરસ પ્રશ્ન ઉત્તરો કરતા હતા. શ્રીહરિ સુખધામને પૂછતા હતા. તે જ સમયે એક મહા આશ્ચર્યકારક કૌતુક થયું. તે વાતાવરણ અતિ આનંદમાં હતું. તેને ચિત્તમાં ધારીને વિચારવા જેવું હતું. તે રાયણના વૃક્ષથી પશ્ચિમ દિશામાં આકાશમાં દશ્ય દેખાયું તેને સર્વે મુનિજનો જોતાં હતાં. ઉત્સાહ પામતા હતા. અગ્નિનો ગોળો જળહળતો હોય તેવો તે સમયે તેજનો ગોળો સૂર્યસમાન જળહળતો હતો. **મહાનુભાવાનંદ સ્વામી** તેને જોઈને જાણે કોઈ દેવ હશે તેમ ધારીને **ગોવિંદ સ્વામીને** વાત કરતા હતા. તમને આ સાક્ષાત વાત પૂછું છું તે સાંભળો. આ દિશામાં અતિશય પ્રકાશ દેખાય છે તે એ બાજુ કોઈ ખેડુનાં ખળા તો નહિ હોયને ? એનો કદાચ

પ્રકાશ હોય. આમ મહાનુભાવાનંદ સ્વામીની વાત સાંભળીને ગોવિંદ સ્વામીએ કહ્યું કે, આટલામાં તો કોઈનાં ખળાં છે જ નહિ. આમ સંતો અરસપરસ વાતો કરતા હતા. એટલામાં તો ગોળો બહુ મોટો થયો. ખૂબ જ ઉંચો ચડીને આવ્યો અને પૂર્વ દિશા તરફ ચાલતો થયો. આમ દેખાવા લાગ્યો. આમ દિશાને વિદિશા કરીને અતિશય પ્રકાશની જ્વાળા દેખાણી. એટલામાં મહરાજને આવતા દેખતા હતા. રાયણના વૃક્ષ નીચે ગોળો આવ્યો અને એકના બે ભાગ થઈને બે રૂપમાં દેખાવા લાગ્યા. જ્યારે એકમાંથી બે ભાગ થયા ત્યારે ખૂબ જ તેજ પ્રકાશ થતો હતો. તે ગોળાઓ આકાશમાં દેખાતા હતા. રાયણનાં બધાં જ પાંદડાં એનાથી ખૂબ જ પ્રકાશતાં હતાં. ખૂબ જ શોભતાં હતાં. તેજમાંથી તેજ ખૂબ જ થવા લાગ્યો. પ્રભુ જોઈને મનમાં રાજી થતા હતા. ત્યાં તો બેમાંથી ત્રણ ગોળા થયા. તે ત્રણ મહેલની અંદર પ્રવેશતા હતા. જ્યારે તે ત્રણે ગોળા મહેલની અંદર પ્રવેશ કરતા હતા ત્યારે મહેલ પણ ખૂબ જ પ્રકાશમાન શોભતો હતો. વૃક્ષોની આજુબાજુ તથા ચારેબાજુ તેજ તેજમય વાતાવરણ છવાઈ ગયું. આકાશમાં તેજ છવાયેલું હતું. તેજના પ્રતાપથી ધરતી પણ ખૂબ જ પ્રકાશવાન લાગતી હતી. તળાવ પણ વિશાળ પ્રકારથી ઝગમગતું હતું. અતિશય તેજ તેજ છવાઈ ગયું. પૃથ્વી ઉપર જ્યારે ઉતર્યું ત્યારે આંખો પણ અંજાઈ જાય તેવું મહાતેજ લાગતું હતું. તેજ તેજના અંબારથી વૃક્ષોની છાંયો પડી ગઈ. ભૂમિ ઉપર પણ અતિ પ્રકાશમય વાતાવરણ છવાઈ ગયું. આજુબાજુ ચારેબાજુ તેજ જ છવાઈ ગયું. એ તેજને આંખ્યોથી જોવાતું જ ન હતું. ઉપર નીચે બધે જ તેજ તેજના અંબારો છૂટતા હોય તેમ શોભા થતી હતી. આવી રીતનાં તેજાયમાન વાતાવરણને જોઈને સંતો ખૂબ જ રાજી થયા. મનમાં ખૂબ જ આશ્ચર્ય પામ્યા. આ શું થયું છે એ આશ્ચર્યમય વાતાવરણ શેનું છે. તેજ તેજ એમાંય અતિશય તેજ તે કેવું કરોડો સૂર્યચંદ્ર અગ્નિ બળતો હોય તેમ જ લાગે છે. આમ સંતો અરસપરસ વાતો કરતા હતા. ધીરગંભીર મુનિવરો નિરખીને જોતા હતા. મનમાં અતિશય શંકાવાળા થતા હતા. અતિશય આશ્ચર્ય થતું હતું. આ બધું પ્રભુના પ્રતાપથી જ થાય છે. એમ માનીને સર્વે સંતો શાંતિ પામતા હતા. આ તો તેજના ગોળા આવ્યા છે એમ માનતા હતા. હે રાજન્ ! તે ગોળા ત્રણે મહેલમાં પ્રવેશ્યા ત્યારે ત્રણે મહાતેજાયમાન દેખાતા હતા. અંધારાંને દૂર કરી દેતા હતા.

અક્ષર ધામાધિપતિનાં દર્શન કર્યાં. પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણના ત્રણે રૂપો ધારીને દેવો સુખના ધામી પ્રભુને ચરણમાં વંદન નમન કરીને સુખ પામતા હતા. બ્રહ્માદિક દેવો પોતાના પિતા વૈરાજ પુરુષ તેના પિતા પ્રધાનપુરુષ તેના પિતા તે મુળ પુરુષ (મહાપુરુષ) તેના પિતા અક્ષરબ્રહ્મ અને તેના પતિ એજ પોતે શ્રી ઘનશ્યામ પ્રભુ સર્વ કળાઓને ધારનારા પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ પરમાત્મા પોતે જ છે. અવતારના અવતારી મનુષ્ય સ્વરૂપ ધારીને વિચરો છો. આવી રીતનાં પ્રભુના સ્વરૂપને પોતાના હૃદયમાં ઉતારીને પ્રેમભાવની સાથે બંને હાથ જોડીને ગદ્ગદ્ વાણીથી શ્રીહરિ મહાપ્રભુની સ્તુતિ કરતા હતા. હે ધર્મકિશોર મહાપ્રભુ ! આપનો જયજયકાર થાય. જયજયકાર થાય.

ત્રણે દેવો શ્રીહરિ ઘનશ્યામ પ્રભુની સ્તુતિ કરે છે. હે પ્રભુ ! આપનો જયજયકાર થાય. આપ તો ગુણના સાગર મુનિઓના સ્વામી મહાપ્રભુ, આખા ભુમંડળમાં અનેક રૂપોને ધારનારા એવા અવતારના અવતારી આપ મચ્છ, કચ્છ આદિક દશ અને ચૌદ એમ ચોવીશે અવતારોને ધારનારા પોતે જ છો. ખળ લોકોના મતનું ખંડન

કરનારા એવા સત્યધર્મ સ્થાપવા મનુષ્ય સ્વરૂપને ધારેલ હે પ્રભુ ! આપને પ્રણામ કરીએ છીએ. હે પ્રભુ ! આપ પોતાના આશ્રિત ભક્તજનોને તારવા માટે કોઈનાથી ન જીતાનારા અધર્મ પાપનો નાશ કરનારા ભક્તજનોના જન્મ મરણના ભયને હરનારા સર્વના મનને પવિત્ર કરનારા ખીલેલ કમળસમાન કોમળ ચરણકમળમાંથી નીકળેલાં ચરણને સ્પર્શેલી જગતનાં સુખોને કરનારી વિઘ્નોનું નિવારણ કરનાર મુનિઓની સમાન મુક્તિ આપનારી છે. અનંત જીવો આપના ચરણકમળનો આશ્રય કરીને મુક્ત સ્થિતિને પામેલાં છે. તેમજ આપનાં ચરિત્ર ગુણોને ગાયા કરે છે એવા પરમહંસો નિત્ય ધ્યાન કર્યા કરે છે. અમારા જેવા બ્રહ્મા વિષ્ણુ ઇંદ્રાદિક ઈશ્વરોના આપ એક જ આશ્રયદાતા છો. આપના સ્વરૂપનું જે ભજન સેવન કરે છે તે ભક્તજનો પરમ મોક્ષ સ્થાનને પામે છે. આપના ધામમાં જાય છે. આપનો આશ્રય કરનારા જીવો વિષય વાસનાનો ત્યાગ કરીને કામાદિ દોષોનો નાશ કરે છે. દૈવી કુળનું પાલન કરનારા એવા સુખના સાગર દયાનિધિ ધર્મના પુત્ર સુખ કરો. અનેક લીલા ચરિત્રરૂપી પરાક્રમ કરનારા અનંત ઈશ્વરોના ઈશ્વર એવા જગતના જીવોનાં સુખ કરવા માટે સર્વના જન્માદિના ભયનો નાશ કરવા મનુષ્ય દેહને ધરીને ભૂમિ ઉપરના અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરીને સૂર્યસમાન તેજવાળા કલ્યાણકારી ગુણોવાળા ભગવાન આપ અધર્મરૂપી પાપીનો નાશ કરવા અગ્નિ જેવા મહાભયંકર રૂપવાળા. સર્વના મનના ભયને હરનારા સર્વના દુઃખોને હરવા માટે સિંહ સમાન શ્રીહરિ આપ જેમ કમળનો હિમથી નાશ થાય છે તેમ દુષ્ટ કર્મનો નાશ કરનારા સધર્મનું ધારણ કરવા મુનિજનોના મહાન્ત રૂપ કુમુદ (પોંયણા)ના પોષણ કરનારા ચંદ્રસમાન અધર્મ નાશ કરનારાના અધર્મ વંશનો નાશ કરનારા સર્વની પ્રશંસા કરનારા. આપના ચરણકમળનો આશ્રય કરીને ભૂમિ ઉપરના ભક્તજનો દિવ્ય સ્વરૂપને ધારીને દિવ્યધામને પ્રાપ્ત કરે છે એવા, ભક્તોને આપ પોતાની પાસે જ વાસ કરાવો છો એવા સંતોને આનંદ આપનારા એવા, હે પ્રભુ ! આપની તે ભક્તજનો ભક્તિ કરે છે તે સંતો મહંતો અખંડ આપના સ્વરૂપમાં મનને જોડી રાખે છે. હે પ્રભુ ! માપના ચરણકમળની ભક્તિથી રહિત બ્રહ્મપણાનાં અભિમાનને હરનારા હે હરિ ! આપના ભવસાગરરૂપી અર્ણવમાં પડતાં અનંત જીવોને આપ નેત્રથી જુવો છો તે જ જીવો વારંવાર જન્મમરણનાં મહાદુઃખોને પામે છે. હે દેવના દેવ ! કર્માનુંસાર દંડને દેનારા અસુરો ઉપર દયા નહીં રાખનારા આપ છો. હે પ્રભુ ! અમે આપના દાસના દાસ છીએ. તો આપના ચરણકમળનો સ્પર્શ થયેલા રજકણનો આશ્રય કરીને રહેલ આપના દાસ જાણીને અમારા દિલના દોષોને બાળનારા એવા, હે પ્રભુ ! અમે આપની પાસે આપના ચરણકમળનો આશ્રય જ માંગીએ છીએ. આપના ચરણની અખંડ ભક્તિ થાય એવી કૃપા કરો. હે મુનિપતિ ! આપ દિલમાં દયા લાવીને અમને અતિ જ્ઞાનનું સુખ આપો. આપના ચરિત્રનું જ્ઞાન સુખ આપો. આવી રીતે ત્રણે દેવો બધા ભયને હરનારા શ્રીહરિની સ્તુતિ કરતા હતા.

હે રાજન્ ! આવી રીતે ત્રણે દેવો શ્રીહરિ ભગવાનની અલગ અલગ સ્તુતિ કરતા હતા તે તમને કહું છું. તે બધું આનંદ રાજન્ તમે સાંભળો.

આ રીતે શ્રીહરિ સોરઠ કાઠિયાવાડ દેશમાં વિચરણ કરીને પોતાના આશ્રિત ભક્તજનોને સુખ કરીને મહારાજ સર્વ જગતના ઈશ્વર મહાપ્રભુ પોતાનું ધામ જેતલપુરમાં આવીને નિવાસ કરતા હતા.

ત્યાં તેજના ગોળા દેખાંણાં. તેમાંથી બ્રહ્મા વિષ્ણુ શંકર ત્રણે દેવે ભગવાનની સ્તુતિ કરી એવી રીતના આ શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપમાં બાવીસમો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં નવમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ ગુરુ આનંદ રાજાના સંવાદમાં જેતલપુરમાં ત્રણ દેવો શ્રીહરિનાં દર્શન કરવા આવ્યાં. તે આશ્ચર્ય તથા સ્તુતિ કરી તેનું વર્ણન કરીને કહ્યું એ નામે બાવીસમો તરંગ પૂર્ણ થયો. ॥૨૨॥**

# તરંગ-૨૩

દર્શન કરવામાટે ગોળા રૂપે ત્રણે દેવો પ્રભુ પાસે આવીને ત્રણે દેવોએ શ્રીહરિની જુદી જુદી સ્તુતિ કરી તેની વાત મને હે અયોધ્યાપ્રસાદ ! પ્રેમભાવથી વેદની શ્રુતિના સિદ્ધાંતોની સારી રીતે વર્ણન કરીને સમજાવો. સ્તુતિ કરતા દેવતાઓનો પ્રેમ જોઈને એમને ભગવાન શ્રીહરિનો કેવો દઢભાવ ભરેલો મહિમા છે તે પૂર્ણ રીતે સમજાવો.

અવદપ્રસાદજી મહારાજ કહે છે, હે રાજન ! શ્રી ઘનશ્યામ પ્રભુનાં લીલા ચરિત્રોને મનના અતિભાવપૂર્વક કહું છું તેને તમે ધ્યાન દઈને સાંભળો. જે ત્રણે દેવોએ અલગ અલગ રીતે સ્તુતિ કરી તે વાત કહું છું તે સાંભળો. આમ રાજાને સાવધાન કરી તે અયોધ્યાપ્રસાદજી મહારાજ અતિ સાવધાન થઈને શ્રીહરિને હૃદયમાં ધારીને ત્રણે દેવોએ જે સ્તુતિ કરી હતી તે કહેવા લાગ્યા. જગના પાલક વિષ્ણુ ભગવાન કહે છે, હે જગદીશ પ્રભુ ! મુનિઓના સ્વામી પૃથ્વી ઉપર મનુષ્ય સ્વરૂપને ધારણ કરીને લોકોને સુખ કરવા ભવનાં બંધનને તોડવા માટે બધી જગ્યાએ વિચરણ કરીને પામર જીવોને મુક્ત બનાવો એવા હે પ્રભુ ! આપનો જય જય થાઓ.

અપનાં ચરિત્રગુણોને મુનિજનો સમુહમાં ગાયા જ કરે છે. લોકોને ઉપદેશ કરે છે. તેમાં સારા છંદો પ્રબંધો સારી રીતે ગાઈ રચીને સમજાવે છે તથા અનંત સિદ્ધિઓ આપના ચરણકમળનું હંમેશાં સેવન કર્યા જ કરે એવા હે મહાપ્રભુ ! આપ સૌને સુખ આપનારા છો. જોગીઓ મુનિજનો વનમાં જઈને અંતઃકરણમાં આપનું ધ્યાન ધર્યા કરે છે એવા સર્વ જગતના કારણરૂપ પરમપુરુષ એમના પતિ અક્ષર મુક્તોના સ્વામી આપ જ છો એવા હે પ્રભુ સર્વોપરિ છો.

અનંત મૂર્તિ એવા આપના અનંત ભક્તો ચરણકમળનું સેવન કર્યા કરે છે. ષટભેદયુક્ત આપના પૂર્ણ સ્વરૂપને ધરનારા આપનામાંથી જ સર્વ અવતારો થયા છે. મુનિજનો ગુણવાનજનો સંતો એકાંતિક ભક્તજનો સદાયને માટે આપનાં ચરણકમળનું સેવન કરે છે. આપના ગુણને ગાય છે પણ જેના મનમાં અહંમમત્વ (આત્માભિમાન)મય વાતાવરણ છે તે આપના મહિમાને નથી જાણતા એવા આપ મહાન છો. હે નાથ ! આપની જ્યારે કૃપાદૃષ્ટિ કરો છો ત્યારે પોતાના આશ્રિત ભક્તોના મનમાં અતિ આનંદ થાય છે. આપ ભૂમિ ઉપરના પાપોનો ભાર દૂર કરો છો અને વિધિપૂર્વક ધર્મનું સ્થાપન કરો છો. ભક્તોના મનમાં અતિ આનંદ કરો છો. એવા આપ મહાન છો. કળિયુગના કરેલાં કર્મોનો નાશ કરીને સત્યુગના ધર્મ સ્થાપીને ભક્તજનોને દયા કરીને સુખ આપનાર મહાયાગ કરીને પૃથ્વી ઉપર મહા ઉત્સવો કરીને દેવોનાં સુખકાર્ય કરનારા છો. પૃથ્વી ઉપર મહાપ્રભુ આપે એકાંતિક ધર્મને સ્થાપન કરીને નરનારિજનોને એકાંતિક આશ્રિતો કર્યા એવા હે પ્રભુ ! આપ

અવતાર ધારીને અનંત જીવોનાં કલ્યાણનાં કાર્યો કર્યાં એવા આપના જેવા આપના સામર્થ્યને તે પાર કરે તેવા કોઈ થવા સમર્થ જ નથી. હે મહાપ્રભુ ! આપે આ ભૂમિ ઉપર અવતાર ધરીને જીવોને અનંત અપાર ઐશ્વર્ય પ્રતાપ જણાવ્યો, તેને શેષજી હજારો મુખેથી ગુણોને ગાય છે તોય તે કોઈ રીતે પારને પામી શકતા જ નથી. એટલા માટે અમારી ઉપર કૃપા કરીને હે નાથ ! આપના સગુણ સ્વરૂપનો અભાવ ન આવે અને આપનો અવતાર ભવને પાર કરવા માટે નૌકારૂપે થયો છે. અમારું મન સદાય આપની મરજી પ્રમાણે જ વર્તનારું થાય. આપની આજ્ઞાનો લેશમાત્ર લોપ ન થાય એવી અમારી ઉપર કૃપા કરજો.

આવી રીતે ત્રણે દેવો શ્રીહરિ મહાપ્રભુને પ્રણામ કરીને બંને હાથ જોડીને નમન કરીને કહે સદાય આપની પાસે અમે રહીએ એવી વિનંતી કરી, આ અવતારી સ્વરૂપને દૃઢ મનથી હૃદયમાં ધારીને અમારા અંતરમાં વાસ કરજો. આમ પ્રાર્થના કરતા હતા. હે પ્રભુ ! આપ તો અતિ સમર્થ છો. આપ તો સર્વના ઉપરી સર્વનામને હરનારા ધરા ઉપર મનુષ્ય સ્વરૂપનું ધારણ કરીને સત્યધર્મનું સ્થાપન કરીને ભક્તજનોના મનને આનંદ આપનારા તથા ભક્તજનોનાં મનોહર કલ્યાણના કાર્યો કરીને અતિ મનોહર સ્વરૂપનું સુખ આપનારા રાજાઓના રાજા સર્વના અધિરાજ રહેનારા એવા આપના ચરણકમળને સંતો સદાય સેવ્યા કરે છે એવા નિર્ગુણ મૂર્તિ દિવ્યસ્વરૂપ સુખને આપનારા અનંત કોટિ બ્રહ્માંડોના સ્વામી કમલનયન મહાપ્રભુ ભક્તજનોના ભયને હરનારા, અનેક સુખ આપનારા. આવી રીતે વિશ્વપાલક શ્રીહરિનો નિશ્ચય કરીને સ્તુતિ કરીને પ્રભુને નિરખીને દર્શન કરીને મનમાં ખૂબ જ રાજી થયા. પ્રભુના નામનો જપ કરતા હતા. જગતસૃષ્ટા બ્રહ્માજી હાથ જોડીને સર્વના જીવનપ્રાણ પ્રભુનાં દર્શન કરીને ગદ્‌ગદ્ વાણીથી ધ્યાન ધરીને પ્રાર્થના કરતા હતા. અંતરમાં ઉતારતા હતા. પ્રભુના અંગોઅંગની શોભા અલૌકિક જોઈને નિર્ખી નિરખીને મન ખેંચાતું હતું. નખશિખા પર્યંત નિરખીને ચિંતવીને મનોહરમૂર્તિને ચિંતવીને બ્રહ્માજી અતિ આનંદ પામતા હતા. કહેતા હતા કે જગતના ઉત્પત્તિ સ્થિતિ લયના કરનારા આપનો જય જય થાવ. આ ભૂમિ ઉપર ધર્મને સ્થાપવા માટે અનંતકોટિ જીવોના પાપોને બાળીને પરમસુખને આપનારા આપ જ છો.

હે મહાપ્રભુ સર્વ ઈશના ઈશ ! સર્વ સંતોની સાથે અમો આપને નમન કરીએ છીએ. હે પ્રભુ ! આપને કોઈ પહોંચી શકે તેમ જ નથી. આપે તો કામક્રોધને વશ કરીને જીવોને બોધ આપો છો. સર્વેને સમજાવીને જણાવો છો. સર્વના મનને અતિ આનંદ આપનારા સર્વના રાજરાજશ્રી સુંદર કમલ લોચનવાળા આપ જીવોના ભવસાગરમાંથી મુક્ત કરીને ભક્તજનોને મહાસુખને આપો છો. એવા આપના ગુણને તો શેષજી તથા મહેશ્વર પ્રભુ પણ પૂર્ણ રૂપે ગાઈને પાર નથી પામી શકતાં, ગાયા જ કરે છે. એવાં અપાર ગુણોને કોઈ પાર નથી કરી શકતું તો જીવો તો ક્યાંથી પાર પામે તથા ષડશાસ્ત્રો તમારા વેદના છંદો આપના ગુણને વર્ણવે છે. તેનાથી ભૂમિના પાપનો ભાર હળવો થાય છે. એવા નિર્મળ નિર્ગુણમુનિ સર્વોપરી નાથ આપ સંતજનોની સાથે મુમુક્ષુજીવોને આનંદસુખ આપો છો. અને આ ધરા ઉપર ધર્મને ધારણ કરીને આપ ધર્મનંદન પ્રભુ આપની આજ્ઞા મુજબ ધર્મનું પાલન કરે છે. એવા મનોહર મૂર્તિ આ રૂપે આપ સર્વ પ્રકારે ધર્મનું પાલન કરો છો. સર્વને એક સાથે ઉપદેશ કરીને અનંત જીવોનાં ભવબંધનને તોડનારા આપ જીવોનાં કર્મબંધનને તોડવા માટે આપ વિચરણ કરતા મનના માનને મારતા થકા અનંતનાં કાર્યને કરો છો. તથા સુંદર શ્વેતદ્વિપધામમાં વાસ કરનારા મુક્તે નિરંજન મુક્ત આપનાં ચરણનું કાયમ સેવન ધ્યાન કર્યા કરે છે. આપના ગુણચરિત્રનું ગાન કર્યા કરે છે. આપની આજ્ઞાને ક્યારેય લોપતા નથી. આવાં મહાપ્રભુ આપ મહાવિશાળ બ્રહ્મપુરધામમાં કાયમ માટે નિવાસ કરીને રહો

છો. એવા અલૌકિક મૂર્તિ આપના ગુણને ગાતાં થકાં, જીવો કાળનો પણ પરાભવ કરીને ધામને પામે છે. અનંત બ્રહ્માંડોના અધિપતિ હે પ્રભુ ! વેદો હંમેશાં આપની સ્તુતિ કર્યા જ કરે છે. આપના નામ મંત્રનો જપ કરવાથી પાપો બળીને નાશ પામે છે એવા દિવ્યસ્વરૂપ વાળા હે મહાપ્રભુ ! સંસારરૂપી મહાસાગરને પાર કરાવનારા પોતાના એકાંતિક ભક્તોનાં કાર્ય કરનારા પાપને બાળનારા અધર્મીઓના નાશ કરનારા. સર્વલોક ધામોના અધિપતિઓના અધિપતિ એવા પૃથ્વીના ભારરૂપ પાપનો નાશ કરનારા જગનાં તીર્થોને પાવન કરનારા લોકોનો ઉદ્ધાર કરનારા સાત્વિક ભાવનાવાળાના મનને ભાવનારા. કપટી માયાવીઓને ભગાડનારા અભિમાની અક્કડને નમાવનારા ગુણવાનજનો તમારા ગુણચરિત્રને ગાય છે. ષડ્દર્શન ઉપનિષદો પુરાણો ઉપદેશ કરનારા. માનીજનોના માનને તોડનારા કુપંથીઓના કાદવરૂપી માર્ગને કાપનારા કમળની પાંખડી સમાન વિશાળ નેત્રકમળવાળા ચંદ્રની કાંતિસમાન મનોહર શોભાવાળા. મનોહર હસ્તકમળવાળા જન્મમરણના ભવરોગને મટાડનારા અતિ કોમળ હૃદયકમળવાળા, કળીના ક્લેશનો નાશ કરી પવિત્ર વાતાવરણ કરનારા એવા શ્રીહરિ ભુમંડળમાં સતયુગના ધર્મને સ્થાપન કરીને અનંત આશ્રિત જીવોનો ઉદ્ધાર કરનારા, તર્કવિતર્કને કાપનારા દુષ્ટને દબાવીને તાવનારા મહાપ્રભુ. રજોગુણ તમોગુણના સ્વભાવાળા બ્રહ્મા, વિષ્ણુ, શિવ આદિક આ જગતના સર્જન આદિક કાર્ય કરનારા અમો આપના વચનને અનુસાર રહેનારા છીએ. હે પ્રભુ ! અમો તમારી આજ્ઞા ખૂબ જ ધ્યાન રાખીને પાળીએ છીએ. અમે સહેજ પણ આળસ કરતા નથી. આજ્ઞા લોપતા જ નથી. એટલા માટે હે પ્રભુ ! અમોને આપના દાસ જાણીને આપના ભજનનું અધિક સુખ આપજો એવી પ્રાર્થના કરીએ છીએ. હે મહાપ્રભુ ! આપ અમારી ઉપર રાજી રહેજો. કૃપા કરીને અમારાં મનનાં કાર્યોને પૂર્ણ કરજો. અમારું મન આપનાં ચરણકમળમાં જોડી રાખજો. એવાં મનોહર ચરણ મુનિજનોના મનને અતિ ભાવે છે.

હે મહાપ્રભુ ! અમોને આપ એકાંતિકી ભક્તિ આપજો. જેથી કરીને અમો આપની સેવા પરિચર્યા કરી શકીએ. હે પ્રભુ ! આપ અમને આપના દાસના દાસ જાણીને આજ્ઞા કરો તે અમે સર્વ કાર્ય કરવા તૈયાર જ છીએ. કૃપા કરીને આજ્ઞા કરો. હે સહજાનંદ સ્વામી મહાપ્રભુ ! આપે આ પૃથ્વી ઉપર બધા જ અવતારોને ધાર્યાં છે એવા આપ સર્વ અવતારના અવતારી છો. હે ધર્મનંદન મહાપ્રભુ ! જગતને વંદન કરવા યોગ્ય છંદો વેદો આપના ગુણોને કાયમ ગાયા જ કરે છે તોય ગાવામાં પાર નથી પામી શકતા એવા સર્વના પિતા જગતના તારનારા ભક્તોના ભવના વિઘ્નને તોડનારા, આપના વિશેષ ગુણોને શેષ શારદા ગાઈને વિસ્તારે છે તથા અગણિત ચંદ્રમાઓ કરતાં અધિક ઐશ્વર્ય તેજવાળા, આપ આ ભૂમિ ઉપર પ્રગટ થયા છો. અશરણ શરણે આવેલાને સુખ આપનાર સહજાનંદ સ્વામી સર્વના ભવભયને હરણ કરીને સુખ આપો છો. ક્ષીર સાગરમાં વૈરાજ નારાયણ પ્રગટ થયા એમના નાભિ કમળમાંથી બ્રહ્માજી જગતના સર્જક ઉત્પન્ન થયા એવા આપ જગતના તાત છો. જગતને વંદન કરવા યોગ્ય આપ છો. આમ સ્તુતિ કરીને શ્રીહરિના ચરણકમળને હૃદયમાં ધારીને વંદન કર્યાં. ત્યાર પછી મનમાં આનંદવાળા થઈને મૌન રહ્યા ત્યારે મુંડમાળાને ધારણ કરીને આકાશમાર્ગે ચાલતા, ભાગ્યમાં લખાયેલું તે પ્રમાણ પ્રભુ પાસે આવ્યા દર્શન કર્યાં. સ્તુતિ કરવા લાગ્યા. હે સર્વના નાથ ! સમર્થ આપનો જયજયકાર થાય. હે જગતના કારણરૂપ એવા આપનો મહિમા પણ સર્વોપરી જ છે. હે સહજાનંદ સ્વામી ! આપનો જયજયકાર થાય આપ અજન્મા છો નિર્વિકાર છો. સર્વ દોષોથી પર છો. બ્રહ્માદિ દેવો આપના ચરણની રજને પોતાનાં મસ્તક ઉપર ધારે છે. ઈશ્વરો અંશાંશો સર્વના કારણ એક આપ જ છો. આપ સર્વના ઈશ્વર જ છો. પોઠિયો જેમનું વાહન છે એવા સદાશિવ પ્રભુ આમ સ્તુતિ

કરીને નેત્રોમાં આનંદાશ્રુ લાવીને બંને હાથ જોડી મસ્તક નમાવી વંદન કર્યાં અને સર્વોપરી પ્રભુનું જય જય ધર્મકિશોર કહીને સ્વતન પાન કરતા હતા. હે પ્રભુ ! આપ સર્વ જગતના કારણ છો આપના અનંત ગુણોને શેષજી ગાયા જ કરે છે આપ સર્વોપરિ સર્વના નાથ સમ્રાટ છો. આપના હાથ અશેષ મહાન છે. આપનાં ઐશ્વર્યો અનંત અગણિત છે. અણિમાદિક અનંત મુક્તો આપના ચરિત્રનું ગાન કરતા થકા હંમેશાં આપની સેવા ભક્તિ કર્યા જ કરે છે. હે ધર્મનંદન મહાપ્રભુ ! આપ સત્યધર્મને ધારનાર જગતને વંદન કરવા યોગ્ય ધીરતાવાળા ભક્તજનોનાં ભવબંધનના ભીડ ભયને હરો છો. ભક્તજનોને આનંદ આપો છો. કમળનેત્રવાળા કોઈ પ્રકારના જયની આશા વગરના નેત્રનાં દર્શનનું સુખ આપનારા અસુરોનો પરાભવ કરનારા અલખને જગાવનારા સર્વને શાંતિ આપનારા જેમના ચરણકમળની સેવાને શિવ વિષ્ણુ બ્રહ્માજી તત્પરતાથી સેવે છે. હું (શિવ) વિષ્ણુ, બ્રહ્મા તમારા ગુણનું ગાન કરીને તેનાથી જન્મમરણના ભયને તરી જાય છે. અનંત બ્રહ્માંડોની ઉત્પત્તિ સ્થિતિ લયના કરનારા આપ જ છો તે પ્રસિદ્ધ જ છે. આખું જગત સર્વના ઈષ્ટદેવ જાણીને આપનું સેવન કર્યા કરે છે. તમે અનંત કોટિ બ્રહ્માંડોના અધિષ્ઠાતા બ્રહ્મા વિષ્ણુ શિવના સ્વામી છો. સર્વના નિયંતા અજિત એવા આપે કામ ક્રોધ આદિને જીતીને વશમાં કર્યાં છે. આપના મહાન પ્રતાપને જાણીને અનંત મુનિજનો સેવા કર્યા કરે છે. ષડ્ચક્રને ભેદીને જોગીજનો વનમાં જઈને આપના સ્વરૂપનું ધ્યાન ધરે છે. આપના નામનો મંત્રજાપ કર્યા કરે છે. તેજ પ્રગટ પૂર્ણબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુ આપ પ્રગટ થઈને મહા અલોકિક સુખ આપો છો. નવીન મેઘસમાન શ્યામ મનોહર શરીરવાળા અને શ્વેત વસ્ત્રોને ધારણ કરીને જાનુપર્યંત લાંબા હસ્તકમળવાળા મહારાજ ભુમંડળનાં મહાભયંકર પાપના ભારને હરનારા મહારાજ સુંદર મનોહર આભુષણોને ધારનારા તથા હસ્તકમળમાં કડાં કંકણને ધારેલાં શિર ઉપર મુકુટને ધારણ કરેલા એવા જગતના પતિ જગતના બીજરૂપ સર્વજગતનાં રૂપોને ધારનારા આપ સ્વયં જ છો.

હે મહારાજ ! આપ જ્યારે જગતની ઉત્પત્તિ (સર્જન) કરવાનું ધારો છો ત્યારે આપની કેવળ દૃષ્ટિ કરવાથી જ બધું સર્જાય છે ત્યારે અક્ષરધામમાં રહ્યા થકા જ આપના સંકલ્પથી મહાપુરુષનાં રૂપો પ્રગટ થયાં પણ તે મહાપુરુષને જગાડવા આપે પ્રવેશ કર્યો અને મૂળ માયાની સાથે રહીને બંને મળીને તે માયામાંથી પુરુષ અને પ્રકૃતિના અનંત કોટિ જોડલાં ઉત્પન્ન થયાં. આમ સર્જન થયું. જેમનું નામ પ્રધાનપુરુષ છે તે પ્રગટ થયા. એમાંથી જગત ઉત્પન્ન થયું. આ બધાંમાં હે પ્રભુ ! આપ જ ઓતપ્રોત રહો છો. સર્વના કર્મનાં ફળને આપનારા આપ જ છો. એમાંથી અનંત કોટિ ઈંડ બ્રહ્માંડોની ઉત્પત્તિ થઈ. એ બધી વાતોમાં એક જ આપ પ્રભુ જ સત્યસ્વરૂપ એક જ પ્રમાણરૂપે રહેલા છો. હે મહાપ્રભુ ! આપની દૃષ્ટિ માત્રથી જે ઉત્પન્ન થયા તે પુરુષ નામે પ્રધાનપુરુષ થયા તે પ્રધાનપુરુષ થકી મહતત્ત્વ થયાં. મહાતત્ત્વમાંથી અહંકારનો ઉદ્‌ભવ થયો. તે રજ તમથી ચોવીસ તત્ત્વો થયાં. તેમાંથી જીવ ઈશ્વરા આદિક આખા જગતની ઉત્પત્તિ થઈ તે વૈરાજના મનના સંકલ્પથી થયું. વૈરાજના નાભિકમળમાં કમળ ઉત્પન્ન થયું તે કમળમાંથી બ્રહ્માજીની ઉત્પત્તિ થઈ. એમનાંથી સર્વ જગતની ઉત્પત્તિ થઈ એમ માનવામાં આવે છે. તે વૈરાજના ભાલમાંથી ચંદ્રમાની ઉત્પત્તિ થઈ તે જ અમારા સ્વામી થયા. તે વૈરાજપુરુષના હૃદયથી જગતનું પાલન કરનારા સમર્થ થયા. તેમનાથી ત્રણ દેવો જગતમાં પ્રસિદ્ધ થયા. તેની બધી જ કથા મેં કહી. તે જ જગતનું સર્જન પાલન વિનાશ કરનારા થયા છે. તે પોતાના જુથની સાથે જ રહે છે. હે મહાપ્રભુ ! ક્યાં અતિ અધિક પ્રતાપવાળા આપ તો સર્વના ભગવાન કહેવાઓ છો. આપની આગળ અમે આપના ચરણકમળના દાસ છીએ. અમે તો આપની આગળ અતિ તુચ્છ

જ છીએ. જેમ કીડી અને હાથીનો મેળાપ અસંભવ છે. તે પ્રમાણે જ અમારે ને જીવની સ્થિતિ કહેવાય છે. આપે તો આ વખતે અતિશય કરુણા કરીને આપના પ્રતાપની સાથે અહીં પધાર્યા છો તે મોટી કૃપા જ છે. અનંત વિષ્ણુઓ બ્રહ્માઓ શંકરો સર્વે આપનાં ચરણકમળનું અંતઃકરણમાં ચિંતવન કરે છે. આપને સર્વકારણના કારણ જાણીને કૃપાળુ આપ શ્રી ઘનશ્યામનું નામ જપ્યા જ કરે છે. હે પ્રભુ ! આપ આજે આ ભૂમંડળનાં જીવોનાં જન્મમરણનાં ફેરાનાં બંધનો તોડ્યા અવતાર ધારીને અનંત લીલા ચરિત્રોને કરીને આપના ભક્તજનોને મનમાં મહાસુખ આપો છો. એવા હે પ્રભુ ! આપના ભક્તજનોને મનમાં મહાસુખ આપો છો. એવા હે પ્રભુ! આપ પ્રગટ થઈને શરણે આવેલા જીવોનાં કષ્ટને હરીને પરમસુખને આપો છો એવા હે સર્વોપરિ સહજાનંદ સ્વામી આપનો સર્વત્ર જયજયકાર થાય.

આવી રીતે ત્રણે દેવો જુદી જુદી પ્રાર્થના પ્રેમથી કરતા હતા. ત્યાર પછી ત્રણે દેવો તે જ સમયે પ્રભુની સ્તુતિ કરીને દર્શન કર્યાં. સર્વોપરી વેદોની શ્રુતિઓ જેના ગુણને ગાય છે. એ પ્રભુનાં દર્શન કરવા આવ્યા. પ્રભુ પાસે આવીને પ્રભુનાં મનોહર સ્વરૂપને પોતાનાં અંતરમાં ધારીને શ્રીહરિનાં ચરણકમળમાં નમન કરીને મસ્તક નમાવીને પછી ત્યાંથી ત્રણે દેવો પોતપોતાના સ્થાને ગયા. ત્રણે દેવો જેવી રીતે આવ્યા હતા. તેજ રીતે ત્યાંથી તેજના મોટા સમુદાયની સાથે ગયા. તેને જોઈને સર્વે સંતો અને નરનારિજનો અતિ આનંદ પામતાં હતાં. આમને આમ સવારનો પહોર થયો ત્યારે સર્વેજનો પ્રભુને પ્રેમભાવપૂર્વક પૂછતા હતા. હે પ્રભુ ! આ તેજના ગોળાઓ આવેલા, તે સુંદરતા અગણિત તેજનાં સમુદાયનું અમને સાચું જ્ઞાન સમજાવો. આ રીતે જનસમુદાયના પ્રશ્નો સાંભળીને મહાપ્રભુ પોતાના ભક્તજનોના મનને આનંદ કરવા માટે રાજી થઈને આ ત્રણે દેવો અમારાં દર્શન કરવા આવ્યા હતા. (બ્રહ્મા, વિષ્ણુ, શિવજી ત્રણે દેવો આવ્યા હતા). તે ત્રણે દેવો દરરોજ અમારાં દર્શન કરવા આવતા હતા. અમે આજે ઇચ્છા કરી એટલે બધાના મનના આનંદનો વધારો કરવા રાત્રે એમનાં તમને દર્શન થયાં છે. હે રાજન ! આવી રીતે શ્રીહરિ સ્વામિનારાયણ મહાપ્રભુનાં વચનો સાંભળીને રાજી થયાં. સર્વે મહાપ્રભુનો અધિક મહિમા સમજતાં હતાં. માટે સર્વ અવતારના અવતારી સર્વના શિરતાજ શિરોમણિ જાણી આ ધર્મકુંવર પ્રભુ એ જ સર્વોપરિ છે એમ જાણતાં હતાં.

ત્રણે દેવો શ્રીહરિ દયાળુ મહારાજનાં દર્શન કરવા આવ્યા ત્યારે તે જનો અતિ મોટો ગોળો જોઈને આશ્ચર્ય જોવા માટે ભક્તજનો ત્યાં પ્રભુ પાસે આવ્યા. પ્રભુનાં દર્શન કરીને ગયા પછી પ્રભુને પૂછવા આવ્યા. સમાચાર જાણીને જેતલપુરગામમાં બનેલી વાત બધી જ વર્ણવીને જણાવી.

ત્યારે દેવોએ શ્રીહરિની જુદી જુદી સ્તુતિ કરીને તેનું વર્ણન કર્યું. એવી રીતે આ ત્રેવીસમો તરંગ પૂર્ણ થયો. આમ શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપે આ તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં નવમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદ રાજાના સંવાદમાં શ્રહીરિએ જેતલપુરમાં નિવાસ કરીને લીલા કરી તેમાં ત્રણ દેવોએ પ્રભુની સ્તુતિ કરી એનું વર્ણન કર્યું એ નામે ત્રેવીસમો તરંગ પૂર્ણ થયો. ॥૨૩॥**

# તરંગ-૨૪

આનંદ રાજા કહે છે, હે અવધપ્રાસદજી મહારાજ ! લોકોનાં કલ્યાણનાં કાર્યો કરવા માટે પ્રભુ સહજાનંદ સ્વામી અનેક ચરિત્રોને કરતા હતા તે મને કહો. કેમકે મહાપ્રભુ પાસેથી ત્રણે દેવો ગયા પછી મહાપ્રભુએ કયાં કયાં નવાં ચરિત્રો કર્યાં તે વર્ણવીને કહો. એ મહાપ્રભુનાં ચરિત્રો સાંભળ્યા વગર મન સાવ શુન્ય થઈ જાય છે એવાં ભગવાનનાં અદ્‌ભૂત ચરિત્રો છે એ ચંચળમૂર્તિ મહાપ્રભુનાં ચરિત્રો સંભળવા માટે તો પહેલાંનાં પુણ્ય ઉદય થયાં છે શ્રીહરિ જેતલપુરમાં યજ્ઞ કરીને નિવાસ કરીને રહ્યા ત્યારે ભક્તોને અને સંતોને જે સુખ દીધાં તે ચરિત્રો મને કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે રાજન્ ! તમારો રાજાનો વંશ તો ધન્ય ધન્ય છે. કેમકે તે તો હંસસમાન પ્રશંસા કરવાપાત્ર છે. તે વંશથી અધર્મનો નાશ થાય છે. સત્યધર્મનો પ્રકાશ થાય છે. જે જન ભગવાનનાં ચરિત્ર વેદની શ્રુતિ સમાન સાંભળે છે તે ભાગ્યશાળી જીવ અક્ષરધામને પામે છે માટે હું તમને વાત કહું છું. તે સર્વે સત્ય જ છે. મેં જોયેલી છે તે કહું છું. તે સાંભળો જ્યારે શ્રીહરિની પાસેથી ત્રણે દેવો સ્તુતિ કરીને ગયા તે પણ જેવી રીતે આવ્યા હતા. તેવી જ રીતે ત્યાંથી ગયા એમ જાણવું. પછી પ્રગટ પ્રભુ જે કહેતા હતા. તે બધી જ વાતો ખૂબ જ વિચારીને કહું છું. ત્યાર પછી મહાપ્રભુ પોતાના આશ્રિત સેવકો સંતોને પાસે બોલાવીને ધર્મનંદન મહાપ્રભુ સારી રીતે નિરખીને ખૂબ જ નજીક થયેલા સંતોને કહેતા હતા. આ સામૈયો થયો તેને વિચારીને જાણી લેજો આનાં જેવો બીજો ક્યાંય ન હોય. એવો થયો અને હજી પણ આવા જ બીજા સામૈયા થશે. એવો અદ્‌ભૂત આ સામૈયો થયો છે. ખૂબ જ પ્રેમભાવથી ખૂબ જ વિશેષ વખાણ કરતા હતા. આમ જ્ઞાનચર્ચા કરતાં થકાં દશ પંદર દિવસ નિવાસ કરીને રહેતા હતા. ત્યાર પછી મહાપ્રભુ સંતોને આજ્ઞા કરતા હતા કે તમે સર્વે અતિ રાજી થઈને ગામોમાં ફરવા માટે ઉપદેશ કરવા જાવ. યજ્ઞ કરવાનો થશે ત્યારે આવજો. આમ કહીને મહાપ્રભુ પોતે પણ ભક્તજનોને સુખ આપવા માટે ચરોતર ભગવાન ભક્તજનોના ઘેર પધારતા હતા.

હે રાજન્ ! શ્રીહરિ ચરોતરમાં ઉમરેઠ નામના ગામે પધાર્યા. તે ગામ ખૂબ જ સારું હતું. ત્યાં પોતાનાં આશ્રિત ઘોડેસવારોની સાથે મહારાજ પધાર્યા હતા. શ્રીહરિ પધાર્યાના સમાચાર જાણીને ભક્તજનો ખૂબ જ રાજી થયાં. પ્રભુને તેડવા માટે સામા ગયા. અનેક પ્રકારનાં વાજાંને વગાડતા થકા ભાવપૂર્વક પુરમાં લાવતા હતા. ઉમરેઠ ગામમાં નંદુઠાકર પ્રભુને નિરખીને ભાવપૂર્વક પોતાના સુંદર નિવાસ ધામમાં સંતોની સાથે સુખધામ પ્રભુને અતિ અનંદની સાથે પધરાવતા હતા. શ્રીહરિ અને સંતોને ભાવપૂર્વક ભોજન કરાવ્યાં. ત્યાર પછી ધૂપ દીપ આરતી કરીને પ્રભુના સ્વરૂપનું ધ્યાન ધરતા થકા ખૂબ સારી રીતે સેવા પરિચર્યા કરતા હતા. શ્રીહરિને ભેટ્યા. બે હજાર બસો ચાંદીના રૂપિયા સુંદર ભાવથી અર્પણ કરતા હતા. આમ શ્રીહરિની પ્રેમથી પધરામણી કરાવતા હતા. શ્રીહરિ મહાપ્રભુને ભેટ કરીને ભક્તશિરોમણિએ પોતાની રૂચિ પ્રમાણે પ્રભુનું સન્માન કર્યું. પ્રભુને રાજી કર્યાં ત્યારે પ્રભુજીએ ભક્તના મસ્તક ઉપર પ્રેમથી હાથ મુકીને આશીર્વાદ દીધા. આમ મહાપ્રભુ પોતાના આશ્રિતોને મહાસુખ આપતા હતા.

પછી મહાપ્રભુ ભગવાન ગુણવંતા પ્રયાણ કરતા હતા ને ત્યાંથી પાછા હરિક્ષેત્ર (જેતલપુર)માં પધાર્યા. સર્વ ભુવનોના સ્વામી સર્વના ઈશ્વર મહારાજ ભવિષ્યમાં અહીંયાં મોટો ઉપદ્રવ થવાનો છે એમ જાણીને સાવચેત થયા. ત્યારે શ્રીહરિ મહાપ્રભુ ત્યાંથી તરત જ જલદીથી ઉતાવળા ચાલીને **ચલોડા** નામના ગામે પધાર્યા. પોતાના

આશ્રિત ભક્તજનો જીતબા નામનાં મહાવિશ્વાસી ભક્ત જીતબા માંદાં પડેલાં જાણીને શ્રીહરિ સર્વના નાથ દયા કરીને જીતબાને જોવા માટે પધાર્યા હતા. ભક્તોને દર્શન ચરણ સ્પર્શનાં સુખ દીધાં અને બલભ્રાતા હરિએ ભક્તજનોને ખૂબ જ સુખો દીધાં. હે રાજન્ ! વિહારી પ્રભુ ત્યાં નિવાસ કરીને રહ્યા. ભક્તજનોનાં કામો કરવા સુખકારી પ્રભુ ગયા પછી આજ વાત પ્રસિદ્ધ થતી રહી કે જેતલપુરમાં જાતજાતની વાતો થવા માંડી હતી. જ્યારે યજ્ઞ થયો હતો ત્યારે પ્રભુજીએ વામમાર્ગી શક્તિપંથીઓનું ખંડન કર્યું હતું ત્યારે અસુરોમાં ખટપટ થઈ હતી અને વાતો સાંભળીને વામપંથીઓની મતિમાં અતિ ધુળ પડી ગઈ. ત્યારે તે બધા જ અસુરો એક જગ્યા ઉપર ભેગા થયા હતા. સાથે મળીને તેઓ વિચાર કરતા હતા કે સ્વામિનારાયણ યજ્ઞ કરે છે. તેમાં હિંસાનો વિરોધ કરે છે. અને પોતે અહિંસામય યજ્ઞકાર્ય કરે છે. એટલે તેઓ વામમાર્ગનાં મૂળને ખોદી નાંખે છે. એટલા માટે જ પ્રગટ થયા છે એટલા માટે આપણે બધાય ભેગા મળીને, બધા જ અસુરોએ કાંઈક પ્રયત્ન કરવો જોઈએ. સ્વામિનારાયણ તો ધર્મને ધારીને દઢતાથી અહિંસાનું પ્રતિપાદન કરે છે. માટે આપણે તો હિંમત રાખીને અધર્મ માર્ગમાં હિંસા ચાલુ જ રાખવી છે.

આવી રીતે તે અસુરો ભેગા થઈને સર્વ સમુદાયે અસુરોનાં વચન સાંભળીને બધા પોતાના મનમાં આનંદ પામ્યાં. કહે, તમે ખૂબ જ સારી વાત કરી. ભૂમિ ઉપર બધાંને ભાન થાય તેમ શક્તિપંથને સદાય પૃથ્વી ઉપર વધારતા જ રહેવું જોઈએ. એટલા માટે બધાએ મળીને જલદીથી આના માટે કામ કરવું પડશે. એટલા માટે તમારે બધાને આજ્ઞાને શિર ઉપર ધારવી પડશે. એના માટે કહો કયો ઉપાય કરવો જોઈએ. જેનાથી શક્તિપંથનો સારી રીતે બચાવ થાય એનાં મૂળ ભૂમિ ઉપર જ રહે. અહિંસામય યજ્ઞનો વિનાશ થાય એવો કોઈ ઉપાય હોય તે ઉપાય આનંદથી કરવો જોઈએ. આમ અસુર રાજાનાં વચન સાંભળીને અસુરરાજા કહેવા લાગ્યો. આ કાંમ કરવા માટે સમાજને જણાવવું પડશે. આનાં માટે તમે બધાય સાથે મળીને મારી સાથે ચાલો. આપણે આપણા લોકોનો રાજા છે. તેની પાસે જઈને રાજાને વાત કરીએ તે વાત અતિશય બનાવટ કરીને સારી રીતે સમજાવવાની છે અને તમારે બધાંને રાજા આગળ મારી વાતને હાજી કહીને ટેકો કરવાનો. આવી રીતે તે અસુરરાજનાં વચન સાંભળીને તે અસુર સમુદાય મનમાં ખૂબ જ રાજી થયાં અને સૌ પોતાની મરજીથી રાજાને ભેટ કરવા માટે ભેટ સાથે લઈને જવા તૈયાર થયાં. રાજા પાસે જઈને ભેટ આપતા હતા ત્યારે રાજાની મરજી જાણીને બધી જ અરજ રાજાની પાસે કરતા હતા. આ પૃથ્વી ઉપર જે વાત થાય છે. તે અમે આપની પાસે ખાસ જણાવવા માટે જ આવ્યા છીએ.

હે મહારાજ ગરીબ નિવાજ દયાવાન મહારાજાધિરાજ રાજકુળના દીવા સમાન લોકોનાં સુખનાં કાર્યો કરનારા આજે પાખંડ ધર્મ ભૂમિ ઉપર પ્રગટ થયો છે અને તે ખૂબ જ અહિંસામય યજ્ઞ કરે છે તે પણ વારંવાર કર્યા જ કરે છે. એટલા માટે તો રાજકુળમાં પણ હાનિ થવાનો ભય રહે છે. એટલા માટે તો અમે આપને સાચું જ કહીએ છીએ તે સાચું જ માનજો. કેમકે જ્યારે પહેલો યજ્ઞ કર્યો હતો ત્યારે સ્વામિનારાયણના યજ્ઞના લીધે આપના પિતાનું મૃત્યુ થયું છે એ એમનું મોટું પરાક્રમ છે. જો સ્વામિનારાયણ બીજો યજ્ઞ આપના રાજ્યમાં કરશે તો આપનું જરૂર મૃત્યુ નજીકમાં દેખાય છે. એ અમારું સાચું જ માનજો. માટે તમારું મોત નજીકમાં જ આવશે. માટે આપના મૃત્યુને રોકવા માટે હે મહારાજા ! આના માટે કાંઈક ઉપાય કરો. તેનાથી તમારું સુખ થવાનું છે. કાંઈ ઉપાય નહિ કરો તો તમારું મૃત્યુ જરૂર થવાનું જ છે. એ પ્રમાણે અમને જોવામાં આવે છે. માટે અમે આપને સાચા જ વચનો કહીએ છીએ. સ્વામિનારાયણ જો હિંસામય યજ્ઞ કરે તો કોઈ જાતનું નુકશાન થાય જ નહિ એ નિર્વિવાદ છે. વેદો અને શાસ્ત્રો હિંસામય યજ્ઞનું પ્રતિપાદન કરે છે. એટલા માટે તો દેવો દાનવો સર્વે હિંસામય

યજ્ઞો જ કર્યા કરે છે એ સત્ય વાત જ છે. અસુરો કહે છે કે પ્રાચીન જુના ધર્મમાર્ગોને તોડીને સ્વામિનારાયણે કલ્પિત ધર્મ અપનાવ્યો છે. એમનું નામ સ્વામિનારાયણથી પ્રસિદ્ધ છે. તેઓ અત્યારે **જેતલપુરમાં** યજ્ઞ કરવા માટે તૈયારી કરે છે. એ હિંસા વગરનો અહિંસામય યજ્ઞ કરે છે. તેથી તમને મારવા માટે જ તૈયારી કરે છે. માટે તમો એમનો તરત જ નાશ કરવાનો ઉપાય કરો તો જ તમારું રાજરાજેશ્વર પદ કાયમ માટે સ્થિર રહે. આવી રીતે રાજાને ભંભેરણી કરીને તે અસુરો બધા જ પાછા વળ્યા. ત્યારે રાજાના મનમાં મહા દાવાનળ પ્રગટ થયો. આવી રીતે અસુરોએ પોતાનું સ્વાર્થનું કાર્ય કરી નાંખ્યું. દેવોના દ્વેશીઓ એમણે પોતાના સુખનાં કામો કરી લીધાં. આમ તે રાજાઓ મલ્લ અખાડાને માનનાર એમણે મોટી સંખ્યામાં ફોજને ભેગી કરી. બધી જ ફંદા પૂરા કરવા માટે તૈયારી કરી અગણિત અસ્વારો અને અગણિત પાયદળને અસ્ત્ર-શસ્ત્રો તૈયાર કરીને મોટી સંખ્યામાં આયુધો તૈયાર કરીને સાબદાં કર્યાં ? ત્યારે બધો જ સાજ તૈયાર કરીને સેનાપતિ સુમંત રાજા પાસે આવ્યો. હે, મહારાજા ! મારે શું કામ કરવાનું છે તે કહો ત્યારે રાજા કહે હે સુમંત સાંભળો. તમારે સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે. એમને પકડીને લાવવાના છે. એ કામ તમારે કરવાનું છે. અને સ્વામિનારાયણને અમે બંધી ખાનામાં પુરવાના છે. કેમકે તેઓ લોકમાં ભગવાન કહેવાય છે. એમને ભાન કરાવવા પુરવાના છે અને સર્વે સંતોનું કોઈ જ નામ ન લેશો ત્યાં સ્વામિનારાયણ યજ્ઞ કરવાના છે તો એમને મંજુરી ન આપશો. આ તમારે કરવાનું છે.

ત્યારે સુમંત સેનાપતિએ રાજાની આજ્ઞાને મસ્તકે ધારીને સેનાને ચાલવા તૈયારી કરી દીધી. આના શસ્ત્ર-અસ્ત્રો ધારણ કરીને મસ્ત મનવાળા થઈને ભ્રષ્ટ બુદ્ધિ તત્કાળ જ ચાલવા લાગ્યા. કેટલાક ઘોડે સ્વારો થઈને ચાલતા હતા. પાયદલ પગે ચાલીને જતા હતા. હાથી દળવાળા હાથી ઉપર બેસીને રથચરો રથ ઉપર બેસીને ચાલતા થવા જવા લાગ્યા. સેનાનાં ઢોલ દદામાં જોરજોરથી વાગતાં હતાં. આકાશમાં નિશાન શોભતું હતું. આકાશમાં ઉંચે ધજાઓ ફરકતી હતી. તેથી દેવરાજ ભયભીત થતા હતા. અસુરોની સેના ચાલી આવતી હતી ત્યારે પૃથ્વી ઉપર લોકોને ભય આપતા થકા ઉત્પાત્ત કરતા થકા આવતા હતા ત્યારે ચંદ્ર આદિક સર્વે દેવો અકળાતા હતા. આકાશમાં વિચરનારા જીવો ભયભીત મનવાળાં થયાં. કેમકે તોપોના મોટા અનેક ધડાકાઓ થતા હતા. તેનાથી પોતાનો પ્રતાપ જણાવતાં હતાં અને સેના આવે છે તેની જાણ કરતાં હતાં. આ સર્વે ભગવાન સ્વામિનારાયણને પકડવા માટે જેતલપુરમાં આવ્યા અને ખલનાં દળો ખળદળને ખોળતાં હતાં ત્યારે તેઓ જેમણે જોયા જ ન હતા તેઓ ભય પામતાં હતાં.

પ્રભુ જોવા ન મળ્યા એટલે તેઓ વારંવાર પૂછતાં હતાં. કે સ્વામિનારાયણ ક્યાં છે. એમને તેડવા માટે આવેલા છીએ. રાજાએ એમને તરત જ પોતાની પાસે તેડાવ્યા છે. માટે સાચું જ કહો જે વાત હોય તે સાચી કહો. જો સાચું નહિ કહો તો અમે તોફાન કરીશું. એટલા માટે અમે રાજાની આજ્ઞા મેળવીને આવ્યા છીએ. અમે સ્વામિનારાયણ જે યજ્ઞ કરે છે તેને રોકવા માટે આવ્યા છીએ. માટે હવે તમારે આ જગ્યાએ યજ્ઞ કરવો જ નહિ એવી અહીંના રાજાની આજ્ઞા છે. એમની અનુમતિને ધ્યાનમાં લેવી.

આવી રીતે રાજાના મંત્રીના મુખથી વાત સાંભળીને **મુળજીભક્ત** કહેતા હતા કે ભગવાન સ્વામિનારાયણ તો અહીંથી તો ક્યાંક ચાલ્યા ગયા છે. તે કાલના ગયા છે. એ તો કચ્છ કાઠિયાવાડ દેશમાં ગયા હશે તે ખબર નથી. એ તો બધા દેશમાં નિવાસ કરે છે. તે કોઈ નિર્ધાર ન થાય. કોઈ એક જ જગ્યાએ નથી રહેતા. એટલે તમે કહો છો તોય અમે કેવી રીતે બતાવી શકીએ. તમે કહ્યું એટલે હવે અમે અહીં યજ્ઞ નહીં કરીએ. આજે તો આ જગ્યાએ બ્રાહ્મદેવોનાં અનેક જુથો જમે છે. એને આજથી જમવાનું બંધ થશે. એમનાં અપમાન કરો છો.

જમાડવાથી કાંઈ પાપ નહતું થવાનું. અનંત બ્રાહ્મણોનાં સમુહો જમવાના છે. પૃથ્વી ઉપર લોકોના પતિ રાજા સદાય સુખી રહે તથા પૃથ્વી ઉપર કાયમ સુખ સંપત્તિ રહે. એના માટે જ યજ્ઞ કરવામાં આવે છે. તે તો યજ્ઞનારાયણને રાજી કરવા માટે જ થાય છે. તેનો નિષેધ કરે છે. તે તો એમના માટે મોત નજીક આવેલું છે તે જ જણાવે છે. યજ્ઞ બંધ કરવાની રીત તો આસુરી રીત છે અને ધર્મની સાથે દ્વેષ કરીને પૃથ્વી ઉપર વિરોધ કરે તે યોગ્ય નથી. આનાં માટે તો સ્વયં પ્રભુ પ્રગટ થયા છે. સર્વે સંતો પ્રગટ પ્રભુની આજ્ઞાને પોતાના હૃદયમાં ધારણ કરે છે. એ પ્રમાણે વર્તે છે. હે રાજન ! આવી રીતે અતિ શાસ્ત્રના પ્રમાણરૂપ સર્વ વાતો સમજાવી તે છતાં લેશમાત્ર પણ જ્ઞાન બોધ ન થયો. આમ અસુરોને અતિ અજ્ઞાન થયું હતું. તેથી તેઓ તે જ વારે તર્કવિતર્ક કરતા હતા. અમે તમને ખાસ કહેવા સમજાવવા માટે જ આવ્યા છીએ અને તમારે હવે અહીં આ સ્થાને કોઈ જાતનો યજ્ઞયાગ નહીં કરવાનો એવી રાજાએ વાત કહેવડાવેલ છે. આમ કહીને બધી જ ફોજ ત્યાંથી **જેતલપુરથી પાછી અમદાવાદ** તરફ જતી રહી. આ બધી વાતો મેં તમને જે રીતે બની તે કહી રાજા સાંભળીને ખૂબ જ મનમાં રાજી થયા.

આવી રીતે ફોજ આવી. અને રાજાએ યજ્ઞ કરવાની ના પાડી. સર્વના નાથ સ્વામિનારાયણ પ્રભુ એમને ન મળ્યા. ભગવાન તો ક્યાંક કાઠિયાવાડમાં ગયા હશે. આમ ભક્તજને કહ્યું એટલે બધા જ સંતોની સાથે ફરીને પાછા આવ્યા. આવી રીતની ભગવાનની અનેક વાતો આ જગ્યાએ **જેતલપુર** ધામમાં રહીને કરી. આવી બીજી પણ વાતો છે તે હું તમને કહું છું. પુરુષોત્તમ પ્રભુની અલૌકિક વાતો સુખ આપનારી છે. મહાપ્રભુ **ચલોડામાં** આનંદ આપીને લોકોના ફેલફતુરને હરવા ભવનાં બંધન તોડવા, ફરતા થકા ફેર પાછા **જેતલપુરમાં** પધાર્યા. સહજાનંદ મહાપ્રભુ સુખ આપવા લાગ્યા. ત્યારે બધી જ વાતો શ્રીહરિને ભક્તજને વર્ણવીને કહી કે તમને પકડવા માટે ફોજ આવેલી હતી પણ ભવહરણ આપ તો મળ્યા નહિ એટલે આખો દિવસ રખડીને પછી પાછા ચાલ્યા ગયા. હે મહારાજ ! એ લોકો અહીં યજ્ઞ કરવાની ના પાડીને અહીં હવે કોઈ યજ્ઞ તમારે કરવાના નહીં. આમ મનાઈ કરીને ચારે બાજુ ફરીને ફોજ ચાલી ગઈ. અને આપ આજે પધાર્યા એ સારું કર્યું. સર્વે અસુરો ભૂમિને ભારરૂપ ભેગા થઈને રાજાની પાસે જઈને યજ્ઞબંધ કરાવવા માટેની વાત કરીને ચમકાવ્યો અને રાજાએ મોટા સેના લશ્કરને મોકલ્યું. તે ચતુરંગિણી સેના તરત જ ચાલીને ત્યાં આવી.

આવીને પ્રિતમપ્રાણને શોધ્યા પણ ન મળ્યા એટલે યજ્ઞ કરવાની મનાઈ કરીને ફોજ સર્વે પાછી ગઈ. આવી રીતે ચોવીસમું અભિધાન તરંગના રૂપમાં શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપમાં ચોવીસમું તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં નવમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદ રાજાના સંવાદમાં જેતલપુરધામે યજ્ઞનો આરંભ કર્યો. અસુરનો ઉપદ્રવ થયો એના વર્ણન નામનો ચોવીસમો તરંગ પૂર્ણ થયો. ॥૨૪॥**

# તરંગ-૨૫

આનંદ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! રાજાએ યજ્ઞ કરવાની મનાઈ કરી તથા મુનિઓના સ્વામી શ્રીજી મહારાજે તે જેતલપુરમાં કઈ કઈ લીલાઓ કરી તે બધી જ લીલાઓ મારે જાણવી છે. મહારાજ સારી રીતે કહો. અવધપ્રસાદજી ગુરુ કહે છે, હે રાજન ! તમને ધન્ય ધન્ય છે. કેમકે તમે ધર્મનો આશ્રય કરીને પ્રેમથી ભગવાનનાં ચરિત્રના પ્રશ્નો પૂછો છો એ બધી જ વાતો તમને પ્રેમથી કહું છું. જ્યારે આવેલી ફોજ પાછી ફરી ગઈ ત્યારે શ્રીહરિ પાછા આવ્યા. અવિનાશ પ્રભુ આવ્યા ત્યારે પ્રભુને મુક્તાનંદ સ્વામીએ બનેલી બધી જ વાતો નિવેદન કરીને કહી દીધી. વાતો સાંભળીને શ્રીહરિ મહાપ્રભુ તે ખળ અસુરોનાં કરેલાં કૃત્યને જાણીને તે સમયે કાંઈ કામ જ ન કર્યું અને લૌકિક રીતે રાજાની વાતને વશ થયા. કાંઈ ન કર્યું. આવી રીતની વાતોને જાણીને મહાપ્રભુએ એમની ઉપર ક્ષમા કરી દીધી. એમનાં કાર્યને માન્યતા આપી. ત્યાર પછી મહારાજ **જેતલપુરથી ખેડા** નામના ગામે શ્રીકૃષ્ણ પ્રભુ પ્રેમે કરીને પધાર્યા. શ્રીહરિ સહજાનંદ સ્વામી જ્યારે ખેડાપુર પધાર્યા ત્યારે સમાચાર જાણીને ભક્તજનો સામા દોડીને આવ્યાં. સાથે અનેક પ્રકારનાં વાજીંત્રો વગાડતાં હતા. સ્ત્રીઓ ભક્તજનો કિર્તનો ગાતાં આવતાં હતાં. ગામમાં પધાર્યા ત્યારે સ્ત્રીઓ પ્રભુના ગુણને ગાતાં ગાતાં આવતાં હતાં. અલૌકિક રીતે હાસ્ય કરતા થકાં લોકોના મનોહરતાં થકાં આવતાં હતાં. લોકોના મકાનો જોઈને જગદીશ પ્રભુ જાણતા હતા. સંતો ગુણવંત પ્રભુનાં ગુણને ગાતાં થકાં આવતા હતા. રાજી થતા હતા. પછી મહાપ્રભુ ખેડા ગામમાં ગયા પછી અંગ્રેજ સરકારના અધિપતિઓને મળવા ગયા ત્યારે તેઓ દોડીને સામા લેવા માટે આવ્યા. હાસ્ય કરતા થકા હાથથી શ્રીહરિને હાથ જાલીને કમલનયન પ્રભુને સુંદર પોતાના આસન ઉપર આગ્રહથી બોલીને બેસાડતા હતા. ષોડષોપચાર પદાર્થોથી શ્રીહરિનું પૂજન કરતા હતા. પછી હાથ જોડીને મહાપ્રભુને આવવાનું કારણ પૂછતા હતા. શા કાંમે પધાર્યા છો. ત્યારે શ્રીહરિ મહાપ્રભુ મધુર વાણીથી તરત જ કહેતા હતા. અમે જે કામે અહીં આવ્યા છીએ તે કહીએ છીએ તે તમે સાંભળો. અમે **જેતલપુરમાં** યજ્ઞ કરવાનો આરંભ કર્યો. એના માટે ખૂબ જ પ્રમાણમાં માલસામાન ભેગો કર્યો હતો ત્યારે અમદાવાદના રાજાએ યજ્ઞ બંધ રાખવા માટે માણસો મોકલ્યા ત્યારે અમે બંધ કરાવ્યો. હવે અમે યજ્ઞ કરવા માટે આવ્યા છીએ. એના માટે તમે અમોને સહાય કરો. એ જણાવવા આવ્યા છીએ. ત્યારે અંગ્રેજ સાહેબ શ્રીહરિને હાથ જોડીને કહેતા હતા કે હે પ્રભુ ! **જેતલપુરમાં** અમારું રાજ્ય નથી એટલે અમારાથી કાંઈ કરી શકાય નહિ માટે આપ યજ્ઞનો બધો જ સામાન અહીં લાવી નાખો તો આપને યોગ્ય લાગે તે રીતે કાર્ય થાય. સામાનનાં ગાડાં ભરીને અહીં લવરાવીએ અને તેની બધી જવાબદારી ખબર અમે રાખવા આવીશું. આમ અંગ્રેજ સરકારના અધિપતિઓ **સેરન** અને **રોબર્ડગલિ** યોગ્ય રીતે વાતો કરી દીધી.

એમનાં વચન સાંભળીને ઘનશ્યામ પ્રભુ મનમાં વિચાર કરીને રાજી થયા અને ખેડામાં એક દિવસ રહ્યા. રાત રહીને સવારમાં ત્યાંથી વહેલા આવ્યા અને **(દર્ભાવતી) ડભાણપુરે** પધાર્યા. ત્યાં ડભાણમાં મહાપ્રભુ રાજી થયા તથા **કુબેરજી** ભક્તના ઘેર મેડા ઉપર સુખેથી નિવાસ કર્યો. મનમાં આનંદ આપનાર શ્રીહરિ મહાપ્રભુની સર્વે હરિભક્તો ખૂબ જ સારી રીતે સેવા કરતા હતા.

ત્યારે શ્રીહરિ પલંગ ઉપર બેઠા થકા પ્રેમથી તે સર્વે વાતો ભક્તજનોને કરતા હતા. કહેતા કે **અમદાવાદના રાજએ** અમારું બધું જ કામ બગાડી નાંખ્યું. ભુમિપતિ રાજા ખૂબ જ અધમ મતિનો થઈ ગયો છે.

જેતલપુરમાં બ્રાહ્મણોનો સમુદાય ખૂબ જ સારી રીતે જમતો હતો અને જય જયકાર કરતો હતો. આનાથી

યજ્ઞ વડે દેવોનો સમુહ યજ્ઞ ભાગ લઈને સારા રાજી થાય. આમ તૈયારી કરેલ એના વચમાં વિઘ્ન કરનાર મંદમતિએ યજ્ઞ કરવાની મનાઈ કરી દીધી.

આમ સર્વ ભક્તજનોને સર્વના સમરથ જગદીશ મહાપ્રભુ સર્વને જણાવતા હતા. સર્વના અંતરર્યામી સર્વને સુખ આપતા હતા તોય કર્તા થકા અકર્તા થયા અન્યથા કરનાર પણ આપ જ છો. સર્વ જગતમાં વ્યાપીને સર્વત્ર રહ્યા છો. વ્યાપવા છતાં અવ્યાપક થાવ છો. આપ જે કામ કરવા ધારો તે કામને કરો જ છો. જળમાં સ્થળ અને સ્થળમાં જળમય વાતાવરણ કરનારા સર્વ રીતે સમર્થ છો. તેજ આપ મનુષ્યસ્વરૂપ ધારીને પરવશતાનું ચરિત્ર કરો છો. બધાનાં ચિત્તને ખેંચો છો. આપ આપના સામર્થ્યને ગુપ્ત રાખીને મનુષ્ય જેવું જ આચરણને કરો છો તે અદ્‌ભૂત વાત છે.

સર્વના ભયને હરનારા મહાપ્રભુ મહાનુભાવાનંદ સ્વામીને જોઈને મેઘસમાન ગંભીર વાણીથી કહેતા હતા. તમે જલદીથી **જેતલપુર** જાઓ અને આનંદસ્વામીને જઈને હું કહું તેમ કહેજો. જેતલપુરમાં મહારુદ્રયાગ કરવાની ઇચ્છા હવે મહારાજને રહી નથી. ત્યાં ભેગો કરેલ સામાન બધો જ સંભાળીને રાખજો અને આવતા જતા બ્રાહ્મણોને અતિથિઓને યોગ્ય રીતે આપજો અને આપણે હવે નવી રીતનો ઉત્સવ કરવો છે. આપણે ત્યાં જે મનુષ્ય લેવા આવે તે દરેકને ચાર શેર અનાજ આપવાનું અને નવ હાથ લાંબું વસ્ત્ર આપવાનું આ પ્રમાણેની અમારી આજ્ઞા છે. આમ કહીને મહાનુભાવાનંદ મુનિને શ્રીહરિ સહજાનંદ સ્વામીએ જેતલપુરમાં આનંદાનંદ સ્વામીને કહેવા મોકલ્યા તે બધાં જ કહ્યાં અને આનંદસ્વામીએ શિર પર ધાર્યાં. અવિનાશી મહાપ્રભુ પોતે પણ આવનારને નવ હાથ વસ્ત્ર અને ચાર શેર અન્ન પ્રેમથી આપતા હતા. જે કોઈ ગરીબ આવે તેને મહારાજ ડભાણમાં રહીને આપતા હતા. એટલામાં સુરત શહેરમાંથી આશ્રિત ભક્તોનો સમુદાય આવ્યો તે લીલા કહું છું. તેને ધ્યાનથી સાંભળો. **સુરતના** ભક્તજનો શ્રીહરિ મહાપ્રભુનાં દર્શન કરવા માટે અંતરમાં આશા ધારીને આવ્યા અને સાથે પ્રભુ માટે છત્રસહિત સાજ સજીને પ્રભુ પાસે લાવ્યા તે આવીને પ્રભુનાં દર્શન કરીને સુરતના સંઘના ભક્તોએ અર્પણ કર્યાં. ત્યારે મહાપ્રભુએ પ્રેમથી મસ્તક ઉપર છત્રને ધારણ કરીને સર્વના મનને ખેંચતા હતા. છત્ર ધારીને વસ્ત્રો આભુષણોને ધારણ કરતા હતા. સર્વને દર્શન દેતા હતા ત્યારે ભક્તજનોએ જય જયકારનો નાદ કર્યો. સર્વ સંઘના મન અતિ રાજી થયાં. પ્રભુનાં દર્શન કરીને પોતાને નેત્ર પ્રાપ્ત થયાં તેને સફળ માનતાં હતાં. તે જ સમયે જ **ગંગારામ મલ્લ** કુસ્તી કરવાના કામ માટે આવ્યા હતા દાવ કરવા માટે ભૂમિને અતિ સારી રીતે ચોખ્ખી કરતા હતા. ત્યાર પછી કેડ ઉપર કચ્છ બાંધીને મહાપ્રભુને રાજી કરવા માટે તૈયાર થયા કુસ્તી કરવા લથપથ થઈને એકબીજાને લુબતા જુબતા થકા ખૂબ જ ઉંચો શબ્દ કરતા હતા. તે બધાંને જણાવવામાં પ્રચાર કરતા હતા. હાથની તાળી પાડીને તાલ દઈને કસ ચડાવતા હતા. બંને યુદ્ધ કરવામાં ભિડાઈ ગયા હતા. એકબીજાની ગર્દનો મેળાવીને ગર્જનાઓ તર્જાનાઓ કરતા હતા. રણધીરો હાક દેતા હતા.

આમ ઘણીવાર સુધી મલ્લ યુદ્ધ કર્યું અખાડામાં કુસ્તી દેખીને નાથ મનમાં ખૂબ જ રાજી રાજી થયા. શ્રીહરિ તે મલ્લોને ખૂબ જ પ્રમાણમાં શરપાવ આપતા હતા. ભાવપ્રેમથી પ્રભુ લોકોના મનના ભયને હરતા હતા. આમ મહાપ્રભુ **ડભાણપુરીમાં** અનેક પ્રકારની અલૌકિક લીલાને કરતા થકા પોતાના આશ્રિતજનોને ખૂબ જ સુખો આપતા હતા. બલવીર મહાપ્રભુ લોકોને જ્ઞાનબોધ આપીને એક રાત સુધી ત્યાં રહેતા હતા અને ભક્તજનોના ભવની ભીડને દૂર કરી લેતા હતા.

હે રાજન્ ! કમળસમાન કોમલ નેત્રકમળવાળા મહાદયાળુ સવારમાં વહેલા જાગ્યા અને ચાલતા થયા.

માર્ગમાં આવતાં ગામોને પાવન કરીને સૌભિર દેશને પાવન કરીને મહાપ્રભુ ઘનશ્યામ **માળિયા** ગામે સર્વજનોનાં કામ કરવા પધાર્યા. માર્ગમાં આવતાં ગામમાં દેશોને પુરોને ચરણાંકિત કરી પ્રભુ રણને ઉતરીને **ભુજનગરે** પધાર્યા ત્યારે પુરનાં લોકોએ પ્રભુ આવ્યાના સમાચાર જાણ્યા એટલે ખૂબ જ રાજી મનવાળા થઈને સામા આવ્યાં. **(પન્નગ પતન) ભુજંગપુરની** સુંદરતાની શોભા જોઈને સર્વના નાથ ખૂબ જ રાજી થયા. વિશેષ સુખ પામ્યા. ત્યાંનો કિલ્લો બહુ ઉંચો મોટો જોયો. તેના મોટા દરવાજા તથા સુંદર રીતે બનાવેલી ખાઈને જોઈ તે ખૂબ જ પ્રસન્ન થયા.

તે ખાઈના કાંઠા ઉપર મોટાં મોટાં વૃક્ષો ખૂબ જ શોભતાં હતાં. તેની ઉપર પક્ષીઓ કલરવ કરતાં હતાં. જેમ બ્રાહ્મણો વેદમંત્ર બોલે તેમ બોલતાં હતાં. શિખરો ખૂબ જ શોભતા હતા. જાણે ચંદ્રલોકની સમાન ઉંચું દેખાતું હતું. તેની ઉપર સોનાનાં કળશો અતિશય શોભતા હતા. જેને જોઈને સૂર્ય અને ચંદ્રમાં પણ શરમાતા હતા. રાજમાર્ગ પણ ખૂબ જ શોભતો હતો. માર્ગની પડખે દિવાલ ઉપર જાતજાતનાં પક્ષીઓનાં ચિત્રો બનાવેલાં હતાં તે ખૂબ જ સુખ આપતાં હતાં. સુંદર રીતે બનાવેલા માર્ગો ઉપર પાણી છાંટેલા શોભતાં હતા. તેની ઉપર દેવસમાન નરનારીજનો ઉભાં હતાં. તેઓ ઘનશ્યામ નામનું સતત રટન કર્યા કરતાં હતાં. ઘોડાઓના ડાબલા તથા હાથીઓનાં ટોળાંઓ માર્ગ ઉપર અખંડ આવનજાવન કરતાં રહેતાં હતાં. આવી સુંદર શોભાને જોઈને સર્વજનોની સાથે મળીને પ્રભુ અસવારી કરીને પધારતા હતા. શ્રીહરિ નરનાથને નરનારી નિરખીને જોતાં હતાં. બધાં જ લોકો શ્રીહરિને માથાં નમાવીને વંદન કરીને સનાથ થતાં હતાં. તે સર્વેજનોને સુખના સ્થાનરૂપ સુખ આપતા હતા. લોકો રાજીવનયન પ્રભુનાં કિર્તનોને ગાતાં હતાં.

આવી રીતે ઘનશ્યામ પ્રભુ અસાવરોની સાથે પુરમાં પધાર્યા. ત્યાં ગંગારામ મલ્લનું ઘર પવિત્ર જોઈને ત્યાં મુકામ કરીને સર્વને સુખ દેતા હતા. શ્રીહરિ ઘરની મેડી ઉપર બે માસ સુધી સર્વ સમુદાયની સાથે જ રહેતા હતા. ત્યાં પ્રભુ અનેક પ્રકારની લીલાઓ કરતા હતા. આમ પ્રભુ ગંગારામના ઘરને પાવન કરીને સુખ જણાવતા હતા. નિત્ય પ્રત્યે પ્રશ્નોના ઉત્તરો થતા હતા. તેને સાંભળીને મુનિજનોનાં મન અતિ પ્રસન્ન થતા હતા. સર્વે નરનારિજનો શ્રીહરિ ઘનશ્યામ પ્રભુના મુખથી નીકળતી રસાળ વાતોને પ્રેમથી હૃદયમાં ધારણ કરતા હતા. હે રાજન્ ! એટલામાં ગુજરાતમાંથી **મહાનુભાવાનંદ** સ્વામી આવ્યા અને એમની સાથે **નિષ્કુળાનંદ સ્વામી** પણ શ્રીહરિ મહાપ્રભુનાં દર્શન કરવા આવ્યા હતા. શ્રી ઘનશ્યામ પ્રભુ બંને મુનિવર્યોને સામે આવેલા જોઈને મધુર વચનો બોલ્યા. વર્તમાન ફેરવવા માટેની જાણ કરવા માટે તેજ સમયે પત્ર લખ્યો. બધે તે પત્ર રવાના કરી દીધો. આ વાતને તમે જાણતા હો કે ન જાણતા હો તોય અમે તમને હેતથી આ વાત કરી છે. આમ સાંભળીને મુનિ પ્રેમથી કહેતા હતા કે અમને આ વાતની કોઈ ખબર થઈ નથી. અમે સાચું જ કહીએ છીએ. આમ સંતના મુખની વાત સાંભળીને નાથ ફરી સંતોને કહેતા હતા. અમે પત્રમાં આજ વર્તમાન વિશે લખેલું છે. બધા જ સંતોએ ઘુઘરા વર્તમાન રાખવાનાં છે તેને તમે સાવધાન થઈને પાળો. એટલા માટે આ માલ સર્વે ગુફાસમાન ગણાય અને એમાં મોટો ગુણ છે. તેથી તમે બંને સંતો ભગવાનનું ભજન કર્યા કરો. તમને ભિક્ષા બીજા મુનિજનો લાવીને આપશે. તમે ચિંતા ન કરશો. આમ કહીને **મહાપ્રભુ માનકૂવા ગામે** અગણિત જીવોનાં પાપોનો નાશ કરવા પધાર્યા.

શ્રીહરિ સહજાનંદ સ્વામી ખેડાપુરમાં રાજા પાસે પધાર્યા. એમને બધી જ વાતો વર્ણવીને કહી ત્યાર પછી ડભાણપુરે જઈને રહ્યા ત્યારે સુરતનો સંઘ આવ્યો. તે બધા જ ભક્તો પ્રભુને મળ્યા. દર્શન કર્યાં. સુખ આપ્યાં.

આમ ગામોગામ પુરોમાં રોકાતા થકા પ્રભુ કચ્છદેશમાં પધાર્યા. આમ આ પચીસમા તરંગ રૂપે શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપમાં પચીસમો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં નવમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ ગુરુ આનંદ રાજાના સંવાદમાં કચ્છ દેશની લીલાનું વર્ણન કર્યું એ નામે પચીસમો તરંગ પૂર્ણ થયો. ॥૨૫॥**

# તરંગ-૨૬

આનંદ રાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! શ્રીજી મહારાજે **માનકુવા** પધારીને ત્યાં કઈ કઈ લીલાઓ કરી તે બધી જ લીલાઓ રાજી થઈને મને કહો. મને પ્રભુના ચરિત્રો સાંભળ્યા વગર ચેન નથી પડતું દિવસના સમયે પણ મને રાતનું જ ભાન થાય છે એટલા માટે આપ મને આપના કોમલ મધુર વાણીના વચનોથી શ્રી હરિના લીલા ચરિત્રોનું વર્ણન કરી તે સાંભળાવવા કૃપા કરો.

અવધ ગુરુ કહે છે હે આનંદ રાજા ! તમને ધન્ય છે કેમ કે તમે ખુબ જ સાચી ધારણા કરીને સારા પ્રશ્ન પુછ્યા છે તેના સુંદર ઉત્તરો કહું છું તેને તમો સાંભળો જે હરિનાં ચરિત્રો છે તે પૃથ્વી ઉપરના જીવોનાં કષ્ટો હરીને સુખ આપનારા થાય છે. શ્રીહરિ મહાપ્રભુ અવિનાશી પોતાના આશ્રિત ભક્તોની પાસે **માનકુવા** પધાર્યા એનાં પછી **ભગુજી ભક્ત** ભુજમાં આનંદ પામતા આવ્યા હતા. ત્યારે ત્યાં રહેલ મહાનુભાવાનંદજી અને નિષ્કુળાજનંદજી બન્ને હાથ જોડીને કહેતા હતા કે હું પ્રગટ પ્રભુ શ્રીહરિ પાસે રહેવા માટે આવ્યો છું મારે કાંઈ બીજુ માનપાન નથી. માટે મારે એમની પાસે રહીને પ્રેમપૂર્વક સતત સેવા કરવા રહેવું છે. આમ ભગુજી ભક્તના વચનો સાંભળીને મહાનુભાવાનંદ અને નિષ્કુળાનંદ બન્ને સંતોએ **ભગુજી ભક્તને** જોઈને નીરખીને મનમાં ખૂબ જ રાજી થયા. સંતો કહે છે કે મહા રાજાધિરાજા હમણાં જ ભક્તજનોને સાથે લઈને **માનકુવા ગામે** પધાર્યા છે માટે તમેં પણ ત્યાં જાવ અને પ્રભુ પાસે જ રહેજો આમ બન્ને મુનિજનોએ ભગુજી ભક્તને વાત સમજાવી ત્યારે ભગુજીને તે વાતથી નિર્ભયતાથી તૈયાર થયા. ભગુજી ભક્ત શ્રીજી મહારાજની પાસે ગયા. દર્શન કરીને ભગવાન પાસે જ રહેતા હતા ભગુજીને શુરવીર ધિરજવાન જોઈને બધા જ તરત જ ખુબ જ રાજી રાજી થઈ ગયા. રણનો યોધો ક્યારેય અધિરીયો ન થાય ભીમસમાન મહાન યોધો ભૂમિનું પાલન રક્ષણ કરી શકે કેમ કે જ્યારે સંકટ આવે ત્યારે રણમાં આગળ આવીને તત્પરતાથી છે. ઉભો રહે જેમ સિંહ વનમાં નિર્ભય થઈને ફર્યા કરે છે તેમ શુરવીર નિર્ભય રહે છે. હે રાજન ! આવી રીતના શૌર્યયુક્ત સ્વભાવને પારખી પ્રભુએ પોતાની પાસે સેવામાં જ રાખ્યા ભગુજીને તે ભગવાનની ભક્તિ અતિ દૃઢ હતી ભક્તોમાં શિરોમણી થયા. ભયને ભાંગનારા મહાપ્રભુનું અખંડ ભજન કરતા રહેતા હતા. આવી રીતે ભગુજી સેવામાં તત્પર રહ્યા. ત્યાં ભગુજી પ્રભુની પાસે પ્રેમપૂર્વક ભાવથી ભવિષ્યનો વિચાર કરીને મહાપ્રભુનું ભજન કરતા હતા. આમ મહાપ્રભુ સહજાનંદ સ્વામી કેટલાક દિવસ રોકાઈને પછી લોકોના ભયને ભાંગવા માટે ભુજમાં પધાર્યા.

હે રાજન ! ભુજ નગરમાં શ્રીજી મહારાજ ગંગારામ મલ્લ જેમનું નામ કવિઓ ગાય છે. એમના ઘેર મહારાજ રહેતા હતા. ગંગારામ મલ્લ ખુબ જ ભાવપ્રેમથી મહાપ્રભુની સેવા ભક્તિ પરિચર્યાને ખંતપૂર્વક કરતા હતા. ત્યારે મહારાજ પણ રોજ રોજ પ્રીત કરીને અદ્‌ભુત નવાં નવાં ચરિત્રોને કરતા હતા ક્યારેક કેશર ચંદનને અતિશય માત્રામાં અંગો ઉપર સારી રીતે લોપ કરાવતા હતા અતિ અદ્‌ભુત રીતે શોભતા હતા. બધા ભક્તો

પ્રેમથી સેવા કરતાં હતાં. પ્રભુનાં કંઠમાં અનેક હારો પહેરાવતા હતા તથા હસ્તકમળમાં ગજરા તોરા મુનિજનો ધારણ કરાવતા હતાં સુંદર બાજુબંધો ધારતા તે સુંદર લાગતા હતા. મસ્તક ઉપર પુષ્પનો મુકટ બનાવીને ધારણ કરાવતા હતા. ભક્તજનોએ અતી પ્રેમભાવથી અંગોઅંગમાં સારી રીતે શણગારીને ઘનશ્યામ પ્રભુને ફુલડેથી ગરકાવ કરીને જાણે બાગમાં શોભે તેમ શોભતા હતા. આમ નાથની મનોહર મુર્તિ અતિશય શોભતી હતી તે ખૂબ જ મનોહર લાગતી હતી. કરોડો કામદેવને મોહ પમાડે તેવા મનોહર મહારાજની બલિહારી થતી હતી. શ્રી ઘનશ્યામ પ્રભુ આવી રીતની શોભાને ધરીને મુનિજનોના મનને અતિ આનંદ આપતા થકા ફુલના હિંડોળા ઉપર ઝુલતા હતાં કરોડો જીવોના ઉધ્ધાર કરવા પ્રભુ આમ લીલા ચરિત્રોને કરતા હતા. આવી રીતે ચારે બાજુથી ફૂલથી ગરકાવ થઈને પ્રેમથી ઝુલતા હતાં ભક્તજનો પ્રભુનાં ગુણ કિર્તનને ગાતા હતા. આવી રીતે શ્રી હરિને ફૂલના હિંડોળે ઝુલાવીને પ્રેમીજનો પ્રેમ કરીને ગંગારામ આદિકજનો આનંદ પામતા હતા હરિનો ઉત્સવ કરતા હતાં તેમાં ઝાંઝ પખાજ વગાડીને કીર્તનો ગાતા હતા. આવી રીતની શોભાને શ્રીહરિ ધારણ કરીને હિંડોળામાં પ્રેમથી ઝુલતા હતા અને જનોને આનંદનો અતિ મહા મોટો ઓઘ ઉછળતો હતો.

એવામાં અસુરોનો અધિપતિ ભુજનગરનો રાજાનો મુનિમ (હાકમ) કહેવાતો હતો. તેનું નામ જગજીવન રામ હતું તે શ્રીહરિનો મહાદૃષ્ટ દુશ્મન હતો તે જગજીવન મહાદેવજીની પૂજા કરવા માટે ખૂબ જ માત્રામાં નગરમાંથી ફુલ લેવા માટે મંગાવ્યાં. નોકરો મંત્રિનો આદેશ સાંભળીને ખૂબ જ ભયથી ફૂલો લેવા શહેરમાં ખૂબ જ ફર્યા પણ થોડાં પણ ફૂલો મળ્યાં જ નહિ. ત્યારે ઢીલાં મોઢાં કરીને બધા જ નોકરો પાછા આવ્યા અને કામ નથી થયું આમ જગજીવનને સંભળાવ્યું. ત્યારે તે જગજીવન અતિ ક્રોધાયમાન થઈને કહેતો હતો કે ફૂલ બધાં ક્યાં ગયાં. બધા જ શહેરમાં એકે ફૂલ ન મળે તે તો નવાઈની વાત છે. શંકરના પૂજનના વખતે જ એકે ફૂલ ન મળ્યું તેનું કારણ તો અમે જાણીએ છીએ.

દિવાનના નોકરો કહે છે –

શ્રી સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે તે પોતે જ બધાં જ ફૂલો મંગાવીને તે ફૂલોનો હિંડોળો બનાવીને તેમાં અત્યારે ઝુલે છે. એમના પ્રતાપને બધે બતાવે છે. અને લોકોને ખેંચે છે. ફૂલની મંડળી બનાવીને એમાં ફૂલોનો હિંડોળો બનાવ્યો છે. એ હિંડોળામાં એ ઘનશ્યામ ભગવાન ફૂલના શણગાર ધારણ કરીને ફૂલમય મનોહરતા કરીને સર્વના સુખધામ ઝુલતા રહે છે. લોકોને દર્શન આપે છે. આખા શહેરનાં ફૂલો બધાં જ સ્વામિનારાયણ ભગવાન માટે મંગાવી લીધાં છે. એટલે ફૂલો મળ્યાં જ નહીં. આ રીતે સેવકોએ વાત કહી. તેને દિવાન જગજીવનરામે સાંભળી ત્યારે તે અસુરોનો સ્વામી અતિશય ક્રોધાયમાન વિરૂપ થઈ ગયો. એનું જ્ઞાન બધું જ અજ્ઞાનમય થઈ ગયું. મનમાં અતિશય છટકી ગયો. હતાશા થઈ ગઈ. જેમ તેમ બબડતો હતો. ખરાબ શબ્દો બોલતો હતો. નેત્રો લાલ થઈ ગયાં હતાં. ભ્રુકુટિ વિકૃત થઈ ગઈ હતી. ભયંકર મુખેથી નોકરને કહેતો હતો. અત્યારે જ તમે ગંગારામ મલ્લનના ઘેર જાઓ. ત્યાં જઈને ને કહી દ્યો કે કે સ્વામિનારાયણ તમે અત્યારે જ આ શહેરમાંથી ચાલ્યા જાઓ. આ શહેરમાં રહેવાની સરકારે તો રજા નથી જ આપી. આમ બધાએ જઈને તમારે કહેવાનું એ મારી આજ્ઞાને તમારા હૃદયમાં રાખીને જાઓ. ઉપદ્રવ ન થાય તેમ બધાં જ નરનારિજનો હોય તોય આ વાતને વિગતવાર કરીને કહેવાની બહાર કાઢવાથી એમની ખરાબી થશે. માટે તમે જલદી જઈને મારી આજ્ઞાથી મહારાજને કહી દેજો. ત્યાર પછી ફરીને અહીં આવીને મને વાત કહેજો. તમારાં મુખેથી જ બધી વાત તમે જઈને કહેજો. તમે જલદી દોડતા થકા જાઓ. મારો કરેલા આદેશને સ્વામિનારાયણને સંભળાવી દ્યો. આમ

પોતાના માલિકનો આદેશ સાંભળીને તે નોકર દોડતો દોડતો જલદીથી ગંગારામ મલ્લના ઘેર આવતો હતો ત્યારે સર્વેના સ્વામી સુંદર મેઘસમાન શ્યામ મૂર્તિ ફૂલના હિંડોળામાં ઝુલતા થકાં ભક્તોને દર્શન સુખ આપતા હતા. બધા જ ભક્તો આનંદિત મનવાળા થઈને પ્રભુના કીર્તનોનું તાનથી ગાન કરતા હતા. આમ દોડીને આવીને જોયું. ત્યાર પછી પોતાના અધિપતિનું કહેલું હે રાજન્ ! તમે અત્યારે જ પુરની પ્રીતિનો ત્યાગ કરીને નગરમાંથી ચાલ્યા જાવ. આમ અમારા અધિકારી અસુરરાજ જગજીવનની કહેલી વાત સ્વામિનારાયણ ભગવાનને કહેતો હતો. તે અસુરનાં કહેલાં વચનો સાંભળીને શ્રીહરિ કામમદને હરનારા તેને યોગ્ય વચનો કહેતા હતા. આ પુરમાં ચારે વર્ણનાં પાપીષ્ટ લોકો રહે છે. તેથી અમે શું બગાડ્યું છે. એ રાજાનું તે અમને રહેવાની ના કહે છે. એ કારણ અમે જાણતા નથી પણ પાછા જઈને જગજીવનને કહીશું કે સ્વામિનારયણ ભગવાન તો શહેરમાં જ રહેવાનું કહે છે તે સાંભળી લેજો. માટે જે કામ કરવું હોય તે હિંમત રાખીને તમારે જ જાતે કરવાનું. જો તમારે મોટા અધિપતિ થવું હોય તોજ તે જ કામ કરવું જોઈએ અને પાછા પગલાં ન ભરવાં જોઈએ. આ રીતનો સહજાનંદ સ્વામીનો વળતો જવાબ સાંભળીને બધું જ જગજીવનને સંભળાવતા હતા. પ્રભુની કહેલી વાત સાંભળીને જગજીવન અસુર બળતો હતો. જેમ યજ્ઞમાં આહુતિ સમયે અગ્નિનો ભડકો થાય તેમ બળવા લાગ્યો. અને કહેવા લાગ્યો કે સ્વામિનારાયણ પોતે જ ભગવાન થઈને મોટા હિંડોળે ઝુલવા માંડે તેમાંય ફૂલોનો હિંડોળો બનાવીને ઝુલે. પોતાનો ખૂબ જ પ્રતાપ બતાવતા રહે. ગંગારામ મલ્લના ઘેર ધામધૂમ કરીને આનંદઉત્સવ કરતા રહે. પ્રભુ ઝુલતા હોય અને ભક્તો કિર્તનો ગાતા જાય. આમ શ્રી ઘનશ્યામ પ્રભુ પોતાનો પ્રતાપ વિસ્તારતા રહે છે. એ જ કારણે આપણને ફૂલો ન મળ્યાં એટલે બધા જ શહેરનાં અધિપતિ થઈ ગયા છે. આમ સાંભળીને ધુંધવાતો થકો અસુર અધિપતિ ખળતાથી બોલતા થકાં ક્રોધમાં થર થર કંપતો હતો.

ત્યાર પછી જગજીવને ખૂબ જ મોટો બરાડો કરીને હાક મારી. તેથી નરનારીજનોના કાનમાં ધાક પડી ગઈ. આના ભયને લીધે ધરતી કંપતી હતી. દેવગણ પણ ભય પામતા થકા આકાશમાં વિચરતા હતા. આકાશ મંડળમાં ખળભળાટી થઈ ગઈ. જગજીવનનો શબ્દ સાંભળીને દિગ્ગજો ડોલતા હતા અને મેરુ પર્વત ડોલતો હતો. શેષનારાયણ પણ ડોલતા હતા. દેવતાઓ આરત સ્વરે બોલતા હતા. ભયાનક ભયયુક્ત શબ્દ સાંભળીને ભક્તજનો પૃથ્વી ઉપર અને સ્વર્ગાદિકમાં શંકર અને દેવો મનમાં શોક કરતા હતા. એ ઘોર ભયંકર શબ્દ સાંભળીને બધા જ યોદ્ધાઓ અસ્ત્રશસ્ત્રને ધારણ કરતા હતા. ખૂબ જ મોટું શત્રુનું સૈન્ય તૈયાર થયું. તેમાં મોટા મોટા યોદ્ધાઓ ઘણા તૈયાર થયા હતા. ક્રૂર સ્વભાવનો અસુર જગજીવનરામ ભયંકર ક્રોધ કરીને બધાને કહેતો હતો કે સ્વામિનારાયણ ભગવાન છે. એમને તમે લોકો બળ કરીને જકડીને પકડી લાવો. જો પકડવામાં હાથમાં ન આવે તો એમને જણાય તો એમને આ ભુજ શહેરમાંથી બહાર કાઢી મુકવાના આ તમારે ખાસ કરવાનું જ છે. આમ આજ્ઞા કરીને પોતાનું પુરુષત્વ પ્રકાશતો હતો. સ્વભાવ જણાવતો હતો. પાપીએ કરેલા પ્રપંચમાં બીજાને પીડા કરવા માટે અસ્ત્ર-શસ્ત્રને ધારણ કરીને બધા જ અતિ ઉતાવળે જવા લાગ્યા. જાણે કે ભારથી પીડાતો હમાલમાર્ગ ભુલી જાય તેમ જતા હતા. સૈનિકોના ચાલવાથી રજ ખૂબ જ ઉડતી હતી. તેનાથી સૂર્ય પણ ઢંકાઈ ગયો. અંધકાર જેવું વાતાવરણ થયું ત્યારે લાગતું હતું કે જાણે સમુદ્રે મર્યાદા મૂકી દીધી હોય ને શું ? આમ તે સૈનિક અસુરો મહા કોલાહલ કરતા થકા આવતા હતા. તે જાણે આકાશમાં રહેલા દેવતાઓ શંકાવાળા મનવાળા થયા.

તે જ સમયે રણશિંગોનાં પડઘમ વાગવા માંડ્યાં. ઢોલ વાગવા લાગ્યા. સૌનિકો હક્ક બક્ક કરતા જાણે

મર્યાદાનો ત્યાગ કરીને જેમ તેમ બોલતા હતા ત્યારે દિગ્ગજો હતા તે ખૂબ જ ચિચિયારીઓ કરતા હતા ત્યારે અસુરોના ભારને પણ સહન કરવા શકતિમાન થતાં ન હતાં. આવું ભયંકર વાતાવરણ થતું હતું. પૃથ્વી કંપતી હતી. કેમકે આવાં કાર્યથી થોડો પણ જંપ નહોતો થતો. તેનાથી સૂર્યચંદ્ર પણ ખૂબ જ આકુળવ્યાકુળ થયા. કેમકે શત્રુઓ પોતાના દાવપેચને લડાવતા થકા તે અમાપ સંખ્યામાં આવતા હતા. તેથી વાતાવરણ ડોળાતું હતું. આમ ધમાલ કરતાં થકાં જલદીથી ચાલીને આવતા હતા. તેઓ જ્યાં ગંગારામ મલ્લ રહેતા હતા તે મલ્લવાસમાં આવતા હતા. જ્યારે શત્રુઓનું મહામોટું સૈન્યદળ આવતું જોયું ત્યારે ગંગારામ મલ્લે ઉંચેથી સિંહનાદ કરીને બધાને ચેતવ્યા. તમે બધા જ દૂર ઉભા રહેજો. અહીં પાસે ન આવતા જો તમારે તમારા ધડ ઉપરથી માથાં નીચે ઉતારવાં હોય તો આવજો અને જેની માતાએ સવાસેર સુંઠ ખાધી હોય એવા મરદાંનગીવાળા હોય તેઓએ જ અમારી પાસે આવવાનું છે. આ બાજુ મલ્લોના છત્રછાયારૂપ **અદાભાઈની** સાથે મળીને બધા જ મલ્લો આમ કહેતા હતા. જલદીથી બળતો દીવો લાવો. બધા આપણી પાસે આવે તો એમનાં મોંઢાં જોઈ લઈએ તો ખબર પડે. આપણી ખડકીમાં પગ મૂકે તો એમને પડકારીને એમની રાણને કાઢી નાંખીએ. ઉલાળી જ દઈએ. એમના શરીરના ટુકડા તલ તલ જેવડા કરીને નાંખી દઈશું. આમ એમના મુખ આગળ પડકાર કરતા હતા. અમે જુઠ્ઠું નથી બોલતા તે સત્ય જ કહીએ છીએ. આવી રીતે તે ગંગારામ આદિના સિંહનાદને સાંભળીને જેમ શિયાળ ભાગે તેમ ભય પામતા થકા તે ભાગી ગયા. સામા આવવા માટે પણ તૈયાર ન રહ્યા. શુરવીર હોવા છતાં ભાગ્યા. કેમકે આ બધો પરબ્રહ્મ જગત ઇશ શ્રીહરિનો જ હતો.

હે રાજન્ ! અગણિત હથિયાર ધારી જીવન પ્રાણ ભગવાનનાં દર્શન થયાં. અસુરો અગણિત સૈન્ય છે એમ માનીને તેઓ આમે આપણે મરી જઈશું. એમ માનીને પોતાના પ્રાણને લઈને ત્યાંથી ભાગી ગયા. એટલામાં સમજદાર સેનાનાયક આરબ ફતેમહમદ ખૂબ જ સમજદાર બુદ્ધિવાળો હતો. તે અતિક્રોધ કરીને મહાકાય એવા જગજીવનને સાચો બોધ આપતો હતો. મારી વાત તે તું સાંભળતો જા એ પ્રમાણે સમજ તો સારું. તે તો અત્યારે મહા અધમમાં અધમકૃત્ય કરીને મહા અપરાધ કરેલો છે કેમકે તેં સ્વામિનારાયણ ભગવાનને પકડવાનો પ્રયત્ન કર્યો છે તે કોઈના બંધનમાં ન આવે. સંતો મહામોટા ફકીર છે. સ્વામિનારાયણનો પ્રતાપ તો મારી નજરે એમના પ્રતાપને જોયો છે. તેથી તે ખૂબ જ ખરાબ કરેલ છે. જે જગતના તારક ભગવાન (ખુદા) ખળદૂષ્ટોનો નાશ કરનારા પૃથ્વી ઉપર પ્રગટ થયા છે. તેજ પોતે ભક્તજનોને આનંદ આપે છે. એમનો અપરાધ કરવો યોગ્ય નથી. તે તો પૂજન કરવા યોગ્ય છે. વંદન કરવાથી સુખ થાય છે. તે સ્વામિનારાયણ પ્રભુનો ખૂબ જ અપરાધ કર્યો છે. તેથી હવે તારો હવે થોડા સમયમાં જ નાશ થવાનો છે. હું ક્યારેય જુઠ્ઠું કહેતો જ નથી. પોતાના કુળના મૂળરૂપ એવા એમના મૂળમાં અગ્નિ નાંખીને મૂળને બાળી નાંખ્યું છે અને મોક્ષના માર્ગમાં અવરોધ કરીને કેવળ જગતના બંધનનાં જ કાર્યો કર્યાં છે. આમ વચન સાંભળીને તે દૂષ્ટ ખૂબ જ આકળો થયો. ખળ એવો તે પોતે જ પ્રગટ પ્રભુનો અપરાધ કર્યો.

હે રાજન્ ! કેટલાક દિવસ ગયા પછી તેનો નાશ થયો. શહેરના ચોક વચ્ચે ચારેબાજુથી વચ્ચોવચ પોતાના પાપરૂપે શરીરના તલ તલ જેવડા ટુકડા કરી નાંખેલા. ચોકવચે પડેલો હતો. આવી રીતે શરીરના ટુકડા થયેલા જોવા માટે નગરનાં નરનારીજનો ખૂબ જ આવતાં હતાં. આ તો પ્રભુનો અપરાધ કરેલો. તેનાં પાપનાં ફળો

મળેલાં છે. આમ પોતાના જ પાપે નાશ પામ્યો. આમ અસુરનો નાશ થયો તેને ધર્મનંદન શ્રી ઘનશ્યામ પ્રભુએ ધામમાં વાસ કરાવ્યો. હે રાજન્ ! શ્રીહરિ મહાપ્રભુએ આવી રીતે ખળઅધમ પાપની ખીલી રૂપ તેને તારનારા ગરીબોના સ્વામી સર્વના તારણહાર આમ લીલા કરીને કંઠથી મધુર વેણ કહેતા હતા. ચંચલ કમળનયન કમલસમાન ચિત્તને ખેંચતા હતા. આમ લીલા કરીને પ્રભુ પછી માનકૂવા પધાર્યા. ત્યાં પોતાના આશ્રિતજનોનાં દિલમાં વસીને હરિ તે સુખ આપતા હતા. પુરમાં ભક્તના ઘરમાં પ્રભુ વાસ કરીને પ્રેમથી રહેતા હતા. જે જીવાત્મા આ ભગવાનના ચરિત્રને સાંભળે. ભણે, ભણાવે. પ્રેમથી કહે તે મહાસંગ્રામને જીતીને એને શ્રીહરિના અક્ષરધામમાં જાય છે.

ખળોના લશ્કરને ભય પમાડીને પાછું વાળ્યું. અને પોતાના ભક્તોને સુખ આપીને ભક્તોને નિર્ભય કરીને પ્રભુ ભક્તોના મનને આનંદ કરતા હતા.

હે રાજન્ ! પ્રભુ ભૂજનગરનો ત્યાગ કરીને માનકૂવા ગામે પધાર્યા. ત્યાં શોભતા હતા. આમ છવીસમા તરંગના રૂપમાં શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપે આ છવીસમો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં નવમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદ રાજાના સંવાદમાં શ્રીહરિ ભુજનગરમાં રહીને જગજીવન અસુરનો પરાજય કર્યો એ લીલાવર્ણન નામનો આ છવીસમો તરંગ પૂર્ણ થયો. ॥૨૬॥**

# તરંગ-૨૭

આનંદરાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ભુજનગરમાં ખળ જગજીવનરામે મોકલેલ લશ્કરના ખળદળનું ખંડન કરીને યુદ્ધનો લય કરીને ભૂમિ પવિત્ર કરી ચંડિકાના કાર્યને વિખી નાખીને પાપનો લય કરી દીધો. આવી રીતે ધર્મના લાલ પ્રભુએ ખૂબજ અદ્‌ભૂત લીલા કરી અનેક નવાં ચરિત્રોને કરીને ભુજપુરમાં આનંદ આપીને પછી મહાપ્રભુ માનકૂવા ગામે પધાર્યા. ત્યા કયા કયા ચરિત્રો કર્યાં તે વર્ણાવો.

અવધગુરુ કહે છે, હે ભૂમિ પાલનકર્તા આનંદ રાજન્ ! તમને ધન્ય છે. તમે દ્દઢધર્મને ધારણ કરીને મર્મ ભરેલાં પ્રભુનાં ચરિત્રોના પ્રશ્ન પૂછો છો. તે ચરિત્રને પ્રેમ ભરેલ મનના ભાવથી સાંભળો તો તે બધાં જ કર્મનો નાશ કરે છે. હે રાજન્ ! હવે હું તમને ઘનશ્યામ પ્રભુનાં બધા ચરિત્રો કહુ તેને સાંભળો હે રાજન્ ! શ્રી ઘનશ્યામ મહાપ્રભુ માંનકૂવા પધાર્યા ત્યારે એમનું સ્વરૂપ અતિ સુંદર રૂપયુક્ત હતું. એમનો પ્રભાવ પણ ખૂબ જ અધિક પ્રતાપ યુક્ત દેખાતો હતો. પ્રભુને આવેલ ગામના માણસો જોઈ ગયા. દર્શન કર્યાં ત્યારે એમના દિલમાં ખૂબ જ સુખ થયું. ભાગ્યને ધન્ય ધન્ય માનવા લાગ્યાં. ભક્તજનોનાં ઘેર જઈને મહાપ્રભુ સુંદર રીતે જમતા હતા. સર્વને ભગવાનનું ભાવથી સ્વરૂપ ઓળખાતું હતું. એવા પોતે મહાપ્રભુ કરુણાના નિધાન હતા. આવી રીતે મહાપ્રભુ સુખ આપતા થકા ચાર દિવસ સુધી રહેતા હતા. સર્વને શાંતિમય વાતાવરણ થતું હતું. સર્વનાં પાપોને બાળતા હતા. પછી મહારાજ પ્રેમપૂર્વક અલૌકિક લીલાઓ કરતા થકા અનંત જીવોને ઉપદેશ કરીને પધારતા હતા. વિદાય થયા. અકામ ઘનશ્યામ મહાપ્રભુ ભક્તોને સુખી કરવા તેરાગામ પધારતા હતા. ત્યાં મહાપ્રભુએ અનેક જુથોમાં સંતોને પત્ર લખીને બોલાવતા હતા. પ્રાગજીપુરાણી ત્યાં કથા વાંચતાં હતાં. હે રાજન્ ! કથા કરતા હતા ત્યારે સર્વેજનો સાંભળતાં હતાં. તેનાથી ચારેબાજુ આનંદ ફેલાઈ ગયો. શ્રીહરિ મહાપ્રભુ ભાગવતપુરાણ

વંચાવતા હતા. એમ નિત્ય પ્રત્યે અનેક પ્રકારની લીલાઓ કરતા થકા હરિ એકચિત્ત થઈને આ કથા સાંભળતા હતા. કથા સાંભળવામાં વાત આવતી હતી તે બધું શોભતું હતું. તેમાં પહેલાં જે સંત વિદ્વાન હતા તે પ્રાગજી ભક્તને ભણાવતા હતા. તે જ સમયે ભુજગામને ત્યાગીને અકામ મૂર્તિ શ્રીહરિનાં દર્શન કરવા જ્યાં શ્રીહરિ મહાપ્રભુ રહેતા હતા ત્યાં આવ્યા. શ્રીહરિનાં દર્શન કરવા સર્વે સમાજ ત્યાં આવ્યો. અતિશય પ્રેમ કરીને મહામુનિરાજના દર્શન કરતા હતા.

આમ સંતો શ્રીહરિ મહાપ્રભુની પાસે દર્શન કરવા માટે આવ્યા હતા ત્યારે મહાનુભાવાનંદ આદિ સંતોને મહારાજ કહેતા હતા. જ્યાં સુધી લોકો અમારાં દર્શન પ્રેમથી કરતાં હોય ત્યારે તમારે ત્યાં સુધી નેત્રો ઉપર ઘુંઘટનું વૃત્ત ધારણ કરી રાખવાનું. જ્યારે લોકો અમારાં ન દર્શન કરતાં હોય ત્યારે તમારે બધાને ત્યારે ઘુંઘટનું વ્રત બંધ કરીને રહેવાનું. આવી રીતે બલભ્રાતા સર્વના સુખ કરનારા હરિએ સભામાં વાત કરી અને ત્યાર પછી પાછા સંતોને આજ્ઞા કરી કહેતા હતા કે અમારા મોટા મોટા જે સંતો છે એમણે ભિક્ષા માંગવા ગામમાં જાવુ. હે રાજન્ ! સંતો શ્રીહરિની આજ્ઞા સાંભળીને સુખ પામ્યા. આખા ગામમાં ભિક્ષા માંગીને પાછા જ્યાં ભગવાન હતા ત્યાં આવ્યા. ભિક્ષામાં જેટલું અન્ન આવેલું તે બધું જ ભેગું ભેળવીને પછી તેમાં પાણી નાંખ્યું. તે બધાનાં ગોળા વિશેષ પ્રમાણમાં બનાવ્યા. બધાય સંતોએ એક એક ગોળો પોતાના હાથમાં લીધો. જ્યારે તે ગોળાને મુનિજનો ખાવાનો આરંભ કરતા હતા. એવામાં જ શ્રીહરિ સ્વમુખે મધુર વચનો કહેતા હતા. કે મને પણ એક ગોળો આપો. ત્યારે લોટનો ગોળો કોઈ સંતોએ પ્રભુને ન આપ્યો, ત્યારે શ્રી ઘનશ્યામ પ્રભુ ઉઠીને પોતાની જાતે જ હરખાતાં થકાં ગોળો લીધો અને ધર્મપુત્ર કમલનયન હાથમાં ગોળો લઈને સર્વના જીવન પ્રાણ વખાણ કરતા હતા કે આ ગોળો તો દવાનાં ચૂરણરૂપે ઉપચાર કરનારો હોય છે. લોકોનાં અંતરનાં દરદોને મટાડનારું છે. જે જન આ આવા ગોળા ખાય તેનાં બધાં જ મનનાં વિકારો નાશ કરી નાંખે છે. શ્રીહરિ કહે છે, હે સંતો ! તમે સાંભળો. હું ભગવાન છું અને તમારી પાસે ભિક્ષા મંગાવવાના હેતુમાં તમે કાંઈ દુબળા છો એમ નથી માનતો પણ લોકોનાં ભવનાં બંધનથી તારવા માટે જ મંગાવું છું. લોકોના સુખ માટે. ભિક્ષામાં જે લોકો જાણે અજાણે ચપટી જેટલું પણ અનાજ ઝોળીમાં આપે તો મુક્તિના ભાગીદાર થઈને મુક્તિ પામે છે.

આમ તમને ભિક્ષા મંગાવવાનું કરેલ છે તે કાંઈ અસમર્થતા માટે નથી, પણ સાચી વાત તો એ છે કે આપણે સમર્થ કેવી રીતે કહેવાઈએ તેનાં માટે હેતપૂર્વક તમારા ચિત્તમાં દઢતાથી ધારો. હું કહું છું. મારામાં એવું સામર્થ્ય છે કે હું બધાને મોટા પર્વત ઉપર બેસાડીને બધા સંતોને લાડવા જમાડવાનું સામર્થ્ય છે. અતિ મનોહર લાડુ વર્ષાવીને સુખપૂર્વક સંતોને પ્રેમથી જમાડી શકું છું. હું તો આવો સમર્થ છું તેને તમે ધ્યાનથી સાંભળો. જે બધા તો અતિશય અસમર્થ છે. એટલા માટે ભવસાગરને તારીને લઈ જવા અશરણવાળાં લોકોને તારવા માટેના સાજની સાથે આવ્યા છીએ. તમારી સાથે અમે પણ માંગ્યા સિવાય જે આપે તે જ લઈએ છીએ. એ બધાંનાં ઘેર નગરમાં ફરીએ છીએ તે તો કેવળ લોકોનાં કલ્યાણ કરવા માટે જ લઈએ છીએ. આમ રાજાધિરાજ સંતોને કહેતા હતા.

સંતો સાંભળીને અતિ આનંદને પામી. આનંદના સાગરમાં રમતા હતા. આમ અપાર મહિમાને સાંભળીને સર્વે સંતો મહાસુખ પામતા થકાં તરત જ અતિ રાજી થયા. પછી મહારાજે સંતોને આજ્ઞા કરી કે તમે સર્વ જગતમાં ચારેબાજુ ફરવા જાઓ. પ્રભુ તો સારા જગતમાં રહેલા જ છે માટે ફરો. આમ આજ્ઞાથી સંતો **નલિયા** ગામે પધાર્યા. ત્યાંથી **કોઠારા** પધાર્યા. ત્યાં ભક્તોના કલ્યાણ માટે મોકલ્યા. સાચા પ્રભુના સંતો જાણીને અસુરો અંશભૂત બધા

જ અતિ વૈર કરતા હતા. પૃથ્વીના ભાગમાં મોટો ઉત્પાત્ત કરતા હતા. સંતોને તે મંદમતિઓ ખૂબ જ માર મારતા હતા. વૈરાગીના વેશવાળા અસુરોએ સંતોને ખૂબ જ માર માર્યો. તેનાથી સંતોના શરીર ઉપર ખૂબ પીડા થઈ ત્યારે સંતો ત્યાંથી પ્રભુ પાસે આવ્યા અને કષ્ટનાં ત્રાસદાયક કૃત્યો બતાવ્યાં. પ્રભુએ જોયું. આમ મહાપ્રભુએ સંતોનાં કષ્ટોને જોયાં. ઘનશ્યામ પ્રભુ આનંદનાં ધામ વચનો કહેતા હતા કે હવે થોડા જ સમયમાં અસુરોનો નાશ થવાનો જ છે. આમ કહીને પ્રભુએ સંતોને શાંતિ પમાડી દીધા. ત્યાર પછી આનંદરાય પ્રભુ અતિ આનંદને પામ્યા. શુદ્ધ દિલના ભક્તજનોને સુખ દેવા માટે પુરુષોતમ પ્રભુ ભક્તજનો પાસે પધાર્યા. ત્યારે શ્રીહરિ મહારાજ સર્વે સંતોને કહેતા હતા. તમે બધા વિદ્યા અભ્યાસ કરો. બધા વ્યાકરણને મનને આનંદમાં રાખીને ભણો. દઢતાથી વર્તો. પ્રેમથી રાત દિવસનો સમય અભ્યાસ કરવામાં જ ઉપયોગ કરો. વ્યર્થ સમય ન વિતાવશો. અમે તમારા વતી ભજન ભક્તિ કરીશું. તમે તો વિદ્યાનો અભ્યાસ કરો. વિદ્યા પવિત્ર છે. એના ઉપર પરમહંસો પ્રેમ કરીને ભણો. પ્રભુએ સંતોને આગ્રહ કરીને એમની ઉપર દયા કરીને ખૂબ જ આગ્રહ કર્યો. તમે બધા જ અભ્યાસ કરો. બધી જ વિદ્યા ભણો. એવું અમારું વચન છે તેને ઉરમાં ધારણ કરીને આજ્ઞાનું પાલન કરીને અભ્યાસ કરો. અતિજ્ઞાની હોંશિયાર થાવ. આમ કહીને પછી અતિ રાજી થઈને કહેતા હતા કે તમે ગુજરાતમાં જાઓ. આ અમારાં વચનોને હૃદયમાં ધારીને કહ્યું એ પ્રમાણે વર્તતા રહો.

હે રાજન્ ! શ્રીહરિ કહે, મહાનુભાવાનંદ આદિક સર્વે મુનિજનો મુક્તાનંદમુનિને અમારી પાસે મોકલજો. એ અમારાં દર્શન કરશે. તમે બધા મનથી રાજી થઈને મનને ગમતું કરો. આમ સાંભળીને મહાનુભાવાનંદ મુનિ આદિ સર્વે સંતો ગુજરાતમાં ગયા. સંતોને કહ્યા પ્રમાણે મુક્તાનંદમુનિ પ્રભુની પાસે આવ્યા વંદન કર્યાં. શ્રીહરિના કહેવાથી **તેરા ગામમાં** તરત જ સંતોમહંતો આવ્યા અને મુક્તાનંદ સ્વામી આદિક સંતો સર્વ ભગવાનનું ભજન કરતા હતા. પ્રભુનાં દર્શન કરીને દંડવત્ કર્યાં. નેત્રોથી દર્શન કર્યાં. દયાસિંધુ સર્વ દેવના દેવ શ્રીહરિએ સંતોને ઉઠાડીને હૃદય સરસા ચાંપ્યા. રાજી થઈને ભૂવનોના ઈશ પ્રભુએ ખૂબ સુખ આપ્યાં. આમ તેરા ગામમાં બે માસ સુધી નિવાસ કરીને લોકોના ઉદ્ધાર કરવાનું નિર્ધાર કરીને રહ્યા હતા. ભક્તના ઘેર નિવાસ કરીને ભક્તોનાં જીવનનાં દુઃખોને દૂર કર્યાં. મહાપ્રભુએ તેરામાં ખૂબ જ અદ્‌ભૂત લીલાઓ કરીને સંતોની સાથે સુખના સાગર શ્રીહરિએ ખૂબ જ સુખો આપ્યાં. સર્વોપરિ સર્વના જીવનપ્રાણ સર્વજગને વંદન કરવા યોગ્ય એવા પ્રભુ દર્શન દેતા હતા. ભક્તજનોના ઘેર ભાવનાપૂર્વક જમતા હતા. એ પોતાના સર્વે આશ્રિતજનોને લોકોનાં સુખી કરવા માટે તેરાગામમાં ત્રિભુવનના સ્વામી ત્રણે લોકના નિયંતા અલૌકિક લીલાઓને કરતા હતા. આનંદ આપતા હતા.

હે રાજન્ ! જીવોના અજ્ઞાનરૂપી અંધારાને હરનારા જન્મમરણના ભયને હરનારા શ્રીહરિ સ્વામિનારાયણ ભગવાને અલૌકિક લીલા કરી સંતોની સાથે અલૌકિક સુખો આપ્યાં તે બધી જ કથાને મેં તમને સંક્ષેપથી કહી સંભળાવી તેને તમે ધ્યાનથી સાંભળી.

આવી રીતે શ્રીહરિ મહાપ્રભુએ સંતોને ગુજરાતમાં મોકલ્યા અને મુક્તમુનિ તેઓ શ્રી સહજાનંદ સ્વામી પાસે આવ્યા. આવી રીતે આ સત્યાવીસમું તરંગ તે શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપમાં લીલા પૂર્ણ થઈ.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં નવમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદગુરુ આનંદ રાજાના સંવાદમાં શ્રીહરિએ કચ્છદેશમાં લીલા કરી તેનું વર્ણન કર્યું એ નામે આ સત્યાવીસમો તરંગ પૂર્ણ થયો. ।।૨૭।।**

# તરંગ-૨૮

આનંદરાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! આપ મને **તેરાગઢનો** ત્યાગ કરીને ત્યાંથી મહાપ્રભુ સહજાનંદ સ્વામી લોકોનાં દુઃખોને દૂર કરવા અને કલ્યાણનાં કાર્યો કરવા શરણે આવેલાને સુખ આપનારા હરિ કયા ગામે પધાર્યા તે લીલા કહો. જગતના પતિ કામના મદને હરનારા ઘનશ્યામ પ્રભુએ જે જે લીલાઓ કરી હોય તે બધી જ સુખ આપનારી લીલાઓ મારી ઉપર કૃપા કરીને કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદ રાજન્ ! તમને ધન્ય ધન્ય છે. જેને મનુષ્ય જન્મ મળેલ છે તે જન્મ લઈને જે પ્રગટ હરિનાં ગુણને ગાય છે. એવા શ્રીહરિ મહાપ્રભુનાં ચરિત્રો અતિ પવિત્ર છે તે સર્વના ચિત્તને ખેંચનારાં છે. તે પરબ્રહ્મનાં કેટલાક દિવસોનાં મનોહર ચરિત્રો મેં કહ્યા છે અને બીજાં બધાં જ ચરિત્રોને સંક્ષેપથી કહું છું તેને તમો ધ્યન દઈને અંતકરણમાં ધારી લેજો. શ્રીહરિ મહાપ્રભુ **તેરાગામથી** અજ્ઞાન તમને દૂર કરીને જ્ઞાન ઉપદેશ દઈને પ્રાણનાથ પ્રભુએ પ્રયાંણ કર્યું. ત્યાંથી **કાળા તળાવ** નામના ગામે ઘનશ્યામ પ્રભુ પધાર્યા. એમની સાથે સંતમંડળ લાવ્યા હતા. સુખના ધામ સર્વને સુખ આપતા હતા. પ્રભુ પધાર્યા ત્યારે સર્વે ભક્તજનો ઉઠીને સામા આવ્યા ત્યારે જાતજાતનાં વાજિંત્રોને વગાડતા થકા આવ્યા. સર્વે મળીને પ્રભુને સાથે લઈને ગામમાં પધરાવ્યા. સર્વની સાથે પ્રભુ ચાલીને પધાર્યા ત્યારે મનમોહન પ્રભુના મુખનાં દર્શન કરીને અતિ આનંદને પામતાં હતાં. કાળાતળાવના ભક્તો પવિત્ર સુથાર જ્ઞાતિના હતા. તેમાં **મનજી** તથા **હરભમજી** આદિક મુખ્ય ભક્તો હતા. તે સર્વજનોએ પ્રભુનાં દર્શન ચરણસ્પર્શ કરીને વિવેક કરીને પ્રભુને કાળા તળાવપુરમાં લાવ્યા. સારાં પવિત્ર મકાનમાં પ્રભુને ઉતારો કરાવ્યો અને ભક્તજનોના મનોરથો પૂર્ણ થયાં અને સુખને પામ્યાં. મહાપ્રભુ ત્યાં નિત્ય પ્રત્યે નવાં નવાં ચરિત્રોને કરતા હતા. ભક્તજનોને આનંદ ઉપજાવતા હતા. કાળાતળાવ સરોવરમાં પ્રભુ સ્નાન કરતા હતા ત્યારે ખૂબ જ શોભતા હતા. શ્રીહરિ પધાર્યા એટલે હરભમજી તથા મનજી ભાઈ આદિક ભક્તો ખૂબ જ રાજી થયા અને નજીકમાં **મઉવટ** ગામ કહેવાતું હતું. તે ગામેથી સુંદર પાકી મીઠી કેરીઓ સાઈઠ મણ લાવ્યા હતા. તે શ્રીહરિ તથા સંતો પાર્ષદોને માટે લાવ્યા હતા. તેમાંથી શોભાસહિત મહાપ્રભુ ઘનશ્યામ પ્રભુ જમ્યા એટલે સૌના મનમાં આનંદનો ઓઘ સમાતો ન હતો એવા રાજી થયા. મહાપ્રભુ એક માસ સુધી નિવાસ કરીને ખૂબ જ લીલાઓ અતિ સુંદર કરતા હતા. આમ કાળાતળાવ ગામે સુખેથી રહેતા હતા. ભક્તોને જ્ઞાન વૈરાગ્ય ધર્મની સાથે ઉપદેશ કરતા થકા નિવાસ કરતા હતા. આમ કમળનયન મહાપ્રભુ પોતાના આશ્રિત ભક્તોના મનને રાજી કરતા હતા.

હે રાજન્ ! પછી પ્રભુ પ્રાતકાળમાં વહેલા ઉઠીને ચાલવા માટે ઉતાવળ કરતા હતા. માનકૂવા ગામે ત્યાંના ભક્તજનોનાં મનને હરવા સ્વયં પધાર્યાં. માનકૂવામાં પ્રભુએ કૃપા કરીને નિવાસ કરી પોતાના સ્વરૂપનું ભયના ભાનનો ઉદ્‌ભવ થયો. ભયનો ઉદ્‌ભવ થવાથી અતિ ભયવાળું વાતાવરણ કરીને અતિ ચરિત્રને કરતા હતા. હે રાજન ! ભલા ભક્તરાજ **હીરજીની** સાથે ભાઈ **અવરામ** આદિકની સાથે સર્વ ભુવનોના ઈશ મહાપ્રભુ **ભુજમાં** પધાર્યા. સર્વ ભક્તોને સુખ કરવા પધાર્યા. ત્યારે ત્યાં ભુજમાં ગંગારામ મલ્લ અતિશય બળવાળા ગર્વવાળા પ્રગટ પ્રભુ સિવાય બીજા કોઈનામાં દૃઢભાવના રાખતા જ ન હતા. આવા દૃઢ ભાવવાળા હતા તથા **બેરખી, લાધીબાઈ, સુરજબાઈ, લલિતાબાઈ** આદિક બાઈઓ પતિવ્રતા ધર્મનું પાલન કરતી થકી પવિત્રતાથી રહેતી હતી. એ આદિક ભક્તજનોમાં બાઈ ભાઈ શ્રીહરિને નિરખીને દર્શન કર્યાં. હરખ પામતી થકી પોતાના ઘેર પ્રભુને પધરાવીને કાયમ

ચરણકમળને ધોઈ પરમપ્રિતથી રાજી થતી હતી. મહાપ્રભુને થાળ કરીને જમાડીને પ્રભુના ગુણનું ગાન કરતી થકી રહેતી હતી ત્યારે સુંદરશ્યામ પ્રભુ ગુણનિધિ સુખ આપતા હતા. આમ લોકો શ્રીહરિનાં ચરિત્રનાં દર્શન કરીને એમના ગુણને ગાયા કરતાં હતાં. કમલનયન પ્રભુનાં દર્શન કરતાં હતાં. શ્રીહરિ મહાપ્રભુએ સવારમાં વહેલા ઉઠીને પ્રયાણ કર્યું. સુંદર સરોવર જોઈને ત્યાં સ્નાન કરવાનો વિચાર કર્યો ત્યારે ત્યાં તટ ઉપર વૃક્ષો વેલીઓ શોભતાં હતાં. તે વૃક્ષો ઉપર તાલ પ્રમાણે મદમસ્ત ભમરાઓ ગુંજારવ કરતા હતા. ચારે બાજુ ભમતા હતા. જળમાં રહેનારાં જળજંતું મનોહર સુંદર કમળમાળાની સમાન શોભતાં હતાં. તે જળમાં સ્વચ્છતાને લીધે સીડીનાં પગથિયાં શુદ્ધ રીતે શોભાયમાન લાગતાં હતાં. સહેજ પણ કાદવ ન હતો એવું સ્વચ્છ હતું. તે શરને ચારેબાજુ ઘાટ બાંધેલો હતો. અનેક પ્રકારનાં પક્ષીઓ સુંદર રીતે શોભતાં હતાં. આવું અતિશય સુંદર તળાવને જોઈને ઘનશ્યામ પ્રભુ આનંદ મનવાળા થઈને હે રાજન્ ! મહાપ્રભુ તળાવમાં ખૂબ જ લાંબા સમય સુધી સ્નાન કરતા હતા. સંતોની સાથે સ્નાન કરીને જળમાંથી બહાર આવીને સ્વચ્છ વસ્ત્રો ધારણ કરતા હતા. કેડ ઉપર ધોળું વસ્ત્ર (ધોતીને) કસીને પહેરતા હતા. મુખથી મંદહાસ્ય કરતા હતા. શરીર ઉપર શ્વેત વસ્ત્ર ધારીને મસ્તક ઉપર શ્વેત પાઘને ધારતા હતા તથા અનેક હારને ધારતા હતા. ડાબા ખભા ઉપર શેખર ધારીને લાંબી જાનુ પર્યંત ભુજાઓ શોભતી હતી. અતિ ઉંચા આસન ઉપર વિરાજમાન થઈને કળિયુગના મળનો નાશ કરવા કળિના દોષને દૂર કરવા અતિ કોપ કરતા હતા. ભક્તજનોને સુખ આપનાર શીતળ ઉદર ઉપર ત્રિવેણી (ત્રિવળી) જે કહેવાય છે તેની ઉપર અતિ ગંભીર નાભિ જાણે. ઉંડો કૂવો ન હોય ? તેમ શોભતી હતી. આવી રીતે અંગોઅંગ અતિશય શોભતાં હતાં.

આવી રીતની મનોહર છબિવાળા રસિક છેલ ગુણવતં મહાપ્રભુ પુરની વચમાં આવતા હતા, આનંદ દાતાની પાછળ મુનિવરો પ્રભુના ગુણોને ગાતા થકા જતા હતા. પ્રભુ પોતાના ઉતારાવાળા ઘેર પધાર્યા ત્યાં સુંદર બનાવેલા આસન ઉપર વિરાજમાન થયા. પ્રભુ નિત્યક્રિયા કરવા બેઠા હતા ત્યારે ભક્તોના મનને આનંદનાં દર્શન દેતા હતા. પછી પ્રભુ ભક્તજનોના ઘેર થાળ જમતા હતા. ભક્તના ભયને તોડતા હતા. પ્રેમથી જમીને ભાવ પૂરો કરતા હતા. પછી જમીને જળપાન કરીને મુખમાં મુખવાસને લેતા હતા. ત્યાર પછી સર્વે સંતોને જમાડતા હતા. સર્વે સંતોને જમાડીને પ્રભુ હાથપગને ધોતા હતા. ત્યાર પછી સુંદર બિછાવેલા પલંગ ઉપર લોકોના પ્રણતપાલ પ્રભુ શયન કરતા હતા ત્યારે પ્રેમીભક્તો પ્રભુનાં ચરણોનાં દર્શન કરતા થકા ચરણની ચંપી કરી સુખ પ્રાપ્ત કરતા હતા. શયન કર્યા પછી જ્યારે સૂર્યનારાયણ બપોર પછી નમતા થાય ત્યારે પ્રભુ સર્વના જીવન સર્વલોકના સ્વામી જાણીને જાગ્રત થયા. લોકોના મનને આનંદ આપનારા જગતના જીવોનાં કાર્ય કરતા હતા. એ પોતે જ ભગવાન શ્રીહરિ જાગ્રત થયા. સ્વચ્છ જળથી મુખને ધોઈને સ્વચ્છ કર્યું. ત્યાર પછી શુદ્ધ જળનું જળપાન કર્યું. શરીર ઉપર વસ્ત્રોને ધારણ કરીને સુંદર તૈયાર થયેલી સભામાં વિરાજમાન થયા. શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ ઉંચા આસન ઉપર સુંદર રીતે શરીરને સજ્જ કરીને વિરાજમાન થયા અને સંતો તથા ભક્તજનો સર્વે સન્મુખ બેઠા આદરપૂર્વક સૌ યોગ્ય રીતે બેઠા. ગુણીજનો ગાનતાન કરતા હતા ત્યારે પ્રભુ ચપટી વગાડીને તાલ આપતા હતા. સંતોની સાથે પ્રભુ સુખપૂર્વક ગાતા હતા. એની ઉપમા તો કોટિ પ્રકારે થતી ન હતી. પછી પ્રભુ પ્રશ્ન ઉત્તરો કરાવતા હતા. એટલા માટે ગાન તાનને બંધ કરાવીને પ્રશ્નોત્તર કરતા હતા. લોકોને જ્ઞાનબોધ આપતા હતા. આમ નિત્ય પ્રત્યે અનેક પ્રકારની લીલા કરીને જીવોના પ્રબંધ કરતા હતા. કમલનયન મનોહર મૂર્તિ પ્રભુ આરતી કરતા હતા. ત્યાર પછી ધૂન્ય કરતા

હતા. પ્રભુની વાણીની ધ્વનિ ત્રણે લોકનાં શોકને હરતો હતો એવી સુંદર ધુન્ય થતી હતી. તેના શબ્દને સાંભળીને સર્વ પાપોનો નાશ થતો હતો. આમ શ્યામ પ્રભુએ નારાયણ ધુન્ય કરતા હતા એવા સુખનિધાન સર્વોપરિ મહાપ્રભુ પોતાના તૈયાર કરેલા આસન ઉપર સર્વે આ સભામાં બેઠેલા ભક્ત સંતોને નમીને પછી આસન ઉપર વિરાજમાન થયા. ત્યારે સર્વે સંતોએ પોતાનાં મસ્તકને નમાવીને પ્રભુનાં ચરણમાં વંદન કર્યાં. ત્યાર પછી સર્વે પોતપોતાના સ્થાને પ્રભુના ચરિત્રના ગુણને ગાતાં થકાં બેઠા હતા. પછી મહાપ્રભુ સર્વને જ્ઞાનની વાતો કરતા હતા. પરસ્પર પ્રશ્ન ઉત્તરો કરતા હતા. સર્વે સંતો અને હરિભક્તો સર્વે સાંભળતા હતા. ભાવથી કેટલાક દિવસ સંતો પાસે ગાવણું કરાવતા હતા. આમ અવિનાશી ક્યારેક કથા કરીને કથા કરાવતા હતા. આ રીતે ચરિત્રો કરતા હતા.

આમ જ્ઞાનચર્ચામાં રાત વીતી જતી. રાત વીતે ત્યારે સુખકારી પ્રભુને ભોજન કરવાનો સ્વભાવ હતો. તેથી લોકોના ભયને હરનારા મહારાજ સંતો ઉપર રાજી થઈને પ્રસાદ આપતા હતા અને આશ્રિતોના દિલને આનંદ કરતા હતા. ગર્વગંજન કામના મદને હરનારા શ્યામ સુખના ધામ નિરંજન સુખદાતા પછી શયન કરતા હતા. તે સુંદર શૈય્યા ઉપર જે અતિ શ્વેત દૂધ જેવું સફેદ જોઈને તેની ઉપર શયન કરતા હતા અને યોગનિદ્રામાં જતા હતા ત્યારે ભક્તજનો સેવા કરતા હતા. દર્શન કરતા હતા. સર્વ મનુષ્યોના નાથ શ્રી ઘનશ્યામ પ્રભુ નિત્ય પ્રત્યે આવી રીતે નવાં નવાં ચરિત્રો કર્યા કરતા હતા. પરમ પવિત્ર ભુજપુરમાં શ્રી પરબ્રહ્મ પુરુષોત્તમ મહારાજ પોતાના આશ્રિત ભક્તના ઘેર વાસ કરીને અવિનાશી પ્રભુ ઘરને પાવન કરીને એમના મનને ભાવતા સુખદાતાએ સુખ આપ્યાં. પ્રાણના પતિ સર્વનાં પાપોનો નાશ કરનારા આવી રીતે કચ્છ દેશમાં કમળનયન મહારાજ નિવાસ કરીને પ્રિય ભક્તોનાં દુઃખોને હરતા સુખ આપતા હતા. આ રીતે મહાપ્રભુ સ્વામિનારાયણ ભગવાન ભક્તજનોનાં મનના મનોરથો પૂરા કરીને કામવાસના ભોગનો ત્યાગ કરાવીને ભક્તજનોના મનોરથ પૂરા કરીને પછી ધર્મકુમાર સર્વનાં સુખધામ **ધમડકા** ગામે પધાર્યા. પ્રભુ પધાર્યાના સમાચાર જાણીને પુરવાસીજનો પ્રભુને સન્માનવા માટે સામા આવ્યા ત્યારે સ્ત્રીઓ પ્રભુના ગુણનાં ગીતોને ગાતી થકી બધાં જ કામોને પડતાં મુકીને પ્રેમથી આવી હતી. સર્વ ભક્તજનોના આગેવાન એ એકાંતિક ભક્ત **અદાભાઈ** બધાંને લઈને આવ્યા હતા તથા **રામસિંહ રાજા** તથા **રાયધણસિંહજી કલ્યાણસિંહજી** આદિ ઘણાં જનો આવ્યાં હતાં. હે રાજન ! બીજાં બાઈઓમાં **કર્ણિબા** આદિક રાણિવાસના બાઈઓ પણ અતિ ઉત્સાહ પૂર્વક પ્રભુનાં દર્શન કરવા તથા સત્કાર કરવા આવ્યાં હતાં. તેઓ સર્વેબાઈઓ તથા ભક્તજનોએ મહાપ્રભુને પુરમાં લાવીને રાજમહેલમાં રાણીવાસમાં ઉતારો કરાવેલ હતો. **ધમડકામાં** નિત્ય પ્રત્યે ભક્તજનો પ્રભુને લાડ લડાવતા હતા અને પ્રભુજી એમના મનોરથો પૂરા કરીને ભક્તજનોને લાડ લડાવતા હતા. ભક્તજનોના હાથ પકડીને સુંદર કીર્તનો ગાતા હતા અને રાસગરબી લેતા હતા. આમ સર્વના નાથ નિરખીને સુખ આપતા હતા. ભક્તજનો હરખ પામીને સનાથ થતાં હતાં.

મહાપ્રભુ કાળા તળાવમાં તથા માનકુવા ગામમાં પધાર્યા હતા. ત્યાં ભક્તજનોના ભાવને પૂર્ણ કરીને આશ્રિતજનોને ખૂબ જ સુખ આપતા હતા. પછી મહારાજ ભુજનગરમાં પધાર્યા. ત્યાં નિવાસ કરીને ખૂબ જ લીલા ચરિત્રો કર્યાં. આમ અઠ્યાવીસમો તરંગ શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપે પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં નવમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ તથા અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદ રાજાના સંવાદમાં શ્રીહરિએ કાળાતળાવમાં લીલા કરી તેનું વર્ણન કર્યું એ નામે અઠ્યાવીસમો તરંગ પૂર્ણ થયો. ॥૨૮॥**

## તરંગ-૨૯

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદ મહારાજ ! શ્રીહરિ ધર્મને ધારણ કરનારા કયા ગામે પધાર્યા. તે કથા મારી ઉપર પ્રસન્ન થઈને કહો.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે રાજન્ ! તમે સાંભળો. હું તમને ઘનશ્યામ મહારાજની અતિ મનોહર લીલા સંતોની સાથે કરતા હતા તે તથા મહારાજ જ્યાં જ્યાં સર્વ જગતના પતિ પધાર્યા તે ગામનાં નામો કહું છું. ધર્મનંદન મહાપ્રભુ પૃથ્વી ઉપર ધર્મનું સ્થાપન કરતા થકા **ધમડકાપુરમાં** ધ્યાન કરવા માટેની વાતો કરીને મનુષ્યનાં નિત્ય કર્મ કરવા માટે ધર્મનો ઉપદેશ કર્યો. શ્રીહરિ મહાપ્રભુએ ભક્તજનો ઉપર કૃપા કરીને એમના ઘેર નિવાસ કર્યો અને દેવાધિદેવ કમલનયન કૃપા કરીને ખૂબ જ સુખો આપ્યાં. મનની શાંતિ કરી દીધી. ત્યાર પછી મહાપ્રભુ ત્યાંથી ચપળનયન ચાલીને માર્ગમાં આવતાં પુરોને પાવન કરીને **ભચ્ચાઉ** નામના પુરે પધાર્યા ત્યારે તે ગામ સ્વચ્છ પવિત્ર જોઈને ચારેબાજુ વૃક્ષોથી શોભતું તથા ઉંચાં કિલ્લાવાળું સુંદર બુઝ જરૂખાથી શોભતું હતું. હે રાજન ! તે કિલ્લામાં સુંદર મોટાં મોટાં દરવાજાઓ તેની ઉપર અનેક પક્ષીગણો કલરવ કરતાં હતાં. સુંદર મનોહરતા લાગતી હતી એવા સુંદર માર્ગ ઉપર અતિશય ગઢનાં બુર્ઝો ઉપર અતિ સુંદર મોટી તોપો ગોઠવેલી શોભતી હતી. તે પુરની અલૌકિક શોભા જોઈને તેને સારું જાણીને ભગવાન આવતા હતા. પ્રભુને આવતા જાણીને પુરના જનો પ્રભુનાં ગુણને ગાતાં થકાં ભગવાનને આવકારતાં હતાં. પ્રભુ પોતાના આશ્રિત ભક્તોના ત્રાસને હરવા માટે સમર્થ ભગવાન સર્વે ભક્તોને સનાથ કરતા હતા. પ્રભુ મનોહર પૂર્ણ ચંદ્રસમાન મુખકમળથી મંદહાસ્ય કરતા હતા. ભક્તજનોની પૂજાને ગ્રહણ કરીને પૂર્ણકાંમ પ્રભુ લોકોના હિત કરવા માટે ચાલવા માટે અતિ ઉતાવળા થયા. ચાલતા થઈને મહાપ્રભુ ચપલનેણ હાસ્યમુખવાળા મનોહર નેણવાળાં મહારાજ **વાંઢિયા ગામે** પધાર્યા. મહાપ્રભુ લોકોનાં પાપોને બાળવા માટે સાચા જ્ઞાનમાર્ગ રૂપી પ્રકાશને વિસ્તારીને રણધીર પ્રભુ રણને ઓળંગીને માળિયા ગામે પધાર્યા. ગામની શોભા જોઈને રાજી થયા. મોહ ઉત્પન્ન થાય તેવું લાગતું હતું. અતિ ઉંચો કિલ્લો અને બુર્ઝો દરવાજા ખૂબ જ શોભતાં હતાં. ખૂબ જ લોઢાં જડેલા દરવાજાઓ હતા. તેનાં બારણાં સુંદર જડેલાં હતાં. તે જોઈને દુર્જનો થાપ ખાઈ જતા હતા. કિલ્લાને ફરતે ચારેબાજુ મોટીખાઈ હતી. તેને ફરતા કિલ્લા ઉપર સૈનિકો હથિયાર ધારેલા શોભતા હતા. સુંદર રીતે શોભાયમાન દુકાનો ઘાટો છબિઓ થડાઓ ચોતરાઓ લોકોના મનને હરતાં હતાં. તથા રાજદ્વાર પણ અતિ શોભાયમાન હતું. એની શોભા અનેક પ્રકારની લાગતી હતી. રાજગઢ વાંકોચૂકો હતો.

ધરાપતિ રાજાની આમન્યા ઉપર શંકા કરતા હતા. તેઓ ધીરજને હવે તો ધરી શકતા ન હતા. વીર પુરુષોનાં

મન નિડર રહેતાં હતાં. આવી રીતે મિયાંણાઓ ત્યાં **માળિયામાં** વફાદાર રહેતા હતા. એમના મહારાજાનું નામ **ડૌસાજી** હતું. તે ત્યાં શાસન કરતા હતા. મહાપ્રભુને તે ધરાપતિ ભેટીને ધીરજને છોડતા હતા. તે રાજાના વશમાં મહા અમિર રહે છે પણ પ્રભુ આગળ અતિ નમ્ર થયા. એ રાજાની આગળ પરાક્રમના પ્રતાપે કોઈ લડાઈમાં સામે રહી શકતું નથી એવા પરાક્રમી છે. એમના પુત્ર રાજા **સતમલજી** છે તે પણ બળબુદ્ધિમાં મહાપરાક્રમી છે. ખૂબ જ ઉંચા વિચારોવાળા છે. પ્રકૃતીના અતિ શાંત અને ધૈર્યવાળા તેઓ પ્રગટ પ્રભુમાં અતિ પ્રેમવાળા અને દૃઢ નિષ્ઠાવાળા છે. હરિભક્તોમાં શિરોમણિ રાજના મદને છોડીને વિકારોનો ત્યાગ કરીને શત્રુરૂપ માનતા હતા. એમના પુત્રના પુત્ર ઉદાર વૃત્તિના હતા. પૃથ્વી ઉપર નીશંક કહેવા છતાં માયાનાં કાર્યોમાં ખૂબ જ શંકા રાખીને સાવધાન રહેતા હતા. રાજા બધી જ કળાઓમાં અતિ હોંશિયાર ધીરજવાન ખૂબ જ બુદ્ધિવાન એવા કાવ્યકોષ આદિક ગ્રંથોના જ્ઞાનવાળા ગાનવિદ્યાના ખૂબ જ નિષ્ણાત તથા તેમને સંગીત ખૂબ પ્રિય હતું. સારા પરાક્રમવાળા સહેજ પણ ક્રોધ વગરના શાંત, નિર્માનિ, પ્રગટ પ્રભુને ખૂબ જ પ્રેમથી ભજનારા એકાંતિક ભક્ત એવા **મોડજી ભક્તના નામ** ધારનારા એમના પિતાના પિતા (દાદાના) દરબારમાં ઘનશ્યામ પ્રભુ પધાર્યા. ત્યારે સર્વે હરખ પામ્યા. કેટલાક દિવસ ત્યાં રોકાયા. ત્યાર પછી કમલનયન મહારાજ શ્રીહરિ કળિના દોષોને હરવાનો નિર્ણય કરીને લોકોના કામોને પૂર્ણ કરવા જન્મમરણના ભયને હરતા થકા ભક્તના ભાવને વશ થઈ એમને બનાવેલા ભોજનો સંતોની સાથે જમીને જીવોનાં પાપોને બાળી નાંખતા હતા. નગરને પાવન કરીને શ્રીહરિ મહાપ્રભુ સવારમાં વહેલા પ્રયાણ કર્યું. તરત જ ચાલીને **પિપળિયે** ગામે પધાર્યા.

ત્યાંના ભક્તો પવિત્ર નામ **શિવગણેશભાઈ** નામથી કહેતાં હતાં. એમના ઘેર બનાવેલાં ભોજનનો થાળ આરોગી મહાપ્રભુ ત્યાંથી ચાલતા થયા. કરૂણાનિધાન **ધુળકોટ** ગામે થઈને ધર્મનંદન મહાપ્રભુ જગતવંદ્ય ચાલીને **જોડીયાપુરે** પધાર્યા. જોડીયાથી પ્રભુ **ભાદરે** પધાર્યા. અનેક ભક્તોના સમુહમાં **માવજી ભક્ત** તથા **ડોસાજી** નામના ભક્ત આગેવાનોની સાથે પ્રભુને સામા લેવા ગયા અને પોતાના ઘેર લાવ્યા. મહાપ્રભુને થાળ કરીને જમાડ્યા. મહાપ્રભુને ભાવપૂર્વક જમાડીને સર્વ સંતોને જમાડ્યા. ત્યાર પછી રાત્રે શયન કર્યું. સવારમાં વહેલા પ્રભાત સમયે જાગ્રત થયા. ત્યારે ત્યાંથી પ્રયાણ કર્યું. જનસમુદાયની સાથે જગતના પતિ ચાલતા થયા. મહાપ્રભુ ધીરજ ધારીને શાંતિથી સર્વના સ્વામી **ધોરાજી** પધાર્યા. સર્વસંત ભક્ત સમુદાયની સાથે જતા હતા ત્યારે માર્ગમાં પ્રભુ પોતાના પ્રતાપને બતાવતા જતા હતા. આકાશની અંદર દેવોનાં વિમાનો છવાયેલાં હતાં ને દેવો દર્શન કરતા હતા. આ રીતે આશ્ચર્ય દર્શાવતા હતા. પુષ્પનો વર્ષાદ કરીને હરિને વધાવતા હતા. આમ ઈંદ્રાદિ દેવતા નિત્ય પ્રત્યે પ્રભુના ગુણ ગાતા હતા. ચાર વેદની રૂચાઓ સાથે નિત્ય પ્રત્યે ગાયા કરે છે. આવી લીલા કરતા થકા આશ્ચર્ય કરતા થકા ગામ **ધોરાજીયે** પધાર્યા. પામર ભક્તોના સુખનાં કામો કરવા કૃપા કરીને પધાર્યા. મહાપ્રભુ પધાર્યા એટલે પ્રભુને જોઈને સર્વના જન્મમરણના ભયને મટાડનારા મહાપ્રભુને ખૂબ જ પ્રેમભાવથી પોતાના ઘેર લાવીને પ્રેમથી નિવાસ કરાવ્યો. સર્વના ભયને હરનારા મહાપ્રભુને થાળ તૈયાર કરીને ભોજન જમાડ્યું. જગતના પતિ થાળ જમીને રાતનો સમય ત્યાં જ રોકાઈને સુખ આપતા હતા.

ચંચળ નેત્રવાળા શ્રીહરિ સવારમાં વહેલા ઉઠીને કમલનયન કમલમુખારવિંદવાળા શ્રીજી મહારાજ ગુણવંત જેનું નામ છે એવા સારાં ગામ જ્યાં વસે છે એવા **પંચાળા** ગામની ભૂમિ પર અલૌકિક શોભાવાળું જ્યાં વતાવરણ છે એવી ભૂમિ ઉપર જાતજાતનાં વૃક્ષો શોભી રહ્યાં છે તથા સરોવર તળાવ નદી વિગેરે જળથી ભરપૂર તેની પાળો ઉપર પક્ષીઓનાં સમુહ કલરવ કરી રહ્યાં છે તથા પુરમાં અતિ સુંદર ભુવનો આવેલાં છે તે પણ સારી રીતે શોભે છે. દેવલોકના ભુવનો જેવાં શોભે છે. આવાં સુંદર ગામને જોઈને શ્રી ઘનશ્યામ મહાપ્રભુ ખૂબ જ રાજી થયા. મન અતિ મોહિત થયું. ભક્તોને સુખ કરવા પધાર્યા. ત્યાંના રાજા **હિંમતસિંહજીનો** મહેલ શોભાયમાન હતો તેમાં પવિત્રતા જોઈને ધર્મનંદન મહાપ્રભુનું મુખ પ્રફુલ્લિત થયું. ત્યાં મહાપ્રભુએ એક માસ સુધી નિવાસ કરીને ભક્તજનોની આશાઓને પૂર્ણ કરી હિંમતસિંહના પુત્રપુત્રીઓ યુવતીઓ સહિત સર્વે મહાપ્રભુને સર્વોપરિ જાણીને ખૂબ જ સ્નેહપૂર્વક સેવાભક્તિ કરતાં હતાં. દાસની માફક હાજરાહજુર રહેતાં હતાં. રાતદિવસ પ્રભુ પરાયણ રહેતાં હતાં. આમ પંચાલ ભૂમિમાં પ્રેમભરપુર મહારાજે નવિન લીલાઓ નિત્ય પ્રત્યે કરતા હતા અને સંતો ભક્તોની સાથે ખૂબ જ સર્વને આનંદ આપતા હતા. હે રાજન ! શ્રી સહજાનંદ સ્વામીએ બહુ જ લીલા ચરિત્રો કર્યાં. તેનું અમો ખૂબ જ વર્ણન કરીને સમજાવ્યું. ખૂબ જ વિસ્તારથી વર્ણવેલ છે એવી રીતે આ લીલા ચરિત્રોથી ભરપૂર નવમું રત્ન કહ્યું. તેમાં એ ખૂબ જ વિચારીને સમજાવેલ છે. તેના માટે શ્રીહરિ મહાપ્રભુનો મહાઅલૌકિક પ્રતાપને મારા હૃદયમાં ધારીને પ્રેમથી બધી જ વાતોને વિચારીને કહીને સેવા કરેલ છે તેમાં ગામો સ્થળોનું બધું જ વર્ણન કરેલ છે. એવી રીતે આ અલૌકિક રત્ન નવમો પૂર્ણ થાય છે તે સર્વે લોકોને સુખ આપનાર થાય છે. પ્રેમ શ્રદ્ધાથી સાંભળનાર પરમધામને પામે છે અને જન્મમરણના ફેરા ટળી જાય છે.

જે કોઈ આ ભગવાનનાં ચરિત્રોને પ્રેમથી વાંચશે, વંચાવશે તથા હે રાજન્ ! જે કોઈ આ નવમા રત્નને સાંભળશે તે ભક્ત નરનારીજનો પ્રભુના પરમ પવિત્ર ધામને પામે છે અને એમનાં પવિત્ર પુણ્યનાં કામો પૂર્ણ થઈ જાય છે. ગાયના પગલાંને તરવું જેવું સહેલું પડે તેવું સંસારસાગરને તરવું સહેલું થાય છે. આમ પ્રભુના શરણમાં સુખદાયક સંતો રહે છે. તે બધા જ કરોડોના પાપને બાળનારા છે. આમ અવિનાશાનંદ કહે છે કે હું તમને દશમું રત્ન લખીને વર્ણન કરીને બતાવું છું. હે રાજન ! તમે મનમાં આનંદ ભાવ ભરીને સુંદર નવમાં રત્નને સાંભળેલ છે. તેનાથી પોતાના મનમાં અને તનમાં ખૂબ જ સુખને પામ્યા. મન અતિ રાજી થયું. જીવનાં બધાં જ પાપોનો નાશ થઈ નિષ્પાપ થયા. તનના બધા જ તાપો નાશ પામ્યા. આ નવમું રત્ન સાંભળીને અપાર સુખને પામ્યા. માટે હવે હે રાજન ! દશમા રત્નમાં જે પ્રશ્ન હોય તે પૂછજો. નવમા રત્નમાં શ્રીહરિએ કરુણા કરીને જે ચરિત્રો કર્યા તે સર્વે વર્ણવીને કહ્યાં તે બધાં જ ચરિત્રોને ભાવનાપૂર્વક સાંભળ્યાં. તેને મેં બધાં જ ચરિત્રોની વાતોને જુદી જુદી સારી રીતે શોભે તેમ વિસ્તારથી વર્ણન કરીને મહિમા સહિત મુનિઓના સ્વામી શ્રીહરિનાં ચરણકમળને અંતરમાં ધારણ કરીને જે કોઈ જન સાંભળે અથવા કોઈને સંભળાવે તે આ પ્રભુના યશચરિત્રોને ગાવા સાંભળવાનો વધારે ભાવ થાય છે. એ કળિકાળના ક્લેશોને પાર કરીને પરમબ્રહ્મપુરધામને પામે છે. આવી રીતે મુનિવરે સુંદર પવિત્ર ભાવયુક્ત થઈને આ રત્નને સંભળાવ્યું. તેમાં પ્રભુનાં જુદાં જુદાં ચરિત્રો તે પણ

ભક્તજનોના આનંદનો વધારો કરનારાં છે. ધર્મપુત્ર શ્રીહરિની લીલાને મારી બુદ્ધિ અનુસાર જગવંદન હરિને જાણું છું તે જ મહાપ્રભુના ગુણાતીત ચરિત્રોને હું વધારે પ્રયત્ન કરીને દશમા રત્નની મનોહર આનંદ આપનારી લીલાનું વર્ણન કરીને કહીશ. કામાદિક અંતઃશત્રુઓને મારીને એવાં ચરિત્રોમાં મારી બુદ્ધિ પારને પામતી જ નથી એવો મોક્ષનું પાલન કરનારો માર્ગ જેનો છે એવાં શ્રીહરિનાં ચરિત્રોને સંક્ષેપમાં વર્ણવેલ છે તે કહું છું તેને તમે ચિત્તને એકાગ્ર કરીને ધ્યાનથી સાંભળો. ફરીથી હું બધી જ વાતોને એકાગ્ર થઈને હેત કરીને સંભળાવું છું. તેને તમે ચિત્તમાં ધારણા કરીને સાવધાન થઈને સાંભળો.

પ્રથમ તરંગમાં ઘનશ્યામ પ્રભુ શલકિ ગામે પધાર્યા. ત્યાંથી વનમાં જઈને ગહનવનમાં સર્પનો મોક્ષ કર્યા. તેનું બીજા તરંગમાં વર્ણન કરેલ છે અને ત્રીજા તરંગમાં કુબેર ભક્તની સાથે સંવાદ થયો તે વર્ણવેલ છે. ચોથામાં પણ તેનું જ વર્ણન છે અને પાંચમા તરંગમાં બધી જ કચ્છદેશની લીલાવિસ્તારથી વર્ણવેલ છે. છઠ્ઠા તરંગોમાં પણ કચ્છની જ લીલા વર્ણવેલી છે. બારમા તરંગમાં હળવદ આદિક ગામોમાં ફર્યા તેનાં રસિક અલબેલનાં ચરિત્રો વર્ણવેલ છે.

ચાર ઉર્મિથી (તરંગ) ચપલમુનિના ચરિત્રો ડભાણપુરીનાં વર્ણવેલ છે અને માંડવી બંદરની વાતો સર્વે વર્ણવી છે તથા અઢારમા તરંગમાં વર્ણવેલ છે. વીસમા તરંગમાં (વિરાટપુર) ધોળકા આદિકની લીલા કરી તે વર્ણવેલ છે. એવી રીતે શ્રીહરિએ લીલા કરીને વિસ્તારથી કહી છે.

જગપાવન જગતપતિએ જેતલપુરમાં જે લીલા કરી તે પાંચ તરંગથી કહેલી છે. તે બધી જ મનને ભાવે તેવી છે. ત્રણે દેવોએ સ્તુતિ કરી તથા પુરુષોત્તમ નારાયણ પ્રભુની સેવા કરી તથા અસુરોના અંશ એવા લોકો જેતલપુરના બીજા યજ્ઞમાં ઉપદ્રવ થયો તેવા પચીસમા તરંગ સુધીમાં કરી ખેડાપુરની વાત છવીસમાં તરંગમાં કરી. પ્રભુ કચ્છમાં પધાર્યા. તે લીલા સત્યાવીશમા તરંગમાં વર્ણવેલ છે. અઠ્યાવીસમા તરંગમાં માળિયામાં અજિત અવિનાશી પધાર્યા અને ઓગણત્રીસમા તરંગમાં મહાપ્રભુ પંચાળા પુર પધાર્યા. ત્યાં નિવાસ કર્યો.

મુનિવર તમને ધન્ય છે. ધર્મના કવચને ધારણ કરીને ધીર મતિથી વર્તનારા ધીરજથી લીલાનું વર્ણન કરીને પ્રેમથી સર્વ રત્નની વાર્તાને વર્ણવીને કહી. સુખના ધામ ઘનશ્યામ પ્રભુના અદ્‌ભુત ચરિત્રો સંભળાવ્યાં. એ ચરિત્રો મુનિજનોના મનને ભાવનારાં સર્વના પાપનો નાશ કરનારાં છે. ઉપકારી તમે ઉપકાર કરીને પ્રેમથી પરમાર્થ કર્યો છે એવી રીતે આ નૌતમ એવું નવમું રત્ન સર્વથી શ્રેષ્ઠ છે તેને પૂરેપૂરું સંભળાવેલ છે. સંપૂર્ણ કરેલ છે.

જગવંદ્ય મહાપ્રભુનાં ચરિત્રનું વર્ણન કરીને નવીન એવું આ નવમું રત્ન તેને કવિ અવિનાશાનંદ મનના મેલને હરનારા આ ચરિત્રો વર્ણવે છે. જગદીશ પ્રભુએ જેતલપુરમાં જગતને પાવન કરનારી લીલાઓને કરી તેને જે સાંભળે સંભળાવે એવાં આ રત્નોની કથા કવિ અવિનાશનંદ કહે છે. આ કથાથી ત્રણ પ્રકારના તાપ નાશ પામે છે. લોકોનાં મન પવિત્ર થાય છે. આ રત્નનું કોઈ દર્શન કરે તો તે સુખ પામે છે. એમ અવિનાશાનંદ કહે છે. ધર્મના પુત્ર ધામોધામના ધામી છે. કરોડો કામદેવોને પરાભવ પમાડનારા પ્રભુ મારા અંતરમં કમલનયન શ્યામ સ્વરૂપે વાસ કરો. ધોયેલા સોના જેવા પીળાં વસ્ત્રોને ધારણ કરીને કેડ ઉપર પીતાંબર વસ્ત્રને ધારનારા

મુખનાં દાંત કુંદની કળિ જેવા શોભાયમાન એવા મનોહર છબી પ્રભુ મારા અંતરમાં વાસ કરો. સંતરૂપી કમળવનને સારી રીતે વિકાસ કરીને જ્ઞાનરૂપી તેજથી આ જ્ઞાનરૂપી અંધકારનો નાશ કરનારા ધર્મવંશના સૂર્યસમાન ધર્મનો વિસ્તાર કરનારા મારા ઉરમાં વાસ કરો. બીજી બધી આશા વિશ્વાસનો ત્યાગ કરીને કેવળ આપનો અનન્ય આશ્રય કરીને આપનો જ આધાર છે એવા અવિનાશાનંદ આપને પ્રાર્થના કરે છે. આપનો જ આધાર છે.

હાલાર દેશમાં ફરીને પ્રભુ પંચાળે પધાર્યા. ધર્મનંદન પ્રભુ ત્યાં નિવાસ કરીને જ્ઞાનની બધી જ વાતો કરી ઉપદેશ કર્યો.

આવી રીતે આ નવમું રત્ન પૂર્ણ થયું. નવમો રત્ન સર્વનો ભય હરનારું છે. એવી રીતે આ ઓગણત્રીસમું તરંગ તે શ્રીહરિલીલાના લહરીના રૂપમાં પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમા નવમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદગુરુ આનંદ રાજાના સંવાદમાં શ્રીહરિ હાલાર દેશમાં ફરી પંચાળે પધાર્યા ત્યાં નિવાસ કરીને રહ્યા તેનું વર્ણન કર્યું એ નામે ઓગણત્રીસમું તરંગ પૂર્ણ થયું. ॥૨૯॥**

## ॥ ઈતિ નવમુ રત્ન સંપૂર્ણ ॥

